આ કેતાબ માંહે આપેલી તે તે ભણતરોની સમજ સીરફ દરોબસ્ત રીતના વીચાર ફેંકવાની મારેફત છે, જેઓ ભણનારની નેકી-નેક મનસ્ની, ભલી નઇઅત અને એતેકાદથી જોર પકડી મીથ્રરૂપમાં ખીલતી જઇને, એટલે જોરવાલા વીચારમાં જવાબ લાવી શકે તેવા પુખ્ત વીચારમાં

આકાર પકડીને ઉપર કહેલા ભણવાથી થતા સ્તોતોની આકૃતીને ઉલુફ઼ યાને હજાર ગણી ઉછેરી આપે છે. ત્યારે એ મુળ બાબદો છે, તેઓને ભુલવી નહી: એકને માંથ્ર અને બીજીને મીથ્ર કહે છે. અવસ્તાનું ભણતર તે માંથ્ર છે. આ માંથ્રની તલેસ્માતીક ગતીને તો ભુલવી નહી. બીજી મીથ્રની બાબદને ઇનસાનના વીચાર સાથે સબંધ છે. ઇનસાનની ભલી નઇઅતથી અને તન-મનની ખેતીથી થતા વીચારો જયારે પુખ્ત થઇ પોખાઇને જેટ મેલવી શકે છે એટલે શકિતરૂપના થઇ ઘાટ આકાર પકડવાની આકેબતે પુગે છે, ભલી કેરદાર તરીકે ઉભી થવાની ગતીએ પુગે છે, જેને પેગામ પુગાડવો હોય તેને પકડી પાડીને સંદેશો આપીને મુળ તરફ઼ જઇ શકે છે, તેને મીથ્ર કહે છે. મીથ્રની આ બીજી બાબદને પહેલી બાબદની સાથે શેઠ નોકરના જેવો સંબંધ છે. જેમ શેઠ વગર વાણોતર ભુખે મરે છે અને વાણોતર વગર શેઠનાં કામમાં હરકત થઇ પડે છે, તેમ અવસ્તાનાં ભણતરના માંથ્રોના સ્તોતો અને ભણનારની નેક મનશ્ની અને ભણતરોના અર્થોથી થતા મીથ્રોનો સંબંધ છે. એક બીજા વગર કામ સરળ થઇ શકતું નથી. "માંથ્ર"માં સ્તોત યસ્નને કાયદે કુદરતી આતશનો સરશોક રહેલો છે, અને તે આતશી ગતીના સ્તોતને કાયમ રોશન રાખવા માટે તેને લાયકના મીથ્ર કાઠી, સુખડ લોબાન ગીસાલ જરૂરના થઇ પડે છે, પણ તે મીથ્ર એટલે આપણા સાધારણ ગમે તે દુન્યવી વીચારો નહી, પણ માંથ્રના દરેક કલામનો પોતીકો ભાવાર્થ યાને ઉસુલ્યાતી વીચાર તેની સાથે જોડાયલો હોય છે, તેજ મીથ્ર શીખવા જોઇએ. જે પ્રમાણે ચોખ્ખી પવિત્ર જમીનમાં રોપેલાં બીયાંને ચોખ્ખું વરસાદનું યા કુવાનું પાણી મળ્યાથી તેમાંથી રોપો ખીલી નીકળે છે, અને મજેનાં ફ઼ળ આપે છે, તે પ્રમાણે મહેર તથા સચ્ચાઇની "અઇપી" રાખીને માંથ્રના સ્તોત તેમાં દાખલ કરીને સાથે સાથે તેને લાયકના મીથ્ર આપ્યાથી, માંથ્રની બંદગીનાં ફ઼ળ ઘણાં સરસ મળી શકે છે. વીચાર તો દરેક આદમી કરી શકે છે, જે હવામાં રહીને એક નકામો અપુર્ણ ઘાટ કરી શકે છે. પણ જો વીચારોમાં સચ્ચાઇનું જોર હોય, તેની નઇઅત ભલી હોય, અને વીચારો ઉભા કરતાં તન-મનને પાક પવિત્ર, દુજથી નીરાળા કરવાની દુજ-પરહેજની હીકમતથી રાખ્યા હોય, તો તે તન-મનમાંથી થતા વીચારો ઘણા તિક્ષણ ઘાટદાર એટલે જોરેમંદ, બીજાંઓ ઉપર અસર કરે તેવા દાનેશમંદીના થઇ શકે છે, અને પછી જો ભણતરોના આ આપેલા ભાવાર્થ ઉપર ધ્યાન દોડાવ્યું હોય, તો તે વીચારોનું કેહર્પ થઇ તેમાં ઉશ્તાન કહેતાં જીવ આવીને તેઓ મીથ્ર થાય છે,-કહેતાં તે વીચાર કરનારની મરજીને બજાવનાર બંદારૂપ

થાય છે. એમ તે વીચારોની જોરવાલી આકૃતી થાય છે, જે જ્યાં મોકલીએ ત્યાં જઇને જોડાણ કરી શકે. આમ ત્યારે ભણતરોના માંથ્ર અને વીચારોની ગતીના મીથ્રોના આ ખુલાસાઓ બેઉને નોખા રાખીને પછી તેઓ ઉપર અમલ કરવે, ઉપર કહેલાં તન-મન-રૂવાનનાં શરીરોનાં "ત્અએપ" સારાં થઇને "અએપઝ" થઇ શકશે.

## "બંદગી"ના મૂળ તત્વો: અહૂ-પરસ્તી માટે તાબેદારી; સેપાસી તથા શુક્ર ગુજારી; સાબેત યકીન; મહેર યાને સચ્ચાઇ; સબરયાત, ધીરજ તથા ના-કસી, નમનતાઇ પોતાને ભુલી જવું; બીજાંની બરદાશત; વગેરે મળીને ઉભી થતી "અદબ" યાને કુદરતના સાહેબ તરફની ખરી માન તથા સભ્યતા અને ડરની લાગણી (Awe and Reverence).

### બંદગી શબ્દનો ખરો વધુ ઉંડો ભાવાર્થ:—

બંદગી શબ્દ ફારસીમાં ઇબાદતિ, પ્રાર્થના, ભકિતને સારૂ છે. આ શબ્દમાં "બન્દેહ"નો એટલે તાબેદારીનો-તાબેદારી બતાવવાનો અર્થ છે. તાબેદારી તે સાહેબની તરફ અને તેના મોકલેલા પેગામ્બર તરફ બતાવવાની છે. તે સાહેબ જે કંઇ સુખ દુખ તે ઇનસાનની ઉપર પાડે, તેને શુક્ર કરીને બરદાર કરીને પેગામ્બરની વસીયત પ્રમાણે ચાલીને વખત પસાર કરીને ભોગવટાઓને ભોગવવાનો અર્થ બંદગીમાં સમાયો છે. ત્યારે બંદગી શબ્દમાં ઇનસાનનું ચારિત્ર એક મુળ મુદ્દો છે. દીનમાં તે દીનના પેગામ્બરે જે તરીકતો આપી હોય, તે તરીકતોની વસીઅત કહેતાં બજા-વણીને માથે ચઢાવવું-તેની ઉપર ચુનોચેરા નહી કરવી પણ બંદેહની માફક તે તરીકતને પાળવા બંધાયાજ છીએ એમ ઉભા રહેવું તે, અને તેની સાથેસાથ જે કંઇ સુખ દુખનો ભોગવટો કુદરતી આવે તેને શુક્ર-ગુઝારીથી ભોગવવો, તેને મહેર કહેતાં સાચ્ચી રીતે ભોગવીને પુરો કરતા જવુ, તે એના મળેલી હાલતોને તાબે થવુ ત બંદગીનો મર્મ દેખાડે છે, ત્યારે બંદગીમાં ચારિત્રનો અવ્વલ મુગ પાયો છે, જે વગર સાચ્ચી બંદગી થયલી ગણાય નહી. એટલે બંદેહની માફક અહુરમઝદની મરજી અને તેને આપેલી દીનની મરજી કહેતાં ફરમાનને તાબે થયા તે બંદગી ફાયેલી બતાવે છે.

બંદગીના ત્રણ પ્રકાર છે: (૧) તનની, (૨) મનની, અને (૩) રવાનની. સુખ દુખ પડે તેનો **અંગીકાર અને** ભોગવટો શુક્ર અદાથી કીધો, મહેર પાલીને કીધો, એટલે જે હાલત મળી તેને માથે ચઢાવીને અંતકરણ પુર્વક ભોગવટો કીધો, તે ત્યારે **તન-મનની બંદગી થઇ;** અને દીનની વસીયત પ્રમાણે તરીકતો પાળીને માંથ્રો ભણ્યા, તે **રૂવાનની બંદગી** થઇ. જો ઇનસાન પોતાનાં તન અને મનથી ખોદાએ આપેલી મીનીટે મીનીટની હાલત ઉપર શુક્ર-ગુઝારી કરીને મહેર રાખીને દુન્યામાં ચાલે, તો તે ઇનસાનનાં તન **અને** મનનાં અણુએ અણુની અંદર 'હું કંઇજ નથી' એવો રાઘ ઉભો થાય છે. જયારે તન અને મનના અણુએ અણુમાં આ રાઘના દોરાન ખુબ જોરથી ફરવા માંડે છે, ત્યારે તે તન અને મનમાં એક જાતની શકિત ઉભી થાય છે, જેથી તેનામાં શાંતી અને સંતોષના ગુણો પેદા પડે છે. આ શાંતી અને સંતોષના ગુણોવાળું મન પછી બુધ્ધીમાં પાકકું અને ડહાપણવાળું થતું જાય છે, જેથી તે પોતામાં **સબરીઆત** અને નાકસી અને ફરમાન-બરદારી અને તમીઝ અને બરદાસ્તના ગુણોને ખીલવતો જાય છે. આ બધા ગુણોના ઉભા થવાને '**અદબ**'ની હાલતે પુગવું એમ ટુંકમાં કહે છે.

## બંદગીથી શાંતી, સંતોષ, ખરૂં ડહાપણ, શખ્સયત, હમ-ખેશી બા એખ્લાક, ઝમીરી, તની વગેરે કુવતોનું ખીલવું.

આવો ઇનસાન દીનની એકબી ચીજની સામે જઇ શકતો નથી, અને પછી તેનામાં રહેલા આ બધા ગુણો (શાંતી અને સંતોષ અને તેઓને અંગે બરપા થએલી બુધ્ધી અને ડહાપણ અને તે બુધ્ધી અને ડહાપણે ખાલવેલા સબરીઆત-નાકસી-ફરમાન બરદારી-તમીઝ-બરદાસ્તના ગુણો), ટુંકમાં 'અદબની હાલતની ખીલવણી' તેનામાં એક જાતની પ્રેરણા, '**ખેરદ**' પેદા કરાવી આપે છે, જેથી તે ઇનસાન તરીકત ઉપર ઉસ્તવાર બનીને રૂવાન-દરોસ્તી સારૂજ જીવવું જોઇએ, એવું અંતર-જ્ઞાન પ્રાપ્ત કરે છે, જેને **શખ્સીઅત** કહે છે. આ શખ્સીઅત તંદરોસ્તી-મનદરોસ્તીને જોરે તેનામાં નીતીના ગુણો ઉભા કરાવીને તે ગુણોમાંથી એક શકિત પેદા કરાવે છે, જે હમખેશી-બા-એખલાકનાં (Moral Relationship) કુવત તરીકે અને ઝમીરી-નઇતીક (Moral Mentality) નાં કુવત તરીકે અને તની (proper physical body showing Responsivity to the soul) નાં કુવત તરીકે દેખાવ દે છે.

## અવસ્તા પ્રમાણે ખરી ભકિત તથા આબેદી તોર સમાવનારા 'હઓમ યો ગવ'' વાળા તથા "યેંઘહે હાતાંમ'' વાળા બુલંદ ફકરાઓ—

### ખરી ભકિત અને બંદગીમાં સૃષ્ટી-રચનાની મૂળ નેમ પાર પાડવાની માંગણીની બુલંદ ખાહેશ ચાલુ રહેવાની જરૂર.

આવો ઇનસાન પછી **ભકત** થઇ જાય છે, જેને અવસ્તામાં **'હઓમી'** થવું એમ કહે છે. ત્યારે ભકિત તે શું છે ? અને અવસ્તામાં તેને કયે નામે ઓલખી છે—તેની હાલતનો ચીતાર અવસ્તામાં કેવો છે ? ભકિત ઇનસાનને તે ઉંચ હાલત પ્રાપ્ત કરાવે છે, કે જેને લીધે તે ઇનસાન તે યઝત પાસેથી જે કંઇ માંગે તે તુરતજ તેની પાસે હાજર થાય. **"હઓમ યો ગવ બરેસ્મન''** અને **"યેંઘહે હાતાંમ''**ના ભણાતાં વાકયોમાં આ બધી ઉપર કહેલી હાલતોના ચીતારો છે. ત્યારે આવા ભકત-આબેદ થવાની અગાઉ તે શખ્સે ઉપર કહેલી શખ્સીઅતી પેદા કરીને એટલે **તન-મનને** બળે થયલા નઇતીકના ગુણોમાંથી શક્તિઓ પેદા કરીને, તરીકતો પાળીને રૂવાનને પોતાનાં તનમાં સ્ચેત કરેલું હોવું જોઇએ, અને તરીકત પાળીને માંથ્રો ભણવાના **'દ્રેન્જય'-'મર'-'સ્રાવી ગાથવ્ય વચ'**ના કાયદામાં તે લાહેર થએલો હોવો જોઇએ. આમ જયારે એક માણસ પોતાનાં તન-મન ઉપર સચ્ચાઇની ચોકી મુકીને પોતાનાં તેવાં તન-મનમાં અવસ્તાના નાદોના સ્નોતોના દોરોને ફરતા કરે છે, ત્યારેજ તે ઇનસાન ભકત તરીકે રહી શકે છે. આવો ઇનસાનજ ખરી ભકિત કરે છે, એટલે જે કંઇ તે માંગે છે ને તેને મલે છે. પણ તે શું માંગે છે? તે જે કંઇ માંગે છે તે હમેશાં પોતા સારૂ નહી પણ બીજા લાયક પુરૂષને આપવા સારૂ હોય છે. આવા માણસોને અવસ્તામાં આમ વર્ણવેલા છે:—

### દરેક ન્યાએશ તથા યશતમાં દરેક કરદાને છેડે ચાલુ ને ચાલુ ભણાતા રહેતા બે બુલંદ ફકરાઓ-"હઓમ યો ગવ બરેસ્મન'' તથા "યેંઘહે હાતાંમ'' ની અંદર સમાયલી તાવીલ યાને ભેદી ઇલ્મ્યતી અર્થ.

**"હઑમ યો ગવ બરેસમન, હિઝ્વો દંઘહ્ંઘહુ, માંથ્રચ, વચચ, શ્યઓથ્નચ, ઝઑથ્રાબ્યસ્ચ અર્ષુખ્દેબ્યસ્ચ વાઘ્ઝિબ્યો.''** એક **'હઓમી,'** એક જરથોશ્તી ભકત કેવો હોય છે? **'યો'**=જે

'ગવ બરેસ્મન'વાલો હોય છે. **'ગવ'** એટલે પોતાનાં તન મનનાં અણુએ અણુમાં ગોસ્પદી તેવીશી=પરદુખભંજનની ગતીનો નાદ અને સ્વભાવ રાખવો તે, અને **'બરેસ્મન'** એટલે લાવ લઇ જાવ કરવાની **મારેફત**–તલેસ્માતીક કીલ્લો કે જેમાં યઝતની **મદદ આવી** પુગે, પણ **સાથે સાથે** અંદર સપડાએલી બદી છટકી **શકે** નહિ પણ ચાલુ સુધારાની ગતીમાં રહે તે. ત્યારે **"હુઓમી"**એ પોતાનાં તન-મનને ગવની ગતીનું એવું કીધું છે, એવી બરેસ્મન પોતાનું તન જે ગવનું ભલું થયલું છે તેની ઉપર બાંધી છે, કે તેવાં બંધાએલાં કીલ્લારૂપ **થયલાં** તનમાં યઝતી ગતી આવીને **રહી** શકે અને તે તનમાં બંધાએલી બદીઓ પાછી છુટી **શકે** નહિ, ઉભરાઇ શકે નહિ. આવું તન તે 'હુઓગી,' તે ભકત કઇ રીતે કરી શકયો? ત્યારે કહે છે કે **"હીઝૂવો દંઘહુંઘહુ"**=ઝબાનની દાને-**શથી** એટલે અવસ્તા ભણીને અને ભલી નઇતીક રાખીને ઝબાનમાંની જુદાઇ દુર કરીને સાચ્ચી ઝબાન કરીને અવસ્તાને ભણીને અવસ્તા ભણ-વાનો નતીજો લવાયો તેથી, અને **'અષુંખ્દેબ્યસ્ચ વાઘ્ઝીબ્યો'**=સચ્ચાઇથી ઉચ્ચારેલા કલામોની **મારફતે** એટલે સાચ્ચી ઝબાનથી એટલે રાદી નાદના સ્તોતોથી, જે બધું ભલી કરણી અને અપં ઉખ્દના ભેદની ચાલુ રહેલી પાવ રહેલી કરામતો, જેવી કે ઇજેસ્ના ૩૩ આલાતો અને 'ઝરે-નુમન્ત સૂર'=એજમતી હથીઆરો નામે કાયદાસરના **(કશ અને વસ્ત્રની** ઇઝાઝતના) સુદરેહ–કુસ્તી વીગેરેની સાથે ભણાતા અવસ્તા માંથ્રના અમલથી, ભણવાથી થાય છે તેનાથી, એટલે તે બેઉ **'હીઝૂવો દંઘહુંઘહુ'** અને **'અષું-ખ્દેબ્યસ્ચ વાઘ્ઝિબ્યો'**થી એટલે ભલી કરણી તરીકતો પાળી અવસ્તા ભણીને તેના જોરથી, **"માંથ્રચ-વચચ-શ્યઓથ્નચ"**=માંથ્ર ઉપર, **વચ**=વચનો ઉપર, અને કરણી-તરીકતો ઉપર કાબુ મેલવીને, **ઝઓથ્રા-બ્યસ્ચ"**=એક ઝઓથ્ર–આલાત પોતે ખુદ-બ-ખુદ થયો એટલે યઝતને પોતામાં રાખી તે મારફતે અહુરમઝદ તરફ પુગીને પુગાડનાર થયો, તેથી તે ઇનસાન ભકત એટલે 'હુઓગી' થઇ શકયો છે. આવો હુઓગી–ભકત પછી **'હાતાંમ'**=હસ્તીએ પુગેલામાંનો એક થઇને અહુરા લગી પુગે છે. **'યેંઘહે હાતાંમ્ આઅત્ યેસ્ને પઇતી વંઘહો મઝ્દાઓ અહુરો વએથા અષાત હચા, યાઓંઘહુાંમ્ચા તાંસ્ચા તાઓસ્ચા યઝમઇદે'**='આવા હુઓમીઓ જેઓ હસ્તીની હાલતે પુગે છે, તેઓમાં જે કોઇ યસ્ન કરીને બહુમન લગી પુગી જાય છે, તેઓ અષોઇની સામગ્રીને લીધે મઝદા અહુરાથી જાણીતા થાય છે–એવાં નરનારીની સાથે **તે હુઓમી જોડાએલોજ રહે છે. એવાં નરનારી સાથે** તે ભણનાર જોડાવા

માંગે છે.' એટલે તે ભણનાર તે હુઓમી અને તે હુઓમી જે ભલા અહુરમઝદ લગી પુગેલાં નરનારીને મલ્યો છે તે બધાંમાં રહેલી હુઓમીક ગતીને એટલે સત્ય સંગને "અહૂ"ના ભાન (Universal Self-Consciousness)ની નજદીક જઇને મલવા માંગે છે, કે જેથી તે ભણનારનાં તનમાં રહેલી ભલાઇ="ગવ" ખાથ્ર એટલે નુર તરીકે ઉગી નીકલે.

## તનની બંદગી કરીને, એટલે તરીકત, યસ્ન, અશોઇના કાયદા પાળીને જીંદગી ગુજારીને તનમાં રહેલા "ગવ" ને ખીલવીને "દશ અંદર્જ" દશ નીતીના ગુણો ખીલવવાની જરૂર.

દરેક ઇનસાનનાં તનમાં જીવ છે. જીવ અહુરમઝદમાંથી નીકલતાં અલંકારીક ઝાડમાંની એક ડાળી છે. આ ડાળીની અંદર 'દસ અંદર્ઝ'= નીતીરીતીનાં ફળોના બીયાં છે. આમ ત્યારે દરેક ઇનસાનનાં તનની અંદરજ નીતીરીતી, દસ અંદર્ઝના બીયાં પહેલેથી પડેલાંજ છે. એમ બીયાં છે તો તેને ઇનસાન કહે છે-બોલતો પ્રાણી કહે છે, નહિ તો તેને હેવાન કહેતે. ત્યારે ખોટી શાની છે? ખોટી સીરફ પેલી તનની જમીનને ખેડીને પેલાં બીયાંમાંથી ઝાડ ઉભું કરીને નીતીનાં ફળો ખાઇને ખોદાને પુગવાની રહેલી છે. તનની અંદર પથરાની જમીન છે, તે પથરા યાને હવસોને દુર કરી, તરીકતનું ખાતર નાંખીને તે તનને ફળદ્રુપ જેમો કરી, તેમાં ગાહામ્બારોનાં ઉતરતાં કુવતોને ઉતારીને વધુ ફળદ્રુપ કરીને, પેલાં બીયાંને ઉગાડવાનાં છે. માટે ઉપર કહેલા હુઓમી અને અહુરમઝદે પુગેલાની સત્યસંગની જરૂર છે, જે સત્યસંગ કહેતાં શખ્સીઅત તેની તનની જમીનને ફળદ્રુપ કરશે. **આમ ત્યારે તરીકતની ખેતીની જરૂર છે.**-તનમાં તો નીતીરીતીનાં બીયાં પડેલાંજ છે. ત્યારે તરીકતનીજ બંદગીની જરૂર છે.

## દુન્યવી ઇચ્છા-વાસ્નાઓ રાખીને, તેજ ઇચ્છાઓ વમાસીને, દુન્યવી વૈભવ માંગ્યા કરવો એ કંઈ બંદગી નથી. બંદગી તો ફકત આખી સૃષ્ટી-રચના તે બુલંદ મીનોઇ વૃદ્ધિના છેડા તરફ ચાલુ વધતી રહે તેનેજ ખાતર થવાની જરૂર.

આજે કેટલાકો ભક્તિ કરો--સમજીને ભણો-દુવા માંગો એમ બોલ્યા કરે છે, તેઓ પોતે શું બોલે છે તે સમજતાજ નથી. ભક્તિ એટલે યઝત પાસેથી માંગેલી મુરાદ, જે તુરતજ આવી મલે તે, જેને મુસ્તઝાબ થવું કરીને કહે છે તે. આજે દરેક દરેક માનવમાં મુરાદ-ઇચ્છા તો હોય છેજ અને તે ઇચ્છા ફળે તેવી પ્રાર્થના તો મનમાં થયાજ કરે

મીનીટે મીનીટ તે ભાવના થયાજ કરે છેજ. ત્યારે ઇચ્છા કરવી કે પ્રાર્થના કરવી કે ખોદા મને પૈસો આપ, મને બૈરી આપ, છોકરાં આપ, હકુમત આપ, મોટાઇ આપ, વગેરે વગેરે તે કંઇ ખરી ભક્તિ નથી, તે તો માણુસ જાતમાં રહેલી સીરફ ભાવના છે. જો માણુસ જાત પોતે સમજતો હોય કે મારે આ માંગવું, આ નહી માંગવું, તો પછી તે ભકતજ થઇ શકે એટલે તે જે કંઇ માંગે તે આવી મળે ! એટલે પછી તે મોહતાજ હોયજ નહી અને તેને બીજાંની સલાહની જરૂર પડેજ નહી એટલે તે પોતેજ જ્ઞાની હોય છે. ત્યારે સમજીને પ્રાર્થના કરો એવું બોલનારા પોતે જે કંઇ બોલે છે તે સમજતાજ નથી, કેમકે દરેક જણ મનમાં મીનીટે મીનીટ ભાવના, ઇચ્છા-વાસ્ના અને તે માટેની પ્રાર્થના તો રાખે છેજ. એટલે પછી એ ઇચ્છા-ભાવનાનો એક પાઠ વાંચી જવો તેમાં પ્રાર્થના શી થઇ? ભક્તિ કરો એ શબ્દ જેઓ બોલે છે તેઓ ભકત, ભક્તિનો અર્થજ જાણુતા નથી. એક ભકત ભક્તિ પોતાને સારૂ નથી કરતો, પણ તે તો પારકાંને સારૂ કરે છે, અને પોતે પોતાનું બધું પારકાંને આપી ગરીબજ રહેવા માંગે છે. તેજ ખરો "દરવીશ," "દ્રીગુ" છે. ખરેજ ભકતો-આબેદો આવાજ હોય છે, તો શું એક સાધારણ સંસારી ઇનસાન આમ ભકિત કરી શકે ! ના, નહિજ. તેથી ઉલટું મીનીટે મીનીટની તેની સ્વાર્થની પ્રાર્થના ચાલુજ છે એટલે ભાવનાની ઇન્તેજારી તો તે કર્યાજ કરે છે. માટે સમજીને દસ મીનીટ તેવી પ્રાર્થના એટલે ભાવનાનો પાઠ મનમાં બોલી જાય તેમાં શો અર્થ છે? આવી ભાવના ખુદ તેના શરીરમાં પથરારૂપ છે, જેઓએ તો તેનાં શરીરને ઉજ્જડ કરીને તે શરીરનાં તનમાંનાં નીતીનાં બીયાંને ઠેઠવાડી મુકયાં છે. આવી ભાવનાના ભુતોની પ્રાર્થના તે ખુદ-પરસ્તી છે, જે દએવ= અજ્ઞાનતા છે. ત્યારે ખરૂં શું છે? જરથોશ્તી દએન વસીઅત કરે છે, હોકમ કરે છે, કે તમો બસ્તે-કુસ્તીઆન મહેર સચ્ચાઇના પાબંદ થઇ, દ્રુજ-પરહેજીને એટલે મળમુત્ર ચીપડા થુકવાળાં તનમાંથી મીનીટે મીનીટ જાહેર થતી અણદીઠ ગરમી નામે દ્રુજના ચેપને દુર કરો, કે તે ખુદને તેમ બીજાને લાગે નહિ; એમ કરીને માંથ્રો ભણો. ત્યારે હયાં એ ત્રણ ચીજો કરવા કહી છે, જેથી તન-મનની જમીનમાં સતયસંગની ફળદ્રુપતા આવીને તન-મનમાંનાં નીતીનાં ફળો ઉગશે.

### જરથોશ્તી દએન મુજબ ખરી બંદગીના ત્રણ ખાસ તત્વો:—

૧. તનની બંદગી—શરીરની પાકીઝગી તથા આઇપિની પવિત્રાઇ;

૨. મનની બંદગી—વીચારો તથા જબાનની સચ્ચાઈ અને ખાલેસ દીલ.

૩. રવાનની બંદગી—ખીથ સાથે અવસ્તા માંથ્રના સરોદ ગાવા.

| | | |
|---|---|---|
| એક તો બસ્તે-કુસ્તીઆને | મહેરના પાબંદ થવું | |
| બીજું | ,, | દુજ-પરહેજ કરવું. |
| ત્રીજું | ,, | માંથ્રાનું ભણવું. |

આ ત્રણ ચીજો કરવાથી તન-મન અને રવાનની બંદગી થશે, જે પછી તે ભકત થઇ શકશે, જે પછી તે ભકિત એટલે પોતાને ભોગે પારકાને તારવું એટલે ગોરપંદી તેવીશી રાખવી એટલે ગોરપંદ થવું તે થઇ શકશે, જયારે તેને અવસ્તામાં **'હુઓમી'** થયલો કહે છે. જયારે ઇનસાન પોતાનાં તનને ખીલવી, નીતીનાં ફળોને ઉગાડીને તેઓને ચાખે છે, ત્યારે તે ઇનસાન પછી કુલ જગતને તે ફળો પુરાં પાડવા બહાર પડે છે. નીતીનાં ફળોનાં ચાખવામાં ગોરપંદી ગતી ઉભી થાય છે; ભાવના કે જેમાં સ્વાર્થજ હોય છે તે યાને "હું હું તથા મારૂં મારૂં" તુટી જાય છે.

### મહેરની પાબંદી.

બસ્તે—કુસ્તીઆન થઇને મહેરના પાબંદ થવામાં તન અને મનની પરસ્તેશ થાય છે. એક ઇનસાન જરથોસ્તી મા બાપને પેટે જન્મે, તેણે સુદરેહ-કુસ્તી રાખીને પોતે જે હાલતમાં મુકાયો છે તે હાલત ઉપર શુક્ર કરીને સચ્ચાઇથી ચાલીને, તે હાલત કહેતાં ફરજ મા-બાપ-ભાઇ-બહેન ઝન-ફરઝંદ-ભાઇબંધ, કુલ જગત બધાં તરફની પુરી કરવી. **મહેરના પાબંદ થવામાં મનમાં આવે તે પ્રમાણે ચાલવાનો અર્થ છેજ નહી.** જો મન શુધ્ધજ હતે, તો પછી કંઇ પણ વાંધો હતે નહી, પણ મન તો ભુલ ભરેલું છે તેથીજ તે મનમાં જે આવે તેમાં કેટેગી ભુલજ હોય. માટે દીનમાં જે **દસ અંદર્જ છે, જે નસીહતો છે,** તે પ્રમાણે ચાલીને ફરજો અદા કરવી. કોઇ કહેશે કે મારૂં મન-અંતકરણ પાક છે, મને સુદરેહ-કુસ્તી કંઇ જોઇએ નહી, હું જુદું કંઇ કરીશજ નહી, એમ નીશ્ચય કર્યો છે. એમ કહેનાર ઇનસાન પોતાનાં તનની જડ ગતીની શકિતથી—તેના તન-માંના હવસની ઉભરાવવાની શકિતથી અજ્ઞાન છે. તે ખુદ જાણતો નથી કે

તેના હાડેહાડમાં જુઠાણું છે, અસત્ય છે, કેમકે જો તેનામાં ખરેખરનું અંતઃકરણ હતે એટલે સત્યની ગતી જે તનમાં જામેલી તે ધારે છે, તે દેખાડનારૂં ધડીઆળ હતે, તો પછી તેને મોહોનાજી હતેજ નહી તેનું અંતકરણ પાક હતે, તે સાચ્ચો હતે, તેનામાંથી જુઠ્ઠાઇ નીકલે તેવું હતેજ નહી, તો પછી તે તો ભકત થયો, **'હુઓમી'** થયો, તે તો જન સમાજને પોતાનું બધું આપી દે. પણ આ ઇનસાન તો ભાવનાવાળો, અદેખો, મોટાઇની ઇચ્છાવાળો એટલે હું કાંઇ કરૂં-મોટાઇ મેલવું-પૈસા ટકા બૈરી છોકરાંવાળો થાઉં, મોટાર ગાડીએ ફરૂં, સત્તા ભોગવું એવી આશાવાળો એટલે દુન્યવી છે, તો પછી તેનામાં ભાવના છે, તેનામાં સત્યસંગ નથી, **'હુઓમ' નથી,** માટે તેનું મન હવસી છે, માટે તેનાં અંતકરણમાં સત્યનો ઘંટ વાગી રહેતો નથી, માટે જો તે પોતાની મરજીથી ચાલે તો તેમાં ખતાજ ખાય. માટે તેને માટે દીનમાં આપેલી દસ અંદર્જ પ્રમાણેજ ચાલવુંજ રવા છે. આમ ત્યારે તન અને મનની પ્રાર્થના થઇ.

## દુજ-પરહેજી.

દુજ-પરહેજ કરવું એ બીજી જાતની પ્રાર્થના છે, કે જેથી તન-મનમાં શકિતઓ ઉભી થઇને **અદબના** ગુણો ખીલીને તેમાં કુવતો પેદા પડે, અને તનનાં દુખોથી, મનનાં દુખોથી નીરાળો થાય. દુજ-પરહેજ એટલે શું? દરેક દરેક ઇનસાનનું તન મળ-મુત્ર-થુક વગેરે વિપત્તીનું ભરેલું છે. આ બધી વીપત્તીમાં સાચ્ચી ગરમી જયાં લગી છે ત્યાં લગી તે જીવી શકે છે. જેવી તે ગરમી ગઇ કે તે મરણ પામે છે. ત્યારે સાચ્ચી ગરમી આવા મળમુત્રવાલાં તનને ચલાવી શકે છે, એટલેજ તન પોતે પોતાની ખાસીઅત બતાવ્યાજ કરે છે. તન ત્યારે એક હેવાનની માફકજ વર્તી શકે છે. ઉત્તમ ખાશો તોબી તેમાંથીબી આખરે નર્કજ પેદા પડવાનું. એમ તનમાં એવી અપુર્ણતા છે, કે જેથી તેનો નતીજો હમેશાં 'અખ્તી'-બળા-દુખ-નાખુશ બનાવ-મળમુત્ર-નીટ-પરૂ-ચીપડામાંજ આવી શકે. આવી તનની ગતીમાંથી જે વીચાર નીકળે છે, મીનીટે મીનીટ જાહેર થાય છે, તેમાં અધુરાપણું-ખામી-હવસ હોય છેજ-તનની અને તેના વીચારમાંથી નીકળતી આવી હવસી ગતીને, પોતાનુંજ જોનારી માટે દવેશવાલી ખરફસ્ત્રી અખ્તીની હાલતને દુજ કહે છે. ત્યારે દરેક દરેક ઇનસાનનાં તન-મન-વીચારમાંથી દુજ થવાનોજ. દુજ ઉભો થાય તે તો કુદરતીજ છે. વળી ઇનસાનની ગવની હાલતમાંથી દુઇને કાયદે કંઇક ભલાઇબી ઉભી થાય છે, પણ તેનું પ્રમાણ ઘણુંજ થોડું, નહિ જેવું રહે છે. આમ

ત્યારે દરેક ઇનસાનમાંથી દ્રુજતો થવાનોજ. પણ આ દ્રુજને રોકવો જોઇએ. હદની બહાર તેને જવા દેવો નહી જોઇએ. ઇનસાનની આવી દ્રુજી ગતી ખુદ પોતે ચેપી હોય છે. તે હવામાં ફેલાઇને બીજી ચીજને અણદીઠ નુકસાન કરે છે. આવા દ્રુજના ચેપને નીરમુળ કરવાનું આપણા હાથમાં અપાયું છે, જેને દ્રુજ પરહેજવું એમ કહે છે. કોઇ માણસની તબે એવી હોય કે તેનાથી જુઠુંજ બોલાય. આ ત્યારે ઝબાનમાં રહેલો દ્રુજ છે. તે જુઠું બોલ્યો–પણ જેવું તે ઇનસાન જુઠું બોલે છે એમ તેનું અંતકરણ તેને સચેત કરે, તેજ વખતે જો તે પોતાને રોકે એટલે તુરતજ કહી દે કે મારી બુરી આદતની આફતને લીધે આમ બોલાયું છે, જે જુઠુંજ છે એમ કહી દે, અને ભવીષ્યમાં એમ નહિ બોલાય તેની સામે તકેદારી રાખવા મથે, તો તે જબાનના દ્રુજને રોકેલો કહેવાય, જેને **'મહેર–પતેત'** કહે છે. ત્યારે દીનમાં જે તરીકતો આપી છે, તે બધી પેગામ્બર સાહેબે આપેલી હીકમતો છે, કે જેથી ખાતી પીતી–બોલતી કે વીચાર કરતી વખતે, કંઇબી ભોગવટો કરતી વખતે દ્રુજ જે નીકલ્યા કરે છે અને હવામાં ફેલાઇને બીજાંને પોતાનો ચેપ લગાડે છે, અણદીઠ મુગું ધીરૂં નુકસાન કરે છે, તેને રોકીને સુધારી શકાય છે. આમ ત્યારે તન અને મનની પ્રાર્થના કરવાનો અર્થ છે. જેવો એક ઇનસાન તન–મનની પ્રાર્થનામાં રોકાય કે તુરતજ તે પ્રાર્થનાના એક ભાગ તરીકે માંથ્રો ભણવાના આવે છે–ચોકસ ચીજો ભણવાની હોય છે, જેને માંથ્રના અવસ્તાનાં ભણતરો કહે છે યા માંથ્રો કહે છે. આવા માંથ્રો જયારે તે ભણે છે અને ફરજયાત માંથ્રનાં ભણતરો ભણે છે અને ગુજરેલાંઓની યસ્ન કરાવી પોતે નજદીકનાં ગુજરેલાંઓની પતેત–સરોશ કરી રહે છે, એટલે રૂવાનની પ્રાર્થનાબી થઇ રહે છે.

## જરથોશ્તી દએન મુજબ ખરો ભકત (Real Devotee) હુઓમ્નિ.

આમ તન–મન–રૂવાનની પ્રાર્થના થયા પછીથી તન–મનમાં શકિત નામે શખ્સીઅત પેદા પડે છે, અને તેનું રૂવાન શરીરમાં જે નભરવસ ઉંઘમાં છે તે જાગે છે, શરીરને અમર ગતીનું કરવા રૂવાન જાતી ખુશીથી શરીરમાં આવે છે. પણ રૂવાન તો અમર છે અને રય=અતર-જ્ઞાન રાખવે જ્ઞાની છે, અને જયાંબી સંગ કરે ત્યાં અમર ગતીની વાસના મુકી શકે એવું છે, એટલે જયાં રહે તે જગાને પોતાના જેવી કરી નાંખે એવું છે. હવે ખાકી તનમાં રૂવાન જો પોતાની આવી ખુબી સાથે રહે, તો ખાકી તન એકદમ મંદ થઇ ગએલા હવસોવાળું થઇ જાય, જેથી

હવસો ઉશકેરાઇ શકે નહિ, અને બાકને જે દંડ હદ-ઇનસાફથી કરણીને કાયદે જલ્દી જલ્દી પાપોની મારફતે આપીને ભલી ખેરદ કમાવાની છે તે રહી જવે-લંબાવવે તનની ખએત્વની મુકત અમર હાલત, ગવની અને નુરની વજેની, ઉભી થઈ શકે નહિ. બાકી તન ધીમે ધીમે પોતાની હવસી ગતીઓને ઉભરાવી-ખપાવીને બુઢ્ઢું થઇ મૃત્યુ પામી શીક્ષા ખમીને ભલો સબક લેતું રહે છે. ત્યારે બાકી તનના હવસોને ઉભા થવા દેવામાં કુદરતની ઇનસાફી ગતી છે, નહી તો બાકી તન ઉભું થતેજ નહીં. તનમાંની હવસોની નેમેલી હદ આવી રહે છે, તોબી તનમાંની કસર-દ્રુજ હદની બહાર જઇ ખોટી ગરમી ઉભી કરે છે, જેથી તનનો નાશ થાય છે. તનોમંદ શરીરને આમ ચાલી રહેવા દેવામાં કુદરતની મોટી હિકમત છે. ત્યારે રૂવાનની રય અને નુરી ગતી, કે જેમાં સત્યસંગ જલદી કરાવવાની ગતી છે, તેઓને જીવતાં તનમાં સંકોચાવી દેછે. આમ રૂવાન પોતાની અનુશેહીની ગતીને મંદ કરીને એટલે બન્દે* દરોશ ધારણ કરીને પછી શરીરમાં રહે છે. આ વખતે રૂવાનના મીથ્રો ચાલતા નથી એટલે તે ઉંઘમાં પડે છે અને મૃત્યુ વખતે તેની જુક્ત 'બઓદ' તેને જગાડે† છે. **રૂવાન ત્યારે અમર છે અને અમર ચીજ હમેશાં જ્ઞાની, પ્રતાપી, પરદુખભંજનની રહે છે.** આવી હાલત નુર અને રય નામની ગતીઓને લીધે આવે છે. ત્યારે શરીરમાંના રૂવાનને પોતાની આવી નુરી અને રયની ગતીને સંકોચાવીને પછી શરીરમાં રહેવું પડે છે. આ ત્યારે રૂવાન ઉપરનો 'બંદ' થયો, જેને પતેતનાં ભણતરમાં **'બંદ દરોશ'**=ભારી બેડી કહે છે. રૂવાન ખુદ પોતે ખુશીથી તનનાં નીરવાણને માટે આવી સખ્ત બેડીને તાબે થાય છે. ગુજર્યા પછીથી રૂવાનની તે બેડી છુટવી જોઇએ. પણ જડ તનનાં જોડાણને લીધે તે બેડી છુટતી નથી, જેની વીગત આગળ પતેતમાં આપી છે. એમ રૂવાન જીવતાં તનમાં સુસ્ત, મીથ્ર વગરનું માટે ઉંઘમાં

---

* બન્દ દરોશ=બન્દ કે જે રૂવાનને **'દરશી દરોશ'** જે સરોશનું હથ્યાર છે તેવી હાંસલ્યતે પુગાડશેજ. માટે તે બન્દ દરોશત રીતનો અને ઇનસાફી ગણાયો છે.

† મરણ પછીથી તુરતજ બઓદની ગતીથી તે બન્દ અરધો ખુલી રૂવાનને નીમ-હોશ થાય છે અને ચોથે દહાડે તે **બન્દ** ખુલવે રૂવાનની રય પ્રગટ થવે તે અનુશેહીની ગતી એટલે અમર ગતીનાં ભાનમાં આવે છે. આપણી મરણ પછીની **ચાર દીનની પુર્ણ ક્રીયા** અને પહેલા વરસની ક્રીયાઓ રૂવાનનો આ બન્દ ઉંચકાવવામાં મદદ કરે છે. ક્રીયાની જુક્ત વગર આ **બન્દ** જોઇએ તેવો ખુલતો નથી, જેથી રૂવાન ઉપર આજાબ પડે છે એટલે રૂવાન લાઇલાજ થઈ જાય છે.

રહે છે, પણ તરીકતોને જોરે ઉપર કહયું છે તેમ તનની અંદરનું ઝહેર જયારે ડપટ પડે છે, હવસો ડપટ પડે છે, એટલે તે હવસોના ઝહેરથી તે રૂવાન જે શુધ્ધ વગરનું થાય છે, તે હવે તનમાં શાંતી, ગવની હાલત જામવાથી શુધ્ધી મેલવીને સચેત થાય છે, એટલે જીવતાં તનમાં તે બન્દ=બેડીને સરોશના દરશી દએોશના વસીલાથી ઉંચકી જીવતાં તનમાં પોતાની રય અને નુરની ગતીને જાહેર કરે છે–ખીલવે છે અને મનની ઉપર કાબુ મેલવે છે. આમ જયારે થાય છે ત્યારે તેને **હુઓમી–** ભકત–આબેદ થયલો કહે છે. આવા શખ્સને **અર્શ**=સાચ્ચો ઇનસાન કહે છે. આવો શખ્સજ ભકિત કરી શકે એટલે તે શખ્સનાં તનમાં ફળદ્રુપપણું એટલે ગવની ગતી આવી ચઢી છે, માટે મીનીટે મીનીટ તેનામાં સ્પેન્ત આરમઇતીના મીથ્રો=આરમીથ્રો ઉભા થાય છે, કે જેને ગોસપંદી તેવીશી કહે છે, જેથી તે બીજાંનું ભલું કરવા પોતાનું બધું આપવા તત્પર રહે છે, માટે મીનીટે મીનીટ તે સાહેબની દરગાહમાં એવી ભલી મુરાદ પાર પાડવા મદદ માંગે છે, જે તુરતજ તેને આવી મલે છે. **આને ભકિત કહે છે.** એટલી ટુંક સમજ બસ થશે. હાલમાં તો બધા એકનો એક બકબકારો કર્યા કરે છે કે હમો સમજતા નથી એટલે ભણીએ શું? તેઓ માટે ઉપલો ખુલાસો બસ થશે.

## માંથ્ર ભણવાની જરૂર.

નીતીનાં ફરમાનો જેઓને **'દસ અંદર્જ'** કહે છે તેતો જાણીતાં છે, અને દીનની તરીકતો જરથોસ્તી ઇલ્મે-ક્ષ્નુમની ચોપડીઓમાંથી જાણી શકાય છે. પછી તન-મનને કેળવવું અને ચારિત્ર ઘડવું અને તરીકતો પાલવી તે દરેક શખ્સના હાથમાં છે, સુખ-દુખ પડે તેને ધીર્યતાથી સેહેવવું એજ ભકિત **કરવાનો પહેલો ભાગ છે.** દીન ઉપર એતેકાદ કરવો અને પોતાની મનની શકિત અપુર્ણ ગુનાહગાર છે, તેના ફાંટાના વીચારોને જગા નહિ આપવી, એમ **તરોમઇતી–આપખુદી–ખુદ–પરસ્તી દુર કરવી** અને ખુદની એવી બુત-પરસ્તી દુર કરવા પોતાને ઓલખતાં શીખવું, પોતાની એબો-નબળાઇઓ કયાં છે તે જાણવા યત્ન કરવો, પોતાનાં હાડેહાડમાંથી દુજી ગતી નીકલીને પોતાને તેમ બીજાંને અણદીઠ રીતનું લાંબા કાળ લગી લાગી રહેતું નુકસાન કરે છે. માટે તે દુજી ગતીને રોકતાં શીખવું. પારકાનું કે પોતાનું ખરેખર ભલું કરવાનું તો બાજુએ રહયું પણ પોતે પોતામાંથી નીકલતી દુજી ગતીથી પોતાને

તેમ પારકાંને પાછળ હઠાવે છે તેનો ખ્યાલ હરહમેશ રાખી સત્ય ઉપર ધ્યાન આપી **દુજ-પરહેજની તરીકતો પાલવા ઉસ્તવાર રહેવું, એમ એક રીતની પોતાની તેમ પારકાંની સાચ્ચી સેવા કરવી-** એ ભકિતનો બીજો ભાગ છે. આમ તન અને મનની ભકિત કરી રહીને પ્રાર્થનાનો ત્રીજો ભાગ, જે રૂવાનને ખોરાક આપે છે, જે રૂવાનની પ્રાર્થના છે, તે બજાવવા માંથ્રો ભણવા. ત્યારે ઉપર કહયું છે તેમ તન અને મનની પ્રાર્થના કરવી. માટે શુક્ર-સબરીઆત રાખી દુજી ગતીને પરહેઝવી-તે દુજ પોતાને તેમ બીજાને પોતાનો ચેપ અભડાટ ન લગાડે માટે મહેર રાખી પતેત કરી તરીકતોને પાલવી, અને તરીકતોના પાલન સાથના કાયદાસરના અવસ્તા ભણવા એ ભકિતની હાલતે **પુગવાનો ત્રીજો ભાગ છે.**

જ્યારે આવી ત્રણ ભાગની ભકિત પુર્ણ રીતે થઇને નતીજો લાવી આપે છે, ત્યારે **'હુઓમી'**=ભકત થવાય છે. **ત્યારે રૂવાનને સારૂ તો માંથ્રની ભકિત એકલીજ** છે. માટે માંથ્રનાં ભણતરો અને તે ભણતરો ભણવાની તરતીબ વિષે કંઇક જાણવું જોઇએ. માંથ્રોનું ભણવું એટલે નીઆએશ-યશ્તો કરવી યા બીજી બધી ક્રીયાઓ કરવી એ **ભકિતના** પાયારૂપ અમુલ્ય ભાગ તરીકે આવે છે. ત્યારે જે સંજોગોમાં મુકાયા હોઇએ તે ઉપર શુક્ર કરીને સચ્ચાઇ રાખી, દુજ-પરહેઝી, કુશ્તી પાદી-આવ કરીને જરથોશ્તી દીનમાં ફરમાવેલી ચાલુ નીઆએશ-યશ્તો ફરજ્યાત જીંદગી તરીકે કરવી, એમાં તન-મન-રૂવાનની પ્રાર્થના છે. **એક મોટો ભકત હોય તો તેનેબી આ ત્રણે પાઠોને ગોખવાજ પડે છે. તેને પોતાની હાલત ઉપર શુક્ર કરવોજ પડે છે, મહેર રાખવીજ પડે છે, દુજ-પરહેજ કરવી પડે છે, અને તે પોતાના માંથ્રો ખાસ ભણે છેજ,** કે જે પછીજ તેનામાં ભકત તરીકેની હાલત, **'હુઓમી'** તરીકેની હાલત કાયમ અને સાવધાન રહી શકે છે.

ત્યારે આ કેતાબમાં જે ભણતરો આપેલાં છે અને જેઓને કુશ્તી પાદયાવ-ગાહનાં ભણતરો, નીઆએશ-યશ્તનાં ભણતરો કહે છે, તેઓ ત્યારે તન-મન-રૂવાનની પ્રાર્થનાનો મુળ ભાગ, જીવતો જીવ જેવો ભાગ છે, જે વગરની પ્રાર્થના મુવેલાં તન જેવી અર્થ વીનાની એટલે સ્વાર્થની ભાવનાવાળી થઇ પડે છે.

## અવસ્તા-માંથ્રના ભણતરો સાથની બંદગીનો મૂળ પાયોઃ સુદરેહ પહેરવો તથા કુસ્તી પાદીયાવ કરવી-દાદાર અહુરમઝદ તથા અશો સ્પિતમાન ઝરથુશ્ત્રની સીલ સાથના ચલણ ચાલુ રાખવાની નીશાની (token coin) તે સુદરેહ+કુસ્તી-"અખ્તી" ની સામે તનને (Antiseptic) રાખવા માટે સુદરેહ+કુસ્તીની તદબીર.

કુશ્તી-પાદયાવ કરવી એટલે ગેહેગેહ કુસ્તી કરવા ઉપરાંત વચમાં વચમાં કુદરતી હાજતોએ જવું પડે ત્યારે પાછી કુશ્તી કરીને તૈયાર થઇ રહેવું. સુદરેહ-કુસ્તીને 'ઉખ્દ' કહે છે એટલે તેઓની ઉપર અશો ઝરથુસ્ત્રની અને અહુરમઝદની સીલ શાખ છે, જેથી તેઓ લોન-નોટ કે જેઓની ઉપર અંગ્રેજ સરકારની સીલ શાખ હોવાને લીધે ચોકસ કીંમત ધરાવી શકે છે, તેઓની માફક આ સુદરેહ-કુશ્તી અમુલ્ય કીમતી છે, જે તે પહેરનારને ઝરથુસ્ત્ર અને અહુરમઝદ સાથે સંબંધ કરાવે છે. આ સુદરેહ-કુશ્તીમાં અહુરમઝદના પેમાનનો નાદ વહી રહે છે, કે જે કોઇ આ સુદરેહ-કુશ્તીની અંદર વહી રહેતી મુરાદ બર લાવશે, તેની ઉપર અહુરમઝદ અને ઝરથુશ્ત્રના આશીશો ઉતરશે. આ સુદરેહ-કુસ્તીની મુરાદ શું છે? તેઓ શરીરમાંની 'અખ્તી'-દુજ-કમીનાપણું, કે જે મીનીટે મીનીટ વીચાર-બોલ-કર્મ કે ભોગવટામાં થઇ રહે છે, તેઓને પકડી-રોકીને પોતાના રૂ અને ઉન અને પોતાની સાઝશનીની તદબીરની ખુબીના કશમાં ઘેરી રાખી-તેના ચેપને મંદ કરી નાખીને આસપાસની હવામાં ફેલાઇ નહી જઇ શકે તેમ કરે છે. આ પછી જમીનની મગનાતીસ તે મંદ થયલી દુજને ખેંચીને જમીનનાં ખાતર તરીકે વાપરે છે. એમ એક વખતની ચેપી ગતીને, ભારરૂપ ગતીને બદલીને આશીરવાદીક કરકસરના નીયમની ઉપયોગીતાવાલી કરી નાંખે છે. ત્યારે સુદરેહ-કુશ્તીની અંદર અહુરમઝદની સૃષ્ટીને ચલાવવાનો પ્રાર્થનાનો નાદ ચાલે છે. જયારે જયારે કુદરતી હાજતે જઇએ છીએ, ત્યારે ત્યારે આ નાદ ખોરવાવાથી, તેઓ માંહેલા કશ ખોરવાવાથી, આપણાં તનમાંની બદી-અખ્તી-તાપુન-ઝહેરી ગરમી જે તેમાં કબજે આવી છે તે છુટી જાય છે. માટે તે માંહેલા કશને પાછા સાંધી આપવા વારંવાર દરેક સંજોગ વખતે કુશ્તી કરવાનો હોકમ છે, કે જેથી કશ બરાબર સચવાઇ રહીને તેમાં શરીરની અખ્તી પકડાઇ રહે અને જમીન તરફ આકર્ષાતી રહે. એમ કુશ્તી સાબેત રાખવી એ પહેલી ફરજ છે, જેને હુતોખ્શી કહે છે, જે તેનાં તન-મનની તેમ ગેતીની વાતાવરણને

(અઇપીને) ચાલુ સ્વચ્છતામાં રાખવાની ફરજ બતાવે છે. આમ ત્યારે તન-મન-રૂવાનની પ્રાર્થનાને ટેકવી રાખીને સુબુધ્ધી કાયમ રાખવાનો મુળ મુદ્દો છે. પછી ગેહેગેહ તે તે ગેહને લગતી ગાહો ભણવી, જે તન-મન-રૂવાનની પ્રાર્થનાની ખુબીને વધારે છે, જેથી તેની હુતોખ્શીની ફરજ પરિપુર્ણ થઇ રહે છે. તે ભણનાર હુતોખ્શ કહેવાય છે, કેમકે કુદરતમાં જે મહાન ખીશ્કારી તે તે ગાહોમાં ચાલી રહે છે, તેને તે તે ગાહોનાં ભણતરોથી ટકવો મળે છે. ગાહોમાં જે જે મહાન ખીશ્કારી ચાલી રહે છે, તેવી પણ નાના પ્રકારની ખીશ્કારી તે ભણનારનાં શરીરની નાની કુદરતમાં ચાલે અને બહારની કુદરતને તેના તે તે કામમાં મદદ મળે એ અર્થે ગાહો ભણાય છે.

## માંથ્રની બંદગી કરવાની ત્રણ મુખ્ય રૂઢીઓ:
## "દ્રેન્જ" કરવું; "મર" કરવું; અને "સ્રાવી ગાથવ્ય વચ" કરવું.

કુશ્તી પાદયાવનું ભણતર કે ગાહો કે અન્ય અવસ્તા માંથ્રો ભણવાના ત્રણ મુળ કાયદાઓ છે, જેઓને **'દ્રેન્જય'-'મર'-"સ્રાવી ગાથવ્ય વચ"**થી ઓળખે છે. **'દ્રેન્જય'**માં તે ભણનાર સડસડાત ભણ્યો જાય છે, અને મજબુત એકજ વિચાર રાખે છે કે આ ભણતરના* સ્તોતો પોતાનું

---

* અવસ્તાના કલામોને જે કાયદે ઘડેલા છે તે કાયદાઓને **'સ્તઓત યસ્ન'** કહે છે. અહુરમઝદે સૃષ્ટી રચી તેબી **સ્તઓત** (અણદીઠ જાતજાતના કલર (રંગ) અને અણદીઠ ઘાટ જેઓ જડ ઘાટ લઇ શકે,) આવા સ્તોતોની ઉપરજ રચી છે. માટે કુદરતની સ્તઓતની રચનાને 'સ્તઓત યસ્ન કહે છે, જે યસ્નમાં ત્યારે અમુલ્ય કાયદાઓ (**રયોમંદ** ગતીના જીવતા જાગતા પ્રભાવો અને તેની કાર્યસાધક અસરો, જેને આપણે Natural laws કહીએ છીએ તે) આવી જાય છે. આવી 'કુદરતી સ્તઓત યસ્ન,' કે જે ખુદ કેર્દેપ ધારણ કરીને રયોમંદ ગતી રાખીને, દાદાર અને તેના યઝતો સાથે હમાજોર થઇને રહે છે, (જેઓને મીગ્રે-બરીન કહે છે, જેને યઝશ્નેમાં ચોકકસ ખાસ ઈબારતે યાદ કીધી છે), તેવા કુદરતના સ્તઓત યસ્ન ઉપરથી પોતામાં ખુદ તેવી રયોમંદ ગતી એટલે તેવી સ્તઓત યસ્નની ગતી રહેવાથી દાદારના હોકમથી ઝરથુશ્ત્ર સાહેબે પોતે તેની નકલ ઉપરથી નકલી સ્તઓત યસ્ન ઉભી કીધી છે, જેને યઝશ્નેમાં ખાસ ઈબારતથી યાદ કીધી છે, જેને **"ફરહંગાન ફરહંગ"** કહે છે-કેમકે તેમાંથીજ બધી તન-મન-રવાનને લગતી તેમ જડતા-સુક્ષ્મતાને લગતી દરેકે દરેક વીદયાઓ Sciences નીકલી શકે. આવી ઝરથુશ્ત્રે બનાવેલી સ્તઓત યસ્નમાં હુમત-હુખ્ત-હવરશ્ત એમ ત્રણ મુળ ભાગો છે. આ **સ્તઓત યસ્નને** શીખવાને માટે બુધ્ધી બળ અને

((ફુટનોટ માટે જુઓ પાનું ૨૮ મું).

ધારેલું કામ કરી રહો. ભણું છું માટે અહુરમઝદની સેવા કરૂં છું,

(પાને ૨૭ મે થી ફુટનોટ ચાલુ).

તેની પુર્વનું અશોઇનું બળ બેઉ જોઇએ છે. આ હવરશ્તના ભાગમાં ૩૩ બાબો આવે છે, જેને **"સતુદ યશ્ત"**ને નામે પહેલવીમાં ઓલખે છે. આ બાબોમાંની અનેક બાબદોમાં શબ્દ-ઉચ્ચારો અને તેઓની અંદરની છુપી તલેસમને માપવાની, જાણવાની અને વાપરવાની વીદયા છે. આવા શબ્દ-ઉચ્ચારોની વીદયાના ધુરંધર કાયદાઓ છે, જેઓમાંથી વ્યાકરણના કાયદા નીકલેલા છે. આવા કાયદાઓની રૂએ **માંથ્રો** ઉભા થયા છે. આવા થયલા માંથ્રો કુદરતમાંના માંથ્રોની સાથે (ફીનોમીના Phenomena અને નોમીના noumena)ની ઉસુલ આ કુદરતી માંથ્રોજ છે) એકતાન થઇ શકે છે-થઇ રહે છે. આવા માંથ્રોની અંદર ત્યારે 'ખુબસુરતી,' 'હુરઓદ,' ખેંચાણ કહેતાં મીથ્રોની ગતી, દાદારની ગતી દેખાડતી અજાએબી પડેલી છે. અવસ્તેઇક માંથ્રો, જેઓ કુદરતના માંથ્રોની ઉપરથીજ છે, તેઓમાંબી ત્યારે એવા મીથ્રો રહેલા છે. ત્યારે અવસ્તાઈક માંથ્રોની સાઝશ્ની એવી છે, કે તે માંથ્રોમાંજ મીથ્રની ગતી જે કુદરતી નેમ બતાવે છે તેવી મીથ્રીક ગતી અહુરમઝદની નેમની ગતીની સાથે સાથ જુક્ત તરીકે રહેલી છે. જ્યારે જ્યારે માંથ્રો કાયદેસર ભણાય છે, ત્યારે ત્યારે સ્તોતો થઇને સ્તોતોની સુક્ષ્મ હુરઓદ આકૃતીઓ થાય છે, જેઓ કુદરતી કરોડોગણી મીનો ગતીને મલી તેઓને જોરે કુદરતી માંથ્રોમાંના મીથ્રોને મલી રહીને કુદરતના મીથ્રને, કુદરતનાં કામને મદદ કરતા થઇ રહે છે. આમ ત્યારે માંથ્રોની અંદરજ મીથ્રો કહેતાં દાદારની સાથે રહેલી સૃષ્ટીને ભલે કીનારે લઇ જવાની યોજના ખુબસુરત આકાર કરતી રહે છે. કુદરતની આવી માંથ્રો-મીથ્રોની ગતી એટલે સ્તઓત યસ્ન યઝતોની સાથે સાથજ હોય છે. માટેજ યઝતોને **હુરઓદ** કહયા છે. અવસ્તા વાણીબી આવી હુરઓદની ગતી ઉભી કરે તેવીજ છે. માટે જયારે જ્યારે અવસ્તાના માંથ્રો કાયદેસર ભણાય છે, ત્યારે યઝતી ગતીઓ માંહેલી અબજોગણી મીનો ગતી તે ભણાતા માંથ્રોને મલીને યઝતોને મલી રહે છે, માટે તો ઇનુમન વગર અવસ્તાનાં ભણતરો હોઇ શકતા નથી. ભણનાર ગમે તેવોબી ગુનાહગાર હોય પણ જો કાએદેસર (કાએદેસર એટલે તન પાક કરી, સુદરેહ કુશ્તી-ટોપી પેતાવા રાખી, કુશ્તી કરી, સરોશ બાજ કરી, ગાહે કરીને) માંથ્રો ભણે, તો માંથ્રોની ગતી રૂપીએ છ આની જેટલી ખીલેલી ખુબસુરતીવાલી થવીજ જોઇએ. જો **"દ્રેન્જય"**ની રીતે ભણે, તો તે મીથ્રોની ગતી રૂપીએ આઠ આની જેટલી થાય, **'મર'**ની રીતે રૂપીએ દસ આની જેટલી થાય, અને **સ્રાવી ગાથવ્ય વચથી** રૂપીએ રૂપીઆ જેટલી થાય. પણ જો બીન-કાયદે માંથ્રોને ભણે, તો તે મીથ્રોની ગતીની **'ખુબસુરતી'**માં ખામપણું આવે છે, જેને કુદરત સમારીને દાદારના ગન્જમાં મોકલે છે, જેથી ભણનાર ઉપર કેશાશ ચઢે છે. કાયદાસર ભણનારની ગતીથી ભલેને છ આના જેટલી ખીલેલી આકૃતી થાય, પણ તેઓને કુદરત સીરફ ઉઝદાઓ કરે છે, develop ખીલવે છે, માટે તેનો કેશાશ ચઢતો નથી. આટલી વીગત માંથ્રો માટે ઠીક થઇ પડશે.

એમ એકજ વીચાર દોડાવ્યા કરીને ભણી જવું તેને 'દ્રૂન્જય' કહે છે. પણ આમ ભણતી વખતે તેણે સ્થીર ઉભા રહેવું, હાલવું ચાલવું નહિ, કે જેથી માંથ્રોના ભણવાથી થતા સ્તોતોની આકૃતી પુખ્ત થઇને પોતાનું કામ તે ભણનારની નઇઅતે પુખ્તી મેલવીને કરી રહે. પણ જ્યારે ઇનસાન ચોકસ આસને બેસીને એટલે દો-ઝાનુની રીતે બેસીને પછી ઉપલો વીચાર દોડાવી તેમ બીજો ખાસ વૃદ્ધિનો વિચાર દોડાવીને ભણે, તેને 'મર' કહે છે. કંઇબી ગણત્રી કરીને ભણવું તેને "મર"ની રીતે ભણવું કહે છે. પણ જો કોઇ ઇનસાન ભલી નઇઅતવાલો હોય અને નીશ્ચય કરી શકતો હોય, ધ્યાનને એકાગ્ર કરીને ભણી શકતો હોય અને મીથ્ર ઉભા કરી શકતો હોય, તો તે નર ભણતરમાં રહેલા ખરા અર્થોને મનમાં ફેરવતો જઇને ભણે, તો તેને **"સ્રાવી ગાથવ્ય વચ"**ની રીતે ભણવું કહે છે. આ ત્રણમાંની જેબી રીત અનુકુળ પડે તેમ કુશ્તી-પાદયાવ કરીને પોતાની અઇપીમાં ભલો નાદ, ભલી પ્રાર્થનાનો દમ ચાલવા દેવો, અને દુજ જે નીકલતો રહે છે તેને રોકયા કરવું-ગેહેગેહ એમ કુશ્તીનો અમલ રાખવો. આટલું તો દરેકે દરેક બસ્તે-કુશ્તીઆને કરવુંજ જોઇએ-નહિ તો તે બસ્તે-કુશ્તીઆન કહેવાય નહિ.

## ન્યાયશ તથા યશ્તની ફરજયાત બંદગીથી થતા ખાસ ફાયદા.

નીઆએશની પ્રાર્થનાથી ઇનસાન પોતાનાં તન-મનને દરોસ્ત કરી, તેના વોહુન-ખુન (લોહી)ને મજબુત કરીને, મનને મજબુત કરીને, દીનને તાબે થઇને પુરૂષાર્થ કરીને આગળ ચાલે છે, એટલે પોતાની ઉપર પડતાં સુખ દુખથી તે ડગમગતો નથી, પણ હઓમી થવા, કોમ અને જન સમાજની સેવા કરવાની લાએકાત મેલવવા એટલે અહુરમઝદનાં જગતનાં ખેતરમાં ભલી ખેતી કરનાર ખેડુત તરીકે લાયકાત મેલવવા આગળ વધે છે. તે પોતે વૃદ્ધી કરનાર ખેડુતની (વાસ્ત્રીયોશ) અને હુતોખ્શની ઉપમામાં આવી ચઢે છે. પછી યશ્તોનાં ભણતરો તેને ઉરવાનની ખેતીનાં કામમાં કુશળ કરાવીને તે ખેતીને જ્યારે અહીરીમન લુટવા આવે ત્યારે તેની સામે ચોકી કરવાની લાયકાત અપાવે છે, એટલે તે રથએસ્તાર થવાની હાલતે પુગે છે, બદીને તોડી શકવાની હાલતે પુગે છે. ત્યારે નીઆએશનાં ભણતરોથી ઇનસાન પોતાની તન-મનની હાલતને સુધારી દરોસ્ત કરી પોતે દુખ કે સુખને સમાંતર ગણીને તન-મનમાં શખ્સીઅત ઉભી કરી પોતાની ખેતી કરી-પારકાંની ખેતી કરવાની લાયકાત મેલવશે, અને યશ્તનાં ભણતરોથી પોતાની અંદરના દએવને=અજ્ઞાનતાને, હવસોને

પરહેઝી–રોકીને અને પછી મારીને બીજાંઓમાંથી દુર કરવાની હાલતે પુગવાની કોશેશમાં રહે છે.

આમ ત્યારે જે કોઇ પોતાનાં તન–મન **અને** રૂવાનને સાચ્ચો નીવડી, મા–બાપ બઇરી–છોકરાં–કોમ–જનસમાજને સાચ્ચો નીવડી, અહુરમઝદની હુતોખ્શી–નોકરી કરવા માંગે, એટલે જે કોઇ **નવ ઘેના**, નવ અતી ખુબ-સુરત દીલચસ્પ અલંકારીક નાઝનીનો, એટલે અશોઇની ખુબસુરતીએ પુગવા માંગે, તેને માટે આ કેતાબમાં આપેલી બંદગી વગરનો બીજો કોઇ રસ્તોજ નથી. બાકી મનના ફાંટા પ્રમાણે કરવું તેમાં તો ફરેબ છે, deception છે, કેમકે જો તે મન સાચ્ચુંજ હતે, તો પછી તે ઇનસાન મોહતાજ, દુખી અને ફાંફાં મારતો, રસ્તો શોધતો, વખવખતો, અસંતોષી, સ્વાર્થી અવત્યાં મારનારો, હવસમાં ડોળાતો અને બીજાંનું જોઇને દુખી થતો એટલે તેવું પોતાને કયારે મળે તેવી આશા રાખતો, ઝર–ઝોર અને હકુમત તરફ ખેંચાતો રહેતેજ નહિ. માટે **ઇનસાનનાં મન-વીચારમાંજ તેની કમનસીબી છે–તેની બદબખ્તી છે, જેને દુર કરવું તેજ તેનો ધર્મ છે, તે ખરેજ પ્રાર્થના છે, જે આવીજ હોઇ શકે.**

# અષૅમ્ વૉહૂ.

**અષૅમ્[1] વૉહૂ[2] વહિશ્તૅમ્[3] અસ્તી,[4] ઉશ્તા[5] અસ્તી[6];**
**ઉશ્તા[7] અહ્માઇ[8] હ્યત્[9] અષાઇ[10] વહિશ્તાઇ[11] અષૅમ.[12]**

## શબ્દાર્થ સહીત તાવીલરૂપી તરજુમો :

અષ[1] યાને અષોઇ (જે વ્યવસ્થા કરીને મોક્ષની મુરાદે પુગાડનાર શકિત છે, જેને નવ ઘેના, નવ ખુબસુરતીઓ કહી છે, જે દરેકમાં આઠ જાતની ગતી પડી છે એમ ૯×૮=૭૨ પગથ્યાં રાખતી શકિત છે, જે સૃષ્ટીનો મુળ પાયો છે–યઝતોનો મુળ પાયો છે, તે અષોઇ) ‖ ભલી[2] ગોસ્પંદી (છે, એટલે પરોપકારી વૃત્તીવાળી છે, જેને યઝતી ગતી એટલે બઓદાંગની વૃત્તી કહે છે તેવી છે;) ‖ (જે) સરસમાં સરસ[3] છે[4] (એટલે અતી ઉત્તમ રીતે પરોપકારી વૃત્તીનું કામ કરાવી શકે તેવી છે–બહમનનું કામ, જે અહુરાનાં અંતકરણની મુરાદ રાખે છે, તેવું કામ કરાવી શકે તેવી છે–અષ વગર બીજી કોઇબી શકિત તે કામ કરાવી શકે નહિ એમ અષ સરસમાં સરસ છે;) ‖ (તે અષ) અનંત સુખ[5] છે[6] (યાને પરોપકારી વૃત્તી કીધાથી ઉશ્તાનું એટલે હમેશગીનું અમર સુખ હાંસલ થાય છે, તે સુખ પોતેજ અષના ૭૨ પ્રકારોમાંનો એક પ્રકાર છે.) ‖

તે ઉશ્તા,[7] તે ઉત્તમમાં ઉત્તમ સુખ, (તે અમર સુખ કે જેમાં સ્વાર્થની જગા નથી, માટે દુખ થવાની, નીરાશી થવાની જગા નથી, જેમાં બધું આપવાનુંજ છે, જેમાં લેવાનું કંઇ નથી, એટલે જેમાં બીસ્યારપણું, અખુટ ખજાનો એટલે પરોપકારનો ખજાનો છે, તે ઉશ્તા) ‖ તેનેજ[8] (એટલે પરોપકારી વૃત્તી રાખનારનેજ–પોતાના સ્વાર્થને તજનારનેજ–પોતાનું નહિ જોતાં પારકાનું જોનારનેજ મળશે; પરોપકારનો અખુટ ખજાનો જે અહુરમઝદનો ખજાનો છે તે તેવા બીનસ્વાર્થીનેજ મળશે.) ‖ ત્યારે[9] તો (અએ ઇનસાન! તુંને લાઝમ છે કે) ‖ આવી અષ[10] ‖ અને તેને મેલવવાની આવી બીન સ્વાર્થી ગતી જે અષ વહીસ્ત અને બહમનમાં (છે તે[11] યાને એવી અષ વહીસ્ત અને બહમનની ગતીને મેલવવા) માટે ‖ આઝાદગીને[12] મેળવ–પોતાના હવસોને રોકીને બાંધ (પોતામાં જે કંઇ ચાલી રહે, જે બહાર નીકલશેજ–પોતાનો સીકકો બજાવશેજ–તેણે જેવો પોતાનો

સીકકો બજાવ્યો કે તેને રોકીને ફરીથી તે ફાવે નહિ માટે તે હવસોને બાંધવા-રોકવા, તેનો એકરાર કરવો અને તે ફરીથી નહી થાય તેનો નીશ્ચય કરવો; એમ હવસોને રોકીને હવસોથી મુકિત મેલવવા-આઝાદગી મેલવવા માટેજ એવી આઝાદગીને તું મેલવવા તૈયાર થા અને તન-મન-રૂવાનની તરીકત ઉપર ઉસ્તવાર થા.) ॥

---

## ક્નૂમીક શરેહ.

અર્યમનો કલામ જ્યારે ભણાય છે, ત્યારે તેના સ્તોતો થઇને ભણનારની આસપાસ તેની માંગેલી મુરાદની આસપાસ ફરી વળીને તેને કીલ્લા સમાન ઘેરી લે છે અને તેમાંની ભલાઇને ઓર ભલી કરીને બુરાઇને બાળી નાંખે છે. ત્યારે આ ભણતરની આકૃતી એક ગોળ પૈડાંની માફકની છે, કે જે પૈડાંમાં વચમાં ગાળાઓ રહે છે. આ ગાળાઓમાં જેબી કંઇ બુરાઇ હોય તે સપડાઇને સંકોચાઇ જાય છે, જ્યારે પૈડાંનાં ચકકરમાં અને સાલોમાં ભલાઇને ટેકો મલે છે.

યથા અહૂ વઇર્યોનો કલામ સુદરેહ રૂપ છે, કે જેમાં આખી સૃષ્ટીની ભુગોળ અને ઇતીહાસો અને તેની આખેરની આકેબતનાં બ્યાનો છે. અને અર્યમનો કલામ આ સુદરેહ ઉપરની કુસ્તી છે, જે સુદરેહનું કાર (Mission) બજાવી રહે છે. જ્યારે કંઇબી બુરો-ભલો વીચાર નીકલે ત્યારે મનમાં અર્યમ ભણવું, કે જેથી તેમાંનું ભલું સચવાય અને બુરૂં પોતાની કઝાએ પુગીને આપણને સઝા-જઝા મલી રહે. યઝશ્નેના ૨૦ માં હામાં આ અર્યમ વોહુની શરેહ આપી છે, જે તેની જગાએ ખોલવામાં આવશે. આ લખનારની કેતાબની "નીકીઝ"ના બીજા ભાગના ૫૧૮ થી ૫૨૫ માં પાનાં લગીમાં તે સમજ આપેલી છે. વળી યઝશ્નેના ૬૧ માં હામાં આ અર્યમની ખુબીના ભેદને જણાવેલો છે. ત્યાં કહયું છે કે અર્યમને જમીન અને આસ્માન વચ્ચે જોશથી વસાવીને શાદી-રામેશ્ની પાથરૂં. રજેરજનું બધુંજ અહુરમઝદે કીધું છે, દએવીક ગતી યાને અજ્ઞાનતારૂપ અંધકારની ગતીને રોશન કરવા તે બધું છે, જે બધાંની ઉપર તેનો પુર્ણ કાબુ છે. ગાથા ૪૩; ૧૧ માં જણાવેલું છે કે **"અસ્તવત્ અર્યમ ખ્યાત્ ઉશ્તાના અઓજંઘહુવત્** 'હાડમંદ ગેતી ઉશ્તાનથી (અમર ગતી અપાવનાર દાદારની ગતીથી જીવન પામી આબે-હયાત પામ્યાથી-પામીને) કુદરતની અઓજની શકિત જેવી થઇ કુદરતની શકિત પામી અશોઇની ગતીને ચાલુપણા માટે પામતી રહે એટલે ગેતીમાંથી

દુજ જાય અને અશોઇનું રાજ થાય.' હદ+ઇનસાફ પ્રમાણે બધું ભલું બુરૂં થઇને આખરે કઝાએ પુગીને મોક્ષે જશેજ. માટે ભેદમાં કહે છે કે રજેરજની આસપાસ અહુનવર છે, અર્પમ છે, અને વળી "હુ ફ્રાયશ્તાંમ"=ભલી રીતે કામ સફળ થાય તેવી રીતે અહુનવર અને અર્પમને જોડનાર એકતાન કરાવનાર "યેંઘહે હાતાંમ" ફરી વળેલો છે. એટલે અહુનવર કે જેમાં તે દાદારની મરજી રહી છે, જે અર્પમ કહેતાં વ્યવસ્થાની સદગતી કરાવવાની છે, તેવી દાદારની મરજીને એટલે તેની મરજીથી થયલી સૃષ્ટીને, તે સૃષ્ટીમાં રહેલી ખામીને અપ તરફ સદગતીએ પુગાડવાની છે, એમ તેની મરજીથી થયલી સૃષ્ટીમાં અશોઇ, આઝાદગી આણવા, મરજી અને વ્યવસ્થા=અપને મેલવવા, 'યેંઘહે હાતાંમ'ના ભેદને તેઓની વચ્ચે દોડાવેલો છે, એટલે હસ્તી તરફ જવાનું પ્રગટીકરણ, ઝરથોસ્તી દએન કીધેલી છે. આમ રજેરજની આસપાસ અહુનવરનો નાદ, અર્પમનો નાદ, અને યેંઘહે હાતાંમનો નાદ ચાલુ છે, જેઓ આખરેઓ તે રજમાંની દએવીક ગતીનું હદ+ઇનસાફ પ્રમાણે માંગતું અદા કરાવી, ભલો બુરો ભોગવટો થવા દઇને મોક્ષે પુગાડશે.

કુદરતમાં ચાલી રહેલા આવા અહુનવર અર્પમ અને યેંઘહે હાતાંમના નાદોની ઉપરથી પેગામ્બર સાહેબે તેઓની બરાબરીમાં આ કલામો ઉભા કીધા છે. આ ત્રણ બંદગીઓ કદીમમાં કદીમ છે. ગેતી ૮૧,૦૦૦ વર્ષના દોરમાં ફરી રહીને જગરેલથી લય થઇને પાછી ૮૧,૦૦૦ વર્ષ લગી એટલે દરેઘો ખદાન લગી દોડી રહીને પાછી લય થાય છે, એમ થયાજ કરે છે. દરેક દરેઘો ખદાતમાં ઇતીહાસનો પાઠ એક સરખો પણ જુદા જુદા મીઝાઝનો થયાજ કરે છે. ત્યારે દરેક દરેઘો ખદાતની શરૂઆતમાં આગલા દરેઘો ખદાતના ઝરથુશ્ત્રનું જે હોય તેને પછી નવા દરેઘો ખદાતનાં ઝરથુશ્ત્ર તાઝે કરે છે. એમ ત્યારે આ બંદગીઓ કદીમ છે અને ઉતરી આવે છે તેનો કંઇક ખ્યાલ આવશે. આવી ક્ષ્નુમીક બાબદો ઉપર આજે ગાફેલ્યતનો પરદો પડેલો છે, અને આજે જડ જ્ઞાનના જમાનાએ તેને ઓર ભુલાવામાં દાટી દીધેલો છે, એટલે આવી બંદગીઓના રહસ્યનો ખ્યાલ આજે આવતોજ નથી. અને તેને સાધારણ ઝબાનનાં લખાણ જેવું ગણી નાંખે છે અને તેઓની માંથ્રીક ગતીને વીસારી નાંખે છે. અર્પમ વોહુ ભણવાના ફાયદાઓ અવસ્તામાં જાબજા જણાવેલા છે. આ ફાયદાઓ દએવીક ગતી=કુદરતના ભેદને નહી સમજવાની યા ખોટી રીતે સમજવાની ગતીને રોશન

કરાવનારા છે, તેઓ માની લીધેલી એ ત્રણ દીવસની દુન્યવી જડ સ્વાર્થી મોટાઇ આપનારા નથી. સહવારના પહોરમાં ઉઠતાંને વાર, આખા દીવસમાં કામકાજ કરતી વખતે, તેમ મરણને છેડે એકલાં મને શ્રદ્ધાથી અષેમ ભણવાના ફાયદાના શુમાર લેવાની ગતી આપણાં ભેજાંમાં નથી એમ એટલુંજ ટુંકમાં કહીશું. 'અષ' શબ્દ લોઘ્રતીક છે એટલે તેના અર્થો પાનાંનાં પાનાં ભરાય તેટલા બહોળા છે. માટે જુદે જુદે ઠેકાણે જુદી જુદી રીતે લાગુ પડે છે. અષને સચ્ચાઇ તરીકે સીરફ લીધાથી અવસ્તાની અંદરનો ભેદ સમજાઇ શકાય નહિ. અષને શકિતવાલી જીવતી જાગતી રયોમંદ ગતી કહી છે. ત્રણ કશ–છ કશ–નવ કશની અષોઇ એમ અષનો જુદો જુદો પ્રભાવ છે. માટે જુદો જુદો અને બહોળો વીસ્તાર છે. અષની નવ અલંકારીક ઘેનાઓ, તેઓનાં નામો વીગેરેના ભેદો અવસ્તામાં છે. અષનો સાદામાં સાદો અર્થ વ્યવસ્થાનો છે. બીજો સાદો અર્થ આઝાદગીનો છે એટલે હવસોને તજવાનો છે. હવસોને તજવા મહેર=સચ્ચાઇ એટલે પાપોનો એકરાર થવો જોઇએ. માટે અષને સચ્ચાઇ તરીકેબી કહે છે. પણ આવા સાદા અર્થોથી અષને લગતા ભેદો સમજી શકાય નહિ.

# યથા અહૂ વઇર્યો.

---

**યથા[૧] અહૂ[૨] વઇર્યો[૩] અથા[૪] રતુશ[૫] અષાત્[૬] ચિત્[૭] હચા,[૮]**
**વંઘ્હેઉશ[૯] દજ્દા[૧૦] મનંઘ્હો[૧૧] શ્યઑથનનાંમ્[૧૨] અંઘ્હેઉશ[૧૩]**
**મઝ્દાઇ,[૧૪]**
**ક્ષથ્રેંમચા[૧૫] અહુરાઇ[૧૬] આ[૧૭] યિમ્[૧૮] દ્રગુબ્યો[૧૯] દદત્[૨૦] વાસ્તારેંમ.[૨૧]**

## શબ્દાર્થ સહીત તાવીલરૂપી તરજુમો:

જે પ્રમાણે[૧] (એટલે ઉપર નહિ કલ્પી શકાય તેવે ઠેકાણે, જેને ઠેકાણુંભી નહિ કહેવાય ત્યાં કોઇક છે તે પ્રમાણે–તેવી ગતીનો ખુદ તે) || એક જોડી વગરનો ન કલ્પી નહિ શકાય તેવો સાહેબ–ઇ–હસ્તી છે,[૨] || (તેનો) હોકમ[૩] (બહાર પડયો, તેનો શબ્દ–મુનાદી–ઢંઢેરો બહાર પડયો, કે એમ એમ થવાનું છે; સૃષ્ટી આ સુન્યમાંથી થવાની છે તે થાઓ, એમ હોકમ થયો છે), || તે પ્રમાણે[૪] (અમર ગતીના દોરાનો થયા, એમ સુન્યની ઉંઘમાંથી ભાનની બેદારીમાં આવતી અમર ગતીઓ થઇ; પહેલે એવી નવ અમર ગતીઓ થઇ, પણ તેઓ ભાન નહિ રાખવે પછી 'હદ+ઇનસાફ' થયા, અને તે હદ+ઇનસાફ પ્રમાણે તે નવ અમર ગતીમાંથી દસમો દોર થઇને તે બધા દસે દસ મલીને **"ફ્રવષી"** થઇ, જે તે અહૂની હાથ હેઠળની સરદાર ગણાઇ; એમ) || મદદનીશ સરદાર[૫] એટલે ફ્રવષી (થઇને), || **અષમાંથી**[૬] (એટલે સૃષ્ટીનો પાયો જે ઉપરના ઢંઢેરામાં હોકમમાં કરવા કહેલો તેવો કાઢીને તે અષમાંથી) || ચીઝ યાને સૃષ્ટી[૭] (કાઢીને પોતાથી દુર કીધી, જેને પાછી) || (પોતા) તરફ[૮] (અને અહૂ તરફ લેવાની છે: તેથી)

(પહેલે નીશ્કામ વૃત્તીની ગતી, યઝતી ગતી કાઢીને તેઓ મારફતે ખરફ્સ્ત્રી સૃષ્ટીને આગળ પોતા તરફ ચલાવવા ધારી છે, એમ) || ભલા ગોરપંદી–નીશ્કામ વૃત્તીના[૯] || વીચારવાળી[૧૧] (એટલે પોતાનું નહિ પણ પારકાનું હીત જોનારી) || ઉભી થયલી ચીજો[૧૦]–યઝતોને (કાઢયા, જેઓ ખરેખરના તોફો રૂપના અમુલ્ય છે, જેઓ) || (કાચી ભુલવાલી ખરફ્સ્ત્રી) સૃષ્ટીની[૧૩] (સદ્દગતી કરવા થયા છે), || મઝદા માટેની[૧૪] (કરવા **એટલે તે કાચી સૃષ્ટીને મઝદાની ધારણા પ્રમાણેની કરવા એટલે 'હચા'= ઉપર પાછી તેમાં ફરી શકે તેવી કરવા, એમ મઝદા માટેની સૃષ્ટીની**

સદગતીવાલું) || કામ કરવાની ગતીના[૧૨] (તે યઝતો છે, માટે તેઓને ક્ષથ્ર= અધીકાર, સ્રૃષ્ટી રચવાનો અધીકાર મળેલો છે–આવો અધીકાર કાચી ભુલવાલી સ્રૃષ્ટીમાંના કોણને મલી શકે ?) || તે અધીકાર,[૧૫] (ઉપર યઝતોને મળેલો છે તેવો અધીકાર, જે) || અહુરા માટે[૧૬] (નો છે, એટલે અહુરાની મરજી જે અહુનવઇર્ય છે તેની મુરાદ બજા લાવનારો છે તેવો અધીકાર, એટલે પાદશાહ તરીકેની સાહેબી–ઇનસાફી રાજ કરવાની ગતી) || (તેનેજ મલવા ધારેલી નેમેલી છે)–મુકરર થયલી[૧૭] (છે), || જેને માટે[૧૮] (તે ક્ષથ્ર મુકરર થયલી છે, કે જે ગીનોઇ ખેતી કરે એટલે પોતાને ભોગેબી પારકાની નેજાત થાય એવું કરે, એમ પોતાનો સ્વાર્થ તજીને પારકાંનું જોનાર થાય, એમ) || એક મીનો ખેડુતને[૨૧] (જે પોતાનું નહિ જોતાં પારકાનું ઇચ્છે, પારકાને લગતી ખેતી કરે, તેવા મીનો ખેડુતને તે અધીકાર મલશે, કે જે ખેડુત) || દરવીશોને[૧૯], (એટલે જેઓ પાપવૃત્તી દુન્યાની લાલચમાંથી છુટવા મહેનત કરી રહે છે, જેઓ ખરેખરની ગીનોઇના મોહતાજ છે તેવા મોહતાજોને, જેઓ સ્વાર્થને છોડવા માંગે છે છતાંબી સ્વાર્થના ખાડામાં પડયા કરે છે તેઓને || (તેઓની મોહતાજી દુર કરવાને માટે અને એમ તેઓની નેજાતનો રસ્તો ખુલ્લો કરાવવાને માટે મદદ આપવા જે કંઇ ભલાઇ પોતા પાસે છે તે એટલે પોતાનું પુન્ય) આપી દે છે.[૨૦]

(હવે એજ તરજુમો એવીજ રીતે વધુ ઉંડાણ તાવીલની સમજથી હેઠળ આપેલો છે–લોધતીક શબ્દોના લોધતોને વધુ ઉકેલાવીને આપેલો છે. આ બધા શબ્દોને ગ્રામરને કાયદે એમના એમ ઉકેલે તો તેમાંથી અર્થ નીકલે નહી, પણ શબ્દોના લોધતો ગ્રામર જે વપરાયું છે તેને સચાવે છે તેમ વળી ખરો તાત્પર્ય ખોલે છે હવે તે જોઇએ :)

## પહેલી લીટીની તુલોતવીલ તાવીલ:

જેમ[૧] (એટલે ન કલ્પી શકાય તેવે ઠેકાણે, ઉપર, જેને ઠેકાણું કરીનેબી કહેવાય નહી ત્યાં તે એક સાહેબ છે, કે જેનું નામ નથી, જેના ગુણ નથી, જેનો પેદા કરનાર નથી, જે કશામાં આમેજ નથી, જેમાંથી જે કંઇ નીકળે તે તેના જેવુંજ નીકળે, જેમાંથી સ્રૃષ્ટી નીકલી નથી, જે સ્રૃષ્ટીથી અંજાણ નથી, છતાં જે બધાનું મુળ છે તેવા મુળમાંથી જેમ) || એક ધણી સાહેબ[૨] (નહી સમજી શકાય, નહી કલ્પી શકાય, નહી માપી શકાય પણ સીરફ બતાવી શકાય કે **'અહુ'**=તે પેલો કોઇક છે તેવો અહૂ બહાર પડે છે, અને **'ખાઓ અક્રજયમ્ન'**=અખુટ ઝરો–અખુટ લીલાશ ઉભી કરીને તેમાં નવના અએદાદના દોરાનો ચલાવે છે, એટલે મર્જની

ઉંઘમાં પડેલી નવ શકિતઓને ભાનમાં જાગ્રત કરે છે. તેઓમાં નીરૂ-અઓજ-તગી-ઝોરની શકિતઓને મુકીને, તે નવ દોરાનોને એટલે જે નહી કલ્પી શકાય અને જેનો છેડો કે શરૂઆત નહી માપી શકાય તેવા દોરાનોમાં ફરી રહેલી શકિતઓને-જે અત્યાર લગી મજર્ની ઉંઘની હાલતમાં તે અહૂમાંજ રહી હતી તેઓને-ભાનમાં આવવાની ગતી ઉભી કરે છે. પણ તે નવ દોરાનો પુર્ણ ભાનમાં આવતા નહી હોવાથી, તે અહૂ નીરૂ-અઓજ-તગી-ઝોરની શકિતઓથી 'હદ+ઇનસાફ'ની જમાને ઉભી કરીને, પાછી તે હદ+ઇનસાફને તે નવ દોરાનમાં જમાવીને, એમ તે હદ+ઇનસાફ-વાળા તે નવ દોરાનોમાંથી દસમો દોરાન ઉભો કરે છે, જે દસમાં તે નવ મલી જઇને પુર્ણ ભાનમાં, બઓદાંગની હાલતમાં, હુદાઓંઘહોની હાલતમાં આવે છે. આમ બગોને મજર્ની ઉંઘમાંથી બઓદાંગની બેદારીમાં આણે છે; એમ કરનારબી તે એકનો એક સાહેબ અહૂ) ‖ પોતાનો હોકમ[3] (સંભળાવે છે, કે તમો બેદાર થઇ, મારી સાથે સંબંધ કરી, મારી આ શકિત નીરૂ મેલવી તાબેદારી ઉઠાવીને મારા હોકમ પ્રમાણે કામ કરીને તે વઇર્ય=અહુન-વઇર્યમાં સ્રષ્ટી કાઢવાની જે વસીઅત છે તેમ શરૂ કરો); ‖ તેમ[4] તે મુજબ (તેઓ બધા બગો જાગૃત થઈ તે અહૂમાં યઓન=પેવંદ જોડી, તેનો પ્લાન-રસ્તુને જાણી, બંદેવાર તરીકે એટલે આરમઇતીથી તેને ચલાવવા ફ્રવષી તરીકે થઇ તે અહૂના નાદ અહુનવઇર્યથી થતાં અસ્મ અને વાયમાં પસરી રહે છે, અને કામ કરવાનું શરૂ કરે છે. એમ તે નવ અમર ગતીના દોરાનો દસમાં દોરાનમાં જાહેર થઇ એટલે એમ તેઓ દસમાં આવી એટલે એક થઇ જઇને), ‖ તે અહૂના નાયબરૂપ[5] (થઇ, ફ્રવષી થઇને તેના હોકમ અહુનવઇર્યને બરાબર ધ્યાનથી સમજી ગોખીને મનન કરી તે અહૂમાં મલીને કામ કરવા તત્પર રહે છે; એમ તે નાયબ રતુનું કામ હવે શરૂ થાય છે. સ્રષ્ટી-રચના કરવાનું મનન ફ્રવષી શરૂ કરે છે, અને રતુ-ફ્રવષીના તે મનનનાં કામનો નતીજો અષ=વ્યવસ્થા તરીકે અને તેમાંથી ઉભી થતી સ્રષ્ટી તરીકે થઇ રહે છે તેથી કહે છે કે) ‖ અષ અને તે અષમાંથી થતો નતીજો[6] (થાય છે એટલે ચીથ્ર થાય છે, એમ અષ થઇને તેમાંથી નતીજો ચીથ્ર થવામાં એટલે નવના અએદાદના નવ કેહર્પો થવામાં, નવ ગેના-નવ અમર ગતીની ખુબસુરતી ઉભી થવામાં આવે છે, જે નતીજા) માંથી ‖ બીજાં પરિણામો[7] (ઉભાં થતાં જાય છે, એટલે ફ્રવષીના મીથ્ર-મનનથી અષ=અષોઇ થઇ તેમાં માંથ્ર અને યસ્નનો નતીજો આવીને સ્તોત યસ્નનું ઇંડું, સ્રષ્ટીનું ઇંડું તૈયાર થઇ રહે છે, જેમાંથી) જે કાંઇ ‖ વધુ નતીજો આવે છે[8] (જે અહુનવઇર્ય પ્રમાણેજ છે, એટલે દુઇ=સામસામી

ગતી તે સ્તોત યસ્નના ચીથ્રના સેવણુથી જન્મે છે: તે બેમાંની એક શકિત **મીથ્ર** તરીકે રહી તેમાં મલવા માંગે છે, તેની તાબેદાર બને છે, જ્યારે બીજી દ્રવાઓ તરીકે રહીને તેની સામે બળવો ઉઠાવે છે. આમ તે **ચીથ્ર=અનહુમા**ની બે શકિત બહાર પડે છે, તેઓને પાછી અપોઇને જોરે ફ્રવષી તે ચીથ્ર=**અનહુમા**ની ખાહેશ-મુરાદથી મેલવીને એક કરે છે એટલે **હુચા**[૮] તરફ-તે એક તરફ જઇ શકે તેવી કરવા માંગે છે.)

## બીજી લીટીની તુલોતવીલ તાવીલ:

(પણ તે દ્રવાઓનાં અનંત ગતીનાં એટલે ઝરવાને અકરને જેટલાં બધાં અસંખ્ય રૂવાનો કંઇ **મીથ્રને** (એટલે તાકુલે-ખુદી=બઓદાંગને) મલીને એક થતાં નથી. કેટલાંકો તે ફ્રવષીના ઇલાકાની બહાર, આશીરવાદની બહાર **રહે** છે. માટે જેઓ તે આશીરવાદમાં આવીને **મીથ્ર**માં મલ્યા-અહુ-પરસ્તી કરવા લાગ્યા, તેઓએ પછી પોતાના તે આશીરવાદથી બહાર રહેલાં બીજાં ભાઇબંધ રૂવાનોને સુધારવા તે અહુનવઇર્ય પ્રમાણે આગલ ચલવલ કીધી, જેથી) ‖ પરોપકારી વૃત્તીની-પારકાને પોતાને ભોગેબી સુધારવાની વૃત્તીની એટલે બહમનની વૃત્તીની[૯] ‖ તોફો બક્ષેશરૂપ શકિતઓ[૧૦] (યાને યઝતો-૩૩ અહુ અને રતુઓ) ‖ ભલી વૃદ્ધીના[૧૧] વીચારમાં લીન થતી (બહાર પડી યઝતી સૃષ્ટી થઇ અને કામ કરવા લાગી, એટલે જેઓ હજુર સુધરયા નથી તેઓને સુધારવા યઝતો બહાર પડીને સૃષ્ટી રચવા લાગ્યા) ‖ એમ ખીશકારી કરવાનાં કામમાં[૧૨] (મચ્યા રહીને આસ્માનોને ચલાવી હસ્તી નીસ્તી ઉભી કરી તેમાંથી ગેતી ઉભી કીધી. એમ યઝતોનાં કામની) ‖ અંઘહુ=સૃષ્ટીનુ[૧૩] (ક્ષેત્ર-ગેતી-અહુરાની મુરાદે આખરે પુગે તેવી ખાકી હાડમંદ સૃષ્ટીને ઉભી કરીને તેમાં તે દએવના રૂવાનોને ઉતારીને સુધારી રહીને પોતાના (યઝતોના) જેવા અહૂના તાબેદાર કરાવી રહે છે, એમ સૃષ્ટીને ચલાવવા લાગ્યા. આવી સૃષ્ટીની થવાની મુરાદ) ‖ મઝદા માટેની[૧૪] (છે, એટલે સૃષ્ટી જે દએવ-અજ્ઞાનતાવાલી છે તેને પુર્ણ જ્ઞાની કરવા માટેની છે, એટલે પુર્ણ જ્ઞાની મઝદામાં તે મલી શકે તેવી કરવાની છે-એટલે મઝદા માટે થયલી અંઘહુ કરવાનાં કામમાં તે યઝતો રોકાયલા રહે છે, જેથી તે રૂવાનો તેઓની દ્રવાઓની ગતી, અજ્ઞાનતાની નાફરમાનીની ગતી, જે ગેતીના સુખદુખમાં બની રહે છે તેને ચાખી તેમાંથી પાઠ શાખીને સુધરીને પાસ થઇ ક્ષથ્ર=ખરો પરવાનો-લાયકાત બતાવતી ખરી દીગ્રી મેલવી રહે છે, એમ દ્રવાઓવાલાં રૂવાનો ગેતીમાં ભોગવટો કરી સુખ દુખ ભોગવી મોક્ષ માટેનાં કામ કરે છે, એટલે સંસારની પરિક્ષા

પાસ કરીને હસ્તી તરફ પાછા ફરવા પોતાથી ઉતરતા બીજાને પોતાની સત્તાથી તેરવવા મદદ કરે છે, અને દુન્યામાં જાહેર કરે છે, કે દ્રવાઓ =અજ્ઞાનતામાં સુખ દુખ છે જે તકલીદી છે, પણ ખરૂં હમેશગીનું સુખ તો જુદુંજ છે, જે સુખ યઝતોના જેવી ક્ષથ્ર=ખરી સનદ મેલવ્યા પછીજ મળશે.)

## ત્રીજી લીટીની તુલોતવીલ તાવીલ:

(પણ આ ક્ષથ્ર=આ પરવાનો, હમેશગીનું સુખ મલવાનો આ દવાર, જેને) ‖ ક્ષથ્ર[15] (કહે છે, તે ક્ષથ્ર તેવા પાસ થયલાનેજ મળશે. પાસ થવા ત્યારે તરીકત ઉપર ચાલવું જોઇએ અને પોતાને ભોગે પારકાંને તેરવવાનો, સ્વાર્થ તજવાનો મુદ્રા લેખ રાખવો જોઇએ. એમ તે ક્ષથ્ર જે અહુરાની સાથે સંબંધ કરાવે છે તે) ‖ અહુરા માટેની–અહુરાના સંબંધની[16] (ક્ષથ્ર તેનેજ મળશે, કે જે તેને માટે લાયક થએલો જડી આવશે, કે જે સુખ દુખ ખમી તેમાંથી પસાર થએલો હશે. માટે દુન્યાનું બધું તકલીદી સુખ દુખ) ‖ બરાબર રીતે[17] (હદ+ઇનસાફની રૂયેજ ગોઠવાયલું છે, માટે જગની કે ઇનસાનની ઉપર પડતી આફત બળા કે સુખ જાહોજલાલી ઇનસાફથીજ છે, માટે સુખ દુખ જે પડે છે તેને તમો શુક્રાના કરીને અંગીકાર કરો, અને તેમાંથી જ્યારે તમો ફત્તેહમંદીથી બહાર પડશો, ત્યારે તમોને તે ક્ષથ્ર મળશે. એમ તે સુખ દુખ તદન બરહક છે, ઇનસાફી છે, ફાયદાકારકજ છે. આવી રીતે મુકરર થયલાં સુખદુખમાંથી પસાર થઇ હમેશગીનું સુખ મેલવવાનો અધીકાર ક્ષથ્ર) ‖ તેનેજ[18] (મલશે–તેજ લાયક થયલો માલમ પડશે, કે જે દુખને ખુશીથી ભોગવી સ્વાર્થ તજીને સામાને તેરવવાનું મન પેદા કરશે; (એમ મીનો ખેડુત તરીકેનો તે થયલો માલમ પડશે, એમ) ‖ તે ખેડુતને–મોક્ષે પુગી બીજાંને પુગાડવાની મીનો ખેતી કરનારને–પોતાની દ્રુજની ખેતી કરીને તેમાંથી ગવની ગતી ઉભી કરીને બીજાંનેબી તેવી ખેતી કરાવવાની મદદ કરનાર ખેડુતને[21] (તે ક્ષથ્ર મલે છે, કે જે ખેડુત) ‖ દરવીશોને યાને સ્વાર્થી ગતી તજીને પરદુખભંજનની ગતીનો થવા માંગનારને, એટલે જેઓ સ્વાર્થેથી ભરપુર છે અને પરદુખભંજનની ગતીમાં ગરીબ હોવાથી પરદુખભંજનની ગતી મેલવી સ્વાર્થને તજીને તવંગર થવા માંગે છે એટલે સ્વાર્થ તજીને મોક્ષે પુગવા માંગે છે એવા હાજતમંદોને[19] (પોતાની ખેતી–પોતાની કમાયલી ગતી–પોતાની પામેલી તરીકતોનો નતીજો) ‖ આપશેજ–આપે છેજ[20] (એમ મીનો ખેડુત પોતે વધતો જઇને તે દ્રેગુબ્યો

કે જેની હાજત વધુ છે–જે મીનોઇના રસ્તામાં ફસી પડેલો છે, તેનો રસ્તો મોકળો કરવા પોતાનું પુન્ય આપશે–એમ બીજાંનેબી વધારતો જશે).

## અહુનવર બાબે ક્નૂમીક શરેહ:

**'યથા'**નો કલામ ઘણોજ ભેદી છે–તેના દરેક શબ્દોમાં ઘણું ઉંડાણુ રહ્યુ છે. ઉપરના ટુંક તરજુમા ઉપરથી આ કલામનો ભાવાર્થ જણાઇ આવશે. તે એક સાહેબે સૃષ્ટીને કાઢવા અગાઉ જે ફરમાન કાઢેલું હતું, તે ફરમાનને **'વઇર્ય'** કહે છે, એમ તે અહૂના ફરમાનને 'અહુનવઇર્ય' કહે છે. યઝસ્નેના ૧૯ મા હામાં એની ભેદી વીગત જણાવી છે. તેને **બગાન**= બગ કહેતાં યઝતી ગતીઓ, જે અહૂની આગળ ભાગ જેવી છે- આખી એટલે અહૂ જેવી નથી, તે બગને લગતો કહ્યો છે–નવ બગો થયા તેમાં એ દસમો છે. એમ **બગાન** શબ્દ ભેદ રાખે છે. આમ ત્યારે અહૂનું ફરમાન બતાવતો **યથા**નો કલામ, વાજબોની રાહે મનાય છે તેમ, સૃષ્ટીની શરૂઆત અને છેડાનું બ્યાન કરતોજ હોવોજ જોઇએ. આખી સૃષ્ટીનું થવું, તેનો વૈભવ અને આકેબત એ બધું તે કલામમાં ભેદી રીતનું, કઇ રીતનું હશે, તેનો ભાસ ઉપલા તરજુમા ઉપરથી કંઇક આવી શકશે. અહૂએ આ વઇર્ય કાઢયો હતો, ત્યારે તે યઝતોના યઝત જેવો–જીવતો જાગતો–પુર્ણ તાબેદારી બજાવતો, અણહદ ગતીવાલો, પુર્ણ જ્ઞાનવાલો નીકળેલો હતો, જેનાં જુફ્ત તરીકે ફ્રવષી થઇ હતી, જેણીએ પછી આ વઇર્ય=ઢંઢેરાના નાદોના ભેદો પ્રમાણે સૃષ્ટી કાઢવાનું શરૂ કીધું હતું. ત્યારે ફ્રવષી અહુનવઇર્યને ભણ્યાજ કરે છે, અને તેથીજ તેણી સૃષ્ટી–રચનાનું ભાન મેલવી શકે છે, એમ સરળ રીતે કહેવામાં શું ભેદ હશે, તેનો કંઇક ખ્યાલ આવશે.

ત્યારે અહુનવઇર્ય ખુદ બગ છે એટલે યઝતોનો યઝત છે, જે તે એક અહૂની આગળ રજ--ભાગ જેવો છે, છતાં કુળ સૃષ્ટી પેદાયશમાં બીહમાલ છે, જે કુલ સૃષ્ટીમાં પસરેલો છે. એટલે અહુનવઇર્ય બગ અને તેનો નાદ ફ્રવષીમાં અને તેમાંથી થતી યઝતી ગતીઓમાં ખુલ્લી રીતે જોડાઇને રમી રહયો છે, જેથી તે બધાંઓ આ અહૂની મરજી જાણીને તેમ વર્ત્તી શકે છે. વળી આ સૃષ્ટી જે હાડમંદ છે તેની રજેરજની આસપાસ અહુનવઇર્ય બગ નહિ પણ તેનો નાદ જેને **અહુનવર**નો નાદ કહે છે તે ફરી વળીને તે રજેરજને તે એક સાહેબનું અંતરજ્ઞાન કરાવ્યાજ કરે છે. માટે તે એક સાહેબ છેજ તેનું રજેરજમાં અંતરજ્ઞાન છે–અને તે એક સાહેબ ખુબસુરત છે એટલે વ્યવસ્થા કરનાર છે એટલે સાચ્ચો

છે–બચાવનાર છે એમ અપવાલો છે, તેનો નાદબી ત્યાં રમી રહે છે એટલે **અષેમ**નો નાદબી ત્યાં રમી રહે છે. એમ રજેરજની આસપાસ **અહુનવર**નો નાદ રમી રહે છે અને તેનો બચાવ કરે છે, એટલે તેને વૃધ્ધીમાં લઇ જવા કામ કરી રહે છે, જેનો ભેદ "અહુનેમ વઇરીમ તનુમ પાઇતી" "અહુનવર તનને બચાવે છે" તે વાકયમાં રહયો છે. આવી વૃધ્ધી થઈ રહે માટે **અર્ષમ**નો નાદબી ત્યાં વહી રહયો છે; અને આ બે નાદોની વચમાં **યેંઘહે હાતાંમ**નો નાદ, મેલાપ કરવાનો નાદ વહે છે, જે નાદ તે બેઉને જોડવા માંગે છે, એટલે સૃષ્ટી જે થઇ રહે છે તેને મોક્ષે પુગાડવા માંગે છે. રજેરજની આસપાસના **અહુનવર** અને **અર્ષમ**ના નાદો જ્યારે **યેંઘહે હાતાંમ**થી જોડાશે એટલે અહુનવરથી થયલી સૃષ્ટી પોતાના પાપ–પુનોને વાપરી નાંખી અપ ધારણ કરીને તે સાહેબનો સંબંધ કરશે, ત્યારે રજેરજ એક બેનમુન સ્તોતમાં નુરમાં ફેરવાઇને રયોમંદ થશે.

ત્યારે હસ્તી કે નીસ્તીની કુલ જગત જે અહૂનો સંબંધ રાખે છે યા જે તે સંબંધથી દૂર ગઇ છે, તે બેઉની રજેરજની આસપાસ **અહુનવર**ના નાદનો સુદરેહ છે, અને તે સુદરેહની આસપાસ **અર્ષમ**ના નાદની કુસ્તી છે. એટલે દરેક ચીજ તેનાજ હોકમથી છે અને તે દરેકને તે સાહેબ એક દીવસ મુકિત આપશેજ. ભલે તે એક ચીજ ગુનાહથી પુર આજે દેખાતી હોય પણ તેની આસપાસ **અહુનવર** અને **અર્ષમ**નો ઘેરો તો છેજ. એમ જો અહુનવર અને અષેમનો ઘેરો જાહેર રીતનો કે મંદ હોય નહી, તો હમેશગીએ પુગવાનો પ્લાન નિર્થક થઈ પડે, પણ અહુનાઇર્યમાં નાશ જેવું કંઇજ નથી. ત્યારે હાડમંદ ચીજોની રજેરજની આસપાસ **અહુનવર** અને **અર્ષમ**નો ઘેરો જે અણદીઠ છે તે દીઠ રીતનો જ્યારે **યેંઘહે હાતાંમ**ને જોરે થઇ રહેશે, ત્યારે તે ચીજ અપવાલી થઇને અહુનવરની ગતીને સમજીને તેઓની મદદથી દાદારને પુગતી જઇને તે રજ નુરી ગતીની થશે. હસ્તીમાંની બધી નુરી રજેરજની ઉપર અને અંદર **અહુનવર**નો અને **અર્ષમ**નો અને તેઓના મેલાપ **યેંઘહે હાતાંમ**નો ખુલ્લો કાબુ છે. એટલે **અહુનવર**ના નાદનો સુદરેહ અને **અર્ષમ**ની કુસ્તીનું જોડાણ **યેંઘહે હાતાંમ**થી ત્યાં પુર્ણ રીતનું થયું છે. પણ નીસ્તીમાં તે બધું મંદ છે તે જાહેર થવાનું છે. એમ છે માટેજ કહે છે કે સૃષ્ટી આખરેબી તેને મળશે– **'યહ્મી સ્પેન્તા થ્વા મઈન્યુ ઉર્વઍસે જસો'**='ગેતી ઉરવીસ લેશે એટલે જડતાનો ભોગવટો ભોગવીને પાછી ફરશે ત્યારે, એટલે આખેરીએ કે જયારે ગેતી સુક્ષ્મ થઇ રહેશે ત્યારે, સ્પેનામીન તારી પાસે એટલે પાછી ફરતી ગેતીની પાસે તેને અહુરમઝદ નજદીક લઇ જવા આવશેજ.' દરેક

બસ્તે-કુસ્તીઆનોને એવીજ મતલબે સુદરેહ અને કુસ્તી અપાયા છે. આપણે સુદરેહ-કુસ્તી રાખીને, રજેરજ જે આપણામાં છે તેની આસપાસ ફરી વળેલા મીનો ગતીના સુદરેહ-કુસ્તીને જાહેર કરીને નુરના કરવાના છે. આમ ત્યારે **અહુનવર-અર્યમ-યેંઘહે**નો નાદ મંદ રીતે નીરતીની કુદરતમાં વહી રહે છે, જેની નોંધ યઝશ્નેના ૬૧મા હામાં છે, જ્યાં કહે છે કે **અહુનવર-અર્યમ** અને યેંઘહેને જમીન આસ્માન વચ્ચે '**ફ્રેરેશ્યામહિ**' =તાજો કરૂં, એટલે જે કંઇ સંકોચીત સુકાએલો છે તેને લીલો ખુલ્લો કરી એમ ફેલાવીને શાદી પાંથરૂં, કે જેથી અહુનવરના નાદમાં અહુરમઝદની વસીઅત છે, જે ત્યાં ગવાઇ રહે છે, તેવી વસીઅત મુજબ વ્યવસ્થા થાય એટલે અપની વ્યવસ્થા થઇને તે એક સાહેબને જગતની સાથે રહીને મલી શકાય તેમ થાય.

આમ ત્યારે અહુનવઇર્યનો ટુંક સમજ છે. ત્યારે બગાન અહુનવઇર્ય, તે મુળ બહાર પડેલો હોકમ-જે બગ તરીકે, યઝતોના યઝત તરીકે છે તે છે, અને તેમાંથી નીકળેલો નાદ-ઢંઢેરો-હોકમ ત્યારે બગાન અહુનવઇર્યથી જુદોજ છે, જે તે **બગની** વાચા છે. આ વાચાના નાદ-સ્તોતોથી તે એક સાહેબની મરજી-હોકમ- વઇર્ય જાહેર થાય છે, જેને અહુનવરનો-નાદ-વચ-ઉખ્દ કહે છે. આમ બે જુદા છે માટે હા ૧૯ મા છેલ્લે બગાન અહુનવઇર્યને અને અહુનહે વઇરયેહે ફ્રસ્રઓથ્રેમ-ફ્રમેરેથ્રેમ એમ બે ચીજોને યાદ કીધી છે, જે ઉપર કહેલો ભેદ બતાવે છે. આ અહુનવરનો નાદ બધે બધ પંથરાઇ રહીને ગવાઇ રહયો છે, જેની સાથે સાથજ વ્યવસ્થાનો નાદ જે અહુનવરનો એક ભાગ છે તેબી ગવાઇ રહે છે; અને વ્યવસ્થાને તે અહુનવર પ્રમાણે બજા લાવનાર **યેંઘહે હાતાંમ**નો નાદબી ત્યાં ગુપ્ત રીતે છે. આ ત્રણે નાદો તે ચીજમાં જાહેર થવે મુકિત મલશે. જ્યાં લગી ચીજમાં દ્રુજ છે ત્યાં લગી તે ચીજમાં આ નાદો મંદ રીતે છે. પણ જ્યારે દ્રુજ ગવમાં બદલાશે, ત્યારે તે ગવે પુગેલો દ્રુજ ખુદ તે નાદોને ગાઇને પોતામાં પાંથરી દઇને અહૂને મળશે.

ત્યારે **સુદરેહમાં અહુનવરની ગતી** છે, **જેના નવ સાંધા તે નવ અમરગાંની હાલત છે. કુશ્તી તે અર્યમની ગતી છે, જેના ૭૨ તારો અષોઇના ૭૨ પગથીઆં** છે, અને તે સુદરેહ-કુશ્તીને શરીર ઉપર પહેરી રાખવાથી **યેંઘહે હાતાંમના** નાદને જાગૃત કરી શકાય છે. દ્રુજ-પરહેજી કીધાથી **યેંઘહે હાતાંમ** જોશથી જાહેર થઇને દ્રુજી ગતી ઉપર ફત્તેહ અપાવશે.

આવા **અહુનવર**ના કુદરતી નાદ મુજબ **યથા અહૂ વઇર્યો**નો કલામ થયો છે, જેને ભણવાનું અત્યંત મોટું સવાબ છે. ત્યારે કુદરત રજેરજમાં અહુનવરની મુનાદીને જાહેર કર્યાજ કરે છે, જેથી રજેરજમાં અંતરજ્ઞાન થાય છે કે કોઇ મોટો સાહેબ તો છેજ, અને સાચ્ચું બોલવું મોટો ધર્મ છે, અને ખુબસુરતીએ પુગવું સઝાવાર છે. **યથા**નો કલામ ભણ્યાથી કુદરતની તે ખીસ્કારીનું ભલું ફળ જલદીથી આવે છે. આ અહુનવરનો કલામ એક તેઝ તલવાર રૂપનો છે. તે ઇનસાનને છેક ચીનવત પુલ ઉપરના બહેસ્તમાંથી સ્તર્દ-પાયાનાં અને ત્યાંથી ગરોન્માનનાં બહેસ્તમાં લઇ જઇ શકે છે. કોઇબી આફ્ત કે સાહસ વખતે એ કલામ મદદ કરે છે. ત્યારે **યથા**નો કલામ તલવારરૂપ છે, અને **અષેમ**નો કલામ સલીહ-બખ્તર ઢાલરૂપ છે. આખી જગતની આસપાસ સુદરેહ રૂપમાં **યથા**નો કલામ પંથરાઇ રહયો છે, અને **અષેમ** તે કુલ જગતની કમર ઉપર કુસ્તી તરીકે રહીને તે જગતને **સ્કૅરેનયાઓ***ની ચાલમાં મદદ કરનાર તરીકે થાય છે. એમ ફરશો-કેરેતી તરફ જવામાં મદદ કરનાર તરીકે **યથા**નો અને **અષેમ**નો કલામ દોડી રહયો છે, બંધાઇ રહયો છે. **સુદરેહ એક વ્યવસ્થા કરાવનારો દરયાવ છે અને કુશ્તી તેની ઉપર દોડી રહેલી નાવ છે.** તે નાવ-કુસ્તી એટલે કુલ જગત-બહારનું કે ઇનસાનનું નાનું અંદરનું-અહુનવર પદનું જાણે તે અહુરાની ધારેલી મુરાદના વીસ્તીર્ણ દરયાવમાં તરી રહયું

---

* ગેતી પોતાના **'રથવ્ય ચક્ર'** માં orbit માં ફરે છે તે વખતની તેણીની ચાલને **સ્કેરેનયાઓ** સ્ક્રુ જેવી ચાલ તરીકેની ઓલખી છે. ગેતીનો રથવ્ય ચક્ર orbit, અને તેની ચાલવાની ગતી **જે** સ્ક્રુ જેવી છે તે-બેઉ જુદી ચીજો છે. કુદરત રજે રજને એટલે રૂવાનના અંશે અંશને તેને લાગેલા દ્રવાઓ-માંથી શરીર કરાવી આપી ભોગવટો કરાવીને સુધારી રહે છે. હદ+ઇનસાફથી ભોગવટાઓ થાય છે. પહેલે શરીરમાં વણાયલો દએવ પોતાનો હક-કર લેવા હવસો કરે છે, અને તેમાં ઇનસાફની હદ નહિ હોવે તે દએવ હદની બહાર જાય છે, જેને **'મસદરયાતે-ઝાહેલી'** કહે છે. આ વખતે તેની ઉપર કુદરતની ક્ષથ્ર કામ કરીને તેને મારીને સુધારીને 'માયલ' કરે છે, એટલે સુક્ષ્મ ગવ રૂપનો કરે છે, જેને **'મસદરયાતે માયલી'** કહે છે, જેને અહુરદાતની ગતી કહે છે. આમ મઝદદાતની ગતીથી શરીર થઈ હદ ઉપરાંત જઇને એટલે **'મસદરયાતે ઝાહેલી'** માં સપડાઇને પછી અહુરદાતને તાબે થાય છે એટલે **'મસદરયાતે માયલી'** ને તાબે થાય છે. આ ચાલને સ્ક્રુની ચાલ કહે છે. સ્ક્રુ જેમ જેમ અંદર જતો જાય, તેમ તેમ આપણને બહારથી તો એમ લાગે છે, કે તે બહારનો બહારજ છે યા વધુ બહાર આવતો જાય છે. પણ ખરેખર જોતાં તે અંદર જતો જાય છે. ગેતી ખુદ એવી ચાલ ચાલીને કુદરતનાં પ્રગટીકરણને મદદ કરે છે, જેથીજ ફ્રશો-કેરેતી (ફ્રશો-ગર્દ) થશે.

છે, જેમાં ત્રણ મોટાં વરતુલો થઇ રહે છે. આ ત્રણ વરતુલો પસાર કરવા તેને છ મોટાં બંદરો કરવા પડે છે, કે જેઓ જગતની તે કીશ્તીને તે મોટાં વરતુલો પસાર કરવાનો સોદો પુરો પાડશે. આમ ત્યારે **અહુનવર**ના વીસ્તીર્ણ દરયાવમાં **અર્શેમ**ની કીશ્તી દોડીને ત્રણ દોરાનો અઇવ્યાઓંઘહન કરીને છ ગાહામ્બારોના બંદરે અથડી રહી છે, કે આખરે તે છેલ્લે કીનારે જવાય; અને ત્યાં ઉતરીને શુક્ર અદા કરીને અહૂને મળાય એટલે **યેંઘહે હાતાંમ** ભણે.

યજશ્નેના ૧૯ મા હામાં **યથા**નો ભેદ છે. ત્યાં કહે છે કે સૃષ્ટી-જમીન-આસ્માન વગેરે જાહેર થયા તેની આગમચ અહુનવઇર્યનો આ ભાગ એટલે અહુનવઇર્ય કંઇ જુદો અને આ તેનો ભાગ છે, તેઓ જાહેર થયા હતા. આવા ભાગ ઉપરથી **યથા**નો આ કલામ થયો છે, જેને સારૂ **'સ્રાવય'** શબ્દ ગાવાનો શબ્દ લગાડવામાં આવે છે. એટલે એમ અર્થ થાય છે કે **અહુનવર**નો નાદ બધેબધ ગવાઇ રહે છે. માટે **યથા**ના કલામનેબી ગાઇને ભણવાનો છે. આ કલામને બીજા અવસ્તા કલામની માફક કાંઇબી બીજું વચમાં બોલ્યા વગર અને કાંઇબી પદ મુકી દીધા વગર ગાઇને ભણવાનો છે. આમ ભણવામાં સવાબ છે એમ જાહેર થએલું છે. **યથા**ના ૨૧ શબ્દોને ૨૧ નસ્કોનાં નામ તરીકે આપેલા છે. ઉપર **યથા**ની સમજ લેતી વખતે દરેક શબ્દના લોઘતોની વીગત જોઇ, કે જેથી તે કલામની બુલંદીનું કંઇક ભાન આવી શકે છે. ત્યારે દરેક શબ્દો ૨૧ નસ્કોના એકેએક નસ્કના ભેદનો સમાવેશ રાખે છે, એમ કુલ સૃષ્ટીના ભેદનું ગુપ્ત જ્ઞાન રાખે છે કેમકે આખી હસ્તી નીસ્તીની જગત અને અનામાંથ્વાઓનું બ્યાન બધુંજ ૨૧ નસ્કોમાં સમાય છે. ૨૧ નસ્કોની વીગતબી ગુહ્ય છે. જેમ આજે મનાય છે તેમ ખાલી ૨૧ કેતાબો અને તે દરેક કેતાબમાં ચોકકસ લખાણો હતાં, તેટલુંજ-તેટલોજ અર્થ **૨૧ નસ્કો** એ શબ્દ રાખતો નથી. દીનકર્દની કેતાબમાં ૨૧ નસ્કો વીષે જે કંઇ બ્યાન કહયું છે તે નસ્કોની ટુંક તાવીલ વીષે બ્યાન કરે છે. આ ૨૧ નસ્કોના મુળ બે પ્રકાર હતાઃ એકને ફ્રુપો-માંથ્રના ૨૧ નસ્કો કહેતા અને બીજાને માંથ્ર સ્પેન્તના ૨૧ નસ્કો કહેતા હતા. ફ્રુપો-માંથ્રના ૨૧ નસ્કોની તાવીલ તરીકે માંથ્ર સ્પેન્તના ૨૧ નસ્કો હતા, અને આ માંથ્ર સ્પેન્તના ૨૧ નસ્કોની વળી તાવીલો હતી, જેમાંની એક રીતની તાવીલનો કઇક ભાગ દીનકર્દમાં આપેલો છે.

**યથા**ની એજમતી અસર વીષે અવસ્તામાં જાબજા નોંધો છે,

જેમાંની સરોશ યશ્ત હાદોખ્તના પહેલા ફકરામાંની અને વંદીદાદની ૧૯ મી પરગરદના શરૂઆતી ભાગની ઘણી જાણીતી છે. અહુનેમ વઇરીમ તનુમ પાઇતીમાં તેનો ભેદ રહયો છે, જે વીષે ઉપર ઇસારો કીધો છે. હર મુશકેલી વખતે ગમે તેવી હાલતમાં, ગમે તેવે વખતે અને સંજોગે આ કલામ કુદરતી રીતેજ દરેક બસ્તે-કુસ્તીઆનો ભણીને તેની તલેસમાતીક ગતીનો લાભ મેલવે છે.

---

## યેંઘ્રહે હાતાંમ્.

---

**યેંઘ્રહે[1] હાતાંમ[2] આઅત્[3] યેસ્ને[4] પઇતી[5] વંઘ્રહો,[6]**
**મજદાઓ અહુરો[7] વઓથા[8] અષાત્[9] હચા,[10]**
**યાઅँઘ્રહાંમ્ચા[11] તાંસ્ચા[12] તાઑસ્ચા[13] યજમઇદે.[14]**
**અષેમ વોહૂ ૧.**

---

### શબ્દાર્થ સહીત તાવીલરૂપી તરજુમો.

જે કોઇ[1] (અહુનવરની ધીરતીમાં બેસીને છ ગાહામ્બારના બંદરો કરીને **યથા**ના દરયાવને ત્રણે દોરાનમાંથી તરી શકયું છે, જે) || હસ્તીએ પુગી રહેલામાંનો[2] (તરીકત પાલીને હઓગાક ગતી મેલવી રહેલામાંનો એક છે, જે) || આઅત=આ તરફથી ત્યારે તો[3] (એટલે આ બધી તરીકતો પાલીને પુર્ણ થઇ,) || યસ્નની હાલતે એટલે તેની સાથે એકતાન થવાની હાલતે પુગવામાં=તેનો મેલાપ કરવાની આખેરી નેમે પુગવામાં[4] || ફત્તેહમંદ થઇ તનોમંદ હાલતની હર મુશકેલીને પુગી વળેલો પતી સાહેબ[5] || ભલાઇની હાલતનો-બહમનના જેવી એટલે અહુરાના અંતકરણમાં છે તેવી હાલતનો[6] (થયો છે, તેને) ||

મઝદાઓ અહુરા[7] (તેવી તેના) || અષોઇને મેલવવાની, અષોઇ મેલવેલી પરીપુર્ણ હાલતને લીધે[9] || વીગેરેથા[10] (એટલે અશોઇથી મળેલી શાંતીના નતીજાને લીધે) || જાણે[8] છે (એટલે અહુરાના સીધ્ધા સંબંધમાં તે આવ્યો છે), ||

તેવા[11] બધામાંનાં તે || ખાસ નર[12] નારીઓની[13] સાથે || હમો* એકતાન થઇએ છીએ[14] (એટલે મારાં તન-મન-રૂવાનની સાથે મારે લગતા બીજા બધા જમાદાત નબાતાત કે હેવાનાતનાં રૂવાનોનાં અંશોને, તેમ મારે લગતી જુફતના રવાનને, તેમ મારાં બીજાં નબાનઝદીશ્તનાં એટલે નજદીકનાં રૂવાનોને સંબંધ=પદવંદ છે, તે બધાંઓ એટલે હમો મારા આ ભણતરના સ્તોતોથી,† તેમ ઉશ્તાનથી=ઇચ્છા વાસ્નાના દમથી, તેમ ખરેનંઘહ=સત્ય-સંગની ખુબીથી,–આ ત્રણેથી યા ત્રણમાંની કોઇબી એક ગતીથી એકતાન થઇએ છીએ,–એ મતલબે કે હું મારામાં રહેલો ઉપલો સીલસીલો તાજેહ કરીને હમો બધાંએ આખા એક થવામાં સગાઇમાં રાદપદવંદમાં‡ ખએત્વમાં

* રૂવાનના અંશોનો અર્થ: કુદરતમાં જે રચના થઇ છે તે રૂવાનની સાથે રહેલા દ્રવાઓ=અજ્ઞાનતાની ગતીને સુધારવા થઇ છે. આ રૂવાનમાંનો ચોકકસ ભાગ પોતાના દ્રવાઓ સાથે આ હાડમંદ દુન્યામાં ઉતરે છે, ત્યારે તે રૂવાનમાંથી ઇનસાનનાં રૂવાન તરીકે એક ભાગને કાઢીને, પછી તે ઇનસાનનાં રૂવાનમાંથી જાનવરી વર્ગનું રૂવાન, અને જાનવરી વર્ગનાં રૂવાનમાંથી વનસ્પતીનું રૂવાન, અને વનસ્પતીના તે રૂવાનમાંથી ખનીજનું રૂવાન માદા નરના ભેદમાં વહેંચાઇને નીકલે છે, જે બધાંની સાથે તે દ્રવાઓનેબી વહેંચી નાખે છે. આ દ્રવાઓમાંથી તન થાય છે. પછી તે બધાં તનો સુધરી એકમેકમાં મલીને બધાઓ પાછા મલવાના છે. આમ ત્યારે એક ઇનસાનનાં રૂવાન સાથ બીજા ઘણાંઓ હોય છે તેથી એક ભણનારા માટે પણ **હમો** શબ્દ બહુવચનમાં વપરાય છે.

† યઝતને ભણવાને જોરે સ્તોતોથી, દમ અને ઉશ્તાનથી, અને ખોરેહથી મલવું=એકતાન થવું તે વિષે થોડીક સમજ લઇશું. ભણવાની અસરથી અણદીઠ રંગો થાય છે, જેને સ્તોત કહે છે, જેઓ આકાર પકડી પછી ખુદ પોતે ભલી કેરદાર તરીકે થઇને જે યઝત સારૂ તે ભણતર થયલું તેને મલીને તે ભણનારને ફાયદો કરે છે. આમ ભણવાથી થતા સ્તોતોને જોરે ઇનસાન યઝત સાથે એકતાન થાય છે એટલે મલે છે અને મીનોઈ શાંતી-સુખ મેલવે છે. દરેક જણ ભણે છે ત્યારે કંઇક દરજ્જામાં આવું થાય છેજ, જે વિષે વાંચો પાને ૨૭ ની ફુટનોટ. પણ પછીથી જેમ ઇનસાન નેકીએ પુગતો જાય, તેમ તેમ તે ભણનાર પોતાના દમ-ઉશ્તાનને યઝતના ઉશ્તાન સાથે મેલવી શકે છે. દમમાં ઉશ્તાન આવે છે, તેમ ઉતરતી જડ ગતીના પ્રવાહોબી આવે છે. સાધારણ રીતની ઈબારતમાં દમને ઉશ્તાન તરીકે કહી શકાય. પછી જેમ જેમ ઇનસાન વધુ આગળ વધે છે ત્યારે તે ઇનસાનની વાતાવરણ આસપાસની ગતી તે યઝતની એવી ગતી સાથે મલે છે. આવી રીતનો યઝમઇદે શબ્દનો ભાવાર્થ છે.

‡ ખએત્વ=ઇનસાનના શરીરમાંથી નજીસાત, દેખીતો કે અણદીઠ રીતનો કચરો નીકલે છે જેમાંથી દુજી ગતી એટલે કાળી ગતી, નાશ કરાવનાર મોતમંદ

(ફુટનોટ માટે જુઓ પાનું ૪૭ મું).

આવી મળ્યે અને એમ **અષ**ની હોડીમાં બેસીને **યથા**ના દરયાવને કીનારે પુગી રહીએ.)

## યેંઘહે હાતાંમ બાબે ક્ષ્નૂમીક શરેહ:

**યેંઘહે હાતાંમ**ના કલામને '**હુ ફ્રાયશ્તામ**' કહયો છે. '**હુફ્રાયશ્તી**'માં '**હુ**'=ભલી રીતની અને **ફ્રા**=આગળ જવાએ તેવી **યશ્ત**=યઝ થવાની એકતાન થવાની મેલાપ કરાવી આપનારી ગતીનો અર્થ છે. એમ '**યેંઘહે હાતાંમ**'ને મુકિત અપાવનાર, તે દાદારની સાથે રાદ પદવંદ સીધ્ધો સંબંધ કરાવનાર કહયો છે. ઉપર જોઇ ગયા કે યઝશ્ને હા ૬૧ માં અહુનેમ વઇરીમ, અને અષેમ વહીશ્તેમને જમીન અને આસમાન વચ્ચે તાઝગી આણવા માટે એટલે અંગ્ર દુખ હવસો ત્બએષ દુર થઇને, ફેરેશો-શાંતી-લીલાશ-હમેશગીનું સુખ આવી શકે એમ થવા માટે-પાંથરવાની દુવા કરે છે. ત્યાં આગળ કહે છે કે **યેંઘહે હાતાંમ** જે '**હુ ફ્રાયશ્તાંમ**' છે એટલે ભલી રીતે મુકિત મલે ત્યાં લગી કામ કરીને મેલાપ કરાવી આપનાર અહુરા લગી પુગાડનાર છે, તેનેબી જમીન અને આસમાન વચ્ચે ફ્રશો કેરેતી લાવવા માટે દુખ ટાળવા માટે પાંથરૂં. હયાં ત્યારે યથા-અષેમ અને યેંઘહે હાતાંમને કુલ સૃષ્ટીમાં શાંતી પાથરનાર ગણ્યા છે. ઉપર જોયું કે હસ્તી નીસ્તીની રજેરજની આસપાસ આ ત્રણે નાદો યથા-અષેમ અને યેંઘહે હાતાંમ ફ્રરી વલેલા છે. અને એમ છે માટેજ રજેરજનો નાશ થશેજ નહી-પણ એક દીન આ ત્રણે નાદો તે રજેરજને સંગરીને દાદાર લગી લઇ જશે. ત્યારે રજેરજમાં હોનવરનો નાદ છે એટલે અહૂ એકલો એકજ છે એમ ધ્વની થાય છે; તેમ અષેમનો નાદ છે એટલે સચ્ચાઇ આખરે ફાવશેજ, દુજ

---

(પાને ૪૬ મે થી ફુટનોટ ચાલુ).

ગતી નીકલે છે. જ્યારે ઇનસાન પોતાનાં શરીરમાંની દુઝને મારીને ભલાઈમાં ફેરવે છે, ત્યારે તે ઈનસાનનું તન નુરી થઇને તેના રૂવાનમાં મલે છે. ઇનસાનના તનમાંથી જ્યારે દુઝી ગતીનો ઈલાકો છુટી જાય છે, ત્યારે ઈનસાન દુજથી સ્વતંત્ર થઇ દુજને તાબેદાર બનાવે છે-આવી હાલતને ખએતવની હાલત કહે છે. આ વખતે તે ઈનસાન પોતાને લગતા બીજા રૂવાનોને તેવી ખએતવની હાલત અપાવવા મદદ કરે છે. જયારે તે ઇનસાનના રૂવાનના બીજા અંશો, જે હેવાન-ઝાડપાન-ખનીજમાં જાતી ભેદમાં છે, તેઓબી ખએતવની ગતીએ પુગે છે, ત્યારે તે બધા વચ્ચે સીધ્ધો સંબંધ પેદા થાય છે જેને રાદ પદવંદ કહે છે, જેથી તે બધાઓના વીચારો એકસરખા અને એકએકને મળતા અને મદદગારરૂપ થાય છે.

હેઠો પડશેજ એમ નાદ છે; તેમ યેંઘહે હાતાંમનોબી ત્યાં નાદ છે એટલે 'હુક્રાયશ્તીમ' તે એક સાહેબની સાથે યઝ થઇ મેલાપ પામીને 'હુ' ની ગતી એટલે હુમત-હુખ્ત-હવરશ્તની ગતી=યઝતી ગતી આખરે મલશેજ. એમ ત્યારે કુદરતે રજેરજમાં પોતાનો દસ્ત બેસાડેલો છેજ, અને તેથી રજેરજનો નાશ નથી પણ આખરેબી તેમાંની દુજી ગતી અજ્ઞાનતાની ગતી જેને દ્રવાઓ કહે છે તે સુધરી ગવની પરદુખભંજનની તે સાહેબ ઉપર ફીદા થનારી તેને માટે દુખ ખમવામાં મઝાહ મેલવનારી થઇને તેને મલશેજ. ત્યારે યથામાં સૃષ્ટી રચવાનો ભેદ છે, અષૅમમાં રાસ્તીની સર્વોપરીનો ભેદ છે, અને યેંઘહે હાતાંમ તે બેઉ ભેદોને મેલવીને રજેરજમાં જાહેર કરનાર તરીકે છે. આમ ત્યારે યેંઘહે હાતાંમનો નાદ-સૃષ્ટી આખેરબી મુકતીએ પુગશેજ, તે કબી નાશ પામશે નહિ-પણ બુરાઇ માટેની શીક્ષા પામીને સુધરીને આખરેબી તેને આવી મલશેજ-તેની મુનાદી ગાઇ રહે છે. મઝદયસ્નની દએનને કાયદે એટલે મઝદદાતથી સૃષ્ટી થઇ અહુનવઇર્યમાં જેમ થવાની સરજત લખાઇ છે તેમ થઇ અને શીક્ષા ખમીને સઝા ખમીને જઝા-ભલો બદલો-અષ કમાઇ રહી છે. આ અહુરદાતથી એટલે ઝરથુસ્ત્રીપણાને જોરે 'હુક્રયશ્તી' પામી રહી છે એટલે મુકિત પામી રહે છે એટલે 'યેંઘહે હાતાંમ'ના ભેદને પામી રહી છે. એમ છે માટે યથા અને અષેમને દાદાર અહુરમઝદના વચ=કલામ તરીકે ઓલખે છે અને યેંઘહે હાતાંમને પેગામ્બરનો કલામ કહે છે. જો કે ત્રણ કલામ તે દાદારનાજ છે, પણ દરેક રજમાં યથા અને અષેમ જાહેર રીતે તે રજને ઘેરીને તે રજની હયાતી હદ+ઇનસાફ પ્રમાણે જેમ થવાની છે તેવી સરજતે પુગાડી રહયા છે. અને આ બે નાદોની વચમાં યેંઘહે હાતાંમનો નાદબી છે, પણ તે નાદ યથા અને અષેમની માફક જાહેર નથી, પણ અષો ઝરથુસ્ત્રની તરીકતો અને દએન પાળવે તે નાદ જાહેર થઇને યથા અને અષેમની મુરાદને બર લાવે છે, માટે યેંઘહે હાતાંમને અષો ઝરથુસ્ત્રનો નાદ કહયો છે. ત્યારે **'યેંઘહે હાતાંમ'** મુકિતએ પુગાડનાર વચ છે, જેમાં 'યસ્ન'ની ગતીએ પુગવાની એટલે દ્રુજને પરહેઝ કરવાનો ભેદ છે. એમ છે માટે **ગાથા, વોહુક્ષથ્ર** હા ૫૧-૨૨ માં કહે છે કે **'યેહયા મોઇ અષાત્ હચા વહિશ્તॅમ્ યસ્ને પઇતી'**='જે કોઇ અષોઇ પાળી નતીજો મેલવીને યસ્નનો સાહેબ પુરવીણ થયો છે એમ પુર્ણ રીતનો ભલો પરદુખભંજનનો થયો છે,' **'વએદા મઝ્દાઓ અહુરો,'**='જેને અહુરા જાણે છે એટલે જે અહુરાની જાણમાં આવે છે એટલે જે અહુરાનો સંબંધ પકડી પાડે છે, **'યોઇ આઓંઘહરેચા હॅન્તિચા'**='એવા

જેઓ થઇ ગયા છે અને જેઓ છે, એટલે એવા જેઓ યસ્નના પતી અને બહમનની ગતીના થયા છે અને છે, એટલે **'યેંઘ્હે હાતાંમ'**ના ભેદને જેઓ પુગી ગયા છે, તેઓને **'તા યઝાઇ ખાઇશ્ નામેનીશ્'**= નામ-બ-નામથી યાદ કરીને તેઓની સાથે એકતાન થાઉં એમ હું દુઆ કરૂં છું. **'પઇરીચા જસાઈવંતા'**=અને તેઓથી ચહવાયલા થઇ તેઓની સાથે ઇશ્કમાં પડીને તેઓની આસપાસ પુગી વળું, જેમ આશક માશુક મળી રહે તેમ મળી રહું. આમ ત્યારે **'યેંઘ્હે હાતાંમ'**નો નાદ અષો ઝરથુસ્ત્રની આપેલી યસ્નની બુલંદીની ગવાહી પુરે છે, જેને **ગાથા** ટેકો આપે છે. ત્યારે રજેરજની અંદર જેમ **'યથા'**નો અને **'અષેમ'**નો નાદ છે તેમ **'યેંઘ્હે હાતાંમ'**નો નાદબી રહયો છે, એટલે યસ્ન વગર મુકિત નથી, એમ નાદ રજેરજમાં અહુરમઝદે ચલાવેલો છે. આવા નાદો પુર્ણ રીતે જગતમાં ચાલીને લોકોની સદગતી થઇ રહો, જેથી ફ્રશો-કેરેતી જલદી આવે, કુલ્યાતી મોક્ષ જલદી આવે, એમ યઝશ્નેના હા ૬૧ માં દુઆ છે.

સૃષ્ટીની રજેરજમાં અહુરમઝદે પોતાનો પેગામ ચલાવેલો છે, જે પ્રમાણે સૃષ્ટી આખરે તેને આવી મળશે, એ સત્યતા યથા-અષેમ અને યેંઘ્હે હાતાંમના કલામો કહી સંભળાવે છે. ખુદ કુદરતમાં **'યથા-અષેમ અને યેંઘ્હે હાતાંમ'**ના બગો (ભાનદાર શકિતઓ) છે અને તેઓના નાદો છે, જે પ્રમાણે આ ત્રણ બંદગીઓ થઇ છે, જેઓને ભણવે તે તે બગોની સાથે સ્તોતોને જોરે યા ઉશ્તાનને જોરે યા મીથ્ર અને અઇપી=આસપાસની વાતાવરણને જોરે સંબંધમાં આવી શકાય છે. વધુ સમજ આમ છે કે: ભણુતા નાદો થઇને અણદીઠ રંગો થાય છે તેને **'સ્તોતો'** કહે છે, અને પ્રાણુવાયુને જે યઝતી ગતી ચલાવે છે તેને **'ઉશ્તાન'** કહે છે, અને વીચારની શકિત જે આકારવાળી થઇને જેને સારૂ વીચાર કીધો હોય તેને જઇ મળીને જવાબ પાછો લાવે તેને **'મીથ્ર'** કહે છે; અને આસપાસની વાતાવરણ કે જેમાં સત્યસંગ હોય કે નહિ હોય તેને **'અઇપી'** કહે છે. અવસ્તાનાં ભણતરોથી કમમાં કમ સ્તોતોને જોરે યઝતી ગતી સાથે એકતાન થવાય છેજ-જો કે ઉશ્તાન અને મીથ્ર અને અઇપીને જોરે એકતાન નહિ થવાતું હોય તે વાત જુદી છે.

**'યથા'** તે અહુરાના મીથ્ર-વીચારનો બહોળો દરયાવ છે, જેમાં હસ્તી-નીસ્તીનાં જગતો ઝરવાને અકરનેની ગતીમાં બંધાઇને ઘેરાઇને, ઝરવાને દરેઘો ખદાત અને ઝરવાને થ્વાષ ખદાતથી તરી રહીને અહુરામાં મળવા માંગે છે, માટે તે જગતો યથાના તે દરયાવના નવ અનંન્ત વરતુળો=અમેશીઓને શોધી તેઓની

મદદ લેવા માંગે છે. આવા યથાના દરયાવને નવ સાંધાના સુદરેહ તરીકે લીધેલો છે. દરેક ઇનસાનના જન્મ મરણ કરીને પાછું જન્મવાના ફેરાને યા તન-પસીન થઇને આગળ વધવાના એક ફેરાને ઝરવાને થ્વાષ ખદાત કહે છે. અને ૮૧,૦૦૦ વર્ષનો ફેરો કે જેમાં **જગત** એકસરખું ચાલીને ૮૧,૦૦૦ વર્ષોને છેડે જગરેલથી લય થાય છે કે જેમાંથી તે પાછું ઉઠશે-તેને ઝરવાને દરેઘો ખદાત કહે છે. આવી ઝરવાનોની ગતીથી જગત યથાના દરયાવમાં તરી રહે છે અને તે દરયાવમાંની નવ અમશાસ્પંદીની મદદ ચાહે છે. ત્યારે અષેમનો કલામ તે હોડી છે, કીશ્તી છે, કે જેથી જગત અથવા જગતમાંની એક વ્યકિત યથાના દરયાવમાં તરીને નવ અમરગીની મદદ શોધી રહે છે. આવા ભર દરયાવમાં અઇવીબુદ-ફ્રેબુદ અને પતમાનના ત્રણ વરતુળો છે. અઇવીબુદ અને ફ્રેબુદના વરતુળોથી કીશ્તી ડુબવાની બીહકમાં છે પણ પતમાનથી તો તે તરીને નાની ગતીને મળશેજ. કીશ્તી આમ ત્યારે જો અઇવીબુદ-ફ્રેબુદમાં હોય તો પતમાન ઉપર આવવા માંગે છે માટે તરીકત પ્રમાણે સુદરેહ ઉપરની કુશ્તીને ત્રણ વખત લપેટીને છ લરો સાથના છેડાઓથી બાંધવાની છે. છ લરો તે છ બંદરો છે જે તે દરયાવમાં છે, કે જયાંથી ખાધ ખોરાકી કીશ્તીને મળી શકે. યેંઘહે હાતાંમનો તે ખોરાક છે જે તે બંદરો આપશે. આવા યેંઘહેના ખોરાક તે છ બંદરો આપીને છ ગહમ્બારે પુગાડીને તે દરયાવની નવ અમરગીની મદદને મેળવી અપાવશેજ. ત્યારે કુશ્તી ભણવાના માંથ્રો ભણતા જઇને સુદરેહ ઉપર કુસ્તીને લપેટીને છેલ્લે લરો બાંધે છે તેમાં આવા યથા-અષેમ અને યેંઘહે હાતાંમના ભેદો છે. ત્યારે યથાના કલામને સુદરેહ રૂપમાં લઇ અષેમના કલામને કુશ્તી રૂપમાં તે દરયાવના ત્રણ વરતુળોમાં ફરતી લઇને કુશ્તીના ભણતરો કીધાથી કુસ્તી ત્રણ વખત લપેટાઇને છેલ્લે બે લરો અને છ લરીઓની સાથે બંધાય છે,-જેથી છ ગાહામ્બારે પુગીને નીસ્તીમાંથી હસ્તીએ જવાય છે જેથી યેંઘહે હાતાંમના ભેદે પુગશે મોક્ષે પુગશે; તરીકતની આવી ખુબી છે. આવો યેંઘહે હાતાંમ છે. માટે દરેક યસ્ન નીઆએશ વખતે તે છેલ્લે ભણાય છે અને કુશ્તીના છેલ્લા **'હુમાજોર્ બીમ્'** કે **'કેરેફે મોઝ્દ્'**ના પાઝંદ ભણતરમાં તેના મીથ્રો મુકાય છે. ત્યારે યેંઘહે હાતાંમ આખરની મુરાદે પુગાડનાર તીકીટ છે, જેની ઉપર નેકાંનો પાકાંનો ગવબરાનો=ઝઓથ્રની ગતીના દહયુપતાનોની એટલે અહુરમઝદ તરફ પુગાડી શકે તેવા અશો નરોની સહી છે, જેની ભલામણ તે રાખનારને પાર પાડવા પુરતી કાફી અને સત્તાધારીક છે. આમ ત્યારે સત્યસંગની લેહમાં રાખનાર કલામ **'યેંઘહે હાતાંમ્'**નો છે. બદીને દફન

કરનાર કલામ, તેની સામે ઢાલરૂપ થનાર કલામ અષેમનો છે અને બુરાઇના અહીરીમની હોમલાની સામે લડનાર તલવાર તે **'યથા'** છે; અને આવી **'અષેમ-યથા'**ની ઢાલ-તલવારથી લડનારને ફતેહ અને મદદ હિમ્મત-હામ અને દીલાવરી, શાંતી અને મકકમપણું અને ઝખમો ઘા ખમવાની અને રૂઝવવાની ગતી આપનાર, હમેશની ફતેહ આપનાર **'યેંઘ્હે હાતાંમ્** છે.

## ન્યાયશ-યશતો વીગેરેમાં ભણવાની પાંચ ગેહો:

## હાવન ગેહ.*

**(૧) ફ્રવરાને[1] મજદયસ્નો[2] જરથુશ્‌ત્રિશ્[3] વીદએવો[4] અહુર-ત્કએષો.[5]**

**(૨) હાવનેએ[6] અષઑને[7] અષહે રથ્વે,[8] યસ્નાઇચ[9] વહ્માઇચ[10] ક્ષ્નઑથ્રાઇચ[11] ફ્રસસ્તયએચ;[12]**

**(૩) સાવંધ્હેએ[13] વીસ્યાઇચ[14] અષઑને[15] અષહે રથ્વે[16] યસ્નાઇચ[17] વહ્માઇચ[18] ક્ષ્નઑથ્રાઇચ[19] ફ્રસસ્તયએચ;[20]**

**(૪) (યથા અહૂ વઇર્યો[21] ઝઑતા[22] ફ્રા મે[23] બ્રૂતે,[24] અથા રતુશ્ અષાત્‌ચિત્ હચ[25] ફ્રા અષવ[26] વીદ્વાઓ[27] બ્રઑતૂ.[28])†**

(૧) દીન ઉપર પુર્ણ ભરોસો રાખી દીન પ્રમાણે ચાલવા હું બંધાઉં છું-એકરાર કરૂં છું.[1] ‖ મઝદયસ્ની બુન-ઓકાદનો[2] (હું છું.) ‖ ઝરથોશ્તી ગતાનો[3] (હું છું, એટલે મઝદયસ્ની દએનની બુલંદી, જે જરથોશ્તીપણાંમાં સમાઇ છે, તેવી ગતીમાં હું નવજોત કરી સુદરેહ-કુશ્તી પહેરીને પુર્ણ થયલો મઝદયસ્ની ઝરથોશ્તી છું.) ‖ દએવથી દુર[4] (એટલે અજ્ઞાનતાની,

* બીજી હાવન વખતે એજ ભણતર ભણવું.

† આ વલ્લાયાવાળો ભાગ તો ઉપરના ભાગની સાથેની પુરવણીને કાજે આ લેખકે ઉમેરેલો છે, જેથી તરજુમો સરળ થાય. ભણવામાં વલ્લાયામાંનો ભાગ નહી લેવો.

અંધકારની, ભુલાવાની તમામ સંસ્થા અને તેને લગતા કાયદાઓથી દુર) (હું છું). ‖ અહુરાના બધા કાયદા જે રૂહાંની વૃધ્ધી કરાવે છે, તેવા કાયદા પ્રમાણે તરીકતથી ચાલવાવાળો[૫] (હું થયો છું). ‖

(૨) અષોઇની રચના સાથના કેહપર્વાળા–સીમાવાળા[૭] ‖ હાવનના[૬] ‖ આઝાદગી આપતા વખતમાં[૮] (અષોઇની સરદારી ભોગવતા તે આઝાદ હાવન ગાહમાં) ‖ (જેમ કુલ યઝતી શકિતઓ યસ્ન કરે છે, એટલે રાથ્વી–જોતી તરીકે થઇ સૃષ્ટી-રચનાનું કામ અને દરેકને ભોગવટો કરાવીને મોક્ષે-મુકિતએ લઇ જવાનું કામ કરે છે તેમ) યસ્ન કરવા માટે,[૯] (એટલે આવી યસ્નમાં યઝતોની સાથે એકતાન થવા માટે,–યઝતોનાં ફ્રવષી સાથે રાથ્વી--જોતી તરીકે થઇ યસ્ન કરીને સૃષ્ટી–રચના આગળ ફ્રશો–કેરેતી તરફ ચલાવવાનાં કામમાં મદદ કરવા ભણનારના તૈયાર થઇ રહેવા માટે), ‖ (એમ તૈયાર થઇ રહી તે યઝતોની યસ્નમાં સૃષ્ટીને આગળ ચલાવવાનો પાઠ બજાવવા, સૃષ્ટીને આગળ ચલાવવાની સવળતા આપવા) વળતો જવાબ મળે તેવી ભકિત કરવા માટે[૧૦] (એટલે સૃષ્ટીમાં ભલાઇ જામે તેવી ખીશ્કારી કરવા માટે,–સૃષ્ટી પોતે પોતાની આકેબતે પુગે માટે ભકિત કરી ભકિતનું પુન્ય સૃષ્ટીને આપી સૃષ્ટીને આગળ ચલાવવા માટે), ‖ (એમ) અહુરાની ખુશ્નુદી કરવા માટે,[૧૧] (એટલે જગત આમ સરળ થતું આવશે, જેથી અહુરાની ખુશાલી થશે તેવી ખુશાલી જમાવવા માટે), ‖ (તેમજ) અહુરાથી ભલી તોફીક આશીશો લઇ બીજાને આપવા માટે,[૧૨] (એટલે અહુરા એમ ખુશ્નુદ થઇને વળતી તોફીક આપે છે, કે જેથી તેવાં કામમાં મચ્યા રહેવાશે; તેવી ભલી તોફીક લઇને તેનો પુણ્ય અંગીકાર કરી બીજાંને તેવી તોફીક મળે એમ કરવા માટે, એટલે જગત–સેવા અને જન–સેવા કરવા માટે તૈયાર થઇ રહું એવી લાયકાત મેળવવા હું દુઆ કરૂં છું, માટે) ‖ [અએ જોતી† ઉસ્તાદ રહેબર ! તું "યથા"નો ભેદ મને શીખવ, મારી આગળ તે ભેદ જાહેર કર, કે જેથી મારી દુઆ ફળે]. ‖

(૩) (એવીજ રીતે) ‖ સાવંઘહી[૧૩] (અને) ‖ વીસ[૧૪] (એ નામની શકિતઓ, જેઓ હાવન ગેહમાં હાવનની શકિતની સાથે કામ કરે છે, તેઓના તે હાવનના) ‖ અષોઇની રચના સાથનાં કેહપર્વાળા,[૧૫] ‖ અષોઇની સરદારીવાળા આઝાદ વખતમાં[૧૬] ‖ (યઝતોની માફક) યસ્ન કરવા માટે[૧૭] (એટલે સૃષ્ટી–રચનામાં ભાગ લેવાની લાયકાત મેળવવા માટે), ‖ જવાબ મળે

---

† હેઠળ પાને ૫૩ મે ફકરા નં. (૪) માં જે લંબાણ સમજ આપી છે, તેનો ટુંક સાર આ ફકરા નં. (૨) નાં વાકયને સંપુર્ણ કરવા આવી રીતે [ ] કૌંસમાં મુકયો છે.

તેવી ભકિત કરવા માટે[૧૮] (એટલે સૃષ્ટી-રચનામાં ખીશ્કારી કરવા માટે), || (તેથી) અહુરાની ખુશ્નુદી થવા માટે,[૧૯] || (તેમજ તેવું કામ જારી રાખવાની) ભલી તોફીક લેવા માટે,[૨૦] (એમ જન સમાજ-કુલ સૃષ્ટીની નોકરી કરવા માટે તૈયાર થઇ રહેવાની લાયકાત મેળવવા હું દુઆ કરૂં છું, માટે) ||

(૪) (અએ જોતી ઉસ્તાદ![૨૨] (તું પાવીકતના અમલદાર, પાવ મહેલને ટેકવનાર, આલાતોને ટેકવનાર, કુદરતની અવીએહ દીન સાથે સંબંધ કરીને કરાવનાર!) || **'યથા અહૂ વઇર્યો'ને**[૨૧] (એટલે તેમાં રહેલી ખુબીઓને, કે જેથી યઝતો **અહૂને** પુગીને મોક્ષે પુગી રહયા છે, જેથી યઝતો ફ્રવષીને એટલે અહુરા પ્રત્યેની અત્યંત તાબેદારીથી થતી **અનામાંથ્વાઓ** શકિતને પુર્ણ રીતે પ્રાપ્ત કરી અહુ-પરસ્તી કરી રહયા છે, તેવા ખુબીવાળા ખુદ-બ-ખુદ ફ્રવષીને મેળવી આપતા **'યથા'**ના માથ્રને) || મને[૨૩] (કે જે હું તારા સંબંધનો, આગળ વધવા તરીકત પાળીને તૈયાર થઇ ઉભો છું તેને) || બતાવ-જાહેર કર-શીખવ,[૨૪] (એટલે મારામાં તેની ખુબી ઉતાર-પચાવ, કે જેથી) || તે આગળ વધતો અષવન[૨૬] || (અને) તે કુદરતની રાઝ (ભેદો)નો માહિતગાર રાથ્વી[૨૭] || **'અથા રતુશ્ અષાત્ ચિત્ હુચા'**[૨૫] (ની ખુબી મને) || જાહેર કરશેજ, બતાવશેજ, ફેલાવશેજ,[૨૮] (એટલે હું ભણનાર પોતે તરીકતનો પાબંદ થયલો શખ્સ હોવાથી, આવા જોતી અને રાથ્વીથી એટલે પાવી-કતના અમલદારો અને પાવી-કતના પાવ-મહેલ અને આલાતોની શકિતથી અષો વીદવાન થઇને, તારો એટલે તું યઝતનો રાથ્વી થઇને, **'અથા રતુશ્ અષાત્ ચિત્ હુચા'**ની મુરાદે પુગી એટલે અષોઇની સામગ્રી ઉભી કરી, અહુરાનો ગુમાસ્તો થઇ અહુરા વતી જગતમાં કામ કરવાના અધીકારે પુગી, ઉપર કહેલી યસ્ન-વહુમ કરીને, અહુરાને ખુશ્નુદ કરીને, જગતને તોફીક આપવા સદા કામ કરીશ,-એમ કુલ જગતની સેવા કરીશ,-એમ યઝતો જેમ કામ કરી રહે છે તેમજ હું પણ કરવા તેઓ સાથે જોડાઇને જગતને હમારી સાથે જોડાવવા મુનાદી પાંથરીશ.)

# રપિથ્વન ગેહ.

(૧) ફ્રવરાને[1] મજદયસ્નો[2] જરથુશત્રિશ[3] વીદએવો[4] અહુર-ત્કએષો.[5]

(૨) રપિથ્વનાઇ[6] અષઑને[7] અષહે રથ્વે,[8] યસ્નાઇચ[9] વહ્માઇચ[10] ક્ષ્નઑથ્રાઇચ[11] ફ્રસસ્તયએચ;[12]

(૩) ફ્રાદત્‌-ફ્ષવે[13] જન્તુમાઇચ[14] અષઑને[15] અષહે રથ્વે,[16] યસ્નાઇચ[17] વહ્માઇચ[18] ક્ષ્નઑથ્રાઇચ[19] ફ્રસસ્તયએચ;[20]

(૪) (યથા અહૂ વઇરયો[21] જઑતા[22] ફ્રા મે[23] બ્રૂતે,[24] અથા[25] રતુશ્‌ અષાત્‌ચિત્‌ હચ ફ્રા અષવ[26] વીદ્વાઑ[27] મ્રઑતૂ.[28])*

(૧) દીન ઉપર પુર્ણ ભરોસો રાખી દીન પ્રમાણે ચાલવા હું બંધાઉં છું—એકરાર કરૂં છું.[1] || મઝદયસ્ની બુન-ઓકાદનો[2] (હું છું). || ઝરથોશ્તી ગતીનો[3] (હું છું, એટલે મઝદયસ્ની દએનની બુલંદી જે ઝરથોશ્તીપણાંમાં સમાઇ છે, તેવી ગતીમાં હું નવજોત કરી સુદરેહ-કુશ્તી પહેરીને પુર્ણ થયલો છું, મઝદયસ્ની ઝરથોશ્તી છું) || દએવ = જડતાથી દુર[4] (એટલે અજ્ઞાનતાના અંધકારના ભુલાવાની તમામ સંસ્થા અને તેને લગતા કાયદાઓથી દુર હું છું.) || અહુરાના બધા કાયદા જે વૃદ્ધી કરાવે છે તેવા કાયદા પ્રમાણે તરીકતથી ચાલવાવાળો[5] (થયો છું.) ||

(૨) અષોઇની રચના સાથના કેહપવાળા-સીમાવાળા[7] || રપિથ્વનના આઝાદગી આપતા વખતમાં[6] (અષોઇની સરદારી ભોગવતા તે રપીથ્વન ગાહમાં) || (જેમ કુલ યઝતી શકિતઓ યસ્ન કરે છે તેમ) યસ્ન કરવા માટે[9] (એટલે યઝતોનાં ફ્રવષી સાથે રાથ્વી-જોતી થઇ યસ્ન કરીને સૃષ્ટી-રચનાને આગળ ફ્રશો-કેરેતી તરફ ચલાવવાનાં કામમાં તૈયાર થઇ રહેવા માટે), || (એમ તૈયાર થઇ રહી તે યઝતાની યસ્નમાં સૃષ્ટીને આગળ ચલાવવાનો પાઠ બજાવવા, સૃષ્ટીને આગળ ચલાવવાની સવળતા આપવા) વળતો જવાબ મળે તેવી ભકિત કરવા માટે,[10] (એટલે સૃષ્ટીમાં ભલાઈ જામે તેવી ખીશ્કારી કરવા માટે-સૃષ્ટી પોતે પોતાની આકેબતે પુગે માટે ભકિત કરી ભકિતનું પુન્ય સૃષ્ટીને આપી સૃષ્ટીને આગળ

---

* આ વલ્લાયાવાળા ભાગ બાબે જુવો પાને ૫૧ મે આપેલી ફુટનોટ.

ચલાવવા માટે), || (એમ અહુરાની) ખુશ્નુદી કરવા માટે[૧૧] (એટલે તે જગત આમ સરળ થતું આવશે માટે અહુરાની ખુશાલી થશે તેવી ખુશાલી જમાવવા માટે), || (અહુરાથી) ભલી તોફીક લઇ બીજાને અપાવવા માટે[૧૨] (એટલે અહુરા એમ ખુશનુદ થઇને ભલી તોફીક આપે છે, કે જેથી તેવાં કામમાં મચ્યા રહેવાશે, તેવી ભલી તોફીક લઇને તેનો પુર્ણ અંગીકાર કરી બીજાને તેવી તોફીક મળે એમ કરવા માટે એટલે જન-સેવા, જગત -સેવા કરવા માટે તૈયાર થઇ રહું તેવી લાયકાત મેળવવા હું દુઆ કરૂં છું, માટે) [અએ જોતી !† **યથાથી** તું મને રાથ્વો તારો જોડીદાર બનાવીને મદદ કર.] ||

(૩) (એવીજ રીતે) || ફ્રાદત-ફ્ષુ[૧૩] (અને) || ઝન્તુ[૧૪] (એ નામની શકિતઓ જેઓ રપિથ્વન ગેહમાં રપિથ્વન શકિતની સાથે કામ કરે છે, તેઓને તે રપિથ્વનના) || અષોઇની રચના સાથના કેહર્પવાળા[૧૫] || અષોઇની સરદારીવાળા આઝાદ વખતમાં[૧૬] || (યઝતોની માફક) યસ્ન કરવા માટે[૧૭] (સૃષ્ટી-રચનામાં ભાગ લેવાની લાયકાત મેળવવા માટે), || તેને માટે જવાબ મળે તેવી ભકિત કરવા માટે[૧૮] (સૃષ્ટીમાં ખીશ્કારી કરવા માટે) || (તેથી) || અહુરાની ખુશનુદી કરવા માટે,[૧૯] || (તેવું કામ જારી રાખવાની) ભલી તોફીક લેવા માટે,[૨૦] (એમ જન-સમાજ-કુલ સૃષ્ટીની નોકરી કરવા માટે તૈયાર થઇ રહેવાની લાયકાત મેળવવા હું દુઆ કરૂં છું, માટે) ||

(૪) (અએ જોતી ઉસ્તાદ[૨૨] (તું પાવીકતના અમલદાર પાવ મહેલને ટેકવનાર, આલાતોને ટેકવનાર, કુદરતની અવીઝેહ દીન સાથે સંબંધ કરીને કરાવનાર!) || **'યથા અહૂ વઇર્યોને**[૨૧] (એટલે તેમાં રહેલી ખુબીઓને, કે જેથી યઝતો **અહૂને** પુગીને મોક્ષે પુગી રહયા છે, જેથી યઝતો ફ્રવષીને એટલે અહુરા પ્રત્યેની **અત્યંત** તાબેદારીથી થતી **અના-માંથ્વાઓ** શકિતને પુર્ણ રીતે પ્રાપ્ત કરી અહુ-પરસ્તી કરી રહયા છે, તેવા ખુબીવાળા ખુદ-બ-ખુદ ફ્રવષીને મેળવી આપતા **'યથા'ના માંથ્રને**) || મને[૨૩] (કે જે હું તારા સંબંધનો, આગળ વધવા તરીકત પાળીને તૈયાર થઇ ઉભો છું તેને) || બતાવ-જાહેર કર-શીખવ[૨૪] (એટલે મારામાં તેની ખુબી ઉતાર-પચાવ, કે જેથી) || તે આગળ વધતો અષવન[૨૬] || (અને) તે કુદરતની રાઝ (ભેદો)નો માહીતગાર રાથ્વી[૨૭] || **'અથા રતુશ અષાત્ ચિત્ હચા'**[૨૫] (ની ખુબી મને) || જાહેર કરશેજ, બતાવશેજ,

---

† હેઠળ ફકરા નં. (૪) માં જે લંબાણ સમજ આપી છે. તેનો ટુંક સાર આ ફકરા નં. (૨) નાં વાકયને સંપુર્ણ કરવા કૌંસમાં મુકયો છે.

ફેલાવશેજ,[૨૮] (એટલે હું ભણનાર પોતે તરીકતનો પાબંદ થયલો શખ્સ હોવાથી, આવા જોતી અને રાથ્વી એટલે પાવી-કતના અમલદારો અને પાવી-કતના પાવ-મહેલ અને આલાતોની શકિતથી અષો વીદવાન થઇને, તારો એટલે તું યઝતનો રથ્વી થઇને, "અષા રતુશ અષાત ચિત હચા'ની મુરાદે પુગી એટલે અષોઇની સામગ્રી ઉભી કરી, અહુરાનો ગુમાસ્તો થઇ અહુરા વતી જગતમાં કામ કરવાના અધીકારે પુગી, ઉપર કહેલી યસ્ન-વહમ કરીને, અહુરાને ખુશ્નુદ કરીને, જગતને તોફીક આપવા સદા કામ કરીશ,-એમ કુલ જગતની સેવા કરીશ,--એમ યઝતો જેમ કામ કરો રહે છે તેમજ હું પણ કરવા તેઓ સાથે જોડાઇને જગતને હમારી સાથે જોડાવવા મુનાદી પાંચરીશ.)

## ઉઝયેઇરીન ગેહ.

**(૧) ફ્રવરાને[૧] મજદયસ્નો[૨] જરથુશત્રિશ[૩] વીદએવો[૪] અહુર-ટ્કએષો.[૫]**

**(૨) ઉજયેઇરિનાઇ[૬] અષઑને[૭] અષહે રથ્વે[૮] યસ્નાઇચ[૯] વહ્માઇચ[૧૦] ક્ષ્નઑથ્રાઇચ[૧૧] ફ્રસસ્તયએચ;[૧૨]**

**(૩) ફ્રાદત્-વીરાઇ[૧૩] દખ્યુમાઇચ[૧૪] અષઑને[૧૫] અષહે રથ્વે,[૧૬] યસ્નાઇચ[૧૭] વહ્માઇચ[૧૮] ક્ષ્નઑથ્રાઇચ[૧૯] ફ્રસસ્તયએચ.[૨૦]**

**(૪) (યથા અહૂ વઇર્યો[૨૧] ઝઓતા[૨૨] ફ્રા મે[૨૩] મ્રૂતે[૨૪] અથા રતૂશ્-અષાત્ચિત્ હચ[૨૫] ફ્રા અષવ[૨૬] વીદ્વાઓ[૨૭] મ્રઑતૂ.[૨૮]**

(૧) દીન ઉપર પુર્ણ ભરોસો રાખી દીન પ્રમાણે ચાલવા હું બંધાઉં છું-એકરાર કરૂં છું.[૧] ‖ મઝદયસ્ની ખુન-ઓકાદનો[૨] (હું છું.) ‖ ઝરથોસ્તી ગતીનો[૩] (હું છું, એટલે મઝદયસ્ની દએનની બુલંદી જે ઝરથોસ્તીપણાંમાં સમાઇ છે, તેવી ગતીમાં હું નવજોત કરી સુદરેહ-કુસ્તી પહેરીને પુર્ણ થયલો છું, મઝદયસ્ની ઝરથોસ્તી છું). ‖ દએવ=જડતાથી દુર[૪] (એટલે અજ્ઞાનતાના અંધકારના ભુલાવાની તમામ સંસ્થા અને તેને લગતા કાયદાઓથી દુર હું છું.) ‖ અહુરાના બધા કાયદા જે વૃધ્ધી કરાવે છે તેવા કાયદા પ્રમાણે તરીકતથી ચાલવાવાળો[૫] (થયો છું.) ‖

(૨) અષોઇની રચના સાથનાં કેહપર્વાળા–સીમાવાળા[7] || ઉઝયેરીનના[8] || આઝાદગી આપતા વખતમાં[8] (અષોઇની સરદારી ભોગવતા તે આઝાદ ઉઝઇરીન ગાહમાં) || (જેમ કુલ યઝતી શકિતઓ યસ્ન કરે છે, એટલે રાથ્વી–જોતી તરીકે થઇ સૃષ્ટી–રચનાનું કામ અને દરેકને ભોગવટો કરાવીને મોક્ષે–મુકિતએ લઇ જવાનું કામ કરે છે તેમ) યસ્ન કરવા માટે,[9] (એટલે આવી યસ્નમાં યઝતોની સાથે એકતાન થવા માટે,–યઝતોનાં ફ્રવષી સાથે રાથ્વી–જોતી તરીકે થઇ યસ્ન કરીને સૃષ્ટી–રચના આગળ ફ્રશો–કેરેતી તરફ ચલાવ-વાનાં કામમાં મદદ કરવા ભણનારના તૈયાર થઇ રહેવા માટે), || (એમ તૈયાર થઇ રહી તે યઝતોની યસ્નમાં સૃષ્ટીને આગળ ચલાવવાનો પાઠ બજાવવા, સૃષ્ટીને આગળ ચલાવવાની સવળતા આપવા) વળતો જવાબ મળે તેવી ભકિત કરવા માટે[10] (એટલે સૃષ્ટીમાં ભલાઇ જામે તેવી ખીશ્કારી કરવા માટે,–સૃષ્ટી પોતે પોતાની આકેબતે પુગે માટે ભકિત કરી ભકિતનું પુન્ય સૃષ્ટીને આપી સૃષ્ટીને આગળ ચલાવવા માટે), || (એમ) અહુરાની ખુશ્નુદી કરવા માટે,[11] (એટલે જગત આમ સરળ થતું આવશે, જેથી અહુરાની ખુશાલી થશે તેવી ખુશાલી જમાવવા માટે), || (તેમજ) અહુરાથી ભલી તોફીક આશીશો લઇ બીજાને આપવા માટે,[12] (એટલે અહુરા એમ ખુશ્નુદ થઇને વળતી તોફીક આપે છે, કે જેથી તેવાં કામમાં મચ્યા રહેવાશે; તેવી ભલી તોફીક લઇને તેનો પુર્ણ અંગીકાર કરી બીજાંને તેવી તોફીક મળે એમ કરવા માટે, એટલે જગત–સેવા અને જન–સેવા કરવા માટે તૈયાર થઇ રહું એવી લાયકાત મેળવવા હું દુઆ કરૂં છું, માટે) || [અએ જોતી ઉસ્તાદ રહેબર ! તું "યથા"નો ભેદ મને શીખવ, મારી આગળ તે ભેદ જાહેર કર, કે જેથી મ રી દુઆ ફળે] † ||

(૩) (એવીજ રીતે) **ફ્રાદત–વીર**[13] (અને) || **દખ્યુમ**[14] (શકિતઓ જેઓ **ઉઝીરીન ગેહમાં ઉઝીરીનની** શકિત સાથે કામ કરે છે તેઓના તે ઉઝીરીનના) || અષોઇની રચના સાથનાં કેહપર્વાળા,[15] || અષોઇની સરદારીવાળા આઝાદ વખતમાં[16] || (યઝતોની માફક) યસ્ન કરવા માટે[17] (એટલે સૃષ્ટી–રચનામાં ભાગ લેવાની લાયકાત મેળવવા માટે), || જવાબ મળે તેવી ભકિત કરવા માટે[18] (એટલે સૃષ્ટી–રચનામાં ખીશ્કારી કરવા માટે), || (તેથી) અહુરાની ખુશ્નુદી થવા માટે,[19] || (તેમજ તેવું કામ જારી રાખ-

---

† હેઠળ પાને ૫૩ મે ફકરા નં. (૪) માં જે લંબાણ સમજ આપી છે, તેનો ટુંક સાર આ ફકરા નં. (૨) નાં વાકયને સંપુર્ણ કરવા આવી રીતે [ ] કોંસમાં મુકયો છે.

વાની) ભલી તોશીક લેવા માટે,[૨૦] (એમ જન સમાજ–કુલ સૃષ્ટીની નોકરી કરવા માટે તૈયાર થઇ રહેવાની લાયકાત મેળવવા હું દુઆ કરૂં છું, માટે) ||

(૪) અએ જોતી ઉસ્તાદ![૨૧] (તું પાવીકતના અમલદાર, પાવ મહેલને ટેકવનાર, આલાતોને ટેકવનાર, કુદરતની અવીજેહ દીન સાથે સંબંધ કરીને કરાવનાર!) || **'યથા અહૂ વઇર્યો'ને**[૨૨] (એટલે તેમાં રહેલી ખુબીઓને, કે જેથી યઝતો અહૂને પુગીને મોક્ષે પુગી રહયા છે, જેથી યઝતો ફ્રવષીને એટલે અહુરા પ્રત્યેની અત્યંત તાબેદારીથી થતી **અના–માંથ્વાઓ** શકિતને પુર્ણ રીતે પ્રાપ્ત કરી અહુ–પરસ્તી કરી રહયા છે, તેવા ખુબોવાળા ખુદ–બ–ખુદ ફ્રવષીને મેળવી આપતા '**યથા**'ના માંથ્રને) || મને[૨૩] (કે જે હું તારા સંબંધનો, આગળ વધવા તરીકત પાળીને તૈયાર થઇ ઉભો છું તેને) || બતાવ–જાહેર કર–શીખવ,[૨૪] (એટલે મારામાં તેની ખુબી ઉતાર–પચાવ, કે જેથી) || તે આગળ વધતો અષવન[૨૬] || (અને) તે કુદરતની રાઝ (ભેદો)નો માહિતગાર રાથ્વી[૨૭] || **'અથા રતુશ્ અષાત્ ચિત્ હચા'**[૨૫] (ની ખુબી મને) || જાહેર કરશેજ, બતાવશેજ, ફેલાવશેજ,[૨૮] (એટલે હું ભણનાર પોતે તરીકતનો પાબંદ થયલો શખ્સ હોવાથી, આવા જોતી અને રાથ્વાથી એટલે પાવી–કતના અમલદારો અને પાવી–કતના પાવ–મહેલ અને આલાતોની શકિતથી અષો વીદવાન થઇને, તારો એટલે તું યઝતનો રાથ્વી થઇને, **'અથા રતુશ્ અષાત્ ચિત્ હચા'**ની મુરાદે પુગી એટલે અષોઇની સામગ્રી ઉભી કરી, અહુરાનો ગુમાસ્તો થઇ અહુરા વતી જગતમાં કામ કરવાના અધીકારે પુગી, ઉપર કહેલી યસ્ન–વહમ કરીને, અહુરાને ખુશ્નુદ કરીને, જગતને તોશીક આપવા સદા કામ કરીશ,–એમ કુલ જગતની સેવા કરીશ,–એમ યઝતો જેમ કામ કરી રહે છે તેમજ હું પણ કરવા તેઓ સાથે જોડાઇને જગતને હમારી સાથે જોડાવવા મુનાદી પાંથરીશ.) ||

## અઇવિસ્રૂથ્રેમ ગેહ.

(૧) ફ્રવરાને[1] મજદયસ્નો[2] જરથુશત્રિશ[3] વીદએવો[4] અહુર-ત્કએષો.[5]

(૨) અઇવિસ્રૂથ્રેમાઇ[6] અઇબિગયાઇ[7] અષઑને[8] અષહે રથ્વે,[9] યસ્નાઇચિ[10] વહ્માઇચ[11] ક્ષ્નઑથ્રાઇચ[12] ફ્રસસ્તયએચ;[13]

(૩) ફ્રાદત-વીસ્પાંમ્[14]-હુજયાઇતેએ[15] જરથુશ્ત્રોતૅમાઇચ[16] અષ-ઑને[17] અષહે રથ્વે,[18] યસ્નાઇચિ[19] વહ્માઇચ[20] ક્ષ્નઑ-થ્રાઇચ[21] ફ્રસસ્તયએચ;[22]

(૪) (યથા અહૂ વઇરયો[23] જઑતા[24] ફ્રા મે[25] મ્રૂતે,[26] અથા[27] રતુશ અષાતચિત હચ ફ્રા અષવ[28] વીદ્વાઑ[29] મ્રઑતૂ.[30])*

(૧) દીન ઉપર પુર્ણ ભરોસો રાખી દીન પ્રમાણે ચાલવા હું બંધાઉં છું-એકરાર કરૂં છું.[1] ॥ મઝદયસ્નની બુન-ઓકાદનો[2] (હું છું). ॥ ઝરથોસ્તી ગતીનો[3] (હું છું, એટલે મઝદયસ્ની દએનની બુલંદી જે ઝરથોશ્તીપણાંમાં સમાઇ છે, તેવી ગતીમાં હું નવજોત કરી સુદરેહ-કુશ્તી પહેરીને પુર્ણ થયલો છું, મઝદયસ્ની ઝરથોશ્તી છું.) ॥ દએવ = જડતાથી દુર[4] (એટલે અજ્ઞાનતાના અંધકારના ભુલાવાની તમામ સંસ્થા અને તેને લગતા કાયદાઓથી દુર હું છું.) ॥ અહુરાના બધા કાયદા જે વૃદ્ધી કરાવે છે તેવા કાયદા પ્રમાણે તરીકતથી ચાલવાવાળો[5] (થયો છું.) ॥

(૨) અષોઇની રચના સાથનાં કેહપવાળા-સીમાવાળા[6] ॥ અઇબિ-ગયાઇ=અઇબિ-ગયા માટેની=જીંદગી ઉપર પાસબાની રાખવા માટેની[7] (એટલે જીંદગીને ટેકવવા તેની આસપાસ ફરી વળે તેવી અઇબિ-ગયાની શક્તિથી જીવતી હાલતની પાસબાની કરવા માટેની) ॥ અઇવિસ્રુથ્રેમ[6]=માંથ્રોને ગાઇને અહૂની સાહેબી આશ્કારા કરવાની શક્તિવાળા તેમંધના ઇલાકાના રાત્રીના વખતમાં ॥ અષોઇની સરદારી ભોગવતા તે રાત્રીના આઝાદ વખતમાં[8]

---

* આ વલ્લાયાવાળો ભાગ તો ઉપરના ભાગની સાથેની પુરવણીને કાજે આ લેખકે ઉમેરેલો છે, જેથી તરજુમો સરળ થાય. ભણવામાં વલ્લાયા-માંનો ભાગ નહી લેવો.

|| (જેમ કુલ યઝતી શકિતઓ યસ્ન કરે છે તેમ) યસ્ન કરવા માટે[૧૦] (એટલે યઝતોનાં ફ્રવષી સાથે રાથ્વી-જોતી થઇ યસ્ન કરીને સૃષ્ટી-રચનાને આગળ ફ્રશો-કેરેતી તરફ ચલાવવાનાં કામમાં તૈયાર થઇ રહેવા માટે), || (એમ તૈયાર થઇ રહી તે યઝતોની યસ્નમાં સૃષ્ટીને આગળ ચલાવવાનો પાઠ બજાવવા, સૃષ્ટીને આગળ ચલાવવાની સવળતા આપવા) વળતો જવાબ મળે તેવી ભકિત કરવા માટે,[૧૧] (એટલે સૃષ્ટીમાં ભલાઈ જામે તેવી ખીશ્કારી કરવા માટે-સૃષ્ટી પોતે પોતાની આકેબતે પુગે માટે ભકિત કરી ભકિતનું પુન્ય સૃષ્ટીને આપી સૃષ્ટીને આગળ ચલાવવા માટે), || (એમ અહુરાની) ખુશ્નુદી કરવા માટે[૧૨] (એટલે તે જગત આમ સરળ થતું આવશે માટે અહુરાની ખુશાલી થશે તેવી ખુશાલી જમાવવા માટે), || (અહુરાથી) ભલી તોફીક લઇ બીજાને અપાવવા માટે[૧૩] (એટલે અહુરા એમ ખુશનુદ થઇને ભલી તોફીક આપે છે, કે જેથી તેવાં કામમાં મચ્યા રહેવાશે, તેવી ભલી તોફીક લઇને તેનો પુર્ણ અંગીકાર કરી બીજાને તેવી તોફીક મળે એમ કરવા માટે એટલે જન-સેવા, જગત -સેવા કરવા માટે તૈયાર થઇ રહું તેવી લાયકાત મેળવવા હું દુઆ કરૂં છું, માટે) [અએ જોતી! **યથાથી** તું મને રાથ્વી તારો જોડીદાર બનાવીને મદદ કર.]* ||

(૩) (અને એવી રીતે) ભલી[૧૫] ગવવાળી પરદુખભંજનની વાસ્નાવાળી જીંદગી રખાવનાર || **ફ્રાદત-વીસ્પના**[૧૪] || (અને) || **ઝરથુશ્ત્રોતેમો**[૧૬] ના (શકિતઓ જેઓ **અઇવીસ્રુથ્રેમ ગાહમાં** તે **અઇવિસ્રુથ્રેમની** શકિત સાથે જીંદગી ટેકવવાની ખીશ્કારી કરે છે તેવા તેઓના રાત્રીના અઇવિસ્રુથ્રેમના વખતના) || અષોઇની રચના કેહપવાળા[૧૭] || અષોઇની સરદારીવાળા આઝાદ વખતમાં[૧૮] || (યઝતોની માફક) યસ્ન કરવા માટે[૧૯] (સૃષ્ટા-રચનામાં ભાગ લેવાની લાયકાત મેળવવા માટે), || તેને માટે જવાબ મળે તેવી ભકિત કરવા માટે[૨૦] (સૃષ્ટીમાં ખીશ્કારી કરવા માટે), || તેથી અહુરાની ખુશનુદી કરવા માટે,[૨૧] || (તેવું કામ જારી રાખવાની) ભલી તોફીક લેવા માટે,[૨૨] (એમ જન-સમાજ-કુલ સૃષ્ટીની નોકરી કરવા માટે તૈયાર થઇ રહેવાની લાયકાત મેળવવા હું દુઆ કરૂં છું, માટે) ||

(૪) અએ જોતી ઉસ્તાદ[૨૪] (તું પાવીકતના અમલદાર પાવ મહેલને ટેકવનાર, આલાતોને ટેકવનાર, કુદરતની અવીઝેહ દીન સાથે સંબંધ કરીને કરાવનાર!) || **'યથા અહૂ વઇર્યો**ને[૨૩] (એટલે તેમાં રહેલી

---

* હેઠળ પાને ૫૩ મે ફકરા નં. (૪) માં જે લંબાણ સમજ આપી છે, તેનો ટુંક સાર આ ફકરા નં. (૨) નાં વાકયને સંપુર્ણ કરવા આવી રીતે [ ] કૌંસમાં મુકયો છે.

ખુબીઓને, કે જેથી યઝતો **અહુને** પુગીને મોક્ષે પુગી રહયા છે, જેથી યઝતો ફ્રવષીને એટલે અહુરા પ્રત્યેની **અત્યંત** તાબેદારીથી થતી **અના-માંથ્વાઓ** શકિતને પુર્ણ રીતે પ્રાપ્ત કરી **અહુ**-પરસ્તી કરી રહયા છે, તેવા ખુબીવાળા ખુદ-બ-ખુદ ફ્રવષીને મેળવી આપતા '**યથા**'ના માંથ્રને) ‖ મને[૨૫] (કે જે હું તારા સંબંધનો, આગળ વધવા તરીકત પાળીને તૈયાર થઇ ઉભો છું તેને) ‖ બતાવ-જાહેર કર-શીખવ[૨૬] (એટલે મારામાં તેની ખુબી ઉતાર-પચાવ, કે જેથી) ‖ તે આગળ વધતો અષવન[૨૮] ‖ (અને) તે કુદરતની રાઝ (ભેદો)નો માહીતગાર રાથ્વી[૨૯] ‖ '**અથા રતુશ અષાત્ ચિત્ હચા**'[૨૭] (ની ખુબી મને) ‖ જાહેર કરશેજ, બતાવશેજ, ફેલાવશેજ,[૩૦] (એટલે હું ભણનાર પોતે તરીકતનો પાબંદ થયલો શખ્સ હોવાથી, આવા જોતી અને રાથ્વી એટલે પાવી-કતના અમલદારો અને પાવી-કતના પાવ-મહેલ અને આલાતોની શકિતથી અષો વીદવાન થઇને, તારો એટલે તું યઝતનો રથ્વી થઇને, "**અષા રતુશ અષાત ચિત હચા**'ની મુરાદે પુગી એટલે અષોઇની સામગ્રી ઉભી કરી, અહુરાનો ગુમાસ્તો થઇ અહુરા વતી જગતમાં કામ કરવાના અધીકારે પુગી, ઉપર કહેલી યસ્ન-વહમ કરીને, અહુરાને ખુશ્નુદ કરીને, જગતને તોફીક આપવા સદા કામ કરીશ,-એમ કુલ જગતની સેવા કરીશ,-એમ યઝતો જેમ કામ કર રહે છે તેમજ હું પણ કરવા તેઓ સાથે જોડાઇને જગતને હમારી સાથે જોડાવવા મુનાદી પાંથરીશ.) ‖

## ઉષહીન ગેહ.

**(૧) ફ્રવરાને[૧] મજદયસ્નો[૨] જરથુશત્રિશ[૩] વીદએવો[૪] અહુર-ટકએષો.[૫]**

**(૨) ઉષહિનાઇ[૬] અષઑને[૭] અષહે રથ્વે[૮] યસ્નાઇચ[૯] વહ્માઇચ[૧૦] ક્ષ્નઑથ્રાઇચ[૧૧] ફ્રસસ્તયએચ;[૧૨]**

**(૩) બૅરૅજયાઇ[૧૩] ન્માન્યાઇચ[૧૪] અષઑને[૧૫] અષહે રથ્વે,[૧૬] યસ્નાઇચિ[૧૭] વહ્માઇચ[૧૮] ક્ષ્નઑથ્રાઇચ[૧૯] ફ્રસસ્તયએચ.[૨૦]**

**(૪) (યથા અહૂ વઇર્યો[૨૧] ઝઓતા[૨૨] ફ્રા મે[૨૩] મ્રૂતે[૨૪] અથા રતૂશ અષાતચિત હચ[૨૫] ફ્રા અષવ[૨૬] વીદ્વાઓ[૨૭] મ્રઑતૂ.[૨૮])***

* આ વલ્લાચાવાળો ભાગ તો ઉપરના ભાથની સાથેની પુરવણીને કાજે આ લેખકે ઉમેરેલો છે, જેથી તરજુમો સરળ થાય. ભણવામાં વલ્લાચા-માંનો ભાગ નહી લેવો.

(૧) દીન ઉપર પુર્ણ ભરોસો રાખી દીન પ્રમાણે ચાલવા હું બંધાઉં છું–એકરાર કરૂં છું.[૧] ‖ મઝદયસ્નની બુન–ઓફાદનો[૨] (હું છું.) ‖ ઝરથોસ્તી ગતીનો[૩] (હું છું, એટલે મઝદયસ્નની દએનની બુલંદી જે ઝરથોશ્તીપણાંમાં સમાઇ છે, તેવી ગતીમાં હું નવજોત કરી સુદરેહ–કુસ્તી પહેરીને પુર્ણ થયલો છું, મઝદયસ્ની ઝરથોસ્તી છું). ‖ દએવ=જડતાથી દુર[૪] (એટલે અજ્ઞાનતાના અંધકારના ભુલાવાની તમામ સંસ્થા અને તેને લગતા કાયદાઓથી દુર હું છું.) ‖ અહુરાના બધા કાયદા જે વૃધ્ધી કરાવે છે તેવા કાયદા પ્રમાણે તરીકતથી ચાલવાવાળો[૫] (થયો છું.) ‖

(૨) અષોઇની રચનાના કેહર્પવાળા[૭]–સીમાવાળા ‖ ઉષહીનના[૮] ‖ આઝાદગી આપતા વખતમાં[૮] (અષોઇની સરદારી ભોગવતા તે આઝાદ ઉષહીનના વખતમાં–ગાહમાં) ‖ (જેમ કુલ યઝતી શકિતઓ યસ્ન કરે છે તેમ) યસ્ન કરવા માટે[૯] (એટલે યઝતોનાં ફ્રવષી સાથે રાથ્વી–જોતી થઇ યસ્ન કરીને સૃષ્ટી–રચનાને આગળ ફ્રશો–કેરેતી તરફ ચલાવવાનાં કામમાં તૈયાર થઇ રહેવા માટે), ‖ (એમ તૈયાર થઇ રહી તે યઝતોની યસ્નમાં સૃષ્ટીને આગળ ચલાવવાનો પાઠ બજાવવા, સૃષ્ટીને આગળ ચલાવવાની સવળતા આપવા) વળતો જવાબ મળે તેવી ભકિત કરવા માટે,[૧૦] (એટલે સૃષ્ટીમાં ભલાઇ જામે તેવી ખીશ્કારી કરવા માટે–સૃષ્ટી પોતે પોતાની આકેબતે પુગે માટે ભકિત કરી ભકિતનું પુન્ય સૃષ્ટીને આપી સૃષ્ટીને આગળ ચલાવવા માટે,) ‖ (એમ અહુરાની) ખુશ્નુદી કરવા માટે[૧૧] (એટલે તે જગત આમ સરળ થતું આવશે માટે અહુરાની ખુશાલી થશે તેવી ખુશાલી જમાવવા માટે, ‖ (અહુરાથી) ભલી તોફીક લઇ બીજાને અપાવવા માટે[૧૨] (એટલે અહુરા એમ ખુશનુદ થઇને ભલી તોફીક આપે છે, કે જેથી તેવાં કામમાં મચ્યા રહેવાશે, તેવી ભલી તોફીક લઇને તેનો પુર્ણ અંગીકાર કરી બીજાને તેવી તોફીક મળે એમ કરવા માટે એટલે જન–સેવા, જગત–સેવા કરવા માટે તૈયાર થઇ રહું તેવી લાયકાત મેળવવા હું દુઆ કરૂં છું, માટે) [અએ જોતી ! યથાથી તું મને રાથ્વી તારો જોડીદાર બનાવીને મદદ કર.]* ‖

(૩) (અને એવીજ રીતે) બેરેજયની[૧૩] (અને) નમાન્યની[૧૪] (શકિતઓ જેઓ **ઉષહીન ગેહમાં ઉષહીન**ની શકિત સાથે કામ કરે

---

* હેઠળ પાને ૫૩ મે ફકરા નં. (૪) માં જે લંબાણ સમજ આપી છે, તેનો ટુંક સાર આ ફકરા નં. (૨) નાં વાકયને સંપુર્ણ કરવા આવી રીતે [ ] કૌંસમાં મુકયો છે.

છે તેઓના તે ઉષહીનના) ‖ અષોઇની રચના સાથના કેહપવાળા[૧૫] ‖ અષોઇની સરદારીવાળા આઝાદ વખતમાં[૧૬] ‖ (યઝતોની માફક) યસ્ન કરવા માટે[૧૭] (સૃષ્ટી-રચનામાં ભાગ લેવાની લાયકાત મેળવવા માટે), ‖ તેને માટે જવાબ મળે તેવી ભકિત કરવા માટે[૧૮] (સૃષ્ટીમાં ખીશ્કારી કરવા માટે), ‖ (તેથી) ‖ અહુરાની ખુશનુદી કરવા માટે,[૧૯] ‖ તેવું કામ જારી રાખવાની) ભલી તોરીક લેવા માટે,[૨૦] (એમ જન-સમાજ-કુલ સૃષ્ટીની નોકરી કરવા માટે તૈયાર થઇ રહેવાની લાયકાત મેળવવા હું દુઆ કરૂં છું, માટે) ‖

(૪) અએ જોતી ઉસ્તાદ[૨૨]! (તું પાવીકતના અમલદાર, પાવ મહેલને ટેકવનાર, આલાતોને ટેકવનાર, કુદરતની અવીઝેહ દીન સાથે સંબંધ કરીને કરાવનાર!) ‖ '**યથા અહૂ વઇર્યો**'ને[૨૧] (એટલે તેમાં રહેલી ખુબીઓને, કે જેથી યઝતો **અહૂને** પુગીને મોક્ષે પુગી રહયા છે, જેથી યઝતો ફ્રવષીને એટલે અહુરા પ્રત્યેની અત્યંત તાબેદારીથી થતી **અના-માંથ્વાઓ** શકિતને પુર્ણ રીતે પ્રાપ્ત કરી અહુ-પરસ્તી કરી રહયા છે, તેવા ખુબીવાળા ખુદ-બ-ખુદ ફ્રવષીને મેળવી આપતા '**યથા**'ના માંથ્રને) ‖ મને[૨૩] (કે જે હું તારા સંબંધનો, આગળ વધવા તરીકત પાળીને તૈયાર થઇ ઉભો છું તેને) ‖ બતાવ-જાહેર કર-શીખવ,[૨૪] (એટલે મારામાં તેની ખુબી ઉતાર-પચાવ, કે જેથી)‖ તે આગળ વધતો અષવન[૨૬] ‖ (અને) તે કુદરતની રાઝ (ભેદોનો માહિતગાર રાથ્વી[૨૭] ‖ '**અથા રતુશ અષાત્ ચિત્ હચા**'[૨૫] (ની ખુબી મને) જાહેર કરશેજ, બતાવશેજ, ફેલાવશેજ,[૨૮] (એટલે હું ભણનાર પોતે તરીકતનો પાબંદ થયલો શખ્સ હોવાથી, આવા જોતી અને રાથ્વીથી એટલે પાવી-કતના અમલદારો અને પાવી-કતના પાવ-મહેલ અને આલાતોની શકિતથી અષો વીદવાન થઇને, તારો એટલે તું યઝતનો રાથ્વી થઇને, '**અથા રતુશ અષાત્ ચિત્ હચા**'ની મુરાદે પુગી એટલે અષોઇની સામગ્રી ઉભી કરી, અહુરાનો ગુમાસ્તો થઇ અહુરા વતી જગતમાં કામ કરવાના અધીકારે પુગી, ઉપર કહેલી યસ્ન-વહમ કરીને, અહુરાને ખુશ્નુદ કરીને, જગતને તોરીક આપવા સદા કામ કરીશ, -એમ કુલ જગતની સેવા કરીશ,-એમ યઝતો જેમ કામ કરી રહે છે તેમજ હું પણ કરવા તેઓ સાથે જોડાઇને જગતને હમારી સાથે જોડાવવા મુનાદી પાંથરીશ.) ‖

# કેમ્‌ના મજ્‌દા.

(૧) કેમ્[૧] ના[૨] મજ્‌દા[૩] મવઇતે[૪] પાયૂમ્[૫] દદાત્,[૬]
હ્યત્[૭] મા[૮] દ્રૅગ્વાઓ[૯] દીદરૅષતા[૧૦] અએનંઘ્રહે,[૧૧]
અન્યૅમ્[૧૨] થ્વહ્માત્[૧૩] આથ્રસ્ચા[૧૪] મનંઘ્રહસ્ચા,[૧૫]
યયાઓ[૧૬] શ્યઑથનાઇશ્[૧૭] અષૅમ્[૧૮] થ્રઑશ્તા[૧૯] અહુરા,[૨૦]
તાંમ્[૨૧] મોઇ[૨૨] દાંસ્તવાંમ્[૨૩] દએનયાઇ[૨૪] ફ્રાવઑચા.[૩૫]

(૨) કે[૨૬] વૅરૅથ્રૅમ્-જા[૨૭] થ્વા[૨૮] પોઇ[૨૯] સેન્ગહ્‌ા[૩૦] યોઇ[૩૧] હૅન્તી,[૩૨]
ચિથ્રા[૩૩] મોઇ[૩૪] દાંમ્[૩૫] અહૂબિશ્[૩૬] રતૂમ્[૩૭] ચીઝ્દી;[૩૮]
અત્[૩૯] હોઇ[૪૦] વૅાહૂ[૪૧] સૅરઑષો[૪૨] જન્તૂ[૪૩] મનંઘ્રહો,[૪૪]
મજ્‌દા[૪૫] અહ્માઇ[૪૬] યહ્માઇ[૪૭] વષી[૪૮] કહ્માઇચીત્.[૪૯]

(૧) અએ મઝદા ![૩] ‖ કયો[૧] ‖ નર[૨] ‖ (એટલે ભલાઇ જે મારી અંદર જામી છે, જે માંથ્ર ભણાવીને ઉસ્તાદે ઉભી કીધી છે તેવી તરીકતનું પરિણામ તેમ મારા ઉસ્તાદની રેહબરી) મારાંઓને[૪] ‖ (એટલે મને, મારી આસપાસનાંઓને અને મારે લગતા અંશોને)* ‖ જયારે[૭] ‖ બુરો ઇનસાન[૯] (એટલે મારામાં રહેલો હેવાન, કહેતાં મારા હવસી વિચારો) ‖ કીનો લેવા[૧૧] (એટલે ઉભરાઇ આવીને બુરાઇ-પાપો કરાવવા) ‖ ધાસ્તી આપે-તલ્પી રહે,[૧૦] (ત્યારે) ‖ બચાવ[૫] (એટલે હવસોને દુર કરવાની ગતી) ‖ આપશે ?[૬] ‖ તું-તારે લગતાઓ[૧૩] (એટલે તારી દીનની વસીઅતને બતાવનારા) ‖ સીવાય બીજો કોઇબી,[૧૨] ‖ આતશ[૧૪] (કે જે મારામાં છે, જેને સ્વચ્છ કરવો જોઇએ તેને અને) ‖ મનને[૧૫] (મારા વીચારોના સ્વભાવને-એ બન્નેને સ્વચ્છ કરી શકશે નહી), ‖ જે બેઉનાં[૧૬] ‖ કામથી[૧૭] (એટલે તે આતશ અને તે મન બેઉ તરીકત પાળવામાં મદદ આપે છે તેઓથી) ‖ અષોઇ[૧૮]

---

* "મારાઓને, મારે લગતાં અંશોને" આ શબ્દમાં તે ઈનસાનના રવાનને જે જે બીજાં રવાનો સાથે સગાઇ-લેવું દેવું છે, તે બધાંઓ આવી જાય છે. આમ હેવાન-ઝાડપાન ખનીજનાં રૂહોના અંશો, કે જે તે ઇનસાનનાં રવાનમાંથી થયાં છે તેઓ, તેમ તે ઇનસાન-રવાનની જુફત અને બીજાં નઝદીકનાં સગાંઓ બધાં આવી જાય છે. આવી રૂહાંની સગાઇને અવસ્તામાં **'ખએતુ'** કહે છે.

|| ઉભી થતી જાય છે,[૧૯] (એટલે અષોઇની શકિત અને તેનુ કેહપ<sup></sup> થતું રહે છે) || (માટે અએ મઝદા !) તે[૨૧] ખાસ (અમલવાળું જ્ઞાન,) || તરીકતનું અને બીજો નતીજો આપતું જ્ઞાન[૨૩] (જે આતશ અને મનને સાફ કરે છે તે) || દીનની ખુબીનું અંતકરણ-ખરૂં અંતકરણ-અહુરમઝદને મળતું અંતકરણ ઉભું થવા માટે[૨૪] || મને[૨૨] || જાહેર કર-બતાવ.[૨૫] ||

(૨) કયો નર[૨૬] (એટલે 'તરીકતથી' મારી અંદર ઉભી થયલી 'ન-ના'ની શકિત, દએનાની† શકિત) || માંથ્રોને જોરે[૩૦] || (માંથ્રો કે) જેઓ[૩૧] || બચાવનાર[૨૯] || છે[૩૨] (તેઓને જોરે) || દુશ્મનને (એટલે મારી અંદરના હવસોને) મારશેજ,[૨૭] || (એમ છે માટે) જાહેરમાં[૩૩] (દુન્યવીપણાનાં સંસારમાં) || મને[૩૪] || બેઉ દુન્યા માટે[૩૬] (બેઉ દુન્યા એટલે જીવતી હાલતની ગેતી અને મરણ પછીની મીનો હાલત તરી જાઉં તેને માટે, તન-પસીન થવા માટે), || કુદરતના ભેદ સાથે મળેલો ડહાપણવાળો[૩૫] || રતુ=ઉસ્તાદ-ફરેશ્તો-ખરો દોસ્ત[૩૭] || બતાવશેજ.[૩૮] || એ પ્રમાણે ત્યારે[૩૯] || તેને માટે[૪૦] એટલે તરીકતના પાળનાર કે જેને ઉસ્તાદ અને દોસ્ત અને ફરેશ્તો મળેલો છે તેને માટે) || વોહુમનની[૪૧] ભલી તેવીષી સાથનો[૪૪] || સરોશ[૪૨] || આવશેજ.[૪૩] || જે કોઇને[૪૭] || કોઇનેબી[૪૯] || તું ચાહે[૪૮] છે-તું ગતી આપે છે || તેને માટે,[૪૬] || અએ મઝદા ![૪૫] (એજ છેડો છે, એટલે તેને તનાસક એટલે જન્મ-મરણમાંથી છોડવીને તને-પસીન* કરાવવા બહમન અને સરોશની મદદ મોકલે છે.)

---

† દએના એટલે અંતકરણ, કે જેમાં નીખાલસ ગતી આવવે સૃષ્ટીને જોવાની ગતી, આરસી ઉભી થાય છે, જેથી તે શખ્સ અંદરનું અને બહારનું જગત જોઇ શકે છે.

* જ્યારે આપણું જડ તન તેના વોહુનનો દોશ કે જે હવસોવાળો છે-ખુદપરસ્તીવાળો છે, પોતા વિષે કંઈક મોટી કીમ્મત આંકનારો મુકનારો છે તે જઈ, પોતે તદદનજ કચરો છે અને આટલુંબી તે દાદારની કર્મથીજ કરી શકે છે તેનું ભાન મેળવે છે, ત્યારે તેની સ્વાર્થી મતી જઇને ગવની થાય છે, જે વખતે તેના તનના અનુએ અનુમાં 'તુંજ છે તુંજ છે હું કંઇજ નથી' એવો યઝદાનનો નાદ ચાલે છે. આવું શરીર જડતાની પકડમાંથી માટે ગુરૂત્વાકરશણની પકડમાંથી છુટીને કેહપ જેવું હલકું થઇને દાદારની ગેહાન જેને દાદારે ગેહાન કહે છે, જ્યાં આગળ ગુરૂત્વાકરશણનો કાયદો કામ કરતો નથી, તે તરફ ઉડી જાય છે. આવાં શરીરને છેલ્લામાં છેલ્લું માટે તદન પારદરશક અને કેહપ જેવું એટલે 'તને પસીન' કહે છે. પણ જો તેનું શરીર વધુ જડ હોય, વોહુનની નબળાઇથી ભરપુર હોય તો હવસોનો ભોગવટો પુરો કરવા તે પાછું અને પાછું જન્મે છે, જે હાલતને તનાસકની હાલત-દુજોદેમાનની હાલત કહે છે.

(૩) પાત[૫૦] નો[૫૧] હ્મિષ્યન્તત્[૫૨] પઇરિ,[૫૩] મજ્દાઓસ્ચ[૫૪] આરૂ-
મઇતિશ્ચ સ્પૅન્તસ્ચ.[૫૫]

નસે[૫૬] દએવી દ્રુક્ષ્,[૫૭] નસે[૫૮] દએવો-ચિથ્રે,[૫૯] નસે[૬૦] દએવો[૬૧]-ફ્રકરૂશ્તે,[૬૨] નસે[૬૩] દએવો[૬૪]-ફ્રદાઇતે,[૬૫] અપ[૬૬] દ્રુક્ષ્[૬૭] નસે,[૬૮] અપ[૬૯] દ્રુક્ષ્[૭૦] દ્વાર,[૭૧] અપ[૭૨] દ્રુક્ષ્[૭૩] વીનસે,[૭૪] અપાખ્ઁદ્દ્રરે[૭૫] અપ[૭૬]-નસ્યેહે.[૭૭]

મા[૭૮] મૅર્ઁનચઇનીશ[૭૯] ગએથાઓ[૮૦] અસ્તવઈતીશ[૮૧] અષહે.[૮૨] નૅમસ્ચા[૮૩] યા આરૂમઇતિશ[૮૪] ઈજ્યાચા.[૮૫] અષૅમ[૮૬] વૉહૂ ૧.

(૩) અએ મઝદા[૫૪]! (જ્ઞાન આપી), || અએ સ્પેન્ત આરમઇતી[૫૫]! (નરમાશ શીખવીને અમલ કરાવીને) || હવસોનાં દરદોવાળા[૫૨] (બુરી મર્ગ-અરઝાની એટલે જન્મ મરણ કરાવનારી વાસનાઓની સંસ્થા)ના || ઘેરાથી[૫૩] || હમુને[૫૧] || બચાવ.[૫૦] || દએવના[૫૭] બુરી સામે થતી ગતી (દએવ* એટલે જ્ઞાનનાં અધુરાંપણાંથી થતી ખુદ-પરસ્તીવાળી પુષ્કળ શકવાળી અને ચુનો-ચેરાવાળી અવિશ્વાસુ છાકટ હવસ રૂપ ગતીના છેતરામણ એટલે જડતાના જ્ઞાનની જડ મતીનું મથન જેમાંથી દ્રુજનો નતીજો નીકળે છે એટલે સામે થઇને પોતાના પેદા કરનારનેજ હાણી કરીને રૂવાન-દરોસ્તીને નાશ કર-વાનો નતીજો નીકળે છે તે ગતી-દએવમાંથી જન્મતી દ્રુજી નુકસાન કરનાર ગતી) || (તું) નાશ પામજો![૫૬] || (એવી રીતે થયલા) દએવનાં તુખ્મો (બુનો)નો[૫૯] || નાશ થજો[૫૮]! || (આવી રીતે બહાર પડતા) દએવ[૬૧] (દુન્યવીપણાની જડ સ્વાર્થી ફ્રશો-કેરેતીને લંબાવતી બુરી મતી)ના (ચિથ્રોની) || વાવણીનો[૬૨] || નાશ થજો[૬૦]! || (એવી વાવણીથી ઉગેલી) દએવની ગતીના[૬૪] || કાયદા=રસમોનો બો[૬૫] || નાશ થજો[૬૩]! અએ દ્રુજ[૬૭]! || તું દુર જઇ[૬૬] || નાબુદ થા[૬૮]! || અએ દ્રુજ[૭૦]! || દુર જઇ[૬૯] || દુરનો દુરજ રહેજે[૭૧]! || અએ

---

* અહિંયા 'દએવ'ના અનેક અર્થોમાંનો જડ મતીનો અવિશ્વાસુ-દુન્યવી સ્વાર્થી-ખરફસ્ત્રી-ખુદપરસ્તી પોતાના જડ જ્ઞાનની મકદુર ઉપર મુસ્તાક રહેવાના, દુન્યવીપણાને મીનોઇ કરતા વધુ અગત્યતા આપવાનો, મીનોઈ ઉપર શક લઇ જવાનો અર્થ એટલે અધમ જડતાનો અર્થ, દીની તરીકતોને તર-છોડવાનો અથવા દીન ઉપરથી ઉતરી જવાનો અધમપણાનો અર્થ આપવા ધારેલો છે; હઓમીક ગતીની સામેનો કેરેસાનીનો અધમ જડવાદનો અર્થ આપવા ધારેલો છે, જેના નતીજાથી બુંરા ગુબારો બંધાવે તેઓ કુદરતી કાયદે પોખાય છે, જે પછીથી તે પોખાયલા ગુબારો આફતરૂપના થઇ પડે છે. આવા ગુબારોને પોખનાર ગરમી જે યશ્ન-દરૂજી જેવી ગતીઓથી પેદા પડે છે તેનો નાશ ઇચ્છેલો છે.

દુજ[૭૩] ! || દુર જઇ[૭૨] || નાશ પામીને (ભલાઇમાં) બદલાઇ જા[૭૪] ! || અપાન્તર તરફ[૭૫] || દુર[૭૬] || નાહસી જા[૭૭] ! || હાડમંદ દુન્યાના[૮૧] || ગએથા-અંગો-સંસ્થા,[૮૦] (જે અષોઈ તરફ જઇને) || અષોઇના[૮૨] (થવાના છે, તે પોતાનાં તેવાં કામમાં) || આઝુરદે થાય[૭૯] || એવું નહિ બને[૭૮] !

(૪) અએ આરમઇતી[૮૪] ! || (તારી નરમાસની ગતી, તમીઝ-વીવેકની ગતી અને તેથી મળતી) શાંતી-આબાદી[૮૫] || (તમો મળો, દેખાવ આપો !) હમો તમુને નેમાઝ કરીએ છીએ.[૮૩]

(આ આખી કેમના મઝદાના કલામોની બરકતથી જન્મો-જન્મની પાપ-વૃત્તીનો નાશ થઇ, માઝીનાં=ભુતકાળનાં કર્મોના નતીજાઓ જે કંઇ પડવાના હોય તેઓની અસર નબળી પડી જાય છે, અને ભવિષ્યની ભલી ખેતી થાય છે.)

## સરોશની ક્ષનુમન સાથની સંપુર્ણ કુશ્તીનું ભણતર.

અહુરમઝદના હોકમના તાબેદાર થવું એ માનવ માત્રનું લક્ષણ છે. **ઉત્તમમાં ઉત્તમ ગુણોમાંનો પહેલો, છેલ્લો અને બધાંને ઘેરતો ગુણ તે તે સાહેબની તાબેદારી** (implicit obedience)નો છે, જેનાં બહોળાં પેટમાં બીજા બધાજ ગુણો સમાઇ જાય છે. તાબેદારીની અંદર અહુરમઝદે એક મહાન શકિત મુકી છે, જેને અવસ્તામાં **સ્રઓષ** કહે છે. જયારે એક ઇનસાન પોતાને અહુરમઝદને અર્પણ કરે છે અને તેની **'દસ અંદર્જ'** (તોકીક આપતી સંપુર્ણતાએ પુગાડતી નસીહતોના ક્રમ) પ્રમાણે ચાલી રહે છે, અને તે દાદાર તરફ અને તેની દીન તરફ જરાબી ગુમાની કે શક લાવતો નથી, અને દરેક ઇનસાનથી પોતાને બીજે યાને ઉતરતો ગણે છે, ત્યારે તેનામાં સરોશની ગતીઓમાંની ગતીઓ એક પછી એક ઉભી થાય છે. આમ થયાથી સરોશ યઝતની ખુશાળી થાય છે, અને સરોશની ખુશાળી થયાથી અહુરમઝદનું કામ ફત્તેહમંદ થાય છે એટલે અહુરમઝદની ખુશાળી જેને **'ક્ષનઑથ્ર અહુરહે મઝ્દાઓ'** કહે છે તે થાય છે, કેમકે સરોશ યઝદ કુળ જગતનો જમીનદાર છે, જેના તાબેના ખેડુત થયાથી તે જમીનદારનું કામ સફળ

થાય છે. દરેક બસ્તે-કુશ્તીઆન પોતાના સુદરેહના ગીરદાની ઉપર અહુરમઝદની ફરમાન-બરદારી કરવાનો વાવટો રાખે છે. એમ પોતે વાવટાનો રાખનાર હુતોક્ષ સાચ્ચો બંદો છે, અને સાથે સાથે અહીરીમન જ્યારે તે વાવટાને લુટવા માગે છે, ત્યારે જબરાઇથી તેને પીઠ ઉપર પકડી રાખીને તેની સામે એમ રથેશ્તાર થઇને ઉભો રહે છે.

બસ્તે-કુશ્તીઆનનો આવો અર્થ છે. ત્યારે દરેક બસ્તે-કુશ્તીઆન અહુરમઝદનો સીપાહ બચ્ચો અને ફરમાન-બરદાર છે. તે બસ્તે-કુશ્તીઆનને મીનીટે મીનીટ અહુરમઝદ પ્રત્યેની તાબેદારી કરવા માટે સરોશનાં કામમાં મદદ આપવા, એમ સરોશની ક્ષ્નુમન કરવા સદા તત્પર રહેવાનું છે. આ કામમાં ફતેહ મેળવવા તે સરોશની ક્ષ્નુમનની કુશ્તી કરીને તૈયાર ઉભો રહે છે. ત્યારે દરેકે દરેક બસ્તે-કુશ્તીઆને સરોશની ક્ષ્નુમનની કુશ્તી કરવી એ પેગામ્બર સાહેબ અશો સ્પીતમાન ઝરથુસ્ત્રનું અવ્વલ ફરમાન છે, જેમાં કેવો મોટો અર્થ છે તેની સમજ પડશે. આજે આપણી વચમાં સરોશની ક્ષ્નુમન સાથની કુશ્તી ઘણે ભાગે ચાલુ નથી, જો કે કદમી ટોળાવાળા બેહદીન-દસ્તુરોમાં તો તે ચાલુજ છે. સરોશની ક્ષ્નુમન સાથની કુશ્તી કાંય થવી જોઇએ તેનો ભેદ ઉપરનાં લખાણુથી સમજી શકાશે. આપણાં લોકોમાં આજે ઇમાન તો છે, પણ તરીકતને આપણે છોડતા જઇએ છીએ, જેમાં આપણી ગંભીર ભુલ છે. સરોશની ક્ષ્નુમન વગર કાધેલી કુશ્તી **'પાદયાવ-સાઝેશની'**ના* ગતી કદીબી ઉભી કરી શકે નહિ. દરેક બસ્તે-કુશ્તીઆનને મરતાં-જીવતાં હરહમેશ સરોશની સાથેજ રહેવાનું છે, માટે કુશ્તીબી તેવણુનીજ ક્ષ્નુમનથી હોવીજ જોઇએ અને એમજ છે. ખાસ કરીને અથોરનાન સાહેબોએ તો એ નિયમ પહેલે પાળવો ઘટે છે. એ કુશ્તી કરવાની તરતીબ ભણુતરમાં ઘટતે ઠેકાણે બતાવવામાં આવી છે.

(કુશ્તી છોડયા વગર નીચે ફકરા (૧) થી ફકરા (૭) માંની આખી **કેમના મજદા** સુધી પ્રગટ અવાજે ભણી જવું. **કેમના મજદામાંનાં** છેલ્લાં વાકય **"નેંમસ્ચા યા આર્મઇતિશ ઇજાઓ"** પઢતી વખતે દુટીને જમણા હાથની અંગુઠા પાસેની આંગલી લગાડીને જમીન તરફ નજર કરીને આર્મઇતીના તમીઝ-ખાકસારી-નાચીઝીના મીથ્ર કરવા).

---

* 'પાદયાવ સાઝેશને' એટલે શરીરમાં રહેલા વોહુનમાંથી ઉભરાતા હવસોને બાંધીને ગવરૂપ એટલે સ્વાર્થ રહિતના કરવા સારૂ તે હવસોને ઘેરીને નબળા કરવાની તૈયારી.

(૧) ક્ષનઑથ્ર[૧] અહુરહે મજ્દાઑ.[૨] અષॅમ્ વॅાહૂ[૩] ૧.

(૨) ફ્રવરાને મજ્દયસ્નો જરથુશ્ત્રિશ્ વીદએવો અહુર-દ્કએષો
(જે ગેહ હોય તે પાને ૬૧ મે થી ભણે)

(૩) સ્રઑષહે[૪] અષ્યેહે,[૫] તખ્મહે[૬] તનુ-માંથ્રહે,[૭] દરૂષિ-દ્રઑશ્[૮] આહૂઇરૂયેહે,[૯] ક્ષનઑથ્ર[૧૦] યસ્નાઇચ[૧૧] વહ્માઇચ[૧૨] ક્ષનઑ-થ્રાઇચિ[૧૩] ફ્રસસ્તયએચ,[૧૪]

(૪) યથા અહૂ વઇરૂયો[૧૫] જઑતા[૧૬] ફ્રા[૧૭] મે મ્રૂતે,[૧૮] અથા રતુશ્[૧૯] અષાત્ચિત્ હચ, ફ્રા અષવ[૨૦] વીદ્વાઓ[૨૧] મ્રઑતૂ.[૨૨]

(૫) સ્રઑષॅમ્[૨૩] અષીમ્[૨૪] હુરઑદ્દમ્[૨૫] વॅરॅથ્રાજનॅમ્[૨૬] ફ્રાદત્-ગએથॅમ્[૨૭] અષવનॅમ્[૨૮] અષહે[૨૯] રતૂમ્[૩૦] યજમઇદે.[૩૧]

(૧) ‖ અહુરમઝદની[૨] ‖ ખુશાલી[૧]* માટેની મારફત (હું થાઉં એટલે મારેથી તેમ કુલ જગતનાં વર્તનથી દાદારની ખુશાલી થાય એવું બનવા પામે !) ‖ અષ યાને મીનોઇ વ્યવસ્થા[૩] એમ વ્યાપો !

(૨) (ફ્રવરાનેથી ગેહ લગીના ભાગ સારૂ જે ગેહ હોય તે મુજબ આગળ પાને ૫૧ થી ૬૩ મે અર્થ જુઓ.)

(૩) અષની† બધી શકિતવાળો[૫] ‖ બધાંને પુગી વળનાર પુર્ણ જોરાવર,[૬] ‖ તલેસ્માતીક માંથ્રીક ગતીનાં તનવાળો,[૭] ‖ ઇનસાફી નહી ડગે

---

* દીનમાં બતાવેલા અહુરમઝદના હોકમ મુજબના માર્ગે એટલે તરીકત મુજબ ચાલવે સૃષ્ટી ઉભી કરવાની તે દાદારની નેમ જલદીથી ફળીભુત થઈ શકે છે એટલે અહુરમઝદની નેમ પાર પડવે તેવણની ખુશાલી થાય છે. માટે હું તેમ તેવી રીતે તરીકત મુજબ ચાલતો રહું કે જેથી દાદારની ખુશાલી થઇ રહે અને બીજાઓ મારેથી ઉભા થતા સત્યસંગથી તેવી રીતનું વરતન કરે અને હું દુઆ કરૂં છું. આ માંથ્રોની બરકકતથી તેમ થશેજ એમબીગુમાન છું.

† 'અષિ'માં અષોઇની ૭૨ તબકકાની બધી શકિતઓ આવી જાય છે. આવી અષિ ધરાવનારમાં 'અષ'ની ગતી બીજા મોહતાજમંદોને આપી શકવાનો અધીકાર હોય છે, તેમ જ્યાં અષનું ભંગાણ થતું હોય ત્યાં કાયદાસરનો ઈલાજ લઇને અષને પાંથરવાનો અધીકાર હોય છે. 'અષી'ની ગતીમાં ફ્રવષિ જેવો અધીકાર હોય છે.

તેવો ભાલો,§ અધીકાર મજબુતાઇથી પકડી રાખનાર[૮] રથેસ્તાર (હદ અને ઇનસાફની જોરાવર ગતીનો અધીકાર રાખનાર,) ‖ અહુરાને લગતા[૯] ‖ સરોશની[૪] ‖ ખુશાલી થવા માટે,[૧૦] ‖ યસ્નના ભેદની ગતીએ પુગવું જોઇએ તેમ પુગવા માટે,[૧૧] ‖ વહમ એટલે ખરી ભકિત-વળતો જવાબ મળે તેવી પ્રાર્થનાના ભેદને પુગવું જોઇએ તેમ પુગવા માટે,[૧૨] ‖ (અને તેમ થવાથી) અહુરાની અને સરોશની ખુશાળીનો પાર નહિ રહે તેવી તેઓની ખુશાલી ઉભી

---

§ 'દરશી દ્રુ' શબ્દમાં દરશી એટલે સખત, નહિ દગે તેવું-તીક્ષણ એમ અર્થ થાય છે. 'દરશી' શબ્દમાં 'દર' મનન કરવું-મજબુતાઈ પકડી રાખવાનો હેતુ છે. દર ઉપરથી 'દદરાન' શબ્દ થઇને તે શબ્દ 'સ્તોત યસ્ન'ને માટે વપરાયો છે (જુઓ યજશ્ને પર હા) જ્યાં આગળ તે શબ્દ સ્તોત 'યસ્નને ધ્યાનમાં રાખીને પકડી રાખવું-યાદ રાખવું', એવો અર્થ રાખે છે. ત્યારે 'દરશી'માં સ્તોત યસ્ન કે જે સૃષ્ટીની નેમ બર લાવવાના મુળ કાયદા છે તેની નેમને ધ્યાનમાં રાખીને મજબુતાઇથી તે નેમને પકડી રાખવી-એમ સૃષ્ટી રચનાની ઉન્નતી માટેની તકેદારી મજબુત મનની વલણ એમ અર્થ થાય છે-જેની સામેનો બોલ 'ખ્રવી' છે જેમાંબી મજબુતાઇનો અર્થ છે ખરો, પણ તેમાં 'સ્તોત યસ્નનું મનન કરવું એવો અર્થ નથી પણ સખ્તાઈથી નાશ કરવો એવો અર્થ છે જે ખ્રવી ત્યારે સ્તોત યસ્નની સૃષ્ટીની નેમની વૃદ્ધીની કાળજીને ઉલટાવનાર સખ્તાઇ બતાવે છે. એ બેઉ શબ્દોની સાથે 'દ્રુ' શબ્દ ભાલો વપરાયો છે, જે અધીકાર-જોમનો ભેદ રાખે છે. ત્યારે 'દરશી દ્રુ'માં તે ભાલો, તે અધીકાર બતાવેલો છે કે જે સૃષ્ટીરચનાની ઉન્નતી માટેની આણને ટેકવવા રાખેલો હોય, માટેજ તે શબ્દ સરોશને આપેલો છે. સરોશ દાદારનો ખાદમ છે. નીસ્તીની જમીનને ખેડનાર તે જમીનદાર છે, જે ત્યારે સ્તોત યસ્ન પ્રમાણે નીસ્તીને ખેડવાનો અધીકાર-પરવાનો-સત્તા એટલે ભાલો રાખે છે. એમ એ શબ્દ હદ+ઈનસાફની સત્તા અને તેને મજબુતાઇથી અમલમાં મુકવાનો અર્થ રાખે છે. એ 'દરશી દ્રુ' એટલા માટે સરોશ યઝતને તેમ 'કારન' કે જેવણ કાવે કે જેણે ઝોહાકના હાથમાંથી ઇરાનને છોડવ્યું અને કાવયાની ઝુન્ડો ઉભો કીધો તેનો દીકરો થતો હતો તેને અને કયગુસ્તાસ્પને માટે વપરાયા છે કેમકે તે ત્રણે વ્યકતીએ સૃષ્ટીરચના જે સ્તોત યસ્ન પ્રમાણે ચાલી રહે છે તેમાં મદદ કરનાર અધીકારી હતી. જ્યારે 'ખ્રવી દ્રુ'માં સ્તોત યસ્નના કાયદાને ઉલટાવનાર ભાલો-બીદાદગર ભાલાનો અર્થ છે માટે તે શબ્દ 'અએશમ' દએવને માટે આપેલો છે. અએશમને સરોશનો મોટો હમનબર્દ ગણેલો છે. સરોશમાં દાદારની તાબેદારી કરવાનો ગુણ છે જ્યારે અએષમમાં દાદારની સામે બળવો કરવાનો નહિ માફ થઇ સકે તેવો ઓઝીમગુનાહ છે. સરોશ સ્તોત યસ્ન=સૃષ્ટીના કાયદાનો રાખનાર ટેકવનાર છે તે પ્રમાણેની રૂવાનની વૃદ્ધીની ખેતી કરનાર છે જ્યારે અએષમમાં બુરા વિચારોનો એટલે સ્તઓત યસ્નની સૃષ્ટીરચનાની ગતીનો નાશ કરવાનો અર્થ છે જેને માટે તે જે ભાલા રાખે છે તેને 'ખ્રવી' કહયો છે જે પેલા સરોશના 'દરશી'ના ભેદના ભાલાની સામેનો થઇ પડે છે જેની સમજ હવે પડશે.

કરી પોતાની ખુશાલી કરવા માટે,[13] || (અને તેઓથી) ભલી તોરીક લઇ રહી સૃષ્ટીનાં તારણનાં કારમાં મચ્યા રહેવાની લાયકાત મેળવવા[14] (હું દુવા કરૂં છું; માટે) અએ જોતી[16] (ઉસ્તાદ આથ્રવન, કુદરતની દએનના ઉસ્તાદો !) 'યથા અહૂ વઇર્યો'નો ભેદ[15] || હું આગળ વધવા માંગનાર આગળ[17] || ખોલ,[18] (અને તેથી મને યસ્નમાં સામેલગીરી આપવા લાએકનો બનાવ, જેથી) || 'અથા રતુશ' પ્રમાણેનો ભેદ[19] || અષોઇવાળો[20] આગળ વધતો વીદવાન રતુ (અહીં વીદવાન શબ્દમાં રતુ=ઉસ્તાદથી અવીઝેહ દીનની કુદરત–ભલા પાવીકતના ગુબારોનો સમાવેશ થાય છે) જાહેર કરશેજ, મને બતાવશે.[22]

(પછી તે ભેદ ખુલ્લો થાય છે. સરોશ તેને અવાજ આપે છે, કે તું તારે તરીકત પાલ્યે જા. હું તારી મુરાદ બર લાવીશ, જેના જવાબમાં તે ભણનાર સરોશની વખાણ ગાય છે કે;)

**(૫)** અષીની ગતી રાખતા, ફ્રવષીના ભેદની અનામાંથ્વાઓ શકિત રાખતા,[24] || ખુબસુરતીવાળા એટલે ખુપે-રૂવાન=રવાન–દરોરતી રાખનારા અને સામાને આપી બ્યવસ્થા કરનારા,[25] || હમેશના ફ્રત્તહમંદ,[26] || દરેકને રજેરજને આગળ વધારનાર,[27] (એવા મોટા રક્ષક) || અષોઇના અમલદાર,[28] || અષોઇની શકિત રાખનાર[29] || સરદાર[30] || સરોશ યઝતની[23] સાથે ‡ || હમો એકતાન[31] થઇએ છીએ (એટલે હું મારે લગતા બધા[31] અંશો સહિત માંથ્રેથી મળી રહયો છું.)

---

‡ હયાં ભણનાર 'હમો' શબ્દ બહુ વચનમાં વાપરે છે, તેમાં ખુદ પોતે અને પોતાનાં ખએતુ સગાં બધાં આવી જાય છે. દરેક ઇનસાનને તેના ખએતુને=સગાંનેબી આગળ ચલાવવાનાં છે, જે વગર તે ઇનસાન કદી આગળ જઇ શકેજ નહિ. આ સગાંઓમાં તેની જુફ્ત એટલે કે મર્દ હોય તો તેની ઓરત, અને ઓરત હોય તો તેનો મર્દ, અને તે મર્દ યા બાઇને લગતા જાનવરી વનસ્પતી અને ખનીજ વર્ગને લગતાં રૂવાનો આવી જાય છે, તેમ તે ઇનસાનના આગળ પાછળના આઠ તરેહના સગાંઓબી સમાઈ જાય છે. આ બધાંઓને એક જાતનો સબંધ રહે છે, જે સંબંધ જાહેર લાગણીઓના આવેશમાં આવવામાં, આવ્યા કરવામાં, એટલે ખેંચાણ જે મોહબતનું યા ઉલટી રીતનું હોય તેમાં દેખાવ દે છે. વળી ઈનસાનના તેની ઉપરનાં સગાંઓ હોય છે એટલે જેમાંથી તેનું રૂવાન નીકળેલું છે તે રૂવાન સાથની સગાઇબી હોય છે કે જેઓ તે ઈનસાનને મુકિત તરફ ખેંચે છે, જેઓથી તેનામાં ભલું ભાન અને સરોશને પુગવાની શકિત ઉભી થાય છે. અહિંયા સગામાં તનની અને રૂવાનની બેઉની સગાઇ લીધી છે એટલે કેશારી કર્મની તેમ હકીકતી અસલ રૂવાનને મળતા થવાની એમ બેઉ જાતની સગાઈ લીધી છે, જે વિષેની તેહકીક બીજી નીકી જમાં આવશે.

**(૬) અહૂનૅમ[૩૨] વઇરિમ[૩૩] તનૂમ્ પાઇતિ[૩૪] યથા[૩૫] ૧.**

(૬) અહુનવઇય[૩૨] (જેણે મને ભેદ જણાવ્યો અને યસ્ન-વહમ કરવાની લાયકાત આપી તે) ‖ તનને[૩૩] ‖ બચાવે છે,[૩૪] (તેમ મારાં તનને બચાવ્યાં† કરો!) ‖ યથા[૩૫] (ભણવાથી અહુનવરની ગતી બધેબધ પંથરાઓ!)

**(૭) કેમ્ ના મજ્દા મવઇતે પાયૂમ્ દદાત્,**
**હ્યત્ મા દ્રૅગ્વાઓ દીદરૅષતા અએનંઘહે,**
**અન્યૅમ્ થ્વહ્માત્ આથ્રસ્ચા મનંઘ્રસ્ચા,**
**યયાઓ શ્યઓથનાઇશ્ અષૅમ્ થ્રઓશ્તા અહુરા,**
**તાંમ્ મોઈ દાંસ્તવાંમ્ દએનયાઇ ફ્રાવઓચા.**
**કે વૅરૅથ્રૅમ્-જા થ્વા પોઇ સેન્ગહા યોઇ હૅન્તી,**
**ચિથ્રા મોઇ દાંમ્ અહૂબિશ્ રતૂમ્ ચીજ્દી;**
**અત્ હોઇ વૉહૂ સૅરઓષો જન્તૂ મનંઘહા,**
**મજ્દા અહ્માઇ યહ્માઇ વષી કહ્માઇચીત્.**
**પાત-નો ત્બિષ્યન્તત્ પઇરિ,**
**મજ્દાઓસ્ચ આરૂમઇતિશ્ચ સ્પૅન્તસ્ચ,**
**નસે દએવી દ્રુક્ષ્, નસે દએવો-ચિથ્રે,**
**નસે દએવો-ફ્રકરૂશ્તે, નસે દએવો-ફ્રદાઇતે,**
**અપ દ્રુક્ષ્ નસે, અપ દ્રુક્ષ્ દ્વાર,**
**અપ દ્રુક્ષ્ વીનસે, અપાખ્દ્રે અપ-નસ્યેહે,**
**મા મૅરૅન્ચઇનીશ્ ગએથાઓ અસ્તવઇતીશ્ અષહે.**
**નૅમસ્ચા યા આરૂમઇતિશ્ ઉજ્જાચા.**
**અષૅમ્ વૉહૂ ૧.**

**નોંધ:**—આખી "**કેમના મજ્દા**"ના તરજુમા માટે જુઓ ઉપર પાને ૬૪ થી ૬૬ મે.

(હવે મુંગે મહોંડે કુશ્તી છોડી બેવડી કરવી અને ડાબા હાથના અંગુઠાની પાસેની બરજીસી આંગળીમાં કુશ્તીનો મધ્ય ભાગ પોઇને, જમણા હાથે તે બેવડી કીધેલી કુશ્તીનો મધ્ય ભાગ પકડીને ફકરા (૯) થી ફકરા (૧૪) સુધી બીરતા (પ્રગટ અવાજ વગર) પઢવું).

---

† તનને બચાવવું તે શું? સેકંડે સેકંડ દરેક જાતના ભોગવટાઓ કરતી વખતે દ્રુજ એટલે નાશ કરનાર ગતી તનમાંથી નીકલ્યાજ કરે છે તેના કાતીલ ઝરબમાંથી ભણનાર બચવા માંગે છે. દ્રુજના કાતીલ ઝરબથી તનમાં હવસો ઉછળે છે, જે પાપ કરાવીને નાશ લાવે છે.

**(૮) ક્ષ્નઑથ્ર અહુરહે મજ્દાઓ અષૅમ[૧] ૧૦ ||**
**અહુરમઝ્દ[૨] ખ્દાએ[૩] ||**

(૮) દાદાર અહુરમઝદની ખુશાલી થવા માટેની મારફત (હું આ ભણતરથી થાઉં–દાદારની ખુશાલી આ ભણતરથી) થઇને ચોમેર તેનું પથરાવું અષેમના ભણવાથી થાઓ[૧] || અહુરમઝદ[૨] (કુલ સૃષ્ટીનો દોરવનાર) || દોરવણી કરનારી પોતાની શકિત જેને ભોગવાવનાર ખોદા[૩] (કહે છે તેવણુથી કરી રહે છે, તેવણુને હું મારી પુર્ણ[૬] તાબેદારી અર્પણ કરૂં છું. તમો મારી ઉપર સદા મહેરબાન રહો!)

(૮ મો ને ૯ મો ફકરો પઢતાં ઉત્તર દીશામાં કુસ્તી ત્રણવાર પખોડવી).

**(૯) અંહિરીમન્[૪] અવાદ્દશાંન્[૫] દુરૅ[૬] અવાઝૂ[૭] દાશ્તારૅ[૮] ઝદ્દ[૯] શેકશ્તેહ્[૧૦] બાદ્.[૧૧]**

(૯) (તમોજ) અહીરીમ[૪] || (જે) બુરી નહિ ઇચ્છવાજોગ સત્તાવાલો[૫] (છે) (તેને) || દુર[૬] || હડેલો[૭] || રાખનાર છો,[૮] || (તે અહીરીમન) હુકુમત તુટેલો[૯] (એમ) || હારલો[૧૦] || રહેજો.[૧૧]

**(૧૦) અહિરીમન્[૧૨] દીવાન્[૧૩] દરૂજાન્[૧૪] જાદૂઆન્[૧૫] દરૂવંદાંન્[૧૬] કીકાન્[૧૭] કરેફાન્[૧૮] સાસ્તારાંન્[૧૯] ગુનેહગારાંન્[૨૦] આશ્મોગાંન્[૨૧] દરૂવંદાન્[૨૨] દુશ્મનાંન્[૨૩] ફ્રીઆંન્[૨૪] ઝદ્[૨૫] શેકશ્તેહ્[૨૬] બાદ્.[૨૭]**

(૧૦) બુરૂં ખરફસ્ત્રી મન, તેને પોખનાર શેતાનીઅત,[૧૨] || હદ ઉપરાંતની ચુનોચેરા કરવાનો ભુલાવો,[૧૩]† તનાસકમાં લાવનાર વર્ણુંકમાંથી થતી બુરી નુકસાનકારક ગતીઓ,[૧૪] || ગેતીનો નાશ કરે તેવી વીદયાનો અમલ,[૧૫] || અષોઇ–રાસ્તીનો રાહ મુકી દેનારાઓ,[૧૬] || હાથે કરીને આંખને ભુલાવો આપીને પાપ કરનારાઓ,[૧૭] || હાથે કરીને સાંભળ્યા છતાં ઉંધું કરનારા,[૧૮] || તન–મન રૂવાનની ઉપર દુખનો સેતમ વરસાવનાર ખુદની ભુતકાળની બુરી કરણીઓનો વળતા જવાબરૂપનો જુલ્મ,[૧૯] || ગુનાહગારો, સૃષ્ટીના જડ વાસના જે નીચે બાંધી રાખે છે તેમાં લપટાયા કરવાનો નતીજો ઉભો કરનારાઓ,[૨૦] || અહુરમઝદના સામે બળવો કરીને તારીકીને પોખનારાઓ,[૨૧] || અષોઇને તરછોડનારાઓ,[૨૨] || રવાનની દુશ્મનાઇ કરનારાઓ,[૨૩] || બુરી અરવાહી શકતીઓ,[૨૪] (એ બધાં) || હકુમત તુટેલા[૨૫] || હારેલા[૨૬] || રહેજો.[૨૭] ||

† 'દએવ'ની સમજ માટે ૬૬ મે પાનેની ફુટનોટ વાંચો.

**(૧૧) દુશ પાદ્દશાહાન્[28] અવાદ્દશાંન્ બાદ્;[29] દુશ્મના[30] સ્તોહ્ બાદ્;[31] દુશ્મનાં[32] અવાદ્દશાંન્ બાદ્.[33]**

(૧૧) ઝુલ્મગાર હકુમત-ખોરોની બુરી સત્તા[28] ‖ દુર થયલી ઉંધી વળો[29] ‖ બુરૂં ઇચ્છનારાઓ[30] અને તેને પરિણામે પોતાના તેમ બીજાન તન-મન-રૂવાનને નુકસાન કરનારાઓ[32] ‖ આજેજ થયલા રહેજો,[31] ‖ દુર થયલા સત્તા વગરના રહેજો![33] ‖

**(૧૨) અહુરમજ્દ[34] ખોદાએ[35]**

(૧૨) અએ અહુરમઝદ![34] ‖ તારી દોરવણી સત્તા[35] (ને લાયકનો હું થાઉં.)

**(૧૩) અજ[36] હમા[37] ગુનાહ્[38] પતેત્ પશેમાનુમ્.[39]**

(૧૩) બધા[37] ‖ ગુનાહો[38] ‖ થી[36] દુર જઇ ‖ પતેત કરૂં છું[39] (એટલે તેઓને તરછોડતાં શીખી તેઓનાં કીધાંનો બુરો બદલો ખુશીથી ખમી ભલી અક્કલ પેદા કરવા ઉસ્તવાર છું.)

**(૧૪) અજ્ હરૂવસ્તીન્[40] દુશ્મત[41] દુજ્હૂખ્ત[42] દુજ્વરશ્ત[43]† મેમ્[44] ૫ ગેતી[45] મનીદ્[46] ઑઑમ્ ગોફ્ત,[47] ઑઑમ્ કર્દ,[48] ઑઑમ્ જસ્ત,[49] ઑઑમ્ બૂન્ બૂદ્ ઍસ્તેદ્,[50] અજ આંન્[51] ગુનાહ્ મનશ્ની[52] ગવશ્ની[53] કુનશ્ની[54]* તની[55] રવાંની[56] ગેતી[57] મીનોઆંની,[58] ઑખે[59] અવાક્ષ્ પશેમાંન્[60] ૫ સે ગવશ્ની[61] ૫ પતેત્ હોમ્.[62]**

(૧૪) અહુરમઝદની ખાહેશને ઉથલાવનારાં વીચારો,[41] ‖ બુરા બોલો,[42] ‖ બુરાં કામો,[43] ‖ (જે તમામ થઇ શકે, જેમાંના જે કોઇ મારા સ્થુલ-સુક્ષ્મ તનમાં હોય) તે બધાંને[40] ‖ હું[44] ‖ આ દુન્યામાં[45] ‖ વીચારમાં લાવ્યો હોઉં,[46] ‖ તેઓમાંના જેઓને હું વમાસ્યો હોઉં,[47] ‖ તેઓમાંના જેઓને મેં કીધા હોય,[48] ‖ તેઓમાંના જેઓ બહાર નીકળી ગયા હોય[49] (યાને જેઓને હું રોકી શકયો નહિં હોઉં), ‖ જે બધા મારામાં જડ ઘાલી બેઠેલા એટલે કયારેબી બહાર પડવાનો ભય આપતા હોય[50] ‖ એવા બધા[51] ગુનાહો, (જેઓ) ‖ મનશ્ની[52] (થી મળતી સદગતી)ને, ‖ ગવશ્ની[53] (થી મળતી સદ-

---

† દુશ્મત, દુજ્હુખ્ત દુજવરશ્ત ભણતા કુશ્તી ઉત્તર દીશામાં પખોડવી.

* મનશ્ની ગવશ્ની કુનશ્ની શબ્દો ભણતાં કુશ્તીની અધવચ્ચે બે કુંડાળા પહેલાં જમણા અને પછી ડાબા હાથે બનાવી એવો ખ્યાલ કરવો કે આ બેતી હમેશાની છોડી સારા કેશ્વરોની આલમમાં જવાને લાયકનો હું થાઉં.

ગતી)ને, ‖ કુનશ્‌ની[54] (થી મળતી સદ્દગતી)ને (ખલલ્ કરી રહયા હોય), ‖ તનનાં[55] (સુક્ષ્મ થવામાં વચ્ચે આવતા) હોય, ‖ રૂવાનના[56] (રસ્તો બંધ કરી રહયા) હોય, ‖ ગેતીના[57] (ફ્રશો-કેરેતી તરફ, મોક્ષ તરફ જતા અટકાવી રહયા) હોય, ‖ મીનોની ભલી દુન્યાઓનાં[58] (કામમાં ખલલરૂપ થઇ રહે તેવા) હોય તેઓથી ‖ અએ સાહેબ[59] ‖ બેદાર થઇ જાણીતો થઇ પશેમાન થાઉં છું,[60] ‖ ત્રણ વખત[61] એકરાર કરૂં છું; ‖ પતેત કરૂં છું[62] (એટલે તેઓ સારૂ મુકરર થયલી શીક્ષા ખમી તેમાંથી ભલી અકકલ ઉભી કરીને હું આગળ વધવા ઉસ્તવાર છું.) ‖

**(૧૫) ક્ષ્નઑથ્ર અહુરહે મજ્દાઑ.[63]**

**તરોઇદીતે[64] અંઘ્રહે મઇન્યેઉશ્[65].** (એ વાકય પઢતાં કુસ્તી ઉત્તર દીશામાં પખોડવી.)

**હુઇથ્યા-વર્‌શ્તાંમ્[66] હ્યત્[67] વસ્ના[68] ફ્રષોતૅમૅમ્.[69]** (અહીં કુશ્તીનો પહેલો આંટો કમર પર લઇ બન્ને લર આગળ લાવવા)

**રતઑમી[70] અષૅમ્.[71] અષૅમ્ વૉહૂ ૧.[72]**

**(૧૫)** દાદારની ખુશાલી થવા માટેની અનેક મારફતો[63] (થતી રહો) ‖ અન્ગ્ર મઇન્યુની[64] (શકિત ધનામીન)ને ‖ આરપાર જોઇ શકતા[64] (રહેવાય!) ‖ નેકીનાં કામ કરનારાઓ[66] (રાદી ગતીના આબેદોની) ‖ જે કાંઇ[67] (ઇચ્છવા લાયકની) ‖ અસર, વાસ્ના[68] (માંજ રહેતાં શીખું, જે) ‖ નીવારણુ કરીને શાંતી આપનારી[69] છે ‖ એવી અષોઇવાળી નેકીને[71] ‖ હું વખાણું છું, તેને ધ્યાનમાં રાખું છું[70] ‖ આ અષેમથી[72] (આ ભલી દુવા મને અને બધાંને ફળો!) ‖

**યથા અહૂ વઇર્યો ૨, અષૅમ્ વૉહૂ ૧.**

(પહેલા યથાના **અહૂ** શબ્દ ઉચ્ચારતા જમણા હાથે લર નાંખવો અને **શ્યઓથનનાંમ્** શબ્દ ઉચ્ચારતાં પહેલો આગલો ગાંઠ મારવો એજ પ્રમાણે બીજે યથા ભણતાં **અહૂ** શબ્દ આગળ ડાબા હાથે લર નાંખી **શ્યઓથનનાંમ્** વખતે બીજો આગલો ગાંઠ ખેંચવો. અષેમ ભણતાં પાછળના બેઉ ગાંઠ પહેલે જમણા અને પછી ડાબા હાથે વાળવા.)

પહેલો યથા ભણતા વિચાર ફેંકવા કે તે સાહેબ એક અને કુલ મુખત્યાર છે. બીજો યથા ભણતા વિચાર ફેંકવા કે પેગામ્બર સાહેબ દાદારના મોકલેલા બરહક છે. અષેમ ભણતાં વિચાર ફેંકવા કે તેવણની દએન મુળ અને બરહક છે તે ઉપર હું બીગુમાન છું, તે મારફતે તરી જઇશ. (હવે આગલા ગાંઠોને પહોળા કરી તેમાં બેઉ હાથની અંગુઠા પાસેની આંગળીએ

ભેરવીને તે પહોળા કીધેલા ગાંઠ ઉપર નેગાહ ફેંકતા આખી **"જસ મે અવંઘહે મઝદ"** પઢી જવી.)

**(૧૬) જસ[1] મે[2] અવંઘ્રહે[3] મજદ,[4] મજદયસ્નો અહ્મી,[5] મજદયસ્નો જરથુશત્રિશ[6] ફ્રવરાને[6]× આસ્તૂતસ્ચા[7] ફ્રવરૅતસ્ચા[8], આસ્તુયે[9] હુમતૅમ મનો,[10] આસ્તુયે[11] હૂખ્તૅમ વચો,[12] આસ્તુયે[13] હ્વર્શતૅમ શ્યઑથનૅમ.[14] આસ્તુયે[15] દએનાંમ[16] વંઘ્રઉહીમ[17] માજદયસ્નીમ,[18] ફ્રસ્પાયઑખદરાંમ,[19] નિધાસ્નઇથિષૅમ,[20] ખ્વએત્વદથાંમ,[21] અષઑનીમ;[22] યા હાઇતિનાંમચા[23] બૂઇયેઇનતિનાંમચા[24] મજિશ્તાચા,[25] વહિશ્તાચા,[26] સ્રએશ્તાચા,[27] યા આહૂઇરિશ[28] જરથુશત્રિશ.[29] અહુરાઇ મજદાઇ[30] વીસ્પા વૅાહુ[31] ચિનહ્મી.[32] અએષા[33] અસ્તી[34] દએનયાઑ માજદયસ્નોઇશ[35] આસ્તૂઇતિશ.[36] અષૅમ[37] વૅાહૂ ૧.**

**(૧૬)** અએ મઝદ![1] (જરથોશ્તી દએનને લગતું જ્ઞાન **અને** તેનો અમલ દેખાડવા) ‖ મારી[2] ‖ મદદે[3] ‖ પહોંચ[4] ! ‖ હું મઝદયસ્ની ઝુનનો છુ.[5] ‖ મઝદયસ્ની ઝરથોશ્તી તરીકે[6] ‖ (અહુરા અને ઝરથુસ્ત્ર ઉપર એતેકાદવાળા તરીકે રહી) ‖ દીનના માંથ્રના ભણતરી ઉપર[7] ‖ અને દીન ઉપરની બધી બાબદોના એતેકાદ ઉપર[8] ‖ **ફ્રવરાને**=એતેકાદ રાખું છું, બીગુમાન છું[6]× ‖ હુમત=યઝતોના હસ્તી ઉપર થઇ રહેલા મીથ્રો પ્રમાણે વીચારોવાલો થવા=બહુનવઇર્ય પ્રમાણેજ વિચારનારે થવા,[10] ‖ હું અસરકારક સ્તુતી કરૂં છું, દુવા ગુજારૂં છું.[9] ‖ હુખ્ત=યઝતોની નીસ્તીમાંની ખીશ્કારી પ્રમાણેના નાદોવાળો થવા=સાચ્ચો થવા[12] ‖ હું દીન પ્રમાણેની સ્તુતી કરૂં છું, દુવા ગુજારૂં છુ.[11] ‖ હવરશ્ત=યઝતોની ગેતી પ્રતના ખીશ્કારીની બરાબરનું વર્ત્તન રાખવા[14] ‖ હુ દીન પ્રમાણેની સ્તુતી કરૂં છું દુવા ગુજારૂં છુ.[13] ‖ ગોરપંદા તેસાપીવાળી, પગ્દુમ અંજનના ગતાની,[17] ‖ મઝદયસ્ની[18] ‖ દએનનુ[19] ‖ મારા-તારાની મારામારી, પાપ ગુનાહ-સવાબ વચ્ચેની મારામારી, હુ-તું ના ભેદની મારામારી દુર કરવાની ગતીવાળું લક્ષણ.[19] ‖ 'સ્નથ' ફેંકાડવન રૂ-લક્ષણ, એટલે તનનાં સ્નઇથાપનાં† બરા-

† **'સ્નથ'**=હથીઆર-ફતેહ મેળવવા જોઇતી ચીજ. આ શબ્દ તનની અંદરની જીવજાનની અને જીવજાન જેવી અમુલ્ય ગતીઓ દાદારે આપણા તનના ટેકાવ-ભોગવટા માટે આપી છે તેને માટે વપરાયો છે, કેમકે તે નીઆમતરૂપ બક્ષેશો મળી તોજ આપણું તન આજે જીવી ટકીને ભોગવટો કરી શકે છે,

(ફુટનોટ માટે જુઓ પાને ૭૭ મે).

બરીનું કરી એટલે યઝતોની ધરાવી શકે તેવું ઉત્તમ કરી રૂવાનને મોક્ષ અપાવવા રૂવાનને લગતો તનનો ભાગ રૂવાનમાં મેળવી દેવાની અને બાકીનું યઝતોનું ધીરેલું અઝતને આપી દેવાની ગતીવાળું લક્ષણ,[૨૦] ॥ તેમજ રૂવાનના અંશો, જેઓ મર્દ-ઓરતના ભેદમાં તેમ નીચલી ત્રણ મખલુકાત (પેદાયશ) ના ભેદમાં પરાગંન્દે થયા છે, તેઓને દુજથી નીરાળા કરીને જોડી દઇ આખા કરવાની ગતીનું લક્ષણ,[૨૧] ॥ (એમ) અષોઇની ગતી ઉપર ચઢાવવાનું લક્ષણ[૨૨] ॥ (કે, તેઓને હું પ્રાપ્ત કરવા) સ્તુતી કરૂં છું.[૧૫] ॥ જે દએન અમગીર્વાળાં મરકઝો લગી પુગાડનારી સંસ્થાઓમાં,[૨૩] ॥ ઘણે દુરના અહુરમઝદમાં મર્જ કરાવવાને લગતાં મરકઝો લગી પુગાડનારી સંસ્થાઓમાં,[૨૪] ॥ દાદારના સૃષ્ટીને લગતા બધા ભેદોને રાખી તેને લગતા જ્ઞાનની બુલંદી આપી મોતેબરમાં મોતેબર રીતે સગવડ આપી પાર પાડવાનો રસ્તો બતાવનારી[૨૫] (એટલે પોતામા અંશો જે નીચલી મખલુકાતમાં વેરવીખેર પડ્યા છે તેઓને પોતા તરફ ખેંચી રૂવાનમાં ઉમેરી રૂવાનને અખંડતા તરફ લઇ જવાની ગતી-જ્ઞાન વીગેરેની સગવડ આપનારી ઉત્તમમાં ઉત્તમ) ॥ પર-દુખભંજનની, બહમનનાં લક્ષણ કરાવી આપવાની ભલાઇએ પુગાડવાની

(પાને ૭૬ મે થી ફુટનોટ ચાલુ).

એટલે તે બક્ષેશરૂપ ચીજેને હથીઆર જેવી ગણેલી છે. રૂવાન સાથે 'હુવીઅત' એટલે કયાસની ગતી જેને દ્રવાઓ કહે છે તે હતી, જેને સુધારીને પોતા જેવી કરવા રૂવાને દુઆ કીધી હતી. આ દુઆના જવાબ તરીકે દાદારે તે 'હુવી'માં, તે દ્રવાઓમાં, ગવની ગતી એટલે કુદરતી જીવાડાવનાર ચીજે મુકીને તનનું ખોખું-પાયો ઉભો કીધો. આ પાયાની ઉપર તેનું શરીર ઉગ્યું. ત્યારે આ 'ગવ'નો પાયો તે 'સ્નથ' હથીઆરરૂપ છે, જે યઝતોએ ઉછીની આપેલી ચીજ છે. આ જીવે માટીનાં બનેલા માંસ-હાડ અંગોને ટકવે છે, જેઓ પેલાં રૂવાન સાથની હુવીનાં દ્રવાઓમાંથી થયા છે, માટે તેઓને રૂવાનોને લગતા કહે છે. જ્યારે આ રૂવાનને લગતી તેની હુવીમાંથી થયલી તનની ચીજે પેલા **'સ્નઇથીશ'**ની ગતી જેવી, ગવની ગતી જેવી, યઝતોની ઉછીની આપેલી ચીજ જેવી પરમાર્થની થશે, ત્યારે તે તનને તે ગવના જીવની જરૂર પડશે નહિ, તે સુક્ષ્મ થયલું તન પોતાની ગતીથીજ જીવશે અને રૂવાનની બરાબરીના નુરનું થઇને તે રૂવાનમાં ઉમેરાઇને ખએતવોદથીએ પુગશે. પણ એવી હાલત ઉભી થાય તે પહેલાં તનના ટકાવ માટેના પેલાં 'સ્નઇથીશ'ની એટલે પેલાં હથીઆરની પેલી ગવની ચીજની જરૂર નહિ પડવે તેને મુકી દેશે, બહાર કાઢીને જેની હોય તેને આપી દેશે. મુક્તિની આ ટાંચ છે માટે કહે છે કે જરથોશ્તી દએન સ્નઇથીશ-હથીઆર મુકાવી દેનાર છે.

ઉત્તમમાં ઉત્તમ ગતીની,[26] || અને અહુરમઝદમાં મળી જવાની રોશનમાં રોશન ગતીનું ખેંચાણ રાખીને અપાવનારી શ્રેષ્ટમાં શ્રેષ્ટ છે,[27] || જે દએન[28] || અહુરાના જરથુશ્ત્રની છે,[29] || (જે દએન) || અહુરમઝદ (ની મુરાદ જે સૃષ્ટીને મોક્ષે પુગાડવાની છે તે) માટે[30] || વોહુ-ચીસ્ત[31] અને આમ-ચીશ્તનું પોષણ (દુન્યા ઉપર પડવું જોઇએ તે દુન્યા ઉપર પંથરાવનારી છે, એવી તે ઉત્તમ દએનને) || હું કબુલ કરૂં છું.[32] || માઝદયશ્નની દએનનું[35] || સ્તુતીપાત્ર લક્ષણજ[36] || આ[33] || છે,[34] || એક અષેમ ભણવાથી તે દએનની ફત્તેહ થાઓ.[37] ||

## યથા અહૂ* વઇર્યો ૨.

પહેલો યથા ભણતી વખતે વિચાર કરવો કે દુન્યામાં રહી ફરજ અદા કરી ગેતીના તનાસકમાંથી હું છુટું બીજો યથા ભણતાં વિચાર કરવો કે મરણ પછી સેશખમાંથી, દુન્યા તરફનાં ભાનમાંથી છુટી અનુશેહના, હસ્તીની અમગીર્નાં ભાનમાં રહી તન-પસીન થાઉં.

**(૧૭) યસ્નૅમ્ચ[38] વહ્મૅમ્ચ[39] અઓજસ્ચ[40] જવરૅચ[41] આફ્રીનામિ,[42] સ્રઓષહે,[43] અષ્યેહે,[44] તખ્મહે,[45] તનુ-માંથ્રહે,[46] દરૂષિ-દ્રઓશ,[47] આહૂઇરૂયેહે.[48] અષૅમ્ વૉહૂ[49] ૧.**

(૧૭) અષોઇની ગતીઓવાળા,[44] || દરેકને પુગી વળનાર,[45] || સ્પેન્તીના માંથ્રોના તનના,[46] || હદ=ઇનસાફની ગતીનો, જુદો થવા માટેનો તેજો-અધીકાર ધરાવનારા,[47] || અહુરાની વતી કામ કરનારા[48] || સરોશની[43] || યસ્નને એટલે એકતાન થવાની ગતીને,[38] || જવાબ મળે તેવી ભક્તિને,[39] || સરોશ સાથે પેવંદ થવાની શક્તિને,[40] || સરોશને પોતામાં વસાવી પોતાને આલાત બનાવવાની ગતી મેળવવાને[41] || હું ઇન્તેજાર છું અને તેને માટે દુવા કરી રહયો છું.[42] || આ અષેમના ભણવાથી તે દુવા ફળો![49]

---

* જીંદગીના ફેરાને શ્વાષ ખદાત કહે છે. આ ફેરાના ત્રણ ભાગો છે-પહેલો ભાગ જીવતી જીંદગીમાં આ દુન્યામાં ભોગવાય છે. બીજો અને ત્રીજો ભાગ મરણ પછીથી પેલી અણદીઠ દુન્યામાં ભોગવાય છે. બે યથા ભણતા ચીંતા કરવા કે બેઉ દુન્યાઓમાં ભોગવવાના આ ભાગો પાર પડે. પહેલો યથા જીવતી જીંદગીના ફેરા માટે-બીજો યથા મરણ પછીથી રહેલા બે ભાગોને પુરા કરવા માટેનો છે.

## અહમાઇ રએશચ.

(૧૮) અહ્માઇ[૧] રએશચ[૨] ખરૅનસચ,[૩] અહ્માઇ[૪] તન્વો[૫] દ્રવતાતૅમ,[૬] અહ્માઇ[૭] તન્વો[૮] વજદ્રરૅ,[૯] અહ્માઇ[૧૦] તન્વો[૧૧] વૅરૅથ્રૅમ,[૧૨] અહ્માઇ[૧૩] ઇશ્તીમ[૧૪] પઔઉરૂશ[૧૫]-ખાથ્રામ,[૧૬] અહ્માઇ[૧૭] આસ્નાંમચિત[૧૮] ફ્રજઇન્તીમ,[૧૯] અહ્માઇ[૨૦] દરૅઘાંમ[૨૧] દરૅઘો-જીતીમ,[૨૨] અહ્માઇ[૨૩] વહિશ્તૅમ[૨૪] અહૂમ અષઓનાંમ રઓચંઘ્રહૅમ[૨૫] વીસ્પોખાથ્રૅમ.[૨૬] અથ જમ્યાત[૨૭] યથ આફ્રીનામિ.[૨૮] અષૅમ વૉહૂ[૨૯] ૧.

(૧૮) તેને[૧] (એટલે અહીં કુસ્તીના કરનારને, સરોશની ગતીના સાંધનારને એટલે મને) ॥ ખરૂં અંતર-ગ્નાન જે રૂવાનમાં રહે છે તે,[૨] ॥ ખોરેહ=યઝતી પ્રવાહ[૩] (મલશેજ). ॥ તેને[૪] ॥ તનની[૫] ॥ (સુક્ષ્મતા જે દ્રુજ સામે ટકી શકે તે) મજબુતાઇ,[૬] ॥ તેને[૭] ॥ તનની[૮] ॥ સુખાકારી-દરદોથી મુક્તિ,[૯] ॥ તેને[૧૦] ॥ તનની[૧૧] ॥ ફ્તેહ[૧૨] (એટલે મોત ઉપરની સરસાઇ એટલે અમર ગતી મેળવવાની શક્તિ), ॥ તેને[૧૩] ॥ અમર ગતીએ પુગવા જોઇતી[૧૪] ॥ પુણ્ રીતે આવી મળતી[૧૫] ॥ નુરી ગતી[૧૬] (ગુને-પરવરની હાલત) (મળશેજ), ॥ તેને[૧૭] ॥ આસ્ને[૧૮]-ખેરદની ગતી (જે) ॥ આગળ હસ્તી તરફ લઇ જનાર[૧૯] (છોકરાંરૂપની ફરજન્દમાં કે બીજા આકારનાં ફરઝંદમાં પેદા પડશે-હાજર રહેશે તે મળશેજ). ॥ તેને[૨૦] ॥ લાંબામાં[૨૧] લાંબી ॥ જીંદગી[૨૨] (મળશેજ, કે જેથી તનાસક કપાય). ॥ તેને[૨૩] ॥ આસપાસ રઓક્ષ્ની ફેલાવતાં-સત્યસંગ આપતાં-આઝાદગીવાળાં, આઝાદગી આપતાં ગ્નાનવાળું, તરીપાર કરવાની રોશન ગતીવાળું[૨૫] ॥ નુરી ગતીની પુણ્તાવાળું[૨૬] (નીસ્તીમાં હોવા છતાં હસ્તી તરફ જઇ રહેલું) ॥ અષો લોકોનું બહેશ્ત નામે વહિસ્તેમ અહૂમ[૨૪] (મળશેજ). ॥ જે મેં દુવા કીધી છે[૨૮] ॥ તે ફળશેજ.[૨૭] ॥ એક અષેમનાં ભણવાની બરકતથી મને હવસ રહિત થવાની આઝાદગી મળો કે જેથી અષની ગતી મળે.[૨૯] ॥

## હજંઘ્રૅમ.

(૧૯) હજંઘ્રૅમ[૧] બએષજનાંમ,[૨] બએવરૅ[૩] બએષજનાંમ.[૪]
હજંઘ્રૅમ બએષજનાંમ, બએવરૅ બએષજનાંમ.
હજંઘ્રૅમ બએષજનાંમ, બએવરૅ બએષજનાંમ.
અષૅમ વૉહૂ[૫] ૧. ☞ આ મુજબ હજંઘ્રૅમ ત્રણ વાર પઢવી.

(૧૯) બએષજ=દરોસ્તી જે જના બએષ=એટલે કે દરદ-હવસોને સાજાં કરે છે તેવી દરોસ્તીઓમાંની[2] (જે તન-મન-કેહપ'ને માટે છે-તેઓમાંની) ‖ એક હઝાર દરોસ્તી[1] (કેહપ'ને મળો.) ‖ દરોસ્તીઓ[4] (જે તન-મન-કેહપ'ને માટે છે તેઓ)માંની ‖ દસ-વીસ-સો એમ દસના ગુણાકારથી વધતી જતી[3] (દરોસ્તી કેહપ'ને મળજો!) ‖ અષેમના ભણવાથી તેના થતા સ્તોતો તે દરોસ્તી આણી આપો![5] ‖

## જસ મે અવંઘહે મજદ.

**જસ[1] મે[2] અવંઘ્રહે[3] મજદ.[4]** (ત્રણ વાર એ વાકય પઢવું).

**(૨૦) અમહે[5] હુતાશ્તહે[6] હુરઑદહે, [7]વૅરેથ્રઘ્નહે[8] અહુરદાતહે,[9] વનઇન્તયાઑસ્ચ ઉપરતાતો.[10] રામનો ખ્વાસ્ત્રહે,[11] વયઑશ[12] ઉપરો-કઇરયેહે[13] તરદાતો[14] અન્યાઇશ[15] દામાંન,[16] અએતત્ તે વયો,[17] યત તે[18] અસ્તિ, સ્પૅન્તો[19]-મઇન્યઑમ; થ્વાષહે[20] ખ્વદાતહે, જરૂવાનહે[21] અકરનહે, જરૂવાનહે[22] દરેઘો-ખ્વદાતહે. અષેમ[23] વૅાહૂ ૧.**

(૨૦) અએ મઝદા[4]! (દીની જ્ઞાન અને અમલ આપના) ‖ મૂને[2] ‖ મદદે[3] ‖ પહોંચ[1]! ‖ 'હૂ' ના (એટલે તે એક સાહેબના તેપણાની જાતના) ઘડેલા[6] (અહુરાનાં માંથ્ર સ્પેન્તની રૂવાન સાથે મળીને અતી સુક્ષ્મતાવાળા થયલા) ‖ **અમ** યઝતની,[5] (અને) ‖ અહુરદાત કહેતા મોક્ષે લઇ જવાના કાયદાના અધીકારી[9] ‖ બહેરામ યઝતની,[8] ‖ વનઘ્નન્તી ઉપરતાત જેવણ દુજી ઉપર પુણ રીતે ફતેહ અપાવીને તેની સાથે સંબંધ જોડીને જીંદગી તરાવી આપે છે તેની.[10] ‖ રામ યઝત જેવણ ભલી ખ્વાથ્રથી પોતાની 'હુ' ની જાતની નુરી ગતીથી તન-મન રૂવાનની ચીંતા=દુખ-દરદની ભાંગેલી હાલતને સાંધી આપી આખું કરી આપી શાદી રામેશ્ની પાંથરે છે તેની,[11] ‖ (અને) વાય યઝત[12] ‖ (જે હવામાંની દુજી ગતી ઉપર) સરસાઇ ભોગવીને કામ કરનાર[13] (હવાથી પાક કરનાર) ‖ યઝતી સૃષ્ટીમાંની[16] ‖ બીજી બધી ગતીમા[15] ‖ ખ્વાસ સીતનો અધીક સત્તા રાખતો અધીકારી છે,[14] ‖ (જેનો એટલે) આ તાહરો વયુ-પવન[17] ‖ (જે તું) સ્પેનામીનનં[19] લગતો (છે અને) ‖ જે તાહરો[18] (એટલે વયુ-યઝતના પદાએશવાલાને લગતો) છે, (જે ઇનસાનોવાળી

હાડમંદ સૃષ્ટીને હવામાંની પોતાની વયુવેહની ગતીથી સફાઇ આપવાની શકિત આપવા સરસાઇ ભોગવીને કામ કરે છે એટલે **'ઉપરો-કઇરય'** છે તેવા વયુવાળા વાય યઝતની મદદ મળો, કે જેથી) || આ **'થ્વાષ'**[૨૦] (એટલે જન્મ-મરણ અને મરણ પછીની ગતી કરાવનારા ફેરાનો વખત (સફળ થઇ), || ઝરવાને અકરનેની અનંત અમર[૨૧] ગતી (માં પુગું, અને એમ) || ઝરવાને દરેઘો ખદાત[૨૨] (ના ૮૧,૦૦૦ વર્ષમાં તનાસક પામતો બચી જાઉં. એમ આ બધી ઝરવાનની ગતી મને મુબારક થાઓ !) ભણાતા એક અષે-મથી[૨૩] આ બધી મદદ મને આવી મળો !

## કૅરૂફેહ્ મોજદ્.

**(૨૧) કૅરૂફેહ[૧] મોજદ્[૨] ગુનાહ્[૩] ગુજારેશ્નેરા[૪] કુનમ,[૫] અશાહી[૬] રવાન્[૭] દુશારમરા.[૮] હમ[૯]-કૅરૂફ્હ્ હમા[૧૦] વેહાંને[૧૧] હફ્ત[૧૨] કેશવરૂ[૧૩] જમીન્,[૧૪] જમીન્[૧૫]-પેહેના,[૧૬] રૂદ્[૧૭]-દરાના,[૧૮] ખુરૂશીદ્[૧૯]-બાલા,[૨૦] બુન્દીહા[૨૧] બેરસાદ્;[૨૨] અશો[૨૩] બેદ્[૨૪] દેરૂજી[૨૫]. અથ[૨૬] જમ્યાત્[૨૭] યથ[૨૮] આફ્રીનામિ.[૨૯] અષૅમ વૅાહૂ[૩૦] ૧.**

**(૨૧)** કેરફેહ=ભલાં રાદી કામો[૧] || આશીઃવાદ (છે),[૨] || ગુનાહો[૩] || તજવા લાએક છે,[૪] || રૂવાનના[૭] || પ્યારને ખાતર[૮] || અષોઇ[૬] || ઉભી કરૂં.[૫] (એમ થાય માટે ગુનાહ છોડું અને કેરફેહ મેળવું. કેરફેહ કરવા ખાતર) || **હફ્ત**[૧૨] || કેશ્વર[૧૩] || જમીનના[૧૪] || તમામ[૧૦] || ભલાંઓના[૧૧] (આઝાદેગાનોના એટલે પાપથી મુકિત પામેલાંઓનાં) || એકત્ર થઇ જમાવ થએલાં ભલાં કર્મો[૯] (ના અખુટ જથ્થામાંથી) || જમીનની[૧૫] || પહોળાઇ[૧૬] (જેટલો), || નદીની[૧૭] || વહેતી લંબાઇ[૧૮] (જેટલો), || ખુરશેદના[૧૯] || ઉંચાઇ[૨૦] (જેટલો ભાગ), || સ્વચ્છ હાલતમાં, અસલ હાલતમાં[૨૧] || મને મળો[૨૨] ! || અષો લોકો[૨૩] (ઉપર કહેલાં વેહાનો) || લાંબા કાળ લગી[૨૫] || જીવતાં રહો[૨૪] ! || (અને મારી ઉપર કેર-ફેહની ચોકી મોકલે). || જેમ[૨૮] || મુરાદ માંગું છુ[૨૯] || તેમ[૨૬] || થજો, આવી પુગજો[૨૭] ! અષેમના ભણાવાથી ગુનાહ તુટી કેરફેહ મલજો[૩૦] ! ભલાંની હમ આફ્રીતી મળજો !

## નીરંગ-ગઓમીજ.

**(૨૨) શેકસ્તેહ[૧] શેકસ્તેહ[૨] શયતાંન,[૩] અહીરીમન[૪] ગજસ્તેહ[૫] કારો[૬] કેરૂદાર, નરસદ્[૭] ગજસ્તેહ[૮] કારો[૯] કેરૂદાર; સીઓસે[૧૦] અમેશાસ્પંદ[૧૧] દાદારૂ[૧૨] અહુરમજદ્ પીરોજગરૂ[૧૩] પાક્;[૧૪] અષઓંને[૧૫] અષેમ વોહૂ[૧૬] ૧.**

(૨૨) બુરા હવસો અને તે હવસોને પોખનાર શેતાન[૩] ‖ તુટેલો-હારેલો[૧] ‖ નરમ પડેલો રહો[૨]! ‖ બુરી ખરફસ્ત્રી ફાચ્છા વારતા, સાંપની દસ્વલ ગતીનો (મારામાં રહેલા) અહીરીમન[૪] ‖ તેના કાય-વર્ણુક[૬] ‖ (મારામાંથી) ખલાસ થાઓ[૫]! લ્યાનત ભરેલા થાઓ-દૂર જાઓ[૫] (કે જેથી) ‖ તેવા લેઅનતભરેલા[૮] ‖ કાર-વર્ણુક[૯] ‖ પાછાં મને પુગે (વળગે) નહિ.[૭] ‖ ૩૩ ની ગતીની[૧૦] (એટલે પેદા કરવાની ૩+૩=૬ ની ગતીવાળી ગાહામ્બારો ચલાવતી) ‖ અમર શકિતઓ[૧૧] (ખંતો) ‖ (અને) ફીરોઝગરી લાવનારા[૧૩] ‖ (કોઈની તરફ અભાવ નહિ રાખે તેવા) પાક[૧૪] ‖ દાદાર અહુરમઝદ[૧૨] (જેવો) ‖ (પાક દવેષ વગરનો દુજની પરહેઝીવાળો થાઉં!) ‖ **અષેમથી** હવસો તુટીને ભલાઇ (ગવ) મારામાં જામે.[૧૬]

## સરોશ્ બાજ.

**(૧) ક્ષનઓથ્ર અહુરહે મજદાઓ.† અષેમ વોહૂ ૧.**

**(૨) ૫ નામે[૧] યજદાંન[૨] અહુરમજદ[૩] ખોદાએ[૪] અવજૂની,[૫] વર્જ[૬] ખોરેહ[૭] અવજ્ઞયાદ્.[૮] સરોશ[૯] અશો,[૧૦] તગી,[૧૧] તનફર્માન,[૧૨] શેકફ્ત જીન,[૧૩] જીન અવજારૂ,[૧૪] સાલારે[૧૫] દામાને[૧૬] અહુરમજદ[૧૭] બેરસાદ્.[૧૮]**

(૨) યઝતોને લગતું, અસ્ર રોશનીનું એટલે છેડો કે શરૂઆત નહિ પામી શકાય તેવી 'અકરન' ગતીવાળું-ભલાઇ પાંથનારૂં-જીંદગી ટેકવનારૂં-

† ફકરા (૧) ની સમજ માટે જુઓ પાને ૬૯ મે.

નેઆમત પાંથરનારૂં જે કંઇ આસપાસ વહી રહે છે તેની યાદ[૨] પ્રમાણે ॥ (તેઓનો દાખલો લઇ તેઓની માફક વર્ત્તી રહું), ॥ ખોદા[૪] (જે મને દોરવે છે તેની દોરવણથી) ॥ અહુરમઝદ તરફ[૭] ॥ વધતો રહું.[૫] ॥ વર્જનો[૬] એટલે મારી આસપાસનું વાતાવરણ નામે અરપિના શુધ્ધ થવાની ગતી અવઝાયાદ=વધતી રહો[૮] (અને તેટલા માટે મારી અંદરના હવસોનું એટલે અંદર રહેલી તન-મન વગેરેની ખામીઓનું સુધરેલી હાલતે પુગવાની ગતી અવઝાયાદ=વધતી રહો) ॥ (આવી શુધ્ધ અર્દાયમા) ખોરેહની યઝની ગતી[૭] એટલે અહુરમઝદના આશીરવાદો અવઝાયાદ=વધતા રહે (અને તેથી બધેબધ) વૃદ્ધિ થતી રહો[૮]! ॥ અશો,[૧૦] ॥ તગાની શકિતવાળો,[૧૧] ॥ મઝ્દાના તન[૧૨] (જે અહુરમઝદનેજ એટલે પરદુખભંજનનાં કામ સારૂ અર્પણ થઇ શકે તેવી અહુરમઝદની સૃષ્ટી પ્રત્યેની સેવા કરવાનાં તન)વાળો ॥ નહિ ડગે, નહિ પાછળ હઠે તેવા સાઝેરનીવાળો, હથ્યાર-સામગ્રીવાળો,[૧૩] ॥ તે સાઝેરના-હથ્યાર જેઓથી કારગર થઇ શકે, કોઇથી ઘાટ ધારણ કરી શકે તેવો ખાન-હરીફ,[૧૪] ॥ અહુરમઝની[૧૭] ॥ કુલ પેદાએશનો[૧૬] ॥ સરદાર-જમીન-દાર[૧૫] ॥ સરોશ યઝદ[૯] ॥ મારી મદદે પુગો[૧૮]! ॥

**(૩) અજ હમા ગુનાહ પતેત પશેમાનુશ; અજ હર્વ-સ્તીન દુશ્મત દુઝૂખ્ત દુઝ્વરશ્ત, મેમ પ ગેતી મનીદ, ઓઓમ ગોફત' ઓઓમ કરદ, ઓઓમ જરત, ઓઓમ બૂન બૂદ, એસ્તેદ, અજ આંન ગુનાહ મનશ્ની ગવશ્ની કુનશ્ની, તની રવાની ગેતી મીનોઆંની, ઓખે અવાખશ પશેમાન પ સે ગવશ્ની પ પતેત હોમ.***

**યથા અહૂ વઇરયો ૫, અષેમ વોહૂ ૩.**

**(૩) યથા અહૂ વઇર્યો (૫).** (ભણતી વખતે વીચાર કરવો કે જન્મો જન્મ ધારણ કર્યા કરીને પેદા કીધેલો મારો અહુરમઝદ તરફ જવાનો સંબંધ નામે પંજે-ઝરવીકશે-બાતેન એટલે અણદીઠ ઝરેહ=દરયાવો જેઓ કુદરતના અધીકારી છે અને મુકિત માટે અણદીઠ દુન્યાઓમાં વસવાટ કરવા શકે તેવી ગતી રાખી શકે છે, જેઓના ઉપર સરોશની સરદારી છે, તેવી ગતી જે કંઇ મેં મેળવી છે, જેથી મને-વીચાર ભાન થયા કરે છે, મુકિત માટેની તલબ થાય છે, તેવી ગતી વધુ મળી વધુ પુખ્ત થઇને મારી જાણ અને ભાનમાં એટલે જાગૃત હાલતમાં મને મીનોઇ તરફ, ભલાઇ તરફ દોર-

---

* એ ફકરા (૩) ની સમજણ માટે જુઓ પાને ૭૪ મે.

ળ્યા કરે, અને તેથી સરોશની પનાહમાં રાખ્યા કરે, એટલે પરમાથી માનોઇને માટેજ જીવવાની તલખમાં રાખ્યા કરે એમ બનજો !)

અષેમ વોહૂ (૩) (ભણતાં વીચાર કરવો કે ઉપલી મુરાદ મને ફ્રજો અને હું ત્રણે મુરતસલાએ પુગું, એટલે જેમ હસ્તીમાંથી આ નીસ્તીમાં ઉતરેલો છું અને રોશન ફેલ કરી એટલે તરીકત ઉપર રહી પતેત અને મહેર પાળીને મારે લગતી નીસ્તીને સમારી રહયો છું, તેમ નીસ્તીને સમારીને કામ પુરૂં કરીને પાછો હસ્તીએ ફ્રશો-કેરેતીએ-જુઝવાવીએ એટલે મારે લગતી દુન્યાની સદગતી ઉભી કરવાના છેડા ઉપર પુગી રહું, કે પછી મોટી કુલ્યાતી ફ્રશો-કેરેતીમાં એટલે આખી જગતનાં નિર્વાણ કરવાનાં કામમાં મચ્યો રહી શકું.)

(૪) ક્ષનઑાથ્ર અહુરહે મજદાઓ. અષૅમ વૉહૂ ૩. ફ્રવરાને મજદયસ્નો જરથુશ્ત્રિશ વીદએવો અહુર-ત્કએષો. (જે ગેહ હોય તે પઢવી.) સ્રઑાષહે અષ્યેહે, તખ્મહે, તનુ-માંથ્રહે, દરૂષ-દ્રઑાશ આહૂ રૂયેહે, ક્ષનઑાથ્ર યસ્નાઇચ વહ્માઇચ ક્ષનઑાથ્રાઇચ ફ્રસસ્તયએચ, યથા અહૂ વઇર્યો જઑાતા ફ્રા મે બ્રૂતે, અથા રતુશ અષાત્ ચિત્ હચ, ફ્રા અષવ વીદ્વાઓ મ્રઑાતૂ. સ્રઑાષૅમ અષીમ હુરઑાદૅમ વૅરૅથ્રાજનૅમ ફ્રાદત-ગએથૅમ અષવનૅમ અષહે રતૂમ યજમઇદે.

(૫) અહુનૅમ વઈરીમ તનૂમ પાઇતિ, અહુનૅમ વઇરીમ તનૂમ પાઇતિ, અહુનૅમ વઇરીમ તનૂમ પાઇતિ. યથા અહૂ વઇર્યો ૧.

કેમના મજદા. (પાને ૭૨ મે થી આખી પઢવી.)

(૬) યથા અહૂ વઇર્યો (૨). યસ્નૅમ્ચ વહ્મૅમ્ચ અઓજસ્ચ જવરૅચ આફ્રીનામિ, સ્રઑાષહે અષ્યેહે, તખ્મહે, તનુ-માંથ્રહે, દરૂષિ-દ્રઑાશ, અહૂઈરૂયેહે. અષૅમ વૉહૂ ૧.

(૬) એ ફકરાની સમજ માટે જુઓ પાને ૭૮ મે.

☞ અહ્માઇ રએશ્ચ; હુજંઘૅમ જસ મે અવંઘહે મજદ; કૅરૅફેહ મોજદ. (પાને ૭૯ થા ૮૧ સુધી પઢી જવી).

# હોશૂબામ.

**(૧) ક્ષ્નઑથ્ર અહુરહે મજ્દાઓ. અશૅમ વૉહૂ ૧.**

**(૨) અથ[1] ઇમાં[2] વચો[3] દ્રૅનજયોઇશ,[4] યોઇ[5] અંધ્રહેન્[6] વારૅથ્રધ્નયોતૅમચ[7] બએષજ્યોતૅમચ;[8] પન્ચ[9] અહુન વઇરય[10] ફ્રસ્રાવયોઇશ.[11] યથા અહૂ વઇરયો ૫.**

**અહુનૅમ વઇરીમ્[12] તનૂમ[13] પાઇતિ,[14]** (ત્રણ વાર પઢે).

**(૧)** એ વાકયની સમજણ માટે જુઓ પાને ૬૬ મે.

**(૨)** આ પ્રમાણે[1] (જેમ હોશબામમાં હમણાં ભણું છું તેમ) ‖ આ[2] (નીચલા અવસ્તાના) ‖ કલામો[3] ‖ સડસડાત ભણતો જા.[4] ‖ જેઓ[5] કલામો) ‖ હવસોની ઉપર ઉત્તમ રીતની સઉથી સરસ ગતી અપાવાને ફત્તેહ અપાવનાર,[7] ‖ તન-મનનાં હવસો રૂપનાં દરદોને દવા તરીકે ઉત્તમ રીતે કારગર થઇને સારૂ કરનાર[8] ‖ છે.[6] ‖ પાંચ[9] ‖ યથ નુ[10] ભણતર ‖ (આવું તલેસ્માતીક છે, તેને) ‖ પદેપદ લલકારી જા.[11] ‖ યથા પાંચ (મણો એટલે પન્જે-ઝરતી-કશે-બાતેનના ઉપર પાને ૮૩ મે આપેલા વીચારો અત્રે ફેરો). ‖ અહુનવઇય[12] (ના નાદનો સંબંધ આ પાંચ યથા ભણતાં થોડો કે ઘણો થયો છે તે) ‖ તનને[13] ‖ રક્ષણ આપે છે[14] (તે આપ્યા કરો, જેથી તનનો હવસ હેઠો પડીને ગવમાં બદલાતો જાય). ‖

**અત્રે કેમના મજ્દા** આખી ભણવી. તે માટે જુઓ પાને ૭૨ મે.

**યથા અહૂ વઇરયો ૨૧, અશૅમ વૉહૂ ૧૨.**

(**૨૧ યથા[15]** ભણતાં વીચાર ફેરો કે 'હું-તું-તે'ની નબળાઇ દુર થઇને ત્રણના આંકડાની ઉસુલ ગતી, જે કુલ સૃષ્ટીની ઉપર એક બાપ તરીકે થઇ નેગાહ રાખનારી છે, તે રૂવાન-દરોરતી માટે નેગાહ રાખવાની ગતી મારે માટે ઉભી થાઓ! જેમ બાપ ફરઝંદને ખરા અંદરખનેના પ્રેમથી ચાહે છે, તેનું ભલુ ઇચ્છીને તેને માટે ભલાઇ ઉભી કરે છે-કરવા તત્પર છે અને તેને માટે ભોગ વરીક આપે છે, તેવીજ રીતે ગેતાને મારૂં સર્વસ્વ આપીને તેનેબી ફરઝંદ તરીકે લઉં, કે જેથી દુન્યા ઉપર [ફુરકી રહેલી] ૨૧ જાતની દુજીઓનું બળ નરમ પડતું રહે એમ થાય.)

(૧૨ અશેમ[૧૬] વોહૂ ભણતાં વીચાર કેંકો કે 'હું-તું-તે'ની છાકટ ગતીથી થતી ખુમારી-ગફરી દુર થઇને ખરા સેવક થવાની, ફરજ બજાવવાની ઉત્તમ ગતીના શાંતીવણું સુખ મળો!)

નેમસે-તે[૧૭] હુશબામી[૧૮] (ત્રણ વાર પઢે)

**(૩) અએતત્[૧૯] દિમ[૨૦] વીસ્પનાંમ[૨૧] મજિશ્તેમ[૨૨] દજદ્દયાઇ,[૨૩] અહૂમચ[૨૪] રતૂમચ[૨૫] યિમ[૨૬] અહુરેમ[૨૭] મજદાંમ, સ્નથાઇ[૨૮] અંઘ્રહે[૨૯] મઇન્યેઉશ દ્રવતો,[૩૦] સ્નથાઇ[૩૧] અએષ્મહે[૩૨] ખ્રવી[૩૩]-દ્રઓશ, સ્નથાઇ[૩૪] માજઇન્ય નાંમ[૩૫] દએવનાંમ, સ્નથાઇ[૩૬] વીસ્પનાંમ[૩૭] દએવનાંમ[૩૮] વરેન્યનાંમચ[૩૯] દ્રવતાંમ.** (બાજમાં પઢે)

**શેકસ્તે ઘનામેન્યો બર અહેરેમન લેઆનત સદ હઝાર બાર.**

**ફ્રદથાઇ[૪૦] અહુરહે મજદાઓ[૪૧] રએવતો[૪૨] ખરેનંઘઉહતો,[૪૩] ફ્રદથાઇ[૪૪] અમેષનાંમ[૪૫] સ્પેન્તનાંમ, ફ્રદથાઇ[૪૬] તિશ્ત્ર્યેહે[૪૭] સ્તારો રએવતો[૪૮] ખરેનંઘઉહતો,[૪૯] ફ્રદથાઇ[૫૦] નરશ[૫૧] અષઓનો[૫૨] ફ્રદથાઇ[૫૩] વીસ્પનાંમ[૫૪] સ્પેન્તહે[૫૫] મઇન્યેઉશ દામનાંમ[૫૬] અષઓનાંમ.[૫૭] યથા[૫૮] અહૂ વઇર્યો ૨**

(૩) અએ બરી બામદાદમાં જનમેલી હોશબામની શકિત[૧૮] !|| તુંને નેમાઝ[૧૭]! || આ બધું[૧૯] (મારૂં ભણતર અને તેથી થતું બધું સવાબ અને હોશબામના વખતમાં રમી રહેતો બધો સવાબનો પ્રભાવ, ભલાઇની ફત્તેહનો જલવો) || અહુરમઝદ[૨૭] (જે) || બધામા[૨૧] || ઉંચામાં ઉંચ રીતનુ[૨૨] (એટલે અખંડતાની રામેશ્ની જમાવવાનું કામ ઉત્તમ રીતે કરનાર છે) || અને કુલ મુખત્યાર સાહેબ[૨૪] || અને કુલ મુખત્યાર વ્યવસ્થા કરનાર[૨૫] છે, || તેને[૨૦] || અર્પણ કરવા માટે છે,[૨૩] (કે જેથી) || બુરાઇઓ ઉભાવનાર[૩૦] || અંગ્રમીનની ગતી[૨૯] || રોકવા માટે[૨૮] (બની આવે); || **અએષમ**[૩૨] (જે) || ઝુલ્મગાર[૩૩] ભાલો રાખે છે (જેની મદદથી અહુરમઝદની પેદાએશનો નાશ કરવા માંગે છે, એમ હદ-ઇનસાફને ધીક્કારે છે, જે હદ ઉપરાંત જનાર ધાતકી દએવ છે) તેને, || તેમ '**માઝઇન્ય**' નામની બુરી શકિત[૩૫] (જે રય-અંતર જ્ઞાનનાં સુક્ષ્મ આબની શકિત નામે હસ્તીના ફ્રાદેને તેમ નારતી-ગેતીમાંના દીઠ અણદીઠ પાણીના ફ્રદોને ખલલ કરનારી છે, જેથી વૃધ્ધી અટકે છે તેવી ગતીવાળા દએવોને), || (તેમ) '**વરેન્ય**' નામની બુરી શકિત[૩૯] (જે ખાકમાં રહેલી ગોસ્પંદોની ટકવવાની શકિત બરદાસ્તને અને તમીઝને તેઓનાં કામમાં હરકત કરે છે, ખાકી હવસો, ખુદ-પરસ્તી, અદેખાઇ ઉભ-

રાવે છે તેને) રાખનારા બધા દએવોની ગતીને ॥ રોકવા માટે[૩૪-૩૬] (બની આવે.) ॥ બાજમાં પઢે (ધનામીન* તુટજો એટલે ધનામીનની બાઝી, જે હવસોને હદની બહાર ઉભરાવવાની છે તે તુટજો. અહીરીમન ઉપર લખખો ગણી લેઆનત રહેજો, અહીરીમન, કે જેને ઠેકાણે લાવવા ધનામીનની ઉપર કહેલી હવસો ઉભરાવવાની બાઝી છે, પણ ક્રવ-ષીની હેદાયત વગર તે ધના હવસો ઉભરાવવાની અને એમ પાપો ઉભા કરા-વવાની હદ જાણતો નથી માટે ભુલ કરી હદની બહાર જાય છે, તે અહી-રીમન ઉપર લેઆનત-કદુવા હોજો, તે નરત થજો કે જેથી ધનાની જરૂરજ પડે નહિ, એમ 'ધના' સંકોચાજો!) (આમ થવાથી) ॥ રય-ખરાં જ્ઞાનના

* ધનામીન અને શેતાન એક નથી. બેઉમાં આસ્માન અને જમીન જેટલો ફરક છે. ધનામીન તો એક મીનો છે, જે લગભગ યઝતની પંકતીનો છે. પણ યઝતોમાં અત્યંત તાબેદારીથી ઉભી થયલી ક્રવષિની પુર્ણ ગતી પુર્ણ રાસ્તી હોય છે, જ્યારે ધનામાં અહુના તાબેદારી કરવાની ગતી સત્યનેજ ચલા-વવાની ગતી નથી એટલે ક્રવષિની હિદાયત નથી, છતાં તેમાં અત્યંત જોર છે. ધનામીનની ગતી હસ્તીનાં છઠ્ઠાં સ્પેનામીનના અસ્મમાંથી સામા પોલ તરીકે નીકળેલા પાંચમાં અસ્મમાંથી નીકળતી અન્ગ્રમીનની ગતીનો એક ભાગ છે. જુઝ તરીકે હમનબર્દ તરીકે નીકળવાથી તેમાં 'સ્પેન્તી' કરાવવાનો સીધ્ધો ગુણ નથી. જેમ એક તોપ ફુટે ત્યારે વચમાં જેબી કંઈ આવે તેને છુંદી નાખે છે, તેમ ધનામીનનો ફોર્સ હવસોને ઉભરાવીને તનમન બધાને ભલા બુરા બધાનેજ ફોડી નાંખવા માંગે છે. પણ જેમ તોપની જેટ ઉપર વાતાવરણ પેશ આવે છે તેમ ધનાના બેઅંદાજપણા ઉપર ઈનસાફની ગતી ઝરથુશ્ત્ર મારફતે પેશ આવે છે. ધના ત્યારે હવસોને ઉભરાવનાર અને મનને ફોડી નાખનાર જબર તોપ છે પણ સેતાન તો ઉરવાનોની દએવીક ગતી, અજ્ઞાનતાની ગતી, અહુરમઝદની સામેના અવિશ્વાસની ગતીના ઓળામાથી જીવતી થયલી બલા છે, જે=શીદ બુરાઇનો જથ્થો છે અને બધીજ બુરાઇને લગતી છે. આ શેતાન એક શકિતરૂપ કુદરતમા છે. જે ઇનસાનો દમમાં જઇને બુરી વાસ્ના ઉભી કરી ઇનસાનમાના હવસોને સળગાવે છે. ધનામીન તે શેતાનને પાપી ઇનસાનના દમમાં મોકલીને તે શેતાનનું જોડાણ ઇનસાનમાં કરાવી હવસોને ઉભરાવે છે, જે પછીથી હવસો ખલાસ થતા આવે છે અને શીક્ષાથી સુધરતા આવે છે. જેમ રૂવાનો સાથની દ્રવાઓની ગતીના ઓળામાથી શેતાન અહીરીમન થયો છે જેને કેરેસાની કહે છે, તેમ તે બધા રૂવાનોની ગવના ઓળામાથી ગાવ્યોદાદ થઇ છે જે ત્યારે શેતાનની જોડીદાર પણ શેતાનથી ઉલટી છે, જેની ઉપર શેતાન ધસે છે જ્યારે તે ગાવ તે શેતાનને પોતાનું દુધ આપીને સુધારવા માગે છે. ધનામીનની ફનથી ઉભા કીધેલા પાપોના ઉભરાના શીક્ષા શેતાન ખમી ખમા ધીમે ધીમે ખરચાઇ જઇને પુરો થતો જઇને આજેજ થશે, ત્યારે ગાવ્યોદાદને શરણે જશે. ત્યારે ધનાની ખીશ્કારીનો ભેદ ઘણો ઉંડો છે જે વિષે નાઝીઝનાં પુસ્તકો જોવાં જોઇએ.

ખજાનાની ગતી, જે સૃષ્ટીને આપવા ધારી છે, તેવી રય[૪૨] અને ‖ તે જ્ઞાનના=જલવા-કારસાજીના પ્રકાશવાળા[૪૩] ‖ અહુરમઝદના[૪૧] ‖ (તેવાં) બક્ષેશ કરવનાં કામ, વૃધ્ધી કરવાનાં કામ પુર્ણ થવા માટેનું બની આવે.[૪૦] ‖ અમશાસ્પંદોના[૪૫] ‖ (તેવાં વૃધ્ધીનાં કામ થવામાં) વધારો થાય-ફત્તેહ મળે.[૪૬] ‖ રયનું અંતરજ્ઞાન[૪૮] ‖ અને તેનું કાર્યસાધકપણું લાવનાર, તેવાં કાર્યસાધકપણાનો જલવો રાખનાર[૪૯] ‖ તેશ્તર તીરનાં[૪૭] ‖ તેવાં કામની વૃધ્ધી થવા માટે બની આવે.[૪૬] ‖ અષો નરનાં[૫૧-૫૨] ‖ તેવાં વૃધ્ધીનાં કામ માટે બની આવે.[૫૦] ‖ સ્પેનાગીનની[૫૫] ‖ અષોઇ રાખતી[૫૭] ‖ કુલ સૃષ્ટીના[૫૬] ‖ બધા[૫૪] (ચાથ્રો અપ-વહ-ગત ચાથ્રો)નાં ‖ તેવાં વૃધ્ધી કરવાનાં કામ માટે બની આવે.[૫૩] ‖ હવે **બે યથા**[૫૮] ભણતાં ગોથ્ર ફેંકવો કે જુઝની દુશ્મનાઇ જુફતની દોસ્તીમાં ફેરવાજો, એમ સ્પેનામીન અહુરમઝદની ફતેહ થજો.

(૪) **વંઘ્રહુચ[૫૯] વંઘ્રહુયાઓસચ[૬૦] આફ્રીનામિ[૬૧] વીસ્પયાઓ[૬૨] અષઑનાં[૬૩] સ્તોઇશ,[૬૪] હુઈથ્યાઇચ[૬૫] બવાંઇથ્યાઇચ[૬૬] બૂષ્યાંઈથ્યાઇચ,[૬૭] અષીમ્[૬૮] રાસ઼ન્તીમ્[૬૯] દરઁઘો-વારઁથ્મનઁમ્,[૭૦] મિષાચિમ્[૭૧] હુવો અઇવિષાચિમ્[૭૨] મિષાચિમ્[૭૩] આફ્રસાઓંઘ્રહુઇતીમ.[૭૪] બરઁન્તીમ[૭૫] વીસ્પાઓ[૭૬] બએષજ઼ાઓ[૭૭] અપાંમ્ચ[૭૮] ગવાંમ્ચ[૭૯] ઉર્વરનાંમ્ચ.[૮૦] તઉર્વયેઈન્તીમ્[૮૧] વીસ્પાઓ[૮૨] ત્બએષાઓ[૮૩] દએવનાંમ્[૮૪] મષ્યાનાંમ્ચ.[૮૫] અરઁષ્યન્તાંમ્[૮૬] અહ્માઇચ[૮૭] નમાનાઇ,[૮૮] અહ્માઇચ[૮૯] નમાનહે[૯૦] નમાનો-પતેએ.[૯૧]**

(૪) હસ્તી તરફ હાલમાં જઇ રહેલાં,[૬૫] ‖ ભુતકાળમાં જેઓ હસ્તીને લાયકનાં મરકઝો તરફ જતાં હતાં,[૬૬] ‖ ભવિષ્યની ઘણે દુરની અહુરમઝદ લગીની હસ્તી તરફ જેઓ જઇ રહેશે,[૬૭] ‖ તેવાં બધાં[૬૨] ‖ ગોરપંદી તેવાશીનાં ભલાં નર[૫૯] (અને) ‖ નારી ઉરવાનો,[૬૦] ‖ જેઓ બધા[૬૨] ‖ અષોઇ-વાળા[૬૩] ‖ પ્રકાશીત ભુવનોના, મરકઝોની, દુન્યાઓની ચળવળો ચલાવનારાને લગતા[૬૪] (છે, જેઓ હોશેઆમની ગતી મેળવી રહયાં છે, તેઓની) ‖ વખાણ કરી આ હોશેઆમનું ભણતર ભણતાં તેઓ સાથે નફસ (દમ) જોડું છું.[૬૧] ‖ (હોશેઆમની તે દહમ-આફ્રીતી આશીશો આપનારી) અશીવંઘહુ,[૬૮] ‖ મદદગાર રેહબર,[૬૯] ‖ મુકિત મળે ત્યાં લગીના લાંબા કાળ લગીની રક્ષક[૭૦] ‖ રેહબર,[૭૧] ‖ દ્રુજ ઉપર ફત્તેહ અપાવવા પોતે દીલોજાનથી સાથે ચાલી રહીને દોસ્તી પેદા કરાવી આપનારી[૭૨] ‖ રેહબર[૭૩] ‖ મુશ્કેલીમાં હેદાયત અપાવનારી[૭૪] ‖ રેહબર[૭૩] ‖ (છે, જેણી) આપમાં ઉતારેલા,

વરસાદ માફક વરસાવેલી આશીરવાદેની ભલી ગતીમાં રહેલા,[૭૮] || ગતની ચીજોમાં ઉતારેલા અશીરવાદોની ભલી ગતીમાં રહેલા,[૭૯] || ઉપરમાં ઉતારેલી અશીરવાદોની ભલી ગતીમાં રહેલા[૮૦] || બધા[૭૬] || દરોરતી આપનાર ઉપાયોને[૭૭] (ન-મન-ફરવાનને દરોરત કરનારા ઉપાયોને) || ધરાવનારી છે.[૭૫] || આ[૮૭] || ઘર[૮૮] (જરથોસ્તી ધરમને લગતી દીનની સંસ્થા, રીત રીવાજ) ને, અને || આ[૮૯] || ઘરના[૯૦] (દએનના) || ઘર ધણીઓને[૯૧] (જરથોસ્તી બ્રેરપતી ધરમની દએનને લગતી તરીકતવાળા ઇનસાનોનં), || દુખ દેનારી, નુકસાન કરનારી[૮૬] || બધી[૮૨] || ત્અંગ્અપ=ખરાબીઓ[૮૩] (ને) || દએવની બુરી શકિતઓની તેમ બુરા બદ વીચારના ગુનાહોની[૮૪] (ને) || અને બુરા બદ મતીનાં ઇનસાનોની[૮૫] (છે અને તેઓથી ઉતરે છે-તે) || સઘળી ખરાબીઓને[૮૩] || તોડનારી[૮૧] (તેણી છે) || (એવી એ અશીરવાદ હમો બધાં ગેતી અને ઉપરની અણદીઠ મરકજોનાં ભલાંઓને તે ગંજમતી આશીરવાદો આ હોશેબામના વખતમાં આપશેજ, કે જેથી ઉપર કહેલી ખરાબીઓ તુટશેજ.)

**(૫) વંઘુહિદીશચ[૯૨] અદાઓ,[૯૩] વંઘુહિદીશચ[૯૪] અષયો,[૯૫] હુપઉર્વાઓ[૯૬] વહેહીશ,[૯૭] અપરાઓ[૯૮] રાસંન્તીશ[૯૯] દરેંઘા-વારેંથ્મનો,[૧૦૦] યથ[૧] ના[૨] મજિશ્તાઓસચ[૩] વહિશ્તાઓસચ[૪] સ્રએશ્તાઓસચ[૫] અષયો[૬] એંરેનવન્તે.[૭] અમેષનાંમ[૮] સ્પેન્તનાંમ યસ્નાઇચ[૯] વહ્માઇચ[૧૦] ક્ષ્નઓથ્રાઇચ[૧૧] ફ્રસસ્તયએચ,[૧૨] ફ્રદથાઇ[૧૩] અહે નમાનહે,[૧૪] ફ્રદથાઇ[૧૫] વીસ્પયાઓ[૧૬] અષઓનો[૧૭] સ્તોઇશ,[૧૮] હમિસ્તેઅ[૧૯] વીસ્પયાઓ[૨૦] દ્રવતો[૨૧] સ્તોઇશ[૨૨] સ્તવસ[૨૩] અષા[૨૪] યે[૨૫] હુદાઓ[૨૬] યોઇ[૨૭] હેંન્તી.[૨૮]**

(૫) ભલી રીતનુ[૯૨] || અદા કરવાનું કામ,[૯૩] || ભલી રીતે[૯૪] || અષોઇ ખરીદવાનું કામ[૯૫] (પાંચમા ગાહામ્બારના ફરોખ્ત-ખરીદનું, ગેતી-ખરીદનું કામ, એટલે જેનું હોય તેને બ્યાજ સીકકે આપી દેવું અને આપણને લગતું જ્યાં હોય તેને અષોઇ ઉભી કરીને તે અષ મારફતે લેવું તે) || ઉત્તમ રીતનું, 'હુ' તરફ=દાદારની નુરી ગતી તરફ લઇ જનારૂં પહેલા દરજ્જેવાળુ[૯૬] (અને) || ભલું પરદુખભંજનની ગતીવાળુ[૯૭] || (છે, જે કામ) || પછીથી[૯૮] (એટલે જન્મ લીધા પછી આગળ વધતી વખતે) || કારગર થઇ પડે તેવું[૯૯] (છે એટલે તન-પસીન કરાવી આપે તેવું છે), || (જે કામ) લાંબા વખત લગી એટલે મુકિત મળે ત્યાં લગી, છઠ્ઠે ગાહામ્બારે હસ્તીના

પંથે પુગય ત્યાં લગી, દુજ ઉપર ફત્તેહમંદી અપાવનાર[100] છે, ‖ જેથી[1] ‖ હમુને[2] ‖ જ્ઞાનની બુલંદીવાળી, ઉંચ પ્રકારની[3] (એટલે જ્ઞાન જે અખડતા–મેક્ષ અપાવે છે તેવા ઉંચી ગતી (!) ‖ ભલી પરમાર્થી અંતકરણની સચ્ચાઇવાળી,[4] ‖ બધેબધ પંથરાહને રોશની પાથરતી શ્રેષ્ટ[5] ‖ અષોઇની હાલત[6] ‖ મળશેજ.[7] ‖ અમેશાસ્પંદોની સાથે[8] ‖ વસ્તના સાથી–જોતીના ભેદથી હમ-કલામ થવા માટે એટલે તેઓનાં કામમાં મદદ કરવા માટે,[9] ‖ વહુમનું એટલે મુરાદે પુગાડતી ભકિતનું બળ ઉભું કરી તેઓને આપવા માટે એટલે ભકિતથી જગતને ચલાવવાનાં તેઓનાં કામમાં મદદ કરવા માટે,[10] ‖ (એમ) તેઓની ખુશાલી થવા માટે,[11] ‖ (અને તેઓના બદલામાં) તેઓના ભલો સબક લેવા માટે[12] (એમ જન-સમાજને તેરવવા માટે.) ‖ આ ઘર[14] (એટલે બન્ગ્જીસ જીરમની દીન)ની ‖ વૃધ્ધી થવા માટે,[13] ‖ આ બધા[16] ‖ અષો લોકોના[17] ‖ ભુંનોના[18] (અને તેઓના ભલા ગુનારો ાી ચળવળોના) ‖ વૃધ્ધી થવા માટે,[15] ‖ અને બધા[20] ‖ દએવોનાં[21] (ભલી નેઅ મતને નહિ વરસવ દેનારી બુરી શકિત અને તેઓના બુરા ગુણ રોના) ‖ ભુંનેની[22] (ચળવળો, ગુનારાને) ‖ રોકવા માટે[19] ‖ તવા અષોઇની હાલત[6] ‖ મળશેજ.[7] ‖ અષોઇને સાંધે[24] ‖ જે કોઇ[25] (એટલે અષોનો અને યઝતો) ‖ ભલી અકકલવાળા અને નેઆમત આપનારા વરસાવનારા[26] (છે), ‖ જેઓ[27] (યઝતો) ‖ તેવા છે,[28] (એટલે ભલી નેઆમત વરસાવનારા છે), તેઓની હું ભકિતભાવથી સ્તુતી[23] ગાતો રહીશ. ‖

**(૬) વસસ્ચા[1] તૂ[2] અહુર મઝ્દ[3] ઉશતાચ,[4] ક્ષએષ[5] હુવનાંમ[6] દામનાંમ.[7] વસો[8] આપો,[9] વસો[10] ઉર્વરાઓ,[11] વસો[12] વીસ્પ[13] વૅાહૂ[14] અષ-ચિથ્ર;[15] ક્ષયમ્નૅમ[16] અપવ્નૅમ[17] દાયત.[18] અક્ષયમ્નૅમ[19] દ્રવન્તૅમ.[20] વસો-ક્ષથ્રા[21] ફયાત[22] અપવ;[23] અવસો-ક્ષથ્રા[24] ફયાત[25] દ્રવાઓ[26] ગતો[27] હુમિસ્તો,[28] નિજર્બૅરતો[29] હુચ[30] સ્પેન્તે મઇન્યેઉશ[31] દામબ્યો,[32] વરતો[33] અવસો-ક્ષથ્રો.[34]**

(૬) તારી પોતાની થયલી[6] (મુકતીએ પુગેલી) ‖ સૃષ્ટીમાંની[7] ‖ (બધી ચાજો, જે મુકિત પામવા તારી તરાકતા પાળાને વધી રહી છે તેઓને,) ‖ અએ અહુરમઝ્દ![3] ‖ ઉશ્તાનુ–પરમ સુખ[4] (જે સંસાર ઉપર કાબુ આપે છે તેનો લહાવો ચખાડીને તે)મા ‖ તારી અહુનવઇર્ય[8] પ્રમાણેની ધારણા સુજબ[1] ‖ આગળ ક્ષથ્ર=કુદરતની ભલાઇમાં ભાગ લેવા તરફ ચલાવ.[5] ‖ (આવો નતીજો મને આ મારાં ભણવાથી હોશબામની ગતી મળશે તેનાથી આવશેજ.) ‖ અહુનવઇર્ય[8] પ્રમાણે કામ કરવાની તારી ધારણા[8] (જે) ‖

**આપ**[૯] (સૃષ્ટી રચનાનાં ભલાઇનાં ચલીતપણાંમાં અને તેથી વહેતાં પાણીમાં કે જે પીધાથી શાંતી આપે છે તેમાં રમા રહે છે), || જે ઉર્વર (માં એટલે વધતી ગતીમાં અને તે વધતી ગતીના આશીરવાદો રાખનાર) ઝાડપાનમાં[૧૧] (રમી રહે છે) || જે બધા[૧૩] || અપ-ચીથ્ર[૧૫] || વોહુ-ચીથ્ર[૧૪] (જે અસમાનોમાંથી વરસે છે અને સૃષ્ટીને પોષે છે. તેઓમાં રમી રહે છે), તે બધાઓ ઉપર (મારો હક આ ભણતરની ગતીથી થાય, તેઓનો લાભ મને અને ઉપર કહેલાં ભલાંઓને મળો!) || અષો-એ પુગેલને[૧૭] (એટલે મારી અંદરની નેકીને) || તારી ધારણા પ્રમાણે દેખરેખ કરનાર તરીકે, મારા જેવાઓને મદદ કરવાની ગતી રાખનાર તરીકેના સત્તાવાળો[૧૬] || ઠેરવેલો રાખ,[૧૮] || (કે જે પરદુખભંજન છે માટે મને ઇનસાફ પ્રમાણે મદદ કરી શકે). || એક દ્રવંદ[૨૦] (એટલે મારી અંદરની બદી જેમાં ઇનસાફી ગતી નથી, જેમાં દ્વેસો છે, જે એકલપેટો છે) તે || એવા સત્તા વગરનો રહેશેજ,[૧૯] (કેમકે તે કંઇ પરદુખભંજન ગતાવાળો નથી કે મારા જેવાની દાદ લેશે.) || અષોઇ-વળોજ[૨૩] || અહુનવઇર્ય પ્રમાણેની તારી મરજી પ્રમાણેનો અધીકારી સત્તા-વાળો[૨૧] || રહેશેજ,[૨૨] || જ્યારે એક દ્રવંદ[૨૬] (અષોઇની શકિત નહિ રાખનાર,) || (સ્વાર્થીપણાંને લીધે ભલાઇ કરવાની ગતીનો, પરદુખભંજનની ગતીનો) દુશ્મન[૨૮] || (તરીકે ઉભો) થયલો[૨૭] (હોવાથી) || તે તારા અધીકારને લાયકનો નથી.[૨૪] (તે દ્રવંદ નહિ ઇચ્છવાજોગ છે અને તેમ) || રહેશેજ;[૨૫] || (તે દ્રવંદ) સ્પેન્તામીનનો[૩૧] || સૃષ્ટીમાંથી[૩૨] || દુર તરફ[૩૦] || (ભલાઇ કરતાર પરદુખ-ભંજનવાળાની સંસ્થાથી દુર એટલે હસ્તીમાંથી નીગતીમ) બહાર કઢાયલો[૨૯] (છે, માટે અધીકારી નથી). || તે નહિ ઇચ્છવાજોગ સત્તાવાળો[૩૪] || ઉંધો પડેલો[૩૩] (રહે-એટલે તેની બુરી મતી હારેલી નકામી રહે એટલે તે || નહિ ઇચ્છવાજોગ મતી જે સ્વાર્થી છે તે ઉંધી થાએ અને ભલાઇમાં તે બદલાઓ). (હાશઆમના ભણતરની ખુબી શું છે? તે આ છે કે તેનાં ભણનારને તે ભણતરમાં કહેલી ખુબી પ્રમાણે ચાલનારને ઝરથુસ્ત્ર દોરવી લઇ જશે, જે વિષેનો પેમાન નીચે છે:)

**(૭) હુક્ષથ[૩૫] અર્જમ[૩૬] ચિત્[૩૭] યો[૩૮] જરથુશ્ત્રો,[૩૯] ફ્રતેમાં[૪૦] નમાનનાંમચ,[૪૧]* વીસાંમચ[૪૨] જન્તુનાંમચ[૪૩] દખ્યુનાંમચ,[૪૪] અંઘ્ર-**

---

* **દરેક દએનમાં નમાન-વીસ-જન્તુ-દખ્યુ-હોય છે.** દરેક દએનનું મધ્ય તે '**નમાન**'ના ભેદનું છે, જે જરથોશ્તી દએનનું ઉસુલ દેખાડે છે તે દએનની જાહેર સંસ્થા તે '**વીસ**'=મોહોલ્લો એટલે રખટાટવાળાને=કર્મવાળાને દોર-

(ફુટનોટ માટે જુઓ પાને ૯૨ મે).

**હુઓ[45] દએનયાઓ[46] અનુમતયએચ,[47] અનુખ્તયએચ,[48] અન-વરૂશ્તયએચ,[49] યા[50] આહૂઇરિશ[51] જરથુશત્રિશ.[52]**

(૭) હુ[36] || ખુદ[37] || જે[38] || ઝરથુશ્ત્ર[39] || (છું, તે) || આએ[45] || દએન,[46] || જે[50] || અહુરાના[51] || જરથુશ્ત્ર (ગાથા)ને લગતી છે[52] || તે દએનના મીથ્રો-વીચારો-મતોની ગતી[47] (જે પ્રબળ છે, જે તે અહુરા અને ઝરથુશ્ત્ર લગી જઇને પોતાની સચ્ચાઇને પુરવાર કરી શકે તેવી છે તે ગતી) મુજબ, || તેવાં મતોને લગતાં વચનોની ગતી

---

(પાને ૯૧ મે થી ફુટનોટ ચાલુ).

વનાર ગતી બતાવે છે, અને તે દએનનું **'ઝન્તુ'** ગુજરેલાં પછીની હાલત દેખાડે છે, અને તે દએનનો **'દખ્યુ'** તેના પુન્તરીને ગેતીમાં કે અણદીઠ આલમોમાં મોક્ષે લઇ જવાની ગતી દેખાડે છે. આમ આ શબ્દો ઘણાજ ગુહ્ય ફીલસુફી ભરેલા અર્થસુચક છે આપણ નામે ઝરથોશ્તીઓની દીન જો કે ન્માનની છે, છતાં આપણે બધાજ કઇ ન્માનના ભેદમાં નથી **જેઓ પ્રપંચી છે અને નાસ્તીકો છે, યા ભલાં છતાં કર્મ-બંધનનાં છે, અથવા બીજાં જેઓ દએનને માનતાં નથી. તેઓ બધાં 'વીસ'માં છે. વીસમાંના જેઓ ગુજરે છે તેઓ સેશબમાં પડે છે, ગેતી તરફ આકર્ષાયા કરે છે; તેઓ ઝન્તુ તરફ એટલે ચીનવત તરફ જવાની ઉમેદવારી કરી રહે છે માટે ગંનજેશ આગળ થોભે છે. જેઓ સેશબને તોડીને પુલ પાદેહ-ફરાહ કરીને તન-પસીન તરફ જશે તેઓ દખ્યુમાં છે** એમ કોઇ અન્ય દીનવાળો સાધારણ દુન્યવી ઇનસાન તે દીનની **વીસ**માંનો કહેવાય; તે દીનના ભેદે પુગવા માંગતો અને તેટલા માટે જીવતાં જીવત મથન કરી રહેતો ઇનસાનને દીનને લગતાં **ન્માન**માં તે દીનની હકીકત જે જરથોશ્તી દએનમાંની છે તે તરફ જવા જેવો થવા માટે તે દીનની **દખ્યુ**=ભેદી ઉસ્તાદી દોરવણી હેઠળ રહેવું પડે છે, તે શખ્સ તે દીનની દખ્યુનો કહેવાય. પણ સાધારણ ઇન-સાન ગુજર્યા પછી પોતાની પોતાના દીનને લગતી વીસની હાલતમાંથી દીનની ઇલ મારફતે પોતાના ભુવન ઉપર જઇને પોતાની દીનની પઇરિ-દઝમાં શીખી રહે છે, અને જો મોક્ષને લાયકનો હોય તો મોક્ષ મેળવવા દખ્યુ તરફ પાદ-ફરાહના મરકજો તરફ જાય તે ગુઝશ્તે રવાન ત્યારે તે દીનની દખ્યુની ગતીનું થઇ શકે છે નહિ તો ચીનવત ઉપર જઈ ત્યાંથી પાછો તનાસકમાં પડે ત્યારે તેને તે દીનના વીસને લગતું ગણે છે એમ એવી રીતોના આ ભેદી લફ્ઝો છે. ટુંકમાં **'ન્માન'**ને બરજીસી જીરમ કહે છે. **'વીસ'**માં બીજી જીરમો આવે છે. **'ઝન્તુ'**માં ગુજર્યા પછીનાં ઠામો કે જેઓ તનાસક કરાવે તે આવે છે, અને **દખ્યુમાં અરદાફ્રવષ**ની ગતીએ પુગાડનાર મરકઝો છે. આ ઉપરાંત બીજી લૌકીક રીતેમી આ શબ્દો વપરાય છે, જે વીષે **નીકીઝ**નાં પુસ્તકોમાં ખુલાસા જડશે.

મુજબ,[૪૮] ‖ અને તે વચનો પ્રમાણેનાં તેનાં બતાવેલાં કાર્યો કરવાની ગતી મુજબ,[૪૯] ‖ **નમાનના**[૪૧] (એટલે ખાસ હમેન જે બરજીસી છે, ગરોન્માન લગી જોડાયલી છે તેને લગતા), ‖ **વીસના**[૪૨] (એટલે મોહોલ્લો કે જે ઘરની બહારનો રખડાત છે તે રખડાતમાં પડેલાંએને દોરવતી સંસ્થાઓ જે અન્ય જીરમોની દીનો તરીકે છે તેને લગતા) ‖ **જન્તુના**[૪૩] એટલે કસબો (જે ગેતીની ઉપરની અરવાહીનો વીસ્તાર દેખાડે છે અને ત્યાંના દજો દેખાડે છે, જેમાં અન્ય જીરમોનાં ગુજરેલાંઓની મદ્રેસાઓ છે. તેમાંના ધર્મગુરૂઓ–ઉસ્તાદો–દીલ–ઉસની શકિતએ, જે તે ગુજરેલાં રૂવાનોને આસ્ને–ખેરદ બંધાવી આપે છે, તે બધાંને લગતા.) ‖ દખ્યુના[૪૪] (મોટા શહેરના વિસ્તારો, જે તાલીમો–તરગીઅતનાં ધામો છે. જેઓ નીસ્તીએ–અબ્બલનાં મરકઝો છે, જેમાં ઝરથુસ્ત્રના મોટા સઓષ્યન્તો ફે–અરદાસ્વપનું સાદજન છે તે વીસ્તારો–જેવાં કે મરકઝો શશ કેશ્વરો–દાારે ગેહાન–જઝાનાં મરકઝો પાહલુમ અહવાન વગેરે છે તેઓને લગતા), ‖ એ બધાને લગતા મોટા નરો જેઓ જન–સમાજને દોરવે છે, તેવા આગળ વધેલાઓને[૪૦] ‖ દોરવા લઇ જઇશ[૩૫] ‖ (હોશબામના ભણવાથી, તે પ્રમાણે ચાલવાથી ઝરથુસ્ત્રને જોરે ઉપર કહેલી દોરવણી મોટા પુરૂષો કરશે, જેનું પરિણામ શું આવશે તે નીચે કહે છે કે ઇનસાન જે દ્રવંદ થયો છે તે હવે અશોઇએ પુગવાની હોશની બામ=ફીનારાએ પુગતો જશે, માટે કહે છે કે):

**(૮) યથ[૫૩] નો[૫૪] આઓંઘ્રહાંમ[૫૫] પાતો[૫૬] મનાઓ,[૫૭] વહિશ્તો[૫૮] ઉર્‌વાંનો,[૫૯] ખ્શાથ્રવઇતીશ[૬૦] તન્વો[૬૧] હૅન્તો[૬૨] વહિશ્તો[૬૩] અંઘ્રહુશ;[૬૪] આકાઓસ્ચોઇત્[૬૫] આહુઇરે[૬૬] મઝ્દ[૬૭] જસૅન્તાંમ.[૬૮]**

**અષ[૬૯] વહિશ્ત,[૭૦] અષ[૭૧] સ્રએશ્ત,[૭૨] દરૅસામ[૭૩] થ્વા,[૭૪] પઇરિ[૭૫] થ્વા[૭૬] જમ્યામ,[૭૭] હમૅમ[૭૮] થ્વા[૭૯] હખ્મ.[૮૦] અષૅમ વૉહૂ[૮૧] ૧.**

(૮) જેથી કરીને[૫૩] ‖ હમારા[૫૪] ‖ આ[૫૫] ‖ મન[૫૭] (શરીરમાં ચાલતી પ્રકૃતી) ‖ હમેશગીના ભેદનાં જાણવાને લીધે શાદમાનીને તેથી તૃપ્ત થયનાં ખુશ[૫૬] (રહેશે), ‖ હમારાં[૫૪] ‖ ઉરવાનો[૫૯] (એટલે ઇનસાન રૂવાન અને તેનો સીલસીલો જે છેક નીચલી આલમમાં છે તે બધું મળીને બહુ વચનમાં રૂવાનને લાધેલું છે તે બધાં) ‖ ભલાં પરદુખભંજનના[૫૮] થઇ રહેશે, ‖ હમારા[૫૪] ‖ તન શરીરો[૬૧] ‖ નુરને લાયકન[૬૦] (અટલે નાશની ગતી ઓળંગીને હમેશગીની ગતીને લાયકનાં) ‖ હોન્ને[૬૨] ‖ ઉત્તમ પ્રકારના[૬૩] ‖ બહેશ્તમાં વસ્વા લાયક[૬૪] (થઇ રહેશે). ‖ એમ ખુલ્લી જાહેર સરળ રીત[૬૫] (જન્મ–મરણની તનાસકની બીક વગર, ગુનાહથી મુકત થવાથી ગુનાહોમાં

લપટાને ગેતીમાં સપડવાની બીક વગગ) ‖ અહુર મઝદને[૬૬-૬૭] ‖ પહોંચાશેજ.[૬૮] (બોટી હવે પછી સીરફ બહમ । અને અષ વહીસ્તને મગવાની છે, જે મલવું તો હવે એક matter of course સીધ્ધા રસ્તાના જેવુંજ છે, જે માધ્ધો રસ્તો જરૂર અહુરમઝદ તરફ દોરવશેજ, માટે કહે છે કે) ‖ આ[૬૮] એટલે અષોઇ (નાં કેહપોં) ‖ વહીસ્ત[૬૯] એટલે પરદુખભંજન-પરમાર્થી માટે ભલા ( ) ‖ અષોન[૭૦] (નાં કેહપોં) ‖ હસ્તી તરફ લઇ જનાગ શ્રેષ્ટ[૭૧] (છે), ‖ (એ મને દાદાર પાસે લઇ જશેજ, જેથી) ‖ તુંને[૭૩] ‖ હમે જોઇશુંજ,[૭૨] ‖ તારી[૭૫] ‖ 'પઇરી'[૭૪] (અમશાસ્પંદી ગતી જે તારી આસપાસ ફરી વળી છે) તેને ‖ પુગીશુંજ,[૭૬] ‖ તારી[૭૮] ‖ દોસ્તી[૭૯] ‖ જે હમ કરાવનારી[૭૭] (છે, મર્જ કરાવનારી હાલત છે તે)ને ‖ પુગીશુંજ[૭૬] ‖ અષેમનાં ભણતરથી આ હાલતે પુગવમા મદદ થાય.[૮૧] ‖

**અષ વહિશ્ત, અષ સ્રએશ્ત, દરૅસામ થ્વા, પઇરિ થ્વા જમ્યામ, હમૅમ થ્વા હખ્મ. અષૅમ વૅાહૂ ૧;**

**અષ વહિશ્ત, અષ સ્રએશ્ત, દરૅસામ થ્વા, પઇરિ થ્વા જમ્યામ, હમૅમ થ્વા હખ્મ. અષૅમ વૅાહૂ ૧.**

**☞ અહ્માઇ રએશચ; હજંઘ્રૅમ; જસ મે અવંઘ્રહે મજદ; કૅરૅકૅહ માજદ.**

## ગાહો શું છે?

### તેઓનાં ભણતરો કેટલાં ઉપયોગી છે? તે ભણવાંજ જોઇએ, તેમાં ફાયદો શું છે, તે વિષેની ટુંક સમજ.

ઝરથોશ્તી દએનની તરીકતોમાં અઇપિ=ઇનસાનની આસપાસ વસી રહેતી ગતી, જે ઇનસાનમાંથી નીકલે છે, તેને સ્વચ્છ હાલતની એટલે ગેતીને તેનાં કુદરતી કામમાં મદદ કરે તેવી રહેલી રાખવી જોઇએ. ગેતીનાં કુદરતી અનેક કામમાંનું એક કામ ઝગીનની ગતીને ફળદુપ રાખવાનું છે, અને જે ભાગમાં ફળદુપના કમ હોય, તે ભાગને કમમાં કમ

દુજી ગતીના વસ્વાટ રહિતની કરવાની છે, કે જેથી તેમાંથી વબાઓ (plagues) ફુટી નીકળે નહિ. આ કામમાં જે અઇપિ ગેતીની કુદરતને મદદ કરે તે અઇપિ સ્વચ્છ કહેવાય. ઇનસાનની અઇપિમાંની બહાર પડતી ગતીઓને જો ધરતીની મગનાતીસ ખેંચીને પોતાનાં ખાતર તરીકે વાપરી શકે, તો તે અઇપિ સ્વચ્છ કહેવાય, અને જો ઇનસાનની અઇપિનો કચરો ધ્વની રૂપમાં વાતાવરણમાં ફેલાઇ વાતાવરણને પોતાનો ચેપ લગાડે, તો તે અઇપિ સ્થુલ કહેવાય. આવી રીતનાં કુદરતી અનેક કારોને ઇનસાનની અઇપિમાંથી બહાર પડતા મોજાઓ ફાયદા રૂપ થાય, તો તેની અઇપિ સુક્ષ્મ કહેવાય. જેને બોલતું પ્રાણી કહે છે તેમાં અંતકરણનો અવાજ હોય છે, જેનાં તનમાં અહુરમઝદે હરતીના જેવી રચના મુકી છે, કે જેથી તે તેનાંમાં રહેલાં અંતકરણને પોતાનાં કીધેલાં પાપ-પુન્યની ખબર પડે અને તે પ્રમાણે તે અંતકરણ તેને ડંખે. આવાં બોલતાં પ્રાણીને ત્યારે જવાબદારી અપાઇ છે, એટલે તેને બીજાઓનો ત્રસ્ટી બનાવ્યો છે. આવાં બોલતાં પ્રાણીને ત્યારે અકકલ અપાઇ છે અને પુરૂષાર્થની ગતી અપાઇ છે. વળી અકકલ વાપરીને પુરૂષાર્થ વાપરવા તેને ભાન આપ્યું છે. ભાનમાં સચેત થવાની ગતી રહે છે, જેથી તે પ્રાણી અહુરમઝદને પોતાનો સાહેબ ગણે છે, અને તેની તાબેદારી જેને **'સ્રઑષૅમ'** કહે છે, તે બજા લાવવા માંગે છે. આવાં પ્રાણીને ચઝતી ગતીથી ઉતરતા પ્રકારનું એટલે ઇન્સાનીઅતનું પ્રાણી ઇન્સાન કહે છે. આવું ભાન તેનામાં કઇ રીતે આવે છે? તે ઇન્સાનની ઉપર તે ઇન્સાનથી વધુ આગળ વધેલાં રૂવાનોની ગતી=ભલી બઓદ ઉતરે છે, તેથી તેનામાં તેવું ભાન આવે છે, અને ઇન્સાનને તેનાંથી ઉતરતાં પ્રાણીઓ જાનવરો વગેરેથી સંબંધ છે, તેથી લાગણીઓનો આવેશ તેનામાં ઉગે છે.

ત્યારે ઇન્સાનમાં ભાન છે, સ્રઓષેમની ગતી તેણે કમાયલી છે, તેનામાં વીચાર છે, તેનામાં અંતકરણનો ડંખ છે, વગેરે ગતી છે, જેને ભલી બુરી તેવીષિ કહે છે તે છે, તેમ ઇન્સાનની શરીર-રચના છે, જેમાંથી ગતી, અબ્ખરા=વાદળાંઓ, ધ્વનીઓ બહાર પડે છે, જેમાં વેહુનનો ઉતરતો, નહિ ગમતો ભાગ છે તેમજ ગવનો ચઢતો, ભલાઇનો, ગમે તવો ભાગ છે. આવું બધું ઇનસાનમાં છે, તે બધાંમાંથી તેની **'અઇપિ'**=આસપાસની વાતાવરણ બને છે. જો ઇનસાનમાં **સ્રઑષેમની** ગતી વધુ હોય-ભાન સુક્ષ્મ હોય-ભલો ફેલ થતો હોય-સચ્ચાઇ હોય, તો તેની અઇપીમાં ગવનો ભાગ વધુ રહે છે, જે જમીન તરફ આકર્ષાઇને કુદરતને મદદ કરે છે. એમ અનેક રીતે કુદરતને મદદ કરે છે. પણ તેની અઇપિમાં

વોહુન તો ઘણો કે થોડો છેજ, જે કુદરતને હરકત-કર્ત્તા થઇ પડે છે, કેમકે તે હવામાં પંથરાઇને ચેપ ઉભો કરે છે, અને કુદરતનાં કામમાં હરકત મુકે છે. ત્યારે **તરીકત** એવી રીતની અપાઇ છે કે જેથી અઇપિમાંની વોહુનની ગતી નબળી થાય, હવામાં પંથરાઇ શકે નહિ, **અને** જમીનની મગનાતીસથી ખેંચાય, જે જમીન તેને ખાતર તરીક વાપરી શકે છે. તેમ વળી શરીર-રચના સુક્ષ્મ, દરોસ્ત થાય; તેમ રોશન ફેલ કરવાનું મન થાય; અંતકરણના ડંખને માન આપવાની કાળજી થાય, એટલે સત્ય બોલી પતેત કરવાનું મન થાય, તેમ **'સઓષમ'ની** ગતીને **વ્યવહારમાં** મુકી શકાય અને તેમાં વધારો થાય. આ બધાં સારૂં **દુજ-પરહેજની બાજો** અપાઇ છે, એટલે અઇપિની સ્થુલ ગતી જે હવામા ચેપ ઉભો કરે છે, જેને 'દુજ' કહે છે, તેને રોકવાની તદબીરો હીકમતો અપાઇ છે, જેને બજા લાવવા ચોક્સ જાતનો શરીરનો શણગાર આપ્યો છે, જેમાં સુદરેહ-કુરતી-પેટાવા-ટોપી મુળ છે. ટુંકમાં કુરતી કરવાનું અપાયું છે, અને ગેહે ગેહમાં સઓષની કુસ્તી કરી સરોશ બાજ કરીને ગેહ કરવાનું અપાયું છે.

સરોશની કુશ્તી કીધાથી શું થાય છે? સરોશની કુશ્તીથી તો અઇપિ શુદ્ધ થાય છે, એટલે અઇપિમાંની વોહુનની ગતી નબળી થઇ જમીન તરફ ખેંચાઇ જમીનને ખાતર રૂપ થાય છે. જેમ સરોશ નીસ્તીનો જમીનદાર છે માટે નીસ્તીની જમીનને ખેડે છે, તેમ સરોશની બાજ સાથની કુશ્તી તેની **અઇપિની** જમીનને ખેડે છે. ત્યારે અઇપિમાં કચરો કયાંથી આવ્યો? દરેક ઇનસાનની અઇપિ એકસરખી રહેતી નથી-દરેકનાં તનના અનાસરોની ચહડ ઉતર ગતી મુજબ તેની અઇપિની કુદરતી રીતેજ તેવી ચહડ ઉતર ગતીની હોય છે, પણ પુર્ણ એતકાદ રાખી રોશનફેલ કરીને ખેડવાની રીત એક સરખી રહે છે. ગમે તેવી ચહડ ઉતર દરજ્જાની અઇપિ હોય, તોપણ તે દરેક અઇપિ કુદરતી રીતના બધા જાતજાતના ભોગવટાઓથી વધુ સ્થુળ-સુક્ષ્મ થયા કરે છે, માટે અઇપિને એક નેમલે ધોરણે રાખવાની ખાસ અગત છે, કે જેથી તે અઇપિ પોતે ચેપરૂપની નહિ થતાં કુદરતને મદદ કર્તા થઇ શકે. જાતજાતના ભોગવટાઓ રહે છે તે દરેક વખતે દુજી ગતી બહાર પડયાજ કરે છે. દુજીઓ જાતજાતની રહે છે. હવામાં જો દુજી ફેલાય, તો તે નુકસાનકર્તા છે અને ભવિષ્યનાં દરદો-આફતોનું કારણ થઇ પડે છે, પણ દુજી ગતી જો જમીનમાંની મગનાતીસથી ખેંચાઇ જમીનમાં જાય, તો તે ઘણાજ લાભકારક થઇ પડે છે. તે ખાતર તરીક જમીનને કામે લાગી જમીનમાં સ્થુળ-સુક્ષ્મ રીતની વૃદ્ધિ થઇ રહે છે. એમ દુજી જમીન તરફ જો ખેંચાય તો એવ કામે લાગે છે. આપણે હાજતે જવાના ભોગવટાનો દાખલો લઇએ. કુદરતી

હાજત વખતે એકલાં મળ-મુત્રજ બહાર પડતાં નથી, તેમ બીજા જાતજાતના ભોગવટાઓ વખતે ભોગવવાની ચીજને લગતી ગતીઓનું જ કર્મ એકલું થતું નથી, પણ તેઓની સાથે સાથ શરીરમાંની ગરમી અને વિચારોનો રોહણી બહાર પડે છે. ત્યારે મળમુત્ર જે બહાર પડે છે, તેની ગરમી અને અભડાટ તેમ શરીરમાંની ગરમી-તાફુન અને વિચારોનો રોહ બહાર પડી હવાની સાથે ઘસારામાં આવે છે, જેમાંથી એક ખારતર જન્મ પામે છે, જે ખારતર અદાપિની અંદર પાછી દાખલ થઇ અદાપિને જડ કરી નાંખે છે. **આવી ખાસ્તર સાથની ગતીને દ્રુજી કહે છે.** અદાપિની અંદર દાખલ થતી આ દ્રુજી અદાપિને પોતાના સ્વભાવની કરી, બીજી બધી અદાપિઓ કે જેની સાથે તે અદાપિ રવીના રવાને જોરે સંબંધમાં આવે કે પાણીનાં વપરાસને જોરે સંબંધમાં આવે, તેઓનેઓ તેવી અભડાટના સ્વભાવની એટલે ખરફસ્ત્રી ગતીની કરી નાંખે છે. આ બનાવ કુદરતી રીતે થયાજ કરે છે. આમ છે માટે અદાપિના ઘેરાવો, તે માંહેલી વાતાવરણ એક સરખાં માપનાં રહી શકતાં નથી. આવી કુદરતી હાલત હરઘડીએ થતી હોવાને લીધે **દ્રુજ-પરહેજની બાજો** આપેલી છે, એટલે દ્રુજના જોશને રોકવાની બાજો આપી છે, કે જેથી અદાપિની જમીન (ઘેરાવો) અને વાતાવરણ એક નીયમ પ્રમાણેની રહીને ઓર સુક્ષ્મ થાય. બાજોનાં માંથ ભણવાથી સ્તોતોની ગતી અને એક અકાર થાય છે, જે આખી અદાપિને ઘેરી લે છે, અને કુદરતી હાજતો વખતે ઉપર કહયું છે તેમ જેવી દ્રુજી ગતીઓ નીકળીને અદાપિ તરફ ધસે છે, કે તુરતજ પેલા સ્તોતેની થયલી દીવાલ સામે તે દ્રુજી અથડે છે અને સ્તોતોની ગતીથી પોતાની જેત ખોહી બેસે છે, જેથી જમીનની આકર્ષણ કરવાની ગતી (મગનાતીસ) તે દ્રુજને પોતાની તરફ ખેંચીને જમીનમાં લઇ જાય છે, કે જ્યાં તેનો સદઉપયોગ થાય છે. અદાપિમાં કંઇક ફેરફાર તો આટલું છતાંબી થાય છે ખરોજ, માટે પછી પાછી સરોશની કુશ્તી કરવાનો હોકમ છે, કે જેથી અદાપિની જમીન ઓર મજબુત એટલે **'ગવ અવમંદ'** થાય-ખેડાય. એમ અદાપિનો કચરો સાફ થયા પછીજ કુશ્તીને જોરે તે અદાપિની જમીન ખેડાઇ શકાય છે.

## સરોશની બાજ વિષે.

સરોશ બાજ કીધાથી શું થાય છે? ઇનસાન ગમે તેવો બુરો હોય, છતાંબી દીવસમાં કંઇક ભલાઇનો સંગ્રહ કરે છેજ, એમ કુદરતનો ભેદ છે. એક ફેરામાં તેના હાથ તદ્દન ખાલી જતાજ નથી. એવા રીતે ઇનસાન જે ભલી ગતી કમય છે તેમાં ખુદ-પરસ્તી હોતી નથી, પણ તેમાં અહુ મત્યેના તાબેદારી રહે છે, જેને **સરોશની** ગતી કહે છે, અને તે ગતી

રાખતા તત્વને પન્જે–ઝરવીકશે–બાતેન કહે છે. ઇનસાન એમ જન્મ–મરણ કરીને સરોશેમની ગતી કમાતોજ રહે છે અને તેને દરેક ફેરા વખતે પોતાની સાથે સાથજ રાખે છે. ભેજાં આગળના કેહપનાં એટલે સુક્ષ્મ શરીરનાં ચાર ચખ્રામાં તે ખજાનો રહે છે, જેની ઉપર સરોશ યઝતની પાસબાની રહે છે. આવી સરોશેમની ગતીની કમાણી પ્રમાણે તેનું ભાન ખુલેલું રહે છે, અને તે પ્રમાણે તેને તેના ધર્મના બાપોની સાથે સંબંધ રહે છે. એવીજ રીતે ઇનસાનના રૂવાનનો સંબંધ હેઠલી ત્રણ મખલુકાતોના રૂહોના અંશો સાથેબી રહે છે, કેમકે તે રૂહના અંશો તે મુળ રૂવાન-માંથીજ થયા છે. આવા રૂહોનાં અંશોનાં શરીરમાં લાગણીઓજ રહે છે, તેથી તે ઇનસાનમાં–તેના રૂવાનનો સંબંધ તે લાગણીથી દોરવાઇ રહેતા શરીરવાળા રૂહોના અંશો સાથે રહેલો હોવાને લીધે લાગણીઓનો દરયવ રહે છે, જેને પન્જે–ઝરવીકશ–ઝાહેર કહે છે, જેથી હવસો તેનામાં જોલાણ ખાધાજ કરે છે. આ બધી જાહેર લાગણીઓના ઝરવીકશે–જાહેરને એટલે પ્રદર્શીત થતા દરયાવને પેલાં ઉપર કહેલાં ભાનને પેદા કરાવનાર ઝર-વીકશે–બાતેનમાં એટલે મુળ રીતના અખંડ ગતી તરફ જઇ રહેતા દરયાવની અંદર બાંધવાના છે, કે જેથી તે શખ્સમાં ઇનસાન્યત રહી શકે, હવસો ઉપર કાબુ રહી શકે. આવી સરોશેમની ગતી જે કાંઇ કમાયલી હોય છે જેથી ઉચ ભાન તેને થયા કરે છે, જેથી અણદીઠ આલમનાં મોક્ષે પુગેલાં રૂવાનો, જે તેના ધર્મના બાપો છે, તેની સાથે તેનો સીધો સંબંધ રહે છે, જે બધાંને ટુંકમાં '**પન્જે–ઝરવીકશે–બાતેન**' કહે છે એટલે પાંચની ગતીનો જોશ કહે છે, એટલે દાદાર તરફની ફરજ અદા કરવા ઉછળી રહેલા દરયાવ જેવો જોશ કહે છે; જેને દાદારને પુગી રહેવાનો જુસ્સો, હામ, નિશ્ચય કહે છે, જેની ઉપર સરોશની તકેદારી રહે છે, કે જેથી ભલી ખેરદ તેને થયા કરે છે. આ બધાંને પુસ્ટી આપવા, સરોશનો કાબુ તેઓની ઉપર જાહેર રીતે રહે તેમ કરવા, **સરોશને** તેના કુલ મુખતાર બનાવવા **સરોશની બાજ** કરવાની છે.

## ગાહો વિષે.

ગેહોને ભણવાથી શું થાય છે તે હવે જોઇએ. બીજાનાં પ્રાણીને ઇનસાન શા માટે કહયો છે? તે **નીમ યઝત** છે. તેની ઉપર કુદરતે ફરજ મુકી છે તે બધું ઉપર જોયું. ત્યારે ઇનસાને કુદરતની સાથે એટલે દાદાર લગીનો સંબંધ રાખવો જોઇએ આ સંબંધમાં તેને રાખનાર ગેહોની ગતી કઇ રીતે છે તે જોઇએ, અને જો ગેહ ભણે તો પછી ગમે તેવો બદબખ્ત ઇનસાનબી નવમાંની એક રીતેના તે દાદારની સાથે સંબધ, સતસંગ રાખી શકે છે. ઇનસાનને મુકિત મળે એટલે શું? ઇનસાન પોતામાં રહેલી ભુલોથી આગાહ અને બેદાર થઇ તે ભુલોના ભુલાવાથી, અજ્ઞાનતાથી, તે ભુલોથી

ઉભા થતા–હવસોથી આઝાદ થવા માંગે, તેઓથી સ્વતંત્ર થવા મથન કરે, અને એમ ખએત્વે પુગવા, પોતાવતપણે પુગવા માંગે એટલે ઘનાથી દુર થઇ અહુરમઝદનો સંબંધ કરવાં માગે એટલે દાદાની તાબેદારી જેને 'સરોશેમ' કહે છે તે ઉભી કરવા માગે, એમ 'સરોશેમ'નો સંબંધ રાખવા માંગે, તેવા નાદમાંજ લીન્ન રહે એટલે સરોશ જેવી વર્તણુક ઉભી કરવા માંગે, તેને માટે ભવિક ઇચ્છાઓ બનાવ્યા કરે, તો તેવી હાલત તેને માટે એક જાતની મુક્તિ તરીકેની થઇ રહે છે. આવી હાલતથી તેનામાં સરોશ યઝતનો સંબધ થવા માંડે છે. આ સંબંધને 'રાદ પદવંદ' કહે છે. આ રાદ પદવંદ નવ રીતનો થાય, તો તે સબંધમાં રશનુ વસી શકે છે. પણ ગેહનાં ભણતરો તો કમમાં કમ એક રીતનો પદવંદ આણી આપે છે. એમ ગુનાહગારમાંથી ગુનાહગાર ઇનસાન ગાહોનાં ભણતરથી ઓછામાં ઓછી એક રીતના સંબધમાં આવીને અન્તરને દુર કરવાનું ભાન મેળવતો જાય છે. ત્યારે ગાહો તેને હાલી જમાનથી તે ભુતના ભુતકાળમાં જે બનાવ બન્યા તેની સાથે અને ભવિષ્યમાં બનશે તેની સાથે એટલે કુદરતના ભેદની આખી સીમા સાથે સંબંધ કરાવે છે, એટલે કુદરતના ભેદના પરદામાં જવા તે પરદાને ઉંચકી આપે છે. ત્યારે હવે ભુતકાળ–હાલીકાળ–ભવિષ્ય એટલે શું ? એટલે ભુતકાળમાં જે સૃષ્ટી થઇ, જે હાલે ચાલે છે, જે ભવિષ્યમાં ફરષો–કેરેતીએ પુગશે, તેની કંઇક બીના જોઇએ, કે જેથી ગાહની જગા તેમાં શું છે–ગાહની હિકમત કેટલી બધી અવષ્યની છે, ગાહ કુદરતી અહુરમઝદની બનાવેલી છે–ઇનસાનની બનાવેલી નથી, તેનું કામ રૂવાનની વૃષ્ધીમાં શું છે, ગાહને દહાડા–માહ વગેરેનો સંબંધ કુદરતીજ છે. માટે યસ્નમાં ગાહોને તેમ અયર–અસન્ય–માહ્ય–યાઇર્ય વગેરેને રતુ તરીકે યાદ કીધા છે તેનું કંઇક ભાન થશે. ગાહોનાં ભણતરો તે ગાહોમાં થતી કુદરતી બીનાનો ચિતાર માંથ્રમાં રજુ કરે છે; માંથ્રમાં તેમ કરી શકવાની ગતી છે કેમકે કુદરતની ચળવળોથી કુદરતી માંથ્રોજ થઇ રહે છે અને ગાહોમાં ભણાતા માંથ્રને ઝરથુસ્ત્રે ઉસૂલ કુદરત ઉપરથીજ બનાવ્યા છે, માટે ગાહોના માંથ્રો કુદરતી માથ્રોને પુગી શકે છે અને તે ગાહોના માંથ્રોના ભણવાથી ઉભા થતા સ્તોતો ગાહોની ખીસ્કારીમાં મદદ આપી શકે છે; એમ તે કુદરતની ગાહનાં કામને તે ગાહનાં ભણતરો મદદ કરે છે, એટલુંજ નહિ, પણ ભણનારને ઉપર જોયું તેમ કુદરતના ભેદી પરદામાં દાખલ કરાવી શકે છે, તે બધી બીનાની સમજ પડશે. ઝરથોશ્તી ભણતરો કેટલાં બધાં ઉપયોગી રૂવાન–દરોસ્તીમાં અવષ્યના છે, તે આટલાં ઉપરથી દેખાઇ આવશે. વળી

આજ કાલના ઉપર ઉપરના વીચાર કરવાના તકલીદી જમાનામાં આવાં ભણતરો ઉપર જે અજ્ઞાનતાના ભરેલા હોમલાઓ થાય છે, તે સારફ નરમ શબ્દમાં બોલ્યે તો કોમની બદ-બખ્તી છે તેનું કંઇક ભાન થશે. શીખેલા કહે-વડાવવાની ધુણીમાં તેઓ પોતાના દએવના=અજ્ઞાનતાના જોશને જોર આપી, તેથી છાકટ ગતીના થઇ, તે અજ્ઞાનતાના દએવથી પોતે બરબાદ થઇ રહે છે, અને મરણ પછીના ભારે પસ્તાવાની ઝંઝીર પોતે તૈયાર કરે છે.

ત્યારે ગાહોની કુદરતમાં જગા શું છે, તેઓને ભણવાનો ફાયદો શું છે, તે જોઇએ. નીસ્તી-ગેતીને હાડમંદ કહે છે એટલે તેઓ જમીન થામ, દીઠ કે અણદીઠ રીતનુ રાખે છે, કે જેની ઉપર અસ્મનો ઘેરાવો છે, અને જેઓની વચમાં વાતાવરણ છે, અને જમીન-વાયુ-અસ્મની ઉપર વખતનો દોર ચાલુ છે. આ આખી નીસ્તીની ત્યારે હદ છે. આવી હદ ઘેરનારને એટલે નીસ્તીની સીમાના વીસ્તારને **ઝરેહ વોઉરૂકષ** કહે છે. ઝરેહ વોઉરૂકષમાં ત્યારે આખી નીસ્તીની ભુગોળ આવી જાય છે. આ ઝરેહ વોઉરૂકષ પોતે તેજ બહારની હસ્તીની જગતનું પરિણામ છે, હસ્તીની જગતની તસવ્વર (સમજ) આપણા ખ્યાલમાં આવે નહિ. ત્યાં અસ્મ-ઝામ-વયુ છે, પણ તેઓ એક-મેકમાં મળ્યાજ કરે છે. આવી હસ્તીમાં પાયા તરીકે **આથ્ર પુથ્ર અહુરહે મઝદાઓ** અને તેમાંથી નીકળતા આતશો છે, આવા **આથ્ર પુથ્ર અહુરહે મઝદાઓ**માંથી આતરે બેરેઝો સવંઘહ નીકળીને 'અનગ્ર રઓ ચાઓ' ઉભુ કરે છે એટલે હમેશગીની રોશનીની ઝરવાને અકરનેની ગતી કરે છે. હવાં 'બેરેઝ' છે, ઉંચાઇઓ છે, ગોયા અલંકારીક પહાડો છે. આમાંના એકનું નામ "હુક-ઇર્ય" છે. આ હુકઇર્યમાંથી **આપ** કહેતાં નીસ્તી રચવાના આશીરવાદો નીકળે છે અને **'અપાંમ નપાત'** નામની ગતી જેવી હસ્તીમાંજ છે તેમાં પડે છે. આ **'અપાંમ નપાત'** પોતે 'અહુર' તરીકે **થઇ** એટલે નીસ્તી રચવની સાહેબીના પરવાનાવાળો થઇને પોતે પોતામાં પડેલા ગતીઓ જેઓવી **'આપ'** તરીકેજ ઓળખાય છે, તેઓને પેલા પડી રહેના હુઇકર્યના આપ=આશીરવાદોથી પકવી ગવ-ચાથ્ર રૂપ કરીને આગળ દોરવે છે. ઉપર **આથ્ર પુથ્ર અહુરહે મઝદાઓની** ગતી જોઇ, જેમાથી આતરે બેરેઝો સવંઘહની અંતશી ગતી અને બીજા હસ્તીના આતશો થયા છે. આ બધા આતશો હસ્તી નીસ્તીના જગતોનો વિસ્તાર છે. તેઓ દોરાનરૂપમાં એક એકને ઘેરી રહે છે. બધું મળીને દાદાર પોતામાંથી ૧૪ દોરાનરૂપ-વિસ્તારો કાઢે છે, જેમાંના ૭ વિસ્તારો એટલે મીનોઇ આતશોની પહેનાઇ અને દોરન ઉપર હસ્તીનું જગત ઉભું થયું છે અને સાતમાં મીનો કરકોના વિસ્તારના દોર ઉપર અને તે દોર પછીના બીજા આઠ દોરાનરૂપ વિસ્તાર ઉપર નીસ્તી ગેતી ઉભી થઇ છે.

દાદારમાંથી નીકળેલા આથ્ર પુથ્ર અહુરમઝદના આતશી વિસ્તારમાંથી બીજા પાંચ વિસ્તારો નીકળી તેઓ ઉપર હસ્તીનું જગત થઇ રહે છે તેની નોંધ લીધી. આ છઠ્ઠાં વિસ્તાર ઉપર જે હસ્તીના જગતનો ભાગ એટલે અસ્મ છે તેમાં **'અપાંમ નપાત'** નામની જગા છે–કુંડ છે. સાતમો દોરાન કરતો વિસ્તાર નામે **મીનો કરકો, અપાંમ નપાત** નામની મીનોઇ જગા–કુંડ આગલથી શરૂ થઇને દોરાન રૂપ વિસ્તારમાં નીસ્તીને ઉભી થવા માટે કરીને ફરી રહયો છે. **આ આતશ ગોયા તે આથ્ર પુથ્ર અહુરમઝદજ છે,** જેની વીગત **ત્રીજી નીકીઝ**માંથી મળશે. હુકઇર્ય પહાડ જે હસ્તીની જગત કે જેમાં નવ આસમાનો છે તેવા જગતના પાયારૂપ છ આતશી વિસ્તારોમાંના બીજા આતરે બેરેઝો સવધંહના વિસ્તાર ઉપરના બીજા અસ્મ નામે અનગ્ર રઓચાઓને લગતો એક અલંકારીક પહાડ છે, તે પહાડ ઉપરથી વરસતા આશીરવાદો **અપાંમ નપાત**ની ગતીને તેઝ કરીને આ મીનો કરકોમા મોકલે છે, જેમાંથી **'ઝરેહ વોઉરૂકષ'** થઇ રહે છે એટલે નીસ્તીની ભુગોળ થઇ રહે છે. **અપાંમ નપાતનું** મરકઝ હસ્તીમાં કયાં છે, તેને હસ્તીનાં બીજાં અસ્મો–અષ્નો સાથે શું સંબંધ છે, હસ્તીના અસ્મોનાં ફરવાથી તે **અપાંમ નપાત**ની ગતી કેમ ચલીત થાય છે, હસ્તીનાં અસ્મોના ફરવામાં હુકઇર્ય પહાડનું **'આપ'** શું ભાવ ભજવે છે એટલે ગરદુને–ગરદાનનો ભેદ નીસ્તીને અપામ નપાતમાંથી ઉભો કરવાનો શું છે, તેની ગુહય બાકટ વીગત કહેવાનો આ મોકકો નથી. હયાં તો આટલુંજ માની લેવાનું છે કે અનગ્ર રઓચાઓના હુકઇર્ય પહાડમાંથી **'આપ'**=આશીરવાદનું પાણી અપાંમ નપાતમાં પડીને અપાંમ નપાતમાંથી ગતીને કાઢીને, મીનો કરકોમાં મોકલે છે, જેમાંથી ઝરેહ વોઉરૂકષ=કુલ નીસ્તીને ઘેરતો ઉભો કરતો આસમાનનો ચકરાવો ઉભો થાય છે. આ ઝરેહમાંથી નીસ્તી ઉભી થાય છે, જે હાડમંદ છે, ઝમાન–જમીનવાલી છે. ઝરેહ વોઉરૂકષની બહાર રહેલી હસ્તીમાં આવો બનાવ જમીન–ઝમાનનો નથી. આવો બનાવ તો મીનો કરકોની ગતીથીજ ઉભો થય છે. ત્યારે મીનો કરકોમાં એવી ગતી છે, કે હસ્તીના આશીરવાદોમાંથી થયલાં **અપાંમ નપાત**ના પાણીમાંથીજ એટલે ગતીમાંથીજ નીસ્તી એવી કરે છે, કે જે હસ્તીથી તદનજ જુદી, હમેશગી વગરની, માટે નીસ્તી એટલે બદલાય તેવી અને તેથી હસ્તીના સીધા સંબંધ વગરની, થઇ શકે છે. ઝરેહ વોઉરૂકષ જે કુલ નીસ્તીનો ચકરાવો છે તે ખુદ પોતે મીનો કરકોના આતશી દરયાવમાં તરે છે, જે મીનો કરકો પોતે આથ્ર પુથ્ર અહુરહે મઝદાઓનો રેલો છે. આ ઝરેહ વોઉરૂકષને ઉભી કરનાર મારેફત ત્યારે અપાંમ નપાત છે, અને હકીકત તરીકે મીનો કરકો અને આતશ

પુથ્ર અહુરહે મઝદાઓ છે. અપાંમ નપાતને **'અઉર્વંત-અસ્પ'** કહે છે. **અઉર્વંત-અસ્પનો** તખ્મહ્લુસ ખુરશેદનોબી છે એટલે ખુરશેદના નાયબ તરીકે **અપાંમ નપાત** છે, જે અસ્પની તોરે એટલે ઝડપ ઝડપથી નીસ્તીની જગતને ઉભી કરીને ઉરૂ કરશે, મોક્ષે લઇ જશે. રવી અને અપાંમ નપાતનો સંબંધ જાણવાની **આ જગા** નથી. ત્યારે રવીના રવા મારફતે અને અપાંમ નપાતનાં અસંકારીક પાણી જે હુકઇર્ય પહાડના આશીરવાદથી દોરાય છે તેની મારફતે અને માનો કરેમાની હકીકતથી નીસ્તી થાય છે. ત્યારે નીસ્તીને હસ્તી સાથે સંબંધ રવીના રવા જે માનો કરેકોમા બદલાઇને મહેરના રવા એટલે હાડમંદ રવા તરીકે થાય છે તેથી છે.

હસ્તી અને નીસ્તીના સંબંધની આવી ટુંક વીગતને ધ્યાનમાં લીધા પછી ખુદ નીસ્તીની ભુગોળ જોઇએ. નીસ્તીમાં સાત દખ્યુઓ છે. દરેક દખ્યુમાં સાત પ્લેનો છે, ભુવનો છે. તેના સાત દખ્યુઓ વચ્ચે વચગાળેની જગા ઝમરીર છે. આ દરેક દખ્યુના ભુવનો અને ઝમરીર ઉપર બેશુમાર દુન્યાઓના ગોળાઓ છે, જે બધાએની જમીન-વાય-અસ્મ છે, તેમ દરેક દખ્યુની જમીન-અસ્મ-વાય છે, તેમ દખ્યુના દરેક પ્લેન-ભુવનની તેમ ઝમરીરનીબી જમીન-વાય-અસ્મ છે. આનું બયાન **ત્રીજી નીકીઝમાં** આવશે. ઇનસાનની rational ગતીની અકકલ આની તસવ્વર (ખ્યાલ) કરી શકે નહિ. તે તો સેઝદાથી દેખાય અને એતેકાદથી મનાય. ત્યારે સાત દખ્યુઓનાં સાત સાત ભુવનો પ્લેનો અને ઝમરીરોમાંની ચોકસ ચોકસ જગા ઉપર આપણી ગેતી છે, જે દુન્યા કોઇબી દખ્યુના એક પ્લેન કે ઝમરીર આગળ દરયાઓનાં ટીપાંનાં ટીપાં જેટલીબી નથી, તો ઝરેહ વોઉરૂકષ આગળ તે શું હોઇ શકે? તેનો ખ્યાલ કરવા આપણું ભેજું સરજાયું નથી કેમકે દરેક દખ્યુના ભુવનો ઉપર કે દરેક ઝમરીર ઉપર બેશુમાર ગોળાઓ દુન્યાઓ છે, કે જેમાંની એક આગળ આપણી ગેતી દરયાનાં ટીપાંનાં ટીપાં જેવીબી નથી. આ બયાન ત્યારે ઝરેહ વોઉરૂકષ શું હશે તેનો અંદાજ કરવાનો કંઇક ખ્યાલ આપશે. આવા ઝરેહ વોઉરૂકષને મંતકની અકકલથી ચીતારી શકાય નહિ. નીસ્તીની પહેનાઇનો કંઇ ખ્યાલ આપવા માટે કહે છે કે નીસ્તીને ઘેરનાર એક મોટો ઝરેહ દરયાવ છે જે બધાંને ઘેરી રહે છે. આ ઝરેહ વોઉરૂકષ જે નીસ્તીને ઘેરનાર ચકરાવો આસમાન છે, તે ત્રણ ચકરાવા-પડો રાખે છે જેઓને એક એકમાં સમાતાં ત્રણ ઝરેહો કહે છે, નામે ઝરેહ ફ્રાંકર્દ, ઝરેહ પુટ્તીક, ઝરેહ કયાંસે. ત્યારે ઝરેહ વોઉરૂકષ તે મોટો ઘેરાવો છે, કે જેની અંદર હાડમંદ જગત રહ્યું છે. હાડમંદ જગત અનાસરનું એટલે **'નસ'** થાય, જન્મે-મરે, તેવા પ્રકારનું છે. ઝરેહ વોઉરૂ-

કષ પોતે તેની અંદરની જગત જેટલો હાડમંદ નથી. તે હસ્તીના જેવો પણ હસ્તીનો ઉતરતો પ્રકાર જેને ગવચિથ્ર કહે છે તેનો છે, જેબી એક દીવસ બદલાશે.

આ ઝરેહ વોઉરૂકષ મીનોકરકોમાં રહયો છે. આ મીનીકરકો ઝરેહો મારફતે પહેલ વહેલી નીસ્તીને બરની જગાને ઉભી કરે છે તેને મીસ્વાને-ગાત્વે-અવ્વલ કહે છે, એટલે તે ગાત્વ કે જેમાં હામોઇની એકયતા નથી પણ તે અદુઇની એકયતા, દુઇ તરીકે જુદી પડી છે, સપ્પર પહેલી દુઇ વખત અને જગાના છુટા થવામાં જાહેર થઇ છે. હસ્તીમાં જમીન અને વખત બેઉ મળેલાં છે તેમ જમીન-વાતાવરણ અને અસ્મબી મળેલાં છે-બધુંજ મળીને એકયતાનું થયલું છે એટલે છેલ્લી નેમે પુગવાની ગતીવાળું છે, માટે વખત કે જે છેલ્લી નેમ તરફ લઇ જવા સરજાયેલો છે તે વગરનો તે હસ્તી છે-વખત પોતે જમીનનો જોડીયો છે. જમીનમાં અસ્મ-વાયની જોડ છે. આ બધું છુટું થાય ત્યારે એમ સમજવું કે કયાસ ત્યાં આવી છે-પણ જયારે તેઓ મલીને એક થાય ત્યારે સમજવું કે ત્યાં અદુઇની હામોઇની હાલત છે. ત્યારે હસ્તી અદુઇની છે. પણ સપ્પર પહેલાં જયારે અદુઇ પોતે દુઇમાં છુટી પડી તેવા મોકકાને-ગાત્વને 'મીસવાન' થયલો-અરધો થયલો-મળેલું છુટું પડેલું એમ છુટાં પડેલા કહે છે, અને તેવી હાલત સપ્પર પહેલી અહિંયાંજ માનો કરકોના વિસ્તાર ઉપરજ થયલી છે, કેમકે હસ્તીમાં તે હતી નહિ. એમ ત્યારે મીસવાને-ગાત્વે-અવ્વલ તે જમીનની શરૂઆત છે, કે જેમાં જમીન-વાય-અસ્મ છુટાં થાય છે એટલે કયાસ બતાવે છે, જે કયાસને સુધારવાની છે, માટે વખતની જરૂર પડી કે જે વખત કયાસને જાહેર કરીને સુધારવાનો મોકો આપશે, જેથી તે કયાસ અદુઇની હાલતે પુગશે. આમ મીસ્વાને ગાત્વે-અવ્વલ તે છે, કે જયાથી હસ્તીમાંની અદુઇની હાલત દુઇમાં છુટી પડી એટલે જગા કે જેમાં વખત મર્જ હતો તે બેઉ છુટાં થયાં, જેથી જગા કે જેમાં અસ્મ-વાય મર્જ હતાં તેઓ છુટાં થયાં. આમ મીસ્વાને-ગાત્વે-અવ્વલ નીસ્તીની શરૂઆત, હાડમંદ જગત થવાની શરૂઆત બતાવે છે. આ મીનો કરકોનો દોરાનરૂપ વિસ્તાર, કે જેમાં મીસ્વાને-ગાત્વે-અવ્વલનો એટલે નીસ્તીની જમીનનો અમલો થયો છે, તે માનો કરકોના આતશી વિસ્તારની બહારથી તે વિસ્તારને ઘેરી રહેતો આતશી વિસ્તાર તે આદર બુરઝીનમહેર નામના આતશની ગતીનો છે, જેમાં ચાથ્રો થઇ રહે છે, જેના જમા **'અપામ નપાત'** નામના તેમાં ઉભા થયલા કુંડમાં છે, અને પછી તે ચિથ્રોની જમાનો વરસાવ ઉપર કહયું છે તેમ માનો કરકો ઉપર ઉતરે છે.

ત્યારે આદર બુરઝીન મહેર આતશની ચળવળ લગી અદુઇની હાલત એટલે હસ્તી જામેલી ગણાઇ છે. પછીથી આવેલા માનો કરકો આતશમાં એવી શકિત મુકાઇ છે, કે તે અદુઇની વણાતને દુઇમાં છુટી પાડી શકે; માટે મીનો કરકોમાંથી વખત અને જગાનું છુટુ પડવું થાય છે, જેને મીરવાને-ગાત્વે-અવ્વલ કહે છે, જેને ઘેરનાર ઘેરાવો તે ઝરેહ વોઉરૂકષનો દરીઓ એટલે ઘેરાવો છે, જેમાં દુઇની હાલતનું જગત ઉભું કરવાની કુદરત હસ્તીની કુદરતમાંથી માનો કરકો મારફતે આવી વસી છે, જેથી તે ઝરેહથી નાસ્તીને બરની રચના શરૂ થાય છે. સપ્પર પહેલાં તો આતશી ગતીની લગભગ નુરી ગતી જેવી, હસ્તીને મલતી રચના શરૂ થાય છે. પણ આ નુર હસ્તી કરતાં ઉતરતું છે. આવા ઝરેહ વોઉરકષમાંથી ઉપર કહયું છે તેમ બીજા ત્રણ ઝરેહો છે, નામે ઝરેહ ફ્રાંકર્દ-ઝરેહ પુઇતીક અને ઝરેહ કેયાંસે, જેઓ ઝરેહવોઉરૂકશનુ કામ કરતા પેટા ભાગો છે, જેઓ સરશોકમાં એકજ સરખા છે, પણ કુદરતનું જુદું જુદું કામ થવા તેઓને ઉભા કીધેલા છે. ઝરેહ વોઉરૂકશમાં ચીથ્રોનો જમાવ થાય છે, જયારે ઝરેહ ફ્રાંકર્દમાં તેઓની વર્ણ છુટી પડે છે, અને ઝરેહ પુઇતીકમાં તેઓ પોતાને બરની તનોમંદ હાલત મેલવે છે, અને ઝરેહ કયાંસે તેઓને બરવકતની ગતી અપાવે છે-વખતને તેઓની ઉપર ચાલુ કરાવે છે,-દરેક ચીથ્ર-રૂવાનમાંથી થતાં તનને દોરવનાર શકિત નામે ખોદા=ભોગવાવનાર ઉભી કરાવે છે. એમ નીસ્તીને રચવા માટેનું જુદું જુદું કામ તે ઝરેહોથી થઇ રહે છે.

ઉપર જોયું કે ઝરેહ વોઉરૂકષ પોતે હસ્તીના જેવો પણ ઉતરતી ગતીનો દુઇવાલો છે. આ ઝરેહમાંથી સપ્પર પહેલા દુવમ પ્રકારની નુરી રચનાના ત્રણ દખ્યુઓ થાય છે, અને છ કેશ્વરો થાય છે જેનો છેડો દાદારે ગેહાનમાં છે, દાદારે ગેહાન પછીથી મીસ્વાને-ગાત્વે-દુવમ એટલે અનાસરી સૃષ્ટી ગેઉશ તષન મારફતે થઇ રહે છે, અને અનાસરી જગતના છેડાને ગેઉશ ઉરવા ઘેરી લે છે. ત્યારે ઝરેહ વોઉરૂકષ અને તેની રચનામાથી અનાસરી જગત ઉભું થાય છે તે જોઇએ. ઝરેહ વોઉરૂકષ બધાંને ઘેરે છે. આ ઝરેહ વોઉરૂ કષમાં ઝરેહ કયાંસે અને ઝરેહ ફ્રાંકર્દ છે, અને આ ઝરેહ ફ્રાંકર્દમાં ઝરેહ કયાંસે અને ઝરેહ પુઇતીક છે, જેઓની અંદર ઝરેહ કયાંસે અને (કયાસેમાંથી ઉભી થતી ઝમરીર એટલે હસ્તી અને નીસ્તી બેઉની વચગાળેની હાલત નામે) મિસવાને ગાતુએ અવ્વલ છે (જેમાંથી પેલા ઝરેહ કયાંસેની મારફતેજ દખ્યુઓ થઇ રહે છે). ત્યારે આ મીસ્વાનની ઝમર્ગીર અને ઝરેહ કેયાંસેની અંદર આતશી દખ્યુ નામે અઇવિ-દખ્યુ છે, જે અઇવિ-દખ્યુની અદર ઝરેહ કયાંસે અને અંન્તર દખ્યુ છે, અને અંતરે-દખ્યુની અંદર ઝરેહ કયાંસ અને આ-દખ્યુ

છે, જે આ-દખ્યુની અંદર ઝરેહ કયાંસે અને ઉપઇરી-દખ્યુ છે, જે ઉપઇરી દખ્યુની અંદર ઝરેહ કયાંસે અને અદઇરી-દખ્યુ છે, અને અદઇરીની અંદર ઝરેહ કયાંસે અને પઇરિ-દખ્યુ છે અને પઇરિ-દખ્યુની અંદર ઝરેહ કયાંસે અને અઇપિ-દખ્યુ છે. દરેક દખ્યુઓની વચમાં ઝમરીરો છે, અને દરેકે દરેક દખ્યુ અને ઝમરીરનાં સાત સાત પ્લેનો છે, જે દરેક પ્લેનની ઉપર અગણીત દુન્યાઓ છે. આ દરેકે દરેક દુન્યાઓની વચમાં ઝરેહ કયાંસેને લઇ લેવો. ઝરેહ વોઉરૂકષ ત્યારે બધાને ઘેરે છે. મીસ્વાને ગાત્વે અવ્વલ આ ઝરેહમાંથી નીકળતી સપ્પર પહેલી નીસ્તીને લગતી જમીન છે. મીનો કરકોમાંથી આ ઝરેહો છે. આ મીનો કરકો દાદાર અહુરમઝદના આથ્રોપુથ્ર અહુરહે મઝદાઓની સાથે સીધ્ધો સંબંધ રાખે છે; અને અનગ્ર રઓચાઓ અને ત્યાંના હુંકઇર્યની સાથે સંબંધ રાખે છે. ત્યારે ઝરેહ વોઉરૂકષમાં નીસ્તી કાંદાનાં પડની માફક રહેલી છે, અને ઝરેહ કેઆંસે ત્યારે તે આખી નીસ્તીના દરેકે દરેક ભાગો અને તે ભાગોમાં રહેતી દરેકે દરેક વ્યકિતઓની વચમાંનું ગુહ્ય રીતનું જોડાણ રાખે છે, જેમાંનું 'બર-વખત' તરીકેનું તેનું જોડાણ કાંસુ દરયાના ભેદમાં જાણીતું છે. ઝરેહ કેઆંસે ત્યારે વખતનું જોડાણ બતાન છે. ત્યારે આ જગતની એક રજને પોતાને લગતા ઝરેહ કયાંસેના વખત અને પોતાની દુન્યા મારફતે, એક ભુવન કે જેમાં તે દુન્યા આવી છે તે ભુવન સાથે સંબંધ છે, અને તે ભુવન તે દખ્યુમાં છે માટે તે દખ્યુ સાથે સંબંધ છે અને તે દખ્યુ મારફતે બીજા દખ્યુઓ અને છેલ્લે આતશી દખ્યુઓ (નીસ્તીએ અવ્વલ) સાથે સંબંધ છે અને ત્યાંથી ઝરેહો સાથે અને છેલ્લે ઝરેહ વોઉરૂકષ સાથે સંબંધ છે. ઝરેહ કયાંસે તે સંબંધની દોરી છે એમ લેવું. ઝરેહને લીધે પછીથી તેને મીનો કરકો અને છેક અપાંમ નપાત અને હુકઇર્ય સાથેબી આડકતરો સંબંધ છે. ઝરેહ વોઉરૂકષ લગીનો સંબંધ ઘણોખરો સીધ્ધો છે. આ સંબંધ લગાર ભેદી છે. આ સંબંધમાં ઝરેહ કયાંસે મુળ છે એટલે વખત મુળ છે. આમ છે માટેજ વખતના માપો-માહ્ય અયર વીગેરેને અવસ્તામાં "રતુ" તરીકે ઓલખેલા છે. આવો વખતથી થતો સંબંધ બાપ દીકરાને સંબંધ છે તેથીબી ઘણો ભેદી છે, જેની તસવ્વર સેઝદાથી આવી શકે. આવી સંબંધ કરાવનાર ગતી ત્યારે ભેદી અણુદીઠ અને ગુહ્યજ હોય છે. આવા સંબંધ કરાવનારને "**ઝરેહ કયાંસે**" કહે છે. ત્યારે દરેક ઇનસાનને કે રજેરજને એક બીજા સાથે અને છેક ઝરેહ વોઉરૂકષ સાથે ઝરેહ કયાંસેને લીધે સંબંધ છે. આમ ત્યારે **આ ઝરેહ કયાંસે સંબંધ કરનાર દોરી**

છે, જે નીસ્તીની રજેરજને હસ્તી લગીનો સંબંધ કરી આપે છે. આ ઝરેહ કયાંસેમાં ત્યારે વખતની ગતી છે, જેને મીનો કરકોનો સંબંધ છે, જેને અપાંમ નપાત અને ખુરનો સંબંધ છે. ત્યારે વખતમાં ગતી-શકિત છે, જે દાદારનો ફરમાન-બરદાર છે. ફરમાન-બરદારીની શકિતને પાંચના અએદાદની શકિત કહે છે એટલે આ વખતમાં પાંચના અએદાદની તલેસ્માતીક શકિત છે, જે દોડી રહીને દાદારની નેમને નીસ્તીમાં બજા લાવ્યા કરે છે. ત્યારે વખતની ગતીમાં પાંચની તલેસમ પાંચ ગાહ તરીકે કામ કરે છે. વખતમાં ત્યારે ઝરેહ કયાંસેનો ભેદ છે, જે પાંચની શકિત રાખે છે, માટે દાદારની ફરમાન-બરદારી કરે છે, માટે વખત ઝરેહ-કયાંસેને જોરે રજેરજ ઉપર મવકકલ થઇ રજેરજનો સંબંધ હસ્તી લગી રાખીને, રજેરજ ઉપર કીમીયું કરીને તેને હસ્તીમાં અંતે લઇ જશે. આવી રીતે ગાહોની ગતી રજેરજને ઘેરીને દાદારની આણમાં રાખીને દોરવી રહે છે. આમ ત્યારે ગાહોથી ઈનસાનને હાલી હાલથી ભુતના ભુતકાળ લગી, કે જયારે અહુરાએ હસ્તી રચવાનો વિચાર કીધો હતો અને રૂવાનોને તેઓના ઝરવાને અકરનેનાં દર-વતનમાંથી કાઢીને બહાર કાઢવાનું શરૂ કીધું હતુ ત્યાં લગી એટલે ઝરવાને અકરને લગી, અને ભવિષ્યમાં તારવી રહેશે ત્યાં લગી એટલે ફ્રશો-કેરેતીના જમાન લગીનો સંબંધ થઇ રહે છે.

આ દરેક ગાહોમાં ત્યારે યઝતી શકિતઓ હમકાર તરીકે તે તે ગાહોની શકિતઓને મદદ કરે છે. એમ દરેક ગાહ વખતે ઇનસાને તે ગાહ સાથે અને તેના હમકારો સાથે-હમ કલામ થઇ રહીને એટલે કુશ્તી-પાદયાવ કરી સરોશ બાજ લઇ ગાહ ભણીને દાદાર લગીનો અને ફરશો-કેરેતી લગીનો સંબંધ નવમાંનો એક મરતબે રાખવો ધટે છે; એમ અહુરાની મરજીને બજાવવી “ક્ષનઑથ્ર અહુરહે મઝદાઓ” કરવું, એટલે તેબી એક રીતનું જગતનાં તારણનું કામ પરમાર્થનું કામ થયલું ગણાશે.

ત્યારે ગાહે ગાહે કુશ્તી કરીને સરોશ બાજ ભણી ગાહનું ભણતર ભણવાથી કુદરતમાં આપણે એક રીતનું કંઇક પ્રકારનું પરદુખ-ભંજનનું, જગતના તારણનું કામ કરીએ છીએ, કે જેનો પામો ભાગ લખ્ખો રૂપીઆની સખાવતથી થઇ શકે નહિ, કેમકે પઇસો ઇસરાફ જઇને ખોટે રસ્તે વપરાવાની ધારતી પુર્ણ રહે છે-જેવું કશુંએ ભણતરના કાયદાસરના ભણવાથી થઇ શકતું નથી તેનો કંઇક ભાશ આવશે. આમ કુલ્યાતી ફરષો-કેરેતી કરવાનાં કામ સાથે એટલે પરમાર્થનાં કામ સાથે સાથે જુઝવાવી

ફરશો–કેરેતીનું કામ એટલે પોતાના પાપના બોજાના ભારને ઓછો કરી ખએત્વે પુગવાનું કામબી સાથે સાથ થઇ રહે છે. એમ દરેક ગાહમાં પહેલા અને છેલ્લા ફકરામાં જેવું જણાવેલું છે તેવું પરમાર્થનું એક સરખું કામ થઇ રહે છે, માટે તે ફકરાઓ દરેક ગાહના ભણતરોમાં એક સરખા છે અને વચ્ચેના ફકરામાં જુદું જુદું કામ જે તે ગાહેમાં ખાસ થઇ રહે છે તે બતાવેલું છે તે બધું જોઇએ.

ત્યારે વખતની દરેક યુનીટ (Unit) કે જે નાનામાં નાની હોય યા મોટી ૨૪ કલાકની કે બીજી લંબાઇવાલી હોય, તે બધાંમાં **પાંચ**ના અએદાદની શકિત **ગાહ** તરીકે છે, અને છ ના અએદાદની ગતીથી કામ કરે છે, એટલે છેલ્લે હોશબામ થવાનો એટલે ખરી હોશ ખોલવાનો નતીજો આપે છે. આમ બધી પાંચ ગાહો હોશબામનો નતીજો આપે છે, જે હોશબામથી પછી વખતની બીજી યુનીટ (Unit) પાછી પાંચ ગાહો કરીને કામ કરી જાય છે. પહેલી ગાહમાં કામની શરૂઆત થાય છે, ખુબ જોશથી કામ થઇ રહે છે, બીજી ગાહમાં સંકટ તાપ–તડકો વેઠવો પડે છે, ત્રીજી ગાહમાં દુખ ઉપરથી સબક લેવાની ગતી ઉભી થાય છે, ચોથી ગાહમાં પાકકાપણું આવીને આગળ વધવા જતા હવસોથી સંકટ ઉભુ થાય છે, અહીરીમનનો જુલ્મ આવી ચઢે છે, જેમાંથી પછી પાંચમી* ગાહ છુટકારો આપીને છેલ્લે હરતી તરફ જવાનું ભાન=હોશબામ પેદા કરાવી આપે છે. દરેક વખતની દરેક યુનીટને રૂવાન સાથે સંબંધ છે. વખત વહયો જાય છે, એટલે વખતની જાતજાતની નાની મોટી જેટલી યુનીટો વહી જાય છે તેટલાં બધાં રૂવાનો નાનાં મોટાં તે બધી યુનીટ સાથનાંબી સાથે ચાલીજ રહે છે. દરેક રૂવાનને તેનો વખત ફેરવતો લઇ જઇને પછી **તેનામાં** મર્જ થઇ જશે, કે જયારે

---

* અહિંયાં નોંધવું ઠીક થઇ પડશે કે અશો નરનો ભોગવટો અને પાપ વૃત્તીના નરો પછી ગમે તેવા ભલા હોય છતાં જેઓમાં અષની ગતી નહિ હોય, જેઓને 'મછ્ય' કહે છે, તેઓનો ભોગવટો તદદન એક એકથી જુદો રહે છે, જે બેઉ વચ્ચે આસ્માન જમીન જેટલું છેટું રહે છે. અશવન તો દ્રુજની પરતંત્રતાથી છુટો થયલો છે, માટે અશવનની પહેલી ગેહ ઉશહીન છે, કે જે છુટકારો આપનારી ગાહ છે. હાવન ગાહ તો સંસારનું કામ ખુબ જોશથી ચલાવનાર છે, પણ અશવનો કંઇબી જાતના સંસારની કેદ જડપમાં નથી, માટે તેઓને હાવનથી કામ કરવાનું નથી, માટે હાવન તેઓને માટે પહેલી શરૂ કરવાની ગતીનું સાધન એટલે તેઓની પહેલી ગાહ નથી. પણ અશવન તો આઝાદ નરો રહે છે, જેઓની આઝાદીને અહીરીમન લુટવા માંગે છે, માટે આઝાદીને ટેકવવાનું અને હોશબામના નતીજાને કાયમનું કરવાનું તેઓનું કામ છે, માટે ઉષહિન, કે જે આઝાદીને ટેકવવાની ગાહ છે, તે તેઓની પહેલી ગાહ ગણાય છે.

તે રૂવાનની મુકિત થશે. આ ભેદ અતી ગુહયમાં ગુહય છે જેની ઉપર ૩૩ આલાતોના ભેદની કુંચી મુકેલી છે. રૂવાનની સાથે દ્રવાઓ હતો, ભુલાવો હતો, જેથી રૂવાનની રય ભુલતી હતી અને અહુરાની અહુગીરી=સાહેબી અને રતુગીરી=દોરવણીને તુચ્છકારતી હતી. જયારે મીનોકરકોએ આ રૂવાનની રયમાંથી તે દ્રવાઓ=ભુલાવાને બહાર પાડયો એટલે તે રયમાં **રઓચ**ની ગતી, જ્ઞાનથી પ્રકાશવાની ગતી પ્રગટી. રૂવાને પોતાની ભુલ જોઇ પણ દ્રવાઓની મુકિત વગરની પોતાની મુકિત લેવા તેની પરોપકારી સુધરેલી રયની ગતીએ ના પાડી. આવા પરોપકારી મીથ્રો, કે જેઓએ દુશ્મન તરીકેના દ્રવાઓનુંબી ભલું ઇચ્છયું, તેઓમાંથી રૂવાન અને તે દ્રવાઓનો નહિ છુટે તેવો સંબંધ જાગી નીકળ્યો, જેની બજાવણી કરવા હદ+ઇનસાફની જમાએ ગીનો કરકોની ગતી મારફતે વખત અને ખોદાની શકિતની જોડ કરી આપી. આમ રૂવાનનો વખત અને ખોદા તેના સુક્ષ્મ મીથ્રને જોરે જન્મ પામ્યા, જે બેઉએ પછી પઝતી હકીકતને જોરે તે રૂવાન આસપાસ તનોમંદ હાલત ઉભી કીધી છે, અને તનને સુક્ષ્મ કરીને રૂવાનમાં મર્જ કરવા ધાર્યું છે, જે મામલો જગતમાં આજે ચાલી રહે છે, જેથી ફ્રશો-કેરેતી થશે એટલે દ્રવાઓના ભુલાવાની સુકાપણામાંથી હમેશગીની લીલાશ-ઉશ્તા એટલે અતી આનંદ, મોક્ષ ઉભા થશે. આમ ત્યારે વખત રૂવાનને હદ-ઇનસાફની રૂયે ખોદાની શકિતની મારફતે દોરવી રહયો છે. જયારે રૂવાનનો દ્રવાઓ રૂવાનમાં મર્જ થશે ત્યારે તેના વખ-તનો અને તેના ખોદાનો અંત આવશે, અને તેઓબી તે રૂવાનમાંજ મર્જ થશે.

૩૩ આલાતોની ગતી જે ઉભી થઇ છે તે આલાતોબી વ્યકિતઓ છે, જેના રૂવાન સાથના બીજા આઠ ભાગો છે. પણ તે આલાતોના રૂવાનોના જમાન અને ખોદા બેઉ તે રૂવાનોમાં મળી ગયલા છે, તેથી તેઓને અખંડ ગતી પ્રાપ્ત થયલી છે, જેમાં અખંડતાના સાહેબ ખોરદાદના નાયબો સરેદ અને યાઇર્યનો સંબંધ છે, જેમાં હમેશગીનો નાદ માટે અહુરાનું રહેઠાણ છે. **આવાં આલાતો ત્યારે દએનની યસ્નના ખાદેમો છે તે નોંધવું.** ઝરતોસ્તી દએન કેટલી બધી ઉંડી છે તેનો ભાશ હવે કંઇ વાંચનારને આવશે અને તેઓ મન્તકી ગતીના આજના સાહેઓના અવસ્તા બાબેના-ભુલભરેલા વિચારોનું તોલ કરી શકશે. ફલાનું તો પાછળનું છે, ફલાનું તો આગળનું છે, માટે બધું અચોકસ છે, એવા તેઓના વિચારો ખામી-વાળા છે. પાછળના કે આગળના બધાજ સાહેઓ જેઓ સઓષ્યંતો કહેવાય છે તેઓ ઝરથુસ્ત્રના અધીકારી અને અહુરમઝદના મોકલેલા છે. તેઓથીજ દીન ચાલે છે એમ ખુદ ગાથામાં કહયું છે. માટે તેઓની એવી

માન્યતાઓ તદ્દનજ ભુલભરેલી અને અવસ્તાને અપમાન કરનારી છે. વખતની દરેક યુનીટથી ત્યારે રૂવાન અખંડતાએ પુગશે, માટે વખતને ચલાવનાર અધીકારી, ભોગવાવનાર ખોદા તે વખતની સાથેજ નીમીત થયલો હોય છે, જે ખોદા તે વખતને ગાહોમાંથી ચલાવી રૂવાન ઉપર તે ગાહોની શુભ અસર જે અખંડતા લાવવાની છે, ખએત્વોદથનો હિંગામ ખેંચી લાવવાની છે, તેઓને ઉતારી તે શુભ અસરો સહિત પોતે તે વખતને લઇને રૂવાનને આવી મળશે, જે પછી રૂવાન સરળ રીતે અખંડતાએ પુગતું રહેશે.

ત્યારે ગેતીનો કુલ્યાતી વખત જે ૨૪ કલાકમાં ચાલે છે તેનો ચલાવનાર ખોદા રવી છે અને ગેતીની ચાલો અને જોલાનોથી ૨૪ કલાકમાં ગાહો થશે, જે આપણે અનુભવીએ છીએ, જેમાં દરેકે દરેક રૂવાનોની મતા અને જગા છે. ત્યારે ગેતી અને રવીની ચાલોથી, તેઓના રથવ્ય ચખ્રે=orbit થી ગાહો નીમીત થયલી છે. રવીની રોશની ગેતી ઉપર પડે તેટલા વખતમાં પહેલી ત્રણ ગાહો થાય છે, અને જ્યારે તે રોશની સીધ્ધી નહિ પડે ત્યારે બીજી બે ગાહ થાય છે. ત્યારે ગેતીની ચાલો છે, કે જે પ્રમાણે ગેતી રવીનો સંબંધ રાખી ફરે છે. ગેતીની ચાલને **'સ્કેરેનયાઓ'**=સ્ક્રુ જેવી કહી છે. સ્ક્રુ જેવી ચાલમાં ગેતી ચાલી રહીને એક જાતના ગોલાનમાં ફરી રહે છે, જે ગોલાન ઘડીઆલના પેન્ડયુલમથી દોરાઇ શકાતો એવડા મુકેલા અમાસના ચાંદો જેવો લંબગોળ રહે છે. આવી ચાલથી ફરી રહેવાને લીધે ગેતી અને રવી એક લાઇનમાંજ સામસામેજ ચોવીસે ચોવીસ કલાક રહી શકતાંજ નથી. વળી ગેતી પોતાની ધરી ઉપરબી ફરતી રહે છે, જેથી રવીના સ્વા ગેતી ઉપર સીદ્ધા અને આડા બેઉ રીતના ૨૪ કલાકમાં પડી રહે છે. **સાહેબે-દીલાનો ગેતીની ગતીને સેઝદામાં જોઇ શકે છે, જે ત્યારે બીજી બધી રીતે જોવા કરતાં ઉત્તમ રીત કહેવાય છે.** ઉપલું બયાન આજની સાયન્સથી જુદું હોય અથવા તે તરફ આજની માન્યતા આવતી જાય તે વાત જુદી છે. કદીમ જમાનામાં ચાલતાં જ્ઞાનનો આથી કંઇ ભાશ આવશે. ત્યારે ગેતીની ઉપર રવીના સ્વા સીધ્ધા પડે, એમ ગેતી રવી તરફ ફરેલી હોય, ત્યારે રવી અને ગેતી સામે સામે એક લાઇનમાં હોય છે. પણ તેટલા વખતમાં ગેતી ત્રણ વખત ઝોંક ખાય છે, જ્યારે ત્રણ વખત રવી અને ગેતી વચ્ચેની સીદ્ધી લીટી ખોરવાય છે. જ્યારે જ્યારે એમ સીદ્ધી લીટી ખોરવાય છે, ત્યારે એમ ગાહ પુરી થઇને બીજી ગાહ શરૂ થાય છે. જ્યાં લગી સીધ્ધા સ્વા પડે છે ત્યાં લગી ગેતી ઉપર અસર રોશનીનું જોર હોય છે અને અસરે-તારીકી દબાયલી હોય છે. પછી જ્યારે ગેતી ઝોંક ખાય છે, કે જ્યારે રવી અને ગેતી વચ્ચેની સીદ્ધી લીટીમાં કાટખુણો આવે છે, ત્યારે રવીના સ્વા પંથરાઇ જવે અસરે-રોશ્નીનું જોર

નરમ પડે છે અને અસરે-તારીકીનું જોર વધે છે. પણ નવ મીનીટમાં સ્વા પાછા સીધ્ધી લીટીમાં આવીને ગેતી ઉપર પડે છે એટલે અસરે-તારીકીનો બળવો નરમ પડતો જાય છે. એમ જ્યારે જ્યારે ધરતીના ઝોંકથી રવી અને ગેતીની સામસામેની લીટી જરા આડી થાય છે ત્યારે નવી ગાહ શરૂ થાય છે. સહુવારે રવી ઉગે ત્યારથી મુંબઇ ટાઇમ બાર લગી રવી અને ગેતી સામ સામે હોઇને એક સીધ્ધી લીટીમાં રવીના સ્વા પડયા કરે છે. પણ બાર વાગે ગેતી ઝોંક ખાય છે, કે જેથી રવી અને ગેતીની વચ્ચેની લીટી સીધ્ધી રહેતી નથી, જેથી રવીના સ્વા પછડાય છે. જેમ પહાડ ઉપરથી પાણી નીચે પડતાં પછડાય છે, તેમ સ્વા પછડાય છે અને સ્તોતો વેર વીખેર થાય છે, જેથી અસરે-રોશનીનું જોર કમ થાય છે અને અસરે-તારીકીનું જોર વધે છે. આ વખતે બીજી ગેહ ગોયા જન્મ લેવાની શરૂઆત કરવા માંડે છે. નવ મીનીટમાં તો રવી અને ગેતી સીધ્ધી લીટીમાં આવી જાય છે અને આવી તેઓની વચમાંની થયલી સીધ્ધી લીટીમાં સ્વા પડવા માંડે છે, એટલે નવો ગેહ જન્મ લઇ રહે છે અને મોટી થતી જાય છે, અને ૩૩ મીનીટ પછી પુર જોશમાં આવે છે. આમ ત્યારે દરેક ગેહનાં તવ્વલુદની એટલે ઉગવાની નવ મીનીટ હોય છે, જેટલા વખતમાં અસરે-તારીકીની ધમાલ થઇ રહે છે પણ નવ મીનીટમાં તેને દાબી દેવામાં આવે છે. પણ જ્યારે ધરતી રવી તરફથી ફરી જાય છે, ત્યારે રવીના સ્વા આડકતરા પડે છે. આ વખતે અસરે-તારીકીનું ચલણ થાય છે અને અહીરીમન જુલ્મ ઉપર ચઢે છે. રવી અસ્ત થાય પછીના ધરતીના ઝોંકથી અસરે-તારીકીની સત્તા તે અંધકારના વખતમાં જામે છે. પણ આ રાત્રીના વખતમાં અઇવિસ્રુથ્રેમની ગતી જામેલી રહે છે, જે માંથ્રો ભણીને કુદરતના અહુનવરના નાદ સાથે મળી રહેવા અને તે પ્રમાણે વર્ત્તવા ઇન્તેઝાર રહે છે. આવી ગતી તે વખતમાં જામે છે, પણ તેની ઉપર અહીરીમનની સત્તા હોવે તે બુરી સત્તા તેને તેમ કરવા દેતી નથી, અને તુરતજ અહીરીમન પોતાની સત્તાનો લાભ લઇને જગતનો નાશ લાવવા માંગે છે, પણ તેમ થઈ શકતું નથી. અને રાતે મુંબઇ ટાઇમ બાર વાગે ધરતી ઝોંક લે છે તે વખતે અહીરીમનની સત્તાનું ખંડન થાય છે, જે પછી ઉશહીન ગાહ શરૂ થાય છે.

ગાહોમાં શું ખીશ્કારી કઇ આખરની મતલબે ચાલી રહે છે? ઉપર જોયું કે **ગાહો આપણને આજથી તે છેક દાદારે સૃષ્ટી ઉભી કરવાનો વિચાર કીધો ત્યાં લગી, અને હવે પછીથી કે જ્યારે તે બધું જગત તેમાં મળી જશે એટલે ફરશો-કેરેતી કરીને એટલે**

**પાપથી નીર્વાણ કરીને તેની તરફ પાછી ફરશે, ત્યાં લગીનો સંબંધ કરાવે છે, જે સંબંધ ઝરેહ કયાંસેથી છે,** જેની સમજ ઉપર આપી છે. પણ ગાહો અને તેમાં કામ કરતી શકિતઓ રજેરજનો સંબંધ દાદાર સાથે સીધો કરાવીને રજેરજને તેની અંદર મેલવવા માટે અને તેટલા માટે પાપોના ભારને ભોગવાવીને ઓછા કરાવી નીર્વાણ આપવા માટે કામ કરી રહે છે. એમ ત્યારે ગાહ રજેરજનાં શીર ઉપરથી પાપની ગથડી દુર કરાવી સવાબ ઉભુ કરાવશે, જેથી રજેરજને નીસ્તીમાં રહયાં છતાંબી દાદારની યઝતી ગતી સાથે સંબંધ થશે, જેને **'યઓન'** કહે છે, કે જે સંબંધ થવા પછી તેમાં સચ્ચાઇ, હદ–ઇનસાફ વ્યાપશે, વાઘ–બકરી એકજ ઓવારે પાણી પીએ તેવી વૃત્તી થશે. આ વખતે કહેશે કે રસ્નુ તેમાં વ્યાપ્યો હશે, કે જે પછીથીજ તે રજેરજ સ્વાર્થ ભુલી જઇ, મારૂં–તારૂં ભુલી જઇ, હવસોના ઉભરાતમાંથી મુકત થઇ જગતની સેવા માટે તલપશે, જેને આરમઇતિની ગતી કહેશે. આમ જયારે રજેરજમાં યઓન–રસ્નુ–આરમઇતી જામશે, ત્યારે ગાહોનો સંબંધ દુરના ભુતકાળ સાથે અને તે વખતથી ગણાતા નઝદીકનાં ભવિષ્ય સાથે ઉપર સમજાવેલા **ઝરેહ કયાંસેથી નહિ** પણ યઓન–રસ્નુ–આરમઇતીથી થશે, કે જયારે ગાહોએ પોતાનું કામ સરંજામ ઉતારેલું કહેવાશે. **ટુંકમાં, દરેકનો છુટો એટલે જુઝવાવી મોક્ષ અને સામટો જગતનો એટલે કુલ્યાતી મોક્ષ લાવવા વખતની ગતીની ગાહો અને તેમાં કામ કરતી શકિતઓ કામ કરી રહે છે. માટે આપણે ગાહે ગાહે અવસ્તા માંથ ભણવા, કે આપણેબી આપણી મકદુર મુજબ તે મોટાં મોક્ષ લાવવાનાં કામમાં કંઇ જરા તરા મઇ જેટલીબી મદદ આપેલી કહેવાશે;** કેમકે અવસ્તાનાં ભણતરોના સ્તોતો તે વખતને અને તે માંહેલી કામ કરતી શકિતને ઉપલાં મોતેબર મોક્ષ લાવવાનાં કામમાં મદદગાર થઇ પડે છે.

આમ ત્યારે ગાહોની વીગત છે. પહેલી હાવન ગાહમાં આગલી રાત્રોની અસરે–તારીકીની ગતી, જેને ઉશહીન ગાહમાં ઘેરીને સુધારી હતી, જે **'ઉષાઓંઘહેમ'**=ઉષીહીન ગાહના સ્વાઓની અંદર ઘેરાઇને ફેરફાર પામીને 'ઉષા' **તરીકે** જન્મ લઇને હાવન ગાહ શરૂ કરે છે અને નવા દીવસમાંની અસરે–તારીકીને સુધારવા મહેનત કરે છે, તેનો ચીતાર આપે છે. અસરે–તારીકી જો અસરે–રોશનીમાં આવી, તો પછી દએવની ગતી આવી રહે અને સત્ય જામી રહે. અસરે–તારીકીમાં અજ્ઞાનતાનો ભેદ છે. હયાં અસરે–તારીકીને બહોળી રીતે ચીતારેલી છે. ઇનસાનનાં ભેજાંમાં કુદરત વિષેની બેખબરી–અવિશ્વાસ વગેરે રમી રહે છે તેને, તેમ પાપો કરવાની ખાહેશને,

તેમ જડતામાં રહેલી જડ અને જાન વગરની જાહેર રીતની દેખાતી બધી ચીજોને, તેમ અંધકારના ઇલ્મ-હુનર વગેરેને, કે જે બધું રોશની એટલે ચઢતી જ્ઞાનથી વેગળું છે, જે ઇનસાનમાં હોય-ઇનસાનથી થાય અને જડ જગત તરીકે હોય કે અણદીઠ હોય-કુદરતની કાળી બાજુનું હોય, તે બધાંને અસરે-તારીકી પોતામાં સમાવે છે.

**હાવન ગેહ** ખુદ શકિત છે, જેના હમકાર તરીકે **સાવંઘહ** અને **વીસ** છે, જેઓ જેટલો બને તેટલો નફો કરવા માંગે છે એટલે અસરે-તારીકીની ગતીને પોતાની તરફ લેવા મહેનત કરે છે અને તેઓને હીદાયત આપવાનું શરૂ કરે છે, માટે **'આહુઇરીમ ફ્રશ્નેમ'**=અહુરાને પુછાયલા સવાલોનો ભેદ અને **'આહુઇરીમ ત્કએષેમ'**=અહુરાની દએન અને હફ્ત અમશાસ્પંદીની વીગતો=**'હપ્તંઘહાઇતીમ'**નો ભેદ શીખવે છે. હવરે તાતથી દુજી ગતી જીતાઇને ગવમાં બદલાઇને અમર ગતીએ પુગાય છે તેનું ભાન કરાવે છે, **"અઇર્યમા ઇશ્યો"**ની બુલંદ હાલત શું છે, એટલે અત્યંત ખાકસારીની હાલત મોક્ષે પુગવા માટે કેટલી અવશ્યની છે, તેનું ભાન કરાવે છે, અને એવી હાલતે પુગવા મહેનત કરનારને મીથ્રની મદદ મળે છે, તેમાં હિમ્મત પેદા પડે છે અને ત્બએષથી મુકિત મળે છે, તે બધાંનું ભાન કરાવે છે. આમ આ ગાહમાં **હાવન**ની શકિત અને **સાવંઘહ** અને **વીસ** અસરે-તારીકીને સમજાવી એટલે દ્રવાઓની ગતીને સમજાવીને પોતાની તરફ લઇને તેઓને education તાલીમો-તરબીઅત આપીને અઇર્યમાની ઉંચ હાલતનું ભાન કરાવે છે, અને તેથી **'અમવન્તેમ-વેરેથ્રાજનેમ'**=હિમ્મત અને ફત્તેહની શકિતઓની મદદ મળશે. અને જેમ જેમ તે બુલંદીની હાલત આવતી જશે એટલે **'યો ઉપેમો-યો મદેમો-યો ફ્રતેમો'**=જેની શરૂઆતની-વચલી-છેલ્લી હાલતોની પ્રાપ્તી થતી જશે એટલે જેમ જેમ પુર્ણ ખાકસારી આવતી જશે, તેમ તેમ **"વીસ્પ ત્બએષાઓ તઉર્વ યન્તેમ વીસ્પ ત્બએષાઓ તિતરેન્તેમ"**=બધી તન-મન-રૂવાનોની આફતો=દુજી ગતી જીતાઇને મુકિત હાંસલ થશે. આવું બુલંદ જ્ઞાન આપીને તે દએવીક ગતીને હેવાનીઅતની હાલતમાંથી એટલે સ્વાર્થી ખરફસ્ત્રી ગતીમાંથી ઇનસાનીઅતની ગોસ્પંદી=બીનસ્વાર્થી ગતી તરફ દોરવે છે. આવી રીતે કામ કરવાની શરૂઆત થાય છે અને દએવીક ગતીને સંસારની ગતીમાં જોડીને એટલે પોતાનું જે કંઇ હોય તે લઇને, સામાનું જે કંઇ પોતાની પાસે હોય તે આપી દેવાની ગતી, કે જેને સંસાર કહે છે, તે હાલતમાં જોડીને પોતાની ફરજ તરફ દોરવી રહે છે. એમ જગતનાં બહોળાં ખેતર **"વોઉરૂ-ગઓયઓઇતીમ"**ની ખેતી શરૂ થાય છે, ઇન-

સાફને બગ મહેર યઝત '**હજંઘ્રર ગઓષ**'=હઝારે કાનોથી અને '**બએવરૅ ચશ્મ**'=હઝારે આંખોથી એટલે કોઇબી છટકે નહિ–કોઇબી આપવા લેવાનું રહી જાય નહિ એવી કાળજીથી સચેત રીતે તે ખેતી કરી રહે છે, અને રામેશની–શાદી પાંથરી રહેવાની શરૂઆત કરે છે. આમ બધું થઇ રહે છે માટે આ ગાહમાં હાવન–સાવઘહ–વીસ-હઉર્વતાત-અમેરેતાત–આહુઇરીમ ક્ષ્નેમ–આહુઇરીમ ત્કએષેમ–યસ્નેમ હ્‌તંઘહાઇતી–અઇરયમનેમ ઇષીમ–મીથ્રેમ વોઉરૂ ગઓયઓઇતીમ–રામ ખાસ્ત્રેમ વગેરે વગેરેને યાદ કીધા છે, અને તેઓની સાથે એકતાન થવાની એટલે તેઓની મુરાદે પુગવાની ઇન્તેજારી બતાવી છે.

પછી **રપિથ્વન ગાહ** શરૂ થાય છે, કે જેમાં ઉપર કહેલી ગતીઓ જેઓ હાવનમાં તાલીમો–તરબીઅત પામી છે, તેઓ સંસારનું સુખ દુખ ખમે છે, ખમવા ઉસ્તવાર બની રહે છે. **રપિથ્વન અને ફ્રાદદ–ફ્શુ અને જન્તુની** શકિતઓ તેઓને જીરમો–વરણોમાંથી પસાર કરાવે છે. જીરમોની ઉપર પાંચ ગાથાઓની શકિતઓ છે, તેઓની મદદ નજરમાં લાવીને પછી મધ્યની જીરમ તરફ દોરવે છે. માંથ્રોની ગતી તેને બરજીસી તરીકત ઉપર લાવીને '**આપ–ઉરવર**'ની ગતી=કુદરતના આશીરવાદે પુગાડીને પોત પોતાને લગતા અંશોને ખેંચતા કરાવે છે, અને સૃષ્ટીની શરૂઆતનો ભેદ જે યઝતોથી જાત જાતની રીતે ચાલી રહે છે તેમાં ભાગ લેતો કરે છે. એમ ત્યારે હવે મુકિતએ જવાના અધવચમાં તડકાંનાં રણમાં તે ઉભો રહયો છે અને મુકિત શોધી રહયો છે; પોતાનું પાપ બાળી રહયો છે અને પોતાનું પુન્ય પકવી રહયો છે. આમ થઇ રહે છે માટે રપિથ્વન ગાહમાં રપીથ્વનની શકિતઓને તેમ **ફ્રાદત્‌–ફ્શુ** અને **જન્તુ**ની શકિતઓને અને પાંચ ગાથા-ઓને અને માંથ્રો, આલાતોને અને આપ, ઉરવરને અને સૃષ્ટીઓનો ભેદ રાખતી અષની ગતીને અને યઝતોના મંડળને યાદ કરીને તેઓનો મેલાપ કરી રહે છે.

આમ ત્યારે આ રપિથ્વન ગાહ દ્રવાઓને સંસારના તાપ–તડકામાંથી દોરવીને યઝતી ગતીઓનો આરઝુમંદ કરે છે. સૃષ્ટી મીનો રપિથ્વનની ગતીથી થઇ અને પછી દાદારે–ગેહાનથી તરી જશે, તેમ તે માહેલું ઉરવાનબી તરી જશે, તે બધો ભેદ રપિથ્વનમાં છે, માટે તે ભેદના મઅનીને અવરતાના માંથ્રના તલેસમમાં મુકીને તેમાંથી એવી ગતી–ઝરવાન જારી કીધી છે કે તે ઝરવાન તે બધા ભેદને મદદ કરી શકે છે. આવી ગાહને જયારે ભણુ-વામાં આવે છે ત્યારે તે ભેદ કાર્યસાધક રીતે જોશથી ચાલે છે. માટે તે ગાહ ભણીને ગેતીને સૃષ્ટીને આગળ વધવાનું જોમ આપીને પોતાની મુકિતને

૧૫.

માટે આગળ વધવું, કે જેથી રપિથ્વનના ભેદનો અર્થ કુદરતમાં પાર પડે અને પોતાની મુકિતનો અર્થબી પાર પડે એટલે રપિથ્વનના ભેદને યઓન-રશ્નુ-આરથી પુગીને પાર પડીને બીજાને પાર પાડી શકાય. **રપિથ્વન જેમ ગાહ તરીકે છે, તેમ મીનો યઝત તરીકે છે, તેમ દાદારે-ગેહાન એટલે મુકિત અપાવવાના દાર તરીકેબી છે.** ઉપલી દરેક વીગતમાં 'રપિથ્વન' જેમ તેનો અર્થ કહે છે તેમ **'પિથ્વ'**=ખોરાક=માંગતુ લહેણું પકવીને ખાઇને રૂરત થવાનો ભેદ બતાવે છે. રપિથ્વ એક **'મીનો'**§ એટલે અણદીઠ રીતે ઝરવાને અકરનને મદદ કરતી શકિત તરીકે સૃષ્ટી ઊભી કરે છે, તેમાંની દએવીક ગતીને તેના માંગતા લેહણાંનો ખોરાક મળી જગતનો વૈભવ ભોગવાય છે. આવો ભોગવટો કરવાનો જે વખત છે તેને રપિથ્વન ગાહનો વખત કહે છે. ત્યારે રપિથ્વન ગાહની ગતીમાં તે સુખ દુખ

---

§ **મીનો** શબ્દ અવસ્તામાં નાબના વપરાય છે. મીનો એટલે અણદીઠ માટે ઇનસાનની મગજશકિતના દોરની બહારની ગતી. ઇનસાનની મગજશકિતની બહારની ગતીને કુદરત કહે છે. કુદરત એટલે શકિત કુદરત શબ્દ ખરી રીતે 'તબીઅત' તરીકે લેવાવો જોઇએ. તબીઅત એટલે એક જાતનું કાર્યસાધક રીતે કામ કરતું અણદીઠ તંત્ર કે જેમાં 'કુદરત' શકિત રહી છે. ત્યારે 'તબીઅત' શબ્દ હદ-કેહર્પ દેખાડે છે, પણ તે કેહર્પની હદ એવી છે, એટલી બધી શકિત-માન છે કે તે આપણને છેડા વગરની નહિ પુગાય તેવી લાગે છે, માટે તેને આપણ કુદરત=અથાક શકિત કહીએ છીએ. એવીજ રીતે આપણા શરીરના સાંચા-કામને ચલાવનાર જે ગતી છે, જેમાંથી ભલો યા બુરો સ્વભાવ જાહેર થાય છે, જેબી અણદીઠ માટે સમજની દુરનું છે, તેનેબી આપણે 'તબીઅત' કહીએ છીએ, કે આપણી 'તબીઅત' સારી રહેવી જોઇએ. આપણી 'તબીઅત'માંની કુદ-રત શકિત જ્યારે બહાર નીકલી જાય છે ત્યારે મૃત્યુ થાય છે, આમ ત્યારે કુદરત-તબીઅત, જે અકકલની જેટને હંકાવે છે—અકકલની જેત જેને પુગી શકતી નથી, તે 'મીનો' છે, અણદીઠ છે, અણદીઠ રીતે કામ કરનારી છે. પણ ઉપર જોયું કે 'તબીઅત' ભલી રીતનો યા બુરી રીતનો બેઉ જાતનો સ્વભાવ દેખાડે છે. માટે મીનો ગતી ભલી બાજુની તેમ બુરી બાજુની હોઇ શકે. જેબી કે કંઇ મીનો છે એટલે એવી 'તબીઅત' છે, કે જેમાં કુદરત=અથાક શકિત છે, તે 'ઝરવાને અક-રન'ને મદદ કરતા હોય કે નહિ મદદ કરતા હોય. ઝરવાને અકરન અણદીઠ ગતી છે જેને આપણે પુગી શકીએ નહિ, માટે આપણી આગળ તે કીનારા વગ-રની છે-છતાંબી તેનુંબી કેહર્પ છે, છેડો છે, જે અહૂની આગળ 'બગ' નાનો ભાગ છે, પણ શકતીવાળો ભાગ છે. ત્યારે 'મીનો' તે શકિત છે જે ભલી હોય તો ઝરવાને અકરનને ભલાઇને મદદ કરતા થાય, યા બુરી હોય તો ઉલટું કરે. એવી રીતે મીનો રપિથ્વન ભલાઇને ચલાવનાર છે, જ્યારે મીનો ધનામીન બુરા-ઇને ચલાવનાર છે.

ભોગવે છે, એટલે પોતાની કરણી ચાખે છે અને આખરે દાદારે-ગેહાન તરફ જઇને મુકિત ચાખશે. ત્યારે **રપિથ્વનમાં કરણી કરીને તેને ચાખીને આગળ વધવાનો ભેદ છે.** હાવન ગેહ તેને ચાખવાની અને તેના તેસ્તની ગતી કરવાનો સામાન તઇઆર કરી આપે છે, જે પછીજ રપિથ્વન તેને તે થયલો ખોરાક ખવડાવીને શીખવે છે. રપિથ્વનમાં સુખદુખ ખમ્યાથી, પોતાની કરણી ચાખ્યાથી, મુકિતનો ભાશ લેવાયાથી પછી તેનામાં પાછળે દહાડે ઉઝયેઇરિનને વખતે ડહાપણ આવે છે, અને પોતે હુતોખ્શ-વાસ્ત્રીઓશ-રથેશ્તાર-આથ્રવનની ગતી મેળવવા મથે છે.

**ઉજયેઇરિન ગાહ**ની શકિત અને તેના હમકારો 'ફ્રાદત-વીર' અને 'દખ્યુમ' તેને એ કામમાં મદદ કરે છે. તે પોતે અનાસરની ગતીને સુક્ષ્મ કરી અપાંમ નપાત અને અનગ્ર રઓચાઓના ભેદને પુગી રહે છે. માટે એ ગાહમાં ઉઝયેઇરિનની શકિત અને તેના હમકારો ફ્રાદત-વીર અને દખ્યુમની શકિતઓ અને આથ્રવનના દરજ્જાઓને અને માહ-રવી-અનગ્ર રઓચાઓને, અપાંમ નપાતને, અને નર્શ અને દએવીક ગતીની બાજુ ઇનસાનમાં છે તેને અને તરીકતોના જુમલાને માંથ્રીક ગતીની જબાનમાં, તે માંથ્રના ભણવાથી થતા સ્તોતોથી યાદ કરીને તે બધાને તેઓનાં કામમાં જેટ આપવા તે ભણનાર મળવા માંગે છે. **એક વખતનો દ્રવાઓ-ભુલાવો એમ ભણનાર ઇનસાન તરીકે થઇને જ્ઞાનનાં મંદીરનો પુજારી થઇને અમર ગતી તરફ પુગવા માંગે છે, ના, જઇ રહે છે, કે જયારે અહીરીમન તેનો રસ્તો ઘેરે છે.**

આ વખતે ત્યારે **અઇવિસ્રૂથ્રેમ ગેહનો** અમલ થયલો હોય છે, કેમકે આ વખતે ધરતી રવીની તરફથી ફરી ગયલી હોવાથી આડકતરા સ્વાઓ ગેતી ઉપર પડવે તીરે ગોહરનો, વૃદ્ધીને અટકાવતી અંધકારની ગીનો ગતીનો ઇલાકો જામે છે અને અહીરીમનની સત્તા ચાલે છે. એમ છે માટે અઇવિસ્રૂથ્રેમની ગતી ત્યાં 'તીરે ગોહર'ને અહુનવરના નાદનો પ્રભાવ ગાઇ સંભલાવે છે; જેને માનવા તીરે ગોહર તે અહીરીમનની ફનથી ફરેબ ખાઇને ના કહે છે અને પોતાની સત્તાનો દુર ઉપયોગ કરીને અહુરમઝદનો અનાદર કરે છે; અને અહીરીમન ગેતીનો નાશ લાવવાની ધમકી આપે છે. હવે તે અઇવિસ્રૂથ્રેમના હમકારો "ફ્રાદત-વીસ્પ અઇબિગય" વગેરે તેને મદદ કરીને અહીરીમનને રોકે છે, અને અસરે-તારીકીની ગતીને ધીમે ધીમે જીતે છે અને તેનાં કંઇક પ્રમાણને પકડીને બાંધી શકે છે. આવી બધી વીગત અઇવિસ્રૂથ્રેમ ગાહમાં છે.

પછી ઉષહિન ગાહમાં આ પકડાયલી તારીકી બદલાઇને તેમાંથી રોશની થતી જાય છે, અને છેલ્લે ઉષા તરીકે જન્મ લે છે–એમ નતીજો આણે છે. **આમ ત્યારે પાંચે ગાહો કુદરતમાં અતી ઉત્તમ ખીશકારી બજાવે છે, જેઓને ગાહોનાં ભણતરોથી મળીને તેઓનાં તે પરોપકારી કામોમાં હમ-શરીક થઇને અહુર મઝદની ખુશાલી વધારવી: ગાહો ભણવાની આવી મોતેબર નેમ છે.** કંઇબી ચીજ ભણ્યા અગાઉ હાથ મોંઢું ધોઇ કુશ્તી કરીને સરોશબાજ કરીને પછી ગાહ કરવીજ જોઇએ, કે જે પછીજ બીજું બધું પઢી શકાય. આમ કરવાનું કારણ હવે સમજી શકાશે કે જે ઇનસાન ભણે છે તે ઇનસાનમાં એતેકાદ તો છે, અને તેણે પોતાની અંદરની અસરે–તારીકીને અહીરીમનની ગતીમાંથી છોડવવા ધારી છે અને તેવી તારીક ગતીને ભલી હઓમીક તાલીમ મળે તેવું કરવા ધાર્યું છે. આ મતલબ પરીપુર્ણ થાય માટે પોતે પોતાની અઇપીને શુદ્ધ કરી અને તે શુદ્ધ કરવાને માટે હાથ મોંઢું ધોઇ કુશ્તી કરીને, તેમાં સરોશ બાજનું ભણતર ભણી પોતામાંની ઇનસાનીઅત જે કંઇક દરજ્જે સરોશે પુગીને એટલે અહૂની તાબેદારી કરવાની ગતાને પુગીને એતેકાદ ધારણ કરી બેઠી છે તેને તકવો આપીને, તે એતેકાદને અને પોતાની અંદરની વોહુનની હવસોની સદ ગતી થવાની જેત આપવા ગાહો ભણવી, કેમકે ગાહોબી તેવુંજ કામ કુલ્યાતી રીતે ઉપર જોયું તેમ કરી રહે છે. ત્યારે ગાહો ભણવાથી ખુદ પોતાની સદ ગતીને તેમજ જગતની સદ ગતીને બેઉને મદદ મળે છે. આમ પાયો રચીને પછી બીજા માંથ્રો ભણી શકાય છે.

હવે આપણે ગાહોનાં ભણતરો તેના તાવીલરૂપી તરજુમા સાથે જોઇશું.

## હાવન ગેહ.

**(૧) ક્ષ્નઑથ્ર[1] અહુરહે મજદાઓ.[2] અષૅમ વૉહૂ ૩. ફ્રવરાને[3] મજદયસ્નો[4] જરથુશ્ત્રિશ[5] વીદએવો[6] અહુર-ત્કએષો.[7] હાવનેએ[8] અષઑને[9] અષહે[10] રથ્વે,[11] યસ્નાઇચ[12] વહ્માઇચ[13] ક્ષ્નઑથ્રાઇચ[14] ફ્રસસ્તયએચ,[15] સાવંધ્રહેએ[16] વીસ્યાઇચ[17] અષઑને[18] અષહે[19] રથ્વે,[20] યસ્નાઇચ[21] વહ્માઇચ[22] ક્ષ્નઑથ્રાઇચ[23] ફ્રસસ્તયએચ.[24]**

**(૨) મિથ્રહે[૨૫] વૉઉરૂ-ગઑયઑઇતોઇશ[૨૬] હુજંધ્રેશ-ગઑ-ષહે,[૨૭] બએવરૅ-ચષ્મનો,[૨૮] અઑખ્તો-નામનો[૨૯] યજતહે,[૩૦] રામનો ખ્વાસ્ત્રહે,[૩૧] ક્ષ્નઑથ્ર[૩૨] યસ્નાઇચ[૩૩] વહ્માઇચ[૩૪] ક્ષ્નઑથ્રાઇચ[૩૫] ફ્રસસ્તયએચ,[૩૬] યથા અહૂ વઇર્યો[૩૭] જઑતા[૩૮] ફ્રા મે[૩૯] મ્રૂતે,[૪૦] અથા રતૂશ્ અષાત્ચિત્ હચ[૪૧] ફ્રા અષવ[૪૨] વીદ્વાઓ[૪૩] મ્રઑતૂ.[૪૪]**

(૧) અહુરમઝદની[૨] || ખુશાલી માટેની મારેફત[૧] (હું થઇને ફ્રષો-કેરેતી નઝદીક આવે તેવુ કરવા હું પેમાન આપું છું.) || હું માઝદયસ્ની બુનનો[૪] || ઝરથોશ્તી ઓકાદનો[૫] (તાલીમ-તરબીઅતવાલો, સુદરેહ-કુશ્તી-વાલો) || એકીન રાખી દીન પ્રમાણે ચાલવા બંધાઉં છું.[૩] || દએવ એટલે ઘટતીની રીતીથી દુરનો,[૬] || અહુરાના જરથોશ્તી કાયદાને પાળનાર[૭] (છું). || અષોઇની રચના સાથના કેહપ્ વાળા-સીમાવાળા[૯] || હાવનના[૮] || અષોઇવાળા આઝાદ[૧૦] || વખતમાં[૧૧] (તેમજ) || સાવંઘહ[૧૬] || અને વીસના[૧૭] || અષોઇની રચનાવાલા[૯] || અષોઇની સરદારીવાલા[૧૦] (આઝાદગી આપતા) || વખતમાં[૧૧] || (સ્તુતીના રીતો, જે) || યસ્ન[૧૨] (એટલે જોતી-રાશ્વી તરીકે સાથે થઇને કીયા કરવાની છે તે)ને માટે, || વહમ[૧૩] (એટલે એકલા રહીને જવાબ મળે તેવા ભકિત કરવાની છે તેમ ભકિત કરવા) માટે (એમ એવી રીતે સ્તુતીઓ કરી જગતને ફાયદો કરી શકું માટે તેવી સ્તુતીઓ થવાની ગતી મેળવવા માટે), || અને એમ અહુરાની ખુશાળી કરાવવા માટે[૧૪] || અને અહુરાથી તોફીક લેવા માટે[૧૫] || (દુવા કરૂં છું.) અએ જોતી ઉસ્તાદ ![૩૮] || "**યથા અહૂ વઇર્યો**"નો ભેદ[૩૭]† || મારી આગળ[૩૯] || જાહેર કર,[૪૦] (જેથી હું જ્ઞાનથી આવતી શકિત નામે શખ્સીયતવાળો થાઉં, કે પછી) || "**અથા**

---

† યથા અહૂ વઇર્યોનો ભેદ મને શીખવ એનો ટુંકમાં એમ અર્થ લેવો કે તે સાહેબ એકજ છે; તે વગર બીજો કોઇજ નથી. તેણે આ જગતને ચલાવવા રચના કીધી છે, કે જે પ્રમાણે યઝતો તે જગતને ચલાવી રહયા છે, એવા તે એક સાહેબ ઉપર પુર્ણ વિશ્વાસ મુકવાનું બીગુમાન થવાનું, અને સૃષ્ટીને ભલે છેડે લઇ જવાની તેના પુર્ણ રીતના અધીકારી હોવાનું જ્ઞાન આપ; અને 'અથા રતુશ અષાત ચીત'નો ભેદ શીખવશે એનો અર્થ એ લેવો કે હું ખુદ-પરસ્તી છોડી, સુખ-દુખ જે પડે તેને ખરા દોસ્ત-દોરવનાર તરીકે લઈ, તે સાહેબનો ખોફ રાખી, જનસમાજ તરફ પરદુખભંજનપણે વર્તું એવું બધું કરવાની મને તોફીક અને શકિત મળો. આવો અર્થ આ બે વાકયની ઉપર ટપકેની મઅનીનો લેવો.

**રતુશ અષાત્ ચીત્ હચા"નો** ભેદ[૪૧] ‖ દએનની પાવીકતવાલો અશો[૪૨] ‖ વીદવાન[૪૩] ‖ તે કલામો (ની ખુબી પ્રમાણે અમલ કરવાનો ભેદ, કાર્ય-સાધક રીતે કામ કરવાનો ભેદ, મારી આગળ) ‖ જાહેર કરે, ફેલાવે.[૪૪] ‖

(૨) બહોળાં ખેતરવાલો[૨૬] (દુન્યા ગતની હાલતે પુગે તેવી બહોળી રીતના ખેતી કરી રહયો છે તે) ‖ મહેર યઝત[૨૫] (જે) ‖ હઝાર કાનવાળો[૨૭] (અને) ‖ ઘણી=દસ હઝાર આખવાળો[૨૮] (છે, એટલે ગેતાની રજેરજના નાદને, રજેરજના કૃત્તવ્યને પોતે જોઇ પુગી વળી શિક્ષા કરીને સુધારી શકે તેવો છે, જે ત્યારે અવશ્યનો છે માટે) ‖ જણાયલો નામાંકીત[૨૯] ‖ યઝત (છે તેવણ)ની,[૩૦] ‖ (તેમજ) રામનો ખાસ્ત્ર[૩૧] (જે મહેર યઝતની ખેતીનું પરિણામ ભલી ગતીમાં લાવશે, તેમાંથી ભલી નુરી ગતીનું ખેંચાણ કરાવી આપશે,) તેના ‖ ખુશાલી થવા માટેની મારફતો એટલે સ્તુતીઓ[૩૨] ‖ યસ્નની રીતે કરવા માટે[૩૩] (અને, ‖ વહગની રીતે કરવા માટે,[૩૪] (કે જેથી તેઓનાં કામમાં તેઓને મદદ મળે અને એમ) ‖ તેઓને ખુશાળ કરવા માટે,[૩૪] ‖ તેઓ પાસથી તોફીક લેવા માટે[૩૫] ‖ (સામર્થ્યવાન થવા દુઆ કરૂં છું, માટે) અએ જોતી[૩૮] !* (એટલે અવાઝેહ દએનની અએ શકિત ! જે પાવ મહેલમાં ત્યાંના ૩૩ આલાનાથી વસેલ્રી છે તે અથવા તેવી શકિત સાથે સંબંધ રાખતા નર અશવન દીન-દસ્તુર યા ઉસ્તાદ દોરવનાર,) ‖ યથા અહૂ

---

* કુદરતમાં નવ અમગીંઓ છે, જેમાંની સાતને સાત અમશાસ્પંદો તરીકે ઓળખે છે અને બીજી બેને મઝદદાત અને અહુરદાત તરીકે ઓળખે છે. મઝદદાત ઉપરથી માઝદયસ્નની દએન અને અહુરદાત ઉપરથી ઝરથોશ્તી દએન એમ બે નામો થયાં છે. મઝદદાત સૃષ્ટીને રચે છે, અહુરદાત સૃષ્ટીને મોક્ષે લઇ જઈ રહે છે. ટુંકમાં કહે છે કે કુદરતમાં મઝદયસ્નની ઝરથોશ્તી દએન છે, જે અવાઝેહ છે-ખાલેસમાં ખાલેસ છે. આ અવાઝેહ દએનનો એક ઝરોહ ઝરથુશ્ત્રે ગેતીમાં ઉતાર્યો અને પાવીકતમાં સંધર્યો, જેથી ગેતીની મઝદયસ્નની ઝરથોશ્તી દએન એવી બરપા થઇ છે, કે તેમાથીજ બીજી બધી દીનો થતી આવશે. ત્યારે મઝદયસ્નની ઝરથોશ્તી દએનમાં શકિત-અધીકાર છે, જેને તેટલા માટે અશો કહી છે. તે દએનને અષની શકિત અને અધીકાર યસ્નમાં વપરાતી પાવીકતની તલેસમને જોરે, યઝતી ગતીના વસ્વાટને જોરે મલ્યાં છે. ત્યારે દએનનો અધીકારી તે અષવન હોય, કે જેણે પોતામાંબી તેવી પાવીકતના ભેદની અશોઇ રાખી હોય અને દએનની સાથે જોડાયો હોય, કે જેને જોતી કહે છે દુન્યાની મઝદ-યસ્ની ઝરતોશ્તી દએનનો અધીકાર કુદરતમાંની મઝદયસ્ની ઝરતોશ્તી દએન-માંથી એટલે યઝતોની સંસ્થામાંથી છે. આવી દએનની સાથે સંબંધ કરનાર દસ્તુરો-ઉસ્તાદો રહે છે, જેઓ જોતી કહેવાય છે. ત્યારે પાવીકતની ખુદ શકિત અને તે શકિતનો રાખનાર નર બેઉ જોતી કહેવાય છે. આવા નર દીન-દસ્તુર તરીકે હોય છે.

વઇર્યેના કલામને[37] || મારી આગળ[38] || જાહેર કર, મને શીખવ,[40] || (કે જેથી) "અથા રતુશ અષાત ચીત હચા"નો ભેદ[41] || અબોધમાં વધી રહેલો[42] || તે વીદવાન[43] (અમલદાર, પાવીકતનો સાહેબ-ભલી અવીઝેહ દીનનો સાહેબ મને) || બતાવશેજ, જાહેર કરશેજ, શીખવશેજ.[44] ||

**(3) અહુરૅમ મજદાંમ[1] અષવનૅમ[2] અષહે[3] રતૂમ[4] યજમઇદે;[5] જરથુશ્ત્રૅમ[6] અષવનૅમ[7] અષહે[8] રતૂમ[9] યજમઇદે;[10] જરથુશ્ત્રહે[11] અષઓનો[12] ફ્રવષીમ[13] યજમઇદે;[14] અમૅષે સ્પૅન્તે[15] અષઓનાંમ[16] યજમઇદે.[17]**

**(૪) અષાઉનાંમ[18] વંઘ્રઉહીશ[19] સૂરાઓ[20] સ્પૅન્તાઓ[21] ફ્રવષયો[22] યજમઇદે,[23] અસ્તવતો[24] મનખ્યાચ[25] અપનોતૅમૅમ[26] રથ્વાંમ[27] યજમઇદે,[28] યએતુશ્તૅમૅમ[29] યજતનાંમ[30], હુંઘ્રહનુશ્તૅમૅમ[31] અષહે[32] રથ્વાંમ,[33] અઇવિનસાંસ્તૅમૅમ[34] જઘ્મૂશ્તૅમાંમ[35] અષઓનો[36] અષહે[37] રથ્વો[38] રતુક્રિતીમ[39] યજમઇદે.[40]**

(3) અહુરમઝદ[1] || અષો[2] || અષોઇના[3] || સરદારને[4] || (હું મારૂં રૂવાન અને મારાં રૂવાનમાંથી થયલાં ખનીજ-વનસ્પતી-હેવાનના અંશો અને સંબંધ રાખતા બેઉ જાતીના માનવ-રૂવાન એમ બધાઓ એટલે) હમો* ધ્યાનમાં લઇ આ માંથ્રથી મળ્યે છીએ.[5]† || અષો[7] || અષોઇના[8] || સરદાર[9] || ઝરથુસ્ત્રને[6] || હમો (મારાં અંશના બધા) ધ્યાનમાં લઇ આ માંથ્રથી મળ્યે છીએ.[10] || અષો[12] || ઝરથુસ્ત્રની[11] || ફ્રવષીને[13] || હમો (બધા અંશો સહિત) ધ્યાનમાં લઇ આ માંથ્રથી મળ્યે છીએ.[14] || અષોઇની[16] ||

---

* એ માટે વધુ સમજ માટે જુઓ પાને ૪૬ મે આપેલી પહેલી ફુટનોટ.

† **'યઝમઇદે'**નું મળવું ત્રણ રીતે થઇ શકે: (૧) ભણતર કીધાથી રતોતો થાય છે તેથી; (૨) પોતાના દમમાં પોતાનું ઉશ્તાન પ્રબળતાવાળું-સ્વચ્છ હાલતવાળુ-ધોધમાર વહી રહે તેવું કરીને તેને જોરે યઝતના ઉશ્તાન સાથે મળવાથી; (૩) પોતાની અઇપીમાં યઝતી પ્રકાશ લાવીને, ભણીને-મળવા-ધારેલા યઝતના પ્રકાશ-ખોરેહને ખેંચવાથી;-એમ ત્રણમાંની કોઇબી રીતે **'યઝ'**=એકતાન તો થવાય છેજ. માટે ભણતરો યઝતી ગતીને મળવાનાં પરીપુર્ણ સાધનો છે તે નોંધવું. ઉશ્તાન તે અણદીઠ તત્વ છે કે જે કુદરતમાંથી હવાના જાતજાતના ભેળમાં રંગાતા જઇને આપણાં કેહર્પ=અણદીઠ શરીરમાં આવીને આપણા દમ શ્વાસોશ્વાસને ચલાવી રહે છે. અઇપિ એટલે આપણી સાથે રહેતી આપણી વાતાવરણ; ખોરેહ એટલે યઝતી આશીરવાદ જે પ્રકાશીતજ હોઇ શકે. વધુ ખુલાસાવાર સમજણ માટે જુઓ ઉપર પાને ૪૬ મે આપેલી બીજી ફુટનોટ.

(અમર શકિતઓ જેવી કે નવ ઘેના એટલે અશોઇના ૭૨ તબકકાના કેહપો) યઝતી શકિતમાંના અમશાસ્પંદોને[૧૫] ॥ હમો (બધા અંશો સહિત) ધ્યાનમાં લઇ આ માંથ્રથી મળ્યે છીએ.[૧૭] ॥

(૪) બધી ૭૨ તબકકાની સંપુર્ણ અશોઇ રાખતી[૧૮] (યઝતોની-અમશાસ્પંદોની અહૂ પ્રત્યેની અણહદ ફીદાગીરી જે અહુરમઝદમાં સમાયલી અને સંપુર્ણ અશોઇની શકિત રાખતી ફ્રવષીરૂપ છે તેને જેણી) ॥ ભલી[૧૯] (બહમન-આર્મઇતી સાથની) ॥ સુરી[૨૦] (શહેરેવર-અષવહિશ્ત સાથની) ॥ વૃધીવાળી[૨૧] (ખોરદાદ-અમરદાદ સાથની છે તેવી) ॥ ફ્રવષીને[૨૨] ॥ હમો બધા અંશો સહિત ધ્યાનમાં લઇને માંથ્રથી મળ્યે છીએ.[૨૩] ॥ હાડમંદ, જન્મ મરણ કરાવતી જાહેર ગેતીના[૨૪] ॥ અવસરો=વખ્તોમાંના[૨૭] ॥ ઉત્તમમાં ઉત્તમ રીતની ગતીએ કામ કરીને સદગતી કરાવતા ઉત્તમમાં ઉત્તમ વખતને,[૨૬] ॥ તેમજ અણદીઠ રીતે કામ કરતી અણદીઠ દુન્યાના[૨૫] ॥ અવસરો=વખતમાંના[૨૭] ॥ ઉત્તમમાં ઉત્તમ રીતે મોક્ષે પુગાડતા ઉત્તમમાં ઉત્તમ વખતને=અવસરને[૨૬] ॥ હમો બધા અંશો સહિત ધ્યાનમાં લઇ આ માંથ્રથી મળ્યે છીએ.[૨૮] ॥ યઝતોની,[૩૦] ॥ અષોઇના[૩૨] ॥ અવસરોમાંની[૩૩] ॥ ઘણીજ સંપુર્ણ રીતે મદદ કરનારમાંની, સંપુર્ણ રીતની મદદગારી કરાવનારમાંની,[૩૫] ॥ કુદરતના હિંગામ સાથે મેલાપ કરાવતી એટલે બર-વકતની બંદગીને[૩૯] ॥ (અને તેના) અશો[૩૬] ॥ અશોઇવાળા[૩૭] ॥ બર-વકતને,[૩૮] (જે બર-વકતની બંદગી) ॥ ઉત્તમ રીતની મદદ કરનારીઓમાં ઉત્તમમાં ઉત્તમ છે તેને,[૨૯] ॥ (અને જે બર-વકત) લાયક જોઇએ તેવીજ રીતોમાંની લાયક રીતે[૩૧] ॥ પ્રવાહો મોકલીને નસીહત આપવામાં ઉત્તમમાં ઉત્તમ રીતના કામ કરનારમાં ઉત્તમ છે તેને[૩૪] ॥ હમો (હમારા બધા અંશો સહિત) ધ્યાનમાં લઇ આ માંથ્રને જોરે મળીએ છીએ.[૪૦] ॥

**(૫) હાવનીમ[૧] અષવનૅમ[૨] અષહે[૩] રતૂમ[૪] યજમઇદે;[૫] હુઉર્વતાતૅમ[૬] અષવનૅમ[૭] અષહે[૮] રતૂમ[૯] યજમઇદે;[૧૦] અમૅરતતાતૅમ[૧૧] અષવનૅમ[૧૨] અષહે[૧૩] રતૂમ[૧૪] યજમઇદે;[૧૫] આહૂઇરીમ[૧૬] ફ્રષ્નૅમ[૧૭] અષવનૅમ[૧૮] અષહે[૧૯] રતૂમ[૨૦] યજમઇદે;[૨૧] આહૂઇરીમ[૨૨] હ્કએષૅમ[૨૩] અષવનૅમ[૨૪] અષહે[૨૫] રતૂમ[૨૬] યજમઇદે,[૨૭] યસ્નૅમ[૨૮] સૂરૅમ[૨૯] હપ્તંઘ્રહાઇતીમ[૩૦] અષવનૅમ[૩૧] અષહે[૩૨] રતૂમ[૩૩] યજમઇદે.[૩૪]**

(૫) અષો[૨] ॥ અષોઇના[૩] ॥ સરદાર[૪] ॥ હાવનને[૧] ॥ હમો અંશો સહિતના બધા ધ્યાનમાં લઇ આ માંથ્રને જોરે મળ્યે છીએ.[૫] ॥ અશો[૭] ॥ અષોઇના[૮] ॥ સરદાર[૯] ॥ ખોરદાદને[૬] ॥ હમો અંશો સહિત માંથ્રોને જોરે

મળ્યે છીએ.[૧૯] ‖ અશો[૧૨] ‖ અષોઇના[૧૩] ‖ સરદાર[૧૪] ‖ અમરતાતને[૧૧] હમો અંશો સહિત માંથ્રને જોરે મળ્યે છીએ.[૧૫] ‖ અહુરાના ભેદવાળા[૧૬] ‖ સવાલની સચ્ચાઇને[૧૭] ‖ (જે) અષો[૧૮] ‖ અષોઇને[૧૯] ‖ સરદાર[૨૦] (છે તેને) ‖ હમો અંશો સહિત માંથ્રોને જોરે મળ્યે છીએ.[૨૧] ‖ અશો[૨૪] ‖ અશોઇના[૨૫] ‖ સરદાર[૨૬] ‖ અહુરાની[૨૨] ‖ દએનાને[૨૩] ‖ હમો અંશો સહિત ધ્યાનમાં લઇ માંથ્રને જોરે મળ્યે છીએ.[૨૭] ‖ અષો[૩૧] ‖ અષોઇના[૩૨] ‖ સરદાર[૩૩] ‖ સુરી[૨૯] ‖ યસ્ન[૨૮] ‖ હપ્તંધહાઇતીને[૩૦] ‖ હમો બધા એક સાથના અંશો માંથ્રને જોરે મળ્યે છીએ.[૩૪] ‖

**(૬) સાવંઘ્હએમ[૧] વીસીમચ[૨] અષવનૅમ[૩] અષહે[૪] રતૂમ[૫] યજમઇદે,[૬] અઇર્‍યમનૅમ[૭] ઇષીમ[૮] અષવનૅમ[૯] અષહે[૧૦] રતૂમ[૧૧] યજમઇદે,[૧૨] અમવન્તૅમ,[૧૩] વૅરેથ્રાજનૅમ,[૧૪] વિત્બએષંઘ્હૅમ,[૧૫] વીસ્પ[૧૬] ત્બએષાઓ[૧૭] તઉર્વયન્તૅમ,[૧૮] વીસ્પ[૧૯] ત્બએષાઓ[૨૦] તિતરૅન્તૅમ;[૨૧] યો[૨૨] ઉપૅમો,[૨૩] યો[૨૪] મદૅમો,[૨૫] યો[૨૬] ફ્રતૅમો,[૨૭] જઑજીજુયે[૨૮] તરો[૨૯] માંથ્રૅમ[૩૦] પન્ચ[૩૧] ગાથાઓ.[૩૨]**

(૬) અષો[૩] ‖ અષોઇના[૪] ‖ સરદાર[૫] ‖ સાવંઘહીને[૧] ‖ (અને) વીસ્યને[૨] ‖ હમો અંશો સહિત ધ્યાનમાં રાખીને માંથ્રથી પુગીએ છીએ[૬] ‖ અષો[૯] ‖ અષોઇના[૧૦] ‖ સરદાર[૧૧] ‖ અઇર્‍યમા[૭] ‖ ઇષ્યોને[૮] ‖ હમો અંશો સહિત ધ્યાનમાં લઇ માંથ્રને જોરે મળ્યે છીએ;[૧૨] ‖ (જે અઇર્‍યમાંની જીંદગી સંસારની માયાની જકડમાંથી છુટવાના પ્રયાસમાં દ્રુજના બંધનને તોડવાના પ્રયાસમાં) હિમ્મત આપનારી,[૧૩] ‖ ફતેહ આપનારી,[૧૪] ‖ તન-મન-રૂવાનની વ્યાધીઓને દુર રાખનારી,[૧૫] ‖ તેવાં બધા[૧૬ ૧૯] ‖ દુખ દરદોને[૧૭] ‖ તોડી નાખનારી,[૧૮] ‖ તે બધી વ્યાધીઓ-પાપ વૃત્તીએ માંથી[૧૯ ૨૦] ‖ મુકિત આપનારી[૨૧] (છે તેને મળ્યે છીએ); ‖ જે[૨૨] (જીંદગી)નો ‖ પહેલો,[૨૩] ‖ વચલો=બીજો[૨૫] ‖ (અને) છેલ્લે=ત્રીજને[૨૭] (ભાગ) ‖ દ્રુજને તોડી પોતાવતપણે[૨૮] =ખએત્વ મેળવવાની, ખએત્વોદથે પુગવાની મદદ આપવામાં ‖ પાંચ[૩૧] ‖ ગાથાના[૩૨] ‖ માંથ્રોને[૩૦] ‖ કુદાવી દેનારી છે.[૨૯] ‖

**(૭) મિથ્રૅમચ[૧] વૅઉરૂ-ગઑયઑઇતીમ[૨] યજમઇદે;[૩] રામચ ખાસ્ત્રૅમ[૪] યજમઇદે;[૫] વીસ્યેહે[૬] રથ્વો[૭] યસ્નાઇચ[૮] વહ્માઇચ,[૯] વીસીમચ[૧૦] અષવનૅમ[૧૧] અષહે[૧૨] રતૂમ[૧૩] યજમઇદે.[૧૪]**

**(૮) મિથ્રૅમ[૧૫] વૅઉરૂ-ગઑયઑઇતીમ[૧૬] હજંઘ્ર-ગઑષૅમ,[૧૭] બએવરૅ-ચષ્મનૅમ,[૧૮] અઑખ્તો-નામનૅમ[૧૯] યજતૅમ[૨૦] યજમઇદે,[૨૧] રામ ખાસ્ત્રૅમ[૨૨] યજમઇદે.[૨૩]**

(૭) જગતના બહોળા વીસ્તારમાં ગવની ખેતી કરનાર અને દ્રુજનું માથું ભાંગનાર[૨] || ગીથ્રને[૧] (મેહેર યઝતને) || હમો અંશો સહિત ધ્યાનમાં લઇ માંથ્રથી પુગીએ છીએ.[૩] || રામ ખારતર[૪] (જે નુરી ગતીનું ખેંચાણ કરાવી આપે છે, તેને) || હમો અંશો સહિત ધ્યાનમાં લઇ માંથ્રથી મજ્યે છીએ[૫] || વીસને લગતા[૬] (એટલે મોહલ્લાને લગતા, મોહલ્લાના ભેદને લગતા એટલે જીંદગીના રખડાતવાલા એટલે સંસારી જીંદગીમાં રહી દીનોને પાળવા ખાતર વપરાતો વખત જે સદઉપયોગ કરાવનાર વખત છે તેવા) || વખતમા[૭] || યસ્ન[૮] || અને વહમની પ્રાર્થનાઓ કરવા માટે[૯] (એવો સત્ય-સંગ મેળવી આપવા માટે) || અષો[૧૧] || અષોઇના[૧૨] || સરદાર[૧૩] || વીસને[૧૦]* || ધ્યાનમાં લઇ માંથ્રથી મજ્યે છીએ.[૧૪] || જગતનાં બહોળાં ખેતરમાં ગવની ભલાઇની ખેતી કરનાર,[૧૬] || હઝારો કાનોવાળા[૧૭] || (અને) હઝારો આંખો-વાળા[૧૮] (કોઇ રજનેગી ખેતી કર્યા વગર નહિ છોડનારા) || એવા જાણીતા[૧૯] || ગીથ્ર[૧૫] || યઝતને,[૨૦] || (અને તેવા ખેતી થયલાને) નુરી ગતીનું ખેંચાણ આપનાર[૨૨] (હમેશની સુખશાંતીની રૂઝ આપનાર) || રામને[૨૨] || હમો અંશો સહીત ધ્યાનમાં લઇ માથ્રથી મજ્યે છીએ.[૨૧+૨૩] ||

## ૯ મા અને ૧૦ મા ફકરા બાબે ખાસ ખુલાસો.

નીચે જણાવેલા ૯ મા અને ૧૦ મા ફકરામાંના કલામો દરેક ગેહને છેડે ભણાય છે. **દરેક ગેહ આપણને તે વખતથી તે છેક ભુતના ભુતકાળ લગી કે જયારે સૃષ્ટી-રચના સારૂ અહુનવઇર્ય જાહેર થયો ત્યાં લગી, અને છેક ગાયબાનમાં કે જયારે ફ્રશો-કેરેતી (ફ્રશો-ગર્દ) થશે તેટલા બધા વિશાળ વખતની સાથે જોડાણ કરી આપે છે, એટલે અહુરા લગીનું જોડાણ કરી આપે છે.** આ બધી ગેહમાં ત્યારે યઝની શકિતઓ, જેઓ તે ગાહમાંના ફકરામાં કામ કરતી

---

* **'વીસ'**ની શકિત હાવનના હમકાર તરીકેની છે. એ શકિત **સાવંઘહી**ની સાથે કામ કરી રહે છે. જે રૂહો નાભમાં નથી-પતમાન ઉપર નથી, તેઓને પતમાન ઉપર લાવવા જરમોની દીનોની હિકમત ઉભી થઇ છે. આ જરમોના મહા પુરૂષોને હિદાયત આપનાર **સાવંઘહ** અને **વીસ** બેઉ છે. **'વીસ'**ની શકિત ગુનાહગારોને તેરવવા માટે પોતાની ફિદાગીરી અર્પણ કરે છે અને હર મોકાની ઉપર હાજર રહીને તેઓને દોરવી રહે છે. અન્ય જરમોની ફેરસ્તાઇ શકિતઓના મદદગાર તરીકે આ **'વીસ'** છે અને તે તે દીનોને લગતા મોટા અવ-સરોની ઉપર-તે તે દીનોના માંથ્રના અમલ થવાના અવસરોની ઉપર **'વીસ'**ની શકિત હકીકત રૂપની થઇ રહે છે, અને **'સાવંઘહ'**ની મદદથી જેટલો બને તેટલો ભલો મુનાફા રૂવાન-દરોસ્તીનો કરાવી આપે છે.

બતાવી છે, તે બધીઓ તે વખતને દોડાવીને એમ ભુતના ભુતકાળ સાથે તેમ ભવિષ્યના આયંદે કાળો સાથે સંબંધ રખાવી તનાસુક રખાવીને, તે વખતને દોડાવીને કામ સંપુર્ણ કરવાનું કરી રહે છે. એમ દરેક ગાહમાં યઝતો ૩૩ અહુ અને રતુના ભેદમાં ચોકકસ અનુક્રમે ખીશ્કારી કરે છે. આ ખીશ્કારીને વખતે કઇ કઇ ચીજો અશ્વની છે, તેને આ ફકરામાં ક્રમવાર યાદ કરીને તેની સાથે ભણનાર એકતાન થઇને તે બધાની પ્રશંસા કરે છે, અને તેઓને ભણતરના સ્તોતોનો અને પોતાની થતી તરીકતનો હદીઓ પુગાડે છે. ત્યારે દરેક ગાહમાં યઝતો કામ કરે છે, સૃષ્ટીને ચલાવીને પાર પાડવાનું કામ કરે છે, માટે સૃષ્ટીનો પાયો જે **આતશ** છે તેની મદદ મેળવે છે. તેટલા માટે ૯મા ફકરામાં. પહેલે **આતશને** યાદ કરે છે, કે જે આતશ અહુરા લગી પુગાડશે. યઝતો પોતે પોતામાંથી ગતી=ઝરવાન કાઢીને તે વખતે કામ કરી રહે છે. આ ઝરવાન, યઝની ગતી કુદરતની **બરસમ**રૂપ થઇને યઝતોનું લાવ લઇ જાવ કરવાનું કામ કરી રહે છે, માટે **આતશ** પછી તુરત **બરસમના** ભેદને યાદ કીધો છે. નીસ્તીની સૃષ્ટીને થવામાં અને ચલાવવામાં અનાસરોની જરૂર પડે છે, માટે તે અનાસરોનું મુળ હસ્તીનું **'અપાંમ નપાત'** છે તેને યાદ કરે છે. ત્યારબાદ, આ બધી યઝતી ગતીઓ, જે ગાહ ગાહ કામ કરી રહે છે, તે કામના નતીજાને સરંજામ પુગાડનાર, તે ઉપર દેખરેખ રાખનાર, તેની ખુબી-ખામીનો પેગામ છેક અહુરા લગી લઈ જનાર **નઇર્યોસંઘ યઝત** છે, જેની મદદે **'દામી ઉપમન'** છે, જે **'દામી ઉપમન'** તે **નઇર્યોસંઘનો** body-guard અંગ રક્ષક યાને અઝીરીમનની બદીના હોમલા સામેનો ટેકાવ છે, માટે તે **બેઉ યઝતોને** સાથે સાથે યાદ કરે છે. આ દરેક ગાહમાં મોક્ષે પુગવાની સરજત મેળવી રહેનાં ગુઝસ્તેદ રૂવાનો, જેઓને **'ઇરીસ્તનાંમ'** રૂવાનો કહે છે, તેઓ યઝતોની ગેહ ગેહની ખીશ્કારીથી પોતાનો મોક્ષ લેવામાં વધુ અને વધુ સચેત થઇને યઝતોને તેઓનાં કામમાં મદદ આપવા ઉસ્તવાર રહે છે, માટે તેઓને યાદ કરે છે. **આમ ગેહ મારફતે આખી જગતનાં તંત્રને અહુરાએ ચલાવ્યું છે, અહુનવઇર્યમાં જેમ લખાયું છે તેમજ પોતે તેને ચલાવી રહે છે,** એટલે હદ-ઇનસાફ પ્રમાણે ચલાવે છે એટલે દેરી રહે છે, માટે **અહુરમઝદને રતુ** તરીકે યાદ કરી રહે છે. આ ગેહગેહ **આબેદા-સાલેકો અને દરેક બસ્તે-કુશ્તીઆનો** પાદયાબ કરીને, ઉપર જોયું તેમ, પોતાના વખતથી છેક ભુતના ભુતકાળમાં અને ભવિષ્યનાં ભવિષ્ય લગી પુગી, તે માંહેલી યઝતી ગતીઓનાં કામને જોશ આપી, છેક અહુરા લગી પુગીને **પોતાનો**

મોક્ષ અને જગતનો મોક્ષ એઉને ગાહનાં ભણતર મારફતે ચલાવે છે, માટે તેઓનાં તે ભણતરો અને તરીકતોને 'વીસ્પ સ્રવાઓ જરથુશ્ત્રિ' અને 'વીસ્પ હુવરૂશ્ત ક્યઍાથ્ન'થી યાદ કરે છે. છેલ્લે 'યેંઘ્હે હાતાંમ' ભણીને આખરની મુરાદ ફળો એમ ઇચ્છે છે. પછી એ યથા પઢે છે, જે વખતે ગીથ્ર કરે છે કે નીસ્તી જે થઇ તે હવે પાર પડો, એમ હસ્તીમાંથી થયલી નીસ્તીને પાછી હસ્તીમાં પુગાડવાના મીથ્ર કરે છે. છેલ્લે તે ગાહના મુળ હમકારોની યસ્ન=ખીશ્કારીની પ્રશંસા કરીને તેઓની સાથે એકતાન થાય છે.

(૯) થ્વાંમ[1] આતરૅમ[2] અહુરહે મજદાઓ[3] પુથ્રૅમ[4] અષવનૅમ[5] અષહે[6] રતૂમ[7] યજમઇદે;[8] હદ-જઍાથ્રૅમ[9] હદ-અઇવ્યાઓંઘહનૅમ[10] ઇમત્[11] બરૅસ્મ[12] અષય[13] ફ્રસ્તરૅતૅમ,[14] અષવનૅમ[15] અષહે[16] રતૂમ[17] યજમઇદે;[18] અપાંમ[19] નપ્તારૅમ[20] યજમઇદે;[21] નઇરીમ સંઘ્હૅમ[22] યજમઇદે;[23] તખ્મૅમ[24] દામોઈશ્ ઉપમનૅમ[25] યજતૅમ[26] યજમઇદે;[27] ઇરિસ્તનાંમ[28] ઉર્વાંનો[29] યજમઇદે,[30] યાઓ[31] અષઓનાંમ[32] ફ્રવષયો.[33]

(૯) *તુ[1] || અહુરમઝદના[3] || પુત્ર=ફરમાન બજાવનાર[4] || આતશ[2] ||

---

† **'આથ્ર'** શબ્દમાં સાધન પુરૂં પાડીને દાદાર તરફ લઇ જવાનો ગુહ્ય અર્થ છે. દાદારે કુલ જગતને ઉભુ કીધું તેની અગાઉ પોતામાંથી એક ગતી કાઢીને તેને કુલ જગતનો વિસ્તાર અને પાયો થવા માટે પાંથરી દીધી. આવી ગતી જે દાદારમાંથી નીકલી તે ત્યારે દાદાર જેવીજ રયોમંદ હતી. આ ગતીની મારફતે જગતને રચીને પોતામાં મર્જ કરવા તેણે ધાર્યું છે, માટે તે ગતીને "થ્ર"=મારફત અને 'આ'=પોતામાં આમેજ કરાય તેવું-એટલે **આથ્ર** કહી છે. પોતા જેવી નીખાલસ છે માટે પોતાનું ફરઝંદ કહયું છે. આ ગતીને **આથ્રો પુથ્ર અહુરમજ્દ** કહી છે. આ વિસ્તાર અને પાયાની બહાર વિસ્તારજ નથી. આ વિસ્તાર ઇંડા રૂપી ગોલાનનો છે, જેની અંદર ૧૪ તેવા બીજા વિસ્તારો-આથ્રો છે, જે બધાંની ઉપર આ મુળ **આથ્રો પુથ્ર અહુરમજ્દ**ની ગતી વહે છે,-ના, તેજ મુળ ગતીજ પોતે ૧૪ વિસ્તારો કરી રહી છે, તે ૧૪ ગતીઓનાં તેટલા માટે જુદાંજુદાં નામો છે, પણ તે બધીઓમાં તે મુળ આથ્રનીજ ગતી છે, માટે તે બધી ચૌદે ચૌદ ગતીને **'આથ્ર અહુરમજ્દ પુથ્ર'** કરીને કહી છે, જેઓ મોટામાં મોટો ભાગ આપી રહી છે, કેમકે કચાસની સૃષ્ટીનો ભાર ખમીને તે ખામીને બાળીને આખરે પોતાના જેવી બનાવીને દાદારમાં લઇ જશે. આવી રીતનો તે બધો વિસ્તાર છે, કે જેમાં તે સાહેબનું **તેપણું**

(ફુટનોટ માટે જુઓ પાનું ૧૨૫ મું).

અષે[૫] || અશોઇના[૬] || સરદારને[૭] || (અહુરાના આતશની તકેદારી અંદર રહેલાને) || હમો બધા અંશો સહિત ધ્યાનમાં લઇ માંથ્રથી મળ્યે છીએ.[૮] || આ ખાસ[૧૧] બનેલી || બરસમ[૧૨] [જે ત્રણ રીતની છે: (૧) મારી કુશ્તી–સુદરેહ; (૨) મારાં ઉભાં કીધેલાં કર્મો, જે મારામાં ભલાઇ લાવીને મને ઉપર લઇ જશે તે; (૩) તેમ, વળી ક્રીયાકામની અંદરની બરસમ જે રૂવાનને ફીવા પુગાડી છોડવશે તે] || અહુરમઝદની દીન પ્રમાણેની મંજુરયાતથી મુરાદે પુગાડવા સાધન રૂપ થઇ, સાધન થવા માટેની ઝોરની શકિત ધરાવે છે તે;[૯] || જે અસરે રોશનીને પોતામાં વીટળાવીને અહુરમઝદની નોકરી કરવાના નાદને પોતામાં ફેરવ્યાજ કરે છે તે;[૧૦] (યાને જે અહુરમઝદની નોકરી કરવા તત્પર છે તે;) || જે અષોઇ રાખવાને લીધે[૧૩] || (ઉપર, અહુરમઝદ તરફ અને હેઠળ છેક મારા જમાદાત (ખનીજ વર્ગ) લગીના અંશોમાં) ફેલાઇને કામ કરવા પંથરાઇ રહી છે[૧૪] (તે); || (જે) અશો[૧૫] || અષોઇનો[૧૬] || સરદાર છે,[૧૭] તેને || હમો હમારા અંશો સહિત ધ્યાનમાં લઇ માંથ્રથી મળ્યે છીએ.[૧૮] || અપાંમ નપાતની‡ શકિત એટલે આપ[૧૯]=પાણી, ભલાં ચલણને લગતો–નાફ[૨૦]=દુટી મધ્ય એટલે મુળ મુદ્દાને લગતી શકિત (જે આપ=પાણી રાખે છે–પાણી એટલે આશીરવાદનું ચલણ રાખે છે, જે આશીરવાદો રૂવાનને લાગેલા દ્રવાઓ=અજ્ઞાનતાને હમેશગી અપાવવા, અને તેટલા માટે તેઓને અનાસરી બદન બનાવી અપાવવા અનાસરોને પેદા કરાવી, અનાસરોનાં બદન ઉભાં કરાવીને તે બદન મારફતે ભોગવટાઓ કરાવી, સુખ દુખ ભોગવાવીને અનાસરની નાશ પામે તેવી સ્વાર્થી જડ નસની હાડમંદ ગતીને ગવમાં, પરમાર્થી વૃત્તીમાં ફેરવીને નુરી ગતી તરફ લઇ જઇ શકે છે, તેવી ગતીનાં પાણીનો, તેવી આશીરવાદીક ગતીનો નાભ=મધ્ય=સહેમ–ઉલ–સહેમ એટલે કામ કરવામાં ચુકે નહિ–કચાસ રાખે નહિ તેવી શકિત એટલે અનાસરો ઉભા કરીને તેઓને નુર તરફ લઇ જનાર

---

(પાને ૧૨૪ મે થી ફુટનોટ ચાલુ).

અને તે સાહેબની મરજી બજાવવાની ગતી છે, માટે તે સામાન્ય ગુણને '**થવામ**' =**નું** કરીને ખાસ બતાવીને જણાવેલો છે. ત્યારે મુળ ગતીને **આથ્ર પુથ્ર અહુરમજદ** કહે છે અને તે મુળ ગતીમાંથી નીકળતી બીજી **૧૪** ગતીઓને **આથ્ર અહુરમજદ પુથ્ર** કહે છે એમ આ શબ્દોમાં અર્થ રહયો છે.

‡ **અપાંમ નપાતઃ** અનગ્ર રઓચાઓમાંથી જે આશીરવાદનો ઝરોહ નીસ્તીને હસ્તી કરવા પડી રહે છે, તેનો 'જમાવ' હસ્તીમાં આદર ખુરશીન મહેર આતશની ચળવળોના અસ્મની એ તરફની ઝમરીરમાં થઇ રહે છે, જેને ટુંકમાં અપાંમ નપાત કહે છે, જેમાં શકિત અને અધીકાર રહેલો છે.

શકિત નામે અપાંમ નપાત) ને ‖ હું મારા અંશો સહિત ધ્યાનમાં લઇ માંથ્રને જોરે મળું છું.[21] ‖ નઇરયોસંઘહ[22] (આતશ, જે મારી અંદર મંદ રીતે રહેલો છે, જેની ગતી અહુરમઝદના કાસદ નઇરયોસંઘહ યઝતમાં પુર બહારમાં છે અને આતશ બહેરામ પાદશાહોની અંદર જે નઇરયોસંઘહ આતશ ચલીત રીતે રહીને તે પાદશાહની ગતીને લાવ લઇ જાવ કરી રહે છે,–જે નઇરયોસંઘહ આતશ મહેરે-અફઝાવાળા શાહોની દુરી આગળ ચલીત રહે છે,–આમ અનેક રીતે તે આતશ રહયો છે અને ઇનસાન પાસે જગતની વૃદ્ધી કરાવવા ઇનસાનમાં તેઝ થવા એટલે ઇનસાનને જ્ઞાની કરવા દુઆ કરી રહે છે તેને ‖ હું મારા અંશો સહિત ધ્યાનમાં લઇ માંથ્રથી મળું છુ[23] ‖ કંઇગા સંજોગને પુગી વળે તેવા મહા જોરાવર,[24] ‖ દામી ઉપમન[25] ‖ યઝત[26] ને, (જે મહા ડહાપણની ઉપમાવાળી યઝતની ગતી છે, જે ડહાપણ રાખતા ઇનસાનને એટલે હવસો ઉપર ગાલેબ આવેલા ઇનસાનોને એટલે દીલ-પનાન સાહેબે-દીલ ને ને દરેક મત નો, મોકાનો, સંજોગોનો સાહેબ એવો બનાવે છે, કે તેઓની તરીકત કદી તુટી શકતીજ નથી–દીની સીદ્ધાંતેનું પાલણ તેઓ દર વખતે કરી શકે તેવો મોકા–મતા–સંજોગો તેઓને આપી રહે છે-એમ તે ઇનસાનોને દીની સિદ્ધાંતોનું પાલણ કરાવવા માટે નહિ ચુકી જવાય એવા મુસ્તકીમ સંજોગ નો સાહેબ બનાવે છે તેને) ‖ હું મારા અંશો સહિત ધ્યાનમાં લઇ માંથ્રને જોરે મળું છું.[27] ‖ ગુજરેલાં, જન્મ–મરણના ફેરામાંથી છુટકારો પામેલાં[28] ‖ ઉરવાનો[29] ‖ જેઓ[31] ‖ અષોઇની હાદની*=એકની ગતાની[32] ‖

---

* ઇનસાન બસર જ્યારે મુકિત મેળવીને પોતાનાં ફરોહરને પોતાનાં રૂવાન સાથે અને બઓદ સાથે આમેજ કરે છે, ત્યારે તેને **અશોનાંમ ફ્રવષીનાંમ**ની ગતી-વાળો કહે છે. પણ યઝતો જેઓ ફ્રવષીને પોતામાં આમેજ કરી ચુકેલા છે, તેઓને તો **'અશાઉનાંમ ફ્રવષીનાંમ'**ના કહે છે. અશોનાંમમાં **'અઓ'** આકાર છે આ 'અઓ' આકારની વૃદ્ધીના રૂપ તરીકે 'આઓ' આકાર છે. અઓ આકાર રાખતા ઇસમ કરતાં 'આઓ' આકાર રાખનાર ઇસમમાં વધારે ગતી રહે છે. ઈનસાન કરતાં યઝત વધુ છે ઈનસાનનાં રૂવાન કરતાં યઝતનાં રૂવાનની રય અતી વધુ છે. ઇનસાન જ્યારે મુકિતએ પુગે ત્યારે અશોનાંમને લગતો કહેવાય, અને યઝત જે મુકિતએ પુગેલો છે પણ ઇનસાનથી રયમાં વધુ છે, માટે તેને વૃદ્ધીના આકાર સાથનો એટલે અષાઉનાંમ કહયો છે. આજે પશ્ચિમના વિદ્-વાનો અને તેઓના ઇલ્મે–ક્ષનૂમ નહિ જાણતા અને માનતા ચેલાઓ અશોનાંમ અને અષાઉનાંમ વચ્ચેનો ફરક જાણતા નથી, પણ ઉલટાસુલટુ કરી નાંખે છે તે નોંધવું. અશોનાંમ ફ્રવષિનાંમ હાદની એટલે એકગણી વૃદ્ધીની છે, જ્યારે વૃદ્ધીના પ્રત્યય સાથનો અષાઉનાંમ ઇસમ એકથી અનેકગણી વધુ વૃદ્ધી એટલે વધુ રય=અંતરજ્ઞાન દેખાડે છે. માટે ઇનસાન બસરને સારૂ અશોનાંમ છે, અને યઝતી ગતીને સારૂ અષાઉનાંમ છે.

અહૂની પુર્ણ ફરમાન–બરદારી રાખતી અનામાંથ્વાઓ શકિત નામે ફ્રવષી[૩૩] (વાળા છે પામી શકેલા છે), ‖ તેઓને[૨૯] ‖ હું મારા અંશો સહિત ધ્યાનમાં લઇ માંથ્રને જોરે મળું છું.[૩૦] ‖

**(૧૦) રતૂમ[૧] ઑરૅજન્તૅમ[૨] યજમઇદે[૩] યિમ[૫] અહુરૅમ મજદાંમ[૫], યો[૬] અષહે[૭] અપનોતૅમો,[૮] યો[૯] અષહે[૧૦] જધમૂશ્તૅમો.[૧૧] વીસ્પ[૧૨] સ્રવાઓ[૧૩] જરથુશત્રિ[૧૪] યજમઇદે;[૧૫] વીસ્પચ[૧૬] હુવરૂશ્ત[૧૭] ષ્યઑથ્ન[૧૮] યજમઇદે,[૧૯] વરૂશ્તચ[૨૦] વરૅષ્યમ્નચ.[૨૧]**

(૧૦) બુલંદમાં બુલંદ[૨] ‖ સરદાર–દોરનાર[૧] ‖ જે[૪] ‖ અહુરમઝદ[૫] (છે), ‖ જે[૬] ‖ અષોઇની ગતી રાખનારાઓમાં[૭] ‖ ઘણોજ ચઢતો છે,[૮] ‖ જે[૯] ‖ અષોઇની ગતી રાખનારાઓમાં[૧૦] ‖ મદદ કરનારો છે, તેને[૧૧] ‖ હું મારા અંશો સહિત ધ્યનમાં લઇ માંથ્રાને જોરે મળું છું.[૩] ‖ ઝરથુસ્ત્રના[૧૪] ‖ બધા કુલ[૧૨] ‖ કલામોને[૧૩] ‖ હું મારા અંશો સહિત ધ્યાનમાં લઇ માંથ્રને જોરે મળું છું.[૧૫] ‖ યઝતોની ગેતીમાં થતી ખીસ્કારી પ્રમાણેની[૧૭] ‖ બધી[૧૬] ‖ કીધેલી તરીકતો[૧૮] ‖ જે ભુતકાળમાં થઇ ગઇ,[૨૦] ‖ ભવિષ્યમાં થશે[૨૧] (જેની જેત ફ્રષો–કેરેતીનાં લાવવાને માટે ફ્રષો–કેરેતી લગી ચાલ્યાજ કરશે, તેઓને) ‖ હું મારા અંશો સહિત ધ્યાનમાં લઇ માંથ્રને જોરે મળું છું.[૧૯] ‖

**(૧૧) યેંઘહે[૨૨] હાતાંમ[૨૩] આઅત્[૨૪] યેંસ્ને[૨૫] પઇતિ[૨૬]**
**વંઘહો,[૨૭]**
**મજદાઓ અહુરો[૨૮] વએથા[૨૯] અષાત્[૩૦] હચા,[૩૧]**
**યાઓંઘહાંમચા[૩૨] તાંસ્ચા[૩૩] તાઓસ્ચા[૩૪] યજમઇદે.[૩૫]**

(૧૧) હસ્તી તરફ જઇ રહેલાંઓમાંના[૨૩] ‖ જે કોઇ[૨૨] (એટલે બધાજ) ‖ આ[૨૪] (એટલે દરેકે દરેક) ‖ યસ્નમા[૨૫] ‖ પુર્ણ સાહેબીવાળા હોઇને[૨૬] ‖ ભલા બહમનની ગતી લગી પુગેલા હોય છે,[૨૭] ‖ જેઓમાંના[૩૨] ‖ ખાસ તેઓ[૩૩] (તે નરો), ‖ ખાસ તેણીઓ[૩૪] (તે નારીઓ) ‖ અષોઇને દુર લગી પોતાનાં મધ્યથી ફેલાવેલા[૩૦] ‖ અને તની પુઠે બીજાઓને ચલાવેલા હોવાથી,[૩૧] ‖ (અષોઇ અને તેમાંથી નીકળતી સામગ્રીઓને પુગી વળેલા હોવાથી એટલે અશોઇના ૭૨ તબકકા તરફ જઇ રહેલા અને બીજાને ચલાવી રહેલા હોવાથી), ‖ (જેઓને આવી તેઓની શકિતઓના) ‖ જાણનાર[૨૯] ‖ મઝદા અહુરા[૨૮] (છે, એટલે તેઓ અહુરાની સાથે સાધ્ધા સંબંધ નામે રાદ પદવંદમાં છે), ‖ તેઓ[૩૩-૩૪] સાથે ‖ હમો એકતાન થઇએ છીએ.[૩૫] § ‖

---

§ **યેંઘહે હાતાંમ**ની સંપુર્ણ તાવીલ માટે જુઓ ઉપર પાના ૪૭–૫૦.

**યથા (૨)** પહેલો યથા ભણુતાં મીથ્ર કરો, કે ગેતીને હું ઓળંગું; બીજો યથા ભણુતાં મીથ્ર કરો, કે મરણુ પછી સેશબ પામી ચીનવત ગુઝાર કરી તન-પસીન મેળવું.

**(૧૭) યસ્નॅમચ[૧] વહ્મॅમચ[૨] અઑાજસ્ચ[૩] જવરૅચ[૪] આફ્રી-નામિ,[૫] મિથ્રહે[૬] વોઉરૂ-ગઑાયઑાઇતોઇશ,[૭] હજંઘ્રો-ગઑાષહે,[૮] બએવરૅ-ચશ્મનો,[૯] અઑાખ્તો-નામનો[૧૦] યજતહે,[૧૧] રામનો[૧૨] ખાસ્ત્રહે.[૧૩] અષॅમ[૧૪] વॅાહૂ[૧૫] ૧. ☞ અહ્માઇ રએશચ; હજંઘ્રॅમ; જસ મે અવંઘહે મજદ; કॅરૂફેઉ મોજદ.**

(૧૭) ગવનું જોડાણ જગતનાં બહોળાં ખેતરમાં કરવા માટેની ભલી ખેતી કરી રહેલા,[૭] ‖ હઝારો કાનોવાળા[૮] ‖ (અને) આંખોવાળા[૯] (રજનીબી ખેતી ચુકે નહિ તેવા) ‖ નામચીન થયલા[૧૦] ‖ મહેર[૬] યઝતની[૧૧]-(અને) ‖ (તન-મન-રૂવાનની દરોરતી કરાવીને હમેશની ખુશાલી કરાવી અપાવનાર) ખારતરવાળા, ગાનો ઉપાયવાળા[૧૩] ‖ રામ યઝતની[૧૨] ‖ યસ્નની ગતીને[૧] (એટલે સૃષ્ટીને રચાને આગળ મોક્ષ તરફ ચલાવવાની અને તેવાં કામમાં મદદ કરવા માટે થતી બધી દુન્યવી દીની યસ્નમાં પુગી વળવાની શકિતને), ‖ પ્રાર્થનાને સાંભળીને લાયકની દાદ લેવાની શકિતને,[૨] ‖ તેઓમાં રહેલી યઝતી ગતીના અધીકારી ઝોરને,[૩] ‖ તેઓનાં સૃષ્ટી-રચનામાં સૃષ્ટીની રચના કરીને સૃષ્ટીને મોક્ષે પુગાડવાનાં સાધનને[૪] ‖ હું ભણુનાર '**આફ્રી**'ના† નાદથી ધન્યવાદ આપું છું.[૫] ‖

---

† '**આફ્રીનો** નાદ કુદરતમાં મીનીટે મીનીટ ચાલી રહે છે. યઝતો કે કોઇ અષવન અહુનવઇર્ય પ્રમાણેના અહુરમઝદના હોકમ મુજબ કામ કરીને ફ્રષો-કેરેતી નઝદીક લાવે છે, ત્યારે તેઓની ઉપર અહુરમઝદ '**આફ્રી**'ના સ્તોતોથી દુઆ કરે છે, કે તું મારી દોસ્તીથી ચહવાયલો મારામાંજ છે અને રહેજે. સ્તોતોની ગુહ્ય વિદયામાં '**આફ્રી**' નામના ભેદી સ્તોતો રહે છે, જેઓ ભલા આશીરવાદો આપી શકે છે. 'આફ્રી'માં '**આ**' શબ્દ નીશાની બતાવે છે અને '**ફ્રી**' શબ્દ યઝતી પ્રીતીને પાત્ર થવું એમ બતાવે છે.

## રપિથ્વન ગેહ.

(૧) ક્ષ્નઑથ્ર[૧] અહુરહે[૨] મજ્દાઓ.[૩] અષૅમ વૅાહૂ ૩. ફ્રવરાને[૪] મજ્દયસ્નો જરથુશત્રિશ[૫] વીદએવો[૬] અહુર તકએષો.[૭] રપિથ્વિનાઇ[૮] અષઑને[૯] અષહે[૧૦] રથ્વે,[૧૧] યસ્નાઇચ[૧૨] વહ્માઇચ[૧૩] ક્ષ્નઑથ્રાઇચ[૧૪] ફ્રસસ્તયએચ,[૧૫] ફ્રાદત-ફ્ષવે[૧૬] જન્તુમાઇચ[૧૭] અષઑને[૧૮] અષહે[૧૯] રથ્વે,[૨૦] યસ્નાઇચ[૨૧] વહ્માઇચ[૨૨] ક્ષ્નઑથ્રાઇચ[૨૩] ફ્રસસ્તયએચ.[૨૪]

(૨) અષહે વહિશ્તહે[૨૫] આથ્રસ્ચ[૨૬] અહુરહે મજ્દાઓ,[૨૭] ક્ષ્નઑથ્ર[૨૮] યસ્નાઇચ[૨૯] વહ્માઇચ[૩૦] ક્ષ્નઑથ્રાઇચ[૩૧] ફ્રસસ્તયએચ,[૩૨] યથા અહૂ વઇરયો[૩૩] જઑતા[૩૪] ફ્રા મે[૩૫] મ્રૂતે,[૩૬] અથા રતુશ અષાત્ચિત્ હચ[૩૭] ફ્રા અષવ[૩૮] વીદ્વાઓ[૩૯] મ્રઑતૂ.[૪૦]

(૧) દાદાર અહુરમઝદ[૨-૩]ની ‖ ખુશાળી થવાનાં સાધનો રહીને તેની ફત્તેહ ચાલુજ રહો.[૧] ‖ મઝદયસ્ની ઝરથોશ્તી તરીકે એતેકાદ રાખનાર,[૫] ‖ દએવની ઘટતીના કાયદાથી દુરનો,[૬] ‖ અહુરાના વૃધ્ધીના કાયદાવાળો છું[૭] ‖ એમ એકરાર કરી એતેકાદને સાબેત કરૂં છું.[૪] ‖

રપિથ્વનની શકિતના[૮] ‖ (અને) ફ્રાદત-ફ્ષુની શકિતના[૧૬] ‖ (અને) જન્તુમની શકિતના[૧૭] ‖ અશો-ની રચના સાથના કેહપવાળા-સીમાવાળા[૯] ‖ આઝાદગી આપતી અષોઇની[૧૦] ‖ સરદારીવાળા આઝાદ વખતમાં[૧૧] ‖ (જગતનાં ભલાં અર્થે યઝતોની માફક) યસ્ન કરવા માટે,[૧૨] ‖ વહમની બંદગી=વળતો જવાબ મળે તેવી બન્દગી (કરી, તેનો નતીજો જગતનાં ભલાં અર્થે આપવા ખાતર કીધેલી તેવી બંદગી) કરવા માટે,[૧૩] ‖ તેથી અહુરમઝદને ખુશાલ કરવા માટે,[૧૪] ‖ અને વગતા આશીશ-તારીફ મેળવવા માટે[૧૫] ‖ (શકિતવાન થવા હું દુવા કરૂં છું, માટે) ‖ અએ જોતી ઉસ્તાદ![૩૪] ‖ આગળ વધવા માંગતા મન[૩૫] ‖ યથાના કલામ[૩૩] ‖ શીખવ[૩૬] ‖ (કે જેથી) અષોઇમાં આગળ વધારે તેવો[૩૮] ‖ વીદવાન[૩૯] ‖ "**અથા રતુશ**"નો ભેદ[૩૭] ‖ જાહેર કરશેજ,[૪૦] (એમ ઉપલી યસ્ન-વહમની દુઆ હાંસલ કરાવશેજ.) ‖

(૨) અષ વહિશ્તના[૨૫] ‖ (અને) અહુરમઝદના[૨૭] ‖ આતશની[૨૬] ‖ ખુશાલી થવાની મારેફતો=સ્તુતીઓ[૨૮] ‖ યસ્નના રીતે કરીને મેળાપ કરવા માટે,[૨૯] ‖ જવાબ મળે તેવી ભકિતના રીતે કરવા માટે,[૩૦] ‖ (તે યસ્ન

અને તે વહુમ=પ્રાર્થનાનો નતીજો તેઓને તેઓનાં કામ માટે અર્પણ કરીને) તેઓની ખુશાલી ઉભી કરવા માટે,[31] ‖ તેઓના તારીફરૂપ આશીશો લેવા માટે[32] ‖ (હું દુવા કરૂં છું. માટે) ‖ અએ જોતી ઉસ્તાદ ! પાવીકતના અમલ્યાતને‍ા રાખનાર ![34] ‖ **(તું) યથા અહૂ વઇર્યો**[33] ‖ મને[35] ‖ શીખવ. જાહેર કર,[36] (કે પછી) ‖ **"અથા રતુશ અષાત્ ચીત્"**નો ભેદ[37] ‖ આગળ વધનો અને બીજાને વધારતા અષોઇવાળો[38] ‖ વીદવાન[39] ‖ (મને) બતાવશેજ[40] ‖

**(૩) *અહુરૅમ મજદાંમ અષવનૅમ અષહે રતૂમ્ યજમઇદે; જરથુશ્ત્રેમ અષવનૅમ અષહે રતૂમ્ યજમઇદે; જરથુશ્ત્રહે અષઑનો ફ્રવષીમ્ યજમઇદે; અમૅષે સ્પૅન્તે અષઑનાંમ્ યજમઇદે.**

**(૪) *અષાઉનાંમ્ વંઘુહીશ્ સુરાઓ સ્પૅન્તાઓ ફ્રવષયો યજમઇદે, અસ્તવતો મનખ્યાચ અપનોતૅમૅમ્ રથ્વાંમ્ યજમઇદે, યએતુશ્તૅમૅમ્ યજતનાંમ્, હંઘહુનુશ્તૅમૅમ્ અષહે રથ્વાંમ્, અઇવિનસાંસ્તૅમૅમ્ જધમૂશ્તૅમાંમ્, અષઑનો અષહે રથ્વો રતુફ્રિતીમ્ યજમઇદે.**

**(૫) રપિથ્વિનૅમ્**[1] **અષવનૅમ્**[2] **અષહે**[3] **રતૂમ્**[4] **યજમઇદે.**[5] **અહુનવઇતીમ્**[6] **ગાથાંમ્**[7] **અષઑનીમ્**[8] **અષહે**[9] **રતૂમ્**[10] **યજમઇદે.**[11] **ઉશ્તવઇતીમ્**[12] **ગાથાંમ્**[13] **અષઑનીમ્**[14] **અષહે**[15] **રતૂમ્**[16] **યજમઇદે.**[17] **સ્પૅન્તા-મઇન્યૂમ્**[18] **ગાથાંમ્**[19] **અષઑનીમ્**[20] **અષહે**[21] **રતૂમ્**[22] **યજમઇદે,**[23] **વૅાહુ-ક્ષથ્રાંમ્**[24] **ગાથાંમ્**[25] **અષઑનીમ્**[26] **અષહે**[27] **રતૂમ્**[28] **યજમઇદે;**[29] **વહિશ્તોઇશ્તીમ્**[30] **ગાથાંમ્**[31] **અષઑનીમ્**[32] **અષહે**[33] **રતૂમ્**[34] **યજમઇદે.**[35]

(૫) અષો[2] ‖ અષોઇના[3] ‖ સરદાર[4] ‖ રપિથ્વનની શક્તિને[1] ‖ હું મારા અંશો સહિત ધ્યાનથી માંથ્રને જોરે મળું છું.[5] ‖

| | | | | | |
|---|---|---|---|---|---|
| અષો[8] ‖ | અષોઇના ‖ | સરદાર[10] ‖ | અહુનવદ[6] ‖ | ગાથાને[7] ‖ | હું મારા |
| ,, | ,, | ,, | ઉશ્તવદ[12] | ગાથાને[13] | અંશો |
| ,, | ,, | ,, | સ્પેન્તોમદ[18] | ગાથાને[19] | સહીત ધ્યાનથી |
| ,, | ,, | ,, | વોહુક્ષથ્ર[24] | ગાથાને[25] | માંથ્રને જોરે |
| ,, | ,, | ,, | વહીશ્તોઇશ્ત[30] | ગાથાને[31] | મળું છું.† |

* ૩ જા તથા ૪ થા ફકરાના તરજુમા માટે જુઓ ઉપર પાને ૧૧૯ થી ૧૨૦ મે.

† આ ફકરામાંના બધા "યજમઇદે" શબ્દને માટે સામટો એકજ તરજુમો આ રીતે આપ્યો છે તે નોંધવું.

**(૬) ફ્રાદત્-ફ્રૂષાઉમ્[1] જન્તૂમॅમચ[2] અષવનॅમ્[3] અષહે[4] રતૂમ્[5] યજમઇદે;[6] ફ્રૂષॅમચ[7] માંથ્રॅમ્[8] યજમઇદે;[9] અરૂષુખ્દॅમચ[10] વાચॅમ્[11] યજમઇદે;[12] વચ[13] અરૂષુખ્દ[14] યજમઇદે;[15] વારॅથ્રઘ્નીશ[16] દએવો-ઘ્નીત[17] યજમઇદે;[18] અપસચ[19] ઝॅમસચ[20] યજમઇદે[21] ઉર્વરા-ઓસ્ચ,[22] મઇન્યવચ[23] યજત[24] યજમઇદે,[25] યોઇ[26] વંઘ્હુજ્દાઓ[27] અષવનો,[28] અમॅષેસ્ચ સ્પॅન્તે[29] અષ્ઓનાંમ્[30] યજમઇદે.[31]**

(૬) અષો[3] || અષોઇના[4] || સરદાર[5] || ફ્રાદત-ફ્રષુ[1] || અને જન્તુ-મને[2] || હમો અંશો સહિત ધ્યાનથી મળ્યે છીએ.[6] || ફ્રષુષો[7] || માંથ્ર[8] (ઝરથોશ્તી દએનના એટલે મોક્ષ તરફ લઇ જતા દરયામાંથી લઇ જનાર હોડી રૂપ માંથ્રોને) || હું અંશો સહિત ધ્યાન પહોંચાડી આ માંથ્રથી મળું છું.[9] || કુદરતી સચ્ચાઇના નાદ રાખતા[10] || **વચ**[11] (સુદરેહ કુસ્તીમાં રહેલાં તેમ પાળેલી તરીકત સાથે રહેલા તલેસ્માતીક) નાદને || હું અંશો સહિત માંથ્રને જોરે મળું છું.[12] || કુદરતી સચ્ચાઇના નાદ રાખતા[14] || વચો[13] (આલાતોમાંના તેમજ યસ્નની જોતી-રાસ્પીની ક્રીયામાં ઉભા થતા તલેસ્માતીક મુકિત અપાવનાર) નાદોને || હું અંશો સહિત ધ્યાન સહિત માંથ્રને જોરે મળું છું.[15] || ફત્તેહમંદ,[16] || દએવને તોડનાર[17] (બધી હીક-મતો, જેવી કે બરેશ્નુમ વખતના સગદીદ કે ગુજરતી વખતના સગદીદ-સચકાર વીગેરેને) || હું અંશો સહિત ધ્યાનથી માંથ્રને જોરે મળું છું.[18] || પાણી,[19] (તેનો બાતેન તેમ જાહેર પ્રભાવ અને ભેદ અને શકિતઓ તેમજ) || ઝેમો-જમીન[20] (ની અંદર રહેલી કુદરતી શકિતઓના ઉપયોગી-પણાની ખુબીઓને) || હું અંશો સહિત ધ્યાનમાં લઇ માંથ્રથી મળું છું.[21] || ઉરવર[22] (કુદરતનો આશીરવાદ, જે ઝાડરૂપ સૃષ્ટી ઉપર પંથરાઇ રહયો છે, જેનો ચોકકસ ભાગ ઝાડપાનમાં રહયો છે, જેનો બધો ભાગ યઝતેમાં અને ગવ-ચિથ્રોની પેદાયશમાં રહે છે તેઓ)ને. || (તેમજ) યઝતો,[24] || અણદીઠ શકિતઓ, અસર-રોશનીની ગતીઓ, જેઓ કુદરતને બધેબધ પુગી વળી મદદ કરી રહે છે તેઓને,[23] || જેઓ[26] || અષો[28] || ગોરપંદી વૃત્તીની ભલાઇ આપનારા પરદુખભંજનો[27] (છે તેઓને,) || હું અંશો સહિત ધ્યાનમાં લઇ માંથ્રને જોરે મળું છું.[21+25] || અષોઇ રાખનારાઓમાંની[30] (અમર યઝતી શકિતઓમાંના) || અમશાસ્પંદોને[29] || હું બધા અંશો સહિત માંથ્રનાં જોરે મળું છું.[31] ||

**(૭) અષાઉનાંમ્[1] વંઘ્ઉહીશ[2] સૂરાઓ[3] સ્પॅન્તાઓ[4] ફ્રવષયો[5] યજમઇદે.[6] બરॅજ્નૂશચ[7] અષહે[8] યત્[9] વહિશ્તહે,[10]**

**મજિશ્તે[11] માંથ્ર,[12] મજિશ્તે[13] વૅરૅજય,[14] મજિશ્તે[15] ઉર્વ્દઇથ્ય,[16] મજિશ્તે[17] હુઇથ્યા-વૅરૅજય,[18] મજિશ્તે[19] વીન્દઇથ્ય[20] દએનયાઓ[21] માઝદયસ્નોઇશ[22] યજમઇદે.[23]**

(૭) પુર્ણ અષોની,[1] (અહુરમઝદની યઝતોની) || ભલી,[2] (બહ-મન અને સ્પેન્દારમદની) || સુરી,[3] (શહેરેવર અને અષવહીશ્તની) || વૃદ્ધી કરનારી,[4] (ખોરદાદ અને અમરદાદની) || ફ્રવષીને[5] || હું અંશો સહિત ધ્યાનથી માંથ્રને જોરે મળું છું.[6] || અર્દાબહેશ્તની[8,10] || તે ખાસ[9] || ઉંચાઇ-મોટાઇ-ગુહ્યતા[7] (મીનોઈ અરમાન)ને || હું અંશો સહિત ધ્યાનથી માંથ્રને જોરે મળું છું.[23] || મઝદયસ્નીની[22] || દએનના[21] || શ્રેષ્ટ[11] || માંથ્ર[14] || (જે) તરીકતના ઇન્ફાલ લાવવામાં[14] || શ્રેષ્ટ,[13] || ઉરવાનને મોક્ષ=ઉરૂમાં ચઢાવવામાં[16] || શ્રેષ્ટ,[15] || જુદદાઇ તોડી સચ્ચાઈ લાવી હસ્તી તરફ લઇ જવાની તરીકતમાં[18] || શ્રેષ્ટ,[17] || મીનોઇ આંખો આપવામાં એટલે ચખ્ખા ખીલવીને ભેદ ભરમ જોવામાં-દેખાડવામાં ઉર્વાનોને પાર પાડવામાં[20] || શ્રેષ્ટ[19] || (છે, તેઓને) || હું અંશો સહિત ધ્યાનથી માંથ્રોને જોરે મળું છું.[23] ||

**(૮) અવત્[1] વ્યાખ્નૅમચ[2] હંજમનૅમચ[3] યજમઇદે,[4] યત્[5] અસ્તિ[6] અમૅષનાંમ સ્પૅન્તનાંમ[7]. બરૅષ્નવો[8] અવંઘહે[9] અષ્નો[10] ધિમતૅમ[11] જન્તુમહે[12] રથ્વો[13] યસ્નાઇચ[14] વહ્માઇચ;[15] જન્તુમૅમચ[16] અષવનૅમ[17] અષહે[18] રતૂમ[19] યજમઇદે.[20]**

**અષૅમ વહિશ્તૅમ[21] આતરૅમચ[22] અહુરહે[23] મજદાઓ[24] પુથ્રૅમ[25] યજમઇદે.[26]**

(૮) જન્તુમની શકિતના[12] (રપિથ્વનના ભેદની તેમ) || વખતની આઝાદગી આપતી સરદારીના[13] (જન્તુની શકિત, જે તનાસકના રૂવાનોને અન્ય દાનોમાંથી દોરવી લઇ જાય છે, તેમ દ્વન્દ બસ્તે-કુસ્તીઆનોને દોરવી થ્વાષના ફેરામાં કેસાસ ભોગવાવીને દુખ-સુખ આપીને ભલી ખેરદ બંધાવી આગળ વધાર્યા કરે છે, જે અન્ય દાનોના માંથ્રોને ટેકવી રહે છે, જે શકિત બપોરનો કકડતા તાપનો દુખનો વખત આપીને આખરે દોરવી લઇ જશે તે જન્તુમની) || યસ્ન કરવા[14] (એટલે તેની સાથે રાથ્વી-જોતીના ભેદની પ્રાર્થના કરવા, અને) || વહમની પ્રાર્થના એટલે વળતો જવાબ મળે તેમ પ્રાર્થના કરવા માટે,[15] (એટલે કર્મ-બંધનો કાપીને મુકિત તરફ જવા માટે), || ઉપર પેલી[1] || યઝતી શકિતઓ, ૩૩ અહુ અને રતુઓ, ૩૩ અમે-

શારપન્દીઓ એટલે અમર શકિતઓની[7] ‖ અંજુમન[3] ‖ (અને તે) અનજુમનના વડાઓ ચલાવનારા સાત અમશાસ્પંદો અને તે સાતનો વડો અહુરમઝદ[2] (સ્પેનામીન છે), ‖ જે[5] (ખાસ તેમ નેમાયલો) ‖ છે,[6] ‖ જે આ[8] (ઉપર વર્ણવેલાં રપિથ્વનના જન્તુનાં ઉપલાં કામ અર્થે) ‖ બનાવેલાં[11] ‖ આસ્માનની[10] ‖ બુલંદી=શ્રેષ્ટ ટોચ ઉપર[9] છે, ‖ (એટલે ઇનસાનોની ભલી–બુરી મનસ્નીના ગુમારો બંધાય છે તેની ઉપર સત્તા મેળવવા નેમાય છે, તેમાંથી બુરાઇને તોડી ભલઇ ઉભી કરવા નેમાય છે, તેઓને) ‖ હું અંશો સહિત ધ્યાનમાં લઇ માંથ્રોને જોરે મળુ[4] છું. ‖ અષો[17] ‖ અષોઇના[18] ‖ સરદાર[19] ‖ જન્તુની શકિત,[16] (જે કર્મમાંથી છોડવવા ખાસ રપિથ્વનમાં નેમાય છે, તેને) ‖ હું અશો સહિત ધ્યાનથી માંથ્રને જોરે મળું છું.[20] ‖

અદીર્બહેસ્ત[21] ‖ (અને તેવણના નાયબ) આતશ[22] ‖ અહુર[23] ‖ મઝદના[24] ‖ પુથ્ર હોકમ–બરદારી કરનારને[25] ‖ (જેઓ તરીકતમાં મદદગાર છે તેઓને) હું અંશો સહિત ધ્યાનથી માંથ્રથી મળું છું.[26] ‖

**(૯) *થ્વાંમ આતરૅમ અહુરહે મજદાઓ પુથ્રૅમ અષવનૅમ અષહે રતૂમ યજમઇદે; હુઇ-જઍાથ્રૅમ હુઇ-અઇવ્યાઓંઘહુનૅમ ઇમત્ બરૅસ્મ અષય ફ્રસ્તરૅતૅમ, અષવનૅમ અષહે રતૂમ યજમઇદે; અપાંમ નપ્તારૅમ યજમઇદે; નઇરીમ સંઘહૅમ યજમઇદે; તખ્મૅમ દામોઇશ્ ઉપમનૅમ યજતૅમ યજમઇદે; ઇરિસ્તનાંમ ઉરૂવાંનો યજમઇદ યાઓ અષઑનાંમ ફ્રવષયો.**

**(૧૦) *રતૂમ બૅરૅજન્તૅમ યજમઇદે યિમ અહુરૅમ મજદાંમ, યો અષહે અપનોતૅમો, યો અષહે જધ્મૂશ્તૅમો. વીસ્પ સ્રવાઓ જરથુશ્ત્રિ યજમઇદે; વીસ્પચ હુવરૂશ્ત શ્યઑથ્ન યજમઇદે, વરૂશ્તચ વરૅશ્યમ્નચ.**

**(૧૧) †યેંઘહે હાતાંમ્ આઅત્ યેસ્ને પઇતિ વંઘ્હો,**
**મજદાઓ અહુરો વએથા અષાત્ હચા,**
**યાઓંઘહાંમચા તાંસ્ચા તાઓસ્ચા યજમઇદે.**

**યથા અહૂ વઇર્યો ૨.**

* ૯–૧૦ ના ફકરાના તરજુમા માટે જુઓ હાવન ગેહ પાને ૧૨૨ થી ૧૨૭ મે.

† યેંઘહે હાતાંમની સમજ માટે જુઓ પાને ૪૭ થી ૫૦ મે.

**(૧૨) યસ્નॅમ્ચ[1] વહ્મॅમ્ચ[2] અઓॅજસ્ચ[3] જવરॅચ[4] આફ્રીનામિ,[5] અષહે વહિશ્તહે[6] આથ્રસ્ચ[7] અહુરહે મજ્દાઓ.[8] અષॅમ વॉહૂ ૧. ☞ અહ્માઈ રએશ્ચ; હુજંઘ્રॅમ; જસ મે અવંઘહે મજ્દ; કેરફેહ્ મોજ્દ.**

(૧૨) અર્દીબહેસ્તની[6] ‖ (તથા) અહુરહે મઝદાઓના[8] ‖ આતશની[7] ‖ યસ્નમાં રાખ્વી-જોતી તરીકે આવી મળવાની તલબગાર=લાયકને મદદ સારૂ પુગી વળવાની ગતી-મીનોઇ શકિતની,[1] ‖ કીધેલી પ્રાર્થનાનો વળતો જવાબ આપવાની તલબગારીની શકિતઓની,[2] ‖ પોતામાં રહેલી અઓજની શકિતની,[3] ‖ (તથા) મદદે આવવાના સાંધનોની[4] ‖ વખાણ હું આફ્રીનના ઉદ્દગારોથી કરૂં છું.[5] ‖

## ઉજીરન ગેહ.

**(૧) ક્ષ્નઓॅથ્ર[1] અહુરહે[2] મજ્દાઓ.[3] અષॅમ વॉહૂ ૩. ફ્રવરાને[4] મજ્દયસ્નો જરથુશત્રિશ[5] વીદએવો[6] અહુર-ત્કએષો.[7] ઉજયેઇરિનાઇ[8] અષઓॅને[9] અષહે[10] રથ્વે,[11] યસ્નાઇચ[12] વહ્માઇચ[13] ક્ષ્નઓॅથ્રાઇચ[14] ફ્રસસ્તયએચ;[15] ફ્રાદત-વીરાઇ[16] દખ્યુમાઇચિ[17] અષઓॅને[18] અષહે[19] રથ્વે,[20] યસ્નાઇચ[21] વહ્માઇચ[22] ક્ષ્નઓॅથ્રાઇચ[23] ફ્રસસ્તયએચ;[24]**

**(૨) બॅરॅજતો[25] અહુરહે[26] નફॅદ્રો[27] અપાંમ[28] અપસ્ચ[29] મજ્દદાતયાઓ,[30] ક્ષ્નઓॅથ્ર[31] યસ્નાઇચ[32] વહ્માઇચિ[33] ક્ષ્નઓॅથ્રાઇચ[34] ફ્રસસ્તયએચ;[35] યથા અહૂ વઇર્યો[36] જઓॅતા[37] ફ્રા મે[38] મ્રૂતે,[39] અથા રતુશ અષાત્ ચિત્ હચ,[40] ફ્રા અષવ[41] વીદ્વાઓ[42] મ્રઓॅતૂ.**

(૧) અહુરમઝદની[2-3] ‖ મરજી ફીરોઝબુદ થવાની મારફતોનું વધવું થઇને તેવણની જય થયા કરો ![1] ‖ મઝદયસ્ની ઝરતોશ્તી તરીકે,[5] ‖ દએવથી જુદા[6] ‖ અને અહુરાને માનનાર તરીકે[7] ‖ હું કોલ આપી ઇમાન લાઉં છું.[4] ‖ ઉઝીરાનની શકિતના,[8] ‖ અશોઇની રચના સાથની સીમાવાળા,[9] ‖ આઝાદગી આપતી અશોઇની[10] ‖ સરદારીના આઝાદ વખતમાં,[11] ‖ ફ્રાદત-

વીર[૧૬] ‖ અને દખ્યુમની શકિતઓના[૧૭] ‖ અષોઇની રચના સાથની સીમાવાલા[૧૮] ‖ આઝાદગી આપતી અષોઇની[૧૯] ‖ સરદારીના આઝાદ વખતમાં[૨૦] ‖ (જન-સમાજની સેવા માટે) યસ્નમાં ગુટાવાની પ્રાર્થના કરવાની શકિત મેળવવા માટે,[૨૧] ‖ તે અર્થનો વળતો જવાબ મળે તેવી ભકિત કરવા માટે,[૨૨] ‖ અને તેથી અહુરાની ખુશાળી થાય તેવો પ્રસંગ થવા માટે,[૨૩] ‖ અને તેથી અહુરાથી આર્શીરવાદરૂપ તોફીક મળે તેવું થવા માટે[૨૪] (દુઆ કરૂં છું, માટે) ‖ અએ જોતી ઉસ્તાદ=અમલદાર ખોદા-રસીદા નર![૩૭] ‖ (તું) 'યથા'નો ભેદ[૩૬] ‖ મારી આગળ[૩૮] ‖ બોલ,[૩૯] ‖ કે જેથી 'અથા રતુશ'નો ભેદ[૪૦] ‖ અષો[૪૧] ‖ વીદવાન[૪૨] ‖ મને બતાવશેજ,[૪૩] ‖ (એટલે જન-સમાજની સેવાનું કામ થશેજ.) ‖

(૨) **અપાંમ્ નપાત**[૨૭-૨૮] ‖ (જે) અહુરાના[૨૬] ‖ નાભની આગળના=નઝદીકીનાં[૨૭] ‖ પાણી છે,[૨૮] ‖ (એટલે કે અહુરા નઝદીક લઇ જવાની સત્તાધારીક સંસ્થા છે, અનાસરોને તુરમાં લઇ જઇને રૂવાનમાં આમેજ કરાવી અહુરાની નઝદીક લઇ જવાની સત્તાધારીક સંસ્થા છે, માટે) ‖ બુલંદ ગતીની[૨૫] (છે તેની), ‖ મઝદાના[૩૦] ‖ પાણીની[૨૯] (કહેતાં ચલીત થયલાં પાણીની માફક આગળ વહી રહેતી જગતની શકિત)નો ‖ ખુશાલી થવાની મારફતો=સ્તુતીઓ[૩૧] (જેવી કે) ‖ યસ્નની રીતે કરવા,[૩૨] (યઝતો જેને કરી રહે છે તેમાં મદદ આપવા) માટે, ‖ જવાબ મળે તેવી ભકિત કરવા[૩૩] (અને તેનું પુન્ય યઝતોને મળે તેમ થવા) માટે, ‖ એમ તેઓની ખુશાળી કરવા માટે,[૩૪] ‖ અને વળતો આશાશ=તોફીક મેળવવા માટે[૩૫] ‖ (હું દુવા કરૂં છું, માટે) ‖ અએ જોતી ઉસ્તાદ, ખોદા-રસીદા અમલદાર![૩૭] ‖ મદદ માંગતા મને[૩૮] ‖ **'યથા અહૂ'**નો ભેદ[૩૬] ‖ શીખવ,[૩૯] કે પછી ‖ **'અથા રતુશ'**નો ભેદ[૪૦] ‖ આગળ વધારનાર અષો[૪૧] ‖ વીદવાન[૪૨] (જેબી હોય તે મને) ‖ શીખવશેજ,[૪૩] (કે જેથી મારૂં ઉપલું કામ પાર પડશેજ.) ‖

(૩) **†અહુરૅમ મઝદાંમ્ અષવનૅમ અષહે રતૂમ્ યઝમઇદે; જરથુશ્ત્રૅમ અષવનૅમ્ અષહે રતૂમ્ યઝમઇદે; જરથુશ્ત્રહે અષઓનો ફ્રવષીમ્ યઝમઇદે; અમૅષે સ્પૅન્તે અષઓનાંમ્ યઝમઇદે.**

(૪) **†અષાઉનાંમ્ વંઘુઉહીશ સુરાઓ સ્પૅન્તાઓ ફ્રવષયો યઝમઇદે, અસ્તવતો મનખ્યાચ અપનોતૅમૅમ્ રથ્વાંમ્ યઝમઇદે; યએતુશ્તૅમૅમ યઝતનાંમ્ હુંઘ્રહુનુશ્તૅમૅમ અષહેરથ્વાંમ્ અઇવિ-**

† ફકરા ૩-૪ ની સમજ માટે જુઓ પાને ૧૧૯-૧૨૦ મે.

**નસાંસ્તૅમૅમ, જધ્નમૂરતૅમાંમ્ અષઑનો અષહે રથ્વો રતુક્રિતીમ યજમઇદે.**

**(૫) ઉજયેઇરિનૅમ્[1] અષવનૅમ્[2] અષહે[3] રતૂમ્[4] યજમઇદે.[5] જઑતારૅમ્[6] અષવનૅમ્[7] અષહે[8] રતમ્[9] યજમઇદે;[10] હાવનાનૅમ્[11] અષવનૅમ્[12] અષહે[13] રતૂમ્[14] યજમઇદે;[15] આતરૅવક્ષૅમ[16] અષવનૅમ[17] અષહે[18] રતૂમ્[19] યજમઇદે;[20] ફ્રબરૅતારૅમ[21] અષવનૅમ્[22] અષહે[23] રતૂમ્[24] યજમઇદે;[25] આબૅરૅતૅમ[26] અષવનૅમ્[27] અષહે[28] રતૂમ્[29] યજમઇદે;[30] આસ્નતારૅમ્[31] અષવનૅમ[32] અષહે[33] રતૂમ્[34] યજમઇદે;[35] રથ્વિશ્કરૅમ[36] અષવનૅમ[37] અષહે[38] રતૂમ્[39] યજમઇદે;[40] સ્રઑષા-વરૅજૅમ્[41] અષવનૅમ્[42] અષહે[43] રતૂમ્[44] યજમઇદે.[45]**

**(૫)** અષો[2] ‖ આઝાદગી આપતી અષોઇના[3] ‖ સરદાર[4] ‖ ઉઝીરીનને[1] ‖ હું મારા અશો સહિત ધ્યાનમાં લગ્ન માંથ્રની શકિતથી મળું છુ.[5] ‖ અષો[7] ‖ અષોઇના[8] ‖ સરદાર[9] ‖ **જઑતા**[6] ‖ (ના દરજ્જાના હેરબુદ, દીન-દસ્તુર, જેવણ પોતામાં યઝતી ગતીનું રહેઠાણ કરી પોતે **જઓથ**=આલાત (દાદારને પુગવા માટેનું મંદીર) થયા છે, એમ પોતે અહુ તરીકે થયવી શકિતવાળા)ને, ‖ **હાવનાન**[11] (ના દરજ્જાના હેરબુદની રતુ તરીકે થવાની શકિત એટલે જઓતાની સાથે પેવંદમાં રહીને, આલાત રૂપના થઇને યઝશ્નેમાં હઓમની ગતી ઉભી કરવની શકિતવાળા)ને, ‖ **આતરૅ-વક્ષ**[16] (ના દરજ્જાના હેરબુદનો ઓહ્દો, જે પાવ આતશોની ગતીના સાથે પોતે પેવંદમાં રહીને, મીનોઇ આતશના સીલસીલાને તે આતશની મારફતે પોતામાં જીવતો રાખીને, ઉપરના બે દરજ્જાના હેરબુદોને પોતાની અષોઇ ટેકવવામાં અને આલાતરૂપના થઇ રહેવામાં મદદ કરે છે, માટે પોતે ખુદબી આલાત છે, તેવા સંપુર્ણ રીતના મદદ કરનારને, તેવી આતશની તેઝ ગતી રાખવાની શકિતવાળા)ને, ‖ **ફ્રબૅરૅતર**[21] (ના દરજ્જાના હેરબુદનો ઓહ્દો, જે પોતાનાં પાવ કીધેલાં તનની શકિતને હેરબુદોનાં અષોઇ મેળવાને પોતાનો તેવો દરજ્જો ટકાવી રાખવાનાં કામમાં અર્પણ કરી રહે છે,–તેઓનાં અષોઇ ભરેલાં યસ્નનાં અને બીજાં બધાં કામને ફ્રેત્તહમંદીથી બજાવવા અર્પણ કરી રહે છે, તેવી અર્પણ કીધેલી શકિતવાળા)ને, ‖ **આબૅરૅતર**[26] (ના દરજ્જાના હેરબુદનો ઓહ્દો, જે પોતાના અનાસરોની આબી ગતીને સુક્ષ્મ કરીને, તે સુક્ષ્મ થયલાં આબના ફ્રાદોની ગતીથી બીજા હેરબુદોનાં અષોઇનાં કામ માટે જોઇતાં પાણીને રાદ ગતીમાં એટલે ચલીત

રહેલા ફ્રાદોની ગતીમાં રાખીને જોઇતે પ્રસંગે પુરૂં પાડનારની ગતીવાલો થઇરહે છે તે)ને, || **આસ્નાતર**[31] (ના દરજજાના હેરબુદનો ઓહ્દો જે અનાસરોની બાદી ગતીને સુક્ષ્મ કરી–હવસોના ઝોલાનોને શાંત રાખવાની શકિત મેળવીને, સામા આથ્રવનને નાહન નહવાડતી વખતે પોતાની તેવી શાંત ગતીની શકિતનું પેવંદ આપી સામેના નાહન લેતા આથ્રવનને નાહનમાં મદદ કરનાર થઇ રહે છે, તેવાં નાહન આપનાર)ને, || **રથ્‌વિશકર**[36] (ના દરજજાના હેરબુદનો ઓહ્દો, કે જે 'રતુ' તરીકેનો છે, ક્રીયા કામની બધી સામગ્રીને–આલાતોને યઝની ગતીમાં લીન્ન રખાવી આલાતોની સાથે રાદ પદવદમાં રહી, **આલાત-દરોસ્તી** કરાવનારો એટલે આલાતમાં રહેલી યઝની ગતી જે રતુ તરીકેની આલાતોમાં રહેલી છે તેમાં સામેલ થઇ શકવાની ગતીવાળો છે, આલાતોમાં રમી રહેતા રથ્વ્ય **ચક્ર**ની સાથે પોતાની ગતી–મનેશને હમપથ કરી પોતેબી તેવાજ નાદમાં રહી શકવાની ગતીવાળો થયો છે તે)ને, || અને **સ્રઓષાવર્જ**[41] (જે હેરબુદોનો સૌથી ઉંચામાં ઉંચો દરજજો છે, જેવણ સરોશના હમકાર છે, જેવણ હેરબુદોની ગતીને યઝત સાથે જોડેલી રાખવાની શકિત રાખે છે, જેવણ પાવ મહેલની ક્રીયાની ઉપર તકેદારી રાખીને રાતોદીન પાસબાની કરી શકે છે, જેમ સરોશ ગેતીની ઉપર તકેદારી રાખે છે તેમ પાવ મહેલની ઉપર અને બસ્તેકુસ્તીઆનો અને જગતનાં ભલાંની ઉપર તકેદારી રાખવાની શકિત રાખે છે તેવણ) ને || હું અંશો સહિત ધ્યાનમાં લઇ માંથ્રથી મળું છું. ૫-૧૦-૧૫-૨૦ ૨૫ ૩૦-૩૫ ૪૦ ૪૫ ||

(૬) **ફ્રાદત્‌-વીરૅમ[1] દફ્યુમૅમચ[2] અષવનૅમ[3] અષહે[4] રતૂમ[5] યજમઇદે;[6] સ્ત્રેઉશચ[7] માઓંઘ્રહૅમચ[8] હ્વરૅચ[9] રઓચાઓ[10] યજમઇદે;[11] અનઘ્ર[12] રઓચાઓ[13] યજમઇદે;[14] અક્રસંઘ્રહાંમચ[15] ખાથ્રૅમ[16] યજમઇદે;[17] યા[18] નર્શ[19] સાદ્રા[20] દ્રૅગ્વતો.[21]**

(૭) **હઇથ્યાવરૅજૅમ[22] અષવનૅમ[23] અષહે[24] રતૂમ[25] યજમઇદે;[26] અપરૅમચ[27] હકઓરૅમ[28] યજમઇદે;[29] હઇથ્યાવરૅજૅમ[30] અષવનૅમ[31] અષઓનો[32] સ્તીમ[33] યજમઇદે;[34] પઇતિ આસ્ન[35] પઇતિ ક્ષફ્ને,[36] યસો-બૅરૅતાભ્યો[37] જઓથ્રાભ્યો,[38] દફ્યુમહે[39] રથ્વો[40] યસ્નાઇચ[41] વહ્માઇચ;[42] દફ્યુમૅમચ[43] અષવનૅમ[44] અષહે[45] રતૂમ[46] યજમઇદે.[47]**

(૮) **બૅરૅજન્તૅમ[48] અહુરૅમ[49] ક્ષથ્રીમ[50] ક્ષએતૅમ,[51] અપાંમ[52] નપાતૅમ[53] અઉર્વત્‌-અસ્પૅમ[54] યજમઇદે;[55] અપૅમચ[56] મજદદાતાંમ[57] અષઓનીમ[58] યજમઇદે.[59]**

(૬) ફ્રાદતવીર[૧] ‖ દખ્યુમ[૨] ‖ અષો[૩] ‖ અષોઇના[૪] ‖ સરદારને[૫] ‖ હું અંશો સહિત ધ્યાનમાં લઇ માંથ્રને જોરે મળું છું.[૬] ‖ સ્તરો=સેતારઓ[૭] (જેઓમાં દરેક ઇનસાન ઉપર પડતાં ઉશ્તાન=દમને ચલાવનાર અણદીઠ શકિતનું ઠામ છે, કે જે સ્તરનાં રૂવાનમાં મળાવે અહુરાની સાથે મળી શકશે તે સ્તરો), ‖ (તેમજ) માહ[૮] (કે જે પ્રવાહો રવાની પાસેથી લઇને જગત ઉપર અને દરેક ઇનસાન ઉપર પુગાડે છે તે), ‖ (તેમજ) રવી[૯] (કે જે અહુરમઝદનો એટલે સાત અમશાસ્પન્દોના મુખીનો નાયબ છે, કે જે જગતને અહુરમઝદની વતી ચલાવે છે તે), ‖ (તેમજ) મીનોઇ જ્ઞાનની અમલની અને અષોઇની રોશની[૧૦] (કે જે અહુરામાંથી નીકળી આંદમાં અનગ્ર રઓચાઓનાં આસ્માનમાં પંથરાઇ ત્યાંના સ્તરોમાં પંથરાઇને હસ્તીને ટકવે છે, કે જે હસ્તી પછી નીસ્તી--ગેતીને ટકવી શકે છે, તેવી અમર રોશની) ને ‖ હું મારા અંશો સહિત ધ્યાનમાં લઇ માંથ્રને જોરે મળું છુ.[૧૧] ‖ અનગ્ર રઓચાઓનુ[૧૨] ‖ અનંત અમર રોશનીનું ઠામ,[૧૩] (જયાં સ્તરો છે, કુલ વ્યકિતઓનાં ઉશ્તાનો છે, જેમાં મજ થવાની બધાંની સરજત છેજ, કે જેમાં કુલ જગત લય થશે, તેવાં મીનોઇ આસ્માન)ને ‖ હું અંશો સહીત ધ્યાનમાં લઇ માંથ્રથી મળું છું.[૧૪] ‖ માંથ્રવાણીની બંદગીઓની[૧૫] ‖ નુરમંદ ચળકતી એખલાક=સદગુણોની વાસ્નાને[૧૬] ‖ હું અંશો સાહત ધ્યાનમાં લઇ માંથ્રને જોરે મળું છું,[૧૭] ‖ કે જે[૧૮] ‖ દ્રવાઓનાં, ભુલાવો રાખતા[૨૧] ‖ ઇનસાનનુ[૧૯] ‖ સંકટ[૨૦] (કાપીને તેને અષોઇ તરફ લઇ જશે.) ‖

(૭) અષો[૨૩] ‖ અષોઇના[૨૪] ‖ સરદાર[૨૫] ‖ તરીકતના પાળનાર-પરદુખભંજનની ગતીનાં કામો કરનારને[૨૨] ‖ હું અંશો સહિત ધ્યાનમાં રાખી માંથ્રથી મળું છું.[૨૬] ‖ આગળ પાછળના સીલસીલાવાળી[૨૭] (એટલે દરેક દરેધો–ખદાતમાંથી ચાલી આવતી એક વખતે નવા ઉગતા દરેધો–ખદાતમાં આગળની ગણાતી અને તે નવા દરેધો–ખદાતમાં આરાસ્તે થયલી એટલે આગલા દરેધો–ખદાતનાં મધ્ય બીંદુથી જોતાં પાછળની થયલી) ‖ દએનને[૨૮] (એટલે દએનના જમાનામાં દોડતા સીલસીલાને) ‖ હું અંશો સહિત ધ્યાનમા લઇ માથ્રોને જોરે મળું છું.[૨૯] ‖ હસ્તી તરફ જઇ શકાય તેવાં રાદી કામ કરનારા=તરીકતના પાળનારાને,[૩૦] (જેઓ) ‖ અષો,[૩૧] ‖ અષોઇના[૩૨] ‖ સૃષ્ટી–ભુવનોની ચળવળો[૩૩] (–ગુબારોને લગતા છે, જોર આપનારા છે,) ‖ (તે તરીકતના પાળનારાઓને જેઓ અમલ કરી નેકી ઉભી કરાવવાની શરૂઆત કરવાના) દીવસે[૩૫] ‖ (અને બુરાઇઓને દુજીના પાસોને તોડવાના પ્રયોગો કરવાની શરૂઆતના રાતથી

શરૂ થતા દીવસોની) રાત્રે[૩૬] || યઝશ્નેમાં લવાયલી, ઉભી થયલી[૩૭] || જઓથ્ર=મુરાદી મીથ્રોથી[૩૮] || દખ્યુમના[૩૯] (અમર ગતીની વીદયા આપતી સંસ્થાના-અવીઝેહ વેહદીનની પાવ મહેલ, જે ગેનીથી મીનો લગી લંબાઇ છે, જે મીનોના અણદીઠ દખ્યુ લગી લંબાઇ છે તેના) || સરદાર, રદ-દસ્તુરની ગતીનો[૪૦] || યજનથી મેળાપ કરવા માટે,[૪૧] || વહમ=જવાબ મળે તેવી ભકિતથી મેળાપ કરવા માટે,[૪૨] (યસ્ન અને વહમ કરી રહ્યા છે તેઓને) || હું અંશો સહિત ધ્યાનમાં લઇ માંથ્રાને જોરે મળું છું[૩૪] || (એવા) દખ્યુના મીનોઇ અદ્રષ્ય ભુવનો લગીના વિસ્તારના[૪૩] || અષો[૪૪] || અષોઇના[૪૫] || સરદાર દસ્તુરને[૪૬] || હું અંશો સહિત ધ્યાનમાં લઇને માંથ્રને જોરે મળું છું.[૪૭] ||

(૮) અપાંમ નપાત[૫૨-૫૩]-[ (કે જે) પાણી[૫૨]=સુક્ષ્મ થતા અનાસરોને || મધ્ય નાભ, નુરી ગતી, નુરે-અહદ અને નુરે-કુલ્લી તરફ લઇ જનારી શકિત[૫૩] (છે, જે)] || ઘોડાની તેજીની માફક ઉરૂ કરાવનાર છે,[૫૪] || (જે) ખુલંદમાં ખુલંદ[૪૮] || પ્રકાશીત જ્ઞાન અને અમલના ચલકાટવાલા[૫૧] || ક્ષથ્ર અધીકાર રાખનાર[૫૦] || અહુરમઝદ તરફથી નેમાયલો સાહેબ[૪૯] (છે, તે) ને || હું અંશો સહિત ધ્યાનમાં લઇ માંથ્રને જોરે મળું છું[૫૫] || અષોઇ-વાળા[૫૮] || મઝદદાતનાં=નીસ્તી ઉભી કરતાર યઝતી કાયદાના[૫૭] || 'આપ' =પાણી=નીસ્તીની સૃષ્ટીની શકિતને અને તેનાં ચલણને[૫૬] || હું અંશો સહિત ધ્યાનમાં રાખી માથ્રનાં જોરે મળું છું.[૫૯] ||

**(૯) *થ્વાંમ આતરૅમ્ અહુરહે મજદાઓ પુથ્રૅમ્ અષવનૅમ્ અષહે રતૂમ્ યજમઇદે; હુદ-જઍાથ્રૅમ્ હુદ-અઇવ્યાઓંઘ્નહુનૅમ્ ઈમત્ બરૅસ્મ અષય ફ્રસ્તરૅતૅમ્, અષવનૅમ્ અષહે રતૂમ્ યજમઇદે; અપાંમ્ નપાતૅમ્ યજમઇદે; નઇરીમ્ સંઘ્નહૅમ્ યજમઇદે; તખ્મૅમ્ દામોઈશ્ ઉપમનૅમ્ યજતૅમ્ યજમઇદે; ઇરિસ્તનાંમ્ ઉરૂવાંનો યજમઇદે યાઓ અષઑનાંમ્ ફ્રવષયો.**

**(૧૦) *રતૂમ્ બૅરૅજન્તૅમ્ યજમઇદે યિમ્ અહુરૅમ્ મજદાંમ્; યો અષહે અપનોતૅમો, યો અષહે જઘ્મૂશ્તૅમો; વીસ્પ સ્પનાઓ જરથુશ્ત્રિ યજમઇદે; વીસ્પચ હુવરૂશ્ત શ્યઑથ્ન યજમઇદે, વરૂશ્તચ વરૅશ્યમ્નચ.**

---

* ફકરા ૯-૧૦ ની સમજ માટે જુઓ પાને ૧૨૨-૧૨૭ મે.

***યેંઘ્રહે હાતાંમ્ આઅત્ યેસ્ને પઇતી વંઘ્રહો,**
**મજ્દાઓ અહુરો વએથા અષાત્ હચા,**
**યાઓંઘ્રહાંમચા તાંસ્ચા તાઓસ્ચા યજમઇદે.**
**યથા અહૂ વઇર્યો ૨.**

**(૧૧) યસ્નૅમચ[1] વહ્મમચ[2] અઓજસચ[3] જવરૅચ[4] આફ્રીનામિ,[5] બૅરૅજતો[6] અહુરહે[7] નફ્દ્રેો[8] અપાંમ્,[9] અપસ્ચ[10] મજ્દદાતયાઓ.[11] અષેંમ વોહૂ ૧. ☞ અહ્માઈ રએશચ; હજંઘ્રૅમ; જસ મે અવંઘ્રહે મજ્દ; કૅર્ફેહ મોજ્દ.**

(૧૧) અપાંમ[8] નપાત[9] (અનાસરને મુકિત અપાવનાર, નુર તરફ લઇ જનાર) ‖ (જેવા) બુલંદ[6] ‖ ધણી સરદારની[7] ‖ મઝદદાત પ્રમાણે ચાલી રહેતી[11] ‖ પાણીના=સૃષ્ટીની[10] ‖ યસ્નને,[1] (ક્રીયાથી મદદ માંગનારને મદદે આવી મગવાની આતુરતાને), ‖ વહમને,[2] (એટલે જવાબ મળે તેવી કીધેલી પ્રાર્થના તરફ ખેંચાઇને દાદ લેવાની આતુરતાને) ‖ તેઓની અઓજની શકિતને,[3] ‖ (તથા) કુદરતમાં કામ કરવા તેઓ નેમાયા છે–સાધનરૂપ થયા છે તેવી તેઓની નેમણુકને[4] ‖ હું વખાણું છું, વાહ વાહ કરૂં છું.[5] ‖

## ઉજીરન ગાહના હમકાર “ફ્રાદત-વીર દખ્યુમ” વીષે ટુંક સમજ.

રપિથ્વન ગેહની તાવીલમાં આપણે જોયું કે આ તાપ તડકાનો વખત સ્થુળ તેમ સુક્ષ્મ બેઉ રીતે કામ કરનારો છે. ઇનસાનનો પોતાનો તેવો વખત ઇનસાનનાં રૂવાનની હુવીમાંથી ઉભો થઇને તે ઇનસાન ઉપર સુખદુખ લાવે છે, જે બેઉમાં નાસિપાસીજ રહે છે, કેમકે સુખમાં છકાઇ જવાઇને દીન ભુલી જવાય છે, અને દુખમાં નાસબર થઇને ફરયાદ કરતા થઇ જઇને નાસ્તીક જેવા થઇ જઇને ખોદાને આપણ બદનામ કરવા જઇએ છીએ, જાણે ખોદા તે દુખ ગેરઇનસાફથી આપતા હોય. આવા દુખ લાવતા વખતની ગતીને તરીપાર ઉતારીને તેની બુરી તએ જે સુખમાં દીન ભુલાવનાર છે અને દુખમાં નાસબરી Ungrateful કરાવનાર છે તેને ખરે રસ્તે–સ્પેન્તીને રસ્તે,–પોતાની ભલી ખેતી કરવાને રસ્તે મુકનાર ‘રપિથ્વન ગાહ’નાં આઝાદ વખતનો બગ અને તેની સાથનો બગ, “ફ્રાદત્-ફ્શુ” અને “જન્તુ” છે. ફ્રાદત્-ફ્શુ’નો બગ તે દુખી કે સુખી ઇનસાનનો વખત જે વહયો જાય છે અને જે વહયો જઇને પસાર થઇને તે ઇનસાન પાસેથી હમેશનો જઇને ઝરેહ કેયાંસેમાં ખેંચાય છે, તેને પછી ઝરેહ કેયાસેમાં ભલી તોરીક આપી, આરાસ્તગી આપીને, તેની મારફતે થઇ ગયલા ગુબારોની ભલાઇમાં ખીલવણી કરા-

* યેંઘહે હાતાંમની સમજ માટે જુઓ પાને ૪૭ થી ૫૦ મે.

વવામાં મદદ કરી આપે છે. ત્યારે '**ક્રાદત્-ફ્રુ**'ની શકિત ઇનસાનના બુરા વખતની ગુમ થતી અકકલમાં ભલી ખેતી થવાનો સામાન તૈયાર કરાવી આપે છે, જેથી તેમાં ખેરદ માન્યના ઉભી થશે. આમ માન્યતાવાળો તે વખત થઇને થયલા ગુનાહોની ખેતી કરીને ઇનસાન માટે ભલી આકેબત ઉભી કરાવી શકે છે અને તે ઇનસાન માટેનો ભલો વખત થઇ ઇનસાન ઉપર ભવિષ્યમાં ઉભો રહેશે આમ જ્યારે તે ઇનસાનનો ભોગવાઇ રહેતો વખત ક્રાદત-ફ્રુથી આરાસ્તગી ભલી ખેરદ પામે છે અને તે ઇનસાનની ઉપર ભલા વખત તરીકે ઉભો રહે છે ત્યારે પેલી બીજી '**જન્તુ**'ની શકિત તેની ઉપર રહેલો કેશાશ જોરથી પાડી રહે છે. પણ આ વખતે તેનો વખત તે ઇનસાનને શુક્ર ગુજારીથી ખમવાની તોફીક આપે છે. એમ **રપિથ્વન ગાહ** અને '**ક્રાદત્-ફ્રુ**' અને '**જન્તુ**' આ બધી શકિતઓ પોતાની જરવાનમાંથી ગાહોનો આઝાદ અષોઇવાલી રચનાનો વખત કાઢીને ઇનસાનેનો વખત જે ઇનસાનો ભોગવે છે તે 'વખત'ની કસરને દૂર કરીને ભલી ખેતી ઉભી કરાવવાનાં સાધનો પુરા પાડે છે. 'ઉજીરન' ગાહનો વખત '**ઉજીરન**'ના શકિત અને તે ઉજીરનના હમકારો '**ક્રાદત્-વીરૂ**' અને '**દહ્યુમ**'ની શકિતઓની ઝરવાનમાંથી થઇને આઝાદગી પામીને ક્ષથ્ર પામીને તે ગાહના વખત તરીકે દોડી રહે છે. ઉજીરન ગાહની તાલીમમાં જોયું કે એ આઝાદ વખત તરીપાર થતાં ઇનસાનો, મુકિત લગી જઇ રહેલા પણ મુકિતએ નહિ પુગેલાં ઇનસાનોને દોરવી રહે છે. જ્યારે એક ઇનસાન જન્મ-મરણના મારામાંથી રપિથ્વન અને ક્રાદત-ફ્રુ અને જન્તુની શકિતઓની મદદથી 'ખોદાશેનાશ' તરીકે થવાની ખેરદ ઉભી કરે છે, ત્યારે તે ઇનસાન દુન્યામાં ગરીબાઇ અને સખ્તી ભોગવી રહે છે, છતાંબી તેનાં દિલમાં દીન ઉપરનો એતેકાદ અને ક્ષ્નૂમની ખુશાલી તો રહે છેજ. જ્યારે આવો ઇનસાનનો વખત, કે જે તેની આવી ગતીઓથી થઇને તેને ચલાવે છે, તે ખતમ થઇને ઝરેહ કેયાંસેમાં સંકોચાય છે ત્યારે તે પસાર થયલા વખતને '**ક્રાદત્-વીરૂ**'ની શકિત મોટી નઇતીક હિમ્મત આપે છે, જેથી તે નવો વખત તે ઇનસાનના તે ગુઝસ્તે પસાર થયલા વખતથી થઇ રહેલા ગુનાહોને પકવીને ઇનસાન ઉપર ભવિષ્યમાં 'હિમ્મત'ની ગતી ઉભી થાય તેવી રીતનો થઇને ઉતરી રહેશે. ત્યારે '**ક્રાદત્-વીરૂ**'ની શકિત ખોદા-પરસ્ત ઇનસાનોમાં '**વીરૂ-હોશ-ખેરૂદ**' હાંસલ કરવાનું જોમ અને તેને માટે તરીકત પાળવાની બુર્દબારી (સબુરી) અને નઇતીક હિમ્મત આપી રહે છે. આમ જ્યારે ઇનસાન પોતે નઇતાકનો સાચ્ચો અને વીર્યને તપાસનારો થઇ રહે છે, કે પછી '**દહ્યુમ**'ની શકિત તેને ઇલ્મે-ક્ષ્નૂમનું જ્ઞાન આપીને દીની અમલનો માહેતગાર બનાવી રહે છે. એમ જ્યારે ઉજીરનની શકિત ઇનસાનના વખતને ભલે છેડે પુગાડીને પોતાની સાથના

'ફ્રાદત્-વીર'થી તેમાં દ્રઢતા, મકકમતા, સફેદ બાજુ ઉપરની ફિદાગીરી, વીર-હોશ-ખેરદની ગતી અપાવી રહે છે ત્યારે 'દખ્યુમ'ની શકિતનો મદદ કરવાનો વારો turn આવે છે જે શકિત પછીથી રોશન ખેરદવાળી 'ક્ષ્નૂમ'ની ગતીનું ભલું નસીબ ઉભું કરાવે છે. ત્યારે ફ્રાદત્-વીર અને દખ્યુની શકિતઓ તરીકત ઉપરનાં સાચ્ચાં ઇનસાનની ગમે તેવી બુરી તબઇના બુરા વખતને ભલે છેડે લઇ જવા મદદગાર થઇ રહે છે. આપણે આગળ ચાલતાં ઉષહિન ગેહને છેડે આપેલી નોંધમાં જોઇશું તેમ, દરેક ગાહનો વખત આઝાદ વખત છે, અને ઇનસાનનો વખત સંજોગ આધીનનો, પરતંત્રતાનો છે. ઇનસાન જો તદદન કેશાશી દુન્યવી હોય છે તો તેનો વખત તેને દુન્યવી સુખથી છકાવી નાંખે છે, કે દુખથી નાસબર બનાવી નાંખે છે. આવા વખતની સદગતી કરનાર રપિથ્વનના આઝાદ-ગાહ અને તેના હમકારો 'ફ્રાદત્-ફ્ષુ' અને 'જન્તુ' છે, જેઓ તે વખત કે જે પસાર થઇ જઇને ઝરેહ કેયાંસેમાં રહયો છે તેને ભલાઇ તરફ આઝાદગી તરફ જવાની ખેરદ આપી રહે છે. આવો વખત જયારે તે ઇનસાનને પાછો બીજા જન્મમાં આવી મળશે ત્યારે તે ઇનસાન ઉપર ભલા વખત તરીકે ઉતરી રહેશે. પણ ઇનસાન જો થોડો કેશાશી હોય છે અને ખોદા ઉપર એતેકાદ રાખનાર હોય છે, તો તેનો વખત તેને સબર કરતા શીખવે તેવોજ ઉગી રહે છે. આવા વખતને ઉઝીરીન ગાહના આઝાદ વખત અને તેના હમકારો ફ્રાદત-વીર અને દખ્યુ ધીર્યતા, હિમત, નઇતીકની સચ્ચાઇ, વીરઘાતની તકેદારી કરવા જેવો બનાવીને પછી દખ્યુમની શકિતથી ઇલ્મ અને અમલ લાવી આપે તેવી તવંગરીનો બનાવી રહે છે. દરેક ઇનસાન પછી ગમે તે વર્ણ-જીરમ-દીનનો હોય તેની ઉપર વખત તો તેની પાપવૃત્તી કે સવાબવૃત્તીમાંથી ઉભો થઇને ઉતર્યાજ કરે છે. આવા ઉભા થતા તેના વખતને ગાહોનો વખત પછીથી પ્રસંગોપાત રીતે દોરવી રહે છે. વખત જે કંઇબી ભોગવટો કરાવીને ખતમ થાય છે તે કંઇ નાશ પામતો નથી. ના, તે તો છેજ, તેનું ત્યાર પછીનું રહેઠાણ ઝરેહ કેયાંસેમાં થાય છે. ઝરેહ કેયાંસેમાં ત્યારે આ ગાહો અને તેના હમકારો તે ગુઝસ્તે વખતને તેની લાયકાત પ્રમાણે દોરવી રહે છે. જો તે વખત બપોરના ભેદનો કેશાશી હશે તો તેને રપિથ્વન તેના હમકારો દોરવશે. જો તે વખત સાંજના શીતળ છાંયાનો એતેકાદવાળા ભલા પુરૂષનો હશે, તો તેને ઉઝીરન ગાહ અને તેના હમકારો દોરવી રહેશે. તે વખત જે ભોગવાઇ ગયો તેને દોરવવા પહેલે આ ગાહોના હમકારો તે વખતને ઝરેહ કેયાંસેમાં આરાસ્તગી ખેરદ આપીને તે વખતને તે ઇનસાનના ગુઆરોને ખીલવનાર તરીકેના પુણ્ય બનાવાને તેનાં ખેરદ મારફત ઇનસાન ઉપર પાછો અને પાછો ઉતરાવ્યા કરાવશે કે પછીથી આખરે ભલાઇને છેડે તે વખત પુગીને આઝાદ થઇને

તે ઇનસાનના ખોદામા મળી શકે–આ બધું થવામાં લાંબો યુગ અને અનેક જન્મો પસાર થાય છે. એક બસ્તે કુશ્તીઆન પોતે ગમે તેવા બુરા સંજોગોમાં હોય પણ જો પતેત મહેર કરીને માંથ્રાને ભણે ગાહોને ભણે તો તેની ઉપર પસાર થતો વખત તે ગાહોથી એક જીંદગીમાં એવી આગરતીગી પામી શકે કે તેની ઉન્નતી જલદીથી થઇ શકે. એવીજ રીતે અન્ય-દીનોની તેવી તરીકતો અન્ય દીનવાળાએ ને દોરવે તેના ભેદ સાથે આપણને કામ નથી. આમ ત્યારે ગાહના હમકારો જે જુદા જુદા છે તેઓના તેવા જુદા જુદા પ્રસગોપાત કામો છે. એમ છે માટેજ ગાહોના જુદા જુદા હમકારો જુદી જુદી ગાહોમાં કામ કરતા ચિતારેલા છે.

## અઇવિસ્રૂથ્રેમ્ ગેહ.

(૧) ક્ષ્નઑથ્ર[૧] અહુરહે[૨] મજદાઓ.[૩] અષેમ વૉહૂ ૩. ફ્રવ-રાને[૪] મજદયસ્નો જરથુશત્રિશ[૫] વીદએવો[૬] અહુર-ત્કએષો.[૭] અઇવિસ્રૂથ્રમાઇ[૮] અઇબિગયાઇ[૯] અષઑને[૧૦] અષહે[૧૧] રથ્વે,[૧૨] યસ્નાઇચ[૧૩] વહ્માઇચ[૧૪] ક્ષ્નઑથ્રાઇચ[૧૫] ફ્રસસ્તયએચ;[૧૬] ફ્રાદત્-વીસ્પાંમ્-હુજયાઇતેએ[૧૭] જરથુસ્ત્રોતૅમાઇચ[૧૮] અષઑને[૧૯] અષહે[૨૦] રથ્વે,[૨૧] યસ્નાઇચ[૨૨] વહ્માઇચ[૨૩] ક્ષ્નઑથ્રાઇચ[૨૪] ફ્રસસ્તયએચ;[૨૫]

(૨) અષાઉનાંમ[૨૨] ફ્રવષિનાંમ[૨૭] ઘૅનાંનાંમચ[૨૮] વીરો-વાંથ્વ-નાંમ,[૨૯] યાઇસ્યયાઓસ્ચ[૩૦] હુષિતોઇશ,[૩૧] અમહેચ[૩૨] હુતાશ્તહે[૩૩] હુરઑદહે,[૩૪] વૅરેથ્રઘ્નહેચ[૩૫] અહુરદાતહે,[૩૬] વનઇન્ત્યાઓસ્ચ ઉપરતાતો,[૩૭] ક્ષ્નઑથ્ર[૩૮] યસ્નાઇચ[૩૯] વહ્માઇચ[૪૦] ક્ષ્નઑથ્રાઇચ[૪૧] ફ્રસસ્તયએચ;[૪૨] યથા અહૂ વઇર્યો[૪૩] જઑતા[૪૪] ફ્રા મે[૪૫] મ્રૂતે,[૪૬] અથા રતુશ અષાત્ચિત્ હચ[૪૭] ફ્રા અષવ[૪૮] વીદ્વાઓ[૪૯] મ્રઑતૂ.[૫૦]

(૧) અહુરમઝદની[૨-૩] ‖ ખુશાળી થવાની મારફતે વધતી રહીને દાદારની ફત્તેહ-જય થજો![૧] ‖ હું મઝદયસ્ની ઝરથોશ્તી[૫] (છું). ‖ દએવથી વીરૂધનો,[૬] ‖ અહુરાના કાયદાવાળો[૭] (એટલે ઘટતીથી દુરનો, પણ ગેતીમાં વૃદ્ધી થાય એમ વર્ત્તન કરનારો છું.) ‖ અઇબિ-ગય નામની જીંદગીને ટેકવીને પાસબાની કરતી શકિતવાળા,[૯] ‖ અઇવિસ્રૂથ્રેમના[૮] (એટલે આખો વખત માંથ્ર ભણીને કુદરતનો નાદ સમજવાની ગતી રાખતા ‖

અષોઇની રચના સાથની સીમાવાળા,[10] || આઝાદગી આપતી અષોઇની[11] || સરદારીવાળા આઝાદ વખતમાં[12] || રાથ્વી-જોતી બેઉ જણથી થતી યસ્ન જે યઝનોની યસ્નનો નમુનો છે તેમાં લીન્ન રહીને યઝતોને તેઓનાં કામમાં મદદ આપવા માટે,[13] || જવાબ મળે તેવી યશ્ત-ન્યાયશનાં ભણતરોવાળી ભકિતમાં રહી યઝતોને તે ભકિતનું પરિણામ અર્પણ કરવા માટે,[14] || અને તેથી અહુરાની ખુશાળી થઇ રહે તેવું વર્ત્તન કરવા માટે,[15] || કુદરતમાં ભલાઇ કઇ રીતે વધારી શકાય તેની તોફીક લેવા માટે,[16] || (એટલે જગતની વૃધ્ધી થવા માટે હું દુઆ કરૂં છું.) || **'ફ્રાદત-વીસ્પ-હુજયાઇ'**ની ગતીને લગતું[17] (એટલે તમામ ચીજોની વૃધ્ધી થાય માટે રોશન ફેલની અકકલ વાપરી શકાય તેવું જીવતર પેદા પડે તેવું કરાવવા શરીરના અંગોને ઉંઘની આસાએશ આપવી જોઇએ, માટે તેવી આસાએશ આ રોશન ફેલ કરાવનાર શકિતને લગતું કામ એટલે ઉંઘમાં જીંદગીને ટકવીને શરીરને તાઝે કરવાનું અને અહીરીમન જે નાશ લાવવા માંગે છે તેને રોકવાનું કામ કરવાના, તેમજ) || ઝરથુસ્ત્રોતેમોને લગતું[18] (એટલે રાત્રીમાં અહીરીમનનો દોર ચાલે છે, જે અહીરીમન પોતાની સત્તાની રૂએ અસ્તોમંદ ગેતીનો નાશ કરવા માંગે છે, એવા બીદાદગર અહીરીમનની સામે થવા 'ઝરથુસ્ત્રોતેમો' રાત્રે અઇવિસ્રૂથ્રેમની ગતીનો અને અઇબ્ગિ-ગયની ગતીનો લાભ લઇને બહાર પડે છે અને અહીરીમનને પોતાના આખી રાતના અમલને જોરે રોકે છે એવું) મહાન કામ કરવાના || અષોઇની રચના સાથની સીમાવાળા,[19] || આઝાદી અપાવતી અષોઇના સરદારીના[20] || આઝાદગી આપતા વખતમાં[21] || યઝતના જેવી યસ્નની બંદગી, જોતી-રાથ્વીના ભેદની બંદગી કરી યઝતી ગતીને અર્પણ કરવા માટે,[22] || જવાબ મળે તેવી ભકિત, યશ્ત-ન્યાયશ ભણવાની ભકિત કરી યઝતોને અર્પણ કરવા માટે,[23] || (અને તેથી) અહુરાની અને ગેહમાં કામ કરનારાઓની ખુશાળી થાય, તેઓને તેઓનાં કામમાં મદદ મળે તેવું વર્તન કરવા માટે[24] || એમ હમેશ કરી રહું તેની તોફીક મેળવવા માટે[25] || (હું દુવા કરૂં છું.)

(૨) (જે નવ) ગેના રૂપની અત્તી ખુબસુરત ઓરત રૂપની[28] || (છે, જેણીઓ) વીરો-વાંથ્વની[29] (છે એટલે વીરની ગતીવાળા બદીની સામે થઇને તોડી શકે તેવી ગતીવાળા **'ન-ના'** ના ટોળાની મદદગાર છે, તેવી તેઓની) || યઝતી ગતીને લગતી અપાઉનામ[26] ફ્રવષીઓની[27]* શકિતની ||

---

* ફ્રવષી=તારો જે હોકમ હોય તેજ કરવાનો મારો ધર્મ છે એવો મુદ્રાલેખ રાખતી શકિત, તે ફ્રવષી છે. અહૂએ જ્યારે સૃષ્ટી-રચનાની શરૂઆતમાં **'બઈર્ય'** કાઢયો, ત્યારે તે એક મહાન શકિત રૂપનો થઈને ઉભો, જેને **અગાન**

**(ફુટનોટ માટે જુઓ પાને ૧૪૫ મે).**

અને '**હુષિતી**'=નેકી પંથરાય તેવી ગોઠવણ રાખનાર, **નેમેલે વખતે કામ** કરતી, અને તેવે નેમેલે વખતે ભલા સંજોગો ઉતારી રહેવા કામ કરી રહેતી[31] ||

---

(પાને ૧૪૪ મે થી ફુટનોટ ચાલુ).

**અહુનવઇર્ય** કહે છે. દાદારનો આ હોકમ વઇર્ય તરફ અને તેને **બજાવનાર** શક્તિ અહુનવઈર્ય તરફ ગુહ્યમાં ગુહ્ય રીતે તે વઈર્યના નાદમાંથી ઉભી થતી શકિતએ સંપુર્ણ તાબેદારી, આરમઇતીના ગતી બતાવી, જેમાં તે અહૂના આશીશો ઉતર્યાં, જે ત્યારે **ફ્રવષી** તરીકે એટલે તે અહૂની તાબેદારીની શકિત તરીકે ગણાઈ. આમ અહુનવઇર્ય અને **ફ્રવષી** બેઉ અહૂની મુનાદીમાંથી થયા, જેઓ અહૂના જેવા છે; જેમાં '**અહૂ અક્જયચ્ન**' વસેલો છે રૂવાનોએ જ્યારે અહૂ તરફ પુર્ણ તાબેદારી બતાવીને તેવી તાબેદારી કરીને એક કેરદાર ઉભી કીધી, ત્યારે તેમાં અહૂએ **ફ્રવષી**ના આશીશો ઉતારીને તે કેરદારને **ફ્રવષી**ના જેવી બનાવી. એમ ત્યારે **ફ્રવષી** એક ખુબસુરત કેરદાર-ઓરતરૂપમાં, ઘેનારૂપમાં લેખાઇ છે, જેણી જ્યાંબી ભલી અત્યંત તાબેદારીની રૂયે ઉભી થાય, ત્યાં ત્યારે તુરતજ કુદરત ઉભી કરીને કામ કરવા મંડી જાય છે. **ત્યારે ફ્રવષી ત્યાં ઉભી થાય, કે જ્યાં અહૂ પ્રત્યેની અત્યંત તાબેદારી થઈ હોય. અહૂની અત્યંત તાબેદારી કરવાથી તેમાં ફ્રવષીની** એટલે **પઓઇર્ય ફ્રવષિ=સપ્પર પહેલી થયલી ફ્રવષિના જેવી શકિત પેદા પડે છે.** માટે યઝશ્નેના હા ૬૩ માં કહે છે કે '**અષઑનાંમ્ ઉરૂનસ્ચ ફ્રવષીમ્ચ યજ્મઇદે**' : **ઉરૂનસ્ચ**=બધાં રૂવાનો '**અષોનાંમ**'=અષોઈની ભલી કેરદારને લગતાં થઇને '**ફ્રવષીમ**'=તે કેરદારમાં **ફ્રવષી**ની ગતી ઉભી કરે તેવી **ફ્રવષી**ની ગતીવાળા (થાય), તેઓની સાથે હમો એકતાન થઇએ છીએ. હયાં '**ઉરૂનસ્ચ**' બહુવચનમાં છે. અને '**ફ્રવષીમ**' એકવચનમાં છે, એટલે કહે છે કે બધા રૂવાનો અષોઇની ગતી-કેરદાર ઉભી કરીને તે કેરદારમાં **ફ્રવષી**ની ગતી ઉભી કરે હયાં **ફ્રવષી** શબ્દમાં અત્યંત તાબેદારીથી થતી શક્તિ જે અહૂના આશીશ રાખે છે, તેવી શકિતનો અર્થ આપેલો છે જેઓ **ફ્રવષી**નો આવો ફનુમીક ભેદ સમજતા નથી તેઓ એમ કહેવા લલચાય છે, કે હયાં બહુવચનના રૂવાન શબ્દની સાથે એકવચનની **ફ્રવષી** લખેલી છે, તે ગ્રામરથી ઉલટું છે પણ આવો અભિપ્રાય અવસ્તાના લોઘતોની અજ્ઞાનતામાંથી ઉભો થાય છે. આમ ત્યારે **ફ્રવષી**ને '**ઘેના**' જેવી અને '**વારો-વાંથ્વ**'=વીરના ટોળાવાળી એટલે અત્યંત શકિતવાળી, તરોમઇતીને તોડનારી કહી છે **જયારેબી એક ઇનસાન સંપુણ તાબેદારી કરીને પોતાના અનુએ અનુમાંથા અહૂના તાબેદારીનો નાદ કાઢીને ભલી કેરદાર જીવતી જાગતી વાત કરતા ઉભી કરે, ત્યારે તેમાં પઓઇર્ય=સપ્પર પહેલી થયલી ફ્રવષીનો આશીશ ઉતરે છે, જેને ફરોહર કહે છે, જે અષઓનાંમનું ગણાય છે** પણ યઝતી ગતી ઇનસાન કરતાં ઘણીજ પુન્યવંતી છે, માટે તે યઝતની અહૂ પ્રત્યેની તાબેદારી ઈનસાન **કરતાં**

**(ફુટનોટ માટે જુઓ પાને ૧૪૬ મે).**

**'યાઇર્ય'**ની શકિત[૩૦] (જે ખોરદાદનો હમકાર છે, અને જે વર્ષના દોરને ઉભો કરે છે, જેને પણ તેજ યાઇર્યનું નામ આપેલું છે, અને જે દીન-રાત્રીના એક થવાના વખતથી શરૂ થાય છે અને તેવાં વર્ષમાં અવસરો ઉતરે છે જેને યાઇર્યના અવસરો કહે છે, એમ કરનાર શકિત અને તેના તેવા મુબારક અવસરો)ની ‖ ખુશાલી થવા માટેની મારફતો એટલે સ્તુતીઓ[૩૮] (કરવા લાયક ઠકુ એમ હું દુઆ કરૂં છું, તેવી સુબુદ્ધી માંગું છુ). ‖ **'હૂ'** નો બનેલો, **'હૂ'** એટલે તે એક સાહેબનાં **તે**પણાંની જાતવાળો, કંઇબી કચાસ વગરનો, દરેકને તેવે છેડે લઇ જનારો,[૩૩] ‖ **'હૂ'** તે એક સાહેબનાં **તે**પણાંની જાતનો પ્રભાવ બતાવનાર, સત્યની ગતી રાખતા, સત્ય-સંગ પાંથરે તેવા ચહેરાના આબવાળી એટલે ચહેરાના આબ-અસરથી સામામાં સત્યસંગ જમાવે તેવી,[૩૪] ‖ **અમ**ની યઝતી શકિતની[૩૨] ‖ ખુશાલી કરવાનાં સાધનો એટલે સ્તુતીઓ[૩૮] (કરવાની સુબુધ્ધિ માંગુ છું) ‖ અહુર-દાતવાલા એટલે મોક્ષની ગતી=ઝરથોશ્તી ગતીએ પુગાડવાના કાયદાવાળા[૩૬] ‖ એહરામ યઝતની,[૩૫] ‖ મારીને ભલાઇમાં બદલવામાં કે પ્રેમથી સત્યસંગ અપાવવામાં એકલી બીનહરીફ **'વનઇન્તી ઉપરતાત'**[૩૭] (હવસોને જીતી પાપોને તોડીને જીત અપાવવામાં બીનહરીફ તેમ પાપવૃત્તીને ખરા યઝતી પ્રેમથી જીતી સત્યસંગ તરફ લઇ જવામાં બીનમુન એમ જીંદગીને તરાવી અપાવનારાઓમાં એકકા) ની ‖ ખુશાલી થવા માટેનાં સાધનોવાળી સ્તુ-

---

(પાને ૧૪૫ મે થી ફુટનોટ ચાલુ).

અતી વધુજ હોય, માટે યઝતની નેક કેરદારમાં ફ્રવષીના જે આશીશ ઉતરે તેઓ વધુ પ્રબળ હોય છે આવા આશીશવાળી કેરદારમાં ઈનસાને કીધેલી તેવી કેરદાર કરતાં અતી વધુ તેજી હોય છે. માટે તેવી યઝતી ગતીની તેજીવાળા ફરોહરને **'અષાઉનાંમ ફ્રવષી'** કહે છે-પેલા અષોનાંમની વૃધ્ધીનું રૂપ, ઘણા-પણાનું રૂપ, જે અષાઉનાંમ છે, તે વાપરે છે. હયાં **'ઘેનાનાંમ્ચ વીરો-વાંથ્વા-નાંમ'** શબ્દોમાં ખાલી પહેલવાની ટોળાની બાઇઓની ફ્રવષી એમ જો અર્થ હતે, તો **'અષોનાંમ ફ્રવષીનાંમ'** લોધત વપરાતે. પણ અહીં વપરાયલો **અષાઉનાંમ** લોધત કહે છે કે હયાં ઉસુલ **ફ્રવષી, ઘેના**નો ચીતાર અપાયો છે. **અષાઉનાંમ** શબ્દ ગ્રામરના કાયદામાં જણાવેલી વૃધ્ધીના રૂપનો છે **અષ-ઓનાંમ**ની વૃધ્ધી **અષાઉનાંમ** છે, માટે **અષાઉનાંમ્** શબ્દ વૃધ્ધીમાં આગળ વધતી યઝની ગતી માટે છે **અષાઉનાંમ ફ્રવષી એટલે યઝતોની સંપુણ તાબેદારીની કેરદારો હરહમેશ વારોને** મદદ કરે છે તે જાણીતું છે. વળી હપ્તન યશતના ચોથા કરદામાં ફ્રવષીની નવ ગેના કહી છે, જે વિષે જુઓ આ લેખકની **નીકીઝે વેહદીન** પુ. ૨, પાના ૬૬૫-૬૬૭. હયાં ત્યારે યઝતી ગતીનો ચીતાર છે; ઇનસાનોની ગતીનાં ફરોહરોનો ચીતાર નથી તે નોંધવું.

તીઓ[38] (કરવા કાએલ લાયક હું એમ દુઆ કરૂં છું. આવી સ્તુતી જે) ‖ યસ્નની યઝતી રીતે જોતી–રાથ્વીના ભેદમાં રહીને મેળાપ કરીને સામાને પુન્ય આપવાની છે તે કરવા,[39] ‖ યશ્ત–નીઆએશની ભકિતઓ જે જવાબ મેળવી આપે તેવી છે તેમ કરીને પુન્ય આપી શકાય છે તે કરવા,[40] ‖ તેઓની એવી રીતે ખુશનુદી કરવા,[41] ‖ અને એમ હમેશ કરી રહેવા તેઓથી તોફીક મેળવવા[42] ‖ (હું દુવા કરૂં છું, માટે) ‖ અએ ઉસ્તાદ જોતી ![44] ‖ યથાનો ભેદ[43] ‖ પુન્ય કરીને અર્પણ કરવામાં આગળ વધવા માગતા મને[45] ‖ કહે–શીખવ,[46] (કે જેથી) 'અથા રતુશ અષાત્‌ચિત્'નો ગુહય ભેદ[47] ‖ તે અષોઇમાં આગળ વધનો અને બીજાને વધારી રહેતો[48] ‖ વીદવાન[49] ‖ જાહેર કરશેજ,[50] (જેથી ઉપલી દુઆઓ ફળશે). ‖

**(૩) †અહુરેંમ મજદાંમ અષવનેંમ અષહે રતૂમ યજમઇદે; જરથુશ્ત્રેંમ અષવનેંમ અષહે રતૂમ યજમઇદે; જરથુશ્ત્રહે અષ-ઑનો ફ્રવષીમ યજમઇદે; અમેંષ સ્પેંન્તે અષઑનાંમ યજમઇદે.**

**(૪) †અષાઉનાંમ વંઘ્હઉહીશ સૂરાઓ સ્પેંન્તાઓ ફ્રવષયો યજમઇદે, અસ્તવતો મનઘ્યાચ અપનોતેંમેંમ રથ્વાંમ યજમઇદે, યએતુશ્તેંમેંમ યજતનાંમ હંઘ્હનુશ્તેંમેંમ અષહે રથ્વાંમ અઇવિ-નસાંસ્તેંમેંમ, જધમૂશ્તેંમાંમ અષઑનો અષહે રથ્વો, રતુક્રિતીમ યજમઇદે.**

**(૫) અઇવિસ્ત્રૂથ્રેંમેંમ[1] અષવનેંમ[3] અષહે[4] રતૂમ[5] યજ-મઇદે;[6] અઇબિગાઇમ[6-1] અષવનેંમ[6-2] અષહે[6-3] રતૂમ[6-4] યજમઇદે;[6-5] થ્વાંમ[7] આતરેંમ[8] અહુરહે મજદાઓ[9] પુથ્રેંમ[10] અષવનેંમ[11] અષહે[12] રતૂમ[13] યજમઇદે;[14] અસ્મન[15] હાવન[16] અષહે[17] રતવો[18] યજમઇદે;[19] અયંઘ્હએન[20] હાવન[21] અષહે[22] રતવો[23] યજમઇદે;[24] હદ-જઑથ્રેંમ[25] હદ-અઇવ્યાઓંઘ્હનેંમ[26] ઇમત્[27] બરેંસ્મ[28] અષય[29] ફ્રસ્તરેંતેંમ[30] અષવનેંમ[31] અષહે[32] રતૂમ[33] યજમઇદે;[34] આપ ઉર્વઇરે[35] યજમઇદે;[36] અઑઉર્વતાંમ[37] ઉરૂને[38] અષવ-નેંમ[39] અષહે[40] રતૂમ[41] યજમઇદે.[42]**

(૫) અષોઇની રચનાની સીમાવાળા,[3] ‖ આઝાદી આપતા અષો-ઇના[4] ‖ સરદારીના[5] ‖ અઇવિસ્ત્રૂથ્રેમની[1] આઝાદ ગતી રાખતી રાત્રીના

† ફકરા ૩–૪ ની સમજ માટે જુઓ પાને ૧૧૯–૧૨૦ મે.

વખતની શાકત સાથે || હમો એકતાન થઇએ છીએ.[૬] || અપો[૬-૨] || અપો-ઇના[૬-૩] || સરદાર[૬-૪] || **અઇબિ-ગય,**[૬-૧] (જે રાત્રીમાં ઉંઘના એફ્રામ ઇનસાનનો જીવ ટેકવે છે, એટલુંજ નહિ, પણ તેઓને બીજે દીને રોશન ફેલનું કામ કરવાનું જોમ વધે એવા તાજા કરે છે, અને અહીરીમન, જે ઉંઘમાં તેઓનો નાશ લાવવા માંગે છે. તેની ફનને રદ કરે છે, એમ રાત્રીના વખતમાં કામ કરતી તે શકિત) || સાથે હમો એકતાન થઇએ છીએ[૬-૫] || અપે[૧૧] || અપોઇના[૧૨] || સરદાર[૧૩] || **આતરો અહુરહે મઝદાઓ પુથ્ર**[૮ ૯-૧૦] (એટલે) અહુરમઝદના[૯] || પુત્ર ફરમાન-બરદાર, કયાસને બાળીને સમુ કરનાર[૧૦] || આતશ[૮] (જે નવમાં આસમાનનો એટલે કુલ જગતનો પાયો છે, જે કુલ જગતને વિસ્તાર કરી આપીને ટેકવી રહેતી ગતીઓનો જમુઅ છે, જેને ભેદી મીનો આતશ કહે છે એટલે તે સાહેબની આગળ લઇ જવા માટેનું સાધન તરીકે ઓળખે છે, જે અઇવિસ્રૂથ્રેમ ગેહની શકિતઓને મદદ કરે છે, તેઓને ગતી આપી રહે છે,) || તુંને[૭] || ધ્યાનમાં લઇએ છીએ, તારી સાથે હમો એકતાન થઇએ છીએ[૧૪] (રાત્રીમાં અહીરીમનનો ઇલાકો છે, જે પોતાની સત્તાની રૂયે ગેર ઇનસાફી થઇ તનોમંદ ગતીઓના નાશ લાવવા માંગે છે જેની સામે ઝરથુસ્ત્રોતેમો અને મોટા આબેદો અઇવિસ્રૂથ્રેમની શકિત અને બીજી હમકાર શકિતઓની મદદ લઇને થાય છે-આ અષવનો આ વખતે ત્રણ અને પાંચ બરસમવાળી અને પથ્થર અને લોઢાંના ભેદની હાવનીમના આલાતોને કામે લે છે, જેઓ (યને આલાતો) તે અષવનોને અઇવિસ્રૂથ્રેમની શકિતઓનો મેલાપ કરાવીને અહીરીમનની સામે થવા મદદ આપે છે, માટે હવે ભણનાર તેવી હાવનીમ અને બરસમના મોતેબર આલાતેને યાદ કરી તેઓની પ્રસંશા ગાય છે, માટે ભણે છે કે) અપોઇના[૧૭] || સરદાર[૧૮] (જએથ્ર=આલાત) || (જે) હાવનીમ[૧૬] || (છે, જે) || પથ્થર[૧૫]† || (ની ગતીના ભેદમાં છે તે)

---

† **પથ્થર અને લોઢાંની હાવનીમઃ**—યસ્તનો બાબ ઘણોજ વિશાળ હતો. દરેકે દરેક માંથ્ર-મીથ્ર, જે અહુરમઝદના ચાલી રહે છે તેઓને લગતી યસ્ન રહે છે, જે બધાંની નકલ ઝરથુસ્ત્રે કરીને ગેતીમાં બતાવી હતી. આજે યઝશ્નેની ક્રીયા જે થાય છે, તેમાં જુદી જુદી રીતની યઝશ્ને કરતાં જુદી જુદી સંખ્યાના તાએ બાંધીને એક **બરસમ**નો આલાત ઉભો કરે છે, જેમાં ક્રીયાનાં કેહર્પનો અમલો ઉભો કરવાની ગતી રહે છે. આજે **એક બરસમ** ઉપર ક્રીયા થાય છે, પણ કદીમ સત્ય યુગના બરજસી જમાનામાં ૩-૫-૭ વગેરે બરસમોથી ક્રીયા થતી હતી **ગુજરેલાંનાં નીવારણ સારૂ તો એક બરસમની ક્રીયા બસ છે.** પણ કુદરતમાં જે મહાન બનાવો બને છે તેઓને પુગી વળવા મોટા અષવનો ૩-૫ બરસમથી ક્રીયા કરતા હતા. આ ક્રીયાઓ ત્યારે

(ફુટનોટ માટે જુઓ પાને ૧૪૯ મે).

ની સાથે એકતાન થઇએ છીએ[૧૯] ‖ અષોઇના[૨૨] ‖ સરદાર[૨૩] ‖ (જઓથ્ર= આલાત=યઝત વસેલી હાલત જે) હાવનીમ[૨૧] (છે, જે) ‖ લોઢાં[૨૦] ‖ (ના ભેદમાં છે, તે)ની ‖ સાથે હમો એકતાન થઇએ છીએ.[૨૪] ‖ આ[૨૭] ‖

---

(પાને ૧૪૯ મે થી ફુટનોટ ચાલુ)

તદનજ જુદી રહેતી હતી, જેની સરખામણી આપણી યઝશ્નેની ક્રીયા સાથે થઇ શકે નહિ કુદરતની અંદર બની રહેતા મહાન બનાવોને પુગી વળવાની અનેક ક્રીયાઓ આમ અનેક **બરેસ્મન**થી થતી હતી, જેમાં **'અયંઘહએન હાવન'** અને **'અસ્મન હાવન'**=લોઢાંના અને પથ્થરના ભેદની હાવનીમો જુફતાવી આલાતો તરીકે આવતી હતી. પથ્થર અને લોઢાંના ભેદમાં ઉંડાણમાં જવાનો આ મોકો નથી. પણ નોંધવું કે પેગામ્બર સાહેબના હાથમાં જે નવ ગરેહની લાકડી હતી, જેને **આસા** કહેતા, તેમાં અસ્મનની માફક, પથ્થરની માફક મારીને સુધારવાની ગતી હતી, જેને **વંદીદાદ** પરગર્દ ઓગણીસમાં યાદ કીધી છે. પથ્થરની હાવનીમ અસરે-રોશનીની ગતીઓ સાથે હમ-કલામ થવાની પાવ ગતી ઉભી કરી શકતી હતી જેની સીમામાં દએવ કદીણી ધુસી શકતો હતો નહિ, પણ અથડાઇને ગવમાં ફેરવાઇ જતો હતો. મોટી આફતોના ગુબારોની દીવાલને તે પથ્થરની હાવનીમની ગતી તોડવાનું જેમ અને હિકમત રાખતી હતી. અયઘહન લોઢાની હાવનીમ **'અયંઘહે કેહર્પ'**ના ભેદ, જે ફરવરદીન યશ્તમાં છે, તેવી હાલત ઉભી કરી શકતી હતી, એટલે બુરાઇને સંઘરીને-મારીને ભલાઈમાં બદલી શકતી હતી. આવી અયંઘહની થયલી સીમામાં દએવને લલચાવીને ઘેરવાની તદબીર હતી, કે જેના ઘેરામાંજ તેની કઝા આવી જતી હતી. દ્રુજીના ગુબારો કે જેથી આફત આવવાની હોય તેને ઘેરવાની અને પુરા પડવાની મકદુર તે લોઢાંની હાવનીમની ગતી રાખી શકતી હતી આવી હાવનીમોની આસપાસ જે યઝતી ગતીઓ રહીને કામ કરતી હતી તેઓને જોશ મળતો હતો, જેથી તેઓ કુદરતના મહાન બનાવોને ભલાઇને છેડે લઇ જવામાં સવળતા મેળવી શકતી હતી નવ કશના અષવનો એટલે અખુટ ગતીના યઝતી નરો આવી મહાન યસ્નો કરીને કુદરતની સફેદ બાજુને મદદ કરી શકતા હતા. **તેઓ અઇવિસ્રૂથ્રેમ ગાહમાં આવી ક્રીયાઓ કરવાથી થતી ગતીનો જોશ રાખીને ઉસ્તવાર રહેતા હતા** અને અહીરીમનની ફનને પછી પેલી યસ્નને જોરે દુર કરી શકતા હતા. આવી મહાન મતલબવાલી હાવનીમના જુફતાવી આલાતોને, હયાં, ત્યારે, અહીરીમનની સામે થવાની તેઓમાં ગતી છે જેથી અહીરીમન હેઠો પડે છે તેટલા માટે યાદ કીધા છે. આથ્ર પુથ્ર અહુરમઝદ જે યઝતોનો આતશ છે તે યઝતોને મદદ કરનાર આવી જુફતાવી હાવનીમના આલાતોનો હમકાર જેવો થઈ પડતો હતો, માટે તે આતશની સાથે તેઓને યાદ કીધો છે.

બરસમ[૨૮]* (જે) ‖ અષોઇથી[૨૯] ‖ પંથરાયલી[૩૦] ‖ (છે, અષોઇવાળાં કેહ-પંને યઝશ્નેની ક્રીયાના વીસ્તારમાં જેણે ઉભુ કીધું છે; યઝશ્નેની ક્રીયામાં અણદીઠ તલેસ્માતીક રતઓતીક કીલ્લો, જે બરસમના પાયા ઉપર બંધાયો છે, તેવી ગતીના બરસમના આલાતને-'બેરે'=ભાવ લઇ જાવ કરવાની ગતી=મકદુર, રાખનાર, યઝતી ગતીઓને સધરીને ક્રીયાનાં ક્ષેત્રમાં પાંથરવાની શકિત રાખનાર ચીજ, જે) ‖ અષો[૩૧] ‖ અષોઇનો[૩૨] ‖ સરદાર[૨૩] ‖ (છે, જે) જોર સાથની એટલે અહુરમઝદ લગી પુગાડવાની ગતીવાળી-અહુર-મઝદ પાસેથી મુરાદ પ્રફુલ્લીત કરાવનારી-ખુદને એક મ્યઝદ=ભેટ તરીકે અહુરમઝદને અર્પણ કરનારી,[૨૫] ‖ કુશ્તીની માફક ફરી રહેલા અહુનવરના નાદના દોરાનોને પોતામાં દોડાવીને, ખાસ્ત્રીક દોરાનો જે ક્રીયાનાં ક્ષેત્રમાં કામ કરવા ઉપયોગના થઇ પડે છે તેઓને ઉભા કરી શકનારી[૨૭] ‖ આ બર-સમના આલાતની[૨૮] ‖ સાથે હમો એકતાન થઇએ છીએ,[૩૪] ‖ (જે આવે વખતે મોટા અષવનોને અહીરીમનને રોકવા મદદગાર રૂપ થઇ પડે છે.) ‖ આપ-ઉરવરની આશીરવાદીક ગતીઓ[૩૫] (જેઓ ક્રીયામાં પડીને ક્રીયાને જોર આપે છે, જેઓ વહેતાં પાણીમાં અને ઝાડપાનમાં કંઇક રીતે વસે છે, તેઓ)ની સાથે ‖ હમો એકતાન થઇએ છીએ[૩૬], (કેમકે તેઓએ આ યસ્ન=ક્રીયાઓમાં આબેદોને મદદ આપી છે, કે જેથી તેઓ તે બીદાદગર અહીરીમનને રાત્રીએ રોકી શકયા છે.) ‖ ઉરવાનને માટેની[૩૮] (ઉપયોગી સામગ્રી, નેજાત=મોક્ષ અપાવનાર શકિત) ‖ બસીત કરાવનાર-રયોમંદ કરીને અહુરમઝદ લગી 'હુપેરેન' કરી શકે-ઉડી શકે તેવી પાંખો કરી અપાવનાર 'ઉરૂ' નામની એક ગતી[૩૭] ‖ (જે ફ્રવષીનો હમકાર છે, જે) અષો[૩૯] ‖ અષોઇનો[૪૦] ‖ સરદાર[૪૧] (છે,) તેની ‖ સાથે હમો એકતાન

---

* બરસમ=યઝશ્નેની ક્રીયામાંના ૩૩ આલાતોમાંના એક આલાત, તલે-સ્માતીક ગતીના યઝત વસેલા હથીઆરને **બરસમ** કહે છે. તાય નામની ધાતુની સલી, કે જેમાં ખાસ્ત્રીક ગતીઓનો આતશ છેક યઝતી ગતી લગી સચેત થઇને જોડાઇ રહે છે, તેવા તાએઓની સંખ્યાને બાંધ્યાથી જે બંડલ bundle થાય છે તેને 'બરસમ' કહે છે, જેમાં ત્યારે યઝતી ગતી રાખતા ખાસ્ત્રીક દોરાનોનો ભેદ ઉભો થાય છે. જેમ યઝત કંઈ એક ચીજને બાંધી શકે છે તેમ આવી બરસમ એટલે યઝતોનો અધીકાર અને પ્રભાવ રાખતી તે તલેસમ પોતાના અધીકારથી ક્રીયાના વીસ્તારમાંનાં ક્ષેત્રમાં યઝતી ગતીઓને એટલે પોતામાં આકર્ષાયલી યઝતી ગતીને ખોલીને પાંથરીને એક તલેસ્માતીક દીવાલ ઉભી કરી શકે છે, કે જેની અંદર કુદરત કામ કરીને યસ્નની માંગેલી મુરાદ બર આવે છે. **૩૩ આલાતોને ૩૩ ઝઓથ્ર કહે છે, જે ઝઓથ્રમાં અહુરમઝદ લગી પુગીને મુરાદ હાંસલ કરવાનું જોર રહે છે.**

થઇએ છીએ.[૪૨] || (આબેદો અને અઇવિસ્રૂથ્રેમ ગાહ અને તેના હમકારો આ બધું રૂવાનની મુકિત માટે કરે છે, જે મુક્તિને સંપુર્ણ કરનાર 'ઉરૂ'ની ગતી છે તેની યાદ હયાં દરોબસ્ત રીતની થઇ પડે છે.)

**(૬) ફ્રાદત્-વીસ્પાંમ-હુજયાઇતીમ્[૧] અષવનૅમ્[૨] અષહે[૩] રતૂમ્[૪] યજમઇદે;[૫] જરથુશ્ત્રૅમ્[૬] અષવનૅમ્[૭] અષહે[૮] રતૂમ્[૯] યજમઇદે;[૧૦] માંથ્રૅમ્[૧૧] સ્પૅન્તૅમ્[૧૨] અષવનૅમ્[૧૩] અષહે[૧૪] રતૂમ્[૧૫] યજમઇદે;[૧૬] ગેઉશ્[૧૭] ઉર્વાનૅમ્[૧૮] અષવનૅમ્[૧૯] અષહે[૨૦] રતૂમ્[૨૧] યજમઇદે;[૨૨] જરથુશ્ત્રોતૅમૅમ્ચ[૨૩] અષવનૅમ્[૨૪] અષહે[૨૫] રતૂમ્[૨૬] યજમઇદે;[૨૭] જરથુશ્ત્રૅમ્[૨૮] અષવનૅમ્[૨૯] અષહે[૩૦] રતૂમ્[૩૧] યજમઇદે.[૩૨]**

(૬) **'ફ્રાદત્ વીસ્પાંમ-હુજયાઇતિ'**ની શકિત,[૧] (જે બેફામીમાં પડેલાં દુન્યવી ઇનસાનને રાત્રી વખતે ઉંઘની આસાએશ આપી બાજે દીને રોશનફેલ પ્રમાણે વર્ત્તી નેજાત કમાવવાની તક આપે છે, તેવી શકિત જે) || અષો[૨] || અષોઇનો[૩] || સરદાર[૪] છે, તેની || સાથે એકતાન થઇએ છીએ.[૫] || અષો[૭] || અષોઇના[૮] || સરદાર[૯] || ઝરથુસ્ત્રની[૬] || સાથે એકતાન થઇએ છીએ.[૧૦] || અષો[૧૩] || અષેઇના[૧૪] || સરદાર[૧૫] || માંથ્ર સ્પેન્ત[૧૧ ૧૨]* || સાથ એકતાન્ થઇએ છીએ.[૧૬] || (અત્રે અશો ઝરથુસ્ત્ર અને

---

* સપ્પર પહેલી સૃષ્ટી સ્તઓત યસ્નનાં ઇંડાના ભેદમાંથી નીકળી તે **અક્રષીમંત** એટલે વૃધ્ધી નહિ કરે તેવી હતી. અહુરમઝદે તેની ઉપર પોતાના આશીરવાદો જેને ઉરવરના ભેદમાં ઓલખેલા છે તેઓને પાડયા હતા. અહુરમઝદે પહેલે મિથ્ર કીધો કે આશીરવાદો થજો, પછી 'ઉખ્દ' કીધો એટલે **'વચ'** સત્ય વચન કાઢયું કે તે ધારેલા આશીરવાદો કામે લાગવાનું જોર પામજો. આશીરવાદો કામ લાગે તેવા થાય માટે તેઓની ઉપર યસ્નની ગતી શરૂ થઇ જેથી તે 'ઉખ્દ' પછી કેહર્પરૂપ થયો, જેના મિથ્રમાં સ્પેન્તી કરવાનો મક્કમ વિચાર હતો, જેમાંથી તે કેહર્પને એક હથીઆર હાંસેલ થયું, જેને **માંથ્ર** કહે છે. આમ તે કેહર્પ યસ્ન થયાથી પોતાના સ્પેન્તીના મિથ્રને માંથ્રના હથીઆરથી કામે લગાડી શકે તેવું થઈ રહ્યું. આમ તે ઉરવરના આશીરવાદોએ 'માંથ્ર સ્પેન્ત' તરીકેની એક 'તલેસ્મ' એક 'કેહર્પ' ધારણ કરીને ઉતરીને જગતને મોક્ષે લઇ જવાનું શરૂ કીધું છે, જેથી તે મુળ રૂવાન કે જેણે તે આશીરવાદ લીધા છે તેને **માંથ્ર સ્પેન્તનું રૂવાન** કહે છે. આમ ત્યારે આશીરવાદોની ગતી કે જેને અહુરમઝદ પોતાની ગીરોથી જગત ઉપર ઉતારે છે, તેમાં માંથ્ર સ્પેન્તનો ભેદ છે. અવસ્તા માંથ્રબી અહુરમઝદે પોતાની ગીરોથી આશીરવાદરૂપ આપેલા છે માટે તેઓનેબી **માંથ્ર સ્પેન્ત કહે છે. આવા માંથ્ર સ્પેન્તના ભેદને અહિંઆં યાદ કીધા છે.**

માંથ્ર સ્પેન્તની યાદ કાંઇ અમથી અલલટપ્પુ કીધી નથી, તેનાં કારણો છે. અષો ઝરથુશ્ત્ર પહેલા આથ્રવન હતા, કે જેવણે રાત્રીના બીદાદગર હોમલા સામે થવાનું જારી કરીને પછીથી રાત્રીના વખતમાં થતા અહીરીમનના ઝુલ્મને રોકયો છે, જેવણે માંથ્ર-સ્પેન્ત આપીને તે કામમાં સરળતા કરી આપી છે, માટે તે ઝરથુશ્ત્ર અને મથ્ર સ્પેન્તને યાદ કરે છે) ‖ અષો[19] ‖ અષોઇના[20] ‖ સરદાર[21] ‖ ગેઉશ ઉરવાન[17 18] ‖ સાથે એકતાન થઇએ છીએ.[22] ‖ અષો[23] ‖ અષોઇના[24] ‖ સરદાર[25] ‖ ઝરથુસ્ત્રોતેમો[23] ‖ (ઝરથુસ્ત્ર સાહેબના ગાદી-વારેસો, તેવણથી ઉતરતા પણ માનવ જાતમાં ચઢીઆતાઓ)ની સાથે એકતાન થઇએ છીએ.[27] ‖ અષોઇના[30] ‖ સરદાર[31] ‖ અષો[29] ‖ ઝરથુશ્ત્ર[28] ‖ સાથે એકતાન થઇએ છીએ.[31] ‖

## ગેઉશ ઉરવાની ફરયાદ અને ઝરથુશ્ત્રે લીધેલી દાદ બાબે ક્ષનૂમીક શરેહ :

(હયાં ગેઉશ ઉરવા કે જે ધરતીની માતા, ધરતીને આગળ ચલાવનાર ઉરવાન છે, જેનો બીજો ભાગ જે ગેઉશ તશન છે, જે ઉપર ઉપઇરી-દખ્યુનાં અસ્માન='માસ્વાને ગાત્વે દુવ્વમ'ની ઉપર અનાસરી સૃષ્ટીની શરૂઆતમાં છે, એમ તે બેઉ ગેઉશોએ અનાસરી સૃષ્ટીને ઘેરીને તેમાંની ચાલતી કુદરતના અધીકારી હકીકત રૂપ છે, તેઓમાંના ગેઉશ ઉરવાને યાદ કરે છે, કેમકે દરેક ખદાતની શરૂઆતમાં ગેતીનું બંધારણ પાકકું થયલું નહિ, જયાં આગળ અહિરીમન ફાવી જતો હતો માટે તેણીએ અહીરીમન સામે અહુરમઝદની દરગાહમાં દાદ માંગી હતી અને ગેતીનું reconstruction નવું બંધારણ કરવાનું માંગ્યું હતું, જે અષો ઝરથુસ્ત્રથી થયું હતું, જેવણે અહીરીમનને નમાવ્યો છે, અને તેના સરદાર અઝી દેહાકને દેમાવંદ ઉપર કુલ્યાતી રીતે એટલે ખુદ બ ખુદ તે પહાડ ઉપર બાંધ્યો છે અને જુઝવાવી રીતે એટલે દરેકનાં તનમાં તે હવસની 'દસ'ના ભેદની ગતીમાં એટલે સંપુર્ણતાએ જઇ રહેલા, હવસના ભેદમાં હતો, તેને દરેક ઇનસાનનાં ઉચ ગતીનાં ચષ્મ, કે જે દરેક ઇનસાનમાં હોય છેજ, તેની ઉપર બાંધ્યો છે, એમ હવસની ગતીને ઇનસાનમાં અપુર્ણ કરી નાંખી છે. ઇનસાનનો જાન અને સંપુર્ણ હવસ સાથે જઇ શકેજ નહિ એમ કીધું છે. એમ થવા માટે દરેક ઇનસાનની મોટાઇનો પહાડ જે કુદરતી રીતે તેનામાં જન્મોજન્મની કમણી તરીકે આવેલો છે તેની ઉપર તેની એબ જે રૂવાન સાથની લાગેલી હુવા-અતના બધા નતીજા તરીકે ઉગ્યા કરી રહે છે તેના ઉગી નીકળતા

પાકને બાંધ્યો છે, કે જેથી તે એબનું જોર કમ થઇ જઇ શકે છે, એમ જુઝવાવી રીતે દરેક નફરનાં તનમાંની દએવીક ગતીના ઉભરાને એટલે હવસોની પુર્ણ થઇ રહેતી ગતીને બાંધી છે અને રાત્રીમાં તે અહીરીમનની સામે ઝરથુસ્ત્રોતેમોને અને બીજા આથ્રવનોને આથ્રવની કરવાનો હોકમ કીધો છે. એવે અર્થે અષો ઝરથુસ્ત્રે આથ્રવની પંથ શરૂ કીધો છે, જેના ટેકાવને માટે પોતાના મુરબ્બી રૂપ મુળ રૂવાન નામે ઝરથુસ્ત્ર ગાથાની મદદ ચાહી, જે મળી છે, જેથી આજે રાત્રીના વખતમાં અહીરીમનની ગેતીનો નાશ કરવાની ધમકી અટકી છે. એમ અષો ઝરથુસ્ત્રે ગેતીનાં બંધારણને નવેસરનુ કીધું છે, ગેતી reconstructed થઈ છે, સમારકામ પામી છે, ઝરથુસ્ત્રથી તાઝે થઇ છે. અગાઉ એટલે દરેઘો ખદાતની શરૂ-આતના પહેલા ૪૦૦૦ વર્ષમાં અહિરીમન તે વખતની ગેતી ઉપર કદી કદી ફ્રષો-કરેતી લંબાય તેવી આફત લાવવામાં ફત્તેહ પામતો હતો, કે જેની સામેજ ગેઉશ ઉરવાની અરજી અહુરમઝદની દરગાહમાં થયલી ગાથામાં ચિતરાયલી છે. આમ થયું છે માટે ગેઉશ ઉરવા, ઝરથુસ્ત્રોતેમો અને અષો ઝરથુસ્ત્ર, જે હયાં ગાથા-શકિત તરીકેના છે અને જે અષો ઝરથુસ્ત્ર પેગા-મ્બરના ધર્મના બાપ છે, તે બધાને યાદ કીધા છે. ઇનસાનમાં મોટાઇનો પહાડ છે તેમ બદીઓનો જબરો કુંડબી છે. રૂવાનની સાથે દ્રવાઓ= અજ્ઞાનતા હતી. આ દ્રવાઓને સુધારવા રૂવાને ગેતીમાં પ્રતીજ્ઞા લીધી છે. અહુરમઝદે રૂવાનને ગેઉશો મારફતે મદદ કરી તે દ્રવાઓના પોણા ભાગને સુધારીને તેમાંથી ઇનસાનનાં સુક્ષ્મ તનો નામે કેહર્પ-ઉસ્તાન તેવીશી-આપે કરી આપ્યાં છે, કે જેઓમાં સાક્ષાત કુદરત વસી રહે છે. આ ત્યારે ઇનસાનની મોટાઇનો પહાડ છે. છેલ્લો પા ભાગનો દ્રવાઓ જે સુધર્યો નથી તેમાંથી ઇનસાનનું જડ અને થોડુ જડ તન જેને અંગો-લોહી વીગેરે કહીએ છીએ તે થયું છે. આને ટુંકમાં વોહુન કહે છે, જેમાંથી હવસો થઇને ઉપડયા કરે છે. આ હવસો એટલા બધા થઇ શકે છે, કે તેથી ઇનસાન હેવાન કરતાંબી બદતર થઇ જઇને ગેતી ઉપર ભાર સમાન થઇ જાય, એટલુંજ નહિ પણ તેનાં વિખથી ઇનસાન એક દહાડોબી જીવતો રહી શકે નહિ. ઇનસાનને જીવ આપ્યો છે તે જીવ ઇનસાનમાં ઇનસાન્યત ઉભી કરીને તેને વિચારવંત બનાવે છે, તેમ તે જીવ આ વિખને નરમ કરે છે, છતાંબી પુર્ણ હવસ થઇ શકતો હતો. આવા પુર્ણ હવસની ગતી જેને અઝી દેહાક કહે છે તેને પેલા કેહર્પની ઉંચ ટોંચ નામે ઉંચ ચષ્મ ઉપર બાંધવે તેના પુન્યથી નરમ થતો રહે છે, જેથી આજે આપણે

આટલાથી જીવી શકીએ છીએ અને ઇનસાન તરીકે ગણાઇએ છીએ. આ કામ ઝરથુસ્ત્રે ઝરથુસ્ત્ર ગાથાની હકીકતે કીધું છે તેની **અહિંયા યાદ છે.**

**(૭) આથ્રવનૅમ[૧] અષવનૅમ[૨] અષહે[૩] રતૂમ[૪] યજમઇદે;[૫] રથએશતારૅમ[૬] અષવનૅમ[૭] અષહે[૮] રતૂમ[૯] યજમઇદે;[૧૦] વાસ્ત્રીમ[૧૧] ફ્શુયન્તૅમ[૧૨] અષવનૅમ[૧૩] અષહે[૧૪] રતૂમ[૧૫] યજમઇદે;[૧૬] ન્માનહે[૧૭] ન્માનો-પઇતીમ[૧૮] અષવનૅમ[૧૯] અષહે[૨૦] રતૂમ[૨૧] યજમઇદે;[૨૨] વીસો[૨૩] વીસ્-પઇતીમ[૨૪] અષવનૅમ[૨૫] અષહે[૨૬] રતૂમ[૨૭] યજમઇદે;[૨૮] જન્તેઉશ[૨૯] જન્તુ-પઇતીમ[૩૦] અષવનૅમ[૩૧] અષહે[૩૨] રતૂમ[૩૩] યજ-મઇદે;[૩૪] દંઘહેઉશ[૩૫] દંઘહુ-પઇતીમ[૩૬] અષવનૅમ[૩૭] અષહે[૩૮] રતૂમ[૩૯] યજમઇદે.[૪૦]**

(૭) અષો[૨] ‖ અષોઇના[૩] ‖ સરદાર[૪] ‖ આથ્રવન[૧] ‖ (ના દરજ્જાના અષવનોની) ‖ સાથે એકતાન થઇએ છીએ.[૫] ‖ અષો[૭] ‖ અષોઇના[૮] ‖ સરદાર[૯] ‖ રથેશ્તાર[૬] ‖ (ના દરજ્જાના અષવનોની) ‖ સાથે એકતાન થઇએ છીએ.[૧૦] ‖ અષો[૧૩] ‖ અષોઇના[૧૪] ‖ સરદાર[૧૫] ‖ મન-રૂવાનની વૃધ્ધીમાં વધારો કરવા મીનો ખેતી કરનાર[૧૨] ‖ મીનો ગતીના વાસ્ત્રીઓશ ખેડુતો[૧૧] (ના દરજ્જાના અષવનો) ‖ સાથે એકતાન થઇએ છીએ.[૧૬] ‖ **'ન્માન'**ના[૧૭]† (મધ્યના એટલે ગરોન્માન સાથે સંબંધ રાખતી બરજીસી વર્ણ વેરેનના ભેદની જીરમ, કે જે ગેતીમાં મઝદયસ્ની ઝરથોસ્તી દએન તરીકે ઓળખાય

---

† **ન્માન-વીસ-જન્તુ-દખ્યુ** વીષેઃ—સાધારણ અર્થે **'ન્માન'**=ઘરનો; **'વીસ'**=મોહલ્લાનો; **જન્તુ**=કસબાનો, અને **દખ્યુ**=શહેરનો અર્થ રાખે છે, પણ આ શબ્દો લોધતરૂપમાં છે. **'ન્માન'**=ઘર એટલે પુગી રહેવાનું ઠામ ગરોન્માન છે,-છઠ્ઠું આસ્માન છે, અને તેને લગતી જીરમ અને દીન છે.

**'વીસ'**માં ઘરની બહારનો અર્થ છે, એટલે ગરોન્માનથી બહાર જઇ રસ્તામાં પડવાનો અર્થ છે. ત્યારે **'વીસ'**માં બધી જીરમોની દીનોનો જાહેરી ભાગ આવે, અને તે બધી દીનનાં મધ્યમાં **'ન્માન'**=ઘર એટલે બરજીસી જીરમ, અને તેની દીન=ઝરથોશ્તી દીન આવે. ત્યારે આજે જાહેરમાં જે ઝરથોશ્તી દીન છે તે **ન્માન**માં નથી પણ **'વીસ'**માં છે, તેમ બીજી બધી દીનોબી **'વીસ'**માં છે, જે બધાંનાં મધ્યમાં ઉસુલ બરજીસી દીન છે.

**'જન્તુ'**માં ઘર અને મોહલ્લાથી દુરની જગા એટલે મૃત્યુ પછીનું ઠામ, જે જુદી જુદી દીન સારૂ મુકરર થયલું છે, જે જુદું જુદું છે, તે આવે.

**'દખ્યુ'**=શહેરમાં દરેક જીરમની દીનની ગુહ્ય તાલીમો-તરબ્યતનું ઠામ અને તે તાલીમથી ખરે રસ્તે પડી તે જીરમનાં મધ્યમાં=બરજીસી જીરમને પુગી

(ફુટનોટ માટે જુઓ પાને ૧૫૫ મે).

છે તેના, તેને લગતા) || 'ન્માન-પતી' પહેલે નંબરે સંપુર્ણતાએ પુગેલા તે જીરમના પતી-શાહ-દોરવનાર[18] || જેવે દરજ્જે પુગેલા અષો[19] || અષોઇના[20] || સરદાર[21] || સાથે એકતાન થઇએ છીએ.[22] || **'વીસ'**=મોહલ્લાની સાથે[23] (એટલે મધ્ય=ઘરમાંથી બહાર પડેલા એટલે એતેકાદના જોરવાલાં મધ્ય-બીંદુ, જે બરજીસી જીરમ તરફ લઇ જાય છે, તે તરફથી બહાર પડેલા એટલે એતેકાદ ઢીલો કરી નાંખીને મોહલ્લામાં એટલે ઘરની એટલે દીનના એતેકાદરૂપ આસરાની બહાર પડી ગયલાઓ, જેઓ ગેતીના કર્મ-બંધનના રખડાટની ભટકવાની જગા, જયાં જાહેરી ઝરથોસ્તી બરજીસી જીરમ અને અન્ય જીરમોની દીનો તેઓને એતેકાદ તરફ લઈ જવા કામ કરી રહે છે તેવી દીનોમાં જઇ ચઢીને તે દીનમાં એતેકાદ લાવીને તે જીરમમાં મહેર પતેતથી પુર્ણીણ થઇને, તે બધી જીરમોનું મધ્ય જે બર-જીસજ છે, તે તરફ જવા લાયકના,-માટે વીસના રખડાટમાં રહીને એટલે કર્મ-બંધનના સંસારના વીખમાં રહીને સત્ય અને તરીકતને જોરે મુકિતએ પુગવા લાયકના, માટે તે વીસમાં એટલે તે દીનમાં આગળ વધેલાંની સાથે એટલે તે તે દીન પ્રમાણે ચાલી નીર્વાણ લઇ રહેલાંની સાથે અને તેવી **'વીસ'**ની દીનો એટલે જાહેરી બધી દીનોને દોરવનાર ચલાવનાર) || મહા પુરૂષો, જેઓ 'વીસ-પતી' છે,[24] અને || અષો[25] || અષોઇના[26] || સરદાર છે, તેઓ[27] || ની સાથે એકતાન થઇએ છીએ.[28] || **'જન્તુ'**=કસબો[29] (એટલે ઘર અને મોહલ્લાથી ખારેજ થવાની જગા એટલે જીંદગીમાંથી ખારેજ થઇ મૃત્યુ પામીને અણદીઠ અરવાહી આલમમાંની પોત પોતાની દીનને લગતા ઠામે પોતાની જીરમવાલી દીનના પઇરિ-દઝમાં પુગીને તે દીનના વાલીઓથી, ઇલ વીગેરેથી સબકો શીખીને, પછી શીખેલાની પરીક્ષા આપવા ચીન્વત ઉપર જઇ ગેતીમાંના પોતાના અનુભવોથી શીખેલાની અને મૃત્યુ પછીના પોતાના પઇરી-દઝમાં શીખેલામાંની કેરદારોમાંથી-શીખેલાના ખરા તાત્પર્યમાંથી જાતી અકકલ=આસ્ને ખેરદ બાંધીને જીરમ 'તય' કરીને વધવું, એમ વધીને બરજીસી જીરમમાં મધ્ય તરફ જઇ શકવું એટલે જન્તુની પરિક્ષામાં પહેલે નંબરે પુગવું, 'જન્તુ-પતી' થવાના દીગ્રી-વાળા થવું; આવા) **'જન્તુ'**ના[29] (ભેદને, જન્તુના પ્રયાસને અણદીઠ આલ-મોમાં ચલાવનાર મોટા સાહેબો જેઓને) || 'જન્તુના-પતી'[30] (કહે છે, જેઓ)

---

(પાને ૧૫૪ મે થી ફુટનોટ ચાલુ.)

રહેવું તેનો ભેદ છે, અને તે બધાંનો પતી સાહેબ દોરવનાર તેઓ છે, જેઓને તે તે દીનના મુનીઓ-રૂષીઓ-દસ્તુરો-દોરવનારાઓ કહે છે. આમ આ ચાર શબ્દોમાં ઉંડો ભેદ રહયો છે.

અષો[31] || અષોઇના[32] || સરદાર છે,[33] || તેઓ સાથે એકતાન થઇએ છીએ.[34] || 'દંઘ્હુ'=શહેર (તાલીમો-તરબીઅત લેવાની સવળતા રાખતી સંસ્થાઓની જગા, જેમાં દરેક દીનનાં ફરમાન મુજબની તરીકતો પાળીને લાયકાત મેલવ્યા પછીથીજ જવાશે, એમ ખરા શહેરી જ્ઞાની અમલદાર થવાશે, કે જે પછી દરેક દીનની જીરમનું મધ્ય, જે બરજીસ છે, તેને પુગાશે. એવા) 'દંઘ્હુ'ના[35] (ભેદમાં પેશ નર તરીકે, દોરવનાર તરીકે, ગાફેલ્યતમાંથી છોડવનાર તરીકે રહેલા રહેબરી કરનારા મોટા અષવનો, જેઓ) || દંઘહુ-પતી[36] (છે, 'ફ્સે-રતુ'ઓ છે, અહુરમઝદને પુગી રહેલા છે, જેઓ) || અષો[37] || અષોઇના[38] || સરદાર છે, તેઓની[39] || સાથે એકતાન થઇએ છીએ.[40] ||

**(૮) યવાનૅમ્[1] હુમનંઘ્રહૅમ્[2] હુવચંઘ્રહૅમ્[3] હુષ્યઑથ્નૅમ્,[4] હુદએનૅમ્[5] અષવનૅમ્[6] અષહે[7] રતૂમ્[8] યજમઇદે;[9] યવાનૅમ્[10] ઉખ્દો-વચંઘ્રહૅમ્[11] અષવનૅમ્[12] અષહે[13] રતૂમ્[14] યજમઇદે;[15] ખ્રએત્વદથૅમ્[16] અષવનૅમ્[17] અષહે[18] રતૂમ્[19] યજમઇદે;[20] દંઘ્રહુ-ઉર્વએસૅમ્[21] અષવનૅમ્[22] અષહે[23] રતૂમ્[24] યજમઇદે;[25] હુમાઇમ્[26] પઇરિજથ્નૅમ્[27] અષવનૅમ્[28] અષહે[29] રતૂમ્[30] યજમઇદે;[31] ન્માનહે[32] ન્માનો-પથ્નીમ્[33] અષવનૅમ્[34] અષહે[35] રતૂમ્[36] યજમઇદે.[37]**

(૮) ભલા પરદુખભંજનના મીશ્રવાળો,[2] || ભલા સત્ય આશીરવાદીક શબ્દોવાળો,[3] || ભલી નેકીનાં કામો જેમાં તરીકતો સમાઇ જાય છે તે બધું કરવાવાળો,[4] || ભલાં (એટલે ખરી રીતનું ત્રીકોણ ગતીવાળું, હવસોથી મુકત રહેલું, હવસોને તાબે કીધેલું, શરીરમાં પોતાનુંજ રાજ ચલાવતું) અંતકરણવાળો[5] || અષો[6] || અષોઇનો[7] || સરદાર,[8] (જે) જવાન[1] (છે એટલે બરજીસી જીરમમાં પુર્ણ થયલું ૭૩ થી ૮૦ અસ્પંદી જેટલી જેટ રાખતું 'રયોમંદ' રૂવાન છે, જે મઇદયારેમ ગાહામ્બારે પુગેલું એટલે 'યાઇય' ભલી રોશન બરવકતની ગતીનાં મધ્યને પુગેલું એટલે વૃદ્ધીમાં તવંગર માટે ભરજુવાન રૂવાન છે, એટલે માંગતું લેહણું અદા કરી પાંચમો ગાહામ્બાર પુર્ણ કરીને હસ્તીમાં જવાના છઠ્ઠે ગાહામ્બારે જવા તત્પર રહેલું છે-એમ રૂવાન-દરોસ્તીની વૃદ્ધીની જોબનની બહારવાળું જુવાન છે તે)ની સાથે || એકતાન થઇએ છીએ.[9] || અષો[12] || અષોઇના[13] || સરદાર[14] || ઉખ્દના એટલે કુદરતી બોલાઇ રહેતા વચનો-નાદો ચલાવનાર (એટલે ક્રીયાકામ જે કુદરતની ચળવળોની હિકમત રાખે છે તેમાં પુર્ણ થયલા, આલાતો જેઓ યઝતો અને તેઓની કુદરતની ગતી=વચનો રાખે છે માટે

યઝતોથી બોલાયલા ઉખ્દની **વચ**=વચનો રાખે છે તેના ભેદમાં ગયલા, ખુદ આલાત થયલા, એટલે અહુરમઝદ લગી પુગીને બીજાંને પુગાડે તેવા થયલા તે[11] || યુવાન રૂવાન[16] (જે પાંચમો મઇદયારેમ ગાહામ્બાર પસાર કરી રૂવાન-દરોસ્તીની વૃદ્ધીમાં તવંગર ભર જુવાન થયો છે તે)ની સાથે || એકતાન થઇએ છીએ.[15] || અષો[17] || અષોઇના[18] || સરદાર[19] || ખએત્વે પુગીને એક એકમાં મલી જઇને એક આખા થયલા[16] (એટલે દુજ રહીતના થઇ, પોતાના અંશોને તેવા કરી, પોતાની જુફ્તને તેવી કરીને, તે બધાઓ એકમેકમાં મળીને આખા એક ગતીના થઇ શકે છે, તેવા મળી ગયલા, આખે-રની નેમે પુગેલા, છઠ્ઠે ગાહામ્બારે પુગેલા એટલે હસ્તીના પથ સાથે મળી ગયલા, હમસ્પથમએદેમ ગાહામ્બારે પુગેલાની) સાથે || એકતાન થઇએ છીએ.[20] || 'દંઘહુ'માં તાલીમો-તરબ્યત લઇ એટલે અશોઇના દરજ્જે પુગીને ઉરવીસ થનાર, બહાર પડનાર, બીજાને સબક આપવાનો અધીકાર રાખનાર ઉસ્તાદ[21] || અષો[22] || અષોઇના[23] || સરદાર સાથે[24] || એકતાન થઇએ છીએ.[25] || ભલી ખેરદ પામતો-રયની ગતીને પોતાના ઉરવાનમાં ઉમેરી એમ પોતાના અંશોના રૂવાનોને તેઓની રય સાથે પોતાના રૂવાનમાં ઉમેરી રયોમંદ થઇ રહેતો,[26] || જગત ઉપર ફરતો રહી ભલો સબક આપતો અને ત્યાં જો પોતાનાં અંશો હજુર પોતામાં આવવા રહી ગયા હોય તેઓને પોતામાં લેતો, એમ મુસાફરી કરીને દએનને આશ્કારા કરતો[27] || અષો[28] || અષોઇના[29] || સરદાર સાથે[30] || એકતાન થઇએ છીએ.[31] || **ન્માનને** લગતી[32] (બરજીસી જીરમની જરથોશ્તી દએનની તે દએનમાં પુર્વીણ થયલી, ક્ષથ્ર પામેલી) || નારી[33] (જેને **'ન્માન પત્ની'** કહે છે, જેણી ખએત્વોદથે બીજાને પુગાડવા માટે હવસી વીચારોથી બીજાને દુર કરવા તેમ પોતાની જુફ્તને તેવા વીચારોથી ફેરવીને પોતામાં પોતા તરફ ખેંચવા કામ કરી રહે છે,-રાત્રીમાં હવસો જોર ઉપર ચઢે છે માટે ખાસ રીતે રાત્રે તેવું કામ કરી રહે છે તેવી) || અષો[34] || અષો-ઇની[35] || સરદાર[36] || (નારી સાથે) હમો એકતાન થઇએ છીએ.[37]

**(૯) નાઇરિકાંમ્ચ[1] અષઑનીમ્[2] યજમઇદે,[3] ફ્રાયો-હુમતાંમ્,[4] ફ્રાયો-હૂખ્તાંમ્,[5] ફ્રાયો-હ્વર્સ્તાંમ્,[6] હુશ્-હાંમ્-સાસ્તાંમ્,[7] રતુ-ક્ષથ્રાંમ્,[8] અષઑનીમ્,[9] યાંમ[10] આર્મઇતીમ્ સ્પૅન્તાંમ્,[11] યાઓસ્ચ[12] તે[13] ઘૅનાઓ,[14] અહુર મજ્દ.[15] નરૅમ્ચ[16] અષવ-નૅમ[17] યજમઇદે,[18] ફ્રાયો-હુમતૅમ,[19] ફ્રાયો-હૂખ્તૅમ,[20] ફ્રાયો-હ્વર્-શ્તૅમ,[21] વિસ્તો-ફ્રઑરૅઇતીમ્,[22] ઍવિસ્તો-કયદૅમ્,[23] યેંઘહે[24]**

**ખ્યઑથ્નાઇશ[25] ગએથાઓ[26] અષ[27] ફ્રાદ્હૅન્તે,[28] જરથુશ્ત્રોતॅમહ્રે[29] રથ્વો[30] યસ્નાઇચ[31] વહ્માઇચ[32] જરથુશ્ત્રોતॅમૅમ્ચ[33] અષવનॅમ્[34] અષહે[35] રતૂમ્[36] યજમઇદે.[37]**

**(૧૦) અષાઉનાંમ્[38] વંઘ્ઉહીશ[39] સૂરાઓ[40] સ્પॅન્તાઓ[41] ફ્રવષયો[42] યજમઇદે;[43] ઘૅનાઓસ્ચ[44] વીરો-વાંથ્વાઓ[45] યજમઇદે;[46] યાઇરયાંમ્ચ[47] હુષિતીમ્[48] યજમઇદે;[49] અમॅમ્ચ[50] હુતશ્તॅમ્[51] હુરઑદ્હॅમ્[52] યજમઇદે;[53] વॅરॅથ્રઘ્નॅમ્ચ[54] અહુરદાતॅમ્[55] યજમઇદે;[56] વનઇન્તીમ્ચ ઉપરતાતॅમ્[57] યજમઇદે.[58]**

(૯) અષો[2] ॥ નારીઓ[1] ॥ (**'ન-ના'**ની શકિત રાખનાર બાઇઓ, જેણીઓ) ॥ હુમત એટલે હસ્તીમાં થતી ચળવળોથી આગાહ થઇ તેઓમાં ભાગ લેવા મથી રહેલીઓ,[4] (એમ હસ્તીના વીચારમાં મચીને આગળ વધી રહેલીઓ,) ॥ હુખ્ત એટલે નીસ્તીમાં ચાલી રહેલી યઝતી ચલવલો જેઓ સત્યથી ભરપુર છે તેવી સત્ય વેણથી ચાલતી, કુદરત પ્રમાણેજ શબ્દ કાઢતી, તે કુદરતના ભેદને પુગીને તેમ વર્ત્તન કરવાનાં માંથ્રો ભણીને આગળ વધી રહેલીઓ,[5] ॥ હવરશ્ત એટલે ગેતીમાં ચાલી રહેતી કુદરતમાં ભલી મનશ્ની-ગવશ્ની-કુનશ્નીથી ભાગ લઇને તેમાં આગળ વધી રહેલીઓ,[6] ॥ ભલી આખરી નેમે પુગવાની તાલીમો તરબ્યતથી, વીર-હોશ-અને ખેરદે પુગાડતી તાલીમો-તરબ્યતથી કુદરતની ગતીએ પુગી રહેલી,[7] ॥ ક્ષથ્ર રાખતી, રાદી સત્તા રાખતી, રતુ થયલી, જેણીનો અહૂ તે તેણીનો ધણી છે એટલે પોતાના ધણીની તાબેદાર,[8] ॥ અષોઇ મેળવેલી,[9] ॥ જેણીને[10] ॥ સ્પેન્ત આરમઇતી જેવી નરમાસવાલી બુન્દે-મનશ્નીમાંની[11] (ગોસ્પંદી પેદાયશમાંની એક ગણેલી છે,) ॥ જેણીઓ[12] ॥ અએ અહુરમઝદ ![15] ॥ તારી[13] ॥ ઘેનાઓ[14] [તરીકે, તારી બાયડીઓ તરીકે છે, કેમકે તેણીઓ પોતાના ધણીને પોતાનો ખોદા સમજીને ગોયા પુંજે છે, તે પોતાના પેદા કરનારને પુજવા બરાબર થાય છે, કેમકે ધણી ઉપર ધ્યાન ચોંટાડી રાખવાથી **'જામ ગૅનાબીશ'**=ધરતી માંહેલી ઘેનાઓ=ફ્રવષીરૂપ પુતલીઓના ખાકસારીના-ખાકને મળેલા બેનમુન ગુણો જેઓને નીચલે નવ નામે હપ્તન યશ્તમાં યાદ કીધેલી છે: (૧) **ઇજાઓ**=તન-મન-રૂવા-નની બએષઝ (દરોસ્તી)થી નીપજતી શાંતીના વીચારો, ખરા રાદી વીચારો; (૨) **યઑશ્તયો**=પરહેઝગારી-પાકીઝગીના વિચારો; (૩) **ફૅરશ્તયો**=બીજાની વૃદ્ધી માટે કામ કરવાના વીચારો; (૪) **આર્મતયો**=બીજાંનો ભાર ખમી બીજાને તારવાના વીચારો; (૫) **વંઘ્ઉહીમ આબીશ અષીમ્**=દોસ્ત-

દુશમન જેવા કંઇબી ફરક વગર નીખાલેસપણે ગોસ્પંદી વૃત્તીની દુઆઓનું આપવું; (૬) **વંઘુઉહીમ્ ઇર્શમ**=ભલી ગોસ્પંદી વૃત્તીની ઇચ્છાઓ, જે જગતનાં તારણ અર્થેની રહે છે તે; (૭) **વંઘુઉહીમ્ આજૂઇતીમ્**=ગોસ્પંદી વૃત્તીના બધા થઇને વૃધ્ધીએ પુગી તેનો ફેલાવો કરવાની કોશીશો; (૮) **વંઘુઉ-હીમ્ ફ્રસસ્તીમ્**=ભલી પરોપકારી વૃત્તીની તાલીમો-તરબ્યત, હમેશીક તાલીમો-તરબ્યત; અને (૯) **વંઘુઉહીમ્ પરૅન્દીમ્**=આપ-લેમાંની અત્યંત પ્રમાણીક વૃત્તીના ગુણો; જેઓ તેવે નામની ઘેનાઓ=ફ્રવષીની પુતલીઓથી બહાર પડયાજ કરે છે તેઓને આવી નારીઓ પકડીને ગૃહણ કરીને દુન્યામાં ફેશાન કરે છે-આમ જે બાઇઓ '**રતુ-ક્ષથ્ર**' થઇ, ધણીની ધણીઆણી થઇ, આરમઇતીના મીઝાઝની માફક એટલે જેમ આરમઇતી અહુરમઝદ જે તેણીનો અહૂ છે તે અહુરમઝદની તરફ વર્ત્તે છે અને તેની ઉપર જાન-નેસાર કરે છે, તેમ પોતાના ધણી ઉપર જાન નેસાર કરે, ના, તેને પુજે, એમ પતીવૃત્તાપણું રાખે, તેણીઓ આવી મોટી '**જામ ગૅનાબીશ**'ની ફ્રવષીઓ અને તેણીના સ્વભાવ-ગુણોને ગૃહણ કરીને જગતમાં તે ગુણોને પાંથરવાનું સાધન બને છે, માટે તે બાઇઓ, જે આરમઇતી જેવી '**રતુ-ક્ષથ્ર**'=ધણીની ધણીઆણી છે, તેણીઓ અહુરમઝદની ઘેના છે], ‖ તેઓની સાથ હમો એકતાન થઇએ છીએ.[3] ‖ અષો[17] ‖ નર[18] ‖ હુમતમાં આગળ વધેલો,[19] (એટલે યઝતી પ્રગતીકરણને ચલાવવા પોતાની નેકી અર્પણ કરીને વધી રહેલો), ‖ હૂખ્તમાં આગળ વધેલો,[20] (એટલે નીરતીનાં પ્રગતીકરણને ચલાવવા માંથ્રોની મદદ આપીને આગળ વધી રહેલો), ‖ હવર્સ્તમાં આગળ વધેલો,[21] (એટલે ગેતીનું કલ્યાણ કરવા મનશ્ની-ગવશ્ની-કુનશ્ની ઉભી કરીને ગેતીને અર્પણ કરીને વધી રહેલો,) ‖ દીન ઉપર ઇમાન લાવનાર અને ઇમાન શા સારૂ લાવવું જોઇએ તેની હકીકતથી માહેતગાર થયલો,[22] ‖ બુરાઇઓ-ગુનાહોથી અનજાણ[23] (એટલે **ગુનાહો કરવાની બીલકુલ વાસ્ના વગરનો,-ગુનાહ કરવા માંગે તોબી થાયજ નહિ તેવી ગતીનો**), ‖ જેઓનાં[24] ‖ કામોથી[25] ‖ (એટલે તરીકતી વર્ત્તણુકોથી ઉભી થતી નેકીઓથી) ‖ રજેરજના અંગો, રજેરજનું બધારણ[26] ‖ અશોઇને[27] (ઉભી કરીને) ‖ આગળ વધારે છે,[28] ‖ અષો ઝરથુસ્ત્રની વતી ગેતીમાં કામ કરનાર રતુ-નાયબ, જેવણુ અષો ઝરથુસ્ત્રના કીધેલાં કામોને તાજા રાખ્યાજ કરે છે તેવા ઝરથુસ્ત્રોતેમોના[29] ‖ (આવા ઉપર કહેલા નરો નાયબો છે તેવા) નાયબોની[30] ‖ (અને) અષો[34] ‖ અષોઇના[35] ‖ સરદાર[36] ‖ ઝરથુસ્ત્રોતેમોની[33] ‖ યસ્ન કરવા માટે,[31] ‖ (એટલે યસ્નની રીતે તેઓ બધાઓ ઝરથુસ્ત્રોતેમો અને તેઓના નાયબો

જેઓ ઉપર કહેલા હુમતો–હુખ્તો–હુવરસ્તોવાળા અષવનો છે તે બધાઓની પ્રસંશા કરીને તેઓનાં કામમાં તે યસ્નથી મદદ કરવા માટે) અને || જવાબ મળે તેવી પ્રાર્થના કરી તેનો નતીજો પુન્ય તેઓને આપવા માટે તેઓની સાથે[૩૨] || હમો એકતાન થઇએ છીએ.[૧૮] || ઘણી એટલે સંપુર્ણ ૭૨ તબકકાની અષોઇવાળી[૩૦] (અહુરમઝદની અષોઇવાળી), || પરદુખ-ભંજનની[૩૯] (બહમન અને સ્પેન્દારમદ અમશાસ્પંદોને લગતી), || શૂરી[૪૦] (અર્દીબેહેસ્ત અને શહેરેવર અમશાસ્પંદોને લગતી), || વૃદ્ધી કરનાર[૪૧] (ખોરદાદ અને અમરદાદ અમશાસ્પંદોને લગતી) || ફ્રવષીઓ સાથે[૪૨] || હમો એકતાન થઇએ છીએ.[૪૩] || વીરની શકિત રાખતા ટોળાને લગતી[૪૫] || ઘેના=પહેલવાન બાઇઓ,[૪૪] (જેઓ બદીની સામે અષાઉ-નાંમ ફ્રવષીને જોરે અઇવિસ્રૂથ્રેમ ગેહમાં લડી રહે છે, અને અહીરીમનના નાશને અટકાવવામાં અઇવિસ્રૂથ્રેમની શકિત અને તેના હમકારોને મદદ કરે છે, તેઓની સાથે) || હમો એકતાન થઇએ છીએ.[૪૬] || વૃદ્ધી થાય એવી રીતે ગોઠવનાર[૪૮] (ભલાઈ સ્થાપનાર) || યાઇય[૪૭] (યઝત, જેવણ બર-વકતે ગાહામ્બારો ઉતારે છે, તેવણની સાથે) || એકતાન થઇએ છીએ.[૪૯] || 'હૂ'ની જાતમાંથી તે એક સાહેબની નીખાલેસ જાત-માંથી ઘડાયલો માટે તેવી નીખાલેસીનેજ ઘડનાર[૫૧] || 'હૂ' એટલે તે એક સાહેબની જાતનો જલવો રાખીને પ્રદરશીત કરનાર, તેવા દેખાવ-વાળા[૫૨] || અમ સાથે[૫૯] || એકતાન થઇએ છીએ.[૫૩] || અહુરદાતના કાયદા જે મોક્ષે લઇ જાય છે તેવા કાયદાને બજાવનાર[૫૫] || બહેરામ યઝત સાથે[૫૪] || એકતાન થઇએ છીએ.[૫૬] || વનઇન્તી ઉપરતાત સાથે[૫૭] || એકતાન થઇએ છીએ.[૫૮] ||

## ૭, ૮, ૯ અને ૧૦ મા ફકરા બાબે ક્ષ્નૂમીક શરેહ:

ઉપર વાંચી ગયા કે 'ગેઉશ ઉર્વા'એ અહુરમઝદની દરગાહની આગળ ગેતીની ઉન્નતી વિષે અરજ કીધી હતી, જેની રૂયે અષો ઝર-થુશ્ત્રને નીચે ઉતાર્યા હતા, જેવણે પહેલવહેલી આ નવા દરેઘો ખદાતમાં આથ્રવની ચાલુ કીધી છે, અને અહીરીમનને રાત્રીને વખતે રોકેલો છે, અને તેને રોકવા એક Order મોટી સંસ્થા ઉભી કીધી છે. આમ અહી-રીમનને રાત્રીને વખતે રોકવા ફરમાવ્યું છે, જેથી અઇવિસ્રૂથ્રેમ અને તેની હમકાર શકિતને રાત્રીના વખતમાં અહીની દસ્યલ ગતીની સામે ટકવાનું જોર મળતું રહે છે. ત્યારે આથ્રવન વર્ગ પછી બીજા ઘણા પ્રકારના વર્ગોના લાયક નરો રહે છે, નારીઓ પણ રહે છે, જેઓબી રાત્રીએ સચેત રહીને અહી-રીમનને રોકી શકે છે. આવાં બધાં નર નારીઓના order સંસ્થા, જેઓબી

રાત્રીએ સચેત રહીને અહિરીમનને રોકે છે, તેઓને પછીથી યાદ કીધા છે. એવા નરોમાં આથ્રવન ઉપરાંત, રથેશ્તાર, વાસ્ત્રીયોશ, નમાનપતી, વીસપતી, જન્તુ પતી, દંઘહુ પતી, યવાન ઉખ્દ-વચંઘહ, યવાન-હુમનંઘહ, નર-ખએતવદથ, દંઘહ-ઉર્વસ, હુમાઇમ-પઇરિજથ્ન, નમાન-પત્ની, નર-અષવન ફ્રાયો-હુમત, નારી અષવન-ફ્રાયો-હુમત, ઘેના વીરોવાંથ્ન,-આ બધાંની મદદગાર અપાઉનાંમ ફ્રવષી, યાઇર્ય, અમ હુતશ્ત, વેરેથ્રઘ્ન અહુરદાત અને વનઇન્તી ઉપરતાત આવી જાય છે, તેઓને ત્યારે યાદ કીધા છે. એમ આવાં બધાંઓને યાદ કરી તેઓની સાથે એકતાન થઇ, તેઓને તેઓનાં કામમાં આ ભણતરના સ્તોતોથી યા તેઓ સાથે બીજી રીતે જોડાઇને તે ભણનાર પોતાની ગતી મુજબ મદદ પહોંચાડે છે. આ ઉપરથી ખુલ્લું દેખાઇ આવશે કે દરેક **બસ્તે-કુશ્તીઆને ગેહેગેહની બંદગી કરવી, કેમકે તેનાં જેવું પરમાર્થી કામ બીજું કોઇબી હોઇ શકે નહી, કેમકે ગાહો કે જેમાં તે જીવે છે તે ગાહો છેક ભુતના ભુતકાળ લગી પુગી એટલે અહુરાએ સૃષ્ટી શરૂ કીધી,-ના, સૃષ્ટી શરૂ કરવાનો તેનીબી અગાઉથી વીચાર કીધેલો તે મીથ્રને છેક પુગી** તેની સાથે, અને ભવિષ્યમાં છેક ફ્રશો-કેરેતી (ફ્રશો-ગર્દ) આવશે તેની સાથે, અને તે બધા અઇયામમાં યઝતી ગતી જે પરમાર્થનું કામ કરી રહે છે તેની સાથે, એટલે અહુરામઝદા અને અહુનવઇર્યની સાથે નવમાંની એક રીતે સીધો સંબંધ કરાવી આપનાર સાધન છે. **સાધારણ ઇનસાનના હાથમાં યઝતોની સાથે હમ-કલામ થવાનું, તેઓનાં પરદુખ-ભંજનનાં કામમાં મદદ આપવાનું, આ વગરનું બીજું કોઇબી સાધન છેજ નહિ, માટે તેને ચુકવું નહિ.** આવી રીતે ત્યારે ભણતરો આપણને કેવી ઉત્તમ ગતીએ પુગાડે છે,-એકલા આપણનેજ નહિ, પણ કુલ ગેતીને મોક્ષ તરફ પુગાડે છે, તેનું કંઇક ભાન આવશે, અને ભણતરની સામે બોલનારાઓ ખરેજ બદ-બખ્ત છે,-કુલ સમાજને નુકસાન કરવાનું બદ-બખ્ત કોઇક તેઓથી ભુતકાળમાં થઇ ગયલા મર્ગ-અરઝાન ગુનાહના નતીજામાં ઉભું કરે છે, તેઓની તેવી બદ-બખ્તીનો કંઇક ખ્યાલ આવશે.

**(૧૧) *થ્વાંમ્ આતરૅમ્ અહુરહે મજદાઓ પુથ્રૅમ્ અષવનૅમ્ અષહે રતૂમ્ યજમઇદે; હુદ-જ્યૉથ્રૅમ્ હુદ-અઓવ્યાઓંધ્રહનૅમ્ ઈમત્ બરૅસ્મ અષય ફ્રસસ્તરૅતૅમ, આપવનૅમ્ અષહે રતૂમ્ યજમઇદે; અપાંમ્ નપારૅમ્ યજમઇદે; નઇરીમ સંઘ્રહૅમ યજ-**

* ફકરા ૧૧ ની સમજ માટે જુઓ પાને ૧૨૨-૧૨૬ મે.

મઇદે; તખ્મૅમ્ દામોઇશ્ ઉપમનૅમ્ યજતૅમ્ યજમઇદે; ઇરિસ્તનાંમ્ ઉરૂવાંનો યજમઇદે યાઓ અષઑનાંમ્ ફ્રવષયો.

(૧૨) *સ્તૂમ ઑરૅજન્તૅમ્ યજમઇદે યિમ્ અહુરૅમ્ મજદાંમ્, યો અષહે અપનોતૅમો, યો અષહે જધ્મૂશ્તૅમો; વીસ્પ સ્રવાઓ જરથુશત્રિ યજમઇદે; વીસ્પચ હ્વરૂશ્ત શ્યઑથ્ન યજમઇદે, વરૂશ્તચ વરૅષ્યમ્નચ.

યેંઘ્રહે હાતાંમ્ આઅત્ યેસ્ને પઇતી વંઘ્રહો,
મજદાઓ અહુરો વએથા અષાત્ હચા,
યાઓંઘ્રહાંમચા તાંસ્ચા તાઓસ્ચા યજમઇદે.

યથા અહૂ વઇર્યો ૨.

(૧૩) યસ્નૅમચ[૧] વહ્મૅમચ[૨] અઑજસ્ચ[૩] જવરૅચ[૪] આફ્રીનામિ,[૫] અષાઉનાંમ્[૬] ફ્રવષિનાંમ્[૭] ઘૅનાંનાંમચ[૮] વીરો-વાંથ્વનાંમ્,[૯] યાઇર્યાઓસ્ચ[૧૦] હુષિતોઇશ્,[૧૧] અમહેચ[૧૨] હુતાશ્તહે[૧૩] હુરઑદહે,[૧૪] વૅરૅથ્રઘ્નહેચ[૧૫] અહુરદાતહે,[૧૬] વનઈન્ત્યાઓસ્ચ ઉપરતાતો.[૧૭] અષૅમ્ વૉહૂ ૧.

(૧૩) 'વીરો-વાંથ્વ'=સ્થેશ્તારો જેઓ બદીને તોડીને ભલાઇમાં ફેરવે છે તેવા ટોળાની[૯] || (મદદગાર) 'અષાઉનાંમ'=સંપુર્ણ ૭૨ દરજ્જાની અષોઇવાળી એટલે યઝતોને લગતી[૬] || ફ્રવષીઓ,[૭] (જેઓ) || ઘેના રૂપની[૮] (છે તેઓની), || તેમ ભલાઇ પંથરાઇને જામી રહે તેવા અવસરોને તેઓના રોશ્નીના પ્રવાહોને દરોબસ્ત રીતે રાખીને ઉતારનાર[૧૧] || 'યાઇર્ય' યઝત અને તેની સાથે જોડાયલા બરવકતના હિંગામો ગાહામ્બારોની,[૧૦] (તેમ) || અહૂની જાત નામે 'હૂ' માંથી ઘડાયલી-રાદનેજ જન્મ આપતી,[૧૩] || અહૂનો જલ્વો બહાર દેખાડતા ચહેરાવાળી એટલે અષોઇનો પ્રભાવ દેખાડતી[૧૪] || અમ શકિતની,[૧૨] || તેમ અહુરદાત રાખનાર[૧૬] || બહેરામ યઝતની,[૧૫] || (અને) વનઇન્તી ઉપરતાતની[૧૭] || યસ્નની રીતની ખીશ્કારીને,[૧] || તેમજ સ્તુતી પાત્ર રીતે કામ કરી અહુરાની મરજી બજાવવાની ગતીને,[૨] || તેમજ તેઓ માંહેલી અઓજની શકિ ને,[૩] || તેમજ તેઓ અહુરાને પુગાડવાનું સાધનવાળા યાને જઑથ્ર રૂપના છે તેવી તેઓની અહુરા લગી બીજાંને પુગાડવાની શકિત જેને આલાતરૂપની શકિત કહે છે તેની તેઓની શકિતને[૪] || હું ધ્યાનમાં લઇને વખાણું છું,[૫] (કે તેઓના

* ફકરા ૧૨ ની સમજ માટે જુઓ પાને ૧૨૭ મે.

જેવું કામ મારેથીબી કંઇ થાય અને એમ અહુરાની ખુશાળી તેઓની માફક કરી શકું!)

☞ અહ્માઇ રએશચ; હુજંઘરૅમ; જસ મે અવંઘ્રહે મજદ; કૅરૂૅહ્ મોજદ.

## ઉષહિન ગેહ.

(૧) ક્ષનઑથ્ર[૧] અહુરહે મજદાઓ.[૨] અષૅમ[૩] વૉહૂ ૩. ફ્રવરાને[૪] મજદયસ્નો જરથુશત્રિશ[૫] વીદએવો[૬] અહુર-ţકએષો.[૭] ઉષહિનાઇ[૮] અષઑને[૯] અષહે[૧૦] રથ્વે,[૧૧] યસ્નાઇચ[૧૨] વહ્માઇચ[૧૩] ક્ષનઑથ્રાઇચ[૧૪] ફ્રસસ્તયએચ;[૧૫] બૅરૅજયાઇ[૧૬] ન્માન્યાઇચ[૧૭] અષઑને[૧૮] અષહે[૧૯] રથ્વે,[૨૦] યસ્નાઇચ[૨૧] વહ્માઇચ[૨૨] ક્ષનઑથ્રાઇચ[૨૩] ફ્રસસ્તયએચ;[૨૪]

(૨) સ્રઑષહે[૨૫] અષ્યેહે,[૨૬] અષિવતો[૨૭] વૅરૅથ્રાજનો[૨૮] ફ્રાદત્-ગએથહે,[૨૯] રષ્નઑશ[૩૦] રજિશ્તહે,[૩૧] અરૂશ્તાતસ્ચ[૩૨] ફ્રાદત્-ગએથયાઓ[૩૩] વરૅદત્-ગએથયાઓ,[૩૪] ક્ષનઑથ્ર[૩૫] યસ્નાઇચ[૩૬] વહ્માઇચ[૩૭] ક્ષનઑથ્રાઇચ[૩૮] ફ્રસસ્તયએચ;[૩૯] યથા અહૂ વઇર્યો[૪૦] જઑતા[૪૧] ફ્રા મે[૪૨] સ્રૂતે,[૪૩] અથા રતુશ અષાત્-ચિત્ હચ[૪૪] ફ્રા અષવ[૪૫] વીદ્વાઓ[૪૬] મ્રઑતૂ.[૪૭]

(૧) અહુરાની[૨] ‖ ખુશાળી વધવાનાં, થવાનાં સાધનો વધતાં રહો![૧] (જગતને જે અર્થે અહુરાએ ઉભુ કીધું છે તે અર્થ જલદીથી પાર પડો!) ‖ ત્રણ અષૅમના સ્તોતો મારી તરફના હદીઆ તરીકેનાં તે કામની ફત્તેહ સારૂ કબુલાય![૩] ‖ મઝદયસ્ની ઝરથોશ્તી તરીકેનો[૫] ‖ હું દએનમાં એતેકાદ રાખનારો છું;[૪] ‖ દએવીક ગતીની અજ્ઞાનતાના અસરે-તારીકી પેદા કરે તેવા કાયદાથી દુરનો દુર છું;[૬] ‖ અહુરના કાયદા પ્રમાણેજ ચાલનારો છું.[૭] ‖ અષોઇની રચના સાથની સીમાવાળા[૯] ‖ ઉષહીનના[૮] (એટલે અસરે-રોશનીના પ્રકાશથી અહીરીમનને બાળવાની, તે અહિરીમનના દોરને દપત પાડવાની શકિતવાળા), ‖ આઝાદગી આપતી અષોઇની[૧૦] ‖ સરદારીના આઝાદ વખતમાં[૧૧] ‖ (ઉષહીનની શકિતને મદદ આપવા ખાતર તે

શકિત સાથે) યસ્નની રીતે મેલાપ કરવા,[૧૨] ‖ યશ્ત—ન્યાયશ્નાં વળતો જવાબ મળે તેમ ભણવાની રીતે મેલાપ કરવા,[૧૩] ‖ તેની ખુશનુદી કરવા,[૧૪] ‖ તેનાથી ભલી તોરીક મેળવવા[૧૫] (હું દુવા કરૂંછું). ‖ 'એરેજ'ની શકિત,[૧૬] (જે આશીરવાદો આપીને હસ્તી તરફ જવાની મુરાદ બર લાવે છે તે)ને માટેનાં ‖ અને '**ન્માન**'ની શકિત,[૧૭] (જે એરેજની શકિતના આશીર્વાદને જોરે ગરોન્માન તરફ દોરવી લઈ જાય છે તે)ને માટેના (તેવી એ એરેજની અને ન્માનની શકિતઓનાં કામ કરવાના). ‖ અષોઇની રચના સાથની સીમાવાળા,[૧૮] ‖ આઝાદગી આપતી અષોઇના[૧૯] ‖ આઝાદ (ઉષહિનના) વખતમાં[૨૦] ‖ (તેઓને મદદ કરવા માટેનો) મેલાપ યસ્નની રીતે કરવા,[૨૧] ‖ યશ્ત—ન્યાયશનાં વળતો જવાબ મળે તેવી રીતનાં ભણતરોથી (તેઓને મદદ આપવા માટેનો) મેલાપ કરવા,[૨૨] ‖ તેઓની ખુશ્નુદી કરવા,[૨૩] ‖ તેઓથી ભલી તોરીક માંગવા[૨૪] (હું દુવા કરૂંછું) ‖ અષીની શકિત, જે અષોઇની ટોંચની શકિત છે, તે શકિતની માફક કામ કરવાવાળો[૨૭] ‖ ફત્તેહમંદ[૨૮] (દુજી ગતીને તોડવામાં ફત્તેહ પામતા,) ‖ અષોઇને લગતા-માટેના એટલે અષોઇના બધા તબકકા દરજ્જા તરફ દોરવનાર,[૨૬] ‖ કુલ બંધારણ જે નીસ્તીમાં જામી રહયું છે તેને મુકત કરીને ખુદ વધે તેવું કરનાર[૨૯] ‖ સરોશની,[૨૫] ‖ રાદી ગતી=સચ્ચાઇ=રાદ પદવંદ=અહુરમઝદ સાથના સીદ્ધા સંબંધને દોરી તેવા રાદી સંબંધમાં રહેનાર—રાદી ગતીનું ઉભાણ લાવનાર અને અસત્ય જયાં હોય ત્યાં સત્યને વસાવનાર[૩૧] ‖ રસ્નુની,[૩૦] ‖ સૃષ્ટીની રજેરજનાં બંધારણને, સંસ્થાઓનાં બંધારણ (અંગો) ને દુજી ગતીથી મુકિત આપી વૃદ્ધિ પામવાનાં ભાન તરફ લઇ જનાર[૩૩] ‖ (અને એવી રીતે) તે બધી રજેરજનાં તેમજ સંસ્થાઓનાં બંધારણ (અંગો) ને આબાદ કરનાર એટલે ખાકી ગતીમાંથી આબી, અને આબીમાંથી બાદી અને આતશી ગતીના કરી, જાતી-ભેદના પોતાના તેવા અંગોમાં મેળવીને વધતા જતા રહીને નુર તરફ લઇ જનાર[૩૪] ‖ આશ્તાદ યઝતની[૩૨] ‖ ખુશાલી પામવાની મારફતો=સ્તુતીઓ[૩૫] ‖ યસ્નની રીતે જોતી-રાથ્વીના ભેદની રીતે કરવા,[૩૬] ‖ વહમની રીતે એટલે યશ્ત—ન્યાયશનાં વળતો જવાબ મળે તેવી રીતનાં ભણતરો મારફતે કરવા,[૩૭] ‖ એમ તેઓની ખુશ્નુદી કરવા,[૩૮] ‖ તેઓથી તોરીક મેળવવા[૩૯] (હું દુવા કરૂંછું, માટે) ‖ અએ જોતી, મદદગાર ઉસ્તાદ દસ્તગીર[૪૧] (અવીઝેહ દીનની બાતેન કુદરત)! ‖ **યથા અહૂ વઇર્યો**[૪૦] ‖ મને હું જે આગળ વધવા માંગુ છું તેને[૪૨] ‖ કહે—શીખવ,[૪૩] ‖ કે પછી તે આગળ વધી રહેલો અને બીજાને આગળ વધારનારો[૪૫] ‖ વીદવાન[૪૬] ‖ **અથા રતુશ્ અષાત્ચિત્ હચનો** ભેદ મને[૪૪] ‖ બતાવશેજ[૪૭] (હું મારી દુઆને પુગીશ).

(૩) †અહુરॅમ મજદાંમ અષવનॅમ અષહે રતૂમ યજમઇદે; જરથુશ્ત્રॅમ અષવનॅમ અષહે રતૂમ યજમઇદે; જરથુશ્ત્રહે અષ-ઑનો ફ્રવષીમ યજમઇદે; અમॅષે સ્પॅન્તે અષઑનાંમ યજમઇદે.

(૪) †અષાઉનાંમ વંઘ્ઉહીશ સૂરાઓ સ્પॅન્તાઓ ફ્રવષયો યજમઇદે; અસ્ત્વતો મનખ્યાચ અપનોતॅમॅમ રથ્વાંમ યજમઇદે; યએતુશ્તॅમॅમ યજતનાંમ, હુંઘહનુશ્તॅમॅમ અષહે રથ્વાંમ અઇવિ-નસાંસ્તॅમॅમ, જઘમૂશ્તॅમાંમ અષઑનો અષહે રથ્વો રતુફ્રિતીમ યજમઇદે.

(૫) ઉષહિનॅમ[1] અષવનॅમ[2] અષહે[3] રતૂમ[4] યજમઇદે;[5] ઉષાંમ[6] સ્રીરાંમ[7] યજમઇદે;[8] ઉષાઓંઘ્રહॅમ[9] યજમઇદે,[10] ક્ષોઇ-થ્નીમ[11] રએવત્-અસ્પાંમ,[12] ફ્રમॅન્-નરાંમ[13] ફ્રમॅન્-નરો-વીરાંમ,[14] યા[15] ખાથ્રવઇતિ[16] નમાનવઇતિ;[17] ઉષાઓંઘ્રહॅમ[18] યજમઇદે,[19] રॅવીમ[20] રॅન્જત્-અસ્પાંમ,[21] યા[22] સનત્[23] અવિ[24] હુપ્તો-કરૅથ્વઇ-રીમ[25] જાંમ;[26] અવાંમ[27] ઉષાંમ[28] યજમઇદે.[29] અહુરॅમ મજ-દાંમ[30] અષવનॅમ[31] અષહે[32] રતૂમ[33] યજમઇદે;[34] વॅાહૂ મનો[35] યજમઇદે;[36] અષॅમ વહિશ્તॅમ[37] યજમઇદે;[38] ક્ષથ્રॅમ વઇરીમ[39] યજમઇદે;[40] સ્પॅન્તાંમ વંઘ્ઉહીમ આરમॅઇતીમ[41] યજમઇદે.[42]

(૫) અષોઇના[3] || સરદાર[4] || ઉષહિન[1] (ની શકિતવાળા, અહી-રીમનને પોતાના પ્રકાશથી આંધળો કરીને કેદ પકડી શકવાની ગતીવાળા) વખત સાથે || એકતાન થઇએ છીએ.[5] || સોહામણી[7] (ખુશ મીઝાઝ કરાવે તેવી શીતળ) || ઉષા=સહવાર[6] (નું ઉગવું કે જેમાં 'બાદે-સબા'=ગંભીર ચેતવણી આપતો, શાંતીની ખુશ ખબર આપતો વયુ વહી રહે છે અને સ્પેન્તીનો નાદ પાંથરી રહે છે અને કહે છે કે મારા સ્વાની ગતી આગળી રાત્રે આડી ખરફ્સ્ત્રી અહીની દસ્યલ હતી, પણ હમોને આબેદો-સાલેકોએ અઇવિસ્ત્રુથ્રેમના હમ-કારોનાં જોરે પકડીને મારીને સુધારી છે, જેથી હવે હમોને વૃધ્ધીનો ખ્યાલ આવ્યો છે માટે **અએ ઇનસાનો,!** તમોએ **અહીની ગતીથી સાવ-ચેત રહેવું. અહીની અજ્ઞાનતામાં દુખ છે એમ હમો ચેતવણી આપીએ છીએ.** એવી રીતે તે બડી સહવારમાં 'બાદે-સબા' ગાઇ રહે છે તે એવા હોશઆમ)ના વખત સાથે એકતાન થઇએ છીએ.[8] || ઉષહિનના વખતના સ્વાઓ[9] (જેઓ મ્યાના ગતીમાં, પતમાનની ગતીમાં એટલે 'અર્પॅમ

† ૩ જા તથા ૪ થા ફકરાના તરજુમા માટે જુઓ ઉપર પાને **૧૧૯ થી ૧૨૦ મે.**

વૉહૂ'ના નાદવાળા=અમર શાંતી-ઉશ્તાનાં સુખના નાદવાળા છે, **જેમાં અનામાંથ્વાઓ ફ્રવષીનો કંઇક ભેદ છે, એટલે સપ્પર પહેલી વખતની સૃષ્ટીની સ્તંભતામાંથી એટલે દાદારની મરજી પ્રમાણે ઉગીને વૃધ્ધિ કરવા માટે ખેંચાણોના આવેશોમાં જઈ તેઓને જીતીને દાદારને પુગી રહેવાની હિકમતોના નકાર-અનાદર-માંથી, તે હિકમતોને તાબે થવાના હાકાર સહકાર તરફ જવાના ચલીતપણામાં ઉગવાના વખતના ભેદનાં જ્ઞાનનો અને તે જ્ઞાન પ્રમાણે વર્તીને પાર પડવાની હોશ પામવાનો કંઇક ભેદ છે,** જેઓ) ‖ નુરમંદ શાંતીની ખુશાળીનાં ખેંચાણની લેહ આપનારા,[11] (ઇશ્કનું ભાન કરાવનારા, ખુદ પોતે યારબાઝ) ‖ રથની ગતીનો, ખરાં યઝતી જ્ઞાનની ગતીનો જોશ, જેનાં માપને **'અસ્પ'** ઘોડાની તેજી સાથે સરખાવી છે તેવી રથની ગતીના જોશવાળા,[12] (અલંકારીક શોભીતા ચળકતાં જ્ઞાની ઘોડા રૂપના), ‖ ઇનસાનને **ન-ના'**ની ગતીના મીથ્ર=વીચાર તરફ-ઇનસાનીઅતના ખ્યાલ તરફ લઇ જનાર એટલે **ઇનસાન ગેતીનો એક ત્રસ્તી છે, નીમ-યઝત છે, જેણે ગેતીને ઉપર લઈ જવાની છે, તેવા ઇનસાની-અતના ખ્યાલોને ઉભરાવનાર,**[13] ‖ એવા ખ્યાલોને ઇનસાનોમાં ઉભ-રાવાને અમલ કરવાનું જોમ આપી, બદીની સામે થવાનું જોર, વીરની ગતીનું જોમ આપનાર[14] (વિચારને બુલંદીએ પુગાડીને તેમ વર્તન કરા-વનાર,) ‖ જે[15] (યાને ઉષહિનના રવાઓ) ‖ દાદારના તત્વ ('હૂ') ની માફક કામ કરી રહેલા નુરમંદ ખેંચાણવાલા,[16] ‖ **'ન્માન'** ઘર-દાદારની મુળ વર્ણ, બરજીસી ઝરથોશ્તી દએન જેવા, બરજીસી ઝરતોશ્તી દએન માફક ગરોન્માન તરફ લઇ જવા કામ કરી રહેલા[17] (હોય છે) તેઓની ‖ સાથે એકતાન થાઉ છું.[10] ‖ ઉષહિનના રવાઓ[18] ‖ ચપળ ગતીના મદદગાર તરીકે તુરતજ મદદે પુગનાર, ઇનસાનની મુકિત માટેની ખાહેશને પુગીને મદદે પુગવામાં તેઝ ગતીના,[20] ‖ હવા કરતાંબી સેતાબીથી દોડતા ઘોડાની ગતીના[21] (મદદે આવવામાં ઘણાજ ઝડપી), ‖ જે[22] ‖ સાતે કેશ્વરો[25] ‖ (ની) બુલંદીએ પુગતી આઝાદગી મેળવીને હસ્તી તરફ જઇ રહેતી નીસ્તીની જમીનની[26] ‖ આસપાસ[24] ‖ પંથરાઇને જામી રહે છે, ધામ કરે છે,[23] ‖ તેની સાથે એકતાન થઇએ છીએ.[19] ‖ (ખાસ) તેને[27] (આવા ઉપર કહેલા તેઝ ગતીના ઉષહિનના રવાના ગર્ભમાં પાકતી) ‖ **ઉષા,** એટલે સવારનું ઝઝકલું-ખુરશેદ ઉગે તેની અગાઉની ૭૨ મીનીટે દેખાતી રોશની[28] (અને તેમાંના બાદે-સબા) ની ‖ સાથે એકતાન થઇએ છીએ.[29] ‖ અષો-ઇના[32] ‖ સરદાર[33] ‖ અષો[31] ‖ અહુરમઝદની સાથે[30] ‖ એકતાન થઇએ

છીએ.[૩૪] || વૉહૂ મન,[૩૫] || અષ વહીશ્ત,[૩૭] || ક્ષથ્ર વઇર્ય,[૩૯] || ભલી સ્પેન્ત આરમઇતી[૪૧] || સાથે એકતાન થઇએ છીએ.[૪૨] ||

**(૬) બૅરજીમ્[૧] અષવનૅમ્[૨] અષહે[૩] રતૂમ્[૪] યજમઇદે,[૫] બૅરજ[૬] વંઘ્રહેઉશ[૭] અષહે,[૮] બૅરજ[૯] દએનયાઓ[૧૦] વંઘ્રહુયાઓ[૧૧] માજ્દયસ્નોઇશ,[૧૨] ન્માન્યેહે[૧૩] રથ્વો[૧૪] યસ્નાઇચ[૧૫] વહ્માઇચ;[૧૬] ન્માનીમ્ચ[૧૭] અષવનૅમ[૧૮] અષહે[૧૯] રતૂમ્[૨૦] યજમઇદે.[૨૧]**

**(૭) સઑર્ષૅમ[૨૨] અષીમ[૨૩] હુરઑદૅમ[૨૪] વૅરથ્રાજનૅમ[૨૫] ફ્રાદત્-ગએથૅમ[૨૬] અષવનૅમ[૨૭] અષહે[૨૮] રતૂમ[૨૯] યજમઇદે;[૩૦] રષ્નૂમ[૩૧] રજિશ્તૅમ[૩૨] યજમઇદે;[૩૩] અરૂશ્તાતૅમ[૩૪] ફ્રાદત-ગએથાંમ્[૩૫] વરૅદત્-ગએથાંમ્[૩૬] યજમઇદે.[૩૭]**

**(૬-૭)** અષોઇના[૩] || સરદાર[૪] || અષો[૨] || બેરેજ=બુલંદીએ લઇ જવાના આશીરવાદ આપનાર શકિતની સાથે[૧] || એકતાન થઇએ છીએ.[૫] || ગોસ્પંદી ગતીની[૭] || અષોઇની શકિતવાળી[૮] || આશીરવાદીક ગતી રાખનાર શકિત[૬] (ને મળવા) || અને ભલી ગોસ્પંદી ગતીવાળી[૧૧] || મઝદયસ્ની[૧૨] || દએનની[૧૦] || આશીરવાદીક ગતીઓ[૯] (ને મળવા,) || અને 'ન્માન'ને[૧૩] મેળવી આપવા માટેનાં=મુળ ઘર, મુળ મધ્ય, મળવાનાં ઠામવાળી મુળ વર્ણ,-અહુરમઝદના તખ્ત ગરોન્માન મેળવી અપાવવા માટેના નેમાયલા || રતુ[૧૪] તરીકેની શકિત (ને મળવા આ બધાંનો) || યસ્નની રીતે મેલાપ કરવા માટે,[૧૫] || અને યશ્ત-ન્યાયશનાં વળતો જવાબ આપે તેવાં ભણતરો મારફતે મેલાપ કરવા માટે[૧૬] || (ઉપર કહેલા બેરેજ આશીરવાદો આપનાર શકિતની મદદ માંગીએ છીએ માટે તેની સાથે એકતાન થઇએ છીએ.) || અષોઇના[૧૯] || સરદાર[૨૦] || અષો[૧૮] || ન્માન મુળ બરજીસી વર્ણ તરફ દોરવનાર પતી સઓષ્યન્ત, રાએનીદાર, દસ્તુર કે કોઇબી અષવન અધીકારીની[૧૭] || સાથે એકતાન થઇએ છીએ.[૨૧] || અહૂની જાત 'હૂ' નો જલવો, અષોઇનો બહાર દેખાડતા ચહેરાવાળા,[૨૪] || ફત્તેહમંદ, દ્રુજ ગતીને તોડનારા,[૨૫] || નીસ્તીની રજેરજનાં બંધારણને દ્રુજ રહીતનું મુકત કરીને ખુદ બ ખુદ આઝાદી મેળવી શકવાની બુદ્ધિ અપાવનારા,[૨૬] || અષી અષોઇની સંપુર્ણતાવાળા[૨૩] || સરોશ યઝત સાથે[૨૨] || એકતાન થઇએ છીએ.[૩૦] || ભલાઇને ઉભાવનારો, અસત્યને દુર કરી સત્ય પાંથરનાર રાદ સીલસીલો ઉભો કરનાર[૩૨] || રશ્નુ સાથે[૩૧] || એકતાન થઇએ છીએ.[૩૩] || નીસ્તીના રજેરજનાં બંધારણને દ્રુજ રહિત કરી આઝાદગી ખુદ બ ખુદ મેળવે તેવું ભાન કરાવનારા,[૩૫] || તે બધા જાતી ભેદમાં વહેંચાયલાઓને

આબાદ કરનાર, ખાકમાંથી આતશી હાલતમાં લાવીને એક અખંડ કરનાર[૩૬] || આસ્તાદ યઝત સાથે[૩૪] || એકતાન થઇએ છીએ[૩૭] ||

(૮) *થ્વાંમ આતરૅમ્ અહુરહે મજ્દાઓ પુથ્રૅમ અષવ-નૅમ્ અષહે રતૂમ્ યજમઇદે; હુદ-જઑથ્રૅમ હુદ-અઇવ્યાઓંઘહુ-નૅમ ઇમત્ બરૅસ્મ અષય ફ્રસ્તરૅતૅમ, અષવનૅમ્ અષહે રતૂમ્ યજમઇદે; અપાંમ્ નપ્તારૅમ્ યજમઇદે; નઇરીમ્ સંઘહૅમ યજ-મઇદે; તખ્મૅમ દામોઇશ્ ઉપમનૅમ્ યજતૅમ યજમઇદે; ઇરિસ્તનાંમ્ ઉરૂવાંનો યજમઇદે યાઓ અષઑનાંમ્ ફ્રવષયો.

(૯) *રતૂમ બૅરૅજન્તૅમ્ યજમઇદે યિમ્ અહુરૅમ્ મજ્દાંમ્, યો અષહે અપનોતૅમો, યો અષહે જઘ્મૂશ્તૅમો. વીસ્પ સ્રવાઓ જરથુશ્ત્રિ યજમઇદે; વીસ્પચ હુવરૂશ્ત શ્યઑથ્ન યજમઇદે, વરૂશ્તચ વરૅશ્યમ્નચ.

†યેંઘહે હાતાંમ્ આઅત્ યેસ્ને પઇતિ વંઘહો,
મજ્દાઓ અહુરો વએથા અષાત્ હચા,
યાઓંઘહાંમચા તાંસ્ચા તાઓસ્ચા યજમઇદે.
યથા અહૂ વઇર્યો ૨.

(૧૦) યસ્નૅમચ[૧] વહ્મૅમચ[૨] અઑજસ્ચ[૩] જવરૅચ[૪] આફ્રી-નામિ,[૫] સ્રઑષહે[૬] અષ્યેહે[૭] અષિવતો[૮] વૅરૅથ્રાજનો[૯] ફ્રાદત્-ગએથહે,[૧૦] રષ્નઓશ[૧૧] રજિશ્તહે,[૧૨] અરૂશ્તાતસ્ચ[૧૩] ફ્રાદત્-ગએથયાઓ[૧૪] વરૅદત્-ગએથયાઓ.[૧૫] અષૅમ વૉહૂ ૧.

☞ અહ્માઇ રએશ્ચ; હજંઘ્રૅમ; જસ મે અવંઘ્રહે મજ્દ; કૅરૂકેહ મોજ્દ.

(૧૦) અષોઈના બધા તબકકાવાળો અને તેઓનો વહિવટ કરનાર,[૭] || અષીની શકિતની માફક ખીશ્કારી કરી રહેનાર,[૮] || દ્રુજને તોડવામાં ફ્રત્તેહમંદ,[૯] || નીસ્તીની રજેરજનાં બંધારણમાંથી દ્રુજને ઉકેલીને ખુદ બ ખુદ વૃદ્ધિ કરે તેવી હોશ કરાવનાર[૧૦] || સરોશની,[૬] || (તેમજ) રાદી સીલસાલો ઉભો કરનાર[૧૨] || રશ્નુની,[૧૧] || (તેમજ) નીસ્તીને દ્રુજ રહીત કરીને છોડવી વૃદ્ધીએ પુગાડવાની હોશ મુકનાર,[૧૪] || તેના જાતી ભેદને મેળવી અખં-

* ફકરા ૮ અને ૯ ની સમજ માટે જુઓ પાને ૧૨૨-૧૨૭ મે.

† યેંઘહે હાતાંમની સમજ માટે જુઓ પાને ૪૭ થી ૫૦ મે.

ડતામાં લાવનાર[૧૫] || આસ્તાદની[૧૩] || **યસ્નને** એટલે યોજીને કામ કરવાની ગતીને[૧] (એટલે કે કુદરતની સાથે જોતી–રાથ્વીના ભેદમાં આવ્યા કરીને સૃષ્ટીને હદ+ઇનસાફ પ્રમાણે ભુલભાલ, થાક કે કસર વગર રચીને લાયક રીતે આગળ ચલાવવાની ગતીને), || (તેમજ) **વહુમને**=નામ સ્મરણને[૨] તેને માટે થયલી યશ્ત–નિયાએશ્ન જેવી વળતો જવાબ મળે તેવી ભક્તિને (એટલે તે એક સાહેબ સાથે અનેક રીતે મળી જઇને, તે સાહેબમાં સમાઇ જઇ–તે સાહેબના અંગરૂપ થઇ–એમ જ્ઞાની થઇ–બહાર પડીને તેની વખાણમાં લીન્ન રહેતા જઇને સૃષ્ટીને અહુ પરસ્તીના નાદમાં રાખવાની મહાન ગતીને), || (તેમજ) અઓજને એટલે અહૂની આપેલી મહાન શક્તિને, || (તેમજ) **જવર્ઁને**=અહુરાને પુગવાની મારેફત થવાને, આલાત–જઓશ્રરૂપ શક્તિ રાખવાનાં સાધનને[૯] || એ બધાંને યાદ કરીને વખાણું છું,[૫] (અને ઇચ્છું છું કે હું પોતે તેવી કંઇક ગતીએ પુગું), અર્ષેમ ૧. ||

## ગાહો બાબે છેવટની નોંધ:

## વખત જે ઇનસાનને બાંધે છે તે અને વખત જે ગાહોમાં છે તે બેઉ જુદા છે તેની નોંધ.

ગાહોના વખતને **અષઑનો–અષહે રથ્વો** કાંય કહ્યો છે? ગાહોના વખતને અવસ્તામાં ઘણા માનથી જોય છે એટલુંજ નહિ પણ તે વખતને યઝતી પંકતી ઉપર મુકેલો છે, અને યઝશ્નેમાં તેને આરાધેલો છે. ગાહોનો વખત સામાન્ય કહેવાતા વખતથી જુદો પડે છે. સામાન્ય વખત જે ઇનસાનને ભલે બુરે છેડે લઇ જઇને પાર પાડશે તે વખત ગાહોના વખત તરીકે નથી, પણ તે વખતને દોરવનાર ગાહોનો વખત છે માટે તેને **અષોઇના** સરશોકનો અને સરદાર કહયો છે. ગાહોનો વખત ત્યારે દાદારની યઝતોની ઝરવાનમાંથી છે; જ્યારે વખત કે જે ઇનસાનને લાગુ પડે છે તે વખત ઇનસાનની હુવીમાંથી થયલો છે ગાહોનો વખત હિંગામોના વખતની પંકતીનો છે. જેમ હિંગામો ગેતીની ઉપર ઇનસાન બસરને અને તેની મારફતે રજેરજને મદદ કરવા ઉતરે છે તેમ ગાહોનો વખતબી ગણાયલો છે. આમ છે માટે ગાહોના વખતને અષોઇની રચનાવાળો કહયો છે જેને માટે '**અષઑનો**' શબ્દ છે. વળી ગાહોનો વખત આઝાદ છે એટલે હુવીઅત રહીતનો છે, માટે અષની હાલતનો છે, માટે પરદુખભંજનનો છે, માટે ગુનાહગારોને દોરવી રહે છે. આમ છે માટે તે ગાહોના વખતને '**અષહે રત્વો**' એટલે જેમ પોતે આઝાદ હોવાથી હુવી રહીતનો છે જેથી અષને રાખી શકે

તેમ ઇનસાનના વખતને ઘડવા પોતે સરદારી લઇને મહેનત કરી રહયો છે. એમ ગાહોનો વખત આઝાદ છે એટલે હુવીમાંથી થયો નથી. જયારે ઇનસાનનો વખત તેવો નથી. ઇનસાનનો વખત તો ભલાઇ કે બુરાઇ એઉની જોડની ગતીવાળો છે. ગાહોનો તેવો નથી. આ બધું બતાવવા **અષઑનો–અષહે રથ્વો** શબ્દ છે, જેમાં આઝાદગીનો અને સરદાર થઇને પરદુખભંજન કામ કરવાનો અર્થ રહયો છે, જે બધો અધીકાર અષના સરશીક વગર હોય નહિ. એમ છે માટે એ વખતને આઝાદ તરીકેનો કહીએ છીએ. ઇનસાનને બાંધતો વખત એક ઇનસાનની જીંદગીમાં ચોક્કસ ગતી રાખે છે, જે ગતીથી તે ઇનસાનને દુન્યવી સુખ દુખ, વૈભવ, દળીદ્રતા કે સત્યસંગ પ્રાપ્ત થઇ શકે છે. ઇનસાનની જીંદગીના વખતની આ **'ગતી'** ત્યારે સામાન્ય નથી, પણ જુદી જુદી છે, માટેજ ઉપર કહયું તેમ સુખ દુખ ઉભું થઇ શકે છે. જયારે તે ઇનસાનના વખતની એવી એક ગતી ભોગવાઇ રહે છે ત્યારે તે ગયલો વખત ઝરેહ કેઆંસેનો મેલાપ કરીને તેમાં સમાય છે, અને ઝરેહ કેઆંસે મારફતે ગાહોનાં ભણતરથી છેક દાદાર લગીનો પદવંદ કરી શકાય છે. સાધારણ રીતે ઇનસાનનો વખત ભોગવાઇ રહયા પછી ઝરેહ કેઆંસેમાં જઇને ગુંચવાઇ જાય છે, ગોયા ત્યાં ભુલો પડે છે. ખરેખર તો તે વખત ઝરેહ કેઆંસેમાં તેની જગા પામીને ઇનસાનના ખોદામાં મળવો જોઇએ. આ કામ ત્યારેજ થઇ શકે કે જયારે ભોગવાયલો વખત ઝરેહ કેઆંસેમાં દરોબસ્ત ગોઠવણ પામી લાયક મરતબો પામીને ઝરેહ કેયાંસેના સંબંધથી બીજા ઝરેહો મારફતે મીનો કરકોમાં પડીને ત્યાંથી હરતીના આતરોમાં જઇને આથ્રો પુથ્ર અહુરમઝદમાં જાય અને ત્યાંથી **'યએોન–રશ્નુ–આરમઇતી'**નો ભેદ પામીને ઇનસાનના ખોદામાં મળી રહે છે, કે જે વખતે કહી શકાય, કે ઇનસાનના ભોગવાયલા વખતથી તે ઇનસાન પાર પડયો. ઇનસાનની નેકી કે જેથા આવો મામલો ઉભો થઇ શકે તેને ઉલુફગણી મદદ આપનાર તરીકે આ ગાહોનાં ભણતરો છે. ગાહોનાં ભણતરનો વખત ગાહોમાંની હમકાર ગતીની ઝરવાનોમાંથી છે, જેમાં યએોન–રશ્નુ–આરમઇતીનો ભેદ છેજ માટે તો તે વખત આઝાદ છે અને અષોઇની ગતી રાખે છે અને અધીકાર રાખીને ઇનસાનન 'વખત'ને દોરવીને પહેલે 'ઝરેહ કેયાંસેમાં તેની જગા કરાવી આપે છે, કે જે પછી તે વખત ઇનસાનની નેકીનાં પ્રમાણ પ્રમાણે યએોન–રશ્નુ–આરમઇતીનો ભેદ પામીને તેના ખોદામાં મળવાની જેત વધુ મેળવી શકે. ત્યારે ગાહોના વખતને આઝાદ વખત કહે છે, જેને માટેજ **તેને 'અષઑને' એટલે અષોઇના મરતબાને છાજતો એટલે અષોઇની રચના-**

વાળી સીમાવાળો, અને **અષહે** એટલે આઝાદગી-દુજ· રહિતની **હાલત** કે જે અષોઇની શક્તિ મેળવવાનું પહેલું પગલું છે તેવી આઝાદગી આપી રહેતી અષોઇની 'રથ્વો'=સરદારી કરનાર આઝાદ વખત રતુના મરતબાનો કહેલો છે. ઉપર કહયું છે કે દુન્યવી ઇનસાનનો વખત ભોગવાઇ રહેવે તે પસાર થઇ જાય છે. વખત પસાર થાય તે **અગાઉ કરણી જે થઇ** તેની ગતી **લય** અને **ઘટ**ના હિસાબ પ્રમાણે ભલાઇનો ભાગ મીનો **કરકે**ામાં જાય છે અને બુરાઇનો ભાગ ગુબાર તરીકે બંધાય છે. પેલો વખત ઝરેહ કેઆંસેમાં ભુલો પડી જાય છે. પછી જયારે લાંબે કાળે તે ગુબારો પરિ-પુર્ણ થઇ રહે છે, ત્યારે તે વખત જે ઝરેહ કેઆંસેમાં ગુંચવાયો છે તે ત્યાંથી રાહ પામીને તે ગુબારોમાં જોડાઇને ઇનસાન ઉપર પાછો આવે છે. ગાહોનાં ભણતરોથી ગુઝશ્તેહ વખત ઝરેહ કેઆંસેમાં આરાસ્તે થઇને બુરા ગુબારોની ખીલવણીમાં ભાગ લઇને તે ગુબારોને ઉતારીને ઇનસાનને જલદીથી પાર પાડી શકે છે, જયારે બીજી રીતે તો તે ગુઝશ્તે વખત જે ઝરેહ કેઆંસેમાં ભુલો પડેલો સરગરદાન છે માટે ભાનભુલો છે, તે પોતાને લગતા ગુબારોને પકવવામાં ભાગ લેવાની તોફીકજ મેળવી શકતો નથી. ગાહોના આઝાદ વખતની સરદારી ગાહોનાં ભણતરની તલેસમથી તે ગુઝ-શ્તે વખતને ઝરેહ કેયાંસેમાં દોરવી શકે છે. આમ ત્યારે ગાહોનો વખત આઝાદ છે, અધીકારવાળો છે, જેને 'રથ્વો' એટલે રતુ તરીકેનો વખત કહયો છે.

## ન્યાયશ્ન (નીઆએશ)-યશ્તના અર્થો: તેઓની મોતેબરી: તેઓના ભેદોની ઉપર:

ખોરદેહ અવસ્તામાં "ન્યાયશ" અને "યશ્ત" એવાં બે નામની બંદગીઓ છે. આ બે જાતની નોખી બંદગીઓમાં મોટા ભેદો છે. **શું કામ કરવા અવસ્તામાંજ બંદગી કરવી જોઇએ, તેના જવાબો બંદગીના આ બે વર્ગોનાં નામોમાંજ છે.** ખુરશેદની ન્યાયશબી છે અને ખુરશેદની યશ્તબી છે. એમ બે ચીજો જુદી છે. આ કંઈ અમરથું હસવાને ખાતર કીધું નથી. આજે કેટલાક સાહેબોને આવી ચીજોની ઉપર વિચાર કરવાનું મન નહિ થાય પણ એતો બધી કર્મની વાત છે. **જેનાં નસીબમાં સુન્નાની ખાન ખોદીને લેવાની હોય તેજ લે; બીજાંને તો તે કોયલોજ દેખાય.**

ત્યારે **"ન્યાયશ્ન"** શું છે તેની સમજ પહેલે લઇએ. 'ન્યાયશ' શબ્દમાં સલામ કરવી-નમવું-વખાણ કરવી એટલાજ ઉપલક અર્થો સમાયા નથી, પણ તેમાં આશાવંત થવું, **ઉમેદ રાખીને સામાની ભલી અસરને ગ્રહણ કરીને તેની નોકરીમાં રહેવાની રજા માંગવી,** એવો ઉંડો અર્થ અંદરખાનેથી રહેલો છે. 'ન્યાયશ' શબ્દમાં **"ન્યાઝમંદ"** થવાનો એટલે હાજતવાળા થઇને દુવા-મુરાદ હાંસલ કરવાનો અર્થબી રહેલો છે. **કુદરત** એક મહાન રયોમંદ શકિત છે, દાદાર અહુરમઝદની ઝરવાન છે, દાદાર અહુરમઝદે એક શકિત, એક રયોમંદ કેહપ, કે જેમાં ઝરવાને અકરનેની ગતી છે, તે કાઢીને જગતને ચલાવવા જારી કીધી છે. જેવી જાતની **અમર** કે નહિ અમર જેવી સૃષ્ટીને રચીને ચલાવવી હોય, તે પ્રમાણેની કુદરત રહે છે. એમ હસ્તીમાંની કુદરત છે, તેમ નીસ્તીમાંનીબી કુદરત છે, અને કુલ કુદરતનું મુળ તે 'નીરૂ' છે, જેમાં અઓજ, તગી અને ઝોર રહયા છે, જે **અના-માંથ્વાઓ**ની કુદરત છે. કુદરતની બધી ગતી જગતના જુદા જુદા સંજોગ પ્રમાણે રહે છે. હસ્તીમાં જે સંજોગો છે તે સંજોગો નીસ્તીમાં નથી. માટે બેઉના સંજોગો પ્રમાણે તે તે ખાસ કુદરતની ગતી થઇ છે. હસ્તીમાં દુઇ પોતે અદુઇની હાલતમાં, એકયતાની હાલતમાં, હામોઇની હાલતમાં છે. ત્યાં ઝમાન યાને વખત કે ઝમીન યાને જગા જેવું, અધુરાંપણાં જેવું કંઇજ નથી. ત્યાં તો અખંડપણું માટે તૃપ્ત થયલી હમેશગીની

ગતી છે. એવા સંજોગોને માટે જોઇતી કુદરત નીસ્તીની જગતને બર આવે નહિ, કેમકે નીસ્તીમાં અધુરાંપણું છે માટે દુઇ છે, જે સાથે મલીને કામ કરે છે, તેમ સામ સામે ઉભી રહીનેબી કામ કરે છે. **માટે ત્યાં ઝમાન છે, જમીન છે, એટલે સામસામાંપણાંને ઉભા રહેવા-ઉગવા દઇને ખતમ કરવાની તદબીર છે, માટે અંત છે, માટે ત્યાં દુખ છે, અધુરાપણું છે, માટે વીયોગ છે, માટે દુખ નીસ્તીના અનુએ અનુમાં છે, જેને દુર કરીને આખાંપણું-મેલાપ-યોગ-યઝતી ઇશ્ક -હુમેશગીની ઉશ્તા આણવાની છે,** માટે દુખને-અધુરાંપણાને દુર કરવાનું છે. **ત્યારે દુખ-અધુરાંપણું-અંગ્ર જે નીસ્તીમાં રહેલું છે, તેને ખીલવીને બુઠ્ઠું કરીને ફેરવીને એટલે મારીને સુખમાં બદલવાનું છે.** આમ છે **માટેજ** યઝતો ત્યાં **પાયૂ** અને **થ્વોરેશ્તાર** તરીકે કામ કરે છે. થ્વોરેશ્તાર યઝતો તે તે ચીજોને ઘડયા કરે છે. દુખ-અંગ્ર જે બુરાઇની સાથે છે તેને ઉભરાવનાર મીનોને અંગ્રમીનો કહે છે. **આ અગ્રંમીનો† અથવા ઘનામીન તે કંઇ શેતાન નથી.** ઉરવાનોની

---

† **અંગ્રમીન** અને **ઘનામીન**ના જો કે એકજ અર્થો છે, છતાં તેમાં કંઈક ફરક ઇલ્મ્યતની નજરે જોતાં છે, જેને શબ્દ-અર્થો બતાવી આપે છે. **અંગ્ર-મીન**માં 'અંગ્ર'=દુખ ઉભરાવનાર+'મીનો' એટલે અણદીઠ ગતીવાળો, અણદીઠ રીતે કામ કરનારો એમ અર્થ છે. **ઘનામીન**માં 'ઘના' એટલે મારનાર+'મીનો'=અણદીઠ શકિત એમ અર્થ છે. આ બેનો કંઇક **હકીકતી** ફરક છે, જો કે તરીકત-મારેફતમાં બેઉના અર્થો એકના એકજ છે. તરીકત એટલે કુદરતની procedure ચાલતી ગતીઓ અને મારેફત એટલે તે ચાલતી કુદરતી ગતીનાં સાધનો. અનંત ઉશ્તાવાળાં હમેશગીનાં અસ્મને **ગરો-ન્માન** કહે છે, જેમાં અહુરમઝદ સ્પેનામીનોનો સંબંધ સીધ્ધો છે માટે તે તેનું ઘર છે. ગરોન્માનને છઠ્ઠું અસ્મ કહે છે, તેમાંથી સૃષ્ટી ઉભી થવાની ગતી, છ ગાહામ્બારોની ઉસુલ ગતી જારી થશે. છનાં અએદાદમાં-સૃષ્ટીને ઉભી કરવાનો, રચીને પાર પાડવાની શકિતનો ભેદ રહયો છે. આ ગરોન્માનનું મુળ અનગ્ર રઓચાઓ અને અહુનવરનાં અસ્મો છે. અહુનવરનું અસ્મ આખી સૃષ્ટીને ઘેરે છે, જેની અંદરનું અનંત ચલકાટનું અસ્મ તે અનગ્ર રઓચાઓ છે. આ બે અસ્મને મીનોઇ અસ્મ એટલે હમેશગીનો નાદ રાખતાં અસ્મ કહે છે, જેઓનો એક ભાગ તે ગરોન્માન છે. આ બધું ઉભું કેમ થયું હશે, તેને માટે કહે છે કે એવાં રૂવાનો છે, કે જેઓમાં દ્રવાઓ-ભુલાવો છે માટે તેઓમાં સંશય છે, માટે તેઓમાં દુખ-અંગ્ર છે, માટે તેઓમાં હમેશગીની લીલાશ-ઉશ્તા નથી. **આવાં રૂવાનોને અમર ગતી તરફ લઇ જવાનાં પરદુખભંજન કામ કરવા માટે આ અસ્મો થયાં** છે. ત્યારે મીનો અનંત ગતીનાં અસ્મમાંથી ગરોન્માનની ગતીનું અસ્મ ઉપર કહેલા

(ફુટનોટ માટે જુઓ પાને ૧૭૪ મે).

૧/૧૦ ને કાયદે થયલી વહેંચણીમાંનો ૧/૧૦૦૦ ભાગ પોતા સાથે કાતીલ રીતની દએવીક ગતી રાખતો હતો. મીનો કરકો આગળ આવાં રૂવાનોમાંથી

---

(પાને ૧૭૩ મે થી ફુટનોટ ચાલુ).

દુખ અંગ્ર રાખતાં દ્રવાઓવાળાં રૂવાનોની સદગતી કરવા બહાર પડયું, જેમાંથી 'હસ્તી'ની આલમ થઇ એટલે કાચાં રૂવાનોની સદ ગતી કરાવનારૂં બજાર ઉભું થયું. ગરોન્માનની ગતીમાંથી બીજાં છ અસ્મોની ઝરવાનના દાયરાઓ કાઢવામાં આવ્યા, એમ સાતનો અએદાદ જે ફરીને મોક્ષ મેળવી આપવાનો છે તેવાં સાત આસ્માનોની હસ્તી થઇ. આ સાત આસ્માનોમાંનું ગરોન્માન પોતે **મધ્ય=ન્માન** થયું અને 'ગરો'=અનનત સુખ ઉભું કરાવવા લાગ્યું. એમ ગરોન્માન મુળ મધ્ય થયું, જેમાં સ્પેનામીન એટલે અહુરમઝદની ગતી-ઉશતા લાવવા માટે **'હવયઓન'** કરીને રહી છે એટલે **'હવ'**=પોતાવતપણું નીખાલેસી અપાવીને દાદારની સાથે સંબંધ રાદ પદવંદ કરાવવા રહી છે. આવાં છ આસ્માનોને ગરોન્માન કાઢી રહે છે, તેમાં **એક આસ્માન પાંચના અએદાદની ગતીવાળું એટલે દ્રવાઓની ગતી અંગ્રને ઉભાવી કાઢવા ફરમાન-બરદારી કરનારૂં, એક જાતનો જાતી ભોગ આપનારૂં અસ્મ** થયું છે, જેને પાચમુ અસ્મ અથવા દ્રવાઓના ભુલાવાના દુખ=અંગ્રને દુર કરવા નેમાયલુ મીનો રીતે કામ કરતું અસ્મ એટલે અન્ગ્ર મીનોનું અસ્મ કહે છે **ત્યારે પાંચમાં અસ્મની ગતી ઉશતા વગરના દ્રવાઓ સાથના અંગ્ર-દુખવાળાં રૂવાનોની સદ ગતી કરાવવા થયું છે.** દ્રવાઓને સુધારવા તેને શીક્ષા કરવી પડે છે અને તેના બળવાને સમાવીને જીતવો પડે છે, માટે તેને હાશેમનું, મંગળનું, જડતાને મારવાની ગતીનું એટલા માટે શુરવીરપણાનું, બહેરામ અને શાહેરેવરનું અસ્મ કહે છે. આમ **ત્યારે 'અંગ્રમીન' શબ્દ શાહેરેવર અને બહેરામની ગતી રાખતાં પાંચમાં અસ્મને લાગુ પડે છે, જયાંથી અંગ્રની ગતીને ઉભી કરાવીને સુધારવાની હકીકત પેદા પડશે.** ત્યારે ગરોન્માનનાં છઠ્ઠાં અસ્મમાંથી તેના હોકમને બજા લાવવા પાંચમાં અએદાદની ગતીવાળું અંગ્રમીનના ભેદનું અસ્મ અંગ્ર-દુખને કાઢીને સુધારનાર તરીકેનું થાય છે. ગરોન્માનની સ્પેનામીનની શકિત તે બધાં અસ્મોને લગતું કામ જે **'હમ-યાસ'** કરવાનું એટલે હુવીનાં રૂવાનોને ૧/૧૦ ને કાયદે ચુંટી કાઢવાનું છે તે કામ કરાવીને અને તેથી પેલાં ઘણાં જડ દ્રવાઓવાળાં રૂવાનોને ભલાં સુધરેલાં રૂવાનોથી નોખા કરી કરાવી રહે છે, ત્યારે તે નોખા કીધેલાંઓને સુધારવા નીસ્તીને ઉભી કરવા માંગે છે. નીસ્તી પેદા કરવા માટે **નીસ્તીને બરની દુઈ (બેપણાં)ના ભેદની કુદરતને પોતામાંથી કાઢીને નીસ્તીને ઉભી કરી રહે છે, અને તે માંહેલી સામસામેની મારામારીને સમાવવાનાં સાધન તરીકે એક 'મીનો' એવો ઉભો કરે છે કે જે તે રૂવાનોનાં તનોમાં જઇને તે તનોમાંની દ્રવાઓને એટલે હવસી ગતીઓને ખીલવીને મારીને તફરગે કર્યા કરશે.**

(ફુટનોટ માટે જુઓ પાને ૧૭૫ મે).

તે દએવી ગતીના ઓળાઓ થયા હતા જેઓને મીનો કરકોએ સજીવન કીધા હતા. આવાં ઓળામાંથી સજીવન થતી તે ગતીને 'શેદ' ખુરાઇનો

---

(પાને ૧૭૪ મે થી ફુટનોટ ચાલુ).

**આ મીનોને "ઘનામીન" એટલે મારનાર મીનો કહે છે. આ મીનો સીરફ મારવાનુંજ જાણે છે.** આ શકિતમાં મીનો ગતી એટલે સુક્ષ્મ રીતે કામ કરવાની જે **'ઘના'ની** યાને **મારને લગતી** છે તે ઉભી થાય છે–પણ **તેનામાં અંદાજ જાણવાની ગતી મુકી નથી માટે તે બેઅંદાઝ થાય છે એટલા માટે અંદાઝવાળી જરથુશ્ત્રની ગતી તેની ઉપર તકેદારી કરવા મુકી છે.** એમ છે માટેજ અષી યશતમાં ઘનાને એમ બોલતો ચિતારેલો છે, કે મને યઝતો મારી શકતા નથી પણ ઝરથુશ્ત્ર મારે છે તેનો કંઇક ભાશ હવે આવશે. ઘનામીનમાં **'ઘના'** શબ્દ **મારવાનો** અર્થ રાખે છે અથવા **ખાઈ જવાનો** અર્થબી હોઇ શકે. જ્યારે આપણે કંઇ ચીઝ ખાઇએ છીએ ત્યારે ખાવાની ઉપર હાજેમાની શકિત રહે છે જે શકિત તકેદારી રાખી ખોરાકના સારા ભાગમાંથી ટકવો બનાવીને કચરાને બહાર કાઢે છે. એમ 'ઘના'ના ખાવાના અર્થમાં એમ સુચના છે કે ઘનાની ઉપર મજબુત તકેદારી છે. **આમ ત્યારે 'ઘનામીન' મારનાર શકિત છે જે પહેલાં હવસોને ફોસલાવીને પછી ઉભરાવીને ખતમ કરાવે છે, એમ તેઓનો આંકો લાવે છે–ગોયા તેઓને ખાઈ જાય છે.** પણ તે ઘનામીનમાં આંકોશની ગતી નહિ હોવે એટલે ક્રવષીની હીદાયત નહિ હોવે અષોઇની ગતીવાળા જરથુસ્ત્રને તેની ઉપર ઉભા કીધા છે. એમ છે માટેજ અવસ્તામાં કહે છે કે **'તરોઈદીત અંઘ્રહે મઈન્યેઉશ'** અંગ્રમીનના એટલે પાંચમાં અસ્મની હકીકતથી થયલા ઘનામીનની બાઝી જોઇ શકું છું કે તે **ફોસલાવી હવસોમાં પાડીને મારે છે, ખાઇ જાય છે, માટે તેને તાબે થવું નહિ,** પણ **'હઇથ્યા વરૂશતાંમ હચત્ વસ્ના'**="અષવનો એટલે હસ્તી માટે કામ કરનારાની વાસ્નામાં જવું **'ફ્રેરષૉતૅમૅમ'** ઉત્તમ રીતની લીલાશ અમર ગતી આપનારૂં છે, **ફ્રરશો**= લીલાશ–અમર ગતીની હસ્તા તરફ લઇ જવાનું ઉત્તમ સાધન છે. આમ ત્યારે ઘના-મીન પોતે નીસ્તીમાં કામ કરતી શકિત છે જેના ઉભા થવાની હકીકતમાં 'અંગ્ર-મીન'નું અસ્મ, પાંચમું હાશેમી ગતીનું અસ્મ છે. આજનો પશ્ચિમની પધ્ધતીનો અભ્યાસ જે વ્યાકરણના કાનુનો ઉપર રહયો છે તે આવકારદાયક લેખાવો જોઇએ. પણ ઇલ્મે-ક્નૂમનાં હકીકતી બયાનનાં જ્ઞાન વગર તે અભ્યાસ અધુરો માલમ પડયો છે પણ તેજ ગ્રામરના અભ્યાસને ઇલ્મે-ક્નૂમની હકીકત પરીપુર્ણ ગતીએ લઇ જાય છે તેના અનેક દાખલાઓમાંનો આ દાખલો છે. અહિંયાં ગ્રામરના કાયદાસરનો અર્થ 'તરોઇદીતે'નો આરપાર જોવાઇ રહેવું, અંદરખાનેથી જોવાનું એમ થાય છે; 'તરો' એટલે આરપાર ભીતરે-ભીતરમાં અને 'દીતે' જોવાનું રૂપ છે. વળી અંગ્ર મઇન્યેઉશ શબ્દમાં 'અંગ્રમીનનો' એમ અર્થ છે. એટલે ગ્રામ-

(ફુટનોટ માટે જુઓ પાને ૧૭૬ મે).

'આન' વારસો જથ્થો રાખતી ગતી નામે શેતાન કહે છે જેને ચલાવી હુલ-કાવનાર મીનો તે અંગ્રમીન-ધનામીન છે. આ અંગ્રમીનો એટલા માટે દુખો-

---

(પાને ૧૭૫ મે થી ફુટનોટ ચાલુ).

રના કાનુન પ્રમાણે એમ અર્થ થાય કે અંગ્રમીનોની (નીકળતી ગતી શકિત= ધનામીન)ને આરપારનો જોવાયલો-આરપાર જોતો (રહુ). આજે વિદવાનો ઈલ્મે-ક્નૂમની જ્ઞાનની હાજરી વગર ધના કે અંગ્રમીનને શેતાન તરીકે ઠોકી બેસાડે છે. **પણ શેતાન સારૂ તો અવસ્તામાં કેરેસાની બોલ છે, જેને મીનો કહયો નથી-પણ ધના કે અંગ્રમીનને તો મીનો એટલે ચઝતી ગતીવાળો કહયો છે. ત્યારે શેતાન તો ઉરવાનોની દ્રવાઓની ગતીનો જીવતો ઉભરો છે,** અને આ ધનામીન તો ઉપર સમજાવ્યું છે તેમ ગરોન્માનના સ્પેનામીનની ગતીથી થયલાં પાંચમાં **આસ્માન જેને** અંગ્રમીન કહે છે તેની હકીકતની રૂયે ખુદ સ્પેનામીનમાંથીજ થયો છે માટે તેને મીનો કહયો છે ત્યારે અંગ્રમીન શબ્દ જે પાંચમાં આસ્માનની ગતીનો કામ કરવાના ભેદનો અર્થ રાખે છે એટલે દુખને=અંગ્રને કચાસને ઉભાવીને ખરચાવી નાંખવાનું કામ કરવાનો અર્થ રાખે છે, તે અર્થની રૂયે **સ્પેનામીન પોતે પોતાની ગતીના ચોકસ ભાગને 'ધના' તરીકે કાઢે છે જે મારનાર તરીકેનો છે, પણ જેમાં ક્રવષિની ગતી મુકાતી નથી**, માટે તેની અંદર અંદાઝ-પતમાન નથી, માટે તેની ઉપર ઝરથુશ્ત્રની શકિતની તકેદારી છે. આવો ધના ત્યારે અંગ્રમીનની હકીકતનો કહેવાય છે. એમ છે માટેજ ઉપલાં વાકયમાં અંગ્રમીનના (મીનો ધના)ને આરપાર જોવાતો રાખું એમ કહયું છે. **વળી આ અંગ્રમીન જયારે પોતાનું કામ કરી રહેશે ત્યારે તેના મુળ સ્પેનામાં જશે**, જેનો ભેદ અવસ્તામાં છે, જેમાંનો એક ભેદ **યહમી સ્પૅન્તા થ્વા મઈન્યૂ ઉર્વએસે જસો** નાં વાકયમાં છે એટલે **બધુંજ બુરાઈમાંથી પાછું ફરી તારા મીનો મારફતે તારામાં જશેજ.** આમ ત્યારે ઇલ્મે-ક્નૂમ વગર ગ્રામરની રૂઢીનો અભ્યાસ કાચો થઇ પડે છે. આવો કંઇક ફરક અંગ્રમીન અને ધનામીનમાં છે. ધના શબ્દ ઉપરથી દએવોધ્નીત-અઇવિધ્નીત શબ્દો છે. ધના શબ્દ ઉપરના **અઇવિધ્નિખ્ત** અથવા **અઇવિધ્નિત** શબ્દને માટે પહેલવી સાહેબો **'સગદીદ'**નો અર્થ આપે છે. આ શબ્દમાં 'અઇવિ'=આસપાસના ઘેરાવાને, બુરાઇને, ગુજરતી વખતે થતા મરનારની છેલ્લી ઇચ્છાનાં શબનાં કોટલાંને મારીને ખાઈ જવું અથવા ઘેરીને મારવું અને પછી ચીનવત તરફ મોકલવું, કે જેથી ભલું શું હતુ, બુરૂં શું હતું તે જે જીંદગીમાં થયું તેની ખબર પડે અને આસ્ને ખેરદ બંધાય, એવો અર્થ છે. ચીનવતના જાુફ્ત તરીકે કુતરાને લીધો છે-**કુતરાને અહિંયાં અલંકારમાં લીધો છે. ત્યારે કુતરામાં ચીનવતના પુલ જેવી કંઈક ઉતરતાં પ્રમાણની શોધી આપવાની શકિત છે**. ચીનવત બઓદીક ગતી રાખે છે. ત્યાં જે કોઇ જાય તેને ખુદ-બ-ખુદ પોતાનું આગલું પાછલું

(ફુટનોટ માટે જુઓ પાનું ૧૭૭ મું).

પાપોને કરાવે છે. પછી પાપ પ્રમાણેની શીક્ષા **થઇ રહે છે** એટલે ઇનસાફી શીક્ષા થઇ રહે છે, જે પ્રમાણે ખ્વોરેશ્તાર યઝને તે પાપને **મારીને** ભલાઇમાં ધકે છે; અને જે કાંઇ ભલાઇએ પુગ્યું તેની હેફાઝત કરવા **પાયૂ** યઝતો છે. આમ યઝતો અહુનવઇર્ય પ્રમાણે તેના હોકમ પ્રમાણે પુર્ણ તાબેદારીથી કામ કરી રહે છે, માટે યઝતોને તાબેદારી કરનારા કહ્યા છે. તાબેદારીને માટે **સ્રઓષ્ મ્** શબ્દ છે, **માટે સરોશ શબ્દ નીસ્તીમાં પાયૂ-ખ્વોરૅશ્તાર રીતે કામ કરતા યઝતોને માટે છે.** એમ ત્યારે નીસ્તીની કુદરતમાં સામસામાપણું, અસરે-રોશની તેમ અસરે-તારીકી છે, ધનામીન છે અને પાયૂ અને ખ્વોરેશ્તાર યઝતો છે. નીસ્તીની આવી વણાતને લીધે નીસ્તીની કુદરત ઉપર કહી તેવી છે. આપણે નીસ્તીમાં-ગેતીમાં છીએ, માટે આપણને નીસ્તીની કુદરત કે જેમાંબી બે પ્રકાર છે તેના હેઠળા પ્રકારની સાથે લેવું-દેવું છે. **નીસ્તીના આ કુદરતના ચેરાધને બળતો રાખનાર તેલ તરીકે હસ્તીની કુદરતજ છે એટલે**

---

(પાને ૧૭૬ મે થી ફુટનોટ ચાલુ).

માલમ પડી આવે છે અને તેમાંથી તે પોતેજ ભલું શોધી કાઢી શકે છે. આવા ચીનવત સાથે એક કેહર્પ છે જેને સગનું નામ આપેલું છે, જેના સાથી તરીકે રશ્નુને ત્યાં સાથે રહેલો ચિતારેલો છે. સગને પીછાણનાર શકિત ગણેલી છે. રશ્નુને ગવાહિ આપનાર ગણ્યો છે, ચિનવતની બઓદીક ગતીને તેમાંથી ખેરદનો તાત્પર્ય કરાવી આપનાર ગણી છે. કુતરામાં તેવા સગની કંઇક ગતી કુદરતે આપેલી છે અને તેની આંખમાંનો પ્રવાહબી તેવો સગની શકિતવાળો અને કાર્યસાધક રીતે ભલો છે **ત્યારે સગદીદમાં કુતરાની નજર પાડીને પછીની ક્રીયાઓ કરીને છેક ચીનવત લગી પુગાડવાનો અર્થ છે.** ત્યારે શગદીદ કરાવી સચકીને દોખ્મે નશીની કરી ચાર દહાડાની ક્રીયા કરીને ચીનવત ઉપર મોકલવાને માટે ટુંકમાં **સગદીદ** શબ્દ વપરાયલો છે, જેને માટે **'અઇવિધ્નિખ્ત'** શબ્દ આપેલો છે, કેમકે રૂવાનને ચીનવત તરફ જતાં રોકનાર શબનું કોટલું અને દ્રુજે-નસુ છે જે બેઉને ઘેરીને મારવાથી સગદીદની બહોળી મુરાદ ફળે છે; માટે **'અઇવિધ્નિખ્ત'** શબ્દ કે જેમાં ઘેરીને મારીને ખાઇ જવાનો અર્થ છે તે વપરાય છે. એમ છે માટે ટુંકમાં 'અઇવિધ્નિખ્ત' શબ્દને **'સગદીદ'** કહે છે, **જેમાં સગને છેક ચીનવત લગી ભાગ ભજવતો અને તેટલા માટે થતી બધી ક્રીયા જેવો ભાવ ભજવતો બતાવેલો** છે. અવસ્તાના ભેદી અર્થો પ્રમાણેજ પહેલવીમાં તેવા ભેદી અર્થો આપેલા છે જેઓને આજે ઇલ્મે-ક્નૂમ વગર સમજવા મુશ્કેલ થઈ પડે છે, જેથી આપણને આજે તે પહેલવી સાહેબો ઉપર શક લઇ જવાનું મન થાય છે. **પણ જાણવું કે પહેલવી સાહેબોજ ખરેખરા ક્નૂમના સાહેબો હતા,** જેઓનાં ધોરણના શબ્દો લાંબા કાળથી આવીને અરબોના ઇસલામી વખતની રેવાયતોમાં જાયજ હતા.

**૩૩ અમશાસ્પંદીઓ છે એટલે યઝતો છે.** ત્યારે નીસ્તીની કુદરતનું મુળ, નીસ્તીની કુદરતની હકીકત આ યઝતો છે, જેઓ અચળ છે, જેઓ વૃદ્ધીના નાદમાંજ રમી રહે છે. પણ નીસ્તીની કુદરતને ચલાવનાર, તેનાં કામને આગળ વધારનાર અથવા પાછળ હઠાવનાર એટલે કુદરતની નેમને મદદ કરનાર યા તોડનાર તરીકે અનેક મારેફતો છે, જેમાં ઇનસાનનેબી ભાગ છે. રવી-ચંદ્ર-આવાં-આતશ વીગેરે મારેફતો નીસ્તીની કુદરતને ચલાવનાર મારેફતો છે. તેઓ ચોકસ ખીશ્કારી કરીને કુદરતને અહુરમઝદની મરજી મુજબ ચલાવીને નીસ્તી-ગેતીની રચના કરી નીસ્તી-ગેતીને વૃધ્ધી તરફ લઇ જઇ રહે છે. **આ કામમાં ઈનસાન જો દુજ-પરહેજ કરીને પરદુખ-ભંજનનો થાય, તો તેબી તેઓને તેઓનાં કામમાં મદદ કરી શકે.** ત્યારે કુદરતમાં જે જે agencies મારેફતો ખીશ્કારી કરીને કુદરતનાં કામને આગળ ચલાવી રહે છે તેઓની પ્રસંશા કરવી, તેઓની વખાણ કરવી, અને તેઓનાં જેવાં કામમાં પોતેબી મશ્ગુલ થાય એમ ઇચ્છવું તે **"નીઆએશન"** છે.

**કુદરતનાં મુળમાં-કુદરતના બળતા ચેરાઘનાં તેલ તરીકે યઝતી ગતીઓ** છે, જેઓ અચલ છે. પણ આ ચેરાઘને બળવાનું જોમ આપનાર વાતાવરણ તરીકે ચોકકસ મારેફતો છે, જેમાં ઇનસાન એક મારેફત છે, જે શાંત વયુની માફક તે ચેરાઘની બત્તીને જોર આપે યા તોફાની પવનની માફક તેની જોટને ધીમી કરી નાંખે. **ખુરશેદ-મહેર-માહ બોખ્તાર-આવાં અરદ્વી સૂર-આતશ એ બધી મહાન મારેફતો કુદરતની બત્તીને તેઝ કરીને, તેમંઘહુના અંધકારને નાબુદ કરીને, અમર ગતી લાવવા કામ કરી રહે છે. આવાં તેઓનાં પરમાર્થી કામ માટે તે તે શકિતઓને સલામ કરી, તેઓની પ્રશંસા કરવી, અને તેઓનું તે કામ જોરથી ચાલે એમ ભલી દુઆ ઈચ્છવી અને તેઓનાં તેવાં કામમાં પોતાથીબી કંઇ મદદ આપવાનું બની શકે એવી દુઆ-ગુઝારી કરવી તેને "નીઆએશન" કહે છે.** ત્યારે નીઆએશનમાં આ ભણનાર તે તે કુદરતની શકિતઓને સલામ કરીને તેઓની વખાણ કરીને તેઓને શાબાશી આપે છે અને ઇચ્છે છે કે તે ઇનસાનબી તેઓના જેવું કામ કરી તેઓને તેઓનાં કામમાં મદદ મોકલી શકે, એવો ભાગ્યશાળી થાય. **આવી ભલી સલામ સાથે મોકલેલી આરઝુને નીઆએશન કહે છે. જેમ એક ઇનસાન બીજાં ઇનસાનને સલામ કરે છે, ત્યારે ઇચ્છેછે કે અએ તુને સલામ હોજો-સાહેબઝી એટલે અએ સાહેબ! તું જીવતો રહે અને**

**સાલેમ થા,** આખો થા એટલે આજે તું છુટી હાલતમાં છે-તું ખુદ પોતે તારાં રૂવાનથી જુદો છે, તેમ તું-તારી ધણીઆણી ફરઝંદો-તારે લગતી જાનવરી-નબાતાત-જમાદાત ચીજો જુદી જુદી છે તે બધી સાથે મળીને **સાલેમ** એટલે આખી થાય એટલે ખએતના **ભેદે** પુગી તે બધીઓ મળી જાય-ખએત્વોદથે પુગે-સાલેમ આખી થાય; એમ સાલેમ થવા માટે સલામ કરવાનો ઉંડો અર્થ છે. એવીજ રીતે આ કુદરતની મોટી મારફેતોને તે ભણનાર સલામ પુગાડે છે અને કહે છે કે **અએ રવી કે માહ કે આતશ કે આવાં અરદ્વી સૂર! તમો બધાં સૃષ્ટીને ટેકવીને ચલાવવાનાં મહાન કામમાં નીરંતર મચ્યા રહીને તે જગતને સાલેમ કરવા ઉંઘ, ભુખ કે થાક કે ભુલ વગર મથી રહયાં છો, તો તેવાં કામમાં તમુને ફત્તેહ મળો- હમારી ભલી દુઆ તમોને પુગો**-હમારી સલામ, હમારી homage તાબેદારી-બંદગી-**નેમાઝ તમોને પુગો, અને હમોનેબી 'સાલેમ'= આખા બનાવો અને તેમ થવા માટે હમારૂં તેવું વર્ત્તન થાય એવી તોફીક આપો. આમ ત્યારે નીઆએશનમાં સલામ કરવાનો, ભલી દુઆ દઇને માંગવાનો, અને કુદરતની તે તે ચીજોની પ્રશંસા કરી તે તે ચીજોની સદગતીમાં સત્યસંગમાં જોડાવાનો અર્થ છે, એટલે જેમ તે તે નુરાની ચીજો અહુરમઝદની નોકરી કરી રહે છે, તેમ તે ભણનારબી તેઓની સાથે તેવી નોકરી કરવામાં જોડાય તેવો ભાગ્યશાળી થાય**-આને **નીઆએશન** કહે છે. નીઆએશ્નમાં ત્યારે તે તે શકિત કુદરતમાં જે ખીશ્કારી કરી રહે છે તે ખીશ્કારીઓને યાદ કરે છે, અને તેમાં તેને વધુ ફત્તેહ મળે એમ ઇચ્છે છે. આ નીઆએશ્નને એવી તલેસ્માતીક રીતના શબ્દોની ગોઠવણીએ રચી છે, કે જયારે તે નીઆએશ્નને પઢવામાં આવે છે, ત્યારે તે ભણનારની આસપાસની વાતાવરણમાં તે શકિતની ખીશ્કારીના જલવાની નાની નકલ જામી રહે છે એટલે તેવો સ્તોતોનો આકાર થઇ રહે છે, જેને કુદરતમાં બાંધેલી જરથુશ્ત્રની તલેસમ જીવતો કરી નાંખે છે. એમ છે માટેજ દરેક ભણુતર વખતે નાની મોટી ક્ષ્નુમન ભણે છે. ક્ષ્નુમનમાં તે ભણનાર જોતી રાથ્વી બેઉને મળવા માગે છે. જોતી-રાથ્વીમાં જરથુશ્ત્રની બાંધેલી તલેસમો અને તે તલેસમોના અધીકારી અમલદારો આવી જાય છે. એમ ત્યારે આ ભણુતરોની પુઠે મોટી તલેસમો છે, જે તલેસમો તે ભણુતરોને કાયદેસર ભણુતાંજ મદદે આવે છે. આવાં કાયદેસરનાં ભણુતરથી જેવો એક આકાર ઉપર કહયું છે તેમ તલેસમથી સંબંધ પામીને જીવતા આકારવાળો 'મીનો' રીતનો થઇ રહે છે, કે તે આકાર પોતા જેવા

જીવતા રશ્મેઓમંદ કુદરતી* આકારને મળી શકે છે. એવા મળેલા આકારને પછી કુદરત પોતે ગ્રહણ કરીને તે શક્તિ કે જેની નીઆએશ્નો થાય છે તેને અર્પણ કરે છે. **આમ અવસ્તાનું ભણતર પરમાર્થનો પરમાર્થ છે.** એક ગુનાહગારમાં ગુનાહગાર ઇનસાનબી જો કાયદેસર ભણે, તો કુદરતી કાયદે ધ્વની થઇને સ્તોતે થઇને આકૃતી થવીજ જોઇએ તે થાય છે, જેઓ ઝરથુશ્ત્રની બાંધેલી તલેસમોને તુર્તજ મળીને† જીવતી થઇ શકે છે, જેઓની તરફ ઉપર કહેલી અસર રોશની ખેંચાઇને જોડાણ કરે છે. આવી આ આકૃતીને તે શખ્સ પોતાની બુરી અષ્ઇપીને લીધે પોતે ગ્રહણ કરીને કેહર્પમાં પચાવીને રૂવાનને ખોરાક તરીકે આપી શકતો નથી. અવસ્તાવાણી રૂવાનનો ખોરાક છે. જો માંથ્રોનો ખોરાક રૂવાનને મળ્યા કરે, તો તે રૂવાન પોતા ઉપરનો બેજાબ બન્દ દરોશ ઉઠાવી શકે. એમ તે રૂવાન શરીરમાંની નીંદ્રમાંથી ઉઠીને એટલે પોતાની રયની પાંખને પહોળી કરીને કુદરત તરફ ઉડી શકે અને એમ તે શકિતનાં તેવાં કામને મદદ કરવામાં રોકાય. ત્યારે ગુનાહગાર ઇનસાનનો ગુનાહ–તેની કીધેલી ભણેલી નીઆએશ્નના જીવતા આકારને રૂવાન તરફ જવા દેતાં

* કુદરત પોતે 'અઓજ' તરીકે લેખાય છે. અઓજનું ઝરવાને અકરનેની ગતી રાખતું કેહર્પ છે, જે યઝતોની સાથે રાદ પદવંદમાં છે, યઝતોની તે ગુહય શકિત છે, જે યઝતોની અંદર તેમ બહાર રહીને છેક દાદારને પુગીને છેક અહૂ લગી પંથરાઈ જઇ શકે છે. આ 'અઓજ'ની તસવ્વર થઇ શકેજ નહિ. આવી પંથરાયલી તે કુદરતની ગતીનેબી કુદરત તરીકેજ ઓળખે છે. આવી પંથરાયલી કુદરતની ગતીના વીસ્તારમાં રયેમંદ આકારો અગણીત સંખ્યામાં મીનો રીતે જામી રહયા છે, જેઓને ખુરશેદ–મહેર યશ્તમાં અગણીત મીનો અને યઝતો–મઇન્યવાઓંઘહો–યજતાઓંઘહો, કરીને કહે છે, જેઓ **'સતૅચ હજંધ્રૅચ'** એટલે અગણીત છે જેઓ બધાંની ખીશ્કારી નેમાઇ ગયલી રહે છે. આવી ગતીઓ ખુદ પોતે યઝતોમાંથી નીકળીને આખી જગતની વાતાવરણમાં જામી રહીને પોતાનું કામ કરી રહે છે અને પોતા જેવી ગતી જે કંઇ પેદા પડે તેને મળીને તેની વૃધ્ધી કરી રહે છે. અવસ્તા માંથ્રોના સ્તોતોના આકાર જેઓ ઝરથુશ્ત્રની બાંધેલી તલેસમોથી જીવતા થઇ રહે છે તેઓને આમ તેઓ મળીને દાદારના ગન્જમાં લઇ જાય છે.

† ભણતરો ત્રણ રીતે યા ત્રણમાંની એક રીતે કુદરતને, યઝતોને કે જરથુશ્ત્રની બાંધેલી તલેસમો જેઓ ખુદ યઝત વસેલી છે તેઓને મળી શકે છેજ. શર્ત એટલી કે ભણતરો કાયદેસર થવાં જોઇએ. ભણતા સ્તોતો થાય છે તે સ્તોતોની આકૃતી થઇને તે તરફ તે તલેસમ ખેંચાય છે તે એક રીત થઈ બીજી રીત ઉશ્તાનની અને મીઝની છે, જે વિષે અગાઉ પાને ૪૬ તથા ૧૧૯ મે ફુટનોટ આપેલી છે.

અટકાવે છે. કુદરતમાં અગણીત મીનો કામ કરે છે. આ મીનો તુરતજ તે થયલાં ભણતરનાં જીવતાં કેહર્પને લઇને કુદરતમાંની તે શકિત કે જેને સાફ તે નીઆએશ્ન થઇ તેને સોંપે છે, જે પછી તે શકિતના રોશન ગતીના, પરમાર્થના, પરદુખભંજનનાં કામમાં કામે લાગે છે. **એમ ત્યારે અવસ્તાનું ભણતર મોટામાં મોટું સવાબ છે, મોટામાં મોટી સખાવત છે, કે જે કુદરતના ચેરાઘને બળતો રાખવાનું તેલ પુરૂં પાડી શકે છે. અભાગ્ય તેનું કે જે અવસ્તા વાણીનાં ભણનારની સામે બોલે.** ખરેજ ભુતકાળની તેની બુરી કરણીને લીધે આજે તેમાં એવી દુઝ-મનશ્ની, અવર મનશ્ની, તર મનશ્ની, ખુદ-પરસ્તી ઉભી થયા કરે છે, જેથી તે આવાં પરમાર્થનાં કામની સામે બોલે છે અને પોતે નથી કરતો અને બીજાને તેમ કરતાં અટકાવે છે.

**હવે યશત શું છે તે જોઇએ:-**

**યશત** શબ્દમાં યઝતોની ખુદની સાથે એટલે તેઓની ઝંગ્વાને અકરનેની અને સરોશેમની એટલે પુર્ણ તાબેદારીવાળી ગતીની સાથે-યા તેઓનાં ઉશ્તાનની સાથે એટલે તેઓમાંથી બાહાર પડતી ગતાઓ સાથે જેને અસર રોશની કહે છે એટલે અનંત બેશુમાર રોશની કહે છે તે સાથે-યા તેઓના માથ્રો સાથે એટલે તેઓમાં અહુરાની ગતી વહેવાને લીધે તેઓમાં સૃષ્ટી-રચનાનું જે ભાન ચાલી રહે છે, જે કેહર્પ રૂપમાં રહે છે, જેને **મીથ્રે-બરીન** કહે છે તેઓની સાથે-યા તેઓથી થતી હસ્તી નીસ્તીની ખીસ્કારી જે સ્તાતોના સ્યોમંદ આકારમાં આખી જગતમાં ચાલી રહે છે તે અખંડ ગતી યા તેના અમુક ભાગ સાથે-યા તેઓ અમુક તનોમંદ આકાર લઇને ગેતીમાં જાહેર થઈ શકે છે જેને ફ્રેસ્તો કહે છે તેવા તેઓનાં નામના ફ્રેસ્તા સાથે-યઝ થવાની, એકરસ થવાની, એકતાન થવાની, એકમેકમાં મળી જવાની તદબીરનો અર્થ રહયો છે; જ્યારે નીઆએશ્નમાં તો તે માનો યઝતો નહિ પણ ઉપર કહેલી તેઓની ખીસ્કારીનાં કેહર્પનો પ્રતાપ જે અનેક જાત જાતનાં રૂપમાં આ જગતમાં જાહેરમાં દેખાવ દઇને આ જગતને દોરવી રહે છે, તેવી બધી જગતને દોરવનારી પ્રતાપી મારેફતોમાંની કેટલીકો, જેઓ જગતમાં **આતશ-આવાં-ખુરશેદ-મહેર** અને **માહ બોખ્તાર** તરીકે દેખાવ આપે છે, જેઓ કુદરતને ચલાવનાર સ્યોમંદ ગતીની મારેફતો છે, જેઓમા તે યઝતોની ખીસ્કારીઓનાં કેહર્પોની ગતી વહી રહે છે, તેવા તે તે દેખાતી માટે તનોમદ હાલતમાંના ચાઓમાં બાતેન રીતે રહેલી શકિતઓની સામે ઉભા રહી તેઓને નમી તેઓને કુરનસ બુગાડી સલામ બુગાડી તેઓને homage આપીને તેઓની પાસે,

જેમ તેઓ અહુરમઝદની નોકરી કરે છે તેમ, તેઓના **મરતબાની નોકરી** કરી શકવાની શકિત ઉભી કરવાની તોફીક માંગવાનો ભેદી રહસ્ય રહયો છે. કુદરતમાં ઉપર જોયું છે તેમ મુળ હકીકત છે એટલે કુદરતના ચેરાધને બળતો રાખનાર તેલ છે તે યઝતી ગતીઓ પુરી પાડે છે, ના, ખુદ યઝત તેલરૂપ રહે છે. આ યઝતો પોતની ખીશ્કારીની મીનો ગતીને નીસ્તીની કુદરતમાં ઉતારીને વરસાવીને નીસ્તીની કુદરતને ચલાવ્યા કરે છે અને તે કુદરતને અમર ગતી આપા રહે છે. ખુરશેદ-મહેર-આવાં-આતશ-માહા ઓખ્તાર વગેરે જે કુદરતમાં દેખાતી મહાન ગતીઓ છે, જેઓ તનોમંદ હાલતમાં છે, તેઓમાં આ યઝતો અમરગીનું તેલ પુર્યાજ કરે છે, જેથી તેઓ વગર ભુલે-વગર ઉંઘે નીરંતર પોતાનું કામ કર્યાજ કરે છે. એમ યઝતો હસ્તીમાં અહુરમઝદના orb માં-ઝરવાને-અકરનેની ગતીના રથવ્ય ચક્રમાં રહી, અહુરમઝદે દોરેલાં ભાનમાં રહીને એટલે મીથ્રોની ગતીને પામાને, તેવા ઉભા કીધેલા અહુરમઝદથી મળેલા મીથ્રોની ગતીથી તેઓને એટલે માહ-આવાં-આતશ-ખુર-મહેર વીગેરેને મળી તેઓમાં તેવાં ભાનને તેઓનાં તેવા ઉંડા જ્ઞાનવાળા મીથ્રોને પોતાની પુર્ણ **મીથ્રીક** ગતીથી એટલે અહુરમઝદના મેળાપથી અહુરમઝદના પુર્ણ વીચારો જાણવાની ગતીથી મુકે છે. એવીજ રીતે યઝતો તે બધી આતશ, ખુર, મહેર, આવાં વીગેરેને પોતાની **માંથ્રીક** ગતીથી એટલે અહુરમઝદને મળીને અહુરમઝદનાં કામને આગળ ચલાવવાની ગતી જે તેઓને મળી છે, જેમાં ખરો બંદોબસ્ત છે, તેવી ગતીથી તે તે ચીજોને મળીને તેવાજ માંથ્રનેબી તે તે ચીજોમાં મુકે છે, જેથી તે તે ચીજો તેવા માંથ્રો કાઢી શકે છે એટલે અહુરમઝદની ધારણા પ્રમાણેનું કામ કરી શકે છે; તેમ વળી યઝતો તે તે ચીજો (માહ-આવાં-આતશ-ખુર-મહેર)માં પોતાની ઝરવાન યાને ગતી મુકીને તે તે ચીજોની સાથે મળી જઇ યઝ થઇને તે તે ચીજોમાં છેક દાદાર લગીનો મેલાપ કરાવી આપે છે-આવો મેલાપ યઝતો તેઓમાં પોતાની અંદર રહેલી **યસ્ન**ની ગતીથી મુકે છે. યસ્નની ગતી તે ખાસ ગતી છે, કે જેથી તેઓ યઝતો ખુદ દાદારની અંદર મળી જઇ પાછા બહાર આવી તે દાદારનો પેવંદ રાખીને જગતને ચલાવી શકે છે. એમ યઝતો પોતામાં રહેલી **મીથ્રીક-માંથ્રીક** અને **યસ્ન**ના શકિતઓથી તે તે ચીજોને મળીને તે તે ચીજોમાંબી બધી મીથ્રીક-મ થ્રીક અને યસ્નની શકિતઓ અને પુર્ણ ભાન મુકે છે. આમ ત્યારે આ બધી દેખીતી ચીજો (માહ-આવાં-આતશ-આદર-ખુર-મહેર)માં આવી બાતેન ગતીઓના જોડાણને લીધે પુર્ણ ભાન રહે છે માટેજ તેઓને રયોમંદ કહી છે. આમ ત્યારે યઝતો પોતામાં રહેલા

અધીકારથી પોતાના અહુરમઝદ સાથનાં પેવંદથી તે બધા-ખુર-મહેર-માહ ળુખ્તાર વગેરેને મદદ કરે છે, તેઓના ચેરાધમાં તેલ નાંખ્યા કરીને તેઓની જીંદગીને અમર કરી નાંખે છે. ત્યારે બધા ૩૩ ના અએદાદનો ભેદ રાખતા યઝતો એક યા બીજી રીતે નીસ્તીની કુદરતમાં મીથ્ર-માંથ્ર-યસ્નથી મળી રહે છે, તેમ વળી ઉસ્તાન એટલે પોતાના મીનોઇ દમથી મળે છે એટલે નીસ્તીની કુદરતમાં અને તેમાં કામ કરી રહેતાં દેખીતાં કેહપેર્મોમાં પોતાનો મીનોઇ દમ જોડીને નીસ્તીની કુદરતને અમર કરે છે, તેમ વળી પોતાના આશીરવાદો (ખોરેહ)ને તે નીસ્તીની કુદરત ઉપર વરસાવીને નીસ્તીની કુદરતને અચુક રીતે કામ કરવાની શકિત આપી રહે છે. આમ યઝતી શકિતઓ હસ્તીની આલમમાંથી પોતાની **અમર ગતીનું** તેલ નીસ્તીની કુદરતના ચેરાધમાં નાંખીને નીસ્તીની કુદરતને ચલાવવાની હકીકત થઇ રહે છે. એમ હસ્તીની કુદરત નીસ્તીની કુદરતમાં હસ્તીમાંથી નીસ્તીમાં ઉતરીને નીસ્તીની કુદરતને શકિત આપી રહે છે. આમ જ્યારે યઝતો હસ્તીમાંની તેઓની ગતી જે અહુરામાં મળેલી છે તેમાંથી બહાર પડીને નીસ્તીમાં ઉતરે છે, ત્યારે તેઓ અહુરાથી છુટી થઇને નીસ્તીની કુદરતને ટેકવે છે, અને પછી તેમાં **પાયૂચા થ્વોરૅશતાર** તરીકે કામ કરી રહે છે. અહુરાના orb માં, અહુરાની અઇપીમાં જ્યારે યઝતો હોય છે, ત્યારે તેઓને **'મિથ્ર અહુર ઑરૅજન્ત અઇથ્યેજંઘહ'**ના ભેદથી અવસ્તામાં ઓળખેલા છે. ત્યારે યઝતો હસ્તીમાં **મિથ્રની** હાલતમાં એટલે અહુરાની સાથના મેળાપમાં છે, અને **અઇથ્યેજંઘહ** છે એટલે અમર અહુરમઝદની ગતીની અમર ગતીમાં છે એટલે અહુરમઝદના ચેરાધમાંનું કીરણરૂપ છે, અને પછી તે કીરણ નીસ્તીમાં પડે છે ત્યારે નીસ્તીના ચેરાધને તેઝ આપે છે, અને પછી અહુરમઝદથી દુર થઇને છુટું પડીને નીસ્તીમાં **પાયૂ** અને **થ્વોરૅશતાર** તરીકે કામ કરી રહે છે. આમ યઝતો નીસ્તીની કુદરતમાં 'યઝ' થઇ રહે છે. આવી નીસ્તીની કુદરતમાં **'યજ'** થવાની ગતીને-નીસ્તીની કુદરતના ચેરાધને બળતો રાખનાર તેલરૂપ થવાની ગતીને **યશ્ત** કહે છે. ત્યારે યઝતોનાં નીસ્તીનાં ટેકવવાનાં કામ કરવાની ગતીને, નીસ્તીના ચેરાધને બળતો રાખવાનાં કામવાળી ગતીને **'યશ્ત'** કહે છે. 'યશ્ત' એટલે મળી જવાની ક્રીયા. હવે જે કોઇ ઇનસાન યઝતોની તેવી મહાન ગતીને મળીને તેઓનાં નીસ્તીના ટેકાવનાં કામમાં મદદ આપે, એમ કોઇબી અમુક રીતે યઝતોનાં તેવાં કામમાં મદદ કરે, તો તેણે તે તે યઝતની **'યશ્ત'** કીધેલી કહેવાય.

ઉપર જોયું કે યઝતો નીસ્તીની કુદરતને **મીથ્રથી-માંથ્રથી-યસ્નથી-**

ઉશ્તાનથી-ખોરેહથી મળીને પછી **પાયૂ-થ્વોરૅશતાર** રૂપમાં આવીને નીરતીની કુદરતને ચલાવી રહે છે. એવીજ રીતે કોઇબી ઇનસાન તે હકીકતરૂપના યઝતને યશ્તોનાં ભણતરથી તેનાં તે નીરતીની કુદરતમાં તેલ પુરવાનાં કામમાં મોથ્રથી-મથ્રથી-યશ્નથી-ઉશ્તાનથી યા ખોરેહથી મદદ કરી શકે. એક ઇનસાનની અઇપી (એટલે તેની આસપાસનું તેની સાથેજ રહેતું વાતાવરણ) જો શુદ્ધ હોય, તો તેમાં વર્જ અને ગદમનની ગતીઓ થયલી હોય છે, એટલે તે ઇનસાનના અનાસરોમાં ગુનેપરવર થયલો હોય છે, એટલે તે ઇનસાનના અનાસરોમાં '**ગઓન**'=જાતજાતના ભલા '**અમેરેત**'=અમર રતોતો થઇ રહીને પોતાને લગનાં દુરનાં નુરોને પોતાની અઇપિમાં ખેંચીને નુરી ગતીએ પુગે તેવા, '**પરવર**'=ટકવો મેળવે તેવા થઈ રહે છે. એવી વર્જવાળી અઇપિમાં યઝતોની ગતી આવી ચઢે છે, જેને **હુઑમ**ના આશીરવાદ કહે છે, જેને **ખોરેહ** કહે છે. ત્યારે આવો ઇનસાન પોતાનાં ખોરેહને જોરે તે યશ્ત પઢીને તે યઝતને નીરતીની કુદરતને પોખવાનાં કામમાં મદદ કરી શકે. પણ જો કોઇ ઇનસાનમાં અઇપિ વર્જની હાલતની નહિ હોય, પણ ઉતરતી ગદમનની હાલતની હોય, કે જ્યારે તેના અનાસરોથી તેઓનું નુર દુર રહેલું હોય છે, ત્યારે તે ઇનસાન જરા ઉતરતી હાલતનો હોય છે છતાં હવસો ઉપરનો કાબુ રાખનાર હોય છે, માટે પોતાના મનેશને પોતાનાં શરીરમાંની દરેક ગતી, કે જેઓની ઉપર ઇનસાનનો કાબુ રહેતો નથી, તેઓની તરફ મોકલી દરેક ગતી ઉપર મનેશથી કાબુ રાખે તેવો એટલે મોથ્રવાળો હોય છે. આવો ઇનસાન મોથ્રને જોરે યશ્ત પઢીને તે તે યઝતને કુદરતને ટેકવવાનાં કામમાં મદદ કરી શકે. પણ જો એક ઇનસાનની અઇપિ† ગદમનની ગતીની નહિ હોય

---

† 'અઇપિ' અને 'ખોરેહ' બે શબ્દોમાં ફરક છે તે નોંધવું. આપણી આસપાસ વીટલાયલી ખાસ્ત્રીક ગતીનું વરતુળ જેને આસપાસની સાથે ચાલી રહેલી વાતાવરણ કહે છે તે આપણી **અઇપિ** છે. આ અઇપિ જ્યારે દ્રુજી ગતીથી મુક્ત થઇને ગદમન યા વર્જની હાલતે પુગે છે, ત્યારે તેવી અઇપિમાં કુદરતનો આશીરવાદ નામે ખોરેહ પડી રહે છે. પણ દુન્યવીપણાંની ગતીમાં રહેવાને લીધે અઇપિમાં સ્થુળતા આવવે અઇપિની ગદમન કે વર્જની હાલત ભુસાઈ જઇને ખોરેહના આશીરવાદ નીકળી જાય એમ ધાસ્તી રહે છે, માટે તેવાં ખોરેહને તે તે અઇપિમાં પકડી રાખવા એટલે ખોરેહને જાળવી રાખવા નીયમો આપેલા છે, જેને ખોરેહના કાયદા કહે છે. પણ અઇપિ કે જે સાધારણ ઈનસાનની હોય છે, જેમાં દ્રુજનું જોર રહે છે, જે ગદળી અને ગુનાહોના છાપોવાળી રહે છે, તે અઇપિને શુધ્ધ કરવાના કાયદાને દ્રુજ-પરહેઝના કાયદા

(ફુટનોટ માટે જુઓ પાને ૧૮૫ મે).

પણ સાધારણ હોય, જેના મનેશમાં મીથ્રની ગતી રહેતી નથી એટલે જેને હવસો ઉપર કાબુ નથી અને શરીરોમાં જે reflexes ગતીઓના દોરાનો થાય છે એટલે ખોરાક આવે ને મોહમાં પાણી છુટે એમ સામી ચીજની અસર **મનેશથી** સ્વતંત્ર રીતે થાય છે, જેને શરીરમાં ચાલતા મીથ્ર કહે છે, તેવા શરીરમાંના મીથ્રો reflex ઉપર જેને કાબુ નથી, તેવો માણુસ જો કાયદેસર તે યશ્તને પઢે, તો યશ્તના પઢવાથી જે સ્તોતો–આકૃતી થાય છે તેઓને જોરે તે તે યઝતને મળીને તે યઝતનાં તેવાં કામમાં મદદ કરી શકે.

---

(પાને ૧૮૪ મે થી ફુટનોટ ચાલુ.)

કહે છે, તેવી અઇપિને શુધ્ધ કરવાના કાયદા માટે 'ખોરેહ જાળવવાના કાયદા' એમ કહેવાય નહિ. આજ કાલના બધાજ પારસીઓમાં અઇપિ સ્થુળ છે, દ્રુજની ભરેલી છે, માટે તેઓને માટે દ્રુજ–પરહેજના કાયદા હોઈ શકે–તેઓને માટે ખોરેહના કાયદા હોઇ શકે નહિ એમ નોંધવું. હમારા ઉસ્તાદ સાહેબ સાહેબે–દીલાનો વચ્ચે રહેલા હતા. આ મોટા સાહેબોમાં બે વર્ગ છે: એકને ખાસ, બીજાને આમ વર્ગ કહે છે. આ બેઉ વર્ગોમાંની અઇપિ તો શુધ્ધજ રહે છે. પણ શુધ્ધતાના બે મરતબા રહે છે: ઉતરતા મરતબાની અઇપિને ગદમન કહે છે; ચઢતા મરતબાની અઈપિને વર્જ કહે છે. ગદમનની અઇપિમાં ખોરેહનો ઝલ્વો zero સુન્યની ગતીથી તે એક યા બે અસ્પંદીનો રહે છે, જ્યારે વર્જની અઇપિમાં બેથી છ અસ્પંદીથી વધુ લગીનો રહે છે. આવા સાહેબો પોતાનાં તેવાં ખોરેહને તે મેળવેલા ધોરણ ઉપર રાખીને વધુ ઉપર જવા ખોરેહને જાળવીને વધારવાના કાયદાઓ પાળે છે. આવી રીતની ખોરેહ જાળવવાની તેઓને બરની વાત તેવણ હમારી આગળ કરતા હતા અને તેઓ વચ્ચેનો ખોરાકબી તરીકતનો માટે જાગૃત ગતીના મુકરદ આતશનોજ રહે છે માટે ખોરાકની તેવી આતશી વીગતને જણાવતા હતા. પણ પાછળથી એવણે જણાવેલું કે તમો લોકો કંઈ સાહેબો નથી, માટે તમુને તો અઇપિને શુધ્ધ કરવાના દ્રુજ–પરહેઝના કાયદા જોઇએ અને તમારો ખોરાક કંઇ તરીકત નથી માટે તમારે ખોરાક ઉપર ભાર મુકવો નહિ, પણ સચ્ચાઈ–પતેત પાળવા ઉપર ભાર મુકવો. અંતકરણને આઝાદ કરવા અને માંગ્ર ભણી કાયદાસરની માફકસરની તરીકતો પાળવા તેવણે ફરમાવ્યું છે. દ્રુજીએ બુજી અને હિખ્ર બેઉ પાળવાની એવણની સખત ભલામણ હતી. આજે જેઓ તેવણની આ વસીઅત ઉપર ધ્યાન નથી આપતા, તેઓ ખુદ પોતાને તેમ બીજા સામાને નુકસાન કરીને આ મોતેબર ઈલ્મને હાંસીમાં લાવી મુકે છે. કહે છે કે હારોમમાં આ ઇલ્મનો વખત નથી, કેમકે જેઓ સાથે છે તેઓજ એ ઇલ્મના મુંગા દુશ્મન થઇ પડે છે, તો જેઓને એ ઇલ્મ રૂચતો નહિ હોય તે કેમજ દોસ્તી રાખી શકે? આ બાબદ અનુભવ સીધ્ધ છે.

આવી ગતીમાંનો કોઇબી ઇનસાન વર્ઝની અઇપિવાળો કે ગદમનની અઇપિવાળો કે તદન સાધારણ મામુલી ગતીનો ઇનસાન જો ચહેલે કરે–ચાલીસુ કરે અને તેટલો વખત સખ્તીથી રહે, દ્રુજ–પરહેઝ કરે, તો ચાલીસ દહાડાની આખરીએ જે યશ્તનું ભણતર પુરૂં થઇ રહે છે એટલે નેમી આપેલા આંકડાગણું ભણાયલું થઇ રહે છે, તે યશ્તથી તે તે યઝત તેને સાક્ષાત દેખાવ આપી શકે છે. જો તે ઇનસાન વર્ઝ અને ગદમનનો હોય, તો તે યઝતનું ઉશ્તાન તેના ઉશ્તાનને મળીને જાગૃત હાલતમાં તે યઝત એક ફરેસ્તા રૂપમાં કોઇ આકારમાં આવીને તેને મળીને તેની મુરાદ જે પરદુખભંજનની બીજાને સારૂ છે તે આપી શકે છે. પણ જો તે ઇનસાન મામુલી હોય, તો ઉંઘની હાલતમાં યા ખુદી ઝોખાની હાલતમાં તેને દેખાવ આપીને તેને પરદુખભંજનની યા કંઇ ભલી અંગતની પણ ભલી મુરાદને બર લાવી શકે છે, કે જે મુરાદ પછી તેને ગવની ગતી ઉપર લઇ જઇ શકે. આમ ત્યારે 'યશ્ત' તે બંદગી છે કે જેથી એક મામુલી સાધારણ દુન્યવી ઇનસાન યઝતોની ગતીને–અવસ્તાનાં ભણતરથી થતા સ્તોતોને જોરે કંઇક રીતે મળીને તે તે યઝતોનાં કામમાં પોતાનો ફાળો આપી શકે છે; જેમ યઝત તે દાદારની નોકરી કરી રહે છે તેમ ઇનસાનબી કરી રહે છે. તેમ વળી, આગળ વધેલો નર યશ્તનાં ભણુતરના સ્તોતો તેમ પોતામાં ઉભા કીધેલા ગીથ્રને જોરે તે ખાસ યઝતને મદદ આપી શકે છે. તેમ વળી ઘણો આગળ વધેલો નર કે જેણે પોતાની અઇપિમાં શકિત ઉભી કીધેલી હોય, તે નર યશ્તનાં ભણતરથી થતા સ્તોતો અને ગીથ્રો અને પોતે ઉભી કીધેલી ભલી અઇપિ નામે ગદમન કે વર્ઝને જોરે, અને તેવી અઇપિમાં યઝતી આશીરવાદ ઉતરી શકે છે તેવા આશીરવાદ નામે ખોરેહને જોરે, અને પોતાના દમમાં જોડાયલાં ઉશ્તાનને જોરે, (એટલે તે નરના જાનને ચલાવતા દમમાં ઉશ્તાન છે એટલે યઝતોના દમ જેવો દમ છે, જે દમમાં આબે–હયાત નામે **'વને ઝવીત બીશ'**=અમર ગતીનો છોડ છે, જે આબે–હયાત તેનામાં સીધ્ધું ખોરદાદ અમશાસ્પંદમાંથી ઉતરીને પડયાજ કરે છે, તેવાં ભલાં ઉશ્તાનને જોરે) તે ખાસ યઝતને મળીને તેનાં કામમાં મદદ આપી શકે છે. એમ યશ્તોનાં ભણુતરથી યઝતોનાં કુદરતને ટેકવવાનાં નીશ્કામ વૃત્તીનાં કામમાં મદદ આપી શકાય છે. યશ્તોની બંદગીઓ ત્યારે એવી મોતેબર ગતી રાખે છે, કે કોઇબી બસ્તે–કુસ્તીઆન તે યશ્તોને ભણીને કુદરતની સફેદ બાજુમાં કામ કરતી શકિતઓને પોતાની શકિત મુજબ મદદ કરી શકે, એમ પરમાર્થનું પુન્ય હાંસલ કરી શકે. એક ગુનાહગારમાં ગુનાહગાર બસ્તે–કુસ્તીઆન જે યશ્તને સીરફ બબડી જતો હોય, તેબી 'સ્તોતો'ની ગતી જે ભણુવાથી ભણુતરના ક્ષ્નુમનને જોરે જીવતી ઉભી થવીજ જોઇએ તે

ઉભી કરીને કુદરતમાં કંઈકિ ભલાઇ ઉભી કરવાનો ફાળો આપી શકે છે. ગુનાહગાર શખ્સ જયારે કાયદેસર યશ્તોના માંથ્ર ભણે છે ત્યારે તેનાં મોંહમાંથી નીકળતા શબ્દો જે હવામાં પંથરાય છે તેથી સ્તોતોની ગતી એટલે અણદીઠ રંગોની ગતી અને આકાર ઉભા થાય છે અને તે ભણતરની ક્ષ્નુમનથી ઝરથુશ્ત્રની બાંધેલી તલેસમો સાથે તે આકારોનો સંબંધ થઇ જાય છે. આવા આકારોને કુદરતની મીનો ગતી સંધરી લે છે. કુદ-રતમાં અગણીત મીનો જેમ ઉપર કહયું છે તેમ પસરી રહીને કામ કરી રહે છે. આવા અગણીત મીનોમાંના મુવાફેક ગતીના મીનો ત્યાં આવીને તે ભણેલા સ્તોતોને લઇને તે તે યઝતને સોંપીને યઝતનાં તે તે કામમાં તેને લગાડી લે છે. ગુનાહગાર ઇનસાનની અઇપિ તે સ્તોતોને ગ્રહણ કરી શકતી નથી. માટે કુદરત તેનો બંદોબસ્ત કરે છે, જેને કુદરત પોતાનાં કામમાં લે છે. **આમ ત્યારે અવસ્તાનું ભણતર પરમાર્થ છે.** આમ ત્યારે યશ્તની વીગત છે. **યશ્ત**માં યઝતની સાથે મળવાની તેહકીક છે, કે જે યઝતો નીસ્તીમાં કામ કરતી મારેફ્તોને મળીને તેઓને અમર ગતી આપ્યાજ કરે છે. **નીઆએશન**માં યઝતોથી પોખાતી અમર ગતી મેળવતી નીસ્તીની કુદરતમાં મારેફ્ત તરીકે કામ કરતી ખુર-મહેર-આતશ-આવાં-માહ બોખ્તારની શકિતઓનાં તેવા બુલંદ કામ સારૂ વખાણ કરવાની, તેઓને સલામ પુગા-ડવાની, અને તેઓનાં તેવાં કામમાં તે ભણનારને ભાગ્યો બનાવવાની અરજી છે.

---

## ન્યાએશનો પાંચ કાંય ?

## તેઓની છુટી છુટી બાંધણીની અગત્યતા;

## તેઓને ભણવાનો પરમાર્થી ફાયદો;

### આમ કહેવામાં અતીશયુકતી નથી પણ hard fact ખરી દેખીતી મપાતી સચ્ચાઇ છે તેની ટુંક વિગત.

**એતો બધું પાછળનું છે, નકામું છે, બહારનું છે, મેજાઇ લોકોનું છે, વીગેરે વીગેરે અજ્ઞાન બકબકારાની ખરી કમસમજ કમઅંદેશ ગતીનું પ્રદર્શનઃ—**

ન્યાએશો પાંચ છે. ન્યાએશોની બંદગીઓ આમ છુટી છુટી આપવામાં અને તેઓનો આંકડો પાંચનોજ રાખવામાં મોટો અર્થ છે. જેમ

ચાલુ રીતે કહેવામાં આવે છે તેમ તેઓ કંઇ નકામી જેવી અર્થ વગરની અને ઘણી પાછળનાં લોકોનાં ભેજાંમાંથી ઉપજાવી કાઢેલી બંદગીઓ નથી. આ ન્યાએશો ભણવાની કેટલી બધી અમુલ્ય છે અને તેમાં પરમાર્થ શું સમાયો છે એટલે તે ભણનારને એકલાને નહિ પણ જગતને કંઇ અને કંઇ ફાયદો કરી શકે છે તેની કંઇક ઉડતી સમજ લઇએ.

આપણે આપણી આસપાસ જાતજાતના ભાતભાતના રંગ રાગ, પ્રભાવ, ધમી દીલગીરી વીગેરે જોઇએ છીએ. જયાં લગી આપણી આંખો ઉઘાડી અને દેખીતી છે, કાનો ખુલ્લા અને સાંભળે તેવા છે, તેમ બીજી લાગણીઓ કામ કરતી હાલતમાં છે, ત્યાં લગી આ જગતનો દેખીતો પ્રભાવ આપણને મોજ પમાડે છે તેમ કદી નાસીપાસ પણ કરે છે અને પછી બાતેન પ્રભાવ તરફ, રૂવાન-દરોસ્તી તરફ લઇ જઇ રહે છે. લાગણીઓની ઇન્દ્રીઓમાં આંખની ઇન્દ્રી અતી અમુલ્ય છે, જેના કરતાં ઉતરતી બીજે નંબરે આવતી ઇન્દ્રી કાનની છે. આપણાં જડ શરીરમાં એ ઇન્દ્રીઓની જોડ છે, પણ આપણાં કેહપનાં શરીરમાંબી એવી ઇન્દ્રી છે, જેઓનો દવી નંબર નથી પણ જેઓ વધુ નંબરમાં છે. આ બધી ઇન્દ્રીઓનું કામ સ્વાઓ વગર થઇ શકેજ નહિ. કુદરતમાં સ્વાઓનો વરસાદ મીનીટે મીનીટે પડી રહે છે તેમ ગાહામ્બારોના અવસરો ઉપર પડી રહે છે. આ સ્વાઓની તલેસ્માતીક ગતીની મારફતે આ ઇન્દ્રીઓ કામ કરીને આપણને મોજ આપે છે, દીલગીર કરાવીને કેહપની બાતેન ઇન્દ્રીઓ ખોલાવીને રૂવાનની મોજ ખુલ્લી કરે છે.

ત્યારે સ્વાઓની હાજરી આ ગેતીમાં શું પણ આખાં હસ્તી-નીસ્તીનાં જગત માટે અમુલ્ય છે. સ્વાઓ ઉપરથી આસ્માન ઉપરથી ગેતીમાં પડીને જગતને જીવતું રાખે છે અને જગતની બલીહારી જમાવે છે, વધારે છે, સંકોચાવે છે. સ્વાઓ ખુરશેદ યઝતમાંથી આવે છે. સ્વાઓનું આ ખુરશેદનું મુકામ અતી અમુલ્ય છે, જેની સમજ નીચેથી આવશે. ઉપરથી નીચે ઉતરતા સ્વાઓ રમત ગમત કરતા પડતા લાગે છે, સ્વાઓનો વરસાદ પડતો હોય એમ લાગે છે. સ્વાઓ ઉપરથી નીચે પડે છે તેની ખાસ વજે છે. ગેતી ઉપરની તેઓની ચાલ-રમત ગમત કરવાની રીત છે, જેની નકલ આતશ બહેરામમાં ચક દેવામાં, દોખ્માનો તાણો પુરવામાં, અસલના દીનના ધીકતા વખતમાં અગીઆરી આતશ બહેરામ કે દરેક દીની પાવ મહેલના કોઇબી પ્રકારની નાની મોટી સંસ્થા ઉભી કરતી વખતે તાણા પુરતા હતા તે બધાનો તાણો પુરવામાં રહી છે. આ તાણો પુરવામાં રવીના સ્વાના નીચે ઉતરવાના ચાલ સાથે જોડાયલી ઉપયોગી-

પણાની હકીકતી મઅની ભેદભરમો રહયા છે. જેમ ગેતીની ચાલ **'સ્કુરૅની-યાવ'**ની રીતની છે, જગતની ચાલબી તેવી **સ્કુરૅનીયાવ**ની રીતની છે, તેમ આ અસર રોશનીનો પ્રભાવ–નીચે ઉતરવું–નીચે પડવું–રમી રહેવું તેમાંબી 'રથવ્ય ચક્ર'નો ભેદ છે એટલે દાદારની હિકમત પ્રમાણે દોર દોરવાનો ભેદ છે–જેનો પડઘો આતશ બહેરામની બોય દેવાના ચકમાં અને દોખ્મા વીગેરેનાં તાણામાં રહયો છે. યઝતો પોતામાંથી જે ગતી કાઢે છે તેને અસર રોશની કહે છે. યઝતોમાં **ઍરૅજવાન** છે એટલે અપુર્વ સત્ય છે એટલે દાદારની ગતી નામે **'હૂ'** છે. યઝતોમાંથી જેબી કંઇ નીકળે તે યઝત જેવુંજ નીકળે, માટે યઝતોમાંથી નીકળતી અસર રોશનીબી એરેજવાનની એટલે દાદારના સંબંધની, દાદાર જેવી, માટે creative powers પેદા કરવાની શકિત અને અધીકારવાળી અને દાદાર વતી કામ કરનારી રહે છે. ૧૦૦૧ વધ્ર્ય=નાળાનાં અલંકારમાં અસર રોશની જગત ઉપર ચાલીને કુદરતનો એક મોટા અંગ તરીકે થઇ રહે છે, **ના, કુદરત તેજ આ અસર રોશની.** યઝતોના સરદાર તરીકે અને દાદાર અને તેના સાત અમશાસ્પન્દના નાયબ તરીકે **હ્વરૅ ક્ષએત** રવી છે જે અમર છે. ત્યારે રવીના અધીકાર હેઠળ આ અસર રોશની છે. માટે રવીના સ્વાનાં વહાણમાં તેઓ ઉતરી રહે છે. ત્યારે દરેકે દરેક અસર રોશની જે ગેતીમાં ઉતરે છે તે રવીના સ્વાની સાથેજ બંધાયલી રહે છે. અસર રોશની ગેતીમાં ઉતરે છે ત્યારે રવીના સ્વાઓ તે અસર રોશનીનો–જેઓને eternal light તરીકે લેવાય તે અસર રોશનીનો–જે અસર રોશની અમર છે માટે અમૅરૅત સ્તોતોની છે માટે દાદારની ગતીની છે તેવી અસર રોશનીના અનાસરી ઝભા તરીકે થઇ રહે છે.

આ અસર રોશનીના ૧૦૦૧ નાળાઓને કુદરતની જુદી જુદી દેખીતી શકિતઓ કુદરતના કેહર્પો સંઘરે છે અને પોતા માટે જે કંઇ તકવો તેઓમાંથી લેવો હોય તે લે છે, અને પછી તે જુદી જુદી કુદરતી શકિતનાં કેહર્પો જ્યારે કુદરતમાં કામ કરે છે ત્યારે તેજ અસર રોશની જે તેઓમાં છે તેઓને બહાર કાઢીને પછી રવીના સ્વા મારફતે એટલે રવીના સ્વાનાં વહાણમાં બેસાડી તેઓને ગેતી ઉપર ઉતારી કુદરતનો વહેવાર ચલાવે છે. આમ અસર રોશની કુદરતમાં ભારી ચળવળો કરીને જગતનો ભોગવટો કરાવી રહે છે. આવી અસર રોશની જ્યારે રવીના સ્વાનાં વહાણમાં રહીને ગેતી ઉપર ઉતરે છે ત્યારે તેના **custodian** વાલી તરીકે આ દેખીતા આસ્માન ઉપરના ગ્રહો, ચન્દ્રમા, મહેર અને જગતમાંની પાયારૂપ આતશની શકિતના કેહર્પો થઇ રહે છે. આ બધા custodian વાલીઓ પછી તે અસર રોશનીને ચલાવીને જગતને જીવતું રાખી ખુબ-

સુરત અને ભોગવટો કરાવવા જેવું કરી રહે છે. ખુરશેદ જે અમર છે તેવણુ તે અસર રોશનીને પોતાનાં વહાણમાં રાખી ઉતારે છે તેવણુ ત્યારે (૧) સઉથી પહેલા વાલી custodian થયા. ખુરશેદના નીસ્તીમાંના 'સ્વા' જેને મહેર કહે છે, તે મહેરના સ્વા આ અસર રોશનીનો બહારનો ઝભો થાય છે તે મહેર તેના (૨) બીજા વાલી custodian છે. નીસ્તીના આસ્માન ઉપરના ગ્રહોમાં તે અસર રોશની પડે છે જેથી તે ગ્રહો જેઓ નીસ્તીના પરદા ઉપર છે તેઓ તે રોશનીમાંથી પોતાની ગતી તકવો ખેંચે છે અને જેથી તેઓ ખેરદ મેળવીને કામ કરી રહે છે. આ ગ્રહો ગેતીની ઉપર પોતાની ગતી પાંથરી ગેતીની રજેરજનો ભોગવટો કરાવી રહે છે. ગૃહોનું આવું કામ 'માહ'ની મારફતે થાય છે. ત્યારે ગ્રહોની બધી ગતીઓ જે અસર રોશનીની છે તેઓને માહ લઇને ગેતીની ઉપર પાંથરે છે માટે માહ તેઓના (૩) ત્રીજા વાલી custodian છે. વળી અસર રોશની નીસ્તીના આસ્માનના બેશુમાર સ્તરોમાં પડીને પછી ખુરશેદના સ્વા મારફતે જાતજાતના સ્થુલ-સુક્ષ્મ પાણીઓમાં પડીને પાણીઓનું કામ કરાવી રહે છે. બધાં આપને દોરવનાર આવાં યઝત છે માટે આવાં યઝત આ અસર રોશનીના (૪) ચોથા custodian છે. આખા જગતનો અમલો દાદારમાંથી નીકળતી આથ્રની ગતી જે જગતના વિસ્તાર તરીકે થઇને પંથરાઇને થઇ રહે છે તે આથ્રના વિસ્તારની ઉપર થઇ રહયો છે. આ વિસ્તાર મીનોઇ આથ્ર અને ગોલાનમાં દોરાનરૂપમાં છે. આ આથ્રો દાદારમાંથી નીકળતા હોવે ખુદ પોતે રયોમંદ અને અમર છે અને જગતના અમલાને ઉભો કરવા યઝતોના સાથી તરીકે થઇ રહે છે અને યઝતોની ખીશ્કારી કરવામાંબી તેઓના સાથી તરીકે થઇ રહે છે. તેઓ ગેતીને રચે છે અને બાળીને નવી કરી રહે છે. આ બધી અસર રોશની જે નીકળે છે તેમાંબી આતશી ગતી તેના પાયારૂપમાં છે. આ અસર-રોશની રવીના સ્વાથી બંધાઇને ગેતી ઉપર પડે છે ત્યારે ગેતીના મુળ વિસ્તાર તરીકેના **આતરે સ્પેનીશત**માં સંઘરાઇ જમીનમાં આરમઇતીના કષમાં રહેલાં કુવતોમાં તે સ્પેનિશ્ત આતશ મારફતે જઇ રહે છે. આવાં કુવતોથી ગેતી ઉપર જાતજાતનો પાક ઉગે છે. આવા બધા પાક ફળ ફળાદી ધાન્ય વિગેરેમાં તે અસર રોશની ઉતરીને તે બધાની અંદરની ગરમીમાં અને એવીજ રીતે રજેરજની અંદરની ગરમીમાં પુગી રહે છે. વળી જાતજાતના **દેખીતા આતશો**માંબી તેનું રહેઠાણ થઇ રહે છે, **પાવ આતશો**માંબી તેનું રહેઠાણ થઇ રહે છે. ઇનસાની જીંદગીના **આતરે-વોહુ-ફ્રીઆન**માં તેની ગતી છે. માટે આતશ તે અસર રોશનીના (૫) પાંચમા custodian વાલી છે. આમ આ પાંચ મોટી મારફતો તે અસર રોશ-નીના custodian વાલીઓ થઇને જગતમાં કામ કરાવી રહે છે. આ પાંચ

મોટા વાલીઓ custodian અસર રોશની સાથે આપણને જડ ભોગવટા મારફતે સીધો સંબંધ કરાવે છે. માટે દએનમાં તે પાંચ મોટા રતુ custodian કે જેઓ અસર રોશનીને ચલાવીને આપણને આપણા જડ વહેવારમાં તે રોશનીની સાથે સંબંધ કરાવી રહે છે તેઓનાં તેવાં કામની સ્તુતી કરવાનો હોકમ છે અને માંથ્રો ભણી માંથ્રોના સ્તોતો તેઓને અપર્ણ કરી તેઓને તે અસર રોશનીને ચલાવવાનાં કામમાં જોટ આપવાનો, મદદ આપવાનો હોકમ છે. નીઆએશ શબ્દમાં પાસે કોઇ આવે તેને સલામ કરીને સ્તુતી કરવાનો અર્થ છે. આ પાંચ રતુઓ આપણી પાસે અસર રોશનીને લાવી આપણો વહેવાર ચલાવી અસર રોશનીને આપણામાં, આપણા જીવમાં, આપણી ગરમીમાં પચાવે છે. એમ છે માટે તેઓ આપણી નજદીક આવેલા કહેવાય છે. માટે તેઓને આદરમાન આપવું જોઇએ જેને ન્યાએશ કહે છે. ત્યારે તે પાંચ રતુ કે જેઓ અસર રોશની પુગાડી ધાન્ય ફળ-ફળાદી ઉગાડી આપણી ઇન્દ્રીઓની ગતીઓને કામ કરતી રાખી જગતના વહેવારની બલીહારી ચખાડે છે તેઓની સ્તુતી કરવી, તેઓને માંથ્ર અર્પણ કરવા સજાવાર ફરજરૂપ છે. ત્યારે નીઆએશના ભણનાર તે પાંચ રતુઓની સ્તુતી કરે છે એટલુંજ નહિ પણ તેઓનાં કામમાં માંથ્રની ગતીથી મદદ આપી રહે છે,—કુદરતના ચેરાઘને બાળવાનું તેલ પેદા કરી આપે છે. જગતને માટે રવી અમુલ્ય છે, હવા અમુલ્ય છે, પાણી અમુલ્ય છે, શરીર ઇન્દ્રીઓ માટે જીંદગી અમુલ્ય છે, તેજ બધી અમુલ્યતા અગત્યતા અસર રોશનીને લીધે અંગેજ છે,—તે અસર રોશનીની રોશન યઝતી ગતી—જીંદગી આપતી શકિતને લીધે, હકીકતેજ છે. અસર રોશનીને આપણા જડ વહેવારમાં તે પાંચ રતુ લાવી આપે છે,—જગતના પેદા કરનારની તે ગતીનો સત્યસંગ કરાવીને જીંદગીને ટેકવે છે, માટે તેવી અસર રોશનીઓની અને તેઓને ચલાવનાર તે પાંચ રતુઓની નીઆએશ કરવી, તેઓની પ્રસંશા કરવી, સ્તુતી કરવી, સજાવાર છે. દાદારના તે બધા ખાદેમો—ગુમાશતાઓની કદર કરવે દાદારનાં ફરમાનો બજા લવાય છે અને તેથી દાદારની સ્તુતી થઇ રહે છે. આવા મોતેબર અર્થે આ પાંચ નીઆએશ આપી છે તેનો કંઇક ઝાંખો ખ્યાલ હવે આવશે. દાદાર અહુરમઝદની શકિતની હાજરી આ જીવતી જગતનાં સુંદરપણામાં આપણે ઇન્દ્રીઓથી મેળવી રહીએ છીએ. આ બધી હકીકતને તેઓ (આ પાંચ રૂતુઓ)ની મારફતે થઇ રહેતી આ **પાંચ નીઆએશ**માં બતાવીને તે પાંચ રૂતુઓનું સ્મરણ કરવાનો, તેઓને માંથ્રની મદદ આપવાનો હોકમ છે. જેમ રાજાને, તેના અધીકારીઓને, તેની સત્તાને, તેના દોરને આપણે નમીએ છીએ

તેમ દાદારની સત્તાના આ સત્તાધારીઓને નમવું છે, જેથીજ દાદારના ક્ષ્નુદી થઇ રહે છે. આજે સાયન્સબી એમજ કહી રહી છે. સાયન્સબી આ રોશની જે પડી રહે છે તેને રેડીઓ, ગરમી, લાઇટ, એકસ રે, ગામા રે, કોસમીક રે તરીકે ઓલખે છે, જે દરેકમાં જુદી જુદી ગતીઓ પડેલી હોવે તેઓથીજ જગત ટકી રહે છે એમ શીખવે છે. તેઓમાં creative powers પેદા કરવાની શકિત છે, તેઓમાંજ કંઇ eternal light છે, એમ માન્યતા ઉપર આવી રહે છે. આ બધાની મોટી વીદયા તેઓએ શોધી છે અને આવી રોશનીને આજે તેઓ જાતજાતના રમત-ગમતનાં કે દવાદારૂ કે બીજા ધંધાનાં કામમાં લઇ રહે છે. ત્યારે અસર રોશની જે આપણને જીવડાવવા પાંચ રતુ મારફતે આવે છે તેઓની નીઆ-એશ્ન વગર આપણેથી પાણીનું ટીપુંબી પીવાય નહિ એ સમજાય તેવું છે. ત્યારે નીઆએશ્ન કરવી તેટલી અગત્યની છે કે જેટલી અગત્યતા જીંદગી ટેકવવા માટે ખાવા પીવાની વીગેરેની છે–ના, જીંદગીને ટેકવવા અને દુન્યાને આબાદ કરવામાં આ નીઆએશ્નનું ભણતર નાનો જેવો પોતાનો ફાળો આપે છે. **ખુરશેદ–મહેર ન્યાએશ્ન**થી જગતના હાડને તેમ ભણનારના હાડને શકિત મળે છે. **આવાં નીયાએશ્ન**થી જગત માંહેલું જાતજાતનું સ્થુળ-સુક્ષ્મ પાણી સ્વચ્છ રહી જગતની જીંદગીનો ચેરાઘ બળી રહી ઇનસાનની જીંદગીના ચેરાઘમાંનું તેલ પુરાયાજ કરે છે. **આતશની નીઆએશ્ન**થી જીંદગીની દુજી ગતી જીંદગીનાં દરદો, જીંદગીની કસરો, જીંદગીનો કચરો બળતો રહે છે. **માહની નીઆએશ્ન**થી, જગત ઉપર પડતા ગ્રહોની અસરોમાંની બુરી ગતી નીશ્ફળ થતી જાય છે, ઇનસાનના બદ તાલેનું ફળ કપાય છે યા તેને ખમવાનું જોર મળી રહે છે. આવી રીતે આ બધી ન્યાએશ્નો ભણવાના અગણીત ફાયદાઓ ભણનારને તેમ જગતને થઇ રહે છે તેમાંનો ખાલી એક એક ફાયદો ઉપર જણાવેલો છે.

## ખુરશેદ નીઆએશ.

**ક્ષ્નઑથ્ર[1] અહુરહે મજદાઓ.[2] અષૅમ વૉહૂ ૧.** (બીસ્તા પઢવું) **પ નામે[3] યજદાંન,[4] સતાએમ[5] જબાએમ[6] દાદાર અહુર-મજદ[7] રયોમંદ,[8] ખોરેહમંદ,[9] હરૂવેસ્પ–આગાહ,[10] કૅરૂદેગાર,[11] ખોદાવંદાંન ખોદાવંદ,[12] પાદ્શાહ[13] બર[14] હમે[15] પાદ્શાહાંન,[16]**

**નેગહ્દાર્,[૧૭] ખાલેકે[૧૮]-મખ્લુક્,[૧૯] અલ્રીજક્ રોજી-દેહ્ંદેહ્,[૨૦] કાદેર્[૨૧] ઓ કવી[૨૨] ઓ કદીમ,[૨૩] બક્ષાયંદેહ્[૨૪] બક્ષાએશગર્[૨૫] મેહેર્બાન્,[૨૬] તવાંના[૨૭] ઓ દાના[૨૮] ઓ દાદાર્,[૨૯] ઓ પાક્ પર્વર્દેગાર્![૩૦] આદેલ્ પાદ્શાહી[૩૧]-ઇ તો બીજવાલ્[૩૨] બાશદ્![૩૩] અહુર્મજ્દ[૩૪] ખોદાએ[૩૫] અવજૂની[૩૬] વર્જ[૩૭] ખુરેહ્[૩૮] અવજ઼તયાદ્,[૩૯] ખુર્શીદ્[૪૦] અમર્ગ[૪૧] રયોમંદ્[૪૨] અર્વંદ્-અસ્પ્[૪૩] બેરસાદ્.[૪૪]**

અહુરહે મઝદાઓની[૨] || ક્ષનુદી=હમેશગીવાળી ખુશાળી[૧] થવા માટેની મારેફતો [ બધેબધ વધતી રહો ! બધ ને તેવી ખુશાલી-ફીરોઝગરી આવી મળો ! સૃષ્ટી-રચનાથી આખરે ઉશ્તા (અમર્ગીતું સુખ) જામશેજ ! અજ્ઞાનતા=દએવના ફરેબથી થતી ચીંતા સાચ્ચાં જ્ઞાનનાં સુખમાં બદલાશેજ ! દએવ-જડતા-અજ્ઞાનતા આખરે હણાશેજ ! તેવી ફત્તેહમંદી જે સૃષ્ટી-રચનાથી આખરે થશે, તેમ જલદી થાઓ ! એવી ખુશાલી થવાની મારેફત અર્ષમનાં ભણતરથી હું હાલે થાઉં ! દીનમાં બતાવેલી તરીકતો ઉપર ચાલવે સૃષ્ટી ઉભી કરવાની અહુરમઝદની નેમ જલદી ફળીભુત થજો ! અહુરમઝદની ખુશાલી થવા માટેનાં કારણો એમ મારાં વર્તનથી જલદી થાઓ ! ] || **'યજ્દાંન્'**=અસરે-રોશનાં[૪] (યઝતોની ગતી જેમ તેની હોકમ-બરદારી કરી સૃષ્ટીને ચલાવી રહી છે, સૃષ્ટીને તે સાહેબની મરજી મુજબ ચાલવા હિદાયત આપી રહી છે, તેને માટે મદદ આપી રહે છે, તેમ તેવું કરવા હું ઉસ્તવાર છું, માટે તેઓનાં મદદગાર) || નામ[૩] (ની મદદ લઇ બંદગી શરૂ કરૂં છું,) || દાદાર અહુરમઝદ[૭] || પુર્ણ જ્ઞાન અને તેવાં જ્ઞાનનો ચલકાટનો ધણી || આશીરવાદીક પ્રતાપી ગતી રાખીને બક્ષેશનો કરનાર,[૯] || શું થઇ ગયું, શું થશે, કેમ તે બધું થવું જોઇએ, રચના કઇ રીતે કરવી, કઇ રીતે તેને પાર પાડવી, કઇ રીતે ભોગવટો ભોગવાવવો તેવાં પુર્ણ જ્ઞાનથી સજેલો,[૧૦] || રચનાનો રચનાર અને ભલે નતીજે પુગાડનાર,[૧૧] || ભોગવાવનારાઓનો મુખી સાહેબ ભોગવાવનાર,[૧૨] || બધા[૧૫] || સત્તાવાળાઓ[૧૬] || ઉપર[૧૪] || સત્તા રાખનાર,[૧૩] || દરેક ઉપર ચોકાસી રાખનાર,[૧૭] || પેદા થયલી ચીજોનો[૧૯] || પેદા કરનાર,[૧૮] || રઝક-રોઝીનો આપનાર[૨૦] || કુદરતનો સાહેબ,[૨૧] || શકિતઓવાળો,[૨૨] || જુનામાં જુનો,[૨૩] || બક્ષેશ કરનાર=આશીરવાદીક ન્યામત આપનાર,[૨૪] || માફ કરનાર[૨૫] (તેની સત્તાની સામે થનાર નાસ્તીકની સરકશી તરફ ધ્યાન નહિ આપતાં ઇનસાફથી વધારનાર, મુકિત આપનાર) || એમ દરેક ઉપર મુકિતની બક્ષેશ કરનારો મહેરબાન,[૨૬] || શકિતવાળા,[૨૭] || ડહાપણનો ધણી,[૨૮] || પેદા કરનાર,[૨૯] || **પરવરેશી આપીને પાકીઝગી બક્ષનાર અષવન[૩૦]** (છે

તે)ની || વખાણ કરૂં છું.[૫] || તેનું નામ લઇ તેને યાદ કરી રહું છું.[૬] || આદેલ પાદશાહી=દદ+દાનસાફની જમાનું સૃષ્ટીમાં ચાલવું,[૩૧] || આથમ્યા વગરનું હમેશજ જારી[૩૨] || રહેશેજ ![૩૩] || ખોદા=ભોગવાવનાર (મારફતે) || અહુરમઝદ તરફ[૩૪] || વધતો રહેલો છું તે વધતોજ રહું[૩૬] || ભલો પ્રતાપ-શરીરમાંની ગવની ગતી-અશપિની સુક્ષ્મતાનો ભાવ,[૩૭] || ભલા અહુરમઝદ તરફથી ઉતરતા આશીરવાદ[૩૮] || વધુ અને વધુ પડતા રહો ![૩૯] || અમર=હમેશ રહેતા[૪૧] || ખુરશેદ,[૪૦] || ચયનું પુર્ણ જ્ઞાન રાખનાર સાહેબ અને બીજા લાયકને આપનાર અધીકારી,[૪૨] || (જેવણ) 'અસ્પ'=ઘોડાની ઝડપે અના-સરી સૃષ્ટીને રચીને ઉરૂ=મુકિતએ પુગાડનાર[૪૩] || (છે તેવણ) આવી પુગો ![૪૪] ||

**અજ હમા ગુનાહ પતેત્ પશેમાનુમ; અજ હર્વસ્તીન્ દુશ્મત દુજૂખ્ત દુજ્વર્શ્ત, મૅમ પ ગેતી મનીદ, ઓઐમ ગૉફ્ત, ઓઐમ કરદ, ઓઐમ જસ્ત, ઓઐમ બૂન્ બૂદ ઍસ્તેદ. અજ આંન્ ગુનાહ મનશ્ની ગવશ્ની કુનશ્ની, તની રવાની ગેતી મીનોઆંની, ઑખે અવાખ્શ પશેમાન, પ સે ગવશ્ની પ પતેત્ હોમ.**

(૧) ☞ (સર નમાવતાં કુશાદે ભણવું) **નૅમસ્-તે[૧] અહુર મજ્દ,[૨] નૅમસ્-તે અહુર મજ્દ, નૅમસ્-તે અહુર મજ્દ, થ્રીશ્-ચિત્[૩] પરો[૪] અન્યાઇશ[૫] દામાંન.[૬] નૅમો[૭] વે[૮] અમૅષા સ્પૅન્તા[૯] વીસ્પે[૧૦] હવરૅ-હજઑષાઓ.[૧૧] અએતત્[૧૨] જહાત્[૧૩] અહુરૅમ મજ્દાંમ,[૧૪] અએતત્[૧૫] અમૅષે સ્પૅન્તે,[૧૬] અએતત્[૧૭] અષઑ-નાંમ[૧૮] ફ્રવષીશ,[૧૯] અએતત્[૨૦] વયાંમ[૨૧] દરૅઘો-ખ્વદાતૅમ.[૨૨]**

(૨) **ક્ષ્નઑથ્ર અહુરહે મજ્દાઓ, તરોઇદીતે અંઘ્રહે મઇ-ન્યેઉશ. હઇથ્યાવર્શ્તાંમ્ હ્યત્ વસ્ના ફ્રૅરષૉતૅમૅમ. સ્તઑમિ અષૅમ; અષૅમ વૉહૂ ૧.**

(૧) અહૂરમઝદને,[૨] || નેમાઝ,[૧] || બીજી જાત જાતની[૫] || સૃષ્ટી[૬] [જેવી કે (૧) યઝતી સૃષ્ટી, જે 'અદવન'=એકયતાની ગતીની=દુઇ મળેલી છે, જેને પેદા કરીને આગળ દોરવવાનો પરવાનો મળેલો છે તે; (૨) જુઝની દુઇની મારાં તારાંને માટે મારામારી કરતા ભેદની સૃષ્ટી, જેને યઝતો ઘડીને આગળ ચલાવે છે તે; અને (૩) મારાં તારાંના ભેદને છોડી રહેતી સૃષ્ટી ઝરથોસ્તીપણે પુગતી રહે છે, એમ ત્રણ મુળ વર્ગની

સૃષ્ટી છે, તેની] || તે ત્રણ[3] (એટલે ત્રણ વર્ગની સૃષ્ટીથી) || ઘણો આગળનો, ઘણો પેલી મેરનો,[4] (તે બધાંનો સાહેબ છે જે ત્રણ મુસ્તસલા એટલે ત્રણ ધોરણની વૃદ્ધિમાંથી બધાંને મોક્ષ તરફ, દ્રવાઓ=અજ્ઞાનતામાંથી જ્ઞાન તરફ દોરવી લઇ જાય છે. પહેલે ઝરવાને અકરનેનાં મુળ વતનમાં રૂવાનને અજ્ઞાનતા=દ્રવાઓ લાગુ પડવે, તેને ત્યાંથી (૧) હસ્તીમાં લાવીને સુધારી મોક્ષે પુગાડીને, પછી નહિ સુધરતાંને હસ્તીમાંથી કાઢીને (૨) બીજા પ્રગતીકરણમાં નીસ્તીમાં ભોગવટો કરાવીને, પછી (૩) ત્રીજા પ્રગતીકરણમાં મોક્ષે-હસ્તીએ લઇ જાય છે, તેવાં **'થ્રીશ ચિત્'**: **ચિત્**=જે કાંઇ **થ્રીશ**=ત્રણને લગતું છે તેવી ત્રણ જાતની પેદાયશની ત્રણ જાતની વૃદ્ધિના ધોરણની ગતીમાંથી દોરવનાર તુંને) || **ચિત્**=ખાસ તે **થ્રીશ**=ત્રણ[3] (ધોરણની વૃદ્ધિનાં પગથીઆંઓ માટે) || નેમાઝ ![7] || અમશાસ્પંદો ![6] || તમો બધા[10] (સાત) || ખુરશેદને માટે ઉત્તમ કાળજીવાળી દોસ્તી રાખી એક મતના થઇ તેવણ સાથે કામ કરનારા, ખુરને ચલાવનારા,[11] (ખુરના મુરબ્બીઓ, છેઓ) તે || તમુનેબી[8] || નેમાઝ ![7] || આ[12] (માંથ્રો ભણાય છે તેઓની તલેસ્માતીક અસરો) || અહુરમઝદને,[14] || અમશાસ્પંદોને,[16] || અષોને લગતી (અષોઇ રાખતા ઇનસાનો સાથની) ફ્રવષીઓને[19] || (અને) ચાલુ 'વી'=બધેબધ ફેલાયલા, કામ કરતા, અધીકાર રાખતા[21] || 'દરેઘો' ખદાત'નાં ૮૧,૦૦૦ વર્ષના વખતના દોરને[22] || પુગો,[23] (કે જેથી તેઓ જે **'થ્રીશ ચિત્'**નું-એટલે સૃષ્ટીને ત્રણ રીતે કાઢીને હસ્તી તરફ દોરવી લઇ જવાનું તેઓને સોંપાયલું કામ કરે છે, તેમાં ભણતરથી થતું આ મારી તરફનું આ પુન્ય ઉમેરાવે, તેઓને તેઓનાં તે તે કામમાં જોશ મળતો રહે !)

(૩) **'ક્ષ્નઑથ્ર અહુરહે મજ્દાઓ'**=અહુરમઝદની ખુશાલી, ફત્તેહ થવા માટેની મારફતને પરિપુર્ણ કરવા સૃષ્ટીને ચલાવવાની ફત્તેહમંદ ખુશાલીને પ્રાપ્ત કરવી અને બીજાને કરાવવી સઝાવાર છે, કેમકે **'તરોઇદીતે અંઘ્રહે મઇન્યેઉશ'=અન્ગ્રમીનને લગતા ઘનાની હિકમત, જે હવસોને રમાડયા કરે છે, તેને આરપાર જોવે માલમ પડે છે કે તેમાં અત્યંત દુખ છે, જયારે 'હુઇથ્યાવરૂશ્તાંમ્ હુયત્ વસ્ના ફ્રૅર્ષૉતૅમ'**=ભલાં, હસ્તી તરફ જઇ રહેલાં, અહુરમઝદનાં તાબેદાર લોકો જેઓ ઘના કે જે હવસોનું ઉભાણ કરવા મથી રહયો છે તે ઘનાને, તરછોડનાર છે-દુર કરી રહે છે, તેવા ભલા હવસોને દાબનાર લોકોના જેવું કરવા એટલે હવસોને રોકીને દાબવા, અને તેટલા માટે તેવા ભલાઓની વાસનામાં રહેવાનું ઉત્તમ રીતનું છે એટલે ઉત્તમમાં ઉત્તમ તાઝગી આપનારૂં, હમેશનું સુખ આપનારૂં, ફ્રષો-કેરેતી કરાવતારૂં છે. માટે **'સ્તઑમિ અષૅમ'** તેઓનાં અષનાં સિધાન્તોને હું નમું છું.

નોંધ: (હયાં સૃષ્ટીની શરૂઆત અને છેડાના બનાવોને યાદ કરી તેઓની ભલી આકેબત જલદી આવે તેના વીચારો કરી રહે છે. કુદરત સૃષ્ટીની શરૂઆત જે થઇ ગઇ છે તેના બનાવને દરરોજના ઉગતા સુરજના બનાવોથી બતાવી રહે છે. માટે અહિંયાં સૃષ્ટીની શરૂઆતના બનાવને, તેની શુભ નેમને અને તેનાં કાર્યસાધકપણાંની ખુબીને નવા દહાડાનો ઉગતો સુરજ, જે નવા દહાડાની શરૂઆત કરે છે, તેની હકીકતી એટલે ભેદ-વાળી અને કામ કરી બજાવે તેવી મીસાલથી યાદ કરે છે. સૃષ્ટી રચનાની શરૂઆતના વખતથી તે છેડે લગી સૃષ્ટી ભલાઇએ પુગશે ત્યાં લગીમાં અહુરમઝદ પોતે અમશાસ્પંદોને તોરીક આપી રહે છે, અને તે સાત અમશાસ્પંદો બધા ખુરશેદને તોરીક આપી ખુરશેદને હાડમંદ સૃષ્ટીનો વડો બનાવીને સૃષ્ટી જે ઉભી થઇને ચાલી રહે છે તેનો ટેકાવનાર અને હેફાઝત કરનાર તરીકે ઠેડવે છે અને તે કામમાં તે રવીને તેઓ મદદ કરી રહે છે તે બધી હકીકતના મીથ્રોને યાદ કરે છે, અને પોતે ભણનાર પોતા તરફથી મીથ્ર કરે છે, કે સૃષ્ટી, ઉપર કહયું છે તેમ, ખુરથી ચાલી રહે છે, તેનો નાનો ભાગ દહાડામાં રવી કરી બજાવે છે. માટે એ ઉગતા રવીને તેનાં કામમાં મદદ કરવા આ ભણાતા માંથ્રો અર્પણ કરૂં છું. આ ઉભી થતી નીરતીની સૃષ્ટીને રચતા જઇને મદદ કરનાર યઝતી ગતીઓ અને અષો નરોને લગતી ફ્રવષી અને ચાલતા 'દરેઘો ખદાત,' જે બધાઓ જેમ તે ચાલતા દહાડાને ચલાવવા રવીને મદદ કરે છે તેમ તે ચાલતી કુદ-રતનેબી રવી મારફતે ચલાવવા મદદ કરે છે, તેઓ બધાંમાં આ ભણ-નારબી જોડાઇને રવીને તેનાં કામમાં મદદ કરવા 'અએતત્ જેહાત્'= માંથ્રો ભણીને મોકલે છે, જે તેઓને પુગશેજ એમ દુઆ કરૂં છું. પોતે પાપો કરવાં નહિ જોઇએ, પણ સવાબથી અહુરમઝદની સૃષ્ટીને ચલાવવામાં ઇનસાનને છાજતી મદદ આપવી ઘટે છે, માટે પોતે ગુનાહની તોજેશ કરીને પોતાને એમનો એમ તે દાદારને અર્પણ કરે છે. માટે ભણે છે કે:)

(૩) ફ્રૅરસ્તુયે[૧] હુમતોઇબ્યસ્ચા[૨] હૂખ્તોઈબ્યસ્ચા[૩] હુવ-રૂશ્તોઇબ્યસ્ચા,[૪] માંથ્વોઈબ્યસ્ચા[૫] વખ્ૅદ્રવોઇબ્યસ્ચા[૬] વરૂશ્તવો-ઇબ્યસ્ચા.[૭] અઇબિગઇસ્યા દઇથે[૮] વીસ્પા[૯] હુમતાચા[૧૦] હૂખ્તાચા[૧૧] હુવરૂશ્તાચા.[૧૨] પઇતિરિચ્યા દઇથે[૧૩] વીસ્પા[૧૪] દુશ્મતાચા[૧૫] દુઝૂ-ખ્તાચા[૧૬] દુઝવરૂશ્તાચા.[૧૭]

(૪) ફ્રૅરા વે[૧૮] રાહી,[૧૯] અમૅષા સ્પૅન્તા,[૨૦] યસ્નૅમ્ચા[૨૧] વહ્મૅમ્ચા,[૨૨] ફ્રૅરા મનંઘ્રહા[૨૩] ફ્રૅરા વચંઘ્રહા[૨૪] ફ્રૅરા ષ્યઓથના,[૨૫] ફ્રૅરા

**અંઘ્રહુયા,[૨૬] ફ્રૅરા તન્વસચીત[૨૭] ખ્ખ્યાઓ[૨૮] ઉશતનૅમ.[૨૯] સ્ત-ઑમિ[૩૦] અર્ષૅમ.[૩૧] અર્ષૅમ વૅાહૂ ૧.**

(૩) બુરાઇની હવસી ગતીઓમાંથી મનને દુર કરી કુદરતનાં પ્રગટીકરણમાં રોકી રાખેલા વીચારોથી,[૫] ॥ સાચ્ચી ઝબાન રાખી સાચ્ચું બોલીને માંથ્ર ભણવામાં રોકી રાખેલી ઝબાનથી,[૬] ॥ પરદુખભંજનનાં કામ કરીને તરીકતો પાલવા રોકી રાખેલી કરણીથી,[૭] (ટુંકમાં રોશન કીધેલાં શાંત વીચારવંત મન-બોલ-કામને જોરે) ॥ **હુમતો**=હસ્તીમાં થતી યઝતોની ચલવલો, જે ગેતીની દેખીતી જડ ગતી સાથે સરખાવતાં વીચાર રૂપની છે, એટલે વીચાર જેમ સુક્ષ્મ અણદીઠ છે, સામાની ઇંદ્રીથી પકડાય નહિ તેવો છે તેવી સુક્ષ્મ ચળવળો તે હુમતોની છે, જે હુમતોને યઝતી શકિતઓ કરી રહે છે, જેની બરાબરીમાં અષવનોની દુન્યાનાં કલ્યાણ અર્થે થઇ રહેતા નીસ્કામ વૃત્તીના પરદુખભંજનના ફ્રશો-કેરેતી લાવવાના વિચારો, ગુનાહગારોને સત્યસંગથી રંગે તેવા વિચારો આવી શકે તેવા હુમતોથી થતી ચલવલોને[૨] ॥ સવાલ-જવાબથી સમજીને તેઓની પ્રસંશા કરૂં છું, તેઓને પુગવા-ગૃહણ કરવા માંગું છું.[૧] ॥ **હૂખ્તો**=નીસ્તી જે અદ્રષ્ય છે તેમાં યઝતોથી થતી અગણીત ચલવલો, જે ગેતીની દેખીતી જડતાની સાથે સરખાવતાં શબ્દ રૂપની છે, જેમ શબ્દ સુક્ષ્મ છે, દેખાઇ શકાતો નથી, છતાં ઇન્દ્રીથી, ઝબાનથી અને ભેજાંથી સમજાઇ શકાય છે તેવી હૂખ્તની એટલે નીસ્તીની અદ્રષ્ય સૃષ્ટીને માટેની યઝતોની ચળવળો, જેઓ દુન્યાની દેખીતી જડતાવાળી માપી શકાતી ચળવળો કરતાં વધુ સુક્ષ્મ રીતની યઝતોને લગતી છે, જેની બરાબરીમાં અષવન ઇનસાનનું સાચ્ચું વેણ અને માંથ્રોનો નાદ આવી શકે છે, તેવા હૂખ્તોથી થતી ચલવલોને[૩] ॥ સવાલ-જવાબથી સમજીને તેઓની પ્રસંશા કરૂં છું, તેઓને પુગવા માંગું છું.[૧] ॥ **હ્વરૂશ્તો**=ગેતીમાં ચાલી રહેતી કુદરતી ચલવલો, જે કુદરતની ભલી રીતની ખીલવણીથી-ખેતીથી ગેતીને આબાદ કરે છે, જેમાં યઝતી ગતી કામ કરી રહે છે, જેમાં ઇનસાનની મનશ્ની, ગવશ્ની-કુનશ્નીનો એટલે તરીકતોનાં પાલનનોબી ભાગ આવે છે-જેથી ફળદ્રુપતા, આબાદી, નેક એખ-લાસ વ્યાપી રહે છે, ગરીબાઇ આફતો દુર જાય છે, તેવાં હ્વરશ્તોથી થતી ચલવલોને[૪] ॥ સવાલ-જવાબથી સમજીને તેઓની પ્રસંશા કરૂં છું, તેઓને પુગવા માંગું છું.[૧] ॥

(૪) તે બધા[૯] ॥ હુમતોને,[૧૦] ॥ હૂખ્તોને,[૧૧] ॥ હ્વરશ્તોને[૧૨] (એટલે ઉપર સમજાવેલી યઝતોથી થતી હસ્તી-નીસ્તી-ગેતીમાંની કુદરતી ચળ-

વળી, જેઓને) ॥ તેણે આપ્યા છે-મુકરર કીધા છે, તેઓને ગ્રહણ કરી શકું.[૮] ॥ બધા[૧૪] ॥ બુરા વીચારો[૧૫] (અસરે-તારીકીની ગતોઓને, હવસી બેદાદ ગતીઓને, બુરાઇઓ, પાપો, સ્વાર્થની ગતીઓને), ॥ બુરા શબ્દો-અસત્યને,[૧૬] ॥ બુરાં સ્વાર્થી કર્મોને[૧૭] (જેઓને કરણીના કાયદા પ્રમાણે શીક્ષા ભોગવવા) ॥ તેણે મુકરર કીધા છે, તેઓને[૧૩] (મારામાંથી) ખાલી કરી નાંખુ છું. ॥ એએ અમર યઝતી ગતીઓ![૨૦] ॥ આગળ વધેલા મુકિતના ખ્યાલમાં રહેલા મન-વીચારથી,[૨૩] ॥ સાચ્ચા સખુનો-અવસ્તેઇક માંથ્રથી,[૨૪] ॥ ભલી તરીકતી આગળ વધેલી કારદાનીથી,[૨૫] ॥ આગળ વધેલાં અંતકરણથી[૨૬] (એટલે 'બઓદ'=મીનોઇ આશીરવાદ મેળવતાં અંતકરણ, જેને 'દએના' કહે છે, જેના સ્વભાવને 'અહુ' કહે છે, જેની ભલી તોરીકને 'બઓદ' કહે છે તેથી). ॥ (અને) આગળ વધતાં તનુ વગેરેથી[૨૭] ॥ યસ્નને[૨૧] (રાથ્વી-જોતીનાં ધોરણે કીધેલી ક્રીયાઓથી આવી મળતા અનુપમ ફાયદાઓને) અને ॥ વહમને એટલે ખરી દીલોજાનથી થયલી પાછો પ્રતી-ઉત્તર મેળવી આપતી, અમુલ્ય ફાયદાઓ કરી આપતી જાતજાતનાં અવસ્તાનાં ભણતરોની બંદગીઓને,[૨૨] ॥ પોતાના[૨૮] ॥ જાન-ઉશ્તાનને*[૨૯] ॥

* ઉશ્તાન જીવ અને તેને અર્પણ કરવાના ભેદની ગુહય સમજ:- ઇનસાનને જાન આપેલો છે તેથી તે જીંદગીને ભોગવી શકે છે. જાન જીવને ચલાવનાર ઉશ્તાન નામની ગતી છે, જે અહુરાના અનગ્ર રઓચાઓનાં અસ્મ ઉપરથી ઉતરીને ઇનસાનમાંની ગરમીઓના દોર નામે જાનને ચલાવીને તે જાન-જીવને ટકવી રાખે છે. આ ઉશ્તાન અનગ્ર રઓચાઓમાંથી આવતું હોવાને લીધે તે અમર ગતી રાખે છે, જેના ભેદને '**વન-જવેત-બીશ**'માં મુકેલો છે. આ ઉશ્તાન ત્યારે યઝતી ગતીવાળું એટલે 'બઓદ' ગતીવાળું છે. આ ઉશ્તાન ત્યારે અહુરાની એક બક્ષેશ છે, અને તે યઝતી ગતીનું હોવે ઈનસાન શું પણ રજેરજને અત્યંત વહાલું છે. આ ઉશ્તાન પોતે જીવ કહેતાં શરીરની ગરમીના દોરને ટકવીને ચલાવે છે. ઈનસાન કે જાનવર બેઉમાં **તેવીશી** ઇચ્છા-વાસના હોય છે. ત્યારે જાનની ગરમી કે જે તેવીશીમાંથી છે તેમ બીજા ભાગોમાંથીબી છે, તે ગરમીને ઉશ્તાન ચલાવે છે, એટલે ઉશ્તાનથી તેવીશી=ઈચ્છા વાસના ખુબ જોશથી ચાલી રહે છે. જ્યારે કોઇબી આ જાનને તોડવા માંગે છે, ત્યારે તેવીશી કે જે વિચારની ગતી ઉભી કરવામાં મુળ છે, તે તે જાનને છોડવા માંગતી નથી. તેવીશીથી જેમ વીચાર છે, તેમ શરીરનાં જ્ઞાનતંતુમાંબી તેવીશી હોવે તે શરીર લાગણીઓનું ઠામ છે. આમ છે માટે જ્યારે કંઈક એવું થાય કે **જાન**ના દોરને ખોરવાવું પડે છે, ત્યારે તેવીશી=ઇચ્છા વાસના અને જ્ઞાનતંતુઓમાં ખલભલાટ થાય છે. ઇનસાનને મારી નાંખવાનું હોય કે જાનવરને મારી નાખવાનું હોય, ત્યારે ગરમીનો વર્તુળ જાન તુટવા માંગે છે, એટલે ઉશ્તાન જે જાનને ટકવે છે

(ફુટનોટ માટે જુઓ પાને ૧૯૯ મે).

તમુને[18] || અર્પણ કરૂં છું.[19] || (અષેમ ૧ ભણ્યાથી ઉપલા માંથ્રો અને તે માંહેલી મુરાદોની શુભ અસરો વ્યર્થ જતી નથી પણ આવી મળશે). ||

(પાને ૧૯૮ મે થી ફુટનોટ ચાલુ).

તે ખસવા માંગે છે. આ વખતે તેવીશી ખુબ જોશથી ફાંફાં મારીને પોતાના જ્ઞાનતંતુનાં રહેઠાણમાંના જ્ઞાનતંતુની મારફતે ખુબ તફડીને ગોયા જીવની ગરમીને આખી રાખી ચલાવવા અને ઉશ્તાનને પકડી રાખવા મથે છે. એમ છે માટે મરતી વખતે માણસ કે જાનવર ખુબ તફડે છે અને ફરયાદ કરે છે. પણ મરતી વખતે આ ફેરસ્તુયેની બંદગી ભણવી કે જેથી આવો મામલો થાય નહિ. આમ ત્યારે **ઉશ્તાન** બઓદીક ગતી હોવે ખુબસુરત, અમર, વૃધ્ધીમાન, દયાળુ રહે છે, જેથી તેને એટલે ઉશ્તાનને કોહ્નબી છોડવા માંગતું નથી. અહિંયાં નોંધ લેવી કે **'ઉશ્તાન'** અને **'ઉશ્તાન આપ'** બે જુદી ગતીઓ આપણામાં છે. કેહર્પ-તેવીષી અને ઉશ્તાન આપ નામનાં ત્રણ સુક્ષ્મ ઉપીએ પુગેલાં એટલે લગભગ મુકિતએ પુગેલાં શરીરો આપણામાં છે તેઓનો છેલ્લો ખાકી ભાગ એટલે આપણું દેખીતું શરીર મુકિતએ પુગતું નથી માટે તે શરીરની મુકિત અપાવવા તે ત્રણે શરીરો જડ તનમાં રહયાં છે. ત્યારે કેહર્પમાં તેમ તેવીષીમાં કુદરત બેઠેલી છે, જેણી (નામે **ગવ**) પેલાં જડ તનની તે કેહર્પ, તેવીષી મારફતે વ્યવસ્થા કરી રહે છે. એવીજ રીતે **'ઉશ્તાન-આપ'**નાં સુક્ષ્મ શરીરમાં જે કુદરત બેઠેલી છે તેને **ઉશ્તાન** કહે છે. આ **ઉશ્તાન**ની કુદરતનો દરજ્જો પેલાં કેહર્પ-તેવીષીમાંની ગવની કુદરત કરતાં વધુ છે. આમ ત્યારે ઉશ્તાન પોતે બઓદીક ગતીની કુદરત છે અને ઉશ્તાન-આપ તે સુક્ષ્મ આખી શરીર છે. આ ત્રણ સુક્ષ્મ શરીરો નામે કેહર્પ-ઉશ્તાન-તેવીષી દરેક બે મુળ ભાગે થઇને આપણાં જડ તનની વૃદ્ધિ કરવા કામ કરી રહે છે તેઓનો એક ભાગ ખુદ કુદરતથી વસેલો હોવે તે તે ભાગ પોતાની અસલ્યાત જડ તનમાં રાખી શકે છે, જ્યારે તે કેહર્પ-તેવીષી-ઉશ્તાન આપનો બીજો ભાગ માયની માફક જડ તનને પોતામાં રાખીને ટેકવી રહે છે અને પેલા આગલા ભાગમાંથી જોઇતી મદદ લઇ રહે છે, આમ છે માટે કેહર્પનો જે ભાગ જડ તનમાં અભડાય છે તેને ખાકી ચથ્રોનું કેહર્પ કહે છે-એવીજ રીતે તેવિષીનો જે ભાગ ખાકી તનનો ભાર લે છે તેને ખરફસ્ત્રી તેવીષી કહે છે, જે વિષે ઉપર કહી ગયા કે તેવિષી જાનના ઉશ્તાનની અખંડતાને છોડવા માંગતી નથી. એમ ઉશ્તાન આપબી જડ તનનો ભાર ખમે છે, જેથી હવસી જુસ્સાઓ થઇ રહે છે. આટલી નોંધ લેવાની અગત્યની છે. અષવનના મરવાને સારૂ અવસ્તામાં **'ઇરીથ'** શબ્દ છે, જેમાં **'ઈરીચ'**=ખાલી કરવું એટલે જન્મ-મરણ હમેશનો છોડવો. એવો મર્મ છે અને પાપીઓનાં મરવા માટે **'મર'** શબ્દ છે. હાદોખ્ત નસ્કની બીજી પરગરદમાં અષવન ઇનસાન મરે છે ત્યારે તેનાં રૂવાનનું ત્રણ દહાડામાં શું થાય છે તેની વીગતનો રજ્જ આપેલો છે. ત્યાં અષવન મરે છે તેને માટે અવસ્તા શબ્દ **'પર ઇરિથ્યેઇતિ'** વાપરેલો છે; તે અષવન નરનાં મરણ પછીના ત્રણ દહાડામાં તેનાં રૂવાનનું શું થાય છે તે સમજાવે છે. પછી તે

(ફુટનોટ માટે જુઓ પાને ૨૦૦ મે).

(આમ તે ભણનાર પોતે પતેત કરી, જેમ ચઝતી ગતીઓ અહુરાને પોતાનું સર્વસ્વ તેની સૃષ્ટી રચનાને ચલાવવા અર્પણ કરે છે, તેમ તે

---

(પાને ૧૯૯ મે થી ફુટનોટ ચાલુ).

ગુજરનાર અષવનને આગલ ગુજરી ગયલો અષવન પુછે છે કે–ગેતીમાંની ગવની ગતી અને પુર મીનોઇ ઇશકની ગતીને છોડીને આ મીનો દુન્યામાં તું કયા પાપોની નડતલને લીધે આવ્યો છે? એટલે તું ગેતીમાં રહી ગવની પરદુખભંજનની ગતી અને મીનો ઇશકની ગતી પામતો હતો તેમાં તારાં પાપો વચમાં આવ્યાં છે તેથી શું તુંને તે બધી ઉત્તમ ચીજો મુકીને ગેતી છોડવી પડી છે, કે યાતો તુંને જે ઉશ્તા જોઇતી હતી, ગવ જોઇતી હતી, ઇશક જોઇતો હતો, તે મળી ચુકયો છે, વધારે ગેતીમાંથી મળે નહિ તેથી તું હવે અહિંયાં આવ્યો છે? **'દરેઘેમ્ ઉશ્ત અબવત્'**=લાંબા કાળ લગીમાંની તારે માટેની ઉશ્તા કઇ રીતની હતી એટલે વધુ વખત ઉતરીને પાપ બાળીને તેમાંથી ઉશ્તા લેવાનું કંઇ રહયું છે કે એટલે હજુર તનાસક છે કે તનાસક પુરો થયો છે. આ વખતે અહુરમઝદ, કે જેવણ તે વહીશ્તેમ અહૂમની બહેશ્તની જગા કે જ્યાં તે સવાલ થાય છે ત્યાં આવેલા છે, તેવણ પેલા સવાલ પુછતા અષવનને કહે છે કે તું હમણાં તે અષો નરને કંઇબી પુછ ના, કેમકે તે અષવન **'અસ્તવત'** એટલે પોતાનાં તનની ગતી અને ગરમી જાન કે જેની ઉપર જેમાં **'બઓદંઘહસ્ચ'** બઓદીક ગતી, ચઝતી ગતી, અમર ગતી, ઉશ્તાન હતું અને તેથી જીવ હતો જેથી તે અષવન તરીકત પાલીને ઉશ્તા ભોગવતો હતો, તે **'બઓદંઘહસ્ચ'**=ઉશ્તાન જીવ આત્મા **'વી ઉરવીશ્તીમ'**=તે જાનની ગરમીમાંથી છુટી જવે અને મૃત્યુ થવે તે હવે જડ તનમાં રહીને હવસો ઉપર કાબુ મેળવે તેવી હાલતમાં નથી. તે બઓદની ગતી, તે ઉશ્તાન જે તનમાં હતું, તેથી તેને ગેતીમાં ગરોન્માન હોય એમ લાગતું. હવે જો કે વહિશ્તેમ અહૂમમાં છે, છતાંબી તે બઓદીક ગતીના ગરોન્માનનો વૈભવ જે ગેતીના જાનમાં હતો, તે વધુ દીલપઝીર હતો, કેમકે રોશન–ફેલ કરી હવસોને મારવા માટે **'બઓદ'** ઉશ્તાનની અમર ગતી મલતી તે બહાર યાને જલવો હમણાંના વહિસ્તેમ અહૂમ કરતાં વધુ છે, માટે આ રૂવાન હજુર તેની યાદમાં છે અને તારા સવાલથી તે યાદની ઘમી તેને થશે માટે તે સવાલ તું તેને પુછ ના. એવીજ રીતે ત્રીજી પરગર્દમાં કહે છે કે **'યત દ્રવાઓ અવ મઇરયેતિ'**=તે દ્રવાઓ દરવંદ મરે છે ત્યારે તેનાં રૂવાનનું ત્રણ દહાડા આમ આમ થાય છે; પછી આગળ લખે છે કે તે દ્રવન્દ પાપી ગુજરનાર, દુજવરશ્તની બુરી કેરદાર જોવાની જગામાં આવ્યો છે, કે જ્યાં ઘનામીનબી હોય છે, ત્યાં તે ગુજરનારને તેની આગળ મરી ગએલો બીજો પાપી ગુજરનાર પુછે છે કે અએ ભાઈ ગેતીમાં ગવની ગતી મેળવવાને બદલે અને પાપની રહાઇ મેળવી મીનોઈ ઇશક મેળવવાને બદલે અહિંમાં કયાં પાપોની નડતલને લીધે મરી જઇને આવ્યો છે? એટલે તરીકત પાલીને પાપો બાળીને સત્ય કમાવાનું ઠામ છોડવાની ફરજ 'કઈ આફતે' પાડી એટલે કયાં પાપોથી તારૂં મૃત્યુ થયું, કે જેથી ગેતીને તરી

(ફુટનોટ માટે જુઓ પાને ૧૭૬ મે).

ભણનાર ખુદને પોતાનેબી અર્પણ કરે છે, અને ગેતીને ચલાવનાર બીજી ગતીઓને યાદ કરી તેઓની પાછળ પોતાને મુકવા, એમ અહુરમઝદની સૃષ્ટીને ચલાવવા પોતાનો ફાળો આપવા માંથ્રો ભણે છે કે:)

(૫) (☞ સર નમાવતાં નમાવતાં ભણવું) **નॅમો[1] અહુરાઇ મજ્દાઇ,[2] નॅમો અહુરાઇ મજ્દાઇ, નॅમો અહુરાઇ મજ્દાઇ; નॅમો[3] અમॅષએઇબ્યો સ્પॅન્તએઈબ્યો,[4] નॅમો[5] મિથ્રાઇ[6] વॅાઉરૂ-ગઑય-ઑઇતેએ,[7] નॅમો[8] હ્વરॅ-ક્ષએતાઇ[9] અઉર્વॅત્-અસ્પાઇ,[10] નॅમો[11] આબ્યો[12] દાઇથ્રાબ્યો,[13] યાઓ[14] અહુરહે મજ્દાઓ,[15] નॅમો[16]**

---

(પાને ૨૦૦ મે થી ફુટનોટ ચાલુ).

જવાની સુંદર તક તારા હાથમાંથી ગઈ છે, તે **દરॅઘॅમ્ આવોય અંઘ્હત્**= લાંબા કાળની હાય અફસોસી તારે માટે કયા પ્રકારની હતી એટલે પાપોને લીધે સુખદુખ ભોગવટો હતો તેમાંથી મીનોઈ મુકિત કરતી લેવાની રહી છે. આ વખતેબી ધનામીન તે પુછતા પાપી રૂવાનને કહે છે કે તું તેને આ સવાલ ન કર, કેમકે ઘણાં પાપોનો રસ્તો ગેતી કે જેમાં તેણે તન ધારણ કીધેલું, જેમાં જીવ હતાં એટલે બઓદીક ગતી ઉશ્તાન હતું, તેથી ગેતીમાં જીવ તેને પ્યારો હતો. પણ હવે મૃત્યુ વખતે **'અસ્તસ્ચ બઓદંઘ્હસ્ચ વિ ઉરવિશ્તીમ્'**= તેનાં તનમાંથી બઓદની ગતી, ચઝતી ગતી, ઉશ્તાન, જીવ આત્મા નીકળી ગયો છે. માટે પાપોનો જુમલો હજુર તેવો ને તેવોજ ઉભો છે અને ઉશ્તાનનું જીવ આત્માનું, જીવતી જીંદગીનું જે સુખ હતું, તે નીકળી ગયું છે, માટે હાલમાં તે દુખી છે, માટે દુખ ઉપર ડાહામ પાડવા તું કે જેબી તેવોજ છે તેને અધીકાર નથી માટે હું તુને ચુપ થવા હોકમ કરૂં છું. અહિંયાંથી ત્યારે માલમ પડશે કે **'પરઇરિથ્યેઈાંત'**=અષવનના હમેશની ગેતીને છોડવા માટેના, કે **અવમઈરયેતિ** પાપીઓના તનાસક પામવાનાં મરણ વખતે શું થાય છે? કહે છે કે **'અસ્તસ્ચ બઓદંઘહસ્ચ વી-ઉરવીશ્તીમ'** બઓદની ગતી ઉશ્તાન અહુરમઝદનો દમ જીવાત્મા, તેના તનમાંથી ગરમીના વર્તુળ જીવમાંથી **'વી'** દુર જઇને **ઉરવીશ્ત** થાય છે એટલે પાછો ફરે છે એટલે તનમાંથી ઉશ્તાન ધીસી જઇને કેહર્પમાં જાય છે, જેથી તન મરી જાય છે, જેથી 'તન'માંની લીલાશ જાય છે, તનનું ધન્ય દોલત અહુરમઝદની ગતી લુટાઇ જાય છે, જેથી અત્યંત દીલગીરી થાય છે. અહિંયાં ત્યારે **બઓદંઘહસ્ચ**-ઉશ્તાન-પ્રાણ જીવ આત્મા ઇનસાનની ઉત્તમમાં ઉત્તમ મતા કહી છે-આ જડ તનમાં તે બાગે-બહેશ્ત છે, માટે તે અતી વ્હાલી છે. ત્યારે **ફ્રરસ્તુએ**ની બંદગીમાં તે ભણનાર કહે છે કે અએ અહુરમઝદ, ઉશ્તાન તો વહાલામાં વહાલી ચીજ છે જે છોડવા ગમે નહિ, પણ તે ઉશ્તાનબી હમો તારી ઉપર નેસાર કરવા તત્પર છે. એમ **ઉશ્તાન** એટલે જીવને ટકવનાર ગતી અનગ્ર રઓચાઓની છે, માટે બઓદીક ગતીની છે માટે તેને બઓદંઘહસ્ચ કરીને કહે છે. **ત્યારે ઉશ્તાનને અર્પણ કરવાનો ભેદ શું છે તેનો ખ્યાલ આવશે.**

**ગેઉશ[17] નૅમો[18] ગયેહે,[19] નૅમો[20] જરથુશ્ત્રહે[21] સ્પિતામહે[22] અષ-ઑનો[23] ફ્રવષેએ,[24] નૅમૅમ[25] વીસ્પયાઓ[26] અષઑનો[27] સ્તોઇશ[28] હુઇથ્યાઇચ[29] બવાંઇથ્યાઇચ[30] બૂષ્યાંઇથ્યાઇચ.[31]**

**(૫)** અહુરમઝદ માટે[2] ‖ આ નેમાઝ[1] (તેના તલેસ્માતીક માંથ્રો કબુલાઓ!) ‖ અમશાસ્પંદોને માટે[4] ‖ આ નેમાઝ[3] (કારગર થાઓ!) ‖ ગવની ગતીનું જોડાણ પુશ્કળ રીતે ગેતીમાં મોટાં પ્રમાણમાં કરાવી આપનાર, ગવની† ગતી ગેતીમાં ઉગાડી આપનાર[7] ‖ મીથ્ર=મહેર યઝતને માટે[6] ‖ આ નેમાઝ[5] (ઉભી થાય). ‖ અસ્પની વેગે એટલે જલદી જલદી અનાસરને ઉરૂ કરાવનાર, નુર તરફ લઇ જનાર[10] (માટે ચોવીસે ચોવીસ કલાકે ઉગીને દુન્યાને આબાદ કરનાર) રોશનીવાળા ખોરશેદને માટે[9] ‖ આ નેમાઝ[8] (પુગો!) ‖ આ બે[12] ‖ આંખો,[13] ‖ જેઓ[14] ‖ અહુરમઝદની (છે તેઓને માટે, **એટલે,–અહુરમઝદની સ્રષ્ટીને ઉભી કરી ભોગવાવીને મોક્ષે પુગાડવા કામ કરી રહેતી, આંખની મીસાલ કામ કરી રહેતી,** જરાપણ ગેરઈનસાફ નહિ ચાલવા દેતી, ખુરશેદ–મહેરની બે ગતીઓ ઇત્તેસાલ અને ઇનફેસાલની ગતીઓને, તેઓનાં શુભ પરિણામો)ને માટે[13] ‖ આ નેમાઝ[11] (હોજો!) ‖ 'ગેઉશો'[17] (ગેઉશ ઉર્વા–ગેઉશ તષન–ગાવ્યોદાદની શકિતઓ, જેઓએ બહમનના નાયબ ખ્રતુ–કાતોના હમકાર તરીકે રહીને, આ અનાસરી કુલ જગતની કુદરતને ચલાવવાના હકીકત તરીકે રહીને, કુલ અનાસરી જગતને પોતાના ઘેરામાં લીધું છે, કે જેની વચમાં અહીરીમને દખલ કીધી છે,–એમ જે ગેઉશો અનાસરી જગતને અહુરમઝદ તરફથી ચલાવવા ખુરશેદને મદદ કરી રહયા છે તેઓને) ‖ નેમાઝ[16] (હોજો!) ‖ ગવને માટે એટલે અનાસરી જગતમાં કામ કરતી અસર રોશનીની કુદરત માટે જીવનારા[19] (જેમાંનો પહેલો **ગઇયોમેરેથ્ન** હતો, જે ગવની પરમાર્થની ગતીને પોતામાં ઉભી કરી પોતે ધરાવીને એટલે ઇનસાન્યત ધરાવી માનવ જાતને તેવો ઇનસાન્યતનો ઉભો કરનાર, જન્મ આપનાર હતો, અને તે માનવને ગેતીની બધી જાતજાતની મુળ ત્રણ પેદાયશોના ત્રસ્તી તરીકે, નીમ યઝત તરીકે જન્મ આપનાર

---

† ગવ એટલે જીવ–પરદુખભંજનપણું–પોતાને માટે નહિ પણ પારકાનાં નીવારણ માટે જીવવાની, પોતે જીવીને પારકાને જીવડાવવાની, જીવીને જેબી કંઇ લેહણું દેહણું આપવાનું હોય તેને સચ્ચાઈથી આપી દેવાની, એમ પાંચમો **'ખરીદ ફરોખ્ત'** ગાહામ્બાર કરીને મુકિતએ પુગી બીજાને પુગાડવાની ગતી; અનાસરી જગતમાં ચાલી રહેલી કુદરત અને તેણીની ગતી, કે જેની સામે તીરે ગોહરની ધમાલ રહે છે જેનો ભાર તે કુદરત ખમી રહે છે, એવી તે **અનાસરી** જગતની કુદરત.

હતો, એમ જગત જેને રવી ચલાવે છે તેને ચલાવવા રવીનો **મદદ કરનાર** હતો, તે)ને ‖ નેમાઝ[18] (હોજો!) ‖ અષોઈવાળા[23] ‖ સ્પીતમની ફ્રુનીઅતના[22] ‖ ઝરથુસ્ત્રની[21] ‖ ફ્રવષીની[24] ‖ નેમાઝ[20] (હોજો!) (અહૂ પ્રત્યેની અત્યંત તાબેદારી જ્યારે ઇનસાનના રૂવેરૂવાંમાંથી નીકળે છે, ત્યારે તેની આસપાસ એક ભલી કેરદાર ઉભી થાય છે, જેમાં અહૂના આશીરવાદો જે **'પઓઇર્વ ફ્રવષી'** પાસે છે તે આવી ચઢીને તે કેરદાર ફ્રવષીરૂપ થાય છે, અને તેની બરકકતથી જગતમાં અહુરમઝદની મરજી ચાલે છે અને અહીરીમન પાછો હઠે છે, અને રવી જે સૃષ્ટી-રચનાને અહૂ તરફ લઇ જવા કામ કરી રહયા છે તેને બેનમુન મદદ મળે છે. નીસ્તીની કુલ સૃષ્ટીમાં મોક્ષ અપાવવા ઝરથુસ્ત્ર કામ કરી રહયા છે માટે ઝરથુસ્ત્રની ફ્રવષિ મોક્ષ અપાવવા મુળ કાર્ય કરે છે. આમ ત્યારે ઝરથુસ્ત્રની ફ્રવષિથી રવીને અમુલ્ય મદદ જગતને તેની **ફ્રશો-ગર્દ**ની નેમ તરફ લઇ જવા અપાઇ છે, માટે તેની અત્રે પ્રસંશા કરે છે અને ભણનાર પોતેબી તેમાં કંઇ ફાળો આપવા માંગે છે, માટે ખુરશેદ ન્યાયશના માંથ્રો ભણીને તે ફાળો અર્પણ કરે છે.) ‖ અષોઇને લગતી[27] ‖ બધી જાતજાતની[26] ‖ આશીરવાદ આપતી કાએનાત=ગવ-ચીથ્રની પેદાયશો[28] (પોતે જીવીને બીજાને જીવડાવવાના મીથ્રના પ્રવાહો મોકલાવતી આલમોની ચલવલો) ‖ (જે) આગલ ઉતરીને પાર પાડી ગયલી,[30] ‖ હાલે ઉતરીને પાર પાડતી,[29] ‖ (અને) હવે પછી ઉતરીને પાર પાડનારી છે, તેને[31] ‖ આ નેમાઝ[25] (પુગો!)

## ક્ષ્નૂમીક શરેહ:

ઉપર નીસ્તીની જગતનાં પ્રગતીકરણને અને તેમાં મદદ કરનાર શકિતઓને યાદ કીધી હતી. હવે ગેતી જે નીસ્તીમાં એક રજ જેવીબી નથી, તેના ઉભા થવાના ભેદના મીથ્ર કરીને, રવી મારફતે ગેતીનાં ચાલવાની અને તેને ચલાવવા રવીને મદદ આપતી બીજી શકિતઓને યાદ કરીને પોતેબી તેમાં આ માંથ્રોનાં ભણવાથી તેઓની સાથે જોડાઇ ગેતીને આગળ મોક્ષ તરફ લઇ જવા મદદ કરે છે. અહુરમઝદ તો બધામાં મુળ છે એટલે તેની યાદ તો હોય છેજ, પણ આ ગેતીમાં ગવની પરોપકારી ગતી લાવવા **મહેર યઝદ** અને ગરદુને-ગરદાનથી ઉભા થતા પ્રવાહો* (કાયનાત) અને

* **હસ્તીના પ્રવાહો-કાયનાત-મખલુકાત:** અહિંયાં કાએનાત અને મખલુકાત શબ્દો વાપર્યા છે તેની સમજ લેવી જોઇએ. હસ્તીનું આસ્માન ફરીને જે જે નેઆમતો ઉભી કરે છે, જેને **'ગવ ચીથ્ર-વહ ચીથ્ર"** કહે છે, જેને ભલા પ્રવાહો કહે છે, જે જાતજાતના રહે છે, જેમાં ફસલના પ્રવાહો, મોટા

(ફુટનોટ માટે જુઓ પાને ૨૦૪ મે).

નીસ્તીનું ગવનું જગત, જેઓને (એટલે તે પ્રવાહો અને ગવના જગતને) **"અષઑાનો સ્તોઇશ"** કરીને કહયા છે, તે બધાંઓ ફાળો આપે છે તેઓને યાદ કરે છે. પછી રવી અને રવીના નાયબ મોહોર અને તેઓની ઇત્તેસાલ-ઇનફેસાલની ગતીઓ, જે હસ્તીમાંથી નીસ્તી-ગેતીને ટેકવવાનાં સાંધનો ઉતારે છે તેઓને યાદ કરીને, પછી ગવની શકિત રાખનારાઓ અને તેઓના મુળ ગઇયોમર્દને અને અષો સ્પીતમાન જરથુશ્ત્ર સાહેબને યાદ કરે છે, કેમકે તેઓ મખલુકાતને* ટેકવવા કાએનાત*=આસમાનોના પ્રવાહો

---

(પાને ૨૦૩ મે ના ફુટનોટ ચાલુ).

અવસરના પ્રવાહે', ગાહામ્બારના પ્રવાહો તે બધું આવી જાય છે, તેવી બધી નેઆમતને ઇલ્મ્યતમાં **કાએનાત** કહે છે. આ નેઆમતો ત્યારે ગેતીને ટેકવવા ઉતરે છે, જેઓ નહિ ઉતરે તો ગેતી નાશ પામે. આ કાએનાતને અવસ્તામાં **'અષઑાનો સ્તોઇશ'** કરીને કહે છે. ગાથા ૩૩-૧૦ માં તેઓને **'વીસ્પાઓ-સ્તોઈ હુજીતયો'**=બધી જીવડાવનારી નેઆમતો તરીકે ઓળખી છે. સરોશ યશ્ત હાદોખ્ત પહેલા ફકરામાં આ કાયનાતને **'વીસ્પએષુ વંઘ્હુષુ'** તરીકે ઓળખી છે અને આ ખુરશેદની નીયાએશમાં તેને **'તત્‌ખર્‌નો'** કરીને કહે છે. આવી કાએનાતથી મખલુકાત એટલે પેદાયશ ટકી શકે છે. પેદાયશને માટે અવસ્તામાં **'ગએથા'** શબ્દ છે, જેઓને **અસ્તવત**=દેખીતા, હાડમંદ અને **મઈન્યવ**= અણદીઠ કહયા છે. અહુરમઝદમાંથી જે શકિતઓ બહાર પડે છે અને અહુર-મઝદ સાથે રાદપદવંદ સીધ્ધો સંબંધ રાખે છે, તેઓને **'મસદરયાત'** કહે છે, જેને અવસ્તામાં સરોશ યશ્ત હાદોખ્તમાં **'વિસ્પએષુ અષો ચિથ્રએષુ'** એટલે અષોઈનું બીજ રાખનારી, પુર્ણતામાં અષોઇ જામી રહે તેવું મુળ રાખનારી ગતીઓ કહી છે. જે ચીજમાં 'અષ ચીથ્ર'નું બીજ તરી આવ્યું હોય છે, તે ચીજમાં અષ હોવે અહુરમઝદ સાથે તેનો સંબંધ રહે છે, જેથી અહુરમઝદની ગતી તેમાં સીધ્ધી વહી રહે છે. આવી અહુરમઝદની અંદર વહી રહેતી ગતીઓને **'મસદરયાત'** અહુરમઝદમાંથી નીકળતી ગતી કહી છે, જેમાં યઝતી શકિતઓ આવે-ૠવષિઓ આવે-જેઓને સીઓસે અમશાસ્પંદો કહે છે, જેઓને ૩૩ રતુઓ ૩૩ અહુ કહે છે, તેઓ આવે. આવી યઝતી શકિતઓ જે ગતીને કાઢે છે, જે પોતાના જેવીજ હોય છે તેઓને અસર રોશની કહે છે, જે અસર રોશનીને આ ન્યાયશમાં મઇન્યવાઓંધહો-યઝતાઓંધહો=ઘણી મીનો યઝતી ગતી કહી છે જે અષોઇમાં પુર્ણ છે. **કાયનાત** તો તે સુધરેલી ગતી છે, કે જેઓએ પોતાની ખરફસ્ત્રી ગતી છોડી છે અને જેઓ 'વોહુ' એટલે પોતાના ભોગે સામાને ટેકવવા બહાર પડયા છે. પોતે અષોઇ મેળવવાની શરૂઆત કીધી છે ખરી પણ પુર્ણ અષોઇ મેળવે તે પહેલાં બીજા કે જેઓ તદદનજ કંગાળ છે એટલે દ્રવાઓના ભુલાવામાં-રચ ઉપરના પરદાવાળા છે, જેઓ ખરફસ્ત્ર છે, તેઓની મદદ માટે આગળ વધે છે, અને પોતાનુંજ ભલું થવાને માટે કામ

(ફુટનોટ માટે જુઓ પાને ૨૦૫ મે).

ઉતારવાની સેહેલાઇ કરી અપાવીને મુકિત નઝદીક લાવતા રહે છે. આવાં મહાન કામમાં આ ભણનાર આ માંથ્રેથી મદદ કરે છે. આમ ત્યારે નીસ્તી અને ગેતીનું જગત હસ્તીના પ્રવાહોથી **'અષઓંનો સ્તોઇશ'**થી થતું જઇને મુકિતએ પુગતું રહે છે. આવા પ્રવાહોને નીરતી-ગેતી ઉપર ઉતારવા **રવી** દવ્વાર-દોરાન કરીને જગતને ચલાવી રહે છે. એમ રવી ઉગીને આથમ્યા કરે છે અને કરતો રહેશે, અને જયાં લગી ફ્રશો-કેરેતી જામશે નહી-ગેતીમાં ગવની=પરમાર્થની ગતી તેના રજેરજમાં જામશે નહી-ગેતીમાંથી દુખ-આફ્રત-મોત જશે નહી, ત્યાં લગી રવી આમ ફર્યાજ કરશે.

આમ ફરવાથી ફ્રશો-કેરેતી કઇ રીતે નઝદીક આવી શકે તે માટે કહે છે કે હાવન ગેહમાં રવી **વોહૂ ઉક્ષ્યા મનંઘહુનો** સામાન તૈયાર કરે છે એટલે અસરે-તારીકીને પોતાની બાજુમાં લઇને તેઓને તન કરી

(પાને ૨૦૪ મે થી ફુટનોટ ચાલુ).

કરવાને બદલે સામાની મદદે ધાઇને પોતાની વૃધ્ધિ અટકાવે છે. આવાઓને **'વંઘહુ'**ની ગતીના એમ ખાસ નામે ઓળખે છે, જેઓને સરોશ યશત હાદોખતમાં **'વિસ્પએષુ વંઘહુષુ'** ભલાઈવાળા બધા કહયા છે, જ્યારે પેલા પુર્ણ અષોઇના, કે જેમાં અહુરમઝદ વસે છે તેઓને **'વિસ્પએષુ અષો ચિથ્રએષુ'** અષ ચિથ્રના એમ ખાસ લોધત આપેલો છે. પણ જેઓ કંગાળ છે એટલે જેઓમાં દએવીક ગતી છે, તેઓને માટે જ્યારે યઝતો મોક્ષ મેળવવાનો સામાન, જેવો કે ગેતી અને તે માંહેલો ભોગવટો કરી આપે છે, ત્યારે તેવી કરી આપેલી ચીજોને **મખલુકાત** કહે છે, જ્યારે મસદરયાત અને કાએનાતમાં તો તે રૂવાનો ઉરવરના આશીરવાદોનું પરિણામ માંથ્ર સ્પેન્ત લઇ શકવાને લીધે ખુદ બ ખુદ પોતાનો અમલો-ચીથ્રો-પ્રવાહો પોતાના મેળવેલા માંથ્ર સ્પેન્તને જોરે મળેલા ક્ષથ્ર=અધીકારથી કરી શકે છે. પણ કંગાળો તેઓ છે, કે જેઓમાં દ્રવાઓ છે, ભુલાવો છે, માટે ઉરવરના આશીરવાદોને અને તે આશીરવાદોનો નતીજો માંથ્ર સ્પેન્તને હડસેલી કાઢીને 'ક્ષથ્ર'=અધીકારથી બાકાત રહે છે. તેઓ પોતાના બચાવનું એટલે મુકિતનું પોતે કંઇબી કરી શકતા નહિ હોવાને લીધે યઝતો તેઓને તેઓનાં તનોથી તે ગતીથી તે દરેકે દરેક ભોગવટો જીવ જાન કરી આપે છે, જે બધી કરી આપેલી બક્ષેશોમાં ચાલુ રહેવાનું તેલ ઉમેરનાર કાયનાત છે. માટે તેવા કંગાળ રૂહો એટલે દએવ સાથના રૂહોની મુકિતનો સામાન કરાવી આપવાની ગતીને 'મખલુકાત' કહે છે. આમ ત્યારે ખાસ ફરક ધ્યાનમાં રાખવો. અવસ્તામાં વપરાયલા દરેકે દરેક લોધતનો ખાસ અર્થ ત્યારે સમજવો જોઇએ, જે વગર પાઘડીને પગમાં પહેરાવીને પેતાવાને માથે મુકવા જેવું થઇ પડે છે; જેઓ ઇલ્મે-ફનૂમથી બેખબર છે તેઓ કાએનાત કે મખલુકાત કે મસદરયાતને સમજ્યા વગર ગમે તેમ થોકયા જાય છે, માટેજ ઉપલી નોંધ કીધી છે.

આપી તે તનમાં મુકિતની યાદ મુકે છે, બહમન અને શહેરેવર અને અષ વહીસ્તની વાસ્ના લઇ તનુને તેવા તેઓના સંબંધમાં આવવાની તોફીક આપે છે, સંસારમાં ચુસ્ત બાંધે છે. એમ અસરે-તારીકીને એટલે ઇનસાનમાંની કે રજેરજમાંની હવસી-દએવીક અજ્ઞાનતાની ગતી=અંધકારની અસરોને અસરે-રોશની તરફ જવાના ઇશ્કમાં મુકે છે. પછી તે તારીકી સંસારમાં જવે લેવડ દેવડ પુરૂં કરે છે-તાપ ખમે છે, બપોર પડે છે, જેનો ભેદ '**ઇમા સ્ર્ઑચાઓ**'માં છે, જે બપોરે રપીથ્વનમાં ભણાય છે. પછી સમીસાંજ પડવે તે લેવડ દેવડ આપી રહીને આસાએશ મેળવીને આગળ વધશે. આમ સંસારની બેડીમાં આવ્યા પછી આખરે સાંજે આસાએશ લઇ ફરઝંદોને જન્મ આપી રાત્રીનું મૃત્યુ પામીને તે ફરઝંદોથી પુલ-ગુઝાર થઇ મુકિત મળશેજ, જેનો ભેદ '**યહુમી સ્પૅન્તા**'માં છે, જે ત્યારે ઉઝી-રનમાં સાંજે પઢાય છે. આમ ત્યારે જગતમાં ભલાઇ ઉભી કરવા કાજે રવી સહવાર-બપોર-સાંજો ઉભી કરીને દીવસ-રાત્રી કર્યા કરે છે, કે જેથી ફ્રશો-કેરેતી આવે. માટે હવે સહવારે પઢે છે કેઃ-

**(પ-ક)** (☞ જો હાવન ગેહ યા બીજી હાવન ગેહ હોય તો નીચે પ્રમાણે ત્રણ વાર પઢે:)

**☞ વૉહૂ[32] ઉક્ષ્યા[33] મનંધહા[34] ક્ષથ્રા[35] અષાચા[36] ઉશ્તા[37] તનૂમ;[38] વૉહૂ ઉક્ષ્યા મનંધહા ક્ષથ્રા અષાચા ઉશ્તા તનૂમ; વૉહૂ ઉક્ષ્યા મનંધહા ક્ષથ્રા અષાચા ઉશ્તા તનૂમ. અષૅમ્ વૉહૂ ૧**

("વૉહૂ ઉક્ષ્યા" થી "અષૅમ્ વૉહૂ ૧" સુધી ત્રણ વાર.)

**(પ-ક)** તનુને[38] (તનમાં ગુથાઇ ગયલી અસરે-તારીકી=દ્રવાઓ=અજ્ઞા-નતા; નબળાઇને) || વોહુમનની ગોસ્પંદી ગતીથી,[32-34] || ક્ષથ્ર=ભલી સત્તા અને તેને ચીવટાઇથી માન આપવાથી આવી મળતી શહેરેવરની ગતીથી,[35] || (અને) અષોઇથી=અરદીબહેસ્તના સંબંધથી[36] || હમેશગીની ખુશાળીથી અને તે મેળવી અપાવનાર અમરદાદ અને તેના હમકારોથી[37] || ભલાઇમાં ઉગાડો[33] (એમ બહમનની ભલાં મનની, અષની અષોઇની, અને શહેરેવરની રૂડી સત્તા અને નીશ્ચયપણાની-ખોરદાદ અને અમરદાદની અમર ગતીનાં સુખની અસર મેળવવાના મીથ્રનું જ્ઞાન, ભાન, તેને હવે સહવારથી શરૂઆતથી મળે છે, જે ખીલતું જાય છે, જેનો સબક લઈ તે ભોગવટો કરશે, આગળ વધશે, બપોર પડશે-સુખદુખ ભોગવી તેમાં મજાહ લેશે અને એમ માંગતુ લેહણું આપીને બુલંદીએ જશે; માટે)

**(પ-ખ)** (☞ રપિથ્વન ગેહમાં નીચે પ્રમાણે ત્રણ વાર પઢે:)

**ઇમા[37] રઍોચાઓ[38] બરૅજિશ્તૅમ[39] બરૅજૅમનાંમ;[40] ઇમા રઍોચાઓ બરૅજિશ્તૅમ બરૅજૅમનાંમ; ઇમા રઍોચાઓ બરૅજિશ્તૅમ બરૅજૅમનાંમ. અષૅમ્ વૅાહૂ ૧** ☜ ("ઇમા રઓ-ચાઓ" થી "અષૅમ્ વૅાહૂ" સુધી ત્રણ વાર.)

**(૫-ખ)** (બપોરે પઢે છે કે:) બેરેઝની ઉંચ ગતી=અનગ્ર રઓચા-ઓની ઉંચ હાલતે પુગાડનારાઓમાંની[40] ‖ આ [37] (રવીની બપોરે પડી રહેતી) ‖ બુલંદમાં બુલંદ[39] (સુખદુખ પાડીને શીખવનારી) ‖ રોશની અને તેથી આવતું જ્ઞાન[38] (તે મળવા માટે તાપ–દુખ ખમવા હું ખુશી છું, રયાઝતમંદીવાળો થાઉં છું, કે જે મને આખરે તેરવીને પાર પાડશે. માટે જગતમાં ઉતારી પાડશે નહિ પણ પાછો ઉપર હસ્તી તરફ લઇ જવાનું ભાન અને કેશાશ કરાવશે–બપોર પછીનો સમી સાંજનો વખત ત્યારે બજારમાંથી પાછો ઘેર જવાનો આવશે, કે જ્યારે ઘરે–આખરનાં હસ્તીનાં મુકામે જવાની સગવડો થઇને કામ પાર પડશે, માટે ભણે છે કે:

**(૫-ગ)** (☞ જો ઉજીરન ગેહ હોય તો નીચે પ્રમાણે ત્રણ વાર પઢે.)

**☞ યહ્વી[41] સ્પૅન્તા[42] થ્વા[43] મઇન્યૂ[44] ઉર્વએસે[45] જસો;[46] યહ્વી સ્પૅન્તા થ્વા મઇન્યૂ ઉર્વએસે જસો; યહ્વી સ્પૅન્તા થ્વા મઇન્યૂ ઉર્વએસે જસો. અષૅમ્ વૅાહૂ ૧** ☜ ("યહ્વી સ્પૅન્તા" થી "અષૅમ્ વૅાહૂ" સુધી ત્રણ વાર.)

**(૫-ગ)** જે એટલે ખાસ તે[41] ‖ આખેરી વખતમાં[45] (એટલે **જગત** પોતાના 'દએવ'=અજ્ઞાનતાને સુધારીને, ભલું તાજું જ્ઞાની બીનસ્વાર્થી થઇ ફ્રષો-કેરેતી કરવા તૈયાર થશે, એટલે અહુરમઝદથી દુર અને દુર જવાને બદલે દુર જતા અટકી એક 'ઉરવીશ્ત'=ફેરો લઇ અહુરમઝદ તરફ પાછું ફરશે તેવા આખેરીના વખતમાં) ‖ તારા[43] ‖ સ્પેનામીનની સાથે=યઝતી ગતીઓ જેઓ મોક્ષ અપાવે છે તેઓની સાથે[42-44] ‖ (તે પાછી ફરતી જગતને) એસ્તેકબાલ કરવા તું આવશેજ.[46] ‖

(આ દરેકની સાથે ત્રણ અષૅમ ભણતી વખતે વિચાર ફેંકવો કે ત્રણ મુસ્તસલામાંથી જલ્દીથી પસાર થાઉં એટલે હસ્તીમાંથી હું નીસ્તીમાં આવ્યો છું–હવે હસ્તીમાં જલદીથી જાઉં તેમાં આ માંથ્રો મને મદદ કરશેજ.)

**(૬) હુવરૅ-ક્ષએતૅમ[1] અમૅષૅમ[2] રએમ[3] અઉર્વત્ અસ્પૅમ[4] યજમઇદે.[5] મિથ્રૅમ[6] વૅાઉરૂ-ગઓયઓઇતીમ[7] યજમઇદે,[8] અર્શ-**

વચંઘ્રહૅમ,[૯] વ્યાખનૅમ,[૧૦] હજંઘ્રર-ગઑષૅમ,[૧૧] હુતાશ્તૅમ,[૧૨] બએવરૅ-ચશ્મનૅમ,[૧૩] બૅરૅજન્તૅમ,[૧૪] પૅરૅથુ-વએદયનૅમ,[૧૫] સૂરૅમ[૧૬] અખ્‍ફ્નૅમ,[૧૭] જઘાઉર્વાઑંઘ્રહૅમ.[૧૮]

(૭) મિથ્રૅમ[૧૯] વીસ્પનાંમ[૨૦] દખ્યુનાંમ[૨૧] દંઘ્રહુ-પઇતીમ[૨૨] યજમઇદે,[૨૩] યિમ[૨૪] ક્રદથત્[૨૫] અહુરો મજ્દાઓ,[૨૬] ખરૅનંઘ્રઉ-હસ્તૅમૅમ[૨૭] મઇન્યવનાંમ[૨૮] યજતનાંમ.[૨૯] તત્[૩૦] નો[૩૧] જમ્યાત્[૩૨] અવંઘ્રહે[૩૩] મિથ્ર[૩૪] અહુર[૩૫] બૅરૅજન્ત.[૩૬] હુવરૅ-ક્ષએતૅમ[૩૭] અમૅષૅમ[૩૮] રએમ[૩૯] અઉર્વત્ અસ્પૅમ[૪૦] યજમઇદે.[૪૧]

(૬) અમર,[૨] ‖ રયવાલા, અંતરજ્ઞાનથી ઝળકતા,[૩] ‖ અસ્પની માફક એટલે જલદીથી અનાસરોને ઉરૂ કરનાર, તુર તરફ લઇ જનાર[૪] ‖ ચળકતા ખુરશેદની સાથે[૧] ‖ હમો (હું અને મારા અંશો બધા) એકતાન થઇએ છીએ.[૫] ‖ ગવની ગતીનું જોડાણ ગેતીમાં કરવાની ખેતી કરનાર[૭] ‖ મહેર યઝત,[૬] ‖ (જેવણ) સાચા બોલવાલા[૯] ‖ અંજુમન ઉપર સત્તાવાલા મુખી[૧૦] ‖ હઝાર કાનવાળા[૧૧] (એટલે સૃષ્ટીની રજેરજના સેકંડે સેકંડે થતા નાદોને સાંભળી શકનાર અને તે પ્રમાણેનો ભવીષ્યના બદલા સારૂ ગુબાર બાંધનાર), ‖ 'હૂ'ની જાતથી ઘડાયલા એટલે અનાસર કે એજાબ કે અજ્ઞા-નતા વગરના માટે અષની રચનાવાળા[૧૨] ‖ હઝારો હઝાર આંખવાળા[૧૩] (પુર્ણ ચોકાસી કરનાર, 'કર અને જો'ના નીયમ માટે રજેરજની પુગી વળીને ઇનસાફ પ્રમાણેની હદ=ગુબારો બંધાવીને તે પ્રમાણેનો બર-વખતે સુખ-દુખનો વરસાદ વરસાવીને સુધારનાર), ‖ ઉંચામાં ઉંચ દરજ્જાના,[૧૪] ‖ કુલ સૃષ્ટીને નેગાહમાં રાખનાર-રજેરજને જોઇ પુગી વળીને 'કર અને જો' પ્રમાણેના નકસ કરનાર, ગુબાર બાંધનાર,[૧૫] ‖ સુરા, ગફલત રાહતના એક સરખું કામ કરી રહેતા-જરાબી કામમાં પાછળ પડે નહિ તેવા,[૧૬] ‖ ઉંઘ વગરના એટલે એક સરખી હાલતના પતમાનવાળા, થાક વગરના એટલે અનાસરનાં તનના નહિ પણ નુરી જાતવાલા અમર જાતના,[૧૭] ‖ જાગૃત, પુર્ણ હોશીઆરીવાળા-નેમ નહિ ચુકે તેવા, સેકંડે સેકંડેની રજેરજની ચલ-વલોને નોંધવાની જાગૃતીવાલા[૧૮] ‖ (છે, તેવણ) સાથે એકતાન થઇએ છીએ.[૮] ‖

(૭) તમામ[૨૦] ‖ દેશોના[૨૧] (જાત જાતની તાલીમો-તરબ્યતો-જ્ઞાનનો-અમલોનો-ધંધાધાપા-સત્તાનાં કામોના) ‖ પતી શાહ[૨૨] (તેઓની બુરાઇઓને ઇનસાફ આપીને સુધારનારી સાહેબીનો રાખનાર, તે બધાંના સાહેબ, તે બધાંનાં આખેરી મુળ) સાથે ‖ એકતાન થઇએ છીએ,[૨૩] ‖ જેને[૨૪] ‖ અહુરમઝદે[૨૬] ‖ મીનો એટલે અણદીઠ રીતે કામ કરનારાઓ જેઓ જરવાને અકરનેની

ગતી રાખી કુદરતને તેના હોકમ મુજબ સેંકડે સેંકડ ચલાવે છે તેવી ગુહ્ય ગતીવાળા[૨૮] || યઝતો એટલે અહુરમઝદમાં મળી તેના હોકમસર કામ કરનાર શક્તિઓમાં[૨૯] || ધ્રાણીજ બરકકતવાળા, આશીરવાદીક ગતી પ્રતાપ=તેઝ રાખનાર અને આપનાર[૨૭] || નકકી કીધો છે,[૨૫] || ત્યારે તો[૩૦] (એટલે એવા મહેરની આણમાં રહયાથી તો, એટલે ભલાઇ કરી ભલા ગુઆરો બાંધી મહેરને તનમાં રાખ્યાથી) || (મિથ્ર[૩૪] અહુર[૩૫] બૅરૅજન્ત"નો* ભેદ એટલે) બુલંદ ગતી[૩૬] (જે) || મિથ્ર=સત્યસંગના મેળાપ[૩૪] (માં અને) || મુખી–અહુ[૩૫] (થવામાં છે, એટલે અહુરામાં મળી જઇને રહેવાની ગતી જે યઝતોએ મેળવી છે, અને જે પ્રમાણે તેઓ હસ્તીમાં રહે છે, તેવી અહુ-રામાં મળી જઇ મેળાપ કરીને ખુદ અહુ થવાની, અહુમાં એક થઇ જવાની ગતી=પુર્ણ મોક્ષ) || હમોને[૩૧] || મદદ આપવા માટે[૩૩] (ગુનાહોમાંથી કાયદા-સર છોડવી મુકિત આપવા માટે) || આવી મળશેજ.[૩૨] || અમર,[૩૮] || હોશદાર ચળકતું જ્ઞાન રાખીને સામાને તેવો કરનાર,[૩૯] || અનાસરને હમેશગી તરફ જલદીથી લઇ જઇ ઉરૂ=બસીત કરનાર,[૪૦] || ચળકતા અધીકારી ખુરશેદ સાથે[૩૭] || એકતાન થઇએ છીએ.[૪૧] (હયાં ગેતીની ઉપર ખુરશેદ અને તેવણુની સાથે મહેર યઝત અનેક રીતે કામ કરી જગતને ભલાઇને છેડે લઇ જઇ રહે છે તેના ભેદને યાદ કરે છે, અને તેમાં ભણનાર પોતાનો ફાળો આપે છે. ખુરશેદ મહેરનાં તે કામો જલદીથી ફળો અને તેમાં આ ભણુતર કામે લાગો, દુન્યાનાં કલ્યાણ થવામાં તે ગતી વપરાઓ એમ ઇચ્છે છે. હયાં ખુરશેદને મુળ ગણેલો છે, જગતને તકવો આપનાર કહયો છે, અને મહેર યઝતને તે બની રહેલી જગતમાંના ફરેબને તેની કઝાએ પુગાડીને ભલાઇ ઉભી કરીને છેક અહુરા લગી પુગાડતો બતાવેલો છે).

---

* **"મિથ્ર અહુર બૅરૅજન્ત"**: મીથ્ર એટલે મેલાપ અને મેલાપ થવાનો અમલો=સીધો સંબંધ ઉભો કરવો તે; અને 'અહુર' **એટલે** અહુ=મુખી=તે સાહેબની વતીના થવાની ગતી. યઝતો જયારે હસ્તીમાં કામ કરે છે ત્યારે તેઓ તે સાહેબમાં મળી જઇ મેલાપ કરી રહીને માટે ખુદ સાહેબ થઇને કામ કરે છે, એટલે યઝતોની હસ્તીમાંની હાલતને **'મિથ્ર અહુર બૅરૅજન્ત'** કહે છે, જે **'હદના તનસુસ'ની** ગતી ઉભી કરે છે, એટલે **'હદ'** સાથે એટલે તેમાં, અહુમાં બેસીને પછી (**'તન'**=ખેંચાવું) તેમાંથી બહાર ગતી કાઢવાની બહાર ખેંચાઈ આવવાની અને એમ તે અહુની સાથે રહીને તેમ છુટા રહીને કામ કરવાની ગતી ઉભી કરે છે. પણ જયારે નીસ્તીમાં યઝતો કામ કરે, ત્યારે તો તેઓ **'પાયૂ થ્વોરેશ્તાર'** તરીકે રહે છે એટલે અહુરામાં મળેલા નહી, જો કે તેવણુના રાદ પદવંદમાં, પણ છુટા અને ભલાઇને રક્ષણ આપી રહેતા અને બુરાઇને ઘડીને ભલાઈમાં ફેરવી રહેતા હોય છે. હયાં કહે છે કે મહેર યઝત થ્વોરેશ્તાર=ઘડનાર થઇને પછી તે ઘડાયલાનો અહુરામાં મેલાપ કરાવી અપાવશે.

(૮) તિશ્ત્રીમ[૪૨] દ્વો-ચશ્મનૅમ[૪૩] યજમઇદે,[૪૪] તિશ્ત્રીમ દ્વો-ચશ્મનૅમ યજમઇદે, તિશ્ત્રીમ દ્વો-ચશ્મનૅમ યજમઇદે, તિશ્ત્રીમ[૪૫] યજમઇદે,[૪૬] તિશ્ત્ર્યેન્યો[૪૭] યજમઇદે,[૪૮] તિશ્ત્ર્યો[૪૯] રએવાઓ[૫૦] ખરૅનંઘ્રઉહાઓ[૫૧] યજમઇદે,[૫૨] વનન્તૅમ[૫૩] સ્તારૅમ[૫૪] મજ્દદાતૅમ[૫૫] યજમઇદે,[૫૬] તિશ્ત્રીમ[૫૭] સ્તારૅમ[૫૮] રએવન્તૅમ[૫૯] ખરૅનંઘ્રઉહન્તૅમ[૬૦] યજમઇદે,[૬૧] થ્વાષૅમ[૬૨] ખદાતૅમ[૬૩] યજમઇદે,[૬૪] જરૂવાનૅમ[૬૫] અકરનૅમ[૬૬] યજમઇદે,[૬૭] જરૂવાનૅમ[૬૮] દરૅઘો-ખદાતૅમ[૬૯] યજમઇદે,[૭૦] વાતૅમ[૭૧] સ્પૅન્તૅમ[૭૨] હુદાઓંઘ્રહૅમ[૭૩] યજમઇદે,[૭૪] રજિશ્તાંમ[૭૫] ચિસ્તાંમ[૭૬] મજ્દદાતાંમ[૭૭] અષઓનીમ[૭૮] યજમઇદે,[૭૯] દએનાંમ[૮૦] વંઘ્રઉહીમ[૮૧] માજ્દયસ્નીમ[૮૨] યજમઇદે,[૮૩] પથાંમ[૮૪] ખાસ્તાઇતીમ[૮૫] યજમઇદે,[૮૬] જરૅનુમન્તૅમ[૮૭] સૂરૅમ[૮૮] યજમઇદે,[૮૯] સઓકન્તૅમ[૯૦] ગઇરીમ[૯૧] મજ્દદાતૅમ[૯૧] યજમઇદે.[૯૩]

(૯) વીસ્પૅમ્ચ[૯૪] અષવનૅમ[૯૫] મઇન્યઓમ[૯૬] યજતૅમ[૯૭] યજમઇદે,[૯૮] વીસ્પૅમ્ચ[૯૯] અષવનૅમ[૧૦૦] ગએથીમ[૧] યજતૅમ[૨] યજમઇદે,[૩] હુઓમ[૪] ઉર્વાનૅમ[૫] યજમઇદે,[૬] હુવાંમ[૭] ફ્રવષીમ[૮] યજમઇદે.[૯] જસ[૧૦] મે[૧૧] અવંઘ્રહે[૧૨] મજ્દ.[૧૩] અષાઉનાંમ[૧૪] વંઘ્રઉહીશ[૧૫] સૂરાઓ[૧૬] સ્પૅન્તાઓ[૧૭] ફ્રવષયો[૧૮] યજમઇદે.[૧૯] હુવરૅ-ક્ષએતૅમ[૨૦] અમૅષૅમ[૨૧] રએમ[૨૨] અઉર્વંત-અસ્પૅમ[૨૩] યજમઇદે.[૨૪] અષૅમ વૉહૂ ૩.

(૮) તીર[૪૨] ‖ (અને) તેની દરોરતી આપતી આંખ એટલે ભલાઇ ઉતારતી તેશતરની બીજા ગ્રહ સાથનો દૃષ્ટી-સંબંધ એટલે બર-વકતના આશીરવાદો ઉતારવાની ભલી નેશાન અને અસરોની સાથે[૪૩] ‖ એકતાન થઇએ છીએ.[૪૪] ‖ તીર સાથે[૪૫] (એટલે તેશ્તર તીરની જુદી જુદી ગતી, યઝત-સેતારા-બેરેઝ તરીકેની જાતજાતની ગતી, જેમાં ભલાઇએ પુગાડવાનો ભેદ છે, તેઓની) સાથે ‖ એકતાન થઇએ છીએ.[૪૬] ‖ તીરને લગતાઓ[૪૭] (એટલે તીરની જુદી જુદી હાલત યઝત તરીકેની કે સેતારા કે બેરેઝના રતરો તરીકેની હાલતોમાં જે જે ચીજો તે તે હાલતો સાથે મળીને ભલાઇ ઉભી કરીને જગતને તારવે છે, તેઓ બધાઓની) સાથે ‖ એકતાન થઇએ છીએ.[૪૮] ‖ રય-જ્ઞાનનો ચલકાટ રાખીને બીજાંને આપનાર,[૫૦] ‖ ભલો આશીરવાદ રાખીને બીજાને આપનાર[૫૧] ‖ તીર[૪૯] (ની જુદી જુદી ગતીઓ સાથે) ‖ એકતાન થઇએ છીએ.[૫૨] ‖ મઝદદાતવાળા[૫૫] (સૃષ્ટીને ભોગવટો કરાવવા ઉભી કરવાના કાયદા-વાળા) ‖ વનન્ત[૫૩] ‖ સેતારા સાથે[૫૪] ‖ એકતાન થઇએ છીએ.[૫૬] ‖ રય પામેલા[૫૯] ‖ ખોરેહ પ્રાપ્ત કીધેલા[૬૦] ‖ તીર[૫૭] ‖ સેતારા સાથે[૫૮] ‖ એકતાન

થઇએ છીએ.[૬૧] || પોતે કમાયલો, પોતા માટે ઠેડવેલો, હદ-ઇનસાફ પ્રમાણે ઠેડવાયલો[૬૩] || ફેરો[૬૨] (જે જન્મ આપી-મરણ કરાવી-મરણ પછીની હાલતમાં ખેરદ બંધાવીને તનાસકમાં ઉતારે યા તને-પસીન કરાવે તે; જીંદગીનો ફેરો જે મરણ પછીથી આવતા તનાસકમાં યા તન-પસીનમાં ખતમ થાય છે તે) || સાથે એકતાન થઇએ છીએ.[૬૪] || એકીનાર-કીનારા વગરના†-કીનારાનો છેડો અને શરૂઆત કયાં છે તે નહિ જણાય તેવા એટલે છેડો અને શરૂઆત મળેલા, નહિ પુગી શકતા કીનારાવાળા[૬૬] || ઝરવાન[૬૫] એટલે યઝતી ખેંચાણ મીનોઇ ઇશક રાખતું ઉસુલ દર-વતન, જે અહુરમઝદની અઇપિ આસપાસનો ઘેરાવો છે, જેમાં જગત લય થશે, જે કુલ્લે રૂવાનોનું દામ છે, તે)ની સાથે || એકતાન થઇએ છીએ.[૬૭] || પોતે ઇનસાફ પ્રમાણે કમાયલી, મુકકર પામેલી[૬૯] લાંબા કાળની હદ, વખતની ગતી=૮૧,૦૦૦ વર્ષના ચકરાવા સાથે[૬૮] || હમો એકતાન થઇએ છીએ.[૭૦] || વૃધ્ધી કરનાર[૭૨] || ખેરદમંદ ડહાપણવાલા[૭૩] || વાય[૭૧] § (જે ક્ષથ્રની ગતીને, રાદ અધીકારની ગતીને રાખે છે અને દરેકને ભલાઇએ પુગાડવા ભલા નફસો ઉભા કરી આપે છે, તે)ની સાથે એકતાન થઇએ છીએ.[૭૪] || અષો[૭૬] || સચ્ચાઇ ઉભરાવનારી, રશ્નુને વસાવનારી, અસત્યને સત્ય તરફ લઇ જનારી,[૭૫] || મઝદદાતની એટલે સૃષ્ટી-રચનાના કાયદાવાળી,[૭૭] || ચીસ્તી-

---

† **જરવાને અકરનેઃ** આ શબ્દમાં અણહદ ગતીનો અર્થ રહયો છે એટલે અહુરમઝદની ગતી શકિત અણહદ છે, જે અહુરમઝદનો આસપાસનો ફેરાવો છે, જેમાં જગત ઘેરાયું છે અને જેમાંથી થઇ અહુરમઝદમાં મળાશે એમ અર્થ રાખે છે-તેમ અહુરાની ખેકીનાર શકિત કે જે રયોમંદ છે અને કુલ યઝતોમાં વસેલી છે, જેમાં ઉપર લઇ જવાનો મુકિત આપવાનો અધીકાર છે એબી અર્થ છે. એવીજ રીતે અહુનવઇર્યનો અર્થ તે સાહેબનો હોકમવાળો માંથ્ર અને તે હોકમની શકિત=બગ એમ બે અર્થો સાથે સાથેજ રહે છે.

§ **'વાત'** શબ્દમાં અધીકારનો ભેદ છે. જેમ અવસ્તામાં **"અસ્મ"**=આસ્માન શબ્દ અને **"જેમો"**=જમીન શબ્દ કુલ્યાતી રીતે વપરાય છે, તેમ **"વાત"**=વાય વપરાય છે. ગેતીની જમીન-અસ્મ અને વાય જેમ રહે છે તેમ બીજા અનેક મરકઝોમાંબી ઝમીન-અસ્મ-વાય હોય છે. આમ ત્યારે **અસ્મ** શબ્દ ઉપરથી નીચે ઉતરવાની ગતી બતાવવા સારૂ અને અષ્ન શબ્દ જુદાં જુદાં આસ્માનની જુદી જુદી અસર (જીરમની અસર) બતાવવા સારૂ વપરાય છે, તેમ **જેમો** શબ્દ જમીન એટલે બરદાશ્ત કરીને અનંત ખાકસારી મેળવવાની ગતી બતાવવા સારૂ વપરાય છે, અને **વાય** શબ્દ ક્ષથ્ર,મીનો અધીકાર, રાદી સાચ્ચી સત્તા બતાવવા સારૂ વપરાય છે. આ બધા અસ્મ-વાય-જેમોમાં ત્યારે **ખેરદમંદી**-અહુરમઝદ પ્રત્યેની કામ કરવાની ઉમંગ-હામ-હિમ્મત અને અકકલ હોય છે. માટે **'વાત'ને** હુદાએોધઙ કહયો છે.

ડહાપણના બગ=યઝતી શકિતની સાથે[૭૮] (દીન યઝતના હમકાર ચીસ્તીની સાથે–પુર્ણ રપેન્તીનાં જ્ઞાનના યઝતની સાથે) ‖ એકતાન થઇએ છીએ.[૭૯] ‖ ભલી પરદુખભંજન[૮૧] ‖ માઝદયરની[૮૨] ‖ દીન સાથે[૮૦] ‖ એકતાન થઇએ છીએ.[૮૩] ‖ પોતાવતપણું આપતી, દુજની ઉપર ફત્તેહ મેળવી આપતી ઉસ્તવાર[૮૫] ‖ તરીકતો, દીની પાળવાની રીતના રસ્તાઓ સાથે,[૮૪] ‖ એકતાન થઇએ છીએ.[૮૬] ‖ ગુનાહો સામેના રાદી ગુસ્સાથી ભરપુર, દુજની સામે તકેદારી રાખતા,[૮૭] ‖ તરીકતી વસ્ત્રરૂપ હથીઆરો સુદરેહ–કુસ્તી–સ્યાવ વગેરે સાથે[૮૮] ‖ એકતાન થઇએ છીએ.[૮૯] ‖ મઝદદાતવાળા, મઝદદાતનો પ્રયોગ કરતા[૯૨] ‖ સઓકન્ત[૯૦]* ‖ પહાડ[૯૧] (એટલે કેહર્પના ખાકી ચખ્રોની ઉંચ આકેબત જે ફાયદો કરતા છે માટે પહાડરૂપની ઉંચાઇવાળી છે તેની) ‖ સાથે એકતાન થઇએ છીએ.[૯૩] ‖

(૯) બધા દરેકે દરેક[૯૪] ‖ અષો[૯૫] ‖ મીનો અણુદીઠ આલમોમાં કામ કરતા મીનો[૯૬] ‖ યઝતો સાથે[૯૭] ‖ એકતાન થઇએ છીએ.[૯૮] ‖ બધા દરેકે દરેક[૯૯] ‖ અષો[૧૦૦] ‖ ગેતીમાં કામ કરતા ગેતીના[૧] ‖ યઝતો સાથે[૨] ‖ એકતાન થઇએ છીએ.[૩] ‖ પોતાને લગતાં[૪] ‖ ઉરવાનો[૫] (જમાદાત–નબાતાત–હેવાનાત તેમ જુફ્તનાં તેમ શરીરનાં અનુએ અનુનાં રૂવાનો) સાથે ‖ એકતાન થઇએ છીએ.[૬] ‖ પોતાની[૭] ‖ ફ્રવષી સાથે[૮] ‖ એકતાન થઇએ છીએ.[૯] ‖ અએ મઝદા ![૧૩] ‖ મારી[૧૧] ‖ મદદે[૧૨] ‖ પહોંચ ![૧૦] ‖ ભલી[૧૫] (બહમન–આરમઇતીની) ‖ સુરી[૧૬] (અષ વહિશ્ત–ક્ષથ્ર વઇર્યની) ‖ વૃદ્ધી કરનાર[૧૭] (ખોરદાદ–અમરદાદની) ‖ 'અષાઉનાંમ'[૧૪]=પુર્ણ પુરી અષોઇવાળી અહુરમઝદ અને યઝતોની ‖ ફ્રવષી[૧૮] ‖ સાથે એકતાન થઇએ છીએ.[૧૯] ‖ અમર,[૨૧] ‖ રય રાખનાર અને આપનાર,[૨૨] ‖ તેઝી અસ્પની રીતે વૃદ્ધી કરનાર[૨૩] ‖ ખુરશેદ સાથે[૨૦] ‖ એકતાન થઇએ છીએ[૨૪] ‖

---

* **સઓકન્ત:** આપણું જડ દેખીતુ શરીર કેહર્પ નામનાં સુક્ષ્મ શરીરના સંબંધનું છે અને તેનાથી ચાલી રહયું છે. કેહર્પ જે અણદીઠ શરીર છે તેમાં ૧૬ ચખ્રો છે, ૧૬ અંગો છે, જેમાંના કેટલાંક ખાકી તનનો એજાબ ઉંચકવા, ખાકી તનને માદર માફક ટેકવીને રક્ષણ આપવા મુકરર થયા છે, જેઓને ખાકી તરીકે ઓળખે છે, જેઓ ખાકી તનને ટેકવી તે ખાકી તનનો સ્વભાવનો જોશ, જાહેરી લાગણીઓનો જોશ ઉભો કર્યા કરે છે. આ ખાકી ચખ્રો ખાકી તનની ઉચ ગતી કરાવી આપવા, ખાકમાં લપટાઇને પોતાનો ભોગ આપી રહયા છે, જેઓ આખરેબી ખાકી તનની ઉંચ ગતી કરાવશેજ. આ વખતે ત્યારે જાહેર લાગણીઓ દબાઇને ઉચ ગતીની થશે **આવાં ખાકી ચખ્રોનાં પગ્ગજુ ફાયદાકારક, ખાકી તનને ઉંચ ગતીએ પુગાડવાને અને એમ પોતેબી અસલ રીતના ઉંચ થવાને 'સઓકન્ત ગઇરી' યાને ફાયદો કરનાર પહાડ=ઉંચાઈ કહી છે.** અણદીઠ ઉપરથી દીઠ ચીજોનાં તેવાં નામો અપાયાં છે માટે **તે બેઉને ભેળવાં નહિ.**

## ૧ થી ૯ ફકરાઓનો ક્નૂમીક સાર:

ખુરશેદ-મહેરની ન્યાયશમાં સપ્પર પહેલાં ભણનાર સૃષ્ટીની શરૂઆત વિષેનાં મનનને લગતા માંથ્રો ભણે છે-સૃષ્ટી હોશમાં આવી એટલે "**અના-માંથ્વાઓ**"=નાચીઝમાંથી બહાર પડી અને આગળ ચાલી યઝતી શકિતઓ જાહેર થઇ, તે બધાં ઉપર મનન થવાના માંથ્રો પહેલા ફકરામાં છે. પછી ૨) જા પેરામાં યઝતો જેમ સૃષ્ટીને ચલાવે છે તેમ ઇનસાનેઓ ગેતીને ચલાવવાની છે માટે તેમ કરી શકવાની શુધ્ધતા માંગે છે. પછી જેમ સૃષ્ટી રચના વખતે હોશઆમમાંથી સૃષ્ટી થવા લાગી, જેમાં હસ્તી થઇને નીરતી થઇને ગેતી થવા લાગી છે, અને જેમાં ખુર, મહેર, દરેઘો ખદાત, ફ્રવષીઓ કામ કરી રહી છે, તેમ અહિંયાં તે બધાંનાં મનનનાં માંથ્રો ૫) મા ફકરા લગીમાં આવે છે, જેઓને ભણનાર યાદ કરીને ભણે છે. ત્યાં ખુરશેદ સૃષ્ટીને મોક્ષ તરફ લઇ જવા નીરંતર કામે લાગી રહયો છે, અને આખરે મોક્ષે લઈ જશે ત્યારેજ થોભશે, તેનાં મનનના માંથ્રો છે. પછી ૬-૭-૮) મા ફકરામાં નીસ્તીનું જગત અને ગેતી થઇ રહે છે તેમાં ખુર-મહેર-મોહોર અવષ્યના છે તેનાં મનનના માંથ્રો ભણે છે. પછી ૮) મા ફકરામાં નીસ્તી થવાની ઉસુલ અને નીસ્તીમાં બરવકતે પ્રવાહ પડી રહે છે, જેથી નીસ્તી ચાલી રહે છે, તેનાં મનનના માંથ્રો પઢે છે. ત્યાં **તીર**ને જુદી જુદી રીતે યાદ કીધા છે. હસ્તીની ઝમરીરમાં 'તીર'ની ખીશ્કારી છે, જેથી નીસ્તીનું જગત થઇ રહે છે, જે દરેઘો ખદાતમાં ૮૧,૦૦૦ વર્ષના દોરાનોમાં ચાલી રહે છે, એ મતલબે કે પોતાનાં મુળ ઠામ-ઝરવાને અકરનેને પુગે. આમ ગેતીને પોતાના દર-વતન ઝરવાને અકરનેમાં મર્જ કરાવવા દરેઘો ખદાત થયો છે, જે દરેઘો ખદાત ગેતીને એમ ચલાવી રહે છે, જેમાં ક્ષથ્ર=મીનો અધીકાર જે વાયુના ભેદમાં મુકરર થયો છે તેની જરૂર પડે છે. માટે **મજદદાત** અને મઝદયસ્ન દએન અને ચીસ્તીની ગતી ચાલીને ક્ષથ્ર=મીનો અધીકાર મેળવી આપે છે. આ કામમાં તરીકતની જરૂર પડે છે માટે **પથાંમ** ને, "**જરૅનુમન્ત સૂર**"ને અને તેથી થતા "**સઍાકન્ત ગઇરી**"ને બયજ કીધા છે. આવા તરીકતવાળાએ ને "માનો અને ગેતીના યઝતો" અને ખુદ મજદા મદદ કરે છે. અને છેલ્લે ઉરવાન ખએત્વોદથે પુગી રહે છે-એમ ગેતીમાં ચાલી રહે છે તે બધાનાં મનનના માંથ્રો ભણાય છે. અને ખુરશેદ તે આખેરની નેમે લઇ જશેજ, માટે "**અઉર્વંત અસ્પ**"થી કામ કરી રહયો છે તે બધાંની યાદ અને મનનના માંથ્રો આવે છે, જે ભણવે સ્તોતો મારફતે કુદરતને મદદ મળે છે. **ભણનાર ત્યારે ખુરશેદ ન્યાયશ ભણતાં કુદરતની શરૂ-**

**આત, આકેબત અને તેમાં ચાલી રહેતા બનાવોને યાદ કરતો જાય છે, અને કુદરતને કરકસરથી ચલાવવા પોતેબી પોતાની ભલી મનશ્નીથી ભણાતા માંથ્રોના સ્તોતો અર્પણ કરી રહે છે. આમ જેમ દીવસ ઉગે છે તેમજ સૃષ્ટી ઉગી હતી, અને દીવસમાં જે બનાવો બને છે તે બધા સૃષ્ટીમાં થયા હતા,** તેમાં ખુરશેદ **અથાક** મહેનત કરી રહે છે, તેવણુની તે ભણુનાર પ્રસંશા કરીને તેવણુને પોતાની મકદુર મુજબ મદદનો ફાળો પોતા તરફથી આવા મનનના માંથ્રોથી અર્પણ કરી રહે છે. આ ભણાતા માંથ્રોમાં એવી ખુબી છે, કે તેઓને ભણતાંને વારજ તેવી ભલી મનશ્નીના છાપો ઉભા થવાના શરૂ થાય છે, જેઓને મીનો અને યઝતો સંઘરીને નેમેલે કામે લગાડે છે. **સૃષ્ટી–રચનાની શરૂઆતથી છેડા લગીના આવા મનનના માંથ્રો** પઢી રહીને પછી ભણુનાર ખુરશેદ યઝદ સાથે જોતી–રાથ્વીના ભેદમાં આવવાના માંથ્ર ભણી ખુરશેદની સાથે એકતાન થઇ, ખુરશેદને તેનાં કામમાં સીધ્ધી મદદ કરવા આગળ પડે છે–ગેતીનાં કલ્યાણુમાં, ખરેખરનો સાક્ષાત ભાગ લે છે, માટે પઢે છે કે :

**(૧૦) ફ્રવરાને મજ્દયસ્નો જરથુશત્રિશ વીદએવો અહુરતકએષો** (પહેલી ત્રણમાંની હાવન, રપીથ્વન કે ઉઝીરન જે ગેહ હોય તે પઢે) **ફ્રસસ્તયએચ. હ્વર્-ક્ષએતહે[૭] અમૅષહે[૮] રએવહે[૯] અઉર્વત્–અસ્પહે,[૧૦] ક્ષ્નઑથ્ર[૧૧] યસ્નાઇચ[૧૨] વહ્માઇચ[૧૩] ક્ષ્નઑથ્રાઇચ[૧૪] ફ્રસસ્તયએચ.[૧૫] યથા અહૂ વઇર્યો[૧૬] જઑતા[૧૭] ફ્રા મે[૧૮] મ્રૂતે,[૧૯] અથા રતુશ અષાત્‌ચિત્ હચ[૨૦] ફ્રા અષવ[૨૧] વીદ્વાઓ[૨૨] મ્રઑતૂ.[૨૩]**

(૧૦) હું મઝદયસ્ની જરથોશ્તી, અસરે–તારીકીથી નીરાળો, અહુરાની દએનવાળો, આ (ફલાન) ગેહમાં કામ કરતી બધી શકિતઓની સ્તુતી કરી તેઓથી તોશીક લેવા માંગું છું, તેમાં અએ જોતી ! તું મદદ કર. ‖ અમર,[૮] ‖ રયના પ્રકાશવાળા,[૯] ‖ અસ્પની તેઝીથી મુકિત આપી રહેલા,[૧૦] ‖ નુરમંદ ખુરશેદની[૭] ‖ ખુશાલી થવા માટેની મારફતો= સ્તુતી કરવા માટે[૧૧] (તેવણુને તેવણુનાં કામમાં સરળતા મળે એમ ખુશાલી થવા માટે), ‖ તેવણની ભકિત યસ્નથી કરવા માટે[૧૨] (એટલે જોતી–રાથ્વી તરીકેના ભેદથી કરવા માટે) ‖ યશ્ત–નિયાએશનના વળતો જવાબ મળે તેવા માંથ્રોથી કરવા માટે,[૧૩] ‖ એમ તેવણુની ખુશાલી થવા માટે,[૧૪] ‖ અને ભલી તોશીક મેળવવા માટે,[૧૫] ‖ અએ જોતા[૧૭] (ઉસ્તાદ ! દીઠ યા અણુદીઠ રીતના), ‖ યથા અહૂ વઇર્યોની ખુબાથી[૧૬] ‖ આગળ વધવા

માંગતા મને[૧૮] || જોઇતું જાહેર કર, શીખવ, કે પછી[૧૯] || આગળ વધારવા આતુર રહેલો[૨૧] || તે વીદવાન[૨૨] (એટલે જોતીના હમકારો–તારા મદદનીશો) મને વધુ આગળ શીખવશેજ,[૨૩] (ખુરની સાથે મળાને ખુરને ખુશ્નુદ કરવાનું બતાવશેજ).

**(૧૧) હ્વરૅ-ક્ષએતૅમ[૧] અમૅષૅમ[૨] રએમ્[૩] અઉર્વત્-અસ્પૅમ[૪] યજમઇદે.[૫] આઅત્ યત્[૬] હ્વરૅ[૭]-રઑક્ષ્ની[૮] તાપયેઇતી,[૯] આઅત્ યત્[૧૦] હ્વરૅ-રઑચો[૧૧] તાપયેઇતિ,[૧૨] હિશ્તૅન્તિ[૧૩] મઇન્યવાઓંઘ્હ્રો[૧૪] યજતાઓંઘ્રહો,[૧૫] સતૅમ્ચ[૧૬] હજંઘ્રૅમ્ચ;[૧૭] તત્[૧૮] ખ્વરૅનો[૧૯] હાંમ્-બારયેઇન્તિ,[૨૦] તત્[૨૧] ખ્વરૅનો[૨૨] નિપારયેઇન્તિ,[૨૩] તત્[૨૪] ખ્વરૅનો[૨૫] બક્ષૅન્તિ,[૨૬] જાંમ[૨૭] પઇતિ[૨૮] અહુરદાતાંમ,[૨૯] ફ્રાદતિચ[૩૦] અષહે[૩૧] ગએથાઓ,[૩૨] ફ્રાદતિચ[૩૩] અષહે[૩૪] તનુયે,[૩૫] ફ્રાદતિચ[૩૬] હ્વરૅ[૩૭] યત્[૩૮] અમૅષમ[૩૯] રએમ[૪૦] અઉર્વત્-અસ્પૅમ.[૪૧]**

**(૧૧)** અમર,[૨] || રયોમંદ,[૩] || તેઝીથી વધારનાર,[૪] || નુરમંદ ખુરશેદની સાથે[૧] || એકતાન થઇએ છીએ.[૫] || (ઉપર જે મુરાદ માંગી તે ફળી છે એટલે ખુરશેદ યઝતનો મેળાપ થયો છે એમ કહે છે આમ મેળાપ થવાથી ભણનારને મોટામાં મોટી ખુશાલી થઇ રહે છે. ખુશાલીનાં ભણતરને **ક્ષ્નુમન** કહે છે, માટે ભણનારે મોટી ક્ષ્નુમન ભણીને ફાયદો મેળવ્યો છે, એમ અર્થ થયો. આમ ક્ષ્નુમનને ભણવાથી તે બંદગીની તલેસ્માતીક રચનાને લીધે ફાયદો મળે છેજ. એક સાધારણ પાપી ઇનસાનબી આવાં ભણતરને કાયદાસર ભણવાથી કંઇક દરજજે તે યઝત સાથે મળી શકે છે, કે જેની ખબર તે ભણનારને હોય નહિ–પડે નહિ, કેમકે પોતામાં ચાલતી બાતેનીનું તેને ખબર નથી. હવે તે ભણનાર ખુરશેદ સાથે એકતાન થયલો છે અને તેની વખાણ કરીને તેને કહે છે કેઃ–)

જયારે[૬] || ખુર[૭] || રઓક્ષ્ની[૮] (તરો–તાઝગી આપતી, રોશ્નાઇ આપતી ગતી=સ્વાઓ આપવા માટે) || તપે છે,[૯] || જયારે[૧૦] || રવી અંતરની-પવીત્રાઇ, ભલા આશીરવાદ, બર–વકતના ભલાઇ આપતા પ્રવાહોના ફરી વળવા માટે[૧૧] || તપે છે, ત્યારે[૧૨] || સેંકડો[૧૬] || હઝારો[૧૭] (બેશુમાર) || મીનો અણદીઠ શકિતઓ, ખુદ બ ખુદ યઝત જેવી માટે[૧૪] || યઝતો એટલે બેશુમાર અસર–રોશની[૧૫] || ઉભેલી જામેલી હોય છે, બધેબધ વ્યાપેલી હોય છે[૧૩] (એટલે અમર ગતીના નુરમંદ રવીના સ્વા જેમાં મીનો રીતની એટલે અણદીઠ રીતે પંથરાઇને યઝતની માફક કામ કરવાની ગતી રહે છે તેઓ **ઇત્તેસાલ અને ઇનફેસાલથી નીસ્તીની કુદરત માટે કામ કરતા જામી રહેલા**

હોય છે. તેઓનું કામ શું છે? આસ્માનોની અસર-ભલો પાક જેને **ગવ-ચીથ્રો** કહે છે, જેને **કાયનાત** કહે છે, જે નીસ્તીને ટેકવવા **હિંગામ** તરીકે અને અનેક રીતે ઉતરી રહે છે, જેને અહિંયાં **'તત્ ખરૅનો'**= તે ભલો આશીરવાદ કહ્યો છે, તેઓને રવીના આ સ્વાઓ આસ્માનોમાંથી ઇત્તેસાલનાં પોતા તરફ ખેંચવાનાં પાવરથી લઇ, ઇનફેસાલથી એટલે પોતા તરફથી દુર ફેંકી માહાને આપે છે-માહા તેઓને એવીજ રીતે ઇત્તેસાલથી લઇને ઇનફેસાલથી નીસ્તીમાંના રવીના સ્વા જેઓને 'મહેર' કહે છે તેઓને આપે છે. મહેરના આ સ્વાઓ નીસ્તી-ગેતીમાં તપે છે. તેઓ ખુદ રઓચ-સ્વચ્છતાઇ રાખે છે. મહેરના આ સ્વાઓ જેઓ નીસ્તી-ગેતીમાં જામેલા છે, તેઓની ઉપર યઝતી ગતીઓ મવકલ થઇને કામ કરી રહે છે એટલે ઉપર કહેલા હસ્તીમાંના રવીના અમર સ્વાની શકિત જે મીનો રીતની અને યઝતી ગતીની છે તેઓ કામ કરી રહે છે. રવીના આ અમર સ્વાઓથી એટલે યઝતી ગતીથી તે નીસ્તીના મહેરના સ્વાઓ જોર પકડીને તે ખરેનોને હસ્તીનાં આસ્માનોમાંના ગવ ચિથ્રોને ઇત્તેસાલથી લઇને ઇનફેસાલથી ગેતી-નીસ્તી ઉપર પાંથરી શકે છે. નીસ્તી-ગેતીમાંના આવા જામેલા મહેરના સ્વાઓ) || તે[18] || ખોરેહને એટલે જીવનગાળો આપતા, રોશની આપતા, તરો-તાઝગી આપતા, બર-વકતની ગતી પુરી પાડતા પ્રવાહોને, તે બધા આશીરવાદરૂપ ખોરેહ-કાયનાત-ગવ ચીથ્રને[19] || સંઘરી લે છે,[20] || તેવા[21] || તે પાકને ખોરેહને[22] || નીચે પસાર કરાવે છે;[23] || તે[24] || ખોરેહ-આશીરવાદને[25] || અહુરદાતનો પ્રતાપ પામેલી[26] (એટલે મોક્ષ તરફ જવા લાયકની થયલી) || જમીન[27] || ઉપર બધેબધ[28] || (સૌ સૌને લગતું હોય તે તેઓને) વહેંચી આપે છે;[29] || અંગોને-ગેતી નીસ્તીની રજેરજના બંધારણને[32] (ગેતીના ઉપયોગી તત્વના બંધારણ સરશોકને, ગોયા અંગોને ગેતીની કુદરતની તમામ સંસ્થાઓને તેમ દરેકે દરેક ચીજના ઉપયોગી જીવ ટેકવી રાખતા સ્નાયૂઓને, જેઓ) || અષની હાલતને લગતા[31] (છે, જો કે હજુર અષોઇના થયા નથી) || તેઓને[32] || અષ તરફ જવાની વૃદ્ધી કરી આપે છે,[30] || અષોઇને લગતાં[34] || તનને માટે[35] || અષોઇએ પુગવાની વૃદ્ધી કરી આપે છે.[33] || અમર,[39] || રયવાલા,[40] || તેજીથી મુકિત અપાવનાર,[41] || નુરમંદ ખુરશેદ[37] || એમ[38] || વૃદ્ધી કરી રહે છે.[36] ||

**(૧૨) આઅત્ યત્[1] હ્વરૅ[2] ઉજીક્ષ્યેઇતિ,[3] અવત્[4] જાંમ્[5] અહુરદાતાંમ્[6] યઑાજદાથ્રૅમ,[7] આપૅમ્[8] તચિન્તાંમ્[9] યઑાજદાથ્રૅમ,[10] આપૅમ્[11] ખાંન્યાંમ્[12] યઑાજદાથ્રૅમ,[13] આપૅમ્[14] જરયનાંમ્[15] યઑાજદાથ્રૅમ,[16] આપૅમ્[17] અર્મએશતાંમ્[18] યઑા-**

**જ્દાથ્રૅમ,[19] બ્વત્[20] દાંમ[21] અષવ[22] યૉાજ્દાથ્રૅમ,[23] યાઓ[24] હૅન્તિ[25] સ્પૅન્તહે મઇન્યેઉશ.[26]**

(૧૨) જયારે[1] ‖ ખુરશેદ[2] ‖ ઉગે છે[3] (ધરતીની સામે ઉંચે આવે છે ત્યારે), ‖ અહુરદાતની, મોક્ષે લઇ જવાની ખાસીઅતવાળી[6] ‖ જમીન[5] ‖ ફળદ્રુપવાળી ઉગવાની શકિતવાળી[7] ‖ થાય છે;[4] ‖ વહી રહેતાં ચલીત[9] ‖ પાણીઓ[8] ‖ દરોરતી આપવાની શકિતનાં થાય છે;[10] ‖ ઝરાનાં પાણીઓ,[12] ‖ મોટા જથ્થાનાં[15] (દરયાનાં) પાણીઓ, ‖ (અને) થંભ પાણીઓ[18] ‖ ફાયદાકારક શકિતનાં થાય છે;[19-16-13] ‖ અષોઇવાળી[22] ‖ સૃષ્ટી[21] ‖ જે[24] ‖ વૃદ્ધીકારક મીનોને લગતી[26] ‖ છે તે[25] ‖ ફળદ્રુપતાવાળી, ફાયદો પહોંચાડવાની શકિતવાળી[23] ‖ થાય છે.[20] ‖

(હયાં ખુરશેદ યઝદ કેવાં મોટાં કામો કરી રહે છે, તેઓની પ્રસંશા કરે છે. દરેક જાતની જાહેર કે બાતેન રીતની વૃધ્ધી પાણી વગર અને સૂરજની રોશની વગર થઇ શકેજ નહિ, જે બેઉને ખુરશેદ યઝદ ટેકવે છે. તેઓમાં '**યૉાજ્દાહ**'ની શકિત કે જે સોંપેલું કામ કરીને મુકિતએ પુગાડે તેવી શકિત છે તે ખુરશેદ પુગાડે છે. પાણીઓમાં કે કુલ્યાતી રોશનીઓમાં કે ઇનસાનનાં ખુનમાં **યૉાજ્દાહ**ની ગતી કુદરતી રીતે આવવે તેઓ વૃદ્ધી થાય તેવું કામ કરી શકે છે. એવી યઓઝદાહનો રાખનાર **યૉાજ્દાથ્રેગર** ત્યારે ખુરશેદનો હમકાર છે. રોશનીઓ જે ખુરશેદની છે તેથી વૃદ્ધી થાય–મોક્ષ નઝદીક આવે તેવાં કારણો ઉભાં થાય છે. પાણીઓના જાતજાતના રાદી ઉપયોગથીબી વૃદ્ધી થઇ મોક્ષ પેદા પડવાનાં કારણો ઉભાં થાય છે, તેમ મર્દ–ઓરતનાં ખુનોના રાદી રીતનાં એટલે લગનને કાયદેનાં જોડાણથી ફરઝંદો થાય છે, જેઓબી કુદરતમાં વૃદ્ધી કરવાનાં કારણો ઉભાં કરશે. પણ જો પાણીમાં કે રોશનીમાં કે મર્દનાં ખુનમાં **યૉાજ્દાહ**ની ખુબી હોય નહિ, તો પછી કુદરતની મોક્ષની નેમ દુર થાય છે. યઓઝદાથ્રેગર મોબેદ જો કાયદેસરનો હોય તો તે ખુરનો હમકાર છે, અને બીનકાયદેસરનો મોબેદ કુદરતની સફેદ બાજુનો દુશ્મન થઇ પડે છે. માટે યઝશ્નેના ૧૧ મા હામાં કહયું છે તેમ તેની ઉપર શ્રાપ પડે છે. ખુરશેદની આવી બુલંદ ખીશ્કારીની ઉપર આ ભણાતા માંથ્રો વખતે ભણનાર મનન કરે છે, અને પોતેબી ખુરશેદની રોશનીમાંથી યઓઝદાહનો પાવર મેળવતો જાય છે. **યૉાજ્દાહની શકિત કે જેથી ગેતી ટકી શકે છે તેનો આપનાર ખુરશેદ છે માટે દરરોજ ઉગે છે).**

**(૧૩) યેદિ[1] જી[2] હ્વરૅ[3] નોઇત્[4] ઉજ્જુક્ષ્યેઇતિ,[5] અદ[6]**

**દએવ[7] વીસ્પાઓ[8] મૅરૅનચિન્તિ,[9] યાઓ[10] હૅન્તિ[11] હુપ્તો-કર્ષ્વોહુવ;[12] નવ[13] ચિશ[14] મઇન્યવ[15] યજત,[16] અંધ્રહુવ[17] અસ્ત-વઇતિ[18] પઇતિદ્રાંમ[19] નોઇત[20] પઇતિશતાંમ[21] વીદૅન્તિ.[22]**

**(૧૩)** અગર જો[1] ‖ ખરેખરજ[2] ‖ રવી[3] ‖ ઉગે[5] ‖ નહિ,[4] ‖ (તો હસ્તીનાં આસ્માનોનું ફરીને નીસ્તીને ટેકવવાનું કામ ખોરંબે પડે, અને ઇત્તેસાલ-ઇનફેસાલ વીગેરેની રવી અને ગ્રહોની ગતી થાય નહિ, અને **મહેરના** સ્વા જે નીસ્તી-ગેતીમાં રહે છે તેમાં તપીને રોશની આપીને તકવો આપવાની ગતી એટલે બેશુમાર રીતની મીનો ગતી જે ફેલાઇને વૃધ્ધીનું કામ કરે છે, જે યઝતી ગતી છે, તે જામે નહિ-હોય નહિ; અને હસ્તીનાં આસ્માનોમાં થતું ખોરેહ-ભલો પાક તેવા અંધકારના સ્વામાં આવે નહિ અને તે હસ્તીનો પાક (ખોરેહ) જેમાં નેઆમત છે, આશીરવાદ છે-યઓઝદાહ છે તે બધું નીસ્તી-ગેતીમાં ઉતરે નહિ; એટલે આ નીસ્તીમાં અણદીઠ રીતે એટલે મીનો રીતે બેશુમાર રીતે યઝતી ગતી વહી રહે છે, જેને બેશુમાર મીનો અને યઝતો કહે છે, જે બધું તે ફરતાં હસ્તીનાં આસ્માનોની ગતીઓથી નીચે રવીના ઉગવાની ગતીની મારફતે ઉતરી નીસ્તી-ગેતીને તકવો આપી રહે છે, તે બધું રવીના ઉગવાની ગતી નહિ હોવાથી નીસ્તી-ગેતીમાં આવીને પોતાનું વૃધ્ધીનું કામ કરી શકે નહિ અને તેથી ઉલટી રીતની ગતી એટલે દએવો, નાશકારક ગતી, વૃધ્ધી અટકાવનાર-ભુલાવો, પુર્ણ અંધકાર ઉભાં થાય, માટે કહે છે કે) ‖ હયાં[6] ‖ હફત કેશ્વ-રમાં એટલે કુલ નીસ્તીમાં[12] ‖ તમામ[8] (હયાતી-ચીજેચીજની રજેરજની હયાતી) ‖ જે[10] ‖ છે, થઇ રહે છે,[11] (તેઓને) ‖ દએવ-અજ્ઞાનતાનો અંધ-કાર-યઓઝદાહની શકિતથી ઉલટા પ્રકારની ગતી[7] ‖ મારી નાંખે,[9] ‖ (અને બેશુમાર મીનો યઝતો એટલે અસર-રોશનીઓમાંની) કોઇણી[14] ‖ મીનોને લગતી એટલે અણદીઠ રીતે ફેલાઇને વૃધ્ધીનું કામ કરનારી[15] ‖ યઝતી ગતી એટલે અસર-રોશની[16] (જેનો પ્રતાપ આ નીસ્તીના જગતમાં વ્યાપી રહેલા રવીના સ્વા જેને **મહેરના સ્વા** કહે છે, તેમાં રવીના ઉગ-વાની ચાલને લીધે હસ્તીમાંથી આવે છે તે, રવી નહિ ઉગવાને લીધે આવી શકે નહિ. હસ્તીમાંના રવીના સ્વામાં અમર ગતી હોય છે. અમર ગતીઓ હમેશા યઝતી ગતીની હોય છે-યઝતી ગતીની હમેશા મીનો રીતે એટલે ફેલાઇને બધેબધ કાર કરી રહે છે. આવી અમર ગતીને અહિંયાં **'સતૅમચ હુજંધરૅમચ મઇન્યવ યજત'** અગણીત મીનો અને યઝતો તરીકે ઓળખી છે. આવી ગતી ત્યારે જગતમાં રવીના ઉગવાથીજ હોઇ શકે અને પછી જગ-તમાં વૃધ્ધીનું કામ કરી શકે. પણ જો રવી ઉગે નહિ તો પછી તેવા અમર

સ્વાઓ ગેતીમાં ઉતરે નહિ અને તેઓની અમર ગતી જેને મીનો યઝતો કહે છે તેઓબી ઉતરે નહિ અથવા તેઓ બરકકત અને તે બરકકતને પાંથરવાની શકિત વગરની હોય એટલે **ખર્ને** અને **યઑાક્ષ્દાહ** કે જેઓમાં બરકકતનો અને તે બરકકતને પાંથરવાનાં ગુણો અને શક્તિ રહે છે તે વગરની હોય છે. કેમકે રવીની **યઑાક્ષ્દાહ**ના ભેદની ચલીત ગતી તે ખોરેહના બરકકતવાળા તે પાકને હસ્તીમાંથી ખેંચી શકે પણ ચલીત ગતી નહિ હોય તો તે પાક નહિ ખેંચાય અને પછી તેઓ નીચેબી ઉતરી શકે નહિ એટલે પછી કહે છે કે રવીના નહિ ઉગવાથી તે શકિતઓ હોતી નથી માટે વૃધ્ધીનું કામ કરી શકતી નથી એટલે વૃધ્ધીની સામેના નાશને રોકી શકતી નથી. માટે કહે છે કે) || હાડમંદ[૧૮] || સૃષ્ટીમાં[૧૭] (જન્મ લઇને ઉગીને મરણ પામીને સંકોચાઇને પાછી ઉગતી જગતમાં) || દએવોના નાશની સામેનો જીવ આપીને તે જીવને ટેકવવાનો બચાવ કે[૧૯] || દએવોના નાશ સામે ઉભા રહી તે નાશને મારી હઠાડવાની તાકાત[૨૧] || મેળવી શકે[૨૨] || નહિ.[૨૦] (એમ છે માટે ભણનાર મીથ્ર કરે છે કે દરેકે દરેક **ઇનસાને ખોરશેદના ઉગવાને અહુરમઝદના એક મોટા આશીરવાદ તરીકે લેવો**, અને તે આશીરવાદની મતલબ જલ્દીથી પાર પડે માટે પુન્ય કરવું, એમ જગતની સેવા કરવી, એમ પરદુખભંજનનું કામ કરવું–આવી મતલબે કરવાનાં પુન્યનાં પરગજુ કામ અર્થે **ખુરશેદ મહેર ન્યાયશ** ભણવાનો હોકમ છે, કે જેથી રવીની ઉગવાની ખીશ્કારીમાં અને ઉગીને સૃષ્ટીમાં યઓઝદાહ પાંથરી ફ્રશો–કેરેતી=મોક્ષ લાવવાની ખીશ્કારીમાં આપણને લગતો જરા જેવોબી ફાળો આપી શકાય, એમ કુલ જગતનાં કલ્યાણ અર્થેનું કંઇક પરદુખ-ભંજનનું કામ થઇ શકે, જેથી ખુદ તે ભણનારનાં રૂવાનની અને કુલ યઝતોની ખુશાલી થાય, અને અહુરમઝદનો ખરો સેવક હુતોક્ષ તે કહેવાય, જગતને ચલાવવામાં ખુરશેદ જે નહિ કલ્પી શકાય તેવું કામ, નહિ કલ્પી શકાય તેટલા વખતથી કરી રહયો છે, તેમાં તે જોડાયલો કહેવાય, એમ ખરો સેવક થયલો કુદરત માટે ઠડે છે. માટે ભણે છે કે)

**(૧૪) યો[૧] યજઇતે[૨] હ્વરૅ[૩] યત્[૪] અમૅષમ્[૫] રએમ્[૬] અઉ-ર્વત્–અસ્પૅમ,[૭] પઇતિશ્તાતેએ[૮] તૅમંધ્રહાંમ,[૯] પઇતિશ્તાતેએ[૧૦] તૅમ-સ્ચિથ્રનાંમ[૧૧] દએવનાંમ,[૧૨] પઇતિશ્તાતેએ[૧૩] તાયુનાંમ્ચ[૧૪] હજ-સ્નાંમ્ચ,[૧૫] પઇતિશ્તાતેએ[૧૬] યાતુનાંમ્ચ[૧૭] પઇરિકનાંમ્ચ,[૧૮] પઇતિ-શ્તાતેએ[૧૯] ઇથ્યેજંધ્રહો[૨૦] મર્ષઑનહે,[૨૧] યજઇતે[૨૨] અહુરૅમ મજ-દાંમ,[૨૩] યજઇતે[૨૪] અમૅષે સ્પૅન્તે,[૨૫] યજઇતે[૨૬] હઑામ[૨૭] ઉર્વાનૅમ,[૨૮]**

**ક્નાવઇયેઇતિ[29] વીસ્પે[30] મઇન્યવચ[31] યજત[32] ગએથ્યાઇચ,[33] યો[34] યજઇતે[35] હુવરૅ[36] યત્[37] અમૅષમ્[38] રએમ્[39] અઉર્વત્-અસ્પૅમ.[40]**

**(૧૪)** અંધકારની[9] ‖ સામે થવા,[8] ‖ તમસ-ચીથ્ર, જે જડતાને ઉગાડી નાશ ફેલાવવા માંગે છે, તેવી તાખ્મના[11] ‖ દએવોની[12] (એટલે જડતાનાં જ્ઞાનમાં પુર્ણ થયલાઓની, જેઓ સ્વાર્થ અર્થે સામાનો નાશ લાવે છે, અહુરમઝદના હોકમને માનતા નથી તેઓની, જેઓ 'અહુ ચિથ્ર'ની સામેના છે એટલે અહુરમઝદની મરજી પ્રમાણે ચાલી જગતને મોક્ષ તરફ દોરવનાર અષ-ચિથ્ર, વોહુ-ચિથ્ર, ગવ-ચિથ્રની સામેના છે એટલે જેઓ ગોસ્પંદી તેવીષીથી ઉલટા છે, માટે **'ગવેમ'** ગવની પેદાયશની સામેના-ઉલટા બીજાજના છે, તેઓની) ‖ સામે થવા, ફાવવા નહિ દેવા,[10] ‖ તેમજ ચોરો[14] ‖ લુટારા[15] (બુરી તબઇઓ જે જાણુ અજાણુ ગુનાહ કરાવે છે તે અથવા છડેચોક ગુનાહ કરાવે છે તેવી બદ ગતીઓ)ની ‖ સામે થવા,[13] ‖ તેમજ જાદુગરો, જડતાવાળા નાસ્તીકો, નાશ ફેલાવવાના ઇલ્મ-વાળાઓ,[17] ‖ તેમજ પરીઓ[18] (બુરી અરવાહી શકિતઓ-સાધનો)ની ‖ સામે થવા,[16] ‖ તેમજ નાશકારક[20] (એટલે વૃધ્ધી અટકાવે-નાશની મુદત લંબાવે તેવાં) ‖ મહોત[21] (કમહોત-બુરાં ઇનસાનો ઉપરની મહોતની ગતી)ની ‖ સામે થવા,[19] (બુરાંઓ હમેશાં કમહોત પામે છે એટલે મરીને ગેતીના સંબંધમાં આકર્ષણમાં રહીને ચીનવત ઉપર જઇ શકતાં નથી, એટલે આસ્ને-ખેરદ જે વૃધ્ધી પામવાનો તબકકો છે તે બાંધી શકતાં નથી, પણ ગેતીના સંબંધમાં રહીને વીલાપમાં રહે એટલે વૃધ્ધી વગર સબડે છે, તેઓની તેવી હાલતમાંથી તેઓને છોડવવા) ‖ જે શખ્સ[1] ‖ અમર[5] ‖ રયોમંદ[6] ‖ તેઝી ગતીથી વૃધ્ધીએ લઇ જનાર[7] ‖ ખુરશેદ[3] ‖ જે[4] (છે એટલે ખાસ છે) તેની ‖ સાથે એકતાન થાય[2] (એટલે ખુરશેદ **અઉર્વત્ અસ્પ'** છે, જલદીથી વૃધ્ધી કરાવી આપે છે, માટે ઉપરની બુરાઇઓમાંથી ઇનસાનોને છોડવે છે, કે તેઓ વૃધ્ધીએ પુગે, એવાં ખુરશેદનાં કામમાં જે કોઇ ઇન-સાન મદદ કરે-કરવા મથે એટલે આ ન્યાયશ કરી સ્તોતોનો હદીઓ ખુર-શેદને ધરે, તો તે શખ્સ) ‖ અહુરમઝદને,[23] ‖ અમશાસ્પંદોને[25] ‖ ઇજે છે,[22-24] (તેઓનાં સૃષ્ટીને આખરની નેમે લઇ જવાનાં કાર્યમાં મદદ આપે છે); ‖ પોતાનાં[27] ‖ રવાનને[28] ‖ ઇજે છે[26] (પોતાનાં રવાનના પ્રગટીકરણને જેટ આપે છે; બીજાંઓનાં રૂવાનોના છુટકારા વગર પોતાનું રૂવાન વદ્દીએ પુગવાનું પસંદ કરતું નથી; રૂવાનની પરદુખભંજનની ગતી જે બીજાને મોક્ષે પુગાડવાની છે તેને તૃપ્ત કરે છે, કે જેથી) ‖ તમામ દરેકે દરેક[30] ‖ મીનોની અણુદીઠ રીતે વૃદ્દીનું કામ કરનારી અમર શકિત,[31] ‖ ગેતીનું

દીઠ કામ જે હાડમંદ રીતનું છે તે કરવાની શકિત[33] || જે યઝતી ગતીવાળી છે તેઓને એટલે અસર રોશનીને[32] (તે શખ્સ) || ખુશહાલ કરે છે[29] || (એટલે અસર-રોશની જે ખુરશેદની સાથે જગતનાં તારણનું કામ કરી રહે છે, તેઓને આવી માંથ્રના સ્તોતોની મદદ મળવે ખુશહાલી ઉત્પન્ન થાય છે). || જે કોઇ[34] || અમર,[38] || રયોમંદ,[39] || જલદીથી મુકિત આપનાર[40] || ખુરશેદને[36] || ઇજે છે,[35] (તે આવું મોતેબર કામ કરે છે, જગતને ફ્રશો-કેરેતીએ લઇ જવા પોતાનો હિસ્સો આપે છે એટલે અતી પરમાર્થનું કામ કરી રહે છે, પોતાનું જીવવાનું સાર્થક કરે છે. યઝતી ગતીની કુદરતને કે જે કુદરત રવીના અમર સ્વાને નીસ્તીમાં મેહેરના સ્વા તરીકે ઉભા કરી તેમાં અમરગીની શકિત મુકી નીસ્તીમાં પાંથરવાનું કામ કરી રહે છે તે કુદરતને તેનાં કામમાં મદદ કરે છે. આમ ત્યારે ખુરશેદની નીઆએશ અતી ઉત્તમ છે-તે કીધા વગર પાણી પીવુંબી રવા નથી. જગતને સદ ગતીનું પાણી પાવાના ખુરશેદ નીઆએશના સ્તોતો આપ્યા પછી આપણાથી જીંદગીનું કામ આરંભાય. આમ છે માટે ભણનાર કહે છે કે યઝતોની નેઆમત જે જગતને ચલાવી રહે છે તેને ગેતીમાં વરસાવનાર ખુરશેદ અને માહની દોસ્તી છે, એટલે તેઓની ઇનકેસાલ અને ઇત્તેસાલની ગતીઓ છે, જેઓ ચીથો લઇને ગેતીની ઉપર નીસાર કરે છે. તેવી દોસ્તીની સ્તુતી કરૂં છું; અને તેઓને આ માંથ્રથી જેટ આપું છું; અને જે કોઇ તેમ કરતા નથી અને ગેતીમાં પાપો કરે છે તેઓને મહેર યઝત શીક્ષા કરશે એટલે તેવાઓનાં બુરાં કર્મોના બુરા ગુબારોની આફતનો વરસાદ મહેર તેઓ ઉપર વરસાવીને, તેઓની શુધ્ધને ઠેકાણે લાવશે. એમ મહેર તેઓને ઠેકાણે લાવશે, માટે કહે છે કે મહેર પોતાના ગુરજથી તેઓને સીધ્ધા લાવશે-માટે તેવા મહેરને અને તેવા મહેરના ગુરૂજને અને રવી અને મોહોરની દોસ્તીને હું વખાણું છું. આમ ત્યારે આગળ ભણે છે કે)

**(૧૫) યજાઇ[1] મિથ્રેમ્[2] વૉઉરૂ-ગઍાયઍાઇતીમ્[3] હજંધ્રર-ગઍાર્ષેમ્,[4] બએવરૅ-ચષ્મનૅમ;[5] યજાઇ[6] વજરૅમ[7] હુનિવિખ્તૅમ,[8] કમૅરૅદે[9] પઇતિ[10] દએવનાંમ્,[11] મિથ્રહે[12] વૉઉરૂ-ગઍાયઍાઇ-તોઇશ;[13] યજાઇ[14] હખ્ૅદ્રૅમચ,[15] યત્[16] અસ્તિ[17] હખ્ૅદ્રનાંમ[18] વહિશ્તૅમ,[19] અન્તરૅ[20] માઍાંધ્રહૅમચ[21] હુવરૅચ.[22]**

**(૧૫)** ગવની ગતીનું જોડાણ પુર્ણ રીતે કરાવી આપનાર[3] (બહોળી રીતની ખેતી કરનાર બહોળા ખેતરવાળા) || હઝાર કાન[4] || (અને) દસ હઝાર આંખવાળા[5] || મહેર યઝતની સાથે[2] || હું એકતાન થાઉં છું[1]; || દએ-

વોના[11] (ઇનસાન પોતાની બદીઓ-ભુલાવાઓને લીધે ગુનાહો કરે છે, સ્વાર્થમાંજ રહે છે, ખુરશેદ યઝતના જેવું કામ કરતા નથી, પણ ઉલટું તેમાં અટકાવ મુકે છે, તેવા ભુલાવાઓના) || માથાંની[9] (સરકશી કરવાની ગતીની, બુરાઇ-સ્વાર્થને ટેકવવાની મતીની) || સામે થતા[10] (અને) || જેટલી જોઇએ તેટલીજ એટલે દએવી ગતીનાં પ્રમાણ પ્રમાણેની સખતાઇથી માર મારતા[8] || ગવની ગતીનું જોડાણ કરવાની ખેતીવાળા[13] || મહેર યઝતના[12] || ગુરૂજની[7] || સ્તુતી કરૂં છું.[6] || દોસ્તીઓ-સંબંધોમાંનો[18] || ઉત્તમ પ્રકારનો નીખાલેસ પરદુખભંજનની ગતીનો[19] || સંબંધ-દોસ્તી[15] || જે[16] || મોહોર[21] (ચંદ્ર) અને || ખુરશેદ[22] || વચ્ચે છે[20] || તેની[15] || સ્તુતી કરૂં છું.[14] ||

(હયાં મોહોર અને ખુરશેદ વચ્ચેના સંબંધને યાદ કીધો છે. ગરદુને-ગરદાનથી અહુરમઝદ નીસ્તી-ગેતીને ટેકવનાર ચીથ્રો-આશીરવાદો નીસ્તીમાં ઉતારે છે. આ બધાં ચીથ્રો જેઓને અષ ચીથ્ર-વહુ ચીથ્ર કહે છે તેઓને રવી પોતાના ખેંચવાના ઇત્તેસાલના પાવરથી ખેંચીને, પોતાના ઇન્ફેસાલના પાવરથી પોતા પાસેથી દુર ફેંકીને મોહોરને આપે છે. માહા પોતાના ઇત્તેસાલનાં પાવરથી તે બધાં ચીથ્રોને પોતે લઇને પોતાના ઇન્ફેસાલનાં પાવરથી નીસ્તીમાં ગેતીમાં ઉતારે છે. આવી રવી અને માહની ખીશ્કારીથી જગતને ટેકો મળે છે. આવી રવી અને માહની ખીશ્કારીના સંબંધને 'દોસ્તી' તરીકે ઓલખી છે. વળી હયાં મહેર યઝતના ગુરૂજનો ઇશારો છે જેને સારૂ ઉપર જણાવ્યું છે કે ઇનસાનો જેઓ સ્વાર્થી-બુરા છે તેઓના સ્વાર્થને મહેર શીક્ષા કરીને સુધારશેજ. એમ ત્યારે ખુરશેદ યઝત જગતના ટકવા સારૂ અથાક કામ કરે છે, તેનો ચીતાર આ નીઆએશમાં છે, જેને યાદ કરયા વગર અને તેવા ખુરશેદને માંથ્રની ગતી અર્પણ કીધા વગર એક બસ્તે-કુશ્તીઆન દીવસનું કામ શરૂ કરી શકે નહિ. **આમ ખુરશેદ નીઆએશ અતી ઉપયોગી અને પરમાર્થની ગતી કરાવનારી, દુન્યાની સેવા કરાવનારી ચીજ છે, જે વગરનું બીજું વધુ ઉત્તમ કામ કોઇબી હોઇ શકે નહિ.** એક ઇનસાન ગમે તેવો સખીવજુદ હશે, તો તે એક શહેર કે શહેનશાહને મદદ કરી શકશે, જો કે તેની તે મદદ લાયક તેમ બીન-લાયક બેઉને મળવે કંઇક ગેરરાદબી તેમાંથી ઉત્પન્ન થઇ શકે. પણ ખુરશેદની નીઆએશ ભણવાથી જે સ્તોતો થાય છે તે રવીને અર્પણ કરવામાં આવે છે, જે સ્તોતો આખી ગેતીનેજ નહિ, સાતે સાત કાળમાં ચાલતી ગેતીનેજ નહિ, પણ આખી નીસ્તીને પોતાના હીસાબસરની મદદ આપે છે, ફ્રશો-કેરેતી યાને કુલ્યાતી મોક્ષને નઝદીક લાવવાનું હથીઆર થઇ પડે છે. આમ છે માટેજ ખુરશેદની નીઆએશને ફરજયાતમાં લીધી છે.)

**(૧૬) અહે[1] રયર[2] ખ્રરૅનંઘ્રહુચ,[3] તૅમ[4] યજાઇ[5] સુરૂન્વત[6] યસ્ન,[7] હુવરૅ-ક્ષએતૅમ[8] અમૅષૅમ[9] રએમ[10] અઉર્વંત્-અસ્પૅમ.[11] જઑથ્રાબ્યો[12] હુવરૅ-ક્ષએતૅમ[13] અમૅષૅમ[14] રએમ[15] અઉર્વંત્-અસ્પૅમ[16] યજમઇદે.[17]**

(૧૬) તેના[1] (આ ભણતરના ભણવાથી સ્તઓતીક કેહપ[2] થયું છે, જેમાં ખુરશેદની ગતી મળી છે તેના) || અંતરજ્ઞાનને જોરે, જ્ઞાન રાખીને બીજાંને આપે તેવી ગતીને જોરે,[2] || (તેમાં રહેલી ખુરશેદની ગતીના અને માંથ્રોની સ્તઓતીક ગતીના) પ્રતાપ = આશીરવાદથી[3] (તેઓને મેળવીને), || એવા આ બાપદાદેથી ભણાતી આવેલી, નતીજો આપતી આવેલી[6] || યસ્ન-ભણતરથી[7] || તે[4] || અમર[9] || રયોમંદ[10] || અનાસરોની જલદીથી વૃદ્ધી કરનાર[11] || ચળકાટવાળા ખુરશેદની સાથે[8] || એકતાન થાઉં છું.[5] || અહુરાને પુગી વળાય તેવા આલાતોથી-સાધનોથી[12] || અમર[14] || રયો-મંદ[15] || જલદીથી મુકિત તરફ લઇ જનાર[16] || નુરમંદ ખુરશેદ[13] || સાથે એકતાન થઇએ છીએ.[17] ||

**☞ વીસ્પ[૧] હુમત,[૨] વીસ્પ[૩] હૂખ્ત,[૪] વીસ્પ[૫] હ્વર્‌શ્ત,[૬] બઑદો–વર્‌શ્ત.[૭] વીસ્પ[૮] દુશ્મત,[૯] વીસ્પ[૧૦] દુઝૂખ્ત,[૧૧] વીસ્પ[૧૨] દુઝ્વર્‌શ્ત,[૧૩] નોઇત્[૧૪] બઑદો–વર્‌શ્ત.[૧૫] વીસ્પ[૧૬] હુમત,[૧૭] વીસ્પ[૧૮] હૂખ્ત,[૧૯] વીસ્પ[૨૦] હ્વર્‌શ્ત,[૨૧] વહિશ્તૅમ્ અંઘ્રહુઇમ્[૨૨] અશએત.[૨૩] વીસ્પ[૨૪] દુશ્મત,[૨૫] વીસ્પ[૨૬] દુઝૂખ્ત,[૨૭] વીસ્પ[૨૮] દુઝ્વર્‌શ્ત,[૨૯] અચિશ્તૅમ્ અંઘ્રહુઇમ્[૩૦] અષએત.[૩૧] વીસ્પનાંમ્ચ[૩૨] હુમતનાંમ્[૩૩] હૂખ્તનાંમ્[૩૪] હ્વર્‌શ્તનાંમ્[૩૫] વહિશ્ત અંઘ્રહુઇ;[૩૬] આઅત્[૩૭] હચ[૩૮] ચિથ્રૅમ્.[૩૯] *અષઑને[૪૦] અષૅમ્ વૉહૂ ૧.**

(☞ ત્રણ વાર પઢે).

**નોંધ**–સાધારણ રીતે હાલની બધી કેતાબોમાં **દોઆ વીસ્પ હુમત** પછી તુરત **દોઆ નામ્ સેતાયશને** તથા **ચારે દિશાનો નમસ્કાર** આપ-વામાં આવે છે, પણ અસલ ફરમાન મુજબ સંપુર્ણ ફરજયાત કર્યા પછી પોતીકી ફરજયાતને છેડેજ ભણવાનો હોકમ હોવાથી, **દોઆ નામ્ સેતાયશને** તેમજ **ચારે દિશાનો નમસ્કાર** અહીં આપવાને બદલે આ કેતાબમાં તેની લાયક જગોએ મુકવાની જરૂર જોવામાં આવી છે.

---

* સમજ માટે જુઓ પાને ૨૩૪ થી ૨૩૫ મે.

બધા કુલ[1] || હુમત=હસ્તીમાં થતી ખીશ્કારીઓ જે વીચાર જેવી અણુદીઠ સુક્ષ્મ છે,[2] || બધા[3] || હૂખ્તો=નીસ્તીમાં થતી ખીશ્કારીઓ જે શબ્દ જેવી એટલે કંઇક રીતે ઇંદ્રીઓથી કદી માપી શકાય કે જેમ શબ્દ સંભળાય છે તેવી અણુદીઠ છે,[4] || બધા[5] || હવરશ્ત=ગેતીમાં થતી ખીશ્કારી જે કીધેલાં કામ જેવી પરિણામમાં ભોગવી જાણી શકાય છે તેવી છે,[6] || તે (બધા હુમત-હૂખ્ત-હવરશ્ત) || બઓદીક† ગતીવાળાઓથી એટલે યઝતોથી થયલા છે. તેઓ યઝતોની ખીશ્કારી રૂપના થયલા છે.[7] || બધા[8] || દુશમત= બુરાઇની ખ્યાલરૂપ અણુદીઠ ગતીઓ,[9] || બધા[10] || દુઝુખ્ત=બુરા બોલો, બુરા નાદો, કદુવાઓ,[11] || બધાં[12] || બુરાં કર્મો, ગેતીના સ્વાર્થરૂપ વ્યવહારો || યઝતોના બઓદીક ગતીનાં નથી.[14-15] || બધા[16] || હુમત,[17] || બધા[18] || હૂખ્ત,[19] || બધા[20] || હવરશ્ત સમજી જાણી ધારણ કરવાથી, દીન ધર્મ પાળ્યાથી[21] || વહિશ્તેમ અહૂમને[22] || પુગાય છે.[23] || બધા[24] || દુશ્મત,[25] || બધા[26] || દુઝ્રૂખ્ત,[27] || બધા[28] || દુઝ્વરૂશ્ત એટલે સ્વાર્થી બોલ કામ વિચાર[29] (માં મચ્યા રહેવાથી, દુન્યવી થયાથી, દીન-ધર્મને તજ્યાથી) || અચિશ્તેમ અહૂમ=નહિ ઇચ્છવા જેવી હયાતીને[30] (આ સીઝમંદ=દુખ દરદવાળી ગેતીની હયાતીને) || પુગાય છે[31] (તનાસકમાં પડાય છે). || બધા[32] || હુમતોની[33] || હૂખ્તોની[34] || હવરશ્તોની=યઝતોની ખીશ્કારીઓની[35] || ભલી પરદુખભંજનની ગતીવાળી બહમન વસેલા અંતકરણ રાખતી હયાતી રહે છે, કેહપ રહે છે,[36] (એટલે યઝતોની ખીશ્કારી હુમત-હૂખ્ત-હવરશ્ત ખુદ પોતે જીવતી ગેસ્પંદી ગતીની વ્યકતીઓ છે. આવી વ્યકતીઓને ઇનસાનોએ પોતામાં વસાવવાની છે, કે જેથી ખુરશેદ-મહેરની સૃષ્ટીને ચલાવવાનાં કામમાં જોશ આપી શકાય). ||

---

† બઓદ, બઓદંઘહ શબ્દ યઝતી ગતીની અકકલ, સૃષ્ટીનો ભેદ પુર્ણ રીતે જાણીને તેને આગળ વૃદ્ધિ તરફ વધારનારી અકકલ, કંઈબી જાતના હવસથી જીતાય નહિ તેવી અકકલને માટે છે. સાધારણ બુધ્ધી કે જે કુદરતના ભેદભરમથી તદદનજ અજાણ છે જે ઘડી ઘડી હવસોના જોમ આગળ નાચાર બને છે તેવી બુધ્ધીને માટે એ શબ્દ નથી. 'બઓદો વરશ્ત'નો અર્થ are worked out by Yazat એટલે યઝતોની ખીશકારીથી થયલું એમ અર્થ રાખે છે. **બઓદંઘહ** શબ્દ નુરની ગતીનો, **વિસ્પો ખાથ** અહુરમઝદ તરફ લઇ જતી નુરી ગતી, પુર્ણ નુરી ગતીના ખેંચાણ અને **રઓચંઘહ** પુર્ણ જ્ઞાનથી ચલકીને સામાની ઉપર સત્યસંગ પાંથરવાનો ભેદ રાખે છે. ઇનસાનને આવી બઓદંઘહ તેની બુદ્ધી તરીકે હોય નહિ, યઝતને હોય, અષવનોને તે બઓદ ધીમે ધીમે મળતી રહે છે. કુદરતની પુર્ણ અકકલને **બઓદંઘહ** કહે છે એમ બઓદંઘહ કુદરતમાં રહી છે.

આ[૩૭] (એટલે ઉપર કહેલી ગતીને પોતામાં વસાવવી તે) ‖ ની તરફ[૩૮] (જવા એટલે તેઓને પોતામાં ઉભી કરવી, કઇ રીતે તે) ‖ અષો માણસને[૪૦] ‖ જાહેર છે, તે તેમ કરી રહે છે,[૩૯] (એટલે ભલી તરીકતો પાળી પતેત-મહેર પાળીને મનશ્નીગવશ્નીકુનશ્નીના સાહેબ થવું, કે જે પછી હવરશ્તે પુગાય, જે પછી હૂખ્ત અને પછી છેલ્લે હુમતે પુગાય છે). ‖

## ક્ષ્નૂમીક શરેહ:

હુમત-હૂખત-હવરશ્ત શબ્દોને મનશ્ની-ગવશ્ની-કુનશ્નીના ટુંકા અર્થોમાં સંકોચાવવા નહિ. યઝતોની મનશ્ની-ગવશ્ની અને કુનશ્નીનાં હસ્તી-નીસ્તીમાં થતાં પરિણામોને હુમત-હૂખ્ત-હવરશ્ત કહે છે. ઇનસાનોની તેવી ગતીઓને હુમત-હૂખ્ત-હવરશ્ત કહેતા નથી, જો કે ઇનસાને તેવી ગતીએ પુગવાનું છે. ત્યારે હુમત-હૂખ્ત-હવરશ્તોમાં યઝતોની હસ્તી-નીસ્તી-ગેતીમાં થતી ખીશ્કારીઓનો ઉંડો અર્થ રહયો છે. ઇનસાનની મનશ્ની-ગવશ્ની-કુનશ્નીને હુમત-હુખ્ત-હવરશ્ત સાથે ભેળવી નહિ. ઇનસાન મનશ્ની=ભલા નેક વિચારો રાખી, ગવશ્ની=સચ્ચાઇ પાળી, કુનશ્ની કરી એટલે તરીકતો પાળીને પછી પોતાના ૧૬ ચખ્રોમાંનાં ખાકી ચખ્રોને દાબીને પોતાનાં દસમાં અંતકરણનાં ચખ્રને ૧૧માં તેવીષિના ઇચ્છા-વાસ્નાના ચખ્રનાં બંધન-માંથી આઝાદ કરે છે એટલે આ ગમે છે, પેલું નથી ગમતું એવા ખ્યાલથી દુર રહી બધાંને ચહાતો થાય છે અને અંતકરણપુર્વક બધાં સાથે વર્ત્તે છે જેને પહેલવીમાં **પરગાનીતન** કહે છે. આ વખતે તેનાં અંતકરણનું દસમું ચખ્ર સ્વતંત્ર થાય છે, જે અંતકરણનો આકાર તે પછીથી તસલીસનો △ ત્રીકોણાકાર થાય છે. આવો શખ્સ નેકીને ચાહે છે, બદીને સારૂ પ્રાર્થના કરે છે. એમ દરેકને ચાહે છે. તેનો દુશ્મન કોઇ રહેતો નથી. આવાં અંત-કરણને **"વહિશ્ત અંઘ્રહુઇ"**=ભલું અંતકરણ કહે છે, જેમાં **હવરશ્ત**ની ગતી જામે છે એટલે તે શખ્સ ચમત્કારીક થાય છે, પરદુખભંજનનો વાસ્ત્રી-ઓશ થાય છે. પછી જેમ જેમ તરીકતમાં આગળ વધે છે, ત્યારે તેનું અંતકરણનું ચખ્ર વધુ પ્રબળ થઇ રહે છે, જેમાંથી હૂખ્તની ગતી પ્રાપ્ત થાય છે, એટલે તે જે કંઇ બોલે તે ફળે છે. પછી જેમ જેમ તે શખ્સ તરીકતમાં આગળ વધે છે, ત્યારે તેનાં અંતકરણમાં બહમન અને અષનો વસ્વાટ થાય છે, જેમાંથી હુમતની ગતી પ્રાપ્ત થાય છે, જેથી તે નર કુદ-રતને નરી આંખે જોઇ શકે છે. આમ છે માટે કહે છે કે **'આઅત્'**=આ પ્રમાણેનું એટલે **'બઑદો-વરૂશ્ત'**નું=બઓદની ગતીનું, યઝતોની ગતીનું કરવાનુ, **'હચ'**=યઝતોની ખીશ્કારીનો સંગ કરવાનું અષો નરને ખબર છે એટલે તરીકતથી તે થઇ શકે છે.

# માહ બોખ્તાર નીઆએશ.

☞ (એ નીઆએશ જો બની શકે તો દરરોજ ભણવી; ચંદ્ર જે દીશામાં હોય તે દીશાએ મોંહ કરીને કોઇબી ગેહમાં પઢી શકાય છે. કંઇ નહી તો દર મહીનામાં ચાંદરાત, પુનમ અને અમાસ-એ ત્રણ દહાડા તો ખસુસ ભણવાને તાકીદ કીધેલી છે.)

**ક્ષ્નઑથ્ર અહુરહે મજ્દાઓ. અષેંમ્ વોહૂ ૧.**

(બીરસ્તા પઢવું) **પ નામે યજદાંન્ અહુરમજ્દ ખોદાએ અવ-જૂની, વર્જ્ ખુરેહ અવજાયાદ્, માહ બોખ્તાર્ માહ યજદ્ બેરસાદ્. અજ હમા ગુનાહ પતેત્ પશેમાનુમ, અજ હર્વસ્તીન્ દુશ્મત્ દુઝુખ્ત્ દુજ્વરશ્ત્, મેંમ્ પ ગેતી મનીદ્, ઑએમ્ ગોફ્ત્, ઑએમ્ કર્દ, ઑએમ્ જશ્ત્, ઑએમ્ બૂન્ બૂદ્ ઍસ્તેદ્, અજ આંન્ ગુનાહ મનશ્ની ગવશ્ની કુનશ્ની, તની રવાની, ગેતી મીનોઆંની, ઑખે અવાખ્શ પશેમાન્, પ સે ગવશ્ની પ પતેત્ હોમ.**

(૧) ☞ (સર નમાવતાં નમાવતાં કુશાદે ભણવું) **નેમો[1] અહુરાઇ મજ્દાઈ,[2] નેમો અહુરાઇ મજ્દાઇ, નેમો અહુરાઈ મજ્દાઇ, નેમો[3] અમેષએઇબ્યો સ્પેન્તએઇબ્યો,[4] નેમો[5] માઓંઘ્રહાઇ[6] ગઑ-ચિથ્રાઈ,[7] નેમો[8] પઇતિ-દીતાઇ,[9] નેમો[10] પઇતિ-દીતે;[11] નેમો અહુરાઇ મજ્દાઇ, નેમો અમેષએઈબ્યો સ્પેન્તએઇબ્યો, નેમો માઓંઘ્રહાઈ ગઑચિથ્રાઇ, નેમો-પઇતિ-દીતાઇ, નેમો પઇતિ-દીતે; નેમો અહુરાઇ મજ્દાઇ, નેમો અમેષએઈબ્યો સ્પેન્તએઇબ્યો, નેમો માઓંઘ્રહાઇ ગઑચિથ્રાઈ, નેમો પઇતિ-દીતાઇ, નેમો પઇતિ-દીતે.**

અહુરમજદને માટે[2] ‖ નમન[1] (ઘટેહક છે), ‖ અમશાસ્પંદો માટે[4] ‖ નમન[3] (સઝાવાર છે), ‖ માહને માટે[6] ‖ (અને માહના ઇલાકામાં રહેલાં) ગવ-ચિથ્રને માટે[7] (અનાસરને ઉગાડનાર જીવ આપીને ટેકવનાર બીયું-નીસ્તીની સૃષ્ટીનું મુળ બીયું જે પરદુખભંજનની ગતીવાળું છે તેને માટે) ‖ નમન[5] (લાયક

છે), || જાહેર થઇ ગયલા, દેખાવ આપી ગયલા એટલે ગવ-ચિથ્રોને નીચે ઉતારતાં જે રોશન દેખાવ થઇ રહે છે તેવા રોશનીના દેખાવ કરી ગયલા માહને માટે, **પ્રકાશીત થયલા** માહને માટે[૯] || નમન હોજો,[૮] || જાહેર થઇ રહેલા, દેખાવ આપી રહેલા એટલે ગવ-ચિથ્રોને નીચે ઉતારી રહેલા માહ કે જે ચિથ્રોને ઉતારતા રોશન પ્રકાશીત થયલા દેખાય છે તેને માટે એટલે **પ્રકાશતા માહને** માટે[૧૧] || નમન (હોજો.)

## ઉપર કહેલા અર્થોની ઉંડી તાવીલ-માહના અર્થોનો ખરો ભાશ:

માહના ફેઝીઝ (Phases) જાત જાતના આકારો જે દેખાઇ રહે છે તેઓ કંઇ અમસ્થા થતા નથી. કુદરતના તે ખેલમાં મોટા ભરમો રહયા છે,જેને જાણનારા દુરલભ ગતીના રહે છે. ઉપર જે દય નામનો ગૃહ દેખાય છે તેને હસ્તીમાં રહેલા માહનાં અસ્મ સાથે ભેલવો નહિ. આ નીઆએશમાં માહની જે સ્તુતી થઇ છે તે હસ્તીના માહનાં આસ્માન સારૂ છે. ત્યારે ઉપર દેખીતા માહ કોણ છે? આની સમજ સારૂ માહનો અર્થ જાણવો જોઇએ. કંપની કામને યા સંસ્થાને દોરવનાર, તેનું કામ બજાવનાર, તે કામને સરંજામે પુગાડનારને દય-દદવાઓ કહે છે, જેને માહ કહે છે. હસ્તી-નીસ્તીમાં ત્યારે જેટલી સંસ્થા છે તે બધાના દયઓ છે, તેમ વળી બધા યઝતોનાબી દય રહે છે. આ બધા હસ્તી-નીસ્તીમાંના દયઓને એક જાતનો સીધો સંબંધ છે તે ભુલવું નહિ, જે બધો દેખીતા આ માહમાં પ્રદર્શીત થયા કરે છે. હસ્તીનાં સાત અસ્મો છે, જેઓને ચલાવનાર રવીનું અસ્મ છે. આ સાત અસ્મોમાં જે છેલ્લું અસ્મ છે તે ઉપલા પાંચ અસ્મોનાં કામને સરંજામે પુગાડનાર છે તેને માટે તેને દયનું અસ્મ કહે છે. હસ્તીના ૭-૬-૫-૩ અને ૨-એ અસ્મોમાં યઝનો ખીશ્કારી કરીને નીસ્તીને ઉભી કરવાના બીયાંઓ=ચિથ્રો ઉભાં કરે છે. ત્યારે ચોથાં ખુરશેદનાં અસ્મની તકેદારીથી થયલાં ચિથ્રોને રવી સાતમાં માહનાં અસ્મને આપે છે, જે અસ્મ તે બધાંઓનો વહીવટ કરે છે. વહીવટ કરનારને દએ કહે છે, માટે સાતમાં અસ્મને દયનું અસ્મ કહે છે આ ચિથ્રોને દય જયારે નીસ્તી ઉભી કરવા અને ટેકવવા નીસ્તીનાં મુળ મીનો કરકોમાં મોકલે છે ત્યારે નીસ્તી થતી આવે છે અને ટકી રહે છે. નીસ્તીનાં ભુવનોમાં હસ્તીનાં આસ્માનોમાંનો રવી મહેરને નામે કામ કરે છે અને આ મહેરને તાબે નીસ્તીમાં કામ કરતા સૈયારાઓ રહે છે. આ બધા સૈયારાઓ મહેર સાથે મળીને નીસ્તી ઉપર કામ કરે છે, તેમાં તે તે સૈયારાઓના નાયબો નામે માહોબી હોય છેજ. આ બધાનું છેલ્લું કામ જે થઇ રહે છે તે છેલ્લાં કામના કરનાર દયને માહ કહે છે, જે ઉપર આપણુને દેખાઇ રહે છે. ત્યારે આ દેખીતા માહની ચાલને તે

બધા દયઓની સાથે માટે છેક હસ્તીનાં સાતમાં દયનાં અસ્મની સાથે સંબંધ છે. હસ્તીનાં દયનાં અસ્મનો રંગ આ દેખીતા દયના રંગ ઉપરથી ભાખી શકાય છે. દય પછી તે હસ્તીમાંના દયનાં અસ્મનો હોય કે બીજો કોઇબી દય હોય કે દેખીતો દય માહ હોય, તે બધાંનો વહિવટ કરવાને માટે જુદા જુદા ફેઝીઝ દેખાડવાના છે. આવા ફેઝીઝ આપણે દેખીતા માહ ઉપર થતા જોઇએ છીએ. તેવા ફેઝીઝ સામાન્ય રીતે બધા હસ્તી–નીસ્તી ઉપરના દએઓ કરી રહે છે. માહના જે બધા જાત જાતના ફેઝીઝ થાય છે, તેમાં ચિથ્રોને અસરોને ઉતારવાનો અર્થ હોય છે. માહનાં અસ્મમાંથી ચિથ્રો ઉતરે છે, જેની નીશાની દેખીતા માહના ફેઝીઝમાં થાય છે. ત્યારે જે ફેઝીઝ **'પઇતિ–દીતાઇ'** અને **'પઇતિ–દીતે'ના** ભેદમાં હોય છે, તેઓ ગવ--ચિથ્રો જે નીસ્તી–ગેતીને ટેકવનાર છે તેઓને ઉતારે છે. ત્યારે માહના બધા ફેઝીઝમાં એકજ જાતના ચિથ્રો ઉતરતા નથી. કદગી માહ નીઆએશની પાઝંદ નીરંગમાં કહે છે: **'માહ નોઇ ચુ માહ નવ'.** ત્યાં માહ નોઇ એટલે નવ માહોના ઇશારામાં માહના નવ ફેઝીઝનો ઇશારો છે. ત્યારે કહે છે કે માહના આ બધા નવે નવ આકારો, નવ ફેઝીઓ, દરેક 'માહે–નવ' છે એટલે નવા માહની માફકના છે એટલે જેમ નવો માહ જાત જાતની અસરો ઉતારે છે તેમ માહના તે નવે નવ ફેઝીઝ જાત જાતના રંગોવાળી અસરો ઉતારે છે. ત્યારે **'પઇતિ–દીતાઇ'** અને **'પઇતી દીતે'ના** ભેદના ફેઝીઝ કુદરતી રચના અને ટેકાવને સારૂ છે; અને બીજા ફેઝીઝ, રચનાના ભોગવટા માટે છે. રચનામાં નીસ્તીના ઝરેહો અને દખ્યૂઓ અને દખ્યૂઓના ભુવનો અને ભુવનો ઉપરના મરકઝો આવે છે, જેમાં ગેતી સમાઇ જાય છે, તેમ દરેકે દરેક મરકઝો ઉપરની અગણીત વસ્તીઓ આવે છે અને ઝરેહોમાંના અગણીત ચિથ્રો તેઓના ગરૂપો અને ગોઠવણીઓ અને તેઓમાંથી થતા જાતજાતના શરીરો અને તે શરીરોને બર–વકતે ઉતરવાની ગતીનો શુમાર તે બધું આવે છે. આ બધાંઓની ઉપર સઝા કે જઝાનો પાપ–પુન્યનો ભોગવટો જે ઉતરે છે તેની અસર ઉતારનાર તે બીજા ફેઝીઝ છે. આમ ત્યારે **'પઇતિ–દીતાઇ'** અને **'પઇતિ–દીતે'માં** જે ફેઝીઝ કહયા છે, તે ફેઝીઝ હસ્તીનાં અસ્મનો પ્રભાવ દેખાડે છે એટલે ચિથ્રોને ગવના કરીને નીચે ગેતીના ટેકાવ માટે ઉતારતી વખતની નીશાની દેખાડે છે, જે નીશાની ત્યારે દેખીતા ચાંદ ઉપરના અમુક ફેઝીઝથી ભાખી શકાય છે. હયાં માહ કુદરતમાં નીસ્તી–ગેતીને સારૂ કેવી મહાન ખીસ્કારી અહુરમઝદના ખાદેમ તરીકે કરી રહયા છે, અહુરમઝદની તાબેદારી ઉઠાવી રહે છે, તેનો ભેદી ચીતાર છે. કહે છે કે દાદારે સૃષ્ટી ઘડી ત્યારે સાત અમશાસ્પંદોના નાયબ તરીકે રવીને નેમ્યા, તેથી રવી સારૂ **'વીસ્પે હવર્–**

હુજમ્રૉષ'=[રવી તે બધા (સાતનો) ફરમાન ઉઠાવનાર છે] નામનું વાકય વાપરેલું છે. આ રવીના નાયબ તરીકે માહ છે. અહુરમઝદ યઝતો મારફતે નીસ્તીને ઉભા કરવા અને તેને ટેકવવા ચિથ્રો–બીયાંઓ ઉભા કરે છે. આ ચિથ્રો હસ્તીનાં અસ્મમાં થાય છે. રવી તે ચિથ્રોને સંઘરીને તેઓને એક જાતનાં વહાણુમાં બેસાડી તેઓને અહુરાના પ્લાન મુજબનો પહેરવેશ આપીને માહને આપે છે. માહ તે ચિથ્રોમાંથી ગવની ગતી એટલે તનોમંદ જીવતી હાલત થઇ શકે તેવી ગતીનાં ગવ–ચિથ્રો ઉગાડે છે અને ચોકસ વખતે તેઓને નીસ્તીના ઉસુલ દરયાવ મીનો કરકોમાં મોકલ્યા કરે છે, જેમાંથી હસ્તીની કુદરતે ઝરેહોને કીધા છે, જે ઝરેહોમાં તેજ હસ્તીની કુદરત પોતેજ નીસ્તી ઉભી કરવા માટેનાં જોર સાથે એટલે જુઝનો પ્રભાવ જામે તેવી ક્ષથ્ર સાથે ઉતરીને કામ કરી રહે છે. ઝરેહોમાંની ખીશ્કારીથી નીરતી થઇ હતી અને જેમાંથી નીરતી અને નીરતીનાં અગણીત મરકઝોમાંનાં દરેકે દરેક ચિથ્રોની વ્યકતી પોત પોતાને લગતી તનોમંદ હાલત ધારણુ કરીને થઇ રહે છે, ચાલીને ટકી રહે છે. માહ જ્યારે ચિથ્રોને ગવની ગતીનાં બનાવે છે અને નીચે ઉતારે છે, ત્યારે માહ નીસ્તી–ગેતી તરફ દેખતો–ફરેલો રહે છે અને તે ચિથ્રોને નીચે ઉતારતાં અમુક દેખાવ કરી રહે છે. માહનો તે વખતનો દેખાવ–ગેતી તરફનું તેનું ફરવું મુબારક રીતનું અને ચલકાટવાળું થાય છે. આમ માહ ખીશ્કારી કરે છે. માટે તેને ભણુનાર નમે છે અને ઇચ્છે છે કે પોતે ખુદબી એવી રીતે પોતાની ભલી કારદાનીથી ભલાઇના ચિથ્રો ગેતીમાં ઉતારે અને પોતે માહ જેવો **બખ્ત્યાર**=બક્ષનાર અને **બોખ્તાર**=તારનાર થઇ શકે. આમ છે માટે અહુરમઝદ–અમશાસ્પંદોને નેમાઝ કરીને માહને નેમાઝ કરે છે, અને પછી ગવ–ચિથ્રો કે જેઓ નીસ્તી–ગેતીને પોતા ઉપર ઉભા કરે છે તેઓની પ્રસંશા કરે છે, અને ઇચ્છે છે કે પોતે પોતામાં ગવની ગતી ઉભી કરીને પારકાંનાં નીવારણુ સારૂ ભાર ખમી શકે તેવો થાય, કે જેવી રીતે ગવ–ચિથ્રો આ ગેતી અને તેની ચીજોનો ભાર ખમી તેઓને જીવ આપી જીવડાવી ભોગવટો કરાવીને પાર પાડી રહે છે. પછી માહનાં ચિથ્રોને ગેતી ઉપર ઉતારવાની મુબારક ગતી અને દેખાવ કે જેને **'પઇતિ–દીતાઇ'** અને **'પઇતિ–દીતે'** કરીને ગણેલો છે, એટલે પ્રકાશીત થયલો અને પ્રકાશતો કહયો છે તેને નમે છે. માહ જગતને ઉભી કરીને ટેકવવા અને જગતની વ્યકતી જેબી હોય તેને ઉભી કરીને ટેકવવા રવીથી બીજો ભાવ ભજવે છે તેને હયાં યાદ કરે છે અને ભણુનાર પોતે તે માહનો નાયબ થઇને પોતેબી જગતને એમ ટેકવવા દુઆ કરે છે. ભણુનાર પોતે પોતાની મકદુર મુજબ માહની માફક વર્ત્તવાની

દુઆ-ગુઝારી કરે છે. માહના નવ ફેઝીઝ કે જેને પાઝંદ નીરંગમાં **'માહ-નોઇ'** કહયા છે તેઓમાંના-**'પઇતિ દીતે' 'પઇતિ દીતાઇ'**ના ભેદના ફેઝીઝ મુબારક ગણાયલા છે. આવો રંગ ભણનાર પોતે પોતાની મકદુર મુજબ ગેતીમાં જમાવી શકે એટલે પરદુખભંજનનું કામ કરી શકે એમ દુઆ-ગુઝારી કરે છે. પોતે પોતાની તરફ અને કોમ-શાહ-કુલ આલમ તરફ **'પઇતિ-દીતાઇ પઇતી-દીતે'**ની ભેદી વર્ત્તણુક કરે એવી દુઆ ગુઝારી કરે છે.

† (૨) **ક્ષ્નઑથ્ર અહુરહે મજ્દાઓ. તરોઇદીતે અંગ્રહે મઇન્યેઉશ; હુઇથ્યાવરૂશ્તાંમ્ હ્યત્ વસ્ના ફ્રૅરૂષૉતૅમૅમ. સ્તઑમિ અષૅમ; અષૅમ વૉહૂ ૩.**

**ફ્રવરાને**[૧] **મજ્દયસ્નો જરથુશત્રિશ**[૨] **વીદ્ઈવો**[૩] **અહુર-ત્કએષો** (જે ગેહ હોય તે પઢે). **ફ્રસસ્તયએચ.**

**માઓંઘ્રહે**[૧] **ગઑચિથ્રહે,**[૨] **ગેઉશચ**[૩] **અએવો**[૪]**-દાતયાઓ,**[૫] **ગેઉશચ**[૬] **પૉઉરૂ**[૭]**-સરૅદયાઓ,**[૮] **ક્ષ્નઑથ્ર**[૯] **યસ્નાઇચ વહ્માઇચ ક્ષ્નઑથ્રાઇચ ફ્રસસ્તયએચ. યથા અહૂ વઇર્યો જઑતા ફ્રા મે મ્રૂતે, અથા રતુશ અષાત્ચિત્ હચ ફ્રા અષવ વીદ્વાઓ મ્રઑતૂ.**

‡ (૩) **નૅમો અહુરાઇ મજ્દાઇ, નૅમો અમૅષએઇબ્યો સ્પૅન્તએઇબ્યો, નૅમો માઓંઘ્રહાઇ ગઑચિથ્રાઇ, નૅમો પઇતિ-દીતાઇ, નૅમો પઇતિ-દીતે.**

માહની,[૧] || (તે માંહેલાં) ગવ ચિથ્રની,[૨] || ખાસ રીતે[૪] || ઉભા થયલા[૫] || ગવની=ગાવ્યોદાદની,[૩] || પુણ[૬૭] || (ઉરૂ થયલી આગળ વધેલી) જાત[૮] (જીરમ એટલે બરજીસી જીરમ)ની || ગવની વ્યકિતઓની[૬] (ગોસ્પંદી વ્યકિત-ઓ)ની || સ્તુતીઓ[૯] (ખીશ્કારીઓ) || ની આરાધના કરવા માટે, ભકિત કરવા માટે, તેઓથી સબક શીખવા માટે મને મદદ મળો-અએ જોતી ઉસ્તાદ! **યથા**થી તે મને સમજાવે. તે આગળ વધતો વિદવાન **'અથા રતુશ'**થી મને સમજાવશેજ.

**(૪) કત્**[૧૨] **માઓ**[૧૩] **ઉક્ષ્યેઇતિ,**[૧૪] **કત્**[૧૫] **માઓ**[૧૬] **નૅરૅફ્સઇતિ?**[૧૭] **પન્ચ-દસ**[૧૮] **માઓ**[૧૯] **ઉક્ષ્યેઇતિ,**[૨૦] **પન્ચ-દસ**[૨૧] **માઓ**[૨૨] **નૅરૅફ્સઇતિ.**[૨૩] **યાઓ**[૨૪] **હે**[૨૫] **ઉક્ષ્યાંસ્તાતો,**[૨૬] **તાઓ**[૨૭] **નૅરૅફ્સાંસ્તાતો;**[૨૮]

---

† તરજુમા માટે જુઓ ઉપર પાને ૧૯૫ થી ૧૯૬ મે.

‡ તરજુમા માટે જુઓ ઉપર પાને ૨૫૩ મે

**તાઓ[29] નૅરૅફ્સાંસ્તાતો,[30] યાઓ[31] હે[32] ઉક્ષ્યાંસ્તાતસ્[33] ચિત્.[34] કે[35] યા[36] માઓ[37] ઉક્ષ્યેઇતિ[38] નૅરૅફ્સઇતિ[39] થ્વત્?[40]**

કેટલો[12] ‖ માહ[13] ‖ વધે છે?[14] ‖ (ગઓ-ચિથ્ર જીંદગી ઉભી કરનાર ચિથ્રોને આપવા જેટલો; વસ્તી જે ઉભી થઇ છે પછી તે વ્યકતી હોય યા શહેરો હોય તેઓની મુકિતની ગતી-વૃદ્ધિની ગતી આપવાને માટે તે વધે છે, આપણી તરફ દેખાવ આપે છે, આપણી તરફ ફરે છે). ‖ કેટલો[15] ‖ માહ[16] ‖ ઘટે છે?[17] ‖ (ચીજો જે ઉભી થઇ છે, પછી તે શહેરો હોય કે વ્યકતીઓ હોય, તેઓ ઉપર સુખ દુખના પ્રવાહો ઉતારવાને માટે, ભોગવટાઓના પ્રવાહો ઉતારવાને માટે તે તે વ્યકતીઓ યા શહેરોના તાલેના સૈયારાઓની સાથે મળીને પછી તે અસર ઉતારે છે. માટે તે માહ તે તે સૈયારા સાથે મળતો હોવાથી આપણી તરફ થોડો દેખાય છે એટલે ઘટે છે.) ‖ પંદર[18] (દહાડા એટલે ૧+૫=૬ એટલે છની શકિતનો અએદાદ જે અધીકાર દેખાડે છે તે અધીકાર પ્રમાણે) ‖ માહ[19] ‖ વધે છે[20] (ગઓ-ચિથ્ર વૃધ્ધીના આશીરવાદો ઉતારે છે); ‖ પંદર[21] (દહાડા એટલે ૧+૫=૬ એટલે છની કામ કરવાની શકિતનો અએદાદ જે અધીકાર દેખાડે છે તે અધીકાર પ્રમાણે) માહ[22] ‖ ઘટે છે[23] (બીજા સૈયારા સાથે જાતજાતના દ્રષ્ટી-સંબંધ મળવાના સંબંધો કરી ભોગવટાઓના પ્રવાહો રજેરજ ઉપર ઉતારે છે); ‖ તેના[25] (માહના) ‖ જેવા જેટલા[24] ‖ વધારાના[26] ‖ તેવા તેટલા[27] ‖ ઘટાડાના;[28] ‖ તેટલા[29] ‖ ઘટાડાના[30] ‖ કે જેટલા[31] ‖ તે માહના[32] ‖ વધારાના[33] ‖ વીગેરે.[34] ‖ (માહ જેમ હદ-ઇનસાફથી ગવ-ચિથ્ર આપીને મુકિત આપે છે-તેમ તેવીજ રીતે હદ-ઇનસાફથીજ માહ ભોગવટાઓના પ્રવાહો ઉતારી મરણ-જન્મના ફેરાઓમાં પાડે છે, જે આખરે મુકિતએ લઇ જશે; ઘટાડો જેમ થાય છે, ભોગવટાઓના પ્રવાહો જેમ પડે છે, તેમ આખરે મોક્ષના ગવ-ચિથ્રની બક્ષેશના પ્રવાહોબી પડશેજ. એમ થશે માટે ચંદ્રમા જેટલો પ્રકાશમાં વધતો દેખાય છે તેટલોજ ઘટતો દેખાય છે. આમ એક સરખા પ્રમાણમાં માહનું પ્રકાશવું અને નહિ પ્રકાશવું હસ્તીના દએનાં આસ્માનની ખીશ્કારી બતાવે છે, જે એક સરખું છે એટલે એઉની તરફ ઇન્સાફ પ્રમાણેનુંજ છે. ત્યારે દએનાં આસ્માનની આ ખીશ્કારી બીજાં અસ્મોના કહયાસરની એટલે દાદારના કહયાસરની છે, માટે તે બધું દાદારથીજ હદ-ઇનસાફથીજ-સૃષ્ટીની વૃધ્ધીને માટેજ છે, માટે આગળ કહે છે કે:) ‖ તારા સીવાય[40] ‖ કોણ[35] (છે કે) ‖ જેનાથી[36] ‖ માહ[37] ‖ વધે છે[38] ‖ અને ઘટે છે?[39] ‖

**(૫) માઍંધ્રહૅમ્[૧] ગઍાચિથ્રૅમ્[૨] અષ્વનૅમ્[૩] અષહે[૪] રતૂમ્[૫] યજમઇદે.[૬] તત્[૭] માઍંધ્રહૅમ્[૮] પઇતિ-વએનૅમ્,[૯] તત્[૧૦] માઍંધ્રહૅમ્[૧૧] પઇતિ-વીસૅમ,[૧૨] રઍાક્ષ્નૅમ્[૧૩] માઍંધ્રહૅમ્[૧૪] અઇવિ-વએનૅમ,[૧૫] રઍાક્ષ્નૅમ[૧૬] માઍંધ્રહૅમ[૧૭] અઇવિ-વીસૅમ,[૧૮] હિશ્તૅન્તિ[૧૯] અમૅષાઓ સ્પૅન્ત[૨૦] ખરૅનો[૨૧] દારયેઇન્તિ,[૨૨] હિશ્તૅન્તિ[૨૩] અમૅષાઓ સ્પૅન્ત[૨૪] ખરૅનો[૨૫] બક્ષૅન્તિ,[૨૬] જામ્[૨૭] પઇતિ[૨૮] અહુરદાતાંમ.[૨૯]**

અષોઇનો[૪] || સરદાર[૫] || ગઓ-ચિથ્ર=અનાસરના પાયારૂપના જીંદગી આપતા ચિથ્રો[૨] (નો રાખનાર) || માહને[૧] (મળવાની ત્રણુ રીતો ઉંચામાં ઉચી રીત ઉશ્તાનથી મળવાની-તેથી ઉતરતી મિથ્રથી મળવાની-તેથી ઉતરતી ભણતરથી થતા સ્તોતોથી મળવાની રીતોમાંની લાયકાત પ્રમાણેની કોઇબી યા ત્રણે ત્રણ રીતે તેની સાથે મળીને) || એકતાન થઇએ છીએ[૬] || તે[૭] (એટલે હસ્તીના દએનાં આસમાનથી તે જાત જાતના ઉપર સમજાવેલા દયઓમાંથી તે છેક દેખીતા માહ લગીનો ભેદ રાખતા) || માહને[૮] || પઇતિ=પતી=સાહેબ તરીકે એટલે પુર્ણ વીદવતા અને સત્તા રાખનારી ખુબીથી એટલે રૂવાનની રય એટલે અંતરજ્ઞાનની ચક્ષુ જે ખીલેલા કેહપર્માં પ્રદર્શીત થાય છે તેથી '**વએનૅમ્**' જોઉં છું.[૯] || (એટલેજ) તે[૧૦] || માહને[૧૧] || **પઇતિ=પતી**=ખરા અધીકારીની રીતે એટલે અંતરજ્ઞાનનાં શીક્ષણ પ્રમાણે કબુલું છું, અંતરજ્ઞાન અંતકરણમાં જામે છે માટે અંતકરણપુર્વક માહને તેના મરતબાનું માન આપવા કબુલું છું, તેનો હોકમ માથે ઉઠાવવા કબુલું છું, તેનો ખાદેમ થવા કબુલું છું.[૧૨] || (એવી રયની રીતે જોવાથીજ) રઓક્ષ્નની ગતીના એટલે અહુરા સાથે સંબંધ રાખતા અહુરાની રઓક્ષનો સીલસીલો રાખતા=નુરી ગતીના[૧૩] || માહને[૧૪] (દએઓનો સીલસીલો જે દેખીતા માહમાં ઉતરે છે તેને) || **અઇવિ**=આરપારથી બધેબધથી ઇન્સાફ મળે તેમ-ખરી ખુબીઓનો પુર્ણ ભેદ માપી શકાય તેમ ઉંડાણુથી આરપારથી જોઉં છું-તેની રજેરજ માપું છું[૧૫] (અને) || તે રઓક્ષનનો ભેદ રાખતા[૧૬] || માહને[૧૭] || ઇન્સાફથી માન્ય રાખું છું, બીજા આગળ તે માન્ય રાખવાની ખુબીનો ભેદ જાહેર કરૂં છું-તે બધું પુરવાર કરી શકું છું, એમ બીન-વસવસાથી ઉંડાણુના ભેદની રૂયે કબુલી કબુલાઉં છું.[૧૮] ||

હયાં '**વએનૅમ્**'=જોઉં છું, અને '**વીસૅમ્**'=કબુલું છું', શબ્દોની આગળ પહેલાં '**પઇતિ**' શબ્દ વાપરે છે. પછીથી '**અઇવિ**' શબ્દ વાપરે છે. '**પઇતિ**' શબ્દમાં 'પતી'-ખાં-પુર્વીણુ પંડીત-ઉસ્તાદ થવાનો એટલે

માનસીક ગતીના કરતાં વધુ રોશન ગતી, જેને ઉરવાનની રયની ગતી કહે છે, જે પુર્ણમાં પુર્ણ છે તેનો ભેદ છે, અને '**અઇવિ**' શબ્દમાં એવાં અંતરજ્ઞાનને જોરે તેની ભીત્તરે ભીત્તરનો ભેદ ભાખવાનો મઅની છે. '**પઇતિ**' શબ્દ અંતરજ્ઞાન 'રય' રૂવાનીક શકિતનો બહાર દેખાડે છે. '**અઇવિ**' શબ્દ આરપાર લગી પુગી જવું ભીત્તરમાં જવું તેનો અર્થ રાખે છે. આજે કેટલાકો બેઅદબીથી બોલે છે કે 'માહને નમવાનું શું કારણ છે; તેમી તેનો બંદો છે. બસ તે એક સાહેબનેજ નમવું.' કેટલાકો સમજાવે છે કે 'માહબી ખાકી પુતળું છે.' એમ જેઓ ફતવાઓને ચલાવે છે તેઓ માહને 'પઇતિ વીન' રયની આંખથી પુર્ણ રીતે જોઇ શકતા નથી માટેજ 'પઇતિ વીસ' પુર્ણ રીતે રૂવાનનાં જ્ઞાનથી થતા અંતરના હોકમથી તેને માન આપવું જોઇએ તેમ માની શકતા નથી. પણ ભણનાર કહે છે કે 'માહ'ને 'પઇતિ વીન' કમાલીઅતથી જોઇએ; એટલે રૂવાનની ચક્ષુ અંતરજ્ઞાન રયથી જોઇએ; એટલે ખાકી આંખ તો ઉપર ઉપરનું જોઇ શકે પણ રૂવાનની આંખ કે જે કેહર્પમાં જાહેર થાય છે તે તો ભુલ વગરનું જોઇ શકે એટલે જોવાની શકિતના માસ્તર થઇને નીહાળીએ તો માલમ પડશે કે તે તો 'રઓક્ષ્ન'નો છે એટલે નુરી છે એટલે અહુરમજદના નુરનો ભાગ છે. એટલે અહુરમઝદનો સીધો સંબંધ રાખે છે તેમ અહુરમઝદે આપેલો અધીકાર રાખે છે; માટેજ તેને કબુલવો એટલે તેની સ્તુતી કરવી એટલે તે જે કામ કરી રહે છે તેને માટે તેને મદદ આપવા તેની મદેહ નજર હેઠળ તેના હાથ હેઠળ રહેવું—તેને માન્ય રાખવો. જેમ કે એક પોલીસમેન ગમે તેવો અદના હશે પણ તે સરકારથી નેમેલો છે માટે ગમે તેવા મોટા ધનાધીપતીની ગાડી ઉભી રાખી શકે. ધનાધીપતી કંઇ તેના હોકમ ઉપરાંત જઇ શકે નહિ કેમકે તે ધનાધીપતી પોલીસને બરાબર જોઇ શકે છે માટે તેના હોકમને માની શકે છે. એમ જેઓ અંતરજ્ઞાન જે રયનું છે, જે રૂવાનનું છે, જે ઇનસાનના ખીલેલા ચષ્માના દસમાં ચષ્મમાં ચળકે છે તેને જેઓ રાખે છે તેઓ **પતી** જોવાની ખુબીવંત ગતી થયાથી માહને **રઑક્ષ્ન** ગતીનો એટલે અહુરા જેમ રઓક્ષ્ન ગતીના છે તેના સીલસીલાનો જોઇ શકવાથી તેને **અઇવિ-વીન** પુરેપુરી રીતે જોઇને એટલે કે તે અહુરાનો અધીકાર રાખે છે તે જોઇ શકે છે. એમ જોયાથી અધીકારની ગતીને સમજયાથી તેને 'અઇવિ-વીસ' પુર્ણ રીતે ભીત્તરે ભીત્તરમાં જોઇને અંતકરણથી કબુલે છે—અધીકારી છે એમ જાણીને કબુલે છે. ત્યારે પહેલે કહે છે કે '**પઇતિ વએનૅમ**'=અંતરજ્ઞાનથી જોઇને '**પઇતિ-વીસૅમ**' તે અંતરજ્ઞાન=અંતરના અવાજ માન્યતા જે પુર્ણ સાચી છે તે

પ્રમાણેજ હું કબુલુ છું. એટલે અંતકરણ કહે છે કે તેને કબુલ-કબુલ-વોજ જોઇએ માટે કબુલું છું અને તેથી હું તે માહને 'અઇવિ-ત્રએનેમ' તેના અનુએ અનુના ભેદ લગીમાં જોઇ શકું છું-તેનો અધીકાર જે અહુ-રાએ આપેલો છે તે જોઉં છું, તેની લાયકાતને જોઉં છું-સમજું છું અને 'અઇવિ વીસેમ' શું કામ કરવા તેને કબુલવો તેની સચ્ચાઇ જાહેર કરી શકું છું, પુરવાર કરી બીજાની ખાત્રી અપાવી શકું છું. 'પઇતિ' શબ્દ અંતરજ્ઞાનનો ભેદ અને તેથી 'પતી' થવાનો ભેદ બતાવે છે અને 'અઇવિ' શબ્દ તે જ્ઞાનથી પુર્ણ રીતે જોઇને માનીને માનવાની સત્યતા બતાવવાનો ભેદ રાખે છે.) ॥ (એવાં જ્ઞાનથી જોઇ શકાય છે કે) ॥ અમ-શાસ્પંદો અમર શકિતઓ[૨૦] ॥ (માહે ઉભા કીધેલા) પ્રતાપને[૨૧] (યઝતોએ છ આસ્માનોમાં ઉભા કીધેલા ચિથ્રોને રવી લઇને માહને આપે છે. માહ તેઓને ગવ-ચિથ્રના એટલે તનોમંદ સૃષ્ટીના પાયારૂપ થાય તેવા કરે છે. આવા થયલા ચિથ્રોને માહનો પ્રતાપ-ખોરેહ કહે છે તેને) ॥ ટકાવી રાખે છે, પોશણ આપે છે.[૨૨] ॥ અમશાસ્પંદો અમર શકિતઓ[૨૪] ॥ ઉભી થાય છે એટલે કામ કરવા સામેલગીરી આપે છે-કામ શરૂ કરે છે.[૨૩] (શું કરે છે) ॥ તે પ્રતાપને[૨૫] (માહથી થયલા તે ગવ-ચિથ્રને) ॥ અહુરદાતવાળી એટલે વૃધ્ધી કરાવવાના કાયદા પ્રમાણે ચાલતી[૨૬] ॥ ઝમીનની[૨૭] ॥ ઉપર-એતરાફમાં-ઇલ્લાકામાં[૨૮] ॥ પાંથરે છે, ઉતારે છે.[૨૯] ॥

## માહ નીઆએશ ભણવાનો ભેદ.

ઉપર ખુરશેદ ન્યાયશમાં જોયું કે છ આસ્માનો જે કંઇ કાર કરે છે તેને સાતમું દયનું અસ્મ બજાવે છે. યઝતોથી તે છ અસ્મો ફરે છે જેને ગરદુને-ગરદાન કહે છે. યઝતો ગરદુને-ગરદાન ચલાવે છે અને તેમાંથી થતા પાકમાં પોતાની અસર-રોશનીની ગતી જોડીને તે ચીથ્રોને ઉત્તમ ગતીના કરે છે, જેઓને અષ ચિથ્ર-વહ ચિથ્ર કહે છે, જેઓને ખરેનો કરીને ઓલખે છે. આમ ત્યારે આસ્માનોથી નીસ્તીને ઉભી કરનાર ટેકવનાર ચિથ્રો બાયાંઓ થાય છે; યઝતો તેઓને ઉભા કરે છે. આ ચીથ્રો સ્તોતરૂપના હોય છે તે નોંધવું, જેઓ અમર ગતીવાલા રહે છે. યઝતો પોતાની અસર-રોશ-નીથી તે ચિથ્રોમાં અષ અને વહની ગતી એટલે વ્યવસ્થાની અને પરદુખભંજનના -ગોરપંદી થવાની ગતી મુકે છે. પછી રવી પોતાના ખેંચવાના અધીકારથી (ઇત્તેસાલના પાવરથી) તેઓને ખેચીને તેઓને પોતાના વહાણુમાં મુકે છે, અને તેમાં વધુ કરામત મુકે છે. આ બધુ સ્તોતનું અમર ગતીનું છે. પછી રવી તેઓને પોતાના આપવાના નીચે મોકલવાના (ઇનફેસાલના પાવરથી) માહ માર-ફતે નીચે મોકલે છે, જે વખતે સીનો યઝતો તે સ્તોતના પાક કે જેને ખરેનો

કહે છે તેને લઇ નીચે પાંથરવામાં મદદ કરે છે. ભણુનાર કહે છે કે માહને **'પઇતિ વીનેમ'** રયની ગતીથી અંતરજ્ઞાનથી જોઉં છું એટલે પુર્ણ ગતીની અકકલને જોરે જોઉં છું, જેથી **'અઇવિ વીનેમ'** તે માહની ખરી ખુબીને પુગી વળુ છું, કે જે આ છે કે માહ આ બધા અમર ગતીના ચિથ્રો જેઓને મીનો ગતી નીચે પાંથરે છે તેઓને પોતાના ખેંચવાના ઇત્તેસાલના અધીકારથી પોતામાં લે છે અને તેઓને ગવ-ચિથ્રના કરે છે એટલે અમર ગતીમાંથી સંકોચાવીને હાડમંદ સૃષ્ટીને લાયકના કરે છે. એટલે તનોમંદ હાલત થઇ શકે તેવાં મુળના, તેવી જીવવાની ગતી જેને ગવ-ચિથ્ર કહે છે તેવા આકાશી તત્વના કરે છે. એમ માહ તે ચિથ્રોમાં=તે ખરેનોમાં તનો-મંદ હાલત થાય તેવી ગતી મુકીને પોતાના નીચે મોકલવાના પાવરથી નીચે મોકલે છે, કે જેમાં અમશાસ્પંદો એટલે યઝતી અમર ગતીઓ મદદ કરે છે. ત્યારે એકજ સરખું પણ જુદા જુદા મરતબાનું કામ ખુર તેમ માહ કરે છે; જે બેઉને શું સંબંધ છે તે ઉપર આપેલી સમજથી સમ-જાશે. રવીના નાયબ તરીકે માહબી તેવું પણ ઉપર કહેલા ફરકનું કામ કરે છે તે જોયું. એમ ત્યારે ખુર અને માહની નીઆએશનાં એક સરખાં ભેદી બયાનની સમજ જોઇ. ખુરબી **'ખરૅનો'**ને **'જાંમ પઇતિ અહુરદાતાંમ'** એટલે પ્રગતીકરણના આગળ વધવાના કાયદાને આધીન થયલી ઝામ-જમીન ઉપર પાંથરે છે તેમ માહબી પાંથરે છે. પણ બેઉ એક મેકને મદદ કરીને એટલે ખુર પાસેથી માહ લઇને નીચે મોકલે છે. રવીથી જે ખરેનો થાય છે તે તો અમર ગતીનું છે, પણ તેને ગેતીને બરનું કરવા માહ તેમાં ગવ-ચિથ્ર* મુકે છે એટલે હાડમંદ જગત તેમાંથી થાય એમ કરામત કરે છે. ત્યારે ઝામ ઉપર ચાર અનાસરોની હાડમંદ ગતી છે જેઓનો જન્મ આપનાર

---

* હીંદુ ફીલસુફીમાં ગવ-ચિથ્રને પાંચમો આકાશી તત્વ કહે છે. એટલે અનાસર શબ્દ તે પાંચમાં તત્વને લગાડેલો નથી. અનાસર તો ચારજ હોય પણ અનાસરને જન્મ આપનાર તત્વને ગવ-ચિથ્ર કહે છે. તત્વ એટલે તે સાહેબથી જે કંઇ જાહેર થયું છે તે; માટે તત્વ શબ્દ એવો છે કે તે નુરને કે ગવ-ચિથ્ર કે અનાસરને કોઇનેબી લાગે. પણ અનાસર શબ્દ એવો છે કે તે ચાર અના-સરનેજ લાગે, નુર કે ગવ-ચિથ્રને નહી લાગે. માટેજ ઇલ્મે-ક્નૂમમાં કહે છે કે અનાસર ચાર છે, જેની ઉપર ગવ-ચિથ્ર છે. પણ હીંદુ ફીલસુફી કહે છે કે તત્વ પાંચ છે. પાંચમો તત્વ આકાશ છે. આ વખતે હીંદુ ફીલસુફી એમ નથી કહેતી કે અનાસર પાંચ છે. ના, તે કહે છે કે અનાસરી તત્વ ચાર છે, જેની ઉપર આકાશી તત્વ છે. ત્યારે તત્વ શબ્દ કુલ્યાતી રીતે વપરાય છે અને અનાસર શબ્દ ખાસ ટુંકા હાડમંદ અર્થે વપરાય છે જેમાં **'નસ'** એટલે નાશ પામવાનો મુળ અર્થ છે તે નોંધવુ.

ગવ-ચિથ્રો છે. આ ગવ-ચિથ્રનું તત્ત્વ લગભગ નુરી ગતીનું છે છતાં બદલાય તેવું છે. આ ગવ-ચિથ્રના તત્વને અનાસર કહેતા નથી. આમ માહ રવીના નાયબ તરીકે સૃષ્ટીને ઉભી કરી ચલાવવાનું કામ કરે છે તેમાં ભણનારબી જોડાય છે. એમ ભણનારબી અહુરાની નોકરી કરી રહે છે. **ભણનાર પોતે રવી અને માહના હાથ નીચે રહીને જગતને ચલાવવાનો ફાળો પોતાની મકદુર પ્રમાણે આપે છે. આમ માહ નીઆએશ ભણ-વાનો ભેદ છે.** ત્યારે માહની રઓક્ષ્ન પોતે માહની અંદર રહીને અમર ગતીના અષચિથ્ર-વહચિથ્રોને ગવ-ચિથ્રોના એટલે હાડમંદ ગતી ઉભી કરી શકે તેવા બદલી શકે છે. પણ માહની રઓક્ષ્નની જયારે બહાર પડીને ગેતી ઉપર પડે ત્યારે કંઇ જુદુંજ કામ કરે છે તેને હવે પછી વર્ણવે છે. ત્યારે માહની ખીશ્કારી કેટલી છે તેને સાતમાં કરદામાં જણાવી છે, જેમાંની માહની અંદર થતી ખીશ્કારી ગવ-ચિથ્ર કરવાની છે તે જોઇ. પછી ૬ ઠ્ઠા કરદામાં બીજી ખીશ્કારી છે તેને જણાવી છે કે:-

**(૬) આઅત્ યત્[૧] માઓંઘ્રહહે[૨] રઑક્ષ્નિ[૩] તાપયેઇતિ,[૪] મિશ્તિ[૫] ઉર્વરનાંમ[૬] જઇરિ-ગઑનનાંમ[૭] જરમઑમ[૮] પઇતિ[૯] ઝૅમાદ[૧૦] ઉજુક્ષ્યેઇતિ.[૧૧] અન્તરૅ-માઓંઘ્રહાઓસ્ચ,[૧૨] પૅરૅનો-માઓંઘ્રહાઓસ્ચ,[૧૩] વીષપ્તથાઓસ્ચ.[૧૪] અન્તરૅ-માઓંઘ્રહૅમ[૧૫] અષવનૅમ[૧૬] અષહે[૧૭] રતૂમ[૧૮] યજમઇદે;[૧૯] પૅરૅનો-માઓંઘ્રહૅમ[૨૦] અષવનૅમ[૨૧] અષહે[૨૨] રતૂમ[૨૩] યજમઇદે;[૨૪] વીષપ્તથૅમ[૨૫] અષવ-નૅમ[૨૬] અષહે[૨૭] રતૂમ[૨૮] યજમઇદે.[૨૯]**

(૬) જયારે[૧] ‖ માહની[૨] ‖ રઓક્ષ્ની[૩] (નુરી ગતી, ખીશ્કારી કરતી શકિત) ‖ ગરગીને ઉત્પન્ન કરે છે[૪] ‖ ત્યારે હર હમેશ[૫] ‖ લીલા રંગની[૭] ‖ નબાતાત વનસ્પતીનું[૬] (ઉગવું) ‖ ધરતી[૧૦] ‖ માંથી[૯] ‖ વસંત રૂતુના વખતમાં[૮] ‖ બહાર પડે છે-ઉગે છે.[૧૧] ‖ (ઉપરના ગવ-ચિથ્રોને ઉભા કરીને નીચે ઉતારવા ઉપરાંતની માહની બીજી ખીશ્કારી વસંત રૂતુના બહારને ઉગાડવાની છે). ‖ અંતર માહના અમાસ બીજથી નોમ લગીના ચંદ્રના વધવાના દહાડાઓને,[૧૨] ‖ પેરેનો માહના દસમથી તે પુનમ લગીના ચંદ્રના વધવાના દહાડાઓને,[૧૩] ‖ વીષપ્તથ માહના પુનમ પછીથી તે અમાસ લગીના ચંદ્રના ઘટવાના દહાડાઓને[૧૪] ‖ (તે દહાડાઓમાં થતી માહની ખીશ્કારીઓ જે ભોગવટાને લગતી અને ચિથ્ર ઉતારવાને લગતી છે-જેમ કે અંતર માહના દીવસોમાં બચપણના નીરદોશપણા જેવા ચિથ્રોને ઉતારશે એટલે નીરદોશ પ્રજા-ચીજો થશે અને નીરદોશપણાનો ભોગવટો કરાવવાના પ્રવાહોને ઉતારશે. પેરેનો માહના દીવસોમાં ભરજુવાનીની ગતીના ચિથ્રોને

ઉતારશે;-ગેતી ઉપર પુષ્કળ ધમચકરી કરે-ચઢતી કળાએ જગ્ા મહેનત કરે તેવી ગતી થશે અને ભર જુવાનીની જવાબદારીને લગતા ભોગવટાઓના પ્રવાહોને ઉતારશે અને વીષ્પ્તથ માહના દીવસો ઘટતીના, બુઢાપણાના આખરની મતલબે લઇ જવાની ગતીના પ્રવાહો ઉતારશે અને બુઢ્ઢાપણાને લગતા ચિથ્રોની ગતી ઉતારશે. એટલે ઝવાલ=પડતી થાય અને પછી બુદ્ધિ વધતી જાય તેવી જાતનો નતીજો લાવશે; એવી બધી માહની ખીશ્કારીઓ અને તેના નતીજાને યાદ કરૂં છું. અને તે બધું બજાવનાર) ‖ અષો[16] ‖ અંતર માહ[15] ‖ જે અષોઇનો[17] ‖ સરદાર છે તેને[18] ‖ યાદ કરી તેની સાથે એકતાન થાઉં છું.[19] ‖ અષો[21] ‖ અષોઇનો[22] ‖ સરદાર[23] ‖ પેરેનો માહ સાથે[20] ‖ એકતાન થાઉં છું.[24] ‖ અષો[26] ‖ અષોઇનો[27] ‖ સરદાર[28] ‖ વીષ્પ્તથ માહ સાથે[25] ‖ એકતાન થાઉં છું.[29] ‖

## માહના ૩ દરજ્જાઓ બાબે ફનૂમીક શરેહ:

આમ માહની બીજી ખીશ્કારીને યાદ કરીને પોતેગી અન્તર માહની નીર્દોશ ગતી—પેરેનો માહની ભરજુવાનીની ગતી અને વીષ્પ્તથ માહની બુઢ્ઢાંપણાની દાનેશી આપવાની ગતીને મેળવીને બીજાને મેળવી આપવા આતુર બને છે. હસ્તીમાં તો નાનપણની નીરદોશ ગતી-ભરજુવાનીની હદ ઉપરાંતની ઉત્સાહી ગતી અને બુઢાપણાની ડહાપણ બતાવતી ગતીઓ, તેમ તે નાહનપણની-જુવાનીની અને બુઢ્ઢાંપણાની ત્રણે વયોનાં લક્ષણો હામોઇમાં રહીને ત્યાંની વ્યકતીની અમર હાલતમાં હમેશ લગી રહે છે એટલે ત્યાં ભરજુવાનીની ખુબસુરતી અને આકર્ષણની સાથેજ નીરદોષપણું અને ડહાપણ રહે છે. પણ ગેતીમાં તેમ નથી; ગેતીમાં નીરદોશપણાની-જુવાનીની અને બુઢ્ઢાંપણાની વયો છુટી છુટી રહે છે. માટે નીરદોશ વય સમજદારી વગરની-જુવાની દીવાની જેવી અને બુઢ્ઢાંપણાની નાસેપાસી ભરેલી થઇ જાય છે. પણ અશવનો પોતાની વયોની અંદર તે ત્રણે પ્રકારની ગતીઓને લાવી શકે છે. આ ત્રણ ભાગોને લગતા ચિથ્રો અને ભોગવટાઓ માહના ત્રણ પ્રકાર અન્તર માહ-પેરેન માહ અને વીષ્પ્તથ માહ પોત પોતાને વખતે ઉતારી રહે છે. ત્યારે ભણનારા માહની પાસેથી તે ત્રણ ગતીઓને માંગે છે કે જુવાનીમાં દીવાનાપણું આવે નહિ અને બુઢાપણાંમાં નાસીપાસી આવે નહિ, પણ ભરજુવાનીનાં આકર્ષણમાં બુઢાપણાનું પાકટપણું અને બચ્ચાંની નીખાલેસીની ગતી આવે માટે તે તે ખુબીઓને રાખીને વરસાવનાર તે ત્રણ માહના દરજ્જાને યાદ કરી તેની મદદ માંગે છે.

**(૭) યજાઇ[1] માઓંઘ્રહૅમ[2] ગઍાચિથ્રૅમ,[3] બઘૅમ,[4] રએવન્તૅમ,[5] ખરૅનંઘ્રઉહન્તૅમ,[6] અફ્રૂનંઘ્રઉહન્તૅમ,[7] તફ્રૂનંઘ્રઉહન્તૅમ,[8] વરૅચંઘ્રઉહન્તૅમ,[9] ક્ષતાવન્તૅમ,[10] ઇશ્તિવન્તૅમ,[11] યઍાક્ષ્તિ-**

**વન્તૅમ,[12] સઍાકવન્તૅમ,[13] જઇરિમ્યાવન્તૅમ,[14] વૅાહુવાન્તૅમ,[15] બઘ્રૅમ[16] બએષજૅમ.[17]**

(૭) ગવ-ચિથ્ર[3] (રાખનાર અને વરસાવનાર), || શકિત-યઝતી ગતી-વાળો,[4] || રયથી અંતરજ્ઞાનથી ભરપુર-સ્રષ્ટી વિષેનું કુલ જ્ઞાન રાખનાર, તેની આકેબતનો જાણનાર અને તેની માહેતી આપનાર,[5] || પ્રતાપ-ખોરેહ રાખ-નાર અને પાંથરનાર,[6] || જાત જાતના દીઠ અણદીઠ પાણીઓને રાખીને વરસાવનાર,[7] || જાત જાતની ગરમીઓના ભેદનો રાખનાર,[8] || ડહાપણ અને તેની ગતી જે અઇપિમાં જાહેર થઇ શકે તેઓનો રાખનાર અને બક્ષ-નાર,[9] || મદદ કરવાની ઉસ્તવારી-ટેકાવાલો-મદદે પુગનાર,[10] || પુર્ણ સંપતી-દરેક ગતી-ઇચ્છવા લાયક વૈભવનો રાખનાર અને આપનાર,[11] || શકિતઓ રાખનાર અને આપનાર,[12] || ફાયદાઓ રાખનાર અને આપનાર,[13] || લીલાશ-વનસ્પતી-વસંતના પ્રભાવથી ભરપુર,[14] || કુલ નેઆમત-ભલાઇ-પરમાર્થથી ભરપુર,[15] || ફાળો એટલે નસીબની ગતી એટલે રજેરજને લગતું બખ્ત રાખી રજેરજ ઉપર બરવકતે ઉતારનાર શકિત,[16] || દરોરતી આપનાર[17] || માહને[2] || યાદ કરી ઇજું છું, મેળાપ કરૂં છું.[1] || (હયાં નીસ્તી-ગેતીને જાતજાતની સંપતી આપનાર બક્ષેશ કરનાર અને એમ નેજાતે લઇ જનાર તરીકે માહને ચીતારેલો છે, જેને સારૂં પાઝંદમાં **બખત્યાર** =બક્ષેશ આપનાર અને **બોખ્તાર**=મુકિત આપનાર શબ્દો વાપરેલા છે. નીસ્તી-ગેતીને ઉભી થવાનો પાયો ગવ-ચિથ્ર રાખનાર અને જાત જાતના પોષણ આપનાર એમ નીસ્તી-ગેતીને તારણને કીનારે બોખ્તગીએ લઇ જનાર માહજ છે તેને ભણનાર યાદ કરીને તેની પાસેથી તે તે બધી સંપ-તીઓ માગે છે.)

**(૮) અહે[1] રય[2] ખરૅનંઘ્રહચ,[3] તૅમ[4] યજાઇ[5] સુરૂન્વત[6] યસ્ન,[7] માઓંઘ્રહૅમ[8] ગઍાચિથ્રૅમ.[9] જઍાથાબ્યો[10] માઓંઘ્રહૅમ[11] ગઍાચિથ્રૅમ[12] અષવનૅમ[13] અષહે[14] રતૂમ[15] યજમઇદે.[16]**

(૮) તેના[1] (આ ભણતર ભણ્યાથી રતોતો થઇને એક આકાર થયો છે જેમાં યઝતોની ખાસ કરીને માહની ગતી આવી ચઢી છે તેના) || અંતરજ્ઞાન[2] || ખોરેહ-પ્રકાશ-આશીરવાદ આપવાની ગતીને લીધે[3] || તે[4] || બાપદાદેથી ઉતરી આવેલી અને યઝતોને મળીને કુદરતનો ભેદ સંભલાવનારી શીખવનારી[6] || આ યસ્ન-નીઆએશનાં ભણતરથી[7] || માહને[8] || (અને તેની સાથે રહેલા) || ગઓ-ચિથ્રને[9] || ધ્યાનમાં લઇને એકતાન થાઉં છું.[5] || યઝતને પુગી શકાય એવી અર્પણ કરવા લાયકની ભલી મનશની કે માંથ્રની કે યસ્નની ગતી અથવા તે ગતીમાંથી થતી કેરદાર-કેહપ[8] ઉભી કરીને તેને

જોરે-કંઇ નહિ તો વીશ્વાસ રાખીને તેને જોરે[10] || અષો[13] || અષોઇના[14] || સરદાર[15] || માહ[11] || (અને તેની સાથે રહેલા) || ગઓ-ચિથ્રને[12] || યાદ કરીને એકતાન થાઉં છું.[16]

*હઑમ યો ગવ બરૅસ્મન, હિજવો-દંઘ્રહુંઘ્રહ, માથ્રચ, વચચ, શ્યઑથનચ, જઑથ્રાબ્યસ્ચ, અર્ષુખ્દએઇબ્યસ્ચ વાધ્રજિબ્યો.

†યેંઘ્રહે હાતાંમ્ આઅત્ યેસ્ને પઇતી વંઘ્રહો,
મજ્દાઓ અહુરો વએથા અષાત્ હચા,
યાઓંઘ્રહાંમ્ચા તાંસ્ચા તાઓસ્ચા યજમઇદે.

( બીસ્તા પઢે. ) અહુરમજ્દ ખોદાએ અવજૂનીએ મરૂદુમ, મરૂદુમ સર્દગાંન્ હમા સર્દગાંન્, હમબાયસ્તે વેહાંન્, ઑએમ્ બેહેદીન્ માજ્દયસ્નાંન્, આગહી આસ્તવાની નેકી રસાનદ્. અએદૂન બાદ્. ( કુશાદે પઢે. ) યથા અહૂ વઇરયો. ૨.

(૯) યસ્નૅમ્ચ[1] વહ્મૅમ્ચ[2] અઑજસ્ચ[3] જવરૅચ[4] આફ્રીનામિ,[5] માઓંઘ્રહહે[6] ગઑચિથ્રહે,[7] ગેઉશ્ચ[8] અએવો-દાતયાઓ,[9] ગેઉશ્ચ[10] પૅાઉરૂ-સરૅદયાઓ.[11] અષૅમ્ વૉહૂ ૩.

(૯) $ગવ-ચિથ્રના રાખનાર માહની,[7] || ખરી રીતે ખાસ કાયદે ઉભી થયલી[9] || ગવ નામે ગાવ્યોદાદની,[8] || પુખ્ત પુર્ણ અને વેરેન એટલે બરજીસી વર્ણ અને વેરેનને લગતી[11] || ગવ એટલે ભલી વ્યકતીઓની[10] || યસ્ન એટલે જોતી-રાથ્વીથી થતા ક્રીયાઓની,[1] || (તે બધાની) યસ્ત નીઆએસ્ન જેવી એકલા એકથી થતી ક્રીયાની,[2] || (તે બધાની) કુદરતી શકિત અને અધિકારની,[3] || (તે બધાની) આવી મળવાના સાધન-મુરાદે પુગવાના મુરાદ બર લાવવાના અધિકાર-આલાત તરીકે થવાના અધિકારની[4] || સ્તુતી કરૂં છું.[5] ||

---

* સમજ માટે જુઓ પાને ૨૨૩ મે.

† સમજ માટે જુઓ પાને ૪૫ થી ૫૧ મે.

$ **યસ્ન-વહ્મ-અઑજ-જવરૅ** શબ્દો કુદરતના મોટા અધિકારોની વીગત રજુ કરે છે. જે જે ચીજોને આ ચાર વ્યાખ્યાઓ આપેલી છે તે તે ચીજો કુદરતમાં કામ કરવાનો અધીકાર રાખતી હોવે તેઓને માન આપી તેઓને લગતા માંગ્રો ભણી તેઓના કામમાં મદદ આપવી તે માનવનું લક્ષણ નહિ પણ ફરજ ગણાય છે. માનવ ખુદબી જ્યારે અષવન થઇને તેઓની માફક કુદરતના અનુયાયી થાય ત્યારે તેબી

(ફુટનોટ માટે જુઓ પાને ૨૬૭ મે).

**(૧૦) દસ્ત[1] અમૅમ્[2] વૅરૅથ્રઘ્નૅમ્ચ,[3] દસ્ત[4] ગેઉશ્[5] ખ્રાથ્રો-નહીમ,[6] દસ્ત[7] નરાંમ્[8] પૅાઉરૂતાતૅમ્,[9] સ્તાહ્યનાંમ્[10] વ્યાખ્નનાંમ્,[11] વનતાંમ્[12] અવનૅમ્નનાંમ્[13] હુથ્ર-વનતાંમ્[14] હુમૅરૅથ્રે,[15] હુથ્ર-વનતાંમ્[16] દુશ્-મઇન્યુશ્,[17] સ્તેરપતાંમ્[18] ચિથ્ર[19] -અવંઘ્રહાંમ્.[20]**

**યજત[21] પૅાઉરૂ-ખ્રરૅનંઘ્રહ,[22] યજત[23] પૅાઉરૂ-બઍષજ,[24]**

---

(પાને ૨૬૬ મે થી ફુટનોટ ચાલુ).

તેવાજ માનને પાત્ર થવાનો અધીકાર દાદાર તરફથી મેળવે છે, જેમ કે અહિયાં ગાવ્યોદાદની ગવે તેમ પોઉરૂ સરેદની વ્યકતીઓએ તે અધીકાર મેળવેલા છે. જેમ રાજદરબારમાં રાજકારોબારની વ્યવસ્થાના નીયમોમાં ગવરનર જનરલ કે બીજા મોટા અધીકારીઓને ઘટતું નેમેલું માન આપવે ખુદ શહેનશાહ તરફની વફાદારી જાહેર કીધેલી લેખાય છે–અને જો તેમ નહિં કરવામાં આવે તો શહેનશાહ તરફના તીરસ્કાર માટે બન્ડ ઉઠાવેલું લેખાય છે, તેમ તેજ મીસાલ **'યસ્ન'**–**'વહુમ્'**–**'અઑાજ'**–**'જ્વૅ'** શબ્દોની વ્યાખ્યા જે જે ચીજોને આપેલી હોય તેઓ દાદાર તરફના 'રતુ'=ગવરનર જનરલ જેવા અધીકારીઓ ગણાય છે–તેઓની તરફ તે માન દેખાડવાનું છે કે જેથી દાદાર તરફની વફાદારી પુરવાર થઇ શકે, નહિ તો દાદારના હોકમનો ભંગ ઉભો થાય. એમ છે માટેજ આ બધા શબ્દોની પાછળ 'ચ' પ્રત્યય ખાસ અધીકારનો લગાડેલો છે. ત્યારે માહબખત્યારને તેના ચિથ્રોને નીસ્તીમાં પાંથરવાના કામમાં મદદ કરનાર હમકારોમાં **'ગેઉશ્ચ અએવો-દાતયાઓ'** અને **'ગેઉશ્ચ પૅાઉરૂ સરેદયાઓ'** છે માટે તેઓનેબી માહના જેવો અધીકાર મળેલો છે. **'અએવો-દાત'** ખાસ કાયદે ઉભી થયલી **'ગાવે-હુદાત-ગાવ્યોદાદ'** કે જે નીસ્તીને લગતા કુલ રૂવાનોની 'રય'ની ગતીનું કેહર્પ છે, જે ઇનસાનોની ઉપર તેમની નીસ્તીની જાતજાતની વ્યકતીઓની ઉપર ભલી ખેરદ આપ્યા ઉતાર્યા કરે છે–આ ખેરદ તેણી 'ચિથ્ર'ની અંદર મુકીને અને તે ચિથ્રનો ભોગવટો કરાવીને આપી રહે છે. **'પૅાઉરૂ-સરેદ'** એટલે બરજીસી ગતીએ પુગેલી 'ગવ'માં **'અષવન'** મર્દો અને **સમેત્યાતી** રૂવાનો (એટલે ખએત્વોદથી કરીને છેક હસ્તીના પોતાના ધર્મના બાપોને મળેલાં રૂવાનો જેઓને **'હાતાંમ્'** અને **'અંઘ્હુષાંમ્'**નાં રૂવાનો કહે છે તેઓ) આવી જાય છે જેઓ ગેતી અને નીસ્તી ઉપર અષ ચિથ્ર અને ગવ–ચિથ્રને ખેંચીને તેઓનો વરસાદ વરસાવ્યાજ કરે છે એટલે જેઓ ગેતીની ઉપર ભલા આશીશો નીરંતર ઉતાર્યાજ કરે છે, જેઓની ભેદી વિગત આવાં નિયાએશના **આ હાતાંમ્ચા**ના ફકરામાં આવેલી છે–જેઓની ફ્રશો–ગર્દ કરવાની વિગત આ **ફ્રશો-ગર્દ જુબીલી અંક**માં બીજે ઠેકાણે આપેલી છે. ત્યારે માહના આ હમકારો છે જેઓ ગેતીની ઉપર સત્યસંગની લેહ–ભલા આશીશો ઉતાર્યાજ કરે છે માટે તેઓના આતશની સાથે આપણા આતશને માહની નીયાએશ ભણીને જોડવે તેઓનાં તે કામોની સ્તુતી થયલી ગણાય છે અને વળી તેઓ મારફતે ઉતરી રહેલા સત્યસંગ અને આશીશો આવી મળે છે.

**ચિથ્ર[૨૫] વો[૨૬] બુયારૅશ[૨૭] મસાંનાઓ,[૨૮] ચિથ્ર[૨૯] વો[૩૦] જવનો-સવો,[૩૧] ચિથ્રૅમ[૩૨] બોઇત્[૩૩] યૂજૅમચિત્[૩૪] ખરૅનો,[૩૫] યજૅમ્નાઇ[૩૬] આપો[૩૭] દાયત.[૩૮] અષૅમ વૉહૂ ૧.**

(૧૦) પુણ્ય ગતીના, પુણ્ય સંપતીવાલા, ખોરેહ નીઆમતની ગતી-વાલા એટલે તેવા નીઆમતની ગતી રાખનાર અને વરસાવનાર,[૨૨] || પુણ્યતાની દરોરતી આપનારા ઉપાયોવાળા એટલે તેવા ઉપાયો રાખનારા અને બક્ષનારા[૨૪] || અએ યઝતો, તમો[૨૧] || હિમ્મત[૨] (સુખ-દુખ વગેરેમાં એક સરખી રીતે ચાલ-વાની હામ-દ્રઢતા) || ફત્તેહ[૩] (દવસોની ઉપરની ફીરોઝગારી) || આપો;[૧] || ગવની પરદુખભંજનવાળા ગોસ્પંદી સ્વભાવવાળી મતી-સંપતીનો[૫] || તુર તરફ લઇ જતો જોશ[૬] || આપો;[૪] || પુણ્ય ગતીના[૯] (ડહાપણની) પુણ્યતાવાલા, || મદદ કર-નાર,[૧૦] || અંજુમનમાં બેસી કાબુ રાખનાર,[૧૧] || પેશ આવનાર-કોઇબી સંજો-ગોમાં ફત્તેહમંદથી મારનાર,[૧૨] || બીકત સંજોગોમાં નહિ ડરનાર,[૧૩] || હમન-બદને[૧૫] || એકકે તડાકે પુગી વળનાર-મારનાર,[૧૪] || બુરૂ વિચારનારા દુશ્મનોની[૧૭] (દુશમનાઇને) || એકકે તડાકે ભાંગી નાખનાર,[૧૬] || હમેશગીની ખુશાળી આપ-નાર,[૧૮] || ખુલ્લી રીતે[૧૯] || મદદે આવનાર[૨૦] || (એવો) નર[૮] || તું આપ.[૭] || તમા-રેથી[૨૬] || મોટાઇ-રૂવાનમાં પોતાને લગતાં અંશોના આવવાથી બસીત થવાની મોટાઇની ગતીએ પુગવાની હાલત-રૂવાનની બસીત થવાની રયોમંદ થવાની હાલત[૨૮] || જાહેર રીતે[૨૫] || હોજો.[૨૭] || તમારેથી[૩૦] || યઝતી ગતીએ પુગીને યઝતને પોતામાં વસાવી શકવાનો જઓથ્ર આલાત થવાનો ફાયદો[૩૧] || જાહેર રીતે હોજો.[૨૯] || આપ=*પાણીઓને[૩૭] || ઇજનારને માટે[૩૬] (પાણીની ખુબી વધે-ભલાઇનો સીકકો ચાલે-પ્રગટીકરણનો ભેદ આગળ ચાલે તેવું કરનાર માટે) || તમો યઝતો[૩૪] || ખરચીતજ[૩૩] || ખોરેહ-યઝતી પ્રકાશ[૩૫] || આપશોજ.[૩૮] || અષૅમના સ્તોતોથી તે બધું આમીન થાઓ ! ||

**અહ્માઈ રએશચ; હજંઘરૅમ; જસ મે અવંઘહે મજ્દ; કૅરૂકૅરૂ મોઝ્દ.**

---

* (પાણીમાં બહોળો અર્થ સમાયો છે. રૂવાનના ગોહર અને તે ગોહરની ગતીનાં પાણીથી તે છેક ભલા નેઝાદી વહેતાં દેખીતાં પાણીનો અને સૃષ્ટીને પ્રગટી-કરણમાં આગળ ચલાવનાર ગતીનો, ભલાઇના સીકકાનું ચાલવાનો, આશીરવાદના પાડવાનો વગેરે અનેક અર્થ થાય છે)

**નોંધ:**—કદમી ભણવાની ચોપડીઓમાં આપેલા નીચલા પાઝંદ ફકરાઓ મનન કરવા લાયકના હોવે વધારા તરીકે અત્રે આપેલા છે:

---

**ફીરૂજ[૧] બાદ્[૨] માહુ[૩] ખોદા[૪] બુખ્તયાર્[૫] બખ્તયાર્[૬] રોશન્[૭] રોશન્[૮] દીદાર્[૯] રોશન્[૧૦] રોશન્[૧૧] કેર્દાર્[૧૨] ગોસ્પંદ્[૧૩] તુખમે[૧૪] ગાવ્[૧૫] સર્દે[૧૬] અશોએ[૧૭] ફીરૂજગર્.[૧૮]**

**દરૂન્[૧૯] ચુન્[૨૦] કોહી,[૨૧] ફ્રસસ્ત્[૨૨] ચુન્[૨૩] ચકાતી,[૨૪] માહુ નોએ[૨૫] ચુન્[૨૬] માહે નવી;[૨૭] ગાવ્[૨૮] સર્[૨૯] જર્રીન્[૩૦] સરવ્[૩૧] જર્રીન્[૩૨] સોમ્બ્[૩૩] સીમીન્;[૩૪] શીવ્[૩૫]—તલશ[૩૬] લાલ્[૩૭] વ ફીરૂજે[૩૮] વ મુરવારીદ્;[૩૯] હાજત્ હાજતે[૪૦] માન્[૪૧] રવા[૪૨] કુન્[૪૩] કામે[૪૪] દાની,[૪૫] મોરાદે[૪૬] આખેરત્,[૪૭] અષોઇએ[૪૮]રવાંની,[૪૯] મીનોએ[૫૦]દાદાનીઆ.[૫૧] હમસાએ[૫૨] વ હમ બુમ[૫૩] વ હમ બરે[૫૪] નીકાંન્[૫૫] વ વેહાંન્[૫૬] બીમ.[૫૭] દુર્[૫૮] અજ[૫૯] બદ્ગોએઆંન્[૬૦] વ આશમોઘાંન્[૬૧] બીમ.[૬૨] ચશ્મે[૬૩] હસૂદાંન્[૬૪] વ જબાને[૬૫] બદ્ગુએઆંન્[૬૬] વ દસ્તે[૬૭] જાલેમાંન્[૬૮] અજ[૬૯] બાલાએ[૭૦] સરે[૭૧] મા[૭૨] કોતેહ[૭૩] દારી.[૭૪] તો[૭૫] માહુ[૭૬] યજત્[૭૭] અમશાસ્પંદ્[૭૮] ફીરોજગર્.[૭૯] અષેમ વોહૂ ૧.**

માહ[૩] || (જેવણ) || ભોગવાવનાર[૪] (છે), || પાપમાંથી મુકિત અપાવનાર,[૫] || ભલી નેઆમત આપનાર, સખી વજુદ,[૬] || રોશનીથી ભરપુર ગતીની એટલે દાદાર લગી પુગાડે તેવી[૭ ૮] || જોવાની શકિત[૯] (રાખનાર અને અપાવનાર), || રોશનીથી ભરપુર ગતીથી એટલે દાદાર લગી પુગાડે તેવી[૧૦ ૧૧] || કરણી[૧૨] (કરાવી પાર પાડનાર), || ગોસ્પંદી પરદુખભંજનની તએવાળા[૧૩] || જુદી જુદી વર્ણ માટે[૧૬] (જોઇતા) || ગવની ગતીના—જીવ અપાવીને ભલી નસીહત આપીને ટેકવનાર[૧૫] || બીયાંઓ[૧૪] (નો રાખનાર), || અષોઇવાળા[૧૭] || ફત્તેહમંદ[૧૮] || (છે તેવણની) || જય—બોલબાલા—ફત્તેહ[૧] || થયા કરો.[૨] || તુ[૭૫] || માહ[૭૬] || યઝત[૭૭] || ફીરોજગરી ફત્તેહમંદીવાળો[૭૯] || અમશારપંદ એટલે અમર શકિત[૭૮] (મને નીચલી બક્ષેશો આપ:) || કોહ=પહાડ[૨૧] || જેટલો[૨૦] (મોટો) || દરૂન[૧૯] || (આપ; જેમ એક પહાડ પુરાનો જમાના લગીનો, ઘણો મોટો સખત રહે છે અને પોતાનાં પેટમાં જાતજાતની જુની ચીજોનો સંગ્રહ રાખનાર હોય છે, જેમાં ખરફસ્ત્રો રહે છે તેમ જેમાંથી પાણીબી પુરૂ પાડવામાં આવે છે, તેમ મારૂં રૂવાન સાથનું મારૂં તન મારી હુવીઅતની ગતીમાંથી ઉભું થયલું તન એક પહાડ મીસાલ છે, તે ઘણું જુનું બુરૂં તેમ વળી કંઇક ભલુંબી છે, જેમાં જુની બુરી તેમ ભલી કરણીઓનો વાસ્તો રહયો છે. એવી મારી જડ તનની હાલતને માટે પુરતી વજેનો તેને પુરો પડે તેવો 'દરૂન' કરી આપ. દરૂન એક આલાત છે કે જે ભલી નેઆમતોને હરતીમાંથી ખેંચી આપી શકે છે. મનેગી અએ

(કદમી પાઝંદ ફકરાનો તરજુમો પાને ૨૬૯ થી ચાલુ)

માહ, મારાં તનની બુરાઇને ઠેકાણે લાવે અને તે તનને તનપસીનનું બનાવે તેટલી પુરતી ભલી નેઆમત આપીને જોર બક્ષ, કે જેથી નેકી ઉભી કરીને બુરી તબઇ પ્રમાણેની જે શીક્ષા આવતી જાય તેને દ્રઢપણે ખમીને મારાં તેવાં જડ તનને મુકિત અપાવી શકું). ‖ પુલ ચેકાત[૨૪] ‖ જેવો[૨૩] ‖ ફર-સસ્તનો નાનો દરૂન[૨૨] (તે દરૂનમાંથી મળી શકતી નેઆમતો) ‖ (આપ, કે જેથી ચેકાત દાઇતીનો પુલ જે દાદારે ગેહાન તરફ પુગાડી શકે છે તેવી નેક બખ્તી હાંસલ કરૂં-તેવી ખેરદ મેળવીને નેકીનાં કામ કરૂં અને ચીન-વત પસાર કરી પાહલુમ અહવાન પસાર કરવાના દાદારે ગેહાન ઉપર ઉતરાવનાર પુલ ચકાત દાઇતી ઉપર પગ મુકું, ટુંકમાં તનાસકમાંથી છુટું.) ‖ માહ નોએ=નવમા ભાગનો માહ-માહનો ચોકસ ફેઝ[૨૫] ‖ માહે નવી=નવા ચાંદ-બીજના ચાંદ[૨૭] ‖ જેવો[૨૬] ‖ (થાય-ફલ્યા કરે; નવો ચાંદ એટલે જુની બુરી અસરથી જુદી માટે નવી ઉભી થવલી અસર આપે તેવો ચાંદનો ફેઝ જેમ કે બીજનો ચાંદ) (**'માહ નોએ'** એટલે નવમા ભાગનો માહ; એટલે માહના ફેઝીઝમાંનો એક ફેઝ;-'માહ નોએ'ને આસ્માન ઉપરથી ઉતરી રહેતી અસ-રોનો બજાવનાર કહયો છે. ઇનસાન ઉપર તેના તાલેની અસર જે કંઇ ઉતરી રહે છે તેના બજાવનાર, તે તાલેના સમન્સના પુગાડનાર બેલીફ તરીકે માનોએને ગણેલો છે. 'માહ નવી' તે નવો માહ-બીજનો માહ છે જેને સગ-ણુનો ગણેલો છે જે ભલી અસરોને પહોંચાડનાર તરીકે લેખાયો છે માટે કહે છે કે 'માહ નોએ'=માહનો નવમો ભાગ ફેઝ જે કંઇ અસરને પુગાડે તેને 'માહ નાવી'=બીજના ચાંદની ખાસીઅતની ભલી વજેની કરીને પછીજ ઉતારે: અહિંયા ત્યારે દુઆ ચાહી છે કે બુરી અસર હોય તેબી અફળ થાય. 'માહે નવ'ને બીજનો ચાંદ તરીકે લેવાય અથવા 'નવા માહ' તરીકે લેવાય જેમાં નવો શબ્દ ભલી અસરના આપનાર તરીકેનો લેવાય. એટલે જેબી માહનો ફેઝ મારી ઉપર તાલેની અસર પુગાડે તે ફેઝ નામે 'માહ નોએ' માહનો નવમો ભાગ મને 'નવી' અસરના આપનાર પહોંચાડનાર તરીકે થાય. એટલે દરેક ફેઝ જે મારી ઉપર રાતો દીન મારા તાલેની અસરને ઉતારનાર હોય તે ફેઝ તે દરેક વખતે નવો માહ થઇને તે અસરને મારી ઉપર પુગાડે. નવો માહ તે છે કે જે અસરમાંની બુરાઇ કે ભલાઇ ચખાડીને 'નવી-નતા'ની ખેરદ અપાવે, ફ્રશો-કેરેતી ઉભી થાય તેવું કામ કરવાની ખેરદ અપાવે. માહે-નવીમાં નવીનતા કરાવી અપાવવાનો એટલે ફ્રશો-કેરેતી જેવું વર્તન ઉભું કરાવી અપાવવાનો ભેદ રહયો છે. બીજના માહમાંબી નવીનતા કરાવી અપાવવાનો ગુણ છે, ખરી હોશ ઉગાડવાનો ગુણ છે.) ‖ (અએ માહ યઝત, મને) ‖ સુન્નાના[૩૦] ‖ માથાંવાળી[૨૯] ‖ સુન્નાના[૩૨] ‖ શીંગડા-

(કદમી પાઝંદ ફકરાનો તરજુમો પાને ૨૭૦ થી ચાલુ)

વાળી[31] ‖ રૂપ્પાની[34] ‖ નાળ એડીવાળી[33] ‖ ગાવ[28] (આપ). ‖ (ગાવમાં ગવની કુદરતની મુરાદ છે. જગતમાં જે કુદરત ચાલી રહે છે જેમાં સામ-સામીપણું છે તે કુદરતને 'ગવ' તરીકે ઓળખે છે. ગવની દુઇના ભેદની કુદરત જેમ બહાર છે તેમ આપણા શરીરમાં છે જેણી બુરાઇનો ભાર જેમ બને તેમ ખમીને શરીરને જીવતું રાખ્યા કરીને પશેમાની કરાવે છે, બુરા-ઇને શરમાવીને સુધારવા માંગે છે. અહિંયા કહે છે કે મારી અંદરની મારી તબે ગવની ખાસીઅતમાં પુર્ણ થાય કે જેથી મારૂં ભેજું—સર—મારો વિચાર પરદુખભંજનનો અને સીંગડા—મારો બચાવ—બુરાઇની સામે લડવાની મારી શકિત ઇનસાફી રહે—બુરાઇને મારીને ગવની કરી શકું એમ થાવ; તે ગાવની સુમ્બ નાળ રૂપાની થાય. સુમ્બથી ગોસપંદ પોતાની ટેકાવ રાખી શકે છે; સુમ્બને તેટલા માટે અદલ રીતે પોતાની ભલી કારો કસરતને ટેકવવાનો અર્થ આપેલો છે. રૂપ્પુ સ્વચ્છતા ઇનસાફની ગતી, discipline દુજ પરહેજ માટેની કવાએદ બતાવે છે. ત્યારે કહે છે મારામાં મારી તબે ગોસ્પંદી વજેની થાય અને તે તબે તરીકત ઉપર ઉશ્તવાર રહીને દુજ પરહેજ કરી હવસોને કાબુમાં રાખી રાદી રીતે વર્તન કરે, કોઇનેબી ગેરઇનસાફ નહિ કરે—આમ **'ગાવ'**માં ગોસ્પંદી તેવીશીનો ભેદ છે અને **'સર'**માં ખાકસારીના મોથ્રનો, **'સરવ'**માં હવસો સામેના બચાવનો અને **'સુમ્બ'**માં તરી-કતની પાયદારીથી દુજ પરહેજ કરી ગવની હાંસેલ્યતને ટેકવવાનો અને તેટલા માટે મહેર પતેત અને ઇનસાફના વર્તનનો ભેદ રહયો છે જે બધાંને તે ભણુનાર માંગી રહે છે). ‖ (અએ માહ યઝત) ‖ સદરો કુસ્તી[35] (પોતે) ‖ સુન્નુ[36] ‖ (કે) લાલ[37] (નામના કે) ‖ ફીરોઝે[38] (નામના) ‖ (કે) મુરવારીદ નામના[39] ‖ (ઝવા-હીરોને રાખે) ‖ (એટલે અહિંયાં દુઆ માંગે છે તેના સદરા કુસ્તીમાં અમલની શકિત રહે—અમલથી જુદી જુદી શકિતઓ અને તે પ્રમાણેનો અધીકાર મળે છે, જે શકિત અને અધીકારના મરતબાને સુન્નુ—લાલ—ફીરોઝા—મુરવા-રીદનાં અલંકારીક નામોથી ઓળખેલા છે. **સુન્ના**માં અવીઝેહ હીમની હાલત એટલે 'દીલ કુશાદ દીલ આઝાદ'ની પવિત્ર અંતકરણની દુજ રહિતની પત-માનના હવસોની હાલત અષોઇને મેળવવાની લાયકાતવાળી હાલત બતાવી છે. વોહુનની કયાસ ગવની સંપુર્ણતાએ પુગે તેવી થતી રહેતી હોય તેને એ શબ્દથી ઓળખે છે. **લાલ**નો અધીકાર અને અમલ અને તેના ધરાવ-નારની હાલત ઉતરતા પ્રકારની છે; દુન્યવી ઢોંગની ઉપર તે કદી ઉતરી પડે માટે તેની ઉપર તકેદારી રાખવામાં આવે છે. **ફીરોઝા**નો અમલ અને અધીકાર રાખનાર લાલનાં કરતાં ચઢતી વજેનો રહે છે જેમાં પાય-

(કદમી પાઝંદ ફકરાનો તરજુમો પાને ૨૭૧ થી ચાલુ)

દારી વધુ રહી છે, જેને પોતાની તરીકતની પાયદારી રાખવા માટે દુખબી ભોગવવું પડે–તે જરા કરડો રહેવે કદી મુનસફ મીજાઝ ખોહી દે છે, જો કે તુરતજ પોતાની ભુલ કબુલીને સામાને ઇનસાફ આપવામાં પાછળ પડતો નથી. **મુરવારીદ**નો અમલ અને અધીકાર ઉત્તમ છે, જો કે સુન્નાથી ઉતરતો છે, પરદુખભંજનનો છે. કોઇ એક ગાલ ઉપર તમાચો મારે તો બીજો ગાલ આપે તેવી તબેનો છે, જે સામા ખરફસ્તરને શરમાવીને સુધારી શકે. મુરવારીદ સ્પેન્ત આરમઇતી અને બહમનની વજેથી સુધારવાની ગતી રાખે છે–પણ જે કોઇ એમબી સુધારી શકતા નથી તેને તીલ સુન્નાની વજેનો અમલદાર ક્ષથ્ર વઇર્યથી રાદી ઇચ્છવાજોગ સત્તાથી મારીને અષવહિસ્તના અષને જોરે સુધારી શકે છે. આ બધા અમલનું જોર સુદરેહ અને કુસ્તીમાં રહે છે. જેમ જેમ ઇનસાન તરીકત ઉપર પાબન્દ રહે છે તેમ તેમ તેનો સુદરેહ ભલા સ્તોતોથી જીવતો અને તેની કુસ્તી હવસોને પકડવાની ગતીમાં ઉસ્તવાર સચેત રહે છે. અહિંયાં ત્યારે સુદરેહ કુસ્તીમાં અમલનું જોર આવે અને તેને લાયકાત પ્રમાણે કાંતો સુન્નાનો, કાંતો લાલનો, કાંતો મુરવારીદ (મોતી) નો, કાંતો ફીરોજાનો અમલ મળે, તેના ગજા પ્રમાણે કંઇબી મળે–બીલકુલ નહિ જેવુંબી મળે એટલે મેળવવાની ઉસ્તવારી સદા રહે એવી દુઆ માંગે છે). ‖ (અએ માહ) ‖ આટલી હમારી[૪૧] ‖ કમમાં કમ હાઝત[૪૦] ‖ દુન્યાની દુન્યવી[૪૫] ‖ મુરાદ[૪૪] (બર લાવવા), ‖ આખેરતની એટલે તનપશીન મેળવીને પાર પડાય તેવી હાજતવાળી[૪૭] ‖ મુરાદ[૪૬] (બર લાવવા), ‖ રૂવાનની[૪૯] ‖ અષોઇ વધારવા[૪૮] (ની મુરાદ બર લાવવા), ‖ (તેમજ) બે દુન્યા[૫૧] (વચ્ચે) ની ‖ મીનો હાલત[૫૦] (બર લાવવા એટલે દુન્યામાં જન્મીને મરણ વખતે અદ્રષ્ય આલમમાં જવાનો થ્વાષ ખદાતેના ફેરાને સફળ કરવા માટે) ‖ (છે તેઓને) ‖ પુરી ફળીબુદ[૪૨] ‖ કર.[૪૧] ‖ નેકીના કરનારાના[૫૫] (એટલે પરદુખભંજનના લોકોના) ‖ ભલા ગોસ્પંદી તેવીશીના પોતાને ભોગે સામાને ટેકવનાર લોકોના[૫૬] ‖ આશરા હેઠળ[૫૨] ‖ તેઓના શહેર વાસ્નામાં[૫૩] ‖ તેઓના વ્યવહારમાં[૫૪] ‖ રહીએ.[૫૭] ‖ બુરાઇ વમાસનાર જુઠ્ઠાઓ[૬૦] ‖ આશમોઘો દીનના ફરમાનનો નાશ કરનારાઓ.[૬૧] ‖ થી[૫૯] ‖ દૂર[૫૮] ‖ રહીએ.[૬૨] ‖ અદેખાઓની[૬૪] ‖ આંખ,[૬૩] ‖ બુરૂં ભાખનાર જડવાદીઓની[૬૬] ‖ જબાન,[૬૫] ‖ ઝાલેમની[૬૮] ‖ સત્તા[૬૭] ‖ હમારાં[૭૨] ‖ સર[૭૧] ‖ ઉપર[૭૦] ‖ કાપેલી કમ[૭૩] ‖ રાખે[૭૪] ‖ અષેમ ૧.

(કદમી પાઝંદ ફકરાનો તરજુમો અત્રે પુરો થાય છે.)

☞ [નોંધ: અહીં રોજ નેક નામવાળો અસલ ફકરો પઢવાનો છે તે માટે, તેમજ રોઝ-માહ સાથના વધુ વિસ્તારના કદમી કેતાબોમાં આપેલા વધુ મિશ્ર કરવા હોય, તો જુઓ ઉપર પાને ૨૨૭ મે થી ૨૩૩ પાના સુધી.]

---

(બીસ્તા પઢવું) **નમાજ દાદારે ગેહાંન્ દામાન્. (કુશાદે પઢવું) ક્ષનઑથ્ર અહુરહે મજદાઓ. નૅમો અહુરાઇ મજ્દાઇ, નૅમો અમૅષએઇબ્યો, સ્પૅન્તએઇબ્યો, નૅમો માઓંઘ્રહાઇ ગઑચિથ્રાઇ, નૅમો પઇતિ-દીતાઇ, નૅમો પઇતિ-દીતે; અષૅમ્ વૉહૂ ૧.**

(બીસ્તા પઢવું:) **વર્જે ખુરેહ અવઝાયાદ્ માહ્ બોખ્તાર્ માહ્ યજદ્ બેરસાદ્, અમાવંદ્ પીરોજગર્ અમાવંદી પીરોજગરી. દાદ્ દીન્ બેહ્ માજદયસ્નાંન્, આગહી રવાઇ વાફ્રીંગાંની બાદ્ હફ્ત કેશ્વર્ જમીન્; અએદૂન્ બાદ્. મન્ આનો આવાયદ્ શુદન્, મન્ આનો આવાયદ્ શુદન્, મન્ આનો આવાયદ્ શુદન્. અષઑને અષૅમ્ વૉહૂ ૧.**

☞ (દક્ષિણ દિશા તરફ મોહોડું કરીને પઢે.) (બીસ્તા પઢે) **દાદારે ગેહાંન્, દીને માજદયસ્ની, દાદે જરથુશ્તી. (કુશાદે પઢે) નૅમસ્-તે અષાઉમ્ સૅવિશ્તે અરૅદ્વિ સૂર અનાહિતે. અષઑને અષૅમ્ વૉહૂ ૧. નૅમો ઉર્વઇરે વંઘ્રઉહિ મજદદાતે. અષઑને અષૅમ્ વૉહૂ ૧. માઓંઘ્રહૅમ્ ગઑચિથ્રૅમ્ અષવનૅમ્ અષહે રતૂમ્ યજમઇદે. અષૅમ્ વૉહૂ ૧. (બીસ્તા પઢે) માહ્ બોખ્તાર્ માહ્ યજદ્ બેરસાદ્. અષૅમ્ વૉહૂ ૧.**

# અરદ્વી સૂર નીઆએશ.

☞ (એ નીઆએશ જો બની શકે તો દરરોજ ભણવી; નહી તો દર મહીનામાં સ્પેન્દારમદ, આવાં, દીન, અશીસ્વંઘ અને મારેસ્પંદ—એ પાંચ દહાડા ભણવાને તાકીદ કોધેલી છે. એ નીઆએશ **"આ હુતાંમ્ચ"**ના હા સાથેજ પઢવાનું અસલ ફરમાન છે; તે હા વગર એ નીઆએશ અધુરીજ ગણાય. તેટલા માટે આ કેતાબમાં **"આ હુતાંમ્ચ"**ના હા સાથની આખી નીઆએશ આપવામાં આવી છે. વળી એ નીઆએશ ફકત ત્રણ ગેહમાંજ—હાવન, રપીથ્વન યા બીજી હાવન, અને ઉઝીરનમાંજ પઢવાનો હુકમ છે: અઇવિસ્રૂથ્રેમ કે ઉશ્હીન ગેહમાં આવાં નીઆએશ યા યશ્ત પઢવાની આમ લોકને સખત મનાઇ છે.)

**(૧) ક્ષ્નઑથ્ર અહુરહે મજદાઓ. અષૅમ વૉહૂ ૧.**

(બીરતા પઢવું:) **પ નામે યજદાંન્ અહુરમજદ્ ખોદાએ અવજૂની, વર્જ ખુરેહ્ અવઝાયાદ્; આવાં અરદ્વી સૂર બાનુ બેરસાદ્.**

**અજ હમા ગુનાહ્ પતેત્ પશેમાનુમ; અજ હર્વસ્તીન્ દુશ્મત દુઝૂખ્ત દુઝ્વર્શ્ત, મેમ્ પ ગેતી મનીદ્, ઑઍમ્ ગોફ્ત, ઑઍમ્ કર્દ, ઑઍમ્ જસ્ત, ઑઍમ્ બૂન્ બૂદ્ એસ્તેદ્. અજ આંન્ ગુનાહ્ મનશ્ની ગવશ્ની કુનશ્ની, તની રવાની ગેતી મીનોઆની, ઑખે અવાખ્શ પશેમાન્ પ સે ગવશ્ની પ પતેત્ હોમ.**

(કુશાદે પઢવું:) **ક્ષ્નઑથ્ર અહુરહે મજદાઓ. તરોઇદીતે અંઘ્રહે મઇન્યેઉશ. હઇથ્યાવર્શ્તાંમ્ હ્યત્ વસ્ના ફૅરષોતૅમમ્. સ્તઑમિ અષૅમ; અષૅમ વૉહૂ ૩.**

**(૧) ફ્રવરાને[1] મજદયસ્નો[2] જરથુશ્ત્રિશ[3] વીદએવો[4] અહુરતકએષો[5]** (હાવન, રપીથ્વન યા બીજી હાવન, યા ઉઝીરન એ ત્રણમાંથી જે ગેહ હોય તે પઢે) **ફ્રસસ્તયએચ.**

**અપાંમ્[6] વંઘ્રઉહીનાંમ્[7] મજદદાતનાંમ્,[8] અરૅદુયાઓ[9] આપો[10] અનાહિતયાઓ[11] અષઑન્યાઓ,[12] વીસ્પનાંમ્ચ[13]**

**અપાંમ્[૧૪] મજદ્દદાતનાંમ્,[૧૫] વીસ્પનાંમ્ચ[૧૬] ઉર્વરનાંમ્[૧૭] મજદ્દદા-તનાંમ્,[૧૮] ક્ષ્નઑથ્ર[૧૯] યસ્નાઇચ[૨૦] વહ્માઇચ[૨૧] ક્ષ્નઑથ્રાઇચ[૨૨] ફ્રસસ્ત-યએચ;[૨૩] યથા[૨૪] અહૂ વઇરયો જઑતા[૨૫] ફ્રા મે[૨૬] બ્રૂતે,[૨૭] અથા રતૂશ્[૨૮] અષાત્ચિત્ હચ ફ્રા[૨૯] અષવ વીદ્વાઓ[૩૦] પ્રઑતૂ.[૩૧] યથા અહૂ વઇરયો ૧૦.**

(૧) માજદયસ્ની[૨] ‖ જરથોશ્તી તરીકે[૩] ‖ એતેકાદ લાવી દીન ઉપર બીગુમાન છું.[૧] ‖ ઘટતીના કાયદાથી નીરાળો,[૪] ‖ અહુરાના કાયદાવાળો[૫] ‖ (ગેહમાં કામ કરતી શકિતઓથી તોશીક માંગુ છું). ‖

(૨) ભલા ગોસ્પંદી તેવીશીવાળા,[૭] ‖ સૃષ્ટી-રચનાના મજદાના કાયદા પ્રમાણે ચાલતાં[૮] ‖ પાણીઓની[૬] (પાણીની માફક સડસડાત ચાલી રહેતી સૃષ્ટીના પ્રગતીકરણની), ‖ અષો[૧૨] ‖ અરદ્વી=બુલંદીએ લઇ જનાર[૯] ‖ હવસો ગલીચીથી મુકિત આપનાર યઝતના[૧૧] ‖પાણીઓ[૧૨] (વરસતા આશીર-વાદીક પાણીઓ જેઓ વૃદ્ધી કરાવતી સીલ-શાખ-રવઇ રાખે છે તેઓ)ની, ‖ બધાં જાત જાતનાં[૧૩] (સ્થુલ સુક્ષ્મ ગતીના) ‖ સૃષ્ટી-રચનાના મજદાના કાયદા પ્રમાણે ચાલતાં[૧૫] ‖ પાણીઓ[૧૪] (સૃષ્ટીના ગતીઓ) ની, ‖ બધાં જાતજાતનાં[૧૬] (સ્થુળ સુક્ષ્મ) ‖ સૃષ્ટી રચનાના કાયદા પ્રમાણે ચાલતાં[૧૮] ‖ ઉરવરો=ઝાડપાનો અને તેમાંની યઝતી ગતીની[૧૭] ‖ ખુશાળીની મારેફત થઇ[૧૯] (મારી મારફતે તેઓની ખુશાલી થાય એમ વર્તન કરી) ‖ યસ્ન કુદરતી ક્રીયા જે ઉપર કહેલી શકિતઓ સૃષ્ટીને માટે જોતી-રાથ્વીના સંબંધમાં રહીને કરે છે તેને માટે અને તેવી યસ્નમાં જોડાવા માટે,[૨૦] ‖ વહુમ-અહુરાની કીર્તી ગાઇ અહુરામાં મળી જ્ઞાની થઇને ઉપર કહેલી શકિતઓ સૃષ્ટી-રચના કરી રહે છે તેવી સૃષ્ટી-રચના કરાવતી કીર્તીને માટે અને તેવી કીર્તી નામ-સ્મરણમાં જોડાવાને માટે,[૨૧] ‖ ઉપર કહેલી શકિતઓની ખુશાળી થવા માટે,[૨૨] ‖ ઉપર કહેલા શકિતઓથી તોશીક લેવા માટે[૨૩] ‖ અએ જઓતા દોરવનાર ઉસ્તાદ,[૨૫] ‖ યથા અહૂ વઇર્યોની ખુબીથી[૨૪] ‖ આગળ વધવા માગતા મને[૨૬] ‖ શીખવશેજ.[૨૭] ‖ અષોઇમાં આગળ વધેલો[૨૯] ‖ તે વીદવાન[૩૦] ‖ (તે જોતીનો રાથ્વી) ‖ અથા રતુશ અષાત ચીતની ખુબીથી[૨૮] ‖ ખરેખરજ તે બધું જાહેર કરશેજ.[૩૧] ‖

☞ યથા ૧૦) ભણુતા મીશ્ર કરવા કે જેમ અરદ્વી કમાલીઅતને જોરે સૃષ્ટીમાં કામ કરી રહે છે તેમ હું ભણુનાર પોતાની જીંદગીને પુર્ણ રીતની હવસોથી નીરાળી કરી શકું.

**(૨) ફ્રઑાત્[1] અહુરો મજ્દાઓ[2] સ્પિતમાઇ[3] જરથુશ્ત્રાઈ,[4] યજએષ[5] મે[6] હીમ,[7] સ્પિતમ[8] જરથુશ્ત્ર,[9] યાંમ[10] અરૅદ્વીમ સૂરાંમ[11] અનાહિતાંમ[12] પૅરૅથૂ-ફ્રાકાંમ[13] બએષજયાંમ,[14] વીદ-એવાંમ[15] અહુરો-ત્કએષાંમ,[16] યેસન્યાંમ[17] અંઘ્ઉહે[18] અસ્તવઇતે,[19] વહ્મ્યાંમ[20] અંઘ્ઉહે[21] અસ્તવઇતે.[22] આદ્રૂ-ફ્રાદનાંમ[23] અષઑાનીમ,[24] વાંથ્વો-ફ્રાદનાંમ[25] અષઑાનીમ,[26] ગએથો-ફ્રાદનાંમ[27] અષઑાનીમ,[28] ક્ષ્એતો-ફ્રાદનાંમ[29] અષઑાનીમ,[30] જન્તુ-ફ્રાદનાંમ* અષઑાનીમ,[30] દંઘ્હુ-ફ્રાદનાંમ[31] અષઑાનીમ.[32]**

(૨) અહુરમજદાએ[2] ‖ સ્પીતમની કુનીઅતને† લગતા[3] ‖ જરથુશ્ત્રને[4] ‖ કહ્યું કે[1] ‖ અએ સ્પીતમ[8] ‖ જરથુસ્ત્ર,[9] ‖ મારી[6] ‖ અરદ્વી[11] (ની શકિત છે જે બુલંદીએ લઇ જવા માટે) ‘સૂર’=ભયંકર હથીઆર અહીરીમન સામે ફેંકતી રહે છે અને દ્રુજના હોમલાને રદ કરતી રહે છે. (અને એમ જેણી) ‖ આહીતી-ગલીચી-હવસો-દ્રુજી ગતીથી મુકિત આપી

* ઘણી અસલી કેતાબોમાં આ વાકય હજીબી મળે છે; હાલની કેતાબોમાંથી તે નીકલી ગયું છે. એ **‘જન્તુ-ફ્રાદો’** પાણીના પાંચ ફ્રાદો (યાને પાણીની અંદર રહેલી વીજળીક શક્તિઓ)નો સરદાર હોવાથી તેને આ કેતાબમાં ઉપલાં વાકયમાં લેવામાં આવ્યો છે.

† મોટા અષવનો ગેતીમાં મહાભારત કારો કરી શકે છે. ખાલી દુન્યાના કે કોમના કે દેશના માલેક-હકુમતદાર થવામાં ગોટાઈ રહી નથી. પણ આવા અષવનો પોતાની અષોઇને જોરે કુદરતમાં મોટી સંસ્થા-મહાલો ઉભા કરે છે, જેમાંથી જાત જાતની નેઆમત ગેતીની ઉપર વરસી શકે છે. આવી ઉભી કીધેલી સંસ્થામાં ગતી હોય છે, જેનાં માપને સારૂ અવસ્તામાં **અસ્પાંમ-ગવાંમ-અનુમયનાંમ** એટલે આટલા અસ્પ-ગવ કે અનુમયના મેંઢાની ગતીનું માપ એમ શબ્દો આવેલા છે. એવા ઘણા નરોએ સંસ્થા ખોલી હતી, જેઓનાં નામો આવાં યશ્તમાં છે. આ બધી અણદીઠ સંસ્થાઓનાં જાતજાતનાં નામો હોય છે. જરથુશ્ત્રના પરમ દાદાએ **‘સ્પીતમ’** નામની સંસ્થા ખોલી હતી, જેમાંથી જાતજાતના આશીરવાદોને આજેબી ઉતારી શકાય. આવી અણદીઠ સંસ્થા કે જેને ગુબારખી કહે છે તેને ‘કુનીઅત’ને નામેબી ઓળખે છે. નામ ગ્રવણમાં જે મોટા નરોનાં-પાદશાહ પહેલવાનો આબેદો સાલેકો વીગેરેનાં નામો દેવાનો હોકમ છે તેના કારણોમાંનું એક કારણ એ છે કે તેઓમાંના દરેકે આવી સંસ્થા કુનીઅતો ઉભી કીધી છે જેઓમાંથી તે તે નરોને યાદ કરવે ભલી દુઆઓ તે ગુજરેલાં કે જીવતાં માટે ઉતરી શકે છે.)

શકે છે તેવી અરદ્વી સૂર અનાહીતને[12] ‖ જે[10] (એટલે તેણીના§ પાણીનો ભેદ) ‖ બહોળી વહેતી રહે છે તેને[13] ‖ (બહોળી રીતે એટલે બધેબધ વહેનાર એટલે બહોળી સૃષ્ટીની ઉપર વહી રહીને ચલાવનાર–રજેરજનાં શરીરના આપમાંની ગતી તરીકે રહેનાર–સૃષ્ટીની ખુણે ખુણેની વ્યકતીઓમાં અને કુલ સૃષ્ટીમાં આપ તરીકે વહેનાર), ‖ દરોરતી આપનાર[14] (વ્યકતીને જીવતી રાખવા જોઇતા આપ તરીકે કામ કરનાર), ‖ ભુલાવાથી, દએવના છેતરામણથી, ઘટતીથી નીરાળી એટલે વ્યવસ્થીક અસરે–રોશનીવાળી,[15] ‖ અહુરાના હોકમ દાત=કાયદા મુજબ કામ કરનાર[16] (વૃદ્ધીને આખરેબી લાવી આપનાર છે, તે) ‖ ને તું મળીને એકતાન થા, તું ઇજ, તું સ્તુતી ગાઇને મળ, એટલે તે અરદ્વી અને તેણીના આપ જેવાં ભલાં છે, તેની ગતી મેળવીને દુન્યાને અપાવ.[5] ‖ (આ અરદ્વી અને તેણીના જડ સુક્ષ્મ અને અલંકારીક પાણીઓ) ‖ હાડમંદ[19] ‖ ગેતીને માટે[18] ‖ એકતાન થવા લાયકના,[17] (માટે કીયામાં કામે લાગે તેવા) ‖ હાડમંદ[22] ‖ સૃષ્ટીમાં[21] ‖ વહમ=સ્તુતીને લાયકના એટલે મદદે બોલાવવા લાયકના,[20] ‖ ( પોતામાંની ખાસ્ત્રીક ગતીઓ જેઓને ક્રાદો કહે છે) તે ક્રાદોમાંના‡ આદુ ક્રાદોની[23] ‖ અષો ગતીના,[24] ‖ વાંથ્વો ક્રાદોની[25] ‖ અષો ગતીના,[26] ‖ ગએથો ક્રાદોની[27] ‖ અષો ગતીના,[28]

§ અરદ્વીનો ભેદ એટલે અરદ્વીનાં પાણીઓ શું છે ? હયાં પાણીને **ગોહર** તરીકે એટલે નુરી ચલકાતથી તે ગેતીના ઉત્તમ વહેતાં પાણીમાં રહેલા ગુણો લગીનો બહોળો અર્થ સમાવેલો છે, જેમાં ત્યારે તે ગોહર, નુરી તત્વ અને તે પાણીઓ અને બેઉની વચમાંની જાતજાતની હાલતોના ગુણો–ખાસીઅતોનો ભેદ રહયો છે, જેમાં શકિત–અધીકાર–ચાલુ સીકકો–સૃષ્ટીનું ચાલવું–પાકીઝગી–ક્રાદોની ગતી વીગેરેના અર્થો સમાઇ જાય છે. શરીરમાં કે રજેરજમાં સમાયલાં પાણીમાં તે સુક્ષ્મ આબી ગોહરની ગતીઓ મંદ યા ચલીત છે તોજ તે રજ આખરે મુકિતએ પુગી શકશે.

‡ પાણીમાં સીરફ હાઇડ્રોજન અને ઓકસીજન છે એમ માનવું નહિ. પાણીમાં વરાળની ગતીઓ છે તેમ ક્રાદો એટલે ખાસ્તરો electricity છે તેમ મગનાતીસ એટલે magnetism ખેંચાણની ગતી છે. વળી આની પુર્વે પાણીમાં **બાતેન આબ** છે, જેને આબે–સુક્ષ્મ અથવા આબે–અવ્વલ કહે છે, જે અણદીઠ છે. વળી આ આબે–અવ્વલની અંદર રવાએ–મુફરદ નામની ગતી છે, જે ગતી પોતે ગોહરે–મુફરદ નામની ગતીથી પાણીમાં ટકી શકે છે. આમ પાણીમાં અજાયબ ગતીઓ છે. વહેતાં પાણીમાં તે બધી કંઇક સચેત છે. મોટી મોટી નદીઓમાં તેઓનું રાજ ચાલે છે માટે તેઓને પવીત્ર Sacred ગણી છે. પાણીના ક્રાદોની મોટી વીગત છે જે માટે જુઓ આ લખનારની **નીકીએ-વેહદીન** ભાગ ૨, પાનાં ૪૭૭ થી ૪૮૩.

પએતો ક્રાદોની[29] ‖ અષો ગતીના,[30] ‖ દંધહુ ક્રાદોની[31] ‖ અષો ગતીના,[32] ‖ (તે પાણીઓ છે, એટલે સૃષ્ટીની રજેરજના બંધારણમાંના આપમાં-સૃષ્ટીના સ્થુલ-સુક્ષ્મ **આપમાં** બધે બધ જે જીવડાવવાની ગતી છે, તે **અરદ્વીની** ગતીને લીધે છે. એમ અરદ્વીના આપને તું ઝરથુસ્ત્ર વખાણ, મેલાપ કરી બીજાને કરાવ). ‖

## અરદ્વી સૂર શું ખાલી દુન્યાની એક નદીનું નામ છે? અરદ્વી અને તેનાં 'આપ'નો ક્નૂમથી ખોલાયલો ભેદ.

આ અરદ્વી સૂરને સીરફ ગેતીમાંજ નદી તરીકે શોધવાની નથી. ભલેને કદીમ ઇરાનમાં કોઇ નદીને તે નામ આપ્યું હોય તે વાત જુદી છે. પણ હયાં તો **આવાં** યઝતની એક શકિત નામે **'અરદ્વી'** છે, જેણી આંઠમાં અનગ્ર રઓચાઓનાં અસ્મમાં જે આપ છે, ગોહર છે, તે આપ-ગોહર જે હસ્તી-નીસ્તીમાં જાતજાતની રીતે બદલાઇને જડ પાણી તરીકે ગેતીમાં દેખાવ દે છે, જેમાં તે બધા સુક્ષ્મ આપના ગુણો છે, તે આપના સીલસીલાને છેક ગેતી લગી અરદ્વી દોરવે છે તેણીની વાત છે. હસ્તીનું આપ અનગ્ર રઓચાઓમાં નુરી તત્વ નામે **ગોહર** તરીકે છે, જે યઝતો અને હસ્તીની સુક્ષ્મતા અને શકિત દેખાડે છે. આવા આપના આશીરવાદને અહુરા હસ્તીમાં ઉતારીને **'અપાંમ નપાત'**માં એકઠું કરે છે. **'અપાંમ નપાત'**માં તે આપ અનાસરની ગતીને ઉભા કરે તેવું થાય છે. પછી ગેતી ઉપર **'આબે-રવા'** તરીકે આવે છે. આ બધા જાતજાતના **'આપ'**ને અલંકારીક ૧૦૦૧ નાળાંમાં વહેંચાયલા કહયાં છે, એટલે કુલ રૂવાનોને દોરવીને મુકતિ આપનાર કરીકે કહયાં છે. આવાં બધાં આપને દોરવનાર **'અરદ્વી'** છે. વહેતાં પાણીમાં અરદ્વીનાં ૧૦૦૧ નાળાંમાંના એક નાળાંની ગતી આવવે તે પાણી પાક અને જન્તુઓને મારે તેવું નેઝાદી થઇ રહે છે. અહુરા પોતાનો આશીરવાદ આપ તરીકે ઉતારીને એક અણુદીઠ હસ્તીનું મરકઝ, કે જેમાં દએવીક ગતીની સૃષ્ટી એટલે ખાગીભરેલી સૃષ્ટીને પાછી અહુરમઝદ તરફ દોરવવાનો ગુણ છે તેવાં મરકઝ નામે **'અપાંમ નપાત'**માં એકઠો કરે છે. અરદ્વી તે આપને દોરવીને આ **'અપાંમ નપાત'** કે જે **'અઉર્વંત અસ્પ'** તરીક છે, એટલે **અનાસરોને** ઉભા કરીને ઉરૂ કરાવી શકે છે,-મોક્ષે પુગાડી શકે છે, તે **'અપાંમ નપાત'**માં ઉતારે છે. હયાંથી તે આપ મીનો કરકોમાં એટલે અહુરાના મીનો આતશની ગતી જે નીસ્તીની કુલ જગતને ઘેરે છે તેવા મોટા ઘેરાવામાં, જે ઘેરાવો હસ્તીથી નોખા થયલા નીસ્તીના નાશવંત જગતને ઘેરી રહે છે, તેવા અહુરાના આતશની ગતીના ઘેરાવામાં પડે છે. મીનો કરકોમાં **'હરવેસ્પ તોખ્મ'**નું ઝાડ છે, એટલે ગેતી-નીસ્તીમાં જેટલી બધી વરતી અવ્વલથી

આખેર લગીમાં થવાની છે, તેવી બધી કુલે કુલ વસ્તીનાં જે જે તોખ્મો થવાના છે, તે બધાંનો **સંગ્રહ છે** એટલે ગવ-ચિથ્રો છે. આ ચિથ્રોને અપાંમ નપાતનું પાણી મળે છે, જેથી જુદા જુદા ચિથ્રોથી જે જે વ્યકતી થવાની છે, તેઓના ગુણદોશો ઉભા થાય તેવાં તન થઇ શકશે. માટે અલંકારમાં કહે છે કે હરવેસ્પ તોખ્મના ઝાડ આગળ આ **અરૂદ્વિ** વહીને નીચે ઉતરે છે. આમ ત્યારે **અરૂદ્વી**નો ઉંડો ભેદ છે, જેને ગેતીમાં વહેતી એક નદી તરીકે જોઇને દ્રષ્ટીને સંકોચીત કરીને હસવા જેવું કરવામાં કંઇ ફાયદો નથી. આજના સાહેબો ભલેને મીનોઇમાં નહિ માનતા હોય, તેથી કંઇ અવસ્તાના સાહેબો નહિ માનતા હતા એમ ધારીને, **અરૂદ્વી**ને આ દુન્યાની નાની નદી તરીકે લેવામાં કંઇ અભ્યાસ સમાતો નથી. **આપણાં લોકો હજુબી વાજબીની રાહે દરેક નદી-દરયાવ-નાળાં કે જેઓ વહી રહે છે, તેઓને આવાં અરૂદ્વી સૂરને નામે ઓલખે છે;** કેમકે **અહુરાના** આપ-આશીરવાદો, જે ૧૦૦૧ નાળાંના ભેદમાં **અરૂદ્વી**થી દોરવાઇ રહે છે, તેઓની કંઇક ગતી વહેતાં પાણીમાં ઉતરે છે માટે તે વહેતાં પાણીમાં મુકિત આપવાનો સફાઇ-શુધ્ધતા-અષોઇ અપાવવાના ગુણો છે. આમ અરદ્વીને વહેતાં પાણી સાથે સંબંધ હોવાથી તે વહેતાં પાણીને **'અરૂદ્વી'** કહે છે, જેમાં ન્યુસન્સ કરવાનો મોટો ગુનાહ વાજબીની રાહે ગણાયો છે. **ત્યારે કુલ નાશવંત જગતની ઉપર પડતા અહુરાના આશીરવાદને અરૂદ્વીનાં પાણી કહે છે; અને જે શકિત અહુરાના તે આશીરવાદોને નીચે ઉતારે છે, તેને અરૂદ્વી** કહે છે. આ આશીરવાદ કુલ જગત જે '૧૦' અને '૦૧' આવા આંકડાના ભેદમાં છે એટલે ૧૦૦૧ના ભેદમાં છે તેને તેરવશે.

**(૩) યા[૧] વીસ્પનાંમ[૨] અરૂષ્નાંમ[૩] ક્ષુદ્રાઓ[૪] યઑઝ્દદાઇતિ.[૫] યા[૬] વીસ્પનાંમ[૭] હાઇરિષિનાંમ[૮] ઝાંથાઇ[૯] ગરેવાંન[૧૦] યઑઝ્દદાઇતિ.[૧૧] યા[૧૨] વીસ્પયાઓ[૧૩] હાઇરિષીશ[૧૪] હુઝામિતો[૧૫] દદાઇતિ.[૧૬] યા[૧૭] વીસ્પનાંમ[૧૮] હાઇરિષિનાંમ[૧૯] દાઇતીમ[૨૦] રથ્વીમ[૨૧] પએમ[૨૨] અવ-અરઇતિ.[૨૩]**

(૩) જે[૧] (અરદ્વીનાં આવાં પાણીઓ) ‖ કુલ દરેકે દરેક[૨] ‖ માણસ*

* ઇનસાન સારૂ અવસ્તામાં નર-મષ્ય એવા શબ્દો છે, જેઓના ખાસ ગુણો છે. 'મષ્ય' તે સાધારણ ઇનસાન છે અને 'અર્ષ' સાચ્ચો ખોદા-પરસ્ત ઈનસાન છે. હયાં કહે છે કે દરેક માણસ જે એક દીવસ સાચ્ચો થશે તેની મની અરદ્વીથી શુધ્ધ થશે. ઇનસાન **જયારે સચ્ચાઈએ ચઢે છે, ત્યારે તેનો તત્વ કહેતાં શોશર-મની કે જેમાં તેના વિચારોનું ધામ છે, તે શોશર ઉપર અરૂદ્વીનો ઈલાકો આવે છે.**

કે જે સાચ્ચો થવા સરજાયો છે તેની[3] ‖ મનીને[4] ‖ શકિત આપે છે, એટલે નજીસાતમાં જાનની પવીત્રાઇ સમાવીને ફરઝંદ ઉભું થાય તેમ કરે છે, અને તે નજીસાતને સુક્ષ્મ કરતી જાય છે;[5] ‖ જે[6] (અરદ્વીનાં પાણીઓ) ‖ બધી કુલે કુલ[7] ‖ જણનારીઓના[8] ‖ જન્મ આપવા માટેના[9] ‖ ગર્ભ-સ્થાનના અંગોને[10] ‖ શકિત આપે છે એટલે નજીસાતમાં પોષણ મુકીને ખાસીઅતનાં પોષણ મુજબ ફરઝંદ ઉભુ કરે છે અને નજીસાતને સુક્ષ્મ કરી ખાસીઅતને ઉંચ કરે છે;[11] ‖ જે[12] (અરદ્વીનાં પાણીઓ) ‖ બધી દરેકે દરેક[13] ‖ જણનારીઓને[14] ‖ જન્મ આપવાનું જોર[15] ‖ આપે છે;[16] ‖ જે[17] (પાણીઓ) ‖ બધી દરેકે દરેક[18] ‖ જણનારીઓને[19] ‖ કુદરતના કાયદાસરનું કુદરતી[20] ‖ વખતસરનું મોકકાને લગતું જોઇતું[21] ‖ દુધ[22] ‖ છલાછલ રીતે આપે છે.[23] ‖ (એટલે તે જણનારીઓનાં શરીરમાંનાં આપમાં અરદ્વી સૂરની આપેલી શકિતઓ છે, જેથી શરીરમાં જણવાની–દુધ આપવાની અને પોત પોતાની ખાસીઅતનાં ફરઝંદને પેદા કરવાની, વધુ ઉત્તમ ખાસીઅતનાં ફરઝંદને ઉભા કરવાની ક્રીયાઓ વગર ભુલે થયા કરે છે. એમ અરદ્વીનું આપ સૃષ્ટીમાં સૃષ્ટીની રજેરજનાં બંધારણમાં છે, તોજ સૃષ્ટી સરળ રીતે ચાલી શકે છે અને લાયકાત પ્રમાણે મોક્ષે પુગી રહે છે. પણ અરદ્વીનું આપ સીરફ આ ગેતીની સૃષ્ટીની અંદરજ કાર કરે છે એમ નથી, પણ ગેતીની ઉપરની અને આસપાસની કુલ નીસ્તી અને ખુદ હસ્તી-માંગ્ગી કામ કરે છે, કેમકે આપની ગતી જે સુક્ષ્મ છે તેને **'ગોહર'** કહે છે, જેને અવસ્તામાં **'ખાથ્ર'** કહે છે જે **અનથ્ર રઓચાઓ**થી શરૂ થાય છે. માટે **'આપ'** બધે બધજ છે. એમ ત્યારે ગતીની ઘણે દુર લગીમાં **આપ**નું કાર–ઉપયોગીતા છે માટે કહે છે કે :)

**(૪) મસિતાંમ[1] દૂરાત્[2] ફ્રસૂતાંમ;[3] યા[4] અસ્તિ[5] અવ-વઇતિ[6] મસો,[7] યથ[8] વીસ્પાઓ[9] ઇમાઓ[10] આપો,[11] યાઓ[12] ઝૅમા[13] પઇતિ[14] ફ્રતચન્તિ,[15] યા[16] અમવઇતિ[17] ફ્રતચઇતિ,[18] હુકઇ-ર્યાત્[19] હચ[20] બરૅજંઘ્રહત્,[21] અવિ[22] જરયો[23] વૉઉરૂ–કર્ષંમ.[24]**

(૪) તે બધેબધ પંથરાયલી અરદ્વીને,[1] (જે) ‖ દુર લગી[2] (એટલે હસ્તી–નીસ્તી લગીમાં પંથરાઇ છે તેને, જે) ‖ ફાયદાકારક આશીરવાદીક ગતી આપનારી[3] (હસ્તી–નીસ્તી માટે અવબ્યની થઇ પડી છે તેને યાદ કરૂં છું.) ‖ જેણી[4] ‖ તેટલી બધી[6] ‖ મોટી ફેલાયલી[7] ‖ છે[5] ‖ કે જેટલાં[8] ‖ બધાં જાતજાતનાં[9] ‖ આ[10] ‖ પાણીઓ[11] (સ્થુળ તેમ સુક્ષ્મ વજે યાને બંધારણના) ‖ જેઓ[12] ‖ ઝમીન[13] ‖ ઉપર અને આસપાસ બધેબધ[14] ‖

ઉપર હસ્તીમાંથી ઉતરી આવીને જમીનને અડીને ફરી રહે છે,[૧૫] (તેટલી બધી એટલે હસ્તી-નીસ્તીના લંબાણુ લગી તેણી પંથરાઈ છે, એટલે બધાં જાતજાતનાં સ્થુળ-સુક્ષ્મ પાણીઓ જડ પાણી તરીકે અને અણુદીઠ આપ-ખાસ્તર-ગોહર તરીકે હસ્તીમાંથી વહી નીસ્તીમાં ઉતરે છે, તેટલાં બધાં હસ્તી-નીસ્તીના વીસ્તારમાં અરદ્વવી ફરી વળી છે, એટલે ટુંકમાં હસ્તી-નીસ્તી બેઉને ચલાવનાર-ગતીમાં મુકનાર અરદ્વવીનાં આ 'આપ' છે) ‖ જેણી[૧૬] ‖ હિમ્મત રાખતી અને આપતી[૧૭] ‖ હુકઇરય નામના[૧૯] ‖ (આઠમાં અસ્મ નામે અનગ્ર રઓચાઓનાં) બુરૂજ[૨૧] ‖ માંથી નીકળી[૨૦] ‖ ફ્રતચઇતિ=નીચે[૧૮] અને દુર (એટલે હસ્તીથી તે નીચેનાં ભુવનોને) અડતી અડતી બધેબધ જામતી, જામી રહેતી અને કામ કરી રહેતી વહી રહે છે; ‖ વોઉરૂ-કશ[૨૪] ‖ દરયા[૨૩] ‖ (માં જે ઝમીનની એટલે નીસ્તીની આસપાસ ફરી વળેલો છે તે) તરફ[૨૨] ‖ વહે છે[૧૮] (વહીને તે દરયામાં પડે છે મળી જાય છે) ‖ (એટલે અનગ્ર રઓચાઓનું અસ્મ કે જેમાં ઝરવાને અકરનેની ગતી છે, જેમાં અહુરા મલી ગયા છે એમ ગાથા ૩૧-૭ માં કહયું છે, ત્યાંના એક બેરેઝ એટલે 'બુરૂઝ' એટલે ઉંચ ગતીની ઉંચાઇમાંથી અરદ્વીનાં આપ-આશીરવાદો અહુરા મોકલે છે. અરદ્વી તેઓને દોરવે છે. તેઓ ત્યાંથી નીકળી હસ્તીનાં આસ્માનોને અડી તેઓને ગતી આપી-આપતી નીસ્તીમાં વહી નીસ્તીને-ગેતીને તેઓના રજેરજને અડી ફાયદો આપીને પછી નીસ્તી-ગેતીના મુળ ઘેરાવામાં એટલે મુળમાં એટલે વોઉરૂ-કષમાં જઇ ચઢે છે એટલે કુલ હસ્તી-નીસ્તીના 'ફેબ્રીક fabric માં જઇ તેઓને ચલાવવા, ભોગવટો ભોગવવા અને મુકિતએ પુગવા પોતાનો હિસ્સો આપે છે). ‖

**(૫) યઑાર્જન્તિ[૧] વીસ્પે[૨] કરનો[૩] જરયા[૪] વૉઉરૂ-કષયા[૫] આ[૬] વીસ્પો[૭] મઇદ્યો[૮] યઑાજઇતિ.[૯] યત્ હીશ અવિ[૧૦] ફ્રત-ચઇતિ,[૧૧] યત્ હીશ અવિ[૧૨] ફ્રઝગરઇતિ,[૧૩] અરૅદ્વિ સૂરૅ[૧૪] અના-હિત.[૧૫] યેંઘ્રહે[૧૬] હજંઘ્રૅમ[૧૭] વઇશ્યનાંમ,[૧૮] હજંઘ્રૅમ[૧૯] અપ-ઘજારનાંમ.[૨૦] કસચિત્ચ[૨૧] અએષાંમ[૨૨] વઈશ્યનાંમ,[૨૩] કસચિત્ચ[૨૪] અએષાંમ[૨૫] અપઘજારનાંમ,[૨૬] ચથ્વરૅસતૅમ[૨૭] અયરૅ-બરનાંમ[૨૮] હુવસ્પાઇ[૨૯] નઇરે[૩૦] બરૅમ્નાઇ.[૩૧]**

**( ૫ )** બધા[૨] (એટલે તે અરદ્વીની ઉપર કહેલી લંબાઇએ પસરી રહેલા) ‖ (જાતજાતના સુક્ષ્મ-સ્થુળ પાણીઓના દોરાનો એટલે) કીના-રાઓ[૩] (એટલે હસ્તીમાંથી વહી હસ્તીમાં તેમ નીસ્તીમાં કીનારો કરતાં અર-

દ્દીનાં પાણીઓ) || વોઉરૂ-કષના[5] || દરયાને[4] (એટલે વોઉરૂ-કષનો દરીયો કે જેની અંદર નીરતી દોરાઇ છે, એટલે કે જે નીસ્તી—ગેતીની રજેરજનાં ચિથ્રોનો ઘેરાવો છે, નીસ્તી-ગેતીનાં તમાગીઅતનો ઘેરાવો છે, તે ઘેરાવાને) || મળે છે,-તેની સાથે જોડાય છે.[6] || તે બધું[7] (એટલે અરદ્દીના તે ઝીના-રાઓ-એટલે ઉપરથી વહીને હસ્તી-નીસ્તીમાં બધેબધ અને ગેતીમાં ઝીના-રાઓ કરતી અરદ્દીની વહેવાની ગતીઓ એટલે મોક્ષ તરફ લઇ જનારી ગતીઓ એટલે પાણીઓ) || મધ્યને[8] (વોઉરૂ-કષનું મધ્ય-રાહે રાસ્તી દેખાડતી પત-માનની ગતીને) || સાથે[9] || મળે છે-જોડાય છે[9] (એટલે અરદ્દી નીસ્તી-ગેતીના રજેરજના ટેકાવનું મુળ સાધન છે. વોઉરૂ-કષનાં મધ્યને **'આપ'** મળે છે. એટલે વોઉરૂ-કષનાં મધ્યને પતમાનની શકિતને=વોઉરૂ-કષની હદ+ઇનસાફ પ્રમાણેની ત્રાજવાંની માફક કામ કરતી એટલે જેટલી જોઇએ તેમ નીસ્તી-ગેતીની રજેરજને કાઢવાની વોઉરૂ-કષની શકિતને તે **'આપ'** ટકવો જોર આપે છે, કે જેથી વોઉરૂ-કષ નીસ્તી-ગેતીની રજેરજને કાઢે છે અને તે બધાંને પુગો પડી વળે છે; એટલે **વૅાઉરૂ-કષ દરયો કે જે ઝમીન અને ઝમાનની મોટામાં મોટી ગતી-ઘેરાવો છે, યાને ઝમીન વ ઝમાનની તમામીઅત છે, જેની બહાર ઝમીન કે ઝમાન નથી,-ઝમીન વ ઝમાન પહેલ-વહેલાં વૅાઉરૂ-કષમાંથીજ થાય છે,-તેવા વૅાઉરૂ-કષની બહાર અને તેવા વૅાઉરૂ-કષને ચલાવનાર દોરવનાર આ અરૂદ્દ્વી સૂર અને તેણીનું 'આપ'** છે. માટે કહે છે કે તે બધાં અરદ્દીનાં પાણીઓનો ભેદ વોઉરૂ-કષના દરયાના મધ્ય ભાગ સાથે જોડાય છે). || **'યત્ હીશએ'**=જયાંગી અરદ્દી તે દરયાને **'અવિ'**=ઘેરતી[10] || ઉપરથી નીચે ઉતરી રહે છે, જગી-નને અડી રહે છે,[11] || **'યત્ હીશ્'**=ત્યાંથી **'અવી'**=બધેબધ[12] (તે અરદ્દી તે દરયાને, તે વોઉરૂ-કષની શકિતને, તેની રજેરજને પુગવાની ગતીને) || આગળ ચલાવે છે,[13] (ટકવો આપીને કામમાં પુર્ત્તીણુ કરે છે, એટલે ઉપર કહયું છે તેમ તે વોઉરૂ-કષ રજેરજને અરદ્દીનાં પાણીથી ઉભા કરી ટેકવીને અગળ ચલાવે છે); || જેના[16] (તે અરદ્દીના) || હઝાર[17] || વરો-તલેરમાતીક વહેતાં કામ કરતાં કેહર્પો-અણદીઠ નાળાંઓ-અસર રોશનીના પ્રવાહોનો જમુઅ-સાદી ભાષામાં નદીઓમાંની હઝાર નદીઓ[18] (ચાલી રહે છે); || હઝાર[19] || ઉભરાતી ગતીઓ એટલે પેલા વરોની ખીશ્કારીની ગતીઓ જે તે વરોમાંથી ઉભરાઇને ઘાટ લે છે તેઓ, એટલે સાદી ઝબાનમાં નદીનાં નાનાં નાળામાંના હઝાર નાળાંઓ[20] (હોય છે) || તે[22] || વરો-માંના[23] || કોઇબી વરને, કેહર્પને, નદીને,[21] || (તેમજ) તે[25] || વરની ઉભરા-તની ગતી એટલે વરથી થતી ખીશ્કારીના કેરદારરૂપ કેહર્પોમાંના એટલે નદી-

માંના નાળાંઓમાંના[૨૬] || કોઇબી એક કેરદારરૂપ કેહર્પને એટલે નદીનાં નાળાંને[૨૪] (પુગવા–મળવા–પસાર કરવા) || (એટલે અરદ્વીની હઝાર શકિતઓ-માંની એકને તેમજ તે શકિતઓની જીવતી કેરદારરૂપ હઝાર કારદાનીમાંની કોઇબી એક કારદાનીને–કેરદારને કે જેઓને નદી અને નાળાં તરીકે સાધારણ રીતે લે તો કોઇબી એક નદી અને નદીઓમાંના કોઇબી એક નાળાંને પુગવા ૪૦ દીન–રાત્રીઓ જોઇએ, જેને માટે કહે છે કે) || તેઝ ગતીને, તેઝ ઘોડારૂપ ગતીને[૨૯] || રાખતા–તાબે રાખતા–સ્વારી કરતા[૩૧] || નરને[૩૦] (એટલે તેઝ ગતીથી અમલનાં કેહર્પને ચલાવતા નરને એટલે પુર્ણ અષોઇના અમલદારને) || (અષોઇની તેઝ કામ કરવા ઉસ્તવાર ઘોડા જેવી ઝડપી ગતીને શરીરમાં કામ કરતી રાખનાર અષવન નરને, સાધારણ ઇબારતના તેઝ ઘોડા ઉપર સ્વારી કરનારને) || **અયર**=દીન–રાત્રોના ચોવીસ કલાકોને[૨૮] || '**બર**'=પકડી રાખવાના=૨૪ કલાક લગી એકકે તાંસે અમલ કરવાના એક દહાડામાંના, એટલે ૨૪ કલાક લગી રાતો દીન અમલમાં રહે તેવા અમલમાંના[૨૮] || ચાલીસ[૨૭] [દીન–રાત્રીઓ તે એક વરને (શકિતને) પુગવા યા તે (વર શકિતની) કેરદારને પુગવા જોઇએ, એટલે અષવન પર-દુખભંજન નર પોતાની તેઝ ઘોડારૂપ ગતી ઉપર સવાર થઇ ૪૦ દીન–રાત્રી અમલ કરવે તે '**વર**'ને (નદીને–શકિતને) તેમજ તે '**અપધ્જાર**'ને (તે વરની કેરદારને, નદીનાં તે નાળાંને) પુગી શકે. સાધારણ ઇબારતમાં કહે છે કે તેઝ ઘોડા ઉપર બેસનાર સવારને તે એકેકી નદી કે એકેકું નાળું પસાર કરતાં ૪૦ દીન જોઇએ; તે ૧૦૦૧ વરો છે અને તે દરેક વરના હઝારો વરો રહે છે, અને તે હઝારોમાંના દરેકની ખીસ્કારીની કેરદાર રહે છે, જે દરેક કેરદારને અરદ્વીના આપની એક ગતી કહે છે. એવા અરદ્વીના '**આપ**'ની એક ગતીને મળતાં એક અષવન નરને ૪૦ દીનનો અમલ જોઇએ.] ||

## અરદ્વવી સૂરનાં "હજંઘર વઇર્ય" અને "હજંઘર અપધ્જાર" બાબે ક્ષનૂમીક શરેહ.

**આપ**ની ગતી જે સુક્ષ્મ છે અને ઉપરથી નીચે ઉતરે છે તે ગતી પ્રવાહરૂપ, **અસર રોશની** રૂપ રહે છે. આવાં આપનાં ૧૦૦૧ નાળાં–પ્રવાહો હોય છે અને નીરતી-ગેતી ઉપર ઉતરી રહે છે અને તેઓની કુદરત તરીકે ઓળખાઇ રહે છે. આ ૧૦૦૧ નાળાં=અસર–રોશનીના કેહર્પ એટલે ફરેસ્તાઇ શકિતઓમાંના દરેકના વળી હઝારો પ્રવાહો થઇ રહે છે. આવાં ૧૦૦૧ નાળાં–પ્રવાહો=ફેરસ્તાઇ કેહર્પોનાં દરેકની, અને તે દરેકમાંથી બીજાં તેવાં ૧૦૦૧ પ્રવાહો–કેહર્પો થાય છે તેમાંના દરેક કેહર્પની ખીસ્કારીથી

**એક જીવતી ફરેશતાઇ કેરદાર થઇ રહે છે, જે રયોમંદ હોય છે, અને કુદરતમાં કામ કરી રહે છે, અને નીસ્તી-ગેતીને ચલાવી રહે છે.** હયાં 'વઇર્ય' શબ્દમાં 'વર' (તલેસ્માતીક ગતી) જે વહી રહે છે, અને જે **વર**નો કંઇક ભાગ વહેતી નદીમાં રહે છે જેથી વહેતી નદી sacred-માનને પાત્ર ગણાઇ છે, તેનો ભેદ સમજાશે. **'અપઘ્જાર'** શબ્દમાં ઉભરાટનો એટલે ખીશ્કારી કરવાનો ભેદ છે. એક વરમાંથી જે ઉભરાય તે તેની ખીશ્કારી છે, જેની કેરદાર જીવતી રયોમંદ થાય છે. કંઇબી ખીશ્કારી કામ કરવાની ગતી થતી વખતે તેના છાપો પડે છે. જો ખીશ્કારી પુર્ણ રીતની હોય, તો તે છાપમાં જીવ આવીને નવ ભાગના શરીરવાળી કેરદાર થઇ શકે છે. ત્યારે **'અપઘ્જાર'**માં વરોની તલેસ્માતીક કેરદારો રયોમંદ ગતીની થવાનો અર્થ છે. **એમ ત્યારે નદીઓમાં આવા 'વર' અને 'અપઘ્જાર'નો કંઇક ભાગ આવવે તે નદીનીબી કુદરતમાં ખીશ્કારી હોય છે, જે અસર-રોશનીને મદદ કરે છે, માટે દરેક નદી માનને પાત્ર છે, અને તેમાં 'ન્યુસન્સ' યાને મેલું નાંખવું-કરવું એ યઝત ઉપર આઝાબ દેવા બરાબરનું છે.** ત્યારે નદીઓબી કુદરતની મકસુદ મુજબ કામ કરી રહે છે, જેમાં આઝાબ પાડવે-ખરાબાત નાંખવે કુદરતની મકસુદને રોકવાનું થાય છે. ત્યારે દરેક નદી નાળાંને આવાં અરદ્વી સુર કહે છે, તેઓ માનને-નમનને પાત્ર છે, તેનો ભેદ હવે જોઇ શકાશે. ત્યારે કુદરતમાં અસર-રોશનીના ૧૦૦૧ વરો-કેહર્પો પડી રહે છે,--ના, કુદરતની પંથરાયલી જાળને બનાવી રહે છે, જેને સાધારણ ઇબારતમાં ૧૦૦૧ કુદરતનાં નાળાં કહે છે, જે બધું અણદીઠ-રૂપનું છે. આવા ૧૦૦૧ વરોના દરેકમાંથી બીજા તેટલા થાય છે, જે બધું **"કુદરતની યજશને" તરીકે કામ કરે છે; એટલે ૭૨૯ના ભેદની કુદરત તરીકે કામ કરે છે,** જેથી આપણે તેનો નતીજો જોઇ રહીએ છીએ. ઇનસાનનું જીવવું-ઉગવું, ઝાડપાનનું ઉગવું, વગેરે બધું **અપઘ્-જારના** ભેદનું પરિણામ છે. ત્યારે કુદરતની અનેક ગતીઓમાંની એક ગતી તે **'હજંધ્રૅમ વઇર્યનાંમ'**માં છે. આ **'હજંધ્રૅમ વઇર્યનાંમ'**ની ખીશ્કારીઓથી **'હજંધ્રૅમ અપઘ્જારનાંમ'**નો ભેદ થાય છે. આ **'અપ-ઘ્જાર'**બી અણદીઠ છે. આ **'અપઘ્જાર'**નો જે નતીજો આવે છે તે આપણે અનુભવીએ છીએ. ત્યારે ઝાડનું ઉગવું તે દીઠ નતીજો છે, જે નતીજાને કાઢનાર **"હજંધ્રૅમ અપઘ્જારનાંમ"** છે. આ **'હજંધ્રૅમ અપઘ્જારનાંમ'** પોતે ખુદ **'હજંધ્રૅમ વઇર્યનાંમ'**થી વજુદીમાં આવે છે. આ **'હજંધ્રૅમ વઇર્યનાંમ'** ખુદ પોતે આવાં યઝત જે કુદ-

રતમાં **'અરૂદ્વી સૂર અનાહિત'** તરીકે એક મરતબે કામ કરે છે તેની ખીશ્કારીનાં પરિણામો છે. આવાં યઝતને ૨૭ના ભેદની ગતીના યઝત તરીકે ઓળખે છે. યઝતો ૨૭ના ભેદના કહેવાય છે એટલે તેઓની શકિતમાં ૨૭ ના અએદાદની તલેસ્માતીક ગતી છે. ત્યારે ૨૭ ના ભેદના આવાં યઝ-તની ખીશ્કારીનું પરિણામ આ **'હજંધ્રૅમ વઈર્યનાંમ'** છે, જેને ૭૨૯ ના અએદાદની શકિતવાળા કહે છે. ત્યારે **'હજંધ્રૅમ વઇર્યનાંમ' ૭૨૯ ના ભેદમાં આવે છે. આ ૭૨૯ ના ભેદની શકિતઓથી જે કુદરત ચાલે છે તેને "યજશ્નેની કુદરત" કહે છે, જેની નકલ તે યજશ્નેની ક્રીયા છે. ત્યારે હિંડાળા ઉપરથી થતી યજશ્નેની ક્રીયા આ 'હજંધ્રૅમ અપઘ્જારનાંમ'ને પરિણામે થઇ રહે** છે. માટે હવે પછીથી કહે છે કે તે વર-નદીમાંની એક નદી અથવા તે વરનો ઉભરાટ-કેરદાર-અપઘઝારમાંના એકને ચાલીસ દહાડાના અમલની મહેનતે પકડી શકાય છે, પાર કરી શકાય છે, એટલે ક્રીયા કરવાની લાય-કાત મેળવવા માટે મોબેદ સાહેબોએ ચાલીસ દીનનો અમલ કરી તે એક પછી એક ૧૦૦૧ વર અને અપઘઝારને પુગી વળીને, આવાં યઝતની અરદ્વી સૂર અનાહિતની ગતીને મેળવીને, તે મારફતે બીજા યઝતોને મળીને, આથવનના ૧૬ ગુણોમાંના પહેલા **'અવીજે હિમ'**ના ગુણને જાગૃત કરી તેને શકિતરૂપ બનાવી આગળ વધવું. એમ ૧૬ ગુણોને જાગૃત કરી તે ગુણોને શકિતમાં ફેરવતા જઇને, પછી બરસ્નુમ લઇ **ખુપે-રવાનના થઇ (એટલે રૂવાનના અધીકારમાં મન રહે તેવાં રયોમંદ રૂવાનનાં થઇ-રૂવાનનું ચલણ શરીરમાં ચલાવવું એટલે રૂવાનનો બંદદરોશ જીવતી જીંદગીમાં ખુલે એમ કરવું એટલે કુદરતી રીતે બઓ-દાંગનું ચલણ શરીરમાં ચાલશેજ; એવી થયલી ભાનની ગતીને ખુપે-રૂવાનની ગતી કહે છે;)** આવા થઇ, યઓજદાની શકિત ગ્રહણ કરી, 'મીનો નાવર'ની યજશ્ને કરીને એટલે "મીનો નેહવર"ની યજશ્ને કરીને પછી યજશ્નેની ક્રીયામાં બેસવું, એટલે જેમ આવાં અરદ્વી સૂરના આપના **'હજંધ્રૅમ વઇર્યનાંમ'** તથા **'હજંધ્રૅમ અપઘ્જારનાંમ'** કુદરતમાં કામ કરી રહે છે, તેવું કામ તે થતી હિંડાળા ઉપરની યજ-શ્નેમાં થઇ રહેશે. આ વખતે તે યજશ્ને કરનારને તે **વઇર્યનાંમ** અને **અપઘ્જારનાંમ**ની **"હજંધ્ર"**=હઝાર ગતી આવી મળે છે. આમ ત્યારે આ અરદ્વી સૂરના **"હજંધ્રૅમ વઇર્યનાંમ, હજંધ્રૅમ અપઘ્જાર-નાંમ, ચશ્વરૅસતૅમ અયરૅ-અરનાંમ હવસ્પાઇ નઇરે બરૅસ્માઇ"**નો ઉંડો અર્થ છે.

**(૬) અંઘ્રહુઆઓસચ[1] મે[2] અએવંઘ્રહુઆઓ[3] આપો[4] અપ-ઘઝારો[5] વીજસાઇતિ,[6] વીસ્પાઇશ[7] અવિ[8] કરૂષ્વાંન્[9] યાઇશ[10] હુમ.[11] અંઘહુઆઓસચ[12] મે[13] અએવંઘહુઆઓ[14] આપો[15] હુમથ[16] અવ-અરઇતિ[17] હાંમિનૅમ્ચ[18] જયનૅમ્ચ.[19] હા[20] મે[21] આપો[22] યઑાઝદ્દદાઇતિ[23] હા[20] અરૂષ્નાંમ્[24] ક્ષુદ્રાઓ,[25] હા[20] ક્ષથ્રિનાંમ્[26] ગરૅવાંન,[27] હા[20] ક્ષથ્રિનાંમ્[28] પએમ.[29]**

(૬) આ[1] ‖ મારી[2] ‖ એક એક[3] ‖ '**આપ**'ને લગતા વરનાં =ફરેશ્તાઇ કેહપનાં[4] ‖ કેરદારરૂપ પરિણામો, ખુદ પોતે ફરેશ્તાઇ કેહપોં[5] ‖ (એટલે ૧૦૦૧ ફરેશ્તાઇ કેહપોં જે ૧૦૦૧ નાળાંરૂપ છે, તેઓની ખીશ્કારીની ફરેશ્તાઇ કેરદારો એટલે નદીઓનાં નાળાંઓ) ‖ બધા[7] ‖ કેશ્વરો[9] ‖ જેઓ[10] ‖ સાત[11] (છે તેઓની) ‖ આસપાસ[8] ‖ (એટલે આખી નીસ્તીની આસપાસ) ‖ ફરી વળે છે.[6] ‖ આ[12] ‖ મારા[13] ‖ એકે એક[14] ‖ વરોનાં પાણીઓ–આશીરવાદો–અસર રોશનીના પ્રવાહો[15] ‖ નિરમાણ કીધેલી એક સરખી રીતે[16] ‖ હાંમીન=ઊનાળામાં[18] (તેમજ) ‖ શીઆળામાં[19] (એટલે નીસ્તી–ગેતીની બધી હાલતોમાં, બધા ભોગવાતા જાતજાતના કેશાશો વખતે–બધી આવી પડતી સુખ દુખની હાલતમાં--બધા ગાહામ્બારોની ગતી જે પડી રહે છે તેઓના તેવા ગીનીટે મીનીટના વખતમાં, કુદરતના અનેક પાપ–પુન્યના ભોગવટાઓમાં કુદરતની રહેમ તરીકે) ‖ પોતાની ખીશ્કારીનાં પરિણામો એટલે ફરેશ્તાઇ કેહપોંના જવાબો–આશીરવાદો જીવવાની ગતીનો સામાન આણી આપ્યાજ કરે છે.[17] ‖ તે[20] ‖ મારાં[21] ‖ પાણીઓ=પ્રવાહો =અસર–રોશનીની કરામતો[22] ‖ માણસો કે જેઓની સરજત સચ્ચાઇએ પુગવાની છે તેઓની[24] ‖ મનીને[25] ‖ યઓઝની ગતી આપે છે[23] (એટલે તેની ઉપર કુદરતની કરામત ચલાવે છે એટલે મનીની નજીસાતને કુળવંત કરી તેમાંથી ફરઝંદ પેદા પડવા જોઇતા જીવ–જાનને અને ફરઝંદના આખા નકસ થવાને માટે '**આપ**'ને એટલે તે અસર રોશનીની કરામતને મોકલે છે–ઉતારે છે; એમ મનીને કુળવંત કરી ફરઝંદોને ઉગાડે છે.) ‖ તે[20] ‖ મારાં આપ[21 22] ‖ માતાઓનાં[26] ‖ ગર્ભસ્થાન[27] (ની જમીનને) (યઓઝ શકિત આપે છે, એટલે ગર્ભસ્થાનની તે જમીનમાં કરામત મુકી, તે જમીનમાં કુળવંત ગતીની ખેતી કરી, ઉંચ ભાવનાની કરી, મર્દની મનીને ઉંચ ભાવનાનું પોશણ અપાવી, તેની મનીમાંથી બચ્ચું ઉગાડવાની ગતી પુરી પાડે છે.) ‖ તે[20] (મારાં આપ) ‖ માતામાં[28] ‖ દુધને[29] (થવા યઓઝ શકિત આપે છે એટલે કુદરતની હિકમત ચલાવે છે, જે પેલાં આપના પ્રવાહથી થઇ રહે છે, અને દુધનો જથ્થો માતામાં જાગૃત કરાવે છે). ‖

**(૭) આ *હ્વાતાંમ્ચ,[1] અંધ્રહુષાંમ્ચ,[2] ઝ઼ાતનાંમ્ચ,[3] અઝ઼ાત-નાંમ્ચ,[4] અષઑનાંમ્[5] ઇદ[6] જસૅન્તુ[7] ફ્રવષયો,[8] યોઇ[9] હીશ્[10] બવ્રરૅ[11] પઇત્યાપૅમ્[12] નજદિશ્તયાત્[13] અપત્[14] હચ.[15]**

---

* અહૂએ પોતામાં રહેલા અનન્ત નહિ ગણાય તેટલા **'યવએચ યવએ-તાતએ'**ઓ (એટલે સાત ઝરવાને અકરનેના કાળોના ઝુમખાઓ)માંના એકને કાઢીને અને તેમાં એટલે તે એક યવએચતાતએમાં સીમા (નામે ખાઓ અફ્રજ્યમ્ન જે સૃષ્ટી પાકી થાય છે ત્યારે નવમાં અસ્મ તરીકે થઇ રહે છે તે સીમા) દોરીને તે સીમાની અંદર પોતાના અન્નત નુરી દરયાવના એક ટીપાનાં એક દશ અબ-જાંશ ભાગને અહૂ તરીકે ચલાવીને પોતાનો **'વઇર્ય'** હોકમ જારી કીધો અને ત્યાં બગાનો જેવા કે બગ અહુનવઈર્ય-પઓઇર્ય ફ્રવષિ-બગ સ્તોત યસ્ન ઉભા કરીને અનહૂમાનો નતીજો આણ્યો અને તેમાંથી રૂવાન અને બઓદની સામસામી ગતીઓ ઉભી કીધી. રૂવાનમાં નુર અને રય છે પણ તે બેઉમાં ખાસ કરીને 'રય'માં દ્રવાઓનો ભુલાવો **રએથ્વ**=કચરો હતો. બઓદમાં તો નુર અને રય ખાલે-સજ હતા અને છે. પાછળથી જ્યારે અહૂએ પોતાના બગાનો સાથે તે બઓ-દને પોતાના વસ્ત્ર તરીકે ધારણ કીધી અને તે ખાઓને નવમું અસ્મ તરીકે જાહેર કીધું, ત્યારે તે બઓદ મારફતે તે રૂવાન ઉપરબી આશીરવાદો **'ઉરવર'** વરસાવ્યા, જેના સત્યસંગ નામે માંથ્ર-સ્પેન્તની ગતીથી તે રૂવાનમાંના દ્રવાઓનો રએથ્વ કચરો સ્પેન્તીએ પુગ્યો રંગાયો આમ થવાથી તે રૂવાનનો અખંડ ગોળો તે બઓદ તરફ આકર્ષાઇને સાથે મળીને તે અહૂના વસ્ત્ર તરીકે થયો. આવા અહૂને મઝદા અહુરા કહે છે, અને તે રૂવાનના ગોળાને માંથ્ર-સ્પેન્તનું રૂવાન એટલે સત્યસંગે પુગેલું આશીરવાદ પામેલું રૂવાન કહે છે. આ માંથ્ર-સ્પેન્તના રૂવાનમાં ચોકસ ભાગ હજુર પુર્ણ રીતનો રંગાયલો નહિ તેને બહાર કાઢીને પછી તેને લાગેલા દ્રવાઓના રએથ્વ કચરાને સુધાર્યો ત્યારે અમશાસ્પંદો એટલે અમર શકિતઓ ૩૩ અહુઓ થયા, જેઓબી પછી અહૂના તે વસ્ત્રરૂપ થઈ રહયા. આ ૩૩ અહુઓના રૂવાનનાં ગોળામાં હજુર કંઇ કચાસ હતી તેને બહાર કાઢીને તેઓએ રંગીને પોતાની સાથે વસ્ત્રમાં વણી જેઓને ૩૩ રતુ કહે છે. પણ આ ૩૩ રતુઓનો રૂવાનનો ગોળો જે રંગાઇને અહુરાના વસ્ત્રમાં વણાતો હતો ત્યારે તે ૩૩ રતુના ગોળામાં જે કંઇ કસર હતી તેને બહાર કાઢીને પછી તે ૩૩ રતુ-ઓને અહૂના વસ્ત્રમાં વણ્યા જે બધા રંગાયલા ગોળાઓ **હદના તનાસુસ** તરીકે છે એટલે અહૂના વસ્ત્રની વણાતમાં છે. પેલો કસરવાળો રૂવાનનો ગોળો જે આ ૩૩ રતુમાંથી બહાર પડયો છે તેને **દએવ વીદાતુ સાથનાં રૂવાનનો** ગોળો કહે છે. આ ગોળો ઉપરના ગોળાઓની માફક રંગાઇ શકાયો નહિ. તેઓને લાગેલા દ્રવાઓમાં જે **'રએથ્વ'** હતો તેથી તે રૂવાનનો ગોળો દામી સ્પેન્તમાંથી નીઝ઼બરેતો થયો-બહાર કઢાયો. દામી સ્પેન્ત તે વસ્ત્રરૂપ થયલી અહૂની આસપાસ તેના વસ્ત્ર માફક વણાયલી સૃષ્ટી છે જેને નવમું અને આઠમું

(ફુટનોટ માટે જુઓ પાને ૨૮૮ મે).

**(૮) મા[૧૬] નો[૧૭] આપો[૧૮] દુશ્મનંઘ્રહે,[૧૯] મા[૨૦] નો[૨૧] આપો[૨૨] દુજ્ઝવચંઘ્રહે,[૨૩] મા[૨૪] નો[૨૫] આપો[૨૬] દુશ-શ્યઑથનાઇ,[૨૭] મા[૨૮]**

---

(પાને ૨૮૭ મે થી ફુટનોટ ચાલુ).

અસ્મ કહે છે, જેને અષહે ખાઓનું જગત કહે છે, જેને અહુરામાં વસેલી સૃષ્ટી તરીકે ગાથા ૩૧-૭ માં કહી છે-આવી તે દામી સ્પેન્તની સૃષ્ટી છે અને દામી સ્પેન્તની વણાતમાંથી બહાર પડેલો તે વણાતમાં નહિ આવેલો આ દએવ વીદાતુ સાથનો રૂવાનનો ગોળો હતો. આ બનાવ આ ચાલુ 'યવએચ યવતાતેએના' સાત કાળોમાંના **પરા**ના એટલે ભુતના ભુતકાળમાં થયો છે જેને ગાથા ૩૦-૨ માં **'પરા મજે યાઓંઘ્રહો'** કહે છે. જ્યારે તે **પરા**નો ઝરવાને અકરનેનો કાળ તે દએવ વીદાતુ સાથના રૂવાનના ગોળાને રંગી શકયો નહિ ત્યારે તે પરાના કાળની ગતી આગળ ચાલી શકે નહિ એમ ઠઠયું અને તે કાળ અટકયો. આ વખતે અહૂની આસપાસ જે વણાત થઇ અને તેમાં જે ઉરવાનો આવીને વણાયા તે બધાઓ અહુરા મઝદાના ભેદમાં આવેલા ગણાયા છે. હવે અહુરમઝદના તે ૩૩ અહુ અને ૩૩ રતુઓએ બીજો માઝીનો એટલે બુન દહેશ્નનો કાળ શરૂ કરીને પેલા દએવ વીદાતુ સાથના રૂવાનના ગોળાને બીજીજ રીતે રંગવાનું શરૂ કીધું. પોતાની અહૂમાં મળેલી જગતમાંથી એટલે નવમાં અસ્મ અને આઠમાં અસ્મમાંથી તેઓને સુધારવા માટે હસ્તી-નીસ્તીની જગત કાઢવાની ચળવળો કીધી તે પહેલાં તેઓએ આઠમાં અનગ્ર રઓચના અસ્મ ઉપર એક ઉરવર ઉભુ કરી તેમાં નવ ઘેનાની રામેશ્ની ઉભી કરીને તે દ્રવાઓ સાથનાં રૂવાનનાં ગોળાને તે નવ ઘેનાની રામેશ્ની તરફ આકર્ષયો-તે ગોળાએ આકર્ષાઇને તાબે થવા માંગ્યું. આ વખતથી હસ્તી-નીસ્તીની રચના શરૂ થવા લાગી. પછી તે દ્રવાઓ વીદાતુ સાથનાં રૂવાનની સંમ-તીથી તેના ઉપર **મઝદદાત**ના પ્રયોગ શરૂ કરીને તે ગોળાની અંદરથી પાંચ વર્ણો ઉભા કીધી. આમ તે એક ગોળાના પાંચ મુળ ભાગો થયા. પછી આ પાંચ ભાગોને હસ્તીના આસ્માનોમાં **'દસૅમે'**ની રીતે ૧/૧૦ ને કાયદે વહેંચીને રંગ-વાનું શરૂ કીધું. ૯/૧૦ ભાગ જે અમુક અમુક હસ્તીનાં આસ્માનમાં સુધર્યો તે ગવ-ચિથ્રરૂપનો થયો. જેવો ૯/૧૦ ભાગ ગવ-ચિથ્રરૂપનો થયો કે તે ભાગ પોતાના નહિ સુધરતા ૧/૧૦ ભાગને સુધારવાની-રંગવાની કાળજી કરવા લાગીને ૩૩ અહુ અને ૩૩ રતુ સાથે જોડાયો. પોતામાંથી નીકળેલા આ ૧/૧૦ માંના ૯/૧૦ ને તેઓ પુરા રંગી શકયા નહિ. એમ બીજી વખતનો આં ૯/૧૦ ભાગ અપુર્ણ રીતે રંગાયો અને તેમાંનો ૧/૧૦ ભાગ એટલે અસલનો ૧/૧૦૦ ભાગ બીલકુલ રંગાયલો નહિ. ત્યારે પહેલી વખતના તે ૯/૧૦ રંગાયલા ગવ-ચિથ્રોના રૂવાનો તે **દામી સ્પેન્ત**માં દાખલ થયલાં રૂવાનો થયા જેઓને દખુલ રૂવાનો કહે છે અને તેઓનાં ૧/૧૦ ભાગમાંનો ૯/૧૦ ભાગ એટલે બીજી વખતનો તે ૯/૧૦ ભાગ એટલે પુરા નહિ રંગાયલા રૂવાનો દામી સ્પેન્તમાં દાખલ થઈ શકયા નહિ. તેઓ દાખલ થવાની ઉમેદવારી કરતા બહાર ઉભેલા છે જેઓ સાબેત રીતે બહાર ઉભેલા છે. તેઓ ત્યારે સબુટ રૂવાનો થયા. આ બહાર ઉભેલા સાબેત

(ફુટનોટ માટે જુઓ પાને ૨૮૯ મે).

દુશ્મદએનાઇ,[29] મા[30] હુષિ-તખ્ષિ,[31] મા[32] ઑધુ-તખ્ષિ,[33] મા[34] વરૅઝાનો-તખ્ષિ,[35] મા[36] નાફ્રયો-તખ્ષિ.[37] માદ[38] નો[39] અધ્રિ[40]

(પાને ૨૮૭ મે થી ફુટનોટ ચાલુ).

બીજી વખતના ૯/૧૦ ભાગના રૂવાનો સાથનો પેલો બીજો ૧/૧૦ ભાગ (એટલે દાખલ થયલા ગવ-ચિથ્રનો ૧/૧૦૦ ભાગ) રએશ્વવાળો હોવે ત્યાં બીલકુલ રંગાઇ શકાયો નહિ જેને હસ્તીના આસ્માનોમાંથી બહાર કાઢયો. તે હસ્તીમાં કે જ્યાં તે દખુલ અને સખુટ બેઉ રંગાતા હતા ત્યાં સુધરે તેવો નહિ હોવે તેને માટે નીસ્તી થઇ. નીસ્તીના **આપ**માં તે ૧/૧૦૦ ભાગને મોકલ્યો. અહિંયાં આ ૧/૧૦૦ ભાગ નીસ્તીના આપમાં નાહન લેવા લાગ્યો ત્યારે તે ૧/૧૦૦ ના થયલા દસ ભાગોમાંના નવ ભાગો પવિત્ર થયા અને દસમો ભાગ રએશ્વ તરીકે બહાર નીકળ્યો. એમ ત્યારે ૧/૧૦૦ ભાગ નીસ્તીના પાણીમાં નાહન લઇને ફ્રવષિને ગતીએ પુગવા લાગ્યો જેને **અર્દ** એટલે નીસ્તીની હાલતે જઇને ફ્રવષિની ગતીએ પુગેલાં એટલે **અરદાફ્રવષ**ની હાલતનો કહે છે. જાણવું કે પાંચ વર્ણોમાંની મુળ વર્ણ જેને બરજીસી વર્ણ કહે છે તેને લગતો આ ભાગ હતો. નીસ્તીમાં ઉતરેલા પેલા ૧/૧૦૦ નો ૧/૧૦ ભાગ એટલે ૧/૧૦૦૦ ભાગ જે તે પાંચ વર્ણમાંની મુળ બરજીસી વર્ણના દખુલ-સખુટ રૂવાનોમાંનો હતો તેને સુધારવા ગેતી થઈ. ગેતીની ઉપર આ મુળ વર્ણના ૧/૧૦૦૦ રૂવાન ઉતરે તેની અગાઉ ઝરેહ વરકસ ઉપર તેના ૧/૧૦ ને કાયદે ભાગલા થવા લાગ્યા હતા. તે ૧/૧૦૦૦ ભાગનો ૧/૧૦ ભાગ એટલે ૧/૧૦૦૦૦ ભાગ હેવાન તરીકેનો થયો અને તે હેવાનના ૧/૧૦૦૦૦ ભાગનો ૧/૧૦ ભાગ એટલે ૧/૧૦૦૦૦૦ નબાતાત તરીકે થયો અને આ નબાતાતના ૧/૧૦૦૦૦૦ ભાગનો ૧/૧૦ ભાગ એટલે ૧/૧૦૦૦૦૦૦ ભાગ જમાદાત તરીકેનો થયો. આમ ગેતીમાં ઉતરનાર તે ૧/૧૦૦૦ ભાગના રૂવાનની વહેંચણી ઝરેહ વોઉરૂ-કષ ઉપર થઈ. પછી પહેલે જમાદાતી ભાગને ગેતીમાં ઉતારીને પછી નબાતાતી ભાગને ઉતારીને પછી હેવાનાતી ભાગને ઉતારીને છેલ્લે તે મુળ ૧/૧૦૦૦ ભાગને માનવ તરીકે ઉતાર્યો. આ વખતની ગેતીને **ગરો દેમાન** કહે છે જેમાં અહી=સાંપનાં મનવાળો અહીરીમન હતો નહિ જે અહી (અહીરીમન) તે ગરોદેમાનની ગતીની બહાર હતો. ગરોદેમાનની ગેતીના તે બરજીસી વર્ણના માનવોએ તેને ગેતીની અંદર દાખલ કીધેલો નહિ. આ માનવ ત્યારે બરજીસી મુળ વર્ણનો થયો અને પોતે નેકી કરીને પોતાના તે હેવાન-ઝાડપાન-ખનીજના ભાગના કચરાને રંગીને પોતામાં મેળવીને તેમ પોતાના અરદાફ્રવષના ભાગને મળીને તેમ ઉપરના પોતાના સખુટથી તે છેક દખુલ ભાગને મળીને આખો ખએતવનો થવા લાગીને ગેતી છોડીને ઉપર ઉડવા લાગ્યો; આવા રૂવાનો પોતાના નુરે બઈદને અને નુરે કુલ્લીને એટલે દખુલ રૂવાનને મળેલા કહેવાય છે. આવા રૂવાનો **હાતાંમ્ચા** અને **અંઘ્રૂ હુષાંમ્ચ**ના કહેવાય છે, આ રૂવાનો બરજીસી વર્ણના હતા. પછીથી બીજી ચાર વર્ણોના રૂવાનો ૧/૧૦ ને કાયદે ઉતરવા લાગ્યા-જેઓ **હાતાંમ્ચાને**

(ફુટનોટ માટે જુઓ પાને ૨૯૦ મે).

**ફ્રાદાઇતિ[૪૧] આપો[૪૨] વંઘ્રઉહીશ,[૪૩] વહિશ્તાઓ[૪૪] મજદ્દાતાઓ[૪૫] અષઑનીશ,[૪૬] યો[૪૭] નો[૪૮] અઇરીરિચિનાંમ[૪૯] ઇરીરિક્ષાઇતિ[૫૦] ગએથનાંમ.[૫૧] માદ[૫૨] નો[૫૩] અહ્મિ[૫૪] ફ્રાદાઇતિ[૫૫] આપો[૫૬] વંઘ્ર-ઉહીશ[૫૭] વહિશ્તાઓ[૫૮] મજદ્દાતાઓ[૫૯] અષઑનીશ,[૬૦] યો[૬૧] નો[૬૨] અઇરીરિચિનાંમ[૬૩] ઇરીરિક્ષાઇતિ[૬૪] તનુનાંમ.[૬૫]**

---

(પાને ૨૮૯ મે થી ફુટનોટ ચાલુ).

ભેદે નહિ પુગવે તેઓને **આ હાતાંમ્ચા**ના રૂવાનો મદદ કરી રહે છે. આ રૂવાનોને ઇલ્મ્યતમાં **સમેત્યાતી રૂવાનો** કહે છે (જેઓ વિષે વાંચો **ફ્રશો-ગર્દ જુબીલી વૉલ્યુમ,** પાને ૧૬૪મે) આ રૂવાનો 'માહ'નું અસ્મ જે ચિથ્રોને ઉતારી જગતને રચીને જગતને તારણ તરફ લઇ જઇ રહે છે તે માહના અસ્મની સાથે રહીને ખીશ્કારી કરી રહે છે માટે માહની નીઆએશમાંની ક્નૃમનમાં તે રૂવાનોને **'ગેઉશ્ચ પૉઉરૂ-સરૅદયાઓ'** તરીકે કહેલા છે, જે વિષેની **જુઓ નોટ પાને ૨૧૭ મે.** આમ ત્યારે ઉપર જોયું તેમ રૂવાનો જેમ જેમ સુધરતાં જાય છે તેમ તેમ પોતામાંથી ઉતરતાને મદદ કરી રહયા છે. સઉથી પહેલો રૂવાનનો ગોળો જે રંગાયલો તે **'યેંઘ્હે ઉર્વ માંથ્રો સ્પૅન્તો'** તરીકે અહુરાનાં રૂવાન તરીકે ફરવરદીન યશ્તમાં ઓળખાયો છે. આ રૂવાનના ગોળાએ પોતે જે કચરો કાઢયો તેમાંથી ૩૩ અહુનાં રૂવાનો થયાં (અમશાસ્પંદો-યઝતો-મીનો-દએ-ફરોખ થયા). આ ૩૩ અહુમાંથી જે કચરો બહાર પડયો તે ૩૩ **રતુ** તરીકે (નબાનઝદીશ્ત રૂવાનો-ગાથાઓ-ગેઉશો વીગેરે) થયા. આ ૩૩ રતુના ગોળામાંથી જેઓ બહાર પડયા તેઓને માટે બુન દહેશ્ન થઇ, હસ્તી થઇ, જેમાં ગવ-ચિથ્રનાં રૂવાનો થયા. ગવ-ચિથ્રના ૧/૧૦૦ ભાગનાં જે રૂવાનો નીસ્તી-એ-અવ્વલમાં સુધર્યાં તેઓએ અરદાફ્રવષનું સાહુજન કીધું, જેઓ મુળ બરજીસી વર્ણનાજ રહે છે. બીજી વર્ણના રૂવાનોબી તેમાં જ્યારે દાખલ થશે ત્યારે તેઓ બરજીસી પાહેડી ચઢીને પછીજ તેમાં જવાની લાયકાત મેળવી રહેશે. આ મુળ વર્ણમાંના ૧/૧૦ ભાગ જે ગેતી જે ગરોદેમાનના ભેદની હતી તેમાં માનવ તરીકે સુધર્યાં તેઓ **આ હાતાંમ્ચા** અને **અંઘહુષામ્ચા**ના ભેદના છે. આ બધાઓ એક રાદ પદવંદમાં છે જેઓ **ફ્રશો-કેરેતીએ-કુલ્યાતી** કરી રહે છે એટલે બાકીના કચરાને રંગીને બધું **સમ** કરવાનું, રોશન રોઝ કરવાનું મહાન કામ કરી રહે છે. તેઓની ખીશ્કારીના નતીજાએ બીજી જીરમો-વર્ણોના રૂવાંના તનોમંદ હાલતમાં આવીને સ્પેન્તી કરી રહયા છે. બરજીસી વર્ણ તરફ જઇ રહયા છે, જેમાં આજની બધીજ વર્ણો આવી જાય. તે બધાઓ **ફ્રશો-કેરેતીએ જુઝ-વાવી** એટલે પોતપોતાની અને પોતપોતાને લગતાઓની મુકિત ઉજવી રહયા છે-જ્યારે દાદારના **માંથ્ર-સ્પૅન્તના રૂવાનથી** તે છેક આ સમેત્યાતી રૂવાન **હાતાં-મ્ચા અંઘહુષામ્ચા** રૂવાનો તો કુલયાતી ફ્રશો-ગર્દ કરાવી રહયાં છે. આમ આ રૂવાનોની ટુંક સમજ છે.

(૯) યો[66] તાયુશ,[67] યો[68] હજંઘ્રહ,[69] યો[70] ગદો,[71] યો[72] અષવજ,[73] યો[74] યાતુમાઓ,[75] યો[76] નસુસ્પાઓ,[77] યો[78] સ્પૅરૅ-જવાઓ,[79] યો[80] અરાઇતિવાઓ,[81] યો[82] અષૅમઑઘો[83] અન્-અષવ,[84] યો[85] મષ્યો[86] દ્રવાઓ[87] સાસ્ત;[88] તૅમ[89] અવિ[90] ઇમ-એષાઓ[91] પઇત્યન્તુ,[92] ઇશ્યેજાઓ[93] ઇષ[94] યો[95] ઇ દદ,[96] ઇશ્યે-જાઓ[97] યન્તુ[98] યો[99] દી દદ.[100]

( ૭ ) હરતી તરફ જઇ રહેલાં, મોક્ષે પુગેલાં અને ગુનાહગારોને પોતાનાં પુન્યથી ઉગારી રહેલાં રૂવાનોની,[1] || ભુતકાળમાં મોક્ષે પુગી રહીને ગુનાહગારોને વર્ત્તમાનમાં તેરવી રહેલાં રૂવાનોના[2] (ઉપર કહેલાં હરતી તરફ જઇ રહેલાં રૂવાનોથીબી વધુ આગળ વધેલાં તેઝદાર રૂવાનોની), || જન્મ લઇ, હવસોને જીતી, ગેતી ઉપરની એક જીંદગીમાંજ તરી જઇ બીજા ગુનાહગારોને પોતાનાં પુન્યથી તેરવી રહેલાં રૂવાનોની,[3] (તેમજ) || યોનીમાંથી નહી પણ બીજી અન્ય રીતે જેમ કે ધાન્ય–પ્રવાહો વગેરેમાં ઉતરીને જગતને તેરવી રહેલાં રૂવાનોના[4] || '**અષઓનાંમ**'ના દરજ્જાની[5] || ફ્રવ-ષીઓ,[8] || જેઓ[9] (રૂવાનો) || નજદીકનું સગાઈનું[13] || પાણી[14] (રાખે છે, પણ હમારેથી હાલે દુર છે, એવાં નઝદીકની સગાઇનાં પણ દુર પડેલાં રૂવાનોની ગતીઃ પાણીમાંથી) || હમારાં જેવાં દુર પડેલાં તરફ[15] || (તે સગાઇનાં નાતાંનાં) પાણીને[10] || (એટલે આશીરવાદો, જે તેઓનાં નુરમાંથી પડે છે, જેનું ચલણ અહુરમજદે ચાલવા દીધું છે, એટલે જેઓને આશીરવાદ આપવાની સત્તા અહુરમજદે આપી છે, તે આશીરવાદોને) || ધોધમાર નીચે ઉતરતા[12] || આણ્યા–વરસાવ્યા હોય[11] || તેઓ[7] (ફ્રવષીઓ) || હયાં[6] (હમો દુઆ માંગતા તરફ આશીરવાદીક પાણી લઇ) || આવશેજ,[7] (હમો તરીકત ઉપર રહીને આ ભણીએ છીએ અને દુઆ કરીએ છીએ એટલે તે ફ્રવષિઓ આશીરવાદીક આપ લઇને આવવાનીજ.) ||

## ઉપલા સાતમાં ફકરા બાબે ક્ષનૂમીક શરેહ.

**'અષઓનાંમ ફ્રવષી'** નામનો એક તબકકો છે, જે રૂવાનની ઉંચ દશા બતાવે છે. ફ્રવષી એટલે અહૂ પ્રત્યેની તાબેદારીના જોશથી ઉભી થતી કેરદાર, જેમાં અહૂ અને તેની ઉભી કીધેલી ફ્રવષીનો સંબંધ થાય છે. ત્યારે અષઓનાંમ ફ્રવષીનો તબકકો રૂવાનોની અહુરમજદ પ્રત્યેની તાબેદારી કરવાનો અમુક જોશ બતાવે છે, અહુરમજદ સારૂ પોતાનું સર્વસ્વ અર્પણ કરવાનો જોશ અને તેનો ચોકકસ તબકકો દેખાડે છે. યઝતોની એવી તાબે-દારી કરવાના જોશને **"અષાઉનાંમ્ ફ્રવષી"** કહે છે. **'અષઑનાંમ્'**

કરતાં તે '**અષાઉનાંમ્**'નો મરતબો વધુ છે, તેનો જોશ વધુ છે, માટે '**અષઑનાંમ્**'ના '**અઑ**' પ્રત્યયની વૃધ્ધી '**આઓ**' કરીને તે '**અષાઉનાંમ**' કીધું, જે શબ્દ '**અષઑનાંમ**' કરતાં વધુ ગતી દેખાડે છે. આ ફકરામાં કહે છે કે આ બધાં રૂવાનો '**અષઑનાંમ્**'નાં છે, અને તેઓમાં '**આપ**' છે, નુર અને તેની શકિત છે, જે '**નજદિશ્તયાત્ અપ**' છે, એટલે હમારાં રૂવાનના આપ-નુરની સગાઇનું નઝદીકીનું છે પણ હમારેથી દુર થયું છે. માટે તેઓ હમારાં સગાં છે એટલે હમોને મદદ કરવા જેમ અગાઉ આશીરવાદનો વરસાદ વરસાવેલો, તેમ હમણા વરસાવવા આવે. તેઓની ફ્રવષી (અહૂની તાબેદારી કરવાની કેરદાર) કે જેને અહૂ સાથે સંબંધ છે, જે તેઓને સદ માર્ગેજ રાખે છે, તે ફ્રવષી હમુને તે **આષ**=આશીરવાદો આપશે. આ '**આપ**' એટલે આશીરવાદ સત્તાધારીક છે. અહુરમજદે તે **આપ**ને બક્ષેશ કરવાની ગતી આપી છે. ત્યારે '**આપ**'માં **આશીરવાદ**-પાણી માફકનું ચલણ-સત્તાધારીક ચલણ બધો અર્થ આવે છે. હર્યા આવાં અષોનાંમ ફ્રવષીનાંમ રૂવાનો જેઓ આશીરવાદ આપી શકે છે, જેઓ આવાં યઝતની સાથે કામ કરી રહે છે, જેઓ ભણનાર બરતે-કુરતીઆનનાં સગાં છે, તેની મદદ મંગાય છે. એવું પેમાન અપાયું છે કે તરીકત ઉપર ચાલનાર બસ્તે-કુસ્તીઆન જયારે આ ભણીને દુઆ માંગશે ત્યારે તેઓની મદદ સારૂ તેઓ આવશેજ. માટે અહીં '**જસૅન્તુ**' ક્રીયાપદ આજ્ઞાર્થે વપરાયો છે, એટલે તે ફ્રવષીઓ આવવા બંધાયલીજ છે એમ અર્થ રાખે છે. **આ ફકરામાં તરીકત ઉપર રહેનાર શખ્સનો હક બતાવેલો છે. ત્યારે આ ફકરામાં કંઇ ખેતરમાં પાણી માંગવાની અરજીનો સાંકડો અર્થ નથી.** એમ દુઆ શા સારૂ કરે છે, મદદ શા માટે માંગે છે? તે માટે કહે છે કે બુરાઓ જે હમારામાં છે તે સુધરે, તેઓની ઉપર આફત વરસે, કે તેઓની ગરૂરી-અસત્યતા જડપણું-દીન-દુશમની તુટે અને તેઓ અષવનની મદદ માંગે માટે કહે છે, કે:

(૮) બુરાં મનનાં એટલે જડ, દીનની વીરૂધી કરનાર માટે ફ્રશોકેરેતી=મોક્ષને દુર ફેંકનાર, 'હું'-હુમત તરફ નહિ જતાં **મન**ની[૧૯] (ખાસીઅતવાળાઓને) ‖ હમારાં[૧૭] (હમારી તરફ આવતાં) ‖ પાણી-આશીરવાદો[૧૮] ‖ નહિ મળો[૧૬] (એટલે આશીરવાદ નહિ મળવે તેઓની સંપત્તી તુટે અને દુખ પડીને સુધરે). ‖ બુરા એટલે જડ-દીનની વીરૂધ બોલનાર, પાપ નાશ તરફ લઇ જનાર બોલની[૨૩] (ખાસીઅતવાળાઓને), ‖ બુરા જડ દીનની વીરૂધ કરનાર પાપી કામ કરનારની[૨૭] (ખાસીઅતવાળાને), (તેમજ) ‖

બુરા એટલે દીનની વીરૂધની માન્યતાવાળાં જડ અંતકરણવાળાની[૨૯] (ખાસી-અતવાળાને) || (એટલે બુરી ખાસીઅતવાળાને) || હમારાં-હમો તરફ-હમારી તરીકત તરફ આવતાં[૨૧-૨૫] || પાણીઓ-આશીરવાદો[૨૨-૨૬] || નહિ આવે[૨૦-૨૪-૨૮] (એટલે બુરાઓ હાડમાર થઇને સુધરે-સુધરશેજ). || (આવા દુશમન=બુરાં મન-વચન-કાર-અંતકરણની ખાસીઅતો એવી બુરી કાંય છે તે માટે આગળ કહે છે કે તેઓને બુરાઇનું દુખ-દરદ લાગુ પડેલું છે તે આશીરવાદ નહિ પડવે નાશ પામશે એટલે તેઓ બુરાઇ રહિતના દરદ રહિતના થશેજ, માટે કહે છે કે:) || સગાઇને લાગેલાં દરદને યા તેવાં દરદવાળાંને,[૩૧] || મગવ દસ્તુરો અષવનોની હિદાયતને લાગુ પડેલાં દરદ યા તેવાં દરદવાળાંને,[૩૩] || તરીકત પાળીને નેકી કરવાની ગતી, દીન-દુન્યા-ઓકબા તરફ વર્ત્તવાની મતીને લાગુ પડેલાં દરદને અને તેવાં દરદ-વાળાંને,[૩૫] || નાભ-દુટી-મધ્ય એટલે અહુરમજદની તરફ લઇ જતી દીની સંસ્થા (ક્રીયાકામ-માંથ્ર વગેરે) તરફ જાન-ફેશાની કરવાથી દુર રાખતાં દરદને યા તેવાં દરદવાળાંને[૩૭] || તે આશીરવાદ નહિજ મળો,[૩૦-૩૨-૩૪] (કે જેથી તે દરદો પોતાની કઝાએ સેતાબ પુગીને તેને મુકત કરે). ||

## ૮ મા ફકરા બાબે ક્ષ્નૂમીક શરેહ.

હષિ=સગાઇ એટલે હમખેશી-બા-એખલાકના સદગુણોથી સગાઇને ટેકવવાના પાઠો એટલે મા બાપ-હમકોમ-લોકો-દુન્યા-શાહ-માનવ જાત-જાનવરી-ખનીજ વર્ગ-વનસ્પતી વર્ગ તરફ એખલાકથી-સદગુણથી એટલે તેઓની વૃદ્ધી થાય તેમ વર્ત્તવાની જરથોશ્તી તરતીબનાં શીક્ષણો હોય છે. 'ત્બેષ'=દુખ કયારે લાગુ પડે? **જયારે તે શિક્ષણો અપાય નહિ, એટલે તેઓ દુખ પામેલા ઠરે છે. તેઓ જારી નહિ હોવાથી ખોરંબે પડે છે, અથવા અપાયા છતાંબી નહિ પળાયાથી તે બુલંદ સગાઇ તુટે છે, જેથી વૃધ્ધી અટકે તેવો મામલો થાય છે.** એવા મામલાને આશીરવાદ નહિ મળવે તેમાંથી આફતો ઉભી થાય, કે જે પછી તેવી બુરાઇના કરનારાઓ સુધરે છે.

**'મૅાધુ'**=મગવ જેવા પરમાર્થી દીન-દસ્તુરોની ભલી હિદાયત-શીક્ષણોને દર્દ લાગુ પડે, એટલે તેઓની તરફ લક્ષ નહિ અપાય, તેઓનું ચલણ ચાલે નહિ. પરમાર્થી દીન-દસ્તુરોનાં શીક્ષણોને, તેઓની તરફની ફરજોને ત્બેષ=દુખ લાગુ પડવે એટલે તેઓનાં શીક્ષણોને તેઓ તરફની ફરજોને દુર કરવે ભલો આંકોશ તુટે છે, માટે તેવાઓને તે દુઆ આશીરવાદ નહિ મળો એટલે શીક્ષણો-ફરજોને ધ્યાન નહિ આપવાની બીમારી દુર થાય. એમ બસ્તે-કુસ્તીઆનમાંથી **'મૅાધુ'**=પરમાર્થી દીન-દસ્તુરોનાં શીક્ષણો તરફની બીનદરકારીનો પવન નાબુદ થાઓ,

તેઓ દીન ઉપર ઉસ્તવાર બનો એમ દુઆ હયાં છે. **'વર્ઝનો'**=તરીકતનાં પાલનને દુખ લાગુ પડે ત્યારે તે તરીકતો વીસરાઇ જાય છે, જેમકે આજે થઇ રહયું છે. એવાઓ જયારે પોતાનાં કર્મોની **આફત** જોય એટલે સુધરે. માટે તેવાઓને **આપનો** આશીરવાદ નહિ મળે. **નાભ**માં દીની સંસ્થા, માંથ્ર, યસ્ન વીગેરેમાં અહુરમજદ તરફ મુકિત તરફ જવાનો ભેદ છે. એવાં નાભને દુખ લાગુ પડવે એતેકાદ અને મોક્ષ દુર જાય છે, માટે તે દુખને દુર કરવા તે આશીરવાદ તેઓ આગળ નહિ આવે, કે જેથી તે દુખ નાબુદ થાય. એમ ત્યારે લોકો નાભ તરફ દીન–અહુરમજદ તરફ પાછા ફરે, એમ અહીં દુઆ કરે છે). સઉથી ઉત્તમ રીતના,[44] || ભલા–ગોસ્પંદી વૃત્તી એટલે પરદુખભંજનની બહમનની ખાસીઅતના,[43] || મઝદદાત એટલે સૃષ્ટીને ભોગવટો કરાવવાના, રચીને ચલાવવાના કાયદાવાળા[45] || અષો ગતીના[46] || આ **આપ**=આશીરવાદો[42] || આમાં[40] (એટલે ઉપર કહેલી ખાસીઅતને અને બનાવોને જેટ આપવાની ગતીમાં) || હયાં[38] (તેવા બુરાઓ પાસે) || ફાયદો આપનારા[42] || નહિ થાય,[39] || (કેમકે) જેઓએ[47] (એટલે આ બધી ઉપર કહેલી ખાસીઅતો અને બનાવોએ) || હમારા[48] || ભરપુર[49] (એટલે અસરે–રોશનીના પ્રવાહોથી ભરપુર થઇને ફ્રશો–કેરેતી મોક્ષ તરફ જવા સારૂ નેમાયલા એવી રીતના ભરેલા) || સુક્ષ્મ ગતીના અંગોને (ગેતીનાં લોકો અને તેઓની ગતી અને તેઓની સંસ્થાઓની ગતીઓને એટલે રૂવાન-દરોરતીવાલા સુક્ષ્મ ગતીની સસ્થાઓની ગતીને વૃધ્ધી તરફ લઇ જવાની મકસુદ રાખતી સસ્થા–ગતી–સ્વભાવ–મહેનત–તરીકતોને) || (પોતાની મકસુદથી) ખાલી કરવા માંગે છે–મોક્ષ તરફ જતાં અટકાવ મુકે છે;[50] || ભલા ગોસ્પંદી વૃત્તીના એટલે પરદુખભંજનની બહમનની ખાસીઅતવાળા[57] || સઉથી ઉત્તમ રીતના[58] || મઝદદાત એટલે સૃષ્ટીને ભોગવવા લાયકની કરવાના કાયદાવાળા[59] || અષો ગતીના[60] (એટલે શકિતવાળા) || આ **આપ**=આશીરવાદો[56] || હયાં[52] (તેવા બુરાઓ પાસે) || આમાં[54] (એટલે ઉપર કહેલી ખાસીઅત અને બનાવોને જેટ આપવાની ગતીમાં) || ફાયદો આપનારા[55] || નહિ થાય,[53] || (જેમકે) જેઓએ[61] (એટલે આ બધી ઉપર કહેલી ખાસીઅતો અને બનાવોએ) || હમારા[62] || ભરપુર[63] (એટલે અસર રોશનીના પ્રવાહોથી ભરપુર થઇને ફ્રશો–કેરેતી (મોક્ષ) તરફ જવા સારૂ નેમાયલા–એવી રીતના ભરેલા) || તનુની ગતીને[65] || (પોતાની મકસુદથી) ખાલી કરવા માંગે છે, મોક્ષ તરફ જતાં અટકાવ મુકે છે.[64] || (હયાં **દુશ્મનંઘહ**=બુરા=સ્વાર્થી મન વીચારના તત્વને, તેમ **દુઝ્વચંઘહ**=**–દુશાઘ્યઓથન**=બુરાં વચન–કામનાં તત્વને, તેમ હષિ, મોધુ, વેરેઝાનો

તબિષે=હમખેશીની અને બીજી તરીકતોના નહિ પળાવાને બુરાં જડવાદી જ્ઞાનના ફેલાવાનું પરિણામ કહયું છે. **દીની જ્ઞાન અને તરીકતો સ્વાર્થ-રહીતની છે, જ્યારે આ જડ જ્ઞાન સ્વાર્થથી ભરપુર છે, માટે આવાં જડ જ્ઞાનને આશીશ નહિ મળો એમ ઇચ્છયું છે, કેમકે તેથી ગેતીની આખરની મુરાદ બર આવશે નહિ.** ત્યારે આવાં બુરાં એટલે સ્વાર્થી વિચાર-બોલ-કામ-દીલ-ખાસીઅત અને તેનાં પરિણામો જે દીન-દુશ્મની કરાવે છે-તનાસકમાં નખાવે છે, તેઓને આશીશ નહિ મળે અને તેઓની જીંદગી કપાય એટલે બસ્તે-કુસ્તીઆંનોમાંથી તે બધું દુર થાય, એમ ભણનાર ઇચ્છે છે. પછી કહે છે કે આ બધું જે થઇ રહે છે તે અહુરમજદના હદ+ઇનસાફથીજ છે. બુરી કરણીનાં પરિણામથી તે બધું છે એટલે બુરાં કર્મોથી ઉભી થતી બુરી તબઇને પરિણામેજ છે. માટે હવે દુઆ કરે છે કે આવી બુરી તબઇ જે જાતજાતની રીતે પડી રહે છે, જેને અલંકારમાં ચોર-ડાકુ વગેરેની કહી છે, તેનો જોશ નરમ પડો. આવા ઉતરવાના આશીશોનો જોશ તે બધી જાતજાતની રીતની તબઇ -કમનસીબીને દુર કરે એમ દુઆ કરે છે. માટે કહે છે કે:) ‖ જે[66] ‖ ચોરને[67] ‖ (એટલે ચોરની માફક ઉપર કહેલી દુશ ગતીઓ અને તેઓની ખાસીઅતો અને દીન-દુશમની કરાવતાં પરિણામો જે ચોરની માફક આવે છે, ઇનસાનને બગાડે છે-એમ નહિ થવું જોઇએ છતાં થઇ જાય છે એમ ચોરની માફક બેફામીમાં નાખીને બુરાઇ કરાવે છે-જે થવું માઝીની બુરી કરણીનો નતીજો છે તેવી બુરી ગતીને ચોર કહે છે) તે **ચોરને;** ‖ જે[68] ‖ લુટારાને[69] (એટલે જેઓ દીનમાં માનતા નથી-'આપ'=આશીરવાદ-તરીકતોને હસે છે અને સ્વાર્થમાં રહેવાને ધર્મ ગણે છે, જેઓ જાણી જોઇને એતેકાદને-દીની ફરમાનને કચડી નાંખે છે, તેઓની તેવી ગતી જે બુરૂં સ્વાર્થી મન અને અવિશ્વાસ કરાવે છે તે માઝીનાં 'બુરાં' કર્મોનો જવાબ છે, માટે તેઓની તે બુરી કરણીનાં પારણામ તરીકે તેની ઉપર તેવી બુરી તબઇ પડે છે, કે જે બુરી મતી અવિશ્વાસ કરાવીને દુશ્મન બનાવે છે અને તેને અહુરમજદની ધારણા જે દીનમાં છે તેથી દુર કરે છે. આવી બુરી તબઇ કે જેથી તે છડેચોક દીનને વિસારે છે તેને લુટારૂ કહી છે, કેમકે જેમ લુટારૂ છડેચોક લુટે તેમ તેવી બુરી તબઇ તેવી અવિશ્વાસી માન્યતા કરાવી છડેચોક દીનની સામે તેને કરાવે છે, માટે તેવા) **લુટારૂને-;** ‖ જે[70] ‖ ખુનીને[71] (એટલે જેઓ દુઝ-ગતીમાં દીન-દુશ્મનીમાં રહી બુરાં અઘોર મર્ગઅરઝાની પાપો કરી એટલે અનાસરોને બરબાદ કરી દુજીઓ ઉભી કરી પોતાનાં રૂવાનને તનનાં ખોલ્યામાં વધુ વખત આવવાની

ફરજ પાડે છે એટલે તનાસકમાં અટવાવે છે એટલે વૃધ્ધીનું ખુન કરાવે છે, તેઓને રૂવાનના ખુની કહે છે, કેમકે તે બુરી ગતી ખુનીની માફક વર્તીને રૂવાનનું બુરૂં કરે છે, રૂવાનને ગેતીમાંજ પકડી રાખે છે, બહેશ્તી થતાં અટકાવે છે, એમ બહેશ્તી ગતી કરવાનું ખુન કરે છે; માટે તેવી તબઇને ખુની કહી છે તેવા) **ખુનીને**;–|| જે[૭૨] || અષોઇના મારનારને[૭૩] (એટલે તેઓ ગમે તેવી પરહેઝગારી કરવા માગે છતાંબી થઇ શકિત નથી, તેઓને તેવો મોકકો–વખત–સગવડ મલતીજ નથી, જેને અંગે અષોઇની ગતી પેદા પડી શકતીજ નથી.–તેઓ ઉપર એવી બુરી ગતી લાવનાર તબઇ તેઓનાં ભુતકાળનાં બુરાં કર્મોને અંગે પડે છે, જેથી અષોઇ પેદા કરવા જેવા સંજોગો મળી શકતા નથી–તેઓના ધંધાધાપા રહેવાની રીતથી દ્રુજજ પેદા પડે છે, અધ–માંથ્રજ ઉભો થાય છે, તેઓની તાલીમો–તરબીઅતજ તેવીજ છે જે અનાસરને તફર્ગે કરી ગવને આઝાબજ દે છે, માટે તેવી તબઇને "**અષવજ**" અષોને મારતી કહી છે, તેવા) **અષોના મારનારને**; || જે[૭૪] || જાદુગરને (એટલે તેઓનું શીક્ષણ–વર્તન–કામ–ધંધો બધુંજ અસરે–રોશની જે વૃધ્ધી કરાવે છે તેને અટકાવનાર અને અસરે–તારીકી ઉભી કરાવનાર છે–તેઓની વીદવતા–માન્યતા બધુંજ અસરે–તારીકીને જોમ આપનારૂં–અસરે–રોશનીને કચડનારૂ છે જેને જાદુગરી કહે છે–એમ એવી ગતી ઉભી કરાવનાર તબઇને જાદુગીરી કહે છે તેવી) જાદુગરીને–**જાદુગરને**;– || જે[૭૬] || નસુ દાટનારને,* લીલો નસો જે મુવેલાં માંસમાં ચામડીમાં અંગોમાં સચેત હોય છે તેને જમીનમાં દાટનારને કે અસત્ય–ગેર રાદ જે ગવને મારનાર હોવે નસ–દ્રુજનું મુળ રાખી બીજી દ્રુજીઓને પોખી રહે છે તે ગેર રાદને જીવતાં શરીરનાં તનમાં દાટનારને[૭૭] (એટલે તેઓ શરીરમાંની જમીનમાં જે કંઇ દાટે છે, બોલ–વીચાર–કર્મ–ખોરાક કંઇબી મુકે છે, તેઓની બુરી ગતી

---

* અહિંયાં નોંધવું કે મુવેલાં ઇનસાનોનો લીલો નસો હમેશાં નસ–દ્રુજથી જીવતો જબુન હોય છે. પણ સુકકો નસો હાડ નખ બાલ વીગેરેમાં નસ–દ્રુજ મંદ હોય છે. લીલા નસાને જો જમીનમાં દાટે, તો રૂવાનને તે જમીન આગળ ઘણાં લાંબા કાળ લગી થોભવું પડે છે અને વળી જમીનનાં કુવતોમાં ખલલ ઉભી થાય છે અને જમીનમાંથી વબાઓ ફુટી નીકળે છે. પણ સુકકા નસાને જમીનમાં દાટે તો રૂવાનને ત્યાં થોભવું પડતું નથી. પણ રૂવાન જ્યારે ચીનવત ઉપર ચઢે છે, ત્યારે તે સુકકા નસાને એટલે હાડ–નખ–બાલને કે જેને રવીના રવાઓએ રેજ રેજ કીધો છે તેઓને ખાસ્તરરૂપમાં ફેરવીને તેઓના અનાસરને દહમને સોંપી શકે છે. અહિંયાં એક ઘણીજ અગત્યની બાબદ નોંધવી કે બીજી વર્ણો પોતાનાં ગુજરેલાંને પોતપોતાની દીનનાં ફરમાન મુજબ દાટે છે તેમાં

(ફુટનોટ માટે જુઓ પાને ૨૯૭ મે).

જેને 'નસુ' કહે છે તેને ગવની કરીને મુકી શકતા નથી, દાટી શકતા નથી, પણ એમની એમ તેવીજ વોહુનનીં ભરેલી હાલતમાંજ દાટે છે-મુકે છે,

---

(પાને ૨૯૬ મે થી ફુટનોટ ચાલુ.)

તે તે દીનના સાહેબોની કરામત રહી છે. તે લોકોમાંબી દાટવું એ રૂવાનનું દુખજ ગણાયલું છે પણ તે લોકોમાં કબરનો એજાબ ઓછો કરવાનો દરમાન=ઈલાજ થયો હોય છે, જેને કબરના બારણાને ખોલવાનું સવાબ કહયું છે. કબરનું બારણું ખોલવાની તરીકત તેઓને જીવતા જીવત અપાય છે, કે જેથી તેઓને મરણ પછીથી તેઓની 'ઇલ' તે તરીકતની અસરને જોરે તે રૂવાનને છોડવી શકે છે જો કે જમીનમાંની બુરી અસરને તેઓ કંઇ ટેરવી શકતા નથી. ત્યારે કબરનું બારણું ખોલવાના તેઓના ખાસ મંત્રો હોય છે-ખાસ તેવી તેને બરની ક્રીયા હોય છે, જેમાં તે કોમના લોકોના મુવા પછીથી કબરવાસ થવા માટેનો એતેકાદ રાખવાના વીચારો અગત્યના થઈ પડે છે. વળી તે તે અન્ય વર્ણને લગતા કેટલાક સાહેબો મુખીઓ તો પોતે જે અમલ કીધો હોય તે અમલનું જોર તે ગુજરનારને આપે છે-એક ચીઠઠી ઉપર પોતાના મંત્રોથી તે અમલનો સીલસીલો મુકી તે ચીઠઠી તે શબની સાથે કોફીનમાં મુકીને દાટે છે જેથી તે મુખીનો અમલબી તે ગુજરેલાં રૂવાનને કબરના આજાબમાંથી છોડવવા તે ઇલને મદદ કરી શકે. પણ આપણ બસ્તે કુશ્તીઆનો માટે તો દાટવુંજ ગુનાહ છે-આપણને તે રીતની અડાસે જવાનોબી હોકમ નથી, માટે દટાયલા બસ્તે કુશ્તીઆનો માટે તો કંઈ છુટકોજ નથી તે નોંધવું એટલે લાંબા કાળ લગીનો રખડાટ છે તે નોંધવું. સુકકો નસો તો દાટવોજ જોઇએ કેમકે તેમાં નસુ દ્રુજ સંકોચાયલોજ છે જેને જમીનની મગનાતીસ ખાતર તરીકે કામે લઈ શકે છે. કયાં જાનવરોને દાટવે જમીનના કુવતોને જોર મળે છે તે વિષે દએનની વસીઅત છે, જે આજે જાહેરમાં રહી નથી, જો કે રેવાજમાં તે ચાલુ છે. અહિંયાં નસા દાટવાનો ભેદ ઘણી બહોળી રીતનો કહેલો છે. જમીન જેમ બહારની છે તેમ શરીરમાંનીબી છે. ગેઉશ ઉરવા જેમ બહારની જમીનને ટેકવે છે-વધારે છે, તેમ શરીરની જમીનનેબી ટેકવે છે-પોખે છે. આપણું જીવતું તન ગવ અને વોહુનનું બનેલું છે. ગવ સત્ય છે, જ્યારે વોહુન અસત્ય છે. વોહુનનો ભાર ગવ જ્યાં લગી ખમે છે ત્યાં લગી જીંદગી છે. જીવતાં તનમાં ત્યારે ગવની જમીનની ઉપર વોહુનનો અમલો છે, જે અમલો અસત્યનો છે, જેમાં નાશ પડેલો છે માટે તેને '**નસ**'ની તાસીરનો કહે છે. પણ ગવની ગતીથી તેની બઓદીક ગતીથી તે વોહુનનો નસની તાસીરનો અમલો હદમાં રહી શકે છે-ટકી શકે છે. પણ જેમ જેમ ઇનસાન ભોગવટાઓ કરે છે અને તેમાં અકસર બુરાઇ જાતજાતની રીતે ઘણાં પ્રમાણમાં ઉભી થઈ રહે છે, તેમ તેમ તે બધા ભોગવટાઓનાં ચિહ્નો તે શરીરમાંની ગવની ગ્રામ ઉપરના વોહુનના અમલાનાં વોહુનની ગતીને સચેત કરીને અસત્યની હદને લંબાવે છે, જેથી હવસોને હદની બહારનું જોર મળે છે, જેને કારણે માનવમાં બુઢાપણાની ગ્રઇફી અને મૃત્યુ થઇ રહે છે. માનવ માત્ર જે દુન્યવી છે, જેમાં મહેર નથી, તે અસરે-

(ફુટનોટ માટે જુઓ પાને ૨૯૮ મે).

જેથી તે શરીરની ઝમીન અબાદ થાય છે. એમ તેઓ શરીરની ઝમીનમાં નસની ગતી એટલે અનાસરને નુર તરફ નહિ લઈ જાય

(પાને ૨૯૭ મે થી ફુટનોટ ચાલુ).

તારીકીનોજ દમ લઇ રહે છે, જેમાં સીરફ જીવાડનાર ઉશ્તાન જે લકીરરૂપનું રહે છે તેજ અસર રોશની તરીકે રહે છે, માટે તે ઉશ્તાન કંઈ પેલી અસરે-તારીકીને દબાવી શકતું નથી, માટે માનવનો દરેક ભોગવટો વોહુનનો થઈ પડે છે અને તેનો કંઇબી પ્રકારનો ખોરાકનો વોહુન પોતાની સમીઅત અને ખાસીઅત તરીકે શરીરમાં જઇને શરીરના નસાને મજબુત કરે છે. એમ તે ખોરાક નસારૂપનો તે જમીનમાં દટાય છે. પણ જેઓ અષવનો છે તેઓનું ઉશ્તાન પ્રબળ રહે છે. તેઓ પોતાના ભોગવટામાંથી થતી અસરે-તારીકીને પોતાના નફસથી એટલે દમાદમની ગતીથી કે જે દમાદમ તે પ્રબળ ઉશ્તાનથીજ થઇ રહે છે તે નફસથી અસરે-રોશનીમાં ફેરવી નાખ્યાજ કરે છે. તેઓનાં ઉશ્તાનમાં બઓદાંઘની ગતી ધોધમારની હોવે તેઓનાં નફસ ઘણાજ સુક્ષ્મ હોવે તેઓના મિશ્રો પ્રબળ અને મન મજબુત હોય છે અને સેકન્ડે સેકન્ડ તેઓ અસરે-તારીકીને ઉગતાની સાથેજ દાબીને અસરે-રોશનીમાં ફેરવ્યાજ કરે છે, કે જેથી તેઓના વિચારો-બોલો-કામોમાંની કુદરતી કાયદે મંદ રહેલી વોહુનની ગતી ગવરૂપની થઇને શરીરની ગવમાં જઇને તે ગવની ઝામ ઉપરના વોહુનના અમલાને ગવહોમંદ કર્યાજ કરે છે. માનવના ભોગવટાઓના બે પ્રકાર રહે છે: એક સુક્ષ્મ અને બીજો સ્થુળ. સુક્ષ્મ પ્રકારના ભોગવટાઓમાં વિચારો-બોલો જે સારા નરસા હોય તેઓ આવી જાય તેમ તરીકતનું પાલનબી આવે. સ્થુળ પ્રકારના ભોગવટાઓ નજરે દેખીતા રહે છે જેની સાથે સુક્ષ્મ પ્રકારનો ભોગવટો-વિચાર અને બોલબી રહે છે. આવા સ્થુળ પ્રકારના ભોગવટાઓમાં ખાવાનો ભોગવટો એક છે. માનવ જે મુઢ છે એટલે જેમાં નફસે-અમ્મારે હવસો પ્રબળ છે, જે અસરે-તારીકીનો તાબેદાર છે, જેની અસર રોશની સીરફ તેને જીવડાવી શકે એટલુંજ કરે છે, તે માનવનો ખોરાકનો વોહુન તેની ગવની જમીનમાં **નસ** તરીકે દટાય છે. તે વોહુનને ગવરૂપનો કરવાની તેના નફસમાં માટે મિશ્ર-માંશ્રમાં જોર નથી. પણ અષવનો જેમ સુક્ષ્મ ભોગવટાના વિચારો-બોલોને પોતાના નફસને જોરે ગવના કરી અસર-રોશની સાથે રાખીને પછી પોતાની ગવની જમીનમાં મુકે છે-દાટે છે, જેથી શરીરરૂપ વોહુનનો અમલો તે ગવની જમીનના કુવતોથી ગવહોમંદ થઇ રહે છે તેમ તેવીજ રીતે તેઓના બધા જડ ભોગવટાઓ અને તે માંહેલો ખોરાકનો ભોગવટોનો વોહુનબી પોતાના નફસને જોરે ગવનો થઇ જઇને પછી શરીરની પેલી ગવની ઝામમાં દટાય છે, જેથી પછી શરીરમાં રાદી ગતીજ રહે છે, હવસો પતમાન ઉપર રહે છે, અને નસા દાટવાનો આનબ ઉભો થતો નથી એટલે હવસોના જોલાનો થવાનો અને મૃત્યુનો ભેદ તુટે છે. આમ ત્યારે સામાન્ય ઇનસાન કે જેના નફસમાં અસરે-તારીકીને અસર-રોશનીમાં ફેરવવાનું જોર નથી તે તો પોતાના બધા ભોગવટામાં નસાનો દાટ-

(ફુટનોટ માટે જુઓ પાને ૨૯૯ મે).

**તેવી ગતીને એટલે નસાને બોલથી-મનથી-કર્મથી-દીલથી અને ખાવાથી દાટે છે,** કે જે જમીનમાં એટલે શરીરમાંના આતશમાં તે બોલ-

---

(પાને ૨૬૬ મે થી ફુટનોટ ચાલુ).

નાર **નસુસ્પચ**જ છે. ત્યારે એ સામાન્ય નફસે-અમ્મારેવાળા એટલે **હવસથી** છુતાઇ રહેલા માનવ સમાજને માટે સુક્ષ્મ ભોગવટાની સુદ્ધતા એટલે વિચાર અને બોલની સુદ્ધતા એટલે **પતેત** અને **મહેરજ** (કે જેમાં દીન તરફની સાચી વફાદારી તેમ મા-બાપ-શાહ-કોમ તરફની ફરજની વફાદારી આવી જાય છે તે મહેર) તેને **'નસુસ્પચ'**ના આજાબમાંથી છોડવી શકે. વોહુનની ગતીને આપણાં જડ તનની જમીનમાં મુકવે આપણ **'નસુસ્પચ'** થઇ રહીએ છીએ તેની વીગત આજે સાયન્સબી પોતાની રીતે આપતી રહી છે. સાયન્સ પ્રમાણે ખોરાક ખાવાથી તે ખોરાકના તત્વમાંથી ઝહેરી વસ્તુઓ ઉભી થાય છે કે જેમ જમીનમાં મુરદા દાટવે જાતજાતના ઝહેરી જન્તુઓ ઉભા થઇ ઝહેરી તાકુનો થઇને જમીનની ફળદ્રુપતાને મારે છે તેમ જમીનમાંથી વબાઓ કાઢે છે તેમ તે તાકુનો બહાર પડી હવાને બગાડે છે-એવોજ કંઈક મામલો શરીરમાંના ખોરાકથી થતો આવે છે. ખાવાની હજમીઅતની ક્રીયાઓની વીદયા રસાયણ પ્રયોગથી અને biological અખતરાથી આજે થઇ રહીને શીખવે છે કે ખાવાની ચીજો **પ્રોતીન** એટલે માંસ બનાવનારી કે fat ચરબી કે Carbo-hydrate ખાંડ જેવી ચીજો-માંથી તેના હાજેમા વખતે ઘણી ઝહેરી ચીજો ઉભી થાય છે. પણ શરીરમાંની તંદરોસ્તી એટલે શરીરના અંગોની શકિત 'ગવ' તે બધા ઝહેરોની અસરથી આપણને બચાવ્યા કરે છે, અને જ્યારે તેવી શકિત મંદ થાય છે ત્યારે Auto-intoxication એટલે સમીઅતના ઝહેરની અસર શરીર ઉપર થતી આવે છે. Becher નામના મોટા વિદવાને એ વિષેની શોધો કીધી છે. In a recent discussion Professor Becher (1937) has extensively reviewed the clinico-experimental findings on this subject during the last 30 yars. છેલ્લા ત્રીશ વર્ષની શોધો જે હાજેમા બાબે થઈ રહી છે તે બધાની ઉપર નુકતચીની કરતા-વધતા જતા જ્ઞાનનું પ્રદરશન કરતા તેણે જે કંઇ કહ્યું છે તેમાંથી આ સાર નીકળે છે. On a perusal of the review it would appear that almost any and every intermediate product of normal digestion may under certain circumstances become transformed into highly toxic agents. Indeed the author has presented a formidable list of toxins that may be formed in the intestines from protein, fat and carbohydrate contents of our daily food Thanks to the powerful lines of defence viz. intestinal mucosa, liver, lungs and kidneys, the blessing of normal health is assured to most of

(ફુટનોટ માટે જુઓ પાને ૩૦૦ મે).

કર્મ-દીલ-ખોરાકની વોહુનની ગતીને ગવમાં ફેરવવાની શકિત નથી, માટે તેનું શરીર ઘોરસ્તાન થઇ પડયું છે. એવાં શરીરને ઉભાં કરનાર તઆઇ જેને **'નસુસ્પા'** કહી છે) તે **નસાના દાટનારને**;-‖ જે[૭૮] ‖ ગીબત કરનાર અદેખાને[૭૯] (એટલે તે શખ્સને એવી તોફીક આવતી નથી કે જેમ સામો શખ્સ એક જાતનો ગુનાહ કરે છે તેમ તે પોતે તેવો નહિ પણ બીજી જાતનો ગુનાહ કરે છે. જેમ ત્રાજવું કદી નીચે ઉતરે કે ઉપર ચઢે, બેઉ પલ્લાં મધ્યમાં નહિ હોય એટલે મધ્યની રાસ્તી દેખાડનાર નહિ હોય, તેમ તે ખુદ જેવા રાસ્તીથી દુરનાં નીચે જતાં પલ્લાંનો ગુનાહગાર છે, તો સામો શખ્સ જેની તે ગીબત કરે છે તે ઉપર જતાં પલ્લાંનો ગુનાહગાર છે; એમ બેઉજ ગુનાહગાર છે એટલે સામા જેવોજ તે ગીબત કરનારબી ગુનાહગાર છે માટે પોતાને સુધાર્યા વગર સામાને બદનામ કરવાથી પોતે ઢોંગી ઠરે છે. તેવી ગતી ઉભી કરનાર તઆઇને **'સ્પૅરૅજવન્ત'**=ગીબત કરનાર કહી છે તેવા) **ગીબત કરનાર અદેખા છંદીને**;-‖ જે[૮૦] ‖ રાદી ગતી વગરનાને[૮૧] (એટલે તેઓનું શરીર એવું ખ્રફ્સ્તર કુદરતીજ છે, તેમાં વોહુનનું બુરૂં ચલણ કુદરતીજ છે, જેથી તેઓમાંથી રાદ ગતી-કુદરતની સફેદ બાજુને જેટ મળે તેવી ગતી, જેને **'અવિજેહીમ'** કહે છે એટલે અંતકરણની સફાઇ બતાવતી ગતી કહે છે, અસરે-તારીકાને અસરે-રોશનીમાં ફેરવાવાની ગતી કહે છે, તે થતીજ નથી. તેઓનાં બોલ-કાર-કર્મ-ધંધા દરેકમાંથી ગેર-રાદની ગતી=અસરે-તારીકા જન્મે છે; એવી ગતી ઉભી કરાવનાર

---

(પાને ૨૯૯ મે થી ફુટનોટ ચાલુ).

૫૬. આપણે જેબી કંઇ ખાઇએ છીએ તેના માંસ બનાવનાર તત્વ કે ચરબીનું તત્વ કે ખાંડ જેવી ચીજો બનાવનાર તત્વ (એટલે ખાવાનાં વોહુનનો ભાગ) હજમીઅતના ક્રમ ઉપર ચાલવે અને છેલ્લે પોશણ આપનાર તત્વ ઉભું કરે તે પહેલાં ઘણી જાતની ઝહેરી ચીજોને ઉભી કરે છે, જેઓ કદી શરીરમાં પચે તો મૃત્યુ થાય. પણ શરીરમાંનાં આંતરડાંમાં ખાધેલા ખોરાકમાંથી આ ઝહેરો ઉભા થાય છે તેઓને તે આંતરડાંની અંદરની ચામડીમાંની શકિત તેમ લીવર અને ગુરદાઓની અંદરની કુદરતી શકિત (ગવ) તેઓની ઝહેરી અસરને આપણાં શરીરમાં પચાવવા દેતીજ નથી, જેથી આપણ જીવીને ફરહર કરી શકીએ છીએ. ત્યારે કહેવાની મતલબ એ છે કે જેમ જમીનમાં મુરદાં દટાતી વખતે જેવું થાય છે તેવુંજ શરીરમાં ખોરાક દટાતી વખતે (હજમ થતી વખતે) થઈ રહે છે. પણ 'ગવ'ની ગતી તે બધા ઝહેરોનો અન્જાબ ખમી રહે છે-એટલે આપણા શરીરની જમીનમાં વોહુનને એમને એમ દાટવે તેઓની નસની ગતીને પોખીએ છીએ, એમ આપણ **'નસુસ્પય'** છીએ. અષવનો તેમ કરતા નથી જે ઉપર જોયું. આમ **નસુસ્પય**નો ઉંડો ભેદ છે.

તબઇને **'અરાઇતિવાઓ'**='રાદી ગતી વગરની ગતી કહે છે) **તેવાં તે હવસનાં પુતળાંને;**-‖ જે[૯૨] ‖ અષોઇને નહિ માનનાર[૯૪] ‖ **આશ્મોઘ=** દીન દુશ્મન[૯૩] (છે), ‖ જે[૯૫] ‖ ભુલાવાવાલો, ભુલાવા સાથનો[૯૭] ‖ મષ્ય ગુનાહગાર ઇનસાન[૯૬] ‖ જુલ્મગાર પોતાનાં રૂવાન તેમ પારકાનાં તન-રૂવાન ઉપર જુલ્મ ગુઝારે છે, કેમકે બુરાઇ કરીને રૂવાનને વધુ વખત શરી-રમાં થોભાવશે, એમ તન અને રૂવાન બેઉ ઉપર આઝાબ પાડે છે[૯૮] (એટલે બધીજ સંસ્થા, તાલીમો-તરબ્યત, જે અષોઇને માનતી નથી અને અષોઇને રાખવાની કોશેશ કરતીઓ નથી,-ના, અષોઇને તરછોડે છે અને ગુનાહગારી કરાવીને અધર્મી દીન-દુશ્મની કરાવે છે, **અષેમઓઘ**ની ગતી એટલે અંતકરણના ડંખને દાબી દેવાની ગતી ઉભી કરાવે છે; એમ દએવીક ગતીનો ભુલાવો રાખી પોતાનાં રૂવાનને પાછળ પાડે છે, જુલ્મ કરે છે એવી) જુલ્મગાર અષોઇ તોડનાર **આશ્મોઘની બુરી ગતી ઉભી કરાવનાર તબઇને;**[૯૩]-‖ (એમ તાયુને=ચોરને-હઝંઘહ=લુટારાને-ગદો=ખુનીને-અષવજ= અષોઇ કાપનારને-નસુસ્પા=નસો દાટનાર-સ્પેરેઝવાઓ=સામા ઉપર આંગળી કર-નારને અષેમઓઘ=આશ્મોઘ અષોઇને તરછોડનાર ગુનાહગારને ઉપલા આશીશો નહિ મળો પણ તેઓ ઉપર કદુવા પડો, માટે કહે છે કે) ‖ તે[૯૯] (તાયુ-હઝંઘહ-ગદો-નસુસ્પય વગેરે અષોઇને તરછોડનાર આશમોઘ ઉભા કરાવે તેવી સંસ્થા તેમ તેવા માણસ)ની ‖ ઉપર અને બધેબધ આસપાસ આરપાર[૯૦] ‖ નાશ પેદા કરનાર દરદો એટલે કદુવા[૯૧] ‖ પડજો-પડશેજ.[૯૨] ‖ જેઓ[૯૫] (એટલે આવી નીઆએશ પઢીને દુઆ માંગનાર તરીકત પાળનાર બસ્તે-કુસ્તીઆનો દીન ઉપર વેરેન રાખીને બીજાને સારૂ દાઝ રાખનારાઓ છે, જેઓ) ‖ હયા[૯૬] (છે એટલે હયાંના દીનદારો જેઓ તબઇનો ભેદ માની જાણીને આમ દુઆ કરી રહયા છે કે ઉપર કહેલી બુરી તબઇને લીધે પોતે કે તે ઇનસાનો તેવા બુરા થયા છે અને જાણ અંજાણ ગુનાહ કરે છે, માટે તેઓની તબઇ નાશ પામો, એમ જેઓ દુઆ કરે છે અને હયાં દીનની બાજુમાં ઉભા છે અને જેઓની ઉપર ઉપર કહેલી કોઇબી તાયુ કે હઝંઘહ વગેરેની તબઇ થોડી યા ઘણી પડતી હોય તે તબઇઓ ઉપર) ‖ નાશ લાવતી[૯૩] ‖ કદુઆ[૯૪] (પડો) ‖ જેઓ[૯૯] દીન ઉપર ઇમાન રાખતા નથી, જેઓ છડેચોક ગુનાહ કરે છે, જેઓની ઉપર ઉપરની તબઇઓ ધોધમાર પડે છે, જેઓ) ‖ સામેના[૧૦૦] (બાજુમાં છે એટલે અધરમી બાજુમાં છે, જેઓની ઉપર ઉપરની તે તબઇઓ પડી તેઓને બુરા બનાવે છે, તે બધી બુરી તબઇ ઉપર) ‖ નાશ[૯૭] ‖ આવશેજ.[૯૮]

(૧૦) આપો[1] ગાતવ[2] રામોઇદ્રવૅમ,[3] યવત[4] જઑત[5] યજાઇતે.[6] કુથ[7] જઑત[8] ખ્સાત[9] વચ[10] આપો[11] વંઘ્રુહીશ[12] યજાઇતે;[13] કુથ્ર[14] બવાત્[15] હિતો-હિજવાઓ,[16] યેજિ[17] અન્-અરૅથે[18] યજાઇતે.[19] કુથ્ર[20] વાચો[21] અવિ-બૂત,[22] યાં[23] હે[24] ચખ્સે[25] અએથ-પઇતિશ.[26] કુથ્ર[27] તાઓ[28] ફ્રયો[29] બવાંન,[30] કુથ્ર[31] તાઓ[32] ઇષુદો[33] બવાંન,[34] કુથ્ર[35] તાઓ[36] રાતયો[37] બવાંન,[38] યાં[39] અહુરો મજદાઓ[40] જરથુશ્ત્રાઇ[41] ફ્રવવચ,[42] ફ્રા જરથુશ્ત્રો[43] ગએથાબ્યો[44] અસ્તવઇતિબ્યો.[44]

(૧૧) અવજસ્તીમ[45] પઉર્વાંમ[46] આપો[47] જઇદ્યોઇશ[48] જરથુશ્ત્ર,[49] પસ્ચએત[50] અઇબ્યો[51] જઑથ્રાઓ[52] ફ્રબરોઇશ[53] યઑજદાતાઓ[54] દહ્મો-પઇરિશ્તાઓ,[55] ઇમાં[56] વચો[57] ફ્રમ્રૂ.[58]

(૧૨) આપો[59] યાનૅમ[60] વો[61] યાસામિ[62] મઝાઓન્તૅમ[63] તૅમ[64] મે[65] દાયત,[66] યેંઘ્રહે[67] દાઇતી[68] પઇતિ[69] વંઘ્રહો[70] નિસ્રીત[71] અન્-અઇવિ-દ્રુખ્તિ.[72] આપો[73] ઇશ્તીમ[74] વો[75] જઇદ્યામિ[76] પૉઉરૂ-સરૅદાંમ[77] અમવઇતીમ,[78] ફ્રજન્તીમચ[79] ખ્શાપરાંમ[80] યેંઘ્રહાઓ[81] પઑઉરૂશચ[82] બૅરૅજયાંન.[83] નએચિશચ[84] અંઘ્રહાઓ[85] યાસાઇતિ[86] જયાનાઇ,[87] નોઇત[88] સ્નથાઇ,[89] નોઇત્[90] મહ્રકાઇ,[91] નોઇત્[92] અએનંઘ્રહે,[93] નોઇત્[94] અપયતેએ.[95]

(હવે તે પડી રહેતા આશીરવાદોને તે દુઆ માંગનાર એસ્તેકબાલ કરી નેમાઝ કરીને તેઓને વીનવે છે કે):–

(૧૦) અએ આપ=આશીરવાદો[1] ‖ (આ) જગા ઉપર[2] (હયાં કે જયાંથી હમો દુઆ કરીએ છીએ, માંથ્ર-યસ્ન કરીએ છીએ ત્યાં) ‖ રામેશ્ની ખુશી ખુરરમી પાંથરવા ભલે પધાર્યા. તમો ખુશહાલ રામશ્નીમાં રમી રહો![3] ‖ જયાં લગી[4] ‖ જોતી ભણનાર એટલે કાયદેસર માંથ્ર ભણીને દુઆ માંગનાર[5] ‖ તમારી સાથે યઝ એકતાન થાય છે એટલે કાયદેસરના થઇને તમોને બોલાવે છે,[6] ‖ (ત્યાં લગી તમો મહેરબાન આમ પધારવાનાજ, પણ તમોને તમારે લાયકની દીનમાં જેમ ફરમાવી છે તેવી રીતની પ્રાર્થનાથી બોલાવવાનો હોકમ છે, કે જેથી તમો કુદરતી કાયદે આમ ખુશીથી આવવા તલબગાર રહો છો–ગેરકાયદે માંગનારની તરફ, પાવીકતના કાયદાઓનો ભંગ કરનાર તરફ તમો અએ 'આપો'=આશીરવાદો, કુદરતના હદ+ઇનસાફથી આવી શકતા નથી માટે કહે છે કે) ‖ કેવી રીતે[7] (એટલે આવી આવી તરીકતથી-તરતીબથી) ‖ ધારણા ફળે-કામ અંજામ થાય તેવે અર્થે ખાસ રીતે શીખવેલા

બતાવેલા[૯] || તલેસ્માતીક માંથ્રોને જોરે[૧૦] || જોતીએ[૮] || ભલાઇ આપતા, ભલી બહુમન જેવી વૃત્તી રાખીને ભલું કરતા, હાજતમંદોની હાજત પીછાણી દુખ તોડી ભલાઇ આપતા[૧૨] || આપ=આશીરવાદને[૧૧] || બોલાવવાના ખાસ કારણથી આદરમાન આપી યઝ થઇને બોલાવવા જોઇએ–માંગવા જોઇએ.[૧૩] || અગર જો[૧૭] || અર્થ વગર એટલે હાજતમંદોની હાજત પુરી કરવાની ખરી મનશ્ની વગર પોતાના સ્વાર્થ અર્થે ખરફ્સ્ત્રી અર્થે પરદુખભંજનના કાનુન ઓલંગીને[૧૮] || તેઓને[૧૯] (આશીરવાદોને) ખેચેં–ખેંચવા માગે–યઝ થઇને બોલાવે, તો || કઇ રીતે[૧૪] (આવી આવી રીતે હદ+ઇનસાફની રીતે) || તેની જબાન બંધાયલી[૧૬] || થશેજ[૧૫] (એટલે આશીરવાદોને ખેંચવા માટે જોઇતી સાચ્ચી જબાનની ગતી મંદ પડવે તેના માંથ્રો તુટી જવે આશીરવાદો ખેંચી શકાવાના નહી; તેની જબાનની શકિત તુટશેજ એટલે આશીરવાદ ખેંચવાનો પાવર તુટવાનોજ). || તે માંથ્રો[૨૧] || જેઓને[૨૩] || તે શખ્સને[૨૪] || તે ઉસ્તાદ હેરબદે[૨૬] || શીખવ્યા[૨૫] || (તેઓને) કેવી રીતે[૨૦] (એટલે ચોકસ શરતેજ શીખવ્યા, કે જે શરતો પાલવેજ તે માંથ્રો તેને) || ફળી શકે–નતીજો લાવી આપી શકે.[૨૨] || અહુરમજદે[૪૦] || જરથુશ્ત્રને માટે[૪૧] || કહયું–'વચ' ઉચ્ચારવાના આપ્યા,[૪૨] || જેને[૩૯] || 'ફ્રા'=સમજીને સૃષ્ટીને આગળ વધારતા જરથુશ્ત્રે[૪૩] || હાડમંદ[૪૪] || ગેતી માટે ગેતીમાં[૪૩] || "ફ્રા"=આગળ વધારવા માટેજ, જેમ અહુરમઝદે જાહેર કીધું છે તેમજ તેજ કાયદે અને ધોરણે અને અર્થેજ એટલે વૃદ્ધિ અર્થેજ[૪૩] || જાહેર કીધું છે, માંથ્રો જાહેર કીધા છે.[૪૨] || કેવી રીતે[૨૭] (એટલે આ રીતે, આ ધોરણે–અહુરમઝદે બતાવેલાં અને તે પ્રમાણેજ જરથુશ્ત્રે જાહેર કીધેલાં ધોરણેજ) || તે આશીશો[૨૮] || પ્રસન્ન થઇ માશુકની માફક ખેંચાઇને તે ભણનારને મુબારક[૨૯] || થશે–ફળશે;[૩૦] || તે આશીશો[૩૨] || કરજદાર થઇ, બન્દેવાર થઇ, અહેશાનમંદીથી તેની આગળ રજુ[૩૩] || થશે.[૩૪] || તે આશીશો[૩૬] || (તેની તેવી) રાહ ગતી ઉપર–તેની રાહ–સચ્ચાઇને માટે પોતાને અર્પણ કરે, જાન સદકે કરે, મુરાદ બર લાવે તેમ[૩૭] || થશેજ.[૩૮] ||

**(૧૧)** (પેગામ્બર સાહેબે એવું કીધેલું છે કે ચાલુ ઝમાનામાં એટલે આખા દરેધો ખદાતમાં કોઇબી તે દુઆઓને ખેંચી શકે, પણ તેણે આપેલી શરતો પાળી તેને બરના કાયદાઓ પાળવા જોઇએ, કે જે પછીથીજ તે દુઆઓ–આશીશો આવી મળવા બંધાયલાજ છે. એમ અષો જરથુશ્ત્રે કરામત† કીધી છે માટે કહે છે કે) || પહેલેથીજ–અગાઉથીજ[૪૬] || આશીર-

---

† આ કરામતને **'ગાસ'** કહે છે જેને વિષે અવસ્તા અને પહેલવીમાં ઘણી નોંધો છે. ગાથા ૨૮/૫ માંબી તેની નોંધ છે, જેની સમજ માટે જુઓ આ લેખકની **યજશ્નેની કીયાની ચોપડી** પાને ૪૧૨-૪૧૩.

વાદોને[૪૭] ॥ (ચોકસ કાયદે પકડી શકાય તેવી બંદગી સાથની) અરજીને[૪૫] (ચોકસ તરીકતો પાળી ખાસ માંથ્રો ભણવે તે '**આપ**'=આશીરવાદો મેળવી શકાય તેવાં સાધનને જેને '**ગાસ**' કહે છે તેને એટલે તલેસમાતીક અરજીને) ॥ **અએ** જરથુસ્ત્ર ![૪૯] ॥ તું દુઆ માંગી ફળીભુદ કરી શકયો છે[૪૮] (એટલે દુઆ પ્રમાણેની રચના ઉભી કરવા શકિતમાન થયો છે) ॥ કે જે પછીજ[૫૦] (તે આશીરવાદોને ખેંચી શકાય છે માટે તેથી) ॥ (તું યઓઝદાથ્રેગર તે આશીરવાદોને) મેળવી રાખી શકે* છે[૫૩] (અને બીજાને

---

* **ફ્રબરોઇશ** અને **જઇદ્દ્યોઇશ** બેઉ પરસમૈ ૨/૧ શકયાર્થ છે. અહિયાં યઓઝદાથ્રગરોએ યઝશ્ને કરવા અગાઉ ખુપ રાખવી અને પોતાના રૂવાન માટેની યઝશ્ને કરવી કે જેથી મુરાદ ફળે એટલે બીજાને માટે કીધેલી યઝશ્ને પાર પાડે, અને તેમ પાર પાડવા માટે ઝરથુશ્ત્રે ગાસ બાંધી છે, જેમાંથી તેને મદદ મળી શકે-એવા ભેદો બતાવેલા છે. અહિંયાં એવો અર્થ થતો નથી કે ઝરથુશ્ત્રે બીજા મારફતે યઓઝ અને ઝોરની ગતી મેળવવી. ના, ઝરથુશ્ત્ર તો યઓઝ અને ઝોરની ગતી બીજાઓને મળે એમ કરી ગયા છે માટે એવણની હિકમતને બીજાઓને લેવાની છે. ત્યારે ઝરથુશ્ત્ર તારે દહમ નરના સીલસીલાથી યઓઝદાથ્રેગરી લેવી એમ અહિં અર્થ થતો નથી. પણ ઝરથુશ્ત્રની કીધેલી તે હિકમત પ્રમાણેનો સીલ-સીલો જે દહમ નર પાસે છે તેવા નર પાસેથી અએ જોતી, તારે યઓઝદાથ્રેગરી લઇને યઝશ્ને કરવી એમ અર્થ છે. ઝરથુશ્ત્ર તો યસનના ઉભા કરનાર હતા માટે તેવણને ઝોરની ગતી આપે તેવો કોઈ દહમ નર હતોજ નહિ. તેવણને ઝોરની ગતી તો સરોશ અને બહમન આપતા હતા. અહિયાં કહે છે કે: '**પઉર્વાંમ**'= પહેલેથીજ '**અવજસ્તીમ**'=મુરાદ ફળે તેવી હિકમત કરવાની અરજી '**જઇદ્દ્યોઇશ**' માંગી ફળીભુત કરી શકયો છે. એટલે મીનોઇમાંનો પાવ મહેલ ઝરથુશ્ત્ર તેં દાદાર પાસેથી માંગી લઇને ઉભો કીધો છે એટલે ઝરથુશ્ત્રે દાદારની રજા લઇને અણદીઠ અએવાન=પાવ મહેલને પહેલાંથી એવો બાંધ્યો છે, કે જેમાંથી અમુક તરીકતો મારફતે મુરાદ ફળી શકે. પછી પેલા જોતીને કહે છે કે અએ જોતી, જ્યારે કે ઝરતુશ્ત્રે તે **ગાસ**=મીનોઇ પાવ મહેલ બાંધ્યો છે કે જેમાં મુરાદ ફળવાની સામગ્રી છે, તો હવે ત્યારે તે લેવી. કઇ રીતે લેવી તેને માટે કહે છે કે '**પચસ્એત**'=હવે પછીથી એટલે તે ગાસ બંધાઇ રહી છે તે પછીથી તેમાંથી '**અઇબ્યો**'=તે આશી-રવાદોને તું જોતી '**ફ્રબરોઈશ**'=ખેંચી શકવાનોજ. પણ શરત એટલી કે તારે '**જ઼ઑથ્રાઓ**'=ઝોરની શકિત ચોકસ તરીકતોથી પોતામાં ઉગાડવી, કે જે ઉગેલી ઝોરની શકતિથી તું તે મુરાદ લઈ શકે. આ ઝોરની શકિત તુંને કોણ લાવી આપે ! કહે છે કે તરીકત પાળવે તે મળશે. તરીકતમાં '**દહમ નર**'ની મદદ લેવાની છે, માટે કહે છે કે **દ્દહમો-પઇરિશતાઓ**'=દહમ નરના કહયાસર ચાલીને પછી તે દહમ નર તુંને પોતાની ગતી આપીને '**યઑઝ઼્દાતાઓ**'=યઓઝદાહની શકિતવાળો કરશે. એમ દહમ નર તુંને પોતાના રાદ પેવન્દ-સીલસીલાથી તુંને **ઝોર**ની શકિત

(ફુટનોટ માટે જુઓ પાને ૩૦૫ મે).

મેળવી અપાવી શકે છે એમ ત્યારે) ‖ તે આશીરવાદોને માટે[૫૧] ‖ (તેઓની સાથે એકતાન થઇ તેઓને પોતા તરફ અને પાવ મહેલમાં ઉતારવા માટે, અએ જોતી,) ‖ ઝોરની શકિતને એટલે માંગેલા આશીરવાદો આવી મળે તેવી કુદરતી યઝતી શકિતને=પોતામાં સચેત રહેલી ખુદ કુદરતને[૫૨] ‖ જે ઝોરની શકિત **યઓજ**ની ગતીવાળી હોય છે એટલે કુદરતની બરાબર કામ કરવાની ગતી આપનાર હોય છે એટલે અસર-રોશનીની માટે પાક હોય છે, તેવી યઓજ આપનાર ઝોરની શકિતને[૫૪] ‖ જે ઝોરની ગતી=શકિત દહમ નરના તનાસુલની-સંબંધની હોય માટે દહમ નરની અષોઇથી બહાલી મેળવેલી હોય એટલે દહમ નરે પોતાની અષોઇની આમેલ્યતથી તેને તેવો ઝોરની ગતી-વાળો કરવાની લાયકાત આપી હોય તેવા દહમ નરથી પાસ થઇને મેળ-

---

પાને ૩૦૪ મે થી ફુટનોટ ચાલુ).

આપશે તે ઝોરની શકિત લેવી, કે જે ઝોરથી તું ઝરથુશ્ત્રે કીધેલી **'ગાસ'**=માર-ફતે તે મુરાદ લઈ શકશેજ. આમ ત્યારે અહિંયાં યઓઝદાથ્રંગરીને માટેની લાયકાત અને તેમાં **'આપ'**=પાણી અને તેની સાથે જોડાયલી શકિતઓ રહે છે, તે બધાંને પુગવાનો ભેદ અહિંયાં કહયો છે. આ ભેદ સપ્પર પહેલાં ઝરથુશ્ત્રે બીજાઓને માટે ઉભો કીધેલો હતો. ચાલુ દરેઘો ખદાતમાં એવણજ પહેલા હતા, કે જેવણે બીજાઓ તેવી ઝોરની ગતી લઇ શકે એવી રચના કીધેલી. એવણની અગાઉ આ ચાલુ દરેઘો ખદાતમાં બીજાઓ ઝોરવાળા હતા. પણ તેઓ પોતે પોતાની અષોઇથી તે **ઝોર** મીનો ગતીમાંથી લઇ શકતા, પણ બીજા પોતાના ચેલાઓને અપાવી શકતા હતા નહિ બીજાઓને ઝોરની ગતી મળે તેવી **ગાસ** બાંધનાર અને **આપ**ના જાત જાતના ભેદને કામે લગાડનાર ઝરથુશ્ત્રજ આ ચાલુ દરેઘો ખદાતમાં પહેલા હતા, એવો ભેદ આ ફકરામાં છે. માટે અહિંયાં એમ કહયું નથી, કે અએ ઝરથુશ્ત્ર! દહમ નરના સીલસીલાથી તારે ઝોર લઇને તે પાણી-ઓને-આશીરવાદોને લેવાં એવો તરજુમો થતો નથી. ખુદ ગ્રામરને કાયદે ઉપર જે તરજુમો આપ્યો છે તેજ થઇ શકે. આ ફકરામાં **જોતી**એ શું કરવું અને **આપ**ને કઈ રીતે લેવા-કઇ રીતે તે આપ મળે તેનું બયાન છે, એટલે આ ફક-રામાં **'જોતી'**ની વાત છે. માટે અહિંયાં **'ફ્રબરોઇશ'**=ક્રીયાપદ જોતીને લાગે છે. સીરફ **'જઇહૂયોઈશ'** ક્રીયાપદ ઝરથુશ્ત્રને લાગુ પડે કેમકે ઝરથુશ્ત્રે ગાસ બાંધી છે, જેનો ઉપયોગ તો જોતીઓએ ઝરથુશ્ત્ર મારફતે કરવાનો છે માટે તું કર. એમાં હકીકત ઝરથુશ્ત્રની છે અને કરનાર મારેફત તે જોતીની છે. **જઈહૂયોઇશ**માં માંગવું અને માંગણી બરહક હોવે તેનું ફળીભુદ થવું-એમ માંગવું અને ફળીભુદ કરવું એવો અર્થ છે, કેમકે એ શકયાર્થ ક્રિયાપદ છે જેમાં શકિત દેખાડેલી છે એટલે માંગી શકવું કહેતા માંગેલી મુરાદને હાંસલ કરવાની શકિતનો અર્થ બતાવે છે-સાધારણ રીતે માંગણીમાં શકયાર્થ જોર જબરી નહિ આવે. પણ જ્યારે મુરાદ બરહક હોવે ફળીભુદ થવાની હોય ત્યારે તે ફળીભુદ થવાનું છે એમ બતાવવા શકયાર્થ ક્રીયાપદ વાપરે.

વેલી તે ઝોરની શકિતને[૫૫] || (તું અએ જોતી અધીકારપુર્વક) મેળવી શકે છે[૫૩] (માટે તું અએ જોતી), || આ[૫૬] || માંથો[૫૭] || ભણુ[૫૮] || (આ યસ્ન આવી પરદુખભંજનની નેકીઅતથી કર-દુન્યાની સ્વાર્થ મેળવવા નહિ પણ દુન્યાની અને રૂવાનની ઓખ્તગી માટે કર, કે જે પછીજ તે **આપો=** આશીરવાદો તુંને આવી મળશેજ-તે આશીરવાદો તુંને મળી શકશેજ, કે જેઓને તું ગેતી ઉપર અને રૂવાનોની ઉપર પાંથરી શકે. ત્યારે આ આશીરવાદો જે આવા દહમ નરથી કે કોઇ બીજા અષવનથી ગેતી ઉપર પડે તેવખતે-તેમ તે આશીરવાદો આવી નીઆએશ ભણતી વખતે તેનાં પ્રમાણમાં પડે-ઉતરે, ત્યારે તે આશીરવાદથી શું મુરાદ માંગવી તે માટે કહે છે કે ) :—

(૧૨) અએ "**આપ**"=આશીરવાદ જે પોતાનું ચલણ ચલાવે તેવા છે અને તે મતલબે ઉતરી રહે છે તેઓ![૫૯] || તમારેથી[૬૧] || મજેની મસ મોટી એટલે ખુબસુરતી આપે તેવી, વ્યવસ્થીક ગતી અષ પેદા કરાવે તેવી[૬૩] || (ઝરથુસ્ત્ર ઉપર ઉતરેલી તોરીકોમાંની) તોરીક-જ્ઞાન-બક્ષેશ અને તે પ્રમાણેનું વર્તન ભલી હિદાયત[૬૦] || માંગું છું[૬૨] || તે[૬૪] || મને[૬૫] || આપો,[૬૬] || જેના[૬૭] || મેળવ્યા પછી[૬૮] || (હમારી રજેરજમાં અને હમારા લગતાઓની રજેરજમાં) ગોસ્પંદી ગતી, પરદુખભંજનની ગતી,[૭૦] || (તે ગોસ્પંદી ગતીની) સાહેબી-ઉપરીપણુ[૬૯] (એટલે ગોસ્પંદી ગતીનું હમારા રજેરજમાં જામવું, જે) || એકદમ દ્રુજની ગતીથી નીરાળું, તે દ્રુજને નહી જામવા દે તેવું છે, તે[૭૨] || પેદા પડે[૭૧] || અએ આશીરવાદો![૭૩] || તમારેથી[૭૫] || ઇચ્છવાલાયક મુરાદ ખરી સંપતી જે અહુરમઝદ તરફ લઇ જાય તે જે[૭૪] || હર કીસમવાળી-સાતેસાત આસ્માનોની ખુબીવાળી, તેની હરવેસ્પ-આગાહીની ગવાહી પુરતી પુશ્કળતાવાળી,[૭૭] || પુર્ણ હિમ્મતવાલી-હર મુશકેલીમાં હિમ્મત આપીને તેનું નીવારણ કરતી-ખરો તેજ છે-તેનાં ફરમાનથીજ બધું છે માટે સુખ દુખ બધાને રયાઝતમંદીથી ખમીને તેના શુક્ર કરવા એમ હિમ્મત આપીને બેસાડનારી,[૭૮] || નેઆમતથી ભરપુર પુર્ણ તોરીકવાળી બક્ષેશ,[૮૦] || ફરઝંદની માફક ચીનવત પસાર કરાવે તેવી, ખરાં ફરઝંદ તરીકે થનારી અને તેવાં ખરાં ઇનસાન ફરઝંદ આપનારી બક્ષેશ[૭૯] || માંગીએ છીએ.[૭૬] || જે કરમ બક્ષેશો-નેઆમતો[૮૧] (જે ફરઝંદની કાની ચીનવત પસાર કરાવે તેવી છે, જેમાં ઇનસાન ફરઝંદબી આવી જાય છે, તેઓ ખરાં ફરઝંદની કાની) || પુશ્કળ ભલાઇઓ[૮૨] (રૂવાન-દરોસ્તી કરાવનારો-ઉરૂ કરાવનારો સામાન=બસીમો=બએત્વે પુગીને આખા થવાનાં ઘણાં ભલાં સાધનો) || ગ્રહણ કરી-પકડી-ઉતારીને (ગેતીમાં હમકોમમાં) પાંથરે.[૮૩] ||

આ બધીમાંનો[૮૬] ‖ કોઇબી એટલે આ બધી ફરઝંદરૂપની નીઆમતમાંની કાંઇબી નીઆમત કોઇબી ફરઝંદ[૮૫] ‖ નુકસાન કરવા માટે[૮૮] ‖ **'સ્નથાઇ'**= ભલી વૃત્તીને તફરગે કરવા માટે[૯૦] (**'સ્નઇથીશ્-સ્નથ'**=ઇનસાનનાં જ઼ડ સુક્ષ્મ તનના જીવ જાન ગીસાલ છે, તેઓનો ટેકાવ છે, જે ગવરૂપનો માદર-રૂપનો છે, જેને ઇનસાનનાં તનના ટેકાવ માટે ગેઉશોએ ઉછીનો આપેલો છે, જે હથ્યારની માફક તે જડ-સુક્ષ્મ તનની કમાયલી વૃધ્ધીને ઘટાડવાને બદલે વધાર્યા કરે છે, જેને ખોરવવે વૃધ્ધી અટકે છે, એવાં **'સ્નઇથિશ-સ્નથ'**ને ખોરવવા માટે એટલે ઇનસાનની ગવની વૃત્તીની કમાણીને રાહમલ કરવા માટે એટલે ઇનસાન જડતામાં અથાઇ જઇ પોતાનાં રૂવાન ઉપરનો ભાર વધારયાજ કરે, જેથી તે પોતાનાં રૂવાનનો ખુની બનેલો કહેવાય. એમ પોતાનાં રૂવાનનું ખુન કરવા માટે) ‖ મોત લાવવા માટે,[૯૨] ‖ કીનો લેવા માટે,[૯૪] (સ્વાર્થમાં અથાઇ જવાની વૃત્તીવાળા થઇ જવા માટે) ‖ હેરાન કરવા માટે,[૯૬] ‖ ખાહેશ રાખે[૮૭] ‖ નહી.[૮૪] ‖

**(૧૩) ઇમત્[૯૭] વો[૯૮] આપો[૯૯] જઇદ્દયેમિ,[૧૦૦] ઇમત્[૧] જ઼ॅમો,[૨] ઈમત્[૩] ઉર્વરાઓ,[૪] ઇમત્[૫] અમॅષા સ્પॅન્તા[૬] હુક્ષથ્ર[૭] હુદાઓંઘ્રહો,[૮] વંઘ્રહુવસ્ચ[૯] વંઘ્રઉહીશચ[૧૦] વॅાહૂનાંમ[૧૧] દાતારો,[૧૨] ઇમત્[૧૩] અષાઉનાંમ[૧૪] વંઘ્રઉહીશ[૧૫] ફ્રવષયો[૧૬] ઉઘ્રાઓ[૧૭] અઇવિથૂરાઓ,[૧૮] ઇમત્[૧૯] મિથ્ર[૨૦] વॅાઉરૂ-ગઓ઼યઓ઼ઇતે,[૨૧] ઇમત્[૨૨] સ્રઓ઼ષ[૨૩] અષ્ય[૨૪] હુરઓ઼દ,[૨૫] ઇમત્[૨૬] રષ્ન્વો[૨૭] રજિશ્ત,[૨૮] ઇમત્[૨૯] આતરॅ[૩૦] અહુરહે મજ઼દાઓ[૩૧] પુથ્ર,[૩૨] ઇમત્[૩૩] બॅરॅજ[૩૪] અહુર[૩૫] ક્ષથ્ર્ય[૩૬] અપાંમ[૩૭] નપો[૩૮] અઉર્વત્-અસ્પ,[૩૯] ઈમત્[૪૦] વીસ્પે[૪૧] યજતાઓંઘ્રહો,[૪૨] યોઇ[૪૩] વંઘ્રહુજ઼દાઓ[૪૪] અષવનો.[૪૫]**

**(૧૪) ઇમત્[૪૬] મે[૪૭] આપો[૪૮] દાયત,[૪૯] ઇમત્[૫૦] જ઼ॅમો,[૫૧] ઇમત્[૫૨] ઉર્વરાઓ,[૫૩] ઇમત્[૫૪] અમॅષા સ્પॅન્તા[૫૫] હુક્ષથ્ર[૫૬] હુદા-ઓંઘ્રહો,[૫૭] વંઘ્રહુવસ્ચ[૫૮] વંઘઉહિશચ[૫૯] વॅાહુનાંમ[૬૦] દાતારો,[૬૧] ઇમત્[૬૨] અષાઉનાંમ[૬૩] વંઘ્રઉહીશ[૬૪] ફ્રવષયો[૬૫] ઉઘ્રાઓ[૬૬] અઇવિ-થૂરાઓ,[૬૭] ઇમત્[૬૮] મિથ્ર[૬૯] વॅાઉરૂ-ગઓ઼યઓ઼ઇતે,[૭૦] ઈમત્[૭૧] સ્રઓ઼ષ[૭૨] અષ્ય[૭૩] હુરઓ઼દ,[૭૪] ઇમત્[૭૫] રષ્ન્વો[૭૬] રજિશ્ત,[૭૭] ઇમત્[૭૮] આતરॅ[૭૯] અહુરહે મજ઼દાઓ[૮૦] પુથ્ર,[૮૧] ઇમત્[૮૨] બॅરॅજ[૮૩] અહુર[૮૪] ક્ષથ્ર્ય[૮૫] અપાંમ[૮૬] નપો[૮૭] અઉર્વત્-અસ્પ,[૮૮] ઇમત્[૮૯] વીસ્પે[૯૦] યજતાઓંઘ્રહો,[૯૧] યોઇ[૯૨] વંઘ્રહુજ઼દાઓ[૯૩] અષવનો.[૯૪]**

**(૧૫) યત્ચ[૯૫] અહ્માત્[૯૬] અસ્તિ[૯૭] મજ્યો,[૯૮] યત્ચ[૯૯] અહ્માત્[૧૦૦] અસ્તિ[૧] વંધ્નહો,[૨] યત્ચ[૩] અહ્માત્[૪] અસ્તિ[૫] સ્રયો,[૬] યત્ચ[૭] અહ્માત્[૮] અસ્તિ[૯] પરો-અરૅજસ્તરૅમ,[૧૦] તત્[૧૧] નો[૧૨] દાયત[૧૩] યૂઝૅમ,[૧૪] યજત[૧૫] અષવનો[૧૬] ક્ષયમ્ન[૧૭] ઇસાન,[૧૮] મૅાષુચ[૧૯] આસુયાચ,[૨૦] હુથ્ર[૨૧] અન[૨૨] ગાથ્રૂવ્ય[૨૩] વચ.[૨૪] હુઇથ્યાવરૂશ્તાંમ્[૨૫] હ્યત્[૨૬] વસ્ના[૨૭] ફ્રૅરષોતૅમૅમ.[૨૮]**

(૧૩) એ (ઉપર કહેલી બધી) દુઆઓ[૯૭] ‖ તમારી પાસેથી[૯૮] ‖ અએ **આપ**=આશીરવાદો,[૯૯] ‖ હું માગું છું.[૧૦૦] ‖ અએ ઝેમો હુદાઓં-ધહો,[૨] ‖ તે[૧] (દુઆને માગું છું). ‖ અએ ઉરવરની યઝતી ગતીઓ,[૪] ‖ તે[૩] (દુઆને માગું છું). ‖ ભલી ક્ષથ્ર અધીકાર રાખનાર[૭] ‖ બઓદનું પુર્ણ ડહાપણ રાખીને આપનાર[૮] ‖ નરની ભલી શકિતને[૯] ‖ નારીની ભલી શકિતને[૧૦] ‖ બહમનની ગતીઓમાંની ગોરંપદી ગતી[૧૧] ‖ આપનારા[૧૨] ‖ અએ અમશાસ્પંદો[૬] ‖ તે દુઆને[૫] (માંગુ છું). ‖ જોરાવર[૧૭] ‖ ગાલેબ પુગી વળનાર[૧૮] ‖ અષાઉનાંમ[૧૪] (યઝતોની સંબંધની) ‖ ભલી પરદુખભંજનની[૧૫] ‖ અએ ક્રવષી,[૧૬] ‖ તે દુવાને[૧૩] (માગું છું). ‖ ગવની ગતીને નીરતીમાં ઉગાડવાના બહોળા ખેતરવાલા[૨૧] ‖ અએ મીથ્ર,[૨૦] ‖ તે દુઆને[૧૯] (માગું છું) ‖ કુલ અષોઇના તબકકાવાળો[૨૪] ‖ અહૂનું તેપણું એટલે અતલક્ ગતી રાખ-નાર-જાહેર કરનાર[૨૫] ‖ અએ સરોશ,[૨૩] ‖ તે દુઆ[૨૨] (માગું છું) ‖ રાદી ગતી ઉભરાવી રહેતા સત્યની ગોઠવણી આણુતા[૨૮] ‖ અએ રશ્નુ,[૨૭] ‖ તે દુઆ[૨૬] (માગું છું). ‖ અહુરમઝદના[૩૧] ‖ પુથ્ર[૩૨] ‖ અએ આતશ,[૩૦] ‖ તે દુઆને[૨૯] (માગું છું.) ‖ પાણીના એટલે અનાસરના[૩૭] ‖ અએ નાભ મુળ અર્ક,[૩૮] ‖ બુલંદ ગતીનો[૩૪] (અનાસરને તુરની ઉંચ્ચાઇએ લઇ જનાર) ‖ સર-દાર-માલેક,[૩૫] ‖ અધીકારનો રાખનાર,[૩૬] ‖ ઉરૂની એટલે મોક્ષની ગતીને અનાસરોમાં અસ્પની કાની એટલે સચેત રીતે કામ કરતી હાલતમાં રખા-વનાર[૩૯] ‖ અએ અપાંમ નેપાત,[૩૭ ૩૮] ‖ તે દુઆને[૩૩] (માંગુ છું). ‖ અએ બધા[૪૧] ‖ યઝતો,[૪૨] ‖ જેઓ[૪૩] ‖ ગોસ્પંદી ગતી આપનારા અને નેઆમત આપનારા-ઇનસાનની ભલાઇમાં વધારો કરનાર છેઓ,[૪૪] ‖ અષવનો છેઓ તેઓ[૪૫] (એટલે હવસ રહીતના છે તેઓ), ‖ તે દુઆને[૪૦] ‖ (તમો બધા પાસેથા માગું છું તે તે આપો). ‖

(૧૪) **અએ આપ,**[૪૮] (આ બધા યઝતોમાં તું જઇ તે બધામાંથીબી) ‖ તે દુઆ[૪૬] ‖ મને[૪૭] ‖ (પુર્ણ કરાવી) આપો.[૪૯] ‖ અએ ઝેમો હુદાઓંન્હો,[૫૧] ‖ તે[૫૦] (દુઆને માંગું છું). ‖ અએ ઉરવર, યઝ ?. શકિતઓ,[૫૩] ‖ તે[૫૨] (દુઆ હું

માગું છું). ‖ ભલો અધીકાર રાખનાર,[૫૬] ‖ બઓદનું પુર્ણ ડહાપણ રાખીને આપનાર,[૫૭] ‖ નરની ભલી શકિતને[૫૮] ‖ નારની ભલી શકિતને[૫૯] ‖ બહ-મનની ગતીઓમાંની ગોસ્પંદી ગતીના[૬૦] ‖ આપનારા[૬૧] ‖ અમશાસ્પંદો,[૫૫] ‖ તે[૫૪] (દુઆ મને આપો). ‖ જોરાવર[૬૬] ‖ ગાલેબ પુગી વળનાર[૬૭] ‖ અષા-ઉનાંમ[૬૩] (યઝતોના સંબંધની) ‖ ભલી પરદુખભંજનની[૬૪] ‖ ફ્રવષિઓ,[૬૫] ‖ તે[૬૨] (દુઆ મને આપો). ‖ ગવની ગતીને નીસ્તીમાં ઉગાડવાનાં બહોળાં ખેતરવાળા[૭૦] ‖ અએ મિથ્ર યઝત,[૬૯] ‖ તે[૬૮] (દુઆ હું માગું છું). ‖ કુલ અષોઇના તબકકાઓવાળો[૭૩] ‖ અહૂની અતલફ ગતીને પ્રદર્શીત કરનાર[૭૪] ‖ સરોશ,[૭૨] ‖ તે[૭૧] (દુઆ હું માગું છું). ‖ રાદી ગતી—સત્યતાની ગોઠવણ ઉભી કરાવનાર[૭૭] ‖ અએ રશ્નુ,[૭૬] ‖ તે[૭૫] (દુઆ હું માગું છું). ‖ અહુર-મઝદના[૮૦] ‖ પુથ્ર[૮૧] ‖ અએ આતશ.[૭૯] ‖ તે[૭૮] (દુઆને હું માગું છુ). ‖ પાણીના એટલે અનાસરના[૮૬] ‖ અએ નાભ-મુળ,[૮૭] ‖ બુલન્દ ગતીના[૮૩] (અનાસરને નુરની ઉંચાઇએ લઇ જનાર) ‖ સરદાર—માલેક,[૮૪] ‖ અધી-કારનો રાખનાર,[૮૫] ‖ ઉરૂની એટલે મોક્ષની ગતીને અનાસરોમાં અસ્પની કાની એટલે સચેત રીતે કામ કરતી હાલતમાં રાખનાર[૮૮] ‖ અએ અપાંમ-નેપાત,[૮૬-૮૭] ‖ તે[૭૮] (દુઆ મને આપો). ‖ અએ બધા[૯૦] ‖ યઝતો[૯૧] ‖ જેઓ[૯૨] ‖ ગોસ્પંદી ગતી આપનારા અને નેઆમત આપનારા ઇનસાનની ભલાઇમાં વધારો કરનાર છો,[૯૩] ‖ અષવનો છો, તમો[૯૪] (એટલે હવસ-રહિતના છે તેઓ), ‖ તે દુઆને[૯૯] ‖ (મને આપો; હું તમારી બધાંની પાસે તે માંગી રહયો છું). ‖ (ના, એટલુંજ નહિ પણ ઉપર કહી છે તેથી વધુ દુઆ મને આપો, માટે કહે છે કે:—) ‖

**(૧૫)** જે કંઇ[૯૫] ‖ તેનાં કરતાં[૯૬] (એટલે ઉપર યઝતોની પાસે '**ઇમત**' શબ્દમાં દુઆ માંગી છે જે દુઆઓ '**ઇશ્તીમ**'ના ભેદની આગલા ફકરામાં બતાવી છે તેના કરતાંબા) ‖ મજાની—બુલંદીની ગતીની—વધુ ખુબસુરતી એટલે વ્યવસ્થા અષ આપનારી—દીલપસંદ ઉશ્તાનાં સુખની આપનાર[૯૮] ‖ છે—હોય તે,[૯૭] ‖ જે કંઇ[૯૯] ‖ તેનાં કરતા[૧૦૦] ‖ ગોસ્પંદી ગતી—પરદુખભંજનની ગતીવાળું—અહુરાના અંતકરણની જાતની નઝદીકનું છે—હોય તે,[૨] ‖ જે કંઇ[૩] ‖ તેનાં કરતાં[૪] ‖ ચલકાટનું—અહુરમઝદ તરફ ખેંચાણ કરાવનારૂં રાદ—પદવદ રખાવનારૂં છે—હોય તે,[૬] ‖ જે કંઇ[૭] ‖ તેનાં કરતાં[૮] ‖ ઘણુંજ કમયાબ—મોઘામાં મોઘું—દાદારને ઘણુંજ વહાલું, વૃધ્ધી કરાવવામાં કીમતી અને તેથીબી વધુ એજમતી છે-હોય[૧૦] ‖ (તે બધું આપો). ‖ તમો[૧૪] ‖ અષો, સ્વાર્થ રહિતના માટે ગેરબંદોબસ્તી—ગેર-ઇનસાફ રહિતના,[૧૬] ‖ ભલી હકુમત રાખનારા, ભલો અષનો બંદોબસ્ત રાખ-

નારા શહેનશાહો[૧૭] ‖ મુકિત પાગી પાર પડી બીજાને પાર પાડનારાઓ,[૧૮] ‖ આ નીઆએશ[૨૨] ‖ કેરાહતથી ખરી રીતે ગાઇને ભણવાના[૨૩] ‖ ઇમલા[૨૪] ‖ ને લીધે[૨૧] (ખાસ રીતના ગાઇને ભણના થતા સ્તોતોને જોરે) ‖ તે[૧૧] (ઉપર કહેલી વધુ બક્ષેશ) ‖ હમોને[૧૨] ‖ જલદીથી[૧૯] ‖ ઢીલ વગર એટલે બુરી ગતી-ભુલાવો કદી ઉતરવાનો હોય તે ઉતરી મનને બગાડે તે અગાઉથી, પછીથી ઉતરતા ભુલાવાને સીધ્ધા કરવાની મતલબે[૨૦] ‖ તમો આપશોજ.[૧૩] ‖ હસ્તી માટે કામ કરનારાઓની એટલે સત્યસંગની-યઝતોની[૨૫] ‖ તે[૨૬] ‖ વાસ્ના-અસર[૨૭] ‖ તાઝગી આપનારી, દુખ ટાળનારી, પરદુખભંજનનું કામ કરવાની ફ્રશો-કેરેતીના લેહમાં રાખનારી શ્રેષ્ટ છે[૨૮] ‖ (જે ઉપર કહેલી '**ઇમત**'ના ભેદની મુરાદથી વધુ છે તે આપો. **અરદ્વી સૂર** આવા તે બધા '**આપ**'= આશીરવાદો હમારી મદદે મોકલીને ઉપરની '**ઇમત**'વાળી તેમ '**હુઇથ્યાવરૂસ્તાંમ**'વાળી તેથીબી વધુ ગતીની મુરાદ બર લાવશેજ. એમ કરવાજ દાદારે અરદ્વીને તે બધા જાતજાતનાં **આપ** ઉપર સરદારી આપી છે, કે જેથી અરદ્વી તે બધાં **આપ**ને નીરતીના જગતમાં જેને ન્માન-વીસ-જન્તુ દંઘહુના ભેદમાં વર્ણવી છે તેમાં પાંથરે. નીરતીની જગતમાં ત્યારે આવાં અરદ્વી સૂર મોટો ભાવ ભજવે છે, જે તેણીનાં તાબેનાં **આપ**નાં પાંથરવાને લીધે છે. માટે આગળ કહે છે કે :)

**(૧૬) યાંમ[૧] અર્જમ[૨] યો[૩] અહુરો મઝ્દાઓ[૪] હુઝ્વાર્ન[૫] ઉઝ્બઇરે,[૬] ફ્રદથાઇ[૭] ન્માનહેચ[૮] વીસસ્ચ[૯] જન્તેઉશ્ચ[૧૦] દંઘ્હેઉશ્ચ.[૧૧]**

(૧૭) હું[૨] ‖ જે[૩] ‖ અહુરમઝદ[૪] (છું તેણે) ‖ જેણીને એટલે અરદ્વીને[૧] ‖ ન્માનની એટલે ગરોન્માનનો સંબંધ રાખતી-બરજીસી જીરમે પુગીને અહુરા સાથે સંબંધ રાખતી સૃષ્ટી અને સંસ્થાના,[૮] ‖ તેમ ન્માન-ઘર-મધ્ય જે હસ્તી સાથે જોડાય છે તે ઘરથી બહારના એટલે મોહલ્લાના એટલે તનાસકમાં નાખતી સૃષ્ટીના,[૯] ‖ તેમ કસબાના એટલે મોહલ્લાથી ઘણે છેટેનાં એટલે મરણ પછી રૂવાનો તનાસકનાં મરકઝોમાં રહીને ભલાઇનો પાઠ શીખી રહે છે તેવાં અરવાહીનાં મરકઝોના,[૧૦] ‖ તેમ મોહોલ્લામાં રખડતાઓ જેઓ જીરમોના ધર્મોમાં સાબેત નહિ રહેવાથી રખડાટમાં પડે છે તેઓ જ્યારે શહેરોમાં જાય છે ત્યારે ખરાં જ્ઞાન-અમલને દવારે જઇને મુકિતના પાઠો શીખી રહે છે તેવી સંસ્થાઓ અને તેવી સંસ્થા રાખતા ખરા તલેસ્માતીક શહેરોના[૧૧] ‖ આગળ મુકિત માટે વધવાનાં કામમાં મદદ આપવા માટે, તે બધાની વૃદ્ધી થવા માટે,[૭] ‖ પુગી વળવાની મદદ આપવાની મારેફત તરીકે,

ભલો છેડો લાવી આપવાની શકિત તરીકે[૫] || જાહેર કીધી-પોતાના જેવીજ પોતામાંથી બહાર કાઢી-ઉભાવી કાઢી-મઝદર કીધી.[૬] || (એમ ખાસ તેણીને ઉભી કીધી છે, જે ઝઓશ્ર થઇ આલાતરૂપ થઇને દરેકને ઉપર અહુરમઝદ નઝદીક લઇ જશે, માટે તેણીની મદદ લેવી જોઇએ, માટે સ્તોત યસ્ન પ્રમાણે થયલી તેણીને માટેની યશ્ત-નીઆએશ અને બીજા અવસ્તાના માંથ્રો ભણવા જોઇએ, માટે આગળ કહે છે કે:)

**(૮) યા[૧૨] અહ્માત્[૧૩] સ્તઑત યસ્ન્ય[૧૪] સ્રાવયેનિ,[૧૫] અહુ-નૅમ્ચ વઇરીમ[૧૬] સ્રાવયેનિ,[૧૭] અર્યૅમ્ચ વહિશ્તૅમ[૧૮] હુસ્રવાનિ,[૧૯] અપસચ[૨૦] વંધ્રઉહીશ[૨૧] યઑઝ્દથાને;[૨૨] હથ્ર[૨૩] અન[૨૪] ગાથૂબ્ય[૨૫] વચ[૨૬] ગરો-નમાને[૨૭] અહુરહે મજદાઓ[૨૮] જસત્[૨૯] પઑઇસ્યો[૩૦] દથત્[૩૧] અહ્માત્[૩૨] તત્ અવત્[૩૩] આયપ્તૅમ.[૩૪]**

(૮) જેણી[૧૨] || ને માટે[૧૩] || સ્તઓત યસ્ન નામની યશ્તને[૧૪] || હું ગાઇને કુદરતનો નાદ સમજી શકાય તેમ ભણું,[૧૫] || અહુનવઇર્યને[૧૬] || ગાઇને કુદરતનો નાદ સમજી શકાય તેમ ભણું,[૧૭] || અર્યમના કલામને[૧૮] || ભલાઇ પેદા પડી શકે તેવી રીતે એટલે બુરાઇ તુટે તેમ ગાઇને પઢું.[૧૯] || (આમ ભણવાનું કર્યાજ કરૂં કે જેથી) || ગોસ્પંદી ગતી આપતા ભલાઇ-વાળા[૨૧] || આપ=પાણી=આશીરવાદોને[૨૦] || યઓજની ગતી વધુ મળે-કુદરતી કામ કરવાની કુશળતા વધે એટલે તેઓની પાક કરવાની શકિત વધે.[૨૨] || આ નીઆએશને[૨૪] || કહેરાતથી જેમ જોઇએ તેમ ગાઇને અને મીશ્ર કરીને[૨૫] || ઉચ્ચાર કાઢીને ભણવા[૨૬] || ને જોરે[૨૩] || (તે ભણનાર) || અહુરમજદના[૨૮] || ગરો-નમાન=છઠ્ઠાં આસ્માનમાં[૨૭] || સપ્પર પહેલો એટલે છેલ્લી મુકિતની હાલતે[૩૦] || પુગશેજ.[૨૯] || તે ભણતરને લીધે[૩૨] || તે બતાવેલો એટલે ગરોનમાને જવાનો[૩૩] || ફાયદો[૩૪] || આપ્યો.[૩૧] || (અવસ્તાનાં ભણતરોથી છેક ગરો-નમાન લગી પુગાશે તેની આ ખુલ્લી અવસ્તેઇક બુરહાન છે.) ||

**(૯) અહે[૧] રય[૨] ખરૅનંધ્રહુચ,[૩] તાંમ[૪] યજાઇ[૫] સુરૂનવત[૬] યસ્ન,[૭] તાંમ[૮] યજાઇ[૯] હુયશ્ત[૧૦] યસ્ન,[૧૧] અન[૧૨] બુયાઓ[૧૩] જવનો-સાસ્ત,[૧૪] અન[૧૫] બુયાઓ[૧૬] હુયશ્તતર,[૧૭] અરૅદ્વીમ સૂરાંમ[૧૮] અના-હિતાંમ[૧૯] અષઑનીમ;[૨૦] જઑથ્રાબ્યો[૨૧] અરૅદ્વીમ સૂરાંમ[૨૨] અનાહિતાંમ[૨૩] અષવનૅમ[૨૪] અષહે[૨૫] રતુમ[૨૬] યજમઇદે.[૨૭]**

(૯) તેનાં[1] (આ ભણતરથી થયલા સ્તોતોના આકારમાં આકર્ષાયલી તે અરદ્વીનાં) ‖ અંતરજ્ઞાન[2] (અને) ‖ બક્ષેશ–મીનોઇ ઝલ્વો[3] (જે તે ભણતરથી આવી મળે છે તે) ને જોરે, ‖ બાપદાદેથી ઉતરી આવેલી અને ફાયદો આપનારી આ અહુનવરનો નાદ સંભળાવનારી[6] ‖ યસ્ન–ભણતરને જોરે,[7] ‖ તેણીને[4] ‖ હું આકર્ષીને એકતાન થાઉં.[5] ‖ કાયદાસરની પાકીઝગીથી ઇજ્જાયલી[10] ‖ યસ્ન–ભણતરથી[11] ‖ તેણીને[8] ‖ હું આકર્ષીને એકતાન થાઉં.[9] ‖ આથી[12] (આ ભણતરને લીધે) ‖ મુરાદ મેળવી અપાવવાની મારેફત (જઓથ્ર=આલાત) તરીકે થવા પ્રસન્ન થતી રહેલી[14] ‖ તું હોજો,[13] ‖ અને તેથી, આ ભણતર ભણવાને લીધે[15] ‖ મીનોઇ ફાયદો આપવાની યસ્નમાં આકર્ષાયલી તત્પર વધુ રહેલી[17] ‖ તું રહેજે[16] ‖ ખુલંદીએ લઇ જવા સારૂ સૂર=તલેસ્માતીક હથીઆર ઢાલ રાખતી અરદ્વી[18] ‖ ગલીચીને દુર કરીને ઇશ્ક તરફ લઇ જતી[19] ‖ અષો અષોઇનું કેહપ[1] ઉભું કરે (તેવી છે) તેણીને[20] ‖ (યાદ કરૂં છું). ‖ અષો,[24] ‖ ગલીચીથી મુકિત આપનાર,[23] ‖ ખુલંદીએ લઇ જવા માટેના તલેસ્માતીક હથીઆર[22] (થી દુજીને હઠાવી જીતનાર) અરદ્વી સાથે ‖ આલાતો ઉભા થવાને લીધે[21] (તેવા ઝોર સાથના આલાતોથી હમારામાં ઝોરની શકિત ઉભી થવાને લીધે યસ્નમાં રહીને) ‖ એકતાન થઇએ છીએ.[27] ‖

**હઑમ યો ગવ બરેસ્મન હિજવો-દંધ્રહંધ્રહ, માંથ્રચ વચચ શ્યઑથ્નચ, જઑથ્રાબ્યસ્ચ અર્ષુખ્દએઇબ્યસ્ચ વાધ્રજ્ઞિબ્યો.**

**યેંધ્રહે હાતાંમ્ આઅત્ યેસ્ને પઇતી વંધ્રહો, મજ્દાઓ અહુરો વએથા અષાત્ હચા, યાઓંધ્રહાંમ્ચા તાંસ્ચા તાઓસ્ચા યજમઇદે.**

(બીસ્તા પઢે.) **અહુરમજ્દ ખોદાએ, અવજૂનીએ મરૂદુમ, મરૂદુમ સર્દગાંન્ હમા સર્દગાંન્, હમબાયસ્તે વેહાંન્, ઑઑમ બેહેદીન્ માજ્દયસ્નાંન્ આગહી આસ્તવાની નેકી રસાનદ; અએદૂન બાદ.** (કુશાદે પઢે.) **યથા અહૂ વઇરયો. ૨.**

**યસ્નૅમચ વહ્મમચ અઑજસ્ચ જવરૅચ આફ્રીનામિ, અપાંમ્ વંધ્રઉહિનાંમ્ મજ્દદાતનાંમ્, અર્દુયાઓ આપો અનાહિતયાઓ અષઑન્યાઓ, વીસ્પનાંમ્ચ અપાંમ્ મજ્દદાતનાંમ્, વીસ્પનાંમ્ચ ઉર્વરનાંમ્ મજ્દદાતનાંમ્. અષૅમ વોહૂ ૧. અહ્માઈ રએશચ; હજંઘરૅમ; જસ મે અવંઘહે મજ્દ; કેરફેહ મોજ્દ.**

☞ [નોંધ: અહીં રોજ નેક નામવાળો અસલ ફકરો પઢવાનો છે તે માટે, તેમજ રોઝ-માહ સાથના વધુ વિસ્તારના કદમી કેતાઓમાં આપેલા વધુ મિશ્ર કરવા હોય, તો જુઓ ઉપર પાને ૨૨૭ મે થી ૨૩૩ પાના સુધી.]

(બીસ્તા પઢવું:) નમાજ દાદારે ગેહાંન્ દામાંન્. (કુશાદે પઢવું:) ક્ષનઑથ્ર અહુરહે મજ્દાઓ. તરોઇદીતે અંગ્રહે મઇન્યેઉશ. હુઇથ્યાવર્શતાંમ્ હ્યત્ વસ્ના ફ્રૅરષોતૅમૅમ્. સ્તઑમિ અષૅમ્. અષૅમ્ વૉહૂ ૧. વર્જ ખુરેહ અવઝાયાદ્ આવાં અરદ્વી સૂર બાનુ બેરસાદ્ અમાવંદ્ ફીરોજગર્ અમાવંદી ફીરોજગરી. દાદ્ દીન્ બેહ માજ્દયસ્નાંન્, આગહી રવાઇ વાફ્રીન્ગાંની બાદ્ હફ્ત કેશ્વર્ જમીન્; અએદૂન્ બાદ્. મન્ આનો આવાયદ્ શુદન્, મન્ આનો આવાયદ્ શુદન્, મન્ આનો આવાયદ્ શુદન્. અષઑને* અષૅમ્ વૉહૂ ૧.

☞ (દક્ષિણ દિશા તરફ મોહોડું કરીને પઢે.) (બીસ્તા પઢવું:) દાદારે ગેહાંન્, દીને માજ્દયસ્ની, દાદે જરથુશ્તી. (કુશાદે પઢવું:) નૅમસ્-તે અપાઉમ્ સૅવિશ્તે અરૅદ્વિ સૂર અનાહિતે. અષઑને* અષૅમ્ વૉહૂ ૧.

નૅમો ઉર્વઇરે વંઘ્ઉહિ મજ્દદાતે. અષઑને* અષૅમ્ વૉહૂ ૧.

અરૅદ્વીમ્ સૂરાંમ્ અનાહિતાંમ્ અષવનૅમ્ અષહે રતૂમ્ યજમઇદે. અષૅમ્ વૉહૂ ૧.

(બીસ્તા પઢવું:) આવાં અરદ્વી સૂર્ બાનુ બેરસાદ્. (કુશાદે પઢવું:) અષૅમ્ વૉહૂ ૧.

---

* સમજ માટે જુઓ પાને ૨૩૪ થી ૨૩૫ મે.

# આતશ નીઆએશ.

**આતશની જરતોશ્તી દએન પ્રમાણે અનુપમમાં અનુપમ તસવ્વર–આતશની બુલન્દ પરદુખભંજનની ગતીનો ખ્યાલ–આતશનો ભેદી મર્મ–આતશની અતી અગત્યતાનો ભેદ–જરતોશ્તી દએનમાં આતશની બુલન્દ જગા થવાનો ઉંડો અર્થ.**

આતશને જરતોશ્તી દએનમાં કાંય અનુપમમાં અનુપમ માન આપવામાં આવ્યું છે? આતશને દરેક ધર્મમાં એક યા બીજી રીતે અવષ્યનો ગણેલો છે. ઇસ્લાગીઓ જો કે આતશ પરસ્ત, આતશ–પરસ્ત તરીકેના ધીકકારની લાગણી સાથના વેણો કાઢી રહે છે, છતાં તેઓમાંબી મરણ વખતે આગ સળગાવવીજ જોઇએ એમ કદીબી નહિ ફરે તેવો રસમ છે, એટલે આતશ તે રૂવાનને તેજ દીનની ઇલ તરફ લઇ જનાર રક્ષક છે એમ ભેદ રહયો છે. દરેક દીનના સંત–સાધુઓ તો '**આતશ**'ને જરતોશ્તીઓની માફક દાદ્દગાહ કરીને રાખે છે. આતશને અહુરમજદનો પુથ્ર–કામકાજ કરીને બજાવનાર કહયો છે–આતશને કુળ જગતનો વિસ્તાર કહયો છે. ખુદ માનવ કે રજેરજમાં **આતશનુંજ** મુળ છે કેમકે energy ગતી વગર કંઇબી થઇ શકેજ નહિ અને energy એ સ્થુળ અને સુક્ષ્મ આતશોની વચમાંનો Phase ફેઝ છે. ત્યારે આવા આતશની ગુહ્ય સમજ માટેની ટુંક સીમા દોરવાની અગત્યની છે. આ સીમાને માટે આપણુને છેક અહૂની તરફ જવું પડે છે. '**અહૂ અને આતરેશએદાન**' કે જયાંથીજ બધાંની શરૂઆત છે અને છેલ્લો છેડો છે તે તરફ જવું પડે છે, કેમકે તે **અહૂ અને આતરે ક્ષએતાન** જેમ શરૂઆત છે તેમ આખેરનો છેડો થશે. આમ ત્યારે વચમાં અને તે ગેલાનમાં બધેબધજ તે આતરનોજ ઝલ્વો છે જે આતર બધાંને તે અહૂના નાદ વિષે દરેક વખતે સંભળાવ્યા કરે છે–એટલે energy જે થઇ રહે છે તેની મતલબજ તે અહૂની તરફ દોરવવાની છે. આપણે જાણીએ છીએ કે અહૂ એવો છે કે જેની ઉપર કોઇનું ધ્યાન ચાલેજ નહિ–જેને કોઇ માપી શકેજ નહિ–જેમાં બધું સત્ય સત્ય સત્યજ છે, જેને એરેઝવાન કહે છે, જે એરેઝવાનને તે અહૂ એટલે તે સાહેબની '**હૂ**' એટલે **તેપણું** કહે છે. અહૂના આ '**હૂ**' ને એટલે તે એક સાહેબની તેપણુાંની ગતીને, ઝરવાનને '**આથ્ર**' કહે છે, અને

તેની નહિ સમજ પડે તેવી ગતી–શકિતને '**નીરૂ**' કહે છે. એમ કહેવાનુ દરૂસ્ત થઇ પડે કે '**અહૂ**'ની નીરૂ અથાક શકિત છે, કુદરત છે, જે નીરૂ અહૂના જેવીજ ઓરેઝવાન છે, જે નીરૂની ચાલુ હાલતને **આથ્ર કહે છે.** ત્યારે અહૂ તો છેજ અને તેની નીરૂ શકિત કુદરતથી છેજ, પણુ તે નીરૂનો હોકમ બજાવનાર આથ્ર ત્યારે જાહેર થાય, કે જયારે સૃષ્ટી થવાની હોય. ત્યારે એમ થયું કે **આથ્ર તે અહૂની નીરૂનો પ્રભાવ છે, એટલે** અહૂ જે સમજ શકિતના અંધકારમાં છે શેદમાં છે તેની નીરૂનો પ્રભાવ છે ખરો, પણુ તે આથ્ર તે શેદ એટલે તે અહૂ વિષેની સમજના અંધકારને ક્ષએતમાં–રોશનીમાં–બઓદની ડહાપણુવાળી કહેતાં હુદાઓંઘહની સમજ શકિતમાં લાવી શકે તેવો છે, માટે તે આથ્રને **આતરે ક્ષએતાન કહે** છે, એટલે અન્નત અંધકારમાં રહેલા અહૂના ભેદને ક્ષએત એટલે બઓદની ઉપર કહી છે તેવી યઝતી સમજ શકિતવાળા રોશનીના અનત ધામ ખાઓ અક્રજયમ્નમાં પ્રદરશીત કરનાર–જાહેર કરનાર તરીકે ઓળખે છે, કે જે બઓદની હુદાઓંઘહના નહિ કલ્પી શકાય તેવી યઝતી ડહાપણુવાળી રોશની તે અહૂ વિષેનાં જ્ઞાનની પુર્ણ રોશનીની ખાલી કીનારી છે જેને **ઉક્ષ્યબામ** કહે છે. ત્યારે તે અન્નત અહૂની અને તે ખાઓ અક્રજયમ્નની એટલે અન્નતનું અન્નત યઝતોથીબી નહિ પુગી શકાય તેવું મહા ડહાપણ **હુદાઓંઘહવાળું** અન્નત રોશનીનું ધામ કે જે તે અહૂની સંપુર્ણ સમજની રોશનીનો ઝાખો આકાર ભાગ્યેજ રાખે છે–તે બેઉની સમજ હોવી જોઇએ, કે જેથી માલમ પડે કે તે અન્નત અહૂમાંથી ખાઓ અક્રજયમ્નને રજુ કરનાર અને તેવા ખાઓમાં તે અહૂને આણુનાર **આથ્ર** છે અને **એમ જગતના ઝલ્વાને ચલાવનાર અને આખરની મુરાદે લઇ જનાર આથ્રજ છે.**

## અહૂ કે જેમાં બધું સુન્યનું મર્જરૂપ છે તે-તેમ અહૂ કે જેમાં નીરૂની ઝરવાન નામે આથ્ર ફરે છે તે–એમ અહૂની બે હાલતોની સમજઃ—

'**અહૂ**' તો અનામાંથ્વાઓ સમજની પેલી મેરનો, '**અક્રજયન્ત**' નહિ મપાય તેવો છે, એવા અહૂ માટે એમ આંગળીથી દેખાડી શકાય કે તે કોઇ છે. આંગળીબી કોણુને કરવી તે જાણુવું જોઇએ. **આંગળી યવએચ યવેતાએતે**ને કરવાની છે,–એમ બતાવવા કે આ **યવએચ** જેવા બેશુમારના બેશુમાર કોઇનીબી સમજમાં આવે નહિ તેટલા બધા આંકડાવાળા **યવએચ**ના દોરોને રાખનાર એક સાહેબ છે. ત્યારે **યવએચ** શું છે તે જાણુવું જોઇએ કે જેથી તે **યવએચ** તરફ આંગળી દેખાડીને

**અહૂને** દેખાડીએ કે આવો કંઇક તે હોઇ શકે. **સાત ઝરવાને અકરનેના દોરાનોને રાખતા એક દોરાનને 'યવએચ યવએતાએતે'** કહે છે, કે જે એક **યવએચ**માંજ કુલ જગત ઉભું થઇ સાત કાળ પુરૂં કરીને પાછું તે અહૂમાં મળી જાય છે. આમ જગતનો ખેલ એકજ **યવએ**માં રમી રહીને ખતમ થાય છે અને પછી નવો ખેલ બીજા નવા થતા **યવએચ**માં થશે. આ **યવએચ**ના સાતમાંના એક ઝરવાને અકરનેના કાળને આજે માનવ શું પણ કોઇબી ધ્યાનમાં લઇ શકે નહિ પણ યઝતી શકિત ધ્યાનમાં લઇ શકે. ત્યારે એક **યવએચ**ની તસબ્વર આપણી ગમે તેવી ચાલાક બુદ્ધિ genius આગળ અંધકારરૂપ છે પણ બઓદ=યઝતી ખ્રતુ આગળ તે ધીમે ધીમે થતી આવશે. આજે આપણે આ ચાલુ **યવએચ**માંના સાત મોટા દોરોમાંના ચોથા ઝરવાને અકરનેના દોરમાં છઇએ અને પછીથી જયારે પાંચમો દોર થશે તે પાંચમાં દોરમાં **ફ્રશો-કેરેતી** કરીને છઠ્ઠામાં **રોશન રૂઝ** કરીને સાતમો પુરો કરીશું ત્યારે તે સાહેબમાં મળી જઇશું એમ ફ્રશો-કેરેતી પુરી થશે. આમ એક **'યવએચ'**માંજ જગત હોય. આમ અનેક **યવએચ**માં જગત થઇને લય થયલું અને આજે હાલી **યવએચ**માં ચાલુ છે. એમ છે માટેજ આપણી ક્રીયામાં ભલી અસર **યવએચ** લગી પુગો એમ કહે છે. પણ જયારે **'દરૅઘેમ્ આયૂ'** કરીને કહે કે **'અઇવિ-ચીથીત'** કે **પઇરિ-ચીથીત** કે **દરેઘો** એમ કહે, ત્યારે તેમાં તે **યવએચ**ના સાત ઝરવાને અકરનેમાંના એક કોઇબી ઝરવાને અકરનેના નાના મોટા ભાગ માટે ઇશારો હોય છે. આમ આપણે **યવએચ યવેતાએતે**નો ભાશ લીધો. જો માનવ શું પણ યઝત આ એક **યવએચ**ના દોરનો ભાશ લઇ શકે નહિ, તો આવા અગણીતના અગણીત **'યવએચ'**ને રાખનાર તે **અહૂ**નો ભાશ કોણ લઇ શકે? એમ છે માટેજ કહે છે કે તે **અહૂ** સમજ શકિતના અંધકારમાં છે. આવા **અહૂ**માં કંઇબી હોઇ શકે એમ માનવ શું પણ યઝતનો મિથ્ર કે ગોબી કહી શકે નહિ એટલે ત્યાં બધું મર્જ છે. **અહૂ**નો આ મુળ ખયાલ છે.

હવે **અહૂ**નો બીજો ખયાલ **અહૂ**નો **નીરૂ** અને તેની ચલીત ગતી **આશ્ર** સાથનો ખયાલ લઇએ:—જયારે આવા **અહૂ**ને પોતામાંના અસંખ્ય **યવએચ**માંથી એક **યવએચ**ને કાઢીને આ જગતને રચવાનું હોય, ત્યારેજ તે **અહૂ**માં 'નીરૂ' મર્જમાંથી બેદાર થાય છે, કહેતાં કુદરત જાહેર થાય છે. આ નીરૂ તેના બેદાર થવાની પહેલાં **અહૂ**માં હતી પણ મર્જ હતી. હવે આ **'નીરૂ'** મર્જ નહિ રહેતાં જાહેર થઇને દોર કરવા લાગી. **આવા દોર કરતી નીરૂની ઝરવાનને આશ્ર કહે છે. આમ નીરૂ અને તેની ચાલતી ગતી તે આશ્ર નવી સૃષ્ટી થતી વખતે અહૂમાં જાહેર થયા કે**

જે નીરૂ અને આથ્ર અહૂમાંનો સૃષ્ટી કાઢવાનો ગોયા વિચાર થયો. જયારે સૃષ્ટી નહી કાઢવાની હોય ત્યારે તે નીરૂ અને આથ્ર અહૂમાં મર્જ જ હોય. આમ અહૂમાં જયારે નીરૂ અને આથ્ર એટલે ચળવળ કરતી શકિત જાહેર થાય છે ત્યારે અહૂ સૃષ્ટી રચવા માટેનો વિચાર કરે છે એમ થયું. પછી 'નીરૂ'ની ગતી આથ્રને જોરે અહૂના બેશુમારના બેશુમાર યવએચઓમાંથી એક યવએચને પોતામાં જાગૃત કરે છે–નોખો કરે છે, જેની સીમાને ખાઓ અક્રજયમ્ન કહે છે. હવે ત્યારે આ ખાઓ અક્રજયમ્ન અને પેલા અહૂ વચ્ચે 'નીરૂ'નો પરદો આવ્યો એમ સાધારણ જબાનથી કહી શકાય. ત્યારે ખાઓ અક્રજયમ્ન તે અહૂની 'હુ' છે, સત્ય સત્ય સત્ય એરેઝવાનની જમીન છે, કે જે તે અહૂમાં મર્જ હતી, ઉંઘમાં હતી, તે હવે બેદાર થઇને પોતે કંઇક ઉંઘમાંથી ઉઠી હોય એમ જાહેર થઇ, જે ખાઓને તેટલા માટે 'હુદાઓંઘહો' કહે છે એટલે રોશની પામેલી ગતી કહે છે, જેની અકકલ તે અસલ અહૂને કીનારી જેટલીબી માપી શકતી નથી માટે તે હુદાઓંઘહને ઉક્ષ્યબામ કહે છે. આ ખાઓ અક્રજયમ્ન કે જે હુદાઓંઘહુ છે, જે ઉક્ષ્યબામ છે, તેમાંથી પેલીજ નીરૂ અને આથ્ર આવેલાંજ છે, તોજ તે ખાઓમાં આ હુદાઓંઘહ આવી શકી. આમ ત્યારે નીરૂ કુદરત અને તેની બજાવનાર ગતી (એટલે તેનો છોકરો) આથ્ર અસલથીજ હતા પણ મર્જ હતા, તેઓ જાગૃત થયા, જાહેર થયા, જેઓએ તે અહૂની મર્જની ગતીના અન્નતના અન્નત દરયાવમાથી (એટલે તે એરેઝવાન-હૂમાંથી) ડહાપણની જમીનને (એટલે જાગૃત હાલતને) ખાઓ અક્રજયમ્ન તરીકે કાઢીને–તેમાં તેઓ (એટલે તે નીરૂ અને તેનો આથ્ર) સમાઇને તે ખાઓને જાગૃત વ્યવસ્થામાં ચલાવી રહે છે, જેથી તે ખાઓમાં વિચાર કરવાની ગતી આવી રહે છે. ત્યારે તે ખાઓ એટલે અહૂની તે સત્યની પુર્ણ હુદાઓંઘહુ = ડહાપણની જમીન (જાગૃત વ્યવસ્થાની ગતી) જે મર્જના દરયાવમાંથી બહાર પડી તે એક વિગત થઇ. પણ તે ખાઓને તેવી રીતે તે મર્જના દરયાવરૂપમાંથી બહાર કાઢનાર, ઉષીમાં ઉગાડનાર એટલે મર્જમાંથી ઉંઘમાંથી જાગૃતીમાં ઉઠાડનાર નીરૂ અને આથ્ર છે, જે નીરૂ અને આથ્રની તે અહૂના અન્નત મર્જરૂપ દરયાવમાં મર્જ હતા પણ બેદાર થયા છે તે બીજી એટલે જુદી બાબદ થઇ. વળી અહૂ તો છેજ, કે જે ઉપર જોયું તેમ મર્જની હાલતનો ધણી છે તેમ વળી સૃષ્ટી કાઢતી વખતે નીરૂ અને આતરને બેદારીમાં લાવે છે માટે જાગૃત થયલી નીરૂ અને આતરનોબી ધણી છે તે ત્રીજી માટે જુદીજ બાબદ છે. ત્યારે અહૂનો મર્જ અન્નત દરયા-

વળી અહૂજ છે જેને તેટલા માટે 'હૂ' કહે છે એટલે તે અહૂનું **તેપણું** એટલે 'હૂ' કહે છે. આ અહૂમાં તેજ અનન્ત દરયાવમાં ત્યારે નીરૂ શકિત તો છે અને તે શકિતનું જોમ આથ્ર તો છેજ પણ તે બધું તે અહૂમાં મર્જ હતું. મર્જની હાલતમાં જેટ ઝરવાન હોય નહિ માટે ત્યાં ભાન જેવુંબી હોય નહિ. પણ જેટ ઝરવાનની હાલત જ્યાં હોય ત્યાં ભાન હોય એટલે વિચાર હોય. જ્યારે અહૂએ એક **યવએચ** કાઢીને સૃષ્ટી કાઢવાનો વિચાર કીધો, ત્યારેજ તે અહૂએ પહેલે 'નીરૂ' અને તેની ઝરવાન આથ્ર જે મર્જ હતાં તેઓને જાગ્રત કીધા, જેથી જેટ-ઝરવાન-ભાન-મિથ્ર ત્યાં ચાલવા લાગ્યા. આ નીરૂ અને આથ્રની મારફતે તે અહૂએ પોતાના અનન્ત એરેઝવાનના સુન્યના મર્જના દરયાવમાંથી જાગૃત વ્યવસ્થાની જમીનને બહાર કાઢી, જેને ત્યારે ખાઓ અક્રજયમ્નની હુદાઓંઘહની જમીન કહે છે, જે ત્યારે મર્જમાંથી જાગ્રત થઇ, જેની જાગ્રત અવસ્થાના ભાનને **ઉક્ષ્ય-બામિક** કહે છે. હવે ત્યારે ખાઓમાં નીરૂ છે અને આથ્ર છે. ખાઓ ગોબા અલંકારીક જમીન છે, જેની કુદરત તે નીરૂ છે, જે કુદરતની શકિત તે આથ્ર છે. ત્યારે ખાઓ જે કંઇ વિચાર કરે તે પેલી નીરૂ અને આથ્રથી વીચાર કરે. તે ખાઓ ત્યારે વિચાર કરતી કે કાંય હું બહાર પડી હોઇશ-વિચાર કરવામાં તે ખાઓને સમજ નહિ પડી માટે દુખ થયું એટલે તે નીરૂના તે આથ્રે તે અનન્ત અહૂના મર્જ એરેઝવાન દરયાવમાંથી **માંથ્ર-સ્પેન્તને** એટલે 'હૂ'ની જાતના આશીશો કાઢીને તે ખાઓ ઉપર વરસાવ્યા. એમ આશીરવાદોનો વરસાદ પડવે તે હુદાઓંઘહોમાં શાંતી થઇ કે તે સાહેબનીજ મરજી હશે તોજ આમ થયું. આમ થયા પછી તે નીરૂના આતરની પહેનાઇની ઉપર તે અનન્ત અહૂના એરેઝવાન ગતીના દરયાવના એક ટીપાનો એક અબજમો ભાગ અહૂ તરીકે ઉતરીને તે ખાઓની ઝમીનમાં **'અહૂ'** સાહેબ તરીકે જાહેર થઇને ત્યાં પોતાની વઇર્ય=ઇચ્છા જાહેર કીધી કે હવે આ ખાઓની **યવએચ**ની સાત કાળની સીમામાં આમ આમ થાશે. આમ અહૂનો વઇર્ય **અહુનવઇર્ય** થયો. ત્યારે અસલથીજ તે અહૂની કુદરત તરીકે નીરૂ અને આથ્રની જોડ છે અને તેથીજ બધું કામ થઇ રહે છે. હવે ત્યારે અહૂ અને તેની આસપાસ તે ખાઓની ઝમીન અને તેમાં પેલી નીરૂ અને આથ્ર હતા. આમ સપ્પર પહેલા અહૂ જાહેર થયા, જેવણે વઇર્ય જાહેર કીધો અને તે **વઇર્ય**ના મિથ્ર-માંથ્ર-યસ્નથી એટલે વિચાર-બોલ અને યસ્નથી બગાન અહુનવઇર્ય-પઓઉર્વ ફ્રવષિ-રતઓત યસ્ન કાઢયા, જે બધા એરેઝવાન ગતીના એટલે **'હૂ'**ના હોવે તે સાહેબના તેપણાં જેવાંજ હોવે તેઓમાં ત્યારે કુદરત તરીકે નીરૂ અને આથ્રજ સમાઇ રહયા

છે એટલે તે બધાઓ આ નીરૂ અને આથ્રની ગતી ગ્રહણ કરીને સચેત ઉભા છે. પછી સ્તઓત યસ્નએ અનહૂમાનો ઘાટ લઇને તેમાંથી દ્રવાઓ સાથના ઉરવાન અને બઓદની સામસામી જોડ કાઢી. આમ જે કંઇ અનહૂમામાંથી નીકલ્યું તેબી તેજ નીરૂ અને આથ્રની કુદરતથીજ થયું. પણ આ જોડમાંની એક ગતી નામે બઓદ તે નીરૂ અને આથ્રની કુદરતને ગ્રહણ કરી શકી જ્યારે પેલા દ્રવાઓ સાથના ઉરવાને નીરૂ અને આથ્રની કુદરતને ગ્રહણ કીધી નહિ. પણ દ્રવાઓ સાથના આ રૂવાનમાંથી દ્રવાઓ ત્બએષ અને દ્રવાઓ દ્રોમનની સપ્પર પહેલી કાળી કુદરત જન્મી. પછી જ્યારે માંથ્ર-સ્પેન્તના આશીશો તે દ્રવાઓ સાથના ઉરવાન ઉપર ઉતર્યા ત્યારે તે માંથ્ર-સ્પેન્તમાંની તે નીરૂ અને આથ્રની કુદરતે તે કાળી કુદરતનો નાશ કરી તે દ્રવાઓ સાથના ઉરવાનને તે દ્રવાઓ સાથે માંથ્ર-સ્પેન્ત જેવું એટલે એરેઝવાન ગતીનું કીધું, જેને તેટલા માટે માંથ્ર-સ્પેન્તનું ઉરવન કહયું છે. આત્રા આ માંથ્ર-સ્પેન્તના રૂવાનમાં હવે તે નીરૂ અને આતર તેની કુદરત તરીકે આવ્યા. હવે ત્યારે તે અહૂની આસપાસમાં આ બગાન અહૂનવઇર્ય+પઓઉર્વ ફ્રવષિ+સ્તઓત યસ્ન=અન-હૂમા તેમાંની બઓદ અને પેલું સુધરેલું માંથ્ર-સ્પેન્તનું ઉરવાન વીટલાતા જઇને તે અહૂના વસ્ત્રરૂપ શ્યાવ થઇને તે બધું તે અહૂની સાથનું અહૂના અંગ જેવું થયું, જેને મજદાઅહુરા તરીકે ઓળખે છે. ત્યારે આ બધાં વસ્ત્ર પેલા ખાઓ આક્રજયમ્ન કે જેને હવે નવમું અહુનવરનું અરમ કહે છે તેની અંદરજ અથવા તેની બરાબરીનાજ છે, જેમાં ત્યારે તે નીરૂ અને આથ્ર કુદરત તરીકે છે. ત્યારે મઝદાઅહુરામાંની કુદરત તે નીરૂ અને તે આતર છે. હવેથી આ આતરે ક્ષએતાનને આથ્રો પુથ્ર અહુરમઝદ કહે છે. પણ તે મઝદાઅહુરાના માંથ્ર-સ્પેન્તના રૂવાનમાં હજુર કંઇક દ્રવાઓનો ભાગ હતો જે માંથ્ર સ્પેન્તના આશીશો લઇ શકયો નહિ, જેમાં તેટલા માટે તે નીરૂ અને આથ્ર સમાયા નહિ, માટે તે ભાગને બહાર કાઢીને તેને પાછો તેજ માંથ્ર સ્પેન્તથી સુદ્ધ કીધો, કે જેમાં પછી તેજ નીરૂ અને આતર સમાયા, જેઓ યઝત ૩૩ અહુ થયા. આમ યઝતોના રૂવાનોબી તે અહુ-રાની આસપાસના વસ્ત્રમાં ઉમેરાયાં. આ ૩૩ અહુના રૂવાનમાં હજુર કંઇક ભાગ હતો કે જે માંથ્ર સ્પેન્ત લઇ શકયો નહિ, જેથી તેમાં તે નીરૂ અને આથ્ર સમાયા નહિ માટે તે ભાગનેબી કાઢી તેનેબી માંથ્ર સ્પેન્તથી સુધાર્યો, કે જેમાં પછી તે નીરૂ અને આથ્ર સમાઇ રહયા, જે ૩૩ રતુ તરીકે થયો. આ ૩૩ રતુબી તે મઝદાઅહુરાના વસ્ત્રની આસપાસ એટલે અહુનવરના અરમ સાથે વીટલાયા. આમ ત્યારે તે અન્નત મજર્ના અહૂના દરયાવમાંના એક ટીપાંનો એક અબજ ભાગ અહૂ તરીકે તે ખાઓમાં ઉતરેલા છે, જેને

તે ખાઓ અક્રજયમ્નનો **અહુ** કહે છે. આવા **અહુ**એ પેલી નીરૂ અને આથ્રથી પોતાનો વઇર્ય કાઢીને તેજ નીરૂ અને **આથ્ર**ની કુદરતને જોરે બગાન અહુનવઇર્ય+૫ઓઉર્વ ફ્રવષી+સ્તઓત યસ્ન=અનહૂમા અને બઓદ+માંથ્ર-સ્પેન્ત રૂવાન+૩૩ અહુના રૂવાન+૩૩ રતુના રૂવાન ઉભા કરી તે બધામાં તે નીરૂ અને આથ્રને સમાવી તેઓને તેજ ખાઓમાં જેને હવે નવમું અસ્મ કહે છે તેમાં પોતાની આસપાસ વસ્ત્ર તરીકે વીતાળીને પોતાના જેવા કરીને પોતે અહુરામઝદા તરીકે જાહેર થયા. છેલ્લા ૩૩ રતુના રૂવાનમાં હજુર કેટલોક ભાગ એવો હતો કે જે માંથ્ર સ્પેન્તના આશીરવાદને ક્રમે કરી લઇ શકયો નહિ પણ જે જગાએ તે આશીશો પડતા ત્યાંથી દુર ગયો-નીઝબરેતો થયો, જેમાં ત્યારે તે નીરૂ અને આથ્ર સમાયા નહિ. આવો રૂવાનનો ગોળો ત્યારે તે નવમું અસ્મ કે જેને દાગી સ્પેન્તણી કહે છે એટલે માંથ્ર સ્પેન્તવાળું જગત કહે છે તે જગતમાંથી બહાર કઢાયો, જેને દએવ વીદાતુ સાથના રૂવાનો કહે છે. ત્યારે અહુરામઝદાની ગતી કુદરત નીરૂ અને આથ્રને આ દએવ વિદાતુ અને તેની સાથનો રૂવાનનો ગોળો ગ્રહણુ કરી શકયા નહિ. હવે ત્યારે આ દએવ વિદાતુ સાથના રૂવાનનેબી તે નીરૂ અને આથ્ર મળે અને પોતાના વસ્ત્રમાં તે વણાય એમ અહુરાએ કરવા ચાહયું. આમ કરવા હવે અહુરાએ પોતાના તેજ નીરૂ અને આતશથી યોજના યોજી, કે જે તે વર્ઇયમાં હતીજ. આવી તે યોજના એટલે મન્તાને તેણે ખીલવી. કઇ રીતે! અહુરાએ પોતાની નીરૂ અને આતશ કે જેને તે અહુરાનો પુત્ર કહે છે તેની મારફત સૃષ્ટી થવાની સીમા દોરી અને તે આતશમાંથી ૧૩ આતશોના દોરાનો કરીને સૃષ્ટી થવાનો expanse વીસ્તાર ઉભો કીધો જેના નામો આ છે. તે મુળ આથ્ર પુથ્ર અહુરમઝદમાંથી નીકળતા આતશો નામેઃ—

| | | | |
|---|---|---|---|
| ૧ | આતરે બેરેંઝોસવંધહ | ૮ | આતરે ઉરવાજીસ્ત |
| ૨ | આતરે ફ્રોબા | ૯ | આતરે સ્પેનિશ્ત |
| ૩ | આતરે ખોરદાદ | ૧૦ | આતરે આદર |
| ૪ | આતરે ગુશસ્પ | ૧૧ | આતરે વાજીસ્ત |
| ૫ | આતરે બુરજીન મહેર | ૧૨ | આતરે ઉરવાજીસ્ત |
| ૬ | આતરે માનો કરકો | ૧૩ | આતરે સ્પેનીશ્ત |
| ૭ | આતરે વાજીસ્ત | | |

આ બધા આતરો દોરાનોમાં રહીને કુળ સૃષ્ટીની પહેનાઇ cosmic space કરી રહે છે. આથ્રો પુથ્ર અહુરહે મજદાઓ આ બધાને ઘેરે છે, જેની અંદર બેરેંજોસવંધહ છે એમ બધા એક એકની અંદર વિસ્તારમાં ગોલાતરૂપમાં પંથરાઇ રહયા છે. અહુરામાં હવે જે નીરૂ અને આથ્રની કુદરત

છે તેજ ૩૩ અહુ અને ૩૩ રતુમાંથી છે, એટલે હવે ૩૩ અહુ અને ૩૩ રતુ મારફતે અહુરાએ તે આતશ સાથની કુદરતને કાઢીને સૃષ્ટીની પહેનાઇ તરીકે વીસ્તારી. આમ સૃષ્ટીની પહેનાઇ સીમા તરીકે આથ્ર થયો જેના ૧૪ પ્રકારો થયા જેમાંથી બીજા અનેકો થયા છે. આ બધાજ આતશોમાં ત્યારે સાથે સાથ નીરૂ પોતાની કુદરતની ચડઉ ઉતર ગતી નામે અઓજ-તગી-ઝોર સાથે રહયોજ છે, કુદરત વગરનો આથ્ર હોયજ નહિ. ત્યારે આતશે સૃષ્ટી થવાના અમલાનો પાયો કરી આપ્યો; ના આતશ સૃષ્ટીનો ભાર ખમે છે જેને આતશ આખરે પોતામાં મેળવીને દાદારમાં લઇ જશે. ત્યારે આ આતશો-માંના મુળ આતશ, તે આથ્ર પુથ્ર અહુરમઝદ છે કે જે અસલ આતરે ક્ષએતાનનો બીજો ફેઝ છે. આ આતર ઉપર જોયું તેમ ખાઓ અફ્રજયમ્ન એટલે નવમાં અસ્મમાં એટલે અહૂ અને તેના ફેરાવાના અનન્ત ધામમાં છે જે આતશ ત્યારે તે અહૂના વસ્ત્રમાં એટલે ૩૩ અહુ અને રતુઓમાંથી છે. આ આતશજ નીરૂ-અઓજ-તગી-ઝોરની કુદરત છે અથવા તે કુદ-રતનો તે આતશ બજાવનાર શકિત છે. આ આતર ત્યારે અહુરામાં એટલે અહૂ અને તેનાં વસ્ત્રમાં મલ્યાજ કરે છે અને એમ અહૂના વિચારોને ચલાવવાની કુદરત થાય છે. પહેલે પોતે પોતાના જેવી બીજી બેરેજ્ઞસવં-ઘહની ગતી કાઢીને અહુરામઝદામાં વડીને બહાર પડયાજ કરે છે. એમ આતરે પુથ્ર અહુરમઝદ અને આતરે બેરેજ્ઞસવંઘહ-તે અહૂના અનન્ત ધામ નવમું અસ્મ અને અનગ્ર રઓચના અસ્મ (આઠમું અસ્મ) અને તે અહૂનું વસ્ત્ર તે બધાંની ગોયા ગરમી છે એટલે તેઓનું કામ કર્યાજ કરે છે. આ કામ માટે આ બે આતરોમાંથી કે જેઓ ખુદ કુદરતવાળા છે તેઓ-માંથી કે જેઓ અહુરાના વિચારના ચલાવનારા છે તેઓમાંથી ઉપર કહયું છે તેમ બાર ગતી નીકળે છે જેઓ એક એકની અંદર ગોલાનમાં રહી છે. જેમ તે બે આતરો નામે આથ્ર પુથ્ર અને બેરેજોસવંઘહ અહુરમઝદ અને તેની દાગી સ્પેન્તનો ભાર ખમે છે એટલે દાદારની હિકમત પ્રમાણેની જગત માટેની ખીસ્કારી કરી રહે છે માટે જગતને ખોરાક આપી રહે છે, તેમ તેઓમાંથી નીકળતી બીજી ૧૨ ગતીઓ ૧૨ આતરો હસ્તી-નીસ્તીની જગતને પોતા ઉપર ઉભી કરી તેઓનો ભાર ખમી તેઓની કસર બાળીને પોતામાં મેળવીને ઉપર પોતાના મુળમાં જઇ રહેશે. આ બધા ૧૨ આતરો જેઓ આથ્રો પુથ્ર અને બેરેઝોસવંઘહમાંથી નીકળે છે તેમાંના પહેલા ચાર આતરોની ઉપર હસ્તી થઇ એટલે સાત અસ્મો થયા. આ સાત અસ્મોના પેલા ચાર આતરો નામે ફ્રોબા, ખોરદાદ, ગુશસ્પ, બુરજીન મહેર પાયારૂપ મુળરૂપ થયા, જે બધા આતરોમાં તે દએવ વાદાતુની ચોકકસ અકની ગતી મુકાઇ. એમ પાંચ વર્ણની અકનો ભાર ખમતી હસ્તી થઇ અને હસ્તીનો

તે ભાર તે આથ્ર ખમીને ભારરૂપ અકને અષમાં બદલીને તે અષમાં પોતે વસીને તેવી તે હસ્તીમાં કે જેમાં પુર્ણ રીતે પોતે જામી રહે છે તે હસ્તીને દાદાર તરફ લઇ જઇ રહયા છે. પછીના આંઠ આતશોની ઉપર નીસ્તી થએ છે અને તે આતરોથી નીસ્તીનો ભાર ખમીને તે ભારને સુધારી ગવ-રૂપનો કરીને તેવી નીસ્તીમાં પોતે મર્જ થઇને દાદાર તરફ લઇ જશે. નીસ્તીની દરેકે દરેક વ્યકતીઓમાંથી કે નીસ્તી-ગેતીમાં દેખાઇ રહેતા-કામ કરી રહેતા જડ આતશોમાં આ બધા ૧૪ આતશોનો અમુક સીલ સીલો રહેલો છે. આ સીલસીલો દરેકે દરેક વ્યકતીઓના તનને ઉભા કરી તેઓનો ભાર ખમી તેઓની બુરાઇ ખીલવીને-બાળીને તેઓને શુદ્ધ કરી તેઓમાં મળીને ઉપર લઇ જઇ રહે છે. એમ **માનવમાં** તે આતશ અમુક રીતના સીલસીલાનો આવેલો **છે જેને આતરે** વોહૂ-ફ્રીઆંન કહે છે, જે વોહૂ-ફ્રીઆન તે માનવનાં જડ તનનો ભાર ખમી તેની બુરાઇને ઉગાડી-ખરચાવી-બાળીને શુદ્ધ કરી તેમાં મળી તે માનવનેથી દાદાર તરફ લઇ જશે. **આમ ત્યારે જગતના ખુણેખુણામાં કુદરત અને આતર સાથેજ છે. તે આતર વગર જગત ઉભું રહી શકે નહી.** રજેરજના આતરમાં ત્યારે એક સીલ સીલો છે કે જે હસ્તીના આતર પુથ્ર લગીનો થઇ રહે છે. ત્યારે આતશ જગતની બદીનો ભાર ખમી તે બદાને ટકવો આપી તેની બુરાઇનાં ફળો કરાવી તેને ચખાડી તેની સીરત બનાવી રહે છે જેથી ગુનાહો થઇ રહે છે. ગુનાહોનો આજાબ જયારે તે કરનાર ઉપર પડે છે ત્યાર પછી તે વ્યકતી ભલાઇ કરવા લાગે છે, જેમાંથી આતશ તેમજ મદદ કરીને તેની શકિતઓને ખીલવે છે કે જેમાંથી ભલાઇ થઇ રહે. એમ જગતમાં આતશ બધાંનો ભાર ખમીને બધાંને દોરવી રહે છે. ત્યારે આ બધા જગતના આતરનું મુળ તો આથ્રો પુથ્ર છે અને તે પછી આતરે બેરેઝો-સ્વંઘહ અને ફ્રોબા અને મીનો કરકો નીકળીને બીજા આતરો નીકળી રહે છે. **ત્યારે આ બધાજ આતરો સૃષ્ટીની અષ્તીનો ભાર ખમીને તે અષ્તીને ખીલવી-બાળીને શુદ્ધ કરી રહયા છે.** અષ્તીમાં કેશા-શના ભોગવટાઓ આવે છે. માટે કયા આતશને કઇ અષ્તીનો ભાર ખમ-વાનો છે તે બધું નીરમાણુ થયું છે, જે બાબદને **વીદએવો દાતની** હિકમતમાં જણાવેલી છે. **માનવ માત્રના ભોગવટાઓને માટે ધંધા થયા છે જેના ૧૫ મુળ વર્ગો છે.** આજના કે હવે પછીના બધાજ ધંધા આ ૧૫ મુળ ધધામાંજ સમાશે. ધધો કેશાશ દેખાડે છે. કેશાશ માનવની જડ ગતીને સુક્ષ્મ કરવા થયા છે. **એમ ત્યારે ૧૫ ધંધાઓ માનવને ગવ-રૂપના કરવા માટેની ૧૫ જાતની પાદફ્રાહ સઝાઓ છે.** આવા ૧૫ જાતના **કેશાશી** ધંધાનો ભાર ઉપર **કહેલા આથ્રના ૧૫ દોરાનો એટલે**

૧૫ આતશો ખમી રહે છે. ત્યારે ૧૫ જાતના કેશાશી ધંધામાં બીજા પેટા ધંધાએ। છે. દરેકે દરેક ધંધાએ। આ ૧૫ ધંધાનાં હેડીંગમાંજ સમાય. ત્યારે ૧૫ જાતના ધંધામાંના દરેકને (તેના પેટા વિભાગોના ધંધાએ। સહિત) પેલા હસ્તી–નીસ્તીના પાયારૂપના મીનો ગતીના ૧૫ આતશમાંના અમુક સાથે સંબંધ રહે છે એટલે તે ધંધાના મિથ્રમાં તે આતરનું જોડાણુ રહે છે. જે કોઇ માણુસ કોઇ એક ધંધો કરે છે ત્યારે તેના ધંધાના વિચારો તેના ઘરના આતશમાં પકડાયા હોય છે, જેથી તે આતશમાં ત્યારે તે ધંધાનો ભાર ખમતા મુળ મીનોઇના આતશનો સંબંધ હોય છે અને જ્યારે તેના ઘરના જડ આતશને પાહરીયામાંથી ચલાવે ત્યારે તે ખાકી આતશ શુદ્ધ થઇને ૧૫ જાતમાંનો પેલો મુળ મીનોઇ આતશ જે હસ્તી–નીસ્તીમાં છે જેને તે સુદ્ધ થતા ખાકી આતશ સાથે સંબંધ હોય છે તે ખાસ મીનોઇ આતશ તે ખાકી સુદ્ધ થયલા આતશમાં સીધ્ધા ખુલ્લા સંબંધમાં આવીને તેમાં ઉપરથી નીચે જોડાઇ રહે છે. એમ ૧૫ જાતના ધંધાઓના વિચાર-વાળા માનવોના ઘરના આતશો લઇ તેઓમાં પેલા ઉપર હસ્તી–નીસ્તીના આતશોનો આડકતરો અને મંદ રીતનો સંબંધ ઉપર કહયું છે તેમ હોય છે તે સંબંધને ક્રીયાથી સીધ્ધો અને જાગૃત રીતનો જાહેર કરીને એક વ્યકતી બનાવે, જેને **આતરે વરાહુરાન** કહે છે, કે જેમાં ઉપર કહેલી કુદરત અને આતરને સીધ્ધો સંબંધ થઇ રહેવે તે કુદરત અને આતરનો લાભ જગતને આપી શકાય છે. ત્યારે આપણે જોયું કે **ઉસુલથીજ આતશ છે, આતશથીજ જગત થયું, આતશથીજ બધું થયું, આતશથીજ ભલો બુરો ભોગવટો છે, આતશથીજ સઝા–જઝા છે, બધુંજ આતશથીજ છે, જીવ–જાનબી આતશથીજ છે, મૃત્યુબી આતશના જવાથીજ છે, તનાસક–તનપસીનબી આતશથીજ છે.** ત્યારે આતશ આજે ભાર ખમે છે, તે ભારને આતશ આખરે બાળી સુક્ષ્મ કરીને ફ્રશો–કેરેતી કરશે. **ગાથા** ૩૪–૪ નો **'અત્ તોઈ આતરૅમ'**ના ફ્કરામાં આવી ઉંડી વિગત છે. આતશથીજ મુક્તિ છે એજ ખ્યાલ ખુદ મુસલીમોમાં અસલ હશે તોજ આજે તેઓમાં મરણુ થાય કે તુરતજ આગ સળગાવે છે. **ત્યારે આતશમાંજ કુદરત છે–આતશમાંજ દાદારની ગતી છે–આતશમાંજ બધું છે–આતશની આવી મહત્વતા છે માટે જરતોશ્તી દએનમાં તેની પહેલી જગા જાહેરમાં છે, જ્યારે બીજી દીનોમાં તેની જગા સંતાયલી** છે. ત્યારે આતશને ધીકકારનાર ખુદ પોતાનાં રૂવાનને પોતાના માવતરો–મા બાપને, પોતાના ખોદાને ધીકકાર-નાર ઠરે છે. આતરને ધીકકારવાની ખેરદ માનવની નહિ પણુ અહિની સાપની વજેના અહિરીમનની છે કેમકે અહિનો ભાર ખમી તેને ખીલવીને

તેની કજાએ પુગાડી તેને ગવનો કરનારજ આતશજ છે. **અહૂ-પરસ્તી તેજ આથ્ર-પરસ્તી છે. અહૂનું કામજ આથ્રથી છે. અહૂની ગતીજ આથ્ર છે-અહૂને મળવા આતશ જોઇએ.** આતશની વીગત ઘણીજ ઉંડી છે પણ આટલી નોંધ ઠીક થઇ પડશે.

---

## આતશની નીયાયશનનું ભણતર.

☞ (આતશ નીઆએશ અદવિસૂરથ્રેમ ગેહમાં રોજની ખાસ ફરજયાત છે; વાસ્તે એ ગેહમાં સરોશ યશ્ત વડી પહેલાં કરી પછી તુરત આતશ નીઆએશ જરૂર કરવી જો બની શકે તો દરરોજ બીજી કોઇની ગેહમાં પઢવી; નહી તો દર મહીનામાં અહુરમઝદ, અર્દીબેહેસ્ત, આદર, સરોશ અને બેહેરામ-એ પાંચ દહાડા પઢવી બહુ સારી છે.

એ નીઆએશ કરવી હોય તો માહ બોખ્તાર તથા અરદ્વીસૂર નીઆએશની પહેલાં કરી લેવી. એ નીઆએશનો શરૂઆતનો તેમજ છેડનો ભાગ હાલની કેતાબોમાં બરોબર જળવાયો નથી, તે ભાગ અસલમાં જેમ ભણાતો હતો તેમ આખો હેઠળ આપવામાં આવ્યો છે, તે ઉપર ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.)

**(૧) (કુશાદે) ક્ષ્નઑથ્ર[૧] અહુરહે મજ્દાઓ.[૨] અશૅમ વૅાહૂ ૧.**

(૧) અહુરમજદની[૨] ‖ ખુશાલી થવાની મારેફત[૧] (થાઉં એટલે દીનમાં બતાવેલા અહુરમજદના હોકમ મુજબના માર્ગ=તરીકત ઉપર ચાલવે સૃષ્ટી ઉભી થવાની અહુરમજદની નેમ જલદી ફળીભુત થવે, અહુરમજદની ખુશાલી એમ મારાં વર્તનથી થાઓ એમ દુઆ કરૂં છું.)

**(૨) (બીસ્ના પઢવું) પ નામે[૧] યજ્દાંન[૨] અહુરમજ્દ[૩] ખોદાએ[૪] અવજૂની,[૫] વર્જ[૬] ખુરેહ[૭] અવજાયાદ.[૮]**

(૨) અસર-રોશની[૨] (યઝતી ગતી જે અહુરમજદની કુદરત તરીકે કામ કરી રહે છે તે)નાં ‖ નામથી[૧] (એટલે જેમ અસર-રોશની પરોપકારી વૃત્તીથી કુદરતમાં કામ કરી રહે છે તેમ હું કરૂં-કરવા બંધાઉં). ‖ ભોગવાવનાર શકિત ખોદા[૪] (ની હેદાયત પામી) ‖ અહુરમઝદ[૩] (તરફ જનારૂં-જઇશજ.) ‖ વર્જ[૬] જે નુર તરફ જઇ રહેલો અનાસરનો પ્રભાવ છે તે[૬] (યાને સુક્ષ્મ થતી અઇપિ યાને આસપાસનું વાતાવરણ) ‖ અને ખોરેહ= અહુરમજદનો આશીરવાદીક પ્રતાપ જે અઇપિમા ઉતરીને અનાસરનાં નુરને નઝદીક ખેંચી લાવી શકે છે તે ગતી[૭] ‖ (મારામાં અને આસપાસ બધે) પેદા પડી ફેલાઇ કામ કરતી રહો![૮] ‖

## (૩) ☞ આતશ બહેરામની નઝદીક ઉભા હોય તો પઢે કેઃ—

**આતશે[1] વરાહ્રાંન્[2] આદર્[3] ફ્રાહ્.[4]**

(૩) છુટા છુટા મીનોઇ આતશોના કુદરતમાં થતા મેળાપને લગતો સંગમ[2] || ગેતીના દેખીતા આતશમાં થઇને જાહેર થયલા અએ આતશ બહેરામ,[1] (કે જેમાં યઝતી શકિત છે, જેમાં દએના=અંતકરણ છે, જેમાં બઓદ=બહમનની ગતી=યઝની ગતી વસે છે, જેમાં અહુ કહેતાં યઝતી સ્વભાવ, પરદુખભંજનનો સ્વભાવ છે તેવા અએ તું, કે જે) || આદર યઝત[3] (ની બરાબરીમાં છે એટલે યઝતી શકિતવાળા આથ્ર પુથ્ર અહુરમજદના સીદ્ધા સંબંધનો છે), || (તું મારામાં) ફ્રાહનો આતશ[4] (જે મંદ છે તે આતશને સળગાવ, કે જેથી મને મુકિત મળે.) ||

## ☞ આતશ આદરાનની નઝદીક ઉભા હોય તો પઢે કેઃ—

**આતશે[5] આદરાંન્[6] આદર્[7] ફ્રાહ્.[8]**

અએ આતશ આદરાંન,[5] || કે જેમાં યઝની શકિત છે, જેમાં આદર યઝત અને મીનો કરકોનાં મુકામ છે,[6] || (તું) આદર યઝત[7] (છે, યઝતી શકિત રાખનાર નીસ્તાની આલમના કુદરતી આતશ મીનો કરકોના સંબંધનો છે), || (તું મારામાં) ફ્રાહનો આતશ[8] (જે હાલમાં મંદ છે તેને સળગાવ, કે જેથી મારી ખરફસ્ત્રી ગતી ગોસ્પંદી થાય, પરદુખભંજનની થાય.) ||

☞ દાદગાહ જે ઘરમાં હોય યા અગીઆરી—આતશ બહેરામમાં હોય તેની આગળ અથવા દુન્યાના કોઇબી ઠેકાણેના દેખીતા આતશની આગળ પઢે કેઃ—

**આતશે[9] દાદ્ગાહ્[10] આદર્[11] ફ્રાહ્.[12]**

અએ આતશ[9] || કે જેને કાયદેસર અલાહેદો પવિત્ર લાયક જગ્યાએ રાખીને તખ્તનશીન કીધો છે, જેના પાયમાં આરમઇતીના મીનોઃ રહયા છે તેવણ[10] (અથવા અએ આતશ, જે મારા આ ભણવાથી આલુદગીમાં કામ કરી રહેવા છતાંબી સચેત થઇને સાવધ યઝતી ગતી મળે તેવો તૈયાર થઇ રહયો છે તે) || તું આદરની ગતી[11] (પ્રગટ કરી આતરે-સ્પેનીસ્ત લગી પુગ, કે જે સ્પેનીસ્ત મીનો કરકોમાં વદયા કરે છે અને અવાજ રીતે વળી) || (મારામાંની) આતશે ફ્રાહની ગતી[12] (જાગૃત થાય, કે જેથી મારા હવાસો ઉભરતા અટકે.) ||

(આટલું ભણવાને લીધે કુદરતી રીતે તે આતશમાં 'આથ્રો અહુરહે મજદાઓ પુથ્ર'ની ગતી જે મંદ—ગુપ્ત હતી તે ખીલીને જાગૃત થાય છે, જેની આગળ હવે નીચે પ્રમાણે ભણે છે કે):

***અજ હમા ગુનાહ પતેત પશેમાનુમ, અજ હરવસ્તીન દુશમત દુઝૂખ્ત દુઝવરશ્ત, મૅમ પ ગેતી મનીદ, ઑઓેમ ગોફ્ત, ઑઓેમ કર્દ, ઑઓેમ જસ્ત, ઑઓેમ બૂન બૂદ ઍસ્તેદ, અજ આંન ગુનાહ મનશ્ની ગવશ્ની કુનશ્ની, તની રવાની, ગેતી મીનોઆંની, ઑખે અવાખ્શ પશેમાન, પ સે ગવશ્ની પ પતેત હોમ.**

**(૪)** (કુશાદે) **ક્ષ્નઑથ્ર અહુરહે મજદાઓ.**

☞ (સર નમાવતાં નમાવતાં ભણવું.) **નૅમસૅ–તે[13] આતર્શ[14] મજદાઓ[15] અહુરહે,[15] હુદાઓ[16] મજિશ્ત[17] યજત.[18] અર્ષમ વૉહૂ ૧.**

(૪) અએ આતશ[14] ‖ મજદાની ગતી એટલે જ્ઞાનની ગતી રાખનાર, અહુરાને લગતો[15] (અહૂની ધારણાને ચલાવવાને મચી રહેલો), ‖ મોટાં ડહાપણવાળો, આકેબતનાં જ્ઞાન પ્રમાણે વર્ત્તનારો.[16] ‖ મોટાઇએ પુગેલા, અષોઇ પેદા કીધેલી ખુબસુરતીએ પુગેલા યઝતોમાં વસેલા—મોટા[17] ‖ યઝત,[18] ‖ તુંને હમારા પ્રણામ (નીઆયશ્ન) હોજો.[13] ‖ (અર્ષમનાં ભણતરના સ્તોતોથી તુંને યઝની ગતી નકકીજ પ્રાપ્ત થઇ છે.) ‖

**(૫)** (બીસ્તા) **પ નામે યજદાંન અહુરમજદ ખોદાએ અવઝૂની, વર્જ ખુરેહ અવઝાયાદ.**

**આતશ બહેરામની નઝદીક ઉભા હોય તો પઢે કેઃ—**

**આતશે વરહારાંન આદર ફ્રાહ.**

**આતશ આદરાનની નઝદીક ઉભા હોય તો પઢે કે :—**

**આતશે આદરાંન આદર ફ્રાહ.**

દાદગાહ જે ઘરમાં હોય યા અગીઆરી—આતશ બહેરામમાં હોય તેની આગળ અથવા દુન્યાના કોઇબી ઠેકાણેના દેખીતા આતશની આગળ પઢે કેઃ—

---

* **અજ હમા**ના તરજુમા માટે જુઓ પાને ૭૪ મે.

આતશે દાદગાહ્ આદર્ ક્રાહ્.

અજ્ હમા ગુનાહ્ પતેત્ પશેમાનુમ, અજ્ હર્વસ્તીન્ દુશ્મત્ દુજ્હુખ્ત્ દુજ્વર્શ્ત, મૅમ્ પ ગેતી મનીદ્ ઑઅૅમ્ ગેફ્રત, ઑઅૅમ્ કર્દ, ઑઅૅમ્ જસ્ત, ઑઅૅમ્ બૂન્ બૂદ્ ઍસ્તેદ્, અજ્ આંન્ ગુનાહ્ મનશ્ની ગવશ્ની કુનશ્ની, તની રવાની ગૅતી મીનોઆંની, ઑખે અવાખ્શ પશેમાન્ પ સે ગવશ્ની પ પતેત્ હોમ.

( કુશાદે પઢવું : )

(૬) ઉસ્[૧૮-ક]–મોઇ[૧૮-ખ] ઉજારૅંઘ્વા[૧૯] અહુરા[૨૦]
આર્મઇતી[૨૧] તૅવીષીમ્[૨૨] દસ્વા;[૨૩]
સ્પેનિશ્તા[૨૪] મઇન્યૂ[૨૫] મજ્દા,[૨૬]
વંઘ્ હુયા[૨૭] જવો[૨૮]–આદા;[૨૯]
અષા[૩૦] હજો[૩૧] એમવત્,[૩૨] વૉહૂ[૩૩]
મનંઘ્હા[૩૪] ફ્રૅસૅરતૂમ્.[૩૫]
રફ્ૅદ્રાઇ[૩૬] વૉઉરૂ–ચષાને,[૩૭] દોઇષી[૩૮]–
મોઇ[૩૯] યા[૪૦]–વે[૪૧] અબિક્રા;[૪૨]
તા[૪૩] ક્ષથ્રહ્યા[૪૪] અહુરા,[૪૫] યા[૪૬]
વંઘ્હેઉશ્[૪૭] અષિશ્[૪૮] મનંઘ્હો;[૪૯]
ફ્રો સ્પૅન્તા[૫૦] આર્મઇતે,[૫૧] અષા[૫૨]
દએનાઓ[૫૩] ફ્રદક્ષયા.[૫૪]
અત્ રાતાંમ્[૫૫] જરથુશ્ત્રો,[૫૬] તન્વસ્–
ચીત્[૫૭] ખ્ષ્ણયાઓ[૫૮] ઉશ્તનૅમ્[૫૯]
દદાઇતી,[૬૦] પઉર્વતાતૅમ્[૬૧] મનંઘ્-
હસ્ચા[૬૨] વંઘ્હેઉશ્[૬૩] મજ્દાઇ;[૬૪]
ષ્યઑથનહ્યા[૬૫] અષાઇ[૬૬] યાચા,[૬૭] ઉખ્દ-
ખ્યાચા[૬૮] સેરઑષૅમ્[૬૯] ક્ષથ્રૅમ્ચા.[૭૦]

(૬) મને[૧૮-ખ] ‖ ઓ અહુરા,[૨૦] ‖ 'ઉસ્'=ઉંચી હાલતે પુગાડી બુશા-ઇના પંજામાંથી છોડવ એટલે નિર્મળ કર.[૧૮-ક-૧૯] ‖ આરમઇતી જેવા[૨૧] ‖

ઇચ્છા–વાસ્ના† એટલે આરમઇતીની માફક પોતાને ભોગે અને ખર્ચે ખુશી ખુશાલીથી અહુરમજદના હોકમને બર લાવવાની ઉસ્તવારી[22] ‖ આપ.[23] ‖

† તેવીષીને ઇચ્છા–વાસ્ના કહે છે, જે ભલી હોય કે બુરી હોય, એટલે તેવીષીમાં ભલાઇ કે બુરાઇનું જોર હોય છે, માટે તેવીષી ભલાઇની વાસ્ના કે બુરાઇની વાસ્નાનું કુવત દેખાડે છે. એમ તેવીષીમાં કુવત ઉભું કરવાનો અર્થ છે. પણ જ્યારે તેવીષીની આગળ આરમઇતી શબ્દ આવે છે ત્યારે આરમઇતીમાં રહેલી બરદાશ્ત–તમીઝની ગતીનું કુવત જે ધરતીનાં પેટાંમાં હોય છે તેવાં કુવતની ગતી દેખાડે છે. ત્યારે **આરૂમઈતી તેવીષી**માં ઇનસાને પેદા કીધેલી પવીત્ર હાલતના ચોકકસ મરતબાનો ખ્યાલ છે. **જે શખ્સમાં આરમઈતી તેવીષી હોય તે શખ્સમાં ખાકસારીનું જોમ હોય છે, તેમાં ખુદ્દી હોયજ નહિ.** તે અત્યંત નમાનો હોય, જે નમાના થવાનું કુવત ચોકકસ મરતબા લગીના મોજેજા કરી શકે છે. પણ જ્યારે તેવીષીની આગળ **'ઉતયૂઈતી'** શબ્દ આવે છે ત્યારે તેમાં વૃધ્ધીની બીજી જાતની શકિત ઉભી થવાનો અર્થ રહેલો હોય છે. અહુરમજ્દ અને યઝતોની વાસ્ના અને જોર મેળવી શકવાનું જોર, કુદરતની ભલી બાજુની ઘણે ઉંચાઇએ પુગવાનું જોર જ્યારે તેને મળે છે, ત્યારે તેમાં **તેવીષી ઉતયૂઇતી** આવી છે એમ કહે છે. **'આરૂમઇતી તેવીષી' કરતાં 'તેવીષી ઉતયૂઇતી' વધુ પ્રબળ હોય છે.** આરમઇતી તેવીષીવાળો વાસ્ત્રીઓશ હોય છે, જે ભલી ખેતી તમીઝ અને સમજાવટથી કરે છે. પણ જ્યારે ચોકકસ ગતીના ખરફસ્ત્રો આરમઇતી તેવીષીથી સુધરતા નથી, ત્યારે ઉતયૂઇતી તેવીષીવાળાને તેનો ઇલાકો સોપવામાં આવે છે. ઉતયૂઈતી તેવીષીવાળો રથએશ્તાર હોય છે, જે મારીને સુધારી શકે છે. જ્યારે **'તવીશ્ચા'** શબ્દ એકલો આવે ત્યારે તેમાં ભલી અને બુરી બેઉ વાસ્નાનો ભેદ હોય છે, જેમાં બુરી વાસ્ના પ્રબળ થતી રહેલી હોય છે. ગાથા ૨૯–૧ માં 'તેવિશ્ચા' શબ્દ એવે અર્થે વપરાયો છે. અહિંયાં હા ૩૨ માં **આરમઈતી તેવીષી** તરીકે વપરાયો છે અને ગાથા ૩૪–૧૧, ૪૩–૧, ૪૫–૧૦, ૪૮–૬, ૫૧–૭ માં **ઉતયૂઇતી તેવીષી** તરીકે વપરામા છે.

અહિંયાં નોંધ લેવી કે '**તેવીષી**'ને ઇલ્તમ્યતમાં એક બંધાયલા ભાગ તરીકે લીધી છે. ઇનસાન કે યઝતમાં આ **તેવીષી** નામનો એક ભાગ રહે છે જે '**ખોદા રસીદા**' એટલે મુકિતએ પુગેલો એટલે ફ્રશો–કેરેતી પોતાની કરી રહીને બીજાની કરાવી રહે તેવોજ હોય છે. યઝતની તેવીષીની વાત મુકી દઇએ. પણ માનવની તેવીષીની વાત લઇએ. માનવની વ્યકતીમાંના નવ ભાગમાંનો એ એક ભાગ છે. માનવમાં ફરોહર–બઓદ–ઉરવાનની કદીમ એટલે હમેશગીએ પુગેલી મુકિતએ પુગેલી ત્રગડી છે. બઓદ તો કદીમીઅતથીજ મુકિતએ પુગેલું હતું. પણ ઉરવાન કદીમીઅતથી દ્રવાઓ સાથનું એટલે કંઇક ભુલાવા સાથનું, અહૂમાં શ્રધ્ધા વગરનું હતું. આ વખતે તેની

(ફુટનોટ માટે જુઓ પાને ૩૨૯ મે).

* * * * * (અસલ લખાણ પાને ૩૩૧ મે ચાલુ કીધું છે.)

(પાને ૩૨૮ મેથી ફુટનોટ ચાલુ).

સાથે ફરોહર જેવું કંઇ હતું નહિ, પણ જ્યારે તે દાદારની રહમથી તે રૂવાનમાં રહેલો તે દએવ=ભુલાવો બહાર પડયો, ત્યારે રૂવાનની રચ નીર્મળ થઈ અને દાદાર ઉપર શ્રધ્ધા રાખવા લાગી. આ વખતે અને અસલથીજ તે રૂવાનની સાથે તેની જોડ તરીકે સલાહકાર તરીકે બઓદ હતી. રૂવાન હવે જ્યારે દાદાર ઉપર શ્રદ્ધાવાળું અને પરદુખભંજનનું થયું ત્યારે તે રવાને પેલા બહાર પડેલાં '**રએથ્વ**'=કચરારૂપ દએવની સદ ગતી કરીને પોતામાં મેળવવાની દુઆ કીધી. રૂવાનની આવી અતી પરમ અને અપુર્વ ભકિતની કેરદાર થઇ, જેમાં=**પઑઇર્ય-ફ્રવષી**એ આશીશો ઉતાર્યા, જેથી તે કેરદાર ફ્રવષીની રૂપની થઇ ઉભી. **આમ રૂવાનની ભકિતએ ફરોહરને જન્મ આપ્યો.** આમ માનવની કદીમ ત્રગડી નામે **ફરોહર-બઓદ-ઉરવાન** થયા. પછી દાદારે તે રૂવાનની તે પરદુખભંજનની અરજી વાંચીને તે રૂવાનને ચોકસ રીતે ચાલી તે દએવની ખેતી કરીને ભલો પાક ઉભો કરીને તે પાકને ખાઇને તે કચરાની સદ ગતી કરવાની સલાહ આપી. આમજ તે કચરાની સદ ગતી થઇ શકે એમ તાકીદ ફરમાવી. રૂવાન તેમ ચાલ્યું-ચાલે છે અને તેણે આજના **માનવ**ની હયાતીને વજુદીમાં આણી છે-રૂવાન એમજ હવે પછીથીબી ચાલશે, અને ફ્રશો-કેરેતી કે જે વખતે તે દેવ ફેરવાઇને તેનામાં પુર્ણ રીતનો આમેજ થશે ત્યારેજ અટકશે.

આજની માનવની હયાતી લગીના પ્રકરણ લગીમાં રૂવાને શું કીધું છે? તે બહાર પડેલા કચરા જેને અવસ્તામાં '**રએથ્વ**' કહે છે, જેની સેફતને '**દ્રવાઓ**' કહે છે, તેમાં રૂવાને પોતાની પરમ ગતી નામે '**ગવ**' ઉમેરી, પણ તેની ગવ કમ હતી જેથી કામ થઈ શકયું નહિ, માટે દાદારે **ગેઉશો**ને પોતાની '**ગવ**'નો ભાગ તેમ **અપાંમ નપાત**માંની **આપ**ની ગતી-બરકકતનો ભાગ તેમાં ઉમેરવા ફરમાવ્યું. આમ તે **રએથ્વ**=કચરાવાળા દએવમાં **રૂવાનની ગવ+ગેઉશોની ગવ+અપાંમ નપાતની બરકકત**, આવાં યજતની બરકકત ઉમેરાવા લાગી. આવો ઉમેરો કારગર થાય માટે **થ્વોરેશતાર** યજતોએ તે રૂવાનના કચરાના ચાર ભાગ કીધા. **પહેલો ભાગ** તે '**ગવ**'થી રંગાઇને **કેહર્પ રૂપ** થયો. કેહર્પ એમ મુકિતએ પુગ્યું એટલે કચરાનો ૧/૪ ભાગ મુકિતએ પુગ્યો, જેમાં તે રૂવાન બેઠું. તે **કેહર્પ**માંબી તેવી પરદુખ ભંજનની ગતી આવી, જેથી તે **કેહર્પ** તે રૂવાનનું વહાણ થઇને બીજા ત્રણ ભાગને પોતા જેવા કરવા કામે લાગ્યું. તે કેહર્પમાં ગવની કુદરત આવી. પછીથી તે કેહર્પની કુદરત મારફતે યજતોએ પેલા કચરાના **બીજા ભાગમાં પેલી** બધી ગવ અને આપ ઉમેરીને તે બીજા ભાગને રંગ્યો, જે પછી **તેવીષી તરીકે** ઓળખાયો, જેમાં શકિત આવી અને પોતે મુકિતએ પુગ્યો. આમ '**તેવીષી**'નો ભાગ થયો, અને પેલાં **કેહર્પ**ને મળીને તે રૂવાનનાં તે કામમાં મદદે લાગ્યો.

(ફુટનોટ માટે જુઓ પાને ૩૩૦ મે).

* * * * * (અસલ લખાણ પાને ૩૩૧ મે ચાલુ કીધું છે.)

---

(પાને ૩૨૯ મેથી ફુટનોટ ચાલુ).

એવી રીતે પછી યઝતોએ તે કેહર્પ+ તેવીષીને જોરે પેલા કચરાના **ત્રીજા ભાગને** રંગ્યો, જે કેમે કરીને નહિ રંગાયો, જેથી પછી દાદારે પોતાની ઉશ્તાનની ગતી તેમાં ઉમેરીને તે ત્રીજા ભાગને મુકિતએ પુગાડયો, જેથી તેને **'ઉશ્તાન આપ'** કહે છે. આ ત્યારે ત્રીજું ખોલ્યું પરદુખભંજનનું થઇને તે કેહર્પ+તેવીષીને મળીને રૂવાનનું તાબેદાર થઇને અસલ મુરાદ માટે કામ કરવા લાગ્યું. આમ ત્યારે તે અસલ કચરાનો પોણો ભાગ મુકિતએ પુગીને તે રૂવાનની **ત્રગડીના** ત્રણ અણદીઠ મુકિતએ પુગી રહેતા મુકિતના કીનારા આગળ આવેલાં પરદુખભંજનનાં શરીરો (જેઓને સુક્ષ્મ અનાસરી શરીરો કહે છે, જેઓનાં નામ કેહર્પ-તેવીષી-ઉશ્તાન છે તેઓ) તરીકે થયો. હવે **ચોથો ભાગ** જે ઘણોજ જબુન છે તેને રંગવાનો જોશ તે કેહર્પ-તેવીષી-ઉશ્તાનમાં ચાલ્યો, જે ૧૬ ચપ્રો તરીકે જાહેર થયો. તેઓએ તે ચોથો જબુન કચરો જે અતી ઝહેરી છે તેને પોતામાં લઇને રંગવા માંગ્યું. તે ઝહેરી હતો માટે **થ્વોરેશ્તાર** યઝતોએ દાદારના અહુનવર્ઇર્યના નિયમ મઝદ-દાત મુજબ તે કેહર્પ-તેવીષી-ઉશ્તાનને બે ભાગે વહેંચ્યા. એક ભાગમાં કુદરતનો અઓજનો ભાગ રહયો. એટલે કેહર્પનો તેવીષીનો ઉશ્તાન-આપનો અરધો ભાગ મુકિત પામેલો અને કુદરત વસેલો અસલ હાલતનોજ રહયો, ના તે ખુદ કુદરતજ હતો, અને પેલા બીજા ભાગે પછી એક માયની માફક પેલા કચરાને પોતાના ખોળામાં લીધો. કચરો ઘણોજ જબુન હતો, જેથી તે કેહર્પની વાસ્ના-તેવીષીની વાસ્ના-તે ઉશ્તાન આપની વાસ્ના તે જબુન કચરાને પોખવાને બરની થઈ. ત્યારે કેહર્પ ખાકી થયું, તેવીષીએ ખરફસ્ત્રી ધારણ કીધી, ઉશ્તાન આપમાં નફસે-અમ્મારે=હવસોનો જોશ થયો. આમ માયની માફક રહેલા ત્રણ ભાગે તે છેલ્લા પણ જબુન કચરાને લઇને પછી પેલા અરધા-ઉંચ રહેલા કુદરત વસેલા ભાગો જે કેહર્પ-તેવીષી-ઉશ્તાનના છે તેઓની કુદરત મારફતે આજનું **જડ તન** નામે અઝદ-ગએથા અને તનુને ઉભા કરીને ભોગવટાઓ થાય એવું તન અત્યાર લગીમાં ઉભું કીધું છે, જે આજે ભોગવટા ભોગવી ભોગવીને આખરેબી મુકિતએ જશેજ. ત્યારે **તેવીષી** અસલમાં તો **'ખોદા-રસીદા'**જ છે-પણ ઝર્જ દાઈતીનો ભેદ જે કુદરતની **ગવ**માં ચાલુ છે તેને લીધે **તેવિષીને** ખરફસ્ત્રીનો પાઠ ભજવવો પડે છે. ઈનસાનનો તે જડ કચરો જે સ્થુળ તનરૂપનો છે તે સુક્ષ્મ થતો જાય છે ત્યારે તે ખાકી ગતીનો પાઠ ભજવતું કેહર્પ, તે ખરફસ્ત્રી ગતીનો પાઠ ભજવતી તેવીષી, અને તે હવસોના ઉછાળાઓ કરાવતું ઉશ્તાન પછી પોતાની અસલ નીર્મળ હાલતે પુગતા જાય છે. ત્યારે આમ ઉંચ થતી તેવીષીના દરજ્જાઓને અવરતામાં **આરમઇતી-તેવીષી** અને **ઉતયૂઈતી-તેવીષી** તરીકે ઓળખે છે; જ્યારે માયની માફક ખાકનો ભાર ખમતી તેવીષીને **તેવીશ્ચા**=ખરફસ્ત્રી તેવીષી કહી છે. આટલો ટુંક ખુલાસો જાણવો જરૂરનો છે.

અએ મઝદા,[૨૧] ‖ ઉત્તમમાં ઉત્તમ અતી ઘણો રૂવાનીક ફાયદો* આપતી[૨૪] ‖ મીનો યઝતી ગતીઓ મારફતે[૨૫] ‖ શ્રેષ્ટમાં શ્રેષ્ટ રીતે તરીકત પાળવાથી મળતા વૃદ્ધી માટેના ફાયદાઓ તરીકે[૨૪] ‖ મીનો ગતી[૨૫] (આપ એટલે શરીરમાં કામ કરતી કુદરતની એટલે કેહપ઼ની સુક્ષ્મતાથી મળતી રૂવાન-દરોસ્તી આપ). ‖ **વંઘહુ** = ભલાઇથી એટલે યઝતી શકિતઓ જેઓમાં બહમનની ખાસીઅત 'વંઘહુ' વસેલી છે તેના ભંડારથી[૨૭] (તેને જોરે) ‖ અર્પણ કરવાની બંદગીને માટેની[૨૮] ‖ તોફો હાલત એટલે યઝતી ગતી આવી વસે તેવી હાલત, આલાત-ઝઓથ થવાની હાલત[૨૯] ‖ (તું મને આપ). ‖ અષોઇથી[૩૦] (મળતી) ‖ શકિત[૩૧] (દ્રુજને તોડવાની ગતી અને) ‖ હિમ્મત[૩૨] ("અમ"યઝત જેવી ગતી આપ). ‖ બહમનની ગતી મેળવવે[૩૩-૩૪] ‖ પસે-રતુની હાલત[૩૫] (આપ, એટલે પોતાના અંશોને રયોમંદ કરી તેઓને પોતાના તાબામાં લઇ તેઓનો રતુ થઇને તેઓને પસુ તરીકે એટલે પોતાનાં રૂવાનમાં મળે તેવા કરી પોતામાં મેળવી દેવાની હાલત આપ). ‖

## નોંધ નં. ૧: 'જવો આદા'-

**જ્યારે એક ઇનસાન પોતામાં યઝતી શકિતને વસાવીને ગોયા ખુદ પોતે તે યઝતનું મંદીર બની જાય છે, ત્યારે તે શખ્સને**

---

* અવસ્તામાં Superlative degree **અતિશયાર્થક** ગતી મુળ positive ગતીનું નેમેલું કામ ઉત્તમ રીતે કરવા માટે વપરાય છે; જેમકે **'સ્પેનામીન'** અને તેનું કામ ઉત્તમ રીતે જે કોઇ કરીને ફાયદો મેળવી આપે તેને **સ્પેન્તો તેમોમીન** કહે છે. ખુરશેદ યઝત **સ્પેનામીનનું** કામ તેમ કરી શકે છે માટે ખુરશેદને **સ્પેન્તો તેમોમીનો** કહે છે. અહિંયાં **'સ્પેનિશ્તા'**માંની અતિશયાર્થક ગતી છે જે તરીકતોને ઉત્તમ રીતે પાળીને શ્રેષ્ઠ ફાયદો મેળવવા માટેની મુરાદ રાખે છે. એવીજ રીતે જરથુશ્ત્રનું કામ ઉત્તમ રીતે બજાવનારને જરથુશ્ત્રોતેમો કહે છે. વોહુમનનું કામ જે કોઇ ઉત્તમ રીતે કરે તેને વહિસ્તેમ મનો કહે છે. અહિંયાં **'સ્પેનિશ્તા મઇન્યૂ'** શબ્દ મીનો ગતીઓ જેઓ સ્પેનામીનનું કામ ઉત્તમ રીતે સ્પેનામીનના નાયબ તરીકે કરે છે તેઓની હકીકતને માટે તેમ તેવા મીનોની હકીકતી દેખરેખ હેઠળ ઇનસાન સ્પેન્તીની તરીકત ઉત્તમ રીતે પાળીને ઉત્તમ ફળ મેળવે છે તે હકીકત અને મારેફત દેખાડવા આપેલો છે. 'મઇન્યૂ' મીનોઇથી એટલે અણદીઠ ગતી જે શરીરમાં રહીને શરીરને ચલાવે છે તે એટલે કેહપ઼માંની ગતીથી મળતી દરોસ્તી. અહિંયાં મઝદાની પાસેથી આ મુરાદ માંગેલી છે. મઝદા તો જ્ઞાનનું સ્વરૂપ છે અને તે જ્ઞાન મુજબ કામ કરાવવું હોય તો 'અહુરા' શબ્દ આવે અથવા યઝતો આવે અથવા અહિંયાં કહયું છે તેમ 'સ્પેનીસ્તા મઇન્યૂ' વૃધ્ધીનું કામ કરનાર એવી મીનો ગતીઓ આવે.-ત્યારે મઝદાને કહે છે કે તમો આ મીનો ગતીઓને કામ કરવાનું જોશ-જ્ઞાન આપીને તેઓ મારફતે હમુને વૃદ્ધિ આપો.

**જઓથ તરીકે ઓળખે છે,** જેને સારૂ 'આલાત' શબ્દભી વપરાય છે. '**જવો આદા**'માં આવો ભેદ છે. '**જવ**' શબ્દમાં '**જાુ**' એટલે મુરાદ માંગવી અને '**આદા**' શબ્દમાં તોફો ઉંચ ગતી એમ અર્થો રહયા છે. મુરાદ આવી મળે–સામાની મુરાદને પુગી વળે એવી ઉંચ હાલત રાખનાર શખ્સને '**જવો આદા**' કહે છે. આથવનો એવા હોય છે. આલાતો કે જેમાં આથવન યઓઝદાથેગર આવી જાય છે તેઓ એવા હોય છે).

## નોંધ નં. ૨: 'પસે–રતુ'

દરેક ઇનસાનનાં રૂવાનમાંથી હેવાન–ઝાડપાન અને ખનીજનાં રૂહો નીકળીને ગેતીના રખડાતમાં પડેલાં છે. ઇનસાન ઉપર જવાબદારી છે, પણ હેવાન–ઝાડપાન–ખનીજ ઉપર જવાબદારી નથી. ઇનસાન જો ભલો થાય તો તેના ભલા ભોગવટાઓને જોરે થતી ભલાઇઓથી નીચલી પેદાયશોની વૃધ્ધી થાય એટલે કુદરતે જે જે શકિતઓ તે હેઠલી પેદાયશમાં તેઓની પ્રેરણા તરીકે મુકેલી છે, તે શકિતઓ વધે, જેથી ગેતીના પ્રગટીકરણને આગળ ફ્રશો–કેરેતી તરફ જવામાં જેટ મળી શકે છે. પણ જો ઈનિસાનની કરણી બુરી હોય તો તે હેઠલી પેદાયશોની ખેરદ–ગુણો ઉપર પરદો પડે છે. તેઓમાંની કુદરતી ભલાઇ–ગુણો ઓછા થાય છે અને તેઓ બરબાદ થાય છે જેથી ઉપર કહયું છે તેથી ઉલટો મામલો થવા પામે છે. **જયારે ઇનસાન તરીકત ઉપર રહે છે, ત્યારે તરીકતથી થતી ભલાઇના એક ભાગ તરીકે આ હેઠળી પેદાયશોમાંના ગુણોનું વધવું થાય છે,** અને પછી તેઓમાં રય–અંતરજ્ઞાન ખીલે છે, અને તેઓ એકએકથી ભક્ષ થઇને આખરે એક ગોરપંદના આકારમાં એકઠા થાય છે, જેને અવસ્તામાં "**પસુ**" કહે છે. "**પસુ**"માં '**પસ**'=બંધાવું–ઉમેરાવું એવો અર્થ છે. એટલે '**પસુ**'નું રૂવાન હેઠળાં રૂવાનો એકમેકમાં મળ્યાથી થયલું છે, જે હવે ઇનસાનના રૂવાનમાં મળવા–બંધાવા માગે છે. આમ થતાં ઘણો વખત થાય છે. પહેલાં તો ઇનસાન પોતાની ભલી કરણીથી પોતાને લગતા આ બધા અંશો, જેઓ તેના સગા='ખએતુ' કહેવાય છે, તેઓને સાથે એકમેકના સંબંધમાં લાવે છે. પછી તેઓ વચ્ચે તે સંબંધ ઓળખાય માટે તેઓમાં અંતરજ્ઞાનની ખીલવણી કરાવે છે. પછી તેઓ એકમેકને આશેક–માશુકની માફક જઇ મળે તેમ કરાવે છે. આ વખતે તેઓમાં અંતરજ્ઞાનની ખીલવણી થવે તેઓ ગોરપંદી ગતીના થઇ રહે છે અને પોતાનું શું છે તે જાણી શકે છે. તે ઇનસાનને તે બધા અંશો ઓળખી શકે છે. આવા ઇનસાનના તાબામાં તેઓ હોય છે. હવે તેઓ ખરેખરની સગાઇ જાળવે છે. આવો ઇનસાન તેઓનો સરદાર તરીકે ઓળખાય છે. આમ "**પસે–રતુ**"

એટલે હેઠળી પેદાયશને 'પસુ' તરીકેની એકમેકને ઓળખીને એકમેકમાં મળે તેવી કરીને પછી તેઓનાં ભાનને પોતાની તરફ ખેંચીને તેઓની ઉપર સરદારી ભોગવવી. 'પસેરતુ' એવો અર્થ રાખે છે. આવી સરદારીમાં જોર–જુલ્મનો ખ્યાલ નથી. ત્યાં તો વફાદારી–જાનફેશાની–અને ખરી મોહબત–ખરા ઇશ્કનો ખ્યાલ છે. આવો પસે-રતુ જયારે તે અંશોને પોતાની નઝદીકમાં લાવશે, ત્યારે તે રતુ તેનો શાહ થશે, જેને "દહ્યુપત ક્ષથ્રયાંન" કહે છે. એમ ત્યારે અવસ્તામાંના આ બધા શબ્દોની અંદર મોટા ભેદો રહયા છે. ઇનસાનના ભોગવટામાં બે હેતુ સમાયા છે: કાંતો તે ભોગવટો અંગે લાગે યા બરબાદ જાય. ખાવું–પીવું–ઓઢવું વગેરે બધુંજ અંગે લાગવું જોઇએ. તેમાંથી બરબાદી થવી નહિજ જોઇએ. બરબાદી થાય તો ખરાબ છે તે તો ખુલ્લું છે. બરબાદીનો ભોગવટો શું છે અને અંગે લાગવાનો ભોગવટો શું છે? એક ઇનસાન ખોરાક ખાય અને તે બદ હઝમ થાય અથવા તેના હવસોને ઉશ્કેરે અથવા તેના ગએથા–અંગોને સુસ્ત કરે, જેમ કે મોઢુ–દાંત–લીવર હાર્ટ વીગેરેને નબળા કરે, તો તે ભોગવટો બરબાદીનો છે. એક ઇનસાન ખોરાક ખાઇને હજમ કરીને મજબુત થાય પણ જો તે ઇનસાન તે ખોરાકના વોહુનને ગવની વર્જેનો કરીને હાજમ્યતની કીયા પુરી કરી શકે નહિ તો પછી તે ભોગવટો બરબાદીનો છે. એક ઇનસાન પર–ઓરત સાથે સંગ કરે, યા બીજી કોઇબી રીતે પોતાની મનીને બરબાદ કરે, યા પોતાની અઇપિને ગહલી કરે, અને હવામાં અણદીઠ ચેપ–મીનો દ્રુજ ઉભો કરે અને બીજાનાં કેહર્પને ચેપ લગાડે, તો તે ભોગવટો બરબાદીનો છે. એક ઇનસાન જો ખોરાક ખાઇને દરોસ્ત બને–ભલેને તે શખ્સ ખાધેલા વોહુનને ગવમાં ફેરવી શકતો નહિ હોય–પણ જો તે કંઇબી દાત્રા વગરનો હોય–પોતામાંના વોહુનની કમનેઝાદીનો ખોફ કરતો રહી–મહેર પતેત પાળતો રહી–પોતાની નઇતીકને સાચવતો હોય, તંદરોસ્ત–મન દરોસ્ત શાંત બની રહેતો હોય, તો તેનો ભોગવટો અંગે લાગતો થતો આવે છે. એક ઇનસાન પોતાની કદબાનુ સાથે કાયદેસર રહી ફરઝંદો પેદા કરે, જેઓ તે બાપને પુલ–ગુઝાર કરાવે, તે ભોગવટો અંગે લાગતો થતો આવે છે. એક ઇનસાન સાચ્ચું બોલી પારકાંને સારૂ ભલું ઇચ્છે–સ્વાર્થને લીધે બીજાને નુકસાન નહિ કરે–તરીકતો પાળી પોતાનો અણદીઠ ચેપ નરમ કરે, તેનો ભોગવટો અંગે લાગતો થતો આવે છે. **પુર્ણ રીતે અંગે લાગતા બધાજ ભોગવટા પછીથીજ પસે-રતુની હાલત થતી આવશે.** એક દાખલો એક જાતના ભોગવટાનો લઇએ. એક ઇનસાન કંઇ ખાય છે, ત્યારે તે ખોરાક જો તેને હજમ થાય છે, તો તે ખોરાકમાંથી તેનું શરીર દરોસ્ત થતું રહે છે.

ખોરાકના તત્વમાંગી રૂવાનો છે. ખાધેલા ખોરાકનાં દેખીતાં તનો તે ખાનારને હજમ થયાં અને ફાયદો કરતાં થયાં એટલે કહે છે કે તેને દરોસ્તી મળી, પણ તે ખોરાકનાં રૂવાનો દરેક વખતે તે ખાનારનાં રૂવાનમાં મર્જ થતા નથી. જ્યારે ખાધેલા ખોરાકનાં તત્વો તેમજ રૂવાનો બેઉ તે ખાનારના અનાસરી તત્વમાં તેમ રૂવાનમાં મળે, ત્યારે તે ખોરાક પહેલે નંબરનો અંગે લાગે. આવો મામલો થવા માટે તે ખાનારે પોતાના ખોરાકના વોહુનને ગવનો કરીને પછીથીજ હજમ કરવો જોઇએ, યા હજમ્યતની ક્રીયામાંજ તે ખોરાકના વોહુનને ગવનો કરવાની શકિત થવા પામેલી હોવી જોઇએ. પહેલી બાબદમાં ઉસ્તાદની રેહબરી હોય છે, જ્યારે બીજી બાબદ તો તે ખાનારની આગળ વધેલી હાલત હોય છે. આવી વખતેજ તેના ખોરાકના બધા અનાસરી તત્વો તેમ ગવ-ચિથ્રોના તત્વો તેમ રૂવાની તત્વો અને તે બધાંની સુક્ષ્મ હાલત તે ખાનારના તેવા તત્વોમાં મળી જઇ શકે. ખોરા-રાકની આવી આખરની મકસુદ સામાન્ય ઇનસાનમાં રહેતી નથી. તે તો અષવનોની સરજત છે. સાધારણ ઇનસાન તેના વિચાર અને બોલોની અનુ-પમ સુદ્ધતાથી આવી હાલત ઉભી થવાનો પાયો મુકે છે જે વખતે તેની કરણી ઘણી આકર્ષક થતી આવે છે. ત્યારે સાધારણ માનવમાં પસે-રતુ આવે નહિ. **માટે પસે-રતુ એટલે ગાય ઢોર બકરાંને ચરાવનાર માલેક એમ અર્થ થાય નહિ.** એવો અર્થ તો અર્ધ જંગલી પ્રજાની હાલત દેખાડે છે, જ્યારે ખરેખર તો પસે-રતુ તો **પ્રવીણ** પરદુખભંજનની, દુન્યાને ફ્રશો-કેરેતી તરફ લઇ જવાની, મીનોઇમાં આગળ વધેલી હાલત દેખાડે છે જેની આગળ આજની સંસ્થાઓના ચારિત્રો સ્વાર્થી હવસી માટે પુરા ફરામોશીવાળા માલમ પડી આવે છે. પસે-રતુ આવો અષવન છે. **હયાં 'પસે-રતુ'માં તો દરેક ચીજ તેને અંગે લાગે તેવીજ તેને મળી શકે છે.** આપણો ભોગવટો આવો રહેતો નથી. જ્યારે ખાધેલા ખોરાકનાં તત્વો, કે જેમાંગી સ્થુલ અને સુક્ષ્મ બે ગતીઓ ઓછાં વધતાં પ્રમાણમાં રહે છે, તેઓ ગવની ગતીએ પુગી યા પુગતી રહીને તે ખાનારાનાં શરી-રના સ્થુલ-સુક્ષ્મ તનોમાં મળે ત્યારેજ તે ખાધેલા ખોરાકનાં તત્વોના રૂવા-નીક અંશો તે ખાનાર ઇનસાનનાં રૂવાનમાં મળી શકે છે. આવો ખોરાક પહેલે નંબરનો અંગે લાગે તેવો થતો આવીને તે ખાનારને **પસે-રતુ**ની હાલતે પુગાડે છે. આજનો આપણો દરેકનો ભોગવટો બરબાદીનોજ છે. અંગે લાગતો ભોગવટો આજે જુઝ છે. પણ આવા અંગે લાગતા ભોગવટામાં સીરફ જાહેર તત્વ અંગે લાગે છે. ખાધેલા ખોરાકના રૂવાનના અંશો અંગે લાગતાજ નથી, કેમકે તેઓ અંગે લાગે તે અગાઉ તે ઇનસાનની ગતી પરદુખભંજનની

સ્વાર્થ રહીતની થવી જોઇએ. ખાધેલા ખોરાકનાં તત્વમાંના સુક્ષ્મ ભાગને **"ગવ"** કહે છે અને સ્થુલ ભાગને **"વોહુન"** કહે છે. આજના દરેકે દરેક ખોરાકમાં વોહુનનું તત્વ નવ ભાગે આંઠ કે સાત ભાગ રોકે છે. આવી જાતના ખાધેલા ખોરાકમાંના રૂવાનીક અંશો ખાનારનાં રૂવાનમાં મળી શકે તેવી હાલતમાં રહેતા નથી. જયારે આવો ખોરાક અંગે લાગે છે એટલે હઝમ થઇને વોહુનને ટેકવે છે ત્યારે તે ખોરાક અઝદને ગવનો ટકવો કંઇક પ્રમાણુમાં આપી શકે છે, જેથી **વોહુન-દરોસ્તી** થઇ ઇનસાન દરોસ્ત થઇને જો તે ચાહે તો ફેલ કાર્ય કરવાનું જોમ રાખી શકે છે. પછી તે ફેલ કાર્ય વાપરીને જો તરીકત ઉપર ચાલે અને મહેર-પતેતને સાચવે, તો પછી કુદરતી કાયદે તેને **ગવ-દરોસ્તી** અથવા **અઝદ-દરોસ્તી** મળે છે. ત્યાર પછી **કેહુર્પ-દરોસ્તી, ઉશ્તાન-દરોસ્તી** વીગેરે થઇ રહયા પછી છેલ્લે **આતશની સુક્ષ્મતા** થવા માંડે છે, જયારે તે ખાધેલા ખોરાકમાંનાં તત્વનાં રૂવાનો તે ઇનસાનનાં મુળ રૂવાનમાં મર્જ થવા લાગે છે અને તે ઇનસાન **પસે-રતુ** થઇ શકે છે. ઇનસાનના ખોરાકમાં જેને ખોરાક કહીએ છીએ તે આવે છે, તેમ સાથે સાથ તેના વીચારો, રહેણી કરણી અને તેનું બગોબખ્તબી તેના ખોરાક તરીકેજ રહે છે. **ઇનસાન સીરફ ખોરાકજ ખાતો નથી, પણ તે પોતાના વીચારોને, પોતામાંથી નીકળતી ગદલી યા સુક્ષ્મ હુઇરરૂપ ગતીને, પોતાની કરણીનેબી સાથે સાથેજ ખાય છે.** ત્યારે મામુલી રીતે ઇનસાનનો ખોરાક જો તેને હજમ થાય એવો હોય, પણ ઇનસાનના વિચાર-કરણી-બગોબખ્ત નેહેસ્ત હોય, તો પછી તેવાં ઇનસાનમાં સીરફ વોહુન-દરોરતીજ થઇ રહે. પણ જો આવો ઇનસાન વિચારોને બાંધે, મહેર-પતેત સાચવે, અને અત્યંત નાકસીની જીંદગી ગુજારે, એટલે પોતાની જાતની કમ ઓકાદને પીછાણે, તોપછી તેનામાં ગવનું જોર થઇને અઝદ-દરોરતી થાય છે. ત્યારે અંગે લાગતા ભોગવટામાં મોટા ભરમો છે. **"પસે-રતુ"**ની સમજ આટલેથી કંઇક આવશે.

(૭) અએ અહુરા,[૪૫] ‖ બહોળી રીતે જોવા માટે[૩૭] (એટલે પોતાની અંદરનું જગત જોઇ તે માંહેલી ખુબી ખામી જોઇ, ખામીને સુધારીને તેનો પાદ-ફ્રાહ મેળવી, ખુબીને વધારવાનો મોઝદ મેળવીને એમ ઉરૂની હાલતે પુગતા જઇને બહારનું જગત જોઇ-અહુનવરના નાદને પામી અહુરમજદનો ભેદ પુગવા માટે એમ ઉરૂની હાલત-મોક્ષની હાલત જોવા-ચાખવા-ભોગવવા માટે) ‖ (અને તેથી ઉભો થતો) પરમ આનંદ-હમેશગીની ખુશાલી મેળવવા માટે[૩૬] ‖ વોહુમનને લગતા[૪૭-૪૯] ‖ (અને) ‖ શહેરેવરને લગતા[૪૪] ‖ આશીરવાદો[૪૮] ‖ જે[૪૦] ‖ તારા[૪૧] ‖ ખાસ રીતના અચુક[૪૨] (છે) ‖ તેઓને[૪૩]

(તે બેઉ બહમન અને શહેરેવરની આશીરવાદીક બક્ષેશોને) ‖ મને* ‖ આપ.[૩૮] ‖ અએ આગળ વધારનાર સ્પેન્ત આરમઇતી![૫૦-૫૧] ‖ અષને જોરે[૫૨] ‖ દએનનું જ્ઞાન અને ફરમાન[૫૩] ‖ વધુ અને વધુ બતાવ.[૫૪] ‖ અષો જરથુશ્ત્ર[૫૬] ‖ પોતાનાં[૫૮] ‖ ખાસ રીતનાં તનુનાં[૫૭] ‖ જીવ-જાનને[૫૯] ‖ અશોદાદ તરીકે[૫૫] (રાદી ગતી ગેતીમાં જામે અને ફ્રશો-કેરેતી એટલે જગતનો મોક્ષ ગેતીમાં જલદી આવી પુગે તે અર્થે) ‖ અર્પણ કરે છે;[૬૦] ‖ (વળી તેવણુ પોતાના) મરદાંમ પાશુમતુમના દરજ્જાને, પોતાની પેશરફતારી નીસ્તીમાંની પહેલા નંબરની આગેવાનીને[૬૧] (એટલે પોતાના યઝતી દરજ્જાના ઉરવાનનાં પુન્યને ગેતીમાં ફ્રશો-કેરેતી જલદી જામે માટે) ‖ મજદાને[૬૪] ‖ વંઘહેઉશ મનંઘહ[૬૨-૬૩] (બહમન) ને (અર્પણ કરે છે) ‖ (અને પોતાના) સદકર્મોનું[૬૫] (પુન્ય-અષોઇ) ‖ અષવહિસ્તને[૬૬] (અર્પણ કરે છે) ‖ (અને પોતાના) અમશાસપંદો-યઝતો સાથે યસ્નમાંના આલાનો મારફતે એકતાન થવાના માંથ્રોના-વચનોના-શબ્દોના[૬૮] ‖ જે બધા[૬૭] (એટલે તે બધા) ‖ સ્તોતોને સરોશ જેવી શકિતથી સાંભળીને દુન્યાનાં ભલા માટે સંભળાવવાની પુર્ણ રીતની તાબેદારીને[૬૯] ‖ શહેરેવરને[૭૦] ‖ (અર્પણ કરે છે, તેમ હમોબી તે અષ-બહમન-ક્ષથ્ર-સરોશને આ ભણુતર નીયાયશ્તના સ્તોતો અર્પણ કરીએ છીએ, કે જેથી ફ્રશો-કેરેતી ગેતીમાં જલદીથી જામે.)

## આતશ ન્યાયશમાં આવતો અહુનવદ ગાથા હા ૩૩ નો મોતેબર કલામ: "ઉસ્ મોઇ ઉઝારેષ્વા"થી સ્રઑષૅમ્ ક્ષથ્રૅમ્ચા": એ કલામની ચમત્કારીક ખુબી.

આ મોતેબર કલામોની તલેસ્માતીક અસરથી સામેનાં આતશમાં તેમ તે ભણુનારના આતશમાં અને જે કોઇ જીવતાં ગુજરેલાંની નઇઅત રાખી હોય તેઓના આતશમાં **"આથ્ર પુથ્ર અહુરમજ્દ"**ની ગતી એટલે દાદાર અહુરમઝદના ખુદના આતશની ગતી જે કુળ જગતના આતશોમાં **'આથ્ર પુથ્ર અહુરમજદ'** તરીકે જામી રહી છે, તે ગતી જે ઉપર જોયું તેમ નુકતામાંથી બહાર ઉગી નીકળે છે, તે પુર બહારમાં આવે છે, અને તે બહારમાં આવેલી ગતી તે બધા આતશોનો પેવંદ કરીને તે બધાંને પોતામાં જોડી નાંખે છે, જેઓનાં જોડાણુની અંદર પોતે એટલે તે ખીલેલો આતશે પુથ્ર અહુરમજદ રમી રહે છે. એમ તે ભણુનારને-સામે રહેલા આતશે દાદગાહ કે આતશે આદરાન કે આતશ બહેરામને, તેમજ જે જીવતાં કે ગુજરેલાંની નઇઅત ભણુતાં રાખી હોય, જે જીવતાંની તનદરોસ્તી યા ગુજરેલાંની કેહર્પ-દરો-

સ્તી કરવા ધારી હોય, તેઓના આતશોને બધાઓને રાદ પદવંદમાં એટલે રાસ્તીના ગાંઠમાં તે '**આથ્ર પુથ્ર અહુરમજદ**' જોડી નાંખે છે. એમ એક બીજાને એક બીજાનું વધુ પુન્ય અપાવીને તે બધાને પોતે ટેકવે છે, ફ્રશો-કેરેતી વખતે જે થઇ રહેશે, ખએત્વદથ વખતે એટલે પુર્ણ મુકિત વખતે જે થઇ રહે, તેવો કંઇક પ્રભાવ જમાવે છે. જેમ સ્વીચ ખોલીને બત્તી સળગે છે તેમ આ ભણવાથી તે સંબંધની સ્વીચ ખુલીને તેટલો વખત મુકિતની બત્તી સળગી રહે છે. આવા મોતેબર "**આથ્ર પુથ્ર અહુરમજદ**"ની આગળ તે તે ખાકી આતશો સેઝદો કરી ઉપર કહેલી માએની પ્રમાણેના મીથ્રની અરજીને તેવણ આગળ કરે છે-તે તે ખાકી આતશો પોતે પોતાને લગતાં શરીરોને ઉત્તમ ગતીનાં કરીને પોતાની ખીશ્કારીને પરિપુર્ણ કરી હમેશની મુકિત માંગે છે. ત્યારે આ કલામોથી ખાકી **આતશોમાં** મંદ રહેલી **આથ્ર પુથ્ર અહુરમજદ**ની ગતી પ્રકાશતી જાય છે, જેની આગળ તે ખાકી આતશ પોતે જયાં બેઠો છે ત્યાંનું કામ પરિપુર્ણ કરવાની મદદ માંગે છે. કામ બે રીતનું છે: તે તે જગામાં કે જયાં તે ખાકી આતશ હોય (કાંતો જીવતાં શરીરમાં કે ગુજરેલાંનાં કેહપર્મા કે ખુદ દાદગાહ-આદરાંન-બહેરામમાં) ત્યાંની **અખ્તીને** બાળી નાંખી શકાય અને તે બળેલી ગતીને નુર તરફ લઇ જઇ શકાય અને એમ તે તે જગામાં **રઍાચાઓ** જામે એટલે હરતી તરફનું ખેંચાણ ઉભું થાય. **મોટા મોટા આબેદો આજ કલામ પઢીને આતશને રોશન કરી શકે છે. ગુપ્ત ટોળાના સાહેબેદીલાન સાલેકો જમશેદી નવરોઝને દહાડે આ કલામ પઢીને મુકેલાં સુખડ અને લાકડાંની ચીરોને સળગાવે છે.** એમ નવો આતશ ઉભો કરે છે જેમાં જુનો આતશ સમાઇ જાય છે. **આમ ત્યારે આટલાં ભણતરથી સામેના તેમ પોતાના આતશમાં તે આથ્ર પુથ્ર અહુરમજદ જાગૃત થઇ જાય છે.** આવા રોશન થયલા આથ્રની આગળ હવે આખી નીઆએશ પઢી જાય છે:)

**(૧) ક્ષ્નઑથ્ર[૧] અહુરહે મજદાઓ.[૨]**

(૧) અહુરમજદની[૨] || ખુશાલી થવાનું સાધન[૧] (મારામાં તેમજ જગતમાં ઉભું થાય). ||

**(૨) નૅમસ્–તે[૩] આતર્શ[૪] મજદાઓ અહુરહે,[૫] હુદાઓ[૬] મજિશ્ત[૭] યજત.[૮] અર્ષેમ્ વૉહૂ ૩.**

(૨) અહુરમજદના[૫] ||સૃષ્ટીને પાર પાડવાના આકેબતના જ્ઞાનના ડહાપણ સાથે ઉભા થયલા[૬] || કુલ યઝતોમાં વસેલા મોટા ખુબસુરતી આપતા[૭] ||

યઝત[૮] ‖ અએ આતશ,[૪] ‖ તુંને નેમાઝ[૩] ‖ હોજો. ત્રણ અર્ષમના સ્તોતો તુંને મળો.

**(૩) ફ્રવરાને મજદયસ્નો જરથુશત્રિશ વીદએવો અહુર-તકએષો (જે ગેહ હોય તે પઢે) ફ્રસસ્તયએચ.**

(૩) હું મજદયસ્ની છું. જરથોસ્તીપણાને પુગીને દએન ઉપર એતેકાદ રાખીને બીગુમાન થયો છું. દએવથી જુદો અને અહુરાના અસરેરોશનીના કાયદા ધારણ કીધેલો છું. ગાહોમાં કામ કરતી યઝતી શકિતઓની ખુશાલી કરવા માટે, તેઓની યસ્ન જે કુદરતમાં ચાલે છે, તેઓની સ્તુતી જે કુદરતમાં થઇ રહે છે, તેમાં જોડાઇ–તેઓને ખુશાલ કરી, ખુશાલી મેળવી તેઓથી સબક લેવા માટે ઇન્તેઝારી કરૂં છું.

**(૪) આથ્રો[૧] અહુરહે મજદાઓ[૨] પુથ્ર,[૩] તવ[૪] આતર્શ[૫] પુથ્ર[૬] અહુરહે મજદાઓ;[૭]**

**(૫) આથ્રો[૮] અહુરહે મજદાઓ[૯] પુથ્ર,[૧૦] ખરૅનંઘ્રહો[૧૧] સવંઘ્રહો[૧૨] મજદદાતહે,[૧૩] અઇર્‌યનાંમ્[૧૪] ખરૅનો[૧૫] મજદદાતનાંમ્,[૧૬] કાવયેહેચ[૧૭] ખરૅનંઘ્રહો[૧૮] મજદદાતહે;[૧૯]**

**(૬) આથ્રો[૨૦] અહુરહે મજદાઓ[૨૧] પુથ્ર,[૨૨] કવોઇશ[૨૩] હુસ્રૉ-સ્રવંઘ્રહહે,[૨૪] વરોઇશ[૨૫] હુસ્રૉસ્રવંઘ્રહહે,[૨૬] અસ્નવન્તહે[૨૭] ગરોઇશ[૨૮] મજદદાતહે,[૨૯] ચએચિસ્તહે[૩૦] વરોઇશ[૩૧] મજદદાતહે,[૩૨] કાવયેહેચ[૩૩] ખરૅનંઘ્રહો[૩૪] મજદદાતહે;[૩૫]**

**(૭) આથ્રો[૩૬] અહુરહે મજદાઓ[૩૭] પુથ્ર,[૩૮] રએવન્તહે[૩૯] ગરોઇશ[૪૦] મજદદાતહે,[૪૧] કાવયેહેચ[૪૨] ખરૅનંઘ્રહો[૪૩] મજદદાતહે;[૪૪]**

**(૮) આથ્રો[૪૫] અહુરહે મજદાઓ[૪૬] પુથ્ર,[૪૭] આતર્શ[૪૮] સ્પૅન્ત[૪૯] રથએશ્તાર,[૫૦] યજત[૫૧] પૅાઉરૂ–ખરૅનંઘ્રહ,[૫૨] યજત[૫૩] પૅાઉરૂ-બએષજ;[૫૪]**

**(૯) આથ્રો[૫૫] અહુરહે મજદાઓ[૫૬] પુથ્ર,[૫૭] મત્[૫૮] વીસ્પએઇબ્યો[૫૯] આતૅરૅબ્યો,[૬૦] ક્ષથ્રો–નફ્ંદ્રો[૬૧] નઇર્‌યો–સંઘ્રહહે[૬૨] યજતહે,[૬૩]—**

**ક્ષનઑ થ્ર[૬૪] યસ્નાઇચ[૬૫] વહ્માઇચ[૬૬] ક્ષનઑથ્રાઇચ[૬૭] ફ્રસસ્તયએચ,[૬૮] યથા અહૂ વઇર્યો[૬૯] જઑતા[૭૦] ફ્રા મે[૭૧] મ્રૂતે,[૭૨] અથા રતુશ અષાત્ચિત્ હચ,[૭૩] ફ્રા અષવ[૭૪] વીદ્વાઓ[૭૫] મ્રઑતૂ.[૭૬]**

(૪) તુ[૪] (આ આતશમાં જાહેર થયલા) ‖ અહુરમજદના[૭] ‖ પુત્ર=[?] કામ બજાવનાર=હોકમ–બરદાર છોકરો એટલે અહુરમજદની ખુદ બહાર પડેલી

ગતી અને છોકરાની માફક હોકમનો ઉઠાવનાર[६] || આતશ[५] (નામે **આથ્રો પુથ્ર અહુરમજદ**, જે નવમાં આસ્માન ઉપર કામ કરીને જગતનાં ખુણે ખુણાના આતશોમાં જામીને મંદ રીતે રહયો છે, જેથી તે **બધા જગતના આતશોને "આથ્રો અહુરહે મજદાઓ પુથ્ર" કહે છે એટલે ગલીચીને સાફ કરીને જગતને પાછું અહુરમજદ તરફ ફેરવનાર કહે છે;** તેવા તે બધા જગતના આતશોમાં પ્રસરી રહીને મંદ રીતે રહેલા અએ '**આતર્શ પુથ્ર અહુરમજદ**' નામના આતશ), || અહુરમજદના[२] || (કુલ જગતના) આતશો[१] (જેઓ) || ગલીચીને બાળી નાખીને નેકી ઉભી કરનાર આતશો[३] (તરીકે રહયા છે તેવા જગતના બધા આતશોમાં તું '**આથ્ર પુથ્ર અહુરમજદ**' જામી રહયો છે); ||

(આખી જગતના બધા આતશો કે જેમાં અહુરાનો પુથ્ર આતશ પ્રસરી રહયો છે, તેઓ કોણ કોણ છે અને કઇ કઇ જગા, સંસ્થા, કામ કરતી વ્યકતીમાં તે બધા આતશો 'આતશં અહુરહે મજદાઓ પુથ્ર' તરીકે રહી અહુરાના આતર્શ પુથ્રને જોર આપી રહયો છે, તે બધી જગા-સંસ્થા-વ્યકતીઓ અને તેઓના આતશો નીચે મુજબ છે :)

(૫) અહુરહે મજદાઓનો[९] || ગલીચી સાફ કરનાર[१०] || આતશ[८] (પહેલો) || (જેમાં અહુરાનો પુથ્ર=દીકરો, અહુરાની ખુદની ગતી, 'આથ્રો પુથ્ર અહુરહે મજદાઓ' નવમાં આસ્માનનો આતશ જામેલો છે માટે **તે ગલીચી સાફ કરનાર આતશને 'આથ્ર અહુરહે મજદાઓ પુથ્ર' કહે** છે, તેને **આતશે ફ્રોબા** કરીને કહે છે. આ ફ્રોબા આતશ છઠ્ઠું આસ્માન જેને ગરોન્માન કહે છે તેનો પાયો છે, અને બીજાં બધાં આસ્માનોના આતશોને તેઓના તે તે આસ્માનોના પાયારૂપ થઇને કામ કરવાની ગતી આપે છે, **અને યઑજદાથ્રેગરોમાં આદરે ફ્રાહ તરીકે ઉભો થાય છે,** જે ફ્રોબા આતશ 'આતશં અહુરહે મજદાઓ પુથ્ર' તરીકે રહી ફાયદો કરનાર, જગતને ચલાવનાર, મઝદદાતના રાખનાર ખોરેહના આતશ તરીકે કામ કરે છે, તેમ મઝદદાત પ્રમાણે કામ કરતાં અઇર્યનામ ખોરેહના આતશ તરીકે કામ કરે છે, તેમ વળી મઝદદાત એટલે સૃષ્ટીને જડતામાં ઉભી કરનાર સજીવન કરનાર કાયદાઓનો રાખનાર 'કાવયેહેચ ખરેનો'ના આતશ તરીકે કામ કરે છે,-તેમ વળી યઓજદાથ્રેગરોમાં સજીવન થઇને કામ કરે છે, જે ફ્રોબાનાં છઠ્ઠાં આસ્માનના આતશનો સીલસીલો "**રઑવંદ કોહ**" યાને "ગદમન-હોમન્દ પહાડ" એટલે તલેસ્માતીક ખોરેહ ધરાવનાર પહાડ જે **ત્રાન્સ-ઓકસાનીઆના દેશના** ખ્વારીઝમમાં હતો,-ત્યાં આવેલા આતશ બહેરામમાં ઉતારેલો જાહેર હતો,- જે આતશ બહેરામને પછી રેશન નામના કાબુલની ઉત્તરના દેશના તલેસ્મા-

તીક પહાડ ઉપર લાવેલા હતા. આવા તે ફ્રોબાની ગતીવાળો આતશ અહુરહે મજદાઓ પુથ્ર) ફાયદો કરનાર[૧૨] || મઝદદાતવાળા[૧૩] || ખોરેહનો[૧૧] || અને મઝદદાતવાળા[૧૬] || અર્ધ્યનામ[૧૪] || ખોરેહનો[૧૫] || અને મઝદદાતવાળા[૧૬] || કયાંન ખોરેહનો આતશ છે,[૧૭] || તેની ખુશાલી થવાની મારેફત થઇ,[૧૪] || તેની કુદરતમાં થતી યસ્નની સ્તુતી કરવા માટે,[૧૫] || તેની અહુરમજદ પ્રત્યેની ફરમાન-બરદારીની સ્તુતી કરવા માટે,[૧૬] || તેની ખુશાળી થવા માટે,[૧૭] || તેનાથી સબક લેવા માટે[૧૮] (હું દુઆ કરૂં છું).

(૬) અહુરહે મઝદાઓનો[૨૧] || ગલીચી સાફ કરનાર[૨૨] || આતશ[૨૦] (બીજો), || (જેમાં અહુરાનો પુથ્ર એટલે અહુરાની ખુદની ગતી આથ્રો પુથ્ર અહુર મજદ જે નવમાં આસ્માનના આતશ તરીકે છે તે જામેલો છે, માટે તે ગલીચી સાફ કરનાર આતશને 'આથ્ર અહુરહે મઝદાઓ પુથ્ર' કહે છે, જેને **આતરે ગુશસ્પ**નો આતશ કહે છે, જે પાંચમાં અને ત્રીજાં આસ્માનો ઉપર તુરફા-તનજાુલ એટલે અનુક્રમે ખેંચનાર અને ખેંચાઇ જતી નર-માદા જેવી ગતીમાં વહેંચાઇને તે બેઉ આસ્માનોના પાયાનું વીસ્તીર્ણ કામ કરી રહે છે અને રથએસ્તારોની ઉપર જે મવકકલ છે, જે **ગુશસ્પ** આતશ કય ખોરેહ ધરાવનાર **હઑસ્રવ=કએખુશરૂ** ઉપર પ્રસન્ન હતો, જે ગુશસ્પ આતશ હઓસ્રવ કય ખુશરૂનો વર, તલેસ્માતીક કીલ્લો, સ્તોતનો કીલ્લો, ઇબાદતની ગતીથી થયલો કશવાળો કીલ્લો, જેને આદરબાદગાન શહેરની નઝદીકમાં હઓસ્રવે બાંધેલો હતો તે ઉપર મવકકલ હતો, જે ગુશસ્પ આતશ મઝદદાત જે સૃષ્ટી રચવાના કાયદા છે તેઓની ગતીવાળા **અસ્નવંત** પહાડ ઉપર મવકકલ છે, જે (અલંકારીક પહાડ એટલે યઝતોના હુમતોની કેહર્પરૂપ શકિત) ની પાસબાની તે આતશ કરે છે, જે આતશ મઝદદાતની ગતી રાખતા ચએચસ્ત સરોવર આગળ તલેસ્માતીક દઝ-કશ ઉપર મવકકલ પાસબાન છે, જે ગુશસ્પ આતશ મઝદદાતની ગતીને કામે લગાડતા કાવયાની ખોરેહની અંદર કામ કરે છે, જે ગુશસ્પ આતશના સીલસીલાને **ગાઝાન** શહેરમાં આવેલા આતશ બહેરામમાં ઉતારેલો હતો. એવા તે આતર ગુશસ્પના આતશ અહુરહે મજદાઓ પુથ્ર) || કય ખોરેહ રાખનાર[૨૩] || હઓસ્રવ કયખુશરૂનો[૨૪] (પાસબાન છે), || હઓસ્રવ કયખુશરૂના[૨૧] || વર-તલેસ્માતીક સ્તઓતીક કીલ્લાનો[૨૫] (પાસબાન છે), || મઝદદાતની ગતી રાખતા[૨૬] (એટલે સૃષ્ટી રચનામાં ભાગ લેતા) || અસ્નવન્ત[૨૭] || પહાડનો[૨૮] (પાસબાન છે), || મઝદદાતની ગતી રાખતા[૩૨] (એટલે સૃષ્ટી-રચનામાં ભાગ લેતા) || ચએચિસ્ત આગળના[૩૦] વર-તલેસ્માતીક ગતીનો (પાસબાન છે), (જે આતશે ગુશસ્પ)

મઝદદાતની ગતી રાખતા[૩૫] ‖ કવ ખોરેહનો[૩૩-૩૪] (પાસબાન છે), ‖ તેની ખુશાલી થવાની મારેફત થઇ,[૬૪] ‖ તેની કુદરતમાં થતી યસ્નની સ્તુતી કરવા માટે,[૬૫] ‖ તેની અહુરમજદ પ્રત્યેની ફરમાન-બરદારીની સ્તુતી કરવા માટે,[૬૬] ‖ તેની ખુશાલી થવા માટે,[૬૭] ‖ (અને) તેનાથી સબકો લેવા માટે[૬૮] ‖ (હું દુઆ કરૂં છું).

(૭) અહુરહે મજદાઓનો[૩૭] ‖ ગલીચી સાફ કરનાર[૩૮] ‖ આતશ[૩૯] (ત્રીજો) ‖ (જેમાં અહુરાનો પુથ્ર એટલે અહુરાની ખુદની ગતી **આથ્રો પુથ્ર અહુરહે મજદાઓ** જે નવમાં આસ્માનમાં આતશ તરીકે છે તે આતશ જામેલો છે, માટે તે ગલીચી સાફ કરનાર આતશને 'આથ્રો અહુરહે મજદાઓ પુથ્ર' કહે છે, જેને **આદર બુરજીન મહેર આતશ** કહે છે, જે ચોથાં અને પહેલાં આસ્માનો ઉપર તુરફા-તનજજુલ એટલે અનુક્રમે ખેંચનાર અને ખેંચાઇ જતી નર-માદા જેવી ગતીમાં વહેંચાઇને તે બેઉ આસ્માનોના પાયાનું-વીસ્તીર્ણ કામ કરી રહે છે અને વાસ્ત્રીઓશોની ઉપર મત્રકકલ છે, જે આદર બુરજીન મહેર આતશ મઝદદાતની ગતી રાખતા **રએવન્ત** પહાડ ઉપર પાસબાન છે, અને કવ ખોરેહ ઉપરણી પાસબાન છે, જે આદર બુરઝીન મહેરનો સીલસીલો રએવન્ત પહાડ આગળના ખોરાસાનના રવંન્દે નીશાપોરનાં આતશબહેરામમાં જાહેર હતો,-જે આદર બુરજીન આતશનો ઝલ્વો અને ગતી અષો જરથુસ્ત્રના જમણા હાથમાં રહીને તે હાથમાંથી જાહેર દેખાય તેવાં રહેતાં હતાં,-એવા તે આદર બુરજીન મહેરના આતર્શ અહુરહે મજદાઓ પુથ્ર) મઝદદાતની ગતી રાખનાર અને તેના ફાયદાના વાપરનાર[૪૧] ‖ રએવન્ત પહાડનો[૩૯] (પાસબાન છે), ‖ (જે આદર બુરજીન મહેર આતશ) મઝદદાતની ગતી રાખનાર[૪૪] ‖ કવ[૪૨] ‖ ખોરેહનો[૪૩] (પાસબાન છે), ‖ તેની ખુશાલી થવાની મારેફત થઇ,[૬૪] ‖ તેની કુદરતમાં થતી યસ્નની સ્તુતી કરવા માટે,[૬૫] ‖ તેની અહુરમઝદ પ્રત્યેની ફરમાન-બરદારીની સ્તુતી કરવા માટે,[૬૫] ‖ તેની ખુશાલી થવા માટે,[૬૭] ‖ તેનાથી સબકો લેવા માટે[૬૮] (હું દુઆ કરૂં છું). ‖

(૮) અહુરમજદના[૪૬] ‖ ગલીચી સાફ કરનાર[૪૭] ‖ (ચોથા) આતશ,[૪૫] (જેમાં અહુરાનો પુથ્ર-અહુરાની ગતી 'આથ્રો પુથ્ર અહુરમજદ' જામેલો છે અને તેથા તે આતશને 'આથ્રો અહુરહે મજદાઓ પુથ્ર' કહે છે, જેને **આતરે ખોરદાદ** કહે છે, જે ખોરદાદ સાતમાં અને બીજાં આસ્માન ઉપર તુરફા-તનજજુલ ગતીમાં એક એકથી ખેંચાઇને ખીશ્કારી કરી રહે છે, જે ઉપલા ત્રણ આતશોની માફક વ્યવસ્થા કરવા રથએસ્તારી કરીને વૃધ્ધી-સ્પેન્તીનું કામ કરી રહે છે, જેવણુના સીલસીલાને પારસ પ્રાંતનાં કારીઆન શહેરનાં આતશબહેરામમાં આતરે ફ્રોબાની સાથે તખ્તનશીન કીધા હતા, જેવણુ ફ્રોબા આતશની હકીકતને જોરે

રથએશ્તારી કરીને વૃદ્ધી-સ્પેન્તીનું કામ કરી રહે છે, તેવા તે **ખોરદાદ** 'આતશ અહુરહે મજદાઓ પુથ્ર' અને બીજા ઉપલા ત્રણ આતશો) ‖ વૃધ્ધી કરનાર[49] ‖ રથએશ્તાર છે એટલે મારીને વ્યવસ્થા કરનારા છે,[50] ‖ (જેઓ) પુર ખોરેહ-વાળા આદર યઝત સાથના[52] ‖ પુર દોસ્તી રાખનાર આદર યઝત સાથના (છે, એટલે તેઓ બધા ઉપલા ચાર આતશો આદર યઝત સાથે કામ કરી રહે છે, તે આતશે ખોરદાદ-આતશે આદર અને) બીજા બધાની ખુશાળી થવાની મારેફત થઇ,[64] ‖ તેઓની કુદરતમાં થતી યસ્નની સ્તુતી કરવા માટે,[65] ‖ તેઓની અહુરમજદ પ્રત્યેની ફરમાન-બરદારીની સ્તુતી કરવા માટે,[66] ‖ તેઓની ખુશાળી થવા માટે,[67] ‖ તેઓથી સબકો લેવા માટે[68] (હું દુઆ કરૂં છું.) ‖

(૯) અહુરમજદના ગલીચી સાફ કરનાર[51-57] ‖ આતશ[55] (**મીનો કરકો** જે આથ્રો પુથ્ર અહુરમાંથી છે અને ઉપલા ચાર આતશોની ગતી-ઓમાં થઇને નીસ્તી ઉભી કરવા ઉતરીને પ્રસરી રહે છે, જે મીનો કરકો નીસ્તીને, તેના અખુટ દરયાવ એટલે વિસ્તાર ઝરેહ વોઉરૂ-કષને એટલે નીસ્તીની કુલ સૃષ્ટીને ઉભી કરતી-કામ કરતી-ભોગવટો કરતી કરીને ઘેરે છે, અને તેવી નીસ્તીની રજેરજ આસપાસ વીટળાઇ રહી નીસ્તીની રજેરજમાં સેકંડે સેકંડ થતી બારીકે બારીક ચલવલોને નોંધીને તે પ્રમાણે સઝા-જઝા નક્કી કરે છે; એમ એ **મીનો કરકો** આતશ બે રીતનું કાર એક અખ્તી ગલીચી બાળીને સુધારવાનું અને બીજું નીસ્તી પેદા કરવાનું '**આથ્રો પુથ્ર અહુરમજદ**'ની ગતીનું કામ કરી રહે છે, તેવા તે આતરે મીનો કરકો, જેને હયાં **આથ્રો અહુરહે મજદાઓ પુથ્ર** કહયો છે તેની, અને તેની સાથના ઉપલા ચાર 'આથ્રો અહુરહે મજદાઓ પુથ્ર' ગલીચી સાફ કરનારા આતશો) ની સાથના[58] ‖ બધા[59] ‖ આતશોને માટે,[60] ‖ (જેઓ આતશે વરહેરાનના પંદર આતશો કે આતરે આદરાનના ચાર આતશો કે આતશે દાદગાહમાંના સ્પેનિશ્ત આતશ સાથે રાદ પદવંદ કરી તે આતશે વરાહે-રાન, આતશે આદરાન, આતશે દાદગાહ સાથે સગાઇ રાખે છે અને તેઓમાં પોતાનો રથએશ્તારી-વાસ્ત્રીઓશી-હુતોક્ષીનો પાવર ઉતારે છે,-તેમાંના તે આતશે વરાહેરાનમાંના બધા આતશો માટે જાહેરમાં કામ કરનાર) ક્ષથ્રવાળા ખરા પરદુખભંજનની ગતીના શાહોની નાભમાં રહીને રાદી અધીકાર ચલાવનાર[61] ‖ નઇર્યો-સંઘહ આતશની[62] ‖ યઝતી ગતીની[63] (જેમ આગલા બધા ચાર આતશોની થયલી વર્ણવી છે તેમ) ખુશાલી થવાની મારેફત થઇ,[64] ‖ તેઓની કુદરતમાં થતી યસ્નની સ્તુતી કરવા માટે,[65] ‖ તેઓની અહુરમઝદ પ્રત્યેની ફુરમાન-બરદારીની સ્તુતી કરવા માટે,[66] ‖ તેઓની ખુશાલી થવા માટે,[67] ‖ તેઓથી સબક લેવા માટે[68] (હું દુઆ કરૂં છું

કે) ॥ તે જોતી ઉસ્તાદ રહેબર[૭૦] ॥ યથા અહૂ વઇર્યોના માંથ્રનો ભેદ[૫૯] ॥ હું આગળ વધવા માંગતા માટે[૭૧] ॥ જાહેર કરે.[૭૨] ॥ તે આગળ વધી રહેલો અષવન રાથ્વી[૭૪] (તે જોતીનો જોડીદાર) વીદવાન[૭૫] ॥ 'અથા રતુશ અષાતચિત હચ'ના માંથ્રનો વધુ ભેદ[૭૩] (તેટલા માટે) ॥ સમજાવશેજ,[૭૬] (યથા અહૂ વઇર્યોનાં પદના માંથ્રોમાં અહૂ એકજ સાહેબ છે, જેની ઉપર બીજો કોઇજ નથી, જેના હોકમથી સૃષ્ટી થઇ છે, તે એક સાહેબમાં જરાબી ખામી નથી. પણ સૃષ્ટી તો ખામીવાળી છે, એટલે ખામીવાળું તે ખામી વગરમાંથી નીકળે નહિ. પણ સૃષ્ટીના તે ખામી વગરના બાપે સૃષ્ટી કેમ કાઢી તે કોઇને ખબર નથી અને તેને જાણવાની મકદુર કોઇમાં નથી, માટે તે એક સાહેબ ઉપર ગુમાન લાવવો નહિ એવો ભેદ છે, જે યઝતો વટીક ફકત (Faith) ઇમાનથી **માન્ય** રાખીને ચાલી રહે છે. એમ જો ઇનસાન કરે તો પછી યઝતો જેઓ યસ્ન કરીને વહમ કરીને સૃષ્ટીને ચલાવી રહે છે તેઓની ખુશાલી થાય, કેમકે અહૂ ઉપર પુર્ણ ભરોસો Undoubted Implicit Faith રાખવાથી ફ્રવષીની ગતી ઉંચમાં ઉંચ ગતી પ્રાપ્ત થઇ રહે છે, જે ફ્રવષિની ગતી જો તે માનનાર ઇનસાન મેળવે તોપછી તે ઇનસાન યઝતોને તેઓના સૃષ્ટી-રચનાનાં અહુરમઝદની મરજી સાચવવાનાં કામમાં મદદ આપી શકે, કે જેથી ફ્રશો-કેરેતી (Spiritual Enlivenment) એટલે કુલ્યાતી મોક્ષ જલદી નઝદીક આવી શકે. 'અથા રતુશ અષાતચિત હચા'ના પદોના માંથ્રોના ભેદો 'યથા અહૂ'ના આવા ઉપર કહેલા ભેદને આગળ સમજાવી તે ભેદની મકદુર શું છે તે બતાવી શકે છે. ત્યાં કહે છે કે અહૂના હોકમને માન આપનાર પહેલી ગતી **ફ્રવષી** હતા, જેણીએ અષોઇની ગતી વીગેરેને તે અહૂના હોકમથી ઉભી કરીને સૃષ્ટી કીધી છે—એવી ફ્રવષી જેવી અહૂ પ્રત્યેની તાબેદારી કરવાથી યઝતી ગતીઓ અને હસ્તીની અમર્ગ ગતીઓ થઇ—માટે તું ઇનસાનબી તેમ તાબેદારી (Devotion) કર, કે તુંબી યઝત જેવી ગતીએ પુગશે—એવી યઝતની ગતીએ પુગવા અહૂની તાબેદારી કરવા શું શું કરવું તે બધો ભેદ આ પદમાં છે, જે જાણ્યાથી તે શખ્સ તેમ વર્તન કરશે, કે જેથી યઝતોની ખુશાલી થશે. એમ ત્યારે યઝતોની ખુશાલી યથાના કલામના ભેદને સમજીને તે પ્રમાણે વર્તન કરવાથી થાય છે, માટે દરેક નાની મોટી ક્ષ્નૂમનમાં એટલે યઝતોની આરાધનાની ભકિતમાં એવાં વાકયો વપરાયા કરે છે તેની સમજ હવે વાંચનારને આવશે. ત્યારે મોટામાં મોટી ખુશાલી **અહૂની તાબેદારી કરી સૃષ્ટીના દએવ-અજ્ઞાનતાને સુધારવાની છે, જેનાં કરતાં વધુ પરદુખભંજનનું કામ કોઇજ નથી, જેને માટે જરથોસ્તી દએનનું મુળ થયું**, કે જેણે બીજી દીનોને

કાઢીને યથાના ભેદોના કંઇક ભાગોને તે દએનમાં મુકીને તેઓના પુજારીને જરથોશ્તી દીનના આખા ભેદ તરફ દોરવી રહે છે. આવો ભેદ **યઝતોની ક્ષ્નૂમનનાં** પદોમાં રહયો છે.) (હવે પેલા સામેના આતશમાં '**આથ્રો પુથ્ર અહુરમજદ**'ની ગતી ખોલીને જાગૃત થયલી છે તેની હવે ભણનાર સ્તુતી કરે છે કે):–

**(૧૦) યસ્નॅમ્ચ[૧] વહ્મॅમ્ચ,[૨] હુબॅરॅતીમ્ચ[૩] ઉશ્ત-બॅરॅતીમ્ચ,[૪] વન્ત-બॅરॅતીમ્ચ[૫] આફ્રીનામિ,[૬] તવ[૭] આતર્શ[૮] પુથ્ર[૯] અહુરહે મજ્દાઓ.[૧૦] યેસ્ન્યો[૧૧] અહિ[૧૨] વહ્મ્યો,[૧૩] યેસ્ન્યો[૧૪] બુયાઓ,[૧૫] વહ્મ્યો[૧૬] ન્માનાહુ[૧૭] મષ્યાકનાંમ.[૧૮] ઉશ્ત[૧૯] બુયાત્[૨૦] અહ્માઇ[૨૧] નઇરે,[૨૨] યસॅ[૨૩]-ત્થ્વા[૨૪] બાદ[૨૫] ફ્રાયઝાઇતે,[૨૬] અએસ્મો-જસ્તો,[૨૭] બરॅસ્મો-જસ્તો,[૨૮] ગઓ-જસ્તો,[૨૯] હાવનો-જસ્તો.[૩૦]**

(૧૦) અએ અહુરમજદના[૧૦] ‖ પુત્ર-ખુદ ગતી[૯] ‖ આતશ[૮] (પુથ્ર અહુરમજદ!) ‖ તારી[૭] ‖ યસ્નને[૧] (એટલે તું યઝતો સાથે રહી જોતી-રાથ્વી થઇને જગતને ચલાવી રહે છે તે ગતીને), ‖ તારી વહમને એટલે મોટા અષવનો તારી સ્તુતી કરી તારી ગતીને જોરે અષોઇ ધારણ કરે છે તેવી તુંને મળતી નામ-સ્મરણની સ્તઓતીક ગતીને,[૨] ‖ હુમત તરફ અહુરમઝદ તરફ લઇ જતી ભેટને એટલે મેં જોતીએ ગવની મારફતે જે ભેટ તુંને ધરી છે જે '**હુપॅરॅન**'ને લગતી અહુરમજદ તરફ ઉડનારી છે તેવી ભલી ભેટને,[૩] (જે ભેટ) ‖ ઉંચાઇએ લઇ જતા યઝતોના ઉશ્તાનો-ગતીઓવાળી છે,–યઝતોનો સંબંધ કરાવનારી, સત્યસંગ કરાવનારી છે,[૪] (જે ભેટ) ‖ અહુરમઝદની સૃષ્ટીની રજેરજ તરફ ખરો પ્રેમ ઉભો કરાવીને તેઓની સદગતી કરાવવા જઓષ=મીનો દશ્ક=રાદ પદવંદ ઉભું કરાવે છે તેને,[૫] (જે બધું તારે માટે છે તેઓને) ‖ આફ્રીન કરી પ્રશંસા કરી નમીને વખાણું છું,[૬] (કે તેની શુભ અસર મને અને ગેતીને મળે.) ‖ યસ્ન = બંદગીઓમાં જોતી તરીકે થનારો એટલે અહુરમજદને મળીને કામ સરંજામ કરનાર તરીકે અહુરમઝદથી નક્કી થયલો,[૧૧] ‖ વહમ = યશ્ત નીઆએશની બંદગીઓમાં ભેટને લાયક ઠરેલો[૧૩] (અહુરમજદે તેવો નેમેલો) ‖ તું છે,[૧૨] ‖ મષ્ય=ઇનસાન એટલે ગુના-હગાર ઇનસાનના[૧૮] (તનરૂપ કે કુટુંબી કે કોમી) ‖ ઘરમાં[૧૭] ‖ યસ્ન પામેલો-ક્રીયાથી એકતાન થયલો[૧૪] ‖ થજે[૧૫] (એટલે તે ઘરોમાં એવી યસ્ન થાય, કે જે યસ્નમાંના જોતી તરીકે થવા તારી તલેસ્મતીક ગતી ત્યાં હાજર થાય;) ‖ સ્તુતી પામેલો વખણાયલો[૧૬] ‖ થજે[૧૫] (એટલે તે ઘરોમાં વહમની એવી યશ્ત-નીઆએશ થાય, કે જેમાંની ભેટ સ્વીકારવા તું પ્રસન્ન થાય. એમ

અએ તું આતશ ! તું જે અહુરાની ગતી છે તે ઇનસાનની ગતીને આશીરવાદ આપી ટેકવે. ) ‖ તે[21] ‖ નરને[22] ‖ ઉશ્તા-મીનોઇ શાંતી, યઝનોથી મળતો ધન્યવાદ[19] ‖ થશેજ,[20] ‖ કે જે[23] ( માણુસ ) ‖ તુંને[24] ‖ હમેશાં[25] ‖ અએરમવાળા હાથવાળા થઇ–એટલે અએરમ જેમ આલાતરૂપનું થઇ આતશ ઉપર બળી આતશને જેટ આપી યજશ્નેનું કામ ફત્તેહમંદ કરે છે તેવી ફત્તેહમંદીના હાથ–જોમવાળા થઇ,–અએરમને જોરે ફત્તેહ ઉભી કરી આતશને તે ગતી આપનાર થઇ,[27] ‖ બરસમવાળા* હાથવાલા થઇ એટલે અરેદ= ભેટ આપવાના આતશને તેનાં કામમાં મદદ આપવાના હાથવાળા જોમવાળા થઇ,[28] ‖ ગઓની ગતીવાળા હાથવાળા થઇ, ગઓની ગતીના આલાનો જેમ યસ્નમાં કામ કરી રવાન–દરોસ્તી કરી રહે છે તેવી ગતીના હાથ–જોમવાળા થઇ, ગઓની માફક પરદુખભંજનવાળા થઇ, આતશની તેવી ગઓની ગતીને જોમ આપવાના હાથવાળા થઇ,[29] ‖ હાવનીમવાળા હાથવાળા થઇ એટલે જેમ આતશ કુદરતની હાવનીમ આગળના જગતના ક્ષેત્રમાં એટલે ઉષાના સ્વાની ઉપર બંધાતા વખતના દોરમાં ત્યાં કામ કરતી યઝની ગતીથી જગતની ભલી ખેતી કરી રહે છે જેનો અંજામ ઉષહિનમાં આવી રહે છે– એવીજ રીતે જેમ હાવનીમનાં આલાત આગળનાં યજશ્નેનાં ક્ષેત્રમાં ૩૩ અહુ–રતુઓ યજશ્નેનું કામ કરી પાર પડે છે, જેનો નતીજો રૂવાનની ઉષહિન થવાના ભેદમાં એટલે સઝા–જઝાથી થતી મુકિતમાં આવે છે, તેવી રીતના હાવનીમના ભેદ રાખતા હાથવાળો એટલે ઉપર કહેલી ઉશાના સ્તોતોથી થતા સવારના વખતના દોરની કુદરતી હાવનીમ કે તેની કોપી ઉપરથી થયલી યઝશ્નેની ક્રીયાની આલાતરૂપ હાવનીમ કે જ્યાં આગળ યઝતી શકિતઓ જોરથી ગેતીનું કે તે ગુજરેલા રૂવાન માટેનું વૃદ્ધીનું કામ કરી રહે છે તેવી હાવનીમની ખુબી સાથના યા હાવનીમની જોરની ગતી રાખતા હાથવાળા– જોમવાળા થઇને[30] ‖ ( તું આતશને ) ઇજયા કરી પોતે વધીને આતશનાં કામને જોમ આપે.[31] ‖

* **બરેસ્મો જસ્ત :** બરેસ્મમાં મુરાદી મિથ્રને પુગાડવાનો અર્થ છે. **આતશની આગળ કે પાણીની આગળ જયારેબી નીઆએશ કરીએ, ત્યારે હાથમાં બરસમ રાખવી, કહેતાં સુખડ કે થોડીક સાકર વીગેરે રાખવાં,** કેમકે આ ચીજો જે આતશ તેમ પાણીને અર્પણ કરવામાં આવે છે, તેઓમાં તે તે નીઆએશના માંથ્રો-મિથ્ર પકડાઇને તે તે ચીજોના આતશને ઉંચ હાલતે પુગાડે છે. આવી સુખડની કે સાકર વીગેરેની ચીજોને 'અરેદ્ર' કહે છે. આ ચીજો જયારે આતશ તેમ પાણીને મળે છે, ત્યારે યઝતી ગતીની ક્ષ્નુદી થવાનું કારણ ઘણું વધી જાય છે, અને તે ભણાતી નીઆએશનું ફળ આપવાનું જોમ વધી જાય છે.

**(૧૧) દાઇત્યો[1] અએરમે[2] બુયાઓ,[3] દાઇત્યો[4] બઑઇદ્દિ[5] બુયાઓ,[6] દાઇત્યો[7] પિથ્વિ[8] બુયાઓ,[9] દાઈત્યો[10] ઉપસયને[11] બુયાઓ,[12] પૅરૅનાયુશ[13] હરૅથ્રે[14] બુયાઓ,[15] દહ્માયુશ[16] હરૅથ્રે[17] બુયાઓ,[18] આતર્શ[19] પુથ્ર[20] અહુરહે મજ્દાઓ.[21]**

**(૧૧)** અહુરમઝદના[21] ‖ અએ પુત્ર[20] ‖ આથ્રો પુથ્ર અહુરમજ્દ[19] ! ‖ **અએરમમાં**[2] (રહેલી ભલી ગતીના) ‖ કાયદેસરના[1] (તું ને મળવાથી) ‖ (આ જડ દેખીતા આતશમાં તું જાગૃત થતો રહે એમ) થજો,[3] (એટલે અએરમમાં કુદરતી રીતે આતરે-ફ્રોબા, જે ગરોન્માનનો આતશ છે, તેનો સીલસીલો ઉતરેલો છે. આ ફ્રોબા પોતે '**આથ્રો પુથ્ર અહુરમજ્દ**'માંથી નીકળીને છઠ્ઠાં અરમમાં, ગરોન્માનના પાયા તરીકેનો રહયો છે. અએરમને જયારે માંથ્ર ભણીને આતશમાં નાંખે છે, ત્યારે તે આતશમાં ફ્રોબાનો સીલસીલો ઉતરીને તે આતશમાં ગુપ્ત રહેલા "**આથ્ર પુથ્ર**"ને જાહેર કરી શકે છે. માટે કહે છે કે અએરમનું કાયદેસરનું એટલે તે માંહેલા આતરે-ફ્રોબા સચેત થાય તેવી રીતનું તું આતશમાં બળવું થાય, કે જેથી "**આથ્ર પુથ્ર**" તેમાં હંમેશ જાગૃત રહે). ‖ **બઑઇદ્દિ**=બોયમાં[5] (રહેલી ઉતરેલી મીનો ફ્રોબાના મીનો આતશની ગુહય ગતી ‖ (તું ખાકી દેખીતા આતશને) **દાઇત્યો**=કાયદેસરના[4] (મળવાથી એટલે તું દેખીતા આતશમાં તે બોયના આતરે-ફ્રોબાની તેઝ થયલી ગતીના મળવાથી) ‖ (તું દેખીતા આતશની અંદર અએ "**આથ્ર પુથ્ર**" સચેત જાગૃત રહે એમ) થજો[6] ! ‖ **પિથ્વ**=એટલે ખોરાકમાં (એટલે યશ્ત-નીઆએશ જે તારી સનમુખ થાય છે, ક્રીયાઓ જે તારી સનમુખ થાય છે, તેઓના મિથ્ર-માંથ્ર-યરનના સ્તોતોના) ‖ **દાઇત્યો**=કાયદાસરના[7] (આ દેખીતા આતશને મળવાથી) ‖ (આ જડ દેખીતા આતશમાં તું આથ્રો પુથ્ર જાગૃત રહે એમ) થજો[9] ! ‖ **ઉપસયને**=લાકડાંઓની ગાંઠમાં[11] (કે જેમાં હર હંમેશ ફ્રોબાના આતશની ગતીજ રહે છે, તેવા ગાંઠના આતરે ફ્રોબા આતશના) ‖ **દાઈત્યો**=કાયદાસરના[10] (આ ખાકી આતશને મળવાથી) ‖ (આ જડ દેખીતા આતશમાં અએ "**આથ્ર પુથ્ર**" કામ કરતી હાલતમાં સચેત રહે તેમ) થજો[12] ! ‖ **હરૅથ્રે**=બચાવ કરવામાં[14] (ભેટ આપનાર અરેદ્ર=જોતીનો બુરી આફતો સામે બચાવ કરવામાં) ‖ **પૅરૅનાયુશ**= પુર્ણ જવાન એટલે હિકમતો-ફત્તેહથી ભરેલો ‖ (જોરેમંદ થયલો આ ખાકી આતશમાં તું **આથ્ર પુથ્ર** સચેત) રહેજો[15] ! ‖ (ભકત અરેદ્રનો બુરાઇ સામે) બચાવ કરવામાં[17] ‖ આશીરવાદ સાથનો[16] (આશીરવાદ આપી આઝાબને ભુસારી નાંખનારો) ‖ (તું અએ **આથ્ર પુથ્ર** આ ખાકી આતશમાં સચેત) રહેજો[18] ! ‖

**(૧૨) સઍાચે[૧] બુયે[૨] અહુમ્ય[૩] ન્માને,[૪] મત્‌–સઍાચે[૫] બુયે[૬] અહુમ્ય[૭] ન્માને,[૮] રઍાચહિ[૯] બુયે[૧૦] અહુમ્ય[૧૧] ન્માને,[૧૨] વક્ષથે[૧૩] બુયે[૧૪] અહુમ્ય[૧૫] ન્માને,[૧૬] દરૅઘૅમચિત્‌[૧૭] અઇપિ[૧૮] જરૂવાનૅમ,[૧૯] ઉપ[૨૦] સૂરાંમ[૨૧] ફ્રષો–કૅરૅતીમ,[૨૨] હુદ[૨૩] સૂરયાઓ[૨૪] વંઘ્હુયાઓ[૨૫] ફ્રષો–કૅરૅતોઇત્‌.[૨૬]**

(૧૨) આએ[૩] ‖ ઘરમાં[૪] ‖ તું આતશ સળગતો[૧] ‖ રહેજે,[૨] (એટલે અએ મીનો **આથ્ર પુથ્ર અહુરમજદ!** તું આ દેખીતા આતશ જે આ ઘરમાં છે, યા આ તનમાં છે, યા દીની સંસ્થાઓમાંના આતશબહેરામ–આતશ આદરાન–આતશ દાદગાહમાં છે, તેમાં તું **"સઍાચે બુયે"**=બળતો રહેજે!) ‖ આ[૭] ‖ ઘેરમાં[૮] (ઘરના કે તનના કે આતશબહેરામ–આદરાન–દાદગાહના આતશમાં) ‖ **મત્‌**=સાથે (તે દેખીતા સ્પર્શ થતા આતશની) સાથેજ (જાહેર રીતે રહી) બળતો[૫] ‖ રહેજે[૬]! ‖ આ[૧૧] ‖ ઘરમાં એટલે[૧૨] (આવા બધા દેખીતા જાહેર આતશોમાં અએ **આથ્ર પુથ્ર અહુરમજદ, મત્‌ સઍાચે**=સાથે બળતો રહીને) ‖ **રઍાચહિ**=રય અંતર જ્ઞાનની પુર્ણ રયોમંદ ગતી આપતો[૯] ‖ રહેજે[૧૦]! ‖ (એમ) ‖ આ[૧૫] ‖ ઘરમાં[૧૬] ‖ (અષોઇમાં રૂવાન–દરોસ્તીમાં) વધારો કરતો[૧૩] ‖ રહેજે[૧૪]! ‖ એક અને એવા અનેક ઝરવાન દરેઘો ખદાત[૧૭] (૮૧,૦૦૦ વર્ષના) ‖ વખત[૧૯] ‖ દરમ્યાન લગી[૧૮] ‖ (એમ રહેજે! એક ઝરવાને દરેઘો ખદાત લગી એટલે ગેતી જગરેલથી નાશ પામી લયનો વખત પામીને પછી પાછી ઉગીને ૮૧,૦૦૦ વર્ષ લગી જાગીને પોતાનું કામ કરીને પાછી જગરેલથી સંકોચાય તેટલા ૮૧,૦૦૦ વર્ષ લગીના જગતના ફરવાના એક દોરના વખત લગીમાં–કે જેટલા વખતમાં એક બરજીસી રૂવાન ગમે તેવું ગુનાહગાર હોય તે પાર પડવુંજ જોઇએ, તેટલા લાંબા પાર પડવાના વખત લગીમાં એક બસ્તે–કુસ્તીઆન સારૂં **'મત્‌–સઍાચ'** રીતે એટલે એક ખાકી આતશમાં બળતો સચેત રહેવાની રીતે રહેજે,–ના, એક દરેઘો ખદાત નહિ–પણ બસ્તે–કુસ્તીઆન ઉપરાંતની બીજી જીરમોની કુલ આલમનાં તારણને માટે બેશુમાર ઝરવાને દરેઘો ખદાતે, કે જે પછી ફ્રશો–કેરેતી=કુલ્યાતી મોક્ષ આવશેજ, ત્યાં લગી જરથોશ્તી દએનની સંસ્થામાં જાહેર રીતે) ‖ **સૂર** આપનારી[૨૪] (એટલે હવસોના દએવોને ભોગવટાનાં રણમાં હરાવવાની બહાદુરીની ગતી આપનારી), ‖ ભલી એટલે બહમનને પોતામાં વસાવનારી[૨૫] (એટલે પરદુખભંજનની), ‖ તાઝગી અમર સુખની ટાઢક–લીલાશ આણી આપે તેવા કાઘેલા ઉભા થયલા મિશ્ર–મુદ્રા–લેખવાળી એટલે 'ફ્રષો–કેરેતી'વાળી[૨૬] (બુરાઇની આફતના સુખદુખના વર્તુળોને હમેશગીવાળી ભલાઇમાં લાવવાની ગતી લાવવાના, એટલે કુલ્યાતી

મોક્ષની ગતી-લયની ગતી લાવવાના મુદ્રા લેખના મિથ્ર સહિતની તે) || '**ઉપ**[20] **સૂરાંમ**[21] **ફ્રષો-ફેરેતીમ**'[22] || સુરી[21] || (લાંબે વખતે આવવાના અનેક ઝરવાને દરેઘો ખદાત વહી ગયા પછી આવવાના તે) || ફ્રષો-ફેરેતીના ફુલ્યાતી મોક્ષના આખેરીના વખત[22] || લગીમાં[20] (જયારે વાઘ-બકરી એકજ સ્વભાવના થશે તેવી બલીહારીના આખેરીના વખતના આવવાના વખત લગીમાં) || સુરા હિમ્મત આપનારા[24] || ભલા પરદુખભંજનની ગતીના[25] || ફ્રશો-ફેરેતી લાવવાના મીથ્ર કરતો[26] || (તેવા મિથ્ર) સહિત[23] || બળતો[1] || રહેજે[2]! ||

**(૧૩) દાયાઓ[1] મે,[2] આતર્શ[3] પુથ્ર[4] અહુરહે મજદાઓ,[5] આસુ[6] ખાથ્રૅમ,[7] આસુ[8] થ્રાઇતીમ,[9] આસુ[10] જીતીમ;[11] પૅાઉરૂ[12] ખાથ્રૅમ,[13] પૅાઉરૂ[14] થ્રાઇતીમ,[15] પૅાઉરૂ[16] જીતીમ;[17] મસ્તીમ,[18] સ્પાનો,[19] ક્ષ્વિથ્રૅમ[20] હિજવાંમ,[21] ઉરૂને[22] ઉષિ,[23] ખ્રતૂમ[24] પસ્ચએત[25] મસિત[26] મજાઓન્તૅમ,[27] અપઇરિ-આથ્રૅમ,[28] નઇર્યાંમ[29] પસ્ચએત[30] હાંમ-વરૅતીમ.[31]**

(૧૩) અએ મીનો આતશ,[3] || અહુરમજદના[5] || પુત્ર ફ્રમાન બરદાર **આતર્શ પુથ્ર અહુરહે મજદાઓ,**[4] || મને[2] (નીચેની બક્ષેશો) || આપ[1]:-|| જલદીથી[8] (એટલે જીંદગીના એક ફેરામાં મળી શકે તેમ) || નુર[7] (ને પોતા નઝદીક ખેંચવાની અનાસરની ગતી નામે '**ગુને પરવર**' એટલે અનાસરમાંની નસુની ગતીને-દ્રુજની ગતીને ગવમાં ફેરવી શકવાની મકદુરવાળી ખાથ્ર એટલે) ખારતરરૂપ ગતી (અનાસરને નુર તરફ વળણુ આપે તેવી મકદુર) || આપ.[1] || જલદીથી[8] (એટલે એકજ શ્વાષમાં=ફેરામાં અનાસર પોતે 'ગુને પરવર' મેળવી શકે તેવું) || પોષણુ[9] || આપ[1] [એટલે અનાસરના જે સ્તોતો તે અનાસરના પાયારૂપ છે તે સ્તોતો સુક્ષ્મ થાય તેવું પોષણુ-તકવો આપ, કે જેથી તે અનાસરમાં 'ગુને પરવર'ની શકિત આવે, -'**ગુન**'=ગઓન=હસ્તીમાં ખેંચનાર ગતીના સ્તોતોની '**પરવર**'=પરવરશી કરતી ગતી-જે આપણા અનાસરમાં મંદ રહી છે તેની ખીલવણી થાય તેવું પોષણુ આપ, કે જેથી અનાસરમાંની નસની ગતીમાંથી નીકળતો દ્રુજ દબાયલો રહી નસ્ત (annihilate) થઇને ગવમાં ફેરવાય અને આવા ગુને પરવરને ટેકવી રાખવાનું પોષણુ આપે, કે જેથી અનાસરોમાં શકિત નામે ગુને પરવર થઇ રહી શકે અને તે અનાસરને નુર તરફ લઇ જઇ શકે. આમ મને પોષણુ આપ, એમ અનાસરમાં શકિત ઉભી કરવા અને તે ઉભી થયલી શકિત (ગુને પરવર)ને ટેકવવાનો ટફવો

આપ]. || જલદીથી[10] (એટલે એકજ ફેરામાં તનપરીનની ગતી મેળવી શકાય તેવું) || તરીકત સાથની જીંદગીનું જીવન[11] || આપ.[1] || (આ બધું હદ+ઇનસાફથી થાય તોજ મતલબ પાર પડે. માટે કેશાશના અંદાઝ પ્રમાણેના ઇનસાફની હદની રૂએ) || જોઇતું, લાયક, હદ+ઇનસાફ પ્રમાણેનું જોઇએ તેટલું-વધુ કે કમ નહિ તેવું[12] (એટલે ઇસરાફ કરાવીને પાછો તનાસકમાં ઉતરવાની મુમકેનાત નહિ ઉભી થાય તેટલુંજ માટે "પૉઉરૂ"=just sufficient) || **'ખાશ્ર'**=ખાસ્તર-તુરને પોતાના અનાસરમાં ખેંચવાની ગુને પરવર નામની ગતી[13] (આપ) || (અને તેટલા માટે) || તેટલુંજ just sufficient[14] || પોષણ[15] (એટલે અનાસરનો પાયો નામે આતરે-વોહૂ ફ્રયાનમાં રહેલા ચાર આતરો નામે મીનો કરકો+ઉરવાઝીશ્ત+વાઝીશ્ત+સ્પેનીશ્ત આતશોમાંના આતશે મીનો કરકોની ગતીની જાગૃતી કરાવતું પોષણ અને તેવાં પોષણથી આવતી 'ગુને પરવર'ની ખાસ્તર અને તે ખાસ્તરને ટેકવીને કામ કરવા જોઇતું પોષણ-ટુંકમાં **મીનો કરકોની ગતીને સચેત કરતું પોષણ આપ** અને તેટલા માટે) || જોઇતું-જોઇએ તેટલી ગતીનું[16] || તરીકતનું મળવું અને તે પ્રમાણેનું જીવન[17] || આપ.[1] || (અએ આશ્રો પુથ અહુરહે મજદાઓ), (રૂવાનના* અંશોના થતા ઉમેરાથી વધતી રૂવાનની રયને લગતા-જે રયના વધારાને **'મસનચ'** તરીકે ઓળખે છે તેવા **'મસનચ'**નાં રયને લગતા ઉમેરાથી અનાસરી બદનમાં ખરી મોટાઇ પ્રાપ્તે છે, તેવી **'મસનચ'**ના ભેદથી આવતી) મોટાઇ (પોતાને લગતા અંશોને તરીકતની જીંદગીથી મેળવ્યાથી રૂવાનનું ઉરૂ થવું-રયોમંદ થવું અને રૂવાનનું શરીરમાંના બંદદરોશ=બેડીને ઉકેલીને શરીરમાં ખરી પરમાર્થી ગતીની મોટાઇને જાહેર કરતી એવી મોટાઇ) ||

---

* **મસ્તીમ** ઇનસાનની મોટાઇ તેના પરદુખભંજન સ્વભાવમાં દેખાય છે. રૂવાન પોતે પરદુખભંજન છે. પોતાની સાથનો દ્રવાઓ કે જેણે તે રૂવાનને ભંભેર્યું હતું અને દોઝખમાં એટલે જન્મ-મરણના ફેરામાં નાંખ્યું છે, તેને સુધારવા રૂવાન પોતે આજે નીસ્તીમાં ભોગ આપી રહયું છે. તે પોતાની સાથના દ્રવાઓનાં તનમાં પોતે રહીને તે તનને જન્મ-મરણ કરી કરીને ખીલવી રહયું છે. તન કે જે દ્રવાઓનું બદલાયલું રૂપ છે તેમાં ત્યારે રૂવાન બેસે છે. શરીરમાંના આવા રૂવાનની રયની ગતી ઉપર "બંદ-દરોશ" સખ્ત બેડી પડે છે, કે જેથી તનમાં તે સમાઇ શકે, કેમકે પુર રયની ગતી સાથે અનાસરના કાદવમાં તે સમાઇ શકે નહિ. પણ જ્યારે તે શરીર પોતે ગવ અવમંદ=પરદુખભંજનનું થાય છે ત્યારે તે શરીરમાં બેઠેલાં રૂવાનની રયમાં તે રૂવાનના અંશોની રય ઉમેરાય છે, જેને માટે **'મસનચ'** શબ્દ છે. આવી **'મસનચ'**ના ભેદે પુગેલી રૂવાનની રય ઉપરની સાંકળ 'બંદ-દરોશ' ખુલ્લી થઇ જાય છે અને શરીરમાં પ્રકાશ ફેંકે છે. આ વખતે શરીરમાં **"મસ્તીમ"**ની ખરી મોટાઇ પ્રગટે છે-ખરો ઇનસાન તે થાય છે.

આપ.[૧] || ડહાપણુ[૧૯] ( ઉરવાનમાં તેને લગતા અંશો **'મસનચ'**ના ભેદથી ઉમેરાયા પછી તેમાં **'વંધહુનચ'** અને **'સ્રયનચ'**નો ભેદ ઉભો થાય છે એટલે બહમન જેવી અને અર્દીબહેશ્ત જેવી ગતી પ્રાપ્તે છે-જેથી ઉરવાનની ઉપરની 'બંદ-દરોશ' છુટી જાય છે અને ઉરવાનની રય શરીરમાં પ્રકાશે છે; એમ **'મસ્તીમ્'**=ખરી મોટાઇ આવે છે અને તે મોટાઇને બરની અકકલ અને ખેરદ ત્યાં જામે છે એટલે અનાસરોમાં રૂવાનની રયની ગતીનો પ્રકાશ ઉભો થાય છે. અનાસરોમાં ઉરવાનની રયની ગતીનો પ્રકાશ પ્રકાશવે અનાસરો અને તેઓને લગની ખેરદમાં રયની ગતી પ્રકાશે છે, જેથી તે ખેરદ, અકકલ રયોમંદ ગતીની થાય છે, જે પોતે એક હાલતને બહાર પાડે છે, જેને ડહાપણ કહે છે. આવું ડહાપણ આપ. ) || લતાફ્તવાળી, એટલે દરવંદો-આશ્મોધો-દીનદુશમનો-**દીનને ચુંથનારાઓ સામે સચ્ચાઇના ભાલા ફેંકે તેવી જબર વાગતી**-તેઓ ઉપર અસર કરતી સાચ્ચી[૨૦] || ઝબાન[૨૧] || આપ.[૧] || ઉરવાનની **'ઉષી'**=ઉગવાની, ઉંઘમાંથી ઉઠીને બેદાર થઇ મન ઉપર શરીર ઉપર કાબુ મેળવવાની હાલત આપ-આવી હાલત કેવી હોય? ઇનસાનનું શરીર વોહુનની ગતીવાળું હોવે તેણે ઘણા ભોગવટાઓ ભોગવી ભોગવીને સઝા-જઝા ખમીને આખરે મુકત થવાનું છે. એમ શરીરમાંના વોહુનના ભોગવટાઓ ભોગવીને પુરા કીધા વગર શરીર મુકત થઇને રૂવાનમાં ઉમેરાઇ શકવાનું નથી. આજ શરીરમાં રૂવાનનોબી વાસો છે. રૂવાન પોતે જાતે સેફાતે રયોમંદ હોવે તે જયાં પોતાની રયની સચેત ગતીથી બેસે ત્યાં રયનું રાજ ચાલવે વોહુનના ભોગવટાઓ એટલે પાપવૃત્તીનાં ભોગવટાઓ ભોગવાઇ શકાય નહિ. અને જો શરીરમાંના વોહુનના ભોગવટાઓ પોતાનો ભાવ ભજવતા અટકે તો શરીર તેવું ને તેવું રહયાજ કરે, કેમકે રૂવાન કંઇ પોતાની રયથી શરીરની વોહુનને ભોગવટાઓ ભોગવાવ્યા વગર ગવનું કરી શકે નહિ. તેમ વળી શરીરમાં રૂવાન તો રહેવુંજ જોઇએ. ત્યારે શરીરમાં રૂવાનબી રહે અને સાથે સાથ રૂવાનનું રાજ શરીરમાં ચાલે નહિ કે જેથી શરીરના ભોગવટાઓ ભોગવવામાં ખલલ થાય નહિ, એમ કરવા રૂવાનની રયને મંદ કરીને તેની ઉપર બંદ મુકીને તે રૂવાનને શરીરમાં બેસાડે છે કે જેથી શરીરમાં મનની હકુમત ચાલે છે અને રૂવાન ગોયા ફરામોશીની ઉંઘમાં રહે છે અને મન શરીર પાસે જાતજાતના ભોગવટાઓ ભોગવાવીને પાપ-પુન્યનો ભાર ઉભો કરી સજાજઝાને પાત્ર થઇને મુકત થતું આવે છે. એમ ત્યારે જીવતા જાગતા શરીરમાં **ઉરવાનની રયે ઉપર જે સાંકળ 'બંદ દરોશ' પડી છે, તેથી રૂવાન શરીરમાં મુડ જેવું થઇ ગયું છે, અનાસરની ગતીમાં સુન્ન જેવું થઇને રહી શકે તેવું થયું છે. રૂવાનનું આવી ગતીમાંથી**

પાછું જાગૃત થવું એટલે પોતા ઉપરના બંધ [illegible] [illegible]
પોતાની રયની ગતીને ઉગાડવાની બેદાર કરવાની હાલત [illegible]
વાનનાં જાગૃત થવાની બેદારી-પોતાના પ્રકાશને શરીરમાં ઉગાડવાની હાલત
ત્યારેજ થાય, કે જ્યારે શરીરની વોહુન ગવની થઇ હોય એટલે પુરા
ભોગવટાઓ ભોગવવાનું કરજ ફીટાડી દીધું હોય કે જેથી રૂવાન શરીરમાં
જાગૃત થઇને શરીરને સુક્ષ્મ પોતા જેવું કરી ને પોતામાં મેળવી દઇને બઓ-
દાંગ તરફ અને યઝતો તરફ જવાની શરૂઆત કરતું રહે. તેવા શરૂઆતની
હાલત, જેને ઉષી=બેદારીના ઉગવાની-રૂડો દહાડો થવાના બામદાદની હાલત
કહે છે તે હાલત) ‖ આપ.[1] ‖ તે અકકલ[24] (રૂવાનને લગતા અંશોના
તે રૂવાનમાં મળવાથી શરીર 'ગવ અવમંદ' થઇ રૂવાન ઉપરનો બંદ દરોશ
છોડવી તે શરીર રૂવાનની રયને પોતે લઇ શકે છે અને ખરી ખ્રતુ=
અકકલ પેદા કરે છે, તે અકકલ) ‖ (જેની એવી ખુબી છે કે તે મેળવ્યા)
પછી[25] ‖ પ્રમાણમાં અંદાઝામાં ધીમે ધીમે[26] ‖ વધતીજ[27] (જાય છે, એટલે
જે અકકલને જોરે તે ઇનસાન દ્રુજ-પરહેઝ કરીને વધુ અને વધુ પોતાને લગતા
અંશો ખેચીને તે અકકલને વધારતોજ જાય છે, જે) ‖ પાછી જરાબી
ઉતરી પડી કમતર થઇ જનાર નથી તે[28] (અકકલ આપ). ‖ (તેવી ખુદ પોતાને
લગતી પોતાનાં રૂવાનમાં પોતાને લગતા અંશો મેળવવાથી આવતી અકકલ
આપ). ‖ (આજે તો ઇનસાનની પાસે તે અકકલ છે, કે જે તે ઇનસાનને
ગેઉશોએ ઉછીની કામ ચલાઉ તરીકે આપી છે. આ અકકલ ત્યારે ભાડુતી
છે-સંસાર ભોગવીને સંસારમાં બંધાયલો દએવ જે હવસો કરવા કાબેલ છે
તેના હવસોને ડોળાવનારી છે, તે સંસાર ભોગવવા કાજે મળેલી છે-સંસા-
રનું બંધન જે ખરા મીનોઇ ઇશ્ક તરફ જવાની અહુરમજદની હિકમત છે
તે હિકમતથી અહુરમજદે ઇનસાનને બાંધ્યો છે. આવી હિકમતમાં રહીને તે
હિકમતની ધારણા પાર પડે એટલે સંસારને બર આવે અને સંસાર ભોગવી
શકાય તેવી ગતીની અકકલબી તેણે ઇનસાનને આપી છે, જેમાં સંસારના
ભોગવવાનું માટે સ્વાર્થની ગતી ઉભી કરવાનું જોર છે, જેમાં ખએત્વ
મેળવી શકવાનું એટલે સ્વાર્થની ગતીની પુર્વેનું પરદુખભંજનનાં કામો કર-
વાનું જોર નથી-એમ આજની અકકલ કામચલાઉ છે, જેને તો કામ પુરૂં
કરીને ગેઉશોને પાછી આપવાની છે. પણ ઇનસાન સંસારની બેડીનું દુખ
ખમીને જન્મ-મરણ કરીને જે સબક શીખે છે, આસ્ને બેરદ બાંધે છે,
તેને જોરે તરીકત પાળી, મહેર-પતેત કરી, ઉપર કહયું છે તેમ પોતાના
શરીરને 'ગવ અવમંદ' કરી, રૂવાનમાં તેનાં અંશોને ઉમેરી, રૂવાનની બંદ-
દરોશ ઉકેલી, રૂવાનની રયને શરીરમાં ચલાવી ગ્રહણ કરાવીને, જે અકક-

લનો ચેરાધ સળગાવે છે, તે અકકલ બઓદની યઝતી ગતી તરફ ઢળતી, આગળ વધતી, સ્વાર્થને તોડાવી પરદુખભંજનવાળી, પાપથી મુકિત અપાવનારી-ખરી બઑદરૂપની થાય છે, તે અકકલને હયાં માંગે છે. એવી અકકલ આવી મળ્યા પછી શરીરમાંની ધાતુની ઉપર સખ્ત બંદોબસ્ત રાખવાની શકિત ઉભી થાય છે, જેથી ઇનસાનમાં મરદી-દીલાવરી-હિમ્મત વીગેરે ગુણો પુર બહારમાં ખીલે છે એમ એવી પોતાના અંશોની રચમાંથી નીપજતી) અકકલ મળ્યા પછીથી આવતી[30] || નરને લગતી, કદી પાછી નહિ ફરે તેવી, પુર્ણ શકિતવાલી[29] || પાયદારી-કુવ્વત-હિમ્મત-જોર[31] || આપ.[1] ||

**(૧૪) ઑર્દ્દ્વો-જંગાંમ,[1] અખ્શફ્ન્યાંમ[2] થ્રિષુમ[3] અસ્નાંમ્ચ[4] ક્ષફ્નાંમ્ચ,[5] આસિતો-ગાતૂમ,[6] જઘાઉરૂમ,[7] તુથ્રુષાંમ[8] આસ્નાંમ[9] ફ્રજન્તીમ,[10] કરૂષો-રાઝાંમ,[11] વ્યાખ્શનાંમ,[12] હ્યાંમ-રઑદાંમ,[13] હ્વાપાંમ,[14] આંજો-બૂજિમ,[15] હ્વીરાંમ,[16] યા[17] મે[18] ફ્રાદયાત[19] ન્માનૅમ્ચ,[20] વીસૅમ્ચ,[21] જન્તૂમ્ચ,[22] દખ્યૂમ્ચ,[23] દંઘ્હુ-સસ્તીમ્ચ.[24]**

(૧૪) (અએ મીનો '**આથ્ર પુથ્ર અહુરમજદ**'! તું મને) '**ઑર્દ્દ્વો**' = ઉભેલો, સાવચેતીવાલો, માટે ખડે પગે રહેનારો માટે[1] (ફ્ત્તેહમંદ માટે વાવટો) ઉંચો રાખનાર--ઉંચાઇએ ઉગતાં (ઝાડ જે ઉપર **સીમુર્ગ** બેસે છે એટલે પુર્ણ આબેદોની હિકમત જેમાં રહે છે એટલે હજારો પાપોનાં નીવારણ કરવાના ઉપાયો-બએષઝો જ્યાંથી મળે છે તેવાં ઝાડ) ઉપર ચઢનાર '**જંગામ**' = નળો એટલે પગ[1] (એટલે ઇનસાનનાં તન-મન-રૂવાનનાં દુખો ટાળવાની પરદુખભંજનની ગતી-જનસમાજની નોકરી કરવાની ગતી *આપ.) || **અખફ્ન્યાંમ**[2] || **થ્રિષુમ**[3] || **અસ્નાંમ્ચ**[4] || **ક્ષફ્નાંમ્ચ**[5] || દીવસ જે સંસારનાં કામ સારૂ ગુજારાય છે તે દીવસની અંદર[4] અને || રાત્રી જે રૂવાન-દરેરસ્તી કરવાના અમલની શરૂઆત સારૂ વપરાય છે, કેમકે દેવોનું જોર રાત્રીમાં હોય, માટે દેવોથી અમલમાં ખલલ નહિ આવે, માટે રાત્રીને પહેલે સમાલવાની છે, માટે ફુજ-પરહેજના અમલો રાત્રીએ શરૂ થાય છે, તેવા રાત્રીની અંદર[5] (જોઇતી) || જાગૃતી, તે તે દીવસ અને રાત્રીનું કામ કરવાની ઉસ્તવારી,[2] || '**થ્રિષ્વ**' એટલે ૧/૩ ભાગની પાવ જગાના આબેદોમાં છે તેવી[3] (એટલે દીલપત=સાહેબે-દીલાનોમાં છે તેવી) || મને આપ.[1] || '**ગાતૂ**'=પોતાની ખાસ નેમેલી જગાને, રૂવાન-દરેરસ્તીની હાલતના દરજ્જાને '**આસિતો**'=ચોકાસીથી વધારનાર ગતી=રોશનફેલની ગતી[6] || (તેને માટે જોઇતી એટલે ફેલ ઉપર રહેવાની)

---

* આ 'આપ' શબ્દ ૧૩ માં ફકરામાંથી લીધો છે.

ઉસ્તવારી-ખબરદારી[૭] ‖ તું આપ.[૧] ‖ ગીનોઇ આબાદી કરનારૂં[૮] (ચીનવત પસાર કરાવી આપનારૂં), ‖ ભલી જાતી ખેરદવાલું[૯] ‖ ફરઝંદ[૧૦] ‖ કેશ્વરોના* ભેદને એટલે મોક્ષની ગતીના ભેદોને માપનારૂં[૧૧] (દીન-દસ્તુરી કરનારૂં), ‖ અંજુમનને દોરવનારૂં,[૧૨] ‖ પોતાની સાથે બીજાઓની રૂવાન-દરોસ્તી કરાવનારૂં,[૧૩] ‖ †હુવ=સ્વતંત્ર એટલે દ્રુજી ગતીને જીતનારૂં, દ્રુજ-પરહેજ કરીને ખએત્વની એટલે દ્રુજથી સ્વતંત્ર થયલી હાલતને પુગેલું.[૧૪] ‖ §**આજંગ**=સંકટોમાંથી છુટકારો આપનારૂં, ધર્મસંકટને પુગી વળનારૂં,[૧૫] ‖ વીરની ગતીવાળું, ખેરદમંદ પાયદાર રાસ્ત ઝમીરનું[૧૬] (ફરઝંદ આપ), ‖ જે[૧૭] (ફરઝંદ) ‖ મારા[૧૮] ‖ **નમાન**ને=ઘરવાલાઓની સગાંઓની ધર્મની કમાઇ, જે કંઇ રોશન ફેલની તરીકતોથી મેળવી છે તેને,[૨૦] ‖ **વીસ**ને=મોહલ્લાને, ઘરમાંથી બહાર પડેલાઓને એટલે ગુનાહોના રખડાતમાં પડી તડકો, તાપ, સંકટ ભોગવી રહીને ખેરદ કમાઇ રહેલાઓને,[૨૦] ‖ **જન્તૂ**ને=કસબાને એટલે મોહોલ્લાથી વધુ દુરના વિસ્તારવાલાઓને એટલે મરણ પછીની તે બધાંની હાલતને,[૨૨] ‖ **દખ્યૂ**ને એટલે જરથોસ્તીપણાનાં હુઓમીક જ્ઞાન=પુન્યશાળી જ્ઞાન પામવાની સંસ્થા અને તે સંસ્થામાં લાભ લેનારાઓને[૨૩] ‖ તે દખ્યૂમાંથી તે જરથોસ્તીપણાંની યુનીવરસીટીમાંથી જ્ઞાન લઇને જ્ઞાનને પુર્ણ રીતે અમલમાં મુકી અષોઇનો ફાયદો મેળવી રહીને બહાર પડેલાઓ-પસે રતુના દરજ્જે ચઢેલાઓને[૨૪] ‖ વધુ ઉન્નતીએ લાવે-વધુ જોર આપે[૧૯] ‖

---

* જ્યારે કોઇબી દેશ કે જમીનને **કેશ્વર** શબ્દ લાગે છે ત્યારે તે દેશ જમીન રોશન તાલેની નેકીની ભરેલી માટે મોક્ષે લઇ જવાનાં સામાનવાળી ગણાય છે ગેતીને જ્યારે ખનીરથ કેશ્વર શબ્દ લગાડે, ત્યારે તે ખાસ વખતની ગેતીમાં **રામશાહી** હશે એમ અર્થ ઉભો થાય છે. ત્યારે કેશ્વરનો ભેદ ઉભો કરવો એટલે ગેતીને **'ગાંમ'**ની=ગોસ્પંદી ગતીની કરવી, તેમાં મોક્ષનો ચીતાર છે.

† આજનો સ્વતંત્રપણાનો વિચાર ખામ છે. વીસ વરસનો છોકરો-છોકરી પોતાની મરજી પ્રમાણે કરે તેમાં જે સ્વતંત્રતા છે, તે વોહુનની હવસી મતીની છે, કેમકે તેવા જુવાનોમાં વોહુનની પ્રબળતા રહે છે. પણ વોહુનના હવસોને તરીકતની જોતરથી બાંધે, જેમ લડાઈનાં રણમાં લશ્કર બખ્તર પહેરી સાવધાન રહે છે, તેમ બખ્તરરૂપ વસ્ત્રો પહેરી, તરીકત પાળીને મીનીટે મીનીટ બહાર પડતા હવસોના હોમલાઓને મારી હઠાવીને હવસોથી મુક્તિ મેળવે, અને ગવની ગતી જે પરદુખભજનની છે તેની ઉપર હવસોથી ભાર પડે છે તે ભારને દુર કરે; ત્યારેજ ખરી સ્વતંત્રતા આવે છે. હવસોની ગતીનાં મન પ્રમાણે ચાલવામાં હવસોનું જોર વધે છે અને ગવ ઉપર ભાર પડે છે એટલે સ્વાર્થ વધે છે, જે ખરી સ્વતંત્રતા નથી. **રૂવાને પોતાના દએવને સુધારવા જે શરીર ધારણ કીધું છે તે શરીરજ દએવની ગતીમાંથી છે, જેમાંનાં મનમાં તો ભુલજ હોય-એવાં મનનાં કહયાસર ચાલવામાં ખરી સ્વતંત્રતા નથી.**

§ ફુટનોટ માટે જુઓ પાને ૩૫૫ મે.

**(૧૫) દાયાઓ[1] મે,[2] આતર્શ[3] પુથ્ર[4] અહુરહે મજદાઓ,[5] યા[6] મે[7] અંધ્રહત્[8] અક્રસાઓંધ્રહાઓ,[9] નૂરેમ્ચ[10] યવએચતાઇતે,[11] વહિશ્તૅમ અહૂમ[12] અષઍાનાંમ[13] રઍાચંધ્રહૅમ[14] વીસ્પો-ખાર્થ્રેમ,[15] જજે બુયે[16] વંધ્રહાઉચ[17] મીજદે,[18] વંધ્રહાઉચ[19] સ્રવહિ,[20] ઉરૂનએચ[21] દરૅધે[22] હવંધ્રહે.[23]**

**(૧૫)** અએ મીનો આતશ,[3] || અહુરમઝદના[5] || પુથ્ર[4] ફરમાન-બરદાર **'આતર્શ પુથ્ર અહુરમજદ'!** || મને[7] || જે[6] (મારામાં રહેલા આતશનું ખીલવું) આપ,[1] (જે ખરો ખીલેલો આતશ-તું મીનો આતશથી હિદાયત લેતો મારો આતશ) || હાલી-હાલ એટલે જીવતી જીંદગી દરમ્યાન[10] કે || હમેશગી આવે ત્યાં લગી[11] (એટલે ઝરવાને અકરનેના સાત કાળોની આખરીએ કે જ્યારે તે સાહેબમાં મર્જ થવાય ત્યાં લગી) || ભલા સબકો આપનાર, ભલી દોરવણી આપનાર[9] || થાય,[8] || (જે ખીલેલા આતશને જોરે, તેની હિદાયત-દોરવણીને જોરે પાળેલી તરીકતોથી) ઉભી કીધેલી || ભલી બહમનના સંબંધવાલી[17] || મ્યઝદ એટલે દુઆ માંગવાના અવેજમાં, યઝત અને તેની મદદ આવી મળે તેવી ગતી ઉભી કરવાના અવેજમાં,[18] || ભલી બહમનના સંબંધવાળી એટલે પાક મનશ્નીની[19] || અવસ્તા-ખાની કરવાથી આવતી શકિત ઉભી કરવાના બદલામાં, કુદરતનો ભેદ જોઇ-સાંભળી શકાય તેવી ગતીના બદલામાં[20] || રૂવાનને માટેની[21] || લાંબા વખત પુગે તેવી-હમેશ લગીની-હમેશગીની[22] || ખુશાલી-શાંતી-આનંદ મેળવવા માટે[23] || અષોનાંમને‡ લગતુ[13] (**'આ અઈર્યમા'**ની હાલતે

‡ જ્યારે ઈનસાનમાં પુર્ણ ખાકસારી આવે છે ત્યારેજ તેની રજેરજમાંથી 'હું કંઇજ નથી; જે છે તે 'તુંજ' એવો નાદ નીકળીને એક **ભલી કેરદાર** તેની અઇપિમાં ઉભી થાય છે, **જેની અંદર પહેલે અષીશ વંઘૂહુની ગતી વસે છે.** અષીશ વંઘહુ પછી પોતાના આશીષોથી ત્યાં ક્રવષિનો વાસો કરાવે છે. આવું તન પછી રૂવાન કે જેમાં અત્યંત ખાકસારી હોવાને લીધે ફરોહરની હમરાહી રાખે છે-એટલે તે રૂવાન સાથે ફરોહર હોય છે-તેવાં રૂવાનમાં મળતું જાય છે. આમ થવાથી તે ઇનસાન નર-નારીને ક્રવષીનો ભાશ આવે છે. આવી હાલતે પુગેલા ઇનસાનોના ત્રણ તબકકા છે, જેઓને અઇર્યમા-સઓક અને અષીના તબકકા કહે છે. 'અઇર્યમા'થી 'સઓક' ચઢતો અને 'સઓક'થી 'અષી'નો તબકકો ચઢતો રહે છે. આવા અઇર્યમાના તબકકાવાલાને અષોનાંમ ક્રવષીનાંમના તબકકાવાલો કહે છે, અને બીજાઓને પોઇર્ય-ત્કએષનાંમ ક્રવષીનાંમ અને નબાનજદીશ્તનાંમ ક્રવષીનાંમ કહે છે.

પુગીને ફ્રવષીનો ભેદ પામેલાઓને લગતું) ‖ વહિશ્તેમઙ્ અહૂમનું બહેશ્ત[13] ‖ રઓચ-પુર નુરી ગતીના ચળકાતવાળું,[14] ‖ પુર્ણ ખાસ્તરનાં પુર્ણ ખેંચાણ-

---

§ **આજ્ંગ**=દુખ અને **રવંઘ્રુહ**=સુખની જોડના જુમલાથી મુક્તિ આપનાર અને તે દાદાર જે કંઈ હાલત મોકલે તે ઉપર સાબેત કદમ **રાખનાર** હાલતને સામાન્ય રીતે બહેશ્તની હાલત કહે છે. નીસ્તી-ગેતીમાં આવી **બહેશ્તની** અનેક હાલતો છે. ખુદ જીવતી જીંદગીમાં ઈનસાન જો પોતાની હાલત ઉપર કનાઅત પકડે અને સંસારની અવળી ગતીને દુખ તરીકે નહિ ગણતાં ફરજ ગણીને વૃદ્ધિ માટે અવશ્યની માટે જરૂરીઆતી ગણે, તો તેવા ભોગવટાને **'પાદેફ્રાહ'** કહે છે, જેમાં એક જાતની પુર્ણ રીતની તસલ્લી-રાહત રહે છે. આવી કનાઅતની **હાલતબી** બહેશ્ત જીવતાં જીવત મેળવી શકે છે અષોઇના સાહેબો જ્યારે પોતાના ત્રણ-છ-નવ કશમાં હોય છે, ત્યારેબી તેઓ બહેશ્તમાં હોય છે, એટલે અષવનો આ જડ ગેતીથી કીનારે-કશ થાય છે ત્યારેબી તેઓ ફેરદોશમાં-બહેશ્તમાં હોય છે. ઘણા મોટા અષવનો **'અવિથ્રીષ્વ'**માં એટલે **'ગામ'ની જગત-ગોસ્પંદી જગત કે જ્યાં સુદલ દુખ નથી ત્યાં હોય છે**, ત્યારેબી બહેશ્તમાંજ હોય છે. ગુજર્યા પછી રૂવાન પોતાનો બંદદરોશ ઉકેલી સેશબ દુર કરે છે તે વખતે અને ચીનવત ઉપરબી તે બહેશ્તમાંજ હોય છે. ચીનવત ઉપરનું બહેશ્ત **પાદ-ફ્રાહ**ના ભેદનું રહે છે એટલે એક જાતની શીક્ષા ખુશીથી ખમીને-તે શીક્ષા મળી તેની શુક્ર કરી દાદારનો ઉપકાર માનવે તેવું રહે છે, કેમકે તેમાંથી ભલી આસ્ને ખેરદ એટલે બઓદ અને રશ્નુના સત્યસંગની ખેરદ ઉભી થાય છે. જે કોઇ ઘણો ગુનાહગાર હોય તેના ચીનવતને **'ગેરાન પહોલ'** કહે છે, જેને આપણે આજે છરીની ધાર જેવો ચીનવત કહીએ છીએ, કેમકે તેને માટે તનાસક ઉભો થાય છે. આવા ગેરાન પહોલની **પાદે ફ્રાહ** ભારી રહે છે, જેમાં દુખ જેવું તો રહેતુંજ નથી પણ ઉમેદે-બેહીનું જોમ રહે છે અને જે કંઈ તનાસકનો એજાબ હોય તેને ખમીને પાર પાડવાનો-ખમી શકવાનો મકકમ ઠરાવ હોય છે. એમ ત્યારે ચીનવત ઉપરના પાદે ફ્રાહવાળાં બહેશ્તની ગતી જો કે કુદરતમાં શીક્ષા તરીકેની છે પણ તેમાં ઉત્સાહ અને ઉમેદે-બેહીનું જોમ રહે છે. **ખુદ સેશબ બી પાદફ્રાહનીજ હાલત છે**. પણ ચાર પાયા વગરનું એટલે જરથોશ્તી રીતીથી મરણનો સંસ્કાર નહિ પામેલું રૂવાન ગેતી તરફ ખેંચાયલું માટે બી સેશબનુંજ હોય, પણ તે હાલત **પાદેફ્રાહ**ની નથી. તેમાં **'તોજશ્ને તાવાંન્ દીન્'** એટલે દુખરૂપ શીક્ષાનો ભેદ છે, જેને બહેશ્ત નહિ કહે, જેને દુઝખમાં બળવું એમ કહે છે, કેમકે રૂવાને પોતાની રચનો પ્રકાશ મેળવ્યો નથી તેથી તે દુખના ભેદ ઉપર કનાઅત મેળવી શકતું નથી માટેજ તે રૂવાન નાસબરી બતાવે છે. મરણ પછીની આવી બહેશ્તની અનેક હાલતો હોય છે, જે બધામાં શ્રેષ્ટમાં શ્રેષ્ટ આ **'વહિશ્તૅમ્ અહુમ્'**ની હાલત છે. આ **હાલતથી** વધુ ચઢતી હાલત **સ્તર્દ-પાયા બહેશ્ત,** જે મીસ્વાને-ગાત્વે-અન્વલમાં છે, તેની છે.

(ફુટનોટ માટે જુઓ પાને ૩૫૬ મે).

વાળું એટલે અહુરમજદ લગી પુગી શકાય તેવા રાદ પદવંદનાં ખેંચાણ-વાળુ[૧૫] ‖ હું મેળવું.[૧૬] ‖

**(૧૬) વીસ્પએઇબ્યો[૧] સસ્તીમ્[૨] બરઇતિ[૩] આતર્શ[૪] મજ્-દાઓ અહુરહે,[૫] યએઇબ્યો[૬] અએમ્[૭] હાંમ-પચાઇતે,[૮] ક્ષાફ્નીમ્ચ[૯] સૂઇરીમ્ચ,[૧૦] વીસ્પએઇબ્યો હુચ[૧૧] ઇજયેઇતે[૧૨] હુઁઅૅરૅતીમ્ચ[૧૩] ઉશ્ત-અૅરૅતીમ્ચ,[૧૪] વન્ત-અૅરૅતીમ્ચ,[૧૫] સ્પિતમ.[૧૬]**

**(૧૬)** તે બધાઓ પાસેથી[૧૧] ‖ અએ સ્પિતમ ઝરથુસ્ત્ર,[૧૬] ‖ તે આતશ[૪] (આથ્ર પુથ્ર અહુરમઝદ) ‖ ભલી રીતે એટલે તે એક સાહેબનું તેપણું 'હૂ' જે યઝતોમાં તે આતશમાં છે તે મેળવવા **તેપણાંને** છાજતી લઇ જવાયલી, ભલી ગતી કરાવી આપનારી એટલે ભલા મિથ્ર સાથની, દીનદારીના આતશ તરફના પુર્ણ માનવાળા મિથ્રથી લઇ જવાયલી ભેટ,[૧૩] ‖ તેવું 'તેપણું'–'હૂ' તે આતશથીજ મળશે એમ આતશથીજ આગળ વધવાના મિથ્ર સાથની–પુર યકીન સાથે લઇ જવાયલી ભેટ[૧૪] ‖ તેવા **'તેપણાં'**–'હૂ'ની સાથે રહેલા ખરા પ્રેમની ગતી જે યઝતોમાં અને તે આતશમાં છે તેવો તે મીનોઇ ઇશ્ક મેળવવા લઇ જવાયલી આતશ તર-ફના પુર્ણ ભકિતભાવના પ્રેમ-ઇશ્ક સાથે લઇ જવાયલી ભેટ[૧૫] ‖ માંગે છે, ઇચ્છે છે,[૧૨] ‖ એવા બધાંઓ (ભેટો લઇ જનારાઓ) માટે[૧] ‖ અહુર-મઝદનો[૫] ‖ આતશ જે ખાકી આતશમાં જાગૃત થયો છે તે[૪] ‖ જ્ઞાન અને ભાન આપતા 'દરસો' એટલે ખેરદ ઉભી થાય તેવી ગતી[૨] ‖ લઇ જાય છે,[૩] (ખેરદ ઉભી કરાવે છે, ઉંચા શીક્ષણો આપી ખેરદ ઉભી કરાવે છે), ‖ કે જેઓને માટે[૬] ‖ ક્ષફ્નની* ગતીમાંથી–ચળવળો જે તે કરી રહે છે,

---

(પાને ૩૫૫ મેથી ફુટનોટ ચાલુ).

મીસ્વાનની ઉપર હસ્તી આવે છે. આ હસ્તીમાં **ગરોન્માનની** હાલત ઉંચામાં ઉંચી છે. મીનોઇમાં **અનધ્ર રઓચાઓની** હાલત તેથીબી ઉંચ છે. **આ બધી હાલતને મીનો અને શામની ફ્નૂમન:–'અનધ્ર રઑચાઓ ખદાતાઓ યજમઇદે રઑક્ષ્નૅમ્ ગરો-ન્માનૅમ્ યજમઇદે, મીસ્વાનૅમ્ ગાતુમ્ ખદાતૅમ્ યજ-મઇદે, ચીન્વત-પૅરૅતુમ્ મજ઼્દદાતાંમ્ અષઑનીમ્ યજમઇદે'માં યાદ કીધી છે. નીસ્તી-ગેતીમાંના બધાં બહેશ્તની હાલતને ગરો-દેમાન કહે છે, જેને ગરોથ્માન કહે છે. પણ હસ્તીમાંની ઉંચ હાલતને 'ગરોન્માન' કહે છે.** આમ બહેશ્તની વીગત છે.

* **'ક્ષફ્ન્ય'** એટલે અંધકાર જે ખાસ રાત્રે જામે છે તેને લગતું અને **'ક્ષાફ્ન્ય'**=રાત્રીના અંધકારને વખતે થઈ રહેલું પકેલું ઉભું થયલું

(ફુટનોટ માટે જુઓ પાને ૩૭૭ મે).

રાત્રીની મીનોઇ અંધીકારની ચળવળો જે થઇ રહે છે તેઓમાંથી,[9] || (તેમજ) દીવસના વખતની ચળવળો જે થઇ રહે છે તેઓમાંથી[10] || અએમ=ને ખાસ ચીજ=રૂવાન-દરોસ્તી કરાવનાર ચીજને[7] || પકાવી આપે છે=ઉભી થાય એમ પકવી આપે છે.[8] ||

**(૧૭) વીસ્પનાંમ[1] પર-ચરૅન્તાંમ,[2] આતર્શ[3] જસ્ત[4] આદિ-દય.[5] ચીમ[6] હુખ[7] હુર્તે[8] અરદતી[9] ફ્રચરૅથ્વાઓ[10] અર્મએષાઇદે.[11] આતરૅમ[12] સ્પૅન્તૅમ[13] યઝમઇદે,[14] તખ્મૅમ[15] હુન્તૅમ[16] રથએ-શ્તારૅમ.[17]**

**(૧૭)** (તે મીનો ગતીનો આતશ જે અહુરાનો છે, અને સામેના ખાકી આતશમાં જાગૃત થઇને ભણનારના આતશ સાથે પેવંદ કરી શકે તેવો છે, તેવો તે આતશ તે ભણનાર (સામેના ઇનસાન) સાથે રાદ પેવંદ કરવા માંગે છે-મળવા માંગે છે, એમ ઇનસાનોની સદ-ગતી કરવા ઇચ્છે છે, તેમ કરવા તત્પર છે, તેવા તે આતશના મિથ્ર ચાલે છે કે લોકો મારો લાભ લઇને મુક્તિએ પુગે, માટે કહે છે): || બધા[1] || ચાલતા એટલે આતશ

---

(પાને ૩૫૬ મેથી ફુટનોટ ચાલુ).

એટલે રાત્રીના વખતની બધી બુરી ભલી ચળવળોનો આખરનો ભલો નતીજો; એવીજ રીતે '**સૂઈરય**' સુરજની રોશનીને લગતું એટલે દીવસમાં થયલી ભલી બુરી ચળવળો અને તેઓમાંથી ઉભો થતો પકી આવતો આખરનો ભલો નતીજો. અહિંયા દીવસ માટે '**સૂઇર્ય**' શબ્દ વાપરેલો છે જે સંસકૃત ભાષામાંબી ચાલુ છે. ખુરશેદ માટેનો બીજો ખાસ શબ્દ '**હવરે**'ને વાપર્યો નથી '**હ્વર**'નો શબ્દ તો યઝતી ગતી જે હવરે ક્ષએતમાં છે તેની ખાશ્કારી માટે અપાય છે. પણ દીવસમાં જે જે ક્રીયાઓ માનવથી ભલી બુરી રીતે થશે તે દેખાડવા '**સૂઇર્ય**'નો શબ્દ વપરાય છે. અહિંયા કહે છે આતશમાંની ગતી શરીરમાં રહીને દીવસ તેમ રાત્રીના ભોગવટાઓ કરાવી કરાવીને પછી તેઓમાંથી આખરે ભલી ગતી પકવી આપશે. જેમ ખોરાકને આતશ ઉપર પકવવે તે ખવાય તેવો થાય છે તેમ બુરી કરણીને ભોગવટાઓના આતશથી પકવવે આખરે તેઓ રૂવાનથી ખવાય તેવી એટલે ભલી થાય છે એમ અહિંયાં કેશાશનો એટલે ભલાને ભલાઇનો-બુરાને બુરાઇનો બદલો મળીને આખરે બધું ભલાઇમાંજ આવીને ઉભું રહેશે, જે આતશ વગર બીજો કોઇ કરી શકે નહિ તનો ભેદ કહયો છે. આતશને ઉપર કહી છે તેવા ભેટો આપવે તે આતશ ઇનસાફથી જેટલો બને તેટલો કચરો બાળીને તેમાંથી નેકી ઉભી કરી આપશે. કચરો બળતી વખતે બુરી ગંધ ખમવી પડે યા નહિ પડે તે તો ઇનસાફના હાથમાં છે, કેટલી શીક્ષા કેવી ખમવી તે ઇનસાફ ઉપર રહયું છે, પણ તે ખમવામાં સબુરીની શકિત તેને આવી મળશે.

પાસે આવતા "ભકતોના[૨] || હાથ તરફ[૪] || આતશ[૩] || નજર ફેંકે છે.[૫] || કઇ રીતની-કેવી[૬] (ભેટ દુન્યવીપણાંની મુરાદની કે રૂવાન-દરોસ્તીની મુરાદની ભેટ) || તે ચાલતો[૧૦] || દોસ્ત[૭] (સગો એટલે ભકત) || (તે આતશમાં તે "વન્ત ઑરૅતીમ્"ની ભેટ પુણ્ય ઇશ્કથી લઇ જઇને રાદ પદવંદ કરે એમ તે તે આતશનો સગો થાય, દોસ્ત થાય, તેવો તે દોસ્ત-ભકત) || સ્થાપીત થયલા 'દાઇત્યેગાહ'=કાયદાસર તખ્ત-નશીન થયલા ખાકી આતશ, કે જે દાદગાહનો કે ઘરનો હોય કે આદરાનનો કે વરહરાનનો હોય, તેમાં વસતા[૧૧] || તે દોસ્ત=તે ગીનો અહુરાના આતશને માટે[૮] || કઇ રીતની-કેવી (દુન્યવી કે રૂવાનને લગતી) ભેટ[૯] || લાવે છે.[૬] || (આતશની આવી કરમ બક્ષેશ તે ભણનાર માંથ્રથી ગ્રહણ કરીને તેની સાથે રાદ પદવંદ કરે છે અને મુકિત કમાય છે, માટે માંથ્ર (નીરંગ) ભણે છે કે) || સ્પેન્તી કરનાર[૧૩] || અએ મીનો આતશ, જે દેખીતામાં રમી રહયો છે, પ્રદર્શીત થયો છે, તે કે જે[૧૨] || જોરાવર, તેહમ-તની બદીને મારે તેવો[૧૫] || **હુન્તૅમ્**= અહુ=ગીનોઇ સ્વભાવ, દએના=અહુરમઝદ વસેલા અંતકરણ, અને બઓદ= યઝદી ગતીની બુદ્ધી બોધ રાખતો હોય અને આપી શકે તેવો જીવતો જાગતો[૧૬] (છે અને) || સ્થએસ્તાર=ખરો લડવૈયો, અહીની **દસ્યલ** ગતી= ખરફસ્ત્રી ગતીને મારીને તેને ગવની પરદુખભંજનની ગતીમાં ફેરવી શકનારો છે, તેની સાથે[૧૭] || હમો એકતાન થઇએ છીએ[૧૪] (તેની સાથે હમો રાદ પદવંદનું જોડણ જોડીએ છીએ-તેના મિથ્રમાં હમારા મિથ્ર, તેના ઉશ્તાનમાં હમારૂં ઉશ્તાન, તેના સ્તોતોમાં હમારા સ્તોતોને મેળવી દઇએ છીએ). ||

**(૧૮) આઅત્[૧] યેજિ[૨]-ષે[૩] અએમ્[૪] બરઇતિ,[૫] અએસ્મૅમ્[૬] વા[૭] અષય[૮] બરૅતૅમ,[૯] બરૅસ્મ[૧૦] વા[૧૧] અષય[૧૨] ફ્રસ્તરૅતૅમ,[૧૩] ઉર્વંરાંમ[૧૪] વા[૧૫] હદાનએપતાંમ.[૧૬] આ-હે[૧૭] પસ્ચએત[૧૮] ફ્રીનઇતિ[૧૯] આતર્શ[૨૦] મજદાઓ અહુરહે,[૨૧] ક્ષ્નૂતો[૨૨] અતબિશ્તો[૨૩] હુધ્દંઘ્રહુમ.[૨૪]**

(૧૮) (આવા જીવતા જાગતા આતશની આગળ) ત્યારે[૧] || **યેજિ-ષે** અએમ્=અગરજો કોઇ તે ખાસ ચીજ[૨ ૩ ૪] || (એટલે અરેદ્ર=ભેટ લઇ જનાર) || 'અએસ્મ'ને[૬] (અષોઇ અર્પણ કરવાનાં વહાણને) || એટલેઅથવા[૭] || અષોઇમાં ચકચુર-અષોઇને ધરાવવાને[૮] || અર્પણ કરવા લઇ જવાવલી ચીજના હદીઆને,[૯] || બરસમને[૧૦] || (ભલાઇને પાંથરનાર, બુરાઇને ઘેરી સંકોચાવીને ભલાઇમાં ફેરવી શકનાર ચીજને) || એટલે અથવા[૧૧] || અષોઇમાં ચકચુર-અષોઇને

ધરાવીને[૧૨] || પાંથરનાર ચાલુ કરાવનાર ચીજના હદીઆને[૧૩] || 'ઉરવર'ને=યઝતી ગતીના આશીરવાદ રાખતી નબાતાતને[૧૪] || એટલે અથવા[૧૫] || 'હુદાન-એપત'ને, હમેસ્ગીની એટલે અમર ગતી અને ફ્રેંરેશો=ઉંલાશ-શાંતી ઉભી કરતી-રાખતી, દુખ નીવારણ કરવાનું જોર રાખતી, ખુશ બુય જે મીજાઝને શાંત કરી સવાબ તરફ લઇ જાય છે, જેમાં આતરે-ફ્રેબાનો સંબંધ છે, તેવી ચીજ જેવી કે સુખડ કે દાડમની ડાંખલીના હદીઆને[૧૬] || (આતશ નઝદીક) લઇ જાય,[૫] || આ-હે=તે લઇ જનારને[૧૭] || પછીથી[૧૮] (એટલે તે સ્થુલ આતશને અષોઇ જમાવનારી ભેટો અપાવી તે માંહેલા મીનો આતશની મીનો ગતીને તેમાં વધુ સાબેત રીતે જાગૃત કીધા પછી એટલે આતશની મીનો જીંદગી લંબાવ્યાથી) || ખુસ્નુદ થયલો,[૨૨] || અખ્તી* બાળવાનાં કામથી

---

*** હધ્દંઘ્હુમ અને અત્બિશ્તો શબ્દો બાબે નોંધ: આતશ જે અખ્તી બાળવાનાં કામથી નીરાળો માટે દોષથી દુર થયો છે તે વીષે :—**

આતશ કુળ સૃષ્ટીનું મુળ છે. આતશને અહુરાનો પુથ્ર ફરમાન-બરદાર કહયો છે, તેટલા માટે અહુરાની જગતમાંની અખ્તી=જાતજાતની બુરાઇને બાળીને સાફ કરનાર કહયો છે. '**પુથ્ર**' શબ્દમાં બે મુરાદ છે: (૧) અહુરમજ્દનો પુત્ર, ખાદેમ, ફરમાન-બરદાર; તેમ (૨) **પૂ**=સાફ કરવું તે ઉપરથી ખાદેમપણાનું કામ જે બાળીને સાફ કરવાનું છે તેમ કરનાર એમ બે અર્થ છે. ત્યારે રજેરજમાં આતશ છે, જે તે રજની બુરાઇનો ભાર ખમી તેના સ્વભાવને સળગાવી વધારી તકવો આપીને, પછી તેમાંની બદી જેને અખ્તી કહે છે તેને બાળીને શુધ્ધ કરી રહે છે. આમ રજેરજનો ભાર દોશ-ત્બેષને આતશ રાખે છે. જ્યારે આતશ તેના દોશને બાળીને તેને સમો અને ભલો કરે છે, ત્યારે આતશ ઉપરથી ભાર ઓછો થાય છે. આવા આતશ '**અત્બિશ્તો**'=દોશથી નીરાળો થયલો, '**ક્ષ્નૂતો**'=અહુરમજદની ખુશાળી કરીને ખુશાલ થતો, '**હધ્દંઘ્હુમં**'=અહુરમજદના રાદ પદવંદવાળો, અહુરમજદના જેવા અંતકરણવાલો માટે તૃપ્ત થયલો એટલે કામ સફળ થયું છે માટે શાંત થયલો કહયો છે. '**હધ્દઅંઘ્હુ**' શબ્દમાં **હધ્દ** અને **અંઘ્હુ** બે આકારો છે. **અંઘ્હુ**=ભલો અહુ=અહુરમજદના સ્વભાવને ('**હચ**' ઉપરથી, '**હધ્દૃ**' પહોંચેલો-પુઠે જતો એટલે કામ કરવા આતુર અને કામ કરીને તૃપ્ત થયલો એવો અર્થ છે. ત્યારે આતશ કુદરતમાં મહાન કામ કરી રહે છે. **રજેરજની હયાતી આતશનેજ લીધે છે તે રજેરજના આતશને તેનાં કામમાં સવળતા અપાવવાનો ધર્મ આપણો છે, માટે રજેરજનો ઇસરાફ નહિ કરવાનો હોકમ છે,** માટેજ આતશ તરફ બેઅદબી નહિ બતાવવાનો હોકમ છે, અને એવા બધા આખી સૃષ્ટીના મુળમાં મુળ તરીકે કામ કરતા આતશોને મદદ આપવા **આતશ**ના આલાતો નામે દાદગાહ-આદરાન-વરહેરાન કીધા છે-તેઓને સજીવન રાખવે તેઓ રજેરજના આતશનાં કામને મદદ આપી શકે છે. માટે **આતશ ઉપર સુખડ ચહાવી તે આતશને જારી રાખવામાં અણુહદ પુન્ય અને બેનમુન, બીન હરીફ પરોપકાર છે.**

નીરાળો–ફ્રારેધ થયલો–બુરાઇને સુધારવાને, સુધારવાના શ્રમમાંથી નીરાળો–ફ્રારેધ થયલો એટલે દાદ્દગ્યોગાહ તખ્તનશીન થયલો–આતશની નીઆએશ અને ભલા હદીઆથી બન્નેથી ભલી ગતી પામતો–જગતની બુરાઇને બાળવાથી રાહત પામતો–ફ્રારેધ થયલો,[23] || હુધ્રઃંધ્ર હુમ[24]=(અંગ્રહુ=અંતકરણ અને તેના ભલા સ્વભાવને હુધ્રઃ=હુચ=પુઠે જવું પુગવું એટલે) ભલાં અંતકરણ (દએના) અને તેનો સ્વભાવ (અહુ) અને તેઓની ઉપર પડતા **બઓાદ**=યઝતી આશીરવાદથી થતી બુદ્ધી રાખનાર અને તે પ્રમાણે કામ કરનાર[24] (માનો આતશ) || દુઆ દે છે કે[19]:—||

**(૧૯) ઉપ–થ્વા[1] હક્ષોઈત્[2] ગેઉશ્[3] વાંથ્વ,[4] ઉપ વીરનાંમ્[5] પૅાઉરૂતાસ્.[6] ઉપ–થ્વા[7] વૅરૅજ્વત્ચ[8] મનો,[9] વૅરૅજ્વતિચ[10] હક્ષોઇત્[11] અંઘ્રઉહ્.[12] ઉર્વાક્ષ્[13]–અંઘ્રઉહુ[14] ગય[15] જિધ્રએષ,[16] તાઓ[17] ક્ષપનો[18] યાઓ[19] જ્વાહ્રી.[20] ઇમત્[21] આથ્રો[22] આક્રિવનૅમ,[23] યો[24] અહ્માઇ[25] અએસ્મૅમ[26] બરઇતિ[27] હિકૂશ,[28] રઓાચસ્–પઇરિશ્તાં[29] અષહે[30] બૅરૅજ[31] યઓાજ્હ્દાતાં.[32]**

(૧૯) તારે ત્યાં[1] (તારાં રૂવાનના સંબંધના) || ગવની–પરદુખભંજનની ખાસીઅત રાખતા[3] || (તારા રૂવાનને લગતા અંશોનો–તારાં રૂવાન સાથના તાલુકો રાખતાં બીજાં રૂવાનોનો) જમાવ અંજુમન[4] || ઉગતી વધતી રહેજો[2] (એટલે તારાં રૂવાનને લગતા અંશો ગેતીના રખડાતમાં પડયા

---

† **"વીરનાંમ્"** બાબે સમજ:-ઇનસાનનો જાન અહુરમજ્દની બક્ષેશ છે. અહુરમજ્દે પોતાની અમર ગતીના બગ ખોરદાદ અમશાસ્પંદના ઉરવરમાંથી એક ડાળી નામે **"વન-સએન" "વન-ઝવીત-બીશ"** કાઢીને તેઓને નીસ્તીમાં રાખીને તેઓમાંથી જગતને અને જગતની દરેક વ્યકતીને જીવ આપી જીવતાં રાખ્યા છે; ગોયા તે વન-ઝવીત-બીશ કહેતાં જીંદગી આપતાં ઝાડે જગતનાં ઝાડને તેમ જગતમાંની રજેરજની હયાતીનાં નાનાં ઝાડોને ઉગાડયાં છે. **ત્યારે જાન આ વન-ઝવીત-બીશ-ઝાડની એક ડાળ છે.** આવા જાનની સાથે અનેક ગુણો રહે છે, જેમાંના એક ગુણને **વીર** કહે છે. વીરની શકિતથી ઈનસાન પોતાની મની ઉપર–મન ઉપર–હવસો ઉપર કાબુ રાખીને અહુરમજ્દની સેવા કરી શકે છે ત્યારે **'વીર'માં ભલાઇની બાજુ તરફ રહેવાની પાએદારી–મકકમપણું—હીમ્મત—ઉમંગ—ફીરોઝગરી—ખુશાળી—પરદુખભંજનપણાના માનસીક-ઉરવાનીક-નઇતીક ગુણોનો** ભેદ રહયો છે. **આ 'વીર'ને આસ્નેને વીરની સાથે ભેળવું નહિ.** આસ્ન વીર તો ઇનસાન બદનમાં આવતા યઝતી રૂવાનની બઓદ જે યઝતી ગતીની રહે છે તે બતાવે છે. ૮૧,૦૦૦ વર્ષના **એક દોર=ઝરવાને દરેયો ખદાતમાં આસ્ને વીર એકજ રવાનને મળે છે, જેવણુને જરથુસ્ત્ર કહે છે.**

હોય તેઓ તારી તરફ ખેંચવાની રય—અંતરજ્ઞાન ઉભુ કરી, તારી આસપાસ જમા થાઓ!) ‖ †વીરોનો[५] (સાબેત કદમ ઉપર ઉભા રહી જગતનું કલ્યાણ કરી મુકિત મેળવનારાઓનો) ‖ વધારો[६] ‖ તારે ત્યાં વધતો રહેજો![२] (તારાં રૂવાન સાથના સંબંધનાં બીજાં રૂવાનો પોતાનાં શરીરમાં તેમ તારાં રૂવાનને લગતા અંશો જે જમાદાત—હેવાનાત—નબાતાતમાં હોય તેઓ પોતાનાં બદનમાં ગવ—દરોસ્તીનું જોર અને હવસોને જીતવાનું જોર પામતા જઇને તુંને તેમાં મદદ કરી કામ સરંજામ કરે એટલે દુજને જીતી ખએત્વ મેળવે). ‖ તારાં શરીરમાં[७] ‖ તરીકતને પાળનાર—પરદુખભંજનનું નીષ્કામ વૃત્તીનું કામ કરનાર[८] ‖ મન[९] (ઉભુ થજો, વધતું જજો)! ‖ **(તારી) જીંદગી, (તારો) સ્વભાવ[१२] ‖ તરીકતને પાળનારો[१०] (એટલે પરદુખભંજનનાં બીન—સ્વાર્થનાં કામમાં) ‖ વધતો રહેજો![१३]** ‖ ખેંચાઇ રહેતી*—ચાલી રહેતી[१७] ‖ રાત્રી લગી એટલે જીવતી જીંદગીના વખત લગી[१८] (જે નાશવંત હોવે અને દુખ—સુખ લાવનાર હોવે—ત્રાજવાંના કાંટાના મધ્યની માફક પતમાનનો માટે સત્યરૂપનો એટલે અમર નહિ હોવે પણ જેમ પલ્લુ ઉપર નીચે જાય છે તેમ ઉપર નીચે જતો પુન્ય—પાપ કરાવતો, સારૂ—માઠું કરાવતો—બોલાવતો હોવે તેને અંધકાર રૂપનો કહયો છે એટલે કાળાશવાળો માટે રાત્રીનો કહયો છે—તે વખત લગી) ‖ તું જીવે[२०] ‖ તે અરસામાં[१९] (અઇયામમાં)* ‖ ઉરૂ થવાની, મોક્ષે પુગવાની ખુશાલી આપતાં[१३] ‖ અંતકરણ સાથે[१४] (એટલે તે ક્ષપ=અંધકારના તીરે ગોહરવાળા જીવતી જીંદગીના વખતની દુખવાલી ગતીથી આઝાદ થઇને) ‖ જીવને[१५] ‖ જીવાડવાની તાકાત મેળવજે.[१६] ‖ (જીંદગીના ઉપર કહયા છે તેવા વખતમાં દીવસ અને રાત્રી બે પ્રકારો હોય છે. દીવસમાં તો શુભ ગતી ઉભી થવાનાં ઘણાં કારણો થઇ રહે છે, કેમકે તે વખતે રવીનું ભારે જોર રહે છે. પણ રાત્રીનો વખત તે તીરે ગોહરનો છે, એટલે જે ગોહર અંધકારના મીજાઝનું, નાશ કરવાના મીજાઝનું છે તેનો છે. આવી રાત્રીના તીરે ગોહરના વખતમાં અહીરીમન જીવ તોડવાની બહુ મહેનત કરે છે, પણ જીવ એકદમ તુટવાને બદલે હલકી ગતીના મીજા-

---

* અહિંયાં **તાઓ** શબ્દ સર્વનામ જેવો નથી. પણ 'તન' ખેંચાવું ઉપરથી થયલો છે, **'તાતાઓ આપો'**=વહેતા પાણીમાં **'તા'**નો અર્થ વહિ રહેવાનો છે તેવી રીતે વહેવાનો એટલે ચાલી રહેવાનો, પસાર કરવાનો, ચાલુ એવો અર્થ રાખે છે. તેમ **'યાઓ'** શબ્દબી સર્વનામ જેવો નથી પણ **'યા'** જવું ઉપરથી પસાર થવાનો અરસો એમ અર્થ રાખે છે. આ બેઉ શબ્દો verbal adjective જેવા દીસે છે. ક્રીયાપદના મુળ ઉપર **'યઅ'** લગાડવે એવા વિશેષણ થઇ રહે છે તે ધોરણ ઉપર આ બે શબ્દો થયલા લાગે છે.

ઝવાળો થવાથી જેટલી રાત્રી તે જીવે તેટલી રાત્રી જીવ હવસોવાળો અને જલદીથી ચાલીને જલદી તુટી જવાની ધાસ્તી આપતો હોય છે, એમ એક રૂવાન ઉપર ભાર વધતોજ રહે છે, જેને રોશન ફેલથી કારદાનીથી ઓછો કરવો જોઇએ. ત્યારે **આવી રીતે એઝાબ વધારે એવી ગતી રાત્રે દરેક જણ પસાર કરે છે. આ રાત્રીના એઝાબને જેટલો ઓછો કરે તેટલી જલદી મુકિત મળે છે.** માટે કહે છે કે રાત્રીના એઝાબ વધારવાના વખતમાં એઝાબને તોડવાની ગતીવાળી કારદાનીથી, તેવાં મોતેબર રોશન ફેલના અમલથી "ઉર્વાક્ષ અંઘઉહુ"=ખુશાલીવાળાં, મીનોઇ શાંતીવાળાં, માટે તીરે ગોહરની અસરથી નીરાળાં થયલાં અંતકરણ રાખીને 'ગય'=જીવને 'જિઘએષ'=જીવવાની શકિત આપજે). || જે કોઇ[24] || તેને માટે તે આતશને માટે[25] || સુકકા[28] || રોશનીમાં તપાસેલાં[29] (જીવ જીવાત વગરના એટલે કંઇબી રીતની નજીસાત સ્થુળ યા સુક્ષ્મ રીતે વળગી નહિ હોય પણ તે લાકડાંની અંદરના આતશનો આતરે ફ્રોબાની ખુબીવાળો મીજાજ તે લાકડાંની અઇપિમાં જામી રહે તેવી ગતી પામેલા હોય તેવા) || યઓજની ગતી મેળવેલા અને આપી રહેતા[32] (એટલે પોતામાંના આતશને છઠઠા ગરોન્માનના આતરે ફ્રોબાના આતશની શકિત જેને 'યઓજ' કહે છે ત્યાં લગી પુગાડી શકે તેવી હાલતે પુગીને તેવી 'યઓજ'ની ગતી આપી રહે તેવા થયલા ટુંકમાં) પવિત્રાઇ મેળવેલા અને આપી રહેતા || અષોઇની[30] || બુલન્દીવાળો પ્રકાશનો[31] (એટલે આતરે ફ્રોબા જે છઠઠાં આસ્માનનો આતશ છે, જે આતશથી અષોઇ ઉગી જાહેર થઇ શકે છે તેવા આતશ સાથે સંબંધ રાખતો) || અએસમના હદીઆને[26] || લઇ જાય છે[27] || (તેને માટે) || એવા[21] (ઉપર કહી તેવી) || આતશની[22] || દુઆ છે.[23] ||

**અહુરમજદ (બીરતા પઢવું) ખોદાએ, અવજુનીએ મરૂદુમ, મરૂદુમ સર્દગાંન્ હમા સર્દગાંન્, હમબાયસ્તે વેહાંન્, ઑઍમ્ બેહેદીન્ માજદયસ્નાંન્ આગહી આસ્તવાની નેકી રસાનદ્; અએદૂન બાદ્. (કુશાદે યાને પ્રગટ પઢવું) યથા અહૂ વઇર્યો ૨.**

**યસ્નેમ્ચ વહ્મેમ્ચ અઓજસ્ચ જવરેચ આફ્રીનામિ; *આથ્રો અહુરહે મજદાઓ પુથ્ર, તવ આતર્શ પુથ્ર અહુરહે મજદાઓ;**

**આથ્રો અહુરહે મજદાઓ પુથ્ર, ખ્રરેનઘ્રહો સવંઘ્રહો મજદદાતહે, અઇર્યનાંમ ખ્રરેનો મજદદાતનાંમ, કાવયેહેચ ખ્રરેનંઘ્રહો મજદદાતહે;**

* સમજ માટે જુઓ ઉપર પાને ૩૩૯ થી ૩૪૪ મે.

આથ્રો અહુરહે મજદાઓ પુથ્ર, કવોઇશ હુઑસ્રવંઘ્રહે, વરોઇશ હુઑસ્રવંઘ્રહે, અસ્નવન્તહે ગરોઇશ મજદદાતહે, ચએચિસ્તહે વરોઇશ મજદદાતહે, કાવયેહેચ ખરૅનંઘ્રહો મજદદાતહે;

આથ્રો અહુરહે મજદાઓ પુથ્ર, રએવન્તહે ગરોઇશ મજદદાતહે, કાવયેહેચ ખરૅનંઘ્રહો મજદદાતહે;

આથ્રો અહુરહે મજદાઓ પુથ્ર, આતર્શ સ્પૅન્ત રથએશ્તાર, યજત પૅાઉરૂ-ખરૅનંઘ્રહ, યજત પૅાઉરૂ-બએષજ;

આથ્રો અહુરહે મજદાઓ પુથ્ર, મત વીસ્પએઇબ્યો આતૅરૅબ્યો, ક્ષથ્રો-નફ્રૅદ્રો નઇર્યો-સંઘ્રહહે યજતહે. અષૅમ વૅાહૂ ૩.

(૨૦) અત[1] તોઇ[2] આતરૅમ[3] અહુરા[4]
અઑજોંઘ્રહુવન્તૅમ[5] અષા[6] ઉસૅમહી,[7]
અસીશ્તૅમ,[8] એમવન્તૅમ,[9] સ્તોઇ-
રપૅન્તૅમ,[10] ચિથ્રા-અવંઘ્રહૅમ;[11]
અત[12] મજદા[13] દઇબિષ્યન્તે,[14] જસ્તા-
ઇશ્તાઇશ[15] દૅરૅશ્તા[16] અએનંઘ્રહૅમ.[17]
અષૅમ વૅાહૂ ૧.

(૨૦) ખરેખરજ[1] || અએ અહુરા![4] || તારા[2] || અએોજની શકિતવાળા, ખઝની શકિતવાળા,[5] || ઝડપી કામ કરનાર અચુક કરનાર[8] (સેકંડે સેકંડમાં રજેરજમાં આતશમાં પસરીને રજેરજનો ભોગવટો કરાવવામાં અચુક ભુલ વગરના અને તત્પર રહેલા), || હિમ્મતવાન-હિમ્મત આપનાર[9] (રજેરજના આતશોને પોતપોતાનાં કામમાં ઉસ્તવારી આપનાર), || ખરી ખુશાલી ઉભી કરાવી આપવા મદદ કરી રહેલા[10] (રજેરજના આતશોને રજેરજની બુરાઇનો ભાર ખમીને ભારને તેની કઝાએ પુગાડીને રજેરજમાં ભલાઇ પાંથરવાનાં કામમાં મદદ આપીને તે રજેરજના આતશનું સોંપેલુ કામ સરંજામ કરાવીને તે રજેરજના આતશનું કામ કુશળ રીતે થયું તેની ખુશાલી અપાવનાર, માટે) || વીચીત્ર જાતજાતની રીતે (તે રજેરજના આતશનું કામ કરાવવામાં એટલે રજેરજનો એમ ભોગવટો કરાવવામાં) મદદ કરનાર[11] || આતશને[3] (જે સામેના આતશે-દાદગાહ-આદરાન-વરાહેરાનમાં પ્રગટ થયો છે, તે મીનો આથ્ર પુથ્ર અહુરમજદને) || (અષોઇવાળા નર યઓજદાથ્રેગર જે તે આતશની રક્ષા કરે છે, બોય દે છે, તે અષો આથ્રવનની) અષોઇ[6]

(કે જે આતશમાં જોડાઇ છે તે અષોઇને મારા આતશ નીઆએશના ભણવાથી પુગી તે અષોઇ)ની મદદથી || ભેટવા,* સંબંધમાં આવવા તેયાર છું," || (અને એમ મારા ધર્મના બાપ સાથે એટલે અરદાફ્રવષમાં રહેલાં

---

* ઉરવાનનો બાબ બીકટ છે. સૃષ્ટી-રચના વખતે અહુરાએ બે નુરોને પ્રગટ કીધેલાં હતાં: એકને **બઓદાંગ** કહે છે, બીજાંને **ઉરવાન** કહે છે. આ ઉરવાન સાથે દ્રવાઓ-ભુલાવો હતો. **આ ઉરવાનના દ્રવાઓ—ભુલાવાને જ્ઞાની કરવા જગતની ધમાલ ઉભી થઇ છે.** આ ઉરવાનનો એક ગોળો અસલ હતો, આ ગોળામાંથી ૯-૨૭-૭૨૯ ભાગો થયા હતા. પણ છેલ્લા ૭૨૯ ભાગોમાંના દરેક ભાગમાં છેડે દ્રવાઓ રહી જવાથી તે બધા છેડાના ભાગને વહેંચી તેમાંના દ્રવાઓનેબી એમ વહેંચીને તે રૂવાનને સૃષ્ટીમાં ચલાવે છે. આમ ઉરવાન વહેંચાઇને જગતમાં ફરી રહે છે, કે પોતાને ફાળેના દ્રવાઓને સુધારીને જે ભાગમાંથી તે બહાર પડયું, તેમાં પાછું જઇ મળે. ઇનસાનનાં રૂવાનો જે ભાગમાંથી નીકલ્યાં છે, તે ભાગો ઇનસાનોનાં રૂવાનોના ધર્મના બાપો કહેવાય છે. ત્યારે યઝતોનાં રૂવાનોને તેમ રજેરજનાં રૂવાનોને આમ સંબંધ છે; રજેરજનાં રૂવાનો યઝતોમાં જશે, ત્યારે **ફ્રશો-કેરેતી** થશે, લય થશે. ઇનસાનને ફેલ અપાયો છે માટે તે યઝતના જેવું કંઇક કામ જો ચાહે તો કરી શકે, તરીકત પાળી મહેર પાળે તો કરી શકે. ત્યારે ઇનસાનનું રૂવાન પોતે ૧/૧૦ ભાગનું છે, જેનો ૯/૧૦ ભાગ તેના ધર્મના બાપમાં છે. વળી ઇનસાનનાં રૂવાનના ૧/૧૦ ભાગમાંથી હેવાન-ઝાડપાન-ખનીજ થઈ છે. ઇનસાનનાં રૂવાનનો ૯/૧૦ ભાગ નીસ્તીએ-અવ્વલમાં સ્તોતોનાં બદનમાં રહીને અરદાફ્રવષે પુગીને ઇનસાન ઉપર અસર મોકલીને ભાન કરાવી આપે છે. આપણું ભાન આમ તેઓને લીધે છે. વળી ઇનસાનના રૂવાનના ૧/૧૦ ભાગ તરીકે હેવાન છે-હેવાનના ૧/૧૦ ભાગ તરીકે વનસ્પતી છે-વનસ્પતીના ૧/૧૦ ભાગ તરીકે ખનીજ છે. ત્યારે આ બધા હેવાન-ઝાડપાન-ખનીજ ઈનસાનનાં રૂવાનના ૧/૧૦ ભાગમાંથી છે, જેઓનાં સંબંધથી ઈનસાનમાં લાગણીઓ-હવસો થાય છે. ઇનસાને પોતે તરીકત પાળી, પોતાના હવસોને મારી આ બધામાંથી થયલી વસ્તીના હવસોને મારી, તે બધાં હેવાન-ઝાડપાન-ખનીજને ઉત્તમ કરી, તેઓની રય અંતરજ્ઞાન ખોલી, તેઓને પોતા તરફ ઇશ્કમાં લાવવાનાં છે. **આવું કામ ઈનસાને પોતાના આતશથી કરવાનું છે તરીકતોથી અને આતશના માંથ્રથી પોતાના આતશને મીનો આતશ સાથે જોડે, તો કામ થાય.** ત્યારે સામેના આતશે દાદગાહ-આદરાન-વરહેરાનમાં જાગૃત થયલા મીનો આતશને તે ઇનસાન **આતશની નીઆએશથી મળ્યા તે મીનો આતશની અઓજની ગતી મેળવીને ઉપર કહયું છે તેવું કામ તે કરવા માંગે છે. માટે આતશની નીઆએશ જીવતાં તેમ ગુજરેલાં સારૂ અવશ્યની છે.**

ઉરવાન સાથે સીધ્ધા સંબંધમાં આવીને તેઓની મદદથી મારે લગતા, મારામાંથી થયલા અંશોને મારા સંબંધમાં લાવી શકું, પસે-રતુ થવાની શરૂઆત કરૂં; મારે લગતાં રૂવાનને રાદ પદવંદમાં સાથે જોડીને ઉપરના મારા પોતાના ધર્મના બાપનાં રૂવાન સાથે સંબંધમાં આવી પુગું. એમ એવા સંબંધમાં આતશથીજ અવાશે, માટે મારા અંદરના આતશને સામે રહેલા દાદગાહ-આદરાન-વરહેરાનમાના '**આથ્ર પુથ્ર**' સાથે જોડીને તે મીનો આતશની અઓજની ગતીથી મારા ધર્મના બાપોને પુગીને પછી મારામાંથી થયલા અંશોનાં રૂવાનોનો આઝાબ તોડી તેઓને ગોસ્પંદી કરી પસુના ભેદમાં લાવીને ખએત્વનુ કામ, મોક્ષનું કામ સરંજામ ઉતારૂં). ‖ ત્યારે[૧૧] ‖ મઝદા[૧૩] ‖ ગુનાહગારના બાબમાં, મેલ-કપટ-ધીકકાર રાખનારના બાબમાં[૧૪] ‖ (તેની ઉપર કહી તેવી ભલી વૃદ્ધી થાય માટે-તેનો આતશ ઉપર કહયું તેવું કામ કરી શકે માટે) ‖ મન-ઇચ્છાના હાથથી[૧૫] (એટલે મજબુત મન-ઇચ્છાથી) ‖ મેલ-કપટ-ધીકકારને-હવસોનાં ઉભાણુને[૧૭] (તેવાં માણુસમાંથી) ‖ ખેંચી કાઢનાર[૧૮] (છે). ‖

## ફકરા નં. (૨૦) બાબે ક્ષ્નૂમીક શરેહ:

**હયાં જે આતશ કહયો છે, તે તનનો આતશ છે.** ઇચ્છાનો હાથ બતાવે છે કે આતશ જે ઇનસાનમાં છે તે આતશ તે ઇનસાનની ઇચ્છા પ્રમાણેજ કામ કરવાની ગતી આપે છે. ઇનસાન પોતામાં રહેલા આતશની ગતીથી પહેલે બુરો ફેલ વાપરીને બુરૂં કરી શકે છે. પણ બુરાંનો બદલો બુરોજ તેને મળશે અને કુદરત તેને હદ+ઇનસાફ પ્રમાણે શીક્ષા કરશે, જે શીક્ષામાંથી તે ઇનસાન ભલી ખેરદ ઉભી કરશે. એમ સુધરીને પછી તેજ ઇનસાન પેલાજ પોતાના આતશને જોરે ભલુંબી કરશે. **આમ ત્યારે ભલું સવાબ જેબી કંઇ થશે તેબી આતશને જોરેજ થશે. એક વખત ઇનસાનની બુરી ઇચ્છાએ પોતાના આતશને જોરે બુરૂં કીધું, પછીથી તેજ ઇનસાનની ભલી ઇચ્છાએ તેજ પોતાના આતશને જોરે ભલું કીધું.** આમ ત્યારે ઇચ્છાના-મનના હાથથી આતશ ઇનસાનમાંથી બુરાઇ કાઢયાજ કરે છે. **પહેલે ઇનસાન બુરૂં કરશે, જેબી પોતાના આતશની ગતીથીજ કરશે, પણ બુરાંના નતીજો મેળવીને ભલી ખેરદથી પછી ઇનસાન ભલું કરશે તેબી તેજ આતશથીજ કરશે-એમ આતશજ મનના ઇચ્છાના હાથથી આખરે ભલાઇજ કરાવશે.** આવો આતશ પછી મીનો આતશ જે જોરવાળો છે તેને મળીને પસે-રતુ થવાની નેમ તરફ ઇનસાનને લઇ જશે. **આમ ત્યારે આતશે દાત્યોગાહ-આદરાન કે વરહેરાન આગળજ આતશની ન્યાએશ ભણાય-**

અમથી એમની એમ સામે આતશ રહયા વગર નહિ ભણાય અને પુરતો હદીઓ–સુખડ વગેરે હાથમાં હોયા વગર નહિ ભણાય, તેનું કારણ સમજ પડશે. સામેના કાયદાસરના આતશમાં મીનો **'આથ્ર પુથ્ર અહુરમજદ'** જાગૃત થયો છે; સાધારણ આતશ કે જે લાકડાંનો રહે છે, તેની સામે ઉભા રહીને આતશની નીઆએશ શરૂ કરે છે, ત્યારે તે નીઆએશના ભણવાથી થતા સ્તોતોને જોરે તે સામેના આતશમાં મીનો **આથ્ર પુથ્ર અહુરમજદ** જાગૃત થાય છે. પણ આતશે દાદ્દયોગાહમાં–આદરાનમાં–વરાહરાનમાં તો અષવન યઓઝદાથ્રેગરોની અષોઇ–ખોરેહ ક્રીયાઓની ગતી–ખોયની ખુબી વગેરે રહે છે. વળી આ આતશોને અખતી બાળવાનું કામ હોતું નથી.– તેઓ ક્રીયાકામમાં વપરાય છે માટે **'અત્બિરતો'** છે, જેઓમાં 'મીનો આતશ' હર હમેશ જાગૃત રહે છે. આવા આતશની સામે ઉભા રહીને આતશની નીઆએશ હદીઆ સાથે કીધાથી તે આતશોમાંનો 'મીનો આથ્ર પુથ્ર' શરીરના આતશમાં જોડાય છે અને તે મીનો **આથ્ર પુથ્ર જે અસીશ્તૅમ**=તેજીવાળો–**અમવન્તૅમ**=હિમ્મત આપનાર–**અઑજવન્ત**=અઓજની શકિતવાળો છે તે, તે ઇનસાનના આતશ મારફતે,–તે આતશમાં ઇચ્છાનો હાથ છે તેથી એટલે ઇનસાનના રોશન ફેલને જોરે–ભલી નેમે પુગાડી શકે છે. સાધારણ દુન્યવી વર્ત્તણુકોમાં ઇનિસાનનાં બુરાં ફેલોને તે ઇનસાનનો આતશજ બજા લાવે છે. પણ આ વખતે તે આતશ ઉપર એઝાબ છે–તે આતશ 'બુરાઇ'ને ચલીત કરે છે. પણ આખરે તેજ આતશ તેજ ચલીત કીધેલી બુરાઇનેજ બાળશે. આ કયારે થશે? ઇનસાન ઉપર દુખ પડીને તેમાં ખેરદ આવશે ત્યારે તે ઇનસાન ભલું કરશે.–આ વખતે ઇનસાનની ભલી કારદાનીની જેતથી તે આતશ જોર પકડીને આગલી બુરાઇને તેજ ઇનસાનની રોશન ફેલને જોરે બાળશે. રોશન ફેલ શું છે? **તરીકતોનું પાલણ અને આતશની આરાધના રોશન ફેલના મુખ્ય ભાગો છે.** તરીકત અનુસાર દુજ–પરહેઝ કરી ગોસ્પંદી મન–ઇચ્છા કરીને તનના આતશને ભલાં મનવાળા હાથ આપી એટલે આતશને તન–મનની બુરાઇનો ભાર ખેંચવાથી મુકત કરી એટલે તનના આતશને સુક્ષ્મ કરી એટલે શરીરના કોહમાં દાત્યેગાહ કરી–શરીરની બધી ગરમીઓનો સરદાર કરીને, પછી મીનો ગતી રાખતા આઝાદ **અતબિરતો** આતશો આગળ, કે જેમાં અષવનોની અષોઇ ખોરેહનો ભંડાર છે, તેઓ આગળ ભણવે તે મીનો આતશ તે ભણનારના આતશમાં જોડાય છે અને ઉપર કહયું તેવું **પસે–રતુ** થવાનું મહાન કામ સરંજામ ઉતરે છે. આટલાં ટુંક બ્યાન ઉપરથી આતશની નીઆએશને આતશ બહેરામ–આદરાન–દાદગાહ આગળ

પુરતા હદીઆ સાથે સુખડ વીગેરે સાથે ભણ્યાથી કેટલો મોટો ફાયદો થાય છે તેનું કંઇક ભાન આવશે. ઇલેક્ટ્રીસીટીની લાઇટ, કે જેમાં ઘણી ઝડપી ગતી રહે છે, જેમાંથી ઘણીજ જબ્બર motion એટલે ઘણી ઝડપી ધ્વનીઓ નીકળે છે–જેમાં પોખવાની–પોશણ આપવાની ગતી નથી–જેને પોતાનો ભાર મક્કમપણે ખમીને ઝડપથી ખતમ કરવાનો છે, જેને ઘણી અખ્તીને બાળવાની છે, તેવી લાઇટમાં 'મીનો આતશ' પ્રદર્શીત થઇ શકતો નથી. પણ મીનો આતશ તે લાઇટમાં ઘણોજ ગુપ્ત રહીને લાઇટને તેના ઝડપથી દોડવામાં અને તે લાઇટમાંની ગરમીને આતશને તેની સખ્ત અખ્તીનો ભાર ખમવાનાં કામમાં મદદ કરી રહે છે, માટે તેની આગળ ભણવાનું નથી. **જેબી કોઈ આતશ કે જેને ઘણી અખ્તીના ભારને ઉંચકી તે ભાર સાથે દોડીને તે અખ્તી સાથનો ભોગવટો કરાવવાનું કામ રહે છે, તેમાં મીનો આતશ પુર પ્રભાવમાં જાહેર થઇ શકતો નથી.–એવા આતશમાં મીનોઇ આતશનો બહાર ખીલેલો નહી હોવાથી અને તે પુર-ઝડપથી ઘણા ભાર સાથે દોડતો હોવાને લીધે,** વૃદ્ધીનું પોશણ નહી રાખતો હોવાને લીધે, આપણા તનના આતશમાં મીનોઇ ગતીના આતશનો પેવંદ કરાવી શકતો નથી, માટે તેની સામે ભણાઇ શકાતું નથી. વળી આતશની નીઆએશના સ્તોતો વતીક આવી ઝડપી ગતીના ઇલેક્ટ્રીક આતશમાં મીનો આતશને સચેત કરી શકતા નથી, કેમકે તે માંથ્રોના સ્તોતો અને તેઓની આકૃતીઓ તે ઇલેક્ટ્રીક બતીના ઘણી ઝડપી જોલાણથી કતે થઇ જાય છે અને પોતાની કામ કરવાની ઉસ્તાનની ગતીને ખોહી બેસે છે. અવસ્તાના સ્તોતોની રોશન ગતીની એટલે યઝતી કેહર્પના નમુનાની આકૃતી હોય છે, જેમાં ઉસ્તાન એટલે યઝતોના સંબંધનો દમ અને બીજા મીનો અણુદીઠ ભલા ગુબારોનો દમ જોડાય છે, જે પછી તે સ્તોતો પોતાનું કામ યઝતોની રય મારફતે કરી શકે છે. એવા **અવસ્તેઇક સ્તોતોની સાથે કુદરતના મીથ્રો જોડાયલા હોય છે, જેઓ યઝતોના હોવાથી યઝતી ગતીનું કામ થઇ રહે છે.** અવસ્તાના ભણવાથી આવા સ્તોતો થઇ રહે છે. આતો '**દ્રેનજય**' ની રીતે ભણાતા અવસ્તાની વાત છે એટલે સડસડાટ અવસ્તાને સમજ્યા વગર ભણવાની વાત છે. 'મર'ની રીતે એટલે ચોક્કસ મીથ્રથી–કરાહતથી કે '**ગાથબ્ય વચ**' એટલે કરવા જોઇતા વીચારોથી ભણે તો ફાયદો કરોડોગણો વધી જાય છે. આવા માંથ્રોને જ્યારે ઇલેક્ટ્રીકની બતીના જબ્બર waves જોલાણો જેઓ તદન ખુશ્ક રહે છે એટલે કંઇબી જાતનાં પોશણ આપવાની ગતી વગરના અને સામા તોડવાની ગતીવાળા રહે છે–તેવાં જોલાણો આગળ ભણે છે, ત્યારે તે **ઇલેક્ટ્રીસીટીના આત-**

શની તેઝ ગતીના મોજાની ખુશ્કી એટલે ભાંગી તોડીને મેદાન કરવાની ગતી-તે ભણાતા માંથ્રોના દમ-ઉશ્તાનને, તે માંથ્રોમાં રહેલા કુદરતી મીથ્રોને અને તે માંથ્રોથી થતી ખુશનુમા આકૃતી ઓને ઉભી થવા જાહેર થવા દેતી નથી પણ દાબી દે છે. એટલે ઇલેકત્રીક બતીની તેઝ ગતી તે બધાની કારગર થવાની વકકી થવા દેતી નથી-તે બધું ઉગી શકતું નથી માટે નેમેલું કામ નહિ કરી શકે તેવું થઇ પડે છે.

☞ અહ્માઇ રએશ્ચ; હજંઘરૅમ; જસ મે અવંઘહે મજદ; કૅર્‌ફેહ્‌ મોજદ્દ.

☞ [નોંધ: અહીં રોજ નેક નામવાળો અસલ ફકરો પઢવાનો છે તે માટે, તેમજ રોઝ-માહ સાથના વધુ વિસ્તારના કદમી કેતાઓમાં આપેલા વધુ મિથ્ર કરવા હોય તો, જુઓ ઉપર પાને ૨૨૭ મે થી ૨૩૩ પાના સુધી.]

(બીસ્તા પઢવું) નમાજ દાદારે ગેહાન્ દામાંન્. (કુશાદે પઢવું) ક્ષનૅઓથ્ર અહુરહે મજદાઓ, નૅમસ-તે આતર્શ મજદાઓ અહુરહે હુદાઓ મજિશ્ત યજત. અર્ષેમ વૉહૂ ૧.

(૨૧) (બીસ્તા પઢવું) વર્જ[1] ખૉરેહ[2] અવઝાયાદ્દ.[3]

☞(અગરજો આતશ બેહેરાંમની નજદીક નીઆએશ કરીએ તો નીચે મુજબ પઢવું:)

આતશે[4] વરહારાંન્[5] આદર[6] ફ્રાહ્.[7]

☞ (અગરજો આદરાંનની નજદીક નીઆએશ કરીએ તો નીચે મુજબ પઢવું:)

આતશે[4] આદરાંન્[5] આદર[6] ફ્રાહ્.[7]

☞ (અગરજો ઘેરમાં આતશની નજદીક યા દરેમેહેરના દાદગાહની નજદીક નીઆએશ કરીએ તો નીચે મુજબ પઢવું:)

આતશે દાદગાહ્ આદર ફ્રાહ.

આદરાંન્[8] શાહ્[9] પીરોજગર,[10] આદર ગુશસ્પ,[11] આદર ખોરદાદ્દ,[12] આદર બુરજીન મેહેર,[13] અવર્[14] આદરાંન્[15] ઓ

**આતશાંન્,[૧૬] કે ૫ દાદ્દગાહ્[૧૭] નેશાસ્ત્ ઍસ્તેદ્.[૧૮] વર્જ[૧૯] ખોરેહ્[૨૦] અવજાયાદ્[૨૧] મીનો કરકો,[૨૨] અમાવંદ્[૨૩] પીરોજગર્,[૨૪] અમાવંદી[૨૫] પીરોજગરી.[૨૬] દાદ્ દીન્ બેહ્ માજદયસ્નાંન્, આગહી રવાઈ વાફ્રીન્ગાંની બાદ્ હફ્ત કેશવર્ જમીન્; અએદૂન્ બાદ્. મન્ આનો આવાયાદ્ શુદન્, મન્ આનો આવાયદ્ શુદન્, મન્ આનો આવાયદ્ શુદન્. અષઑને* અષૅમ્ વૉહૂ ૧.**

(૨૧) વર્જ=પ્રતાપ–અહૂ તરફની અત્યંત તાબેદારીથી જાહેર થતો અનાસરોની સુક્ષ્મતાનો ઝલવો જે અઇપિ આસપાસની વાતાવરણમાં જામી રહે છે તે, જે અનાસરના **નસ**ના નાશ પામવાની નબળાઇને ગવમાં ફેરવી હમેશગી તરફ લઈ જશે તેવો પ્રતાપ,[૧] (તેમજ) ‖ ખોરેહ=અહુરમઝદનો આશીરવાદ જે જગત ઉપર પડયાજ કરે છે તે–અહુરમઝદની 'ફઝલ' જે દુન્યા ઉપર હર ઘડી પડયા કરીને કામ કરતી એટલે 'દરકાર'માં રહે છે તે–તે કે જે વર્જને પોતાનું કામ કરવા જેટ આપે છે, જેનો સંગ્રહ અષવનોમાં–આતશો વગેરેમાં હોય છે તે ‖ વધતા રહો–જાહેર થતા રહી ફેલાઇને પોતપોતાનું કામ બજાવો.[૨] ‖ અએ આતશ બહેરામ, યઝતી ગતીનો ભંડાર,[૪-૫] ‖ (તું) આદર યઝત[૬] (છે, યઝત છે, યઝતી ગતીના સંબંધનો છે, તેવો તું રહો.) ‖ (તું મારાંમાં) ફ્રાહનો આતશ[૭] (જે હાલમાં મારામાં મંદ છે તેને સળગાવ.) ‖ અએ આતશ આદરાન[૪+૫] (કે જેમાં આદર યઝદ અને મીનો કરકો આતશનાં જોડાણો છે), ‖ (તું) આદર યઝદ[૬] (છે એટલે યઝદી ગતી રાખનાર ખુદ યઝદ છે તેવો તું રહો.) ‖ (તું) મારામાં ફ્રાહના આતશને સળગાવ.[૭] ‖ અએ આતશ દાદગાહ કે જે કાયદાસરનો છે એટલે જેમાં અખ્તીનો ભાર ખમવાનું નથી અને તેનો ભોગવટો કરી–કરાવવાનું માટે આઝાબરૂપનું કામ કરવાનું નથી–એટલે દેખીતા આતશને લાંબો વખત લગી મીનો ગતીના આતશના પુર્ણ બહારના વસવાત વગરના કરવાનું નસીબ નથી–જે દાદગાહ અત્યારે આરમઇતીનો સંબંધ રાખી અને યઝતી ગતીનો નાદ મેળવીને સામાને પોશણ આપી શકે છે તે દાદગાહ કે જેમાં મીનો આતશ ખીલવા માંડે છે[૪-૫] ‖ તમો આદર યઝત છો[૬] (એટલે તે આદર યઝતની ગતીને પુર્ણ બહારમાં મેળવી રહયા છો તમો) ‖ (મારામાં) ફ્રાહના આતશ[૭] (ની જેટને સળગાવવા મદદ કરો તમો આ ત્રણ જાતના આતશો તમારી આસપાસની અઇપી=વાતાવરણની વર્જ અને તે તમારી વર્જ સાથની અઇપીમાં પડતું ખોરેહ=અહુરમઝદનો આશીરવાદ–બહાર પાડી મને અને જગતને ફયાદો કરો). ‖ ફતેહમંદ[૧૦] (પોતાનું નેમેલું કામ ગેતીમાં બજાવી રહેતા) ‖ અહુર-

---

* સમજ માટે જુઓ પાને ૨૩૪ થી ૨૩૫ મે.

મજદ તરફથી રાદી સત્તા મેળવેલા અખીકારીઓ[૯] || આદરાન=આદર યઝદને લગતા—આદર યઝદની સગાઇ ખેશીના એટલે આદર યઝદ જેવણુ આતશ બહેરામ અને આતશ આદરાન અને આતશ દાદગાહના પરથાવતી વખતે તે ત્રણે આતશોની આસપાસ પોતાની કેહર્પોની ચોકી મુકે છે—**પોતાનાં કેહર્પમાં તેઓને સમાવે છે,** તેવા પરથાયલા—આસ્માનોની ગતીમાં કામ કરતા આતશો જેઓ ગેતીમાં ક્રીયાથી ઉભા થયા છે અને આદર યઝતનાં કેહર્પમાં રહયા છે માટે આદરાનને લગતાં છે તેવા આદરાનો[૮] (નામે) || આદર ગુશસ્પ,[૧૧] || આદર ખોરદાદ,[૧૨] || આદર બુરજીન મહેર,[૧૩] || બીજા તેવા[૧૪] || આદરાનો[૧૫] || આતશો[૧૬] || (જેઓ ગેતીમાં પરથાયલી આસ્માનોની અને નીસ્તીની આતશી ગતીઓ છે), || જેઓ કાયદાસરની પરથવાની ક્રીયા પામીને[૧૭] || તખ્ત નશીન થયા છે[૧૮] || (તેઓની અઇપીની વર્જ અને તેઓમાં પડતું ખોરેહ વધતું જઇ જગતમાં જાહેર થઇ વૃદ્ધી પાંથરો). || મીનો કરકોનો[૨૨] || પ્રતાપ—આશીરવાદીક ગતી[૨૦] || વધતાં રહો—ભલાઇ પાંથરતાં રહો.[૨૧] || હિમ્મત રાખીને આપનાર[૨૩] (આ બધા આતશો) || ફીરોઝગરી[૨૪] (મેળવજો, પોતાનું કામ સરંજામ કરજો.) || (મને તેવી) હિમ્મત[૨૫] (આપજો); || (મને તેવી) ફીરોઝગરી મુકિત[૨૬] (અપાવજો). || (એ આતશો કુદરતની) મજદયસ્ની દએનના દાત=ઇનસાફી કાયદાઓ અને તેઓની ચળવળોની (નામે મઝદદાત—અહુરદાતની એટલે સૃષ્ટી રચનાના અને સૃષ્ટીને મોક્ષે લઇ જવાના કાયદાની જેઓ ગેતીમાં મજદયસ્ની દએન તરીકે જાહેર છે અને તે દીનના ઇનસાફી કાયદાઓ તરીકે જાહેર થયા છે તેઓની) જગતનાં કલ્યાણ કરવાની આગાહી એટલે રોશન ઝમીરી એટલે કામને પુરા પડવાની શકિત—તેવી તે દીનની રવાઇ એટલે સૃષ્ટીના કામને જારી રાખવાની ગતી દીનનો પ્રભાવ અને સીકકો—અસર અને તે અસરનો આશીરવાદ અને તેથી મળતી કીર્ત્તી હકત કેશ્વરોમાં જામી રહો.) ||

(દક્ષિણ દિશા તરફ મોહોડું કરીને પઢે.) (બીસ્તા પઢવું:) **દાદારે ગેહાંન્, દીને માજદયસ્ની, દાદે જરથુશ્તી.** (કુશાદે પઢવું:) **નૅમસ્—તે અષાઉમ્ સૅવિશ્તે અર્દ્વિ સૂર અનાહિતે. અષઑને* અર્ષંમ્ વૅાહૂ ૧.**

**નૅમો ઉર્વઇરે વંઘ્રઉહિ મજદદાતે. અષઑને* અર્ષંમ્ વૅાહૂ ૧.**

**(આતશની સનમુખ જોઇને સર નમાવતાં ભણવું.)**

---

* સમજ માટે જુઓ પાને ૨૩૪ થી ૨૩૫ મે.

**ક્ષ્નઑથ્ર અહુરહે મજ્દાઓ. નૅમસ્-તે આતર્શ્ મજ્દાઓ અહુરહે હુદાઓ મજિશ્ત યજત. અર્ષૅમ્ વૅહૂ ૧.**

(બીસ્તા) **વર્જ્ ખ્ઁરેહ્ અવજાયાદ્**

(જો આતશ બેહેરામની નજદીક પઢવું હોય તો નીચે પ્રમાણેઃ)

**આતશે વરહ્રાંન્ આદર્ ફ્રાહ્.**

(જો આદરાનના આતશ આગળ પઢવું હોય તો નીચે પ્રમાણેઃ)

**આતશે આદરાંન્ આદર્ ફ્રાહ્.**

(સ્થાપીત આતશ દાદગાહ અથવા ઘેરના આતશ આગળ પઢવું હોય તો નીચે પ્રમાણેઃ)

**આતશે દાદ્ગાહ્ આદર્ ફ્રાહ્.**

(કુશાદે) **અર્ષૅમ્ વૅહૂ ૧.**

## અહુરમજ્દ યશ્ત.

(**નોંધ:** યશ્ત ન્યાયશ્નના ફરક બાબે જુઓ ઉપર પાને ૧૭૨-૧૮૭ મે.)

**અહુરમજદ યશ્ત વિષે જાણવાજોગ ટુંક બયાન.**

જરથોસ્તી માજદયસ્ની દએનમાં તે એક સાહેબને માટે અનેક શબ્દો આવે છે, જેમકે **અહૂ-અહુરમજદ-અહુરા-મજદા-અહુરામજદા-મજદાઅહુરા-બગા મજદા-અનહૂમા-અહુરમજદ ખુદા.** આ બધાં જુદાં જુદાં નામો કંઇ અમસ્થાં અપાયાં નથી. તે એક સાહેબ સૃષ્ટી રચનાના કયા ભાગ આગળ કામ કરે છે તે ચીતારવા તે એક સાહેબનાં આ બધાં નામો છે, કે જેની ઉપરથી તે લખાણમાં કયું, કયા ભેદનું બયાન આવે છે, તેની સમજ પડી શકે. '**અહૂ**' કે જે **યથા અહૂ વઇર્યોમાં** વપરાયો છે, જેમાં '**હુ**' નો દીરગાવરદુ આવેલો છે, તે શબ્દ સીરફ તે એક સાહેબ સારૂ વપરાય છે, કે જે એકનો એક છે, જેની જોડ નથી, જેનું નામ નથી, પણ '**અહુ**'=તે કોઇ છે એમ point out કરવા દક્ષત કરવા '**અહૂ**' શબ્દ આપેલો છે. તેનાં વિશેષણ આપ્યાં નથી, કેમકે તેમાંથી સૃષ્ટી થતી નથી. સૃષ્ટીમાં બુરૂં તેમ ભલું છે માટે તેનું કંઇ તે

'**અહૂ**'માંથી નીકળેજ નહિ. તે '**અહૂ**'માંથી તો **અહૂજ** કહેતાં **અહૂ** જેવુંજ નીકળે, માટે તે એક સાહેબને '**અહૂ**' કહે છે.

'**અનહૂમા**' સપ્પર પહેલું ચીથ છે–બધાં કુલ રૂવાનોનું કુલ સૃષ્ટીનું મુળ છે, કે જેમાં ભલું હતું એટલે બઓદ હતી, તેમ બુરૂં હતું એટલે દ્રવાઓ હતો, તેમ ભલું–બુરૂં બેઉ મળેલું હતું એટલે ઉરવાન હતું. ત્યારે **અનહૂમા** ઉપરના **અહૂથી** જુદા છે. તે **અહૂ**ના હોકમથીજ તેવણ ઉભા થયા હતા. **અહૂ**એજ વઇર્ય = હોકમ કાઢયો હતો. તે **અહૂ** તો સમજ શકિતના અંધકારમાં છે, જેમાં શું હોય તેની કલ્પના થઇ શકેજ નહિ માટે તેમાં ઝરવાન છે એમ કહેવાયજ નહિ પણ તેમાં મર્જની હાલત છે એમ એટલુંજ કહેવાય. ઝરવાન એટલે ગતી–ગતી એટલે શકિતનું માપ. ત્યારે અહૂમાંની શકિત શું છે અને તેનું માપ શું છે તેનો ખ્યાલબી થઇ શકતો નથીઃ આ અહૂમાં અનંતકાળબી મર્જની હાલતમાં પડેલો છે. અનંતકાળનો ભાશ આપવા '**યવએચ યવેતાએતે**'નો દોર બતાવેલો છે, કે જે સાત ઝરવાને અકરનેનો બનેલો છે. આવા '**યવએચ**'ના નહિ ગણી શકાય તેટલા બધા કાળના દોરાનો અહૂમાં મર્જની હાલતમાં છે. ત્યારે અહૂની શકિત–કુદરત નામે નીરૂબી મર્જની હાલતમાં છે, તેમ તે નીરૂની ગતી આશ્રબી મર્જમાંજ છે, તેમ કાળ કે જેમાં વખત અને વિસ્તાર મળેલા છે તેવો કાળબી મર્જમાં છે. પણ જયારે આ અહૂ સૃષ્ટી–રચના કરવાનો વિચાર કરે છે ત્યારે તે અહૂમાં ઝરવાન જાહેર થાય છે એટલે **નીરૂ** શકિત અને **આશ્ર** જાહેર થાય છે, જેઓ મર્જની હાલતમાં રહેલા કાળના દોરાનોમાંના એક દોરાનને નામે **યવએચને** જાહેર કરી તેના વિસ્તારમાં પોતે એટલે તે **નીરૂ** અને **આશ્ર** કુદરત તરીકે જાહેર થઇ રહે છે એમ તે મર્જના અહૂમાંથી બેદારી નામે '**હુદાઓંઘ્રહો**' થાય છે જેને '**ઉક્ષ્યબામ**' કહે છે, જેના વિસ્તારને **ખાઓ અક્રજયમ્ન** કહે છે. આ ખાઓ ખુદ બેદારીમાં આવીને મિશ્ર કરે છે, જેની ઉપર '**માંશ્ર–સ્પેન્ત**' એટલે અહૂના આશીશો પડવે તે બેદારી **હુદાઓંઘ્રહુ**માં જ્ઞાન થઇ રહે છે, જે જ્ઞાન સૃષ્ટીમાં ગમે તેવું નહિ મપાય તેવું હોય પણ તે અહૂના ભેદોને ખોલવા જોઇતાં જ્ઞાન આગળ એક ઝાંખી લકીરરૂપનું નથી, એટલે પુનમના ચાંદ આગળ બીજનો ચાંદ જેટલો ઝાંખો છે તેટલુંબી નથી, માટે તેને **ઉક્ષ્યબામ્** કહે છે. મર્જમાંથી બેદારીમાં આવેલા અને અહૂના આશીષો નામે માંશ્ર–સ્પેન્ત પામેલા આવા ખાઓ અક્રજયમ્નમાં અહૂ પોતાના તે અનંતના **અનંત** દરયાવનાં એક ટીપાંનો એક અબજાંશ ભાગે જાહેર થઇ તે મીશ્ર કરતા ખાઓમાં પોતાનો '**વઇર્ય**' હુકમ જાહેર કરે

છે, જેને તે '**હુદાઓંધ્રહુ**' એકદમ સમજી શકતો નથી માટે તે '**વઇ-ર્યના નાદે**' મીથ્ર કરી એટલે દુઆરૂપ માંથ્ર-સ્પેન્ત ભણી આશીશો થઇને દસ દોરાનો કીધા, જેઓ મળીને એક બગરૂપના થયા, જે બગાન અહુન-વઇર્ય તરીકે થયો, જેમાં હદ+ઇનસાફની ગતી જાહેર થઇ. આ વખતે તે '**હુદાઓંધ્રહે**' એટલે તે ઉક્ષ્યબામની ગતીવાળાએ તે આશીશોરૂપ માંથ્ર-સ્પેન્તથી તે દસ દોરાનની કમાલીઅતવાળા બગાન અહુનવઇર્યને સંપુર્ણ રીતે પોતામાં મેળવી દીધો. એમ તે બગ અહુનવઇર્યને મળી રહીને તે વઇર્યને સમજી શકીને બગાન અહુનવઇર્યની બરાબરીના બગ તરીકે ઉભા રહીને તે વઇર્યને બજા લાવનાર તરીકે ઉભો એટલે ફ્રવષી ઉભી થઇ. આ બેઉ બગો **બગાન અહુનવઇર્ય** અને તે સપ્પર પહેલી થયલી ફ્રવષી **(પઑઇર્ય ફ્રવષી)** અહૂના તે માંથ્ર-સ્પેન્તના આશીશોની ઉપર શુક્ર-ગુજારી કરવામાં લીન્ન થઇને તેના હોકમને માથે ચઢાવવાની તાબેદારી કરવાના મિથ્રમાં લીન્ન થઇ ગયા-એમ તેઓ બેઉએ નર-નારી તરીકેના મિથ્રોને ચલાવીને તેમાંથી નાન્યતર ગતી નામે '**સ્તઑત યસ્ન**' ઉભી કીધી, જેમાં તે બેઉ નર-નારીની ખુબી પુર્ણ બહારમાં પ્રદરશીત થવા લાગી. ફ્રવષીએ પછી માદર તરીકે તે સ્તઓત યસ્નને પોતામાંની કુદરત **નીરૂના આથ્રથી** સેવીને તે સ્તઓત યસ્નને પુખ્ત કીધું-સૃષ્ટી-રચના તેમાંથી થાય તેવું કીધું જેને **અનહૂમા** કહે છે. અસલથી સ્તઓત યસ્ન તો **ઑરૅજવાન** ગતીનો છે, જેમાં બગાન અહુનવઇર્ય અને તે ફ્રવષિ બેઉની એરેજવાન ગતી મળેલી છે માટે તે સત્યનુંબી સત્ય છે. પણ પુખ્ત થયલો સ્તઓત યસ્ન કે જેને **અનહૂમા** કહે છે તે તો ઉતરતી હાલ્લત થઇ-તે તેવી ત્યારે કઇ રીતે ઉભી થવા પામી? આ સ્તઓત યસ્ન કે જે બગાન અહુનવઇર્ય અને પઓઇર્ય ફ્રવષિની ઝર્ઝદાદ્દતીનું પરિણામ છે, જે માંથ્ર-સ્પેન્તના આશી-શનો જાહેર જવાબ છે માટે અહૂના જેવોજ છે, તેમાં જ્યારે ફ્રવષિ બગ અહુનવઇર્યની સાથે રહી સૃષ્ટી થવાના પ્લાનનો મનન કરીને 'અએદુન બાદ અએદુન બાદ'-તેના હોકમ મુજબ થાઓ-તેની ધારણા થાઓ-એમ વિચારો ફેંકી તેને પોખે છે એટલે તે મનન પ્રમાણે સામસામેની ગતીના ગરભો તેમાં ઉભા થાય છે, બગાનોના મિથ્રથી સેવન પામેલા આવા સ્તઓત યસ્નને પુખ્તીએ પુગેલા સ્તઓત યસ્ન એટલે સૃષ્ટી કાઢવા જેવો તઇયાર થયલો સ્તઓત યસ્ન એટલે જુફ્ત-જુઝની સામસામી જોડ રાખતો સ્તઓત યસ્ન કહે છે જેને **અનહૂમા** કહે છે. આમ ત્યારે અનહૂમા થયા. સ્તઓત યસ્નમાંથી અનહૂમા કઇ હકીકતને લીધે થયા હશે તેનો ભેદ જાણવા આ જગત ચાલી રહયું છે. અનહૂમામાંથી અજ્ઞાનતા-દ્રવાઓની હાલત નીકળી તેને સુધારવી

જોઇએ. એમ જયારે તે અનહૂમાએ તે એક **અહૂ**ની આગળ પ્રાર્થના કીધી, ત્યારે તે **અહૂ** જે પોતે એકપણામાં આખાપણામાં છે, જેવણુ **'અહૂ અક્ર-જયન્ત'**ના ભેદમાં છે, એટલે સમજની પેલી મેરના છે, તે અહૂ પોતે અક્રજયમ્ન તરીકે ઉસુલ હમેશગીના મુળ થવા તરીકે દેખાવ આપીને, ઉસુલ કુદરત એટલે મુળ શકિતઓ નામે નીરૂ-તગી-અઓજ-ઝોરને તે અનહૂ-મામાં ચલાવીને, પોતાના નાયબ ફ્રવષી કે જેણીમાંથી તે અનહૂમાને કાઢેલું હતું તે ફ્રવષીનો માદર તરીકેનો આશીરવાદ નામે 'ઉરવર'નો ભેદ તે અનહૂ-મામાં ઉતાર્યો. અનહૂમામાંનો જે ભાગ તે આશીરવાદને અને તે શકિત-ઓને લઇ શકયો તે ભાગથી બીજો જે નહિ લઇ શકયો તે છુટો થયો યાને તે ભાગને છુટો કીધો. આવા ઉરવરના આશીરવાદમાં આવેલા અને ઉસુલ કુદરતની શકિતઓ પામેલા અનહૂમામાં ફ્રવષીએ વાસો કીધો અને ફ્રવષી સાથના સ્તઓત યસ્ને તેમાં વાસો કીધો એટલે જગતનાં મુળ સીદ્ધાંતોનાં જ્ઞાને વાસો કીધો, જેથી તે અનહૂમામાં પુર્ણ જ્ઞાન **'મજદ'** આવ્યું. આથી તે અનહૂમા પોતે **મજદા** તરીકે જાહેર થયા અને બધો ભેદ સમજીને જે ભાગ દએવ અજ્ઞાનતાવાળો અને નહિ સુધરેલા ઉરવાનવાળો છે તેને સુધાર-વાનાં ઉંડાં મનનમાં પડયા. આમ મજદાનો ભેદ છે. પછી આવા મન-નમાં પડેલા મજદામાં અહૂ અક્રજયમ્નાઓએ એટલે હમેશગીનો અસલ મુળ અખુટ ઝરો કે જેમાં બધું આખરે મળવાનું છે તેવા ભેદના અહૂએ કરામતી* હાજરી પોતાનો વાસ્તો તેની વચમાં ચલાવ્યો અને સૃષ્ટીને રચ-વાનો અધીકાર એટલે બીજા જેઓ સુધર્યા નથી જેને માટે તેવણુ મનન કરી રહયા છે—અહુનવઇર્યને યાદ કરી રહયા છે તે **અહુનવઇર્ય** પ્રમાણે

* આ કરામતી હાજરી અને વાસ્તો શું છે? ઉપર જોઈ ગયા કે અહૂના મર્જ દરયાવમાંથી જાગૃતવાળું ડહાપણ નીકળ્યું જેને **અક્રજયમ્ન ખા** કહે છે. આવી બેદારીની પુર્ણ હાલત નામે **'ખાઓ અક્રજયમ્ન'**માં તે મર્જની હાલ-તના અનંત અહૂના અનંત દરયાવના એક ટીપાંનો એક અબજ અંશ ભાગે તે મર્જની હાલતમાં આવીને જે વઇર્ય જાહેર કીધો તેથી આ બધું થઈ રહયું છે. આવા એક **અબજ અંશમાં વહેંચાઇને આવવાની તે અહૂની મર્જની હાલતને તેની કરામતી હાજરી અને વાસ્તો કહે છે. આવા અહૂની ગતીનો વાસ્તો તે મજદામાં આવવે તે મજદામાં 'અહૂ'ની હાજરી થઇ, જેથી તેને મજદ અહુરા કહે છે.** આ બાબદને હમારા ઉસ્તાદે એક જાહેર મીજલસમાં ભાઇ કેખશરૂ બરજોરજી ચોકસી પાસે બોર્ડની ઉપર દસ સરકલો પડાવીને જાહેર કીધી હતી. ચોકસ થીઓસોફીસ્ત સાહેબોએ **અહૂની** ગતી જગતના **સાહેબમાં** એટલે મજદામાં **કેટલી હોઇ શકે** તે **જાણવા માંગ્યું હતું** તેને માટે આ **ભાષણ થયું હતું**.

કામ કરીને તેઓને સુધારવાનો અધીકાર ક્ષથ્ર જેને વસો-ક્ષથ્ર કહે છે એટલે અહૂની વઇર્ય=મરજી અહુનવઇર્ય પ્રમાણેનો ક્ષથ્ર=અધીકાર કહે છે તે તેને (મજદાને) આપ્યો. આ અધીકાર નવના ભેદનો એટલે કમાલ્યતનો હોવે તે અધીકાર નવ અમરગીને લગતો એટલે અહુરમજદનો-વોહૂમનનો-અરદીબહેસ્તનો-શહેરેવરનો-સ્પંદારમદનો-ખોરદાદનો—અમરદાદનો-મજદદાતનો-અહુરદાતનો એટલે માજદયસ્ની જરથોસ્તી દએનનો આ બધાને લગતો છે. આવો અધીકાર તે અહૂનો વાસ્તો પામેલા મજદાને એટલે મજદા અહુરાને મળ્યો, જેથી મજદા અહુરાને વસો—ક્ષથ્રનો રાખનાર કહે છે.-આમ હક મળ્યાથી તે મજદા તરીકે થયલા અનહૂમામાં અહૂ તરીકેની, સાહેબ થવા તરીકેની સત્તા આવી, જેથી તેવણને અહુરા કહયા છે, જેવણના રૂવાનને **માંથ્ર-સ્પેન્ત** કહે છે. એટલે તેવણમાં તે રૂવાનો હતા જેઓ એક વખતે ભુલથી ભરેલા એટલે દ્રવાઓવાળા દુન્દ અને નહિ ઇચ્છવાજોગ હતા એટલે તેઓ એક વખતે તે 'અહૂ'ને માનતા નહિ. પણ હવે તેઓ અહૂને માનતા થઇને બીજા જેઓ અહૂને નથી માનતા તેઓને સ્પેન્તી-વૃદ્ધી તરફ દોરવનાર તરીકે થવા 'માંથ્રો'ની શકિત એટલે પેદા કરવાની શકિત એટલે મજદદાત-અહુરદાતથી જગત રચવાની શકિતવાળા નવ અમર ગતીવાળા થયા છે. માટે તે અહુરાનાં રૂવાનને **માંથ્ર-સ્પેન્ત** કહે છે. **આવા અહુરા કે જેમાં એક વખતનાં બંડખોર રૂવાનો, અનહૂમાનાં રૂવાનો હવે તાબે થયાં છે,** જેમાં ફ્રવષી છે, સ્તઓત યસ્ન છે, અને જેનાં મધ્યમાં ઉપર સમજાવેલો અહૂનો વાસ્તો રમી રહે છે, એટલે એક અબજ અંશનો નાદ વસી રહે છે એટલે અહૂ વસી રહે છે, તેવી મહાનમાં મહાન શકિત નામે અહુરા કે જેમાં ઘણાપણું છે, પણ જે બધું એકયતામાં આવેલું છે, માટે જેનાં વિષશણો છે, જેનું નામ છે, માટે જેનું ઉસુલ છે, તેવા અહુરા જ્યારે બીજાં ઉરવાનોના દ્રવાઓને ચોકસ ચોકસ મરતબે સુધારીને યઝતી શકિતઓ ઉભી કરે છે, ત્યારે તે અહુરાને મજદાઅહુરા-અહુરામજદા એમ જુદાં જુદાં નામો આપ્યાં છે. અહુરા જ્યારે બીજાં નહિ સુધરેલાં ઉરવાનોને સુધારીને તેઓને અમશાસ્પંદોની ગતીમાં લાવે છે અને **સ્રીર**=ચલકતા નુરમંદ કરે છે, ત્યારે તેઓની તેવી ફેરવાયલી હાલતને માટે અવસ્તામાં **રએથ્વચેઇતી** શબ્દ વાપરે છે એટલે જે કંઇ ઉતરતું ભુલવાળું હતું, તેને ભુલમાંથી ભલાઇએ ઘડી કાઢે છે. એમ ત્યારે **રએથ્વચેઇતી** શબ્દથી અવસ્તાએ ભેદ ખોલે છે કે અમશાસ્પંદો-યઝતોનાં રૂવાનો એક વખતે દ્રવાઓના હતા, જેઓ માંથ્ર-સ્પેન્તીનાં અહુરાનાં રૂવાનથી સુધર્યાં હતાં, અને એમજ ખુદ તે અહુરાતું માંથ્ર સ્પેન્તીનું રૂવાનથી થયું હતું, અને બીજાં રૂવાનો છે જેઓ સુધરી શકતાં નથી માટે

તેઓને માટે તે સુધરેલાં રૂવાનો એટલે યઝતો મારફતે સૃષ્ટી રચવાની છે. ત્યારે 'અહૂ' તો એકજ છે—પણ અનહૂમા સૃષ્ટીનું મુળ છે જેમાં સામસામી ગતીઓ છે. પણ જ્યારે તે અનહૂમાની દ્રવાઓની જુઝ પોતાના હમનબર્દને મળીને એક થઇને માંથ્ર-સ્પેન્તરૂપ થાય છે ત્યારે તેમાં અહૂ અને તેના બગાનો વસે છે જેને મજદા અહુરા કહે છે. પછી જે કંઇ જુઝની બાકી રહેલી દએવીક ગતી સુધરીને પોતાના હમનબર્દને મળીને એકરસ થઇ જઇ શકે છે તેઓને ૩૩ અહુ-૩૩ રતુ તરીકેના કરીને પોતાની અંદર અને સાથે વસાવી રહે છે. આ વખતે તેવણને અહુરામજદા તરીકે ઓળખે છે. હજુરબી જે કાંઇ દ્રવાઓની જુઝ રહી ગઇ છે પણ જે પોતાના હમનબર્દને મળીને પોતામાં મળી શકતી નથી તેને સુધારીને પોતામાં મેળવવા પછી સૃષ્ટી-રચના શરૂ કરે છે. આ વખતે ત્યારે તેવણને દ્રવાઓની નહિ સુધરતી ગતીની સાથે એટલે ભલાં બુરાં બેઉનો વારતો રાખીને રચના કરવી પડે છે. એમ સૃષ્ટીના હસ્તી-નીસ્તીનાં મરકઝોને ઉભાં કરે છે. ત્યારે સૃષ્ટી-રચનાને સામસામી ગતીના પ્લાસ્તરથી ઉભી કરવા માટે તેવણ જે જે ખીશ્કારી યઝતો સાથે કરી રહે છે તે તે ખીશ્કારીઓના મરતબા મુજબ પછી તેવણને ખાસ નામોથી ઓળખે છે, જેવા કે અહુરા, અહુરમજદ, દથુશો, દદવંધહ, મજદાઓ, વગેરે વીગેરે. જ્યારે પોતામાંથી ચોકકસ ભોગવાવનાર શકિત કાઢી દરેક વ્યકતીનો ભોગવટો કરાવી તે દરેકને પોતા તરફ ખેંચે છે ત્યારે તેવણને અહુરમજદ ખોદાએ કહે છે. ત્યારે સૃષ્ટીનો પેદા કરનાર જે એક છે, જેવણ સૃષ્ટીને કાઢે છે, જેવણનાં નામો-વિષશણો છે તેવણની આવી વીગત છે, જેવણમાં તે એકના એક સાહેબ અહૂના અનંત દરયાવનાં એક ટીપાંનો એક અબજ અંશ છે છતાંબી જેવણ સમજાઇ શકાતા નથી, ત્યારે પોતે આખા એકના એકને સમજવું તદ્દનજ અશકય છે. આવી ગતીના અહુરમજદમાં સુધરેલી ઉરવાનની ગતી માંથ્ર-સ્પેન્તનું નામ ધારણ કરીને રહી છે, જેવણ દરેક ખામ વ્યકતીની માફક નવ ભાગનું કેહર્પ રાખે છે એટલેજ પોતાનો નમુનો જે અહુનવઇર્ય પ્રમાણેનો છે, જે અહુનવઇર્યનો તે કુલ મુખ્તાર છે, તેજ પ્રમાણે સૃષ્ટીને અને તેની રજેરજને એવા નવ ભાગવાળા શરીરની ઉભી કરીને પોતાના માંથ્ર-સ્પેન્તના રૂવાનની માફક પાર પાડી રહે છે. જેમ એક અબજ અંશની અહૂની ગતીએ તે માંથ્ર-સ્પેન્તના રૂવાનોને પાર પાડી તેઓને પોતાના બનાવી પોતાની ગતી જે અહુરા તરીકે ઓળખતી કીધી છે,-તે અહુરાના માંથ્ર-સ્પેન્ત રૂવાન તરીકે નેમી ક્ષથ્ર આપી છે,-તેમ તેવીજ રીતે તે માંથ્ર-સ્પેન્તનાં રૂવાન મારફતે બીજાંઓને સુધારવા હોકમ કીધો-જેઓ પછી

**યઝત** તરીકે બની રહયા, અને તે યઝત મારફતે છેલ્લા બીજાઓ જેઓ જલદીથી સુધરી શકતા નથી તેઓને સુધારવાની તાકીદ સૃષ્ટી-રચના મારફતે થઇ રહી છે. આમ હકીકતમાં તે એક સાહેબ રહયો છે, મારેફતમાં તેવણનો હોકમ અહુનવઇર્ય અને તેનો મન્તા=પ્લાન રહયો છે અને તરીકતમાં અહુરાનું માંથ્ર-સ્પેન્તનું રૂવાન ટુંકમાં અહુરમજદ અને તેવણથી સુધરતી આવેલી યઝતી ગતી અને કુદરત અને આ સૃષ્ટી છે, જે બધું તે એક 'ગોલ' (goal) મીથ્રે બરીન તરફ જઇ રહયું છે, જેની છેલ્લી આકેબત વાહેદાનીઅત માટે છે એટલે અનેકપણું દુર કરીને વાહેદ તે અહુમાં મર્જ થવા માટેની છે. આવા બુલન્દ ભેદની **ત્યારે આ અહુરમજદ યશ્ત** છે કે જેમાં પહેલેથીજ કહે છે કે તે અહુરમજદ સૃષ્ટીનો પેદા કરનાર છે માટે ભલા તેમ બુરા બેઉ સાથના સંબંધનો છે એટલે બુરાને મારીને સુધારી શકે છે, જે માંથ્ર-સ્પેન્તનો સાહેબ છે એટલે જેમાં ઉરવાનો છે, જે ઉરવાનો હવે માંથ્ર-સ્પેન્તી=ભલાઇએ પુગેલાં છે અને બીજાંને પુગાડવા માંગે છે; જેઓને પછી માંથ્ર-સ્પેન્તની ગતીએ પુગાડયા તેઓ **યઝત** થયા છે, એવી સીફતનો ભેદ ત્યાં જામેલો છે. ત્યારે આ અહુરમજદ પોતે અનહૂમા કે જેમાં ફ્રવષિ-સ્તઓત યસ્ન આવી વસીને અહૂને વસાવે છે તેવણ છે-જેવણ ત્યારે વસો-ક્ષથ્રના એટલે અધીકારી છે માટે જેવણ આખી જગતને ઉભી કરનાર તરીકે નેમાયા છે, જેને માટે તેવણને પરવાનો મળે છે, જેને વસો-ક્ષથ્ર કહે છે, જેવણ જગતના જુદા જુદા તબકકા પેદા કરતી વખતે જુદું જુદું નામ ધારણ કરે છે, આવા બધાનો ભેદ રાખનાર તે એક સાહેબ છે કે જેનું નામ છે-વિશેષણ છે-માટે તેમાં ભલાઇ બુરાઇ મળીને ભલાઇને પુગેલી છે, માટે તેવણ તે એક અહૂ સાહેબ જેવણ નામ-નીશાન-વિશેષણ વગરના અના-માંથ્વાઓ છે તેવણથી ઉભા થયલા છે, જેમાં તેજ અહૂ ઉપર કહયું છે તેમ એક અબજાંશની ગતીમાં આવીને એટલે દસ વખતના ૧/૧૦ ના ભેદમાં આવીને વસેલા છે. **આવા પેદા કરનાર, એકયતા રાખનાર, ઘણાપણાને પોતામાં મેળવી નાખનાર અહુરમજદ માટે આ યશ્ત છે.** અહુરમજદ યશ્ત દરેકે દરેક બસ્તે કુસ્તીઆનોએ દરેક ગાહમાં પઢવી જોઇએ. કંઇ નહિ તો એક વખતબી પઢવી જોઇએ, કેમકે બસ્તે કુસ્તીઆનો જેઓ બરજીસી વર્ણના છે તેઓનું અસ્મ તે ગરોથ્માનનું અસ્મ એટલે છઠ્ઠું અસ્મ છે, કે જે મીનોઇમાંથી (એટલે અહુરમજદની મીનો ગતીના અકરન=દોરમાંથી ઉતરી આવેલું છે, એટલે અહુરમજદ વસેલા અહુરમજદના વસ્ત્ર તરીકે રહેલા દોરમાંથી) ઉતરી આવીને હસ્તી-નીસ્તીની સૃષ્ટીને પેદા કરીને આગળ ચલાવી રહયું છે. એવાં તે અસ્મમાં અહુરા પોતે વહી રહે

છે અને જરથોશ્તીપણાની બુલંદમાં બુલંદ યસ્ન જેને **હુદ-માંથ્ર-યસ્ન** કહે છે, જેથી નીસ્તી આખરે હસ્તીમાં લય થશે અને તેવી હસ્તી પછી અહૂમાં લય થશે તે યસ્નને બજાવવા જોતી તરીકે છે, **જેવણનો રાથ્વી જરથુશ્ત્ર ગાથા છે, જેવણના નાયબ પેગામ્બર જરથુશ્ત્ર છે,** જેવણ તે બસ્તે-કુસ્તીઆનના અહુ અને રતુ છે. **માટે જે કામમાં અહુ અને રતુ (જરથુશ્ત્ર)ના ઉસ્તાદો રોકાયા છે, જેને માટે તે અહુ અને રતુ (જરથુશ્ત્ર) નીસ્તીમાં ઉતરે છે, તે કામમાં રોકાવું મોટામાં મોટું પુન્ય-સવાબ-કેરફે છે.** આ યશ્ત ભણ્યાથી તેવાં બુલંદમાં બુલંદ કામમાં પોતાનો અદના ફાળો આપી શકાય છે માટે આ યશ્ત યથા શકિત પ્રમાણે ભણ્યાથી કુલ્યાતી વૃદ્ધી થવાનો ફ્રશો-કેરેતી નજદીક લાવવાનો ફાળો આપેલો કહેવાય છે. **અહુરમજદની બુલંદ ખીશ્કારી કે જે હસ્તીમાં થઇ રહે છે અને ત્યાંથી પછી યઝતોમાં વહીને નીસ્તીમાં જામી રહે છે તેની નાની નકલ આ યશ્ત ભણવાથી ઉભી થાય છે, જે નકલ કુદરતને ઘણી મદદરૂપ થઇ પડે છે,** માટે કુદરત તે નાની નકલને ચલીત થઇ કામ કરી શકે એમ જોવા માંગે છે-એટલે તે યશ્તને ભણાતી એટલે પોતાનો પાઠ ભજવતી જોવા માંગે છે, જેથી તે ભણનાર ઉપર આશીરવાદ ઉતરે છે, તેનું રૂવાન ગરોથ્માની થતું આવે છે.

---

## અહુરમજદ યશ્તનું ભણતર.

☞ અસલ જરથોશ્તી ફરમાન મુજબ હાવન, રપિથ્વન તથા ઉઝીરન ગેહની ફરજયાત તરીકે અહુરમજદ, અરદીબેહેશ્ત અને સરોશ યશ્ત હાદોખ્ત-એ ત્રણ યશ્તોને ખાસ ફરજયાત ગણેલી છે, જે વગરની ફરજયાત અધુરીજ કહેવાય. વાસ્તે હર રોજ ખુરશેદ-મેહેર તેમજ બીજી નીઆએશો પઢયા પછી આ ત્રણ યશ્તો અનુક્રમે સાથે ઉપલી ત્રણ ગેહમાં જરૂર પઢવી. વળી ઉષહીન ગેહમાં પણ અહુરમજદ યશ્તને ફરજયાતમાં લીધેલી છે.

પોતાના સૈયારા યાને ગૃહ માટે પઢવી હોય તો ઉપર મુજબ ત્રણ યશ્તો ફરજયાત કરી રહ્યા પછી બીજી જુદી અહુરમજદ યશ્ત માંડવી. વળી યશ્તો ભણવાનો સામાન્ય કાયદો એવી રીતનો છે કે નીઆએશો જે કાંઇ કરવી હોય તે કરી લઇને પછીજ યશ્તો માંડવી. ફકત અઇવિસ્રૂથ્રેમ ગેહની ફરજયાતમાં ગેહ ભણ્યા પછી તુરત સરોશ યશ્ત વડી માંડી પછી માહ બોખ્તારની તેમજ આતશની નીઆએશ થાય છે.

**ક્ષ્નઑથ્ર અહુરહે મજ્દાઓ. અષૅમ્ વૉહૂ ૧.**

અહુરમજદની સ્તુતી થાઓ અને તેના થવામાં મારો ફાળો વધતો રહો.

(બીસ્તા પઢવું.)

**૫ નામે યજ્દાંન્ અહુરમજ્દ ખોદાએ અવજૂની વર્જ્ ખુરેહ્ અવજાયાદ્; દાદાર્ અહુરમજ્દ રયોમંદ્ ખોરેહોમંદ્ મીનોઆંન્ મીનો ઍરતુમ્ બેરસાદ્.**

અસર રોશની યઝતી ગતીઓનાં નામથી એટલે તે ભલી ગતીના જેવું મારૂં વર્ત્તન થાઓ અને તેની મદદ મને મળો. અહુરમજદ તરફ મારા ખોદાની મદદથી વધતો રહું.—વર્જ=અઇપિની સુક્ષ્મ નુર તરફ જતી હાલત અને તેમાં પડતું ખોરેહ અહુરમજદનો આશીરવાદ મારામાં અને ગેતીમાં આવો—વધતા રહો. **રયોમંદ** ગતીના એટલે પુર્ણ જ્ઞાનથી ચળકતા, **ખોરેહમંદ**=પુર્ણ આશીરવાદના ઝરવો રાખનાર અને આપનાર, **મીનોઆંન્ મીનો**=અણદીઠને લગતી શકિતઓમાંની અણદીઠ, **ઍરતુમ**=પુર્ણમાં પુર્ણ તબકકા—મરતબા—દરજ્જા રાખનાર—અહુરમજદ જે પેદા કરનાર અને ભોગવાવનાર છે તેવણ મારી મદદે આવી પુગો.

**†અજ્ હમા ગુનાહ્ પતેત્ પશેમાનુમ, અજ્ હર્વસ્તીન્ દુશ્મત દુજ્ઝૂખ્ત દુજ્વરૂશ્ત, મૅમ્ ૫ ગૅતી મનીદ્, ઑઑમ ગોફ્ત્, ઑઑમ્ કર્દ, ઑઑમ્ જસ્ત્, ઑઑમ્ બૂન્ બૂદ્ ઍસ્તેદ્. અજ્ આંન્ ગુનાહ્ મનશ્ની ગવશ્ની કુનશ્ની, તની રવાની ગેતી મીનોઆંની, ઑખે અવાખ્શ્ પશેમાન્, ૫ સે ગવશ્ની ૫ પતેત્ હોમ્.**

(કુશાદે પઢવું:)

**ક્ષ્નઑથ્ર અહુરહે મજ્દાઓ. તરોઇદીતે અંગ્રહે મઇન્યેઉશ્. હઇથ્યાવરૂશ્તાંમ્ હાત્ વસ્ના ફ્રૅરષોતૅમૅમ્. સ્તઑમિ અષૅમ; અષૅમ વૉહૂ ૧.**

***ફ્રૅરસ્તુયે હુમતોઇબ્યસ્ચા હૂખ્તોઇબ્યસ્ચા હ્વરૂશ્તોઇબ્યસ્ચા, માંથ્વોઇબ્યસ્ચા વર્ષ્દ્વોઇબ્યસ્ચા વરૂશ્તવોઇબ્યસ્ચા. અઇબિ-ગઇરચ્યા દઇથે વીસ્પા હુમતાચા હૂખ્તાચા હ્વરૂશ્તાચા. પઇતિ-**

---

† સમજ માટે જુઓ પાને ૭૪ મે.

* સમજ માટે જુઓ પાને ૧૯૭ મે.

**રિચ્યા દઇથે વીસ્પા દુશ્મતાચા દુઝૂખ્તાચા દુઝ્વરૂશ્તાચા. ફ્રૅરા વે રાહી, અમૅષા સ્પૅન્તા, યસ્નૅમ્ચા વહ્મૅમ્ચા, ફ્રૅરા મનંઘ્રહા, ફ્રૅરા વચંઘ્રહા, ફ્રૅરા શ્યઑથના, ફ્રૅરા અંઘ્રહુઑાયા, ફ્રૅરા તન્વસચીત્ ખખ્યાઓ ઉશ્તનૅમ. સ્તઑમિ અષૅમ. અષૅમ વૉહૂ ૩.**

**ફ્રવરાને મજદયસ્નો જરથુશત્રિશ વીદએવો અહુર-ત્કએષો** (જે ગેહ હોય તે પઢે.) **ફ્રસસ્તયએચ. અહુરહે મજદાઓ રએવતો ખરૅનંઘ્રઉહતો, ક્ષ્નઑથ્ર યસ્નાઇચ વહ્માઇચ ક્ષ્નઑથ્રાઇચ ફ્રસસ્તયએચ, યથા અહૂ વઇર્યો જઑતા ફ્રા મે મ્રૂતે, અથા રતુશ અષાતચિત્ હચ ફ્રા અષવ વીદ્વાઓ મ્રઑતૂ.**

હું માજદયસ્ની જરથુસ્ત્રી એતેકાદવાળો–અહુરાની દએનવાળો, દએવોના શીરસ્તાથી જુદો પડતો માજદયસ્ની જરથોશ્તી હોઇને અહુરમજદ જે રય–જ્ઞાનના ચળકાટનું સ્વરૂપ છે અને આશીરવાદનું સ્વરૂપ છે તેવા અહુરમજદની સ્તુતી થવા માટેનો મારો ફાળો આપવા હું દુઆ ગુઝારૂં છું, માટે આવી સ્તુતી દાદારને પુગાડવા માટેની જાતજાતની હિકમત જે **યસ્નની** છે–વહમની છે–દાદારની મરજી પ્રમાણે ચાલીને દાદારની ખુશાલી ઉભી કરાવવાની છે–અને દાદારનું સમજીને દાદારના કહયાસર વર્તવાની છે, તે બધી હિકમતો દાદારની સ્તુતી કરવા માટે છે. તેમ કરવા માટે અએ જોતી ઉસ્તાદ, તું ઇનસાનરૂપનો કે ફરેસ્તારૂપનો કે દએનના અમલરૂપનો કોઇબી હોય તે યથાના કલામના પહેલા ભેદને મારી આગળ જાહેર કર, કે જેનેથીજ ઉપર કહેલી સ્તુતીઓ થઇ શકે છે. એમ જો જોતી તે ભેદને મારી આગળ જાહેર કરશે તો ખરેજ તે જોતીનો બીજો નાયબ રાથ્વી યથાનો છેલ્લો ભાગબી મને શીખવશેજ, કે જે પછી દાદારની સ્તુતી કરવાનું બરાબર બની આવશેજ.

**અહુરૅમ મજદાંમ રએવન્તૅમ ખરૅનંઘ્રઉહન્તૅમ યજમઇદે.†**

**(૧) પૅરૅસત્[૧] જરથુશ્ત્રો[૨] અહુરૅમ મજદાંમ,[૩] અહુર મજદ[૪] મઇન્યો[૫] સ્પૅનિશ્ત[૬] દાતૅરૅ[૭] ગએથનાંમ[૮] અસ્તવઇતિનાંમ[૯]**

† આ આખું "**અહુરૅમ**"થી "**યજમઇદે**" સુધીનું વાક્ય હાલની મોજુદ કેતાબોમાંથી નજરચુકથી નીકળી ગયલું લાગે છે. દરેક ન્યાયશ–યશ્તમાં "**વીદ્વાઓ મ્રઑતૂ**" એ શબ્દો પછી તે ન્યાયશ–યશ્તને લગતા યજત–અમશાસ્પંદની મોટી ક્ષ્નૂમન હમેશાં આવવી જોઇએ. એ કાયદે અહુરમજદની મોટી ક્ષ્નૂમન આ જગ્યાએ ઉપલાં વાક્યમાં આપવામાં આવી છે.

અષાઉિમ,[૧૦] મિસ્વાનહે ગાત્વો[૧૧] ખ્હાતહે.[૧૨] કત્[૧૩] અસ્તિ[૧૪] માંથ્રહે સ્પૅન્તહે[૧૫] અમવસ્તૅમૅમ,[૧૬] કત્[૧૭] વૅરૅથ્રવસ્તૅમૅમ,[૧૮] કત્ ખરૅનંઘ્હઉિહસ્તૅમૅમ,[૧૯] કત્[૨૦] યાસ્કૅરૅસ્તૅમૅમ,[૨૧]

(૨) કત્[૨૨] વારૅથ્રઘ્ન્યોતૅમૅમ,[૨૩] કત્[૨૪] બએષજયોતૅમૅમ,[૨૫] કત્[૨૬] ત્અએષો-તઉિર્વયાંસ્તૅમૅમ[૨૭] દ્અેવનાંમ[૨૮] મષ્યાનાંમ્ચ;[૨૯] કત્[૩૦] વીસ્પહે[૩૧] અંઘ્રહેઉશ[૩૨] અસ્તવ્તો[૩૩] મન[૩૪] અસ્તિ[૩૫] વીજઘ્મિશ્તૅમ;[૩૬] કત્[૩૭] વીસ્પહે[૩૮] અંઘ્રહેઉશ[૩૯] અસ્તવતો[૪૦] અંઘ્રહુવાંમ[૪૧] અસ્તિ[૪૨] વીમરૅજ્જિશ્તૅમ.[૪૩]

(૧) અહુરમજદને[૩] ‖ જરથુશ્ત્રે[૨] ‖ પુછ્યું કે[૧] (અએ તું) ‖ *મીસ્વાને ગાતુ[૧૧] (ઉપર હસ્તી અને નીચે નીસ્તી એ બેની વચમાંની

---

* **મીસ્વાને ગાત્વ**=નીસ્તીને એટલે જન્મ-મરણ કરીને સુધરતી સૃષ્ટીને હસ્તીમાંથી એટલે અમર ગતીની દુન્યામાં કંઇક નાશવંત તત્વ માલમ પડેલું હતું તેમાંથી કાઢીને ઉભી કરવા અહુરમજદે પોતાની ધારણા અહુનવઇર્ય પ્રમાણે એક 'ગાત્વ,' એક સંસ્થા, એક જાતની 'તબઈઅત' કે જેમાં નીસ્તી પેદા કરવાની શકિત કુદરત વસી શકે તેવી સંસ્થા ઉભી કીધી છે, જેને મીસ્વાન એટલે હસ્તી જે થઇ ગઇ છે તેની પછીની અને નીસ્તી જે થવાની છે તેની ઉપરની એટલે હસ્તી અને નીસ્તીની વચમાંની '**ગાત્વ**'=સંસ્થા કહી છે. ત્યારે 'મીસ્વાને ગાતુએ ખોદા' નીસ્તીની કુદરતના વસ્વાટને કહે છે. જાણવું કે હસ્તી કે જેમાં નાશ જેવું નથી, જેમાં દ્રવાઓ-ભુલાવો નથી, જે મુરાદે પુગેલી છે માટે જેમાં યોગ-ઇશ્ક-મેલાપ છે, જેમાં અહુરાને પુગવાનું બની આવે છે, પણ જે ભુલેલાને માટે કામ કરી રહી છે, તેવી હસ્તીને ચલાવનાર તબઈઅત અને તેની શકિત-કુદરત, નીસ્તીની જગત કે જેમાં ભુલાવો છે માટે જેમાં દુખ છે-પાપ છે-જેને સુધારવાનું છે માટે જેમાં વીયોગ છે તેવી જગતને લાગુ પડી શકે નહિ. હયાં નોંધ લેવી કે આ મીસ્વાને ગાત્વમાં જે શકિત છે તે **મીનો કરકો**ના આતશની ગતીને લીધે ટકી રહે છે, જે અહુરાના **આથ્ર** **અહુરમજ્દ**નો એક ભાગ છે, અને ત્યાંથી તેમાં તે નીસ્તીની કુદરતને તેનાં કામમાં મદદ કરવા આવી ચઢેલો છે. બીજી નોંધ લેવી કે **મીસ્વાને ગાત્વને હમેશ્ત ગેહાન કહેતા નથી**. ત્યારે '**હમેશ્ત ગેહાન**' શું છે? ઇલ્મ્યતની ઝબાનમાં ટુંકમાં કહે છે કે છઠઠાં ગરોન્માન સીવાયનાં પાંચમાં હારોમના તેમજ બીજાં બધાં આસ્માનને **હમેશ્ત ગેહાન** કહે છે, જો કે તે દરેક અસ્મમાં વચમાંનો ભાગ '**હવચઍાન**' કહેતાં ચઝતોનાં રહેઠાણનો રહેલો છે તે નોંધવું. પણ આનો ભેદ ઉંડો છે તે કહેવાની આ જગા નથી. પણ ટુંકમાં એ કે હમેશ્ત ગેહાનની શબ્દ રચનાની અંદરજ તેની ઇલ્મ્યતી સમજ પડેલી છે, જે ઇલમ્યત ગાથા ૩૩-૧ માં ખુલ્લી દેખાય

(ફુટનોટ માટે જુઓ પાને ૩૮૨ મે).

* * * * * (અસલ લખાણ પાને ૩૮૩ મે ચાલુ કીધું છે.)

---

(પાને ૩૮૧ મેથી ફુટનોટ ચાલુ).

છે. એ હમેશ્ત ગેહાન શબ્દ '**હેમ-યાસઇતે**'=મળેલો-ભેળાઇ ગયલો-ગુંચવાયલો એવા અર્થ રાખતા અવસ્તા શબ્દો ઉપરથી નીકળેલો છે એટલે સારા સાથે નરસો ગુંચવાયો છે તેને ગોતી કાઢવું એમ ભેદ ત્યાં છે. ઉપર કહ્યું છે કે અમર હસ્તીમાં 'અષ'ની સાથે 'અક' કંઇક દરજ્જામાં આવેલી છે-જે 'અક' ઉપરથી ગેતીની પાંચો વર્ણો થઈ છે. મીનોઇમાં ઉરવાન સાથના દ્રવાઓની આ ગતી જે '**અક**' તરીકે થયલી તેને ત્યાંથી ગોતી કાઢી હસ્તીના મુળ ગરોન્માનના છઠ્ઠાં અસ્મમાં આણેલી છે. આ '**અક**' જે રૂવાનની પાંચ વર્ણ કરી રહે છે તેની વ્યવસ્થા કરવા છઠ્ઠાં ગરોન્માનનાં અસ્મમાંથી બીજાં અસ્મો નીકળ્યાં, જેને હસ્તીના ૧-૨-૩-૪-૫-૭ અસ્મો કહે છે, જેઓને તે ક્યાસનો વહીવટ કરવા સોંપ્યું. યઝતોએ તે વહીવટ માટે અહુરાના હોકમથી નીસ્તી ઉભી કરવાનું શરૂ કીધું. નીસ્તીને ઉભી કરવા જોઇતી કુદરતનું કારખાનું તેઓએ પહેલે ખોલ્યું. આને માટે ત્યારે પહેલો '**મીસ્વાને ગાતુ**' ઉભો કીધો જ્યાં આગળ મીનો કરકોનો આતશ છે. ત્યારે '**હમેશ્ત ગેહાન**' તે સંસ્થા છે કે જ્યાં આગળ નાશવંત માટે સુધારવા લાયકનું તત્વ રહી શકે-નીસ્તીની દુન્યામાંથી હસ્તીમાં જવા માંગતાઓમાંબી જો કંઇ ક્યાસ હોય તો તેઓને માટે જે haven છે જગા છે તેનેબી '**હમેશ્ત ગેહાન**' કહે છે, જેમાં નહિ હસ્તીની અનન્ત ઉશ્તાની હાલત કે નહિ નીસ્તીના દુખ જેવી હાલત રહે છે, જેમાં સુધરવાનો ઉમંગ રહે છે, જેને **પાદે**-ફ્રાહની ગતી કહે છે. આમ ત્યારે '**મીસ્વાને ગાતુ**' અને '**હમેશ્ત ગેહાન**'નો ફરક છે. **ગાથા** હા ૩૩-૧ માં '**હમેશ્ત ગેહાન**'માં પાદે-ફ્રાહ છે એટલે સુધરવાનો ઉમંગ છે, જે એક અષવન ઉભો કરી શકે છે, તેનો ભેદ આપેલો છે. ત્યાં કહે છે કે '**દાતા અંઘ્હેઉશ પઓઁઉરુયેહ્યા**'=સપ્પર પહેલા કાયદા પ્રમાણે એટલે હસ્તી-નીસ્તીને ઉભી કરનાર કાયદા પ્રમાણે, માજ્દયસ્નની જરથોશ્તી મજ્દદાત-અહુરદાતના કાયદા પ્રમાણેજ જગત ચાલી રહે છે, તે પ્રમાણેના કાયદાની રૂયે એક 'રતુ' ઉસ્તાદ, એક સાચ્ચો નર, કોઇબી ઇનસાન જે અષોઇ તરફ જવા મહેનત કરતો હોય તેને અષોઇમાં વધારી શકે છે. અને એક 'દ્રવન્ત' કે જેમાં જુઠઠાઇ છે તેમ કંઇ સચ્ચાઇબી છે તેવો ઇનસાન કે જેનાં ભલાં કામમાં ખોટાં મીથ્યાં કામોબી ભેલાઇ ગયલાં છે, તેઓની તે ગુંચને છોડવવા તેને 'હમેશ્ત ગેહાન'માં એટલે પાદે ફ્રાહની હાલતમાં મોકલે છે એટલે સે શબમાં રાખી ત્યાંથી ચીનવત ઉપર રાખીને ખુરાઇથી આગાહ કરાવીને પછી ભોગવવાની શકિત અપાવીને તન-પશીન તરફ મોકલી શકે છે. ગાથાના તરજુમાંનો આ રાજ઼ ઇલ્મે-ક્નૂમ વગર ઉકેલાઇ શકાતો નથી. ઇલ્મે-ક્નૂમના જ્ઞાન વગર તે હા અકકલ પસંદ રીતે સમજી શકાય નહિ. આ હાની ઉપરથી સાફ માલમ પડશે કે ગાથાની રચનામાં માજ્દયસ્નની જરથોશ્તી દએનની બધી યસ્નની જીવતાંની ગુજરેલાંની ફીલસુફીનો અર્ક ભેદમાં ગુંથી લીધેલો છે. ગાથાનો ધર્મ

(ફુટનોટ માટે જુઓ પાને ૩૮૩ મે).

સ્રષ્ટી જે) ‖ ખદાતની શકિતવાળી–દોરી આપેલા '**રથવ્ય પથ**'= કુદરતી રત=દોર ઉપર રહી ફરીને કુદરતી કાયદે પોતાનું કામ કરનાર[12] (એટલે નીસ્તીને ઉગાડવાની સામગ્રી રાખનાર આવા આ મીસવાનમાંથી) ‖ હાડમંદ તનોમંદ નાશ પામીને સુધરે તેવા પ્રકારની[6] ‖ સૃષ્ટી–સંસ્થાને[8] ‖ ઉભી કરીને ચલાવનાર,[7] ‖ મીનો રીતે અણદીઠ રીતે નાશ પામતી જડતાને સુક્ષ્મતામાં લાવનાર, લાવવાની અમર શકિત ગતી રાખનાર,[5] ‖ શ્રેષ્ટ રીતે વૃદ્ધી કરનાર એટલે નાશ દુખને હમેશગીના સુખમાં લાવીને વધારનાર[6] ‖ અએ અષો[10] ‖ અહુરમજદ ![14] ‖ ‡માંથ્ર–સ્પેન્તની[15] (એટલે અહૂના નીરૂની કુદરતવાળા અને આથ્રો પુથ્રની ગતીવાળા આશીશો રાખતી (દએવીક ખસ-

(પાને ૩૮૨ મેથી ફુટનોટ ચાલુ).

સાદો છે અને યશ્ત અને બીજી ક્રીયાઓ અને મરણ અને પછીની ક્રીયાઓ અને તેઓને લગતો ભેદ વીગરે ગાથામાં નથી એમ જેઓ બોલે છે, તેઓને આવા ફકરાના ભેદ ઉપરથી પોતાની ભુલ સુધારવાનો મોકકો મળી આવશે. જે કોઇ-માંબી સાચ્ચું અંતકરણ હશે તો ભલેને તે ક્નૂમને કંઇ માને નહિ, પણ તે આમ તો નહિજ કહી શકે કે તે ગાથાને બરાબર સમજી શકે છે. માટે ખોટો બકબકારો કરવાથી કે ગાથાનો Spirit જુદો છે અને અવસ્તાનો Spirit જુદો છે તેથી બાઝ આવી શકે.

‡ **માંથ્ર–સ્પેન્ત**નો અર્થ ઘણોજ ઉંડો છે. માંથ્ર–સ્પેન્ત શું છે તેની મકદુર શું છે તેનું ઉસુલ કયાં છે–તે માટે જુઓ આતશની નીઆએશ પાને ૩૧૮મે (૩૧૪–૩૨૪) અહૂનો તે આશીરવાદ છે કે જેથીજ ઉત્તમમાં ઉત્તમ ચીજ થઇ–જે આશી-રવાદ માંથ્રમાં આવીને માનવ મારફતે સફીલમાં સફીલ અનુને અનુપમ સ્તોતમાં બદલી શકશે. એજ માંથ્ર–સ્પેન્તથી ઉસુલ રૂવાન સુધરીને અહૂને મલ્યું, જેને દાદાર અહુરમજદનું રૂવાન કહે છે, જેને તેટલા માટે "**માંથ્ર–સ્પેન્ત**"નું રૂવાન કહેલું છે. સ્પેન્તીએ પુગી સ્પેન્તી કરવા મારેફત થનારી ગતીને "**માંથ્ર–સ્પેન્ત**" કહે છે માટે હસ્તીની સૃષ્ટીને તેમ નીસ્તીમાં નીસ્તીના જીવ સમાનની ગવેમની સૃષ્ટીને તેમ કુદરતના મજદદાત–અહુરદાત એટલે કુદરતની માજદયસ્ની જરથોશ્તી દએનને તેમ તેની ઉપરથી કોપી થયલી ગેતીની મજદયસ્ની જરથોશ્તી દએન અને તે માંહેલા બધા મીથ્રો–માંથ્રો–યસ્નો બધાંને '**માંથ્ર–સ્પેન્ત**'નાં સામાન્ય ભેદથી અવસ્તામાં ઓળખે છે. ત્યારે 'માંથ્ર–સ્પેન્ત' તે આશીરવાદીક ઉશ્તા= અનુપમ સુખની ગતી છે–કે જે દુન્યામાં કે કલામમાં કે વ્યકતીઓ કે કશામાં કંઇબી જો હોય–આવે તો તેથી '**અહૂ અક્રજયન્ત**'નો નાદ તે બધામાં વહીને તે બધાને ક્ષથ્ર અધીકારી કરીને અહુનવઇર્ય પ્રમાણે કામ કરવાની હોશ–હામ–અકકલ–વીર–હોશ–ખેરદ–મનસ્ની–ગવશ્ની–ફુનશ્ની આપે છે એટલે કુદરતના અનુયાયી થવાનો લાહવો આપે, માટે જીવજાનને લંબાવી શકે. ત્યારે હયાં અષો

(ફુટનોટ માટે જુઓ પાને ૩૮૪ મે).

લતના અવિશ્વાસના બળતા તાપનાં દુખને પોતાની છત્રી મીસાલની છાયામાં શાંતી આપીને તેની અજ્ઞાનતાનાં દુખવાળી હએરીક ગતીને રયનાં ચળકતાં જ્ઞાનના આનંદમાં લાવીને વૃધ્ધી-નેજાત તરફ લઇ જતી કુદરતી તેમ બનાવટી રચનાઓમાંની) ‖ કઇ[૧૩] (રચના) ‖ (તે અજ્ઞાનતાનાં દુખને પુર્ણ જ્ઞાનનાં સુખમાં ફેરવવા માટે જોઇતી) પુર્ણ સર્વોત્તમ હીમ્મત-હામ-જોરવાળી[૧૧] ‖ છે,[૧૪] ‖ (તે દુખને જીતવા માટે) પુર્ણ ફત્તેહવાળી[૧૮] ‖ છે,[૧૪] ‖ (તે દુખને સર કરીને સુખ અપાવવા માટે) ખોરેહવાળી એટલે દાદાર તરફથી મળેલા તેજસ્વી આશીરવાદીક અધીકારવાળી[૧૯] ‖ છે,[૧૪] ‖ (અજ્ઞાનતામાં રહેલા શક-સુબેહ-અવિશ્વાસનાં દુખ ઉપર ભલી અસર કરી તેને એતેકાદવાળાં જ્ઞાનનાં સુખમાં લાવવા માટે) પુર્ણ ભલી અસર કરી શકે તેવી[૨૧] ‖ છે,[૧૪] ‖ (અજ્ઞાનતાનો અવિશ્વાસ જડ ઘાલી બેઠો હોય તેને મારીને વિશ્વાસવાળાં જ્ઞાનમાં લાવી શકે તેવી) પુર્ણ ગતીથી મારીને જીતનારી[૨૩] ‖ છે,[૧૪] ‖ (એમ અજ્ઞાનતાના અવિશ્વાસને મારીને ભલાઇ તરફ લઇ જવાની દરોસ્તી-હમેશગીનું સુખ આપી શકે તેવી) પુર્ણ રીતની હમેશગીની દરો-

---

(પાને ૩૮૩ મેથી ફુટનોટ ચાલુ).

જરથુશ્ત્ર પુછે છે કે **માંથ્ર-સ્પેન્તની** આવી બહોળી રચના કે જે બધાને તેં આ તારી આપેલી માજદયશ્નની જરથોશ્તી દએનમાં જોડી છે તે બધી રચનામાંની કઇ ખાસ રચના છે કે જે **ગેતીમાં રહેલા દ્રવાઓને** સુધારીને ભલાઇએ પુગાડી શકે. આના જવાબમાં નીચે કહેવામાં આવે છે કે **'વચ'**-વચનો કે જેમાં તે માંથ્ર-સ્પેન્તના આશીશો ગુંથાયા છે, તે માંથ્રો એ કામ માટે ઉત્તમ છે, કેમકે તેવા તે માંથ્ર ભણવાથીજ ઇનસાનને મુકિત મેળવીને રજેરજની ફ્રશો-ફેરેતી કરી શકશે એટલે રજેરજને માંથ્રો મારફતે તે આશીશો પુગાડીને સુન્નાની મુકિતવાળી કરશે. એમ **માંથ્ર વગર મુકિત છેજ નહિ.** ત્યારે અવસ્તાવાણી કેટલી બધી ઉંડી- ઉંચ છે તેનો ભેદ-ભરમ હયાં રહયો છે. **માંથ્રો તેનેજ કહે છે કે જેમાં અહૂના 'માંથ્ર-સ્પેન્ત'** કહેતાં **'નીરૂ'** અને **'આશ્ર પુથ્ર'**ની ગતી રાખતા આશીશો ગુંથાયા હોય, જેથી તે માંથ્રોથી કેહર્પ-બુલંદ રીતની આકૃતી એવી રીતની થઈ રહે, કે તેમાં **અહુરમજદ તેની આટલી બધી નીચે સમજાવેલી સેફતરૂપ ગતીમાંની કોઇબી ગતી મારફતે પુગે-પુગી શકે.** જે કલામના ભેદી વાસ્તામાં અહુરમજદ એવી સેફતરૂપ કેહર્પ ધારણ કરીને વસેલો નહિ હોય એટલે તે કલામને પઢવે અહુરમજદ તેની આટલી બધી ગતી જે યજતરૂપની છે તેમાંની કોઇબી ગતીએ હાઝર નહિ થાય, તેને **માંથ્ર** કહે નહિ અને તે નેજાત અપાવી શકે નહિ. હયાં ત્યારે **અવસ્તા-બાની** કેટલી બધી ઉમદા છે, જેના ભણવાથી ખુદ દાદાર તેના અનેક ઉત્તમ પ્રકારે એટલે **યજતોના પ્રકારે જાહેર થઈ શકે છે એટલે ગોસ્પંદી ગતી ગેતીમાં વધી શકે છે, તેનો રાજ (ભેદ) રહયો છે.**

સ્તી આપવાવાળી[૨૫] ‖ છે,[૨૪] ‖ દએવની[૨૮] (એટલે વીદવતા જે ખોટી દલીલથી થાપ ખાતી હોય—ફરેબ પામતી હોય તેવો ફરેબ ખાતી શકિતઓની), ‖ (તેમજ) મષ્ય એટલે સાધારણ અજ્ઞાન ઇનસાન જેમાં જ્ઞાન કરતાં અજ્ઞાનતા અને અવિશ્વાસ છે તેવા અવિશ્વાસુ અજ્ઞાન ઇનસાનની[૨૯] ‖ ત્બએષ[૨૭]=(અવિશ્વાસનું દરદ તેમ તન—મનને લગતાં દરદો—જડતામાં ગુટાવી નાંખનાર જાતજાતનાં) દરદોને પુણું રીતે તોડનારી ‖ ( કઇ માંથ્ર—સ્પેન્તની રચના ) છે,[૨૪] ‖ આખી બધી[૩૧] (નીસ્તીની જાતજાતની દુન્યાઓની બધી કુલ્યાતી) ‖ હાડ-મંદ[૩૩] (એટલે જડતામાં અથાઇ જઇને દુખ પામીને સુખ—અમરગી તરફ જવાનો સ્વપ્નો જોતી) ‖ દુન્યાના[૩૨] (તેમાં વહી રહેલા—પ્રસરી રહેલા) ‖ (હાડમંદ એટલે જડતામાંથી છુટીને અમર ગતી તરફ જવાના મુળ અને એકલા) વિચારને[૩૪] ‖ છુટકો આપનાર એટલે ( ભવિષ્યની તે હમેશગી મેળવવાની આશા આપવા ) પુગી વળનાર—મદદ કરનાર[૩૬] ‖ કઇ (માંથ્ર—સ્પેન્તની રચના છે), ‖ આખી બધી[૩૮] (નીસ્તીમાંની જાતજાતની દુન્યાઓની બધી કુલ્યાતી) ‖ હાડમંદ[૪૦] (એટલે જડતામાં અથાઇ જઇને દુખ પામીને અમરગીનાં સુખ તરફ જવાનો સ્વપ્નો જોતી) ‖ દુન્યાના[૩૯] ( તેમાં ઉભા થતા) ‖ સ્વભા-ભાવને[૪૧] (એટલે જડતાને લીધે જડ ભાવ ઉભો થાય પણ તેમાં જરા ગવ હોવે તે ઉંચ ધારણાની તરફજ આખરે જવા માંગે તેવા ગુચવાયલા સ્વભાવને ) ‖ ( તે ગુચવાયલા સ્વભાવમાંના સ્વાર્થને—બુરાઇને—ખરફસ્ત્રી ગતીની મીલાવટને) બહાર ખેંચી કાઢનાર—એમ સ્વભાવને પાક ગોરપંદી કરનાર[૪૩] ‖ કઇ[૩૭] ‖ (માંથ્ર—સ્પેન્તની રચના) છે ?[૪૨] ‖

**(૩) આઅત્[૧] મ્રઑાત્[૨] અહુરો મજદાઓ[૩] અહ્માકૅમ્[૪] નાંમ,[૫] સ્પિતમ[૬] જરથુશ્ત્ર,[૭] યત્[૮] અૅમૅષનાંમ્ સ્પૅન્તનાંમ્.[૯] તત્[૧૦] અસ્તિ[૧૧] માંથ્રહે[૧૨] સ્પૅન્તહે[૧૩] અમવસ્તૅમૅમ્,[૧૪] તત્[૧૫] વૅરૅથ્ર-વસ્તૅમૅમ્,[૧૬] તત્[૧૭] ખરૅનંધ્રઉહસ્તૅમૅમ્,[૧૮] તત્[૧૯] યાસ્કૅરૅસ્તૅમૅમ્,[૨૦]**

**(૪) તત્[૨૧] વારૅથ્રઘ્ન્યોતૅમૅમ્,[૨૨] તત્[૨૩] બએષજ્યોતૅમૅમ્,[૨૪] તત્[૨૫] ત્બએષો—તઉર્વયાંસ્તૅમૅમ્[૨૬] દએવનાંમ્[૨૭] મષ્યાનાંમ્ચ;[૨૮] તત્[૨૯] વીસ્પહે[૩૦] અંઘ્રહેઉશ[૩૧] અસ્તવતો[૩૨] મન[૩૩] અસ્તિ[૩૪] વીજઘ્-મિશ્તૅમ્,[૩૫] તત્[૩૬] વીસ્પહે[૩૭] અંઘ્રહેઉશ[૩૮] અસ્તવતો[૩૯] અંઘ્-હુવાંમ્[૪૦] અસ્તિ[૪૧] વીમરૅજિશ્તૅમ્.[૪૨]**

(૩) આ પ્રમાણે[૧] ‖ અહુરા મજદાએ[૩] ‖ કહયું :[૨] ‖ અએ સ્પિ-તમ જરથુસ્ત્ર ![૬] ‖ જેઓ[૮] ( હમો ) ‖ અમર ગતીના[૯] ( છીએ ) ‖ (તેવા)

હમારે માટેનાં[૪] || નામ–બ્યાન (જયાં જયાં અને જે જે રચનામાં આવે તે ઉપલુ કામ કરી શકે એટલે જાતજાતની માંથ્ર–સ્પેન્તની કુદરતી તેમ બનાવટી રચનાઓમાં, તે રચના કે જેનાં નામ લેવાથી એટલે ભણવાથી હમો અમર ગતીઓ–હમારી ચઝતી ગતીઓ ત્યાં ભણનાર આગળ હાજર થઇ શકે તે ઉપલું કામ કરી શકે એટલે દએનના માંથ્રો ઉપલું કામ કરી શકે). || માંથ્ર–સ્પેન્તની એટલે વૃદ્ધી કરનાર કુદરતી તેમ બનાવટી બધી ચીજોમાંનો[૧૨-૧૩] || તે[૧૦] (ભાગ–રચના) || છે,[૧૧] (જે) || પુર્ણ હીમ્મત–હામવાળી,[૧૪] || પુર્ણ ફત્તેહવાળી,[૧૬] || દાદાર તરફથી મળેલા તેજસ્વી અધીકારવાળી,[૧૮] || પુર્ણ રીતે ભલી અસરમાં લાવનારી,[૨૦] || પુર્ણ ફત્તેહથી જીતનારી,[૨૨] || પુર્ણ દરોસ્તી આપનારી,[૨૪] || દએવના એટલે માનવથી જુદી–અરવાહી આલમની ગેતીમાં પેઠી પડેલી વ્યકિતઓમાંના જ્ઞાનીઓ જેઓ જ્ઞાનના વીચારમાં ભુલ કરનારાઓ છે તેઓનાં[૨૭] || (તેમજ) મષ્ય એટલે હવસોથી બંધાયલા સાધારણ ઇનસાનો જેઓ પુર્ણ સ્વાર્થી હોવે જડવાદી રહે છે તેવા જડવાદીઓનાં[૨૮] || દરદો જેવાં કે અવિશ્વાસ–સ્વાર્થ–હવસો વીગેરેને પુર્ણ રીતે તોડનારી હોય છે:[૨૬] || બધી કુલ જાતજાતની[૩૦] || તનોમંદ પણ અમગી તરફ જવા સરજાયલી[૩૨] || જગતના[૩૧] || મનને એટલે અંદરખાનેની મુકિત મેળવવાની ખાહેશને[૨૭] || પુર્ણ રીતે મુરાદે પુગાડનાર હોય છે;[૩૫] || કુલ જાતજાતના[૩૭] || હાડમંદ પણ અમર ગતીએ પુગવા લાયકના[૩૯] || જગતના[૩૮] || સ્વભાવને[૪૦] || પાક કરનાર, તેમાંથી બુરાઇને ગોતીને દુર કરનાર હોય છે.[૪૨] ||

**(૫) આઅત[૧] અઑખ્ત[૨] જરથુશ્ત્રો,[૩] ફ્રોઇત[૪] મે[૫] તત[૬] નાંમ[૭] ફ્રમ્રૂઇદિ,[૮] અષાઉમ[૯] અહુર મજદ્દ,[૧૦] યત[૧૧] તે[૧૨] અસ્તિ[૧૩] મજિશ્તૅમ્ચ,[૧૪] વહિશ્તૅમ્ચ,[૧૫] સ્રએશ્તૅમ્ચ,[૧૬] યાસ્કૅર્સ્તૅમૅમ્ચ,[૧૭] વાઁરથ્રઘ્નયોતૅમૅમ્ચ,[૧૮] બએષજયોતૅમૅમ્ચ,[૧૯] ફ્રબએષો–તઉર્વયાંસ્તૅમૅમ્ચ,[૨૦] દએવનાંમ[૨૧] મષ્યાનાંમ્ચ.[૨૨]**

**(૬) યથ[૨૩] અજૅમ[૨૪] તઉર્વયેનિ,[૨૫] વીસ્પે[૨૬] દએવ[૨૭] મષ્યાંસ્ચ,[૨૮] યથ[૨૯] અજૅમ[૩૦] તઉર્વયેનિ,[૩૧] વીસ્પે[૩૨] યાતવો[૩૩] પઇરિકાઓસ્ચ,[૩૪] યત માંમ[૩૫] નએ[૩૬] ચિશ[૩૭] તઉર્વયાત,[૩૮] નોઇત[૩૯] દએવો[૪૦] નએદ[૪૧] મષ્યો,[૪૨] નોઇત[૪૩] યાતવો[૪૪] નએદ[૪૫] પઇરિકાઓ.[૪૬]**

(૫) ત્યારે એમ[૧] || જરથુસ્ત્રે[૩] || કહયું, કે[૨] || અએ અષો[૯] || અહુરમજદ![૧૦] || ખચીતજ[૪] || મને[૫] || તે[૬] || (માંથ્ર–સ્પેન્તની રચનામાંના) માંથ્રો

ભણુવાની ચીજ[૭] ‖ (જે વૃદ્ધીમાં† આગળ વધારી શકે છે માટે સાધારણુ ઝબાનથી જુદા છે તે) કહે,[૮] ‖ કે જે માંથ્રો[૧૧] ‖ તારા[૧૨] (માંથ્ર-સ્પેન્તના નીરૂની ગતી રાખના આશીરવાદોવાળા માટે યઝતોની હાજરી લાવી શકે તેવા માટે સાધારણુ ઝબાનથી જુદા માટે માંથ્રોને નામે ઓળખાતા તારા ખાસ માંથ્રો હોઇને) ‖ ઉંચાઇએ પુગાડનારા, હવસી-સ્વાર્થી હાલતમાંથી નીસ્વાર્થની ટોંચે લઇ જનારા,[૧૪] (માટે) ‖ ભલા પરદુખભંજનની ગતી ગોસ્પંદી ગતીની ટોંચે પુગેલા,[૧૫] ‖ છેક દાદાર તફ્ફ આકર્ષણુ કરાવવાની શકિતવાળા-સુંદરતાવાળા-ખુબસુરત માટે આકર્ષણુવાળા માટે દાદાર તરફ પુગાડનારા,[૧૬] (માટે) ‖ પુશ્કળ ફેરફાર કરવાની અસર-તાસીકવાળા, શરીરમાં સત્યસંગ ચોંટાડનારા પુર્ણ ગતીના,[૧૭] ‖ બુરાઇને જીતી મારીને પુર્ણ ફત્તેહ મેળ-વનારા,[૧૮] ‖ અમર ગતીની દરોસ્તી પુર્ણ રીતે લાવી આપનારા,[૧૯] ‖ દએ-વીક જ્ઞાનની ગતી જે કેઠેબી ભુલે છે તેવી કેઠેબી ભુલની ગતીના અરવાહી-ઓની વ્યકતીઓના[૨૧] ‖ (તેમ) પુર્ણ સ્વાર્થી-હવસી-જડવાદી મતીના મનુ-ષ્યના[૨૨] ‖ ત્બએષ તન કે મન કે રૂવાનને લાગેલી કસરોને કે દરદવાળા માટે ચેપી બીજાંઓને ફરેબ આપીને બુરી અસર પુર્ણ રીતે પાંથરનારાઓ-એવાઓને પુર્ણ રીતે તોડનારા[૨૦] (રહે છે), ‖ જેથી[૨૩] ‖ હું જરથુસ્ત્ર[૨૪] ‖ બધા[૨૬] ‖ દેવો એટલે અરવાહીની વ્યકતીઓ યા બુરા ગુબારો જેઓ શ્રાપ ઉતારી રહે છે તેઓને, જેઓ તારીકી ઉપર બદ નિષ્ટા ઉપર ઉતરી પડીને અહુરમજદની નીઆમતોને બગાડે છે તેવાઓને,[૨૭] (અને) ‖ ઇનસાન કે જેઓ ભલો ફેલ નહિ વાપરવે કુદરતમાં હરકતરૂપ થઇ પડે છે તેઓને[૨૮] ‖ તોડું-તેઓની બુરી અસરને તોડી પાડું,[૨૫] ‖ કે જેથી[૨૯] ‖ હું જરથુશ્ત્ર[૩૦] ‖ બધા[૩૨] ‖ જાદુગરો, અસરે-તારીકીને જામવા દેનારાઓ, અસરે-રોશનીને તફરગે કરનારા વીદવાનોને,[૩૩] ‖ (તેમજ) પરીઓને એટલે અરવાહી દુન્યાની પુશ્કળ ખેંચાણુવાળી ઇનસાનને ઇશ્કમાં ભમાવીને ગુલામ બનાવનારી નારીઓને[૩૪] ‖ તોડું, તેઓની બુરી અસરના દોરને નાપાએદાર કરૂં;[૩૧] ‖ તેથી ઉલટુ[૩૫] ‖ મને[૩૬] ‖ કોઇબી ચીજ-વ્યક્તી[૩૭] ‖ તોડી શકશેજ[૩૮] ‖ નહિ;[૩૬] ‖ નહી[૩૯] ‖ અરવાહીની બળવાન વ્યકતી કે બુરા તુટી પડતા શ્રાપરૂપના ગુબારો જેઓ બુરાઇમાં પુર્વીણ છે તેઓ,[૪૦] ‖ કે નહી[૪૧] ‖ બુરા કપુત ઘટતીવાળા હવસી સ્વાર્થી ઇનસાનો,[૪૨] ‖ કે નહી[૪૩] ‖ જાદુગરો, અસરે-તારીકીના સાહેબો, અધર્મી

---

† હયાં 'ક્ર' શબ્દ વૃધ્ધી કરાવે તેવા, એમ અર્થ બતાવે છે, માટે સાધારણ ઝબાનથી તે માંથ્રો જુદા છે કે જે વૃધ્ધી કરાવી શકે છે-એમ બતાવવા 'ક્રસૂઇદિ'માંના 'ક્ર'નો પ્રત્યય વપરાયો છે. વળી 'વચ' અને સ્રુઇ' શબ્દ eternal truth હમેશગીની સચ્ચાઇ એરેઝવાન ગતીનો નાદ બતાવે છે અને 'દ્રુ' શબ્દ ફેરફારને આધીન કરાવતી બોલી ફરેબનો નાદ બતાવે છે.

વીદવાનો,[44] ॥ કે નહી[45] ॥ પરીઓ-અરવાહીની નારીઓ જેણી ઇનસાનોને ગીરફતાર કરે છે તેણીઓ[46] ॥ મને[35] ॥ તોડી શકે કે મારી ઉપર ફાવી જઇને મારી હીકમતને જમીનદોસ્ત કરી શકે.[38] ॥

**(૭) આઅત્[1] ભ્રઑાત્[2] અહુરો મજ્દાઓ,[3] ફ્રક્ષ્ત્ય[4] નાંમ[5] અહ્મિ,[6] અષાઉમ[7] જરથુશ્ત્ર;[8] બિત્યો[9] વાંથ્વ્યો;[10] થ્રિત્યો[11] અવિ-તન્યો;[12] તૂઇર્‍ય[13] અષ[14] વહિશ્ત;[15] પુખ્દ[16] વીસ્પ[17] વૉહુ[18] મજ્દદાત[19] અષ-ચિથ્ર;[20] ક્ષ્તવો[21] યત્[22] અહ્મિ[23] ખ્રતુશ;[24] હપ્તથો[25] ખ્રતુમાઓ;[26] અશ્તમો[27] યત્[28] અહ્મિ[29] ચિસ્તિશ;[30] નાઉમો[31] ચિસ્તિવાઓ;[32]**

**(૮) દસૅમો[33] યત્[34] અહ્મિ[35] સ્પાનો;[36] અએવન્દસો[37] સ્પનંઘ્રઉહાઓ;[38] દ્વદસો[39] અહુરો;[40] થ્રિદસો[41] સૅવિશ્તો;[42] ચથ્રુ-દસો[43] ઇમત્[44] વીદ્વએશ્તવો;[45] પન્ચદસ[46] અવનૅમ્ન;[47] ક્ષ્વશ-દસ[48] હાત[49]-મરૅનિશ;[50] હપ્તદસ[51] વીસ્પ[52]-હિષસ;[53] અશ્ત-દસ[54] બએષજ્ય;[55] નવદસ[56] યત્[57] અહ્મિ[58] દાતો;[59] વીસાં-સ્તૅમો[60] અહ્મિ[61] યત્[62] અહ્મિ[63] મજ્દાઓ[64] નાંમ.[65]**

(૭) અહુરમજદે[3] ॥ કહયું કે[2] ॥ અએ અષો[7] ॥ જરથુસ્ત્ર ![8] ॥

૧.† મારૂં પહેલું નામ* એટલે પહેલી મારી જાહેરાત એટલે કોઇ મને બતાવી શકે કે[4-5] ॥ હું છું,[6] (કેહપમાં હોવાતું છે એટલે હસ્તી છે એટલે સાત જરવાને અકરનેતું કેહપ હું ધારણ કરૂં છું; હમેશગીની ઉશ્તા-અમર્ગી ઉભી કરી તેમાં જાહેર થાઉં છું.–ટુંક મુદતમાં નસ્ત થવાનાં દુખથી નીરાળો હમેશગીનો હું છું.–કેહપમાં એટલે જરવાને અકરનેની ગતીમાં સપ્પર પહેલો જાહેર થાઉં છું **એટલે અના-માંથ્વાઓમાંથી ચિથ્રમાં જાહેર થાઉં છું.**) ॥ [(તેમ વળી પ્રશ્નો મુકયાથી માંથ્રો ભણ્યાથી) પહેલે તો[4] ॥ તે જગા ઉપર એટલે ભણુતર થાય છે તેની વાતાવરણમાં[1] ॥ (કેહપ થાય છે જેમાં તારી અમર ગતીનો સંબંધ થાય છે, એટલે માંથ્રો ભણવાથી સુરત થાય છે, જેમાં મારે લગતી ગતીઓનો સંબંધ થાય છે,) હું અહુર-મજદ હમેશગી લગીનો છું[6] (તેવો સંબંધ) ॥ તેવું નામ-તેવો સંબંધ[5]

---

* આ બધા અહુરમજદના ઇસમોમાં કેવો મોટો ભેદ રહયો છે તેમાં એવું તે શું છે કે તેથી તેઓના ભણવાથી ફાયદો થઇ શકે તેનો કંઇક ભાશ અત્રે આપેલા ભેદી અર્થથી આવશે.

† આ સાતમા અને આઠમા ફકરામાં કૌંસ વગરના ૧, ૨, ૩ વીગેરે નંબરો ખુદ અવસ્તા ઇસ્મોનાંજ છે.

(તે માંથ્રોના કેહપ'માં જામે છે, એટલે માંથ્રો ભણ્યાથી કેહપ' થઇને અમર ગતી આવી મળે છે અને નાશવંત તત્વ-દુખ દરદ દફે થતાં જાય છે). ] ||

૨. બીજું[૯] (નામ-બીજી મારી જાહેરાત એટલે અહુરા તરીકે સાત જરવાને અકરનેનાં કેહપ'માં જાહેર થયા પછી શું થાય છે?) || ટોળાઓવાળો[૧૦] (થાઉં છું, એટલે હસ્તી-નીસ્તીની જગતને ઉભી કરીને હસ્તી-નીસ્તીમાં જેઓ પાછા મારી તરફ ફરે છે, મારા ચેલા બને છે, મારા ઇશ્કમાં છે, તેઓનું ટોળું કરીને મારી આસપાસજ રાખું છું; બીજા જેઓ દુર છે તેઓ તેમ થયા નથી તેઓ-ગુનાહગારો મારા ટોળાથી દુર છે, મારા ટોળાના થવાથી હમેશગીનું સુખ મળે છે તેમાં તેઓ નથી. ટોળાઓનું થવું એટલે મારી મજદરોના સીલસીલામાં મુકાવું-મારામાંથી નીકળી રહેતી શકિતઓના દામનગીર થવું.) || [ (તેમ વળી માંથ્રોના ભણવાથી પહેલે કેહપ' સુરત થાય છે, જેમાં અમર ગતીનો નાદ રહે છે; પછીનો) બાજો[૯] (બનાવ તે ભણતરની વાતાવરણનાં કેહપ'માં એ થાય છે કે તે વાતાવરણનું કેહપ') || ટોળાઓને લગતુ[૧૦] (ગણાય છે, એટલે હસ્તી-નીસ્તીનું જગત જે તેની નઝદીક જઇ રહયું છે, જે તેનાથી દુર જતું અટકેલું છે તેની તરફ જવા ઉરવીસ લે છે-પાછું ફરે છે અને તેની આણમાં-હોકમમાં આવે છે, જે તેનું ટોળું કહેવાય છે, તેની આસપાસ તેની ફરમાસ મુજબ ફરી રહે છે, તેમ એવીજ રીતે પેલાં ભણતરથી થયલું વાતાવરણનું કેહપ' તેની નઝદીકજ જઇ રહે છે-તેના એ ટોળામાંનું એક ટોળું થઇ રહે છે-તેની આણમાં રહે છે-તેના ચેલારૂપ રહે છે-તેની મીલકત થાય છે-તે ભણતરનું વાતાવરણ તેની હીફાઝતનું થાય છે. તે બધી મારામાંથી (એટલે અહુરામાંથી) થયલી મજદરોમાં મારી એટલે અહુરાની સાથે જોડાયલામાં તે ભણતરનું કેહપ'બા જોડાય છે.) ] ||

૩. ત્રીજું[૧૧] (નામ-ત્રીજી મારી જાહેરાત એટલે અહુરમજદ તરીકે જાહેર થઇ ટોળાઓ કાઢી હસ્તી-નીસ્તી કાઢીને તેઓનો ભોગવટો કરાવી હદ + ઇનસાફથી જયારે તેઓમાં ભોગવટો પુરો કરેલો ભાગ મારી તરફ પાછો ફરે છે, મારો થાય છે, મારી આણમાંજ રહે છે, મારો ખાદમ એટલે મારા ટોળાનો-પઝતી થાય છે, ત્યારે ત્રીજું એ બને છે કે તેવાઓમાં-મારા સંબંધનાઓમાં-મારા હોકમમાં રહેલી સૃષ્ટીમાં) || બધેબધ તેઓનાં ખુણે ખુણે હું ખેંચાઇને જામેલો[૧૨] (રહું છું; તે બધા ટોળાઓમાં બધેબધ વસી રહુ છું, જેથી તે બધી હસ્તી-નીસ્તી જે મારી નોકરીમાં સર ઝુકાવે છે તેઓમાં રાદ પદવંદ મુકું છું, તેઓમાં હું વસીને તેઓ દરેકને જોડી કુદરત તરીકેના અનુયાયીઓ ફરી એકમેકને મદદ કરવાની અને મારેથી

મદદ લઇ શકવાની ગતી આપું છું; તે બધામાં સાક્ષાત હું હાઝર છું, જ્યાં જ્યારેબી જોઇએ ત્યાં આવીને રહું છું, તે બધામાં પ્રસરી રહું છું; તે બધા-ઓને મારી મસદરો જેવો એટલે યઝતી શકિત જેવો કુદરતમાં ખીશ્કારી કરવાનો અધીકાર મળે છે એટલે તનાસુલ મળે છે એટલે યઝતો સાથે રહી તનાસુલમાં આવે છે એટલે યઝત જેવી કામ કરતી ગતી ઉભી થાય છે.) ‖ [ (તેમ વળી માંથ્રો ભણ્યાથી ત્યારે) ત્રીજો[11] (બનાવ તે માંથ્રનાં વાતા-વરણનાં કેહપ'માં એ થાય છે કે) ‖ (તે માંથ્રના અહુરમજદ સાથના તેના યઝતો તેના લાગતા વળગતા સાથના સંબંધને લીધે તે માંથ્રનાં વાતાવરણનાં કેહપ'માં) હું ખેંચાઇને રહું છું–માંથ્રનાં કેહપ'માં મારી યઝતી ગતીનો સંબંધ થાય છે[12] (**માંથ્રોથી યઝતોનો અને અહુરમજદનો સંબંધ થઈ તેઓ તે ભણનારની આસપાસ કે જ્યાં માંથ્રો થયા છે ત્યાં વસી રહે છે.**) ] ‖

૪. ચોથું[13] (નામ–ચોથી મારી ખીશ્કારી) ‖ વ્યવસ્થા[14] (છે જે) ‖ ઉત્તમ રીતે એટલે પરદુખભંજનના ઉંચમાં ઉંચ નીયમે કામ કરે તેવી સેફ્તની શકિત[15] (તરીકે જાહેર છે, જે શકિત વ્યવસ્થા કરીને બઓદની ગતી અહૂ-પરસ્તીની પુર્ણ જ્ઞાનની ગતી તે બધી સુધરેલી તેમ નહિ સુધરેલી જગતમાં લાવી રહી છે-કંઇબી ચીજ વ્યવસ્થા પામ્યા વગરની રહેશેજ નહિ). ‖ [ (તેમ વળી માંથ્રોનાં ભણવાથી થયલાં ઉપર કહેલાં કેહપ'માં પછી) ચોથી[13] (ગતી એ થશે કે તેમાં બધેબધ) ‖ અષ[14] (વ્યાપશે અને રયોમંદ ગતી થઇને) વૃદ્ધીનું કામ ઉત્તમમાં ઉત્તમ રીતે[15] (કર્યા કરશે). ] ‖

૫. પાંચમું[16] (નામ–પાંચમી મારી ખીશ્કારી એ છે કે ઉપર કહેલા મારા ટોળાઓ જેમાં હું વસેલો છું જેમાં અષ છે અને પુણ જ્ઞાન છે તે ટોળાઓ ભલાઇ લાવવાનું કામ કરવા જડ જગતમાં) ‖ મજદ-દાત પ્રમાણેના સૃષ્ટી રચવાના કાયદા પ્રમાણેના[16] ‖ બધા જાતજાતના[17] ‖ વોહુ–ચિથ્રો એટલે ભલાઇ કમાવી આપનાર ચિથ્રો–બીયાંઓ–તેની આવ-શ્યકતા[18] (એટલે સંસારના ભેદના ભોગવટાઓમાંથી આખરે પરદુખભંજનનો સ્વભાવ થશે એવાં મુળો) ‖ અને અષ-ચિથ્રો એટલે ભલાઇ કમાઇને વ્યવ-સ્થા અષોઇ કરાવી આપનાર ચિથ્રો–બીયાંઓ–આવશ્યકતા[20] (કુલ પેદાયશોમાં મુકશે). ‖ [ (તેમ વળી માંથ્રોના ભણવાથી ઉપર કહેલાં ઉભા થયલાં કેહપ'–આકારમાં) પાંચમી[16] (ગતી એ થશે કે તે ભણુતરનું કેહપ') ‖ મજદદાત પ્રમાણે[16] (તે ભણનારમાં રહેલાં) ‖ બધાં જાતજાતનાં[17] ‖ વોહુ–ચિથ્રો[18]

(જે પડેલાં છે), ‖ અષ-ચિથ્રો[20] (જે પડેલાં છે તેઓને ઉપાડી તે ભણુ-નારની સદ ગતી શરૂ કરશે). ] ‖

૬. છઠ્ઠું નામ[21] (મારી લાયકાત-મને બધાઓએ પુજવુંજ જોઇએ -મારેથીજ બધું છે તેના ભેદનું ખરાપણું) ‖ એ કે[22] (હું અહુરમજદમાં અહૂ આવી વસેલો છે કે જે બીહમાલ છે, જે મારામાં મધ્યમાં રહી ગતી આપ્યા કરે છે, એમ હું પોતે ) ‖ પુર્ણ અકકલ અહૂનું ગ્નાન[24] (માટે અહૂજ) ‖ છું[23] ( હું પોતામાંજ અહૂજ છે, મારામાં તે બુલંદ ગતી પ્રતુ જે અહૂની છે તે છે-મારામાં રૂવાનની સાથનો બઓદ છે જે મારામાં વસેલા અહૂનો પ્રતાપ છે). ‖ [ (તેમ વળી માંથ્રોનાં ભણુવાથી ઉભા થયલાં ઉપર કહેલા કેહપર્માં પછી) છઠ્ઠી[21] ( ગતી એ થશે કે ) ‖ પુર્ણ અકકલ બઓદીક ગતી[24] (જે મારામાંથી ચલીત થાય છે તે એટલે) ‖ (હું પોતે જે છું તે) બઓદ[24] (નો ભાગ તે ભણુતરનાં કેહપર્માં ઉભો થશે ). ] ‖

૭. સાતમું[25] (નામ-સાતમી લાયકાત જે હું ધરાઉં છું કે જેથી મને સર્વોત્તમ ગણી પુજવો જોઇએ તે એ છે કે) ‖ પ્રતુની પુર્ણ અકકલ-બઓદવાળો છું[26] (એટલે મારામાં **માંથ્ર સ્પેન્તનું રૂવાન છે,** જે પોતાની સાથના બઓદને તાબે થઇને બઓદવાળું એટલે તેવી ખરી પ્રતુવાળું થયું છે. ) ‖ [ તેમ વળી માંથ્રોનાં ભણુવાથી ઉપર કહેલાં કેહપર્માં પછી) સાતમી[25] (ગતી એ થશે કે) ‖ (તે ભણેલાનાં થયલાં કેહપર્માં રૂવાન ઉભું થશે, જે પોતાની સાથે ઉભા થયલા બઓદનો પ્રભાવ અહુ-પરસ્તી, તે બઓદની અકકલ-પ્રતુ ધારણુ કરશે, એમ) પ્રતુવાળુ[26] (રૂવાન તે ભણેલાં કેહપર્માં ઉગશે ). ] ‖

૮. આઠમું[27] (નામ-મારી લાયકાત કે જેથી મને સર્વોત્તમ ગણવો-પુજવો જોઇએ) ‖ તે એ માટે[28] ( છે કે ) ‖ મહા ગ્નાન તરીકે[30] ‖ હું પોતે છું,[29] (મારામાં મધ્યમાં અહૂ છે, જે ગ્નાનજ છે). ‖ [ તેમ વળી (તે ઉપર કહેલા માંથ્રનાં ભણુતરથી થયલાં કેહપર્માં) આંઠમી[27] (શકિત એ આવશે કે) ‖ (જેમ) હું પોતે ગ્નાન[29] ‖ છું[30] (તેવું કંઇક ગ્નાન તે કેહ-પર્માં સાક્ષાત આવશે). ] ‖

૯. નવમું[31] (નામ-મારી લાયકાત એ થશે કે) ‖ (મારામાંનું રૂવાન-કેહપર્-તેવીશી બધું) ગ્નાનથી ભરપુર, ગ્નાનમાં એકસરખા[32] (છે.) ‖ [ (તેમ વળી તે ભણેલા માંથ્રનાં ઉપર કહેલાં કેહપર્માં) નવમી[31] (ગતી એ થશે કે) ‖ ( તે ભણેલાં કેહપર્માં બધા નવ ભાગો થયા છે તે બધામાં) એક-સરખું એક એકને ટેકવે તેવું ગ્નાનીપણું[32] (ઉભું થશે). ] ‖

૧૦. દસમું[33] (નામ—મારી લાયકાત કે જેને માટે મને સર્વોત્તમ ગણીને પુજવો જોઇએ તે) ‖ એ છે કે[34] ‖ અહૂનું મહા ડહાપણ કે જે અંગ્રનાં દુખને સૃષ્ટીમાંથી દુર કરી તારણ કરાવી શકે છે તેવો તારણ કરાવનાર જે અહૂ છે માટે જેણે વઇર્ય કાઢયો છે તે વઇર્યનું ડહાપણ રાખનાર અહૂનું મુકિત આપનાર ડહાપણ[36] ‖ હું છું,[35] (કેમકે મારામાં તે અહૂ અને તેનું ડહાપણ જે અહુનવઇર્ય છે જે મુકિત માટેજ છે તે મારામાં વચમાં વહી—જામી—ચાલી રહે છે—મુકિત અપાવવાની કાળજી વચમાં વહી રહે છે.) ‖ [ તેમ વળી ( માંથ્રોનાં ભણવાથી થયલા આકાર—કેહર્પમાં) દસમી[33] (ગતી એ થશે કે) ‖ અહૂનું ડહાપણ અહુનવઇર્ય જે મુકિત અપાવે છે તે મુકિતની સાક્ષાત ગતી અહુનવઇર્યનો નાદ છે[36] (તે કેહર્પમાં ઉતરશે એટલે ચીનવત પસાર કરાવનાર **"સ્વન"**ની ગતી સાક્ષાત તેમાં આવશે.) ] ‖

૧૧. અગ્યારમું[37] (નામ—મારી લાયકાત—મનેજ પુજવો—હુંજ સર્વોપરી છું તે નામનું ખરાપણું તે એ છે કે) ‖ મુકિત અપાવનાર ડહાપણનો રાખનાર છું[38] ( એટલે અહુનવઇર્ય જે તે અહૂનો એટલે મારામાંની અચુક **અના—માંથ્વાઓ** ગતી એટલે મારી ગતીનો હોકમ છે તેમાં મુકિત અપાવવાનું ડહાપણ છે તેવું ડહાપણ રાખનાર હું છું, એટલે મારામાં જેમ અહૂ તે સાહેબ છે તેમ મારામાં રૂવાનણી છે જેને **માંથ્ર—સ્પેન્તનું રૂવાન** કહે છે. આ **માંથ્ર—સ્પેન્તનું રૂવાન** એક વખતના અનહૂમાના દએવીક ગતીના પણ હાલે સુધરેલાં રૂવાનોનું છે, જે હવે તે અહૂની મરજી મુજબ બીજા નહિ સુધરેલાં રૂવાનો માટે મુકિત અપાવવાનાં ડહાપણના રાખનાર છે. ત્યારે હું અહૂ ડહાપણ છું અને મારૂં રૂવાન જે અસલ મારેથી જુદું હતું, આજે એક છે, તે મારા અહૂના ડહાપણને રાખનાર થયલું કહેવાય. એમ હું અહૂ ડહાપણજ છું.) ‖ [ તેમ વળી ( માંથ્રોનાં ભણવાથી ઉપર કહેલા આકાર કેહર્પમાં) અગ્યારમી[37] (ગતી—સુલક્ષણ એ થશે કે) ‖ મુકિત અપાવવાનાં ડહાપણનો રાખનાર તે ભણેલો માંથ્ર[38] (થશે—મુકિત સારૂ ચીનવત અને સગ છે તે બેઉની માફક પુલ ગુઝાર કરાવી પુલનાં બે સગોની મદદ અપાવીને મુકિત અપાવનાર તે માંથ્રનું ભણતર થશે. મુકિત અહુનવઇર્યથી અહૂએ ઉભી કીધી. **પાપી દએવીક જગતનાં તારણ અર્થે અહુનવઇર્યનો પ્લાન છે.** ત્યારે અહુનવઇર્યમાં મુકિત અપાવવાનું ડહાપણ છે, જેમાં ચીનવતનો પુલ અને ત્યાંના બે કુતરાઓનો ભેદ રૂવાનને મુકિત અપાવે છે. ત્યારે માંથ્ર કુતરાની માફક ચીનવત ઉપરથી રાહનુમા કરવાનું ડહાપણ રાખનાર છે. માંથ્રથી બે કુતરાઓ જે ચીનવત ઉપર છે તેઓ તેને આગળ વધવાનો રસ્તો દેખાડશે.) ] ‖

૧૨. બારમુ[૩૯] (નામ–મારી લાયકાત કે હું સર્વોપરી છું તેનું ખરાપણું એ છે કે હું ) ‖ અહૂ જે અના–માંથ્વાઓ છું–વિચારની પેલી મેરનો છું, જે એકનો એકજ તે એક સાહેબજ છું પણ ચિથ્રના ભેદમાં ઉતરેલો છું[૪૦] ‖ [ તેમ વળી ( માંથ્રોનાં ભણુવાથી જે આકાર થશે તે પછી) બારમી[૩૯] (ગતીનો ભેદ રાખશે તે એ કે) ‖ અહુરા કે જે ખુદ અહૂજ છે[૪૦] ( તેના હોકમસર વર્ત્તવા તે ભણુનારને દોરવશે.) ] ‖

૧૩. તેરમુ[૪૧] (નામ–લાયકાત કે હું સર્વોપરી છું તેનું ખરાંપણું એ છે કે) ‖ (હું મારામાં માંથ્ર–સ્પેન્તનું રૂવાન રાખું છું એટલે અનહૂમાના દએવીક ગતીનાં સુધરેલાં રૂવાનોને મારામાં ભેલ્યાં છે, તેઓ મારાં વસ્ત્ર-રૂપનાં થઇ મને મળેલાં છે, જેથી તેઓ મારા હોકમ મુજબજ વર્ત્તે છે, જેથી તેઓ મારાં રૂવાન તરીકે ગણાય છે, જેઓ બીજાં નહિ સુધરેલાં રૂવાનોને ફાયદો કરે છે, તેઓને સારૂ જગત ઉભું કરીને તેઓને વૃદ્ધી તરફ લાવે છે, એમ હું એટલે મારૂ માંથ્ર–સ્પેન્તનું રૂવાન) ફાયદો કરનાર છે એટલે જગત ઉભું કરી મુકિત તરફ દોરવનાર છે.[૪૨] ‖ [ તેમ વળી (માંથ્રોનાં ભણુવાથી જે આકાર થશે તે પછી) તેરમી ગતી[૪૧] (એ દેખાડશે કે) ‖ (તે ભણુનારનાં રૂવાનને અહુરાનાં માંથ્ર–સ્પેન્તનાં રૂવાનની માફક પોતાને લગતા અંશોને મુકિત તરફ જવાનો ફાયદો કરી આપશે એટલે પોતામાં મેળવી દેવાની શકિત કરી આપશે એમ) ફાયદો કરનાર થશે.[૪૨] ] ‖

૧૪. ચૌદમુ[૪૩] (નામ–મારો દાવો કે હુંજ સર્વોપરી છું) ‖ તે એ છે કે[૪૪] ‖ હું ત્બએષ–અજ્ઞાનતાનાં દરદ અને હવસોથી નીરાળો એટલે સંસારની ઝંઝીર વગરનો માટે નાશથી દુર અમર છું[૪૫] (મારામાં જે અહૂ છે તે તો અમરનો અમર છે, પણ મારામાં જે રૂવાન છે, જે એક વખત દએવીક ગતીનાં માટે ત્બએષનાં ભુલનાં હતાં તેઓ હવે મારામાં મળવે દવે-શથી–અજ્ઞાનતાથી–હવસોથી–મારા તારાનાં ભેદથી હમેશનાં મુકત થયાં છે). ‖ [ તેમ વળી ( માંથ્રો ભણુવાથી ) ચૌદમી[૪૩] (શકિત તે માંથ્રોના ભણુનારને) ‖ એ રીતની[૪૪] ( આપશે કે ) ‖ તે ભણુનારને તન–મનના દરેક આધી–વ્યાધીથી દુર કરીને અમર ગતી મેળવી આપશે[૪૫]. ] ‖

૧૫. પંદરમું નામ[૪૬] (નામ–લાયકાત કે હું સર્વોપરી છું તે એ છે કે) ‖ ( હું એટલે મારામાં આવેલું માંથ્ર–સ્પેન્તનું રૂવાન જે એક વખતે દએવીક ગતીના ફરેબથી માર ખાઇને જીતાયલું હતું તે હવે મારામાં મળવે) માર ખાય તેવું નથી માટે હું ફરેબથી માર ખાઇને જીતાઉં એવો નથી.[૪૭] ‖ [ ( તેમ વળી ( માંથ્રોનાં ભણુવાથી) પંદરમી ગતી તે ભણુ-

નારને એ થશે કે || (તેનું રૂવાન અને તન હવસોથી જીતાઇને) માર ખાય તેવાં થશે નહિ.[૪૭] ] ||

૧૬. સોળમુ[૪૮] (નામ-લાયકાત કે હુંસર્વોપરી છું તે એ કે) || (હું એટલે માંથ્ર-સ્પેન્તનું મુળ રૂવાન જે મારા તરીકેનું થયું છે, જેમાંથી અમશાસ્પંદો-યજતોનાં રૂવાન મુકિત મેળવેલાં થયાં છે, જેઓમાંથી બીજાં મુકિત નહિ મેળવેલાં રૂવાન થયાં છે, જે મુકિત નહિ મેળવેલાં રૂવાનો નીસ્તી-ગેતીમાં અનેક રીતની તનોમંદ હાલત ધારણુ કરીને, તે નીસ્તી-ગેતીની વસ્તી તરીકે, નીસ્તી-ગેતીની રજેરજ તરીકે થઇ રહીને અનેક રીતે ભોગવટાઓ મુકિત મેળવવા માટે કરી રહયાં છે, જે બધી રજેરજની બહોળી જાતની નીસ્તી-ગેતીની વસ્તીમાં નીસ્તી-એ-અવ્વલની વ્યકતીઓ અને માનવની વ્યકતીઓનાં રૂવાનો મુળ છે, જે એ મુળ વ્યકતીઓમાંની નીસ્તી-એ-અવ્વલની વ્યકતી પાર પડેલી છે અને માનવની વ્યકતી મુળ તરીકે રહીને બીજી બધી બાકી રહેલી જાતજાતની કુલ નીસ્તી-ગેતીની વ્યકતીઓને પોતાના ભોગવટાઓનાં રોશન ફેલથી દોરવી રહેનાર તરીકે નેમેલી છે તેવા) || માનવોનો[૪૯] || હીસાબ લેનાર માંગનાર છું[૫૦] (બુરાંને બુરૂ યાને ભલાંને ભલું આપી નેજાતે લઇ જનાર છું). || [ તેમ વળી (માંથ્રોના ભણુવાથી) સોળમી[૪૮] (ગતી તે ભણુનારાઓને એ પ્રાપ્ત થશે કે) || તે ભણુનારાઓનો[૪૯] || હીસાબો શુમાર કરનાર તે મોટો સાહેબ[૫૦] (તે ભણુ-નારાઓનો હીસાબ કરતી અને આપતી વખતે ઇનસાફ પ્રમાણે તે માંથ્રના આશીશોના અધીકારની રૂયે સવાબને વધારીને થયલાં પાપોને ખમવાની શકિત વધારીને મુકિત મેળવવાનો મોકો ઉભો કરાવશે) ] ||

૧૭. સત્તરમુ[૫૧] (નામ-લાયકાત કે મનેજ મુળ ગણુવો જોઇએ તે એ છે કે) || તમામે તમામ હસ્તી કે નીસ્તીની રજેરજને[૫૨] || (હું એટલે ખુદ અહૂ પોતે જે મારે નામના સાત ઝરવાને અકરનેનાં કેહર્પની ગતીમાં વચમાં વહી રહું છું, જે સૃષ્ટીની રચનામાં ભાગ લેતો નથી, પણુ જે હું મારે નામના સાત ઝરવાને અકરનેના કેહર્પવાળા તે માંથ્ર-સ્પેન્તના રૂવાનને સત્યસંગ આપી **વીસ્પ આગાહ** કરી રહયો છું અને સૃષ્ટી-રચનામાં તેને ઉસ્તવાર કરૂં છું અને રજેરજને જોઇને માપવામાં ભુલ વગરનો કરી રહયો છું, એમ તેને **વીસ્પ આગાહ** કરી રહયો છું તે હું) જોનાર અને માપનાર છું.[૫૩] || [ (તેમ વળી (માંથ્રોનાં ભણુ-વાથી) સત્તરમી[૫૧] (ખુબી એ જાહેર થાય છે કે તે ભણુનારને) || (પોતાથી થયલાં પાપ-પુન્યને, પોતે કોણુ છે તેના સંપુર્ણ આકારને, પોતાની) તમામે તમામ[૫૨] (ગતીને) || જોઇને માપનાર[૫૩] (તે દાદારની મદદથી જોવાડીને

મપાવી શકે છે, પોતે કોણ તેનું જ્ઞાન થાય છે, પોતાની ભુલોનું ભાન કરાવી શકે છે). ] ||

૧૮. અઢારમું[૫૪] (નામ–લાયકાત કે હું સર્વોપરી છું તે એ છે કે) || (હું એટલે માંથ્ર–સ્પેન્તનું રૂવાન જે સૃષ્ટી ઘડીને દરેકને ભલાઇમાં ઘડી રહે છે અને તેને માટે પોતે આશીરવાદો આપીને દ્રવાઓના ભુલાવાનાં દુખ અને દરદને એટલે તન–મન–રૂવાનને નેઝાતની દરોસ્તી આપી શકે તેવો) દરોસ્તી આપી રહું છું.[૫૫] || [ તેમ વળી (માંથ્રોના ભણવાથી) અઢારમો[૫૪] ( ફાયદો એ થશે કે ) || ( તે માંથ્રની સદગતીની શકિત ભણનારનાં તન–મન–રૂવાનના ભુલાવાથી થતા દ્રવાઓથી થતાં દરદો–દુખ–આફતને પોતાના અધીકારથી દુર કરીને) તે દરોસ્તી આપનાર દાદાર[૫૫] (ની બરકત અપાવશે, હર જાતની દરોસ્તી અપાવશે). ] ||

૧૯. ઓગણીસમું[૫૬] ( નામ–લાયકાત કે મને સર્વોપરી ગણવો જોઇએ ) || તે એ છે કે[૫૭] || હું છું[૫૮] (એટલે માંથ્ર–સ્પેન્તનું રૂવાન જે મારૂં રૂવાન આજે ગણાય છે જે એક વખતે દ્રવાઓવાળું હતું તે કાયદા અનુસાર સુધારીને મારા શ્યાવ તરીકે થઇને મને મળેલું છે, મારા જેવું જ થયલું છે, ખુદ 'હુ' તરીકેનું થયું છે અને પોતે મીશનરી થઇને પોતામાંથી થતા બીજા ભુલાવાને તેજ કાયદે સુધારવા આગળ પડેલું છે તેવો હું છું) || કાયદાસરનો થયલો અને કાયદાસર બીજાને ચલાવવા સૃષ્ટીને ઉભી કરનાર–કાયદાથી ચલાવનાર છું.[૫૯] || [ તેમ વળી ( માંથ્રો ભણ્યાથી ) ઓગણીસમો[૫૬] ( ફાયદો ) || એ છે કે[૫૭] || હું એટલે ભણનાર હસ્તી–અમર ગતી તરફનો હોઇશ,[૫૮] || ( કેમકે ભણવાથી થયલા નતીજાનું તે કેહપ કાયદાસર પોતે થઇને સૃષ્ટી ચલાવી રહેલા દાદારની ગતી મેળવવા તે ભણનાર પોતાના અંશો–સગાઓ–ખએતુને) કાયદેસર આગળ વધારનાર થશે.[૫૯] ] ||

૨૦. વીસમું[૬૦] (નામ–લાયકાત કે હુંજ સર્વોપરી છું તેમ ગણવાનું એ માટે કે) || હુ[૬૧] (અહૂ જે ઉસુલના ઉસુલ બીહમાલ છે તે ખુદ હયાં આ સાત ઝરવાને અકરનેના મારા અહુરમજદ નામનાં કેહપમાં મધ્યમાં વહી રહયો છે તેવા અહૂ સાથનો હું) છું, || જે[૬૨] (એટલે આ સાત ઝરવાને અકરનેનાં અહુરમજદ નામનાં મારાં કેહપમાં) || મજદા–મહાજ્ઞાની–અજ્ઞાનતાથી નીરાળો થઇને જ્ઞાન પામેલો[૬૪] || એવાં નામનો સેફતનો એટલે મજદા નામનો[૬૫] || હું છું;[૬૩] (મારામાં દ્રવાઓનાં રૂવાનો સુધરીને મહા જ્ઞાની થયાં, 'મજદ' મેળવી શકીને મજદા નામવાલાં થયાં તેને લગતો હું છું, જે હું પેલા અહૂથી નોખો પણ માંથ્ર–સ્પેન્તનો હું મજદા તે અહૂની

તાબેદારીનોજ છું). || [ તેમ વળી (માંથ્ર ભણવાથી) વીસમો[10] (ફાયદો એ છે કે) || અહૂ તે બીહમાલ સાહેબ એકનો એકજ જે છે, જે કહે છે કે હું છું[11] || (તેમ) જે[12] (બીજો એક 'હુ' પુર્ણ રીતના સાહેબ તરીકે માંથ્ર-સ્પેન્તના રૂવાનવાળો અહુરા છે) || (તેવો) હુંબી છું[13] (જે) || મજદા નામથી જાણીતો છે;[14-15] (તે બધો ભેદ તે ભણનારની આગળ તે માંથ્રો રજુ કરશે અને તે ભણનારનેબી તેવો 'હુ'ની ગતીવાળો, **'મનમ યજદી'**ની ગતીવાળો, ખએત્વોદથની પુર્વેની ગતીવાળો બનાવી શકશે).] ||

**(૯) યજએષ[1] માંમ્[2] જરથુશ્ત્ર,[3] પઇતિ અસ્નિ[4] પઇતિ ક્ષફ્ને[5] યસો-બૅરેતાબ્યો[6] જઑથ્રાબ્યો,[7] જસાનિ[8] તે[9] અવંઘ્નહુ-એચ[10] રફ્નનંઘ્નહુએચ[11] અજૅમ[12] યો[13] અહુરો મજદાઓ;[14] જસાઇતિ[15] તે[16] અવંઘ્નહુએચ[17] રફ્નનંઘ્નહુએચ[18] યો[19] વંઘ્નહુશ[20] સ્રઑષો[21] અષ્યો;[22] જસાઓન્તિ[23] તે[24] અવંઘ્નહુએચ[25] રફ્નનંઘ્નહુએચ[26] યાઓ[27] આપો,[28] યાઓસ્ચ[29] ઉર્વરાઓ,[30] યાઓસ્ચ[31] અષાઉ-નાંમ[32] ફ્રવષયો.[33]**

(૯) અએ જરથુશ્ત્ર ![3] || ભલી કુદરત સાથે એકતાન થવા માટેના ક્રીયાકામ સારૂ લઇ જવાયલા એટલે ભલી ક્રીયાની તેમ યઝતોની ભલી અસરો લાવ લઇ જાવ કરવા તૈયાર થયલા કામે લાગેલા એટલા ચાલુ[6] || આલાતોથી[7] (૩૩ આલાતો કુદરતને પુગવાનાં સાધનો જે ચાલુ છે તેઓને જોરે ખુદ પોતાને આલાત કરવા માટે એટલે પોતાને મારા મંદીર તરીકે કરવાને માટે) || દીવસ[4] (થી શરૂ થતી ક્રીયા)માં (દીવસના અમલમાં રહી), || રાત્રે[5] (થતી ક્રીયામાં) (રાતના અમલમાં રહી), || મને[2] (મારી સાથે) || તું એકતાન થા-એકતાન થવું જોઇએ એ ફરજ છે.[1] || (દીવસ-રાત્રીના અમલની ક્રીયાઓ કરીને મારી એટલે અહુરમજદની સાથે એટલે મારાં દએના=બહમન વસેલાં અંતકરણ સાથે એકતાન થા, તારાં અંતકરણમાં મને વસાવ અને એમ કરવા માટે દીની ક્રીયાઓમાં મશગુલ રહે અને એમ મશગુલ રહેતાં બીજાંને શીખવ કે જેથી શું થશે?) || તારી[9] (એટલે તું જે ક્રીયા કરે છે તેની કે બીજાં જે કરે છે તેઓની) || મદદને માટે,[10] || હમેશગીની ખુશાલી માટે[11] || હુ[12] || જે[13] || અહુરમજદ[14] (છું તે) || આવી પુગશેજ.[8] || તારી[16-24] (એટલે જે ક્રીયા કરે છે તેની અથવા બીજાં જે કરશે તેઓની) || મદદને માટે[17-25] || ખરી હમેશગીની ખુશાળી માટે[18-26] || જે[19] (એટલે તે) || ભલો ગોસ્પંદી ગતીનો સરોશ,[20] || પુર્ણ અશોઇની ગતીવાળો[22] (સરોશ), || (અને) જે એટલે તે[27] || પાણીઓ, સૃષ્ટીને સડસડાત ચલાવી લઇ જતી

ગતીઓ,[28] ‖ (તેમજ) જે એટલે તે બધા[29] ‖ ઉરવરો એટલે આશીરવાદ આપવાનો અધીકાર રાખનાર ગતીઓ જેમકે યઝતો વગેરે,[30] ‖ (તેમજ) જે એટલે તે બધી[31] ‖ ધણી એટલે પુર્ણ અષોઇવાળાની એટલે યજતોની[32] ‖ ફ્રવષીઓ[33] ‖ આવશેજ—આવવા બંધાયલાંજ છે.[15-23] ‖

**(૧૦) ચેજિ[1] વષિ[2] જરથુશ્ત્ર,[3] અવાઓ[4] બ્અએષાઓ[5] તઉર્વયો,[6] દએવનાંમ[7] મષ્યાનાંમ્ચ,[8] યાથ્વાંમ[9] પઇરિકનાંમ્ચ,[10] સાથ્રાંમ[11] કઓંયાંમ[12] કરફ્નાંમ્ચ,[13] મઇર્યનાંમ્ચ[14] બિજંગ્રનાંમ,[15] અર્ષમઑઘનાંમ્ચ[16] બિજંગ્રનાંમ,[17] વૅહ્રકનાંમ્ચ[18] ચથ્વર્‌—જંગ્ર-નાંમ.[19]**

**(૧૧) હ્અએનયાઓસ્ચ[20] પૅરેથુ—અઇનિકયાઓ,[21] પૅરેથુ—દ્રફ્ષયાઓ,[22] ઍરેદ્વો—દ્રફ્ષયાઓ,[23] ઉજ્ગૅરેપ્તો—દ્રફ્ષયાઓ,[24] ખ્રૂરેમ[25] દ્રફ્ષૅમ[26] બરેન્તયાઓ,[27] અથ[28] ઇમાઓ[29] નામેનીશ[30] દ્રૅનજયો,[31] ક્રસ્રવ,[32] વીસ્પાઇશ[33] અયાંન્ચ[34] ક્ષફ્નસ્ચ.[35]**

(૧૦) અએ જરથુસ્ત્ર![3] ‖ જો[1] ‖ તું ચાહે[2] (એટલે જેમ તું ચાહે છે તેમ મનુષ્ય પોતાને પાર પાડી ગેતીને રોશન કીનારે લઇ જાય એવો થાય, તો નીચેની **આફતરૂપ હરકતોને** આવી રીતે દુર કરાવઃ— **હરકતો** જેવી કે) ‖ આ[4] ‖ બ્અએષો=દરદો—વ્યાધીઓ[5] (જે તન—મન—રૂવાનને લગતી છે, જેને અલંકારમાં જાતજાતની રીતે આમ નીચે પ્રમાણે વર્ણવેલી છે તેઓ, જે) ‖ દએવની[7] (એટલે જડતાનું જ્ઞાન જે મીનોઇ વિષે ભુલ્યા કરે છે તેવું જ્ઞાન, જે પુર્ણ વિશ્વાસથી દએન પ્રમાણે ચાલી બીજાને ચલાવતું નથી તેની), ‖ મષ્ય ઇનસાનોની[8] (ટુંકી બુદ્ધી, પેટનો ખાડોજ પુરવા મચ્યા રહીને વકત બરબાદ કરે છે તેવી કબુદ્ધીના ફરેબની), ‖ જાદુગરોના[9] (જડ ઇલ્મમાં મચ્યા રહેવાથી એતેકાદનો ચુરો થાય છે તેવાં જ્ઞાનની, જેમાં જાદુગીરીબી આવી જાય છે તેની) ‖ પરીઓની[10] (અરવાહીની બહારની અસરો ઉતરીને ઇનસાનને ઉંધે રસ્તે લઇ જાય છે, જે ચોકકસ જાતનાં મગજને લગતા સાઇકીક દરદોરૂપે દેખાવ દે છે તેની), ‖ જુલ્મગાર બુરી સત્તા, દીન—દુશમની કરતી મનુષ્ય કે હેઠલી પેદાયશનો દમ ચુસી લેતી બુરી હકુમત—સત્તાની,[11] ‖ કીકોની (દએનને ચુથીને લોકોને ઉંધે માર્ગે દોરવનારની, દીનની સચ્ચાઇ ખરી આંખે જોયા છતાંબી આંધળા થઇને ઉલટું કરનારની,)[12] ‖ કરપોની[13] (દએનને ચુથીને ઉંધે રસ્તે દોરવનારની, દીનની સચ્ચાઇનો અનુભવ થયાં છતાં ઉલટી રીતે દોરવનારની, ) ‖ બે પગવાળા[15] ‖ સાંપો એટલે પુર્ણ સ્વાર્થવાળાઓની—પોતાના જરા અમથા

ફાયદાને માટે સામાને કરડીને આફતનાં ધીમાં ઝહેરથી મારી નાખનારાઓની,[14] ॥ બે પગવાળા[15] ॥ આશમોઘોની[16] (દીનનો નાશ કરીને સત્યને તોડનારાની એટલે દીની આલાતોનો નાશ કરનાર દરવન્દોની, આલાતોને અવાવ કરનારાઓની,) ॥ ચાર પગાં એટલે હેવાનરૂપનાં[17] ॥ વરૂઓની[18] (એટલે શરીરમાંના જખુન હવસો જે શરીરમાં રહી ખુદ તે શરીરનો નાશ કરે છે-આપઘાત કરાવે છે યા જીંદગી ખતમ કરાવે તેવો રસ્તો લેવડાવે છે તેઓની), ॥ લશ્કરોની[20] (સાધારણ ઇનસાન ઉપર આવી ચઢતી આફતો યા મોટા અષવનોની કસોટી થતી વખતે તેનાં શરીરમાંના હવસોથી જે આફતો-બુરા જુસ્સા ઉપડે છે તેઓની; કે જે લશ્કરો) ॥ ઘીચ અને પહોળી સફવાળા[21] (એટલે પુશ્કળ જાતજાતની રીતની આફતો યા હવસોવાળા હોય છે; કે જે લશ્કરો) ॥ પહોળા વાવટાવાળા[22] (એટલે જે આફતો અને જે હવસો હઝારો ફન-હિકમત રાખીને મારનારા પુર્ણ યુકતીબાજ ઘણુાજ resourceful હોય છે; કે જે લશકરો એટલે આફતો-હવસો) ॥ ઉંચા વાવટાવાળા[23] (એટલે અજીત એટલે જીતશેજ એવી મકકમતા હામ-હિમ્મત-જોર-હિકમતવાળા એટલે આફત યા હવસથી તે માણુસ યા અષવનને રોરી નાખનારા હોય છે; કે જે લશ્કરો) ॥ ઉંચે ઉંચકેલા વાવટાવાળા[24] (એટલે ફત્તેહ થઇ છે એમ જાહેર કરનારા હોય છે;-ઇનસાનોને કે આબેદોને દુન્યવી આફતોથી યા મનોવૃત્તીના હવસોથી તોડી પાડીને ફત્તેહ થઇ છે એમ પોકારનાર હોય છે; કે જે લશ્કરો) ॥ ઘાતકી[25] (પોતાના કેદીનો નાશ કરનાર એટલે ઇનસાન કે આબેદને કચડી નાખનાર), ॥ વાવટાને-સત્તાને-બુરી-ચુંગાલને[26] ॥ પોતા સાથે રાખનાર અને ચલાવનાર[27] (હોય છે એટલે ઇનસાન કે આબેદ જે કોઇ તેનાં પંજામાં ફસ્યું તેને કદી નહી છોડે તેવાં હોય છે-એવાં એવાં અનેક લશકરો એટલે એવી એવી જાતજાતની આફતોની) ॥ ત્બએષો= દરદોને[5] ॥ તોડનાર[6] (થવું જોઇએ-એટલે સાધારણ ઇનસાનોએ પોતાની આફતોની બલાને દુર કરવી જોઇએ તેમ અષવનોએ પોતાની વૃધ્ધી વખતે થતી હવસોની જખુન ચુંગાલની કસોટીમાંથી છુટવું જોઇએ, એમ એવો બધો ઉભો થતો દએવનો જાતજાતનો ફરેબોનો ભેદ-જેમકે સાધારણ ઇનસાનોની માયારૂપ જાળનો ભેદ-દીન દુશમની કરનારાઓનો ભેદ-દીનનો નાશ કરનારાનો ભેદ-શરીર ઉપર પડતી આફતોનો ભેદ દુર થવો જોઇએ. એ બધી બુરાઇઓ-હરકતોને દુર કરવા) ॥ આ પ્રમાણે ત્યારે હવે[28] ॥ આ[29] (બધાં ઉપર કહેલાં) ॥ નામોને[30] (મારાં નામના મારા આપેલા આ માંથ્રોને-અવસ્તાને) ॥ (જીવતી જીંદગીમાંના) બધા[33] ॥ સુરજ ઉગતા અને આથમતા વખતો યાને દીવસો દરમ્યાન,[34] ॥ (તેમજ) સુરજ આથમતા અને ઉગતા વખતો

યાને રાત્રીઓ દરમ્યાન[૩૫] || સડસડાટ ભણનાર[૩૧] (તરીકે તું થઇ બીજાને થવા) || તે બધાં ઉત્તમ **યજતી વેણો**, સત્યનો નાદ કાઢતા વેણો (નીચે જણાવેલાં દાદાર અહુરમજદનાં ઇસ્મો-નામો) પઢયા કર (અને પઢાવ) માંથ્રો ભણ્યા કર[૩૨] (અને ભણાવ:) ||

**(૧૨) પાયુશ્ચ[૧] અગ્નિ,[૨] દાતાચ[૩] થ્રાતાચ[૪] અગ્નિ;[૫] જનાતાચ[૬] મઈન્યુશ્ચ[૭] અગ્નિ[૮] સ્પૅન્તોતૅમો;[૯] બએષજય[૧૦] નાંમ[૧૧] અગ્નિ,[૧૨] બએષજયોતૅમ[૧૩] નાંમ[૧૪] અગ્નિ;[૧૫] આથ્રવ[૧૬] નાંમ[૧૭] અગ્નિ,[૧૮] આથ્રવતૅમ[૧૯] નાંમ[૨૦] અગ્નિ;[૨૧] અહુર[૨૨] નાંમ[૨૩] અગ્નિ,[૨૪] મજદાઓ[૨૫] નાંમ[૨૬] અગ્નિ;[૨૭] અષવ[૨૮] નાંમ[૨૯] અગ્નિ,[૩૦] અષવસ્તૅમ[૩૧] નાંમ[૩૨] અગ્નિ;[૩૩] ખ્વરૅનંઘ્રહુ[૩૪] નાંમ[૩૫] અગ્નિ,[૩૬] ખ્વરૅનંઘ્રઉહસ્તૅમ[૩૭] નાંમ[૩૮] અગ્નિ;[૩૯] પૅાઉરૂ-દરૂશત[૪૦] નાંમ[૪૧] અગ્નિ,[૪૨] પૅાઉરૂ-દરૂશતૅમ[૪૩] નાંમ[૪૪] અગ્નિ;[૪૫] હૂરએ-દરૂશત[૪૬] નાંમ[૪૭] અગ્નિ,[૪૮] હૂરએ-દરૂશતૅમ[૪૯] નાંમ[૫૦] અગ્નિ.[૫૧]**

**(૧૨)** (હું એમ તુંને વસીઅત કરૂં છું તેમ તું ગેતીને જાહેર કર કે **અવસ્તા-ખાની એ ઉમદામાં ઉમદા બેનમુન રોશનફેલ છે જે દરેક આફતોને દુર કરી શકશે,** અને એમ તુંને હોકમ કરવાનો મને પુર્ણ અધીકાર છે કેમકે હું સર્વોતમ છું, માટે કહે છે કે હું દાદાર) ||

બચાવનાર[૧] (જે કોઇ જે કંઇ જરાતરાબી ભલાઇ મેળવીને આગળ વધતો રહે છે તેની તે ભલાઇને બચાવનાર) || છું;[૨] || પેદા કરનાર અને દોરવનાર અને[૩] || પોશણ કરનાર[૪] || છું;[૫] || સર્વે જાણનાર[૬] || મીનો એટલે ગુપ્તમાં ગુપ્ત શકિતવાળો બધે હાજર[૭] || છું;[૮] || સૃષ્ટીને વૃદ્ધી તરફ લઇ જવાનું કામ પુર્ણ રીતે-શ્રેષ્ટ રીતે કરનાર[૯] (ખુરશેદનું અંતકરણ છું); || દરોસ્તી આપનાર[૧૦] (હર રીતના દુખ ભુસાડનાર) તરીકેની || કીર્ત્તી સેફ્રત રાખનાર[૧૧] || છું;[૧૨] || પુર્ણ દરોસ્તી[૧૩] (અમર ગતી મળે તેવી હાલત) ઉત્તમમાં ઉત્તમ રીતે મેળવી અપાવનાર તરીકેની || કીર્ત્તી-સેફ્રતવાલો[૧૪] || છું;[૧૫] || મીનોઇ આતશ જે સૃષ્ટી-રચના કરવા અને ઉગાડવામાં મુળ તરીકે છે તેની તકેદારી રાખનાર[૧૬] (ગેતીમાં જેને આથ્રવન કહે છે એટલે ગેતીના આતશની તેમ પોતાના યજમાનોના આતશોની સદ ગતી પોતાના મુકિતએ ચઢાવેલા આતશથી કરી રહે છે તેવો આથ્રવન) || સેફ્રત-શકિત-નામવાલો[૧૭] || છું;[૧૮] || મીનોઇ આતશોનાં જેવાં અનેક કામો જે સૃષ્ટી-રચનામાં અને વૃદ્ધીમાં થઇ રહે છે, તેઓને ચલાવવા માટેની સૌથી સરસ રીતની મારેફતો થવાની[૧૯] || સેફ્રત-શકિત-નામવાલો[૨૦] || છું;[૨૧] || અહૂ જે અના-

**માંથ્વાઓ**=વીચારની પેલી મેરનો **અક્રજયન્ત** છે, માપી નહી શકાય તેવો છે, તેની તરફથી ક્ષથ્ર=અધીકાર રાખનાર તે અહૂને રાખીને થયલો ખુદ પોતે મુળ અપસર[22] ‖ એવા ભેદોવાળો[23] ‖ છું;[24] ‖ સૃષ્ટી-રચનાના ભેદનો પુર્ણ જાણનાર અને તેવું જ્ઞાન બીજાંને આપનાર[25] ‖ એવી નામનાવાળો[26] ‖ છું;[27] ‖ વ્યવસ્થાને રાખીને ચલાવવાની શકિત એટલે દરેકની મુકિત આખરે લાવવાની શકિત રાખવાના[28] ‖ ગુણો-સેફ્તવાલો[29] ‖ છું;[30] ‖ વ્યવસ્થા લાવવા માટેનાં કામ કરનારાઓમાં ઉત્તમમાં ઉત્તમ રીતની[31]-માહેતગારી રાખવાની નામ-સેફ્તવાળો[31-32] ‖ છું;[33] ‖ ભલો આશીરવાદ ધરાવવાની[34] ‖ સેફ્ત-નામનાવાળો[35] ‖ છું;[36] ‖ ભલા આશી-રવાદથી જે કામ થાય તેવાં કામો કરવાની પુર્ણતા-પુર્ણ કળા રાખવાના[37] ‖ ગુણ-સેફ્તવાળો[38] ‖ છું;[39] ‖ પુર્ણ રીતે જોનાર-આકેબત શું આવશે અને સુધારો કઇ રીતે થઇ રહેશે તેવી પુર્ણ કાર્યસાધક રીતે જોનાર તેમ જોવાની[40] ‖ નામનાવાળો[41] ‖ છું;[42] ‖ પુર્ણ રીતે જોઇને કામ પાર ઉત-રાવનારાઓમાં ઉત્તમ[43] ‖ હોવાની સેફ્તવાળો[44] ‖ છું;[45] ‖ દુરનું જોનાર એટલે દરેક ચીજ આ નીસ્તીમાં કેટલી જડતાએ જઇને પછી મુકિત મેળવી શકે તેનો અંદાઝ રાખનાર તરીકેની[46] ‖ નામના-સેફ્તવાળો[47] ‖ છું;[48] ‖ દુરનું જોનારના માપ પ્રમાણે કામ કરનારાઓમાં એટલે દરેક ચીજને તનોમંદ હાલતની જડ હાલતે લઇ જનારાઓમાં ઉત્તમ[49] ‖ નામ-નાવાળો[50] ‖ છું.[51] ‖

**(૧૩) સ્પશ્ત[1] નાંમ[2] અહ્મિ,[3] વીત[4] નાંમ[5] અહ્મિ;[6] દાત[7] નાંમ[8] અહ્મિ,[9] પાત[10] નાંમ[11] અહ્મિ,[12] થ્રાત[13] નાંમ[14] અહ્મિ;[15] જનાત[16] નાંમ[17] અહ્મિ,[18] જનોઇશ્ત[19] નાંમ[20] અહ્મિ;[21] ફ્ષૂમાઓ[22] નાંમ[23] અહ્મિ,[24] ફ્ષૂષો-માંથ્ર[25] નાંમ[26] અહ્મિ;[27] ઇસ-ક્ષથ્રો[28] નાંમ[29] અહ્મિ,[30] ઇસ-ક્ષથ્સ્ચોતૅમો[31] નાંમ[32] અહ્મિ;[33] નાંમો-ક્ષથ્રો[34] નાંમ[35] અહ્મિ,[36] નાંમો-ક્ષથ્સ્ચોતૅમો[37] નાંમ[38] અહ્મિ.[39]**

(૧૩) નેગાહ રાખનાર, રજેરજને પુગી વળનાર, જરા અમથા નાદનેબા પકડીને ભલે છેડે લઇ જવાની ચોકાસી રાખનાર[1] ‖ એવી સેફ્ત-વાળો[2] ‖ હું છું;[3] ‖ બધેબધ હાઝર, ખુણે ખુણેની માહેતી રાખીને તેની સદ ગતી કરનાર, રજેરજને જાણનાર અને ચાહનાર[4] ‖ એવી સેફ્તવાળો[5] ‖ છું.[6] ‖ કાયદાથી ચાલી ચલાવનાર ઇનસાફી[7] ‖ એવી નામનાવાળો[8] ‖ છું.[9] ‖ બચાવનાર, આખરે રજેરજને મુકિત આપનાર[10] ‖ એવી નામનાવાળો[11] ‖ છું.[12] ‖ પોશણ આપનાર સુખ-દુખના મારામાં ટકી શકવાની ગતી આપ-

નાર[૧૩] ॥ એવી નામનાવાલો[૧૪] ॥ છું.[૧૫] ॥ અગમ પચ્છમનો જાણુકાર[૧૬] ॥ એવી નામનાવાલો[૧૭] ॥ છું.[૧૮] ॥ વધારેમાં વધારે જાણનાર, **અના-માંથ્વા-ઓથી** તે **ચિથ્ર** લગીનો પુર્ણ માહીતગાર[૧૯] ॥ એવી નામનાવાળો[૨૦] ॥ છું.[૨૧] ॥ વૃધ્ધીએ લઇ જવાની[૨૨] ॥ ખુબી-નામનાવાલો[૨૩] ॥ છું.[૨૪] ॥ પેદા કરીને એટલે કસર-અજ્ઞાનનાને ચલાવી તેની ગતીને ખતમ કરી વૃદ્ધીએ લઇ જવાની ગતી રાખવાની[૨૫] ॥ નામનાવાલો[૨૬] ॥ છું.[૨૭] ॥ ઇચ્છવા લાયક, જોઇતી, ધરાવવાને લાયકની સત્તા કે જે મારીને સુધારે યા સમજાવટથી સુધારે યા બીજી તરતીબોથી અજ્ઞાનતાની શુધ્ધ લાવે તેવી ભલી સત્તા રાખવાની[૨૮] ॥ નામનાવાલો[૨૯] ॥ છું.[૩૦] ॥ ઇચ્છવા લાયક સત્તા ધરાવીને કામ કરનારાઓમાં શ્રેષ્ટ હોવાની[૩૧] ॥ નામનાવાળો[૩૨] ॥ છું.[૩૩] ॥ નામ-કીર્તીવાલી સત્તા એટલે પોતામાંથી બહાર પડેલાં રૂવાનોને પોતા તરફ ખેંચીને તેઓની ઉપર પોતાની આણ રાખવાની ભલી રાદી સત્તાવાળો એટલે યઝતો અને હસ્તી ઉપર ભલી સત્તા રાખવાની-મકદુર રાખવાની[૩૪] ॥ નામનાવાળો[૩૫] ॥ છું.[૩૬] ॥ રૂવાનને લગતા પોતાના અંશોને ભલા ગોસ્પંદી કરી એટલે પોતામાંથી બહાર પડેલાં રૂવાનોને શુધ્ધ કરીને પોતામાં ખેંચવાને માટે ખીશ્કારી કરી રહેલા અધીકારીઓમાં એટલે કુલ ભલી પેદાયશોની ભલાઇનાં કામ કર-નારાઓમાં નામના સાથે ભલાઈનું કામ કરનારાઓમાં સઉથી શ્રેષ્ટ[૩૭] ॥ કામ કરવાની ગતીવાળો[૩૮] ॥ છું.[૩૯] ॥

**(૧૪) અદ્દવિશ[૪૦] નાંમ[૪૧] અહ્મિ,[૪૨] વીદ્દવિશ[૪૩] નાંમ[૪૪] અહ્મિ;[૪૫] પઇતિ-પાયુશ[૪૬] નાંમ[૪૭] અહ્મિ,[૪૮] હ્બએષો-તઉર્વીઓ[૪૯] નાંમ[૫૦] અહ્મિ;[૫૧] હુથ્રવન[૫૨] નાંમ[૫૩] અહ્મિ,[૫૪] વીસ્પવન[૫૫] નાંમ[૫૬] અહ્મિ;[૫૭] વીસ્પતશ[૫૮] નાંમ[૫૯] અહ્મિ,[૬૦] વીસ્પ[૬૧]-ખ્રાથ્ર[૬૨] નાંમ[૬૩] અહ્મિ;[૬૪] પૉઉરૂ[૬૫]-ખ્રાથ્ર[૬૬] નાંમ[૬૭] અહ્મિ,[૬૮] ખ્રાથ્રવાઓ[૬૯] નાંમ[૭૦] અહ્મિ.[૭૧]**

(૧૪) હ્બએષ=આધી-વ્યાધી વગરનો[૪૦] (દ્રવાઓની ખુદ પરસ્ત-ગેર ઇનસાફી અંગ્રવાળી ગતી વગરનો માટે અનંત સુખ-ઉશ્તાની ગતી-વાળો-એટલે હદ અને ઇનસાફનો સાહેબ) ॥ એવી સેફતવાળો[૪૧] ॥ છું.[૪૨] ॥ એવી આધી-વ્યાધીથી દએવીક ગતીથી-અજ્ઞાનતાથી નીરાળો રહેલો[૪૩] ॥ એવી સેફતવાળો[૪૪] ॥ છું.[૪૫] ॥ દરેક સંજોગને પુગી વળીને-પુર્ણ રીતનો= masterly way થી, બચાવ કરનાર અજ્ઞાનતાને લીધે ઠગીને પોતે ઠગાતા-ઓનો-એવી બધી ભુલ ખાતી ગતીઓનો બચાવ કરનાર તેઓની શુધ્ધ ઠેકાણે લાવવાની ગતી રાખવાની[૪૬] ॥ નામનાવાળો[૪૭] ॥ છું.[૪૮] ॥ તન-મન-

રૂવાનને લગતી દરેક આધી–વ્યાધી–આફત–દરદ–હવસને તોડનાર[૪૯] || એવી નામનાવાળો[૫૦] || છું.[૫૧] || (કોઇબી આધી–વ્યાધીની એટલે દએવીક ગતીની હદ જયારે ઇનસાફથી આવીને સુધરવાનો પ્રસંગ આવે કે) તુરતજ તેઓને તાબે કરનાર, હદની બહાર જતા અટકાવનાર[૫૨] || એવી નામનાવાળો[૫૩] || છું.[૫૪] || બધાંને એટલે દરેકે દરેક દએવીક ગતી–મતીને જીતનાર, તાબે કરનાર, રજેરજની ઉપર કાબુ રાખનાર[૫૫] || એવી નામનાવાળો[૫૬] || છું.[૫૭] || બધાને ( તાબે કરી તેઓની બુરાઇને ભલાઇમાં ) ઘડવાની[૫૮] || નામનાવાળો[૫૯] || છું.[૬૦] || બધાને[૬૧] (ઘડીને) || નુરી ગતી[૬૨] ( નાં ખેંચાણ તરફ લઇ જવાની) || નામનાવાળો[૬૩] || છું.[૬૪] || પુરતી જોઇએ તે કરતાં આગળ નહિ અને જોઇએ તે કરતાં વધુ નહિ[૬૫] || એવી રીતે નુરી ગતી[૬૬] (નીસ્તીની ચીજોને આપવાની) || નામનાવાળો[૬૭] || છું.[૬૮] || પુર નુરનાં ખેંચાણવાળો[૬૯] || એવી પુર્ણ ગતીવાળો[૭૦] || છું.[૭૧] ||

**(૧૫) વૅરૅજિ–સઑક[૭૨] નાંમ[૭૩] અહ્મિ,[૭૪] વૅરૅજિ–સવાઓ[૭૫] નાંમ[૭૬] અહ્મિ;[૭૭] સૅવિ[૭૮] નાંમ[૭૯] અહ્મિ,[૮૦] સૂરાઓ[૮૧] નાંમ[૮૨] અહ્મિ,[૮૩] સૅવિશ્ત[૮૪] નાંમ[૮૫] અહ્મિ;[૮૬] અષ[૮૭] નાંમ[૮૮] અહ્મિ,[૮૯] ઑરૅજ[૯૦] નાંમ[૯૧] અહ્મિ;[૯૨] ક્ષથ્ર્ય[૯૩] નાંમ[૯૪] અહ્મિ;[૯૫] ક્ષથ્ર્યોતૅમો[૯૬] નાંમ[૯૭] અહ્મિ;[૯૮] હુદાનુશ[૯૯] નાંમ[૧૦૦] અહ્મિ,[૧] હુદાનુશ્તૅમો[૨] નાંમ[૩] અહ્મિ;[૪] દૂરએ–સૂક[૫] નાંમ[૬] અહ્મિ.[૭] તાઓસ્ચ[૮] ઇમાઓ[૯] નામેનીશ.[૧૦]**

(૧૫) (મારી) ખીશ્કારીથી સૃષ્ટીમાં હું જે ભાવ ભજવું છું તેથી સઓકની ગતી એટલે ફવષીને પામવાની ગતી[૭૨] (આખરે મળશેજ) || એવા હુનરવાળો[૭૩] || છું.[૭૪] || (મારા) સૃષ્ટી–રચનાના ખેલથી ઉપયોગીપણું[૭૫] (પેદા પડે એટલે દવાઓ પોતાની ભુલ જોઇને ગવે પુગે એવી હિકમત રાખવાની) || નામના–બુધ્ધીવાળો[૭૬] || છું.[૭૭] || ફાયદોજ[૭૮] (ઉભો થાય, નુકસાન કદી થાયજ નહિ એવી) || નામનાવાળો[૭૯] || છું.[૮૦] || કોઇથીબી ડગુ નહિ, કુંઇબી કામ મને અઘરૂ લાગે નહિ એવી સુરી ગતીવાલો[૮૧] || હોવાની નામનાવાળો[૮૨] || છું.[૮૩] || ફાયદો કરનારાઓમાં, મુકિત મેળવી આપવા કામ કરનારાઓમાં સર્વથી શ્રેષ્ટ હોવાની[૮૪] || નામનાવાળો[૮૫] || છું.[૮૬] || અષ જે તે એક સાહેબના સૃષ્ટી-રચનાનાં ફરમાન અહુનવઇર્યની બજાવણીનો મુળ પાયો છે તે પાયો ખુદ પોતે હોવાની[૮૭] || નામનાવાળો[૮૮] || છું.[૮૯] || ઉુલન્દ[૯૦] (એટલે કુલ સૃષ્ટી જે મીનોઇ લગીની છે, જેની પુર્વે સૃષ્ટી નથી, પણ જેની પુર્વે તે સૃષ્ટીને ઉભુ કરનાર ઉસુલ 'ખાઓ અફ્રજયમ્ન'

છે તે **'ખાઓ'**નાં ઉસુલને પોતાનાં કેહપ઼ તરીકે રાખી તેમાં કુલ સૃષ્ટી જે મીનોઇના અહુનવરનાં અસ્મની અંદર સમાઇ છે તેને સમાવીને બુલન્દ ટોચે પુગેલો હોવાની) ‖ નામનાવાળો[૯૧] ‖ છું.[૯૨] ‖ ક્ષથ્ર રાખીને આપનાર,[૯૩] (કઇ રીતે? માંથ્ર-સ્પેન્તનાં રૂવાનોને મુક્તિએ લઇ જઇ તેઓને અહૂ સાથે વસાવીને અધીકારી કરાવી આપનાર) ‖ નામના-ગતીવાળો[૯૪] ‖ છું.[૯૫] ‖ ક્ષથ્ર રાખીને અહુનવઇર્ય પ્રમાણે કામ કરનારાઓમાં શ્રેષ્ટ હોવાની[૯૬] ‖ નામનાવાળો[૯૭] ‖ છું.[૯૮] (માંથ્ર-સ્પેન્તનાં રૂવાનો જેઓ મારામાં છે, હું અહૂની સાથે છે, જેઓ મારા હોકમ મુજબ શ્રેષ્ટ રીતે મારી સાથના વસવાટને લીધે કામ કરી શકશે-એવી તેઓની બલીહારી હું અહૂના તેઓ સાથે રહેવાને અંગે છે) ‖ અહુરાની મજઁ હાલતમાંથી બહાર સુષ્ધીની હાલત નામે **'હુદાઓંઘ્રહુ'**માં આવવા માટેનો અહૂનો ભેદ સમજવાના ડહાપણુની ગતીનો રાખનાર[૯૯] ‖ એવી નામનાવાળો[૧૦૦] ‖ છું.[૧] (અહૂની મજઁ ગતીના અનંત દરયાવમાંના નામે **'અના-માંથ્વાઓ યઓન'**માંના બેશુમાર **'યવએચ'**ના દોરાનોમાંના એક દોરને મજઁની ઉંઘમાંથી બેદારીમાં લાવવે તે **'યવએચ'**નો દોર તે અનંત દરયાવમાં તરી નીકળીને એક વિસ્તાર નામે **'ખાઓ અક્રૂજયમ્ન'** કરીને હોશયાર-બેદાર થઇ રહે છે, જેને **'હુદાઓંઘ્રહો'** કહે છે, જે અહૂના નાદ-વઇર્યને દસમે મરતબે સમજીને તે **'યવએચ'**ના સાત ઝરવાને અકરનેના કાળોનો ભેદ સમજી રહે છે-તેવાં ભેદી સમજનાં મહા ડહાપણુનો રાખનાર અને આપનાર હું છું.) ‖ તે મહા ડહાપણુની ગતી બઓદ પ્રમાણે કામ કરનારાઓમાં એટલે સૃષ્ટી-રચના કરવા અહુનવઇર્યને સમજનારા બગાનોમાં શ્રેષ્ટ[૨] ‖ હોવાની નામનાવાળો[૩] ‖ છું.[૪] (એટલે **બગાનો**ની સૃષ્ટી ઉભી કરવાની ખીશ્કારીઓમાંની સૌથી શ્રેષ્ટ ખીશ્કારી મારી છે તે આ રીતે છે કે દ્રવાઓના **'રએથ્વ'**=અજ્ઞાનતારૂપ કચરાએ રૂવાનોની રયમાં આવી ચઢીને રૂવાનનાં જ્ઞાનને ઝાંખુ કીધેલું હતું, જે રયનાં જ્ઞાનના તે **'રએથ્વ'**ને નિર્મળ તુરનો કરવા અહૂનો **'વઇર્ય'** થયો છે, જેની સાથે અહૂએ માંથ્ર-સ્પેન્ત નામના આશીશો ઉતારેલા છે; **જે કોઈ અહૂના તે વઇર્યને તાબે થાય તેને તે આશીશો મળે.** મારી એરેઝવાન ગતીની સમજાવટથી એટલે મારા **સત્યસંગથી** એટલે મારી ગતીના પ્રવેશથી મારી ખીશ્કારીથી જે રૂવાનો અહૂના તે વઇર્ય પ્રમાણે ચાલીને માંથ્રના આશીશો મેળવીને **'માંથ્ર-સ્પેન્ત'** તરીકે સુદ્ધ થયાં છે, તેઓ મારી સાથના **અનુયાચી** થયા છે, જેને મારાં રૂવાન તરીકે ઓળખે છે, જેઓએ પછી યઝતોને ઉભા કરીને સૃષ્ટી કીધી છે. **આમ ઉત્તમમાં ઉત્તમ રીતે તેઓ કામ કરી રહે છે, જેઓ ત્યારે સારી**

શ્રેષ્ટ રીતની ખીશ્કારીનું પરિણામ છે. આમ મારી ખીશ્કારી શ્રેષ્ટ રીતની થઇ છે. આમ મહા ડહાપણ 'હુદાનુ'થી ખીશ્કારી કરવામાં હું શ્રેષ્ટ છું.) ‖ અનંત કાળ લગી-**યવએચના યાવ ચંદ્ર દીવા કરે તેવા સાતે સાત ઝરવાને અકરનેના કાળ કે જ્યારે "રેશનરૂઝ" આવશે અને બધું ફ્રવષીરૂપ થશે** ત્યાં લગીમાં ફ્રવષિરૂપ થવાનો ફાયદો ઉભો થાય તેવું કામ કરનાર-સૃષ્ટીને ઉગાડી પાર પાડી મારામાં લય કરવાનો ફાયદો ઉભો કરવાની[5] ‖ શકિત-નામનાવાળો[6] ‖ છું.[7] ‖ તે[8] (એટલે ઉપર કહેલી -ઉપલા માંથ્રોમાં જણાવેલી હકીકતવાલી-ગુણોવાલી, તે બધી પોખનારી, માદરની કાની નેગાહ રાખનારી નારીરૂપની કોમળ રીતે દરકાર લેનારી શકિતઓ જે બધી ઉપર જણાવી છે તે બધીઓ), ‖ આ[9] (ખુબસુરત પ્રીતી રાખનાર માદરરૂપ સીફતનાં) ‖ નામો તરીકે[10] (છે, જેઓ કેહપ ધારણ કરી ભણનારની આગળ રજુ થઇ શકશે. આ માંથ્રો ભણનારની આગળ તે બધી મારી શકિતઓ કેહપ ધારણ કરી મુરાદ બર લાવવા હાજર થઇ શકશે. આવા માંથ્રો ભણવાને માટે અષો જરથુસ્ત્ર, તું જાહેર કર, કેમકે તેમાંથી અગણીત ફાયદો થશે તે કઇ રીતે માટે જણાવે છે કે ) :-

**(૧૬) યસ્ચ[4] મે[5] અએતહ્મિ[6] અંઘ્રહુવો[7] યત્[8] અસ્તવઇન્તિ,[9] સ્પિતમ[10] જરથુશ્ત્ર,[11] ઇમાઓ[12] નામેનીશ[13] દ્રૅનજયો[14] ફ્રસ્રવ,[15] પઇતિ[16] વા[17] અસનિ[18] પઇતિ[19] વા[20] ક્ષફ્નૅ.[21]**

**(૧૭) ફ્રસ્રવ[22] ઉસ્ વા હિશ્તો,[23] ની વા પઇદ્યમ્નો;[24] ની વા પઇદ્યમ્નો,[25] ઉસ્ વા હિશ્તો;[26] અઇવ્યાઓંઘ્રહનૅમ[27] વા[28] અઇવ્યાઓંઘ્રહયમ્નો,[29] અઇવ્યાઓંઘ્રહનૅમ[30] વા[31] બૂજયમ્નો;[32] ફ્રા[33] વા[34] પૂસ[35] હચ ગાતઑત્,[36] ફ્રા[37] વા[38] પૂસ[39] હચ જન્તઑત્,[40] ફ્રા[41] વા[42] પૂસ[43] હચ દંઘ્રહઑત્,[44] અવ-જસ[45] દખ્યૂમ્ આ.[46]**

**(૧૮) નોઈત્[47] દિમ[48] નર,[49] અંઘ્રહે[50] અયાંન્,[51] નોઇત્[52] અંઘ્રહાઓ[53] ક્ષપો,[54] અએષ્મો[55] દ્રુતહે[56] દ્રુક્ષ્[57] મનંઘ્રહો[58] અવસ્યાત્,[59] નોઇત્[60] અકવો,[61] નોઇત્[62] ચકવો,[63] નોઇત્[64] ઇષવો,[65] નોઈત્[66] કરૅત્,[67] નોઇત્[68] વજર,[69] નોઇત્[70] વીસૅન્તિ[71] અસાનો[72] અવસ્યાત્.[73]**

(૧૯) જે કોઇ[4] (મુશ્કેલી છતાંબી તરીકત ઉપર ચાલી નરની માફક મુશ્કેલીની સામે જઇને એટલે બીહક વગરનો નરરૂપ થઇને) ‖ આ[5] ‖ હાડ-

મંદ નાશ પામીને પછી ઉભી થાય તેવી[૯] || જે[૮] (તેટલા માટે ઘણી દુખરૂપની–તકલીફરૂપની છે તેવી) || દુન્યામાં[૭] || આ[૧૨] || નામવાળા માંથ્રોને[૧૩] || અએ સ્પીતમાન જરથુસ્ત્ર,[૧૦-૧૧] || **સડસડાત** દરરોજ નીયમીત ખેંચનાર થઇ[૧૪] || ભણ્યો જશે,[૧૫] || સુરજ ઉગીને આથમતા અરસા નામે દીવસ[૧૮] || કે[૧૭-૨૭] || સુરજ આથમીને ઉગતા અરસા નામે રાત્રીના[૨૧] || આખા વખતના દોરમાં[૧૬-૧૯] || કાં તો ઉઠતાં[૨૩] || અથવા તો બેસ્તાં,[૨૪] || કાં તો બેસીને[૨૫] || ઉઠતાં[૨૬] (એટલે દરેક જાતનાં કામ કરીને કામ કરતાં કરતાં યા પુરૂ કરતાં,) || કાં તો[૨૮] || **અઇવ્યાઓંઘ્રહનને** કુસ્તીને[૨૭] || બાંધતી–ગોળ વીટાળતી વખતે[૨૯] (એટલે જાતજાતની બધી અઇપીની કે પાવ મહેલની ક્રીયાઓ છેક કુસ્તી કરવાથી તે નીરંગદીન લગીની બધાંની શરૂઆત કરતી વખતે-બાંધતી વખતે,) || કાં તો[૩૧] || **અઇવ્યાઓંઘ્રહનને** કુસ્તીને[૩૦] || છોડતી વખતે[૩૨] (કે જ્યારે શરીરની અઇપિમાંની ગદલી ગતી છુટેલી કુસ્તીથી જમીનમાં આકર્ષાઇને અઇપિને સ્વચ્છતાઇનો છુટકારો મળે છે તેમ બધી ક્રીયાઓ પુરી થવે રૂવાનને છુટકારો મળે છે તેમ કુસ્તી છોડવાથી મળતા જાતજાતના છુટકારાઓ વખતે), || કાં તો[૩૪] || જગ્યા[૩૬] (આપ લે કરવાની સંસ્થા–બજાર કે જ્યાં ગયા હોઇએ ત્યાં)થી || **હુચ**[૩૬]=(પોતાની જગા) તરફ || પાછાં[૩૩] || ફરતાં,[૩૫] || યા[૩૮] || કસઓ[૪૦] (દોખ્મા વગેરેની જગાની આગળ) થી || **હુચ**[૪૦]=(પોતાનાં મથકો) તરફ || પાછાં[૩૭] || ફરતાં,[૩૯] || અથવા[૪૨] || શહેર–દેશ[૪૪] (તાલીમો–તરબ્યતની જગાએ)થી || **હુચ**[૪૪]=(પોતાનાં મુકામ) તરફ || કે પાછા[૪૧] || ફરતાં,[૪૩] || યા શહેર તરફ, તાલીમો–તરબ્યતના વીસ્તાર તરફ[૪૬] || આવી પુગતાં[૪૫] || પઢે, તો[૨૨] || તે[૫૦] || દીવસે[૫૧] || (કે) તે[૫૩] || રાત્રે[૫૪] (કે જ્યારે તે ભણાય છે ત્યારે) || તે[૪૮] || નરને[૪૯] || ઘાટકી એટલે ગેરઇનસાફી કાયદા વીરૂધનો[૫૬] || વિચારોવાળો[૫૮] || **એશમ**[૫૫] || **દ્રુજ**–બુરી શકિત[૫૭] (લોકોના બુરા, અકુદરતી, ગેરઇનસાફી, નાશવાળા, જાદુની ગતીના એટલે વૃદ્ધોને તોડનારા, દસ અંદર્ઝથી વીરૂધના વીચારો, જેઓ પાણીથી થતી વરાળની માફક વર્ત્તીને એટલે તે બુરા વિચારો માંહેલી **'તેમંઘ્રહ'**ની એટલે બુરી નહિ ઇચ્છવાજોગ ઘાતકી નિર્દય ખાસીઅતની વરાળ પાણીની વરાળની માફક ઉપર ઉડીને રવીના સ્વાની બાંધવાની પોખવાની ગતીથી વાદળાંરૂપમાં બંધાઇ રહે છે; એમ બુરાઇનાં આફતરૂપ વાદળાં ઉપર થઇ રહે છે, જેઓમાં કાળી કુદરત પોતાનું બુન મુકીને એક ગર્ભ ઉભો કરે છે, જેમાંથી **એશમ દ્રુજ** જન્મે છે, એમ તે વાદળાંનો ગર્ભ એશમરૂપનો પાકો થઇને વરસાદ પડે તેમ નીચે તેઓનાં અસલ ઉભા કરનારાઓ ઉપર પડે છે તેમ બીજાંઓનેબી છાંટી નાંખે છે,

અને ઇનસાનનાં જડ તન માંહેલી ખુશ્ક ગતી એટલે હવસી ગતીની તરસને મટાડી હવસોને ઉશ્કેરે છે એટલે ઇનસાનના વોહુનમાં જાહેર થયલા યા છુપાયલા, દબાયલા યા દાબી દેવાયલા, તેવા બધા બુરા વીચારો જે વોહુનમાં હોવાજ જોઇએ તેઓને બહાર ખીલવી કાઢે છે, તે એશમ દ્રુજની બુરી શકિત ) || નુકસાન-હેરાન કરી શકે નહિ ;[47-59] || ભોકાતી† ચીજ,[61] || દુરથી ફેંકેલી ચીજ,[63] || તાંકીને મારેલી ચીજ,[65] || કાપતી ચીજ,[67] || ભારથી દાબીને મારતી ચીજ,[69] || (કે) લાગી જતાં[71] || પથરાઓ[72] || ઇજા કરી શકે નહિ.[64-73] ||

**(૧૯) વીસાંસ્તચ[1] ઇમાઓ[2] નામેનીશ[3] પરૂશતસ્ચ[4] પઇરિ-વારસ્ચ[5] વીસૅન્તે,[6] પઇરિ[7] મઇન્યઑયાત[8] દ્રુજત,[9] વરૅન્યયાત્ચ[10] દ્રવાંઇથ્યાત,[11] જીજીયૂશત્ચ[12] કયદાત[13] વીસ્પો-મહુરકાઅત્ચ[14] પઇરિ[15] દ્રવતત[16] યત[17] અંઘ્રાત મઇન્યઑત;[18] માંનયેન અહે યથ[19] હજંઘ્રૅમ[20] નરાંમ[21] ઑયુમ[22] નૅરમ[23] અઇબ્યાક્ષયોઈત.[24]**

(૧૯) આ બધા[2] || માંથ્રો જે નામોનાં છે તેનું ભણુતર[3] || મીનો ગતીના એટલે અણદીઠ રીતે ફરી વળવાની શકિતવાળા[8] || દ્રુજથી, એટલે હવસી ગેરઇનસાફી નુકસાન કરતી--વૃધ્ધીને દુર કરતી બુરી શકિતઓથી અને તેઓના હવસોથી દુર નીકળી જવા,[9] || વૅરૅન્યને લગતા એટલે ધીલાન દેશને લગતા[10] ( એટલે ખાકી ચખ્થી પોખાઇ રહેતા, ભલાઇમાં બરબાદી ઉભી કરતા, તેવી ખાકને રાખતા કુમતીવાળા દ્રવંદોથી એટલે કેહર્પ જે રામેશ્નીનું ઠેકાણું થવા ધાયું છે તેમાં જડતા લાવતા દ્રવંદોથી અને તેઓથી ઉભી થતી ) || બુરી હવસી ગતીઓથી, બુરા અઘોર તનાસકમાં લાવનાર પાપોથી દુર જવા,[11] || બુરી તબઇ, બુરા કેશાશ, બુરી આફત શરીર ઉપર કે મન ઉપર કે માલ-મીલકત ઉપર બુરી મારેફતો આવી પડીને[13] || કચડી નાખે તેવાં નુકસાન આગળથી નહાસી જવા,[12] || અંગ્રમીનો[18] || જે[17] || દ્રવંદ છે, જે અષોઇના કાનુનથી કામ કરતો નથી, તેના[16] || બધા જાતજાતના

---

† નુકસાન કરનાર, તાબે કરનાર હથ્યારો જુની દુન્યાનાં કે બીજા આવતા વખતનાં-સમાનાં જે કંઇ ઇનસાનની શકિતથી ઉભાં થશે-શોધાશે તે બધાંઓ આટલી છ રીતેજ મારી શકે. આજનો 'આર્સનલ' કે પીસ્તોલ કે બંદુક કે ગેસો, અગાઉનાં બધાં જાતજાતનાં હથ્યારો કે હવે પછી થનારાં હથ્યારો કે જેમાં સુરજનાં કીરણોબી વપરાશે તે બધાં આટલી **છજ રીતે** મારવાની ગતી રાખી શકશે. વળી **અઘ-માંથ્રની** જાદુગીરી, અણદીઠ તલેસ્માતીક માર તેમ કુદરતી આફતોનો મારબી આવી **છ રીતે** મારી શકે છે. ટુંકમાં સ્થુલ યા સુક્ષ્મ રીતે મારવાની **આટલી છ** રીતો છે.

નાશ લાવનારા હલ્લાઓ, હવસી લાલચોના જખુન ફટકાનાં મોતથી દુર જવા[14] || શીખામણ તરીકે[1] || ની તરફથી લડનાર તરીકે[4] || બચાવ અટ-કાવ તરીકે થવા[5] || કબુલાત આપે છે–થાય છે.[6] || (અને) જેમ બને છે કે[19] || હઝાર[20] || નરો[21] || એક[22] || નરને[23] || ફરી વળીને ચોકીમાં બચાવમાં રાખે છે,[24] (તેમ આ બધા માંથ્રો તે ભણનારની આસપાસ તેટલી જબરી ચોકી મુકે છે અને બચાવી શકે છે.) (આમ જયારે માંથ્રો ભણવાથી ફાયદો છે માટે સો તેઓને ભણવા એ અકકલ અનુસાર વાત છે–માટે હું ભણનાર તે બધાને ભણવા માંડું છું, કેમકે તે ભણતરથી ઇનસાનની બદી કપાઇને બહમન અને સરોશની ગતીએ પુગાઇ શકાશે, માટે ભણે છે કે:) ||

**(૨૦) કે વૅરૅથ્રૅમ–જા થ્વા પોઇ સેન્ગ્હા યોઇ હૅન્તી;**
**ચિથ્રા મોઈ દાંમ્ અહૂમ્બિશ્ રતૂમ્ ચીશ્દી.**
**અત્ હોઇ વૅહૂ સૅરઑષો જન્તૂ મનંઘ્હા,**
**મજ્દા અહ્માઇ યહ્માઇ વષી કહ્માઈચીત્.**

**નોંધ:** આ વાકયના શબ્દ અર્થ માટે જુઓ **પાનું ૬૫ મું;** સરળ છુટો તરજુમો નીચે મુજબ છે:

**(૨૦)** તારા આ માંથ્રો–કલામો જેઓને તેં જાહેર કીધા છે તેઓ તન–મન–રૂવાનના દુશ્મનો જે દુખરૂપ–હવસરૂપમાં જાહેર થશે, તેઓને મારશેજ. આ બધા કલામો વિષે માહિતગાર કરનાર એક દીન–દસ્તુર ઉસ્તાદ જોઇએ છે તે મને મળો, કે જેવણની હિદાયત પ્રમાણે ચાલ્યાથી તન–મનની દરોસ્તી થઇને ભલું મન થઇને બહમન અને સરોશની ગતી આવી મળે અને ખરૂં જ્ઞાન જાહેર થાય.

(જયારે એક ઇનસાન દીન–દસ્તુર ઉસ્તાદની રહેબરી હેઠળ રહીને માંથ્રો ભણે છે, તરીકત ઉપર ઉસ્તવાર બને છે અને દાદારની સ્તુતી આ યસ્ત ભણીને કરે છે, ત્યારે તેને કુદરતના મહાન આશીશો જેઓ કેઆની ખોરેહના ભેદમાં, અઇર્યનેમ વએજના ભેદમાં, સઓકે–મજદદાતના ભેદમાં, આપે–દાઇત્યના ભેદમાં, આવાં અરદ્વી સૂરના ભેદમાં આ દુન્યા ઉપર વરસી રહયા છે તેઓ આવી મળે છે, જેઓનો પછી તે ભણનાર સત્કાર કરે છે,–જેઓને તે નેમાઝ કરે છે અને તેઓથી ફાયદો ઉઠાવે છે અને પુર્ણ ફાયદો ઉઠાવી શકવા દસ યથા અને દસ અહેમ ભણે છે, જેથી જેમ બને તેટલો વધુ ફાયદો મળી શકે. એમ ત્યારે ભણે છે કે):

**(૨૧) નૅમસ[1] કમ્એમ[2] અર્સ્તો,[3] નૅમો[4] અઇર્યોને વચો-**

**જહિ,[5] નૅમો[6] સઑકે[7] મજ્દદ્દાઇતે,[8] નૅમો[9] અપે[10] દાઈત્યયાઓ,[11] નૅમો[12] અરૅદ્દુયાઓ[13] આપો[14] અનાહિતયાઓ,[15] નૅમમ્[16] વીસ્પ-યાઓ[17] અષઑનો[18] સ્તોઇશ.[19]**

**☞ યથા અહૂ વઇર્યો ૧૦, અષૅમ વૉહૂ ૧૦.**

(૨૧) કેઆની[2] ‖ ખોરેહને[3] ‖ નેમાઝ હોજો ![1] ‖ અઇરયનમ વએ-જને[5] ‖ નેમાઝ હોજો ![6] ‖ મજદદાતને ચલાવતી-મજદદાતને માટેની[6] ‖ સઓક એટલે ફ્રવષીની ગતીને[7] ‖ નેમાઝ હોજો ![6] ‖ દાઇત્યના[11] (એટલે કુદ-રતમાં વહેતાં ઉશ્તાન પ્રાણુવાયુનો ઝરોહ,–**વને-ઝવીત-બીશની** ગતી–અમર ગતીનાં આબે હયાતનો ઝરોહ, જે કુદરતમાં વહીને અમલદાર ઇનસાનનાં નાકનાં બેઉ ફીફરાંમાંથી અંદર જઇ ઉંચ જાતનું ઉશ્તાન પ્રાણુવાયુ આપ્યા કરે છે, જેનો ઝરોહ કદીમ ઇરાનની જાહેર **વહેદાઇતી નદી**માં પડતો હતો, જેનો અણુદીઠ ઝરોહ કુદરતમાં વહી રહેતાં ઉશ્તાનમાં વહયા કરે છે, તે)ના ‖ આશીરવાદોને-આશીરવાદીક પાણીઓને[10] ‖ નેમાઝ હોજો ![9] ‖ અરદ્વી સૂર[13] ‖ અનાહીતનાં[15] ‖ નાળાંઓ[14] ( આશીરવાદો ) ને ‖ નેમાઝ હોજો ![12] ‖ બધી[17] ‖ અષોઇવાળી[18] ‖ **ગવ-ચિથ્ર**ની એટલે પરદુખભંજનની અણુદીઠ નેઆમતરૂપ સૃષ્ટી જેને **'કાયનાત'** કહે છે, જેમાં જાતજાતની આશીરવાદીક ગતીઓ ચિથ્રો અને રોશન ગતીના પ્રવાહો જેઓ ગેતીની પેદાયશને ટકવે છે, ના, ઉભી કરે છે, તેઓ સમાય છે તેઓને[19] ‖ નેમાઝ હોજો ![16] ‖

---

**ઉપર ૨૧ મા ફકરામાં આવેલા લોઘતો–કવએમ્ ખરૅનો, અઇરયનેમ વએજ, સઑકે મજ્દદાત, આપો દાઇત્ય, અને અરદ્દ્વી સૂર અનાહિત બાબે દીલ-પઝીર ક્ષ્નૂમીક હકીકતી ખુલાસાઓ :**

**કવએમ્ ખરૅનો** : એને **'કેઆની ખોરેહ'**ને નામે સાધારણ રીતે ઓલખે છે. નીસ્તીમાં પડતા આશીરવાદોમાં આ ખોરેહ મુળ આશીરવાદ છે. એ ખોરેહ નીસ્તીએ–અવ્વલમાં ગાહામ્બારોનાં કુવતોને લાવીને તેઓની વ્યવસ્થા ગેતી અને બીજાં મરકઝો ઉપર કરી રહે છે. કેઆની શહેનશાહોની અઇપીમાં જે કુદરતી આશીરવાદનો ઝરોહ પડતો હતો તે આ 'કવએમ' ને લગતોજ હતો, માટેજ તેઓને કેયાની ખોરેહ રાખનાર કહયા છે. આ ખોરેહનું બ્યાન ઘણુંજ દુરલભ છે. યઝશ્નેમાં અને જમ્યાદ યશ્ત અને બીજી યશ્તોમાં તેની યાદ છે. તરીકતના ચલાવનારની ઉપર આ ખોરેહની મદદ રહી શકે છે. હયાં નોંધ લેવી કે આજે જાહેરમાં હાશેમી દોરે એવો કશ દોરેલો છે, કે તેમાં જરથોસ્તી દએનની એવી મોતેબર ગતી ઉભી થઇ શકતી નથી, કે જેથી આવાં ખોરેહો મળી શકે. **પણ આજે તો શ્રધ્ધા રાખીને તરીકતોને પાળવાની છે, જેમાં તરીકત**

**પાળવાનો દાવો નથી.** વયુ કે પાણી કે ખુદ આ જમીન આ બધું જે જીંદગીને ટેકવવામાં અને તરીકત પાળવાની બારાખડીમાં મુળ છે તેઓજ આજે ગેરરાદ છે એટલે **'રાદ'** કહેતાં હસ્તી સાથનો સીધો સંબંધ આપી શકે તેવી ગતી વગરના છે. આવી હાલતને લીધે જેને તરીકત કહે છે તે પાળવી અશક્ય છે, છતાં તે તરીકતની ઉપરની શ્રદ્ધા રાખવા અને તે તરીકતના ઓળાની તરફની ઝર્દાઈતી કરવા આજે ઓછામાં ઓછી મુળ તરીકતો પાળવીજ જોઇએ, કે જેથી ઈનસાફ પ્રમાણે ફાયદો મળે. પણ આજના સંજોગોમાં પળાતી તરીકતો કંઇ આવાં ખોરેહને ખેંચી શકે નહિ, પણ જીંદગી ભોગવવામાં જે તેનો ભાવ છે તે મળી શકે એટલે 'ભાવ' કહેતાં નાકેસીનો ભાશ આપી શકે, કે જેથી આરમઇતીનો પેવંદ લાંબે વખતે મળે, જે પછીથી "જેમો હુદાઓંઘહ" તે ખરેનોને મેળવી અપાવી શકે.

**અઇરયનેમ વએજ** : આને ટુંકમાં **'ઇરાન વેજ'** કહે છે. એને બાતેન ઇરાન કહે છે. ગેતીનો વિસ્તાર છેલ્લા દખ્યૂ નામે અઇપિ-દખ્યૂની ઝમરીરમાં એટલે અઇપિ-દખ્યૂ અને તેની ઉપરના પઇરિ-દખ્યૂની વચમાંના વીસ્તારમાં અને ખુદ અઇપિ-દખ્યૂમાં રહયો છે. આજની જડ જાહેર દુન્યા અઇપિ-દખ્યૂમાં મોટે ભાગે છે, પણ આ ઝમરીરના ભાગમાંની દુન્યા આજે ગુપ્ત બાતેન છે. આવા ભાગનો મુળ ઉંચો ભાગ હોય છે તેને **અઇરયનેમ વએજ** કહે છે. અસલના બરજીસી જમાનામાં તે જાહેરમાં હતો. આ જગાની ઉપર એજ નામનો આશીરવાદ પડતો રહે છે, જેનો નાનો ઝરોહ પાવ મહેલમાં આજેબી કંઇક પડી રહે છે, અને જે કોઇ પુર્ણ શ્રદ્ધાથી સુદરેહ-કુશ્તી રાખીને 'કુશ્તી પાદયાવ' ને સાબેત રાખે છે તેમાં એટલે તેના સુદરેહ-કુશ્તીના કશમાંબી તે પડયા કરે છે. સુદરેહ-કુશ્તીના આવા ઉભા થયલા કશમાં **'અઇર્યનેમ વએજ'**નો સંબંધ થાય છે તેને **'વસ્ત્ર,'** અને તે વસ્ત્રની ઉપર થતી **'કેષ'** કહે છે એટલે તેઓને જરથોશ્તીપણાંની કારીગરી તરીકે એટલે ભલાઇ તરફ જવાની સગવડના ઉભા થવાના ભેદમાં વર્ણવેલી છે, **જેનો છેડો ગુજર્યા પછી ક્રીયામાં અપાતા શ્યાવમાં આવી રહે છે, જેથી તે રૂવાનને જરથોશ્તી દએનની આસ્ને ખેરદ પ્રાપ્ત થઇ રહે છે. આમ ત્યારે આજના હાશમી જમાનામાં પળાતી તરીકતોની શરૂઆત ગેતીમાં કરવી, કે જેથી આપણો ચીનવત ગેતીમાંથીજ શરૂ થાય** અને ગુજર્યા પછી તુરતજ ચીનવત પામીએ એટલે ગેતી ઉપરજ 'નાકેશી' ઉભી થાય, જેથી **'પાદે ફરાહ'**ની ગતી મળે એટલે શીક્ષા જે કંઇ થાય તેને ખમવાની ઉમંગ-હોશ અને તેમાંથી જલદીથી મળતું ફળ ઉભુ થાય અને **'તોજેશને'**ની ગતી=દુખ અને તેની ફરયાદ નાસબરી કે જેથી વધુ કર્મમાં સપડાવું પડે છે તે દુર થાય અને **ધમ**ની ગવરૂપ ગતી ઉભી થાય એટલે સામા તરફ વગર સમજવે આંગલી બતાવવાની ગતી અને ખોટા ધખારાઓનો છેડો આવે.

**'સઑકે મજ઼દદાત'** : આખી વિશ્વમાં બધેબધજ ક્રવષીની ગતી જામી રહેલી છે જે વગર તે વિશ્વ ટકી શકે નહિ. જેમ જાહેર રીતે જાણીતું છે કે રવી વગર વિશ્વ

ટકી શકે નહિ તેમ રવીને ટેકવનાર ફ્રવષી એટલે ખુર યઝતની અહૂ પ્રત્યેની અત્યંત તાબેદારીમાંથી ઉભી થતી અથાક શકિત વગર એટલે ખુરની પોતાની ખુદીથી થતી નાચીઝીનાં ભાન વગર રવી (હવરે) ટકીને પોતાનું કામ કરી શકે નહિ. સૃષ્ટીને ઉભી કરવા, ગેર વજુદને વજુદમાં લાવવા, ભુલને રાહેરાસ્તી ઉપર લાવવા યઝતો પાયૂ અને થ્વોરેશ્તારના ભેદના કામ કરી રહયા છે, પણ યઝતો ખુદ ફ્રવષીની ગતી વગર હોઇ શકેજ નહિ. યઝતો બઓદની ગતીવાલા છે અને બઓદીક ગતીમાં ફ્રવષીનું જોમ એટલે અત્યંત નાચીઝીથી અહુપરસ્તી કરીને અહૂના આશીરવાદો મેળવીને ટકી શકવાનું કામ કરવાનું જોમ છે. આમ ત્યારે આખી વીશ્વ પોતે ફ્રવષીની ગતીથીજ ઉભું થઇને ચાલી રહીને મોક્ષે પુગી રહે છે. સૃષ્ટીનું ઉભું થવું અને ચાલવું મજદદાતને આધીન છે, અને મોક્ષે પુગવું અહુરદાતને આધીન છે ત્યારે ફ્રવષી મજદદાત પ્રમાણે સૃષ્ટીને ઘાટમાં આણે છે. આવી ફ્રવષીની ગતીમાંના એક ભાગને **સઑકે મજ઼દદાત** કહે છે, જે તરીકતના પાળનાર ઉપર પ્રસન્ન થઇ રહે છે, અને દુન્યવી નેઆમત બચ્ચાં-છોકરાં-રાજ-વઇભવ સાથે વૈરાગનો ભાવબી આપી શકે છે, રામશાહી આપી શકે છે.

**આપો દાઇત્ય** : આ નામની નદી કદીમ ઇરાનમાં હતી, જેમાં '**દાઇત્ય**'ના ભેદનું આપ=આશીરવાદ પડતું હતું, જેના કીનારા આગળ મોટા અષવનો અમલ કરી જગતનાં કલ્યાણનું કામ કરી શકતા હતા. અષો જરથુશ્ત્રે આજ નદી આગળ ઘણું મોતેબર કામ કીધું છે. અમલદાર ઇનસાનોમાં અહુરમજદ પોતાનો ગોચા દમ-ઉશ્તાન ફુંકે છે, જેના ઝરાહને '**આપો દાઈત્ય**' ટુંકમાં કહીશું.

**અરદ્દ્વી સૂર અનાહિત** માટે જુઓ આવાં અરદ્વી સૂર નીઆએશ પાને ૨૭૭ ની ફુટનોટ, ૨૭૮, ૨૮૩ થી ૨૮૫.

**નોંધ** : ☞ હયાં દસ યથા અને દસ અષેમ ભણવાના છે. અહુરમજદની ગતી સંપુર્ણ છે અને સંપુર્ણતાનો આંકડો દસનો છે માટે આફ્રીન્ગાનના અહુરમજદના કરદામાંબી દસ યથા ભણાય છે પણ તેમાં સાથે સાથે ત્રણ અષેમ ભણાય છે, જ્યારે હયાં તો દસ અષેમ ભણવાની કહી છે. તરીકતના પાળનારે અહુરમજ઼દની આરાધના પહેલે કરવાની છે, કેમકે તે સાહેબ આ સૃષ્ટી-રચનામાં અનેક રીતે દેખાવ દઇને કામ કરી રહે છે, જે પ્રમાણેના તે સાહેબને નામો આપેલાં છે-સૃષ્ટી રચનાની આવી બધી ખીશ્કારીમાં તે સાહેબ સ્પેનામીન તરીકે ન્માનની એટલે બરજીસને લગતી વર્ણ-જીરમના સાહેબ તરીકે કામ કરી રહે છે એટલે સંપુર્ણતા લાવવાનું કામ કરી રહે છે, એટલે પાંચ વર્ણો-જીરમોના ભેદને સુન્યમાં લાવવાનું કામ કરી રહે છે એટલે વર્ણ-વર્ણનો ભેદ દુર કરીને સંપુર્ણતા લાવીને ખરી ઉશ્તા લાવવાનું કામ, અરદાફ્રવષની ગતી લાવવાનું કામ કરી રહે છે, માટે ઉશ્તાનો નાદ રાખનાર અષેમને સંપુર્ણતાના આંકડા દસમાં ભણવાનો હોકમ છે. પણ આફ્રીન્ગાનમાં તો ત્રણ અષેમ ભણાય છે, કેમકે આફ્રીન્ગાનની ક્રીયા તે ગુઝશ્તે રૂવાનને તેના અંશો અપાવીને તેને '**દહયુપત**' કરવા સારૂ, '**પસે-રતુ**' કરવા સારૂ થઈ છે. એટલે પોતાને તેમ

પોતાના અંશો જે નીચલી પેદાયશોમાં છે તેઓને ત્રણ મુસ્તસલામાંથી ચલાવવા થાય છે માટે ત્રણ અષેમ ત્યાં ભણાય છે. એક ચીજ-ઉરવાન તનોમંદ હાલત ધારણ કરવા હસ્તીમાંથી નીચે ઉતરે તે એક મુસ્તસલા થઈ-પછી તે ચીજ તનોમંદ હાલત ધારણ કરીને જડ ભોગવટો કરે તે બીજી મુસ્તસલા થઈ, અને પછી પોતાનાં તનને નુરી કરીને મુકિત મેળવતું રહે તે ત્રીજી મુસ્તસલા થઇ. '**મુસ્તસલા**' શબ્દ અરબી લાગે છે પણ તે અસલના પહેલવીનો એક આકાર છે, જેમાં લાઇન દોરીને આગળ વધવાનો અર્થ છે, જેને અવસ્તામાં '**સ્કૅરૅન્યાઓ**'ની ગતી કહે છે એટલે સ્કુની માફક જવાની ગતી કહે છે. સ્કુ જેમ જેમ અંદર જતો જાય તેમ તેમ જાહેર રીતે બહાર આવતો જણાય-પણ **તેના જાહેર રીતના બહાર આવવામાંજ અંદર જવાનો ભેદ** છે. તેમ જડ જીંદગીનાં પાપોથી નાશ થવા જેવો ભાસ આવે છે, પણ તેમાંજ દ્રવાઓની બુરી જાતના ખપી જઇને ભલાઇએ પુગવાનો ભેદ છે. **સૃષ્ટી-રચનાના આવા ભેદને મુસ્તસલા કરીને કહે છે.**

---

આટલા આશીરવાદોને મેળવીને પછી તે ભણનાર **અહુરમજદ**ના ઉશ્તાનને ગોયા અહુરમજદના દમને એટલે **અહુરમજદ**માંથી બહાર પડતી ઉભરાતી ગતીઓને મળવા, **અહુરમજદ**નો સંબંધ પોતાના દમ-ઉશ્તાનમાં ઉભો કરવા ભાગ્યશાળી થાય છે. કુદરતમાં બધેબધજ અહુરમજદની ગતી-શકિતઓ, **અસર-રોશનીઓ** વહી રહે છે, જે ગતીઓ જેઓ બેશુમાર મીનો યઝતો તરીકે ઓળખાય છે તેઓ અહુનવઈર્યના બગ તરીકે થઇ **અહુનવર** ભણીને એટલે તે દાદારની ફરમાન-બરદારીનાં વચનો કાઢીને, યઝતી શકિતઓ, ૩૩ અહુ અને રતુઓને તેઓના કામમાં ઉસ્તવાર કરાવીને, પછી જગતને ટેકવનાર તરીકેની થવા જગતની ઉપર રહેલી ગવની કુદરતના જીવનના ટેકાવનો **વસ્ત્ર**=સુદરેહ થઇને ફરી વળી રહી છે. વળી દાદારની તે અસર રોશનીઓ-**શકિતઓ** **બગ-અષ વહિશ્ત** તરીકે થઇ જગતને ચલાવીને ખરી ઉશ્તાએ પુગાડવાનો **અષેમ** વૉહૂનો નાદ કાઢી રહીને, ઉપર કહેલા ગવની કુદરત ઉપર થયલા સુદરેહની ઉપરની '**કૅશ**'=કુસ્તીરૂપ થઇને ફરી રહી છે. દાદારની તે **અસર** રોશનીઓ ક્ષથ્ર-વઇર્ય તરીકે થઇ પોતાની રાદી સત્તા જે '**અમ**' યઝતની જુફ્ત છે તે ક્ષથ્રને ગવની કુદરત ઉપર પેલા સુદરેહ-કુસ્તીમાં વસાવે છે. **આવી રીતે ગવની કુદરત ઉપર ઠીધેલા યઝતી ગતીનાં વસ્ત્ર અને કૅશમાં એટલે યઝતી ગતી મેળવેલા અષીના આશીશો રાખતા તલેસ્માતીક સુદરેહ-કુશ્તીમાં પછી અહુરમજદની તે અસર રોશનીઓ** (બેશુમાર મીનોઇ યઝતો) **ખરૅનંઘહ** રાખીને ગેતીની ઉપર પાંથરનાર તરીકે અને તે ખરેનંઘહને જોરે '**જવરૅ**'=આલાત બનાવનાર તરીકે એટલે

દાદારને મળવાના દરેમહેરની રચના ઉભી કરનાર તરીકે થઈ રહીને ગવની કુદરતમાં બધેબધ ફરી વળે છે, અને પછી લાયક નરોને તે બધી **યથા-અર્ષેમ-ક્ષથ્ર-ખરેંનંઘ્રહુ**ની અને **જવરે** થવાની બક્ષેશ કરી રહે છે. આ બધી નેઆમતરૂપ બક્ષેશો જે અહુરમજદની અસર રોશની આપી શકે છે તે બધી તે ભણનારની આગળ ભણાતા માંથ્રને જોરે આકર્ષાઇ રહે છે, જેઓની સાથે તે ભણનાર હવે એકતાન થઈ રહે છે, માટે ભણે છે કે):-

**(૨૨) અહુનૅમ વઇરીમ[૨૦] યજમઇદે;[૨૧] અષૅમ વહિશ્તૅમ[૨૨] સ્રએશ્તૅમ[૨૩] અમૅષૅમ સ્પૅન્તૅમ[૨૪] યજમઇદે.[૨૫] અમૅમ્ચ[૨૬] થ્રિમૅમ્ચ[૨૭] અઓજસ્ચ[૨૮] વૅરૅથ્રૅમ્ચ,[૨૯] ખરૅનસ્ચ[૩૦] જવરૅચ[૩૧] યજમઇદે.[૩૨] અહુરૅમ મજદાંમ[૩૩] રએવન્તૅમ[૩૪] ખરૅનંઘ્રઉહન્તૅમ[૩૫] યજમઇદે.[૩૬]**

**યેંઘ્રહે હાતાંમ આઅત યેસ્ને પઇતિ વંઘ્રહો,**
**મજદાઓ અહુરો વએથા અષાત હચા,**
**યાઓંઘ્રહાંમ્ચા તાંસ્ચા તાઓસ્ચા યજમઇદે.**

**(૨૨)** અહુનવઇયૅની[૨૦] ‖ સાથે એકતાન થઇએ છીએ.[૨૧] ‖ અષ વહિશ્ત[૨૨] ‖ (જે) ખેંચાણ રાખનાર, પોતા તરફ દરેકને બાંધી રાખનાર, અતી ખેંચાણકારક-સોહામણો-ઇશ્કમાં બાંધનાર[૨૩] ‖ અમર શકિત[૨૪] (છે, જે અષૅમના કલામમાં વહી રહી છે તે)ની ‖ સાથે એકતાન થાઉં છું.[૨૫] ‖ (અમ યઝતની) હિમ્મત[૨૬] (જે) ‖ વૃદ્ધી[૨૭] (આપનાર) ‖ અઓજ[૨૮] (ની શકિતની મતા છે, જે) ‖ ફતેહ[૨૯] (નો સાથી છે, જે શહેરેવર અને બહેરામની મતા છે, જેથી) ‖ ખોરેહ=અહુરમજદનો આશીરવાદ[૩૦] ‖ (રાખનાર) આલાત-મુરાદ પુર્ણ કરાવનાર સાધન-યઝતી શકિતઓના નાદનું મુકામ કરાવનાર કુવત-દાદારને મળવાની દરેમહેર[૩૧] (થવાય છે) ‖ તે બધાંની સાથે હમો એકતાન થઇએ છીએ;[૩૨] ‖ (અને તેઓની મદદથી) રયોમંદ ગતીના, પુર્ણ હરવેસ્પ-આગાહીવાળા,[૩૪] ‖ પુર્ણ આશીરવાદવાળા[૩૫] ‖ અહુરમજદ[૩૩] ‖ ની સાથે એકતાન થઇએ છીએ.[૩૬] ‖ **યેંઘ્રહે હાતાંમ**નો કલામ ભણી હમો ભણનાર આ યશ્તનું ભણતર ભણીને ઉપર કહેલી શકિતઓ સાથે ત્રણમાંની કોઇ્ગી રીતે, ક્રમમાં ક્રમ ભણતરના સ્તોતોથી એકતાન થઇએ છીએ.

***(બાજમાં પઢે.) અહુરમજદ ખોદાએ, અવજૂનીએ મરદુમ, મરદુમ સરદગાંન હમા સરદગાંન, હમબાયસ્તે વેહાંન, ઑએમ**

* સમજ માટે જુઓ પાને ૨૨૫ મે.

**બેહેદીન્ માજ્દયસ્નાંન્ આગહી આસ્તવાની નેશી રસાનદ; અએદૂન્ બાદ.** (કુશાદે પઢે.) **યથા અહૂ વઇર્યો ૨.**

**(૨૩) યસ્નેંમ્ચ વહ્મેંમ્ચ, અઓજસ્ચ જવરેંચ આફ્રીનામિ, અહુરહે મજ્દાઓ રએવતો ખરેંનંઘ્રઉહુતો. અષેંમ્ વોહૂ ૧.**

(૨૩) અહુરમજદ જેવણુ રયોમંદ અને ખોરેહમંદ છે તેવણુની **'યસ્ન'**ને એટલે સૃષ્ટી-રચના ઉભી કરવાની ખીશ્કારી જે ફ્રવષી સાથે થઇ રહે છે તેને, તેવણુની **'વહ્મ'** ને એટલે સૃષ્ટીને તેવણુના હોકમ અહુન-વઇર્ય પ્રમાણે ચલાવી રહેનાર ઉપર દુઆ કરવાની ગતીને, તેવા ચલાવ-નારાઓની વખાણ ગાવાની ગતીને, તેવણુની **'અઓજ'**ની અથાક શકિતને, **જવરેં**ને એટલે તેવણુના સૃષ્ટીના જુદાજુદા લાયક ભાગમાંના વસવાટને-સૃષ્ટીને મદદગાર થવા માટેના તે જુદે જુદે લાયક ઠેકાણે કીધેલાં તેવણનાં મકાનને, જે કુવ્વત મંદ થઇ જાય છે માટે તેના કુવ્વતોને યાદ કરી તેઓની પ્રસંશા કરીએ છીએ. અષેંમ ૧

(દાદારના **'હેમ'**=અંતકરણમાં વોહૂ-મનનો એટલે પરદુખ-ભંજનવાળા મન-ભાવની અથાક શકિતનો વસવાટ છે. દાદારના **'હેમ'**-અંતકરણને **'દએના'** નામથી ઓળખે છે, જેમાં **'બઓદ'**ની ગતી એટલે બહમનની ગતી છે, જે બઓદની ગતી તે દએનાને ત્રણ વખત બાંધે છે એટલે પોતાની હેકાયત જાહેર કરે છે, જે બઓદ ત્યારે ત્રણ વખત ફરી રહેતી કમર ઉપર લપેટાતી દએનાની કુશ્તી છે, દએનાનો કશ છે, દએનાએ શું કરવું તેની યાદદાસ્તનો દોર છે, કેમકે કુશ્તીનો કશ ખીશ્કારી કરવાનો આલાત છે અને ખીશ્કારીનો ભેદ રાખે છે. એમ **દએના-માંની બહમનની ગતી અહુરમજદની કુશ્તીરૂપ થઇ રહે છે. દએના એમ મહાન કુશ્તી છે એટલે બઓદની ગતીનો કશ છે, જે દએના પછી મજદયસ્નની જરથોશ્તી દએન તરીકે થઇને ગેતીમાં કુશ્તીની સાથે, બઓદની ગતીના કશની સાથે એટલે સૃષ્ટી-રચનાના પુર્ણ જ્ઞાન અને તેની ખીશ્કારી અને ભલા છેડા-આકે-બત સાથે ઉતરે છે. ત્યારે દએના પોતે એક કુશ્તી છે જે મુરાદ બર લાવે છે એટલે બઓદને પુગાડે છે,** માટે જરથુશ્ત્રની વસી-**અત છે.** માટે હવે **અહુરમજદ**ની ગતીના બહમનને અને જરથુશ્ત્રને અને જરથુશ્ત્ર સાથની અમશાસ્પંદીઓને અને તેઓની ઉંચ ગતીઓને મેળ-વવાનાં સાધનોને યાદ કરે છે. **અહુરમજદના દએનામાં વોહૂમન હોવાને લીધે અહુરમજદ યશતમાં વોહૂ-મન યશત મળેલીજ**

**હોય છે; તે બેઉ યશ્તો સાથેજ આવે.** પણ અમલના મોટા સાહેબો બહમન યશ્તનો ભાગ છુટો કરીને પોતાના અમલ માટે ભણતા હતા, જેમાં અદભુત શકિત રહેતી હતી. **અમલનાં ભણતર તરીકે બહમન યશ્ત નોખી રહેતી, જેને હવે કજા કરવામાં આવી છે. આજે યશ્તોબી કાતે થયલી** છે એટલે અહુરમજદ યશ્તબી કાતેની હાલતમાં છે એટલે તેમાં બહમનનો ભાગબી કાતેજ છે. ત્યારે હવે અહુરમજદનાં 'હેમ' એટલે અંતકરણ નામે બહમનને, અને બહમનના સાથી–ઉપદેશક જરથુશ્ત્રને, અને તેવણ એટલે બહમન અને જરથુશ્ત્ર સાથની અમશાસ્પંદીઓને, અને **તે અમશાસ્પંદીઓને પુગવાની મોતેબરી–ઉંચાઇઓ જેને 'ઉષી દરેન'** કહે છે તેને અને તેની બીજી હમકાર ગતીઓને યાદ કરે છે, માટે પઢે છે કે :–)

**(૨૪) નિપાયોઇશ્[૧] મષીમ્[૨] ઉર્વથૅમ્[૩] યવએતાઇતે[૪] જરથુશ્ત્ર[૫] અઉર્વથાત્[૬] પરો[૭] દુશ્મઇન્યવ્ઑત્.[૮] મા[૯] તૅમ[૧૦] ઉર્વથૅમ્[૧૧] ફ્રાયવયોઇશ[૧૨] સ્નથાઇ,[૧૩] મા[૧૪] દુઝ્ઝૅરૅતેએ[૧૫] જયાનાંમ્[૧૬] અપયતેએ;[૧૭] મા[૧૮] યસોઇશ્[૧૯] અઑમ[૨૦] નરૅમ[૨૧] દાઇતીમ્,[૨૨] યો[૨૩] ના[૨૪] મજિશ્તૅમ્[૨૫] યસ્નૅમ્[૨૬] યઝાઇતે,[૨૭] કસિશ્તૅમ્[૨૮] યસ્નાત્[૨૯] ફ્રાયતાત્[૩૦] અહ્મ[૩૧] યાં[૩૨] અમૅષે સ્પૅન્તે.[૩૩]**

(૨૪) અએ જરથુશ્ત્ર,[૫] ‖ (દએનની–અહુરમજદની વસીઅતોની માટે તારી) દોસ્તી રાખનાર[૩] ‖ ઇનસાનને[૨] ‖ દુષ્ટ, અકોમનવાળા, બહમનથી ઉલટાં મન અને ભાવવાળાં[૮] ‖ વેરીઓ, હમનબર્દો[૬] (અહુરમજદની દોસ્તીથી દુરના ફતવાઓ) ‖ (જે અહુરમજદથી) ઘણે છેટે દુર[૭] (પેલી તરફ જડતા તરફ એટલે તનાસકમાં લઇ જાય છે,) ‖ તે તરફથી દુર અને દુર લઇ જઇને[૬-૮] ‖ હમેશ લગી[૪] (એટલે તન પશીનની હાલતે પુગી રહે–ખાશ્વત તનનો નુરી થઇ રહે ત્યાં લગી કે જે પછીથી તે ઉતરી શકેજ નહિ ત્યાં લગી) ‖ (તેઓની કમાયલી નેકી પાછી ઉતરી નહિ પડે) તેની હેફાઝત કરી જોઇએ[૧] (એટલે તેઓને તન પશીન તરફ લઇ જવા જોઇએ.) ‖ તેવા તે[૧૦] (અષોઇ તરફ જઇ રહેવા માંગતા તરીકત પાળતા) ‖ દોસ્તને[૧૧] (દીનની દોસ્તી રાખનારને) ‖ માર ખાવા માટે[૧૩] (**'સ્નથ'**ના ભેદી બનાવને મારને લીધે લંબાવવા માટે એટલે **'નિદાસ્નઇથિષ'**ની બુલન્દ નેમ જે દીનમાં કહી છે તેને મારને લીધે દુર લઇ જવા માટે) ‖ લાંબો વખત લગી[૧૨] (યોનીમાં, જડ તનની હાલતમાં) રહેવા દેવાની જરૂરાત=આવશ્યકતા થવા દેતો ‖ મા.[૯] ‖ બુરી રીતે, અષોઇના કાયદાની ઉલટી રીતે

ધરાયલી–લઇ જવાયલી, રૂવાન–દરેોસ્તીથી ઉલટું ફળ આપનારી, અસરે–તારીકી પેદા પડે તેવી રીતે ધરાયલી–લઇ જવાયલી[૧૫] (ભેટ)ને લીધે (એટલે જડવાદી અને અધ–માંથ્રવાળા એટલે ઘટતી કરે–ફ્રશો–કેરેતી દુર લઈ જાય તેવાં ગ્નાન–ઇલ્મ–હુન્નર–ધંધા ઉભા થવાને લીધે) ‖ નુકસાનના[૧૬] ‖ આવી પુગવાને માટે, ઉભા થવાને માટે[૧૭] ‖ (પ્રસંગ ઉભો થવા દેતો) મા[૧૪] ‖ જરથોશ્તી દુજ–પરહેઝ કાયદાને માન આપી ચાલનાર[૨૨] ‖ તે ખાસ[૨૦] ‖ નરને[૨૧] ‖ હવસોનાં દુખમાં આવી પડવું–અષોઇમાં પાછું હઠવું[૧૯] ‖ નહિ થાઓ,[૧૮] ‖ કે જે[૨૩] ‖ કાયદાસરનો નર[૨૪] ‖ હમો[૩૧] ‖ જે[૩૨] ‖ અમશાસ્પંદો અમર નરો છીએ તેઓને માટે[૩૩] ‖ પ્રત્યેક મુકરર થયલી[૩૦] ‖ યસ્નોમાંથી[૨૯] (ચુંટીને નોખી કાઢેલી) ‖ નાની[૨૮] (હુશમુરદી), ‖ મોટી પાવ મહેલની[૨૫] (યસ્નોમાંની તે ખાસ પ્રત્યેક) ‖ યસ્નને[૨૬] ‖ ઇજતો હોય.[૨૭] ‖

## "સ્નથાઇ ફ્રાયવયોઇશ" શબ્દોનો ભેદ: જરથોશ્તી દીનને "નિદાસ્નઇથિષૅમ્" એટલે "સ્નથ"=હથ્યાર છોડવનારી કયે અર્થે કહી છે? "સ્નથ"નો ઉંડા હકીકતી અર્થ.

'**સ્નથાઇ, ફ્રાયવયોઇશ**' નો ભેદ ઘણોજ દુર્લભ છે. દીનના કલમામાં દીનને '**નિદાસ્નઇથિષ**'ની કહી છે એટલે '**સ્નથ**'=હથીઆર કે જેમાં રૂવાન સજ થયલું છે યા જેથી બંધાયલુ છે તેને ઉતારીને છોડાવી દેનાર કહી છે. ઉરવાનમાં અથવા ઉરવાનની સાથે જે દ્રવાઓનો ભુલાવો હતો તેને જ્યારે ઉરવાનથી દુર કરવામાં આવ્યો, ત્યારે ઉરવાનમાં ખરૂં ગ્નાન કે અહૂને નમવુંજ જોઇએ તે ખુદ–બ–ખુદ પ્રગતવા લાગ્યું. આવી હાલતમાં પરદુખભંજનની ગતીબી હોય છે, તેથી ઉરવાને પેલા દુર થયલા પણ અત્યાર લગીના તેના સાથી–દ્રવાઓને પોતા જેવો કરવા દાદારની પાસે દુઆ ચાહી અને તેમ થવા વગરની મુકિત નહિજ લેવા માંગી. આથી દાદારે તે દ્રવાઓની અંદર પોતાની કુદરતનો પ્રભાવ નામે '**ગવ**'ની ગતી જીવ-જાન ઉમેરીને તેને તનરૂપનો કરીને તેમાં રૂવાનને બેસાડીને રૂવાનને હાથે તે તનની ખેતી કરાવીને તે તનને રૂવાન જેવું કરવા કહયું. ત્યારે દ્રવાઓમાં કંઇ તત્વ હતું નહિ–રૂવાનમાંબી તેવું તત્વ હતું નહિ, કે તે દ્રવાઓની મતીને સુધારે. પણ દાદારે તે દ્રવાઓને પોતાની તરફથી જે સાંધન આપીને તે દ્રવાઓને જડ તનમાં ભોગવટો કરીને પાર પડે તેવો ઉભો કીધો તે સાધનને '**સ્નથ**' તરીકે ઓળખે છે, જેના પ્રભાવને '**ગવોઇ**' તરીકે ઓળખે છે, જેની જાહેરાતને જાન અને શશ જોરાન–ઇ–જાન નામે મનશ્ની–ગવશ્ની–કુનશ્ની–વીર–હોશ–ખેરદની શકિતઓ તરીકે ઓળખે છે. આ '**સ્ન-**

થ'ના જાનની આ 'જોરાન' શકિતઓ નામે મનશ્ની-ગવસ્ની-કુનશ્ની-વીર-હોશ-ખેરદ જે તે શરીરને મળે છે તેથી ભોગવટો કરી કરીને તે દ્રવાઓની મટ્ટી ગવરૂપની 'સ્નથ' જેવી થઇ જયા કરે છે. જયારે તે મટ્ટી 'સ્નથ' જેવી પ્રબળ થઇ જાય છે કે તે દ્રવાઓને દાદારે આપેલા તે સ્નથ=ટેકાની જરૂર પડતી નથી, જે ટેકા 'સ્નથ'ને પછી વ્યાજ સિકકે દાદારને આપી દે છે-તે 'સ્નથ'ને 'નિ'=છોડી દે છે, જે મહાન બનાવને 'નિદાસ્નઇથિષ' નો બનાવ કહે છે. એક અષવન દીનની તરીકત પ્રમાણે ચાલે તેમ તેમ તેનાં શરીર માંહેલો દએવ હવસરૂપની ખાસીઅતો બતાવીને પેલા 'સ્નથ'ના ટેકાની જરૂરાતને લંબાવ્યા કરે છે, ગોયા તે 'સ્નથ'નો ટેકો આપવાના ભારને લંબાવ્યા કરે છે-ગવોઇની અંતર જગત ઉપર ભાર મુકયા કરે છે એટલે ગવોઇને ફટકા લગાવ્યા કરે છે-એમ 'સ્નથ'ના ભેદી બનાવને લંબાવ્યા કરે છે-'સ્નથ'ને લાંબો વખત લગી જડતામાં 'યુ'=જોડી રાખ્યા કરે છે. ત્યારે અહિંયાં કહે છે કે અએ જરથુસ્ત્ર! તુને જે મેં દાદારે કહયું છે તે લોકોની આગળ જાહેર કર, કે જેથી લોકો 'જોરાન્-ઇ-જાન'ની મનશ્ની-ગવશ્ની-કુનશ્ની-વીર-હોશ-ખેરદને ટેકવીને હવસોને બાંધી, તનના જુસ્સાઓને પતમાન ઉપર લાવી, તનના દએવને ગવરૂપનો કરી, ખુદ પોતે પોતાના નવા ઉભા કીધેલા ગવના એકલા ટેકાથી ટકી શકે તેવો થઇ રહે અને અહુરમજદે ઉછીનો આપેલો 'સ્નથ' પાછો અહુરમજદને આપી દે. એમ દીન કે જે 'સ્નથ' છોડવનારી 'નીદાસ્નઇથિષ'ની છે તે જાહેર કરીને તે ભલાઓને શીખવ, કે જેથી 'સ્નથ'ને લાંબો વખત લગી જડ શરીરમાં બંધાઇ રહેવું પડે નહિ-ટુંકમાં જન્મ-મરણના તનાસકના ફેરામાંથી બચાવીને 'તન પસીન' તરફ લઇ જવાનાં દીનનાં શીક્ષણો શીખાડીને તેઓને દોરવે. અહિંયાં 'ફ્રાયવયોઇશ' શબ્દ શકયાર્થ પરસ્મૈ ૨/૧ માં છે, જે ઉપલી હકીકતને ટેકો આપે છે, કેમકે કહે છે કે જયાં લગી શરીરમાંનો દએવ-હવસ બંધાઇ ગવનો થઇ શરીરને ટેકવે નહિ ત્યાં લગી તો અહુરમજદે ઉછીકી આપેલી 'સ્નથ'ને ત્યાં રહેવુંજ પડે-શકિત આપવા જોડાઇ રહેવુંજ પડે-પરસ્મૈ પદના ભેદનું કામ એટલે તે પારકા દએવને સુધારવા માટે-જીવનની શકિત પુરી પાડવા માટે તેના હવસોને ઉભરાવી-ખપાવીને પતમાન ઉપર લાવવા માટે રહેવુંજ પડે. એમ આવશકયતા-જરૂરાત 'સ્નથ' માટે ઉભી થાય તેમ અએ જરથુસ્ત્ર! તું થવા દે નહિ એમ અહિંયાં કહે છે. ત્યારે 'સ્નથ' તે ગવોઇનો ટેકો છે કે જેથી જીવ-જાન ટકીને શરીર ભોગવટો કરી રહે છે. 'ગવોઇ'=જીવજાન ઉત્તમમાં ઉત્તમ ચીજ છે જેને અવસ્તામાં 'બઓંદંધ્રહ' એટલે પઝતી ગતીની કહી છે, જે જડતામાં પોતાની ગવની વાસ્ના મુકીને

ઇનસાનને વિચારવંત બનાવીને બદીની સાથે નેકી કરાવ્યા કરાવી–તેમ બદીને ઉભરાવીને તેને કુદરત ઇનસાફના ફટકા મારફતે ખપાવી ખપાવીને આખરેબી સુધારરશેજ. ત્યારે અહિંયાં કહે છે કે '**સ્નથ**'ને '**મા ફ્રાયવયોઇશ**' જડ તનમાં લાંબો વખત લગી જોડાઇ રહેવું પડવાની જરૂરાત પડે તેવું તું જરથુશ્ત્ર થવા દેતો નહિ–તરીકતવાલા શીક્ષણોને જોરે થવા દેતો નહિ. એવીજ રીતે આવાં નીઆએશ્નના બારમાં ફકરામાં પાને ૩૦૨ ની ઉપર કહે છે કે એવું ફરઝંદ મળે કે તે '**નોઇત્ સ્નથાઇ**'= મારે નહિ એટલે '**સ્નથ**'ને માટે નુકસાનકારક હોય નહિ '**સ્નથ**'ને માટેના ભારને વધારનાર થાય નહિ. અહિંયાંબી એમજ કહે છે કે તે '**ફરઝંદ**' બીજા કોઇબી શખ્સની સાથે ગેરઇનસાફ કરી તેને જડતામાં નાંખી તેની વૃદ્ધિ અટકાવે નહિ–તેના ગવ= જીવજાનના કામને, તેનાં '**સ્નથ**'ને મારે નહિ. જુઓ પાને ૩૦૬–૩૦૭.

**(૨૫) ઇદ[૧] અસ્તિ[૨] વૅાહુ મનો,[૩] મન[૪] દાંમિ[૫] જરથુશ્ત્ર.[૬] ઇદ[૭] અષૅમ્ વહિશ્તૅમ્,[૮] મન[૯] દાંમિ[૧૦] જરથુશ્ત્ર.[૧૧] ઇદ[૧૨] ક્ષથ્રૅમ વઇરીમ્,[૧૩] મન[૧૪] દાંમિ[૧૫] જરથુશ્ત્ર.[૧૬] ઈદ[૧૭] સ્પૅન્ત આર્મઇતિશ્,[૧૮] મન[૧૯] દાંમિ[૨૦] જરથુશ્ત્ર.[૨૧] ઇદ[૨૨] હુઉર્વંત[૨૩] અમૅરૅતાત,[૨૪] યોઇ[૨૫] સ્તો[૨૬] મિઝ્દૅમ[૨૭] અષાઉનાંમ્,[૨૮] પરો–અસ્તિ[૨૯] જસૅન્તાંમ્,[૩૦] મન[૩૧] દાંમિ[૩૨] જરથુશ્ત્ર.[૩૩]**

**(૨૬) વએથાચ[૩૪] તત્ચ[૩૫] કથચ,[૩૬] આઇ[૩૭] અષાઉમ[૩૮] જરથુશ્ત્ર.[૩૯] મન[૪૦] ખ્રથ્વાચ[૪૧] ચિસ્તિચ[૪૨] યાઇશ્[૪૩] આ અંઘ્રહુશ્[૪૪] પઍાઉરૂયો[૪૫] બવત્,[૪૬] યથાચ[૪૭] અંઘ્રહુત્[૪૮] અપૅમૅમ[૪૯] અંઘ્ર હુશ્.[૫૦]**

**(૨૫)** અએ જરથુશ્ત્ર![૬] ‖ તે જણાયલો[૧] ‖ વોહુમન અમશાસ્પંદ[૩] ‖ મારી મારામાંથી નીકળેલી[૪] ‖ દાંમિ=મને મળી રહેતી અંતર જગત એટલે મઝદર–શાખા–મારાં ઝાડની ડાળી, માટે મારાં ડહાપણનો અંશ જે મારાંમાં મળીને રહે તેમ બહાર પડે તેવો[૫] ‖ છે,[૨] ‖ તે જણાયલો મશહુર[૭] ‖ અરદીબહેશ્ત[૮] ‖ અએ જરથુશ્ત્ર![૧૧] ‖ મારીજ[૯] ‖ મઝદર–ડહાપણના અંશની જગત છે;[૧૦] ‖ તે જે જાહેર છે તે[૧૨] ‖ ક્ષથ્ર વઇર્યબી[૧૩] ‖ અએ જરથુસ્ત્ર![૧૬] ‖ મારીજ[૧૪] ‖ હુ વસેલી અંતર જગત–ડહાપણનો અંશ છે,[૧૫] ‖ આ ખાસ[૧૭] ‖ સ્પેન્ત આરમઇતી[૧૮] ‖ અએ જરથુસ્ત્ર![૨૧] ‖ મારીજ[૧૯] ‖ અંતર જગત–ડહાપણનો અંશ છે,[૨૦] ‖ પેલા[૨૨] ‖ અખંડતાના સાહેબ ખોરદાદ,[૨૩] ‖ (અને) **અમર ગતીના આપનાર અમરદાદ,**[૨૪] ‖ જેઓ[૨૫] ‖ **હસ્તીની પેલીમેર**[૨૬]

(એટલે બઓત્વોદથ થઇને હસ્તી તરફ) || પહોંચનારની[30] || અષાઉનાંમની એટલે યઝતી ગતી આપે તેવી[28] || ભેટવાલા એટલે રૂવાનના અંશોને મેળવીને અખંડ ગતી કરીને અમર ગતી થાય તેવી ભેટવાલા[27] || છે[26] || તેઓ[33] અએ જરથુશ્ત્ર! || મારી,[31] || મારાં ડહાપણના અંશવાળી, મારી વસેલી જગત છે[32] ||

(૨૬) અએ[37] || અષો (એટલે પુર્ણ ગતીવાળા એટલે જેના રૂવાનના અંશો જગતમાં પડેલા નથી એટલે જે અખંડ છે ખોરદાદ-અમરદાદ સાથના છે એટલે અમર ગતીવાલા છે તેવા) જરથુશ્ત્ર![38-39] || તુંને રોશન છે કે[34] || તે[35] (બધી અમશાસ્પંદોની હસ્તીની પેલીમેરની જગત મારાં ડહાપણ વસેલી જગતો-મઝદરો જે ઘણી છે-બહુ છે પણ એક થયલી માટે એક વચનવાળી છે તે) || શું કામ, કોણને માટે, કયે મોતેબર કારણે[36] (એટલે ગુનાહગાર રૂવાનોને ચલાવવા થઇ છે). || મારી હુ=અહુરમજદની[40] || પુર્ણ અક્કલથી-બઓદાંગથી-વોહુમનની ગતીથી[41] (દ્રવાઓ સાથના રૂવાનોને હુવીઅતથી તેઓની દ્રવાઓ તરીકેની અજ્ઞાન ગતીથી નીરાળા કરીને, બઓદરૂપમાં આણેલા કરી **માંથ્ર-સ્પૅન્તના** કરીને યઝત તરીકે રાદી સત્તા મેળવેલા અધીકારી મારા હમકારો તરીકે કરીને તેઓની હમકારી કરતી બઓદથી) મારાં ડહાપણથી[42] (એટલે ફ્રવષી સાથની **હદ-માંથ્ર યસ્નથી**) || આ બેઉ બઓદ અને ડહાપણથી[43] || આ ખામીથી ભરપુર જગત[44] (એટલે આ બધાં હુવીઅતનાં રૂવાનો જેઓ) || પહેલેથીજ[45] (તેવાં હુવીઅતવાળાં) || છે[46] || તે જગત[50] (તે બધાં રૂવાનો) || **'અપૅમ'** લગી એટલે **'યવએચ યવેતાએતે'**ના સાત ઝરવાને અકરનેના કાળોમાંના છેલ્લા સાતમાં કાળ લગી કે જયારે સૃષ્ટીની રજેરજ ફ્રવષિરૂપની થઇને ઉભી રહેશે તેવા છેડાની અમર ગતી સુધી, રજેરજમાંનો દ્રવાઓ-ભુલાવો ફ્રવષિરૂપનો તે અહૂમાં મળે તેવો **મહા** જ્ઞાની બુન્દક મનશ્નીનો અતી તાબેદાર થઇ રહેશે તેવા છેલ્લામાં છેલ્લા છેડા સુધી[49] || રહેશેજ.[48] || (એટલે દરેક **ચીજ રજેરજ આખરે મોક્ષે પુગશેજ. નાશ જેવું કંઇ છેજ નહિ. આ હસ્તી-નીસ્તીના જગતનો ભેદ મોક્ષને માટેજ છે.** આ ફકરામાં અમશાસ્પંદો-યઝતો-હસ્તી-નીસ્તી શા કારણે થાય છે, કુદરત શા માટે ચાલી રહી છે, બુન દહેશન-દએન કર્દ શા માટે થયા છે, તેના ઉંડા ભેદો સમાવેલા છે. એમ સાતે સાત કાળ લગી આ જગત થઇ રહીને તે સાહેબને મળશે તેવા થઇ ગયલા અને થવાના કાળોનો ભેદ સમાવેલો **છે. બહમન યશતમાં ત્યારે અનંત કાળનો ભેદ સમજાવેલો છે, જેને પુગવાનું છે.** એમ ત્યારે આખરેબી તનોમંદ હાલતુ કેહપરૂપની થઇને

અમર ગતીએ પુગશેજ, માટે કેહર્પની દરોસ્તી થવાની દુઆ ઇચ્છે છે અને તે જલદીથી થાય માટે મદદ ચાહે છે, માટે ભણે છે કે:-)

**(૨૭) હજંધ્રૅમ બએષજનાંમ્, બએત્રૅ બએષજનાંમ્; હજંધ્રૅમ બએષજનાંમ્, બએત્રૅ બએષજનાંમ્; હજંધ્રૅમ બએષજનાંમ્, બએત્રૅ બએષજનાંમ. જસ મે અવંઘ્રહે મજ્દ, જસ મે અવંઘ્રહે મજ્દ, જસ મે અવંઘ્રહે મજ્દ. અમહે હુતાશતહે હુરઑદહે, વૅરૅથઘ્રહે અહુરદાતહે, વનઇનત્યાઓસ્ચ ઉપરતાતો, સ્પૅન્તહેચ આર્મતોઇશ.**

( ૨૭ ) દરોસ્તી (જે કેહર્પની છે તેમાં) ની હઝારો-કરોડો ગણી દરોસ્તી કેહર્પને અને તેથી રૂવાનને મળો. અએ મજ્દા તેને માટે તું મારી મદદે પુગ, મને તેવી દરોસ્તી મળે તેવું પુર્ણ જ્ઞાન-અમલ આપ. ભલી ગતી અષોઇની ગતી આપનાર ભલી રીતના ખુબસુરત **અમ** યઝત! અહુર-દાતવાળા બહેરામ યઝત! સ્પેન્તો મઇન્યુને લગતી વનઇન્તી ઉપરતાત! તમો બધા મારી મદદે પુગી મુરાદ બક્ષો.

(આમ જયારે કેહર્પની* દરોસ્તી થઇ રહે છે ત્યારે આતશ પરિપુર્ણ થઇને નુરી ગતીએ પુગવા માંડે છે. આ વખતે તેવીષીનો* બાદ અતી સુક્ષ્મ થઇને આતશી દરજ્જે પુગીને કેહર્પમાં સમાઇ જવાની તૈયારી કરે છે, અને એવીજ રીતે '**ઉશ્તાન* આપ**' બી સુક્ષ્મ થઇ બાદી પુર્ણ દરજ્જે પુગી તેવીષીમાં મળીને કેહર્પમાં જઇ નુરી ગતી મેળવવા આરઝુમંદ થઇ રહે છે. પણ અઝદમાંથી થતાં તનની ખાકમાં* કીમીયું થવું જોઇએ તે થયું નથી એટલે ખાક સુક્ષ્મ થઇને આબી દરજ્જે પુગી નથી, માટે તે ખાક પોતે ત્બએષ રહીતની, બએષઝ-દરોસ્તીવાળી થઇને ઉશ્તાન આપમાં મળવી જોઇએ, કે જે પછી ઉશ્તાન-તેવીશી બેઉ પેલી નુરી ગતી તરફ જતાં કેહર્પમાં સમાઇ જાય. તનોમંદ જડ તનમાં ત્બએષ=એક જાતનું દુખ દરદની આફત હોવાને લીધે તેમાં ખરી અકકલ રહેતી નથી, જેથી તેમાં ખુદ-પરસ્તી રહે છે. તનોમંદ જડ તનને ખુદ-પરસ્તીથી નીરાળું, નાકસી-વાળું કરીને ખાકસાર કરવું જોઇએ, એટલે ખાકમાં જેમ આરમઇતી બેઠેલી હોવાથી ખાક શકિતવાન છે તેમ શકિતમાન થવું જોઇએ એટલે **આરમ-**

---

* **અહિંયાં કેહર્પ-તેવિષી-ઉશ્તાન આપ-અઝદ-તન** વીગેરે આપણા શરીરના ભાગો છે તેઓની મોક્ષે પુગવાની તેહકીક છે, માટે તેઓ કઇ રીતે આપણાં રૂવાનમાંથી નીકળેલા છે તેની વીગત માટે વાંચો આતશની નીઆએશ પાને ૩૨૮ થી ૩૩૦ મે.

**ઇતીનો વસવાટ તેનાં તનની ખાકમાં થવો જોઇએ, કે જેથી જેમ આરમઇતી ખાકની સ્પેન્તી કરે છે, એટલે ખાકમાં રહી ભાર ખમી હુજાર જાતના અભડાતોને ઉંચકી તેઓને શુદ્ધ કરીને તે ખાકમાંથી ભલો તત્વ-ખોરાક ઉભો કરી આખરે અનેરાનની ગતી અનગ્રરઓચ ત્યાં જમાવશે એમ સ્પેન્તી કરે છે, તેમ તેનાં જડ તનની સ્પેન્તી થાય.** ત્યારે તેનાં શરીરમાં એટલે તેની જડ તનની જમીનમાં આરમઇતીને વસાવવાની રહી છે, કે જેણી તે ખાકને શકિતમાન કરે છે. તે શરીર કે જેમાં હવસોને તો બાંધેલા છે પણ તે બાંધેલા હવસોને ગવમાં બદલીને ખાઇ જવા જોઇએ તે થયું નથી-થઇ શકયું નથી, જેથી તે બાંધેલા ખરફસ્ત્રો-હવસો-દ્વંદો પાછા છુટા થઇ જવાની ધાસ્તી આપી રહે છે, જેઓને છોડવવા અહીરીમન તદન તૈયારી કરીને મોકો શોધતો ઉભો છે, કે એક નભરવસ પળે તેની ઉપર હલ્લો કરીને તેનામાં બાંધેલા હવસોને છુટા કરી દે. **એમ અહીરીમનના હુલ્લાની જબર ધાસ્તી શીર ઉપર સુતરને તાંતણે બાંધેલી નાગી તલવારની માફક ઉભી છે.** ત્યારે આવા બધા બાંધેલા હવસોને ગવરૂપના કરીને તેઓને ખાઇ જવા પહેલે તે તનની ખાકને સુક્ષ્મ કરવી જોઇએ, કે જેથી તેનામાં સ્પેન્ત આરમઇતીનો મુકામ થાય, અને તેની જમીન ઉપર અહીરીમનનો ભવિષ્યમાં થવાનો તે હવસોને છોડવવાનો હલ્લો રદ જાય. પણ જો કદી ન ધારેલું બની જાય કે તે અષો નર જે શરૂઆતી તબકકાનો છે તે પોતામાં આરમઇતીને વસાવે તે પહેલાં જો અહીરીમન હલ્લો કરીને હવસોને છોડવી નાખે, એટલે તે શરૂઆતી નરને લાલચમાં તેના રહી ગયલા કેશાશને લીધે તેના 'માનીદે ગુનાહ'ની તાસીરને લીધે ફસાવી દે અને તેનું મૃત્યુબી તેને લીધે થાય, તેના ગયલા ગુનાહોનો તે ભોગણી થાય, તોબી તેવા નરની ઉપર તેના રતુની ચોકી રહે છે, જેવણુ ગુનાહના ભોગવટાની વચમાં નહિ પડે પણ જેવો ભોગવટો ભોગવાઇ રહીને મૃત્યુ થઇ રહે, કે તુરતજ એક વખત બંધાયલા પણ પછી છુટી ગયલા હવસોને પકડી પાડી રયોમંદ ગતીના કરી તે ગુજરેલાં રૂવાનમાં મેળવી દે. **એમ અષો નર તો આખરેબી તે બાંધેલા હવસોને મારશેજ, જેની નોંધ હવે પછીના માંથ્રમાં આવે છે.** ટુંકમાં જડ તનને એમ સુક્ષ્મ કરી બએષ રહીતનું કરી હવસોથી નીરાળું કરી મેળવું જોઇએ, કે જેથી તે તન સુક્ષ્મ આબી હાલતે પુગી શકે અને પછી તે આબ મારફતે ખાક તુર તરફ જઇ શકે. ત્યારે હવે આગળ ભણતરમાં આરમઇતી અને તેણીની ગતી ખીસ્કારીને યાદ કરે છે. -તેણીને પોતાની તનની જમીનમાં આણીને કાર સંરજામ કરવા દુઆ કરે કરે છે. માટે પઢે છે કે;

(૨૮) આમંદઇતિચ સ્પૅન્તય[20] અએષાંમ્[21] બઅએષા[22] સ્ચિન્દયદ્વૅમ્;[23] પઇરિ[24] ઉષિ[25] વારયદ્વૅમ્;[26] હુાંમ્[27] ગવ[28] નિદરૅજયદ્વૅમ્;[29] હુાંમ્[30] જન્વ[31] જૅમ્બયદ્વૅમ્;[32] અઇપિ[33] દરૅજવનૅમ્[34] દરૅજવયદ્વૅમ્.[35] કત્[36] અષવ[37] મજદ[38] વનત્[39] દ્રવન્તૅમ્.[40] અષવ[41] વનત્[42] દ્રુજિમ્,[43] અષવ[44] વનત્[45] દ્રવન્તૅમ્.[46]

(૨૮) અએ આરમઇતી,[20] 'સ્પૅન્તય'=વૃદ્ધિ મીનોઇ આબાદી કરવાની શકિતથી (તમો શરીરનાં તનમાં આવી વસીને તમારા વસવાટ મારફતે) ‖ તેઓની[21] (એટલે શરીરમાં તે બાંધેલા હવસોની–તે દ્રવંદોની) ‖ ખામીઓ–બુરાઇઓને[22] ‖ કાપી નાખશોજ–નાખવા જોઇએ.[23] ‖ (તે હવસોના) ‖ પાછા વીસ્તારમાં–દોરાનમાં[24] ‖ ઉગવાની ગતીને એટલે અકકલને[25] ‖ ગુંગળાવી નાંખશોજ–નાંખવા જોઇએ.[26] ‖ સાથે કામ કરતા બેઉ[27] ‖ હાથને[28] ‖ બાંધશોજ–બાંધવા જોઇએ.[29] ‖ સાથે કામ કરતા બેઉ[30] ‖ ઘુટણોને[31] ‖ કચડી નાંખશોજ–કચડી નાંખવા જોઇએ.[32] ‖ બેડી[34] ‖ ની અંદરજ[33] ‖ રૂંધી નાખશોજ.[35] ‖ શું–કઇ રીતે[36] (એટલે આ રીતે કે હવસોના દ્રવંદોને પહેલે બાંધે છે, જેઓ બંધાતા બંધાતા અનેક વખતે તે શખ્સને ઉઠલાવ્યા કરે છે–પછી જેવા તેઓ બંધાયા કે તેઓને ગવમાં બદલીને ખાઇ જવા જોઇએ. પણ કોઇ વખતે અહીરીમન તેઓને બંધાયલી હાલતમાં છોડવવા કદી ફાવે અને તે નરનું તેમાં મૃત્યુબી થાય, તોપણ તે નરનો ઉસ્તાદ તુરતજ મદદે આવીને તે હવસોને પાછા પકડીને–બાંધીને ગવમાં બદલી–મારીને પેલી ગેહાનમાં તે રૂવાનને સોંપીને આમેજ કરાવશોજ. આમ ત્યારે શરૂઆતી દરજજાનો) ‖ નર અષવન[37] ‖ બાંધેલા હવસોને, તે દ્રવંદને અષોઇથી ઉલટા જતાને[40] ‖ અએ મહા ગ્નાની સાહેબ![38] ‖ મારશોજ.[39] ‖ એમ અષો નર[41] ‖ દ્રુજી ગતીને[43] (એટલે છુટી જતા દ્રવંદ–હવસોને સંઘરીને) ‖ મારશોજ.[42] ‖ તે અષો નર[44] ‖ (એમ ટટાર ઉભા થયલા) દ્રવંદને[46] (બાંધીને) ‖ મારશોજ.[45] [આમ ત્યારે તે નર અષવન પોતાના હવસોને ભલા કરી જીવતાં જીવત પોતામાં ઉમેરે છે ત્યારે 'ખએત્વોદથ'= અખંડતાએ પુગીને દાદારને મળવાની–દાદાર સાથે રાદ પદવંદ–સોધ્ધો સરળ સંબંધ કરવાની બઓદ હુશ્યારી–ડહાપણ મેળવે છે અને મીનોઇ ભાનના ત્રણ મોટા કુલયાતી તબકકાઓ નામે ઉષિ, ખ્રતૂ અને હિજવ જેઓ તે અહૂના બુલન્દમાં બુલન્દ આષિશો નામે 'માંથ્ર-સ્પેન્ત'ને પોતપોતાની ગતી મુજબ પકડી શકે છે તેઓના દાયરાઓમાં પોતાનું ભાન કે જે લાગણીઓને વશ કરી મારીને ભક્ષ કરીને પુર્ણ રીતની બાતેનીનું થયું છે,

(જેને પંન્જે ઝરવીકરી આતેન કહે છે જે સરોશની પુર્ણ ગતીનું હવે થઇ રહયું છે) તેને જોડી દે છે અને તે ત્રણ તબકકાઓની ઉંચમાં ઉંચ ગતીઓ જે અહુરમજદની પાસે છે તેઓને (તેઓના કેહર્પોને) ખુદ બ ખુદ નિહાળી તેઓની સાથે રહેલી તે સાહેબની બીજી ઉંચ શકિતઓ-કેહર્પોના દર્શન કરે છે અને ભણે છે કે:-]

**ઉષિ[1] અહુરહે મજદાઓ[2] યજમઇદે,[3] દરેંથાઇ[4] માંથ્રહે સ્પેંન્તહે;[5] ખ્રતૂમ્[6] અહુરહે મજદાઓ[7] યજમઇદે,[8] મરેંથાઇ[9] માંથ્રહે સ્પેંન્તહે;[10] હિજવાંમ્[11] અહુરહે મજદાઓ[12] યજમઇદે,[13] ફ્રવાકાઇ[14] માંથ્રહે સ્પેંન્તહે;[15] અઓંમ્[16] ગઇરીમ્[17] યજમઇદે,[18] યિમ્[19] ઉષિ-દાંમ્[20] ઉષિ-દરનેંમ્,[21] પઇતિ[22] અસનિ[23] પઇતિ[24] ક્ષફ્ને,[25] યસો-બેંરેતાબ્યો[26] જઓંથ્રાબ્યો.[27]**

'**માંથ્ર-સ્પેંન્ત**' એટલે વૃદ્ધિ થવા માટે મુકરર થયલા આષિશો[5] (જેઓને અહૂએ મજંમાંથી જાગૃત થયલી પોતાની મહાન કુદરત નામે **નીરૂ** અને તેની કાર્યસાધક ગતી નામે **આતરે શએદાન**ની ગતીઓ આપીને પોતાના મજં ગતીના દરયાવમાંથી જાગૃત કરીને '**યવએચ**'ના સાત ઝરવાને અકરનેના કાળોમાં જાહેર થવાના દ્રવાઓ સાથના રૂવાનોને પાર પાડીને પોતામાં મજં કરાવવા મુકરર કરી રાખેલા છે, જેઓ વગર દ્રવાઓની સદ ગની મુકિત ફ્રશો-કેરેતી થઇ શકેજ નહિ તેવા તે પરમ આષિશો)ને ‖ તેઓને તેઓના માન ભરેલા દરજ્જાને છાજતી સ્તુતીપાત્ર રીતે (તે મજંના દરયાવમાંથી ઉતારી પોતામાં પકડી રાખીને તે આશીશોનું કામ જે રૂવાનોની વૃધ્ધિ કરવાનું છે તેને પુર્ણ રીતે પાર પાડવા તે આશીશોની ગતી તેવીજ રહે તેમ) ટેકવી રાખવા માટે તેઓને પકડીને[4] (કામે લગાડવા પોતામાં રાખવા માટે) ‖ અહુરમજદની[2] ‖ ઉષિ= **મહા ડહાપણ[1] (મજંની ભાન વગરની હાલતમાંથી પુર્ણ ડહાપણ સહિત જાહેર થવાના બહાર પડવાનાં)** પુર્ણ રીતના ભાનની શકિત સાથે ‖ એકતાન થઇએ છીએ.[3] ‖ માંથ્ર-સ્પેન્તના[10] (ઉપર કહેલી વજેના) આષિશોને ‖ યાદ કરીને તેઓની સ્તુતી ગાવાને માટે[9] (ધન્યવાદ આપવાની તે આષિશોનાં બુલન્દ કામોની પ્રસંશા કરવા માટે) ‖ અહુરમજદની[7] ‖ **ખ્રતુ=મહાન પરિપુર્ણ બઓદીક ગતી અકકલ[6] (જે ઉરવાનોને ઉપર કહેલા આશીશોથી સુધારી પોતામાં લઇ પોતાના શ્યાવરૂપ કરી તેઓને તેવી બઓદ આપી, બીજાં નહિ સુધરતાં રૂવાનો માટે તેઓ મારફતે સ્ુંટી રચી-સ્ુંટીનો કારોબાર**

**ચલાવી ભોગવટો કરાવીને તેઓને મોક્ષ તરફ, ફ્રશો-કેરેતી તરફ ચલાવી રહે છે તેવી પુર્ણ રીતની મહાન બઓદીક ગતીની અક્કલ)** **સાથે** || એકતાન થઇએ છીએ[૮] || માંથ્ર-સ્પેન્તના[૧૫] (ઉપર કહેલા) આશીશોને || (બોલે તે ફળે તેવી યજતી જબાન ઉપર લાવીને તેઓને ગ્રહણ કરીને તેઓને વૃધ્ધિનાં કામે લગાડવા માટે-માંથ્રોમાં તે આશીશો રહે છે તેઓને તે માંથ્રો ભણીને કામે લગાડવા માટે ટુંકમાં) માંથ્રો ભણવાને માટે[૧૪] || અહુરમજદની[૧૨] || જબાન[૧] (માંની દાનેશ્ન)ની સાથે || એકતાન થઇએ છીએ.[૧૩] || તે[૧૬] || પહાડ[૧૭] || જેને[૧૯] || ઉષિની બુલન્દ હાલત[૨૦] (નીચે સમજાવેલી છે તેવી હાલત) આપનાર || *ઉષિ-દર્રન[૨૧] (કહે છે તે) ને || યજશ્ને માટે લઇ જવાયલા, અષોઇને રાખીને અપાવી રહે તેવા, અષની ગતી આપ લે કરતા[૨૬] || આલાતોથી-યજત વસેલી સામગ્રીથી, મુરાદ હાંસલ કરાવે તેવા, યજત વસેલા સાધનોથી ખુદ પોતાને તેવો આલાતરૂપનો, યજત વસેલી ગતીનો ઉભો કરવા માટે,[૨૭] || દિવસના સુરજ ઉગે અને આથમે[૨૩] || તેટલા અરસા લગીમાં[૨૨] (અને) || રાત્રે સુરજ આથમે અને પાછો ઉગે[૨૫] || તેટલા અરસા લગીમાં[૨૪] || ક્રીયામાં પુગી વળીને એકતાન થયા કરીએ.[૧૮] ||

---

* **ઉષિ-દર્રન :** એક તલેસ્માતીક પહાડ તરીકે જાણીતો છે જેની યાદ યજશ્નેમાં જમ્યાદ યશ્ત અને અન્ય અવસ્તામાં છે. ગેતીનાં કેહર્પ-અણદીઠ ભાગની બુલંદી બતાવનાર આ જગા છે, જે ત્યારે ઘણેજ ઉંચે અને આજની ભુગોળથી નીરાળી જગા છે, કે જ્યાં જરથુસ્ત્ર અને તેવણ મારફતે બીજા મોટા '**ખોદા-રસીદા**' કેટલાકો જઇને જીવતી હાલતમાં અહુરમજદને મળી શકે છે. આપણાં તનના સુક્ષ્મ ભાગ કેહર્પમાં થતી ઉંચ ગતીનેબી '**ઉષિ-દર્રન**' કહે છે, એટલે 'ઉષિ'= ખરી હોશ તરફ લઇ જનાર-ખરી ઉન્નતીનું ભાન કરાવનાર ગતી કહે છે. આ દુન્યાની કે ઇનસાનની કે રજેરજની સુક્ષ્મ ગતી નામે કેહર્પમાં ૧૯ ચખ્રો છે, જેને વંદીદાદની પહેલી પરગર્દમાં ૧૯ શહેરો કહયાં છે. તે બધાંની ઉંચ ગતી એટલે ઘનાની સત્તા તુટી જઇને સ્પેનાની સત્તા જામે તેવી ગતીની હાલતને સારૂ આ '**ઉષિ-દર્રન**' શબ્દ છે, જે ત્યારે ઉંચ મન-શકિત, રોશન ઝમીરી, સૂચા-મનંઘહા બતાવે છે.

આજના મંતકી ગતીના વીદવાનો આ પહાડને જાહેર પહાડ જેવો જોવા જાય અને એવીજ રીતે અવસ્તામાં જણાવેલી બીજી જગાને જાહેર જગા જોવા જાય, તો તેમાંથી કાંઇ વળે એમ નથી. ધર્મમાં જાહેર ઉપરાંત બાતેન બાબદો છે. જરથોસ્તી દએન રૂપીઆની ચઉદ આની બાતેન અને બેઆની જાહેર બાબદ છે. માટે બાતેનીને લગતી બાબદોને જાણ્યા યા માન્યા વગર એક જાહેર બાજુને જોઇને આંધળાની માફક અજ્ઞાનતાની અને અવિશ્વાસની ભીંત આગળ અઠડયા કરવાથી કંઇબી વળવાનું નથી. **એથી અવસ્તા-અભ્યાસ પરીપુર્ણ થઇ શકવાનો નથી.**

## ઉષિ દરનૅમ પહાડની સમજ:

ઉપર આતશની નીઆએશનમાં કેહપ઼ં-તેવીષી-ઉશ્તાન આપ પોતે ઉષિએ પુગેલા એટલે દએવીક ગતી છોડીને લગભગ તુરમંદ જેવા થયલા ચિતારેલા છે, જેઓ ખુદ ગોસ્પંદી તેત્રિષીના પરદુખભંજન હોવે પોતા સાથની ખાકી ગતીનાં આ જડ તનને પોતા જેવા કરવા તે જડ તનને માયની માફક ઉછેરી મોટો કરીને સુધારી રહયાં છે. આ કેહપ઼ં-તેત્રિષી અને ઉશ્તાન આપ સાથે મળીને ૧૬ ચપ્રો કરીને એટલે પોતામાં ૧૬ જાતની સંસ્થાઓ ખોલીને સાત આસ્માન માફક ફરીને પેલી ખાકને ઉછેરીને મોટી કરીને ભલાઇએ લઇ જવાનું કામ કરી રહયાં છે. આવાં ૧૬ ચપ્રોમાંનો ચોકસ ભાગ અસલની નીખાલેસ હાલતમાં રહીને કુદરત સાથનો વસેલો રહે છે, અને તે ૧૬ ચપ્રોમાંનો બીજો ભાગ તે જડ તનને પોતાના ખોળામાં લઇ તે જડ તનની વાસ્નામાં આવીને ખુદ ખાકી થઇને તે માની માફક તે જડ તનના અભડાતમાં રહીને પુર્ણ પ્રેમથી ખીલવી રહયો છે. જયારે તે જડ તન ખુદ સુક્ષ્મ થઇ જાય છે ત્યારે તે માયની માફક કામ કરીને ખાકી વાસ્નામાં ગયલા ૧૬ ચપ્રોમાંના તે ચપ્રો પોતાની અસલ હાલતને પુગીને પેલા બીજા ચપ્રોને મળીને એક ઉંચ હાલત કરે છે, કે જેમાં પેલા સુક્ષ્મ થયલાં જડ તનબી ભેળાય છે-તે ઉંચ હાલતને **ઉષિ-દરૅન** કહે છે, જેને ઇલ્મ્યતમાં ખીલેલાં **લહીઆન** ચપ્રની હાલત કહે છે એટલે ૧૬ ચપ્રોની એક એકમાં મળી ગયલી હાલત કહે છે. જમ્યાદ યસ્તમાં જણાવેલા ૨,૨૪૪ પહાડોમાંનો એ એક છે. આ ૨૨૪૪ પહાડનો અલંકાર યઝતોની હસ્તી-નીસ્તી માટે થયલી ખીશ્કારી નામે હુમત-હૂખ્ત-હવરસ્તને માટે આપેલો છે. **ઉષિ દરૅનને** ત્યારે યઝતો ગેતીમાં ગેતીના સુક્ષ્મ ભાગની ઉંચાઇ તરીકે ઉભો કરે છે, કે જે ઉંચાઇમાંથી ગેતીની જડતા જન્મી જન્મીને સુક્ષ્મ ગતીની થયા કરીને એક વખતે ગેતીને ગરોદેમાનની કરશે. આ બાબદ **ત્રીજી નીકીઝ**માં આવશે. નીચે ફુટનોટમાં તેનો ટુંક ઇશારો છે.

## ઉષિ-ખ્રતૂ-હિજવા અને માંથ્ર-સ્પૅન્ત શબ્દોની ક્ષ્નૂમીક શરેહ:

હયાં **'ઉષિ'**માં દાદારનો અના-માંથ્વાઓમાંથી સુન્યની હાલતમાંથી જાહેર થઇને રૂવાનોની મુકિત આપવા સારૂ સૃષ્ટી ઉભી કરવા અહુનવઇર્યને જાહેર કરવાનો ભેદ રહયો છે. **'ખ્રતૂ'**માં **માંથ્ર-સ્પૅન્ત**નાં રૂવાનોને ઉભા કરી એટલે સુધરે તેવાં રૂવાનોને પોતામાં ઉમેરીને પોતામાંથી **દામ**ની સૃષ્ટી શરૂ કરીને પછી તે દામી મારફતે હસ્તી-નીસ્ની કરીને ચલાવવાનો ભેદ છે, અને **'હિજવ'**માં ભલા-બુરાનો બદલો આપવા **જરથુશ્ત્રને** અને તેવણ મારફતે બીજા **'ફ્રતેમાંને** મોકલીને માંથ્રથી મુકિત આપવાનો ભેદ છે. **'માંથ્ર-સ્પૅન્ત'**માં

શરૂઆતની ભુલેલી સૃષ્ટીમાં આશીરવાદો પાંથરી તે આશીરવાદનો સહકાર કરતાં ભુલેલાં રૂવાનોને સ્પેન્તીમાં લાવીને તલેસ્માતીક ગતીનાં ક્ષથ્રવાળાં કરી પોતામાં ઉમેરીને પોતાનાં ખુદના રૂવાન કરવાનો ભેદ છે, અને તેઓ મારફતે સૃષ્ટીને ચલાવીને ગેતીને પછી જરથુસ્ત્ર મારફતે તેવા **'માંથ્ર–સ્પૅન્ત'**ની રચનાવાળા માંથ્રોને જોરે ફરશો–કેરેતી તરફ ચલાવવાનો ભેદ રહયો છે એટલે **માંથ્ર વગર મુકિત છેજ નહિ તેનો ભેદ છે.** માંથ્રમાં ત્યારે અહુરમજદના આશીરવાદો છે એટલે આપણી લાયકાતથી નહિ પણ અહુરમજદના આશીરવાદથીજ મુકિત મળશે એમ ભેદ રહયો છે. સૃષ્ટી પોતાની ભુલને અર્થે પેદા પડી, પણ દાદારના આશીરવાદથી લય થશે, તે બધાંનો ભેદ **'માંથ્ર–સ્પૅન્ત'**માં રહયો છે. એ વિષયો તો **નીકીઝમાં** છે પણ નીચેની ટુંક નોંધ અર્થસુચક થઇ પડશે.

**ઉષિ, ખ્રતૂ, હિજ્વ** એ ત્રણ શબ્દો મીનોઇ કુશળતાના ત્રણ તબકકાઓ બતાવે છે. **ઉષિ** તે મહા ડહાપણ છે, જે સુન્ય લગી પોતાના મિથ્રને દોરવીને સુન્યમાં મેળવી શકે છે, જે ભાનની બુલન્દમાં બુલન્દ હાલત છે. **'ખ્રતૂ'** તે પુર્ણ અકકલ છે, જે પોતાને ઓલખીને સામાનું માપ માપીને પરમાર્થ માટે કામ કરી રહે છે–ગોસ્પંદી ગતીની અકકલ તે છે. **હિજ્વ** તે સાચ્ચી જબાન છે, જે પોતાની અંદરના ખરા ભેદને તેના ખરા રંગમાં જાહેર કરી તે સાહેબની સ્તુતી ગાયા કરે છે, જે જબાન સ્તુતી વગરનું કંઇબી જાણુતી નથી, જેમાં નિંદા–જુઠ્ઠાઇ–શક–ગુમાન જેવું કંઇજ નથી, જે સામાની બુરાઇઓને દુઆ દઇને સદ ગતીએ ચઢાવવાના નાદ સીવાય બીજો બદનામીનો નાદ કાઢતીજ નથી. **હિજ્વ** ત્યારે પોતાને લગતા ભાનની ટુકી હદનો ગવાહ છે, જે ખાકસારનો ખાકસર અને સત્યવાન છે, જેને જબાનમાંનું ડહાપણ કહે છે. આવા ટુંક અર્થો એ ત્રણ શબ્દોના છે. પણ તેઓમાં વધુ ઉંડો ભેદ પડેલો છે. અહિંયાં **અહુરાની ઉષિ–અહુરાની ખ્રતૂ** અને **અહુરાની હિજ્વ** કહી છે તેમાં અહુરા વિષેની ક્ષ્નૂમીક ફિલસુરીને એક કુજામાં સમાવી દીધી છે. જેમ અહુરાની ઉષિ–ખ્રતૂ અને હિજ્વ છે તેમ એક માનવનીબી કંઇ રીતે હોઇ શકે અને જયારે તે માનવને ઉષિ–ખ્રતૂ અને હિજ્વ શબ્દો લગાડે, ત્યારે તે માનવની કેફીઅત કેવી હોય? પણ માનવ ખુદમાં તેના નવ જાતના શરીરમાંના કેહપ–તેવિષી–ઉસ્તાન આપમાં, આ ઉષિ, ખ્રતૂ, હિજ્વનો ભેદ પડેલો છે. આ બધાની સમજ માટે ત્યારે વધુ ઉંડાણુ ભેદ તે ત્રણ શબ્દોનો જાણવો જોઇએ છે.

**ઉષિ તે મહા ડહાપણ છે, કે જેથી સુન્યના ભેદ લગી મિથ્ર જઇ શકીને તે સુન્યમાં મળી જઇ શકે છે. બુલન્દમાં બુલન્દ તે હાલત છે. મર્જની હાલતની એટલે તે અહૂમાં મળી જવાની હાલતની બામદાદ તરીકે આ**

ઉષિની હાલત ગણાય છે. આ ઉષિનું બુલન્દમાં બુલન્દ ભાન વધુ ઉંડું થતાં સુન્યની ઉંઘમાં પડી જવે તે ભાન અહૂની અંદર મળવે ટકી શકતુ નથી, કેમકે તેની ચિથ્રની હાલત અના–માંથ્વાઓની થઇ જાય છે. આવું બ્યાન ઉષિના બુલન્દમાં બુલન્દ ભાન વિષેનું છે. ઉષિના બીજા ઉતરતા દરજ્જાઓબી છે, કેમકે કુદરતમાં ખાથ્ર–ગવ ચિથ્ર–અનાસર એમ બધા તબકકાઓ છે તે દરેક તબકકાના ઉંચા ભાનને ઉષિજ કહે છે. આવી બધી ઉષિઓમાંની ઉંચમાં ઉંચ ઉષિની હાલત વિષેની કેફીયત ઉપર કહી છે તેવી છે–બીજી ઉષિઓ વિષે એમ કહેવાઇ શકાય નહિ. ત્યારે અહુરાની ઉષિ, અહુરાના ભાનની હાલત છે જે ત્યારે ઉંચમાં ઉંચ છે, કે જે મર્જ-માંથી બેદારીમાં–ભાનમાં આવીને ખુદીનું ભાન રાખી શકીને પછી તે મર્જમાં જઇ શકે છે અને ખુદીને ભુલી શકે છે. અહુરાની ખુદીને માટે ખુદ પરસ્તીનો અર્થ કરવો નહિ, કેમકે અહુરા તે અહૂ છે જે જયારે મર્જમાંથી ભાનમાં આવે છે ત્યારે સૃષ્ટીને–રચનાને ભલે છેડે લઇ જવાની જે કાળજી થાય છે તેને અહુરાની ખુદી કહે છે. એક હાલતની પુર્ણતાએ જઇને તે હાલતની ઉપરની હાલતમાં જવું યા ઉપરની હાલતમાં જઇને તે હાલતથી નીચેની હાલતવાલાઓના દાદખાહ થવું તેને ઉષિ કહે છે–જે ત્યારે મહા ડહાપણ છે એટલે ગુપ્તમાં ગુપ્ત ભેદોના જાણવાની ટોંચ તરીકે છે. અનાસરની હાલતમાં દેખીતી સ્પર્ષ થતી હાલતથી અદ્રષ્ય હાલતો આવી જાય છે. એમ અના-સરના ચાર તબકકાઓ ૧૬ મરતબા અને ૬૪ દરજ્જાઓ છે. આવા અના-સરની ઉપર ગવ–ચિથ્રનો તબકકો છે જે લગભગ નુરી તબકકો છે, જેની ઉપર નુરી તબકકો છે. ત્યારે ઉપર કહેલા અનાસરી જડ તબકકાની કોઇ વ્યકતી પોતાની સ્પર્ષ થતી હાલતમાં રહીને ઉંચામાં ઉંચા દરજ્જાએ જયારે પુગે છે ત્યારે તેનું ભાન ગવચિથ્રના તબકકાની ઉપર જઇ ચઢે છે, આવી ઉંચાઇએ ચઢેલા ભાનને તેને માટેની ઉષિ કહે છે જેમાં અનાસરોની પુર્ણ માહેતી રહે છે–અનાસરના ભેદની પુર્ણ વિગત જાણીતી થઇ રહે છે અને જેમાં પરમાર્થના ભેદ વગરનું બીજું કંઇ રહેતુંજ નથી, જેમાં ભાનને છેક અના માંથ્વાઓ લગી લઇ જવાની એકલી ખાહેશ રહે છે, જે ખાહેશ તેની પોતાની રહેવે તે તેની ખુદી તરીકે થઇ રહે છે–પણ આવી તે ખાહેશ ખુદ પોતે પોતાની ખુદીને ભુલી જઇને પોતે એકલોજ તે ખાહેશ રાખીને ચઢવા માંગવાને બદલે પોતાથી ઉતરતાઓને તેવા વિચારના કરીને પછીજ ઉપર જવા માંગે છે. એમ તે પોતે પોતાની ખુદીને ભુલે છે જયારેજ તે ઉષિની હાલતે પુગેલો કહેવાય છે. પણ જયારે તે પોતે ખુદી રાખી એટલે પોતાને આગળ વધારવાની કાળજી રાખીને પોતાને લગતા નીચલા અંશોને

નીચલી વસ્તીઓને આગળ ચલાવવા પ્રયોગ કરે છે ત્યારે તેની સુમતી જે પ્રદરશીત થઇ રહે છે તેને 'પ્રતૂ' કહે છે. અહિયાં ખુદી રાખવામાં ખુદ-પરસ્તીનો અર્થ નથી પણ ખુદ પોતાને તે બીજા પોતાથી ઉતરતાઓને વધા-રવા માટે જુમ્મેદાર ગણવા માટેની ઇચ્છવાજોગ હયાતીનું ભાન રાખવા તરીકેનો અર્થ રાખે છે. આપણા દેખીતાં શરીરની અંદર યા આસપાસ કુદરતને વસાવી રહેલા ત્રણ અણુદીઠ ખોલ્યાંઓ રહે છે જેઓને કેહપ-તેવીશી-ઉશ્તાન આપ કહે છે. તેઓ ત્રણે ઉષિની હાલતે પુગેલા રહે છે, જેઓમાં ત્યારે ખુદીનું ભાન રહીને પ્રતૂથી પરદુખભંજનનું કામ કરવાની ગતી એટલે જડતાને જીવડાવીને પોતા જેવા કરવાની એકલી નેમ રહે છે, જેઓમાં ત્યારે દ્રવાઓનો ભુલાવો રહયો નથી-સ્વાર્થ રહયો નથી, જેઓ ત્યારે ગવ-ચિથ્રના તબકકા લગી પુગેલા રહે છે. ત્યારે ઉષિની હાલતમાં રહે-લાંઓ પોતાથી ઉતરતી હાલતવાળાંઓને પાર પાડવા હમેશા મશગુલ રહે છે અને ખુદ પોતે પોતાની ખુદીમાં રહી એટલે પોતાને જુમેદાર ગણવાનું ભાન રાખીને જે ગતીથી કામ કરી રહે છે તેને પ્રતૂ કહે છે; જે પ્રતૂથી જયારે તે ઉતરતાઓને પાર પાડી રહે છે ત્યારે તે ઉતરતાઓ જે ઉંચ હાલતે પુગે છે તેનેબી પ્રતૂની હાલત કહે છે, કેમકે તે ઉતરતાંઓમાં તેઓના ઉદાહરણ કરનારાઓની પ્રતૂ જેવી ગતી ઉભી કરવામાં આવે છે-ગોયા તેઓની પ્રતૂનોજ બોજો તેઓમાં પડે છે, જેથી તે ઉતરતાંઓને પોતાની નાકસીનું પુર્ણ ભાન થઇ રહે છે. એમ તે ઉતરતાઓ પોતા વિષેની ખરી સુધબુદ્ધ મેળવીને જે ખેરદ ઉભી કરે છે તેને પ્રતૂ કહે છે, અને તે ઉષિવાળાઓ ખુદની ખુદીથી તેઓને ઉચકવા માટે જે ગતી વાપરે છે, તેનેબી પ્રતૂ કહે છે, જે પ્રતૂને પછી તેઓ તે ઉતરતાંઓમાં ઉતારીને તે ઉતરતાંઓને તેના હકદાર બનાવી દે છે. એમ ઉષિવાળો ખુદીમાં રહીને જે ગતીને સામાં ઉતરતાંઓમાં પાડે છે, તે ઉતરતાંમાં કાયમ મુકામ કરે છે, તેને પ્રતૂ કહે છે. એમ ત્યારે પ્રતૂની હાલત ઉષિની હાલતથી ઉતરતી છે. ત્યારે ઉષિની હાલતમાં આવેલાથીજ બીજા ઉતરતાંઓ પાર પડે છે અને તે ઉતરતાંઓમાં જે સ્વાર્થરહિતનું ભાન ખોલે છે તેને પ્રતૂની અકકલ કહે છે. પ્રતૂ ત્યારે તે અકકલ છે કે જે પોતાથી ઉંચ મરતબાવાળાઓને ઓળખીને તેઓની તાબેદારી બજાવીને તેઓના હોકમસરજ ચાલી રહે છે. પ્રતૂવાળોબી ત્યારે પરમાર્થી અને ખાકસાર રહે છે. ત્યારે અહૂ જે **અના-માંથ્વાઓમાંથી ચિથ્રમાં બેદારીમાં** આવીને વઇર્ય જાહેર કરીને-ખુદી રાખી એટલે સૃષ્ટી કાઢીને પાર પાડવાની કાળજી રાખે છે, અને બગાનો ઉભા કરીને ઉરવાનને જાહેર કરી તેની દએવીક ગતીને આગળ

સુધારી રહે છે, ત્યારે તે બધાંને અહૂની ઉષિતું પરિણામ કહે છે. મર્જની હાલતમાંથી જાહેર ચિથ્રની હાલતમાં આવતા અહૂને ઉષિવાળો અહૂ કહે છે. આ અહૂ પછી પોતાની ખુદીથી એટલે રૂવાનના દ્રવાઓને પાર પાડવાની કાળજીથી જે રૂવાનોને માંથ્ર-સ્પેન્તનાં કરવા ખીસ્કારી કરે છે અને તેઓને તેવા કરીને પોતામાં આમેજ કરી રહે છે-પોતાને લગતા કરી રહે છે, તેને ખ્રતુવાળા અહુરા કહે છે. ત્યારે અહૂ પોતે ખુદીમાં રહીને એટલે મર્જની હાલતમાં નહિ જતા બેદારીની ભાનની હાલતમાં રહી, ઉતરતાં રૂવાનોને સુધારી રહે છે એટલે ઉતરતાંઓને સુધારવાની કાળજીની હાલતમાં રહીને એટલે ખ્રતૂની હાલતમાં-ઉંચ બઓદની હાલતમાં રહીને ઉતરતાંઓને સુધારી રહે છે એટલે તેઓમાં પોતાની ખ્રતૂ આમેજ કરીને બધાંને પોતામાં આમેજ કરે છે ત્યારે તે અહૂ અહુરા તરીકે કહેવાય છે એટલે ખ્રતુવાળા થાય છે. આ વખતે ખ્રતૂનો ભેદ અહુરામાંના પેલા મળેલા રૂવાનોને લાગે છે. ત્યારે માંથ્ર-સ્પેન્તના રૂવાનો એટલે યઝતો એટલે ૩૩ અહુ-૩૩ રતુઓ અહુરમજદની ખ્રતૂના ભેદમાં આવેલા કહેવાય છે. ત્યારે અહુરમજદની ખ્રતૂમાં બધા યઝતો ૩૩ અહુ અને ૩૩ રતુઓ આવી જાય છે. **ત્યારે અહુરમજદની ખ્રતૂમાં ૩૩ અહુ અને ૩૩ રતુનો ભેદ આવે છે, જેઓ પોતાની ખ્રતૂથી કામ કરીને ઉષિની હાલતે જઈ રહે છે-દાદારમાં મળી રહે છે અને દાદારમાંથી બહાર પડી દાદારના હોકમસર ચાલીને બીજાં નહિ સુગ્રેલાં માટે જગતની રચના કરીને તેઓને પોતાના જેવા કરી રહે છે.** ત્યારે અહૂ જે મર્જમાંથી જાગૃતીમાં આવેલા છે અને અહુનવઇર્યને જાહેર કરી બગાનોને ઉભા કરે છે તે અહૂ ઉષિવાળા છે.

પછી જ્યારે ઉરવાનો દ્રવાઓ સાથના ઉભા થઇ દાદારના માંથ્ર-સ્પેન્તથી સુધરીને દાદારમાં મળે છે એટલે ૩૩ અહુ અને ૩૩ રતુ તરીકે **દાદારના વસ્ત્ર તરીકે** થઇ રહે છે, ત્યારે તેવા યઝત મળેલા અહૂને અહુરા કહે છે, જેવણુને એટલે યઝતને પોતામાં વસાવેલા અહૂને ખ્રતુવાળા અહુરા કહે છે. ત્યારે અહુરાની ખ્રતૂમાં ૩૩ અહુ અને ૩૩ રતુનો ભેદ સમાય છે. ટુંકમાં એ કે અહૂ કે જે અનંત છે અને મર્જમાં છે, જેમાં કંઇબી ગતી જેવું નથી, તેમાં જ્યારે ઝરવાન ઉગી નીકળીને '**ખાઓ અક્રજયમ્ન**' થઇને તેમાં તે અહૂના દરયાવના એક ટીપાંનો એક અબજાંશ ભાગ ઉતરીને પોતાનો વઇર્ય-સૃષ્ટી થવાની ધારણા જાહેર કરે છે, ત્યારે તે અહૂને ઉષિવાળો અહૂ કહે છે.

પછી આ અહૂ બગાનો ઉભા કરી સ્તઓત યસ્ન ઉભુ કરી અનહૂમાનો

ભેદ ઉભો કરીને જુઝનાં જોડકાંને એટલે બઓદ અને દ્રવાઓ સાથના ઉર્વને જન્મ આપીને, તે દ્રવાઓની બુરી **દ્રવાઓ દ્રઓમન** અને **દ્રએવ-ત્મએષ**ની ગતીનો નાશ કરી તે જબુન અક્રષીમંત દ્રવાઓમાંથી એટલે ખાડામાં પડેલી ગતીવાળા દ્રવાઓમાંથી ઝરવાન=ગતી સાથના એટલે રૂવાન અને બઓદની તરફ આકર્ષાઇ રહેલા તેમ પોતાની ખુદની ખુદીમાં ખુદ પરસ્તીમાં લીન થઇ રહેલા દ્રવાઓનો ભેદ ઉભો કરીને-તેવા દ્રવાઓને સુધારી તે રૂવાન અને બઓદમાં મેળવીને ૩૩ અહુ-૩૩ રતુઓને ઉભા કરે છે અને તેઓને પોતામાં આમેજ કરે છે-તેઓને પોતાના કરે છે, ત્યારે તે અહૂ પ્રતૂની હાલતનો કહેવાય છે જેને અહુરા કહે છે. એમ અહુરાની પ્રતૂનો ભેદ છે. ત્યારે અહુરાની ઉષિએ પ્રતૂને જન્મ આપ્યો. ત્યારે અહુરમજદની પ્રતૂમાં ૩૩ અહુ -૩૩ રતુનો ભેદ આવે છે, જેઓ પોતાની પ્રતૂથી ખીશ્કારી કરીને ઉષિની હાલત મેળવી રહેશે-તેઓ પોતાને માટે ઉષિ મેળવે તે પહેલાં પોતાથી ઉતરતા બીજા રૂવાનો જેઓ અહુરામાં મલ્યા નથી તેઓને પોતા જેવા કરવા તે દાદારના હોકમ મુજબ સૃષ્ટી-હસ્તી-નીસ્તી ઉભી કરીને પાર પાડવા જાય છે ત્યારે **હિજવ**નો ભેદ થાય છે-**હિજવ ઉભી થવાની હાલત પ્રતૂથી ઉતરતી છે.** આવા પ્રતૂના ભેદના ૩૩ અહુ અને ૩૩ રતુ અને યઝત અમશાસ્પંદો અહુરાથી મેળવેલી **પોતાની પ્રતૂથી ખીશ્કારી કરી સૃષ્ટીનો ભેદ ઉભો કરીને દ્રવાઓની ગતીને ગવ-ચિથ્રરૂપ કેતનોમંદ હાલતમાં લાવીને તેઓને જબાન આપે છે-તેઓની તે તે હાલતમાં જબાનનું જોર મુકે છે,** કે જબાનથી તેઓ તેઓના તનોમંદ હાલતની ગતી મુજબની ભાષા કાઢે છે. જો તેઓની તનોમંદ હાલતમાં દ્રવાઓનો જોશ-ભુલાવો હશે તો તે ભાષા ભુલાવાની હશે-નહિ તો તેવી હશે નહિ. તે બધાઓમાંના જેઓ દાદારની અને યઝતોની સ્તુતી કરવાની-સત્ય બોલવાની-પોતાની કમઅંદેશીને જબાન મારફતે જાહેર કરવાની શકિત જબાનમાં લાવી શકે છે ત્યારે તેઓ અહુરમજદની હિજવ તરીકેના ઓલખાય છે, એટલે હિજવથી તેઓ પોતાની દાનાઇ જાહેર કરનાર ઠડે છે. ત્યારે ગવ-ચિથ્રના રૂવાનોથી તે છેક અષવન લગીની વસ્તી દાદારની હિજવ=જબાન તરીકેની ઓળખાય છે. ગવ-ચિથ્રથી અષવન લગીનાં બધાં રૂવાનો દાદારના રાદ પદવંદના હોય છે, જેઓનાં ભાનમાં સરોશની ગતીની તાબેદારી એટલે અહુ-પરસ્તીનોજ નાદ રમી રહે છે. ત્યારે દાદારની '**હિજવ**'માં આ બધા ગવ-ચિથ્રના રૂવાનથી તે અષવન લગીનાં રૂવાનો આવી જાય છે. એક માનવમાં જયારે **ઉષિ દર્શન**નો ભેદ ઉભો થાય છે ત્યારે તેનામાં 'ઉષિ' ઉભી થાય છે. આ હાલતની અગાઉ જયારે તે માનવ અષવન થઇને પોતાથી ઉતરતાંઓને-પોતાના

અંશોને પોતામાં લે છે, ત્યારે તે માનવમાં ખ્રતૂ થયલી હોય છે, અને આવી હાલતની અગાઉ કે જ્યારે તેનામાં ખરફ્રસ્ત્રી ગતી હતી, **જ્યારે તે પોતાની ખરફ્રસ્ત્રી ગતીના ભુલાવાની પતેત જબાનથી કરીને મહેર બોલી બોલીને પોતાને સુધારવા તન તોડતો હુતો અને અવસ્તાવાણી ભણતો હુતો ત્યારે તેનામાં હિજ્રવની દાનેશી રાસ્ત ઝબાન હુતી, જે જબાનમાંની ખાક-બદી દબાઇને સ્વચ્છ થતી જતી હુતી.**

ઉષિવાલા **અહૂ** માંથ્ર-સ્પેન્તના આશીશોને પોતે ઉતારીનેજ-બીજા ઉતરતા રૂવાનોને સુધારીને-યઝતો તરીકે કરીને તેઓને તે માંથ્ર-સ્પેન્તના માલેક બનાવેલા હતા, **જેઓ તે માંથ્ર-સ્પૅન્તને ઘણાજ પ્રેમભાવથી યાદ કરી રહેતા હુતા. આમ ત્યારે અહૂને માંથ્ર-સ્પેન્તના રાખનાર તરીકે કહુયા છે, જેવણને તેટલા માટે 'દરૅથ્રાઈ માંથ્રહે-સ્પૅન્તહે' તરીકેના ભેદમાં ઓળખેલા છે.** પેલા યઝતો કે જેઓને તે દાદારે તે માંથ્ર-સ્પેન્તથી સુધાર્યા હતા માટે માંથ્ર-સ્પેન્તનું તત્વ તેઓમાં મેળવેલું હતું, તેઓમાં ત્યારે માંથ્ર-સ્પેન્તની ગતીથી ખ્રતૂ ઉભી થઇ, જે ખ્રતૂમાં ત્યારે માંથ્ર-સ્પેન્તનીજ યાદ અને તે પ્રમાણેનીજ વિચાર કરવાની ગતી હતી. માટે યઝત વસેલી અહૂને એટલે અહુરાને એટલે **યઝતોની ગતીના ભેદને 'મરૅથ્રાઇ માંથ્રહે-સ્પૅન્તહે'** તરીકેના કહુયા છે. યઝતો આવી બુલન્દ આશીરવાદીક ગતીથી પાર પડીને સૃષ્ટીને ઉપર કહી છે તેવી જબાનવાળી રચે છે, જે જબાનથી તે સૃષ્ટી પોતાની દએવીક જાતની ભાષા કાઢે છે તેમ ભલા આશીશોવાલા માંથ્રોબી ભણે છે-ત્યારે માંથ્ર-સ્પેન્તના કલામો ભણતી તેઓની તે તે જબાનને તેમ તે માંથ્ર-સ્પેન્તના માંથ્રના કલામોથી સુધરીને સાચ્ચી થયલી જબાનને **'ફ્રવાકાઇ માંથ્રહે-સ્પૅન્તહે'** તરીકેની કહે **છે. જેઓએ પોતાની જબાનમાં અહુ-પરસ્તીનોજ નાદ રાખેલો છે, જેઓએ બાજ લીધેલી છે એટલે સત્ય વગરનું બીજું કંઇબી બોલતાજ નથી, તેઓ દાદારના પેવન્દના થઇને દાદારની હિજ્રવ તરીકે થયા છે, જેઓને માટે "ફ્રવાકાઇ માંથ્રહે-સ્પૅન્તહે"**નો ભેદ એટલે માંથ્ર ભણવાનો ભેદ છે. ઉષિ-ખ્રતૂ અને હિજવની સમજ પુરી થઇ. હવે આગળ તરજુમો ચલાવ્યે.

(ઉપર કહયું છે તેમ હવસોને બાંધીને રાખેલા છે અને તેઓને હવે ફેજે પુગાડી મારીને ગવમાં બદલીને ખાઇ જવાના છે; તેઓને રૂવાનની રયની લાઇટ જેવા કરી રૂવાનની રયની લાઇટમાં મર્જ કરવાના છે, કે જેથી રયોમંદ ગતીના થયાથી પછી દાદાર સાથે રાદ પદવંદ=સીધ્ધો સંબંધ થશે. માટે હવે તે બુરી ગતીઓને મારીને સુધારવાની દુઆ કરે છે, તેને લગતા

મારીને જમીનમાં ગારત કરીને સુધારવાના માંથ્ર ભણે છે. તેઓને **'મઇરે'**= સાંપ મારવાના એટલે ગુનાહોને શીક્ષા કરવાનાં હથ્યારથી એટલે બુરાઇ માર-વાનાં હથ્યારથી **'અનુદદયાત'**=કાયદેસર હદ-ઇનસાફ પ્રમાણે મારવા જોઇએ, અને તેઓની મરી ગયલી ગતીને પોતાનાં તનમાં વસાવેલી આરમઇતીને સોંપવી જોઇએ, કે તે જમીનમાં ભલાં ખાતર તરીકે થાય, એમ કહયું છે. એમ થાય કે પછી પુર્ણ રૂવાન-દરોસ્તી (બએષઝ) મળે, કે જે પછીથી અરમો ખન્વંત અને બીજા નબાનઝદીશ્તોના જેવી હાલતને પુગી શકાય એટલે ફ્રવષીની હાલત તરફ જવાય, અને વળી **ગરઑકૅર્ન હોમ** જે વોઉરૂ-કષમાં છે એટલે હસ્તીને લગતું કીમીયું-હસ્તીમાં જવા લાયક ગતી જે મીનો કરકોમાં છે તેને પ્રાપ્ત કરી શકાય, તેમ વળી દાદારની ઉષિ-ખ્રતૂ અને હિજવને મળી શકાય વગેરે. માટે હવે તે બાંધેલા હવસોને મારીને ભલાઇમાં ફેરવવાના ફ્રષુષો-માંથ્રો પઢે છે અને ત્યાર પછીની અરમો ખન્વંત જેવા નબાનઝદીશ્તોને મળવાની હાલતને બરના તે માંથ્ર-સ્પેન્તને ભણે છે કે:)

**(૨૯) આઅત્[1] અઑખ્ત[2] જરથુશ્ત્રો,[3] ઉપ[4] થ્વા[5] અર્જમ્[6] મઇરે[7] અનુદદયાત્,[8] સ્પૅન્તયાઓ આર્મતોઇશ[9] દોઇથ્રાબ્ય[10] અવાસ્ત્રયત[11] મઇર્યો.[12]**

(૨૯) આ પ્રમાણે[1] (થવુ જ જોઇએ-તરીકતનો આમ બદલો મળ-વોજ જોઇએ એમ) || જરથુશ્ત્રે[3] || કહયું છે[2] (તેમ થશેજ અને તેની રૂએ) || હું[6] (તરીકતનો પાળનાર, અહુરમજદ યશ્તનો ભણનાર) || તમારી[5] || નજદીક[4] || સાંપને[7] (મારવાના-ગુનાહગારને મારવાના-તમો બંધાયલા હવસો જે સાંપરૂપ અને ગુનાહગાર છે તેઓને) લગતા (એટલે તેઓને મારવાના હથ્યાર) (ઉભા કરવાનું) || કાયદાસરનું ઇન્સાફ પ્રમાણેનું તૈયાર થયલું મારવાને લાય-કની સત્તાવાળુ ગણાયું છે-તેણે ગણ્યું છે.[8] || સ્પેન્ત આરમઇતીની[9] || બે આંખોથી એટલે તકેદારીથી-ખીશ્કારીથી[10] (તનની જમીનમાં) || તે સાંપ[12] (તે બંધાયલી અને હથ્યારથી હણાયલી હવસી ગતીઓ) || કમજોર પોતાની બુરી ગતીના જોર વગરની થઇ ગઇ,[11] (ભલાઇ તરફ જવાની લાયકાત મેળવવાની ખાતર તરીકે થવા લગી.)

**(૩૦) હજંઘ્રૅમ્ બએષજનાંમ્, બએવરૅ બએષજનાંમ્; હજંઘ્રૅમ્ બએષજનાંમ્, બએવરૅ બએષજનાંમ્; હજંઘ્રૅમ્ બએષજનાંમ્, બએવરૅ બએષજનાંમ્.**

(૩૦) **બએષજ**=દરોસ્તીમાંની હઝારો-કરોડો દરોસ્તી (કેહર્પ-રૂવા-નની દરોસ્તી તે **'મઇર્યો'**=હવસોના ભલાઇમાં બદલાવાથી મળશેજ અને

'ખએત્વ'=દુજ રહીત ગતી મળીને ખએત્વદથ બની આવશે એટલે બીજા પોતાને લગતા અંશોને તેવા ખએત્વના કરીને મેળવી દેવાનું અખંડતા હાંસલ કરવાનું બની આવશે.)

**(૩૧) ☞ અહે[૨૫] નરઈ[૨૬] અષઑનો[૨૭] ફ્રવષીમ[૨૮] યજ-મઇદે,[૨૯] યો[૩૦] અસ્મો-ખ્ન્વાઓ[૩૧] નાંમ.[૩૨] અદાત્[૩૩] અન્ય-એષાંમ્[૩૪] અષઑનાંમ્[૩૫] ફ્રક્ષ્તિ[૩૬] યજાઈ,[૩૭] ફ્રવરૅત[૩૮] ગઑકૅરૅનહે[૩૯] સૂરહે[૪૦] મજદદાતહે.[૪૧] ગઑકૅરૅનૅમ્[૪૨] સૂરૅમ્[૪૩] મજદદાતૅમ્[૪૪] યજ-મઇદે.[૪૫] *(૩૧) ઉષિ અહુરહે મજદાઓ યજમઇદે, દરૅથ્રાઇ માંથ્રહે સ્પૅન્તહે; ખ્રતૂમ્ અહુરહે મજદાઓ યજમઇદે, મરૅથ્રાઈ માંથ્રહે સ્પૅન્તહે; હિજવાંમ્ અહુરહે મજદાઓ યજમઇદે, ફ્રવાકાઈ માંથ્રહે સ્પૅન્તહે; અઑમ ગઈરીમ યજમઇદે, યિમ્ ઉષિ-દાંમ્ ઉષિ-દરૅનૅમ્, પઇતિ અસ્નિ પઇતિ ક્ષફ્ને, યસો-બૅરૅતાબ્યો જઑ-થ્રાબ્યો. અષૅમ્ વૉહૂ ૧. ☞**( ત્રણ વાર પઢે ).

(૩૧) તે[૨૫] || અષો[૨૭] || ઉત્તમમાં ઉત્તમ નર[૨૬] || જે[૩૦] || **અસ્મો-ખ્ન્વત[૩૧]** || નામનો છે તેની[૩૨] || ફ્રવષી સાથે[૨૮] (તેવણુના જેવી અહૂ પ્રત્યેની તાબેદારીની ઉત્તમતા જેથી ફ્રવષીની ગતી પ્રાપ્ત થઇ શકે છે તેવી ફ્રવષીને પુગવાની હાલત સાથે) || હમો એકતાન થઇએ છીએ.[૨૯] || મજદ-દાતના કાયદા સાથના[૪૧] || સુરા[૪૦] || †ગઓકેરેનની[૩૯] || દોસ્તી પ્રીતી રાખ-

---

* સમજ માટે જુઓ ઉપર પાને ૪૨૨ થી ૪૨૪ મે.

† **ગઑકૅરૅન**: બુન દહેશનમાં કહે છે કે વોઉરૂ-કષ દરયામાં 'હરવેસ્પ-તોખ્મ'નું ઝાડ છે તેની પાસે આ **ગઑકૅરૅન** જેને **'સફેદ હોમ'** કહે છે તેનો રોપો ઉગેલો છે. રસ્તાખીઝને દહાડે અમર કાયા કરવા તે હોમને પાવામાં આવે છે. આ હોમનાં કામને હંફાવવા-રદ કરવા ધનામીને ઘલોડી બનાવી, પણ તે ઘલોડી કંઇ કરી શકતી નથી, કેમકે તે **સફેદ હોમ**ની આસપાસ ૯૯,૯૯૯ ફ્રોહરોની અને કરમાહીની પાસબાની છે. આ અલંકાર હાલે રહેલી **બુનદહેશન**ની ચોપડીમાં છે. વને ઝવીત બીશ સાથે એને શું સંબંધ છે તેનું બયાન **નીકીઝ**નાં પહેલાં પુસ્તકમાં પાને ૭૦૮-૭૦૯ મે છે. ટુંકમાં એનો ભાવાર્થ આ છે: વોઉરૂ-કષ તે નીસ્તીને ચલાવનાર કુદરતનો અથાક વીસ્તાર છે, જે ઘણો ઉંચો છે, પણ હસ્તી કે જેમાં અહુરમજદ વસે છે તેની હેઠળ એટલે અંદર છે. હસ્તીએ બધાંને પુગવાનું છે, માટે વોઉરૂ-કષમાં એટલે નીસ્તી માટે રજુ થયલી કુદરતમાં **"ગઑકૅરૅન હોમ"** રાખેલો છે, એટલે અહુપરસ્તી કરાવનાર સબકોની એજમતી અસર રાખેલી છે, જે મેળવવે હસ્તીમાં જવાશે. ત્યારે ગઓકેરેન હોમ નીસ્તીનું કીમીયું કરે છે. વોઉરૂ-કષમાં એટલે નીસ્તી

(ફુટનોટ માટે જુઓ પાને ૪૩૩ મે).

નાર તરીકે અને જગતને મુકિત આપવાના તે હોમના સબકોને જાહેર કરવામાં; મદદ કરનાર તરીકે ભલો એતેકાદ ચાલુ કરાવનાર તરીકે[૩૮] (અસ્મો ખન્વતને) ||

(પાને ૪૩૨ મેથી ફુટનોટ ચાલુ).

માટેની કુદરતમાં '**હરવેસ્પ તોખ્મ**' છે, એટલે કુલ રૂવાનો જેઓ પોતાના દ્રવાઓની મુક્તિને સારૂ આ નાશવંત જગતના વિસ્તારમાં ઉતરવાનાં છે તેઓનાં બુનો–ચિથ્રા–ગતીઓ–ભલા પરદુખભંજનના વિચારો કહેતાં ગઓ–ચિથ્રોનો જમાવ રાખેલો છે, જેને ઝાડરૂપમાં લીધા છે. એટલે ઝાડ જેમ તડકાથી પાસબાની કરે છે, તેમ રૂવાનો જે ઉતરશે તેના તડકાના ભોગવટાની સામે છાંયો આપનાર આ મુળ છે. આ મુળ ગઓ–ચિથ્રમાંથી પહેલે નીસ્તીનું જગત-ગેતી યઝતો ઉભા કરે છે. પણ તે મુળમાં ઘણું દઇવત નથી. તેમાંથી '**અહી**'ની ગતીબી જન્મે છે. માટે યઝતો તે જગતનાં ઉભા થવામાં ફાળો આપે છે, જેમાં **ગઓકરેન હોમ**નો ફાળો છે. જ્યારે જગત-ગેતી રૂવાનોની ગતીમાંથી ઉભું થાય છે, ત્યારે રૂવાનોની ગતીમાંના દ્રવાઓના ભાગને લીધે ગેતીમાં **અહીરીમન**નો ભેદ ઉભો થાય છે એટલે કચાસ થાય છે, જેની સામે તકેદારી રાખવાને માટેજ યઝતો જગતના થવામાં ફાળો આપે છે. આ ફાળામાં **ગઓકરેન**નો ફાળો છે. યઝતનો દરેક ફાળો રૂવાનોની હુવીઅત-દ્રવાઓની કચાસ, જે જગતમાં ઘાટ પકડે છે, જે અનેક રીતની હોય છે, તે દરેક કચાસની સામેનો આપેલો છે. આ કચાસમાંથી ખરફસ્ત્રી જાનવરો અને નાશ કરનાર તત્વ ઉભું થાય છે. ગઓકેરેન હોમ નીસ્તી -ગેતીમાં મુક્તિએ પુગવાના સબકો અને તેનો પ્રચાર યસ્ન મારફતે અને બીજી અનેક મારફતે કરાવે છે. આ હોમની ગતીને ચલાવનાર જરથુસ્ત્ર છે અને તેવણુના ચેલાઓ છે અને તેવણથી ઉભા થયલા બીજી વર્ણને દોરવનાર મહાત્માઓ છે. આ બધામાં **અસ્મો ખન્વત** મોખરે યાને આગળ છે. જગતની મુક્તિ આપવાના સબકોની સામે જડ ઇલ્મ જાહેર થાય છે જેને ઘલોડી કહી છે. ઘલોડી જેમ ઝહેરી છે તેમ જડ ઇલ્મ વૃધ્ધીનો નાશ કરી શકે છે. ત્યારે જડ ઇલ્મની સામે સુક્ષ્મ વૃદ્ધિનો ઇલ્મ રહયો છે. જડ ઇલ્મથી ગેતીમાં ઇનસાનો પોતે સ્વાર્થી બને છે અને ગઓકેરેનનો, પરદુખભંજન ગતીના સબકોનો, રૂવાન–દરોસ્તીનો નાશ કરવા જાય છે, પણ ગઓકેરેનના ઇલ્મમાં તો નમાનાપણું છે, માટે તેમાં ખાકસારી છે, આરમઇતીની બુન્દક–મનશ્ની છે, જેથી ક્રવષીની ગતી એટલે કમાલ્યતની ગતી જે નવના આકડામાં છે તે 'ગતી' કે જે પાંચ નવ તરીકેની (એટલે પાંચનો આંકડો બઓદની યઝતી અકકલ અને તે પ્રમાણેની ખીશ્કારી કરવાની જાનફેશાની બતાવે છે તેવી) બઓદ તરીકેની કામ કરવાની જાનફેશાનીવાળી રહે છે તેવી ક્રવષિની ગતી તેમાં શક્તિ તરીકે આવે છે, જે જડ ઇલ્મના ઝહેરને રદ કરીને તેને ખુદને ભલાઇમાં બદલી શકે છે. માટે કહે છે કે તેની ઉપર **૯૯,૯૯૯** ક્રવષીની પાસબાની છે. વળી કરમાહીબી તે હોમને મદદ કરે છે.

'**કરમાહી**' વિષે અલંકારમાં કહે છે કે અંધારામાં ઝીણામાં ઝીણી ચીજને

(ફુટનોટ માટે જુઓ પાને ૩૩૪ મે).

બીજા અનેક[૩૪] || અષોનાંમની ગતીનાં રૂવાનોમાંના[૩૫] (કોઇનાબી) || કરતાં[૩૩] || સૌથી આગળ વધેલા નંબરનો[૩૬] (ગણીને તેની સાથે) || હું એકતાન થાઉં

---

(પાને ૪૩૩ મેથી ફુટનોટ ચાલુ).

તે જોઇ શકે છે, એટલે જેબી કંઇ ભુલાવાને લગતું હોય છે, જે છુપાઈ રહયું હોય, તેને માપવાની ગતી, કરમાહીની ગતી તે ગઓકેરેનમાં છે. એટલે ગઓકેરેન હોમના સબકોમાં જરાબી ભુલાવો નથી અને સામામાંની જરાકે જરાક બદીને જોઇને તે પોતાની ઉપરની પાંચ નવ ફ્રવષિની પાસબાન વાસ્નાથી સુધારી શકે છે. આવી મોતેબર ગતી નીસ્તી માટેની કુદરતમાં છે એટલે વોઉરૂ-કષમાં છે. **આટલી ટુંક સમજ ઉપરથી માલમ પડશે કે આવી આવી દંતકથા-રૂપ વાતોમાં મોટો ભેદ છે, એટલુંજ નહિ, પણ ખરેખરની તેવી ચીજો છે.** ગઓકેરેન હોમનો પાળોબી છે, તેમ ધીલોડીબી છે. પાળાનો અને ધીલો-ડીનો આપણો concept ખ્યાલ અધુરો છે, કેમકે તેઓ ખુદ નીસ્તી-એ-અવ્વ-લની કુદરતની રચનાના ઝાંખા અપુર્ણ નમુનાઓ છે. આપણી ગેતી ત્યારે નીસ્તીના વિશાલ ખ્યાલનો ઝાંખો ઓળોબી નથી-માટે ગેતીમાંની ચીજો બધીજ ઉપરનાજ નમુના પણ અપુર્ણ છે. એમ ગેતી કંઇ એકલી નીસ્તીમાં રહી નથી. ગેતી જેવી અગણીત દુન્યાઓ છે જો કે તે બધામાં ગેતીની ઉપમાં શ્રેષ્ટ છે. તે દરેક ઠેકાણે આવી ચીજો છે પણ અપુર્ણ રીતે છે, જ્યારે ખુદ વોઉરૂ કષમાં બધાના ખરે-ખરના સંપુર્ણ રીતના કેહર્પો રહયાં છે. ત્યારે ગઓકેરેન હોમમાં **રોશન ગતીના સબકો,** યસ્નો અને તેઓની સાથની ફ્રેહરની શકિત અને કરમાહીની શકિતનો ભેદ છે, અને હોમનો સાથી-મદદગાર તે હોમના દાદાર ઉપર અચળ શ્રધ્ધા-એતેકાદ લાવવાનાં કામમાં મદદ આપનાર "**અસ્મો ખન્વત**" છે. આજે જે સાહેબો સીરફ શબ્દ અર્થોથી અને બીજા ધર્મોની સરખામણીથી અવસ્તાને શીખવા માંગે છે તેઓ કેવા ભુલે છે તે આ **યશત**ની મજમુન ઉપરથી સાફ દેખાઇ આવશે. અને યુરોપીઅન વીદવાનોએ જે મતો, જો કે પોતાના પ્રમાણીકપણાના વીચારો પોતાની ધારણા મુજબ આપ્યાં છે, છતાં તેથી ખરેખરજ ઇમાનને નુકશાન થયું છે એમ બોલવામાં વજુદી છે તે જોઇ શકાશે. હયાં નોંધ લેવી કે આ બાબદ નીસ્તીને લગતી હોવાથી એની તુલોતવીલ સમજ **નીસ્તીની નીકીઓ**માંથી મળી શકે. જો કે **પહેલી નીકીઝ**માં કંઇક ભાવાર્થ આપેલો છે, પણ તે અધુરોજ માલમ પડશે. ક્નૂમનાં જ્ઞાનને લખવું ઘણું મુશ્કેલ છે, જ્યારે તે સામે ટીકા ચલાવી લઈ શકાય. જેઓ જાણતા નથી તેઓના ટીકા ચલાવી લઈ શકાય તેવા અને કબી બોધકારકબી હોય. પણ જેઓ વરસો લગી ક્નૂમમાં રહીને આવા ટીકા કરે તે ઘણુંજ નહિ ઇચ્છવા-જોગ છે. આ વિષય ઉપર ચુપકીદી પકડીને ટીકાનો ભાર ખમવા વગર હમારો બીજો છુટકોજ નથી. સીરફ હમો હમારા ખોદાથી એટલુંજ માંગીએ છીએ કે હમોને તે ટીકા ખમવાની શકિત આપે અને હરવેસ્પ-ખોદા અને હમ-ખોદાથી માંગીએ છીએ કે કહેવાતા ક્નૂમના ભાઇઓને નેક તોફીક આપે.

છું.[૩૭] || સુરા[૪૩] (ગેતીના ભારને પોતાના મુકિત આપવાના સબકોથી ઉંચકવા જરાબી ડગે નહિ તેવા) || મજદદાતના સાથી[૪૪] || ગર્‌ઑફેર્ન સાથે[૪૫] || હમો એકતાન થઇએ છીએ.[૪૫] ||

**(૩૨) દામીમ્[૧] યજમઇદે[૨] યાંમ્[૩] આર્મઇતીમ્[૪] સ્પૅન્તાંમ.[૫] યેહે[૬] દાથે[૭] અષહેચ,[૮] અષઑનાંમ્[૯] અષ-પઑઇર્યનાંમ્ચ[૧૦] દામનાંમ.[૧૧]**

**(૩૨)** તે §ડહાપણ (તે ખાકસારી-ખાકમાં કીમીયું કરવાની ગતી -ખાક જેવી નીરમાલ્ય ચીજમાં પેદાયશ ઉભી કરવાની શકિત-ઉપયોગીતા મુકનારી ગતીવાળું ડહાપણ) || જે[૩] || સ્પેન્તી કરી રહેલી[૫] || આરમઇતી[૪] (નું છે) || તેની સાથે હમો એકતાન થઇએ છીએ,[૨] || જે[૬] (ખાકસારીના ડહાપણ)ની || ઉસુલ યા ઉભુ થવું-ઉત્પત્તી[૭] || અષને લગતી[૮] || '**અષોનાંમ**' નામનાં તબકકાનાં રૂવાનોની[૯] || (તેમજ) પઓઇર્યોત્કેષ નામના વધુ અષોઇ રાખતા બીજા વધુ ઉંચ તબકકાના રૂવાનોની[૧૦] || ઉંચ સ્રુષ્ટીને લગતી[૧૧] (હોય છે). ||

**અએતત્ દિમ્ વીસ્પનાંમ્ મજિશ્તૅમ્ દજદ્દયાઇ, અહૂમ્ચ રતુમ્ચ યિમ્ અહુરૅમ્ મજદાંમ્, સ્નથાઇ અંઘ્રહે મઇન્યેઉશ દ્રવતો, સ્નથાઇ અએષ્મહે ખ્રવી-દ્રઑશ, સ્નથાઇ માજઇન્યનાંમ દએવનાંમ્, સ્નથાઇ વીસ્પનાંમ્ દએવનાંમ્, વરૅન્યનાંમ્ચ દ્રવતાંમ.** (બીરતા પઢે.) **શેકસ્તૅહુ ઘનામેન્યો, બર અહેરૅમન્ લેઆંનત સદ્ હજાર્ બાર્.** (કુશાદે પઢેઃ) **ક્રદથાઇ અહુરહે મજદાઓ રએવતો ખરૅનંઘ્રઉહતો, ક્રદથાઇ અમૅષનાંમ્ સ્પૅન્તાંમ્, ક્રદથાઈ તિશ્ત્રયેહે સ્તારો રએવતો ખરૅનંઘ્રઉહતો, ક્રદથાઈ નર્શ અષઑનો, ક્રદથાઇ વીસ્પનાંમ્ સ્પૅન્તહે મઇન્યેઉશ દામનાંમ્ અષઑનાંમ્ અષૅમ વૉહૂ ૧.**

આનો બોલેબોલ તરજુમો હોશબામની બંદગીમાં અગાઉ પાને ૮૬-૮૮ મે આપેલો છે. ટુંકમાં આ ભાવાર્થ છેઃ આ બધું તે મોટામાં મોટા દાદારને અર્પણ હોજો; અંગ્ર મઇન્યુશ અને તેની પુઠે જતા બધા ઘટતી લાવનારાઓ હારેલા થાઓ, કુવ્વત રહીત થાઓ, અહીરીમન ઉપર લેઆનતની બદ દુઆ પડો-પડે છે-તે તુટતો જાઓ. રઇયોમંદ ખોરેહોમંદ

---

§ આ ઉપરથી સબક લેવો કે દરેક જણે પોતાને ખાકસાર ગણાવતાં પહેલાં કરોડોવાર વિચાર કરવો-પોતાને **નાકસી** તરીકે ઓળખાવવામાં સાચ્ચી જબાન છે, પણ ખાકસાર કહેવામાં અતીશ ચુકતી છે.)

અહુરમજદ-અમશાસ્પંદો-તેસ્તર તીર-અષો નર-સ્પેનામીનની કુલ સૃષ્ટીની ચઢતી થાઓ!

અહ્માઇ રએશચ; હુજંઘરૅમ; જસ મે અવંઘ્રહે મજદ; કૅર્ફે્હ મોજદ.

☞ [નોંધ: અહીં રોજ નેક નામવાળો અસલ ફકરો પઢવાનો છે તે માટે, તેમજ રોઝ-માહ સાથના વધુ વિસ્તારના કદમી કેતાબોમાં આપેલા વધુ મિશ્ર કરવા હોય તો, જુઓ ઉપર પાને ૨૨૭ મે થી ૨૩૩ પાના સુધી.]

(બીસ્તા પઢવું) નમાજ દાદારે ગેહાંન્ દામાંન્. (કુશાદે પઢવું) ક્ષ્નઑથ્ર અહુરહે મજદાઓ, તરોઇદીતે અંઘ્રહે મઇન્યેઉશ. હુઇથ્યાવર્શ્તાંમ્ હ્યત્ વસ્ના ફ્રૅરષોતૅમમ્ સ્તઑમિ. અષૅમ; અષૅમ્ વૉહૂ ૧.

વર્જ ખુરૅહ્ અવજાયાદ્ દાદાર અહુરમજદ રયોમંદ્ ખોરૅહોમંદ્ મીનોઆંન્ મીનો ઑૅરતુમ્ બેરસાદ્, અમાવંદ્ ફીરોજગર અમાવંદી ફીરોજગરી. દાદ્ દીન્ બેહ્ માજદયસ્નાંન્, આગહી રવાઇ વાફ્રીન્ગાંની બાદ્ હફ્ત કેશવર્ જમીન્; અએદૂન્ બાદ્. મન્ આનો આવાયદ્ શુદન્, મન્ આનો આવાયદ્ શુદન્, મન્ આનો આવાયદ્ શુદન્. અષઑને* અષૅમ્ વૉહૂ ૧.

☞ (દક્ષિણ દિશા તરફ મોહોડું કરીને પઢે.) (બીસ્તા પઢવું:) દાદારે ગેહાંન્, દીને માજદયસ્ની, દાદે જરથુશ્તી. (કુશાદે પઢવું:) નૅમસ્-તે અષાઉમ્ સૅવિશ્તે અરૅદ્વિ સૂરં અનાહિતે. અષઑને* અષૅમ્ વૉહૂ ૧.

નૅમો ઉર્વઇરે વંઘ્રઉહિ મજદદાતે. અષઑને* અષૅમ્ વૉહૂ ૧.

અહુરૅમ્ મજદાંમ્ રએવન્તૅમ્ ખરૅનંઘ્રઉહન્તૅમ્ યજમઇદે. અષૅમ્ વૉહૂ ૧.

(બીસ્તા પઢવું.)

દાદાર્ અહુરમજદ રયોમંદ્ ખોરૅહોમંદ્ મીનોઆંન્ મીનો ઑૅરતુમ્ બેરસાદ્. અષૅમ્ વૉહૂ ૧.

---

* સમજ માટે જુઓ પાને ૨૩૪ થી ૨૩૫ મે.

# અહુરમજ્દ યશતની નીરંગ.

(એ નીરંગ અહુરમજદ યશ્ત પઢયા પછી ત્રણ વાર પઢે.)

**ક્ષનઑથ્ર અહુરહે મજદાઓ. અષૅમ્ વૅહૂ ૧.**

☞(બીસ્તા પઢવું) **યા[1] દાદાર અહુરમજદ,[2] અહીરીમન્[3] મરોચીનીદાર,[4] નકોહીનમ્[5] દીવાન;[6] બર્[7] બૂદને[8] રસ્તાખીજ[9] તન્પસીન્[10] બીગુમાનમ્.[11] અષૅમ્ વૅહૂ ૧.** (ત્રણ વાર પઢે).

અએ[1] ‖ દાદાર![2] ‖ હમેશનો નાશ માંગનાર[4] ‖ અહીરીમનને અને[3] ‖ જ્ઞાનવાળા પણ ફરેબ ખાઇને સ્વાર્થમાં રહીને બીજાનો નાશ લાવતા દેવોને[6] ‖ ધિક્કારૂં છું–હમેશના તજું છું.[5] ‖ તન પશીન એટલે છેલ્લામાં છેલ્લી બાકી ઉંચ હાલત[10] (કે જે પછી) ‖ રસ્તાખીઝની હાલત એટલે જડ તનનાં મરણ–જન્મની હાલતમાંથી મુકત થઇને નુરી હાલત તરફ જવાય છે તે હાલત[9] (એમ તે બેઉ હાલતો, મને) ‖ મળશેજ એમ બેગુમાન છું.[11] (એટલે કોઇબી ચીજનો નાશ નથી પણ દરેક ચીજની મુકિત એક વખત થશેજ.) અષૅમ ૧.

## અર્દીબેહેશત્ યશ્ત્.

**ક્ષનઑથ્ર અહુરહે મજદાઓ. અષૅમ્ વૅહૂ ૧.**

(બીસ્તા પઢવું)

**પ નામે યજદાંન્ અહુરમજદ ખોદાએ અવજૂની, વર્જ ખુરેહ અવજાયાદ; અર્દીબેહેશત્ અમશાસ્પંદ બેરસાદ**

અસર રોશની ભલી નેઆમતનાં નામથી એટલે કુદરતની ભલી નીઆમત મેળવી તેથી શાંતીવાળો સાચ્ચો થઇ ખોદા મારફતે અહુરમજદને હરહમેશ પુગતો રહું. વર્જ યાને અઇપીની સુક્ષ્મતા થઇ તેમાં ખોરેહ (યઝતી પ્રકાશ) ઉતરતો રહો. અરદીબેહેસ્ત અમશાસ્પંદની મદદ હોજો.

**†અજ હમા ગુનાહ પતેત્ પશેમાનુમ, અજ હર્વસ્તીન્ દુશ્મત્ દુજ્ઞૂખ્ત દુજ્વર્શ્ત; મૅમ્ પ ગેતી મનીદ, ઑઓમ**

† અજ હમાના તરજુમા માટે જુઓ પાને ૭૪ મે.

ગોફ્રૃત્, ઑએમ્ કર્દ, ઑએમ્ જસ્ત્, ઑએમ્ બૂન્ બૂદ્ ઍસ્તેદ્. અજ઼ આંન્ ગુનાહ્ મનશ્ની ગવશ્ની કુનશ્ની, તની રવાંની, ગેતી મીનોઆંની, ઑખે અવાખ્શ્ પશેમાન્, પ સે ગવશ્ની પ પતેત્ હોમ.

( ફ્રુશાદે પઢવું )

ક્ષ્નઑથ્ર અહુરહે મજ઼્દાઓ. તરોઇદીતે અંઘ્રહે મઈન્યેઉશ. હુઇથ્યાવરૂશ્તાંમ્ હ્યત્ વસ્ના ફ્રૅરષોતૅમમ. સ્તઑમિ અષૅમ. અષૅમ્ વૉહૂ ૩.

ફ્રવરાને મજ઼્દયસ્નો જ઼રથુશ્‌ત્રિશ્ વીદ્એવો અહુર-ત્કએષો (જે ગેહ હોય તે પઢે) ફ્રસસ્તયએચ. અષહે વહિશ્તહે[૧] સ્રએશ્તહે,[૨] અઇર્‌યમનો ઇષ્યેહે[૩] સૂરહે[૪] મજ઼્દદાતહે,[૫] સઓકયાઓ[૬] વંઘ્રહુયાઓ[૭] વૉઉરૂ-દોઇથ્રયાઓ[૮] મજ઼્દદાતયાઓ[૯] અષઑન્યાઓ,[૧૦] ક્ષ્નઑથ્ર[૧૧] યસ્નાઇચ[૧૨] વહ્માઇચ[૧૩] ક્ષ્નઑથ્રાઇચ[૧૪] ફ્રસસ્તયએચ,[૧૫] યથા અહૂ વઈર્યો[૧૬] જ઼ઑતા[૧૭] ફ્રા મે[૧૮] મ્રૂતે,[૧૯] અથા[૨૦] રતુશ્[૨૧] અષાત્‌ચિત્ હચ[૨૨] ફ્રા અષવ[૨૩] વીદ્વાઓ[૨૪] મ્રઑતૂ.[૨૫]

અષૅમ્ વહિશ્તૅમ[૨૬] સ્રએશ્તૅમ[૨૭] અમૅષૅમ સ્પૅન્તૅમ[૨૮] યજ઼મઇદે;[૨૯] અઇર્‌યમનૅમ્ ઇષીમ્[૩૦] યજ઼મઇદે,[૩૧] સૂરૅમ્[૩૨] મજ઼્દદાતૅમ્[૩૩] યજ઼મઇદે;[૩૪] સઑકાંમ્[૩૫] વંઘ્રઉહીમ[૩૬] વૉઉરૂ-દોઇથ્રાંમ્[૩૭] મજ઼્દદાતાંમ્[૩૮] અષઑનીમ્[૩૯] યજ઼મઇદે.[૪૦]

માજદયસ્ની જરથોશ્તી તરીકે એતેકાદ રાખનાર, ધટતીથી દુરનો, અહુરાના કાયદા પ્રમાણે ચાલનારો છું. (ફલાની ગેહના હમકારાની યસ્ન, વહમ અને ક્ષ્નઓથ્ર થઇ રહે છે, તેઓની સેતાયશ કરીને વખાણ કરનારો અને સબક લઇ બીજાને સબક આપનારો થવા અએ જોતી, મને મદદ કરો ‖ શ્રેષ્ટમાં શ્રેષ્ટ ખેંચાણવાળો,[૨] (અહુરમજદ લગી ખેંચાણ કરાવનાર, ખુદ અષનું ખેંચાણ રાખનાર) ‖ અષ વહીસ્તની,[૧] ‖ સૂરા[૪] ‖ મજદદાતને લગતા[૫] ‖ અઇર્યમા ઇષ્યોની,[૩] ‖ પરદુખભંજન[૭] ‖ બહોળી તકેદારી રાખનાર આંખવાળા[૮] ‖ મજદદાતને લગતા, મજદદાતને ચલાવનારા[૯] ‖ અષની બધી શકિતથી સજ થયલા[૧૦] ‖ સઓકની[૬] ‖ પ્રસંશા કરનાર થઇ[૧૧] ‖ તેઓની યસ્ન માટે,[૧૨] ‖ વહમ=સેતાયશ્તને માટે,[૧૩] ‖ વખાણને માટે,[૧૪] ‖ તોશીક લેવા માટે,[૧૫] (હું દુઆ કરૂં છું.) ‖ અએ જોતી ઉસ્તાદ,[૧૭] ‖ યથા અહૂ વઇર્યોની બરકત[૧૬] ‖ મને[૧૮] ‖ કહેશેજ[૧૯] (એટલે પુર્ણ અમલ

કરવા મદદ કર—અમલ બતાવ,) ‖ કે જેથી[20] ‖ રાથ્વી[21] ‖ આગળ વધી રહેલો[23] ‖ તે વિદ્વાન[24] ‖ 'અષાત્‌ચિત્‌ હુચા'નો ભેદ[22] ‖ બતાવે[25]—(અમલને સંપુર્ણ કરાવે, કે જેથી ઉપલી દુઆ પાર પડે. ખરેખરજ ઉપલી દુઆ પાર પડી, રાથ્વીએ પાર પાડી, કેમકે અષનો નાદ અને તેત્રણના હમકાર અઇર્યમન અને સઓકના નાદો હું સાંભળું છું. હવે ત્યારે) ‖ શ્રેષ્ટમાં શ્રેષ્ટ રીતે અષોઇના ખેંચાણ રાખનાર અહુરમજદ લગીનું ખેંચાણ કરાવનાર[27] ‖ અમશાસ્પંદ[28] ‖ અષ વહિસ્તની સાથે[26] ‖ એકતાન થઇએ છીએ[29] ‖ અઇર્યમન ઇષ્યોની સાથે[30] ‖ એકતાન થઇએ છીએ[31] ‖ સૂરા[32] ‖ મજદદાત[33] (પ્રગટીકરણના મહાન કાયદાઓના કેહર્પો) સાથે ‖ એકતાન થઇએ છીએ[34] ‖ ભલા[36] ‖ બહોળી તકેદારીની દ્રષ્ટી રાખનાર[37] ‖ મજદદાતવાળા[38] ‖ અષો[39] ‖ સઓક સાથે[35] ‖ એકતાન થઇ શકીએ છીએ.[40] ‖

**(૧) પ્ર્‌ઑાત્‌[1] અહુરો મજદાઓ[2] સ્પિતમાઇ[3] જરથુશ્ત્રાઇ,[4] આઅત્‌ યત્‌[5] અષ વહિશ્ત[6] ફ્રદઇથીષ[7] સ્પિતમ[8] જરથુશ્ત્ર,[9] સ્તઑાતરૅચ,[10] જઑાતરૅચ,[11] જબાતરૅચ,[12] માંથ્રનચ,[13] યશ્તરૅચ,[14] આફ્રીતરૅચ,[15] અઇબિજરૅતરૅચ[16] વંધ્રહાંન્‌[17] ક્ષએત[18] રઑાચાઓ,[19] ફ્રન્વઇતીશ્ચ[20] વૅરૅજો,[21] અહ્માકૅમ[22] યસ્નાઇચ[23] વહ્માઇચ[24] યત્‌[25] અમૅષનાંમ્‌ સ્પૅન્તનાંમ.[26]**

(૧) અહુરમજદે[2] ‖ સ્પીતમ[3] ‖ જરથુસ્ત્રને[4] ‖ કહયું:[1] ‖ અએ સ્પિતમ[8] ‖ જરથુસ્ત્ર,[9] ‖ પ્રકાશવાળા—ચમત્કારીક[20] [એટલે રાદી ગતીના, અષોઇવાળા, યઓન—રશ્તુ—આરમઇતીનો સંબંધ કરાવનાર (યઓન કહેતાં અહુરમજદનો સંબંધ કરાવનાર, રશ્તુ કહેતાં તેનો ભેદ જાણવાની ગતીવાળા, આરમઇતી કહેતાં તમીઝથી સેવા કરાવે તેવા, ઝર્દાઇતી—ફેદાગીરી અને ઉતયૂઇતી તે સાહેબની આણ ફેલાવનારા એટલે મહેરે—અફ્ઝા = સચ્ચાઇ વધારનારા)], ‖ કામોને—તરીકતોને,[21] ‖ (અને તેવાં કામો તરીકતોથી મહેરે—અફ્ઝાએ પુગાય છે એટલે સચ્ચાઇના વધવાના રસ્તાએ પુગાય છે, જેથી અનગ્ર રઓચાઓમાં દરેક ઇનસાનનું ઉસ્તાન છે એટલે દરેક ઇનસાનના રૂવાનનો અહુરમજદ સાથના સંબંધનો માર્ક છે એટલે અહુરમજદ સાથની તેની સગાઇનો માર્ક છે, જેને 'સ્તર'=ચલકાટ—તારો કહે છે, જે ગુનાહગારોના બાગમાં પોશીદા છે,—ચળકતો નથી, તે સ્તર ઉપર કહેલી કારદાનીથી ચળકતો થાય છે, જેથી અહુરમજદ સાથનો સંબંધ સીધ્ધો રાદી ઉભો થાય છે; એવા તરીકતને જોરે ઉભા થતા અહુરમજદ સાથનાં જોડાણ કરનારા સંબંધને—સ્તરને એટલે) ‖ ભલી બહમન જેવી ઇચ્છા વાસના કરાવનાર, પરદુખભંજનની

ગતી ઉભી કરાવનાર,[૧૭] || ચળકતા એટલે અહુરમજ્દ તરફ, પુર ચળકાટ નુર તરફ ખેંચાણ કરાવતા[૧૮] || ચળકાટને=સ્તરને=ઉરવાનની અહુરમજ્દ સાથની સગાઇના બીન્દુને[૧૯] || વખાણનાર તરીકે, પુજ્યપાત્ર તરીકેની સ્તુતી કરનાર તરીકે[૨૦] (તેઓની મુકિતએ પુગાડવાની લાયકાતની પ્રસંશા કરનાર તરીકે–અષ વહિસ્તને તું મુકરર કર, એટલે ચળકાટનાં એટલે પરદુખભંજનનાં કામો એટલે તરીકતોથી અહુરમજ્દની બેશીએ પુગાય, અનંત રોશનીમાં અહુરમજ્દ પાસે જવાય તેમ પુગાડનાર તરીકે અષ તેની અષોઇની વરઝેશી –લાયકાત ધરાવે છે. માટે અષને તેવો જાહેર કર કે લોકો અષોઇ પાળી આગળ વધે.) || (તેઓને એટલે ઉપર કહેલાં રોશન કામો અને તેઓથી પુગી શકાતા ચળકતા સ્તરને, અહુરમજ્દ સાથની સગાઇને તેઓનાં કામમાં) ફત્તેહ ઇચ્છનાર તરીકે–તેઓને રાથ્વી કરી પોતે જોતી થઇ તેઓની સાથેજ એમ અતલગનો સંબંધ કરી હીમ્મત આપનાર તરીકે[૨૧] (કામમાં પુર્વી-ણતા આપનાર તરીકે તું અષને ઠેડવ એટલે અષજ દરેક મુશ્કેલીમાં સાથી રહીને મુકિત અપાવશે એમ જાહેર કર, કે જેથી લોકો અષોઇ પાળી આગળ વધે). || (તેઓને એટલે ઉપર કહેલાં રોશન કામો અને તેથી પુગી શકાતા સ્તરને) ખરાં અંતકરણની સાચ્ચી ઝબાનથી દુઆ દઇને કામમાં ગતી આપનાર તરીકે[૨૨] || (તેઓની ઝબાનમાં સચ્ચાઇનું કુવ્વત કરાવી આપી તેઓનાં કામમાં મદદ કરી તે કામને પાર પાડીને તેઓને વખાણનાર તરીકે અષ વહિસ્તને તું મુકરર કર, એટલે અષોઇથીજ સાચ્ચી ઝબાન થઇને મુરાદે પુગાશે એમ જાહેર કર, કે જેથી લોકો અષોઇ પાળી આગળ વધે). || (તેઓને એટલે ઉપર કહેલાં રોશન કામો અને તે કામોથી પુગાઇ શકાતા સ્તરને એટલે અહુરમજ્દ સાથના સંબંધને) માંથ્રની ગતી એટલે દાદારના પાર પાડે તેવા આશીશોની ગતી જે સૃષ્ટી–રચનાને તેના શુભ આકેબતે દોરવે છે તેવી સૃષ્ટી–રચનાના ભેદની આશીરવાદીક ગતી રાખીને દાદાર તરફ તેને જાહેર કરનાર તરીકે, તે આશીશોને લીધે મળતી કામ કરવાની સરળતાની શકિત નામે ગોહરે–મુફરદ અને આબે–મુફરદની તુરી ગતી આપીને દાદાર આગળ તેને નુરના ગોહરવાળો પ્રસંશાપાત્રનો જાહેર કરનાર તરીકે,[૨૩] (અષને ઠેડવ એટલે માંથ્રો ભણવાથી અષોઇ નીપજે છે જેથી અહુરમજ્દ સાથનો સંબંધ કરાવનાર હવરેતાતની ગોહરોની અખંડતા લાવી આપવાની ગતીથી મુકિતએ પુગાય છે એમ જાહેર કર, કે જેથી **લોકો તરીકતો પાળી–માંથ્ર ભણી અષોઇ પેદા કરી આગળ વધે).** || (તેઓને એટલે ઉપર કહેલાં રોશન કામો અને તેથી પુગાઈ શકાતા સ્તર એટલે અહુર-મજ્દ સાથની સગાઇને) ઇજનાર તરીકે, તેઓની સાથે રહી તેઓના પજ્તી

ગતી સાથનાં કામમાં મદદ આપનાર તરીકે—તેઓને યજશ્નેમાં મદદ આપ-નાર તરીકે[૧૪] (અષને તું અષો જરથુશ્ત્ર જાહેર કર, એટલે તરીકતો પાળી-મહેર રાખી—અષ ઉભી કરીને તે અષથીજ ભલી યસ્નમાં ફત્તેહ મળીને અહુરમજદને પુગાશે એમ તું જાહેર કર, કે જેથી લોકો તરીકત ઉપર ચાલવા માંડે અને પોતાનાં સ્તરને ઉપર જાગૃત કરે એટલે અહુરમજદ સાથના સંબંધના ઉશ્તાનને ત્યાં મજબુત કરે, કે જેથી તેઓ આગળ વધે). ‖ (તેઓને એટલે રોશન કામો—તરીકતો—પરદુખભંજનનાં કામોને અને તેઓથી પુગાઈ શકાતા સ્તરના સંબંધને) પ્રીતથી ખરા ઇશકથી ચાહી તેઓને આફ્રીનને લાયકના, ખરી દોસ્તી કરવા લાયકના સ્તુતીપાત્ર ઠડેલા આફ્રીન્ગાનની મતલબ જે અંશો ખેંચીને દહયુપત થઇને ખએત્વોદથે પુગવાની છે તેવી મહાન ગતી ઉભી કરાવનાર તેઓ છે, એમ તેઓની સ્તુતી ગાઇને તેઓને સ્તુતીપાત્રના જાહેર કરનાર તરીકે[૧૫] (અષ વહિસ્તને જાહેર કર એટલે અષોઇથીજ સ્તરની મતલબ એટલે અહુરમજદ સાથની સગાઇ બર લાવવાની મતલબ જે રૂવાનોનાં અશોને તરીકતને જોરે આઝાદ કરી ખેંચી પોતામાં મેળવીને ખએત્વોદથે પુગીને પછી પાર પડે છે તે ફળીભુત થશે એમ જાહેર કર, કે જેથી લોકો તરીકતો પાળીને તેઓ સાથે પ્રીતીએ જોડાવા આગળ વધે). ‖ (તેઓને એટલે રોશન કામોને અને તેથી પુગાતા સ્તર અહુરમજદ સાથના સંબંધને) બાપોકાર જાહેર કરી તેઓની સેફારસ કરનાર તરીકે, તેઓ વગર છુટકોજ નથી એમ જાહેર કરનાર તરીકે, તેઓનાં ઉપયોગી-પણાંની સ્તુતી કરનાર તરીકે[૧૬] (અષ વહિસ્તને તું ઠેડવ એટલે અષ વગર મુકિતએ પુગાશેજ નહિ. માટે અષને લેવા તરીકનો પાળવીજ જોઇએ કે જેથી 'સ્તર'=ચલકાટવાળા સંબંધનો તારો ઉગવા માંડે એમ જાહેર કર, કે લોકો તરીકતો પાળી આગળ વધતા થાય.) ‖ (એમ એટલી બધી રીતે તે રોશન કામો, તરીકતોની અને તેઓથી ખુલતા સ્તરની એટલે અહુર-મજદ સાથે ઉભા થતા સંબંધની પ્રસંશા કરવા ઉપયોગીતાને જાહેર કરવા માટે) ‖ અએ સ્પીતમ[૮] ‖ જરથુશ્ત્ર,[૯] ‖ અષ વહિસ્તને[૬] ‖ તું ઠેડવે—ઠેડવી* શકે છે.[૭] ‖ હમો[૨૨] ‖ જેઓ[૨૫] ‖ અમશાસ્પંદો અમર ગતીઓ છીએ તેઓ-ની[૨૬] ‖ યસ્ન થવા માટે, તેઓની સાથે હમાજોર થવા માટે, તેઓના જેવા

---

* આ ક્રીયાપદ (potential mood) શકયાર્થ આત્માને પદ બીજી એક વચનમાં છે; તું ઠેડવી શકે છે ઠેડવા માટેની પરપુરછની દલીલ તું આપી શકે છે એમ અર્થ થાય છે. એટલે અહિંયાં કહે છે કે જરથુશ્ત્રમાં જ્ઞાન છે, અહુરમજદે તે જ્ઞાન તેવણને આપેલું છે, માટેજ તેવણ અષને તેવાજ જાહેર કરી શકે છે અને તે વિષેની હકીકતબી સમજાવી શકે છે.

થવા માટે એટલે અમર ગતીએ જગતને પુગાડવા માટે,[23] || તેઓની સ્તુતી થવા માટે, તે અમર ગતી જલદીથી જગતને મુકિતએ પુગાડે તેવી આરઝુની ભકિત થવા માટે[24] (એટલે જગત અમર ગતીએ પુગે, ફ્રશો-કેરેતી જલદી આવે તેને માટે અષ વહિશ્તને તુ જાહેર કર, એટલે અષોઇ સર્વોતમ છે તેથીજ દરેક જણુ મુકિતએ પુગી જગતને મુકિતએ પુગાડશેજ એમ તું જાહેર કર. મુકિતએ પુગવાની નીશાણી એ છે કે જે જણુ મુકિતએ પુગતો જાય તે જણુ જે દમ લે છે તેનો ચલાવનાર ઉશ્તાન જે તેનામાં ઉતરે છે તે ઉશ્તાનનો ઝરો ઉપર સ્તર પાયા આસ્માન ઉપર અને તેનીબી ઉપરના અનગ્ર રઓચાઓ ઉપર જેઓ રઓચાઓના આસ્માનો છે તેઓ ઉપર એક સ્તર તરીકે જાહેર થઇને જાહેરમાં ચલકતો દેખાય. આવા સ્તરને હયાં 'રઓ-ચાઓ'=ચલકાટ તરીકે કહયો છે અને તેને 'વંઘુહાન્'=ભલો, ખુરાનેબી ભલાઇનું વસ્ત્ર પહેરાવે એટલે જગતનુ કલ્યાણ કરે તેવો અને તેટલા માટે તેને 'ક્ષએત'=ક્ષથ્રના અધીકારથી ચલકતો, અહુરમજદનો ફ્રરમાન બરદાર કહયો છે. એમ ત્યારે અષની તરીકત અને તેથી થતો સ્તર અવશ્યના છે માટે અરદીબહેશ્ત તેઓની પ્રસંશા કર્યા કરે છે,-ના, તેઓને સ્તોતોથી ટેકવે છે અને તેઓની સાથે યશ્નમાં આવીને તેઓની સેફારસ કરી રહે છે. આ સત્ય જરથુસ્ત્ર ગેતીમાં જાહેર કરે છે અને તે સત્યનો હકીકતી ભેદબી તેવણ સમજાવી શકે છે, માટે 'ઠેડવ' ક્રીયાપદને શકયાર્થ અને આત્માને-પદનું રૂપ આપેલું છે એટલે જરથુસ્ત્રની અંદર તે સત્યને જાહેર કરવાનો અધીકાર છે, શકિત છે, એમ પોતાની સત્તા જાહેર કરવાનો પદ આપેલો છે-અને શકિત પ્રબળ ગતી પુરવાર કરવાની લાયકાત તે શકયાર્થરૂપથી જાહેર થઇ રહે છે). ||

**(૨) આઅત્[27] અઓખ્ત[28] જરથુશ્ત્રો,[29] ઊઇદિ[30] બા[31] વચો[32] અર્શ-વચો[33] અહુર મજદ,[34] યથ[35] તે[36] અંઘ્રહેંન્[37] અષ વહિશ્ત[38] ફ્રદાહીશ[39] સ્તઓતરૅચ,[40] જઓતરૅચ[41] જબાતરૅચ,[42] માંથ્રનચ,[43] યશતરૅચ,[44] આફ્રીતરૅચ[45] અઇબિજરૅતરૅચ,[46] વંઘ્રુહાંન્[47] ક્ષએત[48] રઓચાઓ,[49] ખ્વઇતીશ્ચ[50] વૅરૅજો,[51] યૂષ્મા-કૅમ[52] યસ્નાઇચ[53] વહ્માઇચ[54] યત્[55] અમૅષનાંમ સ્પૅન્તનાંમ.[56]**

(૨) તે ઉપરથી ત્યારે[27] || જરથુશ્ત્રે[29] || કહયું કે[28] || અએ અહુર-મજદ![34] || નકકીજ[31] || તે સખુનો,[32] || સાચ્ચા સખુનો, તે સાચ્ચી હકીકત[33] || જેમ પરીપુર્ણ રીતની[35] || તે બધા[36] || હોય તેમ[37] || જણાવશીજ[30] || (એટલે નીચે કહેવાનો ભેદ-હકીકત તું મને બતાવ): || પ્રકાશીત ચમત્કા-

રીકે ફેહ્દાગીરીવાળા[50] || કામો-તરીકતોને[51] || ( અને ) || ભલાઇમાં સજ થયલા[47] || અંતરજ્ઞાનના ચળકાત સાથના[48] || સ્તર રોશનીના બીન્દુઓને[49] || વખાણનાર-પુજ્યપાત્ર ભણનાર તરીકે,[40] || તેઓને સાથે રાખી તેઓના જોતી થઇ તેઓને મુશ્કેલ કામમાં મદદગાર તરીકે,[41] || સાચ્ચી જવાનના હિદાયત આપનાર તરીકે,[42] || તેઓને માંથ્રની ગતીના પુરા પાડનાર તરીકે-ભેદ શીખવનાર તરીકે,[43] || યશ્તમાં જોડાઇને યજશ્નેમાં તેઓને પાર પાડનાર તરીકે,[44] || પ્રીતીથી વર્તી તેઓની આફ્રીન ગાનાર તરીકે,[45] || તેઓને બાપોકાર જાહેર કરનાર તરીકે[46] || અષ-વહિશ્તને[38] || તું નેમે છે[39] (અને તેથી અમશાસ્પંદોની સ્તુતી થયલી અને મતલબ પાર પડેલી ગણું છે એટલે) || તમો[52] || અમશાસ્પંદો અમર ગતીઓની[56] || યસ્ન થવા માટે[53] (એટલે તમારામાં સૃષ્ટી આવી મળે તે માટે અને) || તમારી તેટલા અર્થે સ્તુતી કરવા માટે[54] || અષ-વહિશ્તને[38] || નેમે છે[39] ( તેનો ભેદ-હકીકત મને બતાવ ). ||

[ **શરેહ :** અહિંયાં એમ કહેવા માંગે છે કે તરીકતો 'વંઘ્રહેન્ ક્ષએત રઑચાઓ'નો એટલે ચળકતા તારા ઉભા કરવાનો એટલે દાદારને સીદ્ધા મળી શકવાનો રસ્તો કરી આપે છે, તે અષ-વહિશ્તની અષોઇની ગતીની શરીકી વગર કદી થાય નહિ, અષ વગર બીજા અમશાસ્પંદોની ખુબીએ પુગાય નહિ-માટે કહે છે કે તરીકતોનો અને ભલા ચળકતા સ્તરરૂપના અહુરાની અંદરના ઉશ્તાનનો વખાણનાર એટલે તેઓને આવકાર આપનાર ઉભા થઇને કામ કરવા દેનાર અષ-વહિશ્તને ટેડવેલો છે.]

**(૩) આદિમ[1] ફ્રગ્રઑમિ[2] અષૅમ વહિશ્તૅમ,[3] યેજી[4] ફ્રગ્રઑમિ[5] અષૅમ વહિશ્તૅમ,[6] આઅત્[7] અન્યએષાંમ્[8] અમૅષનાંમ સ્પૅન્તનાંમ્[9] હુવાયઑનૅમ;[10] યિમ[11] પાઇતિ[12] મજ્દાઓ[13] હુમતાઇશ,[14] યિમ[15] પાઇતિ[16] મજ્દાઓ[17] હુખ્તાઇશ,[18] યિમ[19] પાઇતિ[20] મજ્દાઓ[21] હુવર્શ્તાઇશ.[22]**

**(૪) ગરો-ન્માનૅમ[23] અહુરહે[24] હુવાયઑનૅમ. [25]ગરો-ન્માનૅમ[26] નૅરૅયો[27] અસ્તિ[28] અષાવઑયો.[29] નએચિશ[30] દ્રવતાંમ[31] અયેને[32] પઇતિશ[33] ગરો-ન્માનૅમ,[34] રવોહુ[35] અષાયઑનૅમ[36] ચિથ્રૅમ[37] અહુરૅમ મજ્દાંમ.[38]**

**(૩)** (અહુરમજ્દે તે હકીકત જે ઉપર શરેહમાં કહી છે કે અષ વગર તરીકતનો જોશ હોયજ નહિ એટલે દાદારને મળવા માટેના વંઘ્રહેન્

ક્ષએત રચ્યૉચાઓ થઇ શકેજ નહિ તે હકીકત જરથુશ્ત્રને સમજાવી, જરથુશ્ત્રે દુન્યાને જાહેર કીધી, જેથી હવે ભણુનાર કહે છે કે આમ છે માટે હવે અહુરમજદ સાથે સંબંધમાં આવવા અષ-વહિશ્તને યાદ કરવો બરહક છે; કહે છે કે 'હુવ'=દુજથી સ્વતંત્રતાની-ખએત્વની ગતી મેળવી 'યઍાન'= તે સાહેબનો સંબંધ કરવા માગું છું, કે જેવો સંબંધ ગરોન્માનમાં જવેજ થશે-એવી મહાન મતલબ અષ-વહિશ્તજ પુરી કરી શકે માટે તેને યાદ કરી તેની સાથે એકતાન થવું. ટુંકમાં હવસોને દાબી હવસથી આઝાદગી મેળવીને અષની શકિત ઉભી કરવી એટલા માટે એટલે તેવો મામલો ઉભો કરવા માટે જોઇતા આશીશો મેળવવા માટે ભણું છું કે):-

તેને[1] (ખાસ તે) ‖ અષ-વહિશ્તને[3] ‖ યાદ કરૂં છું, તેનું નામ સ્મરણુ કરૂં છું,[2] ‖ એટલા માટે[4] ‖ તે અષ-વહિશ્તને[1] ‖ યાદ કરૂં છું,[5] ‖ કેમકે તે અષ-વહિશ્ત[7] ‖ બીજા[8] ‖ અમશાસ્પંદોમાં-યઝતોમાં[9] ‖ 'હુવ' કહેતાં દુજ-હવસોથી સ્વતંત્રતા એટલે મુકિત મેળવી અપાવીને 'યઍાન' કહેતાં અહુરા સાથે જોડાણુ કરાવનાર[10] (છે તેવા તે)ને ‖ યાદ કરૂં છું,[5] ‖ જે અષ-વહિશ્તને[11] ‖ મજદા જ્ઞાની માહા ડહાપણુનો ભંડાર,[13] ‖ હુમત=મીનોઇને ચલાવવાનાં કામ માટે, અષોઇ ત્યાં કાયમની કરવાનાં કામ માટે[14] ‖ ટેકવે છે[12] (ડહાપણ આપ્યા કરે છે); ‖ જે અષને[15-16] ‖ મજદા[17-21] ‖ હૂખ્ત=નીસ્તીનાં અદ્રષ્ય ભુવનોને ઉભા કરી ભોગવટાઓમાંથી પસાર કરાવીને આખરે અષોઇ હાંસલ કરાવીને પાર પાડવાનાં કામને માટે,[18] ‖ અને હવરશ્ત=ગેતીને તેની રજેરજની વસ્તી સાથે ઉભી કરી ભોગવટાઓમાંથી પસાર કરાવીને આખરે અષોઇ હાંસલ કરાવીને પાર પાડવાનાં, ફ્રશો-કેરેતીએ પુગાડવાનાં કામ માટે[22] ‖ (ડહાપણુ આપીને) ટેકવી રહે છે, (તે કામોમાં આવતી-નડતી અહીરીમનની અડચણો સામે) બચાવ તરીકે રહે છે.[19-20] ‖ અહુરાનું[24] ‖ દુજથી નીરાળુ -હમેશગીવાળું અને હમેશગી મેળવી અપાવનારૂં અનંત ઠામ[25] (યઓન-રશ્તુ-આરમઇતી એટલે અષવાળું રહેઠાણ) ‖ ગરોન્માન=અહુનવરના દીલપઝીર નાદોવાળું-હમેશગીની ખુશાલીવાળું અને તે ખુશાલી આપતું અનંત ગતીનું ઠામ[23] (છે, એટલે ફ્રશો-કેરેતીની લેહ રાખતું અને અપાવી રહેતું ઠામ છે-એટલે મોક્ષની ગતીનું ધામ, માટે અહુરાને મળવાનું ધામ છે, તેવા તે ગરોન્માનને યાદ કરૂં છું-તે મેળવવા માંગુ છું. અષ-વહિશ્તજ મને ત્યાં લઇ જશે.) ‖ (તે) ગરોન્માન[26] ‖ (જે) અષ મેળવેલા-અષ-વહિશ્ત સાથે એકતાન થયલા[29] ‖ નરો માટેજ[27] ‖ છે[28] (તેને યાદ કરૂં છું-મેળવવા અષ-વહીશ્તની મદદ માગું છું). ‖ અહુરમજદના[36] ‖ જાહેર થયલા જાણીતા,[37] (અહૂનું ચિથ્ર રાખતા), ‖ અષોઇવાળા, રશ્તુ વસેલા માટે દુજથી

નીરાળા મુકામ તરફ[૩૬] (નામે) ‖ ગરોન્માન તરફ[૩૪] ‖ (અથવા ગરોન્માનને પુગાડે તેવાં અન્ય મરકઝોમાંના કોઈબી મરકઝ) તરફ[૩૩] ‖ જવા માટેની-જઈ રહેવાની[૩૨] ‖ ખુશાલી નેકબખ્તી મેળવવામાં[૩૫] ‖ અષોઈથી દુર રહેતા શખ્સોમાંનો[૩૧] ‖ કોઈબી નથી,[૩૦] ‖ (કેમકે દરવંદ પોતે અષોઈના કાનુનથી દુરનો હોય છે. અષ કે જે સામાને સારૂ કાળજી રાખે છે તેવી ગતી તેમાં રહેતી નથી-તેમાં સચ્ચાઇ જેવું તત્વ રહેતું નથી. તે જડતા સ્વાર્થી કામમાં ધુટાયલો રહે છે માટે તેનામાં પરદુખભંજનપણું હોતું નથી. તેનામાં સચ્ચાઇની ખુબીના-સ્વાર્થ રહીતના-પારકાનાં તારણના આકેબતના વીચાર, વૃદ્ધીના વીચાર રહેતાજ નથી, કેમકે તે ધનામીનથી દોરવાયલો રહે છે.-ધનામીન તેની અંદર રહેલા હવસો તેની ખામીઓ જેઓને જાતજાતના બુરા ચિશ્રો અને બુરી મઇતિ=વિચારશકિત અને ત્બએષો તરીકે નીચે સાતમાં કરદામાં બતાવેલા છે તેઓને ઉભાવી કાઢે છે, જેથી તે સ્વાર્થી દુન્યવી જાતજાતના હવસોવાળો થઇ જાય છે. તેનામાં નમાનાપણું રહેતું નથી. તેના વોહુનમાં એટલે જડ શરીરના કાદવમાં ઉપર કહેલા સાતમા કરદામાં જણાવેલાં બીયાં કુદરતીજ હોવે અને તેઓની ખીલવણી કે જે કુદરતીજ થાય છે તે ખીલવણી ઉપર કાબુ નહિ લાવવાને લીધે તેનામાં તુંદી બેઅદબી ઉભી થાય છે, મગરૂરી અને પોતાને સારૂ મોટું માન ઉભું થાય છે-તે ગમે તેટલું મેળવતાંબી ભુખોજ રહે છે એટલે તેને ખરી ખુશાલી રહેતી નથી, એમ જાતજાતના હવસોવાળી પોતાની વર્તણુંક બતાવે છે. પણ કુદરતી કાયદે તે આખરે તો પોતાને ફેઝે પુગે છે, કેમકે તેનાં શરીરના કાદવની અંદર રહેલી કસરમાંના એટલે તેના શરીરની વોહુનમાંના ઉપર કહેલાં બુરાં ચિશ્રો અત્યાર લગીમાં ઉગી નીકળીને બુરા ભોગવટાઓ કરાવીને તેને પાપોમાં ઉતારી પાડે છે, જેથી તે સખ્શ જાતજાતની તન-મન-રૂવાનને લગતી ત્બએષો=બીમારીઓ જેઓને નીચે સાતથી સત્તર કરદાઓમાં નીચે વર્ણવેલી છે તે બધાનો ભોગ થઇ પડે છે, તેની પાસેથી તકલીદી સુખ ખસી જઇને દુખ ઉભું થાય છે, જે પછી તેને પોતાની અંદરની જાતજાતની નબળાઇઓનું ભાન થાય છે. આવી રીતે તેનામાં દુખ-દરદો ઉભરી આવવે તે શખ્સમાં પોતાની નબળાઇઓ કાપવાનું ભાન થાય છે, જેથી તેનામાં **નાકસી** ઉભી થાય છે, જે પછીજ તેનો રસ્તો વૃદ્ધી તરફ જવાનો કુદરત ખોલી આપે છે. નાકસી થવાથી તે આરમઇતીના ગુણો પસંદ કરે છે અને તેથી **'અઇર્યમા ઇષ્યો'**ની ગતી, આરમઇતીના ગુણોથી મેળવી અપાવનારી ગતી અને તેને લગતા જે માંથ્રો પેગામ્બરે ઉભા કીધા છે તે તેની અંદરની કયાસને તોડીને તે કયાસની

દવા કરી દરોરતી આણે છે એટલે અષોઇ આણે છે. માટે હવે અઇર્યમા ઇશ્યોની ગતી અને તેનાં માંથ્રોને યાદ કરે છે અને પછી તેને લીધે જાતજાતની દરોસ્તી થવા પામે છે, જેઓને યાદ કરે છે. ઉપર કહેલાં બધાં દરદો, તન-મન-રૂવાનને લગતાં દરદો કઇ કઇ રીતે સારા થાય છે અને તેમાં અંદરખાનેથી અષજ કામ કરે છે તેની નોંધ ત્યારે હવે પછીથી આવે છે. ત્યારે હવે ભણનાર 'અઇર્યમા ઇશ્યો'ને યાદ કરે છે-પછી દરોસ્તી મળશે, પછી બધા દરદો-હવસો જે ઇનસાનમાં હોઇ શકે તે તદ્દન જાય એમ દુઆ કરે છે. માટે ભણે છે કે:)

**(૫) જનઇતિ[1] વીસ્પએષાંમ[2] અંધ્રરો-મઇન્યઑશ,[3] અહ્માઇ[4] યાથ્વાંમ[5] પઇરિકનાંમ્ચ,[6] અઇરયમનૅમ[7] માંથ્રનાંમ,[8] મજિશ્તૅમ[9] માંથ્રનાંમ,[10] વહિશ્તૅમ[11] માંથ્રનાંમ,[12] વહિશ્તોતૅમૅમ[13] માંથ્રનાંમ,[14] સ્રએશ્તૅમ[15] માંથ્રનાંમ,[16] સ્રએશ્તોતૅમૅમ[17] માંથ્રનાંમ,[18] ઉગ્રૅમ[19] માંથ્રનાંમ,[20] ઉગ્રોતૅમૅમ[21] માંથ્રનાંમ,[22] દૅરૅજરૅમ[23] માંથ્રનાંમ,[24] દૅરૅજરોતૅમૅમ[25] માંથ્રનાંમ,[26] વારૅથ્રઘ્નીમ[27] માંથ્રનાંમ,[28] વારૅથ્રઘ્ન્યોતૅમૅમ[29] માંથ્રનાંમ,[30] બએષજૅમ[31] માંથ્રનાંમ,[32] બએષજયોતૅમૅમ[33] માંથ્રનાંમ.[34]**

(૫) 'અઇર્યમન'[7] (અત્યંત ખાકસારી એટલે ધુળ જેવી ચીજોને સુનામાં ફેરવવાની આરમઇતીની ગતી જે ક્ષ્વપીએ પુગવાનો પહેલો તબકકો છે તેવી શક્તિ અને તેવી ગતી મેળવવા માટે ઉભા થયલા માંથ્રો જેઓને 'અઇરૂયેમા ઇશ્યો' કહે છે તે માંથ્રો) ‖ માંથ્રોના જમીલામાં[8] ‖ (સરસમાં સરસ કામ જે માંથ્રોથી થવું જોઇએ, જે પોતાને લગતા અંશોને લગતું છે, તે અંશો કેવા, કઇ ગતીના, કઇ પેદાયશના અને કયાં કયાં છે તે બધું જાણવાનું અને તેઓને તેરવવાનું છે તેવું કામ કરાવી શકે છે, માટે કહે છે કે તે અઇર્યમન) ‖ સરસમાં સરસ[9] ‖ માંથ્રોનો માંથ્ર છે,[10] ‖ ભલો-પરદુખભંજનની અતી ઉત્તમ ગતીનો[11] ‖ માંથ્રનો માંથ્ર છે,[12] ‖ પરદુખભંજનનું કામ સંપુર્ણ રીતે કરનારા માંથ્રોમાંનો ઉત્તમમાં ઉત્તમ રીતે કામ કરનારો[13] (એટલે ઇનસાનમાંથી અને તેના અંશો જે તેની જાણમાં આવ્યા છે તેઓમાંથી ખરફસ્ત્રી ગતી કાઢીને બહમનની વૃત્તી, સ્વાર્થ રહીતની વૃત્તી ઉભી કરવાનાં કામ કરનારા માંથ્રોમાંનો અતી ઉત્તમ રીતે કામ કરનારો) ‖ માંથ્રોનો માંથ્ર છે,[14] ‖ (ખેંચાણકારક એટલે પોતા તરફ અને ત્યાંથી છેક ગરોન્માન લગી લઇ જવાના ખેંચાણવાળો) અત્તી ઉત્તમ શ્રેષ્ટ[15] ‖ માંથ્રોનો માંથ્ર છે,[16] ‖ શ્રેષ્ટ[17] (એટલે ખેંચાણ રાખનારો પોતાના મુળમાં લઇ

જનારો એટલે રૂવાનના અંશો જે હેઠલી દુન્યાઓમાં છે તેઓને ખેંચી ગોસ્પંદી કરીને મુળ રૂવાનમાં જોડી આપનારો એવું શ્રેષ્ટમાં શ્રેષ્ટ) કામ કરનારા માંથ્રોમાંનો ઉત્તમમાં ઉત્તમ રીતે કામ કરનારા || માંથ્રોનો માંથ્ર[૧૮] ( એટલે શીરોમણી માંથ્ર છે), || ચપળ-તેજસ્વી-દીલાવર-ભય વગરનો[૧૯] || માંથ્રોમાંનો માંથ્ર છે,[૨૦] || દીલાવર રીતે ભય વગર કામમાં ન ચુકે તેવી રીતે જુલ્મગારોને તોડવાનું કામ સંપુર્ણ રીતે કરનારા[૨૧]-(દ્રેગુ મદને બુરી ગતીઓ વૃદ્ધીના પથમાં અટકાવી મુકે છે તેને તોડવાનું કામ) સંપુર્ણ રીતે કરતા માંથ્રોમાંનો ઉત્તમમાં ઉત્તમ રીતે કામ કરનારો || માંથ્રનો માંથ્ર છે,[૨૨] || પાયદાર-મજબુટ[૨૩] || માંથ્રોમાંનો માંથ્ર છે,[૨૪] || પાયદાર રીતે, જરાબી પાછા નહિ હઠે તેવી સંપુર્ણ રીતે કામ કરતા માંથ્રોમાંનો ઉત્તમમાં ઉત્તમ રીતે કામ કરતો[૨૫] || માંથ્રોનો માંથ્ર છે,[૨૬] || ફત્તેહમંદ, દુજી ગતીને તોડવામાં ફત્તેહ પામતા[૨૭] || માંથ્રોનો માંથ્ર છે,[૨૮] || દુજી ગતીને તોડવાનું કામ સંપુર્ણ રીતે ફત્તેહમંદીથી કરનારા માંથ્રોમાંનો ઉત્તમમાં ઉત્તમ રીતે કામ કરનારો[૨૯] || માથ્રોનો માંથ્ર છે,[૩૦] || દરોસ્તી આપનારો, બુરી ગતીઓને ભલાઇમાં ફેરવનારા[૩૧] || માંથ્રોનો માંથ્ર છે,[૩૨] || દરોસ્તી સંપુર્ણ રીતે આપનારા, દુજી ગતીને સંપુર્ણ રીતે ભલાઇમાં ફેરવનારા માંથ્રોમાંનો ઉત્તમમાં ઉત્તમ રીતે કામ કરનારા[૩૩] || માંથ્રોનો માંથ્ર છે.[૩૪] || ( એવો તે અઇર્યમાનો માંથ્ર) અંગ્રમઇન્યુના, તેની હકુમત હેઠળના[૩] || બધા[૨] || ઘટતીના કામ કરનારા જેઓને જાદુગર કહે છે તેઓમાંના,[૫] || પરીઓના એટલે બુરી લલચાવનારી શકિતઓમાંના[૬] (કોઇનેબી) || તેને માટે[૪] (તે તરીકત ઉપર ચાલીને માંથ્રો ભણનારને માટે) || મારશેજ.[૧] ||

**( ૬ ) અષો-બએષજો,[૩૫] દાતો-બએષજો,[૩૬] કર્ફતો-બએષજો,[૩૭] ઉર્વરો-બએષજો,[૩૮] માંથ્રો-બએષજો;[૩૯] બએષજનાંમ્[૪૦] બએષજયોતॅમો[૪૧] યત્[૪૨] માંથ્રેમ-સ્પॅન્તॅમ-બએષજયો;[૪૩] યો[૪૪] નર્[૪૫] અષ્ઑનો[૪૬] હચ[૪૭] ઉરૂથ્વાંન્[૪૮] બએષજ્યાત્,[૪૯] અએષો[૫૦] જી[૫૧] અસ્તિ[૫૨] બએષજનાંમ્[૫૩] બએષજયોતॅમો.[૫૪]**

(૬) (એમ માંથ્રોની મદદ મળ્યા પછી ખરી દરોસ્તી મળશે, માટે હવે પછી જાતજાતની દરોસ્તી જે તન-મન-રૂવાનને મળવાનાં સાંધનો રાખે છે તેઓને યાદ કરે છે કે:)

અષોઇથી આવતી દરોસ્તી[૩૫] (અષોઇનો ઇલાજ), || કાયદા-તરીકતો પાળ્યાથી આવતી દરોસ્તી[૩૬] (તરીકતનો ઇલાજ), || વહાડ કાપથી આવતી દરોસ્તી[૩૭] ( વહાડ કાપનો ઇલાજ ), || ઝાડપાન, આશીરવાદોથી આવતી

દરોરસ્તી[૩૮]; (જડી બુટી અને આશીરવાદોનો ઇલાજ), ‖ માંથ્રો ભણવાથી આવતી દરોરસ્તીઓ[૩૯] (ભણવાથી આવતો ઇલાજ હોય છે); (આટલા બધા ઇલાજો જણાયલા હોય છે). †દરોરસ્તીઓમાંની[૪૦] (તન-મન-રૂવાનની દરોરસ્તી-ઓમાંની કોઇનીબી) ‖ ઉત્તમમાં ઉત્તમ રીતની કામ કરતી દરોરસ્તી[૪૧] ‖ (આપનાર) તે[૪૨] ‖ માંથ્ર-સ્પેન્તથી દરોરસ્તી આપનારો[૪૩] (હોય છે). ‖ જે કોઇ[૪૪] ‖ અષો[૪૬] ‖ નર[૪૫] (હોય છે તે) ‖ વૃધ્ધીમાં ઉગવા[૪૮] ‖ તરફની[૪૭] (રૂવાનની વૃધ્ધીની) ‖ દરોરસ્તી આપે છે;[૪૯] ‖ ખરેખરજ[૫૧] ‖ તેજ[૫૦] (અષો નર) ‖ દરોરસ્તીઓમાંની[૫૩] ‖ ઉત્તમમાં ઉત્તમ રીતની દરોરસ્તી, રૂવાનની દરોરસ્તી આપનાર[૫૪] ‖ હોય છે.[૫૨] ‖

**(૭) યસ્ક[૧] અપ-દૂરત;[૨] મહ્રૂક[૩] અપ-દૂરત;[૪] દએવ[૫] અપ-દૂરત;[૬] પઇત્યાર[૭] અપ-દૂરત;[૮] અમૅષઑઘો[૯] અનષવ[૧૦] અપ-દૂરત;[૧૧] મહ્યો-સાસ્ત[૧૨] અપ-દૂરત.[૧૩]**

---

† હયાં કહે છે કે તન-મન-રૂવાન આ બધા ઉપર એજાબ હોય છે માટે તેઓને દુખ થાય છે-તે બધાંને ઇલાજ આપી શકાય છે. ઝાડપાનનો ઇલાજ-આશીરવાદોનો ઇલાજ-વહાડકાપનો ઇલાજ-માંથ્રનો ઇલાજ-તેમ અષોઇનો ઇલાજ -એમ ઇલાજ હોય છે. **આ બધા ઇલાજોમાં અષોઇનો ઇલાજ ઉત્તમ છે કેમકે તે ઇલાજ કર્મનાં બંધનમાં આવતો નથી. અષોઇથી ઇલાજ પામેલો શખ્સ આગળ અને આગળ વધતોજ રહે છે. તેવો શખ્સ અહુરમજ્દ તરફનાં કર્મથી બંધાયલો રહે છે, માટે અહુરમજ્દને તે બધાં કર્મનું લેવું-દેવું આપવાનું રહે છે, માટે અહુરમજ્દ જે ગરો-ન્માનમાં છે ત્યાંજ જઇ તે બધું લેવું-દેવું આપી દેવું પડશે, માટે વૃદ્ધીમાં અટકાવ જેવું થતુંજ નથી.** પણ બાકીના બધા ઇલાજો મેળવ્યાથી તે ઇલાજનું દામ આપવા તે તે ચીજો પાસે જવું પડે છે. ઝાડપાનથી મેળવેલા ઇલાજોનોબી કેશારા હોય છે, જે ગેતીમાં પાછા આવીને યા ઉપરના ભુવન ઉપર થોભીને આપવો પડે છે. તેમ વહાડકાપના ઈલાજો હોય છે તેનું કર્મીક દામબી ગેતીમાં અવતરીને આપવું પડે છે. તેમ આશીરવાદથી મળતી દરોરસ્તીનું દામબી ઉપલાં ભુવન ઉપર જ્યાંથીબી તે આશીરવાદો ઉતરતા હોય ત્યાં તેઓને બદલો આપવા થોભવું પડે છે. તેમ માંથ્ર-સ્પેન્તથી મળતા ઇલાજોનું કરજબી તેના આપનારને આપવા તે આપતા શખ્સ જે ભુવન ઉપર હોય છે ત્યાં જઇને આપવું પડે છે. **આમ છે માટે કરજ બનતાં લગી ગેતીમાં આપી દેવું. સરસમાં સરસ રીત અને સહેલામાં સહેલી રીત અને ટુંકી રીત પૈસાની છે. પૈસા તે ઇલાજના આપનારનું તેમ ઈલાજનું બેઉનું કરજ ફીટાડી શકે છે-કઈ રીતે ફીટા-ડશે તે વાત જુદી છે. આમ છે માટેજ દએનમાં 'અષિશ-વંઘુહુ અને પારેન્દી' નામના કરજ ફીટાડવાના કાયદા આપેલા છે.** આમ છે માટે **ચેલા-ઉસ્તાદ વચ્ચેબી અમુક સંજોગે એવો સંબંધ થાય છે.)**

**(૮) અજ્નિ–ચિથ્ર[૧૪] અપ–દ્રૂરત;[૧૫] વૅહુરૂકો–ચિથ્ર[૧૬] અપ–દ્રૂરત;[૧૭] બિજન્ગ્રો–ચિથ્ર[૧૮] અપ–દ્રૂરત;[૧૯] તરો–મત[૨૦] અપ–દ્રૂરત;[૨૧] પઇરિમત[૨૨] અપ–દ્રૂરત;[૨૩] તફ્રુનુ[૨૪] અપ–દ્રૂરત;[૨૫] સ્પજગ[૨૬] અપ–દ્રૂરત;[૨૭] અનાક્ષ્ત[૨૮] અપ–દ્રૂરત;[૨૯] દુઝ્દોઇથ્ર[૩૦] અપ–દ્રૂરત.[૩૧]**

**(૯) દ્રઑઘો–વાક્ષ્–દ્રઑજિશ્ત[૩૨] અપ–દ્રૂરત;[૩૩] જહિ[૩૪] યાતુમઇતિ[૩૫] અપ–દ્રૂરત;[૩૬] જહિ[૩૭] કખ્શ્રૅદઇને[૩૮] અપ–દ્રૂરત;[૩૯] વાતો[૪૦] પૅાઉરૂવો–અપાખ્તર[૪૧] અપ–દ્રૂરત;[૪૨] વાતો[૪૩] પૅાઉરૂવો–અપાખ્તર[૪૪] અપ–નસ્યત.[૪૫]**

(૭–૮–૯) દરદ[૧] (કોઇબી જાતનાં તન–મન–રૂવાનનાં) ‖ દુર નાસી જાય![૨] ‖ વખત અગાઉનું મહોત[૩] ‖ દુર નાસી જાય![૪] ‖ અજ્ઞાનતા અને તેનો ઉપદ્રવ અને અજ્ઞાનતાની માન્યતા વત્તણુક[૫] ‖ દુર નાસી જાય![૬] ‖ બુરી તબઇનો હલ્લો, બુરા હવસોના ઉગવાનો હલ્લો[૭] ‖ દુર નાસી જાય![૮] ‖ વ્યવસ્થાનો અહુરમજદના હોકમનો અનાદર કરનારા[૧૦] ‖ આશમોઘ,[૯] (જેઓ વૃદ્ધીનું ખુન કરનાર છે તેઓ) ‖ દુર નાસી જાય![૧૧] ‖ ઇનસાન ઉપરનો ઝુલ્મ–બુરી તબઇથી પડતાં દુખોનો તન–મન–રૂવાન ઉપરનો ઝુલ્મ[૧૨] ‖ દુર નાસી જાય![૧૩] ‖ સાંપનું તુખ્મ–ખાસીઅત, સામેનાને ડંખીને પોતાનો સ્વાર્થ જોવાની બુરી દંસ્યલ ખાસીઅત[૧૪] ‖ દુર દફે થાય![૧૫] ‖ વરૂની આદત, બુરી ખાસીઅતનાં બીયાં[૧૬] ‖ દુર દફે થાય![૧૭] ‖ બે પગવાલાઓને લગતાં બીજો[૧૮] (બે પગવાળો ઇનસાન જ્યારે તેને બક્ષેલી ફેલને બુરાઇથી વાપરે છે ત્યારે કુદરતમાં અઝીમ ગુનાહો કરી અવ્યવસ્થા કરે છે. એવો ઇનસાન જે રૂવાનના દ્રવાઓનું બદલેલું રૂપ છે તેવા તે દ્રવાઓના એટલે હુવીઅત–એઝાબનાં બીજો, ઘટતીનાં બીજો) ‖ દુર જાય–ખતમ થાય![૧૯] ‖ તુન્દ બેઅદબ ખાસીઅત[૨૦] ‖ દુર નાસી જાય![૨૧] ‖ પોતા સારૂ હદ ઉપરાંતનું માન રાખનાર, બીજા ઉપર પોતાનો સીક્કો બેસાડવાની ખાસીઅત[૨૨] ‖ દુર જાય![૨૩] ‖ મનનું બળવું, મીજાજનું બળવું[૨૪] ‖ દુર નાસી જાય![૨૫] ‖ નીંદાખોર, પોતાની એબ પોતામાં નહિ પણ સામામાં જોઇને બદગુઇ કરવાની ખાસીઅત[૨૬] ‖ દુર જાય![૨૭] ‖ દરેક તરફ પ્રીતી રાખીને તેઓની બદીને સારૂ ભલી દુઆ કરવાની એમ જન–જાનવર–સમાજની દોસ્તી રાખવાને બદલે ઉલટા જવાની મીઝાઝી મતી[૨૮] ‖ દુર જાય![૨૯] ‖ બુરી નજર, સ્વાર્થથી જોવાની નજરની બુરી ખાસીઅત[૩૦] ‖ દુર જાય![૩૧] ‖ જુઠઠી જબાન, જુઠઠાં મનની ખાસીઅતનું અત્યંત જુઠાણું જે બુરામાં બુરૂં કરી રહે છે તે[૩૨] ‖ દુર જાય![૩૩] ‖ બુરા જડવાદના નીતી–આંકોશ વગરના વિચારો અને વ્યભીચાર–પરસ્તી[૩૪-૩૫]

(હરાવે તેવી જડ મતી) ‖ દુર જાય ![૩૬] ‖ જડ વિચાર, જડ ગ્યાનને ફેલાવનાર નીતીભંગ પ્રચાર–શ્રાપ સમાન અસર–પર ઓરત સંગ જેવી અનીતીમાન વૃત્તી[૩૭-૩૮] (નો શ્રાપરૂપ ફેલાવો) ‖ દુર જાય ![૩૯] ‖ અપાખ્તર એટલે હસ્તીથી દુર લઇ જતા જડતા તરફ નાખતા સીખ્ખા[૪૧] ‖ પવન, જડ હકુમતનું ચલણ, વબાઓ–આફતોનું પડવું[૪૦] ‖ દુર જાય,[૪૨] ‖ –નાબુદ થાય ![૪૫] ‖

---

## *અહીંબેહેસ્ત યશતમાં ઇનસાનની એબોનું કુલ્યાતી વર્ણન : તેમાંથી નીપજતાં જાતજાતનાં દુખ–દરદો અને તેઓ માટે એકલી રામબાણ દવા તે અષોઇ અને માંથ્ર છે.*

ઇનસાનમાં જણાતી જાતજાતની એબો, ખામીઓ અને તેના નતીજાઓ જેઓને પાપો–દુખો–દરદો કહે છે તેઓને અહિંયાં ટુંકમાં કુલ્યાતી રીતે વર્ણવેલાં છે. ઇનસાનમાં એબોનાં બીયાં પડેલાં છે, જેઓ ખીલીને ઇનસાનની વૃદ્ધીમાં અટકાવરૂપ થઇ પડે છે. તેઓ કઇ–કેટલી જાતના રહે છે, તેઓના નતીજાથી શું થાય છે અને તેઓને ખીલવી કાઢવા અથવા ઠેઠવાડી નાંખવા બહારની કુદરત ધનામીન યા સ્પેનામીન મારફતે કામ કરી રહે છે, તેનો ગુહ્ય ચિતાર હર્યા આપેલો છે. હર્યા જે એબો–બીયાંઓ કુલ્યાતી રીતનાં વર્ણવેલાં છે, તેઓમાંથી જાતજાતનાં પાપો ઉભા થઇ શકે છે તે બધાં પાપોનું આ ચાલુ જમાનાને લગતું લીસ્ટ **પતેત પશેમાનીમાં આપેલું છે. અષોઇની શક્તિ ખીલવવે તે પાપોનાં બીયાં કરમાઇ જશે તે બતાવેલું છે.** ઇનસાનમાં બે બાજુઓ છે—એક ભલી અને બીજી બુરી. આ બે બાજુની મારામારીમાં જીવ જોખમાઇ જઇને મૃત્યુ થાય છે. **આવા જોખમને અટકાવવાની ગતી તરીકતોમાં રહેલી છે.** ઇનસાનનાં રૂવાન સાથે દ્રવાઓ હતો, ભુલાવો હતો, જેને બુરાઇ કહે છે તેનું મુળ હતું, જેને સુધારવા રૂવાને અહુરમજદ પાસે દુઆ કીધી હતી. અહુરમજદે તે દ્રવાઓની અંદર ગવનું તત્વ ઉમેરી તે દ્રવાઓને વોહુનરૂપ કરી તે વોહુનમાંથી નહિ કલ્પી શકાય તેટલા વખત પછી હાલ જેવું ખાકી તન મન–વિચાર સાથનું ઉભું કરીને તે મનવાળાં વિચાર કરતાં તનમાં તે તનને ઉભા કરવાની અથાક મહેનતની કિમ્મતના ગોહરો નામે અકકલ અને ભાન ઉમેરીને તેઓને (અકકલ અને ભાનને) ફેરવવા માટે જોઇતો ફેલ તે વિચાર કરી શકતાં મન સાથનાં થયલાં તનને આપીને તે અમુલ્ય અને ખુબસુરત ખેંચાણવાળા અહુરમજદની બીનમુન કારીગરીની ગવાહિવાળાં તે તનને એક હદિયા તરીકે એક ખેતી કરવાની જાગીર તરીકે તે અરજદાર રૂવાનને સોપ્યું છે. રૂવાન તેમાં બેસીને તેને ખેડી રહે છે. આવાં ખેતી કરવા અપા-

યલાં તનમાં ત્યારે વોહુન કે જે દ્રવાઓનું બદલાયલું રૂપ છે તે છે, તેમ ગવ કે જે પરદુખભંજનવાળું છે તે છે. વોહુનમાં ત્યારે દ્રવાઓની બુરી અસર તેમ ગવની અસર બેઉ છે. ગવની અસર તે વોહુનમાં, સામાની કદર કરવા માટેના અને તેથી થતા ખેંચાણના–પઝતી ઇશ્કને ચાહીને મેળવવાના, ખુબસુરતી order ને ચાહવાના, સચ્ચાઇને માનવાના તે સાહેબની સાહેબીનો અંગીકાર કરવાના મુળ ચિશ્ર તરીકે રહી છે. પણ તેજ વોહુનમાં તે દ્રવાઓની ગેરઇનસાફી ગતીની મતી હોવે તે બધી શુભ અસરો પતમાન ઉપર નહિ રહેવે અઇવિબુદ–ફ્રેબુદ ઉપર એટલે ત્રાજવાંના ઉપર નીચે જતાં પલ્લાં તરીકે રહે છે અને તેથી જડવાદની એટલે હવસરૂપની થઇ જાય છે જેથી તે વોહુનમાં 'જહિ'= વ્યભીચાર અને યાતુમની એટલે જડવાદી ગતીની સીરત–ખાસીઅત ઉભી થાય છે. આવી ખાસીઅતનાં બુરાં ચિશ્રોના કુલ્યાતી વર્ગો અહિંયાં બતાવ્યા છે, પણ તે તનમાં રહેલી 'ગવ' તે તનમાં જાન અને શશ જોરાને–ઇ જાન તરીકે ( મનશ્ની–ગવશ્ની–કુનશ્ની–વીર–હોશ બેરદ તરીકે) કામ કરી રહે છે, અને અકકલ અને ભાન અને ફેલને રોશન રીતે વાપરીને ફ્રશો–ફેરેતી ઉભી કરવાનો ડંખ ઉભો કરાવ્યા કરે છે. આવું તન એક હદીઆ તરીકે અહુરમજદ તરફથી તે રૂવાનને મળ્યું છે, કે જેની ખેતી રૂવાનને પેલી ગવ મારફતે કરવાની અને પેલાં ઉપર કહેલાં બુરાં ચિશ્રોની બુરી સીરત કાઢીને ઉપર કહી છે તેવી ભલી કરવાની છે. સીરફ ગવના ઉમેરાથી આવું તન થઇ શકેલું નહિ–ગવ ઉપરાંતની એક વધુ ગતી–ગોયા અહુરમજદનો દમ તેમાં આવેલો છે તે જોઇએ. તે તનમાં આવેલી પેલી ગવનો ભાગ ખુદ રૂવાને પોતામાંથી આપ્યો છે ખરો, પણ તે પુરતો નહિ હોવાથી ગેઉશોની શકિતઓએ બીજો ગવનો વધુ ભાગ અપાંમ નપાતમાંથી અને ખુદ પોતામાંથી મેળવી આપ્યો છે. આમ દ્રવાઓમાં ગવ ઉમેરી શરીર કરવાનું હતું, પણ જયાં લગી અહુરમજદે તે મીશ્રણમાં 'વને–ઝવીત–બીશ'ની કરામત કહેતાં અમર ગતીનાં ઝાડની ડાળ નામે ઉસ્તાન–જાન ગોયા પોતાનો દમ તે મીશ્રણમાં મુકયો નહિ, ત્યાં લગી તે શરીર આજ જેવું ઉપર કહયું છે તેવું ખાકી ખુબસુરત અને વર્તણુક કરે અને બુરાઇઓ બાળીને આગળ વધે તેવું થઇ શકયું નહિ. દ્રવાઓના ભાગમાં ગવ ઉમેરીને એટલે અપાંમ નપાતની ગતી ઉમેરીને આતશી–બાદી–આબી ગતી ઉભી કીધી. આ વખતે તેનામાં લોચા જેવું શરીર થઇ રહયું; જેમાં ભેજાં અને કરોડના ગ્નાનતંતુનું ઝાડ ઉભું થયું, જે ગ્નાનતંતુનું ઝરવાને અકરનેની ગણત્રી જેટલાં પાંદડાવાળું ઝાડ શરીરના અનુએ અનુને પુગી વળેલું હતું. આવાં ઝાડમાં પછી વને–ઝવીત–બીશનાં અહુરમજદના અમર ગતીનાં

ઝાડની ગતી જીવને સમાવ્યો, જેથી તે જ્ઞાનતંતુ અને તેની હુકુમતનું જડ શરીર જીવવાળું થયું અને ફેલની અકકલ અને ભાન અને અંતકરણ મેળવ્યાથી અનુભવ કરી રહયું છે. ત્યારે **શરીરમાં દ્રવાઓને લીધે એટલે ઉપર કહયું છે તેમ વોહુનમાંની તે દ્રવાઓની બુરી થયલી સીરતને લીધે એઓ ઉભરી આવે છે, જે એઓ શરીરમાંની ગવને લીધે ખેંચાણની ગતીમાં એટલે એક જાતના આવેશમાં રહે છે,** જે ખેંચાણ ઉપર સમજાવ્યું છે તેમ મીઝાઝી ઇશ્કનું, ધીકકારતું યા બીજા હવસોનું હોય છે. પણ અહુરમજદે ઉપર કહયું છે તેમ જાનની શકિત મુકી છે, જે શકિતને લીધે તે શરીર જીવીને વર્ત્તણુક કરી રહે છે. ત્યારે દરેક ઇનસાનમાં જાનની શકિત છે, પણ તે ઇનસાનના દ્રવાઓમાં ગવ ઉમેરવે વોહુન થયો, જેમાં જાતજાતનાં બીયાંઓ ઉપર કહયું છે તેમ ઉભાં થયાં છે, જેઓ ઉપર કહેલી ખેંચાણની ગતી-હવસોની ગતી રાખે છે. આ બીયાંઓ કઇ જાતનાં હોય છે તે જાણવા જાનવરી વર્ગ-નબાતાત અને જમાદાત વર્ગની 'જીનસ' =કુલ્યાતી વર્ણ જોવી પડે છે, કેમકે ઇનસાનનાં રૂવાનમાંથીજ તેઓ થયાં છે, માટે **તેઓનાં શરીરોનાં ગુણદોશનું મુળજ ઇનસાનનો વોહુન** છે. ત્યારે ગોસ્પંદી જાનવરોનાં ચિથ્રો તેમ ખરફસ્ત્રી જાનવરોનાં ચિથ્રો ઇનસાનના વોહુનમાં છે. આ ચિથ્રો પોતે ઇનસાનમાં રહેલાં નબાતાતી ચિથ્રો ઉપર જીવે છે, અને આ નબાતાતી ચિથ્રો જે ઇનસાનમાં છે તેઓ જમાદાતનાં ચિથ્રો જે તેનાં શરીરમાં છે તેની જમીનમાંથી ઉગી રહે છે-ખીલી રહે છે. આ જમાદાતી શરીરમાં ઉપધાતુના પથરાઓ તેમ વળી ફળદ્રુપપણાંનો કાદવ બેઉ હોય છે. **આવી જમીનમાં 'દસ અંદર્ઝ'=અહુરમજદની વસીઅતનાં બીયાંઓબી ઉપર કહેલી ગવને લીધે તેમાં પડેલાં રહે** છે. આમ ઇનસાનનાં દેખીતાં શરીરમાં ચિથ્રો હોય છે. **'દસ અંદર્ઝ'નાં બીયાંઓને ગવ-ચિથ્રનાં બીયાં કહે છે,** પણ બીજાં વોહુનનાં બીયાંઓ હોય છે, જેઓને **'અઝ્રિ-ચિથ્ર,' 'વૅહ્રૂકો-ચિથ્ર'** કરીને વર્ણવેલાં છે. આ ચિથ્રો નબાતાતનાં ચિથ્રોની ઉપર જીવે છે અને નબાતાતનાં ચિથ્રો જમાદાતના પથરામાંથી તેમ ફળદ્રુપપણું આવે તેવા કાદવમાંથી ઉભા થાય છે. આ બધાં ચિથ્રોને એમ ઉગાડનાર પેલો જાન છે. જાન અહુરમજદે આપેલી શકિત છે. હવરેતાતનાં અખંડપણાના અમર ઝરા આબે-હયાતમાંથી તે આવેલો છે અને આ બધાં ચિથ્રોને ઉગાડીને તેઓની સીરત પ્રમાણેનો પણ પોતાની વાસ્નાનો કંઇક ભાગ પામેલાં માટે આખરેબી મુકિતએ જઇ શકે તેવી કારીગરીવાળાં ફળો કરાવી આપે છે. ત્યારે ઇનસાનમાં જાન એક શકિત છે. આ જાનની શકિત પોતામાંથી **મનશની-ગવ-**

**શ્ની-કુનશ્ની, વીર** (પાએદારી Determination), **હોશ** (પાપોથી સાવધાન રહેવાની હોશીઆરી), **ખેરદ** (એટલે જડ-સુક્ષ્મ જ્ઞાનનો ભંડાર અને અહુરમજદને પુગવાની અકકલ) ઉગાડે છે. આ જાનની શક્તિ પોતે ભાનની શક્તિ અને ફેલની અકકલની શક્તિ અને અંતકરણની શક્તિ સાથે કામ કરીને ઉપર કહેલી મનશ્ની-ગવશ્ની-કુનશ્ની-વીર-હોશ-ખેરદ વગેરે ઉગાડે છે. વોહુનનાં શરીરમાં જાનનો ઝરો જેટલાં જોરથી એટલે અમુક દરજ્જાની હવરેતાતની ગતી લઇને એટલે લીલાશ લઇને પડતો હોય અને જેટલાં પ્રમાણમાં ભાન સાથે અને ફેલ સાથે અને અંતકરણના ડંખ સાથે મળીને કામ કરતો હોય, તે પ્રમાણે શરીરનાં વોહુનમાંનાં ચિથ્રો, જે શરીરમાં ખાસીઅત કરે છે, તે ખાસીઅતોને વધારી યા ઘટાડી શકે છે. **ત્યારે ઇનસાનમાં લાગણીઓ છે તે શરીરનાં આ ચિથ્રોમાંથી જન્મે છે, જે ચિથ્રો ઇનસાનના હેવાન-ઝાડપાન-ખનીજ સાથના સંબંધમાંથી થયા છે; અને ઇનસાનમાં ભાન છે તે ઇનસાનના ધર્મના બાપો જે ઉપર રહયા છે તેઓમાંથી જાહેર થાય છે; અને ઇનસાનમાં અંતકરણ છે તેની બક્ષેશ અહુરમજદ તરફથી છે, જે અંતકરણમાં રૂવાન અને બઓદનું ઠામ છે અને ત્યાં જાનના ઉસુલ ઉશતાનનો ઝરો પડયા કરે છે.** ત્યારે ઇનસાનને અહુરમજદે જાનની શક્તિ, ભાનની શક્તિ, ફેલની-અકકલની શક્તિ અને અંતકરણના ડંખની શાકત આપી છે, અને ઇનસાન જે દ્રવાઓનો બનેલો છે તેમાં હેવાનીઅતનાં ચિથ્રો છે, જેઓને હવસનાં ખેંચાણમાં રાખનાર **ગવ** છે જેની સમજ ઉપર આપી **છે.** પણ વધુમાં જાણવું કે દ્રવાઓ પહેલવહેલાં તો સ્તંભ ગતીનો, વૃધ્ધી તરફ નહિ જવા માંગે તેવો હતો, **પણ હવે તો દ્રવાઓ ઝરવાન=ગતીને તાબે થયો છે એટલે હવસોમાં આવી આવીને પછી મીનોઇ ઇશકે પુગશેજ.** આમ શરીર છે તેની ઉપર **સ્પેના=** વૃદ્ધીનો મીનો અને **ઘના**=ઘટતીનો મીનો કામ કરી રહે છે. ઘટતીનો મીનો હેવાનીઅતનાં બીયાંનો સ્વભાવ ઉગાડવા મહેનત કરે છે અને વૃધ્ધીનો મીનો તે બધાંને ઠેઠવી નાંખવા માગે છે. **અષોઇના કાનુનો ઉપર ચાલવે સ્પેનામીનની ગતીને જોર મળે છે અને ઘનાની હીકમતની ત્યાં જરૂર પડતી નથી. સ્પેનામીન જાનને જોર આપે છે, જેથી તનની જમીનના પથરાઓ તેઓ સાથે રહેલા ફળદુપ ગતીના કાદવ સાથે રસાયણ પ્રયોગ અને રસ પ્રયોગમાં આવવે ફળદુપ ગતીના થઇ રહે છે;** આવી થતી તે જમીનમાં જે **દસ અંદર્ઝનાં** બીયાં **અસલથી અહુરમજદે** મુકેલાં છે તે ઉગવે બીજાં બીયાંઓની ખાસીઅત **સુધરે છે,**

ભાનમાં સરોશની ગતી ઉભી કરાવે છે, અંતકરણમાં અહુરમજદનું રાજ કરાવે છે અને બઓદનો આશીરવાદ ઉતારે છે. પણ ધનામીન જાનની લીલાશને સુકવી નાંખે છે. એટલા માટે ધના જમીનના પથરાની સીરતને હવસોથી ઉજ્જડ કરાવી નાખીને દસ અંદર્જનાં બીયાંને ઠેઠવી નાંખી થુવરનાં જેવાં તે બીયાંઓને કરી નાંખે છે જેઓને વોહુનનાં બીયાંઓ કહે છે, જેઓ ઉગીને હવસો કરાવે છે, જેથી મનશ્ની-ગવશ્ની-કુનશ્ની હવસી થાય છે, અને ફેલનો બુરો ઉપયોગ થાય છે; અને લાગણીનું જોશ ખુબ જોશથી ઉપડે છે, અને ભાનમાંની સરોશની ગતી સુસ્ત થાય છે. આવું કંઇક સામસામી સીરતનું સ્પેના અને ધના વચ્ચેની શરીરમાંની રસાકસીથી શરીરમાં થઇ રહે છે. માટે હવે કહે છે કે આ બધાં થુવરનાં બીયાંઓ જેઓને 'અજ્રિ-ચિથ,' 'વૅહુરૂક-ચિથ' અને 'બિજનઓ-ચિથ' કહે છે તેઓ દુર જાય એટલે તેઓની ખાસીઅત, જે હવસોની છે, જે સ્વાર્થી છે તે દસ અંદર્જનાં બીયાંના કાબુમાં આવીને સુધરે. પછી કહે છે કે આ બીયાંઓ જેઓ થુવરનાં છે તેઓ ધનામીનની કુદરતના હકુમતના કાબુમાં નહિ આવે. માટે કહે છે કે 'પઇત્યાર'=બુરા પ્રવાહો, બુરી તબ્બઇનો હલ્લો-માર જે તે બીયાંઓને બુરી સીરતમાં ઉગાડે છે તે દુર જાઓ, અને દઓેવ એટલે અજ્ઞાનતા દુર જાઓ, કે જે અજ્ઞાનતામાંથીજ અથવા જડતાનું જ્ઞાન જે સુક્ષ્મ જ્ઞાનથી બેખબર છે તેવી તે અજ્ઞાનતામાંથીજ બુરી તબઇ પેદા પડે છે-એવો તે અજ્ઞાનતાના જડતાનો પ્રભાવ દુર જાઓ અને અનષવ=અષોઇને-ભલાઇને ધીકકારતો અર્મઑધ એટલે દીનની વસીઅત દસ અંદર્જને તરછોડનાર તેઓથી દુર જનાર અને દુર લઇ જનાર-તે દસ અંદર્જ કે જેઓને પાળવાની છે જેનાં બીયાંને જમીનમાં તાજાં કરવાનાં છે માટે ધનાથી દુર જવાની વસીઅત પાળવાની છે તેવી તે વસીઅતથી દુર લઈ જનાર આશમોધ દુર જાઓ ! કેમકે દઓેવની-અજ્ઞાનતાની-જડતાની-દીનને ધીકકારવાની મતીથી, આશ્મોધની બુરી વાસ્નાનું લક્ષણ જે 'દસ અંદર્જ'નાં બીયાંને ઠેઠવી નાંખે છે તે ગ્રહણ થવે, પેલાં 'અજ્રિ-ચિથ્રો' 'વૅહુરૂક-ચિથ્રો' ઉગીને હવસો કરાવે છે, સ્વાર્થ ઉપડે છે, જેથી મતી બગડે છે, હવસી થવાય છે અને તરો-મતના=વુન્દ, પઇરિમતના=બીજા ઉપર દસ્ત બેસાડનાર, પોતાનો બુરો સીકકો ચલાવવા બીજાને ફરજ પાડનાર દીન-દુશ્મન, અને મષ્યો-સાસ્ત એટલે માણસ ઉપર ઝુલ્મગાર એટલે પારકાંને ભોગે જીવનાર, પોતાના હાથ નીચેનાનું લોહી ચુસનાર-પારકાંની સ્વતંત્રતા લુટનાર, તફ્નુ=વુન્દ મીઝાઝના અને સામાની વૃધ્ધીને જોઇને બળીને ખાક થનાર અને સામાનું નુકસાન જોનાર, અને સ્પજગ=ઢોંગી, સાધુનો સાહયો પહેરી સામા તરફ આંગલી કરનાર,

ચુગલીખોર ધર્મીપણાનો ઢોંગ કરનાર, પણ ખરી રીતે તો '**અનાક્ષ્ત**'=વૃધ્ધીના દુશ્મન જેવા, અને '**દુજ્‌-દોઇથ્ર**'=બુરી ચશ્મના નીતીભંગ અદેખા થઇ રહીને '**દ્રઑઘો-વાક્ષ્-દ્રઑજિશ્ત**'=જુઠઠા લબાર, જુઠઠું શીખવનાર, જડતાના પ્રભાવના હીમાયતી, દીની માંથ્રોને વગોવનાર યા બુરી રીતે ગેરકાયદે વાપરનાર, જાદુ કોટલવાળા, અધ-માંથ્રોના, બુરી શક્તિને સાંધનાર, સીઆંસીસ (Seances) જેવા ધખારાઓવાળા તરીકે જાહેર થઇ રહે છે, અને '**જહી યાતુમત**'=જનાકાર ઓરતના પરસ્તારો, સામી જાતીના નીતીભંગ પુજારી અને તેવી વાસ્ના=બુરી ગતી, બુરૂં શીક્ષણ જેને '**જહિ કપ્સરૅંગ**' કહે છે તે પાથરનારા, બુરાઇની ખીણમાં જુવાન્યાઓને ફેંકનારા, તેવી સંસ્થાઓ ખોલીને નઇતીકનો નાશ કરનારાઓ થયા છે, જેથી કુદરતી કાયદે બુરી આફતો જેઓને '**યસ્ક**' એટલે તન-મન-રૂવાનની બીમારી કહે છે તેઓને પોતા ઉપર અને બીજાઓ ઉપર લાવીને, '**મહ્રૂક**' એટલે કમોતને આધીન થાય છે,-ભોગવટો એકજ ફેરામાં ભરપાઇ થઇ રહે તેની અગાઉ મૃત્યુ પામે છે; એમ ફેરાઓ લંબાવે છે, અને બધેબધ એવી જડ મતી થવે બુરી હકુમત-બુરૂ ચલણ-બુરો પવન-બુરાં દરદો-વબાઓ જેઓને 'વાતો પૉઉર્વો-અપાખ્તર'=ઉત્તર તરફનો પવન, જડતામાં અદાઇ જઇને સ્વાર્થી રીતે રહેવાની રીત-બુરી હકુમત, પ્લેગ-આફતો-દરદો કહે છે તેઓને પંથરાવવાનું સાધન થઇ પડે છે. ત્યારે **જયાં લગી આવી એબોને દુર કરાતી નથી ત્યાં લગી સાચ્ચી વૃધ્ધી નથી. માટે એ બધી બુરી આફતો-અસરો તોડવાના માંથ્રો આપેલા છે, જે ભણવે બુરા તાલેના જેઓ સત્યનો પુર્ણ અંગીકાર કરી શકતા નથી તેઓનેબી ઘણો નહિ તો થોડાબી ફાયદો થશેજ. તે માંથ્રો આ છે:)**

**(૧૦) યસ્ચ[૧] મે[૨] અએતએષાંમ્[૩] યત્[૪] અજ્ઞિ-ચિથ્રનાંમ્,[૫] યો[૬] જનત્[૭] અએષાંમ્[૮] દએવનાંમ્,[૯] હુજંઘ્રાઇ[૧૦] હુજંઘ્રો[૧૧] પઇરિ,[૧૨] બએવરાઇ[૧૩] બએવનો[૧૪] પઇતિ.[૧૫] યસ્ક[૧૬] જઇન્તિ;[૧૭] મહ્રૂક[૧૮] જઇન્તિ;[૧૯] દએવ[૨૦] જઇન્તિ;[૨૧] પઇત્યાર[૨૨] જઇન્તિ;[૨૩] અર્ષમ-ઑઘો[૨૪] અનષવ[૨૫] જઇન્તિ;[૨૬] મઠ્યો-સાસ્ત[૨૭] જઇન્તિ.[૨૮]**

**(૧૧) અજ્ઞિ-ચિથ્ર[૨૯] જઇન્તિ;[૩૦] વૅહ્રૂકો-ચિથ્ર[૩૧] જઇન્તિ;[૩૨] બિજનઓ-ચિથ્ર[૩૩] જઇન્તિ;[૩૪] તરો-મત[૩૫] જઇન્તિ;[૩૬] પઇરિમત[૩૭] જઇન્તિ;[૩૮] તફ્નુ[૩૯] જઇન્તિ;[૪૦] સ્પજ્ગ[૪૧] જઇન્તિ;[૪૨] અનાક્ષ્ત[૪૩] જઇન્તિ;[૪૪] દુજ્દોઇથ્ર[૪૫] જઇન્તિ.[૪૬]**

**(૧૦-૧૧)** જે[૧] (તરીકતનો પાળનાર અષની મદદ માંગનાર) ‖ (હું છું, તે) મારાં[૨] (મારી અંદરનાં) ‖ તે બધાં[૩] ‖ અઝિ-ચિથ્રો=સાપની દસ્યલ ખાસીઅતનાં બીયાં-મુળોના[૫] ‖ તેને[૪] (એટલે ખાસ તે એબ જે ખીલવા માંગતી હોય તેને) ‖ જે[૬] (એટલે અષ-વહિશ્ત અને તરીકતનું જોર જેની ઉપર અષ-વહિશ્ત પ્રસન્ન છે તે બેઉ) ‖ મારે છે,[૭] (પણ તે બધાં ચિથ્રો ખલાસ થઇ રહયાં નથી માટે ખલાસ થાય ત્યાં લગી માર્યા કરે છે-મારી રહે છે.) ‖ (મારી અંદરના) ‖ તે બધાં[૮] ‖ દએવો-ભુલેલા વીચારો-માન્યતાઓ-ક્યાસના[૯] ‖ હઝારો હઝાર ગણાને[૧૦-૧૧-૧૨] ‖ દસ, સો, હઝારો-લાખ્ખો ગણાને[૧૩-૧૪-૧૫] ‖ માર્યા[૭] (પણ પુરા થયા નથી માટે માર્યા કરે છે-મારી રહે છે). ‖ દરદ[૧૬] (કંઇબી જાતનાં તન-મન-રૂવાનને લગતાંને) ‖ તે[૧૭] (અષ) મારે છે; ‖ કમોતને[૧૮] ‖ તે[૧૯] (અષ) મારે છે; ‖ કસર=અજ્ઞાનતાના દેવને[૨૦] ‖ તે[૨૧] (અષ) મારે છે; ‖ હોમ-લાને[૨૨] (તબાઇની આફતને) ‖ તે[૨૩] (અષ) મારે છે; ‖ અષોઇને રદ કરનાર[૨૫] ‖ આશ્મોઘ=દીન-દુશ્મનને[૨૪] ‖ તે[૨૬] (અષ) મારે છે; ‖ માણુસને દુખ દેનાર ઝુલ્મગાર[૨૭] (મતી) ને ‖ તે[૨૮] (અષ) મારે છે; ‖ સાંપના દંસ્યલ મુળો-આદતોનાં બીજોને[૨૯] ‖ તે[૩૦] (અષ) મારે છે; ‖ વરૂ જેવા વિક્રાળ સામટી રીતે મારનાર બાજોને[૩૧] ‖ તે[૩૨] (અષ) મારે છે; ‖ બે પગવાળાની આફ-તનાં બીજોને, માનવના બુરાં ફેલનાં બીજોને[૩૩] ‖ તે[૩૪] (અષ) મારે છે; ‖ તુન્દ તોછડી મતીને[૩૫] ‖ તે[૩૬] (અષ) મારે છે; ‖ પોતાની એબોથી અંજાણ બીજાને સતાવનાર ખાસીઅતને[૩૭] ‖ તે[૩૮] (અષ) મારે છે; ‖ ગરમ-કીના-ખોર ગીઝાઝ-ખાસીઅતને[૩૯] ‖ તે[૪૦] (અષ) મારે છે; ‖ નીંદાખોર hypocrite મતીને[૪૧] ‖ તે[૪૨] (અષ) મારે છે; ‖ દરેક સમાજની દુશ્મનાઇ કર-રવાની મતીને[૪૩] ‖ તે[૪૪] (અષ) મારે છે; ‖ બુરી ચશ્મને[૪૫] ‖ તે[૪૬] (અષ) મારે છે. ‖ **(હયાં કહે છે કે અષોઇના ઉગવાથી આવી બુરાઇઓ મરતી જાય છે. અષ-વહિશ્ત તે બધાંને ધીમે ધીમે ઇનસાફ પ્રમાણે હદ લાવીને સંકોચાવે છે).**

**(૧૨) દ્રઑઘો-વાક્ષ્-દ્રઑજિશ્ત[૧] જઇન્તિ;[૨] જહિ[૩] યાતુ-મઇતિ[૪] જઇન્તિ;[૫] જહિ[૬] કખ્શૅઘઇને[૭] જઇન્તિ;[૮] વાતો[૯] પૉઉરૂવો-અપાખ્તર[૧૦] જઇન્તિ;[૧૧] વાતો[૧૨] પૉઉરૂવો-અપાખ્તર[૧૩] અપ-નસ્યત.[૧૪]**

**(૧૩) યસ્ચ[૧૫] મે[૧૬] અએતએષાંમ[૧૭] યત[૧૮] બિજનઓ-ચિથ્રનાંમ[૧૯] યો[૨૦] જનત[૨૧] અએષાંમ[૨૨] દએવનાંમ,[૨૩] હજંધ્રરાઇ[૨૪] હજંધ્રરો[૨૫] પઇરિ,[૨૬] બએવરાઇ[૨૭] બએવનો[૨૮] પઇતિ.[૨૯] પઉર્વ-**

**નએમાત્[૩૦] પતત્[૩૧] દુયઑશ્[૩૨] દએવનાંમ્[૩૩] દ્રઑજિશ્તો[૩૪] અંઘ્રો મઇન્યુશ્[૩૫] પૉઉરૂ–મહ્રૂકો.[૩૬]**

(૧૨) જુઠ્ઠી જબાન–બોલના જુઠાણાની ખાસીઅતનું અત્યંત જુઠાણું જે બુરામાં બુરૂં કરી રહે છે તેને[૧] || તે[૨] (અષ) મારે છે; || વ્યભીચારી, નઇતીકના આંકોશને તોડતાં જડ શીક્ષણોને[૩-૪] || તે (અષ) મારે છે;[૫] || જડવાદનાં નઇતીક ભંગ કરતાં શીક્ષણોની બુરી અસરો અને આપોને[૭-૬] || તે (અષ) મારે છે; || અમર ગતીના ચળકાટ–નીતી–શાંતી–દરોસ્તીના ચળકાટથી દુરના, તનાસકમાં નાખનાર[૧૦] || પવન, બુરી સત્તા અને દુખ દરદને[૯] || તે[૧૧] (અષ) મારે છે; || અપાખ્તરના એટલે અમર ગતીની શાંતીથી દુરના એટલે જન્મ મરણમાં લાવનાર[૧૩] || પવન–હકુમત, દુખ દરદને[૧૨] || દુર કરીને તે[૧૪] (અષ) નાશ કરે છે; ||

(૧૩) જે[૧૩-૧૫] || (હું તરીકત પાળી અષને મેળવું તેવા) મારા[૧૬] || તે બધા[૧૭] || બે પગવાળા એટલે ઇનસાનમાં ઉભી થઇ શકતી બુરાઇનાં બીયાંઓના[૧૯] || તેને[૧૮] (એટલે ખાસ બુરાઇ જે ઉગવા માંગે છે તેને) || જે[૨૦] (એટલે અષ અને તરીકતનું જોર જે અષનો સંગ કરાવે છે) તે બેઉએ || માર્યા,[૨૧] (પણ હજુર પુરા થયા નથી માટે પુરા થાય ત્યાં લગી માર્યાજ કરે છે). || તે બધા[૨૨] || દએવો બુરી અજ્ઞાનતાની ગતીઓના[૨૩] || હઝારો હઝારગણી ગતીઓને,[૨૪-૨૫-૨૬] || લાખો લાખ ગતીઓને[૨૭-૨૮-૨૯] || (જે ઉપર જણાવેલા બેઉએ મારી પણ પુરી થઇ નથી માટે માર્યાજ કરે છે), || દએવોને[૩૩] || જુઠ્ઠામાં જુઠ્ઠી રીતે કામ કરતો[૩૪] || કમોત લાવવાથી માહિતગાર એટલે બુરાઇનું ઉભાણ કરીને કર્મનાં બંધનમાં લાવી કમોત લાવનાર સરદાર[૩૬] || અંગ્ર મીનો[૩૫] || પહેલી એટલે ફાવી જવાની બાજુએથી[૩૦] || આથમતી એટલે હારતી બાજુ તરફ[૩૨] || પડી ગયો[૩૧] (એટલે અષને લીધે એટલે બદીના ભલાઇમાં ફેરવાઇ જવાને લીધે બદીનાં બીયાં હવે રહયાં નથી, માટે ઘનાનું કામ જે બદીનાં બીયાંને ખીલવવાનું છે તે રહયું નથી, માટે કહે છે કે તે કામ કરવાની બાબદ જે પહેલી બાબદ છે તે હવે આથમતી બાબદ થઇ એટલે કામ પુરૂં થવાની બાબદ થઇ. એટલે કહે છે કે **જ્યાં અષોઇનું રાજ્ય હોય, ત્યાં સ્પેનાનો અધીકાર હોય, ત્યાં ઘના આથમતોજ થાય**). ||

**(૧૪) અદવત[૧] અંઘ્રો મઇન્યુશ[૨] પૉઉરૂ–મહ્રૂકો,[૩] આવોય[૪] મે[૫] બઘ[૬] અષ વહિશ્ત[૭] યસ્કનાંમ[૮] યસ્કોતૅમ[૯] જનાત્,[૧૦] યસ્કનાંમ[૧૧] યસ્કોતૅમ[૧૨] બ્બએષયાત.[૧૩] મહ્રૂકનાંમ[૧૪] મહ્રૂકોતૅમ[૧૫]**

૫૮.

જનાત્,[૧૬] મહુરૂકનાંમ[૧૭] મહુરૂકોતૅમ[૧૮] ઽઅએષયાત.[૧૯] દએવનાંમ[૨૦] દએવોતૅમ[૨૧] જનાત્,[૨૨] દએવનાંમ[૨૩] દએવોતૅમ[૨૪] ઽઅએષયાત્.[૨૫] પઈત્યારનાંમ[૨૬] પઇત્યારોતૅમ[૨૭] જનાત્,[૨૮] પઇત્યારનાંમ[૨૯] પઇત્યારોતૅમ[૩૦] ઽઅએષયાત્.[૩૧] અષૅમઑઘો[૩૨] અનષવ[૩૩] જનાત્,[૩૪] અષૅમઑઘો[૩૫] અનષવ[૩૬] ઽઅએષયાત્.[૩૭] મષ્યો-સાસ્ત[૩૮]-સાસ્તોતૅમ[૩૯] જનાત્,[૪૦] મષ્યો-સાસ્ત[૪૧]-સાસ્તોતૅમ[૪૨] ઽઅએષયાત્.[૪૩]

(૧૪) અંગ્ર મીનો એટલે મીનો નામની શકિત જે અંગ્રને એટલે દએવના દુખને-હવસોને ખીલવી કાઢીને પાપો કરાવીને સજાને પાત્ર એટલે કમોતને પાત્ર ઠેડવે છે તે[૨] ‖ કમોતથી ભરપુર એટલે કમોત ઉભુ કરાવવામાં, પાપોને ઉભરાવવામાં પહેલ્લે નંબરનો[૩] ‖ બુરી નીષ્ટાનુ બોલ્યો કે[૧] ‖ હલગીરીની વાત છે કે[૪] ‖ **બગ, અહૂનો તે ભાગ-શકિત રાખનાર અષ-વહિશ્ત** ‖ દરદોનાં[૮] ‖ બુરામાં બુરી રીતે કામ કરતાં દરદને[૯] ‖ મારશેજ,[૧૦] ‖ દરદોનાં[૧૧] ‖ બુરામાં બુરી રીતે કામ કરતાં દરદને[૧૨] ‖ કાબુમાં લાવીને નિર્થક કરશે;[૧૩] ‖ કમોતનાં[૧૪-૧૭] ‖ ઘણાં જલદીથી મોત લાવવાનું કામ કરતાં કમોતને[૧૫-૧૮] ‖ મારશેજ,[૧૬] ‖ કાબુમાં લઇને દુર કરશે;[૧૯] ‖ દએવોના અજ્ઞાનતાની ભુલાવો ખાતી ગતીઓના[૨૦-૨૩] ‖ બુરામાં બુગ દએવોના ફરેબથી થોકરાતી ગતીનાં કામને[૨૧-૨૪] ‖ મારશેજ,[૨૨] ‖ કાબુમાં લઇને નિર્થક કરશેજ;[૨૫] ‖ હોમલાને, બુરી તબઇના બુરા સંજોગોના મારને,[૨૬-૨૯] ‖ તેવા બુરા સંજોગોના કબસે લાવી મુકતી બુરામાં બુરી ગતીને[૨૭-૩૦] ‖ મારશેજ,[૨૮] ‖ કાબુમાં લઇને અસર વગરની કરશેજ.[૩૧] ‖ અપોઇને રદ કરતો[૩૩-૩૬] ‖ આશમોઘ-દીન દુશમનને[૩૨-૩૫] ‖ મારશેજ-કાબુમાં લઇને સુધારશેજ.[૩૪-૩૭] ‖ મરદુમ-આઝારી કરનારની[૩૮-૪૧] ‖ બુરામાં બુરી રીતે હલાક કરવાની ગતીને[૩૯-૪૨] ‖ મારશેજ,[૪૦] ‖ કાબુમાં લઇને રદ કરશેજ.[૪૩] ‖

(૧૫) અજ્ઞિચિથ્ર[૧]-અજ્ઞિચિથ્રોતૅમ[૨] જનાત્,[૩] અજ્ઞિચિથ્ર[૪] અજ્ઞિચિથ્રાતૅમ[૫] ઽઅએષયાત્.[૬] વૅહુરૂકો-ચિથ્ર[૭]-વૅહુરૂકો-ચિથ્રાતૅમ[૮] જનાત્,[૯] વૅહુરૂકો-ચિથ્ર[૧૦]-વૅહુરૂકો-ચિથ્રોતૅમ[૧૧] ઽઅએષયાત્.[૧૨] બિજનગ્રો-ચિથ્ર[૧૩]-બિજનગ્રો-ચિથ્રોતૅમ[૧૪] જનાત્,[૧૫] બિજનગ્રો-ચિથ્ર[૧૬]-બિજનગ્રો-ચિથ્રોતૅમ[૧૭] ઽઅએષયાત્.[૧૮] તરો-મત[૧૯] જનાત્,[૨૦] તરો-મત[૨૧] ઽઅએષયાત્.[૨૨] પઇરિ-મત[૨૩] જનાત્,[૨૪] પઇરિ-મત[૨૫] ઽઅએષયાત્.[૨૬] તફ્રુ[૨૭]-તફ્રુનોતૅમ[૨૮] જનાત્,[૨૯] તફ્રુ[૩૦]-તફ્રુનોતૅમ[૩૧] ઽઅએષયાત્.[૩૨] સ્પજગ[૩૩]-સ્પજગોતૅમ[૩૪] જનાત્,[૩૫] સ્પજગ[૩૬]-સ્પજગોતૅમ[૩૭] ઽઅએષયાત્.[૩૮] અનાક્ષ્ત[૩૯]-અનાક્ષ્તોતૅમ[૪૦] જનાત્,[૪૧]

અનાક્ષ્તૈ[૪૨]-અનાક્ષ્તોતૅમ[૪૩] ળ્અએષયાત્.[૪૪] દુજ્દ્દાઇથ્િ[૪૫]-દુજ્દ્દાઇ-થ્રોતૅમ[૪૬] જનાત્,[૪૭] દુજ્દ્દાઇથ્ર[૪૮]-દુજ્દ્દાઇથ્રોતૅમ[૪૯] ળ્અએષયાત્.[૫૦]

(૧૬) દ્રઍાઘો-વાક્ષ્-દ્રઍાજિશ્ત[૫૧] જનાત્,[૫૨] દ્રઍાઘો-વાક્ષ્-દ્રઍાજિશ્ત[૫૩] ળ્અએષયાત્.[૫૪] જહિ[૫૫] યાતુમઇતિ[૫૬] જનાત્,[૫૭] જહિ[૫૮] યાતુમઇતિ[૫૯] ળ્અએષયાત્.[૬૦] જહિ[૬૧] કપ્શર્ઁ-દઇને[૬૨] જનાત્,[૬૩] જહિ[૬૪] કપ્શરૅદઇને[૬૫] ળ્અએષયાત્.[૬૬] વાતો[૬૭] પૅાઉરૂવો-અપાખ્તર[૬૮] જનાત્,[૬૯] વાતો[૭૦] પૅાઉરૂવો-અપાખ્તર[૭૧] ળ્અએષયાત્.[૭૨]

(૧૫-૧૬) સાંપની તોખમના[૧-૪] ‖ બુરામાં બુરી ગતીથી કામ કરતાં તોખમને[૨-૫] ‖ મારશેજ,[૩] ‖ રદ કરીને તોડીને નીમુંળ કરશેજ.[૬] ‖ વરૂની તોખમનાં બુરામાં બુરી રીતે કામ કરતાં તોખ્મને[૭-૧૦-૧૧-૮] ‖ મારશેજ,[૯] ‖ અસર વગરના કરી તોડશેજ.[૧૨] ‖ બે પગવાળી વ્યકતીનાં ચિથ્રો-તોખ્મના[૧૩-૧૬] ‖ બુરા ફેલથી બુરૂ કરી શકનાર કાતીલમાં કાતીલ તોખ્મને[૧૪-૧૭] ‖ મારશેજ,[૧૫] ‖ અસર વગરના કરીને રદ કરશેજ.[૧૮] ‖ તુન્દ ગતીને[૧૯-૨૧] ‖ મારશેજ,[૨૦] ‖ આજેઝ કરી નમાવશેજ.[૨૨] ‖ હકુમત ખોરી-દસ્ત બેસાડનારી ગતીને[૨૩-૨૫] ‖ મારશેજ,[૨૪] ‖ અસર વગરની કરશેજ.[૨૬] ‖ ગરમ તપતી ગતીનાં[૨૭-૩૦] ‖ ખુબ તપતાં-બાળતાં કામને[૨૮-૩૧] ‖ મારશેજ,[૨૯] ‖ અસર વગરના કરી નિર્થક કરશેજ.[૩૨] ‖ ઢોંગ કરતી, સામાને બદનામ કરતી, પોતાની ભુલો કરતાં ઓછી ભુલોવાળાને આંગળી કરતી ગતીનાં[૩૩-૩૬] ‖ બુરામાં બુરી રીતે કામ કરતી મન શકિતને[૩૪-૩૭] ‖ મારશેજ,[૩૫] ‖ નીમુંળ કરશેજ.[૩૮] ‖ દોસ્તી વગરના-ભાંજફોડ કરનારાની[૩૯-૪૨] ‖ બુરાંમાં બુરી રીતે ભાંજફોડ કરવાની ગતીને[૪૦-૪૩] ‖ મારશેજ,[૪૧] ‖ બુરી અસર વગરની નીર્થક કરશેજ.[૪૪] ‖ બુરી ચશ્મને[૪૫-૪૮] ‖ બુરી ચશ્મની બુરાંમાં બુરી અસરને[૪૬-૪૯] ‖ મારશેજ,[૪૭] ‖ અસર વગરની નિર્થક કરશેજ.[૫૦] ‖ જુઠઠી જબાનનો જુઠઠામાં જુઠઠી રીતે ઉપ-યોગ કરવાની ગતીને[૫૧-૫૩] ‖ મારશેજ,[૫૨] ‖ રદ કરશેજ.[૫૪] ‖ જનાકાર, નીતીબંધન વગરના જડવાદને, અસરે-તારીકી ઉભી કરતી ગતી શીક્ષ-ણને[૫૫-૫૬-૫૮-૫૯] ‖ મારશેજ,[૫૭] ‖ તેના ઝહેર-બુરી ગતીને રદ નિર્થક કર-શેજ.[૬૦] ‖ નીતી-બંધનને ઢીલા કરનારી બુરી અસર, બુરી વાસ્નાને[૬૧-૬૨-૬૪-૬૫] ‖ મારશેજ,[૬૩] ‖ અસર વગરના કરશેજ.[૬૬] ‖ ઉત્તર તરફના સીધ્ધા એટલે પુર જોરવાળા[૬૮-૭૧] ‖ પવન-હકુમત અને બુરાં દુખદરદોને[૬૭-૭૦] ‖ મારશેજ,[૬૯] ‖ અસર વગરના કરશેજ.[૭૨]

(૧૭) અપ-નસ્યાત[૧] દ્રુક્ષ,[૨] નસ્યાત[૩] દ્રુક્ષ,[૪] દ્રશાત[૫] દ્રુક્ષ[૬]

**વીનસ્યાત્,[7] અપાખ્તરે[8] અપનસ્યેહે.[9] મા[10] મૅરૅન્ચહીનીશ[11] ગએથાઓ[12] અસ્તવઈતીશ[13] અષહે.[14]**

(૧૭) દુજ-બુરી ઘટતીની અસરો જે કંઇ હોય તે[2] || †સંપુર્ણ[8] નાશ પામે ![1] || દુજ[4] || નાશ પામે ![3] || દુજ[6] || દુર લગી[5] || પાછો નહિ ફરે તેમ નાહસી જાય ![7] || ઉત્તર તરફ[8] || નાશ પામે, પાછો ફરેજ નહિ ![9] || અષોઇની[14] (અષોઇ તરફ જઇ રહેતા) || હાડમંદ[13] || સંસ્થા-અંગો[12] || માર ખાય-પાપમાં ફસવા લાયકના બને[11] || એમ થાય નહિ ![10] ||

---

† હયાં દ્રુજનો નીકાળ ચહડ ઉતર રીતનો કહયો છે તેમાં અર્થ છે. જરથોસ્તી દએન હદ અને ઇનસાફ ઉપર પોતાની રચનાને મુકે છે. દરેક ચીજ જે પેદા થઈ તે ઇનસાફથીજ થઇ. પેદાયશને 'હદ' કહે છે, કેમકે જો હદ હતે નહિ તો પેદા થવાની જરૂર હતીજ નહિ; પછી તો પોતે અમર ગતીમાંજ રહેતે. પણ હદમાં એટલે અમર નહિ તેવી ગતીમાં આવવા લાયકનું હતું એમ ઇનસાફની રૂયે 'હદ' હતી તોજ સૃષ્ટી થઈ અને આ હદને પાછી ઈનસાફનીજ રૂયે સંકોચાવીને એટલે હદ દુર કરીને અમર ગતી લાવવામાં આવશે. હદમાં સંકોચાવા જેવું તત્વ છે તેને દ્રવાઓ-અજ્ઞાનતા કહે છે. હદ એટલે દ્રવાઓ; ત્યારે દ્રવાઓની અજ્ઞાનતા સંકોચાવી દુર કરી તેનો નાશ કરીને જ્ઞાનમાં ફેરવીને તેને અમર ગતીમાં 'હુદાઓંઘહ'માં લાવવી છે. 'હુદાઓંઘહ' એટલે માહા જ્ઞાનનું ડહાપણ જે મનન કરે છે કે 'હું કંઈજ નથી; જે કંઈ છે તે તેજ અહુજ.' જયારે દ્રવાઓ તો કહેતો-માનતો હતો કે હું કંઈક છું, મને કશાંની જરૂર નથી. ત્યારે જેબી ઇનસાનમાં ઇનસાફની રૂયે 'દ્રુજ' એટલે તેનામાંની કસરની ગતી રહેવા, બુરી અસર કરવા સરજાઇ નહિ હોય તેવી કસરનો નારા સદંતરજ થાય એમ કહયું છે, જેને માટે 'અપ નસ્યાત્' શબ્દ વાપરેલો છે. પણ જેબી ઇનસાનમાં હજુર માદદો ખીલેલો નથી, હજુર તેમાં ભુલાવો છે, માટે ભુલાવાનો કર હજુર તેની ઉપર ઈનસાફની રૂયે લાગેલો છે, તેનો કર તો આપવો પડશેજ. માટે દ્રુજી ગતીના ભુલાવામાં તે જરાબી ભમારો પણ તેનાં અંતકરણમાંની સુધરવાની રમી રહેતી ગતીથી તેના ઉસ્તાદો તરતજ તેને રોકી પોતા તરફથી તેની કચાસને દુર કરશે-એમ જરાકબી રીતે દ્રુજનો ભોગ તે થઇ પડીને પછી તેનો કર આપી એટલે કંઇક હુંપણાનો દુખ-પસ્તાવો-પાદે ફ્રા ભોગવીને આગળ વધશે. આવો ભેદ બતાવવા 'નસ્યાત્' શબ્દ એકલોજ વાપરેલો છે. ત્યાં 'અપ' શબ્દ વાપરેલો નથી. પછી બીજા જેઓ હુંપણામાં અટવાયા કરે છે છતાંબી તેઓને તેઓની ખુદ પરસ્તીનું ભાન થતાં-ખરી મીન્નતજારીથી વધવા માંગે છે તેઓને માટે ઉત્તર તરફ દ્રુજ દુર જાય કે પાપમાં તેઓ ફસે નહિ એમ દુઆ કહી છે. આમ ત્યારે અવસ્તાના શબ્દે શબ્દમાં હકીકતી મઆની છે.

**(૧૮) અહે[૧૫] રય[૧૬] ખરૅનંઘ્હચ,[૧૭] તૅમ[૧૮] યજાઇ[૧૯] સુરૂન્વત[૨૦] યસ્ન[૨૧] અષૅમ્ વહિશ્તૅમ્[૨૨] સ્રએશ્તૅમ્[૨૩] અમૅષૅમ્ સ્પૅન્તૅમ્;[૨૪] જઑથ્રાબ્યો[૨૫] અષૅમ્ વહિશ્તૅમ્[૨૬] સ્રએશ્તૅમ્[૨૭] અમૅષૅમ્ સ્પૅન્તૅમ્[૨૮] યજમઇદે.[૨૯]**

(૧૮) તેના[૧૫] (અષ વહિશ્તના) ‖ પુર્ણ ચળકાટ-જ્ઞાન,[૧૬] ‖ ખોરેહ-ભલી અસર-ભલા આશીરવાદોને માટે[૧૭] ‖ (એટલે અષ મદદે આવે છે અને આશીરવાદો ઉતારે છે માટે) ‖ તેને[૧૮] (એટલે) ‖ અષ વહિસ્ત જે[૨૨] ‖ ઉત્તમમાં ઉત્તમ ચળકાટવાળો ઉત્તમતા આપવા માટે પોતા તરફ ખેંચવાનો પ્રતાપ રાખે છે તેને[૨૩] ‖ સંભળાય તેવી-જવાબ મળે તેવી પરંપરા ઉતરી આવતી[૨૦] ‖ યસ્ન-ભણતરથી[૨૧] ‖ હું ઈજુ, જશ મળું, એકતાન થાઉં.[૧૯] ‖ આલાતો મારફતે ખુદ આલાત થઇ-અહુરમજદ મળે તેવો થઇ બીજા દીની આલાતો વડે[૨૫] ‖ ચળકાટ સાથના ઉત્તમતા અપાવવા માટે અહુરમજદ તરફ ખેંચાણ કરવાનો પ્રભાવવાળા[૨૭] ‖ અમશાસ્પંદ[૨૮] ‖ અષ-વહિસ્ત સાથે[૨૬] ‖ એકતાન થઇએ છીએ.[૨૯] ‖

**હઑમ યો ગવ બરૅસ્મન, હિજ્વો-દંઘ્હંઘ્હ, માંથ્રચ, વચચ, શ્યઑથ્નચ, જઑથ્રાબ્યસ્ચ અર્ષુખ્દએઈબ્યસ્ચ વાઘ્જિબ્યો.**

**યેંઘ્હે હાતાંમ્ આઅત્ યેસ્ને પઇતિ વંઘ્હો,**
**મજ્દાઓ અહુરો વએથા અષાત્ હચા,**
**યાઓંઘ્હાંમ્ચા તાંસ્ચા તાઓસ્ચા યજમઇદે.**

(બાજમાં પઢે.) **અહુરમજ્દ ખોદાએ, અવજૂનીએ મરૂદુમ, મરૂદુમ સર્દગાંન્, હમા સર્દગાંન્, હમબાયસ્તે વેહાંન્, ઑએમ બેહેદીન્ માજ્દયસ્નાંન્ આગહી આસ્તવાની નેકી રસાનદ; અએદૂન્ બાદ.** (કુશાદે પઢે.) **યથા અહૂ વઇર્યો ૨.**

**યસ્નૅમ્ચ વહ્મૅમ્ચ અઑજસ્ચ જવરૅચ આફ્રીનામિ, અષહે વહિશ્તહે સ્રએશ્તહે, અઇર્યમનો ઇષ્યેહે સૂરહે મજ્દદાતહે, સઑકયાઓ વંઘ્હુયાઓ વૅઉરૂ-દોઇથ્રયાઓ મજ્દદાતયાઓ અષઑન્યાઓ. અષૅમ્ વૉહૂ ૧.**

☞ **અહ્માઇ રએશ્ચ; હજંઘ્રૅમ; જસ મે અવંઘ્હે મજ્દ; કૅરૂફેહ્ર મોજ્દ.**

☞ [નોંધ: અહીં રોજ નેક નામવાળો અસલ ફકરો પઢવાનો છે તે માટે, તેમજ રોઝ–માહ સાથના વધુ વિસ્તારના કદમી કેતાઓમાં આપેલા વધુ મિશ્ર કરવા હોય તો, જુઓ ઉપર પાને ૨૨૭ મે થી ૨૩૩ પાના સુધી.]

(બીસ્તા પઢવું) નમાજ દાદારે ગેહાંન્ દામાંન્. (કુશાદે પઢવુ) ક્ષ્નઑથ્ર અહુરહે મજ્દાઓ. તરોઇદીતે અંઘ્રહે મઇન્યેઉશ. હઇથ્યાવર્ષ્તાંમ્ હ્યત્ વસ્ના ફ્રૅરષોતૅમૅમ. સ્તઑમિ અષૅમ. અષૅમ્ વૉહૂ ૧.

વર્જે ખુર્હ અવજાયાદ્ અરદીબેહેશ્ત્ અમશાસ્પંદ્ બેરસાદ્, અમાવંદ્ ફીરોજગર્ અમાવંદી ફીરોજગરી. દાદ્ દીન્ બેહ માજદયસ્નાંન્, આગહી રવાઇ વાફ્રીન્ગાંની બાદ્ હફ્ત કેશ્વર્ જમીન્; અએદૂન્ બાદ્. મન્ આનો આવાયદ્ શુદન્, મન્ આનો આવાયદ્ શુદન્, મન્ આનો આવાયદ્ શુદન્. અષઑને* અષૅમ્ વૉહૂ ૧.

☞ (દક્ષિણ દિશા તરફ મોહોડું કરીને પઢે.) (બીસ્તા પઢવું:) દાદારે ગેહાંન્, દીને માજ્દયસ્ની, દાદે જરથુશ્તી. (કુશાદે પઢવું:) નૅમસૅ-તે અષાઉમ્ સૅવિશ્તે અર્દ્વિ સુર અનાહિતે. અષઑને* અષૅમ્ વૉહૂ ૧.

નૅમો ઉર્વઇરે વંઘ્વ્હિ મજ્દદાતે. અષઑને* અષૅમ્ વૉહૂ ૧.

અષૅમ્ વહિશ્તૅમ્ સ્રએશ્તૅમ્ અમૅષૅમ્ સ્પૅન્તૅમ્ યજમઇદે. અષૅમ્ વૉહૂ ૧.

(બીસ્તા પઢવું.) અર્દીબેહેશ્ત્ અમશાસ્પંદ્ બેરસાદ્. અષૅમ્ વૉહૂ ૧.

---

* સમજ માટે જુઓ પાને ૨૩૪ થી ૨૩૫ મે.

## $અરૂદીબેહેશ્ત યશ્તની નીરંગ.

(એ નીરંગ અરૂદીબેહેશ્ત્ યશ્ત પઢયા પછી ત્રણ વાર પઢે.)

**ક્ષ્નઑથ્ર અહુરહે મજ્દાઓ. અષૅમ્ વૉહૂ ૧.**

☞ (બીસ્તા પઢવું) **દાદારે[1] જેહાંદારૂ[2] તવાનાં[3] વ દાના,[4] વ પર્વરૂતારૂ[5] વ આફૂરીદગારૂ,[6] વ કૅરૂફેહ્ગરૂ[7] વ અવખ્શીદારૂ.[8] અહીરીમન્[9] હીચ[10] નાદાંન્,[11] નતવાંનદ્[12] બ હીચ્ ચીજ[13] નશાહેદ્.[14] અહુરમજ્દ[15] દાદારી,[16] અહીરીમન્[17] મરોચીનીદારી.[18] દાદારૂ[19] પાક્,[20] અહીરીમન્[21] નાપાક્;[22] અહીરીમન્[23] ખાક્ શવદ્,[24] અહીરીમન્[25] દૂરૂ શવદ્,[26] અહીરીમન્[27] દફે શવદ્,[28] અહીરીમન્[29] શેકસ્તેહ્ શવદ્,[30] અહીરીમન્[31] હલાક્ શવદ્.[32] અવ્વલ્[33] દીન્[34] જરથુશ્તી[35] પાક્;[36] અહુરમજ્દ[37] બુલંદ્,[38] કવી,[39] બેહ્,[40] અવજૂની.[41] અષઑને* અષૅમ વૉહૂ ૧.**
(ત્રણ વાર પઢે.)

દાદાર પેદા કરનાર અને વ્યવસ્થા કરનાર,[1] ‖ જેહાનને[2] (જીવતી જાગતી ભોગવટો કરે તેવી) રાખનાર, ‖ શકિતઓ સાથના,[3] ‖ દાના, એટલે **'યવએચ યવેતાએ'**ના સાતેસાત કાળમાં જે કંઇ થશે તેની પુર્ણ માહીતીથી ઇનસાફ પ્રમાણે વર્તનાર—રજેરજની રાહબરી કરીને પોતામાં મેળવી શકવાની ઉતમમાં ઉતમ બએોદના પ્રભાવવાળો,[4] ‖ પરવરશ આપનાર જીવ

---

$ આ નીરંગમાં આપેલા શબ્દોની ઉંડાણ ગતી નહિ સમજવાથી આજના કેટલાકો એવું કહેવાની સરકશી કરે છે કે આ નીરંગના લખનારને જરથોશ્તી દએન ખબર નહિ હોય, કેમકે તેમાં અહુરમજદની સામે અહીરીમનને મુકેલો છે. પણ જરથોશ્તી દએનની તાવીલ-નીકીઝમાં દુઇ-અદુઇની સમજ છે તે ઉપરથી માલમ પડશે, કે આ નીરંગ ઘણીજ ઉત્તમ અને દએનનાં રહસ્યવાળી છે, અને ભણનારમાં 'બુરાઇ' ઉપર બતાવેલાં બુરાં ચિહ્નો જે કંઇ તે ભણનારમાં હોય તે બધાંનો તે ભણનારને હોશ કરાવનાર છે. શબ્દોના ઉંડા લોઘતીક અર્થોથી એ નીરંગની કંઇક ખુબી માલમ પડી શકે. **દાદાર**ના અર્થમાંબી ભેદ છે. **અહીરીમન**ના અર્થમાંબી મોટો ભેદ છે, વીગેરે વીગેરે. જરથોશ્તી દએનમાં ધનામીનની શકિત અને અહીરીમનની ગતીના મોટા ભેદો છે, અને ધનામીન પોતાના અધીકારને જોરે બુરાઇ અહીરીમનની ગતીને કેમ ઉભાવે છે તેના ભેદો છે. હયાં 'ધના'ને લીધો નથી પણ બુરાઇ જે જામી રહે છે તેને આખરે તે દાદાર ફેરવશે, બધું ઇનસાફથી થશે, તેનો ચીતાર આપેલો છે. આમ જલદી થાઓ એમ દુઆ કીધી છે.

જે મળ્યો છે તેનું પાળન કરનાર,[૫] || જીવજાન આપનાર, આગળ વધવા માટે જીવન આપનાર[૬], || સવાબ રાખનાર, જગતને આશીરવાદોથી ઉભું કરીને સવાબ તરફ લઇ જવાની મતી રાખનાર,[૭] || દરેક ઉપર નેગાહ રાખી ઇનસાફ પ્રમાણેની હદ લાવનાર માટે પુર્ણ ચોકાસી અને ઇનસાફ-વાળા[૮] || ( દાદારની ગતી આ જગતમાં ચાલુ છે, જેની અંદર તેની હીક-મત રહી છે, તે હિકમતથીજ સૃષ્ટીમાં સામસામી ગતી ચાલુ છે તેવી સામ-સામી ગતી નામે દુઇને લીધે દાદારની ફેરફેની ગતીથી ઉલટી અઝિની સાંપની દંસ્યલ એટલે સ્વાર્થી નાશવાળી ગતીબી ચાલી રહી છે, જેને **અહીરી-મન** કહે છે, જે) || અહીરીમન[૯] (ની જુઝની કુદરતી ગતી એટલે દાદારની ધારણા પ્રમાણે નહિ ચાલતી ભુલાવો ખાતી ગતી, તે સાંપની માફક જરા જરામાં ડંખે છે તે ગતી) || તુચ્છ જેવી, શકિતઓ વગરની–સવાબને રોકવા માંગે પણ રોકી શકે નહિ તેવી કુચ્છ બીસાદની છે,[૧૦] || તેની મકદુરી કંઇ છેજ નહિ,[૧૧] || ગમે તેવી, નકામી જેવી, નાની નહિ જેવી રજકણુનેબી[૧૩] || તે દાદારની મરજી વીરૂધ કહેતા ઇનસાફ વીરૂધ લઇ જઇ એવો નાશ કરી શકે નહિ, કે તેમાંથી ભલું નહિજ નીપજે.[૧૪] || અહુરમજદ[૧૫] ( તેનો હોકમ તે પ્રમાણે ચાલી રહેતું જગત કે જેમાં અહીરીમનબી ઇનસાફની રૂયે એવો થયો તે બધું) || ભોગવટો કરાવવાના ઇનસાફના કાયદાનો રાખનાર–ચલાવ-નાર, ભોગવટો કરાવીને સુધારનાર, દુઇને કાઢીને અદુઇ કરવાની ગતીવાળો છે;[૧૬] || અહીરીમની સ્વાર્થી ગતી, સામાને ભોગે જીવતી ગતી[૧૭] || નાશ કરવા-વાળી, તેમાંથી ભલું નીપજે તેવું નહિ કરવાવાળી છે.[૧૮] || (એમ ત્યારે) દાદાર[૧૯] (ઇનસાફનો રાખનાર એટલે) || પાક છે,[૨૦] (ભલી નજરનો ફ્રષો–ફેરેતીવાળો છે). || અહીરીમન[૨૧] (સાંપની નાશની વૃત્તીવાળો, ભલાઇનો જન્મ નહિ થાય તેવો નાશવાળો, માટે) || પાકીઝગીથી ઉલટો, ભલાઇ જામે તેથી ઉલટો છે;[૨૨] || (આવી કીસમનો) અહીરીમન બુરી સ્વાર્થી ગતી[૨૩] || ખાકમાં મળશે એટલે એક દીન તેની તુન્દ ગતીનો નાશ થઇ તે પોતે નમાનો થશે.[૨૪] || (પણ તેમ થતાં તો વાર છે માટે હાલ તુરત તો તે સૃષ્ટીમાં બુરાઇ કરતો તે) અહીરીમન[૨૫] || દુર થાય ! પોતાનું કામ ઇનસાફ ઓળંગીને કરવા નહિ જાય ![૨૬] || તે અહી-રીમન[૨૭] || એમ દફે થતો જાય[૨૮] ! || તે અહીરીમનનું તેવું બુરૂ કરવાનું[૨૯] || કામ તુરત કમજોર થાય[૩૦] ! || ( એમ ) તે અહીરીમન[૩૧] || હલાક થાય, પોતાનાં કામમા હરકત પામે[૩૨] ! || પહેલી એટલે આખરને છેડે લઇ જવામાં ઉત્તમ બીનહરીફ[૩૩] || દએન,[૩૪] (માટે) || સ્વાર્થ રહીતની બીજાને દોરવનાર એટલે પાક[૩૬] (દએન) || જરથોસ્ત સાહેબની છે.[૩૫] || અહુરમજદ[૩૭] || બુલંદ નેમનો, બધાને બચાવનાર[૩૮] || (અને તેમ કરી શકે તેવો) કવી=શકિતવાન[૩૯] ||

પરદુખભંજનની ભલી નેમવાળો[૪૦] (અને) || રજેરજનેબી આખરે બચાવીને વધારશેજ તેવો છે.[૪૧] || અષોઇ જામે કે અહુરમજદનાં તેવાં કામને પુર્ણ જોર મળે. મારાં ભણવાથી તેવું જોર ઉભુ થાય. અર્યમનાં આ ભણતરથી તેમ થઇ રહો! અર્યમ ૧)

# સરોશ યશ્ત હાદોખ્ત.

## સરોશ યશ્ત હાદોખ્ત માટે શરૂઆતી ખુલાસો

આ યશ્તને **સરોશ યશ્ત હાદોખ્ત**ને નામે ઓળખે છે, એટલે સરોશના નાદ સાથે મેળાપ કરાવી આપનાર યશ્ત કહે છે. હાદોખ્ત શબ્દમાં '**હદ**' અને '**ઉખ્દ**' બે આકારો છે. '**હદ**' એટલે સાથે અને '**ઉખ્દ**' એટલે ખાસ ઉચ્ચારનો નાદ. આમ હાદોખ્ત એટલે ઉખ્દ સાથની એટલે આલાતરૂપની હાલત ઉભી કરાવનારી આલાતમાં યજતનું અને અહુનવરના નાદનું રહેઠાણ હોય છે એટલે યજતનો અને અહુનવરના નાદનું ખેંચાણ કરાવનાર–અહુનવરના નાદ સાથે મેળાપ કરાવનાર એમ અર્થ થાય છે. આવી '**હદ–ઉખ્દ**'ની ગતીના ભેદોની ઉકેળ માટે હાદોખ્ત નસ્ક હતો જેમાં આ યશ્તની મજમુન બતાવી હતી. ત્યારે ઇનસાનની ચાલુ જીંદગીમાં 'સ્રઓષેમ'ની ગતી તેના પંજે–ઝરવીકશે–બાતેનમાં એટલે તેનાં ધ્યાનમાં વધે અને સરોશ યજતનો અને તેના હમકારોનો સંબંધ સચેત રહે માટે એ યશ્ત ઉભી થઇ છે, જેની સમજ નીચે આપેલી છે. સાધારણ ઇનસાનની જીવતી હાલતને માટે તેનું ભાન સચેત થઇ સરોશની ગતીમાં જોડાય માટે આ યશ્ત આપી છે, અને રાતની સરોશ જે રાત્રે ભણાય છે તે યશ્ત જેને **"યશ્તે સે શબ"** કહે છે તે તેનાં ભાનને ગુજર્યા પછી ગેતીનાં આકર્ષણમાંથી છોડવે છે–તેને **સે શબ** એટલે ક્ષફન તરફનું ભાન, અંધકાર તરફનું ભાન એટલે દુજો–દેમાન તફનું ભાન જે ત્રણ દાહાડા લગીજ રહેવું જોઇએ, તેટલુંજ રહેવા દઇને પછી ચેહારમથી તેને ચીન્વત તરફનાં ભાનમાં મુકીને પુર્ણ અનુશેહી અપાવે છે, અને **બંદ દરેશને** એટલે રૂવાન ઉપરની બેડીને એટલે રૂવાનની સંકોચીત થયલી રયની હાલત, જે હાલત તે રૂવાનની ઉપર તેનાં તનમાં આવવાને લીધે અને તન મારફતે ગેતી સાથના સંબંધમાં આવવાને લીધે થાય છે; તેવા સંબંધથી ઉભા થતી તે રૂવાનની રયની સંકોચીત હાલતને અને તન તેમ ગેતી સાથના સંબંધને

તોડાવી નાંખે છે. માટે રાત્રે જીવતી હયાતીમાં તે 'યશ્તે સે શબ' ભણુવાની છે, કે જેથી ગુજર્યાં પછી તે તેને કામે લાગે અને જીવતી જીંદગીમાં જાદુગરીઓનો પાસ-દ્રવંદીનો પાસ-કે જેથી બંદ દરોશ મજબુત થઇને ગુજર્યાં પછી રૂવાનને ગેતી તરફજ ખેંચી રાખશે તેવો તે પાસ જીવતી જીંદગીમાંજ તુટતો રહેશે. ગુજરનાર રૂવાનને માટે રાતની સરોશ ભણાવવાનો ખાસ હોકમ છે, કેમકે ગુજરનાર રૂવાન જો ગેતી તરફ આકર્ષાયા કરતું હોય તો તેનું તેવું આકર્ષણ તેના ભણાવાથી તુટે છે. પણ હાદોખ્ત યશ્ત તો રૂવાનના પંજે-ઝરવીકશે-બાતેનની હીફાઝત કરવાની શક્તિ રાખે છે, એટલે તે ભણનારનાં ભાનને જરથોસ્તીપણામાં પકડી રાખે છે. **બનતાં લગી ગુજરનારને માટે તો તેનાં રૂવાનના બંદ દરોશને ઉકેલવા પહેલે કાળજી કરવી જોઇએ, જેને માટે પતેતે-રૂવાની અને રાત્રીની સરોશ અમુલ્ય છે.** પણ જો ગુજરનારને માટે હાદોખ્ત યશ્ત કરે, તો તેથી તે ગુજરનારના પંજે ઝરવીકશ બાતેનને મદદ મળે, અને તે પંજે ઝરવીકશ બાતેનમાં સરોશની ગતી વધુ આવવે પછી તેને જોરે ગેતી તરફનું આકર્ષણ તુટવા માંડે, જે ત્યારે આડકત્રી બીના થઇ, જ્યારે રાત્રીની સરોશ યશ્ત જેને સરોશે-સે શબ કહે છે, તે તો બંદ દરોશને સીદ્ધી રીતે તોડી શકે છે એટલે રૂવાનનાં ભાનને ગેતી તરફથી તુરતજ જલદીથી મોકળું કરી શકે છે. માટે ગુજરનારના બાબમાં તે રાત્રીની સરોશને પસંદગી આપવી ઘટારત છે. ઉપર કહયું છે તેમ રાત્રીની સરોશ જીવતાં ઇનસાનોમાં જમાનાની દ્રવંદી તેના નફસો લગીમાં પેવસ થઇ હોય, અથવા નવી બદી પેવશ થવા માંગતી હોય, તેઓને તેની હૈયાતીમાં તોડીને દુર કરી શકે છે, અને દીવસની હાદોખ્ત પછી તેવા નફસોમાં સરોશની ગતી તેનાં ભાન મારફતે મુકી શકે છે.

આદમ જાતમાં ઇનસાનીઅત ઘણી કે થોડી હોય છેજ, જેથી ગમે તેવો બુરામાં બુરો ઇનસાન ૨૪ કલાકની તેની ગમે તેવી બુરામાં બુરી કારદાનીમાં કંઇક ભલાઇ તો ઉભી કરે છેજ. જો એમ ભલાઇ નહિ ઉભી થાય તો તે નેજાતે પુગે નહિ. પણ જ્યારથી બગોબખ્તની ગતીએ તબઇ વકાર શરૂ કીધા, ત્યારથી તે બગોબખ્તની સાથે ફ્રશો-કેરેતી રહેલીજ છે, એટલે બુરાંમાં બુરાં ઇનસાનની ગમે તેવી બુરી તબઇ હોય, તેનાં શરીરમાં ગમે તેવું બુરૂકાર થયું હોય છતાંબી તેમાંબી પેલી ફ્રશો-કેરેતીનો કંઇક અર્થ સાથે સાથે રહેવોજ જોઇએ. એમ ત્યારે કહેવાની મતલબ એ છે કે ઇનસાન દરરોજ કંઇ અને કંઇ ભલાઇ ઉભી કરે છેજ. આ ભલાઇ વીચારમાં, બોલમાં અને કામમાં જરાતરાબી હોવીજ જોઇએ. ઇનસાનને તેના ધર્મોના બાપો, જેઓ નેજાતે પુગેલા છે, તેઓની બવી સાથનો સંબંધ હોય છેજ. આ સંબંધ ઘણો

કે થોડો રહે છેજ. આ સંબંધથી તે ઇનસાનમાં તે મુકિનએ પુગેલાં રૂવા-નોની સદ ગતી ઉતરી રહે છે. જે ધણે ઉપરથી નીચે તેની ઉપર આવવે તેને વૉઉરૂ-કુષ ય. વરકુશ દરયો કહયો છે, જેમાં પાંચના અએહાદની વસીઅત એટલે અહુરાની મરજી બજા લાવીને તેની વફાદાર નોકરી તાબેદારી નામે અઓષેમ કરવી એવો સંદેશો-સલાહ હોય છે, જેથી તે ઇનસાનમાં ભાનની ગતી ઉભી થાય છે અને તે ઇનસાનના ભાનમાં પછી નેકી કરવાનો જોશ ૨૪ કલાકમાં થોડીક મીનીટબી ઉપડયા વગર રહેતો નથી. આમ પંજે ઝરવીકરી બાતેન દરેક ઇનસાનમાં હોય છેજ, અને દરેક ઇનસાન ચાલુ જીંદગીમાં તેમાં વધારો કરે છેજ, અને જે કંઇ વધારો થયો તેની ઉપર પાયૂ યજત તરીકે-ચોકી કરનાર યઝત તરીકે સરોશ હોય છેજ. આ કુદરતી સચ્ચાઇ છે.

ત્યારે દરેક ઇનસાને તરીકત ઉપર રહીને પોતામાં ગવ-બરેસ્મનની નેકી ઉભી કરવી. ઇનસાન દુન્યાના વ્યવહારમાં સાચ્ચો રહે છે ત્યારે તેની સચ્ચાઇ જે ઉભી થાય છે તેને ગવ કહે છે, અને ઇનસાન તરીકત પાળીને દુજ-પરહેઝ કરે છે એટલે શરીરમાંથી નીકલતી દુજી ગતીને રોકીને જમીન તરફ મોકલાવ્યા કરે છે, અને હવામાં ફેલાવા દઇને જગતને નુકસાન કરવા દેતો નથી, ત્યારે તેવી તે તરીકતથી તેની ગવની ઉપર એક સુદરેહ ઉભો થાય છે, અને દુજ-પરહેઝમાં જે માંથ્રો ભણે છે તેની કુસ્તી થઇને સુદરેહ ઉપર લપેટાઇ રહે છે. એમ તે ગવના સુદરેહ ઉપરની કુસ્તીને બરેસ્મન કહે છે. એમ તેમાં ગવ બરેસ્મનનો ભેદ ઉભો થાય છે. આમ થયા પછી જ્યારે જ્યારે તે ગેહ ગેહની કુસ્તી કરીને સરોશ યશ્ત હાદોખ્ત ભણે છે ત્યારે તેના ભણતરથી ઉઝ્દની ગતી ઉભી થાય છે એટલે તેના સુદરેહ-કુસ્તી કે જેઓમાં અહુરમજદ અને જરથુસ્ત્રનો અખીકાર છે અને અષો જરથુસ્ત્રની મીનોઇમાં ઉભી કીધેલી ગાસની તલેસમમાંથી પડી રહેલા આશીરવાદો રહયા હોય છે, તેવા તે સુદરેહ-કુસ્તીમાં સચેત ગતી-કામ કરવાની શકિત ઉભી થાય છે જેમાંથી જે નાદ નીકળે છે, તેને ઉઝ્દ કહે છે, જેને 'અર્શુખ્દએઇબ્યસચ વાઘ્જ્ઞિબ્ય' કહે છે, એટલે રાદી સાચ્ચા નાદોની ગતી-યઝતી ગતીના જેવા નાદોની ભલા આકારવાળી ગતી કહે છે. આમ એક તલેસ્માતીક ગતી તેના સુદરેહમાં ઉભી થાય છે, અને તે ગતી પછી કુદરતમાં જે અહુનવરનો નાદ ચાલી રહે છે, અને યજતોના દૂખ્ત ચાલી રહે છે-કુદરતની ચળવળ ચાલી રહે છે જે રથવ્ય ચક્ર કરે છે એટલે અહુરમજદના હોકમ મુજબજ ચાલી રહે છે તેઓને મળી જાય છે, જેથી તેને 'હિજવો દંઘહૂદંઘહુ' કહે છે એટલે ઝબાનથી ઉભી થયલી દાનેશમંદી કહે છે. ઇનસાનમાં જાન છે એટલે જીવ છે એટલે અમર ગતીનો નાદ છે એટલે શરીર જે નાશવંત છે તેનાથી તદ્દન જુદી ચીજ છે, જે પરદુખ-

ભંજનવાળી છે, એટલે અહુરમજદ તરફથી આવતી ગતી નામે ઉશ્તાન છે જેમાં હવરેતાતની ગતી એટલે આબે-હયાત છે, જેને 'વને-ઝવીત-બીશ' અમર ઝાડ કહે છે. આ વને-ઝબીત-બીશની સાથે 'કુદરત'નો એક ભાગ રહયો છે, જેથી કુદરતનો વસ્વાટ તે ઇનસાનમાં તેનાં ઉશ્તાનમાં હોય છે, જેથી તેનો જીવ ચાલી રહે છે. આ ઉશ્તાન તેનાં અણુદીઠ શરીરો નામે કેહર્પ-તેવીષી અને ઉશ્તાન આપમાં પુર્ણ રીતે જામેલો છે, અને ત્યાંથી તેનાં જડ તનમાંની સજીવન કરનારી ગરમીમાં ઉતરે છે. જડ તનમાંની એ મુળ પ્રકારની ગરમીઓના મેલાપથી સજીવન કરનારી ગરમીનો વર્ત્તુળ થઇ રહે છે, જેને જીવનો વર્ત્તુળ કહે છે જે વર્ત્તુળમાં ઉપર કહેલી ઉશ્તાનીક શકિત=આત્મીક શકિત એટલે જેને બઓદંઘહ કહે છે તે ઉતરે છે, જેને ટુંકમાં ઉશ્તાન કહે છે, જેથી જડ તન જીવતું છે. ત્યારે જડ તનની દુજ-પરહેજી કીધાથી ઉપર કહયું તેમ સુદરેહ-કુસ્તીમાં 'ઉખ્દ'='અર્ષુખ્દ વાઘઝ્ગિબ્યો'નો ભેદ ઉભો થાય છે, જે ત્યારે તેની અઇપિ મારફતે કેહર્પમાં જઇને પેલાં ઉશ્તાનમાં જાય છે, અને ઉશ્તાનની કુદરત પછી તેને કેહર્પનો ઉત્તમ ભાગ જે માથાંની આગળ છે, જયાં જમાનાઓની અંદરની તે ઇનસાને કમાયલી નેકી નામે 'પંજે-ઝરવીકશ' છે, તેમાં તેને મોકલે છે, જેથી તેમાં વધારો થાય છે. આ ઉખ્દને **'માંથ્રચ-વચચ-શ્યઓથનચ'** કહે છે.

વળી ઉપર જોયું કે દુજ-પરહેઝ કીધાથી અને ભણ્યાથી આ હાદોખ્ત યશ્ત કીધાથી તેના સ્તોતો આપણી પેલી કીધેલી દુન્યવી ભલાઇ ઉપર સુદરેહ-કુસ્તીરૂપની થઇને પછી આપણાં શરીરના સુદરેહમાં રહેલા અષો જરથુસ્ત્રના સત્તાધારીક આશીરવાદોને પોખીને ઉખ્દરૂપનો નાદ કાઢે છે, જે નાદ કુદરતના અહુનવરના નાદને મળે છે. આમ જે થઇ રહે છે તેને **'હિજવો દંઘહુંઘહુ'** કહે છે,-ઝબાનથી ઉભી થયલી સદ ગતી કહે છે. ભણાયલા માંથ્રોના ઉખ્દના નાદનો બધોજ ભાગ જે સુદરેહમાં છે તે અઇપિમાં મુકીમ થઇ શકતો નથી. આપણા સુદરેહ-કુસ્તીથી આપણી અઇપિ એકાગ્રહ થઇને આપણી તરફજ આકર્ષાઇ રહે છે, અને બીજાઓ તરફ આકર્ષાઇને ચેપ પામી શકતી નથી. આપણાં ભણતરથી થયલો અર્ષ ઉખ્દનો ચોકકસ ભાગજ આપણી અઇપિ ખેંચી શકે છે, અને કેહર્પને આપીને ઉશ્તાન મારફતે પંજે-ઝરવીકશમાં મોકલી શકે છે. **ખાસ કરીને સરોશ યશ્ત હાદોખ્તના સ્તોતો એવા છે, કે તેઓ અઇપિમાં જામી શકે છે.** પણ આપણાં ભણતરથી થયલા ઉખ્દના બીજા ભાગને સુદરેહ-કુસ્તીથી એકાગ્રહ પામેલી અઇપિ ખેંચી શકતી નથી. પણ **'હિજવ દંઘહુંઘહુ'**ના ભેદથી ગન્જે-દાદારમાં જાય છે એટલે કુદરતના અહુનવરના નાદના રથ-

વ્ય ચક્રમાં અને યઝતોના નાદના રથઞ્ય ચક્રમાં **મઇન્યવાઓંઘહો યજતા-ઓંઘહો** મારફતે એટલે કુદરતની અસર રોશની મારફતે જોડાયાથી—એમ ભલુ જોડાણ જે થવુંજ જોઇએ તે થયાથી તે ઉખ્દનો ભાગ પછી ગંજે-દાદારમાં જાય છે, અને ત્યાંથી તેનો નફો થવા માટે તેનું વ્યાજ વધવા માટે તે બધું કુદરતનાં કામમાં વપરાય છે, જેનો નતીજો તેને આખરેબી મળશેજ.

આમ ત્યારે ભણાયલા સ્તોતોનો નતીજો 'ઉખ્દ' જે સુદરેહમાં ઉભો થાય છે તેનો ચોકકસ ભાગ આજના બસ્તે—કુસ્તીઆનના સુદરેહ—કુસ્તીમાં જોડાયલી અઇપિ ખેંચી શકતી નથી, કેમકે તે અઇપિમાં તેટલી શકિત નથી. જો કે સરોશ યસ્ત હાદોખ્તના માંથ્રો તો અઇપિમાં જામી શકે તેવાજ થાય છે, માટે તે સ્તોતો તો અઇપિમાં દાખલ થઇને જાગી શકે છે, પણ બીજો ઉખ્દ ઉપર જોયું તેમ કુદરતના અહુનવરના નાદ સાથે જોડાય છે, જેથી તેને '**હિજવ દંઘહંઘહ**' કહે છે, જેને પછી કુદરતમાં કામ કરતી '**મઇન્યવાઓંઘહો યજતાઓંઘહો**'ની ગતી લઇને ગન્જે-દાદારમાં મોકલે છે અને કુદરતના કાયદા પ્રમાણે તે નેકી કુદરતનાં કામમાં વપરાય છે, જેનો નતીજો તે ભણનારને લાંબે કાળે વ્યાજ સહિત મળશેજ. આમ ત્યારે ઇનસાનમાં જે ઇનસાનીઅત છે તે ઇનસાનીઅત તે ઇનસાનનું તેના ધર્મના બાપો સાથનું જોડાણ દેખાડે છે, જે અર્શ યજતી ગતી છે, જેને પન્જે-ઝરવીકશે-બાતેન કહે છે, જેમાં સ્રઓષેમની ગતી છે, જેની ઉપર સરોશ યઝતની અને તેના હમકારોની નેગાહબાની છે. આવા પન્જે-ઝરવી-કશે-બાતેનમાં આ હાદોખ્ત યસ્ત વધારો કરી શકે છે. આમ હાદોખ્ત યસ્તના ભણવાનો ફાયદો છે.

ઉપર કહયું છે કે સુદરેહ—કુસ્તીની અંદર આપણી અઇપિ પકડાઇ એકાગ્રહ થઇને આપણી આસપાસજ આકર્ષાયા કરે છે, અને બીજાના ચેપ તરફ આકર્ષાતી નથી. **સુદરેહથી એકાગ્રહ થયલી આવી અઇપિમાં નેકી જે આપણેથી વ્યવહારમાં થયા કરે છે તે નેકી અણદીઠ સુદરેહની માફક ફરી વળે છે, જેની આસપાસ ભણતરથી થયલા સ્તોતો કુસ્તીરૂપ વીત લઇ રહે છે.** આવી થયલી અણદીઠ કુરતી પેલા અણ-દીઠ સુદરેહની ઉપર ભલી અસર કરે છે. આવી થયલી શુભ અસરને 'ઉખ્દ' કહે છે, જે ધીમે ધીમે કેહર્પમાં દાખલ થતી જાય છે. ઓછામાં ઓછા ત્રણ દહાડા લગીમાં તે ઉખ્દ તેના કેહર્પમાં જઇ શકશે. સુદરેહમાં પકડાયલા આવા ઉખ્દને કેહર્પમાં જતાં ત્રણ દહાડા લાગતા હોવાથી આબેદો **ત્રણ ત્રણ દહાડે સુદરેહ બદલે છે.** આટલા ઉપરથી જોઇ શકાશે કે સુદરેહ

–કુરતીની મદદથી આપણે જે કંઇ ભણીએ છીએ અને જે કંઇ ભણું જરા તરા કરીએ છીએ, તે પુર્ણ રીતે સંઘરાઇ ભલી વ્યવસ્થા પામી એટલે જેમ પૈસા વ્યાજથી વધે છે તેમ વધારો પામના જઇને ફાયદો મેળવી આપે છે. સુદરેહ–કુરતી વગર આપણુ જો બરજીસી માંથ ભણીએ તો કુદ-રતને તે બધું એકઠું કરી તેની વ્યવસ્થાએ પુગાડવું પડે છે; જે કામ સુદરેહ–કુરતીથી સહેલાઇથી થઇ શકે છે તે કામ તેણીને કરવું પડે છે એટલે પોતાનાં બીજાં કામોમાંથી રોકાણ પામવું પડે છે એટલે કુદરતને આપણે એક જાતની તકલીફ અને ખરચમાં મુકીએ છીએ. ત્યારે સુદરેહ–કુરતી કુદરતના કરકસરના નીઅમ ઉપર રચાયલા છે, જે વગર કીધેલાં ભણતરો સરળ રીતે ફાયદો કરી શકતાં નથી. જેમ રેલરોડ ઉપરની કે હવાઇ વીમાનમાંની મુસાફરી જલદી થઇ રહે છે અને પગ પેડલ કે ગાલ્લાંની અતી લાંબી થઇ પડે છે, તેમ સુદરેહ–કુસ્તી–પેતાવા જમીનનો પેવંદ વીગેરેથી કીધેલું ભણતર તરીકત છે એટલે રેલરોડની કુચ મીસાલનું છે. આમ ત્યારે સુદરેહ–કુસ્તી–પેતાવા વીગેરેનો સાજ કંઇ અમસ્થી જરતો-શ્તીપણાંની નીશાનીજ નથી પણ તેઓ ઉપર અહુરમજદની અહુ-ગીરી અને જરથુશ્ત્રની રતુગીરી=પેગામ્બરીની સાંલ છે, જેઓ આપણી જીંદગીને સદ ગતી તરફ લઇ જવા જેત આપે છે અને કુલ જગતનાં તારણ-માંથી કંઇક ફાળો આપે છે માટે તેઓને જરૅનુમ સૂં=સુન્નાના–હથીઆર કહ્યા છે, જેઓ કુદરતના કરકસરના નીયમ ઉપર રચાયા છે એટલે કુદરત જેમ કરકસરથી કામ કરે છે તેમાં તેઓ કુદરતને મદદગાર થઇ પડે છે. ત્યારે કુદરતમાં સુદરેહ–કુરતી–પેતાવા જેવી અણદીઠ મારેફતો કામ કરી રહે છે, કુદરતમાં નવજોતીની અણદીઠ ક્રીયા થઇ રહે છે, જે બધાંનો આ જાહેર આકાર છે. આપણી ગઇ જીંદગીના હ્વાષના ત્રીજા ભાગમાં કે જયારે ભવિષ્ય માટેનો ચુકાદો મળે છે અને તે ચુકાદા પ્રમાણે વર્ણ નકકી થઇને તે વર્ણમાં દાખલ થવાની શુભ સુક્ષ્મ શરૂઆત થાય છે, ત્યારે દરેક બસ્તે-કુરતીઆન સુદરેહ પહેરે છે. એમ દરેક બસ્ને–કુરતીઆન હ્વપના ત્રીજા ભાગમાં અણદીઠ રીતનો સુદરેહ–કુરતી પહેરી નવજોતી પામીને જન્મે છે, જે વખતે તે ઉરવાન મજદયસ્ન જરથોશ્તી તરીકેનું પેમાન આપીને તેના એકરારમાં રહીને પછીજ પાછો જન્મે છે. ત્યારે નવા જન્મમાં સુદરેહ–કુરતી પહેરવાનું જે પેમાન આપેલું છે તેજ પ્રમાણે તેના માબાપ તેને સુદરેહ–કુરતી પહેરાવશે.

## સરોશ યશ્ત હાદોખ્તનું ભણતર.

☞ (અસલ જરથોશ્તી ફરમાન મુજબ હાવન, રપિથ્વન તથા ઉઝીરન ગેહની ફરજયાત તરીકે અહુરમજદ, અર્દીબેહેશ્ત અને સરોશ યશ્ત હાદોખ્ત–એ ત્રણ યશ્તોને ખાસ ફરજયાત ગણેલી છે, જે વગરની ફરજયાત અધુરીજ કહેવાય. વાસ્તે હરરોજ ખુરશેદ મેહેરની તેમજ બીજી નીઆએશો પઢયા પછી આ ત્રણ યશ્તો સાથે પઢવી. વળી ઉષહિન ગેહમાં પણ લોકલ ટાઇમ ૩ વાગા પછી સરોશ યશ્ત હાદોખ્ત પઢવી સારી છે. અઇવિસ્રૂથ્રેમ્ ગેહમાં તેમજ ઉષહિન ગેહમાં ત્રણ વાગા સુધી સરોશ યશ્ત હાદોખ્ત ભણાતી નથી. તેને બદલે અઇવિસ્રૂથ્રેમ્ ગેહ માટે સરોશ યશ્ત વડીને ખાસ મુબારક ગણેલી છે.)

### ક્ષ્નઑથ્ર અહુરહે મજ્દાઓ. અષૅમ વૉહૂ ૧.

(બીસ્તા પઢવું)

*પ નામે યજ્દાંન્ અહુરમજ્દ ખોદાએ અવજૂની, વર્જ ખુરેહ અવજાયાદ્; સરોશ અષો, તગી, તન્-ફર્માન્, શેકફ્તજીન્, જીન્-અવઝાર્, સાલારે દામાને અહુર્મજ્દ† બેરસાદ્. અજ હમા ગુનાહ પતેત્ પશેમાનુમ્; અજ હર્વસ્તીન્ દુશ્મત દુજૂખ્ત દુજ્વર્શ્ત, મૅમ પ ગૅતી મનીદ્, ઑએમ્ ગોફ્ત્, ઑએમ કર્દ, ઑએમ જસ્ત્, ઑએમ્ બૂન્ બૂદ્ ઍસ્તેદ્. અજ આંન્ ગુનાહ મનશ્ની ગવશ્ની કુનશ્ની, તની રવાંની ગેતી મીનોઆંની, ઑખે અવાખશ પશેમાન્, પ સે ગવશ્ની પ પતેત્ હોમ્.

(કુશાદે પઢવું) ક્ષ્નઑથ્ર અહુરહે મજ્દાઓ. તરોઇદીતે અંઘ્રહે મઇન્યેઉશ્. હઇથ્યાવર્શ્તાંમ્ હાત્ વસ્ના ફ્રૅરષોતૅમૅમ્. સ્તઑમિ અષૅમ્; અષૅમ્ વૉહૂ ૩. ફ્રવરાને મજ્દયસ્નો જર-

---

* પ નામે યજ્દહાંન્થી "વીદ્વાઓ ગ્રઑતૂ" સુધીના તરજુમા માટે જુઓ સરોશ બાજ પાને ૮૨ થી ૮૪ મે.

† અવસ્તા સિવાયની બીજી ભાશાઓના ચોકસ ચોકસ હરફોથી થતા સ્તોતો અવસ્તા માંથ્રના સ્તોતોની પુઠે દોડી રહે તેવી જેટ પામી શકે છે, જેથી તેઓ અવસ્તાની માફકજ કુશાદે ભણઇ શકાય છે. આવી જેટ પામવાના કાયદાને ઇલ્મ્યતમાં અસ્ફન્દીનો કાયદો કહે છે. આવી અસ્ફન્દીને કાયદે રચાયલું 'સરોશ અષો'થી 'અહુરમજ્દ' લગી વાકય છે, જે તેટલા માટે કુશાદે ભણાય છે.

થુશત્રિશ વીદ્દએવો અહુર-હ્કએષો (અઇવિસ્રૂથ્રેમ ગેહ સીવાયજે ગેહ હોય તે પઢે.) ફ્રસસ્તયએચ. સ્રઑષહે અષ્યેહે તખ્મહે, તનુ-માંથ્રહે, દરૂષિ-દ્રઑશ, આહુઇર્યેહે, ક્ષનઑથ્ર યસ્નાઇચ વહ્માઇચ ક્ષનઑથ્રાઇચ ફ્રસસ્તયએચ, યથા અહૂ વઇર્યો જઑતા ફ્રા મે મ્રૂતે, અથા રતુશ અષાત્ચિત્ હચ ફ્રા અષવ વીદ્દવાઓ મ્રઑતૂ.

(૧) (કરદો ૧ લો) ☞ સ્રઑષૅમ[૧] અષીમ[૨] હુરઑદૅમ[૩] વૅરૅથ્રાજનૅમ[૪] ફ્રાદત્-ગએથૅમ[૫] અષવનૅમ[૬] અષહે[૭] રતૂમ[૮] યઝ-મઇદે.[૯] (ત્રણ વાર પઢે.)

(૨) નૅમો[૧૦] વૅાહૂ,[૧૧] નૅમો[૧૨] વહિશ્તૅમ,[૧૩] જરથુશ્ત્ર[૧૪] ગએ-થાબ્યો.[૧૫]

તત્[૧૬] દ્રવતો[૧૭] દ્રવતાંમ[૧૮] ઉર્વતો[૧૯] પઇતિ-દારશ્ત;[૨૦] તત્[૨૧] દ્રવતો[૨૨] દ્રવઈત્યાઓસ્ચ[૨૩] અષિ,[૨૪] ઉષિ,[૨૫] કરૅન,[૨૬] ગવ,[૨૭] દ્રૅથ્ર,[૨૮] જફ્રૅ[૨૯] દૅરૅજવાંન્[૩૦] પઇરિ-ઉર્વએશ્તૅમ.[૩૧] યત્[૩૨] નૅમો[૩૩] વૅાહૂ[૩૪] અદ્દવીમ્[૩૫] અઙ્બએષૅમ[૩૬] નઇરે[૩૭] હાંમ-વરૅતિશ,[૩૮] દ્રુજો[૩૯] વારૅથ્મ[૪૦] દારૅશ્ત.[૪૧]

(૧) અષોઇના ઉંચા દરજ્જાવાળો,[૨] ‖ ખુબસુરત,[૩] ‖ ફત્તેહ-મંદ[૪] (દ્રુજી ગતીને સરાસર ભલાઇમાં ફેરવવાની હમેશની ફત્તેહ કીરતી-વાળો), ‖ સંસ્થાઓને એટલે આખી નીરતીને કાયદા પ્રમાણે ઇનસાફથીજ આગળ મોક્ષ તરફ લઇ જનાર[૫] ‖ અષો[૬] ‖ સરદાર[૮] ‖ સરોશ-અહુરાની તાબેદારી ઉઠાવનારની[૧] ‖ સાથે એકતાન થઇએ છીએ.[૯] ‖

(૨) અએ જરથુશ્ત્ર,[૧૪] ‖ નીરતીની જગતને માટે[૧૫] (એટલે ખુદ નીરતી-તેનાં ભુવનો-દુન્યાઓ અને તે માંહેલી અનેક વ્યકતીઓની મુકિત માટે, યજતો જેઓ ગએથા વધારી રહે છે તેઓને મળવાને માટે, યજતોનાં મળવાનાં સાધન તરીકે) ‖ બંદગી[૧૦] (બંદેહ તરીકે-તેના નોકર ફરમાન-બરદાર તરીકે ઉભા રહેવા માટેની સેતાયશ્ન, આપણી મનશ્નીના ફાંટા પ્રમાણે નહિ પણ દીનનાં ફરમાન પ્રમાણે આગળ વધવાની જેત મેળવવાનું સાધન) ‖ વૅાહૂમન એટલે બહમન જેવી ભલી-પરદુખભંજનની ગતી[૧૧] (એટલે સ્વાર્થની ગતીથી નીરાળા થવાની શકિત આપનાર છે. 'અહ્રી'ની એટલે સાંપની વૃત્તીથી જુદા થઇને બહમન જેવી ગતી પેદા કરાવી આપનાર, યજતો જેવી ગતી કરાવનાર છે.) ‖ (તેવી બંદગી) વૅાહૂની=બહમનની ગતી તરફ જવાનું ઉત્તમમાં ઉત્તમ સાધન છે[૧૩] (એટલે બંદગી-તરીકતો-

**દીનનાં ફરમાનો પાળવાનાં જોરથી ઉત્તમમાં ઉત્તમ રીતે 'વૉહૂ'=બહમનની ગતીએ પુગાય છે.)** ‖ તે[16] ('નૅમો'=તલેસ્માતીક માંથ્રોની બંદગી અને તરીકતોનું પાલન) ‖ જોરાવર વીશાળ ગતીના[17] (ઘણાજ resourceful પુર હીકમતબાઝ, હર ફનવાળા) ‖ દરવંદો[18] (અષોઇની સામેનાઓ–હવસોના પુજારીઓ)ની કોઇબી પુજારીની (હવસી ગતીઓ–દુજી ગતીઓ)ને ‖ પાછી હઠાવે છે.[20] (તેની હર હીકમત–ફન–હવસોના ગલબાને ઠંડા પાડી નાંખે છે, એમ હવસો સામે ટેકાવ તરીકે રહે છે.) તે[22] (નૅમો=તરીકતનાં પાળન સાથની મિથ્રીક બંદગીઓ) ‖ અષોઇથી દુર જતાં મરદ[22] ‖ કે સ્ત્રીની[23] ‖ (એટલે હવસોવાળાં સાધારણ ઇનસાનોના હવસો પ્રગટ થવાના દવારો જેવા કે) ‖ આંખ,[24] ‖ ભેજામાંથી ઉગવાનું પ્રગટ થવાનું અજવાળું–ભેજામાંથી ઉગવાની ગતી એટલે માકુલી અકકલ[25] ‖ (જે શકમંદ થઇને વિશ્વાસ રાખતી નથી તેવી માકુલી અકકલ, એટલે માકુલી ગતીનું,–અંતકરણ સાથે નહિ કામ કરતું ભેજું–જડવાદનાં જ્ઞાનની પુર્ણતાવાળું વીશ્વાસ વગરનું ભેજું), ‖ કાન[26] (એટલે સાંભળેલી વાતોથી ફરેબથી ફેરવાઇ જવાની ગતી,) ‖ હાથ[27] (કે જેના ખભાં આગળ સાંપ ઉગેલા છે એટલે સામાને આપવાને બદલે મારીને ગ્રહણ કરતા હાથ યાને ઝુલ્મગાર ગતી, ‖ પગ[28] (બુરી સત્તા પાંથરવાનું–ટેકાવવાનું જોમ, બુરૂં કરવાની પાએદારી–મકકમતા), ‖ જડબાં[29] (સામાની ગતીને કચડીને ખાઇ જવી, સામાને લગતા ખોરાકને એટલે રૂવાનના અંશોને ચોરીને ખાઇ જવા, રૂવાનને તંગીમાં મુકવાના હવસોનું ધામ એટલે મોહક), ‖ (તે બધા આંખ–ભેજું–કાન–હાથ–પગ જે હવસોના પ્રગટ થવાના દવારો છે તેઓ) ઉપર તેઓને પકડી લઇ તેઓનો કબજો લઇને પકડી રાખનાર બંધ કરનારાં તાળાં મીસાલ[30] (થઇને, ત્યાં આવતા હવસોના ગલ્બાઓને) ‖ હઠાવીને ઘેરી લઇને, સંકોચાવી તાર જેવા પાતળા કરનાર[31] (તરીકે થાય છે). ‖ એમ છે માટે[32] ‖ તરીકતોના પાળનાર સાથની બંદગી,[33] ‖ ભલી બહમનની ગતી જેવી સ્વાર્થ–રહીત કરનારી,[34] ‖ અજ્ઞાનતાના ફરેબથી મુકત કરનારી, હુંપણામાંથી છોડવનારી,[35] ‖ દરદ હવસો તન–મનની નબળાઇઓથી મુકિત આપનારી છે,[36] ‖ (તે તરીકતના પાળનાર) માણસને માટે[37] (તે '**નૅમો**' ‖ દોસ્તી રાખવા લાયક, સાથે રાખવા લાયકની, પ્રીતથી મળવા લાયકની[38] (વરઝેશી કરવા લાયકની છે); ‖ (તે નૅમો) દુજની (ગતી–હવસોનાં જોર) ને ‖ હઠાવનાર–રોકનાર[41] ‖ ઢાલ બચાવ છે.[40] ‖

## અષી-વૅરૅથ્ર-ક્ષાદ્દત્-ગએથાંમ્-રતૂ-નૅમો-ગએથા-દ્રવતાંમ-ઉર્વતો, એ શબ્દો બાબે ક્ષ્નૂમીક શરેહ:

'**અષી**' એક લોધતીક શબ્દ છે એટલે તેમાં ખાસ અર્થ રહેલો છે. **આખી કુદરતમાં યઝતો અને અમશાસ્પંદો કરતાંબી ફ્રવષીની ગતી અતી આલેતર છે. ફ્રવષી તે અહૂના બગાનોમાંની પહેલી જોડમાંની એક છે, જેની જોડ તરીકે બગ અહુનવઇર્ય છે.** ફ્રવષીની હકીકતથીજ સૃષ્ટી જાહેર થઇ છે. ત્યારે ઉંચામાં ઉંચ ગતી કે જે અહૂમાંથી નીકળીને તેમાં મળી શકે તે ગતીની જાતને 'હુ'ની જાત કહે છે. આવી 'હુ'ની જાતમાં ફ્રવષી અવ્વલ છે. આવી ગતીએ પુગવાનો છેલ્લા ઉંચમા ઉંચ તબકકાને-'**અષી**'નો તબકકો કહે છે; જેની પછીના ઉતરતા તબકકાને '**સઑાક**'નો તબકકો કહે છે; જેની પછીના ઉતરતા તબકકાને '**અઇસ્યમા**'નો તબકકો કહે છે. અહૂએ પોતાના ભેદના પરદા નીરૂની પાછળ રહીને અહુનવઇર્ય અને ફ્રવષીની જોડને કાઢીને તે જોડની સાથે '**યઓન**' એટલે સંબંધ રાખ્યો અને '**રશ્નુ**'=શું કામ કરવા તે થઇ છે તેનો રાદી ભેદ-ઇનસાફનો ભેદ જાહેર કીધો, કે 'હદ'=ક્યાસ કેટે છે તેને અમર ગતીમાં લાવવી છે એમ તે ભેદ જાહેર કીધો, અને '**આરમઇતી**' એટલે તે ભેદને બજા લાવવાની સંપુર્ણ તાબેદારીને જાહેર કીધી. એમ '**યઓન-રશ્નુ-આરમઇતી**'થી અહૂએ તે જોડ સાથે સંબંધ કીધો, એટલે તે જોડ પછી સૃષ્ટીને જાહેર કરવા આગળ વધીને સપ્પર પહેલું ઇંડું જેને '**સ્તઑાત યસ્ન**' કહે છે તેને જાહેર કીધું, જેમાંથી બેપણું જાહેર થયું. ત્યારે તે **બગ** અહુનવર અને ફ્રવષિની **જોડને ભાન અપાવનાર 'યઓન-રશ્નુ-આરમઇતી' છે જે ત્યારે એક જાતનો ભેદ ઉભો કરે છે. આ ત્રગડીને 'અષ' કહે છે. ત્યારે તે જોડમાં અષ છે એમ સીધ્ધ થયું** અને તે જોડ જેવી 'હુ'ની જાતે પુગવું તેને '**હુરઑાદ**' કહે છે, અને તેના પુર્ણ તબકકાને '**અષી**' કહે છે. આમ ત્યારે અષોઇનો પુર્ણ તબકકો તે '**અષી**' છે અને તેના પ્રતાપને દેખાડનાર 'index' ઝરવાનને અને તેવી વર્ણને '**હુરઑાદ**' કહે છે.

**વૅરૅથ્ર**=ફત્તેહમાં સૃષ્ટી-રચનાને ઉભી કરીને તેને હદ+ઇનસાફથી સરંજામ પુગાડવાની પુર્ણ માહીતીનો ભેદ રહયો છે. અહુનવઇર્યમાં જેમ કહયું છે તેમજ સૃષ્ટી કહેતાં હદને ઇનસાફથી લઇ જવી અને તેમાં જરાબી ખામી=પસોપેશ નહિ લાવવી તે ખરી '**વૅરૅથ્ર**'=ફત્તેહ છે, જે ઉંચમાં ઉંચ **ફત્તેહ છે, અને આ હાડમંદ દુન્યા કે જે** તેવી ફત્તેહનું પરિણામ **છે તેમાં**

'દુજી' ગતી કે જે તેવી ફ્રત્તેહની વચમાં આવે છે તેને સીદ્ધી કરી તે હેઠલામાં હેઠલી ફ્રત્તેહ છે.

**ફ્રાદત્-ગએથાંમ્**=ગએથાને કાયદાસર વધારવું-ઉગાડવું-મોક્ષે લઇ જવું-એમાં 'નીસ્તી'ની રચનાનો ભેદ છે. આખી નીસ્તીને માટે અને તેમાંની દરેક વ્યકતીને માટે અને તે વ્યકતીના અંગોને માટે અને આખી નીસ્તીના ભુવનોને માટે અને તે ભુવનોના પ્લેનોને માટે અને તે પ્લેનો વચ્ચેની ઝમરીરને માટે અને તે પ્લેન અને ઝમરીરની વચ્ચે આવેલી અગણીત દુન્યાઓને માટે અને આવાં બધાં ભુવનો-પ્લેનો-ઝમરીરો-દુન્યાઓની જમીનના સરશોકને માટે અને તે બધી જમીનમાંના ભાગોને માટે અને તે દુન્યામાંની વ્યકતીઓ કે જેમાં ઇનસાન ઉંચ છે તે બધાના ભાગો કહેતાં અંગોને માટે અને તેઓથી ઉભી થયલી સંસ્થાઓને માટે, આ બધાંને સારૂ એક અવસ્તા શબ્દ **'ગએથા'** વપરાયલો છે. આ બધા ગએથા નીસ્તીને લગતા હોવાથી કસર રાખે છે, માટે **'દાત'**થી વેગળે જવાની કમનસીબી તેઓમાં હોવે તેઓને **'દાત'**= કાયદા પ્રમાણેના કરીને અમર ગતી તરફ લઇ જવા એટલે **'હુ'**ની જાત તરફ, **'હુરઑદ'** તરફ લઇ જવા, અષોઇના માર્ગમાં મુકવા યજતો કામ કરી રહે છે. યજતોમાં **'હુ'**ની જાત હોવે તેઓ **'હુરઑદ'** છે એટલે તે **'હુ'**ની જરવાનને જાહેર કર્યા કરે છે, અને અહુનવઇર્ય પ્રમાણેજ સંપુર્ણ તાબેદારી બતાવીને કામ કરી રહે છે. **'હુ'**ની જાતમાં **'આરમઇતી'** ગતી હોય છે, માટે સંપુર્ણ તાબેદારી તેઓ રાખે છે, જેથી તેઓમાં **'રશ્નુ'** વસેલો રહે છે એટલે તેઓમાં ખરૂં રાદી જ્ઞાન રહે છે, તેથી તેઓમાં **'યઓન'** હોય છે એટલે મિથ્રીક ગતી હોય છે એટલે અહૂમાં જોડાણ કરીને વસી રહેવાનો ગુણ હોય છે. આવી સંપૂર્ણ ગતીથી એટલે યઓન-રશ્નુ-આરમઇતીવાળી એટલે અષોઇવાળી ગતીથી કામ કરવાના ગુણને એટલે સંપુર્ણ તાબેદારીને **'સરોશ'** કહે છે. **આવી રીતે કુલે યજતોમાં સરોશ વસેલો છે.** બધા યજતોને **થ્વોરૅશ્તાર**= ઘડનાર, અહૂના કડીઆ=મેસનો કહે છે; અને એમ ઘડીને તે બાંધણીને ટેકવનારને **પાયૂ** કહે છે. આમ યજતોને **'પાયૂ-થ્વોરૅશ્તાર'** કહે છે. આ ભેદને વડી સરોશ યશ્તમાં અલંકારીક રીતે એમ જણાવે છે કે **પાયૂ-થ્વોરૅશ્તાર** યજતો સાથે અષો સરોશ હમેશાં એકતાન રહે છે, અને આવા બધા યજતોને એટલે સરોશની ગતીવાળાઓને તેમ કુલ્યાતી યજત સરોશને જેને ગાથામાં **'મજિશ્ત'** બધાનો સંગમ રાખતો મોટામાં મોટો કહયો છે, તેઓને અષવન કહયા છે, એટલે યઓન-રશ્નુ-આરમઇતી જેને અષ કહે છે તેવી ગતીના કહયા છે. નીસ્તી કે જે અષવન નથી, જેમાં યઓન-રશ્નુ-આરમઇતી નથી એટલે નીસ્તી

જે અહુરદાત-મજદદાત પ્રમાણે ખુદીથી ચાલતી નથી પણ **'તરોમઇતી'** બતાવે છે, તે નીસ્તીને એટલે આ બધા ગએથાઓને યજતો તેઓમાંની **'તરો-મઇતી'**=કચાસને, અને તેના ધરાવનાર **દ્રવાઓને** ઠેકાણે લાવી, **'દાત'**ને તાબે કરાવી, **'દાત'**ને તેઓમાં મર્જ કરાવી, આગળ **'હુ'**ની જાત તરફ એટલે અષોઇવાળી અમર ગતી તરફ, આરમઇતી-રસ્તુ-યઓનવાળી ગતી તરફ તેઓને દોરવી રહે છે. આવો બધો ભેદ **'ક્રાદત્-ગએથાંમ'**માં છે. આવા બધા યજતોને એટલે સરોશની ગતીવાળાઓને અષવન કહયા છે, કેમકે સરોશ પોતે **'હુ'**ની જાતના અને **'હુરઑાદ'**નો જલવો કાઢતા હોવાથી અષોઇવાળા હોય છે માટે યઝતોને અષોઇવાળા **'અષવન'** કહયા છે.

**'રતૂ'** એટલે સરદાર; યજતોને-સરોશને સરદાર કહયા છે, એટલે તે સાહેબના ફરમાન-બરદાર કહયા છે. આજનું જડવાદી જ્ઞાન જેને કુદ-રતના forces તરીકે અને તેઓના કાયદા તરીકે અને તેઓથી થતી દીઠ અણદીઠ રચના ( nomenon-phenomenon ) તરીકે જેને અનુ-ભવે છે, તે બધાંને દએનમાં **'યજતી ગતી'** તરીકે ઓળખેલી છે. આ બધી યજતી ગતીને **'રતૂ'**=સરદાર કહી છે એટલે અહૂ=તે એક સાહેબની હાથ નીચેની કહી છે. આ ઉપરથી માલમ પડશે કે monotheism-polytheism તરીકેનાં નામો તો ધર્મ ધર્મ વચ્ચે અદાવત ઉભા કરાવનાર અને કુદરતના ભેદોથી અજ્ઞાન પુરૂષોએ ઉભા કીધા છે. કેટલાક સાહેબો પોતાનાં મનના ધખારા પ્રમાણે કહે છે કે જર-થુસ્ત્રે તો એકજ ખોદાને માનવા કહેલું હતું પણ પાછળથી યઝતોને બીજાઓએ ઉભા કીધા વીગેરે. આવા સાહેબો જરથુસ્ત્રી હકીકતથી, કુદ-રતના ભેદથી અઘોર અજ્ઞાન છે. તેઓ પોતાની મનશકિત સંપુર્ણ ગણીને આવો ધખારો બોલી રહે છે. આપણે જેને માપી નહિ શકીએ તેને આપણે abstract=ભાવવાચક કહીએ. પણ કુદરતને માપનારાની હોશ-ખેરદમાં તો તે બધું real ખરેખરનું એટલે કેહપવાળું છે. માટે યઝતો ખાલી ગુણ છે એમ કહેવું મગજ શકિતની માપવાની કોતાહી દેખાડે છે. અહુરમજદ જે સર્વોત્તમ છે તેના ગુણો ખરેખરના એટલે કેહપ સાથના છે, જેઓને અમશાસ્પંદો-યઝતો કહે છે, જેઓને સરદારો-ગાથાઓ-મીનો-રતૂ વગેરે નામોથી ઓળખે છે. **આપણેબી આપણા ગુણોને મુઆ પછી ખરે-ખર જોઇશું જ, જેને કેરદાર કહે છે;** કેમકે ગુજર્યા પછી રૂવાન જે કેરદારને જોય છે તેની ખેરદ આપણે કે જે મનવાળા છીએ અને રૂવાનથી જુદા છીએ તેવાં મનની અકકલ કરતાં બેહદ છે, માટે તે રૂવાન ભાવ-વાચકને real ખરા તરીકે જોઇ શકે. ઇનસાનબી જો અષો થઇને યજત

જેવો થાય ત્યારે તેનેબી 'રતૂ' કહે. કુદરતમાં ઇનસાન જેવી ઘણી વ્યકતીઓ છે. આ બધામાંની કેટલીક અહુરમજદને મળેલી નથી. જે વ્યકતીઓ અહુરમજદને મળેલી છે, તે વ્યકતી પરદુખભંજનની હોવે બીજી સ્વાર્થી અહુરમજદને નહિ મળેલી વ્યકતીને અહુરમજદ તરફ જવાની તોફીક આપે છે, જેઓને કુદરત તરીકે સામાન્ય રીતે ઓળખે છે, જેઓને 'રતૂ' તરીકે એટલે અહુરમજદના ફરમાન-બરદાર તરીકે ઓળખે છે.

**'ગએથા':** હયાં **'ગએથા'** શબ્દમાં ખાલી ઇનસાન નહિ પણ નીસ્તીની જગત અને તેની વસ્તીઓનો સમાવેશ છે. જુઓ પાને ૪૭૪ મે આપેલી "ગએથા" શબ્દની સમજ.

**'નૅમો'** શબ્દમાં નમવું-તાબે થવું-પોતાના હવસો જે દએવની ભુલાવાની ગતીવાળા છે તેના ફરેબથી, તેની અજ્ઞાન ગતીથી ફારેગ થઇ તુંદ મતી છોડી દાદારની આજ્ઞાનેજ તાબે થવું-મનના ફરેબને નહિ તાબે થવું, માટે **'દસ અંદર્ઝ'**= દીનની વસીઅત પ્રમાણે ચાલવું એટલે તરીકત પ્રમાણે ચાલવું, એટલે ભણતર વીગેરે ભણવા અને **અષવન** થવું, તાબેદારીએ પુગવું-સ્નઓષેમની ગતીએ પુગવું એટલે અહૂને નમવું એવા ઉંડા અર્થો છે. **'નૅમો'**થી દીનની તરફ ફરમાન-બરદાર રહેવાથી **'વૅહૂ'**ની ગતી એટલે બહમનની ગતી એટલે યઝતોની અકકલ જેને **'બઓદ'** કહે છે તે મળે છે, અને તુંદ સ્વાર્થી-અવિશ્વાસની ગતી તુટે છે, માટે તેને **'વૅહૂ'** કહી છે. **'વૅહૂ'**માં ઉત્તમતાનો, વૅહૂ-મનમાં જે ઉત્તમતા છે તેનો ઇશારો છે. **'વહિશ્તૅમ્'** શબ્દમાં **'વૅહૂ'** ગુણ વીશેષણનો અતીશયાર્થક આકાર રહયો છે. અતીશયાર્થક આકાર અવસ્તામાં ઉત્તમમાં ઉત્તમ રીતે કામ કરવાની ગતીનો ભાસ આપે છે. **'વૅહૂ'**માં બહમનની ગતીનો ભાસ છે, અને **'વહિશ્તૅમ'**માં તે ગતીએ પુગવાને માટે ઉત્તમમાં ઉત્તમ રીતે ખીશ્કારી કરવાનો ભાસ છે. ત્યારે કહે છે કે **'વૅહૂ'ની ગતીએ=બહુમનની ગતીએ પુગવાની ઉત્તમમાં ઉત્તમ રીત તે 'નૅમો' છે: દીનનાં ફરમાન પ્રમાણે ચાલીને બંદગી કરવાનું છે. 'નૅમો'**થી મન જે ભુલોનું ભરેલું, જડ-સુક્ષ્મ તનની હાડમંદ ગતીનું, ફરેબમાં ડોળાતું માટે ખુદમાં કંઇક છે એવા ભુલાવાનું છે, તે આરમઇતીવાળું નમાનુ-તમીઝનું-પોતાની ભુલો જોતું થવે, દવાઓ રહીતનું થાય છે. એમ તન-મનની બંદગીથી થશે-થાય છે, જેથી તન-મનમાં બહમન જેવી ગતી થવા માંડે છે. તન-મનના સુક્ષ્મ ભાગ કેહર્પ-તેવીષી-ઉશ્તાનમાંબી તેવી સુક્ષ્મ ગતી થવે, તેવાં સુક્ષ્મ તનમાં રૂવાન રહયું છે તે જાગૃત થઇને, બંદગી મારફતે પોતે વધુ શકિત મેળવે છે, અને તે રૂવાન તન-મનના

દ્રવાઓને સુધારે તેવી સાવધ ગતીમાં આવે છે, એટલે રૂવાન ઉપર જીવતાં શરીરમાં જે બેડી છે તેને ખોલવાની, ઉંચકવાની શકિત આવે છે એટલે રૂવાનની રય જે સંકોચીત થયલી છે તેને પોતાની અસલ હાલતે લઇ જવાનું એટલે તે રયને બસીત કરવાનું જોમ મળે છે. એમ શરીરમાં સંકોચીત હાલતમાં રહેલાં રૂવાનને પોતાની અસલ ખીલેલી હાલતને મેળવવાનું જોર આપનાર તત્વ-ખોરાક મળે છે. માટે '**નૅમો**' **રૂવાનનો ખોરાક થઇ પડે છે.** એમ '**નૅમો**' તન-મન-રૂવાન ત્રણેને વૃદ્ધીનો ખોરાક આપે છે, જેથી **વૉહૂ**ની ગતીએ યાને બહમનની ગતીએ પુગાય છે. **એમ નૅમો** પોતે '**વહિશ્તૅમ્**' છે એટલે બહમનની યઝતી ગતીએ પુગવાનું ઉત્તમમાં ઉત્તમ સાધન છે એમ કહે છે, એટલે સરોશ યઝત જેવી અહૂ પ્રત્યેની તાબેદારીએ પુગવાનું ઉત્તમમાં ઉત્તમ સાધન છે, એમ કહે છે. ત્યારે '**નૅમો**'માં નમવું-તાબેદારી બતાવવી-તુંદી છોડવી-અહૂ પ્રત્યેનો હોકમ જે દીન મારફતે આવ્યો છે તેને તાબે થવું-નમવું-બંદગી કરવી-બંદેહ થવું-તરીકતો ઉપર ઉસ્તવાર રહેવું, આપણાં ભેજાંની અંદરની હાલની અકકલની શકિત કરતાં વધુ આગળ વધેલા યઝતી બઓદની ગતીના થવું, પેગામ્બર સાહેબ અને તેવણના જાએ-નશીનોની ગતીથી દોરવણી પામવાનો વસીલો મેળવવાની ખુશબખ્તી હાંસલ કરવી એમ બહોળો અર્થ છે, **અને** આવો ભાવાર્થ આ શબ્દોમાં છે તેનો ખરો ભાશ હવે પછી એજ કરદામાં આવતા બીજા અર્થોથી ખુલ્લો થતો જશે. એક ઇનસાનની ભાવના, કે જેમાં સ્વાર્થનું તત્વ છે કે મને ફલાનું થાઓ-પેલું મને ફળો-એમ સ્વાર્થનું મુળ જે તેનાં અપુર્ણ ભેજાંમાંથી નીકળે છે તે કંઇ બંદગી નથી. **બંદગીમાં તો પોતાની જેબી કાંઇ ભલાઇ હોય તે બીજાની વૃદ્ધી સારૂ આપવાની અને સાથે સાથે પોતાની ભુલોને સમારવાની ઇંતેઝારી છે.** આવી બંદગી વીચારની હોઇ જબાનથી બહાર પડે તે ઉત્તમ છે. પણ માંથ્રની તલેરમાતીક ગતીની બંદગી કે જેમાંથી એક force, એક ગતી, જેને **સ્તઑત** કહે છે તે બહાર પડીને સ્વાર્થ રહીત ભણનારના વીચારને પોખે છે, યા સ્વાર્થી ભણનારના વીચારને તોડીને તેને ભલી પ્રેરણા કરે છે, તે બંદગી તો ખાસ રહે છે, જે તન-મન-રૂવાનને '**વૉહૂ**' તરફ એટલે બહમનની ગતી તરફ જવાનું કામ કરે છે, જે કામ અતી ઉત્તમ છે, જેને '**વહિશ્તૅમ્**' શબ્દથી જણાવે છે. **ત્યારે '**નૅમો**'માં કંઇ મનની માની લીધેલી સ્વાર્થની બંદગી નથી; તેમાં તો માંથ્રની ખાસ બદર્ગીનો અર્થ છે,** જે હવે પછીનાં વાકયથી માલમ પડી આવશે.

આપણે દરેક ઇનસાન, કે જે અષવન નથી એટલે અહુરા સાથે-

યજતો સાથે યઑનમાં સંબંધમાં નથી, માટે રશ્નુવાળા ઇનસાફી–જ્ઞાની–ભેદ જાણનારા–સાત કાળના જાણકાર નથી, માટે આરમઇતીવાળા નથી એટલે સ્વાર્થી તુન્દ છીએ, એમ પારકાનું નહિ જોનારા એટલે પોતાને ભોગેબી પારકાંને ટેકવે તેવા નથી, તે બધાને 'દ્રવંદ' કહે છે, અને તેઓની ગતીઓને હવસો કહે છે, અને હવસોથી થતી ગતીઓને દ્રુજી ગતીઓ કહે છે. આપણામાં આ હવસો 'ઉર્વંત' એટલે હર રીતે પોતાનો સીકકો બજાવે તેવા હોય છે. પણ કહે છે કે જો 'નૅમો'ને તાબે થઇએ, તરીકતી જીંદગી ગુજારીને બંદગી કરીએ, તો તેવા હવસોબી પાછા હઠે છે, અને તેઓ ફરીથી નહિ ઉઠે તેવું સાધન–બચાવ થઇ રહે છે. હયાં ત્યારે મિથ્રીક ગતીની બંદગી અને તરીકતોનું પાલન 'નૅમો'માં છે તેનો ભાશ આવશે. હવે પછીનાં વાકયના મર્મથી એનો વધુ ભાશ આવશે, જેમાં હવસો કયે કયે ઠેકાણેથી બહાર પડે છે તે બતાવેલું છે અને તે તે સ્થળ ઉપર ચોકી ઉભી થાય છે, કે જેથી હવસો ત્યાંથી બહાર નહિ પડે અને હવસો કદી બહાર પડે તો પડતાંજ ત્યાંજ દબાઇ જાય છે તે બધું બતાવેલું છે, માટે કહે છે કે :–

**(૩) સ્રઑષો[૧] અષ્યો[૨] દ્રિઘૂમ્[૩] થ્રાતોતૅમો;[૪] હો[૫] વૅરૅથ્રજ[૬] દ્રુજૅમ્[૭] જધ્નિશ્તો.[૮] ના[૯] અષવ[૧૦] આક્રિવચસ્તૅમો,[૧૧] હો[૧૨] વૅરૅથ્ર[૧૩] વૅરૅથ્રવસ્તૅમો.[૧૪] માંથ્રો[૧૫] સ્પૅન્તો[૧૬] મઇન્યવીમ્[૧૭] દ્રુજૅમ્[૧૮] નિજ્ઞ-બઇરિશ્તો.[૧૯] અહુનો વઇર્યો[૨૦] વચાંમ્[૨૧] વૅરૅથ્રજ઼ાંસ્તૅમો.[૨૨] અર્ષુ-ખ્દ્દો[૨૩] વાક્ષ્[૨૪] યાહિ[૨૫] વૅરૅથ્રજ઼ાસ્તૅમો.[૨૬] દએન[૨૭] માજદયસનિશ[૨૮] વીસ્પએષુ[૨૯] વંઘ્રહુષુ,[૩૦] વીસ્પએષુ[૩૧] અષો-ચિથ્રએષુ,[૩૨] હુઇથ્ય-દાતૅમ્[૩૩] અથ[૩૪] દાતૅમ્[૩૫] જરથુશત્રિ.[૩૬]**

(૩) અષીની, સંપુર્ણ અષની ગતીવાળો[૨] ‖ સરોશ[૧] ‖ દ્રેગુને*

---

* દ્રેગુમર્દ તે મર્દ છે કે જેવણ બદીની સંગત નહિ રાખતા ભલાઇ તરફ જવા માંગે છે, પણ ભલાઇએ પુગેલા નથી, માટે વૅહૂની શકિત મેળવેલી નથી, જે મેળવવા તે આગળ વધે છે. પણ ભલાઇ તરફ જવાના રસ્તાની વચમાં તેના હવસો આવે છે, અને તેને હલાક કરે છે. **આવો શખ્સ હવસોનો માર ખમે છે, છતાં હવસોને તાબે થતો નથી, પણ ખોદાને તાબે થાય છે.–ખોદાની તાબેદારી કરવી તેને માટે સરોશ બોલ છે.** એટલે એવો શખ્સ સરોશને તાબે થાય છે, જેથી કુલ યજતોની કુલ્યાતી ગતીવાળો સરોશ યઝત તુરતજ આવીને તેને બચાવે છે એટલે દરવીશો અષોઇનું જોમ નહિ રાખતા હોવાથી, રઝામંદીવાળા હોવાથી એટલે જે કંઇ પડે તેને ખુશીથી ખમનાર

(ફુટનોટ માટે જુઓ પાને ૪૮૦ મે).

એટલે અષની ગતીના મેળાપમાં ગરીબ, અષોઇ નહિ રાખનાર પણ અષોઇ મેળવવા મહેનત કરનાર દરવીશને[3] || પોષણો આપવાના ઉત્તમમાં ઉત્તમ રીતે પોશણ આપનાર છે,[4] (કહેતાં અષ પુરી પાડનાર છે.) || તે સરોશ[5] || ફત્તેહમંદ રીતે પુર્ણ રીતે[6] (એટલે બુરાઇને મારીને ભલાઇમાં ઉગાડે તેવી રીતનો) || દ્રુજને[7] (હવસો અને તેઓની બુરી ગતી જે તરીકતના પાળનારની વૃદ્ધીમાં અટકાવરૂપ છે તેઓને) || મારવાની પુર્ણ ગતીથી મારનાર[8] (એટલે મારીને ભલાઇમાં, ગવની ગતીમાં, વૃદ્ધીને મદદ કરે તેવી ગતીમાં સજીવન કરવાની ગતીવાળો છે). || (એમ એક મધ્ય દ્રુજના આવેશમાં રહેલો ઇનસાન, જે દ્રવંદ છે, અષોઇ રહીતનો છે, તે જ્યારે **'નંમો'** ધારણ કરીને-તરીકત ઉપર ચાલીને સરોશને પુગતો રહે છે ત્યારે સરોશ તેનામાંથી દ્રુજને મારી કાઢે છે, જેથી તે મધ્યમાં **'ન-ના'** ની ગતી એટલે ભલાઇને ધારણ કરવાની ગતી આવતી જાય છે; તેમાં અષનું બીંદુ પેદા પડતું જાય છે અને સંપુર્ણ તાબેદારી-પુર્ણ વીશ્વાસ પેદા પડે છે. એમ સરોશને તે નર પુગતો રહે છે. આવો નર ત્યારે અષોઇને ધારણ કરીને સરોશને પુગતો રહે છે અને તેની મતીમાંથી સ્વાર્થ નીકળી જઇને પરદુખભંજનપણુ ઉભુ થાય છે; તે બીજાઓને દુઆ દેતો રહે છે. ત્યારે મધ્યમાંથી 'નંમો'ને જોરે સરોશની ગતી વ્યાપીને દ્રુજી ગતી દુર થઇને નર થવાની ગતી ઉભી થાય છે તે) || અષો[10] || નર[9] || (બીજા જેઓ હજુર ગુનાહની જડતામાં છે તેઓને માટે) દુઆના અમલાઓ કાઢનારમાં ઉત્તમમાં ઉત્તમ રીતે દુઆ કરે છે.[11] || તે નર[12] || (અષોઇથી આવતી ગતી જે દ્રુજને મારીને ભલાઇમાં ફેરવી શકે છે, એમ પુર્ણ ફત્તેહમંદીવાળો હોય છે તેવી) || ફત્તેહને લીધે[13] || ઘણીજ ફત્તેહમંદીથી કામ કરનારાઓમાં ઘણીજ ફત્તેહમંદ રીતે જીતનારો[14] || (એટલે યઝતી ગતીવાળો હોય છે). (નંમોની માંથ્ર-સ્પેન્તની બંદગીથી આવો ભલો નતીજો આવે છે, કેમકે) || માંથ્ર-સ્પેન્ત[16] (**નંમો**નાં ભણતરમાં જે તલેસ્માતીક માંથ્રો છે તેઓની ધ્વનીથી થતા સ્તોતો જેઓ ભણનારના વીચારો જે મિથ્રીક ગતીએ પુગ્યા છે તેની ગતીથી જોર મેળવી) || મીનો[17] (એટલે બધેબધ અણદીઠ રીતે પ્રસરીને પોતાની આણ ફેલાવે છે, તેવા) || દ્રુજ-હવસોની ગતીઓને[18] || બહાર કાઢનારા, હાંકી કાઢનારા-

---

(પાને ૪૭૯ મેથી ફુટનોટ ચાલુ).

હોવાથી, બદીની ગતીના મારને ખુશીથી ખમે છે, એમ અહુરા તરફ તાબેદારી બજાવે છે, જેથી તાબેદારીની અનંત શકિત સરોશ તેને બચાવીને અષોઇનો ખોરાક પુરો પાડે છે. ત્યારે **રઝામંદી રાખ્યાથી એટલે દુખોને ખુશીથી સહન કીધાથી દુખો તોડવાની શકિત આવે છે એવો ભેદ હયાં છે.**

ઓમાં ઉત્તમમાં ઉત્તમ રીતના હાંકી કાઢનાર–બહાર કાઢનાર[19] (ઘેરીને કેદ કરનારા તરીકેના હોય છે). ‖ (આવી માંથ્ર–સ્પેન્તની) બંદગીમાંની એક બંદગી નામે અહુનવઈર્યનો[20] ‖ કલામ[21] ‖ ફત્તેહમંદી રીતે–સંપુર્ણ રીતે કામ કરી ફત્તેહોમાંની પરીપુર્ણ ફત્તેહ આપનારો છે.[22] ‖ સાચ્ચી રીતનાં સાધનો જેવાં કે આલાતોથી અને સાચ્ચી જબાનથી ઉચ્ચારાએલો[23] (એટલે અષોઇના પાવ ગતીના વી દએવો દાતના કાયદા-કાનુન પ્રમાણે ગોઠવાયલા આલાતો જેઓ 'ઉખ્દ' કહેવાય છે એટલે યજતી ગતીનો, અહુનવરના નાદ સમાનના નાદને કાઢનારા છે તેઓનો અને તેઓમાંના એક આલાત તરીકેના તેઓની સાથે ભણતા યઓજદાથ્રેગરનો) ‖ (હમેશગી લગી ચાલી રહેવાની જેટ મેળવેલો અને મેળવી રહેતો) †નાદ[24] ‖ ફ્રીયાની–યસ્નની બજાવણીમાં ફાયદો આપવામાં[25] ‖ સંપુર્ણ રીતની ફત્તેહોમાં પુર્ણ ફત્તેહમંદ[26] (રહે છે). ‖ માજદયસ્ની[27] ‖ દીન[28] ‖ કુલ[29] ‖ ભલી પરદુખભંજનની સ્વાર્થ રહીતની

---

† અહિંયાં માંથ્રની ગતી અને તેને લગતો અષવન અને તે અષવનનો નેગાહબાન સરોશ–આ બધાની ખીશકારીઓ માટે '**અતિશયાર્થક**' વિશેષણો વપરાયાં છે. અવસ્તામાં અતિશયાર્થક ગતી ખીશકારીની અતી ઉત્તમતા બતાવે છે. પણ અતીશયાર્થક ગતી તેને લગતાં સામાન્ય રૂપથી ચઢતી હોવા ધારી નથી: જેમકે વોહુમન એટલે બહમન એ સામાન્યરૂપ છે જેની અતીશયાર્થક ગતી તે **વહિશ્તમ્ મનો** છે, જે **વહિશ્તમ્ મનો** કંઇ વોહુ–મનથી ચઢતો હોવાનો દર્શાવેલો નથી પણ વોહુ–મનને લગતું કામ જેઓ કરે છે તેઓમાં ઉત્તમ છે એમ બતાવેલું છે. જેમકે જરથુશ્ત્ર સામાન્યરૂપ છે અને જરથુશ્ત્રનુ કામ ગેતીમાં જેઓ ઉત્તમમાં ઉત્તમ રીતે કરે તેને જરથુશ્ત્રોતેમો કહે છે. ત્યારે અહિંયાં સરોશ એટલે યજતો–અષવનો અને માંથ્રો, તેમ સાધારણ ભણનારથી થતા માંથ્રના નાદો એટલે 'નેમો' ના કરનારાઓને ઉત્તમમાં ઉત્તમ રીતે કામ કરનાર કહયા છે. ઉત્તમમાં ઉ-તમ રીતે કામ કરવામાં શકિત હોય છે. ત્યારે જેમ સરોશમાં શકિત છે, જેમ અષવનોમાં શકિત છે, તેમ માંથ્રો જે કંઇ ભણાય છે તેઓના સ્તોતોના આકારો થઇને શકિત ધારણ કરે છે, તેમ '**અર્ષઉખ્દ વચ**' એટલે આલાતરૂપની મારેફતથી થયલા નાદોબી સ્તોતો ઉભા કરીને કેહપેં કરીને શકિત રાખે છે. આવા બધા સ્તોતો–નાદો–માંથ્રોને માટે '**વચ**' શબ્દ આપેલો છે. અવસ્તામાં '**વચ**' શબ્દને ભલાઇની બોલીને લગતો ગણેલો છે, જ્યારે સામાન્ય ગોબી કે જેમાંથી ભલાઇ–બુરાઇ બેઉ નીકળે તેને 'દુ' કહયો છે '**વચ**' શબ્દ કે જે યજતોની–માંથ્રોની–અષવનો અને બસ્તે-કુશ્તીઆનથી ભણાતી નેમો બંદગીના માંથ્રોના આકારોની કેફીઅત બતાવે છે તેમાં એ અર્થ છે કે આ '**વચ**' એક વખતે ઉભો થયો કે તે ઘાટ લઇ કેહપં ધારણ કરી શકિતમાન થઇને છેક ફ્રશો–કેરેતી આવે ત્યાં લગી વધતો અને વધતો રહીને કુદરતમાં છેક અનુપમ યજતી ગતી લગી

**(ફુટનોટ માટે જુઓ પાને ૪૮૨ મે).**

ગોરપંદી ગતીઓની સંસ્થાઓમાં[30] (એટલે વોહૂ-ચિથ્ર એટલે કુલ કાયનાતમાં, નેઆમત વરસાવતી સંસ્થાઓમાં, ગેતીને જીવડાવતી, જીવડાવવાની ગતી આપતી સંસ્થાઓમાં), ‖ બધી કુલ[31] ‖ અષોઇના બીજ રાખતી ગતીઓની સંસ્થામાં[32] (એટલે બધી અષ-ચિથ્રો એટલે મસ્દરયાતોમાં, અષોઇને લીધે અહુરા સાથે સંબંધ રાખતી ગતીઓમાં ઉપર કહેલી કાયનાતને તેઓનું જીવડાવીને આગળ ચલાવવાની શકિત પુરી પાડતી સંસ્થાઓમાં) ‖ હરતી તરફ લઇ જવાના, મોક્ષ મેળવી આપવાના, અમર ગતી લાવવાના કાયદાવાળી-મોક્ષ કમાવી આપનાર[33] ‖ એટલે[34] ‖ જરથોશ્તી[36] ‖ કાયદાવાળી, પીત્તલનું ફીમીયું કરાવનારી છે.[35] ‖

**(૪) યસ્ચ[1] જરથુશ્ત્ર,[2] ઇમત્[3] ઉખ્દૅમ[4] વચો[5] ફ્રવઍાચાત્,[6] ના[7] વા[8] નાઇરિ[9] વા,[10] અષ-સર[11] મનંઘ્રહ,[12] અષ-સર[13] વચંઘ્રહ,[14] અષ-સર[15] ષ્યઑાથ્ન;[16] મસો[17] વા[18] આપો,[19] મસો[20] વા[21] થ્વએષો,[22] ક્ષપો[23] વા[24] તાંથ્ર્યયાઓ[25] અઇપિ-દ્વાંનસ્યાઓ,[26] અપાંમ્[27] વા[28] નાવયનાંમ્[29] પઇતિ[30] પૅરૅતૂશ,[31] પથાંમ્[32] વા[33] પઇતિ[34] વીચરનાઓ,[35] નરાંમ્[36] વા[37] અષઑાનાંમ્[38] હુનજમનાઇશ,[39] દ્રવતાંમ્[40] વા[41] દએવયસ્નનાંમ્[42] હુનદ્રૂરનાઇશ;[43]**

---

(પાને ૪૮૧ મેથી ફુટનોટ ચાલુ).

જતો રહીને ફ્રશો-કેરેતી લાવવા રોકાયલોજ રહેશે. ત્યારે ભણતરો જે કંઈ થાય છે તેની સ્તોતીક ગતીના કેહપેૈ રહે છે. એક વખતે કાયદેસરનાં ભણતરો થયાં કે તેઓના થયલાં તે કેહર્પની જીંદગી છેક ફ્રશો-કેરીતી લગીની વધતી રહીને તે કેહર્પ ગેતીમાં જુઝવાળી અને પછી કુલ્યાતી ફ્રશો-ગર્દ કરવા અનંતકાળ લગી કામ કર્યાજ કરે છે. કુદરતની અંદર બેશુમાર મીનો યજતો મીનીટે મીનીટે કામ કર્યાજ કરે છે, અને કુદરતના ભેદી પરદાની ઉપર **ગોપતશાહ** એક મહાન શકિત હરહંમેશ ઝરવાને અકરનેના બગની સાથે જોતી-રાથ્વી થઇને યજશ્ને કર્યા કરીને ઝરેહ વોઉરૂ-કષમાં જોર મેળવીને તે બેશુમાર મીનો-યજતોના કામને મદદ કર્યાજ કરે છે જેથી આવા બધા **વચ**ના ભેદથી થતા કેહપેૈને ભલુ ઉશ્તાન ગોયા અહુરમજદનો દમ મળી રહે છે અને તેઓ અમર ગતીએ-યજતી ગતીએ પુગીને ફ્રશો-ગર્દ લાવવાનું કામ કર્યાજ કરે છે. આવો ઉંડો ભેદ બતાવવા માટે "**અર્ષઉખ્દ વચ**" શબ્દને તેમ માંથ્રોને વીગેરેને અહિયાં અતીશયાર્થક રૂપ આપેલાં છે જેમાં પુર્ણ શકિત કે જે ફ્રશો-ગર્દ લગી કામ કરી રહેશે એવો ઉંડો ભેદ સમાવવા ધારેલો છે. કાયદાસરના ભણેલા માંથ્રો અને અષવન નરની શુદ્ર જેને **આતરદાત** કહે છે તેઓ આવી રીતે ફ્રશો-ગર્દ લગીની જીંદગી મેળવીને કામ કરી રહે છે.

(૫) કહ્મિ કહ્મિચિત્[૪૪] વા[૪૫] અઇપ્યનાંમ;[૪૬] કહ્મિ કહ્મિચિત્[૪૭] વા[૪૮] અરથ્યનાંમ[૪૯] શ્વએષો[૫૦] બિવિવાઓ;[૫૧] નોઇત્[૫૨] દ્રિમ[૫૩] યવ[૫૪] અંધ્રહે[૫૫] અયાંન,[૫૬] નોઇત્[૫૭] અંધ્રહાઓ[૫૮] ક્ષપો,[૫૯] દ્રવાઓ[૬૦] જરૅતો[૬૧] જરનુમનો[૬૨] જજરાનો,[૬૩] અષિબ્ય[૬૪] અવ-સ્પશ્તિચિન[૬૫] અવિ[૬૬] અવ-સ્પષ્નઑત્;[૬૭] નોઇત્[૬૮] ગદહે[૬૯] વઝો-વાંથ્વ્યેહે[૭૦] ૡબએષો[૭૧] ફ્રાંશ્તિચિન[૭૨] ફ્રાષ્નુયાત્.[૭૩]

(૪-૫) જે કોઇ[૧] ‖ નર[૭] ‖ યા[૮] ‖ નારી[૯] ‖ અષોઇનાં ચલણ-વાળાં, અષોઇમાં પચેલાં[૧૧ ૧૩-૧૫] ‖ મન[૧૨]-‖ બોલ[૧૪]-‖ તરીકત-કામથી-વર્ત્ત-નથી[૧૬] ‖ આ[૩] ‖ આલાતોના* નાદ સાથના[૪] ‖ ભણતરને[૫]† ‖ ભણતો હોય[૬] ‖ (એટલે યસ્નને કાર્યસાધક રીતે કરી રહેતો હોય, તો ગમે તેવે સારે રૂડે યા નરસે પ્રસંગે યા મોકાપર) ‖ ઘણું[૧૭] ‖ પાણીમાં[૧૯] (એટલે વરસાદ કે રેલ કે બીજી પાણીમાંની મુશ્કેલીમાં) ‖ યા તો[૨૧] ‖ ચમકાટના ભયમાં એટલે વીજલીના પડવાથી ઉભી થતી આગના ભયમાં,[૨૨] ‖ યા તો[૨૪] ‖ અંધકારથી ભરેલી સીહાગર[૨૫] ‖ વાદળાં અને ધુમસથી ઢંકાયલી[૨૬] ‖ રાત્રીએ,[૨૩] ‖ યા તો[૨૮] ‖ નદી નાળાંના[૨૯] ‖ પાણીના[૨૭] ‖ પુલ ઉપર,[૩૧] ‖ કાં તો[૩૩] ‖ રસ્તાઓના[૩૨] ‖ જુદા પડતા ફાંટાઓ[૩૫] ‖ આગળ,[૩૪] ‖ કે[૩૭] ‖ અષો[૩૮] ‖ નરોની[૩૬] ‖ મીજલસમાં[૩૮] ‖ કે[૪૧] ‖ દેવ--યસ્ન = ઘટતીના સ્વાર્થી દુન્યવી ખુદપરસ્તી લોકમાંના દરવંદો = અષોઇથી વેગળા જતા લોકોની[૪૨-૪૦] ‖ મીજલસમાં,[૪૩] ‖ કાં તો[૪૫] ‖ રસ્તામાંની આફતોમાંની[૪૬] ‖ કોઇબી આફતમાં,[૪૪] ‖ કાં તો[૪૮] ‖ કાયદાના અર્થને ઉકલાવવાની મુશ્કેલીમાંની યા મુકદદમાની યા ખરાબ ચોઘડીઆંની[૪૯] ‖ કોઇબી[૪૭] ‖ ગુચમાં યા ધાસ્તીમાં,[૫૦] ‖ (આ બધા મોકા ઉપર) ‖ બીહી ગયો, ગુંચવાઇ ગયો હોય,[૫૧] ‖ તેને[૫૩] (તે નર જે અષોઇ-વાળા યસ્નવાળા છે તેને) ‖ આવા ઉપર કહેલા કોઇબી[૫૪] ‖ તે[૫૫] ‖ દીવ-

---

* 'ઉખ્દ'માં સાધારણ બોલવાનો અર્થ નથી. જેટલા બધા આલાતો છે, જેટલી બધી દીનમાં કહેલી મારેફતો છે, જેમકે સુદરેહ-કુસ્તી વગેરે તે બધાઓને જ્યારે દીની કાનુન પ્રમાણે તૈયાર કરવામાં આવે છે, ત્યારે તેઓની ઉપર '**અવીજેહૂ દએન**' જે કુદરતમાં છે ત્યાંથી આશીશો ઉતરે છે અને તે મીનો દએનમાં રહેલી ક્ષથ્ર=અધીકારનો stamp છાપ તેઓ ઉપર પડે છે. આ વખતે તે ક્ષથ્રનો નાદ તે બધા આલાતો અને મારેફતોમાં જારી થાય છે, જે બધાને સારૂ 'ઉખ્દ'=બોલતો નાદ એવો શબ્દ અવસ્તામાં આપેલો છે.

† '**વચો**'માં ખાલી અહુનવરજ આવે નહિ પણ બધાજ માંથ્રો આવે, અને '**ઉખ્દૅમ્ વચો**' શબ્દ કાયદાસરનું ભણતર-દીની અધીકારના નાદ સાથનું ભણતર-યસ્ન જોઇએ એમ કહે છે.

સને લગતા કે[56] ॥ તે[58] ॥ રાત્રીને લગતા[59] (ઉપર કહેલા બધા પ્રસંગો–મોકા ઉપર) ॥ દુખ દેનાર[62] (અષોઇને ઉતારી પાડવાની વેતરણ કરનાર), ॥ નુકસાન કરનાર[63] (તન–મન–અંગોને બગાડવા માંગનાર), ॥ જુલ્મગાર[61] (અષો નરને નહિ ટકવા દેનાર) ॥ દ્રવંદ=અષોઇનો વીરોધી[60] ॥ (તે અષો નરને) ॥ એકી નજરે[65] ॥ નુકસાન કરવા ધારેલી આંખોથી[64] ॥ બરાબર[66] ॥ જોઇ શકે[67] ॥ નહિ,[57] (તો પછી નુકસાન તે કેમ કરી શકે?) ॥ મજબુત બંધારણની ટોળકીવાળા[70] ॥ લુટારાની[69] (એટલે જડ ઘાલી બેઠેલા હવસો જેઓ બુરી ખરાબ તબઇથી ઉભરી આવી ગુનાહમાં રગડાવે છે, તેઓની) ॥ ખરાબીઓ[71] (તન–મન–રૂવાનને લાગતા ચેપો–હવસો) ॥ બેધડક રીતે[72] ॥ પહોંચી શકે[73] ॥ નહિ.[68] ॥

**(૬) ઇમતચ,[1] જરથુશ્ત્ર,[2] ઇમત્[3] ઉખ્દૅમ[4] વચો[5] ફ્રશ્રૂયાઓ,[6] યત્[7] આજસાત્,[8] કૅરૅસસ્ચ,[9] ગદ્દાતૂશ્ચ,[10] દએવેશ્ચ[11] હનદ્રૅમ્ન;[12] આઅત્[13] દ્રવતાંમ્[14] દએવયસ્નનાંમ્,[15] યાતૂશ્ચ[16] યાતુમતાંમ્;[17] પઇરિકાઓસ્ચ[18] પઇરિકવતાંમ્[19] હ્બએષો[20] ફ્રતૅરૅસાંન્[21] ફ્રદ્રૂરાંન્[22] ન્યાઓન્ચો[23] દએવ[24] ન્યાઓન્ચો[25] દએવયાજો,[26] જફ્રૅ[27] અવ-ગેઉર્વયાંન્[28] અથ[29] શરૅબ્યન્તો.[30]**

(૬) અએ જરથુસ્ત્ર,[2] ॥ એજ[1] ॥ એવા[3] ॥ આલાતો ગોઠવેલી યસ્નવાળાં[4] ॥ ભણતરને[5] ॥ ભણવાનું જારી કરાવે,[6] ॥ જેથી જયારે[7] ॥ દીની-દુશમન, યસ્નનો વીરોધી[9] (કહેતાં યસ્નમાં પડતો ખતરો—ભુલચુક), ॥ લુટારૂનું[10] (ઉતરવું) (કહેતાં બુરી તબઇ કમનસીબીનું પડીને બુરાઇ ઉપર ઉતરવું તે), ॥ દએવો[11] (જાતજાતના ભુલાવાઓ, ખોટી માન્યતાઓ), ॥ ટોળાબંધ[12] (એટલે બધીજ મુશ્કેલી સાથે સાથ) ॥ (બધીજ મુશ્કેલી સાથે-સાથ એકી વખતે ટોળા થઇને) ॥ આવી પડે, આવી પહોંચે,[8] ॥ જયારે આ બધા[13] ॥ દ્રવંદોની, અષોઇના વીરોધીઓની,[14] ॥ ધટતીના પુજારીઓ, જડવાદીઓની,[15] ॥ જાદુગરોની=ધટતીના ઇલ્મવાળાઓની ઇનસાન–સમાજ અને ગેતીને ભોગે વધવા માંગતાઓની,[16] ॥ તેવા બધા ધટતીને લગતા ઇલ્મવાલાઓની,[17] ॥ પરીઓ–અરવાહીઓની,[18] ॥ પરી–અરવાહીને લગતા સાધન્યાઓની[19] ॥ બુરી રૂવાનને પાછળ હઠાવનાર–તન–મનને હઠાવનાર અસરો–ચેપ–દરદ મીસાલ[20] ॥ તુટી પડવા બીહવડાવે,[21] ॥ ના, તુટી પડે,[22] (ત્યારે) ॥ (તે બધી) દએવીક ગતીઓ[24] ॥ હેઠી પડેલી નિર્થક[23] (થાય), ॥ તે બધી દએવીક ગતીને લગતાઓ[26] ॥ નીષ્ફળ[25] (જાય), ॥ એ પ્રમાણેનાં[29] ॥ નુકસાન કરનારાઓનાં,[30] ॥ મોઢાં–જડબાં[27] ॥ બંધ થઇ જાય છે.[28] ॥

**(૭) યથચ[૩૧] પસુશ-હુઉર્વાઓંધ્રહો,[૩૨] અએતત[૩૩] સ્રઑ-ષૅમ[૩૪] અષીમ[૩૫] પઇરિ-બરામઇદે,[૩૬] યિમ[૩૭] અષવનૅમ[૩૮] વૅરૅથ્રાજ-નૅમ;[૩૯] અએતત[૪૦] સ્રઑષૅમ[૪૧] અષીમ[૪૨] ફ્રાયજામઇદે,[૪૩] યિમ[૪૪] અષવનૅમ[૪૫] વૅરૅથ્રાજનૅમ[૪૬] હુમતાઇશ્ચ[૪૭] હૂખ્તાઇશ્ચ[૪૮] હ્વરૂ-શ્તાઇશ્ચ.[૪૯]**

(૭) જે પ્રમાણે[૩૧] || ‡પસુશહરૂન='પશુની પાસબાની કરનારા'[૩૨]

---

‡ **પસુશ હુઅઉરવઃ** આ શબ્દ '**પસુ**' અને '**હુઅઉરવ**' બે ભાગો છે. **પસુશ** એટલે પસુની અને '**હુઅઉરવ**' એટલે તમામીઅતપણું આખાપણું અને પાસબાની કરનાર–જેમ સંસ્કૃતમાં સર્વ શબ્દ છે તેમ અવસ્તામાં '**હુઅ-ઉરવ**' શબ્દ છે તેમાં હમગી આવવી, માટે એકઠા થઇને મળી જવાનો અર્થ છે. વળી '**હુઅઉર્વ**'માં '**હર**'=બચાવ કરવા ઉપરથી બચાવ કરનારનોબી અર્થ છે. પસુને આખા રાખી, આખાપણુ આપીને તે આખાપણાનો બચાવ કરવો–તે આખાપણું તુટે નહિ તેની હિફાજત કરવી. આમ ત્યારે એનો અર્થ પસુને આખા રાખવાની હિફાજત–પાસબાની કરનારો એમ થાય છે. સાધારણ રીતે પસુને આખા રાખવા એટલે જીવતા રાખવાની હેફાજતનો અર્થ થાય છે. સાધારણ રીતના પસુ તે ગાય ગોસ્પંદો રહે છે, અને તેઓને હલાક કરનાર વરૂઓના ટોળાઓ વિકાળ પ્રાણીઓ, ચોર લુટારૂઓ રહે છે. ખાસ કરીને વરૂઓના ટોળાઓ પસુઓ ગાય ગોસ્પંદને હલાક કરે છે. તેઓને હાંકી કાઢનારને 'પસુશ હુઅઉર્વ' કહે છે. આમ હાંકી કાઢનાર કુતરાઓ જાણીતા છે જેઓને 'સપ' shephred dog અને **સ્વન** hunting dog કરીને કહે છે. વંદીદાદમાં '**સપા પસુશ હુઅઉર્વ**' એમ ખુલ્લા શબ્દો આવે છે. દીનકર્દમાંની ગાથાઓની તાવીલમાં માનવને પોતાના ગોસ્પંદને માટે એટલે **ગાય ઢોર ઉપરાંત પોતાની ગવ=જીવના જોરાન-ઈ-જાનને માટે 'પસુશ હુઅઉર્વ' થવા કહયું છે.** પસુશ-હુઅઉર્વનો લોધતીક અર્થ છે તેની ઉપરથીજ ઉપરનો જાહેર અર્થ થયો છે. માનવના રૂવાનના અંશો હેઠલી નબાતાત, જમાદાત અને હેવાનાતમાં એક દશાંસને કાયદે રહયા છે. આ બધા રૂહના અંશોની ઉપર એજાબ છે અને તેઓ ગેતીમાં સરગરદાન રીતે રખડી રહેલા છે જેમ જેમ માનવ બુરાઇ કરતો જાય છે તેમ તેમ આ અંશો વધુ અને વધુ જડતામાં સપડાતા જાય છે. પણ જેમ જેમ માનવ નેકી કરતો જાય છે તેમ તેમ તે અંશોને કુદરત તે એજાબ-માંથી છોડવી છોડવીને જમાદાતમાંના અંશોને નબાતાતમાં આણી અને નબાતાતના અંશોને હેવાનાતમાંના 'ગવ'ની વર્ણમાં આણીને '**પસુ**' તરીકે તેઓને ઉભા કરે છે. આ '**પસુ**' ત્યારે ગોસ્પંદી વૃત્તીનું થઇ રહે છે અને પોતાના માનવનાં રૂવાનનો એજાબ તુટે તેની દુઆ કરતું રહે છે. એમ તે ગોસ્પંદના મિગ્ર ચાલી રહે છે. પછી જ્યારે માનવ અષવનની ગતી ઉપર ચઢે છે ત્યારે '**માનવ**' તે '**પસુ**'ને ઓળખી કાઢે છે, અને તેઓમાંની કસર જે હોય, દુજી

**(ફુટનોટ માટે જુઓ પાને ૪૮૬ એ).**

(**'સપા'** ભરવાડી કુતરા, **'સ્વન'** શીકારી કુતરાઓ અચુક રીતે પશુઓની ચોકી વરૂઓના હોમલાની સામે કરે છે માટે તેઓને પાસબાન તરીકે રાખે છે), ‖ તે પ્રમાણે[33] ‖ અષીવાળા[35] ‖ સરોશને[34] ‖ હમારી ચોકીને માટે લઇએ છીએ,[36] ‖ જે[37] (સરોશ) ‖ અષો[38] ‖ ફ્રત્તેદમંદ[39] ‖ (છે તેને) હમારી આસપાસ રાખીએ છીએ,[36] ‖ તેવા તે[40] ‖ અષીવાગા[42] (અષોઇની બધી શકિત રાખનાર અને આપનાર) ‖ સરોશને[41] ‖ હવસો સામેના બચાવને માટે પુગીએ છીએ-એકતાન થઇએ છીએ;[43] ‖ જે[44] ‖ અષો[45] ‖ ફ્રત્તેહમંદ[46] (સરોશને) ‖ **'હૂ'**=અહૂ અહુરમજદની **'મત'**=ધારણાઓ-મરજીઓ ધારણ કરીને કામ કરી રહેનારાઓ એટલે યજતો જેઓ હસ્તીમાં કામ કરી રહે છે તેવી યજતો જેવી ઉત્તમ ગતીની મન શકિત મેળવીને તેવી મનશકિતથી,[47] ‖ **હૂ** = અહૂના 'ઉખ્દ' નાદો કે જેમાં પરિપુર્ણ કરવાની ફળીભુદ કરવાની શકિતઓ છે તેવી શકિત મેળવેલાઓ એટલે યજતો જેઓ તે **'ઉખ્દ'** એટલે અહુનવરના હોકમ મુજબ નીસ્તીને રચી રહેવાની શકિત રાખે છે માટે સત્યવાન છે, તેવા સત્યના નાદવાળી શકિત મેળવીને, તેવી સત્યની શકિતથી,[48] ‖ **હુ** = અહૂના **'વરૂશ્ત'** કામ કરતી કુદરતને પુગેલાઓ ગેતીને રચતી ઉગાડતી-ગેતીનો ભોગવટો હદ+

---

(પાને ૪૮૫ મેથી ફુટનોટ ચાલુ).

ગતી તેઓને સતાવતી હોય, તેને રોકીને તેઓને દ્રુજરહિતના એટલે આખા કરે છે એટલે નીચેની જમાદાતથી છેક હેવાનાતનો સીલસીલો બરાબર લાવી મુકીને અસલ જેવું આખું કરે છે-અસલ ૧/૧૦ માં વહેંચાયલું તેને પાછું આખું-એક જેવું કરે છે, જેને માટે અવસ્તા શબ્દ **'હઅઉર્વ'** છે. તેઓને લાગેલી દ્રુજની ગતીને મારીને તેઓને દ્રુજરહિતના એટલે ખએતવની હાલતના કરે છે, ત્યારે તેઓની તે ઉંચ થયલી હાલત પાછી ઉતરી નહિ પડે માટે તેઓની આસપાસ તે અષવન પોતે ચોકી મુકે છે, ખોરદાદ અમશાસ્પંદના અમલથી એક અણદીઠ કેહર્પ ઉભું કરે છે, જે અણદીઠ રીતે તે પસુની આસપાસ વીટળાયલું રહે છે-**ગોશોરૂન**ની શકિત જે તે વખતે તે **'પસુ'**ની કુદરતી પાસબાન રહે છે તે ગોશોરૂનના નાયબ તરીકે પેલા અષવનના ખોરદાદ અમશાસ્પંદના અમલથી થયલી મીનો શકિત થઇ રહે છે. આવી થયલી શકિતને **'પસુશહઅઉર્વ'** કહે છે. ઇનસાન જ્યારે ગુનાહગાર હોય છે, ત્યારે તે મહેર અને પતેત કરીને પોતે ગુનાહથી દુર થવાની કોશેશ કરે છે ત્યારે કુદરત ખુદ પોતે **'ગોશોરૂન'**ની એક શકિતને ઉભી કરીને તેના ખોદા મારફતે તેની ઉપર ચોકી મુકે છે. આવી ચોકીને **'પસુશ હઅઉર્વ'** કહે છે. પછી જેમ માનવ આગળ વધે છે ત્યારે તે માનવને તે **'પસુશ હઅઉર્વ'** દેખાવ આપે છે, જેથી માનવ પોતે ગવ-દરોસ્તીએ પુગી શશ ,જોરાન-ઈ-જાનનો સાહેબ થાય છે. આમ **'પસુશ હઅઉર્વ'**નો ભેદ છે.

ઇનસાફ્થી કરાવતી કુદરતે પુગેલાઓ એટલે યજતોની ગેતીની ઇનસાફી વજેથી પરદુખભંજનના નીયમથી ઉગાડવાની યસ્ન જેવી યસ્ન-તરીકતો, ખીશ્કારીએ પુગીને તેવી ઇનસાફી પરદુખભંજનની ખીશ્કારીથી[૪૯] ‖ વૃદ્ધિ માટે પુગીને એકતાન થઇએ છીએ.[૪૩] ‖

**(૮) અહે[૧] રય[૨] ખ્અરૅનઘ્રહચ,[૩] અંઘ્રહે[૪] અમ[૫] વૅરૅથ્રઘ્નચ,[૬] અહે[૭] યસ્ન[૮] યજતનાંમ,[૯] તૅમ[૧૦] યજાઇ[૧૧] સુરૂન્વત[૧૨] યસ્ન,[૧૩] સ્રઓષૅમ[૧૪] અષીમ[૧૫] જઓથ્રાબ્યો,[૧૬] અષીમ્ચ[૧૭] વંઘ્રુહીમ[૧૮] બૅરૅજઈતીમ,[૧૯] નઇરીમ્ચ[૨૦] સંઘ્રહૅમ[૨૧] હુરઓદૅમ.[૨૨] આચ[૨૩] નો[૨૪] જમ્યાત્[૨૫] અવંઘ્રહે,[૨૬] વૅરૅથ્રજાઓ[૨૭] સ્રઓષો[૨૮] અષ્યો.[૨૯]**

**(૯) સ્રઓષૅમ[૩૦] અષીમ[૩૧] યજમઇદે.[૩૨] રતૂમ[૩૩] બૅરૅજન્તૅમ[૩૪] યજમઇદે,[૩૫] યિમ[૩૬] અહુરૅમ મજ્દાંમ,[૩૭] યો[૩૮] અષહે[૩૯] અપનોતૅમો,[૪૦] યો[૪૧] અષહે[૪૨] જઘમૂશ્તૅમો.[૪૩] વીસ્પ[૪૪] સ્રવાઓ[૪૫] જરથુશ્ત્રિ[૪૬] યજમઇદે.[૪૭] વીસ્પચ[૪૮] હ્વરૂશ્ત[૪૯] વ્યઓથ્ન[૫૦] યજમઇદે,[૫૧] વરૂશ્તચ[૫૨] વરૅષ્યમ્નચ.[૫૩]**

**યેંઘ્રહે હાતાંમ્ આઅત્ યેસ્ને પઇતી વંઘ્રહો,**
**મજ્દાઓ અહુરો વએથા અષાત્ હચા,**
**યાઓંઘ્રહાંમ્ચા તાંસ્ચા તાઓસ્ચા યજમઇદે.**

(૮) તે[૧] (સરોશ)ની ‖ 'રય'=પુર્ણ જ્ઞાનના ચળકાટની પ્રસંશાને માટે[૨] (અને) ‖ (તે જ્ઞાનના) પ્રભાવ જે અત્યંત તાબેદારી રાખીને અહૂની ક્ષથ્ર મેળવી જગતનો નેગેહબાન થઇ રહે છે, જગતને આશીશો આપી ચલાવે છે તેવા આશીશો ખોરેહ-જલવાની પ્રસંશાને માટે,[૩] ‖ તે[૪] (સરોશ)ની ‖ પુર્ણ હીમ્મત[૫] (કોઇગી સુરતે અહૂ-પરસ્તીમાં કચાસ નહિ રાખવી તેવી મકકમતાની **અમ** યઝતની ગતી જેવી ગતીની કીર્તી ગાવા) માટે, ‖ ફ્તેહને માટે[૬] (એટલે કામ સરંજામ કરવું, અજ્ઞાનતાના દેવને જ્ઞાની કરવાની ફ્તેહને માટે), ‖ તે[૭] (સરોશ)ની ‖ યસ્નની પ્રસંશાને માટે[૮] (એટલે અહુરાની નેમ ફળીભુદ કરવાનાં મહાન યસ્નરૂપ કામની પ્રસંશાને માટે) ‖ બધા યઝતોમાં[૯] (વ્યાપી રહેલી તે પુર્ણ તાબેદારીનો પેવંદ રાખી રખાવનાર) ‖ તે[૧૦] (સરોશ)ને ‖ સંભળાય તેવા (એટલે વંશ પરંપરા ઉતરી આવેલી યસ્ન કે જેથી સરોશ આવી મળે છે તેવી) ‖ યસ્નનાં બળથી[૧૩] ‖ હું ઇજું.[૧૧] (જે કોઇ સરોશને '**સુરૂન્વત યસ્ન**' એટલે આવી યસ્તનીઆએશ-બાજથી એટલે સરોશ આવી મળે તેવા માંથ્રથી ઇજે, તે

શખ્સની ઉપર પછી આશીરવાદનો ઝરોહ રાખનાર અષિશ-વંઘહુ પ્રસન્ન થાય છે અને તે શખ્સને અહૂ પ્રત્યેની નોકરી કે જે નઇર્યો-સંઘહ = અહુરાના કાસદ તરીકે કરી રહે છે તેવી નોકરી કરવાની શકિત મળે છે, જેથી તે શખ્સ અષિશ-વંઘહુ અને નઇર્યો-સંઘહના સંબંધમાં આવીને તેઓની સાથે 'યજ' થયાજ કરે છે, માટે હવે પછીથી કહે છે કે:) અષીની દહમ-આફ્રીતીની નેઆમત રાખનાર, પુર્ણ અષોઇની શકિત રાખનાર[૧૫] (૭૨ તબકકાની અષોઇનો સાહેબ છે તે) || સરોશને[૧૪] || બુલંદ ગતીવાળી, બીજાને બુલંદીએ પુગાડતી,[૧૯] || બહમનના સ્વભાવની પરદુખભંજન ગતીની એટલે અહુરાનાં અંતકરણ મુજબ કામ કરનારી[૧૮] || અષિશ-વંઘહુને, અને[૧૭] || ખુબસુરત=વ્યવસ્થા લાવીને ખુબસુરતી આણનાર, બુરા સ્વભાવને યજતી સ્વભાવમાં ફેરવનાર[૨૨] || નઇર્યો-સંઘહ યજતને[૨૦-૨૧] || હું ઇજું.[૧૧] || (એવી ભલી વ્યવસ્થાની કીમતી) ફત્તેહમંદી આપવા માટે,[૨૬] || અએ ફત્તેહમંદ અને[૨૭] || સંપુર્ણ અષોઇની અષીની ગતીવાળો[૨૯] || સરોશ, તું[૨૮] || હમારી[૨૪] || તરફ[૨૩] || આવશેજ.[૨૫] || (હવે પછી તે ભણનાર સરોશ, જેવણ અહુરાને માટેજ થયા છે એટલે અહુરા તરફ પુર્ણ ભકિતભાવ રાખવા માટે સંપુર્ણ તાબેદારી રાખી-રખાવવાને માટે થયા છે, જેવણ તરીકત મારફતેજ એટલે અહુરાની વસીઅત જે જરથુશ્ત્રને મળી છે તે વસીઅત પ્રમાણેના 'પથ' મારફતેજ આવી મળે છે માટે તેવી તરીકતો, જે થઇ ગઇ-થશે-થઇ રહે છે, તેઓને તેવી બધી તરીકતોની rationale = હકીકતી જ્ઞાન જે બધું જરથુશ્ત્રને અહુરાએ આપેલું છે તે બધાં જ્ઞાન વીગેરેને યાદ કરે છે. માટે ભણે છે કે:) || અષીની શકિતવાળા[૩૧] || સરોશની સાથે[૩૦] || હમો એકતાન થઇએ છીએ.[૩૨] || બુલંદી રાખીને બુલંદીએ લઇ જનાર[૩૪] || *સરદાર[૩૩] || જે[૩૫] || અહુરા છે તેને,[૩૭] || જેવણ[૩૮] || અષોઇમાં[૩૯] || પુર્ણ ગતીવાળા

* હયાં અહુરાને 'રતૂ'=સરદાર અને અષોઇમાં સંપુર્ણ અને બીજાને દોરવનાર તરીકે જણાવ્યા છે, એટલે અહુરાને unequal બેનમુન એકના એક તરીકે નહિ લેતાં સરખામણીમાં લીધા છે. તે અહુરા અને બીજા યઝતો વચ્ચે સરખામણી દોરી છે એટલે તેવણને 'અહૂ' તરીકેના બીહમાલ લીધા નથી. એમાં ત્યારે કંઇક અર્થ હોવો જોઇએ. અવસ્તેઇક શબ્દ અહુરામાં અનેક ભેદો રહયા છે. તેટલા માટે અહુરા શબ્દને અનેક ખ્યાલો આપેલા છે જેમાં રતુ તરીકેનો ખ્યાલ એક છે. 'અહૂ અક્રજયંત'નો ખ્યાલ તો મુળ ખ્યાલ છે. તે અહૂના જેવા જે થયા છે તેનો ખ્યાલ બીજો છે, જેની સમજ આમ છે કે અનહૂમાનું સૌપ્પર પહેલું ચિત્ર એટલે કુલ જગતનું ઇસુલ તે સ્તઓત યસ્નનાં ઇંડાંમાંથી બહાર પડયું હતું, જેમાંથી સામસામી ગતી રાખતી દુઇની જોડ પ્રગટી નીકલી હતી.

(ફુટનોટ માટે જુઓ પાને ૪૮૯ મે).

ચઢીઆતા છે,[૪૦] || જેવણ[૪૧] || અષોઇમાં[૪૨] (અષોઇ બીજાને આપવામાં)[૪૩] || દરેક સંજોગે આવી પુગનાર છે,[૪૪] || તેવણ સાથે એકતાન થઇએ છીએ.[૩૫] || જરથુશ્ત્રની ગતી રાખતા કથીરને સુન્તુ કરી શકે તેવી શકિત રાખતા, કથીરને સુન્તુ કરવા ધારેલા[૪૫] || બધા[૪૪] || સબકો[૪૫] (જેઓ જીવતી વ્યક્તી તરીકે છે, કેહપ્રરૂપમાં છે, તેઓ સાથે) || એકતાંન થઇએ છીએ.[૪૭] || (તે શીક્ષણ પ્રમાણે કાયેલાં) બધી[૪૮] || દાદારની કુદરત અનુસારની પળાયલી-પળાતી[૪૯] || તરીકતો[૫૦] (અહૂની ગતીએ પુગાડી શકે તેવી અમલ કરવાની તરીકતો જે ભલો નતીજો આપશેજ, જે તે સરોશને પુગાડશે તેઓ) ને, || (જે) પળાતી આવેલી ચાલુ છે,[૫૨] || (અને) હવે પછી પળાતી રહેશે,[૫૩] || તે બધાંની સાથે એકતાન થઇએ છીએ[૫૧] (એવા ભલા સરોશની ગતીએ પુગેલાં, અહુરમજદને પુગેલાં તેવાં નર-નારીની સાથે હમો એકતાન થઇએ છીએ.) ||

(૧૦) (કરદો બીજો) ☞ **સઑષૅમ[૧] અષીમ[૨] હુરઑદૅમ[૩] વૅરેથ્રાજનૅમ[૪] ફ્રાદત્-ગએથૅમ[૫] અષવનૅમ[૬] અષહે[૭] રતૂમ[૮] યજમઇદે.[૯]** (ત્રણ વાર પઢે.)

**યો[૧૦] વનનો[૧૧] કયદહે,[૧૨] યો[૧૩] વનનો[૧૪] કાઇદૂયેહે,[૧૫] યો[૧૬] જન્ત[૧૭] દએવયાઓ[૧૮] દ્રુજો,[૧૯] અશ-અઑાજંઘ્રહો[૨૦] અહ્રૂમ-મૅરૅન્ચો;[૨૧] યો[૨૨] હુરૅત[૨૩] અઇવ્યાક્તચ,[૨૪] વીસ્પયાઓ[૨૫] ફ્રવોઇશ[૨૬] ગએથયાઓ.[૨૭]**

---

(પાને ૪૮૮ મેથી ફુટનોટ ચાલુ).

આ જોડમાંના એકને બઓદંઘહ કહે છે અને બીજાને દ્રવાઓ સાથનું રૂવાન કહે છે. આ દ્રવાઓ સાથનાં રૂવાનમાંથી દ્રવાઓની ગતીનો ઝલ્વો બે રીતનો બહાર પડેલો છે: એકને **'અક્ષિમંત ગાતુ'** કહે છે બીજાને **'મજદ-આપ'** નું જગત કહે છે. આ પ્રગટ થયલી દુઇ જ્યારે મળી ગઇ અને અહૂ=તે સાહેબનાં રૂવાન તરીકે **'યેંઘહે ઉર્વ મૉગ્રો-સ્પૅન્ત'**માં જે ભેદ છે તેવા ભેદ તરીકે જાહેર થઇ અને અહૂની આણમાં આવી, ત્યારે તેમાં બધો અહૂનો પ્રતાપ વસ્યો. આવી પ્રતાપ વસેલી **તે દુઇ જે અદુઇ થઇ છે તેનેબી 'અહુરા'** કહે છે, જેવણ પછી બીજાં રૂવાનો જેઓ અહૂની આણમાં આવી શકતાં નથી, જે રૂવાનબી તેવણમાંથીજ છે, તેઓને પોતા જેવા કરવા તેઓને હેદાયત આપવા અહૂ તરફથી ક્ષથ્ર મેળવી અહુરા તરીકેની નેમણુક પામીને આગળ વધ્યાં એટલે અહૂની શકિત રાખનાર તરીકે નેમાયાં, જેવણ પછી **'રતૂ'** થયા એટલે તે અહૂની વતીના થયા અને સૃષ્ટીને શરૂ કીધી. એમ તેવણ **'અષ'** વ્યવસ્થામાં, અષોઇમાં અવ્વલ અને **રતૂ** તરીકે થયા છે, જેની સમજ વિષે જુઓ **નીકીઝ, વોલ્યુમ બીજાંનો દીબાચો.**

(૧૧) યો[28] અનવંધ્રહુબ્દૅમનો[29] જએનંધ્રહ,[30] નિપાઇતિ[31] મજદાઓ[32] દામાંન્;[33] યો[34] અનવંધ્રહુબ્દૅમનો[35] જએનંધ્રહ,[36] નિશહુઉર્વંઇતિ[37] મજદાઓ[38] દામાંન્.[39] યો[40] વીસ્પૅમ[41] અહૂમ[42] અસ્તવન્તૅમ,[43] ઍરૅદ્વ[44] સ્નઇથિષ[45] નિપાઇતિ,[41] પસ્ચ હૂ ક્રાષ્મો-દાઇતિમ.[47]

(૧૨) યો[48] નોઈત્[49] પસ્ચએત[50] હુશ્ખફ્,[51] યત્[52] મઇન્યૂ[53] દામાંન્[54] દઇદીતૅમ,[55] યસ્ચ[56] સ્પૅન્તો મઈન્યુશ[57] યસ્ચ[58] અંધ્રો.[59] હિષારો[60] અષહે[61] ગએથાઓ.[62] યો[63] વીસ્પાઈશ[64] અયાંન્ચ[65] ક્ષફ્નસ્ચ[66] યૂઇદ્યેઇતિ[67] માજન્યએઇબ્યો[68] હદ[69] દએવ-એઇબ્યો.[70]

(૧૩) હો[71] નોઇત્[72] તરૂશ્તો[73] ક્રાનામઇતે[74] થ્વએષાત્[75] પરો[76] દએવએઇબ્યો[77] ક્રા અહ્માત્[78] પરો[79] વીસ્પે[80] દએવ[81] અનુસો[82] તરૂશ્ત[83] નૅમન્તે,[84] તરૂશ્ત[85] તૅમંધ્રહો[86] દૂરૅન્તે.[87]

*અહે રય ખ્રૅનંધ્રહચ, અંધ્રહે અમ વૅરૅથ્રઘ્નચ, અહે યસ્ન યજતનાંમ્ તૅમ યજાઇ સુરૂન્વત યસ્ન; સ્રઑષૅમ્ અષીમ્ જઑથ્રાબ્યો, અષીમ્ચ વંધ્રઉહીમ્ બૅરૅજઇતીમ્, નઇરીમ્ચ સંધ્રહૅમ્ હુરઑદૅમ્. આચ નો જમ્યાત્ અવંધ્રહે વૅરૅથ્રજાઓ સ્રઑષો અષ્યો. સ્રઑષૅમ્ અષીમ્ યજમઇદે; રતૂમ્ બૅરૅજન્તૅમ યજમઇદે, યિમ્ અહુરૅમ મજદાંમ, યો અષહે અપનોતૅમો, યો અષહે જધ્મૂશ્તૅમો. વીસ્પ સ્રવાઓ જરથુશત્રિ યજમઇદે. વીસ્પચ હ્વરૂશ્ત ષ્યઑથ્ન યજમઇદે, વરૂશ્તચ વૅર્ષ્યમ્નચ.

યેંધ્રહે હાતાંમ્ આઅત્ યેસ્ને પઇતી વંધ્રહો,
મજદાઓ અહુરો વએથા અષાત્ હચા,
યાઓંધ્રહાંમ્ચા તાંસ્ચા તાઓસ્ચા યજમઇદે.

(૧૦) અષીનો સાહેબ,[2] ‖ ખુબસુરત,[3] ‖ ફ્તેહમંદ[4] (હમેશના નાશને હમેશગી તરફ લઇ જનારો), ‖ હાડમંદ સૃષ્ટીના અંગોને વધારનારો[5] (હમેશગી તરફ લઇ જનારો), ‖ અષો[6] ‖ અષોઇના[7] ‖ સરદાર સાથે[8] ‖ એકતાન થઇએ છીએ;[9] ‖ જે[10] (સરોશ) ‖ કાળી[12] (બુરી) બાજુને, ‖ કાળી બુરી બાજુને લગતાને[15] ‖ મારીને જીતનારો[11-14] (છે), ‖

* સમજ માટે જુઓ ઉપર પાને ૪૮૭ મે.

જે[૧૬] (સરોશ) ‖ અજ્ઞાનતા–અંધકારને લગતા, વૃદ્ધી નહિ જાણી શકતા, ઘટતીવાળાઓને,[૧૮] ‖ અષોઇના કાનુનો નહિ પાળવે થતી બુરી ગતી નામે દ્રુજીઓને[૧૯] (અને) ‖ અંધકારની અઓજ શકિત રાખીને પુરી રીતના જોરાવર થયલા, ભલી બાજુની અઓજની ગતીવાળાઓની સામે થવાની શકિત રાખતા,[૨૦] ‖ વૃદ્ધીમાં વધતી સૃષ્ટી, આગળ વધતી સૃષ્ટી કે ઇનસા· નની અંદરનું ભલું અંતર જગત અને તે માંહેલા મુળ તરીકે ઉભા થયલાં દએનાના પરદુખભંજનના સ્વભાવનો નાશ ઇચ્છનારને[૨૧] ‖ મારી હઠાવે છે,[૧૭] ‖ આગળ વધવાની સરજત પામેલી[૨૬] ‖ બધી કુલ[૨૫] ‖ જગત, તેના અંગો–સંસ્થાઓની[૨૭] (આગળ વધવાની જેત ટેકવી રાખવાનો) ‖ બચાવ કરનાર[૨૩] ‖ ચોકી કરનાર છે[૨૪] (એટલે ફ્રશો–કેરેતી તરફ જવા ઉસ્તવાર રહે તેવું કરે છે;) ‖

(૧૧) જે[૨૮ ૩૪] (સરોશ) ‖ ઉંઘ્યા વગર[૨૯-૩૫] (એટલે પુર્ણ હોશ થી) ‖ જાગૃત રહી,[૩૦-૩૬] (એટલે ભલી આફેબત આવશેજ તેને જલદી લાવવા સચેત કામ કરતો રહી,) ‖ **મજદાની**[૩૨-૩૮] (એટલે **મજદ**=આશીરવાદ પામેલી મોક્ષની પુર્ણ ખાહેશ અને મકકમતામાં રહેનારી) ‖ સૃષ્ટીનું[૩૩-૩૯] ‖ રક્ષણ કરે છે[૩૧] (હમેશના નાશમાંથી બચાવે છે), ‖ (હમેશના નાશ રહીત રહેવાની) પાસબાની કરે છે,[૩૭] ‖ જે[૩૪] (સરોશ) ‖ સુરજની ગેરહાજરીના, તેના અસ્તના વખતમાં[૪૭] ‖ ઉગામેલી, ચાલુ કીધેલી, કામ કરવા તત્પર રહેલી[૪૪] ‖ ગવની ગતી, જે જાન તરીકે હાડમંદ દુન્યાની ચીજોની રજેરજને તેવી હયાતી આપીને કામ કરવાનો ઉત્સાહ ભોગવટો કરવાનુ મન ઉભું કરાવીને તેની હયાતી અને તે સાથના ઉત્સાહને ટેકવવા તેમાં રમી રહે છે, જે ગોયા ઉગામેલા એક હથીઆરરૂપ થઇ રહે છે, તેવા ચાલુ તત્પર રહેલાં એટલે ઉગા- મેલાં હથીઆરથી[૪૫] (એટલે ચાલુ કીધેલી જીવન શકિતથી–જીવન શકિતને જોર આપીને) ‖ બધી કુલ[૪૧] ‖ હાડમંદ[૪૩] ‖ જગત જે મોક્ષે પુગી રહી છે તેને[૪૨] ‖ (મૃત્યુ પામતી) બચાવે છે;[૪૬] ‖

(૧૨) જે[૪૮] (સરોશ) ‖ જયારથી[૫૨] ‖ બે મીનોએ[૫૩] ‖ જેઓ[૫૬-૫૮] ‖ સ્પેના[૫૭] ‖ (અને) અંગ્રમીન[૫૯] (છે તેઓએ) ‖ પેદાયશને[૫૪] ‖ ચલાવેલી છે– ગતી આપેલી છે–ચલાવવા પોતાની ગતી અર્પણ કીધી છે,[૫૫] ‖ ત્યાર પછીથી[૫૦] ‖ નચીંતે સુતો[૫૧] ‖ નથી[૪૯] (એટલે સ્પેનાની બાજુમાં રહયા કરે છે–ખડે પગે છે), ‖ (અને જગતની જે) સંસ્થાઓ[૬૨] ‖ અષોઇની ગતી- વાળી થઇ છે તેઓનો[૬૧] ‖ (તે સંસ્થાઓમાંની અષોઇની ગતી પકડી રાખવા ઉતરી નહિ પડવાનો) બચાવ કરનાર[૬૦] (તરીકે રહે છે). ‖ (આમ સરોશ હાડમંદ સૃષ્ટી જે જીવતી રહીને મોક્ષે પુગવાના રસ્તા ઉપર છે

તેનો બચાવ કરી તેની અષોઇને, મોક્ષનાં કુવ્વતને ટેકવી રાખે છે. પણ હાડમંદ સ્રષ્ટીનો જે ભાગ આવે રસ્તે હજુર પડયો નથી–હજુર ગુનાહની બેખબરીમાં છે એટલે અજ્ઞાનતા—દએવના કબજામાં છે–અષોઇ મેળવી શકયો નથી તેની ગતી–તેની નેગેહબાની સરોશ બીજીજ રીતે કરે છે તે નીચે વર્ણવેલી છે કે): જે[૬૩] ( સરોશ ) ‖ બધ્રાજ[૬૪] ‖ દીવસ[૬૫] ‖ રાત[૬૬] ‖ **માજન્ય દુજી** કે જે ઉભી થઇને જીવ–જાનને સુસ્ત કરી નાખી રોશન ફેલ કરવાના ઉમંગને તોડે છે તેવી બધી દુજી ગતીના[૬૮] ‖ દેવો=બુરી વ્યકતીઓની સામે[૬૯-૭૦] ‖ યુધ્ધ કરે છે,[૬૭] (કે જેથી ગુનાહગારોમાં જીવનું જોમ રહે અને તેઓ રોશનફેલ કરવા પ્રેરાય. સરોશનું કામ ત્યારે ગુનાહમાં ડુબેલી–ડુબતી જતી અને દેખીતી રીતે હાથથી ગયલી જગતનાં તારણ માટે અથાક છે. જોકે જગતમાં પાપ–વૃત્તી છે છતાંબી તે પાપ–વૃત્તીની વધતી જતી ગતીથી ડગતો નથી—કંટાળતો નથી, પણ પોતાનું કામ કર્યેજ જાય છે. તે પાપ–વૃતી આખરે હારે છે–થાકે છે અને ધીમે ધીમે પુન્ય કરવાનો સ્વપનો જોઇ રહે છે. માટે કહે છે કે) : ‖

(૧૩) તે[૭૧] (સરોશ) ‖ દએવોની અજ્ઞાન વૃતીની[૭૭] (એટલે પાપોની) ‖ હદની બહારની ગતીની[૭૬] ‖ અંજામણથી અંજાઇ જઇ દુર જઇ હઠી જઇ[૭૫] ‖ બીહ જઇ હિમ્મત હારી[૭૩] ‖ નમી જતો[૭૪] ‖ નથી,[૭૨] (એટલે બધાંને પુગા પડી શકાશે નહિ એમ ધારી હારી ખાતો નથી, પણ) ‖ તેથી ઉલટુ[૭૮] ‖ બધા[૮૦] ‖ દેવો, સ્રષ્ટીના બધી સામટી બુરાઇઓ[૮૧] ‖ મરજી ઉપરાંત[૭૯-૮૨] (એટલે લાચાર થઇ હાર ખાઇ) ‖ બીહ જઇ[૮૩] (કે સરોશ સામે તેઓ ટકી શકશે નહિ) ‖ નમી જાય છે[૮૪] ( એટલે બુરાઇની ચઢતી ગતી ઉતરવા માંડે છે. ) ‖ એમ બીહ જઇને[૮૫] ‖ અંધકારમાં[૮૬] ‖ નાસી જાય છે[૮૭] (એટલે અંધકારની ગતીમાં, કહેતાં પાપની અવધીથા થતાં દુખ અને દુખથી થતાં નાશ તરફ મોંહ કરે છે.) (**હયાં સરોશને નીસ્તીનો–જગતનો જમીનદાર ગણેલો છે અને ફ્રશો–કેરેતી તરફ જગતને તારવતો લીધેલો છે. દરેકને સરોશ આખો પુગશેજ–કંઇબી ચીજનો નાશ નથી, પણ દએવની ગતી–ભુલાવાની ગતી તુન્દી બંદખોર ગતી વટીક હાર નાશ પામીને તાબેદારીમાં ફેરવાશેજ** એટલે નાશમાંથી ભલાઇનો જન્મ થશેજ એમ કહયું છે. આમ છે માટે જરથોસ્તી દએનમાં બધુંજ સરોશના અમલથા થાય છે. **જેમ રવીથી વખતનું માપ લીધું છે તેમ સરોશથી અમલની ગતી લીધી છે.**)

(૧૪) (કરદો ૩ જો) **યથા અહૂ વઇર્યો ૧. ☞ સ્રઑષૅમ્[૧] અષીમ્[૨] હુરઑદૅમ્[૩] વૅરેથ્રાજનૅમ્[૪] ફ્રાદત્–ગએથૅમ્[૫] અષવનૅમ્[૬] અષહે[૭] રતમ્[૮] યજમઇદે.[૯]** ( ત્રણ વાર પઢે. )

યો[૧૦] આક્ષ્તિશ્ચ[૧૧] ઉર્વઇતિશ્ચ[૧૨] હુજો[૧૩] સ્પસ્યો;[૧૪] સ્પે-નિશ્તહે[૧૫] અવાન્[૧૬] અમૅષાઓ સ્પૅન્ત[૧૭] અવિ[૧૮] હુપ્તો-કર્ષ્વઈ-રીમ્[૧૯] જ઼ાંમ.[૨૦] યો[૨૧] દએનો-દિસો[૨૨] દએનયાઓ[૨૩] અહ્માઇ[૨૪] દએનાંમ્[૨૫] દએસયાત્[૨૬] અહુરો મજ઼્દાઓ[૨૭] અષવ.[૨૮]

†અહે રય ખરૅનંઘ્હચ, અંઘ્હે અમ વૅરૅથ્રઘ્નચ, અહે યસ્ન યજતનાંમ્ તૅમ્ યજ઼ાઇ સુરૂન્વત યસ્ન; સ્રઑષૅમ્ અષીમ્ જઑ-થ્રાબ્યો, અષીમ્ચ વંઘ્ઉહીમ બૅરૅજઇતીમ્, નઇરીમ્ચ સંઘ્હૅમ હુરઑદ્દમ. આચ નો જમ્યાત્ અવંઘ્હે વૅરૅથ્રજાઓ સ્રઑષો અષ્યો. સ્રઑષૅમ્ અષીમ્ યજમઇદે. રતૂમ્ બૅરૅજન્તૅમ્ યજમઇદે, યિમ્ અહુરૅમ મજ઼્દાંમ્, યો અષહે અપનોતૅમો, યો અષહે જધ્મૂશ્તૅમો. વીસ્પ સ્રવાઓ જરથુશ્ત્રિ યજમઇદે. વીસ્પચ હુવર્શ્ત ષ્યઑથ્ન યજમઇદે, વર્શ્તચ વર્ષ્યમ્નચ.

યેંઘ્હે હાતાંમ્ આઅત્ યેસ્ને પઇતી વંઘ્હો,
મજ઼્દાઓ અહુરો વએથા અષાત્ હચા,
યાઓંઘ્હાંમ્ચા તાંસ્ચા તાઓસ્ચા યજમઇદે.

(૧૪) (એક યથા ભણુતા મિથ્ર ફેંકવા કે સરોશથી જામી રહેતો અહુનવરનો નાદ સમજવા હું ભાગ્યશાળી થાઉં, કે જેથી મારાં મનમાંનો કપટ-મેલ કેટલો બેસુર છે તેનું ભાન મને થાય. યથાના માંથ્રો મને તેમાં મદદ કરે)

અષીનો સાહેબ,[૨] || ખુબસુરત,[૩] || ફત્તેહમંદ[૪], || જગતની બધી સંસ્થાને વધારનાર-તારનાર,[૫] || અષો,[૬] || અષોઇના[૭] || સરદાર[૮] || સરો-શની સાથે[૯] || એકતાન થઇએ છીએ,[૯] || જે[૧૦] (સરોશ) || ખરી મીનોઇ ઇશ્કની વૃત્તીને[૧૧] (હદ-માંથ્ર યસ્નની ગતીને) || (ગીનોઇ શકિત મેળવવા માટે) ખરૂં જોડાણ, શાદ પદવંદ થવું જોઇએ તેવાં જોડાણને[૧૨] (માટે, જયાં કંઇ કચાસ હોય તેને મારી-સમારીને સીધ્ધી કરવાની સલાહને, હદ-માંથ્ર યસ્નમાં ઉભા થતા ખતરાને દુર કરવાની સલાહને) || દુજ[૧૩] (હવસો-સ્વાર્થથી થતા વીયોગો) ની || (ખરાબી સામે) તકેદારી નેગાહ રાખનાર[૧૪] (છે, કે જેથી) || વૃધ્ધીને પુર જોરથી સંપુર્ણ રીતની અતીશયુકિતવાળી ચલાવવાની ગતીના[૧૫] (આ ગેતીમાં અમરગી પાંથરી રહેલા એટલે દએ-વની મોતમંદ ગતીનો દરમાન કરી રહેલા એવી વૃધ્ધી કરવાની ગતીના) ||

† તરજુમા માટે જુઓ ઉપર પાને ૪૮૭ મે.

અમશાસ્પંદો–યજતો[૧૭] || સાત કેશ્વરની[૧૯] (ભલાઇએ પુગવા મથી રહેલી જગતની) || જમીન[૨૦] || ઉપર બધેબધ[૧૮] || (અમર ગતી–મોક્ષની ગતી ) પાંથરી ચલાવી શકયા છે;[૧૬] || જે[૨૧] ( સરોશ) || દએનાવાળો એટલે કુસ્તી પહેરેલો[૨૩] ( છે. અહુરાના **દએના** = અંતકરણમાં સૃષ્ટી ઉભી કરવાની ગતી ચાલી રહે છે. પહેલે હસ્તીની સૃષ્ટી ઉભી કરી, પછી તે હસ્તીમાંથી નીસ્તીને કાઢી, પછી નીસ્તીને હસ્તીમાં મર્જ કરીને પોના તરફ લેવાની નેમ–ધારણા તેવણનાં અંતકરણમાં છે, જે નેમ ત્રણ આંટાની કુસ્તીની માફક તેવણની આસપાસ ફરી રહે છે. **એવી નેમના નાદો તેવણની આસપાસ અઇવ્યાઓંઘ્રહન કરી રહે છે. એમ અહુરાએ કુસ્તી પહેરેલી છે.)** || ( એવી કુસ્તી પહેરેલો એટલે ) || દીન શીખેલો અને શીખવનાર સૃષ્ટી–રચનાના ભેદ બુન દહેશ્ન જાણનાર અને શીખવનાર[૨૨] (સરોશ છે) || તે[૨૪] ( સરોશ ) ને || અષોઇની ગતીના[૨૮] || અહુરમજદે[૨૭] || દએનની[૨૫] ( તમામીઅત, અહુરાના અંતકરણમાં જે છે તે બધીજ વિગતો) || શીખવી, [૨૬] ( કે જે સરોશ ગેતીને) || દએનનો શીખવનાર[૨૨] (નેમાયલો છે). ||

(૧૫) (કરદો ૪ થો) **યથા અહૂ વઇર્યો ૧. ☞ સ્રઑષૅમ[૧] અષીમ[૨] હુરઑદૅમ[૩] વૅરૅથ્રાજનૅમ[૪] ફ્રાદત્‌–ગએથૅમ[૫] અષવનૅમ[૬] અષહે[૭] રતૂમ્‌[૮] યજમઇદે.[૯]** (ત્રણ વાર પઢે.)

**યિમ્‌[૧૦] દથત્‌[૧૧] અહુરો મજદાઓ[૧૨] અષવ[૧૩] અએ઼મહે[૧૪] પ્રવી–દ્રઑશ[૧૫] હમએસ્તારૅમ.[૧૬] આક્તીમ[૧૭] હાંમ–વઇન્તીમ[૧૮] યજમઇદે,[૧૯] પરૅતસ્ચ[૨૦] પ્રવયાઓસ્ચ[૨૧] હમએસ્તાર.[૨૨]**

(૧૬) **હખય[૨૩] સ્રઑષહે[૨૪] અષ્યેહે,[૨૫] હખય[૨૬] રઽનઑશ[૨૭] રજિશ્તહે,[૨૮] હખય[૨૯] મિથ્રહે[૩૦] વૉઉરૂ–ગઑયઑઇતોઇશ,[૩૧] હખય[૩૨] વાતહે[૩૩] અષઑનો,[૩૪] હખય[૩૫] દએનયાઓ[૩૬] વંઘ્ર હુયાઓ[૩૭] માજદયસ્નોઇશ,[૩૮] હખય[૩૯] અરૂશ્તાતો[૪૦] ફ્રાદત્‌–ગએથયાઓ[૪૧] વરૅદત્‌–ગએથયાઓ[૪૨] સવો–ગએથયાઓ,[૪૩] હખય[૪૪] અષોઇશ[૪૫] વંઘ્ર હુયાઓ,[૪૬] હખય[૪૭] ચિસ્તોઇશ[૪૮] વંઘ્ર હુયાઓ,[૪૯] હખય[૫૦] રજિશ્તયાઓ[૫૧] ચિસ્તયાઓ,[૫૨]**

(૧૭) **હખય[૫૩] વીસ્પએષાંમ[૫૪] યજતનાંમ,[૫૫] હખય[૫૬] માંથ્રહે સ્પૅન્તહે,[૫૭] હખય[૫૮] દાતહે[૫૯] વીદએવહે,[૬૦] હખય[૬૧] દરૅઘયાઓ[૬૨] ઉપયનયાઓ,[૬૩] હખય[૬૪] અમૅષનાંમ સ્પૅન્તનાંમ,[૬૫]**

હખય[66] અહ્માકૅમ[67] સચ્ઑષ્યન્તાંમ[68] યત્[69] બિપઇતિશતનાંમ[70] અષચ્ઑનાંમ,[71] હખય[72] વીસ્પયાઓ[73] અષચ્ઑનો[74] સ્તોઇશ.[75]

*અહે રચ પ્રરૅનંઘહુચ, અંઘહે અમ વૅરૅથ્રઘ્નચ, અહે યસ્ન યજતનાંમ્ તૅમ યજાઇ સુરૂન્વત યસ્ન; સ્રઑષૅમ અષીમ જઑથ્રાબ્યો, અષીમ્ચ વંઘઉહીમ બૅરૅજઇતીમ, નઇરીમ્ચ સંઘહૅમ હુરઑદૅમ. આયનો જમ્યાત્ અવંઘહે વૅરૅથ્રજાઑ સ્રઑષો અષ્યો. સ્રઑષૅમ અષીમ યજમઇદે; રતૂમ બૅરૅજન્તૅમ યજમઇદે, યિમ અહુરૅમ મજદાંમ, યો અષહે અપનોતૅમો, યો અષહે જધ્નમૂરતૅમો. વીસ્પ સ્રવાઑ જરથુશત્રિ યજમઇદે. વીસ્પચ હુવર્શત ષ્યઑથ્ન યજમઇદે, વર્શતચ વરૅષ્યમ્નચ.

યેંઘહે હાતાંમ્ આઅત્ યેસ્ને પઇતી વંઘહો,
મજદાઓ અહુરો વએથા અષાત્ હચા,
યાઓંઘહાંમ્ચા તાંસ્ચા તાઓસ્ચા યજમઇદે.

(૧૫) યથા (૧) ઉપર પાને ૪૯૩ મે કહેલા વીચાર સહીત પઢે.

અષીનો સાહેબ,[2] || ખુબસુરત,[3] || ફત્તેહમંદ,[4] || જગતની બધી સંસ્થાઓને વધારનાર-તારનાર,[5] || અષો,[6] || અષોઇના સરદાર[7] || સરોશ સાથે[8] || એકતાન થઇએ છીએ;[9] || જે[10] (સરોશ)ને || અષોઇના[13] (સરદાર) || અહુરમજદે[12] || હદ નહિ જાણનાર ગેરઇનસાફી રીતવાળાં હથીઆર એટલે હવસોના હદ ઉપરાંતના ઉભાણનાં હથીઆરથી નાશ લાવવા માંગતા[15] || અએષમના[14] || હમનબર્દ થવા[16] || ઉભો કીધો છે, નકકી કીધો છે.[11] || સુલેહ-પતમાન ઉપર હવસોનું આવવું-શાંતી[17] || અને હવસો ઉપર સરસાઇ ભોગવવાની મનની શકિત-હવસોને મારીને ભલા ઇશ્કમાં લાવી શકવાની ગતી એઉ[18] || શરીરમાં કે બહાર થતી હવસોની મારામારી-રસાકસીના અને[20] || હવસોથી પેદા પડતા સાંપ જેવા દંસ્યલ મન ગેરઇનસાફી વૃતીના[21] || હમનબર્દો છે[22] || તેઓ સાથે એકતાન થાઉં છું.[19] || અષીની ગતીવાળા, અષોઇના ૭૨ તબકકા તરફ દોરવનાર, પુર્ણ અષોઇવાળા[25] || સરોશના[24] || દોસ્તદારો-હમકારો[23] (ની દોસ્તી-હીદાયત-ઇચ્છા વાસ્નાની અસર માંગું છું). || રાદી ગોઠવણી કરનારા, ઇનસાફી રીતે વહેંચી આપનારા, ઇનસાફ આપનારા[26] || રત્નુ યજતના[27] || દોસ્તદારો-હમકારો[28] (ની દોસ્તી-હીદાયત-વાસ્નાની અસર માંગું છું.) || ગવની ગતી ગેતીમાં જામે તેવી પુર્ણ

---

* તરજુમા માટે જુઓ ઉપર પાને ૪૮૭ મે.

રીતની બહોળાં પ્રમાણુમાં ખેતી કરનાર[૩૧] (બુરા ગુબારોને બાંધીને–મારીને ભલાઇ તરફ લઇ જનારા) || મિથ્ર (મેહેર) યજતના[૩૦] || દોસ્તદારો–હમકારો[૨૯] (ની દોસ્તી–હમકારી–ભલી વાસ્ના માંગું છું.) || અષો[૩૪] || વાય યજતના[૩૩] || દોસ્તદારો–હમકારો[૩૨] (ની દોસ્તી–હીદાયત માંગું છું.) || ભલી પરમાર્થી[૩૭] || મજદયસ્ની[૩૮] || દએનના[૩૬] || દોસ્તદારો[૩૫] (ની દોસ્તી–હીદાયત માંગું છું.) || ઇનસાનના અંગો–અનુઓ કે દુન્યાની સંસ્થાઓ વીગેરે અનાસરી ગતીને કાયદેસર મુકિત આપનાર,[૪૧] || તે બધા અંગો કે સંસ્થાઓની સ્થુળ–સુક્ષ્મ આબાદી થાય તેવું કરનાર,[૪૨] || તે બધા અંગો–સંસ્થાઓને સ્થુળ–સુક્ષ્મ ગતીનો ફાયદો થાય એટલે હર હાલમાં મુકિત મળે તેમ કરનાર[૪૩] || આસ્તાદ યઝતના[૪૦] || દોસ્તદારો[૩૯] (ની દોસ્તી–હીદાયત માંગું છું.) || અષિશ–વંઘહુ[૪૫-૪૬] (જેણી દહમ–આફ્રીતી આપી અષ અને બહમનના નાદને ચલાવે છે તેણીના) || દોસ્તદારો[૪૪] (ની હીદાયત–દોસ્તી માંગું છું.) || 'વંઘહુ'ની = પરમાર્થની ગતીવાળી[૪૯] (એટલે શીખવી રહેતી) || ચિસ્તિ યજત[૪૮] (જે દીન યજતનો હમકાર છે તેણી) ના || દોસ્તદારો[૪૭] (ની દોસ્તી–દોરવણી માંગું છું.) || ઇલ્મનું ઉભાણ થાય એટલે ઇલ્મનાં જોરની શકિત થાય તેવી ગતી આપનાર એટલે ઇલ્મને કાર્ય-સાધક રીતે વહેવારમાં મુકાય તેવા અમલના શીખવનાર[૫૧] || ચિસ્તિ યજતના[૫૨] || દોસ્તદારોની[૫૦] (પનાહ–દોસ્તી–દોરવણી માંગું છું.) || બધા[૫૪] (એટલે બુરાઇમાંથી ભલાઇના ઘડનાર થ્વોરેસ્તારનું અને જે કંઇ ભલાઇ ઉભી થઇ રહે તેની હેફાઝત કરનાર પાયૂનું કામ જે કુલ્યાતી રીતનું નીસ્તીને લગતું છે તે બધું કરનાર) || યજતોના[૫૫] || દોસ્તદારો[૫૩] (ની દોસ્તી–દોરવણી માંગું છું.) || માંથ્ર એટલે યજતની શકિત જે સ્પેન્તી એટલે આશીરવાદ આપીને વૃદ્ધિ કરાવી શકે છે, જે કુદરતમાંની સંસ્થાઓમાં રહે છે યા જેની ગતી તે કલામોમાં ઉતરી હોય છે, તેઓના[૫૭] || દોસ્તદારો–અમલદારો[૫૬] (ની દોસ્તી–પનાહ–દોરવણી માંગું છું.) || દએવ–કચાસ જે કંઇ અનાસરમાં હોય તેને દુર કરવાના કાયદા અને તે કાયદામાં રહેતી શકિતના[૫૯-૬૦] || દોસ્તદારો–અમલદારો[૫૮] (ની દોસ્તી–દોરવણી માંગું છું.) || લાંબા કાળથી એટલે જમાન–દર–જમાનથી, એક પછી એક થઇ રહેતા દરેઘો ખદાતથી ચાલી રહેતા[૬૨] || 'ઉપયન'ના[૬૩] || દોસ્તદારો[૬૧] (જેમાં હદ–માંથ્ર યસ્ન એક દોસ્ત હમકાર છે તેઓની દોસ્તી હીદાયત માંગું છું. **ઉપયન** એટલે ઉપરથી એટલે અહુરમજદ આગળથી નીચે એટલે ગેતીમાં મોકા ઉપર ઉતરી રહેતા પ્રવાહો જેઓને હિંગામ કહે છે તેઓની અને તે હિંગામો ઉપર થતી યસ્ન જે તે હિંગામને નીચે ફેલાવવામાં મદદ કરે છે તે મદદગાર યસ્નની વાસ્ના

હિદાયત માંગું છું.) ‖ અમગીર્ આપનાર શકિતઓના[૬૫] ‖ દોસ્તદારો—અમલદારો[૬૪] (ની હિદાયત માંગું છું,) ‖ *હમારા[૬૭] (એટલે સાધારણ આમવર્ગમાંથી વધેલા) ‖ અષોઇવાળા[૭૧] ‖ બેપગાં એટલે ઇનસાન રૂપના[૭૦] ‖ સઓષ્યંત એટલે ત્રણે આલમને અને તેઓ સાથે અચુક સંબંધ રાખતા માનવ જાતને ફાયદો કરનાર[૬૮] ‖ તે[૬૯] (નર* કે જે સાધારણ પાપી ઇનસાનની સફમાંથી તરીકત અને મહેર પતેતને જોરે અષવન થવા પામ્યો છે તે)ના ‖ દોસ્તદારો[૬૬] (ની આણમાં, હીદાયતમાં રહેવા માંગું છું.) ‖ બધી[૭૩] (એટલે સૃષ્ટીના દરેકે દરેક ભાગના ખુણે ખુણે દરેક રીતે આશીરવાદ વરસાવતી) ‖ અષોઇ[૭૪] (લાવવા માટે)ની (અષોઇની ગતી ગેતીની રજેરજમાં જામે તેવી નઇઅતવાળી) ‖ પેદાયશ[૭૫] (જે બધી **ગવ—ચિથ્ર**રૂપની છે અને નીઆમતરૂપ પ્રવાહોનો વરસાદ વરસાવે છે, જેને '**કાયનાત**' કહે છે તેઓ)ના ‖ દોસ્તદારો[૭૨] (ની અસર મેળવી ભલાઇએ પુગવા—સરોશની ગતીએ પુગવા માંગીએ છીએ. એમ પંજે—ઝરવીકશે—આતેનીની ગતી જે શાંતી અને હવસોની ઉપર જીત મેળવવાની શકિત—અઓદ આપે છે, જેથી સરોશને પુગી શકાય છે, તેનો વધારો સરોશથી અને તેના બધા **૧૪** હમકારો અને તેઓના દોસ્તદારોની દોરવણીથી માંગીએ છીએ.) ‖

---

## ઉપયન અને તેના દોસ્તોની સમજ :—

'**ઉપયન**' શબ્દમાં '**ઉપ**' અને '**યન**' બે આકારો છે. '**ઉપ**' એટલે ઉપરથી અને '**યન**' આકાર 'ઇ' ની, ગુણા '**અએ**', ઉપરથી થયલા '**ય**' ઉપરથી છે. 'ઇ' એટલે આવી પહોંચવું, એટલે કે ઉપરથી નીચે આવી

---

* અહિંયાં '**અહ્માકૅમ**' શબ્દ વાપરીને કહે છે કે હમારે લગતા સઓષ્યંતનો એટલે હમારામાંથી ઉપર વધેલાઓનો. અહિંયાં હમારે લગતા શબ્દ લખીને કહેવા માંગે છે કે ખાસ સઓષ્યંતો કે જેઓ ઉસુલથીજ કુદરતી કાયદે થયા છે, જેઓના રૂવાનને તનાસકમાં પડવાની જરૂર હતી નહિ, જેઓ યજતી પ્રગટીકરણના પણ નરરૂપમાં આવે છે તેઓ નહિ પણ તનાસકમાંથી જેઓ તન—પસીનની ગતીએ પુગ્યા છે તેઓ. ત્યારે ખાસ નરો જેઓ જરથુશ્ત્રની અગાઉ અને પછીથી અહુરમજદની દીનના સમાર કામ માટે કુદરતથી નેમાઇને બર—વકતે ઉતર્યાજ કરે છે, જેઓને ગેતીમાં '**ઍર્.જુશ પથો યાંમ્ દએનાંમ્**'=દીનની રાસ્તીથી ભરપુર રસમો—તરીકતોને તાજે કરનાર તરીકે **ગાથા હા ૫૩—૨ માં** ઓળખેલા છે, જેઓને દએનની નીકીઝ=સમજમાં અહુરમજદના હૂખ્તવાળા એટલે અહુરમજદની સત્ય વાચા વમાસનાર અહુરમજદની સત્યતાને જાહેર કરનાર તરીકે ગણેલા છે તેઓ જુદાજ છે અને ખાસ છે. પણ '**અહ્માકૅમ**'ના એટલે હમારામાંથી થયલા જુદાજ છે. એમ **અહ્માકૅમ** અને '**યત**' શબ્દ ઇશારો કરી રહે છે તે નોંધવું.

પહોંચવું, પંથરાવું, એમ અર્થ **'ઉપયન'**નો થયો. પહેલવીમાંથી એ શબ્દને માટે **'અવર રોબશનીહ'** શબ્દ છે જેનો અર્થબી **'અવર'**=ઉપરથી **'રોબશનીહ'**=વહી રહેલું, ઉપરથી વહી રહેવું એવોજ અર્થ થાય છે. ઉપરથી અહુરમજદ તરફથી શું ઉતરે છે? નીસ્તી-ગેતીનાં જીવન માટે એટલે નીસ્તી-ગેતી જીવી ભોગવટો કરી રહે તેને માટે અને જીવી ભોગવટો કરી સજા-જઝા ભોગવી મુકિતએ પુગી રહે છે તેને માટે યજતો જીવનગાળો અને ભલી હિદાયત આપતી ગતી પોતામાંથી કાઢીને નીચે મોકલે છે. આ ગતીને **'અસર રોશની'** કહે છે જેને સાધારણ બોલીમાં પ્રવાહો કહે છે. યજતો હદ-માંથ્ર યસ્ન કરીને એટલે અહુરાની વસીઅત પ્રમાણે યસ્ન કરીને તે ગતીને ઉભી કરીને નીચે મોકલે છે; ગોયા પોતાનો **અમર દમ** નીચે ફુંકે છે. આ નીચે ઉતરતી **અસર રોશની**માં 'કુવત' રહે છે, જે કુવતથી નીસ્તી-ગેતી ઉભી થઇ-ટકી રહીને ચાલી રહે છે. આવી નીચે ઉતરતી અસર રોશનીઓમાં ગાહામ્બારોના પ્રવાહો એક જગા રોકે છે. નવરોઝ, મહેર-હંગામ ઉપર પડતા પ્રવાહો બીજી જગા રોકે છે. રોજના હમકારાઓ ઉપરબી તે પ્રવાહોમાંના પ્રવાહો ઉતરી રહે છે, અને ગેતીમાંની રજે રજેના બનાવોને ચલાવવા માટેની કુદરતી ગતીઓબી તેમાં આવી જાય છે, જે બધી વીગતોને **સરેદ**ની વીગત કહે છે. જયારે ગાહામ્બારો અને મોટા અવસરો કે જેઓને હિંગામ કહે છે તેઓને **યાઇર્ય**ની વીગત કહે છે. ત્યારે ગાહામ્બારના બર વખતે યા નવરોઝ, મહેર-હંગામના બર વખતે યા બીજે તેવે બર વખતે આવી **અસર રોશની** ઉતરે છે તેઓને **હિંગામ** તરીકે ઓળખે છે. ત્યારે હિંગામ તે બર-વખ્ત છે કે જે દહાડે **'ઉપયન'**=ઉપરથી નીચે પ્રવાહો ઉતરી રહે છે. આવા ઉતરતા પ્રવાહોને ઇજન કરવા અને ઉતરી રહે ત્યારે એસ્તેકબાલ કરવા માટે પેગામ્બર સાહેબે યસ્ન બતાવી છે. આ યસ્ન ઉપર કહેલી યજતોની કુદરતી યસ્નની કોપી તરીકેની અને તેજ યજતોના સંબંધની રહે છે, માટે તે યસ્નોનેઓ 'હદ-માંથ્ર' યસ્ન કહે છે. ત્યારે **'ઉપયન'** એટલે હિંગામોને, ઉપરથી નીચે ઉતરતા પ્રવાહોને ઇજન કરીને નીચે કામ કરવાની મદદ આપનાર આ યસ્ન છે માટે **'ઉપયન'**ના દોસ્ત તરીકે તે યસ્ન કહેવાય છે. આ **'ઉપયન'**ના કુવતોવાળા પ્રવાહો નીચે આશીરવાદરૂપ ઉતરે છે અને ભલી તોરીક-નેક હિદાયત આપે છે, માટે દસ્તુર નૈઇરયોસંઘહે **'ઉપયન'**ની સમજ માટે **'શિક્ષા અદ્દશ્ય રૂપિણી'** એટલે ભલી અસરતું શિક્ષણ એમ સમજ આપે છે. વળી આવું શિક્ષણ ઉપરથી નીચે ઉતરી રહે છે માટે નીચે ઉતરીને પંથરાઇ રહેવાનો-સંસ્થા ઉભી કરવાનો સંસ્કૃત શબ્દ **'પ્રવૃતિ'**નો અર્થબી તે **'ઉપયન'** માટે આપેલો છે. **ત્યારે**

**'ઉપયન' તો જે દહાડેથી ગેતી થઇ તે દહાડેથી ઉતર્યા કરે છે, માટે તેને 'દરૅઘયાઓ' કહ્યો છે.** વળી ઉપયન ખુદ **યજ**તોની હદ-માંથ્રનું પરિણામ છે અને તેની હદ-માંથ્ર પ્રમાણેની અને તે યજતી હદ-માંથ્રના સંબંધની ગેતીની યસ્ન પેગામ્બર સાહેબે ઉભી કરીને તે યસ્નથી તે **'ઉપયન'**ને ઇજન કરવા ફરમાવેલું છે, માટે **'હદ-માંથ્ર'** યસ્નબી ઉપયનના દોસ્ત તરીકેનીજ છે. **'ઉપયન'** ત્યારે ઉપરથી નીચે ઉતરી રહીને ગેતીને માટે અને ગેતીમાંની વસ્તીને લગતા બનાવોને માટે કુવત પુરૂં પાડે છે, માટે દરેકે દરેક બનાવ જે **યાઇર્ય**ના હોય-કુદરતી હોય, યા **'સરેદ'** ના હોય-માનવના થ્રાષને લગતા હોય તે બધાંમાં તે **'ઉપયન'**નું કુવત હકીકતી કારણરૂપ હોય છે માટે તે કુવતને આદરમાન આપવાની યસ્નબી હોય છે. **'ઉપયન'** ના પ્રવાહો એમ હિંગામ તરીકે ઉતરી રહે છે માટે હિંગામોના અવસરો પળાયાજ જાય છે, જેઓને ત્યારે **રેવાજ** તરીકે ટુંકમાં ઓળખવામાં સચ્ચાઇજ છે.

## ચોથા અને પાંચમા કરદામાં બતાવેલા સરોશના ૧૪ હમકારોના સીલસીલાનું અખંડપણું અને તેઓની કુદરતમાં ચાલતી ઉપયોગીતા.

દ્રુજ એટલે વૃધ્ધીમાં ખલલ કરનાર શકિત, ફ્રશો-કેરેતીને એટલે ગેતીના મોક્ષ-ના બનાવને રોકનાર ગતી. આવી શકિતનાં કુદરતમાં કેહપેર્ં રહે છે, જેઓ નીસ્તીમાં બુરાઇને પાંથરી રહે છે. **બધાં મળીને ૨૧) જાતના દ્રુજીના કેહપેર્ં છે** એટલે ૨૧) જાતની દ્રુજી ગતી રહે છે. આ બધા ૨૧) જાતના દ્રુજીના ગુબારોને સામટી રીતે **'સએન'** દ્રુજ કહે છે. **આ સએન દ્રુજ ગોયા બધી જીનો ખાવીંદ છે અને તેના સરદાર તરીકે આ અએષમ દ્રુજ છે,** જે કોઇબી ઘડીએ પુર જોમથી ઉતરવા તત્પર રહે છે, માટે તેને ગુસ્સાવાળો એટલે કીનો લેવા તલ્પી રહેલો, માટે પુર્ણ ગુસ્સાની ગતીનો કહયો છે. **ઇનસાનોની બદ મનશ્નીમાંથી આ અએષમ દ્રુજ ઉભો થાય છે, અને પછી તે બુરા વીચાર કરનારાઓની ઉપરજ તે ઉભો થઇને ધસે છે.** જે જે લોકોનાં દીલમાં એક, જબાનમાં જુદું અને ભેજાંના ખ્યાલાતમાં જુદું એમ વિચારની ગતીના મુળ ત્રણ અંગોમાં જુદાપણું માટે જુઠઠાઇ હોય, તેઓના વિચારની ગતીમાંથી આ અએષમ દ્રુજ જન્મે છે. માટે **'ઇશ'** ઇચ્છાનો અર્થ તે **'અએષમ'** શબ્દમાં છે. જેઓનાં મનમાં બુરા વિચારો હોય તેઓ ત્યારે સ્વાર્થી માટે જન સમાજની સેવા કરવાને બદલે તે સમાજને તોડનાર હોય. સેવા કરવાને માટે તાબેદારી જોઇએ જેમાં સરોશનો ભેદ છે. એમ ત્યારે આ બુરા વિચારવાળાઓને સરોશના દુશ્મન ગણ્યા છે, અને તેઓમાંથી થતી અએષમ દ્રુજને સરોશની હમનબર્દ ગણી છે. અએષમને ગુસ્સાનો દએવ કહયો છે. ઇચ્છા કે જે હદ ઓળંગીને ગેરઇનસાફી થઈ માનેલું સુખ જે સ્વાર્થનું છે તેમાં મચી રહે, તે વૃધ્ધીની સામેની ગતી છે,

જેને **અએષમ દ્રુજ** કહે છે. આવી ઇચ્છામાં અહુરમજદનાં '**પતમાન**'ના સીધાંતો તરફની તાબેદારી ફરમાન-બરદારી રહેતી નથી, માટે તેમાં અહુરમજદની સામે બંડ ઉઠાવનારૂં તત્વ હોય છે, જેથી સુલેહશાંતી રહેતી નથી અને હવસોના હદની બહારના ઉભરાત-લડાઇઓ-રસાકસી રહે છે, જેથી ફ્રશો-ફેરેતી થતી નથી. એમ છે માટે **સરોશ** એટલે અહૂ પ્રત્યેની તાબેદારી કરતી શકિતને **અએષમ** એટલે નહિ તાબેદારી કરતી ગતીની સામે મુકી છે, અને તેટલા માટે '**આક્ષ્તી**'= પતમાન-સુલેહ-અહુરમજદની મરજી જે 'અએષમ' એટલે પતમાન ખોરવતી મરજીની સામે છે તે **આક્ષ્તી**ને, અને '**હાંમ્-વઈન્ત**' એટલે હવસોને જીતીને ઇશ્કની ગતી ઉપર લાવવાની શકિત છે તેઓને સરોશની તાબેદારીનો સાથી ગણેલો છે, એટલે **સરોશની અહૂ પ્રત્યેની પુર્ણ તાબેદારીથી 'આક્ષ્તી' = અત્યંત શાંતીને ઉભા થઇને 'હાંમ્-વઈન્તી' હવસોની અશાંતીને જીતવાનું જોમ મળે છે એમ કહે છે.** '**આક્ષ્તી**'ની સામેની એટલે પતમાનને સુલેહ શાંતીને ઉઠલાવનાર ગેરબંદોબસ્તીવાળી અશાંતીની રસાકસી, જેને '**પરૅશત-સ્ચ**'=મારામારી કહી છે, જે '**સ્રવયાઓસ્ચ**' = સાંપ જેવું દંસ્યલ મન અને 'મારા-તારા'ના દુર્ગુણવાળી બુરી સત્તાનો લોભ ઉભો કરાવીને સ્વાર્થને પુર જોશમાં ચલાવી હવસોનો ડંકો વગાડવા માંગે છે, એવી રસા-કસી-હવસોની મારામારીને સરોશની સામેના અએષમના સાથી ગણેલા છે. માટે સુલેહશાંતીને અને હવસોની ઉપરની જીત અને કાબુથી આવતા ખરા ઈશ્કને પોતાનાં તનનાં-શરીરનાં રાજમાં કે બહારની આલમમાં આણવા ટકવી રાખવા સુલેહ શાંતીને રાખનાર ચલાવનાર પાંથરનાર અહૂ પ્રત્યેની પુર્ણ તાબે-દારી રાખનાર સરોશને અને તેવા સરોશના પુર્ણ દોસ્તોને યાદ કરીને તેઓની મદદ ચાહે છે, તેઓનું ચલણ-રાજ ચલાવવા દુઆ કરે છે, કેમકે સરોશની પુર્ણ તાબેદારીનો જોશ ઝરેહ વોઉરૂ-કષ જેવો, નહિ મનાય તેવો બહોળો દરયાવ-રૂપનો છે, જે પાંચ અએદાદની ગતી એટલે ખરી બઓદ ફરમાન-બરદાર તરીકે-પરદુખભંજનનું કામ કરનાર તરીકે હોય છે, જેમાં સેવાનો પરદુખભંજનની ગતીનો એટલે હવસોને જીતીને સ્વાર્થ રહીત કરવાની ગતીનો જોશ છે માટે સરોશને **પંજે-ઝરવીકશે-બાતેન**નો સાહેબ કહયો છે. દરેકે દરેક માનવમાં આવી **પંજે-ઝરવીકશે-બાતેન**ની શકિત થોડી કે ઘણી છેજ, અને તેથીજ તે પોતાના ધર્મના બાપો જેઓ ખોદા-રસીદા છે તેઓની સાથનો સંબંધ રાખીને ભાન-જ્ઞાનની ગતી રાખી શકે છે-**ઇનસાનીઅત** રાખી શકે છે, કે જે ઇન-સાનીઅત તેઓને એક દીવસે આખરેબી મોક્ષે પુગાડશેજ. આમ દરેક ઇનસાને પોતાના હાલી તબક્કા લગીમાં પોતાની દોલત '**પંજે-ઝરવીકશે-બાતેન**' તરીકે ઉભી કીધી છે, જેને ગાથા ૩૪-૭ માં '**રએખ્ખ઼નાઓ**' કહી છે. આ દોલતના '**પાયૂ**' રક્ષક યજત તરીકે સરોશ છે. આ દોલતને માનવમાંના કેહર્પના એકથી ચાર ચખ્રમાં રાખી છે અને મૃત્યુ વખતે તે **અમુલ્ય** દોલતને મૃત્યુથી ઉભા થતા **દ્રુજે-નસુની** નસસની ગતીના હોમલાથી થવાના તેના નાશના સંભવ માટે કેહર્પના તે **એકથી ચાર** ચખ્રોમાંથી ખસેડીને તે ચાર ચખ્રો માંહેલા સૌથી પહેલા **અજીત કીલ્લા નામે '**હર બેરેઝ=લહીઆન**'** ઉપર લઇ જવામાં આવે છે, જેની ઉપર પછીથી

સરોશની એક શકિતની ચોકી ઉભી થાય છે. આ બનાવ કુદરતીજ છે કે જેથી મરતી વખતે ઉભાં થયલો દ્રુજે-નસુ તેને પુગીને તે રૂવાનના તન માટેની ભવિષ્યમાં ઉભી થવાના ઇનસાનીઅતનો નાશ કરી શકતો નથી. આમ તે દોલતના નતીજાઓથી ભવિષ્યની ઉન્નતી માટેની આવશકયતા તેનાં થયલાં પાપોની શીક્ષા ખમ્યા પછીથી થઈ શકે.

**ત્યારે હયાં ભણનાર પોતે પોતામાં આવી થયલી સ્ઑષેમની ગતી એટલે પંજે-ઝરવીકશે-બાતેનની ગતીના વધવા માટે દુઆ કરે છે, સરોશની** મદદ માંગે છે, કે જેથી તેનામાં પાંચના અએદાદની ગતી જે બઓદની યજતી ગતીની અકકલ જે અહૂની મરજી સાચવવાની છે તે ઉભી થાય અને તેમાં **'હાંમ્-વઇન્ત'** હવસોને જીતીને ઇશ્કમાં લાવવાની પરમાર્થની શકિત-હિમ્મત પેદા પડી શકે અને તેથી પછી **'આક્તી'**=પુર્ણ શાંતીની ખુશાળી જામી શકે. આમ થયાથી પછી તેનામાં **સ્ઑષેમ્**ની એટલે સરોશ યઝતની ગતી જામવે **અએષમ** દેવનો જુલ્મ જે **'પરૅશ્ત'**=મારામારી કરાવીને-સ્વાર્થમાં રખાવીને **'ખ્રવયાઓ'**=સાંપની ગતી ઉભી કરાવે છે અને પારકાંની તેવી દોલતને બરબાદ કરવા માંગે છે, તેવા 'અએષમ'નું જોર નાબુદ થઇ જાય. આમ ત્યારે ભણનાર સરોશની પાસેથી **પંજે-ઝરવીકશે-બાતેન**ની ગતી જે બઓદાંગ ઉપર લઇ જાય છે, યઝતી ગતી ઉપર લઇ જાય છે, જેથી પાંચનાં અએદાદની શકિત તેમાં ઉભી થઇ શકે છે તેવી ગતી માંગે છે, અને ઇચ્છે છે કે સરોશના બીજા ૧૪ હમકારો અને તેઓના દોસ્તો કહેતાં મદદનીશો સરોશને તે કામમાં મદદ કરે, કે જેથી તે ૧૪ મદદનીશો જેઓ ૪+૧ કહેતાં પાંચની બઓદાંગની ગતી ગેતીને અપાવવા સરોશ સાથે હમકારી કરી રહે છે, તેઓ મારફતે હદ+ઇનસાફની રૂયે તે માંગેલી મુરાદ બર આવે. આવા બધા મદદનીશોને તેટલા માટે ત્યાં યાદ કીધા છે. ત્યારે આ કરદામાં કહે છે કે સરોશની સામે અએષમ દ્રુજ હોય છે, એટલે જુઠઠાઇનો દ્રુજ હોય છે, પણ અત્યંત શાંતીનું સુખ અને તે શાંતીને મળવા માટે જોઇતી હવસો ઉપરની જીત બેઉ ત્યાં આવવે મનને હવસોની મારામારીમાંથી અને તે મનના હવસોથી થતા દંસ્યલ ગતીવાળા થવાથી બચાવી લે છે. જ્યારે મન પોતાના રોશનફેલથી અએષમ દ્રુજથી દુર જવાના પ્રયત્નો કરીને આ હાદોખ્તના માંથ્રો ભણે છે ત્યારે સરોશ યજત તેને **આક્તી**=શાંતી અને **'હામ્-વઇન્ત'**=હવસો જીતવાની શકિત અપાવી શકે છે. આપણામાં જે **'પંજે-ઝરવીકશે-બાતેન'** છે, જેથી ખરી સુધ્ધ બુધ્ધ ઉભી થાય છે, તે ઉભી કરાવીને મનને તેવાં ભાનવાળા હોશમાં સજ કરાવીને તે મનને સરોશ હવસોની ઉપર જીત અપાવે છે. **સરોશ કંઇ દરેક ઇનસાન પાસે સહેલાઇથી આવી શકે નહિ. પણ સરોશના બીજા હમકારો છે તેઓ આવીને મદદ કરી શકે.** આ કામમાં સરોશને અને તેની દસ શકિતઓને બીજા ૧૪ મદદગારો મદદ કરીને પાંચની યજતી બુધ્ધી તે ઇનસાનને અપાવે છે. સરોશના તેઓ કુદરતમાં નેમાયલા હમકારો છે જેઓ આ ખાસ પાંચના અએદાદની ગતી, ખરી બઓદ અપાવે છે. તે મદદનીશો ચૌદ છે, કેમકે ૧૪ આંકડામાં ૧+૪=૫ ની ગતીનો ભેદ એટલે બઓદ ખરી સુધ્ધ બુધ્ધ મેળવી અપાવવાની ગતી રહી છે.

સરોસના આ ચૌદ મદદનીશોમાં પહેલે (૧) **રશ્નુ યજત** તે બુરાઇ જે કંઇ પડી હોય તેની ગોઠવણ કરે છે એટલે કયારે તે બુરાઇને પકવવી તેનો બંદોબસ્ત કરે છે, કેમકે બુરાઇનો જે કંઇ બુરૂં કરવાનો હક હોય તેની વચમાં ઇનસાફની રૂયે પડાય નહિ માટે ઇનસાફી બંદોબસ્તી પહેલે ઉભી થાય છે. પછી જેમ જેમ તે ઇનસાન બુરાઇઓ કરી રહે છે, જે જે બુરાઇઓનો ઉભી થવાનો હક છે તે થઇ રહે છે, અને પછી બુરાઇની આદત મુજબ હદ ઓળંગાય છે એટલે તેવી બધી બુરાઇના જે વાદળાં થયા હોય છે તેની ઉપર (૨) **મહેર યજત** પોતાની સત્તાની રૂયે શીક્ષા મોકલે છે એટલે ઈનસાનને બદલો મળે છે. એમ ઇનસાન ઉપર સુખ કે જે છકેલ બનાવે છે, કે દુખ જે માર મારે છે, જે બેઉ શીક્ષાજ છે, તેઓની ગતી તેનાં નસીબ તરીકે તે ઈનસાન ઉપર ઉતરે છે અને ઇનસાનને દોરવે છે. આમ દોરવાવાનો અધીકાર (૩) **'વાય'** **=ગોવાદ યજદ** પાસે છે, જેવણ તે સત્તાની રૂયે સુખ-દુખનું ચલણ તે ઇનસાન ઉપર તેના ખોદા મારફતે ચલાવે છે. આમ જ્યારે દુખ પડે છે ત્યારે તે ઈનસાન (૪) **મઝ્દયસ્ની દએન**ની પનાહ માંગે છે અને સુધરવા આગળ વધે છે. પણ જ્યારે છકેલ ગતીનું સુખ તેના ઉપર પડે છે ત્યારે દુન્યાની માયામાં લપટાઇને તે માનવ દએનને ઠોકરે મારવા જાય છે. એમ સુખ-દુખવાળો દએન તરફ પોત પોતાની શીક્ષાની ગતી પ્રમાણેજ વર્તન રાખે છે. તે પછી (૫) **આશ્તાદ યજદ** તેઓના ગએથાની એટલે તન-મનની કે તેને લગતી ધંધા ધાપા-સંસ્થા વીગેરેની વ્યવસ્થા કરે છે. જો તે દુખી ઈનસાન દએનને શરણે જાય તો આશ્તાદ યજત તેના તન-મનના સરશોકને પતેતને જોરે સુધારતો રહે છે એમ **'ફ્રાદત્ ગએથાંમ'** તેના ગએથાને વૃધ્ધી તરફ લઈ જાય છે. પણ જો તે સુખમાં છકેલો ઈનસાન ગુનાહો કરે અને દએનનાં ફરમાનને ઠોકરે મારે તો આશ્તાદ તેના ગએથાઓને ત્બએષને આધીન કરે છે જેમાં એક જાતની દયા બતાવે છે. તેના ગએથાઓ નાશ નહિ પામે-એટલે તેની મુકિત બરબાદ નહિ થાય પણ મુકિત મેળવવાની અવશયકતા અખંડજ રહે,-એમ તેને આખરેબી ફાયદોજ થાય તેવી રીતે તે ગએથાઓને અમુક ત્બએષને આધીન કરવાનાં બીયાંઓ રોપાવે છે, કે જેથી તે ગએથાઓ જ્યારે તે બીયાંનાં ફળ પ્રમાણેની શીક્ષા ખમશે ત્યારે તે શીક્ષા તેઓથી ખમાય તેવી હોઇને તેઓને દરોસ્તી આપી શકે તેવી થયલી હશે. એમ ખમી શકાય તેવી શીક્ષા હદની ગતી પ્રમાણેના ઇનસાફથી ઉભી કરી તેના ગએથાને ચલાવે છે એટલે **'વરદત્ ગએથા'-'સવો-ગએથાઓ'**નો ભેદ ઉભો કરે છે. પેલો દુખી ઇનસાન પછીથી દએનની પનાહ લઇને ભલું કરવા તત્પર થઇને અષને મેળવવાના પ્રયાસ કરે છે, અને દીન-દસ્તુરોની પનાહમાં જઇ તેઓની દુઆનો તલબગાર બને છે અને તેઓનો બદલો જે કંઈ અષિશવંઘહ-પારંદીના કાનુન પ્રમાણે જે હોય તેને તાબે થાય છે. એમ (૬) **અષિશ-વંઘુહુની** ગતીને શરણે જાય છે. જ્યારે પેલો છકેલ ઇનસાન દએનને અને દીન-દસ્તુરોને અને તેઓની દહમ-આફ્રીતીને તરછોડે છે અને પછી આશ્તાદ યજતે ઇનસાફની રૂયે ઉભા કીધેલા શરીર રચનાને અને તેમાં પરમાર્થની ગતીના ઉભા થવાની અવશયકતાને પોતાની છાકટ ગતીથી હુસી કાઢી સ્વાર્થમાં રહી પોતાની અષ જે જન્મ અગાઉથી તેને

માટે નેમાયલી છે તેને કાતે કરતો રહે છે; એમ અષિશ-વંઘહુ કે જેણી તરીકતના પથ ઉપર ચાલનારને દહમ-આફ્રીતી આપીને વંઘહુની ગતી એટલે પરમાર્થની ગતી કમાવી અપાવીને અષની શકિત ઉભી કરાવે છે એટલે બહમન અને અષ-વહિશ્તનો નાદ તેમાં ચલાવી શકે છે, તેણી પેલા છકેલાથી દુર જાય છે, અને પેલાં બીજાં દીનને તાબે થતાં ઇનસાનને પનાહ આપે છે. આવી કુદરતી હકીકત બનતી હોવાને લીધે પછી અહિંયાં અષિશ-વંઘહુની યારીને યાદ કરવામાં આવી છે. પછી પેલો ઇનસાન જેની ઉપર અષિશ-વંઘહુ મહેરબાન છે, જે તરીકતોને જોરે અષને લઇ રહે છે, તે ઇનસાન ગેતીના ભેદ ભરમોનો જાણનાર થઇને પોતાની નાચીઝી બતાવીને ખાકસારી ઉભી કરવા આગળ વધે છે. આથી તેની ઉપર (૭) **ચિસ્તિ યજત** મહેરબાન થઇને તે ચિસ્તિ યજત, જે દીન યજતનો હમકાર છે, જે જ્ઞાન ઉપર મવકકલ છે, તેની પનાહ રહે છે, અને પેલો છકેલ ઇનસાન કે જેના શરીરનું મનજ ખુદ-પરસ્તીનું થઇને જડ થઇ જાય છે, જે શખ્સ દીનને માનતો નથી તેનાથી આ ચિસ્તિ યજત દુર જવે તેનામાં દીન વીષે શક સુબેહ ઉભો થાય છે અને તે નાસ્તીક થઇ સુદરેહ-કુસ્તીનેબી ઉતારી નાખે છે યા નાખવા તત્પર થાય છે. પછી પેલો દુખી ઇનસાન જે હવે દીની જ્ઞાન લેતો થયો છે તે પોતે મોટા મોટા અમલો કરીને અમલનું જોર ચિસતિ યજતથી પામીને દુખીઓનું તારણ કરવાની જાતજાતની વીદયાઓનું જોર પોતામાં ઉભુ કરે છે. તે અચ્છો તબીબ યા મોટો દસ્તુર બને છે, યા મોટો દાવર યા મોટો દાનાવ યા મોટો મહીનદસ જોશી વગેરે બને છે. આવું બધું તેનામાં ઉભું થાય માટે અમલ કરાવીને તેને પાર પાડનાર શકિત (૮) **'રજિશતયાઓ ચિસ્તયાઓ'** એટલે રઝિશ્તની ગતી એટલે ખરી ગોઠવણી કરવાના અમલ બતાવનાર ચિસતિ તેને મદદ કરે છે. ઉપર જે 'ચિસ્તોઇશ વંઘ-હુયાઓ' હતી તે તો સીરફ જ્ઞાન આપતી હતી. પણ આ રઝિશ્તયાઓ ચિસ્ત-યાઓ તેનામાં ' રઝિશ્ત 'ની ગતી, અમલ ઉભો થવાની શકિત પેદા કરાવે છે,-તે કાર્યસાધક બની રહે છે. **આમ તે શખ્સ ખુદ પોતે મીનોઈમાં વધીને બીજાં દુખીઓનું તારણ કરવા વધે** છે; જયારે પેલો છકેલ ઇનસાન આવા અમલની શકિત આપનારની પનાહથી દુર જઇને ખુદ પેલા અમલદારનેબી હેરાન કરવાની કમનસીબી ઉભી કરે છે, જેથી તે ઝુલ્મગાર બની તેને સતાવે છે અને પોતાના ગુનાહોનો પ્યાલો છલાછલ ભરે છે. આમ થાય છે કે પછી (૯) **'વીસ્પે યજત'** જેઓ પાયૂ અને થ્વોરેશ્તાર તરીકે છે, જેઓ ઘડનાર એટલે બુરાની બુરાઇને તોડીને તેમાંથી ભલું ઉભુ કરનાર એટલે **થ્વોરેશ્તાર** છે અને ભલાની ભલાઇ જે કંઈ ઉભી થઈ છે તે ભલાઈના બચાવનાર એટલે **પાયૂ** છે તેઓ વચ્ચે પડે છે. આમ તે ઝુલ્મગારની કરણીનો સ્વાદ ચખાડવાનો સફો હવે શરૂ થાય છે, તેમ વળી પેલા ભલા અમલદારના બાબમાં બચાવ કરવાના મોકાઓ ઉભા થાય છે. એમ પછી **વીસ્પે યજતને** કામ કરવાનો વારો આવી પુગે છે, જેઓને પછી યાદ કીધા છે. પછી પેલો શખ્સ કે જે ગુનાહગાર છે તેની ઉપર દુખો પડે છે યા તેનું મૃત્યુ થાય છે એટલે તેનો દહાડો ખતમ થાય છે કે જે બધાનું થવું ઇન-આમ સાફ અને હદના 'કર ને જો'ના કેશાશના કાયદા પ્રમાણે રહે છે, જેને (૧૦)

'**માંથ્ર-સ્પૅન્ત**'ની ગતી કહે છે, એટલે જેને એક જાતની આશીશની ગતી કહે છે, જે આ બુરા ઇનસાન ઉપર આડકતરી પડીને તેને આડકતરી રીતે સુધારશે. તે આશીશો તેની ઉપર પડીને તેનું મૃત્યુ લાવે છે કે જેથી તે ઓર બુરાઇમાં વધીને હમેશના નાશ તરફ જાય નહિ પણ પોતાની કેરદાર જોઇ ભલી ખેરદ બાંધે. એમ આ '**માંથ્ર-સ્પૅન્ત**'ની ગતી એ બુરાના બાબમાં '**માંથ્ર**'ના કહેતાં કુદરતી શકિતના ઇનસાફી મારાથી માર મારીને તેની બુરાઇના સ્વાદ ચખાડીને તેને **સ્પૅન્તી** તરફ લઇ જવાનો વખત આણે છે. પેલા અમલદાર ઉપર માંથ્ર-સ્પેન્તના આશીશો સીધ્ધી રીતે કામ કરે છે જેથી તે પછી આગળ વધતો જઇને 'માંથ્ર-સ્પેન્ત'ની શકિતનો કુદરતી વારસદાર થાય છે એટલે યજતી ગતી જેવા વૃધ્ધીનાં કામ કરવા સારૂં તે નેમાય છે. એમ માંથ્ર-સ્પેન્તની ગતી જે અહુરમજદનો આશીશ છે, જે આશીશો અવસ્તાના માંથ્રોમાં આવેલા છે તેમ કુદરતમાંની બીજી અનેક યજતી ગતીની સંસ્થાઓમાં છે, તે બધાંની તેને મદદ મળે છે. આમ થયા પછી પેલો અમલદાર જે માંથ્રની ગતીને પુગી શકયો છે તે પોતામાં રહેલી દરેક દ્રુજીનો છેડો આણે છે. માટે (૧૧) '**વીદએવ દાત**'ની મદદ મેળવીને ખએત્વે પુગી ખએત્વદથના હિંગામ તરફ જઇ રહે છે, જ્યારે પેલો બીજો ઇનસાન કાં તો મૃત્યુ પામીને સે શબમાં રહીને પાદે ફરાહની શીક્ષા મેળવી રહે છે એટલે દુખને ખુશીથી ખમીને શાંતી આપતો ભવીષ્યની ઉમેદ ખોલતો ખરો પસ્તાવો કરી રહે છે. પણ જો તે ઇનસાન મૃત્યુ નહિ પામ્યો હોય તો આજેજ અને પાયમાલ થઇને ખુદ તે જીવતી હાલતમાંજ દીન તરફ પાછો ફરીને ગુનાહની તોબાહ કરી તરીકત તરફ જઇ રહે છે. એમ વીદએવો દાતની હીકમત જે અષો જરથુશ્ત્રે ઉભી કીધી છે, જે અહુરદાતના કુદરતના કાયદા ઉપરની છે, જે અહુરદાતનો હમકાર છે, તેની મદદ તે બેઉને એમ જુદી જુદી રીતે મળી રહે છે. માટે પછીથી **વીદએવો દાત**ને યાદ કરે છે. પછી બેઉ જણા કુદરતી યસ્નની ગતી જે હિંગામો ઉપર પડે છે તેથી યા તેવી કુદરતી ગતી દીની યસ્નમાં ઉતરે છે તેથી, જેને એટલે તે ઉતરતી કુદરતી ગતીને (૧૨) **ઉપયન** કહે છે તે ઉપયનની હદ-માંથ્ર યસ્નથી પેલો ભલાઇવાળો નર આગળ ખએત્વોદથ તરફ અને બીજો ઉતરતી ગતીનો શખ્સ તનાસક તરફ જઇને વધી રહે છે, માટે પછી **ઉપયન** જે લાંબા કાળથી ચાલુ છે તેની મદદ એટલે કુદરતમાંની હદ-માંથ્ર યસ્નની મદદ તેઓને મળે છે. માટે હવે તે શકિત પોતાનું કામ બજાવે છે કે જેથી સરોશની ગતી બેઉમાં આવે. એમ વધીને બેઉ તનોમંદ હાલતનો છેડો આણીને થોડા કે ઘણા અમર ગતી તરફ વધતા રહે છે. પેલા આગળ વધેલા તો તન પશીન થઇને તે હમેશગી તરફ પુગે છે અને પેલા ઝુલ્મગાર-ગુનાહગાર હવે તનાસકમાં આવીને આસ્ને ખેરદ મેળવીને મુકિત મેળવવાનો સ્વપનો જોય છે. એમ અમર ગતીનો ખ્યાલ બેઉમાં દરજ્જામાં જામે છે. માટે ૩૩ અહુ અને ૩૩ રતુઓ જેઓને (૧૩) **અમૅષનાંમ્ સ્પૅન્તનાંમ્** અમર ગતીની શકિત કહે છે તેઓ તે બેઉને ચલાવી રહે છે અને સરોશની ગતી અપાવી રહે છે. એમ બેઉ જણ સરોશની ગતી મેળવીને પછી આગળ વધતા કે તનાસકમાં આવીને સેવા

કરવાને માટે પોતાને અર્પણ કરવા માંગે છે, માટે (૧૪) **એ પગવાળા સઑષ્યન્ત થવાનું કામ એટલે ઇનસાન તરીકેના સવાબકાર નરો થઇ રહે છે, કેમકે બીજી બે પગ વગરની સવાબકાર ગતી ઘણી છે જે કુદરતની નેઆમત તરીકે છે, જેને અષઑનો સ્તોઇશ કહે છે,** તેવી બધી સવાબકાર ગતી જે ગાહામ્બારરૂપમાં કે બીજા કુદરતી આશીરવાદરૂપમાં પડે છે તેઓને પેલા બેઉ જણા પોતાના હિસાબસર લઇને જગતમાં પુર જોરથી ફેલાવે છે, કે જેથી બીજા ગુનાહગારોબી જીવી પોતાનું કીધેલું જોઈને સુખ-દુખ ભોગવીને આગળ સરોશની ગતી મેળવવા તરફ વધે. એમ ત્યારે છેલ્લે "**સઑષ્યન્તાંમ યત બિપઇતિશ્તનાંમ્**"ને એટલે બે પગવાળા સઓષ્યંન્તોને અને "**વીસ્પયાઓ અષઑનો સ્તોઇશ્**"=કુલ ભલા ગત-ચિથ્રના કુદરતી આશીરવાદોને સાથે યાદ કીધા છે. આમ ત્યારે આ ચોથા કરદામાં સરોશ અને તેના કુદરતના ૧૪ હમકારો, જેઓ ગેતીને સ્રઓષેમની ગતી અપાવવા કામ કરી રહયા છે, તેઓને યાદ કરી તેઓની દોસ્તી ઈચ્છે છે, કે જેથી કંઇ અને કંઇ ફાયદો થાય છેજ; બેખબર પાપી તેમ પાછા ફરનાર ગુનાહગાર બેઉને ફાયદો થતો આવે છેજ; એટલે 'પંજે-ઝરવીકશે-બાતેન'ની પુંજી વધતી જઇને સરોશ યઝતની પનાહ વધતી જાય છે પછી આગળ પાંચમા કરદામાં કહે છે કે એવી રીતે સરોશની ગતીને '**મદૅમૅન્ચ**' એટલે મધ્યમપણામાં કે '**ઉપૅમૅન્ચ**'=વધુ ઉંચાપણાંમાં, એમ '**ફ્રતૅમૅન્ચ**'=વધતાં અને વધતાં પ્રમાણમાં લઇને, પછી સરોશ યઝત જે '**પઑઇરીન્ચ**' એટલે પહેલે નંબરની શકિત છે એટલે ઈનસાનમાંની સ્રઓષેમની પંજે-ઝરવીકશે-બાતેન'ની ઉપર નેગાહ રાખતી યઝતી ગતી છે તેને ભણનાર મેળવતો રહે એટલે ખુદ સરોશ યજતને મળે કે જેથી તે સરોશ યજત જે તનુ-માંથ્રનો જોરાવર છે, તે ભણનારમાંની હવસી ગતીઓને તોડીને તેનો દોસ્ત થઇ રહે. એમ તે સરોશની ગતી કહેતાં કેહર્પ તેનામાં જામી રહે, અને તેના બીજા ૧૪ મદદનીશોનાં કેહર્પોબી તેનામાં જામી રહે-એમ પહેલે દોસ્તી મેળવી તેઓની ભલી પનાહ અસર મેળવીને પછી તેઓને પોતામાં વસાવે. એમ સરોશની પાસબાની તેની ઉપર હર હમેશ રહે. માટે હવે ચોથા કરદામાં તે સરોશ અને તેનાં ૧૪ હમકારો, જેઓ "પંજે-ઝરવીકશે-બાતેન"ની પુંજી વધારીને ભણનારને યઝતી ગતી તરફ દોરવવાની બઓદ વધારી આપવા તત્પર છે, તેઓની તે દોસ્તી માંગતાં પઢે છે કે:—

**(૧૮)** (કરદો ૫ મો) **યથા અહૂ વઇર્યો ૧. ☞સ્રઑષૅમ[1] અષીમ્[2] હુરઑદૅમ[3] વૅરૅથ્રાજનૅમ[4] ફ્રાદત્-ગએથૅમ[5] અષવનૅમ[6] અષહે[7] રતૂમ્[8] યજમઇદે.[9]** (ત્રણ વાર પઢે.)

**પઑઇરીન્ચ[10] ઉપૅમૅન્ચ[11] મદૅમૅન્ચ[12] ફ્રતૅમૅન્ચ,[13] પઑઇથ્યાચ[14] યસ્ન[15] ઉપૅમચ[16] મદૅમચ[17] ફ્રતૅમચ.[18]**

**(૧૮)** યથા ૧) આગળ પાને ૪૯૩ મે કહયા પ્રમાણેનાં મિથ્ર સાથે પઢો.

અષીના સાહેબ,[२] || ખુબસુરત અને, ભલાઇએ પુગાડનાર,[३] || ફ્તેહમંદ, હવસોની ઉપર જીત અપાવનાર,[४] || કુલ ગએથા–અનાસરોની વૃદ્ધી કરાવનાર,[५] || અષો[६] || અષોઇના[७] || સરદાર[८] || સરોશની સાથે[१] || એકતાન થઇએ છીએ.[९] || સપ્પર પહેલા[१०] (મીનોઇ પ્રગતીના, માટે સપ્પર પહેલા અને યજતી દરજ્જાના સરોશ સાથે) || સપ્પર પહેલી (હસ્તીમાં થઇ રહે તેવી–તેને છાજતી યજતી દરજ્જાવાળી) || યસ્નથી[१५] || એકતાન થઇએ છીએ.[९] || ઉંચાઇએ ચઢેલા[११] (સરોશ સાથે એટલે ઇનસાને ઉંચમાં ઉંચ ગતી પ્રાપ્ત કરી '**પંજે ઝરવીકશે–બાતેન**'નો ઘણો ઉંચામાં ઉંચો ખજાનો મેળવીને પોતામાં સરોશની એટલે અહૂ તરફની અત્યંત તાબેદારી કરવાની ગતી, સરોશ જેવી ગતી ઉભી કીધી હોય છે, જેને ગાથામાં '**ન–ના**' કહે છે, કે જેની ઉપર તે '**પર્ઑઇરીમ**' સરોશ યજત નેગેહબાન થાય છે, તેવી મેળવેલી અહૂ–પરસ્તી કરાવનારી સ્રઓષેમની ઉંચમાં ઉંચ જાતની શકિત સાથે) || ઉંચાઇવાળી–(તેને પુગી શકાય તેવી તેને બરતી) || યસ્નથી, એકતાન થઇએ છીએ.[९] || મધ્યમ ગતીના[१२] (સરોશ સાથે એટલે ઇનસાને મધ્યમ ગતીની એટલે મ્યાના દરજ્જાની તરીકત પ્રમાણેની પંજે–ઝરવીકશ મેળવીને સ્રઓષેમની ગતી ઉભી કીધી છે, તેવી મધ્યમ ગતીની પેદા કીધેલી શકિત જેની ઉપર સરોશના દોસ્તદારોની નેગાહ છે, તેવી ઉભી કીધેલી મધ્યમ શકિતની સાથે) || મધ્યમ ગતીની[१७] (તેને બર આવે અને તેને અનુકુળ થાય અને તેને જોર મળે તેવી) || યસ્નથી[१५] || હમો એકતાન થઇએ છીએ.[९] || આગેવાની કરનારી[१३] (એક સરદારની માફક બીજાને દોરવી શકે, બીજાને ભલી ગતી ઉપર લઇ જઇ શકે, તેવી પંજે–ઝરવીકશની દોરવનારી શકિત જે ઇનસાને હઓમની મારફતે મેળવી હોય, જેમાં હઓમ વસ્યો હોય એટલે જેનામાં અહુ–પરસ્તીનો નાદ જે યજતોમાં તેમ ગવેમની સૃષ્ટીમાં વહે છે તે વહેતો હોય, જેની ઉપર સરોશની પુર્ણ તકેદારી હોય, તેવા બીજાને દોરવનાર, સદ ગતી સત્યસંગ અપાવનાર સરદારની ધારમીક સરોશ જેવી શકિત સાથે) || આગેવાન ગતીને લગતી[१८] (આગેવાનીને બર આવે તેવી હઓમ સાથની) || યસ્નથી[१५] || હમો એકતાન થઇએ છીએ.[९] ||

[હયાં ભણનાર ખુદ સરોશ યજત સાથે યસ્નથી મળવા માટે દુઆ કરે છે, અને બીજા નરો જેઓએ પોતામાં સરોશ જેવી ગતી ઉભી કીધી હોય, જેને '**ઉર્પૅમ**'ની, '**મદૅમૅમ**'ની અને '**ફ્રતૅમૅમ**'ની ગતીની કહી છે, તેવી સરોશ યજત વસેલી ગતી જેને '**પંજે–ઝરવીકશે–બાતેન**' કહે છે, તેઓની સાથેબી મળવા દુઆ કરે છે. **ત્યારે સરોશ અનેક રીતના રહે છે:–**

(૧) બધા યજતો જેઓ **અહુ–પરસ્તી કરીને અહૂની તાબેદારી કરે છે તેઓની**

અંદર **સ્રઑષેમ**ની ગતી વહે છે તેઓની તે કુલ્યાતી શકિતનેઓ **સરોશ** કહે છે. (૨) વળી **યજતો** ગેતીમાં-નીસ્તીમાં અહુનવઇર્ય પ્રમાણેના હોકમની તાબેદારી કરીને બુરાઇને ઘડવાનું **થ્વોરૅશ્તાર** તરીકેનું અને ભલાઇએ જે ગયું તેને સાચવવાનું **'પાયૂ'** તરીકેનું કામ કરે છે, માટે સરોશ સાથે તેઓ પાયૂ-થ્વોરેશ્તારના ભેદમાં રહીને કામ કરે છે એમ કહયું છે, એટલે તેઓને **સરોશના** હમકારોબી કહે છે. (૩) તેમ **સરોશને** મોટા યજત તરીકેબી લીધા છે. (૪) અને ઇનસાનોએબી તેવી **સ્રઑષેમ** ઉભી કરવાની છે તેઓની તેવી શકિતઓને હયાં **ઉપૅમૅમ-મદૅમૅમ**-અને **ફ્રતૅમૅમ** એમ ત્રણ વર્ગમાં વહેંચી છે. **'ઉપૅમૅમ'**ની ગતી ગરો-દેમાનના નરો જેઓ આ દુન્યા=દુજો-દેમાનમાં લોકોને દોરવવા ઉતરે છે તેઓની છે, અથવા હાલી જમાનના એટલે દુજો-દેમાનનાને લગતા ત્રણ, નવ અને છ કશના ધુંરધર અષવનો, જેઓ **'ન-ના'**ના કલાસમાં એટલે ગરો-દેમાનના થઇ ગયલાઓના વર્ગમાં આવે છે, તેઓની હોય છે. **'મદૅમૅમ'**ની ગતી તરીકતોની ઉપરનાં પતમાનમાં રહેનારાઓની છે, જેઓ ત્રણ કશના અષવન તરીકે હોય છે, જેઓ અહીરીમનથી જીતાઇ જવાની ધાસ્તીમાં રહે છે, અને **'ફ્રતૅમૅમ'**ની ગતી મોટા રાએનીદારોની છે, જેઓમાં **હુઑમ**ની ગતી હોય છે. એમ સરોશને મોટા ભેદમાં હયાં લીધા છે.]

**(૧૯) વીસ્પાઓ[૧૯] સ્રઑષહે[૨૦] અષ્યેહે[૨૧] તખ્મહે[૨૨] તનુ-માંથ્રહે,[૨૩] તખ્મહે[૨૪] હાંમ-વરૅતિવતો[૨૫] બાજુશ-અઑજંઘ્રહો[૨૬] રથએશતાઓ[૨૭] કમૅરેદો-જનો[૨૮] દએવનાંમ,[૨૯] વનતો[૩૦] વનઇતીશ[૩૧] વનઇતિવતો,[૩૨] અષઑનો[૩૩] વનતો[૩૪] વનઇતીશ[૩૫] વનઇન્તીમ્ચ[૩૬] ઉપરતાતૅમ[૩૭] યજમઇદે;[૩૮] યાંમ્ચ[૩૯] સ્રઑષહે[૪૦] અષ્યેહે,[૪૧] યાંમ્ચ[૪૨] અરૂશ્તોઇશ[૪૩] યજતહે.[૪૪]**

**(૨૦) વીસ્પ[૪૫] ન્માન[૪૬] સ્રઑષો-પાત[૪૭] યજમઇદે,[૪૮] યેંઘ્રહાદ[૪૯] સ્રઑષો[૫૦] અષ્યો[૫૧] ફ્રયો,[૫૨] ફ્રિતો[૫૩] પઇતિ-જન્તો;[૫૪] નાચ[૫૫] અષવ,[૫૬] ફ્રાયો-હુમતો[૫૭] ફ્રાયો-હૂખ્તો[૫૮] ફ્રાયો-હ્વરૂશ્તો.[૫૯]**

**(૧૯)** અષીના સાહેબ એટલે પુર્ણ અષોઇ રાખીને આશીરવાદ આપનારા,[૨૧] ‖ મજબુત,[૨૨] ‖ માંથ્રના તનના એટલે ખુદ શકિત કહેતાં કુદરત એટલે અઓજ-જોર-તગીવાળા,[૨૩] ‖ બધાંમાં પોતાનો સીકકો એક દીવસ લાવી શકશેજ તેવા[૨૫] ‖ પુર્ણ ગતીવાળા,[૨૪] ‖ અઓજ નામની કુદરત જે ઉસુલ કુદરતનો બીજો (Phase) ફેઝ છે, તેની બાજુ કહેતાં અધીકાર-શકિતથી કામ કરનારા,[૨૬] ‖ લડવૈયા, બુરાને મારીને ભલાઇમાં ફેર-

વનારા,[૨૭] || દએવોના એટલે ખુદ-પરસ્તી કરી અહૂની તાબેદારી કરવા સામે ચુનોચેરા કરનારાઓના[૨૯] || માથાં[૨૮] (એટલે સરકશી ભરેલી માન્યતાને તોડીને રાસ્તી ઉપર મુકનારા એવા) || સરોશનાં[૩૦] || બધાં[૧૯] (પાસાંઓ -કેહર્પો-જુદી જુદી રીતે કામ કરતી કુદરતની શકિતઓ સાથે મેળાપ કરવા માંગીએ છીએ.) || મારતી-મારવાની[૩૦] (દએવીક ગતીને રોકવાની), || મારવાને લાયકની એટલે સુધારવા માટેજ મારવાની એમ મારીને સુધારવાની[૩૨] || અષોઇવાળા નરની સરોશની ગતી રાખતા નરની[૩૩] || ફ્રત્તેહોને[૩૧] (યાદ કરીને અમો પ્રસંશા કરીએ છીએ, એવી ગતીના થવા માંગીએ છીએ.) || મારતાં બદી-તુંદીને અટકાવી રહેલા[૩૪] || વનઇન્તી ઉપરતાતની,[૩૬-૩૭] || અષીવાળા પુર્ણ અષોઇના રાખનારા અને આપનારા[૪૧] || સરોશ યજતની,[૪૦] || આસ્તાદ યજતની[૪૩] || જે ખાસ રીતની[૩૯-૪૨] || ફ્રત્તેહો[૩૫] (છે તેઓ)ને || (યાદ કરીને તેઓને પુગવા તેઓ) સાથે એકતાન થઇએ છીએ.[૪૪] ||

(૨૦) બધાં[૪૫] || સરોશથી પાસબાની પામેલાં[૪૭] || ઘરો[૪૬] || જેઓમાં[૪૯] || અષની પુર્ણ અષોઇની શકિતવાળા,[૫૧] || ઇશ્કથી ભરપુર, મીત્રાચારી કરવા તત્પર રહેલા,[૫૨] || (તેવી મીત્રાચારી લાયકને આપવા માટે દાદાર અને યજત અને નર અષવનોથી) ચહવાયલા,[૫૩] || આદરમાન પામેલો[૫૪] || સરોશ યજત અને તે સરોશ યજતને લગતા, સરોશ યજતને માટેના, સરોશ યજત સાથે રહેલા[૫૦] || અષોઇ મેળવી રહેલા[૫૬] || તે ખાસ નર[૫૫] [રહે છે-એટલે તે નર જે પંજે-ઝરવીકરો-બાતેન, જે ઉંચ ભાન ઉભુ કરાવે છે તેમાં સરોશની શકિત (**સ્રઑષેમ**), અહૂની અત્યંત તાબેદારા કરતી શકિત ઉભી થઇ છે, જેની ઉપર સરોશ યજત પાસબાન છે. એમ તે નર સરોશને સાથે રાખનારો છે, જેને '**નાચ**' એટલે '**ન**'=નર જે '**અચ**'= '**હુચ**' = (સરોશની) પુઠે જતો રહે છે તેવા તે ખાસ નર સરોશથી પાસબાની પામેલામાં ઘરોમાં કે જ્યાં બહેસ્તનો સંબંધ છે, જેમાં અહુરમજદનો અને સરોશનો વસ્વાટ છે, તેવાં પુર્ણ બરજીસી વર્ણના પ્રભાવવાળાં રહેઠાણોમાં રહે છે, તેવાં તે] || ઘરોની બેહેસ્તી વાતાવરણ સાથે[૪૬] || એકતાન થઇએ છીએ,[૪૮] || (જે ઘરોની બરજીસી વર્ણની બેહેસ્તી વાતાવરણમાં સરોશની ગતી રાખતા) નર[૫૫] || **હુમતમાં** એટલે યઝતી ગતીના વીચારોમાં સજ થયલો[૫૭] (એટલે હસ્તીની ગતીએ પુગી હસ્તીમાં કામ કરતી યજતી ગતાઓ સાથે મેળાપ કરીને ગેતીને આગળ વધારવાનાં યજતોનાં કામમાં '**ફ્રા**'=આગળ વધતો રહે છ, પુર્ણ થતો રહે છે;) || (જે નર)- **હૂખ્તમાં** એટલે યજતી શકિતઓ જેવા શબ્દો-માંથ્રોમાં સજ થયલો[૫૮]

( એટલે યજતી ગતીઓ નીસ્તીમાં કામ કરતી વખતે ભલી દુઆઓ ઉતારે છે તેઓને લઇને ગેતીમાં પાંથરીને જગતનું કલ્યાણ કરવામાં 'ફ્રા'=આગળ વધતો રહે છે, પુર્ણ થતો રહે છે; ) ‖ ( જે નર )-હ્વરૂશત્‌માં એટલે યજતી શકિતઓનાં કામમાં સજ થયલો[૫૯] ( યજતો ગેતીની દેખીતી કુદરતને ચલાવી રહે છે, જેથી જગતની બલીહારી જાગી રહે છે, તેવાં પરોપકારી પરદુખભંજનનાં કામમાં 'ફ્રા'=આગળ વધતો રહે છે. ) ‖

(૨૧) કૅહ્રૂપૅમ[૬૦] સ્રઑષહે[૬૧] અષ્યેહે[૬૨] યજમઇદે;[૬૩] કૅહ્રૂપૅમ[૬૪] રષ્નઑશ[૬૫] રજિશ્તહે[૬૬] યજમઇદે;[૬૭] કૅહ્રૂપૅમ[૬૮] મિથ્રહે[૬૯] વૅઉરૂ-ગઑયઑઇતોઇશ[૭૦] યજમઇદે;[૭૧] કૅહ્રૂપૅમ[૭૨] વાતહે[૭૩] અષઑનો[૭૪] યજમઇદે,[૭૫] કૅહ્રૂપૅમ[૭૬] દઍનયાઓ[૭૭] વંઘ્હુયાઓ[૭૮] માજ્દયસ્નોઇશ[૭૯] યજમઇદે;[૮૦] કૅહ્રૂપૅમ[૮૧] અરૂશતાતો[૮૨] ફ્રાદત્-ગએથયાઓ[૮૩] વરૅદત્-ગએથયાઓ[૮૪] સવો-ગએથયાઓ[૮૫] યજમઇદે;[૮૬] કૅહ્રૂપૅમ[૮૭] અષોઇશ[૮૮] વંઘ્હુયાઓ[૮૯] યજમઇદે;[૯૦] કૅહ્રૂપૅમ[૯૧] ચિસ્તોઇશ[૯૨] વંઘ્હુયાઓ[૯૩] યજમઇદે;[૯૪] કૅહ્રૂપૅમ[૯૫] રજિશ્તયાઓ[૯૬] ચિસ્તયાઓ[૯૭] યજમઇદે;[૯૮]

(૨૨) કૅહ્રૂપૅમ[૯૯] વીસ્પએષાંમ[૧૦૦] યજતનાંમ[૧] યજમઇદે;[૨] કૅહ્રૂપૅમ[૩] માંથ્રહે સ્પૅન્તહે[૪] યજમઇદે;[૫] કૅહ્રૂપૅમ[૬] દાતહે[૭] વીદએવહે[૮] યજમઇદે;[૯] કૅહ્રૂપૅમ[૧૦] દરૅઘયાઓ[૧૧] ઉપયનયાઓ[૧૨] યજમઇદે;[૧૩] કૅહ્રૂપૅમ[૧૪] અમૅષનાંમ સ્પૅન્તનાંમ[૧૫] યજમઇદે;[૧૬] કૅહ્રૂપૅમ[૧૭] અહ્માકૅમ[૧૮] સઑષ્યન્તાંમ[૧૯] યત્[૨૦] બિપઇતિશતનાંમ[૨૧] અષઑનાંમ[૨૨] યજમઇદે;[૨૩] કૅહ્રૂપૅમ[૨૪] વીસ્પયાઓ[૨૫] અષઑનો[૨૬] સ્તોઈશ[૨૭] યજમઇદે.[૨૮]

†અહે રય ખરૅનંઘહચ, અંઘહે અમ વૅરૅથ્રઘ્નચ, અહે યસ્ન યજતનાંમ તૅમ યજાઇ સુરૂન્વત યસ્ન; સ્રઑષૅમ અષીમ જઑથ્રાબ્યો, અષીમ્ચ વંઘ્ઉહીમ બૅરૅજઇતીમ, નઇરીમ્ચ સંઘ્હૅમ હુરઑદૅમ. આચ નો જમ્યાત્ અવંઘહે વૅરૅથ્રજાઓ સ્રઑષો અષ્યો. સ્રઑષૅમ અષીમ યજમઇદે. રતૂમ બૅરૅજન્તૅમ યજમઇદે, યિમ અહુરૅમ મજ્દાંમ, યો અષહે અપનોતૅમો, યો અષહે જઘ્મૂશ્તૅમો. વીસ્પ સ્રવાઑ જરથુશત્રિ યજમઇદે. વીસ્પચ હ્વરૂશ્ત ષ્યઑથ્ન યજમઇદે, વરૂશતચ વરૅષ્યમ્નચ.

† તરજુમા માટે જુઓ ઉપર પાને ૪૮૭ મે.

**યેંઘ્નહે હાતાંમ્ આઅત્ યેસ્ને પઇતી વંઘ્નહો,**
**મજદાઓ અહુરો વએથા અષાત્ હચા,**
**યાઓંઘ્નહાંમચા તાંસ્ચા તાઓસ્ચા યજમઇદે.**

(૨૧-૨૨) અષીની ગતીવાળા[૬૨] || સરોશ યજતનાં[૬૧] || કેહપ[૬૦] (યાને અનંત ગતી જે ઝરવાને અકરનેનો ઘેરાવો કરી રહીને દાદારમાં મળી દાદારનું કામ બજાવ્યા કરે છે, તેવા અનંત નહિ મપાય તેવા આકાર) સાથે || એક-તાન થઇએ છીએ.[૬૩] || રાદી ગોઠવણી કરનાર ઇનસાફી વૃત્તીના[૬૬] || રશ્નુ યજતનાં[૬૫] || કેહપ[૬૪] || સાથે એકતાન થઇએ છીએ, તેને પુગી તેમાં લીન થઇએ છીએ.[૬૭] || ગવની ગતી ગેતીમાં જામે તેવી પુર્ણ રીતના બહોળાં પ્રમાણુમાં ખેતી કરનાર[૭૦] (તથા) (બુરા ગુબારોને બાંધી-તોડીને તેમાંથી ભલું ઉભું કરનારા) || મિથ્ર[૬૯] (મેહેર) યજતનાં || કેહપ સાથે[૬૮] || એકતાન થઇએ છીએ.[૭૧] || અષો[૭૪] || વાય યજતનાં[૭૩] || કેહપ સાથે[૭૨] || એકતાન થઇએ છીએ.[૭૫] || ભલી પરમાથી[૭૮] || મજદયસ્ની[૭૯] || દએનનાં[૭૭] || કેહપ[૭૬] || સાથે એકતાન થઇએ છીએ.[૮૦] || ઇનસાનોના અંગો, અનુએ અનુઓ કે દુન્યાની સંસ્થાઓ વીગેરે અનાસરી ગતીને કાયદેસર મુકિત આપનાર,[૮૩] || તે બધા અંગો કે સંસ્થાઓની સ્થુલ-સુક્ષ્મ આબાદી થાય તેવું કરનાર,[૮૪] || તેવા બધા અંગો કે સંસ્થાઓને સ્થુલ-સુક્ષ્મ ગતીનો ફાયદો થાય એટલે હર હાલમાં મુકિત મળે તેમ કરનાર[૮૫] || આશ્તાદ યજતનાં[૮૨] || કેહપ સાથે[૮૧] || એકતાન થઇએ છીએ.[૮૬] || અષિશ-વંઘહુ[૮૮-૮૯] (જેણી દહમ-આફ્રીતી આપી અપ અને બહમનના નાદને તેમાં ચલાવે છે તેણી)નાં || કેહપ સાથે[૮૭] || એકતાન થઇએ છીએ.[૯૦] || વંઘહુની=પરમાર્થની ગતીવાળી[૯૩] (પર-માર્થ શીખવી રહેતી) || ચિસ્તિ યજત[૯૨] (જે દીન યઝતનો હમકાર છે તેણી)નાં || કેહપ સાથે[૯૧] || એકતાન થઇએ છીએ.[૯૪] || શિષ્યમાં ઇલ્મનું ઉભાણુ થાય એટલે તેમાં ઇલ્મનાં જોરની શકિત થાય તેવી ગતી આપનાર એટલે ઇલ્મ કાર્યસાધક રીતે વ્યવહારમાં મુકાય તેવા અમલના શીખવનાર[૯૬] || ચિસ્તિ યજતનાં[૯૭] || કેહપ સાથે[૯૫] || એકતાન થઇએ છીએ.[૯૮] || બધા[૧૦૦] (એટલે બુરાઇમાંથી ભલાઇ ઘડી કાઢનાર **થ્વોરૅશ્તાર**, અને જે કંઇ ભલાઇ ઘડાઇ રહે તેની હીફાઝત કરનાર **પાયૂ**નું કામ જે કુલ્યાતી રીતનું નીસ્તીને લગતું છે તે કરનાર) || યજતોનાં[૧] || કેહપ સાથે[૯૯] || એકતાન થઇએ છીએ.[૨] || માંથ્ર એટલે યજતી આશીરવાદની શકિત જે સ્પેન્તી કરાવી શકે છે, જે કુદરતની બધી સંસ્થાઓમાં હોય છે તેમ બધા માંથ્રોમાં-કલામોમા ઉતરી હોય, તેઓનાં[૪] || કેહપ સાથે[૩] || એકતાન થઇએ છીએ.[૫] || દએવ[૬] (ક્યાસ) જે કંઇ અનાસરમાં હોય તેને દુર કરવાના || કાયદા અને તે કાય-

દામાં રહેલી શકિતનાં[૭] ‖ કેહપ સાથે[૬] ‖ એકતાન થઇએ છીએ.[૯] ‖ લાંબા કાળથી એટલે જમાન-દર-જમાનથી, એક પછી એક થઇ રહેતા દરેઘો-ખદાતથી ચાલી રહેતા[૧૧] ‖ *'**ઉપયન**' ના[૧૨] ‖ કેહપ સાથે[૧૦] ‖ એકતાન થઇએ છીએ.[૧૩] ‖ અમર ગતી આપનાર શકિતઓનાં[૧૫] ‖ કેહપ સાથે[૧૪] ‖ એકતાન થઇએ છીએ,[૧૬] ‖ હમારા[૧૮] (એટલે સાધારણ ગતીને લગતા અને ત્યાંથી ઉપર ચઢેલા.) ‖ અષોઈવાળા[૨૨] ‖ બે પગાં એટલે ઇનસાનરૂપના[૨૧] ‖ સઓષ્યંત એટલે ત્રણ આલમને અને તેઓ સાથે અચુક સંબંધ રાખતા માનવ જાતને ફાયદો કરનાર[૧૯] ‖ તે[૨૦] (નર કે જે સાધારણ પાપી ઇનસાનનાં સફમાંથી તરીકત અને મેહેર-પતેતનાં જોરે અષવન થવા પામ્યો છે તેના) ‖ કેહપ સાથે[૧૭] ‖ એકતાન થઇએ છીએ.[૨૩] ‖ બધી[૨૫] (એટલે દરેક રીતે સૃષ્ટીના દરેકે દરેક ભાગના ખુણે ખુણે આશીરવાદ આપતી) ‖ અષોઇ[૨૬] (લાવવા માટે)ની (અષની ગતી રજેરજમાં જામે તેવી નઇઅતવાળી) ‖ પેદાયશ,[૨૭] (જે બધી **ગવ-ચિથ્ર**રૂપની છે અને નેઆમતરૂપ પ્રવાહોનો વરસાદ વરસાવે છે, જેને '**કાયનાત**' કહે છે, તેઓ)નાં ‖ કેહપ સાથે[૨૪] ‖ એકતાન થઇએ છીએ.[૨૮] ‖ (એમ હમારા પંજે-ઝરવીકશમાં સરોશ અને તેના **૧૪** હમકારોનાં આવા બધાં કેહપોને વસાવીએ, કે જેથી સ્રઓષેમની ગતી તે પંજે-ઝરવીકશમાં જામે અને પાંચના અએદાદની શકિતએ પુગીએ, સરોશની પનાહમાંજ રહીએ).

(બાસ્તા પઢે) **સરોશ અશો, તગી, તન્-ફ્રમાંન્, શેકફ્ત-જીન્, જીન્-અવઝાર્, સાલારે દામાંને અહુરમજદ† બેરસાદ્; અએદૂન્ બાદ્.**

(કુશાદે પઢે.) **યથા અહૂ વઇર્યો ૨.**

**યસ્નॅમ્ચ વહ્મॅમ્ચ અઑજસ્ચ જવરॅચ આફ્રીનામિ, સ્રઑષહે અષ્યેહે, તખ્મહે, તનુ-માંથ્રહે, દરૂષિ-દ્રઑશ્ આહૂઇર્યેહે. અષॅમ વॅાહૂ ૧.**

☞ **અહ્માઇ રએશ્ચ; હજંઘરॅમ્; જસ મે અવંઘ્રહે મજ્દ; કॅરૂફેહ્રૂ મોજ્દ.**

---

* ઉપયનને માટે જુઓ કરદા ૪ માં નંબર ૬૩ નાં આંકડામાં કહેલી વીગત.

† તરજુમા માટે જુઓ ઉપર પાને ૪૭૧ મે.

☞ [ નોંધ: અહીં રોજ નેક નામવાળો અસલ ફકરો પઢવાનો છે તે માટે, તેમજ રોઝ-માહ સાથના વધુ વિસ્તારના કદમી કેતાબોમાં આપેલા વધુ મિથ્ર કરવા હોય તો, જુઓ ઉપર પાને ૨૨૭ મે થી ૨૩૩ પાના સુધી. ]

(બીરતા પઢવું) નમાજ દાદારે ગેહાંન્ દામાંન્. (કુશાદે પઢવું) ક્ષ્નઑથ્ર અહુરહે મજ્દાઓ. તરોઇદીતે અંઘ્રહે મઇन्येउश. હઇથ્યાવરૂશતાંમ્ હ્યત્ વસ્ના ફ્રૅરષોતૅમૅમ્. સ્તઑમિ અષૅમ્. અષૅમ્ વૉહૂ ૧.

( બીરતા પઢવું. )

વર્જ ખુર્રેહ્ અવઝાયાદ્ સરોશ્ અશો, તગી, તન્-ફ્રમાન્, શેકફ્ત-જીન્, જીન્-અવઝાર્, સાલારે દામાંને અહુરમજદ,† બેરસાદ્, અમાવંદ્ ફીરોજગર્ અમાવંદી ફીરોજગરી. દાદ્ દીન્ બેહ માજ્દયસ્નાંન્, આગહી રવાઇ વાફ્રીન્ગાંની બાદ્ હફ્ત કેશવર્ જમીન્; અએદૂન્ બાદ્. મન્ આનો આવાયદ્ શુદન્, મન્ આનો આવાયદ્ શુદન્, મન્ આનો આવાયદ્ શુદન્. અષઑને* અષૅમ્ વૉહૂ ૧.

☞ (દક્ષિણ દિશા તરફ મોહોડું કરીને પઢે.) (બીરતા પઢવું) દાદારે ગેહાંન્, દીને માજ્દયસ્ની, દાદે જરથુશ્તી. (કુશાદે પઢવું) નૅમસ્-તે અષાઉમ્ સૅવિશ્તે અરૅદ્વિ સુર અનાહિતે. અષઑને* અષૅમ્ વૉહૂ ૧.

નૅમો ઉર્વઇરે વંઘ્રઉહિ મજ્દદાતે. અષઑને* અષૅમ્ વૉહૂ ૧.

સ્રઑષૅમ્ અષીમ્ હુરઑદૅમ્ વૅરૅથ્રાજનૅમ્ ફ્રાદત્-ગએથૅમ્ અષવનૅમ્ અષહે રતૂમ્ યજમઇદે. અષૅમ્ વૉહૂ ૧.

(બીરતા પઢવું.)

સરોશ્ અશો, તગી, તન્-ફ્રમાન્, શેકફ્ત-જીન્, જીન્-અવઝાર્, સાલારે દામાંને અહુરમજદ† બેરસાદ્ અષૅમ્ વૉહૂ ૧.

---

* સમજ માટે જુઓ પાને ૨૩૪ થી ૨૩૫ મે.

† સમજ માટે જુઓ પાને ૪૭૧ મે.

## સરોશ યશ્ત હાદોખ્તની નીરંગ.

☞ (એ નીરંગ સરોશ યશ્ત હાદોખ્ત પઢયા પછી પઢે.)

**ક્ષ્નઑથ્ર અહુરહે મઝ્દાઓ. અષેઁમ્ વોહૂ ૧.**

(બીસ્તા પઢવું)

**☞ વર્જ[18] ખ્રુરેહ[19] અવ્ઝાયાદ્[20] સરોશ[21] અશો,[22] તગી,[23] તન્-ફ્રુમાઁન્,[24] શેકફ્ત-જીન્,[25] જીન્-અવ્ઝાર્,[26] સાલારે દામાંને †અહુરમઝ્દ[27] બેરસાદ્;[28] અએદૂન્[29] બાદ્[30]. અષેઁમ્ વોહૂ ૧.** (☞ ત્રણ વાર પઢવું.)

વર્જના પ્રભાવનું એટલે શરીરના અનાસરોમાં અને શરીરમાંની અઇ-પિમાં ઇચ્છવા જોગ ઉભી થતી ભલી ગતીનું એટલે નુર તરફ જઇ શકાય તેવી ગતીનુ[18] || વધવું-આવી મળવું થાઓ;[20] || એવી વર્જની વાતાવરણ અઇપિમાં ખોરેહ યજતી પ્રકાશનુ[19] || વધવું-આવી મળવું થાઓ[20] (કે જે પછી) || અષો[22] || તગીની કુદરતને પોતામાં સમાવી રાખનાર-કુદરત કે જેમાં તગીની શકિત છે તેવી કુદરતને પોતામાં સમાવનાર[23] || પોતાનાં કેહ-પમાં બધી કુદરત[24] (નામે અઓજ-તગી-જોર અને હસ્તીની અને નીસ્તી-ની વિશાળ કુદરતનો બહાર) સમાવતો અને તે બધી વિશાળ કુદરતને પોતાનાં તન તરીકે પોતાની આસપાસ રાખી તે કુદરતમાંની દાદારના હોકમ મુજબ કામ કરવાની જે પરવાનગી-ફરમાન છે તેવી બધી ક્ષથ્ર રાખીને કામ બજાવી રહેતો,[24] || એજમની રીતનો આઘાત થયલો, એટલે રજેરજની ગતીને એકે વખત પુગી વળે તેવો, બધેબધ જરૂર પડે ત્યાં જાની રહેલો[25] || લાયકને લાયક પ્રસંગે પુગી વળી શકાય તેવા આલતો થવાની સામગ્રી ઉભી કરી આપનારો, એવા[26] || અહુરમઝદની કુલ સૃષ્ટીના સરદાર-દોરવનારા સરોશ સાથે[27] || અમારી મદદે પહોંચે.[28] || એવી મુરાદ[29] || પુર્ણ થાઓ-ફળો[30] || **અષેઁમ ૧)** ભણીને સરોશની મદદ માટે દુઆ ઇચ્છે છે.

† સમજ માટે જુઓ ઉપર પાને ૪૭૧ મે.

# સરોશ યશ્ત વડી રાતની.

## સરોશ યશ્ત વડીની મહાન ખુબી: તેને "યશ્તે-સે શબ" કાંય કહી છે?

આ યશ્તને રાતની વડી સરોશ યશ્ત કહે છે, જેને **'યશ્તે-સે શબ'** તરીકે ઓળખે છે. **સે શબમાં 'સે ક્ષફ્ન'**નો ભેદ છે. (**ક્ષફ્ન** એટલે અંધકાર). ગેતી કે જેમાં ઇનસાનનું ભાન-અકકલ હદાયલું છે તે ગેતી ઇનસાનને દુન્યવી ભોગવટા તરફજ રાખી આખરની નેમનાં ભાનથી, તેનાં અજવાળાંથી દુર કરે છે. માટે ગેતીને ક્ષફ્નનું ધામ 'દુજો-દેમાન' કહી છે. ગુજરયા પછી ત્રણ દહાડા લગી રૂવાન ગેતી તરફ તેમ મીનો તરફ બેઉ તરફ ખેંચાયા કરે છે, માટે રૂવાનને નીમ હોશમાં રહેલું કહે છે. પણ ચોથે દહાડે રૂવાનની હોશ 'મીનો' તરફ જવે તેની હોશ પુર્ણ થાય છે, એટલે **અનુશેહીની** ગતી-હમેશગીની ગતી મેળવવામાં તે હોશ આવે છે, અને ગેતીના **અંધકારમાંથી** એટલે ગેતીના સંકડાસમાંથી તેનું ભાન દુર થાય છે. રૂવાનમાં તો અસલથી રચ છે, માટે રૂવાનને તો અહુ-પરસ્તી કરવાની અકકલ છે, તેમાં સ્રઓ-ષેમની ગતી સરોશ યજત જેવી દાદારના નીમકહલાલ નોકર તરીકે કામ કરવાની ગતી છેજ. એક ઘણા દુરના નહિ કલ્પી શકાય તેવા જમાનામાં **રૂવાનની રચની** અકકલમાં દએવ-દ્રવાઓ-અજ્ઞાનતાનો ભુલાવો હતો, માટે તે રૂવાન દાદારની સામે થયું હતું. પણ જયારથી રૂવાને મીનો કરકોમાં જઇ ત્યાંના આતશી દરયાવમાં નાહાન લીધું અને તે આતશી દરયાવના ઝરેહ વરકશની કુદરતે તેની રચમાંના દ્રવાઓના પાસને ધોઇને બહાર પાડી, ત્યારથી રૂવાનમાંની રચની અકકલ ઘણે દરજજે નીર્મળ થઇ છે અને થતી રહે છે. આવી રીતે જયારે રૂવાનને પોતાની નીર્મળ પરદુખભંજન રીતની થતી આવતી રચની અકકલને જોરે **'વંઘહુ'**નો ભેદ કંઇક હાંસલ કીધો, એટલે બહમન અમશાસ્પંદના જેવો કંઇક ભેદ ગ્રહણ કીધો, એટલે તે રૂવાન દાદારનાં અંતકરણની અનંત ખુશાલીમાં ભાગ લેવાની હોશમાં આવવા લાગ્યું, ત્યારે તુરતજ તે રૂવાને પોતાની સાથની જુફ્ત રેહબર બઓદને કહયું, કે "આ દ્રવાઓ ભલેને મારો દુશ્મન હોય યા દોસ્ત હોય, પણ તે જયાં લગી આપણામાં તારો-પ્રુદની માફક વણાય નહિ, ત્યાં લગી હું હયાંથી દાદાર તરફ જઇશ નહિ, કેમકે એમ સ્વાર્થી થવા મારૂં અંતકરણ-મારી રચ-મારી

અકકલ, કે જેમાં વંધકુની ગતીનો પડઘો આવતો જાય છે તે ના પાડે છે." બઓદબી તેની સાથે એકમત થઇ–તેઓએ દાદારની મદદ માંગી. દાદારે પાયૂ–થ્વોરેશ્તાર યજતો જેઓ સરોશ સાથે હમાજોરમાં છે એટલે જેઓ કુલ્યાતી સરોશ છે, તેઓએ આવી તેઓની મુરાદ પુર્ણ કરાવવા તેઓ પાસે દસ અંદર્ઝ પાળવાની કબુલાત લીધી. એમ મજદદાતની ગતીને તેઓ તાબે થયા. આ મજદદાતની અમર ગતીએ પછી રૂવાનોને '**દસેમે સ્તુતાંમ**'ના ભેદમાં એટલે દાદારની ખરી સ્તુતી તેઓ તેઓના દએવ સહિત કરી શકે માટે તે રૂવાનને ૧/૧૦ને કાયદે વહેંચી રૂવાનોના ભાગલા કીધા, અને રૂવાન સાથના દ્રવાઓનેબી તેમ વહેંચ્યો, અને દરેક વહેંચાયલા રૂવાનના દ્રવાઓને સાથ રાખી–તે દ્રવાઓમાં કરામત કરીને તેને તનોમંદ હાલતનો ઉભો કીધો, જેની અંદર–જેના અધીકારમાં તે વહેંચાયલા રૂવાન–બઓદને વાસો કરાવતી વસીઅત થઇ, જેને તેઓ તુરતજ તાબે થયા. આમ તે રૂવાનમાંથી નીસ્તી–એ–અવ્વલનો એક ભાગ, ગેતીમાં રહેવા માટે થવાનાં ઇનસાનનો એક ભાગ અને હેવાન–નબાતાત–જમાદાતના ભાગોનાં રૂવાનો થયાં, અને તેઓને લગતાં શરીરો થયાં. જીન–પરી–ઉલવી–સેફ્લી વગેરેની વહેંચણીનો ભેદ જુદો છે તેની નોંધ લેવી. આપણે ઇનસાન વીષેજ બોલીશું. ઇનસાનનાં રૂવાન ઉપર હેવાન–ઝાડપાન–ખનીજનાં રૂહોના અંશો અને શરીરોને દોરવવાની ફરજ અને અમાનતદારી responsibility and trust અપાઇ. ઇનસાનના દએવમાંથી થયલાં તનમાં જોકે યજતી ગતીની કુદરત હતી, જેથી તે તન જીવતું હતું, છતાં તે તનરૂપમાં આવેલા દએવમાંથી હવસો થશે એમ નકકી હતું, જે હવસોને ધીમે ધીમે ખરચાવીને ગવના એટલે રૂવાનની રય જેવા કરવાની તદબીર રચાઇ હતી. રૂવાનમાં રય છે, જેનો પ્રકાશ છે, જે પ્રકાશ સહિત જો રૂવાન જીવતાં શરીરમાં બેસે, તો તે પ્રકાશને જોરે તેનાં શરીરમાંના દએવીક ગતીના હવસો જેઓ ધનામીનથી ઉભરીને ઢોળાઇ જવાના છે એટલે અવખી કરી શીક્ષા પામીને ભલાઇમાં બદલાવાના છે એમ ઓછા થવાના છે તેઓ ઉભરી શકે નહિ; અને હવસો એમના એમ મંદ રહેવે તે તનોમંદ હાલતના દ્રવાઓનો છુટકો થાય નહિ, અને 'રૂવાન'નોબી છુટકો થાય નહિ. માટે રૂવાનની રયના પ્રકાશને સંકોચાવી નાંખ્યો જેને માટે તેની ઉપર બેડી (**બંદ દરોશ**) મુકી. આમ તે રૂવાનની રય સંકોચાઈ, અને રૂવાન શરીરમાં હોવા છતાંબી શરીરના હવસો પોતાનો ભાવ ભજવી શકે એમ થવાનું બની આવ્યું. રૂવાન જીવતાં શરીરમાં ત્યારે ગોયા મુઢ હાલતમાં રહયું–રહે છે. એક જન્મતાં બચ્ચાંના શરીરમાં પહેલાં ચાર વરસો લગી પોતાનો હોશ કંઇક રાખી શકે છે. ચાર

વષ પછીથી રૂવાન ગોયા ઉંઘમાં પડવા માંડે છે એટલે પછી તનોમંદ હાલતમાંના થતા સરદાર મનને કારોબાર સોંપી પોતે પોતાની રયના બંદથી ફરામોશીના પરદામાં પડે છે. જીવતી જીંદગીમાં બગો બખ્ત, કે જે ફશો- ફેરેતી લાવવા એટલે નેજાત ઉભી કરાવવા માટે નેમાયલો છે, તે પોતાના તબઇ વ કારના નીયમ પ્રમાણે તન-મનને ચલાવીને અમુક મુદદત પછી મૃત્યુ લાવીને મારે છે. મૃત્યુ થયા પછીના ચાર દીનમાં રૂવાને બંદ દરોશને દુર કરી પુર્ણ રય જે તેની હોય તે મેળવવી જોઇએ, કેમકે હવે રૂવાન તે તનમાં વણાયલા દ્રવાઓની ખરી ખેતી કરી શકશે. તે રૂવાન પોતાની જાગ્રત થયલી ઉઘડેલી રયની અકકલને જોરે પછી તે તન-મનમાંના દ્રવા- ઓએ જીવતી હાલતમાં તે દ્રવાઓના ભુલાવા પ્રમાણેની અકકલથી જે કંઇ કીધું, તેમાંથી ભલું, એટલે દએવ રહિતનું, જ્ઞાનના ચળકાતનું માટે ગત્વની ગતીનું ઉભુ કરવા રૂવાન હવે યસ્ન શરૂ કરે છે તે બધા અનાસરોને ખેડીને ઓર સુક્ષ્મ કરે છે. આમ ત્યારે ગુજર્યા પછીથી રૂવાનને તેનું કામ આગળ ચલાવવા માટે તેની ઉપર મુકાયલી બંદ દરોશથી પહેલા ત્રણ દહાડામાં મુકત કરવું જોઇએ. પણ તન-મનના આઝાબને લીધે રૂવાન ઉપરની તે બેડી એટલે રયનું ખીલવું ગુજર્યા પછીના ત્રણ દહાડામાં થતું નથી. ત્યારે સરોશ યશ્તને સે શબની કહે છે એટલે તે યશ્ત જીવતાં જીવત શરીરમાં થતા હવસો ઉપર જો તરીકતથી-પતમાનથી જીંદગી ગુજારી હોય તો ચોકકસ અસર કરે છે, કે જેથી રૂવાન ઉપરનો ભાર ત્રણ દહાડાથી વધુ રહેતો નથી. પણ જો કદી કંઇક રહેવા પામ્યો હોય, તો પછી ગુજર્યા પછી તેજ યશ્તના બુલંદ સ્તોતો રૂવાનને ચાલુ આપવે તુટી શકે. આ જમાનમાં આપણાં જેવાં બધાં રૂવાનોને માટે ગુજરવા પછી રૂવાનની પતેતની સાથે સરોશ યશ્ત વડીનું ભણતર રોજનું જેટલાં વધુ પ્રમાણમાં કર- વામાં આવે, તેટલું સારૂ છે કેમકે તે ભણતરો તે લંબાયલી સે શબને ટુંકી કરવામાં બહુ કારગત લાગે છે. માટે કીયાકામની જુક્ત તરીકે રોજની બને તેટલી વધુ સરોશ યશ્ત વડી ગુજરેલાં રૂવાનને માટે તેનાં વ્હાલાં- ઓએ કરવી યા કરાવવી જરૂરની છે. આવું ત્યારે સરોશ યશ્ત વડીનું બુલંદ કાર્ય છે. આ બધાં ભણતરો રૂવાનની દવા તરીકેના તેમ ખોરાક- રૂપના છે, જેની બાંધણી તેવા ખાસ અર્થે થઇ છે. જેમ એક ડાકટર એક નુસ્કો લખે તેવી છે, જેની ઉપર તેનાં ખાસ ધોરણેજ અભ્યાસ થઇ શકે.

## સરોશ યશ્ત વડીનું ભણતર.

☞ (ફરજયાત તરીકે ફકત અઇવિસ્રુથ્રેમ ગેહમાંજ સરોશ યશ્ત વડી પઢવાનું ખાસ ફરમાન છે; બીજી કોઇબી ગેહમાં પઢવી નહીં. અઇવિ-

સ્રૂશ્રેમ ગેહની ફરજયાતનો અનુક્રમ હમેશાં નીચે મુજબ રાખવો: પહેલે સરોશ બાજ, પછી અઇવિસ્રૂથ્રેમ ગેહ, પછી તુરત સરોશ યશ્ત વડી, ને છેક છેલ્લે આતશ નીઆએશ – એ ચારનો અનુક્રમ હમેશાં જાળવવો. સાધારણ રીતે નીઆએશો, યશ્તો દરેકે પોતાને માટે પઢવાનો કાયદો એવી રીતનો છે કે પહેલે બધી ન્યાયશો કરી લઇ પછીજ યશ્તો માંડી શકાય છે, પણ અઇવિસ્રૂથ્રેમ ગેહની ફરજયાતમાં એક અપવાદ તરીકે પહેલે સરોશ યશ્ત વડી અને પછી આતશ નીઆએશ કરવાનો હુકમ છે. જે પ્રમાણે દીવસમાં હાવન, રપીથ્વન તથા ઉજીરનમાં ગેહ ભણી લઇ ખુરશેદ–મેહેરની નીઆએશો પહેલાં કરી ખુરશેદ–મેહેર યજદોના હવાલામાં રહેવાની જરૂર છે, તેજ પ્રમાણે અઇવિસ્રૂથ્રેમ ગેહમાં ગેહ પછી તુરત **સરોશ યશ્ત વડી** પઢી લઇ સરોશ યજદના હવાલામાં રહેવાની જરૂર છે, કારણ કે રાતની વખતે એ ગેહમાં સરોશ યજદ આ ગેતીની દુન્યાંમાં ખાસ પાસબાન યજદ બને છે.

આટલી ફરજયાત ઉતારયા પછીજ ગમે તો માહ બોખ્તાર નીઆએશ પઢવી હોય તો પહેલાં તે, નહીં તો અહુરમજદ, અર્દીબેહેશ્ત યશ્ત વીગેરે કોઇબી ખુશીનું ભણુતર તેના કાયદાસર માંડવું. આવી રીતે અઇવિસ્રૂથ્રેમનું આપણું પોતાનું ફરજયાત તેમજ ખુશીનું ભણુતર તમામ પુરૂં કરી રહ્યા પછી **દોઆ નામ સેતાયશને, દીનનો કલમો** વીગેરે કરી લીધા પછીજ ગુજરેલાં ઉરવાનની નયતે પઢવા ધારેલી **પતેત** તથા **સરોશ યશ્ત વડી** યા બીજા કોઇબી પાયમોજદ તરીકે લીધેલી ફરજ ઉતારવી. ઉરવાનના પાદ–રૂઝ યાને પાછલી રાતનાં ઉઠમણાં પ્રસંગે અસલમાં લેવાતી પાએ-મોજદ (યાને ગુજરેલાં તરફ પ્યારના બદલા)ની ફરજ તરીકે સરોશ યશ્ત વડી તથા રવાનની ઇરાની પતેત પોતાનાં ગુજરેલાં વ્હાલાં માટે હાલના જમાનામાં ઘેરનાં દરેકે લેવી જોઇએ.

**ક્ષ્નઑથ્ર અહુરહે મજદાઓ. અષૅમ્ વૉહૂ ૧.**

(બીસ્તા પઢવું.)

**૫ નામે યજદાંન્ અહુરમજદ ખોદાએ અવજૂની વર્જ્ ખુરેહ્ અવજાયાદ્; સરોશ અષો, તગી, તન્-ફર્માન્, શેકફ્તજીન્, જીન્-અવજાર્, સાલારે દામાંને અહુરમજદ* બેરૂસાદ્.**

* "સરોશ અષો" થી "અહુરમજદ" સુધીનો ભાગ પાજંદ જબાનમાં છે છતાં એ ફકરો સ્તોતના અસ્ફન્દીને કાયદે રચાયલો હોવાથી એ ફકરો ફશાદે પણ ગણાય છે.

†અજ હમા ગુનાહ્ પતેત્ પશેમાનુમ્, અજ હર્વસ્તીન્ દુશ્મત દુજ્જૂખ્ત દુજ્જ્વરશ્ત, મૅમ્ પ ગેતી મનીદ્, ઑઍમ્ ગેફ્ત્, ઑઍમ્ કર્દ, ઑઍમ્ જસ્ત્, ઑઍમ્ બૂન્ બૂદ્ ઍસ્તેદ્. અજ આંન્ ગુનાહ્ મનશ્ની ગવશ્ની કુનશ્ની, તની રવાની ગેતી મીનો-આંની, ઑખે અવાખ્શ્ પશેમાન્, પ સે ગવશ્ની પ પતેત્ હોમ્.

(કુશાદે પઢવું.) ક્ષ્નઑથ્ર અહુરહે મજદાઓ. તરોઇ-દીતે અંઘરહે મઇન્યેઉશ્. હઇથ્યાવરશ્તાંમ્ હ્યત્ વસ્ના ફ્રૅરષોર્તેમમ્. સ્તઑમિ અર્ષેમ્. અર્ષેમ્ વૅાહૂ ૧.

અહુરમજદની ખુશાલી જે જગતમાં થઇ રહી છે તેનું વધવું મારી તરફથી બની આવો. અસર-રોશનીનું નામ લેઉં એટલે અસર રોશની જેમ કુદરતમાં વર્તી રહે છે તેમ હુંબી વર્તી રહું. એટલા માટે તે અસર-રોશની મને આવી મળો, મારા દમમાં જોડાઓ! ખોદા મારફતે અહુર-મજદ તરફ હું વધતોજ રહું-મારી અઇપિની શુધ્ધતા વર્જની ગતી જેવી થાય અને તેવી વર્જ જેવી થયલી અઇપિમાં દાદારનો આશીરવાદ નામે ખોરેહ આવી મળો. એવીજ રીતે વળી જગતને માટેબી વર્જ અને ખોરેહનું વધવું થાઓ! અષો સરોશ તગીની કુદરતનો રાખનાર, 'તન્-ફરમાન્' એટલે તગી ઉપરાંત કુદરતના બીજા દોરો છે, જેઓને અઓજ, જોર કહે છે તે બધાને સમાવી પોતાનાં તન તરીકે તેઓને રાખી તેઓમાં જે ફરમાન છે-અહુરાનો હોકમ છે તે હોકમનો બજાવનાર, 'શેકફ્ત-જીન્' એટલે એજમતી રીતનો, દાદારના હોકમને બજાવવા કુદરતમાં જામી રહેલો, 'જીન્ અવજાર્'=લાયકને લાયક વખતે મદદને માટે પુગી વળે તેવી પુર્ણ સામગ્રી રાખનાર, તે દાદારની કુલ મખલુકાતનો સર-દાર અને જમીનદાર મારી મદદે આવો. તેમંઘહ=કુદરતની કાળી બાજુમાં જેટલીબી બુરાઇઓ દુશ્મત-દુ.જૂખ્ત-દુજવરશ્ત તરીકે જમા થયલી છે, તે બધાંમાંથી જે કંઇબી મેં વીચારમાં વીચારી, મોંઢેથી બોલી, કર્મથી કીધી-જે બધાંમાંની જેબી કંઇ મારા અનાસરમાં બુન લઇને પડેલી હોય અને જેને ખીળવીને બહાર પાડેલી હોય, એમ બધા ગુનાહો જે થયલા છે-થયા કરે છે, જેઓને મનશ્નીના-ગવશ્નીના-કુનશ્નીના ગુનાહો કહે છે, જેઓને તનના ગુનાહો કહે છે એટલે તનમાંની વોહુનની દુજી ગતીને જોશમાં લાવનાર ગુનાહો કહે છે, જેઓને રવાનના ગુનાહો કહે છે એટલે રવાન ઉપરની બંદ દરોશને મજ-બુત કરનારા, ગુજર્યા પછી ત્રીજે દહાડે તે બેડી ઉકેલાવી જોઇએ તેમ ઉકે-

---

* અજ હમાના તરજુમા માટે જુઓ પાને ૭૪ મે.

લાઇ નહિ શકાય તેવા જખુન ગુનાહ કહે છે, જેઓને ગેતીને લગતા ગુનાહ કહે છે એટલે જગતમાં બુરાઇ પાંથરનારા કહે છે, જેઓને મીનોઇને લગતા ગુનાહ કહે છે એટલે જગતમાં જે મીનો રીતની કુદરત ફ્રશો-કેરેતી કરવા કામ કરી રહે છે તે કુદરતને તેવું કામ કરતાં રોકનારા ગુનાહ કહે છે, તેવા બધા ગુનાહો જે થયા હોય, તેઓથી **'અએ ખાવર દાદગર' અવાખ્ક્ષ પશેમાન**=પશેમાન થઇ પાછો હઠું છું, **'પતેત્ હોમ્'**=તેઓને નહિજ કરવાનો કસદ કરૂં છું, અને જે કંઇ થયું તેની શીક્ષા ખમવા ઉસ્તવાર રહું છુ-અને **'સે ગવશ્ની'**=ત્રણ વખત બોલી પશેમાન થાઉં છું એટલે (a) દીલ-અંતકરણના ડંખથી થતો તેઓ વિષેનો અંદાઝ અને (b) તે અંદાઝ પ્રમાણે ઝબાનથી કીધેલો તે વિષેનો એકરાર અને (c) ભાન-અકકલ જે તે ગુનાહો માટેના અંતકરણના ડંખ વીષે સમજાવે તેવી ભાનની ગતી એમ કુદરતી થતી ત્રણ ગતીઓ મારફતે પતેત કરૂં છું. ટુંકમાં **'દીલ-દેમાગ-ઝબાન'** સાથે રાખીને તેઓની સમતી પ્રમાણે વર્ત્તી **'પતેત્ હોમ્'**=આ ગુનાહોથી પાછો ફરી તેઓને માટેની શીક્ષા ખમી તારી તરફ પાછો વળવા દુઆ કરૂં છું, કે જેથી **'ક્ષ્નઑથ્ર અહુરહે મજ્દાઓ'**=દાદારની ખુશ્નુદી જે જગતમાં ચાલી રહે છે તેમાં હું વધારો કરવાને ભાગ્યશાળી થાઉં. **'તરોઇ-દીતે અંધ્રહે મઇન્યેઉશ્'**=અંધ્ર મઇન્યુની હકીકતથી થતો ધનામીન શરીરમાંની બુરાઇઓને ઉભરાવીને ઉપરના ગુનાહો કરાવી રહે છે, તે ધનાને હું સમજી શકું છું, તેની જરૂર મારામાં નહિ પડે તેવી દુઆ કરૂં છું. તેટલા માટે **'હુઇથ્યાવર્ષ્તાંમ્'**=હસ્તીની તરફ જઈ રહેલા અષવનોની **'વસ્ના'**=સલાહ-તાલીમો-તરબ્યતમાંજ રહેવાનું **'ફ્રૅરષોતૅમમ્'** ઉત્તમમાં ઉત્તમ રીતની ભલાઇવાળું છે એટલે તે ભલી તાલીમ પ્રમાણેનું વર્ત્તન કરી ફ્રશો-કેરેતી એટલે અનંત સુખવાળી નેજાત બેહઝાદી પામું એમ દુઆ કરૂં છું, કેમકે તે અષવનોની સલાહ પ્રમાણે ચાલ્યાથીજ અતી ઉત્તમ રીતનો મોક્ષ મળી શકે છે, માટે ગુનાહોથી પાછો ફરી પરહીઝગાર થઇ અષોઇને ઉભી કરૂં, અષોઇને વખાણું, અષોઇ સાથ એકતાન થાઉં એ દુઆ કરૂં છું. આ ભણાતા ત્રણ અર્થમથી તે દુઆ ફળે એમ દુઆ કરૂં છું.

**(૧) ફ્રવરાને મજ્દયસ્નો જરથુશ્ત્રિશ્ વીદએવો અહુર-ત્કએષો. અઇવીસ્રૂથ્રૅમાઇ અઇબિગયાઇ અષઑને અષહે રથ્વે, યસ્નાઇચ વહ્માઇચ ક્ષ્નઑથ્રાઇચિ ફ્રસસ્તયએચ; ફ્રાદત્-વીસ્પાંમ્ હુજ્યાઇતેએ જરથુશ્ત્રો-તૅમાઇચિ અષઑને અષહે રથ્વે, યસ્નાઇચ વહ્માઇચ ક્ષ્નઑથ્રાઇચ ફ્રસસ્તયએચ.**

**સ્રઑષહે[1] અષ્યેહે,[2] તખ્મહે[3] તનુ-માંથ્રહે,[4] દરૂષિ-દ્રઑશ[5] આહૂઈર્યેહે,[6] ક્ષ્નઑથ્ર યસ્નાઇચ વહ્માઇચ ક્ષ્નઑથ્રાઇચ ફ્રસસ્તય-એચ, યથા અહૂ વઇર્યો જઑતા ફ્રા મે મ્રૂતે, અથા રતુશ અષાત્-ચિત્ હચ ફ્રા અષવ વીદ્વાઓ મ્રઑતૂ.**

માજદયસ્ની જરથોસ્તી તરીકે દએન ઉપર એતેકાદ રાખું છું-ઘટતીના કાયદાઓથી દુર રહેનારો છું, અને અહુરાના વૃદ્ધીના કાયદાવાળો છું (અઇવિ-સ્રૂથ્રેમ ગેહના હમકારોની સાથે આ ભણતરથી મળી તેઓના યસ્ન અને વહ-મનાં કામમાં કુદરતમાં કામ કરવાના અને અહુરાની સેપાસી કરવાનાં કામમાં લીન્ન થઇ) તેઓથી ભલી તોફીક લેવા દુઆ કરૂં છું.

અષીના સાહેબ પુર્ણ અષોઇવાળા,[2] || મજબુટ,[3] ||-આખી કુદરત કે જેમાં માંથ્રની ગતી વહી રહે છે તેવી વીશાલ કુદરતને પોતામાં સમાવી તેણીને પોતાનાં તન મીસાલ રાખનારા[4], || 'દરૂષિ-દ્રઑશ'નું હથીઆર રાખનાર એટલે તનો-મંદ હાલતમાં રહેલી વસ્તીને તે તનોમંદ હાલતનાં હથીઆરમાં તકવો આપીને આગળ વધારી રૂવાનને તકવો આપનાર,[5] || અહુરાને લગતા એટલે અહુરાની સૃષ્ટીની જમીનદારી કરનાર[6] || સરોશની[1] || સ્તુતીઓ કરવા લાયક હું થાઉં. તે સરોશ જેમ 'યસ્ન' કરી કુદરતને ચલાવે છે તેમ યસ્ન કરવા માટે, તે સરોશ જે 'વહમ' કરી અહુરાની સેવા કરી પોતાનાં કામમાં મદદ મેળવે છે તેમ જગતને માટે ખુદને માટેની સેવા કરવા તેનું નામ સ્મરણ કરવા માટે, તે સરોશ જેમ દાદારની ક્ષ્નુદી કરે છે તેમ ક્ષ્નુદી કરવા ભાગ્ય-શાળી થવા માટે, અને તેટલા માટે તે સરોશથી હીદાયત લેવા માટે હું દુઆ કરૂં છું. તે જોતી ઉસ્તાદ **'યથા અહૂ વઇર્યો'**ના કલામથી એટલે તેનો અમલ કરાવવાનો ભેદ બનાવીને મને ઉપલી દુઆ ફળીભુદ થાય માટે મદદ કરે એટલે તે યથાનો ભેદ મને કહે, કે પછી વધુ આગળ વધવા માટે એટલે ઉપલી દુઆ પરિપુર્ણ કરવા માટે જોઇતી મદદ મને તારો હાથ નીચેનો *રતૂ જે અષોઇનો અમલદાર છે તે વધુ બીજો ભેદ જે **'અથા રતુશ અષાત્ચિત્**માં છે તે જાહેર કરશે.

---

* **રતૂ:** હયાં કોઇનેબી વીચાર આવે કે જો તે ઉસ્તાદ શીખવે તો પછી પુર્ણ રીતનુંજ તે શીખેલું હોય, તો પછી 'રતૂ' કે જે તેના હાથ નીચેનો છે, જે હજુર અષોઇમાં પુર્ણ થવા શીખી રહયો છે, જેને તેટલા માટે વીદવતા લેનાર વીદ-વાન કહયો છે, એવી રીતે જે રતૂ હજુર અષોઇમાં તે ઉસ્તાદ જેવો પુર્ણ થયો નથી, તેવા તે રતૂની શા માટે જરૂર પડે? આ વીચાર દરોબસ્ત રીતનો વહેવારૂ છે, પણ આની સમજ આ છે કે **ઉસ્તાદ** જે કંઇ શીખવે તે તો પરિપુર્ણજ

(ફુટનોટ માટે જુઓ પાને ૫૨૧ મે).

**(૨)** (કરદો ૧ લો) ☞ **સ્રઑષૅમ[1] અષીમ[2] હુરઑદૅમ[3] વૅરૅથ્રાજનૅમ[4] ફ્રાદત્-ગએથૅમ[5] અષવનૅમ[6] અષહે[7] રતૂમ[8] યજ-મઇદે.[9]** ( ☞ ત્રણ વાર પઢવું ).

**યો[10] પઑઇરયો[11] મજદાઓ[12] દામાંન્,[13] ફ્રસ્તૅરૅતાત્[14] પઇતિ[15] બરૅસ્મન્,[16] યજત[17] અહુરૅમ મજદાંમ્,[18] યજત[19] અમૅષે સ્પૅન્તે,[20] યજત[21] પાયૂ[22] થ્વોરૅશ્તાર,[23] યા[24] વીસ્પ[25] થ્વૅરૅ-સતો[26] દામાંન્.[27]**

**(૩) *અહે રય ખરૅનંઘહચ, અંઘહે અમ વૅરૅથ્રઘ્નચ, અહે યસ્ન યજતનાંમ્ તૅમ્ યજાઇ સુરૂન્વત યસ્ન; સ્રઑષૅમ અષીમ્**

---

* ફકરા ૩ ની સમજ માટે જુઓ ઉપર પાને ૪૮૭ મે.

(પાને ૫૨૦ મેથી ફુટનોટ ચાલુ).

હોય-પણ જેવો ઉસ્તાદ તે ભણનારને શીખવવા આગળ વધે, કે તુરતજ તેનો ચેલો-રતૂ કે જે તે ઉસ્તાદ તરફ પુર્ણ ઉતયૂઇતી એટલે સંબંધ-તાબેદારી રાખે છે, અને ઝર્ઁદાઇતીવાળો છે એટલે તે ઉસ્તાદનું કામ તુરતજ પોતે ઉઠાવવા ખડે પગે ઉભો રહીને તેની રજા માંગી રહે છે, તે રતૂ તુરત ઉસ્તાદની રજાથી તે સબક પુરો કરાવવા આવવાનોજ, એમ હયાં **રાથ્વી-જોતી**નો સંબંધ બતલા-વેલો છે. જેમ તે ઉસ્તાદ જોતી પોતે સરોશાનો રાથ્વી છે અને સરોશનું કાર તે ઉસ્તાદ જોતી કરવા ઉસ્તવાર છે, તેમ તે ઉસ્તાદનો ચેલો રાથ્વીબી તે ઉસ્તાદ જોતીનાં કામને પુર્ણ કરવાની રજા માંગતો ઉભો રહે છે, અને એમજ આ ભણ-નારબી પછી પોતાના ભાઇબંધો, જેઓ આવી તરીકતની ગતીથી બેખબર-બેન-સીબ છે, તેઓને પોતાનું પુન્ય વીચારની દુઆથી યા ઝબાનની દુઆથી યા કર્મની દુઆથી આપશેજ. આમ હયાં એક જાતનો સબક છે, જે સબકને તે ભણ-નાર યાદ કરી રહે છે. આજે જેમ આપણે ખામ અધુરાં લોકો તરીકતનો સાહયો પહેરીને સામાની તરફ કે જેઓ તરીકતથી બેનસીબ છે, જેઓ ભલેને આપણને હસ્તા હોય, તેઓ તરફ નસ્કોરાં કરીને ધીકકાર રાખીએ છીએ, તેમ નહિ કરવું તેનો સબક છે. આપણે સામેવાલાઓના હોમલાનો જવાબ આપીએ તેમાં નસ્કોરાં ચઢાવવાં જેવું નથી. **એક શખ્સ તરીકત ઉપર આવે છે, કે તુરત તે 'રાથ્વી-જોતી'ના પદવંદમાં જોડાવાનોજ, અને તેનામાં ગવની ગતી પ્રગતવાનીજ, અને પછી તેનામાં પારકાને માટે કાળજી થવાનીજ, અને તે પારકાની 'તબઇ' જે ઓરતરૂપની છે એટલે જે તેના ભોગવટાની છે, તેને તે કદીબી નગ્ન કરવાનો નહિ એટલે તેની તબઇ ઉપર નેગાહ કરવાનો નહિ, પણ પોતાની ગવનાં ગુપ્ત બળથી તેના ઉપર અસર કરવા આગળ વધવાનોજ.** માટે રતૂ જે વીદવાન છે અને **'અષવ'** અષો-ઇમાં વધી રહયો છે તેની અદબ પ્રમાણે ચાલવાનો પેમાન આપે છે.

જઍાથ્રાબ્યો, અષીમ્ચ વંઘઉહીમ્ બૅરૅજઇતીમ્, નઇરીમ્ચ સંઘ-હૅમ્ હુરઍાદૅમ. આચનો જમ્યાત્ અવંઘહે વૅરૅથ્રજાઓ સ્રઍાષો અઘ્યો.

(૪) *સ્રઍાષૅમ્ અષીમ્ યજમઇદે; રતૂમ્ બૅરૅજન્તૅમ્ યજ-મઇદે, યિમ્ અહુરૅમ મજ્દાંમ્, યો અષહે અપનોતૅમો, યો અષહે જઘ્મૂરતૅમો. વીસ્પ સ્રવાઓ જરથુશત્રિ યજમઇદે. વીસ્પચ હ્વરૂશ્ત ષ્યઍાથ્ન યજમઇદે, વર્શતચ વર્ષ્યમ્નચ.

યેંઘહે હાતાંમ આઅત યેસ્ને પઇતી વંઘહો,
મજ્દાઓ અહુરો વએથા અષાત્ હચા,
યાઓંઘહાંમ્ચા તાંસ્ચા તાઓસ્ચા યજમઇદે.

(૨) અષીના સાહેબ, પુર્ણ અષોઇવાળા, દહમ–આફ્રીતી આપીને અષોઇની ઉચ હાલતે પુગાડનારા,[૨] ‖ ખુબસુરત એટલે વ્યવસ્થાવાળા એટલે દએવ=અજ્ઞાનતાની વેરવીખેર ગુંચવાયલી હાલતની સદ ગતી કરીને ખુબસુરતી=વ્યવસ્થા આણુનારા,[૩] ‖ ફત્તેહમંદ એટલે અજ્ઞાનતાની ઉપર ફાવે તેવા,[૪] ‖ રજેરજના ગએથા–તનનાં બંધારણને વધારી ઉંચ ગતીએ નુર તરફ લઇ જનાર,[૫] ‖ અષો,[૬] ‖ અષોઇના[૭] ‖ સરદાર એટલે અષોઇની ઉપર શકિત-વાળા[૮] ‖ સરોશ[૧] ‖ સાથે એકતાન થઇએ છીએ;[૯] ‖ જેણે[૧૦] ‖ સપ્પર પહેલાં[૧૧] ‖ મજદાની એટલે જ્ઞાનની રાદ ગતી રાખતી[૧૨] ‖ વસ્તીમાં–સૃષ્ટી-માં[૧૩] (એટલે સૃષ્ટીનો ભેદ સમજીને તે સૃષ્ટીને ભલી આકેબતે લઇ જનાર કુદરતમાં એટલે બધી અમર ગતીઓમાં) ‖ બરસમને એટલે લાવ લઇ જાવ કરનારી, કુદરતમાં કામ કરતી પોતાની એકઠી કીધેલી શકિતને[૧૬] ‖ પુર્ણ રીતે in a masterly way બધેબધ[૧૫] ‖ ફેલાવી ચાલુ કીધી;[૧૪] ‖ (તેવી ચાલુ કીધેલી) ગતીથી અહુરમજદને,[૧૮] ‖ અમશાસ્પંદોને,[૨૦] ‖ (તેમજ) ઘડનાર એટલે બુરાઇને ભલાઇમાં ઘડનાર યજતોને અને[૨૩] ‖ જે ભલાઇમાં ઘડાયું તેને ટેકવીને રક્ષણુ કરનાર યજતોને,[૨૨] ‖ કે જે બધાંઓએ[૨૪] ‖ કુલ[૨૫] ‖ સૃષ્ટી-ને[૨૭] ‖ ઘડી છે[૨૬] (તેઓને) (સરોશે) ‖ ઇજયા, તેઓની સાથે (સરોશ) એકતાન થયા[૧૭ ૧૯ ૨૧] ‖

(૫) (કરદો ૨ જો) ☞ સ્રઍાષૅમ[૧] અષીમ[૨] હુરઍાદૅમ[૩] વૅરૅથ્રાજનૅમ[૪] ફ્રાદત્–ગએથૅમ[૫] અષવનૅમ[૬] અષહે[૭] રતૂમ[૮] યજ-મઇદે.[૯] (☞ ત્રણ વાર પઢવું).

યો[૧૦] પઍાઇર્યો[૧૧] બરૅસ્મ[૧૨] ફ્રસ્તૅરૅનત[૧૩] થ્રયક્તીશ્ચ,[૧૪]

---

* ફકરા ૪ ની સમજ માટે જુઓ ઉપર પાને ૪૮૭ મે.

પન્ચ-યક્તીશ્ચ,[૧૫] હપ્ત-યક્તીશ્ચ,[૧૬] નવ-યક્તીશ્ચ,[૧૭] આક્ત્નૂશ્ચ[૧૮] મઇદ્યો-પઇતિશતાનાંસ્ચ.[૧૯] અમેષનાંમ્ સ્પેન્તનાંમ્[૨૦] યસ્નાઇચ[૨૧] વહ્માઇચ[૨૨] ક્ષ્નઑથ્રાઇચ[૨૩] ફ્રસસ્તયએચ.[૨૪]

*અહે રય ખરેનંઘ્હચ, અંઘ્હે અમ વૅરથ્રઘ્નચ, અહે યસ્ન યજતનાંમ્ તૅમ્ યઝાઇ સુરૂન્વત યસ્ન; સ્રઑષૅમ્ અષીમ્ જઑ-થ્રાબ્યો, અષીમ્ચ વંઘ્ઉહીમ બૅરૅઝઇતીમ્, નઇરીમ્ચ સંઘ્હૅમ હુરઑદ્દૅમ. આચ નો જમ્યાત્ અવંઘ્હે વૅરૅથ્રજાઓ સ્રઑષો અષ્યો. સ્રઑષૅમ્ અષીમ્ યઝમઇદે; રતૂમ્ બૅરૅઝન્તૅમ્ યઝ-મઇદે, યિમ્ અહુરૅમ્ મઝ્દાંમ્, યો અષહે અપનોતૅમો, યો અષહે જઘ્મૂશ્તૅમો. વીસ્પ સ્રવાઓ જરથુશત્રિ યઝમઇદે. વીસ્પચ હ્વર્શ્ત ષ્યઑથ્ન યઝમઇદે, વર્શ્તચ વર્ષ્યમ્નચ.

યેંઘ્હે હાતાંમ્ આઅત્ યેસ્ને પઇતી વંઘ્હો,
મઝ્દાઓ અહુરો વએથા અષાત્ હચા,
યાઓંઘ્હાંમ્ચા તાંસ્ચા તાઓસ્ચા યઝમઇદે.

(૫) અષીના સાહેબ,[૨] || ખુબસુરતીવાળા-વ્યવસ્થાવાળા,[૩] || ફ્રત્તેહમંદ[૪] (દુજીને જીતીને સુધારનાર), || ગએથાને એટલે નીસ્તી-ગેતીની અનાસરી રજે-રજના બંધારણને વધારનાર, નુર તરફ લઇ જનાર,[૫] || અષો,[૬] || અષોઇના,[૭] || સરદાર[૮] || સરોશ સાથે[૧] || એકતાન થઇએ છીએ;[૯] || જેણે[૧૦] || અમશા-સ્પંદોની[૨૦] (એટલે અમર ગતી આ નાશવંત ગતીમાં વ્યાપી રહે તેવું કામ કરનારાઓની) || **'યસ્ન'** કરવા એટલે તેઓની સાથે તેવું કામ કરવા રાથ્વી-જોતીની માફક હમશરીક થવા,[૨૧] || **'વહ્મ'** કરવા એટલે દાદાર તે કામ કરવાને તે અમશાસ્પંદોને ભલી તોફીક આપે માટે મીનીટે મીનીટ તેનું નામ લઇ નામ-સ્મરણ કરી તેવી દુઆ માંગવા માટે,[૨૨] || એવી રીતે તેઓની ખુશાલી ઉભી કરવા માટે,[૨૩] || તેઓથી ભલી તોફીક મેળવવા માટે[૨૪] (એટલે જગતને જેમ તેઓ સદ ગતી તરફ લઇ જઇ રહે છે, તેવાં કામમાં પોતાને જોઇતી ગતી મેળવવા) || સપ્પર પહેલાં એટલે નીસ્તીની શરૂઆતથીજ[૧૧] || ત્રણ,[૧૪] || પાંચ,[૧૫] || સાત,[૧૬] || નવ,[૧૭] || ઘુટી જેટલી,[૧૮] || (અને) પગના મધ્ય જેટલી[૧૯] || બરસમ[૧૨] (એટલે પોતાની અહુરમજદ તરફથી મેળવેલા પરવાનાની રૂયેની શકિતને એકઠી કરીને કામ કરી શકે તેવી રીતની બહાર કાઢીને) || ફેલાવી-પાંથરી.[૧૩] ||

---

* એ ફકરાની સમજ માટે જુઓ પાને ૪૮૭ મે.

## સરોશી ૩, ૫, ૭, ૯ તેમજ ધુટી જેટલી અને પગના મધ્ય જેટલી બરસમ પાંથરી તેનો ક્નૂમની રોશનીમાં ઉંડા દીલ-પઝીર ખુલાસો: તે ઉપરથી સરોશ યશ્ત વડીનાં ભણતરની પુરવાર થતી મોતેબર ખુબી:

આ બીજા ફકરાના ભેદની આવી ઉકેલામણ છે: સરોશ એટલે અહૂ પ્રત્યેની પુર્ણ તાબેદારી, એક સેકંડના કરોડના ભાગમાં વિચારમાંબી અહૂ તરફ સંશય નહિ બતાવવાની ગતી. સરોશમાં એટલે આવી અહૂ પ્રત્યેની પુર્ણ તાબેદારીમાં અહૂના આશીરવાદ જે ક્રવષીરૂપ છે તે ઉતરે છે, તેથી જેમ અહુનવઇર્યમાં હોકમ છે તેમજ જરાકબી ચુક ભુલ કે ચુનોચેરા વગર વર્ત્તન થઇ રહે છે, અને તેમાં એટલે તેવી રીતે પુર્ણ તાબેદારીથી કામ કરતી ગતી એટલે સરોશમાં નહિ કલ્પી શકાય તેવું-તેટલું જોર આવી મળે છે. **ત્યારે આ સરોશથીજ અહુરાની વસીઅત=વઇર્ય=અહુનવઇર્ય ચાલી રહે છે, અને તેજ પ્રમાણે યજતી સૃષ્ટીબી સરોશવાળી થઇને મોક્ષે પુગી અને બીજાને પુગાડી રહે છે, અને તે સરોશની ગતીથીજ નીસ્તી-ગેતી-હાડમંદ જગત આખરેબી મોક્ષ=ફ્રશો-કેરેતી તરફ જઇ રહેશે.** ત્યારે અહુરાની આવી મરજીને પુર્ણ તાબેદારીથી સરંજામ ઉતારવા માટે કામ કરવાની ગતી-શકિતને સરોશ કહે છે, જે સરોશ ત્યારે દરેકે દરેક યજતમાં અમર ગતી રાખતી શકિતઓમાં ૩૩ અહુ અને ૩૩ રતુમાં વ્યાપેલી છે. અહુરાની તરફ પુર્ણ તાબેદારી કરવાની આવી સરોશની ગતી ત્યારે અહુરામાંથી થતા અમશાસ્પંદોમાં છેજ, અને જયારે અમશાસ્પંદો સૃષ્ટીને જાહેર કરે છે, ત્યારે તેઓની તે શકિત સરોશ તરીકે એક 'મિથ્ર બરીન' એટલે કેહ્પ તરીકે બહાર પડે છે. અમશાસ્પંદોની આવી તેઓના 'મિથ્ર બરીન'થી થયલી શકિત નામે સરોશની સાથે ખુદ અમશાસ્પંદો યજ થયા, ત્યારે પહેલ વહેલા યજતો ઉભા થયા. આ વખતે અમશાસ્પંદોએ પોતાની સરોશની શકિતને પગની ગુઠણ લગી ઉભરાવી એટલે સરોશે પગના મધ્ય લગી બરસમ પાંથરી જેથી યજતો ઉભા થયા. એમ પગના મધ્ય લગીની સરોશની ગતી બરસમના ભેદમાં ઉભરાવી, તો પછી ૩૩ અહુ અને ૩૩ રતુઓ એક પછી એક રાદ પદ-વંદમાં ઉભા થતા ચાલ્યા. ૩૩ અહુ અને ૩૩ રતુમાં ૩૩નો આંકડો૩+૩=૬ એટલે પેદા કરીને સંકોચાવીને સુધારવાની શકિત એટલે ગાહમ્બારોની શકિત રાખવાનો અર્થ બતાવે છે. એમ ત્યારે અહુરાએ પોતે માંથ્ર-સ્પેન્તનાં સુધરેલાં રૂવાનોને પોતામાં આમેજ કરી પોતાના કરી, એમ પોતે 'રતૂ' તરીકેના ભેદમાં આવી 'રતૂ' તરીકેના થઇને એટલે તે માંથ્ર-સ્પેન્તનાં પોતામાં આમેજ કીધેલાં રૂવાનોને અહૂ તરફના પુર્ણ તાબેદારીવાળા

સરોશ સાથના કરીને, તેઓની મારફતે અમશાસ્પંદોને રજુ કીધા, જે અમશાસ્પંદોમાં ખુદ તે અહુરાની ગતીનો રાદ પદવંદ થયો એટલે અહુરા અને તેઓ એકના એકજ થયા. એમ અમશાસ્પંદોમાં ખુદ તે સરોશની ગતી આવી, જેઓએ યજતોને તેમ કાઢયા. યજતોમાં અમશાસ્પંદ–અહુરાનો સંબંધ થયો, જેઓમાં ત્યારે સરોશની ગતી આવી, જેઓએ હસ્તીને ચલાવી; પછી નીસ્તીને ઉભી કીધી. એમ એકએકમાંથી યજતી ગતી થઇને નીસ્તી થઇ. આમ થતી વખતે સરોશની ગતી તે બધામાં આવતી ગઇ, જેનાં જોરથીજ તે બધાં એકએકમાંથી જાહેર થયાં, એકએકમાં છેક અહુરા લગીમાં મળતાં ગયાં. **આમ સરોશની ગતીથી જાહેર થવા અને બીજા પોતા જેવાને કાઢવા માટે 'બરસમ' શબ્દ છે**–એવો અમશાસ્પંદો–યજતોનો સીલસીલો કાઢવા સરોશની ગતીનું જોર બહાર પડે છે, જેને માટે પગ જેટલી, ઘુટણ જેટલી, તેમજ ૯–૭–૫–૩ આંકડાના ભેદવાળી બરસમનો હિસાબ આપેલો છે. ઇનસાનબી જયારે પોતામાં સરોશની ગતી ઉભી કરશે, ત્યારે મોક્ષે પુગશે. ત્યારે હયાં બરસમનો ભેદી હિસાબ આપેલો છે એટલે સરોશની ગતી જે પોતામાં છે તેને કાઢીને બીજાં ખામ રૂવાનોને પુર્ણ કરવાની શકિતનો ભેદી હિસાબ આપેલો છે, જે ભેદી હિસાબ પ્રમાણેનું આવું ભેદી માપ આપેલું છે. ત્યારે અમશાસ્પંદોમાંના સરોશે–અમશાસ્પંદોની પુર્ણ તાબેદારીની થયલી શકિતએ પગનાં ગુઠણ જેટલી બરસમ પાંથરી એટલે યજતો ઉભા કરવા માટે તેટલી શકિત વાપરી, એટલે બરસમની લાવ લઇ જાવ કરનારની શકિતથી યજતોને જાહેર કીધા. આ બરસમનાં ૩–૫–૭–૯ વગેરે માપો છે. આવાં માપનાં તલેસ્માતીક જોરથી તે જોરના રાખનાર અમશાસ્પંદોમાંની શકિત સરોશે યજતી સૃષ્ટી એટલે ૩૩ અહુ અને ૩૩ રતુઓ કાઢીને પછી તેઓ મારફતે નીસ્તી કાઢી. આવી ગુહય હકીકતને દરશાવવા માટે ભેદમાં કહયું છે કે તે સરોશે અમશાસ્પંદોની સ્તુતી કીધી–ક્ષ્નુદી કીધી અને બરેસ્મન પાંથરી. બરસમ અને તાય એ બે ચીજોને ભેળવી નહિ. તાયોનું બંડલ બંધાય અને તે તાયોની ખાસ્તર અમુક ગતીથી ચાલુ થઇને એક દોર કરીને યજતી ગતીને મળે ત્યારે તે યજતી ગતી સાથનું તે બાંધેલી તાયનું બંડલ બરસમના ભેદનું થાય એટલે લાવ લઇ જાવ કરવાનું યજતનું કામ કરી શકે.

બરસમ શબ્દમાં ઘણો ઉંડો ભેદ છે. યજતો અને ફેરસ્તાઓની વચમાં તેમ બીજી મીનોઇ શકિતઓ વચ્ચે એટલે ૩૩ અહુ અને ૩૩ રતૂ વચ્ચે જે ફરક છે તે ફરકને બરસમનાં માપથી ઓળખે છે, જેને અહિં ૩–૫–૭–૯, ગુઠણ, પગ લગીની બરસમ પાંથરવી એમ કહયું છે. આ વિષેની સમજ માટે જુઓ **નીકીઝે વેહદીન**, ભાગ ૨ જો, પાને ૫૭ ખ થી ૬૫ ખ.

**(૭)** (કરદે ૩ જો) ☞ **સ્રઑષૅમ[૧] અષીમ[૨] હુરઑદ્દૅમ[૩] વૅરૅથ્રાજનૅમ[૪] ફ્રાદત્-ગએથૅમ[૫] અષવનૅમ[૬] અષહે[૭] રતૂમ[૮] યઝમઇદે.[૯]** (ત્રણ વાર પઢે.)

**(૮) યો[૧૦] પઑઇર્યો[૧૧] ગાથાઓ[૧૨] ફ્રસ્રાવયત્,[૧૩] યાઓ[૧૪] પન્ચ[૧૫] સ્પિતામહે[૧૬] અષઑનો[૧૭] જરથુશ્ત્રહે,[૧૮] અફ્રસ્મનિવાંન્,[૧૯] વચસ્તશ્તિવત્,[૨૦] મત્-આઝઇન્તીશ્,[૨૧] મત્-પઇતિ-ફ્રસાઓ,[૨૨] અમૅષનાંમ્ સ્પૅન્તનાંમ્[૨૩] યસ્નાઇચ[૨૪] વહ્માઇચ[૨૫] ક્ષ્નઑથ્રાઇચ[૨૬] ફ્રસસ્તયએચ.[૨૭]**

***અહે રય ખ્વરૅનંઘહચ, અંઘહે અમ વૅરૅથ્રઘ્નચ, અહે યસ્ન યઝતનાંમ્ તૅમ્ યઝાઇ સુરૂન્વત યસ્ન; સ્રઑષૅમ્ અષીમ્ જઑથ્રાબ્યો, અષીમ્ચ વંઘુહીમ્ બૅરૅજઇતીમ્, નઇરીમ્ચ સંઘહૅમ્ હુરઑદ્દૅમ. આચ નો જમ્યાત્ અવંઘહે વૅરૅથ્રજાઓ સ્રઑષો અષ્યો. સ્રઑષૅમ્ અષીમ્ યઝમઇદે; રતૂમ્ બૅરૅઝન્તૅમ્ યઝમઇદે, યિમ્ અહુરૅમ મઝ્દાંમ્, યો અષહે અપનોતૅમો, યો અષહે જઘ્મૂશ્તૅમો. વીસ્પ સ્રવાઓ જરથુશ્ત્રિ યઝમઇદે. વીસ્પચ હ્વર્શ્ત શ્યઑથ્ન યઝમઇદે, વર્શ્તચ વર્શ્યમ્નચ.**

**યેંઘહે હાતાંમ્ આઅત્ યેસ્ને પઇતી વંઘહો,**
**મઝ્દાઓ અહુરો વએથા અષાત્ હચા,**
**યાઓંઘહાંમ્ચા તાંસ્ચા તાઓસ્ચા યઝમઇદે.**

**(૭-૮)** અષીના સાહેબ,[૨] ‖ ખુબસુરત,[૩] ‖ ફત્તેહમંદ,[૪] ‖ સૃષ્ટીની રજેરજનાં બંધારણને વધારનાર, નુર તરફ લઇ જનાર,[૫] ‖ અષો[૬] ‖ અષોઇના[૭] ‖ સરદાર[૮] ‖ સરોશ સાથે[૧] ‖ એકતાન થઇએ છીએ;[૯] ‖ જેણે[૧૦] ‖ અમશાસ્પંદોની[૨૩] ‖ યશ્ન કરવા માટે એટલે નીસ્તીના તારવવાનાં તેઓનાં કામ માટે જોઇતી મદદ આપવા જોતી-રાથ્વી તરીકેની યસ્ન તેઓ સાથે કરવા માટે,[૨૪] ‖ તેઓની વહમ=સ્તુતી કરવા માટે એટલે તેઓ તારણનાં કામમાં ફત્તેહમંદ થાય છે તેની વખાણ કરવા માટે,[૨૫] ‖ તેઓની ક્ષ્નુદી કરવા માટે એટલે તેઓનાં તારણનાં કામમાં સરોશની હમકારીથી તેઓને જે ફત્તેહ મળે છે તેથી થતી ખુશાલીને માટે,[૨૬] ‖ અને તેઓથી ભલી તારીક લેવા માટે[૨૭] (એટલે તેઓને તેઓનાં તારણનાં કામમાં હર રીતે મદદ આપવા માટે), ‖ અષો[૧૭] ‖ સ્પીતમ[૧૬] ‖ જરથુશ્ત્રના[૧૮] ‖ જે[૧૪] ‖

* સમજ માટે જુઓ ઉપર પાને ૪૮૭ મે.

પાંચ ગાથાઓ[૧૫] (છે, જેઓ) ‖ ભાગ કીધેલા એટલે§ હા વાલા—ભલી અસર ઉભી કરે તેવા, કુદરતમાંના ગાથાઓની શકિતની ખીશ્કારીને મળીને કારગર થાય તેવા મીઝાનસરના, પસે—રતુ થવાની હાલત ઉભી કરાવે તેવી ગતીના, મીઝાનસરના સ્તોતોની વહેંચણીના હાઓવાળા છે;[૧૯] ‖ (જેઓ) ‡સ્તાનઝા (Stanza)=કરદાની માફકના કરદાવાળા (છે), જે કરદામાં શબ્દોની ગોઠવણી 'માંથ્ર'ની ગતીની છે, જે માંથ્રો અહુરાનાં પેમાન પ્રમાણે નેજાત અપાવનારા છે, એવા માંથ્રોની શબ્દ રચના રાખતા કરદાવાળા[૨૦] (છે); ‖ (જેઓ) 'આજદ્દન્તીશ'વાળા એટલે ઝદ અવસ્તાના છે એટલે રૂવાન અને

---

§ **"અફ્રૂસ્મનિવાંન્"** શબ્દમાં **'અફ્રૂસ'** એટલે ભાગ કરવા, 'હા' કરવા, એવા અર્થનું મુળ છે. **'અફ્રૂસ્મનિવાં'** એટલે 'ભાગોને—હા ઓને.' એ શબ્દ બીજી બહુ વચન બતાવે છે પણ હયાં તો **'અફ્રૂસ્મનિવાં'** શબ્દ ઉપર **'આન્'** પ્રત્યય જેનો અર્થ 'ને લગતો' થાય છે તેને ઉમેરેલો છે, જેથી તે **'અફ્રસ્મનિવાંન્'** શબ્દનો અર્થ **'હા કીધેલા'** એમ થાય છે. વળી **'અફ્રૂસ્મનિવાંન્'**ના ભાગલા—હા માં 'મીઝાન'ના ભેદનો અર્થબી છે. મીઝાન શબ્દ બતાવે છે કે આ હામાંના સ્તોતો 'પતમાન' ઉપરના છે એટલે કુદરતમાંની ગાથાઓની શકિતઓ જે નીસ્તી—ગેતીની વર્ણોને જરથુશ્ત્ર ગાથાની રહેબરી હેઠળ ચલાવવા ચલવલો કરે છે તે શુભ ચલવલોની બરાબરીના છે. ગાથાની શકિતઓ જેવી સત્યવાળી ચળવળો કરી રહે છે તેવી સત્યતાનો પ્રભાવ રાખનાર આ હાઓ છે આવો પ્રભાવ તે હાઓના માંથ્રોમાં છે તેને દરશાવવા મીઝાન એટલે પતમાન શબ્દ વાપરે છે. જેમ કાંટાનું મીઝાન એટલે મધ્ય એટલે પતમાન સત્યનું તોલ બતાવે છે તેમ આ હાઓ ગાથાની ખીશ્કારીની બરાબરીનું તોલ બતાવે છે એટલે મીઝાન બતાવે છે, માટે મીઝાન શબ્દનો અર્થ ત્યાં આપેલો છે. જેમ ગાથાઓની ખીશ્કારીઓના સ્તોતો કુદરતી કામ કરી રહે છે તેમ આ હાઓના માંથ્રોના સ્તોતો ભણતી વખતે જાહેર થઇને ગાથાઓની કુદરતી ચળવળોને મળીને ધારેલું કામ સરંજામ કરાવી શકે તેવા છે એટલે તલેસમાતીક છે.

‡ આ **'વચસ્તશતિવત્'** શબ્દ **'વચસ્તશતિ'** ઉપરથી છે, જેમાં **'વચંઘહ'** અને **'તશ્તી'** એ બે ભાગો છે એટલે **'વચ'**=તલેસ્માતીક વચનો, અને **'તશ્તી'**='બનાવવા,' તેવી શબ્દ રચના કરવી, એમ રૂટ થાય છે. એટલે **કરદા** કરવા કે જેમાંના શબ્દોની રચના માંથ્રની હોય, જે અહુરાની મરજીને પાર પાડે. માંથ્રોથીજ મુકિત છે, જીરમો—વર્ણોની મુકિત છે, એવું જે સત્ય અહુરાએ ગાથામાં જાહેર કીધું છે, તેનો ભેદ આ શબ્દ પુરો પાડે છે. આમ ત્યારે **'વચસ્તશતિ'** શબ્દનો ભેદ છે. આ **'વચસતશતિ'** શબ્દ ઉપર **'વત'** એટલે 'જેવા' એવા અર્થનો પ્રત્યય મુકયો છે, એટલે **'વચસ્તશતિવત્'** શબ્દમાં કરદાવાળો, જેમાં માંથ્રોની ગતીના શબ્દોની રચના હોય, 'વચ' જે માંથ્રોની ગતી દેખાડે છે તેવા 'વચ'ની ('તશ્તી') બનાવત હોય, એમ ભેદ રજુ થાય છે.

તન અને મનની કચાસને તોડી ખએત્વ સંપુર્ણતા નેજાત અપાવી શકે તેવો અર્થ રાખવાની હીકમતવાળા છે, ઉપર કહેલા અર્થના વીચારોને મિથની હાલત ઉપર લઇ જઇ એટલે તે વીચારો ફ્ળીભુદ થાય તેવી સચ્ચાઇ ઉપર લઇ જવાની ગતી સાથનાં[૨૧] (છે); ‖ (જેઓ) જરથુશ્ત્રે પુછેલા તે સવાલોના જવાબ જે અહુરમજદે આપેલા છે, જેથી બર-વકતની ગતી ઉભી થઇ શકે છે, એટલે ઇનસાફ પ્રમાણે ગુનાહોની હદ આવી જગતનું તારણ થઇ શકે છે, એવા પ્રસંગોપાત પુછેલા સવાલો અને મળેલા જવાબોની તલેસ્માતીક ગતીવાળા છે;[૨૨] ‖ (તેવા તે) ગાથાઓને[૧૧] ‖ સપ્પર પહેલાં[૧૧] (એટલે નીસ્તીની સૃષ્ટીની શરૂઆત વખતે કે જયારે પાંચ ગાથાઓનું કામ જે નીસ્તીમાંની વર્ણને ગરોન્માનની વર્ણ જે જરથુસ્ત્રની છે તે તરફ દોરવવાનું કામ શરૂ થાય છે તેવી શરૂઆતથીજ) ‖ બુલંદીથી એટલે 'ઉરૂ'ની ગતી ઉભી થઇ શકે-મોક્ષ નીસ્તીમાં જામી શકે તેવી તદબીરથી ગાયા.[૧૩] ‖

---

## સરોશે જરથુશ્ત્રના પાંચ ગાથા ગાયા તેનો હકીકતી ભેદ.

---

સરોશે પહેલે અમશાસ્પદોને ગેતી-નીસ્તી ચલાવવાને માટેની એટલે વૃદ્ધી કરવા માટેની મદદ કરવા અષો જરથુસ્ત્રના પાંચ ગાથા ગાયા, એમ વાંચવું આજની પદ્ધતીના શીખેલાઓને ઘણુજ વીચીત્ર અને નહિ બનવા જેવું લાગે છે. પણ આ લખાણમાં ઉંડો માર્મીક ભેદ છે, તે ખોલવો જોઇએ. સૃષ્ટીમાં રૂવાનોની પાંચ મુળ વર્ણ છે અને આ પાંચ વર્ણનાં રૂવાનો હસ્તીનાં સાત આસ્માનો ઉપર પોતાના દર વતન જરવાને અકરનેમાંથી સદ ગતી કમાવા ઉતરી આવ્યા છે. છઠ્ઠું-ચોથું-પહેલું આ ત્રણ આસ્માનોમાં બરજીસી વર્ણનાં રૂવાનો ઉતરે છે-તે આસ્માનો તેઓને અનુકુલ હોય છે અને બાકીનાં પાંચમાં, ત્રીજાં, બીજાં અને સાતમાં આસ્માનો ઉપર બીજી ચાર વર્ણનાં રૂવાનો એક પછી એક ઉતરી રહે છે. આ પાંચ વર્ણનાં રૂવાનોની સદ ગતી કરવા 'ગાથા' નામની યજતી શકિતઓ નેમાઇ છે, જેઓમાંથી સરોશની ગતી રહે છે. પાંચ ગાથાની શકિતઓમાં જરથુસ્ત્ર નામની એક ગાથીક શકિત છે, જે તે બધા ગાથાઓનો સરદાર છે. આ જરથુસ્ત્ર ગાથા અહુરાની સાથેજ રહે છે જેની શહાદત અવસ્તામાં છે. આ પાંચ ગાથાની શકિતઓ તે બધી પાંચ વર્ણનાં રૂવાનોને દુન્યા ઉપર ઉતારીને પાર પાડવા માંગે છે. આ બધા ગાથીક સરદારો જરથુસ્ત્ર ગાથાના કહયાસર એટલે અહુરાના કહયાસર છે, કેમકે અહુરાની સાથે તેવણની હિદાયતમાં જરથુસ્ત્ર છે. જરથુસ્ત્ર અહુરમજદની દોરવણી પ્રમાણેજ ચાલે છે. એમ તેઓ

જરથુસ્ત્રથી માટે અહુરાથી દોરવાય છે, માટે અહુરાના હોકમસરજ ચાલે છે, એટલેજ કહે છે કે તે બધા પાંચ ગાથાઓમાં સરોશની ગતી છે એટલે અહુરાની તાબેદારી કરવાની ગતી છે. આ બધી ગાથીક યજતી શકિતઓના સરદાર જરથુસ્ત્રના નાયબ તરીકે અષો જરથુસ્ત્ર પેગામ્બર તરીકે નેમાઇને તે જરથુસ્ત્ર ગાથાની બરજીસી વર્ણને દોરવવા તેમ તેવણની આણ હેઠળની બીજી ચાર વર્ણોને દોરવવા ઉતરે છે. ત્યારે પેગામ્બર જરથુસ્ત્રને તે મુળ બરજીસી વર્ણ તેમ બીજી ચાર વર્ણોની દોરવણી કરવા તે ગાથા જરથુસ્ત્ર વસીઅત કરે છે, માટે અષો જરથુસ્ત્ર તે બધી વર્ણોના એટલે કુલ જન સમાજના માહા પુરૂશો અને તેઓને લગના forerunners 'પેશરવ' થવાના છે, તેઓના બાપદાદાઓની લાઇન શરૂ કરે છે, અને તેઓની પહેડી-દર-પહેડીની વ્યવસ્થા થાય, તેઓને પોતાની વર્ણનું જ્ઞાન ધીમે ધીમે આવતું જાય, એમ બંદોબસ્ત કરે છે. આમ અષો જરથુસ્ત્ર ગેતીમાં સીરફ પોતાની બરજીસી મજદયસ્નની વર્ણને માટે ઉતરે છે એટલુંજ નહિ, પણ તે બધી ભવિષ્યમાં થવાની વર્ણો માટે ઉતરે છે અને તેટલા માટે તે બધી વર્ણોના ધર્મો ઉગે તેવાં બીયાં રોપી જાય છે. આ બધું મહાન કામ ત્યારે પેલા પાંચ ગાથાઓની યજતી શકિતઓની દોરવણી અને હીદાયત અને ચળવલો પ્રમાણેજ અષો જરથુસ્ત્ર કરે છે, જેમાં તે અષો જરથુસ્ત્રના ઉપરી તરીકે જરથુસ્ત્ર ગાથાજ હોય છે. અષો જરથુસ્ત્ર પછી તે બધા પાંચ ગાથાઓની શકિત જેઓ પોતપોતાની વર્ણની દીનો ગેતીમાં થવા પામે માટે કામ કરી રહે છે, તેઓનાં તે તે કામને જેત આપે છે અને તેટલા માટે તલેસ્માતીક ગતીવાળા, તેઓની યજતી ગતીની બરાબરીમાં ઉતરે અને તેઓનાં કામને જેત આપે તેવા **પાંચ ગાથાઓ** નામની અવસ્તેઇક બંદગીઓ ઉભી કરે છે, અને તે બંદગીઓ પ્રમાણે પોતે કામ કરીને પોતાનું મીશન પુરૂ કરે **છે. તે ગાથાઓની શકિતઓ જે કંઇ મીનોઇમાં કામ કરે છે તે તેઓ પોતામાં સ્નઍાષેમની ગતી છે તેથીજ કરશે.** આમ ત્યારે સરોશે અષો જરથુસ્ત્રના પાંચ ગાથા ગાયા એટલે પાંચ ગાથાની શકિતઓ જેઓને ગેતીની પાંચ વર્ણનાં રૂવાનોને ચલાવવાનાં છે માટે ઉત્તમ કામ કરવાનું છે, માટે પાંચ ગાથાઓમાંના સરોશે પાંચ ગાથાઓ, જે અષો જરથુસ્ત્રે તેઓની મતલબના કીધા છે, તે ભણવાના છે તે ભણે છે, કે જેથી તે કામ પુર્ણ થાય અને અષો જરથુસ્ત્રનેબી તેથી મદદ મળે એટલે પાંચ ગાથાની બંદગીઓ પોતાનું કામ પાર પાડી શકે, એમ તે બંદગીઓ પુર્ણ રીતની થઇ શકે. **હયાં સરોશ એટલે તે પાંચ ગાથાઓમાંની ગતી અને અષો જરથુસ્ત્રના પાંચ ગાથા એટલે તે બધા ગાથીક શકિતઓનું કામ**

**કરવા અષો જરથુશ્ત્ર નીચે ઉતરીને તેવી મતલબના ગાથા ઉભા કરે છે તે, જે ગાથાની બંદગીઓ તે તે ગાથાની શકિતઓનાં પોતપોતાના વર્ણની ઉન્નતી માટેના કામને મદદ આપશે, તે બેઉ સરોશ અને ગાથાઓનો ભેદ ખુલે છે.** વળી સરોશે અષો જરથુસ્ત્રના તે પાંચ ગાથાને સપ્પર પહેલા ગાયા એટલે અષો જરથુસ્ત્ર તે બધી ગાથીક બંદગીઓને ઉભી કરીને પછીથી ગાય છે તેનીબી અગાઉથી તે ગાથીક બંદગીઓને સરોશ ગાય છે. આ ભેદી લખાણમાં અષો જરથુસ્ત્રની પાંચ ગાથીક બંદગીઓ તે તે ગાથીક યજતી શકિતઓની ખીશ્કારીનો ક્રમ બતાવે છે, કે જે ક્રમની ઉપરથીજ અષો જરથુસ્ત્રે તે ગાથીક બંદગીઓને ઉભી કીધી છે; અને સરોશ તે પાંચ ગાથીક શકિતઓની ગતી બતાવે છે; એમ પાંચ ગાથાની શકિતઓએ એટલે તેઓમાંના સરોશે સપ્પર પહેલાથી હસ્તીમાં પોતપોતાની વર્ણની ઉન્નતી થવા માટે ચળવળો કરી છે. આ બધી ચળવળોને–આ બધી ખીશ્કારીઓના ક્રમને પાંચ ગાથાની પાંચ બંદગીઓ તરીકે ટુંકમાં અહિંયાં ઓળખેલી છે. ત્યારે ટુંકમાં એમ થયું કે સરોશે સપ્પર પહેલેથીજ પાંચ ગાથાઓને ગાયા છે અને તે સરોશના તે પાંચ ગાથાઓના ગાયા પછીથી જરથુસ્ત્ર ગાથા મારફતે જરથુસ્ત્ર પેગમ્બર ઉતરીને તેઓનાં કામની શરૂઆત ગેતીમાં કરે છે એટલે પોતે ગાથા ઉભા કરી ગાય છે. પણ તેની અગાઉ પેલી પાંચ ગાથીક શકિતઓએ તો પોતાને લગતી વર્ણને તારવવા ચળવળો તો કીધી હતી અને કર્યા કરે છે. એમ સરોશે પાંચ ગાથાને ગાયા હતા, અને હજુરબી તેવણ ગાથા ગાયાજ કરે છે. એમ સરોશે અગાઉથી જરથુસ્ત્રના પાંચ ગાથા ગાયા છે. પાંચ ગાથીક શકિતમાંની સરોશની શકિત તે પાંચ ગાથા પહેલેથીજ ગાય છે અને તેબી ગેતીનાં તારણ સારૂ ગાય છે;–અમશાસ્પંદો જેઓ ગેતીનાં તારણ અર્થે કામ કરે છે તેઓને મદદ કરવા ગાય છે, એવા ભેદની સમજ હવે આવશે.

પાંચ વર્ણમાંની દરેક વર્ણમાંની દુન્યામાં એકજ દીન રહેતી નથી પણ અનેક હોય છે તે નોંધવું. આજે જે જે દીનો છે તે પેલી મુળ પાંચ વર્ણનેજ લગતી છે. પણ જ્યારે ગેતીમાં જડતા વધતી જાય છે, ત્યારે તે વર્ણના માહા પુરૂષો એક *brotherhood* ભાઇબંધીની મંડળી–સમાજ ઉભું કરે છે, કે જેમાં સીરફ યજત છે એમ **માન્યતા** કેળવાતી જાય છે. આજની થીઓસોફી એવું એક સમાજ છે. એની અગાઉ એવા ઘણા સમાજ થયા છે, જે સમાજોને બીજી વર્ણના મહાત્માઓએ જડ જમાનાની તાસીર તોડવા ઉભા કીધા હતા. મિથ્રીક વરશીપ, ઇસાનીક વરશીપ, માનીચાઇત ધર્મ, વગેરે જે ધર્મ–સમાજો થયા હતા, તેઓ આજની થીઓસોફીની

પંકતીના હતા, જેઓ જડતામાં ફસેલાં ઇનસાનોને યજતની માન્યતા કરાવી પોતાની વર્ણની તરફ મોકલવાની મતલબ (ધારણા) રાખતા હતા. એ ઉપરાંત ગેતીમાં અસરે-તારીકીને લગતી આઇનો રહે છે, જેઓની સાથે આપણને કામ નથી.

## આ કરદામાં આવેલા "મત્-આજઇન્તીશ" અને "મત્-પઇતિ-ફ્રસાઓ" શબ્દોની ઉંડી લોઘતીક સમજણ.

---

આ '**મત્-આજઇન્તીશ**'માં '**મત્**'=સાથે અને '**આજઇન્તીશ**'=ઝંદની તાવીલની મુરાદ સાથના-એવા અર્થના એ આકારો છે. હવાં '**આજઇન્તી**' શબ્દ કહે છે કે આ ગાથાઓ ઝંદ અવસ્તા તરીકેના છે. આ '**આજઇન્તી**' શબ્દમાં ખાસ અર્થ છે તેનો અર્થ 'સમજ'વાળા એમ લુખ્ખો થતો નથી. જ્યારે **અવસ્તા** થઇ ત્યારે તો તે બધું તે વખતના લોકોની ભાષાના ઉત્તમ પ્રકારમાંથી થયલું એટલે બધાથી અવસ્તા સમજાય એવી હતી, જેમ કે આજે અરબ લોકોમાં તેમનું ધર્મ પુસ્તક '**કુરાન અલ શરીફ**' છે, કે જે તેઓની વપરાતી ભાષાની ઉંચ જાતનું છે, જેને તેઓ શબ્દથી સમજી શકે છે. એવી રીતે તે પુરાતન જમાનામાં અવસ્તાનેબી તે વખતના '**કયાન**' ભાષાવાળા લોકો સમજતા હતા, **કેમકે કયાન ભાષાના ઉંચ તત્વમાંથી અવસ્તા થયલી માટે તે વખતે શબ્દોના સામાન્ય અર્થોને સમજાવવાની જરૂર હતી નહિ.** પણ તે વખતે **શબ્દોની અંદરના ભેદોને** સમજાવવાની જરૂર હતી કે આ ગાથામાં જે માંથ્રો છે તેઓમાં એવી ફઝીલત છે એટલે મુબારક કરામતની ગતી છે એટલે એવા સ્તોતો છે-એવી શુભ અસર છે કે તેઓ 'તન'નાં દરદોને કે 'મન'નાં દરદોને કે 'રૂવાન'ની બંદ દરોશને તોડી શકે. **એમ ત્યારે ચોકકસ 'મિથ્રો' ફેંકવાનો ભેદ આ 'આજઇન્તી' શબ્દમાં છે.** મિથ્ર એટલે વીચાર કે જેથી કામ સરંજામ થાય. તે મિથ્રોમાં ખાલી વીચારનો અર્થ નથી. ખાલી વીચારને તો 'મનેશ' કહે છે. **ત્યારે મિથ્રમાં તો કુદરતની સચ્ચાઇને મળીને ફાયદો ઉઠાવવાનો અર્થ છે.** છેક હખમની જમાના લગી 'અવસ્તા' સાધારણ રીતે સમજાઇ શકાય એમ હતું, કેમકે તે હખમની વખતની ભાષા અસલની કયાન જેવીજ પણ અપભ્રંશની હતી. પણ પાછળની એટલે અશ્કાની અને સાસાની જમાનાઓની ભાષા બદલાતી ચાલી, છતાંબી તે વખતના લોકો સાધારણ અર્થ તો તુરતજ સમજી શકતા હતા; જેમ કે આજનો બગદાદનો એક 'યાહુદી' ઇસલામી ધર્મના કુરાન અલ શરીફને સાધારણ રીતે સમજે તેમ. ત્યારે '**આજઇન્તી**' શબ્દમાં તે ભણ-

તરની ખુબી શું છે તેની સમજનો-મિથ્રોનો અર્થ છે. ત્યારે ઝંદ અવસ્તા અને તે ઝંદ અવસ્તામાંની યશ્તો-નીઆએશો-યજશ્ને વીગેરે ભાગોમાં કંઇક હિકમત પડેલી છે, કંઇક મોટા ભેદો પડેલા છે તેની સમજ પડશે. આ વિષયની ઉપર આજના પશ્ચિમના અભ્યાસને ભાન આવે નહિ તે સંભવીત છે, કેમકે આજના વીદવાનો ઝંદ અવસ્તાને સાહિત્ય તરીકેજ લેવા પ્રેરાય. પણ અવસ્તા સીરફ સાહિત્ય નથી. ઝંદ અવસ્તા તો ડાકટરના 'નુસ્ખા' જેવી છે-તેની રચના નુસ્ખા જેવી છે. પણ નુસ્ખામાંના drugs વસાણા વસ્તુનાં જ્ઞાનનું માપ કરવા તેઓની કદર જાણવા વસ્તુ-શાસ્ત્ર materia medica જાણવી જોઇએ, કે જેમાંથી તે નુસ્ખાઓની બાંધણી કયાં દરદ માટે છે તેની સમજ પડે. **ત્યારે 'આજઇન્તી' શબ્દ નુસ્ખા બનાવવાની એક રીતનો ભેદ ખુલ્લો કરે છે, જેમાં નીઆએશ-યશ્તો-નીરંગો-દુજ પરહીઝ કરવાની બાજો એમ ભાગો છે. યજશ્ને-વંદીદાદ-વીસ્પરદ ત્યારે નુસ્ખા બનાવવાની બીજી ઉંચ રીતીઓ છે.** ત્યારે આજે જે ગાથાઓ આપણી પાસે છે તે ગાથાઓ 'યજશ્ને'માંના નુસ્ખામાં વપરાયલી વસ્તુઓ drugs વસાણામાંના એક છે. **હયાં કહે છે કે ઝંદ અવસ્તાની મજમુનના ગાથા ગાયા-ત્યારે બીજી મજમુનના ગાથાબી અસલ હશે તેનો ભેદ ખુલ્લો થશે.** આ બાબદ જે ઇલ્મે-ક્ષ્નૂમ શીખવે છે તેની ઉપર વીચારવંત અભ્યાસી ધ્યાન આપશે, કેમકે આ બાબદ તદનજ નવી છે.

**'પઇતિ-ફ્રસાઓ'** શબ્દ પોતે **'રતુ-ક્રિતી'** શબ્દનો હમકાર છે. એટલે **'પઇતિ-ફ્રસાઓ'** શબ્દ અહુરમજદને જરથુસ્ત્રે પુછેલા સવાલોના જવાબો એમ અર્થ ઉભો કરે છે. આ સવાલ-જવાબ શું હશે તેનો ભેદ **'રતુ-ક્રિતી'** શબ્દમાં છે. **'રતૂ'** એટલે સરદાર અને વખત બેઉ અર્થ આવે છે; **'ક્રિતિ'**=પ્રીત-પ્રેમ-યજતની દોસ્તી તેથી અહુરમજદની ફરમાન-બરદારી એમ એવો અર્થ બતાવે છે. એટલે વખત કે જેની ઉપર ચોકકસ **'રતૂ'**=યજતી શકિત મુવકકલ છે તેની દોસ્તી ચોકકસ ભણુતરથી કરી તેના યજતી પ્રેગી થવું. એમ રતુ-ફ્રીતી શબ્દ વખતનાં બર-વકતનાં ભણુતરોનો અને અવસરો-હીંગામોની યસ્ન વગેરેનો ભેદ રજુ કરે છે. ત્યારે હયાં આ **'પઇતિ-ફ્રસાઓ'** શબ્દ અને તેનો હમકાર **'રતુ-ક્રિતી'** શબ્દ કહે છે કે જરથોશ્તી દએનનાં યસ્ન-ભણુતરો-માંથ્રો-હીગામો-હીંગામ ઉપરનાં ભણુતરો-યસ્નો-આલાતો-બધું જે હુશ્મુરદી કે પાવ મહેલનું છે અને તે બધાને લગતું છે, તે બધું કુદરત પ્રમાણેનું બર-વકતનું અને અહુરમજદે જરથુસ્ત્રને બતાવેલું, માટે આશીરવાદીક બરકકતવાળું અતી અમુલ્ય છે, જેને માટે **'ઉપયનયાઓ દરેઘેબ્યો'** શબ્દબી છે. ત્યારે આ ગાથાનાં ભણુતરોમાં કુદરતના ચોકકસ હીંગામો

–વીગતો વીષે પુછાયલા સવાલો હતા, જે સવાલો જીરમોંની દીનોની ચળવળો રાદી રૂઢીએ, રાદી રીતે ગેતીમાં ચાલી રહે તે વિષેના હતા. જીરમોની ચળવળો રાદી રીતે ત્યારેજ ચાલે, કે જ્યારે જરથોસ્તી યસ્નની પાવીકત સાબેત હોય એવો ભેદ ત્યાં હતો. એમ ત્યારે જરથોસ્તીઓ ઉપર યસ્નને અખંડ હાલતમાં રાખવાની ફરજ નાખેલી છે તેનો ભેદ ખુલ્લો કરે છે.

'**ઉપયન**' શબ્દમાં '**ઉપ**' અને '**યન**' એમ બે ભાગો છે. '**ઉપ**' શબ્દ 'ઉપર' એવો અર્થ રાખે છે અને '**યન**' શબ્દ '**ઇ**'= આવવું ઉપરથી છે. '**ઇ**' શબ્દની ગુણા '**અએ**' થાય અને '**અએ**'નું રૂપ '**ય**' થાય અને તેની ઉપર '**ન**' આવે તો '**ઇ**'નો '**યન**' થાય. એમ વરસોની ઉપર મરહુમ વીદવાન ખરશેદજી કામાજીએ શીખવેલું હતું તેની ઉપર હમારા ઉસ્તાદે મહોર મારી છે. ત્યારે '**ઉપયન**' એટલે ઉપરથી નીચે આવતા પ્રવાહો, ભલી અસર પાથરતી અસરે–રોશનીવાળા હીંગામો. પહેલવી સાહેબોએ '**ઉપયન**' શબ્દને માટે '**રોબશનશ**' અથવા રોબશ્નીહ શબ્દ કહયો છે. આ શબ્દનો અર્થ ઉપર કહેલા રૂટના શબ્દની બરોબરનો છે. એટલે ઉપરથી જે ઉતરે છે–ચાલુ થાય છે–રવઇ પામે છે તે. નર્યોસંઘહે '**પ્રવૃત્તિ**' શબ્દ આપ્યો છે તેની તેજ ભેદ ખોલે છે. '**પ્રવૃત્તિ**' શબ્દની સમજ સારૂ તે મહાન દસ્તુર '**શિક્ષા–અદૃષ્ય રૂપિણી**' એટલે 'અણદીઠ રીતનાં શિક્ષણો આપતા મોટા મોકાઓ' એમ અર્થ સમજાવે છે. ત્યારે 'ઉપ'=ઉપરથી અને 'યન'=નીચે જે પ્રવાહો ગીનોઇ રીતનાં શીક્ષણો આપવા આવે છે તે પ્રવાહો, જેઓ ભલા શીક્ષણોવાળી પ્રવૃત્તિ ઉભી કરે છે તેઓ (તે પ્રવાહો) તેવાં શીક્ષણોથી આ નાશમંદ–મોતમંદ દુન્યામાં સદ ગતીને મોક્ષ અર્થે ચાલુ કરે છે, જે પ્રવાહો મોટા હીંગામો તરીકે જાહેર થાય છે. આવા ઉપરથી નીચે ઉતરી રહેતા પ્રવાહોને ત્યારે '**ઉપયન**' તરીકે ઓળખે છે. આ '**ઉપયન**'ના ભેદના હીંગામો ઉપર યજતી ગતીવાળા રાદ પ્રવાહો ગેતી ઉપર ઉતરી ઇનસાનોના દમમાં જઇ ગીનોઇ શીક્ષણો આપવા કોશેશ કરે છે. એમ ઉપરથી આવતા ભલા પ્રવાહોવાળા હિંગામનું પડવું અને તેઓનું દુન્યામાં જારી થવું થાય છે. માટે પહેલવી સાહેબો '**ઉપયન**'ને માટે '**રોબેશ્ને**'=જારી થયલી ગતીનો અર્થ બતાવી જાય છે એટલે રેવાજ તરીકે ઓળખે છે. '**રોબેશ્ને**'માં જારી થવું, સીકકો બજાવવો, શીક્ષણોનું ચલણ એમ અર્થ છે, જે '**ઉપયન**' માટે લગાડે છે. એટલે '**ઉપયન**'માં ભલા હિંગામોની સદ ગતી છે જે ઉતરીને જગતમાં પડીને જારી થયલી છે. આવો '**ઉપયન**'=જારી થયલા સદ ગતી આપતા હિંગામો અને તેઓને પાળવાના રીવાજો અબજો વર્ષથી દરેઘો ખદાતેમાં ચાલ્યા જાય છે,

માટે તે '**ઉપયન**'ને '**દરઁઘેબ્યો**'ના એટલે લાંબા કાળના કહયા છે. એમ તે '**ઉપયન**'ને '**દરઁઘેબ્યો**' કહયો છે માટે '**ઉપયનયાઓ દરઁઘેબ્યો**' શબ્દ આવે છે. યજતી ગતી જે ખીશ્કારી કરીને બર-વકતે પ્રવાહો મોકલીને હિંગામો ઉભા કરે છે, તેઓ '**ઉપયન**' છે, અને તે પ્રવાહોની સાથે એક-તાન થવા યજતોને આમંત્રણ કરવાની યસ્ન કરવી-બર-વકતની યસ્ન કરવી તેવી '**ઉપયન**' છે. એમ '**ઉપયન**'માં બર-વકતના હિંગામો, તેઓના પ્રવાહો અને બર-વકતની યસ્ન અને તેઓનો જમાન-દર-જમાનથી ચાલી આવતા રેવાજોનો અર્થ છે. આ બધું જરથુશ્ત્રને અહુરમજદે કહયું, જેને માટે '**પઇતિ-ક્રસાઓ**' અને '**રતુ-ફ્રિની**' શબ્દોનો ભેદ આપેલો છે. ત્યારે ૨૧ નસ્કોમાંની વીગતોમાં જે વીગતો યસ્નને લગતી, યજતોની ખીશ્કારી સાથે મળવાને લગતી હોય છે, એટલે જે કંઇ જાતજાતનાં હીંગામો-અવસરો વગેરેને લગતું, તેઓની યસ્નને લગતું હોય છે, તે બધી વીગતોના જુમલાને '**હદ-માંથ્ર**' કહે છે અને તેવો જુમલો રાખનાર ભાગને હદ-માંથ્ર નસ્ક કહે છે. આમ 'હદ-માંથ્ર' નસ્કમાં '**ઉપયન**'ના ભેદી અર્થનું બયાન આવે છે. ૨૧ નસ્કોના ત્રણ ભાગોના છેલ્લા ત્રીજા '**હદ-માંથ્ર**' નામના નસ્કના જુમલામાં '**ઉપયન**'ની વીગત હોય છે. ૨૧ નસ્કોના સાત સાત નસ્કો મળીને થયલા ત્રણ ભાગોમાં એક એક મુળ મુદ્દો રહે છે, જે મુદ્દાના શબ્દ ઉપરથી તે તે નસ્કોનો ભેદ ખુલે છે. ૨૧ નસ્કો-માંના ગાથીક નસ્કોને '**માંથ્ર-સ્પૅન્ત**'ને લગતા કહે છે. આ સાત નસ્કોમાં '**માંથ્ર-સ્પૅન્ત**'નો ભેદ એટલે સૃષ્ટી-રચનાને રચવા અને પાર પાડવા માટે જોઇતા આશીશોનો ભેદ હોય છે, સૃષ્ટી-રચનાના પ્લાનનો ભેદ રહે છે, જેને પહેલવી સાહેબો '**ગાસાનીકીહ**' તરીકે ઓળખી ગયા છે. બીજા સાત નસ્કોને 'દાતીક નસ્કો તરીકે ઓળખે છે જેઓમાં '**વીદ્દ-એવો દાત**' અને '**દાતે-જરથુશ્ત્રી**'નો મુદ્દો રહેલો હોય છે એટલે જગતના જાતજાતના કાયદાનો અને તેઓના પ્રભાવનો ભેદ રહે છે, અને હદ-માંથ્રના સાત નસ્કોને '**ઉપયન**'ને લગતા કહે છે, જેમાં મોક્ષ માટેની સદ ગતી જે જાતજાતની રીતે ઉતરી રહે છે યા ઉભી કીધેલી હોય છે તેના ભેદો રહે છે. આ **૨૧** 'નસ્કો'નો ટુંક ભેદ છે. બીજું જાણ-વાનું એ કે દએનની બાબદોનાં લખાણને '**નસ્ક**' કહે છે. આવાં નસ્કો જો સંપુર્ણ હોય તો તેઓ ૨૧ હોય-૨૦ બી નહિ કે ૨૨ બી નહિ, કેમકે ૨૧ માં ૨+૧=૩ ત્રણનો ભેદ છે, જે સૃષ્ટી થવાના ત્રણ મુળ મુદ્દા કે હસ્તીનું થવું, હસ્તીમાંથી નીસ્તીનું થવુ, અને નીસ્તીનું ચાલવું-તેનું તારણ પામીને હસ્તીમાં જવું એમ ત્રણ મુદ્દા બતાવે છે, જેમાં બધું જ્ઞાન આવી જાય છે, જેની

બહાર કંઇજ નથી, સીરફ તે **અહૂ અનામાંશ્વાઓજ** હોય છે. ત્યારે અષો જરથુશ્ત્રે જે નસ્કો કીધેલાં, તેઓ ૨૧ હતાં, અને અષો જરથુશ્ત્રનાં બનાવેલાં નસ્કો ઉપરથી જે કોપી થઇ, તેબી **૨૧** નસ્ક તરીકેજ **થઇ**. વળી દુન્યામાંના ચોકકસ ચોકકસ જમાનામાં જે કંઇ દીન જાહેર કરવાની છે તેબી **૨૧** નસ્કોમાં જાહેર થાય, અને દીનને સમજાવવાની પુર્ણ તાવીલ હોય, જેને સ્તઓત યસ્ન કહે છે, તેનાંબી ૨૧ નસ્કો હતાં. ત્યારે **ફ્ષુષો-માંથ્રોનાં** ૨૧ નસ્કો છે, જે અષો જરથુશ્ત્રનાં પોતીકાં છે. પછી **માંથ્ર-સ્પૅન્તનાં** નસ્કો છે, જે પેલાં ઉપરનાં નસ્કોનો ઉતારો છે, જે અષો જરથુશ્ત્રને અહુરમજદે કીધેલી વસીઅત પ્રમાણે જરથુશ્ત્રના ગાદી વારસો જરથુશ્ત્રોતેમોએ કીધાં છે. આ બધું ગુપ્તજ રહે છે, જે બધું એનસાઇક્લોપીડીઆરૂપ છે. પણ ચોકકસ ચોકકસ દોરોના જમાનાઓમાં આ બધામાંથી ચોકસજ રીતનુંજ જાહેર થયા કરે છે, જે અસલ નસ્કોનો ઘણોજ અધુરો ભાગ હોય છે. એવા દરેક જમાનાને બર આવતા ૨૧ નસ્કોના ત્રણ ભાગોને અનુક્રમે **માંથ્ર-સ્પૅન્તનો** ભાગ (જે ગાથીકમાંનો ટુંક ભાગ હોય છે), **દાતે વીદએવો** અને **દાતે જરથુશ્ત્રનો** ભાગ (જે દાતીક નસ્કોનો ટુંક ભાગ હોય છે), અને **ઉપયનનો** ભાગ (જે હદ-માંથ્રીક નસ્કોનો ટુંક ભાગ હોય છે), એવે ત્રણ નામે ઓળખે છે. **ત્યારે દીનમાં જયારે એ નામના ત્રણ ભાગોને યાદ કરે છે, ત્યારે તે ખાસ જમાનાને લગતો જાહેર થયલો નસ્કોનો ભાગ સમજવો, અને પેલાં ઉસુલ નસ્કોને તો ખાસ તે નામેથી એટલે ફ્ષુશો-માંથ્રનાં નામથી તેમ માંથ્ર-સ્પૅન્તનાં નામથી નોખો યાદ કરે છે.** એમ વળી **સ્તઑત યસ્નને**બી યાદ કરે છે. સ્તઓત યસ્ન જે કુદરતમાં છે તેને નોખો યાદ કરે છે, અને તે કુદરતની સ્તઓત યસ્ન ઉપરથી તાવીલરૂપની સ્તઓત યસ્ન છે, જે આ બધાં ૨૧ જાતનાં નસ્કોને સમજાવે છે, તે નોખી રહે છે-જેઓને માટે ખાસ મકુલો રહે છે. કુદરતની સ્તઓત યસ્નની ઉપર '**બગ**'નો મકુલ રહે છે. **આમ ત્યારે** જેઓને યજશ્નેમાં દીનનો ભાગ **માંથ્ર**-સ્પેન્ત એટલે માંથ્ર-સ્પેન્તનાં નસ્કો **કહે** છે તે ફ્ષુષો-**માંથ્ર** અને માંથ્ર-સ્પેન્તનાં ગાથીક નસ્કોનો જમાનાને બરનો ટુંક ભાગ રજુ કરે છે, કેમકે ફ્ષુષો-માંથ્ર અને માંથ્ર-સ્પેન્તનાં નસ્કોમાં તો ગેતી ઉપર થવાના અગણીત જમાનાઓને પેશ પડે તેટલો બધો ભેદ **રહે છે, માટે** તે બધાંમાંથી તે એક ખાસ જમાનાનું શોધવાનો પરવાનો-ક્ષથ્ર **અહુરમજદ** એક રાયનીદાર-સઓષ્યંતને આપે છે, જેવણ સેઝદામાં જઇને જમાનાનાં લોકોનાં પાપ-પુન્ય જોઇ તે તે બરનું તે તે નસ્કોમાંથી શોધીને **૨૧ નસ્ક** તરીકે આપે છે. તેમ **વીદએવો દાત** અને **જરથુશ્ત્ર દાતનાં** ચાલુ ખુલ્લાં

જાહેરનાં નસ્કો છે, કે જેઓ ફ્રુશો-માંથ્ર અને માંથ્ર-સ્પેન્તનાં દાતીક નસ્કોનો જમાનાને બરનો ટુંક ભાગ દેખાડે છે, અને 'ઉપયન'માં ફ્રુષો-માંથ્ર અને માંથ્ર-સ્પેન્તનાં હદ-માંથ્રીક નસ્કોનો જમાનાને બરનો ટુંક ભાગનો ભેદ હોય છે. વળી '**સ્તઓત યસ્ન**' જે ૨૧ નસ્કોને સમજાવનારી તાવીલ=તીફીઝની વીદયા છે તેનાંબી **૨૧** નસ્કો છે, જેનો કંઇક ભાગ આજે બચેલી **દીનકર્દ**માં છે, જે તદદન જુદું છે, જેને ઉપર કહેલાં જાતજાતનાં નસ્કો સાથે ભેળવાં નહિ. આમ બધું હતું તેને આજે રહેલી યજશ્નેમાં માન સાથે યાદ કરે છે. આમ ત્યારે '**ઉપયન**' શબ્દનો ભેદ છે. આ શબ્દ '**ઉપયન**' અને '**પઇતિ-ફ્રસાઓ**' સરોશ યશ્ત હાદોખ્ત અને સરોશ યશ્ત વડીમાં આવે છે, માટે તેની આટલી ટુંક સમજ લખી છે.

(૯) (કરદો ચોથો) ☞ **સ્રઓષેમ[1] અષીમ[2] હુરઓદેમ[3] વેરેથ્રાજનેમ[4] ફ્રાદત્-ગએથેમ[5] અષવનેમ[6] અષહે[7] રતૂમ[8] યજમઇદે.[9]** ( ☜ ત્રણ વાર પઢવું ).

**(૧૦) યો[10] દ્રિઘઓશ્ચ[11] દ્રીવ્યાઓસ્ચ[12] અમવત્[13] ન્માનેમ[14] હાંમ-તાશ્તેમ.[15] પસ્ચ હૂ ફ્રાષ્મો-દાઇતીમ,[16] યો[17] અએષેમેમ[18] સ્તેરેથ્વત[19] સ્નઇથિષ[20] વીખ્રૂમન્તેમ[21] ખ્રરેમ[22] જઇન્તિ;[23] અત્ચ[24] હે[25] બાદ[26] કમેરેદેમ[27] જઘ્ન્વાઓ[28] પઇતિ[29] ખ્રંઘ્રહયેઇતિ,[30] યથ[31] અઓજાઓ[32] નઇદ્ર્યાઓંઘ્રહેમ.[33]**

**†અહે રય ખ્રરેનંઘ્રહચ, અંઘ્રહે અમ વેરેથ્રઘ્નચ, અહે યસ્ન યજતનાંમ્ તેમ્ યઝાઈ સુરૂન્વત યસ્ન; સ્રઓષેમ્ અષીમ્ જઓથ્રાબ્યો, અષીમ્ચ વંઘ્રઉહીમ્ બેરેજઇતીમ્, નઇરીમ્ચ સંઘ્રહેમ હુરઓદેમ. આચ નો જમ્યાત્ અવંઘ્રહે વેરેથ્રજાઓ સ્રઓષો અષ્યો. સ્રઓષેમ્ અષીમ્ યજમઇદે; રતૂમ્ બેરેજન્તેમ્ યજમઇદે, યિમ્ અહુરેમ મઝ્દાંમ, યો અષહે અપનોતેમો, યો અષહે જઘ્મૂશ્તેમો. વીસ્પ સ્રવાઓ જરથુશત્રિ યજમઇદે. વીસ્પચ હ્વરૂશ્ત ષ્યઓથ્ન યજમઇદે, વરૂશ્તચ વર્ષ્યમ્નચ.**

**(૯-૧૦)** અષીના સાહેબ, કુલ બરકકતના સાહેબ,[2] || ખુબસુરત[3] || ફ્તેહમંદ,[4] || રજેરજના અનાસરી બંધારણને તુર તરફ લઇ જનાર,[5] || અષો,[6] ||

† સમજ માટે જુઓ પાને ૪૮૭ મે.

અષોઇના[9] ॥ સરદાર[8] ॥ સરોશ સાથે[9] ॥ એકતાન થઇએ છીએ. ॥ જે[10] (સરોશ યજત) ॥ 'દ્રેગુ'[†] એટલે અષોઇમાં ગરીબ–અષોઇની તવંગરી વગરનો, અષોઇએ પુગવા માંગનો પણ નહિ પુગેલો પણ પુર્ણ રયાઝત-મંદીવાળો, તે દાદારની ઉપર પુર્ણ વીશ્વાસવાળો અને સુખદુખ પડે તેને સબ્ર-રથી–ખુશીથી–ભવિષ્યની ભર ઉમેદથી ખમનાર નર[11] ॥ યા તેવી દ્રેગુ-નારીનું[12] ॥ 'અમ' યજતની શકિતવાળું એટલે હિમ્મતથી ભરપુર[13] (સુખ-દુખ બેઉને સમાન ગણવાની હિમ્મત રાખનાર, પુર્ણ રીતનું રયાઝત-મંદીનું), ॥ તેવી અમ યજતની હીમ્મતવાળી ગતી જે તે નર–નારીમાં 'અમ' યજતથી આવે છે તેવી હીમ્મતમાંથી થયલું અને અહૂ પ્રત્યેની પુર્ણ તાબેદારી એટલે સરોશની ગતી જે તેમાં સરોશ યજતનુ જોડાણ થયલું છે તેવી સરોશની ગતીમાંથી ઉભું થયલું[15] ॥ ઘર[14] (છે, એટલે એવા 'દ્રીગુ' નર–નારીની રયાઝતમંદીમાં એટલે અહુરા ઉપરના અચલ વીશ્વાસ અને તાબેદારીમાં ટુંકમાં અહુ–પરસ્તીમાં સરોશ યજત અને અમ યજત બેઉ સંબંધ જોડી તેઓના બચાવની માફક થઇ રહે છે. આ બચાવ કેવો છે?) ॥ રવી ઉગે અને સ્પેન્તી લીલાશ પાંથરે તે વખતથી તે છેક રવી આથમે અને પાછો ઉગવાની શરૂઆત કરીને હોશબામ કરે ત્યાં લગી એટલે ચોવીસે ચોવીસ કલાક લગી[16] (એટલે હમેશગીનો નાદ અને અષોઇની શકિત બેઉને મળશે ત્યાં લગી). ॥ જે[17] (સરોશ) ॥ અએષમ દએવને[18] (એટલે બુરા અજરથોશ્તી સ્વાર્થી અનઅષવ પાકીઝીની ગતી વગરના વીચારો તેઓમાં ઉભા થાય એવી કંઇબી અવશયકતા સામે એટલે અએ-ષમ દએવના ગુબારો, જે બુરા વીચારોથી બંધાય છે, જેમાં અએષમ દ્રુજ દએવનું રહેઠાણ છે તે દએવની શકિત જે તે ગુબાર ઉપર મુવકકલ થઇ તે બુરા વીચાર કરનારમાં જોડાય છે તેવા અએષમનો તે નર–નારીમાં બુરા વીચારોથી સંબંધ થવા પામે માટે તેની સામે તેવા સંબંધને) ॥ 'સ્નઇથિષ'= શરીરરૂપ હથીઆર[20] (જે પુર્ણ ગવની ગતીનું, પોતાનામાં રહેલી જીવ અને ગવનાં શરીરની બરાબરીનું દ્રુજ–પરહેઝની ભકિતથી થયું છે), ॥ (જે શરીર સરોશની ગતી તરીકતને લીધે પાગીને) તેઝીવાળુ[19] (થયું છે), ॥ તેવા તરીક-તને જોરે ગવહોમંદ થયલાં, સરોશની ગતી મેળવેલાં હથીઆરરૂપનાં[20] ॥ તેજ શરીરને જોરે[19] ॥ સખત રીતે[21] (એટલે બુરી ગતી પાછી પેદા થઇ શકેજ નહિ–પાછી ઉઠી શકે નહિ, પણ જમીનદોસ્ત થઇને ગવની ગતીએ પુગે તેમ) ॥ જખમો કરી[22] ॥ વીંધે છે[23] ॥ (નરમ કરી નાખે છે, કે જે બુરા વીચારને લાગેલા તે જખમોથી તે બુરા વીચારોમાંથી ભલી ગતીઓનો જન્મ થશે, એટલે જે નર નારીઓ અષોઇ મેળવી શકયા નથી પણ ખરા યજત–પરસ્ત અને

નમાના ભલા છે–ગુનાહોથી દુરના દુર નાહસ્યા કરે છે, જેઓ અષોઇની શકિત મેળવવા પ્રયાસો કરે છે, તરીકતને ચુશ્ત રીતે પાળે છે, જેઓની ઉપર ઘડી ઘડી બુરા વીચારોનો જબર ગલબો થયા કરે છે–બુરી લાલચોના સખત ગલબાઓ થયા કરે છે, તેઓમાં હજુર લગી રહી ગયલી અનાસરોની ખામીઓ – બુરાઇઓ તેઓનાં ધ્યાનને બુરી લાલચો તરફ પાપ તરફ ખેંચ્યા કરે છે. તેઓને એટલે તેવી રહી ગયલી બુરાઇઓ જેઓને અએષમ મદદ કરવા આવે છે તેવાઓને એટલે અએષમને તે સરોશ યજત વીંધી નાખે છે એટલે તેઓમાં જોરમાં વધી રહેલી ગવની બાજુ જે સપુર્ણ મનશ્ની કહેતાં ભલાઇ તરફની પુર્ણ તાબેદારી રાખવાને લીધે સરોશની ગતી રાખે છે, જે તેઓમાં ઉભી થઇને સરોશ યજતથી મદદ મેળવી રહે છે, જેને સ્રઓષેમની ગતી કહે છે તે અને રયાઝતમંદીની સાથે રહેતી 'અમ'ની હીમ્મત જે બેઉ તે નર–નારીમાં ઘર કરીને બેઠા છે–કીલ્લા બાંધી અંદર બેઠા છે તેઓ તુરતજ તે કીલ્લામાંથી બહાર પડીને તે અએષમને–તેઓના શરીરમાંની 'હા–ના'નાં મારામારી રસાકસીને–તેઓમાં ઉભી થવા પામતી બુરાઇને શેકસ્ત આપી વીંધી નાખી ઉલટાવીને ભલાઇ તરફ લઇ જવા સજીવન કરે છે. એવી રીતે) ‖ ત્યારે[31] ‖ નકફીજ[24-26] ‖ દુખ દેનારી તે બુરી વૃત્તી તે દ્રવંદી–જે ચુનોચેરા કરી પોતાનું બળ વાપરી દીન–દુશમની કરી તેના તરીકતનાં ફળને તુચ્છકારીને રદ કરવા મથી રહે છે તેને[33] ‖ અઓજની શકિત પામેલો[32] (સરોશ યજત–થ્વોરેશ્તાર તરીકેનું કામ કરવા અઓજની શકિત ધારણ કરનાર સરોશ યજત) ‖ તે[25] (બુરી વૃત્તી)નાં ‖ માથાંને[27] (એટલે સુધ બુધ્ધને) ‖ પુર્ણ રીતે ઘેરી[28] ‖ જખમી લાચાર કરી[29] ‖ ભાંગી નાખે છે.[30] ‖

## ચોથા કરદામાં આવતા દ્રેગુ, હાંમ–તાશ્ત, સ્નઇથિશ, અઓજ એ શબ્દોની લોધતીક સમજ.

'દ્રેગુ' તે શખ્સ છે કે જે પોતાના હવસોને પોતાનાં મનથી રોકીને એટલે પરહેઝગાર થઇ એટલે હવસોથી દુર જઇને અને સુખ–દુખ જે પડે તેઓને શાંતીથી વગર બબડવે ખમી તેઓને તે દાદારના ઇનસાફનું પરિણામ છે એમ તમીઝથી ખમી લઇ પુર્ણ સબુરી અખત્યાર કરી દાદારના આપેલાં તે સુખ–દુખ માટે શુકરાના કરી તેઓથીજ તે આગળ વધશે એમ એતેકાદ રાખી એટલે રયાઝતમંદી રાખીને તરીકતોના પથ ઉપર ચાલીને અષની શકિત મેળવવા દુઆ કરે છે. તે દ્રેગુને ત્યારે પરહીઝગાર–રયાઝતમંદ શખ્સ કહે છે, તેને અષવન કહેતા નથી. તે દ્રેગુમાં પરહીઝગારી અને રયાઝતમંદીને

લીધે પુર્ણ હીમ્મત અને તેથી આવતો સબરયાતનો ગુણ છે, જે તેનામાં બેહરામ જે સુખ દુખ ચખાડે છે તેની હમકારી કરતા 'અમ' યજતથી મળે છે. તેનામાં પુર્ણ વીશ્વાસ છે અને તરીકતની ઉપરની પાબંદી છે અને અહુ-પરસ્તીનો નાદ, દએન તરફના પુર્ણ એતેકાદની તાબેદારી છે, માટે સરોશ યજત તેનામાં 'પંજે-ઝરવીકશે-બાતેન' પુર્ણ કરી તેમાં સ્નઓષેમની ગતી મુકે છે. આમ હિંમ્મત અને સ્નઓષેમ તેવા દ્રેગુમાં ઘર કરી બેઠા છે. એવા શખ્સમાં ત્યારે અનાસરોની કચાસ છે પણ તે કચાસ જે પોતાનો સીકકો બજાવવા માગે છે, તે કચાસ કે જે તે દ્રેગુએ કીધેલી ભુતકાળની બુરાઇનો નતીજો છે, જે અએષમ દએવથી મદદ મેળવીગી શકે છે, તે કચાસ ઉપર કહેલા અમ અને સરોશના ભેદને લીધે ફાવી શકતી નથી, કેમકે તે દ્રેગુના અમ અને સરોશના ગુણોમાંથી થયલી શકિત તે કચાસની બુરી મતીને ગુંગલાવે છે. આમ ત્યારે દ્રેગુમાં અમ અને સરોશ છે અને અએષમનાં માથાં ભાગે છે તેનો ભેદ રહેલો છે.

**હાંમ્-તાશ્ત** શબ્દના **'હાંમ્'**માં એક રસ થવાનો અર્થ છે. અમ અને સરોશના ગુણો તે દ્રેગુમાંની ભલી બાજુ જેને **સ્નઇથિષ** કહી છે તેમાં **'હાંમ્'**=એક રસ થઇને **'તાસ'**=વણાઇ ગયા છે-મળી ગયા છે તેથી તેવા ગુણોમાં તે તે યજતી શકિતનો પદવંદ થયાથી શકિત ઉભી થયલી છે, જેને 'ઘર' તરીકે ગણી છે. આમ **'હાંમ્-તાશ્ત'**નો બાતેન અર્થ છે.

**'સ્નઇથિષ':** ઇનસાનમાં રૂવાન છે. આ રૂવાનમાં દ્રવાઓ=ભુલાવો હતો-બુરો કાદવ હતો. આ કાદવ જયારે રૂવાનનાં પેટ નામે રયમાંથી બહાર પડયો, ત્યારે રૂવાનમાં ખરૂં જ્ઞાન (રયોમંદી) આવ્યું-પણ રૂવાન પોતાનાં પેટનાં કાદવરૂપ ફરઝંદ તરફ ખરી મહેરથી ખેંચાયું અને અહુર-મજદે પછી તે કાદવમાં પોતાની કુદરત, જેને 'ગવ' કહે છે, તેને ગેઉશો અને બીજા યજતો પાસેથી લઇને-મુકીને એક ઇમારત કીધી, એક હથી-આર કીધું, જેનાં જોરની ઉપર પછી તે કાદવનો અમલો થયો, જેને ઇનસાન કહે છે. ત્યારે **આવી ગવની ગતીવાળા અમલા-હથી-આરને 'સ્નઇથિષ'** કહે છે. આ અમલાના થાંભલાઓ ઉપર પેલા દ્રવાઓના કાદવની દીવાલ ચણાઇ છે. જયારે તે કાદવની દીવાલ રવીના તાપથી એટલે આશીરવાદથી-તરીકતથી મજબુત થશે, ત્યારે તે થાંભલા-ઓની જરૂર પડશે નહિ,-ના, તે થાંભલા જેવીજ તે દીવાલ થશે, જે પછી તે દ્રવાઓ ગવનો એટલે યજત જેવો થઇ રહેશે. આમ જયારે તે દ્રવાઓ સુધ-રશે, કે પછી પેલાં **'સ્નઇથિષ'**ની જરૂર પડશે નહિ, તેને **"નિદા"**=ઉતારી પાડશે. ત્યારે હયાં **'વીખ્રૂમન્ત'**=તેજ **'સ્નઇથિષ'**=હથીઆર કહયું છે તે કંઇજ

નહિ પણ તે દ્રેગુનાં શરીરની સુક્ષમતા બતાવે છે જે હવસોને મારશે એમ કહે છે. એમ છે માટે જરથોશ્તી દએનને '**નિદાસ્નઇથિષ**'ની કહી છે, એટલે '**સ્નઇથિષ**'નાં કામ ચલાઉ થાંભલા જે આપ્યા છે, હથીઆર જે આપ્યું છે, તેઓને કામ થઇ રહેવે '**નિદા**'=નીચે ઉતારશે એવી છે, એટલે દ્રવાઓને ગવનો કરીને રૂવાનમાં મળવા દેવા માટે જે યજતી મદદ આપી છે તે મદદને વ્યાજ સિકકે પાછી અપાવનારી જરથોશ્તી દએન છે. **આમ ત્યારે સ્નઇથિષનું હથીઆર તે આપણામાં રહેતો જીવ-જાન અને ઇનસાનીઅતવાળી મન શકિત વીગેરે ખેંચાણો રાખતી કુદરત** છે, ઇનસાનનું પોતાનું તો નર્ક અને વાસ મારતી ચીજ છે, જેઓને આ અતી ઉત્તમ ચીજો સમાવીને રાખી શકે છે. આ નર્ક સમાન ચીજનું જયારે કીમીયું થશે, ત્યારેજ તે સ્નઇથિષ તેના માલેકોને આપી દેવામાં આવશે. આ નર્કનું કીમીઉં કરનાર જરથોશ્તી દએન છે, જે દએન તરીકતથી તે નર્કની વ્યકતીમાં સ્રઓષેમની ગતી ઉભી કરીને તેને અમર ગતી તરફ લઇ જશે. આમ ત્યારે '**વીખ્રૂમન્ત સ્નઇથિષ**'માં ભેદો છે.

**અઓજ**: જેને આપણે કુદરત કહીએ છીએ તેના અનેક પ્રકારો અવસ્તામાં જણાવેલા છે. નીરૂનો પ્રકાર જે અહૂમાંથી નીકળતી કુદરત છે અને અહૂની મર્જની હાલત અને આ સૃષ્ટીની બેદાર હાલત વચ્ચેનો પરદો છે અને **કુલ કુદરતની મમાઇની મમાઇ** છે. આ નીરૂમાંથી અઓજ – તગી – જોરની કુદરત નીકલે છે. અહુરામજદા – મજદા – અહુરા વીગેરે નામો પેદા કરનાર સાહેબનાં સૃષ્ટી–રચના માટેનાં જુદાં જુદાં કામો થતી વખતે અપાયલાં જુદાં જુદાં નામો છે. તેઓમાં 'નીરૂ'ની કુદરત સમાઇ જઇને વસેલી છે અને તેઓમાંથી બહાર પડે છે. પણ યજતો જે બહાર પડે છે તેઓમાં અઓજની કુદરત સમાઇને વસેલી છે અને તેઓ-માંથી બહાર પડે છે. **મીનોઇ આલમનાં અહુનવર અને અનગ્ર-રઓચાઓનાં અસ્મોમાં નીરૂની કુદરત વસેલી છે, જે અસ્મો ત્યારે અહુરામાં વસેલા છે.** પણ હસ્તીનાં સાત અસ્મોમાં અઓજની કુદરત અને તગીની કુદરત વસેલી છે, જે હસ્તી, ત્યારે, યજતો જેઓ ખુદ અહુરામાં વસેલા છે–સમાયલા છે–મળેલા છે, જેઓને '**મિથ્ર અઇથ્ય-જંઘહ્રુન**'ના ભેદના યજતો કહે છે, તેઓમાં વસેલી છે. નીસ્તીમાં જે કુદરત છે તે આ અઓજ અને તગીની કુદરતનો એક ભાગ છે, જેમાં **જોર**ની કુદરત પુર બહારમાં છે. આવી નીસ્તીની કુદરતમાંની બે પ્રકાર છે, જેમાં **જોર**ના કુદરતની સામે અંધકારની શકિત ઉભી થાય છે. ગેતીમાં નીસ્તીની કુદરતનો બીજો પ્રકાર '**ગવ**'નું નામ ધારણ કરીને ચાલી રહે છે. **આવી ગવમાંની કામ કરનાર શાકતનેબી અઓજ–જોરનેજ નામે ઓળખે છે કે**

જેની સામે અંધકારની ગતી ક્ષફ્નન રહે છે જેને તીરે-ગોહર કહે છે, જેમાંબી શકિત રહે છે. ક્ષફ્નની, તીરે-ગોહરની અંધકારની તે શકિતનેબી '**અઓજ'ઘહુ**' કહે છે, કેમકે ઉપર કહેલી તગીની સાથની અઓજ નામની કુદરતના ભેદ-થીજ તે અસરે-તારીકીની ગતી પેદા પડે છે. પણ ભલી બાજુની કુદરતની અઓજથી આ અંધકારની અઓજને નોખી કરવા તે અઓજની પાસે '**અશ**' એટલે સામે થવું, દુશ્મનાઇ કરવી, વૃદ્ધી અટકાવવી એમ મકુલ આવે છે, તે નોંધવું. સરોશ યશ્તમાં '**અશ અઓજ'ઘહુ**' જે અંધકા-રની શકિત છે તેની નોંધ આવે છે.

આ નીસ્તીની કુદરત કે જે હસ્તીની કુદરતથી થાય છે તે નીસ્તીને બર આવે તેવીજ થાય છે. નીસ્તીમાં-ગેતીમાં બુરાઇઓને સુધારવાની છે. માટે ત્યાં ધનાગીન નામની શકિત, જે બુરાઇને ઉગાડશે, તેનું કામ પડશે, માટે નીસ્તીમાં સામસામી બાજુ આવશે-માટે અઓજની ગતી બેઉ સામસામી બાજુની ચળવળો કરવા ગતી પુરી પાડશે, અને આ નીસ્તી-ગેતીની અગ-ણીત વસ્તુઓ-વ્યકતીઓને એટલે તેઓની દએવીક ગતીને જીવતી કરવા જે કુદરત છે, તે આ નીસ્તીની અઓજ-જોરની કુદરતનો એક ભાગ છે, જેની સામે તે વ્યકતીઓનાં શરીરમાંના દ્રવાઓથી ઉભી થતી અંધકારની તેમંધહની તીરે ગોહરની ગતી છે. પણ જયારે તે વ્યકતી પોતે મુકિત મેળવે છે, ત્યારે જોરની કુદરત તેમાં ઉભી થાય છે અને તે '**તેમંઘહુ**' બદલાઇને '**રૅઑક્ષ્ન**'ની થાય છે. ત્યારે નીસ્તીમાંની અઓજની કુદરત નીસ્તી-ગેતી વીગેરેને ઉભી કરે છે, જેથી તેમાં અમુક ભેદને લીધે '**તેમં-ઘહુ**'બી થાય છે. જયારે નીસ્તીની કુદરત પોતાના અખ્તીકારથી આ '**તેમં-ઘહુ**'ને રોશનીમાં બદલશે, ત્યારે તે નીસ્તીની કુદરત પોતાની તગીની કુદરતને વાપરીને તેમ કરશે. **ટુંકમાં એ** કે નીસ્તી-ગેતીને ઉભી કરી ઘડીને ચલાવનાર ભોગવાવનાર અને ભોગવટા પ્રમાણે સજા-ઝઝા આપી સુધારનાર કુદરત તે "**અઓજ**" છે, અને જે કંઇ સુધરીને ગવ-હોમંદ થતું જાય છે તેને મોક્ષે લઇ જનાર કુદરત તે "**તગી અને જોર**" છે. નીસ્તી-ગેતીમાં યજતો 'મિથ્ર'ના ભેદમાં રહેતા નથી. એટલે જેમ હસ્તીમાં યજતો 'મિથ્ર'ના ભેદમાં રહે છે એટલે અહુરામાં મળી જઇને કામ પડે ત્યારેજ બહાર આવીને પાછા અહુરામાં મળ્યા કરે છે, તેમ નીસ્તીમાં રહેતા નથી. નીસ્તીમાં યજતો અહુરાથી છુટા થઇને રહે છે, જો કે અહુરા સાથે સીધ્ધા રાહ પઇવંદમાંજ હોય છે. આ વખતે ત્યારે યજતોને '**પાયૂ-થ્વોરૅશ્તાર**' કહે છે. '**પાયૂ**' નેકીનો પાસબાન છે; '**થ્વોરૅશ્તાર**' બદીને મારીને ભલાઇમાં ઘડયા કરે છે. સૃષ્ટીમાં કુદરત છે અને યજતોમાં કુદરત સમાઇને બહાર

પડે છે તે ઉપર વાંચ્યું. પણ આવી રાતનો કુદરત અને યજતનો ભાશ લેવા આવી કંઇ સરખામણી બતાવવી જોઇએ, કે જેથી કંઇક ભાશ આવે. ખરો ભાશ તો સેઝદાથીજ આવી શકે છે. કુદરત હમેશાં દોરમાં circle માં ફરે છે, જેને 'રથવ્ય ચખ્ર' એટલે રતૂ એટલે તે સાહેબના સરદારે દોરેલું ચક્ર કહે છે. આ સરકલ એક મધ્ય centre કહેતાં રતૂથી દોરાય છે. આ રતૂ ત્યારે તે ચક્રને દોરવનાર મધ્ય છે. આ રતૂ ત્યારે તે યજત છે, અને તે પોતાનું જોર radius કાઢે છે. તે radius ની શકિત કહેતાં અઓજ-તગી છે, અને પછી જે દોર રથવ્ય ચક્ર દોરાય છે તે કુદરત છે. આ મધ્મ centre રતૂ, પેલો radius અઓજ-તગી, અને પેલો રથવ્ય ચક્ર બધું હામોઇમાં છે, એકનું એક થયા કરે છે, એકમેકમાં મર્જ થઇ મધ્યમાં મર્જ થાય છે, માટે મધ્ય મરકઝમાં તે બધું મળી જાય છે-એમ યજ થયા કરે છે. આમ યજતોમાં કુદરત કહેતાં 'અઓજ-જાર-તગી' છે. યજતો જ્યારે નીસ્તીને ભોગવટો કરે તેવી ઘડે છે, ત્યારે તેઓને '**થ્વોરૅશ્તાર**' કહે છે. યજતો પોતે '**થ્વોરૅશ્તાર**' થઇને નીસ્તી-ગેની કે તેની રજેરજને ઘડતી વખતે પોતાની અઓજની શકિતનો કંઇક ભાગ તે તે ચીજોમાં જીવ જાન તરીકે, ગવ તરીકે, '**સ્નઇથિષ**' તરીકે મુકે છે, **જે ગવ યા સ્નઇથિષ તે તે ચીજોની અંદર મુકાતી નાની કુદરત તરીકે થાય છે,** જે નાની કુદરતબી એક મધ્ય મરકઝ centre ઉપરથી રેડીઅસ કહેતાં અઓજ મારફતે દોરાય છે. આવો નરનો દોર થઇને તે પેદા પડતી ચીજમાં વહીને તે રજેરજને ઉભી કરે છે. પણ આ અંદર ગયલી નાની કુદરતનું મરકઝ મધ્ય અને પેલી radius અઓજ અને પેલો દાએરો છુટો જેમ આપણે કાગળ ઉપર દોરીએ છીએ તેમજ રહે છે; મધ્ય અને radius અને દોર circumference એકમેકમાં મળતા નથી,-યજ થવાના ભેદમાં જતા નથી, કે જેમ યજતોમાં રહેલી કુદરતના દાએરામાં થઇ રહે છે. એમ છે માટે તો તેવી અંદરની કુદરત આપણાં તનને ઉભુ કરી શકે છે, એટલે એવું તન કરી શકે છે કે તે તન પેલી ઉભી કરનાર કુદરત સાથે યજ થઇ શકતું નથી, મળી જતું નથી. પણ જ્યારે યજતો પાયૂ તરીકેના થઇ તગીની કુદરત વાપરીને તેવી ગતીની કુદરતથી તે તે ચીજોને ચાલતી કરે છે-ઘડે છે, ત્યારે તે તે ચીજો મોક્ષે જતી રહે છે. '**પાયૂ**' તરીકે જ્યારે યજતો કામ કરી તે તે ચીજોની ભલાઇની રક્ષા કરી રહે છે, ત્યારે તેઓમાં તગીની કુદરત કામ કરે છે, અને '**થ્વોરૅશ્તાર**' તરીકે જ્યારે યજતો કામ કરે છે, ત્યારે તે તે ચીજો કે જેમાં કચાસ ઘણી છે તે કચાસને પોતાની અઓજની ગતીથી ઘડીને ભોગવટો કરવા જેવી, જન્મ-મરણ કરીને ઠેકાણે

આવે તેવી ઉભી કરે છે. જયારે યજતો પાયૂ તરીકે થઇ તગીની કુદરતથી ઇનસાનને મોક્ષે લઇ જાય છે, ત્યારે ઇંનસાનમાંની કુદરતમાં જોરની ગતી પેદા પડે છે, ઇનસાનમાં જોરની કુદરત જાગૃત થાય છે, અને તેમાંની તેમંધહની ગતી તે જોરથી રઓક્ષ્નમાં ફેરવાતી રહે છે. આ વખતે ઇનસાનમાંની કુદરત કાગળ ઉપર દોરેલા દાએરાની માફક રહેતી નથી, પણ દાએરા અને તે radius તે મધ્યમાં મળતા જાય છે; જેમ યજતમાંની કુદરત મધ્યમાં મળે છે તેમ મળતી જાય છે. આમ જયારે કુદરત ઇનસાનમાં જોરવાળી થાય છે ત્યારે તનની હાલતભી તે કુદરતને મળી શકે તેવી 'ખાથ્વત'=તુરમંદ થતી આવે છે. ઇનસાનમાં જયારે જોરની કુદરત ઉપર કહી તેવી ઉભી થાય છે ત્યારે તે ઇનસાનમાં અઓષેમની ગતી પેદા પડે છે. ટુંકમાં એકે ઇનસાનને જયારે થ્વોરેશ્તાર યઝત ઘડે છે ત્યારે અઓજની કુદરત કામે લાગે છે અને અઓજની કુદરતનો નાનો ભાગ તે ઇનસાનમાં કાગજ ઉપર દોરેલા દાએરાની માફક ફરીને કામ કરી રહે છે, જેમાં જોરની કુદરત મંદ રહે છે અને શરીરમાંની તેમંધહની ગતીભી ત્યાં ચાલુ થાય છે. પણ જયારે તેની ઉપર એક વખતે થ્વોરેશ્તાર તરીકે કામ કરતો તે યજત સરોશના ભેદમાં આવીને પાયૂ તરીકે થઇને તે ઇનસાનમાં પોતાની તગીની કુદરતને કામે લગાડે છે ત્યારે તે ઇનસાન ભલાઇ ઉપર ચઢી રહે છે, કેમકે આ વખતે તે ઇનસાનમાંની કાગજ ઉપર દોરેલા દાએરા માફક કામ કરતી કુદરતમાં જોરની કુદરત ઉભરી આવે છે અને ઇનસાનમાંની તેમંધહની ગતી તે જોરની કુદરતને તાબે થઇ રઓક્ષ્નમાં ફેરવાય છે અને ઇનસાનમાં થયલી આવી કુદરતનો દાએરો પછી યજતમાં ફરતી કુદરતની માફક પોતાના મધ્યમાં મળતો રહે છે. ત્યારે થ્વોરેશ્તાર તરીકે પાપીઓને ઘડતી વખતે યજતો અઓજની કુદરત વાપરે છે. ગુનાહગાર ઇનસાનની અંદર જતી કુદરતમાં જોરની ગતી મંદ હોય છે અને તેમંધહની ગતી કામ કરતી હવસો ઉભરાવતી ગુનાહો કરાવતી રહે છે. જયારે પાપી ઇનસાન થ્વોરેશ્તાર યજતથી ઘડાઇ ઘડાઇને ભલો થઇ રહે છે ત્યારે યજતો પાયૂ તરીકે આવીને સરોશ તરીકે થઇ એટલે પાયૂ યજત સરોશ સાથે મળીને તગીની કુદરતથી તે ઇનસાનને ઉંચે લઇ જાય છે અને તે ઇનસાનમાંની કુદરતમાં જોરની શકિત ઉભી કરાવે છે જે પછીથી તે ઇનસાનમાંની તેમંધહની ગતી રઓક્ષ્નીમાં ફેરવાતી જાય છે, જેથી ઇનસાનની પાપી મતી સુધરી જાય છે. યજતો થ્વોરેશ્તાર તરીકે કામ કરે ત્યારેભી તેઓ પોતામાંની સરોશની ગતીને જોરેજ કામ કરી શકે છે. યજતો પાયૂ તરીકે કામ કરે ત્યારેભી તેઓ પોતામાંની સરોશની ગતીને જોરેજ કામ કરે છે. આમ છે માટેજ પહેલા ફકરામાં કહે છે કે સરોશ સાથે પાયૂ અને થ્વોરેશ્તાર યજતો યજ

થયા કરે છે. આમ ત્યારે સરોશને જ્યારે તગીની કુદરતવાળો કહેં છે ત્યારે તે સરોશ ઇનસાનમાં જોરની શકિત ઉભી કરીને ઇનસાનને મોક્ષે લઇ જાય છે. પણ જ્યારે સરોશને 'અઓજ઼ઓ'=અઓજની કુદરતવાળો કહે છે ત્યારે સરોશ થ્વોરેશ્તાર યજત સાથે યજ થઇ એટલે થ્વોરેશ્તારીનું બુરાઇને ઘડવાનું કામ કરીને ઇનસાનમાંની હવસી ગતીઓને મારીને ઘડી રહે છે. આમ ત્યારે આ ચોથા ફકરામાં સરોશ જ્યારે દ્રેગુમાંની બુરી ગતીઓ જે અએષમને મળીને દ્રેગુને હેરાન કરવા જાય છે તેને મારે છે, ત્યારે સરોશને **અઓજ**વાળો કહયો છે. આવી રીતે અવસ્તામાંના શબ્દોનો ઉંડો ભેદ રહયો છે.

(૧૧) (કરદો ૫મો) ☞ **સ્રઓષॅમ[૧] અષીમ[૨] હુરઓદॅમ[૩] વॅરॅથ્રાજનॅમ[૪] ફ્રાદત્‌-ગએથॅમ[૫] અષવનॅમ[૬] અષહે[૭] રતૂમ[૮] યજમઇદે.[૯]** (☜ ત્રણ વાર પઢવું.)

**તખ્મॅમ,[૧૦] આસૂમ,[૧૧] અઓજંઘ્ઞુવન્તॅમ,[૧૨] દરॅષતॅમ,[૧૩] સૂરॅમ,[૧૪] બॅરॅજઇદીમ.[૧૫]**

**(૧૨) યો[૧૬] વીસ્પએઇબ્યો[૧૭] હચ અરॅજએઇબ્યો[૧૮] વવનાઓ[૧૯] પઇતિ-જસઇતિ[૨૦] બ્યાખ્મ[૨૧] અમॅષનાંમ્ સ્પॅન્તનાંમ્.[૨૨]**

***અહે રય ખ્વરॅનંઘહુચ, અંઘહે અમ વॅરॅથ્રઘ્નચ, અહે યસ્ન યજતનાંમ્ તॅમ્ યજાઇ સુરૂન્વત યસ્ન; સ્રઓષॅમ્ અષીમ્ જઓથ્રાબ્યો, અષીમ્ચ વંઘુઉહીમ બॅરॅજઇતીમ, નઇરીમ્ચ સંઘॅમ હુરઓદॅમ. આચ નો જમ્યાત્‌ અવંઘહે વॅરॅથ્રજાઓ સ્રઓષો અષ્યો. સ્રઓષॅમ્ અષીમ્ યજમઇદે. રતૂમ્ બॅરॅજન્તॅમ્ યજમઇદે, યિમ્ અહુરॅમ મજદાંમ્, યો અષહે અપનોતॅમો, યો અષહે જઘ્નૂશ્તॅમો. વીસ્પ સ્રવાઓ જરથુશત્રિ યજમઇદે. વીસ્પચ હ્વરૂશ્ત બ્યઓથ્ન યજમઇદે, વરૂશ્તચ વॅરॅશ્યમ્નચ.**

**યેંઘહે હાતાંમ્ આઅત્‌ યેસ્ને પઇતી વંઘહો, મજદાઓ અહુરો વએથા અષાત્‌ હચા, યાઓંઘહાંમ્ચા તાંસ્ચા તાઓસ્ચા યજમઇદે.**

(૧૧-૧૨) અષીના સરદાર,[૨] || ખુબસુરત,[૩] || ફત્તેહમંદ,[૪] || રજેરજનાં અનાસરી બંધારણને તુર તરફ લઇ જનાર,[૫] || અષો,[૬] || અષોઇના[૭] || સરદાર[૮] ||

---

* સમજ માટે જુઓ પાને ૪૯૭ મે.

સરોશ સાથે[૮] ‖ એકતાન થઇએ છીએ.[૯] ‖ (તે સરોશ) ‖ જોશાવર, બધે-બધ પુગી વળે તેવી ગતીવાળો,[૧૦] ‖ ઝડપી એટલે એણુની વખતે જોઇએ ત્યારે જઇને ભકતોને મદદ કરનાર,[૧૧] ‖ અઓજની† કુદરતવાળો[૧૨] (અને તેથી બુરાઇને ઘડનાર), ‖ (અઓજની કુદરતથી) દએવોને મારીને નેજાત અપાવનારો એટલે દેવોની બુરાઇ માટે ભંયકર,[૧૩] ‖ સૂરો, પોતાના થ્વોરેશ્તા-રીનાં ઘડવાનાં કામમાં જરાબી પાછો નહિ હઠે તેવો,[૧૪] ‖ **બૅરૅજ**=ઉંચી ગતીએ નેજાત તરફ ઘડી ઘડીને લઇ જનાર, ભલી ખેતી કરનાર[૧૫] (છે), ‖ જે[૧૬] (સરોશ) ‖ બધી[૧૭] ‖ લડાઇઓ '**હુચ**'=તરફ[૧૮] ‖ (જઇ તે લડાઇઓમાં ભાગ લઇને, તે લડાઇઓમાં થતી ભલા–બુરાની મારામારી-માંથી એટલે ભકતોમાં થઇ રહેતી ભલા–બુરાની મારામારીમાં પોતે જોડાઇ ભલાઇને મદદ કરીને, તે લડાઇમાંથી) ‖ ભલાઇને જીત અપાવનાર થઇ,[૧૯] ‖ **અમશારપંદો**=અમર ગતીવાળાઓની[૨૦] ‖ મીજલસ તરફ[૨૧] ‖ જંગનો ધણી થઇ જીતનાર થઇને જાય છે, એટલે તે ઇનસાનના હવસોને જીતી તેનામાં સ્રઓષેમની ગતી ઉભી કરાવી તે સ્રઓષેમમાં પોતે જોડાઇને તે સ્રઓષેમને અમર ગતી મેળવવા તરફ, હવસોને ભલાઇમાં ફેરવવા તરફ મોકલે છે;[૨૨] ‖ (એટલે જે કોઇ ઇનસાન તરીકત ઉપર રહીને ભલાઇની બાજુનો રોશન ફેલ કરે એટલે તરીકત પાળી દીલના અવાજ પ્રમાણે જે કંઈ તેનાથી થઇ જાય, જેનું તેને ભાન થાય, તેમ તેવું કહી પતેત કરે એમ મહેરને અમલમાં મુકે, તેને સરોશ મદદ કરવાનોજ, કેમકે સરોશને કયે વખતે, કયા મોકાઓ ઉપર, કેવી રીતે મદદ આપવી તે ખબર છે અને તેમ કરવા સરોશ સામ-ર્થવાન છે, ચાલાક છે, મોકા નહિ ચુકે તેવો છે માટે ખબરદાર રહયા કરે છે. એમ ઇનસાફથી સચેત રીતે ઝડપથી મોકાસર વર્તનાર છે, ઇન-સાનની દુટી આગળના ફ્રાહનાં ૧૧) માં ચખ્રમાંનાં પેટનાં મેદાનમાં ભલાં બુરાંની નીરતર મારામારી થયાજ કરે છે તેમાં સરોશ ભકતોને ભલી બાજુને મદદ આપીને ટેકવી રાખે છે. હયાં દ્રેગુમદૅથીબી ઉતરતાં ઇનસાનો, કે જેઓમાં અહૂ પ્રત્યેની પુણું તાબેદારી અને પુણું વિશ્વાસ નથી, પણ જેઓ અંતકરણથી તે વિશ્વાસ મેળવવા શ્રમ ખેંચી રહે છે, જેઓ હવસોની ચુંગાલમાં જાતજાતની રીતે બેહોશ થઇ સપડાવાની ધારતીમાં રહે છે, તેઓનો બચાવ સરોશ કરે છે, તેની નોંધ છે.)

(૧૩) (કરદો ૬ ઠો) ☞ **સ્રઑષૅમ[૧] અષીમ[૨] હુરઑઢૅમ[૩]**

† હયાં સરોશને અઓજવાળો એટલા માટે કહયો છે કે સરોશ ભલા-બુરાની મારામારીમાં સામેલ થઇ બુરાઇને મારીને ઘડે છે એટલે થ્વોરેશ્તાર તરીકે સરોશ કાર્ય કરે છે.

વૅરેથ્રાજનૅમ[૪] ફ્રાદત્-ગએથૅમ[૫] અષવનૅમ[૬] અષહે રતૂમ[૭] યજ-મઇદે.[૮] ( ☞ ત્રણ વાર પઢવું.)

યૂનાંમ[૯] અઍાજિશ્તૅમ,[૧૦] યૂનાંમ[૧૧] તનજિશ્તૅમ,[૧૨] યૂનાંમ[૧૩] થ્વક્ષિશ્તૅમ,[૧૪] યૂનાંમ[૧૫] આસિશ્તૅમ,[૧૬] યૂનાંમ[૧૭] પરો-કતરૂશ્તૅમૅમ.[૧૮] પઇતિષત[૧૯] મજદયસ્ન[૨૦] સ્રઍાષહે[૨૧] અષ્યેહે[૨૨] યસ્નૅમ.[૨૩]

(૧૪) દૂરાત્[૨૪] હચ અહ્માત્ ન્માનાત્,[૨૫] દૂરાત્[૨૪] હચ અંઘ્રહાત્ વીસત્,[૨૬] દૂરાત્[૨૪] હચ અહ્માત્ જન્તઍાત્,[૨૭] દૂરાત્[૨૪] હચ અંઘ્રહાત્ દંઘ્રહઍાત્,[૨૮] અઘાઓ[૨૯] ઇથ્યેજાઓ[૩૦] વોઇઘ્-નાઓ[૩૧] યેઇન્તિ;[૩૨] યેંઘ્રહે[૩૩] ન્માનય[૩૪] સ્રઍાષો[૩૫] અષ્યો[૩૬] વૅરે-થ્રજાઓ,[૩૭] થ્રાંફ્દો[૩૮] અસ્તિ[૩૯] પઇતિ-જન્તો;[૪૦] નાચ[૪૧] અષવ,[૪૨] ફ્રાયો-હુમતો,[૪૩] ફ્રાયો-હૂખ્તો,[૪૪] ફ્રાયો-હ્વરૂશ્તો.[૪૫]

*અહે રય ખરૅનંઘ્રહચ, અંઘ્રહે અમ વૅરેથ્રઘ્નચ, અહે યસ્ન યજતનાંમ્, તૅમ્ યજાઇ સુરૂન્વત યસ્ન, સ્રઍાષૅમ્ અષીમ્ જઍા-થ્રાબ્યો, અષીમ્ચ વંઘ્રુહીમ્ બૅરેજઇતીમ્, નઇરીમ્ચ સંઘ્રહૅમ્ હુરઍાદ્દમ. આચ નો જમ્યાત્ અવંઘ્રહે વૅરેથ્રજાઓ સ્રઍાષો અષ્યો. સ્રઍાષૅમ્ અષીમ્ યજમઇદે. રતૂમ્ બૅરેજન્તૅમ્ યજમઇદે, યિમ્ અહુરૅમ મજદાંમ્, યો અષહે અપનોતૅમો, યો અષહે જઘ્મૂશ્તૅમો. વીસ્પ સ્રવાઓ જરથુશ્ત્ર યજમઇદે. વીસ્પચ હ્વરૂશ્ત શ્યઍાથ્ન યજમઇદે, વરૂશ્તચ વરૅશ્યમ્નચ.

યેંઘ્રહે હાતાંમ્ આઅત્ યેસ્ને પઇતી વંઘ્રહો,
મજદાઓ અહુરો વએથા અષાત્ હચા,
યાઓંઘ્રહાંમ્ચા તાંસ્ચા તાઓસ્ચા યજમઇદે.

(૧૩) અષીના આશીરવાદો આપવાના અધીકારવાળા,[૨] ‖ ખુબ-સુરત, વ્યવસ્થાવાળા અને વ્યવસ્થા સ્થાપનાર,[૩] ‖ ફત્તેહમંદ, દુશ્મને હમેશ જીતનારા,[૪] ‖ નીસ્તીની રજેરજનાં બંધારણને અનાસરની ગતીમાંથી તુર તરફ વધારનાર[૫], ‖ અષો[૬] ‖ અષોઇના[૭] ‖ સરદાર[૮] ‖ સરોશ સાથે[૧] ‖ એકતાન થઇએ છીએ.[૯] ‖ (સરોશ) ‖ જુવાનોમાં[૯ ૧૧·૧૩·૧૫·૧૭] (એટલે નવજુવાની હમેશાં રાખનાર શકિતઓમાં, અમર ગતીની બલીહારી હમેશાં રાખનાર શકિત-ઓમાં=જરવાને અકરને જે છેડા વગરનો એટલે શરૂઆતને છેડામાં મળેલો

---

* તરજુમા માટે જુઓ ઉપર પાને ૪૮૭ મે.

રાખે છે એટલે જેવોને તેવો નવ જુવાન છે તેની ગતીએ પુગેલા ૩૩ અહુ અને ૩૩ રતુઓમાં, જેઓ અઓજની કુદરત રાખે છે તેવાઓમાં) || પુણ્ર્ રીતે રોશનીને લગતું કામ કરી શકે તેવા અઓજની ગતીવાળાઓમાં અતી બળીષ્ટ,[૧૦] || દ્રઢતાવાળાઓમાં, ઘડવાનાં કામમાં બેનમુન ધીરજ રાખી ઘડયા વગર છોડે નહિ તેવાઓમાં અતી દ્રઢતાવાળો,[૧૨] || અતી સુક્ષ્મ રીતે પુરતીબાજ થઇ કામ કરનારો–મોકો ચુકે નહિ તેવી રીતે કામ કરનારાઓમાં ઉત્તમ રીતનું કામ કરનારો,[૧૪] || સમય સુચકતા વાપરીને કામ કરનારાઓમાં પુણ્ર્ રીતનો,[૧૬] || અહુનવઇર્ય મુજબ ચાલી ચલાવનારાઓ જેઓ ઉત્સાહ રાખી મોટા સાહસોને માથે ઉઠાવી રહે છે તેઓમાં બેનમુન અતી દુરલભ ઉત્સાહવાળો છે.[૧૮] || અએ મજદયસ્નાનો ![૨૦] || અષોઇની પુણ્ર્ ગતીવાળા[૨૨] || સરોશની[૨૧] || યસ્નમાં જોડાવા માટે[૨૩] || મુરાદ માંગો, ઇચ્છા રાખો, દુઆ કરો,[૧૯] || (તલબગાર થાઓ. જેમ સરોશ અહુરાની તાબેદારી કરીને અહુરાનું કામ કર્યા જાય છે, તેમ તમો અહુરમજદ–દીન–પેગામ્બર તરફ તાબેદારી બતાવી પોતામાં સ્રઓષેમની ગતી ઉભી કરી સરોશ યજત સાથે રાથ્વી થઇને યસ્નમાં ગુંટાયલા રહો એમ ઇચ્છો, દુઆ માંગો.) ||

(૧૪) જે[૩૩] || ઘરમાં[૩૪] || સરોશ[૩૫] || અષો થયલો,[૩૬] || ફ્રત્તેહમંદ થયલો,[૩૭] || મનની ઇચ્છા જે અમર ગતી મેળવવાની છે તેવી ઇચ્છા પામેલો,[૩૮] || આવકારનું માન પામેલો એટલે ઘરના ધણીની માફક આવ જાવ કરવાનું માન પામી અધીક કીર્ત્તીવાળો થયલો[૪૦] || (હોય છે, એટલે સરોશ યજત તો અષો અને ફ્રત્તેહમંદજ હોય, પણ જે કોઇ ઇનસાને પોતામાંના '**પંજે–ઝરવીકશે–બાતેન**'નાં ભાનમાં ખાકસારી ઉભી કરી અહુરાની પુણ્ર્ તાબેદારીની ગતી નામે સ્રઓષેમની ગતી ઉભી કીધી હોય, અને તેવી ઉભી કીધેલી સ્રઓષેમની ગતીને અષો સરોશ યજતને દરજજે પુગાડી હોય, પોતાના '**પંજે–ઝરવીકશે–બાતેની**'ની અંદર ઉભા કીધેલાં સરોશ જેવાં પાવરને સરોશ યજત જેવી અષોઇવાળો, ફ્રત્તેહમંદ, હવસોને મારવામાં નહિ ચુકે તેવો, અહુનવઇર્યના હોકમ મુજબ કામ કરનાર, ગવની પરદુખભંજનની ગતીવાળો, સ્તુતી પાત્રનું કામ દમેદમમાં કરી શકે તેવો કીધો હોય અને જેમ) || અષોઇમાં આગળ વધતો[૪૨] || (સરોશ તરફ જઇ રહેલો) નર[૪૧] || હુમતોમાં એટલે યજતો જેવી મિથીક ગતી મેળવવામાં '**ફ્રાયો**'=આગળ વધતો રહે છે,[૪૩] || હુખ્તોમાં એટલે યજતો જેમ નીસ્તીમાં કામ કરે છે, નીસ્તીને ઘડી રહયા છે અને અહુરાની જય પોકારી રહયા છે તેમ દાદારની જય પોકારવામાં રોકાઇને આગળ વધતો રહે છે એમ યજતોને મદદ કરવા માટે માંથ્રો ભણતો રહે

છે,[૪૪] (અને) ‖ હવરશ્તોમાં એટલે યજતી ગતી જેમ ગેતીમાં પરોપકારી કામ કરી રહે છે તેમ પરોપકારી કામ કરવામાં આગળ વધતો રહે છે,[૪૫] ‖ (તેમ તે સરોશની ગતીને પોતામાં ઉભો કરી રહેલો નરબી) ‖ આગળ વધતો નર અષો[૪૧-૪૨] (થઇ) ‖ હુમતમાં આગળ વધતો એટલે હસ્તીનો ભેદ પામી રહેતો,[૪૩] ‖ હૂખ્તમાં આગળ વધતો એટલે નીસ્તી અને ગેતીનો ભેદ પામી રહેતો,[૪૪] ‖ હવરશ્તમાં આગળ વધતો એટલે જીંદગીની નેમ જે ભલાઇ ઉપર જઇ બીજાને-કુલ ગેતીને ભલાઇ ઉપર લઇ જવાની છે તેની મહત્વતાને પામી રહેતો[૪૫] (થયો હોય તો તેવા) ‖ તે નરનાં ઘરમાંથી[૨૫] ‖ (એટલે તે શખ્સના ભલાઇએ ચઢેલા સરોશની ગતી પામેલાં શરીરરૂપ ઘરમાંથી અથવા ખુદ જે ઘરમાં રહેતો હોય-કુટુંબીઓ સાથ રહેતો હોય તે બધાંની અઇપિમાંથી, તે બધાના વસવાતમાંથી વીધ્નો-આફ્તો દુર જાય છે), ‖ તે નરના મોહલ્લામાંથી[૨૬] (એટલે તે નરના જીવતી હાલતના ધંધા-ધાપા કામકાજ-કુટુંબ-પરીવારના વહેવારમાંથી, તે નર જેઓની વચમાં રહીને કંઇબી રીતની મદદ પામતો હોય તેઓની પઇરિ સામટી વાતાવરણમાંથી વીધ્નો-આફ્તો દુર જાય છે). ‖ તે નરના કસબામાંથી[૨૭] (એટલે તે શખ્સના ગુજર્યા બાદની હાલતોમાંથી, સે શબની ગતીમાંથી એટલે ગેતી તરફ આકર્ષાઇને અનુશેહીમાં ખલલ પડવાની કમનસીબીમાંથી વીધ્નો-આફ્તો દુર જાય છે). ‖ તે નરનાં શાહેરમાંથી[૨૮] (એટલે જીવતી હાલતમાં તરીકતો પાળી હવસોને જીતી ખરી સદગતી મેળવેલો, જેને ખરો ભેદી રીતનો શહેરી-શીખેલો-પાર પડેલો પુન્યવંત અષવન થયલો કહે છે, તેમ થવાની હાલતમાં વચમાં આવતા કમનસીબ સંજોગોમાંથી તેમ ગુજર્યા પછી તનાસકમાં નહિ પડાય-ચીનવત પસાર કરતાં મુશ્કેલી નહિ પડે અને 'દાદારે ગેહાન્' પુગવામાં ખલલ પડે નહિ તેવા ભલા 'વાકેઆ'=બનાવમાંથી અઘડાઇ-મુશ્કેલીઓ દુર જાય છે;-આમ તે નરનાં ઘર-મોહલ્લા-કસ્બા-શહેરમાંથી) ‖ બુરૂં માંગતું લેહેણુ અને તેના આઝાબને લીધે પડતી આફ્તો એટલે ગુનાહો ઉભા થવાના સંજોગો[૨૯] (અને) ‖ કમોત-જુવાની વયમાંનું ભોગવટા કીધા વગરનું મરણ અને તેને લીધે ભોગવટાઓ રહી જવાથી આવતી તનાસકની આફ્તો,[૩૦] ‖ મોટા વીધ્નો જે સદ ગતીને ઉઠલાવે તે બધું[૩૧] ‖ દુર[૨૪] ‖ જાય છે.[૩૨] (**હયાં વીધ્નોમાં ચાલતી જીંદગીની માંદગીઓ-વબાઓ-આફ્તો-શહેર-દેશ-શહેનશાહત ઉપરની આફ્તો-મરણ પછીની તનાસકની આફ્ત વીગેરે આવી જાય છે.** ત્યારે સરોશની ગતીએ પુગેલો ઇનસાન પોતે સલામત છે એટલુંજ નહિ પણ તે પોતાના ઘર-કુટુંબ-સગાંથી તે છેક ત્રણે

પેદાએશ અને શહેર અને શાહેનશાહત લગીનો અને આવતી જીંદગી લગીનો બચાવ કરે છે અને કુલ ગેતીને ભલી દુઆથી જરા દમ ખાવા દે છે.)

(૧૫) (કરદો ૭ મો) ☞ સ્રઑષૅમ્ અષીમ્ હુરઑદ્દમ વૅરૅથ્રાજનૅમ્ ફ્રાદત્-ગએથૅમ્ અષવનૅમ્ અષહે રતૂમ્ યજમઇદે. (☜ ત્રણ વાર પઢવું.)

યો વનનો કયદહે, યો વનનો કાઇદ્રયેહે, યો જન્ત દએવ-યાઓ દ્રુજો અશ-અઑજંઘ્રહો અહૂમ-મૅરન્ચો; યો હરૅત અઇ-બ્યાક્તચ વીસ્પયાઓ ફ્રવોઇશ ગએથયાઓ.

(૧૬) યો અનવંઘ્રહુબ્દૅમ્નો જએનંઘ્રહ નિપાઇતિ મજ-દાઓ દામાંન્; યો અનવંઘ્રહુબ્દૅમ્નો જએનંઘ્રહ નિશહુઉર્વઇતિ મજદાઓ દામાંન્. યો વીસ્પૅમ્ અહૂમ અસ્તવન્તૅમ્ ઑરૅદ્દવ સ્નઇથિષ નિપાઇતિ પસ્ચ દ્ર ક્રાષ્મો-દાઇતીમ.

(૧૭) યો નોઇત્ પસ્ચએત હુશખ્ફ, યત્ મઇન્યૂ દામાંન્ દઇદીતૅમ, યસ્ચ સ્પૅન્તો મઇન્યુશ યસ્ચ અંઘ્રો. હિષારો અષહે ગએથાઓ. યો વીસ્પાઇશ અયાંન્ચ ક્ષફ્નસ્ચ યૂઇદ્રયેઇતિ માજ-ન્યએઇબ્યો હદ દએવએઇબ્યો.

(૧૮) હો નોઇત્ તરૂશતો ફ્રાનામઇતે થ્વએષાત્ પરો દએવએઇબ્યો; ફ્રા અહ્માત્ પરો વીસ્પે દએવ અનુસો તરૂશત નૅમન્તે, તરૂશત તૅમંઘ્રહો દ્રૅરન્તે.

†અહે રય ખરૅનંઘ્રહચ, અંઘ્રહે અમ વૅરૅથ્રઘ્નચ, અહે યસ્ન યજતનાંમ્ તૅમ યજાઇ સુરૂન્વત યસ્ન; સ્રઑષૅમ્ અષીમ્ જઑ-થ્રાબ્યો, અષીમ્ચ વંઘ્રઉહીમ્ બૅરૅજઇતીમ, નઇરીમ્ચ સંઘ્રહૅમ્ હુરઑદૅમ્. આચ નો જમ્યાત્ અવંઘ્રહે વૅરૅથ્રજાઓ સ્રઑષો અષ્યો. સ્રઑષૅમ્ અષીમ્ યજમઇદે. રતૂમ્ બૅરૅજન્તૅમ્ યજમઇદે, યિમ્ અહુરૅમ મજદાંમ્, યો અષહે અપનોતૅમો, યો અષહે જધ્નૂશતૅમો. વીસ્પ સ્રવાઓ જરથુશત્રિ યજમઇદે. વીસ્પચ હુવરૂશત ષ્યઑથ્ન યજમઇદે, વરૂશતચ વૅરૅષ્યમ્નચ.

---

ફકરાઓ નંબરો ૧૫-૧૬-૧૭-૧૮ નાં તરજુમા માટે જુઓ સરોશ યશ્ત હાદોખ્ત કરદો ૨ જો પાને ૪૮૯ થી ૪૯૨ મે.

† એ ફકરાની સમજ માટે જુઓ પાને ૪૮૭ મે.

યેંઘ્હે હાતાંમ્ આઅત્ યેસ્ને પઇતી વંઘ્હો,
મજ્દાઓ અહુરો વએથા અષાત્ હચા,
યાઓંઘ્હાંમ્ચા તાંસ્ચા તાઓસ્ચા યજમઇદે.

(૧૯) (કરદો ૮ મો) ☞ સ્રઓષેંમ્[1] અષીમ્[2] હુરઓ-દેંમ્[3] વેંરેથ્રાજનેંમ્[4] ફ્રાદત્-ગએથેંમ[5] અષવનેંમ્[6] અષહે[7] રતૂમ્[8] યજમઇદે.[9] (☞ ત્રણ વાર પઢે.)

યિમ[10] યજત[11] હઓમો[12] ફ્રાષ્મિશ,[13] બએષજયો,[14] સ્રીરો,[15] ક્ષથ્રયો,[16] જઇરિ-દોઇથ્રો,[17] બરેંજિશ્તે[18] પઇતિ[19] બરેંજહિ[20] હુર-ઇથ્યો પઇતિ બરેંજયાઓ.[21]

(૨૦) હુવચાઓ[22] પાપો-વચાઓ,[23] પઇરિગાઓ વચાઓ,[24] પઇથિમ્નો[25] વીસ્પો-પએસીમ્[26] મસ્તીમ્,[27] યાંમ્[28] પોઉરૂ-આજઇન્તીમ્[29] માંથ્રહેચ[30] પઉર્વતાતેંમ્.[31]

†અહે રય ખરેંનંઘ્હચ, અંઘ્હે અમ વેંરેથ્રઘ્નચ, અહે યસ્ન યજતનાંમ્ તેંમ્ યજાઇ સુરૂન્વત યસ્ન; સ્રઓષેંમ્ અષીમ્ જઓ-થ્રાબ્યો, અષીમ્ચ વંઘ્હઉહીમ્ બેંરેંજઇતીમ્, નઇરીમ્ચ સંઘ્હેંમ્ હુરઓદેંમ્. આચ નો જમ્યાત્ અવંઘ્હે વેંરેથ્રજાઓ સ્રઓષો અષ્યો. સ્રઓષેંમ્ અષીમ્ યજમઇદે. રતૂમ્ બેંરેંજન્તેંમ્ યજ-મઇદે, યિમ્ અહુરેંમ્ મજ્દાંમ્, યો અષહે અપનોતેંમો, યો અષહે જધ્મૂશ્તેંમો. વીસ્પ સ્રવાઓ જરથુશ્ત્રિ યજમઇદે. વીસ્પચ હ્વરૂશ્ત ષ્યઓથ્ન યજમઇદે, વરૂશ્તચ વર્ષ્યમ્નચ.

યેંઘ્હે હાતાંમ્ આઅત્ યેસ્ને પઇતી વંઘ્હો,
મજ્દાઓ અહુરો વએથા અષાત્ હચા,
યાઓંઘ્હાંમ્ચા તાંસ્ચા તાઓસ્ચા યજમઇદે.

(૧૯-૨૦) અષીની આશીરવાદીક શકિત રાખીને જગતમાં પાંથર-વાની પુણ્[1] અષોઇવાળા,[2] || ખુબસુરત, વ્યવસ્થાવાળા,[3] || ફત્તેહમંદ, દુષ્મને જીત-નાર,[4] || નીસ્તીની રજેરજના અનાસરનાં બંધારણને તુર તરફ દોરવનાર,[5] || અષો[6] || અષોઇના સરદાર[7] || સરોશ સાથે[1] || એકતાન થઇએ છીએ;[9] || જે સરો-શને[10] || લીલાશવાળા-તન-મનનાં દુખોને રૂજ લાવી શાંતી આપનારા-

† સમજ માટે જુઓ ઉપર પાને ૪૯૭ મે.

ભેજાંમાં લીલાશ કહેતાં શાંતી લાવનારા,[૧૩] ‖ ( એમ ) દરોરતી આપનાર ઉપાયવાળા,[૧૪] ‖ ચળકાતવાળા એટલે દરોરતી આપી બીજાને રચોમંદ કરનારા,[૧૫] ‖ અહુરાથી અધીકાર પામેલા શહેનશાહ જેવા,[૧૬] ‖ સોનેરી આંખવાળા ઇલ્મ–અમલથી ભરપુર[૧૭] (કથીરને સુનામાં ફેરવી શકે તેવા) ‖ ભલા વચનો–માંથ્રો જે પ્રસંગ માટે જોઇએ તેવા જાહેર થયલા અવસ્તા છે તેઓના ભણુનાર–રાખનાર,[૨૨] ‖ **'પાપો વચાઓ'**ના† સુત્રો જેઓને ફ્શુષો–માંથ્ર કહે છે, જે માંથ્રોમાં જગત રચનાની અપુર્ણ જાતને પુર્ણતાની આબાદીએ પુગાડવાની કુદરતની ફ્શુષ–માંથ્રની શકિત પડેલી છે તેવા માંથ્રોના જાણુનાર અને ભણુનાર[૨૩] ‖ **પઇરિગાઓ વચાઓ**ના સુત્રો જેઓને માંથ્ર–સ્પેન્ત કહે છે, જે માંથ્રોને જરથુસ્ત્રના ચેલાઓએ જરથુસ્ત્ર મારફતે અધીકાર મેળવીને ઉભા કીધા છે,–જરથુસ્ત્રે કુદરતના માંથ્ર–સ્પેન્ત નામના આશીશો પોતાના ચેલાઓ ઉપર ઉતારીને તે અધીકાર આપેલો હતો. આવા પઇરિગા વચાઓના† સુત્રોને તેટલા માટે **માંથ્ર–**

---

† **'હવચાઓ'માં જમાનામાં જાહેર થયલા માંથ્રો, ઝંદ અવસ્તાના માંથ્રો વગેરે બીજા માંથ્રો આવે છે. 'પાપો વચાઓ'માં ફ્શુષો–માંથ્રના ૨૧ ) નસ્કો આવે** છે જેઓને અષો જરથુશ્ત્રે કીધેલા છે. **ફ્શુષો–માંથ્રને** આબાદી લાવવાનું કામ કરનાર માંથ્ર કહે છે આબાદી જ્યાંબી લાવવી હોય ત્યાં ત્યારે બરબાદી હોવી જોઇએ. દાદારમાં **અસુના**ની ગતી છે, એટલે અદુઈ છે; દુઇનો ભેદ ત્યાં મળેલો છે માટે ત્યાં તો આબાદી અને આબાદીની સાથની ઉશ્તા અનંત સુખ છેજ. દાદારે અસુનાની એકયતામાંથી ઘણાજ ભેદીમાં ભેદી કારણોને લીધે દુઇને કાઢેલી છે, જે દુઇમાંનાં એકને બઓદ અને બીજાને ઉરવાન કહે છે. આમ દુઇનું છુટું થવું થયું તેજ બતાવે છે કે તે દુઇ સાથે મળતી નથી. દુઇવાળા આ બે નુરોમાં રૂવાનના નુરમાં દ્રવાઓ અજ્ઞાનતા છે માટે ત્યાં આબાદી નથી અને આબાદીને માટે જોઇતો એતેકાદબી નથી. આ દુઇમાંની દ્રવાઓની કચાસને તેની બરબાદીમાંથી આબાદીમાં લાવવાજ આ સૃષ્ટી થઇ છે. દાદારે ફ્શુષો–માંથ્ર નામની શકિત એટલે બરબાદી દુર કરવા માટેની શકિત ઉભી કીધી છે. આ ફ્શુષો–માંથ્રની શકિતથી દાદારે તે બે નુરોને તેમાંના એક નુર સાથના દ્રવાઓ સહિત મેળવી તેમાં પોતાનો દમ ફુકીને સૃષ્ટીને ઉભી કીધી છે. એવી રીતે દાદાર અખંડ સૃષ્ટી એટલે હસ્તી–નીસ્તીને ઉભી કરી તે માંહેલી કચાસનો ભોગવટો કરાવીને તે ભોગવટા મારફતે સુધારીને આબાદી તરફ લઇ જઇ રહે છે: **સૃષ્ટી–રચનાની નેમ ત્યારે ઉરવાન સાથના દ્રવાઓની આબાદી લાવવાની છે.** સૃષ્ટીની જાત ઉસુલ દ્રવાઓનો ભેદ બતાવે છે પણ સૃષ્ટીનું ચાલવું–થઇ રહેવું આબાદી લાવવા માટેની નેમ બતાવે છે જેને ફ્રશો–કેરેતી કહે છે. ઉપર કહ્યું છે તેમ આવી રીતનું સૃષ્ટીનું થઇને ચાલી રહેવું ફ્શુષો–માંથ્રની શકિતથીજ છે. ત્યારે સૃષ્ટીની રજેરજની રચનાની તેહકીકાતો **ફ્શુષો–માંથ્ર**ના ભેદમાંજ છે. અહુરમજદના સૃષ્ટી–રચનાના આવા માંથ્ર

(ફુટનોટ માટે જુઓ પાને ૫૫૨ મે).

**સ્પેન્ત** કહે છે, જેમાં ત્યારે જરથુસ્ત્રે આપેલી કુદરતની ઉછીની શકિત પડેલી છે, જે શકિત પાપોને પુન્યમાં ફેરવી શકે તેવી છે એટલે માનવની

---

(પાને ૫૫૧ મેથી ફુટનોટ ચાલુ).

એટલે શકિતની બરાબરીના માંથ્રો જરથુશ્ત્રે **'વચ'**ના ભેદમાં ઉભા કીધા છે જે **'વચ'**ના નસ્કનેબી ફ્ષુષો-માંથ્રનાજ નસ્કો કહે છે જેમાં ત્યારે સૃષ્ટીનું થવું તેનું વધવું-ચાલવું આબાદીએ પુગવાની બધી તેહકીકાતો રહેલી છે. એમ ત્યારે ફ્ષુષો-માંથ્ર દાદારની શકિત છે, હથીઆર છે કે જેથી દાદાર અખંડ સૃષ્ટી નામે હસ્તી-નીસ્તી ઉભી કરીને તે માંહેલી રૂવાઓની અજ્ઞાનતાની કચાસને, તે કચાસ સાથની બરબાદીને, તે બરબાદી સાથના દુખને આબાદી તરફ-આબાદી સાથના અનંત સુખ તરફ લઇ જઇ રહે છે. દાદારની જગત રચનાની આ ફ્ષુષો-માંથ્રની શકિત ત્યારે અજ્ઞાનતાની ગતી બુરાઇને સંજોગોસર ખીલવીને ભોગવટો કરાવીને હદમાં ફેલાવીને પછી હદની બહાર તે જાય છે ત્યારે ઇનસાફથી મારીને ભલાઇમાં આબાદીમાં ફેરવવાનો અધીકાર રાખે છે. દાદારે પોતાનો ફ્ષુષો-માંથ્રનો અધીકાર હઓમ નર મારફતે જરથુશ્ત્રને આપેલો છે.-આ અધીકારની રૂયે જરથુશ્ત્રે ફ્ષુષો-માંથ્રના ભેદને એટલે સૃષ્ટી-રચનાના ભેદને **'વચ'**માં રચેલો છે, જેના ૨૧ નસ્કો કીધા છે, જેઓને ફ્ષુષો-માંથ્ર કહે છે, જેને માટે અહિંયાં **'પાપો વચાઓ'** શબ્દ આપેલો છે. આ બધા માંથ્રો ત્યારે ઘણુાજ દુરલભ અને યજતી ગતીએ પુગેલા છે-ગોયા તેઓ યજતનીજ ગોબી છે. યજતનું બધુજ યજત જેવુંજ હોય માટે આ બધા **પાપો વચાઓ**ના ફ્ષુષો-માંથ્રો યજતી ચળવળ, અસર-રોશની તેજી રાખે છે. આ ફ્ષુષો-માંથ્ર ત્યારે તલેસમાતીક છે. જેમ અસર-રોશની સૃષ્ટી-રચનામાં રચવાનું તેમ મારીને સુધારવાનું કામ કરી રહે છે તેમ તેજ અસર-રોશનીની શકિત સાથે જોડાયલા, તેઓ સાથેજ રહેલા આ બધા ફ્ષુષો-માંથ્રોબી ખુદ પોતે યજત જેવી ગતી રાખીને ભણાતી વખતે સ્તોતોરૂપ બહાર પડીને ખુદ યજત થઇને તેવા સ્તોતોની ગતી ધારણ કરીને બુરાઇને મારીને ભલાઇ તરફ લઈ જાય છે. **જેમ યજતી ગતી હોય છે તેમ આ માંથ્રો ખુદ યજતી ગતી છે.** આ માંથ્રો ગુપ્ત રહે છે. તેઓને મોટા આબેદોબી ભણી શકતા નથી. નવ કર્ષનો ઉસ્તાદજ તેની વીર્દ પ્રસંગોપાત રીતે પોતાના ચેલા જે શ્રીકર્ષની અષો-ઇની ગતીનો પણ અહીરીમનથી આઝુરદે થાય છે તેના બચાવ અર્થેજ અપવાદ તરીકે વાપરી શકે. **જામે-જરથુશ્ત્રીની બનાવતમાં આ માંથ્રો આવે છે,** જેની આસપાસ ૯૯,૯૯૯ ફ્રવષીની પાસબાની રહે છે, જેમાંથી અહૂ અફ્રજ્યન્તની ગતીને પુગી શકાય. આવી જામનું ખોરેહ હોય છે. આવી જામનાં કેહર્પનાંબી નવ સરશોક હોય છે જેને છેક અહૂ અફ્રજ્યન્ત લગીનો સંબંધ હોય, જે (જામ) અવિગ્રિષ્વમાંજ રહી શકે, જેની પાસે અહીરીમન તો શું પણ અષની પંક્તીએ પુગેલી શકિતઓબી દુરથી કુરનસ કરતી ઉભી રહે છે. સ્તોત યસ્નના ૨૧ ) નસ્કોમાં '**પાજે નસ્ક**'ને નાંમે ઓલખાતો નસ્ક છે તેમાં આ બધી

(ફુટનોટ માટે જુઓ પાને ૫૫૩ મે).

યા જમાની અધપિ કહેતા વાતાવરણની બદીને મારીને ભલાઇમાં ફેરવીને યજતી ગતીને એટલે દાદારના આશીશો નામે ખોરેહને તે સુદ્ધ થયલી

(પાને ૫૫૨ મેથી ફુટનોટ ચાલુ).

બાબદોને શીખવેલી છે. જામે-જરથુશ્ત્રનું શીક્ષણ વીગેરે વીગેરે તેમાં છે. **'પઇરિગાઓ વચાઓ'માં માંથ સ્પેન્તને લગતા ૨૧) નસ્કોનો ભેદ છે.** માંથ્ર-સ્પેન્તને આશીરવાદીક ગતી તરીકે ઓળખે છે. અષો જરથુશ્ત્રમાં હઓમ નર વસેલા છે માટે તેવણનો દરજ્જો યજતનો છે અને તેવણમાં યજત જેવી બઓદ છે જે બઓદને 'આસ્ને વીર' તરીકે ઓળખે છે. યજતની બઓદીક ગતીમાં સ્તઓત-યસ્નની કુદરતી શકિત રહેલી છે. એમ છે માટેજ ગાથા હા ૨૮ ની શરૂઆતમાનાં યાનીમ મનોના કરદામાં કહે છે કે અહુરમજદમાંના વિચાર-બોલ-કામો જરથુશ્ત્રમાં ઉતરેલાં છે. એમ છે માટે જરથુશ્ત્રને ગેતીના અહુ=શહેનશાહ અને રતુ=વઝીર તરીકેના ગણેલા છે. જરથુશ્ત્રની અહુગીરી અને રતુગીરીને લીધે તેવણમાં **'બાઝેલી'** શકિત એટલે આશીશો આપવાની શકિત કુદરતની બરાબરીની ઉતરેલી છે. આવા કુદરતી આશીશો નાંમે 'માંથ્ર-સ્પેન્ત'ને તેવણે પોતાના ખાસ ચેલામાં ઉતારીને તે ચેલાઓને અધીકાર આપીને પોતાના **'ક્રુષુષો-માંથ'**ને યજતી ગોબીમાંથી માનવની ભેદી ગોબીમાં ઉભા કરાવ્યા. આમ માંથ્ર-સ્પેન્તના આશીશોની કરામતથી પોતાના ખાસ ચેલાઓને નકલી સ્તઓત યસ્ન શીખવીને માનવની સમજાતી જબાનમાં માંથ્રોના ૨૧ નસ્કો ઉભા કરાવ્યા, જેઓને તેટલા માટે **માંથ-સ્પેન્તના** નસ્કો કહે છે. આવા નસ્કો ત્યારે ફ્રુષુષો-માંથ્રના નસ્કની ઉપરથી તે નસ્કોના પ્રધાન જેવા છે. આવા નસ્કોને **પઇરિગાઓ વચાઓ** કહે છે. ફ્રુષુષો-માંથ્રના નસ્કો કરતાં આ નસ્કો ઉતરતા છે. આખી સૃષ્ટીના ભેદને આ સ્તઓત યસ્નના નસ્કો ફ્રુષુષો-માંથ્રની માફક બતાવી શકતા નથી. આ માંથ્ર-સ્પેન્તના નસ્કોબી તલેસમાતીક છે. આ માંથ્ર-સ્પેન્તના નસ્કો જેઓ માનવની પણ ભેદી જબાનમાં લખાયા છે તેઓમાંના ભેદો રાજેગોની વીગતને સમજાવવા માટે જે નસ્કો થયા છે તે નસ્કોને **સ્તઓત યસ્નના ૨૧ નસ્કો** કહે છે. એમ મુળ ત્રણ તરેહના ૨૧ નસ્કો રહે છે જેઓ ગુપ્તજ રહે છે, જેઓનો દરજ્જો આતશ બહેરામ જેવો, ના, તેથીબી આલે રહે છે. આજેબી તેઓ અવિ-ખ્રિષ્વમાં છે. આ ત્રણ નસ્કોની ઉપરથી જમાન પ્રમાણેના નસ્કો ઉભા કરવા દાદાર અને જરથુશ્ત્રની સનદ સાથના નરો જેઓને સઓષ્યન્ત કહે છે તેઓ ઉતરે છે જેઓ પોતાને મળેલા અધીકારની રૂયે તે નસ્કોમાંનો જોઇતો ભાગ જાહેર કરે છે. આ ભાગ તેઓનાં ફરમાનથી બહાર પડે છે માટે તેને **રાજરે** તરીકે ઓળખે છે. આમ જાહેર કરવાના ૨૧ નસ્કો ઉભા થાય છે જેઓ જાહેરમાં માંથ્ર-સ્પેન્ત વીદએવો-દાત, દાતે-જરથુશ્ત્રી અને ઉપનયાઓ દરેઘબ્યો તરીકે ઓળખાઈ રહે છે. આ જાહેર નસ્કોબી બે તરેહના રહે છે. ઉપર કહેલા ત્રણ ભાગો મુળ નસ્કો તરીકેના હોય છે. બીજી તરેહના ૨૧ નસ્કો પેલા મુળ તરેહના ૨૧ નસ્કોની ઉકેલના રહે છે. દીન-કર્દમાં નસ્કોનો જે ભાગો તુટો આકાર છે તે આવી ઉકેલનું ખંડીઅર છે.

(ફુટનોટ માટે જુઓ પાને ૫૫૪ મે).

અઇપિ જેને વર્જ-ગદમન કહે છે તેમાં ઉતારી શકે તેવા છે, જે માંથ્રોમાં જ્ઞાન આપવાની-રક્ષણ આપવાની શકિત પડેલી છે તેવા તે માંથ્ર-સ્પેન્તના નસ્કોના માંથ્રોના ॥ જાણનારા – ભણનાર[૨૪] ॥ ( એટલે ફ્શુષો – માંથ્ર અને માંથ્ર-સ્પેન્તના ૨૧) નસ્કોને ભણનાર અને જાણનાર) ॥ **હુઑમે**[૧૨] ( એટલે અહુરાના ખોરેહનો જલવાનો – અહુરાની તેવી બધી ગતીના રાખનાર અને તે પ્રમાણેના સખ્કોને યજતોમાં અને ઇનસાનોમાં–ઝાડપાનમાં–ખનીજમાં અને જાનવરોમાં પાંથરીને હઓમ યજત–હઓમ પાળો –હઓમ નર–સાહેબે દીલ, નર સઓષ્યંતને ઉભા કરનાર, તેમ તેવી ભલી ગતીનાં સાહિત્યમાં તે બધું દીનનું જ્ઞાન વૃદ્ધિનું જ્ઞાન મુકીને ઇલ્મ–અમલને હઓમનું કરીને દુન્યામાં ચલાવનાર એટલા માટે મોટા મોટા સઓષ્યંતો – રાએનીદારોમાં – સાહેબદીલોમાં–આબેદોમાં તેઓની મન–શકિતમાં રહી તેઓને હઓમી બનાવનાર **હુઑમે,**–દીનને બુરા વખતમાં તાઝે કર-

---

(પાને ૫૫૩ મેથી ફુટનોટ ચાલુ).

ત્યારે માંથ્ર-સ્પેન્તના નસ્કોબી તલેસમાતીકજ છે. આ બધા માંથ્રો યજતી ગતીને લાવીને બદીની સામે બચાવ કરી શકે છે અથવા બુરી ગતીના હોમલાઓની આગાહી આપી શકે છે. આ માંથ્રો અષો જરથુશ્ત્રના મોટા જરથુશ્ત્રોતેમોએ ઉપર કહેલા '**પાપો વચાઓ**'ની ઉપરથી ફીવેલા છે. '**પાપો વચ**' પોતે યજત તરીકે બુરાઇને મારી શકે. '**પઇરિગાઓ વચ**' તો યજતની મદદ લઇને તે યજતી ગતીની હેફાઝતમાં રહીને બુરાઇને મારી શકે. માંથ્ર–સ્પેન્તના આ ૨૧) નસ્કો ઇનસાનથી સમજાતી પણ ભેદી ઝબાનમાં લખાયલા માંથ્રો છે, જેઓ ફ્શુષો–માંથ્રની આસ્માની ઝબાન કહેતાં યજતી ઝબાનનો તરજુમો છે. આ નસ્કોબી ગુપ્ત રહે છે. **જામે જેહાનુમા–જામે કયખુશરવીમાં આ માંથ્રો હોય છે.** આ જામબી ખુદ પોતે યજતી ગતીવાળી રૂવાન–ફરોહર–કેહર્પ–તેવીશી વગેરેનાં નવ શરીરોવાળી રહે છે, જે જામ આતશ બહેરામમાં યા તેવી પાવીકતની જગામાં ઇરાન વેજમાં રહી શકે છે આ '**પઇરિગા વચ**'માંનું આવું જામને લગતું જ્ઞાન સ્તઓત યસ્નના ૨૧) નસ્કોમાંના '**બરશ**' નસ્કમાં આપેલું છે, જેમાંથી તે બધી હકીકતો ભાખી શકાય છે અને ઉપર કહેલા ઝમાનાના રાએનીદારો અહુરમજદના હોકમથી ઉતરી જમાનાના લોકોના કેશાશોને સેઝદામાં જોઇને આ બે '**વચો**'માંથી કહેતા ફ્શુષો–માંથ્રના ૨૧) નસ્કો અને માંથ્ર–સ્પેન્તના ૨૧) નસ્કોમાંથી જમાનને બર આવે તેવી આજઇન્તી સાથે જે માંથ્રો બનાવે છે તે માંથ્રોને તે રાએનીદાર '**રાજરે**' તરીકે ફરમાન મુજબ જાહેર કરવાનાં નસ્કો તરીકે જાહેર કરે છે, જે માંથ્રો રૂવાનની ગતીને '**હુ**' તરફ ખુપે રૂવાન થવા તરફ હુમત–હુખ્ત–હવરશ્ત તરફ લઇ જાય છે, માટે તેઓને અહિંયાં '**હવચાઓ**' કહયા છે, જેઓને ગાથામાં "**રાજરે**" તરીકે એટલે જાહેર થયલી તે હવચાઓની ચીજ ઉપર ફીદાગીરી બતાવવાનાં ફરમાન તરીકે ઓળખે છે.

નાર સઓષ્યંત રાએનીદાર દીન દસ્તુરોનાં મનમાં—કેહપ઼ર્માં વસનાર હઓમે) || **ઑર્જયાઓ**=ઉંચાઇના '**પઇતિ**'=ધણી થએલા એટલે અહુરમજદ લગીની ઉંચાઇએ પુગેલા **હુરઇથ્યો** પહાડ ઉપરની[૧૭] (એટલે તે સઓષ્યંતનાં કેહપ઼ર્ની ઉંચ થયલી અહુરમજદ લગી પુગેલી ગતી—હાલતની) || ઉંચામાં ઉંચી[૧૮] || ટોંચના[૨૦] (એટલે લહયાન ચષ્મના, કે જે ચષ્મમાં કુદરત અને અહુરમજદને જોવાની ત્રીજી આંખ છે તેવા તે ઉંચામાં ઉંચા ચષ્મના) || ધણી—માલેક[૧૯] (થઇ એટલે તે સઓષ્યંતના શ્રેષ્ટ કેહપ઼ર્ના ઉંચામાં ઉંચા ચષ્મમાં દાખલ થઇ તેના માલેક થઇને એટલે તેની મન—શકિતમાં હઓમીક ગતીને—અહુરાના પુર્ણ જ્ઞાનને મુકીને—તેને એમ લાહેર માહેર રયોમંદ કરીને તેનામાં એવી રીતના ઉભા કીધેલા હઓમની માલેકીના ટોંચ ઉપર ) || સરોશને[૧૦] || ઇજ્યો[૧૧] (બોલાવીને દાખલ કીધો—સરોશની પાસબાની ઘર બધું ત્યાં કીધું એટલે તે સઓષ્યંતના સર્વસ્વમાં સરોશની ગતીને જમાવી તે સઓષ્યંતને યજત તરીકેની પંકતી આપી). || (આ હઓમને અને તે હઓમને એટલે હઓમ નરને તેમ તેવણથી મળતી હઓમીક શકિતઓને પોતામાં વસાવનાર સઓષ્યંત) || ભલા ચાલુ માંથ્રોને જાહેર કરનારો જમાનામાં લોકોની જરૂરયાત પ્રમાણેના માંથ્રોને એટલે ઝંદ—અવસ્તા વગેરેના કાઢીને લોકોમાં આશકારા કરનારો[૨૨] (થઇ), || ફ્સુષો—માંથ્રનાં ૨૧) નસ્કોનો જાણનારો[૨૩] (થઇ), || માંથ્ર—સ્પેન્તના ૨૧ નસ્કોનો જાણનારો[૨૪] (થઇ), || પુર્ણ રીતની આરાસ્તગીવાળા બધી રીતે પ્રસંગોને પુરા પડે તેવા, જીવતા ગુજરેલાઓને કે જમાનાને કે હિંગામોની ગતીને તૃપ્ત કરે તેવા,[૨૬] || મહોટાઇવાળા એટલે ખએત્વ અપાવી ખએત્વોદથે લઇ જનાર, રૂવાનની રય વધારી રૂવાનને અખંડ કરવાની મોટાઇવાળા નેજાત અપાવનાર,[૨૭] || આજઇન્તીથી ભરપુર—ભેદી અર્થથી ભરપુર—ભેદી મિથ્રોથી ભરપુર એટલે તન—મનનાં દરદોને દુર કરનાર તેમ રૂવાનની બંદ-દરોશને ઉકેલવાના ભેદને લીધે તે અર્થે થયલા[૨૯] || તે માંથ્રોની[૩૦] || આગે-વાની—શ્રેષ્ટાઇ—અમુલ્યપણા પ્રમાણે[૩૧] || પોતે ચાલીને બીજાને ચલાવનારો થાય છે એટલે માંથ્રો સાથની તરીકતનો જગતમાં આશકાર કરનારો થાય છે.[૨૫] ||

## આંઠમાં કરદા બાબે ક્ષ્નૂમીક શરેહ :

હયાં કહે છે કે મોટા સઓષ્યંતો જેઓ દીનને તાઝે કરવા આવે છે, જેઓ ગાથા ૫૩—૨ પ્રમાણે જગતમાં તરીકતો જે ભુલાઇ ગઇ છે તેઓને પાછી ચાલુ કરવા એમ જન સમાજને સદ ગતી ઉપર લઇ જવાનાં મહાન મીશન માટે આવે છે, તેઓમાં હઓમ નર આવી વસે છે એટલે તેઓમાં અહુરાના જળવાને, જ્ઞાનને, ધારણાને, હરવેસ્પ આગાહીને રાખનાર કુલ્યાતી યજતી ગતી આવી વસે છે અને તે સઓષ્યંતના **હુર ઑર્જમાં એટલે કેહપ઼ર્ની સુંદરતાની અતી સુક્ષ્મ ગતીની ટોંચ ઉપર સરોશ યજતને**

લાવીને વસાવે છે, એમ તે સઓષ્યંતને અહુરા અને સરોશ વસેલો કરે છે. **બરૅજિશ્તે પઇતિ બરૅજ** એટલે ઉંચાઇએ ચઢેલા પહાડ એટલે કેહપૅની અતી ઉત્તમ થયલી અહુરા લગી પુગેલી ગતી છે, અને તે પહાડની '**બૅરજિશ્ત**'=ઉંચામાં ઉંચી 'બેરેજ' તે લહીઆનનુ ઉંચ ચખ્ર છે કે જેમાં હરતીને અહુરમજદને જોવાની ત્રીજી આંખ છે, જેમાં સરોશની ગતી વસે છે, જેથી તે નર અહુરમજદ લગી પુગેલો સરોશ સાથે વાત કરનાર સ્રોષાવર્જ થાય છે. આવા **બરૅજિશ્ત પઇતિ બરૅજ** ઉંચામાં ઉંચી ટોંચ એટલે લહીઆન ચખ્રનો '**પઇતિ**'=સાહેબ તે હુઓમ થાય છે એટલે અહુરાના જ્ઞાનને રાખનાર હુઓમ નર થાય છે, અને આ હુઓમ નર પછી તે લહીઆનમાં સરોશને લાવીને વસાવે છે. મોટા અષવનો આબેદો-સાહેબ દીલોથી સ્રોષાવર્જથી તે છેક જમાનને દોરવનાર સઓષ્યંતો આવા હોય છે જેઓનેજ દીનને ચાલુ કરવાનો જમાના પ્રમાણેની ઝંદ અવસ્તા '**હુવચ**' લોકોમાં જાહેર કરવાનો હક હોય છે. તે વગરના બીજા કોઇનેબી તેવો હક હોતો નથી. આજે કેટલાકો ખોટો બકબકારો કરે છે કે અવસ્તા કંઇ અસલના રહયા નથી; અવસ્તા તો આસ્કાની શહેનશાહતમાં શાહવલકશે એકઠા કરાવેલા અને સાસાની શહેનશાહતમાં શાપુરશાહ બીજાના વખતમાં આદરબાદ મારેસ્પંદ સાહેબે એકઠા કીધેલા માટે અસલના હોય નહિ પણ અન્ય સાહેબોએ ઉભા કીધેલા વગેરે. આવા અજ્ઞાન બકબકારા કરનારને આ ૮) મો ફકરદો અર્પણ કરીએ છીએ, કે જેથી તેઓ જાણે કે જમાનામાં રાએનીદારો જેવા કે આદરબાદ મારેસ્પંદાંન વીગેરે આવે છે તેઓમાં તે હુઓમ જે અહુરમજદનાં જ્ઞાનનું સ્વરૂપ છે તે હુઓમ તેઓના **હુરઇથ્યો પઇતિ બેરૅજ** એટલે ઉંચ અહુરમજદ લગી પુગેલા કેહપ મનશક્તિની **બરૅજિશ્તે બરૅજ**=ઉંચામાં ઉંચી ટોંચ જ્યાં કુદરતને જોવાની ત્રીજી આંખ છે ત્યાં વસેલો હોય છે. એમ તેઓ બધા ભેદના અને તે ભેદોને ઉકેલવાની ગતીના expert માલેક થાય છે એટલે તેવણુમાં અહુરમજદનું જ્ઞાન આવી વસે છે, જે જ્ઞાન ત્યારે તેઓમાં સાહેબી ભોગવે છે જ્યાં આગળ સરોશ હમેશાં રહે છે. આવા નરને '**પાપો-વચાઓ,**' '**પઇરિગાઓ વચાઓ**' બધા ૨૧ નસ્કો ખબર છે અને તેવણુજ '**હુવચ**'=જોઇતી અવસ્તા કાઢી શકે છે. ઝંદ અવસ્તા કે બીજા બધા અવસ્તામાં ઉંડો ભેદ છે તેઓને ઉપર ઉપરથી જોવાના નથી. એ હકીકતી સચ્ચાઇ તેઓ પોતામાં રહેલા જરથુસ્તી ખમીરાની ખીલવણીથી સહેજે જાણીને માની શકે એવી છે. માટે એવા ખોટા બકબકારાનું પ્રદર્શન કરી દીનને ચુંથવાના ગુનાહમાંથી પાછું હઠવું તેજ તેઓને માટે મોટું સવાબ છે. ગમે તેવો હોશીઆર દુન્યવી બનશાન હોય તેમાં તેની

અક્કલ rational એટલે ટુંકી હોય છે કેમકે તે શખ્સ હુરઇથ્યો ઍરૅજ =હુરે ઍરૅજનો પઇતિ=પતી થયો નથી એટલે તેનામાં કેહર્પની ગતી સુક્ષ્મ થઈ નથી અને તેવા હરએરેઝની બઍરૅજિશ્ત બરૅજ=ઉંચ ટોંચે તે પુગ્યો નથી માટે હઓમ ત્યાં આવીને તેનો ધણી થયો નથી માટે ત્યાં સરોશ નથી. આવો નર દુન્યાની નજરે મોટો હોય પણ કુદરતમાં તે અજ્ઞાન છે, જ્યારે રાએનીદારો—અષવનો વગેરેઓ હઓમવાળા—સરોશ વસેલા માટે યજતી ગતીએ પુગેલા રહે છે. એવાઓની વારના જેને હુઇથ્યા વસ્ના કહે છે તેજ 'ફ્રૅરૅાતૅમ' લીલાશની ટોંચે અતી શાંતીએ મોક્ષે લઇ જઇ શકે છે. આવાઓજ 'હુવચ' કરી શકે, અવસ્તા બંદગી ઉભી કરી શકે. એ વગરના બીજાઓ અવસ્તાને ચુંથે તો તે પાપ છે તેની આ કરદો અવસ્તેઇક બુરહાન પુરી પાડે છે. આવા અષવનના ઉંચ મન—શકિતના વધુ પ્રભાવ માટે નીચે ૯ માં કરદામાં કહે છે કે તે અષવનના ઉંચ મનોવૃત્તીના કેહર્પના ઉંચ ટોંચ ઉપર સરોશે પોતા માટે ૧૦૦૧ થાંભલાનું આલીશાન મકાન બાંધેલું છે, જેમાં હસ્તીની રોશની પડયા કરે છે, અને જેની બહાર સેતારાઓ છે, અને આવો નર સરોશનું સ્નઇથિષ=હથીઆર છે જેનાથી અહુનવર-યસ્ન હપ્તંઘહાઇતિ-યજશ્ને જારી થશે એટલે દીન તાજે થઇ શકશે. આમ ત્યારે મોટા રાએનીદારોથીજ દીન જારી થાય. એ વગર બીજા કોઇનેબી દીનને ચુંથવાનો અધીકાર નથી તેની આ અવસ્તેઇક બુરહાન છે.

(૨૧) (કરદો ૯ મો) ☞ સ્રઑષૅમ[૧] અષીમ[૨] હુરઑદૅમ[૩] વૅરૅથ્રાજનૅમ[૪] ફ્રાદત્-ગએથૅમ[૫] અષવનૅમ[૬] અષહે[૭] સ્તુમ[૮] યઝમઇદે.[૯] (ત્રણ વાર પઢે.)

યેંઘ્રહે[૧૦] ન્માનૅમ[૧૧] વારૅથ્રઘ્નિ,[૧૨] હજંઘ્રરો-સ્તૂનૅમ,[૧૩] વીદાતૅમ,[૧૪] બરૅજિશ્તે[૧૫] પઇતિ[૧૬] બરૅઝહિ[૧૭] હરઇથ્યો પઇતિ બરૅજયાઓ,[૧૮] ખારઑક્ષ્નૅમ[૧૯] અન્તર-નએમાત્[૨૦] સ્તૅહ્રપએસૅમ[૨૧] નિશ્તર-નએમાત્.[૨૨]

(૨૨) યેંઘ્રહે[૨૩] અહુનો વઇર્યો[૨૪] સ્નઇથિશ[૨૫] વીસત[૨૬] વૅરૅથ્રજ્ઞઓ,[૨૭] યસ્નસ્ચ[૨૮] હપ્તંઘ્રહાઇતિશ,[૨૯] ફ્ષુયસ્ચ[૩૦] માંથ્રો[૩૧] યો[૩૨] વારેથ્રઘ્નિશ,[૩૩] વીસ્પાઓસ્ચ[૩૪] યસ્નો-કૅરૅતયો.[૩૫]

*અહે રય ખરૅનંઘહચ, અંઘહે અમ વૅરૅથ્રઘ્નચ, અહે યસ્ન યજતનાંમ તૅમ યજાઇ સુરૂન્વત યસ્ન; સ્રઑષૅમ અષીમ જઑ-

* સમજ માટે જુઓ ઉપર પાને ૪૯૭ મે.

**થાબ્યો, અષીમ્ચ વંઘ્વઉહીમ, બૅરૅજઇતીમ, નઇરીમ્ચ સંઘ્વહૅમ હુરઆહૅમ. આચ નો જમ્યાત્ અવંઘ્વહે વૅરૅથ્રજાઓ સ્ત્રઑષો અષ્યો. સ્ત્રઑષૅમ અષીમ્ યજમઇદે; રતૂમ્ બૅરૅજન્તૅમ યજમઇદે, યિમ્ અહુરૅમ્ મજદાંમ, યો અષહે અપનોતૅમો, યો અષહે જઘ્-મૂશ્તૅમો. વીસ્પ સ્ત્રવાઓ જરથુશ્ત્રિ યજમઇદે. વીસ્પચ હ્વર્શ્ત ષ્યઑથ્ન યજમઇદે, વર્શ્તચ વૅર્ષ્યમ્નચ.**

**યેંઘ્વહે હાતાંમ્ આઅત્ યેસ્ને પઇતી વંઘ્વહો,**
**મજદાઓ અહુરો વએથા અષાત્ હચા,**
**યાઓંઘ્વહાંમ્ચા તાંસ્ચા તાઓસ્ચા યજમઇદે.**

(૨૧) અષીના સાહેબ,[૨] || ખુબસુરતીવાળા,[૩] || ફત્તેહમંદ,[૪] || રજેરજના અનાસરી બંધારણને કાયમની નુરની હાલત તરફ લઇ જનાર,[૫] || અષો[૬] || અષોઇના[૭] || સરદાર[૮] || સરોશ સાથે[૧] || એકતાન થઇએ છીએ.[૯] || જે[૧૦] (સરોશ)નું || ફત્તેહમંદ[૧૨] || હઝાર થાંભલાવાળું[૧૩] || મજબુત[૧૪] || ઘર[૧૧] || ઉંચાઇએ-બુલંદીએ પુગેલા-પુર્ણતાએ પુગેલા અહુરાને મળેલા પહાડ હર બેરેજની[૧૮] || ઉંચામાં ઉંચી-શ્રેષ્ટમાં શ્રેષ્ટ[૧૫] || ટાંચની[૧૭] || માલેકીનું[૧૬] || (છે, એટલે હર બેરેજ જે આંઠમાં આસ્માનની ઉંચ ગતી દેખાડે છે તેની ટાંચે=પુર્ણતાએ સરોશ પુગેલો છે, એટલે અહુરા કે જેવણ ત્યાં વસે છે કે જેવણને તે પુગેલો છે-ત્યાંની ઉંચ ગતી મેળવેલો છે. તેવા હરબેરેજ ઉપર સરોશનું ઘર વસવાત છે એટલે તેવા ઘરના એટલે અહુરાની જરવાને અકરનેની ગતીના તેવણ માલેક છે એમ સરોશમાં અહુરાની અનંત ગતી છે. વળી આવીજ રીતે ઇનસાન કે જેણે પોતાના કેહર્પને હર બેરેજની ગતીને મળી શકે તેવું શ્રેષ્ટ કીધું છે તેણે ત્યારે તેવાં કેહર્પમાં એક ટાંચ કહેતાં પહેલાં લહીઆનના ચખ્રને ખીલવેલું છે અને તેમાં સરોશને વસાવેલા છે અને એવી રીતે હસ્તી સાથના સરોશના નમાન=રહેઠાણ લગી પુગેલા છે.) આવી હર બેરેજની ટાંચની માલેકીનાં એટલે હર બેરેજની ટાંચ ઉપરનાં સરોશનાં ઘરની (હસ્તીમાંનાં ઘરની કે સરોશ વસેલા ઇનસાનના કેહર્પના લહીઆનના ચખ્રમાંના ઘરની) || અંદર બાજુએથી[૨૦] (એટલે આખા હસ્તીમાંના અનગ્ર-રઓચાઓના આઠમા અસ્મના ઘેરાવામાં કે ઇનસાનના કેહર્પના લહીઆનના પહેલાં ચખ્રના ઘેરાવામાં) || બાથ=ખેંચાણવાળી બુરાઇને ભલી કરીને પોતા તરફ આકર્ષા-વનારી, અનાસરને પોતાની માયામાં લીન કરાવવાવાળી 'રઓક્ષ્ન' એટલે જ્ઞાનનો ચળકાત છે[૧૯] ( એટલે જેમ અનગ્ર-રઓચાઓ કુલ હસ્તી-નીસ્તીને પોતામાં ખેંચીને એક દીવસ પોતામાં મેળવી દેશે, તેમ ઇનસાનના કેહર્પના

પહેલાં ચપ્પની ગતી આખાં કેહપ'ને–જડ તનને પોતામાં મેળવી દેશે. એમ તે પહેલાં ચપ્પની ગતી પુર્ણતાની એટલે ચળકતી છે), ‖ અને તે ઘરની બહારની બાજુ[૨૨] ‖ સેતારાઓના સણુગારની[૨૧] (ગોયા સેતારાના બનેલા સદરા પહેરેલી ) છે. ‖

**આ ફકરાના ભેદની સમજ લઇશું** અનગ્ર-રઓચાઓમાં અહુરા વસે છે. અહુરાના રૂવાનને માંથ્ર-સ્પેન્તનું રૂવાન કહે છે. આ માંથ્ર-સ્પેન્તનું રૂવાન તે રૂવાન છે કે જેમાં અસલ ખામી હતી, જે ખામી પછીથી ગઇ છે અને તે રૂવાન અહુરામાં મળી ગયું છે, માટે તે રૂવાનને માંથ્ર-સ્પેન્તનું અને અહુરાનું કહયું છે. આ રૂવાન પછી પોતાના સંબંધમાંનાં બીજાં ખામી નહિ સુધરેલાં રૂવાનોને પોતાના તેઓ સાથના રહેલા વસીલા-સંબંધને જોરે તે અનગ્ર-રઓચાઓમાંથી બહાર હસ્તી – નીસ્તીની આલમોમાં ખામી સુધારવા મોકલે છે. આમ આ જગતનાં અગણીત રૂવાનો અનગ્ર-રઓચાઓમાં પોતાનો વસ્તો=સંબંધ રાખીને બહાર પડયા છે. આ સંબંધને સ્તર તરીકે ઓળખે છે. ત્યારે રજેરજના રૂવાનોને માંથ્ર-સ્પેન્તના અહુરાના રૂવાન સાથે આ સ્તરને લીધે એક જાતનો સંબધ છે. આ સ્તર ત્યારે તે બધા રૂવાનોને એક દહાડેબી તારવશેજ–અહુરામાં મેળવી દેશેજ. માટે કહે છે કે અનગ્ર-રઓચાઓની બહારની બાજુમાં એટલે જેઓ તેના રહેવાથી થયા નથી માટે બહાર છે, એટલે જેઓ હસ્તી-નીસ્તીની આલમોમાં વસે છે તેઓમાં સ્તર કહેતાં ઉપલો સંબંધ છે, જે તે બધાં રૂવાનોને અંદરના નુરનાં ખેંચાણમાં લઇ જશેજ. એમ છે માટેજ કહે છે કે તે ઘરનું બહારની બાજુ સેતારાથી સણુગારેલી છે. ત્યારે સરોશના તે ઘર અનગ્ર-રઓચાઓમાંથીજ બધાં રૂવાનો બહાર પડેલાં છે–બહાર પડેલાંઓનો સંબંધ સ્તરથી ત્યાં નોંધાયો છે અને અંદર રહેલાં રૂવાન તે બહાર પડેલાંનાં સગાં છે, માટે અંદર તેઓને ખેંચી રહયા છે, માટે અંદરની બાજુમાં નુરનું ખેંચાણુ છે એમ કહે છે. બહાર પડેલાં રૂવાનોનો આ સ્તરરૂપનો સંબંધ તે છે કે જે તે રૂવાનો જે બહાર પડેલાં છે તેઓનાં કેહપ'–સુક્ષ્મ તન અને જડ તનને ઉભા કરવા, જીવતા કરવા, ગતી જીવનગાળો મોકલે છે. એમ ત્યારે અનગ્ર-રઓચાઓના સ્તરમાંથી જીવનગાળો આપતું ઉશ્તાન બહાર પડે છે, જે તે બધાં રૂવાનો માટે તન ઉભા કરાવવા તે તે રૂવાનો ઉપર ઉતરી રહે છે. આવું ઉશ્તાન જે તે બધાં રૂવાનોનાં શરીરમાં દમના અતી સુક્ષ્મ ભાગ તરીકે રહે છે તે છેક આત્વા સ્તરો લગીના સંબંધનું છે. આ સંબંધ ઘણો ગુપ્ત અને આછો રહે છે. પણ જે ઇનસાનમાં કેહપ' સુક્ષ્મ થયું છે એટલે ઉપર જોયું તેમ હર બેરેજનુ થયું છે, તેઓમાં આ ઉશ્તાનનો

સંબંધ અમુક રીતે દેખીતો અને ધાડો થાય છે, એટલે તેઓના કેહપમાં પહેલું ચપ્પ ખીલેલું રહે છે અને આ ઉસ્તાન જે સ્તરમાંથી નીકળે છે તે સ્તરમાંનુ નુર તે ઇનસાનનાં કેહપમાં નુરે-કુલ્લી અને નુરે-બઇદ તરીકે આવીને વસે છે એટલે તેનાં કેહપની આસપાસ સેતારાની માફક ફરી વળે છે, ગોયા સેતારાના બનેલા સુદરેહરૂપનું થઇ રહે છે. આ નુરો પછી તે ઇનસાનને લગતા હેઠલી વસ્તીના રૂહોના અંશોને તે તે ઇનસાનના રૂવાનમાં મેળવીને તે ઇનસાનના જડ તનને તે ઇનસાનના કેહપમાં મેળવીને પછી કેહપમાં મળેલાં તનને તે ઇનસાનનાં રૂવાનમાં મેળવીને રૂવાનનો ખએત્વોદથ કરીને પછી ખુદ પોતામાં તે ખએત્વોદથીએ પુગેલા નરને મેળવીને ઉપર પોતાના સ્તર તરફ અનગ્ર-રઓચાઓમાં લઇ જશે. આવા બધા ઉંડા ભેદી અર્થવાળું ત્યારે તે ઘર છે કે જેમાં અંદરની બાજુમાં નુરની અમર ગતી છે, બહાર સેતારાઓ છે, જેઓ બહારની ગતીને અંદર લઇ જશે. આ ઘર સરોશે બાંધેલું છે. આ બધું કરવા માટે સરોશની જરૂર પડે છે, કેમકે તે બધું સરોશની માલેકીનું છે. આવોજ મામલો ઇનસાનમાંભી થાય છે. માટે હયાં કહે છે કે સ્રઓષેમની ગતીવાળાં ઇનસાનમાં સરોશ યજતનો વસ્વાટ તેનું કેહપ જે "હરૉબૅરજ" જેવું છે-હસ્તીએ પુગેલું છે, તે 'હરૉબૅરજ'ની ઉંચ ટોંચ લહીઆનમાં છે, જયાં આગળ સરોશે એવું ઘર બાંધ્યું છે કે અંદર અહુરા વસે છે અને બહારથી નુરોની ગતી રહી છે, કે જે નુર બીજાં ઇનસાનને ભલાઇ તરફ લઇ જવાની શકિત રાખે છે. ત્યારે સરોશ વસેલા સઓષ્યંતમાં, જેને પછીથી સરોશનું હથીઆર કહયો છે તેમાં અહુરાની અમર ગતી છે અને તેમાં દુન્યાના લોકોને ભલાઇ તરફ લઇ જવાનું ખેંચાણુ પેલા સ્તરોના સુદરેહરૂપના કેહપને લીધે છે. આવો સઓષ્યંત કે જે સરોશનું હથ્યાર છે, તે અહુનવઇયર્ અને યસ્ન હપ્તંઘહાઇતિને અને યજશ્નેને એટલે દએનને તાઝે કરી શકે -એ સીવાયના કોઇનેભી એમ કરવાનો હોકમ નથી, તેની સમજ પડશે, જે વીષે ઉપરના ૮મા ફકરામાં ઇશારો કીધો છે.

(૨૨) જે[૨૩] (સરોશ)ના ‖ ફત્તેહમંદ[૨૭] ‖ હથ્યાર-એટલે પંજે-ઝરવીકશી-બાતેનની શકિત જે ઇનસાનમાં ભાન તરીકે રહે છે, જેમાં સરોશની ગતી ઉભી થાય છે, તેણે[૨૫] ‖ અહુનવઇયર્ને,[૩૧] ‖ યસ્ન[૨૮] ‖ હપ્તંઘહાઇતિને,[૨૯] ‖ ફત્તેહમંદીવાળા[૩૩] ‖ તે[૩૨] ‖ ફશુષો-માંથ્રોને,[૩૦-૩૧] ‖ બધા યજશ્નેના કરદાઓને[૩૪ ૩૫] ‖ કબુલ્યા-ચલાવ્યા.[૨૬] ‖ (એટલે આવા સરોશ વસેલાં ઇનસાનને એટલે જે ઇનસાન સરોશનું હથ્યાર છે, સરોશની ગતીને ગેતીમાં ચલાવવા કામે લાગે છે એટલે જે સોષા-વર્જ છે-સઓષ્યંત છે તેજ દીનને ગેતીમાં

ચલાવી શકે છે. આત્માઓનેજ દીનમાં ફેરફાર કરવાનો અધીકાર છે.)

## સરોશનું મકાન અને તેના હઝાર થાંભલાઓનો ભેદ :

હરએરેજ જે ઘણે ઉંચે છે તેનો માલેક સરોશ છે એટલે અનગ્ર-રઓચાઓ કે જેમાંથી બધાં રૂવાનો નીચે ઉતરે છે અને જયાંથી કુલ જગતનાં ઉભા થવાનો સામાન મયસર થઇ શકે છે યાને કે હસ્તી-નીસ્તી જ્યાંથી પોતાના ઉભા થવાનો સામાન મેળવે છે અને થઇ રહે છે તેવી બહોળી કુલ હસ્તી-નીસ્તીની સૃષ્ટીને ઘેરતા આ અનગ્ર-રઓચાઓનાં આસ્માનને સરોશની માલેકીનું કહયું છે. **સરોશમાં કુલ યજતી ગતી જે અહુરાનું કામ બજાવે છે તે બધી આવી જાય છે.** અહુરાનું કામ રૂવાનોને પાર પાડવાનું છે માટે હસ્તી-નીસ્તીને -સૃષ્ટીને રચીને ચલાવવાનું છે એટલે અનગ્ર-રઓચાઓમાં કે જેમાં સૃષ્ટી રચનાની સામગ્રી છે તે સરોશને અપાઇ એટલે તેની માલેકીની થઇ. **હયાં સરોશે એટલે અહુરામાં મળી રહેલી યજતી ગતીએ ૧૦૦૧ ટેકાનું ઘર બાંધેલું છે.** આ ભેદની સમજ આ છે કે હયાં સરોશે ચોકસ રૂવાનોને દસની ગતીએ એટલે દસ આંકડાની કમાલીઅતની ખુબીએ ચઢાવ્યાં છે એટલે પુર્ણ ગતીએ-અહુ થવાની ગતીએ ચઢાવ્યાં છે, અને તેઓ મારફતે બીજાંઓને જરા ઉતરતાંઓને આગળ દોરવ્યા છે, જેઓબી પુર્ણ થયાં છે, પણ પેલા આગળ કરતાં ઉતરતાં છે માટે તેઓના દસને ૦૧ આ રીતે જણાવ્યા છે. એમ ૧૦ અને ૦૧ મળી '**હજંઘર**'ના ભેદનો અમલો-ઘર કીધું. **આ બધાંને ૩૩ અહુ અને ૩૩ રતુ કહે છે: ૩૩ અહુ તે ૧૦ ની ગતીના અને ૩૩ રતુ તે ૦૧ ની ગતીના છે.** આવા બધા ૩૩ અહુ અને ૩૩ રતુ પછી ખીસ્કારી કરીને સરોશની મારફતે દાદારનું કામ કરવા આગળ વધ્યા, જેઓએ પછી **૧૦૦૧** નાળાં-ઓને પોતાની ૧૦ અને ૦૧ની ગતીને ઉભી કીધી-ચળવળો કીધી-યજશ્ને કીધી, અને જે રૂવાનો તદન ખામ છે, જેઓ પેલા નેજાત પામેલા ૩૩ અહુ અને ૩૩ રતુ માફક એટલે કે સરોશના ભેદે પુગેલા યજતો માફક મુકિતએ જઇ શકતાં નથી, માટે પોતાની ૧૦ અને ૦૧ ની ગતીથી એટલે ૧૦૦૧ નાળાંઓથી=હઝાર ટેકાથી ખીસ્કારી કરીને તેઓને સરોશની ગતીએ લઇ જવા માટે ઘર બાંધ્યું, **જેને સરોશનું ૧૦૦૧ ટેકાનું ઘર કહે છે.** આવી ખીસ્કારીથી એટલે સરોશના તેવા હઝાર ટેકાથી તેઓએ હસ્તીનાં સાત આસ્મા-નો ફરતાં કરીને, બીજાં રૂવાનો જેઓ અધુરાં છે તેઓને તે આસ્માનોમાં મુકિત આપવા માટે દોરવ્યાં. આ બીજાં રૂવાનો અધુરાં છે છતાંબી દસે પુગશે, માટે તેઓને ત્યારે ત્યાંથી (અનગ્ર-રઓચામાંથી) જોઇતો તોશો-મદદ આપી.

આ મદદને લીધે તેઓ તે સાત આસ્માનોમાં કેઠે કેઠે ઠર પડયાં, અને ત્યાં ૧/૧૦ ને કાયદે વહેંચાઇને કેટલાંકો દખુલ થયાં એટલે પાર પડયાં–દસની ગતીએ પુગ્યાં અને પેલા રતુ થયલાની સાથે મળ્યાં. આમ સરોશે પહેલે '૧૦'ની ગતીએ ચોકસ રૂવાનને પુગાડી બીજાંને આસ્માનોમાં ચલાવીને '૦૧' ની ગતીએ પુગાડયા. એમ ૧૦ અને ૦૧ એટલે **૧૦૦૧ 'હજંઘર'**નો ભેદ ચાલવા લાગ્યો. જે રૂવાનો આમ મુકિતએ પુગતાં જાય છે તેઓ તેવાં કામમાં મશ્ગુલ થતાં જાય છે, એટલે પોતાની ૧૦ અને ૦૧ની ગતીથી ૧૦૦૧ નાળાં એટલે પોતાની ખીશ્કારી કરી રહે છે. આવી રીતે રૂવાનો એક બીજાંને મદદ કરી રહે છે. કુદરતનાં બહોળાં ક્ષેત્રમાં મુકિતએ પુગેલાઓ ૧૦૦૧નો ભેદ ચલાવી રહે છે, એટલે અઓજ–તગીની કુદરત આમ ૧૦૦૧ના ભેદથીજ ચાલે છે, એટલે જે રૂવાનો મુકિતએ પુગે છે તેઓની ખીશ્કારી ૧૦ અને ૦૧ના ભેદમાંજ એટલે ૧૦૦૧ ના ભેદમાંજ રહે છે. ત્યારે સરોશનું હરબેરેજ ઉપરનું ૧૦૦૧ ટેકાવાળું ઘર થયું તેબી ૧૦ અને ૦૧ ના ભેદથી થયું; **પછી એ ભેદ ચાલ્યા કીધો અને હસ્તીમાંનાં સાત આસ્માનોમાંબી તેમ ચાલ્યો, જેઓને આવાં અરૂદ્વી સૂરનાં ૧૦૦૧ નાળાં તરીકે ઓળખ્યાં છે.** આમ ત્યારે સરોશના હઝાર ટેકાનાં મકાનની ઉંડી ટુંક વીગત છે. કુદરતમાં જે કાંઇ યજતી ગતી એટલે સરોશની ગતી ખીશ્કારી કરે છે તે આમ ૧૦ અને ૦૧ ના ભેદની રહે છે, જેને **૧૦૦૧** ટેકાનું સરોશનું ઘર કહે છે. આ ઘર ઉંચાઇએ છે માટે '**હરબૅરેજ**'=ઉંચાઇના પહાડ ઉપર આવેલું કહેલું છે. એવીજ રીતે જે ઇનસાનમાં '**હરબૅરેજ**' છે એટલે જે ઇનસાન સરોશનો '**રનઇથિષ**' થાય છે, સરોશનું હથીઆર થાય છે તે ઇનસાનનાં કેહર્પના '**હરબૅરેજ**' ઉપર એટલે કેહર્પના લહીઆન નામનાં ચખ્ર ઉપરબી સરોશ ૧૦૦૧ ટેકાનું ઘર બાંધે છે; પોતે ૧૦ની ગતીએ પુગી પોતાને લગતા '**ખએતુ**'=સગા જે સામી બાજુની નારીમાં છે તેને ૦૧ માં લાવી, એમ પોતે બેઉ જાતી મળી ૧૦ અને ૦૧ની ખીશ્કારી કરી–ખએત્વોદથાએ પુગી યા પુગવાના માર્ગમાં રહીને, પોતાના બીજા સગા='**ખએતુ**' હેવાન–ઝાડપાન–ખનીજમાં હોય, જેઓ તેમાંથી ૧/૧૦ને કાયદે થયા છે, તેઓને **૦૧** ની ગતીએ પુગાડે છે. આમ ઇનસાનના '**હરબૅરેજ**' ઉપરબી સરોશ ૧૦૦૧ ટેકાનું ઘર બાંધે છે. ઇનસાનના '**હરબૅરેજ**' ઉપર બંધાયલાં એટલે તેના કેહર્પની સુક્ષ્મમાં સુક્ષ્મ ગતી (લહીઆન ચખ્ર) ઉપર બંધાયલા સરોશને લગતા ઘરની **અન્તર–નએમાત્**માં એટલે અંદરની બાજુમાં '**ખારઑક્ષ્ન**'ની ગતી છે એટલે તુરોની ગતી છે એટલે

અરદીબહેસ્ત અને બહમનના બઓદીક ગતીના નુરાની પ્રવાહોના પડવાનું ઠામ છે; કેમકે તેનાં અંતરકરણનું દસમું ચખ્ર હવે આઝાદ થયું છે. અગીઆરમું ચખ્ર કે જેથી હવરી ગતીઓ તેની ઉપર ગાલેબ થતી હતી, તે ચખ્ર હવે હણાઇને તે દસમાં ચખ્રને તાબે થયું છે, જેથી હવે અષનો પ્રવાહ દુરી મારફતે અને તે અગીઆરમાં ચખ્ર મારફતે દસમાં ચખ્રમાં આવીને બહમનનાં પ્રવાહને ઉપરથી એટલે ચોથાથી આઠમાં–નવમાં ચખ્ર-માંથી આકર્ષીને મળી રહે છે. એમ **બહુમન અને અરદીબહેશ્તનો જલવો 'ખારઑક્ષ્ન'** તે દએનાના દસમાં ચખ્રમાં છે. એની **'ખારઑ-ક્ષ્ન'**ની ગતી જે દસમાં ચખ્રમાં રમી રહે છે તે હવે પેલાં **'હુરઍરૅઝ'** ઉપર બંધાયલાં ઘરની **અન્તર નએમાત્માં** = અંદરની બાજુમાં તે દસમાં ચખ્રમાંથી આવીને ત્યાં તે ઘરમાં રમી રહે છે. આવા હરએરેઝના ઘરની બહારની બાજુમાં એટલે ઘરની અલંકારીક ગતીની દીવાલો ઉપર **'નિશતર નએમાત્'**માં સ્તર છે એટલે ઉપર વાંચ્યું તેમ પોતાના ઉસ્તાનના સ્તરો-માંથી આવતાં નુરો છે, જેથી તેમાં ૧૦૦૧ નો ભેદ ચાલે છે, એટલે પોતાને લગતા રૂહોના અંશો જે હેઠળી દુન્યામાં જાનવરી વર્ગ–ઝાડપાન–ખનીજમાં છે તેઓને ખેંચ્યા કરે છે. આમ ત્યારે '**હુરઍરૅઝ**' ઉપરનો સરોશ અને તે ૧૦૦૧ ટેકાનાં ઘરનો ઉંડો ભેદ છે, એમ ઇલ્મે–ક્ષ્નૂમ સમજાવે છે.

**(૨૩)** (કરદો ૧૦મો) ☞ **સ્રઑષૅમ[૧] અષીમ્[૨] હુરઑદૅમ્[૩] વૅરૅથ્રાજનૅમ[૪] ફ્રાદત્–ગએથૅમ્[૫] અષવનૅમ્[૬] અષહે[૭] રતૂમ્[૮] યઝ-મઇદે.[૯]** ( ☜ ત્રણ વાર પઢવું ).

**યેંઘ્રહે[૧૦] અમચ[૧૧] વૅરૅથ્રઘ્નચ,[૧૨] હુઑજાંથ્વચ[૧૩] વએદ્ર્યાચ[૧૪] અવાન્[૧૫] અમૅષાઓ સ્પૅન્ત[૧૬] અવિ[૧૭] હ્વ્તો–કરૂષ્વઈરીમ[૧૮] જાંમ.[૧૯]**

**( ૨૪ ) યો[૨૦] દએનો–દિસો[૨૧] દએનયાઓ[૨૨] વસો–ક્ષથ્રો[૨૩] ફ્રચરાઇતિ[૨૪] અવિ[૨૫] યાંમ્[૨૬] અસ્તવઇતીમ[૨૭] ગએથાંમ.[૨૮] અય[૨૯] દએનય[૩૦] ફ્રઑરૅન્ત[૩૧] અહુરો મજદાઓ[૩૨] અષવ,[૩૩] ફ્રા વૉહૂ મનો,[૩૪] ફ્રા અષૅમ વહિશ્તૅમ,[૩૫] ફ્રા ક્ષથ્રૅમ વઈરીમ,[૩૬] ફ્રા સ્પૅન્ત આર્મઇતિશ,[૩૭] ફ્રા હઉર્વતાસ,[૩૮] ફ્રા અમૅરૅતતાસ,[૩૯] ફ્રા આહૂ-ઇરિશ[૪૦] ફ્શ્નો,[૪૧] ફ્રા આહૂ રિશ[૪૨] તકએષો.[૪૩]**

**(૨૫) ફ્રા અદ[૪૪] વએઇબ્ય[૪૫] અહુબ્ય,[૪૬] વએઇબ્યચ[૪૭] નો[૪૮] અહુબ્ય[૪૯] નિપયાઓ,[૫૦] આઇ[૫૧] સ્રઑષ[૫૨] અષ્ય[૫૩] હુરઑદ,[૫૪] અહેચ[૫૫] અંઘ્રહેઉશ[૫૬] યો[૫૭] અસ્ત્વતો,[૫૮] યસ્ચ[૫૯] અસ્તિ[૬૦]**

મનહ્યો.[61] પઇરિ[62] દ્વતત્[63] મહુર્કાત્,[64] પઇરિ[65] દ્વતત્[66] અએ-ષ્માત્,[67] પઇરિ[68] દ્વઇતિબ્યો[69] હુએનબ્યો.[70] યાઓ[71] ઉસ્[72] ખ્રૂરॅમ્[73] દ્રફ્ષॅમ્[74] ગॅરॅવનાંન્,[75] અએષ્મહે[76] પરો[77] દ્વૉમેબ્યો,[78] યાઓ[79] અએષ્મો[80] દુજ્દાઓ[81] દ્રાવયાત્,[82] મત્[83] વીદાતઑત્[84] દએવો-દાતાત્.[85]

(૨૬) અદ[86]-નો[87] તૂમ્[88] સ્રઑષ[89] અષ્ય[90] હુરઑદ,[91] જાવરॅ[92] દયાઓ[93] હિતએઇબ્યો,[94] દ્વતાતॅમ્[95] તનુબ્યો,[96] પૉઉરૂ-સ્પખ્તિમ્[97] ત્બિષયન્તાંમ્,[98] પઇતિ-જઇતીમ્[99] દુશ્મઇન્યુનાંમ્,[100] હથ્રા-નિવાઇતીમ્[1] હમॅરॅથનાંમ્,[2] અઉર્વથનાંમ્[3] ત્બિષ્યન્તાંમ્.[4]

*અહે રય ખ્રॅનંઘહચ, અંઘહે અમ વॅરॅથ્રઘ્નચ, અહે યસ્ન યજતનાંમ્ તॅમ્ યજાઇ સુરૂન્વત યસ્ન; સ્રઑષॅમ્ અષીમ્ જઑથ્રાબ્યો, અષીમ્ચ વંઘુહીમ્ બॅરॅજઇતીમ્, નઇરીમ્ચ સંઘ-હॅમ્ હુરઑદॅમ્. આયતો જમ્યાત્ અવંઘહે વॅરॅથ્રજાઓ સ્રઑષો અષ્યો. સ્રઑષॅમ્ અષીમ્ યજમઇદે. રતૂમ્ બॅરॅજન્તॅમ્ યજ-મઇદે, યિમ્ અહુરॅમ્ મજ્દાંમ્, યો અષહે અપનોતॅમો, યો અષહે જધ્મૂશ્તॅમો. વીસ્પ સ્રવાઓ જરથુશ્ત્રિ યજમઇદે. વીસ્પચ હ્વર્શ્ત ષ્યઑથ્ન યજમઇદે, વર્શતચ વॅર્ષ્યમ્નચ.

યેંઘહે હાતાંમ્ આઅત્ યેસ્ને પઇતી વંઘહો,
મજ્દાઓ અહુરો વએથા અષાત્ હચા,
યાઓંઘહાંમ્ચા તાંસ્ચા તાઓસ્ચા યજમઇદે.

(૨૩) અષીના સાહેબ,[2] ‖ ખુબસુરત,[3] ‖ ફત્તેહમંદ,[4] ‖ રજેરજના અનાસરની ગતીને વધારનાર,[5] ‖ અષો[6] ‖ અષોઇના[7] ‖ સરદાર[8] ‖ સરોશ સાથે[1] ‖ એકતાન થઇએ છીએ.[9] ‖ જે[10] (સરોશ)ની ‖ (એટલે અમશાસ્પં-દોમાં તે અહૂ તરફની ફેદાગીરી છે, જેનો જોશ સરોશ તરીકે જીવતો જાગતો કામ કરી રહેતો બહાર પડે છે, જેને સરોશ કહે છે તે સરોશની ) ‖ (કામ કરવાની) પુર્ણ હીમ્મતને લીધે[11] ‖ (અવ્યવસ્થાને ફત્તેહમંદ રીતે વ્ય-વસ્થામાં મુકવાની) ફત્તેહમંદી-ફીરોજગરીને લીધે[12] ‖ પુર્ણ ડહાપણને[13] ‖ પુર્ણ ગ્નાનને લીધે[14] ‖ અમશાસ્પંદો[16] ‖ હપ્ત કેશ્વરને લગતી[18] ‖ જમી-નને[19] ‖ (એટલે નીરતીના જગતનો વિસ્તાર જે કંઇ સાત કેશ્વરનો હોય

* એ ફકરાની સમજ માટે જુઓ ઉપર પાને ૪૮૭ મે.

એટલે ગરો–દેમાનની હાલતે પુગેલો હોય, જેની જમીનમાંના તે જમીનના પેટમાં રહેલા ચપ્રો એટલે સુક્ષ્મ વજેની ખીશ્કારી કરતા અંગો જેઓને ગએથા કહે છે તેઓ સાતના અએદાદની શકિત મેળવેલા હોવે તેવી શકિત પ્રમાણે ફરી રહીને ત્યાં રહેલી સ્પેન્ત આરમઇતિના હમકારોની ક્ષનુદી કરીને અને રામની રોશની ફેલાવી રહીને હર રીતની સ્થુળ સુક્ષ્મ જેવી ફળદુપતા ઉભી કીધી હોય, તેવો તેટલો વિસ્તાર કે જેને હફત કેશ્વર કહે છે એટલે વસવા લાયકનો=પરદુખભંજનનો=ધુળનું કીમીયુ કરી રહેતો વીસ્તાર કહે છે.તેવા તે વિસ્તારની જમીનને જે પોતાના કષમાં રહેલી હોય છે તેને) ॥ આસપાસથી તેના કષને[૧૭] ॥ બચાવ્યા કીધેલા હોય છે[૧૫] (બચાવ્યા કરે છે). ॥ (તે કષને તોડી અહીરીમન તે જમીનને હફત કેશ્વરના ભેદ વગરની કરે નહિ તે હફત કેશ્વર જમીન અહીરીમનથી પાછી બગડે નહિ તેમાં અહીરીમન ધુસીને બગાડ કરે નહિ, માટે પાસબાની કર્યા કરે છે. હયાં કહે છે કે અમશાસ્પંદી એટલે અમર ગતીઓ એટલે અમશાસ્પંદો–યજતો–૩૩ અહુ–૩૩ રતુઓ વગેરેમાં તે અહૂ પ્રત્યેની પુર્ણ તાબેદારી રમી રહે છે, જેઓ અહૂનો આશીરવાદ પામે છે એટલે અહૂની વતી કામ કરતી ફ્રવષીની ગતી પામે છે, જેથી તે તાબેદારી ફરમાન–બરદારી 'સરોશનું કેહર્પ' ધારણ કરી શકે છે, જેમાં જરવાને અકરનેની પુગી વળવાની શકિત છે, જેમાં '**અમ**'= હીમ્મત, '**વૅરૅથ્રઘ્ન**'= ફતેહ–'**હુદાઓંઘહ**'=ડહાપણ છે, જેથી અહૂ લગી તેઓ પુગી શકે છે અને અહૂનું પુર્ણ '**વએદ્યા**'= પુર્ણ ગ્નાન રાખીને સૃષ્ટીને પાર પાડયા કરે છે. અમર શકિતઓમાં આવેલું સરોશનું કેહર્પ કેવું છે, માટે કહે છે કે):–

**(૨૪)** જે[૨૦] (સરોશ યજત) ॥ કુસ્તીવાળો–કુસ્તી બાંધનારો[૨૨] (**દએના**= **અંતકરણ** જે અહુરાનું છે તેવાં કુલ્યાતી અંતકરણ કે જેમાંથી દએન બહાર પડે છે, અમર ગતીઓ બહાર પડે છે, તેવાં અંતકરણમાં અઇવ્યાઓંઘહનની ગતી જગતને રચીને પુગી વળવાની–મોક્ષે પુગાડવાની ગતી દોડી રહે છે, એમ અહુરાના દએનામાં અને તેમાંથી નીકળતી અમર ગતીઓમાં તેમ મજદયસ્નની દએનમાં સૃષ્ટીની રજેરજને પુગી વળવાની–મોક્ષે પુગાડવાની શકિત દોડી રહે છે;–ના, તે રજેરજને તે અઇવ્યાઓંઘહન કુસ્તીની માફક ત્રણ વખત તલેસમથી એટલે મીનોઇ રીતે કામ કરતી ગતીથી બાંધી રહે છે;–એટલે હસ્તીમાં તે રજેરજના ઉરવાનને લાવી પછી નીસ્તીમાં તેને તનોમંદ હાલત કરી ઉતારીને પછી ત્રીજી વખતે તેને નીસ્તીમાંથી હસ્તી તરફ લઇ જશે. એમ રજેરજની સરજત આ અઇવ્યાઓંઘહનના તે રજની આસપાસ ફરી વળવાથી થઇ છે. આવી દએનાની ગતી એટલે અઇવ્યાઓંઘહનના ત્રણ દોરોની ગતી ત્યારે

સરોશમાં છે—આવી દએનાની ત્રણ ગોળાનોની ગતીવાળો એટલે કુસ્તીવાળો—કુસ્તીની અઇવ્યાઓંઘહનથીં નીસ્તીની રજેરજની આસપાસ ત્રણ વખત લપે-તાઇને તેની સદગતી કરવાવાળો ), || દએનને શીખવનાર[21] ( દએના જે અહુરાનું છે તેમાં સરોશ રહે છે માટે તે દએનામાં દીનનું જ્ઞાન છે તે જાણીને બીજાને શીખવી રહે છે તેમ શીખવનારો), || ઇચ્છવા જોગ સત્તા પામેલો[23] (સરોશ) || હાડમંદ[26] (ભોગવટો કરનારી અમર ગતીએ પુગવા માટે શ્રમ વેઠી રહેલી, દુખ પામી રહેલી) || અનાસરી સૃષ્ટી સંસ્થાઓ,[28] || જે[26] (નીસ્તીને લગતી છે, હસ્તીને લગતી નથી તે)ની || આસપાસ[25] || ઉપરથી આવીને તેમાં ઉતરીને ફરી રહે છે.[24] || આ[29] (ખાસ તે કે જે અહુરાના દએનામાંથી નીકળતા મજદદાત—અહુરદાતથી જાહેર થયલી અને તેટલા માટે અમર શકિતઓમાંથી જાહેર થયલી અને તેટલા માટે સરોશમાંથી જાહેર થયલી મજદયસ્ની જરથોશ્તી દએન છે તે) || દએન ઉપર[30] || પુર્ણ અષોઇના સાહેબ[33] || અહુરમજદ[32] || કુરબાન છે, એતેકાદ લાવીને ચાલવા કબુલે છે;[31] || વોહૂ—મન,[34] || અરદીબહેસ્ત,[35] || શહેરેવર,[36] || સ્પેન્ત—આરમઇતિ,[37] || ખોરદાદ,[38] || અમરદાદ,[39] || અહુરાને લગતી બાબદોનો,[40] || સવાલ જવાબ કરનાર—શીખવનાર મજદદાત,[41] || અહુરાની,[42] || દીન દેખા-ડનાર મુકિતનો સીધ્ધો સરળ રસ્તો દેખાડનાર અહુરદાત,[43] ( એમ નવ અમર ગતીઓ ) || કુરબાન છે, એતેકાદ રાખીને ચાલવા કબુલે છે;[31] || (એવા દએનવાળા સરોશની એટલે અહુરાના દએનામાંથી નીકળતી મજદ-યસ્ની જરથોશ્તી દએનને રાખનાર—શીખવનાર સાહેબ સરોશની પાસબાની પામવી અમુલ્ય છે, માટે તે પાસબાનીને પામવા માટે કહે છે કે):—

(૨૫) અએ[51] || પુર્ણ અષોઇવાળા[53] || ખુબસુરત[54] || સરોશ[52] || હયાં[44] (એટલે હમારી આવી હાલતમાં) || આ બે[45] || હયાતીઓ[46] || આ બે[47] || દુન્યાઓ,[49] || તે એક[55] || દુન્યાની હયાતી[56] || જે[57] || હાડમંદ,[58] (છે) || જે બીજી[59] || સુક્ષ્મ અણુદીઠ વીચારોની આકૃતીઓની[61] || છે,[60] || તે બેઉ દુન્યાની હયાતીઓમાં[45-47-46-49] ( એટલે જીવતી કે ગુજર્યા પછીની હયાતીઓમાં) || હમારી[48] || પાસબાની કરજે,[50] ( એટલે હમારામાં તારા જેવી અહૂ પ્રત્યેની તાબેદારી ઉભી કરાવી તેમાં તું વસીને છેક અહુરા લગી સંબંધ કરાવજે. એમ જડ મતી —ગતીની ખુદ-પરસ્તીથી હમોને દુર થતાં શીખવજે, એટલે તનાસકમાંથી બચાવજે. આ ખુદ-પરસ્તી અને જડતા અને તનાસકની ગતીમાં એવું તે શું છે કે જેથી બચાવ માંગે છે અને પુર્ણ તાબેદારી કરીને સરોશને તેમાં વસાવીને અહૂ તરફ જવા માંગે છે, તેના ખુલાસામાં કહે છે કે):—

*આગળ-પાછળ[૬૨] || દોડતાં-ઘેરતાં[૬૩] || મોતથી[૬૪] || (મોત થવું જોઇએ તેની આગમચથી આવતું કમોત એટલે રૂવાનને પાછું ઉતરવું પડે તેવી બુરી નઈઅતનાં રૂવાન-દરોરતીમાં અટકાવ મુકનારાં મોતથી-નાશથી), || (અને) અએષમ દએવ જે બુરા વીચારોના પડોમાંની દએવીક ગતી છે, જેનો પ્રતી-ઉત્તર મરકી અને બીજી વબાઓ-આફતોમાં પડે છે, જે એકગણા ખરાબ વીચારને હજારગણો બગાડી તેમાંથા[૬૭] || આફતનો વરસાદ એટલે પુર જોશથી ઉતરતો ધસારો કરે છે તેના[૬૬] || થી,[૬૫] (અએ સરોશ), || ધસારો કરતાં[૬૯] || લશ્કરો[૭૦] || થી[૬૮] || (એટલે બીજી જાતજાતની ૨૧) પ્રકારની દ્રુજીઓ જે ઇનસાનોની બુરી કરણીથી થઈ રહે છે, તેઓના ગુબારોમાંથી થતા બુરી અસરોના-આફતોના ધસારાઓ કરતાં લશ્કરોથી), || જે લશ્કરે[૭૧] || ઉંચે[૭૨] (એટલે ફત્તેહ છે એમ પોકાર કરતા રહીને) || †ધાટકી[૭૩] || વાવટો[૭૪] || ધરેલો રાખેલો હોય છે,[૭૫] || (તેવા) અએષમના[૭૬] || પુર જોશના[૭૭] || ધસારામાંથી[૭૮] (તેની બુરી અસરોમાંથી) (તેવી આફતો જ્યારે ગેતી ઉપર

---

* આગળ પાછળ ગોળ દોડતું મોત તે કમોત છે. ખરી રીતનું મોત આગળ પાછળ દોડનારૂ નથી એટલે તનાસકમાં પાડીને ઉતારનારૂ નથી. પણ 'તન પસીન' કરાવનારૂં એટલે **'દરૅઘો-જીતીમ'** લાંબુ જીવડાવ્યા પછીથી ગેતીને છોડી આતશી છેલ્લું તન કરાવી ખએત્વોદથ કરાવી હસ્તીમાં નુર તરફ લઈ જનારૂં છે. આવાં મોતને આગળ વધારનારૂં કહે છે. પણ આ આગળ પાછળ ઘેરતું મોત તો વૃધ્ધીને ઘેરીને ઘટતી કરાવનારૂં, પાપમાં પાડનારૂં એટલે તના-સકવાળું છે. જે **'દરૅઘાંમ દરૅઘો-જીતીમ'**=લાંબા કાળ પછીનું તે મોત નથી, કે જે મોત ઇચ્છવા લાયક છે. પણ આ **'પઇરિ દ્રવતત મહુરૂકાત'** એટલે ગોળ ગોળ ફેરવીને ગેતી તરફ દુર અને દુર ફેંકનાર મોત નહિ ઇચ્છવાજોગ છે, કેમકે તે મોત ઘડી ઘડી જન્મ મરણ કરાવનાર છે. એમ છે માટે **'પઇરિ'** શબ્દ અને પાંચમી વીભકતીનો દુર ફેંકવાનો પ્રત્યય **'અત'** અને **'દ્રવતત'**નો ધસારો કરીને જીવ તોડવાનો અર્થ તે મોતને અપાયો છે.

† ધાતકી એટલે હદ અને ઈનસાફને ઠોકરે મારનારો અને ખરી બીનાથી અજ્ઞાન માટે અહુરમજદની વઇર્યની સામે-અહુનવઇર્યની સામે થયલો, જેમાં ગેર ઇનસાફી થઇ હદ કુદાવવાનો મુદ્રાલેખ છે, એટલે દરેક રીતે રૂવાન-દરોસ્તીનું ખુન કરીને રૂવાનનો નાશ કરવા તૈયાર થઈ રહેલો છે. પણ ધાતકીપણામાં અજ્ઞા-નતા છે, માટે તેને ખબર નથી કે રૂવાન તો અમર છે, જેનો નાશ નથી; કેમકે અહુરમજદના હોકમ-અહુનવઇર્યને સમજવાની ધાતકીપણાને દરકાર નથી. ના, તેની તે સામે છે. એવો અર્થ ધાતકીપણામાં છે. આ શબ્દ વાવટાને લાગે છે. વાવટો દએવની બુરી સત્તાની નીશાની અને તેના દોરનો જુલ્મ બતાવે છે, અને અહુરમજદની સત્તા સામેનો બળવો બતાવે છે. નાશ કરવાની તે અલામત બતાવે છે.

વરસે, ત્યારે અએ સરોશ,) ‖ હમોને[૪૮] ‖ તું બચાવજે[૫૦] (કે જે પછીથી હમો બીજાઓનેબી બચાવી શકયે, તારી પનાહમાં જવા વીનવ્યે,) ‖ જેઓને[૮૬] (એટલે આવા ધરતાં–બુરાઇ ઉતારતાં લશ્કરોને) ‖ બુરી કરણીને કાયદે બુરૂ આપનાર–બુરાંનો બદલો બુરો હઝારગણો કરનાર કાયદાવાલો[૮૧] ‖ અએષમ દેવે[૮૦] ‖ દએવના કાયદાને ઉભો કરનાર અને ચલાવનાર[૮૫] ‖ દએવ વીદાતુ એટલે ફરામોશીના દએત્ર એટલે અહુરમજદના આશીરવાદોને લેવા ના પાડનાર ફરામોશવાળા રૂવાનને વળગેલા દએત્ર[૮૪] ‖ ની સાથ[૮૩] ‖ પોતાથી દુર[૮૪-૮૫] (એટલે હમારી તરફ નીચે) ‖ દોડાવ્યા છે[૮૨] ‖ તેઓ સામે અએ સરોશ બચાવ કર.[૫૦] ‖ (એમ ખુદ–પરસ્તી ઉભી કરતો દએવ વીદાતુ, કે જે અસલ રૂવાનમાં હતો પછી બહાર પડીને તનરૂપમાં વણાયો છે, જે બુરા વીચારના અએષમથી પાછો જાગૃત થઇ ખુદ–પરસ્તી–અહંકાર–હવસો તનમાં કરી રહયો છે, તેથી, અએ સરોશ, બચાવ અને હમોને નીચે મુજબની બક્ષેશ આપ, કે જેથી જડ મતીને ખુદ–પરસ્તીને હમો તોડીને તારા જેવી સ્રઓષેમની ગતીએ પુગ્યે, માટે કહે છે કે):– ‖ ખુબસુરત[૯૧] ‖ અષોઇથી ભરપુર[૯૦] ‖ સરોશ![૮૯] ‖ હયાં[૮૬] (આવા બુરા સંજોગોમાં, આ જીંદગીમાં) ‖ તું[૮૮] ‖ હમોને[૮૭] ‖ હમારા ઘોડાને વાસ્તે[૯૪] (એટલે હમારી કામ કરતી રોશનફેલ કરવાની એટલે રોશનીનાં કામ કરવા ઘોડા માફક પુર હીમ્મતથી ફત્તેહ ઇચ્છતી દોડતી ગતીને માટે) ‖ જોરની શકિતની કુદરત[૯૨] ‖ કાયદાસર આપ,[૯૩] ‖ (હમારા જાનના રોશન ફેલ કરતા ઘોડાને જોરથી દુર લગી દોડવા માટે લાંબુ જીવીને ખુબ જોશથી ભલું કરવાનું જોમ થવા માટે જોરની શકિતની કુદરત હમારામાં જાગૃત કર,) ‖ (અને) ‖ તનને માટે[૯૬] ‖ મજબુતાઇ[૯૫] ‖ (દુજી ગતીને તોડે તેવી ગતી, બુરા વીચારો સામે ટકી શકે તેવાં મનની સુક્ષ્મ ગતી આપ); ‖ દુખ દેનારાં–તન–મનનાં દરદો ઉભા કરનારા, વ્યાધીઓ કરનારા હવસોની સામે[૯૮] ‖ પુરતી ચોકી રાખવાનું જોમ[૯૭] (આપ); ‖ બુરાં મનવાળાઓની બુરાઇઓને, હમારામાંના હવસોના ઉછાળાઓ જે મનને બુરૂં કરે છે તેની ગતીને[૧૦૦] ‖ મારવાનું જોમ[૯૯] (આપ). ‖ ત્બએષ=દુખ દેનાર તન–મનને દરદમંદ કરી બગાડનાર[૪] ‖ વેરી એટલે જાતજાતના હવસો[૩] (જેઓ) ‖ સાથે રહીને હમનબર્દ થઇને હેરાન કરે છે તેવા હરીફ ચયલાઓને[૨] ‖ જગીનદોસ્ત કરવાનું જોમ[૧] (આપ) ‖

## "દએવ વીદાતુ" બાબે ક્ષ્નૂમીક શરેહ:

અહૂએ પોતાના બગાનો નામે **બગ અહુનવઇર્ય** અને **પઓઉર્વ ફ્રવષિ** મારફતે '**સ્તઓત યસ્ન**' એટલે કુલ સૃષ્ટીનું ઇંડુ ઉભુ કરાવ્યું હતું. સ્તઓત યસ્નના પાકટ ભાગને **અનદ્દમા** કહે છે. આ **અનદ્દમા**-

માંથી સૃષ્ટીને માટેના શરૂઆતી બે નુરો સામસામી વજેના જાહેર થયા, જેઓને ઉર્વ અને બઓદ કહે છે. આ ઉર્વમાં દ્રવાઓ એટલે અજ્ઞાનતા હતી માટે અહૂ તરફનો વિરોધ હતો. પણ પેલી બઓદમાં શ્રદ્ધા હતી, અહૂ તરફની તાબેદારી હતી શરૂઆતમાં પેલા ઉર્વે બહાર પડીને 'અક્રષીમંત' 'ગાત્વ' ઉભી કરી કે જેમાં સ્તંભપણું હતું એટલે વૃધ્ધિ હતીજ નહિ. શરૂઆતની તે **"અક્રષીમંત ગાતુ"**માં એટલે શરૂઆતની સ્તંભ સૃષ્ટીમાં અહુરમજદની સામેનો જે વીરોધ હતો તે ઉર્વમાં રહેલા દ્રવાઓને લીધે હતો. આ દએવે સૃષ્ટીને સ્તંભ એટલે વૃદ્ધી તરફ નહિ જઇને નાશ પામે તેવી રાખવા ધારી હતી. પણ ઉપર કહેલા મુગરૂપના અનહૂમાની પ્રાર્થનાથી ફ્રવષીના આશીરવાદો જેઓ અહૂનાં ઉરવરમાંથી માંથ્ર-સ્પેન્ત-રૂપના થઇ પડતા હતા તેઓને તે સૃષ્ટી ઉપર પાડયાથી, આ દએવની બુરી ગતીમાં મોટા ફેરફાર થયા, અને તે સૃષ્ટીમાં ચલીતપણું આવ્યું. સૃષ્ટીમાંના દએવનો મુળ ભાગ તે આશીરવાદોને પુર્ણ રીતે લઇ પોતાને લગતા ઉર્વમાં મર્જ થયો, તે **"માંથ્ર-સ્પૅન્ત**નાં રૂવાન" તરીકે થઇ એટલે વૃદ્ધીવાળો થઇ પોતામાંના દએવીક ગતીના બીજા રહી ગયલા ભાગને વૃદ્ધી તરફ લઇ જાય તેવી મનશ્નીનાં રૂવાન તરીકે થઇ અહુરામાં મળ્યો, જેને **અહુરાનું રૂવાન** કહે છે. આ માંથ્ર-સ્પેન્તના ભાગે પોતાની સાથના બીજા અને ત્રીજા ભાગના રએથ્વ=દએવીક ગતી ભુલાવાની ગતીના કચાસને સુધારીને તેઓને ૩૩ અહુ-૩૩ રતુ તરીકે કીધા. પણ છેલ્લો ચોથો ભાગ કે જેણે તે આશીરવાદને તરછોડયો, તે તે માંથ્ર-સ્પેન્ત'નાં રૂવાનની '**પઇરિ**'=જગા નામે 'જરવાને અકરને'માંથી બહાર ગયો, જે '**નિઝ્ઍરૅતો**' થયો એમ હોશેબામની બંદગીમાં કહે છે. હોશબામમાં તે દએવને '**દ્રવાઓ**' એટલે ભુલ ભરેલો, '**ગતો હમિસ્તો**' એટલે માંથ્ર-સ્પેન્તના રૂવાનનો એટલે અહુરાનો હમનબર્દ થયલો કહે છે, જેને **અવસો-ક્ષથ્રો** એટલે ક્ષથ્ર એટલે ઇનસાફી સત્તા ધરાવવાની મુરાદે નહિ પુગેલો, અને '**નિઝ્ઍરૅતો હચ સ્પૅન્તહે મઇન્યેઉશ દામબ્યો**' એટલે સ્પેન્ત મઇન્યૂની (તે માંથ્ર-સ્પેન્તનાં રૂવાનની) ભલી સૃષ્ટીમાંથી બહાર પડેલો કહયો છે. આ દ્રવાઓને '**દએવ વીદાતુ**' કહે છે. પેલી દાગી સ્પેન્તની (માંથ્ર-સ્પેન્તનાં રૂવાનની) જરવાને અકરનેની જગતમાં એટલે કુલ સૃષ્ટીને ઘેરતાં નવમાં અહુનવરનાં આસ્માનમાં તે 'માંથ્ર-સ્પેન્ત'ના રૂવાન રાખતા અહુરામાંથી '**ઉરવર**' એટલે ભલા યજતોનું ઝાડ ઉગેલું હતું અને '**નવ ગૅના**' એટલે નવ અમર ગતીની લીલાશ તે ઝાડમાંથી અતી ઉત્તમ દીલપઝીર છાયા તરીકે પડવા લાગી, જેના નીચે તે બધી યજતી ગતીઓ ઉસ્તા=અમર સુખ ભોગવતી હતી. પેલો '**દએવ વીદાતુ**' શક

સુખેહની હા-નાની તકરારના સખ્ત તડકાંમાં તપતો હતો, તેની ઉપર આ ઝાડનો છાંયો પડતાં તેની '**અવસો-ક્ષથ**'ની ગતીમાં ફેરફાર થયો. તે ઉંઘમાં પડયો એટલે તે દએવને પોતાની ભુલ કેઠે છે તેનું ભાન આવ્યું, અને તેણે તે દામીમાં જઇને તે નવ ગેનાનો છાંયો માંગ્યો. આને માટે તે દવાઓને એટલે તે ભુલેલાં રૂવાનોને હસ્તી-નીસ્તીમાં મોક્ષ કમાઇને યજત જેવાં થવા મોકલ્યાં, કે જે પછીથી તેઓ તે દામીમાં દાખલ થઇ તે નવ ગેનાનો છાંયો લઇ શકે. આમ ત્યારે આ દએવની બુરી ગતીમાં ફેરફાર થયો, અને તેમાં ચલીતપણું આવ્યું, જેથી તેમાં યજતી ગતીના ઇશ્ક જેવો ઇશ્ક નહિ એટલે પતમાનનો ઇશ્ક નહિ, પણ અઇવીબુદ-ફ્રેબુદનો એટલે હવસોરૂપનો ઇશ્ક તેમાં જામવા લાગ્યો. **આ હવસરૂપ ઇશ્કને પતમાન ઉપર લાવવાને માટે બુન દહેશન થઇ, સૃષ્ટી રચાઇ. સૃષ્ટીમાંની હસ્તીની સૃષ્ટીનાં આસ્માનો ઉપર તે દવાઓ સાથનાં રૂવાનોને ૧/૧૦ ને કાયદે વહેંચવાનું શરૂ કીધું.** આ ૧/૧૦ ના કાયદાએ વહેંચવાની હિકમતને '**દસેમે સ્તુતાંમ્**' કરીને ગાથામાં ઓળખે છે; એટલે ૧/૧૦ ભાગ જે હવસોમાં હોય તેઓને બહાર કાઢવા કે જેથી ૯/૧૦ ભાગ પછી સ્તુતીપાત્ર સખ્ખોને પચાવી શકે; એવી શુભ હિકમત થતી જઇને સુધારો પામતાં રૂવાનો **હવયઍાન**માં એટલે હસ્તીનાં આસ્માનોમાંનાં અહુરાનાં રહેઠાણમાં દાખલ થવા લાગ્યાં એટલે દખુલ રૂવાનો નામે ગવ-ચિથ્રનાં રૂવાનો થયા જેઓ ૭ ધેનાને મેળવી શકયા, જેઓ પછી પેલા ૧/૧૦ ને સુધારવા યજત સાથે જોડાયા અને નીસ્તી-ગેતીની ઉપર '**અંઘ્-હુષાંમ્ચા**'નાં રૂવાન તરીકે કામ કરી રહે છે, કે જેથી આપણને ટકવો મળી રહે છે. એમ આ દએવની ગતી નરમ પડતી ગઇ, અને આજે એટલે આ ગેતીમાં તે અસલ દએવના અતી કમ ભાગમાંથી ઇનસાનનું તન થઇ રહયું છે, અને તે તનરૂપી દએવ હવસોની જુંબ્બેશોમાં આવી આવીને આખરે પતમાન ઉપર યજતી ઇશ્કમાં આવશે. આજે ત્યારે ધનામીનની કુદરત તનમાં એટલે આ દએવ ઉપર કામ કરી રહે છે. ધનામીન 'અએષમ'ની ગતીને કામે લગાડે છે, એટલે હવસોની બુરી ઇચ્છાને ઉશ્કેરીને તે દએવની જેટલી ગતી હોય તેટલી બહાર કઢાવીને, પલ્લાંમાં જેટલું ઉપર-નીચે કરવાનું જોમ હોય તેટલું બહાર કઢાવીને, એમ હદની ઉપરાંત ચલાવીને, પછી કુદરતમાં જામી રહેલા હદ+ઇનસાફની દેવડીને હવાલે સોંપી દે છે, કે જે પછીથી તેની બુરી વૃત્તીનો નાશ થઇને તેમાંથી ભલું પતમાન થતું આવે છે. આમ ધનામીન કે જે અંગ્રમીનની પાંચમાં આસ્માનની હકીકતથી થયેલ છે તે કામ કરી રહે છે, જેને અવસ્તામાં '**તરોઇદીતે અંગ્રહે મઇ-**

ન્યેઉશ'ના ભેદમાં જણાવેલું છે, એટલે અંગ્રમીનોના ઘનામીનને તેની હકીકતી ખીશ્કારીને આરપાર જોઇ શકું છું, એમ ભેદમાં જણાવેલું છે. ત્યારે અએષમ દએવ બુરી ઇચ્છાની મદદથી તેના હવસોને ઉશ્કેરે છે. ઘનામીન તેઓને હુલકાવે છે, અને હદ ઓળંગાવે છે, જે પછી જરથુશ્ત્રની કુદરતી હીકમત તેને ઇનસાફ આપી મારીને સુધારે છે. આમ ત્યારે તે '**દએવ વીદાતુ**' કે જેના ભાગોમાંથી તન થઇ રહયું છે, તેનો આવો પાઠ છે. માટે હયાં કહે છે કે અએષમ દએવે દએવ વીદાતુની સાથે તે બુરાં લશ્કરને એટલે દુજીની બળાને ગેતી ઉપર દોડાવી. દએવ વીદાતુ તે તનમાંના હવસો છે; બુરાં લશ્કરો તે હવસોથી ઉપર થયલી બળાનું વાદળું છે. દએવ વીદાતુને દએવો—દાતથી એટલે બુરી રીતથી કામ કરતો કહયો છે. અએષમને દુઝદાઓ એટલે એક બુરામાંથી હઝારગણું બુરું, હદ ઓળંગાવે તેવી મતી ઉભી કરાવનારો કહયો છે. આમ સ્વાર્થી મતી દએવ વીદાતુ ઉભી કરે છે. તે **તરોમતી**= તુંદી મતીની સાથે પેલાં લશ્કરો હોય છે એટલે તે મતીથી તે લશ્કરોની આફત ઇનસાન ઉપર ઉતરે છે. આવી ગતીની આફતમાંથી ભણનાર પનાહ માંગે છે, સરોશની ગતી જે પરમાર્થી છે તેનું જોમ માંગે છે, કે જેથી તનમાંના દએવ વીદાતુના હવસો તુટીને ભલાઇમાં ફેરવાતા રહે.

(૨૭) (કરદો ૧૧ મો) ☞ **સ્રઑષॅમ[૧] અષીમ[૨] હુરઑદॅમ[૩] વॅરॅથ્રાજનॅમ[૪] ફ્રાદત્-ગએથॅમ[૫] અષવનॅમ[૬] અષહે[૭] રતૂમ[૮] યઝમઇદે.[૯]** (☞ ત્રણ વાર પઢવું).

**યિમ[૧૦] ચથ્વારો[૧૧] અઉર્વન્તો[૧૨] અઉરૂષ,[૧૩] રઑક્ષ્ન,[૧૪] ફ્રાદॅરॅસ્ર,[૧૫] સ્પॅન્ત,[૧૬] વીદ્વાઓંઘહો,[૧૭] અસય[૧૮] મઇન્યવસંઘહો[૧૯] વઝॅન્તિ.[૨૦] સ્રવએન[૨૧] અએષાંમ[૨૨] સફાઓંઘહો[૨૩] જસॅન્ય[૨૪] પઇતિ[૨૫] થ્વરॅશતાઓંઘહો.[૨૬]**

**(૨૮) આસ્યંઘહુ[૨૭] અસ્પએઇબ્ય,[૨૮] આસ્યંઘહુ[૨૯] વાતએઇબ્ય,[૩૦] આસ્યંઘહુ[૩૧] વારએઇબ્ય,[૩૨] આસ્યંઘહુ[૩૩] મએઘએઇબ્ય,[૩૪] આસ્યંઘહુ[૩૫] વયએઇબ્ય[૩૬] હુવપતॅરॅતએઇબ્ય,[૩૭] આસ્યંઘહુ[૩૮] હુવસ્તાઓ[૩૯] અઇંઘહિમનયાઓ.[૪૦]**

**(૨૯) યોઇ[૪૧] વીસ્પે[૪૨] તે[૪૩] અપયેઇન્તિ;[૪૪] યોઇ[૪૫] અવે[૪૬] પસ્કાત્[૪૭] વ્યેઇન્તિ,[૪૮] નોઇત્[૪૯] અવે[૫૦] પસ્કાત્[૫૧] આફॅન્તે.[૫૨] યોઇ[૫૩] વએઇબ્ય[૫૪] સ્નઇથિઝ્બ્ય[૫૫] ફ્રાયતયેઇન્તિ[૫૬] વઝॅમ્ર,[૫૭] યિમ[૫૮]**

વૉહૂમ[59] સ્ત્રઑષૅમ[60] અષીમ.[61] યત્ચિત્[62] ઉષસ્તઇરે[63] હિન્દ્વો[64] આગેઉર્વયેઇતે,[65] યત્ચિત્[66] દઑષતઇરે[67] નિઘ્ને.[68]

†અહે રય ખ્અરૅનંઘ્હચ, અંઘ્હે અમ વૅરૅથ્રઘ્નચ, અહે યસ્ન યજતનાંમ્ તૅમ્ યજાઈ સુરૂન્વત યસ્ન; સ્ત્રઑષૅમ્ અષીમ્ જઑ-થ્રાઝ્યો, અષોઝ્ય વંઘ્રુઉહીમ્ ઍરૅજઇતીમ્, નઇરીમ્ચ સંઘ્હૅમ્ હુરઑદૅમ. આચ નો જમ્યાત્ અવંઘ્હે વૅરૅથ્રજાઓ સ્ત્રઑષો અષ્યો. સ્ત્રઑષૅમ્ અષીમ્ યજમઇદે. રતૂમ્ ઍરૅજન્તૅમ્ યજમઇદે, યિમ્ અહુરૅમ મજ઼્દાંમ્, યો અષહે અપનોતૅમો, યો અષહે જઘ્નૂશ્તૅમો. વીસ્પ સ્ત્રાઓ જરથુશ્ત્રિ યજમઇદે. વીસ્પચ હુવ-રૂશ્ત ષ્યઑથ્ન યજમઇદે, વરૂશ્તચ વૅરૅશ્યમ્નચ.

યેંઘ્હે હાતાંમ્ આઅત્ યેસ્ને પઇતી વંઘ્હો,
મજ઼્દાઓ અહુરો વએથા અષાત્ હચા,
યાઓંઘ્હાંમ્ચા તાંસ્ચા તાઓસ્ચા યજમઇદે.

(૨૭) અષીના સાહેબ,[2] || ખુબસુરત,[3] || ફત્તેહમંદ,[4] || રજેરજનાં બંધારણને નુર તરફ વધારનાર,[5] || અષો[6] || અષોઇના[7] || સરદાર[8] || સરોશ સાથે[1] || એકતાન થઇએ છીએ.[9] (આ સરોશની ગતી અને ભલી સત્તા નીસ્તી-ગેતીમાં કેવી છે તેને માટે અલંકારમાં કહે છે કે:) || જે[10] (સરોશ)ને || ચાર[11] || સફેદ[13] || ચળકાટવાળા[14] (એટલે મીનોઇ જ્ઞાન અને તેનો જલવો ચાર કીરણ તરીકે ખોરેહરૂપમાં બહાર પડે છે, જેઓ ચાર ઘોડાના દેખાવમાં દેખાઇ રહે છે તેવા), || નસીહત આપીને આગળ વધારનાર, બીજાને સુધારનાર,[15] || મુકિત વૃધ્ધી આપનાર,[16] || પોતાનાં જ્ઞાન અને અમલને ડહાપણથી વાપરનાર,[17] || છાંયા વગરના એટલે અનાસર કે જે છાંયો પાડે તેવા નહિ પણ નુરી ગતી કે જેનો છાંયો હોય નહિ તેવી ગતીના[18] (માટે સરોશમાંથી ખોરેહરૂપના નીકળેલા), || (સરોશ જે નુરી ગતીનો છે તેમાંથી ચાર કીરણો ખોરેહરૂપમાં નીકળીને બહાર પડે છે, જેમાંથી ત્યારે ઓછો થતો નથી, તેવાં બહાર નીકળતાં ચાર કીરણોના ખોરેહ જે ઘોડારૂપનો ઘાટ લે છે તેવા) ઘોડાઓ[12] || મીનો રીતની અણદીઠ નુરી ગતીની ગાડીમાં[19] (નીરતીમાં ભલી આકેબતને ધ્યાનમાં રખાવી સંસારને ભોગવવાની ગતી પાથરતા, સબકો આપતા) || હાંકી લઇ જાય છે.[20] (ચોમેર તે ચાર ઘોડાઓ એટલે તે ભલું ખોરેહ પંથરાઇ રહે છે.) || તેઓ[22] (તે ચાર ઘોડાઓ)ની ||

---

† એ ફકરાની સમજ માટે જુઓ ઉપર પાને ૪૮૭ મે.

નાળ[૨૩] ‖ સીસાંની[૨૧] ‖ (પણ તે સીસાંને) ‖ પુણ રીતે ઉંચી જાતના સીરફ[૨૫] ‖ સુન્નામાં[૨૪] ‖ ફેરવી નાખેલું છે, કીમીયું કરી નાખેલું છે[૨૬] ( **સુબ્બ**= નાળનો અલંકાર અધીકાર–સત્તા બતાવે છે. હયાં કહે છે કે સરોશની શકિત જે ઘોડારૂપની એટલે તેઝ રીતે ફત્તેહમંદીથી કામ કરતી બહાર પડે છે, જે ખોરેહ આશીરવાદરૂપ છે, તે ઘોડાની નાળ હલકી સીસાંની છે એટલે તે ખોરેહની શકિતને જે કામ કરવાનું છે તે હલકાંઓને સુધારવાનું છે એટલે ગેતીના તનોમંદ ગતીનાઓની દ્રુજી ગતીને તોડીને સુધારવાનું છે. માટે કહે છે કે **સુબ્બ**= અધીકાર કામ જો કે સીસાંનું છે પણ સીસાંને સોનાંમાં પુર્ણ રીતે ફેરવી શકે છે એટલે તનોમંદ ગતીને ગવમંદ કરીને નુરી કરી શકે છે. વળી સરોશના ઘોડાઓને એટલે બહાર પડતી ઘોડા જેવી તેઝી ઝડપી કામ કરતી શકિતઓને યજતી તોરનું કામ કરવાનું છે, માટે તે શકિતને '**અઉરૂશ**' એટલે સફેદ એટલે રયોમંદ=રયની પુર્ણ જ્ઞાન રાખનારી, અને **રઑક્ષ્ન** એટલે રયનાં જ્ઞાનનો જે **ચળકાટ** રઓખ્શ તરીકે બહાર પડે છે, જે કથીરનેબી સુન્નું કરી શકે છે તેવી મીનોઇ રીતે કામ કરી શકે તેવી છે. તે શકિત ઘોડાઓ '**અસય**'= છાયા વગરના એટલે અનાસરી નહિ પણ નુરના છે, તેઓ '**વીદ્દવાઓ**'= ડહાપણવાળા એટલે સ્વાર્થ રહીતના, નેજાતે લઇ જવાની ગતીવાળા, અને '**ફ્રાદ્દૅરૅસ**'= સબક આપીને વધારીને '**સ્પૅન્ત**'=મીનોઇની વૃદ્ધી કરનાર કહયા છે. **આવા ઘોડા ત્યારે સાધારણ હોય નહિ.** તેથી તેઓ પોતાનું કામ કરવા ખોરેહ આશીરવાદની માફક ચાર ખુણે અને ચાર દીશાએ પસરી રહે છે, અને બુરાઇનાં વાદળાંઓ–ગુબારોમાંથી બુરાઇની ગતીને લીધે તેઓ બુરૂં કરનાર ઉપર પથ્થરની માફક પડે છે, જેથી બુરાઇ દુખ ખમીને સુધરે છે અને ભલાઇનાં વાદળાંઓમાંથી ભલાઇને લીધે ફુલની માફક તે ભલું કરનારાઓ ઉપર પડે છે. એમ પડી રહે છે, રજેરજને પુગી રહે છે, માટે કહે છે કે તેઓ ખોરેહરૂપના ઘોડા ઘણાજ ઝડપી છે. વાદળાં કે વરસાદ કે તીર કે પક્ષિ કે કોઇ કરતાંબી ઝડપી છે એટલે રજેરજને પુગી વળે છે. કોઇ તેથી બાકાત રહી શકતું નથી. માટે કહે છે કે):–

**(૨૮)** (કોઇબી જાતના બીજા) ઘોડાઓ[૨૮] ‖ કરતા ઘણાજ સેતાબ,[૨૭] ‖ પવન[૩૦] ‖ કરતાં વધારે સેતાબ,[૨૯] ‖ વરસાદ[૩૨] ‖ કરતાં વધારે સેતાબ,[૩૧] ‖ વાદળાંઓ[૩૪] ‖ કરતાં વધારે સેતાબ,[૩૩] ‖ આઝાદગીએ પુગેલાં, તદ્દન હલકાં પીછાંવાળાં એટલે વીચાર કરતાંબી સેતાબીથી ઉડે તેવાં પીછાંવાળાં, '**હુપેરેન**' રીતે ઉડતાં, વૃદ્ધીની ગતીના મિથ્રોની માફક ઉડતાં પીછાંવાળાં[૩૭] ‖ મુરઘો[૩૬] ‖ કરતાં વધારે સેતાબ,[૩૫] ‖ કુદરતની ભલી બાજુના દુતોની સહમ–

ઉલ-સહમ એટલે નહિ ચુકે તેવી નેમવાળી એટલે બુરી ગતીને આરપાર ટાંકેલાં હથીઆરની માફક વીંધી નાખે તેવી સુક્ષ્મ તેજ ગતીવાળા,[૩૯] || લોઢાંની સીફતના બચાવવાળા એટલે મીનોઇના વિચારના રહેવાની કેળવણી પામેલા તેઝ મનનાં, તેઝ વિચારની તેઝ ગતી, જે મનને જો કદી બુરો વીચાર જાણ્યુ અંજાણ્યુ આવી જાય તો તેને કેદ કરીને સુધારી શકે છે તેવી લોઢાંના ભેદની ગતીવાળાં પાક આઝાદ મનના વીચારની તેઝી[૪૦] || કરતાં વધુ ઝડપી[૩૮] (છે; આ બધી અનાસરી ગતીની ચીજોને તેઓ પાછળ ફેંકે છે માટે કહે છે કે):-

(૨૯) જેઓ[૪૧] (ઘોડાઓ) || બધા[૪૨] || તેઓને[૪૩] (એટલે ઉપર કહેલી બધી અનાસરી ચીજોની જેટને) || પાછળ ફેંકે છે;[૪૪] || જે[૪૫] (ઘોડા)ઓ || (તેઓની) પાછળથી[૪૭] || દોડતા આવીને આગળ નીકળી પડે છે.[૪૮] * || એમ[૪૬] (તે બધી અનાસરી ઝડપી ચીજો) તેઓની || પાછળ પડી જાય છે[૪૮] || તોબી તેઓ[૫૦] (તે ઘોડાની) || પાછળની પુઠ[૫૧] || વટીક રાખી શકતા[૫૨] || નથી,[૪૯] (એટલે ઘોડાઓ કયાં અને કયાં નીકળી જાય છે, કે જેઓની પુઠ પકડી રાખવાનીબી તેઓની ગતી નથી). || (તે ઘોડાઓ યાને સરોશનું તે ખોરેહ જે ચાર ખુણા અને ચાર દીશામાં પંથરાય છે તે) જેઓ[૫૩] || દબલ જાતનું[૫૪] || શરીરરૂપ હથ્યાર રાખીને[૫૫] (એટલે પોતે નુર ગતીનું કેહપ રાખે છે, અને પોતાના કેહપની સાથે બહારથી રવીના સુક્ષ્મ ગતીના ગવ-ચિથ્રરૂપના ચાર સ્વાનું સુક્ષ્મમાં સુક્ષ્મ કોટલું જેબી શકિતવાળું છે તે રાખીને એમ નુર તેમ ગવ-ચિથ્ર બેઉની એજમતી અસરો રાખીને; નુરનાં શરીર તરીકે રહી એટલે શરીરમાંના રૂવાન બઓદની માફક રહી અને ગવ-ચિથ્રરૂપ શરીર તરીકે રહી એટલે તે નુરાની ગતીના રૂવાન બઓદની આસપાસ આવેલાં નુરથી ઉતરતી ગતીના શરીર તરીકે રહી એવી રીતના તે શરીરની) દબલ રીતની હથ્યાર રૂપની શકિતને જોરે || ભલા[૫૯] (એટલે

---

* **'વ્યેઇન્તિ'** શબ્દનો સાધારણ અર્થ 'જવું-આવવું' એમ છે. પણ એમાં વાયની માફક વહેવાનો અર્થ છે. જેમ પવન પાછળથી આવતો હોય તોબી આગળ વધીને કયાંનો કયાં આગળ વહી રહે છે તેમ વ્યેઇન્તિ શબ્દમાં પાછળથી આવીને આગળ કયાંના કયાં વધી જઇને ગુમ થઇ જવું એમ અર્થ છે.

**આર્ફ્ન્તે** શબ્દનો અર્થબી 'જવું-પહોચવું' એમ છે. પણ એમાં પાણીની માફક જ્યાં હેઠાણ મળે ત્યાં ધોધમાર ધસવું એમ અર્થ છે, એટલે ઉપરથી નીચે ઢળવું, પુઠે રહેવું, પુઠ પકડી રાખવી કે જેમ પાણી હેઠાણની પુઠ પકડી રાખીને વહયા કરે છે અને જ્યારે હેઠાણ નહિ હોય ત્યારે થંભ થાય છે, એમ પુઠ પકડવાનો-આગળ નાહસ્તાની પુઠે હેઠાણમાં રહીને પકડી રાખવા માટે વહેવાનો અર્થ છે.

વોહૂ-મનની સાથે જોડાઇને ખીશ્કારી કરી રહેલા) ‖ અષોઇવાળા[61] (એટલે પુર્ણ રીતની અષોઇની આશીરવાદીક શકિત જે અષ-વહિશ્તની માલેકીની છે તેના ધરાવનાર, એમ બહમન અને અષ-વહિશ્ત સાથના) ‖ જે[58] (એટલે તે બેઉનું જોડાણ રાખે છે તે) ‖ સરોશને[60] ‖ ગાડી[57] (કે જે ખુરશેદના સ્વાની બનેલી છે તે ગાડી)ને જોડાઇ ‖ રસ્તો લઇ રહે છે,[59] (પુશ્કળ જોમથી ગેતીમાંની રજેરજમાં પંથરાતા દોડી રહે છે.) (કયાંથી કયાં જઇ રહે છે-દોડી રહે છે?) ‖ જે કંઇ[66] (ગેતીનો ભાગ) ‖ આથમતી દીશાએ[67] (છે એટલે રૂવાન-દરેોસ્તીમાં આથમેલો છે તેવી ગેતી તરફ એટલે) ‖ હિંન્દથી[64] ‖ પશ્ચિમ તરફ[67] (હિન્દથી પશ્ચિમના) ‖ નીનેવે તરફ[68] (અને ત્યાંથી પશ્ચિમ અને પશ્ચિમ તરફ જે ચીતરાતી રહે છે તે છેક પાછી હીંન્દ લગી પુગે છે એમ જે ચીતારાયલી છે) ‖ તે તરફથી[67] (ત્યાં રહેતા તે દરેકને) ‖ જે કંઇ[62] (ગેતી) ‖ પુર્વ તરફ[63] (ની રૂવાન-દરેોસ્તીમાં ઉભી રહેતી ગેતી છે જે ઇરાન વએજ છે, તે તરફ કે જ્યાં રૂવાન-દરેોસ્તીના ઉગવાની બરજીસી જીરમ છે તે તરફ) ‖ લઇ જવા શેતાબીથી જઇ રહે છે.[65] ‖

## "અઉરૂષ" શબ્દમાં રએ-રઑખ્શનો સમાયલો ભેદ.

**અઉરૂષ** એટલે સફેદ; **રઑક્ષ્ન** એટલે ચળકતો. આ તો જાણીતી વાત છે કે સાત અને ત્રણ રંગો મેળવ્યાથી સફેદ રંગ થાય છે. આ તો દુન્યાના દેખીતા રંગોની હકીકત છે. પણ આ હકીકત કુદરતની ગુહય સચ્ચાઇ ઉપર આધાર રાખે છે. અમર મુળ સ્તોતો ત્રણ છે, નામે બ્લુ-લાલ-પીળો; અને તે સ્તોતોની વચમાં બે ઝમરીરના સ્તોતો છે, નામે જાંબુરો અને લીલો, અને તેઓ બધા અમુક ઓરડરમાં રહયા છે. **'બ્લુ-લીલો-લાલ-જાંબુરો-પીળો'** આમ ઓરડર છે. બ્લુ અને પીળો અને લાલ મુળ રંગ છે, જે ત્રણુમાં વળી બ્લુ અને પીળો વધુ મુળ છે. અને આ ત્રણુની વચમાં ઝમરીરમાં પેલા બે લીલો અને જાંબુરો રંગ-સ્તોતો હસ્તીમાં રહયા છે અને આ ઓરડર જે બ્લુથી શરૂ થઇને પીળા આગળ ખતમ થાય છે-તે ઓરડરના બ્લુના એક છેડા અને પીળાના બીજે નાકેના છેડાની આગળથી ગોળ ગોળ ફરી રહેલા તે બધા ઓરડરની આસપાસની અઇપિ તરીકેના બીજા બે સ્તોતો છે. એમ બધું મળીને હસ્તીની અમર આલમમાં આ સાત સ્તોતો ખીશ્કારી કરી રહે છે. આ સાત સ્તોતો જયારે મ્યાનામાં પતમાન ઉપર ખીશ્કારી કરે છે ત્યારે સ્વેત રંગ થાય છે, જેને **'અઉરૂષ'** કહે છે. હસ્તીની આલમમાં જયારે અઉરૂષ સ્તોતનો જલ્વો જામે છે, ત્યારે તે જલ્વો રયોમંદ ગતીનો હોય છે એમ સમજાય છે. યજતોમાંથી જયારે અઉરૂષનો જલ્વો બહાર પડે છે ત્યારે તેઓની ગતી પુર્ણ રયની હોય છે.

ત્યારે અઉરૂષનો જલવો 'રય'થી જાહેર થયલો માલમ પડે છે, માટે અઉરૂષને 'રય' તરીકે લે છે. આ 'રય'ની જેટ ઝરવાન જે પુર ચળકાતની છે, જે હસ્તીમાં જામી રહે છે, અને જે કદી કથીર ઉપર પડે તો તે કથીરનું સુન્નુ થઇ જઇ શકે છે, તેવી તે રયની જરવાન-ગતીને **રઓખ્શ** કહે છે. ત્યારે **રય તે પુર્ણ જ્ઞાન અને રઓખ્શ તે તે જ્ઞાનનો ચળકાત છે.** ત્યારે **'રય' મુળ છે, અને તેમાંથી બહાર પડતી ગતી તે રઓખ્શ છે.** આ રઓખ્શ જે ચીજને સુધારે છે ત્યારે તે ચીજ રઓક્ષ્નની થયલી કહેવાય છે. ત્યારે **રય-રઓખ્શ સૃષ્ટીનાં ઉસુલમાં છે,** અને અઉરૂષ એ રયનો પ્રતાપ છે,—સાત રંગોની હમ વજન ગતી છે, અને **રઓક્ષ્ન** તેવી અઉરૂષનો જલવો છે, **એટલે અઉરૂષ = રયનો પ્રતાપ પુર્ણ જ્ઞાન છે, અને રઓક્ષ્ન તે જ્ઞાનની ફીરોજગરી છે.** યજતોમાં રય છે માટે તેઓમાં સાત સ્તોતો છે. તેઓની હમ વજનની ગતીથી એટલે સાતે સ્તોતોના એક સરખા રીતે કામ કરવાથી સ્વેત સ્તોત **અઉરૂષ** થાય છે, જે પુર્ણ જ્ઞાન દેખાડે છે, તેથી યજતોને **અઉરૂષ**=પુર્ણ જ્ઞાનના કહયા છે અને જ્યારે આ અઉરૂષથી તેઓ કામ કરે છે ત્યારે ચીજોનું કલ્યાણ થાય છે, એટલે **રઓક્ષ્ન**ની ગતી થયલી કહેવાય છે. એટલે પીત્તળ કથીર સુન્નું થયલું કહેવાય છે. **આમ ત્યારે સરોશના તે ઘોડા કહેતાં સરોશના રયની ગતી એટલે અઉરૂષ તે જ્ઞાનની પુર્ણતા છે; અને તે જ્ઞાનથી જે જલવો બહાર પડી મોક્ષે પુગાડે છે તે રઓક્ષ્ન છે.** ત્યારે સરોશની ગતીમાં કહેતાં કામ કરવાની જેટ-ઘોડાઓમાં **'અઉરૂષ'**=સફેદાઇ છે અને **રઓક્ષ્ન** સફેદાઇનો ઝળકાટ અજવાળું કરવાની ગતી છે. આજનાં સહિત્યમાં **રઓખ્શ** શબ્દ રહયો નથી પણ રય અને રઓક્ષ્ન-રઓક્ષ્ની શબ્દો છે. પણ **રયના નતીજા તરીકે રઓખ્શ** છે જે બેઉ રય અને રઓખ્શ સૃષ્ટીની ઉસુલમાં છે એમ ઇલ્મ્યતમાં કહે છે અને આ રઓખ્શથી જે કંઇ રંગાય છે તેને **રઓક્ષ્ન** કહે છે. રયની રોશની નામે રઓખ્શથી જે કંઇ ભલે નતીજે પુગીને બીજાને આગળ દોરાવે-બીજાને રસ્તો દેખાડે તે **'રઓક્ષ્ન'**ની ગતીવાળું કહેવાય છે. રવી પોતે તે દાદારની રયમાંની **રઓખ્શ**ની ગતીવાળો છે, જે રવી પોતે બીજાને **રઓક્ષ્ન**ની ગતી આપે છે.

(૩૦) (કરદો ૧૨ મો) ☞ **સ્રઓષેમ[1] અષીમ[2] હુરઓદેમ[3] વેરેથ્રાજનેમ[4] ફ્રાદત્-ગએથેમ[5] અષવનેમ[6] અષહે[7] રતૂમ[8] યજમઇદે.[9]** (☞ ત્રણ વાર પઢવું).

**ચો[10] બેરેજો,[11] બેરેજિ-યાસ્તો,[12] મજદાઓ[13] દામાંન[14] નિશંઘહસ્તિ.[15]**

(31) યો[16] આથ્રિતીમ્,[17] હુમહે[18] અયાંન્,[19] હુમયાઓ[20] વા[21] ક્ષપો,[22] ઇમત્[23] કરૂષ્વરૅ[24] અવજાઇતિ[25] યત્[26] ખ્નિરથૅમ[27] બામીમ્,[28] સ્નઇથિશ્[29] જસ્તય[30] દ્રજ્ઁમ્નો,[31] બરેઇથ્રો-તઐજ્ઁમ્,[32] હુવાવઐઘૅમ્[33] કમૅરૅદ્દ[34] પઇતિ[35] દઐવનાંમ્.[36]

(32) સ્નથાઇ[37] અંઘ્રહે મઇન્યેઉશ્[38] દ્રવતો,[39] સ્નથાઇ[40] અઐષ્મહે[41] ખ્રવી-દ્રઔશ્,[42] સ્નથાઇ[43] માજઇન્યનાંમ્[44] દઐવ-નાંમ,[45] સ્નથાઇ[46] વીસ્પનાંમ્[47] દઐવનાંમ.[48]

†અહે રય ખ્રૅનંઘહચ, અંઘહે અમ વૅરૅથ્રઘ્નચ, અહે યસ્ન યજતનાંમ્, તૅમ્ યજાઇ સુરૂન્વત યસ્ન; સ્રઔષૅમ્ અષીમ્ જઔ-થ્રાબ્યો, અષીમ્ચ વંઘ્ઉહીમ્ બૅરૅજઈતીમ્, નઇરીમ્ચ સંઘહૅમ્ હુરઔદૅમ્. આચ નો જમ્યાત્ અવંઘહે, વૅરૅથ્રજાઓ સ્રઔષો અષ્યો. સ્રઔષૅમ્ અષીમ્ યજમઇદે. રતૂમ્ બૅરૅજન્તૅમ્ યજમઇદે, યિમ્ અહુરૅમ્ મજદાંમ્, યો અષહે અપનોતૅમો, યો અષહે જઘ્નૂશ્તૅમો. વીસ્પ સ્રવાઓ જરથુશ્ત્રિ યજમઇદે. વીસ્પચ હ્વ-રૂશ્ત ષ્યઔથ્ન યજમઇદે, વરૂશ્તચ વરૅષ્યમ્નચ.

યેંઘ્હે હાતાંમ્ આઅત્ યેસ્ને પઈતી વંઘ્હો,
મજદાઓ અહુરો વએથા અષાત્ હચા,
યાઓંઘ્હાંમ્ચા તાંસ્ચા તાઓસ્ચા યજમઇદે.

(30) અષીના સાહેબ,[2] || ખુબસુરત,[3] || ફત્તેહમંદ,[4] || નીસ્તીની રજેરજને નુર તરફ વધારનાર,[5] || અષો[6] || અષોઇના[7] || સરદાર[8] || સરોશ સાથે[1] || એકતાન થઇએ છીએ;[9] || જેવણુ[10] || ઉંચાઇએ પુગેલા[11] (અનગ્ર-રઓચા-ઓના બધા ૨૭ કેહપ[9]ના ભેદે પુગેલા કહેતાં કુળ યજતી ગતીનો પોતામાં સમાવેશ કરનાર ), || **બૅરૅજિ=બૅરૅજ** ગતીએ=સદ ગતીની બુલંદીએ પુગા-ડવા[12] || **'યાસ્તો'**=તત્પર રહેતા કમર બાંધેલા (તરીકતનો જવાબ આપવા નહિ ચુકે તેવા ) || મજદાની એટલે મજદ-ખરૂં જ્ઞાન-નતીજો આપે તેવું જ્ઞાન રાખતી એટલે ગવ ગતીવાળી દામાન મખલુકાતમાં[13] || બેસે છે[15] (એટલે તેવી મખલુકાતમાં સાક્ષાત પ્રસરી રહે છે, હમેશ હાઝર રહે છે), || ( અને બીજી ઉતરતી મખલુકાતમાં એટલે ખરાં જ્ઞાન વગરની જડતાનાં જ્ઞાનવાળી સ્વાર્થી[8] મખલુકાતમાંનો તે ઉંચ ભાગ જે ભલાઇએ પુગવા મથી રહયો છે યા પુગી રહયો છે તેમાં તેનો વસવાત કેવો-કયા પ્રકારનો છે ? માટે કહે છે કે ) :-

---

† એ ફકરાની સમજ માટે જુઓ પાને ૪૮૭ મે.

**(૩૧-૩૨)** જે[૧૬] (સરોશ) ‖ દરેક[૧૮] ‖ **દીવસે**[૧૯] ‖ **તેમ**[૨૧] ‖ દરેક[૨૦] ‖ **રાતે**[૨૨] ‖ **ત્રણ વખત**[૧૭] ‖ **આએ ખાસ**[૨૩] ‖ **કેશ્વર**[૨૪] ‖ **જે**[૨૬] ‖ **ખનીરથી છે**[૨૭] ‖ (એટલે '**ખન**'=ખન ખન કરતું, અવસ્તા ભણતું, એક '**રથ**'ની માફક મધ્ય તરફ જવા પતમાન તરફ જવા અહુરદાતે પુગવા, દએવોના હોમલા જેઓ અઇવીઝુદ-ફ્રેબુદ કરાવે છે,-ઉપર નીચેનો રસ્તો લેવડાવે છે, તેમાંથી છટકીને પતમાનનાં મધ્ય ઉપર જવા મહેનત કરી રહયું છે-સુન્નાનું થવા કષ્ટ ખેંચી રહયું છે), તેમાં ‖ દએવનાં એટલે અજ્ઞાન ગતીનાં[૩૬] ‖ માથાંને[૩૪] (ગુંચવાયલી અકકલને) ‖ પુર્ણ રીતે[૩૫] (ખરફસ્ત્રી ગતીના એટલે પુર જોશના દોરને) ‖ આરપારથી કાપી નાખે તેવાં તેઝી[૩૨] ‖ (અને તે દોરને) છુંડી નાખે તેવાં ભારી[૩૩] ‖ હથ્યારને[૨૯] ‖ હાથમાં[૩૦] ‖ પકડી[૩૧] (એટલે પોતાની કેહર્પની તેઝ શકિત બહાર કાઢીને) ‖ અંગ્ર મઇન્યુની[૩૮] ‖ દ્રવંદીની[૩૯] (એટલે જરથુસ્ત્રની રીતીથી ઉલટી જતી) ‖ (શકિત નામે ગનામીનને) ‖ મારવા,[૩૭] ‖ વૃદ્ધીને અટકાવનાર હથીઆરવાળા[૪૨] ‖ અએષમની ગતીને[૪૧] ‖ મારવા,[૪૦] ‖ માજન્ય દ્રુજીવાળા[૪૪] ‖ દએવોની શકિતને[૪૫] ‖ મારવા,[૪૩] ‖ બધા[૪૭] ‖ દએવોની શકિતને[૪૮] ‖ મારવા[૪૬] ‖ આવે છે.[૨૫]

## ઘનામીન, અએષમ અને માજઇન્ય દએવની ક્ષ્નૂમીક સમજણ: સરોશનું ત્રણ વખત અને અગ્યાર વખત આવવાની બીના વચ્ચેનો ફરક.

હયાં કહે છે કે સાધારણ બુરી ગતીની બુરાં કર્મોને કરનારી-તે કર્મો કરીને પોતાનુ દેવું અદા કરતી ગતીમાં ઘનામીનનું કામ છે, કેમકે તે ઘનામીન અંગ્રમાનોના પાંચમાં અરમની રૂએ ગેતીની ઉપર આવા બુરાઓમાં રહેલી દએવીક ગતીને ઉભરાવીને ખરચાવી નાખવાજ ઉભો થયો છે. માટે તે મીનોનું તેવી ગેતીમાં કામ છે. તે ઘનામીનો અએષમ દએવને સાથે લઇ એટલે બુરા વીચારોની ઉપર રહેલી શકિતને સાથે લઇ ઇનસાનો પાસે બુરાઇના વીચારો કરાવી તેઓ મારફતે માજન્ય દ્રુજ અને બીજા બધા દ્રુજોની ગતી ઉભરાવ્યા કરે છે. જો એમ તે બુરાઇ રાખતા લોકોમાંથી ઘનામીન અએષમની મારફતે બધી દ્રુજીઓને બહાર ખીલવી નહિ કઢાવે, અને તે દ્રુજીઓની ગતીથી થતાં પાપોની શીક્ષા હદ+ઇનસાફથી નહિ થાય, તો તે બુરાઓનો મોક્ષ કદી ઉભો થાય નહિ. પણ જયારે ઘનામીનની આવી ફનથી, અએષમ દએવનાં આવાં હથીઆરથી તે બધી બુરાઇઓ બહાર નીકળીને ખરચાઇ જાય છે અને **પછી તે ગેતી ખનીરથી ગતીની એટલે મોક્ષ તરફ જતી રહે છે, ત્યારેબી તે ઘનામીન તેઓને**

**અએષમ દએવ મારફતે હેરાન કરવા આવે છે,** કેમકે ધનામીનને અંદાઝો ખબર નથી. માટે તે ઇનસાફ કુદાવીને હદની બહાર જાય છે માટે તેને દ્રવતો=દ્રવંદી એટલે હદ+ઇનસાફની ગતીથી, અષોઇની ઇનસાફી વ્યવસ્થાથી દુર જતો એટલે જરથુસ્ત્રની ગતીને નહિ સ્વીકારતો માટે દ્રવંદ કહયો છે. ધના બધા દએવોનો એમ સરદાર છે, જેઓ બધાજ ધનામીનથી હુલકાયા કરે છે અને બુરાં કે ભલાં બધાંઓની ઉપર તુટી પડવા માંડે છે જયારે ઇનસાન ભલો થતો આવે છે ત્યારે તેની દુન્યા ખનરથનાં કેશ્વરની હોય છે, અને તે પોતામાં સરોશની ગતી રાખીને સરોશ યજતની પનાહનો ઉમેદવાર હોય છે. **આ** વખતે કે જયારે લોકો ખનીરથને લગતા થયલા હોય છે **અને** ધનામીનના કે તેના દએવોની હીકમતને લાયકના ઠડતા નથી એટલે તેઓની લાલચથી ફસી જઇને ગુનાહમાં પડવા લાયકના હોતા નથી, ત્યારે તેઓની ઉપર ધના અને તેનો નાયબ અએષમ અને બીજા દએવોનો હોમલો જે થયાજ કરે છે તેને તોડવા એટલે લાલચમાંથી તેવા ભલાઓને બચાવવા સરોશ તેઓની મદદે આવે છે, કેમકે તેઓએ પોતે ભલો ફેલ કરી તરીકત પાળીને પોતામાં સદ ગતી ઉભી કીધી છે જેની ખાસીઅત અહૂની તાબેદારી કરવાની છે. તેવી તેઓએ પોતામાં ઉભી કીધેલી સ્રઓષેમંની ગતીથી તેઓ સરોશ યજતની મદદ મેળવવા ઇનસાફની રૂએ લાયક ઠડેલા છે. એમ ત્યારે હયાં કુલ ગેતી કે જેમાં મોટે ભાગે ગુનેહગારો હોય, કે જેઓની ઉપર ધનામીનને કામ કરવાનુંજ છે, કે જેઓને સુધારવાજ ધના ઉભો થયો છે, તેવી ગેતીની હકીકત જણાવી નથી. પણ ખનરથ કેશ્વરની હકીકત કઇ રીતે થાય તેની નોંધ છે, કે જેમાં ધ્રના કે અએષમ કે બીજા દએવોનો હોમલો હદની બહારનો ગણાયલો છે, ગેર ઇનસાફી ગણાયલો છે. અંગ્રગીનોની ગતીમાંથી તે ધનામીન થાય છે તે વિષે આગળ ફુટનોટમાં પાને ૮૭ અને ૧૭૩ થી ૧૭૭મે સમજ આપી છે. હયાં **'માજન્ય'** દ્રુજનો ખાસ ઇશારો છે, કેમકે **આ દ્રુજથી ઇનસાનો એવા ગુનાહોમાં ફસે છે, કે જેથી ઇનસાનોમાંનુ 'આબ'=શરમનો ખરો ખ્યાલ ઉભુ કરતું તત્વ–નઇતીકના ઉંચ ગુણોનો બહુારજ બરબાદ થઇ જાય છે.** ઓરત જાતને પોતાની મા–દીકરી તરીકે લેવાના ઉત્તમ ખ્યાલને, અને તેણીની ખુબસુરતીનાં ખેંચાણને હસ્તીમાંના–હમેશગીની ગતી તરીકે રહેલા હવરેતાત=અખંડપણાની હુરઓદી=ખુબસુરતી તરીકે લેવાના ઉત્તમ ખ્યાલને, અને તેવી હવરેતાતથી આવતી અમર ગતી અમેરેતાતની લીલાશ તરીકે લેવાના ઉત્તમ ખ્યાલને ભુસાવી નાંખનારી આ **'માજન્ય'** દ્રુજની આવી બધી બુરી અસર છે. જેઓ ખનીરથને લાયકના છે તેઓનું **'આબ'** હમેશા સુક્ષ્મ રહે છે, જેને બરબાદ કરનાર **આ** દ્રુજ

છે, માટે તે દ્રુજની ખાસ નોંધ લીધી છે. આવા દ્રુજના બુરા અમલદારો માજનદરાનમાં અસલ હતા માટે માજનદરાનને માજન્ય દ્રુજના અમલનું ધામ ગણેલું છે. ત્યારે આ ફકરામાં કહેલી **ખનીરથ બામને** કંઇ સાધારણ ગેતી તરીકે લેવાની નથી, અને દરેક માણસ ગમે તેવો હોય તેનાં રક્ષણ અર્થે સરોશ આવે છે એવો ટુંકો અર્થ લેવાનો નથી. **ત્યારે સરોશનું ગેતી ઉપર ત્રણ વખત આવવું તે સરોશના અમલદારોને માટે એટલે ખનરથ-બામ જેવી સુન્નામાં ફેરવાતી ગેતી માટેજ છે. સરોશની આ ખાસ 'પાયૂ' તરીકેની ખીશ્કારી છે.** પણ સામાન્ય ગેતીના દમને ચલાવવા સરોશ થ્વોરેશ્તાર તરીકે આવે છે, જે વખતે ગેતીના દમને તે ટેકવીને આગળ ચલાવીને ઘડી રહે છે તે ખીશ્કારી જુદી છે, જેને માટે સરોશ દરરોજ આ નાશમંદ ગેતીમાં **અગ્યાર વખત** આવે છે અને અજિ-દેહાકની શકિત કે જે દેમાવંદ ઉપર બંધાઇ છે, જે દરરોજ રાત્રીની ગેહમાં લગભગ છુટે એવી થઇ જાય છે, તેને ચુસ્ત રીતે પાછી બાંધ્યા કરે છે. દ્રુજે-દેમાનની આ ગતીનો મોટો ભેદ છે. રાત્રે અહીરીમન પોતાની અફ્-સુનગરીથી ગેતી ઉપર બુરા અઘોર વિચારોની જાળ પાંથરે છે, જેથી 'અઝીદેહાક' એટલે દસ એબો=પુર્ણતાની એબોનું જોર કે જેને જરથુશ્ત્રે તોડીને અપુર્ણ રીતનું કીધું છે, જેને અજિ દેહાકને દમાવંદ ઉપર સાંક-ળથી બાંધવાના ભેદમાં મુકયું છે, તે દસ એબો પાછી ગેતીમાં સીકકો બજાવે એવી 'શકયતા' possibility ઉભી થાય છે—પણ સરોશ આવીને તેવા મામલાને અટકાવે છે—**સરોશનું તુખ્મ રાખતું મુરઘ તે મરઘો જયારે પાછલી રાત્રે બાંગ મારે છે, ત્યારે સરોશ યજતની છેલ્લી અગીઆરમી વખત હાજરી હોય છે.** આજે લોકોની મતી એટલી બધી બુરી થઇ છે કે જાનવરોબી પોતાની instinct અકલે-હયુલામાં ભુલ કરે છે. **ઇનસાનનાં કૃતવ્ય ઉપર જાનવરી વર્ગની ઉન્નતી છે.** ઇનસાન જે જમાનામાં ભલો હોય, તે જમાનામાં જાનવ-રોની અકકલ instinct બરાબર પતમાન ઉપર હોય. પણ ઇનસાન જયારે જડતામાં અઠાય છે, ત્યારે જાનવરોની ઉપરબી તેની ભારી અસર થાય છે, જેથી જાનવરોની instinct માંબી ન્યુનતા આવે છે. આવો મામલો આજે છે. આજે મરઘો વખતની અગાઉબી બાંગ મારે છે. પણ બેપણાંનો કાયદો ગેતી ઉપર રાજ કરે છે એટલે તેવાબી મુરઘાઓ છે, કે જેઓમાં સરો-શની આમદની મુનાદી બર–વકતે કરવાની શકિત છે. ત્યારે સરોશ જડ ગેતીનાં બંધારણને જીવતું રાખવા માટે કામ કરતી હાલતમાં રાખવાને માટે આવે છે તે ભેદ જુદો છે, જેમાં જોહાકને દમાવંદમાં બાંધેલો છે અને

તે સાંકળ ચુસે છે–ચુસી રહયો છે તેની દંતકથા આવે છે. પણ ખનરથ કેશ્વરમાં ત્રણ વખત સરોશ આવે એમ જે હયાં કહયું છે તેનો ભેદ જુદો છે તે નોંધવું.

(૩૩) (કરદો ૧૩ મો) ☞ સ્રઓંષૅમ[૧] અષીમ[૨] હુરઓંદૅમ[૩] વૅરૅથ્રાજનૅમ[૪] ફ્રાદત્-ગએથૅમ[૫] અષવનૅમ[૬] અષહે[૭] રતૂમ[૮] યજમઇદે.[૯] (☜ ત્રણ વાર પઢવું).

ઇદત્ચ,[૧૦] અઇનિદત્ચ[૧૧] ઇદત્ચ,[૧૨] વીસ્પાંમ્ચ[૧૩] અઇપિ[૧૪] ઈમાંમ્[૧૫] જાંમ,[૧૬] વીસ્પાઓ[૧૭] સ્રઓંષહે[૧૮] અષ્યેહે[૧૯] તખ્મહે[૨૦] તનુ-માંથ્રહે,[૨૧] તખ્મહે[૨૨] હાંમ-વૅરૅતિવતો[૨૩] બાજુશ્-અઓંજંઘહો,[૨૪] રથએશ્તાઓ[૨૫] કમૅરૅદો-જનો[૨૬] દએવનાંમ.[૨૭] વનતો વનઇતીશ્ વનઇતિવતો, અષઓંનો વનતો વનઇતીશ્ વનઇન્તીમ્ચ ઉપરતાતૅમ્ યજમઇદે, યાંમ્ચ સ્રઓંષહે અષ્યેહે, યાંમ્ચ અરૂશ્તોઇશ્ યજતહે.

(૩૪) વીસ્પ ન્માન સ્રઓંષો-પાત યજમઇદે, યેંઘહાદ સ્રઓંષો અષ્યો, ફ્ર્યો, ફ્રિતો, પઇતિ-જન્તો; નાચ અષવ, ફ્રાયો હુમતો ફ્રાયો-હૂખ્તો ફ્રાયો-હ્વરૂશ્તો.

†અહે રય ખરૅનંઘહચ, અંઘહે અમ વૅરૅથ્રઘ્નચ, અહે ય્ ન યજતનાંમ તૅમ્ યજાઇ સુરૂન્વત યસ્ન; સ્રઓંષૅમ્ અષીમ્ જઓથ્રાબ્યો, અષીમ્ચ વંઘઉહીમ બૅરૅજઇતીમ, નઇરીમ્ચ સંઘહૅમ હુરઓંદૅમ. આચ નો જમ્યાત્ અવંઘહે વૅરૅથ્રજાઓ સ્રઓંષો અષ્યો. સ્રઓંષૅમ્ અષીમ્ યજમઇદે; રતૂમ્ બૅરૅજન્તૅમ્ યજમઇદે, યિમ્ અહુરૅમ મજદાંમ્, યો અષહે અપનોતૅમો, યો અષહે જધ્નૂરતૅમો. વીસ્પ સ્રવાઓ જરથુશ્ત્રિ યજમઇદે. વીસ્પચ હ્વરૂશ્ત શ્યઓંથ્ન યજમઇદે, વરૂશ્તચ વરૅષ્યમ્નચ.

યેંઘહે હાતાંમ્ આઅત્ યેસ્ને પઇતી વંઘહો,
મજદાઓ અહુરો વએથા અષાત્ હચા,
યાઓંઘહાંમ્ચા તાંસ્ચા તાઓસ્ચા યજમઇદે.

(૩૩-૩૪) અષીના સાહેબ,[૨] ‖ ખુબસુરત,[૩] ‖ ફત્તેહમંદ,[૪] ‖ રજેરજનાં બંધારણને નુર તરફ દોરવનાર,[૫] ‖ અષો[૬] ‖ અષોઇના[૭] ‖ સરદાર[૮] ‖

† તરજુમા માટે જુઓ ઉપર પાને ૪૮૭ મે.

સરોશ સાથે[૧] ‖ એકતાન થઇએ છીએ.[૯] ‖ હયાં[૧૦] ‖ બીજી કોઇ જગા ઉપર,[૧૧] ‖ હયાં કે[૧૨] ‖ આ[૧૫] ‖ બધી[૧૩] ‖ જમીનની[૧૬] ‖ આસપાસ[૧૪] (એટલે સ્રષ્ટી ઉપર) ‖ કુલ અષોઇની શકિતવાળા,[૧૯] ‖ જોરાવર,[૨૦] ‖ તનુ-માંથ્રના એટલે માંથ્રીક ગતીનાં-નુરી ગતીનાં તનુવાળા,[૨૧] ‖ જુરાવર,[૨૨] ‖ બધેબધ પંથરાઇ જવાની, બધેબધ હેફાઝત કરી શકવાની હીમ્મત અને જોરવાળા,[૨૩] ‖ અઓજની શકિતની બાજુવાળા એટલે અઓજની શકિતથી સ્રષ્ટીમાં કામ કરનાર,[૨૪] ‖ દએવોના એટલે અહૂ તરફની અત્યંત તાબેદારીને તરછોડનારાઓના[૨૭] ‖ માથાં ભાંગનાર[૨૬] ‖ (તેઓની ગુચવાયલી અકકલને દરોબસ્ત કરનારા) ‖ રથએશ્તાર=મારીને સુધારનાર[૨૫] ‖ સરોશની[૧૮] ‖ બધી શકિતઓ-કામ કરવાની ગતીઓ સાથે[૧૭] ‖ એકતાન થઇએ છીએ.[૯] ‖

(**વનતો**થી છેડે લગીના તરજુમાના શબ્દે શબ્દના અર્થો માટે જુઓ **સરોશ યશ્ત હાદોખ્તનો** પાંચમો કરદો પાને ૫૦૭-૫૦૮ મે, પણ તેનો સાર આ છેઃ) **'વનતો'**=મારનાર, **'વનઇતિવતો'**=મારીને સુધારનાર, **'અષઑનો'**=અષોઇવાળા નરની, સરોશના અમલદારની **'વનઇતીશ'** ફત્તેહ સાથે એકતાન થઇએ છીએ, તેવી ફત્તેહ હમો મેળવી શકીએ. **'વનઈન્તી ઉપરતાત'** ની અષો સરોશની અને આસ્તાદ યઝતની મારનાર મારીને સુધારનાર ફત્તેહોની સાથે એકતાન થઇએ છીએ. તેઓના જેવી ફત્તેહ હમોબી કરી શકીએ એમ ઇચ્છીએ છીએ. સરોશથી પાસબાની પામેલાં બધાં ઘરો, **'યેંઘહાદ'**=કે જેઓમાં **'નાચ અષવ'**=સરોશની પુઠે જતો અષો નર, સરોશનો અમલદાર, જે 'હુમત'માં એટલે હસ્તીની કુદરતનો ભેદ સમજવામાં, હૂખ્તમાં એટલે ભલી દુઆઓ જે ઉતરે છે તે લેવામાં અને તેઓને ગેતીમાં પાંથરવામાં એટલે રાદી શબ્દોના ઉચ્ચારોથી ઉભી થતી શુભ ગતી જગતમાં પાંથરીને નીસ્તીની જગતને ફરશો-કેરેતીએ લઇ જવામાં, અને હવરશ્તોમાં એટલે પરોપકારી પરદુખભંજનનું કામ કરવામાં અને તેવી શુભ તરીકતો પાળી પોતે આગળ વધી બીજાને આગળ પુગાડવામાં પ્રબળ થતો-આગળ વધતો રહે છે, તેવા અષો સરોશના અમલદાર નર સાથે રહેતો સરોશ એટલે તે નરે પોતામાં વસાવેલો સરોશ-તે નરની અષોઇવાળી કામેલ્યતની શકિત જે સરોશને પકડી શકી છે, જે **'અષ્યો'**=અષોઇએ પુગી રહેતી, **'ક્રયો'**=રવાન દરોસ્તીવાળી, **'ફ્રિતો'**=અહુરમજદથી યજતોથી ચહવાયલી, **'પઇતિ-જન્તો'**=મુરાદ પામેલી રહે છે, તેની સાથે એકતાન થઇએ છીએ, એટલે ટુંકમાં એ કે અષો નર જે સરોશની આમેલ્યતથી પોતામાં સ્રઓષેમની ગતી ઉભી કરે છે તેવી ઉત્તમ ગતી હમોનેબી પ્રાપ્ત થાય એમ દુઆ કરે છે.

(બીસ્તા પઢે) સરોશ અશો, તગી, તન્-ફ્રમાંન, શેકફ્ત-જીન, જીન્-અવઝાર, સાલારે દામાંને અહુરમજદ* બેરસાદ; અએદૂન બાદ. (કુશાદે પઢે.) યથા અહૂ વઇર્યો ૨.

યસ્નેંમ્ચ વહ્મેંમ્ચ અઑજસ્ચ જવરેંચ આફ્રીનામિ, સ્રઑષહે અષ્યેહે, તખ્મહે, તનુ-માંથ્રહે, દરૂષિ-દ્રઑશ, આહૂઇર્યેહે. અષેંમ વૅાહૂ ૧.

☞ અહ્માઇ રએશ્ચ; હુજંઘરેંમ; જસ મે અવંઘ્રહે મજદ; કેંરૂફેહ મોજદ.

☞ [નોંધ: અહીં રોજ નેક નામવાળો અસલ ફકરો પઢવાનો છે તે માટે, તેમજ રોઝ-માહ સાથના વધુ વિસ્તારના કદમી કેતાબોમાં આપેલા વધુ મિશ્ર કરવા હોય તો, જુઓ ઉપર પાને ૨૨૭મે થી ૨૩૩ પાના સુધી.]

(બીસ્તા પઢવું) નમાજ દાદારે ગેહાંન્ દામાંન્. (કુશાદે પઢવું) ફ્નઑથ્ર અહુરહે મજદાઓ. તરોઇદીતે અંઘ્રહે મઇન્યેઉશ. હુઇથ્યાવરૂશ્તાંમ હ્યત્ વસ્ના ફ્રૅરષોતૅમેંમ. સ્તઑમિ અષેંમ. અષેંમ વૅાહૂ ૧.

(બીસ્તા પઢવું.)

વર્જ ખુરૅહ અવજાયાદ સરોશ અશો, તગી, તન્-ફ્રમાંન, શેકફ્ત-જીન, જીન્-અવઝાર, સાલારે દામાંને અહુરમજદ,* બેરસાદ, અમાવંદ ફીરોજગર અમાવંદી ફીરોજગરી. દાદ દીન્ બેહ માજદયસ્નાંન, આગહી રવાઇ વાફ્રીન્ગાંની બાદ હફ્ત કેશવર જમીન; અએદૂન બાદ. મન્ આનો આવાયદ શુદન, મન્ આનો આવાયદ શુદન, મન્ આનો આવાયદ શુદન. અષઑને‡ અષેંમ વૅાહૂ ૧.

☞ (દક્ષિણ દિશા તરફ મોહોડું કરીને પઢે.) (બીસ્તા પઢવું)

* "સરોશ અષો" થી "અહુરમજંદ" સુધીનો ભાગ પાજંદ જબાનમાં છે છતાં એ ફકરો સ્તોતના અસ્ફન્દીને કાયદે રચાયલો હોવાથી એ ફકરો કુશાદે પણ ભણાય છે.

‡ સમજ માટે જુઓ પાને ૨૩૪ થી ૨૩૫ મે.

દાદારે ગેહાંન્, દીને માજદયસ્ની, દાદે જરથુશ્તી. (કુશાદે પઢવું) નૅમસ્-તે અષાઉમ્ સૅવિશ્તે અરૅદ્વિ સૂર અનાહિતે. અષઑાને‡ અષૅમ્ વૉહૂ ૧.

નૅમો ઉર્વઇરે વંઘ્વઉહિ મજદદાતે. અષઑાને* અષૅમ્ વૉહૂ ૧.

આઑષૅમ્ અષીમ્ હુરઑઇદૅમ્ વૅરથ્રાજનૅમ્ ફ્રાદત્-ગએથૅમ્ અષવનૅમ્ અષહે રતૂમ્ યજમઇદે. અષૅમ્ વૉહૂ ૧.

(બીસ્તા પઢવું) સરોશ્ અશો, તગી, તન્-ફ્રર્માન્, શેકફ્તે-જીન્, જીન્-અવઝાર્, સાલારે દામાંને અહુરમજ્દ બેરસાદ્. અષૅમ્ વૉહૂ ૧.

---

## સરોશ યશ્ત વડીની નીરંગ.

☞ (એ નીરંગ સરોશ યશ્ત વડી પઢયા પછી ત્રણ વાર પઢે.) ક્ષ્નઑથ્ર અહુરહે મજદાઓ. અષૅમ્ વૉહૂ ૧.

(બીસ્તા પઢવું.)

વર્જ[1] ખુરેહ્[2] અવઝાયાદ્[3] સરોશ્[4] અશો,[5] તગી,[6] પીરોજગર્[7] બાદ્;[8] દસ્તગીરે રવાંન્,[9] હમા[10] તન્[11] પાસ્બાન્,[12] અશોઆંન્[13] અશો[14] નેગેહ્દાર્;[15] રોજ[16] માહ્[17] વ શબાંન્,[18] હમે[19] દરાંનીઆંન્[20] વ[21] પઓઇર્યો-ટ્કેશાંન્[22] ગેહાંન્[23] દામાંન્,[24] બેહદીનાંન્,[25] તાજીઆંને બસ્તે-કુશ્તીઆંન્,[26] જરથુશ્તીઆંન્[27] નીકાંન્[28] વ[29] પાકાંને[30] હફ્ત કેશ્વર્ જમીન્,[31] સરોશ્ યજદ્[32] પનાહ્[33] બાદ્.[34] અષઑાને* અષૅમ્ વૉહૂ ૧. (ત્રણ વાર પઢે.)

### સરોશ યશ્ત વડીની નીરંગ.

અર્થ=આસપાસની વાતાવરણની સુદ્ધતાની હાલત નામે વર્જ[1] (માનવની કે સંસ્થા યા જગાઓની) ‖ વધતી જાઓ,[3] ‖ ભલો આશીશ[2] ‖ વધતો રહો[3] (એટલે તેવી વાતાવરણ દાદારના આશીશોથી ભરપુર રહો)! ‖ અષો,[5] ‖ તગીની કુદરતના સાહેબ સત્તાધારી[6] ‖ સરોશ[4] ‖ ફત્તેહમંદ[7] ‖ થાઓ,[8] ‖ રવાનનો મદદગાર[9] ‖ તમામ[10] (માનવની કે ખનીજ કે વન-

---

* સમજ માટે જુઓ ઉપર પાને ૨૩૪ થી ૨૩૫ મે.

રૂપતી કે જાનવરની તમામે તમામ) ॥ તનોમંદ હાલતનો[11] ॥ બચાવનાર[12] (એટલે રજેરજને એક દીન મુક્તિએ પુગાડનાર). ॥ અષવનોનો[13] ॥ અષોઇ-વાળો[14] (તું સરોશ) ॥ તકેદારી રાખનાર[15] ॥ (છે). ॥ બધા[16] ॥ આર્ય મિથ્રમાં રહેવા માંગતા તલબગારો એટલે ઇરાની બસ્તે—કુસ્તીઆનો જેઓ આરમઇતિના શાગરેદો થવા દુઆ કરી રહે છે તેઓનો, જેઓ દ્વંદી ગતીથી દુર જવા માંગે છે તેઓનો.[20] ॥ તેમ વળી[21] ॥ પોઇર્યો-ત્કએષો એટલે મજદદાત—અહુરદાતને લગતા કાયદાને પાળીને શુભ છેડો લાવવામાં બીન-હરીફ બીનમુન નરો એટલે આર્ય મિથ્રને બજાવી આર્મઇતિના હમકાર થઇ રહીને ફ્રશો—કેરેતી જગત ઉપર લાવવા કામ કરી રહેલાઓનો,[22] ॥ દુન્યાની[23] ॥ બધી જાતજાતની ભીન્ન ભીન્ન પેદાયશને,[24] ॥ ભલી મજદ-યસ્ની દએનને માથે ચઢાવીને તેની ઉપર ફીદા થનારાઓને,[25] ॥ તાજીક વર્ણના બસ્તે—કુસ્તીઆનોનો,[26] ॥ સાત કેશ્વરોના એટલે ગેતી-નીસ્તીના ભલા વિસ્તારમાં રહેતા[27] ॥ નેકાનો એટલે નેકીના કરનારાઓનો એટલે હવસોને બાંધીને તેને ભલાઇમાં બદલનારા પરમાર્થ ગતીના પરદુખભંજન-નીઓનો,[28] ॥ તેમ વળી[29] ॥ પાકાનો એટલે હવસોને બાંધી રહી બુરાઇ-ઓને ભલાઇમાં બદલી રહી પરવારી જઇને અપની કમાલીઅત ગતી ઉપર પુગી ગયલાઓનો,[30] ॥ (આ બધાઓને) ॥ સરોશ યજત[32] ॥ પનાહ આપ-નાર—પાસબાની કરનાર[33] ॥ છે અને રહેજો![34] ॥ **અષઑને અષૅમ્ વૉહૂ ૧)**=અષોઇ પાળનારાઓ માટે અષૅમનો કલામ જેમ કેરદારરૂપનો ફેરસ્તા-રૂપનો ઉભો થઇને પાસબાન થાય છે તેમ મારા આ અષૅમ ભણવાથી મને તે પાસબાની હોજો, તેમ ઉપરના બધાઓને હોજો.

---

## સરોશ યશ્ત વડીની નીરંગ.

### ગુજરેલાં ઉરવાનને માટે.

☞ (જો સરોશ યશ્ત વડી ગુજરેલાં ઉરવાનની નયતે ભણવામાં આવી હોય તો નીચે મુજબ નામ દઇને નીરંગ ત્રણ વાર પઢવાનો હુકમ છે).

**ક્ષનઑથ્ર અહુરહે મજદાઓ. અષૅમ્ વૉહૂ ૧.**

(બીસ્તા) **વર્જ ખુરેહ્ અવઝાયાદ્, સરોશ અશો તગી ફીરોજગર બાદ; દસ્તગીરે રવાંન.**

**દસ્તગીરે રૂહ** (ફલાંન—અહીં ગુજરેલાં ઉરવાનનું નામ, તેના બાપ તથા બપાવાનાં નામ સાથે તથા દરેક નામની આગળ એરવદ, ઓસ્તા કે બેહેદીન જેમ હોય તેમ લગાડીને દેવું.)

દસ્તગીરે રૂહ (ફલાંન-અહીં ઉપર સમજાવ્યા મુજબ ગુજરેલાંનું નામ ફરીથી દેવું);

દસ્તગીરે રૂહ (ફલાંન-અહીં ઉપર સમજાવ્યા મુજબ ગુજરેલાંનું નામ ફરીથી દેવું);

**હમા તન્ પાસ્બાન્, અશોઆંન અશો નેગેહ્દાર; રોજ માહ વ શબાંન્ હમે ઇરાંનીઆંન્ વ પઓઇર્યો-દકેશાંન્, ગેહાંન્ દામાંન્ બેહેદીનાંન્, તાજીઆંને બસ્તેકુશ્તીઆંન્, જરથુશ્તીઆંને નીકાંન વ પાકાંને હફ્ત કેશ્વર્ જમીન્ સરોશ્ યજદ્ પનાહ બાદ્.**

(ફલાંન-અહીં ગુજરેલાં ઉરવાનનું નામ તેનાં બાપ તથા બપાવાનાં નામની સાથે તથા દરેક નામની આગળ એરવદ, ઓસ્તા કે બેહદીન જેમ હોય તેમ લગાડીને દેવું) **સરોશ્ યજદ્ પનાહ બાદ્.**

(ફલાંન-અહી ઉપર સમજાવ્યા મુજબ ગુજરેલાંનું નામ ફરીથી દેવું) **સરોશ્ યજદ્ પનાહ બાદ્.**

(ફલાંન-અહીં ઉપર સમજાવ્યા મુજબ ગુજરેલાંનું નામ ફરીથી દેવું) **સરોશ્ યજદ્ પનાહ બાદ્.** (કુશાદે) **અશેંમ વૉહૂ ૧.** ☞ (ત્રણ વાર આખી નીરંગ પઢવી.)

## પતેત.

આ બંદગીનો આજે ઘણો ગેર અર્થ થઇ રહયો છે. જેમ અવસ્તાના દરેકે દરેક શબ્દોનો ખાસ અર્થ, અંદરનો ભેદી મઅની રહે છે, તેમ પતેત શબ્દમાંબી છે. પહેલી હકીકત આ છે કે પતેત હાલી જમાનાના રાએનીદાર સાહેબ દસ્તુરે-દસ્તુરાન રદ આદરબાદ મારેસ્પંદાનથી લખાયલી છે. આ ધુરંધર સઓષ્યંત ઇરાનના શેહેનશાહ શાપુરશાહ બીન હોરમજદના વખતમાં થયા હતા. એવણના જમાનામાં ખ્રીસ્તી ધર્મનું જોર દુન્યા ઉપર વધતું જતું હતુ. યુરોપ અને પશ્ચિમ એશીઆની તારફી જીરમની બધી દીનોને ઉખેડીને ખ્રીસ્તી ધર્મ શરૂ થતો હતો. આ ખ્રીસ્તી ધર્મને **'મિથ્રીક વરશીપ'** નામના મજદયસ્ની ધર્મની એક નાની શાખા જે **યુરોપમાં ચાલતી હતી અને 'માનીચાઇત' નામની તેવી બીજી શાખા જે**

ત્યાં હતી તેઓને હઠાવવાના હતા. મિથ્રીક વરશીપમાં તો મજદયસ્નીની તત્વ રૂપીએ પંદર આની હતું, પણ માનીચાઇત ધર્મમાં મજદયસ્ની અને ખ્રીસ્તી ધર્મની મીલાવત હતી. યુરોપના વીદવાનોમાં આ મિથ્રીક વરશીપ હતી અને તે મજદયસ્ની દએનનું સીધ્ધું ફરઝંદ હતું, જેમાં ખ્રીસ્તી ધર્મનું કંઇબી હતુંજ નહિ, જો કે પાછળથી ખ્રીસ્તી ધર્મે તે મિથ્રીક વરશીપનું ઘણું ગ્રહણ કીધેલું હતું. આ ધર્મને હડસેળતાં ખ્રીસ્તી ધર્મને વાર લાગતી હતી, માટે તેઓએ ખુદ જરથોસ્તી ધર્મની કુખ ઇરાનમાં તોડવાની વેતરણ કીધી હતી. તેઓ ભુલી ગયા કે જયારે ખ્રીસ્તી ધર્મની શરૂઆત થઇ ત્યારે દુન્યામાં કોઇએ તેઓને ધામ આપેલું નહિ, પણ આ જરથોસ્તીઓએ તેઓને પોતાની જમીનમાં અરમીનીઆમાં ઠર પડવા દીધા હતા, એટલુંજ નહિ પણ ટેકવ્યા હતા. આવી મોટી એહેસાનગીરીના બદલામાં હવે તેઓ ઇરાનને ખ્રીસ્તી કરવા આગળ વધ્યા. **આ વખતે આ મોટા દસ્તુર સાહેબ હતા. એવણને સઓષ્યંતે-જમાન કહે છે. આજેબી એવણનીજ દસ્તુરી છે.** એવણે ખ્રીસ્તી ધર્મને મહાત કીધો અને ઇરાનમાં તેને વધવા દીધો નહિ. પણ આરમીનીઆના કેટલાક ભાગમાં તે પ્રસરીને અટકી ગયો. આ મોટા સાહેબે દએનને ખરા આકારમાં શીખવી અને મુકી. એવણે પોતાની છાતી ઉપર ગરમ કકડતું કાંસુ કેટલા મણના શુમારનું રેડી તેનો ભાર ખમીને દએનની પુરવારી કરી આપી હતી. એવણની આગળ બધાઓ મહાત થયા હતા. આવા મોટા રદ સઓષ્યંતને હાથે લખાયલી 'પતેત'ની ઉપર આજનો વહેંત્યો દીન બાબે તદન અજ્ઞાન ઇનસાન બકબકારો કરે, તો તેની જાનવર જેવી અજ્ઞાનતા તરફ દયાની નજરે જોવું ઇનસાનીઅતનું ભરેલું છે.

**પતેત અને મહેરથી તો આ દુજો-દેમાનમાં મુક્તિ છે. પતેત અને મહેર સાક્ષાત કુદરતને રજુ કરીને ખરો રસ્તો દેખાડી શકે છે.** પહેલે પતેત અને મહેરના અર્થ જોવા જોઇએ. મહેર એટલે સચ્ચાઇ. પણ આપણે જાણીએ છીએ અને આપણો અનુભવ છે કે ઇનસાન બધુંજ તેની ઉપર પડતી તબઇથી કરી રહે છે. આસ્માન ઉપરથી પડતી ગ્રહોની અસરોનો તે ભોગ થઇ પડે છે. આ ગ્રહોની અસર તેની આગલી જીંદગીઓનું પરિણામ છે. માટે આજનો ઇનસાન આગલી જીંદગીઓની કરણીઓમાંથી થઇ રહયો છે. ઇનસાનની ઉપર એકલી તબઇજ કામ કરતી **નથી. ઇનસાનને ફેલબી અપાયો છે. ઇનસાન ઉપર તબઇબી તેના બોલાવ્યા વગર ઉતરતી નથી. તબઇ ઇનસાન આગળ એક લાલચ ધરે છે, અને ઇનસાનમાંનો વોહુન-જાનવર તે લાલચને બોલાવીને તબઇનો મારો ઉતરાવે છે. આમ ઇનસાનની ઉપર**

**તઅખ્શી તેના બોલાવ્યા વગર આવતી નથી.** પણ ઇનસાનનું શરીરજ એવું વોહુનનું છે, કે તે લાલચની સામે ટકી શકતુંજ નથી. પણ જો ઇનસાનને જ્ઞાન હોય, તરીકતના પંથ ઉપર હોય, તો તે લાલચ જેવી આવી, કે તુર્તજ ત્યાંથી તે નાહસી જઇ શકે. **ત્યારે ઇનસાનના છુટકારાને સારૂ ઇનસાનમાં અંતકરણનો ડંખ આપ્યો છે; ભેજામાં ભાન અને જબાનમાં જે કંઇ બને તેજ કહેવાની ગતી આપી છે.** જ્યારે ઇનસાન લાલચને વશ થઇને ગુનાહ કરે છે, કે તુરતજ તેનું અતંકરણ ડંખવા માંડે છે. ઇનસાન અને હેવાન વચ્ચે ફરક એ છે કે હેવાનને અંતકરણનો ડંખ અને ભાન નથી. તેને સીરફ લાગણીજ છે. પણ ઇનસાનને ડંખ અને ભાન છે, તેમ લાગણીઓ પણ છે. ઇનસાનનાં શરીરની એવી રચના છે કે જેવું પાપ તેનાથી થયું કે તુરતજ અંતકરણ ડંખવા માંડે છે, કેમકે અંતકરણમાં અહુરમજદે એવી **ઇનસાનીઅત એટલે નીમ-ચજતી ગતી** મુકી છે, કે તે પાપની ગતીને પકડી પાડી શકે છે. એમ જાણકાર થઇને અંતકરણ રડવા માંડે છે. ઇનસાનનાં અતંકરણમાં એક '**પતમાન**'=કાંટો છે, જે ખરેખરૂં તોલ કર્યાજ કરે છે. જેમ દાદારની પાસે અદલનો કાંટો છે, તેવું કંઇક ઇનસાનને આપ્યું છે. આમ છે માટેજ ઇનસાનને હેવાન તેમ ફરેશ્તા બેઉથી શ્રેષ્ટ એક રીતે લીધેલો છે. ત્યારે જે પ્રાણીમાં આવો કાંટો હોય, આવું અતકરણ હોય, તેમાં ઇનસાનીઅત હોય, તેને ઇનસાન કહે છે. ત્યારે ઇનસાનમાં જો કે હેવાનીઅત ભરેલો વોહુન છે, છતાં તેનામાં અંતકરણ છે, જે પાપોથી આગાહ થાય છે. અંતકરણમાંનો કાંટો પાપો કીધાથી હીલવા માંડે છે એટલે અંતકરણનો ડંખ શરૂ થાય છે. ઇનસાનમાં મન હકુમત કરનાર તરીકે છે. રૂવાન તો ગફલતની નીંદ્રામાં ઉંઘે છે. જીવતાં ઇનસાનનાં રૂવાનની ઉપર બંદદરોશની બેડી છે. ઇનસાનનું તન કોણ છે? ઇનસાનનું તન એક વખત રૂવાન સાથે રહેલો દ્રવાઓ=ભુલાવો હતો. તે રૂવાનની રયમાં હતો. જ્યારે રૂવાનની રયમાંથી તે દ્રવાઓ બહાર પડયો અને રૂવાનમાં સત્ય જામવા લાગ્યું, ખરૂં વસવા લાગ્યું, ત્યારે રૂવાનને ખબર પડી ગઇ, કે આ દ્રવાઓનો પાસ, જે તેની રયમાં હતો, તેથી તેની અકકલ ગુમરાહ થઇ હતી; **રૂવાન જ્યારે આમ રયોમંદ=આગાહ થયું એટલે રયોમંદીની દીલાવર ગતી મુજબ રૂવાનને તે દ્રવાઓને સુધારવાની કાળજી ઉભી થઇ. અહુરમજદ પાસેથી દુવા માંગી કે તે દ્રવાઓઅી તેના જેવો રયોમંદ થાય. આમ રૂવાને ખરો પરમાર્થી ભાગ ભજવ્યો.** અહુરમજદે રૂવાન પાસેથી ભોગ માંગ્યો, જે આપવા તે તત્પર થયુ. આ ભોગ શું હતો? કંઇ

જાનવરોને કાપીને ચઢાવવાના નહિ હતા. પણ **તેની સાથે જ્યાં લગી તે દ્રવાઓ સુધરી રહે તેટલો વખત જેમ તેને પોતાને એટલે રૂવાનને રાખવામાં આવે તેમ રહેવું, એમ આ ગેતીનાં રણમાં રખડવું એ ભોગ હતો.** ટુંકમાં એ કે દ્રવાઓમાંથી આ શરીર ઉભુ થયું, જેમાં દ્રવાઓની ગતીઓ રહી છે, જે ઉભરી ઉભરીને ખલાસ થઇ રહે છે. ઉભરતાં ઉભરતાં ભવિષ્યમાં થવાનાં તન–મન વગેરેના પાયા થઇ રહે છે. ત્યારે શરીરમાંના દ્રવાઓની ખાસીઅતને ઉભરામાં કાઢી કાઢીને ખલાસ કરવાનો હેતુ છે, જેને માટે ધનામીન મોટો ભાવ ભજવે છે. **રૂવાન તો રયોમંદ છે. જેની પાસે તે રહે તેમાં વેરાગ જમાવી દે તેવું છે.** માટે રૂવાનને જો શરીરમાં એમને એમ મુકે, તો શરીરમાં જ્યાં લગી રૂવાન છે ત્યાં લગી તે શરીર પાપોના ઉભરા ઉભાવી શકે નહિ અને શરીર એમનું એમ રહી જાય. ત્યારે રૂવાનની ઉપર બેડી મુકી, જેને 'બંદ દરેશ' કહે છે, જેથી રૂવાનની રય સકોચાઇ અને તે મુઢ જેવું–પોતાની ગતી વગરનું થઇ ગયું. આવાં રૂવાનને શરીરમાં મુક્યું. **એમ બેડી સાથે શરીરમાં જવું એજ ભોગનો એક ભાગ થયો.** ત્યારે શરીરમાં મન છે, જે શરીરમાંના દએવનો જવાબ છે; તે શરીરમાં કામ કરી રહે છે. રૂવાન તો ત્યાં મુઢ જેવું છે. રૂવાનનો ત્યાં ઇલાકો નથી. રૂવાન ઇલાકો રાખે તેવી હાલતમાંબી નથી. જો શરીર અષવનનું હોય એટલે ગવનું હોય, તેમાંથી ઉભરાઓ નીકળવાના નહિ હોય, તો પછી રૂવાન તેમાં પોતાની બેડીને ઉકેલી રયને ખોલીને જાગ્રત થાય તે વાત જુદી છે. આપણે તો સામાન્ય માણસની વાત કરીએ છીએ. એમ ત્યારે શરીરમાંના ઉભરાઓ હરહમેશ નીકળ્યાજ કરે છે. જેવું એક પાપ થાય છે કે તુરતજ અંતકરણ રડે છે, અને ઇનસાનમાં ભાન છે તેથી મનને ભાન થાય છે કે આ તો પાપ થયું. મન ખરફસ્ત્ર હોવે પોતાની પતરાજી કરે તે વાત જુદી છે. પણ જો મનને સુધરવું હોય, તો પછી અંતકરણના અવાજને માન આપી ભાનનું કહયું માનીને જે થઇ રહયું હોય તેજ જબાનની ઉપર લાવીને બોલે, તો તે સાચ્ચી જબાન કહેવાય. **ત્યારે સાચ્ચું તે છે કે જે કંઇ થઇ જાય તે કહી દે.** આ વખતે એટલે **સાચ્ચું બોલતી વખતે મનને એક મોટો ભાર ઉંચકવો પડે છે. તેને સબરનું જોર કાઢી, નાકસી અને શરમનો તાપ ખમવો પડે છે એટલે તેને નાકસી અને સબરને જોરે હાંફતાં હાંફતાં થઇને સચ્ચાઇનો ભાર ઉંચકવાનો છે. આને હુવરૂસ્તની સચ્ચાઇ કહે છે. આને 'મહેર' કહે છે.**

હવે 'પતેત'નો અર્થ શું છે? પતેત એટલે 'પઇત્યોગેત'=જે કંઇ

**થઇ ગયું તેનો બદલો લેવા તૈયાર થઇ રહેવું અને જે કંઇ થઇ ગયું તેથી પાછા હઠવું;**–તે કરવાથી બાઝ આવવું અને થયલાંનો પશ્ચાતાપ કરવો એટલે તે થયું તેને માટે દલગીર થવું અને નીશ્ચય નીયમ કરવો કે તે થાયજ નહિ અને સાચ્ચી ઝબાન–મહેરથી તેનો એકરાર કરીને શીક્ષા ખમવામાં રાહત સમજવી. આજે જેમ માનવામાં આવે છે કે પાપ કરીને માફ માંગવી એટલે પાપની શીક્ષાથી રહાઇ માંગવી તે પતેત છે તે અર્થ ખોટો છે. ખુદ પતેતનાં ભણતરમાં કહે છે કે **'અજ અનાઇ ખોરૂ-સંદ હોમ'**=જે કંઇ દુખ–શીક્ષા પડશે તેથી ખુશાળ થવશ, કેમકે તેથી દોજખનો રસ્તો એટલે ફરી ફરીને જન્મ લેવાનો રસ્તો બંદ થઇને તન–પસીનનો રસ્તો ખુલશે એટલે છેલ્લામાં છેલ્લું નુરમંદ તન જેને **'ખાશ્રવત તન્વો'** કહે છે તે ધારણ કરવાનો રસ્તો ખુલશે. ત્યારે હયાં માફની વાતજ કયાં આવી? શરીરમાં રૂવાન મુખી છે અને મન રૂવાનની વતીનું પ્રધાન રૂપનું છે, એક પ્રમુખ છે. તેની કેબીનેટ અન્જુમન છે, જેમાં ભલી ગોસ્પંદી બાજુ અને બુરી ખરફ્સ્ત્રી બાજુ છે. મનના હાથમાં ખરૂં બોલી દેવાનું છે,–કબુલવાનું છે. પણ શરીરમાંના બધાજ જુસ્સાઓ મનને વશ નથી. મન મહેર અને પતેતને તાબે થાય એટલે તે મન સાથનો ખરફ્સ્ત્ર જે મનથી જુદો છે તેબી તાબેજ છે એમ અર્થ થતો નથી. એમ છે માટે જો કે મન 'મહેર' પાળવા પેમાન આપે છે, પતેતનો અંગીકાર કરે છે, છતાં શરીરમાંથી મનની ગતી ઉપરાંત ખરફ્સ્ત્રી તેત્રીશીઓ ઉભરા કાઢી શકે–એમ મનની ગતી ઉપરાંત પાપ થઇ શકે–છતાંબી માનવીનાં મને તો મહેર–પતેતમાં રહેવાનુંજ છે, કેમકે ખરફ્સ્ત્ર=હવસોને બદલો મળીને તેઓ આખરેબી મનને તાબે થશેજ. માટે મનનો મનેશ (વીચાર) જયાં લગી મિથ્રની ગતીએ પુગતો નથી એટલે આ બધી ખરફ્સ્ત્રી ગતી પોતાની આણમાં રાખે તેવો મજબુત થતો નથી, ત્યાં લગી મનને ખમવાનું છે. એમ ત્યારે ઇનસાનમાં બે બાજુ છે, **અને બુરી બાજુ ઉભરયા કરે તોબી મને તો પોતાના સોગંદ રાખવા–મહેર પતેત રાખવી, જે આખરે તેરવી લઇ જશે.**

**આમ ત્યારે મહેર–પતેત તરીકતનો કાંઠો છે.** તરીકત એટલે શું? તરીકતને **'પથ'**=રેલ–રોડ કહે છે. **ગાથા ૫૩,૨ માં કહે છે કે સઑષ્યંતો ગેતીમાં તરીકતોને પાંથરીને દુન્યાને આરાસ્તે કર્યાજ કરશે. 'અત્ચા હોઈ સચન્તૂ'**=તેઓ એટલે સઓષ્યંતો તેને શીખવશેજ, **'ઑર્જૂશ્ પથો યાંમ્ દએનાંમ્'**=દીનની સાચ્ચી તરીકતો **'અહુરો સઑષ્યન્તો દદાત્'**=જે બધી **સઓષ્યંતોને અહુરાએ આપી છે,** તે બધી

તેઓને એટલે બુરા વખતના ઇનસાનને શીખવશેજ, જેને શીખવવા તેઓ જરથુસ્ત્ર પછી આવતા પાછળા બુરા વખતમાં આવશેજ. તરીકત – પથ હમેશ 'અૅરૅજૂશ'=સાચ્ચોજ હોય. એટલે **તરીકતની ખુબી એ છે કે એક ઇનસાન જેવો તેની અસરમાં આવ્યો, કે આખરેબી તેની મરજી નહિ હોય છતાંબી સચ્ચાઇએ પુગશે,** જેમ એક કોઇને મારી બાંધીને રેલ – રોડની ગાડીમાં મુકયો, કે પછી તેની મરજી નથી, છતાંબી તે ધારેલી જગાએ પુગવાનોજ. ત્યારે જેમ રેલ–રોડ અને એનજીન વગેરેનો ઓરડર છે, તેમ તરીકતનોબી curriculum કરીકુલમ છે. તે કરીકુલમની બધી વિગતોમાં સચ્ચાઇ છે. જેબી કોઇ તેનો અંગીકાર કરશે, તેને તે આખરેબી મુરાદે પુગાડશેજ. **ત્યારે મહેર–પતેત, અવસ્તા–ખાની, ગોમેજ લેવો, ફુજ–પરહેજ કરવું, હીખ્ર અને બુજીની તરીકત પાળવી એ બધું તરીકત છે.** એટલે જે કોઇ તેઓને પાળશે તેને ફાયદો થશેજ. ભલેને તે મનને બાંધતો યા બાંધી શકતો નહિ હોય તોબી ફાયદો તો થશેજ. જે કોઇ ગોમેજ લેશે, તો તેનાં અંતકરણમાં રહેલો પતમાન ઘણોજ તેઝ થશે, કે જેથી પાપ કરતાંને વાર તેનું અંતકરણ તે પાપના કરનારને એવું તો ડખશે, કે ફરીથી પાપ કરતાં હઝાર વખત તે વીચાર કરશે. જે કોઇ અવસ્તાને કાયદેસર બબડી જશે, તોબી તેને ફાયદો થશેજ. દરૂજી પરહેજના નીયમો પાળનારને અનુપમ ફાયદો થશેજ. જો મનને બાંધી મહેર–પતેતની સાથે તે તરીકત પાળશે, તો પછી ફાયદો ઘણોજ જલદી થશે. ત્યારે તરીકત તે છે કે જેથી ફાયદો થવોજ જોઇએ. આજે ખોરાકની ચીજમાં કોઇબી ચીજો એવી નથી, કે જે ઉપરના જેવી તરીકતની 'અૅરૅજૂશ' ગતીનો હોય, કેમકે માંસ તેમ નબાતાત બેઉમાં આજે એરેઝૂશનું પતમાન નથી. એટલે જેમ એકલો ગોમેજ વાપરવે ઇનસાનને થોડોબી ફાયદો થાય છેજ–ભલેને તે પાપોમાં ગીરફતાર હોય, પણ તેનો મઇ જેટલોબી ફાયદો મળશેજ, તેમ કોઇબી જાતના ખોરાકથી ફાયદો થશે નહિ. છતાં બીજો એક માણુસ તેના સંજોગો જોઇને નબાતાત ઉપર રહેવા માંગે, તો માંસના ખોરાક કરતાં તે ચઢીઆતું કહેવાય. પણ 'નબાતાત' કંઇ એરેઝૂશ પથમાં આવે નહિ. પણ જો મહેર સાથે, પતેત સાથે, તરીકતની સાથે તેનો વપરાસ થાય, તો નબાતાતમાંની ચોકસ ચીજોનો આહાર માંસના આહાર કરતાં વધુ ફાયદો આપે. આ સવાલને લાગણીથી નહિ પણ ઇલ્મ્યતથી જોવાનો છે. જો ઉપર કહેલી તરીકતની ઉપર મહેર–પતેતથી જે કોઇ રહેશે, તો તેની તે પાળેલી તરીકતને જોરે એવું થશે, કે તેની પાળેલી તરીકતનાં કુદરતમાંના ભેદી કાયદા પ્રમાણેના થતા 'વજન' અસ્પંદીના હીસાબ

પ્રમાણે પુન્ય ગમે તેટલું બી વધીને ભવિષ્યમાં 'ગવની કતલ' ઓછી થશે. ત્યારે જો દુન્યા ઉપર થતી અધમ ગતી જે ગોસ્પદોની કતલથી આજે થઇ રહે છે તેને અટકાવવી હોય, તો 'હકુમતની સત્તા'ની પછીની બીજી સત્તા જે કંઇ ઇનસાન પાસે હોય તે તેની '**ઍર્જૂશ પથ**'ના જોરની છે. એક પાંદડું બી તે દાદારના હોકમ વગર હિલતું નથી, તો ગોસ્પંદો તો કેમજ કપાઇ શકે ? તે જમાનામાં રહેતાં સામાન્ય ઇનસાનોની બદ ગતીને લીધે તેઓ કપાય છે, જેમાંના કેટલાકોને તેઓનું માંસ ખાઇને અને કેટલાકોને બીજા હવસોમાં ગીરફ્તાર થઇને તે દેવું પુરૂં કરવાનું છે. એમ ગોસ્પંદની કતલનો આઝાબ અનેક રીતના ભોગવટાથી પડે છે. **જેમ હવસો છે તેમ ખોરાકબી તબઇ છે; તેમાં ફેલ નથી.** ત્યારે હવે જે કંઇ થશે, તેમાંથી ભવિષ્યનું ભલું થશે. હવેની હાલની તરીકત જારી હશે અને ગોસ્પંદોના બચાવની કાળજીની મનેશ હશે, તો તે ભવિષ્યમાં ઉપર કહયું તેમ ફાયદો આપશે. ગોસ્પંદના બચાવની કાળજીના મનેશના રાખનારાઓ '**ગાંમ**'માં છે એટલે ગોસ્પંદી ગતીની સંસ્થાઓ-ગએથાઓમાં છે. **'ગાંમ' નીસ્તી અને ગેતીને ટેકવનાર તલેસ્માતીક અંતર જગત છે, જેમાં યજતોનો વસ્વાટ છે.** દીનની પાવીકત અને જઓથ્ર આલાતો આ 'ગાંમ'ની સાથે સંબંધ રાખવે, અવિ-થ્રીશ્વ અને મીનો ગાસ સાથે જોડાઇ રહે છે. અવિ-થ્રીશ્વ જગતનો૧/૩ ભાગ છે, કે જ્યાં સત્ય રાજ કરે છે. મીનો ગાસ તે જગા છે કે જ્યાંથી ખરૂં શીક્ષણ કુદરત અને કુદરતના શીક્ષકો આપી શકે છે, જેમાં અષો જરથુસ્ત્રની સાહેબી છે. **આમ આલાતો આ 'ગાંમ'=ગવની અંતર જગત સાથે તાલુકો રાખે છે અને દરેક બસ્તે-કુસ્તીઆનની પાળેલી તરીકતનો જુમલો અને હીસાબ શુમાર દએનની પાવીકતમાં વસેલી આ 'ગાંમ'માં રહે છે.** આમ '**ગાંમ**'ની શકિત દએનના વીસ્તારને સાચવે છે, એટલે દીની સંસ્થાને સાચવે છે તેમ કુલ ગોસ્પંદોની સદ ગતી થવાનો મિથ્ર કરે છે. ઇનસાનની પાળેલી તરીકતો **ગાંમ**ના આવા ભેદો મારફતે ગોસ્પંદના છુટકારા-બચાવની કાળજીનો ફાળો આપી શકે, બીજી રીતે નહિ. ગોસ્પંદોનો બચાવ બીજી રીતે એ વગર છેજ નહિ. આમ ત્યારે ખરા રસ્તાએ જશો તોજ ખરો ફાયદો હાંસલ થશે. લાગણીથી જશો તો કાંઇબી ફાયદો નથી. **વોહુનનો ખોરાક હમેશાં હવસોને ઉભરાવનારોજ હોય છે, પછી તે વોહુનનબાતાતની હોય કે માંસની હોય, કારણકે તેમાં ઍર્જૂશની ગતી નથી.**

આજે પતેતનો અર્થ ગુનાહ કીધો છતાંબી માફી માગવાનો કરે છે, તે 'સીરદ્દ જુઠ્ઠું' છે. વળી આગળ વધીને કેટલાકો પોતાની અજ્ઞાનતાનાં અહ-

શર્ન કરાવીને કહે છે કે રૂવાનની પતેત તો સીરફ હમ્બગ છે, કેમકે જો એક જન ખાય અને બીજાની ભુખ મટે એ જો ખરૂં હોય, તો રૂવાનની પતેત ખરી હોય. ખરેજ આવા બોલનારની અજ્ઞાનતાની ઉપર અને દીન ઉપર અવિશ્વાસુ થવાની ગતી ઉપર દયા લાવવી જોઇએ. જેમ આપણા અંગો અને આપણુ ખુદને સંબંધ છે તેમ ફરઝંદને તેના માવતર સાથે સંબંધ છે કેમકે ફરઝંદ ખુદ તેના માવતરના અંગમાંથીજ છે અને બાતેન નફ્સોથી સાથે બંધાયલો છે અને રહેશેજ. એની સમજ જોઇએ. બચ્ચાંનો જન્મ થવાનો હોય છે ત્યારે તે બચ્ચાંના ભવિષ્યમાં થવાનાં જડ તેમ જડ સાથના 'થોડા–જડ' તનનો બધો સામાન અણદીઠ મરકઝ ઉપર અણદીઠ રીતના ચિથ્રમાં સંકોચાઇને તેશ્તર તીર મારફતે ધાન્યમાં ઉતરે છે. આ ધાન્ય ભવિષ્યના થવાના માબાપથી ખવાય છે. માબાપ તે ધાન્ય ખાય છે ત્યારે ધાન્યમાંની તે અણદીઠ રીતની થવાનાં બચ્ચાનાં તનની ચીજો માબાપના કેહપર્માં એટલે કુદરત વસેલા ભાગોમાં પંથરાઇને રહે છે. પછી ચાલીસમે દહાડે તે ખાધેલામાંથી બાપને મનીનું ખુન અને માને ઓદાન (ઇડાં) નું ખુન થઇ રહે છે ત્યારે તે બચ્ચાંના તનનો થવાનો સામાન જે તેઓના કેહપર્માં પંથરાયો છે તે બધાં તે માબાપના ઓદાન–ખુનમાં સંકોચાઇ જાય છે અને સાથ સાથ માબાપની ખુબી–ખામી–ખાસીયત--આકાર બધું ગ્રહણ કરે છે. પછી સંસારના ભોગવટાથી તે બેઉ ખુનો માદરના ગરભસ્થાનમાં મળીને રહે છે. ગરભસ્થાનમાં માદરની સજીવન શકિત તે ખુનને જોઇતો જીવ આપે છે અને તેની સજીવન શકિતથી પકવે છે અને માદરની કુદરત પછી માદરના અઝદ નામના તનનો કંઇક ભાગ તે ખુન ઉપર લાવીને તે ખુનને ખીલવીને તે માદરના અઝદમાંથી તે ખુન માટેનું અઝદ કહેતા જડ શરીરનો સુક્ષ્મ ભાગ કરી આપે છે. આમ તે બચ્ચું જે થશે તેના જડ તનનો મુળ ભાગજ માયનો અંગ તેમ બાપના અંગનો હશે. આમ ત્રણ મહિના થઇ રહે છે કે ચોથે મહીને તે બચ્ચાનું ખુદનું કેહપર્–તેવીષી–ઉશ્તાન આપ–રૂવાન તે ઉગતા ખુનમાં નીચે ઉપર અણદીઠ આલમમાંથી ઉતરે છે કે જે પછી તે બચ્ચાંને તે બચ્ચાંના કેહપર્ની કુદરત મોટુ કરે છે. ત્યારે એક બચ્ચું માબાપનો પોતાનોજ અંગ છે. જેમ આપણા હાથ પગને કંઇ થાય ત્યારે આપણે તેનો ઉપાય કરીએ છીએ તેમ માબાપની મુકિત માટે ફરઝંદની પતેતજ છે કેમકે માબાપને પાપનું કંઇ થયું માટે ઉપાય કરવા જીવતી હાલતમાં ફરઝંદજ છે. માબાપ અને ફરઝંદો ભાઇ બહેનો કુટુંબીઓ બધા ત્યારે કુદરતના અણદીઠ નફ્સોથી એવા તો જોડાયા છે કે જે મીસાલ આપણા હાથ પગ અંગો વીગેરે જોડાયા હોય છે. માટે જીવતાએ ગુજરેલા સગા

માટે પતેત કરવી તે કોઇના પેટમાં દુખે અને તે દવા કરીને સમો થાય તેવુંજ છે. શરીર-રચનાનો ભેદ જે કોઇ ક્ષ્નૂમ પ્રમાણેનો સમજે તેને પતેતની ખુબી અને અગત્યતા વિષે બે મત હોયજ નહિ.

રૂવાનની પતેતમાં કહે છે કે 'ફ્લાન્ જાહેદ્દરા'-ફલાનાનો રસ્તો ખુલ્લો કરવા એટલે તેને સે શબમાંથી છોડવી-ગેતીનાં આકર્ષણમાંથી છોડવીને પોતાનાં કીધેલાંનું ફળ ચાખવા, સજાની ટેંપ શું મળે છે તેને સાંભળવા, ઉપર ચીનવત તરફ જવાનો રસ્તો તેને લેતો કરવા 'પ પતેત્ હોમ'= હું તેની તરફથી પતેત કરૂં છું, એટલે તેની તરફથી તેના ફરઝંદ તરીકેના સંબંધમાં હોવાથી યા તેની વારનાના સંબંધમાં હોવાથી હું દુઆ કરૂં છું, કે તે ગેતીનાં આકર્ષણમાંથી છુટીને જલદી ઉપર જાય, કે જ્યાં આગળ તે પોતાની ભુલો પોતાના રૂવાનની રયને જોરે જોશેજ અને ભલી ખેરદ બાંધશેજ. આગળ કહે છે કે પેગામ્બરનો હોકમ છે કે ગુજરેલાંને સારૂ 'જાદન્ગોઇ' કરવી-'જાદેહુ' થવાની=ખુલ્લો રસ્તો પામવાની દુઆને 'ગુઇ'=માંગવી-ચાહવી. ત્યારે જાદનગોઇ એટલે ગુજરેલાં ઇનસાનનો રસ્તો ખુલ્લો થાય અને પોતાનાં કીધેલાં કરતુકોનો ઇનસાફ લેવા તેની લાયક જગ્યાએ જાય, એટલે તેનો રસ્તો ચીનવત મીનોઇ મકાન તરફ ખુલ્લો થાય માટે ગેતીનાં આકર્ષણમાંથી છુટે એવી છુટકારાની દુઆને 'ગોઇ'=ભણવી - માંગવી. ત્યારે પતેત છુટકારો અપાવે છે. છુટકારાઓનો અર્થ શું છે, અને તેઓ કેટલી જાતના રહે છે. અહિંયાં યાદ રાખવું કે બધું જે કંઇ દીનમાં ફરમાવેલું છે, તે ઇનસાફની રૂયેજ, કુદરતના ઇનસાફની ગતીનાં માપેજ ફરમાવેલું છે. સે શબ કહેતાં ગેતીનાં આકર્ષણમાંથી છુટીને ચીનવત તરફ મીનોઇનાં આકર્ષણ તરફ તે જાય એમ જે ઇચ્છે છે-જાદન્ગોઇમાં જેની મુરાદ છે, તેબી ઇનસાફની રૂયેજ છે, જેની સમજ આ રીતની છે. એક માણુસ ગુજરી જાય કે તે ત્રણ દીવસ લગી ગેતીના આકર્ષણમાં રહે એ કુદરતી કાયદો છે, અને દરેક માણુસ ગેતીમાં અવતરે કે ઉપરનાં બહેસ્તનાં મરકઝોમાં અવતરે, તે પહેલાં ચીનવત ઉપરથી તે જવોજ જોઇએ એબી કુદરતી કાયદોજ છે. ત્યારે સે શબની હાલત અને ચીનવત પસાર કરવું એ બેઉ કુદરતી રીતનું અવશ્યનુંજ છે. એમ છે માટે સે શબને અને પુલ-ગુઝારને બેઉને પાદે ફરાહ કહયા છે. પાદે ફરાહ શબ્દ શીક્ષા સારૂ વપરાય છે, તેમ વળી 'તોજશ્ને તાવાંન્ દીન્' શબ્દોબી શીક્ષા સારૂ વપરાય છે, પણ તે બેઉમાં ફરક છે. પાદે ફરાહ તે શીક્ષા છે, કે જેના ભોગવવામાં મઝાહ-ખુશી-ઉમંગ આવીને ભવિષ્યની ઉમેદ ખુલે છે. આ પાદે ફરાહ જીવતી હાલતમાંબી હોઇ શકે, તેમ ગુજર્યા પછીની સે શબની તેમ પુલ-ગુઝારની હાલ-

તમાં હોઇ શકે. એક ઇનસાન જે કંઇ ધંધો કરે અને તેમાં કુશળતા મેળવી વીખ્યાતી પામે અને કબી માનચાનબી મેળવે–એ હાલત કુદરતમાં પાદે ફ્રાહની છે, કેમકે જમાનાઓના પાપોનાં નીવારણ અરથે ધંધાઓ નીમાયા છે, કે જે ધંધાઓ કરતી વખતે દુજી ગતીઓ ઉભી થઇ ઇનસાનની અઇપિને સુક્ષ્મ થઇને પજતી ખોરેહનો ભંડાર બનાવવાની હાલત થવામાં અટકાવ મુકે છે, કે જે અટકાવ નહિ થાય તો તેના રૂવાનની બંદ દરોશ જીવતી હાલતમાં ઉંચકાય. ત્યારે ધંધો કરવો કે જે વગર તેનો છુટકોજ નથી, કે જે કરવામાં તેને મોજ છે અને જેથી તે આખરે છુટશે, તે એક શીક્ષા છે, કેમકે ગુજર્યા પછી રૂવાન ઉપર તેનો ભાર રહેશે. ત્યારે આ ધંધો પાદે-ફ્રાહરૂપનો છે. એવી રીતે વળી સે શબ અને પુલ–ગુઝાર બેઉની ગતી પાદ ફ્રાહની છે એટલે તેમાં રહીને જે કંઇ ભોગવટો થાય, તે કંટાળા ભરેલો દુખરૂપનો નહિ પણ એક જાતનો ઉત્સાહ આપનારો થાય. પણ '**તોજશ્ને તાવાંન્ દીન્**'માં તે શીક્ષા છે કે જેનો ભાર લાગે છે, જેથી દીલગીરી ઉભી થાય છે અને તોબા તોબા બોલવું પડે છે, અને જેમાંથી નાસેપાશી–નાઉમેદી ઉભી થાય. જીવતી જીંદગીમાં જ્યારે ધંધાઓમાં ઇનસાન નાસીપાસ થઇને કચડાઇ જાય છે, ત્યારે તે ધંધો '**તોજશ્ને તાવાંન્ દીન્**'ની ગતીમાં આવી જાય છે. પણ જો તે ઇનસાન પછી સાધુ ગતીએ પુગી જાય, તો તે ધંધો પાદ ફ્રાહનો થયલો ગણાય. પણ જો હાર્યો જુગારી બમણું રમે તેવો થાય તો તે તોજશ્નેનોજ થઇ રહે. વળી ગુજર્યા પછી જરતોસ્તી હોવા છતાં જો ગુજરવાની તરીકત પ્રમાણે તેનાં મરણની વ્યવસ્થા નહિ થઇ હોય, તેનો સચકાર કે દોખ્મે નશીની વીગેરે નહિ થઇ હોય, તો પછી તેની **સે શબ** લંબાઇને '**તોજશ્ને તાવાંન્ દીન્**'ની ગતીની દુખવાળી થઇ જાય છે. વળી ગુનાહગાર ઇનસાન હોય કે જેણે એટલે તેના જડ શરીરનાં મને ગેતીમાં મરગરજાન ગુનાહો કીધા હોય, કે જે મન ગુજર્યા પછી બંદ–દરોશથી કેદ પડેલા રૂવાન જે પોતાના કેહર્પ–તેવીશી–ઉશ્તાનના વહાણમાં બેસીને બેબાખ જેવું થયું છે તે બધા સહિત ગુજર્યા પછી લાંબો વખત સે શબમાં રહી ગેતીનાં આકર્ષણમાં રહી, '**તોજશ્ને તાવાંન્ દીન્**'ના ભેદની શીક્ષા ખમીને પછી કુદરતી કાયદે કુદરતનો ઇનસાફ તેને માટે એટલે ઉપર કહેલી સામગ્રીવાળાઓ બધા માટે શું છે તે લેવા ચીનવત ઉપર તય કરે છે ત્યારે ચીનવત ઉપર તેના કેહર્પ–ઉશ્તાન–તેવીશી એટલે તેના રૂવાનને લગતા પણ સુધરીને પાર પડેલાં અને આ છેલ્લાં નહિ પાર પડેલાં તનને પાર પાડવા ખાતર શરીરમાં ઉતરેલા ભાગો કે જેઓ કુદરત વસેલા થઇને તે જડ તનને પોખીને જીંદગીવાળા કીધા

હતા તેઓ તે જડ તનના કીધેલાઓ માટે તેઓની વતી પતેત કરતા મિથ્રોને ચલાવીને સાબેત કરી રહે છે, કે આ હમારા સંબંધીના તન-મને ઘણાજ બુરા ગુનાહો કીધેલા છે જેઓ બધાજ થવા જોઇતા હતા નહિ, પણ તે તનમાંના દ્રવાઓના ઉભરાથી થયલા છે જે દ્રવાઓને તે ઉભરા રહિતનો કરવાને માટે ફરીથી જન્મવાની=દુઝખમાં પડવાની શીક્ષા થશેજ, જે શીક્ષા ખુશીથી ખમવાની શકિત મળો એમ તેઓ પતેત કરી રહે છે અને તે તનનાં કીધેલાંની બદ કેરદાર જોઇને અફસોસ કરે છે, જેની અસર તે તનના જડ અનાસરો જેઓ વધુ નીચલાં ભુવન ઉપર હોય છે તેઓ ઉપર જબરી થઇ રહે છે, જેથી તે જડ તન-મનના બધા અનાસરો શાંતી મેળવી શકતા નથી પણ ઘણાજ આઝુરદે-પશેમાન થઇ રહે છે. આ વખતે ત્યારે પેલા તન-મનના અનાસરોને **'તોજશ્ને તાવાંન્ દીન્'** જેવો ઘા લાગે છે ખરો, પણ તુરતજ સાવધાન થઇને, દુખ તે સુખજ છે, દુખ સુખને માટેજ છે, એમ અકકલ મેળવીને તે તોજશ્નેને પાદ ફરાહમાં બદલી નાંખી શકે છે. કેહપના આવા મિથ્રોના થવાને અને તેઓથી થતી તન-મનના અનાસરો ઉપરની અસરને ચીનવતનું છરીની ધારની માફક પાતળું થવું એમ કહે છે.

પતેતનું ભણતર ત્યારે પાદે ફરાહની શીક્ષામાં રહેલાં ગુજરેલાંને તેની **સે શબ**ને ટુંકી કરવા મદદ કરે છે, કેમકે તેવા ગુજરનારની **સે શબ**ની હાલત પાદે ફરાહની હોવે, ચીનવત કે જેબી પાદે ફરાહની શીક્ષા કરનારજ છે તેમાં જવાનો હક રહે છે. **સે શબ** જો તોજશ્ને તાવાંન દીનની બુરી શીક્ષાના હોય તો પછી તે **સે શબ**ને કાપવી મુશ્કેલ છે, કેમકે તે **સે શબ** પેલી ચીનવતની ગતીની સાથે અદલ બદલ થઇ શકે નહિ. જો **સે શબ** પોતે ચીનવતના જેવી પાદ ફરાહની હોય તોજ **સે શબ** પતેતથી ટુંકી થઇ શકે. પણ **'તોજશ્ને તાવાંન દીન'**ની શીક્ષાવાળી **સે શબ** હોય અને જો તેની પતેત ભણે-સરોશ કરે, તો પછી તે તોજશ્નેની ગતી ધીમે ધીમે પાદે ફરાહમાં બદલાઇ જાય છે. ત્યારે પતેતમાં દુખને સુખમાં ગણ-વાની તોફીક રહેલી છે એટલે ગેતીનાં આકર્ષણથી થતાં દુખમાંથી છુટ-વાનું મળે છે. આમ છે માટે પતેતને **'જાદન્ગોઇ'**નું ભણતર-છુટકારો આપનારૂં ભણતર કહે છે. આ છુટકારો કાં તો સે શબમાંથી છુટવાનો હોય યા તોજશ્નેવાળી સે શબમાંના દુખમાંથી છોડવનાર હોય. ત્યારે પતેત-રૂવાનમાં ભણે છે કે **'ફલાન અંદર ગુનેહગાર બુદ અસ્તેદ'**=ફલાનો માણસ જે ગુજરી ગયો છે તે આવા ગુનાહોમાં સપડાયલો છે. **મન અજ અનદર્જ ફરમાને પેદાંમ્બરી જાદન્ગોઇ હમ્ દાદસ્તાની (ફલાંન ખુદ ફલાંન) જાદેહરા ૫ પતેત્ હોમ: 'મન'=હું 'અંદર્જ' ફરમાને**

**પેદામ્બરી'**=પેગામ્બરનાં ફરમાન મુજબ અપાયલી દીન-દસ્તુરોની સલાહ પ્રમાણે '**જાદન્ગોઇ હમ્ દાદસ્તાની**'=જાદન્ગોઇ કરવાની તેનો રસ્તો મોકળો કરવાની તેના છુટકારાની દુઆ કરવા '**દાદસ્તાન**'=જરથોસ્તી કાયદાઓમાંના ખુન-ઓદાન-શીર-વારનાના કાયદાઓ પ્રમાણે હકદાર ઠડીને બંધાયો છું તેવા હું-'ફલાન' ફલાનો ઇનસાન જે મારી સાથે ફલાના ખુનના-ઓદાનના-શીરના કે વારનાના કાયદા પ્રમાણે સંબંધમાં છે-'ખુદ' તે ખુદને તેના ભાનને મારી તરફ આકર્ષી મારી આ પતેતમાં તેના ભાનમાં જોડીને 'ફલાન' તેવા મારી સાથે ભાનના જોડાયલા ફલાન ગુજરેલાનો 'જાદેહરા' ચીનવત તરફનો રસ્તો મોકલો કરવા, તેને સે શબમાંથી ગેતીના આકર્ષણમાંથી છુટવું જોઇએ તેવો છુટકારો આપવા અથવા જો ગેતી સાથનો સંબંધ નહિ તુટે તેવો હોય તોપછી તેને તે સે શબમાં રહેલા દુખમાંથી છુટકારો આપવા '**પતેત્ હોમ્**'=દુઆ કરૂં છું-પતેત કરૂં છું, દુન્યા ઉપરના તેના ભાન ઉપરથી તેના હાથ છોડાવું છું-તેના ભાનને પાછું હઠાવું છું અથવા ભાન જો કુદરતી ઇનસાફથી નહિ છુટે તેવું હોય તો તે ભાનથી થતાં દુખને ખુશીથી ખમવાની શકિત મળે એમ ભાનથી થતાં દુખને પાછું હઠાવવા દુઆ કરૂં છું, એમ ભાન ઉપરથી તેના હાથને છોડાવું છું-તેને પાછો હઠાવું છું. ત્યારે '**દાદસ્તાન**' જરથોસ્તી કાયદાઓ ગુજરેલાને સારૂ શું છે તેની અને '**અંદર્જ ફરમાને પેદામ્બરી**' પેગમ્બર સાહેબના ફરમાનોને શીખવીને તે પ્રમાણેની દીન દસ્તુરોની નસીહત શું છે તે એની ઉપર તે ભણનાર કહે છે કે હું '**જાદેહરા**'=તે ગુજરનારનો રસ્તો ચીનવત તરફ મોકલો કરવા બંધાયો છું, માટે આ પતેત કરૂં છું. એટલે ગુજરેલાનું ભાન ગેતીમાં છે જે પાદે ફરાહના ભેદનું છે એટલે ગેતીમાની ચીજોના આકર્ષણનું દુખ ખુશીથી ખમાય તેવું છે, તેમાંથી છોડાવીને પોતાની તેવી શીક્ષા પાદ ફરાહને ખમવા ચીનવત તરફ મોકલવા આ દુઆ કરૂં છું. પણ જો ગેતીમાં રહેલા ભાનને તોજસ્નેનુ દુખ થતું હોય એટલે દુખથી નીરાશા આવતી હોય તો તેવા દુખમાંથી છુટીને પાદે ફ્રાહની શીક્ષામાં તે જાય એમ દુઆ કરૂ છું, જે ફળશેજ, કેમકે '**ફરમાને પેદામ્બરી**'=આવી દુઆ પેગમ્બરના ફરમાનની રૂયેની છે. પેગમ્બરને કુદરતે ચોકસ હકો આપેલા છે જે હકની બજાવણીની રૂયે આ ફરમાન છે, જે કુદરતને કબુલ છે કેમકે તેમાં હદ+ઇનસાફ બેઉ સમાયલા છે. ત્યારે દીન સામે ગમે તેવું બોલનારને જરથોસ્તી કાયદાઓનું ભાન નહિ હોય અને સાથે સાથે દીન ઉપર ભરોસો એતેકાદ નહિ હોય એટલે પછી તેઓ આવો ગુમાની ભરેલો ખુદ-પદસ્તીનો બકારો કરે તેમાં નવાઇ શું! પેગમ્બરની '**દાદસ્તાની**'ને બદલે

પોતાના મનના તરંગોથી તે આવી ખુદ-પરસ્તી કરીને તે પતેતની સામે બોલે તેમાં તેની અજ્ઞાનતાજ છે-માટે તે દયાજનક છે.

વળી ફરઝંદનો અર્થ તેને ભાગ્યેજ ખબર હોય! ગુજર્યા પછી દીકરો કરવો-વગેરે ક્રીયાકામની ગતીથી જેઓ બેખબર છે તેઓ આવું નબોજું-દએવીક ગતીથી ભરેલું પોતાના રૂવાનને અપમાન કરનારૂ બોલી રહે છે. હરહમેશ કુદરતમાં સીલસીલો રહે છે; પ્રજાઓ-જમાતો-જાનવરો બધામાં જીનસ-સ્પીસીસ એમ વર્ગો છે, અને law of heredity=ઓધે ઉતરવાનો કાયદો ચાલી રહે છે; ગુણુ-અવગુણુનું ઉતરવું થઇ રહે છે વગેરે બધું એક જાતનો સીલસીલો જાયજ છે તે બતાવે છે. રાદ પંદવંદ કરો-બાપ કરતાં દીકરો સવાયો કરો અને અહુરમજદ લગી એકએકને ખેંચીને પુગાડો માટે ભલું ચિથ રાખી ભલાં ફરઝંદો કરો. એમ 'ચિથ્રેમ બુયાદ'ની બંદગી દુઆ માંગે છે. આ બધામાંથી કોઇબી જોઇ શકશે કે એકને પછીના બીજા પાછળ આવનારની સાથે સંબંધ છે, માટે એક પછી બીજા પાછળ આવનારને ફરઝંદ કહે છે, એટલે જન્મ લઇને જન્મ આપનારને તેરવનાર કહે છે. ખુદ દાદારેબી યજતોને કીધા કે તેઓ ઇનસાન જે યજતોનો સગો છે તેને તારવે અને ઇનસાન પછી પોતાના ખએતુ=નીચલા સગાને તારવે. ખરી સગાઇનું જોમ શું છે તેનો અંદાઝ મહેર યશ્તના ૨૯)માં ફકરામાં આવેલો છે. તેનો ભેદ નીચે ખોલેલો છે. એમ ત્યારે દીકરા ઉપર બાપને આગળ ચલાવવાની ફરજ છે, જેની વધુ સમજ નીચે છે. ત્યારે રૂવાનની પતેત શું છે? પતેત એટલે હાથ ઉઠાવવા -કીધું તેથી પાછું ફરવું-દલગીરી કરીને પાછું ફરવું કે 'કાંયજ તે થયું હશે' અને હવેથી તેવું નહિજ કરવું એવી તોરીક લેવી. ઉપર જોયું કે શરીરમાં તો દ્રવાઓના જુસ્સાઓ થઇને બહાર પડીને ખપી જયા કરે છે. દુન્યામાં એક જરા અમથો નાદબી વ્યર્થ જતો નથી. દરેકની નોંધ રહે છે એટલે દરેકના ગુબારો રહે છે. ત્યારે આ બધા ઉભરાની નોંધ છે, ગુબારો થાય છે-જીવતાં શરીરમાં રૂવાન મંદ હોવે આવા બધા ઉભરાઓ થઇ રહે છે. પછી તન-મન ગુજરે છે એટલે જડ તન જાય છે અને સુક્ષ્મ તન કે જે હમેશગીએ પુગવા જેવું લાયક છે તેમાં રૂવાન જાગૃત થઇને બેસે છે અને પોતે અનુશેહીનું થઇ એટલે પોતાની અસલ રચ મેળવીને પેલા ગુબારો-ઉભરાઓને જોઇને પોતાના દ્રવાઓની ખેતી કરીને તેમાં આસ્ને ખેરદ મુકી તે તનને મહેર અને પતેત શીખવે છે. એમ રૂવાન પોતાના દ્રવાઓની ભલી ખેતી કરે છે. ત્યારે રૂવાનના હાથજ જીવતા તનમાં બાંધેલા છે. રૂવાન ઉપર જે બંદી છે, જે બંદ દરોશ છે, તેને જડ તનના ગુજર્યા પછી ખોલી રૂવાનને અનુશેહી અપાવીને જડ ગુજરેલા તનનો ખેડવાની તક અપાવવી, કે જેથી રૂવાન તે તનને મહેર-પતેતનો સબક આપે-

અપાવે. આવું બધું કરવાની–કરી અપાવવાની સગવડ રૂવાનને અપાવવી **તેને રૂવાનની પતેત કરવી કહે છે**

અહૂએ બે નુરોને કીધા: એકને બઓદ કહે છે, બીજાંને ઉરવાન કહે છે. આ બેમાંના એક રૂવાનમાં અજ્ઞાનતાનો પરદો, દ્રવાઓ આવી ચઢયો. કાંય આવ્યો તે સવાલ જુદો છે. આ દ્રવાઓનો પરદો જેમ જેમ ઉરવાનોમાંથી નીકળતો ગયો, તેમ તેમ તે રૂવાન પોતાના બઓદને મળીને યજતી ગતીએ પુગતું રહે છે અને પુગ્યું છે. **એમ મુકિત પામેલાં એક રૂવાને પોતા પછીનાં બીજાંને સુધારવાની દીલાવર ગતી બતાવી અને બતાવે છે. એમ જગતમાં તનાસુલ સીલસીલો રાદ પંદવદ ચાલી રહે છે.** યજતો એમ થઇ રહયા પછી બીજા રૂવાનોના પરદાઓને ઉંચકવાની વારી આવી. ત્યારે ઇનસાનનો વારો આવ્યો. ઇનસાનનાં રૂવાનમાંથી જયારે તેનો પરદો, દ્રવાઓ બહાર નીકળ્યો એટલે રૂવાન તો મુકિતએ પુગ્યું, પણ તે રૂવાને બઓદની સાથે મળવાનું મુલતવી રાખ્યું, અને પોતાના દ્રવાઓની, તે જો કે દુશ્મન તરીકે હતો અને છે, તોબી રયવાળાં રૂવાનને તે બધું સમાન હતું માટે તે દ્રવાઓની સદ ગતી કરવા દુઆ કીધી. અહુરમજદે રૂવાન પાસેથી ભોગ માંગ્યો, એમ તન થયું, જેમાં રૂવાન પોતે ઉતરીને ભોગ આપી રહયું છે. **આવા પરોપકારી ભોગ આપવાને ખાતર, પોતાની સાથના દ્રવાઓને મુકિતએ પુગાડવા ખાતર, રૂવાન જન્મો જન્મના ધકકાઓમાં પડેલું છે તે નોંધવું. હપ્તન યશતના 'હનએમાચા'**ના ફકરામાં તેનો ભેદ છે. ત્યારે ઇનસાનમાં દ્રવાઓનો ધાટ છે. કેહર્પ–તેવીશી–ઉશ્તાન આપનો ધાટ તે દ્રવાઓમાથી એવો થઇ રહયો, કે તેઓ લગભગ મુકિતએ પુગી રહયા છે. પણ હવે જડ તનનીજ ખાલી મુકિત રહી છે, માટે જડ તનને જીવ આપી તેમાંની બદીને ઉભરાવે છે. આ વખતે રૂવાન બેડીનો ગાફેલ્યતીનો ભાર ખમીને શરીરમાં રહે છે. એમ ભોગ આપે છે. પછી જેવું તે તન પોતાનું કામ કરી રહે છે, એટલે મૃત્યુ પછીથી તે રૂવાન ઉપરની તે બેડી જવી જોઇએ કે રૂવાન રય ખુલેલું થઇ હોશદાર થઇ તે બહાર પડી રહેલાં કેહર્પની બધી અસ્કુયામતો જે જડ તનમાં ફસી પડી હોય તે બધાંને કેહર્પમાં આકર્ષીને તેવા તે કેહર્પમાં બેસીને તે મરેલાં તંનને સમારે એટલે તન–પસીનને લાયકનું કરે; એમ ભોગ આપવાનો બીજો ભાગ પુરો કરે. ત્યારે ગુજર્યા પછીથી રૂવાનની મુળ ખેતી શરૂ થાય છે. પેલાં કેહર્પની મદદથીજ તે જડ તનની ખેતી થશે. હવે તે રૂવાન તે મુવેલાં જડ તનને એટલે તે દ્રવાઓ કે જેને સુધારવાજ આ જડ યોની થઇ છે, કે જે વોહુનરૂપમાં જડ તનમાં વણાયલો હતો, જે વોહુનમાંથી પાછો મૃત્યુ વખતે દુજ તરીકે છુટેલો હતો, જેને

હવે રૂવાને પાછો સંધરેલો છે, તેને શીખવે છે, તેમાં ખેતી કરે છે, તેમાં ખેરદ મુકે છે, મહેર પતેતની અકકલ મુકે છે. રૂવાન ખુદ પોતે કુદરતનો અંગ થાય છે. કરનાર તો કુદરતજ છે, પણ રૂવાન કુદરતનો હમકાર થાય છે. ત્યારે અત્યાર લગીનાં જીવતાં શરીરમાં રહેલાં મુઢ રૂવાનને હવે મરણ પછીથી મુઢતાની બેડી ખોલી રય ખબરદારીની અકકલ ઉભરાવીને કુદરતની આગળ પોતાનું કામ શરૂ કરવાની રજા માંગવા ઉભું રહેવાનું છે. ત્યારે રૂવાનની બેડી ખોલાવવી–અનુશેહીની ગતી મેળવવી–કુદરતનો હમકાર થવું, એવો બધો ભેદ હવે ગુજર્યા પછી રહે છે. કુદરતજ એવા તે ભેદોને ચલાવે છે. પણ તેમાં તે ઇનસાનનાં ફરઝંદે સામેલ થવાનું છે. ફરઝંદ તરીકેની તેની ફરજ છે, જે ફરજો માટે ક્રીયાઓ છે, જેમાંની એક ક્રીયાને **રૂવાનની પતેત** કહે છે. ત્યારે હવે પતેતમાં જોતાં જોઇશું કે ત્યાં શું કહે છે. ત્યાં ગુનાહોની એક કુલ્યાતી ટીપ છે–ગુનાહોની શું શું સજા છે તેનું વર્ણન છે અને તે સજા ખમીને તેમાંથી મુકિત લેવા–ખેરદ બાંધવા અને તે સજા પડે તેને ખુશીથી ખમવા–તેમાંથીજ મુકિત છે એમ ગોખવાનો મિથ્ર બંધાયો છે. રૂવાનની બંદ–દરોશ ખોલી–રૂવાનને તનનાં બંધનમાંથી મુકત કરી આઝાદ કરવુ, કે જેથી રૂવાન અનુશેહીએ પુગે એટલે કુદરતનો હમકાર થવાની રય ખોલી તે કુદરતનો અંગરૂપનો થઇ પોતાના તનને ખેડે. ત્યારે **થ્વાષ ખદાતનો** એક ફેરો, કે જે પોતાની મેળેજ પેદા પડે છે, તેમાં રૂવાન ઉતરીને ખેતી કરી રહે છે. **થ્વાષ** એટલે ફેરો, અને **ખદાત** એટલે પોતાની મેળે થઇને પોતાની orbit ગોલાનમાં પોતાની મેળે ઉભી કાધેલી Rut રતમાં ફરવું. ત્યારે હયાં કહે છે કે તને એટલે દ્રવાઓની ગતી જે રૂપમાં જાહેર થયલી તેણે પોતાની રહેલી ખાસીઅત મુજબનું જે કંઇ કીધું, જેને રૂવાને સમાયું છે તે બધાના નતીજામાંથી કુદરત ભવિષ્યનું જડજમેંટ આપે છે. એમ તનના કરવામાંથીજ જે ઉભું થાય છે, તેનો ફેરો તે **થ્વાષ ખદાત** છે, જેમાં જીવતી જીંદગીનો એક ભાગ છે, જે વખતે રૂવાન મુઢ રહે છે. પછી મોહત પછીનો બીજો ભાગ છે, જેમાં રૂવાન રય મેળવીને ચળવળો કરી રહે છે અને પછી જીવતી જીંદગી અને રૂવાનની ચળવળમાંથી ઇનસાફથી જે જવાબ મળે તેનો જડજમેંટ–ચુકાદો કુદરત આપીને ભવિષ્યનું તન કરી આપે છે, તે થ્વાષનો ત્રીજો ભાગ છે, જેમાંથી નવો થ્વાષ યા તો ગેતીમાં યા તો ઉપર '**મન્ આનો આવાયદ્ શુદન્**'ના આતશી દખ્યૂમાં એટલે તન પસીનમાં છેલ્લુ સુક્ષ્મ તન થવામાં ઉભો થાય છે. ત્યારે થ્વાષના પહેલા ભાગમાંથી બીજા ભાગમાં જવા જીવતી જીંદગી મૃત્યુ પામે છે અને રૂવાનને તનના કેદમાંથી છોડવે છે. **રૂવાનને જીવતી જીંદગી ગયા પછી કેદમાંથી છોડવીને**

**આઝાદ કરવું, કુદરતની સાથે હમકાર થાય એમ કરવું, એટલે અનુશેહી અપાવવી, કે પછી પોતાનું કામ કરે, એમ રૂવાનની ફરજ બજાવવાની શરૂઆત કરવામાં મદદ આપવી, તેને માટે રૂવાનની પતેત છે.** આજે કેટલાકો કહે છે કે રૂવાનને એક બાજુથી અનુશેહીનો ઇલકાબ આપે અને બીજી બાજુથી તેને માટે પતેત કરે એટલે રૂવાનના પાપ માફ થાય એમ કહે તેમાં શો અર્થ છે? ખરેજ એ સાહેબોએ જાણવું જોઇએ કે પતેત સાસાનીઅન જમાનાના સઉથી મોટામાં મોટા નરથી થઇ છે. સાસાનીઅન જમાનો એવો હતો કે દુન્યાના ખુણે ખુણાનાં અન્ય લોકો પોતાની હિકમત ઇલ્મ હુનર લઇ ઇરાનની બજારમાં પોતાની કદરનું પુરે-પુરૂં દામ મેળવવા આવતા હતા અને ખુશી થઇને જતા હતા. એટલે કહે-વાની મતલબ એ છે કે તે વખતમાં દરેક ચીજનું તોલ કરવાની ઇનસાફી ગતી હતી. જો એમ હતું તો તેઓને એમ નહિ લાગ્યું કે રૂવાન તો અનુ-શેહ છે, તો પછી તેની પતેત શા માટે જોઇએ? પણ આજના પારસી-ઓમાં જેઓ એવો બકબકારો કરે છે તેઓ ભાગ્યેજ જાણતા હોય, કે સાસાનીઅનો આવા કદર-શનાસ હતા અને ચામડી કે પ્રજાના ફરક વગર લાયકની કદર કરવાની અકક્લ-હોશ અને ઇનસાફ રાખતા હતા. માટે તેઓ પુર્ણ જ્ઞાની હોવે કદર અને અકકલમંદ દાનાવ હતા. તેઓએ આ પતેત જે અસલ વારેથી ચાલી આવતી તેને જારી કરી આપી છે માટે તેમાં કંઇક ભેદ હશે, જે આપણને ખબર નહિ હોય.

હવે ત્યારે ઉપલા ટુંક ખુલાસા ઉપરથી સમજ પડશે, કે રૂવાન અનુશેહીવાળું છે, છતાં તેને માટે પતેત કાંય હોય? શરીરના કેદમાં તે પડવે-બેડીમાં પડવે તે ગુજર્યા પછી બેડીને છોડવવા માંગે છે, જેને છોડ-વવા કુદરત આવે છે, અને **કુદરતના હમકાર તરીક તેના ફરઝંદની ફરજો અપાઇ છે, જેમાંની એક આ રૂવાનની પતેત છે.** ફરઝંદની ફરજ શાની ઉપર રચાઇ છે? ફરઝંદ પોતે જીવતી જીંદગીમાં એટલે થ્વાષના પહેલા ભાગમાં 'મન'થી કામ કરે છે. શરીરમાં મિથ્ર રહે છે એટલે અમુક કાયદે થતી સંજોગોસરની વર્તણુંકો રહે છે, ઉત્તર-પ્રતીઉત્તર reflexes ચાલી રહે છે એટલે ખોરાક દીઠે મોઢાંમાં પાણી છુટે છે તેવા એક બીજાના મેળાપના નતીજાઓ ચાલુ થઇ રહે છે. પણ આ બધા reflexes મિથ્રોને આગળ વધવા દેનાર, તેઓના મન મુજયું કરવા દેનાર મન છે. મન તો જીવની કરમ બક્ષેશ પામેલો દ્રવાઓ જે વોહુનરૂપમાં વણાયો છે તે છે. જીવતી જીંદગીમાંજ મન સચેત રહે છે જે ત્યારે જવાબદરી રાખે છે, એટલે તે ફરઝંદમાં રૂવાન સચેત નથી. **પણ તે રૂવાન સાથનો દ્રવાઓજ જીવતી**

**હાલતમાં ફરઝંદ તરીકે છે, તે કામ કરે છે.** મા બાપના પોતાનાં ખુનમાંથી ઉપર જોયું તેમ તે ફરઝંદ થયું એટલે મા બાપની જડતાની કે સુક્ષ્મતાની ગતીથી અનાસરોથી એટલે માબાપની દ્રવાઓની ગતીના જવાબમાંથીજ ખુન થયું, જેમાં તે ફરઝંદના અનાસરોબી ખોરાકમાંથી આવ્યા. એમ ફરઝંદમાં માબાપનાં મનનો તેમ પોતાનાં મનનો એમ બેઉના ભાગો છે, અથવા વધારે સાફ રીતે બોલીએ તો બેઉના મિથ્રોનો જમાવ, અનાસરોની ગતી જે વિચારરૂપની રહે છે તે ગતીઓના મેળાપ થવાથી ઉભી થતી શકિતનો જમાવ હોય છે. આમ માબાપ અને ફરઝંદોના અનાસરો એકમેકને મળવે એકમેક તરફ નહિ તુટે તેવો સંબંધ થયો છે. ફરઝંદને દુખ થાય છે ત્યારે માબાપની લાગણીમાં હોળી સળગે છે, એટલે ફરઝંદને દુખ થયું એટલે તેના અનાસરોમાં ઝળાપો થયો, જે ઝળાપો પછી માબાપનેબી તેઓના અનાસરને સંબંધ હોવાને લીધે પુગે છે. **એમ આવી રીતે એક ફરઝંદને અગ્યાર વ્યકિતનો સંબંધ હોય છે, જે મેહેર યશતના ૨૯મા કરદામાં** ચીતારેલો છે, જેમાં નવ તેની જીનસના ઇનસાન જાતના હોય છે, અને બે મુળ સંસ્થાઓના કેહપ હોય છે. આ બધી એક જીનસની વ્યકિતઓના સંબંધમાં માબાપ-દીકરાનો સંબંધ ઘણોજ ધાડો હોય છે, જે ત્રણ આંકડાની તલેસમનો હોય છે, જેમાં ૧૦૦નો આંકડો ચઢીઆતો ગણાય છે. પણ આવો સંબંધ છે એનું જ્ઞાન આપનાર 'દખ્યૂ' હોય છે. દખ્યૂમાં શહેરનો અર્થ રહયો છે. ખુદ પોતે જે છે તે એક શહેર છે, કે જેમાં ૧૬ ભાગો ચપ્પા છે, એટલે તે શહેરમાં (૧૬=૧+૬=૭) સાતની ગતી, ફરવાની ગતી, ચલીત ગતી, લાગણીઓની ગતી છે. આ લાગણીઓનું શહેર પછી જયારે કુદરતના ભેદના હકીકતનાં શહેર-દખ્યૂને એટલે દીનના ભેદો શીખવનાર મદ્રેસાને તાબે થાય છે, ત્યારે તે લાગણીઓ જે ચળ છે, તે અચળ શ્રદ્ધાની થાય છે, એટલે પુર્ણ ભાન સાથની બઓદાંગવાળી થાય છે. ત્યારે જો આ લાગણીનું શહેર દીની સંસ્થાનાં શહેરની સાથે તાલીમો તરબ્યતનો સંબંધ કરે, તો પછી આ બધી નવ જીનસોનો સંબંધ એક ફરઝંદમાં છે, તેની સમજ પડવે ચાર અએદાદની તલેસમનો ફાયદો એટલે હઝારઘણો ફાયદો થાય-ચાર આંકડા સાથ રહેલી ગતીમાં માદરના જેવી પરંદુખભંજનની રહે છે, એટલે પછી તે ફરઝંદ ફરજને સમજે છે, પોતાનાં માવતર તરફની ફરજમાં અડગ થઇ જાય છે, અને પછી તેને માજદયસ્ની દએન સાથનો સંબંધ થાય છે, જે તેને પાંચ આંકડાની તલેસ્માતીક ગતીએ એટલે દસ હજાર ઘણે ફાયદે પુગાડે છે, એટલે યજત જેવી ગતી તેનામાં કરાવે છે. આમ જયારે થાય છે ત્યારે કહે છે કે **'અવ હુચઇતે અમહે અયાંન્ અથ અંઘહાઇતિ વૅરૅથ્રઘ્નહે.'**

'અત્ર' તે મિથ્ર મેળાપની ગતી, એક એકની સાથનો સંબંધ, જે એક એકના અનાસરોમાં છે તે 'અમહે અયાંન'=હિમ્મતનો જલ્વો બતાવી શકે છે, ફત્તેહ મળે તેવો અમલ કરી શકે છે, ભલી વર્તણુક બજાવે છે. 'અથ'=જે પછી "વૅરેથ્રધ્નહે"=દુજ ઉપરની ફત્તેહનો 'અંધ હુઇતી'= મેળવવાનો હક રાખે છે. આમ મિથ્ર યજત બાપ-દીકરાના મિથ્રોની ગતી જે તેઓના અનાસરોમાં છપાઇ રહી છે તેનો શુભ છેડો લાવે છે. મિથ્ર યજત=મહેર યજત સચ્ચાઇ ઉપર મુવક્કલ છે. માટે ફરજને બજા લાવવાની તોફીક આપે છે. મિથ્ર=મહેર યજત કહે છે કે માબાપ-દીકરાને મિથ્રનો એટલે કુદરતી રીતના મેળાપનો સંબંધ છે. તેઓના અનાસરોની ગતી એકમેકના મેળાપમાં છે, માટે જેમ બાપ કે માયના અંગોને એકએકનો સંબંધ છે તેમ દીકરાના અંગ અને માબાપના અંગોને તેઓની સામટી ગતી નામે મનને સંબંધ છે. દીકરો બાપની ફરજ બજા લાવવા સરજાયો છે. દીકરાનાં મનની વરજીશી માબાપનાં મનની ગતીને પુગી વળશે. આમ માબાપ-દીકરાનો સંબંધ ઘણોજ ઘાડો હોય છે. દીકરાનું મન પોતે માબાપનું મન અને દીકરાનું મન એમ મળીને થઇ રહયું હોય છે. બાપ મા અને દીકરાના તનને કેટલો સંબંધ રહે છે કે જેટલો એક ઇનસાનના જુદા જુદા અંગોને એકબીજા સાથે સંબંધ હોય. પણ આ સંબંધ 'મિથ્ર-માંથ્ર-યસ્ન'નો હોય છે. એક ઇનસાનના જુદા જુદા અંગોને જાહેર રીતે તો નસો-લોહી-માંસ-હાડકાં વગેરેનો સબંધ હોય છે. આ નસો-લોહી વગેરેનો એક બીજાનો સંબંધ કરાવનાર મિથ્ર-માંથ્ર-યસ્ન હોય છે. મિથ્રમાં એકમેકના મેળાપનો ભેદ-એકમેકને કર્મ કેશાશનો તેમ ઉરવાનના મેળાપનો ભેદ હોય છે. માંથ્રમાં ખેંચાણ કે જેની ઉપર મેળાપ થવાની હકીકત રહી છે તેનો એટલે મેળાપ થવાની હકીકતી પાયાનો મુળ આતશનો ભેદ રહયો હોય છે, અને યસ્ન આ મિથ્ર તેમ માંથ્રના ભેદો સાથે મળીને કામ કરવાની સંબંધની દોરી ઉભી કરવાનો મર્મ રાખે છે. આમ ત્યારે મા બાપ અને દીકરાના તનોમંદ વીચા-રવંત મનોનો સંબંધ પુર્ણકાળથી થઇને ચાલી રહે છે, જે કંઇ અકસ્માતીક નથી પણ ચોકકસ ધોરણપર થઇ શકયો છે. એક તન જે જીવતું છે તેમાં જાતજાતની લાગણીઓ હોય છે, જેઓ મનના કાબુમાં બધીજ હોતી નથી. એક મચ્છર બેસીને ઉંઘમાં જો કરડે તો મનનાં ભાન વગર હાથ તેને ઉડાડે છે; આવો સંબંધ જે હોય છે તેને મિથ્રનો સંબંધ કહે છે. એમ શરીરમાં મિથ્રની ગતી ચાલુ છે. આપણે જે કંઇ વીચાર કરીએ છીએ તે તો મનેશ છે, પણ જો આ મનેશનો કાબુ ઉપર કહયા તેવા બધા મિથ્રો ઉપર આવે ત્યારે મિથ્રો એટલે શરીરમાં ગુહ્ય રીતે ચાલતી ગતી (ફીઝીઓલોજી-સાઇકોલોજી વીગેરે વીગેરે જે કંઇ ચાલે) તેની ખબર મનેશને પડી જાય છે, જયારે તે મનેશને

મિથ્ર કહે છે. આમ ત્યારે શરીરમાં મનના વિચાર ઉપરાંત મિથ્રો રહયા છે; અને ઉપર જોયું કે એકએકના માબાપ અને દીકરાના તન-મનનો ખુદનો સંબંધ મિથ્રથી છે. ખુદ મનનું વીચાર કરવું મિથ્રાની જાતજાતની વર્તણુકોમાંનું એક છે. આમ ત્યારે માબાપ દીકરા એક બીજાને સંબધ હોય છે તેનો કંઇક ભાશ આવશે. 'મિથ્ર' એટલે સંબંધ હોય તેનો મેળાપ કરાવનાર, મેળાપ કરવાની ફરજ છે તેની હિદાયત આપનાર એટલે સચ્ચાઇનો રસ્તો દેખાડનાર મહેર યજત છે. આમ મહેર યસ્તના ૨૯મા કરદામાં જે અગીઆર વ્યકતીઓનો સંબંધ દેખાડયો છે, જેમાં માબાપ-દીકરાનો સંબંધ પુર્ણ છે અને તેનું ભાન કરાવનાર તાલીમો તરબ્યતથી મહેરની ફરજ બજાવવાની ગતીથી છેક અહુરમજદને પુગાય છે, તેનો ભેદ રહયો છે, જેની કંઇક વીગત ઉપર જોઇ.

ત્યારે આટલી હકીકત ઉપરથી જોઇ શકાશે કે કે માબાપ અને દીકરા સ્વરૂપે જુદા પણ હકીકતમાં મળેલા છે. આમ ત્યારે માબાપ જેમ દીકરા તરફ પ્રેમ-ભાવ-ફરજ બજાવે છે તેમ ફરઝંદે તેઓ તરફ બજાવવી. આ ફરજ બજાવવું તે શું છે તે ફરઝંદ શબ્દના અર્થમાંજ જણાવ્યું છે. ફરઝંદમાં 'ફ્ર' = આગળ અને ઝંદ 'ઝન'-ઝાદન=જન્મીને લઇ જનાર, જન્મ-મરણની ગતીના દોરમાંથી આગળ લઇ જનાર, પુલ-ગુઝાર કરાવનાર. **ફરઝંદ ત્યારે માબાપનો ભાર ખમીને પુલ-ગુઝાર કરાવનાર છે.** જેમ ફરઝંદ પોતાનાં તન-મનનાં ભલાં-બુરાંનો ભાર ખમે છે, જેમ ફરઝંદનાં શરીરમાંનો ગવ તેના વોહુનનો ભાર ખમીને વોહુનને પોખીને પોતા જેવી ગવ-અવમંદ કરવા માંગે છે, તેમ ફરઝંદની ગવથી ગવ-અવમંદ થયલો ફરઝંદનો વોહુન એટલે ભલું ફરજ બજાવતું મન પોતાના માબાપનો ભાર ખમીને તેઓને આગળ મુકિત તરફ લઇ જશે, કેમકે માબાપનો વોહુન અને ફરઝંદનો વોહુન મિથ્રમાં = મેળાપમાં છે. આમ ત્યારે ફરઝંદ ઉપર માબાપના ગુજર્યા પછીના ફરજ મુળરૂપ છે, કેમકે જીવતાં જીવતજ ફેન્ન રહે છે જયારે રૂવાન મંદ રહે છે, અને ગુજર્યા પછી ફેલ જેવું રહેતું નથી જો કે રૂવાન સચેત થઇ જાય છે ત્યારે ગુજર્યા પછી મન રહેતું નથી, એટલે ફેલ જેવું રહેતું નથી, પણ ગુજર્યા પછી તે ગુજરનારનું રૂવાન તે ગુજરેલાને ખેડવા ઉમેદવાર બનશે, માટે ઉમેદ-બેહીનો રવપનો ત રૂવાન જુવે છે. રૂવાનની આવી ઇન્તેઝારી પ્રમાણે રૂવાનને કરવા દેવાની સવળતા અ ાવવી એટલે રૂવાન ઉપરની બંદ-દરોશ ખોલી તેની રયને ખોલીને અનૂશેહીએ પુગાડવું. **એમ ત્યારે જીવતાં જીવત મનનો ફેલ અને ગુજર્યા પછી રૂવાનનો રય કામ કરે છે. પણ ગુજરનારનું મન**

**જે ગયું, તેનો ભાગ તે ફરઝંદનું મન છે, માટે હવે ગુજરનારનાં ગયલાં** મનને બદલે ફરઝંદનું મન આગળ આવી ફેલની ગતી વધારે એટલે ફરઝંદ રોશન ફેલ કરે એટલે ઉપર જોયું તેમ ૧૦૦-૧૦૦૦ ગણો મિથ્રનો ફાયદો ઉઠાવે, એટલે માબાપને સારૂ પતેત કરે, કે જે માબાપે પોતેજ કીધેલી કહેવાય, અને માબાપનાં રૂવાનને સે શબથી છોડવવા કુદરતનો હમકાર બને. માટે ફરઝંદ પતેત કરે અને બીજી યસ્ન કરે, કે જેથી ગુજરેલાં તન-મનનું રૂવાન અનુશેહીમાં આવીને તે તન-મનની ખેતી કરે. એમ એક ફરઝંદ પતેતને જોરે ગુજરેલાં માબાપને માબાપની જીવતી ગતીના જેવો મનનો એટલે ફેલનો લાભ તેમ રૂવાનની રચનો લાભ બેઉ **પતેત** કરીને અપાવી શકે છે. માટે ગુજરનાર રૂવાનને માટે ફરઝંદ પતેત કરે, તે તો તાલીમો તરબ્યતની ઉંચી ટોચ કહેવાય, કે જે માજદયસ્ની જરથોસ્તી દએનની દોસ્તી તરફ લઇ જાય, કે જેથી અષ અને બહેરામની મદદ મળે છે, એમ જે મહેર યશ્તમાં કહ્યું છે તે ઉપર જોયું.

આમ ત્યારે માબાપની પતેત ફરઝંદે કાંય કરવી જોઇએ, તેનો ખરો ભેદ શું છે, તેની સમજ પડશે. માબાપ અને ફરઝંદ જો કે વ્યકતીએ જુદા છે, પણ મિથ્રમાં એક છે. જેમ મા કે બાપના અંગોને મા કે બાપની વ્યકતી સાથે સંબંધ છે, તેમ દીકરાની વ્યકતીને મા અને બાપની વ્યકતી સાથે સંબંધ છે. જેમ માબાપ ખાય અને દરેક ભાગને ફાયદો પુગે, તેમ દીકરાની ફરજથી માબાપને ફાયદો પુગે. એમ તન-મનના મિથ્રમાં મા બાપ અને ફરઝંદ મળેલાજ છે, એકમેકના અંગ સમાન છે. વળી મા બાપ કે દીકરો જીવતી હાલતે તો સુધરેલો દવાઓ છે, કે જેને સુધારવા તેઓનું રૂવાન ભોગ આપી રહ્યું છે. જીવતાં જીવન ઉભરાઇ રહેતા તન-મનની બુરાઇને બપાવી નાંખવા રૂવાન **બંદ-દરેશામાં** રહયું છે. પણ ગુજર્યા પછી રૂવાન તે જીવતી હાલતની ખુબી ખામીની ખેતી કરવા માંગે છે, માટે બંદ-દરોસ ખોલવા માંગે છે. ત્યારે ગુજર્યા પછી ત્રણ દહાડા લગી રૂવાન સે શબમાં, નીમ હોશમાં, તન તરફના ખેંચાણમાં, કામ કરવા માટે જોઇતી બેદારીને બદલે અરધી ઉંઘમાં રહે છે તેને તેમાંથી છોડવીને જાગૃત કરીને અનુશેહીમાં એટલે પુર્ણ રચની ગતીમાં લાવવું, કે જેથી તે રૂવાન પોતાનાં ગુજરેલાં તન-મનની ખેતી કરીને, પછી યજતનો ચુકાદો મેળવીને આગળ પગલાં ભરે. ત્યારે ફરઝંદ પોતાના માવતરોની પતેત કરે, તે જીવતાં માવતરોએ કીધેલી જેવીજ ગણાય, અને વળી ગુજરેલાં રૂવાનને રયોમંદ કરીને તે રૂવાનને તેઓની ખેતી કરવાની તક આપે-**એમ ગુજરેલાંની પતેત ઇનસાનની મોટામાં મોટી ફરજ છે, કે જેની પુર્વે કંઇ ફરજ નથી. પતેત ક્રીયાઓનો મુળ પાયો**

છે. આવી મુળ જેવી ચીજની ઉપર અજ્ઞાનતામાં પોતાને વીદવાન કહેવડાવનારાઓ ગમે તેવું બોલીને કુદરત આગળ પોતાની જાતને ખુલ્લી કરે છે, તેનું ભાન તેઓને ભાગ્યેજ હોય.

દરેક દરેઘો ખદાતમાં અષો જરથુસ્ત્રની આગમચ અને પછીથી મોટા સઓષ્યંતો આવી જાય છે. અષો જરથુસ્ત્રની આગમચના સઓષ્યંતો અષો જરથુસ્ત્રનાં 'પેશ રવ' fore runners હોય છે, જેઓ પેગમ્બર સાહેબનો રસ્તો સરળ કરવા અને દએવોથી લોકોને બેદાર કરવા ઉતરી રહે છે. યજદાન-પરસ્ત લોકોને આ સઓષ્યંતો ચલાવે છે. **દીન-કર્દ** નામની બચી રહેલી કેતાબના સાતમાં પુસ્તકમાં પેગમ્બર સાહેબનું બ્યાન અને તેવણુની આગમચ થઇ ગયલા મોટા પાદશાહ પહેલવાન આગળ વક્ષુરાન એટલે મોટા સઓષ્યંતો આવેલા હતા, તેનું ટુંક બ્યાન આપેલું છે, જેમાં શરૂઆતમાં કહે છે, કે **બરા પીશ મીન ઝક મા વહેદીન ચીહર વ દાહીશન રૂબાગીહ**-(કહે છે કે પેગમ્બર સાહેબના મોજેજા વિષે જે કંઇ હોએ તે) વીષે લખે તેની આગમચ ખાસ કરીને લખવામાં આવ્યું છે, કે ભલી દીનનો **'ચીહર'**= બાતેન મઅની 'મિથ્ર-માંથ્ર-યસ્ન'=આખું બ્યાન શું હતું, ભલી પેદાયશ કેવી છે, '**અફ્રુશ પદીરફ્તાર ઇ ફ્રતુમ પવન મઇનુગ વ ગેઇતી**'= મીનોઇ અને ગેતીના પેદાયશમાં પહેલવહેલો તે દીનનો કબુલ કરનાર કોણુ હતો, '**વ મીન ઝક આખર વક્ષવરાન વ પરીસ્તગાન વ યાઇતીચુનતરાન ઇ બઇન ઝીમાનાગ વદ યસ્તો ફ્રેોહર જરથુશ્ત્ર**'='બ ઇન ઝીમાનાગ વદ યસ્તો ફ્રેોહર જરથુસ્ત્ર=જમાનાઓમાં (એટલે જયારથી વખત શરૂ થયો ત્યારથી એટલે દુજો-દેમાન શરૂ થઇ અને તેમાં દરેઘો ખદાત ચાલ્યો તે બધા દરેઘો ખદાતના આ છેલ્લા દરેઘો ખદાતના વખતમાં) ફ્રવષી સાથે એકતાન થયલા ફ્રેોહરવાલા જરથુસ્ત્ર લગીમાં અહુરમજદ તરફથી પેગામ લાવનાર સઓષ્યંતો જેઓના જુદા જુદા મરતબા હોય છે; માટે તેઓને **વક્ષવરાન-પરીસ્તગાન-યાઇતિચુનતરાન**ને નામે ઓળખે છે તેવા અહુરમજદ તરફથી પેગામ લાવનારાઓ-પેગામ્બરી દરજ્જાના નરો-અહુરમજદી કાસદો કોણ કોણ હતા, તે વિષે લખવામાં આવ્યું છે. **અફ્રુશાન નીસંગ ઇ મીન ગુબીશન વ વર્જમુન પદાશ બઇન અનશુતા પવન વક્ષવરીહ આફ્રીહ અસ્ત હુવાઅન્દ નીપીશ્ત ચીમીગ**'=તથા તે સઓષ્યંતોએ તેઓની (તે વખતના) આદમીઓ વચ્ચેની તેઓની પેગમ્બર તરીકેની કારકીર્દીમાં જે જે સખુનો અને સુધારાનાં કામો ( અઇપિને સુક્ષ્મ કરવાનાં, અનાસરી હાલતને સુધારવાનાં કામો કીધા હતા, જેને લીધે ) તે કારો મારફતે આદમીઓનું યકીન (તેઓની રાસ્તદાવરી પેગમ્બરી ઉપર ) મજ-

બુત થયું હતું, અને તેથી તેઓની આફ્રીન થતી હતી, તે બધા વિષે વર્ણન કર્યું છે. વળી આગળ કહે છે કે 'વ હાનીક ચેહવુન્ત હવાંદ પીશ મીન જરથુશ્ત્ર વક્ષવરાન ઇ બઇન દએન ઇ મજદયસ્ન અયુફ્તરીમ; મા પએદાગ અઇઘ ગાસઇહા.......................................

"વળી પયગંબર જરથુસ્ત્રની આગમચ બીજાઓ થઇ ગયા છે, જેઓએ મજદયસ્ની દીનમાં નામના મેળવી હતી, જેમકે જાણીતું છે, કે જુદે જુદે વખતે કેટલાકો મીનોઇ તરફથી (અહુરમજદ તરફથી) તે વખતના સર્વેથી વડા સરદાર તરફ આવ્યા હતા, અને વળી હાલ જેમ માણસો દીન સંબંધી (એટલે કઇ કઇ તરીકત પાળવીજ જોઇએ તે વિષે) પુછપરછ કરે છે, તેમ તે વખતે તેઓ દએનને વિષેની પુછપરછમાં રોકાયલા હતા. તે વખતના લોકો માટે જે જરૂરતું હતું તે હાલે નથી." એવી રીતે દરેકે દરેક દરેઘો ખદાતમાં ૮૧,૦૦૦ વર્ષના વખતમાં પેગમ્બર સાહેબ* આવે તે અગાઉ અને પછીથી મોટા સઓષ્યંતો ઉતરીને ગેતીને આરાસ્તે કર્યાજ કરે છે. આ સઓષ્યંતો પેગમ્બરના દરજ્જાના હોય છે, માટે અહુરમજદ તરફથી મોકળેલા હોય છે. તેઓને ક્ષથ્ર=અહુરમજદ તરફનો અધીકાર હોય છે. તેઓનો મદદગાર સરોશ હોય છે, અને જેટલા જમાનાની અને તેમાં વસ્તાં લોકોની રાએનીદારી તેઓને કરવાની હોય, તે બધા જમાનની અને તેટલા બધાં લોકોની ખુબી-ખામી તેઓને સેઝદામાં બતાવવામાં આવે છે. દરેક વખતે '**મીનો ગાસ**'=અહુરમજદ વસેલી સંસ્થા હોય છેજ, જેમાં આ સઓષ્યંતો તાલીમ લઇને સેઝદો જોઇને, જે વખતના જેવા લોકોની તેઓને રહેનુમાય કરવાની છે, તેનું જ્ઞાન-ભાન મેળવે છે અને તે પ્રમાણે તે સઓષ્યંત મુળ ૨૧) નસ્કોમાંથી અવસ્તાને જાહેર કરે છે, પતેતને ઉભી કરે છે. આવા સઓષ્યંતોમાંના છેલ્લા રાએનીદાર દસ્તુરાંન દસ્તુર આદરબાદ મારેસ્પંદ થઇ ગયા હતા. તેવણે હાલી લોકો-જમાનાના રંગ-ઢંગ સેઝદામાં

* **દીન-કર્દ**માં સાફ સાફ કહે છે કે પેગમ્બર જરથુશ્ત્રની આગળ ઘણા સઓષ્યંતો માજદયસ્ની દએન ચલાવવા અહુરમજદ તરફથી ઉતર્યા હતા અને જરથુશ્ત્રની ઉતરવાની આગાહી કરી ગયા હતા. લોકો આમ જરથુશ્ત્રની વાર જોતા અને યજદાંન-પરસ્તી કરતા હતા, એટલે માજદયસ્ની દીનમાં રહીને પરદુખ-ભંજનની ગતીમાં રહેતા. આટલું છે, છતાંબી આજના કેટલાક એમજ લઇ બેઠા છે, કે પેગમ્બરની અગાઉ બુત-પરસ્તી હતી અને પેગમ્બર પહેલાજ હતા, જેવણે બધુંજ બદલીને સુતરૂ કીધું હતું. તેઓના આવા બોલવામાં વિદવતા નથી. પેગમ્બરની અગાઉ યજદાંન-પરસ્તી હતી, જે યજદાંન પરસ્તીને એટલે કુદરતની સફેદ બાજુને લગતા થવાની રીતીઓને તેવણે વધારી હતી અને તે વખતે જે દએવ-પરસ્તી ચાલતી હતી તેને તોડી હતી, તે નોંધવું.

જોઇને પતેત ઉભી કીધી છે. ત્યારે પતેતમાં જે ગુનાહોની ટીપ છે, તે પ્રસંગોપાત છે. વર્ણ વર્ણમાંથી તેહ કરીને તે ગઇ વર્ણની ખુબી-ખામી સાથે અવતરતા બસ્તે-કુસ્તીઆનોને આ બધા ગુનાહો સાથે લેવું દેવું છે. એમ કુદરતના સેઝદાથી જોઇને તેવણુ પતેતને લખી ગયા છે.

**હવે પતેતની બંદગીના અર્થનો ઉડતો ચીતાર જોઇએ, કે જેમાંથી માલમ પડશે કે ત્યાં માફ માંગવા જેવું કંઇ નથી.**

પહેલે એક યથા ભણીને તે દાદારની સર્વોતમ ગતીને તે ભણુનાર યાદ કરે છે. પછી કહે છે કે પાંચ યથા ભણીને ભલા સરોશ જેવી ભલાઇની ખેતી કરવાની ગતીને હું હાંસલ કરૂં. તમો જેઓ લાયક છો, જેઓ મારે સારૂ દુઆ કરી શકો છો, તેઓ આગળ મારાં અંતકરણની તેહકીક કરૂ છું, અને પાંચ યથા ભણીને તેમાંથી અહુરમજદ તરફની વફાદારી પેદા કરવા તમારી દુઆ ચાહુ છું. પછી પાંચ યથા ભણે છે અને સરોશને યાદ કરે છે કે તે દસ્તગીર છે, અને ઇનસાનમાં પન્જે-ઝરવીકશે-બાતેન છે જે બાન ઊભું કરાવે છે તેનો પાસબાન છે. સરોશ તે બાતેન ઝરવીકશને વધારીને મારામાં તમારૂં ભલું રહેઠાણુ કરો. પછી ત્રણુ અર્યમ ભણીને તે મુરબ્બી અદલ ઇનસારી દસ્તુરોની પનાહ અને દુઆ પામે છે કે જેથી આ ભણેલી પતેતની મુરાદ બર આવે. પછી સરોશની ક્ષ્નૂમન લે છે. સરોશ યજતની સાથે એકતાન થવાના માંથ્રો ભણીને સરોશની ગતીને ઉશ્તાનને જોરે યા મિથ્રને જોરે યા સુક્ષ્મ અઇપિમાંનાં ખોરેહને જોરે યા છેલ્લામાં છેલ્લી રીતે સ્તોતેોને જોરે પકડે છે. પછી એક યથા પઢીને દએનની જે મકસુદ છે, તેને યાદ કરે છે,-પાપને ભુલીને સવાબોને યાદ કરે છે.

પછી કહે છે કે મારાં અંતકરણથી યજતી ગતીની બધી હુમત-હૂખ્ત-હવરશ્તની ખોશ્કારીને યાદ કરૂં છું, અને તેમંઘહની કુલ બદીને વીસરજન કરૂં છું. હું નક્કી કરૂં છું કે **તરીકત પાળી, મનશ્ની-ગવશ્ની-કુનશ્ની પાળીને, યજતોની ગતીએ પુગું, કે જેથી હમેશાં મારેથી ગેતીની રજેરજની તરફ નેકીજ થતી રહે, અને કુલ બદીને તરછોડું, કે જેથી ગુનાહનો સ્વપનોબી મને આવે નહિ.** અએ અમશાંસ્પંદ, અમર ગતીના સાહેબો! તમારાં ફરમાન મુજબ વર્તવા હું ઉશ્તવાર છું. તમારી ઉપર હું જાન સદકે કરૂં છું. તમારી યજશ્ને-તમારી નીયાએશ્ન કરૂં એટલે તમો કુદરતની અંદર હકીકતરૂપ છો. જેમ બલતી બત્તીમા તેલ હકીકતરૂપ છે, તેમ તમો કુદરતના ચેરાઘના તેલ થઇને કુદરતને ચલાવી રહો છો, તમારી એવી હકીકતની ગતીને હું યરનથી મળીને વધારૂં એમ તમારી નોકરી કરૂં. કુદરતમાં અનેક

મારેફ્તો છે, જેઓ અનાસરના લેબાશ ધારણ કરી કુદરતને ચલાવે છે, જેઓને યજતી ગતી મદદ કરે છે. આવી મારફતમાં ખુર-માહ-મહેર-આવાં-આતશ આવે છે-આવા બધાઓની કુદરતને ચલાવવાના મારેફ્તી કામની હું પ્રસંશા કરૂં છું અને તેઓ જેવું કંઇક કામ કરવાની તોફીક તેઓ પાસે માગું છું. આમ હું નીઆએશ્ત કરૂં છું, આમ હું અમશાસ્પંદોની યજશ્ન અને નીઆએશ્ન કરૂં છું. તે સાહેબોને મળી શકાય તેવી તરતીબથી મળી રહી તમારી જાહેર ગતી જે ખુર-મહેર-માહ-આવાં-આતશમાં રમી રહે છે તેઓને નેમાઝ કરૂં-તેઓની નીઆએશ કરૂં એટલે જો કે તમુને નહિબી મળી શકતો હોઉં, છતાં તમારાંજ ધ્યાનમાં રહું. મારી મનશ્ની-ગવશ્ની અને કુનશ્નીને નેકીમાં વધારૂં અને એમ તે નેકીમાં વધેલી મનશ્ની-ગવશ્ની-કુનશ્નીની ગતીમાં રહીનેજ હું તમુનેજ જોયા કરૂં. મારાં અંતકરણમાં તમોને જોયા કરૂં-મારા તનમાં તમારૂંજ બધું રાખું-તન અને તેની સાથનો જાન અને તેમાં રહેલું રૂવાન કે જેમાં તે તન-જાન મળી જશે તે બધાની અંદર તમુનેજ જોઉં-જાહેર કે બાતેનમાં તમુને મળવા પ્રત્યન કરી રહું-મારાં તનને જ્યારે રૂવાનમાં મેળવીશ, ત્યારે હું તમોને મળી શકીશ. આમ થવા એટલે રૂવાનમાં તનને ઉમેરવા તનનો ભોગ આપવો પડે, તનને **શીક્ષા ખમવી પડે, તો તેને ખમવા હું તૈયાર છું. આ ભેદી ફકરામાં સાફ કહે છે કે યજતોને મળવા રૂવાનજ લાયક છે અને રૂવાનમાં જ્યારે તન મળશે ત્યારેજ રૂવાન યજતને મળવા લાયકનું થશે. માટે તનનો ભોગ આપવો એટલે તનની શીક્ષા ખમવી સઝાવાર છે. હુયાંથી કોઈબી જોઇ શકશે કે પાપ કરૂં અને માફ કરો એવો ખ્યાલજ નથી; હુયાં તો કહે છે કે તન તો પછીની વાત છે, મુળ વાત તો રૂવાન છે.** આ બોલનાર મન છે, કે જે અસલ દ્રવાઓ હતો, કે જેને ખાતર રૂવાને ભોગ આપ્યો છે. ત્યારે હવે તે દ્રવાઓ મનરૂપમાં આવીને સદ ગતી મેળવીને કહે છે, કે આવાં પરોપકારી રૂવાનને સારૂ હું ભોગ આપવા તૈયાર છું, કે જે રૂવાને મારે ખાતર આવો મોટો હમેશગીનો દેશવટો ભોગવેલો છે હુયાંથી ત્યારે પતેતના ભેદની શરૂઆત અને આખેરત શું છે તેની સમજ પડશે. વળી વધુ ખુલાસેવાર આગળ કહે છે કે: અષોઇને પાળવાનો અને બધી દ્રુજને તોડવાનો મેં નકકી કસદ કીધો છે. **તેજ મારી ભકિત હોય એમ મેં** ધારણ કીધું છે. તે દાદાર કે જેણે મારી ઉપર આટલી બધી કરમ કીધી, **અસલમાં હું દ્રવાઓ હતો તેને આવી ખુબસુરત તન-મનની ગતીએ પુગાડીને અમર કરવા ધાર્યું છે,** તેની સ્તુતી-સેતાયશ્ને કયારે કરી

રહું-ફરી રહેવાનો નહિ; પણ જો અષોઇને પાળીને દ્રુજને તોડીશ, તો તે દાદારની ખુશાલી થશે એટલે તે એહેશાન-કરમ કરનાર તરફ મારી ફરજ કંઇક થયલી સમજીશ. **'પતીયારૂ અનાઃ અજ ઘનામીનો'**=હોમલાઓ અને હલાકી જે ઘનામીનથી મારી ઉપર થયા કરે છે તેઓને હું આવકાર લાયક દેખું છું, કેમકે તેથીજ મારામાંથી દએવના હવસોના ઉભરાઓ જશે, અને ત્યાર પછીજ હું રૂવાનને પુગીશ. ઘનામીન આ ઉભરાઓને કઢાવીને પછી તે ઉભરાથી જે કંઇ બુરૂં થવાનું હોય તેને કરાવી દે છે, કે પછી કુદરતથી શીક્ષા મળે અને સુધારો થાય. ત્યારે હવસોના હોમલાઓના ઉભાણોના કરાવનાર ઘનામીનની કદર મને છે, કેમકે 'ઉમેદે-રસ્તેખીઝ' તેથીજ છે. એટલે એમ જયારે હવસોના ઉભરાઓને ઘનામીન બહાર કઢાવશે, તો પછી હવસ રહિત થવાશે, જેથી રસ્તાખીઝ એટલે ભલી અમરગીનું ઉગવું ઉભું થશે. એમ છે માટે મારાં શરીરમાં થતા હવસો અને તે શરીરની ઉપર તે હવસોને માટે થતી શીક્ષાઓને હું અંગીકાર કરૂં છું કેમકે તેથીજ મુકિત છે. આ **'સતાયમ્ અષહી'**થી તે **'હમ્ દાદસ્તાન્ હોમ'**નાં વાકયમાંથી કોઇપી જોશે કે હયાં ભણનાર પાપોની સજા ખમવામાં મઝા જોય છે; ત્યાં કંઇ તે મારી ચહાતો નથી, પણ શીક્ષા ખમવામાંજ ઉમેદે-રસ્તાખીઝ પાકશે, મુકિત પાકશે, એમ ઉસ્તવાર બને છે અને કહે છે કે અહુરમજદની દીન અને જરથુસ્ત્રના કાયદાઓ અને અષોઇનો માર્ગ અને પોઇર્યો-ત્કેશ લોકનાં ઉપરીપણાંને મારા શીર ઉપર રાખું છું.

પછી એક પછી એક ગુનાહો કે જેનાં બીયાં આજના ઇનસાનોના વોહુનમાં પડેલાંજ છે, જેને અરદીબહેસ્ત યશ્તમાં જાતજાતનાં દરદ અને બુરાઇઓ અને બુરાં તુખ્મો કહયાં છે, તે બધાને યાદ કરીને તે ભણે છે, કે **'અજ આંન્ ગુનાહ્ પતેત્ હોમ-પસે ગવશ્ની પ પતેત્ હોમ'**=આમાંના કોઇનોબી જો હું ભોગ થયો હોઉં તો હું તેઓથી બાઝ આવું છું અને તેઓ નહિ થાય એવી ખેરદ બાંધું છું, એટલે મારામાંથી ભુસાડવાની તજવીજ કરૂં છું અને તે થયાની શીક્ષા ખમવાનું જોર માંગું છું. કહે છે કે **'અજ આંન્ ગુનાહ્'**=આ બધા ગુનાહો જે **'મનશ્ની'**=વીચારને લગતા, **'ગવશ્ની'**=બોલને લગતા, **'કુનશ્ની'**=કર્મને લગતા, **'તની'**=શરીરને લગતા, શરીરને જડતામાં-તનાસકમાં નાખે તેવા હોય, **'રૂવાની'**=રૂવાનને લગતા હોય એટલે રૂવાનની બેડી ગુજર્યા પછી જલદીથી નહિ ઉંચકી શકાય તેવું કરાવનાર જખુન હોય અને રૂવાનને તનાસકમાં નખાવનાર હોય-રૂવાનનો ભોગ વધુ માંગે તેવા હોય, **'ગેતી'**ને લગતા હોય એટલે ગેતીને સુધારવાને બદલે, ફરશો-કેરેતી તરફ જાય તેમ કરવાને બદલે, ગેતી ઉપર આઝાબ મુકાવનાર હોય, **'મીનોઆની'** મીનોને

લગતા હોય એટલે મીનો સુક્ષ્મ ગતીને વધુ કામમાં નાંખીને કુદરતી ખરચ વધારનારા હોય, યજતોને વધુ તકલીફમાં મુકનારા હોય;–આ બધા મનશ્ની–ગવશ્ની–કુનશ્ની–તની–રવાની ગેતી–મીનોઆનીની જાતોમાંના કોઇબી જાતમાં આ બધા ગુનાહ આવતા હોય, અને તેમાંનો જે કોઇ મારેથી થયો હોય, તો '**ઑાખે અવાખ્શ પશેમાન્**' અએ ખોદા ! અએ મારા ખોદાવંદ સાહેબ! હું ખરેખર દલગીર થઇ, અંતકરણથી પસ્તાઇ કે કાંયજ તે ગુનાહો થયા હશે, એમ ખોફ કરી તેઓને તજું છું. '**પસે ગવશ્ની**'=ત્રણ વખત બોલીને એટલે જબાનથી બોલી, અંતકરણ ઉપર હાથ મુકી, પુર્ણ ભાનમાં તે રાખી, એમ **ઝબાન–અંતકરણ અને ભાનના મેળાપથી** થતી મહેર સચ્ચાઇની ગતીથી real sincerity થી, **અંતકરણનાં બાતેનમાં બાતેન અવાજથી,** ઝબાનમાંની સાચ્ચામાં સાચ્ચી બોલીથી અને ભાનમાંની ઉંચામાં ઉંચી ગતીથી '**પ પતેત્ હોમ્**'=પતેત કરૂં છું એટલે તે ગુનાહોના કરવા ઉપરથી હાથ ઉઠાવું છું. તેઓ **નહિ થાય** માટે ભલી ખેરદ ઉભી કરવા દુઆ કરૂં છું અને તેઓને લીધે જે કંઇ આઝાબ શીક્ષા પડે, તે ખમવાની શકિત માંગું છું–તે ખમવા ઉમંગ–ખુશી બતાઉં છું. '**પતેત્ હોમ્ અજ ગુનાહ્**'=એમ કુલ ગુનાહથી દુર જાઉં છું.

થઇ શકે તેવા ગુનાહોમાંના થઇ ગયલા ગુનાહો ઉપર મનન કીધા પછી અને તેઓને તરછોડયા પછી, જમાનાના રાએનીદાર સાહેબને યાદ કરી તેવણની સ્તુતી કરે છે, કે ભલેને તેવણ થઇ ગયા કે જરથોશ્તી દએન જમાના પ્રમાણે ઉભી થઇ, જેમાં આવી પતેત ઉભી થઇ, જેથી અષોઇનો માર્ગ ખુલ્લો થવાની આવશ્યકતા ઉભી થાય છે અને રૂવાનની ખરી ખુશાલી પેદા પડી શકે છે, કેમકે આવી પતેતથી રૂવાન ઉપરની બેડી જીવતાં તેમ ગુજર્યા પછી આસાન થઇ રહેશે. માટે આવી તેવણે સમારેલી દીન ઉપર પુર્ણ રીતે ફીદા છું અને તેમાંની આ પતેતને માથે ચઢાવું છું. '**અષહી વેહુ**'=ભલી હાલત તરફ લઇ જતી અષોઇ–પરહેઝગારી અને તેથી આવતી શકિત '**રૂવાન દુશારમરા**'= રૂવાન–દોસ્તી સારૂ '**અવાએશ્ની તર**'=પ્રસંગોપાત છે '**વહેશ્ની હોમ્**' તેની હું પ્રસંશા કરૂં છું. આદરબાદ જેવા રાએનીદાર ભલે પધાર્યા, કે અષોઇનો માર્ગ ખુલ્લો થયો અને જીવતાં તેમ ગુજરેલાંઓની આસાની થઇ. ત્યારે આજે જેઓ પતેત વિષે અજ્ઞાનતામાં ગમે તે બોલે છે, તેઓને ભાગ્યેજ ખબર હોય, કે **અષોઇ પતેત વગર ઉભી થઈ શકતી નથી. ઇનસાનમાંથી ગુનાહોજ નીકળ્યા કરે છે.** ઇનસાનમાંથી મળમુત્ર દુરગંધજ નીકળે છે, તેમ બદ વીચારોજ નીકળે છે, સ્વાર્થનુંજ નીકળ્યા કરે છે. **તે બધાંને ધોવાનું પાણી તે પતેત છે.** જે પતેત '**પસે ગવશ્ની**' દીલ–

અંતકરણ, ભાન અને જબાનની ત્રગડીને જોરે, એટલે જે અંતકરણનો ડંખ હોય, જેનું ભાન થાય, તે પ્રમાણે કબુલીને તેવાં પાપોને તર્ક કરવાના પેમાનથીજ થઇ શકે છે, જેથી મહેર સચ્ચાઇ આવી, આઝાદગી=ગુનાહોથી ખલાસી પેદા પડીને અષોઇની શકિતઓ જન્મવા પામે છે. આવી પતેતનાં મનનથી પછી જ્યાં લગી જાન હોય, ત્યાં લગી વીચાર-બોલ અને કર્મમાં હુમત-હૂખ્ત અને હવરશ્ત પ્રમાણેજ એટલે યજતોના ધોરણ પ્રમાણેજ ચાલવા તે ઉસ્તવાર બને છે, ભલી દીનનાં ફરમાનોને માથે ચઢાવે છે, ગુનાહોથી વેગળો થતો જાય છે, દુખ પડે તેને ખોદાની મહેરબાની સમજે છે અને મરણ પછીની બધી હાલતોને તાબે થાય છે. ચીનવત પુલ ઉપરનાં કામને રૂવાન ઉપરની બેઠીને, ભલી પતેતને, દીનનાં ફરમાનને તોડવે થતી શીક્ષાઓને, સે શબને, '**પંજા હફ્ત સાલ**' લગીના ભેદોને વગેરે વગેરે ગુજર્યા પછીની હાલતોને તે અંગીકાર કરે છે. **સે શબ**નો વખત રૂવાનને ગેતીનાં આકર્ષણમાં રાખે છે અને **પંજા હફ્ત સાલ**નો વખત સે શબના લંબાવાનો છે. કોઇ અષવન ત્રણ દીનમાં અનુશેહી મેળવી શકે, ત્યારે બીજાઓ ૫૭ વર્ષ લગી સે શબમાં એટલે ક્ષફ્ન તરફ-ગેતી તરફનાં આકર્ષણમાં રહેવે એક જાતની શીક્ષામાં રહેવે, તેઓ પુર્ણ અનુશેહી મેળવી શકતા નથી એટલે હસ્તી સાથનો પુર્ણ સંબંધ કરી શકતા નથી. પણ આ શીક્ષાઓ મોટે ભાગે પાદે ફ્રાહની રહે છે એટલે ખુશીથી ખમાય તેવી રહે છે, જેને ખમવા રૂવાન ઉમંગી-ઉજજગી થાય છે અને જેના ખમવાથી ફરજનો ખ્યાલ આવે છે, જેમાં દુખ થતું નથી, પણ ભવિષ્યનાં સુખની ઉમેદ રહે છે. પણ સે શબમાં તોજશ્ને તાવાએ દીનની શીક્ષા જો થાય, તો ઉપરથી ઉલટોજ મામલો થાય છે. ત્યારે પતેતની આટલી ઉકેલામણ લગીમાં કોઇબી જોઇ શકશે, કે **શીક્ષા ખમ્યા વગર પાપ માફ કરો એમ દુઆ પતેતમાં મંગાઇજ નથી.** પણ પછીથી કહે છે કે પાપના ગુનાહોની શીક્ષા જે '**પાદ ફ્રાહ**'ની હોય કે '**તોજશ્ને તાવાએ દીન**'ની હોય, એટલે ખુશીથી ખમીને ગુનાહને ભુસાડનારી હોય યા તોજેશ કરી દુખી થઇને બદલો લેવાનો હોય, તે બેઉ જાતની શીક્ષાને માથે ચઢાવું છું. આમ પછી શીક્ષા ખમવાની મોટી ખુશી દેખાડે છે, અને તેમાંથીજ મુકિતની ઉમેદ છે, એમ એતેકાદ બતાવે છે. ચોકસ જાતની શીક્ષા જે તનોમંદ હાલતને લીધે થવીજ જોઇએ, જેમાં દુખ જેવું કંઇ રહેતું નથી, પણ જેમાં ફરજની બજાવણી છે, જેને '**પાદ ફ્રાહ**' કહે છે તે, અને બીજી શીક્ષા કે જેમાં દુખ સંતાપ રહે છે તે જેને '**તોજશ્ને તાવાએ દીન**' કહે છે,-આ બેઉને અવશ્યની ગણેલી છે. પછી પતેત શું કામ કરવી

જોઇએ માટે કહે છે કે પતેત એટલે અંતકરણ મુજબ ભાન સહિત કરેલો એકરાર અને તે પ્રમાણેનું વર્તન કરવાની ચોંપ **'વજોર્ગ ઉમેદ ફેરફે'** તરફ જવાનું એટલે આકેબતની ખેતી તરફ જવાનું,-મોટામાં મોટી આશા જે ખએત્વોદથ થઇને દાદારને મળવાની છે તે તરફ જવાનું પહેલું પગથીઉં છે-એમ દોઝખની એટલે ગુનાહોમાં તરબોડ થઇને તનાસકમાં દોહવાયા કરવાની બીહક કપાઇ જાય છે અને અષોઇ પેદા પડવાનું કારણ થવે રૂવાનની ખરી દોસ્તી ઉભી થશે. ત્યારે ફેરફે સવાબની શરૂઆત પતેતથીજ છે. આવી પતેત પછી બીજાં વધારે મોટાં ફેરફેનાં કામને જન્મ આપશે એટલે હવસોથી મુકિત અપાવી પરહેઝગારી અપાવીને અષોઇનું કુવત ઉભું કરશે, કે જેથી સાધારણ પાપો હશે તેઓનો એઝાબ જીવતી ચાલુ જીંદગીમાંજ પડી રહેશે, અને તેઓને ખમી લઇ તેમાંથી ભલી ખેરદ પેદા કરીને પછી તેવા ગુનાહોથી આઝાદગી મળશે, જેને સારૂ કહે છે કે **'ઑઍમ કરૂદેહ હોમ્ ઇન્ પતેતી'**=આ પતેત મેં કીધી છે, **'પ ઇન્ મનશ્ને કરૂદેહ હોમ્'**=આવી ધારણાએ-ખરી ફળીભુદ થતી ઉમેદથી કીધી છે, કે **'વઝોર્ગ ઉમેદ કૅરૂફેહુરા'**=મોટાંમાં મોટી ઉમેદ જે 'ફેરફે' સવાબ કરવાની છે તે ફળીભુદ થાય, **'ગૅરાંન્ બીમે દુજખ્રા'**=દોજખમાં પડવાની એટલે ફેરફેહથી ઉલટા જવાની બીહક તુટે, **'અષહી વેહ'**=ફેરફેથી થતી અષોઇ ઉભી કરી **'રવાન્ દુશારમરા'**=રૂવાન-દોસ્તી ઉભી થઇ શકે. **કુ કાર્ કૅરૂફેહ મંન અંદા નૂ કર્દ**=આવી રીતે થયલા ફેરફેહ સવાબો જે હમણા કીધા છે તેથી અને જે હવે પછી થશે તેથી, એટલે પતેત કીધા પછીથી પરહેઝગારી પેદા થશે તેથી, **'હુમા એશતશ્ને કૅરૂફેહુરા'**=ભલાઇ વધુ અને વધુ ઉભી થતી સાબેત થતી જશે, **'વઝારશ્ને ગુનાહુરા'**=અને ગુનાહોનો આઝાબ ખમીને તેઓને પુરા કરવામાં આવશે, ગુનાહોને ધોઇ નાંખવામાં આવશે, **'બોખ્ત રવાનરા'**=જેથી રૂવાન બોખ્તગી થશે. પણ જો વધુ સખ્ત ગુનાહ હશે, કે જેને **'ફરોદમાંન્દ'** ગુનાહ કહે છે એટલે જીવતી જીંદગીમાં પડે નહિ પણ મરણ પછીથી પડીને હેરાન કરે તેવા ગુનાહો હશે, તો પછી મરણ પછીની સે શબમાં હું ખુશીથી ખમવા તૈયાર છું. આને માટે કહે છે કે **'અગર્ માંદેહ બહોદ્'**=કે ગુનાહો 'માંદેહ' જીવતી જીંદગીમાં પડવાના-ઉતરવાના રહી ગયા હશે, **'કુ ગુનાહે મન તોખ્ત ન બહોદ્'** એમ જીવતી જીંદગીમાં તેનો આઝાબ ખમીને ધોવાઇ નહિ ગયા હશે, તો **પાદ ફરાહ**=પાદ ફરાહની શીક્ષા એટલે એવી શીક્ષા જે ખુશીથી ખમાશે, જેના ખમવાથી દુખ સુખ જેવુંજ લાગશે, કે જેમાંથી ભલાઇ ઉભી થશે તેવી શીક્ષા **'સે શબ આંનહીઆ પદશ'**

=સે શબમાં ગુજર્યા પછી ખમવાની છે તેનું ખમવું **'ખોરસંદ હુમદાદસ્તાન'** =ખુશીથી ખમવા તૈયાર છું. હયાં ત્યારે પાપોને ખમીને ધોઇ નાંખવાની બીના છે–માફ કરો એવું કંઇ મંગાતુંજ નથી. પછી પોતાના વારસદારની શું ફરજ મરતી વખતની અગાઉ પતેત કરાવવાની અને મરતા આદમીની આગળ **અર્ષેમ્** ભણાવવાની અને બીજી ક્રીયા કરાવવાની ફરજ છે કે જેથી દાદારને જલદીથી પુગાશે તેની નસીહત ગોખે છે.

અહિંયાં નોંધ લેવી કે પતેત રૂવાન ગુજરે તેના પહેલા ત્રણ દહાડા કરવાની નથી. રૂવાન પહેલા ત્રણ દહાડા પોતાના તનની વ્યવસ્થા કરવા ઉસ્તવાર રહે છે. જડ શરીર જે નાશ પામેલું છે તેની વ્યવસ્થા કરવા તેનું ધ્યાન રોકાય છે. આ વખતે સુક્ષ્મ શરીરમાં રૂવાન બેસી પહેલે સુક્ષ્મ શરીરને આરાસ્તે કરીને પછી સ્થુલ શરીરની વ્યવસ્થા કરી રહે છે. આટલું કરતાં રૂવાનને કમમાં કમ ત્રણ દહાડા થાય છે. રૂવાન આમ શરીરને ઠર પાડીને પોતે ઠર પડે છે. આ ઠર પડયા પછીથીજ તે શરીરમાં પતેતનો નાદ ચાલીને ભલી ખેરદ ઉભી થઇ શકે. પહેલા ત્રણ દહાડા શરીર તદદનજ ઉથલપાથલ હોય ત્યારે તેમાં ખેરદજ કેમ મુકી શકાય? શરીર કંઇ ઘાટ પકડે તોજ પછી ખેરદ તેમાં મુકી શકાય, કે જે ખેરદને ઉભી કરવાજ પતેત છે. રૂવાન તો અમર છે; તેણે કંઇ પાપ કીધા નથી. પાપ કરનાર તો મન–તન છે માટે પતેત મન–તનને માટે છે. એમ ભલી ખેરદ તનમાં કરવાની છે. રૂવાનમાં તો રય છેજ; ભલેને અસપંદીમાં કમ હોય પણ રય તે રયજ છે. રયમાં સૃષ્ટીના ભેદનું ભાન હોય છે. આમ ત્યારે પહેલા ત્રણ દહાડા જયારે રૂવાન તનને નવો ઘાટ આપી રહે છે-જયારે કે તન પરાગન્દે છે ત્યારે તનમાં ખેરદ મુકવા પતેત દરોબસ્ત ગણાય નહિ. અહિંયાં ખુદ પતેતમાં કહે છે કે મરણ અગાઉ પતેત કરવી એટલે મરણ અગાઉ શરીર આરાસ્તે છે અને મરણના છેલ્લા વખતેબી શરીર આરાસ્તેજ હોય છે એટલે ખેરદ ઉભાવી શકે છે એટલે મરણના છેલ્લા વખતમાં પતેત ઉપયોગી છે. પછી કહે છે કે **'પસ વદરૂદેહ્ મન મન જાદેહ્રા અજ઼ ગુનાહ્ પ પતેત્ બહોદ્'** મારા ગુજર્યા પછી મારા ફરઝંદે મારો રસ્તો ખુલ્લો કરવા પતેત કરવી સઝાવાર છે. અહિંયાં ગુજર્યા પછીના–એ શબ્દોમાં ચહારમ પછીનો અધ્યાય છે, કેમકે જયાં લગી શરીર મરણ પછીની હાલતમાં નવી રીતે ઘાટ લે નહિ, ત્યાં લગી **'જાદેહ્રા'**=ફરઝંદ રસ્તો ખુલ્લો કરીને તેને ચીનવત તરફ પુગાડી શકે નહિ. પહેલા ત્રણ દહાડા તો દુન્યામાંજ રૂવાન છે, ત્યારે **'જાદેહ્રા'**=ફરઝંદની પતેતથી ઉપર જવાની વાત કેમ આવી **શકે!** ગુજરવાના **પહેલા** ત્રણ દહાડા પતેત ભણવી એ અર્થ **'પસ વદ-**

રૂદેહ'માં હોય એટલે ગુજર્યા પછીના અધ્યામ માટે આપેલો હોય, તો પછી **પીશ્ અજ વદરૂદેહ** અને **પસ્ અજ વદરૂદેહ** એમ બે ભાગોને છુટ કરવાની કંઇ જરૂર હતીજ નહિ, કેમકે જીવતા અને ગુજરેલા બેઉ વખતે પતેતજ કરવી–કરાવવી છે માટે દાયમની છે. માટે અગાઉ અને પછી એમ ખાસ શબ્દો મુકવાનીજ ફરજ રહેતી નથી. પણ અહિંયાં મરણ આગળ અને મરણ પછી કરવી તેમાં કોઇ એક વખત નહિ કરવી એમ અર્થ રહયો છે. ત્યારે પહેલા ત્રણ દહાડા ઉપલા કારણસર પતેત થાય નહિ અને ખુદ પતેતમાંબી તેમજ કરવાનો ભેદ રહયો છે તેની સમજ પડશે.

પછીથી ભલી મનશ્ની–ગવશ્ની–કુનશ્નીને યાદ કરે છે–દીનના ફરમાનોને યાદ કરે છે–નેકીને યાદ કરે છે કે તેઓ વગર છુટકોજ નથી એમ ગોખે છે. નેકી નહિ કરશો તો બદીની શીક્ષાજ છે એમ જાહેર કરે છે. ત્યારે હયાંબી 'કરો તેવું ભરો' એમ બ્યાન છે–પાપો કરો અને તે પતેતથી માફ કરશે એમ કેઠેબી આખી પતેતમાં જણાવ્યુંજ નથી. છતાંબી આપણમાંના કેટલાકો આવો પટપટારો કાંય કરતા હશે તે તેઓજ જાણે! છેલ્લાં **ફૅરસ્તુયે**ની અવસ્તાની બંદગી છે જેમાંબી કહે છે કે મનશ્ની–ગવશ્ની-કુનશ્ની કીધાથીજ છુટકો છે, કેમકે તેઓથી યજતના જેવી મનશ્ની–ગવશ્ની–કુનશ્ની જેને હુમત–હૂખ્ત–હવરશ્ત કહે છે તે જન્મ પામશે, જેથી અહુરમજદ તરફની ફિદાગીરી વધશે, જેથી પાપનો ખ્યાલ થશેજ નહિ. એમ મનશ્ની –ગવશ્ની–કુનશ્ની કીધાથીજ છુટકો છે. આપણું બધું ભલું કીધેલું હોય તે અહુરમજદને સ્વાધીન કરવાનું છે એવો અર્થ છે. **ત્યારે ખુદ પતેતની અંદર કેઠેબી માફી જેવું કઇ માંગ્યુંજ નથી. ત્યાં 'કર અને જો'ના સીદ્ધાંતનેજ મુકેલો છે.** પતેત એટલે અંતકરણ મુજબ ગુનાહોની એબોને જાણીને તેઓથી દુર થવું, તેઓને પાછી કરવી નહિ, અને તેની શીક્ષા ખુશીથી ખમવી, એવો ભાવાર્થ આખી પતેતમાં છે. શરીરનાં મનમાં ખરફસ્ત્રી ઉભરાઓ થયા કરે છે. મનની ગોસ્પંદી જમા પતેતનો અંગીકાર કરે છે. છતાં મનની અંદર રહેલો ખરફસ્ત્રી દોર પતેતને તોડે તેથી કંઇ તે ગોસ્પંદી બાજુ પાછી હઠતી નથી. તે મન તો પતેતમાંજ રહે છે જેથી આખરે ખરફસ્ત્રી બાજુબી મહાત થશે. **માટે અંતકરણ–ભાન અને જબાનથી થયલો એકરાર ઇનસાનનો એકલો એકજ જાતનો રોશન ફેલ છે, કે જેથી જીંદગી તરી શકાય છે.** ઇનસાન ઉપર સૈયારાઓના ગમે તેવી બુરી નઝરાત હોય અને તેને અંગે તેનું મન કુદરતી રીતે તેની મરજી વારૂદ્ધબી ખરફસ્ત્રી ગતીના આવેશમાં આવીને ગુનાહ ફરી ફરીને કર્યાજ કરે, તોપણ ઇનસાનનાં મનમાંની ગોસ્પંદી ગતી આવી બુરી તબઇ છતાંબી આવી જાતનો પુરૂશાર્થ કરી શકે છે, પતેત કરી શકે છે.

**મનનું તે ગોસ્પંદ પતેતમાં અચળ રહે છે, જો કે મનનો તે ખર-ફસ્ત્ર તેમ રહેતો નથી.** છતાં ગોસ્પંદમાં ભાર–બરદાર ગુણ હોવે તે પોતા સાથની ખરફસ્ત્રીનો ભાર ખમી ખમી તેને આખરેબી પોતાની **અચળ** શ્રદ્ધાને જોરે લજવાવીને તે ખરફસ્ત્રીને આખરે જીતશેજ. **આમ ત્યારે પતેત રાખવી અને મહેર પાળવી એ જીંદગીને તરી જવા માટે સૌથી પહેલાં પગથીઆં છે, જે વગર ઇનસાન માત્રની મુકિતજ નથી.** જેઓમાં 'પતેત' કરવી એમ ખેરદ આવતી નથી, તેઓ કુદરતી રીતેજ વૃષ્ધીના પથ ઉપર–આઝાદગી માટે જોઇતી પરેહઝગારી ઉપર–હજુર **આવ્યા** નથી, પણ તેઓ ઓર અને ઓર ઘટતીમાં છે એમ કુદરતી ભેદનો પરદો ખુલે છે. તેઓના છકેલ વિચારોને ઘનાગીન ઓર છન્નકાઇને ઢોળી નાખી સાફ નીરમુળ કરશે, કે જે પછીજ તેઓમાં પતેત મુળ છે એમ જ્ઞાની ખેરદ આવશે.

## પતેત પશેમાનીનું ભણતર.

(પોતીકી ફરજયાત ઉતારયા પછી છેક છેલ્લે **આ** પાજંદ પતેત આખી કુશાદે ભણી શકાશે, પણ પતેત પછી કોઇબી અવસ્તા ભણતર માંડવું હોય તો પતેત આખી બીસ્તાજ પઢવી. આ પતેતના એકાદ બે ફકરા સીવાય તમામ ભાગ પાજંદ જબાનમાં છે, પણ શુદ્ધ ટાઇપની સગવડને ખાતર તેમજ છેક છેલ્લે ભણવાનું ભણતર દેખાડવાની મતલબથી, પતેતનો તમામ પાજંદ ભાગ પણ કાળા ટાઇપમાં મુકવામાં આવ્યો છે. પતેત ભણવાની જગાએ અસલ મિથ્ર ફેંકવાનો કાયદો હતો, તે જોતાં પતેતના તરજુમાથી દરેક ભણનારે વાકેફગાર થવું બહુજ ફાયદાકારક છે, જો કે અસલમાં તો તમામ અવસ્તા ભણતરો પેશ પડતા મરતબા મુજબના મિથ્ર સહીતજ ભણવાનું ફરમાન છે. આવા મિથ્ર સહીત અવસ્તા નહી ભણાયા હોય તો તેને પણ પતેતમાં એક ગુનાહ ગણવામાં આવ્યો છે; જુઓ કરદો ૫ મો, "**અવસ્તા પચ મનશ્ની ન ગોફ્તન્**" યાને "અવસ્તા તેના મિથ્ર સહીત નહી ભણવા").

**યથા અહૂ વઇર્યો ૧. યથા અહૂ વઇર્યો[1] પંજ.[2] અજ્ હમા ગુનાહ[3] પતેત્ પશેમાનુમ;[4] અજ્[5] હર્વસ્તીન્[6] દુશ્મત[7] દુઝૂખ્ત[8] દુઝ્વર્શ્ત,[9] મેંમ્[10] ૫ ગેતી[11] મનીદ્,[12] પીશે[13] શુમાં[14] વેહાંન્[15] મનશ્ની[16] ગવશ્ની[17] કુનશ્ની,[18] તની[19] રવાની[20] ગેતી[21] મીનો-આંની,[22] ઑખે[23] અવાખ્શ પશેમાન્[24] ૫ સે ગવશ્ની[25] ૫ પતેત્ હોમ.[26] યથા અહૂ વઇર્યો ૫, અષેમ્ વોહૂ ૩.**

યથા ૧) ભણુતાં તે એક સાહેબની યાદ કરે છે. તે આખરે મુક્તિ આપશેજ એમ બીગુમાન થાય છે. તમો[૧૪] ‖ ભલાં પરદુખભંજન ગતીના દસ્તુરો[૧૫] ‖ આગળ[૧૩] ‖ પાંચ[૨] ‖ યથા[૧] ( ભણીને સરોશની મદદ તમારા પેવંદથી માંગું છું, કે જેથી મારી પન્જે-ઝરવીકશે-બાતેનમાં સરોશની ગતી વધતી રહે એટલે હમેશાં સરોશની કાની દાદારની તરફ વર્તવાનાં ભાનમાં રહું. ગુનાહોથી દુર રહું અને એમ તમારા પેવંદમાં રહીને) ‖ બધા ગુનાહોથી[૩] ‖ બાઝ આઉં-હાથ ઉઠાવું, તેઓને નહિજ કરવાનો પેમાન આપું છું અને તેઓની શીક્ષા ખુશીથી ખમવા તૈયાર છું.[૪] (એમ તમારો પેવંદ પકડી પાંચ યથાથી સરોશની ગતી તમારા સત્યને જોરે મેળવીને) ‖ બધા[૬] ‖ અસરે-તારીકીના નાશના વૃદ્ધીના અટકાવના વીચારો,[૭] ‖ તેવાજ બોલો-જુઠાણું-ગેર રાદ-મીનોઇ શાંતીને તોડનાર હીમાયત,[૮] ‖ તેવી બુરી ગતીનાં કામો-ધંધાઓ કે જેથી વૃદ્ધીનો-ગવનો નાશ થાય તેવા બધાનો[૯] ‖ મે[૧૦] ‖ દુન્યાના[૧૧] ‖ મારા લાભ સારૂ-સ્વાર્થ સારૂ વીચાર કીધો હોય-તેવો સ્વાર્થ સાંધવા માંગ્યો હોય:-[૧૨] ‖ એવા મનશ્નીને બગાડનાર,[૧૬] ‖ ગવશ્નીને બગાડનાર,[૧૭] ‖ કુનશ્નીને બગાડનાર,[૧૮] ‖ તનને જડતામાં પાછા નાખનારા[૧૯] ‖ રૂવાનની બેડી ચુસ્ત કરનારા, ગુજર્યા પછી અનુશેહી નહિ અપાવે અને લાંબો વખત તનાસકમાં ઉતરાવે તેવા,[૨૦] ‖ ગેતીને ફ્રશો-કેરેતી તરફ-ભલાઇ તરફ લઇ જવાને બદલે પાછી હઠાવે તેવા,[૨૧] ‖ મીનોની કુદરતને વધુ તકલીફમાં મુકે તેવા[૨૨] (ગુનાહો કીધા હોય તેઓથી) ‖ અએ ખોદાવંદ સાહેબ![૨૩] ‖ પશેમાન થઇ દુર રહું છું,[૨૪] ‖ **ત્રણ વખતની બોલીથી એટલે અંતકરણના અવાજ અને ભાન અને જબાનની એકયતાથી** નીપજતી પુર્ણ સાદેકીથી sincerityથી[૨૫] ‖ હાથ ઉઠાવું છું અને તેઓને હમેશને માટે છોડું છું, અને તેમ છોડવાની અકકલ બાંધવા અને તેઓને માટે શીક્ષા વટીક ખમવા તૈયાર છું.[૨૬] ‖ યથા પાંચ ભણતાં સરોશની ગતી પતેતથી મળો-ભલા વેહાનોની પદવંદથી મળો એમ વિચાર કરવો. ‖ અષેમ ત્રણુ ભણતાં વીચાર કરવો, કે આ મારી ભણાતી પતેતની નેમ પાર પડે; પતેતનું જોર વેહાનોના પદવંદથી વધે, અને મને ભલી ખેરદ આઝદગી અને ખમવાનું જોર મળે. ‖

***ફ્રવરાને મજદયસ્નો જરથુશ ત્રિશ વીદએવો અહુર-ટકએષો (જે ગેહ હોએ ત પઢે) ફ્રસસ્તયએચ. સ્રઓષહે અષ્યેહે, તખ્મહે,**

---

* સમજ માટે જુઓ ઉપર પાને ૬૯-૭૦-સરોશની ક્નૂમની કુશ્તીનું ભણતર.

**તનુ-માંથ્રહે, દર્ષિ-દ્રઑશ,આહૂઇર્યેહે, ક્ષ્નઑથ્ર યસ્નાઇચ વહ્મા-ઇચ ક્ષ્નઑથ્રાઇચ ફ્રસસ્તયએચ. યથા અહૂ વઇર્યો જઑતા ફ્રા મે મ્રૂતે, અથા રતુશ્ અષાત્ચિત હચ ફ્રા અષવ વીદ્વાઓ મ્રઑતૂ. યથા અહૂ વઇર્યો ૧.**

હું મજદયસ્ની જરથોસ્તી છું. દએવ ધરતીથી દુર રહું છું. અહુરાના કાયદા પ્રમાણે ચાલનાર રૂવાનીક વૃદ્ધીવાળો છું. ફલાણી ફલાણી ગેહોમાં, તે તે ગાહોમાં કામ કરતી શકિતઓની **યસ્ન-વહ્મ** કુદરતમાં કામ કરવાની ગતીની સ્તુતી કરૂં છું, અને સ્તુતી કરીને તે શકિતઓની અને અહુરમજદની ખુશાલી ઉભી કરૂં છું, અને તેઓથી નેકી કરવાનો ભલો સબક લઇ શકુ છું, અને એવીજ રીતે અષોની ગતીના રાખનાર અને બીજા લાયકને અષોઇની ગતીના આપનાર, જોરાવર, તનુ-માંથ્ર=માંથ્રના તનવાળા એટલે જાતજાતના જડ સુક્ષ્મ તન ધારણ કરીને હાજર થઇ રહેનાર, હાજતમંદોની દાદ લેનાર, દરષિ દ્રઓશના હથ્યારથી હાજતમંદોને પુગી વળનાર, અહુરાના કાસદ અષો સરોશની ક્ષ્નુદી થવાનું-જગતમાં કામ કરીને અહુરાની ખુશાલી ઉભી કરવાનુ કામ સરોશ કરે છે તેમાં વધારો કરવાનું સાંધણ થવા માટે, યસ્ન જે સરોશ કરી રહે છે-સ્તુતી જે સરોશ કરે છે અને એમ જગતને ચલાવી રહે છે તે બધાની પ્રશંસા કરવા માટે અને એમ સરોશની ખુશાલી વધારવા અને તેવણથી ભલી હીદાયત લેવા માટે દુઆ કરૂં છું. અએ ઉસ્તાદ જોતી! દીનની તલેસમને રાખનાર જઓથ્ર યથા અહૂ વઇર્યનો ભેદ મને શીખવ, કે જેથી અષોઇમાં આગળ વધેલો વીદવાન તારો રાથ્વી, તારી મરજી પ્રમાણે ચલાવનાર, તારો શીષ્ય મને '**અથા રતુશ**'નો ભેદ એટલે દીની ભેદ શીખવશેજ, કે જેથી ઉપલી દુઆ કુલીબુદ થશેજ. એક યથા ભણીને સરોશની ગતીને મારામાં જોડવા હું દુઆ કરૂં છું.

(કરદો ૧ લો) **ફ્રાજ્ સતાયમ[1] હ્વર્વેસ્પ[2] હુમત[3] હૂખ્ત[4] હ્વર્શ્ત,[5] પ[6] મનશ્ને[7] ગવશ્ને[8] કુનશ્ને.[9] અવાજ્ સતાયમ[10] હર્વેસ્પ[11] દુશ્મત[12] દુજ્રૂખ્ત[13] દુઝ્વર્શ્ત,[14] અજ[15] મનશ્ને[16] ગવશ્ને[17] કુનશ્ને.[18] અવરૂગીરશ્ની દેહોમ[19] હર્વેસ્પ[20] હુમત[21] હૂખ્ત[22] હ્વર્શ્ત,[23] પ[24] મનશ્ને[25] ગવશ્ને[26] કુનશ્ને,[27] કુ[28] કેર્ફેહ[29] કુનમ.[30] બેહેલશ્ની દેહોમ[31] હર્વેસ્પ[32] દુશ્મત[33] દુજ્રૂખ્ત[34] દુઝ્વર્શ્ત[35] અજ[36] મનશ્ને[37] ગવશ્ને[38] કુનશ્ને,[39] કુ[40] ગુનાહ[41] ન કુનમ.[42]**

બધા[૨] (દરેકે દરેક યજતોથી થઇ રહેતા અને પુર્ણતાને પુગી રહેતા બધા) ॥ હુમત=દાદારે ધારેલા– તેના હોકમ, અહુનવઇર્યમાં ચાલી રહેલા વીચારો એટલે મીનોઇમાં જામી રહેલી જગત અને તેની ચળવળ જે યજતો કરી રહે છે તેને,[૩] ॥ હૂખ્ત=દાદારે ઉચ્ચારેલા, તેના હોકમ અહુનવઇર્યમાં બોલાઇ રહેલા, મુનાદી તરીકે જામી રહેલા બોલો એટલે મીનોઇમાંની અમર દુન્યામાંથી નાશવંત જગતને કાઢવાનું ફરમાન અને તેને ચલાવવાનો હોકમ જે યજતો કરી રહે છે તેને,[૪] ॥ હ્વરશ્ત=દાદારે કાઢેલા પોતાના હોકમ અહુનવઇર્ય પ્રમાણેના જડ જગતને ઉભી કરવાના પાઠ યજતો શીખીને બજાવી રહયા છે તેવી બજાવણીને એટલે જડ જગત= ગેતીની તનોમંદ હાલતને ઉભી કરવાનું કામ જે યજતો અહુનવઇર્ય ઉપરથી શીખીને કરી રહે છે–તેવા નીખાલેસ પરદુખભંજનનાં કામોને,[૫] ॥ મનશ્ની વીચાર કરવાની પુર્ણ શકિત જે મને મળી છે, તેવા મનનાં પુર્ણ જોરથી,[૬-૭] ॥ બોલવાનું જોમ જે મળ્યું છે, તેવા પુરા બોલવાનાં જોમથી,[૬-૮] ॥ કામો કરવાની ગતી–જોર જે આપેલું છે તેનાં પુર્ણ જોરથી[૬-૯] ॥ હું યાદ કરી તેઓની સ્તુતી કરૂં છું, કે તેઓ બધું પોતાનું કામ કરી જગતને પાર પાડવામાં ફત્તેહ મેળવે.[૧] ॥ બધા જેટલા થઇ શકે તેટલા, પોતાની હદ ઉભરાવી શકે તેટલા[૧૧] ॥ અહુનવઇર્યના તે દાદારના હોકમની સામેના વીચારોને,[૧૨] ॥ એવી વીરૂધતા જાહેર કરીને દાદારની ગતીને ઉંધી કરવાનાં વેણોને,[૧૩] ॥ અને તે પ્રમાણેનાં બુરાં કર્મો કરીને નાશ ઉભો કરવાની વૃદ્ધીને અટકાવવાનાં કામોને[૧૪] ॥ વીચાર શકિતનાં પુર્ણ બળે,[૧૬] ॥ બોલવાના પુર્ણ અધીકારે[૧૭] ॥ અને કરવાની પુર્ણ કારસાજી જે મારામાં હોય તેથી[૧૮] ॥ વખોડી કાઢી, તેઓ પોતાની ધારણામાં નિષ્ફળ જાઓ, એમ આશકાર કરૂં છું.[૧૦] ॥ બધા યજતોથી થઇ રહેલા, જગતની રજેરજને પુગી વળનારા[૨૦] ॥ હુમત=યજતોની મનશ્નીથી થતી હસ્તીની અમર દુન્યાની ચળવળોને[૨૧] ॥ હૂખ્ત=અહુનવરની મુનાદી મુજબ યજતોથી થતી નીસ્તીની દુન્યાની ચળવળોને,[૨૨] ॥ હ્વરશ્ત= અહુનવરમાં જેમ શીખવ્યું છે તેમ તેવીજ રીતે ગેતીનું જગત ઉભું કરીને તેમાં ચળવળો થઇ રહે છે તેઓને[૨૩] ॥ મારા મુદ્રાલેખ તરીકે મારી આગળ ધરી રાખું છુ.[૧૯] ॥ મારી મનશ્નીને જોરે–તરીકત પ્રમાણે વિચાર કરવાની ઉભી કીધેલી મજબુત શકિતને જોરે,[૨૪-૨૫] ॥ મારી ગવશ્નીને જોરે, **મહેર પતેત જે તરીકતનો કાંઠો છે તેઓની વરજીશીથી જબાનનું જોર ઉભું થાય છે** તેનાં પુર્ણ જોરે,[૨૪-૨૬] ॥ મારી કુનશ્નીને જોરે, તરીકતોને પાળવાથી નેકી કરવાની તબે અને જોમ ઉભાં થાય છે તેવાં ભલાં કામોને જોરે[૨૪-૨૭] (ઉપરના હુમત–હૂખ્ત–હવરશ્તને પુગું એમ મુદ્રાલેખ

યાને છેલ્લી નેમ રાખુ છું), ‖ કે જેથી[28] ‖ રાદી ગતી, સવાબનો પ્રભાવ, પરદુખભંજનનું કામ[29] ‖ કરી શકું.[30] ‖ બધા બુરી અસરથી પુગી રહેતા[32] ‖ અંધકારના નાશના વીચારોને,[33] ‖ તેવાં બુરાં બોલો અને ફરમાનોને,[34] ‖ તેવાં બુરાં કર્મો–નાશવંત કર્મોને,[35] ‖ ઉભી કીધેલી વીચારની ગતીને જોરે,[37] ‖ ઉભી કીધેલી સચ્ચાઇનાં વેણોને જોરે,[38] ‖ ભલાં કામ કરવાનાં જોમને જોરે,[39] ‖ મારાંમાંથી ખાલી કરૂં છું, તેઓનાં બીયાંને બહાર કાઢી નાંખું છું,[31] ‖ કે જેથી[40] ‖ ગુનાહ, કુકર્મ, વૃદ્ધીના અટકાવનાં કામો[41] ‖ નહિ થાય–નહિ કરૂં.[42] ‖

**ફ્રાજ્[43] ઑઐ શુમા[44] રાદ્ હોમ્,[45] કે[46] અમ્શાસ્પંદ્[47] હેંદ્,[48] યજશ્ને[49] ઓ[50] નીઆએશ્ને;[51] ફ્રાજ્[43] પ[52] મનશ્ને,[53] ફ્રાજ્[43] પ[54] ગવશ્ને,[55] ફ્રાજ્[43] પ[56] કુનશ્ને,[57] ફ્રાજ્[43] પ[58] અહુ,[59] ફ્રાજ્[43] પ[60] તન્,[61] ફ્રાજ્[43] પ[62] આંનેચ[63] ઇન[64] ખેશ્[65] જાન્,[66] તન[67] ઓ[68] જાન્[69] નામ્[70] રવાન્.[71] બુન[72] બરૂ[73] ખાસ્ત્[74] ઇમ હસ્ત્,[75] પ[76] ખેશીએ[77] યજદાંન્[78] દારૂ હોમ.[79] પ[80] ખેશીએ[81] યજદાંન્[82] દાશ્તન્[83] અએ બહોદ્[84] કુ[85] અગરૂ[86] તશ્[87] અજા રસદ્,[88] કે ઇન્ તન્[89] રવાન્રા[90] બેઆવાયદ્ દાદન્[91] બેદેહમ.[92]**

તમો[44] ‖ કે જેઓ[46] ‖ અમર ગતીના સાહેબો અહુરમજદથી સત્તા મેળવેલા[47] ‖ છો,[48] (હમારી ઉપર રદ તરીકે દોરવનાર તરીકે છો,) ‖ તમારી[44] ‖ આગળ હાજરીમાં[43] ‖ પાવીકતની ક્રીયા–ખાસ ક્રીયા, કે જેમાં તમો હાજર થઇ શકો છો તેને,[49] ‖ તેમ વળી બીજી[50] ‖ હુશમુરદી સાધારણ ક્રીયા, કે જેમાં હમારી પ્રાર્થના તમારી નઝદીક ધરાય છે, જેમાં તમો પધારતા નથી, તે સાધારણ બંદગીઓ[51] ‖ અર્પણ કરીએ છીએ.[45] ‖ મનશ્નીથી[52-53] ‖ ગવશ્નીથા[54-55] ‖ કુનશ્નીથી[56-57] ‖ અંતકરણના સ્વભાવથી[58-59] ‖ શરીરમાંથી[60-61] ‖ જે કાંઇ[63] ‖ આએ[64] ‖ મારે લગતો[65] ‖ જાન છે, જે[66] ‖ તન[67] ‖ અને[68] ‖ જાન[69] (તો) ‖ રવાન[71] ‖ સાથના સંબંધના છે, તેમાં મળવાના છે, **રૂવાનના નામ–ગુણના થવાના છે,[70]** ‖ તે બધાંને જોરે–તે બધાંની પુર્ણ સંપત્તીથી બંદેહવાર થઇને[43] ‖ (તમુને દએનની વસીઅત પ્રમાણેની બધી પાવીકતની કે હુશમુરદી ક્રીયા અર્પણ કરીએ છીએ–તમારૂં ઉપરીપણું–હેદાયત–દોરવણીને માથે ચઢાવીએ છીએ–તમો રદ તો હમો તમારા ગુલામ છીએ). ‖ અંદરનો મીનો ગતીનો અણદીઠ રીતનો[72] (તેમજ) ‖ બહારનો જડ દેખીતો[73] ‖ ખજાનો, મારી આખી હયાતી અને સદગુણો, ભલી ખેરદ વગેરે[74] ‖ જે કંઇ છે, એટલે હું જે

પોતે હયાત છું, નેકી કરૂં છું, દીન પાળું છું વગેરેની મારી વૃધ્ધી,[૭૫] || યજદાંન-અસર રોશની, યજતોની કરામતી બક્ષેશ[૭૬] || ને લીધે, તે બક્ષેશો મેળવવાથી મીનો ગતીનો સંબંધ થઇ રહે છે તેવા થતા[illegible]યા થયલા સંબંધને લીધે[૭૭] || રાખી શકું છું, ઉભો કરી શકયો છું[૭૯] (એટલે ઇનસાન તરીકે મારી હૈયાતી, મારી ચળવળો અને મારી વૃધ્ધી, કે જેથી હું આજે તારી સ્તુતી કરી શકું છું, તેવી અકકલ બધુંજ યજતોની બક્ષેશથી છે; મારી પોતાની ગતીથી નથી). || યજદાંનની યાને યજતી ગતીનાં •પરિણામની[૮૨] || પેવંદથી, યજતોની બક્ષેશથી[૮૧] || બધું તેકવી રાખવાનું થયું છે[૮૩] (એટલે તન-મન થયાં છે), || તે રૂવાનને બહાને રૂવાનને માટે થયું છે,[૮૪] (રૂવાનની ખરી આરઝુથી, રૂવાનની બંદગીથી થયું છે, માટે રૂવાનને તેનો નતીજો મળશે, રૂવાનને તે અર્પણ થશે). || માટે આ સીદ્ધ છે, ખુલ્લું છે, અકકલ અનુસાર છે કે[૮૫] || જો[૮૬] || કોઇ મોકો[૮૭] || ઉભો થાય-પેદા પડે[૮૮] (ખરો પરિક્ષાનો વખત આવે, અહેશાનમંદી દેખાડવાનો વખત આવે, તો) || **આએ મારૂં તન[૮૯] (કે જે ખુદ રૂવાનને લીધેજ આવું ભલું થયું છે, હુંબી તેનેજ લીધે છું-અસલનો હું દ્રવાઓ આજે આ રૂવાનને લીધેજ ઇનસાન તરીકે થઇને ઉભો છું, રૂવાનનોજ હું કરજદાર છું, રૂવાન જેવોજ થવા થયો છું,-રૂવાનમાં મર્જ થવા થયો છું, તે તન હું પોતે) || રૂવાનને માટે[૯૦] || નેસાર કરવું પડે, તો[૯૧] || તેમ કરવા તૈયાર છું.[૯૨]** || (હયાં તન-મન અસલ દ્રવાઓ હતા, પણ રૂવાનની કાળજીથી, રૂવાનની ખરી માંગણી અને ભોગથી આજે આવા થઇ રહયા છે, માટે રૂવાનનો તે કદીમ આભાર ભુલાય નહિ તેવો છે-અને ખરેખર તો રૂવાનમાંજ મળવાનું છે, તેનો ઉંડો ભેદ સમાયો છે. તનનો દેવ પોતે સુધરતો જઇને, 'ગવ અવમંદ' થઇને, નુરાની ખાશ્રવત થઇને રૂવાનમાં જશે, જે બધું રૂવાનની કાળજીથી થયું, રૂવાનની રચના પ્રતાપે થયું, તેવાં રૂવાન તરફની આ એહેશાનમંદી યાદ કરૂં છું. હયાં તન અને રૂવાનનાં જુદાંપણાંનો છતાં આકેબતમાં એક થવાનો ભેદ=રમ્ઝ રહયો છે. ઉપર **'તન ઓ જાન્ નામ્ રૂવાન્'** કરીને ભેદ બોલે છે, તેમાંથી એજ અર્થ છે, કે તન પોતે જાનથી થયું અને રૂવાનની કાળજીથી અહુરાએ જાન પોતાના ખજાનામાંથી કાઢી આપીને તન કીધું, કે તે તન રૂવાનનાં જેવું થઇ રૂવાનને મળે, અને એમ બધું રૂવાન નામનું, તેવી સીરતનું, તેવા ફેલ-ઇનફાલનું, ઇલ્લત-માલુલનું થઇ રહે).

**સતાયમ્[૯૩] અષહી[૯૪] પેહેલુમ,[૯૫] નગુનમ[૯૬] દેવાન,[૯૭] ૫ નીકીએ દાદારૂ અહુરમજદ[૯૮] સેપાસદારૂ હોમ.[૯૯] ૫ પેતીઆરૂ[૧૦૦]**

**અનાઇ[૧] અજ[૨] ગનામીનો[૩] અવરૂ મદ્દ,[૪] ઉમેદ રસ્તાખીજરા[૫] પદશ[૬] ખોરૂસંદ્[૭] હુમદાદસ્તાન્[૮] હોમ.[૯] દીને અહુરમજદ,[૧૦] દાદે જરતોશત્,[૧૧] રસ્તએ ફરારૂન્,[૧૨] કર્દ્[૯] પોસ્યોદકેશાંન્[૧૩] પ દસ્તુરૂ[૧૪] દારૂ હોમ.[૧૫] આં જાદેહુરા[૧૬] અજ ગુનાહ્[૧૭] પ પતેત્ હોમ,[૧૮] પ પતેત્ હોમ[૧૯] અજ ગુનાહ્.[૨૦]**

સપ્પર પહેલાં, ઉપર જેવું કંઇબી કરૂં તે પહેલાં[૯૫] ‖ અષોઇને[૯૪] ‖ વખાણું, તેને ગ્રહણ કરી આગળ વધું.[૯૩] ‖ દેવોને, બુરી અજ્ઞાનતાવાળી અસલની રહી ગયલી ખાસીઅતને[૯૭] ‖ તોડી પાડું-ભલાઇમાં ફેરવું.[૯૬] ‖ દાદારની નેકીને લીધે[૯૮] (એટલે તેવણે મને જાન આપી, ભલી તાસીર આપી, મારા જેવા દેવને ઇનસાનરૂપ કીધો એવી અહુરમજદે કર્મ બક્ષેશ કીધી તેને લીધે, હું આજે આવો થઇ રહીને તેની) ‖ સેપાસ કરૂં છું, ખરા ગુણો હઇડે ધરીને ગાઇ રહયો છું.[૯૯] ‖ઘનામીનથી[૩] ( ઘટતીનો મીનો, જે મારામાંના દએવની કસરને ઉભાવવા, મારી ઘટતીને એટલે અંગ્રને, મારામાં રહેલાં હવસરૂપનાં દુખોને ઉભરાવવા-એમ ઉભરાવીને તેઓને ખપાવીને ઓછા કરીને મને દુખ-તંગી રહીતનો કરવા મારી સાથે જોડાયો છે તેવા ઘનામીનથી ) ‖ હોમલાઓ[૧૦૦] (હવસોને ઉભરાવવા માટે મારી અંદર ઘના દાખલ થવો જોઇએ, એમ મારી અંદર દાખલ થવા માટે તે હોમલો કરશે, એટલે હવસોરૂપ લાલચ ધરીને તે લાલચ કે જેઓને તે ઇનસાન વશ થાય છે, તેવા હવસોની મારફતે ઇનસાનમાં ઘસી જશે તેવા હોમલાઓ અને) ‖ માર-હલાકી[૧] ( જે ગુનાહોને કરવાથી દરદરૂપમાં-કાહેલીરૂપમાં આવી પડશે તે હલાકી ) ‖ ઉભા થશે-આવી પડશે,[૪] ‖ તે બધાંને[૬] ‖ રસ્તાખીઝની ઉમેદને માટે થયલા એટલે મોતમંદ હાલતથી મુકિત આપનાર બનાવને નઝદીક લાવનાર તરીકે ગણીને[૫] ‖ ખુશીથી-દીલોજાનથી[૭] ‖ ઇનસાફી રીતના કાયદેસરના ગણીને માથે ચઢાઉં છું. **તેઓના પડવા સામે ફરયાદ કરતો નથી, પણ ઉલટો તેઓ માટે ઘનાનો આભાર માનું છું.**[૮-૯] ‖ અહુરમજદની દીનને[૧૦] ‖ પાળીને જારી કરૂં છું.[૧૪-૧૫] ‖ જરથુશ્ત્રના બધા કાયદાઓને[૧૧] ‖ પાળીને જારી કરૂં છું.[૧૪-૧૫] ‖ નેકી, રાહે-રાસ્તી, દસ અંદર્જની રીતીઓને[૧૨] ‖ પાળીને જારી કરૂં છું.[૧૪-૧૫] ‖ દીન-દસ્તુરો, સઓષ્યંતો, જરથોશ્તી કાયદાઓની ઉપર જાન નેસાર કરીને બીજાને તેમ જાન નેસાર કરવા શીખવી ગયલા બધા રદોનાં તેવાં ફીદાગીરીનાં કામો પ્રમાણે ફીદાગીરી બતાવીને[૧૩] ‖ જારી કરૂં છું-બીજાઓ તેમ કરે તેવો દાખલો પેશ કરૂં છું.[૧૪-૧૫] ‖ કુલ ગુનાહોથી[૧૭] ‖ હાથ ઉઠાઉં છું, પાછો ફરૂં છું.[૧૮] ‖ એમ ગુનાહોથી[૨૦] ‖ દુર જઇ ગુનાહો રહીતનો થાઉં છું.[૧૯] ‖

(કરદો ૨ જો) કુ[૧] મર્દુમાન્[૨] ઓ બુન્[૩] શાયદ્ બુદન્,[૪] યાઓ મન્[૫] ઓ બુન્[૬] બુદ્ એસ્તેદ્,[૭] પીશ્[૮] ઑઓ ચેહેર્ અંદા,[૯] પસ્[૧૦] ઑઓ ચેહેર્ પીશ્,[૧૧] યદશાન્ અંદર્[૧૨] જસ્ત્ એસ્તેદ્,[૧૩] અજ સે સ્રઑષો-ચરનામ્ ગુનાહ્,[૧૪] અજ આંનીતૂમ્ ગુનાહ્,[૧૫] અંદા હુજારાન્ હુજાર્ મર્ગર્ઝાન્,[૧૬] અંદ્ ચંદ્ વેશ્[૧૭] હસ્ત્ શાયદ્ બુદન્,[૧૮] પ નામે ચેસ્ત,[૧૯] હર્વેસ્પ[૨૦] દુશ્મત[૨૧] દુઝૂખ્ત[૨૨] દુઝ-વર્શ્ત,[૨૩] મૅમ[૨૪] પરાએ કસાંન્રા,[૨૫] યાવ્[૨૬] કસાંન્[૨૭] પરાએ મન્રા,[૨૮] યાવ્[૨૯] ગુનાહ્કારી[૩૦] પ મન્રા[૩૧] કસો ગુનાહ્,[૩૨] ઓ બુન્ બુદ્ એસ્તેદ્,[૩૩] અજ[૩૪] આંન્ ગુનાહ્[૩૫] મનશ્ની[૩૬] ગવશ્ની[૩૭] કુનશ્ની,[૩૮] તની[૩૯] રવાંની[૪૦] ગેતી[૪૧] મીનોઆંની,[૪૨] ઑખે[૪૩] અવાખ્શ્ પશે-માન્[૪૪] પ સે ગવશ્ની[૪૫] પ પતેત્ હોમ્;[૪૬] પ પતેત્ હોમ્[૪૭] અજ ગુનાહ્[૪૮].

જે કંઈ[૧] (ગલ્તી-ખામી) ‖ માણસોમાં[૨] ‖ બુનથી-તોખ્મ પડયું તેની શરૂઆતથી તુખ્મમાં[૩] ‖ આવી હોય,[૪] ‖ જેમાંની કાંઈ[૫] ‖ મારા[૫] ‖ બુનથી[૬] ‖ આવી હોય,[૭] ‖ તે ખામી ઉગે, ખીલે, ગુનાહનું રૂપ લે, તે પહેલાં[૮] ‖ થોડો ગુનાહ[૯] (કરાવે), ‖ ખામી ઉગીને ખીલ્યા પછીથી[૧૦] ‖ વધારે[૧૧] (ગુનાહ કરાવે) ‖ અને બીજાઓમાં[૧૨] (તેવું ગુનાહનું) ‖ ઉભું કરાવે[૧૩] (પોતાની ખામીથી સામાની ઉપર ખરાબ અસર કરે, પોતે સામાને ફસાવે); ‖ આવામાંના ટુંક ત્રણ સ્રઓષો-ચરનામ[૧૪] ‖ કે તેથીબી થોડાં શીક્ષણના ગુનાહોથી[૧૫] ‖ તે બેશુમાર મરગરઝાન ગુનાહો[૧૬] ‖ એવા બધા જાતજાતના પ્રમાણના ગુનાહો[૧૭] ‖ થયા હોય,[૧૮] ‖ જે બધા એક પછી એક[૧૯] ‖ કુલ અસરે-તારીકીને લગતા વીચાર[૨૦-૨૧] ‖ બોલ[૨૨] ‖ કામ[૨૩] (માં સમાઈ જઈ શકે છે, જેઓમાંના કોઈબી ગુનાહોને) ‖ મે[૨૪] ‖ બીજાને માટે[૨૫] (કીધા હોય) ‖ યા[૨૬] ‖ બીજાએ[૨૭] ‖ મારે માટે[૨૮] (કીધા હોય), ‖ અથવા[૨૯] ‖ ગુનાહોના કરનારાએ[૩૦] ‖ મારે માટે[૩૧] ‖ ગમે તેવો ગુનાહ[૩૨] ‖ કીધો હોય,[૩૩] ‖ તે બધા ગુનાહો,[૩૫] ‖ મનશ્ની બગાડનાર,[૩૬] ‖ ગવશ્ની બગા-ડનાર,[૩૭] ‖ કુનશ્ની બગાડનાર,[૩૮] ‖ તનને ગુનાહને લીધે જડ કરનાર, મીનોઈથી અજ્ઞાન કરનાર[૩૯] ‖ રૂવાન ઉપર એઝાબ મુકનાર,[૪૦] ‖ ગેતીમાં નુકસાન કરનાર,[૪૧] ‖ કુદરતને રોકનાર,[૪૨] ‖ ગુનાહોથી[૩૪] ‖ અએ ખોદાવંદે-પાક![૪૩] ‖ પશેમાન થઈ પાછો હઠું છું.[૪૪] ‖ દીલ-દેમાગ અને એક જબાન એ ત્રણેની નીખાલેસ ગતીથી અંતકરણપુર્વક[૪૫] ‖ તેઓ પરથી હાથ ઉઠાઉં છું.[૪૬] ‖

એમ તે ગુનાહોથી[૪૮] ‖ દુર જઇ તેઓને હમેશનો છોડી દઇ તેઓને કદી પાછા નહિ કરીને તેઓને માટેની શીક્ષા ખમવા તૈયાર છું.[૪૭] ‖

( કરદો ૩ જો ) ઇન્[૧] અંદ્[૨] અકો[૩] પાયે[૪] ગુનાહ્[૫] નાંમ્;[૬] ચુન્[૭] અંદરૂઓખ્ત,[૮] મીત્યોસાસ્ત,[૯] અંદરજફ્ર્માન્[૧૦] બોઇદ્દ્યોજદ્,[૧૧] કાઇદ્દ્યોજદ્,[૧૨] આગૅરૅપ્ત ગુનાહ્,[૧૩] અવાવરેશત ગુનાહ્,[૧૪] અરૅદુશ ગુનાહ્,[૧૫] ખરે ગુનાહ્,[૧૬] બાઝાએ ગુનાહ્,[૧૭] યાતુ ગુનાહ્,[૧૮] તન્વ-લ્ગાન્ ગુનાહ્,[૧૯] મર્ગ્રૂઝાંન્ ગુનાહ્,[૨૦] અવસોશ-ગેરાંન્ ગુનાહ્,[૨૧] જેહે-મર્ઝ ગુનાહ્,[૨૨] દસ્તાન્-મર્ઝ ગુનાહ્,[૨૩] કુન-મર્ઝ ગુનાહ્,[૨૪] અવારૂન્ મર્ઝશ્ની,[૨૫] શૅાએથ્ર ગુનાહ્ સેશ્ની,[૨૬] ગુનાહે રવાની,[૨૭] ગુનાહ્ હમીમાલાંન્,[૨૮] ગુનાહ્યો પુલ્શહોદ્,[૨૯] વખ્શે વખ્શાંન્ વખ્શે ગુનાહ્,[૩૦] ગુનાહ્ અજ ગુનાહ્,[૩૧] અવરૅ આખો ગુનાહ્,[૩૨] કુ મરૂદુમ્[૩૩] ઓ બુન્ શાયદ્ બુદન્,[૩૪] ગજસ્તેહ્[૩૫] ઘનામીનો[૩૬] દરવંદ્[૩૭] ૫ પેતીઆરે દામાને અહુરમજદ[૩૮] ફ્રાજ્ કરૂનીદ્.[૩૯]

બુરા ખરાબ[૩] ‖ મુળ ઉસુલના[૪] ‖ ગુનાહોની[૫] ‖ સેફ્ત વર્ણન[૬] ‖ આવું આ[૧] ‖ છે,[૨] ( કે જે વર્ણનના એકથી અનેક ગુનાહો ઉભા થઇ શકે છે,-હયાં બુરી ગુનાહથી ભરેલી સેફ્ત જણાવેલી છે, જે સીફ્તના ઘણા ગુનાહો છુટા છુટા હોઇ શકે ), ‖ જેવા કે[૭] ‖ સામા તરફ ગેર ઇનસાફી થઇ-જેણે કાંઇબી કારણ આપ્યું નથી છતાંબી તેની સામે છેડાઇને તેના જનસમાજ કે રાજ દરબારના કે કંઇબી ભલી નીતી રીતીના કે દીની ભલા કામની સેવામાં ખલલો મુકવી, કોઇની પુઠે વગર કારણે પડવું:[૮] ‖ ખોટી સલાહો આપવી-ઉંધે રસ્તે ઉતારવો-જડવાદનો પાઠ શીખવવો-મીથ્યા જેવી સલાહો આપવી;[૯] ‖ જે કાંઇ ફરમાન વડીલોથી મળેલું હોય તેનો ભંગ કરવો-કોમ કે દીન કે કોઇ આસામીનું ત્રસ્ટ હોય તે ત્રસ્ટનો ભંગ કરવો-કોમની જાતને ધાર્મીક રાખવા માટે પહેલે પોતાનાને ધાર્મીક બનાવવું જોઇએ તેવા પોતાને બનાવવામાં પાછા હઠવું-દીનની કુલ યસ્ન કે મિથ્ર-માંથ્રને સાચવવાને બદલે તેઓ ઉપર ચુંથણા પાડવા-પારકાનું ત્રસ્ટનું મેનેજમેંટ કરવું નહિ-એવી બધી તેની ભલી બુરી સેફ્તના ગુનાહો;[૧૦] ‖ ઇનસાનનાં છુટાપણાનો હક કે જેને સાચવવો માન આપવું એ ઇનસાન બસ-રનું લક્ષણ છે તે હકને તોડીને તેઓને પકડીને વેચી નાખવા-જાનવરો જેઓ પોતાના ધણીની કાળજીમાં છે, ધણીના ચાહમાં છે તેઓને ચોરીને બીજાને વેચી જાનવરોને તેમ તેઓના ધણીને બેઉને દુખ-સંતાપમાં નાંખવા; કંઇબી સારૂ હોય-ખાવાનું કે પીવાનું કે ઓઢવાનું કે રહેવાનું કે

ભોગવવાનું તેને બગાડીને બરબાદ કરીને સામાને તેના લાભથી બાકાત કરવા;[૧૧] || પૈસા-હકુમત છતાંબી પોતાના હાથ નીચેના ઇનસાન કે જાનવર કે કોઇનેબી ભુખે મારવા-તેઓની દરકાર નહિ લેવી-ગરીબ લાચારોની પરવરશી નહિ કરવી-તેઓને ધીકકારવા-હેરાન કરવા-બીતમા-મગરૂર થઇને પેટપોશું થઇને રહીને સામાને નુકસાન કરવું;[૧૨] || કાયદો હાથમાં લઇને સામાને શીક્ષા કરવા જવું-હથ્યાર હાથમાં લઇ સામાને મારવા જવુ[૧૩] (બીન કાયદે વીચાર કરવો); || કાયદો હાથમાં લઇને સામાને નુકસાન કરવું-હથ્યાર લઇને સામાને મારવુ[૧૪] (બીન કાયદેસરનું નુકસાન જે નુકસાન થોડુંજ હોય તેમ બીનકાયદાસરનો માર, કે જે માર સહેજનો રહે છે જેનો સોજો ત્રણ દહાડામાં નરમ પડે છે એવી તરેહોના નુકસાનો-મારો); || **અરૅદુશ ગુનાહ્**=કાયદો હાથમાં લઇને સખ્ત ધા કરવો કે જેનો સોજો અને ધા ત્રણ દહાડામાં રૂઝાતો નથી તેવા ગુનાહ;[૧૫] || **ખરેહ ગુનાહ્**=ઇનસાનની અઇપિને નુકસાન કરાવનાર ગુનાહ જેમ કે લોહી નીકળે-હાડ ભાંગે તેવો સખ્ત ધા કરવો, જે લાંબે વખતે રૂઝાઇ રહે, કે જેથી ઇનસાનની અઇપિમાંની ભલી બરકકત ખપતી જાય અને આઝાબ પુગે તેવો ગુનાહ;[૧૬] || **બાઝાએ ગુનાહ્**=હાથ ઉપર ધા કરવાનો ગુનાહ;[૧૭] || **યાતુ ગુનાહ્**=પગ ઉપર ધા કરવાનો ગુનાહ;[૧૮] || **તન્વલ્ગાન્ ગુનાહ્**=તનાપુરગાન ગુનાહ, તનુ-પેરેથનો ગુનાહ, તનની નજીસાતને સાફ નહિ કરવે તન બગડે છે, તનદરોસ્તી બગડે છે, તેમ શરીરમાંથી નીકળતી સુક્ષ્મ નજીસાતો નામે હઇર અને બીજી દ્રુજીને, અણદીઠ તાપુનને દ્રુજ-પરહેજીથી અને ભલી મનશ્નીનાં પાણીથી સાફ નહિ કરવે જડ શરીરમાં તેમ અઝદનાં સુક્ષ્મ શરીરમાં અને શરીરની વાતાવરણ=અઇપિમાં તે સુક્ષ્મ નજીસાત જમાવ થઇને હદની બહાર ઉગી નીકળી ઇનસાનનાં મનને ખરાબ ખરફસ્ત્ર કરીને ગુનાહ કરાવે છે-કોઇના હાથ-પગ ભાંગીને તેને રદ કરીને તેનાં કુટુંબને રખડાવી મારે છે-આવા ગુનાહને લીધે તે એક જન્મ ફરીથી લઇ પોતાની બુરી તબઇ ઉપર સોગ કરાવે છે તેવું નસીબ બુરૂં થયું માટે અફસોસ કરાવે છે તે ગુનાહ, ટુંકમાં કોઇનેબી હાથ-પગથી રદ કરાવીને તેને લાચાર બનાવી તેના કુટુંબનો કાંઠો તોડવો વગેરે ગુનાહો;[૧૯] || **મર્ગર્ઝાન્ ગુનાહ્**=જન્મો જન્મ કરાવનાર, ત્રણથી વધુ જન્મ કરાવનાર ગુનાહો જેવા કે દાદારને એક સાહેબ તરીકે નહિ ગણવો એટલે દાદારની કુદરત ઉપર ભરોસો-એતેકાદ નહિ લાવવો એટલે atheist-agnostic થવું-પેગામ્બર સાહેબની શકિત અને દીન ઉપર ગુમાન લાવવું-મા બાપ-ઉસ્તાદને તરછોડી તેઓના હોકમ મુજબ નહિ ચાલવું, તેઓને દુખ દેવું, જાદુઇ કરવી, દ્રુજી ઉભી થાય તેવું શીખવું અને તેવા ધંધાઓ કરવા-અષોઇનાં કામની વચમાં આવવું, જેમ કે કોઇ દ્રુજ-પરહેજ કરતું

હોય-માસીક માંદગી, દ્રુજીએ-ખુજીની પરહેજી, કે નખ બાલની દ્રુજીએ-હીખ્રની પરહેજી કે દ્રુજીએ નસાની પરહેજી વગેરે કરતું હોય, તેઓને તેમ કરતા અટકાવવા વગેરે; નસાને† આતશમાં કે પાણીમાં નાંખવા-જમીનમાં દાટવા-આતશ બહેરામ સાહેબને ઠંડા કરવા-કોઈગી અમાનતને પચાવી પાડવી, ત્રસ્ટ ભંગ કરવા, ક્રીયાકામો કરવાની ફરજ લઇને બરાબર કરાવવામાં પાછળ પડવું-પર ઓરત સંગ કરવો-દ્રવંદની દીન કાયદા કબુલવા-દસ્તુરો-સરદારો-અષો માણસો સામે ખોટી ગવાહી પુરવી-ગર્ભ તોડવો-દારૂ દવામાં નસો-હેહેર નસો નાંખી ખાવો-ખવડાવવો, દસ્તુર થઇને આશમોગી-હારમોકીનું, દીન-દુશમનીનું કામ કરવું, દીની યસ્ન અને દીની જ્ઞાન ક્ષ્નૂમને વખોડવા વીગેરે ગુનાહો;[20] ‖ **અવસોશ-ગેરાંન્ ગુનાહ**=હદની બહાર મજાક કરી કોઇને ઉતારી પાડવો[21] (જેમ કે ન્યુસ-પેપરમાં કોઇની સામે બદગોઇ કરવી, ધાર્મીક બાબદોની મઝાક કરવી વગેરે, કોઇને હલકો પાડવો); ‖ **જેહે-મર્જ ગુનાહ**=વેશ્યાઓ સાથે અથવા વેશ્યા જેવીઓ સાથે બુરો સંબંધ જોડવો;[22] ‖ **દશતાન્-મર્જ ગુનાહ**=દુર બેસવાનું નહિ પાળવું-તે વખતનો બુરો સંગ વગેરેના ગુનાહો;[23] ‖ **કુન-મર્જ ગુનાહ**=ગુલામ બારગીનો ગુનાહ;[24] ‖ **અવારૂન્ મર્જશની**=કદ-ખોદાઇના ભોગવટાના કાયદાઓનો ભંગ કરીને ગમે તેમ સંગ કરવો;[25] ‖ **શૅાએથ્ર ગુનાહ**=પોતાના હાથથી પોતાની જાતને ધોઇ નાખવી-પોતાનાં વીર્યને ધોઇ નાખવું તે ગુનાહ;[26] ‖ **ગુનાહે-રવાની**=જુદદીન ઓરત સાથે સોહબત કરવે રૂવાન ઉપર એઝાબ પડે છે, એમ રૂવાનને આઝાબમાં નાંખવાનો ગુનાહ;* ‖ **ગુનાહે-હમીમાલાંન્**=પારકાનું લુટવાનો

† હયાં નોંધ લેવી કે ઈનસાન અને-સ્વનની ગતીનાં જાનવરો મુઆ પછી તુરતજ નસુમાં આવી જાય છે એટલે દ્રુજે-નસુની હાલતમાં સપડાય છે, માટે તેઓના લીલા નસાને દટાય નહિ પણ સુકકા નસાને હાડ વીગેરેને તેમ નખ-બાલ દટાય. પણ ગોસ્પંદો-વરસીઆજી-પોપટ વગેરે પંખેરાંઓ ગુજર્યા પછી નસુની ગતીમાં આવતા નથી એટલે તેઓનાં ગુજરેલાં તન ઉપર દ્રુજે-નસુનો હુમલો થતો નથી માટે તેઓને દાટવાનો હોકમ છે, કે તેઓ તુરતજ આરમઇતીને કામ લાગી શકે, જ્યારે ઉપર કહેલા લીલા નસાને આરમઇતી એકદમ પોતાને કામે લઇ શકતી નથી, કેમકે તેણીને પહેલાં તે નસાને નસ પરહેઝ કરવો પડે છે, એટલે નસ દ્રુજને તોડીને રદ કરવો પડે છે, કે જે પછીથીજ તે દાટેલી ચીજનો શુભ ખાતરરૂપનો ઉપયોગ થઈ શકે. એમ કઈ કઈ ચીજો ગુજર્યા પછી નસ દ્રુજવાળી, જખુન ગતીવાળી થાય છે તેનું ખાસ જ્ઞાન રહે છે તે નોંધવું.

* એક ઇનસાનનાં રૂવાનની સાથે પોતાનું લગતું એટલે પોતાની વર્ણ અને વેરેનેવાળું રૂવાન તેની ઓરત તરીકે જો જોડાયલું રહે, તો બેઉ રૂવા-

(ફુટનોટ માટે જુઓ પાને ૬૨૭ મે).

* * * * * (અસલ ફુટનોટ પાને ૬૨૬ મે ની ચાલુ છે.)

નોને વૃદ્ધીમાં જોર મળે. **એક મર્દ એક ઓરત સાથે લગનના ગાંઠથી બંધાય છે, ત્યારે તે બેઉનાં રૂવાનો કર્મે અને ધર્મે બંધાવે બેઉ રીતે પેલી ગેહાનમાં એકમેકને વધારી શકે.** આ કયારે થાય કે જ્યારે બેઉ રૂવાનો એકજ રૂવાનીક વર્ણ-જાત-દીનના હોય. જરથોશ્તીઓના લગ્ન વખતે આશીરવાદની ક્રીયામાં બેઉ પરણનારને નાહન આપીને પછી આશીરવાદ છાંટે છે અને તેમાં 'આ 'આ અઇર્યેમા ઇશ્યો'ની નીરંગ પઢે છે. તેનો સબબ એજ છે કે બેઉ રૂવાનો જેઓ એક સરખી ગતીના વર્ણના છે તેઓ પેલી ગેહાનમાં એકમેકને વૃધ્ધીમાં મદદ કરે અને બેઉ જણને પેટે થયલાં ફરજંદોથી તેઓને ઓર વધુ ફાયદો મળે પણ જુદી વર્ણનાં મર્દ-ઓરત રૂવાનો ગેતીમાં મળવે તેઓની બેઉની વૃધ્ધી લંબાય છે, કેમકે બેઉ વર્ણનાં રૂવાનોનાં ગુજર્યા પછીનાં ઠરીઠામ થવાનાં ઠામો, બેઉના સંજોગ જુદા છે-માટે એકની પુઠે બીજાને નહિ અનુકુળ થતાં ઠામમાં-વાતાવરણમાં ઘસડાવું પડવે બીજાને આગળ વધવામાં વીલંબ થાય છે. વળી જો કોઇ ઇનસાન કોઇ ઓરત સાથે સ્ત્રી સંગ કરે, ત્યારેબી બેઉનાં રૂવાનો કર્મે જોડાય છે. જો એક જરથોશ્તી બીન-જરથોશ્તી ઓરત સાથે સંગત કરે, તો તે જરથોશ્તી રૂવાનને પેલી પર-ઓરતનાં રૂવાનની સાથે કર્મે જોડાવાને લીધે તેને તે પર-ઓરત તરફ ખેંચાવવું પડે છે, જેથી રૂવાનની વૃધ્ધીમાં ખલલ પુગે છે. આને **ગુનાહે-રૂવાની** કહે છે. આની ઉપરથી સાફ દેખાઇ આવે છે કે શરીર અને રૂવાન બેઉ જુદાં છે. જીવતી જીંદગીમાં તન-મન ગુનાહ કરે છે તેમાં રૂવાનનો હાથ હોતો નથી. પણ રૂવાનને તો શરીરમાં રહેવાને લીધે ખમવું પડે છે, કેમકે **ગુનાહે રૂવાની**વાળો એટલે રૂવાનને આઝાબમાં નાખનાર તે તન-મનવાળો ઇનસાન (કે જે રૂવાન સાથના દ્રવાઓનું બદલાયલું રૂપ છે તે ઇનસાન) ગુનાહ કરે છે તેથી પેલી ગેહાનમાં રૂવાનને રોકાવું પડે છે. ત્યારે આ ગુનાહનો આઝાબ પાછો બીજી તનાસક વખતે તે તન-મન ઉપરજ પડશે. આમ શરીર જે જીવતું છે તે અને રૂવાન જુદી ચીજ છે. રૂવાનને ભુલાવો ખવડાવનાર રૂવાનની રયની અંદર જામેલો આ દ્રવાઓ હતો, કે જેથી રૂવાનની મતી બગડેલી-અહુરમજદની સામે થવાની થયલી. જ્યારે તે દ્રવાઓને રૂવાનની રયમાંથી દુર કરવામાં આવ્યો ત્યારે તે રૂવાન પરદુખભંજની થયું. તે રૂવાનને ખરી બાબદની સમજ પડી ગઇ કે તે અહૂ સાહેબજ એકજ છે; તેનીજ પરસ્તેશ કરવી, અને જેમ રૂવાન ધારતું હતું કે તે ખુદ અહૂ જેવુંજ છે તે ખોટું છે. આવાં રયોમંદ ગતીએ પુગેલાં રૂવાને પછી દાદારથી માંગ્યું કે પેલો તેની સાથનો દ્રવાઓબી તેના જેવોજ રયોમંદ થાય. આ દુઆ ફળીભુદ કરવા દાદારે તે દ્રવાઓમાંથી ઇનસાનનું તન-મન કીધું જેમાં રૂવાનને બેસાડયું છે, જે રૂવાન તે તન-મનને ગુજર્યા પછી તોફીક આપી શકે છે. પણ જીવતી હાલતમાં તો તે મુઢ જેવું થઇ રહે છે. **ત્યારે જીવતી હાલતમાં તન-મન જ્યારે પર-ઓરતની સાથે સંગત કરે છે ત્યારે રૂવાન ઓર મુઢ થઈ જાય છે** અને જે મહાન કામ તે રૂવાને હાથ ઉપર લીધેલું છે કે તે તન-મનને રયોમંદ કરવાં તેમાં ખલલ પડે છે. આમ રૂવાનનું કામ લંબાયા કરે છે. આ વિષે જુઓ આ લેખકની **નીકીઝો.**

ગુનાહ, પારકાની માલ મીલકત લુટાવવી, કે પારકાંનાં ઝન ફરઝંદ ઉપર બદ-નેગાહ કરવી તેનો ગુનાહ,[28] ‖ **ગુનાહયો પુલશાહોદ્** = પુલ ગુઝાર‡ કરવામાં ખલલ કરાવનારા ગુનાહો જેવા કે ગાહમ્બારોને નહિ પાળવા-ફરવરદીઆન નહિ ઇજવું-રપિથ્વનની ક્રીયામાં ભાગ નહિ લેવો-રોજગારો નહિ કરવા-ફરજીઆત નહિ કરવી વગેરે;[29] ‖ ગુનાહ જે થયો તેની ઉપરથી હાથ ઉઠાવવાને બદલે તેને ફરી ફરીને કરીને ઘણો વધારી દેવો તેવા ગુનાહો;[30] ‖ કોઇના †ગુનાહને લીધે પોતાને લાગતો ગુનાહ,[31] ‖ બીજા ખરાબ લેઆનતના ભરેલા ગુનાહો,[32] ‖ જેઓને ઇનસાન[33] ‖ પોતાનામાં તે ગુનાહોના મુળ રહેવે કરી શકે[34] (અને જેઓને તે ઇનસાનોનાં બુન-મુળમાંથી) ‖ ઘનાગીનો[36] ‖ તે અષોઇ વીરૂધના કામ કરનારે,[37] ‖ જેનું કામ જેમ બને તેમ જલદી પુરૂ થાય એમ તે ઘનામીન હારેલો થાય તેમ સારૂ, તેવા ઘનામીને[35] ‖ **અહુરમજદની સૃષ્ટી જે ગવને લગતી છે તેના હરીફ તરીકે થવા-ગવના કામમાં અટકાવરૂપ તરીકે થવા-ખુદ તે ઇનસાનમાંની ગવ છે-અહુરમજદની સૃષ્ટી છે** તેના **આગળ** વધવાના માર્ગમાં અટકાવરૂપ તરીકેના થવા[38] ‖ ઉગાડી-ખીલવી કાઢયા છે.[39] ‖

---

‡ એક જરથોશ્તી ગુજર્યા પછી ચોથે દહાડે ચીનવત ઉપર જવો જોઇએ, કે જ્યાં તેનું રૂવાન પોતાનાં ગુજરેલાં તન-મનને સુધારે પણ જો એક ગુજરેલાં મર્દનુ રૂવાન ચોથે દહાડે ચીનવતની બહારજ રહે, ગેતી તરફજ ખેંચાયા કરે અને ચીનવત કે જે એક જાતનું બહેશ્ત છે-સુધારવાનું ઠામ છે-ઉત્તમ જગા છે તે ચીનવત ઉપર જઈ શકે નહી, તો તે ગુજરેલાં તન-મનને સુધારવામાં લંબાણ થાય છે, અને ગેતીના દોઝખમાં સબડવું પડે છે.

† ઇનસાનના ચોકસ ભોગવટાઓ વખતે તેની અઇપિ એટલે તેની સાથે જોડાયલી વાતાવરણમાં તે ભોગવટાઓને અંગે ઉભી થતી દ્રુજીઓ એટલે સુક્ષ્મ રીતનો ચેપી અભડાટ ઉભો થાય છે, જે બીજો કે જે કોઇ તેની સાથે વહેવારમાં આવે તેના દમમાં લાગુ પડે છે, જેથી તે દમની સાથે તાલુકો રાખતા વિચાર અને મન અને ત્યાંથી શરીર ઉપર માઠી અસર એટલે જડતાની મતી ઉભી થવાની અસર કરે છે. આવી હાલત નહિ થવા પામે માટે દ્રુજ-પરહેજની બાજો આપેલી છે. જે કોઇ એમ દ્રુજ-પરહેઝ નહિ કરતું હોય, તે તે શખ્સની અઇપિ સુક્ષ્મ રીતની ચેપી થઈ રહે છે જેને **હમરીત**ની હાલત કહે છે આવી હાલત મરગરજાન ગુનાહની કહેવાય છે. જ્યારે આવાઓ સાથે બીજાઓ વહેવારના સંબંધમાં આવે છે, ત્યારે તે બીજાને તે અણદીઠ ચેપ ચોકસ કારણોની મારફતે લાગુ પડે છે. આ બીજી હાલતને **પતરીત**ની હાલત કહે છે. આ વખતે બીજાને તે ચેપ લાગવે જે ગુનાહ લાગે છે તેને **'અજ'** ગુનાહ કહે છે. **એમ બીજાના ગુનાહનો સુક્ષ્મ ચેપ લાગવે તેના ગુનાહમાં સપડાવું તે 'અજ' ગુનાહ છે.**

**અહુરમજદ ખોદાએ,[૪૦] ગુનાહ[૪૧] અંદરૂ દીન[૪૨] પેદા બેકર્દ,[૪૩] ઇ-વેહાંને પોઇર્યોદકેશાંન,[૪૪] ગુનાહ દાશતેહ એસ્તેદ.[૪૫] મનશ્ની[૪૬] પીશે[૪૭] દાદારૂ અહુરમજદ[૪૮] મીનોઆંન[૪૯] ગેતીઆંન[૫૦] મહેસ્ત,[૫૧] પીશે[૫૨] અમ્શાસ્પંદાંન,[૫૩] પીશે[૫૪] મેહેરૂ[૫૫] સરોશ[૫૬] રશ્ને,[૫૭] પીશે[૫૮] આતશ[૫૯] બરૂસમ[૬૦] હોમ,[૬૧] પીશે[૬૨] દીન[૬૩] રવાન ખીશ,[૬૪] પીશે[૬૫] રદ[૬૬] દસ્તુરે[૬૭] દીની,[૬૮] પીશે[૬૯] ઑએ ગવેહ[૭૦] મદ એસ્તેદ,[૭૧] અજ આંન ગુનાહ મનશ્ની ગવશ્ની કુનશ્ની, તની રવાની ગેતી મીનોઆંની, ઑઅે અવાખ્શ પશેમાન પ સે ગવશ્ની પ પતેત હોમ; પ પતેત હોમ અજ ગુનાહ.**

( આ બધી ઉપર કહેલી બાબદોને )

અહુરમજદ ખોદાએ[૪૦] ‖ દીનની અંદર[૪૨] ‖ ગુનાહ તરીકે[૪૧] ‖ જાહેર કીધી છે[૪૩] (તે પ્રમાણે) ‖ ભલા પોઇર્યોતકેશોએ=અહુરમજદના કહ્યાસર રહીને કાયદા ઘડનારા અને તે પ્રમાણે અમલ કરી બીજા પાસે અમલ કરાવનારા ઉત્તમમાં ઉત્તમ નરોએ[૪૪] ‖ તે બધાને ગુનાહો તરીકે લેખેલા છે.[૪૫] (હું બી તે બધાને ગુનાહો તરીકેજ લેખું છું-માનું છું અને હૈડે ધરૂં છું. અને) ‖ દાદાર અહુરમજદ[૪૮] ‖ જે ‖ દીઠ-અણદીઠ હયાતીઓમાં[૪૯-૫૦] ‖ શ્રેષ્ટમાં શ્રેષ્ટ છે[૫૧] ‖ તેવણની આગળ,[૪૭] ‖ અમશાસ્પંદોની આગળ,[૫૩] ‖ મહેર[૫૫] ‖ સરોશ[૫૬] ‖ રશ્ને યજતોની[૫૭] ‖ આગળ,[૫૪] ‖ આતશની ગતી જે બુરાઇ બાળીને તેમાંથી ભલી ગતી ઉભી કરીને દાદાર તરફ લઇ જાય છે તેની,[૫૯] (તથા) ‖ બરસમની ગતી જે દાદારની આગળ દુઆ લઇ જઇને મંજુર કરાવે છે તેવી મોતેબર ગતીની,[૬૦] ‖ અને હોમની ગતી જે દાદારનું શીક્ષણ આપે છે તે બધાંઓ[૬૧] ‖ ની આગળ,[૫૮] ‖ દએન[૬૩] (જે ગેતી અને મીનોમાં પંથરાઇ રહી છે અને કેહપં ધારણ કરીને ગેતીની નેગાહબાની કરે છે જેને મેં અંતકરણમાં સમાવી છે તેવી અંતકરણમાં સમાવેલી દએન) ‖ ની આગળ,[૬૨] ‖ પોતાનું રૂવાન[૬૪] (જે અંતકરણનાં ચખ્રમાં છે અને ઉંઘમાં છે તે રૂવાનને મારામાં વસેલી દએનથી જાગૃત કરીને તે જાગૃત થએલા રૂવાન)ની ‖ આગળ,[૬૨] ‖ દીનના[૬૮] ‖ સરદાર[૬૬] ‖ દસ્તુર દોરવનાર હિદાયતના આપનાર[૬૭] ‖ ની આગળ,[૬૫] ‖ તે ભલો ગવાહ મારો જીવે જાનનો સાક્ષી જે[૭૦] ‖ હયાં છે[૭૧] ‖ તેની આગળ[૬૯] ‖ આમાંના કોઇબી ગુનાહો જે મેં કીધા હોય, જેથી મનશ્ની-ગવશ્ની-કુનશ્ની બગડી હોય, જેથી તન જડ બુરૂ દુજીથી ભરપુર થયું હોય-રૂવાન ઉપર એઝાબ પડયો હોય-ગેતી ઉપર ભાર પડયો હોય-મીનો કુદરતને નુકસાન કીધું હોય, તો અએ ખોદાવંદે-પાક! તેવા કોઇબી ગુનાહથી

પશેમાન થઇ પાછો ફરૂં છું અને પસે ગવશ્નની એટલે દીલ-દીમાગ અને ઝબાન ત્રણેની સાથે મળેલી ગવાહીથી તેઓથી હાથ ઉઠાવીને ખલાસી મેળવું છું અને તેની શીક્ષા ખમવાની શકિત માંગું છું.

( કરદા ૪ થો ) **અંદર્[1] પેદ્[2] માદ્,[3] ખોહ્[4] બેરાદ્,[5] જન[6] ફરજંદ્,[7] શોએ[8] સાલાર્,[9] ખેશ્[10] નજદીક્,[11] હમગેહાંની-આંન્,[12] હમખ઼ાસ્તગાંન્.[13] હમસાએગાંન્,[14] હમશેહેરીઆંન્,[15] પ ઇમાંનીઆંન[16] જસ્ત્ પ હર્ અદાદીહા,[17] ચુન્[18] મન્[19] અંદર્ ગુનેહ્ગાર્ બુદ્ એસ્તેદ્ હોમ્,[20] અજ આન્ ગુનાહ્ મનશ્ની ગવશ્ની કુનશ્ની, તની રવાની ગેતી મીનોઆંની, ઑખે અવાખ્શ્ પશેમાન્ પ સે ગવશ્ની પ પતેત્ હોમ્; પ પતેત્ હોમ્ અજ ગુનાહ્.**

બાપ[2] ‖ માય[3] ‖ બહેન[4] ‖ ભાઇ[5] ‖ કદબાનુ[6] (મર્દ[6] ભણતાં કહે છે) ‖ છોકરાં[7] ‖ ખાવંદ[8] ( ઓરત ભણતાં કહે છે) ‖ સરદાર મુખી[9] ‖ સગાં વહાલાં[10] ‖ નઝદીકનાંઓ[11] ‖ જગા ઉપર સાથે રહેનારાંઓ[12] ‖ ભાગ્યાઓ[13] ‖ પાડોશીઓ[14] ‖ હમશહેરીઓ[15] ‖ નોકરો-ફરમાન-બરદારો[16] ‖ તરફ[1] ‖ કઇબી ગેર ઇનસાફ-બેઅદબી કીધી હોય[17] ‖ અને તેથી[18] ‖ હું[19] ‖ ગુનાહગાર ઠડયો હોઉં, તો એવા મનશ્ની-ગવશ્ની-કુનશ્નીને બગાડનાર-તનને જડ નાસ્તીક કરનાર-રૂવાન ઉપર આઝાબ પાડનાર-ગેતી ઉપર ભાર કરનાર, કુદરતને રોકનાર ગુનાહથી, અએ ખોદાવંદે પાક, પશેમાન થઇ પાછો ફરૂં છું અને દીલ-દેમાધ-જબાનની સામટી ગવાહીથી એખલાસીથી તેઓથી દુર જઇને તેઓને તજું છું અને બુરાંનો બદલો ખમવા શકિત માંગુ છું.[20] ‖

(કરદા ૫ મો) **હઇર્[1] નસા[2] ખુરશ્ની,[3] હઇર્[4] નસા[5] જોએશ્ની,[6] હઇર્[7] નસા[8] ઑએ[9] આવ્[10] ઓ[11] આતશ્[12] બોર્દન્,[13] યા[14] આવ્[15] ઓ[16] આતશ્[17] હઇર્[18] નસા[19] બોર્દન્,[20] અવસ્તા[21] પચ મનશ્ની[22] નગોફ્તન્,[23] મોએ[24] નાખુન્[25] દંદાન્ ફરેશ્[26] દસ્તે-શવીન્,[27] ઓ[28] અવરે[29] હરૂચે[30] પદર્ હઇર્ નસા,[31] ચુન્[32] મન્[33] અંદર્[34] ગુનેહ્ગાર્[35] બુદ્ એસ્તેદ્ હોમ્,[36] અજ આંન્ ગુનાહ્ મનશ્ની ગવશ્ની કુનશ્ની, તની રવાની ગેતી મીનોઆંની, ઑખે અવાખ્શ્ પશેમાન્ પ સે ગવશ્ની પ પતેત્ હોમ્; પ પતેત્ હોમ્ અજ ગુનાહ્.**

હેહેરને[૧] (બાલ–નખ–ચામડીનાં પડ–થુક–નીત–મળમુત્ર વગેરે નજીસાતો જેઓ સોદાના ખીલ્દના ઉભાણમાંથી ટકવો પામતી ચીજો છે તેઓને) (અને) || નસા*=મુવેલી વ્યકતીનું કાલબુદ જે નસ દ્રુજને તુરતજ તાબે થાય છે તેવા કાલબુદને બાવો,[૩] || હેહેરથી[૪] || નસાથી[૫] || અભડાવવું, (મોમાં હાથ લેવા–થુંક પીસાબ વગેરે લાગ્યા પછી હાથ નહિ ધોવા વગેરે અછીટાપણું), || હેહેર †નસાને[૭-૮] || પાણી[૧૦] || અને[૧૧] || આતશ[૧૨] || માં[૯] || લઇ જવો[૧૩] || અથવા[૧૪] || પાણી[૧૫] || અને[૧૬] || આતશને[૧૭] || હેહેર નસા આગળ[૧૮-૧૯] || લઇ જવો,[૨૦] || અવરતાને[૨૧] || ભલી પરદુખભંજનપણાની નઇઅતે પારકાનું ભલું થાય તે નઇયતે ચીત તે ઉપર રાખીને[૨૨] || નહિ ભણવું,[૨૩] || બાલ[૨૪] || નખ[૨૫] || દાંત કોતરણી[૨૬] (ને કાયદાસર દાટેલા નહિ), || રાતના વસીદા હાથ અથવા કુદરતી હાજતે ગયા પછીના હાથને નહિ ધોવાનો[૨૭] ( નીરંગ અને પાણીથી ધોયા વગર કામે લગાડવાનો ), || અને[૨૮] || જે કાંઇ[૩૦] || બીજુ[૨૯] || હેહેર નસા તરીકે ગણાતું હોય[૩૧] || તેની સાથે

---

* ગુજર્યા પછી તુરતજ દ્રુજે–નસુ દરેકના તનના અનાસરો ઉપર ફાવી શકતો નથી, પણ ગુજર્યા પછી ત્રીજે દહાડે દરેકની ઉપર ફાવે છે કે જે વખતે તે તન સડવા માંડે છે, કે જ્યારે તે ખવાયજ નહિ. પણ મરણની શરૂઆત વખતે કે જ્યારે તનના અનુમાં જીવ અને ગરમાવો હોય છે ત્યારે તન માંસ તરીકે ખવાઇ શકે છે. પણ આવાં જીવ અને ગરમાવોવાળા માંસની ઉપર તુરતજ એટલે જીવ ગયા પછી–માણસ જાત–કુતરાઓ–શીયાળ–કાગડાઓ ઉંદરો–ચીમોડીઓ વીગેરેના બાબમાં–દ્રુજે–નસુ ઇલાકો મેળવીને જીવ અને ગરમીના મુલ્યાંને સુકકાં કરીને પોતે કબજો લે છે, જેથી તેઓનાં તે તાજાં માંસને–હજુર ખવાઇ શકે તેવા માંસને–નસ કહે છે. પણ જે જાનવર જેવું કે ગોસ્પંદ કે જેનાં કપાયા યા મુવા પછી તુરતજ તેના ગોસ્ત ઉપર દ્રુજે–નસુ ઇલાકો પાંથરી શકતો નથી તેનાં ગોસ્તને 'નસ' કહેતા નથી. આવાં જાનવરને તુરતજ જમીનમાં દાટવે જમીન અવાવ થતી નથી. ના, તેનું માંસ જમીનના કુવતોને મદદ કરી શકે છે. નસાવાલાં જાનવરોનું મુવેલ્લું માસ જમીનમાં દટાવવે જમીન અવાવ થાય, કેમકે જમીનના કુવતોને તે **'નસ'**થી ભરપુર ચીજ કામની નથી. તે નસ જ્યારે નરમ પડે ત્યારેજ કામે લાગે. માટે નસાવાલા જાનવરને દાટવાનો હોકમ નથી, જ્યારે બીજાઓ દાટી શકાય. એવીજ રીતે ચોકસ નબાતાત વનસ્પતીઓબી એવી છે કે જે કરમાયા પછીથી નસો થાય છે જેઓને નસાએ ઉરવરાન કહે છે જ્યારે જાનવરોના નસાને નસાએ ઝીનદાન કહે છે.

† અહિંયાં હેહેરને–નસાને પાણીમાં લઇ જવાનો ગુનાહ કહે છે તેમાં તળાવ–કુવા–સમુદ્ર–નદીમાં ન્યુસન્સને જવા દેવાનો એક અર્થ રહયો છે તે નોંધવું. પાણીને હેહેર આગળ–નસા આગળ લઇ જવામાં ધંધાદારીનો અને બીજા પ્રયોગોનો ઇસારો બતાવે છે.

લપેતાઇને તેને નહિ પરેઝવાથી[૩૪] || હું[૩૩] || ગુનેહગાર[૩૫] || થયો હોઉં,[૩૬] || તો તેવા બધા મનશ્ની–ગવશ્ની–કુનશ્નીને બગાડનારા, તનને જડ સ્થુલ કરનારા, રૂવાન ઉપર એઝાબ નાખનારા, ગેતી ઉપર ભાર મુકનારા, કુદરતને રોકનારા ગુનાહોથી અએ ખોદાવંદે પાક, હું પશેમાન થઇ પાછો ફરૂં છું અને તેઓ ઉપરથી દીલ–દેમાધ–અંતકરણની એકયતાથી હાથ ઉઠાવાને તેઓના કીધાની શીક્ષા ખમવા ઉસ્તવાર છું.

(કરદો ૬ ઠ્ઠો) **કુ કાંમે દાદાર્ અહુરમજદ બુદ,[૧] ઑએમ્ આવાયસ્ત્ મનીદન્,[૨] ઑએમ્ ન મનીદ;[૩] ઑએમ્ આવાયસ્ત્ ગોફ્તન્,[૪] ઑએમ્ ન ગોફ્ત;[૫] ઑએમ્ આવાયસ્ત્ કર્દન્,[૬] ઑએમ્ ન કર્દ;[૭] અજ આંન્ ગુનાહ્ મનશ્ની ગવશ્ની કુનશ્ની, તની રવાની ગેતી મીનોઆંની, ઑખે અવાખશ્ પશેમાન્ પ સે ગવશ્ની પ પતેત્ હોમ; પ પતેત્ હોમ અજ ગુનાહ્.**

જે કંઇ દાદારની 'દસ અંદર્જ' વસીઅતમાં હતું[૧] || તેમ ધ્યાન રાખવાનું હતું[૨] || તેમ ધ્યાન નહિ રાખ્યું,[૩] || જેમ વમાસવાનું હતું[૪] || તેમ નહિ વમાસ્યું,[૫] || જેમ કરવાનું હતું[૬] || તેમ નહિ કીધું,[૭] || તેવા બધા મનશ્ની–ગવશ્ની–કુનશ્નીને બગાડનારા, તનને જડ સ્થુલ વિશ્વાસ વગરનું કરનારા–રૂવાન ઉપર આઝાબ વધારનારા–ગેતીને નુકસાન કરનારા–કુદરતને મદદ કરવાને બદલે રોકનારા ગુનાહોથી, અએ ખોદાવંદે પાક, હું દીલ–દેમાધ–જબાનની એકયતાથી પશેમાન થઇ પાછો ફરૂં છું, તેઓ ઉપરથી હાથ ઉઠાવું છું અને તેઓના કીધાની શીક્ષા ખમવામાં મોજ સમજું છું, કે જે ભલી ખેરદ ઉભી કરાવી શકશે.

(કરદો ૭ મો) **કુ કાંમે અહેરેમન બુદ,[૧] ઑએમ્ ન આવાયસ્ત્ મનીદન્,[૨] ઑએમ્ મનીદ;[૩] ઑએમ્ ન આવાયસ્ત્ ગોફ્તન્,[૪] ઑએમ્ ગોફ્ત;[૫] ઑએમ્ ન આવાયસ્ત્ કર્દન્,[૬] ઑએમ્ કર્દ;[૭] અજ આંન્ ગુનાહ્ મનશ્ની ગવશ્ની કુનશ્ની, તની રવાની ગેતી મીનોઆંની, ઑખે અવાખશ્ પશેમાન્ પ સે ગવશ્ની, પ પતેત્ હોમ; પ પતેત્ હોમ અજ ગુનાહ્.**

જે કંઇ અહી કહેતાં સાંપ–કહેતાં સ્વાર્થનું, પારકાના નુકશાન કરનારી નઇઅત–શેતાનની નઇઅતનું હતું,[૧] || જેને ઉત્તેજન નહિ આપવું હતું[૨] || તેને ઉત્તેજન આપ્યું,[૩] || જેની હિમાયત નહિ કરવી હતી[૪] || તેની હિમાયત કીધી,[૫] || જેને અમલમાં નહિ મુકવું હતું[૬] || તેનો અમલ કીધો,[૭] || આ બધા મનશ્ની–ગવશ્ની–કુનશ્નીને બગાડનાર–તનને સ્થુલ વીશ્વાસ વગરનું

કરનારા—રૂવાનની ઉપર આઝાબ વધારનારા—ગેતીને આઝાબ પુગાડી તેની વસ્તીને આઝાબ પુગાડનારા—કુદરતને હંફાવનારા ગુનાહોથી, અએ ખોદાવંદે પાક, હું દીલ—દેમાધ—ઝબાનની એકયતાથી પાછો હઠું છું—હાથ ઉઠાવું છું અને તેના કીધાની શીક્ષા ખમવા ઉસ્તવાર છું કે જેથી ભલી ખેરદ ઉભી થશે, જે ખેરદ પછી તે બધા ગુનાહો સામેનો તીરસ્કાર ઉભો કરાવશેજ.

(કરદો ૮ મો) **અજ[1] હુમોઇન્[2] હરૂ આઇન્[3] ગુનાહુ,[4] હરૂ આઇન્[5] મર્ગરૂજાંન્,[6] હરૂ આઇન્[7] ફરૂદ માન્દ,[8] હરૂ આઇન્[9] માનીદ,[10] હરૂ આઇન્ ગુનાહુ અજ ગુનાહુ,[11] ઑએમ[12] અંદરૂ[13] અહુરૂ-મજદ,[14] મરૂદુમ,[15] મરૂદુમ સર્દગાંન્[16] જસ્ત્[17] પ પતેત્ હોમ.[18]**

દરેકે દરેક બધો[2] || જુદી જુદી જાતનો[3] || ગુનાહ,[4] || કે જે મર-ગરજાની[6] ‡ || જુદી જુદી ચહડ ઉતર ગતીનો હોય,[5] || જુદી જુદી ચહડ ઉતર ગતીનો[7] || ફરોદમાંદને લગતો હોય,* || જુદી જુદી ચહડ ઉતર ગતીનો[9] || માનીદેને લગતો હોય,[10] † || કે જે જાતજાતની ચહડ ઉતર 'અજ' ગતીનો હોય,[11] § || જે[12] || અહુરમજદ[14] || અહુરમજદ સાથે

---

‡ મરગરજાની—ગુનાહ તે છે કે જેના કીધાથી ઇનસાન બેથી વધુ જન્મ-મરણના ફેરામાં પડે છે. કોઇ મરગરજાન બે ફેરાનો કોઇ તેથી વધુ ફેરાનો હોય માટે તેને 'હર આઇન' જાતજાતનો કહયો છે.

* ફરોદમાંદ—ગુનાહ તે છે કે જેના કીધાથી ઇનસાનને એક જીંદગીમાં તે કીધાનો બુરો બદલો મળીને તે ગુનાહ ભુસાઇ જઇ શકે. જો તેને માટે **પતેત** કરે તો પછી તેજ જીંદગીમાં તેની શીક્ષા થાય અને બીજી શીક્ષા ગુજર્યા પછી 'રૂવાન'ના બંદ-દરોશ ઉંચકવાની દેરીમાં આવે—પણ એકજ શ્વાષમાં તેનો આઝાબ પુરો થાય. પણ જો ખરેખરી પતેત નહિ કરે તો તે ગુનાહ બીજી વખતનો તનાસક કરાવે. એ ગુનાહ એક કે બહુ બહુ તો બેજ તનાસક કરાવી શકે છે.

† માનીદે: આ ગુનાહ ગઇ જીંદગીઓનો રહી ગયલો, ચાલુ જીંદગીમાં દુખો તરીકે પડીને પુરો થાય છે. જીવતાં જીવતનાજ ભાગમાં પડીને ખરચાઇ જાય અથવા તો જીવતાં જીવત કંઈ દુખ નહિ પાડે—ભલી જીંદગી જીવડાવે, પણ ગુજરતી વખતે આઝાબ પાડે અને સે શબ લંબાઇને તે ગુનાહ પોતાનો કર લઇ રહે. એનાથી તનાસકમાં પડાતું નથી.

§ અજે: આ ગુનાહ ખુદનો નથી. પણ બીજાઓની સાથે સંબંધમાં આવવે લાગુ પડે છે જેથી ગમે તેટલી તરીકત પાળે છતાંબી તરીકતમાં ઘલતી આવ્યા કરે છે. એક જમાનમાં આપણે અવતરીએ છીએ, એટલે તે જમાનમાં જે જે બદીઓ છે તેનો પાસ આપણા દમમાં જવે તે જમાનથીબી તે અજ ગુનાહ લાગુ પડે છે, કેમકે ભલા જમાનમાંનો આબેદ ત્રણ કશની અષોઈનું જે બળ દેખાડે તે હાશમી જમાનામાંનો તેવા દરજ્જાનો આબેદ દેખાડી શકે નહિ.

જોડાયલા માણસ જાત,[૧૫] $ || દરેક વર્ણના માનવ[૧૬] || તરફ થયો હોય,[૧૭] ||
તેઓથી હાથ ઉઠાવી પાછો ફરૂં છું.[૧-૧૮] ||

---

૧ $અહુરમજદ સાથે જોડાયલો માણસ: હયાં અહુરમજદની સામે ગુનાહ કીધેલા હોય તેમાં માણસ જાતનેબી લીધો છે એટલે અહુરમજદ અને માણસનો કંઇક સંબંધ હોય એમ દેખાડેલું છે. આ બાબદ યજતી શકિતઓની કુદરતી ખીશ્કારી જેને હુમત-હૂખ્ત-હવરશ્ત કહે છે તેનો ભેદ રજુ કરે છે, જે માટે **નીરીંગનાં** જ્ઞાનની જરૂર છે. ટુંકમાં એમ ધ્યાન રાખવું કે દાદારનાં અંતઃકરણમાં દાદારની અંદરખાનેની ગતીમાં એક પતમાન છે, કાંટો છે, જે પ્રમાણેજ એટલે હદ+ઈનસાફથીજ દાદાર દરેકની તરફ વર્ત્તશે. એવી રીતે ઇનસાનના દએના=અંતઃકરણમાંબી એક 'પતમાન' છે. ઇનસાન જે કંઈ કરે તેમાં જો કંઇબી ભુલ હોય તો તુરતજ તે કાંટો હીલીને અંતકરણ ડંખવા માંડે છે, જેનું ભાન થવે ઈનસાને પતેત કરી સાચ્ચી જબાન કરવી. આમ ઇનસાન અહુરમજદની ગતીનો ખેશી થયો છે, અહુરમજદનો ગેતી ઉપરનો નાયબ થયો છે, અહુરમજદની સૃષ્ટીને ફરશો-કેરેતી તરફ કુલ્યાતી મોક્ષ તરફ લઇ જવા માટે અહુરમજદનો એક અનુયાયી થયો છે તે બતાવે છે.

૨ **પછી બહમન અમશાસ્પંદને** ગઓ-ગોસ્પંદ સાથે લીધા છે. બહમનમાં ખરી બઓદ-ખરી અકકલ છે, જે કહે છે કે અહુ-પરસ્તીજ કરવી; ખુદ-પરસ્તી નહિ કરવી સામુ જો કોઇ અહુ-પરસ્તી નહિ કરતું હોય તો તેને સમજાવી પતાવી યા લાયક વખતે ક્ષયથી બદલીને તેમાં ભલી ખેરદ મુકવી. પહેલે પોતાને ઓલખાવી પોતાને તુચ્છ ગણાવીને એમ ખુદ-પરસ્તી તોડી પછી દાદારની કદર કરાવવી એ બહમનનું લક્ષણ છે. અહુરમજદનું અંતકરણ જે વીષે ઉપર કહયું છે તેમાં જે બઓદ છે તેને 'વોહૂ-મન' કહે છે. અંતકરણને દએના કહે છે. આવા દએનામાંથી દએન થઇ છે, જેમાં બઓદ-બહમનની ગતી વસેલી છે. કુલ યજતોમાં વોહૂ-મનની આવી ગતી વસેલી છે. યથાના કલામમાં જે વોહૂ-મન શબ્દ છે તે આવી મતલબે વાપરેલા છે. આવી બઓદ=વોહૂ-મન તો ગવ નામની શકિતઓ જે બહમનના નાયબ તરીકે નીસ્તીમાં કામ કરે છે તેઓમાં રહે છે. આવી બઓદનો કંઇક ભાગ ગાએ ગોસ્પંદ તરીકે ઓલખાતાં ગોસ્પદો જાનવરોમાં અને ગોસ્પંદી ઇનસાન-ઝાડપાન-ખનીજમાંબી રહે છે. 'ગવ' તે શકિત છે કે જેમાં બહમનની ગતી વસે છે, જેથી તેમાં પોતાને ભોગેબી સામાનાં દુખને તારવવાની ખેરદ અને જોમ અને ખંત રહયાં છે. ગવની ગતી રાખતી અનેક શકિતઓ છે, જેમ કે ગેઉશ ઉરવા, ગેઉશ તષન, ગેઉશ હુદાઓ, ઋતુ-કાતો વગેરે વગેરે. જડ દેખીતા આકારમાંના ઇનસાન-હેવાન-ઝાડ પાન-ખનીજમાં જો ગવની ગતી વધુ હોય તો તેનેબી ગોસ્પંદ કહે છે. ગાય બકરાંઓમાં કુદરતી રીતે આવી અકકલ વધુ હોય છે. આમ ત્યારે વોહૂ-મનને ગવની સાથનો સંબંધ આપેલો છે.

૩ પછી **અરદીબહેશ્તને આતશની સાથે સંબંધ આપેલો છે.**

**(ફુટનોટ માટે જુઓ પાને ૬૩૫ મે).**

**અજ[૧૯] હુમોઇન્[૨૦] હુર્ આઇન્[૨૧] ગુનાહુ,[૨૨] હુર્ આઇન્[૨૩] મર્ગરૂજાંન્,[૨૪] હુર્ આઇન્[૨૫] ફરૂદ્ માન્દ,[૨૬] હુર્ આઇન્[૨૭] માનીદ્,[૨૮]**

(પાને ૬૩૪ મે થી ફુટનોટ ચાલુ).

અહુરમજદની આ શકિતને અષ-વહિશ્ત કહે છે અમશાસ્પંદો અહુરમજદના ગુણો છે એમ જેઓ કહે છે તેઓ અરધી માહેતી રાખે છે. તેઓ ઈનસાન અને અહુરમજદને એકજ પંકતીએ મુકે છે. ઈનસાન અપુર્ણ છે, માટે ઇનસાનના ગુણોબી અપુર્ણ છે, માટે તે ગુણો ભાવવાચક તરીકે રહે છે એટલે નહિ જાહેર થયલા ઇંદ્રીઓની જડપમાં નહિ આવે તેવા રહે છે. માટે ગુણો abstract કહેતાં દેખીતા ઘાટ વગરના ગણાય છે. પણ ઈનસાન જ્યારે ગુજરે છે ત્યારે આજ ગુણોના છાપોને જીવતા કરીને કેરદાર તરીકે ઉભી કરીને તે ગુજરનારને કુદરત દેખાડે છે. પણ જો ઇનસાન અષવન હોય તો તેના ગુણો ઘણાજ પુર્ણ હોવે તુરતજ તેમાં જીવ પડીને જીવતા નામરૂપના થાય. ત્યારે નામ અને વીષેશણનો ઇલ્લત-માલુલ અપુર્ણ ચીજોને લાગે. પણ પુર્ણ વ્યકતીઓનાં નામનાં વિષેશણબી નામ જેવાં જીવતાંજ હોય. ઇનસાન-ઇનસાન મળીને પોતાનાં વિષેશણોનું ફરઝંદ બનાવે છે, તેમ ઈનસાન અને પોતાના ભલા અમલ જેબી એક જીવતી ચીજ છે તે મળીને ભલી કેરદારનું જીવતું ફરઝંદ ઉભુ કરી શકે, જેબી ત્યારે તે ઈનસાનનું ફરઝંદ કહેવાય. એક વખતે એક ઇનસાને બીજા ઇનસાન સાથે મળી યોની મારફતે ફરઝંદ કીધું, જ્યારે બીજી વખતે એક ઇનસાને ભલી કાર-રવઇની માંથ્રીક જીવતી ગતી જે કુદરતમાં થયલીજ છે તેને વરઝેશીથી બોલાવી પોતા સામે ઉભી કરીને તેની અલંકારીક યોનીમાંથી ભલી કેરદાર ઉભી કીધી. એવીજ રીતે અહુરમજદ કે જેનું કેહર્પ છે તે તો અપુર્વ છે, માટે અહુરમજદના ગુણોબી અહુરમજદના જેવાજ કેહર્પવાળા અને અહુરમજદમાં મળે તેવા હોય. માટે બહ્મન-અરદીબહેશ્ત એ બધાઓને અહુરમજદ જેવાજ કેહર્પવાળાજ લેવાના છે. અષો જરથુશ્ત્ર સાહેબનાં ફરઝંદોનોબી એવોજ ભેદ છે. આજનો જડ પ્રકૃતીનો ઈનસાન પોતાના Standard ધોરણથી કુદરતને અહુરમજદને લેશે તો તેનું તેમાં કંઇ વલશે નહિ કુદરતમાં abstract જેવું, ભાવવાચક જેવું એટલે કોઇબી સુરતના ઘાટ વિનાનું કંઇજ નથી. બધુંજ ચિથ્રમાં છે ભલેને તે ચિથ્ર ખીલ્યું નહિ હોવે તે abstract ભાવવાચક દેખાય. આદમી સારો છે. સારાપણું એ ગુણ છે પણ તે ગુણબી જીવતો આકાર ચિથ્રનું બીજ છે જે જીવતું થશેજ. પણ અનામાંથ્વાઓનો એટલે જેને નીરગુણ-નીરાકાર કહે છે તેનો ભેદજ એવો છે કે જે વીચારની પુર્વેનો છે, જે ચિથ્રથી નોખો છે, તેની નોંધ લેવી, જે વીષે જુઓ **નીકીઝ**. આમ ત્યારે અહુરમજદના તે ગુણો છે માટે Abstractions અલંકારીક છે એમ કહેવું માનસિક અકકલ અને અહુરમજદની અકકલ-ખ્રતુ બેઉને એકજ તબકકા ઉપર મુકવા જેવું છે-જે ખરેખરજ હસવા જેવું છે. અરદીબેહેશ્ત એક અમરગી છે-અહુરમજદનો એક ફેઝ છે, જે જગતને ઉભી કરી ટેકવી, તેની બદસુરતી અખતીને બાળીને ભલી વ્યવસ્થાએ અષની

(ફુટનોટ માટે જુઓ પાને ૬૩૬ મે).

**હુરૂ આઇન્ ગુનાહુ અજ ગુનાહુ,[29] ઑએમ[30] અંદરૂ[31] બહુ-મન્,[32] ગાઓ ગોસ્પંદ્,[33] ગોસ્પંદ્ સર્દગાંન્[34] જસ્ત્[35] પ પતેત્ હોમ.[36]**

---

(પાને ૬૩૫ મે થી ફુટનોટ ચાલુ).

અપુર્વ ખુબસુરતીએ લઇ જઇ ભલા મીનો ઇશકનું જોડાણુ ઉભું કરયાજ કરે છે. અરદીબેહેશ્તની વતી નીસ્તીમાં જે શકિત કામ કરે છે તે શકિત આગ્ર=આતશને રજુ કરે છે. આ આતશ=આગ્રબી જગતમાંની દરેક ચીજનાં કારણ-રૂપ રહી ટેકવી તેની બુરાઇને આખરે બાળીને અષોઈની ભલી વ્યવસ્થા કરશેજ; માટે અષ-વહિશ્ત અને આતશને સાથે લીધા છે.

૪ એવીજ રીતે **ક્ષથ્ર-વઇર્ય=શહેરેવરને**=ધાતુની સાથે જોડેલા છે. અહુરમજદની ક્ષથ્ર સત્તાની અમર ગતીને ક્ષથ્રવઇર્ય=શહેરેવર કહે છે. શહેરેવર=ક્ષથ્ર-વઈર્ય ત્યારે અહુરમજદની સત્તા ક્ષથ્રનો રાખનાર છે. કુલ યજતોમાં આ ક્ષથ્ર અહુરમજદની મંજુરાત છે તોજ તેઓ અહુરમજદની મરજી બજા લાવવા પાયદારી શકિત રાખે છે. ત્યારે કુદરત જે ચાલી રહે છે-પાએદાર છે, તે ક્ષથ્ર-વઇર્યને લીધેજ છે. એમ ગેતીની જમીનમાં જે પાએદારી છે તેમાંબી શહેરેવરનીજ કરામત છે. શહેરેવરની ક્ષથ્ર જાતજાતની દેખીતી ધાતુઓમાં જડ આકાર લઇને ગેતીને પાએદારી આપે છે-ઉંચકવાની શકિત સત્તા આપે છે. જમીનમાં જડ વજ્ન ગતી છે, જે ધાન્યને ઉગાડી શકે છે, તેમ કુલ વસ્તીના ભારને ખમી શકે છે, તેમ ઝાડ-પાનને ઉગાડીને ટેકવી શકે છે, તે બધું ધાતુઓને લીધે છે, તેમ ઈનસાનનું જીવન પાએદારીબી ઈનસાનની વીર્ય ધાતુને લીધેજ છે. ધાતુમાં પાએદારી હોવાનો ગુણ શહેરેવરથી આવ્યો છે. આમ ત્યારે સત્તા, પાએદારી, કામ કરી બજાવવું તે ક્ષથ્રના સાહેબ ક્ષથ્ર-વઇર્યથી છે અને ધાતુ ઉપ ધાતુને એવે સબબથી શહેરેવર સાથે જોડેલા છે.

૫ **એવીજ રીતે આરમઇતીને જમીન સાથે જોડેલી** છે. જ્યારે પહેલ વહેલો હોકમ કાઢયો કે મારે સૃષ્ટીને કાઢવી છે, **ત્યારે તે હોકમમાં પોતાની બીજી બધી ગતીઓની સાથે આરમઇતીની ગતી, તે હોકમને પાર પાડવાનો ભાર ખમનાર ભાર ખમાઉ ગતી હતી**, કે જે પછીથી સૃષ્ટી નભરવસપણે તેના ભરોસા ઉપર ચાલવા લાગી. ગેતીને ઉભી કરવા જડતાની જરૂર પડી માટે જમીન થઇ, જેમાં આરમઇતી એટલે જગતની જડતાનો ભાર ખમીને તે જડતાનો સદ-ઉપયોગ કરીને કામે લગાડનાર શકિત આવી. જમીનમાં આરમઇતી છે તો તેની ઉપર ભાર પડે છે, છતાંબી જમીન બધાંને ટેકવે છે. દાદારનો ફરમાન થયો જેમાં આરમઈતી હતી, જેણીએ દાદારનાં ફરમાનનો ભાર ખમીને સૃષ્ટી કરીને જડ જમીન કરીને તે જડ જમીનમાં આવીને સૃષ્ટીનો ભાર ખમી સૃષ્ટીની નાપાકીને પાકીઝગીમાં બદલીને અસલ નેમ બજાવી રહે છે.

**(ફુટનોટ માટે જુઓ પાને ૬૩૭ મે).**

દરેકે દરેક બધો[૨૦] || જુદી જુદી જાતનો[૨૧] || ગુનાહ,[૨૨] || કે જે મરગરજાની[૨૪] || જુદી જુદી ચહડ ઉતર ગતીનો હોય,[૨૩] || જુદી જુદી

---

(પાને ૬૩૬ મેથી ફુટનોટ ચાલુ).

દાદારના હોકમથી થયલી સૃષ્ટીનો ઉપલો ભાગ હોશબામ છે અને નીચલો ભાગ ખનીરથ બામ છે. બેઉમાં જમીનનો ભાગ છે. બેઉ જમીન રૂવાનોને ઉપરથી નીચે અને પછી નીચેથી ઉપર દોરવી રહે છે, જે બેઉમાં આરમઇતી છે એટલે બેઉ જગામાં મુકિતનું કામ પોતાને ભોગે થઈ રહે છે. એમ આરમઇતી ભાર ખમીને દાદારના હોકમને ચલાવ્યાજ કરે છે. દાદારે ઇનસાનને આરમઇતીનાં સૃષ્ટીનાં આવાં મોટાં કામને જલદીથી પાર પાડવાની મદદ આપવાને માટે-તેણીને મદદ કરવા માટે ઉભો કીધો, અને તેનાં તનમાંબી હોશેબામ અને ખનરથ બામ જેવી ગતીઓ ગુપ્ત ખીલીને કામ કરે તેવી રાખી છે, એમ ઇનસાનને અર્ધ યજ્તી તેણે કીધો છે. તનના હોશેબામને અને ખનરથ બામને જો ઈનસાન ખીલવે એટલે તનના સુક્ષ્મ ભાગને અને જડ તનને ખીલવે અને તેમાં આરમઇતીને વસાવે, તો જેમ જમીનમાંની આરમઇતી સૃષ્ટીને ટેકવે છે તેમ ઈનસાનબી આરમઇતીને મદદ કરવા જેવો થાય. આરમઇતી અહુરમજદની વતીનું કામ કરનારી માટે પુત્રી છે અને અહુરમજદની સાથે રહીને કામ કરનારી માટે બઇરી છે. આરમઇતી અહુરમજદની પુત્રી થઇ તે જમીનમાં જઇને બેઠી છે, એમ પોતે ફરમાન બરદારી-ખાકસારી બતાવે છે. ઇનસાનબી પોતાના દ્રવાઓને તાબે કરીને અહુરમજદનો હોકમ ઉઠાવીને પોતાનાં તનમાં તમીઝ બરદાશ્ત સાથનું ખાકનું તત્વ ઉભુ કરે, તો તેમાંબી ખાકસારીની જમીન ઉભી થાય, જેમાં આરમઇતી અહુરમજદની પુત્રી તરીકે આવેલી હોય છે. આમ જ્યાં જમીન આવે ત્યાં ભારબરદારપણું આવે અને ત્યાં આરમઇતી હોય છેજ. એમ ત્યારે આરમઇતી રૂવાન સાથના દ્રવાઓના ભુલાવાને જ્ઞાન તરફ-રોશની તરફ લઇ જવા તેઓને છેક હોશબામથી ચલાવીને ખાકની ગેતી તરફ દોરવીને ખાકની ગતી લગીમાં સુધારી રહે છે. ખાકની ગતીની પુર્વે તે દ્રવાઓ જઇ નહિ શકે માટે ખાકની જમીનને સકીલ કરીને તે દ્રવાઓને ત્યાંજ તેનો ભાર ઝીલીને થોભાવે છે અને અહુરમજદથી વધુ દુર લગી કે જ્યાંથી સહેલાઇથી પાછા અહુરમજદ તરફ ઉરવીસ નહિ થવાય-ફરી નહિ શકાય તેવે દુર લઇ જતી નથી, અને તે જમીનમાં પોતે રહીને તેને પોખીને ઉપર અહુરમજદ તરફ દોરવે છે. આમ જમીન અને આરમઈતીનો સંબંધ છે.

૬ **એવીજ રીતે ખોરદાદને આપ=પાણી સાથે જોડેલા છે.** સૃષ્ટીમાં દએવ જાહેર થયો-તે કેમ આવ્યો-કયાંથી આવ્યો તે ભેદ જુદો છે. પણ તે આવ્યો એ સત્ય છે. આ દએવને સુધારવાનો છે. આ દએવ અજ્ઞાનતાના તાપમાં તપીને જ્ઞાનની અમર ગતીનાં આપ=પાણીનો તરસ્યો થયો છે. આ વખતે દાદારે પોતાના હવરેતાતનાં=અખંડપણાનાં જ્ઞાનના ઝરા નામે 'આબે હયાત'ના અમર ઝરા-

(ફુટનોટ માટે જુઓ પાને ૬૩૮ મે).

ચહડ ઉતર ગતીનો[૨૫] || ફ્રેરોદમાંદને લગતો હોય,[૨૬] || જુદી જુદી ચહડ ઉતર ગતીનો[૨૭] || માનીદને લગતો હોય,[૨૮] || કે જે જાતજાતની ચહડ ઉતર

(પાને ૬૩૭ મેથી ફુટનોટ ચાલુ).

માંથી પાણી કાઢીને તે દએવને **પાઇને** તેને હસ્તી અને નીસ્તીમાં જ્ઞાન શોધવા, તે ઝરો શોધવા મોકલ્યો. હસ્તી-નીસ્તીમાં હવરેતાતનો તે ઝરો mirage મીરાજની માફક દુર અને દુરજ જતો રહયો. નસોસ થયલા દ્રવાઓએ પછી સરોશની મદદ માંગી. સરોશે તેને 'પથ' દેખાડયો, જે ઉપરથી જવે તે **હવરેતાતની** ગતીએ-જ્ઞાને પુગ્યો અને પુગી રહે છે. આમ હસ્તી-નીસ્તીમાં આબનો, તરસ મટાડવાનો-અખંડપણું લાવવાનો પ્રભાવ છે, જેની તરફ તે તરસ્યો દએવ જઇ રહે છે, જેને પછી યજતો ખરી રીતે જ્ઞાન આપી શીખવી રહે છે. ત્યારે હવરેતાત એટલે ખોરદાદની પાસે જીવડાવવાનું આપ-ઉશ્તાન (એટલે પ્રાણવાયુને રાખતા જીવ આત્માનું મુળ) છે, જેના ઝરા આગળ જવે અમરગીએ પુગી શકાય છે. જડતાના ઇનસાનમાંબી દએવ છે, જેની કાયામાંથી દએવનો પ્રભાવ દ્રુજ તરીકે નીકલ્યાજ કરે છે. ('**ઉશ્તાન**' શબ્દ '**ઉશ્ત**' એટલે બહાર પડવા ઉપરથી છે. અહુરમજદમાંથી જે ગતી બહાર પડે છે તેને **ઉશ્તાન** કહે છે. અહુરમજ્દમાં 'રય' છે એટલે પુર્ણ જ્ઞાનનું મંદીર છે. આ પુર્ણ જ્ઞાનનાં મંદીર રયમાંથી જે ગતી બહાર પડે છે તેને 'ઉશ્તાન' કહે છે. ત્યારે ઉશ્તાનમાં જ્ઞાનનો પુર્ણ જલ્વો છે. માટેજ ઉશ્તાનને '**અઓદંઘહુ**' તરીકે એટલે યજતોની પુર્ણ અકકલની ગતી તરીકેનો ઓળખેલો છે. આ ઉશ્તાન ત્યારે યજતી શકિત રાખે છે-આ ઉશ્તાનનો અમુક ભાગ શરીરમાંના જીવ આત્માના મુળ કારણ તરીકે છે માટેજ જીવ-જાનને જોર સાથનો કહયો છે, જે જોર મનશ્ની-ગવશ્ની-કુનશ્નીવીર-હોશ-ખેરદને લગતા રહે છે એટલે સત્યસંગવાળા રહે છે. આવો જીવ-આત્મા જે પછી રજેરજમાં પોતાની ગતીને પાંથરે છે તેને પ્રાણવાયુ કહે છે. વયુ જેમ પંથરાઇ રહે તેમ પ્રાણ એટલે જીવ આપનાર ગતી રજેરજમાં પંથરાઇ રહે છે તેને પ્રાણ વયુ કહે છે. આ જીવ-આત્મા જ્યાં લગી શરીરમાં રહે ત્યાં લગી તે શરીર ગોયા અમર છે.) ઇનસાનની કાયામાંના જડ ભાગમાં તેમ સુક્ષ્મ ભાગમાં બેઉમાં દએવ છે-બેઉની અજ્ઞાનતાની તરસને છીપાવવા ત્યારે હવરેતાતના આબે હયાતનું પાણી સુક્ષ્મ તેમ જડ બેઉ રીતનું આપેલું છે. એમ ત્યારે હવરેતાતને આપ સાથે સંબંધ છે. પાણીથીજ જીંદગી છે તેમ **હવરેતાતની** ગતીનું આપ જ્યારે ઇનસાનને મળશે ત્યારે તેની અજ્ઞાનતામાં પુર્ણતા આવશે-રોશન ગતી આવશે. ત્યારે **હવરેતાત** દરેક દ્રુજીને સમારીને ભલાઈ અખંડતા તરફ લઈ જનાર છે. માટે તે દાદાર આ **હવરેતાત** કે જે એક અમર કેહર્પ છે, જે તે દાદારની અખંડ ગતી બતાવે છે, તે હવરેતાત મારફતે ગેતીમાં પુર્ણતા લાવવા-પુર્ણતા લાવવાનાં સાધન **આપને**-પાણીને-તરસને મટાડનાર ચીજને જાતજાતની રીતે જડ તેમ સુક્ષ્મ રીતે જાહેર કર્યાંજ કરે છે. આમ હવરેતાત અને આપનો ભેદ સાથે સાથજ જોડાયલો છે. આપમાં ધોવાનો અને

(ફુટનોટ માટે જુઓ પાને ૬૩૯ મે).

'અજ ગતીનો' હોય,[29] || જે[30] || બહમન અમશાસ્પંદ[32] || બહમન સાથે જોડાયલા ગાય ગોસ્પંદો[33] || ગોસ્પંદની દરેક જાત[34] || તરફ ઉભો થયો હોય,[35] || તેઓથી હાથ ઉઠાવી પાછો ફરૂં છું.[29-36] ||

---

(પાને ૬૩૮ મેથી ફુટનોડ ચાલુ).

તરસ મટાડીને શાંતી આપવાનો ગુણ છે. **દ્રવાઓમાં અજ્ઞાનતાની એબ અને તેથી થતી દુખરૂપી તરસ છે.** તનમાંનો દએવ દ્રુજીરૂપમાં બેઉ એબોને એટલે અજ્ઞાનતા અને તેની સાથે જોડાયલાં દુખને એટલે બદીની ગીરદ અને તરસને કાઢીને જીંદગીનો નાશ કરે છે, માટે હવરેતાત પોતાનાં આપથી દએવની બદી ધોઇ તેના દુખની તરસ છીપાવીને દએવની અપુર્ણતાને પુર્ણ કરી રહે છે. આમ પુર્ણતા હવરેતાત અને આપ પાણીનો સંબંધ છે.

૭ **એમ અમરદાદ અને ઉરવરને જોડેલા છે.** અમરદાદ અહુરમજ્દનો તે ભેદ છે કે જે મોક્ષનો ભેદ–હમેશગીની ખુશાલીનો ભેદ બતાવે છે. દરેકે દરેક ચીજ જે થઇ છે તે આખરેબી મોક્ષેજ પુગશેજ. દુખ જે છે તે સુખમાં બદલાશેજ. કંઇબી ચીજ રાહમાલ જશેજ નહિ, નાશ પામશેજ નહિ. સૃષ્ટીમાં દએવ જાહેર થયો તેને અજ્ઞાનતાનો તડકો લાગવે તે થાકી ગયો અને ફીકરમાં પડયો. તે દ્રવાઓમાં અંગ્ર અજ્ઞાનતાનું દુખ એવું ઉભું થયું કે જેથી તેને બીહક લાગી કે તેનો નાશ રખેને થાય. આવા દુખ અંગ્રના તડકાના તાપનો દરમાન કરવા દાદારે ઉપર કહેલાં હયાતીનાં પાણીને કાઢી આપ્યું તેમ દુખ સામે ટકવાનો ભલો ખોરાક કરી આપ્યો. ટકીને રૂશ્ત થઇને અમર ગતીએ પુગાડનાર શકિતને અમેરેતાત કહે છે. દાદારની આવી શુભ અમર ગતીના આ અમશાસ્પંદે તે શક લાવતા–દુખ પામતા અજ્ઞાનતાના દએવની ઉપર એક ઉરવર આશીરવાદીક ઝાડની છાયા નાખી. આવી છાયાથી તેનામાં ધીરજની શકિત આવી અને પછી શાંતીની નીદ્રામાં પડી, હમેશગી મેળવવાના સ્વપ્નામાં અમર આશામાં પડયો. આમ હવે દ્રવાઓને=અજ્ઞાનતાને મોક્ષના ઇલ્મની ભુખ લાગી અને તેને મટાડવાની અમર આશા તરફ આગળ વધ્યો. દ્રવાઓ=અજ્ઞાનતા આમ અમરદાદની શકિત ઉરવરની છાયામાં આવીને હસ્તી મેળવવાનો સ્વપનો દેખાડતી નીદ્રામાં પડેલો છે. ઉરવરના આશીરવાદીક ઝાડની છાયા સૃષ્ટીમાં અનેક ભેદોમાં રહી છે. ગેતીમાં આ ભેદ દેખીતાં ઝાડ અને તેનાં ફળમાં ઉતરેલો છે. ઉરવનનો દ્રવાઓ જે ગેતીમાં તનોમંદ હાલતમાં આવેલો છે તેને હમેશગી તરફ લઇ જવા લાંબી જીંદગીએ જીવડાવવો જોઇએ. જીવને ટેકવવા ખોરાક થયો છે જેમાં ઉરવરનો આશીરવાદ કામ કરે છે. ઉરવરનો આશીરવાદ ઝાડપાન અને બીજી પેદાએશમાં ઉતરવે તેઓ મારફતે તનને પુગે છે, જેથી જીવ ટકે છે અને અમર આશાએ પુગાય છે. એમ ઉરવર તે આશીરવાદ છે, જે ઝાડોમાં ફળોમાં અનેક ગતી–ગુણો પકડીને રહયો છે, કે જેથી અંગ્ર જઇને શાંતી આવે છે અને હમેશગીએ પુગાશે. આમ હમેશગી અને ઉરવરને સંબંધ છે. ત્યારે આ આશીરવાદના પડવાનો જડ આકાર ઝહાડરૂપમાં છે. ગેતીની ઉપર ઉતરતા ઘણા ભાગના મોટા ભાગના

( ફુટનોટ માટે જુઓ પાને ૬૪૦ મે.)

**અજ[૩૭] હુમોઇન[૩૮] હર્ આઇન્[૩૯] ગુનાહ્,[૪૦] હર્ આઇન્[૪૧] મર્ગરૂજાંન્,[૪૨] હર્ આઇન્[૪૩] ફ્રરૂદ્દ માન્દ્,[૪૪] હર્ આઇન્[૪૫] માનીદ્,[૪૬] હર્ આઇન્ ગુનાહ્ અજ ગુનાહ્,[૪૭] ઑએમ[૪૮] અંદરૂ[૪૯] અરૂદીબેહેશ્ત્,[૫૦] આતશ્,[૫૧] આતશ્ સર્દગાંન[૫૨] જસ્ત્,[૫૩] પ પતેત્ હોમ.[૫૪]**

દરેકે દરેક બધા[૩૮] ‖ જુદી જુદી જાતના[૩૯] ‖ ગુનાહ,[૪૦] ‖ કે જે મરગરજાની[૪૨] ‖ જુદી જુદી ચહડ ઉતર ગતીના હોય,[૪૧] ‖ ફ્રરોદમાંદને લગતા[૪૪] ‖ જુદી જુદી ચહડ ઉતર ગતીના હોય,[૪૩] ‖ જુદી જુદી ચહડ ઉતર ગતીના[૪૫] ‖ માનીદેને લગતા હોય,[૪૬] ‖ કે જે જાતજાતની ચહડ ઉતર 'અજ' ગતીના હોય,[૪૭] ‖ જે[૪૮] ‖ અરદીબહેશ્ત અમશાસ્પંદ[૫૦] ‖ અરદીબહેશ્ત સાથે જોડાયલા આતશ[૫૧] ‖ જાતજાતના આતશો[૫૨] ‖ તરફ ઉભા થયા હોય,[૩૭-૫૩] ‖ તેઓને છોડી દઉં છું.[૫૪] ‖

**અજ[૫૫] હુમોઇન[૫૬] હર્ આઇન્[૫૭] ગુનાહ્,[૫૮] હર્ આઇન્[૫૯] મર્ગરૂજાંન્,[૬૦] હર્ આઇન્[૬૧] ફ્રરૂદ્દ માન્દ્,[૬૨] હર્ આઇન્[૬૩] માનીદ્,[૬૪] હર્ આઈન્ ગુનાહ્ અજ ગુનાહ્,[૬૫] ઑએમ[૬૬] અંદરૂ[૬૭] શેહેરેવરૂ,[૬૮] અયોખ્શસ્ત્,[૬૯] અયોખ્શસ્ત્, સર્દગાંન[૭૦] જસ્ત્,[૭૧] પ પતેત્ હોમ.[૭૨]**

દરેકે દરેક બધા[૫૬] ‖ જુદી જુદી જાતના[૫૭] ‖ ગુનાહ[૫૮] ‖ કે જે મરગરજાની[૬૦] ‖ ચહડ ઉતર ગતીના હોય,[૫૯] ‖ ચહડ ઉતર[૬૧] ‖ ફ્રરોદમાંદ ગતીના હોય,[૬૨] ‖ જાતજાતની ચહડ ઉતર[૬૩] ‖ માનીદે ગતીના હોય,[૬૪] ‖ જાતજાતના 'અજ' ગુનાહનો હોય,[૬૫] ‖ જે[૬૬] ‖ શહેરેવર અમશાસ્પંદ[૬૮] ‖ શહેરેવર સાથે જોડાયલી ધાતુ ઉપ ધાતુ તરફ[૬૯] ‖ જાતજાતની ધાતુ સાથે[૭૦] ‖ ઉભો થયો હોય,[૭૧] ‖ તેઓને દુર કરૂં છું.[૫૫-૭૨] ‖

---

(પાને ૬૩૯ મેથી ફુટનોટ ચાલુ.)

આશીરવાદો ઝાડ-વનસ્પતીમાં ઉતરે છે. માટે ઝહાડને ઉરવર આશીરવાદનું ઠામ-તડકાની સામેનો બચાવ-જીંદગીના ટકાવનો દરમાન--અમર ગતીએ પુગવાની મારફત કહે છે. આ આશીરવાદને લીધે ઝાડમાં અરવહીઓબી દાખલ થઇ જાય છે અને ઝાડ નીચે ઇનસાન અને હેવાનબી સાહયો લે છે. ઝાડમાં આશીરવાદો જાતજાતની રીતે રહે છે. મોટામાં મોટો આશીરવાદ તે બરવખ્તનો આશીરવાદ અને હીંગામોનો આશીરવાદ છે. આમ અમરદાદની હમેશગીની યાદ અને તેને પુરી પાડવાનું-આપવાનું ઠામ ઝાડો છે, જેમાં ઉરવરનો ભેદ છે, શમ્સના સ્વાનો ભંડાર છે - અમર ગતીએ પુગવાની કુંચી છે. એમ અમરદાદ અને ઉરવરનો સંબંધ છે.

અજ[૭૩] હમોઇન્[૭૪] હરૂ આઇન્[૭૫] ગુનાહ્,[૭૬] હરૂ આઇન્[૭૭] મર્ગરૂઝાંન,[૭૮] હરૂ આઇન્[૭૯] ફરોદ્દ માન્દ્દ,[૮૦] હરૂ આઇન્[૮૧] માનીદ્દ,[૮૨] હરૂ આઇન્ ગુનાહ્ અજ ગુનાહ્,[૮૩] ઑએમ્[૮૪] અંદરૂ[૮૫] સ્પેંદા-રમદ્દ,[૮૬] જમીન્[૮૭] જમીન્ સર્દગાંન્[૮૮] જસ્ત,[૮૯] પ પતેત્ હોમ.[૯૦]

બધા[૭૪] || જાતજાતના[૭૪] || ગુનાહ,[૭૬] || જાતજાતના[૭૭] || મરગરજાન જાતના,[૭૮] || જાતજાતના[૭૯] || ફરોદમાંદ જાતના,[૮૦] || જાતજાતના[૮૧] || માનીદે વર્ગના,[૮૨] || જાતજાતના 'અજ' ગુનાહો,[૮૩] || જે[૮૪] || સ્પેન્દારમદ અમશાસ્પંદ[૮૬] || સ્પેન્દારમદ સાથની જમીન[૮૭] || જાતજાતની જમીનો[૮૮] || સામે થયા હોય[૭૩-૮૯] || તેઓથી હાથ ઉઠાવું છું.[૯૦] ||

અજ[૯૧] હમોઇન્[૯૨] હરૂ આઇન્[૯૩] ગુનાહ્,[૯૪] હરૂ આઇન્[૯૫] મર્ગરૂઝાંન,[૯૬] હરૂ આઇન્[૯૭] ફરૂદ્દ માન્દ્દ,[૯૮] હરૂ આઇન્[૯૯] માનીદ્દ,[૧૦૦] હરૂ આઇન્ ગુનાહ્ અજ ગુનાહ્,[૧] ઑએમ્[૨] અંદરૂ[૩] ખોરૂદાદ્દ,[૪] આવ્,[૫] આવ્ તોખ્મગાંન્[૬] જસ્ત,[૭] પ પતેત્ હોમ.[૮]

બધા[૯૨] || જાતજાતના[૯૩] || ગુનાહો,[૯૪] || જાતજાતના[૯૫] || મરગર-જાની,[૯૬] || જાતજાતના[૯૭] || ફરોદમાંદ,[૯૮] || જાતજાતનાં[૯૯] || માનીદે વર્ગના,[૧૦૦] || જાતજાતના 'અજ' વર્ગના,[૧] || જે[૨] || ખોરદાદ અમશાસ્પંદ[૪] || ખોરદાદ સાથ જોડાયલાં પાણી[૫] || જુદી જુદી તોખ્મનાં પાણીઓ[૬] || સાથે થયો હોય,[૯૧-૭] || તેઓથી હાથ ઉઠાવુ છું.[૮] ||

અજ[૯] હમોઇન્[૧૦] હરૂ આઇન્[૧૧] ગુનાહ્,[૧૨] હરૂ આઇન્[૧૩] મર્ગરૂઝાંન,[૧૪] હરૂ આઇન્[૧૫] ફરૂદ્દ માન્દ્દ,[૧૬] હરૂ આઇન્[૧૭] માનીદ્દ[૧૮] હરૂ આઇન્ ગુનાહ્ અજ ગુનાહ્,[૧૯] ઑએમ્[૨૦] અંદરૂ[૨૧] અમરૂદાદ્દ,[૨૨] ઉર્વરૂ[૨૩] ઉર્વરૂ સર્દગાંન્[૨૪] જસ્ત,[૨૫] પ પતેત્ હોમ.[૨૬]

બધા[૧૦] || જાતજાતના[૧૧] || ગુનાહ,[૧૨] || જાતજાતના[૧૩] || મરગરજાની,[૧૪] || જાતજાતના[૧૫] || ફરોદમાંદી,[૧૬] || જાતજાતના[૧૭] || માનીદે,[૧૮] || જાતજાતના 'અજ' ગુનાહો,[૧૯] || જે[૨૦] || અમરદાદ અમશાસ્પંદ[૨૨] || અમરદાદ સાથે જોડાયલાં ઉરવર=ઝાડપાન[૨૩] || જાતજાતનાં ઝાડપાન[૨૪] || સાથે થયા હોય[૯-૨૫] || તેઓથી હાથ ઉઠાવું છું.[૨૬] ||

અજ[૨૭] હમોઇન્[૨૮] હરૂ આઇન્[૨૯] ગુનાહ્,[૩૦] હરૂ આઇન્[૩૧] મર્ગરૂઝાંન,[૩૨] હરૂ આઇન્[૩૩] ફરૂદ્દ માન્દ્દ,[૩૪] હરૂ આઇન્[૩૫] માની-દ્દ,[૩૬] હરૂ આઇન્ ગુનાહ્ અજ ગુનાહ્,[૩૭] ઑએમ્[૩૮] અંદરૂ[૩૯] દામે અહુરમજદ્દ[૪૦] જસ્ત,[૪૧] ચુન્[૪૨] સતરૂ,[૪૩] માહ્[૪૪] ઓ[૪૫] ખોરૂશેદ્દ,[૪૬]

**આતશ્[૪૭] સોહુર્[૪૮] સોઝ઼ા,[૪૯] સગ,[૫૦] વએ,[૫૧] ગોસ્પંદ્[૫૨] પંજ્ આઇન્,[૫૩] ઓ[૫૪] અવરે[૫૫] ગવહે[૫૬] દ્હેશ્નાંન્,[૫૭] ઇન્[૫૮] અહુર-મજ્દ ખેશ્,[૫૯] ચુન્[૬૦] અંદર્[૬૧] જમીન્[૬૨] ઓ[૬૩] આસ્માન્[૬૪] ચુન્[૬૫] મન્[૬૬] અંદર્[૬૭] ગુનેહ્ગાર્ બુદ્ એસ્તેદ્ હોમ્,[૬૮] અજ આંન્ ગુનાહ્ મનશ્ની ગવશ્ની કુનશ્ની, તની રવાની ગેતી મીનોઆંની, ઑખે અવાખ્શ્ પશેમાન્ પ સે ગવશ્ની પ પતેત્ હોમ્; પ પતેત્ હોમ્ અજ ગુનાહ્.**

બધા[૨૮] || કીસમ કીસમના[૨૯] || ગુનાહો,[૩૦] || જાતજાતના[૩૧] || મર-ગરજાની,[૩૨] || જાતજાતના[૩૩] || ફરોદમાન્દી,[૩૪] || જાતજાતના[૩૫] || માનીદે,[૩૬] || જાતજાતના 'અજ' ગુનાહો,[૩૭] || જે[૩૮] || અહુરમજદની ભલી પેદાયશ[૪૦] || જેવી કે[૪૨] || સેતારાઓ,[૪૩] || માહ ચંદ્ર[૪૪] || અને[૪૫] || ખુરશેદ,[૪૬] || લાલ,[૪૮] || બલતા[૪૯] || આતશ સાથે,[૪૭] || સગ કુતરા[૫૦] (રવનની એટલે કુતરા જેવી વર્ણના પ્રાણીઓ) || પક્ષી,[૫૧] || પાંચ જાતના[૫૩] || ગોરપંદો,[૫૨] || અહુરમજદ સાથના સીદ્ધા પેવંદની સંબંધના[૫૯] || બીજી બધા[૫૫] || ભલી[૫૬] || પેદાયશ[૫૭] || જે[૬૦] || જમીન[૬૨] || અને[૬૩] || આસ્માન[૬૪] || વચ્ચે છે[૬૧] || તેઓ તરફ[૨૭] [૬૭] || જો[૬૫] || હુ[૬૬] || ગુનાહ-ગાર ઠડયો હોઉં, તો એ બધા મનશ્ની–ગવશ્ની–કુનશ્નીને બગાડનાર–તનને સ્થુલ બીનતાશ્વાસુ કરનાર – રૂવાન ઉપર આઝાબ મુકનાર – ગેતીમાં જડતા ફેલાવનાર–કુદરતને રોકનાર ગુનાહોથી અએ ખોદાવ દે પાક, દીલોજાનથી પશેમાન થઇ પાછો હઠું છું અને તેઓની શીક્ષા ખમી ભલી ખેરદ કરવા ઉસ્તવાર છું.[૬૮] ||

## ફુલ કુદરતની પેદાયશ તરફ અદબ બતાવવાનો કાયદો શીખાડનાર પતેત.

હયાં કહે છે કે લાલ બળતા આતશ તરફ ગુનાહ કીધો હોય તો–તેમ કુતરા ગોસ્પંદ સાથે ગુનાહ કીધો હોય તો, હું તોજેશ કરૂં છું તેમાં કંઇબી અર્થ સાધારણ મગજ શક્તિથી કરી શકાય કે કુતરાને કે ગોસ્પંદને ભુખે રાખ્યા હોય માર્યા હોય–વગેરે. પણ હયાં કહે છે કે સેતારા–ચંદ્ર–રવી–પક્ષી અને જમીન અને આસ્માન વચ્ચેની બધી પેદાયશ સાથે ગુનાહો કીધા હોય–આનો અર્થ સાધારણ રીતે સમજાય એવો નથી. આ વાક્ય ઘણુંજ ભેદ ભરેલું છે. આ વાક્ય સુચવે છે કે આજની દુન્યા અને અસલની જરથુસ્તી દુન્યાનાં જ્ઞાન વચ્ચે આસ્માન અને જમીન જેટલું છેટું છે, ભલેને આજનાઓ પોતાને આગળ વધેલા સમજે, પણ જો સાસાન જમાનાનો કોઇ નર જીવતો થઇને આપણા વચ્ચે હોય તો તેને આજની

દુન્યાનું જ્ઞાન ઘણુંજ કમ અને તકલીદી માલમ પડે. જેમ જાનવરો કુદ-રત વીષે બેખબર રહીને ધરતી ઉપર ફર્યા કરે છે અને લાગણીના આવે-શમાં આવીને વર્ત્તી રહે છે, જેનું તેઓને ભાન થતુજ નથી, તેમ તે નરને આજનો ઇનસાન કુદરત સાથની તેની કાર-રવાઇના બાબમાં લાગે, કેમકે આજના ઇનસાનમાં કુદરત સાથના ગુનાહ કેમ થાય તેને સમજવા અકકલ ખીલેલીજ નથી. એક ઇનસાનની વર્તણુક સીધ્ધી દોર જેવી જોઇએ એટલે એવી જોઇએ કે જેથી કુદરતમાં નુકસાન નહિ થાય. ઇનસાનને પેદાયશમાં શ્રેષ્ટ બનાવ્યો છે અન તેની કરણીનો જવાબ જાનવરો તેમ પક્ષીઓ ઉપર તેમ ગ્રહ મંડળના ચાલવાની ઉપર અને ગ્રહ મંડળના બે મુખી રવી અને માહ ઉપર અસર કરે છે. જેમ જાનવર ગમે તેમ ખાય છે-પીએ છે-ફરે છે અને પોતાની લબ્ થુક સાથે લપેતાય છે તેમ ઇન-સાને કરવાનું નથી. જાનવરમાં સીરફ લાગણી છે, ભાન નથી. પણ ઇન-સાનને ભાન-જબાન-લાગણી-અકકલ અને ફેલ છે. ઇનસાન પાસે તે પતમાન છે કે જેનો મુળ ભાગ અહુરમજદ પોતે મુળ પતમાન તરીકે રાખે છે એટલે ઇનસાનને ઇનસાફ કરવાનું ભાન છે. માટે ઇનસાન જાનવર જેવો નથી, પણ જાનવરનો સરદાર છે, ત્રસ્ટી અમાનતદાર દોરવનાર રતુ છે. માટે ઇનસાનની વર્તણુક કુદરતનાં સાંચાકામને ચલાવવાની (grease) ગ્રીઝ છે-જે ગ્રીઝ કુદરતનાં સાંચાકામને એકથી કરોડગણી ફાયદો કરતા રીતે ચલા-વવાની ગતી રાખે છે. ઇનસાન ત્યારે કુદરતને ચલાવવાની તે મકદુર રાખી શકે છે કે જે મકદુર યજતોનેબી નથી, કેમકે યજતોમાં હવસ નથી. ઇનસાનમાં હવસ અને અકકલે-ફેલ છે. **ઇનસાન જો હવસને રોશન ફેલ સાથની અકકલથી જીતે તો હેવાનોના હવસોનો કરોડગણો ભાર તે કાપી શકે છે, જે કામ યજતોનું નથી. ઇનસાનના જન્મ-વાનો આવોજ ભેદ છે તે વિષેનાં દુરલભ જ્ઞાનથી આજની દુન્યા જાનવર જેવી બેખબર છે.** ઇનસાન જો ઉલટો ચાલે, હેવાનની માફક વર્તે, તો પોતાની બુરી ખાસ્યતને વધારીને અણદીઠ કુદરતનાં સાંચાકામમાં તે ખાસ્યતનો કચરો નાંખે છે, જેથી તે સાંચાકામને ચલાવનાર વ્યકતીઓને એટલે રવી-માહ વગેરેને તકલીફ પડે છે, જે અઝીમ ગુનાહ થયો. ઇનસાન જો તરીકતપર ચાલે, રોશન ફેલની સાથે સાથ રહીને દુઝ-પરહેઝ કરે, અદ-બને જાણે, અંદાઝો સમજે, તોપછી તે માનવ ઇનસાનીઅતને છાજતો થયલો કહેવાય એટલે ખરો ઇનસાન તે કહેવાય, જેના જન્મ થવામાં કુદરતે જે ધારણા રાખી છે તે પ્રફુલીત થતી આવે. અદબ રાખવી એ મજદસ્નીઓનું મુળ લક્ષણ છે. અદબ માનવ તરફ રાખવી જેટલી અવશ્યની છે તેટલીજ, ના,

તેથી વધુ અવષ્ય રીતે માનવે જાનવરો તેમ બીજી હેઠલી પેદાયશો તરફ તેમ કુદરતની રચના તરફ અદબ રાખવી ઘટે છે, જેને માટેજ તરીકતને રસ્તો બતાવેલો છે. દુન્યામાં જેમ વર્ત્તણુકોના અંદાજાઓ છે; જેમ કે મા અને બહેન-દીકરી તરફની વર્ત્તણુકો, પોતાની કદબાનુ સાથની વર્તણુકોથી જુદી પડે છે તેમ કુદરતમાંની દરેકે દરેક નોખી નોખી ચીજોની સાથે વર્તણુકમાં ફરક છે. દીનમાં જે જે તરીકતો આપેલી છે તે આવા આવા ગુહ્ય નિયમો ઉપરથી થઇ છે. દીન પ્રમાણેની તરીકતી જીંદગી જેઓ ગુજારે તેઓજ ઉપલા ગુનાહોમાંથી બચે. જડવાદની રીતીઓમાં આ બધા જ્ઞાનની ગેરહાજરી છે માટે જડવાદની રીતીનીતી સાથેજ આ બધા ગુનાહો જોડાયલા છે. આજે સાયન્સને નામે અને આજના તમામ જડ રીતના cult-civilisationને નામે જે બધું થઇ રહે છે તેમાં કુદરત તરફની મોટી બેઅદબી છે એટલુંજ નહિ, પણ તેમાં કુદરતની આકેબત માટે પુર્ણ જાતની અજ્ઞાનતા છે. આજે તો કુદરતને જંગલી જેવી crude ઓછી અકકલની ગણીને પોતાને વધુ અકકલનો ગણીને કુદરતને સમારવાનો દાવો છે. કુદરત સાથની વર્તણુકની ખરી અકકલ આજના ઇનસાનને અપાઇજ નથી. માટે આવી બાબદોને વહેમ કરીને તે ફેંકી દે છે. જેમ લાગણીઓનો ભોગવટો જાનવર જાહેરમાં બેખબર રીતે કરે છે, જેમાં તેને ખોટું જેવું કંઇભી લાગતું નથી, તેમ આજે માનવ કુદરતની સાથે વર્ત્તી રહે છે એમ કહેવામાં જરાએ ખોટું નથી. જાનવરને જાહેરમાં લાગણીઓના આવેશના ભોગવટાઓ કરવામાં જેમ ખોટું નઓજુ લાગતું નથી તેમ કુદરત અને હેઠલી વસ્તીઓ સાથની બેઅંદાઝી ભરેલી વર્ત્તણુકમાં ખોટું શું છે તેનું ભાન આજના જડ મતીના ઇનસાનને થતું નથી. જડ ઇનસાન કર્મયોગી હોવે, શ્રદ્ધાનો ગરીબ ઇનસાન જે ધર્મયોગી છે તેને સાંપની માફક ડંખે છે. **વીદએવો દાત=વંદીદાદના ભેદની કદર આજે થાયજ નહિ.** આજનાઓ તેને વહેમ કહીને ગાળ દે. આજના જમાનાની ચાલજ તેવી છે. કુદરતે તેને કંઇક અર્થે કીધી છે, જે વીષય સાથે આપણને લેવું દેવું નથી. પણ સેતારા-ચંદ્ર-ખુર તરફના ગુનાહો મરગરજાન-માનીદે-ફ્રેદમાંદ-અજ શું હોઇ શકે તેનું ભાન આપવા આટલું બ્યાન ઠીક થઇ પડશે. જે સાહેબો પતેતના લખનારને અડડગ સમજી પોતે દાનાઇનો ઝભ્ભો પહેરે છે, તે સાહેબોને તેઓની તેવી મતીના ભુલાવામાં રહેવા દેવા વગર બીજો ઇલાજ નથી, કેમકે તેના દએવનો ભુલાવાનો પ્રભાવ જયારે તેઓ ચીનવત ઉપર જોશે ત્યારેજ ખરી ખેરદ મેળવીને પતેતની ઉપયોગીતા વિષે બીગુમાન થશે. પણ એવાઓના ઝહેરથી બીજાઓ ઉપર અસર થાય છે એજ દલગીરી છે, જેને અટકાવવા આ નબળી કોશેશો કરવામાં આવે છે. ઇનસાને જો આજના

જમાનાની અકકલઓ ખીલવી હશે તોઓ તેને પતેતનાં આવાં ગુહય બ્યાન ઉપર વીચાર કરવે ખરૂં કંઇક જડી આવશે. પણ આજે તો બધા તદન કામ ચલાઉ ઉપર ઉપરનો વીચાર કરે છે અને એક બીજાના આવેશથી ચાલે છે તેઓને એટલા માટે કશાંનું ખરૂ ભાન થતુંજ નથી.

**( કરદો ૯ મો ) સતર્ શેકશ્ની,[1] ખએતુદથ્ વસોવશ્ની,[2] દુદ્એ-વેહાન્ વસોવશ્ની,[3] ગાહામબાર્,[4] ફ્રર્વરદીઆંન્,[5] હોમ દરૂન્,[6] ઉસ્ત્ફ્રરીદ્[7] યજદાંન્[8] નેહાદ્[9] ઓ[10] પદીરફ્રત્,[11] રપિથ્વેન્ફ્રરદુમ,[12] રોજે-વદરૂંદગાંન્,[13] ચુન્[14] મન્ આવાયસ્ત્ યશતન્,[15] ઑએમ્ ન યશત,[16] અજ્ આંન્ ગુનાહ્ મનશ્ની ગવશ્ની કુનશ્ની, તની રવાની ગેતી મીનોઆંની, ઑઓ અવાખ્શ પશેમાન્ પ સે ગવશ્ની પ પતેત્ હોમ; પ પતેત્ હોમ અજ્ ગુનાહ્.**

પાલક આપવા કહેલો હોય તે નહિ આપવો અથવા પાલકને તેનો હક નહિ આપવો તે ગુનાહ,[1] ‖ ખએત્વોદથમાં ચુડણા પાડવા-કચરો નાખવો-ખલલ કરવાનો નાહ,[2] ‖ હમખેશી-બા-એખલાકથી રહેવાના જરથોશ્તી કાયદે રહેતું કુટુંબ જે 'વેહાન' ભલાઓનુ એટલે વેહદીન પ્રમાણે ચાલતુ કુટુંબ કહેવાય છે તેઓના સંપમાં કચરો નાખવાનો ગુનાહ,[3] ‖ ગાહામ્બારની ક્રીયાઓ[4] (અટકાવવાનો ગુનાહ), ‖ મુકતાદની ક્રીયાઓ[5] (નહિ કરવાનો અથવા ઘર-માંથી બહાર મોબેદોને ત્યાં હડસેલવાનો ગુનાહ ), ‖ હોમ દરૂન-હોમના દરૂન-હોમની બાજ-યજશ્નેની ક્રીયા-હોમની ક્રીયા[6] (નહિ કરવાનો ગુનાહ), ‖ યજતોની ક્રીયા બીજી જીવન મરણની માનોઇને લગતી ક્રીયાઓ માટે[8] ‖ મુકરર થયલી કાયદા પ્રમાણે ઠેડવેલી[9] ‖ ઇજેલી મેજ સામગ્રી-દીવો બતી-ફ્ળ ફ્રૂટ જે કાયદાસર ધોઇને પાકીઝગીથી લેવાય છે તે બધું કાયદાસરનું કામ,[7] ‖ જે કરવા-કરાવવા મોબેદ બેહદીન બંધાયા છે તે નહિ કરવાનો ગુનાહ,[11]-(બેહદીન ક્રીયા નહિ કરાવે અને મોબેદ લોચો રાખે-પવિત્રાઇ વગર બધું ગમે તેમ લઇ ચલાવે તેવી વર્તણુકનો ગુનાહ), ‖ પહેલી એટલે ફ્રરવરદીન મહીનાના અહુરમજદ રોજની રપિથ્વન ઇજવી[12] ( જોઇએ તે નહિ ઇજ-વાનો ગુનાહ ), ‖ ગુજરેલાનો દહાડો[13] ( કરવો જોઇએ તે નહિ કરવાનો ગુનાહ),-‖ આ બધું તેની રીત પ્રમાણે[14] ‖ મારે કરવું જોઇતું હતું[15] ‖ તે બધું યા તે બધામાંનું કંઇ નહિ કીધું, તો[16] ‖ આ બધા મનશ્ની-ગવ-શ્ની-કુનશ્નીને બગાડનારા-તન-રૂવાનને આઝારમાં નાખનારા-ગેતીને નુક-શાન કરનારા-કુદરતને તકલીફમાં મુકનારા ગુનાહોથી ત્રણ વખત બોલીને એટલે દીલ-દેમાગ-અને ઝબાનની એકયતાથી થતી ખરી નીખાલેસીથી હાથ ઉઠાવું છું અને તેની શીક્ષા ખમીને ભલી ખેરદ બાંધવા ઉસ્તવાર છું. ‖

## ખએત્વદથનો અર્થ : આજના કાયદાસરના લગ્નની સાથે તેનો સંબંધ.

ખએત્વોદથ શબ્દમાં 'ખએત્વ' અને 'દથ' બે શબ્દો છે. 'ખએત્વ' એટલે દુજની પકડમાંથી મળેલી ખલાસી-સ્વતંત્ર હાલત; અને 'દથ' એટલે આપ લે કરવું. એક મર્દ પોતાની જાતને આલે કરી દુજ રહીતની કરી તેમાં પોતાને લગતા બધા નીચલી દુન્યાના અંશોને તેવા દુજ રહિતના કરી ઉમેરીને તે બધા ઉમેરાયલા તન-મનને ખાશ્રવત નુરી કરીને રૂવાનમાં મેળવી, એમ આખી વ્યકતી નુરમંદ થઇ 'ખએત્વવાળી' એટલે દોશ આઝાબ દુજથી નીરાળી અમર કાયાની થઇને, પછી પોતાને લગતી ઓરતનેપી તેમ કરી કરાવીને, એમ બેઉ નુરમંદ ખએત્વવાળા થઇને તેઓ બેઉ એક બીજાને આપી દે છે-એકમાં બીજાને મેળવીને અસલ જેવી અખંડ હાલતના થાય છે, ત્યારે તે હાલતને ખએત્વોદથની હાલત કહે છે. ઇનસાનનાં રૂવાનની આ છેલ્લી નેમ છે જે પછી તે કુદરતની સંફમાં જોડાય છે. આ બનાવ ઉપલી દુન્યામાં દાદારે ગેહાનની પુર્વેના શશ કેશ્વરમાં થાય છે. ગેતીમાં આ બનાવ ભાગ્યેજ થાય અને થાય તો **પસુ -પચની** ક્રીયાને જોરે થાય. આવી મહાન મતલબના છેડાની શરૂઆત તે જીવતી જીંદગીનું કાયદેસરનું પોતાની વર્ણમાં કાંધેલું લગ્ન છે, જો કે લગ્નમાં જે જોડાં મળે છે તે પોતાને લગતાં રહેતાં નથી. અસલમાં એક રૂવાન હતું જેમાંથી બે ભાગ થયલા, એક નરતું-બીજું માદાનું થયલું. આ બે રૂવાનો તનોમંદ હાલતમાં જીવતી હાલતમાં પરણે તો ખએત્વોદથનુ જોડું થયલું કહેવાય. પણ હાશેમી જમાનમાં આમ થતું નથી. આજે કર્મનાં જોડાં એટલે મર્દ ઓરતનાં રૂવાનો એક ભાગના નહિ હોય તેવાં જોડાં સંધાય છે. આમ જોડાં સંધાઇ એક બીજાનું આપી દઇ એક બીજાથી મુકત થઇને પછી ખરૂં ખએત્વોદથનું જોડું મળી શકે છે. **આજના જેવા લગ્નથી કર્મનું કરજ આપ્યા વગર તે કરજ ચુકતે થતું નથી.** પણ જો એક આદમી આજના જેવું લગ્ન કાયદેસરનું નહિ કરે અને રખાત રાખે, કે પારકી વર્ણ સાથે હકુમતને કાયદે પરણે, જેબી રખાત જેવું જ છે, કેમકે તેની ઉપર દીનની સીલ નથી, તો તેથી તે કરજ ઓરજ વધે છે અને આખરે મળવાનું ખએત્વોદથનું જોડું દુર જાય છે. આમ ત્યારે ખએત્વોદથનો હિંગામ જે આવવાના છે તેને નઝદીક આવી પહોંચવા ગેતીનાં લગ્નો મદદ કરે છે. ત્યારે ગેતીના લગ્નનું જોડું સંધાતું હોય તેમાં જો કોઇ કચરો નાખે, તો તેની ખએત્વોદથની નેમ વધુ દુરના હિંગામ તરફ મુલતવી રહે, જે એક ગુનાહ થયો.

## દુદહે વેહાન્=હમખેશી-બા-એખલાકથી વસ્તું કુટુંબ તેમાં કુસંપ કરાવવાનો ગુનાહ તે શું છે?

જરથોશ્તી કાયદા પ્રમાણે 'દુદ' કુટુંબને ટેકવવું ઉત્તમ ચીજ

છે. કુટુંબના દાયરાથી તે બધાં કુંટુંબીઓમાંના એક બીજાની વૃદ્ધી વધે છે અને તેવાં વધેલાં કુટુંબથી કુદરતને ઘણી મદદ મળી શકે છે. દરેક ઇનસાને પોતાના મા-બાપ તેમજ નઝદીકના દુરના સગાંની સાથે પુર ઇમાન નઇતીક સચ્ચાઇથી રહેવું દીનનું હમખેશીને લગતું પહેલું ફરમાન છે અને તેમજ કદીમ ઇરાનમાં થતું હતું. જ્યારે એમ થવામાં કચાસ આવી ત્યારેજ પડતી આવી. ઇરાનની આબાદીના વખતમાં કદી ધારો કે કેટલાકો એક ચુલો નહિ રાખતા હોય પણ છુટાછટા રહીને અનેક ચુલાઓ રાખતા હોય, તોબી તે બધાઓ એકજ જથ્થામાંજ રહેતા અને એક બીજાંઓ એક બીજાંને ખરાં અંતકરણથી દરેક રીતની મદદ કરતા હતા. પૈસા ટકાની તંગી વખતે કે દુખ દરદ વખતે કે શાદી રામેશની વખતે વગર બોલાવવે-કહેવડાવવે મદદ કરતા હતા; જો કદી જરાક કોઇ કોઇમાં બેદીલી ઉભી થતી તો તેને તુર્તજ દુર કરાવતા હતા. આમ થવાથી તે બધાં કુટુંબીઓના મિથ્રો=વીચારોનો અને ઉશ્તાનો=દમોનો અને તે બધાની 'અઇપિ' =આસપાસની વાતાવરણોનો રાદી=ખરો વૃદ્ધી કરાવતો સંબંધ તેઓની વસવાટની જમીનમાં તેમ હવામાં રવીના બાતેન સ્વાની અસર રોશની મારફતે અને ઘરના આતશો મારફતે કુદરતી રીતે થઇ રહે છે તે થઇ રહેતો હતો, જેથી એકની ઉપર પડતી આફતનો સંદેશો બીજો જો કબી બહારગામ હોય તોબી તુરતજ કંઇબી સુરતે માલમ પડી આવતો હતો અને એકની માંગેલી ભલી મુરાદ બીજાને તુરતજ પુગી શકતી હતી; અને તેવા કુટુંબીઓની ભણેલી માંથ્રવાણીથી શહેરને-શાહને-આદમજાત-હેવાન-નબાતાત-જમાદાત બધાને સહેજે જલદીથી ફાયદો થઇ શકે છે તે થતો જતો હતો. આમ 'દુદ' કુટુંબી હાલતને સાચવવાના મોટા અમુલ્ય કુદરતી ફાયદા છે. એમ છે માટે જે કોઇ કુટુંબીઓમાં ફુટ પડાવે તે ગુનાહને પાત્ર ઠરે છે. અસલમાં દરેક કુટુંબનો પોતાનો એક વડો રહેતો હતો. કુટુંબીઓમાં કાકા મામાના એમ દુર પાસેના પણ એકજ કુનીઅતના એટલે એક અટકના બધા આવી જતા હતા. તેઓને માથે એક વડો રહેતો હતો અને પોતાના કુટુંબની એક મીજલસ રહેતી હતી અને પોતાના દુરદરાજ લગીનાં બધાં સગાંઓનું રેજીસ્તર રાખતા હતા અને પોતાને લગતા જે દય મુબેદો હોય તેઓને તે રેજીસ્ટર સોંપીને તે દએ મોબેદની અને પેલી ખાસ કુટુંબી અંજુમનની આણુ-વસીઅત હેઠળ રહેવાનો અસલ ચાલ હતો, જે તે જમાનાના કાયદાની રૂયેજ હતું-જેમાં કબી ખલલ પડે તો તકસીરવાર ઠરતા હતા. આમ હતું એટલે ગરીબાઇ જેવું કંઇ લાગતું હતું નહિ અને યતીમખાનાની જરૂર પડતી હતી નહિ. દય મોબેદ એટલે કુટુંબને લગતો અને કાય-

દાની રૂએ થયલો રાહબર પોતે દીન-દસ્તુર દીનના વડાની આણુ હેઠળ રહેતો હતો અને દીન-દસ્તુરો મગવ મંડળના વડા સોશાવર્જની આણુ હેઠળ રહેતા હતા. દીન દસ્તુરો પોતે અનેક સંસ્થાઓ રાખતા હતા, જેમાં હાલની બેંક જેવી એક સંસ્થા રહેતી હતી. એ ઉપરાંત તેઓ પાસે ખાસ ખજાનો રહેતો હતો, જેમાંથી દરેકે દરેક કુટુંબની શાદી રામસ્ની કે ધર્મીને લગતી ક્રીયાઓ વીગેરે થઇ રહેતી હતી. આવા ખજાનાને ટેકવવા દરેક જણ પોતાની ગુંજાશ મુજબ મોટા મોટા અવસરો ઉપર પૈસા આપતા હતા. આમ સારે માઠે અવસરે તે દુદ કુટુંબના દએ મુબેદ બધું સગનનું કે બીજું મોહત જીવનનું કામ બોલાવ્યા વગર નીયમસર એક ધોરણે કરી જતા હતા, જે વખતે પૈસા આપવા પડતા નહિ. પૈસો તો ઉપર કહયું છે તેમ મોટા મોટા અવસરે દરેક જણ પોતાની ગુંજાશ મુજબ દીન-દસ્તુરના ખજાનામાં આપતા હતા. દીન-દસ્તુર આખા મોબેદ વર્ગને પાળતા ચલાવતા હતા. આમ કુટુંબી રીતે રહેવાનો અને દીન-દસ્તુરની આણુમાં અને કુટુંબના વડાની આણુમાં રહેવાનો અસલથી રીવાજ હતો જે તે જમાનાના કાયદાની રૂયેજ હતું. અસલ એવા કાયદાઓ હતા એમ હમારા ઉસ્તાદ સાહેબ શીખવતા હતા. પણ આજના પશ્ચિમ દેશના લોકોને હાથે લખાયલો ઘણાજ અપુર્ણ અને દરેક રીતના હવાઇ તર્કવાળા ઇતિહાસોમાં એવા તોલ્લાઓ મારેલા છે કે સાસાનીઅન વખતમાં લેખીત કાયદા હતા નહિ. આમ લખવાનું તેઓને જરાબી સંગીન કારણ છેજ નહિ, પણ તેથી ઉલટું એમ માનવા સંગીન કારણો છે કે ઇરાનમાં લેખીત કાયદાઓ હશેજ. ગ્રીક લોકોમાં કહેતી હતી કે laws of the Medes never change, મીડ લોકોના કાયદા ફેરફારને આધીન હતા નહિ. વળી હાલના અવસ્તામાં કાયદાની નોંધ ડગલે ને પગલે છે કાયદાને માન આપવું તેજ દીન છે. આટલું બધું ખુલ્લું આજે છે છતાંબી આજના ઇતિહાસોમાં એવો ગેરઇનસાફ થયલો છે. આને લીધે હમારા ઉસ્તાદની જબાની ઉપર કેટલાકો શક લઇ જતા હતા, પણ સારે નસીબે **"માતીકાને હઝાર દાદેસ્તાન"** નામની ચોપડીનો તરજુમો આજે પ્રગટ થયો છે, જેમાંથી માલમ પડે છે કે હાલના યુરોપ દેશની પ્રજાઓના કાયદાઓના વિસ્તાર કરતાં ઇરાની કાયદાઓનો વિસ્તાર મોટો હતો. આજનું બધું તે અસલનીજ કોપી છે કેમકે માતીકાનમાં જે બયાન છે તે લગભગ આજના જેવું છે. શાહને જો કાંઇ પુછપરછ કોઇબી આદમી વિષે કરવી પડતી તો બીજા સાધનો ઉપરાંત દીન-દસ્તુરોનું સાધન હતું, કેમકે દીન-દસ્તુરો દએ મોબેદ મારફતે રેજીસ્તર રાખતા હતા, જેમાંથી તે કુટુંબને શોધી કાઢીને તે કુટુંબના વડાની મારફતે પુછપરછ થતી હતી. કુટુંબના વડાના કહયાસરજ કુટુંબીઓ રહેતા હતા. આજની માની લીધેલી ખોટી સ્વતંત્રતામાં આવો કુટુંબી

ગાંઠ રહેતો નથી અને તેથીજ આજે ગરીબાઇ – યતીમખાના અને બદી-લુચ્ચાઇ અને પોલીસ વગેરેની જરૂર પડે છે. જેમ કુટુંબો રહેતા તેમ મહોલ્લાવાસી શહેરવાસી રહેતા, અને કોઇનું બ્યુગલ પુકાતાજ શહેરના વીર નરો મદદે આવી પુગતા એટલે ચોરો–ધાડપાડુઓને તુરતજ તેઓ પુરા પડી શકતા હતા, અને લશ્કરની ટુકડી આવી પુગે તે પહેલાં આવા કુટુંબી શહેરીઓથી કામ થઇ રહેતું. આવી રીતે ઇરાની મુમલેકતના મોટા મોટા શહેરોના લોકોએ લશ્કર કે લશ્કરના વડા સરદારની ગેરહાજરીમાં સીઝરો જેવા જબર રોમન શાહોની સામે પોતાના બચાવો કીધેલા ઇતીહાસમાં માલમ પડે છે. પણ જે વખતે આવો 'દુદ' કુટુંબી શહેરી ગાંઠ જરા ઢીલો થતો ત્યારેજ આફત વરસતી હતી. આમ ત્યારે 'દુદ' કુટુંબમાં વેર નાખવાનું ગુનાહ ભરેલું છે.

---

## રપિથ્વેન્ ફ્રૂદુમ=પહેલી રપિથ્વનનો હિંગામો: તેની સમજ.

હિંગામને અવસર તરીકે ઓળખે છે. અવસરને વખત એટલે દહાડા સાથે જોડેલો હોય છે. આ દહાડાઓ જેઓ હિંગામને લગતા છે તેઓમાં ઉપરથી ખાસ રીતની અસર રોશની એટલે દાદારના આશીરવાદો ઉતરીને પોતાનાં કુદરતી શુભ કામને કરી રહે છે. આ અસર રોશની એટલે દાદારનો આશીરવાદ તે દહાડાની ઉપર પડતા રવીના રવાઓની ગુદય ગતી મારફતે ઉતરે છે. એમ છે માટે હિંગામમાં તે દહાડામાં ઉતરતી રવીની રોશની અને તે રોશનીની અંદર રહેલા આશીશો –એમ ડબલ ભેદ રહેલો હોય છે. ત્યારે હિંગામો એટલે રવીના રવાઓની ગેતીમાં ઉતરવાની ચોકસ ગતી જે તે ખાસ દહાડાઓમાં વહી રહે છે તે, અને તે દહાડાઓમાં ઉતરતા રવાઓનાં વહાણમાં સૃષ્ટીની રચનાના સર-સામાન–આશીરવાદોનું આવવું અને તેથી સૃષ્ટીની રચનાનું થવું અને રૂતુઓનું થવું. કુદરતમાં **બે મુળ હિંગામો** છે. ફ્રવરદીન મહીનાથી તે છેક મહેર મહીના લગી રવીના રવા રવીથી દુર અને દુર એક સરખી રીતે જાહેર રીતે ઉતર્યાજ કરે છે. આમ સાત મહીના લગી રવાઓની જાહેર ચાલ એકસરખી હોય છે. આ વખતે સૃષ્ટીને ભોગવી શકાય તેવી ઉભી કરવાનો સરસામાન તે રવાનાં વહાણમાં ખોરદાદ અને તેના નાયબ યાઇર્ય અને સરેદ યજત મુકીને સૃષ્ટી–ગેતીને તનોમંદ હાલ-તની અને તે માંહેલા ભોગવટો ભોગવવા જેવી કર્યા કરે છે. આ વખતે રવીના રવાઓ ૨૪ કલાકમાં પડી રહેતા પાંચ ગાહો ઉભી કરે છે. આ સાત મહીનામાં એક માનો એટલે યજતી શકિત નામે **મીનો રપિથ્વન** ઉભી થઇને **સૃષ્ટીમાં ભલો બંદોબસ્ત પેદા કરી શકે છે. આ સાત મહીનામાં ગેતીને**

ધડવાના પ્રવાહો ઉતરે છે એટલે ગેતીને જડનામાં ઉગાડવાના પ્રવાહો ઉતરે છે એટલે ભલો બુરો બેઉ જાતનો ભોગવટો જે થવાનો છે તે થઇ રહે તેવા પ્રવાહો ઉતરે છે. આ **સાત મહીના**ના ચાલુ વખતમાં ચોકસ કુદરતી એકસરખી ગતી ઉતરીને ઉપર કહી તેવી રચના કરી રહે છે એટલે એક જાતના હિંગા-મનો સામાન્ય જલ્વો બનાવી રહે છે, એટલે એકજ જાતનો અવસર પાડી રહે છે જેને **હામીનનો હિંગામ** કહે છે. આ **સાત મહીના**ના હામીનના હિંગામમાં બે જાતની ગરમી એક તરી સાથની ગરમી અને બીજી ખુશ્ક ગરમી નીચે ઉતરે છે. તરીવાલી ગરમીમાંથી વસંત રૂતુનો પ્રભાવ થાય છે અને ખુશ્ક ગરમીમાં ઉનાળાની ગરમીનો તાપ અને વરસાદની રૂતુ થાય છે. આ વખતે મીનો રપિથ્વન જાહેરમાં કામ કરે છે અને જેનો જેટલો કેશાશ હોય તેટલો પિથ્વ = ખોરાક ભોગવટો પકાવી આપે છે. **રપિથ્વન** શબ્દ અવરતા **અરેમ પિથ્વ** ઉપરથી અથવા **અયરે+પિથ્વ** ઉપરથી થયો છે **પિથ્વ** એટલે ખોરાક અને **અયરે** એટલે વખત. **અરેમ** એટલે જોઇએ તેવો એમ પાકો અને બરનો. આવા શબ્દ અર્થોમાંથી બર આવનો ખોરાક પકવી આપનાર વખત એવો **અર્થ** ઉભો થાય છે. મીનો રપિથ્વન એટલે આવું બર વખતનું-પતમાન જળવાય-જીંદગી ટકે તેવું-નાશ દુર થાય તેવું પકવી આપવાની કામ કરતી શકિત આ સાત મહીનામાં કામ કરે છે અને બુરાઇને એવી રીતે ઉતરવા દેતા નથી કે જેથી વબાઓ-આફતો ઉભી થાય અને અહિરીમન પોતાનાં કામમાં ફાવી જાય એટલે તે મીનો રપિ-થ્વન આફતો પ્લેગોને ફાટવા દેતો નથી. ફરવરદીન મહીનાનો અહુરમજદ રોજથી તે છેક મહેર મહીનાની આખેરી લગીમાં આ મીનો રપિથ્વન ગેહા-નમાં કામ કરીને વસંત રૂતુ અને ગરમીનો ઉનાળો અને વરસાદને મીઝાનસર ઉગવા દે છે. આ ફરવરદીન મહીનાની આગળના પાંચ મહીનામાં ચાર રૂતુઓ હતી-રપિથ્વન હતી નહિ. પણ જેવો ફરવરદીન મહીનો બેઠો કે મીનો રપિથ્વન કામ કરવા લાગે છે, અને ગેહબો પાંચ થાય છે, એટલે રપિથ્વન ગાહ ફરવરદીન માહ અહુરમજદ રોજથી પહેલવહેલી શરૂ થાય છે. ત્યારે પાંચ મહીના લગી એટલે આવાંથી સ્પેન્દારમદ મહીના લગી હાવન-ઉઝીરન-અઇવિસ્રૂથ્રેમ-ઉપહિન ગાહો હતી-રપિથ્વન હતી નહિ. માટે હવે ફરવરદીન મહીનાના અહુરમજદ રોજની રપિથ્વનને પહેલી રપિથ્વન=**ફરદુમ રપિથ્વન** કહે છે. આ વખતથી મીનો રપિથ્વન યજત તરીકે ઉપર કહયું તેમ કામ કરે છે અને ગેતીના જડ કેશાશને નરમરૂપ કરવા મથે છે. મીનો રપિથ્વન રતુ તરીકે ૧ થી ૭ મહીનાના હિંગામનુ ત્રાજવું રાખે છે-તે ૭ મહીનાના હિંગામની તરીવાળી અને ખુશ્કીવાળી ગરમીના ગરભોને મીઝાનસર

નસ્કોમાંથી ઝંદ અવસ્તા કરી આપે છે અને અસલ નસ્કોને ગોયા હસ્તી-માંથી વીસરાવી દે છે, તેમજ 'તરીકત'થી દરેક જમાનના અંદાઝ પ્રમાણેજ અપાય છે અને નહિ થઇ શકતી તરીકતને જાહેર કરીને તરીકતના શુભ નામને રૂશ્વા થવા દેતા નથી. તરીકત એટલે રસ્તો એટલે સરસમાં સરસ વ્યવહાર અને economic નફાકારક રીતે કામ કરવાની ગતી procedure, કે જેથી અહુરમજદની નેમ પાર પડે. તરીકત તો કુલ કુદરતમાં ચાલી રહી છે અને તેથીજ ગેતીની ઉપર અસંખ્ય દરેઘો ખદાતેઓ સરળ રીતે ચાલ્યા કરે છે અને દરેક દરેઘો ખદાતમાં બર-વકતે અન્ય જીરમો ઉભી થઇને ફ્રશો-ગર્દ કરવાનું એટલે કુલ્યાતી મોક્ષ લાવવાનું કામ ચાલ્યું જાય છે. **તરીકત** તે રસ્તો અને રસ્તા ઉપરની મુસાફરી છે, કે જેમાં તેને ચલાવનાર **અનેક મારેફ્તો** અને તે મારેફ્તોને ટેકવનાર **હકીકતો** સાથે સાથજ રહી શકે છે, અને છેલ્લી જે નેમ છે જેને **મિશ્ર-બરીન કહે છે**= અહુરમજદની ધારણા કહે છે, જે ફ્રશો-ગર્દ કરવાને માટે છે કે જેને **ક્ષ્નઓથ્ર અહુરહે મજદાઓના** ભેદમાં જણાવી છે,-**'કાંમ્ અંજામ બેદ્ ચુન્ અહુરમજદ ખોદા'**='અહુરમજદની ખુશનુદી થાય-તેની ફત્તેહ થાય' એવા દુઆરૂપના ઉદગારોમાં કહી છે, તે ફળીભુદ થયા કરે છે. કુદરતની તરીકત એટલે '**પન્ત**' અષની ઉપરનોજ હોય છે. અષમાં પુર્ણ વ્યવસ્થા હોય છે અને વ્યવસ્થામાં ઇશરાફ=બગાડ હોતો નથી પણ ખરી કરકસર હોય છે. કરકસરમાં બખીલાઇ નહિ પણ ઇનસાફ પ્રમાણેની હદ હોય છે. પણ કુદરતમાં '**અપન્ત**' કરનાર, રસ્તામાં અટકાવ મુકનાર, અષના બંદોબસ્તને ખોરવનાર, કરકસરને બદલે ઇશરાફ ઉભો કરી વૃદ્ધીમાં અટકાવ મુકનાર ધનામીનો છે. ત્યારે દએનમાં જે તરીકતો છે તે કુદરત અનુસાર, માટે અષોઇની ઉપરજ રહે છે, પણ તરીકત પોતે મારફેત અને હકીકતની સાથેજ રહે છે, એટલા માટે ખાસ જમાના કે જેની વાત થતી હોય તેમાં જેવા બસ્તે કુસ્તીઆન હોય અને તેઓની મારેફ્ત કહેતાં શાહેનશાહત અને અંજુમન અને દીન દસ્તુરી જેવી હોય, અને તેઓની હકીકત કે જેમાં બગો બખ્તની ગતી એટલે કુદરતની ઇનસાફી ભેદી ગતીનું ઉતરવું એટલે જમાનાનો રોહ જેવો હોય, તેજ પ્રમાણેની તરીકત ગોતી કાઢી અપાય, અને જો હકીકતને નહિ પેશ પડતી તરીકત અપાય તો ત્યાં ધનામીન આવીને 'અપન્ત' ઉભો કરે, કેમકે ઉપર જોયું કે તરીકત અષની ઉપર છે. અષમાં ખરો બંદોબસ્ત છે, ખરા બંદોબસ્તમાં કરકસર છે, કરકસરમાં ઇનસાફ પ્રમાણેની હદ છે. માટે કુદરતે જે તબઇની હદ દોરી છે એટલે જમાનાનો રોહ ચલાવ્યો છે તે પ્રમાણેના કુદરતના ઇનસાફની વર્તણુકને જો

ઓલંગીને હદ ઉપરાંતનું કરાવે તો ગેરબંદોબસ્ત જામ્યા વગર રહે નહિ અને 'સ્પૅર્જવન્ત'=ઢોંગીપણું ઉભુ થાય. તરીકતમાં સીધો રસ્તો હોવોજ જોઇએ એટલે રાહે-રાસ્તી હોવી જોઇએ એટલે જમાનાના લોકોને બરની હોવી જોઇએ. જો બરજીસના સત્ય યુગની તરીકતોને આ હાશેમના કળી-યુગમાં લાવવાનો દાવો કરે તો પછી તરીકતની પાછળની હકીકત તેને બરની નહિ હોવાથી ત્યાં ઢોંગની જુઠાઇ શરૂ થઇને ઉલટો મામલો પેદા પડે છે. માટે તરીકતની દોરવણી કરવામાં મોટી જુમેદારી છે.


તરીકતના ત્રણ મુળ genus જીનસ=વર્ગો છે અને તે ત્રણના દરેકના બીજા ત્રણ પેટા ભાગો છે અને તે દરેક પેટા ભાગની બે બાજુઓ છે. ત્રણ મુળ genus જીનસો=વર્ગો તે હુમત-હૂખ્ત-હવ-રશ્ત છે અને એ દરેકના ત્રણ પેટા ભાગ તે મનશ્ની-ગવશ્ની-કુનશ્ની છે.

---

આ લખાણ આગળ પાને ૬૮૧ મે ચાલુ કીધું છે.

# પુર્ણ તરીકતોના ચહડ ઉતર ૧૮ પગથીઆંઓ :

## તરીકતના ત્રણ મુળ જીનસ યાને વર્ગો અને ૧૮ પ્રકાર:




કુલ્લે ૧૮ પ્રકાર.

આમ ૧૮ રીતમાંની જે છેલ્લામાં છેલ્લી રીત છે યાને હુવરશ્તની કુનશ્નીની તરીકતો છે તે આજે જાહેર કરવામાં પુન્ય છે, અને તે કાઇબી જમાનને અનુકુળ આવે અને પળાય અને તેની મારેફતે અને હકીકત કોઇબી જમાનના બસ્તે કુસ્તીઆનની હોય છેજ. આ તરીકત શું છે તેનો ચિતાર છેલ્લે આપીશું. હવે તરીકત કાંય જોઇએ તે ઉપર પહેલે ધ્યાન પુગાડીશું.

આજે આપણે ઘણી બાજુથી સમજયે છીએ કે જરથોસ્તી દએન તો સાદી સુતરી છે, તેને પાછળથી ઘણીજ ગુચવી નાંખી છે. આવું બોલનારા જો અભણ અને બીન અનુભવી અડભંગ ઇનસાનો હોય તો પછી કંઇબી બોલવાનું રહયુંજ નથી. પણ જો કાર-આઝમુદે આજ કાલની પ્રવૃત્તીમાં ચકચુર થયલા લોકો જો આવું બોલે, તો પછી આપણને કંઇક અચંબો લાગે છે. કોઇ એક બેંક યા વીમા કંપનાનો મોટો ઓધેદાર પોતે પોતાનાં કામમાં ઘણોજ પુરવીણ હોવે, બીજાઓને તે વિષે સલાહ આપી શકે કે ફલાણી બેંક કેવી છે, તેમાંનાં કયાં ખાતામાં પૈસા ભરવા કે ફલાણી રીતે વીમો ઉતારવો સારો છે વીગેરે, તો તેઓને તે વિષે બોલવાનો હક છેજ, કેમકે તેઓ તેમાં પુરવીણ છે. પણ એ સાહેબો જયારે પોતે દીન વિષે બોલે, ત્યારે તો ઉપર કહેલા તેઓના ધંધાની પુર્વીણતા પ્રમાણે દીનમાંબી પુરવીણ હોવા જોઇએ. પણ જયારે તેવા શખ્સને તેઓના દએન બાબે જ્ઞાન કે વાંચન વીષે પુછવામાં આવે છે, ત્યારે તો માલમ પડે છે કે તેઓ દએનને જાણતા નથી અને તે વિષે વાંચી શકતા નથી, વાંચવાનો તેઓને વખતજ નથી. આવા શખ્સો કે જેઓ પોતાનાં કામમાં તે કામથી અજ્ઞાન બીજાં લોકોને બોલવાનો હક આપતા નથી, તો પછી તેઓ પોતે ધર્મ વિષે કઇ રીતે બોલતા હશે તેનું ભાન તેઓને થતુંજ નથી. આજે પશ્ચિમાત્યની વીદ્યાનો દોર પુર્ણ જોશથી ચાલવે જડતાની પકડ દરેકે દરેક વીચારમાં ઘર ઘાલીને બેઠી છે. માટે તેવી રીતનાં શિક્ષણોના પડઘાએ આવા કાર-આજમુદે લોકોનેબી ભમાવી મારેલા છે. ના, એટલુંજ નહિ, પણ ક્ષનૂમ જેવી નાખાલેસ વૃત્તીની સંસ્થામાંબી આજના જમાનાને બરના-કહેવાતા ઉંચ વૃત્તીના જમાનાને બરના વિચારોની પકડ છે, જો કે તેની જગા ત્યાં કમ છે.

પહેલે કહેવામાં આવે છે કે આપણી દીનમાં કંઇજ નથી. સીરફ મનશ્ની-ગવશ્ની-કુનશ્નીજ છે. એટલે સાફ મન, ખુલ્લું દીલ રાખવાજ પેગમ્બરે શીખવેલું છે, કેમકે પેગમ્બર પોતે હવાઇ વીચારવાળા હતાજ નહિ પણ practical એટલે કાર સાધ્યું થતું જુએ તેવા હતા. માટે તેવણે જોયું કે મનશ્ના-ગવશ્ની-કુનશ્નીથીજ કાર સાધ્ધી થશે માટે તેમ કરવા ફરમાવી.

ગયા છે. આવી રીતે બોલનાર શખ્સો યા બીજાને મનાવનારા શખ્સો ખુદ (practical truth) દરરોજ દેખાતી જોવામાં આવતી હકીકતનો ચિતાર આપતા નથી પણ એક હવાઇ વાત કરે છે. આજે દુન્યાના લોકોની જાતજાતની મગજ શકિત, માનવ માત્રની મગજ શકિતનો પ્રભાવ જોવાની તક જો કોઇનેબી ઘણીજ ખુલ્લી રીતે મળતી હોય, તો તેઓ વકીલો-ડૉકટરો અને વૈદો અને વેપારીઓ તેઓની બેંક વીમા જેવી સંસ્થાને ચલાવનારાઓ હોય છે. આ બધામાં વકીલો અને વેપારીઓ તો વહેવારૂ બાજુનો ચીતાર જોવાની ઘણી તક મેળવે છે, જ્યારે ડોકટર-વૈદો તો સીરફ શરીરની લાગણીઓનો જોશ મન ઉપર કેટલો પ્રબળ રહે છે તેનો અંદાઝ જોવાની તક મેળવે છે. આવા બહોળા અનુભવના ઇનસાનોને ખબરજ છે અને તેઓ જોઇને જાણી શકે છે કે ભલો વીચાર-બોલ-કામ રાખવું ઇનસાનને માટે practical બને એવું નથી, પણ તે તો સત્ય યુગની એટલે કંઇક હવાઇ જેવા દુરના દેખાતા જમાનાની વાત છે. આ તો જાણીતું છે કે ઘણી વખત ન્યાયની ખુરસીએ બેસનાર પ્રમાણીક જડજને લાગે છે કે એક જણ તકસીરવાર છે, પણ કાયદાની કંઇક technicality બારીકીને લીધે તે ન્યાયાધીશ તે ગુનાહગારને શકનો લાભ આપીને પોતાનાં અંતકરણની સામે થઇને પણ કાયદાની બારીકીને તાબે થઇને તેને છોડી દેવો પડે છે. જો આજના જમાનાની ન્યાયની દેવડીમાં મનશ્ની-ગવશ્ની-કુનશ્નીનું ચલણ પુર્ણ નહિ હોય તો પછી સમજવું સહેલું છે કે તેવી વર્ત્તણુકો practical રીતે સરળ રીતે થઇ શકતી નહિ હોય. કયો શખ્સ આજે પોતાને અંતકરણ પ્રમાણે ચલાવવાની હીમ્મત બતાવે છે? બધાજ પોતાની મનશ્ની-ગવશ્ની-કુનશ્નીને પોતાની મતલબ અનુસાર ગમે તેમ ફેરવે છે, જેનું બીજું નામ અસત્ય છે. ત્યારે આવુંજ એકલું આજે વ્યવહારમાં practicality કાર્યસાધકપણાનુ જોમ બતાવી રહયું છે. વળી આજે દરેક તબીબને ખબર છે કે reflex action એટલે ખાવાનું આવે ને મોહમાં પાણી છુટે એટલે ખાવાનુ જોઇને મોહડાંમાં ખાવાના વીચારની શરૂઆત થવાનો જોશ શરૂ થાય એટલે એકમેક તરફના ખેંચાણનો જોશ, મર્દ ઓરત તરફના ખેંચાણનો જોશ, હવસો-હવસોના ઉભરાતનો જોશ થાય છે તે તો કુદરતી છે, જેને તેઓ physiological fact શરીર-રચનાનાં સાંચાકામમાં ચાલતી ગતી કહે છે, જેની ઉપરનો મનનો control=કાબુ હોઇ શકે એમ જડવાદી ગતી માનવા ના પાડે છે. પણ તે control=કાબુ શું કામ કરવા હોવો જોઇએ એમબી તેમાંના ઘણાઓ કહેવાની શેખી વટીક કરે છે. કાઇની હાજર થતા ખોરાકને ખાઇ લેવામાં જેમ તેઓ ખોટું જોતા નથી, તેમ હવસોને ભોગવી

લેવામાં તેઓ એક practical બાબદ વ્યવહારૂ ચીજનું ચલણ જુએ છે. આમ જ્યારે આજે practical બાજુમાં મચી રહેતો સંસાર રાદી મનશ્ની–ગવશ્ની–કુનશ્નીથી ઉલટોજ ચાલતો દેખાય છે, તો પછી રાદી મનશ્ની–ગવશ્ની–કુનશ્નીની વાતો એક હવાઇ વીચાર જેવી થઇ પડે છે, એટલે એમ અર્થ થયો કે આજની જીંદગીની રીતો તો મનશ્ની–ગવશ્ની–કુનશ્નીની ઉપર કાબુ રાખવાનું unpractical બીન વ્યવહારૂ સમજે છે અને ખરેખરજ એમજ છે. કોઇ માંગે છે કે પાપ નહિ કરૂં છતાં તે પાપ કરે છે. કોઇ માંગે છે ફલાની ચીજથી દુર રહું, છતાં તે તેમાં સંડોવાય છે. વર્ષોના વર્ષોથી આ કળયુગમાં લોકો એમ અટવાયા કરે છે, તો પછી તેજ પુરવાર કરે છે કે સાદી રાદી મનશ્ની–ગવશ્ની–કુનશ્ની પ્રમાણે ચાલવું હાલ જમાનમાં મહાલજ છે, કેમકે હવસોનો જાતજાતનો વતુંળ ચાલ્યાજ કરે છે, અને સીધ્ધો રસ્તો જેને રાદી મનશ્ની–ગવશ્ની–કુનશ્ની કહે છે તે આજે હઝારો વર્ષો થયા પણ પોતાની સત્તા મોટે ભાગે જમાવી શકતોજ નથી. એમ છે માટેજ ઉપલા જડવાદી જ્ઞાનીઓ આવી કાબુ લાવવાની ગતીને હવાઇ ગણે છે. એમ જો રાદી મનશ્ની–ગવશ્ની–કુનશ્ની રાખવાનું practical વ્યવહારૂ નથી, તો પછી જરથુસ્ત્ર કે જેના એકલા એજ સિદ્ધાંતો છે, તેવણ practical ઠડી શકતા નથી. પણ આજે આપણે જોઇએ છીએ કે દુન્યામાં કંઇબી ચીજ એવી નથી કે તે મેળવવાની સહેલ હોય. કોઇબી દુન્યવી સંસારની મુરાદ હાંસલ કરવામાં સીધ્ધો રસ્તો royal road હોતો નથી, તો પછી ધર્મની બાબદમાં ઇનસાન કઇ રીતે સીધ્ધો રસ્તો–ટુંકો રસ્તો પોતે પોતાની ગતીથી જોઇ શકે? રાદી મનશ્ની–ગવશ્ની–કુનશ્નીને બધા રાખી શકતાજ નથી; પોતે રાખવા માંગે છે તોબી તેમ કરી શકતાજ નથી એ અનુભવ સીધ્ધ બાબદ છે. તો પછી સહેલાઇ–સુતરાઇનો ખ્યાલ ધર્મમાં કઇ રીતે આવી શકે? મનશ્ની ભલી રહેતી નહિ હોય તો પછી તે શખ્સ શું કરે? ગવશ્ની સાચ્ચી તેનાથી રખાતીજ નહિ હોય તો તે શું કરે? બુરાઇ તેનાથી થયા કરતી હોય તો પછી તે શું કરે? આનો જવાબ શું છે? ખરેજ જો મનશ્ની–ગવશ્ની–કુનશ્નીની સચ્ચાઇ સુતરી રીતે ઇનસાન રાખી શકતો હોય તો પછી દુન્યામાં બદી રહેજ શાની? ઇનસાન કંઇ દરેક વખતે હવસોમાં રહેતો નથી. તેની શાંતીના વખતમાં તેને ભલાઇનો ખ્યાલ આવે છે. તે હમેશ માટે ભલાઇ લેવા માંગે છે છતાંબી તે લઇ શકતો નથી. એ તો આજે કુલ ઇનસાન બસર આગળ, દરેક આગળ, તેની rational વ્યવહારૂ ગતી આગળ મોટો problem સવાલ છે.

ઇનસાનની સ્થુલ રચના કે સુક્ષ્મ રચના બેઉ એવી રીતની છે કે

મનશ્ની–ગવશ્ની--કુનશ્નીની સચ્ચાઇ સરળ રીતે રહી શકેજ નહિ. બુરાઇ કરવા તેમ ભલાઇ કરવા બેઉ રીતો પ્રમાણેનું વર્ણુક કરવાનું શરીર કુદરતે તેને આપ્યુ છે. તો પછી આ સાદ્દજ થાય છે કે 'સુતરૂ' સહેલું કંઇ છેજ નહિ, કંઇ હોઇ શકે નહિ, પણ બેઉ રીતીઓએ એકમેક ઉપર જીત મેળવવાની છે. આમ છે માટેજ જરથોસ્તી દએનમાં દરેકને રથએસ્તાર થવા કહ્યું છે. જે કોઇ રથએસ્તાર થઇ શકતો નથી તેને ભલાઇની બાજુમાં રહીને મારા ખમનારો એટલે સંસારમાં અટવાઇ જનારો એટલે હુતોખ્શ કહયો છે. આને માટે પછી તે દએનમાં દુઇનો બેપણાનો કાયદો સમજાવેલો છે. દરેક ઇનસાનને જીભ છે તેથા ગમે તે તે ખાય અને સાચ્ચું અને જુઠ્ઠું બેઉ તે બોલે છે. ઇનસાનમાં જાતી અંગો છે અને તેની લાગણીઓને તે વશ થાય છે, જેમાં તે નઇતીકનું ઓળંગણુ કરે છે અને નહિબી કરતો રહે છે. ત્યારે જીભ ખાય કે બોલે, ઇદ્રીઓ લાગણીઓને વશ થાય, જે કાયદે-સર કે ગેરકાયદેસરની હોય, તે બધાંની ઉપરનો હાલી હાલ કાબુ નથી તે બધું હવસેમાં આવે છે એટલે શરીરમાંથી તેની મરજી ઉપરાંત નીકળતાં storm તોફાન રૂપનું છે જેની ઉપર તેનો કાબુ નથી; પોતે ચાહે તો કાબુ લાવે તે વાત જુદી છે, જેને માટેજ તરીકતો છે. તે ગુનાહગારીની ચીજ કીધા પછીથી તેનામાં કંઇક છે, જેને અંતકરણ કહે છે તેમાં ડંખ ચાલે છે. આ ડંખ દરેક માનવને થાય છે, જે ડંખ તેને પ્રેરણા કરે છે કે આ ખરૂં કે આ ખોટું; પણ આ 'અંતકરણ'બી પછી ડંખવાની ગતીમાં સુસ્ત થઇ જાય છે. ઇનસાનો જેમ કારો–કસરતથી અંગબળ-મનબળ વધારે છે તેમ ઇન-સાનો જો તે ડંખને સાંભળે નહિ, તો પછી તે ડંખબી સુસ્ત થઇ જાય છે. આમ ત્યારે શરીરમાં થઇ રહે છે, જે કઇ રીતે થતું હશે તેની સમજ ઇનસાનને થતીજ નથી. જો શરીરનાં સાંચાકામની ખબર રહેતી નથી તો પછી તે સાંચાકામને આપણે કઇ રીતે આપણી મરજી મુજબ ચલાવી શકીએ ? એમ ત્યારે માણુસ જાતે ભલો વિચાર રાખવા–લાગણી ઉપર કાબુ રાખવાને માટે કંઇક પ્રયોગો કંઇક રીતીઓ જોઇએ. તેવી રીતીઓ બતાવ્યા વગર કહયા કરવું કે માનવે ભલો વિચાર રાખવો જોઇએ, લાગણીઓ ઉપર કાબુ રાખવો જોઇએ, તે હકીકત ઇનસાન જાતનો સ્વભાવ જોતાં practical કાર્ય-સાધક નથી. એમ છે માટે દએનમાં 'દુઇ'=બેપણુ શીખવેલું છે અને તે બેપણાની મારામારી–સામસામાપણામાંથી કેમ રસ્તો લેવો તેનો રાહ **તરી-કત** આપેલી છે. જયારે ઇનસાન પોતે રસ્તો કાપી શકતો નથી પણ હવસોમાં ડોળા ખાય છે, ત્યારે દએનમાં તે હવસોના દોરાન**માંથી** બહાર જવાનો રસ્તો Royal road, Railroad તરીકત આપી છે, જેઓને અવસ્તામાં **'પથ'** કહી છે.

શરીરમાં ઉપર જોયું તેમ હવસોની ભુલભુલામણી છે, તેમ વળી તેજ શરીરમાંથી કદી કદી ઉત્તમ ખ્યાલો નીકળી રહે છે, અને છેલ્લે તો ઇનસાન મરતી વખતે પુર્ણ સાચ્ચુંજ બોલીને મરી જાય છે. એમ છે માટેજ અંગ્રેજી કાયદામાં મરતાં માણસની શાહેદીને gospel truth ઇશ્વરી વાણી જેવી ગણેલી છે ત્યારે શરીરની આવી રચનાથી સીદ્ધ થાય છે કે શરીરમાં સચ્ચાઇનાં બીયાં પડેલાંજ છે. પણ હવસોના વંટોળ્યાથી તે સચ્ચાઇનાં બીયાંઓ ઉડયા કરીને પરાગંદે થયા કરીને તનની જમીનમાં તે સચ્ચાઇનાં બીયાં મુળ્યાં લઇને ઉગી શકતાં નથી. **દરેકે દરેક ઇનસાનમાં ત્યારે સચ્ચાઇનું અંતરજ્ઞાન છેજ.** દરેકે દરેક ઇનસાનમાં Sermon on the mount=હસ્તીનાં આસ્માન ઉપર જવાનું જ્ઞાન અને તેટલા માટે માનવમાં ખુદમાં રહેલા ઉંચા પહાડનો રસ્તો ખુલ્લો કરી તે પહાડ ઉપર ચઢીને ત્યાંથી હસ્તીએ પુગવાનું-જવાનું જ્ઞાન અને તેવાં જ્ઞાનને બીજાને આપવાનું મુળ તો છેજ. દરેક ઇનસાનમાં પ્રાણ આત્મા નામે ઉશ્તાન, જેને બઓદધંહની ગતીનું કહે છે, તે છેજ, જે ખુદ સચ્ચાઇ રાખે છે, જેના શકિતરૂપ પ્રભાવો રહયા છે, જે પ્રભાવોને મનશ્ની-ગવશ્ની-કુનશ્ની-વીર-હોશ-ખેરદ તરીકે ઓળખે છે એટલે સચ્ચાઇનાં બીયાંનું મુળ છેજ, પણ ખોટી તો સીરફ તેઓને ખીલવીને અમલમાં મુકવાની છે, એટલે શરીરના હવસોની જમીન જે પથ્થરની છે તે પથ્થરોને ઉખેડીને તે જમીનને ભલાં ખાતરની કરીને પછી પેલાં સચ્ચાઇનાં બીયાંને ઉગવાની તક આપવાનીજ છે. Sermon on the mountને એટલે માનવમાં રહેલા પહાડ ઉપર ચઢવાની નસીહતને દસ અદજર્નાં બીયાં કહયાં છે, જે કુદરતે દરેકે દરેક માનવમાં મુકેલાં છે; હેવાનોમાં મુકયાં નથી. હેવાનોની પ્રગતી માનવ ઉપર લટકેલી છે. પથ્થરની જમીન ખોદતાં મહેનત પડે છે, પરસેવો પડે છે, હારી ખવાય છે, હાથ પગમાં વાગે છે. એટલે તરીકત પાળતાંબી હવસો તો તેમના તેમજ ચાલે છે. પણ આખરેબી પથ્થર દુર થશેજ. ત્યારે નઇતીકના બોધોને સીરફ આપવું તે તો carrying coal to New Castle જેવું થઇ જાય છે, એટલે ન્યુ કેસીલ શહેર પરગણુ કે જયાં કોલસાઓ રવરવ થઇ રહે છે-મુફત મળે છે ત્યાં બહારથી કોલસા લાવવા જેવું મિથ્યા છે, કેમકે શરીરના ન્યુ કેસ્તલમાં નઇતીકનો કોલસો પડેલો છે, જેનું કીમીયુ કરીને તેને હીરામાં બદલાવાના છે, પણ ખરી બાબદ તનના જમીનના પથરાઓને દુર કરવાની છે. એ ખેતી ખેડાણ કઇ રીતે થાય તે માટે મીનોઇ ચશ્મ રાખનાર પેગમ્બર સાહેબ તે ખોદવાની રીત-તે ખેતીની રીત આપી છે, જેને ગાથામાં 'પથ'

કહે છે. ખુદ ગાથામાં તરીકતને સારૂ જાબજા ઇશારાઓ છે. પણ આજે તે શબ્દોનો અર્થજ સમજી શકતો નથી. તરીકત વીષે ખુદ ગાથામાં છે એના બેજ દાખલા આપીશું.

ગાથા હા ૫૩-૨ માં કહે છે કે '**હોઇ**'=તેને બરતે કુસ્તીઆનને-'**મજદાઓ વહુમાઇ**'=મજદાની વહમ=સ્તુતીને માટે, મજદાની મરજી પ્રમાણે ચાલવા માટે **ક્ષ્નૂમ** પ્રમાણેના, દીની ઇલ્મ જે જાહેર થયલો છે તેની વસીઅત પ્રમાણેના '**મનંઘ્રહા**'=વીચારો, ખાસ બતાવેલાં મનનથી, '**ઉખ્દાઇશ**'=ખાસ શીખવેલા માંથ્રો-વચનો અને સુદરેહ કુસ્તી-આલાતોને રેવાજમાં રાખવાની સાચ્ચી વસીઅતથી, '**શ્યઑથ્નાઇશ્ચા**'=રાદી રીતનાં કામો-તરીકતો જે બતાવેલાં છે તેથી, એટલે ક્ષ્નૂમ પ્રમાણેનાં શીક્ષણોથી ચાલી, '**આ ક્રઑરંત્ યસ્નાંસ્ચા**'=યસ્નો જે આપી છે તે ઉપર એતેકાદ રાખી બેગુમાન થવા '**કવચા વીશતાસ્પો જરથુશત્રિશ સ્પિતામો ક્રષઑશત્રસ્ચા દાઓંઘ્રહો**' = સ્પિતમાન જરથુસ્ત્રની ( સત્તા રાખનાર ) કએ ગુસ્તાસ્પ અને ભુત ભવિષ્ય જાણનાર ક્રષઓસ્તર '**સ્ચન્તૂ**'=શીખવશેજ. '**ઑરંજ્રુશ પથો**' (ઉપર કહેલા **ક્ષ્નૂમ** પ્રમાણેના વીચારો-માંથ્રો-આલાતો-સુદરેહ કુસ્તી-તરીકતો બધું )=સચ્ચાઇ રાખતી તરીકતોના રાહો ( છે, જે કય ગુશ્તાસ્પે પોતાની સત્તાથી અને ક્રષઓસ્તરે પોતાનાં ભુત ભવિષ્યનાં જ્ઞાનથી તે જમાનામાં ચલાવેલું, તે બધું ) '**યાંમ્**'=જેને **દએનાંમ્ અહુરો**'=અહુરાની દએન (કહે છે તેને) '**સઓષ્યન્તો દદાત્**'=ભવિષ્યમાં જગતની ઉન્નતી માટે કામ કરનાર રાયનીદારો માટે તૈયાર કરી મુકેલું છે.

હયાં ત્યારે કહે છે કે જેમ ભુતકાળમાં ક્ષ્નૂમની ગતીને-દએનની તરીકતોને કય વિશ્તાસ્પ અને ક્રષઓસ્તરે ચલાવેલી છે, તેમ ભવિષ્યમાંના સઓષ્યન્તો તે '**ઑરંજ્રુશ પથો**'=સચ્ચાઇની તરીકતોને ચલાવશેજ. માટે '**ઑરંજ્રુશ પથો યાંમ-દએનાંમ્**'=દએનની તે બધી તરીકતો-તરીકતોની દએન '**અહુરો દદાત્**'=અહુરાએ મુકરર કીધી છે. હયાં સાફ સાફ કહે છે કે જયારે જયારે દએનની તરીકતો ઉપર પાણી ફરી વળે છે, ત્યારે ત્યારે સઓષ્યન્તો, કે જેઓને માટે અહુરાએ તરીકતોનો ધર્મ ઉભો કીધો છે, તેઓ તે તરીકતોને ચલાવવા આવશેજ. '**ઑરંજ્રુશ પથો**' તે સાચ્ચી તરીકતો છે, '**ક્ષ્નૂમ્**' તે દીની જ્ઞાન છે, અને '**મનંઘ્રહા**' તે રાદી મિથ્રો છે. '**ઉખ્દાઇશ્**'માં કુદરતનો નાદ જે અવસ્તા માંથ્રમાં-સાચ્ચી જબાનમાં અને દએનના આલાતોમાં અને સુદરેહ કુસ્તીમાં વહી રહે છે, તે નાદ '**ઉખ્દ**' છે. આમ ક્ષ્નૂમનાં જ્ઞાન અને અમલને જોરે '**ક્રઑરંત્ યસ્નાંસ્ચા**'=યસ્ન ઉપર બેગુમાન થવાય છે, તે શીખવેલું છે. ક્ષ્નૂમનાં

જ્ઞાન વગર આજે કહેવાતા ધર્મ ધુરંધરો **'યસ્ન'**નું અપમાન કરી રહયા છે, 'ઉષ્દ' સુદરેહ–કુસ્તી આલાતોમાં અહુરમજદની ગતીનો નાદ નથી એમ શીખવી રહયા છે, તેઓને આ હા ની અંદરની સત્યવાણીનો ભાશ આવશેજ, અને છેલ્લે તો સાફ સાફ કહે છે કે **'ઍર્જ્ઞૂશ્ પથો યાંમ દએનાંમ'**=દએનાની રાદી તરીકતો ખુદ અહુરાએ સઓષ્યંતને માટે ભવિષ્યમાં જયારે આંધાધુંધી થાય ત્યારે ચલાવવા નેમેલી છે.

તરીકત પાળવાથીજ 'ગેઉષાઈશ' એટલે બે કાન નહિ પણ ઘણા કાનો એટલે કેહર્પનાં સુક્ષ્મ ચખ્રોની સુક્ષ્મતા થશે, અને તેથીજ **'સૂચા મનંઘહ્રા'**=ખરૂં જ્ઞાન ઉભુ થશે. દરેકને માટે એક સરખી તરીકત નથી. દરેકનાં તનની નબળાઇ મુજબ જુદી છે, જે પછીજ રાઝ ખુલશે. આવો ભેદ ખુલ્લી રીતે ગાથા હા ૩૦–૨ માં આપેલો છે, જેને આજના અભ્યાસીઓ ઉલટી રીતેજ બતાવે છે, અને કહે છે કે ત્યાં કહયું છે કે દરેકે પોતાના વિચાર પ્રમાણે ચાલવું. હમો જે ખુલ્લો શબ્દ અર્થ કરીએ છીએ તેમાંથી **તરીકત**ની સચ્ચાઇ દેખાઇ આવશે. **'સ્રઑતા ગેઉષાઇશ વહિશ્તા'**=ઘણા ભલા થયલા, સ્વાર્થથી દુર થયલા, પરદુખભંજનની શકિતઓએ પુગેલા કાનોથી એટલે કેહર્પ અણુદીઠ શરીર જેમાં ૧૬ ચખ્રો છે તેઓને સુક્ષ્મ કરવાનાં છે તેવાં તે સુક્ષ્મ કીધેલાં કેહર્પને જોરે–મને, (હું જે ભેદ કહું છું તે) સમજો. હયાં **'વહિશ્તા ગેઉષાઈશ'**નો અર્થ આજના અભ્યાસીઓ ખોટી રીતે ઉત્તમ કાનો કરે છે. પણ અવસ્તામાં દવીવચનબી આવે છે. માટે જો કાન શબ્દનો અર્થ બતાવવો હતે તો તે દવી વચન વાપરતે, પણ હયાં તો ગેઉષાઇશ શબ્દ બહુ વચનનો છે માટે એથી ઘણા કાનો કહયા છે. માટે આપણાં બે કાનવાળાં શરીરની વાત નથી. વળી તે બે કાનનું શરીર કંઇ **'વહિશ્તા'**=ઉત્તમ, સ્વાર્થ રહિતનું, નુરમંદ નથી. જો તે જડ તન નુરમંદ હોય તો તે ખુદ બ ખુદ જાણી શકે; તેને દોરવવાની જરૂર નથી. ત્યારે **'વહિશ્તા ગેઉષાઈશ'**માં કેહર્પની સુક્ષ્મતા છે. અને તે સુક્ષ્મતા લાવવાની રીતીઓ અખત્યાર કરી એટલે તરીકતો પાળીને નતીજો મેળવીને પછીજ ખરૂં શું છે તે તમો મારેથી સાંભળી શકશો, એમ કહે છે. વળી આગળ વધુ કહે છે: **'સૂચા'**=સુક્ષ્મ થયલી, પ્રકાશ પામેલી **'મનંઘહ્રા'**=મન શકિતથી, મને (હું જે કહું છું તેની સચ્ચાઇ) ખુદ બ ખુદ જોઇ લેઓ. હયાં **'સૂચા મનંઘહ્રા'**માં આત્મીક ગતી ખોલેલાં મન, હવસ રહિતનાં મનનો ઇશારો છે. કહે છે કે જયારે તમારૂં મન–અંતર ખુલશે, રોશન થશે, ત્યારે **'અવએનતા'**=તમો ખુદ બ ખુદ જોઇ શકશો, કે હું જે રાઝ કહું છું તે ખરાજ છે. હયાં **'અવએનતા'**=

જોવાની વાત છે એટલે જે કંઇ મેં સમજાવેલું છે તેની સચ્ચાઇ તમો ખુદ બ ખુદ મીનો ગતીએ પુગેલાં મનની આંખથી જોશો. હયાં ત્યારે તરીકત પાળવાથી **મીનો ચશ્મ** ખુલે છે, કેહર્પમાંની ત્રીજી આંખ—લહીઆનનું ચષ્મ ખુલે છે, કે જેથી ઇનસાન '**સૂચા મનંઘ્હ્ના**'=પ્રકાશીત આત્મીક બળનાં મનવાળો થાય છે, તે કહયું છે.

હયાંથી ત્યારે સાફ માલમ પડે છે કે જેમ '**વહિશ્તા ગેઉષાઇશ**' કરવા તરીકત જોઇએ છે, તેમ '**સૂચા મનંઘ્હ્ના**' થી જોઇ લેવાની તરીકતજ જોઇએ છે. જો ઇનસાનમાં ખુદમાં તેવા ઘણા કાનો અને તેવું ઉત્તમ જોઇ શકતું મન હતે, તો પછી તેઓ ખુદ બ ખુદ સમજીને જોતે, તો પછી જરથુશ્ત્રની શું જરૂર હતી? પણ તેઓને તેમ નહિ હતું, માટે જરથુશ્ત્ર કહે છે કે તમો તરીકતથી તેમ કરીને પછી પાવર મેળવીને ખુદ બ ખુદ કુદરતને જોઇ લેઓ. હયાં કહે છે કે તરીકત પાળી કેહર્પના ઘણા કાનો—દ્વારાઓ એટલે ચષ્મોને સુક્ષ્મ કરી, ત્રીજી આંખ ખોલીને મીનોઇ જ્ઞાન સમજે તેવું ગોસ્પંદી મન કરીને, પછી હું જે કંઇ કહું તે બધું સેઝદામાં મીનોઇ cinematograph માં જોઇ લેઓ. '**આવરૅનાઓ વીચિથહ્ના નરેમ્ નરેમ્ ખ્ખ્ખાઇ તનુયે**': '**વીચિથહ્ના**' એટલે નેમી આપેલું, મારી બહાલી પામેલું, મારેથી કબુલાયલું prescribed, sanctioned '**આવરૅનાઓ**'=એતેકાદ એટલે મારા કોલ ઉપર તમો જે તરીકતો પાળો છો, તે જે મેં આપેલી છે તે બધું, '**નરેમ્ નરેમ્**'=દરેકે દરેક છુટાં માણસને '**ખ્ખ્ખાઇ તનુયે**'=તેનાં પોતપોતાનાં તનમાંની હવસી ગતીના અંદાઝ પ્રમાણેજ આપેલી છે. હયાં કહે છે કે દરેકે દરેકમાં જેવી રૂજી ગતી હોય તે પ્રમાણે રચીને તરીકતોનો જુમલો આપેલો છે. આ લેખમાં તરીકતોનાં ૧૮ પગથ્યાં કહયાં છે, તેનો આ ઇશારો છે, જેનો વધુ ઇશારો હાદોખ્ત નસ્કમાં છે, તે જોઇશું. પછી આગળ કહે છે કે '**પરા મજે યાઓંઘ્હો અહ્માઇ ને સજદ્દયાઇ બઑદન્તો પઇતી**': '**બઑદન્તો**'=બઓદને પામી, ઉપર કહેલી તરીકતોથી ખોદાઇ જ્ઞાન સમજી શકતી મીનોઇ અકકલની ગતી નામે '**બઑદ**' ખરી સુધ્ધ બુધ્ધ પામી અને બઓદીક ગતી જે ઉપરથી ઉતરી રહે છે તેને પકડી શકી એમ કુદરતથી બસારત પામતા રહી,—'**પઇતી**'=એમ થવામાં પહેલે નંબરના થઇ—'**પતી**' master થઇ એટલે ખરા ઉસ્તાદ થઇ, '**અહ્માઇ**'=તેને પોતાને માટે '**ને સજદ્દયાઇ**'=જે કાંઇ જાણવું હોય તે હમારેથી જાણવા માટે '**પરા મજે યાઓંઘ્હો**'=પરાનાએટલે ભુતના ભુતકાળના મોટા બનાવો જે થઇ ગયા છે, સૃષ્ટી થવાની આગમચના બનાવો જે થઇ ગયા છે, તે ભુતના ભુત લગીનું

**એટલે હાલ અને ભવિષ્યથી તે છેક** ભુતના ભુત લગીનું એટલે **યવએચ યવેતાએતેના સાતેસાત** ઝરવાને **અકરનેના** કાળ લગીના કંઇબી બનાવને જાણવા માટે તે લાયક ઠડશે; જે **'મજે યાઓંઘહે'**=ભુતનાં ભુતના એટલે સરપર પહેલાના બનાવે અને ત્યાંથી અત્યાર લગી અને છેક ભવિષ્યનાં ભવિષ્ય લગી, કે જ્યારે તે ભવિષ્યનું ભવિષ્ય ગોળ ફરીને તે ભુતનાં ભુતને મળી સાત કાળના સાત ઝરવાને અકરનેનો એક **યવએચનો** વરતુળ પુરો કરશે, ત્યાં લગીના બધા બનાવોને પછી ઉપર કહયું છે તેમ **'ગેઉષાઇશ વહિશ્તા'**=તેના ઉત્તમ કેહપ'ને જોરે સમજી શકશે, અને **'અવએનતા સૂચા મનંઘહા'**=પોતાની ઉભી કીધેલી ત્રીજી આંખથી અને તે આંખમાંની પુર્ણ મીનોઇ મન શકિતથી ખુદ બ ખુદ જોઇ લેશે. આ ફકરા ઉપરથી આજના rationalist સાદી અકકલનેજ માનનારા ધર્મ અભ્યાસીઓ કહે છે કે જરથુસ્ત્રબી rational એટલે જડવાદની ગતીના સાદી અકકલના હતા એટલે યજતી અકકલ જેને બઓદ કહે છે–આસ્ને–વીર કહે છે તેવા નહિ હોય. શું આસ્ને–વીર શબ્દનો અર્થ તેઓ સાદી અકકલનો કરવા માંગે છે? જો આસ્ને–વીર સાદી અકકલ હોય તો પછી દીનકર્દમાં કહે છે કે પેગમ્બરમાં આસ્ને–વીર ઉતારી તેમાં કંઇ સાધારણ માનવની અકકલની ઉપરાંતનું છે એમ અર્થ શું થતો નથી? કેમકે સાધારણ અકકલ તો કુલ માનવમાં હોય છેજ. એમ તેઓ જરથુસ્ત્રને સાદી અકકલના ગણીને પછી તેઓ માનવની સાદી અકકલથીજ તારણ થશે એમ શીખવવા માંગે છે અને તેવી સાદી અકકલની હવસી ગતીથી ચાલવાની સુચના કરે છે એટલે **પથનો** ઇનકાર કરે છે. પણ આ સાહેબો આ શબ્દ અર્થ ઉપરથી પોતાની ભયંકર ભુલ જોશે. હયાં rational અકકલની–સાદી અકકલ જે હવસથી જીતાયા કરે છે તેની વાતજ નથી, પણ હયાં તો કહે છે કે **'પરા મજે યાઓંઘહે'**=સાતે સાત કાળનું ભુત ભવિષ્યનુ જાણવું હોય તો **'બઓદન્તો પઇતી'**=બઓદની મીનોઇ શકિતવાળો મનના સાહેબ થવું, એટલે હયાં તરીકતોની વાત છે અને કહે છે તેવા **'પઇતી'**=master **heart** દીલપત પોતે **'ગેઉષાઇશ વહિશ્તા'**થી યાને ઉત્તમ સુક્ષ્મ થયલાં કેહપ'થી અને **'સૂચા મનંઘહા'**=મીનોઇ મનવાળી આંખના થઇને પછીથીજ તે બધું ખુદ બ ખુદ જોશેજ. ત્યારે ગાથાની આ બે સહાદત ઉપરથી તરીકતો ખુદ જરથુસ્ત્રે આપેલી છે, પણ દરેકને માટે જુદી જુદી છે, તેની સચ્ચાઇ દેખાઇ આવશે. **હવે જુદી જુદી** તરીકતો છે તેનો બીજો ઇશારો **હાદોખ્ત** નસ્કમાં છે તે જોઇએ. હાદોખ્ત નુસ્કની પહેલી પરગર્દમાં જરથુસ્ત્રને દાદાર કહે છે, વસીઅત કરે છે, કે **'વીસ્પનાંમ્ વૅાહૂનાંમ્'**=બધી ભલી નેઆ-

મતો તરફ કાયનાત તરફ પરદુખભંજનની ગતીએ પુગવા અને '**વીસ્પ-નાંમ્ અષ-ચિથ્રનાંમ્**'=અષોઇની એટલે ઉપર કહી છે તેથીબી વધુ આગળ વધેલી ગતીઓમાંની ગતીએ પુગવા '**અર્ષંમ્ સ્તુતો**'=અષ ઉભી કરવા માટેના રસ્તઓતો જોઇએ એટલે તરીકતો જોઇએ, એટલે અર્ષંમ વોહૂના કલામના **ભેદે** પુગવું જોઇએ, કે જેમાં હવસોને મારી આઝાદગીએ પુગી તે અષોઇની શકિત મેળવવા કહયું છે. ત્યાં તરીકતોને પાળીને આગળ વધવા કહયું છે-પછી આગળ આવી અષ અને તે અષને મેળવવાની તરીકતની ઉપયોગીતાને મોટા ભેદમાં જણાવેલી છે.

પછી **હાદોખ્ત નસ્કની બીજી પરગર્દ**માં આવી તરીકતો પાળ-નાર અને નહિ પાળનાર મરે છે ત્યારે શું થશે તેનો ભેદી ચીતાર આપે છે. ત્યાં પહેલે કહે છે આવો અષો નર જયારે ગુજરે છે, ત્યારે તેનું રૂવાન પુર હોશમાં રહી ઉશ્તવદ ગાથા ભણે છે, એટલે પોતે જેમ ઉશ્તા અમર ગતી પામ્યો છે તેમ ગેતીબી પામો, ગેતીજ નહિ પણ કુલ નીસ્તીની રજેરજ પામો; એમ દુઆ કરતું કરતું, આખરે ફ્રશે-કેરેતી થશેજ,-દરેકે દરેક ચીજ મુકિતએ પુગશેજ તેનો અનંત સ્વપનો જોઇ રહે છે, અને ગેતીની જડતાની ક્ષણભંગૂર ગતીમાંબી અત્યંત સુખ રહેલું જોય છે, એટલે ક્ષણભંગુરપણાંની તે હિકમત તે ઉશ્તાને માટેજ છે એમ જગતભરનું સુખ અનંત ઉન્નતી જોઇ રહે છે. ત્યારે અષવન નરનો કોઇ દોસ્ત કે દુશમન નથી-તે કોઇની ઉપર ઉતરી પડતો નથી-તેનામાં પતમાન છે, માટે કંઇબી ચીજ તે કરે છે તે લાગણીઓથી નહિ પણ દસમાં અંતકરણનાં ચષ્મથી કરે છે. આવું કર્ત્તવ્ય કરવાને માટે પહેલવીમાં '**પરગાનીનીદ્**' શબ્દ આપ્યો છે. તે દશમાં ચષ્મ જે **પરગાન** કરવાનું માપવાનું, કોમપાસ કરવાનું મધ્યમ છે એટલે અંતકરણ પુર્વક પુર્ણ ઇનસાફ પ્રમાણે વર્તવાનુ મરકઝ છે ત્યાંથીજ દોર ધેરીને વર્તવા માટે, એટલે લાગણીઓથી નહિ પણ પુર્ણ ઇનસાફની રીતે પતમાનથી કાંટાનાં મધ્ય બીંદુની સચ્ચાઇથીજ વર્ત્તવા માટે તે શબ્દ છે. અષવનો '**પરગાનીનીદ્**'=અંતકરણ મુજબ બધા સાથે વર્તે છે, કેમકે તે અષવન પોતે **ખ્વએતૂગદસ્ વર-જીદન્**= ખએત્વોદથ લાવવાનો-પુર્ણ મુકિત મેળવી અખંડતાએ પુગ-વાનોજ ચશ્મો પોતાની નઝદીક રાખી શકે છે. આવો ઇનસાન પછી મરણ બાદ પોતાની તેવી અતી ખુબસુરત કેરદારને જોઇ રહે છે તે કેવી હોય તેનું બ્યાન આપેલું છે. આવા બધા ભેદોનાં બ્યાનો આવે છે, ત્રણ દહાડામાં શું થાય છે તેનો ભેદ ત્યાં બતાવેલો છે. પછી કહે છે કે: '**પઍાઇરીમ્ ગામ્ ફ્રબરત્**'=તે અષો નરનાં રૂવાને પહેલાં પગલાં ભર્યા

એટલે તે રૂવાનવાળા અષો નરે જીંદગીમાં જે પગલું ભર્યું, જે વર્તણુકો કીધી, હુમતને લગતી ઉત્તમ તરીકતો પાળીને મૃત્યુ પામીને આગળ વધ્યો, ત્યારે '**હુમતે પઇતિ**'=હુમતને તરીકતોનો તેવી તરીકતમાં પુરવીણુ થયલો '**પઇતિ**'=ધણી–માસ્તર–એકકો' **નીદદાત્** '=જાહેર થયો–ઠડયો–મુકરર થયો અને તેને લગતા બહેસ્તમાં જવાનો પરવાનો મેળવ્યો. હયાં '**હુમત**'ને લગતાં '**ગાંમ**'=પગલાંઓ કહેતાં હુમતને લગતી તરીકતો જીંદગીમાં રહે છે તેનો ઇશારો છે, એટલે કહે છે કે તેવી તરીકતોને લીધે '**હુમતે પઇતિ**' હુમતમાંનો પુરવીણુ નર થયો એટલે હુમતની તરીકતોનો પુર્ણ અધીકાર થઇને તે પ્રમાણેનું બહેસ્ત પામ્યો. પછી કહે છે કે '**બિતીમ્ ગામ્ ફ્રબરત્ યો નર્શ અષઓનો ઉર્વ હૂખ્તે પઇતિ નિદદાત્**'=બીજા મરતબાનાં પગલાં તે નર અષોએ ભર્યાં, ત્યારે તે અષો નરનું રૂવાન '**હૂખ્ત**'માં પુરવીણુ થયલું ઠડયું અને તે પ્રમાણેનું બહેસ્ત–શાંતી જોવા લાગ્યું. હયાં ત્યારે બીજો રાહ જે તરીકતનો છે જેને હૂખ્તનો રાહ કહે છે તેનો ઇશારો છે.

પછી કહે છે કે '**થ્રિતીમ્ ગામ્ ફ્રબરત્ યો નર્શ અષઓનો ઉર્વ હ્વરૂશ્તે પઇતિ નિદદાત્**'=ત્રીજા મરતબાનાં પગલાં તે અષો નરે ભર્યાં એટલે ત્રીજા દરજ્જાની તરીકતો તે નરે કીધી એટલે હવરસ્તમાં પુરવીણુ જાહેર થયો–ઠડયો એટલે હવરસ્તનાં પગથીઆં ઉપરની તરીકતોનો ઇશારો છે અને તે પ્રમાણે જે શાંતી મળે છે તે વર્ણવે છે, જે શાંતી મેળવવાને બહેસ્તની હાલત કહે છે. પછી કહે છે કે '**તૂઇરીમ્ ગામ્ ફ્રબરત્ યો નર્શ અષઓનો ઉર્વ અનઘ્રએષ્વ રઓચોહ્વ નિદદાત્**'= તે નર અષવને ચોથું પગલું ભર્યું, ત્યારે અનગ્ર રઓચાઓની ગતીવાળો તે ઠડયો. ત્રણ '**ગાંમ**' લગીની તરીકતો હુમત–હૂખ્ત–હવરસ્તના હેડીંગની છે જેથી **ખએત્વોદથ** ઉભી થાય છે એટલે રૂવાન અખંડ થતું જાય છે. ઇનસાનનો નર–માદાનો ભેદ અને તેની અંદરથી થતી ત્રણે મખલુકાતોના રૂવાનોનો નર–માદાનો ભેદ મળીને એક થતો જાય છે. જ્યારે તેઓ એકની ગતીના થયા, ખએત્વદથે પુગ્યા, કે નીસ્તી છોડીને હસ્તીમાં જવાનું છે એટલે અનગ્ર રઓચાઓનું અહુરમજદના વસવાટના અસ્મમાં જવાનું છે–ત્યાં જવાય છે એટલે અહુરમજદમાં મળાય છે. આ હાલત ગેતી ઉપરથી નહિ પણ ઉપર કેશ્વરમાંથી મયસર થાય છે. ત્યારે તરીકતોના ત્રણ '**ગામ**' છે, ત્રણ પગલાં, કુલ્યાતી વર્ગો છે, જેને હુમત–હૂખ્ત–હવરસ્ત કહે છે, જે કોઠારૂપમાં ઉપર બતાવી છે તેની આ નોંધ છે. પણ અનગ્ર રઓચાઓમાં મળવાનું પગલું છેલ્લું માટે તે અતી ગુહય છે જે હાલે થઇ શકતું નથી. રૂવાને પહેલુ પગલું ભર્યું અને તે હુમતમાં એટલે ચોકકસ બહેસ્તની હાલત માટે

મુકરર થયું અને ત્યાં તે ગુજર્યા પછી જશે. એમ બે અને ત્રણ પગલાં ભર્યાં, એટલે ત્રણ કુલ્યાતી વર્ગોની તરીકતોની પરીક્ષા પસાર કીધી. એમ ત્યારે ત્રણ પગલાં ભરવાનો ભેદ હુમત-હૂખ્ત-હવરશ્તના દરજાની તરીકત બતાવે છે. ચોથું પગલું ભર્યું અને તે અનગ્ર રઓચાઓમાં ગયો એટલે હુમત-હૂખ્ત-હવરશ્તનો નતીજો જે ખએત્વોદથે પુગી હસ્તીમાં જઇ અહુરમજદમાં મળવાનો છે તે થઇ રહે છે. આવી ત્યારે **તરીકતોથી** નીકળતી ભલી આકેબત છે. ગેતીમાં હુમત-હૂખ્ત-હવરશ્તના ત્રણ પગલાં ભરવે-ભર્યા પછીથીજ ઉપર છેક અનગ્ર રઓચાઓ લગી જવાનો મોકો મળે છે. એટલે ચોથું પગલું ગેતીમાં નહિ પણ કેશ્વરોમાં ભરશે. ચોથું પગલું સુચવે છે કે હજુર કંઇક કચાસ છે જેને સમારવાની છે, માટે હજુર કંઇ પ્રયોગો કરવાનાં છે, જેને માટે ઇન્તેજારી રહે છે. માટે આગળ કહે છે કે તે ગુજરનાર અષવનને આગળ ગુજરી ગયલા અષવને પુછ્યું, કે '**અસ્તવત્**' હાડમંદ ગેતી જે '**અંઘહુઓત્**' અંઘહુની ગતીવાળી એટલે અહુરાએ જેવી રોશન ગતીની કરવા ધારેલી તેવી તાહરા કેસમાં થયલી, તેવી પુર્ણ મુકિત અપાવે તેવી ઉભી થયલી ગતીની હાલતમાંથી દુર, તે હાલત તે ભલી દુન્યા, જે '**શકિતિબ્યસ્ચ**'=ભલી હાલતનું રહેવાનું ઠામ હતું, જે '**ગઓમઇતિબ્યસ્ચ**'=ગવની ગતી કમાવાનું બજાર હતું-પુર્ણ તરીકતો પાળીને ગેતીમાં બહેશ્ત કમાવાનું બજાર હતું-પુર્ણ મુકિતનો સોદો જે ગવનો છે તે ખરીદવાનું બજાર હતું; '**વયઓઇબ્યસ્ચ**'=નહિ વર્ણવી શકાય તેવી ઉશ્તાની મજાહ જે તન-મન અને રૂવાનની રહે છે તે ભોગવવાનું ઠામ હતું, એટલે પુર્ણ ભલી રમત રમીને હુપેરેન કરવાનું ઠામ હતું, એટલે ગેતીમાં રહયાં છતાં બહેશ્તમાં ઉડવાની મજાહ જયાં હતી; '**માયવઇતિબ્યસ્ચ**'=ખરો ઇશ્ક, મીનોઇ ઇશ્ક, કે જેમાં પુર્ણ સંતોશ છે, જે હાડમંદ ગેતીમાં મયસર થઇ શકે, તે ઇશ્કમાં રહેવાનું ઠામ હતું, તેવા અંઘહુની ગતીના **અસ્તવતમાંથી**=ગેતીમાંથી આ '**મનહીમ્ અવિ અહૂમ્**'=આ અદ્રશ્ય ભલી દુન્યામાં કે જેમાં ગેતીના '**અહૂમ્**'ની બહેશ્તી હાલત જેટલી હાલત નથી ત્યાં કેમ આવ્યું-એટલે ગેતીની ઉપરના ત્રણ પગલાં ભર્યા અને ચોથું પગલું જે અહુરમજદમાં મળવાનું છે તે ભરવાનું કાંય રહી ગયું-તે ભરાય તે અગાઉ તું ગુજરી કેમ ગયો -ગેતીમાંજ ચાર પગલા કાંય નહિ ભર્યાં એટલે હયાં આવ્યાં વગર ગેતીમાંથી સીધ્ધો હસ્તીમાં અહુરમજદમાં કેમ નહિ મળ્યો-આમ નહિ થયું માટે તો તે **અષો નરમાં** જરા મઇ જેટલીબી દલગીરી છે. ત્યારે આ બધા ભેદ ઉપરથી માલમ પડે છે કે ગેતીની ઉપર ત્રણ પગલાંની તરીકતો છે, અને ચોથાં પગલાંની તરીકતો ઉપર વહિશ્તેમ અહૂમમાં કરીને અનગ્ર રઓચાઓમાં

જવાનું છે. ત્યારે આવાં ભેદી લખાણ ઉપરથી તરીકતો અને તેઓના મરતબા છે તેનો ભાશ આવશે. વળી એવીજ રીતે પાપી એટલે તરીકત નહિ પાળનાર ગેતીમાં તેવા દુશ્મત–દુઝુખ્ત–દુજવરસ્તના એટલે જાતજાતના સ્વાર્થી પગલાંની વર્તણુકો કરી એટલે ત્રણ મુળ પગલામાં પાંચ જાતની લાગણીઓના કર્ત્તવ્યો કરી એટલે ૩×૫=૧૫ જાતની ચાલ ચાલીને પછી **'તુઈરીમ્'** ચોથે પગલે ૧૬ મે પગલે તે દરવંદ **'અનધ્ર એષતેમો હુવ'=** અનંત અંધકાર તરફ એટલે ગેતીમાંના તનાસકમાં ઉતરવા માટે નક્કી થાય છે, નસીબ પામે છે.

## તરીકત વગર સરળતા કાંય નથી? બસ્તે-કુશ્તીઆનોની તરીકત માટે આતશે વરાહરાનનું મુળ કાંય? કુળ જગતની મુકિત લાવનાર માનવ કાંય?–તરીકત પાળનારાઓનો ખરો ધર્મ શું છે? નસીબ તે શું, ફેલ તે શું, તેમાં તરીકતની જગા કઇ રીતે?

આમ ત્યારે ત્રણ પગલાં મુળ રહે છે અને દરેકમાં પાંચ જાતની જાહેર લાગણીના આવેશો રહે છે એટલે ૧૫ જાતના કુલ્યાતી રીતના દુન્યવી વીચારો છે, જેઓ છેલ્લાં પગલાં તરફ, ગેતીમાં અટવાવવા તરફ તનાસક તરફ લઇ જાય છે. ત્યારે ૧૬ જાતના દુન્યવી વિચારો રહે છે એટલે ૧૬ જાતના કુલ્યાતી ધંધાઓ રહે છે અને વિચારોના સંગ્રહ થવાનું ધામ ઘરનો આતશ છે. માટે દુન્યામાં ૧૬ જાતના આતશ રહે છે, જે બધા આતશોમાં ત્યારે દુન્યામાં ભોગવટો કરાવીને ઉપર લઇ જવાનો ભેદ તો રહયોજ છે. એમ છે માટે આતશ બહેરામ ઉભુ કરવામાં ૧૬ જાતના આતશો વાપરે છે, કેમકે આતશ ચીજને ઉભી કરે છે–ભોગવાવે છે–બાળે છે અને સુધારે છે. દુન્યવીપણુના કુલ્યાતી ૧૬ વર્ગોના વિચારોને આતશ લઇને આતશ પોતે પોતાના ૧૬ વર્ગો ઉભા કરે છે એટલે ગેતીમાંનો આતશ એવી રીતે સોલ રીતે સોલ જાતના આતશો તરીકે વહેંચાય છે. આ બધા ગેતીના આતશો તે તે ચીજોની ગતી ઉભી કરી–ભોગવાવી–બાળીને–સુધારીને ઉપર લઇ જશે. ત્યારે ૧૬ જાતના આતશોમાં ઉપર લઇ જવાની ગતી છે–શકિત છે, જે શકિત ૧૬ જાતના મીનોઇ આતશોની ગતી બતાવે છે–માટે તે ૧૬ જાતના આતશોમાં રહેલી મીનોઇ ગતીને–હસ્તીમાં ઉપર લઇ જવાની બાતેન ગતીને ક્રીયાઓથી ઉભરાવી કાઢીને તે ઉભરાયલી ગતીઓ મારફતે તે બધા આતશોમાં મીનોઇ આતશોનો સંબંધ સીધો ઉભો કરે છે. આવા બધા ૧૬ આતશો કે જેઓમાં હસ્તીના અને મીનોઇના આતશોનો સંબંધ

છે તેઓનો સંગ્રહ કરીને આતશ વરહેરાન ઉભો કરે છે, જેવણુ ત્યારે ૧૬ જાતના ધંધામાના મિથ્રોની ગતીવાળાઓને, પાંચ લાગણીઓમાં સપડાયલાઓને ઉપર લઇ જવાનું જોમ રાખે છે.

ત્યારે તરીકતના પાળણુમાં આતરે વરહેરાન મુળ મખ્ય છે. આ ટુંક બ્યાન ઉપરથી કોઇબી જોઇ શકશે કે અવસ્તામાં દમેદમ તરીકતનો પ્રભાવ દેખાડેલો છે એટલે તરી જવાનો રસ્તો બતાવેલો છે. જો ઇનસાનમાં ખુદમાં તરી જવાની ગતી હતે, તો ઇનસાન તેમ કરી શકતે અને દુન્યાનેબી તેવી રીતની કરતે, કે જે દુન્યામાં વાઘ બકરી એકજ ઓવારે પાણી પીતે. પણ દુન્યામાં સ્વાર્થ છે એટલે શરીરમાં સ્વાર્થી દએવીક ગતીનો ઇલાકો છે એટલે તે તો ભુલાવામાંજ રમ્યા કરે છે અને ખએત્વ=પોતાવતપણું, દએવના કબજામાંથી છુટકો–અજ્ઞાનતાના અંધકારમાંથી બહાર આવવું થતુંજ નથી. એમ છે માટે **ખએત્વ** કમાવવાના રસ્તા તરીકતો બતાવેલી છે, જેની યોજના જરથુસ્ત્ર સાહેબ કે જેવણુ મનુષ્યના વિચાર શકિતના કોમપાસની બહારની બઓદીક ગતીની અકકલ જેને આસ્ને વીર કહે છે તે વીર રાખતા હતા તેવણુથી થઇ છે. આજે જે છુટાપણાનો પવન દોડે છે તેમાં તો દએવીક ગતી, અજ્ઞાનતાના રોહનું ચકકર છે, એટલે કહેવાતાં છુટાપણાંની ઉપર દએવનો કબજો છે. પણ આ પકડમાંથી છુટવું હોય તો રસ્તો એકજ છે. unique છે, જે અષનો તરીકતનો છે. માટે કહે છે કે '**અએવો પથાઓ યો અષહે**'. '**પથાઓ યો અષહે**'=અષોઇનો તે પથ તરીકતનો રસ્તો '**અએવો**'=unique બીન હરીફ છે–તેની બરાબરનો માણુસનો ધારેલો રસ્તો નથી. The path of Asha is the only one unique of its kind. '**વીસ્પે અન્યેશામ અપન્તામ**'=બીજા બધા માણુસના દએવીક ગતીના યોજેલા રસ્તાઓ જેમાં અષ નથી તે **અપન્ત** છે, સરળ નથી, એટલે કાર્યસાધક efficient નથી. તરીકતો દએનમાં છે અને તે પ્રમાણે ચાલવાની અષો જરથુસ્ત્રની વસીઅત છે અને તેમાં મોટો અર્થ છે. તે વિષે ગાથા અવસ્તાનો ભેદ જોયો. હવે શરીરની રચનામાં દુજ છે–ભુલાવો છે–પથરા છે, તેમ તેમાં ભલાં મુકિતનાં બીયાં છે, જેને દસ અંદર્ઝ કહે છે, તેઓ વિષે વાંચી આગળ ચાલીશું. આમ ત્યારે આપણાં શરીરમાંની જમીનજ એટલે જડ તનની દેખીતી જમીનજ ખોટી છે, જો કે તેજ શરીરની જમીનનાં સુક્ષ્મપણુાના ભાગમાં તો એટલે કેહપમાં તો સચ્ચાઇનાં બીયાં પડેલાં છે. એમ છે માટેજ માણુસને ઇનસાન કહે છે–બોલતો પ્રાણી કહે છે–અંતકરણુવાળો કહે છે–વીચાર શકિતવાળો કહે છે. જાનવરમાં તેવું નથી. ના, કહે છે કે

ઇનસાન ફરેસ્તાથીબી આલે છે, કેમકે ઇનસાનમાં બે બાજુ છે: એક પથ્થરની હલકી બાજુ અને બીજી સચ્ચાઇનાં બીયાં રાખતી બાજુ એમ બે બાજુઓ છે. ઇનસાનને તો એક જબરી કસોટીમાંથી પસાર થવાનું છે. ઇનસાનમાંની પથ્થરની બાજુ જે હલકી-સ્વાર્થી છે તેને ઇનસાને જીતવાની છે. એમ જીત મેળવી પથ્થરને દુર કરી જમીનને ફળદુપ કરી સચ્ચાઇનાં ફળો ઉગાડીને પોતે તે ફળો ખાઇ ભલી ગોરપંદી ગતી પામીને પછી તેમાંથી નવાં ફળો ઉગાડીને જગતને ખોરાક તરીકે આપવાનાં છે. યજતો તેમ ફરેશ્તાઓમાં તેવી કસોટી નથી કેમકે તેઓમાં પથ્થરની જમીન નથી. તેઓમાં ભલાઇજ છે માટે તેઓને કંઇ શ્રમ કરીને ભલાઇએ ચઢવાનું નથી. આમ ત્યારે આ તો સીદ્ધ થાય છે કે જેમાં નજીસાત છે તેમાં જીવ છે, જે જીવ તે નજીસાતને જીવનશકિતથી જીવતું રાખે છે. જીવનશકિતના ભાગને અદ્રશ્ય ભાગ કહે છે અને તેને રાખતા દેખીતા ભાગને જડ તન કહે છે. ત્યારે જડ તનમાંથી તેની જડતા તો બહાર નીકળવાનીજ. આવી બહાર પડતી જડ ગતીને દુજ કહી છે. ત્યારે જડ તનને જો ખેડી ખેડી તેની દુજી ગતીને દુર કરી શકાય, તો અંદરનો જીવ ખીલે અને તેમાંનું સત્ય જાહેર થાય. આ કરવાની રીતોને **તરીકત** કહે છે. ત્યારે તરીકત શું છે? તે એક રેલ રોડ છે. જેમકે એક ઇનસાન બીજે ગામ નહિ જવા માંગતો હોય પણ જો તેને જોર જુલ્મથી બાંધીને ગાડીમાં બેસાડયો હોય, તો તે ગાડી તેને ત્યાં લઇ જશેજ, એમ તરીકતનું પાલન rail-roadની ગાડી છે. ત્યારે તરીકત એવી ખુબીથી અપાઇ છે કે તેમાં લાંબા રસ્તાને ટુંકો કરવાની ભલી વ્યવસ્થા હોય એટલે તરીકતોની ખુબીથી પાટાનો રસ્તો rail-road થાય અને તે ઉપર ચાલવાની ગાડી ઉભી થાય. Rail road રેલ રોડ વગર સીરફ ગાડી થયલી હોય તેણી નકામી છે, જેને 'અપન્ત' કહે છે. જરથોશ્તી દએનમાં ત્યારે જે અષોઇની દુજ-પરહેઝની તરીકતો અપાઇ છે તે આવી એજમતી છે. જેમ એક ઇનસાનના હાથ પગ બાંધીને ગાડીમાં નાંખે તોબી, તેની મરજી જવાની નથી છતાંબી તે અમુક મજલે પુગવાનોજ, તેમ એક ઇનસાન, ઉપર કહયું તેમ, ગમે તેટલો હવસી તનમાં સપડાયા કરતો હોય તોબી, જો તે ઇનસાન તરીકતો પાળે, 'ગવમેઝ' લેય અને દુજ-પરહેઝીની રીતીઓને વળગી રહે અને ગુનાહો થયાથી અંતકરણનો જે અવાઝ ઉભો થાય તેજ પ્રમાણે, ઝબાનથી જે થઇ ગયું હોય તેવુંજ, જેને થઇ ગયલું સાચ્ચું કહે છે તેને વમાસે અને ગુનાહો ઉપર ઢાંક પીછોડો નહિ કરે અને ઉભા થતા હવસોના ગુનાહોની બેડીમાંથી છુટવાના પ્રયાસો કરે-ભલેને તેમાં તે હારે

છતાંબી પ્રયાસો કર્યાજ કરે, કહેતાં પતેત કરે, તો પછી તે ગવમેઝ અને તે ફુજ–પરહેઝીની રીતીઓ પાળવાની તે તરીકતો પાળવાની લઢણ–તે તરીકતોની વરજીશી આખરે મરણ લગીમાં તેના શરીરમાંના પથરાઓને ઉખેડીને દુર કરી શકશેજ; એટલે કેહપમાં રહેલી ખાકી ગતીને એટલે જડ ગતીના દ્રવાઓમાંથી થયલા વોહુનને અઝદમાં લાવીને તે વોહુન ઉપર ગવની જાનની ગતી ત્યાં ચલાવીને તેને તન તરીકે ઉગાડીને ભોગવટાઓ ભોગવાવીને સુખ દુખ પાડીને આખરે સુક્ષ્મતા લાવશેજ. આમ ત્યારે 'તરીકત' તે છે કે જેના પાલણથી ગમે તેવી નાસીપાસીમાં ફાયદોજ થાય છેજ. આપણને જાહેર રીતનો ફાયદો થયલો જણાય નહિ–પણ દીલની જે આઝાદગી થતી આવે છે તેજ મુળ ફાયદો છે, કેમકે તેથીજ ખરો ભેદ ખુલ્લો થતો આવે છે કે દીલની આઝાદગી તરીકતથી સહેલાઇથી થતી આવે છે અને દીલની આઝાદગી વગર અષ મળી શકતી નથી. ત્યારે ભોગવટો થવો કુદરતના ઇનસાફ ઉપર છે એટલે અંદરના હવસોનું જોશથી બહાર પડીને એક જાતની મતીનાં બંધનમાં બંધાવું, જેમકે ઝબાનથી ગમે તે બોલવું કે ઝબાનથી માંસ મચ્છી કે ભાજીપાલો ખાવો, બીજી ઇંદ્રીઓને કાયદેસર યા ગેર કાયદેસર વાપરવી, પૈસો કમાવવો, જ્ઞાની થવું કે અજ્ઞાની રહેવું, મુસાફરી કરવી, પરણવું કે નહિ એ બધો ભોગવટો કરાવવો કુદરતની શકિત નામે **બગોબખ્ત** જે આપણાં શરીર ઉપર કુદરતે આપણી ભુતકાળની કરણીમાંથી ઉભો કરી આપ્યો છે તેના હાથમાં છે. આપણી કરણી ભુતકાળના તનાસકોમાં જેવી થઇ હોય તે પ્રમાણેનો બદલો થ્વાષના ત્રીજા ભાગમાં આપણે માટે નકકી થઇને તેવા તે બદલાનો ભોગવટો કરાવનારી શકિત ઉભી થાય છે. આ નકકી થયલો બદલો અને તેનો ભોગવટો કરાવનારી શકિત બેઉને ટુંકમાં બગોબખ્ત કહે છે. આ બગને ખોદા કહે છે અને જે કંઇ ઉતરે છે તેને બખ્ત કહે છે. આપણો બગ ખોદા આપણી ઉપર આપણું બખ્ત જે કંઇ નીમીત થયલું હોય તેને વખતસર આપણી ઉપર ઉતારી આપે છે. આપણો ખોદા પોતાની મેળેજ તે બખ્ત આપણી ઉપર ઉતારતો નથી. આપણી આગળ તે બખ્ત ઉતારવા માટેની લાલચ ઉભી થાય છે, જેને જો આપણે વશ થઇએ તોજ પછી આપણી મરજીની રૂયેજ તે ખોદા તે બખ્તને આપણી ઉપર ઉતારે છે. ત્યારે મુશ્કેલી તો પેલી લાલચને દુર કરવાની છે, જે કોઇકજ કરતું હોય. મર્ગઅરજાન ગુનાહની લાલચોને કોઇબી જીતી શકેજ નહિ. પણ અજે અને કંઇક પ્રકારના ફરોદમાન્દ ગુનાહની લાલચની આગળથી કોઇક નાસી જઇ શકે, જેને તર્કે બાતેન હેવાની કહે છે. એમ ખોદા પોતે કંઇબી

બનાવ માનવની મંજુરાત વગર ઉતારી આપતો નથી એટલે માનવે આપેલાં કારણનાં પરિણામ તરીકેજ બનાવો બની રહે છે, પણ તેનો તેવો ભોગવટો થતી વખતે અંતકરણનો અવઝ થાય છે-ડંખ થાય છે કે આ ખરૂં થયું કે ખોટું થયું. **તે ડંખ પ્રમાણેજ બોલવું અને તે ડંખથી આવતી કુદરતી શુભ સમજ પ્રમાણે ચાલવાનો પ્રયાસ કરવો;-ભલેને તેમાં ફેલ fail થવાય તે બીજી વાત છે, તેજ એકલો પુરૂષાર્થ છે.** આમ ત્યારે ભોગવટો કરવો અને અંતકરણથી તે ભોગવટાની જાતનું ખરા ખોટાપણું જાણવું એ કુદરતી છે. તરીકતો પાળવી અને ભોગવટાના રોહને ફેરવવા માટે તેજ બગોબખ્તને અરજી કરવી, માટે અંતકરણના અવાઝને જાહેર કરવું, કહેતાં પાપી વૃત્તીથી દુર જવા દુઆ કરવી, કહેતાં પતેત કરવી-સચ્ચાઇ ખીલવવાનો કસદ કરવો, તેજ આપણા હાથમાં છે. ત્યારે આવી વૃત્તી સાથની તરીકતો કીધાથીજ મુકિત છે. એવા તરીકતના રસ્તા સીવાય બીજો કોઇબી રસ્તો નથી-ગુનાહોમાં જેઓ ગુટાઇ ગયલા હોય તેઓ ઉપર આંગળી કરવાની નથી તેમાં ગુનાહ છે. આપણને તેમ કરવાનો અધીકાર નથી. ત્રામ પરથી પડી જતાં ઇનસાનને કોઇ લાતે લાતે મારતું નથી કે તું કેમજ જોયા વગર ઉતર્યો, પણ તુરતજ તેની મદદે જઇને તેને ઉંચકીને તેની સારવાર કરીને પછી તેને પોતાનેજ વિચાર કરવાનો મોકો અપાવવાની દુઆ કરવાની છે. **ત્યારે તરીકત પાળનારાઓએ પોતાની પેદા કીધેલી નેકી બીજાને અર્પણ કરવાની છે કેમકે કુદરત પોતે તેમજ કરે છે. તરીકતનો ભેદજ તેવો છે. તેમાં ભાર ખમવાનું છે.**

**ભોગવટાઓમાં ખોરાકની જગા-ખોરાક માટેની બુઝર્ગોની વસીઅત-ખોરાક તરીકત તરીકે આજ કાંય નથી? અષવનનો ખોરક તરીકતનો તે શું? ગેતીના બે પ્રકારો: ગરોદેમાન અને દુજો-દેમાન, તે બેઉ પ્રકારની સમજ. ગરોદેમાનમાં=સત્યયુગમાં જરથુશ્ત્ર અને વીદએવો દાતની જરૂર નથી, દુજો-દેમાનમાં જરથુશ્ત્ર અને વીદએવો દાતની જરૂર. વંદીવાદની પહેલી પરગર્દનો ખુલતો ભેદ.**

આમ ત્યારે તરીકતોને જો ઇનસાન પાળશે તો ખરેજ તેનાં જડ તન-મનની ભલી ખેતી થશે એટલુંજ નહિ પણ તે ભલી ખેતીનો સ્વભાવ જે પારકાની મદદે જવાનો છે તેથી પારસી સમાજની ઉનંતી થવાનું કારણ ઉભું થશે. આજના વખતમાં ખાંવાની બાબદ તરીકતની નથી. તે બાબદ

ભોગવટાની છે. ઇનસાનનો ભોગવટો જેમ ભલું બુરૂં કરવાનો હોય છે-જુઠું સાચ્ચું બોલવાનો હોય છે, તેમજ ઇનસાનની જીભનો ખાવાનો ભોગવટો રહે છે. સાધારણ ઇનસાનના બાબમાં ખાવાની બાબદ મુકિતમાં પડેલો નહિ પણ છેલ્લો ભાગ ભજવે છે, પણ સીરફ અષવનોની બાબદમાં ખાવાની બાબદ તરીકતની થઇ પડે છે. જયારે એક ઇનસાન 'નર'નાં દરજજામાં પુગીને અષની શકિત ઉભી કરતો જાય છે, ત્યારે તેનામાં 'અહુ-દએના અને બઓહ'ની ગની ઉભી ગતી જાય છે. આ વખતે તે નરનો ભોગવટો સાધારણ ઇનસાનથી તદનજ જુદો હોય છે. તે નરની ૨૪ કલાકોની ચળવળોની સેકંડે સેકંડમાં મુકિતની મારેફતો ભાવ ભજવે છે. તે નરને આગલે દહાડે ખબર પડે છે કે આવતી કાલે ૨૪ કલાકની સેકંડે સેકંડમાં ફલાણી ફલાણી વખતે ફલાણુ ફલાણુ આવશે અને તેનો આહાર ફલાણોજ થશે, કે જે આહારમાં તેના ફલાણી ગતીના રૂહના અંશો છે. સહવારે એબાદત વખતે ફલાની શકિત આવશે-ફલાનુ ઉડતું પક્ષિ આવશે-ફલાનુ ગોસ્પંદ આવશે-ફલાની અરવાહીએ-ઉલવી આવશે કે ફલાનો નર આવશે-ફલાન ફલાન થશે. આવા અષવનોનેજ માટે ખોરાક જે થવાનો છે તે કંઇબી નીમીત એકજ ફલાનીજ જાતનોજ એમ હોતોજ નથી. કશાનોબી હોય-નબાતાત હોય-શીર હોય-હેવાન હોય તે-તે કે જેમાંથી તેના રૂહના અંશો લેવાના હોય-તે કે જેમાં શાદી રામશ્નીનો ઝલ્વો હોય-તેવોજ ખોરાક તે દહાડા માટેજ ઠેડવેલો હોય છે. કાલે કુદરતનો સાહેબ તેને માટે કયો ખોરાક આપશે તે જાણવા તેને થોભવું પડે છે. આમ ખોરાક તેવા અષવનની બાબદમાંજ તરીકતનો હોઇ શકે છે, કેમકે તે અષવન પાંચમા ગાહામ્બારની ખરીદ-ફરોખ્તની માંગતા લહેણાની ગતીનો તબકો પુરો કરીને હવે છઠ્ઠા એરેતો કરેતનની શકિતનો એટલે રાદી ગતીનોજ 'એરેતો' સીધ્ધો સરળ 'કરેતન' રીતે ચાલવા માટેનોજ ભોગવટો કરી શકે, હુમત-હુખ્ત-હવરશ્તની કમાલ તરીકત ઉપરજ એટલે યજતોના વિચાર-બોલ અને કર્મની સાથે સંબંધ રાખી શકે, તેવીજ રસમ આઇનજ રાખી શકે. એવી તબઇને માટે એટલે કુદરતી રીતે તેવું થઇ શકે માટે, તેવા ભલા મોકા કરી આપતા હમસપથમએદેમ ગાહામ્બાર ઉપર=કુદરતને પુગવાના ગાહામ્બારના તબકકા ઉપરજ તે ચાલી રહે છે. માટે હવે તે પોતાના અંશો જયાં હોય ત્યાંથી પોતામાં આમેજ કરવાજ ખોરાકની ઉત્તમ અને છેલ્લી મારેફતને કામમાં લે છે. પણ આપણે કે જેઓ દ્વંદી ગતીના છીએ, જેમાં અષની શકિત થવાની તો બાજુએ રહી, પણ જેમાં 'રઝા બ હોકમે કઝા'-અજ અનાઇ ખુરસંદ હોમની ગતી એટલે કાહાર જે કંઇ સુખ દુખ આપે

તેને તેની શુદ્ધ કરી શકવાની અકકલની ગતી નથી, જે દોસ્ત દુશ્મનનો ભેદ ધરાવે છે, જે સામા ઉપર આંગળી કર્યા કરે છે, જે તરીકતનો સાહયો ઓઢવાનો ઢોંગ કરે છે યા જે તરીકતને હસે છે, તેવાઓ તો હજુર પાંચમો ગાહામ્બાર કરી રહે છે. તેઓને ઘણી ચીજો લેવાની અને આપવાની છે, કે જેમ કીધા વગર છુટકોજ નથી. ટુંકમાં જેઓ પાંચમાં ગાહામ્બારની ખરીદ-ફરોખ્તની નીચી ગતીમાં હોય તેઓને તો પારકાનું જે કંઇ તેઓએ લુટેલું હોય તેનો કર આપવા હવસોમાં રહેવું પડે છે. તેઓ તો તેઓને કુદરતે પોતાની ગીરોથી આપેલા અનાસરો ઉપર જીવી માંસ મચ્છી કે દુધ-શીરો ભાજી તરકારી ખાઇ વુંદ બનીને ફરામોશીમાં રહીને મોહતથી બીહને અજલના ફરેસ્તાથી મહાત થઇ થઇને પછીજ ખરીદ – ફરોખ્તની ઉપલી ગતીમાં આવે છે. જયારે તે શખ્સ ખરીદ-ફરોખ્તની ઉપલી ગતીમાં આવે છે ત્યારે તે દુબલો અને આજેઝ થઇ રહે છે, કેમકે જે કંઇ તેણે કુદરતથી લીધું હતું તેનો કર આપી રહેવાને લીધે કર આપવાના આજાબને લીધે તેને ખોરાક મળવાનાબી વાખા પડે છે અને તેનું શરીર નબળું પડે છે. તે તો તેવી જાતનો કર આપ્યો જાય છે એટલે ખોરાકની ગરમોતરી મેળવવા તેને વાખા પડયાજ કરે છે, જેથી તેનો હાજેમો નરમ થઇ જાય છે. તેનામાં રંગ બરંગ કરવાની assimilation કરવાની એટલે ખાધેલાંમાંથી સત્વ ખેંચીને શરીરને રૂસ્ત કરવાની શકિત આવતી નથી. તે પોતાનાં તનુને ખોરાક પચાવી આપી શકતો નથી, તો તે કેહપંને અને પછીથી રૂવાનને તો શું આપવાનો હતો? આ શખ્સ ત્યારે પાંચમાં ગાહામ્બારનો ભોગવટો કરે છે અને તેનો ખોરાક જે તેને પુર્ણ રીતનો પચતો નથી તે સીરફ ભોગવટાનો કર લઇને દુખ દેનારો થાય છે. આવાઓમાં ખોરાક તરીકત નથી, કેમકે તરીકતનો ખોરાક તો તે છે કે જે ખોરાકમાં તેના પોતાના અંશો હોય અને તે તેમાં હજમ થઇ રંગ બરંગ મળીને પછી રૂવાનમાં મર્જ થાય. આવા શખ્સમાં તહેમતની જોર રહે છે. શું આજનો ખોરાક એવો છે? માટે આજે ખોરાક તો તબઇનો ભોગવટાનો છે, જે બહુ બહુ તો લોહી લગી જઇ શકે, કે જેમાં તે ખોરાકના રૂહના અંશો રહીને લોહીમાં બળવો કરી નબાતાતના કેસમાં અઇવિબુદના હવસો કરાવે અને માંસ-મચ્છી-ઇંડાના ખોરાકના બાબમાં ફ્રેબુદના હવસોના ગુનાહો કરાવે. પણ તે ગુનાહો થવા માટેના હવસોના ઉછાળા થયા વગર છુટકોજ નથી, કીધું તેનું ભર્યા વગર છુટકોજ નથી, કેમકે તે બધુ મરગરજાની છે. આવી બાબદ આજે ખોરાકની થઇ પડી છે. આજે દુન્યા દુજો-દેમાનના ભેદની છે એટલે આજે બધેબધ અહીરીમનનો પાસ લાગેલો છે, જેને ઉખેડી

નાંખવા માટે કુદરતે ધનાને રોકેલો છે. ધના તે પાસને ખીલવીને હદની બહાર મોકલાવી રહે છે. આમ આજની ગેતીમાં ધનામીન સાથે આવી રહયો છે, માટે આજે જે કંઇબી ભોગવાય તેમાં હદ રહેતી નથી. કાંતો અધવીબુદ એટલે પલ્લુ નીચે જાય કાંતો ફ્રેબુદ એટલે પલ્લુ ઉપર જાય, પણ આજે પતમાન નથી. એવા જમાનની દુન્યાને દુજો-દેમાન કહે છે. તેમાં ખોરાક ગેર રાદી થઇ પડયો છે અને તેમાં જેઓ અષવનની ગતીએ પુગે છે તેઓમાંજ ખોરાક તરીકતનો છે. આવી દુજો-દેમાનની દુન્યા એટલે વંદીદાદનાં જમાનાની દુન્યાની અગાઉ ગરોદેમાન હતી, જેમાં રહેતી વસ્તીનાં શરીરના વોહુનમાં અઝીની ગતી હતી નહિ માટે તેમાં શેતાન ધુસી શકેલો નહિ, જેમાં તેટલા માટે ધનાની ઉપર કહી છે તેવી બદીને ઉભરાવવા માટેની ફન હતી નહિ, કેમકે તેટલી બધી બદી ત્યાં હતી નહિ. આવી ગરોદેમાનમાં તેટલા માટે યજતી ગતીનો વસવાત હતો, જેમાં ગરો-ન્માનનો નાદ દરેકના અનુમાં ગવાતો હતો. આવી રીતે ગરોન્માનમાંનો અહુનવરનો નાદ ત્યાં સંભળાય તેમ ગવાતો હતો માટે તેને ગરોદેમાન-ગરોશ્માન કહેતા હતા. આવી દુન્યામાં **નીમીત** કામ હતું. એવી દુન્યામાં ખોરાક પહેલી તરીકત હતી. માટે રાદી ગતીનો ખોરાક મયસર હતો જે નબાતાતનોજ હતો. નબાતાતમાં તે વખતે ફસલનો બહાર હતો એટલે પુર્ણ અસર રોશની જે અહુનવરની છે તેનો બહાર હતો, માટે રવીનો બહાર હતો, માટે યજતોનો બહાર પુર દોરમાંજ હતો. એવી ગરોદેમાનની ગેતીમાનો પુર્ણ ખોરાક વનસ્પતીનોજ હતો. એમ છે માટે ટુંકમાં ઇલ્મ્ય-તમાં કહે છે કે અહુનવઇર્યના હોકમ પ્રમાણે ઇનસાનને ફેલ છે અને તેનો આહાર એટલે તેનામાં નીચલી રૂહોના અંશોનું મળવું નબાતાતથીજ છે. પણ જયારે ઇનસાને ફેલને બગાડયો ત્યારે ગેઉશોએ ઇનસાનનો ભાર ખમ્યો. આથી ગેઉશોના ગોસ્પંદની છેલ્લી મારેફતે તે દુજો-દેમાનના અષવનોમાં રૂહના અંશો આવી મળતા થયા છે. આમ ઇનસાનની બુરી ફેલને લીધે કરણીને કાયદે થયું છે. એટલું છતાંબી ટુંકમાં કહે છે કે ઇનસાન માત્રનો રાદી ખોરાક સીરફ વનસ્પતીનોજ છે તેમાં શું ભેદ છે તે નીચે જોઇશું. આપણે દુજો દેમાનની અને તે માંહેલા સાધારણ માનવોની તેહકીકાત કરીએ છીએ. દુજો-દેમાન એટલે દુજનું રહેઠાણ. આજની ગેતીમાં દુજનું રહેઠાણ છે તેનો ભેદ જોઇએ, કે જેમાં આજે વનસ્પતી રાદી રીતની કાંય રહી નથી? આજે વનસ્પતીનો આહાર માંસના આહાર કરતાં મનોવૃત્તીની બાબદમાં ચઢીઆતો કાંય થતો નથી? જેમ ગોમેઝ ખાડયાથી આખરેબી મનોવૃત્તીમાં ફેર થશેજ તેમ વનસ્પતી આજે

કાંય કરી શકતી નથી? તરીકત તે ખુબી રાખે છે કે હાથપગ બાંધેલા ઇનસાનને એટલે હવસોથી પકડાયલા ઇનસાનને તે તરીકત પોતાના પથ ઉપરની ત્રેન મારફતે તેને મુકામે લઇ જશે. 'ગોમેજ' તરીકત છે તેનું લગાડવું કંઇ અને કંઇ ફાયદો કરશેજ. પણ તેવી રીતે 'નબાતાત' કાંય આજે કરી શકતી નથી. અસલ એટલે ગેતી જયારે સપ્પર પહેલી ખાકની થતી ગઇ—સપ્પર પહેલી ખાકી ગેતી થઇ ત્યારે ગેતીમાં અહીરીમન હતો નહિ, જે વખને ગેતી ગરોદ્માનની હતી. આ વખતે ગેતીના માનવોનો વનસ્પતીનો એકલો આહાર હતો અને તે વનસ્પતીમાં અને દુન્યામાં અને દુન્યાની રજેરજમાં અહુનવરનો નાદ ખુલ્લી રીતે ગવાતો હતો. આ વખતે સત્યયુગ હતો. સીરફ એકજ મુળ વર્ણ બરજીસનીજ રહેતી હતી. સત્યયુગની ગેતીમાં યજતોનો વસવાટ હતો. આવી ગેતીના લોકોનો ઇલાકો આખી નીરતી ઉપર હતો. અરવાહીનો તે સાહેબ હતો. પણ જયારે આવી ગરોદ્માનની ગેતીમાં અન્ય વર્ણનાં લોકો તે મુળ બરજીસ વર્ણના માવતરોથી પેદા પડવા લાગ્યાં ત્યારે ત્યાં સત્યયુગ ટકી શકયો નહિ, કેમકે અન્ય વર્ણના રૂવાનોની હુવીના તનોમાંનો વોહુન જબુન હતો, જેથી તેઓની મતી બગડી. એવી જડ મતી સાથના તેઓ એટલે અન્ય વર્ણના રૂવાનો અવતર્યા, જેઓએ પોતાની સત્તા હેઠળની અરવાહી આલમોમાંની પઇરિકાની ઉપર બુરી નજર કીધી અને પોતાની હકુમતથી તેઓનો બળાત્કાર કીધો એટલે અરવાહીએ બળવો કરી ગેતીની આણ છોડી. ઇનસાનમાંની શકિત ઘટી—તેણે ઉડવાની શકિત ખોહી. આ વખતે અહીરીમને લોકોને કહયું કે મને જો અંદર લેશો તો કુલ નીરતીનો કબજો પાછો અપાવીશ. અહી તો ગેતીની બહાર હતો અને ઇનસાનમાં તો ઉડવાની શકિત હતી નહિ, તો પછી અહી માનવને કઇ રીતે મળ્યો તે બાબદ જગાની તંગાસને લીધે છોડી દઇશું. અહીરીમને ધનામીનની સલાહ પ્રમાણે ચાલીને લોકોને ફોસલાવી જાતજાતના જાતી અંગના ભોગવટાની મજાહો કરાવીને ગેતીમાં ઘુસ્યો અને પોતા સાથે અરવાહીઓને લીધી, કેમકે અરવાહીઓને ઇનસાન સામે ફરયાદ હતી અને વળી ગેતીમાંથી યજતી ગતીને હાંકી કાઢીને ગેતીનો ઇલાકો બી લેવાનો હતો. અરવાહીઓની અસંખ્ય વસ્તીને વસાવવા ગેતીમાં જગા હતી નહિ, માટે તેઓને વસાવવા નબાતાત અને જમાદાતનો ઉપયોગ કીધો. એટલે તે નબાતાત—જમાદાતમાં શેતાનના ઘુસવાની સાથે એટલે તેવાષીના બુરા થવાની સાથે એટલે બુરી મનોવ્રત્તી થવાની સાથે વધુમાં અરવાહીના મિથ્રો ઉમેરાયા, જેથી રજેરજમાં ગેરરાદપણું જામ્યું એટલે રજેરજમાં અહિ=સ્વાર્થ જામ્યો. આમ ગેતીનાં ૧૬ શહેરો—ચખ્રોમાંથી અહુરમઝદનું રાજ ગયું અને ધનાની

સત્તા જામી માટે દએવ જામ્યો એટલેજ જરથુશ્ત્ર દએવને બાંધવાના કાયદા નામે વીદએવો દાત લઇને ઉતર્યા—એમ વન્દીદાદમાની પહેલી પરગર્દનો ભેદ શરૂ થયો. એમ ગેતીમાં ધનામીન ઘુસ્યો અને રજેરજમાં અહીની ગતી સાંપની દંસ્થલ સ્વાર્થી ગતી ખભાં આગળ એટલે જે જગા પરમાર્થ અર્થે વાપરવા થઇ છે ત્યાંજ—જયાંથી રોશન ફેલ થવા ધાર્યો છે ત્યાંજ એટલે ખભાં આગળ ઉગી નીકળી એટલે પરમાર્થ ગયો—સ્વાર્થ જામ્યો. આ વખતથીજ નબાતાતમાં અરવાહીઓનું ઠામ થયું અને નબાતાતના ખાલેસ મિથ્રો રહયા નહિ. આવી નબાતાતના અરવાહીઓના મિથ્રોએ ઇનસાનની મનશ્ની બગાડી અને તે ઇનસાનને ગોશ્ત ખાવાનું શીખવ્યું. આમ નબાતાતના અરવાહીના મિથ્રોથી ઇનસાને ગોશ્ત ખાવાનું શરૂ કીધું અને ગેતીમાં હેવાની ખાસ્યતની બુરાઇ જામી. આમ ત્યારે જે વખતથી ધનામીન ૧૬ શહેરોમાં દાખલ થયો, ગેતીના ૧૬ ચખોમાં દાખલ થયો, કે જે વખતથી જરથુશ્ત્ર વીદએવો દાત લઇ સુધારો કરવા ઉતરવા લાગ્યા, ત્યારથી વનસ્પતીમાં રાદી ગતી ગુમ થઇ ગઇ છે. **આ વખતની વનસ્પતીનો આહારજ ગોશ્ત ખાવાના આહારને જન્મ આપે છે. આ વખતથી કરણીનો કાયદો શરૂ થયો, દ્રુજની ગતી શરૂ થઇ, દ્રુજો-દેમાન થઇ, માટે તો દ્રુજ-દએવને દુર કરવાની હિકમત વીદએવો દાત ગેતીમાં દાખલ કરવામાં આવ્યા.** ત્યારે કરણી તેવી પાર ઉતરણી થઇ. ઘણા વ્યભીચારવાળો બીજી જીંદગીમાં નપુસક થવા લાગો. વનસ્પતીના ખોરાકના અરવાહીના વીચારોથી ઇનસાન જાનવરોને કાપીને બીજી જીંદગીમાં ખાવા લાગ્યો. આવી ગતી ૧૬ શહેરોમાં ધનામીનના આવ્યાથી શરૂ થઇ. ૧૬ શહેરોમાં ધના પેસે એટલે શું? જડ તનને જીવડાવવા કુદરત તેનાં કેહપંમાં આવી વસે છે. જડ તન અને તે કેહપં બેઉ તે રૂવાનને લગતાંજ છે. રૂવાનનું કેહપં તે ચીજ છે કે જે એક વખતે દ્રવાઓરૂપ હતું—જેને રૂવાને સુધાર્યો છે, અને હવે રૂવાનનું વહાણુ થઇને રૂવાન સાથના દ્રવાઓનો છેલ્લો ભાગ કે જેમાંથી જડ તન થઇ રહે છે તે ભાગના મસાલાને સુધારીને પોતા જેવો કરવા રૂવાનની સાથજ રહે છે; પોતાની વધુ મુકિત લેવાની વાત છોડી દઇને પોતામાંના છેલ્લા જડ ભાગને સુધારવા રૂવાનની તાબેદારી કરી રહે છે, માટે રૂવાનનું વહાણુ થઇ રહે છે. આ કેહપંમાં પરમાર્થની ગતીનું કામ કરવાની શકિત છે જેને ૧૬ ચખ્ર તરીકે લીધી છે. કેહપંના આ ૧૬ ચખ્ર=અંગો પેલા જડ તન થવાનો મસાલો રાખીને તે જડ મસાલામાંથી આજના જેવું શરીર ઉગાડી આપે છે, કેમકે તે કેહપંમાં કુદરતે વસવાત કીધો છે. તે જડ તનનો મસાલો કે જેને સુધારવાજ કેહપં રહયું છે તે મસાલામાં ઉપર જોયું તેમ અહિ આવ્યો. જડ તનનો તે

અહી સાથનો મસાલો તો તે કેહર્પમાંજ રહેવાનો છે, માટે તે અહિં તે તે કેહર્પમાં આવીને કેહર્પમાં જે પરમાર્થની ગતીની કુદરત છે જે તે જડ તનને ઉગાડશે તેમાં ખલલ કરવા લાગ્યો છે. વંદીદાદની પહેલી પરગર્દમાં કહે છે કે ૧૬ શહેરોમાં એટલે ચખોમાં ધનાની સત્તા જામી તેનો આવો અર્થ છે. આજે ત્યારે જેઓ ધર્મ ચુસ્ત પોતાને કહેવડાવે છે તેઓ અધર્મીને જોઇને તેઓને ધીકકારવા જાય છે, કેમકે તેઓ આજના ધર્મીઓ એક વખત અધર્મી હતા અને મનની આંખે આંધળા હતા. હવે તેઓને કુદરતે મનની આંખ આપી છે, માટે તે અધર્મીઓની આરસીમાં પોતાની કરણી જોઇ રહીને તે આગલી પોતાની અધર્મીના ગતીની શીક્ષા તરીકે તેઓ સામા અધર્મીની વર્તણુકોથી પોતાને સંતાપ્યા કરે છે. ત્યારે જો તે કહેવાતા ધર્મીમાં સત્ય હોય, તો તેઓમાં તો ખરૂં જ્ઞાન હોય અને તેઓ ભાર ખમવા તૈયાર થાય. ભાર ખમવા તૈયાર થયલો ધર્મી તો દરેકને માટે દુઆજ કરવાનો, પણ જેઓ ધર્મી તરીકે આજે છે અને જેઓ ભાર બરદાર નથી પણ સામાને અધર્મીને ધીકકારવા બહાર પડે છે, તેવા ધર્મીઓ તો સીરફ કુદરતમાંનાં પતમાનનું નીચે જતું પલ્લું દેખાડે છે, જ્યારે પેલા અધર્મીઓ ઉપર જતું પલ્લું દેખાડે છે, જ્યારે અષવનજ પલ્લાનું મધ્ય જોતો રહીને શું ગુનાહગાર કે શું અષવનમાં અહુરમજદની હિકમત અને ભલાઇ જોયા કરે છે અને તેની ફત્તેહ ઇચ્છયા કરે છે. પેલા કહેવાતા ધર્મીમાં **ધાર-મીક ગતીનું** પલ્લુ જે નીચે જાય છે તે તેની આગલી જીંદગીની અધર્મી ગતીમાંથી પેદા પડીને સામાનાં અધર્મીપણામાં ખરેખર તો પોતાની આગલી બુરી ગતીનો આઝાબ જોયા કરે છે. ખરેખર તો પેલો અધર્મી અને ધર્મી બેઉની જમીન એકજ છે. એવીજ રીતે ચુસ્ત ભાજી ખાનારાનો જીવ કતલથી કમકમે છે, કેમકે આગલા જમાનામાં તેઓએ જે કતલ કીધેલી તેનોજ આઝાબ તેઓને પડે છે. આમ ત્યારે આજે બધું ભોગ-વટામાં આવી જાય છે, કે જેની ઉપર તરીકતની સીલ નથી. પણ તેની ઉપર બુઝોર્ગોની વસીઅત છે કે કતલથી બાઝ આવવાનો ચોકસ વીચાર રાખવો. કંઇ નીરમાણ થયલું મીથ્યા જતું નથી પણ મકકમ ભલા વીચાર રાખ્યાથી ભવિષ્યમાં સુધારો થશેજ. **ત્યારે બુઝોર્ગોની વસીઅત શું છે?** દુન્યા કે જેમાં આંધળો આંધળાને દોરવી રહે છે તેમાં બુઝોર્ગોની વસીઅત તે આંધળાઓને જોવાની આંખ સમાન છે. બુઝોર્ગોને દાનાકાન તરીકે ઓળ-ખેલા છે, જેઓ પોતે 'ગવ'ની ગતી અને મતીના હોવે, અધીકારી હોવે, પોતાના અધીકારથી જે અંદર્ઝ=સલાહો આપે છે, તે સલાહોના પાલનના બદલા માટે તેઓ એક **'કુનીઅત'** અણદીઠ સંસ્થા ઉભી કરી જાય છે,

કે જેમાંથી તેઓની સલાહને માથે ચઢાવનારાઓને આશીરવાદી મદદ મળશેજ. બુઝોર્ગોએ સલાહ આપી છે કે ઇનસાને માંસને ખાવું નહિ પણ નબાતાતનેજ ખાવી. નબાતાતના ખાતી વખતે તે ખાનારે એમ વિચાર ફેંકવો કે હું આ ચીજને ખાઉં છું, તમારી વસીઅતની રૂયે ખાઉં છું. પણ આ ચીજમાંના જબુન બુરી અરવાહીઓને લગતા મિથ્રો જો મારો કબજો લઇ મારી પાસે હવસા કરાવશે તો તે વખતે ખરેજ તમારી મદદ મને મળશેજ. હું ખાનારો કંઇ દાવાથી ખાતો નથી પણ તમારી સલાહને માન આપીને તમારી દુઆની ખાસ્તારી કરતો ખાઉં છુ, કે જેથી નબાતાતના આહારનો દોશ મને લાગે નહિ-યા લાગે તો તેમાંથી પાદે ફ્રરાહની ગતી ઉભી થાય–'તોજશ્ને તાવાએ દીન'ની ગતી ઉભી થાય નહિ. આમ ત્યારે દરેક માનવે અંતકરણપુર્વક બુઝર્ગોની વસીઅત પ્રમાણે ચાલવું સઝાવાર છે. પણ સવાલ આ ઉઠે છે કે બુઝોર્ગોએ એ સલાહ કાંય આપી હશે! જો નબાતાતમાં અરવાહીના મિથ્રો છે તો પછી નબાતાતનેજ ખાવાની સલાહ આપવામાં શો અર્થ હશે? આ અર્થ શોધવાનો દુરલભ છે, પણ ટુંકમાં એમ કહીને સંતોષ પકડીશું કે જેઓ ગોશ્તને હવસ તરીકે, જીભના ઝાયકા=તેસ્ટ તરીકે ખાય છે તેઓ પોતાની ખએત્વોદથને ઓર દુર કરે છે. જાનવરના કપાવાથી જે મોટો આઝાબ ઉભો થાય છે તે આઝાબથી ફ્રશો–કેરેતી દુર જાય છે એટલે ખએત્વોદથનો હિંગામ દુર જાય છે. જાનવર મરતી વખતે જે મિથ્રો કરે છે તેનો આઝાબ કુદરતની ઉપર અસર કરે છે એટલે કુદરતને કુલ્યાતી ફ્રશો–ગર્દ લાવવાનું જે કામ કરવાનું છે તેમાં ખલલ પડે છે. માનવ જયારે નબાતાત ખાઇને હવસમાં પડે છે ત્યારે જુઝવાવી ફ્રશો–ગર્દ (પોતાને લગતી મુકિતજ) દુર જાય છે. પણ માનવ જયારે ગોશ્ત ખાય છે ત્યારે કુલ્યાતી ફ્રશો–ગર્દ એટલે કુલ જગતની મુકિત દુર જાય છે, જેથી ગોશ્ત ખાવાથી રૂહાનીક ગતીને વધુ આઝાબ પુગે છે. માટેજ બુઝોર્ગોની તે વસીઅત થઇ છે. પણ એ વસીઅતનો ભોગવટો આપણી ઓરત સાથના ભોગવટા મુજબ છુપા છુપા કરવાનો છે. તે ભોગવટાની જાહેરાત કરવાની નથી. પણ તે ભોગવટાથી સામાની ઉપર જે છાપો પડે છે તે પહેરેલી ઓઢેલી ખુબસુરત ઓરત મીસાલની થવા ધારેલી છે. આમ ત્યારે ખાવાની વિગત સીરફ ભોગવટાનીજ થઇ પડે છે.

શરૂઆતમાં જયારે ઉસ્તાદ સાહેબે ઇલ્મે–ક્ષ્નૂમને જાહેર કરવાનું શરૂ કીધું ત્યારે તેવણે અમુક મુળ સિદ્ધાન્તો જેઓ ટુંકા અને સરળ હતા તેઓને સમજાવ્યા હતા. આ વખતે તેવણે જાહેર કીધેલું કે આ શિક્ષણ ઘણુંજ અધુરું છે માટે લઇ દોડવું નહિ. વેજીટેરીઅન સોસાઇટીના તખ્તાની ઉપર

તેવણ ઉભા રહીને બોલતા હતા, જે સંસ્થાના તખ્તાએ તેવણને ઉભા રહીને બોલવાની તક આપવાની ખુશબખ્તી બતાવી, માટે તે સંસ્થાનાં મુળ કામને ઉત્તેજન આપવા એવણે આતશનો ટુંક સિદ્ધાંત એવો સમજાવ્યો, કે જેનાં સત્ય વીષે હાલની વીદ્યાની દલીલોથીબી બે સવાલ થઇ શકેજ નહિ. વળી તે બાબદ બુઝર્ગોની વસીઅતને લગતી હતી માટે તેવણે તે બાબદને જોર આપ્યું. પણ આ હાશમના જમાનાની ક્ષથે, ચાલુ જમાનાના દોરની નીરંગે પોતાનું જોમ તે સામે અજમાવ્યું, અને તે મોતેબર વસીઅત જે ખોરાક બાબદની હતી તેની ખુબી અને વપરાસની ઉપર ખોટા મદારો ઉભા થવા લાગ્યા એટલે પછી તેવણે તે બાબદનો ઉંડો ભેદ ખોલવા માંગ્યો. પહેલે તો એક મુળ સત્ય જાહેર કીધું કે આખી જગત હસ્તી-નીસ્તીની છે અને નીસ્તીમાં માનવ ઉપરાંત જાતજાતની વ્યકતીઓ ઉલવી અરવાહીઓથી માંડીને ધુળની રજકણ લગીની છે તે બધા મુકિતને માટેજ છે. આ બધાની મુકિત માનવથીજ થનાર છે. માનવના પ્રયાસોથીજ કુલ્યાતી ફ્રશો-ગર્દ થશે. એમ છે માટેજ અવસ્તામાં **ક્ષ્નઑથ્ર અહુરહે મજ્દાઓનું** વાકય શરૂઆતમાં આપ્યું છે કે અએ દાદાર, તારી ક્ષ્નૂદી જે માનવથી થવાની છે તેમ થવાની મારફત હું થાઉં. તેમ વળી આશીશો આપતી વખતેબી દુઆ દે છે કે 'કામ અંજામ બેદ ચુન અહુરમજદ ખોદા'=તે દાદાર જેમ પોતાની મુરાદ બર લાવ્યા કરે છે, તેમ અએ માનવ, તુંબી બર લાવજે. ત્યારે જો આમ છે તો માનવે પોતાની દીન મુજબની તરીકત પાળવી તે મોટામાં મોટી ફરજ તે દાદાર પ્રત્યેની થઇ. તરીકતની શરૂઆત કરવા માટે બુઝોર્ગોની વસીઅત દસ અંદજને માન આપવા ફરમાવ્યું અને પછી કહયું કે માનવનો એકલો આહાર નબાતાતનો છે એમ બુઝોર્ગોની વસીઅત છે. પછી એવણે માનવની ઓલાદ-ઓકાદ વિષે અને ગેતીની હાલતો વિષે સમજાવ્યું અને કેશાશોની પકડની સમજ આપવા માંડી. એમ ત્યારે પાછળથી જયારે મોટા સવાલો ઉભા થવા લાગ્યા ત્યારે હકીકતી બ્યાન ખુલવા લાગ્યું. ઇનસાન તે કોણ છે-ગરોદેમાન તે શું-ઉરવર તે શું-અનામાંથ્વાઓ તે શું-ચિથ્ર તે શું, વીગેરેના ભેદોના પરદાઓ ખોલ્યા વગર ચલાઇ શકાયું નહિ. પણ તે બાબદ સમજનારા કમ માલમ પડયા-ના, સમજીને માનવા અને ગ્રહણ કરવા ના પાડતા હોય એમ તેઓ માલમ પડયા. આજે ત્યારે ફ્રશો-ગર્દના અંકોમાં છે તે શરૂઆતનો ખ્યાલ છે. ઇલ્મે-ક્ષ્નૂમ કહે છે કે ઇનસાન જે દુન્યામાં રહે છે તે દુન્યા તો નીસ્તીએ-અવ્વલના વિશાળ નહિ મપાય તેવા ઘેરાવાના દરયાવમાં એક ટીપાંનું

ટીપુંબી નથી-છતાંબી આ ગેતીમાં તે 'તાવાનાઇ' પડેલી છે, કે જેથી આ ગેતી નીસ્તીએ-અવ્વલના વીસ્તારમાં બસીત થઇને પંથરાઇ શકે અને નીસ્તીએ-અવ્વલનાં કામને આખરી મદદ આપી શકે. નીસ્તીએ-અવ્વલ કે જેમાં અરદાફ્રવષની ગતી છે એટલે ખાક ફ્રવષીરૂપની લગભગ થઇ હોય તેવી છે, તે નીસ્તીએ-અવ્વલ લગભગ હસ્તી જેવી છે. આવી નીસ્તીએ-અવ્વલની નકલમાં આપણી ગેતી ઉભી થઇ છે, જે એક વખત લગભગ નીસ્તીએ-અવ્વલને પુગેલી હતી-જેવો મામલો આજે નથી પણ કંઇક દરજજે આવતો રહયો છે. ઇનસાન ત્યારે તે અસલ જગત-ગેતીમાં અર્ધ યજતી હોવો જોઇએ અને હતો. હેવાન-ઝાડપાન-ખનીજ બધાંમાં આજે જે ગતીઓ છે, જે ખુબીઓ બએષઝની ગતીઓ પડેલી છે, જે ખુબીઓને તેઓ તેઓની instinct અકલે-હયુલાથી આજે જાહેર કર્યા કરે છે, તે બધુંજ ઇનસાનમાં તે વખતે ખીલેલું હોવું જોઇએ અને હતું, એટલે ઇનસાન ઉડી શકે-ઘોડાની માફક કે જાનવરોની માફક જબ્બર કામ કરી શકે-ઝાડની માફક ઉગીને ફળો ઉભા કરીને હાજતમંદોને આપી શકે, વીગેરે વીગેરે. આવો ઇનસાન એક વખત હતો, જે કુલ નીસ્તીનો દહયુપત હતો. આવા જમાનાની ગેતીને ગરોદેમાન કહેતા હતા. આજે આ ગરો-દેમાન આ જડ ગેતીમાં અવિચ્છિન્ન તરીકે ગુપ્ત થઇ છે. આજે ત્યારે ગેતી તદદનજ જુદી છે જેને દુજો-દેમાન કહે છે. આ દુજો-દેમાનની આજની ગેતીમાં જે ઇનિસાન છે તે અસલના ગરોદેમાનના 'ન-ના'થી=નરો-નારી-ઓથી દસમાંના નવ ભાગે કમીનો છે-ઓછો છે, અને જેમજેમ આ દરેઘો ખદાતનો જમાનો આગળ ચાલતો થશે, તેમ તેમ માનવ ઓર અને ઓર ઓછો થતો જશે, અને બુધ અને શુક્રના હઝારાઓમાં હેવાનની પકતી ઉપર ઉતરી પડશે. આવું બ્યાન તો દારવીનની હકીકતોને પુષ્ટી આપતું હોય એમ કોઇને લાગે. દારવીન નામનો વીદવાન ઇનસાન તેમ બીજી બધી હેઠળી વસ્તી-ઓનાં હાડકાંઓની બારીક-બીન વીદયા ઉપરથી સમજાવતો હતો કે ઇનસાન એક વખતે જાનવર હતો; પછી રફતે રફતે ઉપર ચઢયો છે, કેમકે તેના હાડમાં જાનવરોના હાડની નીશાણી છે વીગેરે. આપણને દારવીનની થીઅરી સાથે કામ નથી. પણ આટલું જોવાનું છે કે ઇનસાન અગાઉ ઉડતો હતો એમ જે કહે છે તે કંઇ તદનજ હવાઇ જેવું ગણવું નહિ, કેમકે માનવના હાડમાં એવી જાતજાતની નીશાનીઓ હજુર પડેલી છે, કે જેની ઉપરથી દારવીને પોતાની તર્ક કાઢેલી છે. હાશેમી જડ જમાનામાં આજે શાહ લોહરા-સ્પને એકલાજ એક રીતે ઉડતા ચિતારેલા છે. તેવણ એકલાજ એવા હતા કે જેવણ આજના દુજો-દેમાનમાં હોવા છતાંબી જાગૃત અવસ્થામાં

કેહપંને બહાર કાઢીને ઉડાવીને સામાન્ય લોકોને દેખાડી શકતા હતા. પણ ગરોદેમાનની દુન્યાના લોકોમાં તેવી શકિત સામાન્ય હતી. ત્યારે ઉસ્તાદ તો ઇનસાન તરીકે કુદરતમાં જે મુળ હતું તે ઉપર ઇશારો કરી ચાલેલા, પણ ઇનસાનમાં ઉપર કહયા છે તેવા ઉંડા ભેદો છે તેના ભેદો તો વખત અનુસાર સમજાવવા માંગતા હતા. આવા મુળ ઇનસાનના વખતમાં ત્યારે નબાતાત કંઇ આજના જેવી હોય નહિ અને તે ખોરાક ઇનસાનનો છે એમ કહેવાનું કંઇ ખોટું નથીજ. પણ આજે તો આબેદો જયારે ખએત્વોદથીએ પુગે છે ત્યારે, એટલે મુકિતની હાલતે પુગે છે, ત્યારે મુકિતનો છેલ્લો ફેઝ બસરીયાના આહારનો દેખાડેલો છે. આ છેલ્લે વખતે **પસુપચ**ની કીયા કરવામાં આવે છે જેમાં મ્યઝદ તરીકે મેજ તરીકે ખાસ ગોસ્પંદ આવે છે. આ ગોસ્પંદના **બસરીયા**થી તે આબેદના પોતાનાને લગતા બધા અંશો પોતામાં ખેંચાઇ શકે છે, જયારે ગરોદેમાનમાં ખએત્વોદથી ઉરવરથી થતી હતી એટલે તે વખતના નરોનો ખએત્વોદથનો છેલ્લો ફેઝ બસરીયા નહિ પણ ઉરવરથી થતો હતો. આ વિષેનો ઇશારો ઉપર કીધો છે કે જયારે વંદીદાદનો જમાન થયો, ઇનસાનની ગતી ટુંકી થઇ, તે ઉડી શકયો નહિ અને દીન પર દીન હેવાનની ગતીમાં આવતો ગયો, ત્યારે **ગેઉશો**એ તેવા કમીના ઇનસાનોને મદદ આપી. ગેઉશ ઉરવાએ તેઓનો ભાર ખમ્યો અને આજે ખમે છે. ગેઉશ તશન ત્યાર પછીથી તેઓને ભલાઇમાં ઘડવા પોતાની ગત્ર આપી રહે છે એટલે સાધારણ માનવોનો ભોગવટો આ ગેઉશોથી થઇને પછી છેલ્લે તેઓની સિદ્ધી થઇ રહે છે. એમ ગેઉશોએ દુજો-દેમાનના કમીના લોકોનો ભાર ખમ્યો અને ખમે છે, અને છેલ્લે આજ ગેઉશોની મવકકલ ગતી રાખનાર ગોસ્પંદથીજ પસુપચ થવા લાગ્યો છે એટલે તેઓની સિદ્ધી=તારણ પસુપચ નામની કીયાથી થઇ રહે છે, જેમાં ગોસપંદની મેજ થયલી રહે છે. ત્યારે ઇનસાને આજે ગવ અવમંદ થવું જોઇએ એટલે ગવની ગતીને ખીલવેલા થવું જોઇએ માટે ભોગવટો ભોગવીને તરીકતો પાળવી જોઇએ અને તેમાં પથરા મુકવા જોઇએ નહિ. જેમ ઉપરથી આશીરવાદ ઉતરે છે અને ગેતી ટકી રહે છે, તેમ ઇલ્મે-ક્ષ્નૂમનુ ગ્નાન આશીરવાદરૂપનું એટલે બરાબર હકીકતનું જોઇએ, કે જેથી કુટુંબોમાં આશીશો વરસવા જોઇએ, કંકાસ ઉભો થવો નહિ જોઇએ અને ક્ષ્નૂમને નામે લાગણીના પથરાઓનો માર થવો નહિ જોઇએ. જેમ સુધારાના સાહેબો તરીકતને હસે છે અને તેને એકદમજ વીસારી દે છે, તેમ વળી આ ધર્મીસ્ત સાહેબોએ પોતાના ગવ ઉપરાંતની તરીકત તરફ જવાનું નથી, કેમકે તેથીબી તરીકતો હીણાય

છે. તરીકતોનાં શીક્ષણો અને તરીકતમાં આવતા માંથ્રો-નીરંગો-બાજ વીગેરે તરીકતની સામગ્રીના વીસ્તારને 'સ્રવંઘહુ' તરીકે ઓળખે છે. આ સ્રવંઘહને ધીકકારવુંબી નહિ અને તેને કમોસમે વાપરવીબી નહિ, કેમકે બેઉ ગતીથી અંદરની માનવમાં રહેલી ગવ વધશે નહિ અને હોજાતોજીમાં વખત બરબાદ જશે અને આપણુ જાણી જોઇને બુરૂં કરવાના ગુનાહમાં ફસી જઇશું. ગાથા ૩૨-૧૨માં કહે છે કે 'સ્રવંઘહાં'=તરીકત માંથ્રોથી 'યા'=જે કોઇ 'મરૅતાનો'=ગુનાહગાર ઇનસાનોને 'વહિસ્તાત્ ષ્યઑથના'=ભલા કામોથી-ભલી સાચ્ચી તરીકતને પુગવા તરફથી 'રાઓંઘહુયૅન્'=દુર લઇ જાય છે (એટલે તેઓની ભલી ગતી આવી મળતી અટકાવે છે એટલે જે કોઇ તરીકત માંથ્રોને ઉતારી પાડે છે અથવા તેઓને કાયદાસરને બદલે ગેર કાયદેસર ભણવા પાળવા કહે છે, જમાનાની હકીકત જે હોય તેને બરની તરીકતો માંથ્રો આપવાને બદલે નહિ પાળી શકાય અથવા ફાયદાને બદલે ગેર ફાયદો થાય તેવી તરીકતો માંથ્રો આપે છે-પાળવા કહે છે, એમ જોઇએ તેવી તરીકત આપવાની નસીહત આપતા નથી તેઓનાં તેવાં કામથી ઇનસાનો તરીકતનો લાભ લઇ શકતા નથી). આવાઓને મજદાએ 'અકા'= બુરા એટલે વૃદ્ધીમાં અતકાવનાર મુકનાર કહયા છે તેઓ 'ગેઉશ' ગવની ગતીનો (એટલે પોતે જે ગવનો હીસ્સો મેળવી રહે છે, ઉપર કહયું છે કે 'ગેઉશો' આજે ભાર ખમે છે તેમાંનો તેઓનો ભાર જે ઉંચકાય છે એમ જે હીસ્સો મળે છે એટલે ગવની ગતી જે તેઓને મળે છે) તે ગવની ગતીનો 'ઉર્વાક્ષ્-ઉખ્તી'=તેઓની હલકી જવાબદારી સમજ્યા વગર, મજાક મશકરીરૂપની હોજાતોજીમાં-પોતાનો સીકકો બજાવવાની ગરમા ગરમીમાં 'જયોતૂમ્'=ગવ જીવને (એટલે ગવમાંથી નીકળતી જીવાડનાર ગતી જે તેઓમાં છે તે ગતી જે તેઓને મળે છે તેને) તેઓ 'મોરૅનદૅન્' ખલાસ કરી નાખે છે. 'યાઇશ' જે (શીક્ષણો)થી (માંથ્રો-તરીકતો જે બરાબર રીતે નહિ બતાવ્યાથી-આશીરવાદરૂપ પડે તેમ નહિ પડતા પથરાઓરૂપ પડીને વગાડે છે ઓર માર પાડે છે તે પ્રમાણે શીખ્યા)થી 'ગૅરૅહ્મા' સંસારમાં ચકચુર થયલો દુબેલો દીનથી બેખબર ઇનસાન 'અષાત' અષોઇ તરફથી-તરીકતોના પાળવા તરફથી 'વરતા' ફરી જઇને 'કરપા ઇષનાંમ્ ડ્રુજૅમ' ડ્રુજને ચાહનાર-તરીકતને ધીકકારનાર 'કરપ' દીનને જાણી જોઇને નુકશાન કરનારની 'ક્ષથ્રૅમચા' સત્તા આણુ હીદાયત હેઠળ જાય છે, આવા બધાને મજદાએ બુરા ગણેલા છે. હયાં તો જમાનાનો તે ભેદ બતાવે છે કે જે બુરા જમાનાઓમાં ગોસ્પંદોની કતલ થતી હોય તે જમાનામાં અષોઇના કાનુનોને જાહેર કરવા

અગાઉ વીચાર કરવાનો છે એટલે હર્યાં ત્યારે તરીકતને–જ્ઞાનને ખરી રીતે જમાનાના રંગ પ્રમાણે હકીકત પ્રમાણે અને ગમે તેમ નહિ–જાહેર કરવાની તાકીદ છે અને 'ગેઉશા'ની મદદ જે આપણને દમેદમ મળે છે તેનો સદ ઉપયોગ કરવાની સલાહ છે. ગેઉશાની મદદ તે શું? ગેઉશ ઉરવા તો ગેતીનો ભાર ખમીને ઇનસાનના પાપોનો ભાર ખમે છે અને ઇનસાનને સામી ગવની ગતીની જીવજાનની ગતીઓ આપે છે. ગેઉશ તશન આ આપેલી ગવને તેના જીવમાં આમેજ કરીને તેવી જીંદગીને ટેકવે છે. ગામની સૃષ્ટી એટલે ગવની મખલુકાત તેઓને તેમાં મદદ કરે છે. આવી ગામની મખલુકાતમાં આવી જતાં ગાય ગોસ્પંદોમાંનાં રૂવાનોની રય તે ગાય ગોસ્પંદમાં અંતર જ્ઞાન ઉભું કરે છે, જે સચેત રહેવું જોઇએ. આવા અંતકજ્ઞાનથી તેઓની ઇનસાનને ભલાઇ મળે એવી દુઆ કરે છે અને પોતે પોતાના દુધ મારફતે તે આશીરવાદો પુરા પાડે છે. આજે ઇનસાનની બદ મનશ્નીને લીધે અને ઉપર કહયું તેમ 'સ્રવંધહુા'=માંથો તરીકત ઉપરના ભારને લીધે ગાય ગોસ્પંદોની રયનું અંતર જ્ઞાન મંદ પડી જાય છે. પણ જયારે તેઓની કતલ થાય છે ત્યારે તેઓમાં તે 'રય'નું અંતર જ્ઞાન જાહેર થાય છે અને તેઓ કુદરતની આગળ ફરયાદ કરે છે કે આ હાશેમના જમાનાનું શું થશે, કેમકે તે જમાનાએ એટલે ઇનસાનોની માઝીની બુરી કરણીએ હમોને જીંદગીમાં એવા બેફામ બનાવી દીધા છે, કે હમારા ઇનસાનો માટે જે ગવની દુઆ આપવી જોઇતી હતી તે બરાબર અપાઇ શકાઇ નથી. હવે હમો તો છુટીએ છીએ પણ હમારા તે ઇનસાનનું શું થશે, માટે હમો છેલ્લેની દુઆ કરીએ છીએ કે ઇનસાનમાં ગવનું જોર વધતું રહી તેઓમાં જોરાને–જાનની શકિતઓ ઉભી થજો. ગોસ્પંદોની મરતી વખતની આ દુઆ કુદરતને કબુલ થાય છે. કુદરતના હાથમાં તો હદ+ઇનસાફનો કાંટો છે અને તેટલા માટે ઘના અને સ્પેના બેઉને તેણી રણ ક્ષેત્ર કરી આપે છે. ગુનાહગાર માનવો= મરેતાનોને માટે હવે ઘનાની ફન કામે લાગે છે અને માનવને શીક્ષા કરીને સુધરવા પછી વબાઓ આવી ચઢે છે. ત્યારે ગોસ્પંદોની મરતી વખતની આ ફરયાદથી આફતોનાં વાદળાંઓ ચઢે છે, જે આફતો પછી શાંતી લાવશેજ. આમ ત્યારે 'ગેઉશ મોરેન્દન' એટલે ગવને મારવું અને તે વખતે થતી ફરયાદનો મોકો ઉભો નહિ થાય એમ દરેક માનવે ઇચ્છવું એ એક જાતની ફેલ છે એમ સમજ અપાઇ. ગમે તેવી તબઇ હોય, ગમે તેવો ખોરાક હોય, તોપણ માનવની વીચાર શકિત ગવની હિફાજતનીજ હોવી જોઇએ. કોઇ જમાનામાં ગવ દુધ આપીને માનવની હિફાજત કરે છે, જયારે હાશેમના જબુન જમાનામાં

ગવ પોતાનો પ્રાણ આપીને માનવની હીફાજત કરે છે, જેની કદર માનવે કરવી. આ મુળ સત્ય છે. ઇલ્મે-ક્ષ્નૂમ શીખવે છે કે તરીકતની ઉપર ચાલનારે બુરી તબઇની ઉપર નેગાહ નહિ કરવી, કેમકે તેથી તો પર ઓરત ઉપર નજર કરવાનો ગુનાહ ઉભો થાય છે. પણ તેણે તે ગુનાહગાર માટે દુઆ કરવી અને ગેઉશોની કતલ વખતની ફરીયાદ નહિ ઉભી થાય એમ રાતો-દીન વિચાર કરવાને સબક આપવો, કે જેથી ભવિષ્યમાં ભલી આકેબત ઉભી થશે, કેમકે ખાવું એતો સીરફ તબઇજ છે. પણ એ તબઇની ઉપર બુઝર્ગોની વસીઅત ફાવે તેની દુઆ કરવી અને તે પ્રમાણે ચાલવાની કોશેશ કરવી, જેથી રોશન-ફેલ ઉભો થાય. ત્યારે ખોરાકની બાબદ તરીકત નથી. ઇનસાનોને જે ભોગવટો ભોગવવાનો હોય તે ભોગવવેજ છુટકો છે. પણ તે ભોગવટાની ઓરત ભલા ફરઝંદ જણે માટે દુઆ કરવી. દુઆ કરવાનું સાધન ઝબા-નની રાસ્તી પતેત મહેર છે, જે વિષે ઉપર લખી ગયા છીએ. દીનકર્દના સાહેબ, પેગમ્બર સાહેબના માતાજી જ્યારે પેગમ્બરના જન્મ વખતે કસ-તાતા હતા, ત્યારે ભેદમાં લખે છે કે સરોશે પેગમ્બર સાહેબના પીતાજી પોઉરૂશસ્પને કહયું કે જાદુગરોના ઇલાજો કરવાથી ફાયદો નથી એટલે અધ-માંથ ઉભો કરતો ઇલાજ જે કોઇબી જાતની દવાદારૂની સાથે જોડાયો હોય કે જેથી રૂવાનની રય ઉપર ભાર પડે તે કરવું નહિ, પણ રૂવાનનું જોર વધે તેવો ઇલાજ તું કર, કે જે **બસરીઆ** ગોસ્તનો છે તે તું આપ. આવા ભેદી લખનાર ખુદ પોતે બુઝોર્ગોની વસીઅત તરીકે જાહેર કરે છે કે બનતાં લગી ગોસ્પંદોને મારીને ખાવા નહિ પણ ઉરવરજ લેવી. દીનકર્દનું આવું લખાણ કે જેમાં એક વખત કટોકટીના વખતમાં '**બસરીઆ**'ને ઉત્તમ લે છે ત્યાંજ વળી વસીઅત ગોસ્તને ખાવાની નથી એમ જે કંઇ કહે છે તેનો ભેદ ઉપલા ભોગવટાની ઓરત ભલા ફરઝંદો જણે તે ઉપરથી ખુલે છે. દીનકર્દના આ સાહેબનો અર્થ હમારા ઉપર કહેલા લખાણ ઉપરથી થશે કે ભોગવટાની ઓરતે ભલા ફરઝંદો જનવા ભલા મિથ્રો કરવા, કે ગોસ્પંદોની કતલ અટકે અને તેથી '**ગેઉશ મોરેન્દન**'ના મિથ્ર કપાતા ગોસ્પંદોથી નહિ થાય. ત્યારે જેઓ ગોસ્પંદોના કતલને અટકાવવા પ્રયાસ કરે છે તેઓ ખરેજ પુન્યવંતા છે. તેઓ પોતે ભવિષ્યનો રસ્તો ખોલે છે. તેઓ પોતે ભાર ખમે છે. હમારા વીદવાન મિત્રો મસાની ભાઇઓ અને તેઓની society મંડળીનો એ મુદ્દા લેખ છે. તેઓને ઉસ્તાદ સાહેબે દોરાવ્યા પહેલે અધુરૂ જ્ઞાન હતું જેબી ફ્રશો-ગર્દમાં છે. પછી વધુ જ્ઞાન થયું તેબી ત્યાં છે. તેઓ બુઝો-ર્ગોની વસીઅતને સાચવે છે. તેઓ પોતે એક જમુઅમાં થઇ જાનવરોની કતલનો ખોફ કરે છે એટલે પોતે ભાર ખમે છે. તેઓ જ્ઞાનનું જોર

લઇ હોજાતોજી કરતા દુર ગયા છે. તેઓ સારી રવેશે જાણે છે-માને છે કે આ ચળવળ તંદરોરસ્તી માટે છે રૂવાન-દરોરસ્તી માટે નથી-તેઓ આ ચળવળને ભાર ખમાઉ કરવા માંગે છે એટલે ગોરપંદોની કતલ અટકે તેના મિથ્રોના ગુબારો કરીને ભવિષ્યની ભલી આકેબત ખોલવા પ્રયાસ કરે છે. આજના મિથ્રો કાલનો ફેલ કરશે. હાશેમની જડતામાં નેકીનો મિથ્ર ઘણોજ જબર રીતનો ગુબાર બાંધી શકે છે. ગોરપંદોની કતલ અટકે એવા મિથ્રનું તેઓનું કામ ભવિષ્યમાં શુભ નતીજો ઉભો કરશે. તેઓ જેમ મહેર સારૂ-પતેત સારૂ નસીહત દઇ શકે છે તેમ તેઓ ભલા મિથ્રના ઉભા થવાની વસીઅતને ગોખી શકે. ત્યારે સીધ્ધાંતોમાં ફરક નથી. પણ ભલે આકેબતે લઇ જવાના પ્રયાસો કરવા માટે ભોગવટાઓ કઇ રીતે કરવા તે વિષેના અભીપ્રાયોમાં ફરક પડયા કરે છે. નબાતાતમાં વોહુન છે, જેમાં અરવાહીના મિથ્રો છે, જેમાં તરીકતોનું જોર નથી, એ બાબદ નીરવીવાદ છે. તેમ માંસ મચ્છીઓનો વોહુનબી કપાતાં જાનવરોની છેલ્લી ગતીના વિચારોનો ભરેલો અને જડતાનો છે એબી નીરવીવાદ છે. વનસ્પતીના ખોરાક ખાનારા લોકો એક જાતનો હવસ નામે અઇવી બુદની ગતીનો હવસ જે તમસને લગતો છે જેવો કે બાતેન મેલાપણું-કપટ-અદેખાઇ અંતસ-નીંદા-પીઠ પાછળ હુમલો-હીચકારાપુણું વીગેરે દેખાડે છે, જ્યારે માંસાહારીઓ બીજી જાતનો હવસ નામે ક્રેબુદની ગતીનો હવસ જે તમસને લગતો છે જેવા કે ગુસ્સો-લડાઇ-ખુન મરકી-લુટફાટ-મારફાડ-તારાજી-સ્ત્રી હરણ-બળાત્કાર વીગેરે દેખાડે છે. માટે નઇતીક બાબદમાં બેઉ ખોરાક હાલ જમાનામાં **'પતમાન'** ( સત્વ ) ઉપર નથી, કોઇબી જાતના હવસ રહિત નથી, એ અનુભવ સીદ્ધ છે, જેને હકીકતી સચ્ચાઇથી સમજાવી શકાય છે. પણ આ ખોરાકમાં કયો ખોરાક શારીરીક કાયાની જાહેર તંદરોરસ્તી માટે જાયજ થવો જોઇએ તેને માટે બે સવાલો-વિચારો છે, જેની સાથે આપણને લેવું દેવું નથી. હમો બુઝર્ગોની વસીઅતને પહેલી જગા આપીએ છીએ એ વાત નીરવીવાદ છે. પણ જ્યારે તુરતાતુરત શારીરીક આફત આવી પડે ત્યારે ચાલુ જમાનાની ઇલ્મ્યતની બુઝર્ગીના સાહેબો તીબ અને વઇદકની એટલે મેડીકલ શાસ્ત્રના સાહેબોની વસીઅતને માન આપવું ઘટે છે. શારીરક કાયાનો કેશાશ આવી ચઢે તો તેનો કર આપવા કબી પાછી પાણી કરવાની નથી. ના, તેમાંથીજ ભવિષ્યની ઉમેદ છે. માટે દીનના કદીમ બુઝર્ગોની ગેર હાજરીમાં ચાલુ જમાનાની તનદરોરસ્તીને લગતી સંસ્થાઓના અમાનતદારો સલાહ તે દર્દને માટે માનવી ઘટારત થઇ પડે છે-જે પછી કંઇબી હોય. ત્યારે ઇલ્મે-ક્ષ્નૂમમાં જણાવેલા દીની કાયદાઓની-નીકીઝમાં જણાવેલા

હુમત-હુખ્ત-હવરશ્તના ૧૮ મરતબાની તરીકતોમાં છેલ્લા તબકકાઓની હાલી જમાનની તરીકતોમાં ખોરાકની ગતીને તરીકતની કહી નથી, એ સત્ય છે. પણ ખોરાકની ગતીને હુમત-હુખ્ત-હવરશ્તની તરીકતવાળાઓ ચોકકસ જમાનામાં અને આજે સાહેબે-દીલાનોમાં ચોકકસ જાતની નીરંગ સાથની ખેતીથી તરીકતની કરે છે તે વાત તદન જુદી છે, તે નોંધવું, કે જેમાં આતશની ગતી કામ કરે છે. ત્યારે આપણી વચમાં કઇ જાતનો ખોરાક વાપરવો, તેની applicability તેના વપરાસની ભલામણમાં જુદાપણું છે, જે અકકલ અનુસારની વાત છે. બુઝર્ગોની વસીઅતને પહેલે માનવું અને જમાનાનો કર જો આપવાનો મોકો આવે તેને આપી દેવો. જયારે એક ઇનસાન તરીકતના નીયમો ઉપર ચાલવા માંડે છે અને મુકિતનો વીચાર કરે છે, ત્યારે તેની આગળ તેનો રસ્તો ખુલ્લો થઇને તેના ભોગવટા બદલાતા જાય છે અને પછી કુદરતી સુચનાથી તે રસ્તો લે છે. તેનો ભોગવટો જો માંસનો રહયો હશે તો માંસની ભખા થશે. તેનો ભોગવટો નબાતાતનો હશે તો નબાતાતની ભખા થશે. આજે ત્યારે કયો ખોરાક નેઝાદી છે-સત્વગુણી છે તે જાણવું મુશકેલ છે. સીરફ બોલવું કે માંસ માછલી તમસ ગુણવાળા અને ભાજી તરકારી સત્વ ગુણવાળા છે તેમાં સચ્ચાઇ નથી. એમ નકામું અસત્ય બોલવામાં આપણે કુદરતમાં થતી ગેઉશ મોરેન્દનની ફરીયાદને જોમ આપીએ છીએ.

## વહેતાં પાણીઓ: તેઓની જગા તરીકતમાં અને ક્રીયામાં કઇ રીતે કયે કારણે જુદી પડે છે તે ઉપર.

વળી આજે પાણીની બાબદબી ઘણીજ મુશકેલ થઇ પડી છે. મુંબાઇ જેવાં શહેરમાં કુવાનું પાણી નેઝાદી હોય એમ કહેવુંબી ભાગ્યેજ સત્યવાણી કહેવાય, કેમકે મુંબાઇ શહેરના કુવાઓમાં ગટરો લાગેલી રહે છે. વળી કુવામાંબી અનેક જાતની વબાઓ ઉભરે છે માટે બધા કુવા નેઝાદી છે એમ ઠડતું નથી. એમ છે તો પછી ખાવા પીવામાં તરીકતનો સવાલ કયાં રહયો? ઇલ્મે-ક્ષ્નૂમનું જ્ઞાન ઘણું ઉંડું છે અને તેમાં હાલની પશ્ચિમાતની વીદ્યાના ઘણા વિચારો જાયજ છે. માટે ઘણી બાબદોમાં તે જ્ઞાન હાલની વીદ્યાની બહાળીને કબુલ રાખી શકે છે. કુવામાં આજે ગેરનેઝાદીપણું વધતું જાય છે જેનાં કારણો ઇલ્મે-ક્ષ્નૂમ સમજાવે છે. માટે આવી બધી ક્ષ્નૂમને લગતી બાબદોને ઉપર ટપકેથી બોલીને તેઓની ઉપર ક્ષ્નૂમની ઉંડાણથી મારતો છાપ મારવો નહિ-ક્ષ્નૂમનાં જ્ઞાનને ઝાંખુ કરવાની ભુલ થવી જોઇએ નહિ. ટુંકમાં એ કે આજે ખોરાક કે પાણી કે હવાબી નેઝાદી રહયાંજ નથી, માટે તે બધું ભોગવટાનું છે, તરીકતનું નથી. મુંબઇ શહેરમાં

ઘણા કુવાઓમાં તેમ મુંબાઇ બહારના ઘણા કુવાઓમાં નારૂનો ઉપદ્રવ છે. કેઠે કંઇ અને કેઠે કંઇ વબા પડેલી છે. પણ એક સામાન્ય કાયદો રાખવો અનુકુળ છે કે નદી કે કુવાનાં વહેતાં પાણીમાંના ફ્રાદો, થંભ નળનાં પાણીમાંના ફ્રાદો કરતાં સચેત રહે છે માટે તે વહેતું પાણી ક્રીયા કામમાં વાપરવું ફાયદાકારક છે. ક્રીયાનાં ભણતરથી ઉભા થતા સ્તોતોમાં જાત-જાતની શકિતઓમાંની એક શકિત એવી છે કે તેથી કોઇબી પ્રકારનાં વહેતાં પાણી કે જેમાં વબાનું બીન્દુ પડયું હોય, તો તેવાં પાણીમાંના ફ્રાદોને ઉઝ-દાઓ કરાવી ઉભરાવીને વબાનાં તે બીન્દુને નીરમુળ કરીને તે પાણીને ગવ મ્યઝદનું ક્રીયામાં જાયજ થાય તેવું કરી શકે. પણ આપણા શેકમમાં કંઇ માંથ્રનું જોર નથી, કે જેથી કેઠે કેઠેનાં કુવાનાં વબાવાળાં પાણી પીવે તે વબાની ગતીને હાજેમાની ગતી મારી શકે. એમ આજે મામલો છે માટે એવી બાબદ ઉપર તરીકતની સીલ નથી. પણ કારેસાઝ ઇનસાનોના ભોગ-વટાની તે વાત તેઓના અનુભવ પ્રમાણેની થઇ પડી છે. ત્યારે દરેકે પોતા માટે કયો ખોરાક વોહુન-દરોસ્તી એટલે તનની દરોસ્તી કરાવે તેવો છે તેનો નિર્ણય પોતાની અકકલ અનુસારથી કરવો અને ઇલ્મે-ક્ષ્નૂમને નામે કુટું-બોમાં કંકાશ થાય તેવું કરવું-કરાવવું નહિ. દએનમાં ૧૮ જાતની તરીકતોના જમુઅ છે અને તે તરીકતો દરેકે દરેક જમાનાને બર આવે માટેજ ૧૮ ભાગોમાં વહેંચાઇ છે, માટે કયા ભાગમાં આપણે છીએ તેની ઉપરજ તેનો જવાબ છે. ભોગવટો-કેશાશ મરગરજાની છે કે ફ્રેરોદમાન્દી છે કે અજે છે કે માનીદે છે, તે પ્રમાણેજ તરીકતોનો બગ તે માનવને માટે ગવ અવમંદ ખોરાક એટલે અઝદને ટેકાવ આપતો ખોરાક કે વોહુન-દરોસ્તીનો ખોરાક એટલે સીરફ તનની દરોસ્તીનો ખોરાક ઉપજાવી આપે છે, અથવા તરીક-તના છેલ્લા મરતબા પ્રમાણે ચાલી તરીકતના બગને પોતા તરફ આકર્ષી તેની પનાહ અને સલાહ માંગીને જાણવાનું છે. આ બાબદ ત્યારે એક માનવની પરણેતર જીંદગીના જેવી નાજુક થઇ પડે છે-માટેજ આગલા કોઇબી જમાનામાં કોઇએબી આજની માફક ખોરાકનો સવાલ ઉઠાવેલોજ હતો નહિ, જોકે વસીઅત તો જાનવરના ખોરાકથી દુર રહેવાનીજ અપાતી આવી છેજ.

આજે આપણી વચમાં જે દ્રુજ-પરહેઝની નીરંગો રહી છે (અસ-લના કરતાં ઘણી કમ આજે આપણી પાસે છે) જેમાંની ઘણી ખરી આ કેતાબમાં છે. આ બધી નીરંગો હુમત-હૂખ્ત-હવરશ્તની બધી ૧૮ મરતબાની તરીકતોનો ભેળસેલ ભાગ છે. આ બધાને છુટી કરવા અને ૧૮ મરતબાની તરીકતો બતાવવા વંદીદાદના ભેદને ખોલવો પડે છે.

માટે તે બધું વંદીદાદના બાબેમાં આવે. પણ આજે મોટે ભાગે આપણામાં જે ગરીબાઇવાળો મધ્યમ વર્ગ છે તેજ તરીકત ઉપર રહેવાની ખાહેશ બતાવે છે. મોટા ઝરદાર સાહેબોમાં અયાસીપણું આવવે અને પશ્ચિમની સ્થુલ રીતીઓ તેઓમાં ઘુસવે તેઓ તરીકતને કોચરાનાં સાલની ગણે છે. પણ ખુદ જેઓ સો અને દોઢસો રૂપીઆનાં ભાડાંનાં ઘરમાં રહે છે તેઓને ત્યાંબી ઇત્તેલામ જેવી તરીકતોને પાળવાની કમ સગવડ છે, તો પછી ગરીબો જેઓ સંકડાસમાં રહેતા હોય, જેઓ માનમાન જીંદગી કાઢતા હોય, તેઓ માટે તો સગવડ હોયજ નહિ. ત્યારે તેઓને માટે હવરશ્તના બાબની કુનશ્નીના ભાગની દુવ્વમ મરતબાની તરીકતો રવા છે, જે ખરેખરજ તેઓની તબઇને અનુસાર છે. તેઓએ તરીકતમાં ગોમેઝને મુળ તરીકે લેવો. ગોમેઝનું વાસણ તેઓએ નાહવાની તેમ પાછળ જવાની સંડાસની જગામાં રાખવું અને ઇત્તેલામની હાલત પછી દસ મીનીટમાં ઉઠી પાછળ જવાની જગાએ જઇ ત્યાંના ગોમેઝને વાપરીને ભાગ સાફ કરવા અને બહાર આવી નાહવાની જગામાંના નીરંગને મોંઢે પગે ખુલ્લા ભાગમાં તેમ સદરા અંદરથી લગાડીને અટકવું. નાહવાનું નહિ બની શકતું હોય તો પાણીનો હાથ બધે લગાડવો અને દીલને બરાબર લુછી નાખવું અને તેઓના ઘરના બાનુઓએ દરૂજીએ-બુઝીની હાલતમાં દુર બેસવું. તે વખતે કંઇબી ચીજને અડકવું નહિ. કેટલે ચોકસ તફાવતે દુર રહેવું તેવો સવાલ જગાની સંકડાસને લીધે ત્યાં રહેતો નથી. આવી દરૂજીએ-બુઝીની હાલત પછી તબીઅત અનુસારના વખતમાં ગોમેઝનો બીજી વખતનો ઉપયોગ કરીને નહાવું. વળી નખ-બાલ વીગેરે કપાવીનેબી ગોમેઝથી નાહવું. એમ ગોમેઝનો વપરાસ અકકલ અનુસાર કરવો. ગોમેઝ તો જરા અગથો લઇને વાપરવાનો છે. ગોમેઝની અસર શરીરની આસપાસ અઇપિમાં થવા ધારી છે, શરીરની ઉપર થવા ધારી નથી. ના, શરીરની ઉપર તો ગોમેઝની ખુશ્કીની અસરથી કંઇક નહિ ઇચ્છવા જેવું પરિણામબી ઉભું થઇ શકે-માટે સાબુ અને પાણીનો વપરાસ પછીથી બરાબર થવો જોઇએ. દુરૂજીએ બુઝી અને હિપ્ર કહેતાં ઇત્તેલામ અને બાલ નખ ઉતારવાનું અને દુર બેસવાનું પાળવામાં તરા ઉપર મુળ આધારજ રાખવાનો છે. આટલી બાબદ થશે તે તેઓની તબીઅત અને તબઇ પ્રમાણે કાફી છે. વળી ગેહગેહની કુરતી પાબંદ રાખવી અને કુરતી તુટે ત્યારે એટલે પાછળ જતી વખતે કુસ્તીને કરવી.

## ઉપયોગી અને નહિ ચુકાય તેવી પારસીપણાને ટેકવવા માટે અવષ્યની તરીકતો જેઓ મહેર અને પતેતની સીધ્ધી જુફ્ત તરીકે છે તેઓની ટીપ.

૧. સહવારના પહોરમાં ઉંઘમાંથી ઉઠયા પછી પાળવાની રીત તો સહેજે કેહેગી થઇ શકે છે.

૨. પીસાબ હાજતે જતી વખતની બાજને બહાર આવીને ભણી જવી અને બનતાં લગી કોઇબી સામેનો આદમી જાણે નહિ તેમ કરવું. આપણાં ઘરમાં હોઇયે તો કાંઇ નહિ–પણ બહાર તો નીરંગો ભણુતી વખતે જરાબી દેખાવ કરવો નહિ, નહિ તો નીરંગ તુટે છે. એ થઇ શકે તેવું છે.

૩. હમામની બાજબો સહેલાઇથી થઇ શકે.

૪. જમવાની બાજ બને તો કરેલી સારી છે. જો નહિ થઇ શકતી હોય અથવા સામાઓની નજર પડતી હોય તો પછી તે કરવામાં અર્થ નથી. આજનો ખોરાક વોહુનનો છે એટલે કંઇ રૂવાનના અંશોને ખેંચવાનું રહયું નથી. બનતાં લગી ખાતી વખતે વાત નહિ કરવી અને કરીએ તો ઓછી કરવી–વાત નહિ કરીએ તો બસ છે. આ જમાનો એ બાજનો નથી. પણ દીન દસ્તુરો–મોબેદોએ એ બાજને પાળવાની છે. દીન દસ્તુરો તો હાશેમના જમાનામાં બરજીસનો કશ રાખવાનો દાવો કરનારા છે માટે તેઓની તરીકત બીકટ છે.

૫. તરો લેવાનું તો તરીકતનું મુળ હથીઆર છે, જે વીષે ઉપર લખેલું છે.

૬. આ નીરંગદીનનો નીરંગ સીરફ નહાન નાહતી વખતે પીવામાંજ વાપરવો–આડે વખતે વપરાય નહિ–નાહન લેવું કંઇ દરરોજની વાત નથી માટે કોઇ કદાચની તે વાત થઇ એમ છે.

૭. કુસ્તી કરવી એ તો જાયજ છે. એ તરીકતને ખુબ તકેદારીથી પાળવી.

૮. ગાહો બદલાતી વખતે કુસ્તી કરવી તેમ કુદરતી હાજતોએ ગયા પછી કરવી, તેમાં કોઇબી જમાનો આડે આવતો નથી. ખોટી સીરફ દીલોજાનની માન્યતાનીજ છે.

૯. ઇત્તેલામની બાજ માટે ઉપર કહયું તેમ ટુંક વર્તણુંક આજે દરોબસ્ત થઇ પડશે. સીરફ ગોમેઝથી દસ મીનીટમાં સાફ કરીને

નાહવાની જગામાં આખાં શરીર ઉપર ગોમેઝ લગાડીને રહેવું. જો રાત્રે નહવાતું નહિ હોય તો ગોમેઝ બધે જરા લગાડી લેવો અને જરા પાણીનો હાથ લઇને ખુબ નુછી નાખવું એટલે છેલ્લો ભરતઓ સચવાઇ જશે.

૧૦. નખ–બાલને અમુક પુરસદને વખતેજ લેવાનો ધારો પાડવામાં જો આવે, તો એની તરીકત પાળી શકાય. નખ–બાલની તરીકત પાળવા માટે આમ કરવું. બાલ–નખ કાઢયા પછી કપડાં કાઢીને દીલ ઉપર બધેબધ ગોમેઝ લગાડીને ડાબા હાથની હથેલી માથાં ઉપર મુકીને નીરંગ ભણી જવી અને પછીથી નાહી લેવું. એ થઇ શકે એમ છે. જો સેલુનમાં ગયા હોઇએ તો પછી આવીને કપડાં કાઢી કપડાંને અને શરીરને નીરંગ લગાડી ઉપર કહયું છે તેમ ભણતર ભણીને પહેલાં કપડાં બોળવા અને પછી નાહી લેવું. એ થઇ શકે એવું છે. આજે બાગ કે બગીચો રહયો નથી. આજે કેશાશી જમાનો છે. માટે બાલ નખને દાટવાની ખુશનસીબી આજે નથી. તે તો મોબેદ સાહેબોને ઘટે છે. માટે આ બાબદની ઉપર પરદો પડે છે. જો સામાની નજર નહિ પડે તેવી રીતે નખ બાલની દાટવાની કંઇ વ્યવસ્થા થઇ શકતી હોય, તો ખરેજ તે બધું કરવાતું પુન્ય છે. નહિ તો જમાનાની સજા શીર ઉપર '**પાદે ફરાહ**' તરીકે રહેશે, પણ '**તોજશ્ને તાવાએ દીન**'* તરીકે રહેશે નહિ.

૧૧. પોતાને હાથે નહાન નાહવાની તબે સારી છે, જે માટે કેતાબમાં કહયું છે તેમ થઇ શકશે.

૧૨. પતેત ઉત્તમમાં ઉત્તમ ચીજ છે, જેનો ખ્યાલ ઉપર આપેલો છે. તે કરવેજ છુટકો છે.

૧૩. ઉરવાનની પતેત કરવા જેવું બીજું સવાબ છેજ નહિ તે જાણવું.

---

* શીક્ષાની જાતઃ ૧. પાદે ફરાહ; ૨. તોજશ્ને તાવાએ દીન.

૧. જયારે શીક્ષાને ખુશીથી ખમવાતું જોર મળે છે અને શીક્ષા ખમતાં આગળ વધવાનો ઉમંગ આવે છે અને શીક્ષામાંથી સબક મળતો માલમ પડીને તે શીક્ષાને તે ખમનાર ભલી દુઆ દઇ તેની આફ્રીન કરે છે ત્યારે તેને **પાદે ફરાહ** કહે છે.

૨. જયારે શીક્ષા ખમતાં દુખ થાય છે, ધમગીની થાય છે, નાઉમેદી થાય છે અને ઓર ગુનાહમાં જવા જીવ લલચાય છે અને સબરીયાત ગુમાવી દેવાય છે અને સુખ રહેતું નથી, દુન્યામાં અટવાઇ જવાય છે, ત્યારે તેને 'તોજશ્ને તાવાએ દીન' કહે છે.

૧૪. સરોશ યશ્ત વડી ગુજરેલાં સારૂ કરવી સવાબ છે. તે થઇ શકે એમ છે.

૧૫. ચેરાઘનો નમસ્કાર મુબારક ચીજ છે. તે થઇ શકે એમ છે.

૧૬. ફરજીઆત બંદગીમાં કંઇ નહિ તો ખુર-મહેર તો દરરોજ કરવીજ જોઇએ. રાત્રે સરોશ અને આતશની નીઆએશ કરવીજ જોઇએ.

૧૭. ફરવરદેગાનના દહાડાનું ભણતર કરવું પુન્ય છે. તે કરવુંજ જોઇએ.

તરીકત વિષેનો આ ટુંક લેખ વાંચનારને જરથોસ્તી દએનમાં તરીકતની કેવી જગા છે તેનો ભાશ આપશે અને તરીકતોનાં ચલણનાં ગુહ્યપણાની જવાબદારીનો ખ્યાલ આપશે. આપણાં જડ શરીરનાં સાંચાકામમાં કુદરતી કામ Physiology, Phychology એટલે કુદરતની શરીરમાંની કાળી તેમ સફેદ બાજુઓને લગતી તરીકતો-કાર રવઇઓ physiological workings ચાલી રહે છે. જીવજાનનો દોર તે બેઉને ચલાવી રહે છે. જીવજાનની ગવ કહેતાં કુદરતનો કાઝી કાળી બાજુની તરીકતનો ભાર ખમે છે અને સફેદ બાજુની તરીકતને પોતાના ખોરાક તરીકે લે છે. એમ ત્યારે કુદરતનો સાક્ષી ખુદ ભાર બરદાર થવે શરીરમાં કાળી બાજુનું જોરજ રહે છે, જેને '**દ્રુજ અવમંદી**' કહે છે. શરીરના જીવનમાંથી દ્રુજની આ સાહેબીને લીધે દ્રુજી ગતીની મનશ્ની-ગવશ્ની-કુનશ્નીની દરેકે દરેક ચળવળોમાંથી તેમ અનુઓના મિથ્રો એટલે કુદરતી કામોમાંથી નીકળીને જીવજાનને ટેકવનાર-રાખનાર અઝદ ઉપર હલ્લો કરીને તે અઝદનાં પાણીને સુકવી નાખીને જીવજાનને તોડી નાખવાની તરતીબ કર્યા કરે છે. દ્રુજી ગતી આપણી જીંદગીનાં પાણીને સુકવી નાખીને ભુખ અને તરસના દેવથી આપણને ખતમ કરી નાંખે છે. આવા મામલાને લીધે પેગામ્બર સાહેબે આપણને એવી તરીકતો આપી છે, કે જેથી જીવજાનને ખોરાક આપતી ગવની ગતીનું જોર વધે-જીવજાનની શકિત નામે મનશ્ની-ગવશ્ની-કુનશ્ની વીરહોશ-ખેરદ ખીલે અને મનના ખરફસ્તર ઉપર મનનું ગોસ્પંદ ફાવે અને શરીરમાં ચાલતા જીવજાનના ગવ એટલે કાઝી-ઉલ-તએની ઉપર દ્રુજનો ભાર પડે નહિ-પણ દ્રુજની ગતીનું કારણ વોહુન ખુદ તે ગવનું વહાણ થઇ ગવને તાબે રહે ત્યારે જીવતાં શરીરમાં કુદરતી રીતે બે રીતની તરીકતો ચાલી રહે છે: એક ગવની મરજીથી ચાલતી તરીકત હોય છે અને બીજી વોહુનને લગતી ખરફસ્ત્રી તોરની હવસોની ગતીથી ચાલી રહેતી તરીકત હોય છે. દીનમાં આપેલી તરીકતો ત્યારે ગવની મરજીથી ચાલતી

શરીરમાંની તરીકતોને જોર આપે છે-પુષ્ટી આપે છે, અને કુદરતી રીતે બહાર નીકળતી દુજી ગતીનું જોર નરમ કરીને ગવની ઉપરના ભારને આછો કરીને ગવને મજબુત બનાવે છે, કે જેથી ગવના તાબામાં વોહુન આવે. ત્યારે જરતોશ્તી તરીકતો આવા મુળ પ્રકારની છે. કહેવાની જરૂર નથી કે તરીકતની કાર રવાઇને ફત્તેહ આપનાર તરીકતના પાલન કરનારની મહેર અને પતેત રહે છે. પણ આપણાં મન પ્રમાણેની વર્ત્તણુકોથી તો દુજની ગતીનું જોર વધી પડે છે, કેમકે આપણી મનશ્ના ખુદ તે દુજના હવસોમાંજ ડોળાયા કરે છે, માટે તે મન દુજની સામેની યોજના ઘડી શકશે નહિ. આજની કહેવાતી મન વિચારની સ્વતંત્રતા તો મનના આપખુદ ખર-ફસતરની ગતીનું પરિણામ છે, જે જીવને ટુંકો કરી નાખે છે અને જે જડતાના હવસોની અકકલ અનુસાર હોવે તે હવસોની ઉપરના લગામ રહીતની છે. ત્યારે શરીરમાં જે પ્રકારની ગવની ગતી ચાલતી હોય તે ગવને ગતી મળે તેમ તેવીજ રીતે તરીકતો પાળવાની છે. ગવ ઉપર ભાર પડે તેમ કરવાનું નથી. ઉપર બતાવેલી તરીકતનો ક્રમ એવો છે કે તે ગમે તેવી સ્થીતીમાં સહેલાઇથી અને સગવડે પાળી શકાશે. **આ બધી તરીકતો જેઓ તનુરૂપની છે તેઓના જીવ આતમા તરીકે મહેર પતેત છે અને તેઓનાં રૂવાન તરીકે વરેન=અચળ એતેકાદ છે અને તેઓના બઓદ તરીકે આઝાદગી=ખએત્વની હાલત છે અને તેઓના ફરોહર તરીકે અષનાં પગથીઆં છે.**

## નીરંગો-બાજો જે દુજ-પરહેજ કરવા માટે-હવસોની ગતીના ઉછાળાઓને તેનાં સત્યસ્વરૂપનાં મધ્ય ઉપર રાખવા માટે વપરાય છે તેઓનાં કાર્યસાધકપણાં માટેની થોડીક ટુંક સમજ:—

આગલા જમાનાઓમાં કે જ્યારે જરથોશ્તી તાલીમો-તરબ્યત આખી જગત ઉપર સર્વોપરીપણું ભોગવતી હતી ત્યારે, એટલે જરથોશ્તી શહેન-શાહતો અને મુલુકે-તવાએફોના કદીમ દોરોમાં એટલે દરેક દરેગો ખદા-તના ૮૧,૦૦૦ વર્ષના પહેલા તેર હઝાર વર્ષના અઇયામમાં થોડે કે ઘણે દરજ્જે જરથોસ્તી તાલીમો-તરબ્યત જગત ઉપર આશ્કારા હતી તેવા સમયોમાં, દરેકે દરેક બસ્તે-કુસ્તીઆનોને પહેલેથીજ પવીત્ર જીંદગી કઇ રીતે ભોગવી શકાય તેની તરતીબ શીખવવામાં આવતી હતી, જેથી દરેક બચ્ચાંઓની ઉપર જીંદગીને પવીત્ર રાખવી જોઇએ એ ખ્યાલ નાન-પણથીજ મજબુત બેસી જતો હતો, અને દુન્યાની સંપતી કરતાંબી

મીનોઇ સંપતી વધુ કીમતી છે તેનો છાપ બેસતો હતો. દરેક બસ્તે-કુસ્તીઆનોએ કેવી રીતે જીંદગી ગુજારવી તેના નીયમો દરેકે દરેકને નાનપણુથીજ શીખવવામાં આવતા હતા, અને તેજ પ્રમાણેના વિચારો-ખ્યાલોથી દરેક ઇનસાન જીંદગી ગુજારવામાં અર્થ જોતો હતો. જીંદગીની દરેકે દરેક ચળવળોની કારો-કસરતની ઉપર આવાં શીક્ષણોનો કાબુ રહેતો હતો. આવાં જરથોસ્તી શીક્ષણો પ્રમાણેની જીંદગી ભોગવવાની રીતો પાળનાર એક બસ્તે-કુસ્તીઆન સહવારના પહોરમાં ઉઠતાંને વાર બીછાણાં ઉપરથી જમીન ઉપર પગ મુકે તેની અગાઉથીજ ચોકકસ વીચારો ફેંકતો હતો, અને કુસ્તી છોડીને ભણીને બાંધતો હતો-પછીજ જમીન ઉપર પગ મુકીને નીરંગે-આબેઝરમાં જે વિચારો છે તેઓને ફેંકતા જઇને દરેક જણુ ગોમેજ-તરાને ખુલ્લા હાથ પગ ઉપર અને કપાળથી તે છેક છેડે લગી લગાડતો હતો. અરધી કે એક ચમચી જેટલો કે તેથીબી ઘણો કમ તરો એટલા માટે પુરતો છે.

આ તો ઇલ્મ્યતમાં જાણીતું છે કે જેવા વધુ યા થોડા ગુનાહગાર રૂવાનો ઉતરવાનાં હોય, તે પ્રમાણેની તે તે વખતની સંસ્કૃતી ચાલુ થાય છે. તે જમાનો જે ચાલુ હોય છે તેમાં, બધાં ઉતરનારાં રૂવાનોની હુવીઅત કહેતાં કસરની ગતી ઉમેરાઇને તે જમાનો નવું રૂપ ધારણ કરે છે, અને તેવા જમાનાની જરૂર જોગાં સાહિત્ય-કળા વગેરે ઉભાં થાય છે. દરેઘો ખદાતના હીસાબ પ્રમાણેનો એક શુભ જમાનો એવો હતો, કે તે વખતમાં લોકો મોટે ભગે રૂવાન-દરોસ્તીના ખ્યાલોમાંજ રહેતા હતા, જેથી તેઓમાં પુર્ણ ગતીનાં માજદયરની જરથોશ્તી શીક્ષણો ચાલુ હતાં એટલે અમુક જાતનાજ વીચારોમાં લોકો રહેતાં હતાં. એવા જમાનામાં લોકોની ભલાઇ જમીનમાં તેમ ઉપર અઇપિમાં રહેવાથી શાદી-રામેશની જામતી હતી. આ સબબને લીધે ગમે તેટલાં આતશ બહેરામો નઝદીક નઝદીકમાં બંધાઇ શકાતાં હતાં, કેમકે તે બધાં આતશ બહેરામો ગેતીની ઉપર અને હવામાં જે ખેંચાણુ કરતાં હતાં, ત્યારે તે તે ઠેકાણે **નેકી વધુ હોવે અને બદી કમ હોવે** નેકીનોજ દોર ખેંચાયા કરતો હતો અને બદી નિમુર્ળ થઇ જતી હતી. ઇસ્વી સન પુર્વે ૩,૦૦૦ પછીથી જમાનાના ઢંગ બદલાયા. વધુ પાપી વૃત્તીનાં લોકો ઉતરવા લાગ્યાં, માટે જગીન તેમ હવામાં બદીનું જોર વધ્યું. **હવામાં બદીના ગુબારો નેકીના ગુબારોને ગુંગળાવે તેવા જબર થવા લાગ્યા.** આવા મામલાને લીધે **આતશ બહેરામ કે જેમાં હવામાં ખેંચાણુ કરવાનું જોમ રહે છે તેવા સાતજ આતશ બહેરામ અમુક ફેરાવામાં ઉભા કરવાનો હોકમ થયો, કેમકે જો તેટલા વીસ્તારમાં**

સાતથી વધુ આતશ બહેરામો ઉભા થાય, તો તેઓની સામટી ખેંચવાની ગતી નેકીને ખેંચવા માટે જોઇએ તેથી પ્રમાણમાં ઘણી વધુ ઉભી થયલી હોવે, નેકી પછીથી હવામાં રહેલી બદીનો વરસાદ કવખતે જોઇએ તેથી અગાઉ ખેંચવાની ધારતી રહી. આ વખતે લોકોની જરૂર મુજબના અન્ય વર્ણોમાંના જુદા જુદા ઉતરતા ફતવાઓ ઉભા થયા, જુદી જુદી દીનો અને તેઓને બરની સંસ્કૃતી-કળા કૌશલ્ય ઉભાં થવા લાગ્યાં. આની વાસ્ના મજદ-યસ્ની પ્રજાઓ ઉપરબી ઉભી થવા લાગી, અને તેથી તેઓની તેવી કળા વગેરેમાં માજદયસ્નીઓબી સંડોવાવા લાગ્યા. જેમ જેમ વખત વધતો ગયો, તેમ તેમ મામલો ઉતરતી ગતીનોજ આવ્યો અને માજદયસ્ની શીક્ષણોનું એકલું ચલણ ગયું, અને બીજાં શીક્ષણોની વાસ્ના પેસવા લાગી. આથી વીચાર કર-વાના કાયદાઓ જેઓ જરથોશ્તી તોરના અસલના હતા, તેમાં ન્યુનતા આવી. પછી સાસાનીઅન જમાનામાં તો કળા--કૌશલ્યમાં મોટા ફરકો પેદા પડયા, અને લોકોની વીચાર કરવાની ગતી અગાઉ કરતાં વધુ હલકી થવા લાગી. આ વખતે ત્યારે રદ દસ્તુરે-દસ્તુરાન આદરબાદ મારેસ્પંદ સાહેબે તે અસલ જોઇતા વીચારોને પાઝંદ ચાલતી ઝબાનનાં રતઓત યસ્નના કાયદા પ્રમાણે મંત્રના તોરે શબ્દમાં લખ્યા, જેઓમાંનાં ઘણાં પાઝંદ મંત્રો આજે આપણી વચમાં છે તેમાંનું ગોમેઝ લેતી વખતે ભણવાનું એક છે. આદ-રબાદ સાહેબે જોયું કે ઘણાજ જરૂરયાતના વીચારો, જે બસ્તે-કુસ્તીઆ-નોએ જીંદગીના ચોકકસ મોકકા ઉપર ફેંકવા જોઇએ તે હવે પછી થશેજ નહિ, માટે તે બધા વીચારોને પાઝંદ ભાશામાં રતઓત યસ્નની રીત પ્રમાણે લખી સીલ કરીને આપી ગયા છે.

**ગોમેજ જડ તનની શુધ્ધતા લાવતો નથી, પણ શરીર સાથે રહેલી અઇપિ કે જેમાં શરીરનો નાશવંત પણ અણદીઠ ભાગ અઝદ અને શરીરનો નહિ મરતો ભાગ કેહર્પ અમુક રીતે આવેલા હોય છે તે અઇપિની શુધ્ધતા માટે છે. માટે જડ શરીર તેની અઇપિ જડ શરીરના અણદીઠ મરે નહિ તેવા બધા ભાગોની ગોઠવણની સમજ જોવી જોઇએ.**

ઉપર કહયું છે કે અરધી કે બહુ બહુ તો એક ચમચી તરો આખાં શરીર માટે બસ છે. તરો લગાડવાની મતલબ કંઇ જેમ આજે સાબુથી શરીર સાફ કરીએ છીએ, તેમ શરીરના મેલને સાફ કરવાની છેજ નહી. તરાની મતલબ ઘણી ગુહય છે, જેને માટે કંઇક ઇલ્મ્યતની જરૂર છે. આપણાં દેખીતાં શરીરની આસપાસ એક વાતાવરણ છે, જે આપણી

સાથેજ રહે છે, જેને આપણી 'અરૂપી' કહે છે. આપણું આખું શરીર જે દેખાય છે તે અનુઓનું બનેલું છે. આખાં શરીર તેમ શરીરના અનુએ અનુમાં હાડ–માંસ–ચામડી–નસો વગેરે જેવી જડ ( આકારો ) ચીજો છે, તેમ તેની જડ ચીજોની અંદર અને આસપાસ અણુદીઠ ચીજબી છે. ત્યારે દરેક અનુમાં તેમ આખાં શરીરમાં તેનો દેખીતો ભાગ તેમ અણુદીઠ ભાગ છે. આ અણુદીઠ ભાગ શરીરના દેખીતા ભાગની સાથે સાથેજ જોડાઇને રહયો છે. દરેક અનુને અને આખાં શરીરને તે અણુદીઠ ભાગ ટેકવે છે. આ અણુદીઠ ભાગને 'અઝદ' કહે છે. ત્યારે આપણું આખું જડ શરીર જે ચામડી કે હાડ કે માંસ કે નેસો કે ભેજું–જ્ઞાન તંતુ તરીકે છે કે પ્રવાહીરૂપ તરીકે છે, તે બધાંની અંદર સાથે સાથે અણુદીઠ અઝદ છે, જે તે બધાંને ટેકવીને જીવતાં રાખે છે. ત્યારે અનુએ અનુ અને તેવાં અણુદીઠ અનુઓનાં બનેલાં આ દેખીતાં શરીરનો ટેકાવ અઝદ નામની અણુદીઠ ગતી (શરીર) જે તે જડ ચીજની સાથેજ વળગીને રહે છે તેથી થઇ રહે છે. આ અઝદ જો કે સુક્ષ્મ છે, છતાં તેનો આકાર છે અને તેનાબી ભાગો છે. આમ છે માટે કહે છે કે શરીરના દરેકે દરેક અનુ કે અંગમાં જેમ તે અંગ છે તેમ તેને વળગેલું અઝદ છે. એમ જેમ આખું શરીર છે, તેમ આખું અઝદનુંબી શરીર છે. એક અનુને કે એક અંગને કે એક હાડ કે ચામડીને લઇએ, તો પહેલે બહારથી જોતાં અઝદનો અણુદીઠ ભાગ ફરેલો હોય છે. પણ આ અણુદીઠ ભાગબી પોતે બે અંતર ભાગોનો છે:–બહાર 'હુઇઅર' નામના એક પરદામાં વોહુન નામનું તત્વ છે, અને તેની પછીથી ગવ નામનું તત્વ છે અને આ ગવમાં જાનનો દોર છે, એમ આખાં શરીરમાં બહારથી અઝદ અણુદીઠ રીતે છે. પછી તે દેખીતું શરીર છે. અઝદનો તે ભાગ બહારથી છે કે જેને હુઇઅર કહે છે, જેમાં વોહુન છે. પછી ગવની ગતી તો તે જડ શરીરમાં ગુંથાઇને રહી છે. ત્યારે અઝદનો હુઇઅર નામનો ભાગ જડ શરીરની જરાક બહાર તેમ મોટે ભાગે અંદર છે, અને ગવ તો જડ શરીરની અંદરજ છે, અને જાનનો વર્તુળબી જડ શરીરની અંદરજ છે. આમ આપણાં જડ તન એટલે હાડ–માંસ–ચામડી–અંગો અને પ્રવાહી શરીરની વીગત છે. ત્યારે આ દેખીતાં જડ શરીરની બહારથી તે છેક ભીત્તર લગી અઝદ છે. આ અઝદ સાથનું તન મરણને પાત્ર છે. જયારે અઝદનો આકાર તુટે છે, એટલે તેમાં રહેલો જાન તુટે છે, એટલે જડ શરીર કામ કરતું બંધ પડે છે. પણ આવાં અણુદીઠ ગતીનાં અઝદ સાથનાં જડ શરીરની અંદર મરણને તાબે નહિ થતાં કેહર્પ–તેવીશી–ઉશ્તાન આપ

**નામનાં ત્રણ શરીરો એકમેકમાં ગુથાઇને રહયાં છે, જે બધાંને કેહર્પને નામે અત્રે ઓલખીશું.** ત્યારે આવાં સુક્ષ્મ ગતી સાથનાં મરણને પાત્રનાં જડ શરીરની અંદર કેહર્પ છે, જે મરણ પામતું નથી. આપણાં જડ શરીરમાં રહેલી આ બધી સુક્ષ્મ ગતીના ભાગો જેમકે અઝદ કે કેહર્પ વીગેરે આપણી હાલની ઇંદ્રીથી કંઇ દેખાતાં નથી, પણ **એ બંધ શરીરમાં મોટી અણદીઠ ઇંદ્રીના માપની બહારની જગા છે, જેમાં આ કેહર્પ છે. આ કેહર્પ મોતને પાત્ર નથી. તે તો લગભગ અમર જેવું આતશી ગતીનું છે. ઉપર કહેલાં અઝદ સાથનાં જડ તનને કેહર્પ જેવું બનાવવા આ જન્મ મરણ છે.** ગુનાહને પાત્રની ખાકી ગતી કે જેમાંથી આ જડ શરીર બને છે તેનો ભાર આ કેહર્પ લઇ લે છે. કેહર્પ પોતામાં તે ખાકને લઇ રાખે છે, અને પછી કેહર્પમાં કુદરત વસેલી છે તે કુદરત આ ખાકમાંથી અઝદને બનાવીને તેમાંથી જડ તનને જન્મો જન્મ ઉભા કર્યા કરે છે. અઝદ સાથનાં આપણાં જડ દેખીતાં શરીરમાં બેશુમાર અનુઓ છે. જેમ **'જરવાને અકરને'**ની તસવ્વર આપણને થઇ શકતી નથી, તેમ આપણાં શરીરમાં દરેક સેકંડે સેકંડ અનુઓ મરે છે અને જન્મે છે, તેઓની સંખ્યાની તસવ્વર થતી નથી. બહારની **કુદરત તો બાજુએ રહી, પણ આપણી અંદર કુદરત છે-અંદર જગત છે, એમબી જો આપણને ભાન થાય, તો કંઇક દહાડો** વળે. આજે શું શીખેલા કે નહિ શીખેલા આવી બાબદમાં તદ્દનજ મુઢ છે. આ બેશુમાર અનુઓ કે જેઓના જુમલાથી આ અઝદ સાથનું દેખીતું તનુ જાતજાતના હાડ-માંસ અંગોના આકારનું છે, તે ત્યારે કેહર્પમાં જે ખાક રાખેલી છે, તેમાંથી તે કેહર્પમાંની કુદરત બનાવી જડ શરીર તરીકે ઉગાડે છે-પહેલાં અઝદને કરીને પછી તેમાંથી જડ શરીર ઉભુ કરે છે.

## અઝદ નાશવંત અણદીઠ શરીર અને કેહર્પ નહિ મરતું શરીર તે બેઉનો અઇપિ સાથનો સંબંધ; જીવ કયાં રહે છે-અને જીવ જડ તનમાં કઇ રીતે પ્રસરે છે? અઇપિનો તેમાં ભાવ માટે અઇપિની શુદ્ધતાની જરૂર.

એમ ત્યારે આપણાં શરીરની આસપાસ એક વાતાવરણ નામે **'અઇપિ'** આપણી સાથેજ જોડાયલી છે, અને તે વાતાવરણની અંદરજ જડ શરીરનો અઝદનો હઇઅરનો ભાગ શરીરમાંથી બહાર પડીને કંઇક રહયો છે. પછી દેખીતું જડ શરીર છે. પણ આ અઝદ કે જે આખાં શરીરનો આખે-

હુબ સુક્ષ્મ આકાર છે, તે પેલાં કેહપ'ની આસપાસ ફરી વળેલો છે. કેહર્પની જાત અને અજદની જાત વચ્ચે મોટો ફરક છે. **કેહુર્પ તો છેક આસ્માન લગી ફેલાય તેવું છે.** પણ **અઝદ તો શરીરની બહાર બે ફુટ જેટલુંબી પડી શકે તેવું નથી, જો કે એકથી અરધા ઇંચ જેટલું તો તે અઝદ આજે બહાર છેજ.** આ કેહપ'ને અહુરમજદે ઉશ્તાન-આપ અને તેવીશી નામના ભાગે સાથે વણીને બંદ કરીને સંકો-ચાવીને શરીરમાં રાખ્યું છે, છતાંબી તેમાં જબર ગતી છે. આ અઝદ જયાં લગી કેહપ'ની આ ગતીની આસપાસ ફરી વળીને કેહપ'ને રોકીને કેહપ'માંથી ઉશ્તાન જીવ આત્મા લઇ શકે તેવી ગતી, તેવું જાનનું જોર રાખે છે, ત્યાં લગી જીવ ટકી શકે છે. અઝદને આ કામમાં મદદ કરનાર આપણી બહા-રની અઇપિ=વાતાવરણ છે. **અઝદ આ આપણી અઇપિ=વાતાવર-ણનું જોર લઇને કેહર્પની આસપાસ ફરી વળીને કેહર્પના કીલ્લા સમાન થઈ પડે છે.** ત્યારે અઝદમાં હઇઅર સાથનો વોહુન છે અને ગવની ગતી છે, જે ગવમાં જાનનો દોર છે-તેવા તે અઝદને આપણી અઇપિ પોતાની ગરમી જે તરીવાળી છે તે આપીને ટેકવે છે, કે જેથી અઝદમાંનો વોહુન સાથનો હઇઅર-ગવ અને જાન જોર પકડીને કેહપ'ને હદમાં સકોચાવેલું રાખીને, કેહપ'માંથી જોઇતો જીવ લઇને લયા કરે છે.

## અઇપિની જીવતી હાલતની ખીશકારી

ત્યારે ઇનસાનનાં શરીરની બહાર તો હાથ લંબાય તેના અરધા વીસ્તારની ગતીમાં તેની **અઇપિ=**અણુદીઠ વાતાવરણ છે, જે વાતાવરણમાં બદી અને નેકી જે ઇનસાનમાંથી નીકલ્યા જ કરે છે તેના છાપો છે. ઇન-સાનની જીંદગી જીવવાથી જે જડ સુક્ષ્મ દમો અને તાફુન ગરમીઓ બહાર પડે છે, પીસાબ-પાણી કરવે-થુક થુકવે કે બોલો બોલાવે કે ખાવે પીવે જે જે મપાઇ શકાય તેવી ગરમીઓ અને તાફુનો અને બદબો વગેરે ઉભા થાય છે તેઓમાં મોટે ભાગે ખુશ્ક ગરમી હોય છે જો કે તેઓમાં તરી સાથની ગરમી કંઇક વધુ ઓછે ભાગેબી રહે છેજ. આવી બધી ગરમીઓ, તાફુન બહાર પડીને તે અઇપિમાં સમાય છે-સમાતી આવે છે, **પણ એજ અઇપિમાં ઇનસાન જે કંઇ ભલાઇ કરે છે તે ભલાઇના છાપોની તરી સાથની ગરમીબી રહે છે.** જાણવું કે જેને ઇનસાન કહે છે તે ગમે તેવો ગુનાહગાર લાગતો હોય, પણ આખા દીવસમાં તો તે કંઇ અને કંઇ ભલાઇ-નેકી કરે છેજ. વળી બહારથી ઉશ્તાનનો પ્રવાહ આવીને તેનાં કેહપ'માં પડે છે. આ ઉશ્તાનનો, તે વણાયલા કેહપ'ની અંદર જવાનો રસ્તો આ વાતાવરણમાં

હોવે, તે ઉશ્તાનની ગરમો-તરીઓ તે વાતાવરણમાં ઉમેરાયા કરે છે. **એમ બહારની અઇપિમાં જે ગરમો તરી છે જે તે અઇપિના નવમા ભાગના વિસ્તારમાં મુકામ થઇને રહે છે, તે ગરમોતરીનો મોટો ભાગ પેલા અઝદને મળીને અઝદની આસપાસ ફરી વળે છે, જેની મદદથી તે અઝદ કેહર્પની આસપાસ ફરી વળે છે.** ત્યારે અઝદ કે જે જડ શરીરનો સુક્ષ્મ ભાગ છે તેની અને કેહર્પની વચમાં આપણી અઇપિ છે તેની કંઇક સમજ પડશે.

## નહિ મરતું શરીર કેહર્પ અને તેમાં રહેતો જીવ આત્માનો અને મરણને આધીનનું અણદીઠ શરીર અઝદ-તે બેઉનો ગુહય સંબંધ જીવ ટેકવવા કઇ રીતનો છે; તેમાં અઇપિ શું ભાવ ભજવે છે; આ ભાવમાં આપણો સુદરેહ-કુશ્તી અને તેનું ભણતર શો ભાવ ભજવે છે તેની ટુંક સમજ.

ઉપર અઝદ કે જે દેખીતાં શરીરનો સુક્ષ્મ ભાગ છે તે વિષે કહી ગયા, કે તે અઝદમાં બહારથી હઇઅર નામનો પરદો છે, જેમાં વોહુન નામની દોષને પાત્રની અણદીઠ ચીજ છે અને આ હઇઅરની પછીથી ગવ નામની ભલી પરદુખભંજનના સ્વભાવની અણદીઠ ચીજ છે, જેમાં જાનનો દોર છે, જેમાં કેહર્પમાંથી ઉશ્તાન જીવ આત્મા આવીને પડયા કરે છે, અને તેથી જડ તન જીવે છે. ત્યારે ગવમાં જાનનો દોર છે, જેમાં ઉશ્તાન જીવ-આત્મા છે. આ જાનનો દોર પછીથી આવતા હઇઅરમાંબી લંબાય છે એટલે હઇઅરમાંબી જાનનો દોર અને જીવ આત્માનો કંઇક ભાગ છે. **આજે વહાડ કાપ કરતી વખતે જે રૂઝ લાવવાની શકિત છે તે આ હઇઅરમાંના જાનને લગતી છે.** આ હઇઅરમાંના જાનમાં શકિત કમ છે. હઇઅરમાંની આ જાતની કમ રીતની શકિત ઉપર દુજી ગતીના સુક્ષ્મો (microbes) અસર કરે છે ત્યારે જાનનું જોર નરમ પડે છે અને ઘા પાકે છે. એમ છે માટેજ સુક્ષ્મો ( microbes ) ઘામાં નહિ પડે તેની દરકાર લેવામાં આવે છે. પણ ગવની ચીજ જે અઝદમાં છે તેમાંનો જાનનો દોર એવો જબર છે, કે ગમે તેવા સુક્ષ્મોને તે મારી શકે છે. **આબેદો** અષવનો તેઓ કહેવાય છે, કે જેઓના હઇઅરના પરદામાં ગવની ગતી જાન સાથે વહે છે, જેથી તેઓની ઉપર કોઇબી જાતનાં જાહેર દરદોનો ગલબો થતો નથી, અને થાય તો તેઓના જાનમાં જબર શકિત છે, જે તે દરદોને તોડી શકે છે. ત્યારે શરીરનાં પૃથકરણ આ રીતનું છે, કે શરીરની બહાર શરીરને વળગેલી વાતાવરણ છે, જેને 'અઇપિ' કહે

છે. આ અઇપિમાં બે જાતના દોરો છે: એક હલકો ખુશ્ક ગરમીનો અને બીજો ઉંચો તરી સાથની જીવ આપતી ગરમીનો. આ ઉંચ તરીના દોરમાં બહારથી આવતાં ઉશ્તાનની ખરી ગરમી સજીવન શકિતની ગરમીની અસર રહે છે. શરીરનો સુક્ષ્મ ભાગ અઝદ, જે જડ શરીરમાં ગુથાયો છે, તે અઝદ ઉપર કહેલી હઇઅર નામની ગતી વોહુનને રાખીને અરધાથી એક ઇંચ જેટલો શરીરની બહાર પડે છે. શરીરની બહાર પડતો અને હઇઅ-રનો પરદો રાખીને વોહુનના દોષને પોખતો અઝદના તે ભાગની આસપાસ ઉપર કહેલી વાતવરણ અઇપિનો પેલો ભલો તરી સાથની ગરમીનો ભાગ રહેલો છે. આવી અઝદ સાથની અઇપિની અંદર કેહર્પ નામના નહિ મરણ પામતાં શરીરનો એક ઇંચથી બે ઇંચ જેટલો ભાગ રહેલો છે. એમ આપણા દેખીતાં શરીરની કમમાં કમ બે ઇંચ જેટલી બહારથી 'કેહર્પ–અઇપિ અને અઝદ' રહેલાં છે જેઓ પછી શરીરની ભીત્તરમાં જઇને રહયાં છે. ત્યારે જડ શરીર અને તેની જુફ્ત તેનો બાતેન ભાગ અઝદ એટલે સ્થુળ તેમ સુક્ષ્મ મોતમંદ શરીર અને નહિ મરતાં લગભગ અમર જેવાં કેહ-ર્પની વચમાં 'અઇપિ' આસપાસની વાતાવરણ છે. આપણો સુદરેહ અને તરીકતનો નતીજો અને કીધેલી નેકી ભલાઇ ત્યારે અઇપિની સુક્ષ્મ ગતીને જોર આપે છે; અને આપણી કુસ્તી તે શુધ્ધ થતી અઇપિને પોતામાં પકડીને તે અઇપિને કેહર્પની આસપસ ફરી રહેવામાં મદદ કરીને કેહર્પમાંથી ઉશ્તાન જીવ આત્મા લઇને અઝદને આપવામાં મદદ કરે છે. એમ કુસ્તી આપણી અઇપિને પકડી બહાર વીખેરાઇ જતી અટકાવી તે અઇપિને વધુ જોરથી જડ તન અને અઝદની આસપાસ ગોળ અને ગોળ ફરતી રાખી, કેહર્પમાંથી જોઇતી જીવની ગતી લેવામાં અઝદને મદદ આપે છે અને એમ જીવને વહેતો રાખવામાં એટલે કેહર્પમાંથી અઝદમાં આવ્યાજ કરે એમ જીવનું નાળુ વહેતું રાખવામાં મદદ કરે છે. એમ જડ શરીરનું અઝદ શરીરની બહાર તેમ અંદર પસરેલું છે. અઝદના બહારના ભાગમાં હઇ-અરના પરદાની હેફ્રાઝતમાં રહેલો વોહુન છે, જેની પછી ગવની ગતી જીવ આત્મા સાથની છે, જે જીવ પેલા હઇઅરમાંથી કંઇક જઇ રહે છે. એમ જડ શરીરની અરધો ઇંચ એક ઇંચ બહાર અઝદનું શરીર છે. દરેકે દરેક અનુઓમાંથી એમજ છે, અને તે અનુઓના બનેલા આ જડ શરીરમાંથી એમજ છે. આવું અઝદ, પેલા દેખીતા જડ તનને અને પોતાના બહારના ભાગના હઇઅર કે જેમાં પોતાના અંદરના ગવ નામના ભાગમાંથી જીવ–જાન આવી ફરી રહેલા છે તે જીવ–જાનને ટેકવે છે. આ અઝદ મરણને પાત્ર છે. પણ આપણાં જડ તનની અંદર કેહર્પ છે, જે મરણને પાત્ર

નથી, જેમાંના ઉસ્તાન-આપ નામના અંતર શરીરમાં જીવ આત્મા છે. કેહર્પમાંથી જીવ આત્મા ત્યારે જડ તનના અઝદના ગવના ભાગમાં વહયા કરે છે એટલા માટે અઝદ કેહર્પની ગોળ ગોળ આસપાસ ફરી રહે છે, જેમાં બહારની અઇપિ ઉપર કહયું છે તેમ મદદ આપે છે. ત્યારે અઝદ જે શરીરનો સુક્ષ્મ ભાગ અરધો કે એક ઇંચ બહારથી રહયો છે, તેમાં વોહુનની જબુનતા છે તેમ ગવની સુક્ષ્મતા છે, અને બેઉની વણતથી જડ તન બનેલું છે. આ અઝદ ઉપર જોયું તેમ વોહુનની જબુનતાને અણુદીઠ રીતે બહાર અરધો ઇંચ લગી બહાર કાઢી રહયું છે.

## બાલ-નખ-થુક-મળમુત્ર વીગેરે કચરાને શરીરમાંથી છુટા પડતી વખતે શું અસર અઇપિમાં થાય છે તેના બચાવ માટેનાં સાધનો: તરો ગોસ્પંદનોજ કાંય લેવો જોઇએ. તરમાની સુક્ષ્મ પ્રવાહરૂપ ગતી તેમ તરામાંની કાજુરાત દેખીતી કચરારૂપ ગતી બેઉની અસર શરીરમાં કઇ રીતે થાય છે તે ઉપર.

ત્યારે વોહુનની જબુનતા સુક્ષ્મમાં સુક્ષ્મ વરાળ-તાફુન તરીકે બહાર પડીને જડ તનમાં સોશન થયા કરે છે અને બાલો-નખ-ફેફસાં-ચામડીને વાટે વધુ યા કમ વેગે બહાર પડીને અઇપિને જડ કર્યા કરે છે. આ વોહુન કે જે હઇઅરના પરદામાં છે, જે પોતે ગવથી ટકે છે, તે વોહુન પેલાં કેહર્પમાં રાખેલી ખાકમાંથી ઉગે છે. આ ખાકમાંથી કેહર્પમાંની કુદરત વોહુનને ઉભી કરે છે. **ત્યારે તે ખાકની જબુનતા વોહુનમાં છે.** આવો વોહુન શરીરની બહાર છે અને શરીરમાં સોશન થાય છે, અને પછી પાંચ જાતના બાલ-નખ-થુક-મળમુત્ર વગેરેમાંથી ઓછે યા વધુ વેગે બહાર પડી અઇપિને બગાડે છે, તેમ વળી શરીરની ચામડીમાં સોશન થઇને ચામડીમાંના ચીકાશરૂપમાં મળી જાય છે. **કુદરતી હાજતે જતી વખતે કે બાલ નખ વગેરે કાપતી વખતે આ બહાર પડતા વોહુનનો જોશ વધી જાય છે, અને અઇપિમાં જોશથી જઇને અઇપિની** વાતાવરણ સાથે અથડામણમાં આવવે જે નતીજારૂપ ગતી થાય છે તેથી દ્રુજીનું ઉગવું અઇપીમાં થવે અઇપી જડ થતી આવે છે, અને અઇપીમાંના પેલા ભલા નવમાં ભાગને ખમવુ પડે છે. આમ છે માટેજ દ્રુજ-પરહેઝની બાજો આવી હાલતો માટે આપી છે જે બાજો પછીથી આપવામાં આવશે. **આ બાજોના માંથ્રોથી સ્તોત થઇને અઇપિમાં રહીને તે તાફુનના જોરને જોશથી અઇપિમાં અથડતા અટકાવે છે.** દ્રુજ-પરહેઝના માંથ્રના સ્તોતો અઇપિની દીવાલ તરીકે થઇને તે

**વોહુનના જોશને નરમ કરી નાખે છે. ત્યારે આ બહાર પડતો વોહુન મુળ બાબદ છે.**

હવે ત્યારે તરો જે ખાલી અરધી ચમચીથી એક ચમચી જેટલો વાપરવાનો છે તેમાં બરજીસી (બ્રેસ્પતી ગૃહનો) પ્રવાહ છે. બરજીસી પ્રવાહ એટલે ગરોન્માન કે જેમાં અહુરમજદનું રહેઠાણ છે, તેવાં અમર ગતીનાં આસ્માનથી બહાર પડીને બ્રેસ્પતી સેતારામાં આવીને, ત્યાંથી જમીન ઉપર પડતી અનાસરના લેબાશમાં આવેલી આશીરવાદીક-પવિત્રાઇ આપનારી સુક્ષ્મ ગતી. **આ પ્રવાહમાં જે ખાસ્તર (વીજળીક ગતી) છે તે વોહુનની ગતીને શુધ્ધ કરી શકે છે.** જે વ્યકતીઓની યોની ઉપર આ બરજીસી પ્રવાહ પડે છે, તે વ્યકતીઓ ગોસ્પંદી કહેવાય છે. યોનીની ઉપર બરજીસી પ્રવાહ કઇ રીતે પડતો હશે? ઇનસાનની વ્યકતી એટલે તેનું શરીર જે સ્થુલ દેખીતું અને સુક્ષ્મ અણુદીઠ રીતનું રહે છે, તે બેઉ તે વ્યકતીનાં રૂવાન સાથના દ્રવાઓના કચરો જેને અવસ્તામાં 'રએથ્વ' કહે છે તેમાંથી થયાં છે. આ રએથ્વની ઉપર ગોઉશોની ગવ અને અપામ નેપાતમાંનો આપ ઉમેરાવે વોહુન થયો, જેમાંથી ચાર અનાસરો થયા છે, જે વિષે આ કેતાબમાં ઠેકે ઠેકે વીગતો આપેલી છે. અણુદીઠ શરીર તો પાર પડેલું છે જે આ દીઠ અને નહિ પાર પડેલાં તનને પોખીને પાર પાડી રહે છે. અણુદીઠ શરીરોને ટુંકમાં કેહર્પ અને તેનાં ૧૬ ચખ્રો=વિભાગો કહીશું. આ કેહર્પ તેમ પેલું દીઠ શરીર બેઉ ઉપર કહેલા ચાર અનાસરો નામે આતશ-બાદ-આબ-ખાકનાં તત્વોમાંથી છે. પણ કેહર્પનાં તે ચાર તત્વો ઘણાંજ સુક્ષ્મ અને વૃદ્ધિના માર્ગ ઉપર છે, જ્યારે જડ તનનાં તે ચાર તત્વો સ્થુળ અને ઘટતીના માર્ગ ઉપર છે એટલે ચઢવાને બદલે ઉતરી રહે તેવા છે, માટે હવસોના જુસ્સાઓ કાઢયા કરે છે. કેહર્પના તે ચાર તત્વો-માંના દરેકના આઠ આઠ તબકકા છે એટલે આતશના આઠ તબકકા થયા છે એટલે એક તબકકાથી બીજો ઉતરતી ગતીનો રહે છે પણ નવમાં તબકકાનો આતશ એટલો બધો ફેરવાઇ જાય છે કે તેને **સુક્ષ્મ બાદ** કહે છે, જેનાબી આઠ તબકકા રહે છે. નવમાં તબકકાના બાદ એટલો ફેરવાઇ જાય છે કે તેને સુક્ષ્મ આબ કહે છે. એમ આબનાબી આઠ તબકકા છે. પછી નવમાં તબકકાનો આબ તદદન ફેરવઇ જાય છે માટે તેને ખાક કહે છે કે જેનાબી આઠ તબકકા છે. એમ $8 \times 3 = 24$ તબકકામાં આતશ ઉતરે છે ત્યારે તેને આતશ-બાદ-આબ કહે છે જેઓ સુક્ષ્મ રહે છે એટલે ચઢતીજ દશામાં કુદરતમાં ચાલી રહે છે. પછી ૨૫ મા તબકકાનો આતશ કે જેને **સુક્ષ્મ ખાક**

કહે છે તે આઠ તબકકે ચાલવે ૩૨ તબકકાની ઉપર આવે છે. આ ખાકી સુક્ષ્મ તત્વ ઉપરનાં તત્વો કરતાં ઉતરતી ગતીનું રહે છે, તેમ વળી તે ખાક એકલી ચઢી રહે તેવી નથી. માટે આ આતશ–બાદ–આબના ૨૪ તબકકાની સાથે તે ખાકના આઠ તબકકાને ગોઠવેલા છે. આમ મુળ આતશી તત્વ ૩૨ તબકકા ઉતરતી ગતીનું થયલું રહે છે. આ ૩૨ તબકકા અનાસરો જેઓને આતશ–બાદ–આબ–ખાક કહે છે તેઓની ગોઠવણીથી કેહપ઼ બનેલું છે. ત્યારે કેહપ઼ના ૧૬ ચખ્રો=ભાગોમાં આ ૩૨ તબકકાના અનાસરોની અમુક ગોઠવણી છે, કે જેમાં આતશના આઠ, બાદના આઠ અને આબના આઠ અને ખાકના આઠ તબકકા આવે છે. આ બધા તબકકાના અનાસરો ઇથર કરતાંબી અતી સુક્ષ્મ રહે છે, જેઓ વૃદ્ધિનાજ માર્ગ ઉપર છે એટલે જેઓ ઉપર જઇ રહે તેવા છે. આ બધા ૩૨ તબકકા–આતશના આઠ, બાદના આઠ, આબના આઠ અને ખાકના આઠ એમ આઠ નંબરના અએદાદમાંજ રહેલા ગણેલા છે, કેમકે તેઓને જે આંકડો મળેલો છે તે પ્રમાણેનું તેઓ કામ કરીને પોતાથી ઉતરતી ગતીનાં મીશ્રણ તત્વ કે જેમાંથી આ જડ બનેલું છે તેને માટે તેના ઉભા થવાને માટે–ટેકાવને માટે કામ કરી રહે છે. ત્યારે કેહપ઼નાં ૧૬ ચખ્રો=ભાગોમાં આ આતશ–બાદ–આબ–ખાકના આઠ આઠ તબકકામાંના અમુક અમુક અનાસરો અમુક કાયદે સાથેસાથ યા છુટા છુટા સમાયલા રહે છે, કે જે અનાસરોના તબકકાના આંકડાથી તે તે ચખ્ર=ભાગોના જડ તનને માટેનું કામ જણાઇ આવે છે. તેઓનું કામ શું છે? તે કામ બે તરેહનું રહે છે. એક તો માદરની કાની રહીને જડ તનને જન્મ આપીને ઉગાડીને તેના અભડાટમાં અભડાવવાનું અને બીજું કુદરતને પોતામાં વસાવીને તે માદરને તેમ તે માદરરૂપ કેહપ઼ના ભાગોમાંથી થતા મસાવતી અનાસરો કે જેમાંથી જડ તન ઉગે છે તે બેઉને ટેકવવાનું રહે છે. ત્યારે કેહપ઼ના અમુક ચખ્રો કુદરત વસેલા રહે છે જ્યારે કેહપ઼ના ચખ્રોનો બીજો ભાગ માદરની માફક રહીને જડ તનના અનાસરોને જન્મ આપે છે કે જેઓને પેલો કુદરત વસેલો કેહપ઼ના ભાગો ટેકવે છે. આવી રીતનાં કેહપ઼માંના ચખ્રોમાંના બારમાં ચખ્રોમાં પાંચ તબકકાના ખાક અને પાંચ તબકકાના આબના તત્વ રહયા છે, જેઓ પાંચના અએદાદનું કામ કરી રહે છે એટલે કુદરતની નોકરી કરવા તત્પર ઉભેલા છે. આવી રીતના બારમાં ચખ્રની ઉપર ત્યારે કુદરતનો ઉપર કહેલો બરજીસી પ્રવાહ પડે છે. પણ તેરમાં ચખ્રમાં સાતમા તબકકાનો આતશ અને છઠ્ઠાં તબકકાનો આબ અને છઠ્ઠા તબકકાની ખાક હોય છે, જે ત્રણેના અએદાદોના કામોનો કંઇ શુભ નતીજો આવતો નથી, કેમકે છ તબકકાનું આબ છ તબકકાના ખાક સાથે મળીને કંઇબી

કામ કરે તેને પેલા સાત તબકકાનો આતશ સાતના અએદાદથી ફરીને કામ કરીને તોડી નાંખે છે. તે આબ અને તે ખાકના છ છ તબકકાની મતલબ છના અએદાદ પ્રમાણે કંઇક નવું શુભ બાંધવાની રહે છે. પણ જેવા તે બેઉ સાથે મળીને બાંધવા જાય છે કે તુરતજ તે સાતના અએદાદથી કામ કરતો આતશ તેને તોડી નાંખે છે ત્યારે આ ૧૩ માં ચખ્રમાં Katabolism એટલે તોડવાનું કામ, ધનામીનનું કામ ચાલે છે. આ ચખ્ર ત્યારે ધનામીનનું વાહન થઇ પડયું છે. ધનામીનનાં કામને માટે તે પોતાને અભડાવી રહયું છે. માદર જેમ બચ્ચાંને જન્મ આપી તે બચ્ચાંના કચરામાં અભડામા કરે છે તેમ આ ૧૩ મું ચખ્ર જડ અનાસરોની બુરાઇને ખીલવવાનાં કામમાં રહીને અભડાયા કરે છે. આપણા કેહપનાં ૧૬ ચખ્રોના ઉપર કહેલાં કામો ઉપરાંત બીજુ તેઓનું કામ આપણાં જડ તનનાં બધા તન=supporting frame હાડ માંસ નસો વીગેરેની ઉપર, તેમ ગએથા અંગો-ઉપઅંગો વીગેરેની ઉપર, તેમ અઝદ વહી રહેતા તત્વોની ઉપર તકેદારી રાખવાનું આણ રાખીને દોરવવાનું કામબી રહે છે એવી રીતે યોનીની ઉપરથી કેહપના અમુક અમુક ચખ્રની તકેદારી રહે છે. જે વ્યકતીઓની યોનીની ઉપર બારમાં ચખ્રની તકેદારી રહે તે વ્યકતી ગોરપંદ તરીકે ગણાય છે, અને જે વ્યકતીઓની યોની ઉપર તેરમા ચખ્રની આણ રહે તે વ્યકતી ખરફસ્ત્ર ગણાય છે. ત્યારે ગાય ગોરપદની યોની ઉપર બારમું ચખ્ર છે, અને જયારે તે યોનીમાંથી કચરો બહાર પડે છે ત્યારે તે બારમા ચખ્રમાંની પાંચ મરતબાની આબ અને ખાકની ગરમી સાથનો બરજીસી પ્રવાહ તે કચરામાં આમેજ થઇનેજ બહાર પડે છે. ત્યારે ગવનાં મુત્રમાં આવી ગરમી સાથનો બરજીસી પ્રવાહ રહે છે. પાંચ તબકકાનો આબ અને પાંચ તબકકાની ખાક એક એકમાં મળી જઇને એક એકને ટેકવે તેવી હોવે એટલે મોફકત હોવે તે ગરમીમાં એક જાતનો કષ ઉભો થઇ શકે છે, કે જે કષમાં કુદરતનો પેલો બરજીસી પ્રવાહ રહી શકે છે. માનવની યોનીની ઉપર ૧૩ મું ચખ્ર રહે છે કે જેમાં ધનામીનની ખીસ્કારી ચાલી રહે છે. માટે માનવ કે તેવાં બીજાનાં મુત્રમાં ધનામીનની ગતીની બુરાઇનો પાસ ઉતરી રહે છે. આવું મુત્ર ત્યારે અણુદીઠ શરીર ઉપર જરાબી શુભ અસર કરતું તો બાજુએ રહયું પણ તેમાં ગદલાપણાને વધારી શકે છે. જયારે ગોરપંદનાં બારમાં ચખ્રની શુભ બરજીસી વાસ્નાનું મુત્ર-તે શુભ બરજીસી વાસ્નાની ગતી પ્રમાણે અણુદીઠ શરીરની ઉપર શુભ અસર કરે એ સમજવું સહેલ છે. આટલું ટુંક બ્યાન ત્યારે કેહપનાં ચખ્રો અને તેઓનો જડ યોની સાથના સંબંધ વિષે કામનુ થઇ પડશે. આવાં ઉંડાં બ્યાનનો ભેદ વંદીદાદની પહેલી પરગર્દમાં છે, જે નજદીકના ભાવિષ્યમાં

જો તે સાહેબની મરજી હશે તો ઉકેલાઇ શકાશે. ત્યારે કેહર્પનાં ૧૩ માં ચખ્રમાં જબુન ખાક એટલે દએવીક ગતીનો વોહુન જે હજુર સુધર્યો નથી પણ સુધરવા માટે જડ તનરૂપમાં ઉગ્યા કરે છે તે વોહુનનોભી ઘણો જડ ભાગ રહયો છે. આવી તે જબુન ખાકને તે કેહર્પ પોતાનાં બંધારણના અસલ ઉંચ સ્વભાવને લીધે ઉપર કહેલી મતલબે એટલે સુધારવાની મતલબે પોતામાં રાખીને તેમાંથી જડ તનને જન્મ આપ્યા કરે છે, કે જે જડ તનનો ભોગવટો કરી રહીને પાર પાડે અને એમ મુરાદ હાંસલ થાય. ત્યારે **બારમાં ચખ્રની ઉપર બરજીસી પ્રવાહ પડે છે એ તો કુદરતી છે. પણ જો અષોઇની તરીકતોને જોરે ૧૩ માં ચખ્રને જો જીત્યું હોય અને તે તેરમાં ચખ્રને પછી બારમાં ચખ્રની આણમાં તાબામાં આણ્યું હોય, તો પછી તેવાં તે ૧૩ માં ચખ્ર ઉપરબી બારમાં ચખ્રની મારફતે ભલો બરજીસી પ્રવાહ કંઇક દરજજે ઉતરી શકે છે. આવાં ૧૩ માં ચખ્રમાંની ખાક ત્યારે ઉંચ મરતબાની હોય છે. આવાં પ્રાણીઓનો સ્વભાવ ઉંચ પરદુખભંજનનો હોય છે. આમ ત્યારે જે પ્રાણીઓની યોની ઉપરનાં બારમાં ચખ્રમાં અથવા બારમાંને તાબે આવેલાં તેરમાં ચખ્રમાં બરજીસી પ્રવાહ પડે તે પ્રાણી ગોસ્પંદ હોય.** આવાં ગોસ્પંદોમાં ગાય – બળદ – વરસીઓ ઉંચ હોય છે. ત્યારે અઝદનો વોહુન કે જે શરીરની બહાર પડે છે, જેમાં જબુન ગતી છે, તેની જબુનતા ઉપર ભલી અસર કરવા તરો વાપરે છે. એવી અસર થવા માટે થોડો તરો જોઇએ. આવા તરાની અંદર જે બરજીસી ગતીની અસર રોશની રહી છે, તે શુભ અસર કરે છે. તરાની ભલી બરજીસી અસર પેલા હઇઅરના પરદાને લાગે છે. આ હઇઅરના પરદામાં જાનની ગતી કંઇક છે. ધા પાડીને રૂજ આવે છે તે આ હઇઅરના પરદાની જાનની ગતીને લીધે છે, અને ધા પાકે છે તેભી આજ હઇઅરના પરદાની જાનની ગતીની કોતાહીને લીધે થાય છે, જેમાં જંતુઓ વચમાં મારેફ્તે તરીકે ઉગી નીકળે છે. ત્યારે જો આ હઇઅરના પરદાની કુદરતને બરજીસી ખારતર મળે, તો તે કુદરત પેલી વોહુનની જબુનતાને ધીમે ધીમે નરમ કરીને 'ગવ'ની ગતી જે અઝદમાં છે તેને ઓર મદદ કરીને, **કેહર્પ કે જે ખાકનો ભાર ખમે છે, જે તેનાં ૧૩માં ચખ્રમાં અને બીજાં તેવાં ચખ્રમાં** છે, તે કેહર્પ લગી પુગીને કેહર્પમાંની તે તે ચખ્રોમાં રહેલી ખાકની જબુનતાની ઉપર શુભ અસર કરે છે. **આવી મોતેબર અસર થવા માટે તરો છે; અને બીજી બાજો જે હુજ–પરહેજની છે તેઓ અષાઇ**

છે. વળી તરામાં જે બહારથી દેખાતો નજીસાત છે તે નજીસાત શરીર ઉપર રહેલા અણુદીઠ તાફુનરૂપના એટલે ગરમ હવા જેવા નજીસાતની સાથે સ્વભાવ પ્રમાણેની અનુકુલતાનાં ખેંચાણુ થવાના નીયમ મુજબ મળી જઇને, તેને ઘણું ધીમેશથી નહિ તેમ ઘણા જોશથીબી નહિ,–એવી રીતે નહિ કે જેથી દુ:ખ પેદા પડે તેમ, બહાર કાઢે છે. શરીર ઉપરની આ અણુદીઠ નજીસાત જે તાફુનરૂપની–બાફરૂપની છે તેની ઉત્તપત્તી કઇ રીતની હશે ! આવા ગરમ બાફરૂપના અણુદીઠ પણ ચીકાસ સાથે મળેલા નજીસાતને ઉભા થવાનું કારણબી પેલો વેહુનજ આપે છે. ઉપર જોયું કે અઝદના શરીરમાંથી બહાર પડતા ભાગમાંથી વેહુન નીકળીને અઇપિમાં પંથરાય છે, પણ આ વેહુન બધોજ અઇપિમાં પંથરાઇ શકતો નથી. આ વેહુનનો ચોક્કસ ભાગ પાછો ચામડીમાં સોશન થઇ જવા મંડે છે. આ સોશન થતા વેહુનનો ભાગ પહેલે ચામડીમાં પાછો દાખલ થવે ચામડીમાંની ચીકાશને લાગીને તે ચીકાશમાં પકાઇ જાય છે અને બીજો ભાગ ચામડીમાંથી વધુ અંદર જઇને પછી ચામડીના વાલોની પોકલ નળીઓની અંદર તેમ ચામડીની જાડાઇના પડોમાંની પોકલ નળીઓ (duots)ની અંદર જમાવ થઇ રહે છે અને કેટલોક તો ખુદ શરીરમાં પંથરાઇ જતો રહીને પછી પાછો તે વાલોની અંદરથી તેમ તે બધી પોકલ નળીઓ (duots) માંથી તેમ પરસેવા–દમ અને મળમુત્રમાંથી પાછો ધીમે ધીમે બહાર પડી રહે છે. **ચીકાશને તો સાબુ સાફ કરી શકે. પણ ચીકાશમાં ઉપર કહેલો જે વેહુન છે તે કંઇ સાબુથી સાફ થઇ શકે નહિ.** આવા ચીકાશ સાથના વેહુન તેમ બાલમાંથી બાફરૂપ નીકળતા વેહુન તરાની કજુરાત સાથે સ્વભાવની અનુકુળતાના કાયદા મુજબ મળી જાય છે. ત્યારે હવે સમજવું સહેલ છે કે આવી શોશન થયલી વેહુનની ગતી પાંચ જાતના બાલોમાંથી તેમ મળમુત્રમાંથી, પરસેવામાંથી બહાર પડતા કચરામાંથી બહાર પડતી રહે છે. તરાની નજીસાત આવા બહાર પડતા વેહુનની નજીસાત સાથે સ્વભાવની અનુકુળતાના ખેંચાણ થવાના નીયમ મુજબ મળી જઇને તે તાફુનની બહાર પડવાની જેતને ધીમી કરી નાંખે છે, કે જેને જમીનની મગનાટીશ ખેંચીને પોતાનાં ખાતર બનાવવાનાં કામમાં વાપરે છે. **એમ તરાની જડ નજીસાત શરીરમાંના તે સુક્ષ્મ બાફરૂપ કચરાને મીઝાનસર ખેંચી કાઢે છે, કે જેથી અઇપિમાં તેનો ચેપ લાગે નહિ.** પછી પાણી લાગવે તે બાફરૂપ કચરો બધોજ ઓર નરમ થઇ ઉપર કહયું છે તેમ જમીનથી ખેંચાઇ જાય છે. એમ એવી રીતની મોતેબર અસર તરાની છે; તેમ બીજી દુજી–પરહેઝી કરવાની બાજોની છે, જે હવે પછી આવશે.

ગોરસ્પંદોની યોની ઉપરજ બરજીસી અસરનો પ્રવાહ અસર રોશની પડતી રહે છે, જ્યારે ખરફ્સ્ત્રોની યોની ઉપર તે પડતી નથી તેની વીગત ઉપર જોઇ. ઇનસાનની ખરફ્સ્ત્રમાંજ ગણાય છે. પણ ઇનસાન જ્યારે અષ-વનની ગતીએ પુગે છે ત્યારે તે ઇનસાનને 'ન-ના'નો કહે છે, જે ગોરપંદના વર્ગમાં આવી રહે છે. આવા ન-નાના ભેદના ઇનસાનોનું યોની ઉપરનું તેરમું ચક્ર, ઉપર કહયું છે તેમ, બારમાં ચક્રને તાબે થઇને તે બારમાંનો બરજીસી પ્રવાહ મેળવી રહે છે. ગોરપંદ નામે ગાય બકરાઓનાં મુત્રમાં આવી રહેતો બરજીસી પ્રવાહ અને ગરમી તે મુત્રમાં ત્રણ દહાડા લગીજ રહી શકે છે. પણ આ બરજીસી ખાસ્તર 'નીરંગ'માં એટલે ક્રીયા સાથના તરામાં નીરંગ દીનની ક્રીયાથી લાંબો વખત લગી સોશન થઇ રહે છે. આ બરજીસી અસર ગોરસ્પંદોનાં મુત્રમાં સ્વભાવના અનુકુળતાને કાયદેજ સોશાન થાય છે. ગોરપંદ તે પ્રાણી છે, કે જેમાં જબુન ખાકી ગતી રહેતી નથી, કે જેથી તે ખાકમાંથી બનતું શરીર અહીની દંસ્યલ ગતીનું રહે. ગોરપંદમાં ગવનો એટલે પરદુખભંજનનો મિથ્ર ચાલતો હોવે, હજમ થતી ક્રાવાના આ છેવટનાં પરિણામમાં તેજ મિથ્રની ગતીના ગરમી ચોકકસ આકર્ષણનાં જોર સાથે ગરમો તરી તરીકે મોટે ભાગે રહે છે. આવી ગરમો-તરીની ગતીના સાથે બરજીસી પ્રવાહ અનુકુલ થતો હોવે મળી જાય છે, જેથી ગોરપંદોનાં મુત્રમાં તે પ્રવાહ અનુકુળ થઇને રહેલો હોય છે.

## રાત્રીએ ઉંઘના વખતમાં ઉભી થતી શરીરની હાલત-તેને માટે સવારે ઉઠતી વખતે અપાયલી તરીકતો અને ગોમેજના વપરાસ વિષે.

આમ ત્યારે તરો લગાડવાથી અને લગાડતી વખતે તેને બરની નીરંગ પઢવાથી અનાસરોને સ્વચ્છતાઇ મળે છે, તેનાં મુળ કારણો જોયાં. આપણે ઉપરનાં બ્યાનમાં સીરફ શરીરની અંદરથી નીપજતી અસરે-તારીકીની ગતી (નજીસાત)નો હીસાબ જોયો. પણ શરીરનાં બહાર એટલે બહારની કુદરતમાંની અસરે-તારીકી શરીરમાં સંબંધ રાખીને શરીરમાંની અસરે-તારીકીને જોર આપે છે, તેનો હિસાબ જોયો નથી. રાત્રીએ અઇવિસૃથ્રેમ ગેહમાં કે જ્યારે રવીના રવા સીદ્ધા પડતા નથી પણ આડકતરા પડે છે, ત્યારે તેવે રાત્રીને વખતે બહારની કુદરતમાં અસરે-તારીકીનું ચલણ હોય છે. અસરે-તારીકીનો સરદાર શેતાન પછી ગેતીના દમને ગુંગળાવવા માંગે છે. માટે દમને ચલાવતો પ્રવાહ ઉશતાનને ગદળું કરી નાખે છે. પણ આવા મામલાના સામે 'અઇવિસૃથ્રેમ અહાબ ગવ'ની ગતી અને મોટા

આએદ્દા-સાલેકા-આથ્રવનો-દસ્તુરો-મુએદ્દાની ગવની ગતી ઉસી થઇને, તે અહીના સ્વભાવવાળા અહીરીમનને અટકાવે છે. પણ સામાન્ય જન સમાજમાંનો દમ તો આ વખતે સ્થુલ થઇ જાય છે. 'તીરે ગોહર' કે જેનો ઇલાકો ઉપર કહયું છે તેમ તે રાત્રીના વખતમાં રહે છે, તેથી તે બુરા ગોહરનો સીફલી દમ (એટલે ગાશેક) સાધારણ ઇનસાનના દમમાં જોશથી જઇ હોમલા લાવી ઉશ્તાનની શુભ અસરને ઢાંકી નાખે છે અને તે અંધકારના સ્વભાવની ગતી મુજબનો મીઝાઝ હલકો ઉભો થાય છે, કેમકે આ ગાશેક શરીરમાં રહેલા વોહુનની ઉપર અસર કરી વોહુનની બુરી ખસલતને ખુબ જોશથી ઉભરાવે છે, જેની સામે સાધારણ ઇનસાનોની ઇનસાન્યત (ગવ)ની ગતી ટકી શકિત નથી અને બુરા વીચારોનો કાબુ પુર્ણ રીતે જામે છે. આવી રીતે રાત્રીએ ગાશેકનો હોમલો શરીરમાં થવે શરીરના વોહુનની ગતી ઉભરાવે અઇપિ જડ થઇ જાય છે. અઇપિમાંની સુક્ષ્મ ગરમો-તરીની ગતી જે અઇપિના ૧/૯ ભાગમાં રહે છે તેની ઉપર અને પેલાં અઝદનાં ઉપર તે ગાશેકનો હોમલો થાય છે, જેથી અઝદમાં રહેલા જાનની વર્તુળી ઉપર પડતાં ઉશ્તાનની ગતી ન્યુનતામાં આવે છે, અને જાનનો દોર-વરતુળ જરાક નરમ પડતો જાય છે અને કેહર્પના જે જે ચપ્રામાં ખાક એટલે સુધરવાને વોહુન રહયો હોય છે, તે તે ચપ્રની ખાક પોતાની અસલ ખાસીઅતથી સકીલ થઇ જવે તે તે ચપ્રો જડ થતાં જાય છે. આવી સ્થીતીના થઇને આપણે સવારે ઉઠીએ છીએ, માટેજ હોકમ છે કે બીછાણાં ઉપરથી ઉઠતાંને વાર કંઇબી કામે વળગીએ તે પહેલાં, અહુરમજદ ખોદાએની કુશ્તી કરીને કુશ્તી પખોડવી, કે જેથી બહારની ગાશેકનું શરીરમાં સંબંધ થવાનું સાધન તુટી જાય છે. રાત્રીએ ગાશેક ઉપર કહયું તેમ શરીરના દમમાં જાય છે,-હોમલો લાવે છે, ત્યારે તે ગાશેક પહેલાં કુશ્તીનો કબજો લઇ લે છે, અને કુશ્તીમાં પોતાની બેઠક બનાવીને અંદર જાય છે. કુશ્તીનો કમરબંધ પહેલાં ગાશકને અંદર જતાં અટકાવવા હોમલો લાવે છે. માટેજ ગાશેકના દએવને કુશ્તીનો કબજો લેવો પડે છે. એમ છે માટે રાત્રીએ કુશ્તી કરવી જોઇએ, કે જેથી ગાશેકનો દએવ કુશ્તીમાં એકદમ જઇ શકે નહિ. કુશ્તી કમર ઉપર હોવે ગાશેકના દએવની સામે કુશ્તી થાય છે. માટે ગાશેકનો દએવ કુશ્તીના કબજો લે છે એટલે ગાશેકનો થોડોક ભાગ કુશ્તીમા રહીને પછીથી અંદર ઘુસે છે એટલે જરા કમી થઇને અંદર દાખલ થાય છે. પણ જો કુશ્તી શરીર પર હોયજ નહિ તો પછી ગાશેકનો દએવ ઇનસાનના

**દમમાં એકદમ સીધ્ધો હોમલો લાવી તમામે તમામ દમમાં પેસીને અજરથોશ્તી મનીનો ડંકો શરીરમાં રમાડે છે.** ત્યારે કુસ્તી જો કે થોડી ઘણી જીતાઇ જાય છે છતાં કુસ્તીનો તલેસ્માતીક કમરબંદ ગાશેકના બધાજ ભાગને દમમાં જવા દેતો નથી. **આમ કુશ્તીના દવારેજ પછી ગાશેકનો દએવ દમમાં જઇને શરીરના વોહુનનો સંબંધ કરે છે. એમ છે માટે સહવારના ઉઠીને પહેલે કુશ્તીના કમરબંધને ઉશ્તવાર કરવો. માટે કુશ્તી પખોડવાનો હોકમ છે કે જેથી ગાશેકનો દોર કુશ્તીમાંથી તુટે અને બહારનો દએવ પાછો હુઠે.** આમ ગાશેકનો સંબંધ તોડીને પછીજ જમીન ઉપર પગ મુકવો અને અઇપિમાં તે દએવનો સંબંધ હોય તેને ગોમેજ લગાડી તે સાથની પેલી નીરંગ ભણીને તોડવો.

**નાહવાની અને બરશ્નુમની તરીકતની જરૂરતનાં કારણો, સુદરેહ કુશ્તી કાંય રાખવા જોઇએ તેઓનો ઉંડો ભેદ**

નાહતી વખતે જ્યારે સુદરેહ–કુશતીને ઉતારવી પડે છે, ત્યારે અઇપિમાં પડતો વોહુન જે સુદરેહથી અને કુશ્તીથી કાબુમાં છે તે જોર ઉપર નહિ ચઢે,–વધુ સ્થુલ નહિ થાય **માટે તે વખતના માંથ્રો ભણવાના છે, કે જેઓ સુદરેહ-કુશ્તી જેવી ગરજ સારે અને વોહુનની ગતીને વધુ ગદળી થવા દે નહિ.** ઉપર જોયું કે અઇપિમાં વોહુનની ગતી (સુક્ષ્મ નજીસાત) પડે છે. દરેક ઇનસાનની અઇપિમાં આવી સુક્ષ્મ નજીસાત હોય છે, અને રવીના સ્વાઓ (અણુદીઠ કીરણો) એક બીજાની અઇપિમાંની નજીસાતને સંબંધ કરાવે છે, અને પાણી જો શરીર ઉપર લાગ્યું હોય તો રવીના સ્વા સામા માણસની અઇપિમાંની નજીસાતને પુર જોશથી તેમાં ખેંચી લાવે છે. એમ છે માટેજ આબેદો સાધારણ રીતના વ્યવહારમાં હોતા નથી. આ બનાવ કુદરતીજ છે. **રવીના સ્વા જ્યારે ઉપરથી નીચે ઉતરે છે ત્યારે પઇરિ દખ્યૂના ઉત્તર તરફના જબુન ગતીના ગુબારોની વાસ્ના લઇનેજ ઉતરે છે, અને તેવી જબુનતાને લઇને પછી સામા આદમીની અઇપિની જબુનતાને આકર્ષીને બીજા ઇનસાનની અઇપિમાં દાખલ થાય છે. આ તો કુદરતી રીતે થયાજ કરે છે.** આમ છે માટેજ છ છ મહીને યઓજદાથ્રેગરોને બરશ્નુમ લેવુ પડે છે, કેમકે ગમે તેવી તેઓની દુજ–પરહેઝી અને પરહીઝગારી છતાંએ, **રવીના સ્વાઓના કુદરતી આવા સ્વભાવને લીધે તેઓની અઇપિમાં કંઇબી ન્યુનતા એવી આવે છે, કે જેથી યઓજદાથ્રેગરીના**

કામને માટે જોઇતો standard પતમાન અઇપિમાં રહેતો નથી-ખોરવાઇ જાય છે. વળી યાદ રાખવું કે રવીના રવાની આવી કુદરતી ગતીને લીધેજ સુદરેહનું પહેરણુ અને તેની વસ્ત્ર તરીકે ઉભા થવાની સાઝેશ્નીની તદબીર આપણને તરીકતના એક ભાગ તરીકે આપેલી છે. સુદરેહને હમદીનો મિથ્ર-માંથ્ર ભણતાં ભણતાં વેતરીને કાયદેસરનો બનાવે છે,- 'સ્તેહર-પએસેંગ'ના કટનો નમુનાનો બનાવે છે, ત્યારે તેની ઉપર 'કેરેતો' નામની છાપ Seal પેદા પડે છે. આવી 'કેરેતો'ની છાપ સાથના સુદરેહનાં પહેરણને 'વસ્ત્ર' તરીકે ઓળખે છે. વસ્ત્રમાં બીજાં કપડાંબી આવે છે તેની નોંધ લેવી. 'સ્તેહર પએસેંગ' એટલે શું? આખી હસ્તી-નીસ્તીની સૃષ્ટીને અહૂનો વર એટલે અહૂનું દોરેલું સરકલ-વર્તુળ કહે છે, કે જે વર અહૂમાં મળીને બહાર પડયા કરે છે. આને અહુનવરનું નવમું અસ્મ કહે છે કે જેની બહાર જગત જેવું કંઇજ નથી. **અહૂ જે નિરાકાર છે તે આ વરને દોરીને પોતે સાકાર રૂપનો થાય છે.** આ મોટા વરમાં બીજો અંતર વર છે, જેને અનગ્ર રઓચનું આઠમું અસ્મ કહે છે. આ આઠમાં વરમાં તે અહૂએ પોતાની design 'મન્તા' નકસ દોરેલો છે, કે જે પ્રમાણેજ બધું થઇ રહેશે. આ નકસને સેતારાઓથી દોરેલો છે. **આવા સેતારાના દોરેલા નકસને 'સ્તેહર પએસેંગ' કહે છે, કે જેમાં સૃષ્ટીની રચના અને આખરની મુરાદે પુગવાનો ભેદ લખાઇ રહેલા છે. અગણીત સ્તરોથી તે ભેદ લખાઈ રહયો છે.** દરેક સ્તરમાંથી માનવનો સીલસીલો જે તેનાં ધર્મના બાપ જે છેક ઉપર દખુલ સબુટ રૂવાનમાં છે, ત્યાંથી શરૂ થઇને માનવના રૂવાનના ફરઝંદોનો સીલસીલો જે બધો હેવાન-ઝાડપાન અને ખનીજના રૂવાનના અંશો લગી છે તે બધો નીકલી રહે છે. માનવના આવા સીલસીલાએ એક આખા થઇને પોતાના તે સ્તરમાં જઈ મળીને, દાદારના વરમાં દાખલ થવાનું છે. એમ દાખલ થવાની આખરની મકસુદ છે. એક સ્તરમાંથી એક માનવનો આવો સીલસીલો નીકળે છે. જેટલા અગણીત સ્તરો છે તેટલી બધી સૃષ્ટીની વસ્તી યજતોથી માંડીને રજેરજ લગીની છે. આ બધાનું જાહેર થવું, તનોમંદ હાલતમાં આવીને પાર પડવું અને તે માટે જે ચીજોની જરૂર પડે, જે બધો સામાન જોઇએ, તે બધાની design plan મન્તા નકસ તે સ્તરોથી દોરેલો છે જેને સ્તેહર પએસેંગ કહે છે. ત્યારે આ સ્તેહર પએસેંગમાં સૃષ્ટીનું થવું અને આખેરતના ભેદનો નકસ છે-જેની નકલ પ્રમાણે **સદરાની સાઝશને એટલે સાંધાઓ અને ગોલાન છે. 'કેરેતો'** એટલે શું? 'કેરેતો'માં કશ દોરવો, design કરવી-છાપ કરવી-અધીકારની

સહી-સીલ કરવી-લાયક છે શકિતમાન છે એવી લાયકાતની છાપ ચોક્કસ અધીકારીઓથી મેળવીને રાખવી એ અર્થો છે. કુદરતમાં અષો જરથુશ્ત્રે 'સ્તેહર-પએસંઘહ'ની કુદરતી મીનોઇ ગતીની જમાની માફક એટલે અનગ્ર રઓચાઓની કુદરતી મીનોઇ વજેની જમાની માફક પોતે એક નકલી જમા, એક નકલી સ્તેહર-પએસંઘહ, એક તલેસમ એવો ઉભો કીધો છે, કે જે નકલી 'સ્તેહર-પએસઘહ'ને પેલા અનગ્ર રઓચાઓના કુદરતી મીનોઇ વજેના 'સ્તેહર-પએસંઘહ' સાથે સબંધ થયલો હોય છે. જેમ અનગ્ર રઓચાઓમાં રૂવાનોને પોતાની દએવીક ગતીને સુધારીને પાર પાડવા માટે જ્યારે બદર-વતન થવું પડે છે ત્યારે તે વખતે તોશો મળે છે, તેમ બસ્તે-કુશ્તીઆનોને મોક્ષ મેળવવાનો આશીરવાદ જરથુશ્ત્રના કીધેલા આ વરથી આ તલેસમથી મળશે અને અન્ય દીનોની તલેસમોને ટેકવવાનાં કામમાં અને તે અન્ય વર્ણોનું કામ જે પોતાની આણનાં રૂવાનોને ન્માન તરફ બરજીસી મધ્ય તરફ મોકલવાનુ છે તેવી મોકલવાની ગતીમાં જોમ અને જોશ મળશે. એવી કરામતની તે નકલી જમા તલેસમ છે. આવી તલેસમો અષો જરથુસ્ત્રે નીરતીમાં કીધેલી છે, જેનો સંબંધ છેક મીનોઇ લગી પુગેલો છે. જરથુસ્ત્રના આવા તલેસમાતીક ગતીના મોટા વરાને 'કેરેતો' તરીકે લીધા છે. આ વરો કે જેઓને "કેરેતો"=કશ દોરીને નીઆમત નીચે મોકલવાની યોજનાવાળા કહયા છે, તેઓ 'નીરંતર' ચોકકસ મોકા ઉપર તે નીઆમતોને નીચે મોકલ્યાજ કરે છે. તરીકતના વપરાસમાંની ચીજોની બનાવટ વખતે આ નીઆમતો ('કેરેતો'ની ગતી) તે બનેલી તરીકતી ચીજોમાં આવી ચઢે છે, જ્યારે તે તે ચીજોને 'વસ્ત્ર' તરીકે કહે છે. અર્ષમ-યથાના માંથ્રો પઢયાથી અને સુદરેહની બનાવટના મિથ્રો કીધાથી એક પાકદીલ હમદીન તે કેરેતોના આશીરવાદોની સનદ તે તરીકતનાં કપડાં માટે મેળવીને તે કપડાંને "વસ્ત્ર" તરીકેનો બનાવે છે. ત્યારે સુદરેહ કુશ્તી-શ્યાવ-વીગેરે બધું "વસ્ત્ર" છે, જેમાં "કેરેતો"ની ગતી છે એટલે ઉપરથી નીચે ઉતરવા ધારેલા-યોજેલા આશીરવાદો સંઘરાયલા હોય છે. આવાં વસ્ત્રમાં બે પ્રકાર હોય છે. પહેલા ઉંચ પ્રકારમાં તે વસ્ત્ર પરીપુર્ણ રીતના એટલે 'કેરેતો'ની ગતીના આશીરવાદ રાખી તે 'વસ્ત્ર'ને તરીકતની ખુબીથી જીવતું રાખે તેવા હોય છે, અને બીજા ઉતરતા પ્રકારમાં તે વસ્ત્રમાં 'કેરેતો'ની ગતીના આશીરવાદો ઉતર્યા નહિ હોય છતાં પણ 'કેરેતો'ની ગતીની હિફાજતમાં-પોશ્ત પનાહીમાં તેઓ હોય. આજની આપણી તરીકતની ચીજો સુદરેહ-કુશ્તી આવી દુઝ્ઝમ (બીજા) પ્રકારની છે. પણ તે તરીકતોનાં વસ્ત્રો એવા આવા દુઝ્ઝમ પ્રકારવાળી ત્યારેજ થાય, કે જ્યારે તે વસ્ત્રોને 'સ્તેહર-

પએસંધહુ'ના કતના, નેમેલી યોજનાના અને હમદીનથી કાયદેસર મિથ્ર-માંથ્ર કરતાં ઉભા થયા હોય. આવી રીતે જો સદરો થયો હોય તો તે 'સુદરેહ'માં વસ્ત્ર તરીકેની ગતી હોવે તે 'કેરેતો'ની તલેસમની હેફાજત હેઠળ કમમાં કમ હોય છેજ. આવો સુદરેહ અને આવી કુશ્તી શરીર ઉપર રાખવે તે સદરાનું રૂ અને કશ્તીના ઉનમાં જે કુદરતી રીતની ખીશ્કારીઓ રહી છે તે ખીશ્કારી કરવાનો જોશ વધી જઇ તે રૂમાં અને તે ઉનમાં ચોકસ રીતે કામ બજાવવાની ગતી ઉભી થાય છે એટલે યોજેલી ધારણા બર આવે છે—જે કામ કરવા ધાર્યું છે તે ફળીભુદ થાય છે. સદરાના રૂમાં રવીના સ્વાની ગતી જે અભડાત સાથ સદરામાં જાય છે તે સ્વાને પકડી રોકી અભડાતને દુર કરી—સ્વાને અભડાત રહિતનો કરીને પછી તે સ્વાને આડકતરી ગતી લે તેવો આડકતરો કરી એટલે વહેવાની તીક્ષણુતામાં જરા મંદ કરી refract કરી એમ નીરબળ અને પેલા નજીસાત રહિતના કંઇક દરજજે કરીને શરીરમાં જવા દે છે—ધુસવા દે છે. એવીજ રીતે કુશ્તીમાંથી અઇપિને પકડી રાખવાની ગતી આવે છે અને અઇપિની તાપ્રુનને પોતામાં પકડીને ધીમે ધીમે નીચે જમીનમાં મોકલવાની ગતી આવે છે કે જે જમીન તે તાપ્રુનને આકર્ષીને ખાતરરૂપમાં બદલી શકે. ત્યારે એક મજદયસ્નાને જો જેને સુદરેહ કહે છે તે શરીર ઉપર પહેર્યો હોય, એટલે વસ્ત્ર કે જેમાં 'કેરેતો'ની સહી—સીલ—સાખ હોય તે પહેરેલો હોય તો સ્વાની અભડાવવાની ગતી ઘણી નિર્મુળ થઇ જાય છે. ત્યારે જરથુશ્ત્રે પોતાની વર્ણ માટે ઉભી કીધેલી તલેસ્માતીક બક્ષેશો જે પોતાની ઉમ્મત ઉપર ઉતારી છે તે બક્ષેશોમાં સુદરેહને લગતા તલેસમની એક બક્ષેશ રહે છે. સુદરેહ માટે ઉભી થયલી આવી બક્ષેશની હેફાઝતમાં જો તે પહેરણુ હોય યા તે તલેસમ તે વસ્ત્રમાં વસેલી હોય, તો તેવા વસ્ત્રને પહેરવે તે વસ્ત્રનું રૂ અમુક કામ કરવા ઉસ્તવાર થઇ જાય છે, એટલે તે રૂ શું કામ કરી રહે છે? રવીના સ્વાને તે વસ્ત્રનું રૂ પકડીને તેમાંથી પેલી અઇપિ—દખ્યૂની ગોમેજગીને તેમ સામા ઇનસાનની ગોમેજગીને—પોતા ઉપરની (એટલે તે સદરા ઉપરની) 'કેરેતો'ની ગતી જરથુસ્ત્રની signature ની ગતી પ્રમાણે ઘણે યા થોડે કંઇક દરજજે રોકે છે, અને પછી તે સ્વાને આડકતરા કરીને અઇપિને લાગવા દે છે, જેથી તે સ્વાનું જોડાણ અઇપિમાં ધીમુ થવે પેલી શરીરમાંથી બહાર પડતી હઇઅરની ગતી જોશથી ઉભરાતી નથી. આમ સુદરેહ પોતાનું કામ બજાવે છે એટલે અઇપિના સ્થુળ ભાગમાં રવીના સ્વાથી થતા અભડાતને રોકયા કરે છે, અને કુશ્તી અઇપિના ભલા ભાગને પોતામાં રાખીને હવામાં બરબાદ થવા દેતી નથી—

પણ તે અઘપિને અઝહની તરફ જવામાં જોર આપે છે. આમ સુદરેહ-કુસ્તીનું કામ શરીર ઉપર છે. પણ જયારે નાહતી વખતે તેઓને કાઢી નાખવા પડે છે, ત્યારે તો તે બચાવ નીકળી જાય છે અને અઘપિની અંદર રવીના સ્વા પોતાનું કામ પુર જોશથી કરવા માંડે છે અને પાણીની હાજરીમાં તે કામ હઝારગણું જોશથી ચાલે છે. આ વખતે અઘપિમાં સ્વાની ઉપર કહેલી તેઝ રીતની કામ કરવાની ગતીથી જે દ્રુજી ઉભી થાય છે, તે હઇઅર દ્રુજીની જાત જેવી હોય છે અને માથાંની તાળકી આગળનાં કેહ-પંનો ઉત્તમ ભાગ કે જેમાં ઉરવાનની કરોડો જમાનાની કમાઇ નામે પંજે-ઝરવીકશ-બાતેન રહેલી છે, તે ઉપર તે દ્રુજીની અસર થવા માંડવે તે કમા-ઇને એકઠી કરનાર તે કેહપંનું ચપ્પ નરમ પડતું જાય છે. આમ થાય છે માટે કપડાં ઉતારીએ તેની અગાઉથી ચોકક્સ ભણુતર ભણવાનું છે. પછી કપડાં ઉતારીને મરદ હોય તો ડાબો હાથ અને ઓરત હોય તો જમણો હાથ માથાં ઉપર મુકીને પાછું તેજ ભણુતર ભણી જવું, જેથી સુદરેહ-કુસ્તીની માફકજ તે માંથ્રોના સ્તોતો તેની અઘપિ આસપાસ ફરી વળીને રવીના સ્વાની ઉપર કહયું તેમ થતી કુદરતી ગતી કાબુમાં રહેશે. પછી ઉપરથી નીચે લગી બધેબધ થોડા ટીપાં તરો લઇને ત્રણ વખત શરીર ઉપર ચોપડવો અને વીચારો ફેંકવા, કે ઇનસાનની ગતી કુદરતી ખરફસ્ત્રી છે; તેનો સ્વભાવ જંગલી છે-તે કંઇબી કરી શકતો નથી; હું કરૂં-હું કરૂં તે મીથ્યા બકે છે-કયારે તે ગુનાહ કરશે તેની તેને ખબર નથી. **ઈનસાનને લાઝમ છે કે ઇનસાનીઅતનાં જોરે પોતામાં રહેલા હેવાનને કાપીને ખાઇ જાય, કે જેથી તે હેવાનની સદ ગતી થવે કુદરતના વીચારો જેને હુમત-હુખ્ત-હુવરશ્ત કહે છે તેઓને જોર મળે**-આજની ઇનસાનની હાલત ઉલટી છે તે સુલટી થાઓ! તે ઉપર ખોફ કરી ખોદાના હોકમથી મળતાં સુખ-દુખને ખુશીથી તાબે થઇ શુક્ર-ગુઝારી કરવાની દુઆ ઇચ્છવી. આમ વીચાર કરવે દમ લતીફ થશે, ઉસ્તાન લતીફ થશે, અને અઘપિનો વોહુનબી કમજોર-મંદ પડશે, અને પેલા માંથ્રોના સ્તોતો બરાબર તે અઘપિની હેફાઝત કરી શકશે, અને પાણીના ફ્રાદો પતમાન ઉપર આવી પોતપોતાનું કામ કરીને અઘપિ-અઝદ-કેહપંને દરૂસ્ત કરી શકશે. હમામની બાજ આગળ આપવામાં આવી છે.

## કુદરતી હાજતો વખતે થતી કુદરતી ગતી–તેની કુદરતી અસર; તેની સામેના ઇલાજો

## ઇનસાનનાં મળમુત્રની જગા અને ગાય ગોસ્પંદના મળમુત્રની જગા વચ્ચેનો મોટો ફરક.

એવીજ રીતે વારે પીસાબે જતી વખતેબી નીરંગ પઢીને જવું, કે જેથી ઉપર કહયું છે તેમ અઇપિની ઉપર તે માંથ્રોના સ્તોતોની એક દીવાલ બને, જે અણુદીઠ દીવાલ તે અઇપિની હેફાઝત કરે, અને વળી શરીરમાંથી નીકળતો વોહુન તે દીવાલને અથડીને મંદ થઇને જમીનની મગનાતીસથી જીતાઇ જઇને જમીનમાં ખેંચાય, જયાં આગળ તે ખાતર તરીકે કામે લાગે. વારે પીસાબની જગાની વાતાવરણ અશુધ્ધ હોય છે. એક તો ત્યાં મળમુત્ર પડવે સ્થુળ રીતના વાસવાળી અને સ્થુળ રીતના અભડાતવાળી તે જગા હોય છે. પણ ગોસ્પંદોનો હધાર અને મુત્ર પડે તે જગાબી આપણુને સ્થુળ રીતના અભડાતની બહારથી લાગે છે, પણ ત્યાંની વાતાવરણ ઇનસાનનાં મળમુત્રથી થતી વાતાવરણ જેવી કહી નથી. જાહેરમાં તો બેઉ જગા ઇનસાનનાં મળમુત્રની કે ગોસ્પંદોનાં મળમુત્રની એક સરખી ગણી કાઢે છે. પણ તે બેઉ જગામાં કુદરતની વ્યવસ્થા જુદી રીતની હોય છે. ઉપર જોઇ ગયાં તેમ, ઇનસાન ખરફ્સ્ત્ર છે માટે તેની યોની (મળ–મુત્ર બહાર પડવાની જગા)ની ઉપર કેહર્પનાં ૧૩માં ચખ્રની આણ છે. આ ૧૩માં ચખ્રમાં જણુન ગતીની ખાક કે જેને લીધે ઇનસાનને શરીર ધારણ કરવું પડે છે તે રહે છે. આમ ખાકની ગતીનો ભાર ૧૩મુ ચખ્ર ઉંચકે છે. માટે તે ચખ્ર શકીલ હોય છે, જેની ઉપર મંગળના ગ્રહની અશુભ નજરાત હોય છે. મંગળના ગ્રહની અશુભ નજરાતમાં એ અર્થ છે કે મંગળના સેતારા આગળથી નીકળેલી ગતી ઇનસાનોની બુરી કેરદારોને પોખવા કામે લાગતી હોવે તેમાં અસરે–તારીકીનો સંબંધ થાય છે, જેથી મંગળની તે ગતીને અશુભ કહી છે. આવી અસરે–તારીકી સાથની ગતી ૧૩માં ચખ્રની ઉપર પડવે ૧૩માં ચખ્રને અશુભ ગણેલું છે. આવી અશુભ ગતી ત્યારે ઇનસાનની યોની ઉપર હોય છે અને મળમુત્ર બહાર પડતી વખતે તે અસરને મળમુત્ર સમેતીને બહાર ફેલાવે છે. આને લીધે ઇનસાનના મળમુત્રની હવામાં તેહગી–શાદી–શુભ ગતી રહેતી નથી પણ ગોમેઝગી–અશુભ ગતી જામી રહે છે. પણ ગોસ્પંદોની યોનીની જગાની ઉપર ૧૩મું ચખ્ર નથી. ત્યાં ૧૨માં ચખ્રનો ઇલાકો રહે છે. ૧૨માં ચખ્રની ઉપર ભેરપતીની શુભ અસર પડે છે. ભેરપતીની અસર કુદરતમાં જે ભલા ગુબારો હોય છે તેને ટકવો આપે છે. આવી શુભ અસર ગોસ્પંદોના યોના ઉપર પડવે ગોસ્પંદોનાં મળમુત્રમાં તે શુભ અસર સોશન થઇને બહાર

પડે છે, જેથી તે જગામાં તેહગી જાહેર થાય છે અને ત્યાં વયુવેહની ગતીનો ઇલાકો થવાની, વયુવેહની ગતીના પંથરાવાની સગવડ ઉભી થાય છે. આમ ત્યારે ઇનસાનોનાં મળમુત્રની જગાની વાતાવરણમાં ગાશેકની ગતી, અસરે-તારીકીનું જોમ હોય છે. હયાં નોંધવું કે સુક્ષ્મ ગતી જે તે બેઉ જગામાં વ્યાપે છે તેની નોંધ છે. સ્થુળ રીતનું મળમુત્ર તો વાસ મારે, ગંદકી કરે, મચ્છર વીગેરે ઉભાં કરે તેવું હોય છે, જે એક જુદીજ વાત છે. એમ છે માટે બેઉ જગાને સાફ રાખવી જોઇએ, કે જેથી જાહેર ગંદકી રહે નહી. પણ હવામાં જે કુદરતી શકિત કામ કરે છે, જે ઇદ્રીનાં માપની બહારની છે, તેની આ નોંધ છે. હવામાંની તે કુદરતી શકિત ઇનસાનની મનેશ ઉપર અસર કરે છે. ઇનસાનોની તેવી મળમુત્રની જગા હવસી વીચારોને ઉશકેરે છે, જ્યારે ગોસ્પંદોના પાદરમાં તેમ થતું નથી. આમ ત્યારે ઇનસાનોની મળમુત્રની ગમે તેવી સફાઇની જગામાંબી તે જગાની ગાશેકની ગતીને લીધે માનસીક ગતી, વીચાર કરવાની ગતી હલકી થાય છે. આવી ગાશેકની ગતીને લીધે એટલે વાયે-સરીતર=હલકો વાયુ ત્યાં જામતો હોવાને લીધે અને વાયુવેહ=ભલો રાદ ગતી રાખતો વયુ ત્યાં કમ હોવાને લીધે અને અસરે-તારીકીનું જોમ ત્યાં વધુ રહેવાને લીધે, ઉપર રાત્રીની ગાશેક વિષે સમજાવ્યું તેવી રીતની ઉતરતી જડ ગતી ત્યાં હોવાને લીધે તે જગાની વાતાવરણની વાસ્ના અમુક કારણોને લીધે હલકી બુરી હવસને કુદરતી કાયદે ઉશકેરનારી હોય છે-જે કારણો ઉપર રાત્રીના વખતની બીનામાં સમજાવ્યા છે. પણ કુદરતમાં દુઇ (બેપણું) છે, તેની રૂયે આવી બુરી વાતાવરણની જગામાં વળી કેટલીક ગતી ઉલટી રીતનીબી હોય છે. ત્યાં મળમુત્રમાંથી જે એમોનીઆ ammonia નો વાસ નીકળે છે તે ઘરની હવાને કંઇક દરજજે શુદ્ધ કરે તેવો રહે છે, અને મળમુત્ર નીકળતી વખતે ગરમીતરીનો કંઇક ભાગબી બહાર પડે છે, તેથી તે જગાની વાતાવરણમાં સ્થુલ રીતની ચેપી ગતી ઉભી થતી નથી.

## વારે પીસાબ જવાની બાજની દબલ ખુબી કઇ રીતે? મળમુત્ર વખતે બહાર પડતી ગરમી અને ખાસ્તરોનો ફરક-તેઓની પરહેજીની રીતો.

ત્યારે આટલા લગીમાં આપણે જાણ્યું કે ઇનસાનની અઇપિ રહે છે તેમાં શુભ અને અશુભ બે ભાગો રહે છે. શુભ ભાગ અઝદની આસપાસ ફરીને-કેહપની આસપાસ ફરીને જાનના રોહને કેહપમાંથી જડ શરીરમાં આણ્યા કરે છે. એવીજ રીતે મળમુત્રની જગાની અઇપિ (વાતાવરણ) રહે છે, જે અશુભ

હોય છે. શરીરની અધપિનો જડ અશુભ ભાગ કુદરતી હાજતે જતી વખતે બહાર પડતી ગરમીઓથી વધુ અશુભ થાય છે અને તેનો શુભ ભાગ વધુ સંકોચાતો જાય છે અને જેમ જેમ ઇનસાનો તે વાડાઓને વાપરતા જાય છે, તેમ તેમ તે વાડાની જગા ગાશેકથી ભરપુર અને ભરપુરજ રહે છે, અને તે ગાશેક પોતાની આજુને વાડા સીવાયની બીજી આસપાસની તેને લગતી જગા ઉપર ફેલાવી શકે છે. ત્યારે વાડે પીશાબ વખતની દુજ–પરહેજની બાજની ડબલ અસર છે: એક તો ઇનસાનની અધપિની ગતીને તે સાચવે છે, અને બીજુ વાડે પીશાબની જગાની અધપિની ગાશેકને પોતાની આજુ અસર વધુ આગળ લંબાવતા અટકાવે છે. મળમુત્ર બહાર પડે છે તે બેઉની અસરમાં કંઇક ફરક છે. તે બેઉ બહાર પડે ત્યારે ગરમી અને ખાસ્તર એમ બે ગતી સાથે બહાર પડે છે. શરીરમાંથી બહાર પડતા મળ–હધારની ગરમી અને ખાસ્તર બેઉમાં ગરમી અને ખુશ્કીની ગતી વધુ પ્રમાણમાં હોવે તેઓને પાણીના ફાદોની અસર આપવી પડે છે, પાણીથી સાફ કરવા પડે છે, જેથી પાણીના ફાદોનો દોશ ઉભો થતો નથી એટલે વપરાતા પાણીમાંના ફાદો કંઇ નવી જાતની દુજી તે ગરમી અને ખુશ્કીને મળીને ઉભી કરી શકતી નથી. કેમકે મળ–હધાર સાથે બહાર પડતી ગરમી વધુ હોવે પાણીના વપરાસથી તે ગરમી જરાક ઓછી થાય છે, અને પાણી ગરમીની સાથે કામ કરતું હોવાને લીધે પાણીની અસર તે ખુશ્કી ઉપર થતી નથી જેથી ખુશ્ક ગતી ખુશ્કજ રહી શકે તે સરદ થતી નથી, એટલે સરદો–તરી થતી નથી, જેથી હઇઅર દુજની ગતી મંદ રીતની ઉભી થઇ શકે છે, જે અધપિને નુકસાન કરી શકતી નથી પણ જમીનની મગનાતીસથી જમીનમાં ખેંચાઇ જઇ શકે છે. પણ પીશાબની ગરમી અને ખાસ્તરમાં ગરમ ગતી અને ખુશ્કી મળ અને હધારની ગરમીની અંદરની ગરમ ગતી અને ખુશ્ક ગતીની સાથે સરખાવતાં કમ રહે છે, એટલે પીશાબમાં ગરમો તરી વધુ રહે છે, જેથી પીશાબ ઉપર પાણી નાખવે પીશાબમાંની ગરમીની ગરમ ગતી નરમ પડીને સરદી ઉભી કરે છે અને ખુશ્કીબી નરમ પડે છે, એમ ખુશ્કી નરમ પડી જઇ અને સરદી વધી જઇને ત્યાં સરદો–તરી ઉભી થાય છે. આવી વધી જતી સરદો તરીથી ત્યાં દુજે–હઇઅર નામની ગતી પુર બહારમાં ખીલે છે, જેની ઉપર જમીનની મગનાતીસ અસર કરી શકિત નથી જેથી તે હઇઅર દુજ અધપિની ઉપર હોમલો લાવે છે. એમ છે માટે પીશાબની જગાને, તેની ઇદ્રીને, પીશાબ કીધા પછી સાફ કરવાને માટે પાણી વાપરવાને બદલે ખરાઉ એટલે બીનાશવાળા ઢેફાં વાપરવાનો હોકમ છે. આવા ઢેફાંની બીનાશ મુત્રના પાશને સોષી લઇ શકે છે અને વળી સરદી થવા દેતી નથી, જેથી દુજીએ હઇ-

અર કમજોર થઇને જમીનની મગનાતીસને તાબે થઇ જઇ શકે છે. જ્યારે 'વા' સરે છે ત્યારે તે વખતે થતી 'ગરમી' અઇપિને જરાક ખોરવે છે, પણ તે 'વા' બહાર પડતી વખતની ખાસ્તર જણુન રહેતી નથી, એટલે તે ખાસ્તર અઇપિને ખોરવતી નથી. માટે જો ભણુવા બેઠા હોઇએ તો ભણુ-તરની ગતી તુટે છે માટે ફરીથી કુસ્તી કરીને ભણુવું પડે છે. પણ સાધારણ વખતમાં જ્યારે ભણુતા નહિ હોઇએ ત્યારે અઇપિને સમારવાની ફરજ માટે કુસ્તી કરવી પડતી નથી.

આમ ત્યારે આ બાજ ખુદ ઇનસાનની અઇપિ તેમ તે જગાની અઇપિ બેઉની ઉપર કાબુ લાવે છે. ઇનસાનની અઇપિની ઉપર સ્તોતોનો કોટ થાય છે અને જગાની અઇપિની ગાશેકને વધુ આગળ હવામાં લંબા-વવા દેતી નથી. ઉપર કહયું છે કે પીશાબ કરતી વખતે પાણી નહિ વાપ-રવું પણ સુકકાં નહિ પણ ભીનાશવાળાં ઢેફાં વાપરવાં. મોબેદ સાહેબોએ એ તરીકત પાળવીજ જોઇએ કેમકે તેઓના પરમાર્થી પેશાની મતલબ તેથી શુભ સરંજામે પુગશે અને તેઓના યસ્નનાં કામમાં ન્યુનતા ઉભી થશે નહિ અને જે પરમાર્થ તેઓ ઉભુ કરી રહયા છે તેમાં ખલલ પડશે નહિ, તેઓના પરમાર્થી પેશાને બરનીજ તે તરીકત છે માટે તેને પાળ્યા વગર છુટકોજ નથી. પણ બેહદીન સાહેબોને માટે એવો મામલો લગાર મુશ્કેલ થઇ પડે છે. બેહદીન સાહેબોને આજના જેવા સ્થુળ જમાનામાં શાયસ્ત લા શાયશ્ત પાણી વાપરવું પડે છે, જેથી **ભવિષ્યમાં કે જ્યારે મરણ પછી હિસાબો શુમાર થશે ત્યારે 'પાદે ફરાહ'ની શીક્ષા થશે એટલે ખુશીથી ઉમંગથી ખમાએ તેવી શીક્ષા થશે, પણ તાજશ્નેની શીક્ષા એટલે દીલ તોડી નાખીને નાસેપાશ કરાવીને હિમ્મત છોડવીને હરાવે તેવી શીક્ષા થશે નહિ.** આજના વખતમાં, ત્યારે, ઉપર તરીકતની સમજમાં કહયું છે તેમ, કસંજોગોને લીધે ચોકકસ ઉતરતી રીતીઓ જે તરીકત પાળવાના હેઠળા તબકકામાં આવે છે તે રીત વાપરવી પડે છે, જેથી આયંદેમાં પાદે ફરાહની શીક્ષા થશે. માટે આવી અગવડોને લીધે તરીકતનો સૌથી હેઠળો પ્રકારબી છોડી દેવો નહિ. **કોઇબી સુરતે તરીકત હેઠળા પ્રકારનીબી પાળવીજ કે જેથી થોડાબી ફાયદો જમાના અનુસાર થાય.** તરીકત કાંય પાળવી જોઇએ તે વિષે ઉપર કહી ગયા છે જેમાં આપણે આપણા રવાન સાથના દ્રવાઓ-કચાસની નોંધ લીધી હતી અને કહયું છે કે આ દ્રવાઓને વોહુનરૂપનો કરીને પછી તેને કુદરત સુધારી રહી છે. ૩/૪ વોહુન કંઇક રીતે સુધર્યો છે અને તે પોતે ૧/૪ નહિ સુધરેલા વોહુનનો ભાર ખમી રહે છે, તેની નોંધ ઉપર જોઇ. આ રહી ગયલા ૧/૪ વોહુન-

માંથી આપણા જડ દેખીતાં શરીરની ખાક થઇ રહે છે. આ ખાકનો સમાવેશ અને બાર કેહપ'નાં ચોકસ ચખ્રાએ ઉંચકેલો છે, જેમાં ૧૩ મું ચખ્ર એક છે. આ ૧૩ મું ચખ્ર આપણાં જડ તનની ખાકને ઉંચકી રહ્યું છે. કેહપ'નાં તે બાર ખમતાં ચખ્રો પોતા સાથે બાર ખમતી તેવીષી અને ઉશ્તાન આપને લઇને પછી કેહપ'નાં કુદરત વસેલાં ચખ્રોમાંની કુદરતને જોરે અને તેવીજ રીતે કુદરત વસેલી તેવીષી અને ઉશ્તાન આપની કુદરતને જોરે ખાકી તનને ઉગાડી રહ્યાં છે. આ ૧૩ મું ચખ્ર તે બધાં બાર ખમતાં ચખ્રોમાંનું એક છે, કે જેઓ પોતામાં રહેલા વોહુનના ઉભા થતા પાકમાંથી જડ તનનો અમલો ઉભો કરીને પછી જડ તનને સુક્ષ્મતાએ પુગાડવા માંગે છે. આ તેરમાં ચખ્રની ઉપર ત્યારે જડતા વધારે તેવો કુદરતી પ્રવાહ ઉતરી રહે છે. કુદરત તે ચખ્રને તેનાં જડતાનાં કામમાં મદદ મળે તેવી ગતી આપ્યા કરે છે. આ ચખ્રને ત્યારે અસરે–તારીકીની ગતી સાથે સંબંધ રાખવો પડે છે, અને અસરે–તારીકીને લગતી ખાસ્તર તે ચખ્રમાંથી બહાર પડી શકે છે. ખરફસ્ત્રોની યોની ઉપર આ ચખ્રની આણુ હોવે ખરફસ્ત્રોની યોનીમાં તે ચખ્રની અસર હોય છે, અને તે યોનીમાથી બહાર પડતાં મળમુત્રમાં ત્યારે તેવી જણુન ગતીની ખાસ્તર સોશન થઇને બહાર પડે છે. એમ ત્યારે ખરફસ્ત્રોની મળમુત્રની જગાની અઇપિ (વાતાવરણ) માં જણુન ગતીની ખાસ્તર હોય છે, જે ઇનસાનની અઇપિને ન્યુનતામાં લાવે છે. ઇનસાન સાધારણ રીતે આબેદ–સાલેકોના અપવાદ સીવાય પોતે ખર-ફસ્ત્ર ગણાય છે, કેમકે તેની યોનીની જગાઓની ઉપર આ ૧૩ માં ચખ્રનો ઇલાકો છે. આમ ત્યારે વાડે પીશાબ જવાની જગા ઉપરની અઇપિ આવાં કારણુને લીધે શુભ ગતીની રહેતી નથી. આ હકીકત ગોરપંદને લાગુ પડે નહિ. ગોરપંદના મળમુત્રના અંગની ઉપર કેહપ'નાં બારમાં ચખ્રની આણુ રહે છે. જે કોઇબી વાચાવાળાં યા વગરનાં પ્રાણી (ઇનસાન કે હેવાન)નાં મળમુત્ર–ગાહની ઉપર બારમાં ચખ્રનો ઇલાકો હોય તો તે વાચાવાળું યા વગરનું પ્રાણી ગોરપંદી વર્ગમાં આવી શકે. બારમાં ચખ્રની ઉપર ૧/૪ વોહુન જે સુધરવાનો રહી ગયો છે, જેમાંથી આ જડ શરીર બની રહે છે, તે વોહુનનો ભાર મુકાયો નથી. આ બારમું ચખ્ર તો કેહપ'માં રહેતી કુદરતને બહારની કુદરત સાથે સંબંધ કરાવવાનો દવાર છે, જેની ઉપર બરજીસ સેયારાની શુભ અસર છે. ગોરપંદોની યોની ઉપર આ બારમાં ચખ્રની ચોકી હોવે તે ચખ્ર ઉપર પડતી બેરપતી સેયા-રાની અસર ઉતરે છે, જે મળમુત્રમાં સમેતાય છે. ત્યારે ગોરપંદોનું મળમુત્ર જે જગા ઉપર પડે તે જગાની ઉપર મળમુત્રની જાહેરી ગલીચી

હોય. પણ ત્યાં ઉપર કહેલી વજેના બરજીસી પ્રવાહની અસરથી જામેલી હોવે તે જગાની અષ્પિ શુભ રહે છે. આમ છે માટે વંદીદાદ પરગદં ૩) ફકરા ૬) માં કહે છે કે ગાય ગોસ્પંદના મળમુત્ર જયાં પડતું હોય તે જમીન ખુશહાલ હોય છે. દરેકે દરેક તરીકતોમાં ત્યારે આવી રીતની કુદરતી સચ્ચાઇ રહી છે, જે હકીકતી સચ્ચાઇ બસ્તે-કુસ્તીઆનને અને તેની મારફતે અન્ય વર્ણોની સમાજોને અને તે બધા મારફતે કુલ ગેતી-નીસ્તીને દાદાર તરફ પાછી ફેરવવા કુદરતમાં કામ કરી રહે છે.

અસલ જરથોસ્તી કાયદા મુજબ મળ-હધારનો જથ્થો મુત્ર સાથે ભેળાવો જોઇએ નહિ. એમ ભેળ થવાથી દુજ ઉભી થાય છે. પણ આજના જમાનામાં એવું કશું મનાતું નથી, માટે ફલશ (flush)ના સંડાસો છે, જેથી ઉંચ ગતીની તરીકતો પળાતી નથી. **ખરી રીતે જોતાં, આજે જમીન કે હવા કે પાણી કેઠેબી તરીકત પાળવાની સગવડ આપી શકતાં નથી. જમાનો જે પેદા પડે છે તે તે જમાનામાં ઉતરતાં ઇનસાનોની હુવીઅત-એઝાબમાંથીજ પેદા પડે છે, જેની ગતી પ્રમાણે કળા-કૌશલ્ય-શીક્ષણો થાય છે. આપણે આજના જમાનાને ઉભો કરવા આપણો ફાળો આપેલો છે, માટે આપણને તે જમાનાના દોષને માથે ઉંચકયા વગર છુટકોજ નથી. ફલશ વીગેરેની ચીજો આપણાં માઝીનાં પાપોનો ભોગવટો છે, માટે તે ભોગવટો જે ઇનસાફથી કુદરતે ઉભો કીધો, તેની આગળ શરમીંદગીથી સર નમાવ્યા વગર છુટકોજ નથી.** આ બધા ભોગવટાને પાદે-ફરાહની શીક્ષારૂપ લઇ ઉમંગથી તેને ખમીને, જેબી તરીકત ઉતરતા પ્રકારની હોય તે ઉપર ઉસ્તવાર રહેવું, અને ઉંચ મરતબાની તરીકતોનાં ગુહયપણાંને ગતી ઉપરાંત પુગવાના મિથ્યા વિચારો દોડાવવા નહિ, કે જેથી નાસીપાસ થવાય. પણ કુદરતના હદ-ઇનસાફને યાદ કરીને આપણી નાકસીને ગોખવી, અને જે કંઇ ફાયદારૂપનું હોય તેટલું લઇને સંતોષ પકડવો અને સાહેબ-દીલાનોની ઉંચ ગતીઓની ઉપર નેગાહ કરવી નહિ, કેમકે તેમ કીધાથી તરીકત ઢોંગના ખડક ઉપર ચઢી જાય છે.

**તરીકતો કે જેઓને પથ અને બ્યઓથ્ન તરીકે અવસ્તામાં-ગાથામાં જણાવેલી છે તેઓની ઉપર અહુરમજદ અને જરથુશ્ત્રની સીલ છે; તેઓના ઉપયોગીપણાનો ખ્યાલ.**

કુદરત બા-કમાલ છે. તેણી જેવું જેને લાયક હોય છે તે તેને લાવી આપે છે. આખી તરીકતનો જમુઅ કે જેની ઉપર કુદરતની સીલ અને અષો જરથુશ્ત્રનો પેવંદ છે, તે તરીકતો પાળવે શરીરની ઉપર વસ્ત્રની ગતી પેદા કરી શકાય છે, કે જે વસ્ત્રની ઉપર કુદરતે કુંશ મારેલો હોય છે, એટલે જેમાં કુદરત અમુક રીતે વસેલી હોય છે. આવી હાલતને '**વસ્ત્ર અને કુંશ**'ની હાલત કહે છે. આવી હાલત ઉપર પુગવા માટે આપણે આજઘડીથી શરૂઆત કરવાની છે. આપણે જમાના અનુસાર સુદરેહ-કુસ્તી વગેરેને રાખીને તરીકતને તેના હેઠળા છેલ્લા દરજ્જા પ્રમાણે પાળ્યે છીએ ત્યારે તે પાળેલાના નતીજા તરીકે આપણી ઉપર અને આપણા સુદરેહ-કુસ્તી વીગેરેની ઉપર જરથુશ્ત્રની તલેસમોની 'કેરેતો'ની ગતીની હેફાઝત હોય છે. પણ તે બધામાં તે તલેસમો આવી વસી શકતી નથી. આથી શું થાય છે? મીનીટે મીનીટ આપણે જાતજાતના ભોગવટાઓ કર્યે છીએ, જેમ કે પહેરીએ છીએ, ખાઇએ છીએ, વીગેરે વીગેરે, અનેક ભોગવટા કરીએ છીએ, ત્યારે તે તે ભોગવટામાં આવતી ચીજોના અનુએ અનુનાં રૂહોની સાથે સંબંધ કર્યે છીએ. જેમકે એક કપડું પહેર્યું એટલે કપડાંના રેસે રેસાનાં રૂહો સાથે આપણે સંબંધ કીધો. આમ અગણીત રૂહો સાથે આપણો સંબંધ એક જીંદગીમાં થાય છે. હવે જો તરીકતનું પાલણ કે જેની ઉપર જરથુશ્ત્રની 'કેરેતો'ની ગતીની-તલેસમની ગતીની હેફાઝતબી હોય તે કર્યે એટલે આજના જેવી મામુલી તરીકતો જમાનાના રંગથી અભડાયલી નીમુંળ થયલીબી પાળ્યે, તો મરણના વખતમાં રૂવાન તે બધાંમાંથી '**શ્યાવ**'નો અમલો ઉભો કરી શકશે, એટલે તે બધા ભોગવટામાં બીજાઓને લગતા જે જે રૂહોના અંશો આપણને આવી મળ્યા હશે, આપણી સાથે કેશાશથી વણાયા હશે, તે બધાઓને છુટા કરીને તેઓને લગતાં રૂવાન તરફ મોકલવાની ગોઠવણ કરી શકાશે, અને તે બધાંમાં જે રૂહોના અંશો ખુદ તે રૂવાનના પોતાના હશે, તેઓને પોતાનાં રૂવાનમાં આમેજ થવા બાજુએ મુકાશે, અને પંજે-મેહ અને પંજે-કેહના મુબારક વખતે તે બધું તે રૂવાનમાં મર્જ થતું આવશે. **આમ કોઇબી મરતબાની તરીકતના પાલન વખતે દુઆ કરવી, કે "જમાના પ્રમાણેની આ છેલ્લામાં છેલ્લી તરીકતનો સીલસીલો દીન-દસ્તુરોના વસીલાથી અય દાદાર! તેં મને આપ્યો છે, તે માટે તારી શુક્ર છે. તારી વસીઅતથી જરથુશ્ત્રે આ બધું**

ચાલુ કીધું છે, કે જેમાં કેરેતોનો ભેદ રહયો છે, તે 'કેરેતો'ની ગતીની હેફાઝત તેના પાલનમાં પુર્ણ રીતની રહો અને 'વસ્ત્ર અને કુશ'નો ભેદ તેમાં મુસ્તકીમ થતો જઇને ચહારૂમ પછીથી તેમાંથી 'શ્યાવ' થવાનો ભેદ ઉભો થતો જાય!" ત્યારે 'શ્યાવ' જે કરીએ છીએ, તેથી એક ઇનસાને જે જે ભોગવટાઓ કીધા, અને જે જે રૂહોની સાથે ભોગવટાથી તે વણાયો, તે કેશાશની વણાત ઉકેલાઇને, જે જેનું હોય તે તેને સપુરદ કરવામાં આવે છે અને પોતાનું પોતાને મળે છે. એમ પાંચમો ગાહામ્બાર ફરોખ્ત-ખરીદ થઇ રહે છે. ત્યારે આજે જમાનાનો કર જે આપણી ઉપર છે તેની ઉપર વીચાર કરવો નહિ, તેની ઉપર ઇતરાજી કરવી નહિ. પણ તેને ખુશીથી ભરી આપવો, અને તે સાહેબે જે સંજોગોમાં મુકયા, તેની આગળ સર નમાવી દુઆ કરવી, કે શાયસ્ત લા શાયસ્તની આ તરીકતો 'વસ્ત્ર અને કુશ'ના ભેદમાં આવતી જઇ, હમોને 'શ્યાવ'ની ગતી આયંદેમાં કરી આપી હમારો પાંચમો ગાહામ્બાર પુરો કરાવે, કે જેથી ભલા સંજોગોમાં હમો મુકાઇએ. આમ ત્યારે તરીકતના આવા રાજ (ભેદ) ઉપર ધ્યાન રાખીને ચાલવું, કે જેથી દરેક દરેક ઇનસાન નાસીપાસ થઇ તરીકતના હેઠળા દરજ્જાને છોડી દે નહિ. આ બાજ પાછળ આપી છે. આ બાજ લેતી વખતે ઉપર કહેલા વિચારો તેમ નાહવાની બાજના વિચારો જેટલા ફેંકાય તટલા ફેંકવા.

## "વસ્ત્ર અને કુશ" બાબે ક્ષ્નૂમીક શરેહ.

વસ્ત્ર એટલે શરીરને બર આવતું કપડું; શરીરનાં માપ પ્રમાણે આવી રહેતું શરીરને સંગારી આપતું કપડું, કે જેવાં કપડાંને 'કુશ' હોય એટલે જેવાં કપડાંનો 'કટ' શરીરને બરનોજ હોય. આપણાં જડ શરીરને આપણું સુક્ષ્મ શરીર પોતાનું વસ્ત્ર કરીને પછી તે આપણું સુક્ષ્મ શરીર પોતાને લગતા રૂવાનનું વસ્ત્ર થવા માંગે છે, એટલે સ્થુલ શરીર પોતે સુક્ષ્મ જેવું થઇ તેમાં મળીને પછી તે સુક્ષ્મ શરીર પોતે રૂવાનના જેવું થઇને તેમાં મળવા માંગે છે. આમ 'વસ્ત્ર'નો ભેદી અર્થ છે. પોતાને લગતી ચીજ જે પોતાની ઉપર પંથરાઇ રહે તે વસ્ત્ર છે, એટલે એક રૂવાન દહ્યુપત થઇને પોતાને લગતા અંશોનાં રૂવાનોને પોતાની આસપાસમાં એટલે પોતાનાં દખ્યૂમાં (શહેરમાં) વસાવે એટલે વસ્ત્રની માફક પોતાની આસપાસ ખેચાયલા-ઓઢેલા-પહેરેલા-દરોબસ્ત રીતે પોતાની આસપાસ ગોઠવાયલા રાખે. આમ 'વસ્ત્ર' કયારે થાય? આમ તે બધાં રૂવાનોના અંશો તે મુળ રૂવાનની અંદર મળી જવા લાયકનાં કયારે થાય, કે જયારે તે વસ્ત્ર તે રૂવાનના

અંદાઝ પ્રમાણે 'કત' થઇને તે રૂવાનનાં માપનુંજ થઇ રહે એટલે તે વસ્ત્રમાં 'કૅશ'ની ગતી સાથેજ હોય એટલે તે અંશોની ઉપરના એઝાબ-હુતીઅતને તોડીને તેઓની રય ખીલવીને તેઓ તે પોતાનેજ લગતાં રૂવાનમાં મળે તેવા થઇ રહે, એટલે રૂવાનમાં 'પસ' થવાના ભેદમાં એટલે જોડાઇ જવાના ભેદમાં આવીને ઉભા રહે; એમ તે રૂવાનોનું વસ્ત્ર ત્યારેજ થાય કે જ્યારે બરાબર રૂવાનની સાઇઝ પ્રમાણેનું તે વસ્ત્ર અને તેનો 'કત' થાય એટલે વસ્ત્ર પોતે 'કૅશ'નો ભેદ પામે એટલે બધા રૂવાનોના અંશો રયોમંદ થઇ પોતાનાં તે મુળ રૂવાનમાં મળવા લાયકનાં થઇને ઉભા રહે. પોતાને લગતા રૂવાનને રયોમંદ ગતીના થઇને મળવા ઉભા રહેવું તેને વસ્ત્ર અને કેશના ભેદના થવું એમ કહે છે. ત્યારે 'વસ્ત્ર અને કૅશ' બેઉ શબ્દો સાથેજ જાય છે, જે શબ્દો અશીશવંઘ યશ્ત કરદા (૨) માં મળે છે. જેમ મજદયસ્નની જરથોશ્તી શબ્દો, હુશમુરદી વહિજક શબ્દો સાથે જાય છે, તેમ આ વસ્ત્ર અને કૅશ શબ્દો સાથેજ જાય. જે કુશ્તી, વસ્ત્ર અને કૅશનો ભેદ પામેલી હોય, એટલે કાયદાસરની હોઇ માનોઇ રીતની સીગનેચર સહીશાખ પામેલી હોય, તેના રાખનારના દએના=(અંતકરણ)માં અને ત્યાંથી દએનના દીન યજત અને ચિસ્તિ યજતના દએનામાં અને ત્યાંથી અહુરાના દએનામાં સંબંધ રાખી શકે છે. આવી કુશ્તીને 'દએના' કહે છે. આવી બુલંદ સરજતની શરૂઆત જમાના પ્રમાણેની મામુલી તરીકતોમાં છે, કે જે છેલ્લામાં છેલ્લી ગ્રેડની હોય, જે તરીકત જરથુશ્ત્રની તલેસમ 'કેરેતો'ની હેફાઝત હેઠળની હોય, જે આજે આપણે પાળીએ છીએ તે છે.

## જમવાની બાજનો હકીકતી ખુલાસો:

### મુગે મોઢે બાજ લઇને ખાવાથી રૂવાનને લગતો ફાયદો કોણને થાય, અને સીરફ તનને લગતો ફાયદો, હાજેમાને મદદ કરવાનો ફાયદો કોણને થાય? વોહુન-દરેસ્તીનો ભેદ; ગવ-દરેસ્તી પી તે વોહુન-દરેસ્તી વગર આવેજ નહિ; વોહુન-દરેસ્તી લાવવા માટેના ઇલાજોમાં પ-ણેતર જીંદગી-ખોરાક-જાન અને જોરાને-જાન અને મન, એ બધાના ભાવો. પરણવું જરથોશ્તી તરીકતોનો મુળ પાયો છે જે વગર તરીકત ફળીભુત થઇ શકેજ નહિ. આવી બધી બાબદોને ખોરાક સાથે સંબંધ કેવો-કઇ રીતનો?

આ બાજની તલેસ્માતીક ગતી આપણાં જેવાં સાધારણ ગતીનાં ઇનસાન માટે મુકરર થઇ નથી. આજે એવો કોઇ નફર નથી, કે જે ...એવની છેલ્લી ગતીને લગતો હોય એટલે તનાસકમાંથી છુટકારો મેળવી

રહેલો હોય. જ્યારે ઇનસાન ખએત્વને લાયકનો ઠડે છે, એટલે જ્યારે તેના અનાસરોમાં ગવની ગતીનું રાજ હોય છે, ઉપર કહયું છે તેમ જ્યારે તેના હઇઅરના પરદામાં ગવની ગતી અને ગવનો જાન વહે છે, ત્યારેજ તે ઇન-સાનના અનાસરો દુજને તાબેના રહેતા નથી. આવાં ઇનસાનોને માટે પછી ખાવાની ચીજો એવી હોય છે, કે જે ચીજો તેનાં રૂવાનના અંશનીજ હોય. એવાઓ બધાજ સાધારણ ધંધાદારી માણસો હોતા નથી. તેઓ ખાસ લોકો હોય છે, જેમાં અથોરનાનો સમાય છે. આવા લોકો પોતાની જીંદ-ગીને હલકા ધંધાના કેશાશોને માટે જીવડાવતા નથી. પણ તેઓ ખએત્વ-વાળા એટલે દુજથી પરતંત્ર હોવે પોતાના ખએતુ=સગાં; જે ઇનસાન-હેવાન-ઝાડપાન-ખનીજ કોઇબી હોય, તેઓને પોતા તરફ ખેંચી પોતામાં ઉમેરવાને માટે એમ ખએત્વોદથી નઝદીક લાવવા માટેજ જીવે છે. એવા-ઓને માટે તે વખતે ત્યારે ખોરાક એક ઉત્તમ સાધન છે, કે જે ખએત્વોદથીમાં કામે લાગે. આવા સાહેબો જ્યારે અમલમાં હોય ત્યારે જે બાજ લે છે તે એક તરેહની હોય છે, અને એવાઓ જ્યારે અમલમાં નહિ હોય ત્યારે તે વખતના ખાવાને માટે બાજ બીજી રીતની લે છે. આવા ખાસ લોકોના ગએથાઓને 'ગએથાઓ અષહે' એટલે અષોઇની ગતી રાખતા ગએથા કહે છે. આવા અષોઇની ગતીના ગએથા-ઓને અષોઇ લાવી આપે તેવો ખોરાક નહિ આપે, તો તેઓ 'આ યાતુ મનહે જસઇતી'=જાદુઇની ગતી તરફ એટલે ઉતરતી દરવંદી ગતી તરફ ઉતરી પડે છે. આપણા ગએથાઓમાં અષોઇ નથી, માટે અષોઇ રાખતા ગએથાઓને માટેના કાનુનોને પોતામાં લાગુ પાડવા એટલે તેઓની તરીકત જે ખાવાને માટેની મુળરૂપની છે તેને પોતા માટે અવળ્યની ગણા-વવી-એવો દાવો જાહેર કરવામાં જુઠાણું પેદા પડે છે, અને નફાને બદલે ખોટ હાંસલ થાય છે. અષોઇના ગએથાવાળા નરોનો અને દીન-દસ્તુરોનો ખોરાક પકાવનાર ખુદ પોતે મુવેદ અષોઇની ગતીવાળો હોય છે. આવા ખોરાકની ઉપર દરવંદ શું પણ ખુદ અમલના બીજા સાહેબોનીબી નજર પડતી નથી. જેમ ઓરતનો ભોગવટો ખેલવતમાં રહે છે, તેમ તેઓનો ખાવાનો ભોગવટો રહે છે. આવા ખોરાક સીરફ લાકડાંના ખાસ આતરે-દાદગાહની ઉપરજ પકી શકે છે, કે જે આતશને આતરે બહેરામનો સંબંધ છે. આવાઓ ઘણોજ કમ ખોરાક લે છે, જેનો એક દાણોબી ઇસરાફ જઇ શકેજ નહિ. તે ખોરાક ખુદ તલેસ્માતીક ગતીનો થઇ પડે છે. આવો ખોરાક આજે સાહેબોની વચમાં જારી છે, જે માટે ત્રાંબાની રકાબી અને જમીનની સાથે નાના પથરા પેવંદ સાથના રહે છે. આવા ઉત્તમ

ખ્યાલને આપણા ખોરાકની સાથે જોડવો નહિ, કેમકે તેથી આપણે એક જાતનું જુઠાણું ઉભું કરીએ છીએ. આપણા ખોરાકને એવી વીગત લાગે નહિ. આપણા ખોરાકને જો કોઇ જુએ, તો તેથી તે આપણે સારૂ નારવા ઠડતો નથી. આવી ઉંચ હાલતની શરતો આપણા ખોરાકને લગાડવી નહિ. પણ જો આજના મોબેદ સાહેબો એવી ઉંચ શરતો ખોરાક માટે પાળે, તો તેઓને માટે તે બરહક છે, કેમકે તેઓ તો "ખુપે રવાન"ના થઇ શકે છે. માટે આ બાજ સાધારણ ઇનસાનની તરીકતમાં સમાતી નથી.

આજના આપણા અનાસરોમાં વોહુનની જબુનતા છે, અને તેમાં ગવની ગતી દુર્બળ છે. એટલે આજે આપણને એવી રીતે ખોરાક આપવો પડે છે, કે જેથી ગવની ગતીને જોર મળે અને વોહુનની ભુખ તૃપ્ત થાય. **આજે તો વોહુનની જબુનતા દુર કરી વોહુનની દરોસ્તી કરવાની છે. વોહુનની જબુનતામાં હવસોના ઉભરા થવાનો અર્થ છે, અને વોહુનની દરોસ્તીમાં હવસોની ગતી પતમાન ઉપર આવે તેવો ભેદ છે.** આજે પહેલે 'વોહુન-દરોસ્ત' થવાનું છે, કે જેથી ગવની દરોસ્તી સાથે સાથ થઇ રહે અને રોશન ફેલ કરવાને માટે કુદરત મોકો આપે, સત્યસંગ આપે. અનાસરની ગતીમાં આજે હવસોને હદ ઉપરાંત ભોગવવાની ભુખ છે. ઇનસાનની ચશ્મમાં અને વીચારમાં અને ઇનસાનના બધા અંગોના મિથ્રમાં એટલે અંગોની ભુખમાં આજે હરામ ગતીનો જોશ છે. ચશમ ઓરતને પોતાની મા બહેન તરીકે જોતાં શીખે, અને બીજા અંગો એમ પોતાના મિથ્રને-પોતાની ભુખને પતમાન ઉપર, સત્યના કાંટાની-મધ્યની ઉપર રાખી શકે, ત્યારેજ તે ઇનસાનના અનાસરનો વોહુન પતમાન ઉપરનો કહેવાય. એવી ગતી વગરના ઇનસાનોનો વોહુન હવસોમાં ચકચુર હોવે **પતમાન** નહિ રાખતા અઇવિળુદ અને ફ્રેળુદ ઉપર એટલે ત્રાજવાંનાં પલ્લાંની માફક ઉપર નીચે થવાની ગતીમાં રહે છે. આવી ગતીને માટે સપ્પર પહેલાં અનાસરોની ગતીની મુળ ભુખને, યુવાનીના જોમને તેને બરવખતે પુરી પાડવી. માટે મરદે ૨૪ વર્ષની અંદરમાં અને ઓરતે ૧૮ વર્ષમાં લગ્ન કરવાં. આમ કીધા વગરની કોઇબી બીજી તરીકત ઉપરનું મથન કદીબી અનાસરોના વોહુનને પતમાન ઉપર જવાને લાયકનું કરી શકશે નહિ, અને જરથોસ્તી ગતીમાં તે કદીબી રહી શકશે નહિ,-તેના વીચારોની ઉપર તેનો કાબુ કદી આવી શકેજ નહિ. પતમાન તેનાથી માઇલો લગી દુર જશે. આમ કીધા પછી એટલે યુવાનીના અનાસરોને તેની જુફતના અનાસરોનો મેળાપ કરાવી આપ્યા પછી, તે અનાસરો પોતામાંની વોહુનની ગતીનો બીજો કેશાશ ભરપાઇ કરી આપવા-

[ વોહુનની ગતીને પતમાન ઉપર લાવવા માટેનું દામ-કેશ્યાશના પૈસા આપવા ઉસ્તવાર થઇ રહે છે. મર્દના અનાસરની અરધી ગતી પોતાને લગતી ઓરતના અનાસરમાં રહેલી પોતાને લગતી બીજી અરધી ગતીને કાયદેસર મળવાથી મર્દ-ઓરતના અનાસરની ભુખ મટી જાય છે અને જાતી તરફનું ખેંચાણ મધ્યમ થઇ જાય છે. તે બેઉ જાતીના અનાસરો એકમેકના સંબંધમાં આવવે એક જાતની અખંડતાને મેળવે છે, જેથી તે બેઉમાંનો જાન જે મિથ્રીક ગતીથી એકમેકને ટેકવી પુર જોશથી કામ કરે છે, તે તરીકતી જીંદગીથી માંથ્રીક અને યસ્નની ગતીથી એક એકને વધુ ટેકવી શકે છે, અને તે બેઉના જાનની ઉપર પડતી ઉસ્તાનની કુદરત પોતાની **વને-ઝવેત-બીશની** ગતી, લીલાશનો બહાર, આબે-હયાતનો જલવો તેઓમાં જમાવે છે. આમ તે પરણેલાં જોડાંમાં જાનની ગતી મજબુત થવે, 'જોરાને-જાન' પોતાના પ્રભાવો દેખાડે છે. જોરાને-જાનમાં મનશ્ની-ગવશ્ની-કુનશ્ની-વીર-હોશ-ખેરદની ગતીઓ હોય છે. **મનશ્ની** ભલી અને બુરાઇ ઉપર કાબુવાલી, **ગવશ્ની** સાચ્ચી અને જુઠાઇ માટે પશેમાનીવાળી, **કુનશ્ની** તરીકતોની અને દુન્યાની ફરજ બજાવાને પારકાનું ભલું કરવા અર્થેની થવાનું જોમ બતાવે છે. **વીર**ની ગતી હીમ્મત-હામની ગતી, નીભર્યતા-શાંતી-ધીર્યતાની ગતી બતાવે છે, એટલે મની-ધાત ઉપરનો કાબુ, શરીરની જમીનમાં રહેલી ધાતુની તવંગરી બનાવે છે. **હોશ**ની ગતી સમજદારી, અકકલની ગતી, જાતજાતનાં જ્ઞાનની પ્રાપ્તી અને રૂડા ઉપાયો કરવાની શકિત વગેરે બતાવે છે, અને ખેરદની ગતી દએન ઉપરની માન્યતા અને ક્ષનૂમનાં જ્ઞાનની બલીહારી દેખાડે છે, જેથી પછીથી મનનો ઘોડો મનના કાબુમાં આવે છે અને મન પોતાની તેમ પોતાના ઘોડાની ભુખને તૃપ્ત કરી શકે છે, એટલે કોઇનોએ વૈભવ તેને આંજી શકતા નથી. તે પોતાના હિસ્સાની ઉપર બીગુમાન રહે છે. આમ થવાથી રોશન ફેલ કરવાનું જોમ જામે છે અને જરથોસ્તી વીચારોની જંટ તેનામાં ચાલી રહે છે, મન ગોસ્પંદી થવા લાગે છે. આવી રીતના જાનના દોરને ટેકવવા મર્દ ઓરતના એખલાસના-ભલા વીચારોના ખોરાકની સાથે અને ભલી વાચા-ભણતરો-માંથ્રોના ખોરાકની સાથે ખાવાના ખોરાકની જરૂર પડે છે. ત્યારે મર્દ ઓરતના અનાસરોની એકમેક તરફની ભુખની પછીની બીજી ભુખ ખોરાકની થઇ પડે છે, જેમાં ઉપર કહેલા જોરાને-જાનની છ ગતીઓ સાથે સાથે કામ કરતી રહે છે એટલે ખોરાકની સાથે મનશ્ની-ગવશ્ની-કુનશ્ની-વીર-હોશ-ખેરદ સાથે સાથજ કામ કરીને તે ભુખને શાંત કરે છે; એમ એકની ખોટ એટલે ખોરાકની ખોટ ખોરાકના વોહુનના

ખોટા જુસ્સાઓનુ કમીનાપણું બીજા જોરાને-જાનથી પુરી પડી શકે છે-સુધારી શકે છે. ત્યારે ખોરાકની સાથે મનશ્ની-ગવશ્ની-કુનશ્ની નહિ તુટે તેવા સંબંધથી જોડાયલાં છે; ના, ખુદ ખોરાકનો અંદાઝ અને તૃપ્તી જાન ઉપર અને જોરાને-જાન ઉપર અને તે બેઉ મરદ ઓરતના એખલાસ અને નેક વીચાર અને ભલી વાચા માંથ્રોનાં ભણુતરના ખોરાક ઉપર એટલે મનની શુદ્ધતા અને રોશન ફેલ કરવાની મકકમતા અને ચીવ્વટાઇની ગતીનાં પ્રમાણુ ઉપર આધાર રાખે છે. એટલા લગી કે જોરાને-જાનની છ ગતી-ઓની ખીલવણી થવે ખોરાકની જરૂર ઘણીજ થોડી થઇ જાય છે. એમ ત્યારે તરીકતના પાળણુનો પાયો પરણુવાથી શરૂ થાય છે. ઇનસાન ઉપર જ્યારે રવીનો કરન ચાલે છે એટલે અઢારની ઉપરની તેની વય થાય છે ત્યારે તેમાં ખુદ-નુમાઇ અને જુવાનીના ઉછાછલાંપણુંનો દોર શરૂ થાય છે. આ ખુદ-નુમાઇ અને ઉછાછલાંપણાનો દોર અને જાતજાતનું ઉદ્ધતપણું તેની જુવાન વયના અનાસરો જેઓ પોતાની સામી જાતના અનાસરોના ભુખા થઇ રહે છે તેવી તે ભુખમાંથી પેદા પડે છે તે અનાસરોને શાંત કરવે ખુદ-નુમાઈ અને અને ઉછાછલાપણુ કમજોર થાય છે અને જાનની શકિતઓ ખીલવાની શરૂ થાય છે, જે શકિતઓના ચોકકસ દરજ્જાના ટકાવને માટે ખોરાક જોઇએ છે, જેથી તે શાંત અનાસરો પોતાનું જોમ ટેકવી શકે છે. આ ખોરાકની ભુખ તૃપ્ત થયા પછી બીજા બધા કેશાશોનો ભોગવટો સરળ અને ચોકાવનારો સબક આપનારો પુન્યવંતો થઇ પડે છે. ત્યારે પછીની વોહુન-દરોસ્તી માટે એટલે પરણ્યાથી વોહુનની જે દરોસ્તી થાય છે તેને આગળ વધારવાને માટે બાકીના વોહુનની ભુખને તૃપ્ત કરવાને માટે એટલે વોહુનની બાકી રહેલી અસત્યતાને-હજુર રહેલા હવસોના ઉભરા-ઓને સત્ય ઉપર પતમાન ઉપર લાવવાને માટે જોરાને જાનની છ ગતીની ખીલવણીની સાથે ખોરાકની જરૂર તેની જુક્ત તરીકે આવી ઉભી રહે છે. જોરાને જાનની છ શકિતઓની બરાબર ઉતરે, પેશ પડે, અનુકુળ પડે તેવા ખોરાક માટે ચોકકસ નબાતાતનો વોહુન મુકરર થયો છે. જમાનમાંથી ઉંગતી બધી નબાતાતોમાંનો ૨/૩ ઉપરનો ભાગ ખાવામાં આવતોજ નથી. જેઓનો સ્વભાવ ઘણોજ ખરફ્સ્ત્રો રહે છે. તેઓમાં આ દુજો-દેમાનના થવાની અગાઉથીજ અરવાહીઓનું પુર્ણ રહેઠાણુ થયું છે, જે રહેઠાણુની ઉપર જો કે અષો જરથુસ્ત્રે ચોકી મુકી તો છેજ, તોબી તેનો મીઝાજ હેવાનથીબી બદતર છે. પણુ બાકીની ૧/૩ નબાતાત જે ખાવામાં આવે છે તેમાંનો ૨/૩ ભાગબી ઉપર કહયું છે તેમ અરવાહીના મિશ્રના મીજાઝના પુર્ણ કાબુમાં છે, અને જેઓમાંની આત્શની ગતી વોહુ-મનની ગતી કરતાં

તેમ મુકર્રદ ઉંચ આતશો કરતાં ઉતરતી છે, એટલે નબાતાતનો તે આતશ તેઓનો ભાર ઝીલીને તે ચીજોને સફાઇ આપવામાં રોકાયલો છે, એટલે તે આતશોને ઘણી અખ્તી બાળવી પડે છે, કેમકે તે નબાતાતમાં 'આહીતી'= ઉતરતાપણુંના સ્વભાવનો ભેદ રહયો છે. એમ આ ૨/૩ ભાગ જણુનતાવાળો, માંસની ગતીનેબી બાજુએ મેળે તેવો, હવસોને અઇવિણુદ અને ફ્રેણુદમાં લાવ્યા કરનારો, હવસોમાં ડોળાવ્યા કરાવનારો છે, જેનો કેશાશ અને માંસનો કેશાશ એકસરખી અસ્પંદીના જોશનો છે, ઇલ્લત-માલુલરૂપનો છે. ત્યારે છેલ્લા બાકીના ૧/૩ ભાગની નબાતાત રાદી ગતી એવી પુરી પાડી શકે, કે જે પેલા જોરાને-જાનને મદદ કરીને બાકીની વોહુન-દરોસ્તી થવાનો પાયો મુકે. પણ આવી ૧/૩ નબાતાત તેની ગવની ગતીની બહાર સાથે આજે મયસર થઇ શકતો નથી અને તેનો વોહુન આજનાં લોકોનાં તનની ભુખને શાંત કરી શકતો નથી, જેથી પેલી ૨/૩ નબાતાતનો ઉપયોગ કર્યા વગર છુટકો રહેતો નથી, જે ત્યારે જોરાને-જાનની જુફત તરીકે થવાને બદલે જુઝ તરીકે થઇ પડે છે એટલે મનશ્ની-ગવશ્ની-કુનશ્નીને ઉતારી પાડી મનીની ગેરવ્યવસ્થા કરવાનું મન કરાવે છે, જેથી વીરની ગતી ટકી શકતી નથી. જેમ આ નબાતાત જુઝમાં કામ કરે છે તેમજ માંસનો આહારબી કામ કરે છે. સીરફ ઇંડાં અને ચોકકસ જાતની જેલી જેવી, વનસ્પતી જેવી દરયાઇ ચીજો જેઓ ચોકસ રીતની માછલી તરીકેની કહેવાય છે તેઓ એવી હોઇ શકે છે કે તેઓ પેલી ૧/૩ નબાતાતની ગતીને મદદ કરીને જોરાને-જાનની સાથે જુફતીમાં કામ કરી શકે એટલે મનશ્ની-ગવશ્ની-કુનશ્નીને ઉતારી પાડી શકે નહિ. આવી જાતના ૨/૩ ગતીના વોહુનના આહારથી મનશ્ની-ગવશ્ની-કુનશ્ની બગડે છે, મનીનો ગેર ઉપયોગ થાય છે, વીરની ગતી રહેતી નથી, અને હોશ અને ખેરદ પેદા પડી શકતી નથી, જેના વળતા જવાબ તરીકે કેશાશ તરીકે જાનવરની વધ થઇને માંસનો આહાર થઇ રહે છે, જે પેલા કીધેલાનો બ્યાજ સીકકે બદલો વાળી આપે છે, કેમકે ઇનસાનો જાણી જોઇને માંસ ખાઇને પોતાનો કેશાશ એવી રીતે પુરો કરે છે, કે જેથી કુલ્યાતી ફ્રશો-ગર્દ પાછળ હઠતો જાય છે. ૨/૩ વજેની વનસ્પતીનો આહાર બાપરૂપ થઇ માંસ ખાવાના આહારને બચ્ચાંરૂપનો જન્મ આપે છે, જે બચ્ચું બાપ કરતાં સવાશેર જેવું નીવડે છે અને બાપને ખુબ સંતાપે છે. પણ બાપ જો બુઝોર્ગોની વસીઅત પ્રમાણે ચાલે તો બાપની પશેમાનીથી તે બચ્ચાં ઉપર શુભ અસર થઇ શકે છે, નહિ તો ઓર બુરી અસર થઇને ઇલ્લત-માલુલને કાયદે કામ કરીને કુદરતી ફ્રેજ લાવશે. આમ ત્યારે ખોરાક આજે

પુર્ણ તબઇનો થઇ રહયો છે, જે જારાને-જાનને મદદ કરી શકતો નથી, પણ કોઇબી જાતનો ખોરાક હોય તેને ખાલી હજમ કરવા અને તેમાંથી સાધારણ દરોસ્તી ઉભી કરવાને માટે આ નીરંગ પઢીને મુગા મુગા ખાવાથી તે ફાયદો મળી શકે છે. ખાતી વખતે મોંહમાં અરધાથી ઓછી રીતની હજમીઅતની કીયા થાય છે, જેમાં લબ મોટો ભાગ ભજવે છે. મુગે મોંઢે ખાઇએ તો લબ પોતાનું કામ બરાબર કરી શકે છે અને લબથી જે હરીરી થાય છે, જે મોંહનાં પાચનમાં વપરાવા માટેજ થાય છે, તે બહાર પડી શકતી નથી, જેથી એક તો લબનું કામ જે હજમ કરવાનું છે તે પુર્ણ થઇ રહે છે, અને બીજું તે હરીરી બહાર નહિ પડવે બહારની અઇપિની ઉપર બુરી અસર કરી શકતી નથી, અને આ નીરંગના સ્તોતો હાજેમીઅત જે મોંહ અને આંતરડાંમાં ચાલે છે તેની ઉપર એક દવા તરીકેની અસર કરી શકે છે અથવા હજમ થવાની દવાને મદદ કરી શકે છે. માટે મુગે મોંઢે ખાવું અને બાજ ધરવી તંદરોસ્તી માટે સારી છે. આજની પશ્ચિમની દુન્યામાં ખોરાક બાબે જે ચલવલો થાય છે તેમાં જાનવરોનાં મરતી વખતે જે અપમાનો થાય છે અને જાનવરોને કાપી કાપીને ઇનસાન ખુદ હેવાનના સ્વભાવનો બને છે, અને જેમ જાનવર રેંહસે છે તેમજ માનવને રેંહસવા જાય છે, તેવા સવાલો અને તનદરોસ્તીના સવાલો ચરવાયા છે, જે આજના મોકાઓને જોતાં વાજબી છે. મુસલમાનો અને યાહુદીઓમાં જાનવરને હલાલ કરીને મારવાનું એક ફરમાન છે, જેમ કીધા વગર તે મુસલમાન કે યાહુદી તે માંસ ખાવાનું હરામ સમજે છે, તેમાં કંઇ નહિ તો જાનવરને કાપતી વખતની ચોકકસ અદા રહી છે અને કપાતાં જાનવરોનાં રૂહોની હેફાઝત તેઓના કલ્માની ઇલથી થઇ શકવાનો તેઓનો દાવો છે. એવા એવા સવાલોની ઉપર લખવાની આ જગા નથી.

**પણ નબાતાતના ખોરકના ખાનારે પોતાનો મીથ્ર ઉભો કરવો, કે આ ચીજોના આહારથી મારી જોરાને-જાનની ગતીને નેઆમત નહિ મળશે, કેમકે તેમાં અરવાહીનો જોશ છે, માટે જે સાહેબોએ નબાતાત ખાવાની વસીઅત કીધી છે તે સાહેબોજ મને આ મારા ખાધેલાઓંથી અરવાહીના મિથ્રને તોડવાની મદદ કરશે.** ત્યારે જેમ બાજો ભોગવટો મુગે મોંઢેનો હોય છે તેમજ જો આ નબાતાતનો ખોરાકનો ભોગવટો કરે અને તે સાહેબોની વસીઅતની નીરંગ ઉપર એતેકાદ મુકે અને પોતાના જેવાજ બીજા માંસના ખાનારાઓ ઉપર આંગળી નહિ મુકે, એમ એક જાતની સુખંરૂઇની અસત્યતા નહિ ઉભી કરે, તો તે ખાનારાની અંદરની Sincerity પ્રમાણે, અંતહકરણની શુધ્ધ બુધ્ધ અને પતેત મહેર પ્રમાણે તે બુઝોર્ગોની વસીઅ-

તની નીરંગ તેઓને મદદ આપી શકે છે. ગોશ્ત ખાનારાઓએબી પોતાની તે બુરી તબઇ ઉપર ખોફ કરીને, મહેર-પતેત પાળી અંતકરણની શુદ્ધતા રાખીને છુટકારો શોધવો જોઇએ. તેણે પોતાની તે આદતને સચાવવી નહિ જોઇએ. તેનો ગુનાહ તો ખુલ્લો છે. બેઉ પાર્ટીઓએ પોતપોતાનાં બોટાં-રાંઓને જોતાં શીખવું જોઇએ; પણ આજે જેમ બેઉ પાર્ટી એક બીજાને વગોવે છે તેમ જો તેઓ એક બીજાને વગોવ્યા કરે અને એક બીજાને ગુનાહગાર ઠેડવ્યા કરે, તો બેઉ પાર્ટી જે અઇવીબુદ અને ફ્રેબુદના ભેદની ભુલેલી છે તે બેઉ અસત્યની ઉપરજ રહયા કરે અને કાંઇબી ફાયદો, ભવિષ્ય માટેનો છુટકારો હાંસલ કરે નહિ, એટલે આયંદેના જમાનામાં જાન-વરોની વધ જે ઉપર કહયું છે તેમ નબાતાતના આહારથીજ થાય છે તે થયાજ કરે; કેમકે જો નબાતાતના ખાનારાઓ પોતાના દીલમાં ખોફ રાખે કે રખેને આ ખોરાકના સેફલી મિથ્રો હમારો કબજો લઇને ભવિષ્યમાંની જાનવર વધનો પાયો મુકે-બોદ્દા કરે ને એમ નહિ થાય અને બુઝોર્ગોની વસીઅતને યાદ કરે, તો તે સાહેબે-દીલાનોના મિથ્રો તે ખાનારાઓની ઉપર તે વસીઅતને માન આપવા પોતાની દુઆ મોકલે અને એમ એવા તમીઝવાલા નબાતાતના ખાનારાઓની ખરી કદર સાહેબોની વચમાં તેમ કુદરતમાં થાય અને જાનવરોની વધનો ભવિષ્યનો પાયો લુલો કરવામાં તે સાહેબે-દીલાનોને તેઓ મદદરૂપ થઇ પડે. પણ તે નબાતાતના ખાનારાઓ જો તેથી ઉલટું કરે તો ભુલેલાઓ જેઓ કેશાશ ભોગવી રહે છે માટે માંસ ખાઇ રહે છે તેઓની બરાબરીના ગુનાહગાર તેઓ થાય અને સાથેસાથ તે ભોગવટાની ઓરત ઉપર નજર કરવાનો ગુનાહ ઉભો કરે, તો પછી અરવાહીના મિથ્રો તે નબાતાતના ખાનારાઓનો કબજો લઇ શકે છે, જેમાંથીજ તેઓ ભવિષ્યની જાનવર વધની ગતી થવાનો પાયો મુકે છે. ત્યારે આટલા ઉપરથી જોઇ શકાશે કે ખાવાની બાબદ બીલકુલજ તરીકતને લગતી આપણા બાબમાં થઇ શકતી નથી. જેમ કોઇને પતીવ્રતા ઓરત મળે, કોઇને ખરચાઉ ઓરત મળે, કોઇને ઓરતજ નહિ મળે, કોઇ જોડાંમાંના બેઉજ વ્યભીચારી હોય એમ જે ભોગ-વટો માઝીની કરણી માટે મુકરર થયલો છે તેમ તેવીજ રીતનો આ માંસ કે નબાતાતને ખાવાનો ભોગવટો છે જેને ભોગવવેજ છુટકો છે. પણ દુન્યાના માનસીકપણાના વિચારોની દ્રષ્ટીએ અથવા તંદરોસ્તીના નીયમોની દ્રષ્ટીએ જે કંઇ ચર્ચા થાય તે એક જુદીજ વાત છે, જે ખુદ એક જાતનો ભોગ-વટો છે. હદની બહાર જયારે યુરોપમાં જાનવર વધનું અતેરં થયું એટલેજ

ત્યાં તેવા સવાલો તે સામે થયા, જે બધું કેશ્નાશી તોરનું છે, જેમાં તરીકતને શરીક કરવાની નથી. બેઉ ખાનારાઓએ પોતપોતાના ભોગવટાની બુરાઇમાંથી છુટકારો મળે તેની દુઆ ખરાં અંતકરણથી કરતાં જઇને ખાવું અને નીરંગ પઢીને દુઆ કરવી, કે આ મારાં ખાધેલાની ગતી જોરાને-જાનને મદદ કરતા થાય, અને આવા ખોરાકની અવલી ગતી જે કંઇ નીકલશે તેથી મારો ખોદા મને બેદાર કર્યા કરે, કે જેથી તેની ઉપર મહેર અને પતેતનો ઇલાજ-દવા શરૂ કરૂં. આજના આવા માંસ કે નબાતાતના ખોરાકને માટે જરથોશ્તી તરીકતની રૂઢી જે જમણા હાથને ધોવાની, તેને ભીનોજ રાખીને પછી ખાવાની, જમીન ઉપર બેસીને નાના પથરાની ઉપર થાળી મુકવાની વગેરે રૂઢીઓ છે તે લાગુ પડતી નથી, જેથી ઉલટો ઢોંગ ઉભો થાય છે. આ રીતીઓ સીરફ બરેશ્નુમવાલા મોબેદોનેજ માટે છે. પહેલે તો આજનાં પાણીમાં ફ્રાદોની ગતી મંદ છે-ખુદ કુવાઓની તેવાજ મંદ ગતીના વબાઓથી ભરપુર છે, અને વળી ઇનસાનનાં તનમાં હવસો માલા માલ છે, તો પછી પેલાં પાણીનો આદુ-ફ્રાદો કંઇ એવા જોરનો ઉભો થઇ શકે નહિ, કે જે તે ખાનારની આંગલીઓમાંથી બહાર પડતી હવસોની ગતીને-તેઝી સાથની ખાસ્તરને સ્વચ્છ કરી શકે અને પછી ખાવાની ક્રીયાની ગતી જે અંશો ખેંચવાની છે તે બતાવી શકે. એ બધું જાહેર આલમને માટે આજે કઝા છે એટલે છેજ નહિ. સીરફ તેનું જ્ઞાન રાખેલું સારૂં છે, એમ કરવાથી ફુલોની ટોપલીમાં નરક ભરવા જેટલો ગુનાહ કરીએ છીએ, જેથી મહેર રહેતી નથી, તે તુટે છે.

## ઇસ્તેલામની બાજ બાએ.

## છેલ્લાં ૫૦ વર્ષમાં પારસી પ્રજાનાં તન અને મનના પડી ભાંગતા બાંધાની ખામીનાં મુળ કારણો: તેઓનો કાર્યસાધક ઇલાજ.

ઉપર જોયું તેમ તરીકતની જીંદગી સાથના ૨૪) વર્ષની અંદરમાં જો લગન કીધાં હોય અને પછીથી સંસાર શરૂ કીધો હોય, તો જોરાને-જાનની ગતીઓ ખીલતી જાય છે, અને ઉપર કહ્યું છે તેમ ખોરાક તેમાં પોતાનો ભાવ ભજવી રહીને તે જોરાને-જાનને ટેકવી રહે છે. આમ થયાથી 'શોશર મની'ની નબળાઇ ઉભી થતી નથી, અને ઘડી ઘડી 'સ્વપ્ન પ્રમેહ' (ઉંઘમાં ધાતનું જવું) થતું નથી. છેલ્લાં પચાસ વરસો ઉપરની પારસી પ્રજામાં લગ્ન કરવાની રીતી અસલની માફક ચાલી આવતી હતી એટલે પારસી જુવાન આજની માફક આજની બદી જે માસ્તરબેશન અને બીજી રીતની રહે છે તેમાં ફસ્તો હતો નહિ, જેથી તેઓનાં બાંધા અને મન મજબુત રહેતાં હતાં

અને દીની એતેકાદ મજબુત રહેતો હતો અને સચ્ચાઇ ઇમાનદારી પાળી શકતા હતા. આજેબી જો પારસીઓમાં અગાઉની માફક લગ્ન થવાની શરૂઆત થાય તો પારસીઓમાં પેવસ થયલી બદીઓ અને માંદગીઓનું પ્રમાણ ઓછું થઇ જાય. માસ્તરબેશનની કુટેવોથી તન-મન-ગ્નાનતંતુ નબલા થવે mental diseases મેડનેસને લગતાં દરદો-લોહીને લગતાં દરદો-અને મીઠી પીસાબ ગુરદાને લગતાં-આંખને લગતા દરદોનું પ્રમાણ ઘણુંજ વધી ગયું છે. આમ થવાનું કારણ જોઇતી વખતે લગન નહિ કરવાનું અને ઉશ્કેરાત વધારી મનીને બરબાદ કરવાનું છે. આજના આપણા મર્દ ઓરતોની ફીશીઆરી ભરેલી ખરચાઉ આદતોથી અને તેઓની ઉપર ટપકેની 'મોરની સુઝે તીતર ચાલે' તેવી કેળવણીથી અને પોતાના વર્ગના પૈસાદારોની નકલ કરીને તેઓની બદીનો અંગીકાર થાય તેવી ચાલચલણથી-લગ્ન પછીના ખર્ચો વધે તેવી બીહકથી અને હલકો પેશો કરનારાઓના હલકા ધંધાનું પ્રમાણ વધવાથી તેઓના ફરેબને તાબે થઇ વ્યભીચારી આદતમાં ગીરફતાર થવાથી અને બીજાં અનેક કારણો જે પશ્ચિમની પ્રજામાંથી ખેંચાય છે તેથી લગ્ન બર વખતે થતા નહિ હોવે ઉપલી બદી અને બીમારીઓ પારસીમાં વધે છે, જેથી વીર-હોશ-ખેરદની શકિતઓ જે ઉપર સમજાવી છે તે આજે કમયાબ થતી જાય છે, અને મનશ્ની-ગવશ્ની-કુનશ્ની દીની ફરમાનથી ઉલટી રીતની થઇ રહે છે, અને નબળો બાંધો અને નબળું મન થઇ જાય છે, અને દીન ઉપરના એતેકાદ જેવું ઉભું થઇ શકતું નથી, અને હવસોનો ઉશ્કેરાત ઓર વધી જઇ અનીતી હદની બહાર વધતી જાય છે, જેથી કમોત વધે છે અને ઓરતોમાં બચ્ચાં જણવાની ગતી રહેતી નથી અને બાળ મૃત્યુ તેમ સુવાવડીનું મૃત્યુનું પ્રમાણ વધે છે. ઓરતોનું બંધારણ તકલીદી થઇ જવે પેલવીક એટલે ગર્ભસ્થાનની જગ્યા આગળના હાડકાંઓનું માપ ઓછું થવે બચ્ચાં જણવાની તકલીફો વધી જાય છે. પશ્ચિમ દેશની ગાએનીકોલોજી (Gynocology)ની વીદ્યામાં ગર્ભસ્થાન આગળનાં હાડકાંના દાબડાનાં માપો આપ્યાં છે. આ માપોને માટે જે વખતે આ લેખક ગ્રાંટ મેડીકલ કોલેજમાં શીખતો હવો તે વખતે તે વીદ્યાનો expert કર્નલ ડીમક શીખવતો હતો, કે હિન્દની પ્રજાઓની ઓરતોનાં ગર્ભસ્થાન આગળનાં હાડકાંના દાબડા (pelvic bones cavity)નું માપ યુરોપીઅન પ્રજાની ઓરતો કરતાં નાનું રહે છે, જેથી તેઓને જણતી વખતે મુશ્કેલી પડે છે. પણ હિન્દમાંની પારસી પ્રજાની ઓરતોનું માપ લગભગ યુરોપીઅન જેવુંજ છે. આમ આ લેખકના વખતમાં

જાહેર હતું. પણ ત્યાર પછીથી ૪૦ વર્ષે આજે શીખવે છે કે પારસી પ્રજાની ઓરતોનાં ગર્ભસ્થાન આગળનાં હાડનાં માપ હિન્દી પ્રજાની બાઇઓ જેવાં યા તેથીબી કમ છે. ૪૦ વર્ષમાં પારસીઓમાં આટલી ભયંકર હદે જતું નુકસાન (degeneration) થઇ રહયું છે, અને જો મામલો એમને એમ ચાલશે તો પારસી પ્રજા માટે તે ઘણુંજ નાસીપાસી પેદા કરનારૂં છે. જેમ હાડમાં તેમ મનમાં વીચારમાંબી ઉતરતાપણું આવ્યું છે, જેથી દીન ઉપરનો એતેકાદ જતો રહે છે અને દીનની ઉત્તમ **તરીકતો કે જેથીજ પારસીપણું છે તે મુકી દેવે હવે પારસીપણાનો નાશ થતો જાય છે,** જે પારસીપણાંના નાશનો સ્થુલ રીતનો દાખલો ઉપર આપ્યો છે અને તે પારસીપણાંના વાજબી રાહે રાખવાના શુભ ગર્વના નાશના માનસીક રીતના દાખલાઓમાં આજની પારસી છોકરીઓ પારકી વર્ણને પરણીને પોતાની પ્રજાની–કુટુંબની આબરૂનો અને ખુદ પોતાના આયંદેનો નાશ કરે છે તે એક છે અને બીજા નહિ લખાય તેવા અનેક છે. આ બધાનું મુળ કારણ ઘરમાંથી નીકળી જતુ જરતોસ્તીપણું અને તેવા જરતોસ્તીપણાની ઘર કેળવણીની ગેરહાજરી છે તેમ વળી તેનાં બીજાં કારણોમાં આજની ધર્મ કે કોમ કે ખુદની પ્રજાના ઇતીહાસીકપણાંનાં ચારીત્ર રહીતની જડતાની લુખ્ખી કેળવણીની બુરી પધ્ધતી આવે છે. આ કારણોથી દીની ઇમાનનો ચુરો થઇ જાય છે, તરીકતોને છોડી દેવામાં આવે છે અને તરીકતોમાંની પરણવાની મુળ તરીકત ખોરંબે પડવે કુવારાપણું વધી જાય છે. આવા કમનસીબ નાશીપાસી ઉપજાવનારા મામલાને આજની પશ્ચિમની રૂઢીનો ધર્મ અભ્યાસ જે તરીકતોને ઉત્તેજન નહિ આપનારો અને દીની ઇમાનને ઢીલવનારો છે અને જરતોસ્તી દએનના વિસ્તારની સચ્ચાઇ ઉપર શક વ શુબે લાવનારો છે તેવા તે અભ્યાસે ઓર વધારી આપીને કોમની સ્થીતી ઘણી કઢંગી કરી નાખી છે. આવો એતેકાદ વગરનો અને દીની માન્યતા ઉપર ઘા કરનાર આજનો ધર્મ અભ્યાસ પારસી રીત રીવાજને બદલે આજકાલની ચાઇચાઇની તકલીદી જે કોમમાં દાખલ થતી આવે છે તેની તરફ વીરોધ બતાવવામાં પાછળ પડે જે સ્વભાવિક છે. પારસીઓમાં જો આજે આ **ઇસ્તેલામની** સુગ અને દુર બેસવાની સુગ જેમ અગાઉ હતી તેમ પાછી આવે અને જુવાનીના લગનો થાય, તો પારસીઓમાં બદીઓ જે જવાળામુખીની માફક ફુટી નીકલીને પારસીપણાનો નાશ કરે છે તે અટકે, અને ખરાબ હવસોના ઉશ્કેરાતો જે વધતા જાય છે તે બંધ પડે, અને અનીતી જે હદની બહાર વધતી જાય છે તે ઉપર અંકોશ પડે, અને જરાજસ્ત્રામાં ઉશ્કેરાઇ જઇ ધણી ધણીઆણી વચ્ચે, કુટુંબ કુટુંબ

વચ્ચે કુસંપો વધી કોર્ટ કેસો વધતા જાય છે તે અટકે અને પારકી વર્ણના કોરગાઓને પ્રજાનો જુવાન વર્ગ વશ થઇને બરબાદ થાય છે તે ન થાય અને સ્વમાન ઉતારી પાડે તેવા સીનેમા સ્ક્રીન અને નાટકોમાં નાચનારીઓને છાજતા વેશ્યાના ધંધા તરફ જવાનું મન તો શું પણ વીચારબી નહિ થાય-ખોટાં નાચ નખરાં બંધ પડતાં જાય-સામી જાતીઓને દેખાવો કરીને એકમેક તરફ ખેંચવાની બુરી હવા-તલબ જે હલકા પેશાને લગતી છે તે નરમ પડતી જાય અને મોજશોખનો હદથી જ્યાદા ખ્યાલ નરમ પડે અને દુખમાં-આફતમાં બહાદુરીથી મકકમ મનથી ઉભા રહેવાની ગતી પેદા પડે, બેહયાઇપણું-બેશરમીપણાંનો વધતો દોર અટકે-પહાડને લાત મારીને ઉદયોગ પોતાસારૂ પેદા કરવાની હામ-હિમ્મત-જોર નીશ્ચય પેદા પડે અને અયાસીપણું-બાયલાપણું-થાક વગેરે નાબુદ થાય અને મગજનું સમતોલપણું આવે-ઝનુનીપણું જે નબળું મગજ દેખાડે છે તે જવે મકકમ સખત પુરૂ પડનાર મગજ પેદા પડે-કુસંપ ભાગે અને મેડનેસનાં દરદોનું પ્રમાણ-દાએબીતીસનાં દરદોનું પ્રમાણ અને હાર્ટ-દીઝીઝનું વધતું પ્રમાણ અટકે-બીડીની કુટેવ ભાગતી જાય-નીચ હલકા વીચારોને આવવાનો અવકાશ વખતજ મળે નહિ-અને ખેરાતખોરી માટે અગાઉના વખત જેવી શરમ ઉભી થાય-ભીખ અને વેશ્યાપણું-કોરગાપણું નીચ દલાલતોની બદી બુનોબેખથી ઉખડી જાય. જો કુદરતની પીછાણ કરવાનું શીક્ષણ, ઉરવાનની જવાબદારીનું ભાનવૃદ્ધીનો ખ્યાલ આપનારૂં ક્ષ્નૂમીક જ્ઞાન જો કોમને હઇડે આવે તો ઉપલી બધી બલાઓ જે આજે કોમનો નાશ કરવા ઘુરકી રહે છે તે દુર જતી જાય. **આજે પારસીઓને માટે ત્યારે તરીકત તરીકત અને તરીકત તરફ પાછા ફર્યા વગરનો બીજો છુટકોજ નથી. હાડમાર થઇનેબી તેઓ પાછા ફરશેજ અને જેઓએ તરીકતને તીલાંજલી આપવાની કુબુધ્ધી આપી છે અને આપે છે તેઓનાં નામ ઉપર ભવિષ્યની પ્રજા કેઆમત લગીની લેઆનત નાખ્યા વગર રહેશેજ નહિ.** રેસ કોર્સની સંસ્થા આજના જનાનાની મનોવૃત્તીની પરિક્ષાનું ધામ છે જ્યાં આગળથી પ્રજા પ્રજાની બુરાઇનું માપ થઇ શકે છે. મોટા રખડેલા યુરોપીઅન કાર-આઝમુદે ખેલાડીઓ કહે છે કે આજની દુન્યામાં ઓરતો મર્દો કરતાં વધુ આગળ એટલે બદીમાં વધુ ગીરફતાર છે. પણ નાની જેટલી પારસી પ્રજાની અંદર તે મામલો દુન્યાની બીજી પ્રજા કરતાં વધુ કાતીલ દેખાય છે તે ખરેજ તે નાની પ્રજા માટે કાળું ભવિષ્ય ભાખે છે. શું આજે બૈરાંઓમાં અસલ જેવી દુર બેસવાની અને મરયાદા દ્રષ્ટીની બીજી બધી તરીકતો

હોય તો આવો કાળો ચીતાર કળી રજુ થાયબી? **ઇસ્તેલામનો બનાવ મરદના બાબમાં અને દુર બેસવાનું ઓરતના બાબમાં એક સરખી જગા લે છે. વખતસરના પરણથી ઉપર કહેલા બુરા વીચારનો અરધો ભાગ સમી જશે અને પછીનો અરધો ભાગ ઇસ્તેલામની પરહેજી અને દુર બેસવાની તરીકતોથી ધીમે ધીમે સુધરવાની શુભ શરૂઆત કરશેજ**–ભલેને આજે એ સત્યની ઉપર કેટલાકો આંગળી કરે પણ તેઓજ હવે પછીના દસ વર્ષમાં એજ સત્યના જબરા હિમાયતી થશેજ–એવી ભવિષ્યવાણી જેવું ભવિષ્ય હમે ભાખીએ છીએ તેને જમાનો પુરવાર કરશેજ. ઓરતની માસીક માંદગી વખતે શરીરની ગરમી વધે છે, ગુહય અંગોની ખીલવણી થાય છે અને મનના હવસોની બુરી ભુખો વધે છે અને જાતી અંગની તૃપ્તી થવાની ભુખ જાગે છે એ બધું તો નીરવીર્વાદ છે. આ જગતની વસ્તી જેમાં ઇનસાન–હેવાન–ઝાડપાન–ખનીજ આવે છે તેમાં ઇનસાનનીજ માદા એવી છે, કે જે આ માસીક માંદગીની ભુખને સમયે પોતાની મરજી વીરૂધના મર્દને તાબે થતી નથી. પણ કુલ જાનવરોમાં તો આ 'રત'ની વખતે ગમે તેવી ઉંચ વર્ણની માદા હલકા વર્ણના નરને તાબે થઇ જાય છે, જેમાંના કુતરાં વિષેનો દાખલો જાણીતો છે. ત્યારે જો માનવ વર્ગમાં દુર બેસવાની તરીકત કે જે એ સમયમાં આંકોશને જાલવનારી છે તે જો પળાય તો માનવ જાતની જે કુદરતી ખાસીઅત છે, જે ઇનસાનીઅતની છે–હેવાની-અતની નથી, તે ખીલે એ માનવું શું મુશકેલ છે? માનવ વર્ગની આસ-પાસ મેગનેતીઝમ વહી રહે છે એવું શીખવનાર વીદ્યા જયારે આગળ વધશે ત્યારે તો પછી જાહેર થશે કે માસીક માંદગીમાં જેમ ગરમી અને ઇચ્છા વધે છે તેમ મેગનેતીઝમમાં ફેરફાર થાય છે, જેથી બીજી તેવી નહિ હાલ-તની વસ્તુઓના તેવા મેગનેતીઝમ ઉપર અવલી અસર થાય. ફ્રાન્સ દેશના અત્તરના ઉપયોગમાં ઓરત કામદારોને લેતા નથી એ જાહેર વાત છે, કેમકે ઓરતની માસીક માંદગી વખતે ફુલોને અડકતાં ફુલોનો બહાર ઉતરી પડે છે અને તેથી તેવા ફુલોમાંના અત્તરની જાત હલકી થાય છે–ઉતરી પડે છે. આવી હકીકતનું સત્ય આજે જાણીતું છે માટેજ આજે તેઓ ઓરતોને અત્તરના ઉદયોગમાં લેતા નથી. પીકલ્સ–જાતજાતની ચતનીઓ અચારો વીગેરેનાં ધંધામાંબી માલમ પડયું છે કે માસીક માંદગી વખતે કામે લાગતી ઓરતોથી થતી તે વસ્તુઓ ઉતરતી જાતની પેદા પડે છે. આવો અનુભવ યુરોપ અને ઇંગલંડના એ ચીજોના બનાવનારાઓને થયો છે જે તેઓને પાકકા પાયાતો લાગ્યો છે માટે ખાસ સાવચેતીઓ તેઓ

બધ રહયા છે. એ સીવાયના બીજા અનેક ઉદયોગોમાં આજે ઓરતોને યુરોપમાં કામે લેતા નથી એ જાણીતું છે. આ ઉપરથી સાફ અનુમાન ખુલ્લું નીકળે છે કે તે હાલત વખતે શરીરમાંથી જે મેગનેટીઝમ=ખાસ્તર નીકળે છે તે ખાસ્તર દરેક ચીજને અડવાથી લાગવે તે તે ચીજોની ઉપર ખરાબ અસર કરે છે. ઓરતોની માસીક માંદગી વખતે દરૂજીએ-જુજી નામની ગતી એટલે કાતીલ જાતનું મેગનેતીઝમ બહાર પડે છે, જે કોઇબી ચીજને લાગુ પડવે તે ચીજનાં સામાન્ય મેગનેતીઝમને ચેપ લગાડી તેને ઉતારી પાડીને તે ચીજોની કામ કરવાની ગતીમાં ન્યુન્તા લાવે છે. માટેજ જરથોશ્તી દએનની તરીકતમાં દુર બેસવાની એક જાતની segregation જેવી અલાહેદા રહેવાની ફરજ આપી છે એ સમજવું કાંઇ મુશ્કેલ નથી, અને આજના કહેવાતા સુધારાના વખતમાં જો એ રીતને ઉત્તેજન નહિ મળે તો એ જમાનાની કીંમત હવે પછીથી શું અંકાશે તે લખવાની આ જગા નથી. ઇ.સ ૧૮૪૦માં 'Henle' હેન્લે નામના તબીબે જાહેર કીધું કે સુક્ષ્મો-સુક્ષ્મ દર્શક યંત્રથીબી નહિ દેખાય તેવા જીણા જંતુ જેવું કંઇ છે કે જેથીજ તાપ આવે છે. તેની એવી બોલીની ઉપર ઘણા ચુંઠણા પડવા લાગ્યા. પણ પછીથી Pasteur પાસ્તીઓરે તેની શોધને ટેકો આપ્યો એટલે તે માન્યતા પગભર થવા લાગી અને ૧૮૫૦ માં તો Davaine દેવાઇન નામના તબીબે anthrax નામના જંતુની શોધ કીધી અને લીસ્તરે વહાડકાપ વખતે લેવાતી સાવચેતીઓનો ક્રમ=તરીકત શરૂ કીધી. આ નરોને આજની દુન્યા અદભુત પુરૂશો ગણે છે. પણ જ્યારે ઉપર કહેલી દુજી ગતી જે બુરી રીતનું મેગનેતીઝમ કાઢીને નાશ કરી શકે છે કે જે આ દેખીતા જંતુના ઉભા થવાનું મુળ કારણ પુરૂ પાડે છે, જેની ઉપર જર-થોશ્તી દએનની તરીકતોનો મુળ મુદદો છે, જેની ઉપરથી માસીક માંદગીની દુર બેસવાની તરીકત છે એ બધું જાહેર થશે, ત્યારે તે જાહેર કરનારાને કેવી ઉપમા આપશે તેની સમજ પડતી નથી. પણ તે વખતે તે શોધના જમાના આગળ આજનો આપણો કહેવાતો શીખેલો જમાનો કેવો જંગલી દેખાશે એમ નોંધ લેવાની કંઇ જરૂર નથી. **જરતોશ્તી દએનની તરીકતો શું હશે તેનો ખ્યાલ તેજ વખતે દુન્યામાં આશકારા થશે.** જરથોશ્તી દએન કુદરતની ઉપર રચાઇ છે જે આખી બ્રહમાંડનો ભેદ રાખે છે જેની તરીકત અચળ છે એટલુંજ કહીને થોભશું. તરીકત કંઇ બહારનું કોટલું નથી તે તો અંદરના જાન જીવ રૂપીરીતને ટેકવનાર મુળ છે. આજે જેઓ જડ જમાનાની અજ્ઞાનતામાં રંગાઇને આ બધાને તુચ્છકારે છે તેઓ ભવિષ્યની ઓલાદ આગળ પોતાની

હાલત કેટલી કઢંગી કરશે તેનો ખ્યાલ તેઓને આજની 'મદ'ની હાલતમાં—અજ્ઞાનતાની છાકટ હાલતમાં ક્યાંથીજ આવે તે સમજાય તેવું છે. જેમ આજે જન્તુ વીદયાની ઉપરથી Segregation Camp વીગેરે ઉભા થાય છે તેમ ભવિષ્યમાં મેગનેતીસની અસર માસીક માંદગીમાં જણુન છે તેની વીદયા ઉભી થશે એટલે માસીક માંદગીનું Segregation થશે તેમ માનવું સહેલ છે અને તે જમાનોબી નજદીકજ છે, જેની આગળ જરથોસ્તી દએનની ઉપર ચુંઠણા પાડનારા આજનાઓ અજ્ઞાનતાનો લેબલ લગાડેલા થઇને હદની ઉપરાંતના જુલ્મ કરનારા તરીકે ગુનાહને પાત્રના થઇને ઉભા રહેશે. જેમ જ્ઞાનતંતુ શરીર માટે અગત્યના છે તેમ આ શોશર જ્ઞાનતંતુ અને તેથી શરીરની દરોસ્તી માટે અગત્યની છે. આ શોશરનું નીદ્રા અવસ્થામાં ચોક્કસ વખતે બહાર પડવું કુદરતી છે, કે જેમ દસ્તાનનું મહીને થવું બૈરાંઓના બાબમાં કુદરતી છે. પણ ટુંક ટુંક વખતે તે હાલત થયા કરે તો દરદોનો પાયો નખાય છે અને નબળાઇ થાય છે. જો ઉપર કહયું તેમ પરણવાનું રાખે અને સાદો પુસ્તીકારક ખોરાક રાખે, જોરાને-જાનને ઉભો કરે, તો પછી ઇત્તેલામની બીમારી થઇ શકેજ નહિ. પણ જો કેળવણીમાં નઇતીક જેવું હોયજ નહિ અને જડ પ્રકારજ હોય, જેમકે આજે છે તેમ, અને મનની હાલતનું ઉંચપણું રૂવાનની વૃદ્ધી વગેરેના શીક્ષણો નાબુદ હોય, અને ઇદ્રીઓને ઉશ્કેરે એવી રીતનું જીવન બધેબધ હોય તો પછી નાનપણથી માસ્તરબેશનની કુટેવો એકથી બીજાને વળગે છે. પણ જો જરથોસ્તી દએનનું તરીકતનું શીક્ષણ હોય અને શોશરની જણુનતાનું જ્ઞાન હોય અને સુગ હોય, તો પછી તે બદી છોકરાઓને વળગેજ નહિ અને શોશરના ઇનઝાલથી નીકળવાથી દુજીએ-બુજી થાય છે જેથી તન અપવિત્ર થાય છે, માટે તુરતજ બાજ લઇને નાહવુંજ જોઇએ એ માન્યતા મજબુત હોય તો તે કુટેવ થાયજ નહિ અને બીજી રીતની જણુન ગુનાહોની વ્યભીચારી ગતીઓનું જોશ ઉઠેજ નહિ, એ બધુ સમજવું સાધારણ અક્કલનીજ વાત છે. જો બૈરાંઓ પોતાના માસીક માંદગીના ઉશ્કેરાતના વખતમાં આંકોશમાં હોય, તો પોતાની જાતને-મનને સુખાકારીમાં રાખે અને પોતાની તેવી હાલતથી બીજાને નુકસાન કરતા નહિ થવાની ફરજને બરાબર સમજે,—ના, તેને રાદી ગતીનું એક જાતની સખાવતનું કામ સમજે, **કેમકે પોતાના અભડાતથી સામાને અભડાત નહિ લાગવા દેવાની કાળજી રાખવી એ એક જાતનું સ્વાર્થ રહીતનું પરગજુ કામ છે જે દીન-દુન્યા-ઓકબા ત્રણેનો મદદગાર છે.** ઉપર અઇપિ અને અઝદનું ખ્યાન સમજાવ્યું છે તે અઇપિને દુર બેઠેલી ઓરત કે ઇત્તેલા-

અને નહિ પરહેઝ કરતો મર્દ નુકસાન કરે છે તે સમજવું સહેલ છે. માટે દુર બેસવાની અને ઇત્તેલામ પરહેઝવાની તરીકતો આપેલી છે, કે જેથી જેબી ચીજોના સમાગમમાં તે દુર બેઠેલી બાઇ કે તે મર્દ આવે, તેઓ તે તે ચીજો ઇનસાન–હેવાન–ઝાડપાન કે ખનીજ કોઇબી હોય, તેઓની અઇપિને બગાડે નહિ.

## શરીરની અઇપિ અને દુજી ગતીનો સંબંધ; દુજી ગતી એટલે શું, તેઓની ઉત્પત્તી, તેઓની જાતો, તેઓ નુકસાનજ કાંય કરી શકે તેની સમજ.

દુજીઓ ચોકક્સ રીતે જોશથી વહેતી મેગનેતીક ગતીઓ છે એટલે ચોકક્સ જાતની ગોળ ગોળ ફરતી ખાસ્તરો છે, જેઓમાં મગનાતીસનું જોમ રહે છે, જેઓ એક જાતના દોરાનો કરી કરીને ઇનસાનનાં દમ મારફતે ઇનસાનની અઇપિમાં જઇને તે અઇપિને નુકસાન કરે છે. આ દુજીઓ ૨૧ જાતની રહે છે. આ દુજીઓના સેવણમાંથી હરીરી=જંતુઓ પેદા પડે છે. બાલ–નખ કાપવે યા કોઈબી જાતના નાના મોટા ઓપરેશન કરવે શરીરની અંદર ઉપર કહયું છે તેમ શોશન થયલી વોહુન પોતે ગરમી તરીકે ઉભરાવા માંડે છે. એમ તે વખતે તે વોહુન ઉભરાઇ ગરમી તરીકે થઇને બહાર પડીને અઇપિની વાતાવરણ સાથે ફ્રીકશન જુમ્બેશમાં આવે છે, જેમાંથી એક જાતની ખાસ્તર પેદા પડે છે જેમાં મગનાતીશનું જોર એટલે ખેંચાણ કરવાનું–હોમલો કરવાનું જોમ રહે છે, જેને દુજીએ–હીપ્ર કહે છે. એવીજ રીતે દુર બેઠેલી હાલતમાં યા ઇનઝાલની હાલત જયારે શરૂ થાય છે ત્યારે શરીરમાંથી ઉપર કહયું છે તેમ શરીરમાંની શોશન થયલી વોહુનમાંથી ગરમી બહાર પડે છે, જે શરૂ થતાંને વાર દસ મીનીટ લગીમાં બહાર પડીને અઇપિની વાતાવરણ સાથે ફ્રીકશનમાં આવીને ઉપર કહયું છે તેવી રીતે દુજીને પેદા કરે છે. આવી દસ મીનીટ લગીમાં ઉભી થતી દુજીને દુજીએ–હીપ્ર કહે છે; પણ દસ મીનીટ પછીથી તેજ ગરમીઓ વધુ જોશની થઇને અઇપિમાં ધસારો કરીને જે દુજી ઉભી કરે છે તેને દુજીએ–બુજી કહે છે, જે કોઇબી ચીજની અઇપિના સમાગમમાં આવવે તે ચીજની અઇપિની ઉપર તે ચીજના દમ મારફતે હલ્લો કરીને તે અઇપિને નુકશાન કરીને, અને તે અઇપિ મારફતે અઝદને નુકશાન કરીને પછી તે ચીજના વોહુનમાં જઇને વોહુનની જણુનતાને વધારે છે, એટલે હઇઅરનો પરદો કે જેમાં તે વોહુન છે તે હઇઅરના પરદામાંના જીવને નરમ કરીને વોહુન–દરોસ્તીને નુકસાન કરે છે, જેથી ગવની ગતી એટલે જીવ ટેકવતી

ગતીને નુકસાન પુગે છે. ૨૧) જાતની દુજીઓમાંની લગભગ બધીજ આજના બચેલા અવસ્તામાં જાણીતી થઇ છે. ટુંકમાં એ કે ઇનસાનની હાલત મીનીટે મીનીટે વીચારમાં બદલાયા કરે છે, ઘડી ઘડી બોલથી અને કર્મથી બદલાયા કરે છે, જેથી અઇપિની હાલત અસ્થીર બદલાતી રહે છે એટલે તે અઇપિના સ્તોતો ઉતરતી ગતીના થતા રહે છે, જેથી તે અઇપિની શકિત ઘટે છે અને તેવી તેવી અઇપિ મારફતે અઝદમાં અને અઝદના વોહુનમાં તેવી બદલાતી અને ઉતરતી ગતીની હાલતો થયા કરે છે. અઇપિમાંની આવી બદલાતી હાલતને લીધે તેમાં સ્થુલપણું આવવે અઝદ ઉપર ભાર પડે છે, જેથી અઝદમાંના જીવની ગતીને ખમવું પડે છે અને અઝદમાંના વોહુનની દરોસ્તી ખોરવાઇને જણુનતા વધ્યા કરે છે અને તે જણુન વોહુન પોતાને રાખનાર હઇઅર અને હઇઅરમાંના જાનને મંદ કરીને તે વોહુનમાંનો કંઇક ભાગ બહાર પડીને શરીરમાં શોશણુ થઇને વરાળરૂપ બહાર પડીને અઇપિમાં જઇને ઘસારો કર્યા કરે છે, જેમાંથી દુજી ગતી જનમ્યા કરે છે. ત્યારે ઇનસાનની જુદી જુદી ગેરવજુદીના પ્રસંગે એટલે પાપ વૃત્તીના જુદા જુદા પ્રસંગે–જુદી જુદી પાપ વૃત્તીઓની રીતી થવે–જુદો જુદો તેવો પાપનો રંગ જામવે–જુદી જુદી વીચારની–બોલની–કર્મની ગતીઓ થાય છે. આવી વિચાર–બોલ–કર્મની ગતીઓ સ્તોતરૂપની ઘાટોવાળી હોય છે, જેઓ બહારની અઇપિની ઉપર અને તે અઇપિમાંના અઝદ અને અઝદમાં રહેલા હઇઅર અને વોહુન ઉપર અને ત્યાં રહેલી જાનની ગતીઓની ઉપર ઘટતીની અસર લાવે છે, એટલે અઇપિના સ્તોતો ગદલા થવે ત્યાં રહેતું ઉસ્તાન ગદલુ થવે ખુદ શરીરનો વોહુન તેમ મન બેઉ ઉતરતા પ્રકારનાં ખરફ્સ્ત્રી સ્વાર્થી ટુંકી સ્વાર્થી મતીનાં થઇ જાય છે, જેથી વોહુનની જણુનતામાં દરોસ્તી આવતી નથી એટલે વોહુનના જુસ્સાઓ ઉછળવા માંડે છે, ઉપર નીચે જઇ રહે છે, અઇવીબુદ ફ્રેબુદના થઈ રહે છે એટલે કાંટાના–પલ્લાનું જેમ ઉપર નીચે હીલવું થાય છે તેમ તે વોહુનના જુસ્સાઓ–હવસો ઉછળે છે અને પતમાન ઉપર કાંટાનાં મધ્યની ઉપર શાંતી ગતીમાં આવતા નથી. આવો વોહુન અઇપિમાંથી તાપુન ગરમીરૂપમાં નીકળીને શરીરમાં શોશન થઇ રહે છે, જે બાલોમાંથી હાજત પ્રસંગે દમોદમમાંથી અને શરીરમાંથી ગરમી તરીકે બહાર પડયા કરે છે. મની અને દસ્તાનની હાલતમાં તે વોહુન એવો જણુનતાવાલો કુદરતીજ રહે છે અને જોશથી ગરમી તરીકે અઇપિમાં પંથરાઇને બીજાની અઇપિની ઉપર પોતાના જેવી ઘટતીની સ્થુળતાની અસર કરે છે, જેથી સામાનાં મન અને વીચારોમાં હવસી ગતી ઉભારી આવવાની ધાસ્તી રહે છે. બાલ કાપતી વખતે–ઓપરેશન વખતે

વીચારની ગતીને જોરે તે ગદલો વોહુન ચામડીમાં શોશન થાય છે તે તાપુનરૂપમાં જોશથી બહાર પડીને અઇપિમાં ધસારો કરીને એક ખાસ્તર ઉભી કરે છે, જેમાં મગનાતીસ રહે છે, જે મગનાતીસવાળી ખાસ્તરને દુજે-હઇઅર કહે છે. મની અને દસ્તાનની હાલતમાં બહાર આવી રહેતો વોહુન જે એક જણુન તાપુનની માફક અઇપિમાં પંથરાય છે અને પંથરાતી વખતે જે ધસારા કરે છે તેથી ઉપર કહયું છે તેમ મગનાતીસવાળો ખાસ્ત્રીક દોર ઉભો થાય છે જેને દુજીએ-બુજી કહે છે. એમ વોહુન શરીરમાં શોશન થઇને દમોદમ મારફતે-નખ બાલ મારફતે-ચામડી મારફતે તાપુનની માફક-તીક્ષણ ગરમીની માફક બહાર પડે છે. તે વોહુન પાપ વૃત્તીનાં કામ વખતે પુર જોશથી નીકળીને અઇપિ સાથે ધસારો કરીને મગનાતીસ સાથના ખાસ્ત્રીક દોરાનો ઉભા કરે છે, જેઓને દુજ કહે છે, જેની ૨૧) જાત રહે છે, જેમાંની બેની નોંધ ઉપર લીધી છે. આમ સંસાર ભોગવતી વખતે દરેક ઇનસાનના બાગમાં દુજી નીરબળ અને જણુન થયાજ કરે છે. મનસ્ની-ગવસ્ની-કુનસ્નીના .કંઇબી પ્રકાર વખતે થયાજ કરે છે. તેઓને પરહેઝ કરવા, પકડીને સંકોચાવીને જમીનને આપવા આ બધી તરીકતો છે, જેઓને દુજ-પરહેઝ તરીકતો કહે છે જેઓના ખરાં રહસ્યને કારસાઝપણુંને હવે જોઇ શકાશે.

**આ ૨૧ જાતની દુજી ગતીઓ જેઓ પોતાના ઉભા કરનારનેજ નુકસાન કરીને અટકતી નથી પણ જગતનેબી નુકસાન પુગાડે છે તે કેવી રીતે તેની વીગત. આવી જગતની અભડાયલી હાલતથી કત થઇ દુર થઇને પાવ થયલા પાક આઝાદ થયલા પાવ મહેલનાં પાક મકાનો અને તે મકાન માંહેલા અમલદારો તે દુજના દુન્યાનાં નુકસાનને કઇ રીતે પુગી વળે છે તે ઉપર; પાવ મકાનોની પાવ હાલત તેને સાચવવાની ફરજ; વીજલીનો તાર કાંય પાવ મકાનમાં નહિ જોઇએ તેનાં કારણો; જુદદીનો પાવ મકાનમાં કાંય નહિ જઇ શકે તેના કારણો; ઇલેકત્રીક બતી નીચે ક્રીયાકામ કે ભણતર નહિ થાય તેનાં કારણો.**

**આ દુજી એક જાતનો ચેપ છે-આ ચેપ જયારે હદની બહાર વધે છે ત્યારે હરીરી જન્તુઓને પોખીને મરકી-દરદોની આફતો ઉભી કરે છે. ત્યારે તે જરથોશ્તી દએનની બધીજ તરીકતો**

દ્રુજી ગતીના ચેપને રોકવા એમ જગતનું કલ્યાણ કરવા માટે છે. દ્રુજી ગતી કંઈ તે શખ્સને લાગીને અટકતી નથી, પણ જ્યાં લગી તેનામાં રહી શકે તેવી નબળી હોય ત્યાં લગી રહીને પછી જોર પકડીને બહાર ફેલાય છે. જેમ ઇનસાનની અઇપિમાં દ્રુજ પાકે છે તેમ ઇનસાનોના વીચાર-કુમ-બોલથી ધ્વની અને સ્તોતો થઇને બહારની હવાની અઇપિમાં વાદળાંઓ બંધાય છે. તેવાં વાદળાંઓ-ગુબારોમાંથી તેવીજ રીતે દ્રુજી ગતી ઉભી થાય છે. એવીજ રીતે ઇનસાનની મનશ્ની-ગવશ્ની-કુનશ્નીથી જે જડ ગતીઓ થાય છે તે તે ઇનસાનની અઇપિમાંથી બહાર પડીને જેમ ઉપર કહયું છે તેમ હવામાં ફુલયાતી એટલે જનસમાજની સામટી અઇપિઓ જે વાતાવરણમાં રહે છે તેમાં બંધાય છે, તેમ જમીન-માંની વાય સરીતરમાં જઇને જમીનમાં પકીને જમીનમાં પોતાનો ફેલાવો કરે છે, જે જમીનમાંથી ત્યારે દ્રુજી ગતીઓ પકે છે. એમ દ્રુજી ગતીઓ ઇનસાનની અઇપિ—ઇનસાન સાથે જોડાયલી વાતાવરણમાં-તેમ ઉપર હવામાં તેમ નીચે જમીનમાં ઉભી થાય છે અને પછી પોતા સાથે લાગેલી અઇપિમાંથી પકીને બહાર ચેપ કરે છે. ઇનસાન ઇનસાનને ચેપ લગાડે છે કે ઇનસાન બીજી ચીજને ચેપ લગાડે છે. જમીનમાંની આ દ્રુજી તેમ હવામાંની દ્રુજી જમીન તેમ હવાનાં પ્રાણીઓમાં જઇ તેઓમાં જંતુઓ ઉભા કરીને તે પ્રાણીઓ મારફતે ઇનસાનને વળગે છે, યા તે દ્રુજીઓ સીધ્ધી કોઇબી પ્રાણીઓની મારફત વગર દમ મારફતે ખુદ ઇનસાનમાં જઇને ઇનસા-નના વોહુનમાં પકી ઇનસાનને વળગે છે, જેને દરદો-પ્લેગોનું ફાટવું તરીકે કહે છે. આગલા જમાનામાં કે જયારે જરથોશ્તી દએનના મોટા અષવન મુબેદો જમીનની ઉપર મહાલતા હતા, જયારે સાહેબે-દીલ લોકોનો જાહેરમાં ઇલાકો હતો એટલે જયારે ઇરાન શહેરના મુમલેકતમાં સીરાઝની ગતી હતી એટલે સાહેબોનાં ચલણને ચલાવનારી સંસ્થા નામે સીરાઝ હતી ત્યારે મોટા અષવન હવામાંના આવા ગુબારોનો પકીને આફત-રૂપ પડવાનો સમય જાણીને, તેઓ પકીને આફત વરસાવે તે અગાઉથી સએનની બાજને જોરે તે વાદળાંઓને તફરગે કરી દુન્યા ઉપરની આફતને રોકી શકતા હતા. આજે તો એક જરથોશ્તીને એવો કંઇ ખ્યાલ નથી. ખુદ પોતાની અઇપિને શુદ્ધ કરવી માટે તરીકત પાળવી તેવું જ્ઞાન-ઇમાન-કે હોંશ કંઇજ નથી તો પછી આવા મોટા મુબેદો તો કયાંથી હોય? છતાં આજેબી અગીઆરી-આતશ બહેરામની પાવીને સાચવે અને ફીવાને મુવેદો ખરા એતેકાદ અને પોતાનાજ રેવાજ મુજબ અષોઇના કાનુનો જાળવી કરે તોબી તેઓ ગેતીને ઘણો ફાયદો કરી શકે છે.

**પણ આજે તો અગીઆરી-આતશબહેરામની પાવીનગી ખંડીત કીધી છે-જખમી કરીને નીર્થક કરી નાંખેલી છે.** અગીઆરી-આતશબહેરામ તે જગા છે કે જે પાવ છે એટલે ગુનાહથી ભરેલી એટલે જાતજાતના ગુનાહગાર ઇનસાનથી વસેલી આસપાસની ધરતીની તેવી ગુનાહ રાખતી ગતીથી દુર થયલી એટલે ગુનાહમાં શરીક નહિ થયલી એટલે પાવ Consecrate થયલી છે, જેમ થવા માટે 'કત' એટલે કશ દોરે છે, એટલે તે ગુનાહવાળી જમીન-હવા અને તે આતશબહેરામની-અગીઆરીની પાવ જમીન-હવા વચ્ચે પરદો દોરે છે, જેને કત કહે છે. એમ આતશબહેરામ-અગીઆરીઓ પાવી અને કતમાં છે, એવા ત્રણથી નવ કશમાં તે તલેસ્માતીક ગતી રાખતાં મકાનોની બાંધણી છે. આજે ત્યાં શું જોઇએ છીએ! જે મકાનોને હઝારો રૂપીઆને ખર્ચે અને મોબેદોની અષોઇવાળી ક્રીયાને જોરે પાવ કરીને કતમાં રાખ્યા છે તેઓમાં ઇલેકત્રીક વાયરને સંબંધ કરે છે. એટલે જે પાવી કીધી છે, તેને માટે કત દોરી છે, તેનાં ઉપયોગીપણાને નબળી કરે છે. ઇલેકત્રીકનો વાયર તો ઘરેઘર હોય. ઇલેકત્રીક **વાયર તો દમ સાથનો એટલે ઇલેકત્રીસીટી સાથનો વહેતો છે-ગોયા તે વહેતું અણદીઠ બધે પસરેલું પાણી છે, જે વાયરો આતશબહેરામ-અગીઆરીઓમાં જવે બહારની દુન્યામાંનો પોતાનો સંબંધ તે મકાનોમાં કરે છે, જેથી આતશબહેરામ-અગીઆરીની પાવી અને કતની મતલબ ઉંધી વળે છે.** આ શું સમજી શકાય તેવું નથી? જરથોસ્તી દીનની બહારનાને અગીઆરી-આતશબહેરામમાં આવવા દેતા નથી તેનાં કારણો છે. તે ગેરજરથોસ્તી ઇનસાનમાં કુદરતી કાયદેજ તેના ગેરજરતોસ્તી ખુનમાંથી આવતા ગેરજરથોસ્તી વીચારો અને તેવા વિચારોની ગતી-ખારતર હોય છે, એટલે તે ગેરજરતોસ્તી ઇનસાનમાં જરથોસ્તી દીનથી અલગ રહેલા વીચારોની ગતી અને જોશ કુદરતીજ વહી રહે છે,-બહાર પડી રહે છે, જેઓ તેની અઇપિમાં તે અઇપિમાંના ખાસ ભાગ જે અઝદને જીંદગીને ટેકવે છે તેમાં પંથરાય છે એટલે તેના જીવ સાથે પંથરાયલા છે. આવા તે ઇનસાનના જાનની સાથે લાગેલા વીચારોની ખારતરનો જોશ જેમાં જરથોસ્તી ગતી માન્યતા નથી તે ત્યારે અગીઆરી-આતશબહેરામની પાવ ગતીમાં રહેલા વીચારોના જરથોસ્તી જોશથી જુદો છે. પાવી-કતમાં જે જરથોસ્તી વીચારોના ખારતરની ગતી છે તેનાથી ગેરજરથોસ્તી ઇનસાનની અઇપિમાંની ખારતર તદદન જુદી પડે છે. આવો ગેરજરથોસ્તી વીચારોની ખારતરના જોશવાળો ઇનસાન તેનાં ઉરવાનની વર્ણને કાયદેજ તેવો થયો છે. માટે

ખુનથીજ તે વર્ણના દીનના વીચારોની ખાસ્તરનો જોશ જે જરતોશ્તી-પણાંથી જુદો છે તે વિચારોનો જોશ રાખીને મોટો થયો છે-ઉગ્યો છે. આવા ઇનસાનની અઇપિમાં ત્યારે તેવા જરતોશ્તીપણાંથી જુદાઇના વિચારો રમી રહે છે. આવો ગેરજરતોશ્તી ઇનસાન જો પાવીકતની જરતોશ્તી ગતીની ખાસ્તર રાખતા અગીઆરી-આતશબહેરામમાં જાય, તો ગુહ્ય કુદરતમાં કામ કરતા ખાસ્ત્રીક ગતીના કાયદા પ્રમાણે કુદરતી રીતેજ તે તે ઇનસાનની અઇપિમાંની ખાસ્તર અને અગીઆરી-આતશબહેરામમાની હવાની પાવીકતવાળી ખાસ્તર સાથે મળે નહિ પણ વીરૂધતામાં આવીને અઠડામણ કરે, જેથી જરથોશ્તી પાવીકતના જથ્થામાં ખલલ પેદા પડે. ટુંકમાં એ કે અગીઆરી-આતશબહેરામમાં પોતાનો બાતેન ગતીનો ગુહ્ય રીતનો સ્તોતો અને ખાસ્તરોનો ઘેરાવો છે, જેમાં તે મકાનોની વાતાવરણ રમી રહીને સ્પેનામીનની કુદરત સાથે જોડાણ કરે છે. પાવીકતનો આ ઘેરો રાખીને તેઓ અવળી ગતી અસરે-તારીકીને દુર રાખે છે, કે જેથી તેઓમાં ધટતીની કુદરત આવે નહિ. આવા કશમાં જરથોશ્તી વીચારની ગતી વગરની બીજી કોઇબી ગતી કે જે તેઓને તેઓના ખુનથી મળી છે તેને દાખલ કરતા નથી, કેમકે એમ દાખલ થયાથી પાવીકતની જર-થોશ્તી ગતી અને પેલી બીજી જે જરથોશ્તી દીન સાથે નહિ એકમત થવાની વીચારની ગતી છે તે એકમેકના ફ્રીકશનમાં આવે છે, કે જેથી તે પાવ ઘેરાની અંદર દુજી ગતી પેદા પડે છે, જેને મિથ્રો-દુજ કહે છે. આ મિથ્ર-દુજના વધતા જતા જોરને લીધે તે કતના ઘેરાનું બળ, પાવીકતનું બળ નરમ પડે છે. આમ જો હોય તો પછી ઇલેકત્રીસીટીના દોરડાંઓ કે જેઓ દોરી મારફતે બહારનો સંબંધ કરે છે, જેથી તે ઘેરો લુલો થાય છે, તેમ તે દોરડાંની અંદરની ઇલેકત્રીસીટીની ખાસ્તર કે જે બહારથી અંદર આવે છે માટે બહારના બધાના જાતજાતના વિચારોને સમેતીને મકાનમાં લાવે છે તે ખાસ્તર તે ઘેરા માંહેલી પાવીકત માંહેલી જર-થોશ્તી ગતીની વાતાવરણ જેને તેહગી કહે છે તેની ખાસ્તર સાથે એક-મતની નહિ હોવે કોલીઝન=અથડામણમાં આવે છે, જેથી ઉપર કહયું તેમ મિથ્રો-દુજ પેદા પડીને તે ઘેરાનું જોર, પાવીની તલેસમ કમજોર થાય છે અને કતની દીવાલના ઘેરામાં ગબારાં પડે છે, જેથી સ્પેના-મીનની કુદરત જે પાદશાહમાં-આલાતોમાં-કુવામાં વીગેરેમાં વસે છે તેની અંદર ધનામીન પોતાનો પગ પેસારો કરીને ક્રીયાની ગતીને અહુર-મજદ તરફ લાવ લઇ જાવ કરવાની ગતીમાં, બરસમના ભેદી બનાવમાં ખતરો મુકે છે. વળી ઇલેકત્રીસીટીની બત્તીની જેટ જોશવાળી જ્વનીઓને

હવામાં ઉભી કરે છે. આ જોશવાળી ઇલેકટ્રીસીટીની ધ્વનીના જોશને 'ઝરવાન' કહે છે. આ ઝરવાનનું માપ હોય છે જેને અસ્પંદી કહેછે-આ તો બધું આજે જાણીતું છે. એવીજ રીતે પાવીકતની હવા કે જે ઉપર કહયું છે તેમ સ્પેનામીનની કુદરતનેજ રાખે છે, જેમાં ધનાને આવવા દીધો નથી-ધનાને બહાર રાખેલો છે, તે હવામાં (આવી હવાને તેહગી કહે છે તેમાં)બી ચોકસ જાતની શાંત ધ્વની હોય છે. આવી શાંતીની ધ્વનીમાં સ્પેનામીનની કુદરત વસી રહીને અહુનવરના નાદને ત્યાં ધુણે ધુણે ફેરવી રહે છે-એમ તે શાંત ધ્વનીમાં તે તેહગીની ધ્વનીમાં અહુનવરનો નાદ ગવાઇ રહે તેવી લાયકાત હોય છે. આવી તે શાંત ધ્વનીમાં ત્રણ અસ્પંદીની જેટ રહે છે. **આવી ત્રણ અસ્પંદીના માપવાળી શાંત વજેની ઝરવાનની ગતી પાવીકતની હવામાં રહેવે ત્યાં અહુનવરનો નાદ જામી રહે છે.** આવી શાંત વજેની ઠંડી ગતીની ઝરવાનમાં ગરમો-તરીની કેફીઅત રહે છે. આવી ઝરવાન જેમ આપણા દેમાઘમાં કે બીજા અંગોમાં ગરમોતરી પાંથરે છે, તેમ તે હવા કે જેમાં તે બળતી હોય તેમાંબી તેવી ગરમોતરીની ગતી પાંથરે છે. ગરમોતરીની ગતીમાં જીવ લંબાવવાનું જોમ હોય છે અને દુજી ગતીનાં ઉશ્તાનને-પ્રાણને કબજે કરવાનું જોમ હોય છે. પણ ઇલેકટ્રીક બતીની ઝરવાન તેઝદાર અને શાંતીને બદલે ગભરાવનાર ગતીની હોય છે જેમાં ગરમો-ખુશ્ક ગતી રહે છે. ગરમો-ખુશ્ક ગતીમાં જાન-ઉશ્તાનને કબજે કરીને ખપાવી નાખવાની ખાસીઅત હોય છે, ભેજાંને-અંગોને થાકવી નાખવાની ખાસીઅત ગુણ રહે છે. ત્યારે આપણને બતીની અંદરથી નીકળતા તેજની ઝરવાનની કેફીઅતને જોવાની છે કે તે ઝરવાન ગરમોતરીની કે ગરમો-ખુશ્કીની છે. ગરમોતરીની ઝરવાન રાખતી બતી જેવી કે ઘી-દીવેલ-કોપરેલ-મીણબત્તીની બતી ત્રણ અસ્પંદીથી વધુબી હોય, તોબી તે પાવીકતની તેહગીને ખરાબ કરી શકતી નથી. પણ જો બતીની ઝરવાન ગરમો-ખુશ્ક હોય તો ત્રણ અસ્પંદીથી વધુ ગતીની જેટ તેહગીને નુકસાન કરે છે. એમ ત્યારે ભલેને તે હવામાં ત્રણ અસ્પંદીની જેટ કે તેથી વધુ જેટબી થતી હોય પણ તે ઝરવાન એટલે બતીની ગતી શાંત વજેની ઠંડી હોવી જોઇએ. પણ જો તે બતીની ધ્વની ઘણી તેઝ ગતીની ઝરવાનવાળી હોય-ખુશ્ક ગતીની ઝરવાનવાળી હોય, તો તેવી બતીની જેટથી તે હવામાં જડતા જામે છે, જેને **ગોમેઝગી** કહે છે-એટલે તેહગીની, શાદી રામેશ્નીની હવા ગોમેઝગીમાં, ગરમા-ગરમીની શંકાશીલ ફીકરમંદ હાલત ઉભી કરાવે તેવી વાતાવરણમાં બદલાતી જાય છે, જેથી ત્યાં જડતા જામે છે એટલે સ્પેનામીનની કુદરતના વસવાટમાં ધનામીન આવવે સ્પેનામીનને ત્યાંથી હઠવું પડે છે અને

ઘનાનો પગ ત્યાં ઠરીઠામ થાય છે. આમ હવામાં જડતા જામવે ત્યાં અહુનવરનો નાદ રહી શકતો નથી. ઇલેક્ત્રીસીટીનો ગરમો–ખુશ્ક ગતીનો જોશ તો ત્રણ અસ્પંદીથી હઝારોગણો તેઝ રહે છે માટે ઇલેક્ત્રીસીટીની ધ્વનીનાં ક્ષેત્રમાં ત્યાંની હવામાં જડતા જામી રહે છે–ગોમેઝગી જાગી રહે છે એટલે ઉશ્તાનને શોશન કરે તેવી ગતી જામી રહે છે, જ્યાં આગળ સ્પેનામીનની દામી=ઘેરો રહી શકતો નથી, જ્યાં આગળ ઘનામીન ટકી શકે છે, માટે ત્યાં આગળ અહુનવરનો નાદ રહી શકતો નથી. અહુનવરના નાદમાં તરી હોય છે જે તરી પેલી ખુશ્કીની સાથે રહી શકે નહિ, કેમકે તે બેઉ જીદમાં સામસામા-પણાંમાં છે. પણ ઉપર જોયું તેમ પાવીકતની હવામાં તેહગી હોય છે એટલે તરીની હાલતની ઉશ્તા પુર્ણ શાંતી હોય છે, જ્યાં આગળ હમેશગીનો નાદ–અમર ગતીની લેહ હોય છે, જ્યાં આગળ સ્પેનામીનની દામી કહેતાં ઘેરાવો રહે છે. જેમાં વયુ યજત–રામ યજત–વનઇન્તી ઉપરતાત અને તેઓની ખારતરોનો દોર ઇલાકો રહે છે, જેથી ત્યાં રામેશ્ની હમેશની શાંતીનો જલ્વો જામી રહે છે, જ્યાં આગળ યજતી જલ્વો જાગી રહે છે. આવી વાતાવરણ જેને તેહગી કહે છે, જેમાં ત્રણ અસ્પંદીની ગતી હોઇ શકે છે, તેની ખોરવણી પેલી ઇલેક્ત્રીસીટીની બતીના ખુશ્કીના જોશને લીધે થાય છે. ઇલેક્ત્રીસીટીની ખુશ્ક જેટને લીધે ત્યાં જડતાનો જલ્વો જામે છે જેમાં ઉપર કહેલો તરીની હાલતનો જલ્વો ટકી શકતો નથી એટલે પાવી-કતની તેહગીની ખોરવણી થાય છે એટલે અગીઆરી–આતશબહેરામની તલેસમો ઝોખમાય છે. એમ પાવીકતની તેહગીની શાંત હવામાં રામેશ્ની વસી શકે છે અને ઇલેક્ત્રીસીટીના તેજ ખુશ્ક જેટમાં જડ ગતી જામી શકે છે. રામેશ્ની ટકી શકે તેવી તેહગીની ઝરવાનને એટલે તેહગીમાંની હવાની ધ્વનીના જોશને રથવ્ય ચક્રમાં ફરતો જોશ કહે છે, અને ઇલેક્ત્રી-સીટીના ખુશ્ક વજેના જડ જોશવાળી ગતીને અરથવ્ય ચક્રમાં ફરતો જોશ કહે છે. ત્યારે તરીવાળી ઝરવાનની ત્રણ અસ્પંદીનું માપ રથવ્ય ચક્રનું છે અને ખુશ્કીવાળી ઝરવાનનાં તેથી વધુ થતાં માપને અરથવ્ય ચક્રનું માપ કહે છે. રથવ્ય ચક્રમાંનો રથવ્ય બોલ 'રતુ' ઉપરથી નીકળેલો છે. અહૂ તે અહુરમજદ છે અને તેનો મોકલેલો દૂત તે રતુ સરદાર જરથુ-થુશ્ત્ર છે. આ રતુ પેગામ્બરે ઠેડવેલું માપ કે જે કુદરતની ઉપરથી નેમેલુ છે તેને રતુનું ઠેડવેલુ માપ કહે છે એટલે રથવ્ય ચક્ર કહે છે. ઘીની બતી કે કોપરેલની બતીનો તેઝ શીતળ ઠંડો શાંત હોય છે, જેને રથવ્ય ચક્રના માપમાં લીધેલું હોય છે. બાવળનાં લાકડાં કે બીજી ઉંચ ગતીનાં બરજીસી જીરમનાં આતરે–ક્રોબાની ગતી રાખતાં લાકડાં–સુખડને બાળવાથી

જે ધ્વની થાય છે તેની ગતીમાં તરી હોવે તેઓનેબી રથવ્ય ચક્રનાં કહે છે. પણ બીજી રીતના અન્ય વર્ણનાં લાકડાંનાં બળવાથી ધ્વનીમાં રથવ્ય ચક્રની જેટ રહેતી નથી. આમ ત્યારે પાવીકતના ભેદમાં આપણાં પાક મકાનો રહયાં છે માટે તેઓની કુતની દીવાલને કે પાવ ગતીની હવાની તેહગીને નુકસાન નહિ થવું જોઇએ. ઇલેકત્રીસીટી બેઉ રીતે નુકસાન કરતા છે–પાવ ગતીને તેમ કતને–બેઉંની ગતીને લુલી કરે છે. માટે તેવી બતી ત્યાં જોઇએ નહિ. અગીઆરી–આતશબહેરામની વાતાવરણની હવામાં શાદી રામેશ્ની રાખતી ગરમોતરી હોવે ત્યાં ત્યારે રથવ્ય ચક્રની ગતીની ઝરવાનનું માપ રહે છે અને ત્યાં રહેલા પાક આતશની ધ્વની અને ઘી કે કોપરેલ વીગેરેની બતીથી થતી ધ્વનીમાંબી તેવીજ ગરમોતરીની ગતી હોય છે, માટે તે જગાની હવા અને ત્યાંના પાક આતશની કે ઘી કોપરેલ વીગેરેની બતીથી થતી ધ્વની બધું હમમીઝાનમાં એક સરખી એકએકને મદદ કરે તેવી ગતીમાં રહે છે,–એકજ માપ જે કુદરતની બરાબરનું છે તે માપનેજ તેઓ રાખી શકે છે. એમ છે માટે તે પાવ મકાનની તેવી વાતાવરણમાં આદર યજતની ઝરવાન પંથરાયલી રહે છે, જેથી તે વાતાવરણની અઘ્રપિ–ઘેરાવાને તેહગી કહે છે એટલે કુદરતના આતશની ગતીને વસાવનારી વાતાવરણ કહે છે. ત્યારે અગીઆરી-આતશબહેરામમાં ઘીની–કોપરેલની બતી જે બળી રહે છે તેઓની ધ્વનીઓ ત્યાંની તેહગીમાં જે કુદરતી શ્રેષ્ટ અષોઇની ધ્વની એટલે ઉપર કહી છે તેમ તરીની ગતીની ધ્વની થાય છે તે ધ્વનીને (તે બતીની ધ્વની) ખોરવી શકતી નથી, પણ તેવી શાંત ધ્વનીની જેટને રથવ્ય ચક્રની ઝરવાનનાં માપ ઉપર એટલે તરીની ઝરવાન ઉપર, અમર ગતીનાં ઉશ્તાનને રાખી શકે તેવાં પતમાન ઉપર રાખે છે. વળી આતો જાણીતું છે કે કોપરેલ કે ઘીની બતી ઘણી શાંત ઠંડી અને તરીવાળી રહે છે–આંખના તેઝને બગાડે નહિ તેવી રહે છે, પણ ઇલેકત્રીસીટીની બતીની ધ્વની ઘણી તેઝ અને ખુશ્ક અને ગુંચવાવનાર અને આંખમાં પાણી લાવનાર માટે આંખ ઉપર ધીમે ધીમે અવળી અસર કરનાર એવી ઘી કોપરેલ કરતાં કરોડોગણી વધુ છે. આવી કોપરેલની બતીની શાંત તરીવાળી ધ્વનીની ખોરવણી તે બીજી ઇલેકત્રીક ધ્વની કરે છે અને ત્યાં રહેલી તેહગીની ધ્વની જે પેલી બતીના જેવી છે તેનીબી ખોરવણી તે ઇલેકત્રીક બતી કરે છે. વળી ધ્વનીમાંથી રંગો–સ્તોતો થાય છે અને વળી તે સ્તોતોના ચોક્કસ આકારો કુદરતી કાયદે સાથે સાથજ હોય છે. પાવ મહેલની તેહગીની ધ્વનીના આકારો ઘણા લતીફ હોય છે જેઓની તરફ યજતો આકર્ષાયલા

રહે છે. પણ ઇલેકત્રીકસીટીની ધ્વનીના આકારો ઘણા કદરૂપા ગુંચવાયલા રહે છે. ઉપર કહેલી તેહગીની ધ્વનીના આકારો ત્યારે ઇલેકત્રીક બતીથી ખોરવાય છે.

ઉપર જોયું કે અગીઆરી-આતશબહેરામમાં ત્યાંની તેહગીમાં-જેમાં સ્પેનામીનની કુદરત વસેલી છે, જેને પાવ મહેલ કહે છે, તેમાં અસર-રોશનીનો પ્રભાવ રહે છે, એટલે યજતોનો બહાર જામે છે એટલે યજતી કેહર્પની વજુદી રહે છે અને આવી તેહગીમાં સીરફ ઘી કે કોપ-રેલની બતીની શાંત ગરમોતરી રાખતી ધ્વનીજ ચાલી શકે, કે જેથી તે **પાવ મહેલના કેહર્પોની** ગતી હુરોદીમાં અષની વ્યવસ્થામાં રહી શકે. વળી ત્યાં જે અવસ્તા માંથ ભણાય છે અને ગુહય બહાર જામે છે તેની તરફ કુદરતી રીતે **'મઇન્યવાઓંઘહો યજતાઓંઘહો સતૅમચ હુજંઘ-રૅમચ'** અગણીત અસર-રોશનીનાં કેહર્પો જેઓ કુદરતમાં સેકંડે સેકંડ અગણીત રીતે ભલી વ્યવસ્થા કરી રહે છે તેઓ ખેંચાય છે. આવા બધા માંથના સ્તોતો અને પેલી અસર-રોશની કુદરતના મોકેફત રીતના કાયદાઓની રૂયે એક એકને મળી રહે છે, જેથી ત્યાં ઉપર કહયો છે તેવો ગરમોતરીનો જોશ ઉભો થાય છે, જે રથવ્ય ચક્રનોજ હોય છે, અને તે પાવ મહેલની રથવ્ય ચક્રની ગતીના જોશને મદદ કરીને સ્પેનામીનની બાજુને ફત્તેહમંદ રીતે પોતાનું કામ કરવા મદદ કરે છે. પેલી ઇલેકત્રીક બતીની ધ્વનીઓ તો રથવ્ય ચક્રની ગતીમાં ચાલતી તેહગીની વાતાવરણથી કરોડોગણા વેગે અરથવ્ય ચક્રની ગતીથી ચાલે છે. આવાં વાતાવરણમાં અસર-રોશનીની કુદરત પોતાનું કામ કરી શકે નહિ. આવી ઇલેકત્રીક બતી ત્યારે જો તે પાવ મહેલની તેહગીમાં હોય, તો પછી ત્યાં જે માંથો ભણાય છે તેઓને અસર-રોશની મળીને જે કામમાં લે છે તેમાં મોટો ખતરો પડે છે. આમ ત્યારે હાથે કરીને પાવ મહેલમાં ઇલેકત્રીસીટીનો, તેનાં દોરડાંનો જાહેર રીતનો પેવંદ અને તેમાંની ખાસ્તરનો છેક બાતેન ગતીનો પેવંદ કરવો અને તે પાવ મહેલની તલેસમને તોડવી તેમાં શું પુન્ય છે? અજ્ઞાનતાનો દએવ આપણી જરથોસ્તી માન્યતાને તાયૂ અને હુજંઘહુ તરીકે લુટીને દએનની શુભ ગતીને તોડે છે તેથી કુદરતની શીક્ષાને તે પાત્ર ઠરશે. એક ઇનસાન વ્યભીચાર કરી પોતાની અઇપિ બગાડીને પોતાની સાથના સંબંધમાં આવતાંની અઇપિમાં કંઇક દરજજે તે ભુઝીનો ચેપ લગાડીને તેઓની અઇપિ બગાડે છે અને પોતાની ભુરી ચળવળોથી હવામાં કંઇક ગોમેઝગી કરે છે, તે તો ખુલ્લું જાહેર છે. પણ આવાં પાક મકાનના વાલીઓ અને દસ્તુરો પાક મકાનને લગતા ભેદોથી અંજાણ હોઇને જુનાં સીદ્ધાંતો કે જે

પ્રમાણે તે પાક મકાનનો કારોબાર ચાલે છે, જેથી તે પાક મકાનની પાવીકતને ધોકો પુગતો નથી, તેઓને જબરદસ્તીથી–બેદાદીથી તોડીને તે પાક મકાનની પાવીકત અને તેહગીની તલેસમ તુટે તેવાં પગલાં લે, પાક મકાનની કુદરત વસેલી તેહગીને બગાડે અથવા ન્યુનતામાં ઉતારી પાડે, તો તે પાવ મકાન ઉપરના આઝાબને લીધે તેઓની ઉપર પેલા ઉપર કહેલા વ્યભીચારી કરતાં વધુ આઝાબ અને પુશકળ વધુ જવાબદારી રહે છે, કેમકે વ્યભીચારી જે અઇપિને બગાડે છે તેના કરતાં કરોડગણી અમુલ્ય અઇપિ પેલા પાવ મકાનના આઝાબથી બગડી રહે છે. **જેમ ઇજનેરી કે વીદ્યાનું જ્ઞાન રહે છે તેમ આ ગુપ્ત જરથોશ્તી યસ્નની વીદ્યાનું જ્ઞાન રહે છે અને તે જ્ઞાન પ્રમાણેજ આ બધાં પાક મકાનો થયાં છે.** ભલેને આજે તે જ્ઞાન નહિ હોય તો પછી તેવા અજ્ઞાનોને તે અગીઆરી–આતશબેહેરામના નીયમો–તેના રસમો–દીની કાયદાઓ જે જમાનાથી ચાલી આવે છે તેઓને તોડવાનો કયો હક છે! તેનો જવાબ કોઇ આપી શકશે? જેમ એક અનારી અણુઘડ ઇનસાન ડાકતરી પ્રચંડ જંતુ વીદયાની technic ને તરીકતને જાનવર મીસાલ જોઇને હસે છે તેમ તેવીજ રીતે આ દએનની યસ્નની તરીકતોની યજતી ગતીની તેકનીકને આજે બીજાઓ હસે છે. તે ચીજો વીષે જ્ઞાન તેઓને નથી છતાંબી હસે છે, એટલે જેમ અણુઘડ લોકો પોતાની અજ્ઞાનતાવાલી જાણુની પુર્વે કંઇ છેજ નહિ એમ માને છે તેવોજ હીસાબ આવા સાહેબોબી બતાવે છે.

ત્યારે પાક મકાનોમાં **પાવીકત**નો ભેદ છે. પાવીકતમાંની **અઇપિ**ની હવામાં **તેહગી**નો ભેદ છે. તેહગીની હવાની અંદર હસ્તી જેવો મામલો થવાનો ભેદ છે જેમાં રથવ્ય ચક્રની ઝરવાનના મોજાઓ રહે છે. આવી તેહગીની રથવ્ય ચક્રની ઝરવાનની ગતીના મોજાઓમાં 'દામે સ્પેનામીન' છે,–કુદરતની સફેદ બાજુનો વસવાત છે, જેને **પાવ મહેલ** કહે છે એટલે મહેલ કે જેમાં પાવ યજતી ગતી રહે છે. આવાં મકાનમાં ત્યારે બુને–ઓકાદે રહેલો જરથોશ્તી જે પોતાના **બુનક**માં–ધાતુની અંદરના વિચારોના તત્વમાં જે બાપદાદેથી ઉતરે છે તેમાં જરથોશ્તી છાપ રાખે છે તે જઇ શકે; ભલે તે બુનકને જરથોશ્તી પીથ્વ=વસ્ના નહિ મળવે તે બુનકના બુનમાંથી થતા વિચારોમાં જુદાપણું હોય પણ બુનક તો અચળ છે. તેવા બુનકના વિચારમાં રહેલો વિશ્વાસ જે ઇનસાનની અઇપિનો ૧/૯ ભાગ જે શુધ્ધ રીતનો હોય છે જે અઝદને ટેકવે છે તેમાં જામી રહે છે અને કુદરતમાં પોતાની વર્ણ શું છે તેની નોંધ રાખે છે, તેવા જરથોશ્તી દએન ઉપરના વિશ્વાસવાળો–બુનકવાળો એક જરથોશ્તી પોતાની અઇપિમાં તેવી

ગતી જે કુદરતી રીતેજ રાખે છે તેની સાથે જો તેવા પાવીકતમાં જાય તો તે પાવીકતની તેહગીના મોજાઓમાં ફરક પડતો નથી. પણ બુનકમાં બીજી વર્ણની ગતીનો વિશ્વાસ હોય તેવા વિચારોવાળો આદમી જે આ પાક મકાનની તેહગીના મોજાઓથી જુદો પડે છે તે જો ત્યાં જાય તો તે શખ્સ તે પાવીકતના મોજાઓને ખોરવે, કે જેથી દામી-સ્પેન્ત વસેલાં તે પાક મકાનના પાયામાં ન્યુનતા આવે છે. આવા જરથોસ્તીઓ આવાં મકાનમાં માંથ્ર ભણે છે ત્યારે તે પાવ મહેલમાંની સ્પેન્તે મઇન્યુની દામી-કષની અંદરની કુદરતમાંથી કરોડો મીનો યજતો ( અસર-રોશની ) આવીને તે ભણાતા માંથ્રોના સ્તોતોને જોર આપીને કાયદા પ્રમાણે થોડોક ભાગ ભણનારને આપી બીજો ભાગ કુદરતને બક્ષેશ કરે છે. આ મકાનમાંની કતની દીવાલો ત્યારે ઇલેકત્રીકનાં દોરડાંઓ મુકવે તુટે છે અને આ મકાનમાંની પાવીની ગતી તેમાં રહેલા જરથોસ્તીપણાના વિચારો આચારોનો જોશ, બરજીસી જીરમની વર્ણ અને વેરેનનો જોશ ઇલેકત્રીસીટીના પ્રવાહો જેમાં હઝારો જાતની વર્ણના જુદા જુદા વીચારો રહે છે, સારા બુરા દુન્યવી નાસ્તીક વીગેરે જાતજાતના વિચારો પકડાયા રહે છે, જેઓ પાવીની ગતીથી ઉલટા છે, તેઓની સાથે અઠડામણમાં આવીને **મિથ્રો-દ્રુજ** ઉભો કરીને તે પાવ ગતીની હવા પોતાની ગતીમાં ન્યુન્તા લાવે છે. દરેક **પાવ ગતીમાંની** અઇપિની વાતાવરણમાં વાય યજત, રામનો ખાસ્તર અને બીજા યજતો સંબંધ જોડીને કુદરતના તેઓનાં રહેઠાણ નામે **વીત**ની સાથે એટલે યજતોનાં રહેઠાણ સાથે તે પાવીની વાતાવરણને જોડે છે, જેથી તે પાવીની ગતીની વાતાવરણ ત્યાંની જમીનની અંદરની યજત વસેલી વાતાવરણ સાથે અને તે જમીન ઉપરનાં આસ્માન ઉપરની યજત વસેલી વાતાવરણની સાથે મળેલી રહે છે. આવી વાતાવરણની અઇપિને **તેહગી** કહે છે. આ તેહગીમાં આદર યજતની ગતીનો આતશ વસેલો રહેવાથી તે તેહગી આતરે આદરાન અને આતરે બહેરામ સાથે એકતાન થવાના સંબંધમાં આવે છે, રાદ પદવંદમાં સીખ્યા સંબંધમાં આવે છે. ત્યારે પાવીની વાતાવરણમાં અસ્મ-જમીન-વયુનો ભાગ ગોયા મળેલાં હોય છે, એકજ સંબંધમાં હોય છે. જેમ હસ્તીમાં અસ્મ-વાય-જમીન મળેલા છે તેવો હસ્તી જેવો મામલો ત્યાં જામે છે.

હવે જો આવી પાવીની વાતાવરણમાં-એ તેહગીમાં-એ હસ્તી જેવી થયલી હવામાં ઇલેકત્રીસીટીનો દોર=સરકીત (Circuit) ચાલે, તો પછી તે પાવીની હવામાં જે **વીત**નો સંબંધ છે, યજતી ગતીનો વસવાટ છે, જે આસ્માન અને જમીનના એકમેકને મળીને ઉભા થયલા યજતોનાં રહેઠાણ સાથેનો સંબંધ છે, જે હસ્તીના જેવો થયલો ભેદ છે, જેમાં આદર યજતની ગતી

છે, જેથી તેમાં આતરે આદરાન અને આતરે–બહેરામનો સંબંધ છે, તે બધાંમાં ન્યુનતા આવે–એટલે ત્યાંથી યજતોનું રહેઠાણુ દુર થતું જાય અને હસ્તીના જેવો જમીન–અસ્મ અને વાયનો મેળાપ તુટતો જાય. **આવી ભલી અઇપિ કે જેમાં તેહગી થઇ છે**–હસ્તીનો વસવાટ થયો છે–યજતો વસ્યા છે તેમાં ત્યારે દામી સ્પેન્તે મઇન્યુ=સ્પેનામીનની કુદરતનો સંબંધ થાય છે એટલે નીસ્તી અને તે હસ્તીની કુદરતનો સીધો સંબંધ થાય છે. આ સંબંધ કઇ રીતે થઇ શકે, તેમાં કેવી રચના કઈ રીતે ઉભી થશે અને કઇ રીતે તેવીજ રહી શકશે, તેને માટે રતુએ એટલે અહુરમજદના મોકલેલા સરદાર જરથુસ્ત્રે કુદરત પ્રમાણેના કુદરતના કાયદા નામે **સ્તઑત યસ્ન** પ્રમાણેના નીયમો આપેલા છે, જે પ્રમાણેજ ત્યાં રચના થઇને ટકી શકે. કુદરતી તેહગીમાં એટલે અતી ઉત્તમ પ્રકારની સત્યસંગ. વાળી જગામાં કુદરત જેમ રથવ્ય ચક્ર કરે છે, એટલે શાંતીના દોરો–તરી આપતા રામેશ્ની પમાડતાં દોરોને ચોકસ વેગે ફેરવી રહે છે, તેમ તેવું રથવ્ય ચક્ર પાવીકતનાં પાક મકાનોમાં ઉભા થઇને ચાલી રહે માટે અષો જરથુસ્ત્રે પાવીકતની તેવી રીતની સાઝેશ્ની કરવાનો ક્રમ આપેલો છે. આવાં મકાનોમાં વહી રહેતા રથવ્ય ચક્રો જેઓ કુદરતના રથવ્ય ચક્રોની બરાબરીનાજ રહે છે તેઓનાં માપો અસ્પંદીની વજેમાં આપેલા છે. આવાં માપની બરાબરીમાં ઘી કે કોપરેલ કે દીવેલની બતીજ આવી શકે છે. **એમ છે માટેજ પાવીકતનાં મકાનોમાં ઘી કે કોપરેલ દીવેલની બતી રાખવાનોજ હોકમ છે જે સીવાયની બીજી બતી કજા કીધી છે.** મીણુ-બતી ઉપર કહેલા ઘી–કોપરેલ–દીવેલથી ઉતરતા પ્રકારની ગણેલી છે છતાં તે બતી ચાલી શકે એમ છે. પણુ ઘાસતેલ કે બીજી લાઇટો જેવી કે ગૅસની લાઇટ કે ઇલેકત્રીસીટીની લાઇટો તેઓના ખુશ્ક મીજાજને લીધે–તેઓ જડતા પાંથરતા હોવાને લીધે કજા કીધી છે. વળી ઘી કે કોપરેલની બતી એવી રીતે મુકવી કે તેનો ઉજાસ પાદશાહ ઉપર પડે નહિ. ઇલેકત્રીસીટી ઉપર બતાવી છે તેમ અનેક રીતે પાવીકતને અનુકુળ નથી. ટુંકમાં એ કે ઇલેકત્રીસીટીના પ્રવાહના વહેવાથી ત્યાં રથવ્ય ચક્ર બધોજ ઉલટાઇ જાય, અરથવ્ય ચક્રની ગતી પેદા પડે એટલે ધનામીન ત્યાં ઘુસીને ધીમો નાશ લાવે.

આવા રથવ્ય ચક્રની ગતીની તેહગીમાં હસ્તી વસેલી છે માટે અસર રોશની અને તેનો રાખનાર સરોશ વસે છે–જ્યાં આગળની અસર રોશની **'મઇન્યવાઓંઘહો યજતાઓંઘહો, સતૅમચ હુજંઘૅરમચ'** તરીકે જામી રહે છે, અને જ્યારે માંથ્રો ત્યાં ભણાય છે ત્યારે તેઓ આવીને માંથ્રોના સ્તોતોની વ્યવસ્થા કરીને દુન્યાને તેમ ભણનારને વહેંચી આપે છે. પણુ જો ઇલેક-

ત્રીસીટી ત્યાં જામે તો ગોમેઝગી થાય, કેમકે ઇલેકત્રીસીટીનો રોહ ખુદ ખુશ્ક ગતીવાળો રહે છે અને વળી તેમાં જાતજાતનાં લોકોના દુન્યવી સ્વાર્થી માટે શાંતી નહિ પેદા કરનારા વીચારો સમેતાયલા હોય છે, જે બધું તે તેહગીમાં જવે ત્યાંની રથવ્ય ચક્રની ગતી ન્યુન્તામાં આવે છે જે પછીથી તે તુટતી તેહગીમાં યજતી ગતી ઓછી થતી જાય, જેથી ઉપર કહેલી અસર–રોશનીનું–મીનોઇ ઉન્નતીનું કામ ઘણુંજ ન્યુન્તામાં આવે. આમ પાવ–પાક મકાનમાં પાવી અને કત અને અઇપિ અને તેહગી ઉભા કરવાની મતલબ એટલે પાવ મહેલની અંદર દામી સ્પેન્ત કહેતાં વૃદ્ધિ કરનાર અંતર જગત અને તેઓની ચળવળો જેમાં રથવ્ય ચક્રની ઝરવાનનો ઉંડો ભેદ રહયો છે તેઓને લાવવાની–ઉભા કરવાની મતલબજ આ ઇલેકત્રીસીટીનાં દોરડાંથી ઉલટાય છે તેનો ભાસ હવે કંઇક આવશે.

## સુદરેહ કુશ્તી તરીકતનો સણગાર વિષે:-

સુદરેહ–કુસ્તી–શીયાવ વગેરે દીની બખ્તરો **જરૅનુમન્ત સૂર** દીની કાયદે થાય તોજ તેઓ વપરાય અને તરીકતમાં કામે લાગે. સુદરેહ ઉપર કહયું છે તેમ અઇપિની શુદ્ધતા રાખવા મદદ કરે છે અને કુસ્તીબી તેજ કામમાં સામેલ છે વીગેરે ખીશ્કારી તેઓ ત્યારેજ કરી શકે કે જયારે દીની મિથ્ર પ્રમાણે તેઓ થયા હોય. સુદરેહ–કુસ્તી–શીયાવ જેઓ કાયદાસરના થયલા છે તેઓને **વસ્ત્ર અને કૅશના** ભેદના કહયા છે, જેની કંઇક નોંધ ઉપર આપી છે. અષો જરથુશ્ત્ર કંઇ સાધારણ આપણા જેવા માનવ હતા નહિ. તેવણ તો અહુરમજદના મોકલેલા અને પોતામાં અહુરમજદને વસાવેલા રાખીને કુદરતને માપીને ભુત–ભવિષ્ય–ગાએબાનના જાણનાર, યજતી ગતીવાળા, ઇનસાનના લેબાશમાં સજ થયલા હતા. એવણની સાથે હસ્તી હમકાર રહેતી હતી અને હસ્તીના આતશનો જલવો તેવણના હાથમાંથી નીકળ્યા કરતો હતો. **એવણનું કામ કંઇ ખાલી ઇરાની પ્રજાને માટેજ નહિ હતું; એવણ તો દુન્યાનાં તારણને માટે ઉતર્યા હતા.** આ ગેતી ૮૧,૦૦૦ વર્ષના દરેઘો ખદાતને નામે જણાયલા દોરમાં ફર્યા કરે છે. ૮૧,૦૦૦ વર્ષના પહેલા ૪,૦૦૦ વર્ષ લગીમાં ઇનસાન ઉપરાંત દેવ–પરી નામની વ્યકતીઓ જેઓ અરવાહી આલમની વસ્તી છે તેઓબી દુન્યામાં રહીને દુન્યાનો કબજો લેવા માંગતી હતી. તેઓની બુરી વાસ્નાથી તે વખતે અહીરીમનનું જોમ ખુબ વધી ગયું હતુ અને દુન્યા ગોયા હમેશની નાશ પામવાની હોય એમ લાગતું હતું અને ગેતીનો ભાર ખમનાર ગેઉશ ઉરવા જેને ગેતીનું રૂવાન કહે છે, જે ગેતીનો ભાર પ્રેમથી ખમી રહે છે, તે ગેઉશ ઉરવાની ધીરજબી ખુટતી હોય એમ લાગતું હતું, જો

કે તેવું ખરેખરતું થયલું નહિ. તેણીનો ગવનો યજતી સ્વભાવ જે ખમવામાં મજાહ લે છે તેબી હાંરી જતો હોય એમ લાગતું હતું, પણ આ ખરેખરી કસોટીને વખતે તેણીએ દાદાર અહુરમજદની દરગાહની આગળ પોતે સૃષ્ટીની શરૂઆત વખતે સૃષ્ટીનો ભાર ખમવાનો જે પેમાન આપ્યો હતો તે પેમાન ફરીથી આપીને તે અહીરીમનની સામે તેનું ગમે તેવું જુર કરવાની ચેલેંજ ફેંકી હતી-"ગેરેઝદા" એટલે ગર્જના કરીને અહીની શકિતની સામના કરવાનો પેમાન તરફ પોતાની જાન-ફેશાની જાહેર કીધી હતી. પણ આ વખતે તેણીએ પોતાને આપવા માટેના ફેરફારો થવાની માંગણી કીધી હતી, કેમકે હવે ગેતીને માટે તે વખત આવી લાગતો હોય તેમ તેણીને લાગ્યું હતું, માટે ગેઉશ ઉરવાને દાદારની પાસે તે કબુલાતનું પ્રફુલીત થવા માટે એટલે ગેતીના તે વખતના કાચા બંધારણને પાકું કરવા માટે યજતી નર એટલે ઇષો-ક્ષથ્ર રાખતો દાદાર તરફની હકુમતથી સજ થયલો નર માંગ્યો હતો-ગેતીનું નવેસરથી બંધારણ કરે તેવો નર માંગ્યો હતો. અષો જરથુસ્ત્રને પછી દેખાડવામાં આવ્યા હતા, કે જેવણ બર વકતે ઉતરી કુલ ગેતીને (reformation) નવેસરની એવી કરશે, કે તેમાંથી દેવોનું ચલણ તુટે-ઇનસાનનું ચલણ ચાલે અને બધી વર્ણોની દએનો ઉગીને ઇનસાન ફ્રશો-કેરેતી તરફ જતો રહે. કુલ્લે માનવ કે બીજી હેઠળી વસ્તીનાં રૂવાનો પાંચ વર્ણમાં વહેંચાયાં છે, જે દરેક વર્ણને દોરવનાર એક ગાથા યજતી સરદાર રહે છે અને એવા પાંચ ગાથાઓમાંનો જરથુસ્ત્ર ગાથા તે બધાના સરદાર તરીકે રહે છે એટલે જરથુસ્ત્ર ગાથા બધી વર્ણોની અને તેઓની દીનો ભવિષ્યમાં તેઓને બર વખતે ગેતીમાં જામે તેવી વ્યવસ્થા કરી રહે છે, અને પોતાના નાયબ અષો જરથુસ્ત્રને પછી ગેતી ઉપર મોકલીને બધી વર્ણોની ઉન્નતી તેઓને બર વકતે થાય એમ કરી જાય છે. ત્યારે પેગામ્બરનું મીશન કેટલું બધું અદભુત અને સાર્વજનીક છે તેનો કંઇક ખ્યાલ આવશે. પેગામ્બર ૨૧) નસ્કોના ભેદને રચીને તે ભેદના નસ્કો ઉપરથી બીજા ૨૧) નસ્કો કરાવીને ચલાવે છે, અને પાંચ ગાથાઓ યજતી સરદારો જેઓ કુલ માનવ વર્ગની પાંચ વર્ણને દોરવવા કામ કરી રહયા છે તેઓની વતીનું કામ ગેતીમાં કરતા રહીને તે પાંચ ગાથાઓના તેઓની વર્ણની ઉન્નતી માટેના ભવિષ્યમાં થવાનાં શુભ કામની નકલના પાંચ ગાથાની બંદગી કરીને તેઓની વીર્દ પોતે કરી બીજા પાસે કરાવીને એટલે પોતાની ફરજ યાદ કરી બીજાને શીખવીને તે કામોને સરંજામ ઉતારે છે-પુર્ણ કરી જાય છે. શનીની વર્ણના ગાથા સરદારની ખીશ્કારીનો ભેદ અહુનવદ ગાથામાં છે. શુક્રની વર્ણના ગાથા સરદારની ખીશ્કારી જે પોતાની વર્ણના રૂવા-

તેોને ચલાવવાને માટે છે તે ઉશ્તવદ ગાથામાં છે. **હુરોમ**ની વર્ણના ગાથા સરદારની ખીશ્કારી જે પોતાની વર્ણના રૂવાનોને ચલાવવાને માટે છે તે **સ્પેન્તોમદ** ગાથામાં છે **બુધ**ની વર્ણના ગાથા સરદારની ખીશ્કારી જે પોતાની વર્ણના રૂવાનોને ચલાવવાને માટે છે તે **વોહુ–ક્ષથ** ગાથામાં છે. **બ્રેસ્પતી** વર્ણના ગાથા સરદારનો ખીશકારી જે પોતાની વર્ણના રૂવાંનોને ચલાવવા માટે છે તે **વહિશ્તોઇશ્ત** ગાથામા છે. જરથુશ્ત્ર ગાથા ગરોન્માનમાં અહુરાની સાથે છે અને બીજા ચાર ગાથાઓ જેઓ અમર આલમનાં ચાર જુદાંજુદાં અસ્મો ઉપર કામ કરીને રૂવાનોની વર્ણોને ચલાવી રહે છે તે બધી ચાર અન્ય ગાથીક યજતી ગતીઓને મદદ કરવા પોતે જરથુસ્ત્ર ગાથા સરોશની સાથે યજશ્નેમાં મશગુલ રહે છે અને અષો જરથુસ્ત્રને પોતા સાથે જોડીને બધું જ્ઞાન આપીને ઉપર કહયું છે તેવું નીસ્તી અને ગેતીમાંનું કામ પુર્ણ કરાવે છે. અષો જરથુસ્ત્ર ત્યારે બધી પાંચે પાંચ વર્ણોની ઉન્નતીનો પાયો મુકે છે અને પોતાની બરજીસી ખાસ વર્ણને ઉભી કરે છે અને તેમાં 'યસ્ન'નો પાવીકતનો મહાલ બાંધીને પોતાના જોતીઓની ઉપર પેલી ચાર વર્ણોની દીનોને ઉભી કરનાર સદ પુરૂષો (જેઓની કુનીઅત familyનો પાયોબી તેઓએજ નાખ્યો છે તેઓ) જ્યારે બરવકતે જન્મી બહાર પડે તે અગાઉ તેઓને મદદ કરવાની ફરજ મુકી જાય છે. આમ ત્યારે જરથુશ્ત્રે યસ્ન–તરીકતો અને તરીકતમાં વપરાતા 'વસ્ત્ર' અને યસ્નના આલાતોને કેમ ઉભા કરવા તેની હીકમત બતાવી છે તેમાં ઉપર કહેલું મહત્વનુ કામ થાય તેવો જોશ છે. **ત્યારે જરથોશ્તી યસ્નમાં સીરફ નાનો સાંકડો ખ્યાલ નથી પણ તેમાં જગતની કુલ વર્ણોની ઉન્નતી થવાનો ખ્યાલ છે તે નોંધવું**. ત્યારે સુદરેહ–કુસ્તી–તોપી–પેતાવા વગેરે દીની હથીઆરો સીરફ તે પહેરનાર માટેજ કે પહેરનારના સગાં કે કોમ પ્રજાની ઉન્નતી માટેજ નથી–ના–તેમાં કુલ પાંચે પાંચ વર્ણોની ઉન્નતીનું કંઇક દઇવત પડેલું છે.–**આમ જરથોશ્તી તરીકત તો કુલ જગતને માટે છે.** આમ ત્યારે એક જરથોશ્તી ઉપર કેટલી મોટી ફરજ જવાબદારી છે તેનો તેને ભાગ્યેજ ખ્યાલ હોય. ચોકકસ વસ્તુનો ચોકસ રીતનો કટનો સુદરેહ કરવાનું ફરમાન છે. ચોકકસ વસ્તુની ચોકકસ રીતે કુશ્તી બનાવવાનું ફરમાન છે. શ્યાવનુંબી તેમ ફરમાન છે. આ બધાં ફરમાનો કંઇ નજીવાં જેવાં નથી. સરકારનાં ફરમાનો તો statute book માં કાયદાઓ માટેની ચોપડીમાં હોય એટલે તે statute book કાયદાઓ માટેની ચોપડીની હસ્તી જ્યાં લગી સરકારની હસ્તી છે ત્યાં લગી હોય. તેમ જરથુસ્ત્રે જે ફરમાન કાધાં છે તેઓનીબી statute book

જેવું છે એટલે ફરમાનોના ચાલુ થવા માટેની સંસ્થાઓ કીધેલી છે. પોતે ઉપર કહયું છે તેમ જરથુશ્ત્ર ગાથા અને સરોશની સાથે એકતાન રહીને જે જે કામો બધી વર્ણોને માટે અને પોતાની ખાસ વર્ણને માટે કરવાનાં છે તેઓને માટે મોટી ફરેસ્તાઇ શકિતઓને ઉભી કીધી છે અને તે ફરેસ્તાઇ શકિતઓને તે તે કામ જે ગેતી ઉપર થવાનું છે યા થઇ રહે છે તેની ઉપર હેફાઝત કરવાનો હોકમ આપેલો છે. આવી ફરેસ્તાઇ શકિતઓને 'તલેસમ' કહે છે, જેને અપદી કહે છે. એમ યસ્ન-તેના આલાતો-આલાતોનો સીલસીલો બનાવતી વખતે પેલી ફરેસ્તાઇ શકિત-ઓને યસ્નથી આમંત્રણ કરીને તેની હમકારીથીજ તે બધું થાય છે ત્યારેજ કાયદેસરનું કહેવાય; માટે ચોકકસ રીતેજ કરવાનું ફરમાન છે. સુદરેહ બનાવવો-કુસ્તી વણવી-શ્યાવ કરવો તેઓનેબી ચોકકસ રીતે કરવાનું ફરમાન છે કે જેથી ઉપર કહેલી તલેસ્માતીક ગતીની ફરેસ્તાઇ શકિતઓની નેગેહબાની તે સુદરેહ-કુસ્તી-શ્યાવ ઉપર રહે યા ખુદ તે શકિતઓનો પેવંદ તેઓમાં રહે. આવા તલેસ્માતીક ગતીના હેદાયત સાથના યા પેવંદ સાથના તરીકતનાં સાધનો બખ્તરો **(જરૅનુમન્ત સૂર)**ને **વસ્ત્ર અને કૅશ**ના ભેદના કહે છે. એક ભલી અષો બાઇ જેણીને ગવની ગતી-પરદુખભંજનની ગતીની રાણી **ગોશાણી** કહે છે તેણી પોતે સુદરેહ સીવું છું-કુસ્તી વણું છું તે વિચારથી પાક તન-મન રાખી કુસ્તી કરી સરોશ બાજ કરી અષૅમ યથા ભણતા ભણતા તે તે ચીજોને ઉભી કરે છે, ત્યારે ઉપર કહેલી ખાસ તલેસમ કે જેમાં તે તે ચીજોને **વસ્ત્ર અને કેશ**ની ગતીમાં-આણમાં લાવવાનું કામ છે તે ત્યાં રજુ થઇને મદદ કરે છે અને તે થઇ રહેતા સુદરેહ કુસ્તીમાં પોતાની સહી શાખ signature મુકે છે. એમ તે સુદરેહ-કુસ્તી-શ્યાવમાં જયારે તે તલેસમની ગતીની ફરેસ્તાઇ શકિતની બહાળીની સહી શાખ signature પડે છે ત્યારે તે ચીજ તે સુદરેહ કે તે કુસ્તી કે તે શ્યાવને **વસ્ત્ર અને કૅશ**ને લગતો કહે છે. આમ જયારે તરીકતના સાધનો જેઓને **અવઝારને** નામે પહેલવીમાં ઓળખે છે તેઓ **વસ્ત્ર અને કૅશ**ની આણમાં આવે છે, ત્યારે તેઓમાં તેઓને લગતી ખાસ ખીશ્કારી ચાલુ થાય છે. એવી રીતે જયારે ગુજરનારની ઉપર તેનો સુદરેહ સચકાર વખતે પહેરાવે છે ત્યારે તે સુદરેહ તે ગુજરનાર રૂવાનને દુજે-નસુના જોશ સામે ટકવા અને મીનોઇ તરફ જવા અને સરોશની રાહબરી મેળવી આપવા મદદગાર થાય છે, જે બધું તે સુદરેહ પોતાની ઉપરની **વસ્ત્ર અને કૅશ**ના ભેદની હેફાઝત રહે છે યા તેઓનો ખુદ વસવાત રહે છે તેને જોરે કરશે, એ સમજવું કંઇ મુશકેલ નથી.

આમ જયારે એક બસ્તે-કુસ્તીઆન કાયદાસરનો સુદરેહ કુસ્તી પહેરે

છે-તેઓને પોતાના આંગપર રાખે છે અને પછી કાયદાસરની કુસ્તી પાદ-યાવ કરી રહે છે એમ જીંદગી ગુજારે છે, તે વખતે તે કઇ સીરફ પોતાને લગતુંજ પોતાની ઉનંતીને લગતુંજ એકલું કામ કરતો નથી. પણ ઉપર કહયું છે તેમ અષો જરથુશ્ત્રે પોતાની દીનની યરન-તરીકતોને એવી રીતે રચી છે કે તેઓના થવાથી કુલ ગેહાનને, તેઓની બધી વર્ણોની-દીનોની તલેસમોને મદદ મળ્યાજ કરે છે તેમ તે તરીકતોની રવઇ અન્ય દીનોને ચલાવનાર તલેસમની જલતી બતીનાં તેલ મીસાલ થઇ રહે છે. **એમ ત્યારે સુદરેહ-કુસ્તીના સીરફ એક બસ્તે-કુસ્તીઆનના અંગ ઉપર પહેર-વાથી તે છેક તેની ગુહય તરીકત લગીમાં તે પહેરનાર જગતનું કલ્યાણ કરવાનું એક મુગું સાધણ થઇ પડે** છે એ ખરેજ દએનની અસંખ્ય ખીશકારીમાં એક છે. માટે **સુદરેહ-કુશ્તી પહેરવી સીરફ પોતાની જરથોશ્તી જાતને માટેજ નથી પણ જગતના કલ્યાણ થવાની બતીમાં તેલની પુરવણી થવા માટે છે.** એમ જરથોસ્તી તરીકતોને જમાના અનુસારની છેલ્લી રીતીની કરવે પોતાના ઉપરાંત જગતનું ભલુ થવામાં ફાળો અપાય છે માટેજ તેઓને રાદી ગતીની કહે છે. માટે સુદરેહ હોકમ સરનોજ કરવો. આજે ફેશનના ચીબાવલાથી સુદરેહને કાપે કુપે છે તેથી તો જગતનાં કલ્યાણ થવાનાં સાધણોમાંનાં એક ગમે તેવાં નાનાં સાધ-ણમાં કાપકુપ થાય છે, અને જે સાહેબો જરથોશ્તી હોવા છતાં-પોતાની અઇપિમાં જરથુશ્ત્રનો આશીરવાદ નવજોતથી રાખવા છતાં સુદરેહ-કુસ્તી પહેરતા નથી તેઓ પોતાની વાત તો બાજુએ રહી, પણ જગતના કલ્યાણ અર્થના બળતા દીવામાં જગતના ટેકાવ માટેનું તેલ આ સુદરેહ-કુસ્તીના પહેરવાથી પુરવાનું છે તેવા મહાન કામનાં પુન્યમાંથી બાકાત જઇ જગતના કલ્યાણમાં પોતાનો હીસ્સો આપવાનો ઇનકાર કરે છે.

કુલ પાંચ વર્ણ છે. દરેક વર્ણની એકથી વધુ દીનો રહે છે જેઓ રૂવાનોને વર્ણોની પાહેડીએ ચઢાવીને મુળ બરજીસી વર્ણ તરફ લઈ જઇ રહે છે. પણ જયારે ઘણો જડ જમાનો આવે છે અને વર્ણની દીનોમાં ન્યુન્તા આવે છે અને રૂવાનો વર્ણોની પાહડીએ ચઢી શકતા નથી ત્યારે પાંચ વર્ણોના મોટા આબેદોમાંના કોઇબી એક વર્ણનો આબેદ સામા-ન્ય ભાઇચારો રાખીને ખોદાને માનવું જોઇએ એવા સીદ્ધાંતનું એવું એક ભાઇચારાનું brotherhood નું મંડળ આજની theosophy જેવી સંસ્થાને ઉભી કરે છે, જેમાં તે બધાં જડ લોકોને તે માંહેલા કાર્યવાહકો પોતાને ઉછીની મળેલી શક્તિથી ખેંચે છે, જયાં આગળ તેઓ જઇ ખોદા જેવું કંઇક છે એમ ભાન મેળવી રહે છે, કે જે પછી તેઓ પોતાની વર્ણ ઉપર ઢળતા રહે. એમ બઔધ ધર્મ અને મીથીક વરશીપ-ઇસાની-

ઝમ-માનીઇઝમ વગેરે માન્યતાઓ જરથોસ્તી દએનમાંથી થયલી જેઓ આગલા થઇ ગયલા જુના જમાનાના theosophical જેવાં મંડળો હતાં, જેઓ બરજીસી વર્ણના સાહેબોથી ઉભા થયલા હતા, જેઓએ પોતાનું કામ કીધુ હતું. બુધ વર્ણના આબેદોથી આજનું theosophical મંડળ છે, જે એક ત્યારે stepping stone પગથીઆં જેવું છે, જે મંડળ પોતાના જોતીઓને નાસ્તીકપણામાંથી પોતાના વર્ણના દારમાં મોકલવાની તૈયારી કરી આપનારૂં છે. એમ વર્ણના ભેદને કુદરત નેમીને ચલાવી રહે છે. જન્મ મરણના એક થ્વાષના ફેરામાં એક રૂવાન જડ તનમાં આવી મરીને પછીથી ભલી ખેરદ લઇ કુદરતના ચુકાદાને સમજીને બીજી વર્ણમાં આ ગેતીમાં કે ગેતીની ઉપરની જગામાં જઇ રહે છે. એમ થ્વાષ એટલે જન્મ મરણ કરાવતા ફેરાનો એક દોર હોય છે જેના ત્રણ મોટા ભાગો હોય છે, જેમાંનો પહેલો જીંદગીનો ભાગ રહે છે. પછીનો બીજો મરણ પછીનો પોતાની પઇરીદઝ અને ચીનવતનો ખેરદ બાંધવાનો ભાગ અને પછી કુદરતના ચુકાદાને સમજી ભવિષ્યમાં કઇ વર્ણ તેને મળશે તે સમજી તે વર્ણમાં ત્યાંજ દાખલ થવાનો ત્રીજો ભાગ રહે છે. આમ ત્યારે એક બરજીસી રૂવાન તો થ્વાષના ત્રીજા ભાગમાં પોતે પોતાની બરજીસી વર્ણ વીષે જાણી તે પ્રમાણેની ત્યાં ગુહય મીનોઇ નવજોતી પામી સરોશ યજદ તથા હોમ યજદના વસીલાથી ગુહય મીનો વસ્ત્ર અને કૅશનો સુદરેહ કુસ્તી પહેરીને પછીજ માનાં પેટમાં ઉતરે છે, અને તેની અઇપિની ઉપર તે વખતથીજ અષો જરથુસ્ત્રનો ઇલાકો રહે છે એટલે અષો જરથુસ્ત્રની વર્ણના વિચારો એતેકાદ રહે છે. એમ તે વખતથીજ તેની અઇપિની ઉપર એતેકાદની સીલ પડે છે. આમ ત્યારે દરેક બરતે-કુસ્તીઆનની વર્ણ નેમાયલી છે, તેની કુદરતમાં નવજોત થયલી છે, તેની અઇપિમાં જરથુસ્ત્રની સીલ છે એટલે તેનાં અંતકરણમાં જરથુસ્ત્રનો ઇલાકો-એતેકાદ છે. જરથુસ્ત્રની તરીકતોને દાખલ કરવાનું તે મકાન છે. એમ ત્યારે તે ઇનસાન જીંદગીમાં અષો સરોશ યજદ સાથે યજી થઇ રહે તેને ખાતર જરથોસ્તી દીન પાળવા અને સુદરેહ-કુસ્તી પહેરીને અષો જરથુસ્ત્રની તકેદારી હેઠળની કુળ વર્ણોને આગળ ચલાવવાનાં ફરશો-ફેરેતીનાં કામને માટે જન્મ અગાઉથીજ પેમાન આપે છે કે જે પ્રમાણે પછીથી ગેતીમાં દીની કારોબાર ચલાવી રહે છે. આમ દીનોની સંસ્થાઓ આજના જડવાદીઓ માને છે તેમ man made ઇનસાનોના ભેજાંની નથી-ના-તે તો કુદરતે કીધી છે. કુદરતે અષો જરથુસ્ત્રને મોકલીને ગેતીને reform નવી કીધી છે, જેને માટે મોટી તલેસમો-ફરેસ્તા વસેલી સંસ્થાઓ કીધી છે, જેમાંથી તે બધું ગેતીના કારોબારનું જરથુસ્ત્રના ખરા સુધારાનું કામ ચાલ્યું જાય છે. માટે સહવારે નવજોત કરી સુદરેહ-કુસ્તી પહેરાવવી કેટલું સવાબ છે,

એમ જરથોશ્તી તરીકતનો પાયો મુકવું કેટલું સવાબ છે, તેનો અંદાઝ વાંચનારજ કરશે. જરથોશ્તી તરીકતનો પાળનાર ગેતીના ભલા થવામાં કંઈબી પ્રકારનો ફાળો આપનાર છે. કાંતો તે પોતાના સુદરેહ ઉપરના ગીરદાના મિથ્ર ધ્યાનમાં રાખીને ગેતીના લોકોનો ભાર ખમે છે અને પરદુખભંજનના કામો કરીને ખરી "હુતોખ્શી" કરે છે; કાં તો તે પોતાની તરીકતોને જોરે, સુદરેહના ગરેબાનને જોરે, અઈપિને સુક્ષ્મ કરી ગેતીની ખેતી કરી ઉરવન માટે ખરી "વાસ્ત્રીયોશી" કરે છે; કાંતો તે પોતાની તરીકતોને જોરે અઈપિમાં ખોરેહ વસાવી બુરાઈને મારીને ભલું કરનાર "રથએશ્તાર" બને છે; કાંતો તે પોતાની તરીકતોને જોરે ખોરેહમંદ થઈ ગરોન્માનના આતશને મળી યઓજદા મેળવીને જગતના આતશને જલતો રાખીને જગતના આતશની પાસબાની કરનાર, જગતની જીંદગીને જોર આપી જગતનું કલ્યાણ ફરશો-કેરેતા ઉભી કરનાર, જગતમાં જામેલા અહીરીમનનું જોર ખતમ કરીને ગવની ગતીનું ચલણ કરનાર યઓજદાથ્રેગર 'આથ્રવન' 'રતુ' થાય છે એટલે અહુરમજદનો નાયબ પ્રધાન થાય છે. આમ જરથોશ્તી દીનની અદનામાં અદના તરીકતમાં કુલ જગતના દીવાને બળતો રાખી મુકવાનું જોમ છે. માટે તે તરીકતોનો બધો સામાન દીની રીત મુજબનોજ રાખવો તેમાં પુન્ય (સવાબ) છે અને જગતનું કલ્યાણ કરવામાં સામેલગીરી આપવાનું છે.

---

સરોશની ક્નૂમન તેની કુશ્તી : સરોશની
અનુપમ જગા ક્અેનમાં.

**સરોશની કુશ્તીના ભણતરની સપ્પર પહેલી જરૂરીઆતી સમજ:-**

**ઇનસાનમાં રહેલા અંતકરણ અને તેના ડંખ, અને ભાન અને રોશનફેલ કે ઉલટી રીતનાં ફેલ કરવાની અકકલ; આ બધાને સત્ય ઉપર ચલાવે તે ઇનસાન નીમ-યજત થઈને હેઠળી વસ્તીનો પીતા થઇ શકે છે. માનવનાં ભાન-અકકલ અને રોશનફેલથી ઉભા થતા સત્યસંગમાંથી સરોશનો ભેદ, તેનામાં ઉગે છે. સરોશનો ભેદ કંઇક દરજજે દરેક માનવમાં છેજ, જેને પન્જે-ઝરવીકરો-બાતેન કહે છે તે બધી વીગતો ઉપર.**

આ જગતમાં ઇનસાન એક મુળ પ્રાણી છે કે જેને બોલી-અંતકરણ અને ફેલ અપાયા છે. બોલી આપી છે તે જણાવે છે કે હજુર જોઈએ તેવા આશીરવાદીક વેણ, કુદરતના જેવી આશીરવાદીક ગોબી ઇનસાન

કાઢતો નથી. ના, ઉલટું કરે છે, કે જેથી ખુદ તે રૂવાન સાથના દ્રવાઓની ગતીમાંથીજ થયલી કાળી બાજુ જે કુદરત ઉપર ભારરૂપની ઉભી થઇને રહેલી છે તે વધુ ભારરૂપ થઇને કુદરતનું કામ લંબાવ્યા કરે છે. આવી કાળી બાજુને તે ઇનસાનનાં રૂવાનેજ પોતાના જડ તનની ગોબી મારફતે તે ગોબીને સત્યવાળી કરાવીને તે સત્ય મારફતે સફેદ બાજુની કરીને તે સફેદ બાજુમાં મેળવી દેવાની છે. એમ કુદરત ઉપરનો ભાર ઓછો કરીને કુદરતના મદદગાર થવાનું છે. માનવને અંતકરણ કે જેમાં ખરાં ખોટાંનો ડંખ ચાલે છે તેવું અંતકરણ આપ્યું છે. તે અંતકરણ બતાવે છે કે તેની લાગણીઓની ઉપર–તેના દ્રવાઓની ગતી ઉપર, કે જે દ્રવાઓને સુધારવાજ તેણે લાગણીવાળી જડ કાયાને ધારણ કીધી છે, તેવી તેની કાયામાંથી બહાર પડતી હવસી ગતીઓ એટલે અજ્ઞાનતાનાં ખેંચાણવાળી ગતીઓ ઉપર હજુર અંતકરણની સચ્ચાઇનો–અંતકરણમાં સત્યનો કાંટો મુકેલો છે તે કાંટાનાં પતમાનનો–તે કાંટાને મધ્યમાં રાખી શકવાનો કાળ આવ્યો નથી. રૂવાનની મુરાદ જે પોતા સાથે લાગુ પડેલા દ્રવાઓને પોતા જેવો અહૂ–પરસ્તીવાળો કરવાની છે તે મુરાદ ત્યારેજ ફળે, કે જ્યારે અંતકરણમાં મુકેલો કાંટો મધ્યમાં રહે–સત્યની ઉપરજ રહે અને હવસોના ઉછાળાઓથી ઉપર નીચે થઇને અંતકરણનો ડંખ ચલાવવાનું કારણ આપે નહિ. પણ જડ તન જે દ્રવાઓનું બદલાયલું સ્વરૂપ છે તેમાંથી હવસોના ઉછાળા થયા કરવે અંત-કરણનો કાંટો ઉપર નીચે થયા કરે છે જેથી ડંખ થયા કરે છે, તે બતાવે છે કે રૂવાનને તેની અસલ ધારણા મુજબનો કાળ તેની સાથના દ્રવાઓ ઉપર હજુર આવ્યો નથી. રૂવાનની આ અસલ ધારણા બતાવે છે કે તે રૂવાનમાં બીજી ઉલટી ધારણાબી કોઇ વખતે રહી હશે. રૂવાન તો દ્રવા-ઓને પોતામાં રાખવે અહુરમજદને માનતું હતું નહિ. પણ મીનો કરકોની ગતીએ ઝરેહ વોઉરૂકષના આતશ બહેરામમાં સરોશ યજતની બોય વખતે તે રૂવાનમાંથી તે દ્રવાઓને બહાર કાઢયો, જે પછી રૂવાનની રય નીરમળ થઇ છે. પણ રૂવાન પોતાની નીરમળ રય મુજબ તે બહાર પડેલા દુશમન તરીકે તેનામાં રહેલા દએવને પોતાના જેવી સદ ગતીએ પુગાડયા વગર પાછુ ઉપર ઘરે જવા માંગતું નથી. આમ અસલ ધારણા રૂવાને કીધી, જેને માટે પછી અહુરમજદે તે દએવને તે રૂવાનનાં શરીરરૂપ વણ્યો અને ઉત્તમ થયલી તેવી વણાતમાં એટલે કેહર્પનાં અંતકરણનાં દસમાં ચખ્રમાં પોતાની પાસે છે તેવો કાંટો હદ+ઇનસાફની ગતી બતાવતું ઘડીઆળ મુકયું, કે જેથી તે નહિ સુધરેલા દ્રવાઓના જડ તનના ભોગવટાઓનું સત્ય–અસત્ય તે અંતકરણમાંના કાંટાના હીલવાથી, તે ઘડીઆળમાંની બતાવવાની ગતી મુજબ

અંતકરણનો ડંખ યા ખુશાલીથી માલમ પડવે તે પ્રમાણેનું વર્ત્તન રાખી સુધારી—એટલે અસત્ય હોય તેને સત્ય ઉપર રાખવા શીખીને, એમ હવસોના જોલાનોને શાંત કરીને તે હવસોનાં મુળરૂપ તે જડ તનને પાવ કરીને દ્રવાઓને પાવ કરી પોતામાં ઉમેરે. **આમ રૂવાન આવા પરોપકાર અર્થે આજે જગતમાં જન્મ મરણ કરી રહે છે.** આ કામમાં મદદ આપવા કાજે તે રૂવાનના ધર્મના બાપો, તે રૂવાનના દએવીક ગતીનાં થયલાં તનનાં ભેજાંમાં ભાનની ગતી પન્જે—ઝરવીકશે—બાતેનની ગતી કરી આપે છે. આ ભાનની ગતી તેને પેલાં અંતકરણમાં થતા ડંખની વીગતથી માહીતગાર કરીને પોતાને સુધારવાની આવશ્યકતા ઉભી કરી આપે છે. અંતકરણનો ડંખ અને આ ભાન સાથની અકકલ તેને ફેલની ઉપર લઇ જાય છે, જે ફેલ કંઇ અને કંઇ રીતનો ભલાઇનો થયા વગર રહેતોજ નથી, કે જેથી ઇનસાન ૨૪) કલાકમાં કંઇ અને કંઇબી નેકી કર્યાજ કરે છે, જેથીજ તેની મુકિત થશેજ. ત્યારે ફેલ મુખત્યારી બતાવે છે કે તેનાં માથાં ઉપર એક મોટી જવાબદારી લટકેલી છે. ઇનસાનનું રૂહ પોતે પોતાના ધર્મના બાપો રાખે છે. ઇનસાનનું રૂહ ૧/૧૦ ભાગ છે, જેનો ભેદ ૯/૧૦ ભાગ જે તેનો ધર્મનો બાપ છે, તે પોતે અરદાફ્રવષની ગતીએ પુગ્યો છે અને ખરા ભાઇચારાના નીયમ પ્રમાણે પોતાનાં ફરઝંદને પોતા જેવી ગતી કરાવી અપાવવા માંગે છે. પોતાનું તે રૂવાનીક ફરઝંદ તો પોતાની નજદીક આવે તેવું છે પણ તેની સાથના દ્રવાઓની ગતી તેવી નથી. આવા દ્રવાઓનો ૩/૪ ભાગ તેની નજદીક આવે તેવો થઇ રહેલો છે, જેને કેહર્પ—તેવીષી—ઉશ્તાન આપ કહે છે. આવો શુદ્ધ થયલો ભાગ બીજા છેલ્લા જડ બાકી દેખીતા ભાગને જીવડાવી ભોગવટો કરાવીને પોતા જેવો કરી રહે છે. આવાં કેહર્પ—ઉશ્તાન—તેવીષીને તેઓનાં કામમાં મદદ આપવા તે બધા ધર્મના બાપો તે કેહર્પના અમુક ભાગની ઉપર પોતાની શુભ વાસ્ના મોકલે છે, જેમાંથી ભાન સાથની અકકલ પેદા પડીને તે જડ તનને ભાસ્યા કરે છે. આને લીધે ઉપર જણાવ્યું છે તેમ તે જડ તનના માનવને એટલે તેનાં મનને તેનાં અંતકરણના અવાજ મુજબ જરાબી ભલાઇ આખા દીવસમાં કરવાનું ભાન—હોશ—શકિત થયા કરે છે. ધર્મના રૂવાનીક બાપોએ મોકલેલી ઉપર કહેલી શુભ વાસ્નાવાળી સત્યસંગના ખુબીવંતા સંબંધને લીધે તે ઇનસાનનાં જડ તનનાં અધીકારી મનમાં પાંચના અએદાદનો ભેદભરમ એટલે અહુરમજદની મરજી બજા લાવવાની હોશ જે ઝરેહ વોઉરૂ—કષમાં પુર્ણ રીતની થઇને રહેલી છે તેવી હોશ થઇ રહે છે અને તે પ્રમાણે કંઇક વર્ત્તનબી કરીને શુભ નતીજો એકઠો

કરી રહે છે. ઝરેહ વોહુ૩–કષમાં સરોશ યજતનો ઇલાકો છે માટે તે ઝરેહની હોશ પુર્ણ છે. આવી પાંચના અએદાદની શકિતવાળી એટલે સરોશ યજતની વાસ્નાવાળી હોશ જેને ઝરેહ વોહુ૩–કષની હોશ કહે છે તે હોશને ઉભી કરવા જોઇતી શુભ વાસ્ના, સત્યસંગ તે માનવના બાપ-રૂપ રૂવાનો તે માનવનાં કેહર્પ ઉપર મોકલી રહે છે, જેમાંથી ઉપર કહેલું ભાન અને ભાન સાથનું વર્ત્તન જન્મીને નેકીનો અંબાર થયાજ કરે છે. આવી મોકલેલી સત્યસંગની શુભ અસર અને તેમાંથી થતાં ભાન અને તે ભાનથી થયલી નેકીના ભંડારને–નેકીની મીલકતને પંજે–ઝરવીકશે–બાતેન કહે છે. પણ આ ઇનસાનના ૧/૧૦ રૂવાનમાંથી બીજાં રૂહો ૧/૧૦ ને હીસાબે નીકળીને હેવાન–ઝાડપાન–ખનીજ થઇ છે, જે બધી હેઠલી વસ્તીનો ધર્મનો બાપ તે આ ઇનસાન છે. આ બધી વસ્તીઓમાં મંદ અકકલ છે, જેથી ત્યાં હવસોનું જોર ખુબ જોશથી ચાલે છે. આ બધા હવસોથી ડોળાઇ જતી રૂવાનોની ગતીઓની સાથે ઇનસાનને સંબંધ હોવે ઇનસાન-માંબી તેવા હવસોમાં આવવાનું જોમ છે, જે પાંચ ઇંદ્રીઓથી જાહેર થાય છે, જેને લાગણીઓ પન્જે–ઝરવીકશે–જાહેર કહે છે. આવી લાગણીની ઉપર પેલાં ભાન સાથના બાતેન ઝરવીકશે સરોશની મદદથી ઇલાકો મેળ-વવાનો છે. લાગણીઓ ઉપરના આવા ઇલાકાથી તે હેઠળી વસ્તીના હવસો ઉપર દાબ આવે છે, અને તેઓની ઉપર માનવની પન્જે–ઝરવીકશે–બાતે-નની અસર થવે તે હેઠળી વસ્તીમાં એજાબ તુટી તેઓ રયોમંદ થઇ રહે છે, કે જે પછીથીજ તે અંશો તે ઇનસાનના રૂવાનમાં મળી જવે તે રૂવાન આગળ વધી શકે છે. આમ ત્યારે ઇનસાનને સરોશ વગર ચાલે એમ નથી.

ત્યારે ઇનસાન ૨૪) કલાકમાં કંઇક પોતાની જવાબદારીનો પાઠ ગોખે છેજ અને કંઇક ભલો ફેલ કરીને આશીર્વાદી વેણુ કાઢે છેજ. આમ ઇનસાન કરે છે તેથી તેનામાં એક જાતની ખેરદ ઉભી થાય છે, જે તે સાહેબ તરફ તેને દોરવે છે. આ ખેરદમાં ભાન છે એટલે તે સાહેબની પુર્ણ ગતીની માહેતી છે. આવા ભાન સાથની માહેતીને ઇનસાનની 'પંજે–ઝરવીકશે–બાતેન' કહે છે એટલે ઇનસાનમાંનો અદ્રશ્ય રીતે કામ કરતો દરીયા-રૂપ જોશ જે પાંચના અએદાદ માફક કામ કરી રહે છે, જે યજતની માફક કામ કરી રહે છે એમ કહે છે. આવા પંજે–ઝરવીકશથી ઇનસાનમાં સ્રઓર્ષમ નામની ગતી, અહુરમજદની ઉપર પુર્ણ શ્રદ્ધા રાખવાની શકિત ઉભી થાય છે, જે એક દીવસે તેને તારવશેજ. આવી સ્રઓર્ષમની ગતીને લીધે તો તેનામાં ઇનસાનીઅત છે અને તેને લીધે તેની ઉપર સરોશ યજતની તકેદારી છે. ત્યારે જો ઇનસાન રોશન ફેલ કરીને સત્ય બોલીને આગળ ચાલે તો

તેની સ્ત્રઓર્ષમ ઘણી વધી જાય અને તેને સરેશ યજત સીખ્યા મળે. એમ ત્યારે એક બસ્તે-કુશ્તીઆન જો ભલો ફેલ વાપરી પોતાની ભુલોનો પસ્તાવો કરે, તરીકત-મહેર પાળે, તો તેને સરોશની મદદ મળશેજ. જરથોસ્તી તરીકતોની એ ખુબી છે કે તેથી તેને સરોશની ગતી મળતીજ રહયા કરે છે. ત્યારે એક જરથોસ્તીને સરોશના અમલદાર થવાનું છે એટલે સરોશને પોતામાં વસાવવાનાજ છે, કે જેથી રૂવાનની અસલ ધારણા જે ઉપર કહી છે તે થઇ રહે. જરથોસ્તીપણું તે કહેવાય કે જેમાં સરોશનો ઇલાકો હોય એટલે તે ઇનસાનની ઇનસાનીઅતનો પુર્ણ ગતીનો ચકરાવો હોય, પુર્ણ ગતીની બહાર હોય. ઇનસાનીઅતમાં નીમ-યજતી શકિત છે જેમાં અહૂ પ્રત્યેની પુર્ણ તાબેદારી છે. અહૂ પ્રત્યેની તાબેદારીને **સરોશ** કહે છે. આ તાબેદારીથી દએવને સુધારવાનો છે એટલે કથીરને સુન્નુ કરવાનું છે.

## યજતો કોણ છે? તેઓનું કામ શું છે? કાંય બસ્તે-કુશ્તીઆન સરોશ અને અરદાફ્રવષની પનાહમાં જવું જોઇએ? સરોશ અને અરદાફ્રવષની સમજ.

અહુરમજદે મીનોઇ અને હસ્તીની સૃષ્ટી ઉભી કીધી ત્યારે તે સૃષ્ટીમાં રહેવા લાયકનાં રૂવાનોમાંથી દએવીક ગતીનો ભુલાવો જવા લાગ્યો અને તે રૂવાનો પછી અહુરમજદને ઓળખીને તેમાં સંબંધ જોડવા લાગ્યાં એટલે તે દાદાર ઉપર ખરી ફેદાગીરી ઉતયૂછતી બતાવીને તેના હોકમસર કામ કરવા લાગ્યાં એટલે ઝર્દાઇતી કરવા લાગ્યાં; પોતાને તે દાદારની ઉપર નીસાર કરવા લાગ્યાં. આથી તે રૂવાનોમાં દાદારે પોતાની ગતી મોકલી જેને **યઓન** કહે છે, જેથી તે રૂવાનોમાં દાદારને મળવાની શકિતના 'મિથ્ર' ઉભા થયા, અને તેવી 'યઓન'ની ગતીમાં પછી ખરો બંદોબસ્ત **'રશ્નુ'** ઉભો થવે તેમાં પુર્ણ અષ જામી, જેના નતીજાએ તેઓમાં **'આરમઇતી'**નો ગુણ ખરી તાબેદારીનો ગુણ થયો, જેથી તે બધાં રૂવાનો દાદારમાં રહીને દાદારના રતુઓ કહેવડાવવા લાગ્યાં, જેઓ દાદારની નોકરી કરવા બહાર પડયાં. તેઓની તે દાદારની નોકરી કરવાની શકિતને **સ્ત્રઓર્ષમ** કહે છે અને તેવાં યજતી રૂવાનને **સરોશ** કહે છે. પછી બીજાં રૂવાનો કે જેઓ આ રૂવાન માફક પાર નહિ પડવા લાગ્યાં તેઓ માટે પછી ઉપર કહેલાં રૂવાનો-સરોશની ગતીવાલાઓએ અહૂના હોકમ અહુનવઇર્ય પ્રમાણે તે અહુનવઇર્યના નાદ મુજબ નીરતી ઉભી કીધી. આ યજતો **થ્વોરૅશ્તાર** તરીકે એટલે તેઓની બુરાઇને ઘડનાર તરીકે અને **પાયૂ** તરીકે એટલે તેઓનો આખર બચાવ કરનાર તરીકે રહીને સરોશના પાઠથી એટલે તેઓનું તારણ

કરવાના પાઠથી તેઓની રેહબરી કરી રહ્યા છે, **અને ઉપર કહ્યું છે તેમ ઇનસાનીઅત** મુકીને ધીમે ધીમે રોશન ફેલ કરાવી ભાન કરાવીને સ્રઓ-ષૅમની ગતી ઉભી કરાવી રહ્યા છે. યજતો એટલે મુકિત પામેલા અખંડ રૂવાનો યઓનની ગતી રાખવે દાદારને પુગેલા છે અને દાદારના હોકમ અહુનવઇર્યને પોતામાં રાખે છે અને પોતામાંથી તે વઇર્ય હોકમ પ્રમાણેની અહુનવરની ગતીને કાઢીને જગતને રચી રહે છે. તેઓ જગતને ઘડી ઘડીને દરોરતી કરી રહયા છે. ઘડનાર તરીકે તેઓને **થ્વોરૅશ્તાર** કહે છે; અને આખરે ઘડાઇને જે **મુરાદે પુગી રહયું** તેના રક્ષક તરીકે તેઓને **પાયૂ** કહે છે. એમ યજતો જયારે નીસ્તીનાં રૂવાનોનાં તનોમંદ કાયામાં બીજા અનેક ગુણો ખીલવી રહે છે માટે તે યજતોને તેવી ખીલવણીની શકિત દરશાવ-નારાં અન્ય નામોથી અપાય છે અને છેલ્લે યજતોને દાદાર તરફની રાહબરી આપનાર તરીકે **સરોશ** કહયા છે. યજતો ત્યારે તે અનેક રૂવાનો છે જેઓ દાદારમાં મળે છે. તેઓ ઘણા છતાંબી એકજ નાદવાળા એટલે યજત કહેવાય છે જેઓમાં ઘણાપણાનો વીચાર છે એટલે ઘણા રંગની સૃષ્ટી ઉભી કરવાનો અધીકાર છે, જેનો ગોળ (છેડો) એકજ છે એટલે દાદારમાં મળવાનો છે, એમ પરિણામ બતાવે છે. ત્યારે યજતી ગતીના કેહર્પો નીસ્તીમાં જે જે કામ કરે ત્યારે એકમેકને મળીનેજ કરે પણ કામ કરવાની ગતીનાં માપ પ્રમાણે તેઓને ખાસ નામો આપેલાં છે. **ત્યારે યજતો રજેરજને જયારે અહુર-મજદ તરફ દોરવે છે ત્યારે તેઓને સરોશ કહે છે. જરથોશ્તી તરીકત એવી છે કે તેના પાળવામાંજ સરોશની ગતી ઉભી થાય છે, જે તરફ સરોશ ખેંચાય છે એટલે જે તરફ યજતો થ્વોરૅશ્તા-રીની માફક કામ કરવા નહિ એટલે ખામીને તોડવા માટે નહિ પણ સ્રઓષૅમને માટે ભલી દોરવણીને માટે એટલે સરોશ તરીકે આવે છે.** ઇનસાનોનાં રૂવાનોનો ૯/૧૦ ભાગ જે તેઓનો ધર્મનો બાપ છે જેથી ઇનસાનને ભાનની ગતી મળે છે, તે ૯/૧૦ ભાગ યજતી ગતીએ પુગતો જાય છે, જેઓ ખરી તાબેદારી, ફ્રવષીની ગતી લેતા જાય છે માટે તેઓને **અરદાફ્રવષ** કહે **છે એટલે અર્દ=નીસ્તી એટલે ખાકી યોનીમાંથી ફ્રવષીની ગતી પામેલા કહે છે.** આપણુ જયારે તરીકત પાળીએ છીએ ત્યારે તરીકત પાળવાનું ભાન આ અરદાફ્રવષ આપે છે. **જો અરદા-ફ્રવષની ગતી તે પાળનારમાં દાખલ થઇ તો પછી તેની પુઠે સરોશ આવશેજ.** ત્યારે બસ્તે-કુસ્તીઆનોને આવો સંબંધ કરવાનો છે. આપ-ણુને તો જીવતી જીંદગીમાં ખરી હમખેશી-બા-એખલાક રાખી તરીકતો પાળી રૂવાનની ધારણાને ફ્રળીભુદ કરતા જઇને અરદાફ્રવષનાં સફેદ મંડળમાં

જોડાઈને સરોશની પનાહ પામવાનું છે કે મરણ પછીથી અરદાફ્રવષની તુફેલ અને સરોશની પનાહ મળે.

## અરદાફ્રવષમાં જોડાવું તે શું?

અરદાફ્રવષનાં મંડળનાં અનેક કામોમાં ઇનસાન સમાજને દોરવવાનું કામ એક છે. બસ્તે–કુસ્તીઆનને મદદ કરવાની ફરજ તેની ઉપર છે. બસ્તે–કુસ્તીઆન એટલે અહુનવરના નાદનો મુદ્રાલેખ અહુ–પરસ્તીનો કમરબંદ રાખીને કામ કરનાર એટલે અરદાફ્રવષનું કામ કરનાર. અરદાફ્રવષનું તે કામ શું છે? ઉપર કહયું છે તેમ **રૂવાન દ્રવાઓને પોતાની જાતનો કરવા માંગે છે.** દ્રવાઓની ગતી ઘણી જબુન છે પણ જયારે તે દ્રવાઓમાં રૂવાનોની અંદરની ઉત્તમ ગતી નામે 'ગવ' એક જાતના પરોપકારની ગતી ઉમેરાઇ ત્યારે તે દ્રવાઓની હાલત જરા ઉંચ થઇ જેને **અર્દ** કહે છે. **અર્દને સાધારણ ખાક તરીકે લેવી નહિ.** ખાકમાં તો આતશ–બાદ–આબ–ખાક બધુંજ આવે. દ્રવાઓની જાત જયારે અર્દની થઇ ત્યારેજ દ્રવાઓને સપ્પર પહેલું ભાન થયું કે તે ખુદ પોતે અને તે દાદારની વચમાં નહિ કલ્પી શકાય તેવો ફરક છે. આવી અર્દની ગતીએ પુગેલા દ્રવાઓમાં ત્યારે ખેંચાણ ઉભું થયું. આ ખેંચાણ જો કે સ્થુલ હતું પણ તેમાં ઇશ્કનો ખ્યાલ એટલે દાદારમાં મર્જ થવાનો ખ્યાલ ઘણો અંદર ખાનેથી રહયો છે. આવી અર્દની હાલતમાંથી આતશી લતીફ કેહર્પની હાલત થઇ, પછી બાદની લતીફ તેવીષીની હાલત થઇ, પછી આબની લતીફ ઉશ્તાન આપની હાલત થઇ, જે બધાંઓમાં પુર્ણ ખ્યાલ આવ્યો કે છેલ્લી ફ્રવષીની ગતીએ પુગવાનું છે, માટે તે હાલતે પુગવું જોઇએ. આ કેહર્પ–તેવીષી–ઉશ્તાન આપ તેવી ઉંચ હાલતના ઇશ્કમાં પડયા. આ હાલતે પુગવાને માટે દુખ ખમવાબી તેઓ તૈયાર થયા. છેલ્લો રહેલો દ્રવાઓ સુધરે નહિ ત્યાં લગી તેઓ છુટે નહિ એમ ભાન થયું. તેઓ ત્યારે છેલ્લો ખાકનો ભાગ જે હતો તેનો ભાર ખમીને તેને પછી પોતા જેવું કરવા આજે તેઓ શરીરમાં કામ કરી રહયાં છે. આમ દરેકે દરેક ઇનસાનમાંના **કેહર્પ–તેવીષી–ઉશ્તાન આપ** કે જેઓ ઉપર કહેલી ખાક અર્દનો ૩/૪ સુધરેલો ભાગ છે, **તે પોતાની અર્દની જાતને ફ્રવષીએ લઇ જવા કામ કરી રહયા છે.** આમ ઇનસાનમાં નાદ છે તો ખાકી તનની જબુન ગતીનો ભાર ખેંચાઇ શકાય છે. 'મન' 'હું પોતે' એમ જે કોઇ છે તે તો **પેલી છેલ્લી ખાકનો** અવાજ છે. પણ તે 'હું'ને જીવતો રાખનાર પેલા કેહર્પ–ઉશ્તાન–તેવીષીની મહેર છે. 'હું' હજારો પાપો કરે છે જેનો ભાર પેલો જીવ જે ઉપર કહેલી મહેરમાંથી નીકળી રહે છે તે ઉંચકી રહે છે. આમ ઇનસાનમાં જે

**ઈનસાનીઅત** છે તે ઇનસાનીઅત ઇનસાનમાં રહેલાં કેહુર્પ–તેવીષી–ઉશ્તાન આપની ઉપર કહેલી ઇશ્કની મહેરની ભુખમાંથી છે. પણ **ઇનસાનનો ધર્મનો બાપ જે ઉપર છે તેમાંની 'અર્દ' તો બધીજ કેહુર્પમાં મળીને નુરી થઇ, જે પોતાની ઇશ્કની મુરાદે ફ્રવષીની મુરાદે પુગી છે એટલે તે અર્દ હવે ફ્રવષીએ પુગી છે, જેને અરદાફ્રવષ કહે છે. અરદાફ્રવષે પુગવાની આવી ગતી તે ઇનસાનમાં ચાલે છે તેને ઇનસાનીઅત કહે છે.** ત્યારે એક બસ્તે–કુસ્તીઆન જ્યારે તરીકત ઉપર ચાલે છે ત્યારે તેનામાં ઉપર કહ્યું છે તેમ અરદાફ્રવષની ગતીનું જોડાણ થાય છે એટલે જેમ તેઓ એટલે તેનાં ધર્મનાં બાપરૂપ રૂવાનો પોતે ફ્રવષીએ પુગ્યાં છે તેમ તે તરીકતના પાળનારમાં અરદાફ્રવષે પુગવાનો જોશ થાય છે, જેથી તેની ઇનસાનીઅત પુખ્ત થાય છે. દ્રવાઓની પાંચ વર્ણ છે અને તે વર્ણ પ્રમાણેની ખાકને કુદરત દોરવી રહે છે. ત્યારે દરેક વર્ણનાં તનની જાત પ્રમાણે દીનો અને તરીકતો છે. આવી દીનોની તરીકતોને તે તે વર્ણમાં જારી કરાવવાની જુમેદારી ત્યારે બસ્તે–કુસ્તીઆનોની ઇનસાનીઅતમાં રહી છે. તરીકત ઉપર ચાલનાર બસ્તે–કુસ્તીઆન ત્યારે અરદાફ્રવષ જે ગેતીની વર્ણોને ચલાવવા જે કામ કરે છે તેમાં શરીક થાય છે. દરેક દીનના પુજારીઓને તે દીનનાં પતમાન ઉપર જવાની મદદ કરવી તે બસ્તે–કુસ્તીઆનોનો ધર્મ છે, જે ' અરદાફ્રવષ ' પ્રત્યેની તેની જોખમદારી છે. દીન અને દીન વચ્ચે જે ફરક અહુરમજદે રાખ્યો છે તેમાં વર્ણનો ભેદ છે. **આવા ભેદને 'રાદ' રીતે ચલાવવા દેવામાં અરદાફ્રવષની ખુશાલી છે.** જ્યારે દીનોની ગતી ઉતરી પડે છે, લોકો જડ થાય છે–ઇઝતને અહુરમજદને માનતા નથી, ત્યારે જીવતી હાલતમાં અરદાફ્રવષની ગતીએ પુગેલા–સફેદ મંડળના સભાસદ થયલા મોટા આબેદો દુન્યામાં એક ભાઇચારાનું મંડળ ઉભું કરી તેમાં તે જડ લોકોને ખોદા છે એમ માનતા કરાવીને પછી પોતાની વર્ણ તરફ તેઓને દોરવે છે. આવાં ભાઇચારાનાં અનેક મંડળો થયલાં છે, જેઓ મીથ્રીક વરશીપ–ઇસાનીઝમ–બુધઇઝમ તરીકે ઓળખાયા છે અને જેમાંની એક આજે થીઓસોફી તરીકે ચાલે છે. નાસ્તીક ગતીમાંથી છુટીને ખોદાશનાસી થવાની ગતીમાં આવેલા એક શખ્સમાં વર્ણ વર્ણનો ભેદ ઉભો કરવો એ પાઠ આવાં ઉપર કહેલાં મંડળનો છેલ્લો ઉંચો ગોલ છે અને પહેલું પગથીઉં તો નાસ્તીકપણાને દુર કરીને તે સાહેબને માનવાનું અને મનુષ્ય તરફ માન રાખીને વર્તવાનું છે. ત્યારે બસ્તે–કુસ્તીઆનોએ એટલે અરદાફ્રવષનાં મંડળના સભાસદો થવાના ઉમેદવારોએ કુદરતની માફક અહુનવરની મુનાદી

રાખી એટલે કુસ્તી રાખીને પોતાની તરીકતને જોરે વર્ણ વર્ણના ભેદને ઉંચી રીતે કામ કરતો ટેકવીને પોતે તેમ કુલ સમાજને આગળ ચલાવવાનું છે, જેમાં તે બસ્તે–કુશ્તીઆન પોતે નાના સરોશ તરીકે કામ કરી રહે છે, માટેજ તેને સરોશની ગતીની જરૂર પડે છે.

તે મોટા બીહમાલ સાહેબ અહૂએ પોતાની અંદરથી **'રય'**ને બહાર કાઢી તે **રય**માંથી તે રયનો પરવત (ચલકાટ) નામે **રઓક્ષન**ને ઉગાડીને આખી થવાની સૃષ્ટીનો ફેરાવો કે જેને **ખાઓ અક્રજયમ્ન** કહે છે તેમાં પાંથરી દઇને તે રયના દોરને પોતાનો વર નામે **અહુનવર** કહયો અને તે માંહે પડતી રઓક્ષનના દોરને તે અહુનવરના ચલકાટનો અંતર વર નામે **અનગ્ર રઓચ** કહયો. આમ રય અને રઓક્ષનને તે અહૂએ કાઢયા તે પહેલાં તે અહૂએ પોતાના આતશ મારફતે ઉપર કહેલા **ખાઓ અક્રજયમ્ન**ને દોરીને તે ખાઓમાં **બગ અહૂનવઇર્ય** અને **પઓઉર્વ ક્રવષિ**ને કાઢીને તે બેઉ બગાનો મારફતે સ્તઓત યસ્નને કાઢીને તે સ્તઓત યસ્નને પકવીને તેમાંથી રૂવાન બઓદની જુઝ કાઢી હતી. આવી થયલી ખાઓ અક્રજયમન ઉપર પછી રય–રઓક્ષનને પાંથરીને તે ખાઓમાં બે વરો ઉભા કીધા હતા. આ બે વરોની રોશની (રય–રઓક્ષન) તે ખાઓ-માંના બગાનો અને સ્તઓત યસ્નમાં સમાઇ ગઇ પણ તે બે જુઝોમાં સમાઇ નહિ. પછી જયારે તે રય–રઓક્ષન તે રૂવાન બઓદમાં સમાતી ગઇ, ત્યારે તે રૂવાન બઓદ જુઝને ભુલી જઇને જુફ્તીમાં મળ્યા. **આવાં મળેલાં રૂવાન બઓદ પછી અહૂના તે બે વરોમાં મળી જઇને પોતે તે બે વરોમાં નેહ વરો** ઉભા કીધા અને જે રૂવાન બઓદ તે **નેહ-વરો**માં જામ્યાં નહિ તેઓ જુઝનાજ રહીને તે **નેહ વરો**માંથી બહાર પડયાં, ત્યારે રય–રઓક્ષનને લઇને જે રૂવાન–બઓદ રંગાઇ ગયા તેઓ તે રય–રઓક્ષનનો ચેરાધ અહૂનવઇર્ય છે તેથી આગાહ થઇને અહૂને મળ્યા–તેના વરમાં ભળ્યા, તેનાં ક્યાવરૂપ થયા. આ રય અને રઓક્ષમાંથી હસ્તી–નીસ્તીના જગતો અને તેઓ માંહેલી વસ્તીઓ આવી રીતે થઇ છે. ઉપર કહયું છે તેમ ખાઓ અક્રજયમ્નમાંના સ્તઓત યસ્નથી રૂવાન બઓ-દની જુઝની જોડ થયલી હતી. ખાઓ અક્રજયમ્નમાં જયારે રય–રઓક્ષન પડવા લાગી ત્યારે તે રય–રઓક્ષન પેલા રૂવાન બઓદની જુઝની જોડ ઉપરથી પડવા લાગી, પણ તે જુઝનો બધોજ ભાગ તે રોશનીથી રંગાયો નહિ પણ તે જોડનો જે મુળ ભાગ ફેરાવો તે રય–રઓક્ષનથી રંગાવા લાગ્યો તે મુળ ભાગ પછી રય અને રઓક્ષનના મુળ ચેરાધ અહુનવઇર્યને પામવા લાગ્યો અને તે પ્રમાણેની ગતી એટલે પોતામાંથી રય અને રોક્ષન કાઢીને

એટલે અહુનવરનો નાદ કાઢી પોતાના ફેરાવાની અંદરની જોડનો જે ભાગ તે રય અને રઓક્ષ લઇ શકતા નથી તેને તે ગતી અપાવવા એટલે અહુનવરની ગતી અપાવવા બહાર પડયો. પોતાની અંદરના તેવા ભાગની ઉપર પોતે તે રય-રઓક્ષન પાડીને રંગ્યો અને તેમાંનો જે નહિ રંગાયો તેને ફરીથી બહાર કાઢીને પેલા રંગાયલા બીજા કે જેમાં રય-રઓક્ષન આવેલી તેઓની રય-રઓક્ષન મારફતે રંગ્યો. એમ ત્રણ મરતબે રય-રઓક્ષન પાડીને રૂવાન બઓદને રંગીને યજતોને=૩૩ અહુ-રતુને ઉભા કીધા, જેઓ તે બે વરમાં મળીને તે બે વરમાં નેહ વરો ઉભા કીધા. છેલ્લો અંતર ભાગ જયારે રય-રઓક્ષનથી નહિજ રંગાયો ત્યારે તેને રંગવા માટે હસ્તી-નીસ્તીનું જગત તેઓએ રચવા માંડયું. જેઓ રંગાયા તેઓને ૩૩ અહુ-૩૩ રતુ કહે છે. જેઓ નહિ રંગાયા તેને દએવ વીદાતુ સાથનાં રૂવાનો કહે છે. યજતો એક થઇને સૃષ્ટીને ઉભી કરે છે એમ દાદારની નોકરી બજાવે છે ત્યારે તેઓને સરોશ કહે છે. યજતોએ એમ દાદારની નોકરી શરૂ કીધી તે પહેલાં મીનોઇ મીજલસ કરીને તેમાં હવરેતાતના અમર દારૂની નોશ કરીને નવ ઘેનાનો જલવો કાઢયો અને અમરેતાતની અમર ગતીના ઉરવરને ઉગાડીને સૃષ્ટીના કુલ ફેરાવા ઉપર તેનો છાંયડો પાડયો, જે પેલા બહાર પડેલા દએવ વીદાતુ ઉપરબી પડયો, જેથી તે દએવ તેઓની મીજલસની તલબ કરવા લાગ્યો અને રય-રઓક્ષનને મેળવવાની ખાહેશ કીધી. દાદારે તો દએવ સાથના રૂવાનના ઉંચ ભાગમાં પોતાની ગીરોથી તે રય-રઓક્ષનને મુકીને તે રૂવાનને સ્તરરૂપના કીધા. તે દએવના અગણીત અનેક ભાવ મુજબ તે રૂવાનના અગણીત અનેક ભાગો થયા, જેના અગણીત અનેક સ્તરો થયા; દરેક સ્તરમાંના ઉતરતા ભાગનાં રૂવાન સાથે દએવ વીદાતુ રહયો. યજતોએ પછી આ ઉતરતા ભાગોનાં રૂવાનો માટે હસ્તી-નીસ્તી શરૂ કીધી. ત્યારે હસ્તી-નીસ્તી આ ઉતરતા ભાગોનાં રૂવાનો માટે થઇ કે જેનો ઉંચ ભાગ સ્તરરૂપ છે. **આમ સૃષ્ટી જે થઇ તે તે સ્તરરૂપના ઉતરતા ભાગ માટે થઇ, જે ત્યારે તે સ્તરોમાં જઇને નેહ વરમાં જશે.** આવી રીતે યજતોએ સરોશનો ભેદ રાખી એટલે દાદાર તરફ પુર્ણ તાબેદારી રાખીને જગતને રચવાનો પાઠ શરૂ કીધો છે. યજતો આમ તે દાદારની નોકરી કરવા લાગ્યા એટલે સરોશની ગતી થઇ. જેમ જેમ તે મુકિતના યજતી રૂવાનો રય અને રઓક્ષથી જગતને બનાવતા ગયા તેમ તેમ તેઓ જગતને છેલ્લી નેમેબી લઇ જતા રહયા એટલે જગતને રચવાનું અને તારવાનું બેઉ કામ સાથે થવા લાગ્યું એટલે રજેરજને તેઓએ રચીને પછીજ તેને જરાક આગળ લઇ જાય છે એટલે તે રજ પછીથીજ તારણ પામી રહે છે એમ થયું એટલે રચેલી ચીજની ઉપર સરોશની

તકેદારી છેજ એમ થયું. માનવના રૂવાનો જયારે બરજીસી વર્ણ ઉપર ચઢે છે ત્યારે તેઓની ઉપર સરોશની ગતી વધુ ઉતરેલી હોવે, તેઓનું વૃદ્ધીનું કામ **સરોશની આખી પુર્ણ હમખેશી વગર થઇ શકતું નથી** એટલે અરદાફ્રવષમાં જે રૂવાનો છે તેઓના જેવા થવાથી .અથવા તેઓનો મેળાપ પામ્યા વગર થતું નથી. બરજીસી વર્ણ જે છેલ્લી નેમ છે, તેને માટે મુકિતની છેલ્લી નેમ જે સરોશની છે તે **સરોશ** એકલો છે, જે તેનો પાઠ પુરો કરાવશે. ત્યારે સરોશનો ભેદ એક યજત તરીકેનો ઉભો થઇને બસ્તે–કુશ્તીઆન સાથે રહીને તેને મુકિતએ લઇ જવા માગે છે. જયારે એક બસ્તે–કુસ્તીઆન સરોશની આખી પુર્ણ હમખેશી મેળવશે ત્યારે તેનો સરોશ સાથનો અમલ પુર્ણ રીતનો એટલે સરોશના દસેદસ પ્રકાર સાથનો થઇ રહેશે. એમ છે માટે જરથોસ્તી દએનમાં સરોશનો અમલ મુળ તરીકે દેખાડેલો છે. છુટા છુટા યજતોનો અમલબી સરોશનોજ કહેવાય કેમકે દરેક યજતમાં સ્રઓષેમની ગતી છે. આ છુટા છુટા યજતોનો અમલ સરોશના દસ પ્રકારનો નહિ કહેવાય, પણ ખાસ સરોશનો અમલ એવો છે કે જેને સરોશના દસ પ્રકારનો અમલ કહે છે. આવો ખાસ અમલ બર વકતના આલાત વગર થઇ શકે નહિ. જે જમાનામાં બરવકતનો આલાત નહિ હોય તે જમાનામાં સરોશનો પુર્ણ અમલ કે જેમાં સરોશની પુર્ણ હમખેશી રહે છે તે આવી શકેજ નહિ. જે જમાનામાં સરોશનો પુર્ણ હમખેશીનો બર વકતના આલાત સાથનો અમલ હોય તે જમાનામાં કુશ્તીથી માંડીને બધુંજ સરોશના પુર્ણ દસ પ્રકારના અમલનું હોય માટે કુશ્તીબી સરોશની ક્ષ્નૂમનની હોય છે. પણ જે જમાનામાં બર વકતનો આલાત નહિ હોય તે જમાનામાં સરોશની કુશ્તી કજા હોય છે. તે વખતે સાધારણ કેમ ના મજદાની કુશ્તી ચાલુ હોય છે. પણ જરથોસ્તી દએન જો સરોશના આખા નહિ તોપણ સરોશના ઉતરતા પ્રકાર વગરની હોયજ નહિ. માટે કેમ ના મજદાની કુસ્તી પછીબી સરોશ બાજ અને ગાહ લીધા વગર તે ઉતરતી ગતીનો સરોશનો અમલબી આવી શકે નહિ. ત્યારે સરોશની ક્ષ્નૂમનની કુશ્તી બર વખતની ગણત્રીની સાથે કમમાં કમ શરૂ થઇ શકે. હુશમુરદી ગણત્રીને માટે કેમ ના મજદાની કુશ્તીબી સરોશની બાજ અને ગાહેની સાથેજ રહે છે. એમ ત્યારે એક બસ્તે–કુશ્તીઆનને જન્મથી મરણ લગીમાં અને મરણથી આગળ સરોશ અને બર વખતના હિસાબના આલાત કાંય અવષ્યના હોય તેનો ગુહય અર્થ હવે સમજાઇ શકાશે. આમ ત્યારે એક બસ્તે–કુસ્તીઆને તરીકતની શરૂઆતથીજ સરોશની ક્ષ્નૂદીનાં માંથ્રો અને બર વકતનો હિસાબ લેવા ઇન્તેજાર રહેવું જોઇએ. ક્ષ્નૂદી કરવાના માંથ્રોને ક્ષ્નૂમન કહે છે. માટે નાનામાં નાની શરૂઆત જે કુશ્તી કરવાની છે તેમાં સરોશની ક્ષ્નૂમન

બર વખતના હિસાબના રોજ–માહના ભણુતરની સાથેજ ચાલી શકે. પણુ જો બર વખતના આલાતો કે કમમાં કમ બર વખતની રોજ–માહની ગણુત્રીબી નહિ રખાય તો પછી કેમ ના મજદાની કુશ્તી સાથેબી સરોશ બાજ રાખવીજ જોઇએ કે જેથી સરોશના ઉતરતા પ્રકારો મયસર થઇ શકે. વળી દરેકે દરેક આશ્રવનને તો સરોશના અમલદાર થઇ પછી તે તે દીનના યજતના અમલને સરોશની મારફતે પુગીનેજ આગળ ચાલવાનું છે માટે તેઓને બર વકતનો આલાત અને ગણુત્રી અને સરોશની ક્ષ્નૂમનની કુશ્તી અમુલ્ય થઇ પડે છે. બરતે–કુશ્તીઆનનો સરોશનો અમલ દસ પ્રકારનો તેમ ઉતરતા પ્રકારને કેવો હોઇ શકે એવું ગ્નાન આજે જાહેરમાં નથી તેમ વળી બરતે–કુશ્તીઆનને ગેતીમાં સરોશના ઉતરતા પ્રકારમાંબી રહીને શું ફરજ બજાવવાની છે તે વિષેની અગ્નાનતા છે એટલેજ સરોશની ક્ષ્નૂમનની કુશ્તી અને કેમ ના મજદાની કુશ્તીની ખોટી જીકરો થયા કરે છે. પણુ કેમ ના મજદાની કુશ્તીની પાછળ સરોશ બાજ આવે છે કે જેથી ઉતરતા મરતબાનો સરોશ અમલ જળવાય છે તે ભુલવું નહિ અને બેહદીન સાહેબોએ તેમ મુવેદ સહેબોએ **કેમ ના મજદાની કુશ્તીની પછી સરોશ બાજ અને ગાહો ભણવાજ જોઇએ** તોજ ઉતરતા મરતબાનો સરોશનો અમલ રહેશે તે નોંધવું. બર વખ્તની ગણુત્રીનો અંગીકાર કરીને ત્રણુ વખત નાહન લઇને સરોશની ક્ષ્નૂમનની કુશ્તી જો કોઇ બેહદીન અખત્યાર કરે તો તે પોતાના આયન્દેને માટે બર વકતના આલાતોને પામવાનો શુભ નસીબ ઉભા કરવાની કોશેશ કરે છે અને તેથી તેનાં મરણુ પછીથી હુશમુરદી આલાતોની યસ્નનો લાહવો લેવામાં કંઇ ખલલ તેના રૂવાનોને પુગતી નથી, ના, તે રૂવાન પુર્ણ રીતે તે મેળવવા શકિતવાન થઇ શકે છે. પણુ જે મુવેદો હુશમુરદી હિસાબના આલાતોથી બરસ્તુમ લેતા હોય તેઓથી બર વકતના હિસાબની બધી સામગ્રીનો અંગીકાર થાય નહિ. તેઓએ તેઓનું બરસ્તુમ બરકરાર રાખવા કોશેશો કરવી, માટે હુશમુરદી રોજ રાખ્યા વગર તેઓ માટે બીજો ઇલાજ નથી. પણુ કેમ ના મજદાની કુશ્તી પછીથી દરેક વખતે સરોશ બાજ અને ગાહ રાખવી સજાવાર છે.

---

## અપાખ્તર–ઉત્તર દીશાનો રહસ્ય.

## તે તરફ નહિ ભણવાના કારણો.

કોઇને ઘણું વિચીત્ર લાગતું હશે કે ઉત્તર દીશા તરફ નહિ ભણવાનો હોકમ દીનમાં છે. દરેકને સાધારણુ રીતે એમ લાગે કે ચારે દીશા એકજ સરખી છે. ઉત્તર અને દક્ષીણુ પોલ છેડાઓ ઉપર ખેંચાણુ કરનાર

ગતી terrestrial magnetism છે એમ સાયન્સ શીખવે છે. **આવી** ખેંચાણ કરનાર ગતીને અવસ્તામાં અપાખ્તર કહે છે. આ ખેંચાણ કરવાતા તેના જોશને મગનાતીસ કહે છે. **ખાસ્તર** શબ્દ અવસ્તામાંના **ખાથ્ર** શબ્દ ઉપરથી છે. **ખાથ્ર** શબ્દમાં નુર તરફ-હસ્તી તરફ ખેંચાઇ જવાનાં જોરનો **અર્થ** છે. નુરની રચનાનો પાયો આતશ છે. મુળ આતશ જેને આથ્ર પુથ્ર અહુરહે મજદાઓ કહે છે તે અહુરમજદની ગતી છે. ત્યારે અહુરમજદની ગતીના આતશની તરફ ખેંચાઇ રહેતી આતશી રચનાને નુરી રચના કહે છે, જેને '**રઑચંઘહ વીસ્પો-ખાથ્ર**' પુર ચળકાતની પુર્ણ જોશથી અહુરમજદ તરફ ખેંચાઇ રહેતી રચના કહે છે. હયાં 'વીસ્પો' શબ્દ અર્થસુચક છે. 'વીસ્પ' એટલું બધું કુલ્યાતી એટલે બેઉ પોલની ખાસ્ત્રીક ગતીઓ જે સામાસામી છે તેઓ સામતી થઇ, મળી જઇને એમ સામતી કુલ રીતની થયલી. હયાં કહે છે કે તે '**રઑચંઘહ**' તે ચલકાતનું ધામ એવું છે કે તેમાંની 'ખાથ્ર' નુરી ગતી તરફનું સૈનું ખેંચાણ, તેના બેઉ પોલોનું ખેંચાણ '**વીસ્પો**'=બધુંજ તે દાદાર તરફ છે એટલે દાદારથી દુર જતું તત્વ કે જે સૃષ્ટી રચના વખતે થયું છે, અને તે તત્વને દાદારથી દુર લઇ જવા આથ્રની ગતી થઇ છે તેવી રચનાથી જુદી ઉલટી રીતનું ખેંચાણ રાખતું માટે બધુ દાદાર તરફ ખેંચાઇ રહેતું તે રઓચંઘહ છે. ત્યારે સૃષ્ટી રચનામાં તે દાદારે આતશનો પાયો કીધો તે વખતે આતશના એક ભાગને ફ્રવષિ મારફતે પોતાની અમર ગતીથી દુર મોકલ્યો. આ નીસ્તીનુ જગત જે તે દાદારથી દુર છે તે તરફ તે રઓચંઘહના નુર-ખાથ્રનું ખેંચાણ થતું નથી. દાદારે નીસ્તીની સૃષ્ટી કાઢતી વખતે આતશમાં એવી ગતી મુકી કે જેથી નીસ્તીના તત્વને આતશ એવી રીતનું ઉભુ કરે કે તેનું ખેંચાણ દાદારથી દુરજ વેગળેજ જઇ રહે એટલે **અખતર** કે જેને દાદાર તરફ જતા રઓચંઘહતું ખેંચાણ કહે છે તેથી '**અવ**' દુરજ તે ખેંચાણ જતું રહે. એમ ત્યારે **રઑચંઘહ વીસ્પો ખાથ્રમાં** તે તત્વ છે કે તેના બેઉના છેડા મળીને દાદાર તરફજ જતા રહે અને ગેતીમાંના બે છેડાઓની માફક છુટા રહીને terrestrial magnetism નીસ્તીની મગનાટીસનું લક્ષણ બતાવે નહિ. ત્યારે સૃષ્ટી-રચનામાં તે દાદારે આતશનો પાયો કીધો તે વખતે આતશના એક ભાગને પોતાની અમર ગતીથી દુર મોકલ્યો. આતશનું ખેંચાણ ખાસ્તર ત્યારે જેમ દાદાર તરફ હતું તેમ દાદારથી દુરબી તે ખેંચાણ ગયું. દાદાર તરફજ ખેંચાતી **રઓચ** ચલકાતની ગતીને '**અખ્તર**' કહે છે, અને દાદારથી દુર જતી ગતીને '**અવઅખ્તર**' એટલે અપાખ્તર કહે છે. ત્યારે દાદારની જે સૃષ્ટી-ગેહાન હસ્તીના જેવી છે એટલે તેના બેઉ છેડા poles ગેતીના જેવા terrestrial magnetism ના ખાકી મગનાતીસના નહિ, પણ તે બેઉ

છેડા મળી જઇને હસ્તીની આલમની માફક દાદાર તરફજ ખેંચાઇ રહે છે-જઇ રહે છે તેવા રહે છે તેને દાદારે ગેહાન કહે છે. આ દાદારે ગેહાનમાં આથ્રો અહુરહે મજદાઓ પુથ્રતું ખેંચાણ 'વીસ્પો'=કુલ્યાતી બેઉ પોલ-છેડાનું ખેંચાણ મળી જઇ, એકએકમાં એકએકને સમાવેશ કરીને બધી રીતે તે દાદારની અંદરજ રહેલું છે, એટલે ખેંચાણના બે પોલો=બે નાકાઓ રહે છે તે બેઉ નાકાઓ એક થઇ દાદાર તરફજ ખેંચાયલા છે, જેને જુફ્તની દુઇ કહે છે અથવા અદુઇ કહે છે-મળીને ગુણાઇને એક થયલી દુઇ કહે છે. પણ જયારે તે દાદાર પોતાના આ આતશને આવી અદુઇની-મળી ગયલા બે પોલોવાલી એટલે હામોઇવાલી સૃષ્ટી એટલે દાદારનાં પુર્ણ ખેંચાણમાં રહેલી સૃષ્ટી જેને હસ્તી કહે છે-અખ્તર ચળકાત કહે છે તે અખ્તરથી દુર મોકલે છે, ત્યારે તે આતશમાંની અહુરમજદ તરફના ખેંચાણવાલી ખાસ્તરથી બીજી ઉલટી ખાસ્તર પહેલી અહુરમજદ તરફ ખેંચાતી ખાસ્તરની જુઝ થઇ સામેવાલી થઇને ઉભી રહે છે, જેનું ખેંચાણ દાદારથી દુર થવાની હદ જેને નીસ્તીની હદ કહે છે ત્યાં લગી જામી રહીને-દાદારથી દુર રહે છતાં દાદારમાં જવા માંગે તેવી સૃષ્ટી એટલે બે પોલોની સામસામીની ગતીની ખાસ્તરવાલી નીસ્તી terrestrial poles વાળી સૃષ્ટી ઉભી કરે છે, જે નીસ્તીના બે નાકા=પોલો ત્યારે એકયતામાં નથી પણ સામસામી ગતીમાં છે; એમ નીસ્તી-ગેતીના બેઉ પોલોની ખાસ્તર જુદી પડે છે. એક ખાસ્તર દાદાર તરફ દાદારે ગેહાન તરફ આકર્ષાયા કરે છે જયારે બીજી અખ્તરથી=દાદારથી દુર તરફ એટલે અપાખ્તર તરફ ખેંચાઇ રહે છે. આમ ત્યારે અહુરાએ આથ્રો પુથ્ર અહુરમજદમાંથી એક એવી આતશી ગતી ઉભી કીધી કે જેમાં ઉપર કહેલી દુઇની ગતીવાલી ખાસ્તર તેમ સામસામેની દુઇની ખાસ્તર બેઉ હતી. એમ એ આતશ બે જાતનું જુઝ અને જુફ્તનું ખેંચાણ રાખી શકે છે. આ ઉભા થતા આતશને **આતરે મીનો કરકો** કહે છે. આવી આતશી ગતી જે રચનામાં પાયા સમાન થશે તે રચનામાંની દરેક વ્યકતીમાં બે પોલો=નાકાઓની ખાસ્તરો એકએકથી છેટે રહેશે એટલે તે રચનામાં દુઇની જુઝ સામસામાપણું રહેશે, તેમ જુફ્તી મળવાની ગતીબી રહેશે. આવી ગતીની જગતને નીસ્તી કહે છે. આવી નીસ્તી ત્યારે હસ્તીથી વેગળી દુરની ગતીની છે, હસ્તી એટલે અખ્તરથી દુરની ગતીની છે. ત્યારે મીનોકરકોને હસ્તીથી દુરની હદ તરફ એટલે અવઅખ્તરની હદ તરફ નીસ્તીને ઉભી કરવા માટે જાહેર કીધો. ત્યારે આતરે મીનો કરકો હોય નહિ તો નીસ્તી હોય નહિ. આમ મીનો કરકો આતશના પાયાની ઉપર નીસ્તી થઇ તે આતશમાં અખ્તરથી દુર તરફ જવાની ગતી એટલે નીસ્તીને ઉભી કરવાની ગતી હતી એટલે અપા-

ખ્તરની ખાસ્તર હતી અને વળી નીસ્તીને દાદારની ગેહાન તરફ લઇ જવાની એટલે દાદારે ગેહાનની ખાસ્તર હતી.

આમ ત્યારે મીનો કરકો આતશે તે 'વીસ્પો ખાથ્ર'ને જુફ્ત અને જુઝ-માંની બે ખાસ્તરોમાં ફેરવી એક ભાગને દાદારે ગેહાનનાં મરકઝમાં અને બીજાને અપાખ્તરનાં મરકઝમાં રાખ્યો છે અને તે બે નાકા ઉપર દોરાતી લીટીને મધ્ય રેખા કરીને તે મધ્ય રેખાની આસપાસ આખી નીસ્તીના પહેનાને એક ગોલાનમાં રાખીને તે ગોલાનમાં તેવીજ રીતની અનેક રચ-નાઓ કીધી છે. આવી રચનાઓમાં અગણીત સ્થળો અને તે સ્થળોમાંની અગણીત વસ્તી આવી જાય છે. આવી રચનાઓમાં ગેતી અને તેની વસ્તી ઘણીજ નીરમાલ્ય છે, જે બધામાં ઉપર કહયો તેવો જુઝનો ભેદ રહયો છે. એમ મીનો કરકોની આતશી ગતી નીસ્તીનાં મરકઝોને ઉભા કરે છે, જે દાદારથી દુર અને દુર જાય છે એટલે **તેમંઘહને** લગતાં મરકઝો ઉભા કરે છે, જેમાં અપાખ્તરની ખાથ્ર કામે લાગે છે અને જેમાં દાદારે ગેહાનની ખાસ્તરનું જોર રહેતું નથી. પણ જ્યારે નીસ્તી–ગેતીમાંના ઇનસાનમાં તે દાદારે ગેહાનની ખાસ્તર પ્રબળ થઇ ઉભી થઇને અપાખ્તરની ખાસ્ત-રને પોતામાં આકર્ષે છે, ત્યારે તે વ્યકતી પછી દાદારની તરફ જઇ રહે છે. ત્યારે વિશાળ નીસ્તીની હદના ગોલાનમાંબી બે પોલો છે: એક અપાખ્તરનો બીજો દાદારે ગેહાનનો. ત્યારે દક્ષીણ કે ઉત્તર બેઉ દીશામાં એકજ આતશ નામે મીનો કરકો પોતાની જુઝની ખાસ્તરથી કામ કરી રહે છે. એમ બેઉ તરફની ખીશ્કારી કરતો આતશ અને તેની ખાસ્તરનો; ખીશ્કારીની જાત પ્રમાણે જુદી સામસામેની હોય છે. એમ બેઉ દીશામાં એકજ આતશ પણ જુદી જુદી ગતી રાખતો કામ કરે છે. એક ગતી તે નીસ્તીને દાદારથી દુર તરફ લઇ જઇને ઉભી કરે છે, જેને અપાખ્તર કહે છે, જેમાં દાદારથી દુર જતો તત્વ તેમંઘહ છે, અને જ્યારે આ તેમંઘહ પછી રઓક્ષ્નમાં ફેરવાતો જશે ત્યારે તે દાદાર તરફ પાછો ફરશે. ત્યારે એકજ આતશની બે જુદીજુદી ખાસ્તરો કામ કરે છે. દાદારે ગેહાનની દીશાની આતશી ગતીની ખાસ્તરમાં જે ખેંચવાનું જોર છે તે જોર **'વીસ્પો ખાથ્ર'**નું છે એટલે દાદાર તરફ એકતાઇમાં લઇ જવાનું છે, અને અપાખ્તરની દીશાની આતશી ગતીની ખાસ્તરમાં જે ખેંચવાનું જોર છે તે **'તેમંઘહ'**ને=ખાકને ખેંચીને ઘાટમાં લાવવાનું છે એટલે ખાકી ગતીની દુન્યાઓ કરવાનું જોમ રાખે છે. ત્યારે અપાખ્તરની જગાની દીશા જે ઉત્તરની છે એટલે ખાકી ગતીને ઉગાડવાની છે તે જગાની આતશની ખાસ્તરમાં ખાક તેમંઘહને ગોતી કાઢવાનું જોમ છે. આબ કે જેમાં તે ખાક

પસરેલી છે તેમાંથી ખાકને ગોતી કાઢવાની ગતી તે અપાખ્તરની ખાસ્તરમાં રહે છે, કે પછીથી તેમાંથી જગત બની શકે. ત્યારે ઉત્તર તરફની ખાસ્તર દાદારથી દુરની ગતી છે એટલે દાદારમાં જે નહિ રહી શકે તેવી છે માટે જેની વ્યવસ્થા કરવાની છે કે જેથી પછીથી આખરેબી તે દાદારમાં જઇને રહી શકે. આમ ત્યારે અપાખ્તરમાં ખાક તેમંધહ છે અને દાદારે ગેહાનમાં આબ છે એટલે તે ગતી છે કે જે હવે તેમંધહની ગતી છોડીને ઉપર હસ્તી તરફ જઇ રહી છે. નીસ્તીમાં ત્યારે દાદારે ગેહાનનુ મરકઝ છે ત્યાં આગળ મીનો કરકોની આતશી ગતીની ખાશ્ર એવી છે કે તે 'વીસ્પો'=પુર જોશથી દાદાર તરફજ દરેકને આકર્ષાવી શકે છે. નીસ્તી ઉભી થવાની જે સામગ્રી છે, જે ખાક છે, તેને અદ્દ કહે છે. આ અદ્દમાંથી જગત બનાવવા માટે એજ આતશની ગતી જ્યાં કામ કરે છે તેને અપાખ્તર કહે છે. ત્યારે દાદારે ગેહાન કે અપાખ્તર બેઉ ઠેકાણેની ખીસ્કારી કરનાર મુળ આતશ તો દાદારમાંથીજ છે, પણ એ આતિશમાં એ ખુબી છે કે જે કંઇ દાદારે ગેહાનમાં દાદારની ગતીમાં મળવા લાયકનું છે તેને દાદારે ગેહાન તરફ મોકલી દે છે, અને જે કંઇ દાદારની ગતીમાં મળવા લાયકનું નથી તેને દાદારથી દુર અપાખ્તર તરફ મોકલીને ત્યાંથી જગતને ઉભું કરીને પછી પાછું તેને ઉપર લઇ જશે. ત્યારે જગત જે થાય છે તેમાં એક નાકાનું ખેંચાણ દાદાર તરફ જવાનું દખણનું 'વીસ્પો' 'ખાશ્ર' અસલ પુણ્ ગતીનું છે અને બીજા નાકાનું ખેંચાણ ઉત્તરનું જગતની જડ ગતી થઇને જગતના જારી થવાનું છે. ત્યારે જગતના ભોગવટાઓની ગતીઓ કે જેથી જગત ચાલ્યાજ કરે તેને ઉત્તર અપાખ્તરની કહે છે અને જગતને મોક્ષ તરફ ઉપર દાદાર તરફ લઇ જવાની, જગતને લય કરવાની ગતી દખણમાં દાદારે ગેહાનમાં છે. એવી રીતે નીસ્તીના દરેકે દરેક મરકઝોમાં જુઝ સામા-સામા પોલ છે. એમ ગેતીમાં બે પોલ છે. ત્યારે દખણ તરફનો પોલ તે છે કે જેમાંથી જડ જગત થઇ શકે નહિ. દખણની ખાસ્તર અદ્દને ખેંચતી નથી. માટે જગત ત્યાંથી થતું નથી. પણ આ જડ જગતને લય કરાવનાર દાદારે ગેહાનની ખાસ્તર છે. જગત પોતે ખાકને સુક્ષ્મ કરીને ખાકની સુક્ષ્મ હાલતને દાદારે ગેહાનની ખાસ્તરથી આબી હાલતમાં લાવી શકે છે. આમ દખણ તરફ આબી દુન્યા રહે છે, ખાકી ગેતી રહેતી નથી, અને તે દખણ તરફના આતશની ખાસ્તર 'વીસ્પો ખાશ્ર'ની દાદાર તરફ ખેંચનારી રહે છે, ફરેશ્તા અને યજતી ગતીની રહે છે. ઉત્તર તરફનો પોલ તે છે કે જેમાં ખાકી ગતીની જમીન થઇ રહીને તે જમીન ટકે અને વધુ જડ થાય માટે ખાકી અપખરા બંધાઇને ખાકને ટકવી જમાવી રહે તેવું હોય છે, માટે અપાખ્તરમાં તેમંધહ ખાકી ગતીને

ટેહવનાર ચીજો એટલે જન્મ મરણુ કરાવીને જગતને જડ હાલતમાં રાખનાર ચીજો રહે છે. આમ અપાખ્તરમાં તનાસકની ગતીનો સામાન રહે છે અને દાદારે ગેહાનમાં તન પશીનની ગતીનો સામાન રહે છે. ઇનસાનનું તન એટલે ખાકી ગતી ઇનસાનનાં શરીરનાં સુક્ષ્મ આબમાંથી થાય છે, જે આબ અને તેની અગાઉનું હવા અને આતશ બધું તરી ગયલું, નુરમાં મળવા તૈયાર ઉભેલું હોય છે, જેઓને કેહર્પ-તેવીષી-ઉશ્તાન આપ કહે છે. પણુ તે તરી ગયલી આતશી-બાદી-આબી રચના નામે કેહર્પ-તેવીષી-ઉશ્તાન આપ છેલ્લા રહેલા ખાકને પાર પાડવા ખાકને પોતામાં રાખીને ધીમે ધીમે ખીલવી રહે છે જેથીજ તન થાય છે. એમ ઇનસાનનું દેખીતું શરીર ખાકનું છે. તે ખાક ઉપર કહયું છે તેમ સુક્ષ્મ આબમાંથી બહાર પડયા કરે છે. ખાકી ગતી જડ સ્થુલ હોય તેમ પાણીરૂપની હોય. ટુંકમાં દેખીતું પાણીબી ખાકજ કહેવાય. સુક્ષ્મ આબમાં ફ્રાદો છે. આ ફ્રાદો ખાકી ગતીમાં રહીને એટલે પ્રવાહી ખાકમાં એટલે દેખીતાં પાણીમાં રહીને ખાકને ચલાવવાનું કામ કરી રહે છે. ઇનસાનના વીચારોની ભલી બુરી ગતીને તેમ ઇનસાનનાં ખાકી તનના જડ કે સુક્ષ્મ વોહુનની જાતના મિશ્રોને આ ફ્રાદો બહાર કાઢે છે. આંખમાંથી જે ફ્રાદો બહાર પડે છે તે આ કામમાં પુર્વીણુ છે. આંખમાંથી ત્યારે વાંથ્વો-ફ્રાદોની ગતી ઇનસાનના ખાકની સેફ્તને બહાર કાઢે છે અને તે બહાર પડતી સેફ્તની ખાક શરીરની બહારની ખાક જે તરફ હોય તે તરફની તેવી ખાકને પોતા તરફ ખેંચે છે. ઇનસાનનાં તનમાં વોહુન છે જેમાં હવસો છે-હવસોના વીચારો છે, હવસોના ભોગવવાના ચીત્રો રમ્યા કરે છે. વાંથ્વો ફ્રાદો આવી ગતીઓને બહાર કાઢે છે તેમ નેકીનો પ્રતાપબી કાઢે છે. ત્યારે ઇનસાનની આંખમાંનો ફ્રાદો દખણુ દીશા તરફથી તેના તનની નેકી પ્રમાણેની ગતીની ભલાઇને ખેંચે અને ઇનસાનની આંખમાંના વાંથ્વો ઉત્તર દીશા તરફથી તેના તનની જડતા પ્રમાણેની જડ ગતીને પોતે પોતામાં ખેંચે. ઇનસાન જો બુરો કપટી યા જડ વીચાર કર્યા કરે તો તેનાં શરીરમાં જડ ગતી જામવે વાંથ્વો-ફ્રાદો તે જડ ગતીને કાઢીને ઉત્તરની બલા સાથે જોડાયા કરે-ગુનાહો થાય. જ્યારે ઇનસાન ભણે છે ત્યારે તેનામાં આ ફ્રાદોની ગતી તેજ રીતે કામ કરે છે. સાધારણુ ઇનસાનોમાં તો વોહુનની જબુન ગતી પુશકળ હોય છે એટલે આંખની વાંથ્વો-ફ્રાદો બહારની તેવી ગતીને મળ્યા કરીને હવસો કરાવ્યા કરે છે. ભણુતી વખતે આ ફ્રાદો જોશમાં કામ કરે છે તેથી જો ઉત્તર તરફ નજર કરીને ભણે તો અપાખ્તરની ગતીની ઓમેઝગી જે તેને અનુકુળ હોય તે ખેંચાય.

ઉપર જોયું કે માંથ્ર ભણે છે ત્યારે તુરતજ હવામાં એવા સ્તોતોની આકૃતી થાય છે કે તેઓની તરફ '**મઇન્યવાઓંઘહો યજતાઓંઘહો સતૅમચ હુજંઘૅરમચ**' કહેતા અસર–રોશની ખેંચાય છે અને અસર–રોશનીના સુંદર કેહપૅની સાથે તે માંથ્રોના સ્તોતોના કેહર્પો મળે છે. ઉપર જોયું તેમ ઉત્તર દીશા તરફની જડ પ્રભાવની હવસો કરાવનારી ગતી અને ઉત્તર દીશા તરફ ઉભો રહીને ભણનારની આંખમાંથી બહાર પડતો ભણતી વખતનો તેઝ થયલો વાંથ્વો–ફ્રાદો બેઉ મળે છે ત્યારે તેઝ થયલો વાંથ્વો–ફ્રાદો શરીરમાંના હવસોને ઉશ્કેરે છે અને બહાર ગોમેઝગીના પ્રભાવને વધારી દે છે. આ વખતે પેલા ભણાતા માંથ્રોના સ્તોતોની આકૃતીઓની તરફ ખેંચાતી અસર–રોશનીની ચળવળોની સાથ સાથજ પેલા ઉત્તર તરફની ગોમેઝગીનો પ્રભાવબી માંથ્રના તે સ્તોતોની આકૃતીઓની આસપાસ શરૂ થાય જેથી અસર–રોશનીના તે કામમા ન્યુનતા આવે. એમ છે માટેજ દક્ષીણ દીશા તરફ યા ઉત્તર સીવાયની બીજી કોઇબી દીશા તરફ નજર રાખવાનો હોકમ છે કે જેથી આંખમાંનો વાંથ્વો–ફ્રાદો શરીરમાંની ભલાઇ પ્રમાણેની ગતીના જોરે દક્ષીણની ભલી ગતીને પોતા આસપાસ ખેંચે જેથી અવસ્તા માંથ્રનો જલવો જે અસર–રોશનીની સાથે ત્યાં જામી રહે છે તેમાં ખલલ નહિ પડતા તેમાં મદદગારરૂપ થાય. એમ ત્યારે તલેસ્માતીક મકાનોની અઇપિની પાવીકતમાં ભણવા માટે જતા અથવા બીજે કોઇબી ઠેકાણે તલેસ્માતીક માંથ્ર કે જેઓ શરીરના વાંથ્વો–ફ્રાદોને તેઝ કરી શકે છે તેઓને ભણતા દક્ષીણ તરફ યા ઉત્તર સીવાયની બીજી કોઇબી દીશા નેગાહ કરવી કે જેથી તે તલેસ્માતીક મકાનની અને માંથ્રોની ગતીથી તે ભણનારનો વાંથ્વો–ફ્રાદો જે તેઝ થાય છે તે તેઝ થયલા વાંથ્વો–ફ્રાદોની તેઝી દક્ષીણ દીશા યા ઉત્તર સિવાયની બીજી કોઇબી દીશા તરફજ કામ કરતી રહે. ઉત્તર દીશા તરફ જો નજર સાબેત થઇને રહે તો તે વાંથ્વો–ફ્રાદો તે તરફનું કામ કરે જે અસરે–તારીકીને લગતું હોય છે જેથી ભણવાના કામમાં ખલલ થાય. ત્યારે અગીઆરી–આતશબહેરામમાં દક્ષીણ દીશા તરફ અથવા ઉત્તર સીવાયની બીજી દીશા તરફ કાંય ઉભા રહેવું જોઇએ, તેમ નાની મોટી ક્રીયા કરતી વખતેબી દક્ષીણ દીશા તરફજ અથવા ઉત્તર સીવાયની બીજી દીશા તરફ કાંય મોં રાખવું જોઇએ તેની ઉપયોગતાની હવે કંઇક સમજ આવશે.

## ઉત્તર દીશાનો નેમાઝ કાંય બરહક છે.

આતરે મીનો કરકો નીસ્તી રચનાનું કામ કરવા પોતાની ખાસ્તરની જે જુઝની ગતીને ઉભી કરે છે, તે ખાસ્તર દાદારથી દુર જતી હોવે ઉત્તર તરફ જતી કહેવાય છે. આ ખાસ્તર તો ભલીજ છે પણ તેનું કામ

જે કાંઇ નીરતી રચનાનુ છે એટલે દાદારથી દુર રહી શકે તેવી રચના કરવાનું છે તેથી તે ખાસ્તરને ઉત્તર તરફ જવું પડે છે તેમ વળી રચના કરતી વખતે તેને નીરતી થવા માટેની દએવીક ગતીની સાથે અભડાટમાં આવવાનું છે, જે તે ખાસ્તર માટેનો એક જાતનો પરમાર્થ છે માટે તે કામને માટે તે જગાનો નેમાઝ બરહક છે. દાદારની મરજી પ્રમાણેનું કામ જ્યાં જ્યાં થતું હોય તે તે જગાની સાથે રહીને તેને હમશરીકી આપવી દીનનું ફરમાન છે માટે ચાર દીશાનો નમસકાર જુદી ચીજ છે જ્યારે ઉત્તર દીશા તરફનો પ્રભાવ જુદી ચીજ છે કે જે પ્રભાવની જડતાને લીધે જન્મ મરણ થાય છે જેમાંથી છુટકો પામવાની મુરાદ છે. આવે અર્થે તે તરફ ઉભા નહિ રહીને ભણવું તદદનજ જુદી વાત છે. જ્યારે યજશ્નેની ક્રીયામાં જોતી રાશ્વીની જોડ ક્રીયા કરે છે ત્યારે જોતી પોતે દક્ષીણ દીશા તરફ રહીને યજતોની ગતીની સાથે મળે છે અને રાથ્વી તે જોતીની સામે રહીને જોતીની આંખની ગતીને મળે છે, એટલે રાથ્વી જો કે ઉત્તરમાં છે છતાં તેની આંખોનો વાંથ્વો-ફ્રાદો તો તે જોતીની તરફ ફેંકેલો છે, માટે તે રાથ્વીની આંખોનો વાંથ્વો-ફ્રાદોબી દક્ષીણ દીશા તરફજ ફરેલો છે. આટલી ટુંક સમજ પ્રસંગોપાત થઇ પડશે.

**( તરીકત વિષેની ટુંક સમજ પુરી થઇ ).**

હવે નીરંગના માંથ્રો અને વિચારો આપીશું.

## રાત્રીએ સુતી વખતે કરવાની ભલી દુઆ.

અએ ખુદા રાત્રીએ આવતા જણુન ગાશકના હોમલાથી મને બચાવવા મહેર-સરોશ-રશ્નેની મદદ મોકલ, કે જેથી હવસી વીચારોમાં હું ચકચુર થાઉં નહિ-સપડાઉં નહિ, અને મને **તરી** આપતી શાંત ઉંઘ આવે અને શાંત ઉંઘમાં નેકીની બેદારી રાખે. ( જો નીચેના અવસ્તા નહિ પઢો તોબી આવા વીચારો કરી હવસોની યાદને તોડવાની તખે રાખવી કે જેથી તનદરોસ્તીને ફાયદો થશે).

**અવસ્તા કલામ રાત્રીએ સુતી વખતે પઢવાના આ છે:—**

**નામ-ઇ-યજદ[1] નામ-ઇ-અહુરમજદ ખુદા[2] અવજુની[3] યજ-ઇ-યારૂ[4] યજ-ઇ-ગુશદારૂ[5] કસ્નૅ[6] પઇત્યારૂ[7] મહેરૂ[8] સૉશ[9] યારૂ[10] સૉશ[11] ગુશદારૂ[12] કસ્નૅ[13] પઇત્યારૂ[14] અહુરૅમ મજદાંમ[15]**

**અહુરમજદ[૧૬] વ[૧૭] અમેષાસ્પંદાન્[૧૮] વ[૧૯] મેહેર્[૨૦] સ્રોશ[૨૧] રશ્ને[૨૨] નામ્-ઇ-યજદ્[૨૩] નામ્-ઇ-અહુરમજદ્ ખોદાએ[૨૪] અવજુની[૨૫] અષેમ વોહૂ ૧.**

યજતના નામથી એટલે તે એક સાહેબમાં કંઇબી રીતે ધ્યાન રાખીને તેનો મેલાપ કરવાની ઉમેદથી[૧] ॥ અહુરમજદ જેવણુ દરેક રજેરજને તે રજેરજ ઉપરની મુકરર થયલી ખાસ શક્તિ નામે ખોદા મારફતે રજેરજને દોરવી રહે છે તેવા તે સાહેબની યાદથી[૨] ॥ હું આગળ વધતો રહું.[૩] ॥ જરાકબી કંઇબી પ્રકારની[૬] ॥ ખલલમાં[૭] ॥ મદદ આપવાને લાયકના માટે તેઓની મદદ ચાહવા લાયકના[૪] ॥ હર પળે મદદ કરવા ઉશ્તવાર માટે ફરયાદને સાંભળીને મદદ કરવા ઉશ્તવાર[૫] ॥ મહેર[૬] ॥ સરોશ[૯] (મારફતે) ॥ જરાક કે ઘણી[૧૩] ॥ ખલલ કે મુશ્કેલીમાં[૧૪] ॥ મદદ કરનાર[૧૦] ॥ દાદ લેવાના કાનને તેઝ રાખનાર સરોશ મારફતે[૧૨] ॥ અહુરમજદને[૧૫] ॥ (ગુગતો રહું એટલે હવસોથી દુર જઇ મહેરની સચ્ચાઇ-સરોશની તાબેદારી-રશ્નેના ઇનસાફને યાદ કરીને મેળવીને ભલી આકેબતને પુગું). ॥ અહુરમજદ[૧૬] ॥ અને[૧૭] ॥ અમશાસ્પંદો[૧૮] ॥ અને[૧૯] ॥ મહેર[૨૦] ॥ સરોશ[૨૧] ॥ રશ્ને[૨૨] ॥ યજતનું નામ એટલે એકતાન થવા માટેની મદદ[૨૩] ॥ અહુરમજદ ખોદાનું નામ એટલે પળેપળ જીવતી હાલતને ચલાવીને પાર પાડવાની તેની હિકમત[૨૪] ॥ (આ બધાનો સત્કાર કરૂં છું અને તેથી હું) ॥ વધતો રહું.[૨૫] ॥ અષેમ ૭.

## ઉઠીને જમીન ઉપર પગ મુકીએ તેની પહેલાં ચાહવાની મુરાદ.

અએ ખુદા મજદયસ્નની જરથોસ્તી દએન ઉપર મને ઉશ્તવાર કર અને હુમત-હૂખ્ત-હવરશ્ત તરફ ચલાવ. ભલો એતેકાદ રખાવીને આગળ સદ ગતી કરવાનો નવો સફો શરૂ કરાવ. (આવી દુઆ કરવી અને જો અવસ્તા ભણવા હોય તો નીચે મુજબનું બીછાનામાં બેઠા બેઠા પઢવું):-

**ભણતર.**

**અષેમ વોહૂ ૧.**

**હુમત્[૧] હૂખ્ત્[૨] હ્વર્શ્ત્[૩] સેપાસ્-દાર્[૪] હોમ્[૫] અજ[૬] તો[૭] દાદાર્ અહુરમજદ્[૮] વેહ્[૯] અવજુની[૧૦] પતેત્ હોમ્[૧૧] અજ વનાહ્[૧૨] અવી-ગુમાન્ હોમ્[૧૩] અજ[૧૪] હરવસ્તીન્[૧૫] યજ-**

**દાંન્[16] વ[17] દીન્[18] વ[19] રવાંન્[20] વ[21] વેહેશ્ત્[22] વ[23] દુજખ્[24] વ[25] હુમારૂ[26] ૫ સેદોશ[27] વ[28] બૂદન્-ઇ-રસ્તાખીજ[29] તન્-પસીન્[30] વ[31] અવસહીનશન[32]-ઇ આહરૂમન્[33] દીવાંન્.[34] અહુરહે મજદાઓ[35] રએવતો[36] ખરૅનંઘહુતો[37] અમૅષનાંમ્ સ્પૅન્તનાંમ્[38] નૅમો[39] જરથુશ્ત્રહે[40] સ્પિતામહે[41] અષઑનો[42] ફ્રવષેએ.[43] અષૅમ્ વૉહૂ ૧.**

હુમત[1] ‖ હૂખ્ત[2] ‖ હવરસ્ત[3] ‖ (થીજ પાર પડાશે) ‖ ભલી ગતીમાં[9] ‖ આગળ વધારનાર[10] ‖ તું[7] ‖ દાદાર અહુરમજદ[8] ‖ નો કરજદાર છું તેની શુક્ર અદા કરૂં[4] ‖ (કે તેણે હુમત-હૂખ્ત-હવરસ્તનો તરીકો વૃધ્ધી માટે આપ્યો). ‖ ગુનાહોની[12] ‖ પતેત કરૂં છું[11] ‖ (ગુનાહોનો એકરાર કરી તેઓ નહિ થવા પામે તેની ચોંપ રાખી તારી તરફ પાછો ફરૂં છું). ‖ બધી સાથે કામ કરતી[15] ‖ યજતી ગતી[16] ‖ અને[17] ‖ દીન[18] ‖ અને[19] ‖ રૂવાન[20] ‖ અને[21] ‖ બહેસ્ત[22] ‖ અને[23] ‖ દોજખ[24] ‖ અને[25] ‖ પહેલા ત્રણ દીવસની ક્રીયાથી થતો[27] ‖ શુમાર[26] (મુક્તિનો સામાન) ‖ અને[28] ‖ રસ્તાખીજે પુગશેજ તેની ખાતરી,[29] ‖ તન-પસીન થશેજ તેની ખાત્રી,[30] ‖ અને[31] ‖ અહીરીમન શેતાન અને તેથી થતું બુરૂં મન[33] ‖ દેવો બધા[34] ‖ નાશ પામશેજ તેની ખાત્રી-‖ આ બધા સત્યની ઉપર ‖ હું પુર્ણ એતેકાદ રાખું છું.[13] ‖ રયોમંદ પુર્ણ જ્ઞાનના ચળકાટવાળા[36] ‖ પુર્ણ આશીરવાદીક ગતીવાળા[37] ‖ અહુરમજદ[35] ‖ અમશાસ્પંદોને[38] ‖ અષો[42] ‖ સ્પીતમ[41] ‖ જરથુસ્ત્રની[40] ‖ ફ્રવષીને[43] ‖ નેમાઝ;[39] (તેઓની બંદગી હમારા અંતકરણમાં જામીને તેઓનો સત્યસંગ મળો).

ઉંઘતી વખતે અને ઉઠતી વખતે પઢવા લાયકના અવસ્તા માંથો ભણેલા સારા છે. તેઓ રાત્રી વખતે આવતા જબુન હોમલાને પાછા હઠાવી રાત્રી વખતે કુદરતી કાયદે બગડતી મનની ગતીની પાસબાની કરી શકે છે. જો અવસ્તા નહિ પઢાય તોબી ઉપર આપેલા વીચારોને મજબુત રીતે કરવાની અને જાગૃત થતા હવસી વીચારોને રોકવાની તબે રાખવી કે જેથી તન-મનની દરોસ્તી થશે અને ભવિષ્યમાં સત્યસંગ મળશેજ.

પછી મુંગે મોઢે કુશ્તી છોડીને અહુરમજદ ખુદાની નીરંગ ભણીને કુશ્તી બે થયા-એક અષૅમ ભણીને બાંધીને જસ મે અવંઘહે ભણવો અને પછી જમીન ઉપર પગ મુકવો અને ખુલ્લા-હાથ-પગ-મહોડા ઉપર ત્રણ વાર જરાક અમથો તરો લઇને લગાડવો અને નીચે આપેલી શેકસ્તેહની બાજ પઢી જવી.

## હવે પછી આપેલી ચીજો દરેકે કરવી સઝાવાર છેઃ-

તરો લઇને પઢવાની નીરંગ ઘણીજ અવશ્યની છે. આ બધી ચીજો મુંગે મોંઢે કરવાની છે-તે બધાના દેખાવો કરવા નહિ. મુંગે મોંઢે કરવાથી તેની શુભ અસર થાય છે અને દેખાવો કરવાથી તે શુભ અસર થવાને બદલે ઉલટી અસર થાય છે. મુંગે મોંઢે કરવાથી સામાની ઉપર જ્યારે તેને તે વિષેની ખબર પડે છે, ત્યારે ઘણી સારી અસર થાય છે અને દેખાવો કરીને ભણવાથી સામાના ઉલટા વિચારો ઉભા થાય છે. તરીકતનો ભોગવટો દરેકના કર્મ ઉપર છે જેને ઓરતનો ભોગવટો કહયો છે. તરીકતના કરનારની શુભ અસર સામાની ઉપર થવી જોઇએ જેને માટે મુંગે મોંઢે કરવાનો હોકમ છે, જેની તલેસમ (પાળેલી તરીકતમાંથી જન્મ પામતું કુદરતનું ફરઝંદ) લાયકને લાયક વખતે રસ્તો દેખાડી શકે છે.- દેખાવો કરવાથી તલેસમ ઉભા થતી નથી.

## નીરંગ આબેઝર (તરો) લેવાની.

**શીકસ્તેહ[1] શીકસ્તેહ[2] શયતાન,[3] અહીરીમન[4] ગજસ્તેહ[5] કારો કેર્દાર,[6] નરસદ્[7] ગજસ્તેહ[8] કારો કેરદાર;[9] સીઓસે[10] અમેશાસ્પંદ[11] દાદાર અહુરમજદ્[12] ફીરોજગર[13] પાક.[14] અષઑને* અષૅમ વૉહૂ ૧.**

સેતાન[3] (બુરાઇઓના જુસ્સાઓ અને તેઓને ઉશ્કેરનાર ચીજો અને કાળી કુદરતી શકિતઓ) ‖ તમારૂં જોર તુટજો,[1] ‖ નકામું જેવું નાપાયદાર થજો![2] ‖ અહીનુ સાંપ જેવું દંરયલ મન જે બુરી મનોવૃત્તીવાળું દએન અને ઇનસાનોની વૃદ્ધીને નહિ માનનારૂં નાસ્તીક વૃત્તીનું સ્વાર્થી દયાહીન[4] (છે, જે) ‖ લેયાનત ભરેલું અહુરમજદથી નામંજુર માટે નીશકૂળ જનારૂં[5] (છે), ‖ (જેનાં) કામ અને બદ નતીજાની કેરદાર[6] ‖ (અણુદીઠ છાપો જે તેની આસપાસ અને ઉપર વાતાવરણમાં થઇ રહે છે, જે ચહારૂમને દીને તેને મળશે. તે કેરદાર-બેઉ લેયાનતના ભરેલા એટલે હલાકીએ પુગશે તેવા છે). ‖ લેયાનતનાં ભરેલાં, અહુરમજદની મરજી વીરૂધનાં[8]

---

* સમજ માટે જુઓ ઉપર પાને ૨૩૪ થી ૨૩૫ મે.

(અહુનવઇર્યથી નામંજુર) ‖ કામો અને તે કામોના નતીજાની ઉભી થતી અણુદીઠ કેરદાર[6] ‖ પુગો નહિ—અસર કરો નહિ[7] ‖ (મારી ઉપરજ નહિ પણ કુલ ઇનસાનોની ઉપર). ‖

ઉપલી નીરંગ ત્રણ વખત પઢતા જઇને બેઉ હાથ મોહું-પગ-તળ્યાં લગી નીરંગને લગાડવો. ખરી રીતે તો એક વખત લગાડીને જરા થોભવું. સુકાય કે પછી બીજી વખત નીરંગ ભણુતા જઇને લગાડવો અને હવસોના જુસ્સાઓ અને બુરાં કામને કરવાના ખ્યાલો રાત્રીમાં આપણા દમમાં થતા ગાશેકના હોમલાથી-ચેપથી થાય છે તેઓ નરમ પડીને નાબુદ થાય એમ વીચાર કરવા. પછી હાથ પગને ધોઇને કુસ્તી કરીને સરોશ બાજ ભણી જવી અને ભણુતા ભણુતા વીચાર ફેંકવા કે અએ ખોદા, રાત્રીના ગાશેકના ચેપથી મારૂં મન બગડીને બંદખોર નહિ થાય પણ અહૂનું તાબેદાર, અષો સરોશ યજતની વૃત્તી જેવું થાય એમ હમેશ થતું રહેજો.

## નાહતી વખતની બાજ.

કપડાં કાઢી નાંખી મર્દ હોય તો ડાબો હાથ અને ઓરત હોય તો જમણો હાથ માથા ઉપર મુકીને નીચે મુજબ ભણવું:-

**ક્ષ્નઑથ્ર અહુરહે મજદાઓ અષૅમ્ વૉહૂ ૩.**

**ફ્રવરાને મજદયસ્નો જરથુશ્ત્રિશ્ વીદએવો અહુર-ત્કએષો** (જે ગેહ હોય તે પઢે) **સ્રઑષહે અષ્યેહે, તખ્મહે, તનુ-માંથ્રહે, દરૂષિ-દ્રઑશ્, આહૂઇર્યેહે, ક્ષ્નઑથ્ર યસ્નાઇચ વહ્માઇચ ક્ષ્નઑથ્રાઇચ ફ્રસસ્તયએચ, યથા અહૂ વઇર્યો જઑતા ફ્રા મે મ્રૂતે, અથા રતુશ્ અષાત્ચિત્ હચ, ફ્રા અષવ વીદ્વાઓ મ્રઑતૂ.**

આ ભણતરને સરોશની બાજ કહે છે. આટલા લગી સરોશની નાની ક્ષ્નૂમન ભણાયલી કહેવાય. હવે પછીથી **સ્રઑષેમ્ અષીમ્ હુરઑદેમ્ વૅરેથ્રાજનૅમ ફ્રાદત્**.. ........**યજમઇદે**તું પદ આવે છે, જેને સરોશની વડી ક્ષ્નૂમન કહે છે; આ પદ ભણવું નહિ. પછી પઢવું કે:—

**અહુનૅમ્ વઇરીમ્ તનૂમ્ પાઇતિ** (ત્રણ વખત) **યથા અહૂ**

**વહએર્યો ૧. પછી કેમ્ ના મજ્દા છેક અસ્ત્વઇતીશ્ અષહે લગી પઢી જવી.** છેલ્લું '**નેમસ્ચા**'નું પદ ભણવું નહિ. (પછી આખાં શરીર ઉપર ગોમેજ લગાડવો અને વીચાર કરવો કે અએ ખોદા, હું ખાકી પામર પ્રાણી છું. તરીકત મુજબના આ ગોમેજથી મારી અઇપિ શુધ્ધ થઇને કેહર્પનું કામ આસાન થજો. કુદરતમાં જે હુમત-હુખ્ત-હવરસ્તના ભેદો ચાલી રહયા છે તે બધાંનું મને કંઇ ભાન થજો, કે જેથી હુંબી મનશ્ની-ગવશ્ની-કુનશ્ની ભલી રીતે કરવા ઉસ્તવાર રહું અને ગુનાહોથી દુર જાઉં અને પતેત-મહેરમાં લીન્ન રહું. મને જીંદગીની આખર લગી આ નાહનનો લાહવો અપાવજો, કે જેથી મારી સેશબ ત્રણ દહાડામાંજ ખતમ થાય; તે લંબાય નહિ. એમ મારાં તનને-અઝદને-અઇપિને શુધ્ધતા મળ્યા કરજો, કે જેથી કેહર્પની દરોસ્તી રહયા કરે, કે જેથી મરણ પછીની સેશબ ત્રણ દહાડામાંજ ખતમ થઇ ચોથે દહાડે ચહારૂમમાં ચીનવત ઉપર બહેસ્તી હાલતમાં હોઉં. આવા વીચારો કરવા. પછી નાહી લેવું.

નાહતી વખતની ઉપલી બાજ લેતી વખતે માથાં ઉપર હાથ રાખવાની ખાસ મતલબ સમજાવવામાં આવી છે. અહુરમજદે શરીર-રચના રૂવાનના દ્રવાઓને ગવ અવમંદ કરવા, જ્ઞાની નેકીવાળો પરદુખભંજનનો કરવા રચી છે. દ્રવાઓ જેવી ભયંકર રીતની ઝહેરી ચીજમાં તે સાહેબે એવી કરામતો કરી-એવો ભલો દમ ફુકીને અનુઓને ઉભા કીધા છે કે જેઓના સંગ્રહથી એક અતી ખુબસુરત-મોહ પમાડનારૂં-દોસ્તી શોધવા લાયકનાં ખેંચાણવાળું શરીર ઉભુ થઇ શકયું છે. આ બધી કરામતો કે જેથી શરીર આવું ખુબસુરત જીવતું થયું છે તેમાંની એક કરામત આ છે કે આખાં શરીરના જુદા જુદા ભાગોની ઉપર જુદા જુદા ગ્રહોની અસરને ઉતારીને તે તે ભાગોને તે તે ગ્રહોની ગતી સાથે જોડેલા રાખેલા છે, જેથી તે તે ભાગોમાં તે તે ગ્રહોની બલીહારી કંઇ અને કંઇ જામી રહે છે. આપણાં શરીરમાંના કેહર્પ-ઉસ્તાન-તેવીષીના ભાગો તો લગભગ પોતાની મુક્તિએ પુગેલા છે, પણ તેઓનો છેલ્લો ખાકનો ભાગ જે મુક્તિએ પુગ્યો નથી તેનો ભાર તેઓ ખમીને તેને મુક્તિએ પુગાડી રહયા છે. આ છેલ્લી મુક્તિએ નહિ પુગેલી પણ પુગવા માંગતી ખાકના હિસ્સામાંથી જડ શરીર દેખીતું તનુનું એટલે હાડ-માંસ-જ્ઞાનતંતુ-નેસોનું તેમ ગએથા કહેતાં જાતજાતના અંગોનું તેમ પ્રવાહી ચીજોથી છેક અઝદ લગીનું એટલે અણુદીઠ રીતનું એવી રીતે થઇ રહે છે, કે તે બધા ભાગોની રજેરજની ઉપર કેહર્પનાં ચખ્રોનું રાજ હોય છે અને પેલા ઉપર કહેલા ગ્રહોની અસરથી કેહર્પનાં તે તે ચખ્રો મારફતે તે તે ભાગો ઉપર, ભાગોની રજેરજની ઉપર પડયા કરે છે. કેહર્પ

ઉપર કહયું છે તેમ મુકિતએ પુગેલું શરીર છે જેની અંદર કુદરત વસે છે, અને તે કુદરત તે કેહપ'માં રહીને પેલી મુકિતએ નહિ પુગેલી ખાક કે જેને તે કેહપ'નાં અમુક ચખ્રોમાં મુકી છે તેઓમાંથી જડ શરીર ઉભું કર્યા કરે છે. ત્યારે કેહપ' ખુદ કુદરતનું ઠામ થયું છે, એટલે બહારની કુદરત જે ભલા ભાગો-ભલી સંસ્થા-ભલી પેદાયશ જેઓને ગએથા કહે છે તેઓમાં રહે છે તેઓની બરાબરીનું લગભગ કેહપ' છે, માટે બહારની કુદરતને પોતામાં રાખનાર ભલા ભાગોમાં જે મીનોઇ આતશો કામ કરીને તે ભલા ભાગોને ટકવે છે તેજ મીનોઇ આતશો કેહપ'માં રહીને કેહપ'ને ટેકાવ્યા કરે છે. એમ કેહપ'ના સોલેસોલ ચખ્રોની ઉપર અનુક્રમે આતરે ક્રોબા-આતરે ગુશસ્પે તુરફા-બુરજીન મહેર તુરફા-બુરજીન મહેર તનઝઝુલ-ખુરદાદે તુરફા-ખુરદાદે તનઝઝુલ-આદર ગુશસ્પે તુરફા-ખુરદાદે તુરફા-બુરજીન મહેર તુરફા-આદર ગુશસ્પે તનઝઝુલ-આદરે ક્રોબા-આદર ગુશસ્પે તુરફા-ગુશસ્પે તનઝઝુલ-બુરજીન મહેર તનઝઝુલ-ખુરદાદે તનઝઝુલ-આ બધા આતશોનો સંબંધ હોય છે.-તેમ વળી કુદરત પોતે જે કંઇબી ખીશ્કારી કરે છે ત્યારે બાર રાસી, ૨૭ મંઝલ અને સાત ગ્રહોની મારફતોને કામે લે છે, તેમજ તેવીજ રીતે તે બધી બાર રાસી-૨૭ મંઝલ અને સાત ગ્રહોનો સંબંધબી તે કેહપ'માં હોય છે. ટુંકમાં જેમ બહારની કુદરત વીસ્તારમાં વહી રહી છે તેમ કેહપ'ના વીસ્તારમાં તેજ કુદરતનો કંઇક ભાગ વહી રહયો છે. જેમ બહારની કુદરત કુલ જગતનો ભાર ખમીને ચલાવી રહી છે તેમ કેહપ'-તેની કુદરત જડ શરીરનો ભાર ખમીને તેને ચલાવી રહે છે માટે જડ શરીરના ભાગોની ઉપર કેહપ'નાં ચખ્રોનો ઇલાકો રહયો છે. સુદરેહ કુશ્તીનાં પહેરણો અને તરીકતો કેહપ' અને શરીરના આ સંબંધને અનુકુલ આવે તેમ રચેલા છે, એટલે કેહપ'ની અંદરની કુદરત પોતાને મળેલા જડ શરીરને વૃદ્ધીમાં આગળ વધારવાનું જોમ મેળવી શકે એવે અર્થે રચેલા છે. કેહપ'નું અતી ઉત્તમમાં ઉત્તમ ચખ્ર પહેલું છે, જેને **લહીઆન** કહે છે, જેને **'અઇર્યન-એમ વએજ'** કહે છે એટલે આરમઇતી જેવી ગતી કરે એટલે દાદારની મરજી પુરી કરે તેવી ગતી પેદા કરવાનાં બીયાંઓ=બીજો રાખતા ભાગ. આ લહીઆનની અંદર સરોશનો ઇલાકો છે અને ત્યાં બ્રેસ્પતીની શુભ અસર છે. ઇનસાનમાંથી જયારે પરદુખભંજનની ગતીના વીચારો નીકળે છે, જયારે ઇનસાન જન સમાજ કે બીજી જાનવરી-ઝાડપાન સમાજની નોકરી કરવા પોતાના જાનને સદકે કરવા તેયાર ઉભો રહે છે, ત્યારે તેવા વીચારોનો જોશ આ લહીઆનમાંથી ઉપજેલો કહેવાય છે. આવા વીચાર કરનાર ઉપર સરોશની નેગાહ હોય છે. અને સરોશ તેની સાથે **'સ્રઑષેમ**

**અષીમ હુરઑદેમ વૅરથાજનૅમ ક્રાદત–ગએથૅમ અષવનૅમ અષહે રતૂમ યજમઇદે**'ના સ્તોતોની ગતીથી એકતાન થઇ રહીને તેને હીમ્મત–હોશ–હામ–ખેરદ આપી રહે છે. પણ આપણા જેવા સ્વાર્થી પેટપોષુ સત્તાના ચાહનાર–સારા બે બોલ ખુદ સારૂ બોલાય તેવું ઇચ્છનાર ઇનસાનોના વીચારો આ લહીઆનનાં ચખ્રની ઉપર ભાર મુકે છે અને ઇનસાનનું માથું જયારે ખુલ્લું રહે છે ત્યારે તે ભાર વધી જાય છે, કેમકે તે વખતે અઇપિની જડ ગતી વધે છે જેથી તે ચખ્રની ઉપર ભાર પડે છે. ઇનસાન જો નાકસીના વીચારો કરે–માથાં ઉપર પહેરણ રાખે, તો તેથી માથાં ઉપરના બાલ સાથે હવાનું ફ્રીકશન થવે જે દુજી ગતી ઉભી થાય છે, જે દુજી પછી અઇપિમાં પંથરાઇને તે પહેલાં ચખ્ર ઉપર ભાર કરે છે, તે ભાર કરવાનો તે દુજી ગતીનો જોશ માથાં ઉપરનાં પહેરણથી ઓછો થતો જાય છે. એમ માથાં ઉપર પહેરણ હોવે હવાનું ફ્રીકશન બાલ સાથે નબળું થવે દુજી ગતી નબળી થાય છે, જે જમીનની મગનાટીસથી ખેંચાઇ જવાથી તે લહીઆન ચખ્ર ઉપર ભાર મુકી શકતી નથી. ત્યારે માથું ઢાંકેલુ રાખીને ભલી તરીકતી જીંદગી ગુજારે તો તે પહેલાં ચખ્રની ઉપર ભાર પડતો નથી. પણ નાહતી વખતે ખુલ્લા થવુંજ પડે છે. આ વખતે ત્યારે હાથની હથેલી ઉપર જે ચંદ્રમાની અસર હોય છે તે ચંદ્રમાની અસરને માથાંનાં તાલક ઉપર હથેલી મુકવે તાલક સાથે જોડી આપે છે. આથી ચંદ્રમાની અસર જે દએ તરીકેની છે એટલે જે કામ જે નઇયતે સોંપેલું હોય તે કરવાની–કરી બજાવવા ઉસ્તવાર રહેવાની છે, તે ચંદ્રમાની અસર ત્યાં આવીને તે કામને પુર્ણ કરે છે. હયાં સરોશની ગતીને તે ચખ્રમાં પુર્ણ રીતે જેમ હોય તેમ રાખવાનું કામ તે ચંદ્રમાને કરવાનું છે. માટે સરોશ બાજને હમામ વખતે ભણે છે. આમ સરોશ બાજ જે ભણાય છે તેનું કામ એટલે સરોશની ગતીને તે લહીયાનમાં સાબેત રાખવાનું કામ ચંદ્રમાની ગતી તેટલો વખત કરી રહે છે. અઇપિની ઉપર ભાર પડે ત્યારે સરોશ યજત તે ઇનસાનના સંબંધથી જરા દુર થાય છે; '**સ્રઑષેમ અષીમ હુરઑદેમ.........યજમઇદે**'નો મોટી ક્ષ્નૂમનનો ભેદ એટલે સરોશની સાથે સીધ્ધા મળવાનો ભેદ રહેતો નથી. જો કે નાહતી વખતે ચંદ્રમાની ગતી ત્યાં આવીને અણદીઠ ટોપી કરે છે છતાં તે બચાવ તાત્કાળીકનો અને બનાવતી છે, માટે સરોશ યજત જો કે સંબંધ રાખી શકે છે છતાં મંદ રહે છે એટલે યસ્નમાં રહેતા નથી, મોટી ક્ષ્નૂમનની ખુશાલી તે ઇનસાનને કરાવે તેવી હાલતમાં રહેતા નથી. માટેજ તે બાજ લેતી વખતે જયારે માથાં ઉપર હાથ મુકીને ચંદ્ર-

માની અસરની ટોપી કરે છે ત્યારેબી તે બાજમાંનું તે મોટી ક્ષ્નૂમનનું વાકય (**સ્રઑષૅમ........યજમઇદે**–અએ સરોશ, તુને મળીને ઉશ્તા પામ્યો છું) ભણાતું નથી, કેમકે આવી રીતની માહની ગતીની ટોપી થવેબી સરોશ તે ઇનસાન સાથે જો કે સંબંધમાં રહે છે છતાં યસ્નમાં રહેતા નથી, માટે મોટી ક્ષ્નૂમનનો ભેદ ઉભો કરતા નથી, માટે **સ્રઑષૅમ........ યજમઇદે**'નો ભાવાર્થ થતો નથી એટલે પછી જો તે બાજમાં તે વાકય ભણે તો 'દરૂઘ' થયલું કહેવાય. લહીયાનનાં ચખ્રમાં ઇનસાનની મુકિતનો સામાન રહે છે. ઇનસાને જન્મોજન્મ કરી પોતાના દેવને સુધારીને ગવનો કીધો છે તેવી ગતીની મોટી દોલત જેને સ્રઓષેમ=અહૂ પ્રત્યેની તાબેદારી કહે છે તે સ્રઓષેમને ત્યાં રાખેલી છે. લહીયાન ઉપર જયારે અઇપિની જડતાનું દબાણ આવે છે ત્યારે તે મોટી દોલત ઉપરબી દબાણ આવે છે એટલે સરોશ યજતનો સંબંધ દુર જતો જાય છે. આમ નહિ થાય તેની અનેક સાવચેતીમાંની એક સાવચેતી તરીકે ટોપીનું ઢાંકણ છે. આમ ટોપીનાં ઢાંકણ રાખનારનો રાસ્ત દાવો છે કે તે શખ્સ તે ટોપીનો રાખનાર દેવની ઘટતીની ગતીથી–હવસોની ચુંગાલથી આઝાદ છે એટલે દુન્યાનો તે ખાદમ છે, પર-દુખભંજન નીસ્વાર્થી એટલે આઝાદ છે કેમકે તેથી તેની સ્રઓષેમની ગતી જે અહૂની ખાદમ છે તે ગતી અહૂની મરજી જે ગેતીનો ફ્રશો–ગર્દ કરવાની છે તેને બજાવવા તત્પર છે. આવો શખ્સ દેવથી આઝાદગીવાલી હોવે દુન્યાનો ખાદમ થઇ શકે છે. આમ ટોપી રાખનાર ઇનસાનને આઝાદેગાન કહે છે. **આમ ત્યારે હવસોથી આઝાદગી રહે અને લહીયાન ઉપર આઝાબ નહિ પડે તેને માટે એક સાવચેતી તરીકે ટોપીનું પહેરણ છે.** પણ નાહતી વખતે ઉપર જોયું તેમ ચંદ્રમાની ગતીની અણુદીઠ ટોપી થઇ રહે છે, જે તાત્કાળીક કામ ચલાઉ માટે નબળી ગતીની છે, માટે સરોશ યજતની ગતી ત્યાં જોડાયલી રહે છે પણ મંદ રહે છે એટલે યસ્નની ગતીમાં માટે ઇનસાનને મોટી ક્ષ્નૂમનનો લાહવો આપતી ગતીમાં રહેતી નથી. માટે બાજમાં તે મોટી ક્ષ્નૂમનનું વાકય ભણાતું નથી. ત્યારે શરીરના જુદા જુદા ભાગોની ઉપર જે જે ગ્રહોની ખાસ કુદરતી અસરો દરેક માનવને એકસરખી હોય છે (કેશારી અસર જે કરણીથી થાય છે, જે દરેકને એકસરખી રહેતી નથી, તેની હયાં વાત નથી), તે જુદા જુદા ભાગોની તે તે ગ્રહોની કુદરતી રીતે નેમાયલી અસરોને અન્ય ભાગોની ઉપર લઇ જઇ શકાય છે; જેમ કે હથેલી ઉપરની ચંદ્રમાની અસરને તાલક ઉપર હાથ મુકવે લઇ જવાય છે. એમ ત્યારે હથેલી ઉપરની ચંદ્રમાની અસરને તાલક ઉપર લાવવે એક અણુદીઠ ટોપી તાત્કાળીક કામ કરતી થઇ રહે છે, જે તેટલો વખત જડ

થતી અઇપિની અસરને તાલક ઉપરનાં પહેલાં ચખ્ર ઉપર જવા દેતી નથી. જે જે ભાગોની ઉપર કુદરતી રીતે ચંદ્રમાની અસરો હોય છે તે તે ભાગોની ઉપર કુદરતી અણુદીઠ રીતનું ઢાંકણુ બની રહે છે અને તે તે ભાગોનો કુદરતી બચાવ થઇ રહે છે. છાતી–ફેફ્સાંની ઉપર ચંદ્રમાની અસર કેહર્પ મારફતે ઉતરે છે, જેથી સુદરેહના ગેરેબાન આગળનો ત્યાંનો ભાગ ખુલ્લો રાખેલો છે, કેમકે કુદરતી રીતે ચંદ્રમાની અસર ત્યાં ઢાંકણુ તરીકે છે, માટે સુદરેહનાં ઢાંકણુની જરૂર પડતી નથી, માટે સુદરેહને ત્યાંથી ખુલ્લો રાખેલો છે.

**નાહી રહીને દીલ લુછીને પછી કપડાં પહેરીને દુટી આગળ અંગોઠા પાસેની આંગળી મુકીને છેલ્લુ પદ 'નૅમસ્ચા'નુ પઢીને કુશ્તી પુરી કરે છે.** એ પદ ભણુતા દુટી આગળ અંગુઠા પાસેની આંગળી મુકવાનું કારણુ સમજાવેલું છે. ઉપર જોયું કે કેહર્પ લગભગ મુકિતએ પુગેલું શરીર છે, પણુ ખાકનો ભાર ખમીને ખાકને સુન્નાની કરવા જન્મ મરણુના ફેરામાં આવ્યા કરે છે. આ કેહર્પમાં ત્યારે બે મુળ ભાગો થયા છેઃ એક ભાગમાં કુદરતનો વસવાત છે અને બીજા ભાગમાં પેલી ખાકને રાખી છે, જેને તે ચખ્રો પોખી રહે છે, અને ખાકથી તેઓ અભડાઇ રહે છે. ખાકની સાથે ધનામીન જોડાયલો છે, કેમકે શરીરમાંની ખાકની બુરી હવસી ગતીઓને ઉશ્કેરીને બહાર કઢાવનાર ધના અને તેને લગતી કાળી કુદરત છે, માટે ખાકનો ભાર ખમતા કેહર્પના બીજા ભાગનાં તે ચખ્રની અંદર ધનામીન અને તેની કાળી કુદરત વસી શકે છે. આમ ૧૩ માં ચખ્રનો ઇલાકો અહીરીમનની ગતીએ લીધેલો છે. ૧૦ માં ચખ્રની આસપાસ અને નીચેથી એટલે દુટીની ઉપરથી સ્પેનામીનની કુદરત રહી છે. દુટીની આગળ ત્યારે નીરંતર સ્પેના અને ધનાની મારામારી ચાલ્યાજ કરે છે. દુટીની આગળ ક્રાહ નામનું ચખ્ર છે જયાં આગળ રણુ થયાજ કરે છે. આ દુટીની ઉપર અહુરમજદે બ્રેસ્પતીની અસર મુકી છે કે જેથી તે રણુને તે યુધ્ધો દરમ્યાન ટકી શકવાનું જોમ મળે. પણુ દુટીની અંદર તે બ્રેસ્પતીનો પ્રવાહ જઇ શકતો નથી, કેમકે તે રણુ કે જેમાં સ્પેના–ધનાનું યુદ્ધ થયા કરે છે તેમાં ભારે ધમચકરી થઇને ભારે વંટોલ્યા થયા કરે છે એટલે તે મીનોઇ અસર અંદર જઇ શકતી નથી. જયારે જયારે અઇપિ જડ થાય છે ત્યારે ત્યારે તે રણુમાં વધુ ધમચકરી થાય છે. રણુમાં જબર હલ્લાઓ બેઉ બાજુએથી થઇ રહે છે. દુટીની નીચેથી ધના ઉપર જઇને અંતકરણુનો કબજો લેવા માગે છે, જયારે દુટીની ઉપરથી સ્પેના તેને મારી હઠાવીને તેને અંતકરણુમાં પેસવા દેતો નથી. એ ક્રાહનું ચખ્ર જો આરમઇતીથી વસેલું, આર મિથ્રના પાયાવાલું

થાય, તો પછી ત્યાં ઘનાનું જોમ ચાલે નહિ. ફ્રાહનાં ચખ્રના પાયામાં આરમઇતીનો હીસ્સો નથી; ત્યાં તરોમઇતીનું લક્ષણ જામેલું છે. ત્યાં મેદાનમાં તોફાનજ રહે છે, શીરીન ગતી, શાંતી રહેતી નથી, હમેશનું ધુળનું ઉડવું રહે છે. ફ્રાહનાં ચખ્રનો ઇલાકો આંતરડાં ઉપર છે–આંતરડાંની અંદર બુરો કાદવ છે એટલે આંતરડાંમાંજ નરકનો ભેદ છે, એટલે ત્યાં તરોમઇતી છે. હર્યા ફ્રાહમાં જો આરમઇતીનો ઇલાકો જામે તો પછી તે ફ્રાહનું ચખ્ર શીરીન ગતીનું થાય, ઘના ત્યાંથી નાહસે અને બ્રેસ્પતીનો પ્રવાહ અંદર જઇને અંતકરણમાં દાખલ થાય એટલે અરદીબહેસ્તની ગતી–અષોઇ અંતકરણમાં જામે. આમ થવા પામે માટે પોતાની બતાવવાની આંગળીમાંના કુદરતી રીતે વહી રહેતા બરજીસી પ્રવાહને, દુટી આગળ તે આંગળી મુકીને અંદર ફ્રાહની તરફ દોરવે છે, કે જેથી ફ્રાહમાંનુ તોફાન નરમ પડતું જાય. **કેમ ના મજદાનું** છેલ્લું પદ '**નૅમસ્ચા**'નું પઢતાં અંગુઠા પાસેનું આંગળુ ત્યાં દુટી ઉપર મુકે છે કે જેથી આરમઇતીને ત્યાં વસાવવાનો મિથ્ર–ઉમેદ તે આંગળીમાંથી નીકળતા બરજીસી પ્રવાહથી ફળતાં જાય. તે શખ્સ મિથ્ર કરે છે કે અએ આરમઇતી, જેમ તું જમીનમાં બેસીને જમીનમાંથી ધાન્ય ઉગાડીને પરોપકારી વૃત્તી ચલાવી રહે છે, તેમ તું આ મારા ફ્રાહનાં રણુની જમીનમાં આવીને ફ્રાહનાં રણુનેબી તેવું ફળદુપ કરે. આ અંગુઠાની પાસેની આંગળીમાંનો બ્રેસ્પતીનો પ્રવાહ ફ્રાહનાં રણુમાં ધીમે ધીમે જરા જરાબી અંદર જયા કરે, કે જેથી ફ્રાહમાં શાંતી થવાની શરૂઆત થાય, જે પછીથી ફ્રાહનાં ઇલાકાનાં આંતરડાંની ગતીબી શુભ થતી આવે. આંતરડાંનું તે દોઝખ ધીમે ધીમે બહેસ્તમાં બદલાય અને દુટી આગળ આવતો કુદરતનો બરજીસનો પ્રવાહ અંદર દુટી મારફતે છેક ફ્રાહ લગી દાખલ થઇને પછી ફ્રાહ તરફથી ઉપર અંતકરણમાં જઇને અષોઇની ગતી ઉભી કરે.

અંગુઠાની ઉપર શુક્રની અસર છે. અંગુઠાની પાસેની બતાવવાની index finger ઉપર ગુરૂની અસર છે. વચલી તેની પાસેની આંગળી ઉપર શનીની અસર છે. તે પછીની વીંટી પહેરવાની આંગળી ઉપર રવીની અસર છે. છેલ્લી નાની આંગળી ઉપર બુધની અસર છે. ત્યારે આપણુ કે જેઓનાં ફ્રાહનાં ચખ્રમાં ગતી નથી એટલે જે ચખ્રમાં તરોમઇતીનો પાયો છે, નર્કની તુંદીનો પાયો–વાસ છે, તેવાઓમાંના તે ચખ્રમાં આગલી પહેલી આંગળીમાંનો બ્રેસ્પતીનો પ્રવાહ જો અંદર જાય, તો તે ચખ્રની તરોમઇતીની ગતી ધીમે ધીમે આરમઇતીમાં ફેરવાતી જાય અને પેલા **નૅમસ્ચાના** માંથ્રને જોરે તે બ્રેસ્પતીનો પ્રવાહ દુટી મારફતે જોશથી ફ્રાહમાં જઇને ફ્રાહની તરોમઇતીને આરમઇતીમાં ફેરવવાની શુભ શરૂઆત થતી

જાય. એમ ત્યારે દુટી ઉપર આગલી આંગળી મુકવે આંતરડાંની જમીન પરોપકારી થાય-નર્કના વાસના દોઝખમાં આરમઈતીની બરદાસ્તની ગતી જામે એમ દુઆ કરે છે.

નાહી રહયા અને દીલ નુછયા પછીથી જયારે સુદરેહને લઇને પહેરે છે ત્યારે તે પહેરનાર સુદરેહના સાંધાઓને જોઇને નીચે મુજબ વીચારો ફેંકે છે: (૧) **સુદરેહના ગીરદાને** જોઇને પાપનો ભાર ઉંચકવાનો છે તેનો વીચાર કરે છે. પાપના ભારની સાથે પાપની શીક્ષા ખમવાની છે તેને માટે જોમ હીમ્મત માંગે છે અને દએનની વસીઅત મુજબની મહેર પાળવાની છે. મહેરનો ઝુન્દો પીઠ ઉપર મુકવાનો છે અને અહીરીમન તેને લુટવા આવે તોબી તેને છોડવાનો નથી તેવા રોશન ફેલનો વીચાર કરવાનો છે. (૨) પછી **ગરેબાનને** જોઇને વીચાર કરે છે કે ગીરદાનો ભાર ખમવાનું જોમ આપનાર **ગરેબાનમાં** વસાવેલી ગતી છે. તરીકતથી પાવ ગતીની થયલી અઇપિમાં યજતી પ્રકાશ નામે ખોરેહ ઉતરશે તે ખોરેહને નીચે લાવવામાં આ ગરેબાન મદદ કરે છે. જેબી કંઇક સચ્ચાઇ-તરીકત પળાશે તેને જોશ આપનાર આ ગરેબાન છે. અઇપિની ગતીને સુક્ષ્મતામાં લાવનાર આ ગરેબાન છે. ઉપર કહયું છે તેમ અહીરીમન જયારે મહેરનો ઝુન્દો જે ગીરદા ઉપર છે તેને જોર જુલ્મ કરીને લુટવા માંગે છે, ત્યારે જો તે ઇનસાન તે ઝુન્દાને છોડે નહિ, તો પછી અહીરીમન તેને જમીન ઉપર પાડે છે. આ વખતે ગરેબાનમાંની કુદરત આવીને તે પડતા ઇનસાનને જોર આપીને ઉભો કરે છે. એમ સચ્ચાઇને પાળવા માંગતા ઇનસાનને મદદ કરનાર કુદરત ગરેબાનમાં છે, તેને યાદ કરે છે. ઉપર કહયું છે કે સુદરેહની સાઝશની કાયદા પ્રમાણેની જે મુકરર થયલી છે તેમ જયારે તે સુદરેહને બનાવે છે, ત્યારે તે નવે નવ સાંધાઓની ઉપર **વસ્ત્ર અને કૅશનો** ભેદ ઉતરે છે એટલે અષો જરથુશ્ત્રની અહુરમજદની વટીની શાહી શાખ ઉભી થાય છે, જેથી તે સાંધાઓમાં ત્યારે ઉપર કહી છે તેવી ગતીઓ જાહેર થઇ શકે છે. એમ ગીરદાની ઉપર ભાર ખમવાની, સત્યને ટેકવવાને માટે રોશન ફેલને મદદ કરવાની શકિત કુદરતી થાય છે. તેમ ગરેબાન ઉપર તે રોશન ફેલ પ્રમાણેની ભલી અઇપિમાં યજતી ખોરેહ ખેંચી અપાવવાની-ઉભી કરાવી આપવાની શકિત રહે છે. બેઉમાં બુરાઇની ગતીને જીતવાની ગતી હોય છે. ત્યારે **(૩-૪) હવે ત્રીજો અને ચોથો સાંધો** જે બે બાંયનો છે તેઓને જોઇને ઇચ્છે છે કે આ સાંધાઓની ગતી જાગૃત થઇ મને રોશન ફેલનો ભલો નતીજો જે બુરાઇને હરાવીને ભલાઇમાં ફેરવવાનો છે તે અપાવે. પછી **(૫-૬) પાંચમા છઠ્ઠા પરદાઓ** જે સુદરેહના

ગોલાતના આગલા અને પાછલા અરધા પરદાના છે, જેઓમાં વસ્ત્ર અને કુશ્તના ભેદથી ગઇ અને ચાલુ જીંદગીઓની તેહકીકે રાખવાનો અને ભવીષ્યમાં ગરોન્માન તરફ દોરવવાનો જોશ છે, તેઓને જોઇને વીચાર કુંકે છે કે પાછલો પરદો જે ગઇ જીંદગી બતાવે છે, ગઇ જીંદગી પ્રમાણેની બગોબખ્તની ગતી બતાવે છે, કાલે શું થશે તેનો ખોફ દેખાડે છે, કઇ વખતે ગુનાહ થઇ જાય માટે ખોદાની મદદની ઇન્તેઝારી બતાવે છે, તે પરદો ભલી હીદાયત કરે-ક્ષથ્રની ગતી લાવી આપે, કે જેથી તે ભુતકાળમાં જોવાની ગતી આવે. પીઠ પાદશાહની હોય છે એટલે ક્ષથ્રવાલાઓજ પોતાની પીઠ કહેતાં ભુત જોઇ શકે છે, એવો ભેદ પેદા પડતો જાય, અને આગલો પરદો જે હાલની જીંદગીનો દોર દેખાડે છે તે સફળ જાય. પછી (૭-૮) સાંધાઓ તે કાટખુણાની બે તીરીઓના છે. મરદની જમણી બાજુ ઉપર નીચેની ગોલાઇ ઉપર તેઓ આવેલા છે. નવમો સાંધો સામાન્તર તીરીનો એવીજ રીતે ઓરતની ડાબી બાજુ ઉપર નીચેની ગોલાઇની ઉપર કાયદા અનુસાર રહયો છે. મરદના બાબમાં તે તીરીઓ કાટખુણાવાળી અને ઓરતના બાબમાં તે તીરી સામાન્તર ગતીવાળી રહે છે. ૭-૮ અને ૯ સાંધાઓવાળી આ તીરીઓને ધ્યાનમાં લઇને દુઆ કરે છે કે તેઓ 'વસ્ત્ર અને કુશ્ત'ના ભેદમાં પુર્ણ રીતે આવીને જે મહાન મતલબ બજા લાવવાની છે તે બજા લાવવામાં મદદ કરવા જેવી થઇને ઉભી રહે. એમ તે મર્દ તે ત્રણે સાંધાઓને ધ્યાનમાં લઇને તેઓની તે મહાન મતલબને યાદ કરે છે. મર્દની કાટખુણાની તીરી અહુ-દએના-બઓદની શકિતઓ ઉભા થવા માટે મદદ આપી શકે છે. આ સાંધાઓની તલેસમાતીક ગતી ઇનસાનનાં અંતકરણને દએનાવાળુ એટલે તસલીસ ગતીનું એટલે ફ્રાહના ચખ્રની આણુના આંતરડાંનાં નર્કથી થતી લાગણીના આવેશથી નહિ ખેંચાયલું પણ અહુરમજદ તરફ ખેંચાયલું કરે છે, જેમાં બઓદ કહેતાં યજતોના હુમતો-હૂખ્તો-હવરસ્તો આવી મળે છે, જેથી તે ઇનસાનનો સ્વભાવ અહુ તે સાહેબે જેવો ધારેલો છે, ખરા સરદાર* તરીકેનો થવા ધારેલો છે તે થઇ શકે છે. મર્દ રૂવાન જયારે આવી ગતીએ પુગે છે ત્યારે તે મર્દ રૂવાન પોતાની નારી રૂવાનને પોતા તરફ ખેંચીને નવમો સાંધો જે ઓરતના કેસમાં સામાન્તર તીરીનો છે, તેના ભેદ પ્રમાણે ખએતવોદથના હિંગામની શરૂઆત કરે છે. પણ જો નારી રૂવાન આવા નવમા સાંધાની બરકતથી

---

* ઇનસાને પોતાના સંબંધની હેઠળી પેદાયશોનાં રૂવાનોને તારવી તેઓની રચ ખીલવી તેઓના સરદાર થઇને તેઓને પોતામાં મેળવીને ખએત્વોદથ થવાનું છે ત્યારે પહેલાં તે ઇનસાન સરદાર તરીકે થવું જોઇએ.

ખએત્વોદથીએ પુગવું હોય અને તેણીનું મર્દ રૂવાન પાછળ હોય, તો તે ઔરતનું રૂવાન પોતાની તે સમાન્તર તીરીના જોમથી તે મર્દ રૂવાનને તેના સુદરેહના કાટખુણાની તીરીને જોરે દએનાની ગતી થવા તરફ ખેંચી શકે છે. આવા મિથો ફળો એમ તે પહેરનાર વીચાર કેંકે છે.

છેલ્લે તે સુદરેહ પહેરનાર નીચેની ફરતી ગોળ મોહરીને ધ્યાનમાં લે છે, જેમાં **રામનો ખાસ્તરની** ગતીનો ભેદ ઉભો કરવાનું જોમ છે. નીચેના આ ગોલાનને જોઇને વીચાર કરે છે કે મને રામેશ્નની મળો–મારી જે એબો હોય તે સુધરો–એબોથી જો કંઇ ગુનાહના ઝખમો થયા હોય તો તે ઝખમો બએષજના દારૂથી આખા થાઓ–રૂઝાઓ, એમ મને અખંડપણું મળો–મારે લગતા જે અંશો હેવાન–ઝાડપાન–ખનીજમાં હોય તે બધા મારી તરફ આકર્ષાય અને મારાં રૂવાનમાં મળી મારી રય વધારે, કે જેથી ખએત્વો-દથના હિંગામને નઝદીક લાવી શકાય, જેથી મને પુર્ણ રામેશ્નની ઉભી થાય અને ખાશ્ર તુરી ગતી તરફ હું જતો રહું. સુદરેહ પહેરતાં આવા ખ્યાલાતો રાખવે અધપિની વાતાવરણ શુભ થતી જશે. એમ નાહવાની નીરંગ પુરી થાય છે.

## પીસાબ–હાજતે જતી વખતની બાજ.

હાજતની જગાથી જેટલે દુર બની શકે તેટલે દુર ( કાયદા પ્રમાણે ત્રણ કદમ એટલે આશરે દસ બાર ફીટ જેટલે દુર) ઉભા રહીને ભણવું:–

**વનાહ્[1] શેકસ્તેહ્[2] સદ્[3] હ્જાર્[4] બાર્.[5] યથા અહૂ વઇર્યો ૧.**

લાખો મરતએ[3-4-5] ‖ ગુનાહની મતી વીચાર[1] ‖ તુટેલો નીશ્ફળ જજો.[2] ‖

પછી મુંગે મહોડે હાજત કરી રહીને શરીરની ગતી કેવી નાપાય-દાર અને ઉતરતી અને મૃત્યુપાત્રની અને નહિ ભરોસો મુકવા લાયકની છે તે ઉપર ખોફ કરી–આવી રીતનાં શરીરને ઉત્તમ નુરનું કરવાનું છે તેના કાળજીના વીચાર કરીને પછી બહાર જે જગા આગળ ઉપલું ભણ્યા છીએ, ત્યાં આવીને આ પ્રમાણે ભણી જવું :–

**હુમતનાંમ્[1] હૂખ્તનાંમ્[2] હ્વર્સ્તનાંમ્[3] યદચા[4] અન્યદચા[5] વૅરૅજયમ્નનાંમ્ચા[6] વાવૅરૅજનનાંમ્ચા[7] મહી[8] અઇબી-જરૅતારો[9] નએનએસતારો[10] યથના[11] વૅાહૂનાંમ્[12] મહી.[13]** (બે વાર)

હુખ્ષથ્રોતॅમાઇ[14] બાત[15] ખ્ષથ્રॅમ[16] અહુમત[17] હુયત[18] અઇબી-દદॅમહિચા[19] ચીષ્મહિચા[20] હુવાંનમહિચા[21] ધ્રત[22] મજદાઇ[23] અહુરાઇ[24] અષાઇચા[25] વહિશ્તાઇ.[26] (ત્રણ વાર)

**યથા અહૂ વઇર્યો ૪. અષॅમ વોહૂ ૩.**

**અહુનॅમ વઇરીમ[27] યજમઇદે;[28] અષॅમ વહિશ્તॅમ[29] સ્રએ-શ્તॅમ[30] અમॅષॅમ સ્પॅન્તॅમ[31] યજમઇદે.[32]**

**યેંઘહે[33] હાતાંમ[34] આઅત[35] યસ્ને[36] પઇતી[37] વંઘહો,[38]**
**મજદાઓ[39] અહુરો[40] વએથા[41] અષાત[42] હચા,[43]**
**યાઓંઘહાંમચા[44] તાંસ્ચા[45] તાઓસ્ચા[46] યજમઇદે.[47]**
**અષॅમ વોહૂ ૧.** પછી હાથ મોઢું ધોઇને કુસ્તી કરી લેવી.

ગોસ્પંદી ગતીમાં[12] (યજતો જેઓ અહુરાના બંદા છે તેઓની હીદાયત-અસરો હેઠળ, દીન કે જે અહુરાએ આપી છે તેની દીક્ષા હેઠળ પુર્ણ રીતે) || છીએ,[13] || માટે[11] || હુમત[1] (યજત જેવા વીચારોની ગતી)માં, || હૂખ્ત[2] યજતોના વચન જેવી ગોબી)માં, || હવરસ્ત[3] (યજતોનાં કામ જેવાં કામો)માં || (રહીને), || આ તરફ[4] (એટલે હાલી હાલ), || કોઇબી તરફ[5] (ભુતકાળમાંના સંજોગોમાં) || જેઓ તરીકત પાળીને પાર પડી રહયા છે તેઓની[6] || અથવા તરીકત પાળીને પાર પડી ગયા છે તેઓની[7] || કીર્તી ગાનારા,[9] || તેઓનો દાખલો લઇ તેઓની પુઠે જનારા[10] || છીએ;[8] (એટલે જરથોસ્તી દએનની દીક્ષા લીધી છે માટે દએનમાં જેઓ આગળ વધેલા છે તેઓનો પેવંદ હમે પકડી રાખવાનો હમોને હક છે, કે જેથી જલદી પાર પડાય-માટે તે પેવંદ હર હાલતમાં પકડી રાખીશુંજ. આવી નજીસાતના વખતેબી તે પેવંદને મુકીશું નહિ.) ||

મજદા અહુરાની[23-24] || અષ વહિશ્તની[25-26] || તે[22] || ક્ષથ્ર=મીનોઇ અધીકાર[16] || ખચ્ચીતજ[15] || તરીકત મારફતે આગળ વધેલા-પુર્ણતાએ પુગેલા પસે-રતુને માટે-ભલી સત્તાને લાયકનાને માટે[14] || (નેમાઇ છે તેને મગશેજ). || તે[18] (ક્ષથ્ર) || હમારી તરફ અને દુર[18] (એટલે બીજા તરફ પુગે માટે) || તન-મન અર્પણ કરીએ છીએ,[19] || ચીત લગાડીએ છીએ,[20] || પોતાની કરવા તેની પુઠ પકડવા માંગીએ છીએ.[21] ||

**અહુનવઇર્ય સાથે,[27] || સૌથી સરસ[30] || અષ-વહિશ્ત[29] || અમશાસ્પંદ સાથે[31] || એકતાન થઇએ છીએ.[28-32] ||**

ત્યારે[૩૫] ‖ હસ્તીમાં આગળ વધેલાઓમાં[૩૪] ‖ જેઓ[૩૩] ‖ યસ્નને માટે[૩૬] ‖ ભલાઈના[૩૮] ‖ પતી જેવા સંપુર્ણતાવાળા થયા છે,[૩૭] ‖ જેઓને[૪] ‖ મજદા અહુરા[૩૯-૪૦] ‖ અષોઇને લીધે[૪૨] ‖ જાણે છે,[૪૧] ‖ તે નર[૪૫] ‖ નારીઓ સાથે[૪૬] ‖ એકતાન થઇએ છીએ.[૪૭] ‖

આવી હાલતમાં શું થાય છે—આ નીરંગ કેમ ફાયદો કરે છે તે ઉપરની સમજમાં છે.

## મુબેદો—દાવરો—યઓજદાથ્રેગરો—અષોઇના આમેલોની 'અમલ'માં રહેતી વખતે ખાવા માટેની ખાસ બાજ જે અહુરમજદની બાજ છે તે.

**અઍષ[૧] સ્પૅન્તે! દએને મજ્દયસ્ને![૨] વંઘહુવસ્ચ[૩] વંઘઉહીશ્ચ![૪] જઑથ્રાઓસ્ચ![૫] યો[૬] અએષ્ત્ર[૭] મજ્દયસ્નએષ્વ[૮] મજ્દયસ્નો[૯] અઑજનો,[૧૦] અષહે[૧૧] રાથ્મ[૧૨] જીરતયમનો.[૧૩] યાથ્વ[૧૪] ગએથાઓ[૧૫] અષહે[૧૬] મૅરૅધૅન્તે.[૧૭] અવી[૧૮] તૂ[૧૯] દીમ[૨૦] દીસયત,[૨૧] યાઓ[૨૨] અપસ્ચ[૨૩] ઉર્વરાઓસ્ચ[૨૪] જઑથ્રાઓસ્ચ.[૨૫] યસ્ચ[૨૬] અએતએષાંમ્[૨૭] મજ્દયસ્નનાંમ્[૨૮] પૅરૅનાયુનાંમ્[૨૯] અઠવીજીજીયનાંમ્[૩૦] ઇમા[૩૧] વચો[૩૨] નોઇત્[૩૩] વીસઇતી[૩૪] ફ્રશ્રવઇતી[૩૫] અએતાંમ્[૩૬] આ[૩૭] યાતુમનહે[૩૮] જસઈતી.[૩૯] ઈથા[૪૦] આઅત્[૪૧] યજમઇદે[૪૨] અહુરૅમ્ મજ્દાંમ,[૪૩] યે[૪૪] ગાંમ્ચા[૪૫] અષૅમ્ચા[૪૬] દાત્[૪૭] અપસ્ચા[૪૮] દાત્[૪૯] ઉર્વરાઓસ્ચા,[૫૦] વંઘઉહીશ્[૫૧] રઑચાઓસ્ચા[૫૨] દાત્[૫૩] બુમીમ્ચા[૫૪] વીસ્પાચા[૫૫] વૅાહૂ.[૫૬] અષૅમ્ વૅાહૂ ૩.**

(આટલું ભણીને પછી તાંબાની રકાબીમાં ખોરાક મુકીને તેને ત્રણ પથરા ઉપર ગોઠવીને ખાવું અને ખાવા અગાઉ જમણા હાથને પાણીથી ધોવો. મોટા અષવનો કોડીની રકાબી વાપરતા નથી. સુન્તુ—રૂપું—યા તાંબુ એ ત્રણજ ધાતુને વાપરે છે. આ બાજ આપણને માટે નથી. આપણને કોડીની રકાબી ચાલે. હયાં તો મોટા અષવનો અને દીન—દસ્તુરોની વાત છે. મોટા અષવનો મુવેદોની અઇપિ સુક્ષ્મ રહે છે. પાણીનો આદુ—ફ્રાદો તેઓના હાથના પહોંચામાંથી નીકળતી ખાસ્તરની સાથે મળીને પછી પાછો પેટમાં જાય છે, ત્યારે ખાધેલી ચીજના રૂહોના અંશો ખાધામાંથી

બહાર પડીને ખાનારનાં રૂવાનમાં મર્જ થઇ શકે છે. આવા અષવનની અઇપિ અને તેના હાથનો પ્રવાહ બેઉ સુક્ષ્મ રહે છે, અને આદુ-ફ્રાદો તેઓને મળવે તેઓને જોટ આપે છે જેથી તેઓ ખાવાની ચીજમાંના રૂવાન ઉપર કામ કરી શકે છે. આપણી અઇપિ અને આપણી ખાસ્તર આદુ-ફ્રાદો સાથે મળીને ખાવાની ઉપર, ઉપર કહયું તેમ કામ કરી શકે નહિ. જયાં લગી ખાસ રીતની અઇપિ સ્વચ્છ થયલી હોય નહિ અને તે અષવનની ઉપર શુભ ગ્રહોની અસર હોવીજ જોઇએ તે ગ્રહોની ભલી નઝરાત હોય નહિ, ત્યાં લગી તેના હાથના પહોંચામાંથી ભલા સ્વચ્છ પ્રવાહ નીકળી શકે નહિ. આ હાથના પહોંચામાંનો પ્રવાહ પાણીના આદુ-ફ્રાદોથી તેઝ થાય છે. આ વખતે અષવનોના ખાસ મિથ્રોબી કામ કરે છે અને ખાવાનો ખોરાક ખુદ તે અષવનોનાં રૂવાનને લગતોજ હોય છે. આવા ખોરાકની ઉપર પછી પેલી હાથના પહોંચાવાલી શુભ ગતી પેટમાં જઇને ગુપ્ત રીતે કામ કરીને તે ખાધેલી ચીજને લગતા રૂહના અંશોને તે ઇનસાનના રૂવાનના અંશોમાં મેળવે છે. આ વખતે જાહેર હાજેમામાં શીરીન ગતી ચાલે છે અને સાધારણ ઇનસાનનાં આંતરડાંમાં જે નર્કનો દોર થઇ રહે છે તેવું કંઇ થતું નથી. આમ ત્યારે આ બાબદ તદ્દન ખાસ લોકોની છે તે નોંધવું. આ બાબદને આમ લોકોએ ધારણ કરીને તેને રૂસ્વા કરવી નહિ, નહિ તો તેનો કેશાશ ચઢે છે. આવા મોટા અષવનોને ખાસ કવાયદ મળેલી હોય છે. ખાવાને માટે જે કવાયદ મળેલી હોય તે કવાયદને રૂયેજ તેઓ ખાઇ શકે છે, કેમકે તેઓના બાબમાં આ ખાવાનો મોકો એક યસ્ન જેવો થઇ પડે છે. આપણી અને તેઓની ખાવાની બાબદમાં આસ્માન અને જમીન જેટલો ફરક છે.)

**ખાઇ હાથ પાક કરીને અષેંમ્ ૪) યથા ૨) પઢે છે. પછી હોશબામની બંદગીમાંનો ફકરો નીચે મુજબ પઢી જાય છે:—**

**†વસસ્ચ તૂ અહુર્મજ્દ્ ઉશ્તાચ, ખ્ષએષ હુવનાંમ્ દામનાંમ્ વસો આપો, વસો ઉર્વરાઓ, વસો વીસ્પ વૉહૂ અષ-ચિથ્ર; ખ્ષયમ્નૅમ્ અષવનૅમ્ દાયત્. અખ્ષયમ્નૅમ્ દ્રવન્તૅમ્. વસો-ખ્ષથ્રો ખ્યાત્ અષવ; અવસો-ખ્ષથ્રો ખ્યાત્ દ્રવાઓ ગતો હમિસ્તો નિજ્ઑર્તો હચ સ્પૅન્તહે મઇન્યેઉશ દામબ્યો, વરતો અવસો-ખ્ષથ્રો.**

**હખ્ષય અર્જૅમચિત્ યો જરથુશ્ત્રો ક્રતૅમાં ન્માનનાંમ્ચ**

---

† તરજુમા માટે જુઓ ઉપર હોશબામ પાને ૯૦ થી ૯૩ મે.

**વીસાંમ્ચ જન્તુનાંમ્ચ દખ્યુનાંમ્ચ, અઇંધહાઓ દએનયાઓ અનુમતયએચ અનુખ્તયએચ અન્વર્શ્તયએચ યા આહૂઇરિશ જરથુશત્રિશ.**

**રવસ્ચ ખાથ્રેંમ્ચ આફ્રીનામિ વીસ્પયાઓ અષઓંનો સ્તોઇશ; આંજસ્ચ દુઝાથ્રેંમ્ચ આફ્રીનામિ વીસ્પયાઓ દ્રવતો સ્તોઇશ. અષેંમ્ વોહૂ ૩.**

(ભણી જવું–પછી અહુરમજદની બાજ મુકવી.)

અએ અમશાસ્પંદો ![1] ॥ અએ મજદયસ્ન દએન ![2] ॥ અએ ભલા પરમાર્થી નરો ![3] ॥ અએ ભલી પરદુખભંજની નિષકામ નારીઓ ![4] ॥ અએ જઓથ્ર યજતોમાં વસ્તી—અષવનોમાં વસ્તી જોરની કુદરત[5] (જરથોસ્તી દએનના ૩૩ આલાતોની ગતી) ! ॥ આ[7] ॥ માજદયસ્નાનોમાં[8] ॥ જે કોઇએ[6] ॥ મજદયસ્ન તરીકે[9] ॥ 'માંથ્ર' 'વચ' ભણતો રહીને,[10] ॥ અષોઇની[11] ॥ તરીકત મુજબ[12] ॥ જીંદગી ગુઝારતો રહીને[13] ॥ અષોઇ રાખતા[16] ॥ અંગો[15] ॥ (ઉભા કીધા હોય તેઓને) ॥ જાદુથી[14] (પછીથી જો તરીકતો છોડી દે તો) ॥ નાશને પાત્ર કરે છે.[17] ॥ તે[27] ॥ મજદયસ્નોમાંનો[28] ॥ પુર્ણ જુવાનીમાંનો[29] ॥ પુર્ણ રીતના અમલદારમાંનો[30] ॥ જે કોઇ[26] ॥ આએ[31] ॥ માંથ્રોને[31] ॥ (ખાતી વખતે) કબુલ રાખતો[34] ॥ નથી,[33] ॥ (તેઓને) ભણતો–અમલ કરતો[35] ॥ નથી,[33] ॥ તેને[20] ॥ તું[19] (કે જે આપનો, ઉરવરનો, જોરનો ભેદ રાખીને તેઓનો લાહવો ચાખે છે તે તું) ॥ ખાત્રીપુરવક[18] ॥ શીખવ[21] ॥ (કે જેથી તે ખરે રસ્તે ઉતરશે અને જાણશે, કે) ॥ તેઓમાંનો તે[36] ॥ (ખાવાની બાજ નહિ લેવે) ॥ દ્રવંદી–જાદુગર જેવી અષોઇથી દુરની[38] ॥ હાલત તરફ[37] ॥ ખેંચાઇ જાય છે.[39] ॥ (તેના) ॥ અષોઇવાળા[16] ॥ અંગો[15] ॥ જેઓ[22] ॥ પાણીના[23] (છે એટલે પાણી માફક રવઇ પામેલા–ચલીત થયલા–ચાલુ સિક્કા જેવા અંશોને ખેંચનાર છે તેવા પાણીનાઓને) ॥ ઉરવરને[24] (જે અંગો ઉરવરની શકિત રાખે છે ઉરવર જે ખોરેહ રાખીને વૃદ્ધીમાં વધી–પોતાના અંશોને વધારીને પોતામાં ઉમેરનારા છે તેવા ઉરવરને) ॥ જોરની શકિતને[25] (જે અંગો જોરની શકિતવાળા ક્રીયામાં ફત્તેહમંદ રીતે જઓથ્ર–આલાત થઇને પોતાના અંશોને મેળવનારા છે તે જોરને) ॥ નાશપાત્ર કરે છે, મારે છે[17] (પોતાની તેવી આપ–ઉરવર–જઓથ્રની શકિતને ખોહી બેસે છે એટલે ખોરાક મારફતે પોતાના અંશોને ખેંચીને આગળ વધવાની ગતી ખોહી બેસીને તદદન દરવંદી ગતીમાં ઉતરી પડે છે, માટે અમલદારોએ બાજ ધરવીજ જોઇએ તેમ જાહેર કર–

**જે કોઈ બાજ વગર ખાય તેમાં અષોઇ હોયજ નહિ એમ જાહેર કર)** ‖ આ પ્રમાણે[૪૦] ‖ ત્યારે[૪૧] (મને ફાયદો કરતા છે તે ભણું છું). ‖ અહુરમજદ[૪૩] ‖ જેણે[૪૪] ‖ ગોસ્પંદી ગતીની પેદાયશ–ગોસ્પંદી સૃષ્ટી,[૪૫] ‖ અષોઇની ગતી રાખતી ચીજો અને સૃષ્ટી[૪૬] ‖ ઉભી કીધી,[૪૭-૪૯] ‖ પાણી[૪૮] ‖ ઉરવર[૫૦] ‖ પેદા કીધાં,[૪૯] ‖ ગોસ્પંદી ગતીવાળી[૫૧] ‖ રોશ્નની[૫૨] ‖ પેદા કીધી,[૫૩] ‖ જમીન,[૫૪] ‖ બધાં[૫૫] ‖ વોહુ=ભલાં ચિથ્રો[૫૬] ‖ પેદા કીધા[૫૩] ‖ (એવા મોટા પેદા કરનારના હોકમને–મોટા ભેદવાળા તેના હોકમને જેઓને તેણે પેગામ્બર મારફતે મોકલ્યા છે તેઓને માથે ચઢાવું છું, કે જેથી તે **ગાંમ** મને ગવની ગતી આપશે તે **અર્ષંમ્** મને અષોઇ આપશે–તે **આપ** મને ગોહરે મુફરદ–આબે મુફરદ આપશે–તે **ઉરવર** મને યજતી ગતી આપશે અને તે **રોશની** મને અનગ્ર રઓચાઓમાંના મારે લગતા સ્તર તરફ દોરવશે એટલે મુક્તિનો સામાન તૈયાર થઇ રહેશે).

## મુવેદો–દાવરો–યઓજદાથ્રેગરો અમલ વગરના સાધારણ વખતે ખાએ પીએ ત્યારે ભણે:—

(ખાવાની તરતીબ ઉપર જેવીજ હોય છે).

**બ નામ–ઇ યજદ્, બખ્શાયંદેહ્, બખ્શાયશગર્, મહેર્બાન્ અહુર્મજદ્ ખુદા!**

**ઇથા આઅત્ યજમઇદે અહુરૅમ્ મજદાંમ્ યે ગાંમ્ચા અર્ષૅમ્ચા દાત્, અપસ્ચા દાત્ ઉર્વૅરાઓસ્ચા, વંઘ્ઉહીશ્ રઑચાઓસ્ચા દાત્ બૂમીમ્ચા વીસ્પાચા વૅાહૂ. અર્ષૅમ્ વૅાહૂ ૩.**

**તરજુમા માટે ઉપર વાંચો.**

કોઇબી આદમી ખાતી વખતે ઉપલી બાજ દવા તરીકે ભણે તો તેના સ્તોતેથી તે ખાનારના હાજેમાને કુવત મળે છે. ખાનાર પોતાની રકાબીમાં પોતાની જાહેર રીતે જેમ ખાતો હોય, જેમ તેની સગવડ હોય તેમજ ખાય. પણ ખાતી વખતે આ બાજના માંથ્રોને ભણવાને લીધે

હાજેમાને કુવત મળે છે. જેમ આપણે દવા પીએ છીએ તેમ તેજ મતલબે જો ભણે, તો તે શખ્સ જે દવા લેતો હોય તેને આ ભણતરના સ્તોતો મદદ કરી શકે છે. દવા નહિ લેતો હોય તોપણ હાજેમાના કુવતને સ્તોતો મળવે તેઓ મજબુત થાય છે. આવા ખાનારને માટે આ માંથ્રો તરીકત નથી, જે વિષે ઉપર બયાન આપેલું છે. સાધારણ આદમી દવા તરીકે જયારે આ બાજને ધરે છે ત્યારે તેણે વીચાર કરવો કે સૃષ્ટીની કુલ દવાઓ મેળવવાનું સાંધન ગાંમ=ગોરપંદી ગતીની હોમ જેવી ચીજોમાં, અર્ષમ=અષોઇની દરોરતી લાવવા માટે ગેરબંદોબસ્તીને તોડનાર ચીજો જેવી કે નોશ-અનોશ દારૂ જેવી ચીજોમાં, આપ=પાણી જેવી પ્રવાહીમાં રહેતી ચીજોમાં, ઉરવર=ઝાડ પાનમાં રહેતી સફાઇ આપતી ચીજોમાં, રઓક્ષ્નીઓ જે રવીની અને ઉંચા પહાડોની ઉપર રમી રહે છે તેઓમાં રહે છે. આ બધાં સાંધનોમાંનું કોઇબી સાંધન જે મને આ આંતરડાંનાં દુખ માટે મોકેફ્ત હોય તેની શુભ અસરને આ નીરંગ ઉપરના અએ મુબારક 'બગ,' મારી તરફ મોકલ કે જેથી મને તે શુભ અસરથી ફાયદો થાય, અને જો ખોદાની મરજી હોય તો ખાસ તે ચીજ કોઇ મારેફ્તથી મોકલ કે જેથી મને દરોરતી મળે. **અથ જમ્યાત્ યથ આફ્રીનામિ.**

ઉપર અષવનો-દસ્તુરો-અમલદારો ખાતી વખતે હાથ ધોઇને તેને સુકવીને પછી ખાસ રીતની ત્રણ પથરા ઉપર ગોઠવેલી ત્રાંબાની રકાબીમાં ખોરાક મુકી બાજ ધરીને ખાય છે, તેમાં કહ્યું છે કે જમણા હાથમાંની બહાર પડતી ખાસ્તર પાણીના આદુ-ફ્રાદોથી તેઝ થઇને શરીરમાં જઇને કામ કરે છે વીગેરે. અહીંયાં ખાસ નોંધ લેવી કે મોટા અમલદારો કે જેઓએ પોતાના વીચારની ગતી ઉપર કાબુ મેળવેલો હોય છે-જેઓએ પોતાના હવસો ઉપર લગામ લગાડેલી હોય છે, તેઓનાં શરીરોના અનુએ અનુમાં રથ્વય ચખ્ર ચાલી રહે છે, અહુરમજદની મરજી પ્રમાણેનો દોર ચાલી રહે છે, જે બહાર વહી રહેતા અહુનવરના નાદ સાથે હમ-જરવાન ગતીમાં, સાથે મળી રહેતી સ્થીતીમાં હોય છે. અષવનોની રજેરજમાં આવી હાલત રહે છે અને પછી તેઓનાં શરીરમાંથી જે ગતી નીકળે છે તેની તાકુન આવી ઉત્તમ હાલતને લીધે જબુન રહેતી નથી પણ ખુદ પોતે રોશન ગતીની થઇ જાય છે. આવો ઇનસાન નરની હાલતનો ખાસ હોય છે જેને ગાથામાં 'ન-ના' કહે છે. આવા ઇનસાનના જમણા હાથના પહોંચામાંથી બહાર પડતી ગતી મીનોઇ આતશના જેવું કામ કરી રહે છે. આવા

ઇનસાનના જમણા હાથનો† પહોંચો ખાસ ખએત્વોદથીની હાલત ખોરાક મારફતે થવા કામ કરવા સરજાયો છે. જ્યારે આવા જમણા હાથને પાણી

---

† સાધારણ રીતે આવી માન્યતા છે કે જેમ ઇનસાન સાધારણ કામો કરે છે તેમ તરીકતોનેબી કરી–ઉજવી શકે. પણ તરીકતના વ્યવહારને સાધારણ ગતીના વ્યવહારની બરાબરીમાં મુકવાનું નથી. તરીકતનો વ્યવહાર સ્થુલ સરખામણીએ જોતાં નળમાંનાં પાણી સમાન છે. જેમ ટાંકીમાં પાણી ભરીને તે ટાંકીને નળથી જોડે છે અને જ્યારે જરૂર પડે છે ત્યારે નળ ખોલીને પાણી વાપરે છે, તેમ તરીકતનું પાલન સીરફ નળ ખોલવાની બરાબરનું છે, કે જેથી મીનોઇ ગુબારો–મોટી તલેસ્માતીક ગતીઓ જે અષો જરથુશ્તે ઉભી કીધી છે તેમાંથી બરકકતનું ફઝીલતનું પાણી તે તરીકતના પાળનારને મળી શકે છે. તરીકત કરવે ચોકકસ વીચારો દોડાવવે ઉપર અવીઝેહ દએનની ગાસમાં જે મોટી તલેસમો છે તેમાંથી શકિત બહાર પડીને તે તરીકતના કરનારને મદદ કરી શકે છે. **પણ આ મદદ તરીકતના નીખાલેસ કરનારનેજ મળી શકે છે.** સચ્ચાઈ મહેર–પતેત વગરની તરીકતો તે તરીકતો નથી, જો કે તેવી તરીકતના ઓઠાંબી આવકારદાયક આ જમાનામાં ગણાય છે, જો કે તેથી તરીકત રૂશવા થાય છે. એક ઇનસાને મીનીટે મીનીટમાં વીચાર કરવા કે જે કંઇ હાલત તેને મળી છે તે ઉત્તમમાં ઉત્તમ છે. **સુખ કે દુખ બેઉ જે ઉતરે છે તે તે સાહેબની કરમ બક્ષેશજ છે.** પોતાનાં દુખ ઉપર જો જરાબી બળાપો થાય તો પછી તે મિથ્રમાં કસર આવી જાય છે. વળી મીનીટે મીનીટ વીચાર કરવો કે જરાબી વ્યભીચારી વીચાર વતીક તેનામાં પેદા પડે નહિ અને તેવાં અઘોર કર્મો તેનાથી થઇ શકે નહિ, અને મીનીટે મીનીટ વીચાર કરવો કે કોઇનું જરાબી વીચારમાંબી બુરૂ થાય નહિ. એવી બુરી તબઇ જો ઉતરવાની હોય તો ખોદા તેથી તેની હેફાઝત કરો એમ વીચારમાં રહીને દુઆ કરવી કે પોતામાં બધાજ ગુનાહોનાં બુનો પડેલાં છે તેઓ ઉગે નહિ. આવી દુઆ ફળે તેની મીન્નતજારી ખોદાની આગળ કરવી અને પોતે કુદરતમાં સીરફ મુર્ખ અજ્ઞાન છે, માટે તેની પોશ્ત–પનાહી માંગવી અને પોતાની તરફ અને પોતાના ફરજંદ તરફ જેવી લાગણી છે તેવી લાગણી,–ના બલકે તેથી વધુ લાગણી–કાળજી કુલ સમાજની તરફ રાખીને દુન્યામાં ચાલ્યા કરવું, અને જે કોઈ ગુનાહમાં ફસેલો દેખાય તેની તરફ આંગળી નહિ કરતાં તેનો ખોદા તેને રાહત આપે–ભલી તોફીક આપે એમ દીલોજાનથી વીચારો ફેંકીને દુઆ કરવી. જે કોઇ ઇનસાન તરીકત પાળતો હોય અને તરીકત પાળવાને છ મહીનાથી તે ત્રણ વર્ષ થાય છતાંબી ઉપર કહ્યા છે તેવા વીચારો તેનામાં ખુદ બ ખુદ મીનીટે મીનીટ કંઇબી દખલ વગર ચાલી શકે નહિ, તો પછી તેની તરીકતોમાં ગંભીર ખામી છે તે જાણવું. **તરીકતનો પાળનાર ખુદ પોતેજ તરીકતની બુઝર્ગીનો જીવતો નમુનો થઈ પડવો જોઇએ.** જ્યારે ઇનસાન તરીકતનાં પાલનથી આવી તોરીક મેળવી રહે છે ત્યારે તે સ્યાઝતમંદીના ઉંબર

( ફુટનોટ માટે જુઓ પાને ૮૨૦ મે.)

લાગે છે ત્યારે અને ત્યારેજ તે જમણા હાથની અંદરથી નીકળતી ઉંચ ખાસ્તરની ગતીથી તે ઉંચ ખાથના મિશ્રથી પાણીમાંનો સીરફ આદુ-

(પાને ૮૧૯ મેથી ફુટનોટ ચાલુ.)

ઉપર આવી ઉભો રહે છે, અને કોઇ બીજી જાતના ઢોંગથી દુરનો તુરતજ માલમ પડી આવે છે. તે ઈનસાન પોતાને દીલોજાનથી નાકસ તરીકે ઓળખાવે છે અને કોઇબી જાતના દાવાથી તે દુર રહે છે. આવા ઇનસાનને પછી અષો જરથુશ્ત્રે બાંધેલી ગાસનો સંબંધ થાય છે, અને પછી જેબી કંઈ તરીકત તે પાળે કે પછી જેમ નળ ખોલીએ અને પાણી મળે છે તેમ તુરતજ ઉપરની ગાસમાંથી તેની ઉપર બરકકત ઉતર્યા કરીને તેની ઉપર આવતી બલાઓનો દરમાન થયા કરે છે. તે તરીકત ઉપર-રેલરોડ ઉપર ચાલતી ત્રેનમાં છે તેની બુરહાન જાહેર થાય છે. ત્યારે નવસો નાહવાની તરીકત તેમ ખાવાની તરીકત તેમ બીજી અન્ય તરીકત વખતે પાણીના ચોકકસ ક્રાદોની ગતીને તેજ કરી બીજાને મંદ કરવાની છે, તે બધું ઉપરની ગાસની બરકકતથી અને તે તરીકતના પાળનારના વિચારોથી થયલી મીશ્રીક ગતીથી થાય છે. ઉપર ખાતી વખતે જમણા હાથને ધોઈને સુકવવા કહયું કે જેથી પાણીમાંનો ચોકકસ ક્રાદોજ કામ કરે. તેમાં ત્યારે તરીકતના પાળનારની ગતી ઉપર કહી છે તેવી હોવી જોઇએ. તેની અંદર તરીકતના ઉસુલ ઝરાહનો સંબંધ થયલો હોવો જોઇએ. **એમ ત્યારે તરીકતનું પાલન એવું છે કે જેમ નળ ખોલીએ અને પાણી મળવુંજ જોઈએ તેમ તરીકત પાળીએ અને જવાબ મળવોજ જોઇએ.** પણ જેમ નળ ખોલવા હાથ જોઇએ તેમ તરીકતનાં પાલનને માટે સીરફ બહારની ક્રીયાજ કાફી નથી, પણ ઉપર કહયું છે તેમ મીનોઇના ગાસના ઝરાહનો સંબંધ તેનામાં થવો જોઇએ અને તેના વીચારોની બુઝર્ગી ઉભી થયલી હોવી જોઇએ. ઇનસાનના માઝીના કેશાશને લીધે તેનો ભોગવટો જરાક ઉતરતો માલમ પડતો હોય છતાંબી તેની હાલી હાલના રોશન ફેલથી તેનો ઉપર કહયો તેવો જલવો રજુ થવે તે તરીકતનો જવાબ મેળવી શકે છે. સીરફ દાઢી રાખીને ફ્લાણું કીધું તેથી કંઇ વળતું નથી. તેથી તો તરીકત રૂશ્વા થાય છે, જો કે તેટલું બહારનુંબી કરવું ગનીમત છે કેમકે તેનો જવાબ લાંબા કાળમાં આવશેજ. વળી તરીકતના દરજ્જા=મરતબા હોય છે. સૌએ પોતાનો મરતબો શોધીને તરીકતો પાળવાની છે. સાહેબોની ઉંચ તરીકત જો આપણે જેવા કરવા જઇએ તો તેથી ઢોંગ ઉભો થાય છે. આવાં આવાં કારણોને લીધે આ હાશેમી જમાનામાં તરીકતના પાઠનું પ્રદર્શન થઇ શકતું નથી. કેમકે ઘણી ટુંક મુદતમાંજ તરીકતનો પાળનાર ઢોંગ અને ખોટા માની લીધેલા વીચારો ઉપર મિથ્ર-દ્રુજી ઉપર ચઢી જાય છે. આબેદો-સાલેકો-ઉસ્તાદો સીવાયનો કોઇબી બીજો શખ્સ અધીકાર વગર બીજા ઉપર તરીકતને માટે આંગળી કરી શકે નહિ, પણ તે પોતે પોતામાંના તરીકતના ખમીરથી તેઓ માટે ભલી દુઆઓ કરી તે સામેના ભુલેલાની ઉપર શુભ અસર કરી શકે. વાતાધાટ

(ફુટનોટ માટે જુઓ પાને ૮૨૧ મે)

ફ્રાદોજ તેઝ થાય છે અને બીજા ફ્રાદો મંદ પડી જાય છે. જ્યારે જમણા હાથની ખાસ્તર ખુદ પોતે પોતાની મિથ્રીક ગતીથી તે પાણીના આદુ-ફ્રાદોની તલબ કરે છે ત્યારેજ તે આદુ-ફ્રાદો બહાર પડે છે અને પછી કુદરતી કામ જે કંઇ તે આદુ-ફ્રાદોથી થવાનું છે-તે ખાસ્તરને તેઝી આપવાનું થવાનુ છે તે થઇ રહે છે, જેથી તે ખાસ્તર ખોરાક મારફતે શરીરમાં જઇને ખોરાકમાંથી રૂહોના અંશોને છુટા કરીને ખાનારનાં રૂવાનમાં મેળવે છે. આવા નરના હાજેમા અને આપણા હાજેમા વચ્ચે આસમાન જમીનનો ફરક છે. આપણાં આંતરડાંનું નર્ક આખાં શરીરની ઉપર કામ કરીને મતીને બગાડી શકે છે, જ્યારે અષવનોનાં આંતરડાંમાં મોટા કષો છે, જે કષોની અંદર રહેલો તેઓનો કચરો ખુદ જણુન અસર કરતો નથી. આમ ત્યારે આવા અષવનો માટે આ ખાવાની બાજ છે, જેની તેકનીક (Technic) તરીકત આપણ જેવા જણુન ગુનાહગારોને લાગુ પડે નહિ તેની નોંધ લેવી.

## ઇત્તેલામની બાજ (નીંદ્રાવશ હાલતમાંની ખલલ માટેની બાજ).

પહેલાં વાડે પીસાબ વખતે પઢવાની નીરંગની તરતીબ પ્રમાણે **વનાહુ શેકસ્તેહુ સદ્દ હઝાર બાર યથા ૧) પઢીને**-વાડમાં જઇને ત્યાં રાખેલા નીરંગની બાટલીમાંથી નીરંગ લઇને સાફ કરવું-પછી હાજત થવા દઇને કપડાં બગડયાં હોય તેને તે જગાએ નીરંગ લગાડીને સાપ્ર કરવું. પછી તુરત બહાર આવીને વાડે પીસાબની હાજતની બાકીની નીરંગ પઢવી. પછી

---

(પાને ૮૨૦ મેથી ફુટનોટ ચાલુ).

કીધાથી, તેઓની સંસ્થાઓ ઉપર ખાલી ખાલી આંગળી કીધાથી તો કાચના મહેલમાં બેસીને સામાની ઉપર પથરા ફેંકવા જેવું થાય છે અને આખરે કુદરત આપણને તેજ સંસ્થાના દેવાદાર કરી મુકે છે, કે જેની સામે આપણે બીનસમજ અને અધીકારે આંગળી કરીને ખુદ રૂશવા થતા હતા. તરીકતનું પાલન તો એક પહેરેલી-ઓઢેલી ખુબસુરત ઓરત જેવું છે, જેણી દાદારની કુદરતનો ભાસ આપે છે, અને નહિ કે નગ્ન હાલતની ઓરત જેવું છે કે જે બુરા હવસો ઉશ્કેરે છે. તરીકતના દેખાવો અને સીરફ બહારનાં કર્મો અને લાયકાત વગરના બકબકારાઓ નાગી ઓરતની સંગતના ફેજે પુગાડે છે, જેને માટે તરીકત જવાબદાર નથી.

નાહવાની મોરીમાં જઇને કપડાં ઉતારી–ત્યાં મોરી ઉપર રાખેલી બાટલીમાંથી નીરંગ લઇ શરીરને લગાડવો. પછી નીચે આપેલી ઇત્તેલામની બાજ પઢીને કપડાંને ધોઇને નાહી લેવું. પછી બીજાં કપડાં પહેરીને બે યથા પઢીને કુશ્તી બાંધવી. છેલ્લે અષેમ ૧) પઢીને બહાર જવું. બહાર જઇને ૧) કુશ્તી કરવી. આજના વખતમાં આ તરતીબ દરેક જણ કરી શકે એમ છે.

**ઇત્તેલામની બાજઃ**—આ ભણુતરમાં બાજ લેવાનું કે બાજ મુકવાનું કંઇજ નથી. જેમ વાડે પીસાબ વખતે આપેલા માંથ્રો ભણીએ છીએ તેમ આ માંથ્રો પઢી જવાના છે.

**આઅત્[1] અઑંષે[2]–તે[3] સ્પૅન્તયાઇ–આરૂમતેએ,[4] સ્પૅન્ત–આરૂમઇતે![5] ઇમૅમ્[6] તે[7] નરૅમ્[8] નિશ્નિનઑમી,[9] ઇમૅમ્[10] મે[11] નરૅમ્[12] નિશ્નિનુયાઓ,[13] ઉપ[14] સૂરાંમ્[15] ક્ષો–કૅરૅતીમ્,[16] વીદુશ[17]–ગાથૅમ્,[18] વીદુશ[19]–યસ્નૅમ્,[20] પઇતિ–પરશ્તો[21] સ્રવંઘહૅમ્[22] માંજદૂરૅમ્[23] હુદ–હુનરૅમ્[24] તનુ–માંથ્રૅમ્.[25]**

**આઅત્[26] હે[27] નાંમ[28] ક્રદઇથ્યાઓ[29]–આતરૅમ–દાતૅમ્[30] વા[31] આતરૅમ–ચિથ્રૅમ[32] વા[33] આતરૅમ–જન્તુમ્[34] વા[35] આતરૅમ–દખ્યૂમ્[36] વા[37] કાંમચિત્[38] વા[39] આતરૅ–દાતહે[40] નાંમ.[41] અષૅમ વૉહૂ ૧.**

પછી ત્યારે[1] ‖ તેણી[3] (જે) ‖ સ્પેન્ત આરમઇતી[4] (છે એટલે દરેક ચીજને રાખીને વૃદ્ધી પુગાડવાનું સ્પેન્તીનું કામ કરી રહે છે, તેણીને તે શોશર સોંપીને) ‖ કહયું કે:[1] ‖ અએ સ્પેન્ત આરમઇતી[5] (વૃધ્ધી કરવા ખાતર જમીનમાં પરમાર્થ કરી રહેલી અએ આરમઇતી)! ‖ આએ[6] ‖ નર[8] (મની કે જેમાંથી સદ ગતીએ પુગાડે તેવી શકિતવાળા નર–નારી થઇ શકે તે શોશર) ‖ તુને[7] ‖ સોંપુ છું[9] (તારો ઇલાકો તેની ઉપર રહેજો–ધનાની કાળી કુદરતમાંથી થતી દરૂજી ગતીને ઇલાકે તે નહિ જાય, એટલે પાણી વીગેરેમાં જઇને–યા ભીનાશની જગ્યામાં કે જ્યાં જાનવરો રહેતાં હોય ત્યાં જઇને તે જાનવરોથી ખવાઇને તેઓનાં શરીરમાં ખુનો જઇને તેઓના કરમમાં બંધાઇને મારા દમને તે જાનવરોના દમ સાથે મેળાવી મને હવસોમાં નાખે, જેને લીધે પછીથી ધનામીન સાથે મને પેવંદ થાય–ધનાનો ભોગ હું થાઉં, એવું નહિ થાય. જાનવરોને તેથી જોર મળે–જાનવરોનો દમ હવસી છે માટે તે જાનવરોના ખાવાથી તેઓના હવસો ઉશ્કેરાય, જે હવસના નાદના સંબંધનો જવાબ પછી લાગણીના ઉશ્કેરાત રૂપમાં મને

ધનાની કુદરતને જોરે મળે, એમ લાગણીનો ભોગ હું થઇ પડું એમ નહિ થાય, માટે તું આરમઇતીને એ ચીજ સોંપુ છું, કે તું તે શોશરમાંથી નરની ગતી ઉભી થઇ શકે જે મને આગળ વધારે એમ કરજે; એમ આ શોશરને લઇ તેમાં ભલી ગતી ઉભી થાય તેવી કરામત કરીને પછી મને બર વખતે સોંપજે. માટે કહે છે કે:-) ‖ આ[10] ‖ નરને[12] ‖ સુર આપતા, બુરાને મારી ભલાઇમાં ફેરવવા પાછા નહિ ફરતાં[15] ‖ ફ્રશો-ગર્દના દુરના જમાના[16] (કે જયારે ગેતીની ઉપર પાપો હશે નહિ) ‖ તેટલા વખત લગીમાં[14] ‖ ગાથાથી[18] ‖ યસ્નથી[20] (એટલે જરથોસ્તી દએનનાં વીશાળ જ્ઞાન અને અમલથી) ‖ સજ થયલો જાણીતો થયલો કરીને,[17-19] ‖ દીનના કલામો વીષેની[22] ‖ પુછપરછના સવાલ જવાબોમાં માહીતગાર થયલો કરીને,[21] ‖ માંથ્રોના ભેદો તે માંહેલા મિથ્રોના ભેદોથી વાકેફગાર કરીને,[23] ‖ દરેક હુન્નર સાથનો કરીને,[24] ‖ પોતાનાં અનાસરી તનને માંથ્રની તુરી ગતીમાં ફેરવી શકે તેવો કરીને,[25] ‖ મને[11] ‖ પાછો સોંપજો.[13] ‖ પછી[26] ‖ તેનું[27] ‖ નામ[28] ‖ આતર દાત[30] ‖ અથવા[31] ‖ આતર ચિથ્ર[32] ‖ અથવા[33] ‖ આતર જન્તુ[34] ‖ અથવા[35] ‖ આતર દખ્યૂ[36] ‖ અથવા[37] ‖ આતર દાતને લગતું[40] ‖ કોઇબી[38] ‖ નામ[41] ‖ આપજે.[29] ‖

## ઇત્તેલાંમની બાજમાં સમાયલો હકીકતી ઉંડા ભેદ.

જરથોસ્તી દએનનું નીતી શાસ્ત્ર સાધારણ નથી, પણ તે છેક દાદારની મરજીની પાસેજ ઉભુ રહે છે, તેનો ભરમ આ માંથ્રોમાં છે. દુન્યાની ઉપર દાદારે નેઆમતના પ્રવાહો=આશીરવાદો મોકલ્યા છે, તો સૃષ્ટી ચાલી રહે છે, ઇનસાન-ઝાડપાન-ખનીજ વગેરે જીવી શકે છે. દાદારની કુદરતમાં કરકસર છે; ત્યાં ઇશરાફ નથી. પાણીનું એક ટીપું જે જમીન ઉપર પડે તેબી ઇશરાફ જતું નથી, પણ વરાળ થઇને ઉપર બંધાઇને પાછુંજ આવીને કામ કરશે. દાદારની આવી નેમ પ્રમાણે ચાલવે દાદારની ક્ષ્નૂઠી થાય છે. રજેરજ જેબી કંઇ છે તે બધાંનો શુમાર છે અને તે બધું કંઇબી ઇશરાફ વગર કામ કરી રહે છે. ઇનસાનનાં શરીરને દાદાર પોખે છે માટે તેને લાઝમ છે કે દાદારની શુક અદા કરી તેની મરજી પ્રમાણે ચાલી તેવણુની ક્ષ્નૂઠી ઉભી કરે. ઇનસાનનાં બદનમાં તેના અર્ક તરીકે ફળદ્રુપતા આપતી ધાત તરીકે તેની શોશર છે જેમાં તે ઇનસાનના વીચારો, કુળ ન્યાતી વગેરેના છાપો રહે છે. ત્યારે દાદારે તે ઇનસાન ઉપર જે કરમ કીધી છે તેનાં ગુહ્ય પરિણામ તરીકે તેની શોશર છે. જો આ શોશરમાં દાદારની ગતીને માન આપવાનો વીચાર, સ્નઓષેમની ગતીનું બુનક હોય, તો પછી તે બુનક ખુદ પોતે ઉભુ થઇ દાદારનાં કામને આગળ ચલાવશે. એમ ઇનસાન

પોતે અને તેની અંદરની ચીજ બધુંજ દાદારની મરજી પ્રમાણે કામ કરવા બંધાયા છે. ઇનસાને ત્યારે કુદરતની માફક ઇશારાફ નહિ કરવો—તેની મનીને બરબાદ નહિ કરવી—ના, **તે મનીના એક નાનાં બુનનેબી ટેકવીને તેને નરની ગતીએ લઇ જવો, જે નર પછી ફ્રશો-કેરેતી ઉભી કરશે. ત્યારે ઇનસાનના કર્તવ્યોમાં આજ નાદ હોવો જોઇએ, કે કયારે ફ્રશો-કેરેતી થશે.** આ નાદનું બુન ઇનસાનના બુનકમાં જવે તેમાં દાદારની સૃષ્ટીની ખેરખાહી ઉભી કરે છે, જેમાંથી પછી ભલી ગતી થશેજ. આ બુનની વ્યવસ્થા જેમ ઇનસાનનાં બદનમાં થઇ રહે છે, ઇનસાનનાં બદનમાંની ગરમીથી—ઇનસાનની વાસના સાથની ગતી પ્રમાણે થઇ રહે છે, તેમ જમીનમાંબી તેની વ્યવસ્થા રાદ રીતે આરમઇતી કરે છે. આરમઇતી વગર શોશરની બંદોબસ્તી રાદ રીતની બીજી કંઇબી રીતે થઈ શકશે નહિ. જેમ ઇનસાનના ગરભસ્થાનમાં મની પકીને ઇનસાન થઇ શકે છે, તેમ શોશર જમીનની આરમઇતી મારફતેબી પુર્ણ ગતીની થઇ રહેશે, જો કે તેમ થવા તે શોશર વખત ઘણો લાંબો લે છે. આરમઇતીમાં તે દાદારની ફરમાન-બરદારી છે. તેણી તે બુનમાં તેવી ગતી મુકીને તે બુનમાંથી નર ઉભો કરશે જે દાદારની ફરમાન-બરદારી કરી શકશે. ત્યારે મની કેટલી ઉત્તમ છે, તેની શું શકિત છે અને તેનું કાર કયાં લગી—કેટલા લગી પુગે છે, તેનું કંઇક ભાન આવશે. મની ગમે તેમ બરબાદ થઇ શકે નહિ. મની મુળ અર્ક છે—આખાં શરીરનો મર્મ છે—આખાં શરીરની બત્તીનું તેલ છે—તેને બનાવતાં કુદરતને ખરચ થાય છે, જેની આપણને ખબર પડતી નથી, માટે **મનીને ભલા વીચારોથી ઉભી કરીને અતી ઉત્તમ રીતની કરવી જોઇએ. તેની શકિત અપાર છે, તેના આવા નાના બુનમાંથી ફરઝંદ થાય છે વીગેરે અજાયબ રીતની તેમાં સમાયલી ગતી સમજની પેલી મેરની છે.** ઇનસાનના વીચારો ભલા ઉપર કહયા તેવા દાદારની મરજીના હોય તો મનીમાંથી શુભ ફરઝંદો પેદા પડે, જેઓ પોતાનાં પેટના કાદવ માટે કામ નહિ કરતાં પારકાને માટે કામ કરે, જેઓનો ભાર ગેતી ઉપર નહિ પડે, ના, ગેતીનો ભાર તેઓ ઉંચકે. પણ જો મનીને ઇનસાનના બદ વીચારોથી ઉભી કરે તો તેના ફરઝંદોને રોજી મેળવવાની પુર્ણ ભુખ થવે—પોતાનો સ્વાર્થજ જોવાની તબે હોવે તેઓ ગેતીમાં ધુમ મચાવે છે, મારામારી ઉભી કરે છે, ગેતી ઉપર ભાર પડે—ગેતીને તફ્રગેર્ કરવાની—લુટવાની—બરબાદ કરવાની ગતી ઉભી કરે. મનીનો આવો અપુર્વ પ્રભાવ છે. વળી **બહાર પડેલી મની જો આરમઈતીને એટલે ખાકને મળે તો તેનો નતીજો ભલોજ છે.** તેજ બુન પોતે

લાંબે વખતે નરને ઉભો કરીને પરોપકારી કર્મ કરશે. પણ જો ઇનસાનની મની બહાર પડીને પાણીમાં કે બીજી રીતે વ્યવસ્થા પામે તો તે જાનવરોનાં પેટમાં જાય યા બીજી રીતે ઇશરાફ પામે અને પછી તે મનીના ઇલાકા ઉપર ધનામીન કામ કરી તે ઇનસાન કે જેની તે મની હતી તેની ઉપર આઝાબ આવે. ત્યારે ઇનસાનની નઇતીક એવી જોઇએ કે તે પોતે દુન્યાનું ભલું કરે, એટલુંજ નહિ, પણ તેની રજેરજમાંથી તે નાદ નીકળીને તેની શોશરબી તેવી થાય, જેનો ઇલાકો આરમઇતીને મળવે તે શોશરબી પોતાની હૈયાતી ઉભી કરે અને પરમાર્થને ગેતીમાં ચલાવે. **ઇનસાન જીંદગી દરમ્યાન ત્રીસ હઝારથી વધુ નુકતાઓને બહાર પાડે છે.** આ બધા નુકતાઓમાં જો મનશ્નીના નાદ હોય અને તેઓ જમીનમાં જઇ આરમઇતીથી નરના થતા આવે–એમ ઇનસાનો જીંદગી ભોગવે તો **ફ્રશો–કેરેતી**નો અઇયામ ઘણોજ ટુંક વખતમાં આવે. ત્યારે ઇનસાનની નઇતીકની ટોંચ તેની મનીમાં ઉતરી ભલા ફરઝંદો કરવામાં અને તે મનીના ત્રીસ હઝારથી વધુ તેવા ભલા મિથ્રના નુકતાઓ આરમઇતીને સોંપીને તેઓમાંથી ત્રીસ હઝારથી વધુ નરો **આતર દાત** નામના એટલે નીખાલસ આતશી ગતી રાખીને દાદારનો હોકમ બજા લાવતા–**વીદુશ–ગાથૅમ, વીદુશ–યસ્નૅમ**=ગાથા અને યસ્નથી માહીતગાર–દએનથી માહીતગાર અને **'તનુ–માંથ્રૅમ'**=તનુ માંથ્રના, **હુદ–હુનરૅમ**=હર હુનરવાલા, **માંજદરૅમ**=માંથ્રોના ભેદોથી સજ થઇ તેઓનો અમલ કરીને ભલા મિથ્રના, યજતને પુગે તેવા ઉભા કરવામાં પ્રદર્શીત થાય છે. જયારે ઇનસાનમાંથી આવી ગતીનાં ફરઝંદો ત્રીસ હઝારથી વધુ ઉભા થઇને તેની યાદને જમાનામાં તાઝે રાખે કે જેની ઉપર કુદરત વાજબીની રાહે ધન્યવાદનો આશીરવાદ પાડે છે ત્યારે ઇનસાનની 'નઇતીક'ના પાળેલાનું સારથક થયલું કહેવાય છે. **આવી નઇતીકની ટોંચે પુગવા તરીકત વગરનું કંઇ સાધન નથી.** ત્યારે જરથોશ્તી તરીકતની મકદુર શુ છે, તેની પરોપકારી ગતી કેવી છે–તેનો ચકરાવો કેટલો મોટો છે, તેનો ખ્યાલ હવે કંઇ આવશે. જરથોશ્તી તરીકતોનો નાદ એક વખત ઉભો થયો–એક ઇનસાને તરીકત પાળીને ચલાવ્યો, તો પછી તે ઇનસાનના ત્રીસ હઝાર નરો તે નાદને મીનીટે મીનીટ ત્રીસ હઝારઘણા જોશથી વધારીને ફ્રશો–કેરેતીના વખત લગીમાં કેટલો કરશે તેનો શુમાર કરવા આપણાં ભેજાંની હીસાબની ગણત્રી ચાલી શકે નહિ. **ત્યારે શોશાર તે ચીજ છે તે અર્ક છે, કે જેમાંથીજ ફ્રશો–કેરેતી થશે, જેથીજ ગેતી પાર પડશે. જે જમાનામાં શોશાર બરબાદ જાય તે જમાનામાંનું બધુંજ બરબાદ જાય છે. જે જમાનામાં શોશાર સદ ગતીએ પુગે તે જમાનાનું બધુંજ સદ ગતીએ પુગશેજ. કુદરતની આવી સચ્ચાઈ આ માંથ્રોમાં છે.**

૧૦૪.

## નખ-બાલ કાપતી વખતે ભણવાની નીરંગ.

**માથાંના બાલ-નખ ઉપર નીરંગ લગાડીને પછીજ તેઓને કાપવા.** બાલ-નખ વીગેરે કાપ્યા પછી તુરતજ નાહિ લેવું અને કોઇબી ચીજને અડકવું નહિ. આજે કેટલાક લોકો નાહયા પછી હજામત કરે છે અને કેટલાકો તો હજામત કરીને નાહતા નથી. તેઓ પોતાની અઇપિને જડ બનાવે છે જેના નતીજામાં તેઓમાં દીન વીષેનો એતેકાદ નબળો થઇ જાય છે માટે નાહયા વગર રહેવું નહિ. બાલ કાપવાથી થતી દરૂજીએ-હીખ્રનો ચેપ મનની શકિતને લાગે છે-મન જડ થાય છે. આ હીખ્રનો ચેપ અણુ-દીઠ છે, માટે તેની કદર આજે થતી નથી. પણ તે ચેપ છે એ તો નકકીજ છે, અને મનને જડ કરે છે તેબી નકકીજ છે. અસલમાં કે જયારે ગીચ વસ્તીનાં શહેરોમાં આપણા બાપદાદા રહેતા નહિ પણ મોટા વીસ્તારની પાદરની જમીન ઉપર રહેતા હતા, જયારે તરીકત પાળવા ઉપર ધ્યાન અપાતું હતું, ત્યારે તો એક ખાડો ખોદીને તેની આસપાસ યથા ભણુતા ત્રણુ કશ કરીને તેમાં કાપેલા નખ-બાલ નાખીને પછી સરોશ બાજ ભણી-કેમ ના મજદા ભણીને-નીરંગ ભણી જતા હતા. ભણુતી વખતે એક ખીલા મારફતે તે ખાડાનો સંબંધ રાખતા હતા. આ રીત બહેદીનોમાંથી લગભગ સો વર્ષ થયા વીસરજન થઇ છે, જો કે મોબેદોનો મોટો ભાગ તો અત્યાર લગી આ ખાડામાં નસો નાખવાની તરીકતને પાળતો હતો. આજે એમ બને તેવું નથી. જમાનાનો કેશાશ આજે આપણાં શીર ઉપર ભારી છે જેની સામે આપણો કંઇબી ચારોજ નથી. આપણુને એવા ગુનાહોનો ભાર તો ઉઠાવવાનોજ છે. માઝીના કીધેલા ગુનાહોની એ શીક્ષા છે જે કદીબી રદ જવાનીજ નથી. પણ તે શીક્ષા **પાદે ફ્રશાહની** થાય કે **તોજશને તાવાએ દીન**ની થાય-તે બેમાંથી પસંદગી કરવી આપણો ફેલ છે. જો ખોદા નેક તોફીક આપે તો આજે બસ્તે-કુસ્તીઆન માટે આટલું તો કરવું સજાવાર છે કે જેથી ઉપર કહયું છે તેમ કુદરતે મારેલી ટંપ=શીક્ષાને ખુશીથી ખમી શકાય એટલે પાદે ફ્રરાહની શીક્ષા આવી પડે:-પહેલે આપણે અતરંગ રહેવું અકડપકડ કરવું નહિ. બાલ-નખ કાપી-કપાવી રહીને પછી ડાબા હાથની ઉપર યથા ભણુતા એક કષ દોરવો. યથાનો **બ્યર્ઓથનનાંમ** શબ્દ આવે ત્યારે તે કષ દોરવો. એમ ત્રણુ યથા પઢીને ડાબા હાથની હથેલી ઉપર ત્રણુ કષો દોરવા. પછી તે કષ દોરેલા હાથમાં પેલાં

કાપેલાં નખ-બાલ ઉપર નીરંગ છાંટીને ધરવા. એવી તરતીબથી તે નસાને પકડીને સરેશ બાજ છેક કેમ્ ના મજ્દા-અસ્તવઇતીશ અષહે લગી પઢી જવી. જેમ નાહવાની બાજમાં મોટી ક્ષ્નૂમનનુ પદ સ્રઓ-ષેમ અષીમનું પઢતા નથી તેમ આ વખતેબી પઢવું નહિ. પછી નીચે આપેલી નીરંગ પઢવી. પછી પેલાં બાલ નખનાં પડીકાંને બાજુએ બહાર મુકવું. આમ કીધા પછી બાકીની બાજ છેક છેડા લગી પઢી જવી. પછી કપડાં દીલ ઉપરથી ઉતારી, કપડાં ઉપર નીરંગ લગાડી-દીલ ઉપર નીરંગ લગાડીને કપડાં ધોઇને નાહી લેવું. પછી કપડાં પહેરીને બહાર આવી હાથ ધોઇને કુશ્તી કરવી.

ખરી રીતે તો બીજી વખતબી નાહવાનો હોકમ છે. પણ તે આજકાલના જમાનામાં બનવું લગાર મુશકેલ છે. પણ બાલ-નખ કાપીને એક વખત નાહયા પછી આતશબેહેરામ-અગીઆરીમાં કે લોબાન મુકવા જવું નહિ. પણ બીજે દહાડે કાયદાસર નાહીને પછી તે બધું કરવું. પણ જો તેજ દહાડે તે બધું કરવું હોય તો દીનના કાનુન મુજબ ફરીથી નાહવું જોઇએ. પણ જો બીજી વખત નાહવાનું નહિ બને, તો ઉપર કહેલી ચીજો કરવી નહિ એટલે તે દહાડે આતશબહેરામ-અગીઆરી જવું નહિ કે લોબાન મુકવું નહિ કે આતશને અડકવું નહિ. બેહદીનો જો ગુજર્યા પછી પાદેફરાહની શીક્ષાનો લાહવો લેવા માંગતા હોય તો આટલું તો કરવુંજ જોઇએ. ખોદા બેહદીનોને નેક તોફીક આપે એજ દુઆ છે. મુબેદ સાહેબોને તો આ તરીકત પાળવી એ તેઓની ફરજ છે જેને માટે બે સવાલ નથી. તરીકતનો શાયસ્ત લા શાયસ્તનો ઇલાજ બહેદીનો માટે છે, મુબેદો માટે નથી. મુબેદોનો તો તે પરદુખભંજની પેશો છે જે પેશાને દયાનતદારીથી કરવા માટે તરીકતો કર્યા વગરનો છુટકો નથી. જેમ બીજા બધા પેશાઓમાં તે પેશાને લગતી દયાનતદારી હોય છે તેમ મોબેદોના પેશામાંની દયાનતદારી માટે તેઓ તરીકત વગરના હોઇ શકેજ નહિ. પણ બહેદીનોને માટે સઉથી હેઠળી તરીકતનો રસ્તો છે, જેનો આઝાબ ગુજર્યા પછી પાદે ફરાહને લગતો છે=તોજશ્નેનો નથી, એટલે જે શીક્ષા ખુશીથી ખમાઇને આગળ વધાય છે તેવો છે અને તોજશ્નેની માફક હાથ પગ લુલા થઇને મનનો કાબુ ખોહીને ધમીમાં પડાતું નથી.

## કાપેલા નખ-બાલ માટે બાજ ધરવાની નીરંગનું ભણુતર.

ડાબા હાથ ઉપર યથા ભણુતાં ત્રણ કશ્ન કરવા; પછી ડાબા હાથમાં પેલા કાપેલા બાલ-નખના પડીકાંને પકડવું અને પછી ધીમેશથી સરોશની

બાજ–કેમ્ ના મજદાના અસ્તવઇતીશ અષહે લગી ધરવી અને વચમાં **સ્રૉષેમ અષીમ હુરઓદેમ**નું મોટી ક્ષ્નૂમનનું વાકય આવે છે તે નાહવાની બાજની માફક મુકી દેવું–પઢવું નહિ. પછી આ માંથ્રો ભણુવાઃ–

**અષા[1] વૅહૂ મનંઘહા[2] યા[3] સુચે[4] પરૅ[5] મગઑનો.[6] પઇતિ[7] તે[8] મૅરઘ્[9] અષો–જુશ્ત્[10] ઇમાઓ[11] સ્રવાઓ[12] વઓદયેમિ.[13] ઇમાઓ[14] સ્રવાઓ[15] આ–વઓદયેમિ,[16] ઇમાઓ[17]–સે તે[18] સ્રવાઓ[19] મૅરઘ્[20] અષો જુશ્ત્[21] હ્યારે[22] અરૂશ્ત્યસ્ચ[23] કરૅત્યસ્ચ[24] થન્વરૅચ[25] ઇષવસ્ચ[26] ઑરૅજીફૂયો–પરૅન્[27] અસનસ્ચ[28] ફ્રદખ્ષન્ય[29] પઇતિ[30] દએવો[31] માજઇન્યાંન્.[32]**

**( સરોશની બાજ યથા ૨. યસ્નેમ્ચથી મુકવી. )**

પછી પેલા ડાબા હાથમાંનાં પડીકાંને બહાર બાજુએ મુકી દેવું અને બાકીનું બાજનું ભણુતર છેક છેડે લગી ભણુવું. પછી કપડાં કાઢી કપડાં અને દીલ ઉપર ગોમેજ લગાડીને કપડાં ધોઇને નાહી લેવું. પછી કપડાં પહેરવાં, બે યથા ભણુવા, કુસ્તી બાંધવી–અષૅમ ભણુતાં કુશ્તીના લર બાંધવા. પછી બહાર આવી હાથમોંઢું ધોઇને ફરીથી કુશ્તી કરવી.

અષોઇથી[1] ‖ ગોરપંદી તેવીષીવાળા બહમન વસેલાં મનથી[2] ‖ જે[3] (બેઉની જુફ્ત)થી ‖ મગવો મોટા સાહેબ દીલાનોના વડાઓ એટલે હવસોને બાંધીને ખાઇ જનારા નરો[5-6] ‖ એબાદત કરે છે–સ્તુતી કરે છે,[4] ‖ (ત્યારે અષ વહીસ્ત અને વોહૂ–મન અનેક પ્રકારે સાક્ષાત હાજર થાય છે, જેમાં એક મુરઘનું કેહપ ‘**અષો જુશ્ત**’ હાજર હોય છે, જે મુરઘ તે મગવનોની મરજી પ્રમાણે કામ કરવા ઉસ્તવાર ઉભુ રહે છે.–હુંબી તરીકત ઉપર ઉસ્તવાર રહેવા મથન કરી રહયો છું. માટે અએ મુર્ઘ અષો–જુશ્ત! હમણા કે હું આ બાલ નખને પરહેઝીને તેમાંથી અષ ઉભી થાય એમ તરીકત પાળી રહયો છું તેમાં મદદ કરવા આવ. માટે કહે છે કે) ‖ તારી[8] ‖ દોરવણી સ્તુગીરીને જોરે[7] ‖ અએ અષો ઝુસ્ત, અષોઇ કમાવી આપનાર લાવી આપનાર[10] ‖ પક્ષી–કેહપં![9] ‖ આ[11] ‖ કલામોને[12] ‖ વીરદમાં લાઉં છું, તેની વીદ્યા ખુબી પ્રમાણે સમજું છું[13] ‖ (અને તારી દોરવણીને લીધેજ) ‖ આ[14] ‖ કલામો[15] ‖ નો અમલ કાર્યસાધક રીતે ભલો નતીજો આવે તેમ કરી શકું છું.[16] ‖ ખાસ આ અમલમાં લાવેલા[17] ‖ તારી[18] (દોરવણી સાથના) ‖ કલામો[19] ‖ અએ અષો ઝુસ્ત[21] ‖ પક્ષી![20] ‖ માજઈન્ય દ્રુજના[32] ‖ અમલદારો દએવોની[31] ‖ દોરવણી હેઠળના[30] ‖

ગોફ્ણુને લગતા[૨૯] ‖ પથરા સામે[૨૮] ‖ ખંજર[૨૩] ‖ તલવાર[૨૪] ‖ કમાન[૨૫] ‖ બાજ પક્ષીનાં પીછાંવાળા[૨૭] (એટલે ઝડપથી ચાલતા) ‖ તીર[૨૬] ‖ તરીકે હોય છે–થાય છે–જારી થાય છે–કામ કરે છે.[૨૨] ‖

## બાલ માટેની ખાસ બીજી નીરંગ

## જે મળમુત્ર ગાહ આગળના બાલોને કાપતી વખતે પઢે છે તે વિષે:—

(☞ સરોશની બાજ 'કેમ્ ના મજ્દા'ના "અસ્ત-વઇતિશ્ અષહે" સુધી લેવી.)

(પણ તેમાં સરોશની વડી ક્ષ્નૂમન નહીં લેવી યાને સ્રઑષૅમ અષીમવાળું પદ મુદલ નહિ પઢવું.)

**અત્ અખ્યાઇ અષા મજ્દાઓ ઉર્વરાઓ વખ્શત્.**

**(☞ સરોશની બાજ યથા (૨) યસ્નેમ્ચથી મુકવી.)**

**છુપી ગાહના બાલ માટેની નીરંગમાં ગાથાનું વાકય શી મહાન મતલબથી અપાયું છે તેનો ક્ષ્નૂમીક ખુલાસો.**

---

ગાથાનું આ વાકય આવી જગાના બાલ કાપતી વખતે ભણવું તેમાં સાદી સમજ કંઇબી ખોલાસો કરી શકેજ નહિ. આ નીરંગ ઉપરથી સીધ્ધ થાય છે કે અવસ્તા સમજવા માટે તેની હકીકતી ક્ષ્નૂગીક સમજ જોઇએ. ક્ષ્નૂમીક સમજ વગર આ નીરંગનું ભણતર આ વખતે કાંય અપાયું તેની સમજ આવી શકેજ નહિ.

દએનની નીકીઝમાં અજાયબ બ્યાનો છે–ના, સૃષ્ટીની રજેરજ વિષે બ્યાનો છે, જેમાંનાં કેટલાંક બ્યાનો આજના આપણા કાનોને કંઇ અજાયબ જેવા લાગે છે. આજનાં જ્ઞાનને પેશ પડતા રહેવા અર્થેની આજની કાનની ગતી કર્મને આધીન થયલી છે માટે પોતાની સરજત કરતાં બીજી બહારની ચીજો સાંભળવા અને માનવા તેઓને આનાકાની લાગે એ બનવા જોગ છે. અહુરમજદે શરીર–રચના કીધી છે તે રચના ફરકસરને

નીયમે કીધી છે, જેમાંનું એક નાનામાં નાનું છીદ્ર જે સુક્ષ્મ-દર્શક યંત્રથી ભાગ્યે દેખાતું હોય તેબી અમથું કીધું નથી. બધાની ઉપયોગીતા રહેલી છે. શરીરની ઉપરના બાલોનીબી ઉપયોગીતા છે. શરીરના બાલોને સગીયતને રાખીને ખેંચવાની મોટી ખીશ્કારી કરવાની છે, જેને માટે તેઓને પાંચ વર્ગોમાં વહેંચેલા છે.

આગળ વાંચી ગયા છીએ કે અઝદનાં શરીરમાંની વોહુનની ગતી બહાર પડીને ચામડીમાં શોશન થાય છે અને પછી ચામડી અને બાલો-માંથી બહાર પડતી જાય છે. આ વોહુન એક સુક્ષ્મ ગતી છે જે જડ શરી-રમાં રહીને શરીરને બુઢ્ઢું કરી નાખે છે. આ વોહુનને ત્યારે બાલો બહાર ખેંચી કાઢીને-અષ્ઇપિ મારફતે તેઓને ઓર નરમ કરાવીને જમીન તરફ આકર્ષાવે છે કે જેથી જીંદગી ટકી શકે. અષ્ઇપિમાં આવતો આ વોહુન અષ્ઇપિથી જીતાય એવો થવો જોઇએ. આ વોહુનની ગતી ત્યારે ઘણી મંદ થવી જોઇએ. આ અર્થે માથાના-દહાડી મુછના અને બગલના બાલો કામ કરી રહે છે. આખાં શરીરની ઉપર જે બાલો છે તેઓબી એવુંજ કામ કરી રહે છે. વોહુનની ગતીનો જોશ પાંચ રીતનો રહે છે, પાંચ રીતની ચહડ ઉતર ગતીનો રહે છે, જે પાંચ જોશોમાંના દરેક જોશને બસ આવવા માટેજ દહાડી મુછ-માથુ-બગલ કે શરીર ઉપરના બાલો અને તેઓની વધ થઇ છે. વોહુનના તે તે ખાસ જોશ પ્રમાણે બાલોની વધ ઉંચે જતી યા નીચે પડતી યા આખાં શરીરમાં પંથરાયલી યોજાયલી છે. દહાડીના બાલો-મુછના બાલો નીચે પડતા રહે છે. માથાના બાલો ઘણુા નીચે પડતા રહેતા નથી. આ બાલોમાંથી વોહુ-નનો તે તે ખાસ જોશ બહાર પડે છે, ત્યારે તે બાલોની તેવી લંબાઇ અને ઉગવાની-વધવ ની રીત જે ખાસ તે તે વોહુનના જોશને નરમ કરવાજ યોજાયલી છે તેઓ તે વોહુનના જોશને નરમ કરી નાંખે છે, અને અષ્ઇ-પિમાં નુકસાન કરવાને બદલે અષ્ઇપિનું કામ જે તનની દરોસ્તી રાખવાનું છે-મનની દરોસ્તીનું રાખવાનું છે-બુરાઇને કાપવાનું છે તેમાં મદદગાર થઇ શકે છે. માથા ઉપરના બાલોને તેમ દહાડીના બાલોને તેમ મુછના બાલોને ત્યારે ચોકકસ રીતના રાખવામાં આવો મોટો ભેદ છે. તેઓને એકદમ બોડાવી નાખવે ત્યારે શરીરની વોહુનની ગતીના તે જોશ ઉપર જે કુદરતી આંકોશ છે તે નીકળી જાય છે, અને શરીરની દરોસ્તીની ઉપર તેમ મનની દરોસ્તીની ઉપર-વીકારોના ઉછાળાઓની ઉપર અસર કરે છે. એક આથ્રવન કે જેણે પોતાની અષ્ઇપિને સ્વચ્છ રાખીને તેમાં યજતી ગતી-આશીશોનું બળ નામે ખોરેહને વસાવીને તૈયાર ઉભા રહેવાનું છે તેણે તો પોતાની અષ્ઇપિની

સ્વચ્છતાના બધાજ કાનુનો પાળવાના છે. એમ છે માટે **અથોરનાનોથી** દહાડી બોડાય નહિ, કેમકે દહાડી બોડવાથી એક તો દુજે-હીપ્ર પેદા પડે છે અને બીજું દાહડીના બાલની ગેરહાજરીમાં અઇપિની અંદર વોહુનનો જોશ પુર જોશથી વહી રહેતો હોવાને લીધે અઇપિ ઉતરતી ગતીની થતી આવે છે જેમાં ખોરેહ પકડાઇ શકાતું નથી. આ વિષેની સમજ લઇએ.

માનવની અઇપિ કહેતાં તેની આસપાસ રહેલી વાતાવરણ માનવના જીવ-જાન જેટલીજ અગત્યની છે. જીવ-જાન જાતને ટેકવે છે જયારે અઇપિ જીવ-જાનની સરજત ઘડી રહે છે. **શરીરના ઉત્તમ ખોદા રસીદા ભાગ નામે કેહર્પનાં દસમાં ચખ્રમાં રૂવાન અને બઓદ રહે છે, જયારે અઇપિના ૧/૯ ઉત્તમ ભાગમાં ફરોહર રહે છે.** જેમ કેહર્પ-ઉશ્તાન આપ-તેવીષીના ભાગો ખોદા રસીદા છે તેમ તેઓના બનેલા આખાં શરીરની વાતાવરણનો ૧/૯ ભાગ દરેકના બાબમાં ઉત્તમજ હોય છે, કે જેમાં ફરોહર રહી શકે. જેમ જીવ-જાનને ટેકવવું અગત્યનું છે તેમ આપણી અઇપિને શુધ્ધ રાખવું તેટલુંજ અગત્યનું છે. કુદરત તરફની બહારની ભલી બુરી ગતી વાસ્ના અઇપિનેજ રસ્તે શરીરમાં આવી શકે. **આપણા કેહર્પ-ઉશ્તાન આપ-તેવીષી નામનાં અદ્રષ્ય શરીરોમાં બહારની કુદરત વસે છે, એમ આપણામાંજ દાદારનું મંદીર રહ્યું છે.** આ કેહર્પને તેમ બહારની કુદરતને અઇપિની મારફતે સંબંધ રહે છે. કેહર્પ-ઉશ્તાન આપ અને તેવીષીને બહારની કુદરત હરહંમેશ મદદ કર્યાજ કરે છે. આ માંહેલી એક મદદ **ઉશ્તાન** નામની ગતીની છે, જે છેક ઉપર **અનગ્ર રઓચ** ઉપરથી માનવમાં ઉતરે છે. આ ઉશ્તાનને માનવના વિચાર અને માનવનાં શરીરમાંના વોહુન સાથે અને માનવનાં અંતકરણની ગતી સાથે તે વિચારોની ગતીનો, તે વોહુનની ભાવનાનો, તે અંતકરણની નીખાલસીનો જેવો જેટલા ભલા-બુરા પ્રમાણનો સંબંધ થાય છે, તેટલા પ્રમાણની તે અઇપિ શુધ્ધ-અશુધ્ધ થઇ રહે છે. ઉશ્તાનની કેફીઅત ઉપર અઇપિની સરજત બંધાય છે અને અઇપિની સરજત ઉપર જીવ-જાનની સરજત બંધાય છે. આ ઉશ્તાન **અનગ્ર રઓચ**માંના દરેક માનવને લગતા સ્તરમાંથી આવીને તે માનવની અઇપિમાંથી તેના કેહર્પમાં થઇ તેના ઉશ્તાન આપ નામનાં ખોદા રસીદા ભાગમાં જઇને ત્યાંથી અઝદમાંના જાનના વ-તુંળ ઉપર પડી જાનને ટેકવીને દમને ચલાવી રહે છે. ઉશ્તાન બહારની જાતજાતની ગોમેઝગીમાં વીટલાતું રહીને યા નહિ વીટલાતું રહીને અઇપિમાં દાખલ થઇને પહેલે અઇપિમાં પંથરાઇ જાય છે. અઇપિમાં ઇનસાનના ભલા-બુરા વીચારો તે ઇનસાનના બદનના **અના-**

સરોની વોહુન સાથની ગતી સાથે અને તે ઇનસાનના અંતકરણની સ્વચ્છતા કે નહિ અસ્વચ્છતા સાથે મળી રહીને તે અઇપિમાં પંથરાઇ રહે છે. આવી ગતીની અઇપિમાં ઉશ્તાન ઉતરીને પંથરાય છે. જો ઉશ્તાન લતીફ વજેનું એટલે બહારના અભડાત વગરનું યજતોના હમમાં હોય તેવું હોય અને તે ઇનિસાનના અંતકરણમાં સચ્ચાઇને નાદ ફરતો હોય અને તે ઇનસાનના અનાસરોને દુજ–પરહેઝથી રાખ્યા હોય તો તે અઇપિ સુક્ષ્મ થઇને ખોરેહની ગતીને પકડી રાખી શકે છે. **ઉશ્તાન બહાર અભડાઇને યા નહિ અભડાઇને આવે તે શું?** માનવના બુરા વીચારો–બોલો–કરણીના બુરા ગુબારો ઉપર થાય છે, અને તે બુરા ગુબારોમાં અહીરીમનની ગતીનાં બુનો પડીને બુરા આકારો થાય છે. આવા આકારોને બીજા તેવા બુરા આકારો સાથે સંબંધ થાય છે. આવા માનવની અંદર જે બહારનું ઉશ્તાન આવે તે ત્યારે આવા બુરા આકારોના અભડાતમાં વીતળાય છે. ભલા વિચારો–કર્મો–બોલો કરે તો તેમ થાય નહિ. એમ ત્યારે ઉશ્તાન અને ભલા–બુરા વિચારો, ઉશ્તાન અને અંતકરણનો ભલો–બુરો નાદ ઉશ્તાન અને શરીરમાંથી નીકળતી વોહુનની જેતનું પ્રમાણ–આ બધાંને અઇપિમાં સંબંધ થઇ રહે છે. આ બધાં એક એક ઉપર અસર કરે છે. ઉપર જોયું કે બાલની વધ ચોકસ ઠેકાણે ચોકસ પ્રમાણમાં શરીરમાંની વોહુનની જેતને મંદ કરે છે. પણ જો બાલની તે વધને અટકાવે જેમકે દહાડીને બોડાવ્યા કરે તો તેથી શરીરની તાપુન તે અઇપિમાં જોશથી વહેતી રહે, જેથી પછી તે અઇપિમાંનું **ઉશ્તાન** ઘટ થઇ જાય છે. ઉશ્તાનને અને વીચારને અતલગનો સંબંધ રહે છે માટે વીચારણી ઘટ હલકા સ્વાર્થી હવસી થઇ જાય છે, અને વીચાર અને અંતકરણને સંબંધ હોય છે માટે અંતકરણની ગતીબી ઉતરી પડે છે અને અનાસરમાંનો વોહુન જબુન થાય છે. એમ તે ઇનસાનની અઇપિના દસ ભાગોમાંના નવ ભાગો ઉતરતી ગતીના થાય છે જેમાં યજતી પ્રકાશ ખોરેહ આવી શકે નહિ. એમ ત્યારે એક આથ્રવન કે જેણે પોતાની અઇપિમાં ભલી મનશ્ની, ગવશ્ની કુનશ્ની સાથની તરીકતની વાસ્નામાં રંગાયલું ઉંચ ઉશ્તાન અને દુઝ–પરહેઝની ગતીના અનાસરોમાંથી નીકળતી મંદ વોહુન, અને અંતકરણનો નાદ રાદી રીતે રાખી આખી અઇપિને સ્વચ્છ રાખીને તેમાં ખોરેહને પકડી રાખવાનું છે કે જેથી ગુજરનાર રૂવાનની તરફ તેવી અઇપિને જોરે, ઉશ્તાન–મિથ્ર–અંતકરણની સ્વચ્છતાઇનાં જોરે દુઆ પહોંચાડી શકે, તે અથોરનાનની તેવી અઇપિ દહાડી બોડાવવાથી રહી શકે નહિ. આમ ત્યારે અથોરનાનોના પોતાના પેશાને સચ્ચાઇથી પાળવાને ખાતર તેઓ દહાડી બોડાવી શકે નહિ તેમાં મોટો

ભેદ છે. એમ ત્યારે દહાડી બોડાવવે વીચારોની ઉપર માઠી અસરો થાય છે તે સત્યવાણી છે.

એવીજ રીતે મળમુત્રગાહ આગળના બાલોબી કુદરતે ચોકકસ અર્થેજ યોજેલા છે. જાતી-ભેદ દુન્યામાં વસ્તીની પ્રાપ્તીને કાજે થવોજ જોઇએ તેને મદદ કરવા આ જગા ઉપર બાલોની યોજના થયલી છે. બાલોમાં ખાસ્તરની ગતી રહે છે, જે ખાસ્તર કર્મના ટેકાવમાં ઉપયોગી થઇ પડે છે. ઇશ્કે-મીઝાજની આ સેફલી ગતીને મદદ કરનાર આ બાલો છે. કુદરતે જયારે ઇશ્કની ગતીને સૃષ્ટીમાં ચલાવી ત્યારેજ ફ્રશો-ફેરેતી ઉભી થવાનો સંભવ થયો. સૃષ્ટી જે વખતે **અક્રષીમંત** એટલે ગતી વગરની હતી તે વખતે ફ્રશો-ફેરેતી થાય એવો સંભવ હતોજ નહિ. સૃષ્ટીની પોતાની ગતી ત્યારે અક્રષીમંત હતી. પણ તે દાદારના 'ઉરવર' કહેતા આશીરવાદે તે સૃષ્ટીમાં 'ઇશ્ક'ની ગતી પાંથરી ત્યારે તો આજે **મજદદાત અને અહુરદાત** પ્રમાણે સૃષ્ટી ઘટતીમાં ઉતરીને બુલંદી તરફ જઇ રહે છે. **ત્યારે અઘોરમાં અઘોર બુરી નઇતીકના ખેંચાણમાંબી તે બુલંદ નેમનું બીન્દુ રહેલું છે. ખેંચાણ-ઇશ્ક ગમે તે નાકે હશે તે એક વખતે ખનરથ બામનાં-ગેતી તરી જવાનાં નાકાં તરફ જશેજ.** ત્યારે હયાં આ છુપી ગાહના બાલમાં સેફલી જાતી ભેદના ઇશ્કને ટેકવવાનો ભેદ છે, જે ભેદને પરણેતરના કાયદાની સચ્ચાઇથી કામે લેવો જોઇએ. પણ તરીકત પ્રમાણે ચાલનાર ઇનસાન કુદરતે યોજેલી એ જગા ઉપર વિચાર કરતાં કહે છે કેઃ-

ઇશ્કનો બધોજ પ્રકાર કાંતો સેફલી અઘોર જનાકારીનો કે ઉલવી મા બાપના ફરઝંદ પ્રત્યેના પ્રેમનો કે ગવ-ચિથ્રનો ઇશ્ક-ભકિતનો પ્રેમ-બંદગીનો પ્રેમ કે યજતી પ્રકારનો પ્રેમ-એમ પ્રેમની બધી ગતી જયારે **ઉરવરની** ગતી **અહુરમજદે** ચાલુ કીધી ત્યારથીજ શરૂ થઇ. દ્રવાઓની એટલે અવધી ઉપર જતા અજ્ઞાનતાના કાદવની જાતમાં જયારે ગવની ગતી એટલે પારકાને પોતાને ભોગેબી ટેકવીને મુકિત અપાવવાની ગતી ઉમેરાઇ, એટલે ગવે દ્રવાઓને જીવ કરી આપ્યો, ત્યારેજ આ દેખીતી 'વ્યકતી ગત' સૃષ્ટી મહાલતી થઇ-સંસારના બંધનનું જગત થયું. જયારે ગવ અને દ્રવાઓ વચ્ચે ઇનસાન અને તેના જીવજાન જેવો સંપુર્ણ ઇશ્કનો સંબંધ થયો, વ્યકતી ખુદમાં બેનમુન ઇશ્ક જાગ્યો, ત્યારે તે વખત પછીથીજ તે જીવ પામેલા દ્રવાઓની ઉપર તે ઉરવરે તે દ્રવાઓની જાત પ્રમાણે ખેંચાણમાં ખેંચાવાની મતી-ઇચ્છા ઉભી કીધી. ત્યારે આ થયું કે ગવની પરમાર્થી ગતી દ્રવાઓના કાદવમાં રહીને પછી દ્રવાઓની અક્રષીમંત ગતીને ક્રષીમંત

થવાની, ફરશો-કેરેતીએ જવાની જેત આપી રહે છે. આમ તે દાદારે ગવની ગતીને દવાઓમાં મેળવી તનોમંદ જગત ઉભુ કરીને પછી 'ઉરવર'ની કરમ બક્ષેશથી સૃષ્ટીને પોતાની જાત પ્રમાણેનો ભોગવટો કરવા માટે ચલાવી છે, જેમાં સેફલીમાં સેફલી ઇશ્કથી ઉંચ ગતીનાં ખેંચાણો થઇ રહયાં છે, જે બધું એક દીને ફ્રષીમંતને છેડે ફરશો-કેરેતીએ જશે. એમ જવાની ગતી મારા અંગતના કેસમાં જલદીથી થાઓ કે પછી બીજાને માટે તેની હાલતો હું લાવી આપી શકું. **બીજાઝી ઇશ્ક જે પરણેતરનો ભેદનો છે તેમાંથી ભલાં ફરઝંદો પેદા પડીને યજતી ઇશ્કનો પાયો પેદા પડો. અઘોર સ્વાર્થ પુર્ણ પરદુખભંજનની ગતીમાં બદલાતો જાઓ.** સૃષ્ટી જે જન્મતાજ અજ્ઞાનતાની દવાઓની હતી તેને ભલે પરદુખભંજન થવાના છેડાએ લઇ જવાને માટેજ અહુરમજદે પોતાની હરવેસ્પ-આગાહીથી ગવને ઉભી કીધી છે, જે ગવને મદદ કરવા ઉરવરના આશીરવાદો ચલાવેલા છે કે જેનો છેડો અષની ઉપર આવીને ઉભો રહેશેજ. '**અત્ અખ્યાઇ અષા મજદાઓ ઉરવરાઓ વક્ષત**': '**અખ્યાઇ**'=તેને માટે એટલે 'ગવ'ને માટે-'**અષા**'=અષોઇને નીયમે (ભલી વ્યવસ્થા આવી ઉભી રહે-મીનોઇ ઇશ્ક આવી ઉભો રહે-ફ્રષીમંત ગતી ફરશો-કેરેતી ઉભી થાય-અફ્રષીમંત ગતી હમેશની તુટે માટે) '**મજદાઓ**'=મજદાએ તે માહાજ્ઞાની સાહેબે (યોજનાઓ ઘડી છે તેમાં ઉરવર=આશીરવાદ=યજતી ગતીને કાઢવાની યોજના કીધી છે તેમ) ઉરવર=આશીરવાદો-આશીરવાદ રાખતી ચીજો ઝાડપાનો-યજતી ગતીઓ વીગેરેને '**વક્ષત**'=ઉગાડી-મોકલી-જાહેર કીધી-વધારી-ચલાવી. આમ ત્યારે તે તરીકતનો ઇનસાન આ માથ્ર ભણી ઉપરના મિથ્રો કરીને તે જગાઓના બાલોને કાપે છે. બાલ કાપતાં જે મીનાઝી ઇશ્કને પોખનારી ખાસ્તરનો જોશ ઉભો થાય છે તેને પેલા માંથ્રો અને તેને લગતા ઉપર કહેલા મિથ્રોથી રોકીને નીરમુળ કરે છે કે જેથી અઇપિમાં હવસોની ગતી ઉભરાય નહિ. ત્યારે આ બાલ કાપતી વખતે જેમ ઉપર સરોશ બાજ લેવા કહયું છે તેમજ બાજ લઇને આટલાજ ઉપર કહેલા **માંથ્રો** ભણીને ("**અષા વૉહૂ મનંઘહા**"ના માંથ્રો ભણવાના નથી; સીરફ આજ "**અત્ અખ્યાઇ**"નાજ માંથ્રો ભણીને) બાજ મુકવી.

# નાહનની વીગત.

ઇનસાનની ચામડીની સ્વચ્છતા માટે નાહવાની જરૂર છે. પણ ઇનસાનના તન-મન-વોહુનની દરેરસ્તીને માટે અને છેલ્લે ઇનસાનની રૂવાનદરેસ્તીને માટે અઇપિને સ્વચ્છ રાખવાની જરૂર છે. અઇપિને સ્વચ્છ રાખવાને માટે બે જાતના નાહનો આપેલા છે. એક નાહન રહે છે જેને નવરાત્રીનું નાહન નામે બરશ્નુમ કહે છે. પણ બીજું નાનું નાહન રહે છે, જે નીચે બતાવેલું છે, જે સાદુ રહે છે, જે લેવાને માટે અરધો કલાકબી લાગતો નથી. કોઇ કહેશે કે ભલા વીચારો રાખીએ એટલે અઇપિ ભલી રહેશે. પણ વીચારોની જેટ ભલાઇ ઉપર રહે છે કે, એ તો દરેકે પોતાનાં અંતકરણ ઉપર હાથ મુકીને જાણવું. માનવના વિચારો જોઇએ તેવા શુધ્ધ રહેતા નથીજ. જો વીચારોને ભલા રાખવા મહેનત કરે તો તે મહેનત કાયદેસરની થાય તોજ વીચારો ઉપર કાબુ રહે—એમ કાયદેસરની મહેનત થવા પહેલાં અઇપિને સ્વચ્છ રાખવીજ જોઇએ, કેમકે ઇનસાનના ઉશ્તાન અને વીચારને નહિ તુટે તેવો સંબંધ છે. જ્યાં લગી ઇનસાનનું ઉશ્તાન સ્વચ્છ=મોકળું છે ત્યાં લગીજ વીચાર સ્વચ્છ રહી શકે. જેવું **ઉશ્તાન ઘટ થયું કે વિચારો ઘટ થવાનાજ.** ત્યારે ઉશ્તાન મુખ્ય ચીજ છે. ઉશ્તાનની વ્યાખ્યા શું છે? અહુરાની અનંત ગતીમાં દરેક ઇનસાનને લગતો **સ્તર** છે તે સ્તરમાંથી ઉશ્તાનનો ઝરોહ-પ્રાણ અને શ્વાસોશ્વાસને ટેકવવાનો ઝરોહ અમર ગતીના દરયાવની માફક વને-ઝવીત-બીશના બહારમાં એટલે અમરગી આપવાનાં જોર સાથે બહાર પડે છે અને પછી ઇનસાનના દમમાં તેની અઇપિ મારફતે જાય છે. પણ આ ઉશ્તાન નીસ્તીમાંથી પસાર થવે નીસ્તીની અગણીત વસ્તીના દમોથી બંધાયલા ગુબારો અને આપણા માઝીનાં બુરાં કર્મોના બંધાયલા તબ્બઇરૂપના ગુબારોની અંદરની જડ ગતીથી અભડાતું આવે છે, એટલે તે અમરગીના ઉશ્તાનના જેટની આસપાસ તે અભડાત આકર્ષાઇને તે ઉશ્તાનની સાથે સાથજ રહીને તે ઇનસાનના દમમાં પેવશ થાય છે, એટલે તે ઉશ્તાન જેમ તે દમમાં જાય છે તેમ તે અભડાત જે અમરગી વગરનો છે તેબી દાખલ થાય છે. ઇનસાનની મીટ્ટી જો કાચી હવસી હોય તો તે ઉશ્તાન પઇરિ-દખ્યૂ આગળના ગુબારોથી રંગાઇને આવે છે એટલે નીસ્તીની બધી વસ્તીઓના બુરા દમોના ગુબારોમાંથી રંગાઇને તેમ આપણી બુરી તબઇના બુરા ગુબારોથી

રંગાઇને તે ઇનસાનના દમમાં આવે છે. વળી બીજા મરતબાનો અભડાત એમ થઇ રહે છે કે આ ગેતીની ઉપર રવીના સ્વા અને હવાની ગતીને લીધે ઇનસાન ઇનસાનની-ઇનસાન હેવાન-ઝાડપાન-ખનીજની અઇપિ એક બીજા સાથે સંબંધમાં આવી એક બીજાના અભડાતના ચેપને પોતાની અઇ-પિમાં દાખલ કર્યાજ કરે છે. એમ ઉસ્તાન આપણામાં બીજી રીતે રંગાતું=ઘટ થતું આવે છે. આ તો ત્યારે કુદરતીજ છે. જો ઇનસાનની મીટ્ટી ભલી હોય તો તેનું ઉસ્તાન મીનો કરેકોની ભલી વાતાવરણમાં રહીને પછી **વીત**ની ગતીમાં આવી, કહેતાં યજતોથી ઉભી થયલી અણદીઠ દીવાલની-એટલે યજતોના શુભ સંબંધની પાવીકતથી રક્ષણ પામીને ઇનસાનના દમમાં જાય છે, કે જે ઇનસાન પોતાની અઇપિને સુક્ષ્મ રાખવાની તોરીક રાખી શકે છે. ત્યારે આપણા જેવા કાચી મટ્ટીના ઇનસાનોના **ઉશ્તાનો** રંગાયલા હોવે-**વીચારે**ાબી રંગાયાજ કરે છે, જેથી **અઇપિ જડ ગતી**ની થઇ રહે છે. વળી ઉપર જોયું તેમ **અનાસરે**ાની વોહુનની જણુન-તાબી અઇપિમાં વહેતી રહે છે, અને બાલ કે જે અઇપિનો ટેકાવ છે તેની વ્યવસ્થા તો આજે છેજ નહિ, કેમકે આજે તો બધા દહાડી મુછ બોડાવે છે એટલે પછી શરીરની અનાસરી તાફ્રુન ઘોધમાર અઇપિમાં જવે અઇપિ જડ ત્રીજે મરતબે થઇ જાય છે. હવે એકજ રાહ ખુલ્લો રહયો કે જે અઇપિની ગતીને કંઇબી શુધ્ધ રાખી શકે, જે અંતકરણને સાફ રાખવાનો છે. જો ઇનસાન પોતાના અંતકરણના અવાજને માન આપીને વર્ત્યા કરે-મહેર પતેત કરે, તો પછી તેવાં અંતકરણની ગતી અમુક મર-તબામાં અઇપિની શુધ્ધતામાં રાખી શકે છે તેનોજ ફાયદો મળે. પણ જો **ગોમેજ** લઇને નીચે કહયું છે તેમ નાનું કાચું નાહન લેયા કરે તો પછી અંતકરણમાં જે પતમાન છે, જે ડંખ કરવાની ગતી છે-બુરૂ જે કંઇ થઇ જાય તેને વીષે તે કરનારને સચેત કરવાની ગતી છે તે મજબુત થાય, અંતકરણના અવાજને માન અપાય એટલે અંતકરણ મુજબ ચાલવાની હોંશ ઉભી થાય-મહેર પતેત પાળવાનું જોમ છુટે-રોશન ફેલ પાળવાની મકકમતા ઉભી થાય. વળી નીરંગના વપરાસથી ઉસ્તાનની ગતીબી શુધ્ધ થાય, જે અભડાત ઉપરના ગુબારોને લીધે થયો હોય તેમાંનો ઘણો ભાગ ઘોવાતો જાય, જેથી વીચારોની ગતીબી શુધ્ધ થાય અને અનાસરોની તાફ્રુ-નબી નરમ ગતીની થવે અનાસરોની શુભ અસર અઇપિમાં થાય. એમ ત્યારે 'નાહન' લેવાથી અઇપિ સ્વચ્છ થઇ રહે કે જે પછી તન દુરસ્તી -મન દુરસ્તી-વોહુન દુરસ્તી થઇને ફેલ કરવાનુ જોમ ઉભું થાય અને જાનને જોર મળે અને જોરાને-જાન ખીલે એટલે મનશ્ની-ગવશ્ની-કુનશ્ની

ભલી થાય, વીર–હોશ–ખેરદની ગતી ઉભી થઇને જામી રહે જેથી ઇનસાનને સતસંગ મળે. આમ ત્યારે અઇપિની શુધ્ધતાને સરળ કરવા ઉશ્તાનને શુધ્ધ રાખવું જોઇએ અને અંતકરણના અવાજને માન આપી મહેર પતેત રાખવી જોઇએ, જેમાં નાહન મોટી મદદ આપે છે–જે મદદ આપવાને માટે 'નાહન'ની હિકમત અપાઇ છે.

ત્યારે વીચારોની શુદ્ધતા હંમેશ લગી ટકી શકતી નથી. **વીચારોની શુદ્ધતા માટે ઉશ્તાનની શુદ્ધતા જોઇએ, તેમ અંતકરણની અંદરનાં પતમાનની જાળવણી જોઇએ, તેમ અનાસરોના તાફુનની જબુન ગતી ઉપર કાબુ આવવોજ જોઇએ. આવું બધું કીધા વગર કદીબી વીચારોની ઉપર કાબુ રહી શકતોજ નથી.** વીચારો ઉપર કાબુ રાખવો એક ચીજ છે અને તેને ટેકવવો બીજી ચીજ છે. ઇનસાને વીચારોની ઉપર કાબુ રાખવાનો કસદ કરવો એ ઇનસાનીઅતનો ધર્મ છે. પણ તે કાબુને ટેકવવાને **માટે 'નાહન'**ની હીકમત છે, જે તરીકતનો મુળ ભાગ છે. દીનમાં હોકમ છે કે એક બેહદીને નવરાત્રીનું નાહાન કમમાં કમ સાત વર્ષે એક વખત લેવુંજ જોઇએ. ઉપર કહેલું નાનું સાદું કાચું નાહન તો એક બેહદીને છ છ મહીને લેવાનું છે કે ત્રણ ત્રણ મહીને કે મહીને મહીને લેવાનું તે વાત જુદી છે. પણ નવરાત્રીનું નાહન જે મોટું નાહન છે તેને તો એક બેહદીને કમમાં કમ સાત વર્ષે એક વખત લેવુંજ જોઇએ. પણ દરેક આથ્રવને નવરાત્રીનું નાહન જેને બરશ્નુમ કહે છે તે દર છ છ મહીને લેવુંજ જોઇએ, કેમકે ઉપર કહયું છે તેમ રવીના સ્વા અને હવાની ગતી અને શરીર ઉપર પાણી લાગવાની જરૂરાતને લીધે ગમે તેવા અઠંગ યઓજદાથ્રેગરની અઇપિમાં તેની આસપાસની વસ્તીની અઇપિઓનો ચેપ છ મહીના લગીમાં એવો મજબુત રીતે લાગી રહે છે, કે જેથી છ મહીના પછીથી તેની અઇપિમાંની બરકત નામે ખોરેહ તેની અઇપિમાં ટકી શકતું નથી. માટે છ મહીને તે અઇપિને સુક્ષ્મ કરવા નવરાત્રીનું નાહન–બરશ્નુમ એક યઓજદાથ્રેગરે લેવુંજ જોઇએ.

નવરાત્રીનું નાહન તો તેની ખાસ જગાએ ખાસ યઓજદાથ્રેગરો આપે છે, જેને માટે દસ દહાડા લગી તે નાહન લેનારે કામકાજ છોડીને ગોયા કીનારે કશ થવું પડે છે. પણ નાનું સાદું નાહન તો ઘરમાં કે ખુદ અગીઆરીમાં ખુદ પોતે લઇ શકે કે કોઇબી મોબેદ સાહેબની મારફતે લઇ શકે. નાહનથી અઇપિની શુધ્ધતા ઉપરાંત, જાનની દુરસ્તી, વોહુન–દુરસ્તી, ગત્રહોમંદી કઇ રીતે થાય છે તે વર્ણવાને માટે હવે જગા નથી. નવજોત

વખતનું નાહન, પરણુતી વખતનું નાહન કઇ જુદી જુદી રીતે કામ કરે છે તે બાબદ ભવિષ્યમાં અન્ય ઠેકાણે જણાવીશું.

## ઘરમાં આવું નાહન લેવાની આ જમાના અનુસારની તરતીબ:-

જે દહાડે નાહન લેવું હોય તે દહાડે નાહન અગાઉ ભુખુ પેટ જોઇએ યા થોડુંકજ ખાવું જોઇએ. પહેલે કુસ્તી કરી **સરોશ બાજ** લઇ ગેહ કરીને ખરાં અંતકરણથી એક પતેત કરવી અને અઇપિ શુધ્ધ થાય, તન-મન-અઝદ દરોસ્ત થાય એમ વીચાર કરવો. પછી દાડમની ચાર પાંચ નાની પાંદડીઓ અને નીરંગ-દીનનો નીરંગ અને અંગ ઉપર લગાડવાનો તાજો સાધારણ નીરંગ તૈયાર પાસે રાખવાં. પહેલે ખાવાની બાજ લેવી માટે **ક્ષ્નઑથ્ર અહુરહે મજદાઓ અષૅમ્ ૧,** ભણી-**બનામે યજત બક્ષાયંદેહ......ઇથા આઅત્ યજમઇદેથી વીસ્પાચા વૉહૂ અષૅમ્ ૩,** ભણી જવા-પછી એક કપડાંનો પેવંદ લઇ નાનાં પુલ્યાંમાં થોડાક નીરંગ-દીનનો નીરંગ લઇને આમ મનમાં બાજમાં પઢવું કે **"ઇન્ ખોરૂન્, ઈને પાકી ઇ તન્, ચોજદાસ્રી ઈ રવાન્રા"** (તન કે જેમાં અઝદ લગીતું બધું આવી જાય છે તેની પાકીઝગી ઉભી થવા માટે, રૂવાનની શકિત 'યઓજદાહ' વધારવા માટે એટલે રૂવાન-દરોસ્તી માટે, રૂવાનની ઉપર જીવતી હાલતમાં જે પરદો છે તેને જીવતી હાલતમાં ઉચકવા માટે આ પીણું છે-નીરંગ દીનનો નીરંગ છે તે પીવું છું.) આમ વીચાર કરતા જઇ અને તે માંથ ભણી રહીને પછી પેલાં પુલ્યાંમાંથી એક ટીપું પીવું અને દાડમની એક એ પાતરી ચાવીને થુકી નાંખવી-એમ બીજી વખતે ભણી ગોમેજ પી દાડમની પાતરી ચાવીને થુકવી-એમ પછી ત્રીજી વખતે કરવું. પછી પુલ્યાંને બાજુએ મુકી દેવું. પછી જમવાની બાજ પુરી કરવી માટે **ચાર અષૅમ્, બે યથા, અહુમાઇ રએશ્ચ, હુજંઘરૅમ્, જસ મે અવંઘહે મજદ, કેરૂફેહ્ મોજદ** પઢી જવા. પછી કુસ્તી છોડી **અહુરમજદ ખોદાએ** ભણી **બે યથા** ભણી કુસ્તીના આગળના ગાંઠ મારી **એક અષૅમ્** પઢી પાછળના લરો બાંધી **જસ મે અવંઘહે મજદ મજદયસ્નો અહમી** પઢી જવું. પછી સોજજી મોરીમાં જઇ કપડાં કાઢી સાધારણ તાજા નીરંગને ત્રણ વખત શરીર ઉપર લગાડીને નાહવાની બાજ લઇને એટલે **ક્ષ્નઑથ્ર અષૅમ્ ૩, ફ્રવરાનેથી મા મૅરૅન્ચઇનીશ્ ગએથાઓ અસ્તવઇતીશ્ અષહે** લગી પઢી જવું. પછી નાહી લેવું અને નવાં કપડાં પહેરી નાહવાની બાજ મુકવી. પછી બહાર આવી ફરીથી હાથ મોઢું ધોઇને સરોશની બાજ સાથની કુસ્તી કરવી અને જો વખત હોય તો

ફરીથી પતેત ભણી જવી અને ભણુતાં ભણુતાં ગુનાહો નહિ થાય અને એવા નાહનો છુપાછુપ લેવાની સદ તોફીક મળતી રહે એમ દુઆ કરીને આ વખતે તે ખોદાએ જે નાહન નહવડાવ્યું તે માટે તે ખોદાનો આભાર માનવો. (કઇ કુશ્તી કરવી કેમ ના મજદાની કે સરોશ બાજની એ જીકર ખોટી છે એટલુંજ નહિ પણ ગુનાહભરેલી છે. જે કંઇ કુશ્તી તે કરતો હોય તે કરવી. ફસલના રોજ માહવાળાઓએ સરોસની કુશ્તી કરવી સારી છે. એ બાબે ઉપર સમજ આપી છે જુઓ પાને ૭૮૧-૭૯૨).

## દોઆ નામ સેતાયશને.

ક્ષ્નઑથ્ર અહુરહે મજદાઓ. અષૅમ્ વૉહૂ ૧.

(બીસ્તા પઢવું.)

બ નામ[૧]-ઇ યજદ્[૨]-ઇ બખ્શાયેન્દેહ્[૩]-ઇ બખ્શાયેશગર્[૪]-ઇ મેહેર્બાન્![૫] નામ[૬]-સેતાયશન્[૭]-ઇ અહુરમજદ્, [૮] હુમા-બૂદ્[૯] વ હુમા-હુસ્ત્[૧૦] વ હુમા-બેદ્![૧૧] નામ[૧૨] યજદ્[૧૩]-ઇ સ્પેના-મીનો,[૧૪] અંદર-ચ્[૧૫] મીનોયાંન્[૧૬] મીનો,[૧૭] અવશ[૧૮] ખુદી[૧૯] યક્[૨૦] નામ[૨૧] અહુરમજદ-ચ્![૨૨] ખુદા[૨૩]-ઇ મેહેસ્ત,[૨૪] વ તવાના,[૨૫] વ દાના,[૨૬] વ દાદાર્,[૨૭] વ પર્વર્તાર્,[૨૮] વ પાના,[૨૯] વ ખાવર્,[૩૦] વ કેર્ફે-ગર્,[૩૧] વ અવખ્શીદાર્;[૩૨] અવીજેહ્,[૩૩] વેહ્,[૩૪] દાદસ્તાની,[૩૫] હુમા[૩૬] જોર્![૩૭]

સેપાસ્[૩૮] ઓય્[૩૯] બુજોર્ગ્[૪૦] હસ્તીઆંન્;[૪૧] કે[૪૨] આફ્રીદ્[૪૩] બુલંદ્[૪૪] સ્તીહ્[૪૫] પ[૪૬] ખીશ[૪૭] અન્-હુમ-બેતીક્[૪૮] જોર્[૪૯] દાનાઇ;[૫૦] અવર્તર્[૫૧] શશ[૫૨] અમશાસ્પંદાંન,[૫૩] અવદ્[૫૪] વીશ[૫૫] યજદાંન્,[૫૬] વ રોશન્[૫૭] વહિશ્ત,[૫૮] ગરોથ્માન્,[૫૯] વ ગર્દ્[૬૦]-ઇ આસ્માન્,[૬૧] વ ખુર્[૬૨]-ઇ તાવા,[૬૩] વ માહ્[૬૪]-ઇ બામી,[૬૫] વ સ્તર્[૬૬]-ઇ વીશ[૬૭]-તોખ્મ;[૬૮] વ વાદ્[૬૯] વ અંદર્-વાય્,[૭૦] વ આવ્,[૭૧] વ આતશ,[૭૨] વ જમીન્,[૭૩] વ ઉર્વર્,[૭૪] વ ગોસ્પંદ્,[૭૫] વ અયો-ખ્શસ્ત,[૭૬] વ મર્દુમ.[૭૭]

યજશન[૭૮] વ ન્યાએશન[૭૯] અજ[૮૦] ઓય[૮૧] ખુદા[૮૨]-ઇ કેરૂફે-ગર;[૮૩] કે[૮૪] મેહ[૮૫] કરૂદ[૮૬] અજ[૮૭] હર[૮૮] ગેતી[૮૯] દહેશનાન[૯૦] મરૂ-દુમ,[૯૧] પ[૯૨] ગવાહ[૯૩]-ઇ માદાંન[૯૪]-દાદ[૯૫] શાહેરૂયારીહ[૯૬]-ઇ હંગામ,[૯૭] વ રાઇનીદારીહ[૯૮]-ઇ દામાંન,[૯૯] પ[૧૦૦] રજમી[૧] અયુ-જશન-[૨]ઇ પરૂહેજ[૩] દીવાન.[૪]

નમાજ[૫] ઓય[૬] વીસ્પ-આગાહ[૭]-ઇ ખાવરૂ;[૮] કે[૯] ફરેસ્તીદ[૧૦] યશત[૧૧]-ફરોહર[૧૨]-ઇ જરૂતોશત[૧૩] સ્પીતમાન,[૧૪] અશતશ[૧૫] ઓય[૧૬] દામાન,[૧૭] દીન[૧૮]-દાનશન,[૧૯] વરોયશન,[૨૦] આસ્ન-ખેરૂદી,[૨૧] ગુશો સ્રુદ-ખેરદી,[૨૨] દાનાઇ[૨૩] વ રાઇનીદારીહ[૨૪] વીસ્પ[૨૫] હસ્તાંન[૨૬] વ બુદાંન[૨૭] વ બેદાંન,[૨૮] ફરૂહાંગાન[૨૯] ફરૂહાંગ[૩૦] માંથ્ર-સ્પેન્ત;[૩૧] કુ[૩૨] બેદ[૩૩] રવાન[૩૪] પુહલ-બોખ્તારૂ[૩૫]-ઇ અજ[૩૬] દુજખ,[૩૭] વ વદારૂદારૂ[૩૮]-ઇ ઓય[૩૯] આંન[૪૦]-ઇ પાહલુમ[૪૧] અહુ-આંન[૪૨]-ઇ અશોઆંન,[૪૩] રોશન,[૪૪] હુ-બોય[૪૫]-ઇ હમા-ખારીહ.[૪૬]

પ[૪૭] ફરૂમાન[૪૮]-ઇ તો[૪૯] ખાવરૂ![૫૦] પ ફરૂમાન-ઇ તો ખાવરૂ! પ ફરૂમાન-ઇ તો ખાવરૂ! પદીરમ,[૫૧] વ મીનમ,[૫૨] વ ગુયમ,[૫૩] વ વરૂજમ[૫૪] દીન[૫૫]-ઈ અવીજેહ;[૫૬] આસ્તોઆંન[૫૭] હોમ[૫૮] પ[૫૯] હરૂ[૬૦] કેરૂફે;[૬૧] વ અવખ્શમ[૬૨] અજ[૬૩] વીસ્પ[૬૪] બજેહ;[૬૫] અવી-જેહ[૬૬] દારમ[૬૭] ખુદી[૬૮] આસ્નીદેહ-કુનશન[૬૯] પાહરીજશન,[૭૦] પાક[૭૧] શશ[૭૨] જોરાન[૭૩]-ઇ જાન[૭૪]-મનશની[૭૫] ગવશની[૭૬] કુનશની[૭૭] વ વીરૂ,[૭૮] વ હોશ,[૭૯] વ ખેરદ.[૮૦]

પ[૮૧] કામ[૮૨]-ઇ તો[૮૩] કેરૂફેગરૂ,[૮૪] તવાન[૮૫] સામાનીહા[૮૬] કુનમ[૮૭] આન[૮૮]-ઇ તો[૮૯] પરસ્તશન,[૯૦] પ[૯૧] વેહ[૯૨]-મીનશનીહ[૯૩] વેહ-[૯૪]ગવશનીહ[૯૫] વેહ[૯૬]-કુનશનીહ;[૯૭] અઇધ[૯૮] વશાયમ[૯૯] રાહ[૧૦૦]-ઇ રોશન;[૧] કે[૨]-ઓ-મ[૩] ન[૪] રસાદ[૫] ગેરાન[૬] પજદ[૭]-ઈ દુજખ;[૮] વદીરમ[૯] પ[૧૦] ચીન[૧૧]-વતર્ગ;[૧૧] રસમ[૧૩] ઓય[૧૪] આંન[૧૫]-ઇ માંન[૧૬] વહિશત[૧૭]-ઇ પુરૂ[૧૮]-બોય[૧૯]-ઇ હરવેસ્પ[૨૦]-પીસીદ[૨૧] હમા-ખારીહ.[૨૨]

સેતાયશન[૨૩] ઓય[૨૪] અવખ્શીદારૂ[૨૫] ખુદાય;[૨૬] કુ[૨૭] કામ[૨૮] વ કેરૂફે[૨૯] પાદ-દહેશન[૩૦] કુનંદ[૩૧] ફરૂમાન[૩૨] રાઇનીદારાન;[૩૩] અવ-દુમ[૩૪] બુજેદ[૩૫] દરૂવંદાન-ચ[૩૬] અજ[૩૭] દુજખ;[૩૮] અવીજેહીહા[૩૯] વીનારેદ[૪૦] વીસ્પ[૪૧] દામ.[૪૨]

૮૪૧

**સેતાયશન્ દાદાર્ અહુરમઝ્દથી ... ... ... અષેમ વોહૂ ૧**

સુધીનો ભાગ ત્રણ વાર પઢવાનો છે.

**સેતાયશન્[૪૩] દાદારૂ[૪૪] અહુરૂમજદ્દ,[૪૫] હુરૂવેસ્પ્-આગાહ્,[૪૬] તવાના,[૪૭] વ તવાંગરૂ;[૪૮] હુફ્રત[૪૯] અમશાસ્પંદ્દ,[૫૦] બેહુરામ[૫૧] યજદ્દ,[૫૨] ફીરોજગરૂ,[૫૩] દુશ્મન્-જદારૂ,[૫૪] અમહે[૫૫] હુતાશ્તહે,[૫૬] બે-રસાદ્દ![૫૭] અષેમ્ વોહૂ ૧.**

બખ્શેશ કરનાર[૩] || માફી બક્ષનાર[૪] || મહેરબાનીથી ભરેલા[૫] || યજત એટલે આખરનાં મળવાનાં કારણનાં[૨] || નામથી[૧] (એટલે તેનાં નામ જેવી વર્તણુક પ્રમાણે વર્ત્તી રહુ એવી દુઆ સાથે શરૂ કરૂં છું) || અહુરમજદ[૮] || હમેશનો હતો,[૯] || હમેશનો છે,[૧૦] || હમેશનો રહેશેજ[૧૧] || તેની 'નામ-સેતાયસ્ન' કરૂ છું[૬-૭] (એટલે તેનાં તેવાં અમર નામનું ધ્યાન ધરી અમર ગતીમાં મળવાનો સમય જલદી આવે તેવી દુઆ કરૂં છું.) || સ્પેનામીન એટલે તે વૃદ્ધિના કરનાર શકિતનું અણદીઠ રીતે કામ કરી રહીને,[૧૪] || યજત એટલે પોતામાં મેળવીને આખરનો શુભ છેડો લાવનાર તે સાહેબનું[૧૩] (તેવું સ્પેનામીનનું અને યજતનું) || તે નામ[૧૨] (છે એટલે તે નામ તેવું કામ બજાવી રહેશે. બધાને તે છેલ્લા છેડાએ લઇ જવાની વર્તણુંક કરી રહે છે, તેવી આખરની મુરાદ બર લાવવા મથન કરી રહે છે.) || પોતાની અંદર[૧૫] || બધાને શ્રેષ્ટમાં શ્રેષ્ટ કરીને મીનોરૂપના કરીને, મીનોને લગતા[૧૬] (કરીને સમાવી દેનાર) || તે મીનો છે તે મહાન અપુર્વ કોઇ છે[૧૭] || તેની[૧૮] || ખુદીનુ, નીરાકારમાંથી આકારમાં આવીને કેહર્પ ધારણ કરનાર તરીકેનું[૧૯] || એક એખલું-જોડી વગરતું[૨૦] || નામ[૨૧] (કે જે તે પ્રમાણે કામ બજાવશેજ તે) || અહુરમજદ તરીકે છે.[૨૨] || મોટાઇનું કામ ઉત્તમમાં ઉત્તમ રીતે બજાવનાર, હદ અને ઇનસાફને સરસમાં સરસ રીતે જાહેર કરનાર તે મોટામાં મોટો[૨૪] || ભોગવાવનાર-ચલાવનાર સાહેબ કુલ મુખત્યાર[૨૩] (છે); || તેવી રીતનો શકિતવાળો[૨૫] || અને ડહાપણવાળો છે;[૨૬] || તેવી રીતનો પેદા કરનાર-વ્યવસ્થા કરનાર[૨૭] || પાળનાર-ટેકવનાર-પુશ્તી આપનાર[૨૮] || (થઇને બધાને રજેરજને) સંભાળનાર મુકિતએ લઇ જનાર[૨૯] (છે); || (માટે ઘણો) મહેરબાન[૩૦] || અને સવાબનો કરનાર-કરાવનાર[૩૧] (નાશ કદી નહિ કરનાર-બધાને રજેરજને મુકિતએ લઇ જવાનો -ફ્રશો-ગર્દ કરવાનો સવાબ હાંસલ કરીને બીજાને કરાવનાર છે); || માટે ગુનાહોમાંથી મુકિત અપાવનાર, ભોગવાવીને ખલાસ કરનાર) ગુનાહોને માફ કરનાર છે.[૩૨] || (માટે) ખાલેસમાં ખાલેસ અંતકરણનો,[૩૩] || ભલો પરદુખભંજનનો,[૩૪] || હદ+ઇનસાફથીજ ચાલનાર, કોઇનેબી ગેર ઇનસાફ નહિ કરનાર-કાયદા પ્રમાણે ચાલનાર,[૩૫] || પુર્ણમાં પુર્ણ બધાને સમાવે, તેવો[૩૬] || જોરવાળો કુદરતનો સાહેબ છે[૩૭] (નીરૂના ભેદને સમાવનાર છે). ||

હમેશગી–જાવેદાની–અમરગતીના રાખનારાઓમાંના[૪૧] ‖ તે[૩૯] ‖ મોટામાં મોટા સ્પેપર પહેલા સાહેબની[૪૦] ‖ સ્તુતી[૩૮] (થાવ) ‖ કે જેણે[૪૨] ‖ પોતાની[૪૭] ‖ કોઇથીબી પુગી વળી શકે નહિ તેવી અપુવ[૪૮] ‖ જોર એટલે કુદરત[૪૯] ‖ થી[૪૬] ‖ (અને) દાનાઇથી ભેદી અર્થની મર્યાદા દ્રષ્ટીએ[૫૦] ‖ બુલન્દ[૪૪] (પુર્ણ કમાલ્યતની મોટા ભેદ ભરમના અર્થની) ‖ સૃષ્ટી[૪૫] ‖ બનાવવાની કરમ બક્ષેશ કીધી.[૪૩] ‖ કોઇનાથીબી ઉપરના દરજ્જાના[૫૧] ‖ છ[૫૨] ‖ અમશાસ્પંદો[૫૩] ‖ અજાએબી પમાડનાર[૫૪] ‖ બેશુમાર[૫૫] ‖ આખરની મુરાદે લઇ જવાને લગતી કામ કરતી શકિતઓ અસર રોશનીઓ કે જેનો છેડો અને શરૂઆત બેઉ કયા છે છે તે પામી શકાતુંજ નથી તેવીઓને[૫૬] ‖ અને રોશન દાદારની 'રય'ના ચળકાટથી ચલકી રહેલા,[૫૭] ‖ ભલા પરદુખભંજની દાદારના અંતકરણમાં સમાયલા,[૫૮] ‖ ગરોથમાનને, ગેતીની ઉત્તમમાં ઉત્તમ મોક્ષે પુગેલી અદ્રષ્ય ટોચને,[૫૯] ‖ આસ્માનોના[૬૧] ‖ ફરવાને,[૬૦] ‖ ચળકી રહેલા–વૃદ્ધિનું કામ કરી રહેલા[૬૩] (માટે અધીકારી) ‖ ખુરશેદને,[૬૨] ‖ (ખુરના અધિકારને બજાવીને) ચલકી રહેલા[૬૫] ‖ માહને,[૬૪] ‖ પુશકળ નહિ ગણાય તેટલા[૬૭] ‖ તોખ્મ, બાયા, તનોમંદ હાલતના મુળોવાળા[૬૮] ‖ સેતારાઓને,[૬૬] ‖ હવાને,[૬૯] ‖ હવામાંની હવાને,[૭૦] ‖ પાણીને,[૭૧] ‖ આતશને,[૭૨] ‖ જમીનને,[૭૩] ‖ ઉરવરને,[૭૪] ‖ ગોસ્પંદોને,[૭૫] ‖ ધાતુઓને,[૭૬] ‖ માનવજાતને,[૭૭] ‖ બનાવવાની કરમ બક્ષેશ કીધાં[૪૩] (એટલે પેદા કરનારે તેઓને પોતાના પુન્યને જોરે જીવતા કરીને ઉભા કીધા કે જેથી તેઓ પાર પડે). ‖

તે[૮૧] ‖ સબાબને ઉભા કરાવનાર–ભલું કરાવીને પાર પાડનાર[૮૩] ‖ માટે ભોગવાવનાર–બુરાને બુરાઇને ફેજે પુગાડીને તેને ભલાઇએ પુગાડનાર સાહેબ[૮૨] ‖ સાથે[૮૦] ‖ હું રાથ્વી તરીકે થઇ–મળીને હમકલામ થાઉ[૭૮] ‖ (નહિ તો તેવણુની કઇ નહિ તો) પુર્ણ ધ્યાનથી શેતાયશ્ન કરૂં–નામ સ્મરણ કરીને તેવણુની યાદમાં લીન થઇ જાઉ.[૭૯] ‖ જેવણે[૮૪] ‖ ગેતીની[૮૯] ‖ દરેક[૮૮] ‖ પેદાયશ[૯૦] ‖ માં[૮૭] ‖ માનવને[૯૧] ‖ સરદાર તરીકે[૮૫] ‖ બનાવ્યો–ઠેડવ્યો.[૮૬] ‖ (તેને) આપેલી[૯૫] ‖ મનશકિતથી રોશનફેલ કરવાની[૯૪] ‖ ગવાહી[૯૩] ‖ તરીકે[૯૨] ‖ વખત ઉપરની[૯૭] (સારૂ રૂડુ કરાવનાર ચોઘડીઆ ઉપર દરેકે દરેક પ્રસંગ ઉપરની) ‖ (તેની) સાહેબી–કાબુ[૯૬] (છે અને) ‖ દીવાનો સામે–બુરૂ કરાવનાર હવસોના કારણ સામે[૪] ‖ તે (હવસોના) બુરૂ કરવાના સમાના રણ સંગ્રામ[૧] ‖ માં[૧૦૦] ‖ લડતા રહીને[૨] ‖ તે (હવસોને) દુર કરવા માટેની પરહેજ કરવા માટેની[૩] ‖ ગેતીની[૯૯] ‖ તે બધી પેદાયશના[૯૮] ‖ ખરી દોરવણી કરવાનો ખરૂં ચરિત્ર ઉભુ કરાવવાની તેઓની

કારીગરી છે–બધાઓ માનીને ચાલે તેવા કાર્યસાધક શીક્ષણોનું તેઓનું ચલાણ છે.[૯૮] ||

તે[૬] || સર્વે ગ્નાની[૭] || મહેરબાન સાહેબને[૮] || નેમાજ હોજો[૫] || તેણે તે મહા ગ્નાન સાહેબે[૯] || ફેરોહર સાથે[૧૨] || યજ થયલા–મેળાપ પામેલા–મળવાની ખુશાળી પામેલા[૧૧] || સ્પીતમાન[૧૪] || જરથુશ્ત્રને[૧૩] || પેદાયશના[૧૭] || રેહબર તરીકે[૧૫] || દીની[૧૮] ( અહુરમજદના અંત-કરણમાંનાં ) || દાનાઇવાળાં મહા ગ્નાન સાથે[૧૯] || ( અને ) દીની આ સ્થાને જારી કરવા માટે[૨૦] || બધા[૨૫] || અમર હાલતે પુગેલાઓની,[૨૬] || અમર હાલતે હાલે પુગી રહેલાઓની,[૨૭] || અમર હાલતે ભવિષ્યમાં પુગે તેવાઓની[૨૮] || આસ્ને ખેરદ=જાતી અકકલ સાથે[૨૧] (એટલે તમામ કમાલ્યતના આસ્ને ખેરદ સાથે ) || કાને સાંભળેલી=શીખીને મેળવેલી અકકલ સાથે[૨૨] (તમામ કમાલ્યતની શીખવાની અકકલ સાથે) || (તેઓની) દાનાઇ સાથે[૨૩] || અને રાઇનીદારી પારકાને માટેની દોરવણી એટલે મોતેબર સત્તા સાથે[૨૪] (એટલે કુલે મહા પુરૂષોના ભંડોળની સાથે તેમ તેઓના ભંડોળથી વધુ અધીકની ચીજો નામે) || ઇલ્મોના[૨૯] || ઇલ્મ[૩૦] || માંથ્ર–સ્પેન્ત= સૃષ્ટી રચનાના ભેદ સાથના આશીરવાદીક મંત્રોની સાથે[૩૧] || ( ગેતીમાં ) મોકલ્યા,[૧૦] || જે[૩૨] ( માંથ્ર–સ્પેન્ત ) || રૂવાનને[૩૪] || દોજખ એટલે જન્મ–મરણના ફેરા–ગેતી તરફના બંધન[૩૭] || માંથી[૩૬] || છોડવનાર ચીનવત પુલનું–પુલગુઝાર કરાવનાર[૩૫] † || હોય છે[૩૩] || અને અષો

---

† દરેક માનવ જન્મ મરણનો ફેરો કરે છે તેને શ્વાષ કહે છે. જન્મના જીવતી ગતીના ફેરામાં જડ તન સાથે માનવ જીવતો હોય છે અને મરણ વખતે જડ તનને છોડીને માનવ એટલે માનવનું રૂવાન સીરફ કેહર્પ કહેતા સુક્ષ્મ શરીરમાંજ રહે છે. એક શ્વાષ ફેરાના પાપ–પુન્યના હિસાબમાંથી બીજો નવો શ્વાષ ઉભો થાય છે માટે શ્વાષને શ્વાષે ખદાતે કહે છે એટલે પોતાને પોતામાંથી પોતાની મેળે ઉભો કરાવનાર ફેરો કહે છે. માના પેટમાંથી જડ તન સહિત બહાર પડીને મોટા થઇને મરણ પામવું ત્યાં લગીનો તે ફેરો શ્વાષનો એક ભાગ થઇ રહે છે–જેને જડ તન સાથનો ભાગ કહે છે. પછીથી બીજો ભાગ શરૂ થાય છે જે વખતે રૂવાન કેહર્પમાં રહે છે. પહેલે જડ જગતની સાથે વાસ્ના રાખે છે જેને અમુક મુદત પછી છોડી દે છે. આ વખતે તે કેહર્પમાં બેઠેલું રૂવાન તેના પેલી દુન્યાના સગા–વહાલાઓના ઘરમાં ગયલું હોય છે અને તે ઘરમાંથી ઘડી ઘડી તેઓને લગતી 'પઇરિ દએ' મદરેસામાં જઈ જઇને પાઠો શીખી રહીને પછી ચીનવતની ઉપર જઇ ચીનવત પસાર કરીને જે શીખેલુ છે તેનો અનુભવ લઈ પાસ થાય છે, નવી ખેરદ બાંધે છે અને પછી તેને તનાસક લેવાનો છે કે

(ફુટનોટ માટે જુઓ પાને ૮૪૪ મે).

લોકોને લગતી[૪૩] || સૌથી સરસ પેહેલે નંબરની[૪૧] || રોશન[૪૪] (એટલે અંધકાર વગરની, ગેતી કે જેમાં ક્ષફનની ગતી અંધકારની ગતી છે તેથી

---

(પાને ૮૪૩ મે થી ફુટનોટ ચાલુ).

નહિ તે માલમ પડે છે. ચીનવત ત્યારે ખરૂં જ્ઞાન જે કંઇ પઇરિ દઝમાં લીધું છે તેનો સાક્ષાત ભોગવટો કરાવે છે. શીખેલાની કાર્યસાધક બાજી practice કરાવે છે. આમ જે કંઇ તેણે શીખ્યું હોય તેનો સાક્ષાત ભોગવટો ચીનવત ઉપર રશ્નુ અને સ્વનથી પામીને પછી ખરૂં મૃત્યુ પામે છે એટલે કેહુર્પમાંથી રૂવાન બહાર પડે છે. આમ બીજો ફેરો પુરો થાય છે. પછી રૂવાન મુકત થઇને જો ઓરતનું હોય તો માહ અને મર્દનું હોય તો રવીના અસ્મમાં દાદારનું તખ્ત છે ત્યાં આગળ મનન કરીને કઈ વર્ણ તેને મળશે તે માટેનો ચુકાદો જે કંઇ હોય તે સાંભળવા અને તેને પુર્ણ રીતે તાબે થવા જાન-નેસાર કરતું પ્રાર્થનામાં ગુંટાયલું રહે છે. આ વખતે તેનું કેહુર્પ-ઇશ્તાન-તેવીષી વન્તરમાં (રૂવાનની જગા કરતા હેઠળ આવેલી જગામાં) રહીને તે રૂવાન સાથે પેવંદ રાખીને તેઓબી તેવીજ ગતીમાં ફરી રહે છે. આ વખતે તેઓ માટેની એક ભોગવાવનાર શકિત નામે ખોદાબી થયલી હોય છે, જે ખોદાની શકિત તેના જડ તનના અનાસરો ગેતીના રખડાતમાંથી છુટીને જો દહમ પાસે નહિ આવ્યા હોય તો તેઓને ગેતીમાંથી છોડવી ઉપર પોતા તરફ ખેંચી-ખેંચાવીને 'ચિગ્ર'=નવા બુનમાં ઘડવા શ્વેરેશ્તારને સોંપે છે. પછી રૂવાનને ચુકાદો મળે છે તે પ્રમાણે જો તનાસકમાં જવું હોય તો તે રૂવાન વર્ણ પ્રમાણેની દીક્ષા લઇને નવજોત કરીને કેહુર્પના મરકઝ વન્તરમાં ઉતરી રહે છે અને ભવિષ્યના તેના મા બાપના ખાધામાં પેલુ તેના ખોદા મારફતે ઘડાયલુ બુન તેઓના ખોરાકમાં ઉતરવાની તૈયારી કરે છે. ત્યારે '**ચીનવત**' ઉપર તો દરેકે દરેક રૂવાન જઈ ખેરદ બાંધે છે એટલે પુર્ણ રીતે આગાહ થઇ રહે છે-તનાસક કે તન-પસીનમાં જવાનું છે તેનું ભાન મેળવે છે. **ચીનવત કે જે પાતળો છે** તે ચીનવત '**પહેલ ઓખતાર**'નો નથી કેમકે તે ચીનવત તેને જે ખેરદ આપે છે તેથી નવા તનાસકમાં શું શું કરવું તેની સમજ તેને આવે છે. પણ જે ચીનવત '**ઓખતારી**' કરાવે છે તે તો તે રૂવાનને ઉપરની હાલતે પુગાડે છે. માટે ચીનવતના પસાર થવાના એકથી વધુ પ્રકાર રહે છે. **ચીનવત જે ઓખતાર છે** તે તો ગેતીમાંથી કે ગેતીના જેવા પણ ગેતી જેવા જડ નહિ પણ અદ્રષ્ય હાલતનાં ઠામો કે જેઓમાંબી જડતા અને દુખ રહે છે તે બધામાંથી છોડવે છે એટલે અપાખ્તરમાંથી છોડવી દાદારે ગેહાન તરફ મોકલે છે.

**ચીનવત જે પાદે-ફ્રશાહનો** છે તે ચીનવત શીક્ષા આપે છે કે જેને ખુશીથી ખમાય તેવી રહે છે. આ વખતે તે અપાખ્તર તરફનાં મરકઝોમાં ઉતરે છે. તે ભલેને ગેતીમાં ઉતરે પણ ગેતીમાં મોટો ધર્મરાજ યા મુની રૂષી થઇને ઉતરે. ગેતીમાં નહિ તો અણદીઠ મરકઝો જેઓ અપાખ્તર તરફ છે ત્યાં ઉતરે.

(ફુટનોટ માટે જુઓ પાને ૮૪૫ મે)

દુરની—તેનાથી છોડાવનારી), ‖ હુ=અહૂ=તે સાહેબની એટલે ભલી બુય પમરાતવાળી એટલે ભલી વાસ્ના, ભલા ભોગવટા વાળી,[૪૫] (ગેતીના દુખ સુખની પકડથી નીરાળી), ‖ પુર્ણ રીતના સુખવાળી—દુન્યવી સુખ કે જે દુખને જન્મ આપે છે તેવી નહિ—પણ રામેશ્નીનું સુખ કે જે ઉસ્તા કહેતા અમરદાદની અમર ગતીના સુખને જન્મ આપે છે તેવી તમામ રામેશ્નીવાળી[૪૬] ‖ હયાતીઓમાંની[૪૨] ‖ તે[૩૯] ‖ કોઇગી હયાતી[૪૦] ‖ તરફ[૩૯] ‖ દોરવનાર હોય છે.[૩૮] ‖

અએ મહેરબાન![૫૦] ‖ તારા[૪૯] ‖ ફરમાન[૪૮] ‖ મુજબ[૪૭] ‖ અવીજેહ=ખાલેસ[૫૬] ‖ દીનને[૫૫] ‖ પસંદ કરૂ છું,[૫૧] ‖ મનમાં યાદ કર્યા કરૂં છું,[૫૨] ‖ જબાનથી બોલ્યા કરૂં છું,[૫૩] ‖ તે પ્રમાણેજ વરતું છું[૫૪] (અને તેની ખુબીવાળા ફરમન મુજબ) ‖ દરેક જાતના[૬૦] ‖ સવાબ[૬૧] (કરવા) ‖ ઉપર[૫૯] ‖ સાબેત કદમ, ઉસ્તવાર[૫૭] ‖ છું[૫૮] ‖ તમામ[૬૪] ‖ ગુનાહો[૬૫] ‖ (કરવા)થી[૬૩] ‖ તોબાહ કરી દુર જાઉં છું.[૬૨] ‖ ખુદની[૬૮] ‖ આસ્ને ખેરદ=જાતી અકકલની રોશન ફેલથી[૬૯] ‖ પરહેજગારી કરી, ગુનાહોથી દુર જઇ,[૭૦] ‖ જાનની[૭૪] ‖ પાક[૭૧] ‖ છ[૭૨] ‖ શકિતઓ[૭૩] (નામે) ‖ મનશ્ની=મનની વિચાર શકિત,[૭૫] ‖ બોલી,[૭૬] ‖ કરણી,[૭૭] ‖ પાએદારી=નઇતીક હિમ્મત—હર આફતમાં મન ઉપર કાબુ રાખીને સાબેત ઉભા રહેવાની ગતી,[૭૮] ‖ હોશ=અકકલની સમયસુચકતા જે હર જાતની આફત કે ગફલતી કે ગુનાહોમાં સાવધાન રહી શકે તે,[૭૯] ‖ પુરી=દુર બીન ખોદાપરસ્ત અકકલવાળું ડહાપણ[૮૦] (આ બધી છ જાતની શકિતઓને) ‖

---

(પાને ૮૪૪ મેથી ફુટનોટ ચાલુ).

**ચીનવત જે તોજશ્ને તાવાએ દીનનો** નતીજો આપશે તેમાં ગેતીમાંનો સુખ દુખવાળો તનાસક છે.

આમ ત્યારે અહિંયાં '**પોહલ બોખતાર**'નો લોધત ખાસ રીતનો છે તેનું ધ્યાન રાખવું. પોહલ બોખતાર ચીનવત જ્યાં મોકલશે તે જગા **પાહલુમ અહવાન**ની ઉત્તમતાવાળી હયાતી આપતી રહે છે જેના ત્રણ લક્ષણ આપેલા છે. **એક લક્ષણ** રોશનીનું છે એટલે તે જગામાં ગેતી તરફનું અપાખ્તરનું ખેંચાણ નથી જ્યાં આગળ 'ક્ષફ્ન'=જડતા નથી એટલે પુર્ણ શ્રદ્ધા સાથના અચળ જ્ઞાનનો પ્રભાવ ત્યાં છે; ત્યાં દ્રવાઓની ગેરઆસ્થાવાળી અજ્ઞાનતા નથી. **બીજું લક્ષણ 'હુબોય'**નું છે ત્યાં હમેશગીનો પમરાટ છે એટલે ત્યાં કેશાશ છે—ભોગવટો છે પણ યજતો સાથનો માટે હમેશગીના નાદનો છે. **ત્રીજું લક્ષણ 'હમા-ખારીહ'**નું છે: ત્યાં તે સુખ છે કે જે પછી દુખ રહેતું જ નથી. ત્યાં અતી આનંદની ખુશાલી ઉશ્તાની ખુશાલી હમેશજ છે. પાદે—ફ્રાહનો પુલ જ્યાં મોકલે ત્યાંના આવાં લક્ષણો રહેતાં નથી.

નીખાલેસ જેવી થવા ધારી છે તેવી અભડાયા વગરની ગવની ગતીની[૧૬] || રાખું.[૧૭] ||

તું[૮૩] || કેરફેના સાહેબ, કેરફે ઉભા કરનારની[૮૪] || ખાહેશ=હોકમ[૮૨] || મુજબ[૮૧] || ભલી–કપટ વગરની[૯૨] || વિચાર શકિત[૯૩] || થી,[૯૧] || ભલી સત્યની[૯૪] || બોલી[૯૫] || થી,[૯૧] || ભલા પરમાર્થી નીશકામ[૯૬] || કામો–તરીકતો[૯૭] || થી[૯૧] || પુરી રીતે કંઇબી કચાસ વગર[૮૬] || તારી–તારે[૮૯] || માટેની[૮૮] || પરસ્તશ્ન[૯૦] || કરી[૮૭] || શકું[૮૫] || એટલે કે[૯૮] || રોશન, તારીકી વગરનો[૧] (દાદારે ગેહાનનો) || રસ્તો[૧૦૦] || ખુલ્લો કરૂં–આસાન કરૂં[૯૯] || કે જેથી[૨] || મને[૩] || દોઝખનો=જન્મ મરણનો[૮] || ભારી[૬] || આજાબ[૭] (તનાસક) || નહિ પુગે,[૪-૫] || ખરૂં ખોટું શોધી કાઢવાના[૧૧] (એટલે બઓદીક ગતીના) || રસ્તા નામે ચીનવત પુલ[૧૨] || ને[૧૦] || પસાર કરી જાઉં,[૯] || ઉત્તમતામાં ઉત્તમ[૧૭] || સુવાસનાની સુગંધ[૧૯] || થી ભરપુર[૧૮] || તમામ બધેબધથી[૨૦] || શણગારેલું[૨૧] ( બધેબધની ખુબીનું ) || તમામ સુખનુ[૨૨] || મકાન[૧૬] || તરફમાં[૧૫] || પુગું.[૧૩] ||

માફી બક્ષનાર[૨૫] || તે[૨૪] || સાહેબ ધણીની[૨૬] || સેતાયશ્ન કરૂં,[૨૩] || જેવણુ[૨૭] || ફરમાન[૩૨] || પ્રમાણે ચાલી વૃદ્ધિ કરનારને[૩૩] || સવાબની[૨૯] || ઇચ્છા માટે[૨૮] || ભલો બદલો[૩૦] || લાવી આપે છે[૩૧] || દરવંદોને=અષોઇના રાહથી દુર જનારાઓને[૩૬] || દુજખથી=જન્મ મરણના ફેરા[૩૮] || માંથી[૩૭] || આખરે[૩૪] || છોડવશે.[૩૫] || બધી[૪૧] || પેદાયશને[૪૨] || નીખાલસ, કપટથી નીરાળી કરી[૩૯] || તાજે કરશે=તેઓનો ફરશો–ગર્દ કરશે.[૪૦] ||

તમામ જાણનાર[૪૬] || શકિતવાન[૪૭] || હાજત વગરના[૪૮] || દાદાર અહુરમજદની[૪૪-૪૫] || સાત[૪૯] || અમશાસ્પંદોના[૫૦] || સેતાયશ્ન કરૂં છું.[૪૩] || પીરોજગર=ફત્તેહમંદ કામ બર લાવનાર,[૫૩] || દુશ્મન–બુરા મન–હવસોને મારનાર[૫૪] || બહેરામ[૫૧] || યજત[૫૨] || અમ યજતની હિમ્મત સાથનો[૫૫] || દાદારની ગતી પ્રમાણેનો થયલો[૫૬] || મદદે પુગો.[૫૭] || અષેમ એક પદો.

# નમસ્કાર ચાર દિશાનો.

☞ (હાવન, રપિથ્વન તથા ઉજીરન એ ત્રણ ગેહમાં પોતાનાં તમામ ભણતરોને છેડે "**હોઆ નામ સેતાયશને**" પઢી રહ્યા પછી, નીચે મુજબ ચારે દિશામાં એક પછી એક ફરતાં આખો નમસ્કાર યાને કે "**અજ હમા ગુનાહ**" થી તે છેક "**કેરેફેહ મોઝદ**" સુધીનો ભાગ દરેક દિશામાં જુદો જુદો પઢવો. પહેલે દક્ષીણ દિશામાં મોંહ કરી પઢી, પછી પુર્વમાં, પછી પશ્ચીમમાં, અને છેલ્લે ઉત્તરમાં એમ અનુક્રમે મોંહ કરીને ઉપલી ત્રણમાંની દરેક ગેહમાં પણ એજ અનુક્રમે ઉપર મુજબ સંપુર્ણ નમસ્કાર કરવાનું અસલ ફરમાન છે. હાલમાં ચારે દિશામાં ફરી રહ્યા પછી ફકત છેલ્લે એકજ વાર "**અહુમાઇ રએશચ**"થી "**કેરેફેહ મોઝદ**" ભણવામાં આવે છે, પણ સંપુર્ણ નમસ્કારમાં તો દરેક દિશાએ "**અહુમાઇ રએશચ**" થી "**કેરેફેહ મોઝદ**" ભણવું જોઇએ).

**ક્ષ્નઑથ્ર અહુરહે મઝદાઓ. અષેમ વોહૂ ૧.**

(બીસ્તા) **અજ હમા ગુનાહ પતેત પશેમાનુમ.** (કુશાદે) **અષેમ વોહૂ ૧.**

**નેમો[1] આઓંઘ્રહાંમ[2] અસંઘ્રહાંમ્ચ,[3] પોઇથ્રનાંમ્ચ,[4] ગઑ-યઑઇતિનાંમ્ચ,[5] મઍથનનાંમ્ચ,[6] અવો-ખરેનનાંમ્ચ,[7] અપાંમ્ચ,[8] ઝેમાંમ્ચ,[9] ઉર્વરનાંમ્ચ,[10] અંઘ્રહાઓસ્ચ[11] ઝેમો,[12] અવંઘ્રહેચ[13] અષ્નો,[14] વાતહેચ[15] અષઑનો,[16] સ્ત્રાંમ,[17] માઓંઘ્રહો,[18] હૂરો,[19] અનઘ્રનાંમ[20] રઑચંઘ્રહાંમ[21] ખદાતનાંમ,[22] વીસ્પનાંમ્ચ[23] સ્પે-ન્તહે મઇન્યેઉશ[24] દામનાંમ,[25] અષઑનાંમ[26] અષઑનિનાંમ્ચ[27] અષહે[28] રથ્વાંમ.[29] અષેમ વોહૂ ૧.**

☞ **અહુમાઇ રએશચ; હજંઘ્રેમ; જસ મે અવંઘ્રહે મઝદ; કેરેફેહ મોઝદ.**

બધા ગુનાહોથી પશેમાન થઇ તેઓને હમેશના તજુ છું. **અષેમની** બંદગી મને આ મારા નિશ્ચયમાં મદદ કરો. આ બધી[2] ‖ જગાઓને[3] (જેમાં કુદરતની વિશાળ ગતી રહીને બધેબધ વ્યાપીને પોતાનું તબઇ

વ કારને ચલાવવાનું અને ધનાની હિકમતને રદ્દ કરવાનું કામ કરી રહે છે તેઓને), ‖ શાહેરોને[4] (જ્યાં આગલ આતરે વરેહરાન–આદ્દરાન–પાવીકત વીગેરેની સંસ્થાઓ સ્થાપીત થયાથી તેઓ દુન્યામાં સત્યસંગ પાંથરવાનું ઠામ થઇ રહે છે તેઓને), ‖ ગવની ચરાગાહોને[5] (ખેતરો જેમાં ગવની ગતીની ખેતી થઇ રહે છે, જ્યાં આગળથી વબાઓ–દરદો–મરકીઓનો નાશ થઇ રહી તેહગી બધેબધ પંથરાઇ જવાનું સાધન થઇ રહે છે તેઓને), ‖ રહેવાનાં મકાનોને[6] (જેમાં આતરે દાદ્દગાહની પાસબાની થઇ ગુજશ્તે રૂવાનોના અઇપિનો મખ્જન રહીને તેઓનો સંબંધ જીવતાં સાથે થઇ રહેવે ગુજશ્તેઓના આશીશ ઉતારવાનું સાધન થઇ રહે છે તેઓને), ‖ પાણીઓના ઝરાહોને[7] (જેમાં પાણીઓ વહી રહીને કુદરતી કષોને ઉભા કરીને ગાહામ્બારોનાં કુવતોને તેઓને બરવખતે બહાર કાઢીને રૂતુઓને ઉભી થવાની અનેક મારફતોમાંની એક થયલી હોય છે, જેઓમાં યજતી શકિતઓની કરામતો જેઓ યજ થવા લાયકની છે તે ચાલી રહે છે–જેઓના વહેવાથી વબાઓનો નાશ થાય છે અને આવાં યજતની અમુક ખીશ્કારી ચાલી રહે છે તેઓને), ‖ પાણીઓને[8] (જાતજાતના ફ્રાદોની ગતીઓને ઉઝદાવ કરીને કુદરતને મદદ કરનારને), ‖ જમીનને[9] (જેમાં આરમઇતી પોતાના હમકારો સાથે રહીને ફ્રશો–ગર્દ થવા માટે ખીશ્કારી કરી રહી છે તેઓને), ‖ ઉરવરને[10] (જેઓ રવીના સ્વા અને રતુ–ક્રિતીનો (બરવકતનો) ભેદ અને કુદરતના આશીશો રાખીને જગતને ધીમે ધીમે જોઇ તે વખતે પુગાડયા કરે છે તેઓને), ‖ આ[11] ‖ જમીન[12] (જે ખાસ છે જે ઉપર હું ઉભો છું–જે મને તેમ દરેકને મદદ કરે છે–પાવીકતની તે છે તેને), ‖ તે[13] ‖ આસ્માન[14] (જે મારી વર્ણને ટેકવે છે–મને ટેકવે છે–મારાઓને ટેકવે છે જેમાંથી દએનને ગતી મળે છે તેને), ‖ અષો વાયને[15] (જે રામેશ્ની આપી જીવડાવે છે તેને, ગોમેઝગી દુર કરી તેહેગી ઉભી કરે છે–શાહેવતોને ખલાસ કરી યજતી ઇશ્કની યાદ આપે છે તેને), ‖ સેતારાઓને[17] (જેઓમાંથીજ ગેતીનાં કુલ રૂવાનો માનવ જાતનાં રૂવાનો મારફતે નીકળ્યાં, જેઓજ માનવ જાતને અને તેની મારફતે હેઠળી ત્રણ પેદાયશને ઉશ્તાન આપીને જીવડાવે છે, જેમાં આખરે મળવે દાદારને પુગાડશે, જે હર રીતની તોશીક આપવા દાદાર પાસે દુઆ કર્યા કરીને પોતાની નીખાલસ વૃત્તીનો ચળકાટ રાતના ઝુલમાટના વખતમાં દુન્યા ઉપર પાંથરી રહયા છે તેઓને), ‖ માહ[18] (જે ગવ–ચિથ્ર આપે છે, રવીનો નાયબ થઇ જગતને ટેકવવા નીરંતર નોકરી કરી રહે છે તેને,–વખત અને જગતના છુટા થવાનું મુળ છે વખતનો હમકાર છે તેને), ‖ રવી[19] (જે કુલ જગતને ચલાવે છે, જેના

સ્વાઓના વહાણોમાંજ કુદરત વસી રહીને જગતને ચલાવી રહે છે, જે ગેઉશે અને અપામ નેપાતનો મુળ હમકાર છે–જગતનો જીવ જાન છે–દાદારની આંખ છે–માહનો ધણી છે તેને), ‖ પોતાની મેળે કામ કરવાનો પરવાનો મેળવી શકેલાં–દાદારનો નાયબ થઇને ખુદની ખુદીથી બેદારીથી કામ કરી રહેલાં[૨૨] ‖ અનગ્ર રઓચનાં આસ્માનને[૨૦ ૨૧] (જે કુળ જગતનો સુદરેહ છે–જે અહૂએ પહેરેલો છે–જેમાં યજતોનું ઠામ, કુળ રૂવાનોની આકેબત છે તેને), ‖ બધી કુલ[૨૩] ‖ સ્પેનામીનની એટલે વૃદ્ધી કરનાર યજતોને તાલુકેની[૨૪] ‖ પેદાયશને[૨૫] (કે જેથી જગત ટકી રહે છે જેથી ફ્રશો–ગર્દ થશે તેને), ‖ અષો[૨૬] ‖ અષોઇના[૨૮] ‖ સરદારો,[૨૯] ‖ નર[૨૬] ‖ નારીઓ,[૨૭] (જેઓ પોતાના વખતને, પોતાના ભોગવાવનાર ખોદાને મળેલા છે–જેઓ તનાસકથી દુર છે તેઓને), (એ બધાંને) ‖ નેમાઝ–નમન–પ્રણામ હોજો[૧] (તેઓ મને હર રીતે ચાર દીશા અને ચાર ખુણા તરફથી જોઇતે વખતે મદદ મોકલી મને ગુનાહોના કરવાથી દુર રાખજો)! ‖

## દોઆ તનદરોસ્તી.

**બ નામે યજદે બક્ષાયન્દેહે બક્ષાયશગરે મેહેરબાન. યથા અહૂ વઇર્યો ૨.**

**તન્–દરોસ્તી[૧] દેરૂજીવશની[૨] આવાયદ્;[૩] ખોરેહ[૪] અંધદ[૫] અશાહીદારૂ;[૬] યજદાંને મીનોઆંન્,[૭] યજદાંને ગેતીઆંન્,[૮] હફ્ત્ અમેશાસ્પંદાંન્[૯] મ્યજદ રોશન[૧૦] હમ[૧૧] બેરસાદ.[૧૨] ઇન્ દોઆયાં[૧૩] બાદ,[૧૪] ઇન્ ખોઆહાં[૧૫] બાદ;[૧૬] હમે[૧૭] અંદર્ કસાંરા[૧૮] જરથુશતી દીન્[૧૯] શાદ બાદ;[૨૦] અએદૂન્ બાદ.[૨૧] યા બારી ખોદા![૨૨] ખોદાવંદે આલમરા,[૨૩] હમા અનજુમનરા[૨૪]** ☞ (ફલાંનરા) (જે જીવતાંની નયતે તનદરોસ્તી પઢીએ તેનું નામ અહીં લેવું.) **બા ફેરજંદાંન્,[૨૫] હજાર સાલ્[૨૬] દેર્ બેદાર્,[૨૭] શાદ બેદાર્,[૨૮] તન–દરોસ્ત્ બેદાર્;[૨૯] અએદૂન્ બેદાર્.[૩૦] બર્ સરે[૩૧] અરૂજાન્યાંન્,[૩૨] સાલ્હાએ બેસ્યાર્[૩૩] વ કરન્હાએ બીશુમાર્,[૩૪] બાઠી વ પાયંદેહ દાર્;[૩૫] હજારાંન્ હજાર્[૩૬] આફ્રીન્ બાદ,[૩૭] સાલ્ ખોજસ્તેહ બાદ;[૩૮] રોજ ફેરૂખ બાદ,[૩૯] માહ મુબારક્ બાદ.[૪૦] ચંદ સાલ્[૪૧] ચંદ**

**રોજ,[42] ચંદ્ર માહ,[43] બેસ્યાર્ સાલ્[44] અર્‌ઝાનીદાર્,[45] યજશ્નઁ[46] વ ન્યાએશ્નઁ,[47] વ રાદી[48] વ જોર્ બરૂશ્ને.[49] અશાહીદાર્[50] અવર્[51] હુમા કારો કૅર્‌ફૅહા.[52] તન્-દરોસ્તી બાદ્,[53] નેકી બાદ્,[54] ખૂબ્ બાદ્,[55] અએદૂન્ બાદ્,[56] અએદૂન્ તરજ બાદ્,[57] પ યજદાંન્ વ અમેંષાસ્પંદાંન્[58] કામે[59] બાદ;[60] અષેમ વોહૂ ૧.**

બક્ષેશ કરનાર-માફી બક્ષનાર મહેરબાન સાહેબના નામથી યથા ૨).

લાંબા જીવન જીવવા માટે[2] ‖ તનદરોસ્તી[1] ‖ અવશ્યની છે.[3] (આવી લાંબી જીંદગીમાં પછી) ‖ અષોઇવાળા થઇ[6] ‖ ખોરેહ યજતી પ્રતાપ[4] ‖ મળતો રહેજો![5] ‖ મીનોને લગતી, અણુદીઠ ગતીમાં પસરી રહેલી અએ અસર-રોશની-અણુદીઠ કુદરતની અએ મીનો શકિતઓ, દાદારના અએ કાસદો![7] ‖ ગેતીમાં દેખીતી જગતમાં વહી રહેતી અએ અસર-રોશની, દીઠ ચીજોને જીવ-ડાવનારી અએ મીનો શકિતઓ, દાદારના અએ કાસદો[8] ‖ સાત અમર શકિતઓ અમશાસ્પદો કે જેમાંથી કુદરત જે ઉપર કહી છે તે ઉપર વહી રહે છે તેઓ[9] ‖ આ રોશન[10] (બહેસ્તી તોરની બખ્તાવર, શાદ રામેશ્નીવાળી દુઆ જે દેરજીવશ્ની અને અષોઇ અને ખોરેહ મેળવવા માટેની છે તેવી તે દુઆના) મુરાદી મિથ્રો તરફ ‖ તમો બધાઓ[11] ‖ આવી પુગો![12] ‖ આવી દુઆ-ઓ[13] ‖ હોજો[14] (બધાઓ આવી દુઆ માંગે એમ થજો)! ‖ આવીજ મુરાદ-ખાહેશ[15] ‖ હોજો[16] (બધાઓ આવીજ ખાહેશ રાખે એમ થજો)! ‖ દરેકે દરેકમાં[18] (તેનાં અંતકરણમાં) ‖ જરતોશ્તી દીન[19] ‖ પુરી રીતે-અખંડ રીતે[17] ‖ શાદ રીતની ખોશાદે થયલી-માન પમાયલી-રથપાયલી રહેજો![20] ‖ એમ થજો![21] ‖ અએ પેદા કરનાર સાહેબ માલીક,[22] ‖ આલમના ખોદાવંદ સરદાર શાહને[23] ‖ બધી અનજુમનને[24] ‖ (ફલાન ફલાનને) ‖ ફરઝંદ સહિત[25] ‖ હઝાર સાલ જેટલા આયુષ્યના[26] ‖ જીવડાવ-પાયદાર રાખ,[27] ‖ શાદ રાખ,[28] ‖ તંદરોસ્ત રાખ.[29] ‖ એમ થજો![30] ‖ વહાલાઓના, બીજા લાયકીવાળાઓ બુલન્દ રીતના માણસોના[32] ‖ સીર ઉપર[31] ‖ ઘણા સાલો લગી[33] ‖ જાતજાતના બેશુમાર 'કરન'=સેતારાઓની અસરોની મુદતો લગી[34] ‖ (વખતના ભલા બુરા મોકાઓને પસાર કરાવીને) ‖ જીવતા સહીસલામત અને નેકી માટે ઉસ્તવાર રાખ.[35] ‖ હજારો હજાર[36] ‖ દુઆઓ-આશીશો ઉતરીને ફળજો. ‖ સાલો ભાગ્યશાળી નીવડજો![38] ‖ રોજ બખ્તાવર નીવડજો![39] ‖ માહ મુબારક થઇને બુરાઇમાંથી બચાવે તેવા થજો![40] ‖ યજશ્ને માટે દીની ક્રીયામાં મશગુલ થવા માટે,[46] ‖ સેતાયશ્ને માટે, ભણવાને માટે,[47] ‖ રાદી કામોને માટે[48] ‖ જોરની શકિત

ઉભી થવા માટે-યા સુખડ લોબાન વીગેરેના હદીઆને જોરવાળી સંસ્થામાં જેવી કે અગીઆરી-આતશબહેરામમાં કે ક્રીયામાં ચઢાવવા માન સાથે લઇ જવા માટે, કંઇબી રીતનો જોરવાળો હદીઓ તેવી લાયક જગાની ક્રીયામાં લઇ જવા માટે[૪૯] ‖ અમુક સાલો,[૪૧] ‖ અમુક દીવસો,[૪૨] ‖ અમુક મહીનાઓ[૪૩] ‖ ઘણા વર્ષો[૪૪] ‖ નકકી થજો જે અમુલ્ય ગણાજો![૪૫] ‖ બધાં કેરફેનાં સવાબનાં કામોથી[૫૨] ‖ ઉપર અને ઉપર જતો રહીને[૫૧] ‖ અષોઇવાળા થજો![૫૦] ‖ તનદરોસ્ત રહેજો![૫૩] ‖ નેક પરદુખભંજની રહેજો![૫૪] ‖ રવાન-દરોસ્ત, હવસોને તાબે કરે તેવા રહેજો![૫૫] ‖ એમ થજો![૫૬] ‖ એથીબી વધુ થજો![૫૭] ‖ અસર-રોશની જે અમર શકિતઓની કુદરત છે-કાયનાત છે[૫૮] ‖ તેઓની મરજી ખાહેશ-મુરાદ જેવી મુરાદ[૫૯] ‖ થજો! અષેમ ૧.[૬૦] ‖

---

## મજદયસ્નની જરતોશ્તી દએન વિષેની ટુંક અને સાદી છેવટની ગોખવા લાયક વિગત:

તે મહાન સાહેબ અહુરામજદાએ સાત અમશાસ્પંદોને ઉભા કીધા. તેઓ શા માટે ઉભા થયા છે તેનું તેઓને ભાન કરાવવા તે સાહેબે '**દાત**'=કાયદાઓ ઉભા કીધા. આ કાયદાઓને બે પ્રકારમાં વહેંચ્યા: એકને **મજદદાત** કહે છે, બીજાને **અહુરદાત** કહે છે. આ બેઉ કાયદાઓ '**સ્તોત**'ની ગતીથી યસ્ન કરશે-ચાલુ થઇ શકશે, માટે તેઓની ચાલુ થવાની ગતીને '**સ્તઑત યસ્ન**' કહી છે. આ બે કાયદાઓ અને તેઓની ચાલુ થવાની ગતી બધાને **મજદયસ્નની જરતોશ્તી દએન** કહે છે એટલે અહુરામજદાના દએના=અંતકરણનો ખુલેલો રાઝ કહે છે. અહુરાના દએના= અંતકરણમાં આ રાઝનો પરદો ત્રણ દોરાનોમાં ફરતો તેઓએ જોયો એટલે ગોયા તે દએનામાં ત્રણ દોરની કુસ્તી અઇબ્યાઓંઘહન કામ કરતી તેઓએ જોઇ. અહુરાના દએનામાં તેઓ દાખલ થઇ તે દએનને ગ્રહણ કીધી, તે માંહેલી તે કુસ્તીને પહેરી એટલે તેઓ તે રાજથી આગાહ થઇને કામ કરવાનું ભાન મેળવવા લાગ્યા. આમ ત્યારે પહેલેથીજ કુદરતી દએનમાંજ કુસ્તીનો ભેદ રહેલો છે. સાત અમશાસ્પંદ એમ કુસ્તીથી સજ થઇને એટલે જ્ઞાની થઇને ખીશ્કારી કરવા માટે તે સાહેબની પરવાનગી માંગતા ઉભા. તેઓને તે પરવાનગી મળી એટલે સાત અમશાસ્પંદો આ કુદરતી મજદયસ્ની જરતોસ્તી દએન પ્રમાણે સૃષ્ટી રચી રહે છે. સૃષ્ટીમાં ક્યાસને સુધારીને કમાલ્યત ઉપર લઇ જવાની નેમ પડી છે. પહેલાં જે ગતીઓ મજદયસ્ની જરતોશ્તી દએનમાં દાખલ થઇ તેઓને **યજતો** કહે છે, જેઓને ટુંકમાં ૩૩ અહુ અને ૩૩ રતુ કહે છે. અમશાસ્પંદોની માફક તેઓબી અહુરાના દએનામાં દાખલ થયા, કુસ્તી

પહેરેલા થયા. ૩૩ માં સીરફ આંકડો નથી પણ તેમાં આંકડા પાછળનો ભેદી અર્થ છે, જે ૩+૩=૭ ગાહમ્બારોની ગતી એટલે જગત-રચના કરી શકવાની શકિત મેળવવાનો અર્થ છે. આ ૩૩ અહુ-૩૩ રતુમાં પાંચ ગાથાઓ-સરદારો સમાય છે. આ ગાથાઓના મુળ સરદારને જરથુસ્ત્ર ગાથાને નામે ઓળખે છે જેવણુને અહુરાના જરથુસ્ત્ર કહે છે. ગેતીમાં જરથુસ્ત્ર પેગામ્બર તેવણુના નાયબ છે. મજદયસ્ની દએનમાં દાખલ થયલી યજતી શકિતઓ પછી સાત અમશાસ્પંદો સાથે હમકારી કરીને દ્રવાઓ એટલે રૂવાન સાથની અજ્ઞાનતા-કચાસને તનોમંદ રીતે ઘડીને તેનેબી મજદયસ્ની જરતોસ્તી દએનમાં દાખલ કરાવવા માંગે છે. એટલા માટે તેઓએ હસ્તીનું અમર અને નીસ્તીનું નાશવંત જગત એમ ઉભા કીધા. આ બધામાં આપણી ગેતી ઉભી થઇ, જેમાં માનવનું રૂવાન 'મેહુ'=ઉંચા તોરનું થઇને ઉતર્યું. આ માનવનાં રૂવાનને 'ઇનસાન્યત'વાળુ નીમ યજત કહયું છે, કેમકે યજતોને મદદ કરીને જગતનો ફ્રશો-ગર્દ તે કરી શકશે. માનવને મજદયસ્ની જરથોસ્તી દએનમાં ચલાવવા પેલા પાંચ ગાથાઓને કામ સોંપાયું. પાંચ ગાથાઓના સરદાર જરથુસ્ત્રે તે કામનો બંદોબસ્ત ગેતી ઉપર કીધો. અહુરાના જરથુશ્ત્રમાંથી **અજેમ યો જરથુશ્ત્રો**ના ભેદવાળા જરથુસ્ત્ર પેગામ્બર ઉતરીને મજદયસ્ની જરતોસ્તી દએનના વિશાળ ઝરેહમાં પાંચ ભાગો કરી તે દરેક ભાગોની દએનો કરીને તે મુળ દએન તરફ ચલાવી રહે છે. આમ ગેતીની મુળ દએન જે સાર્વજનીક છે તે મજદયસ્ની જરતોશ્તી છે, જેના અન્ય ભાગો તરીકે બીજી દએનો છે, જેઓ તે મુળ દએનના દરયાવમાંથી નીકળીને તેમાંજ પડે છે.

ગેતીની ઉપર વખત ૮૧,૦૦૦ વર્ષના દોરમાં ચાલી રહે છે તેને દરેઘો ખદાત કહે છે. આવા અગણીત દરેઘો ખદાતે આવ્યા અને આવશે. દરેક દરેઘો ખદાતમાં જરથુસ્ત્ર ઉતરીને ગેતીને ચલાવી રહે છે. એમ દરેક દરેઘો ખદાતમાં ત્યારે જરથુસ્ત્ર ઉતરે છે અને કુદરતી મજદયસ્ની જરતોસ્તી દએનને ઉતારે છે, જેમાંથી પાંચ મુળ ભાગોની દએનો થઇને તે મુળ દએન તરફ જઇ રહે છે. એમ બીજી દએનના થવાનો બહાર થઇ રહે છે. એમ દરેક દએનનું મુળ તો મજદયસ્ની જરતોશ્તી છે, જે ખુદ પોતે કુદરતી દએન નામે મજદદાત-અહુરદાતમાંથીજ છે માટે કુશ્તીના ભેદવાળી છે અને પોતામાંથી નીકળતી અન્ય દીનોને કુશ્તી પહેરાવવા લાયકની કરી રહે છે. જરથુસ્ત્ર ત્યારે જે મજદયસ્ની જરતોશ્તી દએનને જાહેર કરે છે તે અતી બહોળી રહે છે, જેને **રજિશ્તયાઓ ચિસ્તયાઓ, મજદદાતયાઓ, અષઑન્યાઓ, દએનયાઓ વંઘહુયાઓ માજદયસ્નોઈશ** તરીકે ઓળખે છે. દુન્યાની ઉપ-

રના ચાલુ થતા દરેક દરેઘો ખદાતેનાં 'કરન'=હઝારાઓ એકસરખા હોય નહિ. માટે જરથુશ્ત્રના રાયનીદારો–સઓષ્યન્તો અહુરમજદ તરફનો અધીકાર લઇ દરેક હઝારાને માફક આવે તેવો ભાગ તે મુળ દએનમાંથી જાહેર કરે છે. તેઓના તે (૧) અધીકારને અને તે અધીકારથી ઉભો કીધેલો (૨) દએનનો નાનો આકાર જેને માંથ્ર–સ્પેન્ત, દાતહે વીદએવહે–દાતહે જરથુસ્ત્રહે અને ઉપયન કહે છે તેને, અને દએનના તે આકારને ચલાવવાનો જે (૩) ફરમાન તેઓ કાઢે છે તેને, એમ તે ત્રણેને રાજર્ કહે છે. સઓષ્યન્ત શબ્દમાં ભવિષ્યમાં જેઓ થશે એવો અર્થ છે. આપણે જોયું કે દરેઘો ખદાત ચાલ્યાજ કરે છે અને દરેક દરેઘો ખદાતમાં એકજ જાતનો ઇતિહાસ ચાલુ છે. માટે જરથુસ્ત્ર દરેક દરેઘો ખદાતમાં રહે છે– તેની દએન દરેક દરેઘો ખદાતમાં ચાલુ રહે છે. માટે સઓષ્યન્તો જરથુસ્ત્રની આગળના તેમ પાછળના બેઉ હોઇ શકે. દરેક દરેઘો ખદાતમાં ઉતરતાં અષો જરથુસ્ત્રનાં રૂવાનનો પેવન્દ ગાથા જરથુસ્ત્ર સાથનો રહે છે, માટે દરેક સઓષ્યન્ત ગાથા જરથુસ્ત્ર અને અહુરા સાથે સંબંધ રાખે છે. એમ છે માટેજ ગાથા ૫૩–૨ માં સઓષ્યન્તની દીન માટેના **પથ**=રસ્તાઓ–તરીકતો અહુરમઝદના છે–જેથી દીન જેમ જરથુસ્ત્રના વખતમાં હતી તેમ ચાલશે એમ કહ્યું છે. **સઓષ્યન્તો માંથ્રો**=સઓષ્યન્તના માંથ્રોને વિસ્પર્દમાં ઘણા માન સાથે યાદ કીધા છે, કેમકે જરથુસ્ત્ર જેવણ દરેક દરેઘો ખદાતમાં ચાલુજ છે તેવણનું કામ સઓષ્યન્તો કર્યાજ કરશે, માટે જરથુસ્ત્રની વસીઅત પ્રમાણેનાજ રહે છે, જેઓ જરથુસ્ત્રની આગળના તેમ પાછળના હોઇ શકે. મજદયસ્ની જરથોસ્તી દએનના દરેક નાના યા મોટા વિસ્તારમાં ૨૧ નસ્કો રહે છે. પેગામ્બર સાહેબના વખતના નસ્કો ત્રણ રીતના હતા: એકને ફષુષો–માંથ્રના નસ્કો કહેતા હતા, જેઓ ખુદ પેગામ્બરે ગીનો જબાનમાં બનાવેલા, જેઓ સેઝદામાંથી સમજી શકાતા હતા. તેવણે પોતે પોતાના નાયબો પાસે માનવની પણ ભેદી જબાનમાં બીજા ૨૧ નસ્કો કરાવેલા, જેઓને માંથ્ર–સ્પેન્તના નસ્કો કહે છે. આ નસ્કોના ભેદોને ઉકેલવા માટે તેવણે સ્તઓત યસ્નના ૨૧ નસ્કો કીધા હતા. આ અસલ નસ્કોમાંથી સઓષ્યન્તો પોતે નસ્કો ઉભા કરતા હતા. પોતે જે ૨૧ નસ્કો કરતા હતા તે ઉપરમાંનો નાનો તે જમાનાના બરનો ભાગ હતો, જેમાં બધુંજ અસલનુંજ હતું, જેઓ સઓષ્યન્તોના માંથ્રો તરીકે જાહેર છે. સઓષ્યન્તો પછી પોતાના ઉભા કીધેલા ૨૧ નસ્કોને સમજાવવા બીજા તાવીલના ૨૧ નસ્કો કરતા હતા, જેઓના જુદા જુદા વિષયો માટે જે બ્યાનો જાહેર થતા તેને નીકીઝ કહેતા હતા. બધાજ ૨૧ નસ્કો કોઇપણ કાં તો

જરથુસ્ત્રા યા સબોધ્યન્તોના ત્રણ ભાગે વહેંચાયા છે. પહેલા સાત નસ્કોના ભાગને ગાથીક નસ્કો કહે છે, જેમાં સૃષ્ટી-રચનાનો, બુન દહેશ્નનો ભેદ રહે છે. સૃષ્ટી દાદારના આશીશોથી થઇ માટે તે બુન દહેશ્નને આશીશોનું ફરઝંદ કહે છે. આશીશો માટે '**માંથ્ર-સ્પૅન્ત**' શબ્દ છે. માટે બુન દહેશ્નના થવાને '**માંથ્ર-સ્પૅન્ત**'ના ભેદમાં લીધેલો છે. માટે પહેલા સાત ગાથીક નસ્કો '**માંથ્રહે સ્પૅન્તહે**' તરીકેના કહેવાય છે. બીજા સાત નસ્કોને દાતીક નસ્કો કહે છે, જેમાં કાયદાઓ રહે છે, જેઓને **દાતે વિદએવો** અને **દાતે જરથુશ્ત્રી** તરીકે કહે છે, જેઓ મજદદાત અને અહુરદાતના નમુનાઓ ઉપરથી છે. ત્રીજા સાત નસ્કોને હદ-માંથ્રીક નસ્ક કહે છે. આ નસ્કોમાં ઉપલા બે પ્રકાર નસ્કોનું કાર્યસાધકપણું આપેલું રહે છે. ઉપલા બે નસ્કોનું શુભ જોડાણ થયલુ કહેલું છે જેમાં કુદરતની ગતીને જેટ આપવાની હિકમતો રહી છે. કુદરત જેમ જે કાંઇ હિંગામરૂપમાં કે કોઇબી રીતે મરણ, જન્મ, પરણના મોકા ઉપર યા બીજા અનેક જાતજાતના શુભ ભોગવટાઓ ઉપર ખીશ્કારી કરે તે બધાની તેવી કાર્યસાધક નકલ ઉભી કરીને તે બધા મોકાઓને પુગવાના સાધનો રહે છે. હદ-માંથ્ર-નસ્કના આવા પ્રભાવને '**ઉપયન**' તરીકે ઓળખે છે. ઉપયનમાં '**ઉપ**' શબ્દ, સાથે તેમ ઉપર, એમ અર્થો બતાવે છે '**યન**'માં આવવાનો અર્થ છે. આ શબ્દની સમજ પાને ૪૯૭-૪૯૯ આપેલી છે. ઉપયનમાં જે કંઇ ઉપર છે અને નીચે ઉતરીને જાયજ થયલું છે એટલે દાદારે જરથુસ્ત્રને શીખવીને નીચે ઉતારેલું છે, જે યસ્નરૂપમાં, ધર્મની સંસ્થાઓ જેમકે અગીઆરી-આતશબહેરામ-દખ્મા વીગેરે રૂપમાં અચળ રીવાજ રૂપમાં હોય તેઓને ફેરફાર કર્યા વગર જારી રાખવાનો અર્થ છે. **માટે ઉપયનમાં કુદરતે કહેલા, માટે અચળ રીવાજો સંસ્થાઓનો અર્થ છે.** યસ્ન ક્રીયામાં અગીઆરી-આતશબહેરામોની બનાવતો-નવજોતી વીગેરેની ક્રીયા સુદરેહ-કુશ્તી વીગેરે વીગેરે જે જમાન દર જમાન ચાલી આવે તે ઉપયન છે. ઉપયન ત્યારે દાદારે મોકલેલાં ફરમાનો છે જેઓ રીવાજરૂપમાં સંસ્થાઓમાં ચાલુ છે માટે અચળ છે. લેખીત ફરમાન કરતાં હઝારઘણી વધુ મુસ્તકીમ ફરમાન તે ઉપયન છે. ગોમીઝનો ઉપયોગબી ઉપયનમાંજ આવે. ત્યારે રેવાજ જે માનવનાં ભેજાંમાંથી હોય તે બદલાય. પણ રીવાજ જેને **ઉપયન** કહે, જે ઉપરથી નસીહતરૂપના થઇ ઉતરે, તેઓને તો ચુસ્ત રીતે પાળવાના માટે ફેરફારને આધીન નથી. આમ ત્યારે જરથોશ્તી દએન કુદરતની કોપી છે, જેના મુળ ત્રણ ભાગો છે, જેઓને માંથ્રહે સ્પેન્તહે-દાતહે વીદએવહે-દાતહે જરથુસ્ત્રહે-દરેધયાઓ ઉપનયાઓ કહે છે, જેઓના ભેદો ગાથીક-દાતીક-

હદ–માંથીક નસ્કોમાં રહે છે. યજશ્નેમાં માંથ્રહે સ્પેન્તહેને અષઑાનો=અષોઇ-વાળા માટે વ્યકતીરૂપના–કેહપ઼વાળા–દાદારને મળે તેવા, 'વૅરૅજયનંઘ્રહે'=અર્થસુચક, કામ બજા લાવે–જગતનો તેમ ખુદનો ફ્રશો–ગર્દ લાવે તેવા કહયા છે, જેને બીજે ઠેકાણે 'અશ ખરૅનંઘ્રહ'=આશીશો–બરકકતથી ભરપુર કહયા છે. એવીજ રીતે યજશ્નેમાં દાતહે વીદએવહે અને દાતહે જરથુશ્ત્રહેને તેમ ઉપયનને યાદ કીધા છે. આમ ત્રણને યાદ કરીને પછી બીજાં વાકય તરીકે **દએનયાઓ વંઘ્હુયાઓ મજદયસ્નીને** યાદ કરે છે. આમ કહેવાની એ મતલબ છે કે મજદયસ્ની દએન તો કુદરતનો પેવંદ છે અને તેના વિશાળ પેટમાંથી જમાન અનુસાર સઓષ્યન્તો ઉતરીને તેના ગાથીક–દાતીક હદ–માંથ્રીક ભાગોમાંથી તે જમાનને અનુસરતો ભાગ જે કંઇ હોય તે ભાગ નામે **માંથ્રહે સ્પૅન્તહે, દાતહે વીદએવહે** અને **ઉપનયાઓ દરેધયાઓ** આપે છે. એમ મજદયસ્ની દએનના વિશાળ પેટનો ભરમ બતાવવા તેને છુટાં વાકયમાં યાદ કરે છે. આમ જે કંઇ જમાનને બરતું સઓષ્યન્ત કાઢી આપે છે તેની વીગતને માટે, વીસ્પર્દમાં તે સઓષ્યન્તના કાઢેલાને માટે '**સઑષ્યન્તો માંથ્રો**' તરીકે યાદ મુકી છે જેને તરછોડવાનો ગુનાહ ગણેલો છે. અને એમ જે કંઇ '**સઑષ્યન્તો માંથ્ર**,' થાય એટલે જમાન પ્રમાણે **માંથ્ર–સ્પૅન્તહે, દાતહે** અને **ઉપયન** થાય તેને માથે ચઢાવવા, તે બધાને '**રાજરૅ**' તરીકે તે સઓષ્યન્તના આપેલા હોકમ ordinance તરીકે ગાથા ૩૪–૧૨માં ઓળખે છે. આમ ત્યારે જરથોસ્તી દએનની ટુંક વીગત છે. કોઇ સાહેબો દીનમાં કયાં લખ્યું છે એમ કહે તેઓને જરતોસ્તી દએન વિષેની ખબર હોય એમ કહેવાય નહિ. ઉપયન શબ્દમાં દાદારે જાહેર કીધેલાં શીક્ષણો છે, જેઓ નીચે ઉતરે છે માટે તે ઉપયનને સરોશનો દોસ્ત કહયો છે. જેમ સરોશ અચળ છે–પોતાનાં કામમાં હઠતો નથી તેમ ઉપયનબી અચળ છે, તેમાં ફેરફાર હોયજ નહિ. ઉપયન કંઇ માનવનાં ભેજાંના રીવાજો એટલે ફેરને આધીનના રીવાજો નથી; તેઓ તો સરોશના '**હખય**'=દોસ્ત હમકારો, સરોશના કેહપ઼માં મળેલા માટે અહૂના અચળ બંદા છે માટે ઉપયન દાદારના આપેલા છે, જે દાદારની શીખામણ રીવાજમાં ઉતરી છે એમ છે માટે નૈર્યોસંઘહે ઉપયનને **શીક્ષા અદ્રષ્યરૂપીણી**=ઉત્તમ મીનોઇ શીક્ષણો કહયા છે. જરતોસ્તી દએન માટેની આટલી ટુંકી અને લુખ્ખી વીગત દરેક બસ્તે કુસ્તીઆને જીગરમાં રાખવી મુનાસબ છે, કે જે માનવાથી તે માનવ પુન્ય ઉભુ કરે છે.

# વધારો:

## માહની ન્યાયશ્નની ક્નૂમનના ગેઉશચ અએવો-દાત અને ગેઉશચ પૉઉરૂ-સરૅદયાની ટુંક વિગત (જુઓ પાને ૨૫૭).

માહબોખ્તારને ગવચિથ્રનો સાહેબ કહેલો છે. ગવચિથ્ર તે મુળ છે કે જેમાંથી નીરતી-ગેતી થઇ શકે છે. તત્વ જેને કહે છે તેમાં નુરી તત્વ અચળ છે-પછીનું તત્વ આ ગવચિથ્રનું છે જે માહના આસ્માનનું એટલે આસ્માની તત્વ છે. આ ગવચિથ્રના આસ્માની તત્વમાંથી પછી ચાર અનાસરો ઉભા થાય છે. હસ્તીમાં ચિથ્રો બની રહે છે. ખુરશેદ યજત આ બનેલા ચિથ્રો માહને આપે છે. માહ આ ચિથ્રોને 'ગવ'ના કરે છે એટલે તે ચિથ્રો પોતાની અમર જાત હોવા છતાં નીરતીમાં જઇને નીરતીનો પાયો મુકવાનું 'ગવ'નું પરદુખભંજનનું કામ કરવા પોતાની અમર જાતની ઉપર એવો ખલકો ધારણ કરે છે કે જેમાંથી બદલાતો આકાર ઉભો થાય. આવા ગવચિથ્રોની વજુદી માહનાં હસ્તીનાં આસ્માન ઉપર થાય છે. આ ચિથ્રોને માહ નીસ્તીમાં ઉતારીને મીનોકરકોમાં પાંથરે છે કે જેમાંથી નીસ્તી-ગેતીને ઉભા થવાની ક્રીયા શરૂ થાય. આ ચિથ્રોને એમ નીચે ઉતારવા જે કોઇ મદદ કરે છે, તેઓને માહનાં કામ માટેના હમકારો કહે છે. માહની ક્નૂમનમાં આવા હમકારોનેબી લીધેલા છે. આ હમકારોને માહ ન્યાયશ્નમાં '**ગેઉશ્ચ અએવો-દાતયાઓ**' તરીકે અને '**ગેઉશ્ચ પૉઉરૂ-સરૅદયાઓ**' તરીકે ઓળખેલા છે. '**ગેઉશ્ચ અએવો-દાતયાઓ**' એટલે ખાસ રીતની બજાવણી માટેના ખાસ રીતના કાયદા જેઓને '**ગવ-દાત**' કહે છે તે કાયદાવાળા, તેવા તે કાયદાઓને ચલાવવા ખાતર ઉભી થયલી ખાસ નેમાયલી વ્યકતી નામે **ગાવ્યોદાદ** જેને '**ગેઉશચ હુદાત**' કહે છે. આ યજતી વ્યકતી કુલ રૂવાનોની અંદરની ગવમાંથી ઉભી થયલી છે જેની હકીકત ઘણીજ ગુહય છે.

'**ગેઉશચ પૉઉરૂ-સરૅદયાઓ**' એટલે ગવની પુર્ણ જાતની વ્યકતી છે. સરેદમાં વર્ણોનો ભેદ છે. આ વર્ણોમાં બરજીસી વર્ણ પુશ્કળતા-વાળી એટલે બીજી બધી વર્ણોને પોતામાં સમાવીને પાર પાડે તેવી છે. આવી વર્ણની અંદર પેગામ્બર સાહેબની આગળ અને પાછળના બધા પઓઇર્યો-ત્કએષ નરો આવી જાય છે. કેઆની શહેનશાહત, કે જે પેગામ્બર સાહેબ પછી લગભગ એક હઝાર વર્ષ લગી ટકી હતી, જે '**બહમન**'

ની પાદશાહી લગી ગણાય છે, તેટલા વખતના પઓઇર્યો-ટ્કએષ નરો આવા હતા, જેઓ **ગેઉશ્ચ પોઉરૂ-સર્દયાઓમાં** આવી જાય છે. આ બધા સાહેબો ગવની પુર્ણ ખસલતના, જનસમાજ માટે કામ કરી રહેતા હતા. તેઓમાં સ્વાર્થ જેવું હતુંજ નહિ. તેઓ તો પાર પડેલા ખાલેસ બરજીસી રૂવાનો હતા, જેઓ પેગામ્બર સાહેબના પેશરવ તરીકે ઉતરતા હતા એટલે પેગામ્બર આવીને ગેતીને આરાસ્તે કરે તેટલા વખત લગીના ગેતીના પોલીસમેન તરીકે ઉતરતા હતા. જેમ મહાબખત્યાર ગવચિથ્રને ઉતારીને ગેતીને તાજે રાખી શકે છે, તેમ આ નરોબી ગવચિથ્રને ગેતી ઉપર ઉતારી રહેતા હતા. એવા યજતી નર તેઓ હતા. ગાથા હા ૨૯ માંના કરદા ત્રીજામાંની ત્રીજી લીટીના **'અવએષાંમ્'**='તેઓમાંનો' શબ્દ આ પેશ-રવોને લાગુ પડે છે. પેગામ્બર સાહેબ આવે તેની અગાઉની ગેતી આજથી જુદાજ સ્વભાવની હતી. તેમાં આવા ગવના નરો હતા, તેમ વળી એવાં બુરાં મષ્યો હતાં, કે જેઓ પોતાનાં ફરઝંદનેબી કાપીને ખાઇ જાય; અને તેઓને દોરવનાર એવા દેવો હતા કે જેઓ કુદરતની કાળી બાજુ ઉપર ઇલાકો રાખીને જમીન હોય ત્યાં પાણી લાવે અને શહેરોનાં શહેરો ઉપર આતશનો વરસાદ વરસાવી શકે તેઓની બુરી અફસુનરૂપ વીદયાથી તેઓ શહેરોનાં શહેરોનો નાશ નહિ મનાય તેવી રીતે કરી શકતા હતા, જેઓની સામે આવા યજતી નરો મહા મુશ્કેલીએ ઉભા રહી શકતા હતા. આ દેવો અરવાહી આલમના રહેવાસી હતા પણ માણુસની સુરતે ફરતા હતા અને તેઓ ગેતીનો કબજો લેવા માંગતા હતા. આવી ભયંકર વ્યકતીઓ સામે આ **પર્ઑઇર્યો-ટ્કએષ** પાદશાહ પહેલવાનો માનવજાતને ટેકવવા ઉભા રહેલા હતા. આ બેઉ પારટીઓ-દેવો અને તેઓના મળતીઆ બુરા મષ્યો અને આ પઓઇર્યો-ટ્કએષ ઇરાની ચક્રવતી પાદશાહ પહેલવાનો વચ્ચે ભયંકર યુધ્ધો થતા હતા, જેનું કંઇક બયાન શાહનામાંમાં છે. આખરે એવો મામલો ઉભો થયો કે દેવો ફાવે, એટલે ગેઉશ ઉરવા જે ગેતીનો આત્મા છે એટલે ગેતી નીસ્તીની કુદરતને ચલાવનાર છે, જેણી પોતાની જુફ્ત ગેઉશ તષન સાથે કામ કરી રહે છે, તેઓએ દાદારની પાસેથી મદદ માગી (જેનું બયાન ગાથા ૨૯ માં છે), જેમાં કહયું કે આ પઓઇર્ય-ટ્કએષ રથએસ્તારો કંઇ કરી શકતા નથી માટે જરથુસ્ત્રની આમદ જલદીથી થાય તો સારૂ, નહિ તો દેવો ફાવી જશે અને ગેતીનો નાશ લાવશે અને ૮૧,૦૦૦ વર્ષનું ચક્ર થવા પામશે નહિ. આખો ૨૯ મો હા એવી બાબદ માટે છે, જેમાંના ત્રીજા હા ની ત્રીજી લીટીમાંનો **'અવએષાંમ્'** શબ્દ આવી બધી પઓઇર્યો-ટ્કએષી વ્યકતીઓ-ગવની વ્યકતીઓ

માટે છે. આ બધા નરોનાં નામો આજે નામગ્રવણુમાં લેવાય છે. નામગ્રવણુમાં આ બધા પઓઇર્યો-તકએષોનાં નામો પેગામ્બર પછીથી તેવણુનાં ખાનદાન પછીથી આવે છે, તેનું કારણ એ છે કે તેઓ ગેઉશચ પૉઉરૂ સર્દના છે એટલે ગવચિથ્રોને ઉતારનારા છે એટલે જેમ માહ ગેતીને તાજે રાખી શકે છે તેમ તેઓબી ગેતીની ઉપર શુભ અસર ઉતારી શકતા હતા. આ ગવની ગતીના નરોએ ભલા ગુબારો બાંધ્યા છે, જેઓને પેગામ્બરે સમારેલા છે અને જે ગુબારોમાંથી આપણી દરેક નાની મોટી બંદગી-યસ્ન વખતે બરકકત ઉતર્યાજ કરે છે. કેઆની વંશના સમયમાં પેગામ્બરે ઉતરીને દેવોને જીતીને મદદગાર બનાવેલા હતા અને ગેતીની ઉપર ઇનસાનનોજ હક રહે એમ કીધું હતું. દએવોને પેગામ્બરે માહત કરીને પુર્ણ રીતે નવાજયા હતા. ગેતીના કબજા કરતાં અતી ઘણી મોટી કરમ બક્ષેશ તેઓ ઉપર કીધી હતી. તેઓને અન્ય વર્ણનાં રૂવાનોની ઉન્નતી માટે નેમી તેઓને યજત જેવું માન મળે એમ કીધું છે. તેઓને રોશનીમાં ફેરવી નાખીને વૃદ્ધિ માટે કામ કરે તેવા કીધા છે. ત્યારે કેઆની વંશ પછીથી જરતોસ્તી શહેનશાહતના આ દેવો મોટા મદદગાર હતા, માટે તે મોટા પઓઇર્યો-તકએષોને કેઆની વંશ પછીથી નીચે ઉતારવાની જરૂર હતી નહિ માટે તેઓનું ઉતરવું કેઆની વંશની આખરીએ ખતમ થયું હતું. આમ છે માટેજ નામગ્રવણુમાં કેઆની વંશ લગીના પાદશાહ પહેલવાનોનાં નામો છે. કેઆની વંશ પછીના પાદશાહો કંઇ આવા ગેઉશચ પૉઉરૂ-સર્દના ભેદના માટે ગવચિથ્રના ઉતારનારા હતા નહિ. તેઓએ કુદરતમાં ભલા ગુબારો બાંધેલા નથી કે જેમાંથી જોઇતી અસર ભલા નેઆમતના પ્રવાહો યસ્નમાં ઉતરે, માટે તે બધાઓનાં નામો લેવાતાં નથી. જેમ યજતી શકિતઓ યસ્નમાં કામ કરી રહે છે, તેમ આવા મોટા નરો, કે જેઓ યજતની માફક 'ગવચિથ્ર'નો ઇલાકો રાખીને ગેતીનો દમ ચાલુ રાખતા હતા, તેઓએ 'ગાસ'માં અદ્રષ્ય પાવ મહેલો ગેતી ઉપરની પોતાની ગવની વર્તણુંકથી બાંધેલા છે, કે જેમાંથી નેઆમતના પ્રવાહો-ગવચિથ્રનો વરસાદ વખતસર મોકા ઉપર ઉતર્યાજ કરે છે. માટે એવા તે મોટા નરોબી યસ્નમાં કામ કરી રહે છે. એમ છે માટેજ તેઓના નામો અષો જરથુશ્ત્ર અને તેવણુના ફરઝંદો અને ચેલાઓ પછી નામગ્રવણુમાં લેવાય છે. તેઓની હીફાજતમાં પછી બીજાં ગુજરેલાંઓને સોંપવામાં આવે છે માટે તે બીજાઓનાં નામો પછીથી આવે છે. આમ નામગ્રવણુમાંની ટીપના બે તબકકાઓ છે. એક તબકકામાં જે નામો આવે છે જેઓ કેઆની વંશ લગીનાજ છે તે તબકકો આવા ગેઉશચ પૉઉરૂ-સર્દ

નરોનો માહના હમકાર તરીકેનો છે, જેઓની અગત્યતા ત્યાં યજત જેવીજ છે. પછીનો બીજો તબકકો આવે છે કે જેમાં ગુજરનારનાં નામો અને બીજા થઇ ગયલા નામાંકીત પુરૂષોનાં નામો તેમ સાસાનીઅન શહેનશાહોનાં નામો આવે છે. આ બીજા તબકકાનાં નામગ્રવણુની મુરાદ સીરફ માન અર્થની છે, જ્યારે પેલા પહેલા તબકકાનાં નામગ્રવણુની મુરાદ તો ક્રીયામાં અસર વધારવા માટેની છે. કેઆની વંશના નરો પછીના બીજા ઇરાની શહેન-શાહતના નરોને નામગ્રવણુમાં લીધા નથી, માટે આજે કેટલાકો ઘણુાઓ કહે છે કે મીડીઅન, હખમનીઅન અને બીજા વંશોની ખબર પાછળથી સાસા-નીઅનોને હતી નહિ માટેજ તે નામો અપાયાં નથી. પણુ જાણુવું કે યસ્તોમાંબી જે પાદશાહોનાં નામો છે તેબી કેઆની વંશ લગીનાંજ છે. ખરો ભેદ તો ઉપર કહયો તેવો છે કે આ બધા નરો કંઇ ગેતીમાં પાપ ધોવા ઉતરેલા નહિ પણુ પેગામ્બર સાહેબનું કામ કરવા ઉતરેલા હતા, જેઓ ગવની વ્યકતી એટલે કુદરતની સત્તા પામેલી વ્યકતીઓ હતી, જેઓને ગેઉશચ પૅાઉરૂ-સરૅદ એટલે ગવની પુર્ણ વર્ણુની વ્યકતીઓ-બધી વર્ણુને દોરવતી વ્યકતીઓ-માહની હમકાર તરીકેની કહી છે. સાસા-નીઅનોને બધાજ વંશની ખબર હતી, જે આજે આપણુને નથી, તેની એકજ નોંધ ખુદ રૂમી ઇતિહાસમાંથી મળે છે. રૂમીઓના ઇતિહાસમાં એક ઠેકાણે સત્તાવાર નોંધ છે કે અરદશરે તે વખતના મહા બળવાન રૂમી સીઝર નામે સેવીરસને કહેવડાવ્યું કે મારા બાપદાદાઓની શહેનશાહતમાં યુરોપ દેશબી હતો તેમ આખો એશીઆ અને આફ્રિકા ખંડ વીગેરે હતા. હું તમો રૂમી પાસે યુરોપ તો માંગતો નથી. ભલેને તમો ત્યાં રહો પણુ એશીઆમાંથી તમોએ ચાલી જવું. આ નોંધ ઉપરથી સહેજે જણુાશે કે સાસાનીઅનોના વખતમાં ઇરાનની તવારીખ મોટે ભાગે સંપુર્ણ હતી. ત્યારે નામગ્રવણુમાં ખાલી કેંઆની શહેનશાહોનાંજ નામો છે, તેમ અવસ્તા-માંબી સીરફ તેઓનાજ નામો છે, જેમાં બહુ બહુ તો હુઆફ્રિદ નામ હોય, તેનું કારણુ ઉપર કહયું તે છે, કે આ નરોને તો કુદરતના કામ માટે ઉતાર-વામાં આવેલા હતા માટે તેઓ પરમાર્થી હતા, અને ગેતીની ઉપર ખરી રથએસ્તારી કરી રહેતા હતા, જેઓએ કુદરતમાં પોતાની નીશાણીઓ એવી મુકેલી છે, કે જેથી પેગામ્બર સાહેબનાં કામને મદદ મળે માટે ફ્રશો-ગર્દ નજદીક આવે, જેઓ માહના હમકાર હતા, જેઓને માહ ન્યાયશનમાં ગેઉશચ પૅાઉરૂ-સરૅદના ભેદમાં લીધા છે. માહની ન્નૂમનમાં ગેઉશ્ચ અએવો-દાત અને ગેઉશ્ચ પૅાઉરૂ-સરૅદ એમ બે નામો છે. ગેઉશ્ચ પૅાઉરૂ-સરૅદ તો મોટા ગવ અવમંદ નરો હતા, તે વિગતો જોઇ. ગેઉ-

**રચ અએવો–દાત**માં ગાઅેાદાદની યજતી વ્યકતી છે, જેણી નીસ્તીમાંના કુલ રૂવાનોની અંદરની ગવની ગતીમાંથી થયલી છે, જેણી **'શેતાન'** જે નીસ્તીમાંનાં કુલ રૂવાનોની દુવીઅતની ગતીમાંથી થયલો છે તેનો હમ-જમાન છે. આ ગાઅેાદાદ આમ ખાસ રીતની થયલી છે, અને ખાસ કાયદા જેઓને **'ગવદાત'** કહે છે તે દાત ઉપર મવકકલ છે, માટે તેણીને **'ગેઉશ્ચ અએવો–દાત'** તરીકે ઓળખે છે. આ ગેઉશને ગેઉશ્ચ હુદાત તરીકેબી ઓળખે છે–**'દાત'**માં કાયદા સાથે પેદા પડીને કાયદાને ચલાવવાનો અર્થ છે. વરસીઆજી નામના ગોધાને આ ગેઉશ્ચ હુદાત અથવા ગેઉશ્ચ અએવો–દાત સાથે સીધો સંબંધ છે. નીરંગ દીનના આબેઝરમાં આ ગેઉશ્ચ અએવો–દાતનો સંબંધ થાય છે, માટે તે આબેઝર **'ગવદાત'**થી કામ કરી રહે છે. પહેલવી સાહેબો ગેઉશ્ચ અએવો-દાતને **'થોરા જકર્ ઇ અઇવક્દાત્'** તરીકે ઓળખી જાય છે જેમાં દુન્યવી ગોધો ઉપરાંતનો ગાઅેાદાદનો ભેદ રહયો છે. એ શબ્દ ત્યારે વરસીઆજીને માટે છે, જેમાં તે વરસીઆજીને ગાઅેાદાદ સાથે સંબંધ હોવાથી તે વરસીઆજી ખુદ દસ્તુર છે–ગવદાતને ચલાવે છે, એમ ભેદ રાખેલો છે. આટલી નોંધ જાણવી ઠીક થઇ પડશે.

# શુદ્ધિ પત્ર.

## આ કેતાબમાં આપેલી હકીકતી બાબદોની અનુક્રમણીકા.

## નીચે મુજબ આ બાબદમાં સુધારો જરૂર કરવા.

| પાને | શબ્દ. |
|---|---|
| ૮૬૨ | અવસ્તાના શબ્દો, મરવા માટેના, જુદા જુદા—પાને ૧૯૯-૨૦૦ વાંચવુ. |
| ૮૬૨ | બહુનવઇર્ય—પાને ૩૬-૩૪૨-૩૭૨-૩૭૩ વાંચવુ. |
| ૮૬૩ | કારમાહિ શબ્દ કાઢી નાંખવો. |
| ૮૬૬ | ડહાપણમાં ખાકસારીનો અર્થ—પાને ૪૨૫ થી આગળ વાંચવુ |
| ૮૬૭ | દાદારનું હેમ=અંતકરણ, દએન, બહુમન;—પાને ૪૧૩ વાંચવુ |
| ૮૬૭ | દાદારનું રહેઠાણ—પાને ૪૪૪ વાંચવુ |
| ૮૬૭ | દ્રેગુ શબ્દ કાઢી નાંખવો. |
| ૮૬૮ | નસ્કો ૨૧) નાં ત્રણ ભાગ—પાને ૫૩૪ થી આગળ—૫૫૩ વાચવુ. |
| ૮૬૯ | પસે-રતુ—પાને ૩૩૨ વાંચવુ. |
| ૮૬૯ | પાદે ફરાહ—પાને ૬૧૨ વાંચવું. |
| ૮૭૪ | સુરજ—પાને ૩૫૭ વાંચવુ. |
| ૮૭૪ | હસ્તી-નીસ્તીનો ખ્યાલ અને ફરક—પાને ૧૦૧-૧૦૩ વાંચવું. |

# આ કેતાબમાં આપેલી હકીકતી બાબદોની અનુક્રમણિકા.

—-{o}-—

પાનું.

પાનું.

लाल बहादुर शास्त्री राष्ट्रीय प्रशासन अकादमी, पुस्तकालय

*Lal Bahadur Shastri National Academy of Administration Library*

मसूरी

MUSSOORIE

अवाप्ति सं०

Acc. No. ..............................

कृपया इस पुस्तक को निम्न लिखित दिनांक या उससे पहले वापस कर दें।

Please return this book on or before the date last stamped below.

| दिनांक Date | उधारकर्ता की संख्या Borrower's No. | दिनांक Date | उधारकर्ता की संख्या Borrower's No. |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

Guj
295
Khu
22566

LIBRARY
LAL BAHADUR SHASTRI
National Academy of Administration
MUSSOORIE

*Accession No.*______________

1. Books are issued for 15 days only but may have to be recalled earlier if urgently required.
2. An over-due charge of 25 Paise per day per volume will be charged.
3. Books may be renewed on request, at the discretion of the Librarian.
4. Periodicals, Rare and Reference books may not be issued and may be consulted only in the Library.
5. Books lost, defaced or injured in any way shall have to be replaced or its double price shall be paid by the borrower.

*Help to keep this book fresh, clean & moving*